

પરમપૂજ્ય ગુરુદેવશ્રી પ્રણીત

સમયસાર

પહેલો ભાગ

'અમૃત ભારતી' પ્રકાશન સમિતિ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર
સોનગઢ



ॐ

પહેલો ભાગ

પરમર્ષિ ભગવત્ કુંદકુંદાચાર્ય પ્રણીત

સમયસાર

પરમર્ષિ ભગવત્ અમૃતચંદ્રાચાર્ય વિરચિત
'આત્મખ્યાતિ' ટીકાથી વ્યાખ્યાત

'આત્મખ્યાતિ' ઉપર
ડૉ. ભગવાનદાસ કૃત

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય કર્તા
ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા
એમ.બી.બી.એસ.

ગાથા કાવ્યાનુવાદ (સજ્ઝાય) : 'આત્મખ્યાતિ'નો અક્ષરશઃ અનુવાદ :
ગાથા અને 'આત્મખ્યાતિ' ટીકાના ભાવોદ્‌ઘાટન રૂપ 'આત્મભાવના' :
સમયસાર કલશ પર સમશ્લોકી, ઉપરાંત 'અમૃત પદ' (સ્વરચિત) :
'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (સળંગ વિસ્તૃત વિવેચન) :
સમગ્ર સમસ્ત કૃતિ ડૉ. ભગવાનદાસ કૃત

: પ્રકાશક :
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ.

: પ્રકાશક :

શ્રી મનુભાઈ ભ. મોદી
પ્રમુખ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
સ્ટે. : અગાસ, પો.બોરીઆ - ૩૮૮ ૧૩૦

: મુદ્રક :

દુન્દુભી પ્રિન્ટર્સ
૫૪, મેઘદૂત ફ્લેટ, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯ ફોન : ૪૦૪૧૮૬

ૐ

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય કર્ત્તાનું મંગલાચરણ


જય દેવ આત્મદેવ ! જય આત્મગુરુ !
જય આત્મધર્મ ! જય આત્મગુરુ !... જય આત્મદેવ ! ૧
કુંદકુંદ તે દિવ્યાત્માએ, સમયસાર શુદ્ધાત્મ,
જ્ઞાન ભાણ પ્રગટાવી જગમાં, પ્રગટ કર્યો સહજાત્મ... જય. ૨
દિવ્યાત્મા તે અમૃતચંદ્રે, ઝીલ્યો દિવ્ય પ્રકાશ,
'આત્મખ્યાતિ' જ્યોત્સ્ના વિસ્તારી, સોળે કળા પ્રભાસ... જય. ૩
સ્થળે સ્થળે ત્યાં અમૃત સંભૃત, સ્થાપ્યાં 'કળશો' દિવ્ય,
ભવ્ય જીવોને અમૃત પીવા, આત્મા પ્રગટવા દિવ્ય... જય. ૪
દિવ્યાત્મા તે અમૃતચંદ્રનો, ભાસ ઝીલી ચિત્ પાત્ર,
દાસ ભગવાન 'અમૃત જ્યોતિ'થી, વિવેચતો સત્ શાસ્ત્ર... જય. ૫

(ભગવાનદાસ)

: પુસ્તક પ્રાપ્તિસ્થાન :

શ્રી પરમશ્રુત પ્રભાવક મંડલ
હાથી બિલ્ડિંગ, 'એ' બ્લોક,
દૂસરા મજલા, રુમ નં. ૧૮
ભાંગવાડી,
૪૪૮, કાલબાદેવી રોડ,
બોમ્બે-૪૦૦ ૦૦૨

શ્રીમદ્ રાજચન્દ્ર આશ્રમ
સ્ટેશન : અગાસ
પોસ્ટ : બોરીયા
વાયા : આણંદ
પિન : ૩૮૮ ૧૩૦
ગુજરાત



શ્રીમદ્ રાજચંદ્ર

વર્ષ ૩૩ મું

વિ. સં. ૧૯૫૬

પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રના
ચરણ કમળમાં

સમર્પણ

જે ધર્મમૂર્ત્તિ સંત જ્ઞાનાવતારે રે,
પાવન અવનિ આ કરી અવતારે રે;
ભારત જ્યોતિર્ધર જે આ કાળે રે,
વિરલ વિભૂતિ વિશ્વને ઉજાળે રે... જે ધર્મમૂર્ત્તિ. ૧
જે પુણ્યશ્લોક દિવ્ય જ્યોતિ રાજચંદ્રે રે,
જ્ઞાનચંદ્રિકા વિસ્તારી આત્મચંદ્રે રે;
સાક્ષાત્ જે પ્રયોગસિદ્ધ સમયસારે રે,
આત્મસિદ્ધિ મહાપ્રાભૃત આત્મ તારે રે... જે ધર્મમૂર્ત્તિ. ૨
મહાવીરનો મહામાર્ગ જેણે ઉદ્‌ઘોષ્યો રે,
નિર્ગ્રંથ પંથ ભવ અંત ઉપાય ઉદ્‌બોધ્યો રે;
મૂળ માર્ગનું દિવ્ય ગાન જેણે ગાયું રે,
દિવ્ય ધ્વનિનું અમૃત પાન પાયું રે... જે ધર્મમૂર્ત્તિ. ૩
જે રાજચંદ્ર વચનામૃત જગ સારો રે,
અનુભવસિદ્ધ સમય સારો રે;
સાગર શું ગંભીર અહો ! અતિ ઉદારો રે,
પામે કોણ અહો ! તેનો પારો રે... ધર્મમૂર્ત્તિ. ૪
તે રાજચંદ્રના પદાબ્જમાં પ્રોલ્લાસે રે,
'આત્મખ્યાતિ' ઉપરે સર્જ્યું આ દાસે;
'અમૃત જ્યોતિ' મહાભાષ્ય ઉલ્લાસે રે,
ગ્રંથ સમર્પ્યો આ ભગવાનદાસે રે... જે ધર્મમૂર્ત્તિ. ૫

ભગવાનદાસ

ફાગણ પૂર્ણિમા, સં. ૨૦૫૦
૨૭-૩-'૯૪
૫, કે.એમ. મુન્શી માર્ગ

જીવતો જાગતો પ્રયોગસિદ્ધ સમયસાર

આવું અદ્‌ભુત, આવું અનુપમ, આવું અલૌકિક જેનું શુદ્ધ ચૈતન્ય ધ્યાન હતું, તે શુદ્ધ ચૈતન્યમૂર્તિ સહજાત્મસ્વરૂપ સ્વામી **શ્રીમદ્‌** સાક્ષાત્‌ પ્રત્યક્ષ પ્રગટ શુદ્ધ આત્મા થયા છે - **પ્રયોગસિદ્ધ સમયસાર** થયા છે. સાક્ષાત્‌ પ્રત્યક્ષ પ્રગટ અનુભવસિદ્ધ - જીવતો જાગતો પ્રયોગસિદ્ધ સમયસાર જેવો હોય તે **શ્રીમદ્‌ રાજચંદ્રનું** જીવતું જાગતું જ્વલંત અધ્યાત્મ ચરિત્ર - **'અધ્યાત્મ રાજચંદ્ર'** આપણી દૃષ્ટિ સન્મુખ હાજર છે.

શ્રીમદ્‌ના શુદ્ધ આત્મચારિત્રમય ચરિત્રામૃત પ્રત્યે અને શુદ્ધ આત્માનુભૂતિના સહજ ઉદ્‌ગારરૂપ વચનામૃત પ્રત્યે દૃષ્ટિપાત કરતાં સહજ સુપ્રતીત થાય છે, કે **શ્રીમદ્‌** શુદ્ધ આત્માને - સાક્ષાત્‌ સમયસાર પામેલા શુદ્ધ આત્મા અનુભવ હસ્તગત કર્યો એવા પરમ વીતરાગ સત્‌ પુરુષ થઈ ગયા છે. શાસ્ત્રનો વિષય પરોક્ષ છે અને અનુભવનો વિષય પ્રત્યક્ષ આત્મપ્રત્યક્ષ 'शास्त्रतिक्रांत गोचरः' - શાસ્ત્રથી પર એવા અનુભવની ભૂમિકા શાસ્ત્રની ભૂમિકા કરતાં ઘણી ઘણી આગળ છે. આવો સમયસાર - શુદ્ધ આત્મા પ્રયોગસિદ્ધ કરી અનુભવપ્રત્યક્ષ કર્યો છે, એ જ **શ્રીમદ્‌નું** પરમ સત્‌ પણું - પરમ મહત્‌ પણું છે. ** વર્તમાનમાં આવો પ્રયોગસિદ્ધ સાક્ષાત્‌ સમયસારભૂત દિવ્ય પુરુષ થઈ ગયો છે. તેવી તથારૂપ શુદ્ધ આત્મદશા સંપન્ન - સાક્ષાત્‌ સમયસાર સંપન્ન **શ્રીમદ્‌ના** દિવ્ય આત્માની અમૃત ખ્યાતિ પોકારતા એમના આત્માના અમૃતાનુભૂતિમય વચનામૃતો બુલંદ અવાજથી આ વસ્તુ જગત્‌ને જાહેર કરે છે. (Proclaims)

ખરેખર ! **'આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવલ જ્ઞાન રે'** એ આત્મભાવના અહોનિશ ભાવનારા પરમ ભાવિતાત્મા વીતરાગ **શ્રીમદે** આત્માની - સમયસારની જેવી ને જેટલી આત્યંતિક ભાવના કરી છે તેવી ને તેટલી પ્રાયે ભાગ્યે જ કોઈએ કરી હશે. કેવલ એક **શુદ્ધ આત્માની - સમયસારની** અનુભૂતિ જેને નિરંતર વર્ત્તતી હતી, એવા **શ્રીમદ્‌ની** સમયસાર દશાનું સૂચન પૂર્વે કેવલ શુદ્ધાત્માનુભવ દશા પ્રકરણમાં આદિ સ્થળે સ્થળે કર્યું જ હતું. જેમકે - **કૃતકૃત્ય અદ્‌ભુત જ્ઞાનદશા** જેને પ્રગટી હતી એવા **'સહજ સ્વરૂપી'** (અં-૩૭૭) સહજાત્મસ્વરૂપી **શ્રીમદ્‌ની 'આત્માકાર સ્થિતિ'** હતી (અં-૩૯૮), તે તેમના **પરમાર્થસખા સૌભાગ્ય** પરના પત્રોમાં આવતા અનુભવ પ્રમાણ વચનામૃત પરથી સહેજે પ્રતીત થાય છે. 'અત્રે આત્માકારતા વર્ત્તે છે. ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે. 'આત્મા'પણે કેવળ ઉજાગર અવસ્થા વર્ત્તે છે, અર્થાત્‌ આત્માના પોતાના સ્વરૂપને વિષે કેવળ જાગ્રત હોય ત્યારે તેને કેવળજ્ઞાન વર્ત્તે છે. એમ કહેવું યોગ્ય છે, એવો શ્રી તીર્થંકરનો આશય છે.' અં.૪૩૧

આ **સમયસારની**- શુદ્ધ આત્માની અમૃતાનુભૂતિના સહજ ઉદ્‌ગાર **'સહજ સમાધિ પર્યંત'** પ્રાપ્ત (અં. ૬૦૯) દશાએ પહોંચી ગયેલા **શ્રીમદ્‌ની** સાક્ષાત્‌ **સમયસાર દશા** ડિંડિમ નાદથી ઉદ્‌ઘોષે છે. શ્રીમદ્‌ની આ સમયસાર દશા કેવી છે ? અત્ર તપાસીએ **'સમજ્યા તે શમાઈ રહ્યા, સમજ્યા તે સમાઈ ગયા'** - એ વાક્યનું વિવેચન કરતા પરમ પરમાર્થ પ્રકાશતા **સૌભાગ્ય** પરના અમૃત પત્ર (અં. ૬૫૧) **શ્રીમદે** આ અનુભવસિદ્ધ પરમાર્થ પ્રકાશ્યો છે અને આમ સ્વરૂપ સમજીને સ્વરૂપમાં શમાવા રૂપ શાશ્વત અમૃત માર્ગ પામી જે સાક્ષાત્‌ અનુભવસિદ્ધ શુદ્ધ આત્મા થયા હતા, એવા **શ્રીમદ્‌ 'દેહ** છતાં જેની દશા, વર્ત્તે દેહાતીત' પામ્યા હતા. એટલે જ જ્ઞાનાવતાર **શ્રીમદ્‌ની** આ **'દેહ છતાં દેહાતીત'** દશા દેખી આશ્ચર્યથી દિંગ થઈ જઈ સર્વકાળના સર્વ મુમુક્ષુઓ આ ભાવપૂર્ણ નમસ્કાર **શ્રીમદ્‌નેજ** લાગુ પાડતાં, ભક્તિથી એકી અવાજે પોકારી ઊઠે છે - 'જે દેહધારી સર્વ અજ્ઞાન અને સર્વ કષાય રહિત થયા છે, તે દેહધારી મહાત્માને ત્રિકાળ પરમ ભક્તિથી નમસ્કાર હો !! તે મહાત્મા વર્તે છે તે દેહને, ભૂમિને,

ઘરને, માર્ગને, આસનાદિ સર્વ નમસ્કાર હો ! નમસ્કાર હો !' (અં. ૬૭૪)

એવી **સાક્ષાત્ સમયસાર અનુભવ જાગ્રત દશા-સ્થિતિદશા** જેને પ્રગટી હતી, એવા સાક્ષાત્ સમયસારભૂત આત્મજાગૃત દશામાં વર્ત્તતા **શ્રીમદે** આત્માનુભવસિદ્ધપણે આ અમૃત પત્રમાં (અં. ૭૭૯) **સૌભાગ્યને** આત્મજાગૃતિ અર્થે જણાવ્યું છે તેમ - 'સર્વ અન્ય ભાવથી આત્મા રહિત છે, કેવળ એમ જેને અનુભવ વર્ત્તે છે તે મુક્ત છે. બીજાં સર્વ દ્રવ્યથી અસંગપણું છે, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્ત્તે છે તે મુક્ત છે. અટળ અનુભવ સ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી મુક્ત દશા વર્ત્તે છે, તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય છે, તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે. શુદ્ધ સહજ આત્મસ્વરૂપ.' (અં. ૭૭૯), આવા શુદ્ધ સહજ આત્મસ્વરૂપના સ્વામી સાક્ષાત્ સમયસારભૂત **જીવન્મુક્ત** હતા **શ્રીમદ્** ! ** નિર્ગ્રંથના પંથને અનુસરતાં પ્રત્યેકે પ્રત્યેકે પદાર્થનો અત્યંત વિવેક કરી જે પરમ ભાવ નિર્ગ્રંથ આત્માને તેનાથી વ્યાવૃત્ત કરી **સાક્ષાત્ સમયસાર - શુદ્ધઆત્મા** પ્રગટ કર્યો હતો, ''જાગ્રત સત્તા, જ્ઞાયક સત્તા આત્મસ્વરૂપ'' (હા.નોં. ૩-૨૧) સિદ્ધ કર્યું હતું, એવા **આત્મસિદ્ધ સાક્ષાત્ સમયસાર - પ્રયોગસિદ્ધ સમયસાર હતા શ્રીમદ્** !

અને આમ નિર્ગ્રંથના પંથને અનુસરતાં જેને સાક્ષાત્ સમયસાર દશા પ્રગટી છે, એવા **સ્વરૂપસ્થ** થયેલા **પરમ ભાવનિર્ગ્રંથ શ્રીમદ્** આત્માનુભવ સિદ્ધપણે આ સ્વરૂપસ્થ થવાનો **પરમનિર્ગ્રંથ માર્ગ** ઉદ્ઘોષે છે. 'એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો, જડથી ઉદાસી આત્મવૃત્તિ થાય છે, **કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવા, નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે.**' ** અને પરમાનંદમય આત્મનિમગ્ન સાક્ષાત્ સમયસાર દશા જેને પ્રગટી છે, એવા **સ્વરૂપસ્થ શ્રીમદ્** આવા પરમ આત્માનંદના ઉલ્લાસમાં ને ઉલ્લાસમાં આ શુદ્ધ આત્માનો-સમયસારનો મહામહિમાતિશય ઉદ્ઘોષતા આ પરમ અમૃત પત્રમાં (અં. ૮૩૩) આ ટંકોત્કીર્ણ અમૃત વચનો પ્રકાશે છે -

'સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યરૂપ પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ, શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમ શાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું, હે નિજ સ્વરૂપમય ઉપયોગ કરું છું. તન્મય થાઉં છું. શાંતિઃ શાંતિઃ શાંતિ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર અં. ૮૩૩**

અને આવા સાક્ષાત્ સમયસારભૂત - એવંભૂત દશા પામેલા સ્વરૂપસ્થ જેવા અદ્ભુત જ્ઞાનીશ્વર વિના આ ચતુર્દશ સૂત્રમાં સૂચવ્યું છે, તેમ એવંભૂત દૃષ્ટિથી એવંભૂત સ્થિતિની આત્મામાં આવી અદ્ભુત સમનય ઘટના કોણ કરી શકે ? ** આમ સાત નયની આત્મામાં અદ્ભુત ઘટનામાં આ મહાન્ પરમાર્થ ગંભીર ચતુર્દશ સૂત્રમાં - સર્વત્ર તેવા પ્રકારની તથારૂપ દશાવાળી એવંભૂત દૃષ્ટિની અને એવંભૂત સ્થિતિની શ્રીમદ્ની આત્મભાવના વ્યાપક છે. ** શ્રીમદે અત્ર સર્વત્ર એવંભૂત સ્થિતિની - તથારૂપ સહજાત્મસ્વરૂપ સ્થિતિની જ આત્યંતિક આત્મભાવના કરી છે.

આમ જેના જીવનમાં અને કવનમાં એક આત્મા આત્મા ને આત્મા જ એ દિવ્ય ધ્વનિ ગૂંજ્યા કરતો હતો, એવા સહજાત્મસ્વરૂપસ્વામી શુદ્ધચૈતન્યમૂર્ત્તિ **શ્રીમદ્** આવા શુદ્ધ આત્મા **પ્રયોગસિદ્ધ સમયસાર** હતા ! નમસ્કાર હો ! નમસ્કાર હો આવા જીવતા જાગ્રતા આ **પ્રયોગસિદ્ધ સમયસારને** ! નમઃ સમયસારાય !

સુધાસિન્ધુના સુધાબિન્દુ

मोक्खपहे अप्पाणं ठवेहि तं चेव झादि तं चेय ।
तत्थेव विहर णिच्चं मा विहरसु अण्णदव्वेसु ।। - **श्री कुंदकुंदाचार्यजी**
अहमिक्को खलु सुद्धो दंसणणाणमईओ सदारूवी ।
णवि अत्थि मज्झ किंचिवि अण्णं परमाणुमित्तंपि ।। - **श्री कुंदकुंदाचार्यजी**
सर्वतः स्वरसनिर्भरभावं चेतये स्वयं स्वमिहैकं ।
नास्ति नास्ति मम कश्चन मोहः शुद्धचिद्घनमहोनिधिरस्मि ।। - **श्री अमृतचंद्राचार्यजी**
य एव मुक्त्वा नयपक्षपातं, स्वरूपगुप्ता निवसन्ति नित्यं ।
विकल्पजालच्युतशान्तचित्तास्त एव साक्षादमृतं पिबन्ति ।। - **श्री अमृतचंद्राचार्यजी**
अबाह्यं केवलं ज्योतिर्निराबाधमनामयम् ।
यदत्र तत्परं तत्त्वं शेषः पुनरूपप्लवः ।। - **श्री हरिभद्राचार्यजी (यो.द. समुच्चय)**
परब्रह्मपरिणामनिदानं, स्फुटकेवलविज्ञानं रे ।
विरचय विनयविवचितज्ञानं, शांतसुधारसपानं रे ।। - **श्री विनयविजयजी कृत शांतसुधारस**

卐

અહો સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ !
સુષુપ્ત ચેતનને જાગ્રત કરનાર, પડતી વૃત્તિની સ્થિર રાખનાર,
દર્શનમાત્રથી પણ નિર્દોષ, અપૂર્વ સ્વભાવને પ્રેરક,
સ્વરૂપ પ્રતીતિ, અપ્રમત્ત સંયમ અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવના
કારણભૂત, છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી, અનંત અવ્યાબાધ સ્વરૂપમાં
સ્થિતિ કરાવનાર ! ત્રિકાળ જયવંત વર્ત્તો ! ॐ शांतिः शांतिः शांतिः. - **श्रीमद् राजचंद्र**
અહો ! સર્વોત્કૃષ્ટ શાંતરસમય સન્માર્ગ ! અહો તે સર્વોત્કૃષ્ટ શાંતરસ પ્રધાન
માર્ગના મૂળ સર્વજ્ઞ દેવ, અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંતરસ
સુપ્રતીત કરાવ્યો એવા પરમકૃપાળુ સદ્‌ગુરુ દેવ -
આ વિશ્વમાં સર્વકાળ તમે જયવંત વર્ત્તો, જયવંત વર્ત્તો. - **श्रीमद् राजचंद्र**
સમસ્ત વિશ્વ ઘણું કરીને પરકથા અને પરવૃત્તિમાં વહ્યું જાય છે, તેમાં રહી સ્થિરતા ક્યાંથી પ્રાપ્ત થાય
એવાં અમૂલ્ય મનુષ્યપણાનો એક સમય પરવૃત્તિમાં જવા યોગ્ય દેવા યોગ્ય નથી. - **श्रीमद् राजचंद्र**

卐

શુદ્ધાત્માનુભવ સદા, તે સ્વસમય વિલાસ રે,
પરવડી છાંહડી જેહ પડે, તે પરસમય નિવાસ રે. - **શ્રી આનંદઘનજી (અરજિન સ્તવન)**
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાયે ધ્યાને, શિવ દિયે પ્રભુ સપરાણો રે. - **શ્રી યશોવિજયજી**
શુદ્ધાશય થિર પ્રભુ ઉપયોગે, જે સમરે તુજ નામજી,
અવ્યાબાધ અનંતું પામે, પરમ અમૃત સુખ ધામજી. - શ્રી દેવચન્દ્રજી (શીતલ જિન સ્તવન)
શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતા મેં કેલિ કરે,
શુદ્ધતા મેં સ્થિર વ્હૈ, અમૃત ધારા બરસૈ. - **શ્રી બનારસીદાસજી**
સહજ ગુણ આગરો, સ્વામી સુખ સાગરો, જ્ઞાન વયરાગરો પ્રભુ સવાયો,
શુદ્ધતા એકતા તીક્ષ્ણતા ભાવથી, મોહ રિપુ જય પડહ વાયો. - **શ્રી દેવચન્દ્રજી (પાર્શ્વજિન સ્તવન)**
જય સહજ સ્વરૂપી શુદ્ધ ચૈતન્ય મૂર્ત્તિ, શ્રીમદ્ ભગવત્ અર્હદ્ ચૈત્ય તે શાંત મૂર્ત્તિ,
કરતું ચિતસમાધિ અર્પતું આત્મશાંતિ, હરતું ભવ ઉપાધિ કાપતું મોહ ભ્રાંતિ. - **ભગવાનદાસ**
(સ્વરચિત : લલિત વિસ્તરા ટીકા મંગલાચરણ)

卐

अहमिक्को खलु सुद्धो, णिम्ममओ णाणदंसणसमग्गो ।
तह्मि ठियो तच्चित्तो सव्वे एए खयं णेमि ।। - **श्री कुंदकुंदाचार्यजी**
सुद्धस्स य सामण्णं भणियं सुद्धस्स दंसणं णाणं ।
सुद्धस्स य णिव्वाणं सो च्चिय सिद्धो णमो तस्स ।। - **श्री कुंदकुंदाचार्यजी (प्रवचनसार, २७४)**
चिच्चिंडचंडिमविलासिविकासहासः शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः ।
आनंदसुस्थितसदास्खलितैकरूपस्तस्यै चायमुदयत्यचलार्चिरात्मा ।। - **श्री अमृतचंद्राचार्यजी**
तज्जयति परंज्योतिः समं समस्तैरनन्तपर्यायैः ।
दर्पलतल इव सकला प्रतिफलितपदार्थमालिका यत्र ।। - **श्री अमृतचंद्राचार्यजी (पुरुषार्थ सिद्धि उपाय)**
अहो ! अनन्तवीर्योऽयमात्मा विश्वप्रकाशकः ।
त्रैलोक्यं चालयत्येव ध्यानशक्तिप्रभावतः । - **श्री शुभचंद्राचार्यजी (ज्ञानार्णव)**
आत्मप्रवृत्तावतिजागरूकः परप्रवृत्तौ बधिरान्धमूकः ।
सद्चिदानन्दो यो लोकोत्तरं साम्यमुपैति योगी ।। - **श्री यशोविजयजी (अध्यात्मोपनिषद्)**

卐

श्रीमद् वीतराग भगवंतोએ निश्चितार्थ करेलो એवो अચિંત્ય ચિંતામણિ સ્વરૂપ, પરમ હિતકારી, પરમ અદ્ભુત, સર્વ દુઃખનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર, પરમ અમૃત સ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત ધર્મ જયવંત વર્ત્તો, ત્રિકાળ જયવંત વર્ત્તો. - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૪૩**

જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે. એવા સર્વ સત્પુરુષો, તેનાં ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો ! - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૯૩ (ષટ્ પદનો અમૃત પત્ર)**

દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ એથી અનંતગણી ચિંતા આત્માની રાખ. કારણ અનંત ભવ એક ભવમાં ટાળવા છે. - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૪**

અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ, એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ. - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૧૯**

કેવલ અંતર્મુખ થવાનો સત્પુરુષોનો માર્ગ સર્વ દુઃખ ક્ષયનો ઉપાય છે. - **શ્રીમદ્ રાજચંદ્ર-ઈ. ૮૧૬**

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ. (શ્રીआત્મસિદ્ધિ)

卐

પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય.
પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન;
હૃદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન. - **શ્રી આનંદઘનજી (ધર્મનાથ જિન સ્તવન)**
સાહેબાં હે કુંથુ જિનેશ્વર દેવ, રત્નદીપક અતિ દીપતો હે લાલ,
આ. મુજ મનમંદિર માંહી, આવે જો અરિબલ જીપતો હે લાલ. - શ્રી યશોવિજયજી (કુંથુ જિન સ્તવન)
જાગ્યો સમ્યગ્ જ્ઞાન સુધારસ ધામ જો, છાંડિ દુર્જય નીંદ પ્રમાદની રે લો,
જે અતિ દુસ્તર જલધિ સમો સંસાર જો, તે ગોપદ સમ કીધો પ્રભુ અવલંબને રે લો.
જિન આલંબની નિરાલંબતા પામે જો, તેણે હમ રમશું નિજગુણ શુદ્ધ નંદનવને રે લો. - શ્રી દેવચંદ્રજી
દર્શન જ્ઞાન ચારિત્ર ત્રિવેણી, સંગમ તીરથ શિવપથ શ્રેણી,
એ જસ તીર્થે નિત્ય નિમજ્જી, પાવન જન સૌ પાપ કિં વિવર્જી... જય જિનદેવા !
જય જિનદેવા ! જય જિનદેવા ! દેવ કરે છે સહુ તમ સેવા,
સુર નર ઈન્દ્રો સ્તવન કરે છે, યોગિવરેન્દ્રો ધ્યાન ધરે છે... જય જિનદેવા...
ભગવાનદાસ (સ્વરચિતઃ પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા, પાઠ-૨)

卐

પ્રકાશકનું નિવેદન

હે જિન વીતરાગ ! તમને અત્યંત ભક્તિથી નમસ્કાર કરું છું. તમે આ પામર પ્રત્યે અનંત અનંત ઉપકાર કર્યો છે.

''હે કુંદકુંદાચંદ્ર આચાર્યો તમારા વચનો સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયા છે તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.'' - હાથનોંધ-૨ (૨૦)

''કુંદકુંદાચાર્ય અને આનંદઘનજીને સિદ્ધાંત સંબંધી જ્ઞાન તીવ્ર હતું. કુંદકુંદાચાર્યજી તો આત્મસ્થિતિમાં બહુસ્થિત હતા.''

પરમર્ષિ કુંદકુંદાચાર્ય પ્રણીત, પરમર્ષિ અમૃતચંદ્રાચાર્ય વિરચિત 'આત્મખ્યાતિ' વ્યાખ્યાત અને ડૉ. ભગવાનદાસ કૃત 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય સંયુક્ત આ પરમશ્રુતની પ્રભાવના કરનારા આ સમયસાર ગ્રંથનું પ્રકાશન કરતાં શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસને અતિ આનંદ થાય છે. તેમના બે ગ્રંથ ''અધ્યાત્મ રાજચંદ્ર'' તથા ''આત્મસિદ્ધિ'' ઉપર રાજજ્યોતિ મહાભાષ્ય, આશ્રમથી પ્રકાશિત થયેલ અને ટૂંક સમયમાં તે અપ્રાપ્ય થયા. આ બન્ને ગ્રંથોની નવી આવૃત્તિઓનું પ્રકાશન થશે એજ એમના પ્રકાશનની ઉપયોગિતા સૂચવે છે.

ડૉ. ભગવાનદાસભાઈએ અતુલ પરિશ્રમથી એકાણું વર્ષની વયે એકલા હાથે આ સમયસાર ગ્રંથનું વિવેચન કરેલ છે જે જિજ્ઞાસુને મૂળ ગ્રંથ વિચારવામાં, સમજવામાં સરળતા રહેશે. તેઓએ આ ગ્રંથનું ખૂબ જ ઝીણવટ અને ચીવટથી કોઈ મુદ્રણદોષરહિત સુંદર ગ્રંથ બનાવવામાં આ ઉંમરે શ્રમ લીધો છે અને પરમશ્રુતની પરમભક્તિ - પરમાર્થ પ્રેમથી નિષ્કામ પરમાર્થ સેવા કરી છે તે માટે એમને પુનઃ પુનઃ ધન્યવાદ અને આ સંસ્થાનું આ પ્રકાશન સફળ રહેશે.

પરમ કૃપાળુદેવે જે સત્શાસ્ત્રોનો અભ્યાસ સૂચવ્યો છે એમાં પૂ. કુંદકુંદાચાર્ય રચિત સમયસાર, અષ્ટપ્રાભુત, પંચાસ્તિકાય વિ. ગ્રંથનો સમાવેશ થાય છે અને આ આશ્રમ તરફથી એ પુસ્તકોનું પ્રકાશન થયું છે.

પરમ કૃપાળુદેવે વચનામૃત ૩૭૮માં કહેલ નીચેના વાક્યો તરફ સર્વ વાચકોનું લક્ષ ખેંચવું યોગ્ય લાગે છે.

"નિશ્ચય"ને વિષે અકર્તા, "વ્યવહાર"ને વિષે કર્તા, ઈત્યાદિ જે વ્યાખ્યાન સમયસારને વિષે છે તે વિચારવાને યોગ્ય છે, તથાપિ નિવૃત થયા છે જેના બોધસંબંધી દોષ એવા જે જ્ઞાની તે પ્રત્યેથી એ પ્રકાર સમજવા યોગ્ય છે.'' કોઈપણ નય ન દુભાય એવી પરમ વીતરાગની વાણી અને પરમ કૃપાળુદેવનો ઉપદેશ લક્ષમાં રાખી આ ગ્રંથનું વાંચન સર્વને હિતકારી નીવડશે એ શ્રદ્ધા સાથે આ ગ્રંથનું પ્રકાશન થયું છે.

''સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.''

સંવત ૨૦૫૦ — મનુભાઈ ભ. મોદી
શ્રાવણ — પ્રમુખ
ઓગસ્ટ, ૧૯૯૪ — શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ

"સમયસાર"ના છપાઈ દાન આપનારી યાદી

જુઓ પાના : ૮૬૪

રૂા : ૨,૦૦,૦૦૦ = ૦૦ ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા

ૐ

પ્રસ્તાવના

''જે તીર્થંકર દેવે સ્વરૂપસ્થ આત્માપણે થઈ વક્તવ્યપણે જે પ્રકારે તે આત્મા કહી શકાય તે પ્રમાણે અત્યંત યથાસ્થિત કહ્યો છે, તે તીર્થંકરને બીજી સર્વ પ્રકારની અપેક્ષાનો ત્યાગ કરી નમસ્કાર કરીએ છીએ. ''હું કોઈ ગચ્છમાં નથી; પણ આત્મામાં છું; એ ભુલશો નહીં; -શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૩૭''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૪૩૬

કુંદકુંદ તે દિવ્યાત્માએ, સમયસાર શુદ્ધાત્મ,
જ્ઞાન ભાણ પ્રગટાવી જગમાં, પ્રગટ કર્યો સહજાત્મ... જય.
દિવ્યાત્મા તે અમૃતચંદ્રે, ઝીલ્યો દિવ્ય પ્રકાશ,
'આત્મખ્યાતિ' જ્યોત્સ્ના વિસ્તારી, સોળે કળા પ્રભાસ... જય.
સ્થળે સ્થળે ત્યાં અમૃત સંભૃત, સ્થાપ્યા 'કળશો' દિવ્ય,
ભવ્ય જીવોને અમૃત પીવા, આત્મ પ્રગટવા દિવ્ય... જય.
દિવ્યાત્મા તે અમૃતચંદ્રનો, ભાસ ઝીલી ચિત્પાત્ર,
દાસ ભગવાન 'અમૃત જ્યોતિ'થી, વિવેચતો સત્ શાસ્ત્ર... જય. (સ્વરચિત)

ભગવત્ કુંદકુંદાચાર્ય અને ભગવત્ અમૃતચંદ્રાચાર્ય એ જગદ્‌ગુરુ વિશ્વની વિરલ વિભૂતિ થઈ ગયા, અધ્યાત્મ ક્ષેત્રે મોક્ષમાર્ગની જગત્ પાવની પરમશ્રુત ગંગા વહાવનારા આ જગદ્‌ગુરુ ભારત અવનિ પાવન કરી ગયા, જિનદર્શનનો પરમ ઉદ્યોત કરનારા મહાપ્રભાવક પરમ પુરુષો થઈ ગયા.

પરમ શ્રમણ ભગવાન મહાવીરના લોકોત્તર પરમ અધ્યાત્મ મોક્ષમાર્ગને ઉદ્યોતિત કરનારા પરમર્ષિ કુંદકુંદાચાર્ય લગભગ બે હજાર વર્ષ પૂર્વે થયા, તે પછી પરમર્ષિ અમૃતચંદ્રાચાર્ય લગભગ એક હજાર વર્ષે થયા,

ભગવાન મહાવીરના આધ્યાત્મિક અલૌકિક દિવ્ય માર્ગનો દિવ્ય પ્રકાશ ઝીલી પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ આ વિશ્વમાં જ્ઞાન-ભાનુનો દિવ્ય પ્રકાશ રેલાવ્યો, તે ચિત્ પાત્રમાં ઝીલી પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ વિશ્વમાં જ્ઞાનચંદ્રિકા વિસ્તારી અને તે આ પરમર્ષિ યુગ્મનો દિવ્ય જ્ઞાનપ્રકાશ યથાશક્તિ ઝીલી આ ભગવાનના દાસે (ભગવાન-દાસે) સ્વકૃત 'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં પરમશ્રુત ભક્તિથી વિસ્તાર્યો. આ પરમર્ષિ યુગ્મે આધ્યાત્મિક શૈલીથી મોક્ષમાર્ગનું અપૂર્વ નિરૂપણ અત્રે સમયસાર અને 'આત્મખ્યાતિ'માં પ્રકાશ્યું છે. જિન દર્શનની શૈલી અંગે શ્રીમદ્ રાજચંદ્રજીના ટંકોત્કીર્ણ વચનામૃત છે :

''શી એની શૈલી ! જ્યાં આત્માને વિકારમય થવાનો અનંતાંશ પણ રહ્યો નથી. શુદ્ધ, સ્ફટિક, ક્ષીણ અને ચંદ્રથી ઉજ્જ્વળ શુક્લ ધ્યાનની શ્રેણિથી પ્રવાહરૂપે નીકળેલાં તે નિર્ગ્રન્થનાં પવિત્ર વચનોની મને-તમને ત્રિકાળ શ્રદ્ધા રહો ! એ જ પરમાત્માનાં યોગબળ આગળ પ્રયાચના !''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૫૨

પરમર્ષિ કુંદકુંદાચાર્ય પ્રણીત સમયસાર - પ્રવચનસારાદિ યુગપ્રવર્ત્તક મહાગ્રંથોને યુગપ્રવર્ત્તક મહાટીકાઓથી વિભૂષિત કરવાનો મહાયશ પ્રથમ ટીકાકાર પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યને ફાળે જાય છે, તેમની પરમ સમર્થ ટીકાઓથી કુંદકુંદાચાર્યજીનું અલૌકિક અપૂર્વ કેવું અનંતગુણવિશિષ્ટ ગૌરવ બહુમાન કર્યું છે, તે વિશ્વવિશ્રુત છે. કુંદકુંદાચાર્યના મહાગ્રંથોમાં પ્રવહતી અધ્યાત્મરસ અમૃત સરિતા અવનિ પર અવતારવાનું માન અમૃતચંદ્રાચાર્યને ઘટે છે. ખરેખર ! અમૃતચંદ્રાચાર્ય જાણે કુંદકુંદાચાર્યજીના હૃદય અંતઃતલમાં પ્રવિષ્ટ હોયની ! કુંદકુંદાચાર્યના આધ્યાત્મિક વારસદાર હોયની ! મહાન્ અમૃતચંદ્રાચાર્યે

એમની યુગપ્રવર્ત્તક અસાધારણ અલૌકિક મહાટીકાઓથી **મહાન્ કુંદકુંદાચાર્યનો** મહિમાતિશય જગત્માં વિસ્તાર્યો, એટલું જ સ્વ દિવ્ય આત્માનો મહિમાતિશય વિસ્તાર્યો છે.

શ્રી કુંદકુંદાચાર્ય પ્રણીત પંચાસ્તિકાય-પ્રવચનસાર-સમયસાર એ પરમાગમ **'પ્રસ્થાનત્રયી'** તરીકે સુપ્રસિદ્ધ છે, આ ત્રણે શાસ્ત્ર પર **અમૃતચંદ્રાચાર્યજીની** અલૌકિક મહાટીકા વિશ્વવિખ્યાત છે. અત્ર તો **સમયસાર** અંગે વક્તવ્ય પ્રસ્તુત છે, તે હવે આ **પ્રસ્તાવનામાં** સંક્ષેપમાં કરશું.

આ **પરમાગમ સમયસાર** પ્રત્યે **અમૃતચંદ્રજીનો** કેવો પરમ પરમાર્થ પ્રેમ પ્રવાહ ઉલ્લસ્યો છે, તેનું આપણને **'આત્મખ્યાતિ' મહાટીકામાં** દર્શન થાય છે. અત્રે એક સૂત્રનિબદ્ધ પરમાર્થગંભીર પરમાર્થઘન સળંગ એક જ વાક્યમાં તે તે ગાથાનો સંપૂર્ણ સમગ્ર ભાવ વ્યક્ત કરી દેવો, તે **અમૃતચંદ્રજીનું** અપૂર્વ આત્મપરાક્રમ દાખવે છે. ખરેખર ! આવી એક સૂત્રનિબદ્ધ સૂત્રાત્મક મહાટીકા અખિલ ભારતમાં અજોડ અને અદ્વિતીય છે.

અત્ર પદે પદે જ્યાં આત્માની ખ્યાતિ (પ્રસિદ્ધિ-પ્રકૃષ્ટ સિદ્ધિ) કરી છે એવી આ **'આત્મખ્યાતિ'** ટીકા ખરેખર ! આત્મખ્યાતિ જ છે. આવી યથાર્થનામા **'આત્મખ્યાતિ'** નામથી પરમ પ્રખ્યાતિ પામેલી, પરમ પરમાર્થ ગંભીર અદ્વિતીય અનન્ય સૂત્રમય ટીકા આ **પરમ તત્ત્વદ્રષ્ટા અમૃતચંદ્રજીએ** સોળે કળાથી પૂર્ણ અનન્ય અદ્ભુત તત્ત્વકળાથી ગૂંથી છે અને તેમાં પણ, આ પરમ અધ્યાત્મરસપરિણત **પરમ ભાવિતાત્મા મહાત્માએ** પરમ આત્મભાવના પરમ ઉલ્લાસથી, શુદ્ધ ચૈતન્ય-અમૃતરસની અમૃત સરિતા વહાવતી અપૂર્વ **કળશકાવ્ય** રચના કરી, આ **'આત્મખ્યાતિ'ની,** આત્મખ્યાતિમાં અનંતગુણવિશિષ્ટ અભિવૃદ્ધિ કરી છે - એવું આ પરમ આત્માનુભવી દિવ્ય દ્રષ્ટા કવિ-ઋષ્ટાની અમૃતાનુભવ પ્રસાદી રૂપ આ **કળશકાવ્ય** સર્જન છે.

પરમર્ષિ કુંદકુંદાચાર્યજીની યુગપ્રવર્ત્તક (Epoch-making) કૃતિઓ પ્રત્યે **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીનો** કેવો અનન્ય પરમાર્થ પ્રેમ છે, તે તો તે તે ગ્રંથોની તેમની યુગપ્રવર્ત્તક (Epoch-making) પરમ પ્રતિભાસંપન્ન અનુપમ અદ્વિતીય પરમ અમૃત ટીકાઓથી તેમણે જે **મહાન્ કુંદકુંદાચાર્યજીનું** અને તેમના **મહાન્ ગ્રંથોનું** અનંતગુણ વિશિષ્ટ ગૌરવ વધાર્યું છે - કર્યું છે, તે પરથી જગત્ વિશ્રુત છે અને તેમાં પણ આ **ગ્રંથરાજ** પ્રત્યેનો એમનો પરમ પ્રેમસિંધુ એટલો બધો ઉલ્લાસયમાન થઈને છલકાયો છે, કે તે આ **પરમ આત્માનુભવી** (મહાકવિ-બ્રહ્મા પરબ્રહ્મ સ્વરૂપ) **પરમાર્થ મહાકવીશ્વરના** હૃદય-હ્રદમાંથી અનુભવોદ્ગાર રૂપ સહજ સ્વયંભૂ સ્રોત રૂપે નીકળેલી અપૂર્વ કળશ કાવ્યની અમૃત સરિતા પરથી સહૃદય સંવેદક સંતજનોને તત્ક્ષણ સુપ્રતીત થાય છે.

ગીર્વાણ વાઙ્મયમાં યુગપ્રવર્તિની **'આત્મખ્યાતિ'નો** ગદ્ય ભાગ માત્ર રચીને એ **આર્ષદ્રષ્ટા પરમર્ષિનો** આત્મા સંતોષ ન પામતાં, એમણે હૃદયમાં ન માતા પરમ આત્મભાવના અમૃતાનુભવ ઉલ્લાસથી આ અનુપમ **'સુવર્ણ'મય 'કળશ'** કાવ્યોનું હૃદયંગમ સર્જન કર્યું છે, કે જે આ પરમ નિસ્પૃહ મહામુનિની કીર્ત્તિના અનુપમ **'સુવર્ણ કળશ'** સમાન સદા ઝળહળી રહેલ છે ! અને જેનો દિવ્ય પ્રકાશ દેશ-કાળ-જાતિના બંધનથી અનવચ્છિન્નપણે દૂર દૂરથી આકર્ષીને સંતજનોને દિવ્ય અનુભવામૃત રસાસ્વાદમાં નિમજ્જન કરાવી રહેલ છે ! કોઈ મંદિર હોય તેની પૂર્ણાહુતિ થતાં શિખર પર કોઈ સુવર્ણ કળશ ચઢાવે, તેમ આ **સમયસાર શાસ્ત્ર રૂપ પરમ તત્ત્વજ્ઞાનનું ઉંચામાં ઉંચું શિખર છે - મેરુ શિખર છે અને તેના પર અનન્ય તત્ત્વમંથનના નવનીત રૂપ આત્માનુભૂતિમય પરમ અમૃતરસથી ભરેલા આ અમૃત સુવર્ણ કળશ કાવ્યો ચઢાવી અમૃતચંદ્રજી યથાર્થનામા 'અમૃત ચંદ્ર' થયા છે !**

આ પ્રસ્તાવના આ આગળ લંબાવતાં પહેલાં આ સમયસાર શાસ્ત્રના મ્હારા અભ્યાસનો ઈતિહાસ સંક્ષેપમાં રજુ કરશું : આ **સમયસાર ગ્રંથ** સં. ૧૯૭૫ માં (ઈ. ૧૯૧૯) **શ્રીમદ્‌રાજચંદ્ર શાસ્ત્રમાળામાં** પ્રકાશિત થયો અને તદનુસાર પૂ. ગણેશપ્રસાદવર્ણીજી દ્વારા **'અહિંસા મંદિર'** પ્રકાશનમાં (દિલ્હી) ૧૯૫૮માં પ્રકાશિત થયો. શ્રીમદ્‌રાજચંદ્ર શાસ્ત્રમાળામાં પ્રકાશિત **સમયસાર શાસ્ત્ર** ઈ. ૧૯૪૨માં મ્હારા હાથમાં આવ્યો અને તેના અભ્યાસમાં સર્વાત્માથી મંડી પડ્યો. આ **અલૌકિક શાસ્ત્ર** અને **અલૌકિક 'આત્મખ્યાતિ'નો મહાપ્રભાવ** જગત્‌માં વિસ્તરવો જોઈએ એવો સ્વયંભૂ સંકલ્પ મ્હારા હૃદયમાં થયો અને આ ભાવનાને સક્રિય મૂર્ત્ત સ્વરૂપ આપવા યથાવકાશ ક્વચિત્ મંદ ક્વચિત્ તીવ્ર વેગે-સંવેગે આ વિસ્તૃત વિવેચનાત્મક મહાભાષ્યાદિ લેખન (પણ) કાર્ય કરતો રહ્યો.

આ અભ્યાસ દરમ્યાન મ્હારા આત્મામાં સહજ સંવેદાયું કે તે તે શાસ્ત્ર જાણે પરિચિત હોયની ! કારણકે **સૂત્રાત્મક 'આત્મખ્યાતિ'** કોઈની પણ સહાય વિના મને શીઘ્ર સહજ સમજાઈ ગઈ અને અદ્‌ભુત **'આત્મખ્યાતિ'** ટીકાની અદ્‌ભુત સંકલના પણ સમજાઈ ગઈ, જેથી મને પોતાને આશ્ચર્ય લાગ્યું. આ મહાન્ આચાર્યોની અલૌકિક કૃતિ પ્રત્યે અવ્યક્ત નૈસર્ગિક પૂર્વ સંસ્કાર જાગ્રત હોય અને જાણે આત્મીય હોય એમ તે પ્રત્યે ઓર અપૂર્વ ભાવ સ્ફુરિત થયો, આ અનુભવસિદ્ધ હકીકત છે.

સમયસાર ગાથા પણ **'આત્મખ્યાતિ'** વ્યાખ્યા પરથી જ સ્પષ્ટ સમજાય છે. તે તે ગાથાનું હાર્દ સમજવા **'આત્મખ્યાતિ'** પરમ ઉપકારી - પરમ ઉપયોગી છે, **'આત્મખ્યાતિ'** વિના **સમયસારનો** ભાવ પરમાર્થ આશય સમજાવો દુષ્કર છે. ખરેખર ! **'આત્મખ્યાતિ'** વિના **સમયસાર શાસ્ત્રમાં** પ્રવેશ કરવો દુર્ગમ્ય છે, તે સુગમ્ય કરવા માટે **આ લેખકે વિસ્તૃત** વિવેચનાત્મક **'અમૃત જ્યોતિ' મહાભાષ્ય** સંદબ્ધ કર્યું છે. અસ્તુ !

પૂર્વે કહ્યું તેમ ૧૯૪૨ના પ્રારંભથી પ્રસ્તુત શાસ્ત્રનો મ્હારો અભ્યાસ પ્રારંભ થયો અને લગભગ બે - અઢી વર્ષમાં પૂર્ણ થયો, પરંતુ કોઈ સ્થળો વિચારવાને બાકી રહ્યા હતા અને અવકાશ અભાવે તે પૂર્ણ થઈ શક્યા નહિ, તેમજ સાંગોપાંગ પરિપક્વ અભ્યાસ ન થાય ત્યાં સુધી ગ્રંથ બ્હાર પાડવો નહિ એવો મ્હારો સંકલ્પ હતો, તે આદિ કારણે ગ્રંથ પ્રકાશનમાં વિલંબ થયો હતો. ૧૯૬૭માં ગ્રંથ સંપૂર્ણ થયો. પણ અંગત સંજોગોવશાત્ અનુષાંગિક કારણોથી તેમજ પત્નીની દીર્ઘ અનારોગ્ય અવસ્થા ઉદયાદિ કારણોથી ગ્રંથ પ્રકાશન કાર્ય ખોળંબે પડતું ગયું. 'શ્રેયાંસિ બહુવિઘ્નાનિ' એ ઉક્તિએ તેનો ભાવ ભજવ્યો ! અસ્તુ ! હવે આ ગ્રંથ પ્રકાશન થાય છે અને સુજ્ઞ વાંચકના કર-કમળમાં આવે છે.

શ્રીમદ્ રાજચંદ્ર જેવા જ્ઞાનાવતાર પરમ જ્ઞાની પુરુષે જેની પરમશ્રુતમાં ગણના કરી છે, આવા પરમ શ્રુતની મહાપ્રભાવના કરનારા આ ગ્રંથનું પ્રકાશન શ્રેય **શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ - અગાસે** પ્રાપ્ત કર્યું, તે અતિ પ્રશસ્ત અને સમુચિત છે. તે બદલ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ - અગાસના મહાનુભાવ **ટ્રસ્ટી મંડળે** જે ઉલટ ઉમંગ અને ઉત્સાહથી પ્રકાશન લાભ લીધો તે માટે તેમને પુનઃ પુનઃ ધન્યવાદ !

પ્રેસના માલિક શ્રી જયેશ શાહે જે ખંત અને ઉત્સાહથી આ મુદ્રણ કાર્ય સુંદર રીતે કર્યું, તે માટે તેમને અભિનંદન !

આ **મહાન્ આચાર્યોની અને તેમના મહાન્ શાસ્ત્રો** પ્રત્યેની નૈસર્ગિક પ્રીતિ-ભક્તિથી પ્રેરિત થઈને 'પ્રીત્યાત્મવીર્યમવિચાર્ય' આ લેખન પ્રવૃત્તિની ધૃષ્ટતા કરી છે, આ **મહાન્ આચાર્યોનો** અને તેમના **મહાન્ શાસ્ત્રના** સમર્થ અવલંબને **આ લેખકે** યથાશક્તિ-યથાભક્તિ-યથાવ્યક્તિ આ કાર્ય કરવાનું સાહસ કર્યું છે, નહીં તો 'प्रांशुलभ्ये फले मोहाद्बाहुरिव वामनः' જેવી આ સાહસચેષ્ટા પડત ! **આ લેખકના** આ નમ્ર પ્રયત્નમાં વિગતમત્સર ગુણદોષજ્ઞ સજ્જનોને જે કંઈ સફળતા ભાસ્યમાન થાય તે કેવળ પરમગુણનિધાન પરમ કૃપાનિધિ આ બન્ને **અતીંદ્રિય જ્ઞાની પુરુષોના** કૃપાપ્રસાદને આભારી છે - જેના પરમ સમર્થ વચનામૃતની પ્રબળ ભિત્તિના અવલંબન વિના આ પ્રયત્ન અશક્ય હોત. તેમજ વર્ત્તમાનમાં **તેવા અતીંદ્રિય જ્ઞાની પુરુષ જ્ઞાનાવતાર શ્રીમદ્ રાજચંદ્રના** વચનામૃત અને ચરિત્રામૃત - **'અધ્યાત્મ રાજચંદ્ર'ને** આભારી

છે,જે વચનામૃતમાંથી કિંચિત્ અંશ - તે તે ગાથા અને 'આત્મખ્યાતિ'ના અનુસંધાનમાં આ વિવેચનના મથાળે ઈત્યાદિ યથાસ્થાને આ લેખકે ટાંક્યા છે - અવતરણ કર્યા છે, અને જે આ પરમ જ્ઞાનીપુરુષની ઊર્ધ્વગામિની અલૌકિક અદ્‌ભુત જ્ઞાનદશાની મુમુક્ષુને સુપ્રતીતિ કરાવે છે. તેમજ **હરિભદ્રાચાર્યજી, હેમચંદ્રાચાર્યજી આનંદઘનજી, ચિદાનંદજી, પૂજ્યપાદાચાર્યજી, પદ્મનંદિ આચાર્યજી, દેવચંદ્રજી, યશોવિજયજી, બનારસીદાસજી** આદિ આધ્યાત્મિક યોગીપુરુષોના વચનામૃત યથાસ્થાને આ લેખકે વિસ્તૃત વિવેચનમાં- સ્વકૃત **'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** ટાંક્યા છે, જે માટે ઋણ સ્વીકાર કરી આભાર માને છે.

આ પરમ જ્ઞાનીપુરુષોના વચનામૃત સંબંધી લેખનમાં ક્ષયોપશમની મંદતાથી જાણ્યે-અજાણ્યે કંઈ પણ ન્યૂનાધિક, અસમંસજ, અસમ્યક્, અયથાર્થ, અસંબદ્ધ, અયથાસૂત્ર લખાઈ જાય અથવા શુદ્ધ સત્ આશયથી લખવા છતાં છદ્મસ્થતાથી કંઈ પણ આશયાંતર વા ~~આશય વિરુદ્ધ~~ સમજાય તો તેનો દોષ આ લેખકને શીરે છે, અને તેની તે નમ્રભાવે ક્ષમાયાચના કરે છે. અત્રે જે કાંઈ ગુણ હોય, તે પરમ સત્પુરુષ જ્ઞાની પુરુષોના છે અને દોષ હોય આ લેખકનો છે, એમ ગણી હંસદૃષ્ટિ ગુણગ્રાહી સજ્જનો અત્ર સત્પુરુષના ગુણગણનું ગ્રહણ કરજો !

ગ્રંથ યોજના અને ગ્રંથ સંકલના

હવે ગ્રંથયોજના - ગ્રંથસંકલના અંગે સંક્ષેપમાં નિર્દેશ કરશું. તેમાં -

ગાથા અને 'આત્મખ્યાતિ'નો અનુક્રમ : સમાંગી યોજના

૧. **ગાથા પ્રાકૃત શ્રી કુંદકુંદાચાર્યજી પ્રણીત.** આ આચાર્યજીએ સ્વયં કહ્યું છે તેમ 'આ સમયપ્રાભૃત શ્રુતકેવલિ ભણિતં' કહીશ. મહાન્ ટીકાકાર અમૃતચંદ્રાચાર્યજી આના આ ત્રણ અર્થ પ્રકાશ્યા છે - (૧) કેવલિ - (૨) શ્રુત - (૩) શ્રુત-કેવલિ ભણિત. આમ સર્વ પ્રકારે અર્હત્-પ્રવચનનું અવયવ હોઈ પરમ પ્રમાણતાને પામેલ છે.

૨. **કાવ્યાનુવાદ (સજ્ઝાય).** ગાથાનો આ અક્ષરશઃ સજ્ઝાય રૂપ ગુજરાતી અનુવાદ અત્ર ઢાળબદ્ધ ગેય કાવ્યમાં અવતારવાનો આ વિનમ્ર પ્રયાસ આ લેખકે-વિવેચકે કર્યો છે. તે ગાથાનો અર્થ શીઘ્ર સમજવા માટે કાવ્ય રસિકોને સ્વાધ્યાયાર્થે ઉપયોગી થઈ પડશે.

૩. **ગાથાર્થ** - ગાથાનો અક્ષરશઃ ગુજરાતી અર્થ. **'આત્મખ્યાતિ'કાર આચાર્યજીએ** સંસ્કૃતમાં ગાથા છાયા-પ્રતિબિંબરૂપ અર્થ પ્રકાશ્યો છે, તે 'આત્મખ્યાતિ'ના અંગભૂત છે.

૪. **'આત્મખ્યાતિ' સંસ્કૃત ટીકા...** અત્ર **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રાચાર્યજીએ** પ્રથમ સંસ્કૃતમાં ગાથા છાયા-પ્રતિબિંબ રૂપ તાદેશ્ય અર્થ પ્રકાશ્યો છે, તે **'આત્મખ્યાતિ'ના અંગભૂત જ છે. આમ ગાથાના અનુસંધાનમાં સમર્થ અર્થ પ્રકાશી, આ આચાર્યજીએ 'આત્મખ્યાતિ'માં** ગાથાનો અક્ષરે અક્ષર અર્થ-ભાવ-તત્ત્વ ચમત્કૃતિથી-પરમાર્થ-અર્થગૌરવથી અદ્‌ભુત સકલ અવિકલ સંકલનાબદ્ધપણે વિવર્યો છે.

આ **'આત્મખ્યાતિ' સૂત્રકર્ત્તા અમૃતચંદ્રાચાર્યજીએ** અત્ર **'આત્મખ્યાતિ'માં** તે ગાથામાં સર્વત્ર **એક જ સુશ્લિષ્ટ-સુગ્રથિત સૂત્રનિબદ્ધ સળંગ પરમાર્થઘન સૂત્રાત્મક વાક્યમાં વ્યાખ્યા કરવાની** અનન્ય લાક્ષણિક અદ્‌ભુત શૈલી પ્રયુક્ત કરી છે તે આશ્ચર્યનું આશ્ચર્યનું છે, સમસ્ત ગીર્વાણ વાઙ્મયમાં અપ્રતિમ છે.

સુજ્ઞ વાચકનું લક્ષ દોરવું યોગ્ય છે કે અત્ર **ગાથામાં અને 'આત્મખ્યાતિ'માં યથા દૃષ્ટાંત તથા દાર્ષ્ટાંતિક** - વર્ણન લગભગ ૩૦-૪૦ ટકા આવે છે, **યથા તથા** તે તેની ઓર વિશિષ્ટતા છે, તેથી તે તે સ્થળે બે કોલમમાં કંપોઝ કરાવ્યું છે - **દૃષ્ટાંત દાર્ષ્ટાંતિક**, જેથી સુજ્ઞ વાંચકને દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકનો બિંબ-પ્રતિબિંબ ભાવ સમજવા સરલતા સુગમતા થાય. આ બિંબ-પ્રતિબિંબ ભાવથી દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિક દ્વારા સાંગોપાંગ સંપૂર્ણ અર્થઘટના દર્શાવવી તે **અમૃતચંદ્રાચાર્યજીની** શૈલીની અદ્‌ભુત વિશિષ્ટતા છે અને તે આલંકારિક ભાષામાં તાદેશ્ય પ્રતિમાવસ્તુ ઉપમાનો વિશિષ્ટ પ્રકાર છે.

૫. **'આત્મખ્યાતિ' ટીકાનો ગુજરાતી અર્થ** (અક્ષરશઃ અનુવાદ).

અત્રે **'આત્મખ્યાતિ'માં** સંસ્કૃતમાં **અમૃતચંદ્રાચાર્યજીએ, એક જ સળંગ પરમાર્થઘન સૂત્રાત્મક વાક્યમાં જે પ્રકારે અદ્‌ભુત રચના કરી છે, તે પ્રકારે ગુજરાતીમાં એક જ સળંગ પરમાર્થઘન સૂત્રાત્મક વાક્યરચના યથાવત્ રાખી છે, કે જેથી ભાવ-અર્થની લેશ પણ ક્ષતિ ન થાય અને** આચાર્યજીના મૂળ ભાવની અખંડિત જાળવણી થાય.

૬. **સ્વકૃત 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય** (વિસ્તૃત વિવેચન).

આ લેખક-વિવેચકે કરેલી આ વિવેચનાનું **'અમૃત જ્યોતિ' મહાભાષ્ય** નામ રાખવામાં આવ્યું છે, તે સાભિપ્રાય છે. કારણકે આ મુખ્યપણે મૂળ ગાથા ને તે પરની **મહાન્ આચાર્યવર્ય અમૃતચંદ્રાચાર્યજીની મહાન્ 'આત્મખ્યાતિ'** ટીકાનું વિશિષ્ટ અભ્યાસરૂપ વિસ્તૃત વિવેચન હોઈ, તેમાં **અમૃતચંદ્રજીની** પરમ પ્રિયતમ 'આત્મજ્યોતિ'નો **'અમૃતચંદ્ર' જ્યોતિ**નો મહિમા

પદે પદે ઝળહળે છે, એટલે આ નામાભિધાન આત્માર્થી મુમુક્ષુઓને સમુચિત જ જણાશે.

૭. **આત્મભાવના**

અત્રે શ્રી અમૃતચંદ્રાચાર્યજીએ 'આત્મખ્યાતિ' મહાટીકામાં સમયસાર ગાથાની પરમાર્થગંભીર અદ્‌ભુત અલૌકિક સૂત્રબદ્ધ વ્યાખ્યા વિરચી છે. આ ગ્રંથમાં સર્વત્ર ગાથાનો અને 'આત્મખ્યાતિ'નો પૂર્વાપર સંબંધ દર્શાવવા પૂર્વક સાન્વયાર્થ આત્મભાવના લેખકે કરી છે.

મૂળ સૂત્રને ભાવતી, 'આત્મખ્યાતિ'ને તેમ;

આત્મભાવના આ કરે, દાસ ભગવાન આ એમ.

ગાથા અને 'આત્મખ્યાતિ' ટીકાને સંપૂર્ણપણે આવરી લેતી આ વૃત્ત્યાત્મક 'આત્મભાવના'ની રચના આ લેખક-વિવેચકે આત્મભાવનારૂપ સ્વયં વિચારણાર્થે કરી છે. તે ગાથા અને 'આત્મખ્યાતિ'ના અનુસંધાનમાં યથાવત્ અર્થભાવનથી સ્વયં વિચારણાર્થે અભ્યાસાર્થી સુજ્ઞ વાંચકને ઉપયોગી થઈ પડશે.

'આત્મખ્યાતિ' અંતર્ગત કળશનો અનુક્રમ : પંચાંગી યોજના

૧. **અમૃતચંદ્રજી વિરચિત કળશ સંસ્કૃત શ્લોક.**

૨. **ગુજરાતી સમશ્લોકી અનુવાદ**

૩. **'અમૃત પદ'** - અત્ર **'આત્મખ્યાતિ'** અંતર્ગત કળશકાવ્યની દિવ્ય રચના મહાકવિ **અમૃતચંદ્રજીએ** કરી છે. આ સંસ્કૃત કળશકાવ્ય રચનાનો કંઈક રસાસ્વાદ ગુજરાતી જનતા માણી શકે એવા ભાવથી આ લેખકે સમશ્લોકી ભાષાનુવાદ ઉપરાંત, આ કળશકાવ્યોનો અર્થ વિભાવનરૂપ સ્પષ્ટાર્થ પ્રકાશતો યત્ કિંચિત્ યથાર્થ આશય ઝીલી, અત્ર ગૂર્જરીમાં **'અમૃત પદ'** રચવાનો ઉપક્રમ કર્યો છે અને આ **અમૃતચંદ્રજીની** મૂળ **કળશ કાવ્ય રચના** પરથી ઉતારેલ છે, તેની પુણ્ય સ્મૃતિ અર્થે તેને **'અમૃત પદ'** એવું નામ આપ્યું છે તે યથોચિત છે.

૪. **શ્લોકનો ગુજરાતી અર્થ -**

૫. **'અમૃત જ્યોતિ' મહાભાષ્ય** (વિસ્તૃત વિવેચન) પૂર્વવત્.

આ પ્રકારે ગ્રંથ યોજના અને ગ્રંથ સંકલના રાખી છે.

હવે આ પ્રસ્તાવનામાં **નમૂનારૂપ-પ્રતીકરૂપ ૮ ગાથા અને ૧૦ કળશની વક્તવ્ય વસ્તુનું દિગ્ દર્શન કરશું** : (૧) પ્રારંભના ત્રણ કળશ, (૨) પ્રારંભની ૫ ગાથાઓ **'આત્મખ્યાતિ'** સમેત, (૩) મોક્ષમાર્ગની નિરૂપણ **૧૬ ગાથા** (૪) મોક્ષમાર્ગ નિરૂપણ **૪૧૨ ગાથા,** (૫) કળશ ૨૪૦, ૨૪૪, ૨૪૫, (૬) શાસ્ત્ર પૂર્ણાહુતિ **ગાથા-૪૧૫,** (૭) કળશ ૨૭૫, ૨૭૬, ૨૭૮ - આ સર્વ પર અને આ ગ્રંથમાં **સર્વત્ર આ લેખકે-વિવેચકે સ્વકૃત 'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** પુષ્કળ વિવેચન **કર્યું છે.**

સમયસાર અને 'આત્મખ્યાતિ' ટીકાનું વસ્તુ દિગ્‌દર્શન

૧

સમયસાર શાસ્ત્રની ભગવતી 'આત્મખ્યાતિ' ટીકા પ્રારંભતાં આચાર્ય ચૂડામણિ **ભગવત્ અમૃતચંદ્રાચાર્યજી** પ્રથમ સમયસારની પરમ ભાવસ્તુતિ રૂપ આ મંગલ કલશ કાવ્ય પ્રકાશે છે -

નમઃ સમયસારાય, સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય, સર્વભાવાંતરચ્છિદે ।।

'નમઃ સમયસારાય' - નમસ્કાર હો સમયસારને એ મહામંત્રરૂપ મંગલ સૂત્રથી આ **'આત્મખ્યાતિ'**

ટીકાનું મંગલાચરણ કર્યું છે - 'જે સ્વાનુભૂતિથી - આત્માનુભૂતિથી પ્રકાશી રહ્યો છે અને સર્વ અન્ય ભાવોનો પરિચ્છેદ (પરિજ્ઞાન-પરિભેદ) કરે છે એવો જે ચિત્ સ્વભાવી - ચૈતન્ય સ્વભાવી ભાવ છે, તે સમયસારને નમસ્કાર હો !'

પદે પદે જ્યાં આત્માની ખ્યાતિ (પ્રસિદ્ધિ-પ્રકૃષ્ટ સિદ્ધિ) કરી છે એવી આ **'આત્મખ્યાતિ'** ટીકા ખરેખર ! આત્મખ્યાતિ જ છે. આવી યથાર્થનામા 'આત્મખ્યાતિ' નામથી પરમ પ્રખ્યાતિ પામેલી, પરમ પરમાર્થગંભીર, અદ્વિતીય અનન્ય સૂત્રમય ટીકા આ પરમ તત્ત્વદ્રષ્ટા **અમૃતચંદ્રજીએ** સોળે કળાથી પૂર્ણ અનન્ય અદ્‌ભુત તત્ત્વકળાથી ગૂંથી છે અને તેમાં પણ, આ પરમ અધ્યાત્મરસ પરિણત પરમ ભાવિતાત્મા મહાત્માએ, પરમ આત્મભાવના પરમ ઉલ્લાસથી, શુદ્ધ ચૈતન્ય-અમૃતરસની અમૃતસરિતા વહાવતી અપૂર્વ **કળશ** કાવ્યરચના કરી, આ **'આત્મખ્યાતિ'ની** આત્મખ્યાતિમાં અનંતગુણવિશિષ્ટ અભિવૃદ્ધિ કરી છે. આ પરમ આત્માનુભવી દિવ્ય દ્રષ્ટા કવિ-ઋષ્ટાની **અમૃતાનુભવ પ્રસાદી રૂપ** આ **કળશકાવ્ય** સર્જનમાં આ મંગલરૂપ પ્રથમ કળશકાવ્ય છે અને તેમાં આ સમયસાર શાસ્ત્રનું સારભૂત તત્ત્વ અપૂર્વ તત્ત્વ ચમત્કૃતિથી પ્રકાશ્યું છે.

આ **ભગવાન્ સમયસાર** કેવા છે ? તો કે - 'स्वानुभूत्या चकासते' - સ્વાનુભૂતિથી પ્રકાશતા એવા છે, પોતાના આત્માનુભવથી જ પ્રકાશી રહેલા - સ્વસંવેદનગમ્ય એવા છે. અંતરમાં પ્રગટ ઝળહળતી આ **સમયસાર જ્યોતિ** સ્વાનુભવ પ્રકાશતી ઝગઝગે છે - ચકચકે છે - ઝળહળ જ્યોતિ સ્વરૂપે 'ચકાસે' છે, **આત્માનુભવ પ્રમાણથી** પ્રત્યક્ષ જ્વલંતપણે અનુભવાય છે.

સ્વાનુભવથી તે કેવા પ્રકાશે છે ? તો કે - 'चित्स्वभावाय' - ચિત્ ચૈતન્ય એ જ જેનો સ્વભાવ છે - સ્વરૂપમાં ધારી રાખનારો ધર્મ છે એવા. ચૈતન્ય એ જ આત્માનો પ્રગટ સ્વલક્ષણ રૂપ વિશિષ્ટ સ્વભાવ-ધર્મ છે, **સ્વ ભાવ** પોતાનો (One's own) ભાવ છે અને સ્વભાવ-સ્વધર્મ હોવાથી આ ચૈતન્ય કદી પણ આત્માનો ત્યાગ કરતું નથી, આત્મા સદા ચૈતન્ય લક્ષણ સંપન્ન સાક્ષાત્ દેખાય છે, પ્રગટ અનુભવાય છે.

અને જેનો આવો અનુભવ સ્વરૂપ પોતાનો વિશિષ્ટ ચિત્સ્વભાવ છે, તે પોતાના 'ભાવ' - હોવાપણા વિના કેમ હોઈ શકે ? અર્થાત્ જે આ ચિત્ સ્વભાવી છે તે **ભાવ** છે - 'भावाय', સત્ છે, વિદ્યમાન છતી પ્રગટ અસ્તિત્વ સંપન્ન - અસ્તિત્વ રૂપ સ્વતંત્ર વસ્તુ છે. જેમ ઘટપટાદિ ભાવ-પદાર્થ છે, તેમ આત્મા પણ એક સ્વતંત્ર સ્વરૂપ અસ્તિત્વ ધરાવતો ભાવ-પદાર્થ છે, 'भवतीति भावः' - ત્રણે કાળમાં હોવાપણા રૂપ - અસ્તિરૂપ સત્ વસ્તુ છે - જે સત્ ચિત્ આનંદ સ્વરૂપ (સચ્ચિદાનંદ) વસ્તુ આત્માનુભૂતિમય ચૈતન્ય સ્વભાવથી સદા પ્રકાશમાન ઝળહળ જ્યોતિ સ્વરૂપ છે.

અને આવો આ ચૈતન્ય સ્વભાવથી સદા પ્રકાશમાન ચિત્સ્વભાવી ભાવ સર્વ ભાવાન્તરનો પણ પરિચ્છેદ-પરિજ્ઞાન કરનાર, જાણનાર, સર્વવેદી **જ્ઞાયક** ભાવ છે, અથવા પરિચ્છેદ એટલે સર્વથા જૂદું - પૃથક્ ભિન્ન કરનાર સર્વભેદી ભેદક ભાવ છે - 'सर्वभावान्तरच्छिदे' - અર્થાત્ તે આત્માનુભૂતિથી સ્વયં આત્માને પ્રકાશે છે એટલું જ નહિ, પણ વિશ્વના સર્વ અન્ય ભાવોને આત્માના દિવ્ય ચૈતન્ય પ્રકાશથી પ્રકાશે છે અને જૂદા પાડે છે. એટલે દીપક જેમ સ્વ-પર પ્રકાશક છે, સૂર્ય પ્રકાશ જેમ સ્વ-પર પ્રકાશક છે તેમ આ દિવ્ય **આત્મ જ્યોતિ - સમયસાર** સ્વપર પ્રકાશક છે, એટલું જ નહિ પણ સ્વ-પર પ્રભેદક પણ છે. આમ સ્વાનુભવથી પ્રકાશમાન અને સર્વ અન્ય ભાવોનો પરિચ્છેદક - પરિજ્ઞાયક એવો ચિત્ સ્વભાવી ભાવ તે શુદ્ધ આત્મા **સમયસાર** છે, તેને નમસ્કાર હો !

એવા ભાવના આ શ્લોકના આ બધા યથોક્ત પરમ અર્થગંભીર સૂચક વિશેષણો પ્રયોજીને પરમ તત્ત્વદૃષ્ટા **'આત્મખ્યાતિ'ઋષ્ટા પરમર્ષિએ** આત્મા સંબંધી જે અન્યાન્ય એકાંતિક મિથ્યા-ભ્રાંત કલ્પનાઓ જગત્માં પ્રવર્ત્તે છે, તેનું ગર્ભિતપણે સુયુક્તિથી નિરાકરણ કરી, પરમાર્થ સત્ સત્ય આત્મ તત્ત્વનું અત્રે અજબ કુશળતાથી સુસંપ્રતિષ્ઠાપન કર્યું છે.

આવી અપૂર્વ તત્ત્વ ચમત્કૃતિથી ભરેલા આ મંગલરૂપ પ્રથમ કળશ કાવ્યથી આ 'આત્મખ્યાતિ' કર્ત્તા પરમર્ષિએ આ 'આત્મખ્યાતિ' ટીકાનું પરમ અદ્‌ભુત મંગલાચરણ કર્યું છે. પરમર્ષિ કુંદકુંદાચાર્યજીની યુગપ્રવર્ત્તક (Epoch-making) કૃતિઓ પ્રત્યે પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીનો કેવો અનન્ય પરમાર્થ પ્રેમ છે, તે તો તે તે ગ્રંથોની તેમની યુગપ્રવર્ત્તક (Epoch-making) પરમ પ્રતિભાસંપન્ન અનુપમ અદ્વિતીય પરમ અમૃત ટીકાઓથી તેમણે જે મહાન્ કુંદકુંદાચાર્યજીનું અને તેમના મહાન્ ગ્રંથોનું અનંતગુણવિશિષ્ટ ગૌરવ વધાર્યું છે - ગુણ ગૌરવ બહુમાન કર્યું છે, તે પરથી જગત્ વિશ્રુત છે અને તેમાં પણ આ ગ્રંથરાજ પ્રત્યેનો એમનો પરમ પ્રેમસિંધુ એટલો બધો ઉલ્લાસયમાન થઈને છલકાયો છે, કે તે આ પરમ આત્માનુભવી, દિવ્ય દૃષ્ટા, મહાકવિ બ્રહ્મા, પરંબ્રહ્મ સ્વરૂપ પરમાર્થ મહાકવીશ્વરના હૃદય-હ્રદમાંથી અનુભવોદ્‌ગારરૂપ સહજ સ્વયંભૂ સ્રોતરૂપે નીકળેલી અપૂર્વ કળશ કાવ્યની શુદ્ધ આત્માનુભૂતિ અમૃત સરિતા પરથી સહૃદય સંવેદક સંતજનોને તત્ક્ષણ સુપ્રતીત થાય છે.



હવે **'આત્મખ્યાતિ' કર્ત્તા આચાર્યજી** સાક્ષાત્ સરસ્વતી મૂર્ત્તિરૂપ અનેકાન્તમયી મૂર્ત્તિને મંગલ આશિષ્ અર્પતું બીજું **મંગલ કળશકાવ્ય** પ્રકાશે છે -

अनंतधर्मणस्तत्त्वं, पश्यंती प्रत्यगात्मनः ।
अनेकान्तमयी मूर्त्ति र्नित्यमेव प्रकाशताम् ॥

અનંત ધર્મનું તત્ત્વ, પેખતી પ્રત્યગાત્મનું; અનેકાન્તમયી મૂર્ત્તિ, નિત્યમેવ પ્રકાશજો !

અર્થાત્ અનંત ધર્મ જેમાં છે એવા પ્રત્યગાત્માનું (પ્રત્યગ્-અંતર્ આત્માનું) તત્ત્વ (પૃથક્-ભિન્ન) પેખતી એવી અનેકાન્તમયી મૂર્ત્તિ નિત્યમેવ પ્રકાશજો !

અત્રે **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અનેકાન્તમય મૂર્ત્તિનું અભિનંદન કરતું આ આશીર્વચનાત્મક મંગલસૂત્રરૂપ બીજું કળશ કાવ્ય પરમ તત્ત્વભક્તિમય આત્મભાવોલ્લાસથી લલકાર્યું છે : **અનેકાન્તમયી મૂર્ત્તિ નિત્યમેવ પ્રકાશો !** કેવી છે આ અનેકાન્તમયી મૂર્ત્તિ ? અનંત ધર્મ જેમાં રહ્યા છે એવા **'પ્રત્યગ્ આત્માનું'** - અંતર્ગત આત્માનું તત્ત્વ દેખી રહી છે, સાક્ષાત્ કરી રહી છે એવી અને તે આત્માનું તત્ત્વ તે કેવું દેખી રહી છે ? બીજા બધા બહિર્ગત - આત્મબાહ્ય ભાવોથી - પદાર્થોથી જૂદું જ તરી આવતું એવું 'પ્રત્યગ્' - અંતર્ગત-અંતર્માં રહેલું, અત એવ સર્વથી 'પૃથક્' અલગ - ભિન્ન - સાવ અલાયદું દેખી રહી છે, પ્રત્યક્ષ અનુભવગોચર કરી રહી છે. આવી અનંતધર્મા આત્માના શુદ્ધ ચેતન રૂપ અંતર્ તત્ત્વને પૃથક્ ભિન્ન દેખતી **અનેકાન્તમૂર્ત્તિ** નિત્યમેવ પ્રકાશો !

અનેકાંત સિદ્ધાંતના અનન્ય પરિજ્ઞાતા, અનન્ય પુરસ્કર્ત્તા અને વ્યાખ્યાતા તરીકે વિશ્વવિશ્રુત આચાર્યવર્ય **અમૃતચંદ્રજી** વિશ્વતત્ત્વ વ્યવસ્થાપક અનેકાન્ત તત્ત્વ પ્રત્યે એટલા બધા મુગ્ધ થઈ ગયા છે, કે તેઓએ તેમના **'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'** આદિ ઈતર ગ્રંથોની જેમ અત્રે પણ મંગલાચરણમાં જ તેની મુક્ત કંઠે સ્તુતિ કરી છે, આ અનેકાન્ત તત્ત્વને અને તેને પ્રકાશનારી અનેકાન્ત જિનવાણીને અત્રે મૂર્ત્તિમાન્ મૂર્ત્તિ રૂપે કલ્પીને તેની પરમ ભાવોલ્લાસથી પ્રશંસા કરી છે. જેમાં અનેક અંત-ધર્મ છે તે અનેકાન્ત, અથવા અન્ એક + અંત છે, અન્ એક (પરની સાથે) એક નહીં તે એટલે કે (પર વસ્તુથી) ભિન્ન અંત-ધર્મ જેમાં છે તે અનેકાન્ત અને તન્મયી જે મૂર્ત્તિ તે અનેકાન્તમયી મૂર્ત્તિ. આ જ દિવ્ય એવી ભગવદ્ વાણી રૂપ સરસ્વતીનું - વાગ્ દેવીનું વાસ્તવિક પારમાર્થિક સ્વરૂપ છે.

અને આ **આત્મતત્ત્વ** તે કેવું દેખે છે ? તે પણ 'પ્રત્યક્' * શબ્દના આવા વિશિષ્ટ પરમાર્થ પ્રયોગથી સાવ સ્પષ્ટ થઈ જાય છે કે - 'પ્રત્યક્' અંતર્ગત એટલા માટે જ અત્યંત પૃથક્ - ભિન્ન - જૂદું - નિરાળું - સાવ અલાયદું એવું, દ્રવ્યથી - ક્ષેત્રથી - કાળથી ને ભાવથી જેનો અંત નાશ (છેડો) નથી એવો અનંત-શાશ્વત-સનાતન ધર્મ-વસ્તુ સ્વભાવ છે જેનો એવું. અર્થાત્ આત્મા સ્વરૂપથી તત્ છે, પરરૂપથી અતત્ છે, આત્મા સ્વરૂપથી સત્ છે, પરરૂપથી અસત્ છે, આત્મા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી હોવારૂપ - અસ્તિત્વ રૂપ છે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી નહીં હોવારૂપ - નાસ્તિરૂપ છે, એમ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી આત્મા ભિન્ન છે - પૃથક્ એવું વિવિક્ત તત્ત્વ નિશ્ચય રૂપ ભેદજ્ઞાન અનેકાંત સિદ્ધાંતથી વજ્રલેપ દૃઢ પ્રકાશે છે. એટલે કે આ અનેકાંતમયી મૂર્ત્તિ સર્વ પરદ્રવ્યથી ભિન્ન, સર્વ પરદ્રવ્યના સર્વ ગુણ-પર્યાયથી ભિન્ન, સર્વ વિભાવિક આત્મ પરિણામથી ભિન્ન, સર્વ સજાતીય આત્મદ્રવ્યથી પણ ભિન્ન, એવું જૂદું, પૃથક્ એવું તે આત્મતત્ત્વ - સહજાત્મસ્વરૂપ પ્રગટ દેખી રહી છે. અત્રે 'પશ્યંતી' - દેખી રહેલી એ શબ્દથી પ્રત્યક્ષપણાનો - સાક્ષાત્પણાનો - આત્માનુભવપણાનો ભાવ સૂચવ્યો છે. અર્થાત્ આ અનેકાંતમયી મૂર્ત્તિ અનંતધર્મા આત્માનું તત્ત્વ અન્ય સર્વ દ્રવ્યથી - દ્રવ્યાંતરથી ભિન્ન અને અન્ય સર્વ ભાવથી - ભાવાંતરથી ભિન્ન પ્રગટ પ્રત્યક્ષ સાક્ષાત્ દેખી રહી છે.

*"पराञ्चि खानि व्यतृणत्स्वयंभू स्तस्मात् पराङ् पश्यति नान्तरात्मन् ।
कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षदावृत्त चक्षुरमंतत्वमिच्छन् ॥" - **कठोपनिषद्, द्वि.अ. वल्ली १, १**
(જુઓ : શંકરાચાર્ય કૃત ટીકા)

આમ અનેકાન્ત સિદ્ધાંત જેનો આત્મા છે એવી શબ્દ બ્રહ્મમય જિનવાણી પણ **અનેકાન્તમૂર્ત્તિ** છે અને આ ગ્રંથ પણ અનેકાન્ત સિદ્ધાંતના અંગભૂત છે, એટલે આનું નિરૂપણ પણ અનેકાન્તિક છે, એકાંતિક નથી, એ મુદ્દો સૂચિત થતો અત્રે પ્રારંભમાં જ સ્પષ્ટ સમજી લેવા યોગ્ય છે. આ ગ્રંથમાં જો કે શુદ્ધ નિશ્ચય નયના પ્રધાનપણાથી મુખ્યપણે નિરૂપણ છે, પણ તે બીજા નયોની અપેક્ષાઓને સાપેક્ષપણે છે. શુદ્ધ આત્મસ્વરૂપની શ્રેણીએ ચઢવા માટે વસ્તુના શુદ્ધ સ્વરૂપનું નિરૂપણ કરતો શુદ્ધનય જ - નિશ્ચય નય જ આત્માર્થી મુમુક્ષુને પરમ ઉપકારી છે - **'પ્રવચનસાર'** દ્વિ.શ્રુ. સ્કંધ. ૯૭ ગાથાની ટીકામાં આચાર્યવર્ય **અમૃતચંદ્રાચાર્યજીએ** કહ્યું છે તેમ શુદ્ધપણે સાધ્ય દ્રવ્યના શુદ્ધત્વ-દ્યોતકપણાને લીધે 'સાધક તમ' છે - 'साध्यस्य हि शुद्धत्वेन द्रव्यस्य शुद्धत्वद्योतकत्वान्निश्चय एव साधकतमः', એટલે તેના નિરૂપણની મુખ્યતાથી અત્રે સાપેક્ષ કથન છે, તે કાંઈ સાધ્ય નિશ્ચયના સત્ સાધન રૂપ સદ્ વ્યવહારનો લોપ કરવા માટે નથી. કારણકે નિશ્ચય વ્યવહાર સાપેક્ષ હોય અને વ્યવહાર નિશ્ચય સાપેક્ષ હોય, એ જ સર્વ નય વિલસિતોના વિરોધનું મથન કરનારી જિનવાણીની અનેકાન્ત શૈલી છે અને એ જ **અનેકાન્તમૂર્ત્તિની** ખાસ વિશિષ્ટ સ્તુતિ પરથી ફલિત થતા બોધનો ધ્વનિ છે, આર્ષદૃષ્ટા **અમૃતચંદ્રજીનો** ગર્ભિત આશય છે, અર્થાત્ આત્માર્થી મુમુક્ષુએ શુદ્ધ નિશ્ચયને નિરંતર લક્ષમાં રાખી, તે શુદ્ધ નિશ્ચયની સાધનામાં પરમ ઉપકારી એવા **સદ્દેવ - જિન સિદ્ધ ભગવાન, સદ્ગુરુ** - આત્મજ્ઞાની આત્મારામી વીતરાગ **સત્ પુરુષ** અને **સત્ શાસ્ત્ર** - સત્ તત્ત્વનિરૂપક સત્ આગમ એ આદિની ભક્તિ આદિ સર્વ સત્ વ્યવહાર સાધન પણ પરમ ભક્તિથી સેવવા યોગ્ય છે, એ તાત્પર્ય અત્ર સર્વત્ર સ્મરણમાં રાખવા યોગ્ય છે. આ અંગે **'આત્મસિદ્ધિ' શાસ્ત્રમાં** પરમ આત્મતત્ત્વદૃષ્ટા સાક્ષાત્ આત્મસિદ્ધિસંપન્ન **શ્રીમદ્ રાજચંદ્રજીનું** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

''નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.'' - **શ્રી આત્મસિદ્ધિ**

અત્રે **'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં*** ભાખેલું **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીનું** આ સુવર્ણ સૂત્ર સ્મૃતિમાં આવે છે - 'રવૈયાના નેતરાને **એક અંતથી** (છેડેથી) ખેંચતી અને **બીજે અંતથી** (છેડેથી) ઢીલું છોડતી ગોવાળણ જેમ માખણ મેળવે છે, તેમ એક અંતથી (ધર્મથી) વસ્તુનું તત્ત્વ આકર્ષતી અને બીજેથી શિથિલ (ઢીલું, ગૌણ) કરતી એવી **અનેકાન્ત નીતિ** તત્ત્વ-નવનીત વલોવી જયવંત વર્ત્તે છે.' આનો જાણે પ્રતિધ્વનિ કરતાં હોય એમ આ જ પરમર્ષિ અત્રે પ્રકાશે છે - આવી આ અનેકાન્તમયી મૂર્ત્તિ નિત્યમેવ પ્રકાશ પામો !

---

* ''एकेनाकर्षती श्लथयंती वस्तुतत्त्वमितरेण ।
अन्तेन जयति जैनी नीतिर्मंथाननेत्रमिव गोपी ॥ - **श्री अमृतचंद्राचार्यजी कृत 'पुरुषार्थ सिद्धि उपाय'**
''इमां समक्षप्रतिपक्षसाक्षिणामुदारघोषामुदघोषणां ब्रुवे ।
न वीतरागात्परमस्ति दैवतं, न चाप्यनेकान्तमृते नयस्थिति ॥''
- कलिकालसर्वज्ञ श्री हेमचंद्राचार्यजी कृत अन्य यो. व्यच्छेद.

૩.

હવે ત્રીજું મંગલ કળશકાવ્ય પ્રકાશતાં પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી આ સમયસાર વ્યાખ્યાની શુદ્ધ આત્માર્થ ઉદ્દેશે પરમાર્થગંભીર મહાપ્રતિજ્ઞા કરે છે -

परपरिणतिहेतो र्मोहनाम्नोऽनुभावा -
दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः ।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्त्ते -
भवतु समयसारव्याख्ययैवानुभूतेः ॥

પરપરિણતિ હેતુ એવા મોહ નામના અનુભાવથી (વિપાક રસથી) અવિરતપણે અનુભાવ્યની (અનુભવમાં આવવા યોગ્ય એવા રાગાદિથી) વ્યાપ્તિથી જે કલુષિત થયેલ એવી હું શુદ્ધ ચિન્માત્રમૂર્ત્તિની મમ પરમ વિશુદ્ધિ સમયસાર વ્યાખ્યાથી જ અનુભૂતિ થકી હોજો ! અર્થાત્ **સમયસાર-શુદ્ધ આત્મા** પોતે શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્ત્તિ અનુભૂતિ છે અને આ શુદ્ધ આત્માનું સંકીર્ત્તન કરી આ **સમયસાર શાસ્ત્ર** પ્રતિસૂત્રે શુદ્ધ ચૈતન્યમૂર્ત્તિ શુદ્ધ આત્માની અનુભૂતિ કરાવે છે, એટલે આવી પદે પદે શુદ્ધ આત્માની ખ્યાતિ કરતી આ **'આત્મખ્યાતિ'** વ્યાખ્યા થકી જ હું **શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ** અનુભૂતિની એવી પરમ શુદ્ધિ હોજો - કે જ્યાં પછી કોઈ પણ પ્રકારની કિંચિત્ માત્ર પણ અશુદ્ધિ ન રહે અને ફરી વિશુદ્ધિ કરવાનું ન રહે, એવી આત્યંતિક છેલ્લામાં છેલ્લી (Once for all final) અને ઉંચામાં ઉંચી પરમ વિશુદ્ધિ હોય.

એટલા માટે આત્માએ અપૂર્વ આત્મપુરુષાર્થ સ્ફૂરાવવો યોગ્ય છે અને આત્મ પુરુષાર્થની જાગ્રતિને અર્થે, આત્મારૂપ **ઉપાદાનને ઉપાદાન કારણપણે** પ્રગટાવવા અર્થે, પરમ ઉપકારી **જિન-સિદ્ધ ભગવાન રૂપ** સાક્ષાત્ સમયસાર - શુદ્ધ આત્માના **પુષ્ટાલંબનરૂપ** પરમ **શુદ્ધ નિમિત્તના** અવલંબનની પરમ આવશ્યકતા છે, અને આ શુદ્ધ સ્વભાવ સાધન માટે જેણે તે શુદ્ધ સ્વભાવ સિદ્ધ કર્યો છે, એવા સાક્ષાત્ સમયસાર સ્વરૂપ જિન-સિદ્ધ ભગવાન અથવા શુદ્ધ આત્મ ભગવાન અને તેના સહજાત્મસ્વરૂપનું સંકીર્ત્તન કરતા આ **સમયસાર શાસ્ત્ર** કરતાં વધારે બળવાન્ **પુષ્ટ નિમિત્ત સાધન બીજું** કયું હોઈ શકે ? અને એટલા માટે જ શુદ્ધ આત્મા સમયસાર પ્રકાશતા આ **સમયસાર શાસ્ત્રની** વ્યાખ્યાથી જ શુદ્ધાત્મ અનુભૂતિ થકી મ્હારી પરમ વિશુદ્ધિ હો - એ અર્થે હું સર્વાત્માથી - મ્હારી સમસ્ત શક્તિથી કટિબદ્ધ થયો છું.

એવી શુદ્ધ આત્મભાવનાથી શુદ્ધ આત્મશુદ્ધિ અર્થે જ સત્ આગમ રૂપ શબ્દબ્રહ્મના દૃઢ ઉપાસનથી, સત્ દર્શન **નિરૂપક** સત્ યુક્તિના પ્રબળ અવલંબનથી, સદ્‌ગુરુ પ્રસાદથી પ્રાપ્ત શુદ્ધ આત્મતત્ત્વના ઉત્તમ અનુશાસનથી અને સત્-ચિત્-આનંદમય આત્માનુભવ પ્રકાશરૂપ સ્વ સંવેદનથી જે કાંઈ નિજ આત્માની 'સ્વ સંપદ્' હોય, તે સમસ્ત આત્મસંપદ્ આ પરમર્ષિએ **સમયસાર વ્યાખ્યામાં** સમર્પણ કરી છે, આ આત્માની સમસ્ત આત્મસંપત્તિરૂપ ક્ષાયોપશમિક શક્તિનો જે કાંઈ વિકાસ હોય, તે ઉત્તમોત્તમ તત્ત્વ પ્રકાશક આ ઉત્તમોત્તમ શાસ્ત્ર **સમયસાર**નું વ્યાખ્યાન કરવામાં ઉત્તમોત્તમ શબ્દ, ઉત્તમોત્તમ અર્થ, ઉત્તમોત્તમ પરમાર્થ, ઉત્તમોત્તમ તત્ત્વ, ઉત્તમોત્તમ ભાવ, ઉત્તમોત્તમ આશય, ઉત્તમોત્તમ કવિત્વ, ઉત્તમોત્તમ અનુભવ, એ આદિ મ્હારું-મ્હારા આત્માનું સર્વ કાંઈ ઉત્તમોત્તમ (all the best of mine) યથાશક્તિ સમર્પું એવી ઉત્તમોત્તમ ભાવનાથી, સમયસારના ગુણ રસીયા બનેલા સ્વ આત્માના સર્વ જ્ઞાનાદિ ક્ષાયોપશમિક ગુણોને આ સમયસારની નિષ્કામ સેવા ભક્તિમાં હાજર કર્યા છે, કે જેથી કરીને આ **ઉત્તમોત્તમ સમયસાર**નો ઉત્તમોત્તમ મહિમા જગત્માં પ્રદ્યોતમાન થાય ! અને જેથી કરીને પોતાના આત્માને ઉત્તમોત્તમ નિર્જરારૂપ ઉત્તમોત્તમ વિશુદ્ધિથી ઉત્તમોત્તમ શુદ્ધ આત્મખ્યાતિની પ્રાપ્તિ થાય ! એટલે જ આ ભાવિતાત્મા આચાર્યજીએ ભાવ્યું છે કે - પદે પદે જ્યાં શુદ્ધ આત્માની ખ્યાતિ-પ્રસિદ્ધિ-જાહેર ઉદ્‌ઘોષણા (Proclamation) કરવામાં આવશે, એવી આ યથાર્થનામા **'આત્મખ્યાતિ'** વ્યાખ્યાથી જ ઓર વિશિષ્ટ અનુભૂતિ થકી જ શુદ્ધ ચિન્માત્ર મૂર્ત્તિ મ્હારી આત્માનુભૂતિની એવી તો પરમ વિશુદ્ધિ થાઓ કે તેમાં મોહજન્ય રાગાદિ વિભાવ દોષની સમયમાત્ર પણ પરમાણુ માત્ર પણ કણિકા મ હો !

''ક્ષાયોપશમિક ગુણ સર્વ, થયા તુજ ગુણરસી હો લાલ,
સત્તા સાધન શક્તિ વ્યક્તતા ઉલ્લસી હો લાલ...
દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો હો લાલ.'' - **શ્રી દેવચંદ્રજી**

આમ લબ્ધિ, ખ્યાતિ, માનાદિ કોઈ પણ ફલ પ્રયોજનથી કે દેહાશ્રિત નામની ખ્યાતિ - 'દેહાશ્રિત'ના કોઈ તુચ્છ હાલાહલ વિષમય પ્રયોજનથી આ વ્યાખ્યા નથી કરવામાં આવતી, પણ કેવળ એક શુદ્ધ પરમ અમૃતમય 'આત્મખ્યાતિ' અર્થે જ, કેવળ એક શુદ્ધ આત્માર્થે જ, કેવળ એક આત્મશુદ્ધિ અર્થે જ, કેવળ એક શુદ્ધ આત્મસિદ્ધિ રૂપ પરમાર્થ હેતુએ જ આ 'આત્મખ્યાતિ' વ્યાખ્યા કરવામાં આવે છે, અહંત્વ-મમત્વની ભસ્મભૂમિકા પર જ આ સુવર્ણ કળશ સંપન્ન **'આત્મખ્યાતિ'** પ્રાસાદનું સર્જન કરવામાં આવે છે - એવી પરમ શુદ્ધ આત્મભાવના અત્રે આત્મભાવનાથી પરમ ભાવિતાત્મા મહામુનીશ્વર શુદ્ધોપયોગદશા સંપન્ન પરમશ્રમણ ભગવાન **અમૃતચંદ્રાચાર્યજીએ** કરી છે. વર્ત્તમાનમાં આવા જ પરમ ભાવિતાત્મા **શ્રીમદ્ રાજચંદ્રજીનું** આ આત્માર્થ અંગે ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

''અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ. શ્રી સહજાત્મસ્વરૂપ.''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૭૧૯

અને આમ આ યુગપ્રવર્ત્તક (Epoch-making) અનુપમ અદ્વિતીય અલૌકિક અસાધારણ **'આત્મખ્યાતિ'** ગ્રંથ આ મહાનિર્ગ્રંથ આત્મજ્ઞાની વીતરાગ મુનિચંદ્ર **અમૃતચંદ્રજીએ** અનન્ય તત્ત્વકળાથી ગૂંથ્યો છે. એટલા માટે જ પરમ અધ્યાત્મરસપરિણત, પરમ ભાવિતાત્મા આ **'આત્મખ્યાતિ' કર્ત્તા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીની** આ સ્વાધ્યાય ઉદ્‌ઘોષણા અદ્યાપિ અન્ય અધ્યાત્મરસપિપાસુ આત્માર્થી જોગીજનોના હૃદયને સ્પર્શી તેમના પર અપાર ઉપકાર કરે છે, જીવતી જાગતી જ્યોત જેવા આ આત્મદૃષ્ટા શુદ્ધ ચૈતન્યમૂર્ત્તિ આચાર્યજીની આ શુદ્ધ આત્માનુભૂતિમયી ચેતનવંતી અમૃતવાણી આત્માર્થી જોગીજનોને જાગૃત કરી, તેમના અંતરમાં નિર્મલ આત્મજ્યોતિ રૂપ અનુભવ પ્રદીપ પ્રગટાવે છે અને યાવચ્ચંદ્રદિવાકરૌ પ્રગટાવતી રહેશે એવું એમાં પરમ દૈવત છે !

કારણકે પરમર્ષિ ભગવત્ કુંદકુંદાચાર્યજીના દિવ્ય આત્મા સાથે અભેદ ભક્તિથી તાદાત્મ્ય સાધી તેમના ગ્રંથોના અનન્ય પરમ પ્રમાણભૂત વ્યાખ્યાતા તરીકે પરમર્ષિ **ભગવત્ અમૃતચંદ્રાચાર્યજીની આત્મખ્યાતિ જગત્ વિખ્યાત છે અને તેમાં પણ આ સમયસારની વ્યાખ્યા જે 'આત્મખ્યાતિ'** તરીકે ખ્યાત છે, તે તો આ પરમ આત્માનુભૂતિદશા સંપન્ન પરમ આર્ષદ્રષ્ટાના દિવ્ય આત્માનું તાદૃશ્ય-તદાકાર પ્રતિબિંબ પાડતી હોઈ, તે મહામુનીંદ્રની આત્મખ્યાતિ પોકારતી ખરેખર ! **'આત્મખ્યાતિ'** જ છે, એટલું જ નહીં પણ જે કોઈ સાચો આત્માર્થી મુમુક્ષુ આ આત્મખ્યાતિનું યથાર્થ ભાવન કરી તથારૂપ આત્મ પરિણમન કરશે, તે પણ અવશ્ય આત્મખ્યાતિ (આત્મસિદ્ધિને) પામશે, એટલા માટે પણ આ ખરેખર ! આત્મખ્યાતિ છે. માટે શુદ્ધ આત્માનુભવ રસનું આકંઠ પાન કરવા માટે આ અનુભૂતિ મૂર્ત્તિ આચાર્યજીએ જે આ **'આત્મખ્યાતિ'** અમૃત રચના કરી છે, તેમાં અવગાહન કરી - ઊંડા ઉતરી, આ પરમ શાંતસુધારસમય શુદ્ધ આત્માનુભવામૃત રસનું આકંઠ પાન કરી આત્માર્થી સંતજનો તૃપ્ત થાઓ ! અને તેમાં પણ પરમ વિશિષ્ટ 'અમૃતધન' સંભૃત એક એક સુવર્ણ કળશ સાક્ષાત્ **'અમૃતકુંભ'** - જેમાં આ પરમબ્રહ્મવેત્તા પરંબ્રહ્મરૂપ પરમ આત્મદૃષ્ટાએ આત્માનુભૂતિનો સ્વયંભૂરમણ સમુદ્ર સમાવ્યો છે - તેનું અનુભવરસ્વાદન કરી સાક્ષાત્ અમૃતસિંધુ અનુભવો ! અને **અમૃતચંદ્રજીની** આ પરમ અમૃતવાણીને માણી અમૃત **'આત્મજ્યોતિ'ની વિખ્યાતિ કરો !**



હવે **'આત્મખ્યાતિ' સૂત્રકર્ત્તા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** આ **'આત્મખ્યાતિ'**માં પ્રાયઃ સર્વત્ર સુશ્લિષ્ટ સુગ્રથિત - સૂત્રનિબદ્ધ સળંગ પરમાર્થઘન સૂત્રાત્મક એક જ વાક્યમાં વ્યાખ્યાન કરવાની તેમની અનન્ય લાક્ષણિક શૈલીથી આ પ્રથમ ગાથા મંગલ સૂત્રની પરમ પરમાર્થ ગંભીર પરમ અદ્‌ભુત વ્યાખ્યારૂપ **'સૂત્ર'** પ્રારંભે છે -

अथ सूत्रावतारः -

वंदित्तु सव्वसिद्धे धुवचलमणोपमं गइं पत्ते ।

वोच्छामि समयपाहुडमिणमो सुयकेवली भणियं ॥

અર્થાત્ - ધ્રુવ, અચલ, અનૌપમ્ય ગતિને પ્રાપ્ત એવા **સર્વ સિદ્ધોને** વંદીને હું અહો ! શ્રુત-કેવલીએ ભણિત (ભાખેલ) આ **સમયપ્રાભૃત** (સમયસાર) કહીશ.

અત્રે શાસ્ત્રારંભે શાસ્ત્રકર્ત્તા **પરમર્ષિ ભગવત્ કુંદકુંદાચાર્યજીએ** સર્વ સિદ્ધોને વંદન મંગલ કરી, શ્રુત-કેવલિ ભાષિત આ સમયપ્રાભૃત શાસ્ત્ર કહેવાની મહાપ્રતિજ્ઞા કરી છે અને **'આત્મખ્યાતિ'કર્ત્તા પરમર્ષિ ભગવત્ અમૃતચંદ્રાચાર્યજીએ** अथ सूत्रावतारः' એમ પરમ ગૌરવપૂર્ણ શબ્દોથી આ મંગલ સૂત્રની પરમાદરથી ભવ્ય રજુઆત કરી છે (grand presentation), પરમાદરથી આ સૂત્રાવતાર કરી, **'આત્મખ્યાતિકર્ત્તાએ'** આ મંગલ સૂત્રની પરમ પરમાર્થ ગંભીર અદ્‌ભુત વ્યાખ્યા પ્રકાશી છે : **'પ્રથમથી** જ ભગવત્ સર્વ સિદ્ધોને ભાવ-દ્રવ્ય સ્તવથી સ્વ આત્મામાં અને પર આત્મામાં નિહિત કરીને (સ્થાપીને,. પાઠાંતર - નિખાત કરીને), આ અર્હત્ પ્રવચન અવયવરૂપ **સમયપ્રાભૃતનું** પરિભાષણ ઉપક્રમાય (પ્રારંભાય) છે.' અત્રે મુખ્ય મુદ્દા છે : (૧) સિદ્ધવંદન, (૨) સૂત્ર ગ્રંથન. આ બન્ને મુદ્દાની હવે આ **'અમૃત જ્યોતિ મહાભાષ્ય'*** નામક વિવેચનમાં અનુક્રમે સંક્ષેપમાં વિવક્ષા કરશું :

૧. સિદ્ધવંદન

આ ભગવાન સિદ્ધો કેવા છે ? 'અપવર્ગ સંજ્ઞિકા ગતિને પ્રાપ્ત થયેલા છે.' આ અપવર્ગ ગતિ-સિદ્ધ ગતિ કેવી છે ? ધ્રુવ, અચલ અને અનુપમ. તે આ પ્રકારે - (૧) 'સ્વભાવભાવભૂતપણાએ કરીને તે ધ્રુવપણાને અવલંબી રહેલી છે.' આ સિદ્ધ ગતિ સ્વભાવભાવજન્ય હોવાથી **ધ્રુવ** છે, સહજ આત્મસ્વભાવરૂપ **સહજાત્મસ્વરૂપ** સિદ્ધગતિ સદા સ્થિર છે, શાશ્વત છે. (૨) **અચળ** છે - 'અનાદિ ભાવાંતરરૂપ **પરિવૃત્તિની** વિશ્રાંતિ વશે કરીને અચલપણાને પામેલી છે.' - આત્માથી અથવા સ્વભાવથી, અન્ય તે અનાત્મા રૂપ ભાવાંતર - પરભાવ - વિભાવ, તે અનાદિ પરભાવ-વિભાવ પરાયણ, અર્થાત્ પરભાવ-વિભાવને આધીન જે પરિવૃત્તિ-એક ભાવથી ભાવાંતરગમનરૂપ - સંસારરૂપ પરિવર્ત્તન-પરિણમન, તેની વિશ્રાંતિ-વિરામતાને લીધે અચલપણાને પામેલી છે. (૩) **'અનૌપમ્ય' (અનુપમ)** અખિલ ઉપમાનથી વિલક્ષણ અદ્‌ભુત માહાત્મ્યપણાએ કરીને જેનું ઔપમ્ય (ઉપમા આપવા યોગ્ય) અવિદ્યમાન એવી છે.' - જેના વડે ઉપમા આપી શકાય એવા સર્વ ઉપમાનથી વિલક્ષણ-વિશિષ્ટ લક્ષણવાળા અદ્‌ભુત - આશ્ચર્યકારી કોઈ અવર્ણનીય મહાત્મ્યવાળી છે.

આમ સ્વભાવભાવભૂતપણાથી ધ્રુવ, પરભાવ-વિભાવ રહિતપણાથી અચલ અને વિલક્ષણ અદ્‌ભુત મહાત્મ્યપણાથી અનુપમ એવી આ 'અપવર્ગ' નામની **સિદ્ધગતિને** પામેલા આ **સિદ્ધ ભગવંતો** છે. આવા આ અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય એમ અનંત અને અપાર જ્ઞાનાદિ ગુણસંપદાથી વિરાજમાન છે, અદ્‌ભુત અતિશય આત્મઋદ્ધિસંપન્ન પૂર્ણ સહજ સમૃદ્ધિવંત સહજાત્મસ્વરૂપી પ્રકાશમાન છે, એટલા માટે એ મહાભાગ્યવંતો ખરેખરા ! ભગવંતો છે.

* આ લેખક-વિવેચકે કરેલી આ વિવેચનાનું **'અમૃત જ્યોતિ મહાભાષ્ય'** એવું નામ રાખવામાં આવ્યું છે, તે સાભિપ્રાય છે, કારણકે આ મુખ્યપણે મૂળ ગાથા ને તે પરની મહાન્ આચાર્યવર્ય અમૃતચંદ્રાચાર્યજીની મહાન્ **'આત્મખ્યાતિ'** ટીકાનું વિશિષ્ટ અભ્યાસરૂપ વિસ્તૃત વિવેચન હોઈ, તેમાં **અમૃતચંદ્રજીની** પરમ પ્રિયતમ **'આત્મજ્યોતિનો' - 'અમૃતચંદ્ર જ્યોતિ'**નો મહિમા પદે પદે ઝળહળે છે, એટલે આ નામાભિધાન આત્માર્થી મુમુક્ષુઓને સમુચિત જ જણાશે. ભગવાનદાસ

આ ભગવાન સર્વ સિદ્ધો, 'સિદ્ધત્વથી સાધ્ય આત્માના પ્રતિચ્છંદસ્થાનીય છે.' અર્થાત્ પરભાવ-વિભાવથી વિરત અને સુસ્થિત અનુપમ સિદ્ધ સ્વભાવે સાધ્ય - સાધવા યોગ્ય આત્માના આદર્શ સ્થાનીય છે. જેમ પ્રતિચ્છંદને - આદર્શને અનુલક્ષીને - નિરંતર લક્ષમાં રાખીને કુશલ શિલ્પી કલાકાર ઉત્તમ કલામય પ્રતિમા ઘડે છે, તેમ શુદ્ધ ચૈતન્ય પ્રતિમા રૂપ સિદ્ધ પ્રતિચ્છંદને - સાધ્ય આદર્શને નિરંતર લક્ષ રાખી આત્માર્થ કુશલ સાધક મુમુક્ષુ આત્મા પણ સિદ્ધપણારૂપ - શુદ્ધ ચૈતન્ય પ્રતિમારૂપ સાધ્યને સાધે છે, આ સિદ્ધ ભગવાનના રૂપ દર્પણમાં આત્માને નિજ સ્વરૂપનું દર્શન થાય છે, શુદ્ધ ચૈતન્યમૂર્ત્તિ રૂપ આ સિદ્ધ - બિંબમાં શુદ્ધ ચૈતન્યમૂર્ત્તિ આત્માનું પ્રતિબિંબ પડે છે.

''પ્રતિચ્છંદે પ્રતિચ્છંદે જિનરાજના હોજી, કરતાં સાધક ભાવ,
દેવચંદ્ર દેવચંદ્ર પદ અનુભવે હોજી, શુદ્ધાતમ પ્રાગ્ ભાવ... નમિપ્રભ.'' - **શ્રી દેવચંદ્રજી**

''ચૈતન્ય જિન પ્રતિમા થા, ચૈતન્ય જિન પ્રતિમા થા.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, (હાજનોંધ)**

અને જિન-સિદ્ધ ભગવાન આમ આત્માના પ્રતિચ્છંદસ્થાનીય છે, આરાધ્ય આદર્શ રૂપ છે, એ પરથી જ એ જિન-સિદ્ધ ભગવાનની તાત્ત્વિક ભક્તિનું પરમ ઈષ્ટ પ્રયોજન સિદ્ધ થાય છે. કારણ કે શ્રી જિન ભગવાનનું જેવું શુદ્ધ સહજ આત્મસ્વરૂપ છે, તેવું જ શુદ્ધનિશ્ચયનયની દૃષ્ટિએ આ આત્માનું સ્વરૂપ છે, પણ મૂળ સ્વરૂપદૃષ્ટિથી તે બન્નેમાં કંઈ પણ ભેદ નથી, જેવું 'અનંત સુખસ્વરૂપ' તે જિનપદ છે, તેવું જ આ 'મૂળ શુદ્ધ તે આત્મપદ' છે. આ જિનપદ અને નિજપદની એકતા છે, એ લક્ષ થવાને માટે જ સુખદાયક એવા સર્વ શાસ્ત્રનું નિરૂપણ છે અને એ જ આ ભક્તિનું પ્રયોજન છે. એટલે એવા અનંત સુખ સ્વરૂપ મૂળ શુદ્ધ તે આત્મપદને જે ઈચ્છે છે તે 'જોગીજને', તે પ્રગટ સ્વરૂપી સયોગી જિનપદની અથવા સિદ્ધપદની અખંડ એકનિષ્ઠાથી આરાધના અવશ્ય કરવી જોઈએ.

''ઈચ્છે છે જે જોગી જન, અનંત સુખ સ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ.
જિનપદ નિજ પદ એકતા, ભેદભાવ નહીં કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યા શાસ્ત્ર સુખદાયિ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

આ શુદ્ધ આત્મતત્ત્વની સિદ્ધિરૂપ કાર્ય જેણે સિદ્ધ કર્યું છે, એવા શુદ્ધ આત્મારૂપ અર્હત્ ભગવાન્ સિદ્ધ ભગવાન તે જ પ્રગટ પરમ **પ્રયોગસિદ્ધ સમયસાર** અથવા **કાર્ય સમયસાર** છે, અર્હત્-સિદ્ધ ભગવાન જેમ **વ્યક્તિથી સમયસાર** છે, તેમ શુદ્ધ નિશ્ચયથી પ્રત્યેક આત્મા પણ **શક્તિથી સમયસાર** છે અથવા **કારણ સમયસાર** છે, એટલે એ શક્તિની વ્યક્તિ કરવા માટે પ્રત્યેક આત્માર્થીએ, જેને એ સમયસાર વ્યક્તિથી સિદ્ધ એવા અર્હત્-સિદ્ધ ભગવાનના પરમ ચરણ શરણનું અનન્ય ભક્તિભાવે અવલંબન ભજવું પરમ ઉપકારી છે. કારણકે 'વાટ જેમ દીવાને ઉપાસી દીવો બને છે, તેમ ભિન્ન આત્માને ઉપાસીને આત્મા તેવો પરમ બને છે.'

''ભિન્નાત્માનમુપાસ્યાત્મા, પરો ભવતિ તાદૃશઃ ।
વર્ત્તિ દીપં યથોપાસ્ય, ભિન્ના ભવતિ તાદૃશી ॥'' - **શ્રી પૂજ્યપાદસ્વામી કૃત 'સમાધિશતક'**

''સ્વરૂપ આકાંક્ષી મહાત્માઓએ એમ જિન ભગવાનની તથા સિદ્ધ ભગવાનની ઉપાસના સ્વરૂપ પ્રાપ્તિનો હેતુ જાણ્યો છે, ક્ષીણમોહ ગુણસ્થાનક પર્યંત તે સ્વરૂપ ચિંતવના જીવને પ્રબળ અવલંબન છે.''
- **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૬૯૩**

''માહરી શુદ્ધ સત્તા તણી પૂર્ણતા, તે તણો હેતુ પ્રભુ તુંહી સાચો,
દેવચંદ્રે સ્તવ્યો મુનિગણે અનુભવ્યો, તત્ત્વભક્તિ ભવિક સકલ રાચો.''
અહો ! શ્રી સુમતિ જિન શુદ્ધતા તાહરી.'' - **તત્ત્વરંગી મહામુનિ શ્રી દેવચંદ્રજી**

"जो जाणइ अरिहंते, दव्वगुणपज्जवेहिंय ।

सो जाणइ निय अप्पा, मोहो खलु जाइय तस्स लयं ।।" - **श्री कुंदकुंदाचार्य कृत 'प्रवचनसार' गा. ८०**

અને એટલા માટે અત્રે આ પરમ આદર્શરૂપ - **'प्रतिच्छंद स्थानीय' सर्वसिद्ध** ભગવાનોને 'પ્રથમત एव' - પ્રથમથી જ ભાવસ્તવ - દ્રવ્યસ્તવથી સ્વ - પર આત્મામાં નિહિત કરી - સ્થાપન કરી એમ વંદનની અપૂર્વ વ્યાખ્યા કરતાં **'आत्मख्याति' કર્ત્તા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીના** દિવ્ય આત્માએ **યોગિરાજ આનંદઘનજીની** જેમ, સર્વ મુમુક્ષુ આત્મબંધુઓને જાણે આહ્વાન કર્યું છે કે - આ અર્હંત - સિદ્ધ ભગવંતોને તમે 'ધુરે' પ્રથમ સેવો - તેની આરાધનામાં - તેની ઉપાસનામાં - તેની સેવનામાં સૌથી પ્રથમ તત્પર થાઓ ! એમ જાણે આ આચાર્યજીનો દિવ્ય આત્મધ્વનિ પોકારી રહ્યો છે.

"અતિ દુસ્તર જલધિ સમો સંસાર જો, તે ગોપદ સમ કીધો પ્રભુ અવલંબને રે લો.

જિન આલંબની નિરાલંબતા પામે જો, તિણે હમ રમશું નિજ ગુણ શુદ્ધ નંદનવને રે લો.

જગતદિવાકર શ્રી નમીશ્વર સ્વામ જો." - **શ્રી દેવચંદ્રજી**

આમ સૌથી પ્રથમ સ્થાન જેને આપવા યોગ્ય છે એવી **ભગવદ્ ભક્તિના** અવલંબન પરથી પણ શુદ્ધ સ્વરૂપ ચિંતન પર ચઢાય છે કે જેવું આ અર્હંત-સિદ્ધ ભગવંતનું સ્વરૂપ છે તેવું જ આ મ્હારા આત્માનું સ્વરૂપ છે અને આમ શુદ્ધ નિશ્ચયથી તો સર્વ જીવ **'सिद्धसम'** છે, પણ તે તો જે સમ્યક્ પ્રકારે સમજે તે થાય અને તેમ થવામાં **નિમિત્ત** કારણરૂપ સદ્ગુરુ આજ્ઞા જિનદશા આદિ છે, પણ **ઉપાદાનનું** નામ લઈ જે આ અનુપમ નિમિત્તને છોડી દે છે, તે કદી **સિદ્ધત્વ** પામતા નથી અને ભ્રાંતિમાં જ સ્થિતિ કરે છે, - આ અંગે **પરમતત્ત્વ દૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીનું** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

"સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્ગુરુ આજ્ઞા જિનદશા નિમિત્ત કારણમાંય.
ઉપાદાનનું નામ લઈ, જે એ ત્યજે નિમિત્ત;
પામે નહીં સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત."

- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૩૫-૧૩૬

અર્થાત્ "સદ્ગુરુ આજ્ઞા આદિ તે આત્મસાધનનાં નિમિત્ત કારણ છે અને આત્માનાં જ્ઞાનદર્શનાદિ ઉપાદાન કારણ છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે, તેથી ઉપાદાનનું નામ લઈ જે કોઈ તે નિમિત્તને તજશે તે સિદ્ધપણાને નહીં પામે અને ભ્રાંતિમાં વર્ત્યા કરશે, કેમકે સાચા નિમિત્તના નિષેધાર્થે તે ઉપાદાનની વ્યાખ્યા શાસ્ત્રમાં કહી નથી, પણ ઉપાદાન અજાગ્રત રાખવાથી તારૂં સાચા નિમિત્ત મળ્યા છતાં કામ નહીં થાય, માટે સાચા નિમિત્ત મળ્યે તે નિમિત્તને અવલંબીને ઉપાદાન સન્મુખ કરવું અને પુરુષાર્થ રહિત ન થવું, એવો શાસ્ત્રકારે કહેલી તે વ્યાખ્યાનો પરમાર્થ છે."

- શ્રીમદ્ રાજચંદ્રનું સ્વોપજ્ઞ વિવરણ, પ્રસ્તુત આત્મસિદ્ધિ સૂત્ર, ૧૩૫-૧૩૬

અને અત્રે પણ **શાસ્ત્રકર્ત્તા પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** શાસ્ત્રારંભે આદિમાં જ 'वंदित्तु सव्वसिद्धे' - **સર્વ સિદ્ધોને વંદન** કરી આ ભક્તિમાર્ગનું પ્રાધાન્યનું જ ઉત્કીર્ત્તન કર્યું છે અને **'आत्मख्याति' કર્ત્તા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પણ આ **સર્વ સિદ્ધો** ભગવંતોને આત્માનો **'प्रतिच्छंद स्थानीय'** તરીકે બિરદાવી, આવા પ્રતિચ્છંદ સ્થાનીય - પરમ આદર્શરૂપ સિદ્ધ ભગવાનોને આત્માના પરમ સાધ્ય, પરમ આરાધ્ય, પરમ ઉપાસ્ય, પરમ સેવ્ય, પરમ પૂજાર્હ - પરમ અર્હત્ જાણી, 'प्रथमत एव भावद्रव्यस्तवभ्यां स्वात्मनि परात्मनि च निधाय (निखात)' - પ્રથમથી જ ભાવસ્તવ - દ્રવ્યસ્તવથી સ્વ આત્મામાં અને પર આત્મામાં નિહિત કરી (પાઠાંતર : નિખાત કરી) એમ પરમ ગૌરવ - બહુમાનથી **વંદનની** પરમ અદ્ભુત તત્ત્વસ્પર્શી વ્યાખ્યા કરતાં, અત્રે પરમ પ્રધાન ભક્તિમાર્ગનું જ સુપ્રતિષ્ઠાપન કર્યું છે.

એવા આ ભાવસ્તવ-દ્રવ્યસ્તવરૂપ ભક્તિના અવલંબને સિદ્ધપણે સાધ્ય આત્માને આત્મસિદ્ધિ પ્રાપ્ત થાય છે, એટલા માટે જ અત્રે ભગવાન શાસ્ત્રકર્ત્તા - 'આત્મખ્યાતિ' કર્ત્તાએ ભાવસ્તવ - દ્રવ્યસ્તવથી આ સિદ્ધ ભગવાનોને પરમ ભક્તિથી પોતાના આત્મામાં અને શાસ્ત્ર 'આત્મખ્યાતિ' - વ્યાખ્યાનો સ્વાધ્યાય કરનારા પરના આત્મામાં નિધાનની જેમ ધારણ કર્યા છે અને કરાવ્યા છે, દેહપર્યાય નાશ પામે પણ આત્મા નાશ ન પામે, મન-વચન-કાયાના યોગ થાકે પણ આત્મભાવ ન થાકે, એટલે સદા સ્થાયી 'આત્મામાં' અને આત્મભાવમાં સ્થાપન કર્યા છે - કરાવ્યા છે, અર્થાત્ શુદ્ધ ચૈતન્ય પ્રતિમા સિદ્ધ ભગવાનનું જેમ સિદ્ધાલયમાં શાશ્વત સુપ્રતિષ્ઠિતપણું છે, શુદ્ધચૈતન્યપ્રતિમા સિદ્ધ ભગવાનના પ્રતિબિંબ રૂપ ધાતુ-પ્રતિમાનું જેમ જિનમંદિરમાં સુપ્રતિષ્ઠિતપણું છે, તેમ આત્માના અંતરાત્મારૂપ નિજ મંદિરમાં આ સિદ્ધ ભગવાનનું ત્રણે કાળમાં ન ચળે એવું સુપ્રતિષ્ઠિતપણું કર્યું છે; અને આત્મામાં જે આ સુપ્રતિષ્ઠિતપણું કર્યું છે, તે પણ પરમ નિધાનની જેમ સુપ્રતિષ્ઠિતપણું કર્યું છે. કોઈ મહામૂલ્યવાન નિધાન-ખજાનો હોય તો તેની રક્ષા માટે કેવી તકેદારીથી રાતદિવસ કેવો જાગ્રત રહે ? તો પછી આ તો અચિંત્ય તત્ત્વચિંતામણિ સ્વરૂપ અનંત ગુણરત્નના પરમ નિધાન શુદ્ધચૈતન્યમૂર્ત્તિ શુદ્ધ આત્મા-સિદ્ધ ભગવાન તેને તો કેટલા પ્રયત્નાતિશયથી, કેટલા આદરાતિશયથી, કેટલા ભક્ત્યતિશયથી વજ્રકીલકની (વજ્રના ખીલાની) જેમ આત્મામાંથી એક ક્ષણ પણ ખસે નહિ એમ સુરક્ષિતપણે રાખવા જોઈએ, તે વગર કહ્યે સ્વયં સમજાય છે.

''સુખધામ અનંત સુસંત ચહી,
દિન રાત તદ ધ્યાન મહીં;
પર શાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે, વર તે, જય તે !'' - શ્રીમદ્ રાજચંદ્રજી

(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતનું અંતિમ કાવ્ય અં. ૯૫૪)

卐

૨. સૂત્ર ગ્રથન

આવા પરમ નિધાનરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્ત્તિ સિદ્ધ ભગવાનોની સ્વાત્મામાં અને પરાત્મામાં પરમ ભક્તિથી પ્રતિષ્ઠા કરવારૂપ પરમ સુમંગલ કૃત્ય આચરી **ભગવાન શાસ્ત્રકારે** પ્રતિજ્ઞા કરી છે - 'વોચ્છામિ સમયપાહુડમિણમો સુયકેવલીભણિયં' - 'આ અહો ! શ્રુતકેવલિ ભાષિત **સમયપ્રાભૃત** હું કહીશ.' અર્થાત્ આવી વ્યાખ્યા કરતાં **'આત્મખ્યાતિ'કાર અમૃતચંદ્રજી** વદે છે તેમ 'આ સમય પ્રકાશક પ્રાભૃત નામના **અર્હત્ પ્રવચનઅવયવનું સ્વ-પરના અનાદિ મોહ પ્રહાણાર્થે ભાવવાચાથી અને દ્રવ્યવાચાથી પરિભાષણ ઉપક્રમાય છે.' - એટલે કે સ્વરૂપની મર્યાદામાં રહે તે સમય,** આવા શુદ્ધ આત્મારૂપ સમયનો પ્રકાશ કરનારૂં આ **સમયપ્રકાશક 'પ્રાભૃત'** નામનું **અર્હત્ પ્રવચનનું-જિન પ્રવચનનું અવયવ** -અંગ છે, તેનું 'પરિભાષણ' - વ્યાખ્યાન શરૂ કરવામાં આવે છે. આ **સમયપ્રકાશક શાસ્ત્ર - સમયસાર 'પ્રાભૃત'** નામથી ઓળખાતું એવું **પરમ આપ્ત** - પરમ પ્રમાણભૂત જિન પ્રવચનનું અંગ છે. કારણકે ચૌદ પૂર્વ મધ્યે છઠ્ઠું **'જ્ઞાનપ્રવાદ'** પૂર્વ છે, તેના **'વસ્તુ'** નામે વીશ વીશ આંતર અધિકાર છે. તેમાં દશમી વસ્તુ **'સમય'** નામે પ્રાભૃત છે. **'પ્રાભૃત'** એટલે સાર અથવા ભેટ, અર્થાત્ પરમ તત્ત્વદૃષ્ટા જ્ઞાનીઓએ અનન્ય તત્ત્વમંથન કરી નિષ્કારણ કરુણાથી જગત્ને જે સારભૂત ઉત્તમ તત્ત્વજ્ઞાનની વિશિષ્ટ વિશિષ્ટ ભેટ આપી છે, તે **'પ્રાભૃત'**, અથવા જેમાં અમુક વિશિષ્ટ તત્ત્વ વિષયની વાત 'પ્ર' - પ્રકૃષ્ટપણે 'આ' - વસ્તુમર્યાદા પણે પ્રપૂર્ણપણે 'ભૃત' - સંભૃત - સારી પેઠે સમ્યક્પણે ભરેલી છે તે **'પ્રાભૃત'.** આમ આ પ્રાભૃત પરમ આપ્ત - પરમ પ્રમાણભૂત **જિન પ્રવચનનું, અંગ** હોઈ સ્વતઃ પરમ પ્રમાણભૂત છે જ. એટલું જ નહિ પણ - '(૧) અનાદિ નિધન **શ્રુતથી** પ્રકાશિતપણાએ કરીને, (૨) સકલ અર્થ સાર્થના સાક્ષાત્કારી **કેવલીથી** પ્રણીતપણાએ કરીને, (૩) અને સ્વયં અનુભવતાં **શ્રુતકેવલિઓથી** કથિતપણાએ કરીને **પ્રમાણતાને પામેલ છે.'** અર્થાત્ (૧) શ્રુતેન (૨) કેવલિભિશ્ચ ભણિતં અથવા (૩) શ્રુતકેવલિભિઃ ભણિતં ચ - એમ સમાસછેદથી **પ્રજ્ઞાનિધિ અમૃતચંદ્રાચાર્યજીએ** પ્રદર્શિત કર્યું તેમ, તે 'શ્રુતકેવલિ ભણિતં' પદના અદ્ભુત અથચમત્કૃતિપૂર્ણ ત્રણ અર્થ નીકળે છે. તે આ પ્રકારે - (૧) 'અનાદિનિધન શ્રુતપ્રકાશિત્વેન' - જેની આદિ નથી અને નિધન - અંત નથી એવા અનાદિનિધન - અનાદિ અનંત શાશ્વત **શ્રુતથી** પ્રકાશવામાં આવેલું છે, તેથી કરીને એ પ્રમાણ છે. (૨) 'નિખિલાર્થસાર્થસાક્ષાત્કારિકેવલિ-પ્રણીતત્વેન' - વળી સર્વ અર્થ સાર્થને - સમસ્ત પદાર્થ સમૂહને સાક્ષાત્ કરનારા દિવ્ય કેવલજ્ઞાન - ચક્ષુથી પ્રગટ દેખનારા એવા **સર્વજ્ઞ કેવલીથી** આ પ્રણીત કરવામાં આવેલું છે, તેથી કરીને પણ આ પ્રમાણ છે. (૩) તેમજ - 'શ્રુતકેવલિભિઃ સ્વયમનુભવદ્ભિરભિહિતત્વેન' - સ્વયં - પોતે અનુભવ કરતા આત્માનુભવી **શ્રુત કેવલીઓથી** કહેવામાં આવેલું છે તેથી કરીને પણ આ પ્રમાણ છે.

''આગળ જ્ઞાની થઈ ગયા, વર્ત્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ કોય.'' - **શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર**

''તે માટે ઉભા કર જોડી, જિનવર આગળ કહિયે રે;
સમય ચરણ સેવા શુદ્ધ દેજો; જિમ આનંદઘન લહિયે રે. ષડ્દરિશન.'' - **શ્રી આનંદઘનજી**

આમ સર્વ પ્રકારે પરમ પ્રમાણપણાને પામેલ આ **સમયપ્રાભૃતનું** અત્રે **'પરિભાષણ'** કરવામાં આવે છે, **'પરિભાષણમુપક્રમ્યતે ।'** અર્થાત્ પરિભાષણ એટલે સૂત્રને 'પરિ' - પરિગત એવું અથવા સૂત્રનું 'પરિ' - સર્વથા સર્વ પ્રકારે 'ભાષણ' - વ્યાખ્યાન કરવામાં આવે છે, સૂત્રને પરિગત પરિવૃત્તિ જ કરવામાં આવે છે. વૃત્તિ (વાડ) જેમ ક્યારાને ચોપાસ વીંટીને વર્ત્તે અને તેને સુરક્ષિત રાખે, તેમ આ પરિવૃત્તિ સૂત્રરૂપ ક્યારાને પરિ - ચોપાસ વીંટીને જ વર્ત્તે છે (વૃત્તિ) અને તેનું પરમાર્થ - નિશ્ચયન રૂપ યથાર્થ અર્થ સંરક્ષણ કરે છે, અર્થાત્ સૂત્રની મર્યાદાથી જરા પણ બ્હાર નહીં પણ સૂત્રની મર્યાદાની પૂરેપૂરી અંદર જ વર્ત્તવારૂપ પરિવૃત્તિરૂપ આ **'પરિભાષણ'** છે, આ સમય પ્રાભૃતનું પરમાર્થવ્યંજન -

પરમાર્થ પ્રકાશન કરવા માટે આચાર્યવર્ય **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ 'આત્મખ્યાતિ'** ટીકા નામક અપૂર્વ **'પરિભાષણ'** - પરિવૃત્તિરૂપ વ્યાખ્યા અદ્‌ભુત સૂત્રબદ્ધ પરમાર્થઘન એક જ સળંગ વાક્યમાં વ્યાખ્યાન કરવાની એકસૂત્રાત્મક શૈલીથી સંક્ષિપ્ત છતાં મહાગ્રંથાર્થગંભીર ભાવથી કર્યું છે અને આ પરમ સમર્થ અનન્ય અદ્વિતીય **'આત્મખ્યાતિ' મહાટીકા** વડે સુશોભિત સમલંકૃત કરી આ પ્રાભૃતને મહાપ્રાભૃત બનાવી દઈ, આ ગ્રંથનું અને ગ્રંથકર્ત્તા **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીનું** અનંતગુણવિશિષ્ટ ગુણગૌરવ બહુમાન વધારી સ્વયં 'સવાઈ ગ્રંથકાર' નામને યોગ્ય એવી અનુપમ **'આત્મખ્યાતિ'** પ્રાપ્ત કરી છે.

આ **પરિભાષણ** કેવી રીતે કરવામાં આવે છે ? ભાવવાચ્યાથી અને દ્રવ્યવાચ્યાથી - 'भाववाचा द्रव्यवाचा च ।' - અર્થાત્ આત્મામાં ઉઠતા શ્રુતવિકલ્પરૂપ - શ્રુતજ્ઞાનોપયોગરૂપ - જ્ઞાનવિચાર રૂપ - આત્મભાવરૂપ ઉપયોગમય ભાવભાષાથી - આત્મભાષાથી અને તે ઉપયોગપ્રેરિત વાગ્યોગરૂપ શબ્દબ્રહ્મમય - દ્રવ્યશ્રુતરૂપ - વચનયોગરૂપ દ્રવ્યભાષાથી - પુદ્‌ગલભાષાથી - આ પરિભાષણ કરવામાં આવે છે અને તે પણ શું અર્થે કરવામાં આવે છે ? 'स्वपरयोरनादिमोहप्रहाणाय' - સ્વ - પરના અનાદિ મોહ પ્રહાણાર્થે - પોતાના અને પરના અનાદિ અવિદ્યારૂપ મોહના પ્રકૃષ્ટ - આત્યંતિક - સર્વથા હાન - નાશ - ક્ષય અર્થે કરવામાં આવે છે. શુદ્ધ આત્મોપયોગમય કેવલ જ્ઞાનમય ભાવભાષાથી સ્વના - પોતાના આત્માના અનાદિ મોહનું પ્રહાણ થાય એટલે માટે અને પુદ્‌ગલરૂપ વચનમય દ્રવ્યભાષાથી પરને પણ શુદ્ધ આત્મોપયોગરૂપ કેવલજ્ઞાનમય ભાવભાષાનું ઉત્તમ નિમિત્ત લઈ પરના - અન્ય આત્માઓના પણ અનાદિ મોહનું પ્રહાણ થાય એટલા માટે દ્રવ્યવાચ્યાથી અનુક્રમે (યથાસંખ્ય) આત્મબ્રહ્મમય ભાવવાચ્યાથી અને શબ્દબ્રહ્મમય દ્રવ્યવાચ્યાથી આ પરિભાષણ કરવામાં આવે છે.

આ બન્ને **મહા આત્મજ્ઞાની વીતરાગ પરમર્ષિ** કે જેઓનું 'સત્તમ' - 'ઉત્તમ' આદિ 'તમાંત' પ્રત્યયોથી જ (superlatives) યત્‌કિંચિત્ વર્ણન શક્ય છે, તેઓના આ **પરિભાષણ કરવાનો ઉપક્રમ** ખ્યાતિ - માન - પૂજા - કીર્ત્તિ આદિ તુચ્છ હાલાહલ વિષ જેવા પ્રયોજનહેતુએ નથી, પણ પોતાના આત્મામાં અને આ શાસ્ત્રનો તથા તેની આ વ્યાખ્યાનો સ્વાધ્યાય કરનારા બીજાના આત્મામાં રહેલા અનાદિ મોહ - દર્શનમોહ અને ચારિત્રમોહ - આથી સર્વથા નાશ પામે તે જ એક શુદ્ધ આત્માર્થ - પરમાર્થહેતુએ છે, કારણકે મોહ જ આ સંસારમાં સંસરાવનાર - રખડાવનાર છે, એટલે તેનો સર્વથા સંક્ષય - પ્રલય થઈ **એક શુદ્ધ આત્માર્થરૂપ પરમ 'અમૃત'** ફળ મળે અને **સિદ્ધ ભગવાન** જેવી **શુદ્ધ આત્મસિદ્ધિ** સિદ્ધ થાય એ જ એક અત્ર ઈષ્ટ પ્રયોજન છે.

''ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૯૫૪**

આમ પરમશ્રમણ ભગવાન **મહાવીરના** શુદ્ધાત્મસિદ્ધિરૂપ પરમ મોક્ષમાર્ગના અનુસરનારા પરમ મુમુક્ષુ પરમશ્રમણ **પરમર્ષિ કુંદકુંદાચાર્યજી**, - જેઓ **'પંચાસ્તિકાય શાસ્ત્ર'**ની રચના પછી **'પ્રવચનસાર'** શાસ્ત્રના પ્રારંભે વીતરાગ ચારિત્રરૂપ સામ્યની - શુદ્ધોપયોગરૂપ યથાર્થ શ્રામણ્યની મહાપ્રતિજ્ઞા કરી શુદ્ધોપયોગની દશામાં અત્યંત સ્થિર થયા હતા અને જેઓએ તે જ **'પ્રવચનસાર'**ના ત્રીજા ચારિત્ર અધિકારમાં 'वयं तिष्ठामः' ઈ. અમર શબ્દોમાં અન્ય મુમુક્ષુઓને પણ તેમ કરવા પ્રેર્યા હતા, - તેઓશ્રીએ એ શુદ્ધોપયોગોપમય આત્મદશાની આત્યંતિક સ્થિરતા અર્થે અને તથારૂપ શુદ્ધોપયોગની દશાને પામેલા અન્ય ઉચ્ચ અધિકારી શ્રમણોને - મહામુમુક્ષુ મુનિવરોને વા અન્ય તથારૂપ યોગ્યતાસંપન્ન આત્માર્થીઓને તે શુદ્ધોપયોગમય અનુભવાત્મક આત્મદશામાં વિશેષે સ્થિરતા અર્થે, અનુપમ શુક્લધ્યાનની દશાનો - સ્વાનુભવ સિદ્ધ જીવન્મુક્ત દશાનો અનુભવ કરાવવાને પરમ સમર્થ આ અલૌકિક **સમયસાર શાસ્ત્રની** રચના કરી છે અને તેના પર તેવી જ શુદ્ધોપયોગમય વીતરાગ ચારિત્રદશાને પામેલા તેવા જ પરમ મુમુક્ષુ પરમ શ્રમણ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** સ્વ - પરના આત્માર્થે આ શુદ્ધ - શુક્લ આત્મધ્યાનના દિવ્યાનંદમાં નિમજ્જન

કરાવી જીવન્મુક્ત દશાનો સાક્ષાત્ અનુભવ કરાવવા પરમ સમર્થ 'આત્મખ્યાતિ' પરમ અદ્‌ભુત પરમાર્થ ગંભીર અલૌકિક ટીકા રચી છે અને આ ભગવતી 'આત્મખ્યાતિ'ની વિખ્યાતિ અર્થે તે 'અમૃત' ભગવાનના દાસ આ મહાભાષ્યકારે (ભગવાન-દાસે) તેની પરમ પરમાર્થ ગંભીરતાનું યત્ કિંચિત્ દિગ્‌દર્શન કરાવતું આ 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય નામનું વિસ્તૃત વિવેચન રચવાનો યથાશક્તિ વિનમ્ર ઉપક્રમ કર્યો છે, તે આ મંદમતિ ભાષ્યકારને (વિવેચકને) અને સુજ્ઞ વિવેકી વાંચકને શુદ્ધ આત્માર્થના ઉત્કર્ષ અર્થે થાઓ એ જ અભ્યર્થના !

૫.

जीवो चरित्तदंसणणाणट्ठिउ तं हि ससमयं जाण ।
पुग्गलकम्मपदेसट्ठियं च तं जाण परसमयं ॥

અર્થ - ચરિત્ર-દર્શન-જ્ઞાન સ્થિત જીવ તે જ સ્વસમય જાણ ! અને પુદ્‌ગલકર્મપ્રદેશ સ્થિત તે (જીવ) પરસમય જાણ !

પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ આ ગાથામાં સ્વસમય-પરસમયનું સ્વરૂપ પ્રકાશ્યું છે અને તેનું અપૂર્વ વ્યાખ્યાન કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અત્રે પ્રથમ **'સમય'**ની તત્ત્વસર્વસ્વ સમર્પક સર્વંકષ તાત્ત્વિક વ્યાખ્યા કરી, તેના સ્વસમય - પરસમય એ બે પ્રકારનું સાંગોપાંગ સર્વાંગસુંદર હૃદયંગમ સ્વરૂપ પ્રદર્શિત કર્યું છે. આમ અત્રે મુખ્ય ત્રણ મુદ્દા છે : (૧) સમય, (૨) સ્વસમય, (૩) પરસમય. તેનો અનુક્રમે વિચાર કરીએ.

૧. સમય

અત્રે 'योयं जीवो नाम पदार्थ स समयः' - જે **'આ'** - પ્રત્યક્ષ અહંપ્રત્યયથી અંતરમાં અનુભવાઈ રહેલો **'જીવ'** નામનો **'પદાર્થ'** - પદ અર્થ - સ્વરૂપથી કદી ચલાયમાન ન થાય એવો સ્થિર સ્થિતિરૂપ અર્થ - દ્રવ્ય - વાસ્તવિક વસ્તુ તે **'સમય'** છે. શાથી ? એકત્વથી એકી સાથે જાણે છે અને જાય છે એવી નિરુક્તિ પરથી - 'समयतः एकत्वेन युगपज्जानाति गच्छति चेति निरुक्तेः ।' અર્થાત્ (समयत = सम् + अयते) सम् - એકપણે એકી સાથે अयते - જાણે છે અને જાય છે - ગમન કરે છે એમ નિરુક્તિ - વ્યુત્પત્તિ છે માટે. अय् = गम् ધાતુના જાણવું અને જવું એમ બે અર્થ થાય છે, એટલે જાણવારૂપ અયન - ગમન અને એક પર્યાયથી બીજા પર્યાય પ્રત્યે જવારૂપ - પરિણમવારૂપ અયન-ગમન જ્યાં એકપણે એકી સાથે થાય છે, જાણવું અને જવું - પરિણમવું જ્યાં જૂદા નથી - એક છે. જાણવું એ જ જવું - પરિણમવું અને જવું - પરિણમવું એ જ જ્યાં જાણવું છે, એમ જાણપણારૂપ ગમન-પરિણમન જ્યાં એકરૂપ છે તે સમય છે. એવા વ્યુત્પત્તિ અર્થ (Etiomological meaning) ઉપરથી જીવ તે **'સમય'** છે. આ **'જીવ'** નામનો પદાર્થ કેવો છે, તેનું સમગ્ર (most comprehensive) દ્રવ્યાનુયોગના નિચોડ રૂપ સંપૂર્ણ અપૂર્વ તત્ત્વવૈજ્ઞાનિક (most scientific) તાત્ત્વિક અલૌકિક સ્વરૂપ, અત્રે તાત્ત્વિક શેખર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** ભાવવાહી પરમ પ્રૌઢ પરમાર્થગંભીર શૈલીથી પ્રકાશ્યું છે અને તે પણ થોડા પણ મહાગ્રંથ આશય ભરેલા પરમ અર્થઘન શબ્દોમાં એક સળંગ સૂત્રાત્મક વાક્યથી પ્રવ્યક્ત કરી, આખું વિશ્વતત્ત્વ હસ્તામલકવત્ સમર્પ્યું છે, તેની પરમ અદ્‌ભુત ચમત્કૃતિના દિગ્‌દર્શનરૂપ ખાસ વિશદ વિચારણા અત્ર વિસ્તારીએ છીએ. તે આ ગ્રંથના પાયા રૂપ હોઈ સુજ્ઞ વાંચકને યથોચિત જ જણાશે.

પ્રથમ તો જો આ **'જીવ'** નામનો પદાર્થ છે, તો તેનું કંઈ પણ અસ્તિત્વ હોવું જોઈએ અને આ જીવનું અસ્તિત્વ તો પ્રગટ અનુભવસિદ્ધ છે, એટલા માટે કહ્યું - 'नित्यमेव परिणामात्मनि स्वभावे अवतिष्ठामनत्वात्' - નિત્યમેવ પરિણામાત્મક સ્વભાવમાં અવતિષ્ઠમાનપણાને લીધે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની ઐક્ય અનુભૂતિ લક્ષણવાળી **સત્તાથી** અનુસ્યૂત (પરોવાયેલો) છે, 'उत्पादव्ययध्रौव्यैक्यानुभूतिलक्षणया सत्तायानुस्यूतः ।' અર્થાત્ સદાય પરિણામ પામવું એ જ જેનો આત્મા એવા 'પરિણામાત્મક' સ્વભાવમાં 'અવતિષ્ઠમાનપણું' - અવસ્થિત હોઈ રહેવાપણું છે, તેથી આ જીવ ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યના ઐક્યની એકપણાની 'અનુભૂતિ' લક્ષણા 'સત્તાથી' - અસ્તિતાથી - અસ્તિપણાથી 'અનુસ્યૂત' છે, અન્વયથી પરોવાયેલ છે. અર્થાત્ ઉત્પાદ - ઉપજવું, વ્યય-નાશ પામવું અને ધ્રૌવ્ય - સ્થિર રહેવું એ ત્રણે ઐક્યનો એક સાથે વર્ત્તવારૂપ એકપણાનો જ્યાં અનુભવ થાય છે એવી એકરૂપ **સત્તાથી** આ જીવ સદા અભિન્નપણે જોડાયેલો જ છે. આમ 'ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય યુક્ત તે સત્' એમ ત્રિલક્ષણા સત્તાની અવિસંવાદી યથાર્થ વ્યાખ્યા છે અને સત્તા પણ જીવના 'નિત્યમેવ પરિણામાત્મક સ્વભાવમાં અવતિષ્ઠામાનપણાને લીધે' છે અને તે પરિણામ પણ **'સ્વભાવનું જ'**

હોય છે, બીજાનું નહિ, એમ **'સ્વભાવ'ની જ** (પરભાવની નહિ) પરિણામ પરંપરા નિરંતર ચાલ્યા કરે છે, એટલે વસ્તુ તો જેમ છે તેમ નિત્યમેવ 'સ્વભાવમાં અવસ્થિત જ' - ધ્રુવ જ રહે છે. આમ પરિણામી છતાં નિત્ય સ્વભાવમાં અવસ્થિત હોવાથી ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યની એકતાનો જ્યાં અનુભવ થાય છે, એવી એકસૂત્રરૂપ **સત્તાથી આ જીવ** નિરંતર પરોવાયેલો છે. અર્થાત્ આ જીવ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી, 'સત્', વિદ્યમાન, છતી, પ્રગટ પ્રત્યક્ષ અનુભવ રૂપ **વસ્તુ** છે. આ સ્વતંત્ર વસ્તુરૂપ જીવનું વિશિષ્ટ સ્વરૂપ અસ્તિત્વ કેવું છે ? 'चैतन्यस्वरूपत्वात्' - **ચૈતન્ય** સ્વરૂપપણાને લીધે નિત્યોદિત વિશદ **દેશિ - જ્ઞપ્તિ જ્યોતિ** - नित्योदितदृशिज्ञप्तिज्योतिः' - એવો આ જીવ પદાર્થ છે. આવો જે સત્ ચિત્ દેશિ - જ્ઞપ્તિ જ્યોતિ જીવ છે તે 'અનંત ધર્માધિરૂઢ એકધર્મીપણાને લીધે જેનું દ્રવ્યત્વ ઉદ્યોતમાન છે એવો છે; અને આ દ્રવ્ય છે, એટલા માટે તે 'ક્રમ-અક્રમે પ્રવૃત્ત વિચિત્ર ભાવસ્વભાવપણાને લીધે **ગુણ-પર્યાય** જેના ઉત્સંગમાં બેસાડેલ' છે એવો છે અને આવો જે જીવ પદાર્થ સત્ ચિત્ પણ દર્શન - જ્ઞાન જ્યોતિ સ્વરૂપ ગુણપર્યાયવંત દ્રવ્ય છે, તે 'સ્વ - પર આકારના અવભાસનમાં સમર્થપણાને લીધે વિશ્વરૂપપણું ઉપાત્ત કરેલ એવો એકરૂપ છે.' આ જીવ દર્શન - જ્ઞાન જ્યોતિ સ્વરૂપ છે એટલે પોતાના અને પરના આકારના અવભાસનમાં - પ્રકાશનમાં એવું સમર્થપણું છે, દીપક જેમ સૂર્ય - ચંદ્રની જેમ એ સ્વ-પર પ્રકાશક છે, તેથી કરીને સમસ્ત વિશ્વરૂપ ઉપગ્રહતાં છતાં તે એકરૂપ છે, અર્થાત્ આ સ્વપરપ્રકાશક ચેતન દ્રવ્ય વિશ્વરૂપ જ્ઞેયાકાર ગ્રહતાં છતાં એકરૂપ - જ્ઞાયકરૂપ - જ્ઞાનરૂપ છે, એટલા માટે જ તે 'પ્રતિવિશિષ્ટ અવગાહ - ગતિ - સ્થિતિ - વર્ત્તના નિમિત્તપણાના અને રૂપિપણાના અભાવને લીધે અને અસાધારણ એવા ચિદ્રૂપતા સ્વભાવના સદ્ભાવને લીધે આકાશ - ધર્મ - અધર્મ - કાલ અને પુદ્ગલથી ભિન્ન છે.

અને આમ સ્વતંત્ર ચેતન સ્વભાવથી જીવ પદાર્થ અન્ય પદાર્થોથી ભિન્ન છે, એટલા માટે આ જીવ પદાર્થ, 'અનંત દ્રવ્યના સંકરમાં (સેળભેળમાં) પણ સ્વરૂપથી અપ્રચ્યવનને લીધે ટંકોત્કીર્ણ ચિત્ સ્વભાવવાળો છે', અર્થાત્ અનંત દ્રવ્યોના સંકરમાં પણ - સંમિશ્રપણામાં - ભેળસેળરૂપ શંભુમેળામાં પણ આ જીવ સ્વરૂપથી પ્રચ્યુત થતો નથી, એટલે તે **ટંકોત્કીર્ણ ચિત્સ્વભાવવાળો** જ અવસ્થિત રહે છે. આ ષડ્દ્રવ્યાત્મક લોકમાં અનંત દ્રવ્યોનો સંકર - સંમિશ્રપણે સંમિલન છે, એકક્ષેત્રાવગાહ સ્થિતિ છે, છતાં તે મધ્યે પણ **અસાધારણ ચેતન સ્વરૂપલક્ષણથી ભિન્ન** એવો **જીવ** પદાર્થ સ્વરૂપથી પ્રચ્યુત - ભ્રષ્ટ થતો નથી, **ભગવાન 'અચ્યુત'** જ રહે છે, તેથી ટાંકણાથી શિલાના ઉત્કીર્ણ - કોતરેલા અક્ષરની જેમ તે **'અક્ષર'** એવા **ટંકોત્કીર્ણ ચિત્સ્વભાવમાં નિત્ય અવસ્થિત** - જેમ છે તેમ જ રહે છે.

આમ સત્ ચિત્ વસ્તુસ્વરૂપ એવો આ **'જીવ'** નામનો પદાર્થ ચૈતન્યરૂપ સ્વરૂપસત્તાથી યુક્ત એવું ગુણપર્યાયવંત સ્વતંત્ર દ્રવ્ય છે, દર્શન - જ્ઞાન જ્યોતિ સ્વરૂપ આ ચેતન દ્રવ્ય સ્વ - પર પ્રકાશકપણાને લીધે વિશ્વરૂપગ્રાહી છતાં એકરૂપ છે અને અસાધારણ એવી ચિદ્રૂપતાને લીધે આકાશાદિ અન્ય સર્વ દ્રવ્યોથી ભિન્ન હોઈ, ચિત્સ્વરૂપથી અપ્રચ્યવનને લીધે **'ટંકોત્કીર્ણ'** એવો ચિત્સ્વભાવી છે અને આમ એક **'ચિત્'** અક્ષરમાં જ અક્ષર એવું જેનું સંપૂર્ણ સ્વરૂપ સમાય છે, એવો આ **'જીવ'** નામનો પદાર્થ એકપણે એકીસાથે જાણે છે અને જાય છે - ગમન કરે છે - પરિણમન કરે છે, પરિણમે છે, તેથી નિરુક્તિથી - વ્યુત્પત્તિથી **'સમય'** એવી યથાર્થ સંજ્ઞાથી ઓળખાય છે.

૨. સ્વ સમય

આવો આ **સમય - આત્મા** જ્યારે 'સકલ ભાવોના સ્વભાવના ભાસનમાં સમર્થ એવી વિદ્યાની સમુત્પાદક વિવેક જ્યોતિના ઉદ્ગમન થકી સમસ્ત પરદ્રવ્યથી પ્રચ્યુત થઈ, દેશિ - જ્ઞપ્તિ સ્વભાવમાં નિયતવૃત્તિ રૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્ત્તે છે, ત્યારે દર્શન - જ્ઞાન - ચારિત્રમાં સ્થિતપણાને લીધે **સ્વને** એકત્વથી યુગપત્ (એકી સાથે) જાણતો અને જતો **સ્વસમય** છે.' - અર્થાત્ આવો આ સમય - જીવ જ્યારે **સ્વને - આત્માને** પોતાને એકપણે એકીસાથે જાણે છે અને જાય છે (પરિણમે છે), ત્યારે તે **'સ્વ સમય'** એમ પ્રતીત થાય છે. તે આ પ્રકારે - પ્રથમ તો આ જીવને **વિવેક જ્યોતિનો** સમુદય થાય છે - એટલે સ્વ સ્વભાવ - પર સ્વભાવના ભેદનું ભાન થાય છે, એથી કરીને સકલ

ભાવોના સ્વભાવના ભાસનમાં સમર્થ **વિદ્યા - આત્મજ્ઞાન** ઉપજે છે. આમ વિદ્યાજનક વિવેક થકી સ્વ - પર ભાવનું **ભેદવિજ્ઞાન** ઉપજે છે, એથી સકલ સ્વભાવના અવભાસનમાં સમર્થ **વિદ્યા - આત્મજ્ઞાન** ઉપજે છે. એટલે આ પર દ્રવ્ય તે હું નથી ને મ્હારૂં નથી એમ જાણી આ જીવ સમસ્ત પરદ્રવ્યથી પ્રચ્યુત થાય છે, સર્વથા ભ્રષ્ટ થાય છે અને આમ પરદ્રવ્યથી પ્રચ્યુત થઈને, આ જીવ દેખવા - જાણવા રૂપ 'દેશિ - જ્ઞપ્તિ સ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્ત્તે છે.' અર્થાત્ દર્શન - જ્ઞાન સ્વભાવમાં જ વર્ત્તવારૂપ જેની વૃત્તિ નિયત છે, ત્રણે કાળમાં ન ચળે એવી અખંડ નિશ્ચય રૂપ વર્ત્તે છે, એવા આત્મતત્ત્વની સાથે એકત્વથી વર્ત્તે છે. એટલે આમ 'દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતપણાને લીધે **સ્વને** એકત્વથી એકીસાથે જાણતો અને જતો તે **'સ્વ સમય'** પ્રતીતાય છે', અર્થાત્ શુદ્ધ દર્શન-જ્ઞાનમય આત્મસ્વભાવમાં વર્ત્તતો તે **સ્વસમય.** આ સમસ્ત પરથી **સ્વસમય પ્રાપ્તિનો ક્રમ** સ્પષ્ટપણે સમજાઈ જાય છે : (૧) પ્રથમ તો સ્વ - પરનો ભેદજ્ઞાનરૂપ વિવેક પ્રગટે છે, (૨) તેથી આત્મજ્ઞાન રૂપ વિદ્યા ઉપજે છે, (૩) એટલે આ પરદ્રવ્ય તે હું નહિ ને મ્હારૂં નહિ એમ જાણી પરથી પ્રચ્યવન થાય છે, (૪) દેશિ - જ્ઞપ્તિમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગતપણું વર્ત્તે છે, (૫) એટલે આત્માનું સ્વરૂપ દર્શન-જ્ઞાન-ચારિત્ર હોઈ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતપણું હોય છે, (૬) એટલે સ્વને એકત્વથી જાણવા-જવારૂપ **સ્વ સમય** હોય છે. આમ (૧) ભેદ જ્ઞાન - (૨) આત્મજ્ઞાન (૩) પર પ્રચ્યુતિ (૪) આત્મવૃત્તિ - (૫) સ્વરૂપ સ્થિતિ (૬) સ્વ સમય, એમ ક્રમ છે. આ સર્વના પરમ અદ્‌ભુત નિષ્કર્ષરૂપ **પરમ આત્મદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રનું** આત્માનુભવોદ્‌ગારરૂપ આ ટંકોત્કીર્ણ અમર વચનામૃતજી છે કે -

''જડ ને ચેતન દ્રવ્યનો સ્વભાવ ભિન્ન, સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે,
સ્વરૂપ ચેતન નિજ જડ છે સંબંધ માત્ર, અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાં ય છે;
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો, જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે,
કાયાની વિસારી માયા સ્વરૂપે શમાય એવા નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૯૦૨

૩. પર સમય

''શુદ્ધાત્મ અનુભવ સદા, સ્વ સમય વિલાસ રે;
પરવડી છાંયડી જ્યાં પડે તે, તે પરસમય નિવાસ રે.'' **- શ્રી આનંદઘનજી (અર જિન સ્તવન)**

'પણ જ્યારે અનાદિ અવિદ્યા કંદલીના મૂલ કંદરૂપ મોહની અનુવૃત્તિ તંત્રતાએ કરીને દેશિ - જ્ઞપ્તિ સ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી પ્રચ્યુત થઈ (આ જીવ) પરદ્રવ્ય પ્રત્યયી મોહ - રાગ - દ્વેષાદિ ભાવોની સાથે એકત્વગતપણે વર્ત્તે છે, ત્યારે પુદ્‌ગલકર્મપ્રદેશમાં સ્થિતપણાને લીધે પરને એકત્વથી એકી સાથે જાણતો અને જતો, **પરસમય** એમ પ્રતીતાય છે.' - અર્થાત્ આ આત્મા જ્યારે પરને એકત્વથી એકી સાથે જાણે છે અને જાય છે (પરિણમે છે) ત્યારે તે **પરસમય** છે એમ પ્રતીત થાય છે. તે આ પ્રકારે - અનાદિ અવિદ્યારૂપ કંદલીનો મૂલ કંદ **મોહ** છે, તે મોહને અનુસરવા - અનુવર્ત્તવારૂપ અનુવૃત્તિતંત્રતા વડે કરીને આ જીવ દેશિ - જ્ઞપ્તિ (દેખવા - જાણવા રૂપ) સ્વભાવમાં નિયતવૃત્તિરૂપ આત્મતત્ત્વથી પ્રચ્યુત થાય છે અને પરદ્રવ્યપ્રત્યયી - પરદ્રવ્ય નિમિત્તે ઉપજતા મોહ-રાગ-દ્વેષાદિ ભાવોની સાથે એકત્વગતત્વથી વર્ત્તે છે, ત્યારે પુદ્‌ગલકર્મ પ્રદેશમાં સ્થિતપણાને લીધે, તે પરને એકત્વથી એકી સાથે જાણતો અને જતો - પરિણમતો સતો તે **પરસમય** હોય છે. આમ દર્શન-જ્ઞાન સ્વભાવી આત્મામાં નિયતપણે વર્ત્તવારૂપ આત્મભાવથી પ્રચ્યુત થઈ - ભ્રષ્ટ થઈ, પરભાવને એકત્વથી જાણી તેમાં વર્ત્તવું તે **પરસમય** છે. આ સમસ્ત પરથી આ પરસમયની ઉત્પત્તિની સંકલના પણ સ્વયં સમજાઈ જાય છે : (૧) પ્રથમ તો મોહ અંધકારને લીધે સ્વ - પરનો ભેદ પરખાતો નથી - ભેદ અજ્ઞાન હોય છે, (૨) તેથી આત્મઅજ્ઞાનરૂપ અવિદ્યા ઉપજે છે, (૩) એટલે દેશિ - જ્ઞપ્તિ સ્વભાવમાં નિયતવૃત્તિરૂપ આત્મતત્ત્વથી

પ્રચ્યવન હોય છે, (૪) એથી આ પરદ્રવ્ય તે હું ને મ્હારૂં એમ જાણી તે સાથે એકત્વ - એકપણું વર્ત્તે છે, (૫) એટલે પુદ્ગલકર્મપ્રદેશરૂપ પરરૂપમાં સ્થિતપણું વર્ત્તે છે, (૬) એટલે પરને એકત્વથી જાણવા - જવારૂપ પરસમય હોય છે. આમ ભેદ અજ્ઞાન - આત્મ અજ્ઞાન - સ્વપ્રચ્યુતિ - પરવૃત્તિ - પરરૂપ સ્થિતિ - પરસમય એમ ક્રમ છે.

આમ જ્યાં શુદ્ધ આત્માનો અનુભવ વર્ત્તે છે, તે **સ્વસમય વિલાસ** છે અને પરવસ્તુની છાંયડી જ્યાં પડે છે તે **પરસમય** નિવાસ છે, અથવા સમય એટલે મર્યાદા. આત્મા જ્યારે પરસમયની - પરભાવની મર્યાદામાંથી પાછો વળી **સ્વસમયમાં** - સ્વ સ્વભાવની મર્યાદામાં વર્ત્તે છે, ત્યારે **સ્વસમય** છે અને સ્વભાવની મર્યાદા ઉલ્લંઘી **પરસમયમાં** - પરભાવની મર્યાદામાં વર્ત્તે છે તે **પરસમય** છે. તાત્પર્ય કે - પરભાવથી પ્રચ્યુત થઈ સહજ આત્મસ્વરૂપમાં - આત્મ સ્વભાવમાં નિયત વૃત્તિ - સ્થિતિ - ચારિત્ર તે **સ્વસમય** છે અને સ્વભાવથી પ્રચ્યુત થઈ, પરભાવમાં વૃત્તિ - સ્થિતિ - ચારિત્ર તે **પરસમય** તે. શુદ્ધ આત્મવૃત્તિ - આત્મ પરિણતિ તે સ્વસમય અને પર વૃત્તિ - પરપરિણતિ તે **પરસમય** એમ પ્રતીત થાય છે.

એટલે 'આમ સમયનું સ્ફુટપણે દ્વિવિધપણું ઉદ્ઘાવે છે', સ્વ સમય અને પરસમય એમ દ્વિ પ્રકારનું જગત્માં જોર શોરથી દોડી રહ્યું છે, અર્થાત્ આ વિશ્વમાં જ્યાં જુઓ ત્યાં સ્વ સમય અને પરસમય આ બે પ્રકારની દોડધામ ચાલી રહી છે. એક બાજુ સ્વાત્મામાં જ સ્થિતિ કરનારા સહજાત્મસ્વરૂપમાં સુસ્થિત એવા જીવન્મુક્ત આત્માઓ - અરિહંત ભગવાનો, સહજાત્મસ્વરૂપમાં સુસ્થિત એવા વિદેહમુક્ત આત્માઓ - સિદ્ધ ભગવાનો, સહજાત્મસ્વરૂપ સ્થિતિની ઉચ્ચ ભૂમિકાને પામેલા એવા જીવન્મુક્ત સાધક આત્માઓ - આત્મારામી શુદ્ધોપયોગવંત શ્રમણો - આચાર્ય ભગવાનો, ઉપાધ્યાય ભગવાનો અને સાધુ ભગવાનો, એમ પંચ પરમેષ્ઠિ રૂપ સ્વ સમયનું દર્શન થાય છે અને બીજી બાજુ પરભાવમાં જ સ્થિતિ કરનારા, પરકથા અને પરવૃત્તિમાં વહ્યા જનારા સામાન્યપણે જગજ્જીવોનું જીવતું જાગતું પ્રદર્શન દેખાય છે.

''સમસ્ત વિશ્વ ઘણું કરીને પરકથા તથા પરવૃત્તિમાં વહ્યું જાય છે, તેમાં રહી સ્થિરતા ક્યાંથી થાય ? એ એવાં અમૂલ્ય મનુષ્યપણાનો એક સમય પણ પરવૃત્તિએ જવા દેવા યોગ્ય નથી.''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૫૫૦

卐

હવે 'આ' (સમયનું દ્વિવિધપણું) બાધવામાં આવે છે -

૬.

एयत्तणिच्छयगतो समयो सव्वत्थ सुंदरो लोए ।
बंधकहा एयत्ते तेण विसंवादिणी होइ ॥

અર્થ - સર્વત્ર લોકના એકત્વનિશ્ચયગત સમય સુંદર છે, તેથી એકત્વમાં બંધકથા વિસંવાદિની (વિસંવાદ પામતી, બસૂરી) હોય છે.

અર્થાત્ - આગલી ગાથામાં સ્વસમય - પરસમય વિભાગથી સમયનું દ્વિવિધપણું દર્શાવ્યું, તેનું અત્ર બાધન કરવામાં આવ્યું છે અને **'આત્મખ્યાતિ' કર્ત્તા પરમર્ષિએ** તેનું અપૂર્વ તત્ત્વસ્પર્શી વ્યાખ્યાન પ્રકાશ્યું છે - અત્રે **'સમય'** એટલે સામાન્યથી સર્વ પદાર્થ. શા પરથી ? 'समयते (सम् + अयते) एकी भावेन स्वगुणपर्यायान् गच्छतीति निरुक्तेः ।' એકભાવથી - એકભૂત ભાવથી - એકરૂપ ભાવથી **'સ્વ** ગુણપર્યાયો' - પોતાના ગુણપર્યાયો પ્રત્યે જાય છે - ગમન કરે છે - પરિણમે છે તે **સમય,** એમ **'સમય'** શબ્દની નિરુક્તિ - વ્યુત્પત્તિ પરથી. તેથી સર્વત્ર પણ ધર્મ - અધર્મ - આકાશ - કાળ - પુદ્ગલ - જીવ એ છ દ્રવ્ય જ્યાં અવલોકાય છે એવા આ ષડ્દ્રવ્યાત્મક લોકમાં જે જેટલા કોઈ પણ અર્થો છે, તે સર્વે ય નિયતપણે 'એકત્વ નિશ્ચયગતત્વથી' - એકપણારૂપ નિશ્ચયગતપણાએ કરીને જ સૌંદર્ય - સુંદરપણું પામે છે. આ અર્થો કેવા છે ? (૧) 'સ્વકીય' - આત્મીય - પોતાના દ્રવ્યમાં 'અંતર્મગ્ન' - અંદરમાં મગ્ન - ડૂબેલા એવા અનંત 'સ્વધર્મચક્રચુંબી' - પોતાના ધર્મચક્રને - ધર્મસમૂહને છતાં પરસ્પર - એકબીજાને 'નહિ ચુંબતા' - લેશમાત્ર પણ નહિ સ્પૃશતા, (૨) એક ક્ષેત્રમાં ગાઢ મિલન રૂપ એકક્ષેત્રાવગાહીપણાને લીધે અત્યંત 'પ્રત્યાસત્તિમાં' નિકટતામાં પણ નિત્યમેવ - સદાય પોતપોતાના સ્વરૂપથી નહિ પડતા, (૩) પરરૂપે અપરિણમનને લીધે 'અવિનષ્ટ' - જેનો કોઈ કાળે નાશ થયો નથી વા થવાનો નથી એવા અનંત વ્યક્તિપણા થકી જાણે 'ટંકોત્કીર્ણ' - ટાંકણાથી ઉત્કીર્ણ - કોતરી કાઢેલ હોય એમ 'તિષ્ઠંતા' - અવિચલ સુસ્થિર સ્થિતિ કરતા, (૪) અને સમસ્ત વિરુદ્ધ - અવિરુદ્ધ કાર્યહેતુપણાએ - કારણપણાએ કરીને 'શશ્વદેવ' - સદાય - સનાતનપણે જ વિશ્વને - અખિલ જગત્ને 'અનુગ્રહતા' - અનુગ્રહ ઉપકાર કરતા - એવા આવા સર્વે ય અર્થો 'નિયતપણે' - ચોક્કસ પણે - નિશ્ચિતપણે ત્રણે કાળમાં ન ફરે એવા **'એકત્વ નિશ્ચયગતપણાએ'** કરીને જ સુંદરપણું પામે છે. એમ શા માટે ? પ્રકારાંતરથી - આનાથી અન્ય પ્રકારે તો 'સર્વ સંકર આદિ દોષની આપત્તિ' થાય છે માટે, સંકર - અનવસ્થા - અતિવ્યાપ્તિ આદિ સમસ્ત દોષનો આફત - પ્રસંગ પ્રાપ્ત થાય છે માટે. એમ સર્વ પદાર્થનું **'એકત્વ'** - એકપણું - અદ્વૈતપણું 'પ્રતિષ્ઠિત' - પ્રતિ - પ્રત્યેકપણે પ્રતિવિશિષ્ટ વસ્તુસ્થિતિથી સ્થિત - સિદ્ધ છે, ત્યારે **'જીવ'** નામના સમયની - પદાર્થની બંધકથાને જ 'તન્મૂલ' - તે બંધકથામૂલક - તે બંધકથા જેનું મૂલ છે, એવું પુદ્ગલ કર્મપ્રદેશસ્થિતપણું જેનું મૂળ - પ્રભવસ્થાન છે એવા પરસમયથી 'ઉત્પાદિત' - ઉપત્પાદવામાં આવેલું - ઉપજાવાયેલું આ જીવસમયનું એકત્વ - એકપણું જ 'અવસ્થિત રહે છે' - વસ્તુસ્થિતિથી જેમ છે તેમ જ વસ્તુમર્યાદાથી સ્થિત છે. હવે **અમૃતચંદ્રજીની** આ પરમ પરમાર્થગંભીર અદ્ભુત અલૌકિક અપૂર્વ વ્યાખ્યાનો વિશેષ વિચાર કરીએ :

આ જગત્ના પરમતત્ત્વજ્ઞાની તીર્થંકરાદિ પરમ જ્ઞાનીઓએ શોધી શોધીને શોધ્યું તો આ વિશ્વના મૂળ તત્ત્વભૂત આ છ જ ધર્માસ્તિકાયાદિ અર્થો - દ્રવ્યો દીઠા. આ એકેક દ્રવ્યમાં પોતપોતાના અનંત ગુણધર્મ રહ્યા છે, અનંત ગુણપર્યાય રહ્યા છે, તે પરસ્પર સહકારથી પરમ પ્રેમથી 'એકીભાવથી' એકભૂત ભાવથી જૂદાઈ વિના વર્ત્તી રહ્યા છે અને તે એકરસ ભાવરૂપ પરમ પ્રેમથી તે તે દ્રવ્યો જાણે તે અનંત સ્વધર્મોને ચુંબી રહ્યા છે. એટલે જ તે તે દ્રવ્યના ગુણપર્યાયરૂપ અનંત સ્વધર્મચક્ર પોતપોતાના દ્રવ્યમાં જ 'અંતર્મગ્ન' છે - અંદરમાં ડૂબેલા પડ્યા છે અને તે તે દ્રવ્ય તે અંતર્મગ્ન 'અનંત સ્વધર્મચક્રને' ચુંબે છે, પણ એકબીજાને ચુંબતા નથી. કારણકે પ્રત્યેક અર્થના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જૂદા છે. એટલે કોઈ પણ અર્થના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બીજા કોઈ પણ અર્થના દ્રવ્ય - ક્ષેત્ર - કાળ -

ભાવને લેશ સ્પર્શ કરતા નથી અને અન્ય અર્થના દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવથી લેશ પણ સ્પર્શ કરાતા નથી. પ્રત્યેક અર્થ - સમય પોતપોતાના જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદામાં - સમયમાં જ રહ્યા છે. પર અર્થ - પરસમયના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદામાં-સમયમાં અતિક્રમ કરતા નથી, એટલે કે પ્રત્યેક અર્થ - સમય પોતપોતાના જ દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવના સમયમાં જ - મર્યાદામાં જ વર્ત્તે એ જિનસમય - જિનાગમ - જિનઆજ્ઞા છે, એવી જિનઆજ્ઞારૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ ચતુર્વિધ રાજનીતિનું ઉલ્લંઘન કોઈ અર્થ કરતા નથી. જડ-ચેતન કોઈ પણ 'ત્રાસ' પામી - પરસમયમાં જવારૂપ 'ત્રાંસું' - વાંકુ વક્ર ગમન કરી, આ જિનઆજ્ઞારૂપ રાજનીતિનો લોપ કરતો નથી ! અર્થાત્ વિશ્વના સર્વ અર્થમાં જાણે જિન શાસનની - જિનવાણી પરમ આજ્ઞા વર્ત્તી રહી છે !

''દ્રવ્ય - ક્ષેત્ર ને કાલ ભાવ એ, રાજનીતિ એ ચારજી,
ત્રાસ વિના જડ ચેતન પ્રભુની, કોઈ ન લોપે કારજી : શીતલ જિનપતિ.'' - **શ્રી દેવચંદ્રજી**

''લોકને વિષે જે પદાર્થ છે તેના ધર્મ દેવાધિદેવે પોતાના જ્ઞાનમાં ભાસવાથી જેમ હતા તેમ જ વર્ણવ્યા છે, પદાર્થો તે ધર્મથી બહાર જઈ પ્રવર્ત્તતા નથી, અર્થાત્ જ્ઞાની મહારાજે પ્રકાશ્યું તેથી બીજી રીતે પ્રવર્ત્તતા નથી, તેથી તે જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે પ્રવર્ત્તે છે એમ કહ્યું છે, કારણકે જ્ઞાનીએ પદાર્થના જેવા ધર્મ હતા તેવા જ તેના ધર્મ કહ્યા છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૭૫૩**

આમ સ્વધર્મ મર્યાદામાં જ વર્ત્તતા આ સર્વ સ્વધર્મચક્રચુંબી - છતાં પરસ્પર અચુંબી છે, એટલે જ 'અત્યંત પ્રત્યાસત્તિમાં' - અત્યંત નિકટવર્ત્તિપણામાં પણ નિત્યે જ સ્વરૂપથી પડતા નથી' - એક લોકાકાશ ક્ષેત્રમાં નિકટપણે આ અર્થો પરસ્પર ગાઢ મિલનરૂપ એક ક્ષેત્રાવગાહ સ્થિતિ કરી રહ્યા છે છતાં, જેમકે - જીવ અને પુદ્ગલ એક દેહમાં દૂધ ને પાણી જેમ એક બીજા સાથે ગાઢપણે મળી રહ્યા છે, છતાં એકબીજાથી જૂદા ને જૂદા જ વર્ત્તે છે અને સ્વરૂપથી પતન પામતા નથી. પોતાના સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ચ્યુત થતા નથી - સ્વદ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવનો ત્યાગ કરતા નથી, એટલું જ નહિ પણ તે પરરૂપે પરિણમતા પણ નથી. અર્થાત્ પરદ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવને પામતા નથી. જડ ચેતન બનતું નથી ને ચેતન જડ બનતું નથી, 'જડ જડભાવે જ પરિણમે છે', 'ચેતન ચેતન ભાવે જ પરિણમે છે', 'કોઈ પોતપોતાનો સ્વભાવ છોડીને પલટતું નથી, જડ તે ત્રણે કાળમાં જડ જ રહે છે, ચેતન તે ત્રણે કાળમાં ચેતન જ રહે છે.' આમ કોઈ પણ દ્રવ્ય કોઈ પણ પરરૂપે પરિણમતું નથી અને પરરૂપે અપરિણમનને લીધે પ્રત્યેક અર્થનું - દ્રવ્યનું વ્યક્તિત્વ નાશ પામતું નથી, એટલે આ અર્થોનું અવિનષ્ટ અનંત વ્યક્તિત્વ (Individuality) જળવાઈ રહે છે. એથી કરીને તેઓ જાણે **ટંકોત્કીર્ણ** હોય એમ સ્થિતિ કરી રહ્યા છે, ટાંકણાથી ખડકમાં કોતરી કાઢેલ ચક્રવર્ત્તીનો શિલાલેખ જેમ ચિરકાળ પર્યંત જેમનો તેમજ અવસ્થિત રહે છે, તેમ ત્રણે કાળમાં જેમનો તેમજ અવસ્થિત રહે છે. આ સર્વના પરમ નિષ્કર્ષરૂપ ટંકોત્કીર્ણ **અનુભવ - વચનામૃત** પરમ આત્મદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીએ** પ્રકાશ્યું છે -

''જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહિ, છોડી આપ સ્વભાવ.
જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે, સંશય એમાં કેમ ?'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૨૬૬**

અને આમ સર્વ અર્થો નિયતપણે **એકત્વનિશ્ચયગતપણાએ** કરીને જ સૌંદર્યને પામે છે - 'नियतमेकत्वगतत्वेनैव सौंदर्यमापद्यंते ।' અર્થાત્ સર્વ અર્થોનું પ્રત્યેકનું એકત્વ - એકપણું છે - જ્યાં અન્ય કોઈનો - બીજાનો પ્રવેશ નથી એવું અદ્વિતીયપણું - અદ્વૈતપણું છે અને આ એકપણું - અદ્વૈતપણું ન ચળે એવું નિશ્ચયરૂપ - અખંડ સ્થિર સ્થિતિરૂપ છે અને ત્રણે કાળમાં ન ફરે એવા **નિયત નિશ્ચયરૂપ એકત્વનિશ્ચયગતપણાએ** કરીને જ આ અર્થો સુંદરતા ધારે છે. કારણકે એકત્વ નિશ્ચયગત સ્થિતિ એ જ સત્ - પરમાર્થસત્ હોવાથી સત્ય છે, 'પરમ સત્યં પરમ શિવં પરમ સુંદરં' છે.

''જીવ નવિ પુગ્ગલી નૈવ પુદ્ગલ કદા, પુગ્ગલાધાર નવિ તાસ રંગી;
પર તણો ઈશ નહિ અપર ઐશ્વર્યતા, વસ્તુ ધર્મે ન કદા પરસંગી... અહો સુમતિ જિન.''

- શ્રી દેવચંદ્રજી

આમ સર્વ સમયનું પ્રત્યેકનું એકત્વ તો ઉપરોક્ત રીતે સુપ્રતિષ્ઠિત છે અને તે જ સુંદર છે, તો પછી જીવ સમયનું આવું દ્વિવિધપણું ક્યાંથી ઘટે ? માટે વિસંવાદિની બંધકથાથી ઉપજતું દ્વિવિધપણું કાંઈ સુંદર દેખાતું નથી, એથી સમયનું **એકત્વ** અવસ્થિત રહે છે - 'अतः समयस्यैकत्वमेवावतिष्ठते ।'

તથા પ્રકારે આ (એકત્વ) અસુલભત્વથી વિભાવાય છે -

सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा ।
एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स ॥

અર્થ - સર્વને ય કામભોગ - બંધકથા શ્રુત - પરિચિત - અનુભૂત છે, પણ વિભક્ત એવા કેવલ એકત્વનો ઉપલંભ (અનુભવ, પ્રાપ્તિ) સુલભ નથી.

અર્થાત્ - સમયનું જે આ **એકત્વ** આગલી **ગાથાની** વ્યાખ્યાનું **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** એમની અપૂર્વ લાક્ષણિક શૈલીથી વિવરી દેખાડ્યું, તે **એકત્વનું અસુલભપણું** આ ગાથામાં વિભાવન કર્યું છે અને આવા વિભાવનનું વિભાવન કરતાં **'આત્મખ્યાતિ'માં** આ પરમાર્થ મહાકવીશ્વર **'આત્મખ્યાતિ' સ્રષ્ટા આચાર્યજીએ,** સંસારચક્રના ચાકડે ચઢેલા આ સકલ જીવલોકનું **સ્વભાવોક્તિ** અલંકારમય તાદેશ્ય સુંદર શબ્દચિત્ર આલેખ્યું છે :

'આત્મખ્યાતિ' ટીકા અર્થ - 'આ લોકને વિષે સંસાર ચક્રના ક્રોડના (ઉત્સંગમાં) અધિરોપિત એવો જે આ સકલ પણ જીવલોક - (૧) અશ્રાંતપણે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-ભાવના પરાવર્ત્તોથી (ફેરાથી) ભ્રાંતિ સમુપકાંત કરી રહ્યો છે, (૨) એકછત્રીકૃત વિશ્વતાએ કરીને (વિશ્વના એકછત્રીપણાએ કરીને) મહત્ એવા મોહ-ગ્રહથી ગો (બળદ) જેમ વહાવાઈ રહ્યો છે, (૩) બળાત્કારે ઉત્કટપણે વૃદ્ધિ પામેલી તૃષ્ણાના તીવ્ર વેદનપણાને લીધે અંતર આધિ (અંતર્માથ) વ્યક્ત કરી રહ્યો છે - એવા આ સકલ પણ જીવલોકને, પરસ્પર આચાર્યપણું આચરતાં, એકત્વથી વિરુદ્ધપણાએ કરીને અત્યંત વિસંવાદિની એવી પણ કામભોગાનુબદ્ધ કથા અનંતવાર **શ્રુતપૂર્વા** (પૂર્વે સાંભળેલી), અનંતવાર **પરિચિતપૂર્વા** (પૂર્વે પરિચય કરેલી) અને અનંતવાર અનુભૂતપૂર્વા (પૂર્વે અનુભવ કરેલી) છે, પણ નિર્મલ વિવેકાલોકથી (વિવેક પ્રકાશથી) **વિવિક્ત** (ભિન્ન, પૃથક્ - અલગ) એવું આ **કેવલ એકત્વ** - નિત્ય વ્યક્તતાથી અંતઃપ્રકાશમાન છતાં - કષાયચક્ર સાથે એકીક્રિયમાણપણાને લીધે અત્યંત તિરોભૂત સતું - સ્વની અનાત્મજ્ઞતાએ કરીને અને પર આત્મજ્ઞોના અનુપાસનને લીધે - નથી કદાચિત્ પણ ભૂતપૂર્વ (પૂર્વે સાંભળેલું) નથી કદાચિત્ પણ પરિચિત પૂર્વ (પૂર્વે પરિચય કરેલું) અને નથી કદાચિત્ પણ અનુભૂતપૂર્વ (પૂર્વે અનુભવ કરેલું), એથી કરીને એકત્વનું સુલભપણું નથી.'

આ **'આત્મખ્યાતિ'ના** અદ્‌ભુત પરમાર્થઘન વાક્યનો પરમાર્થગંભીર આશય સંક્ષેપમાં વિચારશું : આ સકલ જીવલોક કેવો ? 'સંસારચક્ર ક્રોડમાં અધિરોપિત' છે. એટલે જ તે 'અશ્રાંતપણે અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ એ પંચ **પરાવર્ત્તોથી** - ફેરાથી - આંટાથી અશ્રાંતપણે - અથાકપણે અવિરામપણે ભમી રહ્યો છે, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભવથી અને ભાવથી અનંત પરાવર્ત્તો કરતો સતો, અનંતા ભેવફેરા કરતો સતો આ **ભવચક્રમાં** ચક્રની જેમ પરિભ્રમણ કરી રહ્યો છે. **દ્રવ્યથી** આ જીવે જેમાં સર્વ પુદ્‌ગલ પરમાણુ ભોગવીને છોડી દીધા છે એવા અનંત પુદ્‌ગલ પરાવર્ત્તન કર્યાં છે. **ક્ષેત્રથી** આ લોકમાં એવું કોઈ ક્ષેત્ર નથી કે જ્યાં આ જીવ ફરી ફરી ઉત્પન્ન ન થયો હોય, એમ લોકક્ષેત્ર અવગાહવારૂપ અનંત ક્ષેત્ર પરાવર્ત્તન આ જીવ કર્યા છે. **કાળથી** આ જીવે ઉત્સર્પિણી - અવસર્પિણીમય કાલચક્રના સર્વ સમયમાં અનંતા જન્મ - મરણ કર્યા છે, એવા અનંત કાળચક્રના પરાવર્ત્તન આ જીવે કર્યાં છે. **ભવથી** આ જીવે નરકના જઘન્ય આયુથી માંડી ગ્રૈવેયકના ઉત્કૃષ્ટ આયુ પર્યંત સર્વ ભવોના અનંતા પરાવર્ત્ત કર્યા છે. **ભાવથી** મિથ્યાત્વ વશે કરીને આ જીવે આઠે કર્મની સર્વ પ્રકૃતિ - સ્થિતિ - અનુભાગ-પ્રદેશ એ ચારે બંધસ્થાનોને સ્પર્શી અનંતા ભાવ પરાવર્ત્તન કર્યાં છે. આમ **પંચ પ્રકારના પરાવર્ત્તોથી** - પુનરાવૃત્તિ રૂપ પુનઃ પુનઃ ફેરાથી આ જીવ **ભવચક્રના** અનંતા ફેરા ફરી રહ્યો છે, અનંત આંટા મારી રહ્યો છે, અનંત ભવપરિભ્રમણ દુઃખ અનુભવી રહ્યો છે.

''સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;

સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.'' - **શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત 'આત્મસિદ્ધિ' શાસ્ત્ર, સૂત્ર-૧**

આવું આ મહા દુઃખમય ભવભ્રમણ જીવ શાથી કરી રહ્યો છે ? શા માટે એ મહાખેદમય ભવભ્રાંતિ છોડી દેતો નથી ? કોણ એને જબરજસ્તીથી પરાણે ભમાવી રહ્યું છે ? તેનો અત્ર **'આત્મખ્યાતિ' કર્ત્તા** આચાર્યજી જવાબ આપ્યો છે - 'એકછત્રીકૃત વિશ્વતાએ કરીને (વિશ્વના એકછત્રીપણાએ કરીને) મહત્ એવા મોહગ્રહથી 'ગો' - બળદની જેમ વહાવાઈ રહ્યો છે.' અર્થાત્ અખિલ વિશ્વને પોતાની આણમાં વર્ત્તાવી પોતાના એકછત્ર શાસન તળે આણ્યું, એથી વિશ્વના એકછત્રીપણાએ કરીને જે આખા જગત્ કરતાં મહત્-મોટો છે એવા **મહામોહ-ગ્રહથી** આ જીવલોક 'ગો'ની જેમ - બળદની જેમ હંકારાઈ રહ્યો છે. બંધનબદ્ધ બળદ પરતંત્ર હોવાથી ગાડું ચલાવનાર જેમ ચલાવે તેમ ચાલવું પડે છે, તેમ આ કર્મબંધનબદ્ધ જીવ - વૃષભ કર્મ પરતંત્ર હોવાથી ભવનું ગાડું ચલાવનાર **મોહ-તંત્રી** જેમ ચલાવે તેમ ચાલવું પડે, જેમ ભમાવે તેમ ભમવું પડે છે. જ્યાં લગી તેને મોહને લીધે સ્વ સ્વરૂપનું ભાન નથી ને પરભાવમાં આત્મભ્રાંતિ છે ત્યાં લગી તે 'ગો' - બળદ પશુ જેવા અબૂઝ ગમાર હોઈ કર્મ પરતંત્ર છે, એટલે આ મોહજન્ય કર્મ પારતંત્ર્યને લીધે જ તેને આ ભવભ્રમણ કરવું પડે છે. કર્મના આખા તંત્રનું સંચાલન કરનાર **તંત્રી મોહ** છે, એટલે જ તેને કર્મોનો રાજા કહ્યો છે અને એટલે જ **કર્મચક્રથી** ચાલતા આખા **ભવચક્રમાં** આ **મહામોહચક્રવર્ત્તીનું એકછત્રી શાસન** ચાલી રહ્યું છે, એટલે જ સકલ જીવલોક બળદની જેમ ભવમાર્ગમાં હંકારાઈ રહ્યો છે, મહામોહ-ઘાંચીથી **ભવચક્રની** ઘાણીમાં ઘૂમાવાઈ રહ્યો છે.

અને આમ ઘાણીના બેલની જેમ આ ભવચક્રમાં ભ્રમણ કરતો આ જીવલોક 'પ્રબલપણે ઉજ્જૃંભિત (વૃદ્ધિ પામેલી) તૃષ્ણાતંકપણાને લીધે અંતર આધિ વ્યક્ત કરી રહ્યો છે.' અર્થાત્ આ જીવલોકને તીવ્ર તૃષ્ણાતંક - તીવ્ર તૃષ્ણાવેગ ઉજ્જૃંભિત - ઉલ્લસિત થાય છે, ઉત્તરોત્તર વધતો જાય છે અને એ વડે એ તીવ્ર અંતર આધિ - ઉગ્ર અંતર દાહવેદના વ્યક્ત - પ્રગટ દાખવી રહ્યો છે. એક બાજુ ઉગ્ર ગ્રીષ્મનો તાપ હોય ને ત્યાં વળી ભ્રમણ થાક ચઢ્યો હોય, ત્યારે અરણ્યમાં ભમતાં બળદને કેટલી બધી તરસ લાગે ? કેટલી બધી દાહવેદના ઉપજે ? અને આ તો ઉગ્ર ભવ-ગ્રીષ્મનો અનંત ઉત્તાપ ને મોટી ઘાણી જેવા ગોળ ગોળ ભવારણ્યમાં અનંત પરિભ્રમણનો મહાખેદ ત્યાં પછી તૃષ્ણાનું પૂછવું જ શું ?

આમ આ તીવ્ર વિષયતૃષ્ણાને બૂઝાવવાને આ જીવ-વૃષભ અકડાઈ અકડાઈને - કરાંઝી કરાંઝી 'ઉછળી ઉછળીને મૃગતૃષ્ણા રૂપ વિષયગ્રામને ઉપરુંધે છે', આ વિષય તૃષાર્ત્ત વિષય - મૃગજલ માટે ઝાંવાં નાંખે છે, પણ વિષય મૃગતૃષ્ણાજલ કાંઈ હાથમાં આવતું નથી. છતાં આ સખણો ચાલતો નથી ને આ પરથી કાંઈ બોધપાઠ લેતો નથી એટલું જ નહિ, પણ ઉલટો બીજાઓને વિષયનો બોધપાઠ આપવા જાય છે ! વિષય સંબંધી ઉપદેશ આપી - 'પરસ્પર આચાર્યપણું આચરતાં' - એક બીજાનું ગુરુપણું કરે છે ! અને આમ સંસારચક્રને ચાકડે ચઢી, બળદની જેમ, **મહામોહ-ગ્રહથી** હંકારાઈ પરિભ્રમણ કરતો આ સકલ જીવલોક, તીવ્ર તૃષ્ણાદાહની ઉપશાંતિ અર્થે મૃગતૃષ્ણા સમા વિષયોને સેવતો અને ગુરુ બની બેસી બીજાઓએ ઉપદેશતો ફરે છે ! એટલે જ આવા આ મહામોહમૂઢ જીવલોકે ઉપરમાં વિવરી દેખાડ્યું તેમ, **એકત્વથી** વિરુદ્ધપણાએ કરીને અત્યંત વિસંવાદિની - બસૂરી એવી કામભોગથી અનુબદ્ધ કથા - પરભાવ રૂપ વિષય સંબંધિની એવી કામકહાણી 'પૂર્વે અનંતવાર શ્રુત કરી છે, પૂર્વે અનંતવાર પરિચિત કરી છે અને પૂર્વે અનંતવાર અનુભૂત કરી છે', પણ 'આ નિર્મલ વિવેક - આલોકથી **વિવિક્ત** - સાવ જૂદું એવું જે આ કેવલ **એકત્વ**, તે તો જેણે પૂર્વે કદી પણ શ્રુત કર્યું નથી, પૂર્વે કદી પણ પરિચિત કર્યું નથી અને પૂર્વે કદી પણ અનુભૂત કર્યું નથી.' આ અંગે પરમ ભાવિતાત્મા **શ્રીમદ્ રાજચંદ્રજીના** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

''અનાદિ કાળના પરિભ્રમણમાં અનંતવાર શાસ્ત્ર શ્રવણ, અનંતવાર વિદ્યાભ્યાસ છે, અનંતવાર જિનદીક્ષા, અનંતવાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર સત્ મળ્યા નથી. સત્ શુણ્યું નથી અને શ્રધ્યું નથી અને એ મળ્યે, એ શુણ્યે અને શ્રધ્યે જ છૂટવાની વાર્ત્તાનો આત્માથી ભણકાર થશે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૧૬૬

''સ્વરૂપ સહજમાં છે. જ્ઞાનીનાં ચરણસેવન વિના અનંત કાળ સુધી પણ પ્રાપ્ત ન થાય એવું વિકટ પણ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં-પ૩૭**

પણ **એકત્વ** તો 'નિર્મલ વિવેક આલોકથી વિવિક્ત' - વિશદ વિવેક - પ્રકાશથી બીજા બધાયથી સાવ જૂદું અલાયદું ભાસે છે, તે 'નિત્ય વ્યક્તતાથી અંતઃપ્રકાશમાન સદાય પ્રગટપણે ખુલ્લં ખુલ્લા અંતરમાં પ્રકાશી રહ્યું છે, ઝળહળી રહ્યું છે, છતાં **'કષાય-ચક્ર** સાથે એકીરૂપ કરાઈ રહ્યાપણાને લીધે તે અત્યંત **'તિરોભૂત'** થઈ ગયું છે - ઢંકાઈ ગયું છે - અવરાઈ ગયું છે, તેની આડો વિકૃત ચેતનભાવ રૂપ - વિભાવરૂપ **કષાયચક્રનો** અજ્ઞાન અંધકારમય પડદો - તિમિરપટ આવી ગયો છે. અર્થાત્ સદા સ્થિર પ્રકાશવંત રત્નદીપ સમું આ **એકત્વ** તો આત્માના સદા - પ્રગટપણે અંતરમાં પ્રકાશી રહ્યું છે, પણ આત્માએ કષાય - વિભાવનો અંધાર-પછેડો ઓઢ્યો છે અને તે વિભાવ - તમસ્ પટલથી **તિરોભૂત** હોઈ આ સ્વસ્વભાવભૂત **એકત્વ** તેને દેખાતું નથી. પણ **વિવેક - આલોક - વિવેક - પ્રકાશ** થાય તો આ **એકત્વ** તત્કાલ વિવિક્ત - અલગ - પૃથક્ દેખાય અને સ્વ - પર ભેદવિજ્ઞાન રૂપ આ વિવેકની પ્રાપ્તિ તો મુખ્યપણે **સદ્ગુરુને** આધીન છે, એટલે વિવેકજન્ય આત્મજ્ઞાન રૂપ સન્માર્ગની પ્રાપ્તિમાં આત્મજ્ઞાની આત્મારામી વીતરાગ **સદ્ગુરુનું** એકનિષ્ઠ ઉપાસન એ પરમ ઉપકારી **મુખ્ય નિમિત્ત સાધન** છે, સાક્ષાત્ **સદ્ગુરુ** ઉપાસન થકી જ મુખ્યપણે જીવ સન્માર્ગનો લક્ષ પામે છે.

''જે પુરુષ સદ્ગુરુની ઉપાસના વિના નિજ કલ્પનાએ આત્મસ્વરૂપનો નિર્ધાર કરે છે તે માત્ર પોતાના સ્વચ્છંદના ઉદયને વેદે છે એમ વિચારવું ઘટે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક**

''ગગન નગરમેં અધ બીચ કૂવા, ઉહાં હે અમીકા વાસા,
સગુરા હોવે સો ભર ભર પીવે, નગુરા જાવે પ્યાસા.'' - **શ્રી આનંદઘન, પદ-૯૮**

આમ **વિવેક-આલોક** અર્પનારા **આત્મજ્ઞ સદ્ગુરુનું સમુપાસન** જીવને પરમ ઉપકારી થાય છે, પણ પૂર્વે આ અનાત્મજ્ઞ જીવે તેવા તથારૂપ આત્મજ્ઞનું કદી પણ ઉપાસન કર્યું નથી, એટલે તેને **વિવેક-આલોકની** પ્રાપ્તિ થઈ નથી અને એટલે જ **વિવિક્ત** - સર્વ અન્ય ભાવથી ભિન્ન - પૃથક્ એવું તે કેવલ **એકત્વ** તો તેણે કદી પૂર્વે સાંભળ્યું નથી, કદી પણ પૂર્વે પરિચય કર્યું નથી અને કદી પણ અનુભવ્યું નથી, 'અતઃ **એકત્વની** પ્રાપ્તિનું સુલભત્વ નથી - अत एकत्वस्य न सुलभत्वं ।

卐

એટલા માટે જ આનું આ (એકત્વ) ઉપદર્શાવાય છે -

૮.

तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण ।
जदि दाएज पमाणं चुक्किज छलं ण घेत्तव्वं ॥

(ગાથા-સજ્ઝાય) એકત્વ વિભક્ત તે દાખવું રે, આત્મવિભવ અનુસાર;
જો દાખું પ્રમાણો ચૂકું, છલ મ ગ્રહો કો વાર... રે આત્મન્ ! વંદો સમયસાર.

અર્થ - એકત્વથી વિભક્ત એવો તે આત્મા હું આત્માના સ્વવિભવથી દર્શાવું, જો દર્શાવું પ્રમાણ કરવું, ચૂકું તો છલ ન ગ્રહવું.

ઉપરમાં કહ્યું તેમ આ જગત્માં જ્યાં જુઓ ત્યાં પરસંબદ્ધ અશુદ્ધ આત્માનું અશુદ્ધત્વ સંભળાય છે, પણ આત્મારામી શુદ્ધ આત્માનું શુદ્ધત્વ તો જવલ્લે જ સાંભળવામાં આવે છે. અર્થાત્ **એકત્વનિશ્ચયગત શુદ્ધ આત્માની** તત્ત્વવાર્ત્તા સુલભ નથી, અત્યંત દુર્લભ છે, એટલે જ જ્યાં એક અદ્વૈત આત્મા સિવાય બીજું કાંઈ નથી એવું જે **આત્માનું એકત્વ** અસુલભપણે - દુર્લભપણે આગલી ગાથામાં દર્શાવ્યું, તે અત્ર આ **સમયસાર** શાસ્ત્રમાં દર્શાવવામાં આવે છે. અત્રે **શાસ્ત્રકર્ત્તા પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** - 'તે એકત્વ વિભક્ત આત્મા આત્માના સ્વવિભવથી હું દર્શાવું' - એવી મહામનોરથમયી **મહાપ્રતિજ્ઞા** કરી પરમ મૃદુ - ઋજુ ભાવથી વિજ્ઞપ્તિ કરી છે કે - 'જો હું દર્શાવું તો પ્રમાણ કરવું, પણ ચૂકું તો છલ ન ગ્રહવું - 'छलं न घेत्तव्वं ।' એ ભાવને પરિસ્ફુટ કરતાં **'આત્મખ્યાતિ' કર્ત્તા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** પ્રકાશે છે કે - 'જે કોઈ પણ મ્હારા આત્માનો સ્વવિભવ છે તે સમસ્તથી જ 'આ' (પ્રત્યક્ષ અનુભવાઈ રહેલો આત્મા એવો) હું તે એકત્વ વિભક્ત આત્મા દર્શાવું એમ બદ્ધવ્યવસાય છું', અર્થાત્ મ્હારા આત્માનો જે કોઈ પણ **મ્હારા આત્માનો 'સ્વ વિભવ'** - પોતાનો વૈભવ આત્મસંપદ્ સમસ્તથી જ તે એકત્વ વિભક્ત આત્મા દર્શાવું એમ કૃતનિશ્ચય છું.

આ **શુદ્ધ આત્માનું** દર્શન કોણ કરાવી શકે ? જેણે આ શુદ્ધ આત્માનું આત્મસાક્ષાત્કાર દર્શન કર્યું હોય તે. તેવા તથારૂપ શુદ્ધ આત્માનું આત્મસાક્ષાત્કાર રૂપ સાક્ષાત્ અનુભવ - દર્શન જેણે કર્યું છે એવા **સાક્ષાત્ - આત્મદેષ્ટા** આચાર્યજી સાક્ષાત્ દર્શાવવાની અત્ર આવી પરમ ઉદાત્ત આત્મભાવનામયી **મહાપ્રતિજ્ઞા** કરી છે. આવી આ મહાપ્રતિજ્ઞા કરનારા **મહાવિભૂતિ પરમર્ષિ કુંદકુંદાચાર્યજીના** આત્માનો સ્વવિભવ કેવો છે ? તેનું કુંદકુંદાચાર્યના દિવ્ય આત્માને ભવ્ય અંજલિરૂપ પરમ સુંદર પરિસ્ફુટ સ્પષ્ટીકરણ કરતાં, તેવા જ **મહાવિભૂતિ** સાક્ષાત્ આત્મદેષ્ટા **'આત્મખ્યાતિ' કર્ત્તા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** તે સ્વવિભવ જેનાથી જન્મ પામ્યો છે એવા ચાર અદ્ભુત કારણોને અત્ર ઉપન્યાસ કર્યો છે. તે આ પ્રકારે - '(૧) સકલ ઉદ્ભાસિ 'સ્યાત્' પદથી મુદ્રિત **શબ્દબ્રહ્મના ઉપાસનથી** જન્મ છે જેનો એવો, (૨) સમસ્ત વિપક્ષના ક્ષોદમાં (નિર્દલનમાં-ચૂર્ણનમાં) ક્ષમ અતિ નિષ્ણુષ **યુક્તિના અવલંબનથી** જન્મ છે જેનો એવો, (૩) નિર્મલ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન એવા પરાપર ગુરુઓથી પ્રસાદીકૃત શુદ્ધ આત્મતત્ત્વના અનુશાસનથી જન્મ છે જેનો એવો, (૪) અનવરત (નિરંતર) સ્યંદિ - સ્યંદતા (ટપકતા, નિર્ઝરતા) એવા સુંદર આનંદથી 'મુદ્રિત' અમંદ સંવિદાત્મક સ્વસંવેદનથી જન્મ છે જેનો એવો - **સ્વ વિભવ** છે.

આમ સત્ આગમ થકી, સત્ યુક્તિ થકી, સત્ ગુરુપ્રસાદ થકી અને સત્ સ્વસંવેદન થકી જેનો જન્મ થયો છે એવો મ્હારા આત્માનો જે કોઈ પણ **સ્વવિભવ** છે, તે 'સમસ્તથી જ (સર્વાત્માથી) હું એકત્વ વિભક્ત તે આત્મા દર્શાવું એમ નિશ્ચયવંત થયો છું.' અર્થાત્ સર્વ અન્ય ભાવથી વિભક્ત-ભિન્ન કરેલ - પૃથક્ પાડેલ એવા એકત્વવિભક્ત એક શુદ્ધ અદ્વૈત આત્મતત્ત્વરૂપ **શુદ્ધ આત્માનું સમયસારનું** નિરૂપણ કરવા આ **સમયસાર** શાસ્ત્રનું ગ્રથન કરવા મ્હારો આત્મા આત્માની સમસ્ત આત્મશક્તિથી બદ્ધ પરિકર થયો છે. આત્માના સર્વ **સ્વવિભવથી** - આત્મ સમૃદ્ધિથી - આત્મૈશ્વર્યથી ઉદ્યત થયો છે. એટલે

આગમથી, અનુમાનથી, અનુશાસનથી અને અનુભવથી ઉદ્‌ભવ પામેલો એવો મ્હારો જે કોઈ આત્માનો **'સ્વવિભવ'** છે, જ્ઞાનાદિ આત્મગુણ સંપત્તિરૂપ મ્હારા આત્માનું જેટલું સ્વધન છે - જેટલી પોતીકી આત્મસંપત્તિ છે, તે સર્વ કાંઈ પણ બાકાત રાખ્યા વિના હું આ **સમયસાર શાસ્ત્રની** રચનામાં સમર્પું છું, મ્હારી ક્ષાયોપશમિક શક્તિનો જે કાંઈ પ્રકાશ હોય તે આ સત્ શાસ્ત્રની ગૂંથણીમાં હાજર કરું છું, કે જેથી કરીને જગત્‌ના પરમોત્તમ તત્ત્વરૂપ આ શુદ્ધ આત્મ તત્ત્વનો - સમયસારનો આ વિશ્વને વિષે પરમ પ્રકાશ થાય અને જેથી કરીને મ્હારા આત્માની જેમ અન્ય આત્માર્થી આત્માઓને - સમસ્ત જગજ્જીવોને પણ સર્વ પરભાવ - વિભાવથી વ્યાવૃત્તિ થઈ શુદ્ધાત્મ સ્વભાવને વિષે આત્યંતિક પ્રવૃત્તિ થાય.

'કિંતુ જો દર્શાવું તો સ્વયમેવ સ્વાનુભવ પ્રત્યક્ષથી પરીક્ષીને પ્રમાણ કર્ત્તવ્ય છે, પણ જો સ્ખલું તો છલગ્રહણમાં જાગરૂક થવું યોગ્ય નથી.' અર્થાત્ મ્હારા આત્માને જેમ આત્માનુભવ પ્રત્યક્ષથી પ્રમાણ ભાસ્યું તેમ ઋજુતાથી - સરળતાથી દર્શાવ્યું તેમ વિવેકી તત્ત્વચિંતક મુમુક્ષુએ પણ સ્વયમેવ આત્માનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા કરવી, હું જે દર્શાવું તે સત્ય જાણી ઋજુતાથી - સરળતાથી પ્રમાણ કરવું, પણ જો સ્ખલના કરું - ચૂકું, તો છલગ્રહણ કરવામાં જાગરૂક - ખબરદાર (Ever-ready) ન થવું, છલ પકડવામાં અર્થાત્ વક્રતાથી દૂષણાભાસરૂપ છિદ્ર શોધવામાં તત્પર ન થવું, સદા જાગતા (always alert) ન રહેવું.

આમ ઋજુતાની - મૃદુતાની મૂર્ત્તિ **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** શુદ્ધ સ્ફટિક જેવા સ્વચ્છ હૃદયથી નિખાલસપણે આત્મભાવ દર્શાવ્યો છે. અત્રે **'મ્હારા આત્માનો સ્વવિભવ'** એમ કહ્યું તે એમ સૂચવે છે કે - 'હું' એટલે દેહ અને દેહાશ્રિત **'કુંદકુંદ'** નામ ધરનારો નહિ પણ કુંદકુંદ નામધારી દેહમાં બેઠેલો 'દેહી' - શુદ્ધ ચૈતન્યમૂર્ત્તિ **આત્મા,** એવો સતત જાગતો ઉપયોગ શુદ્ધોપયોગ સુસ્થિત આત્મારામી મહાશ્રમણ કુંદકુંદજીના હૃદયમાં સદોદિત જ છે. નિષ્કારણ કરુણાથી જગત્‌નો ઉપકાર કરવો એ સત્ પુરુષોની સનાતન પ્રણાલિકા છે, તેને અનુસરી આ મહા-જ્ઞાનેશ્વરીએ પોતાના **'આત્માનો'** જેટલો કાંઈ **'સ્વવિભવ'** તે સર્વ'સ્વ' કાંઈ બાકી રાખ્યા વિના - જગત્ કલ્યાણાર્થે કોઈ પણ જાતની કંઈ પણ સ્પૃહા વિના પરમ નિસ્પૃહપણે ખર્ચી નાંખ્યો છે, ખાલી કરી ઠલવી નાંખ્યો છે, છતાં આત્મામાં પૂરો ભરી રાખ્યો છે ! જગત્‌ના આત્મ કલ્યાણ યજ્ઞમાં આત્મસમર્પણ કરનારા આ **જ્ઞાન-ધનેશ્વરે** જેનું દાન દીધાથી વધે છે એવા જ્ઞાન ધનનો આ **અક્ષયનિધિ** જગત્ દારિદ્ર દૂર કરવા માટે ખૂલ્લો મૂકી દીધો છે અને દાનમાં કે ભેટમાં તો કોઈ બદલાની કે સ્પૃહાની આશા હોય નહીં, એટલે આ સર્વ'સ્વ' દાન કરનારા **જ્ઞાનેશ્વરી-દાનેશ્વરીએ** આ લોક - પરલોક સંબંધી સર્વથા નિષ્કામ-નિઃસ્પૃહપણે સ્વ - પરના એકાંત શુદ્ધ આત્માર્થહેતુએ જ - શુદ્ધ પરમાર્થહેતુએ જ આ પરમાર્થ જ્ઞાનદાન કરી ઉત્તમ તત્ત્વજ્ઞાન જગત્‌ને ભેટ ધરી છે.

અને આ **સમયસાર શાસ્ત્રનું 'સમયપ્રાભૃત'** નામ પણ એ જ અર્થનું સૂચન કરે છે. મહા જ્ઞાનેશ્વરી - દાનેશ્વરી **પરમર્ષિ ભગવત્ કુંદકુંદાચાર્યજીએ** આ પરમાર્થ સંભૃત સમયસાર 'પ્રાભૃત'નું જગત્‌ને પ્રાભૃત (ભેટણું) ધર્યું છે અને તેવા જ મહા જ્ઞાનેશ્વરી - દાનેશ્વરી **પરમર્ષિ ભગવત્ અમૃતચંદ્રાચાર્યજી** પણ અત્રે આત્માનો સર્વ **'સ્વ વિભવ'** સમર્પણ કરી પરમ અદ્‌ભુત મૌલિક તત્ત્વામૃત મંથનમય મહા જ્ઞાન-સમૃદ્ધિથી આ પ્રાભૃતને અત્યંત સંભૃત - સમૃદ્ધ કરી મહામૂલ્યવંતુ **'મહાપ્રાભૃત'** બનાવ્યું છે. આમ જગત્‌ને આવા ઉત્તમોત્તમ તત્ત્વજ્ઞાનનું પ્રાભૃત સમર્પનારા આ બન્ને પરમ ધુરંધર પરમ ગુરુઓની અદ્‌ભુત અલૌકિક પરમર્ષિ યુગલે જગત્તત્ત્વજ્ઞાનીઓની યશસ્વી પરમ યશસ્વી મંડલીમાં એવું વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે, કે પદે પદે તત્ત્વરસિકોના સહજ સ્વયંભૂ ઉદ્‌ગાર નીકળે છે કે **જય કુંદકુંદ ! જય અમૃતચંદ્ર !**

આમ પરમ ભાવિતાત્મા પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ જે શુદ્ધ ભાવથી કહ્યું છે, તેવો જ ભાવ પરમ આત્મભાવનાથી અસ્થિમજ્જા રંગાયેલા પરમ ભાવિતાત્મા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** અંગે પણ ઉપલક્ષણથી સમજવાનો છે. કારણકે **કુંદકુંદાચાર્યજીના** અનન્ય પરમાર્થ ભક્ત એવા **અમૃતચંદ્રાચાર્યજીએ** પણ પોતાના આત્માનું સર્વ સામર્થ્ય રેડ્યું છે. એટલે કે તેઓશ્રીએ પણ, **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીની**

જેમજ, સ્યાદ્‌વાદ શબ્દબ્રહ્મના અનન્ય સમુપસાનથી, નિર્ભુષ યુક્તિના પ્રબળ અવલંબનથી, સદ્‌ગુરુ પ્રસાદરૂપ શુદ્ધાત્મતત્ત્વના સમર્થ અનુશાસનથી અને પરમાનંદમય આત્માનુભવરૂપ તીવ્ર સ્વસંવેદનથી જન્મ પામેલો પોતાના આત્માનો સમસ્ત 'સ્વ વિભવ' આ શાસ્ત્રનો પરમાર્થઆશય અનંતગુણવિશિષ્ટ બળવાનપણે અપૂર્વ સોળે કળાથી પ્રકાશિત કરવામાં સર્વાત્માથી ખર્ચી નાંખી, અક્ષરે અક્ષરે પદે પદે પરમ અમૃત વર્ષાવી પોતાના 'અમૃતચંદ્ર' અભિધાનને સાર્થક કર્યું છે.

અને તેવા પ્રકારે ગદ્ય ભાગ ઉપરાંત શુદ્ધાત્માનુભૂતિમય અનુપમ 'કળશ' કાવ્યોથી વિશિષ્ટપણે સમલંકૃત આ 'આત્મખ્યાતિ' પરમ 'અમૃત' ટીકાના વરમાં વર (Choicest) શબ્દ, અર્થ, પરમાર્થ, તત્ત્વ, આશય, ભાવ, કવિત્વ, ગ્રંથના, શૈલી, આત્માનુભૂતિ આદિ પ્રત્યે સહજ દૃષ્ટિપાત કરતાં કોઈ પણ સુજ્ઞ સુહૃદય વિવેકી વિચક્ષણને તત્‌ક્ષણ સુપ્રતીત થવા ઉપરાંત ચોક્કસ ખાત્રી થાય એમ છે કે - અમૃતચંદ્રજીએ પણ અત્ર પોતના આત્માનો સમસ્ત 'સ્વ વિભવ' ખર્ચી નાંખવામાં લેશ પણ કસર કરી નથી, એટલું જ નહિ પણ પરમ ઉદારતા કરી છે અને એટલા માટે જ અમૃતચંદ્રજીના દિવ્ય આત્માની પરમ ખ્યાતિ પોકારતી આ અનુપમ 'આત્મખ્યાતિ' સુકૃતિથી અને તેના પરમ વિશિષ્ટ અંગભૂત પરમ અનુભવરસ પૂર્ણ અલૌકિક મૌલિક કળશ કાવ્ય સર્જનથી સાનંદાશ્ચર્ય અનુભવી સર્વ પ્રાજ્ઞજનો પદે પદે મુક્તકંઠે પોકારે છે કે - 'ધન્ય અમૃતચંદ્ર !'



આ **જ્ઞાનઘન આત્મા** જ નિત્ય ઉપાસ્ય છે એમ નીચેની ગાથાનું (૧૬) ભાવનું સૂચન કરતો **કળશ** (૧૫) સર્જતાં સાક્ષાત્ આત્મસિદ્ધિ સંપન્ન **'આત્મખ્યાતિ' કર્ત્તા અમૃતચંદ્રાચાર્યજીએ** આત્મસિદ્ધિ સાધવા ઈચ્છતા અન્ય મુમુક્ષુઓને ભાવપૂર્ણ ઉદ્‌બોધન કર્યું છે. 'સાધ્ય-સાધક ભાવથી દ્વિધા (બે પ્રકારનો) એવો એક આ **જ્ઞાનઘન આત્મા આત્મસિદ્ધિ** ઈચ્છનારાઓથી નિત્ય સમુપાસન કરાઓ !' અર્થાત્ **'આ'** પ્રત્યક્ષ સ્વસંવેદનથી અનુભવાતો **'જ્ઞાનઘન'** - સર્વ પ્રદેશે જ્ઞાન જ્ઞાન ને જ્ઞાન એવા ઘન જ્ઞાનમય આત્મા **સાધ્ય-સાધક ભાવથી 'દ્વિધા'** - બે વિભાગમાં વ્હેંચાયેલો છતાં **એક** એવો **આત્મસિદ્ધિ** અભિલાષીઓથી નિત્ય - સદાય **'સમુપાસાઓ'** સમ્યક્ પ્રકારે ઉપાસાઓ !



૧૦.

दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं ।
ताणि पुण जाण तिण्णिवि अप्पाणं चेव निश्चयदो ॥२६॥

અર્થ - દર્શન - જ્ઞાન - ચારિત્ર સાધુએ નિત્ય સેવવા યોગ્ય છે અને તે ત્રણેય નિશ્ચયથી આત્મા જ જાણ !

અત્રે પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજી** 'આત્મખ્યાતિ'માં પ્રકાશે છે - 'નિશ્ચયે કરીને જે જ ભાવે કરીને આત્મા સાધ્ય - સાધન હોય, તેથી કરીને જ આ નિત્ય ઉપાસ્ય છે એમ સ્વયં અભિપ્રાય ધારી (વિચારી) 'સાધુએ દર્શન - જ્ઞાન - ચારિત્ર નિત્ય ઉપાસ્ય છે' એમ પરો પ્રત્યે વ્યવહારથી પ્રતિપાદવામાં આવે છે. પુનઃ તે ત્રણે પણ પરમાર્થથી આત્મા એક જ છે - વસ્ત્વંતરનો (બીજી કોઈ વસ્તુનો) અભાવ છે માટે. જેમ કોઈ દેવદત્તનું જ્ઞાન શ્રદ્ધાન અને અનુચરણ દેવદત્તના સ્વભાવના અનતિક્રમથી દેવદત્ત જ છે - નહિ કે વસ્ત્વંતરઃ તેમ આત્માની બાબતમાં પણ આત્માનું જ્ઞાન શ્રદ્ધાન અને અનુચરણ આત્મસ્વભાવના અનતિક્રમથી આત્મા જ છે - નહીં કે વસ્ત્વન્તર, તેથી આત્મા એક જ ઉપાસ્ય છે, એમ સ્વયમેવ પ્રદ્યોતે છે. (તે આત્મા - ખરેખર ! તે નીચેના કળશોમાં કહીએ છીએ.)'

'અમૃતખ્યાતિ'નો આશય **આ** લેખકે સ્વરચિત **'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** આ પ્રમાણે વિવર્યો છે : નિશ્ચય શુદ્ધ દ્રવ્યાશ્રિત હોઈ અભેદગ્રાહી છે. એટલે તેમાં સાધ્ય - સાધનનો અભેદ છે, વ્યવહાર પર્યાયાશ્રિત છે - હોઈ ભેદગ્રાહી છે એટલે તેમાં સાધ્ય-સાધનનો ભેદ છે. દ્રવ્યાશ્રિત નિશ્ચય દૃષ્ટિએ એક શુદ્ધ આત્મા એ જ **અભેદ રત્નત્રયી** છે અને એ જ **નિશ્ચય મોક્ષમાર્ગ** છે; અને આ આત્માથી અભિન્ન સ્વગુણપર્યાયરૂપ **દર્શન-જ્ઞાન-ચારિત્ર** એ આત્મસ્વભાવભૂત **આત્મધર્મ** સ્વગત - આત્મગત ભેદવિવક્ષારૂપ સદ્‌ભૂત વ્યવહારથી વા પરમાર્થ વ્યવહારથી **ભેદ રત્નત્રયી** છે, એટલે એ પણ નિશ્ચય મોક્ષમાર્ગના અંગભૂત જ છે. કારણકે એ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ભેદરત્નત્રયીરૂપ આત્મધર્મ આત્માથી અભિન્ન હોઈ **અભેદ રત્નત્રયીરૂપ આત્મા** પ્રત્યે - **નિશ્ચય સાધ્ય** પ્રત્યે લઈ જનાર નિશ્ચય સાધન છે. **મહાગીતાર્થ મહામુનિ દેવચંદ્રજીએ** 'અધ્યાત્મગીતા'માં સંગીત કર્યું છે તેમ - 'ભેદરત્નત્રયી તીક્ષ્ણતાયે, અભેદ રત્નમયીમાં સમાયે' - ભેદ રત્નત્રયીની તીક્ષ્ણતાએ કરીને અભેદ રત્નત્રયીરૂપ આત્મામાં' આ સમાય છે, સવિકલ્પરૂપ ભેદરત્નત્રયીના સાધન થકી નિર્વિકલ્પ અભેદ રત્નત્રયીરૂપ સાધ્ય આત્મા પર આરૂઢ થવાય છે; અને એટલે જ નિશ્ચયથી આત્માથી અભિન્ન છતાં સદ્‌ભૂત વ્યવહારથી ભિન્ન વ્યપદેશાતા આ **દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ આત્મધર્મ** સાધુએ નિત્ય ઉપાસ્ય છે - સદાય ઉપાસવા યોગ્ય છે, નિરંતર આરાધવા યોગ્ય છે, એવો સ્પષ્ટ ઉપદેશ અત્ર આ ગાથામાં કરવામાં આવ્યો છે, કે જેથી કરીને **દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્મધર્મથી અભિન્ન** એવો નિત્ય ઉપાસ્ય **આત્મા** પ્રાપ્ત થાય. આમ આત્માનું દર્શન, આત્માનું જ્ઞાન, આત્માનું ચારિત્ર એ **ભેદરત્નત્રયી** અને આત્મા એ જ દર્શન, આત્મા એ જ જ્ઞાન, આત્મા એ જ ચારિત્ર એ **અભેદરત્નત્રયી** - એમ ભેદાભેદ રત્નત્રયી બન્ને આત્માશ્રિત હોઈ **સાધ્ય - સાધનના અભેદથી નિશ્ચય મોક્ષમાર્ગ પરમાર્થ મોક્ષમાર્ગ** છે. અને એ જ **'જિન'નો મૂળમાર્ગ** છે, જે જિનના મૂળ માર્ગનું દિવ્ય ગાન **પરમ આત્મદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીએ 'મૂળ મારગ સાંભળો જિનનો રે'** એ દિવ્ય ધ્વનિનો રણકાર કરતા આ અમર કાવ્યમાં પરમ આત્મભાવોલ્લાસથી સંગીત કર્યું છે -

''મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ... મૂળ મારગ.
નો'ય પૂજાદિની જે કામના રે, નો'ય વ્હાલું અંતર ભવદુઃખ... મૂળ મારગ.
છે દેહાદિથી ભિન્ન આત્મા રે, ઉપયોગી સદા અવિનાશ... મૂળ મારગ.
એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ... મૂળ મારગ.
જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત... મૂળ મારગ.

કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત... મૂળ મારગ.
જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ... મૂળ મારગ.
તેવો સ્થિર સ્વભાવ તે ઉપજે રે, ચારિત્ર તે અણલિંગ... મૂળ મારગ.
તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્ત્તે તે આત્મરૂપ... મૂળ મારગ.
તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજ સ્વરૂપ... મૂળ મારગ.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૧૫

આમ યથોક્ત પ્રકારે સર્વ અન્ય દ્રવ્યથી ભિન્ન એવા શુદ્ધ આત્માનું દર્શન, શુદ્ધ આત્માનું સમ્યગ્ જ્ઞાન, શુદ્ધ આત્માનું સમ્યક્ ચારિત્ર - એ ત્રણેની અભેદ એકતા આત્મામાં પરિણામાવી, ભગવાન શુદ્ધ આત્મસ્વભાવરૂપ મોક્ષ પામ્યા, એટલે શુદ્ધ આત્મદર્શન, આત્મજ્ઞાન ને આત્મચારિત્રની અભેદ એકતા સાધવી એ **'જિનનો મૂળમાર્ગ'** છે; અને આમ આ જિનનો મૂળમાર્ગ છે તો કેવળ આત્મપરિણતિ રૂપ હોઈ મુખ્યપણે આધ્યાત્મિક માર્ગ છે, પરમાર્થ માર્ગ છે, નિશ્ચય માર્ગ છે, ભાવમાર્ગ છે, અંતરંગ માર્ગ છે, બહિરંગ માર્ગ નથી. આ વસ્તુતત્ત્વ તદ્દન સ્પષ્ટ છે. જે કોઈ સિદ્ધ થયા છે, થાય છે કે થશે તે આ જિનના મૂળ પરમાર્થમાર્ગે પ્રયાણ કરીને જ - એમ સર્વ જ્ઞાની સત્ પુરુષોનો પરમ નિશ્ચય છે. ગમે તે દેશમાં, ગમે તે કાળમાં એક જ ત્રિકાલબાધિત મોક્ષમાર્ગ છે, એમ નિશ્ચલ નિશ્ચય સિદ્ધાંત સ્થિત છે.

એટલે **'આત્મખ્યાતિ'કાર આચાર્યજીએ** પ્રકાશ્યું - 'તેથી આત્મા એક જ ઉપાસ્ય છે, એમ સ્વયમેવ પ્રદ્યોતે છે', તે (આત્મા) ખરેખર ! કેવો છે ? નીચેના ચાર કળશ કાવ્યોમાં (૧૬-૧૯) પ્રકાશતાં આશય સંક્ષેપમાં આચાર્યજીએ અત્રે પ્રમાણ - નયદૃષ્ટિથી દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદાભેદની અર્થાત્ ભેદરત્નત્રયી અને અભેદરત્નત્રયી તાત્ત્વિક મીમાંસા રજૂ કરી છે - તેમાં (૧) **પ્રમાણ દૃષ્ટિથી જોઈએ તો** (વ્યવહાર) દર્શન-જ્ઞાન-ચારિત્રથી આત્માનું ત્રિત્વ - ત્રણપણું છે તેથી અને (નિશ્ચયથી) સ્વયં આત્માનું એકત્વ - એકપણું છે તેથી, પ્રમાણથી આત્મા એક સરખી રીતે એકી સાથે મેચક-અમેચક-ચિત્ર અચિત્ર છે.

અને આમ શુદ્ધ આત્માને જાણવો, શ્રદ્ધવો અને આચરવો એ જ એક સનાતન નિશ્ચય સાધ્ય છે, ધ્યેય છે, લક્ષ્ય છે અને એટલે જ સાધ્ય એવા આ આત્માની સિદ્ધિ **'આત્મસિદ્ધિ'** - આત્મખ્યાતિ ઈચ્છનારા સાધક સાધુએ આત્માના સાધક એવા આ આત્મભાવરૂપ નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય જેમાં અભેદભાવે સમાય છે એવા આત્માની જ સાધના કરવી, એ જ અત્ર તાત્પર્યાર્થ - પરમાર્થ છે.



૧૧.

આમ ૧૬મી ગાથામાં આચાર્યજીએ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિશ્ચય મોક્ષમાર્ગની સેવના કરવી એમ પ્રકાશ્યું, તે જ વસ્તુ આ શાસ્ત્રની પૂર્ણાહુતિમાં પણ ગાથામાં (૪૧૨) પ્રકાશી છે. **મહાન્ કુંદકુંદાચાર્યજી** આ ગાથામાં મુમુક્ષુને પરમ ભાવવાહી ઉદ્‌બોધન કર્યું છે -

मोक्खपहे अप्पाणं ठवेहि तं चेव झाहि तं चेत ।

तत्थेव विहर णिच्चं मा विहरसु अण्णदव्वेसु ॥४१२॥

મોક્ષ પથમાં આત્માને સ્થાપ ! તેમ તે જ ધ્યાવ ! તે ચેત ! ત્યાં જ નિત્ય વિહર ! અન્ય દ્રવ્યોમાંમા વિહરીશ. **શાસ્ત્રકર્ત્તાના** આ કર્ણમાં ગુંજી રહે એવા કર્ણામૃતમય પરમ અમર શબ્દોના પ્રત્યેક પદનો અપૂર્વ પરમાર્થ પરમામૃત મધુર અત્યંત વિશદપણે પ્રવ્યક્ત કરી તેના દિવ્ય ધ્વનિનું, અનંતગુણ વિશિષ્ટ સંવર્ધન કરતું વિશ્વાનુગ્રહી વિશ્વગ્રાહી શબ્દબ્રહ્મ વિસ્તારતાં પરમબ્રહ્મજ્ઞ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી 'આત્મખ્યાતિ'માં** પ્રકાશે છે -

'આસંસારથી પરદ્રવ્યે રાગ-દ્વેષમાં નિત્યમેવ સ્વ-પ્રજ્ઞાદોષથી અવતિષ્ઠમાન આત્માને પણ સ્વપ્રજ્ઞાગુણથી જ તેમાંથી વ્યાવૃત્ત કરીને, દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિત્યમેવ અવસ્થાપ અતિ નિશ્ચલ આત્માને ! તથા-ચિત્તાંતર નિરોધથી અત્યંત એકાગ્ર થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યાવ ! તથા સકલ કર્મ - કર્મફલ ચેતનાના સંન્યાસથી શુદ્ધ જ્ઞાનચેતનામય થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત ! તથા દ્રવ્યસ્વભાવ વશ થકી પ્રતિક્ષણે વિજૃંભમાણ (વૃદ્ધિ પામતી) પરિણામતાએ કરીને તન્મય પરિણામવાળો થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ વિહર ! તથા જ્ઞાનરૂપ એક જ અચલિત એવાને અવલંબતો, જ્ઞેયરૂપે ઉપાધિતાથી સર્વતઃ એવ વેગે દોડી રહેલા પરદ્રવ્યોમાં - સર્વેમાં પણ જરા પણ મા **વિહરીશ.**'

卐

૧૨.

અને આ ગાથાના અનુસંધાનમાં **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રાચાર્યજીએ** ઉક્તનાં સારસમુચ્ચય રૂપ **અમૃત કળશ** પ્રકાશ્યો છે -

एको मोक्षपथो य एव नियतो दृग्ज्ञप्तिवृत्तात्मकः,
तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेच्च तं चेतति ।
तस्मिन्नेव निरंतरं विहरति द्रव्यांतराण्यस्पृशन्,
सोऽवश्यं समयस्य सारमचिरान्नित्योदयं विंदति ॥२४०॥

આ કળશ કાવ્યમાં આર્ષદૃષ્ટા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** મુમુક્ષુને કોલ આપે છે કે જે ઉક્ત વિધાનને વિધિવત્ આચરે છે તે **સમયસારને** શીઘ્ર પામે છે - एको मोक्षपथो य एव नियतो दृग्ज्ञप्तिवृत्तात्मकः -दृग् - જ્ઞપ્તિ - વૃત્તાત્મક - દર્શન - જ્ઞાન - ચરિત્રમય એવો જે આ 'નિયત' - ત્રણે કાળમાં ન ચળે એવો પરમ નિશ્ચય એષ એક **મોક્ષપથ - મોક્ષમાર્ગ** છે, ત્યાં જ જે સ્થિતિ કરે છે, તેને અહોનિશ - રાત દિવસ ધ્યાવે છે, તેને ચેતે છે - અનુભવે છે અને 'દ્રવ્યાંતરોને' - આત્માથી અતિરિક્ત અન્ય દ્રવ્યોને 'અસ્પર્શતો' - નહિ સ્પર્શતો તેમાં જ નિરંતર વિહરે છે, તે અવશ્ય નિત્યોદયી સદા ઉદયવંત એવો સમયનો સાર **સમયસાર** અચિરથી - શીઘ્ર વિંદે છે - અનુભવે છે.

આ મોક્ષમાર્ગના ઉપાયો અંગે **સાક્ષાત્ સમયસારભૂત શ્રીમદ્ રાજચંદ્રના** અનુભવસિદ્ધ ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

''જે ઉપાયો દર્શાવ્યા તે સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર અથવા તે ત્રણેનું એક નામ સમ્યક્મોક્ષ.

સમ્યક્દર્શન સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રમાં મુખ્યતા ઘણા સ્થળે વીતરાગોએ કહી છે, જો કે સમ્યક જ્ઞાનથી જ સમ્યક્દર્શનનું પણ ઓળખાણ થાય છે, તો પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વગરનું જ્ઞાન સંસાર એટલે દુઃખના હેતુરૂપે હોવાથી સમ્યગ્દર્શનનું મુખ્યપણું ગ્રહણ કર્યું છે.

જેમ જેમ સમ્યગ્દર્શન શુદ્ધ થાતું જાય છે, તેમ તેમ સમ્યક્ચારિત્ર પ્રત્યે વીર્ય ઉલ્લસતું જાય છે અને ક્રમે કરીને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થવાનો વખત આવે છે, જેથી આત્મામાં સ્થિર સ્વભાવ સિદ્ધ થતો જાય છે અને ક્રમે કરીને પૂર્ણ સ્થિર સ્વભાવ પ્રગટે છે અને આત્મા નિજ પદમાં લીન થઈ સર્વ કર્મ કલંકથી સહિત થવાથી એક શુદ્ધ આત્મસ્વભાવરૂપ મોક્ષમાં પરમ અવ્યાબાધ સુખના અનુભવ સમુદ્રમાં સ્થિત થાય છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૭૫૫



૧૩.

આ અમૃત કળશમાં (૨૪૪) **અમૃતચંદ્રજી પરાત્ પર સમયસારના પરમ મહિમાનું મુક્તકંઠે** ઉત્કીર્ત્તન કરે છે -

अलमलतिजल्पै र्दुर्विकल्पैरनल्पै -
स्वमिह परमार्थश्चिन्त्यतां नित्यमेकः ।
स्वरसविसरपूर्णज्ञानविस्फूर्त्तिमात्रा -
न्न खलु समयसारादुत्तरं किंचिदस्ति ॥२४४॥

અર્થાત્ - અતિ જલ્પવાળા અનલ્પ દુર્વિકલ્પોથી બસ થયું ! બસ થયું. અહીં આ **પરમાર્થ એક નિત્ય** ચિંતવાઓ ! આ શુદ્ધજ્ઞાન રૂપ એક અદ્વિતીય - અદ્વૈત **પરમાર્થનું - પરમઅર્થ સમયસારનું** નિત્ય ચિંતન કરાઓ ! ખરેખર ! નિશ્ચયે કરીને **'સ્વ રસના'** - પોતાના ચેતનરસથી **પૂર્ણ જ્ઞાન વિસ્ફૂર્તિ માત્ર સમયસારથી** ઉત્તર - આગળ પછી કિંચિત્ છે નહિ - કંઈ પણ છે નહિ - न खलु समयसारादुत्तरं किंचिदस्ति ।



આ સમયસાર શાસ્ત્રની પૂર્ણાહુતિ અવસરે અંતિમ ગાથાના ભાવનું સૂચન કરતા આ અમૃત કળશમાં અમૃતચંદ્રજી સમયસારનો મહિમાતિશય જગત્‌ના ચોકમાં પોકારે છે -

इदमेकं जगच्चक्षुरक्षयं याति पूर्णतां ।
विज्ञानघनमानंदमयमध्यक्षतां नयत् ॥२४५॥

અર્થાત્‌ - इदमेकं जगच्चक्षुरक्षयं याति पूर्णतां - આ એક - અક્ષય જગત્‌ ચક્ષુ પૂર્ણતા પામે છે - આ એક - અદ્વિતીય જેનો ક્ષય નથી, એવું જગત્‌ ચક્ષુ - વિશ્વનું દર્શન કરાવનારૂં ચક્ષુ - વિશ્વનેત્ર પૂર્ણતા પામે છે. કેવું છે આ જગત્‌ ચક્ષુ ? આનંદમય વિજ્ઞાનઘનને અધ્યક્ષતા - પ્રત્યક્ષતા પમાડતું એવું, આનંદમય વિજ્ઞાનઘન આત્માનું પ્રત્યક્ષ - સાક્ષાત્‌ દર્શન કરાવતું એવું - विज्ञानघनमानंदमयमध्यक्षतां नयत् ।

આ લેખકે - 'અમૃત જ્યોતિ' મહાભાષ્યકારે આ અમૃત કળશનો ભાવ 'અમૃત પદ'માં (સ્વરચિત) પરમાર્થ પ્રસંગથી ૨૪ કડીમાં વિસ્તાર્યો છે, - અને તે પરમર્ષિ કુંદકુંદાચાર્યજી અને પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી એ જગદ્‌ગુરુ યુગ્મના જગત્‌ ઉપકારી પરમાર્થ કાર્યની પ્રશસ્તિ - પ્રસ્તુતિ હોઈ અત્રે સમુચિત છે. પ્રસ્તુત 'અમૃતપદ' અત્ર અવતારશું -

એક એહ જગચક્ષુ, અક્ષય અત્ર પૂર્ણતા પામે,
વિજ્ઞાનઘન આનંદમય અધ્યક્ષ, દેખાડતું જે સામે... એક એહ જગચક્ષુ અક્ષય. ૧
'સમયસાર' જગચક્ષુ વિના યે, જગમાં બધે અંધારું,
જગમાં વસ્તુ કાંઈ ન દીસે, ગોથાં ખાય બિચારૂં... એક એહ જગચક્ષુ અક્ષય. ૨
'સમયસાર' જગચક્ષુ વિના જગ, અંધ માર્ગમાં ચાલે,
ઉત્પથ કુપથે ઠેબાં ખાતું, અંધ શું કોઈ ન ભાળે... એક એહ જગચક્ષુ અક્ષય. ૩
'સમયસાર' જગચક્ષુ આ તો, જગત સકલ દેખાડે,
જ્ઞાનપ્રકાશ રેલાવી જગમાં, સાચો સર્વ પ્રકાશ પમાડે... એક એહ જગચક્ષુ અક્ષય. ૪
'સમયસાર' જગચક્ષુ જગમાં, સાચો માર્ગ બતાવે,
જગને સાક્ષાત્‌ દૃષ્ટા કરતું, સન્માર્ગે જ ચલાવે... એક એહ જગચક્ષુ અક્ષય. ૫
'સમયસાર' જગચક્ષુ આ તો, દિવ્ય ચક્ષુ જગ અર્પ્યું,
'કુંદકુંદ' દિવ્ય દૃષ્ટાએ, આત્મ સર્વસ્વ સમર્પ્યું... એક એહ જગચક્ષુ અક્ષય. ૬
આ જગચક્ષુના સર્જનમાં, આત્મવિભવ સહુ અર્પી,
'એકત્વવિભક્ત આત્મા દર્શાવું', પ્રતિજ્ઞા જેણે તર્પી... એક એહ જગચક્ષુ અક્ષય. ૭
'સમય પ્રાભૃત' આ જગચક્ષુનું, જગને પ્રાભૃત અર્પી,
મહાજ્ઞાનધનેશ્વરીએ જે, ઋષિઋણ દીધું તર્પી... એક એહ જગચક્ષુ અક્ષય. ૮
આ પ્રાભૃતમાં 'આત્મખ્યાતિ'નું, પ્રાભૃત મહા ઉમેરી,
જ્ઞાનદાનેશ્વરીએ અમૃતચંદ્રે, જગચક્ષુ કાંતિ ઉદેરી... એક એહ જગચક્ષુ અક્ષય. ૯
આત્મવૈભવ સર્વસ્વ સમર્પી, મુનીંદ્રે અમૃતચંદ્રે,
આ જગચક્ષુની દિવ્ય પ્રભાને, ઓર વધારી ઉમંગે... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૦
દિવ્ય દૃષ્ટા આ અમૃતચંદ્રે, દિવ્ય દૃષ્ટિ અહીં અર્પી,
'સમયસાર' જગચક્ષુ કેરી, ખ્યાતિ પ્રતિપદ તર્પી... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૧

દિવ્ય દૃષ્ટા આ જગગુરુ યુગલે, દિવ્ય ચક્ષુ આ દીધું,
'સમયસાર' આ 'આત્મખ્યાતિ'થી, જગ ઉદ્યોતિત કીધું... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૨
એક અદ્વૈત આ શુદ્ધ આત્મનું, ખ્યાપન કરતું ચક્ષુ,
એક અદ્વૈત સકલ જગમાં આ, જગગુરુનું જગચક્ષુ... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૩
કેવલ જ્ઞાનમય શુદ્ધ આત્મનું, દર્શન કરતું સાક્ષાત્,
કેવળજ્ઞાનમય જગચક્ષુ આ, દેખે જગ સહુ સાક્ષાત્... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૪
સર્વ પ્રદેશે જ્ઞાનમયો જે, વિજ્ઞાનઘન આ આત્મા,
પર પરમાણુ ન પેસે એવો, વિજ્ઞાનઘન ચિદાત્મ... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૫
પ્રત્યક્ષ કરતું જગને આપ્યું, દિવ્ય ચક્ષુ આ સાક્ષાત્,
કુંદકુંદે ને અમૃતચંદ્રે, વિજ્ઞાનઘને સાક્ષાત્... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૬
કદી પણ ક્ષય ન જ પામે, એવું અક્ષય આ જગચક્ષુ,
પ્રત્યક્ષ જગ સહુ દેખે એવું, દેખો સદા મુમુક્ષુ... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૭
અક્ષયનિધિ આ કાળ અનંતે, કદી ન ખૂટ્યો ખૂટે,
ભલે અનંત અનંત મુમુક્ષુ, લૂટાય તેટલો લૂટે... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૮
અક્ષયનિધિ આ જ્ઞાનરત્નથી, ભરિયો અમૃત દરિયો,
અક્ષયનિધિ આ કુંદકુંદ ને, અમૃતચંદ્રે ધરિયો... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૯
અક્ષયનિધિ જગચક્ષુ એવું, 'સમયસાર' આ શાસ્ત્ર,
જ્ઞાનપૂર્ણ થયું પૂર્ણ પૂર્ણ આ, 'આત્મખ્યાતિ'નું પાત્ર... એક એહ જગચક્ષુ અક્ષય. ૨૦
પૂર્ણ પ્રકાશતું પૂર્ણ થયું આ, તો ય રહ્યું આ પૂર્ણ,
પૂર્ણથી પૂર્ણ આ નીકળ્યું તોયે, પૂર્ણ શેષ આ પૂર્ણ... એક એહ જગચક્ષુ અક્ષય. ૨૧
કુંદકુંદ ને અમૃતચંદ્રે, મંથી સિંધુ સમય શાસ્ત્ર,
જ્ઞાનામૃતથી પૂર્ણ ભર્યું આ, પૂર્ણ કળશ આ પાત્ર... એક એહ જગચક્ષુ અક્ષય. ૨૨
પૂર્ણ આનંદથી પૂર્ણ, આનંદમય વિજ્ઞાનઘન આ આત્મા,
પ્રત્યક્ષ કરતું આ જગચક્ષુ, અર્પ્યું દિવ્ય આ મહાત્મા... એક એહ જગચક્ષુ અક્ષય. ૨૩
વિજ્ઞાનના ઘન વર્ષતો, આ આત્મા આ ઘન વિજ્ઞાન,
ગાયો સાક્ષાત્ 'વિજ્ઞાનઘન' આ, અમૃતચંદ્ર ભગવાન... એક એહ જગચક્ષુ અક્ષય. ૨૪



આ અમૃત કળશમાં સૂચવ્યા પ્રમાણે આ અંતિમ ગાથામાં શાસ્ત્રકાર ભગવાન આ સમય પ્રાભૃતનું પરમાર્થફલ ઉદ્‌ઘોષે છે -

जो समयपाहुडमिणं पडिहूणं अत्थतच्चदो णाउं ।
अत्थे ठाही चेया सो होदी उत्तमं सोक्खं ॥

જે આ સમયપ્રાભૃત પઠીને અર્થ - તત્ત્વથી જાણીને ચેતયિતા અર્થમાં સ્થિતિ કરશે તે ઉત્તમ સૌખ્ય હોશે. એમ શબ્દબ્રહ્મનો દિવ્ય નાદ ગજાવતા **પરમબ્રહ્મજ્ઞ પરંબ્રહ્મનિષ્ઠ પરમર્ષિ કુંદકુંદાચાર્યજીના** કર્ણામૃતમય અમૃત શબ્દોના દિવ્ય ધ્વનિને અનંતગુણવિશિષ્ટ ભાવથી બહલાવતાં, શબ્દબ્રહ્મના પરમ પારદૃશ્વા **પરમબ્રહ્મવેત્તા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** આ ગાથાના પ્રત્યેક પદની પરમ અદ્‌ભુત અપૂર્વ વ્યાખ્યા કરી, આત્માની અનન્ય ખ્યાતિ કરતી આ યથાર્થનામા **'આત્મખ્યાતિ'માં વિશ્વપ્રકાશક સમયસાર** - શુદ્ધ આત્માની અપૂર્વ ખ્યાતિ પ્રકાશી છે -

'જે નિશ્ચયે કરીને - સમયસારભૂત આ ભગવત્ પરમાત્માના વિશ્વપ્રકાશકપણાએ કરીને વિશ્વ સમયના પ્રતિપાદન થકી સ્વયં શબ્દબ્રહ્મરૂપ થઈ રહેલા આ શાસ્ત્રને અધ્યયન કરી,

વિશ્વપ્રકાશનમાં સમર્થ પરમાર્થભૂત ચિત્ પ્રકાશરૂપ પરમાત્માને નિશ્ચિત કરતો અર્થથી અને તત્ત્વથી પરિચ્છેદીને, આના જ અર્થભૂત ભગવત્ એક પૂર્ણ વિજ્ઞાનઘન પરમ બ્રહ્મમાં સર્વારંભથી ચેતયિતા સ્થિતિ કરશે,

તે એક સાક્ષાત્ તત્ક્ષણ વિજૃંભમાણ ચિદેકરસનિર્ભર સ્વભાવમાં સુસ્થિત નિરાકુલ આત્મરૂપતાએ કરીને 'પરમાનંદ' શબ્દથી વાચ્ય ઉત્તમ અનાકુલત્વ લક્ષણ સૌખ્ય સ્વયમેવ થશે.'

- આવા પરમાર્થઘન પરમતત્ત્વ ગંભીર ભાવને **'આત્મખ્યાતિ'માં** એક સળંગ વાક્યમાં **'આત્મખ્યાતિ'કારે** સંદબ્ધ કર્યો છે, એ આશ્ચર્યનું આશ્ચર્ય છે.

અને **'આત્મખ્યાતિ'**નો ભાવ-આશય **આ લેખકે 'અમૃત જ્યોતિ મહાભાષ્ય'માં** પરિસ્ફુટ કર્યો છે - **'સમયસાર ભૂત'** - સમયના સારભૂત અથવા 'સમયસાર' - શુદ્ધ આત્મા થઈ ગયેલા એવા આ **'ભગવત્'** - પરમજ્ઞાનાદિઐશ્વર્યસંપન્ન **પરમાત્મા 'વિશ્વપ્રકાશક'** - અખિલ જગત્‌ના પ્રકાશક છે, આવા વિશ્વપ્રકાશક સમયસાર પરમાત્માનું સ્વરૂપ આ **સમયસાર** શાસ્ત્ર પ્રકાશે છે, એટલે આમ વિશ્વપ્રકાશક સમયસારના પ્રકાશનને લીધે આ **સમયસાર શાસ્ત્ર** 'વિશ્વ સમયનું' - સર્વ જગત્ પદાર્થનું પ્રતિપાદન - પ્રરૂપણ કરે છે અને એટલે જ અખિલ વિશ્વના સર્વ પદાર્થને વ્યાપી રહેલું આ **સમયસાર શાસ્ત્ર** 'સ્વયં' - આપોઆપ **'શબ્દબ્રહ્મ રૂપ'** - વિશ્વવ્યાપક - વિશ્વપ્રકાશક **પરમાગમ રૂપ** થઈ પડે છે.

આમ જે ખરેખર ! નિશ્ચય કરીને (૧) **સમયસારભૂત આ ભગવત્ પરમાત્માના** વિશ્વપ્રકાશકપણાએ કરીને, વિશ્વ સમયના પ્રતિપાદનને લીધે સ્વયં **શબ્દબ્રહ્મ રૂપ** થઈ રહેલા આ શાસ્ત્રને અધ્યયન કરી, (૨) વિશ્વ પ્રકાશનમાં - અખિલ જગતને પ્રકાશવામાં સમર્થ પરમાર્થભૂત - ચિત્ પ્રકાશરૂપ પરમાત્માને નિશ્ચિત કરતો અર્થથી અને તત્ત્વથી **'પરિચ્છેદીને'** - પરિજ્ઞાન કરીને - સર્વથા જાણીને, (૩) આના જ અર્થભૂત **ભગવત્ એક પૂર્ણ વિજ્ઞાનઘન પરમબ્રહ્મમાં 'ચેતયિતા'** - ચેતનારો - ચેતન અનુભવયિતા સર્વારંભથી - આત્માની સમસ્ત શક્તિથી સ્થિતિ કરશે, (૪) તે 'સાક્ષાત્' - પ્રત્યક્ષ તત્ક્ષણ વિજૃંભમાણ' - વિવર્ધમાન - વિકસાયમાન - ઉત્તરોત્તર વૃદ્ધિગત થતા - ઉલ્લસી રહેલા - 'ચિદેક રસનિર્ભર' - ચિદ્ રૂપ એક - અનંતરસથી 'નિર્ભર' પરિપૂર્ણ સ્વભાવમાં 'સુસ્થિત' - સારી પેઠે સ્થિત એવી 'નિરાકુલ' - આકુલતા રહિત આત્મરૂપતાએ કરીને, **'પરમાનંદ'** શબ્દથી વાચ્ય એવું ઉત્તમ અનાકુલત્વ લક્ષણ સૌખ્ય સ્વયમેવ થશે, અર્થાત્ ઉક્ત વિધાનથી જે ચેતયિતા **પૂર્ણ વિજ્ઞાનઘન પરંબ્રહ્મની** અનુભૂતિ કરશે, તે ચિદેકરસનિર્ભર સ્વભાવમાં સુસ્થિત નિરાકુલ આત્મરૂપતાએ કરીને પોતે જ પરમાનંદ સ્વરૂપ અનાકુલત્વ લક્ષણ ઉત્તમ - પરમ સૌખ્ય બની જશે.

એમ પૂર્ણ વિજ્ઞાનઘન ભગવાન **કુંદકુંદાચાર્યજીની** અનુપમ અમૃત કૃતિ આ **સમયસારની** અંતિમ ગાથાની અનન્ય વ્યાખ્યા પ્રકાશતાં વિજ્ઞાનઘન ભગવાન **અમૃતચંદ્રાચાર્યજીએ** અત્ર અપૂર્વ તત્ત્વકળાથી ગૂંથેલ સૂત્રાત્મક અનુપમ અમૃત **'આત્મખ્યાતિ'**ના દિવ્ય ધ્વનિથી ઉદ્‌ઘોષણા કરી.

સ્યાદ્વાદ : ચૂલિકાની ભૂમિકા

આમ આ મંગલમય શાસ્ત્રની ભવ્ય પૂર્ણાહુતિ તો થઈ અને તે શાસ્ત્રગાથાની મંગલમયી 'આત્મખ્યાતિ' વ્યાખ્યા પણ મંગલ પૂર્ણાહુતિ પામી, અને આમ પદે પદે શુદ્ધ આત્માની ખ્યાતિ કરતી આ યથાર્થનામા 'આત્મખ્યાતિ'થી પોતાના શુદ્ધ આત્માની ખ્યાતિ પદે પદે ઓર પ્રખ્યાતિ પમાડી, પોતે પ્રારંભમાં પ્રતિજ્ઞાત કરેલ પોતાની શુદ્ધ ચિન્માત્રમૂર્ત્તિની પરમ વિશુદ્ધિ પ્રાપ્ત કર્યાથી, અમૃતચંદ્રજીના પરમામૃતમય દિવ્ય આત્માનો દિવ્ય પરમાનંદ એટલો બધો સમુલ્લાસ પામ્યો, કે તેનો ઉભરાઈ જતો (over flowing) અમૃતરસ આ શાસ્ત્રના કળશના કળશરૂપ ચિંતામણિ રત્નમય સ્યાદ્વાધિકારમાં સંભૃત થઈ તત્ત્વજ્ઞાનના મેરુ શિખર સમા આ ગ્રંથરાજના સુવર્ણમય શિખરે સમારૂઢ થયો, અને આ પરમાગમ સમયસાર શાસ્ત્રના પરમ તાત્પર્યરૂપ અનેકાંત * જ્ઞાન-જ્યોતિનો દિવ્ય પ્રકાશ યાવચ્ચંદ્રદિવાકરૌ ઝગઝગરાવી રહ્યો ! આ પરમ શાસ્ત્રની 'આત્મખ્યાતિ' વ્યાખ્યાની પરમ શોભારૂપ વિશિષ્ટ અંગભૂત કળશકાવ્ય - કે જેના એક એક અમૃત કળશમાં - 'અમૃત કુંભ'માં ઠાંસી ઠાંસીને ભરેલો ચૈતન્ય અમૃતરસ સિંધુરૂપ સ્વયંભૂરમણ સમુદ્રનો દિવ્ય અનુભવ અમૃતરસ કોઈ પણ મુમુક્ષુને સુગમપણે 'પેય' અમૃત પાનરૂપ થઈ પડ્યો છે. આવા આ અનુપમ દિવ્ય અમૃત કળશકાવ્યની સૃષ્ટિથી પણ સંતોષ ન પામતાં દિવ્ય દૃષ્ટા મહાકવિ-બ્રહ્મા પરમ બ્રહ્મજ્ઞ પરંબ્રહ્મ પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ કળશના કળશરૂપ આ સ્યાદ્વાદ અધિકારની પરમ અદ્‌ભુત રચના કરી છે અને આ શાસ્ત્રચૂડામણિના ચૂડામણિ સ્થળે શોભી રહેલ ચૂલિકારૂપ આ સ્યાદ્વાદાધિકારમાં પરમ જગદ્‌ગુરુ અર્હંત્ ભગવાનના અનેકાંત સિદ્ધાંતની અલૌકિક મૌલિક અભૂતપૂર્વ અનન્ય તત્ત્વમીમાંસા કરી, જગત્‌માં અનેકાંતનો વિજય ઉદ્‌ઘોષી, જ્ઞાનનો અનન્ય મહિમા વિસ્તાર્યો છે. (ભગવાનદાસ)

આ **સ્યાદ્વાદ અધિકાર**માં એકત્રીશ (૩૧) અમૃત કળશનું દિવ્ય ગાન **અમૃતચંદ્રજી**એ ગાયું છે, તેમાંના ઉપસંહાર રૂપ ત્રણ **અમૃત કળશ** આ રહ્યા -

जयति सहजपुंजः पुंजमज्नत्त्रिलोकी -
स्खलदखिलविकल्पोऽप्येक एव स्वरूपः ।
स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलंभः,
प्रसभनियमितार्चिश्चिच्चमत्कार एषः ॥२७५॥

આ **'આત્મખ્યાતિ'** પરમ અમૃત કૃતિની (most Immortal nectar like work) પરમાર્થ મહાકવિ **જગદ્ગુરુ અમૃતચંદ્રાચાર્યજી** આ પરમ પરમામૃતસંભૃત કળશ કાવ્યમાં પરમ ભાવોલ્લાસથી આ **ચિત્ ચમત્કારરૂપ સહજ સ્વરૂપનો** જય ઉદ્ઘોષે છે - **'સ્વરૂપ'** - સ્વ - પોતાનું રૂપ - નિજરૂપ જેનું એવો આ **સ્વરૂપ સહજ પુંજ** જય પામે છે. કેવો છે આ **સહજ પુંજ** ? પુંજમાં 'મજ્જતી' - મગ્ન થતી **'ત્રિલોકી'** - લોકત્રયી છે, એટલે 'અખિલ' - સમસ્ત વિકલ્પ જ્યાં સ્ખલિત થાય છે એવો છતો પણ જે **'એક જ'** છે - જ્યાં દ્વિતીય બીજું કંઈ પણ નથી એવા અદ્વૈત જ છે. અર્થાત્ ત્રણે લોક આ સહજ પુંજમાં પ્રતિભાસિત થતા હોઈ જાણે તેમાં 'મગ્ન' થાય છે, એટલે પછી ત્રણે લોક સંબંધી કંઈ પણ વિકલ્પને સ્થાન રહેતું નથી, એટલે કે નિર્વિકલ્પ એવો તે **સ્વરૂપ માત્ર જ** છે, તે જયવંત છે. આ **સહજ પુંજ** કેવો છે ? 'સ્વરસની' - 'સ્વ' 'રસના' - ચિદ્ રસના 'વિસરથી' પૂર્ણ 'અચ્છિન્ન' - અખંડ 'તત્ત્વોપલંભ' - તત્ત્વાનુભવ - તત્ત્વાનુભૂતિ - તત્ત્વ પ્રાપ્તિ જ્યાં થાય છે એવો, 'પ્રસભથી' - વસ્તુના સ્વરૂપ બલથી 'નિયમિત' - સ્વરૂપમાં નિયત નિશ્ચયવૃત્તિથી નિયમમાં રખાયેલ છે, 'અર્ચિષ્' - નીકળતા કિરણ - રશ્મિ જેના એવો, આ **'ચિત્ ચમત્કાર'** છે, જ્યાં ચિત્ના 'ચમત્કાર' - પરમ આશ્ચર્યકારી - પરમ 'અદ્ભુતાદદ્ભુત' (most wonderful) ચમકારા થાય છે, એવા **'ચિત્ ચમત્કાર'** છે, प्रसभनियमिताचिश्चिच्चमत्कार एषः ।

અર્થાત્ **ચિત્ ચમત્કાર રૂપ સહજાત્મસ્વરૂપી સહજ પુંજ** જયવંત છે. જે જ્ઞાનપુંજમાં ત્રિલોકી મજ્જિત થતાં તત્ સંબંધી અખિલ વિકલ્પ સ્ખલિત થાય છે, એટલે નિર્વિકલ્પ દશાને પામેલો આ સહજ પુંજ એક જ સ્વ છે રૂપ જેનું **'સ્વરૂપ'** છે - **સહજાત્મસ્વરૂપ** છે. સ્વરસવિસરથી પૂર્ણ એવો અખંડ તત્ત્વઅનુભવ જ્યાં થાય છે, એવો સહજાત્મસ્વરૂપી સહજપુંજ સ્વબલથી - સ્વરૂપ સામર્થ્યથી જેના 'અર્ચિષ્' - કિરણ નિયમિત છે, એવો આ **ચિત્ ચમત્કાર સહજાત્મસ્વરૂપી પરમ આત્મદેવ - ચૈતન્યદેવ** જય પામે છે !

આવી આ ચિત્ ચિંતામણિમય **'આત્મખ્યાતિ'** અમૃત ગીતા **'તત્ત્વચિંતામણિ' અમૃતચંદ્રાચાર્યે** તત્ત્વ ચિંતામણિમય 'સુછંદ'થી - સુંદર કાવ્ય પ્રકારથી સંગીત કરી છે. 'તત્ત્વ ચિંતામણિ' રત્નની શિલાઓ સંયોજીને આ **'આત્મખ્યાતિ'રૂપ** અનુપમ પ્રાસાદ યોજી, તત્ત્વકળાના અનુપમ શિલ્પી - કળાકાર **અમૃતચંદ્ર મહાકવિએ અમૃત એવી અનલ્પ પરમ કળા દાખવી છે. આ 'આત્મખ્યાતિ' રૂપ** તત્ત્વચિંતામણિમય પ્રાસાદ તે સાક્ષાત્ તત્ત્વચિંતામણિ ભગવાન **અમૃતચંદ્રનો** અમૃત પ્રસાદ છે. અત્રે આ તત્ત્વચિંતામણિમય પ્રાસાદના શ્રૃંગ પર - શિખરે ભગવાન **અમૃતચંદ્રે** સર્વાંગે 'સુવર્ણ' મઢેલા દિવ્ય કળશ ચઢાવ્યા છે ! **સહજસ્વરૂપી ભગવાન અમૃતચંદ્રે** જ્ઞાનામૃતરસ - ચંદ્રિકા પરમ આનંદથી રેલાવી છે !

૧૭.

अविचलितचिदात्मन्यात्मनात्मानमात्म -
न्यवरतरतनिमग्नं धारयद् ध्वस्तमोहं ।
उदितममृतचंद्रज्योतिरेतत्समंता -
ज्ज्वलतु विमलपूर्णं निःसपत्नस्वभावं ॥२७६॥

અત્રે આચાર્યચૂડામણિ ભગવાન કુંદકુંદાચાર્યજીએ રચેલા આ તત્ત્વજ્ઞાનના મેરુશિખર સમા આ **સમયસાર** શાસ્ત્રની અને દિવ્ય આત્માની બુલંદ ખ્યાતિ પોકારતી આ અચિંત્ય ચિંતામણિ નિધાન સમી યથાર્થનામા **'આત્મખ્યાતિ'** પરમ અમૃત કૃતિના ભવ્ય પૂર્ણાહુતિ પ્રસંગે આ બીજો પરમ પરમામૃત પૂર્ણ મંગલ કળશ ચઢાવતાં, આવી પરમ અદ્‌ભુત કૃતિથી પરમ કૃતકૃત્ય બની પરમ અમૃતત્વને પામેલા યથાર્થનામા **આચાર્ય ચૂડામણિ ભગવાન અમૃતચંદ્રાચાર્યજી** પૂર્ણાનંદ ઉલ્લાસથી - 'આ વિમલ પૂર્ણ ઉદિત **'અમૃતચંદ્ર જ્યોતિ'** સમંતાત્ - સર્વતઃ સર્વ દિશામાં - સર્વકાળમાં - સર્વક્ષેત્રમાં જ્વલો - ઝળહળો ! એવો મંગલ આશિર્વાદ આપે છે - 'અવિચલિત' - ચિદ્ છે આત્મા જેનો એવા 'ચિદાત્મા' આત્મામાં આત્માને આત્માથી 'અનવરત નિમગ્ન' - નિરંતર સતત 'નિમગ્ન' ધારતી, 'મોહ' જેણે 'ધ્વસ્ત' કર્યો છે એવી, 'નિઃસપત્ન' - નિર્વિરોધી - નિરાવરણ 'સ્વભાવવાળી' આ 'ઉદિત' વિમલ પૂર્ણ **'અમૃતચંદ્ર જ્યોતિ'** 'સમંતાત્' - સર્વતઃ સર્વ દિશામાં - સર્વકાળમાં - સર્વક્ષેત્રમાં દેશ - કાળના બંધનથી અનવચ્છિન્નપણે 'જ્વલો' ! જ્વલંતપણે પ્રકાશો ! જ્વલંત સહજાત્મસ્વરૂપ પ્રકાશપુંજથી ઝળહળો ! उदितममृतचंद्रज्योतिरेतत्समंतात् ज्वलतु विमलपूर्णं निःसंपत्नस्वभावं ।

આ **'અમૃત'** કળશનો ભાવ આ લેખકે પરમર્ષિ યુગ્મની પ્રશસ્તિ - પ્રસ્તુતિ કરતાં સ્વરચિત **(૧૭)** કડીના આ **'અમૃત પદ'માં** બહાવલાવ્યો છે -

અમૃત પદ - (રત્નમાલા)

ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ઝળહળજો આ અમૃત જ્યોતિ !... ધ્રુવપદ.

કદી ન ચળતા એહ ચિદાત્મા, આત્મમહીં આત્માથી આત્મા,
સતત નિમગ્નો જેહ ધરંતી, મોહ સમસ્તો ધ્વસ્ત કરંતી... ઝળહળજો આ અમૃત જ્યોતિ. ૧

અમૃત કૃતિ અમૃત રસ પૂર્ણા, **'આત્મખ્યાતિ'** આ કરતી પ્રપૂર્ણા,
પુલકિત થાતા સાત્ત્વિક હર્ષી, ઉદિત થઈ જે અમૃત વર્ષી... ઝળહળજો આ અમૃત જ્યોતિ. ૨

ઝળહળતી જે સ્વરૂપ સુતેજે, સર્વ જ્યોતિથી અતિશયિ તેજે,
આતમ-**અમૃતચંદ્ર**ની ખ્યાતિ, પદ પદ કરતી વિશ્વવિખ્યાતિ... ઝળહળજો આ અમૃત જ્યોતિ. ૩

અનવચ્છિન્ના જે સર્વ દેશ કાળે, સર્વ દિશાથી સર્વ નિહાળે,
દૂર દૂરથી આકર્ષણ કરતી, ચિદ્ ગગને જે નિત ચમકંતી... ઝળહળજો આ અમૃત જ્યોતિ. ૪

અમૃતચંદ્ર જ્યોતિ તેહ મુદામાં, ઝળહળજો આ સર્વ દિશામાં,
વિભાવ ટળ્યાથી વિમલ સદા જે, સ્વભાવ મળ્યાથી પૂર્ણ વિરાજે... ઝળહળજો આ અમૃત જ્યોતિ. ૫

પ્રતિપંથિ જેનો નહિ જગમાં, શિવપથ દર્શિ જે પદપદમાં,
નિઃસપત્ન એવો જસ સ્વભાવ, પ્રગટ પ્રકાશ્યો પરમ પ્રભાવ... ઝળહળજો આ અમૃત જ્યોતિ. ૬

અમૃતચંદ્ર જ્યોતિ તેહ મુદામાં, ઝળહળજો આ સર્વ દિશામાં,
અનુભવ અમૃતરસ વરષંતી, ચકોર ચિતોને નિત હરષંતી... ઝળહળજો આ અમૃત જ્યોતિ. ૭

પરમશ્રુત પ્રભાવન કરતો, અમૃત કળશે અમૃત ભરતો,
'આત્મખ્યાતિ' અમૃત પદ ધરતો, ભગવાન આ અમૃતપદ વરતો... ઝળહળજો આ અમૃત જ્યોતિ. ૮
'આત્મખ્યાતિ' અમૃત ગ્રંથ એવો, નિર્ગ્રંથ ગૂંથ્યો અમૃત દેવે,
તત્ત્વકળાથી પૂરણ ઝીલ્યો, સકળ કળાથી 'ચંદ્ર' શું ખીલ્યો !... ઝળહળજો આ અમૃત જ્યોતિ. ૯
જ્ઞાનચંદ્રિકા દિવ્ય રેલાવી, આતમ-અમૃતચંદ્ર પ્રભાવી,
પરંબ્રહ્મ અમૃતચંદ્રે આવી, શબ્દબ્રહ્મની આ સૃષ્ટિ સર્જાવી... ઝળહળજો આ અમૃત જ્યોતિ. ૧૦
'આત્મખ્યાતિ'નો ગાતા સુજશો, પદ પદ સ્થાપ્યા અમૃત કળશો,
ભવ્ય જનોને અમૃત પીવા, અમૃત કીર્ત્તિના અમૃત દીવા... ઝળહળજો આ અમૃત જ્યોતિ. ૧૧
અમૃત મંથન અમૃતચંદ્રે, તત્ત્વસિંધુનું કરી ઉછરંગે,
અમૃત કળશે અમૃતસિંધુ, સંભૃત કીધો અનુભવ ઈંદુ... ઝળહળજો આ અમૃત જ્યોતિ. ૧૨
ચૌદ પૂર્વ સારો સમયસારો, 'આત્મખ્યાતિ' મંથે લઈ તસ સારો,
અમૃત કળશે અમૃત જમાવ્યો, વિજ્ઞાનઘન તે અમૃત સમાવ્યો... ઝળહળજો આ અમૃત જ્યોતિ. ૧૩
જ્ઞાનદાનેશ્વરી શ્રી કુંદકુંદે, શુદ્ધોપયોગી મહામુનિ ઈંદ્રે,
સમયતણું આ પ્રાભૃત કીધું, જગગુરુ જગને પ્રાભૃત દીધું... ઝળહળજો આ અમૃત જ્યોતિ. ૧૪
'આત્મખ્યાતિ'થી કરી તસ ખ્યાતિ, દિવ્ય સ્વાત્માની કરતી વિખ્યાતિ,
મહાપ્રાભૃત તે કીધું સુછંદે, અમૃતચંદ્રે મહામુનિચંદ્રે... ઝળહળજો આ અમૃત જ્યોતિ. ૧૫
જ્ઞાન દાનેશ્વરી જગગુરુ જોડી, જગમાં જેની જડતી ન જોડી,
દાસ ભગવાન આ કહે કર જોડી, જુગ જુગ જીવે જગગુરુ જોડી... ઝળહળજો આ અમૃત જ્યોતિ. ૧૬
આત્મખ્યાતિની અમૃત જ્યોતિ, ઉદિત થઈ અમૃત જ્યોતિ,
ટીકા ભગવાનની 'અમૃત જ્યોતિ', જ્વલો જગમાં આ અમૃત જ્યોતિ... ઝળહળજો આ અમૃત જ્યોતિ. ૧૭

અર્થાત્ - આ **અમૃતચંદ્ર જ્યોતિ** સર્વતઃ ઝળહળજો ! કેવી છે આ **અમૃતચંદ્ર જ્યોતિ** ? કદી પણ ન ચળતા એના અચલિત ચિદાત્મા આત્મામાં આત્માને નિરંતર નિમગ્ન ધારતી અને સમસ્ત મોહને જેણે 'ધ્વસ્ત' કર્યો છે - સર્વનાશ કર્યો છે એવી અને આ **'આત્મખ્યાતિ'** અમૃતરસ પૂર્ણ અમૃત કૃતિ પૂર્ણ આ અમૃતવર્ષિણી **'ઉદિત અમૃતચંદ્ર જ્યોતિ'** આવું પરમ અમૃત વર્ષાથી ને સાત્ત્વિક હર્ષથી પુલકિત થતી 'મુદિત' થઈ છે - આનંદ આનંદ પામી ગઈ છે. સર્વ જ્યોતિથી 'અતિશાયિ' - ચઢિયાતા તેજે કરી સ્વરૂપ સુતેજે જે **અમૃતચંદ્ર જ્યોતિ** આત્મારૂપ **અમૃતચંદ્ર**ની ખ્યાતિને પદે પદે વિશ્વ વિખ્યાતિ કરી રહી છે અને સર્વ દેશ - કાળથી અનવચ્છિન્ન જે સર્વ દિશાથી સર્વ નિહાળે છે, એવી દૂર દૂરથી આકર્ષણ કરતી જે **અમૃતચંદ્ર જ્યોતિ** ચિદ્ ગગનમાં નિત્ય ચમકી રહી છે. વિભાવ ટળ્યાથી જે સદા વિમલ છે અને સ્વભાવ મળ્યાથી જે પૂર્ણ વિરાજે છે એવી આ ઉદિત **અમૃતચંદ્ર જ્યોતિ** સર્વ દિશામાં ઝળહળજો ! જેનો પ્રતિપંથિ વિરોધી જગત્માં છે નહિ ને પદે પદે જે શિવપથદર્શી - મોક્ષમાર્ગ દર્શાવનાર છે. એવો 'નિઃસપત્ન' - નિર્વિરોધી - નિરાવરણ પરમ પ્રભાવી સ્વભાવ પ્રકટ પ્રકાશ્યો છે. એવી આ અનુભવ અમૃતરસ વર્ષતી ને ચકોર ચિત્તોને નિત્ય હર્ષતી આ ઉદિત **અમૃતચંદ્ર જ્યોતિ** સર્વ દિશામાં ઝળહળજો !

આમ **'પરમશ્રુતનું પ્રભાવન કરતો અમૃત કળશોમાં** અમૃત ભરતો, ને **'આત્મખ્યાતિ' રૂપ** અમૃત પદ ધરતો આ **ભગવાન અમૃતચંદ્ર** અમૃત પદ વરે છે. એવો આ **'આત્મખ્યાતિ'** અમૃત ગ્રંથ પરમ નિર્ગ્રંથ **અમૃતચંદ્રાચાર્ય** દેવે પૂર્ણ તત્ત્વકળાથી ગૂંથ્યો છે, તે સકલ - સોળે કળાથી જાણે 'ચંદ્ર' ખીલ્યો છે !

આત્મારૂપ અમૃતચંદ્રનો પ્રભાવ કરનારી આ દિવ્ય જ્ઞાનચંદ્રિકા રેલાવી પરંબ્રહ્મ અમૃતચંદ્ર - કવિ બ્રહ્માએ આ શબ્દબ્રહ્મની આવી દિવ્ય સૃષ્ટિ સર્જી છે ! તેમાં - 'આત્મખ્યાતિ'નો સુજશ ગાતા અમૃત કળશો ભવ્ય જનોને અમૃત પીવાને પદે પદે સ્થાપ્યા છે, તે જાણે અમૃતચંદ્ર મહાકવિની કીર્ત્તિના કીર્ત્તિસ્થંભ સમા એમ ઝળહળતા અમૃત દીવા છે ! અમૃતચંદ્રે અત્યંત ઉછરંગથી - પરમ આત્મોલ્લાસથી તત્ત્વસિંધુનું અમૃત મંથન કરી એકેક અમૃત કળશમાં 'અનુભવ અમૃતચંદ્ર' રૂપ અમૃતસિંધુ સંભૃત કરી દીધો છે ! ચૌદ પૂર્વનો સાર એવો જે સમયસાર, તેનો 'આત્મખ્યાતિ' મંથ વડે સાર લઈને વિજ્ઞાનઘન તે અમૃતચંદ્રે એકેક અમૃત કળશમાં વિજ્ઞાનઘન એવું તે પરમ અમૃત જમાવ્યું છે, જાણે ગાગરમાં સાગર સમાવ્યો છે !

અને આમ શુદ્ધોપયોગી મહામુનીંદ્ર જ્ઞાનદાનેશ્વરી શ્રી કુંદકુંદાચાર્યજી જગત્ગુરુએ સમયનું આ પ્રાભૃત કરી જગત્ને તેનું પ્રાભૃત (ભેટણું) કર્યું, દિવ્ય આત્માની વિખ્યાતિ કરતી 'આત્મખ્યાતિ' પરમ અદ્ભુત મહાટીકાથી તે સમય પ્રાભૃતને તેવા જ જ્ઞાનદાનેશ્વરી મહામુનિચંદ્ર અમૃતચંદ્રે મહાપ્રાભૃત કર્યું. આવા આ મહાજ્ઞાનદાનેશ્વરી બે જગદ્ગુરુની - કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્યની જોડી - કે જેની જોડી જગત્માં જડવી દુર્લભ છે, તે માટે આ ભગવાનોનો દાસ કર જોડીને કહે છે કે આ જગદ્ગુરુની જોડી જુગ જુગ જીવો ! આ 'ભગવાન'નું 'અમૃત જ્યોતિ મહાભાષ્ય' ભગવાન અમૃતચંદ્રની દિવ્ય જ્યોતિને ઝળહળાવતું જગત્ને વિષે ઝળહળો !

અને આ **'આત્મખ્યાતિ'**ની પૂર્ણાહુતિમાં **અમૃતચંદ્રજીએ** આ અંત્ય મંગલ કળશનું દિવ્ય ગાન કર્યું છે -

स्वशक्तिसंसूचितवस्तुतत्त्वैः, व्याख्या कृतेयं समयस्य शब्दैः ।
स्वरूपगुप्तस्य न किंचिदस्ति, कर्तव्यमेवामृतचंद्रसूरेः ।।

સ્વ શક્તિ વડે કરીને જેણે વસ્તુતત્ત્વ સંસૂચિત કર્યું છે, એવા શબ્દોથી સમયની આ વ્યાખ્યા કૃતા - કરવામાં આવી, **સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું** કર્ત્તવ્ય જ ન કિંચિત્ અસ્તિ - કંઈ પણ કર્ત્તવ્ય જ છે નહિ.

અર્થાત્ - **જો** આમ છે તો પછી આ **'આત્મખ્યાતિ' સૂત્રની** રચના કોણે કરી ? તેનો અદ્‌ભુત ખુલાસો કરતા આ પરમામૃત સંભૃત અંતિમ મંગલ કળશમાં **'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રજી** અહંત્વ - મમત્વ વિલોપનની પરમ અદ્‌ભુત પરાકાષ્ઠા દાખવી છે : 'સ્વશક્તિથી' - પોતાની વાચ્ય - વાચક શક્તિની જેણે વસ્તુતત્ત્વને 'સંસૂચિત' કર્યું છે - સમ્યક્‌પણે સૂચવેલું છે એવા શબ્દોથી **'સમય'ની આ - સમયસાર શાસ્ત્રની** વા આ શાસ્ત્રના પ્રતિપાદ્ય **શુદ્ધ આત્માની - સમયસારની** વ્યાખ્યા કરવામાં આવી, તેમાં **'સ્વરૂપગુપ્ત'** - સ્વરૂપના દુર્ગમાં ભરાઈ બેઠેલા સ્વરૂપ સુરક્ષિત એવા **અમૃતચંદ્ર સૂરિનું** કર્ત્તવ્ય જ 'કિંચિત્' - કંઈ પણ છે નહિ - स्वरूपगुप्तस्य न किंचिदस्ति कर्तव्यमेवामृतचंद्रसूरेः ।

આમ શબ્દે શબ્દે પદે પદે પરમ પરમામૃત વર્ષાવતી અને સ્થળે સ્થળે પરમ પરમામૃતસંભૃત અપૂર્વ ચિંતામણિ રત્નમય કળશોથી ચૈતન્ય - સ્વયંરમણસિંધુનો અમૃતઘનરસ પીવડાવતી, આ અપૂર્વ અનન્ય અલૌકિક મૌલિક **'આત્મખ્યાતિ' સૂત્ર** જેવી પરમ લોકોત્તર **મહાકૃતિનું** સ્વયં સર્જન કર્યા છતાં, **મહાકવિ-બ્રહ્મા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** જે એમ કહે છે કે આ સૂત્રનું સૂત્રણ તો શબ્દોથી કરાયું છે, અમે કાંઈ કર્યું નથી, તે આ આર્ષદૃષ્ટા **શુદ્ધોપયોગનિમગ્ન** લોકોત્તર **મહાશ્રમણની** લોકોત્તર **નિર્માનિતા** અને જગત્‌માં જેની જોડી નથી એવી અહંત્વ - મમત્વ વિલોપતી અપૂર્વ પરમ અદ્‌ભુત **આત્મસમર્પણતા** પ્રકાશે છે. નમસ્કાર હો પદે પદે આવા આત્મનિમગ્ન **વિજ્ઞાનઘન સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રને !** નમસ્કાર હો પદે પદે અમૃતવર્ષિણી **'આત્મખ્યાતિ' - અમૃતચંદ્રિકાને !**

અત્રે આ **અમૃત કળશનું** ભાવવ્યંજન કરતાં આ લેખકે (૨૫) કડીના સ્વરચિત **'અમૃત પદ'માં અમૃતચંદ્રજીની** ઓર પ્રશસ્તિ - પ્રસ્તુતિ કરી છે :-

અમૃત પદ

'સ્વરૂપ ગુપ્ત' અમૃતચંદ્રસૂરિનું, કિંચિત્ કર્ત્તવ્ય જ છે ના,
'સ્વરૂપગુપ્ત' અમૃતચંદ્રસૂરિનું, કિંચિત્ કર્ત્તવ્ય જ છે ના... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૧
સ્વ શક્તિથી જ સત્ વસ્તુ તત્ત્વની, સૂચના જેથી ધરાઈ,
એવા શબ્દોથી સમય તણી આ, વ્યાખ્યા એહ કરાઈ... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૨
સ્વરૂપ ગુપ્ત અમૃતચંદ્રસૂરિનું, કિંચિત્ કર્ત્તવ્ય જ છે ના,
સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું, કિં ચિત્ કર્ત્તવ્ય જ છે ના ?... સ્વરૂપ ગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૩
'સ્વરૂપ ગુપ્ત' અમૃતચંદ્ર સૂરિ તે, સ્વરૂપ તેજે જ પ્રતપતા,
ગ્રહ મંડલમાં 'સૂરિ' સમા જે, સૂરિ મંડલમાં તપતા... સ્વરૂપ ગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૪
ભલે સ્વરૂપથી ગુપ્ત રહ્યા તે, **'આત્મખ્યાતિ'** વ્યાખ્યાતા,
તોય સ્વરૂપથી પ્રગટ જગતમાં, **અમૃત કળશ** સંગાતા... સ્વરૂપ ગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૫
સ્વરૂપ ગુપ્ત તે અમૃતચંદ્રનું, સ્વરૂપ રહે ક્યમ છાનું ?

ઘનથી અમૃત વર્ષી ચંદ્રનું, તેજ છુપે અહીં શાનું ?... સ્વરૂપ ગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૬
વિજ્ઞાનના ઘન વર્ષંતા તે, **'વિજ્ઞાન ઘન'** સ્વરૂપી,
પર પરમાણુ પ્રવેશે ન એવા, 'ઘન વિજ્ઞાન' અનૂપી... સ્વરૂપ ગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૭
શબ્દો તે તો પુદ્ગલમયા છે, પરમાણુના છે ખેલા,
વાચક શક્તિથી તે વાચે, વાચ્ય અર્થના મેળા... સ્વરૂપ ગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૮
તે શબ્દે આ વ્યાખ્યા કીધી, વાચ્ય-વાચક સંબંધે,
અમે એમાં કાંઈ પણ ન કર્યું છે, અમ ચિત ત્યાં કેમ બંધે ?... સ્વરૂપ ગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૯
વ્યાપ્ય - વ્યાપક ભાવે તે શબ્દે, વ્યાખ્યા ભલે આ કીધી,
જડ શબ્દોને જોડાવાની, શક્તિ અહીં કોણ દીધી ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧૦
અમૃતચંદ્ર નિમિત્ત વિણ શબ્દો, જોડાત જડ તે ક્યાંથી ?
પરબ્રહ્મવાચી શબ્દ બ્રહ્મ આ, અહીં સર્જાત જ શ્યાથી ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧૧
પ્રજ્ઞા સમજણ કાંઈ ન જડમાં, તે તો અચેત બિચારો,
પ્રજ્ઞાશ્રમણ અમૃતચંદ્ર કળાનો, આ તો ચિત્ ચમત્કારો... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧૨
ન કિંચિત્ કર્ત્તવ્ય જ અમારું, નિર્મમ મુનિ ભલે ભાખે,
ન કિં ચિત્ કર્ત્તવ્ય જ તમારું, ચિત્ ચમત્કાર આ દાખે ?... સ્વરૂપ ગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧૩
શબ્દ પુદ્ગલ પરિગ્રહ ત્યાગીનો, ભલે **'ન કિંચિત્'** કારો,
પદે પદે **'આત્મખ્યાતિ'**માં, તેનો **'ન કિં ચિત્'** ચમત્કારો... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧૪
ગ્રંથ સકલની ગ્રંથિ વિચ્છેદી, એવા મહાનિર્ગ્રંથ,
શુદ્ધોપયોગી શ્રમણ કયે છેડે, બાંધે ગ્રંથનો ગ્રંથ ?... સ્વરૂપ ગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧૫
અહો નિસ્પૃહતા ! અહો નિર્મમતા ! અહો પરિગ્રહ લોપ,
ભગવાન **અમૃતચંદ્રે** દાખ્યો, અહો ! અહંત્વ વિલોપ... સ્વરૂપ અમૃતચંદ્ર સૂરિનું. ૧૬
અમૃતચંદ્ર મુનીંદ્રે જેનું, છાંડ્યુ મમત્વ તે શબ્દો,
આલંબી આ **દાસ ભગવાને**, ગોઠવિયા તે શબ્દો... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧૭
દાસ 'ભગવાન' એ નામ ધારીએ, ધાડ એમાં શી મારી ?
સાગર અંજલિ સાગરને દીધી, બુધ લ્યો સ્વયં વિચારી... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧૮
ઉત્તમોત્તમ શબ્દ અર્થ પ્રયોજી, ઉત્તમોત્તમ કવિભાવ,
અમૃતચંદ્ર મહાકવિ બ્રહ્મે સર્જ્યો, શબ્દબ્રહ્મ મહાપ્રભાવ... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧૯
મહા અધ્યાત્મ નાટ્યકાર આ, **મહાકવિ અમૃતચંદ્રે**,
યથેચ્છ ભારતી અત્ર નટાવી, અમૃત કળશ સુરંગે... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૨૦
સર્વ સર્જ્યું તેણે મમત્વ વર્જ્યું, કાંઈ ન બાંધ્યું ગાંઠે !
કાંઈ ન સર્જ્યું **દાસ ભગવાન** તે, મમ બાંધે કઈ ગાંઠે ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૨૧
તેથી રાખ્યું નિજ વિવેચનાનું, **'અમૃત જ્યોતિ'** સુનામ,
કળશ ભાવ ઝીલંતા પદનું, **'અમૃત પદ'** એ નામ... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૨૨
દોષ અહીં તે **દાસ ભગવાનના**, ગુણ **ભગવાન અમૃતના**,
દોષ ત્યજી ગુણ હંસો ચરજો ! સુણી ભગવાન વિજ્ઞાપના... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૨૩
દાસ ભગવાને મુંબઈ પુરીમાં, જ્ઞાનયજ્ઞ આ કીધો,
તન મન ધન આહુતિ આપી, આત્મ અમૃતફલ લીધો... સ્વરૂપ અમૃતચંદ્ર સૂરિનું. ૨૪
જ્ઞાનસત્ર સંપૂર્ણ થયું આ, દ્વિ સહસ્ર સત્તર વર્ષે,
મહા સ્વાધ્યાય તપનો લઈ લ્હાવો, **ભગવાન** ઉલ્લસ્યો હર્ષે... સ્વરૂપ અમૃતચંદ્ર સૂરિનું. ૨૫

અર્થાત્ - **સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું** 'કિંચિત્' - કંઈ પણ કર્ત્તવ્ય જ છે નહિ, અથવા **સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું** 'કિં ચિત્' કર્ત્તવ્ય જ છે નહિ ? શું ચિત્ કર્ત્તવ્ય જ છે નહિ ? આત્માની શુદ્ધ ચિત્ પરિણતિ - શુદ્ધ ચૈતન્ય પરિણતિ એ કર્ત્તવ્ય જ શું નથી ? તો પછી આ **'આત્મખ્યાતિ'** કૃતિ કોની છે ? સ્વ શક્તિથી જ સત્ વસ્તુતત્ત્વની સૂચના જેનાથી કરાઈ છે એવા શબ્દોથી આ **'સમય'ની** આ સમયસાર શાસ્ત્રની અથવા શુદ્ધ આત્મારૂપ સમયસારની આ **'આત્મખ્યાતિ'** વ્યાખ્યા કરાઈ. આ વ્યાખ્યા કરાઈ તે કાંઈ **સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું** 'કિંચિત્' - કંઈ પણ કર્ત્તવ્ય જ છે નહિ, અથવા **સ્વરૂપ અમૃતચંદ્રસૂરિનું** 'કિંચિત્' કર્ત્તવ્ય જ છે નહિ ? આત્માની ભાવભાષા રૂપ ચિત્ પરિણતિ તે શું ચિત્ કર્ત્તવ્ય જ નથી ? એટલે કે છે જ.

'સ્વરૂપ ગુપ્ત - સ્વરૂપથી વા સ્વરૂપમાં 'ગુપ્ત' - સુરક્ષિત તે **અમૃતચંદ્ર સૂરિ** સ્વરૂપ તેજે 'પ્રતપતા' - પ્રતપી રહેલા **'સૂરિ'** છે, ગ્રહમંગલમાં સૂર્યની જેમ સૂરિ મંડલમાં **'સૂરિ'** - સૂર્ય છે, **'આત્મખ્યાતિ'થી** - પોતાના આત્માની ખ્યાતિથી અથવા **'આત્મખ્યાતિ' ટીકાથી** ખ્યાતિથી ખ્યાત એવા તે વ્યાખ્યાતા ભલે સ્વરૂપથી ગુપ્ત રહ્યા હો, તો પણ અમૃત (Immortal) એવા તે અમૃત (nectarlike) કળશના સંગાતા સ્વરૂપથી તો જગત્માં પ્રગટ - પ્રસિદ્ધ છે ! **સ્વરૂપગુપ્ત** એવા તે **અમૃતચંદ્રનું** સ્વરૂપ 'છાનું' - છૂપાયેલું - ગુપ્ત કેમ રહે ? અમૃતવર્ષી ચંદ્રનું તેજ અહીં ઘનથી - મેઘથી શાને છુપું રહે ? વિજ્ઞાનના 'ઘન' - મેઘ વર્ષંતા તે **વિજ્ઞાનઘન સ્વરૂપી અમૃતચંદ્ર** તો પર પરમાણુ પણ ન પ્રવેશે એવા અનુપમ 'ઘન' - નક્કર વિજ્ઞાન છે, સર્વ આત્મપ્રદેશે વિજ્ઞાન વિજ્ઞાન ને વિજ્ઞાનમય એવા **'વિજ્ઞાનઘન'** છે.

આમ ભગવાનનો દાસ દલીલ કરે છે, ત્યાં તો સ્વરૂપગુપ્ત પરંબ્રહ્મ **અમૃતચંદ્રજી** જાણે બોલી ઉઠે છે - શબ્દો તે તો પુદ્ગલમયા પરમાણુના ખેલા છે, તેઓ વાચક શક્તિ વડે કરીને વાચ્ય અર્થના મેળા વાચે છે - કહે છે, એવા તે શબ્દોએ આમ વાચ્ય - વાચક સંબંધે આ સમયની આ વ્યાખ્યા કરી, એમાં અત્રે કાંઈ પણ કર્યું નથી, એટલે અમારૂં **'ચિત્'** ત્યાં કેમ પ્રતિબંધ પામે ? ત્યારે ભગવાનનો દાસ જવાબ આપે છે - વ્યાપ્ય - વ્યાપક ભાવે તે શબ્દોએ ભલે આ વ્યાખ્યા કરી હો, પણ તે જડ શબ્દોને અર્થ પૂર્ણ રીતે જોડવાની ને જોડાવાની શક્તિ કોણ આપી ? **પરંબ્રહ્મ અમૃતચંદ્રના** નિમિત્ત વિના જડ એવા તે શબ્દો ક્યાંથી જોડાત ? ને પરબ્રહ્મવાચી આ શબ્દબ્રહ્મ અહીં સર્જાત જ શાથી ? જડમાં કોઈ પ્રજ્ઞા કે સમજણ નથી, તે તો બિચારો અચેત છે અને આ શબ્દ બ્રહ્મસર્જન તે તો **પ્રજ્ઞાશ્રમણ અમૃતચંદ્રની** કળાનો **'ચિત્ ચમત્કાર'** છે. 'ન કિંચિત્' કર્ત્તવ્ય જ અમારૂં, એમ આપ નિર્મમ મુનિ ભલે ભાખો, પણ અહો ! **અમૃતચંદ્ર મુનિ** ! 'ન કિં ચિત્' કર્ત્તવ્ય જ તમારૂં આ શું ચિત્ ચમત્કાર દાખવતું નથી ? શબ્દ પુદ્ગલના પરિગ્રહત્યાગીનો ભલે 'ન કિંચિત્' કાર હોય, પણ પદે પદે **'આત્મખ્યાતિ'માં** તે દિવ્ય આત્માનો 'ન કિં ચિત્' ચમત્કાર છે ? શું ચિત્ ચમત્કાર નથી ? પણ હા ! એ વાત તો ખરી છે કે ગ્રંથ સકલની ગ્રંથિ વિચ્છેદી છે એવા **મહાનિર્ગ્રંથ અમૃતચંદ્ર** જેવા શુદ્ધોપયોગી શ્રમણ ગ્રંથનો 'ગ્રંથ'-ગાંઠ-પરિગ્રહ કયે છેડે બાંધે ? અહો ! **ભગવાન અમૃતચંદ્રની** નિસ્પૃહતા ! અહો નિર્મમતા ! અહો પરિગ્રહ લોપ ! અહો **ભગવાન અમૃતચંદ્રે** દાખવેલો અહંત્વ વિલોપ ! **અમૃતચંદ્ર મુનીંદ્રે** જેનું મમત્વ છાંડ્યું છે તે શબ્દોને આલંબી આ **દાસ ભગવાને** તે જ શબ્દો ભાષાભેદે ગોઠવ્યા, એમાં આ **'ભગવાનદાસ'** નામધારીએ શી ધાડ મારી છે ? આ તો સાગરની અંજલિ સાગરને દીધી છે એમ બુધ જનો સ્વયં વિચારી લ્યો ! ઉત્તમોત્તમ શબ્દ, ઉત્તમોત્તમ અર્થ, ઉત્તમોત્તમ કવિત્વ અને ઉત્તમોત્તમ ભાવ પ્રયોજીને **અમૃતચંદ્ર મહાકવિબ્રહ્માએ** આ મહાપ્રભાવી શબ્દબ્રહ્મ સર્જ્યું છે. મહાઅધ્યાત્મ નાટ્યકાર આ **મહાકવિ અમૃતચંદ્રે** અત્રે **'આત્મખ્યાતિ'માં** અમૃતકળશ રૂપ સુંદર રંગભૂ પર ભારતીને - સરસ્વતીને યથેચ્છ નટાવી છે - પરમાર્થતાલ બદ્ધ નૃત્ય કરાવ્યું છે. આવા આ **અમૃતચંદ્રે** અત્ર સર્વ સર્જ્યું છે તેણે મમત્વ વર્જ્યું ને કાંઈ ગાંઠે બાંધ્યું નહિ ! તો પછી આ **ભગવાનના દાસે** કાંઈ પણ સર્જ્યું નથી, તે મમત્વને કઈ ગાંઠે બાંધે ? તેથી આ **દાસ ભગવાને** પોતાની આ વિવેચનાનું સુનામ **'અમૃત જ્યોતિ' મહાભાષ્ય** એમ રાખ્યું છે અને 'અમૃત' કળશના ભાવને ઝીલતા પદોનું **'અમૃત પદ'** એ યથાર્થ નામ

રાખ્યું છે. અહીં જે કોઈ દોષ હોય તે આ ભગવાન-દાસના છે અને જે કાંઈ ગુણ હોય તે ભગવાન અમૃતચંદ્રના છે, તેમાંથી દોષ ત્યજી, ભગવાનદાસની વિજ્ઞાપના સાંભળી, હંસજનો ગુણ ચરજો ! આ ભગવાન-દાસે મુંબઈ નગરીમાં આ સ્વાધ્યાય રૂપ જ્ઞાનયજ્ઞ કર્યો અને તેમાં તન-મન-ધનની આહુતિ આપી આત્મારૂપ અમૃતફલ લીધું. આ જ્ઞાનસત્ર સંવત્ ૨૦૧૭ વર્ષમાં સંપૂર્ણ થયું અને મહાસ્વાધ્યાય તપનો લ્હાવો લઈ આ ભગવાનદાસ હર્ષ ઉલ્લાસ પામ્યો.

ફાગણ પૂર્ણિમા, સં. ૨૦૫૦
તા. ૨૭-૩-૧૯૯૪
૫, કે.એમ. મુન્શી માર્ગ,
મુંબઈ-૭.

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા
એમ.એસ.બી.એસ

ઉપોદ્‌ઘાત

''અનંત અવ્યાબાધ સુખનો એક અનન્ય ઉપાય સ્વરૂપસ્થ થવું તે જ છે. એ જ હિતકારી ઉપાય જ્ઞાનીએ દીઠો છે. ભગવાન જિને દ્વાદશાંગી એ જ અર્થે નિરૂપણ કરી છે, અને એ જ ઉત્કૃષ્ટતાથી તે શોભે છે. જયવંત છે. ** જે મહાત્માઓ અસંગ ચૈતન્ય લીન થયા, થાય છે અને થશે. તેને નમસ્કાર.''

- શ્રીમદ્‌ રાજચંદ્ર, અં. ૯૦૧

સમયસાર શાસ્ત્ર અને 'આત્મખ્યાતિ' ટીકાનું વિશેષથી વસ્તુ દર્શન

પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ આ શાસ્ત્રની પાંચમી ગાથામાં 'એકત્વ વિભક્ત' આત્મા દર્શાવવાની મહાપ્રતિજ્ઞા કરી તેનું દિગ્‌દર્શન આપણે પ્રસ્તાવનામાં કર્યું. હવે સમયસાર શાસ્ત્રની પ્રત્યેક ગાથાનું **'આત્મખ્યાતિ'** ટીકાના અનુસંધાનમાં વિશેષથી વસ્તુદર્શન કરીએ - તે પણ આ **બન્ને આચાર્યજીના** પ્રાયે તેમના શબ્દોમાં (ગુજરાતી અનુવાદમાં).

તે આ શુદ્ધ આત્મા કોણ છે ? તેનું સ્પષ્ટ વિધાન અત્રે છઠ્ઠી ગાથામાં શાસ્ત્રકાર **ભગવાન કુંદકુંદાચાર્યજીએ** કર્યું છે અને તેનું અપૂર્વ તત્ત્વમીમાંસન 'આત્મખ્યાતિ' સૂત્રકર્ત્તા **ભગવાન અમૃતચંદ્રાચાર્યજીએ** કર્યું છે - 'જે જ્ઞાયક એક ભાવ તે પ્રમત્ત અને અપ્રમત્ત નથી હોતો, આ જ અશેષ દ્રવ્યાંતર ભાવોથી ભિન્નપણે ઉપાસાઈ રહેલો **'શુદ્ધ'** એમ કહેવાય છે. કેવો છે આ જ્ઞાયક એક ભાવ ? વિશદ જ્યોતિ, નિત્યોદ્યોત, અનાદિ અનંત અને સ્વતઃ સિદ્ધ.

સાતમી ગાથામાં **આચાર્યજી** કથે છે - બંધપ્રત્યય થકી જ્ઞાયકનું અશુદ્ધપણું તો દૂર રહો ! દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી વિદ્યમાન, કારણકે ધર્મ - ધર્મીનો સ્વભાવથી અભેદ છતાં વ્યપદેશથી તો ઉપજાવી વ્યવહારમાત્રથી જ 'જ્ઞાનીના દર્શન - જ્ઞાન - ચારિત્ર' એવો ઉપદેશ છે, પણ પરમાર્થથી તો નથી દર્શન, નથી જ્ઞાન, નથી ચારિત્ર - જ્ઞાયક જ એક શુદ્ધ છે. તો પછી પરમાર્થ જ એક વક્તવ્ય (કહેવા યોગ્ય) છે એમ કહો તો તેનું બીજી ગાથામાં સમાધાન કરતાં **આચાર્યજી** પ્રકાશે છે - જેમ અનાર્ય અનાર્ય ભાષા વિના 'ગ્રહાવવો' - સમજાવવો શક્ય નથી જ, તેમ વ્યવહાર વિના પરમાર્થનું 'ઉપદેશન' - ઉપદેશવું અશક્ય છે.

વ્યવહારનું પરમાર્થ પ્રતિપાદકપણું કેવી રીતે છે ? તે અત્રે ૯-૧૦ ગાથામાં **'શ્રુતકેવલિ'નો** પરમ અલૌકિક મૌલિક પરમાર્થ પ્રકાશતાં પરમ રહસ્યપૂર્ણ સમર્થ દૃષ્ટાંતથી **પરમર્ષિ ભગવાન કુંદકુંદાચાર્યજીએ** સમર્થિત કર્યું છે - 'જે શ્રુતથી નિશ્ચયે કરીને આ કેવલ શુદ્ધ આત્માને જાણે છે, તેને લોકપ્રદીપકર ઋષિઓ 'શ્રુતકેવલિ' કહે છે. જે શ્રુતજ્ઞાન સર્વ જાણે છે, તેને જિનો 'શ્રુતકેવલિ' કહે છે, કારણ કે જ્ઞાન સર્વ આત્મા તેથી 'શ્રુતકેવલી.' આવા ભાવની આ ગાથાઓનું પરમ પરમાર્થ પ્રકાશક અલૌકિક મૌલિક અપૂર્વ વ્યાખ્યાન કરતાં **પરમર્ષિ ભગવાન અમૃતચંદ્રાચાર્યજીએ 'આત્મખ્યાતિ'માં** પરમ અદ્‌ભુત તત્ત્વ રહસ્ય પ્રકાશ્યું છે.

વ્યવહારનય શા માટે અનુસરવો યોગ્ય નથી ? તેનું રહસ્ય **આચાર્યજી** ૧૧મી ગાથામાં પ્રકાશે છે. 'વ્યવહાર અભૂતાર્થ અને શુદ્ધનય જ ભૂતાર્થ દર્શાવવામાં આવ્યો છે, ભૂતાર્થને આશ્રિત જીવ નિશ્ચયે કરીને સમ્યગ્‌દૃષ્ટિ હોય છે.' આ ગાથાની સ્પષ્ટ મીમાંસા **'આત્મખ્યાતિ'માં આચાર્યજી** કરે છે - 'વ્યવહારનય સર્વ જ અભૂતાર્થપણાને લીધે અભૂત અર્થ પ્રદ્યોતે (પ્રકાશે) છે, શુદ્ધનય એક જ ભૂતાર્થપણાને લીધે ભૂત અર્થ પ્રદ્યોતે છે.' અત્રે પંક-જલ વિવેકના દૃષ્ટાંતથી સમર્થિત કરતાં વદે છે - 'ભૂતાર્થદર્શીઓ તો, સ્વમતિથી નિપાતિત શુદ્ધનયના અનુબોધ માત્રથી ઉપજાવાયેલી આત્મ-કર્મની વિવેકતાએ કરી, સ્વપુરુષકારથી આવિર્ભાવિત સહજ એક જ્ઞાયક સ્વભાવપણાને લીધે, પ્રદ્યોતમાન એક જ્ઞાયકભાવવાળો તે (આત્મા) અનુભવે છે, તેથી અત્રે જેઓ ભૂતાર્થને આશ્રે છે, તેઓ જ સમ્યક્‌ દેખતા એવા સમ્યગ્‌દૃષ્ટિઓ હોય છે, નહિ કે બીજાઓ, - શુદ્ધનયનું કતકસ્થાનીયપણું - નિર્મલીચૂર્ણ

સ્થાનીયપણું છે માટે. એટલા માટે પ્રત્યગ્ (અંતર્ગત, પૃથક્, વિવિક્ત, ભિન્ન) આત્મદર્શીઓએ વ્યવહારનય અનુસર્તવ્ય (અનુસરવો યોગ્ય) નથી'; અને છતાં કેટલાકોને તે વ્યવહાર નય પણ પ્રયોજનવાન છે, કારણકે 'શુદ્ધ આદેશવાળો શુદ્ધનય પરમભાવદર્શીઓએ જાણવો યોગ્ય છે, પણ જેઓ અપરમ ભાવમાં સ્થિત છે, તેઓ તો વ્યવહારથી ઉપદેશિત હોય' - એમ **આચાર્યજીએ** બારમી ગાથામાં પ્રકાશ્યું છે અને તે **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** સુવર્ણ શુદ્ધિના પ્રસિદ્ધ દૃષ્ટાંત દ્વારા સાંગોપાંગ સુઘટમાનપણે અનન્ય અદ્ભુત અનુપમ શૈલીથી વિવરી દેખાડી નિષ્ણુષપણે અત્યંત પરિસ્ફુટ કર્યું છે. આમ જ **તીર્થનું** અને **તીર્થફલનું** વ્યવસ્થિતપણું છે માટે કહ્યું છે કે - 'જો તમે જિનમત પ્રત્યે જતા હો, તો વ્યવહાર અને નિશ્ચય મ મૂકજો ! કારણકે એક (વ્યવહાર) વિના તીર્થ છેદાય છે અને બીજા (નિશ્ચય) વિના તત્ત્વ છેદાય છે.' આ ગાથાના અનુસંધાનમાં **અમૃતચંદ્રજી 'આત્મખ્યાતિ'માં ઉભયનયવિરોધધ્વંસિ અને 'વ્યવરણનયઃ સ્યાત્ યદ્યપિ પ્રાક્પદવ્યામ્' એ ભાવના બે અમૃત કળશ (૪-૫) સંગીત કરે છે, તથા 'એકત્વે નિયતસ્ય શુદ્ધનયતો' અને 'અતઃ શુદ્ધનયાત્તં' - એ બે અમૃત કળશ (૬-૭) નીચેની ગાથાના ભાવનું સૂચન કરતાં પ્રકાશે છે.**

આ તેરમી (૧૩) ગાથામાં આચાર્યજી વદે છે - **'ભૂતાર્થથી અભિગત - જાણવામાં આવેલા જીવ, અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ - એ સમ્યક્ત્વ છે'**. - આવા ભાવની આ શાસ્ત્રની દ્વાર ગાથાનું અપૂર્વ અનન્ય વ્યાખ્યાન કરતાં **'આત્મખ્યાતિ' સૂત્રકર્ત્તાએ પોતાની અદ્ભુત લાક્ષણિક શૈલીથી પરમ પરમાર્થ - મર્મ પ્રકાશ્યો છે : 'આ જીવ આદિ નવતત્ત્વો તે ભૂતાર્થથી અભિગત સમ્યગ્દર્શન** સંપજે જ છે - તીર્થ પ્રવૃત્તિ નિમિત્તે અભૂતાર્થ નયથી વ્યપદેશવામાં આવતા આ જીવ - અજીવ - પુણ્ય - પાપ - આસ્રવ - સંવર - નિર્જરા - બંધ - મોક્ષ લક્ષણ નવ તત્ત્વોમાં એકત્વદ્યોતી **ભૂતાર્થનયથી એકત્વ** આણી, **શુદ્ધનયત્વથી** વ્યવસ્થાપિત આત્માની **'આત્મખ્યાતિ' લક્ષણા અનુભૂતિનું** સંપદ્યમાનપણું છે માટે. ** આ નવ તત્ત્વોમાં પણ ભૂતાર્થ નયથી એક જીવ જ પ્રદ્યોતે (પ્રકાશે) છે. એમ આ એકત્વથી દ્યોતમાન શુદ્ધનયત્વથી અનુભવાય જ છે અને જે **અનુભૂતિ** તે **આત્મખ્યાતિ** જ અને **આત્મખ્યાતિ** તે **સમ્યગ્દર્શન** જ - એમ સમસ્ત જ નિરવદ્ય છે.' અત્રે **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજી** પરમ ભાવવાહી અમૃત કળશ (૮) સંગીત કરે છે - 'વર્ણમાલા કલાપમાં નિમગ્ન સુવર્ણની જેમ, ચિરકાળ એમ નવતત્ત્વમાં છન્ન (છુપાયેલ) ઉન્નીયમાન - ઉત્કટપણે દેખાડાઈ રહેલી એવી આ સતત વિવિક્ત એકરૂપ **ઉદ્યોતમાન આત્મજ્યોતિ પ્રતિપદે** દેખજો !' અર્થાત્ આ શાસ્ત્ર - સૂત્રમાં નવે તત્ત્વના અધિકારમાં અને તેના ઉપસંહારરૂપ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં પ્રત્યેક પદે એક સૂત્ર રૂપ આ 'વિવિક્ત' - પૃથગ્ભૂત **આત્મજ્યોતિનું** દર્શન કરાવવામાં આવશે, ઉત્કૃષ્ટપણે નયન કરાવવામાં આવશે - 'ઉન્નીયમાનં', તે દિવ્ય આત્મપ્રકાશથી ઝળહળતી **દિવ્ય આત્મજ્યોતિ** આ **'આત્મખ્યાતિ'**ના અને તેના પરમ વિશિષ્ટ અંગભૂત આ **'સુવર્ણ' સમયસાર** કળશોના 'પ્રતિપદ' - પ્રત્યેક પદે ઉદ્યોતન કરવામાં આવશે.

આ નવ તત્ત્વમાં પ્રત્યગ્ **આત્મજ્યોતિનું - સમયસારનું** દર્શન કરાવતું આ **સમયસાર** અલૌકિક નવાંકી નાટક છે, એવી મહાન્ કવિકલ્પના મહાન્ અધ્યાત્મ નાટ્યકાર પરમાર્થ - મહાકવીશ્વર **આર્ષદૃષ્ટા અમૃતચંદ્રાચાર્યજીએ** અત્ર કરી, આ અલૌકિક અધ્યાત્મ નાટકની તત્ત્વ કલામય સાંગોપાંગ સમસ્ત રૂપક ઘટના અપૂર્વ અદ્ભુત તત્ત્વકળાથી કરી છે. તેમાં - જેમ નાટકના પૂર્વરંગમાં નાટ્ય વસ્તુનું સૂચન કરતાં સૂત્રકાર નાટકકાર દૃષ્ટા - શ્રોતા સભાજનોને આ આવા નાટકનું દર્શન કરાવવામાં આવે છે તે દેખો ! એમ ભાવવાહી આહ્વાન કરે છે, તેમ આ **સમયસારનું - શુદ્ધ આત્માનું** દર્શન કરાવતા આ સમયસાર અધ્યાત્મ મહાનાટકના **પૂર્વરંગમાં** આ નાટક વસ્તુનું સૂચન કરતાં મહાઅધ્યાત્મ નાટકકાર **સૂત્રધાર 'આત્મખ્યાતિ' સૂત્રકાર** અત્રે પ્રતિપદે સતત વિવિક્ત આ એકરૂપ ઝળહળી રહેલી **આત્મજ્યોતિ** દેખાડવામાં આવશે તે દેખો ! અનુભવ પ્રત્યક્ષ કરો ! એમ પરમ ભાવવાહી આહ્વાન કરે છે.

આ ગાથાના ઉત્તર ભાગની વ્યાખ્યા **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજી** પ્રકાશે છે - 'એમ એકત્વથી દ્યોતમાન આત્માના અધિગમ ઉપાયો જે પ્રમાણ નય - નિક્ષેપો તે નિશ્ચયથી અભૂતાર્થ છે, તેઓમાં પણ

આ (આત્મા) એક જ ભૂતાર્થ છે, ઈત્યાદિ ગદ્ય ભાગમાં કહ્યું તેનો સારસમુચ્ચયરૂપ અમૃત કળશ સંગીત કરે છે, 'નયશ્રી ઉદય પામતી નથી, પ્રમાણ અસ્ત પામી જાય છે અને નિક્ષેપચક્ર અમે નથી જાણતા ક્યાંય ચાલ્યું જાય છે ! બીજું અમે શું કહીએ ? આ સર્વંકષ ધામ (તેજ) અનુભવમાં આવ્યે દ્વૈત જ ભાસતું નથી.' **અમૃતચંદ્રજીના** આ અમૃત કળશ પરથી **પરમ આત્મદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીના** આત્માનુભવસિદ્ધ વચનામૃતની સહજ સ્મૃતિ થાય છે -

''એક પુરાણ પુરૂષ અને પુરાણ પુરુષની પ્રેમ સંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી, અમને કોઈ પદાર્થમાં રુચિમાત્ર રહી નથી, કંઈ પ્રાપ્ત કરવાની ઈચ્છા થતી નથી. ** અમે દેહધારી છૈયે કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ. નય - પ્રમાણ વગેરે શાસ્ત્રભેદ સાંભરતા નથી. ઈ.''*

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૨૫૫

આ પછીની ગાથાનાં ભાવનું સૂચન કરતો અમૃતકળશ (૧૦) **અમૃતચંદ્રજી** લલકારે છે - 'આ- પૂર્ણ, આદિ અંત વિમુક્ત, સંકલ્પ - વિકલ્પની જાલ ત્યાં વિલીન છે એવો પરભાવથી ભિન્ન એક આત્મસ્વભાવ પ્રકાશતો **શુદ્ધનય** અભ્યુદય પામે છે.' આવો **શુદ્ધનય આચાર્ય** ચૌદમી ગાથામાં (૧૪) પ્રકાશે છે - 'જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત એવો દેખે છે, તે શુદ્ધનય જાણ !' આ ગાથાનો અલૌકિક પરમાર્થ **અમૃતચંદ્રજીએ 'આત્મખ્યાતિ'માં** પ્રકાશ્યો છે - 'નિશ્ચયે કરીને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા આત્માની જે **અનુભૂતિ** તે **શુદ્ધનય** અને **અનુભૂતિ તો આત્મા** જ છે, એટલે આત્મા એક જ પ્રદ્યોતે છે. યથોદિત આત્માની અનુભૂતિ કેમ ? એમ જો પૂછો તો બદ્ધસ્પષ્ટત્વ આદિના અભૂતાર્થપણાને લીધે, ઈ.' અત્ર **'આત્મખ્યાતિ'માં** - (૧) કમલ પત્ર, (૨) મૃત્તિકા, (૩) સમુદ્ર, (૪) સુવર્ણ, (૫) જલ - એ દૃષ્ટાંત યોજી સર્વ ભાવ અત્યંત સ્પષ્ટ કર્યો છે. અર્થાત્ આત્મા જલ - કમલપત્રવત્ છે, આત્મા અનન્ય છે - મૃત્તિકાની જેમ, આત્મા નિયત છે - સમુદ્રની જેમ, આત્મા અવિશેષ છે - સુવર્ણની જેમ, આત્મા અસંયુક્ત છે - શીત જલ જેમ. સર્વના સારસમુચ્ચયરૂપ અમૃત **સમયસાર** કળશ (૧૧) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે. 'આ અબદ્ધસ્પૃષ્ટ ભાવ આદિ સ્ફુટપણે ઉપરમાં તરતાં છતાં આવીને જ્યાં પ્રતિષ્ઠા ધરતા નથી, તે સર્વતઃ દ્યોતમાન સમ્યક્ સ્વભાવને જગત્ મોહરહિત થઈને અનુભવો !' તથા બીજો અમૃત કળશ (૧૨) પ્રકાશે છે - 'ભૂત, વર્ત્તમાન અને ભાવી બંધને એકદમ (એક સપાટે) નિર્ભેદીને કોઈ પણ સુધી - સુમતિવંત મોહને હઠથી વ્યાહત્ય કરી જો અંતરૂમાં સ્ફુટપણે અહો ! કળે (દેખે, અનુભવે), તો આત્માનુભવૈકગમ્ય મહિમાવાળો **આત્મા વ્યક્ત ધ્રુવપણે બેઠો છે - કે જે નિત્ય કર્મકલંક પંકથી વિકલ એવો સ્વયં શાશ્વત દેવ છે.' તથા ત્રીજો** અમૃત કળશ (૧૩) આગલી ગાથાના ભાવનું સૂચન કરતો સંગીત કરે છે - **'એવા પ્રકારે જે શુદ્ધનયાત્મિકા આત્માનુભૂતિ** આ જ **જ્ઞાનાનુભૂતિ** એમ નિશ્ચયે કરીને જાણીને, આત્માને આત્મામાં સુનિષ્પ્રકંપ નિવેશીને, સર્વતઃ નિત્ય એક **અવબોધઘન - જ્ઞાનઘન છે.'**

આમ શુદ્ધનયાત્મિકા આત્માનુભૂતિ એ જ્ઞાનાનુભૂતિ એમ **'આત્મખ્યાતિ'**માં સૂચવ્યા પ્રમાણે આ ગાથામાં (૧૫) **આચાર્યજી** પ્રકાશે છે - 'જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ દેખે છે, તે અપદેશ સૂત્રમધ્ય સર્વ જિનશાસનને દેખે છે.' આ ગાથાનો અપૂર્વ પરમાર્થ - મર્મ **અમૃતચંદ્રજીએ 'આત્મખ્યાતિ'**માં પ્રકાશ્યો છે - 'જે આ અબદ્ધસ્પૃષ્ટ અનન્ય નિયત અવિશેષ અસંયુક્ત - એવા આત્માની અનુભૂતિ, તે નિશ્ચયે કરીને અખિલ **જિનશાસનની અનુભૂતિ** છે - શ્રુતજ્ઞાનનું સ્વયં આત્મત્વ છે માટે. પરંતુ ત્યારે સામાન્ય - વિશેષના આર્વિભાવ - તિરોભાવથી અનુભવાઈ રહેલું છતાં જ્ઞાન **અબુદ્ધ લુબ્ધોને** સ્વદાતું (સ્વાદમાં આવતું) નથી. ** પણ **અલુબ્ધ બુદ્ધોને** તો - જેમ સૈંધવ ખિલ્ય (મીઠાનો ગાંગડો) - અન્ય દ્રવ્ય સંયોગના વ્યવચ્છેદથી કેવલ જ અનુભાઈ રહેલો - સર્વતઃ પણ એક લવણરસત્વથી લવણત્વથી સ્વાદમાં આવે છે - તેમ આત્મા પણ **પરદ્રવ્ય સંયોગના વ્યવચ્છેદથી** કેવલ જ

---

* જુઓ : 'અધ્યાત્મ રાજચંદ્ર' (સ્વરચિત) પ્રકરણ ઓગણસાઠમું.

અનુભવાઈ રહેલો - સર્વતઃ પણ **એક વિજ્ઞાનઘનત્વથી - જ્ઞાનત્વથી** સ્વાદમાં આવે છે.'

આ ઉપરમાં **'આત્મખ્યાતિ'**ના ગદ્યભાગમાં વિવરીને કહ્યું તેની પરિપુષ્ટિરૂપ આ અમૃત કળશ (૧૪) **અમૃતચંદ્રજીએ** પ્રકાશ્યો છે - 'અખંડિત, અનાકુલ અંતરમાં ને બ્હારમાં જ્વલંત (ઝળહળતું) અનંત એવું સહજ પરમ તેજ અમને સદા ઉદ્‌વિલાસ (ઉત્કૃષ્ટપણે વિલાસ કરતું) હો ! - કે જે લવણ ખિલ્યનો (મીઠાના ગાંગડાનો) લીલા પ્રકાર જ્યાં ઉલ્લસે છે એવા **ચિત્‌ના ઉછાળાથી** નિર્ભર **એકરસને** સકલકાલ અવલંબે છે.' અર્થાત્ આ અલૌકિક અમૃત કળશનો ભાવ આ લેખકે સ્વરચિત **'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** સ્પષ્ટ વિવેચ્યો છે તેમ - અત્ર મહાકવિ - બ્રહ્મા **'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રજીએ** પરમ ઉદ્દામ આત્મભાવના વ્યક્ત કરી છે - સહજ એવું તે **પરમ મહસ્** - મહાતેજ અમને સદા ઉદ્ વિલાસ હો ! **સહજ** - આત્મ સહજાત સ્વભાવભૂત હોઈ જે ક્યાંઈ બ્હારથી લાવવું પડતું નથી પણ સહજ - અપ્રયાસપણે સદા હાજરાહજૂર છે, તેમજ તેનાથી પર કોઈ ન હોઈ ને પોતે સર્વથી પર હોઈ જે **'પરમ'** - ઉત્કૃષ્ટ - પરમોત્તમ એવું **'મહસ્'** છે - 'મહસો મહીયાન્' મહત્ કરતાં મહત્ એવું મહાતેજ છે, ઝળહળ સ્વરૂપે ઝળહળતી પરમ જ્યોતિ છે - તે આ સહજ પરમતેજ અમને સદા - સર્વકાળ નિરંતરપણે 'ઉદ્ વિલાસ' - ઉત્કૃષ્ટપણે ઉદ્દામપણે વિલાસ કરતું, નિત્ય આત્મામાં રમણ કરતું સહજ - અપ્રયાસપણે સદા હો ! આ પ્રત્યક્ષ અનુભવથી સંવેદાતું સહજ પરમ તેજ કેવું છે ? 'અખંડિત' - અખંડ અભંગ આત્મસ્વભાવનું દ્રવ્યથી - ક્ષેત્રથી - કાળથી અને ભાવથી કદી પણ કંઈ પણ ખંડિતપણું ન થતું હોવાથી અખંડિત છે, પરભાવ - વિભાવનું કદી પણ આકુલપણું ન થતું હોવાથી અનાકુલ છે, આમ સ્વભાવનું અખંડપણું અને પરભાવના આવરણનું અનાકુલપણું હોવાથી અંતરમાં અને બ્હારમાં અનંતપણે ઉગ્ર સ્વરૂપ તેજે ઝળહળતું - 'જ્વલંત' છે અને આ ઝળહળ જ્વલંત જ્યોતિપણાનો દ્રવ્યથી - ક્ષેત્રથી - કાળથી અને ભાવથી અંત ન હોવાથી 'અનંત' છે, અત એવ चिदुच्छलननिर्भरं - ચિદ્ ઉચ્છલન નિર્ભર, શુદ્ધ ચૈતન્ય અમૃતસિંધુના ચિત્ આવિષ્કારોરૂપ તરંગોના ઉછાળાથી નિર્ભરપણું વિલસતું હોવાથી સકલ કાલ એક ચૈતન્ય રસરૂપ છે અને એમ નિરંતર એક ચૈતન્યામૃતરસપણાને લીધે, સર્વ પ્રદેશે લવણ રસ પણે સ્વદાતા લવણ - ઘનની (મીઠાના ગાંગડા) જેમ, સર્વ પ્રદેશે **ચૈતન્યઘન સ્વરૂપ** છે. આવી ચૈતન્ય અમૃતરસની લહરીઓ ઉછાળતી **ચૈતન્યામૃતસિંધુ ચૈતન્યઘન** એવી આ **સહજાત્મસ્વરૂપ પરમ જ્યોતિ** અમને સદા ઉદ્‌વિલાસ હો ! સ્વ સ્વરૂપમાં અત્યંત રમણતા રૂપ ઉદ્દામ વિલાસ કરતી નિરંતર પ્રગટ હો ! એમ અનુભવામૃત સિંધુનો પરમ અર્ક (Concentrated extract) આ અમૃત **સમયસાર કળશમાં** સંભૃત કરી આત્માનુભવામૃત સ્વયંભૂરમણ સમુદ્રમાં રમણતા અનુભવનારા **વિજ્ઞાનઘન ભગવત્ અમૃતચંદ્રાચાર્યજી** ભાવે છે.

આમ પંદર ગાથા અને **'આત્મખ્યાતિ'**નું તથા અંતર્ગત ચૌદ અમૃત કળશનું આપણે દિગ્‌દર્શન કર્યું. હવે સોળમી (૧૬) ગાથાનો ભાવ સૂચવતો અમૃત કળશ **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - (સમજાવે છે) 'એહ જ્ઞાનઘનો નિત્ય, આત્મા સિદ્ધિ ઈચ્છુકથી, દ્વિધા એક ઉપાસાઓ, સાધ્ય-સાધક ભાવથી.' આ કળશથી સૂચિત ગાથા **આચાર્યજી** પ્રકાશે છે - 'દર્શન-જ્ઞાન-ચારિત્ર સાધુએ નિત્ય સેવવા યોગ્ય છે અને તે ત્રણેય નિશ્ચયથી આત્મા જ જાણ !' આ ગાથાની અપૂર્વ વ્યાખ્યા **'આત્મખ્યાતિ'**માં પ્રકાશી છે, તેના અનુસંધાનમાં **અમૃતચંદ્રજીએ** દર્શન-જ્ઞાન-ચારિત્ર અંગે ચાર અમૃત **સમયસાર કળશ** (૧૬-૧૭-૧૮-૧૯) પ્રકાશ્યા છે અને છેલ્લા કળશમાં આગલી ગાથાનું સૂચન કર્યું છે.

આ ગાથામાં (૧૭-૧૮) **આચાર્યજીએ** પ્રકાશ્યું છે - 'જેમ કોઈ પુરુષ રાજાને સદ્દહે (શ્રદ્ધે) છે, પછી અર્થાર્થી તે તેને પ્રયત્નથી અનુચરે છે, તેમ જીવ-રાજા જાણવો યોગ્ય છે, સદ્દહવો (શ્રદ્ધવો) યોગ્ય છે અને મોક્ષકામીએ પુનઃ તે જ અનુચરવો યોગ્ય છે.' આ ગાથાની અપૂર્વ વ્યાખ્યા **'આત્મખ્યાતિ'**માં **અમૃતચંદ્રજીએ** પ્રકાશી છે - ** જ્યારે આત્માને અનુભવાઈ રહેલા અનેક ભાવના સંકરમાં પણ **પરમ વિવેક કૌશલથી 'આ હું અનુભૂતિ'** એવા આત્મજ્ઞાન સંગાથે સંગત થતું જ 'તથા' એવા પ્રત્યય લક્ષણવાળું શ્રદ્ધાન ઉત્પ્લવે (એકદમ ઉપજે) છે, ત્યારે સમસ્ત ભાવાંતરના વિવેકથી નિઃશંક જ આસ્થિત

રહેવાના શક્યપણાને લીધે આત્માનુચરણ ઉત્પ્લવતું આત્માને સાધે છે, એમ **સાધ્ય-સિદ્ધિની તથોપપત્તિ** છે - પણ જ્યારે આબાલગોપાલને જ સકલકાલ જ ભગવતી - અનુભૂતિઆત્મા આત્મા સ્વયમેવ અનુભવાઈ રહ્યો છતાં અનાદિ બંધવશથી પરો સાથે એકત્વ અધ્યવસાયથી વિમૂઢને 'આ હું અનુભૂતિ' એવું આત્મજ્ઞાન ઉત્પ્લવતું નથી, ત્યારે સમસ્ત ભાવાંતરના વિવેકથી નિઃશંક જ આસ્થિત રહેવાના અશક્યપણાને લીધે આત્માનુચરણ અનુત્પ્લવતું આત્માને સાધતું નથી - એમ **સાધ્યસિદ્ધિની અન્યથા અનુપપત્તિ છે.'**

અમૃતચંદ્રની આ અદ્‌ભુત અલૌકિક અનુપમ વ્યાખ્યા પરથી સ્પષ્ટ સમજાય છે કે - **'આ હું અનુભૂતિ'** એવું આત્મજ્ઞાન થાય તેની સંગાથે જ તેમજ છે - 'તહત્તિ' એવું આત્મશ્રદ્ધાન - આત્મવિનિશ્ચય - આત્મદર્શન ઉપજે છે અને ત્યારે જ 'આ હું નહિ, આ હું નહિ' એમ સર્વ ભાવાંતરના વિવેકે કરીને આત્મામાં નિઃશંક સ્થિતિ કરવાના શક્યપણાને લીધે **આત્માનુચરણ** ઉપજે છે. આ ઉપર જે **'આત્મખ્યાતિ'ના** ગદ્ય ભાગમાં કહ્યું તેનો સારસમુચ્ચયરૂપ અમૃત **સમયસાર કળશ** (૨૦) **અમૃતચંદ્રજી** લલકારે છે - કોઈ પણ પ્રકારે ત્રિત્વ (ત્રિપણું) સમુપાત્ત - સમ્યક્‌પણે ઉપગૃહીત છતાં એકતાથી અપતિત - નહિ પડેલી એવી આ ઉદય પામતી અચ્છ આત્મજ્યોતિ અનંત ચૈતન્ય ચિદ્ધવંતી અમે સતત - નિરંતર અનુભવીએ છીએ, ખરેખર ! ખરેખર ! અન્યથા - આથી અન્ય પ્રકારે સાધ્યસિદ્ધિ નથી.' અત્રે **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજી** મહત્ત્વનું શંકા - સમાધાન દાખવે છે - **શંકા** - વારુ, જ્ઞાન સાથે તાદાત્મ્યને લીધે આત્મા જ્ઞાનને નિત્ય ઉપાસે જ છે, તો પછી તે (જ્ઞાન) ઉપાસ્યપણે કયા કારણથી અનુશાસવામાં આવે છે ? **સમાધાન** - ના, એમ નથી. કારણકે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્ય છતાં ક્ષણ પણ જ્ઞાન ઉપાસતો નથી - **સ્વયંબુદ્ધત્વ** અને **બોધિત બુદ્ધત્વ** કારણ પૂર્વકપણાએ કરીને જ્ઞાનની ઉત્પત્તિ હોય છે માટે. **શંકા** - તો પછી તે કારણથી પૂર્વે આત્મા નિત્ય જ અજ્ઞાની છે - અપ્રતિબુદ્ધપણાને લીધે. **સમાધાન** - આ એમ જ છે. ત્યારે કેટલો કાળ આ **અપ્રતિબુદ્ધ** હોય છે ? તે કહો -

તે **ગાથામાં** (૧૯) **આચાર્યજી** પ્રકાશે છે - 'કર્મમાં અને નોકર્મમાં 'હું' એવી અને 'હું' કર્મ-નોકર્મ એવી જે નિશ્ચયે કરીને બુદ્ધિ જ્યાં લગી હોય છે, ત્યાં લગી અપ્રતિબુદ્ધ હોય છે.' આ વસ્તુ અત્રે ઘટના દૃષ્ટાંતથી **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** સ્પષ્ટ સમજાવી છે - 'જેમ સ્પર્શ - રસ - ગંધ - વર્ણાદિ ભાવોમાં અને પૃથુ - બુધ્નોદર (પ્હોળા ઊંડા પેટવાળા) આકારે પરિણત પુદ્‌ગલ સ્કંધોમાં આ ઘટ છે એવી અને ઘટમાં આ સ્પર્શ - રસ - ગંધ - વર્ણાદિ ભાવો તથા પૃથુ - બુધ્નોદર (પ્હોળા ઊંડા પેટવાળા) આકારે પરિણત પુદ્‌ગલ સ્કંધો છે એવી, વસ્તુ અભેદથી અનુભૂતિ છે : તેમ **કર્મમાં** - મોહાદિ અંતરંગ અને **નોકર્મમાં** - શરીરાદિ બહિરંગ એવા આત્મતિરસ્કારી પુદ્‌ગલ પરિણામોમાં **હું એવી** અને **આત્મામાં કર્મ** - મોહાદિ અંતરંગ અને **નોકર્મ** - શરીરાદિ બહિરંગ એવા **આત્મતિરસ્કારી પુદ્‌ગલ પરિણામો છે એવી, વસ્તુઅભેદથી જેટલો કાળ અનુભૂતિ છે, તેટલો કાળ આત્મા અપ્રતિબુદ્ધ** હોય છે. જ્યારે કદાચિત્ - જેમ રૂપી એવા દર્પણની **સ્વ - પર આકાર અવભાસિની સ્વચ્છતા જ છે** અને અગ્નિના ઔષ્ણ્ય તથા જ્વાલા છે : તેમ નીરૂપ એવા આત્માની **સ્વ - પર આકાર અવભાસિની જ્ઞાતૃતા જ છે** અને પુદ્‌ગલોના કર્મ તથા નોકર્મ છે - એવી સ્વતઃ કે પરતઃ ભેદવિજ્ઞાનમૂલા અનુભૂતિ ઉપજશે - ત્યારે જ આ પ્રતિબુદ્ધ થશે.' આમ **'આત્મખ્યાતિ'માં** કહ્યું તેના સારસમુચ્ચય અને પરિપુષ્ટિરૂપ અમૃત કળશ (૨૧) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - 'કોઈ પણ પ્રકારે (કેમે કરીને) નિશ્ચયે કરીને સ્વ થકી વા પર થકી જેઓ ભેદવિજ્ઞાનમૂલા અચલિત અનુભૂતિ પામે છે, તેઓ જ પ્રતિફલનથી - પ્રતિબિંબનથી નિમગ્ન અનંતભાવ સ્વભાવોથી મુકુર - દર્પણની જેમ સંતત અવિકાર હોય.'

વારુ, આ **અપ્રતિબુદ્ધ** કેમ લક્ષાય ? એ વસ્તુ ગાથા - (૨૦-૨૧-૨૨)માં **કુંદકુંદાચાર્યજીએ** પ્રકાશી છે - સચિત્ત, અચિત્ત, વા મિશ્ર (સચિત્તાચિત્ત) એવું અન્ય જે પરદ્રવ્ય તે આ હું છું, આ હું છે, હું આનો જ હોઉં છું, આ મ્હારૂં છે, આ પૂર્વે મ્હારૂં હતું, હું પણ આ પૂર્વકાળે હતો, આ પુનઃ પણ મ્હારૂં હશે અને હું પણ આ હોઈશ, આ અસદ્‌ભૂત આત્મવિકલ્પ સંમૂઢ કરે છે, પણ ભૂતાર્થને

જાણતો અસંમૂઢ કરતો નથી.' - આ અદ્‌ભુત ગાથાઓના ભાવ **'આત્મખ્યાતિ'માં** અદ્‌ભુત ચમત્કારિક રીતે **અમૃતચંદ્રાચાર્યજીએ અગ્નિ** અને **ઈંધનના** સુગમ દૃષ્ટાંતથી સ્પષ્ટ વિવરી દેખાડેલ છે - '** તેમ હું આ છું, આ હું છે, મ્હારૂં આ છે, આનો હું છું, મ્હારૂં આ પૂર્વે હતું, આનો હું પૂર્વે હતો, મ્હારૂં આ પુનઃ હશે, આનો હું પુનઃ હોઈશ - એમ **પરદ્રવ્યમાં જ અસદ્‌ભૂત આત્મવિકલ્પપણાને** લીધે **અપ્રતિબુદ્ધ** કોઈ લક્ષાય : હું આ છું નહિ, આ હું છે નહિ, હું હું છું, આ આ છે, આ મ્હારૂં છે નહિ, આનો હું છું નહિ, મ્હારો હું છું, આનું આ નહિ, મ્હારૂં આ પૂર્વે ન્હોતું, આનો હું પૂર્વે ન્હોતો, મ્હારો હું પૂર્વે હતો, આનું આ પૂર્વે હતું, મ્હારૂં આ પુનઃ નહિ હશે, આનો હું પુનઃ નહિ હોઈશ, મ્હારો હું પુનઃ હોઈશ આનું આ પુનઃ હશે - એમ **સ્વદ્રવ્યમાં જ સદ્‌ભૂત આત્મવિકલ્પવાળા પ્રતિબુદ્ધ લક્ષણનો** ભાવ છે માટે.' આમ **પરદ્રવ્યમાં** જ અસદ્‌ભૂત આત્મવિકલ્પને લીધે જીવ **મૂઢ અપ્રતિબુદ્ધ** હોય છે અને **સ્વદ્રવ્યમાં** જ **સદ્‌ભૂત** આત્મવિકલ્પને લીધે **અસંમૂઢ પ્રતિબુદ્ધ** હોય છે. આમ **'આત્મખ્યાતિ'ના** ગદ્ય વિભાગમાં નિષ્ઠુષપણે ખુલ્લે ખુલ્લું વિવરી દેખાડ્યું તે પરથી ફલિત થતો સાર ઉદ્‌બોધ કરતો અમૃત કળશ (૨૨) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - 'જગત્ હવે તો **આજન્મલીન** - આસંસારથી માંડીને આત્મમાં લય પામી રહેલો મોહ ત્યજી દ્યો ! રસિકોનું રોચન ઉદય પામતા જ્ઞાનને રસો ! (રસ લ્યો). અહીં કોઈપણ પ્રકારે - કેમે કરીને આત્મા અનાત્મા સાથે એક થઈને નિશ્ચયે કરીને કોઈ પણ કાળે તાદાત્મ્ય વૃત્તિ કળતો (અનુભવતો) નથી.'

હવે (૨૩-૨૪-૨૫) ગાથામાં **શાસ્ત્રકાર ભગવાન** અપ્રતિબુદ્ધના પ્રતિબોધનનો વ્યવસાય કરે છે - 'અજ્ઞાનથી જેની મતિ મોહિત થઈ છે એવો બહુભાવ સંયુક્ત જીવ, બદ્ધ અને અબદ્ધ એવું પુદ્‌ગલ દ્રવ્ય 'આ મ્હારૂં' એમ કહે છે. (૨૩) **'સર્વજ્ઞ જ્ઞાનથી** દૃષ્ટ એવો **જીવ નિત્ય ઉપયોગ લક્ષણ** છે. તે પુદ્‌ગલ દ્રવ્યરૂપ કેવી રીતે થઈ ગયો ? કે જેથી 'આ મ્હારૂં' એમ તું કહે છે ! (૨૪) જો તે (જીવ) પુદ્‌ગલ રૂપ થઈ ગયો, તો ઈતર (પુદ્‌ગલ) જીવત્વ પામી ગયું, તો તું કહેવાને શક્ત હો આ પુદ્‌ગલ દ્રવ્ય મ્હારૂં છે.' (૨૫) શાસ્ત્રકારના આ ભાવને **અમૃતચંદ્રાચાર્યજીએ 'આત્મખ્યાતિ'માં** ઓર વિકસ્વર કર્યો છે - 'એકી સાથે બંધનોપાધિના સન્નિધાનથી પ્રધાવિત (વેગે દોડેલા) અસ્વભાવ ભાવોના સંયોગ વશથી, વિશેષ (વિચિત્ર) આશ્રયથી ઉપરક્ત સ્ફટિક પાષાણની જેમ સ્વભાવભાવથી અત્યંત તિરોહિતતાએ કરીને (ઢંકાઈ જવાપણાએ કરીને), જેની સમસ્ત વિવેક જ્યોતિ અસ્તમિત થઈ છે (આથમી ગઈ છે), સ્વયં મહત્ અજ્ઞાનથી જેનું હૃદય વિમોહિત થયું છે એવો ભેદ નહિ કરીને તે જ અસ્વભાવભાવોને સ્વીકારતો, 'પુદ્‌ગલ દ્રવ્ય આ મ્હારૂં' એમ અનુભવે છે, તે નિશ્ચયે કરીને અપ્રતિબુદ્ધ જીવ છે. હવે આને જ પ્રતિબોધવામાં આવે છે - રે દુરાત્મન્ ! આત્મપંસન્ ! (દુષ્ટાત્મા ! આત્મઘાતી !) પરમ અવિવેક ઘસ્મર સતૃણાભ્યવહારિપણું (ખડખાવાપણું) છોડ ! છોડ ! સમસ્ત સંદેહ વિપર્યાસ અને અનધ્યવાસય જેણે દૂર નિરસ્ત કર્યા છે એવા **વિશ્વૈકજ્યોતિ સર્વજ્ઞજ્ઞાનથી** સ્ફુટ કરાયેલું જીવદ્રવ્ય નિશ્ચય પ્રગટપણે નિત્ય ઉપયોગ લક્ષણ છે, તે કેવી રીતે પુદ્‌ગલ દ્રવ્યરૂપ થઈ ગયું ? કે જેથી 'પુદ્‌ગલ દ્રવ્ય આ મ્હારૂં' એમ તું અનુભવે છે. કારણકે જો કોઈ પણ પ્રકારે જીવદ્રવ્ય પુદ્‌ગલ દ્રવ્યરૂપ થઈ ગયેલું હોય અને પુદ્‌ગલ દ્રવ્ય જીવદ્રવ્યરૂપ થઈ ગયેલું હોય, તો જ 'લવણના જલ'ની (મીઠાના પાણીની) જેમ 'મ્હારૂં આ પુદ્‌ગલ દ્રવ્ય છે એવી અનુભૂતિ ખરેખર ! ઘટે, પણ તે તો કોઈ પણ પ્રકારે હોય નહિ.' ઈ.

આમ **'આત્મખ્યાતિ'માં** કહ્યું તેની પરિપુષ્ટિરૂપ અમૃત કળશ (૨૩) **અમૃતચંદ્રજી** લલકારે છે - 'અલ્યા ! કેમે કરીને મૃત્યુ પામી, તત્ત્વ કુતૂહલી સતો તું ભવમૂર્ત્તિનો (દેહનો) પાર્શ્વવર્ત્તી - પાસે રહેનારો - પાડોશી બની મુહૂર્ત્ત અનુભવ કર ! કે જેથી કરીને પૃથક્ - ભિન્ન વિલસંતા સ્વને સમાલોકી તું ઝટ જ મૂર્ત્તિ સાથનો એકત્વમોહ ત્યજી દેશે.' - આ અદ્‌ભુત અમૃત **સમયસાર કળશનો** ભાવ આ લેખકે સ્વરચિત **'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** સ્પષ્ટ વિવેચ્યો છે તેમ - અલ્યા ! કેમે કરીને કોઈ પણ પ્રકારે મરી જઈને. એમ તે કેમ બને ? અને શા માટે ? તત્ત્વકૌતૂહલી સતો - જોઈએ તો ખરા તત્ત્વ કેવુંક છે, એમ તત્ત્વનું કુતૂહલ - કૌતુક જેને ઉપજ્યું છે એવો થઈને. એમ મરી જઈને શું ? ભવમૂર્ત્તિનો

- પાર્શ્વવર્ત્તી થઈ મુહૂર્ત્ત અનુભવ ! અર્થાત્ 'ભવમૂર્ત્તિ'નો - ભવની સંસારની જે 'મૂર્ત્તિ' - મૂર્ત્તિમાન સ્વરૂપ છે એવા મૂર્ત્ત પુદ્‌ગલમય દેહનો 'પાર્શ્વવર્ત્તી' - પાર્શ્વે - પડખે વર્ત્તનારો - પાડોશી મુહૂર્ત્ત ભર અનુભવ કર ! એથી શું ? પૃથગ્ વિલસંતા સ્વને સમાલોકીને, 'પૃથગ્' - સર્વ અન્ય ભાવથી ભિન્ન એવા સ્વને - પોતાને - આત્માને 'સમાલોકીને' - સમ્ સમ્યક્ પ્રકારે 'આ' વસ્તુની મર્યાદા પ્રમાણે 'લોકીને' - દેખીને સાક્ષાત્ કરીને, ઝટ જ મૂર્ત્તિનો સાથે એકપણાનો મોહ તું છોડી જશે. અર્થાત્ આ જડ દેહ જાણે મરી ગયો છે અને તું તેને પાડોશીની જેમ પડખે રહીને તટસ્થ સાક્ષીભાવે જોયા કરે છે એવો અનુભવ કર ! એટલે 'પૃથક્' તે દેહથી સાવ ભિન્ન વિલસી રહેલા એવા આત્માનું તને સમ્યગ્ દર્શન થશે અને તે **અમૂર્ત્ત આત્માનું** સમ્યગ્દર્શન થશે એટલે તું ઝપાટાબંધ જ આ **'મૂર્ત્તિ' - મૂર્ત્ત દેહ** સાથેના એકત્વનો મોહ છોડી જશે. હે મુમુક્ષુ ! આત્માનુભવની આ અમે આપેલી રહસ્યચાવી (master-key) તું આત્માનુભવ કરીને પોતે જ અજમાવી જો !

પછી ૨૬મી ગાથામાં **અપ્રતિબુદ્ધ** આશંકા કરે છે - 'જીવ જો શરીર નથી તો તીર્થંકર આચાર્ય સંસ્તુતિ તે સર્વે પણ મિથ્યા હોય છે, તેથી આત્મા છે દેહ છે.' આના અનુસંધાનમાં **'આત્મખ્યાતિ'માં અમૃત સમયસાર કળશ (૨૪) મહાકવિ અમૃતચંદ્રજી** સંગીત કરે છે - 'कांत्यैव स्नपयंति' ઈ. ૨૭-૨૮-૨૯-૩૦ ગાથામાં **આચાર્યજી** વ્યવહાર - નિશ્ચયની વિવિક્ષાથી સાંગોપાંગ સમાધાન પ્રકાશે છે - '(૧) વ્યવહાર નય ભાખે છે કે જીવ અને દેહ ખરેખર ! એક છે, પણ નિશ્ચયનયના અભિપ્રાયે તો જીવ અને દેહ કદાપિ એક અર્થ નથી. (૨) તે આ પ્રકારે - જીવથી અન્ય એવા આ પુદ્‌ગલમય દેહને સ્તવી મુનિ માને છે કે મ્હારાથી કેવલી ભગવાન સંસ્તવાયા વંદાયા. (૩) (તથાહિ) - તે નિશ્ચયમાં યુક્ત નથી, કારણ કે શરીર ગુણો કેવલિના હોતા નથી, જે કેવલિ ગુણોને સ્તવે છે, તે કેવલી તત્ત્વને સ્તવે છે. (૪) શરીર સ્તવનથી - તેના અધિષ્ઠાતાપણાને લીધે - આત્માનું નિશ્ચયથી સ્તવન કેમ યુક્ત છે ? એમ પૂછો તો નગરનું વર્ણન કરવામાં આવ્યે જેમ રાજાની વર્ણના કૃતા (કરાયેલી) હોતી નથી, તેમ દેહ ગુણ સ્તવવામાં આવતાં કેવલિ ગુણો સ્તુત (સ્તવાયેલા) હોતા નથી.' અત્રે આ ગાથાના અનુસંધાનમાં **'આત્મખ્યાતિ'માં મહાકવિ અમૃતચંદ્રજીએ** સ્વભાવોક્તિમય અદ્‌ભુત કાવ્ય ચમત્કૃતિવાળા આ બે (૨૫-૨૬) અમૃત **સમયસાર કળશ** અપૂર્વ તત્ત્વકળાથી સંદબ્ધ કર્યા છે - (૧) કિલ્લાથી જે આકાશને કોળીઓ કરી ગયું, ઉપવનરાજીથી (બગીચાઓની શ્રેણીથી) જે ભૂમિતલને ગળી ગયું છે, એવું આ નગર પરિખા-વલયથી (ગોળાકાર ખાઈથી) પાતાલને જાણે પીએ છે - એમ નગર વર્ણવ્યે પણ - રાજાનું - તેનું અધિષ્ઠાતાપણું છતાં, પ્રાકાર - ઉપવન - પરિખાદિમંતપણાના અભાવને લીધે - વર્ણન ન હોય. તથૈવ તે જ પ્રકારે - (૨) નિત્ય અવિકાર સુસ્થિત સર્વ અંગવાળું, અપૂર્વ સહજ લાવણ્યવાળું એવું સમુદ્ર જેવું અક્ષોભ પરમ જિનેંદ્ર રૂપ જય પામે છે. એમ શરીર સ્તવવામાં આવતાં પણ તીર્થંકર કેવલિ પુરુષનું - તેનું અધિષ્ઠાતાપણું છતાં - સુસ્થિત સર્વાંગપણું - લાવણ્ય આદિ ગુણના અભાવને લીધે - સ્તવન ન હોય' અને આ ગાથાઓની **'આત્મખ્યાતિ'** ટીકામાં **અમૃતચંદ્રજીએ** વ્યવહાર - નિશ્ચયની અદ્‌ભુત પરમાર્થ વિવિક્ષાથી સાંગોપાંગ નિષ્ણુષ સમાધાન પ્રકાશ્યું છે.

હવે (૩૧)મી ગાથામાં **કુંદકુંદાચાર્યજી નિશ્ચય સ્તુતિ** કહે છે, (તેમાં) **જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષના પરિહારથી** - 'જે ઈંદ્રિયોને જીતીને જ્ઞાન સ્વભાવથી અધિક આત્માને જાણે છે, તેને જ નિશ્ચયે કરીને જિતેંદ્રિય તેઓ કહે છે, કે જે સાધુઓ નિશ્ચિત (નિશ્ચયવંત) છે.' - શાસ્ત્રકારના આ પરમાર્થબીજરૂપ ભાવને પરમાર્થ વૃક્ષપણે વિકસાવી **'આત્મખ્યાતિ'કાર અમૃતચંદ્રાચાર્યજીએ 'આત્મખ્યાતિ'માં** ઈંદ્રિયજયનું સંપૂર્ણ વિધાન પરમ અદ્‌ભુત અનુપમ અનન્ય અલૌકિક પરમાર્થ શૈલીથી નિષ્ણુષપણે વિવરી દેખાડ્યું છે- અને તે પણ સેંકડો ગ્રંથોથી જે ભાવ ન દર્શાવી શકાય એવા અદ્‌ભુત પરમાર્થ પ્રકાશક પરમાર્થઘન એક જ સળંગ સૂત્રાત્મક વાક્યમાં **મહાનિર્ગ્રંથેશ્વર મહામુનીશ્વરે** અનન્ય તત્ત્વકલાથી ગૂંથેલ છે. તે વિસ્તારભયથી અત્ર આપેલ નથી. (જુઓ **'આત્મખ્યાતિ'** અને **આ લેખકે લખેલું 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય ગાથા- ૩૧-૩૨-૩૩**). પછી (૩૨)મી ગાથામાં **આચાર્યજી - ભાવ્ય ભાવક** સંકર દોષના

પરિહારથી **દ્વિતીય નિશ્ચય સ્તુતિ** પ્રકાશે છે - 'જે મોહને જીતીને જ્ઞાનસ્વભાવથી અધિક એવા આત્માને જાણે છે, તેને **'જિતમોહ'** સાધુ પરમાર્થ વિજ્ઞાયકો કહે છે' અને (૩૩)મી ગાથામાં **ભાવ્ય - ભાવક ભાવના અભાવથી તૃતીય નિશ્ચય સ્તુતિ** પ્રકાશે છે - 'જિતમોહ સાધુનો ક્ષીણ મોહ જ્યારે હોય, ત્યારે નિશ્ચયે કરીને તે નિશ્ચયવિદોથી **'ક્ષીણમોહ'** કહેવાય છે.' આ ત્રણે ગાથાનું તલસ્પર્શી વિવરણ **'આત્મખ્યાતિ'માં** પ્રકાશ્યું છે અને **આ લેખકે 'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** પરિસ્ફુટ વિવર્યું છે.

આમ ઉપરમાં જે બધું અપ્રતિબુદ્ધે ૨૬મી ગાથા આશંકા કરી તે નિવારણ માટે ૨૭ થી ૩૩ ગાથા **આચાર્યજીએ** પ્રકાશી, તેનું સવિસ્તર વ્યાખ્યાન **'આત્મખ્યાતિ'**ના ગદ્ય ભાગમાં સુસ્પષ્ટ વિવરીને કહ્યું, તેના સારસમુચ્ચયરૂપ બે **અમૃત સમયસાર કળશ** (૨૭-૨૮) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - (૧) 'કાયા અને આત્માનું એકત્વ વ્યવહારથી છે, પણ નિશ્ચયથી નથી, શરીરની સ્તુતિથી પુરુષનું સ્તોત્ર વ્યવહારથી, પણ તે તત્ત્વથી નથી, ચિત્‌નું નિશ્ચયથી સ્તોત્ર ચિત્ સ્તુતિથી જ હોય છે અને તે ચિત્ સ્તુતિ એમ (ઉક્ત પ્રકારે) હોય છે, એટલા માટે તીર્થંકર સ્તવના ઉત્તરના બલથી આત્મા અને દેહનું એકત્વ નથી.' (૨) 'એવા પ્રકારે જેને તત્ત્વ પરિચિત છે એવાઓથી (તત્ત્વવિજ્ઞાની આત્માનુભવી પુરુષોથી) આત્મા અને કાયાની એકતા નયવિભજનની (નયનો વિભાગ પાડવાની) યુક્તિથી અત્યંત ઉચ્છાદિત થતાં - ઉઘાડી પડાતાં, સ્વરસના આવેગથી કૃષ્ટ - ખેંચાયેલો એવો પ્રસ્ફુટતો બોધ એક જ આજે કોને બોધમાં જ અવતરતો નથી ?' અર્થાત્ આવું તેવા સ્પષ્ટ પ્રગટ ભેદજ્ઞાનવાળું તત્ત્વ વિજ્ઞાન પ્રતિપાદન કરવામાં આવ્યે, સ્વરસના આવેગથી આપોઆપ જ ખેંચાઈ બોધ પ્રસ્ફુટ થાય છે અને બોધ બોધમાં જ' - જ્ઞાનમાં જ અવતરે છે - ઉતરે છે, એટલે આત્મા પ્રતિબુદ્ધ થાય જ છે. આમ અપ્રતિબુદ્ધની ઉક્તિનો નિરાસ (નિરાકરણ) કરવામાં આવ્યો.

હવે (૩૪)મી ગાથાનું પરમ ભાવવાહી અવતરણ કરતું વિશિષ્ટ ઉત્થાનિકા સૂત્ર અપૂર્વ તત્ત્વકળાથી ગૂંથતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** પ્રકાશે છે - 'એમ અનાદિ મોહસંતાનથી નિરૂપિત એવી આત્મા - શરીર એકત્વ સંસ્કારતાએ કરીને અત્યંત અપ્રતિબુદ્ધ છતાં, પ્રબલપણે ઉલ્લસિત થઈ છે તત્ત્વજ્ઞાન જ્યોતિ જેની એવો, આ નેત્રવિકારીની જેમ પટલ પ્રકટ ઉઘાડાઈ ગયા છે એવો, ઝટ લઈને પ્રતિબુદ્ધ થયેલો સાક્ષાત્ દૃષ્ટા એવા સ્વને સ્વયમેવ નિશ્ચયે કરીને વિશેષે કરી જાણીને અને શ્રદ્ધીને અને તેને જ અનુચરવાનો કામી સતો, સ્વ આત્મારામ એવા આને (આત્માને) અન્ય દ્રવ્યોનું પ્રત્યાખ્યાન શું હોય ? એમ પૂછતાં આમ કહેવા યોગ્ય છે - 'કારણકે સર્વ ભાવોને 'પર' એમ જાણીને પચ્ચખે છે (ત્યજે છે), તેથી પ્રત્યાખ્યાન જ્ઞાન નિયમથી જાણવું.' આ ગાથાની અદ્‌ભુત વ્યાખ્યા **અમૃતચંદ્રાચાર્યજીએ 'આત્મખ્યાતિ'માં** પ્રકાશી છે - 'કારણકે દ્રવ્યાંતર સ્વભાવભાવી અન્ય અખિલ જ ભાવોને **ભગવત્ જ્ઞાતૃદ્રવ્ય** સ્વસ્વભાવ ભાવની અવ્યાપ્યતાથી પરત્વથી જાણીને પચ્ચખે છે (ત્યાગે છે), તેથી જે જ પૂર્વે જાણે છે, તે જ પછી પચ્ચખે છે - નહિ કે અન્ય, એમ આત્મામાં નિશ્ચિત કરી, પ્રત્યાખ્યાન સમયે પ્રત્યાખ્યેય ઉપાધિમાત્રથી પ્રવર્ત્તિત એવું કર્ત્તૃત્વનું વ્યપદેશપણું છતાં - પરમાર્થથી અવ્યપદેશ જ્ઞાનસ્વભાવથી અપ્રચ્યવનને લીધે - **પ્રત્યાખ્યાન જ્ઞાન** જ એમ અનુભવવું યોગ્ય છે.'

હવે જ્ઞાતાના પ્રત્યાખ્યાનમાં કયું દૃષ્ટાંત છે ? તે આ (૩૫) મી ગાથામાં **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** પ્રકાશ્યું છે - 'જેમ ખરેખર ! સ્ફુટપણે કોઈ પણ પુરુષ 'આ પરદ્રવ્ય છે' એમ જાણીને ત્યજી દે છે, તેમ સર્વ પરભાવોને જાણીને જ્ઞાની મૂકી દે છે.' આ દૃષ્ટાંતને **'આત્મખ્યાતિ'માં** બહલાવી પરમાર્થ મહાકવીશ્વર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પોતાની અનન્ય લાક્ષણિક શૈલીમાં તાદૃશ્ય શબ્દચિત્ર આલેખતી **સ્વભાવોક્તિથી** સાંગોપાંગ સંપૂર્ણ અપૂર્વ બિંબપ્રતિબિંબભાવે વિવરી દેખાડ્યું છે - 'જેમ નિશ્ચયે કરીને કોઈ પુરુષ સંભ્રાંતિથી ધોબી પાસેથી પારકું વસ્ત્ર લઈ આવીને આત્મીય પ્રતિપત્તિથી (પોતાનું માની) પરિધાન કરી શયન કરી રહ્યો છે, તે સ્વયં (પોતે) અજ્ઞાની હોઈ અન્યથી તેનો અંચલ (છેડો) પકડીને બલથી નગ્ન કરવામાં આવતો સતો, 'ઝટ પ્રતિબુદ્ધ (જાગૃત) થા ! પરિવર્ત્તિત થયેલું આ મ્હારૂં વસ્ત્ર આપી દે !' - એમ અનેકવાર વાક્ય શ્રવણ કરતાં, અખિલ ચિહ્નોથી સારી પેઠે પરીક્ષા

કરીને, નિશ્ચિતપણે આ પારકું છે એમ જાણી જ્ઞાની સતો, તે વસ્ત્ર અચિરથી (વાર લગાડ્યા વિના) છોડી દે છે : તેમ જ્ઞાતા પણ સંભ્રાંતિથી પરકીય ભાવોને લઈ આત્મીય પ્રતિપત્તિથી (પોતાના માની) આત્મામાં અધ્યાસી શયન કરી રહ્યો છે, તે સ્વયં (પોતે) અજ્ઞાની હોઈ ગુરુથી પરભાવ વિવેક કરી એક કરાતો સતો, 'ઝટ પ્રતિબુદ્ધ થા ! (પ્રતિબોધ પામ !) નિશ્ચયથી આ આત્મા એક જ છે' - એમ અનેકવાર શ્રૌત વાક્ય શ્રવણ કરતાં, અખિલ ચિહ્નોથી સારી પેઠે પરીક્ષા કરીને, નિશ્ચિતપણે આ પરભાવો છે એમ જાણી જ્ઞાની સતો, અચિરથી છોડી દે છે.' આમ **'આત્મખ્યાતિ'** ગદ્ય ભાગમાં ઉપરમાં કહી દેખાડ્યું, તે ભાવના સમર્થનમાં પરમ આત્મનિશ્ચયી પરમ ભાવિતાત્મા **અમૃતચંદ્રજીએ** આ અમૃત કળશ અપૂર્વ ભાવાવેશથી લલકાર્યો છે - 'અનવમ (નવા નહિં એવા, પુરાણા) પરભાવના ત્યાગની દૃષ્ટાંત દૃષ્ટિ જ્યાં લગીમાં અત્યંત વેગથી વૃત્તિમાં અવતરતી, ત્યાં લગીમાં તો સકલ પરકીય ભાવોથી ઝટ વિમુક્ત થયેલી આ અનુભૂતિ સ્વયં આવિર્ભૂત થઈ !' અર્થાત્ આ પરભાવ ત્યાગ સંબંધી સિદ્ધાંતને દૃઢ કરવા માટે જે અત્ર પરમ સમર્થ અનુપમ દૃષ્ટાંત વિવરી દેખાડ્યું તેની દૃષ્ટિ આત્માની વૃત્તિમાં ઉતરે, ત્યાં તો સર્વ પરભાવોથી સર્વથા ઝટ લઈને વિમુક્ત થયેલી આ અનુભૂતિ સ્વયં - આપોઆપ આર્વિભૂત થઈ !

હવે અનુભૂતિનો પરભાવવિવેક કેવી રીતે થયો ? અત્ર (૩૬)મી ગાથામાં આચાર્યજીએ પ્રકાશ્યો છે - 'મ્હારો કોઈ પણ મોહ છે નહિ, ઉપયોગ જ હું એક બૂઝાય - જણાય છે, તે **મોહનિર્મમત્વ** સમયના વિજ્ઞાયકો કહે છે.' આ ગાથાની અદ્‌ભુત તાત્ત્વિક મીમાંસા કરતાં **અમૃતચંદ્રજી 'આત્મખ્યાતિ'માં** પ્રકાશે છે - 'અહીં નિશ્ચયે કરીને - ફલદાન સમર્થતાએ કરી પ્રાદુર્ભૂત થઈ ભાવક સતા પુદ્‌ગલ દ્રવ્યથી અભિનિર્વર્તાઈ રહેલો (સર્જાતો, ઉપજાવાતો) એવો કોઈ પણ પ્રકારનો કોઈ પણ મ્હારો મોહ છે નહિ - કારણકે ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવભાવનું પરમાર્થથી પરભાવથી ભાવાવાનું અશક્યપણું છે માટે, પણ આ છે કે - સ્વયમેવ વિશ્વપ્રકાશથી ચંચુર (ચમકતી) વિકસ્વર એવી અનવરત પ્રતાપ સંપદ્‌વાળા ચિત્‌શક્તિમાત્ર સ્વભાવભાવથી **ભગવાન આત્મા** જ અવબોધાય છે (જણાય છે), કારણકે સ્ફુટપણે હું નિશ્ચયથી **એક** છું, તેથી સમસ્ત દ્રવ્યોના પરસ્પર સાધારણ અવગાહના નિવારવાના અશક્યપણાને લીધે - મજ્જિત અવસ્થામાં પણ - દહીં - ખાંડ અવસ્થાની જેમ - પરિસ્ફુટ સ્વદાતી સ્વાદભેદતાએ કરીને, હું મોહ પ્રતિ નિર્મમત્વ છું - સર્વદા જ આત્મ એકત્વગતપણાએ કરીને સમયનું એમ જ સ્થિતપણું છે. માટે - એવા પ્રકારે આમ ભાવક-ભાવનો વિવેક થઈ ગયો.' આ પરમાર્થ ગંભીર **'આત્મખ્યાતિ'નો** પરમાર્થઆશય **આ લેખકે 'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** વિસ્તારથી સ્પષ્ટ સમજાવ્યો છે.

ઉપરમાં **'આત્મખ્યાતિ'ના** ગદ્ય ભાગમાં જે કહ્યું એના સમર્થનમાં તેની પરિપુષ્ટિરૂપ ઉત્કૃષ્ટ આત્મભાવનામય **અમૃત સમયસાર કળશ** (૩૦) પરમ આત્મભાવનાથી અત્યંત ભાવિતાત્મા **મહામુનીશ્વર અમૃતચંદ્રજીએ** અપૂર્વ ભાવાવેશથી - સંવેગાતિશયથી લલકાર્યો છે - (સમશ્લોકી) 'સર્વતઃ સ્વરસનિર્ભર ભાવ, ચેતું એક સ્વ સ્વયં અહીં સાવ; છે ન છે ન મુજ કોપણ મોહ, શુદ્ધ ચિદ્‌ઘન મહોનિધિ છું હું.' અર્થાત્ - 'સર્વતઃ સ્વરસથી નિર્ભર' - બીજું કાંઈ પણ ન ભરાય - ન સમાય એમ ઠાંસો ઠાંસ ભરેલ અનવકાશ 'એક' - અદ્વિતીય - અદ્વૈત એવા સ્વને - આત્માને હું સ્વયં - પોતે ચેતું છું - વેદું છે - અનુભવું છું. જ્યાં સર્વ બાજુએ સર્વ પ્રદેશે સર્વ પ્રકારે એક શુદ્ધ ચૈતન્ય રૂપ સ્વરસ જ છે, જ્યાં સર્વ પ્રદેશે ચૈતન્ય ચૈતન્ય અને ચૈતન્યરસ જ નિર્ભર ભર્યો છે, એવા પરમ ચૈતન્યરસથી પરિપૂર્ણ એક આત્માને હું પોતે અનુભવી રહ્યો છું. नास्ति नास्ति मम कश्चन मोहः - આવા મ્હારો કોઈ મોહ છે નહિં - છે નહિ, હું તો **શુદ્ધ ચિદ્‌ઘન મહોનિધિ** - મહાતેજનિધિ છું, જ્યાં સર્વ પ્રદેશે ચેતન ચેતન ને ચેતન જ એવો હું ચૈતન્યનો ઘન - **ચૈતન્યઘન** છું.

હવે સાડત્રીશમી (૩૭) ગાથામાં જ્ઞેય ભાવનો વિવેક પ્રકાર **કુંદકુંદાચાર્યજીએ** પ્રકાશ્યો છે - 'ધર્મ આદિ મ્હારા છે નહિ, ઉપયોગ જ હું એક બૂઝાય (જણાય) છે, તે **ધર્મનિર્મમત્વ** સમયના વિજ્ઞાયકો કહે

છે.' આ ગાથાના ભાવને પરમતત્ત્વદેષ્ટા અમૃતચંદ્રાચાર્યજીએ અનન્ય લાક્ષણિક શૈલીથી મહાગ્રંથાર્થગંભીર સૂત્રાત્મક એક જ સળંગ વાક્યમાં 'આત્મખ્યાતિ'માં વિવરી દેખાડ્યો છે -

'સ્વરસથી વિજૃંભિત (ઉલ્લસિત) અનિવારિત પ્રસરવાળી વિશ્વઘસ્મર (વિશ્વગ્રાસી) પ્રચંડ ચિન્માત્ર શક્તિ વડે કવલિતપણાએ કરીને જાણે અત્યંત અંતર્મગ્ન હોય, એમ આત્મામાં પ્રકાશમાન એવા આ ધર્મ - અધર્મ - આકાશ - કાલ - પુદ્ગલ - જીવાંતરો ખરેખર ! સ્ફુટપણે મ્હારા છે જ નહિ, - કારણકે ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવપણાએ કરીને તત્ત્વથી અંતસ્તત્ત્વની તદતિરિક્ત (તેનાથી જૂદી) સ્વભાવતાથી તે ધર્માદિનું તત્ત્વથી બહિસ્તત્ત્વરૂપતા પરિત્યજવાનું અશક્યપણું છે માટે, પણ આ છે કે - સ્વયમેવ નિત્યમેવ ઉપયુક્ત (ઉપયોગવંત) એવો તત્ત્વતઃ એવ એક અનાકુલ આત્માને કળતો (અનુભવતો) ભગવાન આત્મા એવ અવબોધાય છે, કારણકે પ્રગટપણે હું નિશ્ચયથી એક છું, તેથી સંવેદ્ય - સંવેદક ભાવમાત્રથી ઉપજેલ ઈતરેતર સંવલનમાં (અન્યોન્ય ઓતપ્રોત સંમિશ્રણમાં) પણ પરિસ્ફુટ સ્વદાતી સ્વાદભેદતાએ કરીને ધર્મ - અધર્મ - આકાશ - કાલ - પુદ્ગલ - જીવાંતરો પ્રતિ હું નિર્મમત્વ છું - કારણકે સર્વદા જ આત્મએકત્વગતપણે સમયનું એમ જ સ્થિતપણું છે માટે - એવા પ્રકારે આમ જ્ઞેયભાવનો વિવેક થઈ ગયો.' આ તત્ત્વસર્વસ્વ સમર્પક અદ્ભુત 'આત્મખ્યાતિ'નો પરમાર્થ - આશય આ લેખકે 'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં પરિસ્ફુટપણે વિવેચ્યો છે.

આ ઉપરમાં 'આત્મખ્યાતિ'ના ગદ્ય ભાગમાં વિવરીને દર્શાવ્યું તેના સમર્થનમાં પરિપુષ્ટિ અર્થે મહાગીતાર્થ આત્મારામી આચાર્યવર્ય અમૃતચંદ્રજીએ ઉપસંહારરૂપ આ અમૃત કળશ (૩૧) અપૂર્વ આત્મભાવોલ્લાસથી સંગીત કર્યો છે - 'એવા પ્રકારે અન્ય ભાવો સાથે વિવેક થયે સતે સ્વયં એક આત્માને ધારતો આ ઉપયોગ, પ્રકટિત-પરમાર્થ એવા દર્શન-જ્ઞાન-વૃત્તથી જેણે પરિણતિ કરી છે, એવો આત્મારામ જ પ્રવૃત્ત થયો.' અર્થાત્ એવા પ્રકારે સર્વ અન્ય ભાવો સાથે વિવેક ઉપજ્યો, એટલે આ ઉપયોગ સ્વયં - આપોઆપ જ એક આત્માને ધારણ કરી રહ્યો - ઉપયોગ આત્મામય થયો, આત્માકાર બન્યો, એટલે પરમાર્થ જેણે 'પ્રકટિત' - પ્રકટ કરેલો છે એવા દર્શન - જ્ઞાન - વૃત્તથી પરિણતિ કરી છે, એવો તે ઉપયોગ આત્મારામ જ પ્રવૃત્ત થયો. અર્થાત્ આત્મા એ જ દર્શન, આત્મા એ જ જ્ઞાન, આત્મા વૃત્ત - જ્ઞાન - દર્શન - આત્મસ્વભાવમાં વર્ત્તવા રૂપ ચરિત્ર, એમ પરમાર્થથી દર્શન - જ્ઞાન - ચારિત્રનું - અભેદપણું થયું, આત્મા આત્માને જ દેખતો જાણતો સતો આત્મામાં જ વર્ત્તી રહ્યો, આમ તે આત્મામાં જ વિશ્રાંત થયેલો આત્મામાં જ આરામ કરતો 'આત્મારામ' જ પ્રવૃત્ત થયો.

હવે એમ 'દર્શન - જ્ઞાન - ચારિત્ર પરિણત એવા આત્માને કેવુંક સ્વરૂપ સંચેતન' હોય છે, તે અત્ર (૩૮)મી અમૃત ગાથામાં શાસ્ત્રકાર ભગવાન પરમર્ષિ કુંદકુંદાચાર્યજી પ્રકાશે છે - 'હું એક નિશ્ચયથી શુદ્ધ, દર્શન - જ્ઞાનમય, સદા અરૂપી છું, અન્ય કંઈ પણ પરમાણુ માત્ર પણ મ્હારૂં છે નહિ.' આ ગાથાનું અપૂર્વ વ્યાખ્યાન 'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રાચાર્યજીએ પ્રકાશ્યું છે -

'જે - સ્ફુટપણે નિશ્ચયે કરીને - અનાદિ મોહઉન્મત્તતાથી અત્યંત અપ્રતિબુદ્ધ સતો, નિર્વિણ્ણ (ખેદ પામેલા) ગુરુથી અનવરતપણે પ્રતિબોધવામાં આવી રહેલો કેમે કરીને પ્રતિબુદ્ધ થઈ, નિજ કરતલમાં વિન્યસ્ત (મૂકાયેલ) છતાં વિસ્મૃત સુવર્ણના અવલોકન ન્યાયે, પરમેશ્વર આત્માને જાણી શ્રદ્ધી અને સમ્યક્ અનુચરી એક આત્મારામ થઈ ગયો, તે ખરેખર ! નિશ્ચયે કરીને -

(૧) સમસ્ત ક્રમ - અક્રમે પ્રવર્ત્તી રહેલા વ્યાવહારિક ભાવોથી ચિન્માત્રકારથી અભિદ્યમાન પણાને લીધે એક,

(૨) નર - નારકાદિ જીવ વિશેષ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ - એ લક્ષણવાળા વ્યાવહારિક નવ તત્ત્વોથી ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવભાવે કરીને અત્યંત વિવિક્તપણાને લીધે શુદ્ધ,

(૪) ચિન્માત્રતાથી સામાન્ય - વિશેષ ઉપયોગાત્મકતાના અનતિક્રમણને લીધે દર્શન-જ્ઞાનમય,

(૫) સ્પર્શ - રસ - ગંધ - વર્ણ નિમિત્ત સંવેદન પરિણતપણામાં પણ સ્પર્શાદિરૂપે સ્વયં અપરિણમનને લીધે **સદૈવ અરૂપી** -

- એવો પ્રત્યગ્ અંતર્ગત (પૃથક્, ભિન્ન) આ હું સ્વરૂપ સંચેતી રહેલો પ્રતપું છું અને એમ પ્રતપતી મ્હારૂં - બહિર્ વિચિત્ર સ્વરૂપ સંપદ્થી પરિસ્ફુટતા વિશ્વમાં પણ - કંઈ પણ અન્ય પરમાણુમાત્ર પણ આત્મીયપણે પ્રતિભાસતું નથી, - કે જે ભાવકપણાએ કરી અને જ્ઞેયપણાએ કરી એકરૂપ થઈ પુનઃ મોહ ઉદ્ભાવાવે છે - (કારણકે) 'સ્વરસથી અપુનઃ પ્રાદુર્ભાવાર્થે (પુનઃ પ્રાદુર્ભાવ ન થાય એમ) સમૂલ મોહને ઉન્મૂલીને મહત્ જ્ઞાનોદ્યોતનું પ્રસ્ફુરિતપણું છે માટે.'

આમ પરમ સમર્થ અનન્ય ટીકાકાર ભગવાન **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** સર્વત્ર પદે પદે આત્માની ખ્યાતિ વિસ્તારતી આ સૂત્રમયી ભગવતી **'આત્મખ્યાતિ'** અમૃત વૃત્તિમાં, તેના અક્ષરે અક્ષરનું અનંતગુણવિશિષ્ટ તત્ત્વમંથનમય પરિભાવન કરતું, પરમ પરમાર્થગંભીર અપૂર્વ અદ્ભુત અનન્ય ષોડશ તત્ત્વકલા પરિપૂર્ણ વ્યાખ્યાન પ્રકાશી, **'અમૃતચંદ્ર'** નામની યથાર્થતા પોકારતી પરમતત્ત્વામૃતમયી **અમૃતવાણીની** રેલંછેલ કરી છે.

આ **'આત્મખ્યાતિ'માં** ઉપસંહારરૂપ અમૃત **સમયસાર કળશ** (૩૨) **અમૃતચંદ્રજી** અપૂર્વ પરમભાવોલ્લાસથી લલકારે છે - 'લોકપર્યંત ઉછળી રહેલા શાંતરસમાં આ સમસ્ત લોકો એકી સાથે જ નિર્ભરપણે મજ્જન કરો ! વિભ્રમ - તિરસ્કરિણીને (પડદી) આપ્લાવિત કરી, આ ભગવાન **અવબોધસિંધુ** (જ્ઞાનસિંધુ) **આત્મા** પૂરેપૂરો પ્રોન્મગ્ન થયો છે !'

અર્થાત્ - અત્રે સમસ્ત મુમુક્ષુ શ્રોતાજનને જ નહિ પણ સમસ્ત લોકોને પરમ પ્રેરણા - આહ્વાન રૂપ આ અમૃત **સમયસાર કળશમાં** મહા અધ્યાત્મનાટ્યકાર પરમ પરમાર્થ - મહાકવિવર **અમૃતચંદ્રજી** અદ્ભુત નાટકીય શૈલીથી ઉદ્બોધન કરે છે કે - આ પરમ શાંતરસ એટલો બધો ઉલ્લાસ પામ્યો છે કે તે લોકપર્યંત - ઉછળી રહ્યો છે ! એ શાંતરસમાં અહો લોકો ! બધાય એકસાથે જ નિર્ભરપણે મજ્જન કરો ! જુઓ ! વિભ્રમરૂપ 'તિરસ્કરિણીને' - આત્માને આવરણરૂપ નાનકડી 'પડદી'ને આપ્લાવિત કરી, આ **ભગવાન અવબોધસિંધુ આત્મા** પ્રોન્મગ્ન થયો છે !

આ નાટક **'સમયસાર'** કળશ નામનું મહાન્ **અધ્યાત્મનાટક** છે. જેમ બહિરંગ નાટકમાં નાના પ્રકારના પાત્ર વસ્ત્ર-આભરણથી સારી પેઠે બનીઠની પોતપોતાની વેષ-ભૂષા ધારણ કરી, નાટકશાળામાં રંગભૂમિ પર નાટકમાં પોતપોતાનો ભાગ ભજવવા આવે છે, તેમ આ અંતરંગ નાટકમાં નાના પ્રકારના જીવાદિ તત્ત્વ-પાત્ર સ્વરૂપ સમૃદ્ધિથી સમૃદ્ધ બની, પોતપોતાની વિશિષ્ટ સ્વરૂપ શોભા ધારણ કરી, આ અધ્યાત્મ નાટક શાળામાં - આ ગ્રંથરૂપ અધ્યાત્મ રંગભૂમિ પર પોતપોતાનો ભાગ ભજવવા આવે છે.

બહિરંગ નાટકમાં પડદો હોય છે, તે જ્યાં લગી પડ્યો હોય છે, ત્યાં લગી રંગભૂમિ અને પાત્રનું દૃશ્ય ચેષ્ટિત દેખી શકાતું નથી, પણ પડદો ખુલતાં જ રંગભૂમિ અને પાત્રનું દૃશ્ય ચેષ્ટિત દૃષ્ટિ સન્મુખ ખુંદ થાય છે, તેમ અંગરંગ નાટકમાં વિભ્રમ-મોહરૂપ પડદો હોય છે, તે જ્યાં લગી પડ્યો હોય છે ત્યાં લગી આ અધ્યાત્મ ગ્રંથરૂપ રંગભૂમિ અને તે પરના તત્ત્વ-પાત્રનું દૃશ્ય સ્વરૂપ ચેષ્ટિત દેખી શકાતું નથી, પણ વિભ્રમ - મોહનો પડદો ખૂલતાં જ આ રંગભૂમિ અને તે પરના તત્ત્વ - પાત્રનું યથાર્થ સ્વરૂપ - દૃશ્ય ચેષ્ટિત દૃષ્ટિ સન્મુખ ખુંદ થાય છે. એટલે સહૃદય દ્રષ્ટા પ્રેક્ષક ગણ નાટ્યરસમાં મજ્જન કરે છે, તેમ અધ્યાત્મરસીયા સજ્જન તલ્લીન તન્મય બની જાણે અધ્યાત્મ નાટકના પરમ શાંતસુધારસમાં મજ્જન કરે છે - ડૂબી જાય છે !

બહિરંગ નાટકમાં જેમ દૃષ્ટા સભ્ય પ્રેક્ષકગણ હોય છે, તેમ આ અંતરંગ નાટકમાં દ્રષ્ટા પ્રેક્ષકગણ આત્માર્થી મુમુક્ષુજન હોય છે. બહિરંગ નાટક જેમ પૂર્વરંગ અને વિવિધ અંકોમાં વિભક્ત હોય છે, તેમ આ અંતરંગ નાટક પણ પૂર્વરંગ અને નવ અંકમાં વિભક્ત છે. બહિરંગ નાટકમાં જેમ મુખ્યપણે કોઈ શૃંગાર-અદ્ભુત-કરુણ-વીર આદિમાંથી કોઈ એક રસનું પ્રાધાન્ય હોય છે, તેમ આ અંતરંગ નાટકમાં

મુખ્યપણે રસાધિરાજ **પરમશાંતરસનું** પ્રાધાન્ય છે. નાટકના સ્રષ્ટા-સર્જન જેમ કોઈ તત્ વસ્તુના જાણકાર તજજ્ઞ મહાકવિ - બ્રહ્મા હોય, તેમ આ અંતરંગ નાટકના સ્રષ્ટા-સર્જક અધ્યાત્મ વસ્તુના જાણકાર તજજ્ઞ **પરમબ્રહ્મવેત્તા પરમર્ષિ શાસ્ત્રકાર પરમર્ષિ 'આત્મખ્યાતિ'કાર** મહાકવિ પરંબ્રહ્મ બ્રહ્મા છે.

નવ તત્ત્વના નવ અંકો જેમાં છે એવા આ નવાંકી અધ્યાત્મ નાટકનો આ પૂર્વરંગ સમાપ્ત થયો. નાટકમાં જેમ પ્રથમ સૂત્રધાર નાટકના પ્રવેશકરૂપ પૂર્વરંગ રજુ કરે છે, તેમ મહાકવિ-બ્રહ્મા **કુંદકુંદજી**એ પ્રણીત કરેલા સમયસાર અધ્યાત્મ નાટકના સૂત્રધાર સમા **'આત્મખ્યાતિ' સૂત્રકાર** મહાકવિ બ્રહ્મા **અમૃતચંદ્રજી**એ એક આત્માનું સૂત્ર જ્યાં સંતાનિત છે એવી એકસૂત્રમય **'આત્મખ્યાતિ'** વ્યાખ્યાથી ઓર બહલાવેલો આ સમયસાર નાટકનો પૂર્વરંગ પ્રણીત કર્યો અને અત્રે નાટકના તજ્ઞા પર મોહનો પડદો દૂર હઠાવીને ભગવાન **અવબોધસિંધુ - જ્ઞાનસિંધુ આત્મા**નું પાત્ર સમયસાર-નાટક કળશકાવ્યના દિવ્ય ધ્વનિથી આ અધ્યાત્મ રંગભૂમિ પ્રગટ ખુલ્લું થયું અને તે **ભગવાન જ્ઞાનસિંધુ આત્માના** લોકપર્યંત ઉછળતાં શાંતસુધારસમાં નિમજ્જન કરવાનું આ મહાનાટ્યકાર મહાકવીશ્વરે સર્વ કોઈને સપ્રેમ આમંત્રણ આપ્યું.

પરમર્ષિ કુંદકુંદાચાર્ય કૃત આ **સમયસાર** પ્રાભૃતની અપૂર્વ **'આત્મખ્યાતિ'** વ્યાખ્યાની અપૂર્વ તત્ત્વકળાથી ગૂંથણી કરતાં મહાનિર્ગ્રંથ મુનીશ્વર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી**ને તેના ગદ્યભાગ માત્રથી સંતોષ ન થતાં, તેમનો આત્માનંદ અમૃતરસ એટલો બધો ઉભરાયો કે તે પરમ અમૃતરસ સંભૃત 'સુવર્ણ' કળશમય કવિતાની અમૃતસરિતા રૂપ પ્રવહ્યો. દિવ્ય અધ્યાત્મ ગગનમાં અતિ અતિ ઊર્ધ્વ ભૂમિકાએ ઉડનારા આ પરમહંસ મહાનાટ્યકાર **અમૃતચંદ્રજી મહાકવિએ**, ગગન ગામિની કલ્પનાથી આ **સમયસારને** પોતાની વિશિષ્ટ **સમયસાર નાટક** કળશની દિવ્ય સૃષ્ટિથી અલૌકિક અનુપમ અદ્‌ભુત નાટકનું વ્યવસ્થિત રૂપ આપ્યું. આત્માને શુદ્ધ ચેતનાના શાંતસુધારસમાં રમણ કરાવતું તે જાણે 'કાવ્યેષુ નાટકં રમ્યં' - કાવ્યોને વિષે નાટક રમ્ય છે એ ઉક્તિને ચરિતાર્થ કરતું હોયની ! અને એટલે જ આત્મરમણતામાં રમણ કરાવવા સમર્થ આવા દિવ્ય નાટકના અનુપમ સ્રષ્ટા પરંબ્રહ્મ સ્વરૂપ આ બન્ને આત્મારામી મહાકવિ-બ્રહ્માઓની આ દિવ્ય કાવ્યસૃષ્ટિ દેખી સાનંદાશ્ચર્ય અનુભવતા સહૃદય દ્રષ્ટા મુમુક્ષુ આત્માર્થીજન પદે પદે આફ્રીન પોકારે છે કે - **જય કુંદકુંદ ! જય અમૃતચંદ્ર !**

॥ ઈતિ પૂર્વરંગ ॥

૧. જીવ-અજીવ અધિકાર

જીવાજીવ પ્રરૂપક પ્રથમ અંક

આમ પૂર્વરંગ સમાપ્ત કરી આ **સમયસાર** અધ્યાત્મ નાટકના જીવાજીવ અધિકાર રૂપ પ્રથમ અંકનું ઉદ્‌ઘાટન કરતાં **ભગવત્ અમૃતચંદ્રાચાર્યજી** આ મંગલ કળશ (૩૩) સંગીત કરે છે - 'જીવ - અજીવના વિવેકરૂપ પુષ્કળ - વિશાલ દૃષ્ટિ વડે પાર્ષદોને (પરિષદ્‌જનોને - સભાજનોને) પ્રતીતિ પમાડતું, આસંસારથી માંડીને બદ્ધ બંધન વિધિના ધ્વંસ (નાશ) થકી વિશુદ્ધ સ્ફુટંતું એવું આત્મારામ, **અનંત ધામમહસ્‌થી** અધ્યક્ષથી નિત્યોદિત, ધીરોદાત્ત, અનાકુલ એવું **જ્ઞાન** મનને આહ્લાદતું વિલસે છે.' - આ કળશનો ભાવ **આ લેખકે 'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** વિસ્તારથી વિવેચ્યો છે.

અત્ર **ભગવાન શાસ્ત્રકારે** પરને જ આત્મા કહેનારા પરાત્મવાદીઓના વિવિધ પ્રકાર દર્શાવી તે પરાત્મવાદીઓ પરમાર્થવાદીઓ નથી એમ (૩૯-૪૩) **ગાથામાં** નિરૂપણ કર્યું છે. જેમકે- (૧) કોઈ અધ્યવસાનને આત્મા કહે છે, (૨) કોઈ કર્મને આત્મા કહે છે, (૩) અધ્યવસાન સંતાનને આત્મા કહે છે, (૪) કોઈ નોકર્મને (શરીરને) આત્મા કહે છે, (૫) કોઈ કર્મવિપાકને આત્મા કહે છે, (૬) કોઈ કર્માનુભવને આત્મા કહે છે, (૭) કોઈ આત્મા-કર્મ ઉભયને આત્મા કહે છે, (૮) કોઈ કર્મસંયોગને આત્મા કહે છે, પણ તે સર્વ પ્રકાર માનનારા પરમાર્થવાદી નથી એમ નિશ્ચયવાદીઓ વદે છે. આ સર્વ પ્રકારો **'આત્મખ્યાતિ'કાર પરમર્ષિએ** લાક્ષણિક પરમાર્થઘન શૈલીમાં **'આત્મખ્યાતિ'માં** સ્પષ્ટ વિવરી બતાવ્યા છે.

એમ કયા કારણથી ? તે (૪૪) **ગાથામાં આચાર્યજી** પ્રકાશે છે - 'આ સર્વે ભાવો **કેવલિ જિનોથી** પુદ્‌ગલદ્રવ્યના પરિણામોથી નિષ્પન્ન થયેલા કહેવામાં આવ્યા છે, તે 'જીવ' એમ કેમ કહેવાય છે ?' આ ગાથાનો પરમાર્થ મર્મ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પ્રકાશ્યો છે - 'આ અધ્યવસાનાદિ સમસ્ત જ ભાવો - **ભગવદ્ વિશ્વસાક્ષી અર્હંતોથી** પુદ્‌ગલ દ્રવ્ય પરિણામત્વથી પ્રજ્ઞપ્ત કરાયેલા હોઈ - ચૈતન્ય શૂન્ય પુદ્‌ગલ દ્રવ્યથી અતિરિક્તપણે (ભિન્નપણે) પ્રજ્ઞાપવામાં આવી રહેલું ચૈતન્ય સ્વભાવ જીવદ્રવ્ય હોવાને ઉત્સહતા નથી, તેથી કરીને આગમ, યુક્તિ અને સ્વાનુભવથી બાધિતપક્ષપણાને લીધે તદાત્મવાદી (તે તે પરભાવોને આત્મા વદનારા) નિશ્ચયે કરીને પરમાર્થવાદીઓ નથી. પ્રથમ તો આજ સર્વજ્ઞ વચન આગમ છે અને આ સ્વાનુભવ ગર્ભિતા યુક્તિ છે - નૈસર્ગિક રાગદ્વેષથી કલુષિત અધ્યવસાન નિશ્ચયે કરીને જીવ નથી - તથાવિધ અન્ય એવા ચિત્ સ્વભાવનું વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણું (અનુભવાઈ રહ્યાપણું) છે માટે. (આમ આઠ મુદ્દાનું વિવેચન **'આત્મખ્યાતિ'માં** કર્યું છે.) ** અહીં પુદ્‌ગલથી ભિન્ન આત્માની ઉપલબ્ધિ (અનુભૂતિ) વિષયમાં વિપ્રતિપન્ન (વિપરીત માન્યતાવાળા) સામથી જ (સમજાવટથી) આમ - આ કહેવામાં આવતા કળશમાં કહેવાય છે, તેમ અનુશાસ્ય - અનુશાસન કરવા યોગ્ય છે.

અત્ર **અમૃતચંદ્રજીએ અમૃત સમયસાર કળશ** (૩૪) લલકાર્યો છે - 'વિરમ ! બીજા અકાર્ય કોલાહલથી શું ? સ્વયં જ - તું પોતે જ નિભૃત - મૌન થઈ એક છ માસ જો ! કે હૃદય - સરમાં પુદ્‌ગલથી ભિન્ન ધામવંતા પુરુષની શું અનુપલબ્ધિ (અનુભૂતિ) ભાસે છે ? કે ઉપલબ્ધિ (અનુભૂતિ) !' - આ કળશનો ભાવાર્થ આ પ્રકારે - વિરમ ! વિરામ પામ ! બીજી બધી વાત બધી જવા દે, આ ત્હારી બધી દોડાદોડ મૂકી દઈ ઉભો રહે, થોભ ! આ બીજા અકાર્ય - નહીં કરવા યોગ્ય - નકામા કોલાહલથી શું ? આ આમ છે કે તેમ છે એવા કલ્પનાના ઘોડા દોડાવવા રૂપ મિથ્યા વાદવિવાદના શોરબકોરથી શું ? તું તારી મેળે જ અમે કહીએ છીએ તે આ એક અનુભવ યુક્તિ અજમાવી જો ! તું સ્વયં પોતાને જ - તારી મેળે 'નિભૃત' થઈ - મૌન થઈ, ચૂપચાપ છાનોમનો બેસી રહી, અજમાયશ દાખલ એક છ માસ તો આ પ્રયોગ - અખતરો (Experiment) કરી જો ! અને અંતરમાં જો તો ખરો ! કે ત્હારા હૃદય - સરમાં - હૃદયરૂપ સ્વચ્છ નિર્મલ સરોવરમાં પુદ્‌ગલથી ભિન્ન ધામવંત - જ્યોતિવંત એવા એક શુદ્ધ ચૈતન્યમૂર્ત્તિ પુરુષની - આત્માની શું અનુપલબ્ધિ - અનનુભૂતિ ભાસે છે ? કે ઉપલબ્ધિ - અનુભૂતિ ? આ પ્રયોગ (scientific experiment) તું ત્હારી મેળે જ અનુભવસિદ્ધ કરીને ખાત્રી કરી

જો ! વધારે કહ્યાથી શું ?

ચિત્અન્વયનો પ્રતિભાસ છતાં અધ્યવસાનાદિ પુદ્ગલ સ્વભાવો કેમ ? તેનું સમાધાન અત્ર (૪૫)મી ગાથામાં આચાર્યજીએ પ્રકાશ્યું છે - 'આઠ પ્રકારનું પણ કર્મ સર્વ પુદ્ગલમય જિનો કહે છે - જે વિપાક પામી રહેલનું ફલ 'દુઃખ' એમ કહેવાય છે.' આ વસ્તુ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** સ્ફુટ સમજાવી છે - 'અધ્યવસાનાદિ ભાવોનું નિર્વર્ત્તક (સર્જનકાર - નીપજાવનાર) અષ્ટવિધ પણ કર્મ સમસ્ત જ પુદ્ગલમય છે એમ સ્ફુટપણે **સકલજ્ઞની શ્રુતિ** છે અને વિપાકકાષ્ઠાધિરૂઢ તેના ફલપણે જે અભિલપાય છે, તે - અનાકુલત્વ લક્ષણ સૌખ્ય નામના આત્મસ્વભાવથી વિલક્ષણપણાને લીધે - નિશ્ચય કરીને દુઃખ છે, તદંતઃપાતિ જ નિશ્ચયે કરીને આકુલત્વ લક્ષણ અધ્યવસાનાદિ ભાવો છે, તેથી તેઓ ચિદ્અન્વયપણાના વિભ્રમે પણ આત્મસ્વભાવો નથી, કિંતુ પુદ્ગલ સ્વભાવો છે.'

આમ જો અધ્યવસાનાદિ પુદ્ગલ સ્વભાવો છે, તો પછી કેમ જીવત્વથી સૂચિત છે ? એ આશંકાનું (૪૬)મી ગાથામાં સમાધાન કર્યું છે - 'આ સર્વે અધ્યવસાનાદિ ભાવો **જીવો** છે, એ **જિનવરોથી** વર્ણવવામાં આવેલ ઉપદેશ તે વ્યવહારનું દર્શન છે.' આ ગાથાનો ભાવ **'આત્મખ્યાતિ'માં** સ્પષ્ટ વિવર્યો છે - '** વ્યવહાર વ્યવહારીઓને - મ્લેચ્છોને મ્લેચ્છભાષાની જેમ પરમાર્થ પ્રતિપાદપણાને લીધે અપરમાર્થ છતાં - તીર્થપ્રવૃત્તિ નિમિત્તે દર્શાવવો ન્યાય્ય જ (ન્યાયયુક્ત) છે.' ઈ - અત્ર કયા દૃષ્ટાંતથી વ્યવહાર પ્રવૃત્ત છે ? તે (૪૭-૪૮) ગાથામાં પ્રકાશ્યું છે - 'રાજા ખરે ! નીકળ્યો' એમ આ બલસમુદયનો (સૈન્ય સમૂહ) આદેશ વ્યવહારથી જ કહેવાય છે, ત્યાં એક રાજા નીકળ્યો છે, એમ જ અધ્યવસાનાદિ અન્ય ભાવોનો 'જીવ' એવો વ્યવહારમાં સૂત્રમાં કરવામાં આવ્યો છે, ત્યાં નિશ્ચિત એક જીવ છે.' આ દૃષ્ટાંત **'આત્મખ્યાતિ'માં** સ્પષ્ટ વિવરી દેખાડ્યું છે.

જો એમ છે તો તે એક ટંકોત્કીર્ણ પરમાર્થજીવ શું લક્ષણવાળો ? એમ પૂછવામાં આવતા **આચાર્યજી** (૪૯)મી ગાથામાં પ્રકાશે છે - 'અરસ, અરૂપ, અગંધ, અવ્યક્ત, ચેતનાગુણ, અશબ્દ, અલિંગગ્રહણ, અનિર્દિષ્ટ સંસ્થાન એવો જીવ જાણ !' આ ગાથાની અપૂર્વ તાત્ત્વિક મીમાંસા **અમૃતચંદ્રજીએ 'આત્મખ્યાતિ'માં** વ્યતિરેક - અન્વયથી અદ્ભુત પ્રકાશી છે અને આ લેખકે **'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** સ્પષ્ટ વિવેચી છે. **જીવ - પુદ્ગલનું** અદ્ભુત ભેદવિજ્ઞાન કરાવતી આ મહાન્ ગાથા એટલી બધી મહત્ત્વની છે કે શાસ્ત્રકર્ત્તા **કુંદકુંદાચાર્યજીએ** તેમના 'પંચાસ્તિકાય' - 'પ્રવચન સાર' આદિ ઈતર ગ્રંથોમાં તે સૂત્રિત કરી છે અને તે તે ગ્રંથોમાં ભિન્ન ભિન્ન પ્રકારે તેની અપૂર્વ વ્યાખ્યા અનન્ય ટીકાકાર **અમૃતચંદ્રાચાર્યજીએ** અદ્ભુત રીતે પ્રકાશી છે.

આ ગાથાના અનુસંધાનમાં **'આત્મખ્યાતિ'માં** અમૃત **સમયસાર કળશ** (૩૫) **અમૃતચંદ્રજીએ** લલકાર્યો છે - **'ચિત્શક્તિરિક્ત'** (ચિત્ શક્તિથી રિક્ત - ખાલીખમ - શૂન્ય એવું જે કાંઈ છે તે) સકલ પણ સદા છેવટને માટે એકદમ છોડી દઈ, **'ચિત્શક્તિમાત્ર'** સ્ફુટતર 'સ્વ'ને અવગાહીને, વિશ્વની ઉપરિ ચરંતા આ ચારુ અનંત એવા પરમાત્માને આત્મામાં સાક્ષાત્ કળો ! (અનુભવો !)'.

અત્રે **અમૃતચંદ્રજી** આગલી ગાથાના ભાવ સૂચન કરતો **અમૃત કળશ** (૩૬) સંગીત કર્યો છે. **'ચિત્ શક્તિથી' વ્યાપ્ત** જેનો સર્વસ્વસાર - **આ જીવ** આટલો જ છે, એથી અતિરિક્ત (જૂદા તરી આવતા) **આ** (કહેવામાં આવે છે તે) સર્વે જ ભાવો **પૌદ્ગલિક** છે :- 'જીવનો નથી વર્ણ, નથી ગંધ, નથી રસ, નથી સ્પર્શ, નથી રૂપ, નથી શરીર, નથી સંસ્થાન, નથી સંહનન, (૨) જીવનો નથી રાગ, નથી દ્વેષ અને નથી મોહ, જીવના નથી પ્રત્યયો, નથી કર્મ અને નથી નોકર્મ, (૩) જીવનો નથી વર્ગ, નથી વર્ગણા અને નથી કોઈ સ્પર્ધકો, નથી અધ્યાત્મ સ્થાનકો અને નથી અનુભાગસ્થાનો, (૪) જીવના નથી કોઈ યોગસ્થાનો, નથી બંધસ્થાનો, નથી ઉદયસ્થાનો અને નથી કોઈ માર્ગણાસ્થાનો, (૫) જીવના નથી સ્થિતિબંધ સ્થાનો, નથી સંક્લેશ સ્થાનો, નથી વિશુદ્ધિ સ્થાનો અને નથી સંયમલબ્ધિ સ્થાનો, (૬) અને જીવના નથી જીવસ્થાનો અને નથી ગુણસ્થાનો - કારણકે આ સર્વેય પુદ્ગલ દ્રવ્યના પરિણામો

છે.' આ (૫૦-૫૫) ગાથામાં વર્ણવાયેલ પૌદ્‌ગલિક ભાવોના આ સર્વ પ્રકારોનું પ્રત્યેકનું 'આત્મખ્યાતિ'માં અત્યંત પરિસ્ફુટ વિવરણ કરી દેખાડતાં, પરમ આત્મભાવનાથી પરમભાવિતાત્મા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ પૌદ્‌ગલિક ભાવોનું અનુભૂતિથી ભિન્નપણું પરિભાવન કરાવ્યું છે અને 'જે વર્ણાદિ - રાગાદિ ઈ. તે સર્વે જ જીવના છે નહિ, પુદ્‌ગલદ્રવ્ય - પરિણામમયપણાએ કરીને તેઓનું અનુભૂતિથી ભિન્નપણું છે માટે', એમ સકર્ણોના કર્ણમાં સદા ગૂંજ રહે એવા કર્ણામૃત સમા અમૃત શબ્દોમાં ભેદજ્ઞાનની ધૂન લેવાડાવી ભેદજ્ઞાન ગોખાવ્યું છે. આ 'આત્મખ્યાતિ'ના ગદ્ય ભાગમાં અત્યંત વિસ્તારથી વિવરી દેખાડ્યું તેના સારસમુચ્ચયરૂપ અમૃત સમયસાર કળશ (૩૭) અમૃતચંદ્રજી સંગીત કરે છે - 'વર્ણાદિ વા રાગ-મોહાદિ વા સર્વે જ ભાવો પુરુષથી ભિન્ન ભાવો છે, તેથી જ અંતરમાં તત્ત્વથી પેખતા તેને આ દૃષ્ટ થાય નહિ, પણ પરમ એક જ (આત્મ તત્ત્વ) દૃષ્ટ થાય.'

વારુ, આ વર્ણાદિ જો જીવના છે નહિ, તો તંત્રાન્તરમાં 'છે' એમ કેમ પ્રજ્ઞાપવામાં આવે છે ? આનું સમાધાન (૫૬)મી ગાથામાં આચાર્યજી પ્રકાશે છે - 'વ્યવહારથી આ વર્ણાદિ - ગુણસ્થાન પર્યંત ભાવો જીવના હોય છે, પણ નિશ્ચયનયના અભિપ્રાયે કોઈ (જીવના) નથી.' આ ગાથાનો પરમાર્થ મર્મ - 'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ પ્રકાશ્યો છે - 'અહીં વ્યવહારનય સ્ફુટપણે પર્યાયાશ્રિતપણાને લીધે - પુદ્‌ગલસંયોગ વશે કરીને અનાદિ પ્રસિદ્ધ બંધપર્યાયવાળા જીવના - કુસુંભરક્ત (કસુંબલ) સૂતરાઉ વસ્ત્રની જેમ - ઔપાધિક ભાવને અવલંબીને ઉત્પ્લવતો સતો, પરનો પરભાવ વિહિત કરે છે, પણ નિશ્ચયનય દ્રવ્યાશ્રિતપણાને લીધે, કેવલ જીવના સ્વાભાવિક ભાવને અવલંબી ઉત્પ્લવતો સતો, પરનો પરભાવ સર્વ જ પ્રતિષેધે છે, તેથી કરીને વ્યવહારથી વર્ણાદિ - ગુણસ્થાનપર્યંત ભાવો જીવના છે - નિશ્ચયથી છે નહિ, એમ યુક્ત પ્રજ્ઞપ્તિ છે.'

અને જીવના વર્ણાદિ નિશ્ચય કયા કારણથી છે નહિ ? તેનો અહીં (૫૭)મી ગાથામાં આચાર્યજીએ ખુલાસો કર્યો છે - 'એ વર્ણાદિ સાથેનો જીવનો સંબંધ ક્ષીર-નીર જેમ જાણવો, પણ તેના (જીવના) તેઓ (વર્ણાદિ) તે જીવના હોતા નથી, કારણકે જીવ ઉપયોગગુણથી અધિક છે.' અત્રે આપેલ આ ક્ષીર-નીરના દૃષ્ટાંતને પોતાની અનન્ય લાક્ષણિક શૈલીમાં બિંબ-પ્રતિબિંબ ભાવથી દૃષ્ટાંત - દાર્ષ્ટાંતિકપણે સાંગોપાંગ વિવરી દેખાડી, અમૃતચંદ્રજીએ 'આત્મખ્યાતિ'માં પરિસ્ફુટ કરી પરિપુષ્ટ કર્યો છે.

તો પછી વ્યવહાર કેવી રીતે અવિરોધક છે ? તેનો ખુલાસો (૫૭-૫૮-૫૯) ગાથામાં કરતાં આચાર્યજી પ્રકાશે છે - 'પંથમાં (માર્ગમાં) કોઈને લૂંટાતો દેખીને વ્યવહારી લોકો કહે છે - 'આ પંથ લૂટાય છે' પણ પંથ કોઈ લૂંટાતો નથી, તેમ જીવમાં કર્મોનો અને નોકર્મોનો વર્ણ દેખીને 'જીવનો આ વર્ણ' જિનોથી વ્યવહારથી કહેવામાં આવ્યો છે. ગંધ-રસ-સ્પર્શ-રૂપ, દેહ, સંસ્થાનાદિક જે છે, તે સર્વ વ્યવહારના અભિપ્રાયે નિશ્ચય દૃષ્ટાઓ વ્યપદેશે છે.' - આ ગાથાનો પરમાર્થ આશય અમૃતચંદ્રજીએ 'આત્મખ્યાતિ'માં પરિસ્ફુટ પ્રકાશ્યો છે અને તેમાં છેવટે '** વ્યવહારથી અર્હદ્‌દેવોનું પ્રજ્ઞાપન છતાં - નિશ્ચયથી નિત્યમેવ અમૂર્ત્ત સ્વભાવી ઉપયોગગુણથી અધિક એવા જીવના (તે) સર્વે ય છે નહિ, - તાદાત્મ્ય લક્ષણ સંબંધના અભાવને લીધે.' ઈ.

જીવનો વર્ણાદિ સાથે તાદાત્મ્ય લક્ષણ સંબંધ કયા કારણથી નથી ? તેનું સમાધાન આચાર્યજી (૬૧)મી ગાથામાં પ્રકાશે છે - 'તત્ર ભવમાં (સંસારમાં) સંસારસ્થ જીવોના વર્ણાદિ હોય છે, પણ સંસારપ્રમુક્ત જીવોના વર્ણાદિ કોઈ નિશ્ચયે કરીને નથી.' આ ગાથાનો ભાવ 'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ પરિસ્ફુટ પ્રકાશ્યો છે - અને જીવના વર્ણાદિ સાથે તાદાત્મ્યના દુરભિનિવેશમાં આ દોષ છે, એ (૬૨)મી ગાથામાં આચાર્યજી પ્રકાશે છે - 'અને આ સર્વેય ભાવો જીવ જ એમ જો તું માને છે, તો ત્હારા મતે જીવનો અને અજીવનો કોઈ વિશેષ નથી અને સંસાર અવસ્થામાં જ જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય છે એવા અભિનિવેશમાં પણ આ જ દોષ છે - એ (૬૩-૬૪) ગાથામાં પ્રકાશે છે - 'જો ત્હારા મતે સંસારસ્થ જીવોના વર્ણાદિ હોય છે, તો સંસારસ્થ જીવો રૂપપણું પામી ગયા ! એમ હે

મૂઢમતિ ! તથાપ્રકારના લક્ષણથી પુદ્‌ગલ દ્રવ્ય જીવ થઈ ગયું ! અને નિર્વાણ પામેલો પણ પુદ્‌ગલ જીવત્વને પ્રાપ્ત થયો !' - આ ગાથાઓનાં ભાવનું ઓર સ્પષ્ટીકરણ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પ્રકાશ્યું છે અને 'એમ આ સ્થિત છે કે વર્ણાદિ ભાવો જીવ નથી એવો નિશ્ચય સ્થાપ્યો છે.'

હવે **આચાર્યજી** (૬૫-૬૬) ગાથામાં પ્રકાશે છે - 'એકેંદ્રિય, બેઈંદ્રિય, ત્રિઈંદ્રિય, ચતુર્ઈંદ્રિય અને પંચેન્દ્રિય એવા બાદર - સૂક્ષ્મ પર્યાપ્ત - અપર્યાપ્ત જીવો નામકર્મની પ્રકૃતિઓ છે અને કરણભૂત એવી તે આ પુદ્‌ગલમયી પ્રકૃતિઓથી નિર્વૃત્ત (નિર્માણ કરાયેલ) જીવસ્થાનો જીવ કેમ કહેવાય ?' - આ ગાથાની તલસ્પર્શી તાત્ત્વિક મીમાંસા **અમૃતચંદ્રજીએ 'આત્મખ્યાતિ'માં** પ્રકાશી છે - 'નિશ્ચયથી કર્મ અને કરણના અભિન્નપણાને લીધે જે જેના વડે કરાય છે, તે તે જ છે એમ સમજીને, જેમ કનક પત્ર કનક વડે કરાતું કનક જ છે, નહિં કે અન્ય : તેમ **જીવસ્થાનો** - બાદર - સૂક્ષ્મ એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, પંચેંદ્રિય પર્યાપ્ત - અપર્યાપ્ત નામની **પુદ્‌ગલમયી નામકર્મ પ્રકૃતિઓથી** કરવામાં આવતા - પુદ્‌ગલ જ છે, નહિં કે જીવ અને નામકર્મ પ્રકૃતિઓનું પુદ્‌ગલમયપણું આગમ પ્રસિદ્ધ છે અને દેશ્યમાન એવા શરીર આકાર આદિ મૂર્ત્ત કાર્યોથી અનુમેય છે. એમ ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન, સંહનન પણ - **પુદ્‌ગલમય નામકર્મ પ્રકૃતિઓથી** નિર્વૃત્તપણું (ઉત્પન્નપણું) સતે, તેના અવ્યતિરેકથી (અભિન્નપણાથી) **જીવસ્થાનોથી જ** ઉક્ત છે. તેથી વર્ણાદિ જીવ નથી એમ **નિશ્ચય સિદ્ધાંત** છે.

શેષ તો વ્યવહારમાત્ર છે આ (૬૭)મી ગાથામાં **આચાર્યજીએ** પ્રતિપાદન કર્યું છે - 'જે પર્યાપ્ત - અપર્યાપ્ત અને જે સૂક્ષ્મ - બાદર એવી **દેહની જીવસંજ્ઞાઓ સૂત્રમાં વ્યવહારથી** કહી છે.' આ ગાથાની વ્યાખ્યા **'આત્મખ્યાતિ'માં** કરતા **અમૃતચંદ્રજીએ** 'ઘૃતકુંભ' - ઘીના ઘડાનું સુંદર દૃષ્ટાંત રજુ કરી પરમ અદ્‌ભુત પરમાર્થ પ્રકાશ્યો છે અને આ ઉક્તનો સાર દર્શાવતો અમૃત કળશ (૪૦) સંગીત કર્યો છે - 'ઘૃતકુંભ' - ઘીનો ઘડો કહેવામાં આવતાં પણ કુંભ જે ઘૃતમય - ઘીનો બનેલો નથી, તો તે જ પ્રમાણે વર્ણાદિમત્ જીવના જલ્પનમાં - કથનમાં પણ જીવ તન્મય - તે વર્ણાદિમય નથી.'

આ પણ સ્થિત જ છે રાગાદિ ભાવો જીવ નથી એમ (૬૮)મી ગાથામાં **આચાર્યજીએ** પ્રકાશ્યું છે - 'મોહનીય કર્મના ઉદય થકી જે આ ગુણસ્થાનો વર્ણવવામાં આવ્યા છે, તે જે નિત્ય અચેતન ઉક્ત છે તે જીવો કેમ હોય છે ?' આ ગાથાની વ્યાખ્યા **'આત્મખ્યાતિ'માં** કરતાં **અમૃતચંદ્રજીએ** આ નિશ્ચય સિદ્ધાંતનું પરિદૃઢપણું કરાવ્યું છે - 'મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનો - પૌદ્‌ગલિક મોહકર્મ પ્રકૃતિનું વિપાકપૂર્વકપણું સતે નિત્ય અચેતનત્વને લીધે, 'કારણાનુવિધાયી કાર્યો' હોય એટલા માટે, 'યવપૂર્વક યવો યવો જ છે' એ ન્યાયે - પુદ્‌ગલ જ. નહિ કે જીવ; અને ગુણસ્થાનોનું નિત્ય અચેતનત્વ આગમ થકી અને ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત આત્માથી અતિરિક્તપણે વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણા થકી પ્રસાધ્ય છે. ** તેથી રાગાદિ ભાવો જીવ નથી એમ સિદ્ધ થયું. ત્યારે કોણ છે જીવ ? તો કે - (નીચેના કળશોમાં કહીએ છીએ તે) -

હવે આ જીવાજીવ અધિકારના ઉપસંહારમાં **અમૃતચંદ્રજી 'પંચરત્ન'રૂપ સમયસાર કળશ** લલકારે છે - (૧) 'જીવ તો સ્વયં અનાદિ, અનંત, અચલ, સ્વસંવેદ્ય એવું ચૈતન્ય અત્યંત ચકચકી રહ્યું છે.' (૨) 'કારણકે વર્ણાદિથી સહિત તથા વિરહિત એમ બે ભેદે અજીવ છે, તેથી કરીને અમૂર્ત્તત્વને ઉપાસીને જગત્ જીવના તત્ત્વને દેખતું નથી, એમ આલોચીને વિવેચકોથી ન અવ્યાપિ વા અતિવ્યાપિ એવું સમુચિત વ્યક્તપણે જીવતત્ત્વ પ્રકાશતું અચલ ચૈતન્ય આલંબાઓ !' (૩) 'એવા પ્રકારે લક્ષણથી જીવથી વિભિન્ન એવા સ્વયં ઉલ્લસંતા અજીવને જ્ઞાનીજન અનુભવે છે, તો પછી અજ્ઞાનિનો નિરવધિ પ્રવિજૃંભિત (અત્યંત ઉલ્લસિત) મોહ અહો ! અરે ! નાટક કેમ કરી રહ્યો છે ?' (૪) 'ભલે નાટક કરે, તથાપિ - આ અનાદિ **મહાઅવિવેક-નાટ્યમાં વર્ણાદિમાન્ પુદ્‌ગલ જ નાટક** કરે છે, અન્ય નહિ; અને આ જીવ રાગાદિ પુદ્‌ગલ વિકારથી વિરુદ્ધ એવો **શુદ્ધચૈતન્ય ધાતુમય મૂર્ત્તિ** છે.' અર્થાત્ અનાદિ કાળથી ચાલી રહેલા આ વિશ્વવ્યાપક મહામોહરૂપ **અવિવેક નાટ્યમાં** વર્ણાદિમાન્ તો પુદ્‌ગલ જ નટ નાટક કરે છે, અન્ય નહિ; અને આ જીવ તો રાગાદિ પુદ્‌ગલ વિકારોથી વિરુદ્ધ - વિપરીત એવો **શુદ્ધ ચૈતન્યધાતુમય**

મૂર્ત્તિ છે. (૫) 'આમ **જ્ઞાન-કરવત** કલનાનું પાટન નાટક કરીને, જીવ-અજીવ સ્ફુટ વિઘટન જ્યાં લગી પામ્યા નથી, ત્યાં લગી તો 'પ્રસભ' - પ્રબલપણે વિકસતી વ્યક્ત ચિન્માત્રશક્તિથી વિશ્વને વ્યાપીને **જ્ઞાતૃદ્રવ્ય** સ્વયં અતિરસથી ઉચ્ચપણે પ્રકાશી રહ્યું.' અર્થાત્ - આવા પ્રકારે જ્ઞાનરૂપ ઝીણી કરવતની કલના વડે પાટન (ફાડવાનું) નટાવીને - કરવતથી જેમ કાષ્ઠની બે ચોક્ખી ફાડ કરવામાં આવે, તેમ **જીવ-અજીવનો સ્પષ્ટ** ભેદ કરવા રૂપ - બે ફાડ કરવા રૂપ પાટનનો (ફાડવાની - વ્હેરવાની ક્રિયા) ભાગ ભજવીને, **જીવ - અજીવ** એ બન્ને જ્યાં હજુ સ્ફુટ વિઘટન પામ્યા નથી, નિજ નિજ દ્રવ્યપણે અલગ અલગ સ્થિતિ પામવા રૂપ જૂદાપણું પામ્યા નથી, ત્યાં તો પ્રસભથી - પ્રબળપણે વિકસતી વ્યક્ત - પ્રગટ **ચિન્માત્ર શક્તિથી** વિશ્વને - અખિલ લોકને વ્યાપીને, **જ્ઞાતૃદ્રવ્ય** (જ્ઞાયક આત્મા) સ્વયં અતિરસથી - છલકાઈ જતા ઉભરાઈ જતા - અતિશાયિ **ચૈતન્યરસથી** અત્યંતપણે - ઉચ્ચપણે પ્રકાશી રહ્યું ! આ ભેદજ્ઞાન થતાં જ્યાં જીવ - અજીવ હજુ સ્ફુટ ભેદસ્થિતિ પામ્યા નથી ત્યાં તો **જ્ઞાતૃદ્રવ્ય ચિત્ શક્તિથી** લોકવ્યાપી - વિશ્વવ્યાપી થઈ, **કેવળજ્ઞાન સ્વરૂપે** વિશ્વપ્રકાશી બની ઉચ્ચપણે પ્રકાશી રહ્યું ! ભેદજ્ઞાનના પરમફળરૂપ દિવ્ય કેવળજ્ઞાન જ્યોતિના પ્રકાશથી અત્યંત ઝગઝગી રહ્યું !

ઈતિ જીવાજીવ પ્રરૂપક પ્રથમ અંક.

૨. કર્ત્તા-કર્મ અધિકાર

કર્ત્તાકર્મ પ્રરૂપક દ્વિતીય અંક

હવે **જીવ-અજીવ જ કર્ત્તા કર્મ વેષે** પ્રવેશ કરે છે : 'ચિત્ હું અહીં એક કર્ત્તા, આ ક્રોપાદિ મ્હારૂં કર્મ' એવી અજ્ઞોની **કર્ત્તાકર્મપ્રવૃત્તિને** સર્વતઃ શમાવતી **જ્ઞાનજ્યોતિની** મુક્ત કંઠે સ્તુતિ કરતો અને આગલી ગાથાના ભાવનું સૂચન કરતો **અમૃત સમયસાર કળશ** (૪૬) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે. અત્ર (૬૯-૭૦) ગાથામાં **આચાર્યજી** પ્રકાશે છે - 'જ્યાં લગી આત્મા અને આસ્રવ એ બન્નેનો વિશેષ અંતર (તફાવત) જાણતો નથી, ત્યાં લગી અજ્ઞાની તે જીવ ક્રોધાદિમાં વર્ત્તે છે અને ક્રોધાદિમાં વર્ત્તતાં તેને કર્મનો સંચય હોય છે, એમ જીવનો બંધ નિશ્ચય કરીને **સર્વદર્શીઓથી** કહેવામાં આવ્યો છે.' આ ગાથાનો પરમાર્થ મર્મ **'આત્મખ્યાતિ'માં** પરમ અદ્‌ભુત તલસ્પર્શી વિવરણ કરતાં **અમૃતચંદ્રજીએ** કર્ત્તા કર્મ પ્રવૃત્તિનું સમગ્ર તત્ત્વવિજ્ઞાન એક જ સળંગ વાક્ય - સૂત્રમાં ગૂંથેલ અનન્ય સૂત્રાત્મક લાક્ષણિક શૈલીથી નિષ્ણુષપણે વિવરી દેખાડી, બંધ પ્રક્રિયાનું સમસ્ત તત્ત્વ સર્વસ્વ સમર્પક રહસ્ય પ્રસ્ફુટ કર્યું છે અને ડિંડિમ નાદથી જાહેર કર્યું છે કે **કર્ત્તાકર્મપ્રવૃત્તિનું મૂળ અજ્ઞાન જ.** આ અજ્ઞાનને લીધે જ જીવ ક્રોધાદિ પરિણામરૂપ ભાવકર્મ કરે છે અને જીવના આ અજ્ઞાનજન્ય ક્રોધાદિ પરિણામરૂપ ભાવકર્મને લીધે જ જીવને પૌદ્‌ગલિક કર્મબંધ **(દ્રવ્યકર્મ બંધ)** થાય છે. આ **'આત્મખ્યાતિ'ને** અનુસરી - અનુવદી સર્વ ભાવ આ ગ્રંથમાં સર્વત્ર આ લેખકે **'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** સ્પષ્ટ વિવેચ્યો છે.

આ **કર્ત્તાકર્મપ્રવૃત્તિની નિવૃત્તિ ક્યારે ?** તેનો ખુલાસો (૭૧)મી ગાથામાં **આચાર્યજીએ** પ્રકાશ્યો છે - 'જ્યારે આ જીવને આત્માનો અને આસ્રવોનો વિશેષાંતર જ્ઞાત હોય છે, ત્યારે તેને બંધ નથી હોતો.' આનો ભાવ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** સ્ફુટ વિવર્યો છે - 'અહીં નિશ્ચયે **સ્વભાવમાત્ર વસ્તુ** છે અને **સ્વનું ભવન સ્વભાવ,** તેથી **જ્ઞાનનું ભવન** નિશ્ચયે કરીને **આત્મા, ક્રોધાદિનું** ભવન તે **ક્રોધાદિ** ** એમ આત્માનું અને ક્રોધાદિનું નિશ્ચયે કરીને એકવસ્તુત્વ નથી, એવા પ્રકારે આત્મા, આત્માના અને આસ્રવોના વિશેષદર્શનથી જ્યારે ભેદ જાણે છે, ત્યારે એની અનાદિ પણ અજ્ઞાનજા (અજ્ઞાનજન્ય) કર્ત્તૃ કર્મ પ્રવૃત્તિ નિવર્ત્તે છે અને તેની નિવૃત્તિ થયે અજ્ઞાનનિમિત્ત પુદ્‌ગલદ્રવ્યકર્મબંધ પણ નિવર્ત્તે છે, તથા તેમ સતે જ્ઞાનમાત્ર થકી જ બંધનિરોધ સિદ્ધ થાય.'

જ્ઞાનમાત્ર થકી જ બંધનિરોધ કેમ ? તેનું સ્પષ્ટીકરણ (૭૨)મી ગાથામાં **આચાર્યજી** પ્રકાશે છે - 'આસ્રવોનું અશુચિત્વ અને વિપરીત ભાવ અને દુઃખના કારણો જાણીને જીવ તેમાંથી નિવૃત્તિ કરે છે.' આનું વિવરણ **'આત્મખ્યાતિમાં અમૃતચંદ્રજીએ** પ્રકાશ્યું છે - 'જલમાં સેવાલ જેમ ** આસ્રવો નિશ્ચયે અશુચિઓ, **ભગવાન આત્મા** તો અત્યંત શુચિ જ. ** અન્યસ્વભાવો નિશ્ચયે કરીને આસ્રવો, **ભગવાન આત્મા** તો અનન્ય સ્વભાવ જ. આસ્રવો નિશ્ચયે કરીને દુઃખના કારણો, **ભગવાન આત્મા** તો નિત્યમેવ અનાકુલત્વ સ્વભાવથી અકાર્ય કારણપણાને લીધે દુઃખનું અકારણ, - એમ વિશેષદર્શનથી જ્યારે જ આત્મા- આસ્રવનો ભેદ જાણે છે, ત્યારે જ ક્રોધાદિ આસ્રવોમાંથી નિવર્ત્તે છે, -તેઓમાંથી (આસ્રવોમાંથી) અનિવર્ત્તમાનને તેના પારમાર્થિક ભેદજ્ઞાનની અસિદ્ધિ છે માટે. તેથી કરીને ક્રોધાદિ આસ્રવ નિવૃત્તિથી અવિનાભાવી એવા જ્ઞાનમાત્ર થકી જ અજ્ઞાનજન્ય પૌદ્‌ગલિક કર્મનો બંધનિરોધ સિદ્ધ થાય.' ઈ. આમ ભગવતી **'આત્મખ્યાતિ'માં** જે કહ્યું તેની પરિપુષ્ટિરૂપ - સારસમુચ્ચયરૂપ અમૃત **સમયસાર કળશ** (૪૭) **આચાર્યવર્ય અમૃતચંદ્રજીએ** લલકાર્યો છે - 'પરપરણતિને છાંડતું અને ભેદવાદોને ખંડતું એવા આ ઉચ્ચંડ અખંડ જ્ઞાન ઉચ્ચપણે ઉદિત છે, તો અહીં કર્ત્તાકર્મપ્રવૃત્તિને અવકાશ કેમ હોય વારુ ? વા પૌદ્‌ગલિક કર્મબંધ કેમ હોય વારુ.'

કયા વિધિથી આ આસ્રવોથી નિવર્ત્તે છે ? એ અત્ર (૭૩)મી ગાથામાં **આચાર્યજીએ** પ્રદર્શિત કર્યો છે - 'હું એક નિશ્ચયે શુદ્ધ, નિર્મમત, જ્ઞાન-દર્શન સમગ્ર છું, તેમાં સ્થિત, તત્‌ચિત્તવાળો હું આ સર્વને (ક્રોધાદિ આસ્રવોને) ક્ષય પમાડું છું.' - આ અદ્‌ભુત ગાથાની અદ્‌ભુત વ્યાખ્યા **અમૃતચંદ્રજીએ 'આત્મખ્યાતિ'માં** પ્રકાશી છે. આ લેખકે **'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** વિસ્તારથી વિવરી છે.

જ્ઞાન અને આસ્રવ નિવૃત્તિનું સમકાલપણું કેવી રીતે ? તેનો સ્પષ્ટ ખુલાસો (૭૪)મી ગાથામાં આચાર્યજીએ પ્રદર્શિત કર્યો છે - 'જીવનિબદ્ધ આ (આસ્રવો) અધ્રુવ, અનિત્ય, અશરણ, દુઃખો અને દુઃખફલો છે એમ જાણીને તેઓમાંથી નિવર્ત્તે છે.' - આ ગાથાની અલૌકિક અપૂર્વ વ્યાખ્યા અમૃતચંદ્રજીએ 'આત્મખ્યાતિ'માં અદ્‌ભુત વૈધર્મ્ય દૃષ્ટાંતોથી પ્રકાશી છે. ઉક્તની પુષ્ટિમાં જ્ઞાનીને જગત્‌-ના સાક્ષી તરિકે બિરદાવતો અમૃત સમયસાર કળશ (૪૮) અમૃતચંદ્રજી લલકારે છે - 'એવા પ્રકારે એમ હવે પરદ્રવ્યમાંથી પરા નિવૃત્તિ વિરચીને, વિજ્ઞાનઘન સ્વભાવ 'સ્વં'ને અભય થકી 'પરં' આસ્તિક્ય કરતો સતો, અજ્ઞાનથી ઉઠેલા કર્તૃકર્મકલનરૂપ ક્લેશથી નિવૃત્ત એવો સ્વયં જ્ઞાનીભૂત જગત્‌નો સાક્ષી પુરાણ પુરુષ 'ઈતઃ' અહીં 'ચકાસે' છે - પ્રકાશે છે.'

આત્મા જ્ઞાનીભૂત કેમ લક્ષાય ? તેનો આ (૭૫)મી ગાથામાં આચાર્યજીએ લક્ષ કરાવ્યો છે - 'કર્મના પરિણામને અને તેમ જ નોકર્મના પરિણામને - આને આત્મા નથી કરતો, જે જાણે છે, તે જ્ઞાની હોય છે. આનો પરમ અદ્‌ભુત પરમાર્થ પ્રકાશતાં અમૃતચંદ્રજીએ કર્તૃકર્મત્વ વાસ્તવિક રીતે ક્યાં ઘટે ને ક્યાં ન ઘટે એનું ઊંડુ તત્ત્વજ્ઞાન સમજાવી અત્ર 'સૂત્રાત્મક' 'આત્મખ્યાતિ'માં તલસ્પર્શી વૈજ્ઞાનિક મીમાંસા કરી છે - મોહાદિ અંતર્‌ કર્મ પરિણામ અને સ્પર્શાદિ બહિર્‌ નોકર્મ પરિણામ જે પુદ્‌ગલ પરિણામ હોઈ પુદ્‌ગલ દ્રવ્યથી કરાઈ રહ્યા છે, તેને આત્મા કરતો નથી, એટલે પરમાર્થથી તે તે પુદ્‌ગલ પરિણામ સાથે આત્માને કર્તૃ - કર્મત્વ સંબંધ નથી, પણ પુદ્‌ગલ પરિણામને આત્મા જાણે તો છે જ, એટલે કે પુદ્‌ગલ પરિણામ જ્ઞાન તો આત્મા કરે છે, એટલે પુદ્‌ગલ પરિણામ જ્ઞાન સાથે જ આત્માનો કર્તૃકર્મત્વ સંબંધ છે. આ વસ્તુ અદ્‌ભુત તત્ત્વકલાથી ગૂંથેલ આ સળંગ પરમાર્થઘન એક જ સૂત્રાત્મક વાક્યમાં વ્યાખ્યા કરતાં 'આત્મખ્યાતિ' સૂત્રમાં ઘટ-મૃત્તિકા ને ઘટ-કુંભકારના સચોટ દૃષ્ટાંતથી અમૃતચંદ્રાચાર્યજીએ સ્પષ્ટ વિવરી દેખાડી છે. ઈ.

ઉપરમાં જે 'આત્મખ્યાતિ'માં કહ્યું તેના સારસમુચ્ચય રૂપ અમૃત સમયસાર કળશ (૪૯) અમૃતચંદ્રજીએ લલકાર્યો છે - આમ વ્યાપ્ય - વ્યાપકપણું તો તદાત્મામાં હોય, અતદાત્મમાં પણ ન જ હોય અને પુદ્‌ગલ ને આત્માનું તો તદાત્મપણું છે જ નહિ, અતદાત્મપણું જ છે, એટલે તેમાં વ્યાપ્ય-વ્યાપક ભાવનો સંભવ ક્યાંથી હોય ? આમ વ્યાપ્ય - વ્યાપક ભાવનો સંભવ ન હોય તો કર્તૃ કર્મની સ્થિતિ પણ ક્યાંથી હોય ? એવા પ્રકારે ઉદ્દામ વિવેકરૂપ સર્વગ્રાસી 'મહસ્‌'થી - મહાતેજઃ ભારથી અજ્ઞાન - તમસ્‌ને ભેદી નાંખતો એવો આ પુરુષ જ્ઞાની થઈ ત્યારે કર્તૃત્વશૂન્ય લસલસી રહ્યો.

પુદ્‌ગલકર્મને જાણતા જીવનો પુદ્‌ગલની સાથે કર્તૃકર્મભાવ શું હોય છે ? શું નથી હોતો ? આનો સ્પષ્ટ ઉત્તર (૭૬)મી ગાથામાં આચાર્યજીએ આપ્યો છે - 'અનેક પ્રકારનું પુદ્‌ગલ કર્મ સ્ફુટપણે જાણતો છતાં જ્ઞાની પરદ્રવ્ય પર્યાયે નથી પરણમતો નથી, નથી ગ્રહતો, નથી ઉપજતો.' - આ ગાથાનો પરમાર્થ મર્મ અમૃતચંદ્રજીએ 'આત્મખ્યાતિ'માં પ્રકાશ્યો છે - '** જ્ઞાની સ્વયં અંતરૂવ્યાપક થઈ બહિઃસ્થ પરદ્રવ્યના પરિણામને - કળશને મૃત્તિકાની જેમ આદિ - મધ્ય - અંતમાં વ્યાપીને - નથી ગ્રહતો નથી તથા પરિણમતો નથી અને તથા ઉપજતો, તેથી કરીને પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવા વ્યાપ્ય લક્ષણ પરદ્રવ્ય પરિણામ કર્મને નહીં કરતા જ્ઞાનીનો - પુદ્‌ગલ કર્મને જાણતાં છતાં - પુદ્‌ગલ સાથે કર્તૃકર્મભાવ નથી.' અર્થાત્‌ જ્યાં વ્યાપ્ય - વ્યાપક ભાવ હોય ત્યાં જ કર્તૃકર્મભાવ ઘટે, પણ પુદ્‌ગલરૂપ પરદ્રવ્ય સાથે આત્માને તેવો વ્યાપ્ય - વ્યાપક ભાવ નથી, એટલે પુદ્‌ગલ પરિણામને જાણતાં છતાં આત્માનો પુદ્‌ગલ સાથે કર્તૃકર્મભાવ નથી, આ વસ્તુતત્ત્વ અમૃતચંદ્રાચાર્યજીએ 'આત્મખ્યાતિ'માં અત્યંત પરિસ્ફુટ સમજાવ્યું છે અને આ લેખકે 'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં સ્પષ્ટ વિવેચ્યું છે. (૨) સ્વ પરિણામને જાણતા જીવનો પુદ્‌ગલની સાથે કર્તૃકર્મભાવ શું હોય છે ? શું નથી હોતો ? - આનો ઉત્તર (૭૭)મી ગાથામાં અદ્‌ભુત ગમિક સૂત્ર શૈલીથી આપ્યો છે - 'અનેક પ્રકારનો સ્વક (પોતાનો) પરિણામ સ્ફુટપણે જાણતો છતાં જ્ઞાની પરદ્રવ્યપર્યાયે નથી પરિણમતો, નથી ગ્રહતો, નથી ઉપજતો.' (૩) પુદ્‌ગલ કર્મફલને જાણતા જીવનો પુદ્‌ગલની સાથે કર્ત્તાકર્મભાવ શું હોય છે ? શું નથી હોતો ? આ તૃતીય ભંગનો ઉત્તર

(૭૮)મી ગાથામાં આપ્યો છે - 'અનંત પુદ્ગલ કર્મફલ જાણતાં છતાં જ્ઞાની નિશ્ચયે કરીને પરદ્રવ્યપર્યાયે નથી પરિણમતો, નથી ગ્રહતો, નથી ઉપજતો.' (૪) જીવ પરિણામને, સ્વ પરિણામને અને સ્વપરિણામ ફલને નહિ જાણતા પુદ્ગલ દ્રવ્યનો જીવની સાથે કર્તાકર્મ ભાવ શું હોય છે ? શું નથી હોતો ? આ ચતુર્થ ભંગનો ઉત્તર (૭૯)મી ગાથામાં આપ્યો છે - 'તથા પ્રકારે પુદ્ગલ દ્રવ્ય પણ પરદ્રવ્યપર્યાયે નથી પરિણમતું, નથી ગ્રહતું, નથી ઉપજતું, પણ સ્વક (પોતાના) ભાવે પરિણમે છે.' - આ ચારે ભંગનું સૂક્ષ્મ પર્યાલોચન **'આત્મખ્યાતિ'માં** પ્રકાશ્યું છે.

ઉપરમાં ચાર ગાથાઓમાં **વ્યાપ્ય-વ્યાપક સિદ્ધાંત જે કર્તાકર્મભાવના હૃદયરૂપ** છે, તેના નિશ્ચય રૂપ ઉંડુ અપૂર્વ **તત્ત્વવિજ્ઞાન** વિવરી દેખાડ્યું, તેનો સારસમુચ્ચય રૂપ **અમૃત સમયસાર** કળશ (૫૦) પરમાર્થ-મહાકવિ **અમૃતચંદ્રજીએ** લલકાર્યો છે - 'જ્ઞાની આ સ્વ - પર પરિણતિને જાણતો છતાં અને પુદ્ગલ નહિ જાણતો છતાં, અત્યંત ભેદને લીધે, **અંતર વ્યાપ્ય - વ્યાપકત્વને** કળવા નિત્ય અસહ-અસમર્થ છે, **અજ્ઞાનને** લીધે આ બેના **કર્તૃ-કર્મની ભ્રમમતિ** ત્યાં લગી ભાસે છે, કે જ્યાં લગી કરવતની જેમ સદ્ય (શીઘ્ર) અદ્ય ભેદ ઉપજાવીને **વિજ્ઞાનાર્ચિષ્** (વિજ્ઞાન તેજઃપ્રકાશ) પ્રકાશતો નથી.' અર્થાત્ કરવત જેમ અદયપણે કાષ્ઠની બે ફાડ કરે છે, તેમ આ **ભેદજ્ઞાનની કરવત** અદયપણે શીઘ્ર જડ - ચેતનનો સ્પષ્ટ ભેદ ઉપજાવવા રૂપ બે ફાડ કરે છે, એટલે આ **વિજ્ઞાનાર્ચિષ્** - વિજ્ઞાન અગ્નિની જ્વાલા ઉગ્રપણે પ્રકાશે છે.

હવે જીવપરિણામનું અને પુદ્ગલપરિણામનું અન્યોન્ય નિમિત્તપણું છે, તથાપિ તે બેનો કર્તૃ કર્મ ભાવ નથી એમ (૮૦-૮૧-૮૨) ગાથામાં **આચાર્યજીએ** પ્રતિપાદન કર્યું છે - (૧) જીવ પરિણામના હેતુએ પુદ્ગલો કર્મત્વ પરિણમે છે, તેમજ પુદ્ગલ કર્મ નિમિત્તે જીવ પણ પરિણમે છે. (૨) નથી જીવ કર્મગુણો કરતો, તેમજ નથી કર્મ જીવગુણો કરતું, પણ **અન્યોન્ય નિમિત્તથી જ બન્નેનો પરિણામ જાણ** ! (૩) એ કારણથી જ આત્મા સ્વક (પોતાના) ભાવે કરી કર્ત્તા છે, પણ પુદ્ગલ કર્મ કૃત સર્વ ભાવોનો કર્ત્તા નથી.' - આ ગાથાનું **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** તલસ્પર્શી મીમાંસન કર્યું છે - '** જીવ અને પુદ્ગલના પરસ્પર વ્યાપ્ય - વ્યાપક ભાવના અભાવને લીધે જીવને પુદ્ગલ પરિણામોના અને પુદ્ગલ કર્મને પણ જીવ પરિણામોના કર્તૃકર્મત્વની અસિદ્ધિ સતે ** તે કારણથી - મૃત્તિકાથી કલશ જેમ, **સ્વ ભાવ** વડે કરી **સ્વ ભાવના** કરણને લીધે જીવ સ્વભાવનો કર્ત્તા કદાચિત્ હોય, પણ મૃત્તિકાથી વસ્ત્રની જેમ **સ્વ ભાવ** વડે કરીને પરભાવ કરવાના અશક્યપણાને લીધે પુદ્ગલભાવોનો કર્ત્તા કદાચિત્ પણ ન હોય એમ નિશ્ચય છે.'

તેથી આ સ્થિત છે કે **જીવનો સ્વપરિણામો સાથે જ કર્તૃકર્મભાવ** અને **ભોક્તૃભોગ્ય ભાવ** છે, એમ અત્ર (૮૩)મી ગાથામાં **શાસ્ત્રકાર આચાર્યજીએ** તત્ત્વવિનિશ્ચય પ્રકાશ્યો છે - 'એમ નિશ્ચય નયના અભિપ્રાયે આત્મા સ્ફુટપણે, આત્માને જ કરે છે અને આત્મા તે આત્માને જ પુનઃ વેદે છે એમ જાણ !' - આ ગાથાના ભાવને **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** સમુદ્ર - સમીરના સચોટ દૃષ્ટાંતથી પરિપુષ્ટ કર્યો છે - 'જેમ સમીરનું સંચરણ - અસંચરણ નિમિત્ત છે જેનું એવી ઉત્તરંગ - નિસ્તરંગ એ બે અવસ્થાને વિષે પણ ** સમુદ્ર ઉત્તરંગ વા નિસ્તરંગ આત્માને (પોતાને) કરતો આત્માને એકને જ પ્રતિભાસે છે, નહિ કે પુનઃ અન્યનેઃ તેમ પુદ્ગલ કર્મ વિપાકનો સંભવ - અસંભવ નિમિત્ત છે જેનું એવી અસંસાર - નિઃસંસાર એ બે અવસ્થાને વિષે પણ ** જીવ સસંસાર વા નિઃસંસાર આત્માને કરતો આત્માને એકને જ કરતો ભલે પ્રતિભાસો ! મ પુનઃ અન્યને', ઈત્યાદિ.

હવે (૮૪)મી ગાથામાં **આચાર્યજી** વ્યવહાર દર્શાવે છે - 'પણ વ્યવહારના અભિપ્રાયે આત્મા અનેક પ્રકારનું પુદ્ગલ કર્મ કરે છે અને તે અનેક પ્રકારનું પુદ્ગલ કર્મ પુનઃ વેદે છે.' આ ગાથાના ભાવને **'આત્મખ્યાતિ'માં** ઘટ-મૃત્તિકા અને ઘટ-કુંભકારના સચોટ દૃષ્ટાંતથી **'અમૃતચંદ્રજીએ'** સ્ફુટ વિવરી દેખાડ્યો છે - 'જેમ **અંતર્** વ્યાપ્ય - વ્યાપક ભાવથી મૃત્તિકાથી કળશ કરાતે સતે અને ભાવ્ય ભાવક ભાવથી મૃત્તિકાથી

જ અનુભવાતે સતે, બહિર્ વ્યાપ્ય - વ્યાપક ભાવથી કળશ સંભવને અનુકૂળ વ્યાપાર કરતો અને કળશકૃત જલોપયોગજન્ય તૃપ્તિ ભાવ્ય - ભાવક ભાવથી અનુભવતો કુંભકાર કળશ કરે છે અને અનુભવે છે - એવો લોકોનો પ્રથમ તો અનાદિ રૂઢ વ્યવહાર છે : તેમ - અંતર્ વ્યાપ્ય - વ્યાપક ભાવથી પુદ્ગલ દ્રવ્યથી કર્મ કરાતે સતે અને ભાવ્ય - ભાવક ભાવથી પુદ્ગલ દ્રવ્યથી જ અનુભવાતે સતે, બહિર્ વ્યાપ્ય - વ્યાપક ભાવથી - અજ્ઞાનને લીધે - પુદ્ગલ કર્મ સંભવને અનુકૂળ પરિણામ કરતો અને પુદ્ગલ કર્મ વિપાકથી સંપાદિત વિષય સન્નિધિથી પ્રધાવિત સુખ - દુઃખ પરિણતિને ભાવ્ય ભાવક ભાવથી અનુભવતો જીવ પુદ્ગલ કર્મ કરે છે અને અનુભવે છે, એવો અજ્ઞાનીઓનો આસંસાર પ્રસિદ્ધ વ્યવહાર છે.'

હવે આને (વ્યવહારને) (૮૫)મી ગાથામાં આચાર્યજી દૂષવે છે - 'જે આત્મા આ પુદ્ગલ કર્મને કરે છે અને તેને જ વેદે છે, તો બે ક્રિયાથી અવ્યતિરિક્ત (અભિન્ન - જૂદો નહિ એવા) આત્માનો પ્રસંગ પ્રાપ્ત થાય છે - કે તે જિનાવમત છે.' - આ ગાથાનો ભાવ 'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ નિષ્ણુષ યુક્તિથી પરિસ્ફુટ પ્રકાશ્યો છે - 'અહીં નિશ્ચયે કરીને સ્ફુટપણે ક્રિયા તો અખિલ પણ પરિણામ લક્ષણતાએ કરીને' ખરેખર ! પરિણામથી ભિન્ન છે નહિ, પરિણામ પણ પરિણામ - પરિણામીના અભિન્ન વસ્તુત્વને લીધે પરિણામીથી ભિન્ન છે નહિ, તેથી જે કોઈ ક્રિયા છે, તે સકલ પણ સ્ફુટપણે ક્રિયાવંતથી ભિન્ન નથી, એમ ક્રિયા અને કર્ત્તાની અવ્યતિરિક્તતા (અભિન્નતા) વસ્તુસ્થિતિથી પ્રતપતી સતે - જેમ વ્યાપ્ય વ્યાપક ભાવથી જીવ સ્વપરિણામ કરે છે અને ભાવ્ય - ભાવક ભાવથી તે જ અનુભવે છે, તેમ વ્યાપ્ય વ્યાપક ભાવથી પુદ્ગલકર્મ પણ જો કરે અને ભાવ્ય ભાવક ભાવથી તે જ અનુભવે, તો આ સ્વ - પર સમવેત ક્રિયાદ્વયની અવ્યતિરિક્તતા (અભિન્નતા) પ્રસક્ત સતે સ્વ - પર વિભાગના પ્રત્યસ્તમનને લીધે, અનેકાત્મક એક આત્માને અનુભવતો (તે) મિથ્યાદૃષ્ટિતાએ કરીને સર્વજ્ઞ અવમત હોય.' ઈત્યાદિ.

દ્વિ (બે) ક્રિયાનો અનુભાવી મિથ્યાદૃષ્ટિ કયા કારણથી ? તેનો આ (૮૬)મી ગાથામાં આચાર્યજીએ ખુલાસો કર્યો છે - 'કારણકે આત્મભાવને અને પુદ્ગલભાવને બન્ને કરે છે, તેથી જ દ્વિક્રિયાવાદિનો મિથ્યાદૃષ્ટિઓ હોય છે.' - આ ગાથાના ભાવનું 'આત્મખ્યાતિ'માં ઘટ - મૃત્તિકા ને ઘટ - કુંભકારના દૃષ્ટાંતથી તત્ત્વ સર્વસ્વ સમર્પક વિવરણ કરતાં અમૃતચંદ્રજીએ અનન્ય અપૂર્વ અદ્ભુત તત્ત્વ રહસ્ય પ્રદ્યોતિત કર્યું છે - કારણકે સ્ફુટપણે આત્મપરિણામને અને પુદ્ગલ પરિણામને કરતા આત્માને દ્વિક્રિયા વાદીઓ માને છે, તેથી તેઓ મિથ્યાદૃષ્ટિઓ જ છે, એમ સિદ્ધાંત છે અને એક દ્રવ્યથી દ્રવ્યદ્વય પરિણામ કરાતો મા પ્રતિભાસો ! યથા સ્ફુટપણે કુંભકાર કળશ સંભવને અનુકૂળ આત્મ વ્યાપાર પરિણામ - આત્માથી અવ્યતિરિક્ત, આત્માથી અવ્યતિરિક્ત પરિણતિમાત્ર ક્રિયાથી ક્રિયમાણ - એવો કરતો પ્રતિભાસે છે, પણ કળશ કરણ અહંકારથી નિર્ભર છતાં, સ્વ વ્યાપારને અનુરૂપ મૃત્તિકાનો કળશ પરિણામ મૃત્તિકાથી અવ્યતિરિક્ત, મૃત્તિકાથી અવ્યતિરિક્ત પરિણતિ માત્ર ક્રિયાથી ક્રિયમાણ - એવો, કરાતો નથી પ્રતિભાસતો : તથા આત્મા પણ પુદ્ગલપરિણામને અનુકૂળ એવો - અજ્ઞાનને લીધે - આત્મપરિણામ આત્માથી અવ્યતિરિક્ત, આત્માથી અવ્યતિરિક્ત પરિણતિ માત્ર ક્રિયાથી ક્રિયમાણ - એવો કરાતો ભલે પ્રતિભાસો ! પણ પુદ્ગલ પરિણામ કરણ અહંકારથી નિર્ભર છતાં, સ્વ પરિણામને અનુરૂપ પુદ્ગલનો પરિણામ પુદ્ગલથી અવ્યતિરિક્ત, પુદ્ગલથી અવ્યતિરિક્ત પરિણતિ માત્ર ક્રિયાથી ક્રિયમાણ એવો, કરતો મા પ્રતિભાસો ! ઈત્યાદિ.

ઉપરમાં 'આત્મખ્યાતિ'ના ગદ્ય ભાગમાં જે અપૂર્વ તત્ત્વ વિજ્ઞાન પ્રકાશ્યું, તેની પરિપુષ્ટિ કરતા સારસમુચ્ચયરૂપ આ ચાર અમૃત સમયસાર કળશમાં (૫૧-૫૪) અમૃતચંદ્રજીએ કર્તૃ-કર્મના ઉંડુ ગંભીર પરમ રહસ્યભૂત તત્ત્વજ્ઞાન અદ્ભુત શબ્દ - અર્થ - તત્ત્વ ચમત્કૃતિથી સંગીત કર્યું છે - (૧) જે પરિણમે છે તે કર્ત્તા, જે પરિણામ તે કર્મ હોય, જે પરિણતિ તે ક્રિયા, ત્રય પણ વસ્તુતાથી ભિન્ન નથી ઈ. (૨) એક સદા પરિણમે છે, એકનો સદા પરિણામ ઉપજે છે, એકની પરિણતિ હોય, કારણકે અનેક પણ એક જ છે. (૩) ઉભય (બે) નિશ્ચયે કરીને પરિણમતા નથી, ઉભયનો (બેનો) પરિણામ ઉપજે નહિ, ઉભયની (બેની) પરિણતિ હોય નહિ, કારણકે અનેક અનેક જ સદા હોય. (૪) એકના નિશ્ચયે કરીને બે

કર્ત્તા હોય નહિ અને એકના બે કર્મો હોય નહિ અને એકની બે ક્રિયાઓ હોય નહીં, કારણકે એક અનેક ન હોય.' તાત્પર્ય કે - (૧) જડ કર્ત્તા કર્મ ને જડ ક્રિયા જ કરે છે, પણ ચેતન કર્મ ને ચેતન ક્રિયા કરે જ નહીં, (૨) ચેતન કર્ત્તા ચેતન કર્મ ને ચેતન ક્રિયા જ કરે છે, પણ જડ કર્મ ને જડ ક્રિયા કરે જ નહિ. આ ઉપરથી ફલિત થતા બોધની અત્રે આ અમૃત **સમયસાર કળશમાં** (૫૫) **અમૃતચંદ્રજી** ઉદ્‌ઘોષણા કરે છે - 'આસંસારથી જ અહીં - આ લોકને વિષે મોહીઓનું 'પરને હું કરું' એવું દુર્વાર **મહાઅહંકાર રૂપ તમસ્** અત્યંત વેગે દોડી રહ્યું છે, તે ભૂતાર્થ પરિગ્રહથી જો એક વાર વિલય પામી જાય તો જ્ઞાનઘન આત્માને અહો ! પુનઃ બંધન શું હોય ખરું ?' આ અમૃત કળશનો ભાવ **આ** લેખકે સ્વરચિત 'અહમ્ અનાદિ ત્હારૂં બાળ રે' - એ **'અમૃત પદમાં'** ઝીલ્યો છે.

હવે આગલી ગાથાના ભાવનું સૂચન કરતો અમૃત **સમયસાર કળશ** (૫૬) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - 'આત્મભાવોને આત્મા કરે છે, પરભાવોને સદા પર કરે છે, આત્માના ભાવો નિશ્ચયે આત્મા જ, પરના તે પર જ', આ સિદ્ધાંતનું આ (૮૭)મી ગાથામાં **આચાર્યજીએ** પ્રતિપાદન કર્યું છે - 'મિથ્યાત્વ પુનઃ બે પ્રકારનું - જીવ અને અજીવ તેમજ અજ્ઞાન, અવિરતિ, યોગ, મોહ, ક્રોધ આદિક આ ભાવો પણ જીવ - અજીવ એમ બે પ્રકારના છે.' આ સિદ્ધાંતિક વસ્તુનું **'આત્મખ્યાતિ'માં** મયૂર-મુકુરંદના (દર્પણ) સમર્થ દૃષ્ટાંતથી **અમૃતચંદ્રજીએ** વજ્રલેપ દૃઢીકરણ કર્યું છે, અને અહીં કોણ જીવ - અજીવ એનો પ્રગટ ભેદ (૮૮)મી ગાથામાં **આચાર્યજીએ પ્રકાશ્યો** છે - **'મિથ્યાત્વ, યોગ, અવિરતિ, અજ્ઞાન - આ અજીવ તે પુદ્‌ગલ કર્મ અને અજ્ઞાન, અવિરતિ, મિથ્યાત્વ - આ જીવ તે ઉપયોગ.' આનું ઓર સ્પષ્ટીકરણ 'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** કર્યું છે - 'જે નિશ્ચયથી મિથ્યાદર્શન - અજ્ઞાન - અવિરતિ ઈત્યાદિ અજીવ, તે અમૂર્ત્ત એવા ચૈતન્ય પરિણામથી અન્ય એવું મૂર્ત્ત પુદ્‌ગલ કર્મ છે અને જે મિથ્યાદર્શન - અજ્ઞાન - અવિરતિ ઈત્યાદિ જીવ, તે મૂર્ત્ત એવા પુદ્‌ગલ કર્મથી અન્ય એવો ચૈતન્ય પરિણામનો વિકાર છે ઈત્યાદિ. આ મિથ્યાદર્શનાદિ ચૈતન્ય પરિણામનો વિકાર ક્યાંથી ? એનો ઉત્તર (૮૯)મી ગાથામાં **આચાર્યજીએ** પ્રકાશ્યો છે - 'ઉપયોગના - મોહયુક્ત એવાના અનાદિ ત્રય પરિણામો - મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ ભાવ જાણવો.' આ ગાથાના ભાવનું **'આત્મખ્યાતિ'માં** સ્ફટિકની સ્વચ્છતાના અપૂર્વ અદ્‌ભુત દૃષ્ટાંતથી સમર્થન કરી **અમૃતચંદ્રજીએ** અદ્‌ભુત તત્ત્વપ્રકાશ રેલાવ્યો છે - 'સ્વરસથી જ સમસ્ત વસ્તુ સ્વભાવભૂત સ્વરૂપ પરિણામનું સમર્થપણું સતે, **ઉપયોગનો** સ્ફુટપણે - **અનાદિ વસ્ત્વંતરભૂત મોહયુક્તપણાને** લીધે - મિથ્યાદર્શન - અજ્ઞાન - અવિરતિ એમ **ત્રિવિધ પરિણામ** વિકાર છે અને તે તો તેને સ્ફટિકની સ્વચ્છતાની જેમ પરતઃ (પર થકી) પણ પ્રભવતો દૃષ્ટ છે : **યથા** સ્ફટિક સ્વચ્છતાનો - સ્વરૂપ પરિણામ સમર્થપણું સતે, કદાચિત્ નીલ - હરિત - પીત તમાલ - કદલી - કાંચન પાત્ર ઉપાશ્રયના યુક્તપણાને લીધે, નીલ - હરિત - પીત એવો ત્રિવિધ પરિણામ દૃષ્ટ છે : **તથા ઉપયોગનો** - અનાદિ મિથ્યાદર્શન - અજ્ઞાન - અવિરતિ સ્વભાવ એવા **વસ્ત્વંતરભૂત મોહના યુક્તપણાને લીધે** - મિથ્યાદર્શન અજ્ઞાન અવિરતિ એવો **ત્રિવિધ પરિણામવિકાર** દૃષ્ટવ્ય (દેખવા યોગ્ય) છે.'

હવે આત્માનું ત્રિવિધ પરિણામ વિકારનું કર્તૃત્વ આ (૯૦)મી ગાથામાં **આચાર્યજીએ** દર્શાવ્યું છે - 'અને એઓ (મિથ્યાદર્શનાદિ) સતે, શુદ્ધ નિરંજન ભાવ એવો ઉપયોગ ત્રિવિધ હોય છે, તે ઉપયોગ જે ભાવ કરે છે, તેનો તે કર્ત્તા હોય.' આ ગાથાનો ભાવ **'આત્મખ્યાતિ'માં અપૂર્વ તત્ત્વવૈજ્ઞાનિક પ્રક્રિયા વિવરી દેખાડી અમૃતચંદ્રજીએ** પ્રસ્ફુટ કર્યો છે - 'હવે એમ અનાદિ વસ્ત્વંતરભૂત મોહયુક્તપણાને લીધે આત્મામાં ઉત્પ્લવી રહેલા મિથ્યાદર્શન - અજ્ઞાન - અવિરતિ ભાવરૂપ આ ત્રિ (ત્રણ) પરિણામ વિકારો નિમિત્તભૂત સતે, આ ઉપયોગ પરમાર્થથી શુદ્ધ નિરંજન અનાદિનિધન વસ્તુ સર્વસ્વભૂત ચિન્માત્રભાવત્વથી એકવિધ છતાં, અશુદ્ધ સાંજન અનેકભાવત્વને આપન્ન થઈ રહેલ ત્રિવિધ થઈ, સ્વયં અજ્ઞાનીભૂત કર્તૃત્વને ઉપઢૌકતો વિકારથી પરિણમી, જે જે ભાવ આત્માનો કરે છે, તેનો તેનો નિશ્ચયે કરીને ઉપયોગ કર્ત્તા હોય.' ઈ.

હવે આત્માનું ત્રિવિધ પરિણામ વિકારનું કર્તૃત્વે સતે પુદ્‌ગલ દ્રવ્ય સ્વત એવ કર્મત્વ પરિણમે છે

એમ આ (૯૧)મી ગાથામાં પ્રતિપાદન કર્યું છે - 'આત્મા જે ભાવ કરે છે, તે ભાવનો તે કર્ત્તા હોય છે અને તેમાં સ્વયં પુદ્ગલદ્રવ્ય કર્મત્વ પરિણમે છે.' આનો ભાવ **'આત્મખ્યાતિ'માં** સાધકના દૃષ્ટાંતથી ઓર સમર્થિત કર્યો છે - 'આત્મા સ્ફુટપણે આત્માથી તથાપરિણમનથી નિશ્ચયે કરીને જે ભાવ કરે છે, તેનો આ કર્ત્તા હોય, સાધકવત્. તે નિમિત્ત સતે (હોતાં) પુદ્ગલ દ્રવ્ય કર્મત્વ સ્વયમેવ પરિણમે છે.' ઈત્યાદિ અને અજ્ઞાન થકી કર્મ પ્રભવે છે એવું તાત્પર્ય (૯૨)મી ગાથામાં પ્રકાશે છે - 'પરને આત્મા કરતો અને આત્માને પણ પર કરતો એવો અજ્ઞાનમય જીવ કર્મોનો કારક હોય છે.' આનો ભાવ **'આત્મખ્યાતિ'માં** સ્પષ્ટ વિવર્યો છે - 'આ આત્મા પ્રગટપણે **અજ્ઞાનથી** પર અને આત્માના પરસ્પર વિશેષનું **અનિર્જ્ઞાન** સતે, પરને આત્મા કરતો અને આત્માને પર કરતો સ્વયં **અજ્ઞાનમયીભૂત** એવો કર્મોનો કર્ત્તા પ્રતિભાસે છે', ઈત્યાદિ. પણ જ્ઞાન થકી કર્મ પ્રભવતું (જન્મતું) નથી એમ (૯૩)મી ગાથામાં પ્રકાશે છે - 'પરને આત્મા અકરતો અને આત્માને પણ પર અકરતો એવો તે જ્ઞાનમય જીવ કર્મોનો અકારક (અકર્ત્તા) હોય છે.' આનો ભાવ **'આત્મખ્યાતિ'માં** પરિસ્ફુટ વિવેચ્યો છે - 'આ આત્મા પ્રગટપણે **જ્ઞાનથી** પર અને આત્માના પરસ્પર વિશેષનું **નિર્જ્ઞાન** સતે, પરને આત્મા અ-કરતો ને આત્માને પર અ-કરતો સ્વયં **જ્ઞાનમયીભૂત** એવો, કર્મોનો અકારક પ્રતિભાસે છે.' ઈત્યાદિ.

અજ્ઞાન થકી કર્મ કેમ પ્રભવે છે ? એનો અહીં (૯૪)મી ગાથામાં **શાસ્ત્રકાર આચાર્યજીએ** ખુલાસો કર્યો છે અને તેની સમગ્ર વૈજ્ઞાનિક પ્રક્રિયા (Scientific process) **આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પરિસ્ફુટ વિવરી દેખાડી અપૂર્વ તત્ત્વપ્રકાશ વિસ્તાર્યો છે - 'આ નિશ્ચયે કરીને સામાન્યથી અજ્ઞાનરૂપ એવો મિથ્યાદર્શન - અજ્ઞાન - અવિરતિરૂપ ત્રિવિધ સવિકાર ચૈતન્ય પરિણામ - પર - આત્માના અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ વિરતિથી, સમસ્ત ભેદને અપહ્નુત કરી (છુપાવી, ઓળવી) ભાવ્ય - ભાવકભાવને આપન્ન (પામેલા) ચેતન - અચેતન સામાન્ય આધિકરણ્યથી અનુભવનને લીધે - 'હું ક્રોધ છું' એવી સવિકાર ચૈતન્ય પરિણામથી પરિણમતો, તે સવિકાર ચૈતન્ય પરિણામરૂપ આત્મભાવનો કર્ત્તા હોય.' ઈત્યાદિ.

ઉપરની ગાથાના અનુસંધાનમાં (૯૫)મી ગાથા **આચાર્યજી** પ્રકાશે છે - 'ત્રિવિધ આ ઉપયોગ ધર્માદિરૂપ આત્મવિકલ્પ કરે છે, તે ઉપયોગરૂપ આત્મભાવનો તે કર્ત્તા હોય છે', અને તેની સંપૂર્ણ વૈજ્ઞાનિક પ્રક્રિયા **'આત્મખ્યાતિ'માં** વિવરી દેખાડી **અમૃતચંદ્રજીએ** અદ્ભુત તત્ત્વ ઉદ્યોત રેલાવ્યો છે - 'આ નિશ્ચયે કરીને સામાન્યથી અજ્ઞાનરૂપ મિથ્યાદર્શન - અજ્ઞાન - અવિરતિરૂપ ત્રિવિધ સવિકાર ચૈતન્ય પરિણામ, પરસ્પર અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ વિરતિથી સમસ્ત ભેદને અપહ્નુત કરી (છુપાવી, ઓળવી), જ્ઞેય - જ્ઞાયક ભાવાપન્ન (ભાવને પામેલા) પર - આત્માના સામાન્ય આધિકરણ્યથી અનુભવનને લીધે - 'હું ધર્મ, હું અધર્મ, હું આકાશ, હું કાળ, હું પુદ્ગલ, હું જીવાંતર' - એમ આત્માનો વિકલ્પ ઉપજાવે છે, તેથી કરીને આ આત્મા 'હું ધર્મ, હું અધર્મ, હું આકાશ, હું કાળ, હું પુદ્ગલ, હું જીવાંતર' એવી ભ્રાંતિથી સોપાધિ ચૈતન્ય પરિણામથી પરિણમતો, તે સોપાધિ ચૈતન્ય પરિણામત્વરૂપ આત્મભાવનો કર્ત્તા હોય.' ઈત્યાદિ.

આ જે ઉપરમાં આટલું વિવરી દેખાડ્યું તે પરથી આ સ્થિત છે કે **કર્તૃત્વમૂલ અજ્ઞાન** છે, એમ આ (૯૬)મી ગાથામાં **આચાર્યજીએ** પ્રતિપાદન કર્યું છે - 'એમ મંદબુદ્ધિ - અજ્ઞાનભાવથી પરદ્રવ્યોને આત્મા કરે છે અને આત્માને પણ પર કરે છે.' આનું **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** ભૂતાવિષ્ટ-ધ્યાનાવિષ્ટના દૃષ્ટાંતથી સાંગોપાંગ બિંબપ્રતિબિંબ ભાવથી તેનું અપૂર્વ અદ્ભુત વ્યાખ્યાન પ્રકાશ્યું છે - 'ક્રોધાદિ સ્ફુટપણે હું ક્રોધાદિ છું ઈત્યાદિ જેમ અને હું ધર્મ છું ઈત્યાદિ જેમ, આત્મા પરદ્રવ્યોને આત્મા કરે છે ને આત્માને પણ પરદ્રવ્યો કરે છે, તેથી આ - અશેષ વસ્તુ સંબંધથી રહિત નિરવધિ વિશુદ્ધ ચૈતન્ય ધાતુમય છતાં - **અજ્ઞાનને લીધે જ** સવિકાર - સોપાધિરૂપ કરાયેલ ચૈતન્ય પરિણામતાએ કરીને તથાવિધ આત્મભાવનો કર્ત્તા પ્રતિભાસે છે એમ આત્માનું ભૂતાવિષ્ટ - ધ્યાનાવિષ્ટની જેમ, **કર્તૃત્વ- મૂલ અજ્ઞાન** પ્રતિષ્ઠિત છે.' આ **'આત્મખ્યાતિ'**નો ભાવ આ લેખકે સ્વરચિત **'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** નિષ્ણુષ્ણે સ્ફુટ વિવેચ્યો છે.

તેથી આ સ્થિત છે કે **જ્ઞાન થકી કર્તૃત્વ નાશે** છે એવો **નિશ્ચયસિદ્ધાંત** અત્ર (૯૭)મી ગાથામાં **ભગવાન શાસ્ત્રકારે** પ્રતિપાદન કર્યો છે - 'આથી જ (અજ્ઞાનથી જ) તે આત્મા કર્ત્તા નિશ્ચયવિદોથી પરિકથિત છે, એમ નિશ્ચયથી જે જાણે છે તે સર્વ કર્તૃત્વ મૂકે છે.' આ ગાથાનો ભાવ **'વિજ્ઞાનઘન' પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** ભગવતી **'આત્મખ્યાતિ'**માં પોતાની અનન્ય લાક્ષણિક શૈલીમાં વિવરી દેખાડી તેનું તત્ત્વ સર્વસ્વ સમર્પક પરમ અદ્‌ભુત વ્યાખ્યાન કરી, કર્ત્તાપણા - અકર્ત્તાપણાનો સાંગોપાંગ સકલ વૈજ્ઞાનિક અનુક્રમ વિધિ પ્રકાશ્યો છે અને **આ લેખકે 'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** પરિસ્ફુટ વિવેચ્યો છે - 'જેથી આ અજ્ઞાનથી પર - આત્માનો એકત્વ વિકલ્પ આત્માનો કરે છે, તેથી આત્મા નિશ્ચયથી **કર્ત્તા** પ્રતિભાસે છે, પણ જે એમ જાણે છે તે સમસ્ત કર્તૃત્વ ઉત્સર્જે (છોડી દે) છે, તેથી તે નિશ્ચયથી **અકર્ત્તા** પ્રતિભાસે છે, તે આ પ્રકારે : ૯૭) અહીં **આ આત્મા સ્ફુટપણે અજ્ઞાની સતો, અજ્ઞાનને લીધે** આસંસારપ્રસિદ્ધ મિલિત સ્વાદના સ્વાદનથી **મુદ્રિત - ભેદ સંવેદન શક્તિવાળો** અનાદિથી જ હોય, તેથી તે પરને અને આત્માને એકત્વથી જાણે છે, તેથી 'ક્રોધ હું' ઈત્યાદિ વિકલ્પ આત્માનો કરે છે, તેથી નિર્વિકલ્પ અકૃતક એક વિજ્ઞાનઘનથી પ્રભ્રષ્ટ તે વારંવાર અનેક વિકલ્પોથી પરિણમતો **કર્ત્તા** પ્રતિભાસે છે. (૨) પણ **જ્ઞાની સતો જ્ઞાનને લીધે** તદાદિ પ્રસિદ્ધ્યતા પ્રત્યેક સ્વાદના સ્વાદથી **ઉન્મુદ્રિત-ભેદ સંવેદન શક્તિવાળો** હોય, તેથી કરીને અનાદિનિધન, અનવરત સ્વદમાન નિખિલ રસાંતરથી વિવિક્ત અત્યંત મધુર **ચૈતન્ય એકરસ આ આત્મા, ભિન્નરસા કષાયો, તેઓની** સાથે એકત્વ વિકલ્પકરણ તે **અજ્ઞાનથી** - એમ **નાનાત્વથી** (ભિન્નપણાથી) પરને અને આત્માને જાણે છે, તેથી અકૃતક એક **જ્ઞાન** જ હું છું - નહિ કે કૃતક અનેક ક્રોધાદિ પણ, એમ 'ક્રોધ હું' ઈત્યાદિ વિકલ્પ આત્માનો જરા પણ કરતો નથી, તેથી તે સમસ્ત પણ કર્તૃત્વ ફગાવી દે છે, તેથી નિત્યમેવ ઉદાસીન અવસ્થાવાળો તે જાણતો જ બિરાજે છે, તેથી **નિર્વિકલ્પ અકૃતક એક વિજ્ઞાનઘનભૂત** તે અત્યંત **અકર્ત્તા** પ્રતિભાસે છે.' ઈ.'

ઉપરમાં **'આત્મખ્યાતિ'**માં ગદ્ય ભાગમાં **કર્તૃત્વમૂલ અજ્ઞાન** વિવરી દેખાડ્યું, તેની પરિપુષ્ટિ રૂપ સારસમુચ્ચયરૂપ આ **અમૃત કળશ (૫૭) અમૃતચંદ્રજીએ** લલકાર્યો છે - 'જે ખરેખર ! સ્વયં જ્ઞાન હોતાં છતાં અજ્ઞાનથી જ સતૃણ - અભ્યવહારકારી રંજે છે - રાગ કરે છે, તે શ્રીખંડ પીને મધુરામ્લ (ખટમીઠા) રસની અતિગૃદ્ધિથી ખરેખર ! ગાયનું જાણે રસાલ દૂધ દૂહે છે !' અર્થાત્ તે અજ્ઞાનને લીધે જ સતૃણાભ્યવહારકારી - તૃણ સાથે અભ્યવહાર - આહાર કરનારો છે. હાથી જેમ સુંદર શુદ્ધ ધાન્ય હોય તેને તૃણ સાથે ભેળવીને - મિશ્ર કરીને ખાય છે, તેમ આ જ્ઞાનમય આત્મા સ્વયં નિશ્ચયથી પ્રગટ શુદ્ધ જ્ઞાન છે છતાં, પોતાના નિજ સ્વરૂપનું ભાન નહિ હોવાથી અજ્ઞાનને લીધે જ રાગાદિ રંગના અનુરંજન સાથે મિશ્રપણે - અશુદ્ધભાવ સહિતપણે અશુદ્ધ અનુભવ કરે છે. આ અજ્ઞાની જીવનું આ સતૃણાભ્યવહારકારી પણું છોડાવવા **પરમાર્થ - મહાકવિ અમૃતચંદ્રજી** સુંદર અન્યોક્તિથી કહે છે કે જાણે દધિ-ઈક્ષુ પીને મધુર-અમ્લ ખટમીઠા રસની અતિગૃદ્ધિથી ખરેખર ! ગાયનું રસાલ દૂધ દોહે છે !

આના પછીના અજ્ઞાનની ભારોભાર નિંદા કરતા આ **સમયસાર કળશ કાવ્યમાં** (૫૮) કેટલાક સુપ્રસિદ્ધ દૃષ્ટાંતો તાદૃશ્ય આબેહુબ શબ્દચિત્રથી **સ્વભાવોક્તિથી** આલેખી મહા-પરમાર્થકવીશ્વર **અમૃતચંદ્રજી ત્રણ અન્યોક્તિથી** જીવોની અજ્ઞાન-નિદ્રા ઉડાડે છે - 'અજ્ઞાનથી મૃગતૃષ્ણિકાને જલબુદ્ધિથી પીવાને મૃગો દોડે છે, અજ્ઞાનથી તમસ્‌માં રજ્જુમાં ભુજગાધ્યાસથી (દોરડીમાં) જનો દ્રવે છે - ભાગે છે અને અજ્ઞાનથી વિકલ્પચક્રકરણ થકી વાયુથી ઉત્તરંગ સમુદ્રની જેમ આ (જનો) સ્વયં શુદ્ધ જ્ઞાનમય છતાં આકુલ બની સ્વયં કર્ત્તા થાય છે.' અર્થાત્ અજ્ઞાનને લીધે મૃગતૃષ્ણિકાને - ઝાંઝવાના જલને જલબુદ્ધિથી મૃગો દોડે છે, અજ્ઞાનને લીધે તમસ્ - ઘોર અંધકારમાં રજ્જુમાં - દોરડામાં ભુજગ અધ્યાસથી - સાપ માની બેસવાથી જનો દ્રવે છે - દડદડ દોડી જાય છે - એકદમ ભાગે છે અને અજ્ઞાનને લીધે વિકલ્પચક્રના - ચક્ર જેવા વિકલ્પ વૃંદના કરણ થકી - કરવા થકી વાયુથી ઉત્તરંગ - ઉંચા ઉછળતા તરંગવાળા અબ્ધિ - સમુદ્રની જેમ આકુલ થયેલા આ જનો સ્વયં - પોતે શુદ્ધ જ્ઞાનમય છતાં કર્ત્તારૂપ થાય છે.

આગલા બે કળશમાં અજ્ઞાનની ભારોભાર નિંદા કરી, **અમૃતચંદ્રજી મહાકવિએ** આ અને પછીના પણ ત્રણ અન્યોક્તિથી **સમયસાર કળશમાં** (૫૯-૬૦) **જ્ઞાનની મુક્ત કંઠે પ્રશંસા** કરી છે - (૧) 'જ્ઞાન થકી વિવેચકતાએ કરીને જે, નીર-ક્ષીરમાં હંસની જેમ, પર -આત્માનો વિશેષ જાણે છે, તે અચલ ચૈતન્ય ધાતુએ સદા અધિરૂઢ થયેલો નિશ્ચયે કરીને જાણે જ છે, કંઈ પણ કરતો નથી.' (૨) 'જ્ઞાન થકી જ અનલ-જલની ઔષ્ણ્ય - શૈત્યની (ઉષ્ણપણા - શીતલપણાની) વ્યવસ્થા છે, જ્ઞાન થકી જ લવણના સ્વાદભેદનો વ્યુદાસ ઉલ્લસાવે છે, જ્ઞાન થકી જ સ્વરસથી વિકસતી નિત્ય ચૈતન્ય ધાતુની અને ક્રોધાદિની ભિદા (ભિન્નતા) કર્તૃભાવને ભેદતી એવી - પ્રભવે છે.' ઈ.

આ જે ઉપરમાં કહ્યું તેના સારસર્વસ્વ રૂપ આ અમૃત **સમયસાર કળશમાં** (૬૧) **અમૃતચંદ્રજીએ** આત્મા આત્મભાવનો જ કર્ત્તા હોય સ્પષ્ટ પ્રકાશ્યું છે - 'એમ આત્માને અજ્ઞાન કે જ્ઞાન પણ કરતો આત્મા આત્મભાવનો કર્ત્તા હોય, ક્વચિત્ પરભાવનો કર્ત્તા ન હોય.' અને આ હવે પછીની ગાથાના ભાવનું સૂચન કરતો આ અમૃત **સમયસાર કળશ** (૬૨) **અમૃતચંદ્રજીએ** સંગીત કર્યો છે - 'આત્મા જ્ઞાન સ્વયં જ્ઞાન જ્ઞાનથી અન્ય શું કરે છે ? આત્મા પરભાવનો કર્ત્તા એ તો વ્યવહારિઓનો આ મોહ છે.' - આ પ્રકારે - આ (૯૮)મી ગાથામાં **આચાર્યજીએ** પ્રકાશ્યો છે તેમ - 'વ્યવહારથી જ આત્મા ઘટ - પટ - રથ દ્રવ્યો અને કરણો અને કર્મો અને વિવિધ નોકર્મો અહીં કરે છે.' આ ગાથાનો ભાવ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** સ્ફુટ પ્રકાશ્યો છે - 'કારણકે **યથા** આ આત્મા આત્મવિકલ્પ - વ્યાપાર વડે ઘટાદિ પરદ્રવ્યાત્મક **બર્હિકર્મ** કરતો પ્રતિભાસે છે, તેથી કરીને **તથા** ક્રોધાદિ પરદ્રવ્યાત્મક સમસ્ત **અંતઃકર્મ** પણ કરે છે - અવિશેષ છે માટે - એવો વ્યવહારીઓનો ખરેખર ! વ્યામોહ છે.' તે સત્ નથી એમ (૯૯)મી ગાથામાં **આચાર્યજી** પ્રકાશે છે - 'અને જો તે પરદ્રવ્યોને કરે તો નિયમથી તન્મય હોય, કારણકે નથી તન્મય હોતો, તેથી તે તેઓનો કર્ત્તા નથી હોતો.' આ ગાથાનો ભાવ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ સ્પષ્ટ** પ્રકાશ્યો છે.

જ્ઞાની જ્ઞાનનો કર્ત્તા હોય એમ (૧૦૧)મી ગાથામાં **આચાર્યજીએ** પ્રતિપાદન કર્યું છે - 'પુદ્ગલ દ્રવ્યોના પરિણામો જે જ્ઞાનાવરણો હોય છે, તેઓને આત્મા નથી કરતો, જે જાણે છે તે જ્ઞાની હોય છે.' અને તેનું ગોરસાધ્યક્ષના સમર્થ દૃષ્ટાંતથી સમર્થન કરી **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** અપૂર્વ અદ્ભુત વ્યાખ્યાન કર્યું છેઃ અને અજ્ઞાની પણ પરભાવનો કર્ત્તા ન હોય એમ (૧૦૨)મી ગાથામાં નિરૂપણ કર્યું છે - 'આત્મા જે શુભ - અશુભ ભાવ કરે છે, તેનો તે નિયમથી કર્ત્તા હોય છે અને તે આત્મા તેનો વેદક હોય છે.' તેનું **'આત્મખ્યાતિ'માં** અપૂર્વ ભાવોદ્ઘાટન કર્યું છે 'અહીં નિશ્ચયે કરીને અનાદિ અજ્ઞાનને લીધે પર - આત્માના એકત્વ અધ્યાસે કરીને જે આ આત્મા અચલિત વિજ્ઞાનઘન એક સ્વાદવાળા આત્માના સ્વાદને પણ મંદ-તીવ્ર સ્વાદવાળી બે પુદ્ગલ કર્મવિપાક દશા વડે ભેદતો સતો શુભ વા અશુભ અજ્ઞાનરૂપ ભાવ કરે છે, તે (આત્મા) ત્યારે તન્મયપણાને લીધે તે ભાવનો વ્યાપકપણાને **કર્ત્તા** હોય છે અને તે ભાવ પણ ત્યારે **તન્મયપણાએ** કરીને તે આત્માનું વ્યાપ્યપણાને લીધે **કર્મ** હોય છે અને તે જ આત્મા ત્યારે તન્મયપણાએ કરીને તે ભાવનો ભાવકપણાને લીધે અનુભવિતા હોય છે અને એ ભાવ પણ ત્યારે તન્મયપણાને કરીને તે આત્માનો ભાવ્યપણાને લીધે અનુભાવ્ય હોય છે અને એમ અજ્ઞાની પણ પરભાવનો કર્ત્તા ન હોય.' ઈ.

અને **પરભાવ કોઈથી પણ કરવો શક્ય નથી**, એમ (૧૦૩)મી ગાથામાં એવો અખંડ નિશ્ચય સિદ્ધાંત **આચાર્યજીએ** પ્રસ્થાપિત કર્યો છે - 'જે ગુણ જે દ્રવ્યમાં હોય છે, તે અન્ય દ્રવ્યમાં નથી સંક્રમતો, અન્યમાં અસંક્રાંત એવો તે દ્રવ્યને કેમ પરિણમાવે ?' આનો ભાવ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પરમ પરમાર્થગંભીર વ્યાખ્યાથી ઓર સમર્થિત કર્યો છે - 'અહીં - આ લોકને વિષે સ્ફુટપણે જે જેટલો કોઈ વસ્તુવિશેષ જે જેટલા કોઈ ચિદાત્મ વા અચિદાત્મ દ્રવ્યમાં વા ગુણમાં સ્વરસથી જ અનાદિથી જ વૃત્ત (વર્ત્તી રહેલો) છે નિશ્ચયથી અચલિત વસ્તુસ્થિતિ સીમાના ભેદવાના અશક્યપણાને

લીધે તેમાં જ વર્તે છે, પુનઃ દ્રવ્યાંતરમાં વા ગુણાંતરમાં અસંક્રમતો તે અન્ય વસ્તુવિશેષને કેમ પરિણમાવે ? એથી કરીને પરભાવ કોઈથી પણ કરવો શક્ય નથી.' ઈ.

ઉપરમાં જે નિશ્ચયવાર્ત્તા કહી તે પરથી ફલિત થાય છે કે નિશ્ચયથી આત્મા પુદ્‌ગલકર્મોનો અકર્ત્તા સ્થિત છે, આ વસ્તુ (૧૦૪)મી ગાથામાં **આચાર્યજીએ** પ્રકાશી છે - 'આત્મા પુદ્‌ગલમય કર્મમાં દ્રવ્ય - ગુણ નથી કરતો, તેમાં તે ઉભય નહિ કરતો તે તેનો કર્ત્તા કેમ ?' આ નિશ્ચય સિદ્ધાંત **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** કલશ ને કલશકારનાં દૃષ્ટાંતથી ઓર સમર્થિત કર્યો છે.

આ જે ઉપરમાં કહ્યું તેથી અન્ય તો ઉપચાર છે એમ અત્ર (૧૦૫)મી ગાથાઓ સ્પષ્ટ કર્યું અને તેનું અપૂર્વ વ્યાખ્યાન **'આત્મખ્યાતિ'માં** પ્રકાશ્યું છે.

" પણ આત્મા જે વ્યાપ્ય - વ્યાપક ભાવના અભાવે પણ પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય પુદ્‌ગલ દ્રવ્યાત્મક કર્મ ગ્રહે છે, પરિણમાવે છે, ઉપજાવે છે, કરે છે, બાંધે છે, તે તો સ્ફુટ ઉપચાર છે.' એ પણ કેવી રીતે ? તે રાજા-પ્રજાના દૃષ્ટાંતથી અત્ર (૧૦૮)મી ગાથામાં પ્રકાશ્યું છે અને તેનું **'આત્મખ્યાતિ'માં** અત્યંત વિશદીકરણ કર્યું છે, ઈ. તો પછી પુદ્‌ગલકર્મનો કર્ત્તા કોણ ? એ નીચેની ગાથાઓના ભાવનું સૂચન કરતો અમૃત **સમયસાર કળશ** (૬૩) **અમૃતચંદ્રજીએ** લલકાર્યો છે - 'જીવ જો પુદ્‌ગલ કર્મ કરતો નથી, તો પછી તે કોણ કરે છે ? એવી અભિશંકાથી જ તીવ્ર વેગી મોહનિર્બર્હણાર્થે (વિધ્વંસનાર્થે, વિનાશાર્થે) આ સ્ફુટપણે **પુદ્‌ગલકર્મ કર્તૃ** સંકીર્ત્તવામાં આવે છે, તે શ્રવણ કરો !' - આ અત્ર (૧૦૯-૧૧૨) ગાથામાં **આચાર્યજીએ** પ્રકાશ્યું છે અને **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** સ્પષ્ટ વિવરીને દેખાડ્યું છે - 'પુદ્‌ગલ કર્મનું નિશ્ચયથી પુદ્‌ગલ દ્રવ્ય જ **એક** કર્તૃ, તેના વિશેષો - મિથ્યાત્વ - અવિરતિ - કષાય - યોગ બંધની સામાન્ય હેતુતાએ કરીને **ચાર** કર્ત્તાઓ છે, તેઓ જ વિકલ્પવામાં આવતાં મિથ્યાદૃષ્ટિ આદિ સયોગ કેવલી અંત **તેર** કર્ત્તાઓ છે. કારણકે પુદ્‌ગલ દ્રવ્યમય **ચાર સામાન્ય પ્રત્યયોના** વિકલ્પો - 'ગુણ' શબ્દથી વાચ્ય એવા **તેર વિશેષ પ્રત્યયો** કેવલ જ કર્મો કરે છે, તેથી પુદ્‌ગલ કર્મોનો **જીવ અકર્ત્તા**, ગુણો જ તેના કર્ત્તાઓ અને તેઓ તો પુદ્‌ગલ દ્રવ્ય જ છે. તેથી સ્થિત છે કે પુદ્‌ગલ કર્મનું પુદ્‌ગલ દ્રવ્ય જ એક કર્તૃ છે.' ઈ.

અને જીવ - પ્રત્યયનું એકત્વ નથી એ (૧૧૩-૧૧૫) ત્રણ ગાથામાં **આચાર્યજીએ** પ્રકાશ્યું છે - (૧) 'જેમ ઉપયોગ જીવથી અનન્ય છે, તેમ જો ક્રોધ પણ અનન્ય હોય તો જીવ અને અજીવનું એમ અનન્યપણું આવી પડ્યું. (૨) એમ તો અહીં જે જ જીવ તે જ નિયમથી તથા પ્રકારે અજીવ હોય, પ્રત્યય - નોકર્મ - કર્મોના એકત્વમાં આ દોષ છે. (૩) હવે જો ત્હારા મતે ક્રોધ અને ઉપયોગાત્મા ચેતયિતા અન્ય હોય, તેમ જેમ ક્રોધ તેમ પ્રત્યય - કર્મ - નોકર્મ પણ અન્ય છે.' આ ગાથાના ભાવનું **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** અનન્ય વ્યાખ્યાન કર્યું છે.

હવે **પુદ્‌ગલ દ્રવ્યનું પરિણામ સ્વભાવપણું** સાધે છે - સાંખ્યમતાનુયાયી શિષ્ય પ્રતિ - અત્ર (૧૧૬-૧૨૦)મી ગાથા **આચાર્યજીએ** પ્રકાશે છે - (૧) 'જો આ પુદ્‌ગલ દ્રવ્ય જીવમાં સ્વયં બદ્ધ નથી, સ્વયં કર્મભાવે પરિણમતું નથી, તો તે અપરિણામી હોય છે. (૨) અને કાર્મણ વર્ગણાઓ કર્મભાવે અપરિણમતી સતે, સંસારનો અભાવ પ્રસંગ આવશે અથવા સાંખ્યસમયનો પ્રસંગ આવશે. (૩) જીવ પુદ્‌ગલદ્રવ્યોને કર્મભાવે પરિણમાવે, તો તે સ્વયં અપરિણમતાને ચેતયિતા કેમ પરિણમાવે વારુ ? (૪) હવે પુદ્‌ગલ દ્રવ્ય સ્વયમેવ કર્મભાવે પરિણમે છે, તો જીવ કર્મને (કાર્મણ વર્ગણાને) કર્મત્વ પરિણમાવે છે, એ મિથ્યા છે. (૫) નિયમથી કર્મ પરિણત પુદ્‌ગલ દ્રવ્ય કર્મ જ હોય, તેમ જ્ઞાનાવરણાદિ પરિણત તેને (પુદ્‌ગલને) તે જ (જ્ઞાનાવરણાદિ) જાણ !' આ ગાથાનો ભાવનું **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** નિષ્ણુષ યુક્તિથી અદ્‌ભુત મીમાંસન પ્રકાશ્યું છે.

હવે અત્ર (૧૨૧-૧૨૫) ગાથામાં **આચાર્યજીએ જીવ પરિણામિત્વનું** સાધ્યું છે. (૧) જો ત્હારા મતે સ્વયં કર્મમાં ન બદ્ધ આ જીવ સ્વયં ક્રોધાદિથી નથી પરિણમતો, તો સંસારનો અભાવ હોય વા સાંખ્ય સમયનો પ્રસંગ આવે છે. (૩) આત્મા સ્વયં ક્રોધભાવે પરિણમે છે તો પુદ્‌ગલ કર્મ ક્રોધ જીવને ક્રોધત્વ

પરિણમાવે છે એ મિથ્યા થશે. (૫) ક્રોધ ઉપયુક્ત આત્મા ક્રોધ અને માન ઉપયુક્ત જ માન, માયા ઉપયુક્ત માયા અને લોભ ઉપયુક્ત લોભ હોય છે.' આ ગાથાઓના ભાવનું **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** સુયુક્તિથી સમર્થન કરી પરિપુષ્ટપણું પ્રસાધ્યું છે અને તેના સારસમુચ્ચય નિગમન કરતો અમૃત **સમયસાર કળશ** (૬૫) **અમૃતચંદ્રજીએ** લલકાર્યો છે - 'એમ જીવની સ્વભાવભૂત પરિણામ શક્તિ નિરંતરાયા સ્થિત છે, તે સ્થિત સતે તે (જીવ) જે ભાવ **સ્વનો** (પોતાનો - આત્માનો) કરે છે, તેનો જ તે કર્ત્તા હોય.' ઈ. આ પ્રકારે અત્ર (૧૨૬) ગાથામાં **આચાર્યજીએ** પ્રકાશ્યું છે - 'જે ભાવ આત્મા કરે છે, તે કર્મનો તે કર્ત્તા હોય છે, જ્ઞાનીનો તે (ભાવ) જ્ઞાનમય અને અજ્ઞાનીનો અજ્ઞાનમય હોય છે.' આનું **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજી** પરમાર્થગંભીર સૂત્રાત્મક વ્યાખ્યાન પ્રકાશે છે. **જ્ઞાનીનો ભાવ સમ્યક્ સ્વ - પર વિવેકથી** અત્યંત **ઉદિત વિવિક્ત આત્મખ્યાતિપણાને** લીધે **જ્ઞાનમય જ** હોય : **અજ્ઞાનીનો** તો - સમ્યક્ સ્વ - પર વિવેકના અભાવથી અત્યંત **પ્રત્યસ્તમિત - વિવિક્ત - આત્મખ્યાતિપણાને** લીધે - **અજ્ઞાનમય જ હોય.'** અને જ્ઞાનમય ભાવથકી શું ? અજ્ઞાનમય થકી શું થાય છે) એ (૧૨૭)મી ગાથામાં **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** પ્રકાશ્યું છે - અજ્ઞાનીનો ભાવ અજ્ઞાનમય છે, તેથી તે કર્મો કરે છે અને જ્ઞાનીનો (ભાવ) જ્ઞાનમય છે, તેથી તે કર્મો નથી કરતો.' આ ગાથાનો અદ્‌ભુત ભાવ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અપૂર્વ તત્ત્વકલાથી અદ્‌ભુત સૂત્રાત્મક શૈલીથી ગ્રથિત કરેલ **ભગવતી 'આત્મખ્યાતિ'માં** તેનું સમગ્ર તત્ત્વવિજ્ઞાન પ્રદર્શિત કરી અલૌકિક જ્ઞાનચંદ્રિકા વિસ્તારી છે.

એટલે જ (૧૨૮-૧૨૯) ગાથામાં **આચાર્યજી** પ્રકાશે છે - 'કારણકે જ્ઞાનમય ભાવ થકી જ્ઞાનમય જ ભાવ જન્મે છે, તેથી જ્ઞાનીના સર્વે ભાવો નિશ્ચયે જ્ઞાનમય હોય છે, કારણકે અજ્ઞાનમય ભાવ થકી અજ્ઞાન ભાવ જ જન્મે છે, તેથી અજ્ઞાનીના ભાવો અજ્ઞાનમય હોય છે.' આનો ભાવ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** સ્પષ્ટ વિવર્યો છે અને તેના સારસમુચ્ચય આ **સમયસાર કળશમાં** (૬૭) સંગીત કર્યો છે - 'જ્ઞાનિના સર્વે ભાવો નિશ્ચયે કરીને જ્ઞાનનિર્વૃત્ત (જ્ઞાનથી સર્જિત) હોય છે - પણ અજ્ઞાનીના તે સર્વેય ભાવો અજ્ઞાન નિર્વૃત્ત (અજ્ઞાનથી સર્જિત) હોય છે.' હવે એ જ લોકપ્રસિદ્ધ દૃષ્ટાંતથી (૧૩૦-૧૩૧) ગાથામાં **આચાર્યજીએ** સમર્થન કર્યું છે - 'કનકમય ભાવ થકી કુંડલાદિ ભાવો જન્મે છે અને લોહમય ભાવ થકી જેમ કટકાદિ (કડા આદિ) ભાવ જન્મે છે', તેમ અજ્ઞાનિને અજ્ઞાનમય ભાવ થકી બહુવિધ પણ અજ્ઞાનમય જન્મે છે અને જ્ઞાનીના સર્વે ભાવો જ્ઞાનમય હોય છે.' આ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** ઓર પરિસ્પષ્ટ પ્રકાશ્યું છે અને આગલી ગાથાના ભાવનું સૂચન કરતો **અમૃત કળશ** (૬૮) **સમયસાર** સંગીત કર્યો છે - 'અજ્ઞાની અજ્ઞાનમય ભાવોની ભૂમિકાને વ્યાપીને દ્રવ્યકર્મના નિમિત્ત એવા ભાવોની હેતુતા પામે છે.' ઈ. આ ઉત્થાનિકા કળશમાં સૂચવ્યું તેમ, (૧૩૨-૧૩૬)માં ગાથામાં **આચાર્યજીએ** સ્પષ્ટ નિરૂપણ કર્યું છે - (૧) 'અજ્ઞાનનો તે ઉદય જે જીવોની અતત્ત્વઉપલબ્ધિ (તત્ત્વનું અજાણપણું) અને મિથ્યાત્વનો ઉદય તે જીવનું અશ્રદ્ધાનપણું. (૨) અને અસંયમનો ઉદય જે જીવોનું અવિરમણ હોય છે. (૩) તે જોગઉદય જાણ ! જે જીવોનો ચેષ્ટા ઉત્સાહ અથવા શોભન વા અશોભન વિરતિ ભાવ કર્ત્તવ્ય છે. (૪-૫) એઓ હેતુભૂત સતે કાર્માણવર્ગણાગત ભાવે અષ્ટવિધ પરિણમે છે, ત્યારે જીવ પરિણામ ભાવોનો હેતુ હોય છે.' આ ગાથાઓના ભાવનું **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** તેનું તત્ત્વ સર્વસ્વ સમર્પક તલસ્પર્શી વિશદ વિવરણ પ્રકાશ્યું છે.

અતઃ **પુદ્‌ગલ દ્રવ્યથી પૃથગ્‌ભૂત જ જીવનો પરિણામ છે,** એ (૧૩૭-૧૩૮) ગાથામાં **આચાર્યજીએ** પ્રતિપાદન કર્યું છે - 'જીવના કર્મની સાથે રાગાદિ પરિણામો હોય છે, એમ તો જીવ અને કર્મ બન્ને ય રાગાદિ ભાવાપન્ન (પ્રાપ્ત) થયા, પણ એક જ જીવનો રાગાદિથી ઉપજે છે, તો કર્મોદય હેતુઓ વિના જીવનો પરિણામ હોય છે.' આનું **'આત્મખ્યાતિ'માં** નિષ્ટુષ વ્યાખ્યાન પ્રકાશ્યું છે અને **જીવથી પૃથગ્‌ભૂત જ પુદ્‌ગલ દ્રવ્યનો પરિણામ છે,** એ (૧૩૯-૧૪૦) ગાથામાં **આચાર્યજીએ** નિરૂપણ કર્યું છે - 'જો જીવની સાથે જ પુદ્‌ગલ દ્રવ્યનો કર્મ પરિણામ હોય છે, તો એમ પુદ્‌ગલ અને જીવ બન્નેય કર્મત્વ આપન્ન (પ્રાપ્ત) થયા; પણ એક જ પુદ્‌ગલ દ્રવ્યનો કર્મભાવે પરિણામ હોય છે, તો જીવભાવ હેતુઓ

વિના કર્મનો પરિણામ હોય છે.' આનું પણ **'આત્મખ્યાતિ'માં** સ્પષ્ટ વ્યાખ્યાન પ્રકાશ્યું છે.

તો પછી કર્મ આત્મામાં શું બદ્ધસ્પૃષ્ટ છે ? શું અબદ્ધસ્પૃષ્ટ છે ? એમ નય વિભાગથી (૧૪૧)મી ગાથામાં **આચાર્યજી** પ્રકાશે છે - 'જીવમાં કર્મ બદ્ધ અને સ્પૃષ્ટ છે એમ વ્યવહારનયનું કથન છે, પણ શુદ્ધ નયના મતે તો જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ હોય છે.' આ ગાથાના ભાવનું **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પરિસ્ફુટ વ્યાખ્યાન પ્રકાશ્યું છે - **'જીવ અને પુદ્ગલકર્મના એક બંધપર્યાયત્વથી તદાત્વે (ત્યારે) વ્યતિરેકના અભાવને લીધે જીવમાં કર્મ બદ્ધ સ્પૃષ્ટ છે એમ વ્યવહારનય પક્ષ છે : જીવ અને પુદ્ગલના અનેક દ્રવ્યત્વથી અત્યંત વ્યતિરેકને લીધે જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે, એમ નિશ્ચયનય પક્ષ છે.'** ઈ.

આગલી ગાથામાં **સમયસારને** 'પક્ષાતિક્રાંત' - સર્વ પક્ષથી પર કહ્યો, તે પક્ષાતિક્રાંતનું સ્વરૂપ શું છે ? તેનું અત્ર (૧૪૩)મી ગાથામાં ભગવદ્ કુંદકુંદાચાર્યજીએ સ્પષ્ટીકરણ કર્યું છે - 'બન્ને ય નયોનું કથન કેવલ જાણે છે, પરંતુ સમયપ્રતિબદ્ધ એવો નયપક્ષ પરિહીન કંઈ પણ નયપક્ષ નથી ગ્રહ્યો.' આનું **ભગવદ્ અમૃતચંદ્રાચાર્યજીએ** પોતાની અનન્ય લાક્ષણિક શૈલીમાં **દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિક** ભાવ સાંગોપાંગ બિંબપ્રતિબિંબપણે દર્શાવતું તત્ત્વસર્વસ્વ સમર્પક અલૌકિક અદ્ભુત પરમ અમૃત વ્યાખ્યાન કરતાં **અપૂર્વ તત્ત્વપ્રકાશ** રેલાવ્યો છે.

આમ **'આત્મખ્યાતિ'ના** ગદ્ય ભાગમાં જે કહ્યું તેના પર આ અમૃત **સમયસાર કળશ** (૯૨) ચઢાવતાં, આત્મભાવનાથી પરમ ભાવિતાત્મા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** શુદ્ધ આત્મભાવની પરિપુષ્ટિ કરતાં વદે છે - 'ચિત્ સ્વભાવભરથી ભાવિત ભાવ અભાવ ભાવની પરમાર્થતાથી **એક અપાર સમયસારને** હું સમસ્ત બંધપદ્ધતિ ફગાવી દઈને **ચેતું છું - અનુભવું છું.'**

પક્ષાતિક્રાંત જ સમયસાર એવા પ્રકારે અવતિષ્ઠે છે - એમ (૧૪૪) ગાથામાં પરમર્ષિ **કુંદકુંદાચાર્યજીએ** પ્રકાશ્યું છે - 'આ (એક આત્મા જ) સમ્યગ્દર્શન - જ્ઞાન એ કેવલ વ્યપદેશ (નામ નિર્દેશ) લહે છે, સર્વ નયપક્ષ રહિત એવો જે કહેવામાં આવ્યો, તે **સમયસાર.'** એમ અત્રે ઉપસંહાર રૂપ નિગમન કર્યું છે અને તેનું **પરમ પરમાર્થ** હાર્દ પ્રકટ કરતું તત્ત્વસર્વસ્વ સમર્પક અલૌકિક પરમ અમૃત વ્યાખ્યાન **'આત્મખ્યાતિ'માં** કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ સમયસાર 'આત્મખ્યાતિ'** પ્રાપ્તિવિધિની અદ્ભુત રહસ્ય ચાવી (Master-key) દર્શાવી છે. આ અદ્ભુત **'આત્મખ્યાતિ'નો** પરમગંભીર પરમાર્થ આશય આ ગ્રંથમાં સર્વત્ર **આ લેખકે 'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** પરિસ્ફુટ વિવેચ્યો છે અને **'આત્મખ્યાતિ'ના** અંગભૂત **અમૃત કળશનો પરમાર્થ આશય પણ પરિસ્પષ્ટ વિવરી દેખાડ્યો છે.***

હવે આ કર્ત્તા - કર્મ અધિકારનો સર્વોપસંહાર કરતાં સપ્ત અમૃત સમયસાર કળશ (૯૩-૯૯) **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** ચિદ્ ગગનમાં સપ્તર્ષિ સમા ચમકાવે છે. તે મધ્યે આ પ્રથમ કળશમાં (૯૩) નયપેક્ષ વિના નિર્વિકલ્પ ભાવથી અનુભવાતા આ સમયસાર પુરાણ પુરુષનું ઉત્કીર્ત્તન કરે છે -

૧. 'નયોના પક્ષો વિના અચલ અવિકલ્પ ભાવને આક્રામતો એવો જે સમયનો સાર નિભૃતોથી (ચૂપચૂપ, મૌનથી) સ્વયં આસ્વાદાઈ રહેલો ભાસે છે, તે વિજ્ઞાનૈકરસ આ ભગવાન પુણ્ય પુરાણ પુરુષ છે, જ્ઞાન દર્શન પણ આ છે, અથવા તો શું ? જે કંઈ છે તે એક જ આ છે.' ***

તથાપિ આ મોહ અરે ! નેપથ્યમાં કેમ રભસથી - આવેગથી - જોરશોરથી નાટક રહ્યો છે ?

૭. અથવા નાટક ભલે કરે, તથાપિ - જ્ઞાન જ્ઞાન થાય ને પુદ્ગલ પુદ્ગલ થાય તેમ આ કેવલ **જ્ઞાન જ્યોતિ** ઝળહળે છે, એવા ભાવનો અમૃત **સમયસાર કળશ અમૃતચંદ્રજી** આત્મભાવોલ્લાસથી લલકારે છે -

(સમશ્લોકી) 'કર્ત્તા કર્મ જ્યમ ન બનતો કર્મ તે કર્મ ના જ,
જ્ઞાન જ્ઞાન જ્યમ જ બનતું પુદ્ગલો પુદ્ગલો જ;
જ્ઞાન જ્યોતિ જ્વલિત અચલા અંતરે વ્યક્ત તેમ,
ચિત્ શક્તિના ભરથી અતિશે એહ ગંભીર એમ.

॥ ઈતિ કર્ત્તા-કર્મ પ્રરૂપક દ્વિતીય અંક ॥

૩. પુણ્ય પાપ અધિકાર

પુણ્ય-પાપ પ્રરૂપક તૃતીય અંક

હવે એક જ કર્મ બે પાત્રરૂપ થઈ પુણ્ય-પાપરૂપે પ્રવેશે છે અને તેનો પ્રવેશ કરાવતાં, **પરમાર્થ-મહાકવિ અમૃતચંદ્રજી** તે કર્મના શુભ-અશુભ દ્વિરૂપની મોહભ્રાંતિ ટાળનારા **જ્ઞાન-અમૃતચંદ્રનો** ઉદય ઉદ્‌ઘોષતા આ અમૃત **સમયસાર કળશ** (૧૦૦, ૧૦૧) સંગીત કરે છે અને તાદૃશ્ય ચિત્રમય **સ્વભાવોક્તિ સંયુક્ત અન્યોક્તિ** રજૂ કરે છે. 'એક બ્રાહ્મણત્વનાં અભિમાન થકી દૂરથી મદિરા ત્યજે છે, બીજો 'હું શૂદ્ર સ્વયં છું' એમ અભિમાની નિત્ય તે વડે જ સ્નાન કરે છે ! આ બન્નેય શૂદ્રિકાના ઉદરમાંથી યુગપત્ - એક સાથે (જોડકાં) નીકળેલા સાક્ષાત્ બે શૂદ્રો છતાં તેઓ જાતિભેદના ભ્રમથી વિચરે છે !' આવું ગ્રંથ સહસ્રથી પણ ન દાખવી શકાય એવું પરમ તત્ત્વરહસ્ય અત્ર **અમૃતચંદ્રજીએ** માર્મિકપણે સૂચવી આગલી ગાથામાં (૧૪૫) આવતા ભાવનું સૂચન કર્યું છે. આ (૧૪૫) ગાથામાં **આચાર્યજી** પ્રકાશે છે - 'અશુભ કર્મને કુશીલ અને શુભ કર્મને સુશીલ તમે જાણો છો, તે સુશીલ કેમ હોય છે ? - કે જે સંસારમાં પ્રવેશાવે છે.' આનું તત્ત્વ સર્વસ્વ સમર્પક અદ્‌ભુત વ્યાખ્યાન **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પ્રકાશ્યું છે. ઉક્ત વસ્તુના સારસમુચ્ચયરૂપ અમૃત **સમયસાર કળશ** (૧૦૨) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - 'હેતુ, સ્વભાવ, અનુભવ અને આશ્રયના સદાય અભેદને લીધે નિશ્ચયે કરીને કર્મભેદ નથી જ, તેથી બંધ માર્ગાશ્રિત એક માનવામાં આવેલું તે કર્મ સ્વયં સમસ્ત નિશ્ચયે બંધહેતુ છે.' ઈ.

હવે (૧૪૬)મી **ગાથામાં આચાર્યજી** ઉભય કર્મને અવિશેષથી બંધહેતુ સાધે છે - 'સૌવર્ણિક (સોનાની) બેડી પણ અને લોહમય (લોઢાની) બેડી પણ જેમ પુરુષનું બાંધે છે, એમ શુભ વા અશુભ કરેલું કર્મ જીવને બાંધે છે'; અને (૧૪૮-૧૪૯) **ગાથામાં** ઉભય કર્મને પ્રતિષેધ્ય સ્વયં દૃષ્ટાંતથી સમર્થે છે - 'જેમ સ્ફુટપણે કોઈ પણ પુરુષ જનને કુત્સિત શીલવાળો જાણીને તેની સાથેનો સંસર્ગ અને રાગકરણ વર્જે છે (દૂરથી પરિહરે છે), એમ કર્મપ્રકૃતિનો શીલ સ્વભાવ કુત્સિત (દુષ્ટ) જાણીને સ્વભાવરત જનો તેનો સંસર્ગ વર્જે છે અને પરિહરે છે.' આના ભાવનું **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** વનહસ્તીના સુંદર દૃષ્ટાંતથી ઓર સંવર્ધન કર્યું છે. હવે (૧૫૦)મી **ગાથામાં આચાર્યજી** ઉભય કર્મને બંધહેતુ અને પ્રતિષેધ્ય આગમથી સાધે છે - 'રક્ત (રાગયુક્ત) કર્મ બાંધે છે, વિરાગ સંપ્રાપ્ત જીવ મૂકાય છે - આ જિનોપદેશ છે, તેથી કર્મોમાં મ રંજ !' - આના ભાવનું **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** ઓર સ્પષ્ટીકરણ કર્યું છે અને **આ લેખકે** સ્વકૃત **'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં 'પ્રવચનસાર'** અને **અમૃતચંદ્રાચાર્યકૃત પ્રવચનસાર ટીકાના** પ્રબળ અવલંબને પરિપુષ્ટ કર્યો છે; અને **'આત્મખ્યાતિ'માં** તેની પુષ્ટિ અર્થે **સારસમુચ્ચયરૂપ અમૃત સમયસાર કળશ** (૧૦૩) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - 'કારણકે કર્મને સર્વને પણ **સર્વવિદો** અવિશેષ બંધસાધન કહે છે, તેથી સર્વ પણ તે પ્રતિષિદ્ધ છે, **જ્ઞાન** જ શિવહેતુ - (મોક્ષકારણ) વિહિત છે.' ઈ. અને આના અનુસંધાનમાં **અમૃત સમયસાર કળશ** (૧૦૪) **અમૃતચંદ્રજી** લલકારે છે - 'સર્વ સુકૃત - દુષ્કૃત કર્મ સ્ફુટપણે નિષેધવામાં આવ્યે, નૈષ્કર્મ્ય (નિષ્કર્મપણું) પ્રવૃત્ત થયે **મુનિઓ** ખરેખર ! અશરણ છે જ નહિ, ત્યારે જ્ઞાનમાં પ્રતિચરિત **જ્ઞાન** એઓનું શરણ છે, ત્યાં નિરત એઓ સ્વયં **પરમ અમૃત** અનુભવે છે.' અર્થાત્ તદા - ત્યારે તથારૂપ 'મુનિ' - શુદ્ધોપયોગ દશાસંપન્ન સાચા શ્રમણરૂપ જ્ઞાની જેવા તે ઉચ્ચ અધિકારીને શુભ - અશુભ કર્મથી પર એવી નિષ્કર્મ મુનિદશા - જ્ઞાનદશા પ્રાપ્ત થયે, જ્ઞાનમાં પ્રતિચરિત જ્ઞાન - 'જ્ઞાનં જ્ઞાને પ્રતિચરિતં' - એઓનું નિશ્ચયે કરીને શરણ છે - 'એષાં હિ શરણં ।' ઈ.

ઉપરમાં શુભાશુભ કર્મને અવિશેષથી બંધહેતુ સિદ્ધ કર્યો, ત્યારે મોક્ષહેતુ કોણ ? તેના ઉત્તરમાં આ (૧૫૧)મી **ગાથામાં આચાર્યજીએ** જ્ઞાનને જ મોક્ષહેતુ સાધ્યો છે - 'પરમાર્થ જ નિશ્ચયે કરીને જે સમય, શુદ્ધ, કેવલી, મુનિ, જ્ઞાની છે, તે સ્વભાવમાં સ્થિત મુનિઓ નિર્વાણ પામે છે.' આ અદ્‌ભુત ગાથાનો ભાવ અદ્‌ભુત **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પ્રકાશ્યો છે.

હવે આચાર્યજી (૧૫૨)મી ગાથામાં **જ્ઞાનને** વિહિત કરે છે - **'પણ પરમાર્થમાં અસ્થિત'** એવો જે તપ કરે છે અને વ્રત ધારે છે, તે સર્વને **સર્વજ્ઞો બાલતપ અને બાલવ્રત જાણે છે.'** અને (૧૫૩)મી ગાથામાં જ્ઞાન-અજ્ઞાનને **મોક્ષહેતુ-બંધહેતુ** નિયમે છે - 'વ્રત-નિયમો તથા શીલો ધારતા અને કરતા એવા **પરમાર્થબાહ્ય** જેઓ છે, તેઓ નિર્વાણને નથી પામતા.' - આ ત્રણે ગાથાનો અદ્‌ભુત પરમાર્થ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પ્રકાશ્યો છે અને ઉપરમાં જે જ્ઞાનને જ મોક્ષહેતુ સુનિશ્ચિત કર્યો, તેની પરિપુષ્ટિરૂપ આ સારસમુચ્ચયરૂપ **અમૃત સમયસાર કળશ** (૧૦૫) લલકાર્યો છે - 'જ્ઞાનાત્મ એવું જે આ ધ્રુવ અચલ ભવન ભાસે છે, આ શિવનો હેતુ છે, કારણપણે સ્વયં પણ તે (જ્ઞાન) શિવ છે, એનાથી અન્ય બંધનો હેતુ છે, કારણકે સ્વયં પણ તે (અન્ય) બંધ છે, તેથી જ્ઞાનાત્મત્વ (જ્ઞાનાત્મપણું) ભાન તે સ્ફુટપણે **અનુભૂતિ** જ વિહિત છે.' ઈ.

હવે આચાર્યજી પુનઃ પણ પુણ્યકર્મના પક્ષપાતીના પ્રતિબોધનાર્થે પ્રકાશે છે - **'પરમાર્થબાહ્ય' તે અજ્ઞાનથી અજાણતાં, સંસારગમન હેતુ પણ પુણ્યને ઈચ્છે છે.'** આ ગાથાનો અદ્‌ભુત ભાવ અદ્‌ભુત **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** એક જ પરમાર્થઘન સૂત્રાત્મક વાક્યમાં સેંકડો ગ્રંથોથી પણ ન દર્શાવી તેવો ભાવ અપૂર્વ તત્ત્વકળાથી ગૂંથી અપૂર્વ તત્ત્વ પ્રકાશ રેલાવ્યો છે, 'અહીં નિશ્ચયે કરીને કોઈ - નિખિલ કર્મપક્ષના ક્ષયથી સંભાવિત છે આત્મલાભ જેનો એવા **મોક્ષને** અભિલષતાં છતાં - તદ્ધેતુભૂત સમ્યગ્‌દર્શન - જ્ઞાન - ચારિત્ર સ્વભાવના **પરમાર્થભૂત જ્ઞાનભવન માત્ર ઐકાગ્ર્ય લક્ષણ સામાયિક પ્રતિજ્ઞા** લઈને પણ, દુરંત કર્મચક્રના ઉત્તરણમાં કલીબતાએ (પૌરુષહીનતાએ) કરીને, ** સકલ કર્મકાંડને નહિ ઉન્મૂલતાં, સ્વયં **અજ્ઞાનને લીધે** કેવલ અશુભ કર્મને બંધહેતુ અધ્યાસી (માની બેસી) એમ વ્રત - નિયમ - શીલ - તપ પ્રમુખ શુભકર્મને - બંધહેતુને પણ - અજાણતાં અભ્યુપગમે છે. (માની બેસે છે.)' ઈ. **'આત્મખ્યાતિ'ના** સર્વ ભાવ આ લેખકે 'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં પરિસ્ફુટ વિવેચ્યા છે.

હવે આ (૧૫૫) ગાથામાં **આચાર્યજી** પરમાર્થ મોક્ષહેતુ તેઓને દર્શાવે છે - 'જીવાદિ **શ્રદ્ધાન** (તે) **સમ્યક્ત્વ**, તેઓનો (જીવાદિનો) અધિગમ (તે) **જ્ઞાન**, રાગાદિ પરિહરણ (તે) **ચરણ** (ચારિત્ર) - **આ જ મોક્ષપથ.'** આ ગાથાનો પરમાર્થ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પરિસ્ફુટ પ્રકાશ્યો છે - **'મોક્ષહેતુ'** નિશ્ચયે કરીને સમ્યગ્‌દર્શન - જ્ઞાન - ચારિત્ર, તેમાં - સમ્યગ્‌દર્શન જીવાદિ શ્રદ્ધાન સ્વભાવથી **જ્ઞાનનું** ભવન (હોવું, પરિણમવું), જીવાદિ જ્ઞાન સ્વભાવથી **જ્ઞાનનું ભવન જ્ઞાન**, રાગાદિ પરિહરણ સ્વભાવથી **જ્ઞાનનું ભવન ચારિત્ર.** તેથી એમ સમ્યગ્‌દર્શન - જ્ઞાન ચારિત્ર એક એવ **જ્ઞાનનું ભવન** આવ્યું, તેથી **જ્ઞાન જ પરમાર્થ મોક્ષહેતુ.'** ઈ.

હવે આ (૧૫૬) ગાથામાં **આચાર્યજી** પરમાર્થ મોક્ષહેતુથી અન્ય એવા કર્મને પ્રતિષેધે છે - 'નિશ્ચયાર્થ મૂકીને વિદ્વાનો વ્યવહારથી પ્રવર્ત્તે છે, પણ કર્મક્ષય તો પરમાર્થ આશ્રિત યતિઓનો વિહિત છે.' આ ગાથાનો પરમાર્થ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પરિસ્પષ્ટ વિવર્યો છે.

ઉપરમાં જે **'આત્મખ્યાતિ'ના** ગદ્ય ભાગમાં પરમ તત્ત્વજ્ઞાન પ્રકાશ્યું, તેના સારસમુચ્ચયરૂપ **અમૃત સમયસાર કળશ** (૧૦૬, ૧૦૭) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - (૧) 'જ્ઞાનનું ભવન સદા જ્ઞાન સ્વભાવથી વૃત્ત છે, તેથી એકદ્રવ્યસ્વભાવપણાને લીધે, તદ્ એવ (જ્ઞાન ભવન જ) મોક્ષહેતુ છે. (૨) જ્ઞાનનું ભવન કર્મસ્વભાવથી વૃત્ત (વિટાયેલું) નથી જ, તેથી દ્રવ્યાંતર સ્વભાવપણાને લીધે કર્મ મોક્ષહેતુ નથી.' એમ ઉક્ત પ્રકારે **જ્ઞાનભવન જ મોક્ષહેતુ** છે અને કર્મ મોક્ષહેતુ નથી જ, એટલા માટે જ તે નિષેધવામાં આવે છે, એમ પછીની ગાથાના ભાવનું સૂચન કરતો **અમૃત સમયસાર કળશ** (૧૦૮) **અમૃતચંદ્રજી** લલકારે છે - 'મોક્ષહેતુના તિરોધાનને લીધે અને સ્વયમેવ બંધપણાને લીધે અને મોક્ષહેતુ તિરોધાયિ ભાવપણાને લીધે તે (કર્મ) નિષેધાય છે.' ઈ.

હવે આ ત્રણ ગાથામાં (૧૫૭-૧૫૯) **આચાર્યજી કર્મનું મોક્ષહેતુનું તિરોધાનકરણ** સાધે છે - (૧) **'વસ્ત્રનો શ્વેતભાવ** જેમ મલમેલનાસક્ત નાશે છે, તેમ **મિથ્યાત્વમલથી** અવચ્છન્ન (આચ્છાદિત,

ઢંકાયેલ) **સમ્યક્ત્વ** નિશ્ચયથી જાણવું. (૨) વસ્ત્રનો શ્વેતભાવ જેમ મલમેલનાસક્ત નાશે છે, તેમ **અજ્ઞાનમલથી** અવચ્છન્ન **જ્ઞાન** હોય છે એમ જાણવું. (૩) વસ્ત્ર શ્વેતભાવ જેમ મલમેલનાસક્ત નાશે છે તેમ **કષાયમલથી** અવચ્છન્ન ચારિત્ર પણ જાણવું. ઈ. હવે (૧૬૦)મી **ગાથામાં કર્મનું સ્વરૂપ બંધપણું સાધે છે - 'તે સર્વ જ્ઞાનદર્શી નિજ કર્મરજથી અવચ્છન્ન (ઢંકાયેલ) એવો સંસાર સમાપન્ન (સંસારને પામેલો) સતો સર્વતઃ સર્વ નથી જાણતો.' અને ત્રણ ગાથામાં** (૧૬૧-૧૬૨-૧૬૩) **આચાર્યજી કર્મનું મોક્ષહેતુનું તિરોધાયિભાવપણું** દર્શાવે છે. **'સમ્યક્ત્વ'** પ્રતિનિબદ્ધ **મિથ્યાત્વ જિનવરોથી** પરિકથિત છે, તેના ઉદયથી જીવ **'મિથ્યાદૃષ્ટિ'** એમ જાણવો. (૨) **જ્ઞાનનું** પ્રતિનિબદ્ધ **અજ્ઞાન જિનવરોથી** પરિકથિત છે, તેના ઉદયથી જીવ **અજ્ઞાની** જાણવો. (૩) ચારિત્રનો પ્રતિનિબદ્ધ કષાય **જિનવરોથી** પરિકથિત છે, તેના ઉદયથી જીવ **અચારિત્ર** જાણવો.' આ સર્વ ગાથાનું અદ્‌ભુત વ્યાખ્યાન **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પરિસ્ફુટ વિવર્યું છે અને **આ** લેખકે **'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** સ્પષ્ટ વિવેચ્યું છે.

આમ સમસ્ત કર્મનું તત્ત્વ નિષ્ટુષ યુક્તિથી સિદ્ધ કરી, કેવલ જ્ઞાનના પરમોલ્લાસમાં રમણ કરતા પરમ આત્મભાવનાથી ભાવિતાત્મા મહાકવીશ્વર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** આ અધિકારના સમસ્ત વક્તવ્યના પરમ સારસમુચ્ચયરૂપ - પરમ તત્ત્વ નિષ્કર્ષરૂપ પરમ પરમાર્થ અમૃતરસથી સંભૃત આ ચાર પરમ મંગલ **સમયસાર** કાવ્ય-કળશ અત્ર **સમયસાર** તત્ત્વમંદિરના મેરુ શિખર પર ચઢાવ્યા છે. તે જાણે તત્ત્વ દિગ્‌વિજય કરવા **ધર્મચક્રવર્ત્તીના** ચારે દિગંતમાં રોપિત કરેલા શાશ્વત ભાવ-કીર્ત્તિ સ્થંભો હોયની !

૧. 'તે આ સમસ્ત પણ કર્મ જ મોક્ષાર્થિએ સંન્યસવા યોગ્ય (ત્યજવા યોગ્ય) છે, તે સંન્યસ્ત (ત્યક્ત) સતે તત્ર ખરેખર ! પુણ્યની વા પાપની કથા શી ? સમ્યક્‌ત્વાદિ નિજ સ્વભાવભવન થકી મોક્ષનો હેતુ થતું એવું નૈષ્કર્મ્ય પ્રતિબદ્ધ (નૈષ્કર્મ્ય સાથે જોડાયેલું) ઉદ્ધત રસવાળું જ્ઞાન સ્વયં દોડે છે.

૨. જ્યાં લગી જ્ઞાનની તે કર્મવિરતિ સમ્યક્‌ પાક પામતી નથી, ત્યાં લગી કર્મ-જ્ઞાનનો સમુચ્ચય પણ વિહિત કર્યો તો કોઈ ક્ષતિ નથી, પરંતુ અત્રે પણ અવશથી જે કર્મ સમુલ્લસે છે, તે બંધાર્થે છે, મોક્ષાર્થે તો સ્વતઃ વિમુક્ત પરમ જ્ઞાન સ્થિત છે.

૩. કર્મનય અવલંબનપરા એવા જે જ્ઞાનને ન જાણતા, તેઓ મગ્ન (ડૂબેલા) છે, જ્ઞાનનય ઈચ્છનારાઓ પણ જેઓ અતિ સ્વચ્છંદથી મંદ ઉદ્યમી છે, તેઓ પણ મગ્ન છે, વિશ્વની ઉપર તેઓ તરે છે, કે જેઓ સતત જ્ઞાન ભવંતા (જ્ઞાન ભવનવંત) કદી પણ કર્મ નથી કરતા અને કદી પણ નથી પ્રમાદને વશ જતા.

૪. ભેદ ઉન્માદના ભ્રમરસભરથી મોહ પીધેલ હોય એવું નાટક કરતું તે સકલ પણ કર્મ બલથી મૂલોન્મૂલ કરી (જડ મૂળથી ઉખેડી નાંખી), હેલાથી ઉન્મીલન પામતી પરમ કલા સાથે કેલિ આરંભી છે જેણે એવી તમસ્‌ને કવલિત કરનારી (કોળીઓ કરનારી) **જ્ઞાન જ્યોતિ** ભરથી (પૂર્ણ પણે) પ્રોજ્જૃંભિત (વિકસિત) થઈ.

॥ ઈતિ પુણ્ય-પાપ રૂપે દ્વિપાત્ર રૂપ થયેલું કર્મ એકપાત્રરૂપ થઈને નિષ્ક્રાંત થયું (બ્હાર નીકળી ગયું) ॥

॥ ઈતિ પુણ્ય-પાપ પ્રરૂપક તૃતીય અંક ॥

૪. આસ્રવ અધિકાર

આસ્રવ પ્રરૂપક ચતુર્થ અંક

હવે ચોથા અંકમાં **'આસ્રવ'** નામક પાત્ર પ્રવેશે છે અને તેનો અદ્‌ભુત નાટકીય રીતિથી પ્રવેશ કરાવતાં **મહાકવીશ્વર અમૃતચંદ્રજી** તાદૃશ્ય શબ્દચિત્ર આલેખતું કળશ (૧૧૩) કાવ્ય લલકારે છે - 'હવે મહામદથી નિર્ભર મંદગતિ (મંથર) એવા રણસંગ્રામરૂપ રંગભૂમિમાં આવી ધ્હોંચેલા આસ્રવને, આ ઉદાર-ગભીર મહોદય દુર્જય બોધ-ધનુર્ધર (જ્ઞાન-બાણાવળી) જીતે છે.' ઈ. આ સર્વ ભાવ **આ લેખકે અમૃત મહાભાષ્યના** વિસ્તારથી વિવેચ્યો છે.

તત્ર - આ ગાથામાં (૧૬૪-૧૬૫) **આચાર્યજીએ** આસ્રવનું સ્વરૂપ પ્રકાશ્યું છે - 'મિથ્યાત્વ અવિરતિ કષાય અને યોગ (એ પ્રત્યેક) સંજ્ઞ - અસંજ્ઞ (ચેતન-અચેતન) હોય છે. જીવમાં બહુવિધ ભેદવાળા તે તેના જ અનન્ય પરિણામો છે. તેઓ (મિથ્યાત્વાદિ) વળી જ્ઞાનાવરણાદિક કર્મનું કારણ હોય છે અને તેઓનું (મિથ્યાત્વાદિનું) પણ કારણ રાગ-દ્વેષાદિભાવ કરનારો જીવ હોય છે.' આ ગાથાનું તત્ત્વસર્વસ્વ સમર્પક અપૂર્વ વ્યાખ્યાન **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** વ્યાખ્યાત કર્યું છે. પણ જ્ઞાનીને તેનો અભાવ એમ (૧૬૬) ગાથામાં દર્શાવ્યું છે - 'પણ સમ્યગ્‌દૃષ્ટિને આસ્રવબંધ નથી, આસ્રવ નિરોધ છે, સત્તામાં રહેલા તે પૂર્વ નિબદ્ધોને (આસ્રવને) તે - નહિ બાંધતો સતો - જાણે છે.' હવે (૧૬૭) ગાથામાં રાગ-દ્વેષ-મોહનું આસ્રવત્વ નિયમે છે - 'જીવથી કરાયેલો રાગાદિયુત ભાવ જ બંધક કહ્યો છે, રાગાદિ વિપ્રમુક્ત (સર્વથા પ્રમુક્ત) ભાવ જ અબંધક એવો કેવલ જ્ઞાયક જ છે.' આ ગાથાનો ભાવ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** લોહચુંબક અને લોહસૂચિના અદ્‌ભુત દૃષ્ટાંતથી સ્પષ્ટ સમજાવી અત્યંત સમર્થિત કર્યો છે. હવે (૧૬૮) મી ગાથામાં રાગાદિથી અસંકીર્ણ ભાવનો સંભવ દર્શાવે છે - 'પક્વ ફલ પતિત થયે - પડી ગયે જેમ ફલ પુનઃ બીંટ સાથે બંધાતું નથી, તેમ જીવનો કર્મભાવ પતિત થયે - પડી ગયે પુનઃ ઉદય પામતો નથી.' આ ગાથાના ભાવને **'આત્મખ્યાતિ'માં** ઓર પુષ્ટ કર્યો છે અને તેના અનુસંધાનમાં **અમૃતચંદ્રજીએ** અમૃત **સમયસાર કળશ** (૧૧૪) સંગીત કર્યો છે - 'રાગ-દ્વેષ-મોહ વિના જે ભાવ જીવનો હોય, જ્ઞાનનિર્વૃત્ત (જ્ઞાનમય) જ હોય, તે આ સર્વ દ્રવ્યકર્મ આસ્રવ ઓઘોને (સમૂહોને) રુંધતો એવો સર્વ ભાવઆસ્રવોનો અભાવ છે.' અતઃ એવ (૧૬૯) મી ગાથામાં જ્ઞાનીને દ્રવ્યાસ્રવ અભાવ દર્શાવે છે - 'પૂર્વનિબદ્ધ પ્રત્યયો તો તેને-જ્ઞાનીને પૃથ્વી પિંડ સમાન છે, તે તો સર્વેય કર્મશરીરની સાથે બદ્ધ (બંધાયેલા) છે.' આ વસ્તુ **'આત્મખ્યાતિ'માં** સ્પષ્ટ વિવરી છે અને આ સર્વ પરથી ફલિત થતો ભાવ **અમૃત કળશમાં** (૧૧૫) **અમૃતચંદ્રજીએ** સંગીત કર્યો છે - 'ભાવઆસ્રવોના અભાવને પ્રપન્ન (પામેલો) અને દ્રવ્યાસ્રવોથી સ્વત એવ (આપોઆપ જ) ભિન્ન એવો **જ્ઞાની** સદા **જ્ઞાનમય** એકભાવ નિરાસ્રવ **જ્ઞાયક** એક જ છે.' ઈ.

જ્ઞાની નિરાસ્રવ કેવી રીતે ? તે (૧૭૦) મી ગાથામાં **આચાર્યજી** પ્રકાશે છે - 'કારણકે ચતુર્વિધ (પ્રત્યયો) બે જ્ઞાન - દર્શન ગુણોએ કરીને અનેક ભેદવાળું (કર્મ) સમયે સમયે બાંધે છે, તેથી જ્ઞાની અબંધ જ છે.' આ ગાથાનો ભાવ **'આત્મખ્યાતિ'માં** વિવર્યો છે - **'જ્ઞાની'** નિશ્ચયે પ્રથમ તો આસ્રવ ભાવ - ભાવનાના અભિપ્રાય અભાવને લીધે **નિરાસ્રવ** જ છે, પણ જે તેને પણ **દ્રવ્ય પ્રત્યયો** પ્રતિસમયે અનેક પ્રકારનું **પુદ્‌ગલ કર્મ** પ્રતિબંધે છે, તેમાં **જ્ઞાન-ગુણ પરિણામ જ હેતુ છે'** અને જ્ઞાનગુણ પરિણામ બંધહેતુ કેવી રીતે ? તે (૧૭૧) મી ગાથામાં પ્રકાશે છે - 'કારણકે **જઘન્ય જ્ઞાનગુણને** લીધે જ્ઞાનગુણ પુનઃ પણ અન્યત્વ પરિણમે છે, તેથી જ તે **બંધક** કહ્યો છે.' આનો ભાવ **'આત્મખ્યાતિ'માં** પરિસ્ફુટ સમજાવ્યો છે - 'જ્ઞાન ગુણ સ્ફુટપણે જ્યાં લગી જઘન્ય ભાવ ત્યાં લગી તેનો - અંતર્મુહૂર્તમાં વિપરિણામિપણાને લીધે - પુનઃ પુનઃ અન્યતાથી પરિણામ છે અને તે તો **યથાખ્યાત ચારિત્ર અવસ્થાની** અધઃ હેઠેમાં અવશ્યંભાવી (અવશ્ય હોનારા) રાગ સદ્‌ભાવને લીધે **બંધહેતુ** જ હોય.' એમ સતે જ્ઞાની નિરાસ્રવ કેમ ? તે આ (૧૭૨) મી ગાથામાં **આચાર્યજીએ** પ્રકાશ્યું છે - 'કારણકે જ્ઞાની

દર્શન-જ્ઞાન-ચારિત્ર જઘન્ય ભાવથી પરિણમે છે, તેથી જ તે વિવિધ પુદ્ગલ કર્મોથી બંધાય છે.' આનો અદ્‌ભુત અલૌકિક અનુપમ પરમાર્થ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક રાગાદિનો સ્પષ્ટ ભેદ દર્શાવી નિષ્ણુષપણે સમજાવ્યો છે અને **'આત્મખ્યાતિ'ના** અનુસંધાનમાં સારસમુચ્ચયરૂપ **અમૃત સમયસાર કળશ** (૧૧૬) અમૃતચંદ્રજીએ પરમ આત્મભાવ ઉલ્લાસથી લલકાર્યો છે - 'નિજ બુદ્ધિપૂર્વક સમગ્ર રાગને હંમેશા સ્વયં સંન્યસતો (ત્યજતો), તે અબુદ્ધિપૂર્વકને પણ જીતવાને વારંવાર સ્વશક્તિને સ્પર્શતો, જ્ઞાનની સકલ પરિવૃત્તિને જ (પરિવર્ત્તનને જ) ઉચ્છેદતાં પૂર્ણભવન્ **આત્મા જ્ઞાની** જ્યારે હોય, ત્યારે નિશ્ચય કરીને **નિત્ય નિરાસ્રવ** હોય.' ઈ.

અત્ર આગલી ગાથાના ભાવનું સૂચન કરતો **અમૃત સમયસાર કળશ** (૧૧૭) **અમૃતચંદ્રજી** પ્રકાશે છે - 'સર્વ જ દ્રવ્યપ્રત્યય સંતતિ જીવતી સતે, જ્ઞાની નિત્યમેવ નિરાસ્રવ ક્યાંથી ? એમ જો મતિ હોય તો નીચેની **ગાથાઓમાં** (૧૭૩-૧૭૬) સમાધાન દર્શાવીએ છીએ, અને આનો ભાવ **'આત્મખ્યાતિ'માં** પ્રકાશ્યો છે.

આ જે **'આત્મખ્યાતિ'ના** ગદ્ય ભાગમાં કહ્યું તેનું સમર્થન કરતો **અમૃત સમયસાર કળશ** (૧૧૮) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - 'સમયને (આત્માને) અનુસરંતા પૂર્વબદ્ધ દ્રવ્યરૂપ પ્રત્યયો યદ્યપિ સત્તા છોડતા નથી, તથાપિ સકલ રાગ-દ્વેષ-મોહના વ્યુદાસને લીધે જ્ઞાનીને કદી પણ કર્મબંધ અવતરતો નથી.' હવે નીચેની ગાથાઓના ભાવનું સૂચન કરતો **અમૃત કળશ** (૧૧૯) **અમૃતચંદ્રજી** લલકારે છે - 'રાગ-દ્વેષ-વિમોહનો કારણકે જ્ઞાનીને અસંભવ છે તેથી જ એને બંધ નથી, તેઓ જ બંધનું કારણ છે.' આ કળશથી સૂચિત આ ગાથા (૧૭૭-૧૭૮) **આચાર્યજી** પ્રકાશે છે - 'રાગ, દ્વેષ અને મોહ આસ્રવો સમ્યગ્‌દૃષ્ટિને નથી, તેથી આસ્રવભાવ વિના પ્રત્યયો હેતુ હોતા નથી. ચતુર્વિકલ્પ અષ્ટ વિકલ્પનું કારણ કહ્યું છે અને તેઓનું (ચતુર્વિકલ્પનું) પણ રાગાદિ (કારણ કહ્યું છે), તેઓના (રાગાદિના) અભાવે બંધાતા નથી.' આનો ભાવ **'આત્મખ્યાતિ'માં** સ્પષ્ટ સુયુક્તિથી વિવર્યો છે.

હવે આ અને આ પછીના બે અમૃત **સમયસાર કળશ** (૧૨૦-૧૨૧) નીચેની ગાથાઓના ભાવનું સૂચન કરે છે અને શુદ્ધનયની અન્વય - વ્યતિરેકથી મહાપ્રતિષ્ઠા કરનારા આ પરમ અમૃત **સમયસાર કળશ** કાવ્યો **અમૃતચંદ્રજીએ** પરમ આત્મભાવોલ્લાસથી લલકાર્યા છે - 'ઉદ્ધત બોધચિહ્નવાળા શુદ્ધનયને અધ્યાસીને - સ્થિતિ કરીને જેઓ સદૈવ ઐકાગ્ર્ય જ - એકાગ્રપણું જ કળે છે - અનુભવે છે, તેઓ સતત રાગાદિથી મુક્ત મનવાળા હોતાં, બંધવિધુર - બંધરહિત એવો સમયનો સાર દેખે છે, અર્થાત્ અબંધ **સમયસાર**નો - શુદ્ધ આત્માનો સાક્ષાત્કાર કરે છે.' પણ એથી ઉલટું - 'જેઓ શુદ્ધનયથી પ્રચ્યુત થઈને 'વિમુક્ત બોધ' - બોધ વિમુક્ત કર્યો છે મૂકી દીધો છે એવા સતા પુનરેવ રાગાદિ યોગને પામે છે, તેઓ અહીં પૂર્વબદ્ધ દ્રવ્ય આસ્રવોથી વિચિત્ર - નાના પ્રકારની વિકલ્પ જાલ જેમાં કરાયેલી એવો કર્મબંધ ધાવે દોડે છે.' ઈ. આમ અમૃતકળશની સૂચિત બે ગાથા (૧૭૯-૧૮૦) **પરમર્ષિ કુંદકુંદાચાર્યજી** પ્રકાશે છે - 'જેમ પુરુષથી ગ્રહાયેલો આહાર તે ઉદરાગ્નિ સાથે સંયુક્ત' સતો માંસ - ચરબી - રુધિરાદિ અનેકવિધ ભાવો પરિણમે છે, તેમ જ્ઞાનીને પૂર્વે જે પ્રત્યયો બદ્ધ છે, તે બહુવિકલ્પવાળું કર્મ બાંધે છે, પણ તે (બાંધનારો) જીવો તો નયપરિહીન હોય.' આ ગાથાનો ભાવ નિષ્ણુષ ન્યાયયુક્તિથી **'આત્મખ્યાતિ'માં પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પ્રકાશ્યો છે. તેને અનુસરીને **આ લેખકે** પણ **'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** યત્કિંચિત્ દિગ્‌દર્શન કરાવ્યું છે.

અને આમ આ ઉપરથી ઉપસંહાર કરતાં મહાકવીશ્વર કળશ કાવ્ય સ્રષ્ટા આર્ષ દૃષ્ટા કવિબ્રહ્મા પરંબ્રહ્મ સ્વરૂપ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** આ અધિકારના અને આ શાસ્ત્રના તાત્પર્ય બોધ રૂપ આ ત્રણ અમૃત **સમયસાર કળશ** (૧૨૨-૧૨૩-૧૨૪) લલકાર્યા છે -

૧. 'આજ અત્રે તાત્પર્ય છે કે **શુદ્ધનય** હેય નથી જ, તેના અત્યાગ થકી બંધ છે નહિ, તેના ત્યાગ થકી નિશ્ચયે કરીને બંધ જ છે.'

૨. ઉપરોક્ત કળશના ભાવને પરિપુષ્ટ કરતાં **અમૃતચંદ્રજીએ** શુદ્ધનયનો મહિમા ઉત્કીર્ત્તન કરતો અમૃત કળશ (૧૨૩) સંગીત કર્યો છે - 'આ **શુદ્ધનય** સુકૃતીઓએ - પુણ્યવંત મહાનુભાવોએ કદી પણ ત્યાજ્ય નથી. કેવો છે આ શુદ્ધનય છે ? ધીર - ઉદાર મહિમાવાળા અનાદિનિધન - અનાદિ અનંત બોધમાં 'ધૃતિ નિબંધતો' એવો છે અને એવો હોઈ તે કર્મોનો સર્વંકષ છે. તે શુદ્ધનયમાં સ્થિતિ કરે છે તેને શું થાય ? 'તત્રસ્થ' - ત્યાં શુદ્ધનયમાં સ્થિત પુરુષો બ્હાર નીકળતા 'સ્વમરીચિચકને' - આત્મજ્યોતિના કિરણસમૂહને અચિરાત્ - શીઘ્ર સંહરી લઈ, 'પૂર્ણજ્ઞાનઘનૌઘ' - પૂર્ણ જ્ઞાનઘન સમૂહને એવા 'એક' - અદ્વૈત અચલ શાંત **'મહસ્'**ને - મહાતેજને **પરમ આત્મજ્યોતિને** સાક્ષાત્ દેખે છે.' ઈ.

૩. આવા પ્રકારે આ અધ્યાત્મ નાટકના આ ચતુર્થ આસ્રવ-અંકની પૂર્ણાહુતિમાં **અમૃતચંદ્રજી મહાકવીશ્વરે** આ સુવર્ણમય અંતિમ કાવ્ય કળશ (૧૨૪) ચઢાવ્યો છે - 'સર્વતઃ સર્વથા રાગાદિ આસ્રવોના ઝટ જ - વિગમ થકી, 'નિત્યોદ્યોત' એવી કંઈ પણ (અવાચ્ય અનિર્દેશ્ય) પરમ વસ્તુને અંતરમાં સમ્યક્ પેખતા **જ્ઞાનીને** સ્ફારસ્ફાર સ્વરસ વિસરોથી સર્વ ભાવોને પ્લાવિત કરતું એવું આલોક પર્યંત અચલ અતુલ આ **જ્ઞાન** ઉન્મગ્ન થયું.'

॥ ઈતિ આસ્રવ નિષ્કાંત ॥

॥ ઈતિ આસ્રવ પ્રરૂપક ચતુર્થ અંક ॥

૫. સંવર અધિકાર

સંવર પ્રરૂપક પંચમ અંક

હવે **સંવર** પ્રવેશે છે અને તેનો પ્રવેશ કરાવતાં, **મહાકવીશ્વર અમૃતચંદ્રજી** સંવરના પરમ કારણભૂત **ચિન્મય** જ્યોતિની પરમ તત્ત્વસ્તુતિ કરતું અને આસ્રવ વિજયી સંવરનું સ્વભાવોક્તિથી તાદૃશ્ય ચિત્ર રજૂ કરતું આ પરમાર્થગંભીર **સમયસાર કળશ કાવ્ય** (૧૨૫) લલકારી આ **પંચમાંકનું** ભવ્ય ઉદ્‌ઘાટન કરે છે - 'આસંસારથી માંડીને વિરોધી **સંવરના** એકાંત જયથી ગર્વિષ્ઠ બનેલા (અવલિપ્ત) **આસ્રવના** ન્યક્કાર થકી, જેણે **નિત્યવિજય પ્રતિલબ્ધ** (પાછો મેળવ્યો) છે એવો **સંવર** સંપાદતી, પરરૂપથી વ્યાવૃત્ત અને સ્વરૂપમાં નિયમિત, એવી સ્ફુરંતી નિજરસ પ્રાગ્‌ભારવંતી ઉજ્જવલ **ચિન્મય જ્યોતિ** ઉજ્જૃંભે (ઉલ્લસે) છે.' આ અદ્‌ભુત અમૃત કળશનું ભાવોદ્‌ઘાટન **આ લેખકે 'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** વિસ્તારથી કર્યું છે.

તત્ર આદિમાં જ સકલ કર્મ સંવરણ પરમ ઉપાય એવા ભેદવિજ્ઞાનને **આચાર્યજીએ** અભિનંદે છે- ઉપયોગમાં ઉપયોગ છે, ક્રોધાદિમાં કોઈ પણ ઉપયોગ છે નહિ, ક્રોધમાં નિશ્ચયે ક્રોધ જ છે, ઉપયોગમાં નિશ્ચયે ક્રોધ છે નહિ. (૨) અષ્ટ વિકલ્પ કર્મમાં તેમજ નોકર્મમાં ઉપયોગ છે નહિ અને ઉપયોગમાં કર્મ તેમ જ નોકર્મ છે નહિ. (૩) અવિપરીત જ્ઞાન જ્યારે જ જીવને હોય છે, ત્યારે ઉપયોગ શુદ્ધાત્મા કંઈ પણ કિંચિત્ ભાવ નથી કરતો.' આ (૧૮૧-૧૮૩) ત્રણ ગાથાનો ભાવ અદ્‌ભુત **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** નિષ્ટુષ યુક્તિથી બહલાવ્યો છે. તેથી જ્ઞાન જ જ્ઞાનમાં જ, ક્રોધાદિ જ ક્રોધાદિમાં જ - એમ સાધુ (સમ્યક્) સિદ્ધ ભેદવિજ્ઞાન છે.' આમ આ ગાથાના ભાવનું 'આત્મખ્યાતિ'માં અપૂર્વ અદ્‌ભુત વ્યાખ્યાન કરી **અમૃતચંદ્રજીએ** પ્રસ્તુત ભેદવિજ્ઞાનના અભિનંદનને બળવાનપણે પરિપુષ્ટ કર્યું છે અને આ ઉપરોક્ત ભાવની પુષ્ટિ અર્થે પરમ આત્મભાવોલ્લાસથી પરમ ભાવિતાત્મા **આચાર્યવર્ય અમૃતચંદ્રજી** સારસમુચ્ચયરૂપ આ **સમયસાર** કળશ (૧૨૫) લલકારી ભેદજ્ઞાન અને તેના ફલરૂપ શુદ્ધાત્માનુભવને અભિનંદે છે (Haals) : - 'ચિદ્રૂપરૂપણું અને જડરૂપપણું ધારણ કરતા બેનો દારુણ અંતર્ દારણ' - અંતર કરવત વડે પરિતઃ સર્વથા વિભાગ કરીને આ નિર્મલ ભેદજ્ઞાન ઉદય પામે છે, તો હવે (અધુના) શુદ્ધજ્ઞાનઘનૌઘ એકને અધ્યાસિત ને દ્વિતીયથી ચ્યુત સંતો મોદ પામો ! આનંદો !' આમ પરમ આત્મભાવપૂર્ણ અમૃત કળશ લલકારી **અમૃતચંદ્રજી** આ ગાથાઓની **'આત્મખ્યાતિ'** ટીકાના ગદ્ય ભાગનું અનુસંધાન કરતાં પ્રકાશે છે કે - 'એમ આ ભેદવિજ્ઞાન જ્યારે **જ્ઞાનની વૈપરીત્યકણિકા પણ નહિ પામતું અવિચલિત અવતિષ્ઠે છે, ત્યારે શુદ્ધોપયોગમય આત્મત્વથી જ્ઞાન જ્ઞાન જ કેવલ સતું,** કિંચન પણ રાગ-દ્વેષ-મોહ રૂપ આરચતું નથી, તેથી ભેદવિજ્ઞાન થકી **શુદ્ધાત્મોપલંભ** (શુદ્ધ અનુભવ) પ્રભવે છે, શુદ્ધાત્મોપલંભ થકી રાગ-દ્વેષ-મોહ અભાવ લક્ષણ **સંવર** પ્રભવે છે.'

ભેદવિજ્ઞાન થકી જ શુદ્ધાત્મોપલંભ કેમ ? એનો ઉત્તર (૧૮૪-૧૮૫) ગાથામાં **આચાર્યજી** પ્રકાશે છે - 'જેમ કનક (સોનું) અગ્નિથી તપ્ત છતાં તે કનકભાવને પરિત્યજતું નથી, તેમ કર્મોદયથી તપ્ત જ્ઞાની જ્ઞાનિત્વ છોડતો નથી. એમ જ્ઞાની જાણે છે, પણ અજ્ઞાન - તમસ્‌થી અવચ્છન્ન અજ્ઞાની આત્મસ્વભાવને અ-જાણંતો રાગને જ આત્મા જાણે છે.' આ **ગાથાનું** અલૌકિક અપૂર્વ વ્યાખ્યાન **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પ્રકાશ્યું છે.

શુદ્ધોત્મોપલંભ - શુદ્ધાત્માનુભવ થકી જ **સંવર** કેમ ? એનો ઉત્તર (૧૮૬) મી ગાથામાં **આચાર્યજીએ** પ્રકાશ્યો છે - 'શુદ્ધ જ વિશેષે કરી જાણંતો જીવ શુદ્ધ જ આત્માને લહે છે - (પામે છે) અને અશુદ્ધ જાણંતો અશુદ્ધ જ આત્માને લહે છે (પામે છે).' આ ગાથાની અદ્‌ભુત **અપૂર્વ** વ્યાખ્યા **'આત્મખ્યાતિ'માં** કરતાં **અમૃતચંદ્રજીએ** અપૂર્વ તત્ત્વ પ્રકાશ રેલાવ્યો છે.

અત્ર **'આત્મખ્યાતિ'**ના જે કહ્યું તેના ભાવનું સંવર્ધન કરતો અમૃત **સમયસાર કળશ** (૧૨૭) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - 'જો 'કેમે કરીને' માંડ માંડ કોઈપણ પ્રકારે **'ધારાવાહી બોધન'** વડે

ધ્રુવપણે શુદ્ધ આત્માને ઉપલભતો - અનુભવતો રહે - સ્થિતિ કરે, તો આ આત્મા પરપરિણતિના રોધ થકી જ્યાં આત્મારામ ઉદય પામતો જાય છે એવા શુદ્ધ જ આત્મા પ્રત્યે જાય છે - પામે છે.'

કયા પ્રકારથી **સંવર** થાય છે ? તેનો સંપૂર્ણ વિધિ (૧૮૭-૧૮૮-૧૮૯) આ ત્રણ ગાથામાં **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** દર્શાવ્યો છે - 'બે પુણ્ય-પાપ યોગોમાં આત્માને આત્માથી રુંધીને, **દર્શન-જ્ઞાનમાં સ્થિત** અને અન્યમાં **ઈચ્છાવિરત, એવો જે સર્વસંગમુક્ત આત્મા** આત્માને ધ્યાવે છે, નહિ કર્મને - નોકર્મને, તે **ચેતયિતા એકત્વને** ચેતે છે, આત્માને ધ્યાવંતો દર્શન-જ્ઞાનમય અનન્યમય તે અચિરથી કર્મ પ્રવિમુક્ત આત્માને લહે છે.' - આ અદ્‌ભુત ગાથાની **'આત્મખ્યાતિ'માં** અનન્ય તત્ત્વવૈજ્ઞાનિક અપૂર્વ વ્યાખ્યા કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પરમ અદ્‌ભુત પરમાર્થ પ્રકાશ્યો છે.

આ જે **'આત્મખ્યાતિ'માં** કહ્યું તેનો નિષ્કર્ષ આવિષ્કૃત કરતો અમૃત **સમયસાર કળશ** (૧૨૮) **અમૃતચંદ્રજી** લલકારે છે - 'નિજ મહિમામાં રત - આસક્ત એઓને **ભેદવિજ્ઞાન શક્તિ** વડે કરીને **શુદ્ધ તત્ત્વોપલંભ** નિયતપણે - નિશ્ચયપણે થાય છે અને તે **શુદ્ધતત્ત્વોપલંભ** સતે અચલિતપણે અખિલ અન્ય દ્રવ્યોથી અચલિતપણે દૂરે સ્થિત એઓને અક્ષય કર્મમોક્ષ થાય છે.' ઈ.

કયા ક્રમથી સંવર થાય છે ? તે આ (૧૯૦-૧૯૨) ગાથામાં **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** સ્પષ્ટ દર્શાવ્યું છે - 'તેઓના હેતુઓ અધ્યવસાનો સર્વદર્શીઓએ કહ્યા છે - મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરત ભાવ અને યોગ. હેતુ અભાવે નિયમા જ્ઞાનીને આસ્રવ નિરોધ ઉપજે છે, આસ્રવ ભાવ વિના કર્મનો પણ નિરોધ ઉપજે છે અને કર્મના અભાવથી નોકર્મોનો પણ નિરોધ ઉપજે છે અને નોકર્મના નિરોધથી સંસારનું નિરોધન હોય છે.' - આ ગાથાનું અપૂર્વ વ્યાખ્યાન **'આત્મખ્યાતિ'માં** પ્રદર્શતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ સંવરનો** સકલ અવિકલ **પરમ તત્ત્વવૈજ્ઞાનિક ક્રમ** પ્રકાશ્યો છે - 'પ્રથમ તો જીવને આત્મ-કર્મનો એકત્વ અધ્યાસ જેનું મૂલ એવા - મિથ્યાત્વ - અજ્ઞાન - અવિરતિ યોગલક્ષણ અધ્યવસાનો છે. તેઓ (અધ્યવસાનો) રાગ-દ્વેષ-મોહ આસ્રવ ભાવના હેતુઓ છે, આસ્રવ ભાવ કર્મહેતુ છે, કર્મ નોકર્મ હેતુ, નોકર્મ સંસાર હેતુ છે. તેથી કરીને નિત્યમેવ આ આત્મા આત્મા-કર્મના એકત્વ અધ્યાસથી - આત્માને મિથ્યાત્વ - અજ્ઞાન - અવિરતિ - યોગમય અધ્યવસે છે, તેથી રાગ-દ્વેષ-મોહરૂપ આસ્રવ ભાવ ભાવે છે, તેથી કર્મ આસ્રવે છે, તેથી નોકર્મ થાય છે, તેથી સંસાર પ્રભવે છે (જન્મે છે), પણ જ્યારે આત્મા - કર્મના ભેદવિજ્ઞાનથી આત્માને શુદ્ધ ચૈતન્ય ચમત્કાર માત્ર ઉપલભે છે, એમ આ સંવર ક્રમ છે.'' ઈ.

આમ **'આત્મખ્યાતિ'માં** ભેદવિજ્ઞાનનો આટલો બધો મહિમા ગાયો, તેની પ્રસ્તુતિ કરતા ત્રણ અમૃત **સમયસાર કળશ** (૧૨૯, ૧૩૦, ૧૩૧) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - '(૧) શુદ્ધ આત્મતત્ત્વના નિશ્ચયે કરીને ઉપલંભ થકી (અનુભવ થકી) સાક્ષાત્ સંવર જ સંપજે છે, તે (ઉપલંભ) ભેદવિજ્ઞાનથકી જ સંપજે છે, તેથી તે અતીવ ભાવ્ય છે. (૨) આ ભેદવિજ્ઞાન અચ્છિન્ના (અખંડ) ધારાથી ત્યાં લગી જ્યાં લગી પરથી ચ્યુત થઈને જ્ઞાન જ્ઞાનમાં પ્રતિષ્ઠિત હોય. (૩) જે કોઈ સિદ્ધો તે નિશ્ચયે કરીને ભેદવિજ્ઞાનથી સિદ્ધો, જે કોઈ બદ્ધો તે નિશ્ચયે કરીને તે આના જ (ભેદવિજ્ઞાનના જ) અભાવથી બદ્ધો છે.' ઈ.

આ **સંવર** અધિકારના સર્વોપસંહારરૂપ - પૂર્ણાહુતિરૂપ અમૃત **સમયસાર કળશ** (૧૩૨) **અમૃતચંદ્રજીએ અપૂર્વ ભાવાવેશથી લલકાર્યો છે અને તેમાં સંવરના ક્રમનું** સકલ અવિકલ આલેખન કરી **પૂર્ણ જ્ઞાન જ્યોતિનું** પ્રાગટ્ય પ્રકાશ્યું છે : ભેદજ્ઞાનના ઉચ્છલનના - ઉછાળાના કલનને - અનુભવનને લીધે, શુદ્ધતત્ત્વના ઉપલંભને લીધે, રાગગ્રામના પ્રલયકરણને લીધે, કર્મનો સંવર વડે કરીને તોષ ધરતું એવું પરમ, અમલાલોક, અમ્લાન, એક જ્ઞાન જ્ઞાનમાં નિયત શાશ્વત ઉદ્યોતવાળું આ ઉદિત થયું.' ઈ.

॥ ઈતિ સંવર નિષ્ક્રાંત ॥

॥ ઈતિ સંવર પ્રરૂપક પંચમ અંક ॥

૬. નિર્જરા અધિકાર

નિર્જરા પ્રરૂપક ષષ્ઠ અંક

હવે **નિર્જરા** પ્રવેશે છે અને તેને આ નાટકની રંગભૂમિ પર ઉતારતાં **મહાકવિ અમૃતચંદ્રજી** નિર્જરાનું સંપૂર્ણ તત્ત્વ વ્યક્ત કરતું અને **જ્ઞાનજ્યોતિનો** અપૂર્વ અનન્ય અદ્‌ભુત મહિમા પ્રકાશતું **સમયસાર કળશ કાવ્ય** (૧૩૩) લલકારે છે - 'રાગ આદિ આસ્રવના રોધથી નિજ ધુરાને ધારણ કરીને પર - પરમ **સંવર** 'સ્થિત' છે, 'આગામિ' કર્મને સમસ્ત જ ભરથી - સંપૂર્ણપણે દૂરથી નિરુંધતો સ્થિત - સ્થિરપણે ખડો ઉભો છે અને પૂર્વબદ્ધ તે કર્મને જ દહવાને અધુના નિર્જરા વ્યાજૂંભે છે (વિકસે છે), કારણકે અપાવૃત (આવરણ રહિત) **જ્ઞાનજ્યોતિ** નિશ્ચયે કરીને રાગાદિથી મૂર્છતી નથી.' ઈ.

હવે **પરમર્ષિ કુંદકુંદાચાર્યજી** (૧૯૩) મી ગાથા પ્રકાશે છે અને **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** આની **'આત્મખ્યાતિ'માં** અપૂર્વ વ્યાખ્યા પ્રકાશી છે - 'વિરાગનો ઉપભોગ નિર્જરાર્થે જ છે. રાગાદિ ભાવોના સદ્‌ભાવે કરી **મિથ્યાદૃષ્ટિને** અચેતન અન્ય દ્રવ્યનો ઉપભોગ **બંધ નિમિત્ત** જ હોય, તે જ રાગાદિ ભાવોના અભાવે **સમ્યગ્‌દૃષ્ટિને નિર્જરા નિમિત્ત** જ હોય - આ ઉપરથી **દ્રવ્ય નિર્જરા**નું સ્વરૂપ આવેદિત કર્યું.' હવે (૧૯૪) મી **ગાથામાં ભાવનિર્જરા**નું આવેદ્યું છે અને તે **'આત્મખ્યાતિ'માં** સ્પષ્ટ વિવર્યું છે.

હવે (૧૯૫) મી ગાથામાં વિષવૈદ્યના દૃષ્ટાંતથી **જ્ઞાન સામર્થ્ય** અને (૧૯૬) મી ગાથામાં મદ્ય પાયિના દૃષ્ટાંતથી **વૈરાગ્ય સામર્થ્ય** દર્શાવે છે અને 'જ્ઞાની સેવતો છતાં સેવતો નથી' એવા ભાવની (૧૯૭) મી ગાથા **'આત્મખ્યાતિ'માં** સ્ફુટ વિવરી છે. **'યથા** કોઈ પ્રકરણમાં વ્યાપ્રિયમાણ છતાં પ્રકરણના સ્વામિત્વના અભાવને લીધે **પ્રાકરણિક** નથી, પણ અપર તો ત્યાં અવ્યાપ્રિયમાણ છતાં તેના સ્વામિત્વને લીધે પ્રાકરણિક છે : **તથા સમ્યગ્‌દૃષ્ટિ** પૂર્વ સંચિત કર્મોદયથી સંપન્ન (સાંપડેલ) વિષયો સેવતો છતાં, રાગાદિ ભાવોના અભાવે વિષયસેવન ફલના સ્વામિત્વના અભાવને લીધે **અસેવક** જ છે, પણ **મિથ્યાદૃષ્ટિ** વિષયોને અ-સેવતો (નહિ સેવતો) છતાં રાગાદિ ભાવોના સદ્‌ભાવે વિષય સેવનફલના સ્વામિત્વને લીધે **સેવક** છે.' આ **'આત્મખ્યાતિ'ના** અનુસંધાનમાં **અમૃત સમયસાર કળશ** (૧૩૬) **અમૃતચંદ્રજીએ** સંગીત કર્યો છે - **'સમ્યગ્‌દૃષ્ટિને સ્વરૂપ આમિ** અને **પરરૂપ મુક્તિ** વડે કરીને **સ્વ વસ્તુત્વ** કળવાને માટેની **જ્ઞાન - વૈરાગ્ય શક્તિ** નિયતા હોય છે - જેથી કરીને **સ્વ** અને **પર** આ તત્ત્વથી પ્રગટ ભેદ જાણીને આ **સ્વમાં** રહે છે અને **પર** રાગયોગથી સર્વતઃ વિરમે છે.' ઈ.

અતઃ (૧૯૮-૧૯૯-૨૦૦) ગાથાની **'આત્મખ્યાતિ'** ટીકામાં - પરિસ્ફુટ પ્રકાશ્યું છે. આમ **'આત્મખ્યાતિ'માં** સમર્થિત કર્યું તેના અનુસંધાનમાં વસ્તુ વ્યતિરેકથી સમર્થિત કરતો **અમૃત સમયસાર કળશ** (૧૩૭) **અમૃતચંદ્રજીએ** સંગીત કર્યો છે - સમ્યગ્‌દૃષ્ટિ સ્વયં આ હું છું. મને કદી પણ બંધ હોય નહિ, એમ 'ઉત્તાન' - ચત્તું ઉંચુ કરેલું અને 'ઉત્પુલક' - પુલક - રોમાંચ ઊઠેલું રોમાંચિત વદન ધરતા રાગી છતાં ભલે તેવું આચરો ! તેઓ ભલે સમિતિપરતા આલંબો ! કારણકે અદ્યાપિ પાપા **તેઓ આત્મા - અનાત્માના** અવગમના વિરહને લીધે **સમ્યક્ત્વથી 'રિક્ત'** ખાલી - સમ્યક્ત્વ શૂન્ય છે એવા ભાવનો આ કળશ અદ્‌ભુત **સ્વભાવોક્તિથી** સંગીત કરી નીચેની ગાથાનો સંબંધ જોડ્યો છે.

રાગી સમ્યગ્‌દૃષ્ટિ કેમ નથી હોતો ? તેની અત્ર આ ગાથામાં (૨૦૧-૨૦૨) **પરમર્ષિ કુંદકુંદાચાર્યેજીએ** યુક્તિ યુક્ત કારણ મીમાંસા પ્રકાશી છે - 'રાગાદિનું પરમાણુમાત્ર પણ જેને વિદ્યમાન છે તે સર્વાગમધર પણ આત્માને જ નથી જાણતો અને આત્માને નહિ જાણતો તે અનાત્માને પણ નહિ જાણતો, જીવાજીવને નહિ જાણતો સમ્યગ્‌દૃષ્ટિ કેમ હોય છે ?' આનું **'આત્મખ્યાતિ'માં** અત્યંત તર્કશુદ્ધ અનન્ય સમર્થન કરી **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અપૂર્વ તત્ત્વપ્રકાશ રેલાવ્યો છે.

હવે નીચેની ગાથામાં (૨૦૩) **'પદ'**નું નિરૂપણ આવે છે તેનું સૂચન કરતો **અમૃત સમયસાર કળશ** (૧૩૮) **અમૃતચંદ્રજી** પરમ આત્મભાવાતિશયથી લલકારે છે - 'આસંસારથી માંડીને પ્રતિપદે આ

રાગીઓ નિત્યમત્ત એવા જેમાં સુપ્ત છે તે અપદ છે અપદ છે, હે અંધો ! વિબુદ્ધ થાઓ ! (જાગો !) અહીં આ તરફ પદ આ છે પદ આ છે - જ્યાં શુદ્ધ શુદ્ધ, ચૈતન્ય ધાતુ સ્વરસ ભરથી સ્થાયિભાવત્વ પામે છે.' વારુ, તત્ પદ કયું છે ? એ આ ગાથામાં (૨૦૩) આચાર્યજી પ્રકાશે છે - 'આત્માને વિષે દ્રવ્યભાવોને અપદોને મૂકીને સ્વભાવથી ઉપલભાતો તથા નિયત સ્થિર એક આ ભાવ ગ્રહ !' આ પદની 'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ આ આત્મતત્ત્વના તત્ત્વભૂત 'પદ'ના અપૂર્વ વિજ્ઞાનની અનન્ય આત્મખ્યાતિ પ્રકાશી છે. આ 'પદ'ની પ્રસ્તુતિ કરતા અમૃત સમયસાર કળશ (૧૩૯-૧૪૦) અમૃતચંદ્રજી લલકારી આગલી ગાથાનું (૨૦૪) સૂચન કરે છે.

આ અદ્‌ભુત ગાથામાં પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ પ્રકાશ્યું છે - 'આભિનિબોધિક, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવલ તે એક જ પદ હોય છે, તે આ પરમાર્થ છે જે લહીને (પામીને) નિર્વૃતિ - નિર્વાણ પ્રતિ જાય છે.' આ ગાથાની તત્ત્વસર્વસ્વ સમર્પક અદ્‌ભુત વ્યાખ્યા પ્રકાશતા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ સમસ્ત વાઙ્મયમાં અદ્વિતીય અનન્ય અપૂર્વ પરમાર્થ પ્રકાશની અલૌકિક જ્ઞાનચંદ્રિકા વિસ્તારી છે. તેથી સમસ્ત ભેદ જ્યાં નિરસ્ત કે એવું આત્મસ્વભાવભૂત જ્ઞાન જ એક આલંબવા યોગ્ય છે, તેના આલંબન થકી જ પદપ્રાપ્તિ હોય છે, ભ્રાંતિ નાશે છે, આત્મલાભ થાય છે, અનાત્મ પરિહાર સિદ્ધ થાય છે, કર્મ મૂર્છતું નથી, રાગ-દ્વેષ-મોહ ઉત્પ્લવતા નથી, પુનઃ કર્મ આસ્રવતું નથી, પુનઃ કર્મ બંધાતું નથી, પૂર્વબદ્ધ કર્મ ઉપભુક્ત સતું નિર્જરાય છે, કૃત્સ્ન (સકલ) કર્મ અભાવથી સાક્ષાત્ મોક્ષ હોય છે.' ઈ.

આ 'આત્મખ્યાતિ'માં સકલ જ્ઞાન એક પદ જ છે એમ કહ્યું, તેની પરિપુષ્ટિરૂપે અદ્‌ભુતનિધિ ચૈતન્ય રત્નાકરનું સ્વભાવોક્તિમય તાદૃશ્ય શબ્દચિત્ર આલેખતો અમૃત સમયસાર કળશ (૧૪૧) અમૃતચંદ્રજી લલકારે છે - 'નિષ્પીત અખિલ ભાવમંડળ રસના પ્રાગ્‌ભારથી જાણે મત્ત હોય એવી જેની આ જે અચ્છ-અચ્છ સંવેદન વ્યક્તિઓ સ્વયં ઉછળે છે, તે આ ભગવાન એક છતાં અનેક રૂપ થતો અદ્‌ભુતનિધિ ચૈતન્યરત્નાકર ઉત્કલિકાઓથી (ઉછળાઓથી) વલ્ગે છે ! (કૂદે છે) અને નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો અમૃત કળશ (૧૪૨) લલકારે છે - 'કોઈ અતિ અતિ દુષ્કર એવા મોક્ષોન્મુખ કર્મોથી સ્વયમેવ ક્લેશ કરો ! અને બીજાઓ મહાવ્રત - તપોભારથી ચિરકાળ ભગ્ન થયેલા ભલે ક્લેશ કરો ! પણ સાક્ષાત્ મોક્ષ આ સ્વયં સંવેદાઈ રહેલ નિરામય પદ જ્ઞાનને તેઓ જ્ઞાનગુણ વિના કેમે કરીને પ્રાપ્ત કરવાને ક્ષમ - સમર્થ થતા નથી.' આ અમૃત કળશથી સૂચિત આ ગાથામાં (૨૦૫) આચાર્યજી પ્રકાશે છે - 'જ્ઞાનગુણથી વિહીન બહુઓ પણ આ પદને પામતા નથી, જો તું કર્મ પરિમોક્ષ ઈચ્છતો હો, તો તે આ નિયત પદને ગ્રહ !' ઈ. ઉપરમાં જે 'આત્મખ્યાતિ'માં ગદ્ય ભાગમાં કહ્યું તેની પરિપુષ્ટિ કરતો અને આ પદ અનુભવનું જગત્‌ને આહ્‌વાન કરતો અમૃત સમયસાર કળશ (૧૪૩) અમૃતચંદ્રજી સંગીત કરે છે - 'આ પદ નિશ્ચયે કરીને કર્મોથી 'દુરાસદ' - દુષ્પ્રાપ્ય પ્રાપ્ત થવું દુષ્કર છે, પણ સહજ બોધકળાથી ખરેખર ! સુલભ છે, તેથી આને નિજબોધ કલાના બલ થકી કળવાને જગત્ સતત યત્ન કરો !' ઈ.

તેમજ - આ (૨૦૬) ગાથામાં પરમર્ષિ કુંદકુંદાચાર્યજી પ્રકાશે છે - 'આમાં (આ જ્ઞાનપદમાં) નિત્ય રત હો ! આમાં નિત્ય સંતુષ્ટ હો ! આથી તૃપ્ત હો ! તને ઉત્તમ સૌખ્ય થશે.' આનું 'આત્મખ્યાતિ'માં પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ પરમ ભાવપૂર્ણ વ્યાખ્યાન કરી તેનું ઓર ભાવસંવર્ધન કર્યું છે - આટલો જ સત્ય આત્મા છે કે જેટલું આ જ્ઞાન છે એમ નિશ્ચિત કરી, જ્ઞાનમાં જ નિત્યમેવ રતિ પામ ! આટલી જ સત્ય આશિષ્ છે કે જેટલું આ જ્ઞાન છે એમ નિશ્ચિત કરી જ્ઞાનમાત્રથી જ નિત્યમેવ સંતોષ પામ ! આટલું જ સત્ય અનુભવવા યોગ્ય છે કે જેટલું જ આ જ્ઞાન છે એમ નિશ્ચિત કરી જ્ઞાનમાત્રથી જ નિત્યમેવ તૃપ્તિ પામ ! એટલે પછી એમ તને - નિત્યમેવ આત્મરતને, આત્મસંતુષ્ટને અને આત્મતૃપ્તને - તે વાચાને અગોચર સૌખ્ય થશે, તે તો તત્ક્ષણે જ તું સ્વયમેવ દેખશે, અન્યોને પૂછીશ મા !'

હવે 'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ આ અદ્‌ભુત ચમત્કારિક **અમૃત કળશ** (૧૪૪) અનન્ય ભાવાવેશથી લલકાર્યો છે - 'કારણકે અચિંત્ય શક્તિ સ્વયમેવ ચિન્માત્ર ચિંતામણિ આ (આત્મા) દેવ છે, એટલે **'સર્વાર્થસિદ્ધાત્મતાએ'** કરીને અર્થાત્ સર્વ અર્થ જ્યાં છે એવા **સર્વાર્થ સિદ્ધ આત્મપણાએ** કરીને **જ્ઞાની** અન્યના પરિગ્રહથી શું કરે ?' (આ કળશ નીચેની ગાથાનું સૂચન કરે છે). આ ગ્રંથમાં સર્વત્ર **ગાથા 'આત્મખ્યાતિ'** અને **'આત્મખ્યાતિ'ના** વિશિષ્ટ અંગભૂત **સમયસાર કળશ** કાવ્યોનું પરિસ્ફુટ વિવેચન આ લેખકે **'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** કર્યું છે.

જ્ઞાની પરને કેમ નથી ગ્રહતો ? તેનું આ ગાથામાં (૨૦૭) **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** સ્પષ્ટીકરણ કર્યું છે - 'આત્માને આત્માનો પરિગ્રહ નિયત વિજાણતો કયો બુધ પરદ્રવ્ય મ્હારૂં આ દ્રવ્ય હોય છે એમ કહે વારુ ?' આ ગાથાના ભાવનું અનુપમ તત્ત્વ તલસ્પર્શી સૂક્ષ્મતમ મીમાંસન **'આત્મખ્યાતિ'માં** કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** પ્રકાશે છે - 'કારણકે નિશ્ચયે કરીને **જ્ઞાની**- જે જ જેનો **સ્વ ભાવ** છે, તે તેનો **સ્વ** છે, તે તેનો **સ્વામી** છે, એમ ખરતર તત્ત્વદૃષ્ટિના અવલંબથી **આત્માને આત્માનો પરિગ્રહ** જ- નિયમથી વિજાણે છે, તેથી નથી મ્હારૂં આ **સ્વ,** નથી હું આનો **સ્વામી** એમ **પરદ્રવ્ય** નથી પરિગ્રહતો.' એથી હું પણ તે (પરદ્રવ્ય) પરિગ્રહતો નથી, 'પરિગ્રહ જો મ્હારો હોય, તો હું અજીવતા પામી જઉં, કારણકે હું જ્ઞાતા જ છું, તેથી પરિગ્રહ મ્હારો નથી.' (ગાથા (૨૦૮), ગાથા (૨૦૯)). 'ભલે છેદાઓ, વા ભેદાઓ, વા લઈ જવાઓ, વા વિપ્રલય પામો, વા જ્યાં ત્યાં જાઓ !' તથાપિ હું પરદ્રવ્ય પરિગ્રહતો નથી, કારણકે નથી પરદ્રવ્ય મ્હારૂં સ્વ, નથી હું પરદ્રવ્યનો સ્વામી, પરદ્રવ્ય જ પરદ્રવ્યનું સ્વ છે, પરદ્રવ્ય જ પરદ્રવ્યનો સ્વામી છે, હું જ મ્હારૂં સ્વ છું, હું જ મ્હારો સ્વામી છું, એમ જાણું છું.' **(આત્મખ્યાતિ)**

હવે વિશેષથી પરિગ્રહ ત્યાગની જ્ઞાનીની પ્રવૃત્તિ દર્શાવતી નીચેની ગાથાઓના ભાવનું સૂચન કરતો આ ઉપસંહાર - ઉત્થાનિકારૂપ અનુસંધિ **સમયસાર કળશ** (૧૪૫) **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** પરમ આત્મભાવ ઉલ્લાસથી સંગીત કરે છે. આ જ પ્રકારે (૨૧૧-૨૧૨-૨૧૩) ગાથા માટે સમજી લેવું. હવે (૨૧૪) ગાથામાં **આચાર્યજી** પ્રકાશે છે - 'આ આદિક વિવિધ સર્વ ભાવોને જ્ઞાની નથી ઈચ્છતો, સર્વત્ર નિરાલંબ જ તે નિયત જ્ઞાયક ભાવ હોય છે.' આનો ભાવ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજી** પરિસ્ફુટ વિવર્યો છે.

હવે **જ્ઞાની**નો ઉપભોગ પરિગ્રહરૂપ નથી એવા નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો **અમૃત કળશ** (૧૪૬) **અમૃતચંદ્રજીએ** અનન્ય આત્મભાવની 'ઉદ્ધત' - ઉદ્દામ મસ્તીમાં લલકાર્યો છે - 'પૂર્વબદ્ધ નિજકર્મના વિપાક થકી **જ્ઞાની**ને જે ઉપભોગ હોય છે તો ભલે હો ! પણ રાગવિયોગને લીધે તે પરિગ્રહ ભાવને પામતો નથી.' આ અમૃત કળશથી સૂચિત (૩૧૫) ગાથામાં **આચાર્યજી** પ્રકાશે છે - 'ઉદય ભોગ ઉત્પન્ન છે તે **જ્ઞાની** તેની નિત્ય વિયોગબુદ્ધિથી અનાગત **ઉદય કાંક્ષા** કરતો નથી.' આ પરમાર્થગંભીર ગાથાનો અપૂર્વ ભાવ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** નિષ્ણુષ ન્યાયયુક્તિથી પરિસ્ફુટ વિવેચ્યો છે. આ **'આત્મખ્યાતિ'માં** ઉક્ત ભાવનું સમર્થન કરતો સારસમુચ્ચયરૂપ અમૃત **સમયસાર કળશ** (૧૪૭) **અમૃતચંદ્રજી** પરમભાવોલ્લાસથી લલકારે છે - 'વેદ્ય - વેદક વિભાવના ચલત્વથી કાંક્ષિત જ નિશ્ચયથી વેદાતું નથી, તેથી વિદ્વાન્ કાંઈ જ કાંક્ષતો નથી, સર્વતઃ જ અતિવિરક્તિ પ્રત્યે જાય છે.' તે આ પ્રકારે - (૨૧૭) મી ગાથામાં **આચાર્યજી** પ્રકાશે છે - 'બંધ - ઉપભોગ નિમિત્ત એવા (૧) સંસાર - દેહ (૨) વિષયી અધ્યવસાન ઉદયોમાં **જ્ઞાની**ને રાગ ઉપજતો નથી જ.' આનો ભાવ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પ્રકાશ્યો છે અને જેટલા શરીર વિષયી તેટલા ઉપભોગ નિમિત્તો છે, જેટલા બંધ નિમિત્તો તેટલા રાગ-દ્વેષ-મોહાદિ છે અને જેટલા ઉપભોગ નિમિત્તો તેટલા સુખ-દુઃખાદિ છે : હવે આમાં - સર્વેમાં પણ **જ્ઞાનિ**નો રાગ છે નહિ - નાના દ્રવ્ય સ્વભાવત્વથી **ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવસ્વભાવ** તેને તત્ પ્રતિષેધ (રાગ પ્રતિષેધ) છે માટે આ ઉક્તનો સારસમુચ્ચયરૂપ અમૃત **સમયસાર કળશ** (૧૪૮) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - **'જ્ઞાની**ને નિશ્ચયે કરીને **કર્મ** રાગરસની રિક્તતાએ કરીને (ખાલીપણાએ, શૂન્યતાએ) **પરિગ્રહભાવ** પામતું નથી, અહીં રાગયુક્તિ અકષાયિત વસ્ત્રમાં સ્વીકૃતા જ અહીં બ્હાર લોટે છે.' ઈ.

હવે **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજી** જ્ઞાનીની અદ્‌ભુત વીતરાગ દશા દર્શાવતો અમૃત **સમયસાર** કળશ (૧૪૯) પરમભાવથી લલકારે છે - 'જ્ઞાનવાન્ સ્વરસથી જ સર્વ રાગરસવર્જનશીલ હોય, તેથી કરીને આ કર્મમધ્યપતિત છતાં સકલ કર્મોથી લેપાતો નથી !' - આ પરમ ભાવવાહી અમૃત કળશથી સૂચિત આ ગાથા (૨૧૮-૨૧૯) **આચાર્યજી** પ્રકાશે છે - 'સર્વ દ્રવ્યોમાં રાગનો પ્રહાયક (સર્વથા પ્રકૃષ્ટપણે છોડનારો) **જ્ઞાની** કર્મમધ્યગત રજથી નથી લેપાતો, કાદવ મધ્યે કનકની જેમ, **અજ્ઞાની** પુનઃ સર્વ દ્રવ્યોમાં રક્ત (રાગયુક્ત) કર્મમધ્યગત કર્મરજથી લેપાય જ છે - કાદવ મધ્યે લોહની જેમ.' આનો ભાવ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** સ્પષ્ટ વિવર્યો છે અને નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો તથા સમયની સ્વભાવમર્યાદા ઉદ્‌ઘોષતો અમૃત **સમયસાર કળશ** (૧૫૦) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - 'અહીં તેના વશ થકી જેનો જેવો તેવો નિશ્ચયથી જે **સ્વભાવ** છે, આ કોઈ પણ પ્રકારે પરોથી અન્યાદેશ (અન્ય પ્રકારનો) નથી કરી શકાતો. નિશ્ચયથી **સંતત જ્ઞાન ભવત્** - હોતું કોઈ પણ પ્રકારે **અજ્ઞાન** ન હોય. **હે જ્ઞાની !** તું ભોગવ ! અહીં પરાપરાધજનિત બંધ તને છે નહિ.' આ અમૃતકળશથી સૂચિત ગાથા (૨૨૩-૨૨૬) **આચાર્યજી** પ્રકાશે છે - (૧) 'વિવિધ સચિત્ત - અચિત્ત - મિશ્રિત દ્રવ્યોને ભુંજતાં (ભક્ષતાં) છતાં **શંખનો શ્વેતભાવ** કૃષ્ણ કરી નથી શકાતો, તેમ જ્ઞાનીને પણ વિવિધ સચિત્ત - અચિત્ત - મિશ્રિત દ્રવ્યો ભુંજતાં છતાં **જ્ઞાન** અજ્ઞાનતા પમાડવું શક્ય નથી. (૨) જ્યારે તે જ શંખ તે શ્વેત સ્વભાવ છોડી દઈને કૃષ્ણ ભાવ પામે, ત્યારે શુક્લત્વ છોડે, તેમ જ્ઞાની પણ નિશ્ચયે જ્યારે તે જ્ઞાન સ્વભાવને છોડી દઈ **અજ્ઞાનથી પરિણત** હોય, ત્યારે અજ્ઞાનતા પામે.' આ અદ્‌ભુત ગાથાનો ભાવ અદ્‌ભુત **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** અત્યંત પરિસ્ફુટ વિવર્યો છે અને અત્ર ઉક્તનો સારસમુચ્ચય રૂપ અદ્‌ભુત **અમૃત કળશ** (૧૫૧) **અમૃતચંદ્રજીએ** પરમ આત્મભાવોલ્લાસથી લલકાર્યો છે - **'હે જ્ઞાની !** કદી પણ કિંચિત્ પણ કર્મ કરવું ઉચિત નથી, તથાપિ જો (ત્હારાથી) એમ કહેવામાં આવે કે હું તો અહો ! ભોગવું છું, પણ પર (પરદ્રવ્ય) કદી પણ મ્હારૂં નથી, તો અરે ! તું દુર્ભુક્ત જ છો ! અને જો ત્હારાથી એમ કહેવામાં આવે કે ઉપભોગથી બંધ હોય નહિ, તો શું તે આ ત્હારૂં ભોગ કર્મ (ભોગ પ્રવૃત્તિ) કામચાર છે - ઈચ્છાપ્રવૃત્તિ છે ? માટે તું જ્ઞાન સતો વસ ! નહિ તો **'સ્વના'** - આત્માના ત્હારા પોતાના અપરાધથી ધ્રુવપણે બંધ પામીશ.' ઈ.

આ **'આત્મખ્યાતિ'માં** અનુસંધાનમાં 'ફલલિપ્સુ જ બંધાય' એવા નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો અમૃત **સમયસાર કળશ** (૧૫૨) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - 'કારણકે નિશ્ચયે કરીને આ તો સ્ફુટ છે કે કર્મ જ કર્ત્તાને સ્વફલથી બલાત્કારે યોજે નહિ અને કારણકે (કર્મ) કરતો ફલલિપ્સુ જ (ફલ લેવાની ઈચ્છાવાળો જ) કર્મનું ફલ પ્રાપ્ત કરે છે, તેથી કરીને જ્ઞાન સતા-હોતા જેણે રાગરચના અપાસ્ત કરી છે (ફગાવી દીધી છે) એવો તત્ ફલ પરિત્યાગકશીલ મુનિ કર્મ કરતાં છતાં કર્મથી નથી બંધાતો !' આ અમૃત કળશથી સૂચિત આ ગાથા (૨૨૪-૨૨૭) **આચાર્યજી** પ્રકાશે છે - 'જેમ કોઈ પણ પુરુષ અહીં વૃત્તિ નિમિત્તે રાજાને સેવે છે, તેથી તે રાજા પણ સુખોત્પાદક ભોગો દીએ છે, એમ જ જીવ - પુરુષ સુખ નિમિત્તે કર્મરજને સેવે છે, તેથી તે કર્મ પણ સુખોત્પાદક વિવિધ ભોગો દીએ છે. જેમ પુનઃ તે જ પુરુષ વૃત્તિ નિમિત્તે રાજાને નથી સેવતો, તેથી તે રાજા સુખોત્પાદક વિવિધ ભાગો નથી દેતો, સમ્યગ્‌દૃષ્ટિ વિષયાર્થે કર્મરજ નથી સેવતો, તેથી તે કર્મ સુખોત્પાદક વિવિધ ભોગો નથી દેતું.' આ ગાથાનો ભાવ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** સ્પષ્ટ વિવર્યો છે, **ફલત્યાગી કર્મકર્ત્તા નથી,** એમ તાત્પર્યદર્શી **અમૃત કળશ** (૧૫૩) પ્રકાશ્યો છે - 'જેણે ફળ' ત્યજ્યું, તે કર્મ કરતો નથી એમ પ્રતીત કરીએ છીએ, કિંતુ આને પણ ક્યાંયથી પણ કિંચિત્ પણ તે કર્મ અવશથી આવી પડે, પણ તે આવી પડ્યે **અકંપ પરમજ્ઞાનસ્વભાવમાં સ્થિત જ્ઞાની** કર્મ શું કરે છે ? વા નથી કરતો ? એમ કોણ જાણે છે ?' ઈ.

હવે સમ્યગ્‌દૃષ્ટિઓ નિર્ભય નિઃશંક હોય એમ ગાથાઓના ભાવનું સૂચન કરતો **અમૃત કળશ** (૧૫૪) પરમજ્ઞાન સ્વભાવમાં સ્થિત **જ્ઞાનીશ્વર અમૃતચંદ્રાચાર્યજીએ** સંગીત કર્યો છે - **'સમ્યગ્ દૃષ્ટિઓ'જ** આ પરમ સાહસ કરવાને ક્ષમ (સમર્થ) હોય છે - કે ભયથી ચલાયમાન થતા ત્રૈલોક્યથી

જેનો માર્ગ મૂકી દેવાયો છે એવું વજ્ર પણ પડતાં એઓ નિસર્ગ નિર્ભયતાથી સર્વ જ શંકા સ્વયં છોડી દઈને, સ્વને 'અવધ્યબોધવપુ' જાણતાં બોધથી ચ્યવતા નથી જ.' આ અમૃત કળશમાં વજ્રપાત અવસરે પણ પરમ નિર્ભય નિઃશંક સમ્યગ્દૃષ્ટિના અદ્‌ભુત સાહસનું સ્વભાવોક્તિમય તાદૃશ્ય શબ્દચિત્ર આલેખી **પરમાર્થ મહાકવીશ્વર અમૃતચંદ્રજીએ** પોતાની પરમ અદ્‌ભુત નૈસર્ગિક કવિત્વશક્તિનો પરિચય આપ્યો છે.

આ પરમ અદ્‌ભુત અમૃત કળશથી સૂચિત આ ગાથા (૨૨૮) **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** પ્રકાશી છે - **'સમ્યગ્દૃષ્ટિ જીવો નિઃશંક** હોય છે, તેથી નિર્ભય હોય છે, કારણકે સપ્ત ભય વિપ્રમુક્ત છે, તેથી નિશ્ચયે કરીને તેઓ નિઃશંક છે.' આ ગાથાનો ભાવ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** ઓર બહલાવ્યો છે. 'જેથી કરીને નિત્યમેવ સમ્યગ્દૃષ્ટિઓ સકલ કર્મફલ - નિરભિલાષી સતા અત્યંત કર્મનિરપેક્ષતાથી વર્ત્તે છે, તેથી નિશ્ચયે કરીને એઓ અત્યંત નિઃશંક દારુણ અધ્યવસાયવાળા અત્યંત નિર્ભય સંભાવાય છે.' આ **અદ્‌ભુત 'આત્મખ્યાતિ'**ના અનુસંધાનમાં **સપ્ત ભયનું** પારમાર્થિક સ્વરૂપ વ્યક્ત કરતાં અદ્‌ભુત અમૃત **સમયસાર કળશ** કાવ્યો **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પરમ આત્મભાવોલ્લાસથી સંગીત કર્યા છે - જે ભારતના સમસ્ત વાઙ્મયમાં અદ્વિતીય અનન્ય અનુપમ છે. તે આ રહ્યા -

(૧) 'વિવિક્ત આત્માનો સકલ વ્યક્ત એવો આ એક શાશ્વત છે - જે ચિત્ લોકને કેવલ એકક સ્વયમેવ લોકે છે, તેનાથી અપર આ લોક અપર ત્હારો નથી, તેની ભીતિ તેને (**જ્ઞાનીને**) ક્યાંથી છે ? નિઃશંક સતત સ્વયં સહજ **જ્ઞાન** તે (જ્ઞાની) વિંદે છે - વેદે છે, અનુભવે છે. ઈત્યાદિ.

હવે નીચેની ગાથાઓના ભાવનું સૂચન કરતો **અમૃત સમયસાર કળશ** (૧૬૧) **અમૃતચંદ્રજી** પરમ આત્મભાવોલ્લાસથી લલકારે છે - 'કારણકે ટંકોત્કીર્ણ સ્વરસથી નિચિત જ્ઞાન સર્વસ્વભાગી એવા **સમ્યગ્દૃષ્ટિના લક્ષણો** અહીં સકલ કર્મને હણે છે, તેથી તેને આમાં પુનઃ જરા પણ કર્મનો બંધ છે નહિ - પૂર્વોપાત્ત (પૂર્વે ગ્રહેલ) તે અનુભવતાને નિશ્ચિત **નિર્જરા જ** છે.' ઈ. આ અમૃત કળશથી સૂચિત નીચેની ગાથા છે.

અત્રે શાસ્ત્રકર્ત્તા **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ સમ્યગ્દૃષ્ટિના આઠ અંગનું** અનુક્રમે આઠ ગાથામાં 'ગમિક સૂત્ર' શૈલીથી અનન્ય મૌલિક જૈન વાઙ્મયમાં નવીન પ્રતિપાદન **કર્યું** છે અને તેનું તેવી જ પરમ સુંદર હૃદયંગમ 'ગમિક સૂત્ર' શૈલીથી પુનઃ પુનઃ તે ને તે ભાવનું વજ્રલેપ દૃઢીકરણ કરાવતું અનુપમ વ્યાખ્યાન પ્રકાશતાં **'આત્મખ્યાતિ' સૂત્રકર્ત્તા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** સમ્યગ્દૃષ્ટિનું તે પ્રત્યેક અંગ બંધરૂપ નહિ પણ નિર્જરા રૂપ જ છે, એમ પરમ પરમાર્થગંભીર સુનિષ્ટુષ યુક્તિથી **સુપ્રતિષ્ઠાપન કર્યું** છે - (૧) 'જે કર્મબંધ મોહકર એવા તે ચારેય પાદોને છેદે છે તે નિઃશંક ચેતયિતા **સમ્યગ્દૃષ્ટિ** જાણવો. (૨) વિદ્યારથ આરૂઢ જે ચેતયિતા મનોરથ - પથોમાં ભમે છે, તે જિનજ્ઞાન પ્રભાવી **સમ્યગ્દૃષ્ટિ** જાણવો. ઈ.

અને આવા પરમ સમ્યગ્દૃષ્ટિ **પરમર્ષિ કુંદકુંદાચાર્યજી** અને **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** - આ જગગુરુ જોડી પરમ **'જિનજ્ઞાનપ્રભાવી' મહાઆત્મવિદ્યાપ્રભાવક મહાઆત્મવિદ્યાધર** થઈ ગયા છે.

અત્ર અધિકારની પૂર્ણાહુતિ કરતો અમૃત કળશ (૧૬૨) **અમૃતચંદ્રજીએ** પરમ આત્મઉલ્લાસથી અદ્‌ભુત નાટકીય રીતિથી લલકાર્યો છે - 'નવ - નવા બંધને રુંધતો અને પૂર્વબદ્ધને નિર્જરા ઉજ્જૃંભણથી **જ્ઞાન** થઈને ગગનાભોગ - રંગને વિગાહીને નાટક કરે છે !' અર્થાત્ ગગનાભોગ - રંગભૂમિને કેવલજ્ઞાનથી પૂર્ણપણે વ્યાપીને, સાક્ષાત્ સમયસારભૂત શિવરૂપ **કેવલજ્ઞાનસંપન્ન જિનરાજ** થઈ પરમાનંદમય અલૌકિક અધ્યાત્મ નાટક કરે છે !

॥ ઈતિ નિર્જરા નિષ્કાંતા ॥

॥ ઈતિ નિર્જરા પ્રરૂપક ષષ્ઠ અંક ॥

૭. બંધ અધિકાર

બંધ પ્રરૂપક સમમ અંક

હવે બંધ પ્રવેશે છે. તે બંધને ધૂણી નાંખનારા જ્ઞાનનું પરમ અદ્‌ભુત પરાક્રમ - મહાત્મ્ય સૂચવતું, સ્વાભાવોક્તિમય સુંદર હૃદયંગમ શબ્દચિત્ર આલેખતો આ અમૃત સમયસાર કળશ (૧૬૩) પરમાર્થ મહાકવિ અમૃતચંદ્રજી સંગીત કરે છે - 'રાગઉદ્‌ગાર - મહારસથી સકલ જગત્‌ને પ્રમત્ત કરીને રસભારથી નિર્ભર મહાનાટ્યથી ક્રીડંતા એવા બંધને ધૂણી નાંખતું, એવું આનંદામૃત નિત્યભોજિ (નિત્ય ભોગવનાર) સહજ અવસ્થાને સ્ફુટ નટાવતું, ધીરોદાર અનાકુલ નિરુપધિ જ્ઞાન સમુન્મજ્જે છે (સમ્યક્‌ પણે ઉન્મગ્ન થાય છે).' ઈ.

અહીં બંધ અધિકારના આ પ્રારંભિક ગાથા પંચકમાં (૨૩૬-૨૪૧) પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ સ્નેહાભ્યક્ત પુરુષનું સુંદર સ્વભાવોક્તિમય તાદૃશ્ય શબ્દચિત્ર આલેખતા દૃષ્ટાંતથી બંધનું ખરેખરૂં અંતરંગ કારણ પ્રવ્યક્ત કર્યું છે અને પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ અદ્‌ભુત 'આત્મખ્યાતિ'માં તેનો દૃષ્ટાંત - દાર્ષ્ટાંતિક ભાવ સાંગોપાંગ વિવરી દેખાડી નિષ્ણુષ સુયુક્તિથી તેનું અંતઃસ્તત્ત્વ અત્યંત પરિસ્ફુટ કર્યું છે. તેથી ન્યાયબલથી જ આ આવ્યું કે ** ઉપયોગમાં રાગાદિકરણ તે બંધહેતુ છે.' આ 'આત્મખ્યાતિ'માં ઉક્તની પરિપુષ્ટિ કરતો સારસમુચ્ચયરૂપ અમૃત સમયસાર કળશ (૧૬૪) સંગીત કરે છે - 'નથી કર્મબહુલ જગત્‌, વા નથી ચલનાત્મક કર્મ, વા નથી અનેક કરણો, વા નથી ચિદ્‌-અચિદ્‌ (સચિત્ત-અચિત્ત) વધ બંધ કરનારો, ઉપયોગભૂ (આત્મા) જે રાગાદિ સાથે ઐક્ય પામે છે, તે જ કેવલ નિશ્ચયે કરીને નરોને બંધહેતુ હોય છે.' ઈ.

હવે ઉપરમાં કહ્યું તેનાથી વિપરીત પ્રકાર (૨૪૧-૨૪૬) ગાથામાં આચાર્યજીએ દર્શાવ્યો છે અને 'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ સ્પષ્ટ વિવર્યો છે. આ આત્મખ્યાતિમાં ઉક્તનો સારસંદોહ દર્શાવતો અમૃત સમયસાર કળશ (૧૬૫) અમૃતચંદ્રજી લલકારે છે - 'તે કર્મતત (કર્મવ્યાપ્ત) લોક ભલે હો ! અને તે પરિસ્પન્દાત્મક કર્મ ભલે હો ! આમાં તે કરણો ભલે હો ! અને ચિદ્‌-અચિદ્‌નું વ્યાપાદન (હિંસન-ઉપઘાત) ભલે હો ! પણ રાગાદિને ઉપયોગભૂમિએ નહિ લઈ જતો, કેવલ જ્ઞાન ભવન્‌ આ સમ્યગ્‌દૃષ્ટિ આત્મા ધ્રુવપણે અહો ! ક્યાંયથી પણ બંધ પ્રત્યે નથી જ જતો !' આના અનુસંધાનમાં આર્ષદૃષ્ટા અમૃતચંદ્રજી સ્વચ્છંદ પ્રવૃત્તિનો નિષેધ કરતું જ્ઞાનીને ચેતવણીરૂપ સમયસાર કળશ કાવ્ય (૧૬૬) પરમભાવોલ્લાસથી સંગીત કરે છે - 'તથાપિ જ્ઞાનીઓને નિરર્ગલ (અનિયંત્રિત, સ્વચ્છંદ) ચરવું ઈષ્ટ નથી, (કારણકે) તે નિરર્ગલા પ્રવૃત્તિ ખરેખર ! તે બંધનું આયતન જ (નિવાસસ્થાન જ) છે, તેથી અકામકૃત (અકામપણે કરેલું) કર્મ તે જ્ઞાનીઓનો અકારણ મત છે, કારણકે કરે છે અને જાણે છે - એ દ્વય શું વિરોધ નથી પામતું ?' ઉપરના કળશ કાવ્યમાં કહેલી વસ્તુને વિશેષ સ્ફુટ કરતાં અમૃતચંદ્રજી શબ્દ - અર્થ - તત્ત્વચમત્કૃતિથી આ કળશ કાવ્ય (૧૬૭) લલકારે છે - 'જે જાણે છે તે કરતો નથી અને જે કરે છે તે જાણતો નથી, તે કર્મ ખરેખર ! રાગ છે અને રાગ તો અબોધમય અધ્યવસાય કહ્યો છે, તે નિયતપણે મિથ્યાદૃષ્ટિને હોય છે, તે જ નિશ્ચયે કરીને બંધહેતુ છે.' આ કળશ આગલી ગાથાના (૨૪૭) ભાવનું સૂચન કરે છે - અને તે 'આત્મખ્યાતિ'માં સ્પષ્ટ વિવરી છે - 'પરજીવોનું હું હિંસું છે અને પરજીવોથી હું હિંસાઉં છું, એવો અધ્યવસાય ધ્રુવ અજ્ઞાન છે અને તે તો જેને છે તે અજ્ઞાનિત્વને લીધે મિથ્યાદૃષ્ટિ છે, પણ જેને છે નહિ તે જ્ઞાનિત્વને લીધે સમ્યગ્‌દૃષ્ટિ છે.' આ અધ્યવસાય અજ્ઞાન કેમ ? તે (૨૪૮-૨૪૯) ગાથામાં પ્રકાશ્યું છે અને 'આત્મખ્યાતિ'માં પરિસ્ફુટ વિવર્યો છે - આ અધ્યવસાય અજ્ઞાન કેમ ? તે આ ગાથામાં (૨૫૧-૨૫૨) આચાર્યજી પ્રકાશે છે અને 'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજી પરિસ્ફુટ વિવરે છે. જે અજ્ઞાનમય વિવિધ અધ્યવસાયનું કથન કર્યું તેના સારસમુચ્ચયરૂપ અમૃત સમયસાર કળશ (૧૬૮) અમૃતચંદ્રજીએ અપૂર્વ ભાવવેશથી લલકાર્યો છે - 'મરણ - જીવિત, દુઃખ - સૌખ્ય એ સર્વ સદૈવ સ્વકીય કર્મોદય થકી નિયત હોય છે, આ અહીં અજ્ઞાન છે કે પર પુરુષ

પરનું મરણ-જીવિત-દુઃખ-સૌખ્ય કરે.' અત્રે નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો અમૃત **સમયસાર** કળશ (૧૬૯) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - 'આ **અજ્ઞાનને** પામીને જેઓ **પર થકી પરના** મરણ-જીવિત-દુઃખ-સૌખ્ય દેખે છે, તેઓ **અહંકૃતિરસથી** કર્મો કરવાને ઈચ્છતા નિયતપણે **આત્મહંતા** (આત્મઘાતી) હોય છે.' આ કળશથી સૂચિત આ **ગાથામાં** (૨૫૭-૨૫૮) **આચાર્યજી** પ્રકાશે છે - 'જે મરે છે અને જે દુઃખિત થાય છે તે સર્વ કર્મોદયથી થાય છે, તેથી ત્હારાથી મરાયો વા દુઃખાવાયો એ શું નિશ્ચયથી મિથ્યા નથી ? જે નથી મરતો અને નથી દુઃખિત થતો, તે પણ નિશ્ચયથી કર્મો કર્મ ઉદયથી જ થાય છે, તેથી ન મરાયો અને ન દુઃખાવાયો એ શું નિશ્ચયથી મિથ્યા નથી ?' આ ગાથાનો ભાવ **'આત્મખ્યાતિ'માં** સ્પષ્ટ સમજાવ્યો છે અને નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો અમૃત **સમયસાર** કળશ (૧૭૦) **અમૃતચંદ્રજીએ** સંગીત કર્યો છે - 'જે જ **અજ્ઞાનાત્મા** (અજ્ઞાન સ્વરૂપ) **અધ્યવસાય** આનો દેખાય છે, તે જ **મિથ્યાદૃષ્ટિને વિપર્યયને** (વિપર્યાસને) લીધે **બંધહેતુ** હોય છે.' આ કળશ સૂચિત ગાથામાં (૨૫૯) **આચાર્યજી** પ્રકાશે છે - 'આ જ જે ત્હારી મતિ કે હું સત્ત્વોને દુઃખિઆ-સુખિઆ કરું છું, આ ત્હારી મૂઢ મતિ શુભાશુભ કર્મ બાંધે છે.' આ ગાથાનો ભાવ **'આત્મખ્યાતિ'માં** સ્પષ્ટ વિવર્યો છે - 'પર જીવોને હું હિંસું છે, હું નથી હિંસતો, હું દુઃખાવું છું, હું સુખાવું છે, એવો જે આ **અજ્ઞાનમય અધ્યવસાય મિથ્યાદૃષ્ટિનો** છે, તે જ **સ્વયં રાગાદિરૂપપણાને** લીધે **શુભાશુભ બંધહેતુ** છે.'

હવે અધ્યવસાયને બંધહેતુપણે અવધારે છે એમ (૨૬૦-૨૬૧) ગાથામાં **આચાર્યજીએ** પ્રકાશ્યું છે અને **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પરિસ્ફુટ વિવેચ્યું છે - **'મિથ્યાદૃષ્ટિનો** જે જ આ **અજ્ઞાનજન્મા રાગમય અધ્યવસાય** તે જ **બંધહેતુ** છે એમ અવધારવું યોગ્ય છે.

હવે **અધ્યવસાયને** પાપ-પુણ્યના **બંધહેતુપણે** દર્શાવે છે, એ આ ગાથામાં (૨૬૩-૨૬૪) **આચાર્યજીએ** પ્રકાશ્યું છે અને **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** વિવરી દેખાડ્યું છે - 'એમ આ (આત્મા) અજ્ઞાનને લીધે - જે **યથા** હિંસામાં અધ્યવસાય કરાય છે, તેમજ અસત્ય-અદત્ત-અબ્રહ્મ-પરિગ્રહમાં કરાય છે, તે સર્વ પણ કેવલ જ **પાપબંધહેતુ** છે : અને જે અહિંસામાં **યથા** અધ્યવસાય કરાય છે, તેમજ જે સત્ય-દત્ત-બ્રહ્મ-અપરિગ્રહમાં કરાય છે, તે સર્વ પણ કેવલ જ **પુણ્ય બંધહેતુ** છે.' ઈ. અને બાહ્ય વસ્તુ દ્વિતીય પણ બંધહેતુ છે એમ કહેવું શક્ય નથી, એ આ ગાથામાં (૨૬૫) **કુંદકુંદાચાર્યજીએ** સ્પષ્ટ પ્રતિપાદન કર્યું છે અને **અમૃતચંદ્રાચાર્યજીએ** **'આત્મખ્યાતિ'માં** પરમ નિષ્ણુષ સુયુક્તિથી તેનું અપૂર્વ તત્ત્વ વૈજ્ઞાનિક પૃથક્કરણ કરી સાંગોપાંગ સકલ અવિકલ તત્ત્વ સુપ્રતિષ્ઠાપિત કર્યું છે - 'અધ્યવસાન જ **બંધહેતુ** છે - નહિ કે બાહ્ય વસ્તુ - તેનું (બાહ્ય વસ્તુનું) **અધ્યવસાનના** હેતુપણાથી જ ચરિતાર્થપણું છે માટે.'

એવા પ્રકારના બંધહેતુત્વથી નિર્ધારિત **અધ્યવસાયનું** સ્વાર્થક્રિયાકારિપણાના અભાવથી **મિથ્યાત્વ** આ (૨૬૬) ગાથામાં **આચાર્યજી** દર્શાવે છે અને **'આત્મખ્યાતિ'માં** સ્પષ્ટ વ્યાખ્યા પ્રકાશી છે - 'પરજીવોને હું દુઃખાવું છું - હું સુખાવું ઈત્યાદિ વા હું બંધાવું છું - વિમોચાવું ઈત્યાદિ જે **આ** અધ્યવસાન તે સર્વ પણ - પરભાવમાં પરમાં અવ્યાપ્રિયમાણપણાએ કરીને **સર્વાર્થક્રિયાકારીપણાના** અભાવને લીધે - ખકુસમને (આકાશ પુષ્પ) હું લણું છું એવા **અધ્યવસાયની** જેમ **મિથ્યારૂપ** કેવલ આત્માના અનર્થાર્થે જ છે.' **અધ્યવસાન** સ્વાર્થક્રિયાકારી કયા કારણથી નથી ? એ (૨૬૭) ગાથામાં **આચાર્યજીએ** પ્રકાશ્યું છે અને **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** નિષ્ણુષ અપૂર્વ વ્યાખ્યા દર્શાવી છે. હવે આ (૨૬૮, ૨૬૯) **ગાથામાં આચાર્યજી** પ્રકાશે છે - 'જીવ અધ્યવસાનથી તિર્યંચ - નારકી સર્વ કરે છે, દેવ-મનુષ્ય સર્વ કરે છે અને પુણ્ય-પાપ અનેકવિધ કરે છે, તથા ધર્મ-અધર્મ, જીવ-અજીવ, અલોક-લોક એ સર્વ જીવ અધ્યવસાનથી આત્માને કરે છે.' આ **ગાથાની** અપૂર્વ વ્યાખ્યા **'આત્મખ્યાતિ'માં** અમૃતચંદ્રજીએ પરિસ્ફુટ પ્રકાશી છે.

હવે નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો **અમૃત સમયસાર** કળશ (૧૭૨) **અમૃતચંદ્રજીએ** પરમ

આત્મભાવોલ્લાસથી લલકાર્યો છે - 'સ્ફુટપણે નિશ્ચયથી **વિશ્વથી વિભક્ત** (જૂદો) છતાં જેના પ્રભાવ થકી **આત્માને વિશ્વ** કરે છે, એવો આ **મોહએકકંદ અધ્યવસાય** જેઓને અહીં છે નહિ, તેઓ જ **યતિઓ** છે.' આ અમૃત કળશથી સૂચિત આ (૨૭૦) મહાન્ ગાથામાં **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** અપૂર્વ તત્ત્વ પ્રતિપાદન કર્યું છે - 'એમ એ આદિ અધ્યવસાનો જેઓને નથી તે **મુનિઓ** અશુભ વા શુભ કર્મથી લેપાતા નથી.' આનું **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અદ્‌ભુત તત્ત્વ મીમાંસન કર્યું છે.

જેઓને જ આ વિદ્યમાન નથી, તે જ **મુનિકુંજરો** કોઈ - સત્ અહેતુક જ્ઞપ્તિ એક ક્રિયાવાળા, સત્ અહેતુક જ્ઞાયક એકભાવવાળા અને સત્ અહેતુક જ્ઞાન એકરૂપવાળા વિવિક્ત આત્માને જાણતા, સમ્યક્ દેખતા અને અનુચરતા એવા - સ્વચ્છ સ્વચ્છંદે ઉદય પામતી અમંદ **અંતર્ જ્યોતિષ્મંતતા** - અત્યંતપણે અજ્ઞાનાદિરૂપપણાના અભાવને લીધે - **શુભ વા અશુભ કર્મથી** નિશ્ચયે કરીને **લેપાય નહિ.**' ઈ. **અત્રે આ ગાથામાં** (૨૭૧) **આચાર્યજીએ** પ્રકાશ્યું છે - 'બુદ્ધિ, વ્યવસાય, અધ્યવસાન અને મતિ વિજ્ઞાન, ચિત્ત, ભાવ અને પરિણામ - એ સર્વ એકાર્થ જ છે.' અહીં **અધ્યવસાનના** એકાર્થવાચક પર્યાય શબ્દોનો નિર્દેશ કર્યો છે અને તે **'આત્મખ્યાતિ'માં** તે પ્રત્યેક શબ્દનું નિરુક્તિયુક્ત સ્પષ્ટ વ્યાખ્યાન કરી **અમૃતચંદ્રજીએ** અપૂર્વ પરમાર્થ પ્રકાશ્યો છે.

એમ **અધ્યવસાન** નિષેધ પરથી નીચેની ગાથાના (૧૭૨) ભાવનું સૂચન કરતો અમૃત **સમયસાર કળશ** (૧૭૩) **અમૃતચંદ્રજીએ** અપૂર્વ ભાવવેશથી લલકાર્યો છે - 'સર્વત્ર અધ્યવસાન જ અખિલ ત્યાજ્ય છે એમ જે જિનોથી ઉક્ત છે, તે હું માનું છું કે - અન્યાશ્રયી (પરાશ્રયી) નિખિલ પણ વ્યવહાર જ ત્યજાવાયો છે, તો પછી **સમ્યક્ નિશ્ચયને** એકને જ નિષ્કંપપણે આક્રમીને **સંતો શુદ્ધજ્ઞાનઘન નિજ મહિમનૂમાં** (મહિમામાં) ધૃતિ કેમ નથી બાંધતા.' આ અમૃતકળશથી સૂચિત ગાથામાં (૨૭૨) **આચાર્યજીએ** આ પ્રતિપાદન કર્યું છે - 'એમ વ્યવહારનય નિશ્ચયનયથી પ્રતિષિદ્ધ **જાણ** ! પુનઃ નિશ્ચયનયાશ્રિત મુનિઓ નિર્વાણ પામે છે.' આ ગાથાના ભાવનું ઓર સ્પષ્ટીકરણ **'આત્મખ્યાતિ'માં** કરતાં **અમૃતચંદ્રજીએ** અલૌકિક તત્ત્વાલોકથી તેનું તત્ત્વસર્વસ્વ સમર્પક પરમ અદ્‌ભુત વ્યાખ્યાન પ્રકાશ્યું છે - **'આત્માશ્રિત** નિશ્ચયનય, **પરાશ્રિત** વ્યવહાર. તત્ર - એમ **નિશ્ચયનયથી** - પરાશ્રિત સમસ્ત અધ્યવસાનને બંધહેતુત્વથી મુમુક્ષુને પ્રતિષેધતા એવાથી **વ્યવહાર નય જ પ્રતિષિદ્ધ** છે, તેના પરાશ્રિતપણાનો અવિશેષ છે માટે અને આ (વ્યવહાર નય) પ્રતિષેધ્ય જ (નિષેધવા યોગ્ય જ) છે, (કારણકે) **આત્માશ્રિત નિશ્ચયનયના** આશ્રિતોનું જ મુખ્યમાનપણે (મૂકાવાઈ રહેવાપણું) છે માટે અને **પરાશ્રિત વ્યવહારનું** એકાંતથી અમુખ્યમાન (નહિ મૂકાતા) અભવ્યથી આશ્રયીમાનપણું છે માટે.'ઈ. અને **અભવ્યથી** વ્યવહારનય કેમ આશ્રવામાં આવે છે - તેનો ઉત્તર **આચાર્યજી** (૨૭૩) ગાથામાં પ્રકાશે છે - **'જિનવરોથી પ્રજ્ઞપ્ત** (પ્રરૂપવામાં આવેલ) વ્રત - સમિતિ - ગુપ્તિઓ, શીલ - તપ કરતો પણ **અભવ્ય અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ** જ છે.' આ ગાથાના ભાવનું સવિશેષ સ્પષ્ટીકરણ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** કર્યું છે. તેને ધર્મ શ્રદ્ધાન છે એમ જો કહો તો આ (૨૭૫) ગાથામાં **આચાર્યજી** પ્રકાશે છે - 'તે (અભવ્ય) ભોગનિમિત્ત ધર્મને સદ્દહે છે, પ્રતીતે છે, રોચે છે, તથા પુનઃ ફરસે છે.' આ ગાથાના ભાવનું નિષ્ણુષ યુક્તિયુક્ત અપૂર્વ વ્યાખ્યાન **'આત્મખ્યાતિ'માં** કરતાં **અમૃતચંદ્રજી** અલૌકિક તત્ત્વાલોક પ્રકાશ વિસ્તાર્યો છે.

આ પ્રતિષેધ્ય - પ્રતિષેધક વ્યવહારનય - નિશ્ચયનય કેવા છે ? એ આ (૨૭૬-૨૭૭) **ગાથામાં આચાર્યજીએ** પ્રતિપાદન કર્યું છે - 'આચારાદિ જ્ઞાન અને જીવાદિ દર્શન **જાણવું**, તથા છ જીવનિકાય ચારિત્ર છે (વ્યવહાર) એમ ભણે છે. આત્મા જ મ્હારૂં જ્ઞાન, આત્મા મ્હારૂં દર્શન અને ચારિત્ર, આત્મા પ્રત્યાખ્યાન, આત્મા મ્હારો સંવર યોગ છે.' આ ગાથાના ભાવનું **'આત્મખ્યાતિ'માં** અત્યંત વિશદતમ તત્ત્વદર્શન કરાવ્યું છે.

હવે આ નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો અમૃત **સમયસાર કળશ** (૧૭૪) **અમૃતચંદ્રજી**

સંગીત કરે છે - 'રાગાદિ બંધનિદાન - બંધકારણ કહ્યા, તેઓ (રાગાદિ) **શુદ્ધ ચિન્માત્ર મહસ્થી** (મહા તેજથી) **અતિરિક્ત** ભિન્ન છે, તો પછી **આત્મા** વા પર કોણ તેનું (બંધનું) નિમિત્ત છે ? આ **ગાથા** (૨૭૮-૨૭૯) **આચાર્યજી** પ્રકાશે છે - 'જેમ શુદ્ધ સ્ફટિકમણિ રાગાદિથી સ્વયં નથી પરિણમતો પણ તે અન્ય રક્ત (રાતા) આદિ દ્રવ્યોથી રંગાય છે, એમ શુદ્ધ જ્ઞાની શુદ્ધ એવો રાગાદિ દોષથી સ્વયં નથી પરિણમતો, પણ તે અન્ય રાગાદિ દોષથી રંગાય છે.' આ ગાથામાં સ્ફટિક મણિના સ્ફુટ દૃષ્ટાંતથી **આચાર્યજીએ** તાત્ત્વિક ખુલાસો કર્યો છે અને **અમૃતચંદ્રજીએ** **'આત્મખ્યાતિ'માં** અપૂર્વ તત્ત્વકલાથી વિવરી દેખાડી પરિસ્ફુટ કર્યો છે.

તેનો સારસમુચ્ચય પ્રદર્શિત કરતો આ અમૃત **સમયસાર કળશ** (૧૭૫) **અમૃતચંદ્રજીએ** પરમ આત્મભાવોલ્લાસથી લલકાર્યો છે - **'આત્મા** કદી પણ **આત્માના રાગાદિ નિમિત્તભાવને** પામતો નથી - જેમ સૂર્યકાંત, તેમાં **નિમિત્ત પરસંગ જ છે**, આ પ્રથમ તો **વસ્તુ સ્વભાવ** ઉદય પામે છે.' આ કળશથી સૂચિત આ ગાથા (૨૮૦) **આચાર્યજીએ** પ્રકાશી છે અને **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** સ્પષ્ટ વિવરી છે - 'યથોક્ત વસ્તુસ્વભાવને જાણતો **જ્ઞાની** શુદ્ધ સ્વભાવથી જ નથી પ્રચ્યવતો - તેથી રાગ-દ્વેષ-મોહાદિ ભાવોથી સ્વયં નથી પરિણમતો, નથી પરથી પણ પરિણમાવતો, તેથી ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવ **જ્ઞાની**, રાગ-દ્વેષ-મોહાદિ ભાવોનો **અકર્ત્તા** જ છે એવો નિયમ છે.' આથી ઉલટું, નીચેની ગાથાના ભાવનું અમૃત કળશ (૧૭૭) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - 'એવા પ્રકારે **સ્વ** સ્વ વસ્તુ સ્વભાવને **અજ્ઞાની** નથી જાણતો, તેથી તે રાગાદિને આત્માના કરે, એથી કરીને તે **'કારક'** - કરનારો હોય છે.' આ કળશથી સૂચિત **બે ગાથા** (૨૮૧-૨૮૨) **આચાર્યજી** પ્રકાશે છે અને **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજી** વિવરે છે.

આત્મા રાગાદિનો અકારક કેવી રીતે ? તે આ (૨૮૩-૨૮૫) ગાથામાં **આચાર્યજી** પ્રકાશે છે - **'અપ્રતિક્રમણ'** બે પ્રકારનું છે, **અપ્રત્યાખ્યાન** તેમજ (બે પ્રકારનું) જાણવું. અપ્રતિક્રમણ બે પ્રકારનું - **દ્રવ્ય** પરત્વે, **ભાવ** પરત્વે, તેમ **અપ્રત્યાખ્યાન** છે. આ ઉપદેશથી ચેતયિતા (ચેતન આત્મા) અકારક વર્ણાવવામાં આવ્યો છે. જ્યાં લગી દ્રવ્ય - ભાવનું અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન આત્મા કરે છે, ત્યાં લગી તે કર્ત્તા જ્ઞાતવ્ય છે.' આ ગાથાના ભાવનું **'આત્મખ્યાતિ'માં** અમૃત વ્યાખ્યાન કરતાં **અમૃતચંદ્રજીએ** અપૂર્વ તત્ત્વાલોકનો પરમ ઉદ્યોત કર્યો છે.

અને **દ્રવ્ય-ભાવના નિમિત્ત-નૈમિત્તિક ભાવનું ઉદાહરણ** આ છે, તે આ (૨૮૬-૨૮૭) ગાથામાં **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** પ્રકાશ્યું છે અને **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** **'આત્મખ્યાતિ'માં** તેનું પરમ રહસ્ય પ્રસ્પષ્ટ કરતાં તે પ્રસ્તુત ઉદાહરણના ભાવને પ્રકૃષ્ટપણે બહલાવ્યો છે.

ઉક્તના સારસમુચ્ચયરૂપ અને **બંધ અધિકારના ઉપસંહારરૂપ** અપૂર્વ કાવ્ય-કળશ (૧૭૮) **અમૃતચંદ્રજીએ** પરમ ભાવાવેશથી લલકાર્યો છે - 'એવા પ્રકારે આલોચી તે સ્ફુટપણે **પરદ્રવ્યને સમગ્રને** વિવેચીને તન્મૂલ આ બહુભાવસંતતિને એકી સાથે બલથી ઉદ્ધરવાને ઈચ્છતો, નિર્ભર વહતી **પૂર્ણ એક સંવિદ્ યુક્ત આત્મા** પ્રત્યે જાય છે - કે જેથી બંધને ઉન્મૂલિત કર્યો છે જેણે એવો આ **ભગવાન આત્મા** આત્મામાં સ્ફૂર્જે છે.'

આ **બંધ અધિકારનો** સર્વોપસંહાર કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પોતાની પરમ પ્રિયતમ **જ્ઞાનજ્યોતિનો** પરમ મહિમાતિશય ઉત્કીર્ત્તન કરતો આ કાવ્યકળશ (૧૭૯) આ **સમયસાર તત્ત્વમંદિર** પર ચઢાવ્યો છે. **'કારણ'** એવા રાગાદિના ઉદયને અદયપણે દારતી (ચીરી નાંખતી), **કાર્ય** એવા **બંધને** અધુના સદ્ય જ ધકેલી દઈને, તિમિર ક્ષપિત કર્યું છે જેણે એવી **જ્ઞાનજ્યોતિ** એવી તો સાધુ-સમ્યક્ સન્નદ્ધ છે (સજ્જ થઈને બેઠી છે), કે જેમ અપર કોઈ પણ એના પ્રસરને આવરતો નથી.' ઈ.

॥ ઈતિ બંધ નિષ્ક્રાંત ॥

॥ ઈતિ બંધપ્રરૂપક સપ્તમ અંક ॥

૮. મોક્ષ પ્રરૂપક અષ્ટમ અંક

હવે **મોક્ષ** પ્રવેશે છે અને તેને આઠમા અંકમાં પ્રવેશ કરાવતાં **પરમ પરમાર્થકવિ અમૃતચંદ્રજી** આ મંગલ કળશમાં (૧૮૦) કૃતકૃત્ય એવી પૂર્ણ **પરમ જ્ઞાનજ્યોતિનો** મુક્તકંઠે વિજય ઉદ્‌ઘોષે છે - **'પ્રજ્ઞા-કરવત** વડે દલન થકી **બંધ-પુરુષને દ્વિધા કરી** (બે ભાગમાં વ્હેંચી, બે ફાડ કરતું) **ઉપલંભૈકનિયત**-આત્માનુભવૈકનિષ્ઠ પુરુષને **સાક્ષાત્ મોક્ષ** પ્રત્યે લઈ જતું, એવું આ હમણાં ઉન્મજ્જતું, **સહજ-પરમાનંદથી** સરસ પરં પૂર્ણ **જ્ઞાન** સકલ કૃત્ય કર્યું છે, જેણે એવું કૃતકૃત્ય થયેલું વિજય પામે છે.'

અત્રે **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** (૨૮૮-૨૯૦) ગાથામાં બંધનબદ્ધ પુરુષના દૃષ્ટાંતથી પ્રતિપાદન કર્યું છે - જેમ કોઈ પણ પુરુષ બંધનકમાં ચિરકાલથી પ્રતિબદ્ધ છે, તેનો તીવ્ર - મંદ સ્વભાવ અને કાળ વિજાણે છે, જો છેદ ન કરે તો બંધન વશ સતો તે મૂકાય નહિ અને બહુ કાળે પણ તે નર વિમોક્ષ પામે નહિ, એમ કર્મબંધનોના પ્રદેશ - સ્થિતિ - પ્રકૃતિને તેમ અનુભાગને જાણંતો પણ નથી મૂકાતો અને તે જ જો શુદ્ધ હોય તો મૂકાય છે.' આનું **'આત્મખ્યાતિ'માં પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અપૂર્વ વ્યાખ્યાન કર્યું છે - 'આત્મા અને બંધનું દ્વિધાકરણ તે મોક્ષ.' ઈ. હવે (૧૯૧) ગાથામાં **આચાર્યજી** પ્રકાશે છે - 'જેમ બંધોને ચિતવંતો બંધનબદ્ધ વિમોક્ષને નથી પામતો, તેમ બંધોને ચિંતવતો જીવ પણ વિમોક્ષને નથી પામતો.' આનું **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** સ્ફુટીકરણ કર્યું છે. ત્યારે મોક્ષહેતુ કોણ છે ? (તે (૨૯૨) ગાથામાં **આચાર્યજી** દર્શાવે છે - 'અને જેમ બંધોને છેદીને જ બંધનબદ્ધ નિશ્ચયે કરીને વિમોક્ષ પામે છે, તેમ બંધોને છેદીને જ જીવ વિમોક્ષ પામે છે.' આનું **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** સુયુક્તિથી સમર્થન કર્યું છે. હવે શું આજ મોક્ષહેતુ છે ? તેનો ઉત્તર (૨૯૩) ગાથામાં **આચાર્યજી** પ્રકાશે છે - 'બંધોના સ્વભાવને અને આત્માના સ્વભાવને વિશેષ કરીને જાણીને, જે બંધોમાં વિરક્ત થાય છે, તે કર્મવિમોક્ષણ કરે છે.' આનું વ્યાખ્યાન **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** અત્યંત પરિસ્ફુટપણે પ્રકાશ્યું છે - 'જે જ નિર્વિકાર ચૈતન્ય ચમત્કાર માત્ર આત્મસ્વભાવ અને તેનો વિકારકારક એવો બંધોનો સ્વભાવ વિશેષથી જાણીને બંધોથી વિરમે છે, તે જ સકલ કર્મમોક્ષ કરે. આ પરથી આત્મા અને બંધના દ્વિધાકરણનું મોક્ષહેતુપણું નિયમાય છે.' ઈ.

હવે કોના વડે **આત્મ-બંધ** એ બે **દ્વિધા** કરાય છે ? તેનો આ ગાથામાં (૨૯૪) **કુંદકુંદાચાર્યજી** ઉત્તર પ્રકાશે છે - **'જીવ** અને **બંધ નિયત સ્વલક્ષણોથી** એવા પ્રકારે છેદવામાં આવે છે, કે (જેમ) **પ્રજ્ઞા-છેદનકથી** (છીણીથી) છિન્ન થયેલા તે **નાનાત્વને** આપન્ન (પ્રાપ્ત) થઈ જાય.' આ ગાથાનો ભાવ અદ્‌ભુત **'આત્મખ્યાતિ'માં** પ્રકાશતાં **અમૃતચંદ્રાચાર્યજીએ** અપૂર્વ તત્ત્વાલોક રેલાવ્યો છે. **'આત્મા** અને **બંધના દ્વિધાકરણ કાર્યમાં કર્ત્તા આત્માને કરણમીમાંસામાં** નિશ્ચયથી **સ્વથી** ભિન્ન કરણના અસંભવને લીધે - ભગવતી **પ્રજ્ઞા** જ છેદનાત્મક કરણ છે, કારણકે તે વડે છિન્ન થયેલા તે બે અવશ્ય જ **નાનાત્વને** (ભિન્નપણાને) પામે છે, તેથી **પ્રજ્ઞાથી જ આત્મા** અને **બંધનું દ્વિધાકરણ** (બે ભાગમાં વિભજન) છે.

ઉપરમાં **'આત્મખ્યાતિ'**ના ગદ્ય વિભાગમાં જે વિસ્તારથી વિવેચ્યું તેનો સારસમુચ્ચય નિબદ્ધ કરતા આ અમૃત **સમયસાર કળશમાં** (૧૮૧) **તીક્ષ્ણ પ્રજ્ઞા-છીણી** આત્મા અને કર્મનો ભેદ કેવી રીતે કરે છે, તેનો સમસ્ત વિધિ **મહાકવિ અમૃતચંદ્રજીએ** તાદૃશ્ય શબ્દચિત્ર આલેખતી **સ્વભાવોક્તિથી** વર્ણવી દેખાડ્યો છે - 'આ **પ્રજ્ઞા-છીણી** 'કથમપિ' - ઘણા ઘણા પ્રયત્નાતિશયથી નિપુણોથી - તત્ત્વકુશળ જનોથી 'સાવધાન' - ખબરદાર જાગરૂક રહી પાડવામાં આવેલી **આત્મા** અને **કર્મ** એ ઉભયના સૂક્ષ્મ 'અંતઃસંધિ બંધમાં' - અંદરના સાંધાના બંધમાં (internal joint) રભસથી' - એકદમ વેગથી નીચે પડે છે અને એમ નીચે પડે છે તે શું કરતી પડે છે ? **આત્માને** અંતરમાં સ્થિર 'વિશદ' - સ્વચ્છ - નિર્મલ 'લસત્' - લસલસતા - ઉલ્લસી રહેલા 'ધામ' - તેજવાળા **ચૈતન્ય પૂરમાં** 'મગ્ન' **બંધને અજ્ઞાનભાવમાં નિયમિત** - એમ બન્નેને 'અભિતઃ' - સર્વથા સર્વ પ્રકારે **'ભિન્ન ભિન્ન'** - જૂદા જૂદા - પૃથક્ પૃથક્ કરતી 'નિપતે' છે - નીચે પડે છે.' ઈ.

આત્મા અને બંધને દ્વિધા કરીને શું કર્ત્તવ્ય છે ? તે **આચાર્યજી** આ ગાથામાં (૨૯૫) પ્રકાશે છે - 'જીવ અને બંધ તથાપ્રકારે **નિયત સ્વલક્ષણોથી** છેદાય છે, બંધ છેદવા યોગ્ય છે અને **શુદ્ધ આત્મા** ગ્રહવા યોગ્ય છે.' આનું સુસ્પષ્ટ વ્યાખ્યાન **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પ્રકાશ્યું છે - 'પ્રથમ તો **આત્મા** અને **બંધ** સ્ફુટપણે **સ્વલક્ષણ વિજ્ઞાનથી** છેત્તવ્ય (છેદવા યોગ્ય) છે, પછી રાગાદિ લક્ષણ સમસ્ત જ બંધ 'નિર્મોક્તવ્ય' (નિશ્ચયે કરીને નિયતપણે મૂકી દેવો યોગ્ય છે) ઉપયોગલક્ષણ શુદ્ધ આત્મા જ ગૃહીતવ્ય (ગ્રહણ કરવો યોગ્ય) છે.' ઈ. આ જ ખરેખર ! આત્માના બંધના દ્વિધાકરણનું પ્રયોજન છે કે બંધત્યાગથી શુદ્ધ આત્માનું ઉપાદાન (ગ્રહણ) તે આ ગાથામાં (૨૯૬) **આચાર્યજી** પ્રકાશે છે - 'તે **આત્મા** કેમ ગ્રહાય છે ? **પ્રજ્ઞાથી** તે આત્મા નિશ્ચયે ગ્રહાય છે, જેમ **પ્રજ્ઞાથી** વિભક્ત તેમ **પ્રજ્ઞાથી** જ ગ્રહવો યોગ્ય છે.' આનું સ્પષ્ટ વ્યાખ્યાન **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પ્રકાશ્યું છે - 'વારુ, કોના વડે **શુદ્ધ આત્મા** ગૃહીતવ્ય છે ? **પ્રજ્ઞા વડે જ શુદ્ધ આ** આત્મા ગૃહીતવ્ય છે - શુદ્ધ આત્માને સ્વયં આત્માને ગ્રહતાંને વિભજતાંની જેમ **પ્રજ્ઞા એકકરણત્વ** છે માટે.'

આ **આત્મા પ્રજ્ઞાથી** કેવી રીતે ગૃહીતવ્ય (ગ્રહવો યોગ્ય) છે ? એમ પૂછો તો એનો ઉત્તર આ ગાથામાં (૨૯૭) **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** પ્રકાશ્યો છે - 'પ્રજ્ઞાથી ગૃહીતવ્ય જે ચેતયિતા તે હું જ નિશ્ચયથી છું, અવશેષ જે ભાવો તે મ્હારા પરો છે એમ જાણવા યોગ્ય છે.' આ અદ્‌ભુત **ગાથામાં** દર્શાવેલ આ આત્મગ્રહણ વિધિનું સાંગોપાંગ સકલ સમ્યક્‌પણું **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અદ્‌ભુત **'આત્મખ્યાતિ'માં** સમુદ્યોતિત કર્યું છે.

ઉપરમાં **'આત્મખ્યાતિ'**ના ગદ્ય ભાગમાં જે વિવરીને કહ્યું તેના સારસમુચ્ચયરૂપ આ **સમયસાર કળશમાં** (૧૮૨) શુદ્ધ ચૈતન્યમૂર્ત્તિ **ભગવત્ અમૃતચંદ્રજીએ** સર્વવિશુદ્ધ ચિન્માત્ર ભાવની પરમ ભાવસ્તુતિ પ્રકાશી છે - 'સર્વને પણ **સ્વલક્ષણ બલથી** ભેદીને જે ભેદી શકાતું નથી, તે **ચિન્મુદ્રા અંકિત** નિર્વિભાગ મહિમાવાળો **શુદ્ધ ચિત્ જ** હું છું, જો કારકો, આવા જો ધર્મો, વા જો ગુણો ભેદ પામતા હો તો ભલે ભેદ પામો ! વિભુ વિશુદ્ધ ભાવ **ચિત્‌માં** કોઈ પણ ભિદા (ભેદ) છે નહિ.' ઈ.

પાછલી ગાથામાં અનુસંધાનમાં આ (૨૯૮-૨૯૯) ગાથા **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** પ્રકાશી છે - 'પ્રજ્ઞાથી જે દૃષ્ટા ગ્રહવા યોગ્ય છે, તે હું જ નિશ્ચયથી છું, અવશેષ જે ભાવો મ્હારા પરો એમ જાણવા યોગ્ય છે. પ્રજ્ઞાથી જે જ્ઞાતા ગ્રહવા યોગ્ય છે, તે હું જ નિશ્ચયથી છું, અવશેષ જે ભાવો મ્હારા પરો એમ જાણવા યોગ્ય છે.' આનું વ્યાખ્યાન **'આત્મખ્યાતિ'માં** કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** આત્મા પ્રજ્ઞા વડે કેવી રીતે ગ્રહવા યોગ્ય છે તેનો વિશેષ વિધિ અત્રે દૃષ્ટત્વ - જ્ઞાતૃત્વ પરત્વે દર્શાવ્યો છે અને તેનું સાંગોપાંગ અવિકલ સકલ સમ્યક્‌પણું પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી સુપ્રતિષ્ઠાપિત કર્યું છે.

ઉપરમાં જે **'આત્મખ્યાતિ'માં** ગદ્ય ભાગમાં સવિસ્તર કહ્યું તેના સારસમુચ્ચયરૂપ **સમયસાર કળશ કાવ્ય** (૧૮૩) **અમૃતચંદ્રજીએ** લલકાર્યું છે - **'અદ્વૈતા** છતાં સ્ફુટપણે **ચેતના** જગત્‌માં જો દેગૂ - **જ્ઞપ્તિ રૂપ** (દર્શન-જ્ઞાનરૂપ) (અસ્તિત્વના) ત્યાગે તો ચિત્‌ની પણ જડતા થાય છે અને વ્યાપક વિના વ્યાપ્ય **આત્મા** અંત પામી જાય છે, તેથી નિયતપણે **ચિત્ દેગૂ-જ્ઞપ્તિ રૂપા** છે.'ઈ.

હવે નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો અમૃત **સમયસાર કળશ** (૧૮૪) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - 'ચિત્તનો એક ચિન્મય જ ભાવ છે, ભાવો જે પરો છે તે નિશ્ચયથી પરોના છે, તેથી **ચિન્મય જ ભાવ** ગ્રાહ્ય છે, પર ભાવો સર્વતઃ જ હેય (ત્યજવા યોગ્ય) છે.' અત્રે ટૂંકી ટચ ને ચોકખી ચટ નિશ્ચય સિદ્ધાંતવાર્ત્તા અપૂર્વ આત્મવિનિશ્ચયથી **અમૃતચંદ્રજીએ** પ્રકાશી છે. આ અમૃત કળશમાં સૂચવ્યા પ્રમાણે આ ગાથા (૩૦૦) **આચાર્યજીએ** પ્રકાશી છે - 'સર્વ ભાવોને પરાયા જાણીને 'મ્હારૂં આ' એવું વચન કયો બુધ શુદ્ધ આત્માને જાણતો કયો બુધ ભણે વારુ ?' આનું **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** ઓર ઉપબૃંહણ કર્યું છે - 'જે નિશ્ચયથી પર - આત્માના નિયત સ્વલક્ષણ વિભાગપાતિની **પ્રજ્ઞાથી જ્ઞાની** હોય, તે નિશ્ચયે કરીને એક ચિન્માત્ર ભાવને **આત્મીય** (પોતાનો - આત્માનો) જાણે છે અને શેષ સર્વ

જ ભાવોને પરકીય (પારકા-પરાયા) જાણે છે અને એમ જાણતો તે પરભાવોને 'મ્હારા આ' કેમ બોલે ? પર-આત્માનો નિશ્ચયથી સ્વ - સ્વામિ સંબંધનો અસંભવ છે માટે, એથી કરીને સર્વથા ચિદ્‌ભાવ જ ગ્રહવા યોગ્ય છે, શેષ સર્વે જ ભાવો સર્વથા પ્રકૃષ્ટપણે અત્યંતપણે, ત્યજવા યોગ્ય છે એવો સિદ્ધાંત છે.' આ 'આત્મખ્યાતિ'માં કહ્યું, તે સિદ્ધાંતના સારરૂપ અમૃત સમયસાર કળશ (૧૮૫) કાવ્ય અમૃતચંદ્રજીએ ભાવાવેશથી લલકાર્યું છે - 'આ સિદ્ધાંત ઉદાત્ત ચિત્ત ચરિતવાળા મોક્ષાર્થીઓથી સેવાઓ ! શુદ્ધ ચિન્મય એક જ પરમ જ્યોતિ સદૈવ છું હું અને આ જે પૃથગ્ લક્ષણવાળા વિવિધ ભાવો સમુલ્લસે છે, તે હું છું નહિ, કારણકે તેઓ સમગ્ર પણ મમ પરદ્રવ્ય છે.' ઈ.

હવે નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો અમૃત સમયસાર કળશ (૧૮૬) અમૃતચંદ્રજી લલકારે છે - 'પરદ્રવ્યગ્રહ કરતો અપરાધવાન બંધાય છે, સ્વદ્રવ્યમાં સંવૃત એવો અનપરાધી મુનિ ન બંધાય.' આ કળશથી સૂચિત આ ત્રણ ગાથામાં (૩૦૧-૩૦૩) ભગવાન કુંદકુંદાચાર્યજીએ સ્તેય (ચોરી) આદિ અપરાધ કરનારા ચોરના સ્વભાવોક્તિમય તાદૃશ્ય ચિત્ર રજુ કરતા દૃષ્ટાંતથી બંધના સિદ્ધાંતનું અપૂર્વ પ્રતિપાદન કર્યું છે - 'સ્તેય (ચોરી) આદિ અપરાધો જે કરે છે, તે જ જનમાં વિચરતાં શંકિત ભમે છે કે 'ચોર' એમ હું કોઈથી પણ મ બંધાઉં, પણ જે અપરાધો નથી કરતો તે જનપદમાં નિઃશંક ભમે છે. એમ હું સાપરાધ છું, હું તો બંધાઉં છું એમ ચેતયિતા શંકિત હોય છે, પણ જે નિરપરાધ છે તો હું નથી બંધાતો એમ નિઃશંક હોય છે ? - આ ગાથાની અદ્‌ભુત વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં કરતાં ભગવાન અમૃતચંદ્રાચાર્યજીએ પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી બિંબ-પ્રતિબિંબ ભાવથી તે દૃષ્ટાંત સાંગોપાંગ વિવરી દેખાડી અદ્‌ભુત તત્ત્વપ્રકાશ રેલાવ્યો છે - 'યથા અત્ર લોકમાં જે જ પરદ્રવ્ય ગ્રહણ લક્ષણ અપરાધ કરે છે, તેને જ બંધ શંકા સંભવે છે, પણ જે શુદ્ધ સતો તે (અપરાધ) નથી કરતો, તેને તે (બંધશંકા) નથી સંભવતીઃ તથા આત્મા પણ જે જ અશુદ્ધ સતો પરદ્રવ્યગ્રહણ-લક્ષણ અપરાધ કરે છે, તેને જ બંધશંકા સંભવે છે, પણ જે શુદ્ધ સતો તે નથી કરતો, તેને તે નથી સંભવતી - એવો નિયમ છે. એથી કરીને સર્વથા સર્વ પરકીય ભાવોના પરિહારથી શુદ્ધ આત્મા ગ્રહવો યોગ્ય છે - તેમ સતે જ નિરપરાધપણું છે માટે.' ઈ.

વારુ, કયો છે આ અપરાધ ? એ (૩૦૪-૩૦૫) ગાથામાં દર્શાવતાં, પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ અત્રે 'અપરાધ' શબ્દની નિરુક્તિથી અપૂર્વ વ્યાખ્યા કરી, આરાધનાનું અદ્‌ભુત સ્વરૂપ દર્શાવી અદ્‌ભુત તત્ત્વપ્રકાશ વિસ્તાર્યો છે - 'સંસિદ્ધિ, રાધ, સિદ્ધ, સાધિય અને આરાધિત એ એકાર્થ છે, અપગતરાધ જે ખરેખર ! ચેતયિતા અપરાધ હોય છે. જે પુનઃ નિરપરાધ ચેતયિતા તે નિઃશંકિત જ હોય છે - (તે) 'અહં' (હું) એમ જાણંતો આરાધનાથી નિત્ય વર્ત્તે છે.' આ ગાથાની તત્ત્વ સમૃદ્ધિમાં 'આત્મખ્યાતિ'માં પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ પોતાની પરમ પ્રતિભાનો અલૌકિક તત્ત્વાલોક સમર્પિત કરી અનન્ય પરમાર્થ પ્રદ્યોતિત કર્યો છે - 'પરદ્રવ્ય પરિહારથી (પરિત્યાગથી) શુદ્ધ આત્માની સિદ્ધિ વા સાધન તે રાધ, અપગત (દૂર થયેલ) છે રાધ જે ચેતયિતાનો તે અપરાધ અથવા અપગત રાધ જે ભાવનો તે અપરાધ, તે (અપરાધ) સહ જે ચેતયિતા વર્ત્તે છે તે સાપરાધ, તે (સાપરાધ) તો પરદ્રવ્ય ગ્રહણના સદ્‌ભાવથી શુદ્ધાત્મસિદ્ધિના અભાવને લીધે બંધશંકાનો સંભવ સતે - સ્વયં અશુદ્ધત્વને લીધે અનારાધક જ હોય, પરંતુ જે નિરપરાધ છે તે તો સમગ્ર પરદ્રવ્યના પરિહારથી શુદ્ધાત્મસિદ્ધિના સદ્‌ભાવને લીધે બંધશંકાનો અસંભવ સતે - ઉપયોગ એકલક્ષણ શુદ્ધ આત્મા એક એવ 'અહં' એમ નિશ્ચય કરતો, નિત્યમેવ શુદ્ધાત્મ સિદ્ધિલક્ષણા આરાધનાથી વર્તમાનપણાને લીધે આરાધક જ હોય.' ઈ. આ 'આત્મખ્યાતિ'માં કહ્યું તેની પરિપુષ્ટિરૂપ અમૃત સમયસાર કળશ (૧૮૭) પરમ ભાવિતાત્મા અમૃતચંદ્રજીએ અપૂર્વ ભાવાવેશથી લલકાર્યો છે - 'સાપરાધ અનવરતપણે અનંત બંધોથી બંધાય છે, નિરપરાધી કદી પણ બંધનને સ્પર્શતો નથી જ, નિયત આ અશુદ્ધ સ્વને ભજતો સાપરાધ હોય છે, સાધુ - સમ્યક્ શુદ્ધાત્મસેવી નિરપરાધ હોય છે.' ઈ. (શંકા) વારુ, આ શુદ્ધાત્મ ઉપાસન પ્રયાસથી શું ? કારણકે પ્રતિક્રમણાદિથી જ આત્મા નિરપરાધ હોય છે - સાપરાધને અપ્રતિક્રમણાદિનું તદ્ અનપોહકપણાએ કરીને વિષકુંભપણું સતે,

પ્રતિક્રમણાદિનું તદ્ અપોહકપણાએ કરીને અમૃતકુંભપણું છે માટે. ** અત્રે (સમાધાન) આ (૩૦૬-૩૦૭) ગાથામાં કરતાં ભગવાન કુંદકુંદાચાર્યજીએ ઉક્ત વિધાનથી સાવ ઉલટી જ - પ્રતિક્રમણાદિ **વિષકુંભ** છે ને અપ્રતિક્રમણાદિ **અમૃતકુંભ** છે - એવી વિચક્ષણો જ જેની વિશિષ્ટ સૂક્ષ્મ અપેક્ષા સમજી શકે એવી વિલક્ષણ પરમ અદ્‌ભુત વાત કહી છે.

અત્ર આ ગ્રંથમાં સર્વત્ર **ગાથા, 'આત્મખ્યાતિ' અને અમૃત કળશનું** સવિસ્તર સ્ફુટ વિવેચન આ લેખકે સ્વકૃત **'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** કર્યું છે.

આમ **મોક્ષ અધિકારને** ઉપસંહરતા **પંચરત્ન અમૃત કળશ** (૧૮૮-૧૯૨) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે -

૧. 'આ પરથી સુખાસીનતા-ગત પ્રમાદીઓ હત થયા, ચાપલ પ્રલીન થયું, આલંબન ઉન્મૂલિત (ઉન્મીલિત ?) થયું, સંપૂર્ણ વિજ્ઞાનઘનની ઉપલબ્ધિ સુધી ચિત્ત આત્મામાં જ આલાનિત થયું.

૨. જ્યાં પ્રતિક્રમણ જ વિષ પ્રણીત છે, ત્યાં અપ્રતિક્રમણ સુધા ક્યાંથી હોય ? તો પછી અધઃ અધઃ (નીચે નીચે) પ્રપતતા જન પ્રમાદ કેમ કરે છે ? નિષ્પ્રમાદ તે ઊર્ધ્વ ઊર્ધ્વ કેમ નથી અધિરોહતો ?

૩. પ્રમાદ-કલિત શુદ્ધ ભાવ કેમ હોય છે ? કારણકે કષાય ભરગૌરવ થકી અલસતા એ પ્રમાદ છે, એથી કરીને સ્વરસનિર્ભર સ્વભાવમાં નિયમિત હોતો મુનિ પરમ શુદ્ધતાને પામે છે અને અચિરાત્ (અલ્પ કાળમાં જ - શીઘ્ર જ) મૂકાય છે - મુક્ત થાય છે.

૪. અશુદ્ધિ કરનારૂં તે ખરેખર ! પરદ્રવ્ય સમગ્ર સ્વયં ત્યજી દઈને, જે સ્વ દ્રવ્યમાં રતિ પામે છે, તે નિયતપણે સર્વ અપરાધથી ચ્યુત થયેલો બંધ-ધ્વંસને પામી, નિત્યમુદિત (નિત્યં ઉદિત) સ્વજ્યોતિમાંથી અચ્છ ઉચ્ચલતા-નીકળતા-ઉછળતા ચૈતન્ય 'અમૃત' પૂરથી પૂર્ણ મહિમાવંતો શુદ્ધ ભવન્ (હોતો) મૂકાય છે - મુક્ત થાય છે.

૫. બંધછેદ થકી અતુલ, અક્ષય **મોક્ષને** કળતું, આ નિત્યોદ્યોત સ્ફુટિત સહજ અવસ્થાવાળું, એકાંત શુદ્ધ, એકાકાર સ્વરસભરથી અત્યંત ગંભીરધીર, પૂર્ણ જ્ઞાન સ્વના અચલ **'મહિમ્ન્'માં** (મહિમામાં) લીન જ્વલિત થયું.'

॥ ઈતિ મોક્ષ નિષ્ક્રાંત ॥

॥ ઈતિ મોક્ષ પ્રરૂપક અષ્ટમ અંક ॥

સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર

સર્વવિશુદ્ધ જ્ઞાન પ્રરૂપક નવમો અંક

હવે **સર્વવિશુદ્ધ જ્ઞાન** પ્રવેશે છે, આ નવમા અંકમાં **'સર્વ વિશુદ્ધ જ્ઞાન'** નામના પરમ પાત્રને પ્રવેશ કરાવતાં, સત્ કવીશ્વર **અમૃતચંદ્રજી** સર્વવિશુદ્ધ જ્ઞાનનું તાદેશ્ય ચિત્ર રજૂ કરતું અને પોતાની પરમ પ્રિય તે **પરં જ્ઞાનજ્યોતિનો** મહામહિમા આવિષ્કૃત કરતું **સમયસાર કળશ** કાવ્ય (૧૯૩) લલકારે છે - 'કર્તૃ-ભોક્તૃ આદિ અખિલ ભાવોને સમ્યક્‌રૂપણે પ્રલય પમાડી, બંધ-મોક્ષ પ્રકલ્પનાઓથી પ્રતિપદે - પ્રત્યેક પદે દૂર થઈ ગયેલો આ સ્વરસવિસરથી (પ્રસરથી, ફેલાવાથી) આપૂર્ણ એવી પુણ્ય અચલ **જ્યોતિ** છે જેની એવો **ટંકોત્કીર્ણ** પ્રકટ મહિમાવાળો **શુદ્ધ શુદ્ધ જ્ઞાનપુંજ** સ્ફૂર્જે છે - સ્ફુરે છે - ઝળહળપણે ઉગ્ર ઝગારા મારે છે.'

આ પછીના કળશ કાવ્યમાં (૧૯૪) **અમૃતચંદ્રજી** પ્રકાશે છે - 'કર્તૃત્વ, ભોક્તૃત્વની જેમ, આ ચિત્‌નો સ્વભાવ નથી, અજ્ઞાન થકી જ આ કર્ત્તા છે, તેના અભાવથી અકારક-અકર્ત્તા છે.' હવે આત્માનું અકર્તૃત્વ દૃષ્ટાંતપૂર્વક આ ગાથામાં (૩૦૮-૩૧૧) **આચાર્યજીએ** પ્રકાશ્યું છે અને તેનું તલસ્પર્શી મીમાંસન **આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પોતાની અનુપમ લાક્ષણિક શૈલીમાં પ્રદર્શિત કર્યું છે. આ **'આત્મખ્યાતિ'માં** વિવરી દેખાડ્યું તેના સમર્થનરૂપ અને આગલી ગાથાના ભાવના સૂચનરૂપ અમૃત **સમયસાર કળશ** (૧૯૫) **અમૃતચંદ્રજી** લલકારે છે - 'એવા પ્રકારે સ્વરસથી વિશુદ્ધ આ જીવ સ્ફુરંતી **ચિત્‌જ્યોતિઓથી** ભુવનાભોગ - ભવનને છુરિત કરતો (ધોળતો) એવો અકર્ત્તા સ્થિત છે, તથાપિ આનો જે અહીં પ્રકૃતિઓ સાથે ખરે ! આ બંધ હોય તે તો ખરેખર ! અજ્ઞાનનો કોઈ પણ ગહન મહિમા સ્ફુરે છે.' ઈ.

આ અમૃત કળશથી સૂચિત આ ગાથામાં (૩૧૨-૩૧૩) **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** પ્રકાશ્યું છે - **'ચેતયિતા** પ્રકૃતિ અર્થે ઉપજે છે - વિણસે છે, **પ્રકૃતિ** પણ ચેતયિતા અર્થે ઉપજે છે - વિણસે છે, એમ આત્માનો અને પ્રકૃતિનો - બન્નેનો **અન્યોન્ય પ્રત્યયથી બંધ** હોય અને તેથી **સંસાર** ઉપજે છે.' ઈ. આ ગાથાનો ભાવ **'આત્મખ્યાતિ'માં પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** નિષ્ટુષ યુક્તિથી પરિસ્ફુટ વિવર્યો છે - 'આ **ચેતયિતા** નિશ્ચયે કરીને આસંસારથી જ પ્રતિનિયત **સ્વલક્ષણના** અનિર્જ્ઞાને કરીને પર-આત્માના **એકત્વ અધ્યાસના** કરણને લીધે **કર્ત્તા** સતો - **પ્રકૃતિનિમિત્તે** ઉત્પાદ-વિનાશ પામે છે, **પ્રકૃતિ** પણ **ચેતયિતા નિમિત્તે** ઉત્પત્તિ-વિનાશ પામે છે, એમ આ આત્મા અને પ્રકૃતિ એ બન્નેનો - કર્તૃકર્મભાવના અભાવે પણ - **અન્યોન્ય નિમિત્ત-નૈમિત્તિક ભાવથી બંધ** દૃષ્ટ છે, તેથી **સંસાર** અને તેથી જ **કર્તૃ-કર્મ વ્યવહાર.'** અને આ ગાથામાં (૩૧૪-૩૧૫) **આચાર્યજીએ** અત્ર આત્મા કર્ત્તા-અકર્ત્તા કેવી પ્રક્રિયાથી (Process) કેવા ક્રમથી હોય છે તેનું નિરૂપણ કર્યું છે - 'જ્યાં લગી આ ચેતયિતા પ્રકૃતિ અર્થને ન વિમૂકતો ત્યાં લગી તે અજ્ઞાયક, મિથ્યાદૃષ્ટિ, અસંયત હોય, જ્યારે ચેતયિતા અનંત કર્મફલને અનંતક એવાને વિમૂકે છે, ત્યારે જ્ઞાયક, દર્શક, મુનિ તે વિમુક્ત હોય છે.' આનું સ્પષ્ટ વિવરણ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પ્રકાશ્યું છે - 'જ્યાં લગી આ **ચેતયિતા** પ્રતિનિયત સ્વલક્ષણના અનિર્જ્ઞાનને લીધે આત્માનું બંધનિમિત્ત પ્રકૃતિ સ્વભાવને નથી મૂકતો, ત્યાં લગી સ્વ - પરના એકત્વજ્ઞાનથી તે અજ્ઞાયક હોય છે, સ્વ - પરના એકત્વ દર્શનથી મિથ્યાદૃષ્ટિ અને સ્વ - પરની એકત્વપરિણતિથી અસંયત હોય છે, ત્યાં લગી જ પર - આત્માના એકત્વ અધ્યાસના કરણને લીધે **કર્ત્તા** હોય છે, પણ જ્યારે આ જ પ્રતિનિયત સ્વલક્ષણના નિર્જ્ઞાનને લીધે આત્માનું બંધનિમિત્ત પ્રકૃતિ સ્વભાવને મૂકે છે, ત્યારે સ્વ - પરના વિભાગજ્ઞાનથી તે જ્ઞાયક હોય છે, સ્વ - પરના વિભાગદર્શનથી દર્શક હોય છે અને સ્વ - પરની વિભાગ પરિણતિના સંયત હોય છે અને ત્યારે જ પર - આત્માના એકત્વઅધ્યાસના અકરણને લીધે **અકર્ત્તા** હોય છે.' ઈ.

અત્રે નીચેની ગાથાનું સૂચન કરતો અમૃત કળશ (૧૯૬) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - 'ભોક્તૃત્વ, કર્તૃત્વ જેમ, આ ચિત્‌નો સ્વભાવ કહ્યો નથી, અજ્ઞાનથી જ આ ભોક્તા છે, તેના અભાવથી અવેદક - અભોક્તા છે.' આ કળશથી સૂચિત આ ગાથામાં (૩૧૬) **આચાર્યજી** પ્રકાશે છે - 'અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં સ્થિત એવો કર્મફલને વેદે છે, પણ જ્ઞાની કર્મફલ ઉદિત જાણે છે, નથી વેદતો.' એ આ ગાથામાં ગ્રથન કર્યું છે અને સંપૂર્ણ સાંગોપાંગ પ્રકિયા **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** અત્યંત સ્પષ્ટ સમજાવી છે - **'અજ્ઞાની** નિશ્ચયે કરીને **શુદ્ધાત્મજ્ઞાનના અભાવ** થકી સ્વ - પરના એકત્વ જ્ઞાનથી, સ્વ - પરના **એકત્વ** દર્શનથી અને સ્વ - પરની એકત્વ પરિણતિથી **પ્રકૃતિસ્વભાવમાં સ્થિતપણાને લીધે**, પ્રકૃતિ સ્વભાવને પણ અહંતાથી અનુભવતો, કર્મફલ વેદે છે, પણ **જ્ઞાની** તો નિશ્ચયે કરીને **શુદ્ધાત્મજ્ઞાનના** સદ્‌ભાવ થકી સ્વ - પરના **વિભાગ જ્ઞાનથી** સ્વ - પરના વિભાગ દર્શનથી અને સ્વ - પરની વિભાગ પરિણતિથી **પ્રકૃતિસ્વભાવમાંથી અપસૃતપણાને લીધે**, શુદ્ધાત્મ સ્વભાવને એકને જ અહંતાથી અનુભવતો, કર્મફલ ઉદિતને જ્ઞેયમાત્રપણાને લીધે જાણે જ છે, પણ તેના અહંતાથી અનુભવવાના અશક્યપણાને લીધે નથી વેદતો.' **'આત્મખ્યાતિ'માં** જે કહ્યું તેના સારસમુચ્ચય રૂપ - પરિપુષ્ટિરૂપ આ **સમયસાર કળશકાવ્યનું** (૧૯૭) સર્જન કરી આ પરથી ફલિત થતો સારભૂત પરમાર્થ **જ્ઞાનમૂર્ત્તિ અમૃતચંદ્રજીએ** અત્ર હૃદયંગમ સચોટ શૈલીથી ઉપદેશ્યો છે - **'અજ્ઞાની પ્રકૃતિ સ્વભાવ નિરત** નિત્ય વેદક હોય, પણ **જ્ઞાની પ્રકૃતિ સ્વભાવવિરત** કદી પણ વેદક ન હોય, એવા પ્રકારે એમ નિયમ નિરૂપીને નિપુણોથી **અજ્ઞાનિતા** ત્યજાઓ ! **શુદ્ધ એકાત્મમય મહસ્‌માં** (મહાતેજમાં) અચલિતોથી **જ્ઞાનિતા** આસેવાઓ !

અજ્ઞાની વેદક જ એમ નિયમાય છે, તે આ ગાથામાં (૩૧૭) **આચાર્યજીએ** અભવ્યના દૃષ્ટાંતથી સ્થાપિત કર્યો છે - 'અભવ્ય સારી પેઠે શાસ્ત્રો અધ્યયન કરીને પણ પ્રકૃતિને મૂકતો નથી, ગળ્યું દૂધ પીતાં પણ પન્નગો (ઝેરી સાપ) નિર્વિષ નથી હોતા.' આની વ્યાખ્યા **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** નિષ્ઠુષ યુક્તિથી પ્રકાશી છે - **'યથા** અત્ર **વિષધર** વિષભાવ સ્વયમેવ નથી મૂકતો અને વિષભાવના વિમોચનમાં સમર્થ સાકર સહિત ક્ષીરપાન થકી નથી મૂકતો : **તથા** નિશ્ચયે કરીને **અભવ્ય** પ્રકૃતિ સ્વભાવ સ્વયમેવ નથી મૂકતો અને પ્રમોચનમાં સમર્થ દ્રવ્યશ્રુતજ્ઞાન થકી નથી મૂકતો - નિત્યમેવ ભાવશ્રુતજ્ઞાન લક્ષણ શુદ્ધાત્મ જ્ઞાનના અભાવે કરી અજ્ઞાનિત્વને લીધે, એથી નિયમાય છે કે અજ્ઞાની પ્રકૃતિ સ્વભાવમાં સુસ્થિતપણાને લીધે વેદક જ છે.' ઈ. પણ જ્ઞાની અવેદક જ છે એમ નિયમાય છે, તે આ (૩૧૮) ગાથામાં **આચાર્યજી** પ્રકાશે છે - 'નિર્વેદ સમાપન્ન જ્ઞાની મધુરું કડવું બહુ પ્રકારનું કર્મફલ વિજાણે છે - તેથી તે અવેદક હોય છે.' આનો ભાવ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** પરિસ્ફુટ વિવર્યો છે.

હવે આ ઉપરથી સમગ્રપણે ફલિત થતો સાર દર્શાવી, જ્ઞાની કર્ત્તા નથી તેમજ ભોક્તા નથી એવા આગલી ગાથાના સંયુક્ત ભાવનું સૂચન કરતો અમૃત **સમયસાર કળશ** (૧૯૮) **અમૃતચંદ્રજી** પરમ આત્મભાવોલ્લાસથી લલકારે છે - **'જ્ઞાની** કર્મ નથી કરતો અને નથી વેદતો, તેના સ્વભાવને આ સ્ફુટપણે નિશ્ચયે કરીને કેવલ જાણે જ છે, કરણ - વેદનના અભાવને લીધે માત્ર જાણંતો **શુદ્ધસ્વભાવ** નિયત તે નિશ્ચયે કરીને **મુક્ત જ** છે.' ઈ. આ કળશમાં સૂચવ્યા પ્રમાણે આ ગાથામાં (૩૧૯) જ્ઞાની કર્મનો કર્ત્તા - ભોક્તા નથી પણ જ્ઞાતા જ એમ **આચાર્યજીએ** પ્રતિપાદન કર્યું છે - 'જ્ઞાની બહુ પ્રકારના કર્મો નથી જ કરતો, નથી જ વેદતો, પુણ્ય અને પાપ એવા કર્મફલને અને બંધને જાણે છે.' આની વ્યાખ્યા **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** સ્ફુટ સમજાવી છે.

જ્ઞાની કેવી રીતે અકર્ત્તા અને અભોક્તા તેનું આ ગાથામાં (૩૨૦) **શાસ્ત્રકર્ત્તાએ** અત્ર દૃષ્ટિના **દૃષ્ટાંતથી** સમર્થન કર્યું છે - 'જેમ જ દૃષ્ટિ, તેમ જ્ઞાન અકારક અને અવેદક એવું બંધ - મોક્ષને, કર્મ ઉદયને અને નિર્જરાને જાણે છે.' અને આ દૃષ્ટિના સચોટ દૃષ્ટાંતનો દૃષ્ટાંત - દાર્ષ્ટાંતિક ભાવ બિંબ-પ્રતિબિંબપણે સાંગોપાંગ **'આત્મખ્યાતિ'માં** દેખાડી 'આત્મખ્યાતિ' વ્યાખ્યાકારે તેનું ઓર સ્પષ્ટીકરણ

કર્યું છે. 'યથા અત્રે લોકમાં દૃષ્ટિ દૃશ્યથી અત્યંત વિવિક્તત્વથી તેના (દૃશ્યના) કરણ-વેદનના અસમર્થપણાને લીધે દૃશ્યને નથી કરતી અને નથી વેદતી - નહિ તો અગ્નિ દર્શનથી સંધુક્ષણની જેમ સ્વયં જ્વલનકરણનું અને લોહપિંડની જેમ સ્વયમેવ ઉષ્ણતા અનુભવનનું દુર્નિવારપણું હોય માટે, કિંતુ કેવલ દર્શન માત્રસ્વભાવપણાને લીધે તે કેવલ જ દેખે છે : તથા જ્ઞાન પણ સ્વયં દૃષ્ટૃત્વને લીધે કર્મથી અત્યંત વિભક્તત્વથી નિશ્ચયથી તેના કરણ - વેદનના અસમર્થપણાને લીધે કર્મને નથી કરતું અને નથી વેદતું, કિંતુ કેવલ જ્ઞાનમાત્ર સ્વભાવપણાને લીધે કર્મબંધને વા મોક્ષને, કર્મોદયને વા નિર્જરાને કેવલ જ જાણે છે.

આમ અજ્ઞાનથી કર્ત્તા અને જ્ઞાનથી અકર્ત્તા, અજ્ઞાનથી ભોક્તા અને જ્ઞાનથી અભોક્તા એમ અનેકાંત સિદ્ધાંતથી - સ્યાદ્વાદયુક્તિથી આત્માના કર્ત્તા - ભોક્તાપણા અંગેનું પરિસ્ફુટ નિરૂપણ કરી, નિશ્ચયથી - પરમાર્થથી મૂળ તત્ત્વદૃષ્ટિથી કેવલ જ્ઞાનમય આત્મા, દૃષ્ટિની જેમ, નથી કર્ત્તા - નથી ભોક્તા, કેવલ જ્ઞાતા જ - જ્ઞાયક જ છે, એમ પરમતત્ત્વદેષ્ટા અમૃતચંદ્રાચાર્યજીએ પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી અત્યંત નિષ્ણુષપણે સમજાવ્યું. હવે આગલી ગાથાના ભાવનું માર્મિક સૂચન કરતો અમૃત સમયસાર કળશ (૧૯૯) અમૃતચંદ્રાચાર્યજી લલકારે છે - 'પણ જેઓ તમસથી તત (વ્યાપ્ત, આવૃત) એવાઓને (મોક્ષ ઈચ્છતાઓને) (મુમુક્ષુઓને) પણ સામાન્યજનની જેમ મોક્ષ નથી.' આ કળશથી સૂચિત આ (૩૨૨-૩૨૩) ગાથામાં આચાર્યજી પ્રકાશે છે - 'લોકના મતે વિષ્ણુ સત્ત્વોને દેવ-નારક-તિર્યંચ-મનુષ્યં કરે છે અને શ્રમણોના મતે પણ આત્મા જો ષડવિધ કાયો કરે છે, (એમ) જો લોકનો અને શ્રમણોનો એક સિદ્ધાંત હોય, તો વિશેષ (તફાવત) દીસતો નથી, કારણકે લોકના મતે વિષ્ણુ કરે છે, શ્રમણોના મતે પણ આત્મા કરે છે, એમ નિત્ય સદૈવ - મનુષ્ય - અસુર લોક કરતાં એવા લોકનો અને શ્રમણોનો બન્નેયનો કોઈ પણ મોક્ષ દીસતો નથી.' આ ગાથાનો ભાવ 'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ પરિસ્ફુટ વિવર્યો છે.

હવે નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો અમૃત સમયસાર કળશ (૨૦૦) અમૃતચંદ્રજી સંગીત કરે છે - 'પરદ્રવ્ય અને આત્મતત્ત્વ એ બેનો સર્વે જ સંબંધ છે નહિ, કર્તૃ-કર્મત્વ સંબંધ-અભાવે તત્ કર્તૃતા ક્યાંથી ?' - આ અમૃત કળશથી સૂચિત આ ગાથા (૨૨૪-૨૨૭) આચાર્યજી પ્રકાશે છે. આ ગાથાનો ભાવ 'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ સ્પષ્ટ વિવર્યો છે - 'અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢો 'પરદ્રવ્ય મ્હારૂં આ' એમ દેખે છે - પણ જ્ઞાનીઓ નિશ્ચયપ્રતિબુદ્ધો પરદ્રવ્ય કણિકામાત્ર પણ 'આ મ્હારૂં નથી' એમ દેખે છે. યથા અત્રે લોકમાં કોઈ વ્યવહાર વિમૂઢ પરકીય ગ્રામવાસી 'મ્હારૂં આ ગ્રામ' એમ દેખતો મિથ્યાદૃષ્ટિ - તથા જ્ઞાની પણ કથંચિત્ વ્યવહારવિમૂઢ થઈને 'પરદ્રવ્ય મ્હારૂં આ' એમ દેખે, તદા તે પણ નિઃસંશય પરદ્રવ્યને આત્મા કરોત મિથ્યાદૃષ્ટિ જ હોય. એથી કરીને તત્ત્વ જાણંતો પુરુષ સર્વ જ પરદ્રવ્ય મ્હારૂં નથી એમ જાણીને - લોકનો અને શ્રમણોનો બન્નેયનો જે આ પરદ્રવ્યમાં કર્તૃત્વ વ્યવસાય, તે તેઓનો - સમ્યગ્ દર્શન રહિતપણાને લીધે જ હોય છે એમ સુનિશ્ચિત જાણે.' ઈ.

હવે ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે જીવ ભાવકર્મનો કર્ત્તા છે એ આ ગાથામાં (૩૨૮-૩૩૧) આચાર્યજીએ ચાર વિકલ્પો રજૂ કરી એમની લાક્ષણિક શૈલીમાં સુંદર યુક્તિથી પ્રતિપાદન કર્યું છે - 'જો મિથ્યાત્વ પ્રકૃતિ આત્માને મિથ્યાદૃષ્ટિ કરે છે, તો ત્હારે મતે અચેતના પ્રકૃતિ ખરેખર ! કારક પ્રાપ્ત થઈ ! અથવા આ જીવ પુદ્ગલનું મિથ્યાત્વ કરે છે, તેથી (તો) પુદ્ગલદ્રવ્ય મિથ્યાદૃષ્ટિ હોય ! નહિ કે જીવ ! હવે જો જીવ તથા પ્રકૃતિ પુદ્ગલદ્રવ્યને મિથ્યાત્વ કરે છે, તો બન્નેએ કરેલું તે તેનું ફલ બન્નેય ભોગવે છે ! હવે જો જીવ તથા પ્રકૃતિ પુદ્ગલદ્રવ્યને મિથ્યાત્વ કરે છે, તો બન્નેએ કરેલું તે તેનું ફલ બન્નેય ભોગવે છે ! હવે જો ન પ્રકૃતિ - ન જીવ પુદ્ગલ દ્રવ્યને મિથ્યાત્વ કરે છે તો પુદ્ગલ દ્રવ્ય મિથ્યાત્વ હોય, તે શું ખરેખર ! મિથ્યા નથી ?' આનું 'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ અપૂર્વ તત્ત્વ મીમાંસન કર્યું છે.

આ જે 'આત્મખ્યાતિ'માં કહ્યું તેના સારસંદોહરૂપ ઉક્ત ભાવની પરિપુષ્ટિ કરતો આ અમૃત

સમયસાર કળશ (૨૦૩) અમૃતચંદ્રજીએ સંગીત કર્યો છે - 'કાર્યત્વને લીધે કર્મ અકૃત નથી અને તે જીવ - પ્રકૃતિ એ બન્નેનું કાર્ય નથી - અજ્ઞ પ્રકૃતિને સ્વકાર્ય ફલભોગી ભાવનો અનુષંગ હોય માટે, એક પ્રકૃતિની કૃતિ નથી - અચિત્‌ત્વનું લસન છે માટે, તેથી જીવ આનો (કર્મનો) કર્ત્તા છે અને જીવનું જ કર્મ તે ચિદ્‌અનુગ-ચૈતન્યને અનુગત કરે છે, કારણકે પુદ્‌ગલ જ્ઞાતા નથી.' ઈ.

હવે કોઈ શ્રમણો - શ્રમણાભાસો, સાંખ્યોની જેમ, કર્મને જ કર્ત્તા માની આત્મા સર્વથા એકાંતે અકર્ત્તા માને છે, તેઓની મિથ્યા માન્યતા દૂર કરતું તાદૃશ્ય વર્ણન નીચેની ગાથાઓમાં આવે છે, તેનું માર્મિક સૂચન કરતો આ અમૃત સમયસાર કળશ (૨૦૪) અમૃતચંદ્રજી લલકારે છે - 'કર્મને કર્ત્તૃ પ્રવિતર્કીને આત્માની કર્ત્તૃતા ફગાવી દઈ, કોઈ હતકોથી 'કર્ત્તા આત્મા જ કથંચિત્‌ છે' એવી અચલિત શ્રુતિ કોપિત - કોપાવવામાં આવેલ છે, તે ઉદ્ધત મોહથી મુદ્રિત બુદ્ધિવાળાઓના બોધની સંશુદ્ધિને અર્થે સ્યાદ્‌વાદ પ્રતિબંધથી લબ્ધવિજયા (વિજયા પામેલી) વસ્તુસ્થિતિ સ્તવવામાં આવે છે.' ઈ.

આ કળશમાં સૂચવ્યા પ્રમાણે આ ગાથામાં (૩૩૨-૩૪૪) આચાર્યજીએ, કોઈ શ્રમણો આત્માને એકાંત અકર્ત્તા માની - સાંખ્યોની જેમ - કર્મને કર્મનો કર્ત્તા માને છે, તેનું અત્ર નિરાકરણ કર્યું છે અને તેનું 'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ સ્યાદ્‌વાદ સિદ્ધાંતયુક્તિથી તત્ત્વ સર્વસ્વ [illegible] આખ્યાન પ્રકાશ્યું છે - 'કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે, જ્ઞાનાવરણ'આખ્ય કર્મના [illegible] તેની અનુપપત્તિ (અઘટમાનતા) છે માટે, કર્મ જ જ્ઞાની કરે છે - 'જ્ઞાનાવરણ'આખ્ય [illegible] ક્ષયોપશમ સિવાય [illegible] ની અનુપપત્તિ છે માટે. વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાન [illegible] પરિણમમાનનું [illegible] કેવલ જ્ઞાતૃત્વને લીધે સાક્ષાત્‌ અકર્ત્તૃત્વ હોય.' આ 'આત્મખ્યાતિ'ના ભાવનું પરિસ્ફુટ વિવેચન [illegible] પોતાનકે સ્વકૃત 'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં કર્યું છે.

અને આ 'આત્મખ્યાતિ'માં જે સંકલનાબદ્ધ યુક્તિથી આટલા [illegible] વિસ્તારથી વિવરી દેખાડ્યું, તેનો સારસમુચ્ચય સંકલિત કરતા આ કળશ કાવ્યમાં (૨૦૫) શુદ્ધોપયોગી [illegible] મહાપ્રજ્ઞાશ્રમણ અમૃતચંદ્રાચાર્યજી આર્હત દર્શનાનુયાયી ઈતર શ્રમણાદિને આર્જવભરી [illegible] કરે છે - 'આ આર્હતો પણ, સાંખ્યોની જેમ, પુરુષને અકર્ત્તા મ સ્પર્શો ! ભેદાવબોધથી (ભેદજ્ઞાનથી) અધઃ - નીચેમાં સદા સ્ફુટપણે કર્ત્તાર કળો ! ઊર્ધ્વ (આગળ ઉપર) તો ઉદ્ધત બોધધામમાં નિયત પ્રત્યક્ષ આને (આત્માને) કર્તૃભાવ ચ્યુત થયેલ એવો અચલ એક જ્ઞાતાર દેખો !' ઈ.

હવે કોઈ ક્ષણિકવાદી (બૌદ્ધ) કર્ત્તા અને ભોક્તા જૂદો માને છે, જે કર્ત્તા તે ભોક્તા નથી એમ એકાંતિક કથન કરે છે, તેનું નિરસન નીચેની ગાથાઓમાં આવે છે, તેનું સૂચન કરતો આ અને આ પછીના સમયસાર કળશ (૨૦૬, ૨૦૭) અમૃતચંદ્રજી સંગીત કર્યા છે. (૧) 'અહીં (કોઈ) એક આ આત્મતત્ત્વને ક્ષણિક કલ્પીને પોતાના મનમાં કર્ત્તા - ભોક્તાનો વિભેદ ધારે છે, તેના વિમોહને નિત્ય અમૃત ઓઘોથી અભિસિંચતો આ ચિત્‌ચમત્કાર સ્વયં દૂર કરે છે.' (૨) 'વૃત્તિ અંશના ભેદથી અત્યંત વૃત્તિમંતના નાશ કલ્પન થકી અન્ય કરે છે, અન્ય ભોગવે છે, એકાંત મ ચકાસો ! (પ્રકાશો !).' આ કળશમાં સૂચવ્યા પ્રમાણે આ ગાથામાં (૩૪૫-૩૪૯) આ આચાર્યજીએ - 'અન્ય કરે છે, અન્ય ભોગવે છે' એવા એકાંતને જે ગ્રહે છે તે જીવ 'મિથ્યાદૃષ્ટિ અનાર્હત' જાણવો એમ કહ્યું છે.' આનું 'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજી નિષ્ઠુષ યુક્તિયુક્ત સમર્થન કરી તે ક્ષણિક એકાંતવાદીનું મિથ્યાદૃષ્ટિપણું સ્પષ્ટ સમજાવ્યું છે. અત્રે આ 'આત્મખ્યાતિ'માં ગદ્ય ભાગમાં આ જે કહ્યું તેનો સારસંદોહ સંદબ્ધ કરતાં આ સમયસાર કળશ કાવ્યમાં (૨૦૮) અમૃતચંદ્રજી અદ્‌ભુત આત્મવિનિશ્ચયથી ક્ષણિકવાદીઓનો માર્મિક ઉપહાસ કરતાં ગર્જે છે - 'આત્માને પરિશુદ્ધ ઈચ્છતા અંધકોથી અતિવ્યાપીને અંગીકાર કરી, કાલોપાધિના બલ થકી ત્યાં પણ અધિક અશુદ્ધિ માનીને, શુદ્ધ ઋજુસૂત્રથી પ્રેરિત એવા પૃથુક (બૌદ્ધ) પરોથી, ચૈતન્ય ક્ષણિક પ્રકલ્પીને, નિઃસૂત્ર મુક્તેક્ષીઓથી હારની જેમ, અહો ! આત્મા જ છોડી દેવાયો.' ઈ. અત્ર અનેકાંત સિદ્ધાંતના અનન્ય પુરસ્કર્ત્તા અમૃતચંદ્રાચાર્યજીએ મતમતાંતર અંગે અદ્‌ભુત

સામ્ય દાખવી અલૌકિક આત્મઅનુભવનિશ્ચયથી આ અમૃત **સમયસાર કળશ** (૨૦૯) સંગીત કર્યો છે - 'કર્ત્તાનો અને વેદયિતાનો યુક્તિવશથી ભેદ હો, વા અભેદ પણ હો અને કર્ત્તા વેદયિતા ભલે મ હો, (પણ) વસ્તુ જ સમ્યક્‌પણે ચિંતવાઓ ! સૂત્રની જેમ અહીં આત્મામાં પરોવાયેલી જે નિપુણોથી ક્વચિત્ ભેદવી શક્ય નથી' એવી આ ચિત્‌ચિંતામણિમાલિકા અમને સર્વતઃ પણ એક ચકાસે જ (પ્રકાશે જ) છે.' ઈ.

હવે નીચેની ગાથાના ભાવ સૂચન કરતો અમૃત **સમયસાર** કળશ (૨૧૦) **અમૃતચંદ્રજી** પરમ આત્મભાવોલ્લાસથી લલકારે છે - 'વ્યવહારિક દૃષ્ટિથી જ કેવલ કર્તૃ અને કર્મ વિભિન્ન 'ઈષ્યતે' - માનવામાં આવે છે, નિશ્ચયથી જે વસ્તુ ચિંતવાય છે, તો કર્તૃ અને કર્મ સદા એક 'ઈષ્યતે' માનવામાં આવે છે.' ઈ. આ કળશમાં સૂચવ્યા પ્રમાણે વ્યવહારથી કર્ત્તા - કર્મનો ભેદ પણ નિશ્ચયથી તો કર્ત્તા કર્મનો ભેદ નથી, એ સિદ્ધાંતનું અત્રે **શાસ્ત્રકર્ત્તાએ** શિલ્પીના સુંદર **દૃષ્ટાંતથી** પ્રતિપાદન કર્યું છે અને આનો **દૃષ્ટાંત** - **દાર્ષ્ટાંતિક** ભાવ બિંબ-પ્રતિબિંબ પણ સાંગોપાંગ પ્રવ્યક્ત કરી **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રાચાર્યજીએ** નિષ્ણુષ સ્પષ્ટીકરણથી પ્રસ્તુત સિદ્ધાંતનો વ્રજલેપ દૃઢ સુવિનિશ્ચય કરાવ્યો છે - **યથા** સ્ફુટપણે નિશ્ચયથી **સુવર્ણકારાદિ** કુંડલાદિ **પરદ્રવ્ય પરિણામાત્મક** કર્મ કરે છે, હથોડી આદિ **પરદ્રવ્ય પરિણામાત્મક** કરણો વડે કરે છે, હથોડી આદિ પરદ્રવ્ય પરિણામાત્મક કરણો ગ્રહે છે, ગ્રામાદિ **પરદ્રવ્ય પરિણામાત્મક** કુંડલાદિ - કર્મફલ ભોગવે છે, પણ અનેક દ્રવ્યત્વથી તેનાથી અન્યત્વ સતે, **તન્મય નથી થતો**, તેથી નિમિત્ત - નૈમિત્તિક ભાવમાત્રથી જ ત્યાં **કર્તૃકર્મ-ભોક્તૃભોગ્ય વ્યવહાર** છે - **તથા આત્મા** પણ પુણ્ય - પાપાદિ **પુદ્‌ગલ પરિણામાત્મક કર્મ કરે છે, કાય-વાઙ્મનઃ પુદ્‌ગલ પરિણામાત્મક** કરણો વડે કરે છે, કાય-વાઙ્મનઃ પુદ્‌ગલ પરિણામાત્મક કરણો ગ્રહે છે, સુખ દુઃખાદિ **પુદ્‌ગલ દ્રવ્યપરિણામાત્મક** પુણ્ય-પાપાદિ કર્મફલ ભોગવે છે, પણ **અનેક દ્રવ્યત્વથી** તેનાથી **અન્યત્વ** સતે **તન્મય નથી થતો**, તેથી **નિમિત્ત-નૈમિત્તિક ભાવમાત્રથી જ** ત્યાં **કર્તૃ-કર્મ-ભોક્તૃભોગ્યત્વ** વ્યવહાર છે. અને **યથા** તે જ **શિલ્પી** કરવાને ઈચ્છતો ચેષ્ટાનુરૂપ **આત્મપરિણામાત્મ** કર્મ કરે છે અને દુઃખલક્ષણ **આત્મપરિણામાત્મક** ચેષ્ટાનુરૂપ કર્મફલ ભોગવે છે અને એકદ્રવ્યત્વથી તેનાથી અનન્યત્વ સતે તન્મય હોય છે, તેથી પરિણામ - પરિણામી ભાવથી ત્યાં જ કર્તૃ-કર્મ-ભોક્તૃગ્યત્વ નિશ્ચય છે : **તથા આત્મા** પણ કરવાને ઈચ્છતો (ચિકીર્ષુ), ચેષ્ટારૂપ **આત્મ પરિણામાત્મક** કર્મ કરે છે અને દુઃખલક્ષણ **આત્મપરિણામાત્મક** ચેષ્ટારૂપ કર્મફલ ભોગવે છે અને **એકદ્રવ્યત્વથી** તેનાથી **અનન્યત્વ** સતે **તન્મય** હોય છે, તેથી **પરિણામ-પરિણામી ભાવથી** ત્યાં જ **કર્તૃ કર્મ-ભોક્તૃ ભોગ્યત્વ નિશ્ચય છે.**' ઈ.

ઉપરમાં **'આત્મખ્યાતિ'**ના ગદ્ય ભાગનું જે કહ્યું તેની પરિપુષ્ટિરૂપ - સારસમુચ્ચય રૂપ અને આ પછીના ત્રણ **સમયસાર** કળશ કાવ્યોમાં **અમૃતચંદ્રાચાર્યજીએ** નિશ્ચયથી વસ્તુ તત્ત્વ વિજ્ઞાનનું પરમ અદ્‌ભુત સ્પષ્ટીકરણ કરી પરમ રહસ્યભૂત ઊંડામાં ઊંડું તત્ત્વજ્ઞાન પ્રકાશ્યું છે. તેમાં આ કળશમાં (૨૧૧) પરિણામ - પરિણામીની અભેદ યુક્તિથી કર્તૃકર્મનો અભેદ દર્શાવ્યો છે - 'ખરેખર ! પરિણામ જ સ્ફુટપણે વિનિશ્ચયથી કર્મ છે, તે (પરિણામ) અપરનો નથી હોતો, પરિણામિનો જ હોય અને કર્મ અહીં કર્તૃશૂન્ય નથી હોતું, અહીં વસ્તુની સ્થિતિ એકતાથી છે, તેથી કર્તૃ તે જ (કર્મ જ) ભલે હો ! એકમાં બીજી વસ્તુનો પ્રવેશ નથી, પ્રત્યેક સ્વભાવનિયત છે, એવી વસ્તુમર્યાદા પોકારતો આ **સમયસાર કળશ** (૨૧૨) **અમૃતચંદ્રજીએ** પરમ અદ્‌ભુત આત્મવિનિશ્ચયથી લલકાર્યો છે - 'સ્ફુટની અનંતશક્તિ સ્વયં યદ્યાપિ બ્હાર લોટે છે, તથાપિ અન્ય વસ્તુ અપર વસ્તુના અંતરમાં પ્રવેશતી નથી, કારણકે સકલ જ વસ્તુ સ્વભાવનિયત ઈષ્ટ માનવામાં આવે છે, તો પછી અહીં મોહિત થયેલો સ્વભાવચલનાથી આકુલ એવો કેમ ક્લેશ પામે છે ?' અને એક વસ્તુ અહીં અન્ય વસ્તુની નથી એવો નિશ્ચય અત્ર આ અમૃત **સમયસાર કળશ** (૨૧૩) પ્રકાશ્યો છે - 'અને કારણકે એક વસ્તુ અહીં અન્ય વસ્તુની નથી, તેથી નિશ્ચયે કરીને વસ્તુ તે વસ્તુ છે - આ નિશ્ચય છે, તો પછી અપર કોણ બ્હાર લુઠતાં છતાં (લોટતાં છતાં) અપરનું શું કરે છે' ? - અને અન્ય વસ્તુ અન્ય વસ્તુનું જે કંઈ પણ કરે છે તે વ્યવહાર

દૃષ્ટિથી માનવામાં આવ્યું છે, એમ આગલી ગાથાની વસ્તુનું આ **સમયસાર કળશમાં** (૨૧૪) કથન કર્યું છે - 'પણ વસ્તુ જે સ્વયં પરિણામી એવી અન્ય વસ્તુનું કંઈ પણ કરે છે, તે વ્યાવહારિક દૃષ્ટિથી જ મત છે, અહીં નિશ્ચયથી કંઈ પણ છે નહિ.' ઈ.

આ કળશથી સૂચિત વસ્તુનું આ ગાથામાં (૩૫૬-૩૬૫) **કુંદકુંદાચાર્યજીએ ખડી ને ભીંતના દૃષ્ટાંતથી ગમિક સૂત્ર શૈલીમાં** સુંદર નિરૂપણ કર્યું છે અને તેનો દૃષ્ટાંત - દાર્ષ્ટાંતિક બિંબ-પ્રતિબિંબ ભાવ તેવી જ હૃદયંગમ ગમિક સૂત્ર પદ્ધતિથી પોતાની અનન્ય લાક્ષણિક શૈલીમાં સાંગોપાંગ વિવરી દેખાડી **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રાચાર્યજીએ** પરમ અદ્‌ભુત અનન્ય ભેદવિજ્ઞાનનું વજ્રલેપ દૃઢીકરણ કરાવ્યું છે.

ઉપરમાં **'આત્મખ્યાતિ'**ના ગદ્ય ભાગમાં જે આટલું બધું સ્પષ્ટ વિવરી દેખાડ્યું તેનો તત્ત્વ નિષ્કર્ષ પ્રકાશતા આ સુવર્ણ **સમયસાર કળશ** કાવ્યમાં (૨૧૫) **અમૃતચંદ્રજી** મુમુક્ષુઓને ભાવવાહી ઉદ્‌બોધન કર્યું છે - 'શુદ્ધ દ્રવ્યના નિરૂપણમાં જેની મતિ અર્પિત એવાને તત્ત્વ સમ્યક્ દેખતાને એકદ્રવ્યગત કંઈ પણ દ્રવ્યાંતર - અન્ય દ્રવ્ય કદી પણ ચકાસતું - ભાસતું નથી અને જ્ઞાન જે જ્ઞેયને જાણે છે, તે તો આ શુદ્ધ સ્વભાવનો ઉદય છે, તો પછી દ્રવ્યાંતર ચુંબનથી આકુલ બુદ્ધિવાળા જનો તત્ત્વથી કેમ ચ્યવે છે.' ઈ.

આ સ્વભાવનો વ્યુત્પત્તિ અર્થથી પરમ પરમાર્થ - મર્મ પ્રવ્યક્ત કરી, તત્ત્વવિજ્ઞાનકળાની સોળે કળાથી પ્રકાશમાન **અમૃતચંદ્રજી** ચંદ્ર ને તેની જ્યોત્સનાના પરમ અદ્‌ભુત દૃષ્ટાંતથી **જ્ઞાન-જ્ઞેયનો** સ્પષ્ટ વિભેદ આ કળશમાં (૨૧૬) તત્ત્વસર્વસ્વ સમર્પકપણે સમજાવે છે - 'શુદ્ધદ્રવ્યના સ્વરસભવનથી સ્વભાવનું શેષ શું છે ? અથવા જો તે અન્ય દ્રવ્ય હોય છે, તો તે શું તેનો સ્વભાવ થાય ?' જ્યોત્સ્ના રૂપ ભૂમિને સ્નાન કરાવે છે, (પણ) ભૂમિ તેની કદી છે જ નહિ, જ્ઞાન જ્ઞેયને સદા કળે છે, (પણ) જ્ઞેય એનું (જ્ઞાનનું) કદી છે જ નહિ.' ઈત્યાદિ.

અને રાગ-દ્વેષ દ્વંદ્વના ઉદય-અનુદયનાં રહસ્ય ચાવી (master-key) અર્પતા આ કળશમાં (૨૧૭) જગદ્‌ગુરુ **અમૃતચંદ્રાચાર્યજીએ** આગલી ગાથામાં આવતા ભાવનું તત્ત્વસર્વસ્વ સમર્પક સૂચન કર્યું છે - 'આ રાગ-દ્વેષ દ્વય ત્યાં લગી ઉદય પામે છે કે જ્યાં લગી **જ્ઞાન જ્ઞાન** નથી થતું અને **બોધ્ય** (જ્ઞેય) **બોધ્યતા** (જ્ઞેયતા) નથી પામતું, તેથી અજ્ઞાનભાવ જેણે ન્યક્કૃત કર્યો છે એવું આ **જ્ઞાન જ્ઞાન** હો ! જેથી કરીને 'ભાવ-અભાવ બન્નેને તિરોહિત કરતો **પૂર્ણ સ્વભાવ** હોય છે.' ઈ. આ અમૃત કળશમાં સૂચવ્યા પ્રમાણે આ ગાથામાં (૩૬૬-૩૭૧) ગમિક સૂત્રથી પોતાની લાક્ષણિક શૈલીમાં માર્મિક વિચાર પ્રેરક પ્રશ્ન (Poser) **કુંદકુંદાચાર્યજી** પ્રકાશે છે - 'દર્શન-જ્ઞાન-ચારિત્ર કિંચિત્ પણ અચેતન વિષયમાં નથી, તેથી તે વિષયોમાં ચેતયિતા શું હણે છે ? દર્શન-જ્ઞાન-ચારિત્ર કિંચિત્ પણ અચેતન કાયમાં નથી, તેથી તે કાયોમાં ચેતયિતા શું હણે છે ? જ્ઞાનનો અને દર્શનનો તથા ચારિત્રનો ઘાત કહ્યો છે, પણ ત્યાં પુદ્‌ગલ દ્રવ્યનો કોઈ પણ ઘાત નિર્દિષ્ટ નથી. જીવના જે ગુણો છે તે નિશ્ચયે કરીને પરદ્રવ્યોમાં નથી, તેથી **સમ્યગ્‌દૃષ્ટિને** વિષયોમાં **રાગ નથી** અને **રાગ-દ્વેષ-મોહ એ જીવના જ અનન્ય પરિણામો છે, એ કારણથી શબ્દાદિમાં રાગાદિ** નથી.' આ સમસ્ત વસ્તુ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રાચાર્યજીએ** પ્રદીપ અને ઘટપ્રદીપના દૃષ્ટાંતથી બિંબ-પ્રતિબિંબ ભાવે સાંગોપાંગ અપૂર્વ રીતે સ્પષ્ટ સમજાવી છે.

અત્રે જીવગુણઘાતે પુદ્‌ગલ દ્રવ્યઘાતનું અને પુદ્‌ગલ દ્રવ્યઘાતે જીવગુણઘાતનું દુર્નિવારપણું હોય માટે. જો એમ છે તો **સમ્યગ્‌દૃષ્ટિને** વિષયોમાં રાગ ક્યાંથી હોય ? ક્યાયથી નહિ. તો પછી રાગની ખાણ કઈ છે ? **રાગ-દ્વેષ-મોહાદિ જીવના જ અજ્ઞાનમય પરિણામો** છે, તેથી પરદ્રવ્યપણાને લીધે વિષયોમાં છે નહિ અને અજ્ઞાન અભાવે **સમ્યગ્‌દૃષ્ટિમાં** તો ભવંતા-હોતા નથી, એમ તે વિષયોમાં અસંતા (ન સતા - ન હોતા), **સમ્યગ્‌દૃષ્ટિને** ન ભવંતા - (ન થતાં) ન ભવંતા જ છે (નથી જ હોતા).' ઈ.

ઉપરમાં જે **'આત્મખ્યાતિ'**ના ગદ્ય વિભાગમાં સિદ્ધાંતવાર્ત્તા વિવરી દેખાડી તેના સારસંદોહરૂપ આ **સમયસાર કળશ** (૨૧૮) આચાર્યવર્ય **અમૃતચંદ્રજી** રાગ દ્વેષ ખપાવવાની સુગમ રહસ્ય ચાવી

(master-key) બતાવે છે - 'જ્ઞાન અહીં નિશ્ચયે કરીને રાગ-દ્વેષ અજ્ઞાન ભાવને લીધે હોય છે. તે બે (રાગ-દ્વેષ) **વસ્તુત્વ** પ્રત્યે **પ્રજ્ઞિહિત દૃષ્ટિથી** દેખવામાં આવતાં ન કિંચિત્ છે, તેથી **સમ્યગ્દૃષ્ટિ** સ્ફુટંતા તે બન્નેને તત્ત્વદૃષ્ટિ ખપાવો ! - કે જેથી પૂર્ણ અચલ અર્ચિષ્મૂવાળી **સહજ જ્ઞાનજ્યોતિ** જ્વલે છે - ઝળહળે છે.' ઈ. આ રાગ-દ્વેષ આત્માનો સ્વભાવ નથી તો પછી રાગ-દ્વેષનો ઉપજાવનાર કોણ છે ? સ્વદ્રવ્ય ? કે પરદ્રવ્ય ? એનો સ્પષ્ટ ખુલાસો આ કળશમાં (૨૧૯) **અમૃતચંદ્રજી** પ્રકાશે છે - 'રાગ-દ્વેષનું ઉત્પાદક એવું અન્ય દ્રવ્ય કંઈ પણ તત્ત્વદૃષ્ટિથી દેખવામાં આવતું નથી, કારણકે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ સ્વ સ્વભાવથી અત્યંત વ્યક્ત અંતરમાં ચકાસે છે - પ્રકાશે છે.' ઈ. આ કળશમાં સૂચવ્યા પ્રમાણે આ ગાથામાં (૩૧૯) 'અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યનો ગુણ ઉત્પાદ નથી કરાતો, તેથી **'સર્વ દ્રવ્યો' સ્વભાવથી** ઉપજે છે', એવો સર્વ સામાન્ય અલૌકિક નિશ્ચય સિદ્ધાંત અત્ર **શાસ્ત્રકાર** ભગવાને સુપ્રતિષ્ઠાપિત કર્યો છે અને **'આત્મખ્યાતિ' સૂત્રકાર** ભગવાને **'આત્મખ્યાતિ'માં** આ સિદ્ધાંત **મૃત્તિકા-કુંભકાર** દૃષ્ટાંતથી સાંગોપાંગ બિંબ-પ્રતિબિંબ ભાવે અનુપમ નિષ્ટુષ યુક્તિથી સમજાવી, તેનો તત્ત્વસર્વસ્વ સમર્પક પરમાર્થ મર્મ પરમ અદ્ભુત આત્મવિનિશ્ચયથી પ્રકાશ્યો છે. આ ભગવતી **'આત્મખ્યાતિ'માં** જે સિદ્ધાંત આટલી સ્પષ્ટ મીમાંસાથી - પુષ્ટ તત્ત્વવિચારણાથી સુપ્રતિષ્ઠાપિત કર્યો, તે પરથી ફલિત થતો સારસમુચ્ચય સંદૃબ્ધ કરતા આ પરિપુષ્ટિરૂપ **સમયસાર કળશમાં** (૨૨૦) **અમૃતચંદ્રજીએ** આત્માર્થી મુમુક્ષુઓને બોધરૂપ ભાવવાહી ઉદ્બોધન કર્યું છે - 'જે અહીં રાગ-દ્વેષ દોષની પ્રસૂતિ થાય છે, તેમાં પરોનું કોઈ પણ દૂષણ છે નહિ, સ્વયં આ અપરાધી અબોધ ત્યાં સર્પે છે, આ વિદિત હો ! અબોધ અસ્ત પામો ! હું બોધ છું.' ઈ. પણ પરદ્રવ્યને જ જેઓ રાગોત્પત્તિમાં નિમિત્ત માને છે તેઓ મોહનો પાર પામતા નથી એવા ભાવનો અમૃત **સમયસાર કળશ** (૨૨૧) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - 'પણ રાગ-જન્મમાં નિમિત્તતા જેઓ પરદ્રવ્યને જ માને છે, શુદ્ધ બોધથી વિધુર (વિરહિત) અંધબુદ્ધિવાળાઓ મોહવાહિની - મોહનદી ઉતરતા નથી.' ઈ.

આ કળશમાં સૂચન કરેલ ભાવ પ્રમાણે અત્રે આ ગાથામાં (૩૭૩-૩૮૨) નૈસર્ગિક કવિત્વપૂર્ણ સ્વભાવોક્તિથી **કુંદકુંદાચાર્યજીએ** ગમિક સૂત્રથી શ્રોતા સમક્ષ એમનો લાક્ષણિક માર્મિક પ્રશ્ન (Poser) મૂકી, ગંભીર રમુજી શૈલીથી જીવને ઉધડો લઈ પરવસ્તુભૂત વિષયો પ્રત્યેનો રાગ છોડાવવાનો **અદ્ભુત કિમિયો** બતાવ્યો છે - પૌદ્ગલિક વિષયોનો રાગ ન ભેદી શકે એવું જીવનું સંરક્ષણ કરનારૂં જાણે અનુપમ **'વજ્રકવચ'** સમર્પ્યું છે - 'પુદ્ગલો બહુ પ્રકારના નિંદિત - સંસ્તુત વચનો પરિણમે છે અને તે સાંભળીને હું ભણાયો (સંબોધાયો) એમ સમજીને તું રોષ કરે છે અને તોષ કરે છે. શબ્દત્વ પરિણત પુદ્ગલ દ્રવ્ય તેનો ગુણ જો અન્ય છે, તેથી તું કિંચિત્ પણ ભણાયો નથી, તો તું અબુદ્ધ કેમ રોષ કરે છે ? અશુભ વા શુભ શબ્દ તને નથી કહેતો કે તું મને સાંભળ ! અને તે પણ શ્રોત વિષયાગત શબ્દ તને નથી કહેતો કે તું મને સાંભળ ! અને તે પણ શ્રોત વિષયાગત શબ્દને વિનિર્ગૃહવા નથી આવતો.' ઈત્યાદિ. આવા ભાવની આ **શાસ્ત્રકર્ત્તાએ** કથેલી આ સિદ્ધાંતિક વસ્તુને **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રાચાર્યજીએ** પ્રદીપના દૃષ્ટાંતથી સાંગોપાંગ બિંબ-પ્રતિબિંબપણે સ્પષ્ટ સમજાવી, પ્રસ્તુત સિદ્ધાંતની અનંતગુણવિશિષ્ટ પરિપુષ્ટિ કરી વજ્રલેપ દૃઢતા કરાવી છે - વિષયરાગાદિથી સંરક્ષણ કરાવનારા પ્રસ્તુત અભેદ્ય **'વજ્રકવચ'**ની ઓર વજ્રલેપ બળવત્તરતા કરાવી છે.

આ **'આત્મખ્યાતિ'**ના ગદ્ય ભાગમાં જે કહ્યું તેનો સારસંદોહ નિબદ્ધ કરતા આ **સમયસાર કળશમાં** (૨૨૨) **અમૃતચંદ્રજી**, અજ્ઞાનીઓ રાગદ્વેષમય થઈ સહજા ઉદાસીનતા કેમ મૂકે છે ? એ અંગે સખેદ આશ્ચર્ય વ્યક્ત તહીંથી અહીંથી કોઈ પણ વિક્રિયાને પામે નહિ - પ્રકાશ્ય થકી દીપની જેમ, તો પછી વસ્તુસ્થિતિના બોધથી વંધ્ય (રહિત) બુદ્ધિવાળા આ અજ્ઞાનીઓ કેમ રાગદ્વેષમય થાય છે ? **સહજા ઉદાસીનતા** કેમ મૂકે છે ?' ઈ.

પણ જ્ઞાનીની સ્થિતિ શી છે ? એ પ્રકાશતો અમૃત **સમયસાર કળશ** (૨૨૩) **શુદ્ધજ્ઞાનદશાસંપન્ન અમૃતચંદ્રજી** પરમ આત્મભાવોલ્લાસથી લલકારે છે - 'રાગ-દ્વેષ વિભાવથી મુક્ત મહસ્વાળા નિત્ય

સ્વભાવ સ્પર્શી, પૂર્વ - આગામી સમસ્ત કર્મથી ભિન્ન, તદાત્વ ઉદયથી ભિન્ન એવાઓ, દૂરારૂઢ ચારિત્ર વૈભવ બળ થકી ચંચત્ (ચમકતી) **ચિદ્ અર્ચિર્ધ્રમથી** એવી સ્વરસથી ભુવનને અભિષિક્ત કરતી **જ્ઞાનની સંચેતનાને** અનુભવે છે.' ઈ. આ અમૃત કળશમાં સૂચવેલા ભાવનું અત્ર આ ગાથામાં (૩૮૩-૩૮૬) પ્રકાશતા **કુંદકુંદાચાર્યજીએ** અત્રે **ચેતયિતા જ** પ્રતિક્રમણ - પ્રત્યાખ્યાન - આલોચન હોય છે અને એમ હોતો તે નિશ્ચયથી ચારિત્ર હોય છે, એમ પ્રતિપાદન કર્યું છે અને **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રાચાર્યજીએ** તેનું સાંગોપાંગ સ્પષ્ટીકરણ કરી અપૂર્વ તત્ત્વરહસ્ય પ્રકાશ્યું છે - 'નિશ્ચયથી જે **ચેતયિતા** પુદ્ગલકર્મ વિપાકભવ (જન્ય) ભાવોમાંથી આત્માને નિવર્ત્તાવે છે, તે તેના કારણભૂત પૂર્વકર્મને પ્રતિક્રામતો સ્વયમેવ **પ્રતિક્રમણ** હોય છે, તે જ તેના કાર્યભૂત ઉત્તર કર્મને પ્રત્યાખ્યાન કરતો **પ્રત્યાખ્યાન** હોય છે, તે જ વર્ત્તમાન કર્મવિપાકને **આત્માથી** અત્યંત ભેદથી ઉપલંભતો (અનુભવતો) **આલોચન** હોય છે. એમ આ નિત્ય પ્રતિક્રામતો, નિત્ય પ્રત્યાખ્યાન કરતો અને નિત્ય આલોચતો, પૂર્વકર્મના કાર્ય ઉત્તર કર્મના કારણ એવા ભાવોથી અત્યંત નિવૃત્ત થયેલો, વર્ત્તમાન કર્મવિપાકને આત્માથી અત્યંત ભિન્ન ઉપલંભતો, નિશ્ચયથી **સ્વમાં જ** એવા **જ્ઞાન સ્વભાવમાં** નિરંતર ચરણ થકી **ચારિત્ર** હોય છે અને ચારિત્ર હોતો, સ્વના જ્ઞાનમાત્રના ચેતન થકી સ્વયમેવ **જ્ઞાન ચેતના** હોય છે, એમ ભાવ છે.' ઈ.

અત્ર નીચેની ગાથાના આવતા ભાવનું સૂચન કરતો અમૃત **સમયસાર કળશ** (૨૨૪) **અમૃતચંદ્રજી** સંગીત કરે છે - **'જ્ઞાનની સંચેતનાથી** જ નિત્ય **જ્ઞાન** અતીવ - અત્યંત **શુદ્ધ** પ્રકાશે છે, પણ **અજ્ઞાન સંચેતનાથી** દોડતો **બંધ** તો બોધની શુદ્ધિને નિરુંધે છે.' ઈ. આ અમૃત કળશથી સૂચિત આ ગાથામાં (૩૮૭-૩૮૯) **કુંદકુંદાચાર્યજી** પ્રકાશે છે - 'કર્મફલને વેદંતો જે આત્માને કર્મફલ કરે છે, તે પુનઃ પણ તે દુઃખનું બીજ અષ્ટવિધ બાંધે છે. કર્મફલને વેદતો જે કર્મફલને મેં કર્યું જાણે છે, તે પુનઃ પણ તે દુઃખનું બીજ અષ્ટવિધ બાંધે છે. કર્મફલને વેદંતો જે ચેતયિતા સુખિઓ અને દુઃખિઓ હોય છે, તે પુનઃ પણ તે દુઃખનું બીજ અષ્ટવિધ બાંધે છે.' આ ગાથાના ભાવનું તત્ત્વસર્વસ્વ સમર્પક અલૌકિક અદ્ભુત વિવરણ **અમૃતચંદ્રાચાર્યજીએ** 'આત્મખ્યાતિ'માં પ્રકાશ્યું છે - **'જ્ઞાનથી** અન્યત્ર 'આ હું' એવું ચેતન તે **અજ્ઞાન ચેતના**, તે દ્વિધા (બે પ્રકારે) **કર્મ ચેતના** અને **કર્મફલ ચેતના.** તેમાં **જ્ઞાનથી** અન્યત્ર 'આ હું કરું છું' એવું ચેતન તે **કર્મ ચેતના, જ્ઞાનથી અન્યત્ર** 'આ હું વેદું છું' એવું ચેતન તે **કર્મફલ ચેતના**, તે તો સમસ્ત પણ **સંસાર બીજ** છે - સંસાર બીજ **અષ્ટવિધ કર્મના બીજપણાને** લીધે, - તેથી મોક્ષાર્થી પુરુષે અજ્ઞાન ચેતનાના પ્રલયાર્થે સકલ કર્મ સંન્યાસભાવના અને સકલ કર્મફલ સંન્યાસ ભાવના નાટિત કરીને, સ્વભાવભૂતા **ભગવતી જ્ઞાનચેતના** જ એક નિત્યમેવ નાટિત કરવા યોગ્ય છે. તેમાં - પ્રથમ **સકલ કર્મસંન્યાસ ભાવના** નાટિત કરે છે. -

અત્રે આ સકલ કર્મસંન્યાસ ભાવનાનો બીજભૂત સર્વસંગ્રાહક **સમયસાર કળશ** (૨૨૫) **અમૃતચંદ્રજીએ** લલકાર્યો છે - કૃત-કારિત-અનુમનનથી મન-વચન-કાયાએ કરી ત્રિકાલ વિષયી સર્વ કર્મ પરિહરીને, હું **પરમ નૈષ્કર્મ્ય** (નિષ્કર્મપણું) અવલંબું છું.' ઈ. અને અત્રે **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ પ્રતિક્રમણકલ્પ** સંબંધી (૪૯) પ્રકારો વિસ્તારથી વિવરી દેખાડ્યા છે. આ પ્રતિક્રમણસાર આ **સમયસાર** કળશમાં (૨૨૬) **અમૃતચંદ્રજીએ ચૈતન્ય** ભાવના પરમ ભાવથી ભાવી છે - 'મોહને લીધે જે મેં કર્યું હતું, તે સમસ્ત પણ કર્મ પ્રતિક્રમીને, **નિષ્કર્મ ચૈતન્યાત્મ આત્મામાં** હું નિત્ય આત્માથી વર્ત્તુ છું.' ઈ.

પછી **આલોચનાકલ્પ** સંબંધી (૪૯) પ્રકારો વિસ્તારથી સ્ફુટ વિવરી દેખાડી, **આલોચનાસાર** આ **સમયસાર કળશમાં** (૨૨૭) પ્રકાશી **અમૃતચંદ્રજીએ** પૂર્વવત્ **ચૈતન્યભાવના** પરમ આત્મભાવોલ્લાસથી ભાવી છે - 'આ ઉદય પામતા કર્મને સકલને મોહવિલાસ વિજૃંભિત આલોચીને **નિષ્કર્મ ચૈતન્યાત્મ આત્મામાં** હું નિત્ય આત્માથી વર્ત્તુ છું. ઈ.

પછી તે જ પ્રકારે **પ્રત્યાખ્યાન કલ્પ** સંબંધી (૪૯) પ્રકારો સ્પષ્ટ વિવરી દેખાડી, **પ્રત્યખ્યાનસાર** આ **સમયસાર કળશમાં** (૨૨૮) **અમૃતચંદ્રજીએ** તથાપ્રકારે **ચૈતન્યભાવના** પરમ આત્મભાવથી અત્યંત ભાવી

છે - 'ભવિયત્ કર્મ સમસ્ત પ્રત્યાખ્યાન કરીને જેણે મોહ નિરસ્ત કર્યો છે, એવો હું **નિષ્કર્મ ચૈતન્યાત્મ આત્મામાં નિત્ય આત્માથી** વર્તું છું.' ઈ.

આમ ત્રિકાલ સંબંધી કર્મથી નિવર્ત્તી, કર્મસંન્યાસ ભાવના નટાવી, નિર્મોહ આત્મા આત્માવલંબનની કેવી દૃઢ ભાવના કરે છે, તે પરમ ભાવિતાત્મા **અમૃતચંદ્રાચાર્યજી** આ અમૃત **સમયસાર કળશમાં** (૨૨૯) દર્શાવે છે - 'એવા પ્રકારે એમ ત્રૈકાલિક સમસ્ત કર્મ નિરસ્ત કરી (ફગાવી દઈ), **શુદ્ધનયાવલંબી** વિલીનમોહ વિકારોથી રહિત એવો હું હવે **ચિન્માત્ર** આત્માને અવલંબું છું.' ઈ.

આમ સકલકર્મ સંન્યાસ ભાવનાનું નાટક કરાવી, પરમ અધ્યાત્મ નાટ્યકાર **પરમ ભાવિતાત્મા અમૃતચંદ્રાચાર્યજી** સકલ કર્મફલસંન્યાસ ભાવનાનું નાટક કરાવવાનો ઉપક્રમ કરતાં, તે ભાવનાના બીજમંત્રરૂપ આ **સમયસાર કળશકાવ્ય** (૨૩૦) પરમ આત્મભાવોલ્લાસથી લલકારે છે - 'હવે **સકલ કર્મફલ સંન્યાસભાવના** નટાવે છે - 'કર્મ વિષતરુના ફલો મ્હારી ભુક્તિ (ભોગવટા) વિના જ વિગળી જાઓ ! **હું અચલ ચૈતન્યાત્મ આત્માને સંચેતું છું.**' ઈ. અને તથાપ્રકારે કર્મપ્રકૃતિની પ્રકૃતિ (૧૪૮) પ્રકારો અંગે **પ્રત્યેક કર્મફલ સંન્યાસ ભાવનાની ધૂન પરમ ભાવિતાત્મા અમૃતચંદ્રજીએ** પરમ ભાવથી પરમ આત્મભાવોલ્લાસથી ગજવી છે અને આમ જ્ઞાનાવરણીયાદિ આઠ મૂલ કર્મપ્રકૃતિના અને ઉત્તર ભેદરૂપ ફલ એકસો અડતાલીશ ઉત્તર કર્મપ્રકૃતિના ઉદયવિપાકરૂપ કર્મફલના સંન્યાસની ભાવનાનું પરમ અદ્‌ભુત ધૈર્યસંપન્ન અલૌકિક નાટક ભજવી દેખાડી - અજ્ઞાન ચેતનાને ખતમ કરી, સાથોસાથ ધીરાદાત્ત આત્મ - નાયકને ચૈતન્યાત્મા આત્મામાં વર્તવાની અલૌકિક પરમ ગુરુમંત્રરૂપ ધૂન ગોખાવી, અલૌકિક મહામંત્રિક પરમર્ષિ પરમ ગુરુ **અમૃતચંદ્રાચાર્યજીએ** ઉક્ત સર્વના અર્ક રૂપ આ પરમામૃતસંભૃત અમૃત **સમયસાર કળશ** (૨૩૧) પરમ ભાવાવેશથી લલકાર્યો છે - 'એમ નિઃશેષ કર્મફલના સંન્યસને (ત્યજન) થકી, સર્વ ક્રિયાંતરના વિહારમાંથી જેની વૃત્તિ નિવૃત્ત થઈ છે એવા મ્હારી **ચૈતન્ય લક્ષણ** આત્મતત્ત્વને અત્યંતપણે ભજતાં અચલ એવાની આ કાલાવલી અનંતા વહ્યા કરો !' ઈ.

આમ જે કર્મફલોને ભોગવતો નથી તેના **નિષ્કર્મ શર્મની** મુક્તકંઠે સ્તુતિ કરતા આ **સમયસાર કળશ કાવ્યમાં** (૨૩૨) **જ્ઞાનાવતાર અમૃતચંદ્રજીએ** આ અદ્‌ભુત ઓર **જ્ઞાનદશા** પ્રત્યેનો પોતાનો સ્વાનુભવજન્ય પરમ પ્રેમ પ્રવ્યક્ત કર્યો છે - 'સ્વત એવ તૃપ્ત થયેલો જે પૂર્વભાવ કૃત કર્મ-વિષ દ્રુમોના ફળો નિશ્ચયે કરીને ભોગવતો નથી, તે આપાતકાલ રમણીય ઉદર્ક (અત્યંત) રમ્ય એવા **નિષ્કર્મ શર્મમય** દશાંતરને પામે છે.' ઈ.

આમ **કર્મચેતના** અને **કર્મફલચેતના** બે વિભાગમાં વિભક્ત **અજ્ઞાનચેતનાના** સર્વ સંન્યાસનું પરમ અલૌકિક નાટક કરાવી, મહાન્ આધ્યાત્મિક નાટ્યકાર **મહાકવિ અમૃતચંદ્રજી** હવે **જ્ઞાનચેતનાનું** પરમ અલૌકિક નાટક સતત આનંદપૂર્વક ભજવતા રહી નિરંતર પ્રશમરસનું પાન કરવાનું આત્માર્થી મુમુક્ષુઓને આ પરમામૃત સંભૃત **સમયસાર કળશમાં** (૨૩૩) પરમ પરમાર્થ પ્રેમથી આહ્‌વાન કરે છે - 'કર્મથી અને તેના ફલથી અવિરતપણે વિરતિ અત્યંત ભાવીને, અખિલ અજ્ઞાન સંચેતનાનું પ્રલયન પ્રસ્પષ્ટપણે નટાવીને, સ્વરસપરિગત સ્વભાવને પૂર્ણ કરી સ્વા જ્ઞાનસંચેતનાને સાનંદ નટાવતાં પ્રશમરસ અહીંથી સર્વ કાલ પીઓ !' ઈ.

હવે જ્ઞાનથી અતિરિક્ત સમસ્ત ભાવનું પછીની ગાથાઓમાં પ્રસ્પષ્ટ વિવિક્તપણું કહેવામાં આવે છે, તેનું આ **સમયસાર કળશમાં** (૨૩૪) **અમૃતચંદ્રજીએ** માર્મિક સૂચન કર્યું છે - 'ઈતઃ પદાર્થ પ્રથન-અવગુંઠન થકી વિના કૃતિએ **એક અનાકુલ જ્વલંત** એવું સમસ્ત વસ્તુના વ્યતિરેક નિશ્ચયથી વિવેચિત **જ્ઞાન** અહીં અવતિષ્ઠે છે.' ઈ. આ કળશમાં સૂચવ્યા પ્રમાણે **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** આ ગાથાઓમાં (૩૯૦-૪૦૪) અદ્‌ભુત ગમિક સૂત્ર શૈલીથી જ્ઞાનનું અન્ય સર્વ દ્રવ્યથી અતિરિક્તપણું - ભિન્નપણું પરિભાવન કરાવ્યું છે - 'શાસ્ત્ર જ્ઞાન નથી હોતું, કારણકે શાસ્ત્ર કાંઈ નથી જાણતું, તેથી જ્ઞાન અન્ય, શાસ્ત્ર અન્ય જિનો જાણે છે. શબ્દ જ્ઞાન નથી હોતો, કારણકે શબ્દ કાંઈ નથી જાણતો,

તેથી જ્ઞાન અન્ય શબ્દ અન્ય જિનો જાણે છે.' તેમજ શબ્દ, રૂપ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, કર્મ, ધર્મ, અધર્મ, કાળ, આકાશ, અધ્યવસાન કાંઈ નથી જાણતા, તેથી જ્ઞાન અન્ય શબ્દાદિ અન્ય 'જિનો જાણે છે', એમ કર્ણમાં ગુંજારવ કરે એવા અપૂર્વ ગમિક સૂત્રથી આ ભેદવિજ્ઞાનની - સ્વ-પર વિવેકકરણની પરિદૃઢ ભાવના કરાવી, **શાસ્ત્રકર્ત્તાએ** જ્ઞાનને જ્ઞાયક જીવથી અવ્યતિરિક્ત - અભિન્ન કહી જ્ઞાનને જ સમ્યગ્દૃષ્ટિ, સંયમ, અંગપૂર્વગત સૂત્ર, ધર્મ-અધર્મ, પ્રવજ્યા નિરૂપિત કરેલ છે. આ ગ્રંથની કલગી રૂપ આ **સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકારની** કલગીરૂપ આ મહાન્ ગાથાઓની વ્યાખ્યા **'આત્મખ્યાતિ'માં** કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પણ આ ભેદવિજ્ઞાન એમની અનન્ય લાક્ષણિક સરલતમ હૃદયંગમ શૈલીમાં ઓર વજ્રલેપ પરિદૃઢ કરાવ્યું છે.

આમ **'આત્મખ્યાતિ'ના** ગદ્ય વિભાગમાં જે આટલું બધું સ્પષ્ટ નિષ્ટુષ તત્ત્વયુક્તિથી પ્રતિપાદન કર્યું, તેનો સારસમુચ્ચય સંદબ્ધ કરતા આ **સમયસાર કળશ** કાવ્યમાં (૨૩૫) **'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રાચાર્યજીએ** જ્ઞાનના શાશ્વત શુદ્ધજ્ઞાન મહિમાની મુક્તકંઠે પરમાર્થ સ્તુતિ લલકારી છે - 'અન્યોથી વ્યતિરિક્ત, આત્મનિયત, પૃથગ્ (ભિન્ન) વસ્તુના ધારતું, આદાન-ત્યાગ શૂન્ય એવું આ અમલ જ્ઞાન તથાપ્રકારે અવસ્થિત થયું, યથા પ્રકારે આદિ-મધ્ય-અંત વિભાગથી મુક્ત સહજ સ્ફાર પ્રભાથી ભાસુર (ઝળહળતો) એવો શુદ્ધજ્ઞાનઘનો આનો (જ્ઞાનનો) મહિમા નિત્યોદિત તિષ્ઠે છે (સ્થિતિ કરે છે).' ઈ.

અને આ ત્યાગ-આદાન શૂન્ય અવસ્થિત જ્ઞાન, એ જ પૂર્ણ આત્માનું આત્મામાં સંધારણ છે, એવી તથારૂપ **કૃતકૃત્ય** તીવ્ર જ્ઞાનદશા પામેલા **જીવન્મુક્ત અમૃતચંદ્રજી** આ પરમામૃત સંભૃત **સમયસાર કળશમાં** (૨૩૬) પરમ આત્મભાવોલ્લાસથી સંગીત કરે છે - 'ઉન્મોચ્ય (સર્વથા મૂકવા યોગ્ય) હતું તે અશેષથી ઉન્મુક્ત થયું, તથા જે આદેય (ગ્રહવા યોગ્ય) હતું, તે અશેષથી આત્ત થયું (ગૃહી લેવાયું), કે જેથી સર્વ શક્તિ જેની સંહૃત છે એવા પૂર્ણ આત્માનું અહીં આત્મામાં સંધારણ થયું.' ઈ. જેનું જ્વલંત ઉદાહરણ વર્ત્તમાન તથારૂપ કૃતકૃત્ય જીવન્મુક્ત જ્ઞાનદશા પામેલ **'શ્રીમદ્ રાજચંદ્ર'ના** અધ્યાત્મ ચરિત્રમાં ('અધ્યાત્મ રાજચંદ્ર) અને **'શ્રીમદ્ રાજચંદ્ર'** વચનામૃતમાં મુમુક્ષુઓને પ્રાપ્ત થાય છે.

આવું કૃતકૃત્ય પૂર્ણ જ્ઞાન આહારક કેમ હોય ? આશંકાનું સમાધાન આ અમૃત કળશમાં (૨૩૭) **અમૃતચંદ્રજી** પ્રકાશે છે - 'એમ પરદ્રવ્યથી વ્યતિરિક્ત જ્ઞાન અવસ્થિત છે, તે આહારક કેમ હોય ? - જેથી આનો (જ્ઞાનનો) દેહ શંકાય છે.' આ કળશમાં સૂચવ્યા પ્રમાણે આ **ગાથામાં** (૪૦૫-૪૦૭) **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** પ્રતિપાદન કર્યું છે - 'આત્મા જેનો અમૂર્ત્ત છે, તે નિશ્ચયથી એમ આહારક હોતો નથી, આહાર સ્થૂટપણે મૂર્ત્ત છે, કારણકે તે પુદ્ગલમય જ છે. તે તેનો એવો કોઈ પણ પ્રાયોગિક વા વૈસ્રસિક ગુણ છે નહિ જ, કે જેથી પરદ્રવ્ય ગ્રહી શકાય વા વિમોચી શકાય. તેથી જે વિશુદ્ધ ચેતયિતા છે, તે જીવ-અજીવ એ બે દ્રવ્યમાં કિંચિત્ નથી ગ્રહતો, કિંચિત્ નથી મૂકતો.' આવા ભાવની આ મહાન્ ગાથાઓના ભાવાર્થનું **'આત્મખ્યાતિ'માં પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** નિષ્ટુષ યુક્તિથી ઓર સ્પષ્ટીકરણ કર્યું છે.

એટલે દેહમય લિંગ મોક્ષકારણ નથી એમ નીચેની ગાથાના ભાવનું સૂચન આ **સમયસાર કળશમાં** (૨૩૮) **અમૃતચંદ્રજીએ** કર્યું છે - 'એમ **શુદ્ધ જ્ઞાનનો** દેહ જ વિદ્યમાન છે નહિ, તેથી **દેહમય લિંગ જ્ઞાતાનું મોક્ષકારણ નથી.'** આ કળશમાં સૂચવ્યા પ્રમાણે આ ગાથામાં (૪૦૮-૪૦૯) દ્રવ્યલિંગ મોક્ષનું કારણ નથી એમ **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** સ્પષ્ટ વિધાન કર્યું છે. 'પાખંડી લિંગો વા બહુ પ્રકારના ગૃહલિંગો ગ્રહીને મૂઢો વદે છે - 'આ લિંગ મોક્ષમાર્ગ છે એમ', પણ લિંગ મોક્ષમાર્ગ નથી હોતો, કારણકે **દેહનિર્મમ** અહંતો લિંગ મૂકીને **દર્શન-જ્ઞાન-ચારિત્રને** સેવે છે.' આ ગાથાનો ભાવ ઓર સ્પષ્ટ સમજાવતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી 'આત્મખ્યાતિ'માં** પ્રકાશે છે. આ જ આ ગાથામાં (૪૧૦) આચાર્યજી સાધે છે - 'પાખંડિ-ગૃહીમય લિંગો આ મોક્ષમાર્ગ નથી જ, દર્શન-જ્ઞાન-ચારિત્રને જિનો

મોક્ષમાર્ગ જાણે છે.' આનો ભાવ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** સ્પષ્ટ સમજાવ્યો છે. નિશ્ચયથી **દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી** - શરીરાશ્રયપણું સતે **પરદ્રવ્યપણું** છે માટે, તેથી **દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે** - આત્માશ્રિતપણું સતે **સ્વદ્રવ્યપણું** છે માટે.' ઈ. કારણકે એમ છે એટલા માટે આ ગાથામાં (૪૧૧) **આચાર્યજી** પ્રકાશે છે - 'તેથી સાગારોથી વા અનગારોથી ગ્રહાયેલા લિંગો છોડી દઈને, દર્શન - જ્ઞાન - ચારિત્રમાં - મોક્ષપથમાં આત્માને યુંજ !' આનો ભાવ **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ સ્પષ્ટ સમજાવ્યો છે** - 'કારણકે દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી, તેથી સમસ્ત પણ દ્રવ્યલિંગ ત્યજીને, દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ મોક્ષમાર્ગપણાને લીધે - આત્મા યોજવા યોગ્ય છે એમ સૂત્ર અનુમતિ છે.' ઈ.

હવે આ અમૃત **સમયસાર કળશમાં** (૨૩૯) **અમૃતચંદ્રજી** પરમ ભાવાવેશથી મુમુક્ષુએ ઉદ્‌બોધન કરે છે - **'આત્માનું તત્ત્વ** દર્શન-જ્ઞાન-ચારિત્રત્રય છે આત્મા જેનો એવો **એક જ મોક્ષમાર્ગ** મુમુક્ષુએ સદા સેવ્ય છે.' ઈ. આ અમૃત કળશમાં સૂચવ્યા પ્રમાણે આ ગાથામાં (૪૧૨) **પરમ ભાવિતાત્મા પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** મુમુક્ષુને આ ભાવવાહી આહ્‌વાન કર્યું છે - 'મોક્ષપથે આત્માને સ્થાપ અને તે જ ધ્યાવ અને તે ચેત, ત્યાં જ નિત્ય વિહર, અન્ય દ્રવ્યોમાં મા વિહરીશ.' **શાસ્ત્રકર્ત્તાના** આ કર્ણમાં ગુંજી રહે એવા કર્ણામૃતમય પરમ અમર શબ્દોના પ્રત્યેક પદનો અપૂર્વ પરમાર્થ પરમામૃતમધુર અત્યંત વિશદપણે પ્રવ્યક્ત કરી, તેના દિવ્ય ધ્વનિનું અનંતગુણવિશિષ્ટ સંવર્ધન કરતું વિશ્વાનુગ્રહી વિશ્વગ્રાહી શબ્દબ્રહ્મ વિસ્તારતાં, પરમ બ્રહ્મજ્ઞ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** મોક્ષમાર્ગ ઉદ્યોતિત કર્યો છે.

ઉપરમાં આ **'આત્મખ્યાતિ'માં** જે આટલું સ્પષ્ટ વિવરી દેખાડ્યું તેનો સારસમુચ્ચય સંદોહ્ય કરતા આ **સમયસાર કળશકાવ્યમાં** (૨૪૦) **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** મુમુક્ષુને કોલ આપે છે કે જે ઉક્ત વિધાનને વિધિવત્ આચરે છે તે અવશ્ય **સમયસારને** શીઘ્ર પામે છે - **'એક મોક્ષપથ** જે આ દેગ્ - જ્ઞપ્તિ - વૃત્તાત્મક નિયત છે, ત્યાં જ જે સ્થિતિ પામે છે અને તેને અનિશં (રાત દિવસ) **નિત્યોદયી સમયનો સાર** શીઘ્ર વિંદે છે - અનુભવે છે.' પણ આથી ઉલટું વ્યવહાર પથને આશ્રી જેઓ દ્રવ્યલિંગનું મમત્વ ધરે છે હજુ **સમયસારને દેખતા નથી** એમ નીચેની ગાથાનું સૂચન કરતાં અમૃત **સમયસાર કળશમાં** (૨૪૧) **અમૃતચંદ્રજી** વીરગર્જના કરે છે - 'પણ જેઓ આને પરિહરીને સંવૃતિ પથે પ્રસ્થાપિત આત્માથી દ્રવ્યમય લિંગમાં મમતા વહે છે, તેઓ તત્ત્વાવબોધથી ચ્યુત થયેલાઓ નિત્યોદ્યોત એક અખંડ અતુલાલોક એવો **સ્વભાવ પ્રભાપ્રાગ્‌ભારવાળો અમલ સમયનો સાર - સમયસાર** અદ્યાપિ દેખતા નથી.' આ કળશમાં સૂચવ્યા પ્રમાણે જેઓ દ્રવ્યલિંગ મમત્વ કરે છે તેઓ સમયસારને નથી જાણતા એ ભાવનું આ ગાથામાં (૪૧૩) **આચાર્યજી** કથન કર્યું છે - 'પાખંડી લિંગોમાં કે બહુ પ્રકારના ગૃહીલિંગોમાં જેઓ મમત્વ કરે છે, તેઓથી **સમયસાર** જાણવામાં નથી આવ્યો.' આ ગાથાના ભાવનું **'આત્મખ્યાતિ'માં** અપૂર્વ તત્ત્વમીમાંસન કરતાં **અમૃતચંદ્રજી** પ્રકાશે છે - 'જેઓ નિશ્ચયથી શ્રમણ હું, શ્રમણોપાસક હું એમ દ્રવ્યલિંગ મમકારથી મિથ્યાહંકાર કરે છે, તેઓ અનાદિરૂઢ વ્યવહાર વિમૂઢો, પ્રૌઢ વિવેકવાળા નિશ્ચયને અનારૂઢો પરમાર્થ સત્ય ભગવંત **સમયસારને** નથી દેખતા.'

આ **'આત્મખ્યાતિ'માં** ગદ્ય ભાગમાં વ્યવહારવિમૂઢ દૃષ્ટિવાળાનું કથન કર્યું, તેના અનુસંધાનમાં વ્યવહારવિમૂઢ દૃષ્ટિ 'તુષ' - ફોતરાંથી ભોળવાઈ તંડુલને ઓળખાતા નથી, એમ અન્યોક્તિથી આત્માને 'વેધક' માર્મિક કટાક્ષ આ **સમયસાર કળશમાં** (૨૪૨) **અમૃતચંદ્રજી પરમ પરમાર્થનું દિવ્ય ગાન ગાનારા પરમ મહાકવિ** કરે છે - 'વ્યવહારવિમૂઢ દૃષ્ટિવાળા પરમાર્થને કળતા નથી - તુષબોધથી વિમુગ્ધ બુદ્ધિવાળાઓ અહીં તુષને (ફોતરાંને) કળે ચે, તંડુલને નહિ !' અત્રે દ્રવ્યલિંગ મમકારવાળાને **સમયસાર** જ નથી દેખાતો, તેનું કારણ આ અમૃત કળશમાં (૨૪૩) **અમૃતચંદ્રજી** સ્પષ્ટ કરે છે - 'દ્રવ્યલિંગ મમકારથી મીલિતોથી (આંખો મીંચાયેલાઓથી) **સમયસાર** જ નથી દેખાતો, કારણકે દ્રવ્યલિંગ અહીં અન્ય થકી પરતઃ પર થકી, જ્ઞાન એક આ જ નિશ્ચયે કરીને સ્વતઃ સ્વ થકી છે.' ઈ.

હવે આ ગાથામાં (૪૧૪) **આચાર્યજી** પ્રકાશે છે - 'પુનઃ વ્યાવહારિક નય બન્નેય લિંગોને **મોક્ષપથમાં** કહે છે, **નિશ્ચયનય મોક્ષપથમાં** સર્વ લિંગોને ઈચ્છતો નથી.' આ ગાથાનો અપૂર્વ પરમાર્થ પ્રકટ કરતાં **અમૃતચંદ્રજી 'આત્મખ્યાતિ'માં** નિષ્ણુષ તત્ત્વયુક્તિથી વૈધર્મ્ય તુલનાથી પ્રકાશે છે - 'જે સ્ફુટપણે - શ્રમણ - શ્રમણોપાસક ભેદથી દ્વિવિધ દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ હોય છે એવો પ્રરૂપણ પ્રકાર - તે કેવલ વ્યવહાર જ છે, નહિ કે પરમાર્થ, - તેનું સ્વયં અશુદ્ધ દ્રવ્ય અનુભવનાત્મકપણું સતે - પરમાર્થપણાનો અભાવ છે માટે. - જે જ શ્રમણ - શ્રમણોપાસક વિકલ્પથી અતિક્રાંત, દર્શિ - જ્ઞપ્તિ પ્રવૃત્તિમાત્ર શુદ્ધ જ્ઞાન જ એક એવું નિષ્ણુષ સંચેતન છે તે પરમાર્થ છે - તેનું જ - શુદ્ધ દ્રવ્યાનુભવનાત્મકપણું સતે પરમાર્થપણું છે માટે. તેથી જેઓ વ્યવહારને જ પરમાર્થ બુદ્ધિથી ચેતે છે, તેઓ **સમયસારને** જ નથી ચેતતા - જેઓ જ પરમાર્થને પરમાર્થબુદ્ધિથી ચેતે છે, તેઓ જ **સમયસારને** ચેતે છે.'

હવે આ પરમ ભાવવાહી પરમામૃતસંભૃત અમૃત **સમયસાર** કળશમાં (૨૪૪) પરાત્ પર **સમયસારના** પરમ મહિમાનું મુક્તકંઠે ઉત્કીર્ત્તન કરતાં **પરમ ભાવિતાત્મા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** પરમ આત્મભાવોલ્લાસથી આ દિવ્ય ધ્વનિમય સંગીત લલકારે છે - 'અતિ જલ્પવાળા અનલ્પ દુર્વિકલ્પોથી બસ થયું ! બસ થયું ! આ અહીં **પરમાર્થ** એક નિત્ય ચિંતવાઓ ! નિશ્ચયે કરીને સ્વરસવિસરથી **પૂર્ણ જ્ઞાનવિસ્ફૂર્તિ માત્ર સમયસારથી** ઉત્તર કિંચિત્ છે નહિ.' ઈ.

આ એક અક્ષય જગત્ચક્ષુ પૂર્ણ થાય છે એવા પરમ પરમાર્થગંભીર શબ્દોમાં આ **સમયસાર** શાસ્ત્રને પરમ ભવ્ય અંજલિ અર્પતા આ અમૃત **સમયસાર** કળશમાં (૨૪૫) **આચાર્ય ચૂડામણિ અમૃતચંદ્રાચાર્યજીએ** આ શાસ્ત્રની પૂર્ણાહુતિ કરતી અંતિમ ગાથાના ભાવનું સૂચન કર્યું છે - **'વિજ્ઞાનઘન આનંદમયને** અધ્યક્ષતા પમાડતું એવું **આ એક અક્ષય જગત્ચક્ષુ** પૂર્ણતા પામે છે.' આ અમૃત **સમયસાર** કળશથી **સૂચિત** આ અંતિમ ગાથા (૪૧૫) **પરમર્ષિ કુંદકુંદાચાર્યજી** પ્રકાશે છે - 'જે આ **સમયપ્રાભૃતને** પઠીને, અર્થ - તત્ત્વથી જાણીને, ચેતયિતા અર્થમાં સ્થિતિ કરશે, તે **ઉત્તમ સૌખ્ય** હોશે.' આ ગાથાના પ્રત્યેક પદની પરમ અદ્ભુત અપૂર્વ વ્યાખ્યા **'આત્મખ્યાતિ'માં પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** પ્રકાશી છે.

આ શાસ્ત્રના આ **સર્વવિશુદ્ધજ્ઞાન** નામક નવમા અંકનો ઉપસંહાર કરતાં આ **સમયસાર** કળશકાવ્યમાં (૨૪૬) પરમ પરમાર્થના દિવ્ય ગાતા પરમ પરમાર્થ-મહાકવિ **અમૃતચંદ્રજી** તેમની પરમ પ્રિય **જ્ઞાનજ્યોતિની મુક્તકંઠે** વ્યવસ્થિતિ ઉદ્ઘોષે છે - 'એવા પ્રકારે **આત્માનું આ તત્ત્વ જ્ઞાનમાત્ર** વ્યવસ્થિત, અખંડ, એક, અચલ, સ્વસંવેદ્ય, અબાધિત છે.' અર્થાત્ એવા પ્રકારે **આત્માનું આ તત્ત્વ જ્ઞાનમાત્ર** - કેવલ જ્ઞાન જ **વ્યવસ્થિત** છે, 'વિ' - વિશેષે કરીને 'અવ' - સ્વ સમયની સ્વરૂપમર્યાદાથી સ્થિત છે, તે **'અખંડ'** - દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી ને ભાવથી ખંડિત ન થાય એવું, 'એક' - અદ્વિતીય - અદ્વૈત, 'અચલ' - ક્યારે પણ ચલિત ન થાય એવું, 'સ્વસંવેદ્ય' - સ્વથી - પોતાથી - આત્માથી સંવેદ્ય - સંવેદાવા યોગ્ય - આત્માનુભવગમ્ય, 'અબાધિત' - ત્રણે કાળમાં ક્યારે ય પણ કોઈ પણ પ્રકારે બાધિત ન થાય એવું છે.

એવું આત્માનું આ તત્ત્વ જ્ઞાનમાત્ર વ્યવસ્થિત તે **વિજ્ઞાનઘન** ભગવાન **અમૃતચંદ્રે** આ **'સર્વ વિશુદ્ધજ્ઞાન'** અધિકારના **'અમૃત' સમયસાર** કળશમાં સુપ્રતિષ્ઠિત કર્યું. અને આ **અમૃતચંદ્ર** ભગવાનની આ 'અમૃત' અલૌકિક **'આત્મખ્યાતિ' મહાટીકાને અનુવદતાં - અનુવદન - અનુવંદન** કરતાં આ ભગવાનના દાસે (ભગવાનદાસે) **'અમૃત જ્યોતિ' મહાભાષ્ય** પરમશ્રુત ભક્તિથી પરમશ્રુત પ્રભાવનાર્થે આત્માર્થે કર્યું. નમસ્કાર હો નમસ્કાર હો પરમર્ષિ કુંદકુંદાચાર્યને ! નમસ્કાર હો નમસ્કાર હો **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યને** ! નમઃ समयसाराय ।

॥ ઈતિ સર્વવિશુદ્ધ જ્ઞાનપ્રરૂપક નવમો અંક ॥

સ્યાદ્વાદ અધિકાર

આમ આ મંગલમય **શાસ્ત્રની** ભવ્ય પૂર્ણાહુતિ થઈ અને તે શાસ્ત્ર ગાથાની મંગલમયી **'આત્મખ્યાતિ'** વ્યાખ્યા પણ મંગલ પૂર્ણાહુતિ પામી અને તેથી **અમૃતચંદ્રજીના** દિવ્ય આત્માનો દિવ્ય પરમાનંદ એટલો બધો સમુલ્લાસ પામ્યો, કે તેનો ઉભરાઈ જતો અમૃતરસ આ શાસ્ત્રના કળશના કળશરૂપ ચિંતામણિ રત્નમય **સ્યાદ્વાદ અધિકારમાં** સંભૃત થઈ, તત્ત્વજ્ઞાનના મેરુ શિખર સમા આ **ગ્રંથરાજના** સુવર્ણમય શિખરે સમારૂઢ થયો અને આ **પરમાગમ સમયસાર** શાસ્ત્રના પરમ તાત્પર્યરૂપ અનેકાંત જ્ઞાન-જ્યોતિનો દિવ્ય પ્રકાશ યાવચ્ચંદ્રદિવાકરૌ ઝગઝગાવી રહ્યો છે !

આ ચૂલિકારૂપ **સ્યાદ્વાદાધિકારમાં** કયો વિષય ચર્ચવામાં આવે છે, તેનું **અમૃતચંદ્રજી** આ **સમયસાર કળશ** કાવ્યમાં (૨૪૭) સૂચન કર્યું છે - 'અત્ર સ્યાદ્વાદની શુદ્ધિ અર્થે વસ્તુતત્ત્વની વ્યવસ્થિતિ (વ્યવસ્થા) અને ઉપાયોપેય ભાવ જરાક પુનઃ ચિંતવવામાં આવે છે.' અર્થાત્ અત્રે બે વસ્તુનો 'જરાક' - સંક્ષેપમાં અગાઉ કહેવાઈ ચૂક્યું છતાં ફરીથી પણ ચિંતવાય છે. **વસ્તુતત્ત્વની 'વ્યવસ્થિતિ'** 'વિ' - વિશેષે કરીને અવસ્થિતિ - 'અવ' - જેમ છે તેમ સ્વસમયની સ્વરૂપ મર્યાદાથી 'સ્થિતિ' - નિયત નિશ્ચયવૃત્તિ ચિંતવવામાં આવે છે. તેમજ - **'ઉપાયોપેય ભાવ'** - જેના વડે 'ઉપેય' - સાધ્ય પ્રત્યે જવાય છે તે સાધન રૂપ ઉપાય અને જેના પ્રત્યે તે સાધનરૂપ ઉપાય વડે જવાનું છે તે સાધ્યરૂપ ઉપેય. એ બન્નેનો જે પરસ્પર સંબંધરૂપ ભાવ, તે પણ અત્ર ચિંતવવામાં આવે છે અને આ બધું ચિંતન પણ શું પ્રયોજન અર્થે ? **સ્યાદ્વાદની શુદ્ધિ અર્થે** - અનેકાંત સિદ્ધાંતની શુદ્ધિ અર્થે. અર્થાત્ સ્યાદ્વાદ જેવા પરમ પ્રૌઢ ગંભીર સુવિનિશ્ચિત અલૌકિક સિદ્ધાંતને પણ સમ્યક્રૂપણે નહિ સમજવાથી કે ગેર-સમજવાથી સંશયવાદ માની લેવા જેવી મહાગંભીર અક્ષમ્ય ભૂલ કરી બેસનારા કોઈ મહાનુભાવ મહામતિ સંશયાત્માઓની મિથ્યાત્વભ્રાંતિ નિરસ્ત થાય અને સ્યાદ્વાદ જેવા પરમ ઉદાર સુવિશાલ સાગરવરગંભીર ખરેખરા પરમાર્થ સત્ પરમ અદ્વૈત સિદ્ધાંતને પરમાર્થ મર્મજ્ઞપણે નહિ પીછાનવાથી પર સાથે આત્માનું એકપણું - અદ્વૈતપણું માની બેસી શંભુમેળા જેવા સંકર આદિ દોષ ભજનારાઓની મિથ્યાદૃષ્ટિ દુરસ્ત થાય. અસ્તુ !

સ્યાદ્વાદ સિદ્ધાંતના અનન્ય પરિજ્ઞાતા - અદ્વિતીય વ્યાખ્યાતા તરીકે સુપ્રસિદ્ધ, **અમૃતચંદ્રજી** સ્યાદ્વાદ શું છે ? તેની પરમ પરમાર્થગંભીર પ્રૌઢ તત્ત્વમીમાંસા પ્રારંભે છે - **'સ્યાદ્વાદ** નિશ્ચયથી સમસ્ત વસ્તુતત્ત્વનું સાધક જ **એવું અસ્ખલિત શાસન અર્હત્ સર્વજ્ઞનું** છે અને તે સર્વ અનેકાત્મક છે એમ અનુશાસે છે, સર્વ જ વસ્તુનું અનેકાંત સ્વભાવપણું છે માટે. અત્રે તો આત્મ વસ્તુમાં - જ્ઞાનમાત્રતાથી અનુશાસવામાં આવી રહેલમાં પણ - તત્ પરિકોપ (તે સ્યાદ્વાદનો પરિદોષ) નથી - તે જ સ્વ તત્, જે જ એક તે જ અનેક, જે જ સત્ તે જ અસત્, જે જ નિત્ય તે જ અનિત્ય - એમ એક **વસ્તુના વસ્તુત્વના** નિષ્પાદક એવા **પરસ્પર વિરુદ્ધ શક્તિદ્વયનું પ્રકાશન તે અનેકાંત.'** અર્થાત્ **સ્યાદ્વાદ** તે સમસ્ત વસ્તુના 'તત્ત્વનું' - તત્પણારૂપ યથાર્થ સ્વરૂપનું સાધક જ એવું, વિશ્વની પૂજાને અર્હતા એવા **'અર્હત્' સર્વજ્ઞનું** 'એક' - અદ્વિતીય - અદ્વૈત - અજોડ 'અસ્ખલિત' એવું અપ્રતિહત 'શાસન' તત્ત્વ સામ્રાજ્યમાં સર્વત્ર વ્યાપક આજ્ઞાવિધાન છે. 'સ્યાત્' - કથંચિત્ - કોઈ અપેક્ષાએ એ પદથી મુદ્રિત આ સ્યાદ્વાદ શાસનની એ અદ્ભુત ચમત્કૃતિ છે. આ ધર્મચક્રવર્તી **અર્હત્ સર્વજ્ઞ** મહારાજનું આ **સ્યાદ્વાદ શાસન** અખિલ વિશ્વમાં અસ્ખલિત છે, સર્વત્ર તત્ત્વ જગત્માં અસ્ખલિત - અપ્રતિહત છે.

જો આમ તદતત્ત્વ (તત્-અતત્) આદિ પ્રકારે પરસ્પર વિરુદ્ધ શક્તિદ્વયનું પ્રકાશન એ અનેકાંતની સ્પષ્ટ વ્યાખ્યા છે, તે સ્વ આત્મ વસ્તુના જ્ઞાનમાત્રપણામાં તે આ તત્ત્વ - અતત્વ આદિ બે બે વિરુદ્ધ શક્તિદ્વયનું પ્રકાશન શી રીતે પ્રકાશે છે ? તે **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજી** પ્રકાશે છે.

(શંકા) 'વારુ, જો આત્મવસ્તુના જ્ઞાનમાત્રત્વમાં પણ સ્વયમેવ અનેકાંત પ્રકાશે છે, તો અર્હંતોથી તત્ સાધનપણે અનેકાંત શું અર્થે અનુશાસવામાં આવે છે ? (સમાધાન) અજ્ઞાનીઓને જ્ઞાનમાત્ર આત્મવસ્તુની પ્રસિદ્ધિ અર્થે એમ અમે પોકારીને કહીએ છીએ. નિશ્ચયે કરીને અનેકાંત સિવાય જ્ઞાનમાત્ર આત્મવસ્તુ જ પ્રસિદ્ધ નથી થતી. જુઓ ! આ પ્રકારે - અહીં પ્રગટપણે સ્વભાવથી જ **બહુ ભાવ નિર્ભર** વિશ્વને વિષે સર્વ ભાવોના સ્વભાવથી અદ્વૈતમાં પણ દ્વૈતના નિષેધવાના અશક્યપણાને લીધે સમસ્ત જ વસ્તુ **સ્વ-પરરૂપ પ્રવૃત્તિ-વ્યાવૃત્તિથી** ઉભય ભાવથી અધ્યાસિત જ છે.'

ઉપરમાં **'આત્મખ્યાતિ'માં** સ્વરૂપ પ્રવૃત્તિથી અને પરરૂપ વ્યાવૃત્તિથી - એ ઉભય ભાવથી પ્રત્યેક વસ્તુ અધ્યાસિત જ એમ કહ્યું. તત્ર - તેમાં આ 'ભંગ' - પ્રકાર ફલિત થાય છે - (૧-૨) તત્ત્વ - અતત્ત્વ, (૩-૪) એકત્વ - અનેકત્વ, (૫-૬-૭-૮) સ્વદ્રવ્ય - ક્ષેત્ર - કાલ - ભાવથી સત્ત્વ, (૯-૧૦-૧૧-૧૨) પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી અસત્ત્વ, (૧૩-૧૪) નિત્યત્વ - અનિત્યત્વ. આ પ્રત્યેક પ્રકારમાં સ્વ-પર પરત્વે સેળભેળરૂપ **એકાંત** ગ્રહવામાં આવે તો કેવી રીતે નાશ પામે છે અને સ્વ-પરને વિભિન્ન પ્રતિપન્ન કરતો - ભેદવિજ્ઞાન કરાવતો **અનેકાંત** તેને કેવી રીતે ઉજ્જીવાવે છે - અત્યંત જીવાવે છે - જીવાડે છે, તેનું પરમ અદ્ભુત અલૌકિક મૌલિક તાત્ત્વિક મીમાંસન પરમતત્ત્વદૃષ્ટા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અત્રે અપૂર્વ તત્ત્વકળાથી પ્રકાશ્યું છે - જે સમસ્ત વાઙ્મયમાં અજોડ અદ્વિતીય છે. આ સ્થળ સંકોચને લીધે અત્ર અવતારતા નથી, માત્ર **'આત્મખ્યાતિ' ટીકા** અને તે પરનું **આ લેખકે** કરેલું વિસ્તૃત વિવેચન **'અમૃત જ્યોતિ' મહાભાષ્ય** અવલોકવાની નમ્ર સૂચના કરીએ છીએ.

અને 'भवंति चात्र श्लोकाः' - ભવંતિ હોય છે અત્ર શ્લોકો' - એમ **માર્દવમૂર્ત્તિ અમૃતચંદ્રજી** અહંકાર-મમકારનું વિસર્જન કરી જાણે તટસ્થપણે કથે છે, તે ખરેખર ! આશ્ચર્યનું આશ્ચર્ય છે !

ઉપરમાં **ભગવતી 'આત્મખ્યાતિ'ના** ગદ્ય વિભાગમાં અનેકાંત સિદ્ધાંતનો અપૂર્વ મર્મ પ્રકાશતા ચૌદ પૂર્વ સમા અપૂર્વ ચૌદ પ્રકારો સ્પષ્ટ નિષ્તુષ દૃષ્ટિવાદયુક્તિથી વિવરી દેખાડી **ભગવત્ અમૃતચંદ્રાચાર્યજીએ** અનેકાંતનો મહામહિમા સુપ્રતિષ્ઠિત કર્યો, તે જ વસ્તુને કિંચિત્ પ્રકારાંતરે ગ્રથિત કરતા ચૌદ પૂર્વ સમા આ અપૂર્વ ચૌદ શાર્દૂલવિક્રીડિત શ્લોકોમાં પુરુષશાર્દૂલ **પુણ્યશ્લોક અમૃતચંદ્રજી** પરમાર્થ - મહાકવિ અનેકાંતનો મહામહિમા ઉત્કીર્ત્તન કરતી વીરગર્જના કરી છે - જે સમસ્ત વાઙ્મયમાં અદ્વિતીય અનન્ય છે. **અમૃતચંદ્રજીએ** પરમ આત્મભાવોલ્લાસથી સંગીત કરેલા આ **અદ્ભુત શ્લોકોનો** પરમાર્થ - મર્મ **આ લેખકે** સ્વકૃત **'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** પરિસ્ફુટ વિવેચ્યો છે. તે અવલોકવાનું નમ્ર સૂચન કરીએ છીએ.

એમ ચૌદ પૂર્વ સમા આ અપૂર્વ દિવ્ય કળશકાવ્યોથી સમસ્ત એકાંતનું આત્યંતિક નિરસન અને અનેકાંતનું પ્રસ્થાપન કરી, તેના ઉપસંહારરૂપ આ કળશ કાવ્યમાં (૨૬૫) દિવ્ય દૃષ્ટા **અમૃતચંદ્રજી મહામુનિ** વીરગર્જના કરે છે - 'એવા પ્રકારે અજ્ઞાનવિમૂઢો પ્રત્યે **જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ** પ્રસાધતો **અનેકાંત** સ્વયમેવ અનુભવાય છે.' અર્થાત્ એમ ચતુર્દશ પ્રકારોથી ઉક્ત પ્રકારે અજ્ઞાનથી વિમૂઢ-અત્યંત મૂઢ-મોહમૂઢ જનો પ્રત્યે 'માત્ર' - કેવલ જ્ઞાન સિવાય બીજું કંઈ પણ નથી એવું **'જ્ઞાનમાત્ર'** - કેવલ જ્ઞાનમય **આત્મતત્ત્વ** પ્રસાધતો - પ્રકૃષ્ટપણે સાધતો એવો આ **અનેકાંત** 'સ્વયમેવ' - આપોઆપ જ પ્રત્યક્ષ આત્માનુભવથી અનુભવાય છે. આ **અનેકાંત આત્મતત્ત્વ** છે એવો અનેકાંત અનુભવ પ્રમાણ છે, આત્માનુભવ પ્રમાણથી સિદ્ધ છે.

આ **અનેકાંત સિદ્ધાંતની** મહાપ્રતિષ્ઠા ઉદ્ઘોષતા આ **સમયસાર કળશ કાવ્યમાં** (૨૬૩) અનેકાંતના અનન્ય પરિજ્ઞાતા અને અદ્વિતીય વ્યાખ્યાતા **અમૃતચંદ્રજી** પૂર્ણ આત્માનુભવનિશ્ચયથી ગર્જના કરે છે - 'એમ તત્ત્વવ્યવસ્થિતિથી સ્વને સ્વયં વ્યવસ્થાપતો અનેકાંત 'અલંઘ્યં શાસનં જૈનં' એવો અનેકાંત વ્યવસ્થિત થયો.' અર્થાત્ એમ ઉક્ત પ્રકારે 'તત્ત્વ વ્યવસ્થિતિથી' - તત્ત્વની વ્યવસ્થિતિથી - વિશેષે કરીને 'અવસ્થિતિથી' - 'અવ' સ્વસમયની સ્વરૂપ મર્યાદાથી જેમ છે તેમ 'સ્થિતિથી' - નિશ્ચિત

વૃત્તિથી 'સ્વને' - પોતાને વ્યવસ્થાપતો, 'અલંઘ્ય શાસન જૈન' - આ અનેકાંત સ્વયં - આપોઆપ 'વ્યવસ્થિત' - 'વિ' વિશેષે કરીને 'અવસ્થિત' - 'અવ' - જેમ છે તેમ સ્વરૂપ મર્યાદાથી 'સ્થિત' છે - 'अलंघ्यं शासनं जैनंमनेकांतो व्यवस्थितः ।' અર્થાત્ એમ તત્ત્વથી વ્યવસ્થા કરતાં **જિન ભગવાનનું અલંઘ્ય શાસન અનેકાંત** પોતે જ વ્યવસ્થિત થયો, પોતે જ સ્વરૂપથી 'સુસંપ્રતિષ્ઠિત થયો. इति सिद्धं ।

અત્રે આત્માને જ્ઞાનમાત્ર કહ્યો, તે અંગે ઉઠતી શંકાનું નિવારણ **અમૃતચંદ્રજી 'આત્મખ્યાતિ'માં** કર્યું છે : - 'શંકા - વારુ, અનેકાંતમય છતાં અત્રે **આત્માનો** શું અર્થે **જ્ઞાનમાત્રતાથી** વ્યપદેશ છે ? (સમાધાન) - **લક્ષણ પ્રસિદ્ધિથી લક્ષ્યપ્રસિદ્ધિ અર્થે,** કારણકે **આત્માનું** સ્ફુટપણે **જ્ઞાન** લક્ષણ છે, તેનું (આત્માનું) **અસાધારણ ગુણપણું** છે માટે, તેથી જ્ઞાનપ્રસિદ્ધિથી તેના લક્ષ્ય આત્માની પ્રસિદ્ધિ છે.

(શંકા) - વારુ, ક્રમાક્રમ પ્રવૃત્ત **અનંતધર્મમય આત્માનું જ્ઞાનમાત્રત્વ** કેમ ? (સમાધાન) પરસ્પર વ્યતિરિક્ત (ભિન્ન) **અનંત ધર્મસમુદાયપરિણત એક જ્ઞપ્તિમાત્ર ભાવરૂપે સ્વયમેવ ભવનને લીધે,** અત એવ **આ જ્ઞાનમાત્ર** એક ભાવમાં અંતઃપાતિની અનંત શક્તિઓ ઉત્પ્લવે છે.' અર્થાત્ કોઈ **શંકા** કરે કે - વારુ, આ આત્મામાં તો **ક્રમથી** - એક પછી એક પ્રવૃત્ત **પર્યાયોરૂપ** અને **અક્રમથી** ક્રમરહિતપણે યુગપત્ એક સાથે પ્રવૃત્ત **ગુણોરૂપ** અનંત ધર્મો છે, એટલે આમ ક્રમ-અક્રમથી પ્રવૃત્ત અનંત ધર્મમય આત્માનું આપ પ્રજ્ઞાપો છો તેમ જ્ઞાનમાત્રપણું કેવી રીતે ? તેનું અત્ર સ્પષ્ટ **સમાધાન** કર્યું છે કે - **'પરસ્પર'** - એકબીજાથી **'વ્યતિરિક્ત'** - જૂદા અનંત ધર્મોના સમુદાયમાં - એક સમૂહમાં પરિણત એક **'જ્ઞપ્તિમાત્ર'** ભાવરૂપે આત્માનું સ્વયમેવ **'ભવન'** છે માટે આત્માનું **જ્ઞાનમાત્રપણું** છે. અત એવ **જ્ઞાનમાત્ર એક** ભાવમાં 'અંતઃપાતિની' - અંદર પડતી - અંદરમાં અંતર્ભાવ પામતી **અનંત શક્તિઓ** ઉત્પ્લવે છે - ઉઠે - ઉદ્ભવે છે.

જેમકે - જીવત્વ શક્તિ, ચિત્ત શક્તિ, દૃષ્ટિ શક્તિ, જ્ઞાન શક્તિ, સુખ શક્તિ, વીર્ય શક્તિ, પ્રભુત્વ શક્તિ, વિભુત્વ શક્તિ, સર્વ દર્શિત્વ શક્તિ, સર્વજ્ઞત્વ શક્તિ આદિ (૪૭) સુડતાલીશ અલૌકિક અદ્ભુત ચમત્કારિક શક્તિઓ સ્વરૂપ લક્ષણ સહિત **'આત્મખ્યાતિ'માં અમૃતચંદ્રજીએ** તાદૃશ્ય વર્ણવી દેખાડી છે અને **આ લેખકે** તે તે શક્તિઓનું યથોક્ત સ્વરૂપ લક્ષણ **'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં** વિસ્તારથી વિવરી દેખાડ્યું છે.

આમ આત્માના જ્ઞાનમાત્ર ભાવમાં 'અંતઃપાતિની' - અંતર્ભાવ પામતી અનંત શક્તિઓની વાનકી રૂપ ઉક્ત સુડતાલીશ આત્મ શક્તિઓના પરમ અદ્ભુત તત્ત્વ ચમત્કૃતિમય અલૌકિક મૌલિક નિરૂપણ પરથી સુજ્ઞ વિચક્ષણોને પરમ જ્ઞાનવિભૂતિ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીના** અનંતશક્તિસંપન્ન દિવ્ય આત્માના પરમ અદ્ભુત **'સ્વવિભવ'નો** કિંચિત્ પરિચય પ્રાપ્ત થાય છે.

એમ ઉપરમાં **'આત્મખ્યાતિ'માં** ગદ્ય વિભાગમાં જે વિવિધ અપૂર્વ આત્મશક્તિઓનું અભૂતપૂર્વ અનન્ય પરમ અદ્ભુત વર્ણન કર્યું, તેના સારસમુચ્ચયરૂપ આ કળશ કાવ્યમાં (૨૬૪) **અમૃતચંદ્રજીએ** ચિદ્ વસ્તુ દ્રવ્યપર્યાયમય છે એમ નિગમન કર્યું છે. 'ઈત્યાદિ અનેક નિજ શક્તિઓથી સુનિર્ભર છતાં જે ભાવ **જ્ઞાનમાત્રમયતા** છોડતો નથી, તે ક્રમ-અક્રમે વિવર્તિ વિવર્તોથી ચિત્ર એક **દ્રવ્યપર્યાયમય ચિત્ અહીં વસ્તુ** છે.' ઈ.

આ **અનેકાંતની** મુક્તકંઠે પ્રસ્તુતિ કરતાં આ ઉપસંહાર કળશકાવ્યમાં (૨૬૫) **મહાકવિ અમૃતચંદ્રજી** પરમ આત્મભાવોલ્લાસથી વસંતતિલકા વૃત્તમાં લલકારે છે - 'ન એકાંત સંગત દૃષ્ટિથી (અનેકાંત) સ્વયમેવ વસ્તુતત્ત્વ વ્યવસ્થિતિ છે એમ પ્રવિલોકતાં સંતો અધિક સ્યાદ્વાદ શુદ્ધિને પામીને જિનનીતિ અલંઘતાં **જ્ઞાની** હોય છે.' ઈ.

અહીં આ **આત્મવસ્તુના જ્ઞાનમાત્રપણામાં** પણ આ જ્ઞાનમાત્રનો જ **ઉપાયોપેય ભાવ** છે એમ સિદ્ધ કર્યું છે. અર્થાત્ **'જ્ઞાનમાત્ર'** - કેવલ જ્ઞાન એ જ જ્યાં ગમન કરવાનું - સાધન થકી જ્યાં ગમન કરવાનું - ગંતવ્ય છે તે **'ઉપેય'** - સાધ્ય છે - આ ઉપાય અને ઉપેય બન્ને એક **જ્ઞાનમાત્ર** છે, એનું અત્ર

મહામતિ પરમ પ્રજ્ઞાનિધાન અમૃતચંદ્રજીએ આત્મખ્યાતિમાં એવું તો અતિ અતિ થોડા પણ પરમ પરમાર્થગંભીર અમૃત (Immortal, nectar-like) શબ્દોમાં સેકંડો ગ્રંથોથી પણ ન કહી શકાય એવો પરમાર્થ આશય સમાવી, જિનમાર્ગનો સાંગોપાંગ સકલ અવિકલ (complete & comprehensive) ક્રમ અલૌકિક મૌલિક શૈલીથી નિષ્ટુષ (Clear-cut) તત્ત્વયુક્તિથી પ્રકાશ્યો છેઃ -

હવે આનો ઉપાયોપેય (ઉપાય-ઉપેય) ભાવ ચિંતવવામાં આવે છે - આત્મવસ્તુના જ્ઞાનમાત્ર પણામાં પણ ઉપાયોપેય ભાવ વિદ્યમાન છે જ - તે એકનું પણ સ્વયં સાધક-સિદ્ધરૂપ ઉભયપરિણામિપણું છે માટે. તેમાં જે સાધકરૂપ તે ઉપાય, જે સિદ્ધરૂપ તે ઉપેય.

એથી કરીને - અનાદિ મિથ્યા દર્શન - જ્ઞાન - ચારિત્રથી સ્વરૂપ - પ્રચ્યવનને લીધે સંસરતાં - સુનિશ્ચલ પરિગૃહીત વ્યવહાર સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રના પાકપ્રકર્ષની પરંપરાથી ક્રમે કરીને સ્વરૂપે આરોપાઈ રહેલા એવા આ આત્માને - અંતર્મગ્ન નિશ્ચય સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર વિશેષતાથી સાધક રૂપે, અને તથાપ્રકારે પરમપ્રકર્ષની મકરિકાએ અધિરૂઢ રત્નત્રયાતિશયથી પ્રવૃત્ત સકલ કર્મક્ષયથી પ્રજ્વલિત અસ્ખલિત વિમલ સ્વભાવતાથી સિદ્ધરૂપે સ્વયં પરિણમમાન (પરિણમી રહેલ) એક જ ઉપાયોપેય ભાવ સાધે છે.

એમ ઉભયત્ર (ઉભય સ્થળે) પણ જ્ઞાનમાત્રની અનન્યતાથી નિત્ય અસ્ખલિત એક વસ્તુના નિષ્કંપ પરિગ્રહણને લીધે તત્ક્ષણ જ આસંસારથી અલબ્ધભૂમિક મુમુક્ષુઓને પણ ભૂમિકા લાભ થાય છે. એટલે પછી ત્યાં નિત્ય દુર્લલિત તેઓ - સ્વત એવ ક્રમ - અક્રમ વૃત અનેકાંતમૂર્ત્તિઓ સાધક ભાવ થકી જેનો સંભવ છે એવા પરમ પ્રકર્ષ કોટિરૂપ સિદ્ધિ ભાવનું ભાજન થાય છે.

પણ જે આ - જ્યાં અનેકાંત અંતર્નીત એવી જ્ઞાનમાત્ર એક ભાવરૂપ ભૂમિને ઉપલભતા (અનુભવતા પામતા) નથી, તેઓ નિત્ય અજ્ઞાનીઓ હોતાં - જ્ઞાનમાત્ર ભાવનું સ્વરૂપથી અભવન પરરૂપથી ભવન દેખતા - જાણતા અને અનુચરતા મિથ્યાદૃષ્ટિઓ મિથ્યાજ્ઞાનીઓ મિથ્યાચરિત્રો હોતાં - અત્યંત ઉપાયોપેયથી ભ્રષ્ટ થયેલાઓ વિભ્રમે જ છે.'

આ સૂત્રાત્મક અદ્‌ભુત 'આત્મખ્યાતિ'ના પરમાર્થ આશય પરમાર્થગંભીર છે, તે આ ગ્રંથમાં સર્વત્ર આ લેખકે સ્વકૃત 'અમૃત જ્યોતિ' મહાભાષ્યમાં પરિસ્ફુટ યથાસ્થિત સમજાવ્યો છે, તેનું જિજ્ઞાસુએ અવલોકન કરવાની નમ્ર સૂચના છે.

ઉપરમાં ભગવતી 'આત્મખ્યાતિ'ના ગદ્ય ભાગમાં હજારો ગ્રંથોથી પણ ન વર્ણવી શકાય એવા પરમ અદ્‌ભુત પરમાર્થઆશયગંભીર થોડા અમૃત વચનોમાં ઉપાયોપેય ભાવનું અચિંત્ય ચિંતામણિ સમું અનન્ય ચિંતન કરી, તત્ત્વજ્ઞાન - ચંદ્રની સોળે કળાએ ખીલી ઉઠેલા પરમ તત્ત્વચિંતામણિ અમૃતચંદ્રજી હવે તેનો ઉપસંહાર કરતાં, અલૌકિક ચિંતામણિરત્નમયી આ ભગવતી 'આત્મખ્યાતિ'ના પૂર્ણાહુતિ અવસરે, પૂર્ણ આત્મભાવોલ્લાસની વસંત ઋતુમાં પૂર્ણ કળાએ ખીલી નીકળી પૂર્ણ ભાવવાહી વસંતતિલકા વૃત્તમાં પંચરત્ન કળશ-કાવ્ય વસંતની રેલંછેલ કરે છે - 'કેમે કરીને - કોઈ પ્રકારે જેનો મોહ દૂર કરાયો છે એવા જેઓ જ્ઞાનમાત્ર નિજ ભાવમયી અકંપ ભૂમિને આશ્રે છે, તેઓ સાધકત્વને પામીને સિદ્ધો થાય છે, પણ મૂઢો તો આને (ભૂમિને) નહિ પામીને પરિભ્રમે છે.' (કળશ ૨૬૬) 'સ્યાદ્‌વાદ કૌશલ અને સુનિશ્ચલ સંયમ એ વડે કરીને જે અહીં ઉપયુક્ત (ઉપયોગ યુક્ત) એવો સ્વને દિને દિને ભાવે છે તે જ્ઞાન-ક્રિયાની પરસ્પર તીવ્ર મૈત્રીનો પાત્રરૂપ કરાયેલો એક આ ભૂમિને (જ્ઞાન ભૂમિકાને) આશ્રે છે.' (કળશ ૨૬૭) અને તેને જ (જે ઉપરમાં કહ્યો તે જ્ઞાન માત્ર ભૂમિકા પ્રાપ્તને જ) ચિત્ પિંડ પ્રચંડતામાં વિલાસિ વિકાસ - હાસરૂપ શુદ્ધપ્રકાશભરથી નિર્ભર સુપ્રભાત જેનો થયો છે એવો આ આનંદસુસ્થિત સદા અસ્ખલિત એકરૂપ અચલ અર્ચિષ્ (અચલ જ્યોતિ) આત્મા ઉદય પામે છે.' (કળશ ૨૬૮) 'સ્યાદ્‌વાદથી દીપિત લસલસતા મહસ્‌માં (મહાતેજ - જ્યોતિમય) પ્રકાશ (પ્રગટ) શુદ્ધસ્વભાવમહિનૂવંત મ્હારામાં ઉદિત થયે, બંધ-મોક્ષ પથપાતી અન્ય ભાવોથી શું ? માત્ર કેવલ નિત્યોદયો આ સ્વભાવ સ્ફુરો !' (કળશ ૨૬૯) 'ચિત્ર

આત્મશક્તિ સમુદાય આ **આત્મા** નયદૃષ્ટિથી ખંડાતો સતો સદ્ય - શીઘ્ર પ્રણાશે છે, તેથી અખંડ, અનિરાકૃત ખંડ, એક એકાંતશાંત, અચલ ચિત્ હું **મહસ્** (મહાતેજ-જ્યોતિ) છું.' (કળશ ૨૭૦)

અત્રે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી **હું અખંડ આત્મવસ્તુ** છું એવી પરમ આત્મભાવનાની ઘૂન લેવડાવતા મંત્રપદરૂપ આ સૂત્ર પરમ મંત્રદૃષ્ટા **અમૃતચંદ્રજીએ** આત્માની ખ્યાતિ કરતા આ યથાર્થનામા **'આત્મખ્યાતિ' સૂત્રમાં** સૂત્રિત કર્યું છે - 'હું નથી દ્રવ્યથી ખંડાતો, હું નથી ક્ષેત્રથી ખંડાતો, હું નથી કાળથી ખંડાતો, હું નથી ભાવથી ખંડાતો. સુવિશુદ્ધ એક જ્ઞાનમાત્ર ભાવ હું છું.'

જે **આ એક ચિદ્ મહસ્ હું** છું એમ આગલા **સમયસાર કળશમાં** કહ્યા પ્રમાણે આત્માને જ્ઞાનમાત્ર જ્ઞાતા જાણ્યો તે તો જ્ઞેય થયું, તો પછી જ્ઞાતા જ્ઞેય અને જ્ઞાનનો ભેદ આવ્યો તેનું શું ? એની સૂક્ષ્મતમ મીમાંસા આ અદ્‌ભુત **સમયસાર કળશ** કાવ્યમાં (૨૭૧) **અમૃતચંદ્રજીએ** 'જ્ઞેય' શબ્દની અટપટી શબ્દ ચમત્કૃતિથી ને તત્ત્વ ચમત્કૃતિથી અત્ર દર્શાવી છે - 'જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું, તે જ્ઞેયનો જ્ઞાનમાત્ર જ્ઞેય નથી જ, જ્ઞેયના જ્ઞાન - કલ્લોલોથી (તરંગો) વલ્ગતી (કૂદતી, ઉછળતી) એવી જ્ઞાન - જ્ઞેય - જ્ઞાતૃમદ્ વસ્તુમાત્ર જ્ઞેય છે.' અર્થાત્ જેના વડે જાણે છે તે જ્ઞાન પણ તે જ છે, તે જ્ઞાનથી જણાવા યોગ્ય જ્ઞેય પણ તે જ છે અને તે જ્ઞાનથી જણાવા યોગ્ય જ્ઞેયને જાણનારો 'જ્ઞાતા' - જ્ઞાયક પણ તે જ છે. એમ જ્ઞાન જ્ઞેય અને જ્ઞાતાનો જ્યાં અભેદ છે એવી જ્ઞાનથી જ્ઞેય જ્ઞાતારૂપ-જ્ઞાયક પણ તે જ છે. એમ જ્ઞાન જ્ઞેય અને જ્ઞાતાનો જ્યાં અભેદ છે એવી જ્ઞાનથી જ્ઞેય જ્ઞાતારૂપ - જ્ઞાયક ભાવરૂપ **નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર** વસ્તુમાત્ર 'હું' છું.

હવે પરમ ગંભીર પૃથ્વી વૃત્તમાં નિબદ્ધ ત્રણ પરમામૃત સંભૃત **સમયસાર કળશકાવ્યમાં** (૨૭૨, ૨૭૩, ૨૭૪) **પરમાર્થ મહાકવિ અમૃતચંદ્રજી** વસ્તુતત્ત્વના **અનેકાંત સ્વભાવનું** તાદૃશ્ય સ્વભાવોક્તિમય પરમ પરમાર્થગંભીર 'અદ્‌ભુતાદદ્‌ભુતં' મીમાંસન કરે છે - (૧) 'ક્વચિત્ જે મેચક (ચિત્ર) વિલસે છે, 'મમ' (મ્હારૂં) તત્ત્વ છે, તથાપિ પરસ્પર સુસંહત પ્રકટ શક્તિચક્રવાળું સ્ફુરતું તે અમલ મેધાવંતોના મનને વિમોહ પમાડતું નથી.' (૨) આ બીજા પૃથ્વીવૃત્ત નિબદ્ધ કળશકાવ્યમાં આત્માના અનેકાંત સ્વભાવનું પરમ સુંદર તાદૃશ્ય સ્વભાવોક્તિમય હૃદયંગમ શબ્દચિત્ર આલેખી **મહાન્ પરમાર્થશિલ્પી મહાગીતાર્થ અમૃતચંદ્રજીએ** પરમ આત્મ ભાવોલ્લાસથી **આત્માનો સહજ અદ્‌ભુત વૈભવ** સંગીત કર્યો છે - 'આ તરફ અનેકતા પામી ગયેલો, આ તરફ સદા પણ એકતા ધારતો, આ તરફ ક્ષણવિભંગુર, આ તરફ સદૈવ ઉદય થકી ધ્રુવ, આ તરફ પરમ વિસ્તૃત, આ તરફ નિજ પ્રદેશોથી ધૃત (ધારી રખાયેલ) એવો અહો ! તે આ **સહજ અદ્‌ભુત વૈભવ આત્માનો** છે.' ઈ. (૩) પરમ ગંભીર પૃથ્વીવૃત્ત નિબદ્ધ ત્રીજા કળશ કાવ્યમાં (૨૭૪) **આત્માના અનેકાંત સ્વભાવનું તાદૃશ્ય આબેહુબ સ્વભાવોક્તિમય** (life-like) શબ્દચિત્ર આલેખતાં **મહાકવિ અમૃતચંદ્રજી** અનેકાંત આત્મસ્વભાવના **'અદ્‌ભુતાદદ્‌ભુત' મહિમાનો** વિજયઘોષ ઉદ્‌ઘોષે છે - 'એક તરફ કષાય-કલિ સ્ખલે છે, એક તરફ શાંતિ છે, એક તરફ ભવોપહતિ સ્પર્શે છે, એક તરફ મુક્તિ પણ સ્પર્શે છે, એક તરફ જગત્ ત્રિતય સ્ફુરે છે, એક તરફ ચિત્ પ્રકાશે છે, આવો **આત્માનો અદ્‌ભુતાદદ્‌ભુત** (અદ્‌ભુતથી પણ અદ્‌ભુત) **સ્વભાવમહિમા** વિજય પામે છે.' ઈ.

આ પછીના બે કળશ કાવ્યનું (૨૭૫, ૨૭૬) વિસ્તરણ વિસ્તારથી **આ લેખકે પ્રસ્તાવનામાં** કર્યું છે, તે ત્યાં અવલોકવું.

અત્રે મુક્ત-અમુક્ત અવસ્થામાં એકરૂપ અક્ષય પરમાત્માને **તાત્ત્વિકશેખર અમૃતચંદ્રજીએ** પૂર્ણભાવપૂર્ણ નમસ્કાર કરી અંત્ય મંગલ કર્યું છે - 'કર્મથી મુક્ત-અમુક્તમાં જે સંવિદ્ આદિ થકી એકરૂપ છે, એવા **અક્ષય પરમાત્મા જ્ઞાનમૂર્ત્તિને** હું નમું છું.' ઈ.

અત્રે છેવટે **સ્યાદ્‌વાદ અધિકારમાં** 'હવે દ્રવ્યના આદેશવશથી ઉક્ત **સપ્તભંગી** અમે અવતારીએ છીએ' એમ **અમૃતચંદ્રજીએ** કહ્યું છે. આ સપ્તભંગી સ્વ - પરનું ભેદવિજ્ઞાનથી પરિદૃઢ કરાવે છે.

અને અંતે મહાકવિ અમૃતચંદ્રજી પ્રરૂપ આત્મ ભાવોલ્લાસથી આ પરમગંભીર અમૃત કળશ (૨૭૭) લલકારે છે - 'જેમાંથી પૂર્વે દ્વૈત થયું હતું, જે થકી સ્વ - પરનું અંતર થયું હતું, રાગ-દ્વેષ પરિગ્રહ સતે જ્યાંથી ક્રિયા-કારકનો જન્મ થયો હતો અને જે થકી ક્રિયાનું અખિલ ફલ ભોગવતી અનુભૂતિ ખિન્ન થઈ હતી, તે વિજ્ઞાનઘનૌઘમાં મગ્ન થયેલું અધુના (હમણાં) કિંચિત્ ન કિંચિત્ નિશ્ચયથી છે.'

આ ઊંડા પરમાર્થ આશયવાળા અમૃતકળશનો પરમાર્થ - મર્મ અદ્‌ભુત છે. અચિંત્ય ચિંતામણિરત્ન્નિધાન આ ભગવતી 'આત્મખ્યાતિ' મહાકૃતિના ચૂડામણિસ્થાને ઝગઝગતા આ ચિંતામણિરત્નમય પરમામૃતસંભૃત કળશમાં, તાત્ત્વિકશિરોમણિ 'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રાચાર્યજીએ આ કૃતિ અને તેના કર્ત્તાપણાનું અહંત્વ-મમત્વનું સર્વથા વિલોપન કરવાના પરમ ઉદાત્ત ગંભીર માર્મિક આશયથી, સિંહાવલોકન ન્યાયે ભૂતપ્રજ્ઞાપનીય નયથી આ આત્માનો ભૂતપૂર્વ ઈતિહાસ સ્મૃતિમાં લાવી, ગઈ ગૂજરી સંભારી ગઈ ગૂજરી ભૂલી જવા - કૃતિ અને ક્રિયા અંગે પરમ સૂક્ષ્મ તત્ત્વમીમાંસા રજૂ કરી છે. 'પુરા' - પૂર્વે 'દ્વૈત' - બે વસ્તુના સંબંધ રૂપ દ્વૈત થયું હતું અને જે થકી અત્રે સ્વ - પરનું અંતર ભૂત થયું અને રાગ-દ્વેષનો પરિગ્રહ સતે જે થકી ક્રિયા અને કારકોનું ઉપજવું થયું અને જે થકી 'અખિલ' - સકલ ક્રિયાનું ફલ ભોગવતી અનુભૂતિ ખિન્ન થઈ, તે 'વિજ્ઞાનઘનૌઘમાં' 'મગ્ન' અધુના કિંચિત્ ખરેખર ! ન કિંચિત્ છે, કાંઈ છે નહિ. અત્રે 'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રજીનો મુખ્ય ધ્વનિ એ છે કે આ બધી કૃતિ - ક્રિયાની કહાણી જેમ ભૂત પર્યાય રૂપે ગઈ ગૂજરી બની જઈ વિજ્ઞાનઘનઓઘ આત્મામાં મગ્ન થઈ ગઈ, તેમ અધુના અમે વિજ્ઞાનઘન ઓઘ આત્મામાં જ નિમગ્ન થઈ ગયા છીએ, એટલે આ અમારી કૃતિ ને અમે કર્ત્તા એવું અહંત્વ - મમત્વ પણ રહ્યું જ નથી એવું 'ન કિંચિત્' છે. અથવા હમણાં વિજ્ઞાનઘન ઓઘમાં મગ્ન તે કિંચિત્ 'ન કિંચિત્' છે, ન કિં ચિત્ છે ? અર્થાત્ ચિત્ ચિત્ ને ચિત્ જ છે. આવા અનેક પ્રકારના પરમાર્થગંભીર આશયવાળું આ અનુપમ તત્ત્વવિજ્ઞાન પરમ જ્ઞાની ભગવાન 'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રાચાર્યજીએ આ 'અમૃત' કળશમાં સંભૃત કર્યું છે - જેનું યત્ કિંચિત્ દિગ્ દર્શન અત્ર તે ભગવાનના દાસ 'અમૃત જ્યોતિ' મહાભાષ્યકારે (વિવેચકે) યથામતિ કર્યું છે.

અત્રે 'આત્મખ્યાતિ'માં આ અંતિમ અમૃત સમયસાર કળશ (૨૭૮) અમૃતચંદ્રજીએ પરમ આત્મભાવોલ્લાસથી સંગીત કર્યો છે - 'સ્વશક્તિ વડે કરીને જેણે વસ્તુતત્ત્વ સંસૂચિત કર્યું છે, એવા શબ્દોથી સમયની આ વ્યાખ્યા કરવામાં આવી, સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું કર્ત્તવ્ય જ 'ન કિંચિત્ અસ્તિ.' આ અદ્‌ભુત શ્લોકનું ભાવ વ્યંજન વિસ્તારથી આ લેખકે પ્રસ્તાવનામાં કર્યું છે.

આમ સમયસાર શાસ્ત્રનું 'આત્મખ્યાતિ' ટીકાના અનુસંધાનમાં વિશેષથી વસ્તુદર્શન કર્યું. अलं विस्तरेन !

- ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા
એમ.બી.બી.એસ.

ફાગણ પૂર્ણિમા, સં. ૨૦૫૦
૨૭-૩-'૯૪
કે.એમ. મુન્શી માર્ગ,
મુંબઈ-૭.

સમયસાર પહેલા ભાગની વિષય અનુક્રમણિકાદિ

પૃષ્ઠ પૂર્વરંગ પૃષ્ઠ

પૂર્વરંગ : સમયસાર કળશ-૧

૧. **ભાવ મંગલ, કલશ** ૧-૭

કાર્ય સમયસાર : કારણ સમયસાર

આ કળશની અદ્‌ભુત તત્ત્વ સંકલના

સમયસાર એટલે શું ? છ અર્થ

આત્મા સંબંધી ઈતર માન્યતાઓનું નિરસન

'સમયસાર' તત્ત્વ મંદિર પર **'સુવર્ણ'** કળશ

૮. **બીજું મંગલ કલશ કાવ્ય** ૮-૧૩

અનેકાન્તમયી મૂર્તિ નિત્ય પ્રકાશજો !

અનેકાંત જિનવાણી એ જ સરસ્વતી મૂર્તિ

કેવલ જ્ઞાનમય અનેકાંત મૂર્તિ : દ્રવ્યશ્રુત-ભાવશ્રુતમય અનેકાંત મૂર્તિ

આત્મા અનેકાંત મૂર્તિ : શબ્દ સમય, અર્થ સમય, જ્ઞાન સમય

પંચ અર્થમાં અનેકાંતસ્વરૂપ મૂર્તિ

પર દ્રવ્યથી પૃથક્ આત્મતત્ત્વ દર્શન

પંચ અર્થમાં અનેકાંતમયી મૂર્તિ નિત્ય પ્રકાશો !

અનેકાંત સિદ્ધાંતના અંગરૂપ આ શાસ્ત્ર, નિશ્ચય - વ્યવહારનું સાપેક્ષપણું, જય અનેકાંત નીતિ : જય અનેકાંતમયી મૂર્તિ

૧૪. **ત્રીજુ મંગલ સમયસાર કળશ કાવ્ય ૧૪-૨૨**

મહાપ્રતિજ્ઞા : ફલ પ્રયોજન રૂપ પ્રાર્થના

પરપરિણતિ હેતુ મોહના અનુભાગજન્ય અશુદ્ધિ

દ્રવ્ય કર્મ - ભાવ કર્મના દુશ્ચક્રથી ભાવચક્ર ભ્રમણ

મોહરૂપ આત્મ ભ્રાંતિથી જ ભવભ્રાંતિ : એ જ મૂલગત ભૂલ

પુષ્ટ નિમિત્તાલંબન : ઉપાદાન જાગૃતિ : આત્મપુરુષાર્થ

જડ અશુદ્ધ નિમિત્ત : સત્‌શાસ્ત્ર વ્યાખ્યાન શુદ્ધ નિમિત્ત

'સમયસાર' અનુપમ નિમિત્ત

ક્ષાયોપશમિક ગુણ : 'દીઠો સુવિધિ જિણંદ સમાધિ રસ ભર્યો રે'

સમયસારની સેવામાં સર્વ 'સ્વ વિભવ' સર્વસ્વ સમર્પણ

'આત્મખ્યાતિ' પ્રાસાદનું સર્જન : 'કામ એક આત્માર્થનું'

પારમાર્થિક ઉપયોગી ગ્રંથ : અમૃતચંદ્રજીની 'અમૃત' વાણી

'અમૃતચંદ્રજી'ની આત્મખ્યાતિ પોકારતી **'આત્મખ્યાતિ'**

૨૩. અથ સૂત્રાવતારः । ૨૩-૩૯

'આત્મખ્યાતિ' : **અમૃતચંદ્રજીની** અદ્‌ભુત સૂત્રાત્મક પરમાર્થઘન અમૃત વ્યાખ્યા

સિદ્ધ વંદન : સૂત્ર ગ્રંથન

'અપવર્ગ' ગતિ : ધ્રુવ, અચલ, અનુપમ

સિદ્ધ ભગવંતો : સિદ્ધપણે સાધ્ય આત્માના પ્રતિચ્છંદ સ્થાનીય

જિન ભક્તિનું ઈષ્ટ પ્રયોજન

સત્ સાધકને **સિદ્ધ** પુષ્ટ આલંબન નિમિત્ત

અર્હત્ - સિદ્ધ ભગવાન પ્રયોગ સિદ્ધ

સમયસાર : કાર્ય સમયસાર પરમ આરાધ્ય ઈષ્ટદેવ

'અજકુલ ગત કેસરી' : દૃષ્ટાંત

અંતરાત્મનું જિન પ્રભુના રૂપ દર્પણમાં નિજ સ્વરૂપ દર્શન

'જો જાણઇ અરિહંતે, દવ્વગુણપયવેહિં ય'

'સંભવ દેવ તે ધુર સેવો સવે રે'

ઉપાદાન અને નિત્ત : 'રાજમાર્ગ અને એકપદી'

ભક્તિમાર્ગનું પ્રાધાન્ય : 'જલધિ સમો સંસાર તે ગોપદ સમ

ભક્તિમાર્ગ અંગે **શ્રીમદ્ રાજચંદ્રજી**ના ટંકોત્કીર્ણ વચનામૃત

શાસ્ત્ર પ્રારંભે જ ભક્તિમાર્ગ મહાપ્રતિષ્ઠા : ભાવ-દ્રવ્ય સ્તવ

સૂત્ર ગ્રથન : **'આ સમય પ્રાભૃત'** : અર્હત્ પ્રવચનનું અવયવ

'આત્મખ્યાતિ' મહાટીકા વડે મહાપ્રાભૃત

ભાવવાચાથી અને દ્રવ્યભાષાથી પરિભાષણ

સ્વ-પરના અનાદિ મોહ પ્રશાંતિ અર્થે

કુંદકુંદાચાર્યજી અને **અમૃતચંદ્રાચાર્યજી**

'આત્મખ્યાતિ'ની વિખ્યાતિ અર્થે **'અમૃત જ્યોતિ' મહાભાષ્ય** (ડૉ. ભગવાનદાસ)

૪૦. **સમયસાર ગાથા-૨** ૪૦-૬૧

સમય, સ્વ સમય, પર સમય

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ઐક્યરૂપ ત્રિલક્ષણા સત્તા
નિત્ય પરિણામાત્મક સ્વભાવ
ચૈતન્ય સ્વરૂપ : દર્શિ - જ્ઞપ્તિ જ્યોતિ
અનંત ધર્માધિરૂઢ એકધર્મી : દ્રવ્યત્વ દ્રવ્યગુણ પર્યાય
વૈશ્વરૂપ્ય ઉપાત્ત એકરૂપ
જીવ-અજીવ : પંચાસ્તિકાય : ષડ્દ્રવ્ય
'શ્રી તીર્થંકર' એમ કહે છે કે એવી શ્રીમદ્ રાજચંદ્રની અમૃત વાણી
અનંત દ્રવ્ય સંકરમાં ટંકોત્કીર્ણ ચિત્ સ્વભાવી

૫૨ સત્ ચિત્ દ્રવ્ય સ્વ પર પ્રકાશક પર દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત 'સ્વ સમય'
અંધારૂં ઘર અને દીપકનું દૃષ્ટાંત
વિવેક જ્યોતિ કે ભેદજ્ઞાન પ્રકાશ
આત્મજ્ઞાન : પરપ્રચ્યુતિ : સ્વ વૃત્તિ
સ્વરૂપ સ્થિતિ : સ્વ સમય
પર સમય : મોહ 'મહારાજ' : ભેદ અજ્ઞાન
આત્મ પ્રચ્યુતિ અને પરવૃત્તિ
પરરૂપ સ્થિતિ : પર સમય

૬૨. **પૂર્વરંગ : સમયસાર ગાથા-૩** ૬૨-૬૯
એકત્વ નિશ્ચયગત સમય સર્વત્ર સુંદર
'જડ ભાવે પરિણમે, ચેતન ચેતન ભાવ'
અત્રે **'સમય'** એટલે સામાન્યથી સર્વ પદાર્થ 'નિરુયુક્તિથી'
સ્વધર્મચક્ર ચુંબી છતાં પરસ્પર અચુંબતા સ્વધર્મ ચક્રવર્તી ષટ્ દ્રવ્ય
અખંડ વિશ્વ વ્યવસ્થાની જાળવણી
એકત્વ નિશ્ચયગતપણાથી જ અર્થોનું સૌંદર્ય
પ્રકારાંતરે સર્વ સંકરાદિ દોષાપત્તિ
સર્વ અર્થોનું એકપણું પ્રતિષ્ઠિત
સમયનું એકપણું જ અવસ્થિત

૬૯. **સમયસાર ગાથા-૪** ૭૦-૮૧
સંસાર ચક્રના ચાકડે ચડેલ જીવ લોક : પંચ પરાવર્ત
અમૃતચંદ્રજીની અદ્ભુત સ્વભાવોક્તિ
શ્રુત-પરિચિત - અનુભૂતા કામભોગ બંધ કથા
મહામોહ ગ્રહથી 'ગો' જેમ વાહન
કુંભાર ચક્રનું દૃષ્ટાંત : ઘાણીના બેલનું દૃષ્ટાંત
'અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં' ઈ. (શ્રીમદ્ રાજચંદ્ર અં. ૧૨૮)
તૃષ્ણાની તીવ્ર વેદના : વિષય-મૃગજલ માટે ઝાવાં
પરસ્પર આચાર્યપણું
અસત્ શ્રવણ અનંત વાર : સત્ શ્રવણ કદી નહીં
વિવેકાલોકથી વિવિક્ત એકત્વ : કષાય ચક્રથી તિરોભૂત કોલસાના ઢગલા મધ્યે હીરો; જ્ઞાની દશાસંપન્ન સદ્ગુરુનું સ્વરૂપ; આત્મજ્ઞ સદ્ગુરુનું સમુપાસન; વિવિક્ત એકત્વ ન કદી શ્રુતપૂર્વ, ન પરિચિત પૂર્વ, ન અનુભૂત પૂર્વ

૮૨. **સમયસાર ગાથા-૫** ૮૨-૮૭
'તે એકત્વવિભક્ત આત્મા હું આત્માના સ્વવિભવથી દર્શાવું' ભગવાન શાસ્ત્રકારની પ્રતિજ્ઞા અને વિજ્ઞપ્તિ
આગમ-યુક્તિ-અનુશાસન-અનુભવ જનિત **સ્વવિભવ**
સ્વવિભવથી તે એકત્વ વિભક્ત આત્મા દર્શાવવાનો કૃતનિશ્ચયઃ સ્વાનુભવથી પરીક્ષીને પ્રમાણજો, ચૂકું તો છલ મ ગ્રહજો !
મહાજ્ઞાનેશ્વરી મહાદાનેશ્વરી આ જગત્ગુરુ યુગ્મનું જગત્ને **'પ્રાભૃત'**
જય કુંદકુંદ ! જય અમૃતચંદ્ર !
'આત્મખ્યાતિ'માં વ્યક્ત થતો **અમૃતચંદ્રજીના** તેવો જ પરમ **'સ્વ વિભવ'**

૮૮. **સમયસાર ગાથા-૬** ૮૮-૯૭
ન પ્રમત્ત ન અપ્રમત્ત **જ્ઞાયક** : એક ભાવ તે જ **શુદ્ધઃ** અનાદિ ભવરોગ : કર્મ-આત્માનો અનાદિ સંયોગ સંબંધ
કર્મના ભેદ : ઘાતિ અઘાતિ
બંધ પર્યાય અપેક્ષાએ કર્મ-આત્માનું એકપણું, ઈ.
જ્ઞાયક એકભાવ ન પ્રમત્ત, ન અપ્રમત્ત
શુભાશુભ ભાવોના સ્વભાવે અપરિણમનને લીધે જ્ઞાયક ભાવ, ન પ્રમત્ત ન અપ્રમત્ત.
વ્યવહારથી પ્રમત્ત-અપ્રમત્ત : નિશ્ચયથી ન પ્રમત્ત - ન અપ્રમત્તઃ જીવત્વ અનાદિ પારિણામિક ભાવ; આ જ્ઞાયક એક ભાવ એ જ **'શુદ્ધ'**: આ શુદ્ધ એ જ ઉપાસ્યમાન આરાધ્ય દેવ જ્ઞેયરાશિ સ્થિત જ્ઞાયકની જ્ઞેયમાં ગણના છતાં જ્ઞાયકપણાની અશુદ્ધિ નથી : અગ્નિનું દૃષ્ટાંત

જ્ઞેય ને જ્ઞાયક : સ્વરૂપ પ્રકાશન દશામાં કર્ત્તા-કર્મનું અનન્યપણું

૯૮. **સમયસાર ગાથા-૯** ૯૮-૧૦૪

વ્યવહારથી જ જ્ઞાનિના દર્શન-જ્ઞાન-ચારિત્ર : નિશ્ચયથી જ્ઞાયક એક શુદ્ધ

ધર્મ-ધર્મી અભેદ છતાં વ્યપદેશ ભેદ ઉપજાવી શિષ્ય બોધાર્થ વ્યવહાર ઉપદેશઃ ધર્મ-ધર્મીનો વ્યપદેશથી ભેદ : વસ્તુતઃ અભેદ

'પર્યાય દૃષ્ટિ ન દીજીએ : એક જ કનક અભંગ રે'

૧૦૫. **સમયસાર ગાથા-૮** ૧૦૫-૧૦૯

વ્યવહાર વિના પરમાર્થનું ઉપદેશન અશક્ય : અનાર્યનું દૃષ્ટાંત

મ્લેચ્છને મ્લેચ્છ ભાષાના આશ્રયે 'સ્વસ્તિ' તે અર્થ સમજાતાં આનંદના ઝળઝળીઆં અનાત્મજ્ઞને વ્યવહાર પથ આશ્રયે 'આત્મા'નો અર્થ સમજાતાં આનંદ બોધ

૧૧૦. **સમયસાર ગાથા-૯-૧૦** ૧૧૦-૧૧૭

જે શ્રુતથી આ આત્માને કેવલ શુદ્ધ જાણે છે તેને **લોકપ્રદીપકર ઋષિઓ 'શ્રુતકેવલિ'** કહે છે

જે શ્રુતજ્ઞાન સર્વ જાણે છે, તેને જિનો કહે છે, કારણકે જ્ઞાન આત્મા છે,

તેથી શ્રુતકેવલી

શ્રુતકેવલીનું અદ્‌ભુત રહસ્ય

સર્વત્ર આત્મજ્ઞાનની મુખ્યતા : જ્ઞાન-અજ્ઞાનનું રહસ્ય

દ્રવ્યશ્રુતનો ભાવશ્રુતના નિમિત્તપણે પરમ ઉપકાર

આત્મજ્ઞાન વિનાનું શાસ્ત્રજ્ઞાન ભારરૂપ

'સર્વ' શ્રુતજ્ઞાનમાં 'સર્વ'નું રહસ્ય

પરમ અદ્‌ભુત તત્ત્વ ચમત્કાર દાખવતો ખુલાસો **શ્રીમદ્ રાજચંદ્રજીએ** પ્રકાશ્યો છે

શ્રુતકેવલી એવો વ્યવહાર : પરમાર્થ પ્રતિપાદક : તે આત્માને પ્રતિષ્ઠાપે છે

'જબ જાન્યો નિજ રૂપ કો, તબ જાન્યો સબ લોક' (શ્રીમદ્ રાજચંદ્ર)

૧૧૮. **સમયસાર ગાથા-૧૧** ૧૧૮-૧૨૫

વ્યવહાર અભૂતાર્થ : શુદ્ધનય ભૂતાર્થ

ભૂતાર્થને આશ્રિત નિશ્ચયે કરી સમ્યગ્‌દૃષ્ટિ વ્યવહારનય સર્વ જ અભૂતાર્થ : શુદ્ધનય એક જ ભૂતાર્થ

પંક-જલના અવિવેકથી મલિન જલ અનુભવ વિવેકથી નિર્મલ જલ અનુભવ

કર્મ-આત્માના અવિવેકથી અશુદ્ધ આત્મ અનુભવ : શુદ્ધનય જનિત વિવેકથી શુદ્ધ આત્મ અનુભવ

જે ભૂતાર્થ આશ્રે તે જ સમ્યગ્‌દૃષ્ટિ : શુદ્ધનય કતક સ્થાનીય

પ્રત્યગ્ આત્મદર્શિએ વ્યવહારનય ન અનુસરણીય નય મીમાંસા

શુદ્ધ ગ્રાહી નિશ્ચય : અશુદ્ધ ગ્રાહી વ્યવહાર

શુદ્ધનય-નિશ્ચય ભૂતાર્થ દર્શી : વ્યવહાર નય અભૂતાર્થ દર્શી

૧૨૬. **સમયસાર ગાથા-૧૨** ૧૨૬-૧૪૨

શુદ્ધ આદેશવાળો પરમભાવદર્શીઓએ જ્ઞાતવ્ય : પણ જેઓ અપરમ ભાવમાં સ્થિત છે તેઓ વ્યવહારથી દેશિત હોય

નિશ્ચય-વ્યવહારના સમુચિત અધિકારી મર્યાદા

પરમ ભાવદર્શી માટે શુદ્ધનય અને અપરમભાવ સ્થિત માટે વ્યવહારનય - પ્રયોજનવાન્

સુવર્ણ શુદ્ધિના દૃષ્ટાંતથી **અમૃતચંદ્રજીની** નિષ્ણુષ સ્પષ્ટ અદ્‌ભુત વ્યાખ્યા

તે સુવર્ણ શુદ્ધિ દૃષ્ટાંતનું સ્પષ્ટ ભાવન સુવર્ણ-અગ્નિ તાપનું દૃષ્ટાંત

વ્યવહાર મોક્ષમાર્ગ નિશ્ચય મોક્ષમાર્ગનો સાધ્ય-સાધન ભાવ : સુવર્ણ - સુવર્ણ પાષાણવત્

જ્ઞાનાચાર આદિ વ્યવહારના કડક આદર્શ પરિપાલન અંગે **અમૃતચંદ્રજીના** અમૃત વચનો

અમૃતચંદ્રાચાર્યજીના વચનામૃતનો પ્રતિધ્વનિ કરતા હોય એમ **યશોવિજયજી ઉપાધ્યાયજીના** સ્પષ્ટ વચન

પ્રથમાવસ્થામાં વ્યવહાર પ્રયોજનભૂત : ઉત્તરાવસ્થામાં નિશ્ચય જ પ્રયોજનભૂત

વ્યવહાર તીર્થ : નિશ્ચય તીર્થફલ

વ્યવહાર છેદે તે તીર્થ છેદે : નિશ્ચય છેદે તે તત્ત્વ છેદે :

આ પરથી ફલિત થતો તાત્પર્ય બોધ

વ્યવહાર બે પ્રકારના છે, એક પરમાર્થ મૂળ

હેતુ : બીજો વ્યવહાર રૂપ વ્યવહાર ઈ. આ અંગે શ્રીમદ્ રાજચંદ્રજી જ્ઞાનાવતાર પુરુષના ટંકોત્કીર્ણ અમૃત વચનો પ્રત્યેક મુમુક્ષુએ મનન કરી હૃદયમાં કોતરી રાખવા યોગ્ય છે
વ્યવહારે પ્રયોજન પરમાર્થ પ્રતિપાદન
નિશ્ચય-વ્યવહારનો સાપેક્ષ સંબંધ : સમન્વય
'કોઈ ક્રિયાજડ જડ થઈ રહ્યાં, 'શુષ્કજ્ઞાનમાં કોઈ' (આત્મસિદ્ધિ)
જ્ઞાન ક્રિયાનો સુમેળ : આરાધના અને વિરાધના
વ્યવહારનું સ્વરૂપ અને તેની ઠેઠ સુધી ઉપયોગિતા
પરમાર્થનો સાધક તે જ સદ્ વ્યવહાર
સદ્ વ્યવહાર સાધન
સદ્ દેવ સદ્ધર્મ સદ્ગુરુ : સત્નિમિત્ત સાધન
આ ગાથાની તમામ પાત્રાપાત્ર થઈ
પ્રવર્ત્તવાની વક્તા-શ્રોતાને
સીધી ચેતના રૂપ લાલબત્તી
દેવચંદ્રજીનો સુપ્રસિદ્ધ પત્ર.

૧૪૩. સમયસાર કળશ-૪ ૧૪૩-૧૪૫
'સ્યાત્'પદાંકિત જિન વચન : ઉભય નય વિરોધ ધ્વંસી
આવા જિન વચને રમે તે સમયસાર પરંજ્યોતિ દેખે
અનવમ-નયપક્ષ અક્ષુણ્ણ તે પરંજ્યોતિ

૧૪૬. સમયસાર કળશ-૫ ૧૪૬-૧૪૯
વ્યવહરણ નય પ્રથમ પદવીમાં હસ્તાવલંબ : પરમ અર્થદર્શીને ન કિંચિત્
બન્ને નયની યથાયોગ્ય ભૂમિકા : – –
બન્ને નયનું પરસ્પર સામસામું સમીકરણ
આરોહકને અવલંબન આવશ્યક : આરૂઢને અનાવશ્યક

૧૫૦. સમયસાર કળશ-૬ ૧૫૦-૧૫૨
શુદ્ધનય થકી એકત્વે નિયત પૂર્ણ
જ્ઞાનઘન આત્માનું દર્શન એ જ
સમ્યગ્દર્શન : એક આત્મા જ અમને હો !
પૂર્ણ જ્ઞાનઘન આત્મા જ અમને હો ! નવ સંતતિનું અમને હવે પ્રયોજન નથી

૧૫૧. સમયસાર કળશ-૭ ૧૫૩-૧૫૪
શુદ્ધનય આધીન પ્રત્યગ્ જ્યોતિ :
જે નવ તત્ત્વગતપણામાં પણ એકત્વ નથી મૂકતી

૧૫૫. સમયસાર ગાથા-૧૩ ૧૫૫-૧૬૦
ભૂતાર્થથી જાણવામાં આવેલા નવ તત્ત્વો તે સમ્યગ્દર્શન
પુણ્યપાપાદિના જીવ 'અજીવ બે પ્રકાર : જીવ-અજીવ બે પરિણામ ધારા
બહિર્ દૃષ્ટિથી બંધપર્યાય આશ્રી નવ તત્ત્વ ભૂતાર્થ : તેમાં એક જીવ જ પ્રદ્યોતે છે
અંતર્ દૃષ્ટિથી નવ તત્ત્વની અંતર્ગત વ્યવસ્થા : ભૂતાર્થનયથી એક જીવ જ તેમાં પ્રદ્યોતે છે
અનુભૂતિ તે જ આત્મખ્યાતિ : આત્મખ્યાતિ તે જ સમ્યગ્ દર્શન

૧૬૧. સમયસાર કળશ-૮ ૧૬૧-૧૬૩
વિવિક્ત પ્રતિપદે આ આત્મજ્યોતિ ઉદ્યોતમાન દેખો !
ચિરકાળથી નવ તત્ત્વમાં છુપાયેલી આત્મજ્યોતિ દર્શાવાઈ રહી છે : વર્ણમાલામાં નિમગ્ન સુવર્ણ જેમ નવ તત્ત્વમાં છુપાયેલ પૃથક્ આત્મજ્યોતિનું દર્શન પ્રતિપદે

૧૬૪. સમયસાર ગાથા-૧૩ અનુસંધાન ૧૬૪-૧૬૮
પ્રમાણ ભેદ અનુભવન વેળાએ ભૂતાર્થ : જીવ સ્વભાવ અનુભવન વેળાએ અભૂતાર્થ
નય સ્વ અપેક્ષાએ ભૂતાર્થ : છતાં શુદ્ધ સ્વભાવ અનુભવ વેળાએ અભૂતાર્થ
'મિટે કલપના જલપના, તબ વસ્તુ તિન પાઈ'

૧૬૯. સમયસાર કળશ-૯ ૧૬૯-૧૭૦
'उदयति न नयश्रीरस्तमेति प्रमाणं'
પરમ આત્મદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીના અનુભવોદ્ગાર
આ સર્વંકષ ધામ અનુભવમાં આવ્યે દ્વૈત જ ભાસતું નથી

૧૭૧. શુદ્ધ આત્મ સ્વભાવને ૧૭૧
પ્રકાશતો આ શુદ્ધનય અભ્યુદય પામે છે.

૧૭૨. સમયસાર ગાથા-૧૪ ૧૭૨-૧૭૮
જે આત્માને અબદ્ધસ્પષ્ટ, અનન્ય, નિયત,

અવિશેષ, અસંયુક્ત દેખે છે, તે શુદ્ધનય જાણ !

અબદ્ધસ્પૃષ્ટાદિ રૂપ શુદ્ધ આત્માની અનુભૂતિ

તે શુદ્ધનય : અનુભૂતિ તે આત્મા જ

જલ નિમગ્ન કમલપત્ર જેમ બદ્ધસ્પષ્ટપણા પર્યાયથી ભૂતાર્થ : છતાં આત્મસ્વભાવ આશ્રી આત્મસ્વભાવ આશ્રી અભૂતાર્થ

મૃત્તિકા પર્યાયથી જેમ પર્યાયથી આત્માનું અન્યપણું ભૂતાર્થ : છતાં આત્મસ્વભાવ આશ્રી અભૂતાર્થ

સમુદ્ર જેમ પર્યાયથી અનિયતપણું ભૂતાર્થ : છતાં આત્મ સ્વભાવ આશ્રી અભૂતાર્થ

સુવર્ણની જેમ પર્યાયથી આત્માનું વિશેષપણું ભૂતાર્થ : છતાં વિશેષપણું આશ્રી અભૂતાર્થ

ઉષ્ણ જલ જેમ પર્યાયથી આત્માનું સંયુક્તપણું ભૂતાર્થ છતાં આત્મસ્વભાવ આશ્રી અભૂતાર્થ

૧૭૯. **સમયસાર કળશ-૧૧** ૧૭૯-૧૮૦

આ અબદ્ધસ્પષ્ટદિ ભાવો ઉપરમાં તરતાં છતાં જ્યાં પ્રતિષ્ઠા ધરતા નથી

જગત્ મોહ દૂર કરી સમ્યક્ સ્વભાવ અનુભવો

૧૮૧. **સમયસાર કલશ-૧૨** ૧૮૧-૧૮૨

અંતરમાં નિહાળે તો આત્માનુભવૈકગમ્ય મહિમાવાળો વ્યક્ત આ આત્મા ધ્રુવ રહ્યો છે

ત્રિકાલિક બંધ ભેદી અંતરે નિહાળતાં નિષ્કલંક શાશ્વત આત્મદેવ બિરાજમાન

૧૮૩. **સમયસાર કળશ-૧૩** ૧૮૩-૧૮૪

આત્માને આત્મામાં સુનિષ્પ્રકંપ નિવેશીને સર્વતઃ અવબોધઘન નિત્ય એક શુદ્ધનયાત્મિકા આત્માનુભૂતિ આ જ જ્ઞાનાનુભૂતિ

૧૮૫. **સમયસાર ગાથા-૧૫** ૧૮૫-૧૮૯

જે આ અબદ્ધસ્પૃષ્ટાદિ એવા આત્માની અનુભૂતિ તે નિશ્ચયથી અખિલ જિન શાસનની અનુભૂતિ

જ્ઞાનાનુભૂતિ જ આત્માનુભૂતિ

વ્યંજનમિશ્ર લવણનું દૃષ્ટાંત : અબુદ્ધ જ્ઞેય લુબ્ધોને જ્ઞાન સ્વાદમાં આવતું નથી

'જે એગં જાણઇ સે સવ્વં જાણઇ:'

'આત્મા જાણ્યો તે સર્વ જાણ્યું'

લવણના ગાંગડા જેમ અલુબ્ધ-બુદ્ધોને વિજ્ઞાનઘન પણાએ કરી આત્મ જ્ઞાનપણે સ્વાદમાં - અનુભવમાં આવે છે

૧૯૦. **સમયસાર કળશ-૧૪** ૧૯૦-૧૯૧

'महं परममस्तु नः सदा !'

આ પરમ મહા તેજ અમને સદા હો !

૧૯૨. **સમયસાર કલશ-૧૫** ૧૯૨-૧૯૫

આત્મસિદ્ધ્યર્થીઓથી સાધ્ય-સાધક ભાવે એક આ જ્ઞાનઘન આત્મા નિત્ય ઉપાસાઓ !

સાધ્ય સાધન અને સાધનાની શુદ્ધિ

પરમાર્થમાં 'પરમાર્થ' જ સાધ્ય

અધ્યાત્મ પ્રક્રિયા તે સાધન ધર્મ

૧૯૬. **સમયસાર ગાથા-૧૬** ૧૯૬-૨૦૪

સાધુએ દર્શન-જ્ઞાન-ચારિત્ર નિત્ય ઉપાસ્યઃ નિશ્ચયથી તે ત્રણે આત્મા જ

આત્માનું જ્ઞાન-શ્રદ્ધાન-અનુચરણ આત્મા જ

નિશ્ચય મોક્ષમાર્ગ : વ્યવહાર મોક્ષમાર્ગ અવિરોધ

નિશ્ચય મોક્ષમાર્ગમાં સાધ્ય સાધન અભેદ : વ્યવહાર મોક્ષમાર્ગમાં સાધ્ય સાધન ભેદ

ભેદ રત્નત્રયી : અભેદ રત્નત્રયીઃ વ્યવહાર રત્નત્રયીનો કાર્યકારણ ભાવ

નિશ્ચય-વ્યવહારની પરસ્પર સાપેક્ષતા : સમ્યગ્ અનેકાંત દૃષ્ટિ

નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનો સાધ્ય - સાધન ભાવ - સુવર્ણ સુવર્ણપાષાણવત્

વ્યવહાર રત્નત્રયી : નિશ્ચય રત્નત્રયીનું બીજ

વ્યવહાર પ્રસાદે નિશ્ચય પ્રાસાદે આરોહણ

ક્રમબદ્ધ દશાનો વિકાસ ક્રમ

નિશ્ચય સાધ્યને સાધે તો જ

વ્યવહારનું નિમિત્ત સાધનપણું

મોક્ષમાર્ગ તો એક નિશ્ચય માર્ગ જ : વ્યવહાર મોક્ષમાર્ગ ઉપચારથી

શ્રીમદ્ રાજચંદ્રજીનું જિનના 'મૂળમાર્ગનું' દિવ્ય ગાન

'મૂળ મારગ સાંભળો જિનનો રે'

૨૦૫. **સમયસાર કળશ-૧૬ થી ૧૯** ૨૦૫

પ્રમાણથી આત્મા એકી સાથે મેચક-અમેચક

વ્યવહારથી મેચક (ચિત્ર) : નિશ્ચયથી અમેચક

મેચક-અમેચકમાં આત્માની જ ચિંતા બસ !
૨૦૮. **સમયસાર ગાથા-૧૭-૧૮** ૨૦૮-૨૧૫
'जीवराया णादव्वो सद्दहेयव्वो अणुचरिदव्वो'
મોક્ષાર્થીએ આત્મા જ્ઞાતવ્ય શ્રદ્ધાતવ્ય અનુચરિતવ્ય
સાધ્યસિદ્ધિની તથોપપત્તિ
સાધ્યસિદ્ધિની અન્યથા અનુપપત્તિ
આત્મજ્ઞાન-દર્શનપૂર્વક આત્મચારિત્ર થકી જ **આત્મસિદ્ધિ**
'चारित्तं खलु धम्मोः' ચારિત્ર એ જ નિશ્ચય ધર્મ
૨૧૬. **સમયસાર કલશ-૨૦** ૨૧૬
'न खलु न खलु अन्यथा साध्यसिद्धिः' આ અનંત ચૈતન્ય ચિહ્નવાળી **આત્મજ્યોતિ** અમે સતત અનુભવી છીએઃ કથંચિત્ ત્રિલક્ષણ છતાં એકરૂપ નિશ્ચય મોક્ષમાર્ગઃ એ જ **શ્રામણ્ય શુદ્ધોપયોગ**
૨૧૯. **સમયસાર ગાથા-૧૭-૧૮ (અનુસંધાન)** ૨૧૯-૨૨૩
જ્ઞાનતાદાત્મ્ય છતાં આત્મા જ્ઞાનને ક્ષણ પણ ઉપાસતો નથી : સ્વયંબુદ્ધપણાથી કે બોધતબુદ્ધપણાથી જ્ઞાનની ઉત્પત્તિ
'पावे नहि गुरुगम विना, एही अनादि स्थित' (શ્રીમદ્ રાજચંદ્ર અં. ૨૫૮)
ગીતાર્થનું રહસ્ય : ભાવગુરુગમઃ 'દીવામાંથી દીવો'
તે પૂર્વે નિત્યમેવ અપ્રતિબુદ્ધપણાને લીધે આત્મા અજ્ઞાન જઃ વાચાજ્ઞાનીઓએ લેવા યોગ્ય ઘડોઃ જ્ઞાનદશાની જરૂર
આ અંગે **શ્રીમદ્ રાજચંદ્રજીના** આ ટંકોત્કીર્ણ વચનામૃત પ્રત્યેક મુમુક્ષુએ હૃદયમાં કોતરી રાખવા યોગ્ય છે.
૨૨૪. **સમયસાર ગાથા-૧૯** ૨૨૪-૨૩૦
મોહાદિ અંતરંગ કર્મમાં અને દેહાદિ બહિરંગ **નોકર્મમાં** અહંબુદ્ધિ ત્યાં લગી **અપ્રતિબુદ્ધઃ** કર્મ અને નોકર્મ **આત્મતિરસ્કારી** પુદ્ગલ પરિણામો
વૈધર્મ્યથી ઘટ દૃષ્ટાંત
દર્પણની સ્વચ્છતા : આત્માની જ્ઞાતૃતા : પુદ્ગલોના કર્મ નોકર્મ-એમ ભેદવિજ્ઞાનમૂલા અનુભૂતિ થશે ત્યારે **પ્રતિબુદ્ધ**
બહિરાત્મનું સ્વરૂપ : અંતરાત્માનું સ્વરૂપ
સદ્ગુરુ સદ્બોધથી વા સ્વયં સંબોધથી પ્રતિબોધ
શ્રીમદ્ રાજચંદ્રજીના ટંકોત્કીર્ણ વચનામૃત - 'શ્રી તીર્થંકરાદિએ ફરી ફરી જીવોને ઉપદેશ ઉપદેશ કહ્યો છે, પણ જીવ દિશામૂઢ રહેવા ઈચ્છે છે.' ઈ. (શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૩૭)
૨૩૧. **સમયસાર કલશ-૨૧** ૨૩૧-૨૩૪
'मुकुरवदविकाराः संततं स्युस्त एव'
જેને સ્વતઃ વા પરતઃ ભેદવિજ્ઞાનમૂલા અનુભૂતિ : 'દર્પણ જેમ સદા અવિકાર'
'मुकुरवदविकारा संततं स्युस्त एव'
સાક્ષાત્ સત્ સ્વરૂપ સદ્ગુરુ યોગે અવંચક યોગ
શ્રીમદ્ રાજચંદ્રજીના ટંકોત્કીર્ણ વચનામૃત - 'સત્ એ કંઈ દૂર નથી, પણ દૂર લાગે છે' (શ્રીમદ્ રાજચંદ્ર) અં. ૨૧૧
૨૩૫. **સમયસાર ગાથા-૨૦-૨૧-૨૨** ૨૩૫-૨૪૧
અગ્નિ-ઈંધન દૃષ્ટાંત : **પરદ્રવ્યમાં જ** આત્મ વિકલ્પણાથી **અપ્રતિબુદ્ધ** લક્ષાય
સ્વદ્રવ્યમાં જ સદ્ભૂત આત્મવિકલ્પ એ **પ્રતિબુદ્ધ** લક્ષણ
'આપ આપકું ભૂલ ગયા ! ઈનસેં ક્યા અંધેર' (શ્રીમદ્ રાજચંદ્ર સમભાવ)
વિષયનો ભીખારી : 'નિષ્પુણ્યક રંક'
વિપર્યાસ : વેઠની પોઠ
'मूलं संसारदुःखस्य देह एवात्मधीः' ઈ.
અસંમૂઢ પ્રતિબુદ્ધ જીવની આત્મભાવના
૨૪૨. **સમયસાર કલશ-૨૨** ૨૪૨-૨૪૫
'त्यजतु जगदिदानीं मोहमाजन्मलीनं'
રસિકોનું રોચન આ ઉદય પામતા જ્ઞાનનો રસ લ્યો !
બહિરાત્મા : દેહમાં આત્મબુદ્ધિ સંસાર દુઃખનું મૂળ
દેહાત્મબુદ્ધિને લઈ રાગદ્વેષાદિ અને ભવભ્રમણ
'પરમ કૃપાળુ' જ્ઞાનીનો દુઃખહર સ્વાભાવિક સન્માર્ગ
૨૪૬. **સમયસાર ગાથા-૨૩-૨૪-૨૫** ૨૪૬-૨૫૨

અજ્ઞાનમોહિત મતિ કહે છે કે આ પુદ્‌ગલ દ્રવ્ય મારૂં ઈ.
સર્વજ્ઞ જ્ઞાન દૃષ્ટ જીવ, પુદ્‌ગલ દ્રવ્ય રૂપ કેમ થઈ ગયો ?
અપ્રતિબુદ્ધ 'આ પુદ્‌ગલ મ્હારૂં' એમ અનુભવે છે
અમૃતચંદ્રજીનો મધુર ઉપાલંભ - 'સતૃષ્ણાભ્યહારિપણું' છોડી દે ! છોડી દે !
નિત્ય ઉપયોગલક્ષણ જીવ દ્રવ્ય પુદ્‌ગલ દ્રવ્ય કેમ થઈ ગયું ?
લવણના ઉદક જેમ તે કોઈ પ્રકારે હોય નહિ
વૈધર્મ્યથી દૃષ્ટાંત - ક્ષારત્વ - દ્રવ્યત્વ સહવૃત્તિ
અવિરોધ : ઉપયોગ - અનુપયોગ સહવૃત્તિ વિરોધ
પરચક્રના આક્રમણથી ચેતન રાજનું 'પદ' ભ્રષ્ટપણું
'પરમ નિધાન પ્રગટ મુખ આગળે'
અંધકારથી પ્રકાશ જેમ - અનુપયોગ સ્વભાવી **પરદ્રવ્ય** ઉપયોગ સ્વભાવી આ **આત્મદ્રવ્ય** પ્રગટ ભિન્ન
આ અંગે **શ્રીમદ્ રાજચંદ્રજીના** ટંકોત્કીર્ણ વચનામૃત (શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૯૧૩)

૨૫૩. **સમયસાર કલશ-૨૩** ૨૫૩-૨૫૪
તત્ત્વ કૌતૂહલી થઈ દેહનો પાડોશી બની અવલોક !
લોકપુરુષનું અપૂર્વ અદ્‌ભુત રહસ્ય

૨૫૫. **સમયસાર ગાથા-૨૬** ૨૫૫-૨૫૬
વિશ્વવંદ્ય તીર્થંકરના અનુપમ કાંતિ-તેજ આદિનું અદ્‌ભુત વર્ણનઃ **'કવીન્દ્ર' અમૃતચંદ્રજીની** મહા કવિપ્રતિભાનું દર્શન
આ અંગે પરમ વીતરાગમૂર્ત્તિ **શ્રીમદ્ રાજચંદ્રજીના** ટંકોત્કીર્ણ વચનામૃત (**શ્રીમદ્ રાજચંદ્ર**, અં. ૬૭૪)

૨૫૮. **સમયસાર ગાથા-૨૭** ૨૫૮-૨૬૦
વ્યવહારથી જીવ-દેહ એક : નિશ્ચયથી ન એક : સોના ચાંદીનું દૃષ્ટાંત
જે ધન્ય દેહમાં તે દિવ્ય આત્મા
એક ક્ષેત્રાવગાહપણે રહ્યો
તેનું ધન્યપણું
'અમ સત્ પુણ્યને યોગે તુમે રૂપી થયા' (**શ્રી રૂપવિજયજી**)

૨૬૧. **સમયસાર ગાથા-૨૮** ૨૬૧-૨૬૨
'જીવથી અન્ય આ પુદ્‌ગલમય દેહને
સ્તવી મુનિ માને છે મ્હારાથી **કેવલી ભગવાન્**
સંસ્તવાયા અને વંદાયા
વ્યવહારથી શરીર સ્તવનથી
આત્મ સ્તવન ઘટે, નિશ્ચયથી નહિ
સોના-ચાંદીના ગઢાનું દૃષ્ટાંત

૨૬૩. **સમયસાર ગાથા-૨૯** ૨૬૩-૨૬૪
નિશ્ચયથી શરીર સ્તવનથી આત્મ સ્તવન ન ઘટે : સોના-ચાંદીનું દૃષ્ટાંત

૨૬૫. **સમયસાર ગાથા-૩૦** ૨૬૫-૨૬૯
'અંતર્ગત' કળશ-૨૫-૨૬
શરીર ગુણનું સ્તવન કરવામાં આવતાં કેવલિ પુરુષ અધિષ્ઠાતા છતાં તે આત્માનું સ્તવન થઈ જતું નથી,
અત્રે કવીશ્વર **અમૃતચંદ્રજીએ** સ્વભાવોક્તિમય અદ્‌ભુત બે **કળશ** ૨૫-૨૬ સંદેબ્ધ કર્યા :
નગર વર્ણને રાજાનું વર્ણન થતું નથી :
જિનેંદ્ર રૂપ વર્ણને જિન વર્ણન નથી થતું

૨૭૦. **સમયસાર ગાથા-૩૧** ૨૭૦-૨૭૮
જે ઈંદ્રિયોને જીતીને **જ્ઞાન સ્વભાવથી** અધિક **આત્માને** જાણે છે, તે **જિતેંદ્રિય**
જિતેંદ્રિય તે 'જિન' : ઈંદ્રિયજયનું **અમૃતચંદ્રજીએ** દાખવેલું પરમ અદ્‌ભુત સંપૂર્ણ વિધાન
અલૌકિક ભગવતા **જ્ઞાનસ્વભાવે** કરી **આત્માનું** સંચેતન
દ્રવ્યેંદ્રિય જય : ભાવેંદ્રિય જય
ઈંદ્રિયાર્થ જય
જ્ઞેય-જ્ઞાયકના સંકર દોષની ઉપરતતા
કેવો છે ? આ ભગવત્ **જ્ઞાન સ્વભાવ**
જ્ઞાન-રત્નદીપક
જ્ઞાન સ્વભાવ વિશ્વની પણ ઉપર તરતો
સર્વ દ્રવ્યાંતરોથી અતિરિક્ત આત્માનું સંચેતન
ઈંદ્રિયોનો પ્રત્યાહાર
શ્રીમદ્ રાજચંદ્રના સહજ અનુભવોદ્‌ગાર છે -

'નેત્રોંકી સ્યામતા વિષે જો પુતલિયાં રૂપ સ્થિત ઈ.'

૨૭૯. **સમયસાર ગાથા-૩૨** ૨૭૯-૨૮૪

જે મોહને જીતીને **જ્ઞાન સ્વભાવથી** અધિક આત્માને જાણે છે, તે **'જિતમોહ'**

જિતમોહ તે **જિન** : મોહજયનું **અમૃતચંદ્રજીએ** દાખવેલું પરમ અદ્‌ભુત સંપૂર્ણ વિધાન

શ્રીમદ્ રાજચંદ્રજીએ દાખવેલો મોહાદિ વિજયનો સ્વાનુભવગોચર ઉત્તમ પ્રકાર

ભગવત્ જ્ઞાનસ્વભાવે કરી સર્વ ભાવાંતરોથી અતિરિક્ત આત્માનું સંચેતન

આત્મવિજયી **શ્રીમદ્ રાજચંદ્રજીના** આત્મ પુરુષાર્થ પ્રેરક અનુભવ વચનામૃત

૨૮૫. **સમયસાર ગાથા-૩૩** ૨૮૫-૨૮૯

જિતમોહ સાધુનો ક્ષીણમોહ જ્યારે હોય ત્યારે નિશ્ચયે કરીને **'ક્ષીણમોહ'**

ક્ષીણમોહ તે **જિન** : મોહક્ષયનું **અમૃતચંદ્રજીએ** દાખવેલું અપૂર્વ વિધાન

સ્વભાવભાવ ભાવના સૌષ્ઠવ : આત્મભાવના ક્ષીણેંદ્રિયાદિ પ્રકાર

૨૯૦. **સમયસાર કળશ-૨૭** ૨૯૦-૨૯૧

કાયા-આત્માની એકતા અંગે નિશ્ચય-વ્યવહાર નય વિભાગથી સ્પષ્ટતા

૨૯૨. **સમયસાર કળશ-૨૮** ૨૯૨-૨૯૩

આટલા સ્પષ્ટ બોધ પછી બોધ કોના બોધમાં નહિ ઉતરે ?

૨૯૪. **સમયસાર ગાથા-૩૪** ૨૯૪-૩૦૧

ગાથા ઉત્થાનિકા સૂત્ર અર્થ

કારણકે સર્વ ભાવોને 'પર' એમ જાણીને પચ્ચખે છે, તેથી પ્રત્યાખ્યાન જ્ઞાન નિયમથી જાણવું

દર્શન અને દૃષ્ટિ : નેત્ર રોગીનું દૃષ્ટાંત

'આત્મભ્રાંતિ' સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ 'આત્મસિદ્ધિ'

'બિના નયન પાવે નહિ, બિના નયન કી બાત' શ્રીમદ્ રાજચંદ્ર અં. ૨૫૮

નિશ્ચય વેદ્યસંવેદ્ય રૂપ નિશ્ચય સમ્યગ્‌દર્શન

અપ્રતિપાતી **'સ્થિરા'** યોગદૃષ્ટિ : રત્નદીપકની ઉપમા

સમ્યગ્‌દર્શન બોધિ દીપક: સદ્‌ગુરુ બોધ પ્રસાદી

સમસ્ત પરભાવ પ્રત્યાખ્યાન : પ્રત્યાખ્યાન જ્ઞાન જ

'આત્મસિદ્ધિ' પરમ અમૃત શાસ્ત્ર : ટંકોત્કીર્ણ વચનામૃત

૩૦૨. **સમયસાર ગાથા-૩૫** ૩૦૨-૩૦૯

જેમ કોઈ પણ પુરુષ 'આ પરદ્રવ્ય' એ જાણી ત્યજી દે છે, તેમ સર્વ પરભાવોને જાણીને જ્ઞાની મૂકી દે છે

ધોબીનું દૃષ્ટાંત : ધોબીના ઘરથી ભૂલથી આણેલું પારકું વસ્ત્ર

ભ્રાંતિથી પરભાવ ગ્રહણ : જ્ઞાન થતાં ત્યાગ

પરભાવ પરિત્યાગ : 'નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે' (શ્રીમદ્ રાજચંદ્ર)

સમસ્ત પરભાવનું પચ્ચખાણ

'આત્મ ગ્રાહક થયે ટળે પરગ્રહણતા, તત્ત્વભોગી ટળે પરભોગ્યતા' **(શ્રી દેવચંદ્રજી)**

'પ્રવચનસાર'ના તૃતીય ચારિત્ર અધિકારમાં દ્રવ્ય-ભાવ નિર્ગ્રંથ શ્રમણનું પરમ આદર્શ સ્વરૂપ પ્રકાશ્યું છે. **અમૃતચંદ્રાચાર્યજીએ 'પ્રવચનસાર'** દ્વિ. શ્રુ. સ્કં.ના અંતે

અંતિમ કળશ કાવ્યમાં ઉદ્‌ઘોષણા કરી છે.

ચારિત્રાધિકારના પ્રારંભમાં આ **પરમર્ષિ** મુમુક્ષુઓને આહ્‌વાન કરતી વીરગર્જના કરે છે

આ અંગે **શ્રીમદ્ રાજચંદ્રજીના** ટંકોત્કીર્ણ વચનામૃત છે

૩૧૦. **સમયસાર કળશ-૨૯** ૩૧૦-૩૧૨

પરભાવ ત્યાગ થતાં જ અનુભૂતિનું આવિર્ભૂતપણું

શ્રીમદ્ રાજચંદ્રજીએ પોતાનું આત્મસંવેદનામય હૃદય દર્શન કરાવ્યું છે

શ્રીમદ્ રાજચંદ્રના 'જ્ઞાનીના માર્ગના ઉપદેશનારા અનુભવસિદ્ધ વચનામૃત છે.

સમયસાર ગાથા-૩૬ ૩૧૩-૩૧૮

૩૧૩. અનુભૂતિનો પરભાવ વિવેક કેવી રીતે થયો ?
મ્હારો કોઈ પણ મોહ છે નહિ : ઉપયોગ જ
બૂઝાય છે, 'અહં એક્કો'
હું ખરેખર ! એક છું
'જગ્યો સમ્યગ્ જ્ઞાન સુધારસધામ જો'
પ્રતિબુદ્ધ થયેલા વિવેકી આત્માનો આ તાત્ત્વિક વિકાસ ક્રમ (દેવચંદ્રજી)
શ્રીમદ્ રાજચંદ્રજીના સહજ અનુભવોદ્ગાર

૩૧૯. **સમયસાર કળશ-૩૦ ૩૧૯-૩૨૩**
'નાસ્તિ નાસ્તિ મમ કશ્ચન મોહઃ'
'શુદ્ધચિદ્ઘનમહોનિધિરસ્મિ'
અમૃતચંદ્રજીના શુદ્ધાત્માની અમૃતાનુભૂતિના સહજ અનુભવોદ્ગાર
સમ્યગ્દૃષ્ટિની શુદ્ધાત્મ ભાવના
શ્રીમદ્ રાજચંદ્રજીનું 'અપૂર્વ અવસર'નું દિવ્ય ગાન
'અપૂર્વ અવસર' નિર્ગ્રંથનો પરમ આદર્શ

૩૨૪. **સમયસાર ગાથા-૩૭ ૩૨૪-૩૨૯**
'ણત્થિ મમ ધમ્મઆદી બુજ્ઝદિ ઉપયોગ એવ અહમિક્કો'
જ્ઞેય ભાવનો વિવેક પ્રકાર
હું એક છું : ધર્માદિ પ્રત્યે નિર્મમત્વ છું
સમયનું સર્વદા જ આત્મૈકત્વગતપણે સ્થિતપણું
'નિર્ગ્રંથ પંથ ભવઅંતનો' ઉપાય છે' (શ્રીમદ્ રાજચંદ્રજી)
શ્રીમદ્ રાજચંદ્રજીના અનુભવ - વચનામૃત

૩૩૦. **સમયસાર કળશ-૩૧ ૩૩૦-૩૩૩**
સર્વ અન્ય ભાવથી વિવેક સતે ઉપયોગ
આત્માને ધારતો આત્મારામ
'સમજ્યા તે શમાદિ રહ્યા' તથા
'સમજ્યા તે શમાઈ ગયા' (શ્રીમદ્ રાજચંદ્ર અં. ૬૫૧)
આત્મારામી જ્ઞાનીની અનન્યમુદ્

૩૩૪. **સમયસાર ગાથા-૩૮ ૩૩૪-૩૪૬**
'અહમિક્કો ખલુ સુદ્ધો'
આત્મારામી આત્માનું સ્વરૂપ સંચેતન કેવું હોય ?
આત્મારામ : હું એક શુદ્ધ દર્શન જ્ઞાનમય
સદા અરૂપી : પરમાણુ માત્ર પણ મ્હારૂં નથી
નિષ્કારણ કરુણાળુ પરમ કૃપાળુ
સદ્ગુરુ દેવનો સત્ ઉપદેશ
આત્માને પરમેશ્વર જાણી શ્રદ્ધી અનુચરી આત્મારામ આત્મા
અનાદિ મોહ ઉન્મત્તતા
'મનોનંદન છે આત્મા, આત્મા વંદન ધામ છે' (સ્વરચિત)
એક શુદ્ધ દર્શનજ્ઞાનમયી સદા અરૂપી
સ્વરૂપ પ્રતપન
અન્ય કંઈ પણ પરમાણુ માત્ર પણ મ્હારૂં નથી
શ્રીમદ્ રાજચંદ્રજીના સહજ અનુભવોદ્ગાર

૩૪૭. **સમયસાર કળશ-૩૨ ૩૪૭-૩૫૦**
શાંત સુધારસમય જ્ઞાનામૃત સિંધુમાં નિમજ્જનનું સાર્વજ્ઞિનિક આમંત્રણ
વીતરાગ ભાવરૂપ અસંગ પદ
આત્મારામી **શ્રીમદ્ રાજચંદ્રજીના** ટંકોત્કીર્ણ સહજ અનુભવોદ્ગાર
'પ્રણમું પદ તે, વર તે, જય તે' (શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૯૫૪)
મહા અધ્યાત્મ નાટક સમયસાર
મહાકવિ બ્રહ્મા કુંદકુંદ : મહાકવિ બ્રહ્મા અમૃતચંદ્ર
જય કુંદકુંદ ! જય અમૃતચંદ્ર !
શ્રી સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં
પૂર્વરંગ સમાપ્ત
अथ जीवाजीवाधिकारः ॥१॥
સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં
જીવાજીવ પ્રરૂપક પ્રથમ અંક ॥૧॥

૩૫૧. **સમયસાર કળશ-૩૩ ૩૫૧-૩૫૩**
જીવાજીવ વિવેક દૃષ્ટિ અર્પતું 'મનોનંદન' જ્ઞાન વિલસે છે.
બંધન ધ્વંસથી વિશુદ્ધ સ્ફુટતું
આત્મારામ અનંત ધામ પ્રત્યક્ષ નિત્યોદિત
ધીરોદાત્ત અનાકુલ મનોનંદન જ્ઞાન વિલાસ

૩૫૪. **સમયસાર ગાથા ૩૯-૪૩ ૩૫૪-૩૬૧**
પરને આત્મા વદનારા પરાત્મવાદીઓના અષ્ટ પ્રકાર

રાગદ્વેષથી કલુષિત અધ્યવસાન જ જીવ
એક સંસરણ ક્રિયા રૂપે ક્રીડંતુ કર્મ જ જીવ
તીવ્ર-મંદ રાગનિર્ભર અધ્યવસાન સંતાન જ જીવ
નવ-પુરાણ નોકર્મ (શરીર) જ જીવ
સાત-અસાત રૂપ તીવ્ર-મંદ કર્માનુભવ જ જીવ
શ્રીખંડ જેમ આત્મ-કર્મ ઉભય જ જીવ
એવા એવા દુર્મેધા પરાત્મવાદીઓ
પરમાર્થવાદીઓ નથી
આ અંગે આ પરમ આત્મા શ્રીમદ્ રાજચંદ્રજીનું પરમ અદ્‌ભુત
તલસ્પર્શી મીમાંસા કરતું
ટંકોત્કીર્ણ વચનામૃત
સમયસાર ગાથા-૪૪
૩૬૨. ૩૬૨-૩૬૭
આ અધ્યવસાનાદિ સર્વે ભાવો
પુદ્‌ગલ પરિણામ-નિષ્પન્ન
એમ ભગવત્ વિશ્વસાક્ષી અર્હંતોની પ્રજ્ઞાપના
મલિનતાથી સુવર્ણ જેમ, અષ્ટ પ્રકારથી અતિરિક્તપણે ચિત્‌સ્વભાવનો વિવેચકોને પણ સ્વયં અનુભવ
'દેહ ત્યાગ સેં જીવ પુનિ, બિનસત નહીં ભુજંગ' - શ્રી ચિદાનંદજી
'મતભેદની કડાકૂટ જવા દઈ જો આત્મા અને પુદ્‌ગલ વચ્ચે વ્હેંચણી કરી શાંતપણે અનુભવવામાં આવે તો મોક્ષમાર્ગ સરલ છે.' - શ્રીમદ્ રાજચંદ્ર, વ્યાખ્યાનસાર
૩૬૮. સમયસાર કળશ-૩૪ ૩૬૮-૩૬૯
એક છ માસ જો ! હૃદય સરમાં આત્માની અનુભૂતિ થાય છે કે નહિ
૩૭૦. સમયસાર ગાથા-૪૫ ૩૭૦-૩૭૨
ચિદ્ અન્વય પ્રતિભાસ છતાં અધ્યવસાનાદિ પુદ્‌ગલ સ્વભાવો કેમ ?
કર્મફલ આકુલત્વ લક્ષણ દુઃખ : આત્મસ્વભાવ વિલક્ષણ
શ્રીમદ્ રાજચંદ્રજીનું ટંકોત્કીર્ણ વચનામૃત સુપ્રસિદ્ધ
૩૭૩. સમયસાર ગાથા-૪૬ ૩૭૩-૩૭૭
અધ્યવસાનાદિ ભાવો જીવ છે એ વ્યવહારનું દર્શન
વ્યવહાર અભૂતાર્થ છતાં મ્લેચ્છોને મ્લેચ્છ ભાષા જેમ વ્યવહારીઓને દર્શાવવો ન્યાય્ય જ.
પરમાર્થ પ્રતિપાદકપણાને લીધે વ્યવહાર તીર્થ પ્રવૃત્તિ નિમિત્તે ઉપકારી.
શરીરથી જીવના એકાંતે ભેદમાં હિંસાદિ અભાવે બંધ અભાવ
રાગાદિથી જીવના એકાંતે ભેદમાં મોક્ષોપાય ગ્રહણ અભાવે મોક્ષ અભાવઃ
૩૭૮. સમયસાર ગાથા-૪૭-૪૮ ૩૭૮-૩૮૦
સૈન્યમાં રાજાનો વ્યવહાર : અધ્યવસાનાદિમાં જીવનો વ્યવહાર
તેમ આ જીવ સમગ્ર રાગ ગ્રામને વ્યાપીને પ્રવર્ત્તેલો છે : પરમાર્થથી એક જ જીવ છે
૩૮૧. સમયસાર ગાથા-૪૯ ૩૮૧-૩૯૧
એક ટંકોત્કીર્ણ પરમાર્થ જીવ શું લક્ષણવાળો ?
'અરસમરૂવમગંધં અવ્વત્તં ચેદણાગુણમસદ્દં' ઈત્યાદિ
પરમાર્થ જીવનું સ્વરૂપ લક્ષણ
પુદ્‌ગલ ષટ્ પ્રકારે અરસ નથી : જીવ અરસ
એ જ પ્રકારે જીવ અરૂપ, અગંધ, અસ્પર્શ, અશબ્દ
ષટ્ પ્રકારે જીવ અવ્યક્ત
આત્મપ્રત્યક્ષ જીવ અલિંગગ્રહણ
જીવસર્વસ્વ રૂપ ચેતનાગુણવંતો જીવ
આવો ભગવાન્ અમલાલોક ટંકોત્કીર્ણ જીવ
૩૯૨. સમયસાર કળશ-૩૫ ૩૯૨-૩૯૩
ચિત્ શક્તિમાત્ર 'સ્વ'ને સવગાહી વિશ્વની ઉપર ચરંતા અનંત આત્માને
પરમાત્મા આત્મામાં સાક્ષાત્ કળો ! (અનુભવો !)
૩૯૪. સમયસાર કળશ-૩૬ ૩૯૪
ચિત્ શક્તિથી અતિરિક્ત આ સર્વે ભાવો પૌદ્‌ગલિક
૩૯૫. સમયસાર ગાથા-૫૦ ૩૯૫-૪૦૭
વર્ણાદિ-રાગાદિ ભાવો જીવના નથી :
પરમ ગુરુ અમૃતચંદ્રજીએ ગોખાવેલું ભેદજ્ઞાન
વર્ણાદિ ૨૯ પ્રકારોનું છ વિભાગમાં વર્ગીકરણ : ચાર પ્રકાર ને ત્રણ મૂળ પ્રભવસ્થાન
૪૦૮. સમયસાર કલશ-૩૭ ૪૦૮

વર્ણાદિ વા રાગમોહાદિ ભાવો આ પુરુષથી ભિન્ન ભાવો
૪૦૯. સમયસાર ગાથા-૫૬ ૪૦૯-૪૧૧
આ વર્ણાદિ જો જીવના છે નહિ, તો તંત્રાન્તરમાં 'છે' એમ કેમ પ્રજ્ઞાપવામાં આવે છે ?
પર્યાયાશ્રિત વ્યવહારનય પરભાવ પરનો વિહિત કરે છે : કસુંરક્ત વસ્ત્ર દૃષ્ટાંત
દ્રવ્યાશ્રિત નિશ્ચયનય પરભાવ પરનો પ્રતિષેધે છે.
૪૧૨. સમયસાર ગાથા-૫૭ ૪૧૨-૪૧૪
વર્ણાદિ સાથે જીવનો નીર-ક્ષીર જેમ પરસ્પર અવગાહ સંબંધ : પણ ઉષ્ણતા સાથે અગ્નિ જેમ તાદાત્મ્ય સંબંધ નહિ,
'જીવ, કાયા પદાર્થપણે જૂદાં છે, પણ સંબંધપણે સહચારી છે, કે જ્યાં સુધી તે દેહથી જીવને કર્મનો ભોગ છે, ઈ.' શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૦૯
૪૧૫. સમયસાર ગાથા-૫૯-૬૦ ૪૧૫-૪૧૮
તો પછી વ્યવહાર કેવી રીતે અવિરોધક છે ?
'આ પંથ લૂટાણો' તેની જેમ
વ્યવહારથી જીવનો આ વર્ણ ઈ. વ્યવહારથી અર્હદ્દેવોનું પ્રજ્ઞાપન : છતાં નિશ્ચયથી ઉપયોગ ગુણથી જીવના સર્વેય છે નહિ
''પ્રદેશે પ્રદેશે જીવના ઉપયોગને આકર્ષક એવા આ સંસારને વિષે એક સમય માત્ર પણ અવકાશ લેવાની જ્ઞાની પુરુષોએ હા કહી નથી, કેવલ તે વિષે નકાર કહ્યો છે.''
- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૬૫)
સમયસાર ગાથા-૬૧
૪૧૯. ૪૧૯-૪૨૧
જીવનો વર્ણાદિ સાથે તાદાત્મ્ય સંબંધ કયા કારણથી છે નહિ ?
સંસારસ્થ જીવોના વર્ણાદિ, મુક્તોના નહિ, તેથી તાદાત્મ્ય સંબંધ નથી
જીવનો વર્ણાદિ સાથે કોઈ પ્રકારે તાદાત્મ્ય સંબંધ છે નહિ
૪૨૨. સમયસાર ગાથા-૬૨ ૪૨૨-૪૨૪
જીવના વર્ણાદિ સાથે તાદાત્મ્યના દુરભિનિવેશમાં આ દોષઃ
વર્ણાદિ જો જીવના માનો તો જીવ-પુદ્ગલના અવિશેષની પ્રસક્તિ (પ્રસંગઃ)
તેમ જીવને અનુવર્તતા વર્ણાદિ માની તાદાત્મ્ય માનો તો જીવ અભાવ
'જ્યાં સુધી દેહાત્મબુદ્ધિ ટળે નહિ ત્યાં સુધી સમ્યક્ત્વ થાય નહીં.' ઈ. - શ્રીમદ્ રાજચંદ્ર અં. ૯૫૭ (ઉપદેશ છાયા)
૪૨૫. સમયસાર ગાથા-૬૩-૬૪ ૪૨૫-૪૨૭
સંસાર અવસ્થામાં જ જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય છે એવા અભિનિવેશમાં પણ એ જ દોષ
સંસાર અવસ્થામાં જીવનું વર્ણાદિ સાથે તદાત્મ્ય માનતાં જીવ અભાવ.
આમ આ સ્થિત છે કે - વર્ણાદિ ભાવો જીવ નથી
૪૨૮. સમયસાર ગાથા-૬૫-૬૯ ૪૨૮-૪૩૧
નામકર્મ પ્રકૃતિઓથી કરાતા જીવસ્થાનો પુદ્ગલ જ, ન જીવ
નિશ્ચયથી કર્મ-કરણનું અભિન્નપણું : જે જેના વડે કરાય તે તે જ
નામકર્મ પ્રકૃતિ પુદ્ગલમયી આગમ પ્રસિદ્ધ : મૂર્ત કાર્યથી અનુમેય
'અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ.' ઈ. - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૧૯
૪૩૨. સમયસાર કળશ-૩૮ ૪૩૨-૪૩૩
સોનાનું મ્યાન સોનું એ દૃષ્ટાંત
'ભાસ્યો દેહાધ્યાસથી, આત્મ દેહ સમાન, પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન.'
- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ
૪૩૪. સમયસાર કળશ-૩૯ ૪૩૪
૪૩૫. સમયસાર ગાથા-૬૭ ૪૩૫-૪૩૭
'ઘીના ઘડા'ની જેમ 'તત્ પ્રસિદ્ધિત્વા' જીવમાં વર્ણાદિમદ્ વ્યવહાર
૪૩૮. સમયસાર કળશ-૪૦ ૪૩૮
'ઘૃત કુંભ' - ઘીનો ઘડો કહેવામાં આવતાં પણ કુંભ-ઘડો જો ઘૃતમય નથી : તે જ પ્રમાણે વર્ણાદિમત્ જીવના જલ્પનમાં - કથનમાં પણ જીવ તન્મય નથી.

૪૩૯. સમયસાર ગાથા-૬૮ ૪૩૯-૪૪૧
આ પણ સ્થિત જ છે રાગાદિ જીવો નથી
તો પછી કોણ જીવ છે ? તો કે - (આ નીચેના કળશોમાં કહે છે.)
મોહ ઉદય થકી ગુણસ્થાનો નિત્ય અચેતન, ન જીવ
આગમ અને અનુભવથી તેમ જ
૪૪૨. સમયસાર કળશ-૪૧ ૪૪૨
અમૃતચંદ્રજી અત્રે ઉપસંહારમાં
'પંચ રત્ન' આ પંચ કળશ લલકારે છે.
જીવ સ્વયં તો આ સ્ફુટ ઉચ્ચપણે ચકચકી રહેલું ચૈતન્ય છે.
૪૪૨. સમયસાર કળશ-૪૨ ૪૪૩-૪૪૪
જીવનું દર્શન કરવા ચૈતન્ય લક્ષણ આલંબાઓ !
અમૂર્ત્તપણાથી જીવતત્ત્વ દેખાય નહિ
ચૈતન્ય લક્ષણે જીવ જ જણાય, માટે ચૈતન્યને આલંબો
૪૪૫. સમયસાર કળશ-૪૩ ૪૪૫
જીવથી અજીવનો ભિન્ન અનુભવ : છતાં અજ્ઞાનિનો આ મોહ રે કેમ નાટે છે ?
શ્રીમદ્ રાજચંદ્રજી કહી ગયા છે - 'કોઈ પણ પ્રકારે મૂર્ચ્છા પાત્ર આ દેહ નથી. ઈ.' - શ્રીમદ્ રાજચંદ્ર અં. ૪૨૫
૪૪૭. સમયસાર કળશ-૪૪ ૪૪૭-૪૪૮
આ અનાદિ અવિવેક મહાનાટ્યમાં વર્ણાદિમાન્ પુદ્ગલ જ નાટે છે, અન્ય નહિ
આ જીવ તો રાગાદિ પુદ્ગલથી વિરુદ્ધ શુદ્ધ ચૈતન્ય ધાતુમય મૂર્ત્તિ :
પુદ્ગલ નટનો અને ચૈતન્ય મૂર્ત્તિ જીવનો પ્રગટ ભેદ
'આ અવધૂ નટ નાગરકી બાજી' - (આનંદઘનજી)
૪૪૯. સમયસાર કળશ-૪૫ ૪૪૯-૪૫૦
જ્ઞાન-કરવતથી જીવ-અજીવનો સ્ફુટ ભેદ :
'ज्ञातृद्रव्यं स्वयमतिरसा स्वनुच्चेश्श्रकारो' પ્રસ્તુત કળશ
શ્રીમદ્ રાજચંદ્રજીના ટંકોત્કીર્ણ અમર વચન મુમુક્ષુઓને પરમ મનનીય
इति आत्मख्यातौ जीवाजीवप्ररुपकः प्रथम अधिकारः ॥

अथ कर्तृकर्माधिकारः ॥२॥
समयसार व्याख्या 'आत्मख्याति'માં
कर्तृकर्म प्ररूपक द्वितीय अङ्क ॥

૪૫૧. સમયસાર કળશ-૪૬ ૪૫૧-૪૫૩
મંગલ કળશ : જ્ઞાનજ્યોતિ સ્તુતિ
વિશ્વ સાક્ષાત્કારી જ્ઞાન જ્યોતિ
અજ્ઞાની કર્ત્તૃકર્મપ્રવૃત્તિનું શમન
જ્ઞાન જ્યોતિ : દીવા દાંડી : તમઃ નાશઃ વસ્તુપ્રકાશ
૪૫૪. સમયસાર ગાથા-૬૯-૭૦ ૪૫૪-૪૫૯
'જ્યાં લગી આત્મા અને આસ્રવ એ બન્નેનો અંતર નથી જાણતો ત્યાં લગી અજ્ઞાની તે જીવ ક્રોધાદિમાં વર્ત્તે છે.'
કર્ત્તાકર્મ પ્રવૃત્તિનું સમગ્ર તત્ત્વજ્ઞાન
અજ્ઞાનજન્ય કર્ત્તા કર્મ પ્રવૃત્તિ : અને તેથી જ બંધ
આત્મા-જ્ઞાનનો તાદાત્મ્ય સંબંધ : જ્ઞાન-ક્રિયા સ્વભાવભૂત
આત્મા-ક્રોધાદિનો સંયોગ સંબંધ : ક્રોધાદિ ક્રિયા પરભાવભૂત પ્રતિષિદ્ધ છતાં સ્વભાવભૂતપણાનો અધ્યાસ
અનાદિ અજ્ઞાનજન્ય કર્તૃકર્મપ્રવૃત્તિ
જીવના ક્રોધાદિ આત્મપરિણામ નિમિત્તે પુદ્ગલ બંધ
જીવ-પુદ્ગલનું અવગાહ લક્ષણ બંધનું વિષચક્ર
ઉત્તરોત્તર સંકલનાબદ્ધપણે ભાવકર્મથી દ્રવ્યકર્મઃ
અને દ્રવ્યકર્મથી ભાવકર્મ
૪૬૦. સમયસાર ગાથા-૭૧ ૪૬૦-૪૬૨
ક્યારે આ કર્ત્તા-કર્મની પ્રવૃત્તિની નિવૃત્તિ ?
'જ્યારે આ જીવને આત્મા અને આસ્રવનો વિશેષાંતર જ્ઞાત હોય છે, ત્યારે તેને બંધ નથી હોતો'
'આત્માનું ને ક્રોધાદિનું એકવસ્તુપણું નથીઃ કર્ત્તૃ કર્મ પ્રવૃત્તિની નિવૃત્તિ
૪૬૩. સમયસાર ગાથા-૭૨ ૪૬૩-૪૬૯
જ્ઞાનમાત્ર થકી જ બંધનિરોધ કેમ ?
'આસ્રવોનું અશુચિપણું અને વિપરીત ભાવ

જાણીને અને તે (આસ્રવો) દુઃખના કારણો (એમ જાણીને) જીવ તેમાંથી નિવૃત્તિ કરે છે.'
જ્ઞાનમાત્ર થકી જ બંધ નિરોધ શી રીતે ?
આસ્રવો અશુચિ, અન્ય સ્વભાવ, દુઃખ કારણ : ભગવાન આત્મા જ શુચિ, અનન્ય સ્વભાવ, દુઃખ અકારણ
'ભેદ જ્ઞાન થતા વેંત જ આસ્રવ નિવૃત્તિ. ક્રોધાદિ આસ્રવ નિવૃત્તિ નથી તેને ભેદજ્ઞાનની અસિદ્ધિઃ જ્ઞાન ક્રોધાદિ આસ્રવ નિવૃત્તિ અવિનાભાવી
આત્મા-આસ્રવનું ભેદજ્ઞાન જ્ઞાન ? કે અજ્ઞાન
આ અંગે **શ્રીમદ્ રાજચંદ્રજીના** આ ટંકોત્કીર્ણ વચનામૃત છે કે - 'પ્રવૃત્તિને આડે નિવૃત્તિનો વિચાર કરી શકતો એમ કહેવું એ માત્ર બ્હાનું છે.' ઈ. 'જ્ઞાની પુરુષોની પ્રવૃત્તિ પ્રવૃત્તિ જેવી હોતી નથી. ઈ. - **શ્રીમદ્ રાજચંદ્ર અં. ૪૦૧, ૪૪૯ ઈ.**

૪૭૦. સમયસાર કળશ-૪૭ ૪૭૦-૪૭૧
જ્ઞાન ઉદય થયે કર્તૃકર્મ પ્રવૃત્તિ શી ? બંધ શો ?
'कथमावकाशः कर्तृकर्मप्रवृत्तेः ?'
'हि भवति कथं वा
पौद्गलः कर्मबन्धः ?'

૪૭૨. સમયસાર ગાથા-૭૩ ૪૭૨-૪૭૮
કયા વિધિથી આ આસ્રવોથી નિવર્ત્તે છે ?
'अहमिक्को खलु सुद्धो' ઈ.
જ્ઞાનીની ક્રોધાદિ આસ્રવ નિવૃત્તિનો સંપૂર્ણ વિધિ.
'અહમયાત્મા' - હું આ દેહમાં અહંપ્રત્યયથી પ્રતીત થતો આત્મા **ચિન્માત્ર** જ્યોતિ વિજ્ઞાનઘનપણાને લીધે **એક**
ષટ્કારક પ્રક્રિયોત્તીર્ણ નિર્મલ અનુભૂતિ માત્રપણાને લીધે **શુદ્ધ**
કારક ચક્ર જ્ઞાયક ભાવમાં વિલગ્ન
નિર્મમત : 'જગના બે પગ, અહં મમ બે ઠગ.'
જ્ઞાનદર્શન સમગ્ર
ગગનાદિવત્ પારમાર્થિક **વસ્તુ વિશેષ** છું.
સમસ્ત પરદ્રવ્ય નિવૃત્તિથી **નિશ્ચય આત્મસ્થિતિ**
પરદ્રવ્ય નિમિત્તક ચંચલ તરંગ નિરોધવા **આત્મ સંચેતન**
વ્હાણ મૂક્યું છે એવા સમુદ્રાવર્ત્તનું દૃષ્ટાંત : નિર્વિકલ્પ વિજ્ઞાનઘનભૂત આત્માની શીઘ્ર આસ્રવ નિવૃત્તિ

૪૭૯. સમયસાર ગાથા-૭૪ ૪૭૯-૪૮૦
જ્ઞાન અને આસ્રવ નિવૃત્તનું સમકાલપણું કેવી રીતે ?
આસ્રવો જીવનિબદ્ધ પણ જીવ નથીઃ લાખ-વૃક્ષનું દૃષ્ટાંત
આસ્રવો અધ્રુવ, જીવ જ ધ્રુવ : વાઈના વેગનું દૃષ્ટાંત

૪૮૪. આસ્રવો અશરણ, જીવ જ સશરણ : કામ વિકાર દૃષ્ટાંત
આસ્રવો દુઃખ, દુઃખફલ : જીવ જ અદુઃખ અદુઃખફલ
આવો જ વિવેક થતાં જ આસ્રવ નિવૃત્તિ : મેઘ પટલ વિખરાયે દિશા વિસ્તારનું દૃષ્ટાંત
જેમ જેમ વિજ્ઞાનઘન તેમ તેમ આસ્રવ નિવૃત્તિ
શ્રીમદ્ રાજચંદ્રજીના સહજ અનુભવોદ્ગાર છે કે - 'બંધ મોક્ષની યથાર્થ વ્યવસ્થા જે દર્શનને વિષે યથાર્થપણે આવી છે, તે દર્શન નિકટ મુક્તપણાનું કારણ છે. ઈ.'
- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૨૨

૪૮૬. સમયસાર કળશ-૪૮ ૪૮૬-૪૮૭
જ્ઞાની જગત્નો સાક્ષી પુરાણ આ પ્રકાશે છે.
'એક પુરાણ પુરુષને પુરાણ પુરુષની પ્રેમ સંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી, અમને પદાર્થ માત્રમાં રુચિ રહી નથી. ઈ.'
- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૫૫

૪૮૮. સમયસાર ગાથા-૭૫ ૪૮૮-૪૯૨
આત્મા જ્ઞાની થયેલો કેમ લક્ષાય ?
આત્મા પુદ્ગલપરિણામરૂપ કર્મ-નોકર્મનો અકર્ત્તા : પુદ્ગલ પરિણામજ્ઞાનનો કર્ત્તા
વ્યાપ્ય - વ્યાપક ભાવ ત્યાં કર્તાકર્મપણાનો નિશ્ચય સિદ્ધાંત : ઘટ-માટી, ઘટ-કુંભકાર દૃષ્ટાંત
જ્ઞાની 'જ્ઞાન ક્રિયા'નો જ વ્યાપક, પુદ્ગલ પરિણામનો નહિ

૪૯૩. સમયસાર કળશ-૪૯ ૪૯૩-૪૯૪
વ્યાપ્ય-વ્યાપકતા તદાત્મામાં હોય, અતદાત્મામાં પણ ન જ હોય.
શ્રીમદ્ રાજચંદ્રજીના સહજ અનુભવોદ્ગાર

(શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૬૬)

૪૯૫. **સમયસાર ગાથા-૭૬** ૪૯૫-૪૯૯

પુદ્ગલ કર્મને જાણતા જીવનો પુદ્ગલની સાથે કર્તૃકર્મ ભાવ શું હોય છે ? શું નથી હોતો ?

પુદ્ગલ કર્મને જાણતા જીવનો પુદ્ગલની સાથે કર્તૃકર્મ ભાવ શું છે ? કે નથી ?

પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય વ્યાપ્ય લક્ષણ પુદ્ગલ કર્મ : પુદ્ગલ અંતર વ્યાપક

પુદ્ગલ દ્રવ્ય સ્વયં અંતર વ્યાપક થઈ પુદ્ગલ પરિણામ કર્મ ગ્રહે પરિણામે ઉપજે

કળશને મૃત્તિકા જેમ, જ્ઞાની અંતર વ્યાપક થઈ અંતર વ્યાપક થઈ બહિઃસ્થ પરદ્રવ્યનો

પરિણામ ન ગ્રહે, ન પરિણામે, ન ઉપજે

જીવનો પુદ્ગલ સાથે કર્તાકર્મ ભાવ નથી

૫૦૦. **સમયસાર ગાથા-૭૭** ૫૦૧-૫૦૩

સ્વ પરિણામને જાણતા જીવનો પુદ્ગલ સાથે કર્તાકર્મ ભાવ શું હોય છે ? શું નથી હોતો ?

તો કે -

સ્વ પરિણામને જાણતા જીવનો પુદ્ગલ કર્મ સાથે કર્તૃકર્મ ભાવ નથી

પરિણામ કર્મના ત્રણ તબક્કા - પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય

વ્યાપ્ય લક્ષણ આત્મપરિણામ કર્મ : અંતર વ્યાપક પણે આત્મા કર્તા

જ્ઞાની બહિઃસ્થ પરદ્રવ્યના પરિણામને ગ્રહતો નથી, પરિણમતો નથી, ઉપજતો નથી

૫૦૪. **સમયસાર ગાથા-૭૮** ૫૦૪-૫૦૬

પુદ્ગલ કર્મફલને જાણતા જીવનો પુદ્ગલની સાથે કર્તાકર્મભાવ શું હોય છે ? શું નથી હોતો ?

પુદ્ગલ કર્મફળને જાણતા જીવનો પુદ્ગલ સાથે કર્તા કર્મભાવ નથી

૫૦૭. **સમયસાર ગાથા-૭૯** ૫૦૭-૫૦૯

જીવ પરિણામને, સ્વ પરિણામને અને સ્વ પરિણામ ફલને નહિ જાણતા પુદ્ગલ દ્રવ્યનો જીવની સાથે કર્તાકર્મ ભાવ શું હોય છે ? શું નથી હોતો ? તો કે

જીવ પરિણામ આદિને નહિ જાણતા પુદ્ગલ દ્રવ્યનો જીવ સાથે કર્તૃકર્મ ભાવ નથી.

'જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ ?'

૫૧૦. **સમયસાર કળશ-૫૦** ૫૧૦-૫૧૧

વિજ્ઞાનાર્ચિશ્ ન પ્રકાશે ત્યાં લગી કર્તૃકર્મ ભ્રમમતિ ભાસેઃ ભેદ જ્ઞાનની કરવત

૫૧૨. **સમયસાર ગાથા-૮૦-૮૨** ૫૧૨-૫૧૬

જીવ પરિણામ અને પુદ્ગલ પરિણામનું અન્યોન્ય નિમિત્તમાત્રપણું છેઃ તથાપિ તે બેનો કર્તા કર્મ ભાવ નથી.

જીવ પરિણામ પુદ્ગલ પરિણામનું પરસ્પર નિમિત્ત માત્રપણું પણ કર્તાકર્મ ભાવ નહિઃ પરસ્પર નિમિત્તમાત્રી ભવનથી જ બન્નેયનો પરિણામ

જીવ સ્વભાવ વડે સ્વભાવોનો કર્તા કદાચિત્, પણ પુદ્ગલ ભાવોનો તો કદી પણ નહિ. 'જીવ નવિ પુગ્ગલી, નૈવ પુગ્ગલ સદા પુદ્ગલાધાર નવિ તાસ રંગી.' ઈ. - **શ્રી દેવચંદ્રજી**

૫૧૭. **સમયસાર ગાથા-૮૩** ૫૧૭-૫૨૧

તેથી આ સ્થિત છે કે જીવનો સ્વપરિણામો જ સાથે કર્તાકર્મભાવ અને ભોક્તાભોગ્યભાવઃ

નિશ્ચયથી જીવનો સ્વપરિણામો સાથે જ કર્તા કર્મભાવ અને ભોક્તા ભોગ્યભાવ

ઉત્તરંગ-નિસ્તરંગ સમુદ્રનું દૃષ્ટાંત : દાર્ષ્ટાંતિક સસંસાર - નિઃસંસાર જીવ

૫૨૨. **સમયસાર ગાથા-૮૪** ૫૨૨-૫૨૬

અજ્ઞાની વ્યવહાર : બહિર્ વ્યાપ્યવ્યાપકભાવથી કળશ કર્તા કુંભકાર, તેમ પુદ્ગલ કર્મ કર્તા જીવ

અંતર્ વ્યાપ્યવ્યાપક ભાવથી મૃત્તિકા કળશ કર્તા : બહિર્ વ્યાપ્ય વ્યાપક ભાવથી કુંભકાર કળશ કર્તા

અંતર્ વ્યાપ્યવ્યાપક ભાવથી પુદ્ગલ કર્મ કર્તા : બહિર્ વ્યાપ્યવ્યાપક ભાવથી અજ્ઞાનને લીધે જીવ પુદ્ગલ કર્મ કર્તા

અજ્ઞાનને લીધે જીવ કર્તા-ભોક્તા

આ અંગે ઉપાદાન-નિમિત્તની સમ્યક્ તત્ત્વમીમાંસા કરતા અને અપૂર્વ પુરુષાર્થ જાગૃતિ પ્રેરતા શ્રીમદ્ રાજચંદ્રના ટંકોત્કીર્ણ વચનામૃત (જુઓ : **શ્રીમદ્ રાજચંદ્ર, ઉપદેશ છાયા**)

૫૨૭. **સમયસાર ગાથા-૮૫** ૫૨૭-૫૨૯

ક્રિયા પરિણામથી ભિન્ન નથી :

પરિણામ પરિણામીથી ભિન્ન નથી
સ્વ-પર બે ક્રિયાની અભિન્નતાનો - પ્રસંગઃ સ્વ - પર વિભાગ અસ્તંમન : અનેકાત્મક એક : સર્વજ્ઞ અવમત

૫૩૦. **સમયસાર ગાથા-૮૬** ૫૩૦-૫૩૫
બે ક્રિયાનો અનુભાવી મિથ્યાદૃષ્ટિ કયા કારણથી ?
દ્વિ ક્રિયાવાદીઓ મિથ્યાદૃષ્ટિઓ એ સિદ્ધાંત
કુંભકાર કલશાનુકૂલ આત્મ વ્યાપાર કર્મનો કર્ત્તાઃ પણ અહંકાર છતાં કુંભકાર કલશ કર્મનો કર્ત્તા નહિ
આત્મા અજ્ઞાનને લીધે આત્મપરિણામનો કર્ત્તાઃ પણ અહંકાર છતાં અજ્ઞાની આત્મા
પુદ્‌ગલ પરિણામ કર્મનો કર્ત્તા નહિ.

૫૩૬. **સમયસાર કળશ-૫૧-૫૪** ૫૩૬-૫૩૯
પરિણામ કર્મ : પરિણતિ ક્રિયા : પરિણામી કર્ત્તા
જીવ દ્રવ્ય-પરિણામી પરિણતિ પરિણામ
પુદ્‌ગલ દ્રવ્ય પરિણામી પરિણતિ પરિણામ
'એક પરિનામ કે ન કરતા દરબ દોય' ઈ. એ **બનારસદાસજીના** રહસ્યભૂત કાવ્યના પરમ પરમાર્થને **શ્રીમદ્‌ રાજચંદ્રજીએ** અમર અમૃત શબ્દોમાં પ્રકાશ્યો છે. (જુઓ : **શ્રીમદ્‌ રાજચંદ્ર** અં. ૩૧૦)

૫૪૧. **સમયસાર કળશ-૫૫** ૫૪૧-૫૪૨
'જીવનો અહંભાવ મમત્વ ભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાની પુરુષોએ દેશના પ્રકાશી છે. ઈ.' - **શ્રીમદ્‌ રાજચંદ્ર** અં. ૪૯૩
આ સંસારથી જ 'હું પરને કરું' એવું દુર્વાર મહાહંકાર રૂપ તમસ્‌ અહીં મોહીઓનું જોરશોરથી દોડે છે.

૫૪૩. **સમયસાર કળશ-૫૬** ૫૪૩
'આત્મભાવ જ કરે આતમા, પર સદા પરભાવજી.' - (અમૃત પદ)

૫૪૪. **સમયસાર ગાથા-૮૭** ૫૪૪-૫૪૭
મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિ ઈ. ભાવો અજીવથી ભાવવામાં આવતાં **અજીવ જ** : મયૂર દૃષ્ટાંત
મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિ ઈ. ભાવો જીવથી ભાવવામાં આવતાં **જીવ જ** : દર્પણ દૃષ્ટાંત
વિભાવમાંથી આત્મભાવ વ્યાવૃત કરે અને શુદ્ધ ચેતનનો જ અનુભવ કરે.
'ભાસ્યો આત્મસ્વરૂપ અનાદિનો વિસર્યો - **'શ્રી દેવચંદ્રજી'**

૫૪૮. **સમયસાર ગાથા-૮૮** ૫૪૮-૫૪૯
અજીવ મિથ્યાદર્શનાદિ પુદ્‌ગલ કર્મ :
જીવ મિથ્યાદર્શનાદિ ચૈતન્ય પરિણામ વિકાર

૫૫૦. **સમયસાર ગાથા-૮૯** ૫૫૦-૫૫૪
અનાદિ વસ્તુંતરભૂત મોહના યુક્તપણાને લીધે ચૈતન્યનો ત્રિવિધ પરિણામ વિકાર
સ્વરસથી જ સમસ્ત વસ્તુનું સ્વભાવભૂત સ્વરૂપ પરિણામ સમર્થપણું
ઉપાધિ યોગે સ્ફટિકનો ત્રિવિધ સ્વચ્છ વિકાર
ભેદાભ્યાસ ભાવના : મોહરૂપ પરભાવ-વિભાવથી
ઉપયોગની ભિન્નતા

૫૫૫. **સમયસાર ગાથા-૯૦** ૫૫૫-૫૫૭
આત્માનું ત્રિવિધ પરિણામવિકારનું કર્ત્તાપણું
શુદ્ધ નિરંજન ચિન્માત્ર ભાવ અશુદ્ધ સાંજન ત્રિવિધ થઈ અજ્ઞાની બની કર્ત્તા બને

૫૫૮. **સમયસાર ગાથા-૯૧** ૫૫૮-૫૬૧
'આત્મા જે ભાવ કરે છે, તે ભાવનો કર્ત્તા હોય છે.' ઈ.
સાધકનું દૃષ્ટાંત : તે ધ્યાન ભાવકર્ત્તા સતે, તેના નિમિત્તે સ્વયમેવ વિષ ઉતાર આદિ.
અજ્ઞાનને લીધે આત્મા મિથ્યાદર્શનાદિ ભાવકર્ત્તા સતે, તેના નિમિત્તે પુદ્‌ગલનો સ્વયમેવ મોહાદિ કર્મ પરિણામ
તાત્પર્ય : અજ્ઞાન-ભાવકર્મ-દ્રવ્યકર્મ

૫૬૨. **સમયસાર ગાથા-૯૨** ૫૬૨-૫૬૫
તાત્પર્ય : અજ્ઞાનથી જ કર્મ પ્રભવે છે
શીત-ઉષ્ણવત્‌ રાગદ્વેષાદિ પુદ્‌ગલ પરિણામ અવસ્થાનું અને તથાવિધ અનુભવનું ભિન્નપણું: અજ્ઞાનને લીધે અજ્ઞાન સતે એકત્વ અધ્યાસથી અજ્ઞાની રાગાદિ કર્મનો કર્ત્તા

૫૬૬. **સમયસાર ગાથા-૯૩** ૫૬૬-૫૭૦
'પરને આત્મા નહિ કરતો અને આત્માને પણ પર નહિ કરતો એવો તે જ્ઞાનમય જીવ કર્મનો અકારક (અકર્ત્તા) હોય છે'

જ્ઞાન થકી કર્મ પ્રભવતું નથી
૫૭૧. સમયસાર ગાથા-૯૪ ૫૭૧-૫૭૩
અજ્ઞાન થકી કર્મ કેવી રીતે પ્રભવે (જન્મે) છે ?
જ્ઞેય-જ્ઞાયક ભાવ અવિવેકથી કર્મ પ્રભવતી સમગ્ર વૈજ્ઞાનિક પ્રક્રિયા
શ્રીમદ્ રાજચંદ્રજીના આત્માનુભવ સિદ્ધ ટંકોત્કીર્ણ વચનામૃત
૫૭૪. સમયસાર ગાથા-૯૫ ૫૭૪-૫૭૬
ત્રિવિધ આ ઉપયોગ ધર્માદિરૂપ આત્મવિકલ્પ કરે છે, તે ઉપયોગરૂપ
આત્મભાવનો કર્ત્તા હોય છે. જ્ઞેય-જ્ઞાયક ભાવ અવિવેકથી કર્મ પ્રભવતી વૈજ્ઞાનિક પ્રક્રિયા
'હું ધર્મ છું આત્મ વિકલ્પજન્ય ભ્રાંતિથી આત્મ સોપાધિ ચૈતન્ય પરિણામરૂપ આત્મભાવનો કર્ત્તા
૫૭૭. સમયસાર ગાથા-૯૬ ૫૭૭-૫૮૧
'એમ મંદબુદ્ધિ અજ્ઞાન ભાવે કરીને પરદ્રવ્યોને આત્મા કરે છે અને આત્માને પણ પર કરે છે.'
સવિકાર-સોપાધિ કૃત ચૈતન્ય પરિણામતાથી અજ્ઞાનથી તથાવિધ આત્મભાવનો કર્ત્તા : કર્તૃત્વ મૂલ અજ્ઞાન
ભૂતાવિષ્ટનું દૃષ્ટાંત - અજ્ઞાનને લીધે જ ક્રોધાદિ વિભાવ ભાવોનો કર્ત્તા
મહિષ ધ્યાનાવિષ્ટ દૃષ્ટાંત : અજ્ઞાનને લીધે જ જ્ઞેય-જ્ઞાયક એવા પર-આત્મને એક કરતો આત્મા તથાવિધ વિભાવનો કર્ત્તા
૫૮૨. સમયસાર ગાથા-૯૭ ૫૮૨-૫૮૬
'આથી જ (અજ્ઞાનથી જ) તે આત્મા નિશ્ચય વિદોથી કર્ત્તા પરિકથિત છે, એમ નિશ્ચયથી જે જાણે છે તે સર્વ કર્તૃત્વ મૂકે છે.'
જ્ઞાન થકી કર્તૃત્વ નહિ : અજ્ઞાનજન્ય કર્ત્તાપણાનો સાંગોપાંગ વૈજ્ઞાનિક અનુક્રમ વિધિ. શ્રીમદ્ રાજચંદ્રજીના તેમના પરમ સખા સૌભાગ્ય પરમાર્થ પરમ પત્રોમાં સહજ અનુભવોદ્ગાર છે કે - 'ચિત્ત ઉદાસ રહે છે.' ઈત્યાદિ.
૫૮૭. સમયસાર કલશ-૫૭ ૫૮૭-૫૮૮
અજ્ઞાનથી જ કર્ત્તાપણું હોય છે એ અદ્ભુત અન્યોક્તિથી દર્શાવતો સમયસાર કલશ પ્રકાશે છે.
૫૮૯. સમયસાર કલશ-૫૮ ૫૮૯-૫૯૧
અજ્ઞાનની ભારોભાર નિંદા કરતો સમયસાર કલશ પ્રકાશે છે :
મહા પરમાર્થ કવીશ્વર અમૃતચંદ્રજી અન્યોક્તિથી જીવોની આ નિદ્રા ઉડાડે છે.
૫૯૨. સમયસાર કલશ-૫૯ ૫૯૨-૫૯૩
જ્ઞાની હંસને જ્ઞાનજન્ય વિવેક થકી જ અકર્ત્તાપણું - કેવલ જ્ઞાતૃત્વપણું જ હોય છે એમ પ્રકાશતો સમયસાર કલશ સંગીત કરે છે.
અમૃતચંદ્રજી મહાકવિએ આ અને પછીના સમયસાર કળશમાં જ્ઞાનની મુક્ત કંઠે પ્રશંસા કરી છે.
૫૯૪. સમયસાર કળશ-૬૦ ૫૯૪-૫૯૫
જ્ઞાનની મુક્તકંઠે પ્રસ્તુતિ કરતો અમૃત સમયસાર કળશ અમૃતચંદ્રજી લલકારે છે
૫૯૬. સમયસાર કળશ-૬૧ ૫૯૬
આત્મા આત્મભાવનો જ કર્ત્તા - પરભાવનો નહિ જ એમ ઉદ્ઘોષતો સમયસાર કળશ પ્રકાશે છે
૫૯૭. સમયસાર કળશ-૬૨ ૫૯૭
આત્મા પરભાવનો કર્ત્તા માનવો તે તો વ્યવહારીઓનો મોહ છે એમ સૂચવતો ઉત્થાનિકા સમયસાર કળશ કહે છે.
'आत्मा ज्ञानं स्वयं ज्ञानं, ज्ञानादन्यत् करोति किं'
૫૯૮. સમયસાર ગાથા-૯૮ ૫૯૮-૫૯૯
જેમ આત્મા આત્મવિકલ્પ અને આત્મવ્યાપાર વડે પરદ્રવ્યાત્મક બહિરૂ કર્મ કરતો પ્રતિભાસે છે : તેમ ક્રોધાદિ પરદ્રવ્યાત્મક અંતઃ કર્મ કરે છે - અવિશેષ માટે એમ વ્યવહારીઓનો વ્યામોહ છે.
૬૦૦. સમયસાર ગાથા-૯૯ ૬૦૦-૬૦૧
આત્મા વ્યાપ્ય - વ્યાપક ભાવથી પરદ્રવ્યાત્મક કર્મનો કર્ત્તા છે નહિ.
આત્મા પરદ્રવ્યાત્મક કર્મ કરે તો તન્મય થાયઃ અને તન્મય થાય તો દ્રવ્ય-ઉચ્છેદ આપત્તિ
૬૦૨. સમયસાર ગાથા-૧૦૦ ૬૦૨-૬૦૪
આત્મા નિમિત્ત - નૈમિત્તિક ભાવે પણ પરદ્રવ્યાત્મક કર્મનો કર્ત્તા છે નહિ : નિમિત્ત નૈમિત્તિક ભાવે પણ કરે તો નિત્ય કર્તૃત્વનો પ્રસંગ
૬૦૫. સમયસાર ગાથા-૧૦૧ ૬૦૫-૬૦૭
જ્ઞાની જ્ઞાનનો જ કર્ત્તા હોય : તટસ્થ

ગોરસ-અધ્યક્ષનું દૃષ્ટાંત
ગોરસાધ્યક્ષ જેમ દર્શનને વ્યાપી દેખે છે : તેમ જ્ઞાની જ્ઞાનને વ્યાપીને જાણે જ છે.
૬૦૮. સમયસાર ગાથા-૧૦૨ ૬૦૮-૬૧૦
અજ્ઞાની પણ પરભાવનો કર્ત્તા ન હોય
૬૧૧. સમયસાર ગાથા-૧૦૩ ૬૧૧-૬૧૩
પર ભાવ કોઈથી પણ કરવો શક્ય નથી.
દ્રવ્યાંતર ગુણાંતર અસંક્રમ : વસ્તુસીમા અભેદ્ય
૬૧૪. સમયસાર ગાથા-૧૦૪ ૬૧૪-૬૧૬
એથી કરીને નિશ્ચયથી આત્મા કર્મોનો અકર્ત્તા સ્થિત
આત્મા પુદ્ગલમય કર્મનો અકર્ત્તા
૬૧૭. સમયસાર ગાથા-૧૦૫ ૬૧૭-૬૧૮
અન્ય તો ઉપચાર
૬૧૯. સમયસાર ગાથા-૧૦૬ ૬૧૯-૬૨૦
યોદ્ધાનું દૃષ્ટાંત : આત્માથી 'જ્ઞાનાવરણાદિ કર્મ કરાયું એવો ઉપચાર છે, નહિ કે પરમાર્થ
૬૨૧. સમયસાર ગાથા-૧૦૭ ૬૨૧-૬૨૩
'આત્મા પુદ્ગલ દ્રવ્યને ઉપજાવે છે, કરે છે, બાંધે છે, પરિણમાવે છે અને ગ્રહે છે - આ વ્યવહારનું વક્તવ્ય છે.
૬૨૪. સમયસાર ગાથા-૧૦૮ ૬૨૪-૬૨૫
'જેમ રાજા વ્યવહારથી દોષ-ગુણનો ઉત્પાદક એમ કહેવાયો છે, તેમ જીવ વ્યવહારથી દ્રવ્ય-ગુણનો ઉત્પાદક કહ્યો છે.'
૬૨૬. સમયસાર કળશ-૬૩ ૬૨૬
'જીવ જો પુદ્ગલ કર્મ કરતો નથી જ તો પછી તે કોણ કરે છે ? એવી અભિશંકાથી જ તીવ્ર વેગી મોહના નિબર્હણાર્થે આ સ્ફુટપણે પુદ્ગલ કર્મ કર્તૃ સંકીર્ત્તવામાં આવે છે, તે શ્રવણ કરો !'
૬૨૭. સમયસાર ગાથા-૧૦૯-૧૧૨ ૬૨૭-૬૩૦
પુદ્ગલ કર્મનું પુદ્ગલ દ્રવ્ય જ એ કર્તૃ અથવા તે પુદ્ગલ દ્રવ્યના જ વિશેષો રૂપ મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગ એ 'સામાન્ય પ્રત્યયો' પુદ્ગલ કર્મના ચાર કર્ત્તાઓ છે: અથવા આ ચાર મૂલ સામાન્ય પ્રત્યયોના ઉત્તર ભેદરૂપ તેર પ્રત્યયો મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી માંડીને સયોગ કેવલી ગુણસ્થાનક પર્યંત તેના તેર પ્રત્યયો
૬૩૧. સમયસાર ગાથા-૧૧૩-૧૧૫ ૬૩૧-૬૩૩
જીવ -પ્રત્યયનું એકત્વ નથી
અન્ય ઉપયોગાત્મા જીવ : અન્ય જડ સ્વભાવ ક્રોધઃ જેમ ઉપયોગાત્મા જીવ અન્ય છે તેમ પ્રત્યય-નોકર્મ-કર્મ પણ અનન્ય જડ સ્વભાવ અન્ય જ
૬૩૪. સમયસાર ગાથા-૧૧૬-૧૨૦ ૬૩૪-૬૩૭
હવે પુદ્ગલ દ્રવ્યનું પરિણામ સ્વભાવપણું સાધે છે - સાંખ્યમતાનુયાયી શિષ્ય પ્રતિઃ પુદ્ગલ દ્રવ્યનું પરિણામ સ્વભાવપણું સિદ્ધ થયું
૬૩૮. સમયસાર કળશ-૬૪ ૬૩૮
નિશ્ચયથી પુદ્ગલની સ્વભાવભૂત પરિણામ શક્તિ 'અવિદ્મા સ્થિત'
૬૩૯. સમયસાર ગાથા-૧૨૧-૧૨૫ ૬૩૯-૬૪૨
જીવનું પરિણામિપણું સાધે છેઃ જીવ પરિણામ સ્વભાવી સ્વયમેવ ભલે હો !
તેમ સતે, ગરુડ ધ્યાન પરિણત સાધક ગરુડ :
અજ્ઞાન સ્વભાવ ક્રોધાદિ પરિણત ઉપયોગ, તે જ સ્વયં ક્રોધાદિ
૬૪૩. સમયસાર કળશ-૬૫ ૬૪૩
નિશ્ચયથી જીવની 'સ્વભાવભૂત' પરિણામ શક્તિ 'નિરંતરાયા સ્થિતાઃ'
તે સ્થિત સતે, તે (જીવ) જે ભાવ સ્વનો (પોતાનો-આત્માનો) કરે છે, તેનો જ કર્ત્તા હોય.
૬૪૪. સમયસાર ગાથા-૧૨૬ ૬૪૪-૬૪૬
'જે ભાવ આત્મા કરે છે, તે કર્મનો તે કર્ત્તા હોય છે.
જ્ઞાનીનો તે ભાવ જ્ઞાનમય અને અજ્ઞાનીનો અજ્ઞાનમય હોય છે.
આત્મા આત્મભાવ કર્ત્તાનો આત્મા જે જ ભાવ આત્માનો કરે છે, તેનો તે કર્ત્તા.
જ્ઞાનીનો જ્ઞાનમય જ ભાવ :
પરસ્પર વિવેક : વિવિક્ત 'આત્મખ્યાતિ'પણું :
અજ્ઞાનીનો અજ્ઞાનમય ભાવ : સ્વ પર અવિવેક, આત્મખ્યાતિ પ્રત્યસ્તમન
૬૪૭. સમયસાર ગાથા-૧૨૭ ૬૪૭-૬૫૧
અજ્ઞાની-જ્ઞાનીના કર્મકર્ત્તા-અકર્ત્તાપણાની અમૃતચંદ્રજીએ દાખવેલી અદ્ભુત વૈજ્ઞાનિક પ્રક્રિયા
અજ્ઞાનીનો ભાવ અજ્ઞાનમય જઃ અજ્ઞાનીના

કર્મકર્ત્તાપણાની તત્ત્વ વૈજ્ઞાનિક પ્રક્રિયા જ્ઞાનીનો જ્ઞાનમય જ ભાવઃ જ્ઞાનીના કર્મ-અકર્ત્તાપણાની તત્ત્વવૈજ્ઞાનિક પ્રક્રિયા

૬૫૨. સમયસાર કળશ-૬૬ ૬૫૨

જ્ઞાનીનો ભાવ જ્ઞાનમય જ અને અજ્ઞાન અજ્ઞાનીનો અજ્ઞાનમય જ કેમ ? નીચેની ગાથાનો ભાવ સૂચવતો ઉત્થાનિકા કળશ કહે છે.

૬૫૩. સમયસાર ગાથા-૧૨૮-૧૨૯ ૬૫૩-૬૫૫

જ્ઞાનીનો ભાવ જ્ઞાનમય જ કેમ ?

અજ્ઞાનીનો અજ્ઞાનમય જ કેમ ? અજ્ઞાનીના સર્વભાવ અજ્ઞાનમય : જ્ઞાનીના સર્વ ભાવ જ્ઞાનમય

'कारणानुविधायिनि कार्याणि'

કારણ અનુવિધાયિ કાર્ય

૬૫૬. સમયસાર કળશ-૬૭ ૬૫૬

જ્ઞાનીના સર્વે ભાવો 'જ્ઞાન નિર્વૃત્ત' : અજ્ઞાનીના સર્વે ભાવ 'અજ્ઞાન નિર્વૃત્ત'

૬૫૭. સમયસાર ગાથા-૧૩૦-૧૩૧ ૬૫૭-૬૬૦

સુવર્ણમય ભાવથી કુંડલાદિ : લોહમય ભાવથી કડા આદિ : કાર્યોનું કારણાનુવિધાયિપણું 'कारणानुविधायित्वात् कार्याणां' :

જાતિ અનુલ્લંઘન

જ્ઞાની જ્ઞાનમંડલ ન ઉલ્લંઘે : અજ્ઞાની અજ્ઞાનમંડલ ન ઉલ્લંઘે

૬૬૧. સમયસાર કળશ-૬૮ ૬૬૧

અજ્ઞાની અજ્ઞાનમય ભાવોની ભૂમિકાને વ્યાપીને દ્રવ્યકર્મના નિમિત્ત એવા ભાવોની હેતુતા પામે છે.

૬૬૨. સમયસાર ગાથા-૧૩૨-૧૩૬ ૬૬૨

અતત્ત્વોપલબ્ધિ રૂપે જ્ઞાનમાં સ્વદમાન અજ્ઞાનોદય

તત્ત્વ અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં સ્વદમાન મિથ્યાત્વોદય ઈ.

૬૬૮. સમયસાર ગાથા-૧૩૭-૧૩૮ ૬૬૮-૬૬૯

પુદ્ગલ દ્રવ્યથી પૃથગ્‌ભૂત જ જીવનો પરિણામ

૬૭૦. સમયસાર ગાથા-૧૩૯-૧૪૦ ૬૭૦

જીવથી પૃથગ્‌ભૂત પુદ્ગલ દ્રવ્યનો પરિણામ

૬૭૨. સમયસાર ગાથા-૧૪૧ ૬૭૨-૬૭૩

કર્મ આત્મામાં શું બદ્ધસ્પૃષ્ટ છે ? શું અબદ્ધ-સ્પૃષ્ટ છે ? એમ નયવિભાગથી કહે છે વ્યવહારથી કર્મ બદ્ધ બદ્ધસ્પૃષ્ટ : નિશ્ચયથી અબદ્ધસ્પૃષ્ટ

૬૭૪. સમયસાર ગાથા-૧૪૨ ૬૭૪-૬૭૭

જીવમાં કર્મ બદ્ધ ? અબદ્ધ નયપક્ષ : પક્ષાતિક્રાંત સમયસાર

વિકલ્પ-નયપક્ષ અતિક્રમે તે નિર્વિકલ્પ સમયસાર થાય :

નયપક્ષ અતિક્રમે પણ તે વિકલ્પ અતિક્રમતો નથી

નય પક્ષ અતિક્રમે તે વિકલ્પ અતિક્રમે : વિકલ્પ અતિક્રમે તે સમયસાર વિંદે

'जावइया वयणवहा तावइया णयवाया'

અમૃતચંદ્રજીએ કરાવેલી 'અમૃત'

નયપક્ષ સંન્યાસ ભાવના

૬૯૦. સમયસાર ગાથા-૧૪૩ ૬૯૦-૬૯૫

પક્ષાતિક્રાંતનું સ્વરૂપ

ભગવાન કેવલી જેમ આત્મજ્ઞાનીને નયપક્ષ અપરિગ્રહ

સાક્ષાત્ વિજ્ઞાનઘન કેવલી ભગવાન્

આ અંગે શ્રીમદ્ રાજચંદ્રજીના સહજ અનુભવોદ્‌ગાર

૬૯૬. સમયસાર કળશ-૯૨ ૬૯૬-૬૯૭

સમસ્ત બંધ પદ્ધતિ ફગાવી હું સમયસાર અનુભવું છું એવા ભાવનો સમયસાર કળશ પ્રકાશે છે.

૬૯૮. સમયસાર કળશ-૧૪૪ ૬૯૮-૭૦૨

પક્ષાતિક્રાંત જ સમયસાર એમ અવસ્થિત રહે છે.

'આ (એક આત્મા જ) સમ્યગ્‌દર્શન-જ્ઞાન એ કેવલ વ્યપદેશ (નામ નિર્દેશ) લહે છે. સર્વ નયપક્ષથી રહિત એવો જે કહેવામાં આવ્યો, તે સમયસાર છે.

અમૃતચંદ્રાચાર્યએ સમયસાર - આત્મખ્યાતિ પ્રાપ્તિની વિધિની અદ્‌ભુત રહસ્ય ચાવી (master-key) દર્શાવી છે. તેનો આશયાર્થ આ પ્રકારે -

અત્ર તે આત્માનુભૂતિથી અનુભવાતો સમયસાર તે કેવો અનુભવે છે ? તેમાં અગ્યાર મુદ્દા છે.

એવા એકાદશ અંગભૂત ગુણનિષ્પન્ન

વિશેષણસંપન્ન યથાર્થનામા 'સમયસાર'ને -શુદ્ધ આત્માને આત્મા સ્વ સંવેદનથી સંવેદે છે. અને આવા દ્વાદશાંગીના સારભૂત ઉક્ત એકાદશ ગુણસંપન્ન **સમયસારને** વેદતો જ - અનુભવતો જ આત્મા 'સમ્યગ્ દેખાય છે જણાય છે.' विज्ञानघनं परमात्मानं समयसारं विंदन्नेवात्मा सम्यग्दृश्यते ज्ञायते च ।'

૭૦૩. **સમયસાર કળશ-૯૩** ૭૦૩-૭૦૪

અમૃતચંદ્રજી નિર્વિકલ્પ ભાવથી અનુભવાતા આ **સમયસાર પુરાણ પુરુષનું** ઉત્કીર્ત્તન કરે છે

'विज्ञानैकरस भगवान् पुण्य पुराण पुरुष' - 'विज्ञानेकरसः एष भगवान् पुण्यः पुराणः पुमान् ।'

આ વિજ્ઞાનૈકરસ ભગવાન્ સમયસાર પુરાણ પુરુષનો જીવનમાં સાક્ષાત્ આત્યંતિક અનુભવ કરનારા પરમ આત્મદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજી**ના સહજ અનુભવોદ્‌ગાર છે કે - 'એક પુરાણ પુરુષ અને પુરાણ પુરુષની પ્રેમ સંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી, અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી. ઈ.' - **(શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૫૫)**

૭૦૫. **સમયસાર કળશ-૯૪** ૭૦૫-૭૦૬

નિર્વિકલ્પ આત્મામાં આગત આત્માની આત્મામાં જ ગતાનુગતતા પ્રકાશતો સમયસાર કળશ અમૃતચંદ્રજી લલકારે છે : 'કોઈ બ્રહ્મરસના ભોગી, કોઈ બ્રહ્મરસના ભોગી' - **'શ્રીમદ્ રાજચંદ્રજી'** તેમ - આ આત્મા પણ 'નિજ ઓથમાં' - નિજ સિદ્ધ શુદ્ધ સ્વરૂપ પ્રવાહમાં ભળી ગયા પછી તેમાં જ સદાને માટે શાશ્વતપણે ગમન અનુગમન કર્યા કરે છે - 'आत्मन्येव सदा गतानुगतामायात्यं तोयवत् ।'

૭૦૭. **સમયસાર કળશ-૯૫** ૭૦૭

સવિકલ્પનું કર્તૃ-કર્મત્વ નાશતું નથી એવું તત્ત્વ રહસ્ય દાખવતો સમયસાર કળશ **અમૃતચંદ્રજી** પ્રકાશે છે.

૭૦૮. **સમયસાર કળશ-૯૬** ૭૦૮-૭૦૯

કરે છે તે જાણતો નથી - જાણે છે તે કરતો નથી, એવી અદ્‌ભુત શબ્દ-અર્થ-તત્ત્વ-ચમત્કૃતિથી અપૂર્વ તત્ત્વરહસ્ય પ્રકાશતો સમયસાર કળશ **અમૃતચંદ્રજી** સંગીત કરે છે.

૭૧૦. **સમયસાર કળશ-૯૭** ૭૧૦-૭૧૧

કર્મમાં જ્ઞાન નથી ને જ્ઞાનમાં કર્મ નથી શબ્દ-અર્થ ચમત્કૃતિથી અપૂર્વ તત્ત્વ ચમત્કૃતિ દાખવતો સમયસાર કળશ **અમૃતચંદ્રજી** પ્રકાશે છે.

૭૧૨. **સમયસાર કળશ-૯૮** ૭૧૨-૭૧૩

કર્ત્તા કર્મમાં નથી, કર્મ કર્ત્તામાં નથી ઈ. છતાં મોહ શો ? એમ અપૂર્વ શબ્દ-અર્થ તત્ત્વ ચમત્કૃતિથી અદ્‌ભુત તત્ત્વચમત્કૃતિ દર્શાવતો સમયસાર કળશ **અમૃતચંદ્રજી** લલકારે છે.

૭૧૪. **સમયસાર કળશ-૯૯** ૭૧૪-૭૧૫

જ્ઞાન જ્ઞાન થાય ને પુદ્‌ગલ પુદ્‌ગલ થાય તેમ આ કેવલ જ્ઞાન જ્યોતિ ઝળહળે છે એવા ભાવનો આ અમૃત સમયસાર કળશ **અમૃતચંદ્રજી** અપૂર્વ આત્મભાવોલ્લાસથી લલકારે છે.

૭૧૭. અમૃત પદ ૭૧૭-૮૬૩

॥ इति कर्तृकर्मप्ररुपकः द्वितीयः अंकः ॥

સમયસાર પહેલા ભાગની - બીજા ભાગની આકૃતિની યાદી

પૃષ્ઠ.

૩૯
૬૧
૨૨૮
૪૦૩
૪૩૮
૪૪૦
૪૬૦
૪૬૯
૪૭૦
૪૮૩
૪૯૭
૫૦૩
૫૨૧
૫૩૫
૫૩૭
૫૩૮
૫૩૯
૫૪૭
૫૪૯
૫૫૩
૫૫૪
૫૬૫
૬૦૩
૬૧૩
૬૨૦
૬૨૫
૬૩૦
૬૩૭
૬૪૨
૬૪૬
૬૪૯
૬૫૦

જીવાજીવ અધિકાર

૬૬૬
૭૦૯
૭૧૧
૭૧૩

પૃ. પુણ્ય-પાપ

૭૨
૭૩
૭૮
૮૧
૮૨
૮૪
૮૭
૯૧
૯૩
૯૩
૯૪

આસ્રવ

૯૭
૧૦૨
૧૦૫
૧૦૫
૧૦૯
૧૦૯
૧૧૧
૧૧૩
૧૧૪
૧૧૫
૧૧૬
૧૧૮
૧૨૦
૧૨૨
૧૨૫
૧૩૮
૧૩૯
૧૪૦
૧૪૨
૧૪૩
૧૪૪
૧૪૬

સંવર

૧૫૦
૧૬૦
૧૬૨
૧૬૬
૧૬૯
૧૭૬
૧૮૩
૧૮૬
૧૮૮

પૃ. નિર્જરા

૧૮૯
૨૦૧
૨૦૨
૨૨૨
૨૨૭
૨૨૮
૨૩૦
૨૩૩
૨૪૦
૨૪૯
૨૫૧
૨૫૩
૨૬૦
૨૬૨
૨૬૭
૨૬૯
૨૭૪
૨૮૩
૨૮૮

બંધ : મોક્ષ

૨૯૮
૩૯૭
૪૧૯
૪૨૨
૪૨૫
૪૬૮
૪૭૨

પૃ. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

૫૬૪
૫૭૦
૫૭૨
૫૭૫
૫૮૧
૫૮૧
૫૮૫
૬૦૨
૬૦૯
૬૭૩
૬૭૪
૬૮૦
૭૪૫
૭૪૮
૭૬૨
૭૮૮

આ ગ્રંથમાં અવતરણ લીધેલા ગ્રંથોની સૂચિ (Bibiligraphy)

ગ્રંથ	ગ્રંથકર્ત્તા
અધ્યાત્મસાર	શ્રી યશોવિજયજી
અધ્યાત્મોપનિષદ્	શ્રી યશોવિજયજી
'અધ્યાત્મ રાજચંદ્ર'	ડૉ. ભગવાનદાસ
અધ્યાત્મ ગીતા	શ્રી દેવચંદ્રજી
આવશ્યક નિર્યુક્તિ	શ્રી ભદ્રબાહુ સ્વામી
'આત્મખ્યાતિ' ટીકા	શ્રી અમૃતચંદ્રાચાર્ય
આનંદઘન પદ	શ્રી આનંદઘનજી
આચારાંગ સૂત્ર	જિનાગમ
આત્મસિદ્ધિ શાસ્ત્ર	શ્રીમદ્ રાજચંદ્ર
અધ્યાત્મ કમલ માર્ત્તંડ	શ્રી રાજમલ્લજી
આરાધના સાર	શ્રી દેવસેનાચાર્ય
આત્માવલોકન	શ્રી દીપચંદ્રજી
ઉત્તરાધ્યયન સૂત્ર	જિનાગમ
આનંદઘન ચોવીશી	શ્રી આનંદઘન
કાર્તિકેય અનુપ્રેક્ષા	શ્રી કાર્તિકેય સ્વામી
કઠોપનિષદ્	આર્ષ
ગોમટ્ટસાર	શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્ત્તી
ગીતા	શ્રી કૃષ્ણ
ચિદાનંદ પદ	શ્રી ચિદાનંદજી
તત્ત્વાર્થ સાર	શ્રી અમૃતચંદ્રાચાર્ય
તત્ત્વાર્થ સૂત્ર	શ્રી ઉમાસ્વામી
દ્વા.દ્વા. ત્રિંશિકા	શ્રી યશોવિજયજી
દેવચંદ્ર ચોવીશી	શ્રી દેવચંદ્રજી
ધર્મ બિન્દુ	શ્રી હરિભદ્રાચાર્ય
નિયમસાર	શ્રી કુંદકુંદાચાર્ય
પંચાસ્તિકાય	શ્રી કુંદકુંદાચાર્ય
પંચાસ્તિકાય ટીકા	શ્રી અમૃતચંદ્રાચાર્ય
પંચાશક	શ્રી હરિભદ્રાચાર્ય
પ્રવચનસાર	શ્રી કુંદકુંદાચાર્ય
પ્રવચનસાર ટીકા (તાત્પર્ય વૃત્તિ)	શ્રી અમૃતચંદ્રાચાર્ય
પંચાધ્યાયી	શ્રી રાજમલ્લજી
પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા	ડૉ. ભગવાનદાસ
ભાવનાબોધ	શ્રીમદ્ રાજચંદ્ર
ભાવપ્રાભૃત	શ્રી કુંદકુંદાચાર્ય

ગ્રંથ	ગ્રંથકર્ત્તા
મોક્ષમાળા (બાલાવબોધ)	શ્રીમદ્ રાજચંદ્ર
યોગદૃષ્ટિ સમુચ્ચય	શ્રી હરિભદ્રાચાર્ય
યોગદૃષ્ટિ સમુચ્ચય ટીકા (બૃહત્ ટીકા સુમનોનંદની)	ડૉ. ભગવાનદાસ
યોગદ્રષ્ટિ સજ્ઝાય	શ્રી યશોવિજયજી
યોગદ્રષ્ટિ કળશ કાવ્ય	ડૉ. ભગવાનદાસ
યોગબિન્દુ	શ્રી હરિભદ્રાચાર્ય
લલિત વિસ્તરા	શ્રી હરિભદ્રાચાર્ય
લલિતવિસ્તરા ટીકા (ચિદ્ હેમ-વિશાંધિની ટીકા)	ડૉ. ભગવાનદાસ
લઘુતત્ત્વ સ્ફોટ	શ્રી અમૃતચંદ્રાચાર્ય
શાંતસુધારસ	શ્રી વિનયવિજયજી
શાંતસુધારસ વિવેચન	શ્રી મનઃસુખભાઈ કિરત્ચંદ્ર મહેતા
શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત	શ્રીમદ્ રાજચંદ્ર
શ્રીમદ્ રાજચંદ્રની 'જીવન રેખા'	શ્રી મનઃસુખભાઈ કિરત્ચંદ્ર મહેતા
શાસ્ત્રવાર્ત્તા સમુચ્ચય	શ્રી હરિભદ્રાચાર્ય
'રાજ' જ્યોતિ મહાભાષ્ય	ડૉ. ભગવાનદાસ
પુરુષાર્થ સિદ્ધિ ઉપાય	શ્રી અમૃતચંદ્રાચાર્ય
સમયસાર	શ્રી કુંદકુંદાચાર્ય
'આત્મખ્યાતિ' ટીકા	શ્રી અમૃતચંદ્રાચાર્ય
પદ્મનંદિ પંચવિંશતિ	શ્રી પદ્મનંદિ આચાર્ય
સમયસાર નાટક	શ્રી બનારસીદાસજી
સમાધિ શતક	શ્રી પૂજ્યપાદાચાર્ય
જ્ઞાનાર્ણવ	શ્રી શુભચંદ્રાચાર્ય
સાડા ત્રણસો ગાથા સ્તવન	શ્રી યશોવિજયજી
વીતરાગ સ્તવ	શ્રી હેમચંદ્રાચાર્ય
નય પ્રદીપ	શ્રી યશોવિજયજી
નય પ્રદીપ વિવેચન	શ્રી મનઃસુખભાઈ કિરત્ચંદ્ર મહેતા
સન્મતિ તર્ક	શ્રી સિદ્ધસેન દિવાકર
યશોવિજય ચોવીશી	શ્રી યશોવિજયજી
અન્ય યોગ વિચ્છેદ	શ્રી હેમચંદ્રાચાર્ય
શ્રી દેવચંદ્રજીનો સુપ્રસિદ્ધ પત્ર	
મોક્ષમાર્ગ પ્રકાશ	શ્રી ટોડરમલ્લજી
આત્માવલોકન	શ્રી દીપચંદ્રજી

ૐ

પહેલો ભાગ

પરમર્ષિ ભગવત્ કુંદકુંદાચાર્ય પ્રણીત

સમયસાર

પરમર્ષિ ભગવત્ અમૃતચંદ્રાચાર્ય વિરચિત

'આત્મખ્યાતિ' ટીકાથી વ્યાખ્યાત

'આત્મખ્યાતિ' ઉપર

ડૉ. ભગવાનદાસ કૃત

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય કર્ત્તા

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા

એમ.બી.બી.એસ.

ગાથા કાવ્યાનુવાદ (સજઝાય) : 'આત્મખ્યાતિ'નો અક્ષરશઃ અનુવાદઃ ગાથા અને 'આત્મખ્યાતિ' ટીકાના ભાવોદ્‌ઘાટનરૂપ 'આત્મભાવના' : સમયસાર કળશ પર સમશ્લોકી ઉપરાંત 'અમૃત પદ' (સ્વરચિત) 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (સળંગ વિસ્તૃત વિવેચન) : સમગ્ર સમસ્ત કૃતિ 'ડૉ. ભગવાનદાસ' કૃત

'અમૃત જ્યોતિ' મહાભાષ્યકર્ત્તાનું મંગલાચરણ

જય દેવ આત્મ દેવ ! જય આત્મ ગુરુ !
જય આત્મધર્મ ! જય આત્મ ગુરુ !... જય આત્મ દેવ ! ૧
કુંદકુંદ તે દિવ્યાત્માએ, સમયસાર શુદ્ધાત્મ,
જ્ઞાન ભાણ પ્રગટાવી જગમાં, પ્રગટ કર્યો સહજાત્મ... જય. ૨
દિવ્યાત્મા તે અમૃતચંદ્રે, ઝીલ્યો દિવ્ય પ્રકાશ,
'આત્મખ્યાતિ' જ્યોત્સ્ના વિસ્તારી, સોળે કળા પ્રભાસ... જય. ૩
સ્થળે સ્થળે ત્યાં અમૃત સંભૃત, સ્થાપ્યા 'કળશો' દિવ્ય,
ભવ્ય જીવોને અમૃત પીવા, આત્મ પ્રગટવા દિવ્ય... જય. ૪
દિવ્યાત્મા તે અમૃતચંદ્રનો, ભાસ ઝીલી ચિત્પાત્ર,
દાસ ભગવાન 'અમૃત જ્યોતિ'થી, વિવેચતો સત્ શાસ્ત્ર... જય. ૫

- (ભગવાનદાસ)

ॐ

પરમર્ષિ ભગવત્ કુંદકુંદાચાર્ય પ્રણીત

સમયસાર

પરમર્ષિ ભગવત્ અમૃતચંદ્રાચાર્ય વિરચિત
'આત્મખ્યાતિ' ટીકાથી વ્યાખ્યાત
'આત્મખ્યાતિ' ઉપર
ડૉ. ભગવાનદાસ કૃત

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

卐

'આત્મખ્યાતિ'કર્તા અમૃતચંદ્રાચાર્યજીના મંગલ-પ્રતિજ્ઞાદિ

સમયસાર શાસ્ત્રની ભગવતી 'આત્મખ્યાતિ' ટીકા પ્રારંભતાં આચાર્યચૂડામણિ ભગવત્ અમૃતચંદ્રાચાર્યજી પ્રથમ સમયસારની પરમ ભાવસ્તુતિ રૂપ આ મંગલ કલશકાવ્ય પ્રકાશે છે –

(अनुष्टुप्)

नमः समयसाराय, स्वानुभूत्या चकासते ।
चित्स्वभावाय भावाय, सर्वभावांतरच्छिदे ॥१॥

(સમશ્લોકી અનુવાદ)

નમઃ સમયસારને, સ્વાનુભૂત્યા પ્રકાશતા;
ભાવને ચિત્સ્વભાવીને, સૌ ભાવાંતર છેદતા. ૧

અમૃત પદ* ૧

નમન હો સમયસાર પ્રતિ ! નમન હો સમયસાર પ્રતિ !
પ્રગટ સ્વાનુભૂતિ દ્વારાએ, રહ્યો પ્રકાશી જેહ અતિ... નમન હો. ૧
ચિત્ સ્વરૂપ છે સ્વભાવ જેનો, ભાવરૂપ જે વસ્તુ છતી,
અન્ય સર્વ ભાવાંતર કેરો, પરિચ્છેદ જે કરે અતિ... નમન હો. ૨
આત્મખ્યાતિથી આત્મખ્યાત તે, **અમૃતચંદ્રજી** પરમમતિ,
દાસ ભગવાન અમૃત પદ રચતો, નમન કરે છે નિત્ય પ્રતિ... નમન હો. ૩

અર્થ : નમસ્કાર હો સમયસારને ! - સ્વાનુભૂતિથી પ્રકાશતો એવો જે સર્વભાવાંતર છેદી (સર્વ અન્ય ભાવને જાણતો અથવા ભિન્ન કરતો) ચિત્ સ્વભાવ ભાવ છે.

'અમૃત જ્યોતિ' **મહાભાષ્ય

''જે મહાત્માઓ અસંગ ચૈતન્યમાં લીન થયા, થાય છે અને થશે તેને નમસ્કાર.''

- શ્રીમદ્ રાજચંદ્રજી


''અવિનાશી અવિકાર પરમરસ ધામ હૈ,
સમાધાન સરવંગ સહજ અભિરામ હૈ,
શુદ્ધ બુદ્ધ અવિરુદ્ધ અનાદિ અનંત હૈ,
જગત સિરોમનિ સિદ્ધ સદા જયવંત હૈ.'' - **શ્રી બનારસીદાસજી**

'નમઃ સમયસારાય' - નમસ્કાર હો સમયસારને !

એ મહામંત્ર રૂપ મંગલસૂત્રથી પરમર્ષિ ભગવદ્ અમૃતચંદ્રાચાર્યજીએ આ **'આત્મખ્યાતિ'** ટીકાનું મંગલાચરણ કર્યું છે. પદે પદે જ્યાં આત્માની ખ્યાતિ (પ્રસિદ્ધિ-પ્રકૃષ્ટ સિદ્ધિ) કરી છે, એવી આ **'આત્મખ્યાતિ'** ટીકા ખરેખર આત્મખ્યાતિ જ છે. આવી યથાર્થનામા **'આત્મખ્યાતિ'** નામથી પરમ પ્રખ્યાતિ પામેલી, પરમ પરમાર્થ ગંભીર, અદ્વિતીય અનન્ય સૂત્રમય ટીકા આ પરમતત્ત્વ દૃષ્ટા **અમૃતચંદ્રજી**એ સોળે કળાથી પૂર્ણ અનન્ય અદ્ભુત તત્ત્વકળાથી ગૂંથી છે, અને તેમાં પણ, આ પરમ અધ્યાત્મરસ પરિણત પરમ ભાવિતાત્મા મહાત્માએ, પરમ આત્મભાવના પરમ ઉલ્લાસથી, શુદ્ધ ચૈતન્ય અમૃતરસની અમૃતસરિતા વહાવતી અપૂર્વ **કળશ** કાવ્યરચના કરી, આ **'આત્મખ્યાતિ'**ની આત્મખ્યાતિમાં અનંત ગુણવિશિષ્ટ અભિવૃદ્ધિ કરી છે. આ પરમ આત્માનુભવી દિવ્ય દૃષ્ટા કવિ-સૃષ્ટાની **અમૃતાનુભવપ્રસાદી** રૂપ આ **કળશ** કાવ્ય સર્જનમાં આ મંગલરૂપ પ્રથમ કળશકાવ્ય છે, અને તેમાં આ સમયસાર શાસ્ત્રનું સારભૂત તત્ત્વ અપૂર્વ તત્ત્વચમત્કૃતિથી પ્રકાશ્યું છે કે - જે સ્વાનુભૂતિથી - આત્માનુભૂતિથી પ્રકાશી રહ્યો છે અને સર્વ અન્ય ભાવોનો પરિચ્છેદ (પરિજ્ઞાન-પરિભેદ) કરે છે, એવો જે ચિત્ સ્વભાવી - ચૈતન્ય સ્વભાવી ભાવ છે, તે સમયસારને નમસ્કાર હો !

** મહાન શ્રી અમૃતચંદ્રાચાર્યની મહાન ટીકાને વિસ્તારથી વિવેચતું હોઈ આ વિવેચનાને **'અમૃતજ્યોતિ' મહાભાષ્ય** એવું નામ આપ્યું છે. - **ભગવાનદાસ**

* આ 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય લેખકે - (વિવેચન લેખક) ગુજરાતીમાં આ કળશકાવ્ય રચનાનો કંઈક રસાસ્વાદ જનતા માણી શકે એવા ભાવથી સમશ્લોકી ભાષાનુવાદ ઉપરાંત આ કળશ કાવ્યોનો અર્થ વિભાવન રૂપ સ્પષ્ટાર્થ પ્રકાશતો યત્ કિંચિત્ આશય ઝીલી અત્રે ગુર્જરીમાં **'પદ' રચવાનો ઉપક્રમ કર્યો છે, અને આ શ્રી અમૃતચંદ્રાચાર્યજીની** મૂળ કળશકાવ્ય રચના પરથી ઉતારેલ છે. તેની પુણ્ય સ્મૃતિ અર્થે તેને **'અમૃત પદાવલી'** એવું નામ આપ્યું છે. આ પ્રથમ કળશકાવ્યનો આશય ઝીલતું આ પ્રથમ **'અમૃત પદ'** 'નમન હો સમયસાર પ્રતિ' - અત્રે પ્રારંભમાં મથાળે મૂક્યું છે, તેમજ અન્યત્ર પણ જે તે સ્થળે તે તે કળશના અનુસંધાનમાં તેમ મૂકવામાં આવશે.- **ભગવાનદાસ**



શાસ્ત્ર પ્રારંભે ઈષ્ટદેવને નમસ્કાર રૂપ મંગલ કૃત્ય કરવું, એ **શ્રી હરિભદ્રાચાર્યજીએ** 'યોગદૃષ્ટિ સમુચ્ચય'માં કહ્યું છે, તેમ આર્ય સત્પુરુષોની સનાતન શિષ્ટ પ્રણાલિકા છે. આ શિષ્ટ પ્રણાલિકાનો કથંચિત્ કિંચિત્ ભંગ કરી, શિષ્ટતમ વાઙ્મયના ક્ષેત્રમાં જેની અનન્ય નૈસર્ગિક કવિ પ્રતિભા અત્યંત ઝળકી ઊઠેલી દેશ્યમાન થાય છે, એવા આ શિષ્ટતમ આચાર્યવર્યે, અત્રે કોઈ અમુક વ્યક્તિવિશેષને જ ઈષ્ટ દેવ નહિ માનતાં, સમયસારને જ અર્થાત્ શુદ્ધ આત્મ તત્ત્વને જ પરમ ઈષ્ટ દેવ માની તેની સ્તુતિ કરી છે, અને તેમાં શુદ્ધ આત્મસ્વરૂપ અર્હત્ ભગવાન-સિદ્ધ ભગવાન રૂપ પરમ ઈષ્ટદેવની સ્તુતિ પણ ગર્ભિતપણે સમાઈ જાય છે જ-અંતર્ભાવ પામે જ છે.

''જિન સોહી હૈ આતમા, અન્ય હોઈ સો કર્મ,
કર્મ કટે સો જિન બચન, તત્ત્વગ્યાની કો મર્મ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

કાર્ય સમયસાર : **કારણ સમયસાર :**

કારણકે સમયસારના બે પ્રકાર છે - (૧) **કાર્ય સમયસાર** - જેણે શુદ્ધ આત્મતત્ત્વની સિદ્ધિ રૂપ આત્મકાર્ય વ્યક્તપણે-આવિર્ભાવપણે - પ્રગટપણે સિદ્ધ કર્યું છે, એવા વ્યક્તિ રૂપ કાર્ય સમયસાર તે અર્હંત અને સિદ્ધ છે. (૨) **કારણ સમયસાર** - જેમાં નિશ્ચયથી શુદ્ધ આત્મતત્ત્વ શક્તિપણે - તિરોભાવપણે - અવ્યક્તપણે - અપ્રગટપણે પરમ પારિણામિક ભાવથી સિદ્ધ સ્વરૂપ વર્તે છે, તે શક્તિરૂપ કારણ સમયસાર પરમ પારિણામિક ભાવથી પ્રત્યેક આત્મા છે. અર્થાત્ જો બીજા બધા ભાવોને એક કોર મૂકીને (If left alone), કોઈ પણ અન્ય દ્રવ્ય-ભાવના સંયોગથી રહિત પણે મૂળ શુદ્ધ સહજ આત્મસ્વરૂપનો વિચાર કરીએ, તો તે પરમ પારિણામિક ભાવથી શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જ - સમયસાર જ છે. એટલે પરમ પારિણામિક ભાવથી નિત્યમેવ અંતઃપ્રકાશમાન છતાં દોષ-આવરણને લઈને તિરોભૂત વર્તે છે, તે શુદ્ધ ચૈતન્યમય આત્મસ્વરૂપ તે દોષ-આવરણ દૂર થયે આવિર્ભૂત થવાની યોગ્યતાવાળું હોઈ શક્તિથી કારણ સમયસાર છે. અત્રે કાર્ય સમયસાર રૂપ અર્હંત-સિદ્ધ એ વ્યવહારથી દેવ છે અને કારણ સમયસાર - પરમ પારિણામિક ભાવરૂપ પ્રત્યેક આત્માનું અંતર્ગત શુદ્ધ આત્મતત્ત્વ એ નિશ્ચયથી દેવ છે, એ બન્નેને અત્ર નમસ્કાર છે. કારણકે જેવું આ અર્હત્-સિદ્ધ ભગવાનનું કાર્ય સમયસારનું વ્યક્તિથી સિદ્ધ સ્વરૂપ છે, તેવું જ આ આત્માનું કારણ સમયસારનું શક્તિથી (Potentially) સિદ્ધ સ્વરૂપ છે. એટલે વ્યવહારથી આરાધ્ય દેવરૂપ આ અર્હત્-સિદ્ધ સ્વરૂપના નિમિત્ત આલંબનથી પણ જીવને અંતરગત આત્મગત સિદ્ધ સ્વરૂપનો લક્ષ થાય છે અને તે જાણે છે કે નિશ્ચયથી આ શુદ્ધ આત્મા એ જ આરાધ્ય દેવ છે.

---

* ''શોભિત નિજ અનુભૂતિ જુત, ચિદાનંદ ભગવાન,
સાર પદારથ આતમા, સકલ પદારથ જાન;
જો અપની દુતિ આપ વિરાજત, હૈ પરધાન પદારથ નામી,
ચેતન અંક સદા નિકલંક, મહા સુખસાગર કૌ વિસરામી;
જીવ અજીવ જિતે જગ મૈં, તિન કૌ ગુન જ્ઞાયક અંતર જામી,
સો શિવરૂપ બસૈ શિવ થાન તાહિ વિલોકિ નમૈં શિવગામી.''

- શ્રી બનારસીદાસજી કૃત સ.સા. જી.અ. ૧-૨

''સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુ આજ્ઞા જિન દશા, નિમિત્ત કારણ માંય.
ઉપાદાનનું નામ લઈ, એ જે ત્યજે નિમિત્ત;
પામે નહીં સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત.''

- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૩૫-૧૩૬

''વ્યવહારસેં દેવ જિન, નિહચે રેં હૈ આપ;
યહ બચનસે સમજ લે, જિન પ્રવચનકી છાપ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

''સેવો ઈશ્વર દેવ, જિણે ઈશ્વરતા હો નિજ અદભુત વરી;
તિરોભાવની શક્તિ, આવિર્ભાવે હો સહુ પ્રગટ કરી.'' - **મહામુનિ દેવચંદ્રજી**

''આનંદઘન ચેતનમય મૂરતિ, શુદ્ધ નિરંજન દેવ ધ્યાઉ રે.'' - **શ્રી આનંદઘનજી પદ, ૧**

''સ્વામી સીમંધરા તું ભલે ધ્યાઈયેં, આપણો આતમા જેમ પ્રકટ પાઈયેં;
દ્રવ્યગુણ પજ્જવા તુજ યથા નિર્મલા, તેમ મુજ શક્તિથી જઈ વિભવ શામલાં.'' - **શ્રીયશોવિજયજી**

અને એટલા માટે જ આ **સમયસાર** ગ્રંથ જે મુખ્યપણે અતિ ઉચ્ચ કોટિના ખરેખરા મુમુક્ષુ આત્માર્થીઓને જ યોગ્ય એવો પરમ અધ્યાત્મમુખ ગ્રંથ છે અને સમયસારનું - પરમ ઈષ્ટ શુદ્ધ આત્મતત્ત્વનું મુખ્યપણે એ જેનું પ્રયોજન છે, એવા આ સમયસાર ગ્રંથ પર આ પરમ સમર્થ મહાટીકા રચવાનો ઉપક્રમ કરતાં, આ મહા નિર્ગ્રંથ મહામુનીશ્વર આચાર્યવર્યે અત્રે પરમ મંગલમૂર્તિ સમયસારને જ - શુદ્ધ આત્માને જ પરમ ઈષ્ટ દેવ માની મંગલ નમસ્કાર કર્યો છે, તે અત્યંત સમુચિત જ છે. આવા આ સમયસારમાં ઈષ્ટ દેવમાં હોવા યોગ્ય સર્વ નામ પણ અત્યંતપણે ઘટે છે, કારણકે તે સર્વ નામ આ સમયસારના સહજ આત્મસ્વરૂપના વાચક અને દ્યોતક એવા સ્વરૂપ પ્રકાશક છે.

શુદ્ધ આત્મારૂપ સમયસારના અખંડ પરમ અનુભવામૃત રસનું આકંઠ પાન કર્યાથી જેણે પરમાનંદમય શુદ્ધાત્માનુભૂતિનો આત્યંતિક અનુભવ કર્યો છે, એવા સાક્ષાત્ જીવન્મુક્ત દશાને પામેલા આર્ષ દૃષ્ટા પરમર્ષિ **અમૃતચંદ્રાર્યજીએ** તે શુદ્ધ આત્મદેવ રૂપ ભગવાન્ સમયસાર પ્રત્યે, તન્મય એકરસ ભાવરૂપ પરમ પ્રેમસિંધુ એટલો બધો સમુલ્લસાયમાન થયો, કે તે આર્ષદૃષ્ટાનો સૌથી પ્રથમ સહજ મંત્રોદ્‌ગાર અત્ર નીકળી પડ્યો છે કે - 'નમઃ સમયસારાય' - નમસ્કાર હો સમયસારને ! આ સમયસારનો સારભૂત પરમ આત્મોપલબ્ધિનિધાન મહામંત્ર છે. ત્યારે કોઈ પૂછે કે અહો અમૃતચંદ્રજી ! જેના અનુપમ સ્વરૂપ પર આપ આટલા બધા મુગ્ધ થઈ ગયાં છો ને તેથી કરીને હૃદયમાં ન માતા પરમ ભાવોલ્લાસથી 'સમયસારને નમસ્કાર હો !' - 'નમઃ સમયસારાય' એવો આ સ્વયંભૂ પરમ ઉપલબ્ધિ નિધાન મંત્ર તમારા દિવ્ય આત્મામાંથી નીકળી પડ્યો છે, તે સમયસારનું સ્વરૂપ કેવુંક છે તે તો કહો ? તેનો જાણે જવાબ આપતાં આચાર્યજી વદે છે - 'સ્વાનુભૂત્યા चકાસતે' - તે સ્વાનુભૂતિથી - આત્માનુભૂતિથી પ્રકાશતો એવો છે. ગૂંગાએ ગોળ ખાધો હોય તે તેનું વર્ણન કેમ કરી શકે ? સાકરનો સ્વાદ વાચાલ પણ કેમ વર્ણવી શકે ? તેમ આ અનુભવ અમૃત આ 'અમૃત' કેમ વર્ણવી શકે ? તે તો સ્વાનુભૂતિથી જ સદા ઝગઝગાયમાન જ્યોતિ રૂપે પ્રકાશે છે, એટલે આત્માનુભૂતિથી જ તેનો અનુભવ થઈ શકે. માટે તમે પણ અંતરમુખ અવલોકન કરી અંતરમાં અવલોકશો તો નિજ અનુભવ પ્રકાશથી ઝળહળતો તે ચિદાનંદ ભગવાન તમે અવલોકશો.

આ કળશ કાવ્યની પરમ અદ્‌ભુત તત્ત્વ સંકલના

ત્યારે વળી જિજ્ઞાસુ પૂછે - અહો ! અનુભવામૃત સ્વયંભૂરમણ સમુદ્રમાં રમણ કરનારા આચાર્યદેવ ! તમે તમારી અનુભવ પ્રસાદીરૂપ કંઈક ચોક્કસ નિશ્ચય રૂપ એંધાણ-નિશાની તો બતાવો કે જેથી અમે તે સમયસારને ઓળખવા-અનુભવવા સમર્થ થઈએ. એટલે આચાર્યજી વદે છે - 'ચિત્સ્વભાવાય' - ચિત્

સ્વભાવ છે જેનો એવો આ સમયસાર છે. ચિત્ સ્વભાવ એ જ ત્રણે કાળમાં ન ચળે એવો પરમ નિશ્ચય રૂપ તેનો **'સ્વભાવ'** છે - તેનો પોતાનો ભાવ છે અને આ ચિત્ સ્વભાવ એ જ એને ઓળખવાની અચૂક નિશ્ચય રૂપ એંધાણ-નિશાની છે. જો આમ એનો સ્વભાવ છે તો તે ભાવ વિના-અસ્તિત્વરૂપ વસ્તુ વિના કેમ હોઈ શકે ? હા, બરાબર છે, ન જ હોઈ શકે, એટલા માટે જ અમે કહીએ છીએ કે તે **'ભાવ'** છે, સ્વતંત્ર અસ્તિત્વ રૂપ વસ્તુ છે - પદાર્થ છે, 'भावाय' અને જો તે અસ્તિત્વ રૂપ વસ્તુ-ભાવ છે, તો તે ભાવ કેવો છે ? આ વિશ્વમાં તો એવા અનંત ભાવ છે, તેમાંથી આ ભાવને અમે કેવી રીતે જાણી શકીએ ? અને કેવી રીતે જૂદો પાડી શકીએ ? એનો ઉત્તર આપતાં આચાર્યજી વદે છે - 'सर्वभवांतरच्छिदे' - સર્વ ભાવાંતરને છેદનારો એવો છે તે પરથી. 'ભાવાંતરને' - સ્વાનુભૂતિથી પ્રકાશતા ચિત્ સ્વભાવથી અન્ય એવા ચિત્-અચિત્ સર્વભાવને 'છેદનારો' - પરિચ્છેદનારો, પરિજ્ઞાન કરનારો-સર્વથા જાણનારો, અત એવ ચિત્ સ્વભાવથી અન્ય ચિત્-અચિત્ સ્વભાવી એવાં સર્વભાવને છેદનારો-ભેદનારો-આત્માથી પૃથક્ કરનારો એવો એ સર્વજ્ઞ-સર્વવેદી-સર્વભેદી ભાવ છે. આમ આ શ્લોકની અદ્‌ભુત તાત્ત્વિક સંકલના વિચારી, તેના પદે પદનો સ્પષ્ટ વિશેષ વિચાર કરીએ.

અહીં 'नमः' - નમસ્કાર હો એમ કહેતાંની સાથે જ સર્વ આત્મપ્રદેશનું તથારૂપ પરિનમન-પરિણમન થાય, સર્વ આત્માનો ઉપયોગ તથારૂપ ભક્તિભાવે પરિણમે — આત્મપ્રદેશ ભક્તિભાવે પરિણમે-સર્વથા નમી પડે એ સાચું ભાવ નમન છે, અને મન-વચન-કાયાના યોગ તદ્રૂપ બને તે દ્રવ્ય નમન છે.

પદચ્છેદ વ્યાખ્યાન

શુદ્ધ આત્મભાવ પરિણામની અનુભૂતિ રૂપ શુદ્ધ આત્માનુભવ દશાની અતિ અતિ ઉચ્ચ ભૂમિકાને પ્રાપ્ત થયેલા પરમર્ષિ **કુંદકુંદાચાર્યજીની** આત્મદશાની સ્મૃતિ કરાવે એવા પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજીએ** પણ અત્રે તેવાજ પરમ આત્મભાવોલ્લાસથી **સમયસારને** આ ભાવ-દ્રવ્ય નમસ્કાર કર્યો છે.

સમયસાર એટલે શું ?

સમયસાર એટલે શું ? **સમયસાર** એટલે ઉપરમાં કહ્યું તેમ શુદ્ધ આત્મા, દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત શુદ્ધ આત્માની શુદ્ધ તત્ત્વ અવસ્થા, સહજ શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત એવા પરમાત્મા, સર્વ કર્મ કલંકથી રહિત એવા શુદ્ધ નિરંજન પ્રગટ પરમાત્મ પ્રકાશ, કેવલ આત્મા જ. તે આ પ્રકારે : (૧) સમય એટલે આત્મા, તેનો સાર-શુદ્ધ તત્ત્વ અવસ્થા તે સમયસાર. (૨) સમય એટલે આત્મા, તેમાં જે સાર-ઉત્તમ-શ્રેષ્ઠ-પ્રધાન-પરમ છે એવા પરમાત્મા તે જ સમયસાર. (૩) અથવા સમય-આત્મા એ જ જેનો સાર છે, તત્ત્વ છે, નિજ સ્વરૂપ છે, અર્થાત્ સકલ કર્મમલના વિયોજનથી જે કેવલ નિર્મલ સારભૂત-તત્ત્વભૂત આત્મા જ સુસ્થિત છે, તે સમયસાર. (૪) અથવા સમય એટલે શાસ્ત્ર આગમ, તેનો સાર-તત્ત્વ-પરમાર્થ જે છે તે સમયસાર છે, અને સર્વ શાસ્ત્ર-આગમનો સાર આત્માની પ્રાપ્તિ એ જ છે, એટલે સમયના સારરૂપ-પરમાર્થરૂપ જે શુદ્ધ આત્મતત્ત્વ-**સહજાત્મ સ્વરૂપ** તે સમયસાર. (૫) અથવા સમય એટલે સામાન્યથી સર્વે દ્રવ્ય-પદાર્થ, તેમાં સાર-ઉત્તમ-પરમ પદાર્થ આત્મા છે, તે સમયસાર. (૬) અથવા સમય એટલે મર્યાદા-સીમા, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી જે સ્વસ્વરૂપની મર્યાદામાં જ વર્ત્તે છે, જે 'સીમંધર' સ્વ સ્વરૂપની સીમાને જ ધરે છે, તે સમય છે, એવા સ્વરૂપસ્થિત સમયોમાં 'આત્મા' નામનો સમય સાર છે, શ્રેષ્ઠ છે, ઉત્તમ છે, પરમ છે, પ્રધાન છે. માટે સહજાત્મસ્વરૂપ આત્મા એ જ સમયસાર.*

આ ભગવાન્ સમયસાર કેવા છે ? તો કે - 'स्वानुभूत्या चकासते' - સ્વાનુભૂતિથી પ્રકાશતા એવા છે, પોતાના આત્માનુભવથી જ પ્રકાશી રહેલા - સ્વ સંવેદનગમ્ય એવા છે. અંતરમાં પ્રગટ ઝળહળતી આ સમયસાર જ્યોતિ, જ્યાં સ્વાનુભાવ પ્રકાશથી ઝગઝગે છે-ચકચકે છે-ઝળહળ જ્યોતિ સ્વરૂપે

* **"यदव्यक्तमबोधानां व्यक्तं सद्बोधचक्षूषाम् ।**
सारं यत्सर्ववस्तूनां तस्मै विदात्मने नमः ॥" - **શ્રી પદ્મનંદિ પંચવિંશતિકા, ૪-૩**
અર્થાત્- જે અબોધોને અવ્યક્ત છે અને સદ્‌બોધ ચક્ષુવંતોને વ્યક્ત પ્રગટ છે, જે સર્વ વસ્તુઓમાં સાર છે, તે ચિદાત્માને નમસ્કાર હો !

'ચકાસે' છે, આત્માનુભવ પ્રમાણથી પ્રત્યક્ષ જ્વલંતપણે અનુભવાય છે, ત્યાં પછી બીજા પ્રમાણને ગોતવા જવાની જરૂર નથી.*

સ્વાનુભવથી તે કેવા પ્રકાશે છે ? તો કે - 'चित्स्वभावाय' - ચિત્ સ્વભાવી, ચિત્-ચૈતન્ય એ જ જેનો સ્વભાવ છે - સ્વરૂપમાં ધારી રાખનારો ધર્મ છે એવા ચૈતન્ય એ જ આત્માનો પ્રગટ સ્વલક્ષણ રૂપ વિશિષ્ટ સ્વભાવ-ધર્મ છે, **સ્વ ભાવ** પોતાનો (One's own) ભાવ છે અને સ્વભાવ-સ્વધર્મ હોવાથી આ ચૈતન્ય કદી પણ આત્માનો ત્યાગ કરતું નથી, આત્મા સદા ચૈતન્ય લક્ષણસંપન્ન સાક્ષાત્ દેખાય છે, પ્રગટ અનુભવાય છે. ચૈતન્ય એટલે જે ચેતે છે, દેખે છે-જાણે છે, અનુભવે છે - સંવેદે છે તે, એટલે દેખવા-જાણવા રૂપ, અનુભવવા-સંવેદવા રૂપ ચૈતન્ય સ્વભાવ છે, જેનો એવો આ ચિત્ સ્વભાવી ચૈતન્યમય આત્મા સાક્ષાત્ અનુભવસ્વરૂપ છે. આ અનુભવની પ્રસ્તુતિ કરતાં **શ્રી બનારસીદાસજીએ** કહ્યું છે તેમ - વસ્તુ વિચારતાં ધ્યાવતાં જ્યાં મન વિશ્રામ પામે છે અને રસ સ્વાદતાં સુખ ઉપજે છે, તેનું નામ અનુભવ છે.

''સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટ રૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય.''

- પરમ આત્મદેષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૫૪

'વસ્તુ વિચારત ધ્યાવતૈ, મન પાવૈ વિશ્રામ,
રસ સ્વાદત સુખ ઉપજૈ, અનુભૌ યાકૌ નામ.''

- શ્રી બનારસીદાસજી કૃત સમયસાર, ઉપોદ્ઘાત-૧૭

''ચિદાનંદ ચેતનમય મૂરત, દેખ હૃદયદ્રગ્ જોરી.'' **- શ્રીચિદાનંદજી,** પદ-૭૨

અને જેને આવો અનુભવ સ્વરૂપ પોતાનો વિશિષ્ટ ચિત્ સ્વભાવ છે, તે પોતાના ભાવ-હોવાપણા વિના કેમ હોઈ શકે ? અર્થાત્ જે આ ચિત્ સ્વભાવી છે તે ભાવ છે - 'भावाय', સત્ છે, વિદ્યમાન છતી પ્રગટ અસ્તિત્વસંપન્ન - અસ્તિત્વ રૂપ સ્વતંત્ર વસ્તુ છે. જેમ ઘટપટાદિ ભાવ-પદાર્થ છે, તેમ આત્મા પણ એક સ્વતંત્ર સ્વરૂપ અસ્તિત્વ ધરાવતો ભાવ-પદાર્થ છે, 'भवतीति भावः' - ત્રણે કાળમાં હોવાપણા રૂપ - અસ્તિરૂપ સત્ વસ્તુ છે, જે સત્ ચિત્ આનંદસ્વરૂપ (सच्चिदानंद) વસ્તુ આત્માનુભૂતિમય ચૈતન્ય સ્વભાવથી સદા પ્રકાશમાન ઝળહળ જ્યોતિ સ્વરૂપ છે.

અને આવો આ ચૈતન્ય સ્વભાવથી સદા પ્રકાશમાન ચિત્ સ્વભાવી ભાવ સર્વ ભાવાન્તરનો પણ પરિચ્છેદ - પરિજ્ઞાન કરનાર, જાણનાર સર્વવેદી જ્ઞાયક ભાવ છે, અથવા પરિચ્છેદ એટલે સર્વથા જૂદું-પૃથક્ ભિન્ન કરનાર સર્વભેદી ભેદક ભાવ છે, 'सर्वभावान्तरच्छिदे' અર્થાત્ તે આત્માનુભૂતિથી સ્વયં આત્માને પ્રકાશે છે, એટલું જ નહિ, પણ વિશ્વના સર્વ અન્ય ભાવોને પણ આત્માના દિવ્ય ચૈતન્ય પ્રકાશથી પ્રકાશે છે અને જુદા પાડે છે. એટલે દીપક જેમ સ્વપર પ્રકાશક છે, સૂર્ય-ચંદ્ર જેમ સ્વપર પ્રકાશક છે, તેમ આ દિવ્ય **આત્મજ્યોતિ - સમયસાર** સ્વપર પ્રકાશક છે, એટલું જ નહિ પણ સ્વપર ભેદક પણ છે. આમ સ્વાનુભવથી પ્રકાશમાન અને સર્વ અન્ય ભાવોનો પરિચ્છેદક - પરિજ્ઞાયક - પરિભેદક એવો ચિત્ સ્વભાવી ભાવ તે શુદ્ધ આત્મા **સમયસાર** છે, તેને નમસ્કાર હો.**

---

* ''स्वानुभूत्यैव यद् गम्यं रम्यं यच्चात्मवेदिनाम् ।
जल्पे तत्परमज्योतिरवाक्मानसगोचरम् ॥'' **- શ્રી પદ્મનંદિ પંચવિંશતિકા,** એકત્વ સપ્તતિ
અર્થાત્ - સ્વાનુભૂતિથી જ જે ગમ્ય છે અને જે આત્મવેદીઓને રમ્ય છે, તે વાણી-મનને અગોચર એવી પરમ જ્યોતિ હું કહું છું.

** ''अधिगत्याखिलं शब्दब्रह्म शास्त्रदृशा मुनिः ।
स्वसंवेद्यं परंब्रह्मानुभवैरधिगच्छति ॥'' **- યશોવિજયજી કૃત અધ્યાત્મોપનિષદ્,** ૨-૨૫
અર્થાત્ - શાસ્ત્ર દૃષ્ટિથી અખિલ શબ્દ બ્રહ્મ જાણીને મુનિ અનુભવો વડે કરીને સ્વસંવેદ્ય એવું પરંબ્રહ્મ પામે છે.

એવા ભાવના આ શ્લોકના આ બધા યથોક્ત પરમ અર્થ ગંભીર સૂચક વિશેષણો પ્રયોજીને પરમ તત્ત્વદૃષ્ટા 'આત્મખ્યાતિ' સ્રષ્ટા પરમર્ષિએ આત્મા સંબંધી જે અન્યાન્ય એકાંતિક મિથ્યા-ભ્રાંત કલ્પનાઓ જગતમાં પ્રવર્તે છે, તેનું ગર્ભિતપણે સુયુક્તિથી નિરાકરણ કરી, પરમાર્થ સત્ સત્યં આત્મતત્ત્વનું અત્રે અજબ કુશળતાથી સુસંપ્રતિષ્ઠાપન કર્યું છે. તે આ પ્રકારે- આત્મા જેવી કોઈ વસ્તુ જ છે નહિં, એનો અભાવ જ છે એમ કહે છે, તેનું નિરાકરણ 'ભાવ' વિશેષણથી કર્યું છે. કોઈ ગુણ-ગુણીનો સર્વથા ભેદ માને છે, તેનું 'ચિત્ સ્વભાવી' વિશેષણથી નિરસન કર્યું છે. કોઈ આત્માને તથા જ્ઞાનને સર્વથા પરોક્ષ માને છે અથવા જ્ઞાન જ્ઞાનાંતરથી જણાય છે, એમ માને છે તેનું 'સ્વાનુભૂતિથી પ્રકાશતા' એ વિશેષણથી વ્યપોહન કર્યું છે. કોઈ આત્માને ક્ષણિક માને છે, તેનું ત્રિકાળવર્તિ 'સર્વ ભાવાન્તરના પરિચ્છેદક' એ વિશેષણથી નિરાકરણ કર્યું છે, એટલું જ નહિ પણ આત્મા સિવાય અન્ય ભાવ-ભાવાંતર દ્વૈત નહિ માનનારાનું પણ ઉત્થાપન કર્યું છે અને આત્માને કર્મ સાથે એકાંતે એકીભૂત માની એકાંતે અશુદ્ધ જ માનનારા વ્યવહારાભાસીઓનું નિરાકરણ સમયસાર-શુદ્ધ આત્મા એ પદથી આત્માનું દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત અસંગ મૂળ સહજ સ્વભાવભૂત અંતર્ગત શુદ્ધ સ્વરૂપ પ્રકાશતી નિશ્ચય તત્ત્વદૃષ્ટિથી - શુદ્ધ દ્રવ્યાર્થદૃષ્ટિથી કર્યું છે. આમ એક જ શ્લોકમાં આત્મતત્ત્વ સંબંધી ઈતર સર્વ દર્શનોની સમસ્ત એકાંતરૂપ ભ્રાંત માન્યતાઓનું નિરસન કરવા સાથે શુદ્ધ આત્મતત્ત્વનું સાંગોપાંગ સંપૂર્ણ સકલ અવિકલ સંસ્થાપન કરી પરમ **પ્રજ્ઞાશ્રમણ અમૃતચંદ્રજીએ** પોતાના અદ્‌ભુત પ્રજ્ઞાતિશયનો ચમત્કાર દાખવ્યો છે.

આત્મા સંબંધી ઈતર માન્યતાઓનું અજબ કુશળતાથી નિરસન

આવી અપૂર્વ તત્ત્વચમત્કૃતિથી ભરેલા આ મંગલરૂપ પ્રથમ કળશ કાવ્યથી આ આત્મખ્યાતિ કર્તા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** આ **'આત્મખ્યાતિ'** ટીકાનું પરમ અદ્‌ભુત મંગલાચરણ કર્યું છે. **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીની** યુગપ્રવર્ત્તક (Epoch-making) કૃતિઓ પ્રત્યે પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજીનો** કેવો અનન્ય પરમાર્થ પ્રેમ છે, તે તો તે તે ગ્રંથોની તેમની યુગપ્રવર્ત્તક (Epoch-making) પરમ પ્રતિભાસંપન્ન અનુપમ અદ્વિતીય પરમ અમૃત ટીકાઓથી તેમણે જે મહાન **કુંદકુંદાચાર્યજીનું** અને તેમના મહાન ગ્રંથોનું અનંત ગુણવિશિષ્ટ ગૌરવ વધાર્યું છે - ગુણગૌરવ બહુમાન કર્યું છે, તે પરથી જગત્ વિશ્રુત છે, અને તેમાં પણ આ ગ્રંથરાજ પ્રત્યેનો એમનો પરમ પ્રેમસિંધુ એટલો બધો ઉલ્લાસમાન થઈને છલકાયો છે, કે તે આ પરમ આત્માનુભવી દિવ્ય દૃષ્ટા, મહાકવિ-બ્રહ્મા, પરં બ્રહ્મસ્વરૂપ પરમાર્થ મહાકવીશ્વરના હૃદય-હ્રદમાંથી અનુભવોદ્‌ગાર રૂપ સહજ સ્વયંભૂ સ્રોત રૂપે નીકળેલી અપૂર્વ કળશકાવ્યની શુદ્ધ આત્માનુભૂતિમય અમૃત સરિતા પરથી સહૃદય સંવેદક સંતજનોને તત્ક્ષણ સુપ્રતીત થાય છે. ગીર્વાણ વાઙ્મયમાં યુગપ્રવર્ત્તિની **'આત્મખ્યાતિ'**નો ગદ્યભાગ માત્ર રચીને એ આર્ષ દૃષ્ટા પરમર્ષિનો આત્મા સંતોષ ન પામતાં, એમણે હૃદયમાં ન માતા પરમ આત્મભાવના અમૃતાનુભવ ઉલ્લાસથી આ અનુપમ સુવર્ણમય **'કળશ'** કાવ્યોનું હૃદયંગમ સર્જન કર્યું છે, કે જે આ પરમ નિસ્પૃહ મહામુનિની કીર્તિના અનુપમ **'સુવર્ણ કળશ'** સમાન સદા ઝળહળી રહેલ છે ! અને જેનો દિવ્ય પ્રકાશ દેશકાળના, જાતિના બંધનથી અનવચ્છિન્નપણે દૂર દૂરથી આકર્ષીને સંતજનોને દિવ્ય અનુભવામૃત રસાસ્વાદમાં નિમજ્જન કરાવી રહેલ છે ! કોઈ મંદિર હોય તેની પૂર્ણાહુતિ થતાં શિખર પર કોઈ સુવર્ણ કળશ ચઢાવે, તેમ આ સમયસાર શાસ્ત્રરૂપ પરમ તત્ત્વજ્ઞાનનું મંદિર છે, તેની આ ભગવતી **'આત્મખ્યાતિ'** ટીકા તે પરમ તત્ત્વજ્ઞાનનું ઉંચામાં ઉંચુ શિખર છે - મેરુ શિખર છે અને તેના પર અનન્ય તત્ત્વમંથનના નવનીત રૂપ આત્માનુભૂતિમય પરમ અમૃતરસથી ભરેલા આ અમૃત સુવર્ણ કળશ કાવ્યો ચઢાવી **અમૃતચંદ્રજી** યથાર્થ નામા 'અમૃતચંદ્ર' થયા છે !

'સમયસાર' તત્ત્વમંદિર પર પરમામૃત સંભૃત 'સુવર્ણ' કળશ



હવે 'આત્મખ્યાતિ' કર્ત્તા (આચાર્યજી) સાક્ષાત્ સરસ્વતી મૂર્ત્તિ રૂપ અનેકાન્તમયી મૂર્ત્તિને મંગલ આશિષ્ અર્પતું બીજું મંગલ કલશકાવ્ય પ્રકાશે છે -

अनंतधर्मणस्तत्त्वं, पश्यंती प्रत्यगात्मनः ।
अनेकान्तमयी मूर्त्ति र्नित्यमेव प्रकाशताम् ॥२॥

(સમશ્લોકી)

અનંત ધર્મનું તત્ત્વ, પેખતી પ્રત્યગાત્મનું;
અનેકાન્તમયી મૂર્ત્તિ, નિત્યમેવ પ્રકાશજો ! ૨.

અમૃત પદ-૨

રત્નમાલા

નિત્ય પ્રકાશો ! નિત્ય પ્રકાશો ! મૂર્ત્તિ અનેકાન્તમયી પ્રકાશો !
પ્રત્યગ્ આત્માનું તત્ત્વ પ્રત્યગ્ આ, અંતઃ પેખતી નિત્ય પ્રકાશો ! - નિત્ય. ૧
પરની સાથે એક ન અંતો, એમ નિષેધે જેહ એકાંતો;
એક વસ્તુના અનેક અંતો, એમ પ્રરૂપે જે અનેકાંતો... નિત્ય પ્રકાશો ! ૨.
પરની સાથે એક ન એવું, અનંતધર્મી આતમ કેરું;
તત્ત્વ નિરાળું જેહ નિહાળે, સર્વથી જુદું સાવ અનેરું... નિત્ય પ્રકાશો ! ૩.
મૂર્ત્તિ અનેકાંતમયી તે પ્રકાશો ! સર્વ એકાંતનો કરતી પ્રણાશો;
ભગવાન અમૃત ચેતનમૂર્ત્તિ, મૂર્ત્તિ અનેકાંતમયી પ્રકાશો ! ...નિત્ય પ્રકાશો ! ૪.

અર્થ : અનંત ધર્મ જેમાં છે એવા પ્રત્યગાત્માનું (પ્રત્યગ્-અંતર્ આત્માનું તત્ત્વ (પૃથક્-ભિન્ન) પેખતી એવી અનેકાન્તમયી મૂર્ત્તિ નિત્યમેવ પ્રકાશો ! ૨.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''सरस्वती = જિન વાણીની ધારા'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

''અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી, અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે,
સકલ જગત હિતકારિણી હારિણી મોહ, તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે;
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ, આપવાથી નિજમતિ મપાઈ મેં માની છે,
અહો **રાજચંદ્ર** ! બાલ ખ્યાલ નથી પામતા એ, જિનેશ્વરતણી વાણી જાણી તેણે જાણી છે.''


- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી મોક્ષમાળા

''સર્વમયી સરવાંગી માને, ન્યારી સત્તા ભાવે;
આનંદઘન પ્રભુ વચન સુધારસ, પરમારથ સો પાવે.'' - **શ્રી આનંદઘનજી પદ-૫**

પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજી** એ અનેકાન્તમયી મૂર્ત્તિનું બીજું કળશકાવ્ય પરમ તત્ત્વભક્તિમય આત્મભાવોલ્લાસથી લલકાર્યું છે : 'अनेकान्तमयी मूर्तिः' - અનેકાંતથી જે નિર્માણ કરાયેલી-ઘડાયેલી છે, એવી અનેકાંતમયી મૂર્ત્તિ 'नित्यमेव प्रकाशताम्' - નિત્યમેવ પ્રકાશો ! નિત્યમેવ-સદાય સર્વકાળ વિશ્વમાં પ્રકાશો ! જગત્માં જ્ઞાન પ્રકાશ રેલાવતી સદાય જયવંત વર્તો ! કેવી છે આ અનેકાંતમયી મૂર્ત્તિ ? 'अनंत धर्मणस्तत्त्वं पश्यंती प्रत्यगात्मनः' - અનંત ધર્મ જેમાં રહ્યા છે એવા **'પ્રત્યગ્ આત્માનું'** અંતરૂગત આત્માનું

અનેકાન્તમયી મૂર્ત્તિ નિત્યમેવ પ્રકાશો !

તત્ત્વ દેખી રહી છે, સાક્ષાત્ કરી રહી છે એવી અને તે આત્માનું તત્ત્વ તે કેવું દેખી રહી છે ? બીજા બધા બહિર્ગત આત્મ-બાહ્યભાવોથી પદાર્થોથી જુદું જ તરી આવતું એવું 'પ્રત્યગ્' - અંતર્ગત-અંતરમાં રહેલું, અત એવ સર્વથી 'પૃથક્' - અલગ-ભિન્ન-સાવ અલાયદું દેખી રહી છે, પ્રત્યક્ષ અનુભવગોચર કરી રહી છે, આવી અનંતધર્મી આત્માના શુદ્ધ ચેતનરૂપ અંતસ્ તત્ત્વને પૃથક્-ભિન્ન દેખતી અનેકાન્તમયી મૂર્ત્તિ નિત્યમેવ પ્રકાશો !



અનેકાંતમયી મૂર્તિઃ જિનવાણી સરસ્વતી (જ્ઞાનમયી, વચનમયી)

અનેકાંત જિનવાણી એ જ વાસ્તવિક સરસ્વતી મૂર્ત્તિ

અનેકાંત સિદ્ધાંતના અનન્ય પરિજ્ઞાતા, અનન્ય પુરસ્કર્તા અને વ્યાખ્યાતા તરીકે વિશ્વવિશ્રુત **આચાર્યવર્ય અમૃતચંદ્રજી** વિશ્વ તત્ત્વ વ્યવસ્થાપક અનેકાંત તત્ત્વ પ્રત્યે એટલા બધા મુગ્ધ થઈ ગયા છે, કે તેઓએ તેમના **'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'** આદિ ઈતર ગ્રંથોની જેમ અત્રે પણ મંગલાચરણમાં જ તેની મુક્ત કંઠે સ્તુતિ કરી છે, આ અનેકાંત તત્ત્વને અને તેને પ્રકાશનારી અનેકાંત જિનવાણીને અત્રે મૂર્તિમાન્ મૂર્ત્તિ રૂપે કલ્પીને તેની પરમ ભાવોલ્લાસથી પ્રશંસા કરી છે. જેમાં અનેક અંત-ધર્મ છે, તે **અનેકાંત**, અથવા જેમાં અન્ એક+અંત છે, અન્ એક-(પરની સાથે) એક નહિ તે. એટલે કે (પર વસ્તુથી) ભિન્ન અંત-ધર્મ જેમાં છે તે **અનેકાંત** અને તન્મયી જે મૂર્તિ તે અનેકાંતમયી મૂર્તિ. આજ દિવ્ય એવી ભગવદ્ વાણી રૂપ સરસ્વતીનું વાગ્ દેવીનું વાસ્તવિક પારમાર્થિક સ્વરૂપ છે. અન્યથા પ્રકારે જે સરસ્વતીની મૂર્તિની કલ્પના કરવામાં આવે છે, તે કલ્પના જ છે, યથાર્થ નથી. સમ્યક્ વાણી, સત્ વાણી, જિનવાણી-પરમ શાંતરસ નિમગ્ન જિન વીતરાગની અમૃતસરની જેમ પરમ શાંત અમૃતરસધારા પ્રવહતી અમૃત વાણી એ જ સરસ્વતી છે, અર્થાત્ સમ્યગ્ જ્ઞાન સંપન્ન આપ્તવાણી એ જ સરસ્વતીની મૂર્તિ છે, મૂર્તિમાન્ સાક્ષાત્ સરસ્વતી છે.

કેવલ જ્ઞાનમય અનેકાંત મૂર્તિ : દ્રવ્યશ્રુત-ભાવશ્રુતમય અનેકાંત મૂર્તિ

અને અનેકાંત વાણી એ જ સમ્યગ્ જ્ઞાન સંપન્ન સત્ વાણી, આપ્ત-પ્રમાણ વાણી છે, માટે અનેકાંત પ્રકાશક સમ્યગ્ જ્ઞાન એ પણ સાક્ષાત્ સરસ્વતીની ભાવમૂર્ત્તિ છે, કારણકે સમ્યગ્ જ્ઞાન જ વસ્તુના અનંત ધર્મને-વસ્તુ સ્વભાવને યથાર્થપણે - સમ્યક્પણે જાણતું હોઈ અનેકાંત સ્વરૂપ છે, તેમાં પણ કેવલજ્ઞાન તો સમસ્ત વસ્તુના અનંત ધર્મને સાક્ષાત્પણે જાણતું હોઈ ઉત્તમ અનેકાંત મૂર્તિ હોઈ ભાવથી ઉત્કૃષ્ટ સરસ્વતી મૂર્તિ છે. કેવલી ભગવાનના શ્રીમુખે નીકળેલ વચનરૂપ શ્રુતજ્ઞાન પરોક્ષપણે વસ્તુના અનંત ધર્મનું પ્રકાશક છે, એટલે તે કેવલી પ્રણીત દ્રવ્યશ્રુત પણ અનેકાન્ત સ્વરૂપનું પ્રરૂપક હોઈ જિનવાણીના પ્રતિબિંબ રૂપ અનેકાન્તમયી દ્રવ્ય સરસ્વતી* મૂર્તિ છે અને એટલે જ, **શ્રી બનારસીદાસજીએ** કહ્યું છે તેમ - 'જોગ ધરૈ રહે જોગસોં

---

* **"जिनेश्वरस्वच्छसरःसरोजिनी त्वमंगपूर्वादिसरोजराजिता ।**
गणेशहंसव्रजसेविता सदा, करोषि केषां न मुदं परामिह ॥" - **श्री पद्मनंदि पंचविंशतिका, सरस्वती स्तोत्र**
અર્થાત્ - જિનેશ્વરરૂપ સ્વચ્છ સરની સરોજિની એવી અંગ-પૂર્વાદિ સરોજથી - કમળથી વિરાજતી હે સરસ્વતી ! ગણેશ-ગણધર રૂપ હંસથી સદા સેવાયેલી તું આ લોકને વિષે કોને પરમ મોદ-આનંદ કરતી નથી ?

ભિન્ન' - જોગ ધરે છે, છતાં જે જોગથી ભિન્ન છે એવા અનંતગુણાત્મા કેવલજ્ઞાની છે, તેના હૃદય-હ્રદ માંથી નીકળેલી સરિતા સમી જે શ્રુતસિંધુ સમાન વહે છે, જેથી કરીને અનંત નયાત્મક લક્ષણવાણી જે સત્યસ્વરૂપ સિદ્ધાંત વખાણી છે, જેને બુદ્ધ લખે (લક્ષમાં લે) છે, દુર્બુદ્ધિ લખતા નથી, એવી જિનવાણી જગત્ માં સદા જગો !

'સદા જગૈ જગમેં જિનબાની',
''જોગ ધરૈ રહૈ જોગસૌં ભિન્ન, અનંત ગુનાતમ કેવલજ્ઞાની,
તાસુ હૃદૈ-દ્રહસૌં નિકસી, સરિતા સમ વ્હૈ શ્રુત-સિન્ધુ સમાની;
યાતે અનંત નયાતમ લચ્છન, સત્ય સ્વરૂપ સિધંત બખાની,
બુદ્ધ લખૈ ન લખૈ દુરબુદ્ધ, સદા જગમાંહિ જગૈ જિનવાની.''

- કવિવર બનારસીદાસજી કૃત સમયસાર નાટક, જીવદ્વાર

આત્મા અનેકાંત મૂર્તિ
શબ્દ સમય, અર્થ સમય
જ્ઞાન સમય

અથવા સ્વપર પ્રકાશક આ સ્વાનુભૂતિથી પ્રકાશતો અમારો આત્મા એ જ અનંતધર્મી આત્માના તત્ત્વને અનુભવ નેત્રથી પ્રત્યક્ષ પૃથક્ દેખતી અનેકાંતમયી મૂર્ત્તિ છે. સ્વ-પર દ્રવ્યનો એક અંત-ધર્મ જ્યાં નથી એવી અનેકાંતમયી (અન્+એક+અંત) મૂર્ત્તિ છે, અથવા (અનેક+અંત) અનેક અંત-ધર્મ જ્યાં છે, એવી અનેકાંતમયી મૂર્તિ છે, કારણકે વસ્તુ માત્ર અનંત અંતથી - ધર્મથી વસ્તુભાવથી યુક્ત છે, તેમ આ આત્મવસ્તુ પણ અનંત અંતથી-ધર્મથી યુક્ત છે, એટલે તે પણ અનેકાંતમયી મૂર્ત્તિ છે અર્થાત્ 'મૂર્તિ' એટલે મૂર્તિમાન્-મૂર્ત્ત-સાક્ષાત્ પ્રગટ વસ્તુ છે. શ્રીમદ્ અર્હત્ ભગવત્ની સત્વાણી - જિનવાણી-સરસ્વતી એ જેમ પ્રગટ સાક્ષાત્ અનેકાંતસ્વરૂપ મૂર્તિ છે, તેમ આત્મા પણ પ્રગટ સાક્ષાત્ અનેકાંતસ્વરૂપ મૂર્તિ છે, અને આમ શબ્દ બ્રહ્મમય **શબ્દસમય**, તે દ્વારા પ્રકાશિત થતો આત્મબ્રહ્મમય **અર્થસમય** અને તે દ્વારા જાણવામાં આવતો તત્ સ્વરૂપમય જ્ઞાન બ્રહ્મમય **જ્ઞાનસમય*** એ ત્રણે પ્રકારનું અનેકાંત મૂર્તિપણું સુઘટિતપણે ઘટે છે.

પંચ અર્થમાં
અનેકાંતસ્વરૂપ મૂર્તિ

અત્રે (૧) અનેકાંત તત્ત્વને પ્રકાશતી વચનોચ્ચાર રૂપ અથવા દ્રવ્યશ્રુત રૂપ જે ભગવદ્ વાણી છે, તે મૂર્ત પુદ્ગલમયી હોવાથી 'મૂર્તિ'ના વાચ્યાર્થ પ્રમાણે ખરેખર ! અનેકાન્તમયી મૂર્તિ છે. (૨) આ દ્રવ્યશ્રુત રૂપ અનેકાન્તમયી મૂર્તિના અવલંબન નિમિત્તે જે અનેકાંત તત્ત્વને સાક્ષાત્ કરતું ભાવશ્રુત જ્ઞાન-આત્મજ્ઞાન ઉત્પન્ન થાય, તે પણ કાર્યમાં કારણમાં ઉપચારથી અથવા તો લક્ષ્યાર્થથી 'મૂર્ત' એટલે મૂર્તિમાન્-પ્રગટ-સાક્ષાત્-આત્મપ્રત્યક્ષ હોવાથી અનેકાન્તમયી મૂર્તિ છે. (૩) દ્રવ્યશ્રુત-ભાવશ્રુત જ્ઞાન થકી જણાતો-અનુભવાતો જે અનેકાંત સ્વરૂપ આત્મા તે પણ લક્ષ્યાર્થથી વ્યંગ્યાર્થથી - મૂર્ત - મૂર્તિમાન્ - સાક્ષાત્ - આત્મપ્રત્યક્ષ હોવાથી અનેકાન્તમયી મૂર્તિ છે. (૪) ભાવશ્રુત જ્ઞાન - આત્મજ્ઞાન જેને પ્રગટ્યું છે અને સર્વ દ્રવ્ય શ્રુતજ્ઞાન જે જાણે છે, એવા ભગવાન્ શ્રુતકેવલી આત્મા તે પણ અનેક અંત-ધર્મ જ્યાં છે એવા-સ્વ-પર વસ્તુનો એક અંત-ધર્મ જ્યાં નથી એવા અનેકાંત સ્વરૂપ આત્માને સાક્ષાત્ અનુભવતા હોવાથી અનેકાન્તમયી મૂર્તિ છે. (૫) કેવલજ્ઞાન જેને પ્રગટ્યું છે અને અનેકાંતમય સર્વ દ્રવ્યશ્રુત જ્ઞાન જેના થકી પ્રભવ પામ્યું છે, એવા ભગવાન્ કેવલી આત્મા તે પણ સ્વ-પર વસ્તુનો એક અંત-ધર્મ જ્યાં નથી અને અનેક ધર્મ જેમાં છે એવા પૃથક્ તત્ત્વરૂપ અનેકાંત આત્માને અને અનેકાંત સમસ્ત વિશ્વને સાક્ષાત્ જાણતા હોવાથી અનેકાન્તમયી

* ''तदत्र ज्ञानसमयप्रसिद्धयर्थं शब्दसमयसंबन्धेनार्थसमयोऽभिधातुमभिप्रेतः ।''
- શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પંચાસ્તિકાય' ટીકા ગા. ૩

મૂર્તિ છે. આમ કેવલી કે શ્રુતકેવલી, કેવલ જ્ઞાન કે ભાવશ્રુતજ્ઞાન-આત્મજ્ઞાન, દ્રવ્યશ્રુતજ્ઞાન કે જિનવાણી, કે આત્મા એ ગમે તે કોઈ અર્થમાં જે આ અનેકાંતમયી મૂર્તિ છે, તે અનંત ધર્મ જેમાં વર્તે છે એવા **'પ્રત્યગાત્માના'* - પ્રત્યગ્-અંતરૂગત આત્માના તત્ત્વને દેખી રહી છે. અત્રે આચાર્યવર્ય અમૃતચંદ્રજીએ** 'પ્રત્યગાત્માના' એમ સૂચક વિશિષ્ટ પ્રયોગ કર્યો છે, તેનો ખાસ પરમાર્થ સમજવા યોગ્ય છે. બાહ્ય ચર્મચક્ષુ તો ચર્મચક્ષુગોચર 'પરાગ્' - બહિર્ગત બાહ્ય પદાર્થો દેખે છે, પણ આ અનેકાન્તમયી મૂર્તિની દિવ્ય ચક્ષુ તો **'પ્રત્યગ્'** - અંતર્ગત - અંતરૂમાં રહેલ આત્માનું **પ્રત્યગ્ આત્માનું તત્ત્વ** -અંતસ્તત્વ દેખે છે. 'પ્રત્યગ્' - અંતર્ગત એ 'પરાગ્' - બહિર્ગત બાહ્યનો પ્રતિપક્ષ હોઈ, આત્મબાહ્ય એવી 'પરાગ્' વસ્તુઓથી 'પ્રત્યગ્' આત્મા-અંતરૂ આત્મા પ્રત્યક્ષ પ્રગટ અત્યંત પૃથક્-ભિન્ન છે, એટલે 'પરાગ્' - બહિરૂગત સમસ્ત વસ્તુથી ભિન્ન-પૃથક્ એવા 'પ્રત્યક્ પણે' - અંતરૂગત પણે અત એવ અત્યંત પૃથક્ પણે- ભિન્નપણે-વિવિક્ત પણે-અલગ પણે પ્રત્યગ્ આત્માનું તત્ત્વ આ અનેકાંતમયી મૂર્તિ પ્રત્યક્ષ-સાક્ષાત્ અનુભવનેત્રથી નિહાળે છે, જે જેમ છે તેનું તત્પણું તેનું નામ 'તત્ત્વ' આ અનેકાંતમયી મૂર્તિ પ્રત્યક્ષ-સાક્ષાત્ અનુભવ નેત્રથી નિહાળે છે, જે જેમ છે તેનું તત્પણું તેનું નામ 'તત્ત્વ' સમગ્ર સંપૂર્ણ વસ્તુ સ્વરૂપ છે, એટલે બીજા બધાયથી જુદા તરી આવતા - 'પ્રત્યગ્' આત્માનું જે 'તત્ત્વ' - આત્મત્વ આત્માપણું છે, સ્વભાવ રૂપ ચિત્ તત્ત્વ નિજસ્વરૂપ છે, તેને તે દેખે છે - સાક્ષાત્ કરે છે.

અને આમ આ આત્મતત્ત્વ તે કેવું દેખે છે ? તે પણ આ 'પ્રત્યક્' - પ્રત્યક્ શબ્દના આવા અપૂર્વ વિશિષ્ટ પરમાર્થ - પ્રયોગથી સાવ સ્પષ્ટ થઈ જાય છે કે - 'પ્રત્યક્' - અંતરૂગત એટલા માટે જ અત્યંત પૃથક્-ભિન્ન-અલગ-જુદું - નિરાળું - સાવ અલાયદું એવું, દ્રવ્યથી - ક્ષેત્રથી - કાળથી ને ભાવથી જેનો અંત નાશ (છેડો) નથી એવો અનંત-શાશ્વત ધર્મ (સનાતન) વસ્તુ સ્વભાવ છે જેનો એવું.

પરદ્રવ્યથી પૃથક્ આત્મતત્ત્વ દર્શન

અર્થાત્ આત્મા સ્વરૂપથી તત્ છે, પરરૂપથી અતત્ છે, આત્મા સ્વરૂપથી સત્ છે, પરરૂપથી અસત્ છે, આત્મા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી હોવા રૂપ-અસ્તિરૂપ છે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ ભાવથી નહિ હોવા રૂપ-નાસ્તિ રૂપ છે, – એમ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી આત્મા ભિન્ન છે-પૃથક્ છે એવું વિવિક્ત તત્ત્વ નિશ્ચયરૂપ ભેદજ્ઞાન અનેકાંત સિદ્ધાંતથી વજ્રલેપ દૃઢ પ્રકાશે છે.

એટલે કે આ અનેકાંતમયી મૂર્તિ સર્વ પરદ્રવ્યથી ભિન્ન, સર્વ પરદ્રવ્યના સર્વ ગુણ-પર્યાયથી ભિન્ન, સર્વ વિભાવિક આત્મ પરિણામથી ભિન્ન, સર્વ સજાતીય આત્મદ્રવ્યથી પણ ભિન્ન, સર્વથા જૂદું, પૃથક્ એવું તે આત્મતત્ત્વ - સહજાત્મસ્વરૂપ પ્રગટ દેખી રહી છે. અત્રે 'પશ્યંતી' - દેખી રહેલી એ શબ્દથી પ્રત્યક્ષપણાનો - સાક્ષાત્પણાનો - આત્માનુભવ પણાનો ભાવ સૂચવ્યો છે. અર્થાત્ આ અનેકાંતમયી મૂર્તિ અનંતધર્મી આત્માનું તત્ત્વ અન્ય સર્વ દ્રવ્યથી – દ્રવ્યાંતરથી ભિન્ન અને અન્ય સર્વ ભાવથી-ભાવાંતરથી ભિન્ન પ્રગટ પ્રત્યક્ષ સાક્ષાત્ દેખી રહી છે.

પંચ અર્થમાં અનેકાન્તમયી મૂર્તિ નિત્ય પ્રકાશો !

ઉક્ત પાંચે અર્થમાં આ અનેકાન્તમયી મૂર્તિ જ છે તે નિત્યમેવ પ્રકાશો ! (૧) **દ્રવ્યશ્રુત જ્ઞાન** જેના પરમ ઉપકારી અવલંબન નિમિત્તે અમને કેવલ શુદ્ધ આત્માના જ્ઞાનરૂપ ભાવશ્રુત જ્ઞાન-આત્મજ્ઞાન પ્રગટ્યું, તે પરમ ઉપકારી સાક્ષાત્ સરસ્વતી રૂપ-ભગવદ્ વાણી રૂપ અનેકાંતમયી મૂર્તિ નિત્યમેવ પ્રકાશો ! - જેના અવલંબન નિમિત્તે અનેકાનેક ભવ્ય આત્માઓ દિવ્ય આત્મજ્ઞાનનો પ્રકાશ

---

* કઠોપનિષદ્ આદિમાં તેમજ શંકરાચાર્યના ગ્રંથોમાં આ શબ્દ પ્રયોગ ઘણીવાર કરાયો છે. જેમકે -
"पराञ्चि खानि व्यतृणत्स्वयंभू-स्तस्मात् पराङ् पश्यति नान्तरात्मन् ।
कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षदावृत्तचक्षुरमृतत्वमिच्छन् ॥" કઠોપનિષદ્, દ્વિ.અ. વલ્લી-૧, ૧
"प्रत्यगात्मानं = स्वं स्वभावं" - શંકરાચાર્ય કૃત ટીકા (કઠોપનિષદ્)

પામે. (૨) **ભાવશ્રુત જ્ઞાન રૂપ** આત્મજ્ઞાન જે આત્મપ્રત્યક્ષપણે અનુભવાતું પ્રગટ મૂર્તિમાન્ છે તે અનેકાન્તમયી મૂર્તિ નિત્યમેવ પ્રકાશો ! - કે જેથી સર્વ દ્રવ્યશ્રુત જ્ઞાનનું એકમાત્ર પ્રયોજનભૂત ફલ જગત્માં સદોદિતપણે પ્રકાશે. (૩) આ ભાવશ્રુત જ્ઞાનગમ્ય જે **આત્મા** આત્માનુભવપ્રત્યક્ષ પણે પ્રગટ મૂર્તિમાન્ છે તે અનેકાન્તમયી મૂર્તિ નિત્યમેવ પ્રકાશો ! કે જેથી સર્વ આત્માર્થીઓનો આ પરમ આરાધ્ય આત્મદેવ સદા સ્વરૂપ તેજે ઝગઝગે. (૪) દ્રવ્યશ્રુત-ભાવશ્રુત જ્ઞાનસંપન્ન **શ્રુતકેવલી રૂપ સદ્‌ગુરુ ભગવંત** જેના પરમ અનુગ્રહ રૂપ **સદ્‌ગુરુ પ્રસાદથી** દ્રવ્યશ્રુત-ભાવશ્રુત જ્ઞાન પ્રાપ્ત થવાનું ઉત્તમ નિમિત્ત બન્યું, તે કેવલ શુદ્ધ આત્માનુભવપ્રત્યક્ષપણે પ્રગટ મૂર્તિમાન્ શ્રુતકેવલી આત્મા રૂપ અનેકાંતમયી મૂર્તિ નિત્યમેવ પ્રકાશો ! - કે જેના અનુગ્રહ પ્રસાદથી ભવ્યાત્માઓ સદાય દ્રવ્યશ્રુત-ભાવશ્રુતજ્ઞાન પ્રાપ્ત કરવાનું ઉત્તમ નિમિત્ત પામ્યા જ કરે. (૫) દ્રવ્યશ્રુતજ્ઞાન-ભાવશ્રુત જ્ઞાનનું જેની વાણી અનુપમ નિમિત્ત બની, ને જેનાથી આત્માનુભવગમ્ય આત્મા સાક્ષાત્ અનુભૂત થયો અને જેના થકી શુદ્ધ આત્મજ્ઞાની શ્રુતકેવલી ભગવાન્ પણ પ્રગટ્યા, તે સર્વનું મૂલ પ્રભવ સ્થાન ભગવાન કેવલજ્ઞાની આત્મારૂપ અનેકાન્તમયી મૂર્તિ નિત્યમેવ પ્રકાશો ! કે જેથી આ વિશ્વને વિષે સકલ કલ્યાણની પ્રાપ્તિનો પરમોત્તમ પરમાર્થરૂપ કલ્યાણમાર્ગ અખંડ અવિચ્છિન્ન પણે પ્રવહ્યા કરે ! આમ પાંચે અર્થમાં આ કેવલ જ્ઞાનમય - કેવલ જ્ઞાન-વાણીમય - સરસ્વતીમય અનેકાન્ત મૂર્તિ સદાય પ્રકાશમાન હો ! સદાય જયવંત વર્તો !

અનેકાંત સિદ્ધાંતના અંગરૂપ આ શાસ્ત્ર : નિશ્ચય વ્યવહારનું સાપેક્ષપણું

આમ અનેકાંત સિદ્ધાંત જેનો આત્મા છે એવી શબ્દબ્રહ્મમય જિનવાણી પણ **અનેકાંત મૂર્તિ** છે અને આ ગ્રંથ પણ અનેકાંત સિદ્ધાંતના અંગભૂત છે, એટલે આનું નિરૂપણ પણ અનેકાંતિક છે, એકાંતિક નથી, એ મુદ્દો સૂચિત થતો અત્રે પ્રારંભમાં જ સ્પષ્ટ સમજી લેવા યોગ્ય છે. આ ગ્રંથમાં જો કે શુદ્ધ નિશ્ચયનયના પ્રધાનપણાથી મુખ્યપણે નિરૂપણ છે, પણ તે બીજા નયોની અપેક્ષાઓને સાપેક્ષપણે છે. શુદ્ધ આત્મસ્વરૂપની શ્રેણીએ ચઢવા માટે વસ્તુના શુદ્ધ સ્વરૂપનું નિરૂપણ કરતો શુદ્ધનય જ - નિશ્ચયનય જ આત્માર્થી મુમુક્ષુને પરમ ઉપકારી છે, **'પ્રવચનસાર'** દ્વિ.શ્રુ.સ્કં. ૯૭ ગાથાની ટીકામાં આચાર્યવર્ય **અમૃતચંદ્રાચાર્યજીએ** કહ્યું છે તેમ શુદ્ધપણે સાધ્ય દ્રવ્યના શુદ્ધત્વ - દ્યોતકપણાને લીધે 'સાધકતમ' છે, 'साध्यस्य हि शुद्धत्वेन द्रव्यस्य शुद्धत्वद्योतकत्वान्निश्चयनय एव साधकतमः', એટલે તેના નિરૂપણની મુખ્યતાથી અત્ર સાપેક્ષ કથન છે, તે કાંઈ સાધ્ય નિશ્ચયના સત્ સાધનરૂપ સદ્‌વ્યવહારનો લોપ કરવા માટે નથી. કારણકે નિશ્ચય વ્યવહાર સાપેક્ષ હોય અને વ્યવહાર નિશ્ચય સાપેક્ષ હોય, એ જ સર્વ નય વિલસિતોના વિરોધનું મથન કરનારી જિનવાણીની અનેકાંત* શૈલી છે અને એ જ આ અનેકાંત મૂર્તિની ખાસ વિશિષ્ટ સ્તુતિ પરથી ફલિત થતા બોધનો ધ્વનિ છે, **આર્ષદ્રષ્ટા અમૃતચંદ્રજીનો** ગર્ભિત આશય છે, અર્થાત્ આત્માર્થી મુમુક્ષુએ શુદ્ધ નિશ્ચયને નિરંતર લક્ષમાં રાખી, તે શુદ્ધ નિશ્ચયની સાધનામાં પરમ ઉપકારી એવા સદ્‌દેવ-જિન સિદ્ધ ભગવાન્, સદ્‌ગુરુ-આત્મજ્ઞાની આત્મારામી વીતરાગ સત્પુરુષ અને સત્શાસ્ત્ર-આત્માદિ સત્તત્ત્વ નિરૂપક સત્આગમ એ આદિની ભક્તિ આદિ સર્વ સત્ વ્યવહાર સાધન પણ પરમ ભક્તિથી સેવવા યોગ્ય છે, એ તાત્પર્ય અત્ર સર્વત્ર સ્મરણમાં રાખવા યોગ્ય છે. આ અંગે **'આત્મસિદ્ધિ'** માં પરમ આપ્ત તત્ત્વ દૃષ્ટા સાક્ષાત્ આત્મસિદ્ધિ સંપન્ન **શ્રીમદ્ રાજચંદ્રજીનું** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે-

---

* "तेनानेकान्तसूत्रं यद्वद्वा सूत्रं नयात्मकम् ।
तदेव तापशुद्धं स्यान्न तु दुर्नयसंज्ञितम् ॥
यस्य सर्वत्र समता नयेषु तनयेष्विव ।
तस्यानेकान्तवादस्य क्व न्यूनाधिकशेमुषी ॥" - **श्री यशोविजयजी कृत अध्यात्मोपनिषद्-१-५७, ६१**
"इमां समक्षं प्रतिपक्षसाक्षिणामुदारघोषामुदघोषणां द्रुवे ।
न वीतरागात्परमस्ति दैवतं, न चाप्यनेकान्तमृते नयस्थितिः ॥"
- **'કલિકાલ સર્વજ્ઞ'** શ્રી હેમચંદ્રાચાર્યજી કૃત અન્ય યો.વ્ય.છે.

''નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નો' ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.'' - **શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૩૧**

જય અનેકાંત નીતિ : જય અનેકાંતમયી મૂર્તિ !

અત્રે **'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં** ભાખેલું મહર્ષિ **અમૃતચંદ્રાચાર્યજી**નું આ સુવર્ણ સૂત્ર સ્મૃતિમાં આવે છે - 'રવૈયાના* નેતરાને એક અંતથી (છેડેથી) ખેંચતી અને બીજે અંતથી (છેડેથી) ઢીલું છોડતી ગોવાળણ જેમ માખણ મેળવે છે, તેમ એક અંતથી (ધર્મથી) વસ્તુનું તત્ત્વ આકર્ષતી અને બીજેથી શિથિલ (ઢીલું, ગૌણ) કરતી એવી અનેકાન્ત નીતિ તત્ત્વ-નવનીત વલોવી જયવંત વર્તે છે.' આનો જાણે પ્રતિધ્વનિ કરતા હોય એમ આ જ પરમર્ષિ અત્રે પ્રકાશે છે - આવી આ અનેકાંતમયી મૂર્તિ નિત્યમેવ પ્રકાશ પામો ! વિશ્વમાં નિરંતર પોતાનો પ્રકાશ ફેલાવો ! અમૃત જ્ઞાનજ્યોતિથી જગતમાં સદા જયવંત વર્તો ! આ જ્ઞાન પ્રકાશમય આત્મા-અમૃતચંદ્રની ચેતન મૂર્તિનો દિવ્ય પ્રકાશ અજ્ઞાન અંધકારને દૂર કરી પૂર્ણ કળાએ ખીલી નીકળો ! એકાંતવાદ રૂપ મિથ્યાત્વ તિમિરને પ્રલય કરી આ અનેકાંતમૂર્તિ જિનચંદ્ર-વાણી જ્ઞાનચંદ્રિકાનો દિવ્ય પ્રકાશ રેલાવો ! એમ આશીર્વચનરૂપ અભિનંદનમય મંગલ વચન અત્ર અનેકાંત તત્ત્વરંગથી અસ્થિમજ્જા રંગાયેલા **અમૃતચંદ્રજી**એ સહજ અંતરોદ્‌ગાર રૂપે ઉચ્ચાર્યું છે.

---

* ''एकेनाकर्षंती श्लथयंती वस्तुतत्त्वमितरेण ।
अंतेन जयति जैनी नीतिर्मंथाननेत्रमिव गोपी ॥'' - **શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય.'**

હવે ત્રીજું મંગલ સમયસાર કળશ કાવ્ય પ્રકાશતાં પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજી** પરમાર્થ પ્રયોજન દર્શાવવા પૂર્વક આ **સમયસાર વ્યાખ્યાની** શુદ્ધ આત્માર્થ ઉદ્દેશે પરમાર્થ ગંભીર મહાપ્રતિજ્ઞા કરે છે -

માલિની -

परपरिणतिहेतो र्मोहनाम्नोऽनुभावा -
दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः ।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते -
र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः ॥३॥

પરપરિણતિ હેતુ મોહ કેરા પ્રભાવે, સતત મલિન થાતી રાગ-દ્વેષાદિ ભાવે;
મમ શુદ્ધ ચિન્મૂર્તિ શુદ્ધિ હોજો પરા જ ! અનુભૂતિથી સમૈ આ સાર વ્યાખ્યાથી આ જ. ૩

અમૃત પદ-૩

('અવધૂ વૈરાગ બેટા જાયા' - એ રાગ.)

મ્હારી હોજો પરમ વિશુદ્ધિ ! મ્હારી હોજો પરમ વિશુદ્ધિ !
સમયસાર વ્યાખ્યાએ મ્હારી, હોજો પરમ વિશુદ્ધિ ! મ્હારી. ૧
અભિધાન જે મોહ ધરાવે, પરપરિણતિ નિપજાવે;
રાગ આદિની તાસ પ્રભાવે, સતત મલિનતા આવે. મ્હારી. ૨
તો પણ હું તો શુદ્ધ ચેતના-મૂર્તિ શુદ્ધ સ્વભાવે;
સમયસાર કીર્તનથી ભગવાન, અમૃત અનુભવ પાવે. મ્હારી. ૩

અર્થ : પરપરિણતિ હેતુ મોહના અનુભાવથી (વિપાક રસથી) અવિરતપણે અનુભાવ્યની (અનુભવમાં આવવા યોગ્ય એવા રાગાદિની) વ્યાપ્તિથી જે કલુષિત - મલિન થયેલ છે, એવી હું શુદ્ધ ચિન્માત્રમૂર્તિની (અનુભૂતિની) સમયસાર વ્યાખ્યાથી જ અનુભૂતિ થકી પરમ વિશુદ્ધિ હોજો !

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''હું અસંગ શુદ્ધ ચેતન છું, વચનાતીત નિર્વિકલ્પ એકાંત શુદ્ધ અનુભવ સ્વરૂપ છું.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અંક-૬, હાથ નોંધ ૨-૧૦-૨૮

''શુદ્ધાતમ સંપત્તિ તણા, તુમે કારણ સાર,
દેવચંદ્ર જિનરાજની, સેવા સુખકાર.'' - **શ્રી દેવચંદ્રજી**

પ્રતિજ્ઞા : ફલ પ્રયોજનરૂપ પ્રાર્થના

અત્રે આ ત્રીજા કળશ કાવ્યમાં **'આત્મખ્યાતિ'** મહાટીકાના પ્રણેતા ખ્યાતનામ સમર્થ ટીકાકાર પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજી**એ આ વ્યાખ્યાની મહાપ્રતિજ્ઞા કરતાં, આનું ફલ-પ્રયોજન દર્શાવી નિજ આત્મશુદ્ધિરૂપ પરમ ઈષ્ટ ફલની પરમ અલૌકિક ભાવના પ્રદર્શિત કરી છે.

'मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्तेः भवतु !'

- શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ એવા મ્હારી પરમ વિશુદ્ધિ હો ! શાથી ? समयसारव्याख्ययैवानुभूतेः - સમયસારની વ્યાખ્યાથી જ અનુભૂતિ થકી. અર્થાત્ આ શુદ્ધ આત્મારૂપ **સમયસારની** વ્યાખ્યા કરતાં કરતાં જ મને પદે પદે શુદ્ધ આત્માની ઓર ને ઓર વિશેષ વિશેષ અનુભૂતિ - સંવેદના થતી જશે, તેથી કરીને શુદ્ધ ચૈતન્યમૂર્તિ એવા મ્હારી પરમ વિશુદ્ધિ હો ! (આ સમયસાર વ્યાખ્યાથી જ અનુભૂતિ

થકી જેમ મ્હારા આત્માની વિશુદ્ધિ થશે, તેમ ઉપલક્ષણથી જે કોઈ સાચો ખરેખરો મુમુક્ષુ આત્માર્થી શ્રોતા આનું સમ્યક્ શ્રવણ-મનન-ભાવન કરશે તેને પણ આ **'આત્મખ્યાતિ'** વ્યાખ્યાથી શુદ્ધ આત્માની અનુભૂતિ થકી આત્મ વિશુદ્ધિ થશે, એમ આ એના ફલનો ધ્વનિ છે.) જો શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છે તો વળી તેની અશુદ્ધિ ક્યાંથી ? આ શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ અવિરતપણે 'અનુભાવ્યની' (અનુભાવવા યોગ્ય એવા રાગથી ભાવના સમગ્ર સમૂહની) વ્યાપ્તિથી - વ્યાપકતાથી 'કલ્માષિત' - કલુષિત થયેલ - મલિન બનેલી છે, 'अविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः', અત એવ એની વિશુદ્ધિનો હજુ અવકાશ છે. એ અનુભાવ્ય વ્યાપ્તિ પણ શાથી છે ? 'मोहनाम्नोऽनुभावात्' - 'મોહ' જેનું નામ છે, તેના 'અનુભાવથી' - અનુભવ રસથી વિપાક ભાવથી જેવો જેવો મોહકર્મનો 'અનુભાવ' છે, તેવો તેવો તેને અનુસરતો રાગ-દ્વેષાદિ 'અનુભાવ્ય' - અનુભવવા યોગ્ય ભાવ હોય છે, એટલે કે મોહકર્મના અનુભાવ સાથે મોહરાગદ્વેષાદિ અનુભાવ્યની સમવ્યાપ્તિ છે. આ મોહ પણ કેવો છે ? 'परपरिणतिहेतोः' - પરપરિણતિનો હેતુ એવો અથવા પરપરિણતિ જેનો હેતુ છે એવો. આમ પર પરિણતિના હેતુ એવા 'મોહ' નામના અનુભાવથી અવિરતપણે અનુભાવ્યની વ્યાપ્તિથી કલુષિત એવી મ્હારી શુદ્ધ ચિન્માત્રમૂર્તિ કે જે સ્વયં અનુભૂતિ સ્વરૂપ જ છે, તેની આ સમયસાર વ્યાખ્યાથી જ અનુભૂતિ થકી પરમ વિશુદ્ધિ હો ! **અમૃતચંદ્રજીના** આ પરમ પરમાર્થ ગંભીર કળશકાવ્યના ભાવની હવે વિશેષ મીમાંસા કરીએ.

હું આ જડ મૂર્તિ દેહ નથી ને હું આ જડમૂર્તિ દેહાશ્રિત **અમૃતચંદ્ર** નામધારી નથી, પણ હું અનામી આત્મારૂપ **'અમૃતચંદ્ર'** તો શુદ્ધ આત્માનુભવ - અમૃત રસ નિર્ઝરતો શુદ્ધ ચિન્માત્રમૂર્તિ છું, કાષ્ઠ-પાષાણ-ધાતુ મૂર્તિ જેમ સર્વ પ્રદેશે કાષ્ઠ-પાષાણ-ધાતુમય જ હોય તેમ સર્વ પ્રદેશે શુદ્ધ ચૈતન્યમય જ એવી શુદ્ધ ચૈતન્ય માત્ર જેની મૂર્તિ છે, શુદ્ધ ચૈતન્ય જ જેનો મૂર્ત-પ્રગટ મૂર્તિમાન્ ભાવ આકાર છે, એવી અનુભૂતિ-આત્મસંવેદના છું. **હું શુદ્ધ ચિન્માત્ર મૂર્તિની પરમ વિશુદ્ધિ હો !** એમ દેહાશ્રિત અહંત્વ-મમત્વનું સર્વથા વિલોપન કરી આત્મભાવનાથી પરમ ભાવિતાત્મા **આ પરમ આત્મદૃષ્ટા** પ્રાર્થે છે કે - 'હું શુદ્ધ ચૈતન્ય માત્ર મૂર્તિ અનુભૂતિની આ સમયસાર વ્યાખ્યાથી જ અનુભૂતિ થકી પરમ વિશુદ્ધિ હોજો !' સમયસાર-શુદ્ધ આત્મા પોતે શુદ્ધ ચૈતન્યમાત્રમૂર્તિ અનુભૂતિ છે અને આ શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ સમયસારનું - શુદ્ધ આત્માનું આ **સમયસાર** સંકીર્તન કરી પ્રતિસૂત્રે શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ શુદ્ધ આત્માની અનુભૂતિ કરાવે છે; એટલે આવા એટલે આવા **શુદ્ધ આત્મારૂપ સમયસારનું** સંકીર્તન કરનારા આ સમયસાર શાસ્ત્રની પદે પદે શુદ્ધ આત્માની ખ્યાતિ કરતી આ **'આત્મખ્યાતિ'** વ્યાખ્યા થકી જ હું શુદ્ધ ચૈતન્યમાત્રમૂર્તિ અનુભૂતિની એવી તો વિશુદ્ધિ હોજો, કે જ્યાં પછી કોઈ પણ પ્રકારની કિંચિત્ માત્ર પણ અશુદ્ધિ ન રહે અને ફરી વિશુદ્ધિ કરવાપણું ન રહે, એવી આત્યંતિક છેલ્લામાં છેલ્લી (Once for all-final)અને ઉંચામાં ઉંચી પરમ વિશુદ્ધિ હોય.*

પરપરિણતિ હેતુ મોહના અનુભાવજન્ય અશુદ્ધિ

હું શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ છુ, તો પછી અશુદ્ધિ શી ? અને વિશુદ્ધિ શી ? એવો વિરોધ એકાંતિક દૃષ્ટિથી ભાસે, પણ અનેકાંતિક દૃષ્ટિથી તો તેવો કોઈ વિરોધાભાસ ભાસતો નથી. કારણકે શુદ્ધ નિશ્ચયથી હું ત્રણે કાળમાં શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ અનુભૂતિ છું, એ જેમ અનુભવસિદ્ધ સિદ્ધ હકીકત છે, તેમ અશુદ્ધ નિશ્ચયથી વા વ્યવહારથી મ્હારી શુદ્ધ ચિન્માત્ર અનુભૂતિ પરપરિણતિના હેતુ એવા મોહના

---

* આ કળશનો ભાવ ઝીલી બનારસીદાસજી વદે છે કે- (છપ્પય)

''હૌં નિહચૈ તિહું કાલ, શુદ્ધ ચેતનમય મૂરતિ,
પર પરનતિ સંજોગ, ભઈ જડતા વિસફૂરતિ;
મોહ કર્મ પર હેતુ પાઈ, ચેતન પર રચ્યઈ,
જ્યૌં ધતૂર-રસ પાન કરત, નર બહુવિધ નચ્યઈ;
અબ સમયસાર વરનન કરત, પરમ સુદ્ધતા હોહુ મુઝ,
અનયાસ બનારસીદાસ કહિ, મિટહુ સહજ ભ્રમકી અરુઝ.'' - **સમયસાર નાટક, જીવદ્વાર-૪**

અનુભાવથી 'અવિરતપણે' સતત 'અનુભાવ્ય' અનુભવમાં આવવા યોગ્ય રાગાદિ સર્વ વિભાવભાવોથી 'કલ્માષિત' કલુષિત-મલિન-અશુદ્ધ બનેલી છે, એ પણ તેવી જ નિરુપચરિત અનુભવસિદ્ધ સિદ્ધ હકીકત (Actual real fact) છે. અર્થાત્ પર વસ્તુમાં આત્મભ્રાંતિથી મોહ પમાડી-મુંઝવી નાંખી જે પર પરિણતિનો હેતુ હોય છે, એવો આ યથાર્થનામા 'મોહ' વિપાકોદય પામી પોતાનો અનુભાવ-અનુભવ રસ દર્શાવે છે, એટલે બધા કર્મોનો દાદો (grand father) આ મોહ જેમાં સર્વત્ર વ્યાપક છે એવી મોહ પરિવારરૂપ રાગાદિ સમગ્ર વિભાવ ભાવની વ્યાપ્તિ (all - pervading, whole packet) નિરંતર અનુભવમાં આવે છે અને આ વિભાવ ભાવોની વ્યાપ્તિમાં (pervading, congregation) ચૈતન્ય વ્યાપ્ત-વ્યાપક ભાવે પરિણમે છે, એટલે આ ચૈતન્ય વિકાર પરિણામરૂપ મોહજન્ય વિભાવ ભાવોથી હું શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ અનુભૂતિની અશુદ્ધિ પ્રગટ છે જ, એટલે તેની વિશુદ્ધિનો પૂરેપૂરો અવકાશ પણ છે જ.

દ્રવ્યકર્મરૂપ બહિર્ અશુદ્ધિ : ભાવકર્મરૂપ અંતર્ અશુદ્ધિ

અને આ અશુદ્ધિના સ્વરૂપનો વિશેષ વિચાર કરતાં જણાય છે કે અશુદ્ધિના બે મુખ્ય પ્રકાર છે - એક તો **દ્રવ્યકર્મરૂપ દ્રવ્ય અશુદ્ધિ** - બહિર્ અશુદ્ધિ અને બીજી **ભાવકર્મરૂપ ભાવ અશુદ્ધિ** - અંતર્ અશુદ્ધિ. આ સર્વ અશુદ્ધિનું મૂળ **મોહ** છે. આ મોહ જ સર્વ પરભાવનું પ્રભવ સ્થાન અને સર્વ વિભાવનું અધિષ્ઠાન છે. કારણકે મોહ પરપરિણતિનો હેતુ છે. કવિવર બનારસીદાસજીએ પોતાની લાક્ષણિક શૈલીમાં કહ્યું છે તેમ 'ધતૂરા રસનું પાન કરતો નર જેમ બહુ પ્રકારે નાચે છે, તેમ મોહકર્મ રૂપ પરહેતુને પામીને ચેતન પરમાં રાચે છે. 'મોહ કર્મ પરહેતુ પાઈ, ચેતન પર રચ્યઈ' અર્થાત્ પરપરિણતિના હેતુ એવા મોહને લીધે પરવસ્તુમાં આત્મભ્રાંતિથી મોહ પામી મુંઝાઈ જઈ જીવ પરરૂપ નહિ થઈ જતાં છતાં પરમાં એકત્વ બુદ્ધિરૂપ - અધ્યાસરૂપે આત્મબુદ્ધિ ધરે છે, પરભાવમાં આત્મભાવ કરે છે, એટલે પરભાવ પ્રત્યે ઢળતી-પરિણમતી રસ-રુચિ-રાગ-રંગરૂપ પરપરિણતિ નીપજે છે, એટલે આત્માની તે પરભાવરુચિમૂલ પરભાવાનુકૂળ પરપરિણતિના નિમિત્તે આત્મા પર પુદ્ગલની પરિણતિનો હેતુ થાય છે, અર્થાત્ આત્માની પરપરિણતિનું નિમિત્ત પામી પર પુદ્ગલ કર્મવર્ગણા સ્વયં દ્રવ્યકર્મરૂપે પરિણમે છે અને આત્માની સાથે એકક્ષેત્રાવગાહ પણે સંયોગ સંબંધથી બંધાય છે, અને આ કર્મબંધથી જ જીવની પરપરિણતિના જીવતા જાગતા પ્રદર્શનરૂપ આ આખું સંસાર ચક્ર ચાલે છે. તે આ પ્રકારે -

દ્રવ્ય કર્મ-ભાવ કર્મના દુષ્ચક્રથી ભવચક્ર ભ્રમણ

જેમાં મોહનીય મુખ્ય છે એવા અષ્ટવિધ દ્રવ્યકર્મથી નોકર્મ-દેહાદિ ઉત્પન્ન થાય છે, દેહ ધારણ કરવો પડે છે અને દેહમાં સ્થિતિ કરતા આત્માને મોહ પ્રમુખ દ્રવ્યકર્મનો ઉદય થાય છે, મોહ તેનો અનુભવ રસ ચખાડે છે, એટલે તે મોહના અનુભાવથી 'અનુભાવ્ય' - અનુભવમાં આવવા યોગ્ય એવા રાગ-દ્વેષ-મોહ રૂપ વિભાવ ભાવે જો આત્મા પરિણમે, તો તે રાગ-દ્વેષ-મોહ રૂપ ભાવકર્મનો બંધ કરે છે અને આ ભાવકર્મના નિમિત્તે પુનઃ દ્રવ્યકર્મ બંધાય છે અને તેથી પુનઃ દેહધારણાદિ ભવપરિપાટી હોય છે. શાસ્ત્ર પરિભાષામાં ભાવકર્મને માટે **'મલ'** અને દ્રવ્ય કર્મને માટે **'રજ'** એવી યથાર્થ સંજ્ઞા છે. જેમ મલ-ચીકાશ હોય તો રજ ચોંટે છે, તેમ ભાવ મલરૂપ આસક્તિ-સ્નેહ-ચીકાશને લીધે દ્રવ્યકર્મરૂપ રજ ચોંટે છે. આમ પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક ભાવે અરઘટ્ટ-ઘટ્ટી ન્યાયે ભાવકર્મ-દ્રવ્યકર્મનો અનુબંધ થયા કરે છે, ભાવકર્મથી દ્રવ્યકર્મ અને દ્રવ્યકર્મથી ભાવકર્મ એમ દુષ્ટ ચક્ર (Vicious circle) ચાલ્યા કરે છે અને તેથી જન્મ મરણના આવર્ત રૂપ-ફેરા રૂપ ભવચક્ર* પણ ઘૂમ્યા કરે છે.

---

* ''मूलं संसारदुःखस्य देह एवात्मधीस्ततः ।
त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रियः ॥'' - **શ્રી પૂજ્યપાદસ્વામી કૃત 'સમાધિ શતક'**

આમ પર ભાવમાં આસક્તિ રૂપ મોહજન્ય ભાવમલ-ભાવકર્મ કર્મબંધનું મૂળ કારણ છે અને કર્મ એ ભવભ્રમણનું કારણ છે. એટલે સંસારનું મૂળ કારણ મોહ-અવિદ્યા રૂપ આત્મભ્રાંતિ જ છે, આત્મસ્વરૂપનું અજ્ઞાન એ જ છે. *દેહાદિ પર વસ્તુમાં મોહ રૂપ આત્મ ભ્રાંતિ એ જ આ જીવની મોટામાં મોટી મૂલગત ભૂલ છે અને આ આત્મભ્રાંતિથી જ ભવભ્રાંતિ ઉપજી છે. કારણકે એમ પરભાવને વિષે આત્મભાવની કલ્પનાને (Imagination) લીધે તે પરભાવ નિમિત્તે રાગ-દ્વેષ-મોહ વિભાવ રૂપ-ભાવ કર્મ રૂપ ભાવ અશુદ્ધિ ઉપજી અને તેના નિમિત્તે દ્રવ્ય કર્મરૂપ દ્રવ્ય અશુદ્ધિ ઉપજી. પણ થઈ તે થઈ ! હવે આ ભવભ્રાંતિ ક્યારે ટળે ? તેના મૂળ કારણ રૂપ આ મોહજન્ય આત્મભ્રાંતિ ટળે તો, અને તો જ ભાવકર્મ-દ્રવ્યકર્મની સંકલનાનું (chain) દુશ્ચક્ર (vicious circle) બંધ પડે. એટલે મોહરૂપ આત્મભ્રાંતિ ટાળી, રાગ-દ્વેષ-મોહ વિભાવ રૂપ-ભાવકર્મ રૂપ અંતરંગ અશુદ્ધિ અને દ્રવ્યકર્મ રૂપ બહિરંગ અશુદ્ધિ ટાળવા માટે આ આત્માએ **અપૂર્વ આત્મ પુરુષાર્થ** સ્ફુરાવવો યોગ્ય છે.

મોહરૂપ આત્મભ્રાંતિથી જ ભવભ્રાંતિ : એ જ મૂલગત ભૂલ

''આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.
જો ઈચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છે. છેદો નહિ આત્માર્થ.''

- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિશાસ્ત્ર, સૂત્ર-૧૨૯, ૧૩૦

અને આ અપૂર્વ આત્મ પુરુષાર્થની જાગ્રતિને અર્થે, આત્મારૂપ ઉપાદાનને ઉપાદાન કારણપણે પ્રગટાવવા અર્થે, પરમ ઉપકારી જિન-સિદ્ધ ભગવાનરૂપ સાક્ષાત્ સમયસાર શુદ્ધ આત્માના **પુષ્ટાલંબન રૂપ** પરમ શુદ્ધ **નિમિત્ત**ના અવલંબનની પરમ આવશ્યકતા છે. કારણકે બાધન રૂપ પરભાવના નિમિત્તથી આ જીવ વિભાવ ભાવે પરિણમી ભવભ્રમણ દુઃખ પામ્યો, તો પછી તેથી ઉલટા સાધન રૂપ સ્વભાવના સત્ સાધન નિમિત્તથી સ્વભાવ ભાવે પરિણમી તે ભવભ્રમણ દુઃખ ટાળી શિવરમણ સુખ કેમ ન પામે ? અને આ સ્વભાવના સાધન માટે જેણે જે શુદ્ધ સ્વભાવ સિદ્ધ કર્યો,

પુષ્ટ નિમિત્તાલંબન ઉપાદાન જાગૃતિ : આત્મપુરુષાર્થ

---

* આ જીવ-પુદ્‌ગલના પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અંગે તત્ત્વચિંતક **શ્રી દીપચંદજીએ** સુંદર મીમાંસા કરી છે -

''જ્યોં અનાદિતૈં જીવ પરનતિ અશુદ્ધ હોય રહી હૈ. ત્યોં હી કહિયે હૈં - અનાદિતૈં પુદ્‌ગલ તો નિમિત્ત ભયા, જીવ કી ચિત્ વિકાર પરિણતિ હોનેકોં: ફિર વહ ચિત્ વિકાર, પરિણતિ પરનમતિ (પરિણમન કરતી હુઈ) તિસ પુદ્‌ગલકોં કર્મત્વ પરનામ હવનેં કૌ નિમિત્ત હોઈ હૈ. યોં (ઈસ પ્રકાર) અનાદિતૈં નિમિત્ત-નૈમિત્તિક પરસ્પર હોય રહે હૈં. ** જબ યહુ પુદ્‌ગલ કર્મત્વ ઉદય પરિણતિકોં પરનમ્યાં સહજ હી અપની દ્રવ્યશક્તિ કરિ, તબ હી યહુ જીવ તિસ પુદ્‌ગલ કર્મત્વ ઉદય પરિનતિ પરનમનેં કે નિમિત્ત પાઈ કરિ યહુ જીવ આપુ ચિત્ વિકાર રૂપ હોઈ પરનવૈં હૈ. જૈસૈં લોક પ્રાતઃ વિષૈ સૂર્યકા ઉદય પાઈકરિ અવરુ આપહી લોક સ્નાન-વણિજ્ય (વ્યાપારાદિક) કાર્યકોં કરૈ હૈ, તૈસૈં પુદ્‌ગલ કર્મકા ઉદય પરિણતિ પાઈ કરિ જીવ આપુ હી વિકારકોં-પરનવૈં હૈ.

''ઈસ ત્રિલોક વિષૈ કાર્માણ જાતિકી વર્ગણા સ્કંધ ભરી હૈ. જબ જિસ જીવકે જૈસી જૈસી જાતિકા મંદ-તીવ્રકરિ ચિત્ વિકાર રાગભાવ હોઈ હૈ, તિસ કાલ તિસી જીવકા રાગ-ચિકનાઈ (કા) નિમિત્ત પાઈ કરિ યથાજોગ કર્મવર્ગણા, તિસી જીવકે પ્રદેશ નિસોં એકક્ષેત્રાવગાહ કરિ ચિંપૈહ હિ (ચિપકે હૈ), વા બંધે હૈ. ઈહિ ભી બંધિકરિ તહા વૈઈ (વહ હી) કર્મ વર્ગણા નિજ નિજ કર્મત્વ કાર્ય (મેં) વ્યક્ત હોઈ કરિ પરિણવૈં હૈ, ઉદયરૂપ હોઈ હૈ. સો ઐસા ચિત્ વિકાર રાગ, કર્મ વર્ગણા કૌં કર્મત્વ વ્યક્ત રૂપ નાના ભાંતિ પરનમનેકી નિમિત્ત માત્ર હૈ. ** જે વેઈ જીવસોં એક ક્ષેત્રાવગાહકરિ ચિપી (ચિપકી)થી કર્મ વર્ગણા તે (વે) કર્મત્વ વ્યક્ત પરનામ રૂપ હોકર પરિણવૈ હૈ સહજ આપહી કાલલબ્ધિ પાઈ કરિ, તબ હી તિસી કાલવિષૈ સો તિન વર્ગણાહિકા વ્યક્ત કર્મત્વ ઉદય નિમિત્ત માત્ર, ઈતના હી પાઈ કરિ અવરુ યહુ જીવ ચિત્ વિકાર ભાવકોં પ્રગટ ભયા પરણવૈ હૈ. ઈ.''

- શ્રી દીપચંદજી કાશલીવાલ કૃત આત્માવલોકન, પૃ. ૪૫-૪૯

છે, એવા **સાક્ષાત્ સમયસાર સ્વરૂપ જિન-સિદ્ધ ભગવાન્ અથવા શુદ્ધ આત્મ ભગવાન્** અને તેના **સહજાત્મસ્વરૂપનું** સંકીર્તન કરતા આ સમયસાર શાસ્ત્ર કરતાં વધારે બળવાન **પુષ્ટ નિમિત્ત સાધન** બીજું કયું હોઈ શકે ? કારણકે કોઈ પણ કાર્ય કરવું હોય તો તેના ગુણ કારણપણે જેણે તે કાર્ય કર્યું છે, તે જ અનુપમ કારણ છે, એટલે આ કૃતકૃત્ય જિન-સિદ્ધ ભગવાનની સિદ્ધતા તો મ્હારા આત્માને આત્મસિદ્ધિનું ઉત્તમ સાધન છે.

''ઉપાદાન આતમા સહી રે, પુષ્ટાલંબન દેવ... જિનવર પૂજો !
ઉપાદાન કારણપણે રે, પ્રગટ કરે પ્રભુ સેવ... જિનવર પૂજો ! શ્રી સંભવ.
કાર્ય ગુણ કારણપણે રે, કારણ કાર્ય અનૂપ... જિનવર પૂજો !
સકલ સિદ્ધતા તાહરી રે, માહરે સાધન રૂપ... જિનવર પૂજો !'' **- શ્રી દેવચંદ્રજી**

જડ અશુદ્ધ નિમિત્ત : સત્ શાસ્ત્ર વ્યાખ્યાન શુદ્ધ નિમિત્ત

આમ ચેતન મોહને લીધે પર પ્રત્યે ગમન-પરિણમન કરી પુદ્ગલ ભોગમાં રાચ્યો, પર પ્રત્યયે-પર નિમિત્તે મોહજન્ય રાગાદિ રૂપ આસક્તિ ભાવે-વિભાવ ભાવે પરિણમ્યો, તેથી પર કારણના યોગે કરીને નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી આત્માની આ પર પરિણામિકતા રૂપ અશુદ્ધ દશા ઉપજી, પણ આ જાણપણા રહિત પરદ્રવ્ય રૂપ જડ તો અશુદ્ધ નિમિત્ત છે, વીર્ય-શક્તિથી વિહીન છે, સર્વથા સામર્થ્ય રહિત છે, અને આ પરમ શુદ્ધ નિમિત્ત રૂપ **ભગવાન્ સમયસાર - શુદ્ધ આત્મા** તો **અનંત વીર્ય** અને **અનંત જ્ઞાનથી** અનંત સુખમાં લીન પરમ સમર્થ છે. એટલે આ અનંત વીર્ય-અનંત જ્ઞાન સંપન્ન અનંત શક્તિના સ્વામી પરમ શુદ્ધ નિમિત્ત રૂપ જૈન-સિદ્ધ સ્વરૂપ સાક્ષાત્ સમયસાર શુદ્ધ આત્માની આગળ આ પરમ અશુદ્ધ નિમિત્ત રૂપ પામર નિર્વીર્ય-નિર્જ્ઞાન જડની શી તાકાત છે ? એટલે મેં નિશ્ચય કર્યો છે કે નિશ્ચયથી આ તેવા જ તથારૂપ અનંત શક્તિના સ્વામી પરમ શુદ્ધ ઉપાદાન નિમિત્ત રૂપ શુદ્ધ આત્મા - સમયસારનું ઉત્કીર્તન કરનારા આ સમયસાર શાસ્ત્રના વ્યાખ્યાન રૂપ પરમ શુદ્ધ નિમિત્તના સેવનથી મને-મ્હારા આત્માને પર પરિણતિ ટળી નિજ પરિણતિનો ભોગ થશે, શુદ્ધ આત્માનુભવનો આત્યંતિક ઉત્કટ અભ્યાસ પ્રાપ્ત થશે, રાગ-દ્વેષ-મોહ રૂપ વિભાવની-ભાવકર્મની અંતરંગ અશુદ્ધિ દૂર થશે અને દ્રવ્ય કર્મરૂપ બહિરંગ અશુદ્ધિની નિર્જરા થશે, એટલે દેહ ધારણ રૂપ નોકર્મ પણ દૂર થતાં ભવભયનો શોક ભાગી જશે અને આમ કોઈ પણ પ્રકારની કંઈ પણ અશુદ્ધિનો સમય માત્ર પણ પરમાણુ માત્ર પણ અવકાશ નહિ રહે, એવી હું શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ અનુભૂતિની પરમ વિશુદ્ધિ થશે.

''શ્રી યુગમંધર વિનવું રે, વિનતડી અવધાર રે દયાળ રાય !
એ પરપરિણતિ રંગથી રે, મુજને નાથ ઉગાર રે દયાળ રાય !... શ્રી યુગ.
પર પરિણામિકતા દશા રે, લહી પર કારણ યોગ રે... દયાળ રાય !
ચેતનતા પરગત થઈ રે, રાચી પુદ્ગલ ભોગ રે... દયાળરાય... શ્રી યુગ.
અશુદ્ધ નિમિત્ત તો જડ અછે રે, વીરજ શક્તિ વિહીન રે દયાળ રાય !
તું તો વીરજ જ્ઞાનથી રે, સુખ અનંતે લીન રે દયાળ રાય !... શ્રી યુગ.
તિણે કારણ નિશ્ચય કર્યો રે, મુજ નિજ પરિણતિ ભોગ રે. દયાળ રાય !
તુજ સેવાથી નીપજે રે, ભાંજે ભવ ભય સોગ રે. દયાળ રાય !... શ્રી યુગ.

- ભક્ત શિરોમણિ શ્રી. દેવચંદ્રજી

આમ વિશેષ વિચાર કરતાં જણાય છે કે - આ આખો સંસાર પર નિમિત્ત શું કરી શકે છે એનો

બહેરો પણ સાંભળી શકે અને આંધળો પણ દેખી શકે - એવો જોર શોરથી પોકાર કરતું જીવતું જાગતું પ્રદર્શન (Exhibition) છે. અર્થાત્ પર પરિણતિ રૂપ - પરભાવ રૂપ અશુદ્ધ નિમિત્તને લીધે વિભાવ પરિણામ પામી આ આત્મા વ્યવહારથી પરનો કર્તા-ભોક્તા થઈ સંસારમાં સંસરી રહ્યો છે. પણ જ્યારે આ ચિદ્‌ઘન આત્મા શુદ્ધ નિમિત્તમાં રમણ કરે, ત્યારે તે નિશ્ચયથી નિજ ઘરનો - પોતાના શુદ્ધ આત્મ સ્વભાવનો કર્તા-ભોક્તા થાય. માટે જેનામાં અનંત સ્વભાવ ધર્મ પ્રગટ્યા છે, જે નિજ પરિણતિને વર્યા છે, જે જ્ઞાનાદિ અનંત ગુણના દરિયા છે, એવા હે અમોહ સ્વરૂપ જિનદેવ પરમાત્મા ! તમે પોતે સાક્ષાત્ સમયસાર શુદ્ધ આત્મા છો અને સમયસારના - શુદ્ધ આત્માના ઉપદેશક છો, માટે હે સાક્ષાત્ સમયસાર સ્વરૂપ જિનદેવ ! સમયસાર - શુદ્ધ આત્મા પ્રગટાવવા માટે નિશ્ચયથી આપ સમા શુદ્ધ આત્મદેવ સમયસાર રૂપ અનુપમ નિમિત્તને હું ભજું છું અને ભવભયની ટેવ ત્યજું છું. નિશ્ચય-તત્ત્વ ભક્તિથી આપ સમા શુદ્ધ આત્મ દેવનું અવલંબન ભજતાં પરભાવ - વિભાવની અશુદ્ધિ દૂર થાય છે અને આત્મ સ્વભાવ રૂપ આત્મધર્મમાં રમણતા અનુભવતાં શુદ્ધ આત્મભાવ પ્રગટે છે અને એટલા માટે જ હે પરમ કૃપાળુ દેવ ! નિશ્ચયથી આપ સમા સમયસારભૂત શુદ્ધ આત્માનું - સમયસારનું સ્વરૂપ પ્રકાશતા આ સમયસારની વ્યાખ્યાથી જ શુદ્ધાત્મ અનુભૂતિ થકી મ્હારી પરમ વિશુદ્ધિ હો, એટલું જ પ્રાર્થું છું.

આખો સંસાર નિમિત્તના બળનું જીવતું જાગતું પ્રદર્શન

'સમયસાર' અનુપમ નિમિત્ત

''શ્રી સીમંધર જિનવર સ્વામી, વિનતડી અવધારો;
શુદ્ધ ધર્મ જે પ્રગટ્યો તુમચો, પ્રગટો તેહ અમારો રે સ્વામી ! વિનવિયે મન રંગે.
અશુદ્ધ નિમિત્તે એ સંસરતા, અત્તા કર્તા પરનો;
શુદ્ધ નિમિત્ત રમે જબ ચિદઘન, કર્તા ભોક્તા ઘરનો રે સ્વામી.
જેહના ધર્મ અનંતા પ્રગટ્યા, જે નિજ પરિણતિ વરિયો;
પરમાતમ જિનદેવ અમોહી, જ્ઞાનાદિક ગુણ દરિયો રે સ્વામી.
અવલંબન ઉપદેશક રીતે, શ્રી સીમંધર દેવ;
ભજિયે શુદ્ધ નિમિત્ત અનોપમ, તજિયે ભવભય ટેવ રે સ્વામી.
શુદ્ધ દેવ અવલંબન ભજતાં, પરહરિયે પરભાવ,
આતમ ધર્મ રમણ અનુભવતાં, પ્રગટે આતમ ભાવ રે. સ્વામી.''

- શ્રી દેવચંદ્રજી

''પર પરિણતિ પુદ્‌ગલ દિસા રે, તામે નિજ અભિમાન;
ધારત જીવ એહી રહ્યો પ્યારે, બંધ હેતુ ભગવાન...
સુઅપ્પા આપ વિચારો રે, પર પખ નેહ નિવાર.'' **- શ્રી ચિદાનંદજી, પદ-૩**

એટલે શુદ્ધ નિશ્ચયથી મ્હારી શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ રૂપ અનુભૂતિ પ્રત્યે સ્થિર દૃષ્ટિ ઠેરવી, અશુદ્ધ નિશ્ચયથી વા વ્યવહારથી મ્હારી અનુભૂતિની અશુદ્ધિ અનુભવાય છે, તેને આત્મામાંથી સર્વથા વિસર્જન કરવા માટે હું સર્વાત્માથી - મ્હારી સમસ્ત શક્તિથી કટિબદ્ધ થયો છું અને તે માટે **સાક્ષાત્ સમયસારભૂત** જિન-સિદ્ધ ભગવાન્ પ્રત્યેની અથવા તત્સમ સમયસારરૂપ શુદ્ધ આત્મતત્વ પ્રત્યેની અભેદ ભક્તિ કરતાં વધારે બીજો રૂડો ઉપાય કયો હોઈ શકે ? એથી વધારે રૂડું શુદ્ધ નિમિત્ત રૂપ સત્ સાધન કયું હોઈ શકે ? એટલે શુદ્ધ આત્મતત્વનું અનન્ય નિરૂપણ કરનાર આ

સમયસારની સેવામાં સર્વ 'સ્વવિભવ' સર્વસ્વ સમર્પણ

સત્ શાસ્ત્ર પ્રત્યેની શુદ્ધ અંતરંગ તત્ત્વ ભક્તિથી પ્રેરિત થઈને મ્હારો આત્મા સર્વાત્માથી - આત્માની સમસ્ત શક્તિથી-આત્માના સર્વ **'સામર્થ્ય'**થી ઉજમાળ થયો છે, તેને આ સત્ શાસ્ત્ર ભક્તિરૂપ શુદ્ધ તત્ત્વ ભક્તિના નિમિત્તથી પરમ વિશુદ્ધિની પ્રાપ્તિ હો એજ એક મ્હારી અભિલાષા છે. એવી શુદ્ધ આત્મભાવનાથી જ એ શુદ્ધ આત્મશુદ્ધિ અર્થે જ સત્ આગમરૂપ શબ્દબ્રહ્મના દૃઢ ઉપાસનથી, સત્ દર્શન નિરૂપક સત્ યુક્તિના પ્રબળ અવલંબનથી, સદ્‌ગુરુ પ્રસાદથી પ્રાપ્ત શુદ્ધ આત્મતત્ત્વના ઉત્તમ અનુશાસનથી અને સત્-ચિત્-આનંદમય આત્માનુભવ પ્રકાશરૂપ સ્વસંવેદનથી જે કાંઈ નિજ આત્માની 'સ્વસંપદ્' હોય, તે સમસ્ત આત્મસંપદ્ આ **પરમર્ષિએ** સમયસારની વ્યાખ્યામાં સમર્પણ કરી છે; આ આત્માની સમસ્ત આત્મસંપત્તિ રૂપ ક્ષયોપશમિક શક્તિનો જે કાંઈ વિકાસ હોય, તે સમસ્ત સત્ શાસ્ત્રની સેવામાં ઉપનત કર્યો છે. એટલે અત્રે આ ઉત્તમોત્તમ તત્ત્વ પ્રકાશક, આ ઉત્તમોત્તમ શાસ્ત્ર **સમયસારનું** વ્યાખ્યાન કરવામાં, આ ઉત્તમોત્તમ મહાત્માએ ઉત્તમોત્તમ શબ્દ, ઉત્તમોત્તમ અર્થ, ઉત્તમોત્તમ પરમાર્થ, ઉત્તમોત્તમ તત્ત્વ, ઉત્તમોત્તમ ભાવ, ઉત્તમોત્તમ આશય, ઉત્તમોત્તમ કવિત્વ, ઉત્તમોત્તમ અનુભવ એ આદિ મ્હારું-મ્હારા આત્માનું સર્વ કાંઈ ઉત્તમોત્તમ (all the Best of mine) યથાશક્તિ સમર્પું એવી ઉત્તમોત્તમ ભાવનાથી, સમયસારના ગુણરસીયા બનેલા સ્વ આત્માના સર્વ જ્ઞાનાદિ ક્ષયોપશમિક ગુણોને આ સમયસારની નિષ્કામ સેવા ભક્તિમાં હાજર કર્યા છે કે જેથી કરીને આ ઉત્તમોત્તમ **સમયસારનો** ઉત્તમોત્તમ મહિમા જગત્માં પ્રદ્યોતમાન થાય ! હું શુદ્ધ ચિન્માત્ર મૂર્તિની પરમ વિશુદ્ધિ હો ! એજ એક કામના અને જેથી કરીને પોતાના આત્માને ઉત્તમોત્તમ નિર્જરા રૂપ ઉત્તમોત્તમ વિશુદ્ધિથી ઉત્તમોત્તમ શુદ્ધ આત્મખ્યાતિની પ્રાપ્તિ થાય ! એટલે જ આ ભાવિતાત્મા આચાર્યજીએ અત્રે ભાવ્યું છે કે પદે પદે જ્યાં **શુદ્ધ આત્માની ખ્યાતિ - પ્રસિદ્ધિ - ઉદ્‌ઘોષણા** (Proclmation) કરવામાં આવશે, એવી આ યથાર્થનામા **'આત્મખ્યાતિ'** વ્યાખ્યાથી જ ઓર વિશિષ્ટ અનુભૂતિ થકી જ શુદ્ધ ચિન્માત્રમૂર્તિ મ્હારી આત્માનુભૂતિની એવી તો પરમ વિશુદ્ધિ થાઓ, કે તેમાં મોહજન્ય રાગાદિ વિભાવ દોષની સમય માત્ર પણ પરમાણુ માત્ર પણ કણિકા મ હો ! લબ્ધિ, ખ્યાતિ, પૂજા-સત્કાર, માનાદિ ઈતર કોઈ પણ આ લોક-પરલોક સંબંધી તુચ્છ ફલનું મ્હારે કંઈ પણ પ્રયોજન નથી, મ્હારે તો બસ એક શુદ્ધ આત્માર્થનું જ-પરમાર્થનું જ કામ છે, મ્હારે માનાદિ કામના રૂપ બીજો કોઈ મન રોગ નથી. આ **'આત્મખ્યાતિ'**થી મને મ્હારા આત્માને શુદ્ધ **આત્મખ્યાતિ-આત્મસિદ્ધિ** જ હો એટલું જ ફરી ફરી પ્રાર્થું છું, એટલું જ ભાવું છું, એટલું જ ઈચ્છું છું.

''ક્ષાયોપશમિક ગુણ સર્વ, થયા તુજ ગુણરસી હો લાલ;
સત્તા સાધન શક્તિ વ્યક્તતા ઉલ્લસી હો લાલ.
દીઠો સુવિધિ જિણંદ સમાધિ રસે ભર્યો હો લાલ.'' **-શ્રી દેવચંદ્રજી**

આમ લબ્ધિ, ખ્યાતિ, માનાદિ કોઈ પણ ફલ પ્રયોજનથી કે દેહાશ્રિત નામની ખ્યાતિ - 'દેહખ્યાતિ'ના કોઈ તુચ્છ હલાહલ વિષમય પ્રયોજનથી આ વ્યાખ્યા નથી કરવામાં આવતી, પણ કેવળ એક શુદ્ધ પરમ અમૃતમય **'આત્મખ્યાતિ'** અર્થે જ, કેવળ એક શુદ્ધ *આત્માર્થે જ, કેવળ એક આત્મશુદ્ધિ અર્થે જ, કેવળ એક શુદ્ધ આત્મસિદ્ધિ રૂપ પરમાર્થ હેતુએ જ આ **'આત્મખ્યાતિ'** વ્યાખ્યા કરવામાં આવે છે, અહંત્વ-મમત્વની ભસ્મભૂમિકા પર જ આ સુવર્ણકળશ સંપન્ન **'આત્મખ્યાતિ'** પ્રાસાદનું સર્જન કરવામાં આવે છે, એવી પરમ શુદ્ધ આત્મભાવના અત્રે આત્મભાવનાથી પરમ ભાવિતાત્મા મહામુનીશ્વર શુદ્ધોપયોગદશા સંપન્ન પરમ શ્રમણ ભગવાન **અમૃતચંદ્રાચાર્યજીએ** કરી છે. વર્તમાનમાં આવા જ **પરમ ભાવિતાત્મા શ્રીમદ્ રાજચંદ્રજીનું** આ

---

* ''न कवित्वाभिमानेन, कीर्तिप्रसरेच्छया ।
कृतिः किन्तु मदीयेयं, स्वबोधायैव केवलं ॥'' - શ્રી શુભચંદ્રાચાર્ય પ્રણીત શ્રી 'જ્ઞાનાર્ણવ'

આત્માર્થ અંગે ટકોત્કીર્ણ વચનામૃત છે કે -

''અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ. શ્રી સહજાત્મ સ્વરૂપ.''

''કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, અંક-૭૧૯**

પારમાર્થિક 'સર્વોદય' રૂપ આ સાર્વજનિક ઉપયોગી ગ્રંથ

અને આમ જે આ યુગપ્રવર્તક (Epoch - making) અનુપમ અદ્વિતીય, અલૌકિક, અસાધારણ વ્યાખ્યા ગ્રંથ આ મહાનિર્ગ્રંથ આત્મજ્ઞાની વીતરાગ મુનિચંદ્ર **અમૃતચંદ્રજીએ** અનન્ય તત્ત્વકળાથી ગૂંથ્યો છે, તે જેમ મુખ્યપણે આત્માર્થે - આત્મોપકારાર્થે છે, તેમ આનુષંગિકપણે પરાર્થે-પરોપકારાર્થે પણ છે, પણ અહંકાર - મમકારનું સર્વથા વિલોપન કરનારા માર્દવમૂર્તિ **આચાર્યજીએ** જો કે માર્દવથી તેમ સ્પષ્ટ કહ્યું નથી, તો પણ સામર્થ્યથી સહેજે સમજી શકાય છે. એટલે દેહાશ્રિત અહંત્વ-મમત્વનું વિસર્જન કરી ભસ્મીભૂત કરી જે કોઈ સાચો આત્માર્થી શુદ્ધ આત્માર્થનું સમ્યક્ ભાવન કરશે, તેના આત્માની પણ અનુભૂતિ થકી પરમ વિશુદ્ધિ થશે. મહાપુરુષો સ્વઉપકારાર્થે જે કૃતિ રચે છે, તે આનુષંગિકપણે સર્વ ઉપકારાર્થે, સાર્વજનિક ઉપયોગની પારમાર્થિક 'સર્વોદય' રૂપ પણ થઈ પડે છે, તેનું આ જ્વલંત ઉદાહરણ છે. એટલે જ આવા સદુપદેષ્ટા સાધુચરિત સત્પુરુષોની વ્યાખ્યાન પ્રવૃત્તિ જેમ મુખ્યપણે મોટેથી ઉચ્ચ સ્વરે સ્વાધ્યાય રૂપ હોય છે, તેમ આવી પરમ તપ રૂપ શાસ્ત્ર લેખન પ્રવૃત્તિ પણ મૂક-મૂંગા સ્વાધ્યાય રૂપ સજ્ઝાયરૂપ જ હોય છે અને તે ત્રણે કાળમાં અન્ય આત્માર્થીઓને પણ સ્વાધ્યાયાર્થે પરમ ઉપકારી થઈ પડે છે.

અમૃતચંદ્રજીની 'અમૃત' વાણી

એટલા માટે જ આવા સ્વાધ્યાય નિમગ્ન સાચા મુમુક્ષુ, ખરેખરા આત્માર્થી, શુદ્ધ આત્મસિદ્ધિના સાધક - સાધુ, સાક્ષાત્ જીવન્મુક્ત દશા અનુભવનારા, શુદ્ધાત્માનુભૂતિ સંપન્ન, સાક્ષાત્ અનુભૂતિમૂર્ત્તિ, શુદ્ધ આત્મારૂપ **સમયસારનું** ઉત્કીર્તન કરનારા, સાક્ષાત્ સમયસારભૂત, પરમ અધ્યાત્મરસ પરિણત, પરમ ભાવિતાત્મા આ **આત્મખ્યાતિકર્તા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીની** આ સ્વાધ્યાય ઉદ્ઘોષણા અદ્યાપિ અન્ય અધ્યાત્મરસપિપાસુ આત્માર્થી જોગીજનોના હૃદયને સ્પર્શી તેમના પર અપાર ઉપકાર કરે છે. જીવતી જાગતી જ્યોત જેવા આ આત્મદેષ્ટા શુદ્ધ ચૈતન્યમૂર્તિ **આચાર્યજીની** આ શુદ્ધ આત્માનુભૂતિમયી ચેતનવંતી અમૃતવાણી આત્માર્થી જોગીજનોને જાગૃત કરી, તેમના અંતરમાં નિર્મલ આત્મજ્યોતિ રૂપ અનુભવ પ્રદીપ પ્રગટાવે છે અને યાવચ્ચંદ્રદિવાકરૌ પ્રગટાવતી રહેશે, એવું એમાં પરમ દૈવત છે ! અસ્તુ !

'અમૃતચંદ્રજી'ની આત્મખ્યાતિ પોકારતી 'આત્મખ્યાતિ'

કારણકે પરમર્ષિ ભગવત્ **કુંદકુંદાચાર્યજીના** દિવ્ય આત્મા સાથે અભેદભક્તિથી તાદાત્મ્ય સાધી તેમના ગ્રંથોના અનન્ય ભક્ત, અનન્ય અભ્યાસી અને અનન્ય પરમ પ્રમાણભૂત વ્યાખ્યાતા તરીકે **પરમર્ષિ ભગવત્ અમૃતચંદ્રાચાર્યજીની** આત્મખ્યાતિ જગત્ વિખ્યાત છે. અને તેમાં પણ આ **સમયસારની** વ્યાખ્યા જે **'આત્મખ્યાતિ'** તરીકે ખ્યાત છે, તે તો આ પરમ આત્માનુભૂતિ દશાસંપન્ન **પરમ આર્ષ દષ્ટાના** દિવ્ય આત્માનું તાદૃશ્ય-તદાકાર પ્રતિબિંબ પાડતી હોઈ, તે મહામુનીંદ્રની આત્મખ્યાતિ પોકારતી ખરેખર ! **'આત્મખ્યાતિ'** જ છે, એટલું જ નહિ પણ જે કોઈ, સાચો આત્માર્થી મુમુક્ષુ આ **'આત્મખ્યાતિ'**નું યથાર્થ ભાવન કરી તથારૂપ આત્મ પરિણમન કરશે, તે પણ અવશ્ય **'આત્મખ્યાતિ'**ને (આત્મસિદ્ધિને) પામશે, એટલા માટે પણ આ ખરેખર ! **'આત્મખ્યાતિ'** છે. માટે શુદ્ધ આત્માનુભવરસનું આકંઠ પાન કરવા માટે **અનુભૂતિ મૂર્તિ આચાર્યજીએ** જે આ **'આત્મખ્યાતિ'** અમૃત રચના કરી છે, તેમાં અવગાહન કરી - ઊંડા ઉતરી, આ પરમ શાંત સુધારસમય શુદ્ધ આત્માનુભવામૃત

રસનું આકંઠ પાન કરી આત્માર્થી સંતજનો તૃપ્ત થાઓ ! અને તેમાં પણ પરમ વિશિષ્ટ 'અમૃતઘન' સંભૃત એક એક સુવર્ણ 'કલશ' - સાક્ષાત્ **'અમૃતકુંભ'** - જેમાં આ પરમબ્રહ્મવેત્તા પરબ્રહ્મ સ્વરૂપ પરમ આત્મદૃષ્ટાએ *આત્માનુભૂતિનો સ્વયંભૂ રમણ સમુદ્ર સમાવ્યો છે - તેનું અનુભવ સ્વાદન કરી સાક્ષાત્ અમૃતસિંધુ અનુભવો ! અને **અમૃતચંદ્રજી**ની આ પરમ અમૃત વાણીને માણી અમૃત **'આત્મખ્યાતિ'**ની વિખ્યાતિ કરો !



---

* આ અનુભૂતિની મુક્ત કંઠે સ્તુતિ કરતાં કવિવર બનારસીદાસજી કહે છે કે -

''અનુભૌ કે રસકૌં રસાયન કહત જગ, અનુભૌ અભ્યાસ યહુ તીરથ કી ઠૌર હૈ,
અનુભૌ કી જો રસા કહાવૈ સોઈ પોરસા સુ, અનુભૌ અધો રસાસૌં ઊરધકી દૌર હૈ;
અનુભૌકી કેલિ યહૈ કામધેનુ ચિત્રાવેલિ, અનુભૌ કૌ સ્વાદ પંચ અમૃતકૌ કૌર હૈ,
અનુભૌ કરમ તારૈ પરમસૌં પ્રીતિ જોરૈ, અનુભૌ સમાન ન ધરમ કોઊ ઔર હૈ;

- શ્રી બનારસીદાસજી કૃત સ.સા.ના ઉપોદ્ઘાત

અર્થાત્ - અનુભવના રસને જગત્ રસાયન કહે છે, અનુભવનો અભ્યાસ સૂત્ર એ જ તીર્થસ્થાન છે. અનુભવની જે 'રસા' - રસમય ભૂમિ તે જ સર્વ પદાર્થની જન્મદાત્રી છે, અનુભવ એ જ 'અધોરસાથી' - અધોભૂમિથી ઊર્ધ્વની - ઉંચી ભૂમિ તરફની દોડ છે, અનુભવની 'કેલિ' - રમણ એ જ કામધેનુ - ચિત્રાવેલી છે, અનુભવનો સ્વાદ એજ પંચ અમૃતનો કવલ છે, અનુભવ કર્મ તોડે છે, પરમ સાથે પ્રીતિ જોડે છે, અનુભવ સમાન કોઈ 'ઓર' - અવર - બીજો ધર્મ નથી.

अथ सूत्रावतारः

હવે (મંગળ રૂપ) સૂત્રાવતાર -

वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गइं पत्ते ।
वोच्छामि समयपाहुडमिणमो सुयकेवलीभणियं ॥१॥

કાવ્યાનુવાદ* (સજઝાય)

સમયસાર સજઝાય : ઢાળ પહેલી

('દુઃખ દોહગ દૂરે ટળ્યા રે' - એ રાગ.)

વંદી સિદ્ધ સહુ અનુપમા રે, ધ્રુવ અચલ ગતિ પ્રાપ્ત;
ભાખીશ સમય પ્રાભૃત આ રે ! શ્રુત કેવલી આખ્યાત...
રે આત્મન્ ! વંદો સમયસાર. ૧

ગાથાર્થ : ધ્રુવ, અચલ, અનૌપમ્ય (જેની ઉપમા આપવા યોગ્ય નથી એવી) ગતિને પ્રાપ્ત એવા સર્વ સિદ્ધોને વંદીને હું અહો ! શ્રુત-કેવલીઓએ ભણિત (ભણેલ, ભાખેલ) આ સમયપ્રાભૃત (સમયસાર) કહીશ. ૧

(હવે 'આત્મખ્યાતિ' સૂત્ર કર્તા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી, અત્ર 'આત્મખ્યાતિ'માં પ્રાયઃ સર્વત્ર એક જ સુશ્લિષ્ટ, સુગ્રથિત, સૂત્રનિબદ્ધ, સળંગ પરમાર્થઘન સૂત્રાત્મક વાક્યમાં વ્યાખ્યાન કરવાની તેમની અનન્ય લાક્ષણિક શૈલીથી, આ પ્રથમ મંગલ સૂત્રની પરમ પરમાર્થ ગંભીર પરમ અદ્‌ભુત વ્યાખ્યા રૂપ 'સૂત્ર' પ્રારંભે છે :)

आत्मख्याति टीका

वंदित्वा सर्वसिद्धान् ध्रुवामचलामनौपम्यां गतिं प्राप्तान् ।
वक्ष्यामि समयप्राभृतमिदं अहो श्रुतकेवलिभणितम् ॥१॥

वंदित्तु इत्यादि । अथ प्रथमत एव -

स्वभावभावभूततया ध्रुवत्वमवलम्बमाना -
मनादिभावांतरपरपरिवृत्तिविश्रांतिवशेनाचलत्वमुपगता -
मखिलोपमानविलक्षणाद्‌भुतमाहात्म्यत्वेनाविद्यमानौपम्या -
मपवर्गसंज्ञिकां गतिमापन्नान् भगवतः सर्वसिद्धान्
सिद्धत्वेन साध्यस्यात्मनः प्रतिच्छंदस्थानीयान्
भावद्रव्यस्तवाभ्यां स्वात्मनि परात्मनि च निधाया*-
नादिनिधन श्रुतप्रकाशितत्वेन
निखिलार्थसार्थसाक्षात्कारिकेवली प्रणीतत्वेन

---

* શ્રી કુંદકુંદાચાર્યજીની મૂળ ગાથાનો આ અક્ષરશઃ સજઝાય રૂપ ગુજરાતી અનુવાદ અત્ર ઢાળબદ્ધ ગેય કાવ્યમાં અવતારવાનો આ વિનમ્ર પ્રયાસ આ લેખક-વિવેચકે કર્યો છે. તે ગાથાનો અર્થ શીઘ્ર સમજવા માટે કાવ્યરસિકોને સ્વાધ્યાયાર્થે ઉપયોગી થઈ પડશે. - ભગવાનદાસ

* પાઠાંતર : निखाय - નિખાત કરીને

श्रुतकेवलीभिः स्वयमनुभवद्भिरभिहितत्वेन च
प्रमाणतामुपगतस्यास्य समयप्रकाशकस्य
प्राभृताह्वयस्यार्हत्प्रवचनावयवस्य
स्वपरयोरनादिमोहप्रहाणाय
भाववाचा द्रव्यवाचा च परिभाषणमुपक्रम्यते ॥१॥

આત્મખ્યાતિ ટીકાર્થ

હવે પ્રથમથી જ -

૧. સ્વભાવ ભાવભૂતપણાએ કરીને ધ્રુવપણાને અવલંબી રહેલી, અનાદિ ભાવાંતર પર પરિવૃત્તિની વિશ્રાંતિવશે અચલપણાને પામેલી અખિલ ઉપમાનથી વિલક્ષણ અદ્‌ભુત માહાત્મ્યપણાએ કરીને **ઔપમ્ય** (ઉપમા આપવા યોગ્ય) **અવિદ્યમાન છે**, એવી 'અપવર્ગ' સંજ્ઞિકા ગતિને પ્રાપ્ત થયેલા,

ભગવત્ સર્વ સિદ્ધોને -

સિદ્ધપણે સાધ્ય આત્માના પ્રતિચ્છંદસ્થાનીય (આદર્શ સ્થાનીય) એવાઓને ભાવસ્તવથી - દ્રવ્યસ્તવથી સ્વાત્મામાં અને પરાત્મામાં નિહિત કરીને.

૨. (૧) અનાદિનિધન શ્રુતથી પ્રકાશિતપણાએ કરીને,

(૨) સકલ અર્થ સાર્થના સાક્ષાત્‌કારી કેવલીથી પ્રણીત પણાએ કરીને,

(૩) અને સ્વયં અનુભવતા શ્રુતકેવલીઓથી કથિતપણાએ કરીને,

પ્રમાણતાને પામેલા

એવા આ સમય પ્રકાશક 'પ્રાભૃત' નામના અર્હત્ પ્રવચન અવયવનું સ્વ-પરના અનાદિ મોહ પ્રહાણાર્થે ભાવવાચાથી અને દ્રવ્યવાચાથી - **પરિભાષણ** ઉપક્રમાય (પ્રારંભાય) છે. ૧

---

* **આત્મભાવના**

મૂળ સૂત્રને ભાવતી, 'આત્મખ્યાતિ'ને તેમ;
આત્મ ભાવના આ કરે, દાસ ભગવાન આ એમ .

अथ सूत्रावतारः - અથ સૂત્રાવતાર. 'અર્થ' - મંગલ અર્થમાં વા પ્રારંભ અર્થમાં હોઈ આ પરમ મંગલમૂર્તિ 'સૂત્ર'નો - ભગવત્ અર્હત્ પ્રણીત આગમનો 'અવતાર' - અવતરણ થાય છે, એમ પરમ ગૌરવપૂર્ણ શબ્દોમાં 'આત્મખ્યાતિ સૂત્ર' કર્તાએ આ મંગલ સૂત્રની ભવ્ય રજુઆત કરી છે : 'वंदित्तु सव्वसिद्धे' - **वंदित्वा सर्वसिद्धान्** સર્વ સિદ્ધોને વંદીને, કેવા સિદ્ધોને ? ધ્રુવમચલમણોવમં गइं पत्ते' - ધ્રુવમચલમનૌપમ્યાં गतिं प्राप्तान् - ધ્રુવ, અચલ, અનૌપમ્ય - જેનું ઔપમ્ય - ઉપમા આપવા યોગ્ય નથી એવી ગતિને પ્રાપ્ત એવાઓને, વંદીને શું ? 'वोच्छामि समयपाहुडमिणं' - વક્ષ્યામિ સમય પ્રાભૃતમિદં -આ સમય પ્રાભૃત કહીશ, 'ओ' - અહો - અહો ! કેવું ?

'सुयकेवलीभणियं' - શ્રુતકેવલીભણિતમ્ - શ્રુતકેવલીઓથી ભાખવામાં આવેલું એવું ॥૧॥ इति **गाथा** આત્મભાવના ॥૧॥

(હવે આત્મખ્યાતિ 'સૂત્ર' કર્તા સૂત્રાત્મક શૈલીથી આ પ્રથમ મંગલ સૂત્રની પરમ પરમાર્થ ગંભીર અદ્‌ભુત અલૌકિક વ્યાખ્યા રૂપ સૂત્ર પ્રારંભે છે, તેના અર્થભાવન રૂપ આત્મ ભાવના* કરીએ છીએ અને તેવા પ્રકારે અન્ય સૂત્રમાં પણ મૂળ ગાથાની અને 'આત્મખ્યાતિ'ની પૂર્વાપર સંબંધ દર્શાવવા પૂર્વક સાન્વયાર્થ આત્મભાવના કરશું, એ સર્વત્ર સુજ્ઞ વાંચકના લક્ષમાં રહે. અત્રે બતાવેલ નમૂના પ્રમાણે સંસ્કૃત સાથે મૂળ ગાથાના પ્રાકૃત પાઠનો સંબંધ સ્વબુદ્ધિથી સ્વયં યોજી લેવો.)

---

* મૂળ ગાથા ને 'આત્મખ્યાતિ' ટીકાને સંપૂર્ણપણે આવરી લેતી આ વૃત્યાત્મક 'આત્મભાવના'-ની રચના આ વિવેચકે ('અમૃત જ્યોતિ' મહાભાષ્ય કર્તાએ) આત્મભાવના રૂપ સ્વયં વિચારણાર્થે કરી છે, તે મૂળના અનુસંધાનમાં સળંગ પણે યથાવત્ અર્થ ભાવનથી સ્વયં વિચારણાર્થે અભ્યાસાર્થી સુજ્ઞ વાંચકોને ઉપયોગી થઈ પડશે. - ભગવાનદાસ

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (વિવેચન)

''શુદ્ધ ચૈતન્ય પદમાં'' સિદ્ધાલયે બિરાજમાન છે, એવા સિદ્ધ ભગવાન, (તેને) હું પરમ ભક્તિથી નમસ્કાર કરૂં છું.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૯૪, ૭૫૭

''શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામી રે;
અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે. - શ્રી આનંદઘનજી

અમૃતચંદ્રજીની અદ્‌ભુત સૂત્રાત્મક પરમાર્થઘન અમૃત વ્યાખ્યા

અત્રે શાસ્ત્રારંભે શાસ્ત્રકર્તા પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ સર્વ સિદ્ધોને વંદન રૂપ મંગલ કરી, શ્રુત કેવલિભાષિત આ સમય પ્રાભૃત શાસ્ત્ર રચવાની મહા પ્રતિજ્ઞા કરી છે, અને **'આત્મખ્યાતિ' સૂત્ર કર્તા પરમર્ષિ ભગવત્ અમૃતચંદ્રાચાર્યજીએ** 'અથ સૂત્રાવતારः' એમ પરમ ગૌરવપૂર્ણ શબ્દોથી આ મંગલ સૂત્રની પરમાદરથી ભવ્ય રજુઆત (grand presentation) કરી છે. અર્થાત્ 'અથ' -

---

અથ - અથ - મંગલ વાચક આદિવાચક હોઈ આ પરમ મંગલમયી ભગવતી 'આત્મખ્યાતિ' સૂત્ર રૂપ મહાટીકાનો મંગલ પ્રારંભ પ્રકાશે છે. પ્રથમત એવ - પ્રથમથી જ, આદિથી જ, ભગવતः સર્વસિદ્ધાન્ ભાવદ્રવ્યસ્તવાભ્યાં સ્વાત્મનિ પરાત્મનિ ચ નિધાય (પાઠાં. નિખાય) - ભગવંત સર્વસિદ્ધોને ભાવસ્તવ-દ્રવ્યસ્તવ વડે સ્વાત્મામાં અને પરાત્મામાં નિહિત કરીને (પાઠાંર-નિખાત કરીને), અભેદ ભક્તિરૂપ ભાવસ્તવથી અને વંદનાદિ ભેદભક્તિ રૂપ દ્રવ્યસ્તવથી પોતાના આત્મામાં અને પરના આત્મામાં સ્થાપન કરીને - સ્થાપીને, કેવા છે આ સિદ્ધો ? અપવર્ગસંજ્ઞિકાં ગતિમાપન્નાન્ - અપવર્ગ સંજ્ઞિકા - 'અપવર્ગ' સંજ્ઞા છે જેની એવી યથાર્થનામા મોક્ષ નામની ગતિને પામેલા. - કેવી છે આ અપવર્ગ ગતિ ? (૧) ધ્રુવત્વમવલમ્બમાનાં - 'ધ્રુવપણાને' - સદા સ્થિરપણાને અવલંબી રહેલી, શાથી ? સ્વભાવભાવભૂતતયા - સ્વભાવથી ભાવ ભૂતપણાએ કરીને. (૨) અચલત્વમુપગતાં - અચલપણાને પામેલી. શાથી ? અનાદિ ભાવાંતર પરપરિવૃત્તિ વિશ્રાંતિવશેન - અનાદિ ભાવાંતર પર પરિવૃત્તિની વિશ્રાંતિ વશે કરીને. અનાદિ 'ભાવાંતર' - સ્વભાવથી અન્ય એવા પરભાવ-વિભાવ રૂપ 'પર પરિવૃત્તિની' - પરના ઘેરાવાની-પર આવરણની 'વિશ્રાંતિ' - વિરામતાના 'વશે કરીને' - આધીનપણાએ કરીને. (૩) અવિદ્યમાનૌપમ્યામ્ - 'ઔપમ્ય' - ઉપમા આપવા યોગ્ય ઉપમાન અવિદ્યમાન છે એવી. શાથી ? અખિલોપમાન વિલક્ષણાદ્‌ભુત-માહાત્મ્યત્વેન - અખિલ ઉપમાનથી વિલક્ષણ અદ્‌ભુત માહાત્મ્યપણાએ કરીને, જેના વડે ઉપમા આપી શકાય એવા 'અખિલ' સર્વે ઉપમાનથી 'વિલક્ષણ' - વિશિષ્ટ લક્ષણવાળા અદ્‌ભુત-આશ્ચર્યકારી માહાત્મ્યપણાએ - મહિમાપણાએ કરીને. આવી સિદ્ધગતિને પામેલા સિદ્ધોને શા માટે સ્વાત્મામાં-પરાત્મામાં નિહિત કરી એ માટે હેતુ વિશેષણ કહ્યું - સિદ્ધત્વેન સાધ્યસ્યાત્મનः પ્રતિચ્છંદ-સ્થાનીયાન્– સિધ્ધત્વ સિદ્ધપણે સાધ્ય-સાધવા યોગ્ય આત્માના 'પ્રતિચ્છંદસ્થાનીય' - આદર્શ સ્થાનીય - આદર્શ રૂપ છે, માટે આવી સિદ્ધ આત્માની ગતિને પામેલા આવા સિદ્ધોને સ્વાત્મામાં - પરાત્મામાં સ્થાપીને શું ?

અસ્ય સમયપ્રકાશકસ્ય પ્રાભૃતાહ્વયસ્યાર્હત્પ્રવચનાવયવસ્ય પરિભાષણમુપક્રમ્યતે - આ 'સમય પ્રકાશક' - આત્મારૂપ સમયનો પ્રકાશ કરનારા 'પ્રાભૃત' નામના અર્હત્ પ્રવચન અવયવનું પરિભાષણ ઉપક્રમાય છે, 'પરિ' - સૂત્રને પરિગત અથવા સર્વથા સૂત્રનું ચોમાસ વૃત્તિની-વાડની જેમ વીંટી લેતું-આવરી લેતું એવું 'ભાષણ' - વ્યાખ્યાન 'ઉપક્રમાય' છે - ઉપક્રમ કરાય છે, સૂત્રબદ્ધ અનુક્રમથી અનુક્રમે પ્રારંભવામાં આવે છે. કેવું છે આ પ્રાભૃત ? પ્રમાણતામુપગતસ્ય - પ્રમાણતાને - પ્રમાણપણાને પામેલું એવું. શાથી ? (૧) અનાદિનિધનશ્રુતપ્રકાશિતત્વેન - 'અનાદિનિધનં - અનાદિ અનંત શાશ્વત શ્રુતથી 'પ્રકાશિત' પણાએ કરીને, પ્રકાશવામાં આવેલું છે. જેથી કરીને (૨) નિખિલોર્થ સાર્થસાક્ષાત્કારકેવલિપ્રણીતત્વેન - નિખિલં-સમસ્ત 'અર્થસાર્થ' - પદાર્થ સમૂહને 'સાક્ષાત્કારિ' - સાક્ષાત્-પ્રત્યક્ષ કરનારા કેવલીએ 'પ્રણીતપણાએ કરીને', પ્રણીત કરવામાં આવેલું છે, તેથી કરીને, (૩) શ્રુતકેવલીભિः સ્વયમનુભવદ્‌ભિરભિહિતત્વેન ચ - અને શ્રુત કેવલીઓથી - 'સ્વયં' - પોતે અનુભવતા એવાઓથી - 'અભિહિતપણાએ' - કથિતપણાએ કરીને, કહેવામાં આવેલું છે તેથી કરીને. આમ આવા પ્રમાણતા પામેલા આ સમય પ્રાભૃતનું પરિભાષણ શા વડે કરવામાં આવે છે ? ભાવવાચા દ્રવ્યવાચા ચ-ભાવવાચાથી અને દ્રવ્યવાચાથી અર્થાત્ આત્મામાં ઊઠતા શ્રુત વિકલ્પ રૂપ - શ્રુત જ્ઞાનોપયોગ રૂપ ભાવ-ભાષાથી - આત્મભાષાથી અને તે ઉપયોગથી પ્રેરિત વચનયોગરૂપ દ્રવ્યભાષાથી - પુદ્‌ગલ ભાષાથી. શા માટે કરવામાં આવે છે ? સ્વપરયોરનાદિમોહપ્રહાણાય - સ્વ-પરના અનાદિ મોહના પ્રહાણાર્થે 'સ્વ-પરના' - પોતાના અને પરના આત્માના અનાદિ મોહના 'પ્રહાણાર્થે' - પ્રહાણ-પ્રકૃષ્ટ હાણ-નાશ-ક્ષય અર્થે, આત્યંતિક ક્ષીણતા અર્થે ॥૧॥ ઇતિ **'આત્મખ્યાતિ'** આત્મભાવના ॥૧॥

મંગલવાચક વા પ્રારંભવાચક હોઈ, મંગલ મૂર્તિ 'સૂત્રનો' - અલ્પ શબ્દ મહાર્થ એવા સંક્ષિપ્ત છતાં સંપૂર્ણ ગ્રંથ સંદર્ભમય ભગવંત અર્હત્ પ્રણીત આગમનો 'અવતાર' - અવતરણ થાય છે, એમ પરમ ભક્તિ નિર્ભર ભાવથી 'આત્મખ્યાતિ' કર્તા વદે છે. હિમાચલમાંથી જેમ ગંગાનું અવતરણ થાય, તેમ પરમ પાવનકારિણી શ્રુત ગંગાના હિમાચલ પરમ શાંત મૂર્તિ ભગવત્ સર્વજ્ઞના હૃદય-હ્રદમાંથી પ્રભવ પામેલી આ સૂત્રમય શ્રુતગંગાનું અવતરણ થાય છે, એવો અત્રે પરમાર્થ મહાકવિ અમૃતચંદ્રજીના આ પરમ અર્થ ગંભીર શબ્દોનો 'ધ્વનિ' છે. આમ પરમાદરથી આ સૂત્રાવતાર કરી આત્મખ્યાતિ કર્તાએ આ મંગલ સૂત્રની પરમ પરમાર્થ ગંભીર અદ્ભુત વ્યાખ્યા પ્રકાશી છે : 'પ્રથમથી જ ભગવત્ સર્વ સિદ્ધોને ભાવ – દ્રવ્ય સ્તવથી સ્વ આત્મામાં અને પર આત્મામાં નિહિત કરીને (સ્થાપીને પાઠાંતર-નિખાત કરીને), આ સમય અર્હત્ પ્રવચન અવયવ રૂપ સમય પ્રાભૃતનું પરિભાષણ પ્રારંભાય છે.' કેવા છે આ સિદ્ધો ? અપવર્ગ સંજ્ઞિકા 'અપવર્ગ સંજ્ઞાવાળી' - યથાર્થનામા મોક્ષ નામની ગતિને પામેલા. કેવી છે આ અપવર્ગ ગતિ ? (૧) ધ્રુવપણાને અવલંબી રહેલી. શાથી ? સ્વભાવ ભાવભૂતપણાએ કરીને. (૨) અચલપણાને પામેલી. શાથી ? અનાદિ ભાવાંતર પરપરિવૃત્તિની વિશ્રાંતિ વશે કરીને. (૩) 'ઔપમ્ય' - ઉપમા આપવા યોગ્ય ઉપમાન અવિદ્યમાન છે એવી. શાથી ? અખિલ ઉપમાનથી વિલક્ષણ અદ્ભુત માહાત્મ્યપણાએ કરીને. આવી સિદ્ધગતિને પામેલા સિદ્ધોને શા માટે સ્વાત્મામાં - પરાત્મામાં સ્થાપવા જોઈએ ? સિદ્ધત્વ - સિદ્ધપણે સાધ્ય-સાધવા યોગ્ય આત્માના 'પ્રતિચ્છંદ સ્થાનીય' - આદર્શ સ્થાનીય - આદર્શ સ્થાને રહેલા આદર્શ રૂપ છે માટે. (એમ આ હેતુવિશેષણ છે). આવા સિદ્ધોને સ્વાત્મામાં અને પરાત્મામાં સ્થાપીને જેનું પરિભાષણ કરાય છે, તે આ સમય પ્રકાશક પ્રાભૃત કેવું છે ? પ્રમાણ પામેલું છે. શાથી ? (૧) 'અનાદિ નિધન' - અનાદિ અનંત શ્રુતથી પ્રકાશિતપણાએ કરીને, (૨) 'નિખિલ' - સમસ્ત 'અર્થસાર્થને' - પદાર્થ સમૂહને 'સાક્ષાત્કારિ' - સાક્ષાત્ પ્રત્યક્ષ કરનારા કેવલીઓ પ્રણીતપણાએ કરીને, (૩) અને શ્રુતકેવલીઓથી 'સ્વયં' - પોતે અનુભવતા એવાઓથી ભાવિતપણાએ કરીને. આવા પ્રમાણતા પામેલા આ અર્હત્ પ્રવચન અવયવરૂપ સમય પ્રાભૃતનું પરિભાષણ શા માટે કરવામાં આવે છે ? 'સ્વ-પરના' - પોતાના અને પરના આત્માના અનાદિ મોહના પ્રહાણાર્થે - પ્રહાણ - પ્રકૃષ્ટ હાણ-હ્રાસ-નાશ-ક્ષય અર્થે, સર્વથા આત્યંતિક ક્ષીણતા અર્થે. શા વડે કરવામાં આવે છે ? 'ભાવવાચાથી અને દ્રવ્યવાચાથી.' અર્થાત્ આત્મામાં ઊઠતા શ્રુત વિકલ્પ રૂપ - શ્રુતજ્ઞાનોપયોગ રૂપ ભાવભાષાથી - આત્મભાષાથી અને તે ઉપયોગથી પ્રેરિત વચનયોગ રૂપ દ્રવ્યભાષાથી - પુદ્ગલ ભાષાથી આ 'પરિભાષણ' ઉપક્રમાય. 'પરિભાષણ' - 'પરિ' - સૂત્રને પરિગત અથવા સૂત્રનું ચોપાસ વૃત્તિની - વાડની જેમ વીંટી લેતું - આવરી લેતું - અર્થ સંરક્ષણ રૂપ નિશ્ચયને કરતું એવું સર્વથા 'ભાષણ' - વ્યાખ્યાન 'ઉપક્રમાય' છે - ઉપક્રમ કરાય છે. સૂત્રબદ્ધ અનુક્રમથી અનુક્રમે પ્રારંભવામાં આવે છે. આમ આ 'અમૃત' (Immortal, neetarlike) આચાર્યજીની આ પરમાર્થઘન અમૃત વ્યાખ્યાની અદ્ભુત સંકલના છે અને મુખ્ય બે મુદ્દા છે : (૧) સિદ્ધવંદન, (૨) સૂત્ર ગ્રંથન. આ બન્ને મુદ્દાની હવે અત્રે આ *'અમૃત જ્યોતિ મહાભાષ્ય' નામક વિવેચનમાં અનુક્રમે વિશેષ વિવક્ષા કરશું.

---

* આ લેખક વિવેચકે કરેલી વિવેચનાનું 'અમૃત જ્યોતિ મહાભાષ્ય' એવું નામ રાખવામાં આવ્યું છે તે સાભિપ્રાય છે, કારણકે આ મુખ્યપણે મૂળ ગાથા ને તે પરની મહાન આચાર્યવર્ય અમૃતચંદ્રાચાર્યજીની મહાન 'આત્મખ્યાતિ' ટીકાની વિશિષ્ટ અભ્યાસ રૂપ વિસ્તૃત વિવેચના હોઈ, તેમાં અમૃતચંદ્રજીની પરમ પ્રિયતમ આત્મ 'જ્યોતિ'નો - 'અમૃતચંદ્ર જ્યોતિ'નો મહામહિમા પદે પદે હળહળે છે; નામાભિધાન આત્માર્થી મુમુક્ષુઓને સમુચિત જ જણાશે. - ભગવાનદાસ

૧. સિદ્ધવંદન

''હું સંસાર અસાર ઉદધિ પડ્યો, તુમ પ્રભુ ભયે પંચમ ગતિગામી'' - શ્રી ચિદાનંદજી, પદ-૯

'અપવર્ગ' ગતિને પ્રસિદ્ધો

આ ભગવાન્ સિદ્ધો કેવા છે ? 'અપવર્ગ સંજ્ઞિકા ગતિને પ્રાપ્ત થયેલા છે', 'अपवर्गसंज्ञिकां गतिमापन्नान् ।' **જેની અપવર્ગ' સંજ્ઞા-યથાર્થ નામ છે. એવી અપવર્ગ નામની** ગતિને પામેલા છે. ધર્મ-અર્થ-કામ એ ત્રિવર્ગ કહેવાય છે, તેમાંથી આ ગતિ અપગત છે, અતીત-પર છે. તેથી તે અપવર્ગ ગતિ છે, અથવા ચાર સંસારી ગતિ સંસારવર્ગમાં સમાય છે, તેમાંથી આ ગતિ અપગત છે, અતીત-પર છે, તેથી તે અપવર્ગ ગતિ છે, અથવા ચાર સંસારી ગતિ પરભાવ-વિભાવજન્ય હોઈ વિભાવ વર્ગમાં સમાય છે, તેમાંથી આ સ્વભાવ રૂપ ગતિ અપગત છે, અતીત-પર છે, તેથી પણ તે અપવર્ગ ગતિ છે, અથવા ચાર સંસારી ગતિ ક્ષયોપશમાદિ ચાર ભાવરૂપ હોઈ ચતુર્વર્ગમાં સમાય છે, તેમાંથી આ શુદ્ધ સ્વભાવપરિણતિમય પંચમ ગતિ અપગત છે - અતીત-પર છે, તેથી પણ તે અપવર્ગ ગતિ છે. આવી 'અપવર્ગ' સંજ્ઞાથી જેનું સમ્યક્ સ્વરૂપ જણાય એવી યથાર્થનામા અપવર્ગ ગતિને - પંચમગતિને, મોક્ષગતિને - સિદ્ધ ગતિને આ સર્વસિદ્ધ ભગવાનો પ્રાપ્ત થયેલા છે.

અપવર્ગ ગતિ કેવી છે ? ધ્રુવ, અચલ, અનુપમ

આ અપવર્ગ ગતિ-સિદ્ધગતિ કેવી છે ? **ધ્રુવ, અચલ અને અનુપમ છે. તે આ પ્રકારે - 'સ્વભાવ ભાવભૂતપણાએ' કરીને તે 'ધ્રુવપણાને અવલંબી રહેલી છે',** - 'स्वभावभावभूततया ध्रुवत्वमवलम्बमानां' આ ગતિ સ્વભાવભાવ રૂપ ભૂત - થઈ ગયેલી હોવાથી ધ્રુવપણાને - સદા સ્થિરપણાને અવલંબનારી છે. બીજી ચાર ગતિ - દેવ, મનુષ્ય, તિર્યંચ, નારક એ પરભાવ - વિભાવ ભાવથી ઉત્પન્ન થતી હોવાથી અધ્રુવ છે અને આ સિદ્ધ ગતિ સ્વભાવ ભાવજન્ય હોવાથી **ધ્રુવ** છે. અર્થાત્ સ્વભાવ એ સહભૂત-સહજ હોઈ કોઈ કાળે નાશ ન પામતો હોવાથી, આ સહજ આત્મસ્વભાવ રૂપ - **સહજાત્મસ્વરૂપ** સિદ્ધ ગતિ સદા સ્થિર છે, શાશ્વત છે. એટલે અંતરમાં સહજ આત્મસ્વભાવમાં જેણે ગમન કર્યું છે, એવા આ **'અંતર્યામી'** આત્મારામી સહજાત્મસ્વરૂપ સ્વામી સિદ્ધ ભગવાનની આ સ્વભાવરૂપ સિદ્ધગતિનું વિભાવરૂપ ઈતર સંસારી ગતિથી અત્યંત વિલક્ષણપણું છે.

''ધ્રુવપદરામી હો સ્વામી માહરા, નિઃકામી ગુણરાય... સુજ્ઞાની.

નિજ ગુણકામી હો પામી તું ધણી, ધ્રુવ આરામી હો થાય. સુજ્ઞાની.''

- શ્રી આનંદઘનજી (પાર્શ્વ જિન સ્તવન)

(૨) **અચલ છે** - 'અનાદિ ભાવાંતર પર પરિવૃત્તિની વિશ્રાંતિ વશે કરીને અચલપણાને પામેલી છે', 'अनादिभावांतरपरपरिवृत्तिविश्रांतिवशेनाचलत्वमुपगतां' આત્માથી અથવા સ્વભાવથી અન્ય તે અનાત્મા રૂપ ભાવાંતર-પરભાવ-વિભાવ, તે અનાદિ પરભાવ-વિભાવ પરાયણ અર્થાત્ પરભાવ-વિભાવને આધીન જે પરિવૃત્તિ-એક ભાવથી ભાવાંતર ગમન રૂપ-સંસાર રૂપ પરિવર્તન-પરિણમન, તેની વિશ્રાંતિ-વિરામતાને લીધે અચલપણાને પામેલી છે, અથવા પરભાવ-વિભાવ રૂપ જે પર પરિવૃત્તિ-પર પરિણતિ અથવા પરની 'પરિ' - ચોપાસ 'વૃત્તિ' - વાડ જેવી જે પરિવૃત્તિ-આવરણ રૂપ પરનો ઘેરાવો અને તેને લઈને જીવની જે સંસાર પરિવૃત્તિ-પરિવર્તન, તેની વિશ્રાંતિ-વિરામતાને લીધે અચલપણાને પામેલી છે. આમ બન્ને અર્થમાં અનાદિ પરભાવ-વિભાવ નિમિત્તે ઉપજતી પર પરિવૃત્તિના વિરામ પામી જવાપણાને લીધે આ સિદ્ધ ગતિ કદી પણ ચલાયમાન ન થાય, એવા અચલપણાને પામેલી હોઈ અચલ છે, શેષ સંસારી ચાર ગતિ તો પરભાવ-વિભાવના નિમિત્તથી પરપરિવૃત્તિને લીધે-પરપરિણતિને લીધે પ્રવર્તતી ચલાયમાન હોઈ ચલ છે. આ રીતે પણ સિદ્ધગતિનું સંસારી ગતિથી વિલક્ષણપણું છે.

''શ્રી સુબાહુ જિન અંતરજામી, મુજ મનના વિશરામી રે, પ્રભુ અંતરજામી.
આતમ ધર્મતણો આરામી, પર પરિણતિ નિષ્કામી રે, પ્રભુ.'' - શ્રી દેવચંદ્રજી

(૩) **અનૌપમ્ય છે**, 'અખિલ ઉપમાનથી વિલક્ષણ અદ્‌ભુત માહાત્મ્યપણાએ કરીને જેનું ઔપમ્ય (ઉપમા આપવા યોગ્ય) અવિદ્યમાન છે. એવી છે, 'अखिलोपमानविलक्षणादद्भुतमाहात्म्यत्वेनाविद्यमानौपम्यां' જેના વડે ઉપમા આપી શકાય એવા સર્વ ઉપમાનથી વિલક્ષણ-વિશિષ્ટ લક્ષણવાળા અદ્‌ભુત-આશ્ચર્યકારી કોઈ અવર્ણનીય માહાત્મ્યવાળી છે, એટલે એને ઉપમા આપવા યોગ્ય એવું કોઈ ઉપમાન છે નહિ. ચારે ગતિમાં કોઈ પ્રકારે સમાન લક્ષણપણું છે, એથી તેને ઉપમા આપી શકાય અને તેમાં કાંઈ ખાસ અપૂર્વ માહાત્મ્ય જેવું પણ નથી, એટલે પૂર્વાનુપૂર્વ ચતુર્ગતિ માહાત્મ્ય વિહીન અને ઉપમાવંત છે, પણ આ અપૂર્વ અદ્‌ભુત સ્વરૂપ માહાત્મ્યવાળી પંચમી ગતિ તો **ભગવાન્ મહાવીર સ્વામીએ ગૌતમ સ્વામીને** કહેલા સુપ્રસિદ્ધ ભિલ્લ દૃષ્ટાંતની પેઠે અનુપમેય છે. આમ પણ સિદ્ધગતિનું ઈતર ગતિથી વિલક્ષણપણું છે.

''અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય... વિમલ જિન. દીઠા લોયણ આજ.''
- શ્રી આનંદઘનજી (વિમલ જિન સ્તવન)

સ્વારથ વિણ ઉપગારતા રે, અદ્‌ભુત અતિશય રિદ્ધિ,
આત્મ સ્વરૂપ પ્રકાશતા રે, પૂરણ સહજ સમૃદ્ધિ-અનિલ જિન સેવીએ રે.''
''નાથ ! તુમ્હારી જોડી, ન કો ત્રિહું લોકમેં રે;
પ્રભુજી પરમ આધાર, અછો ભવિ થોકને રે... અનિલ.'' - શ્રી દેવચંદ્રજી

'ભગવંત' સિદ્ધો

આમ સ્વભાવ ભાવભૂતપણાથી ધ્રુવ, પરભાવ-વિભાવ રહિતપણાથી અચલ અને વિલક્ષણ અદ્‌ભુત માહાત્મ્યપણાથી અનુપમ, એવી આ 'અપવર્ગ' નામની સિદ્ધ ગતિને પામેલા આ સિદ્ધ ભગવંતો છે; આવા આ સિદ્ધ **'ભગવંતો'** અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય એમ અનંત અને અપાર જ્ઞાનાદિ ગુણ સંપદાથી વિરાજમાન છે, અદ્‌ભુત અતિશય આત્મઋદ્ધિ સંપન્ન પૂર્ણ સહજ સમૃદ્ધિવંત સહજાત્મસ્વરૂપથી પ્રકાશમાન છે, એટલા માટે એ મહાભાગ્યવંતો ખરેખરા 'ભગવંતો' છે. શ્રી હરિભદ્રાચાર્યજી કૃત 'લલિત વિસ્તરા'*માં કહ્યું છે તેમ સમગ્ર એવા ઐશ્વર્યની, રૂપની, યશની, શ્રીની, ધર્મની અને પ્રયત્નની - એમ છની 'ભગ' એવી સંજ્ઞા છે' - એવા ષડ્ વિધ ભગસંપન્ન આ યથાર્થનામા 'ભગવંતો'** છે.

''શુભ શીતળતામય છાંય રહી, મનવાંછિત જ્યાં ફળપંક્તિ કહી;
જિન ભક્તિ ગ્રહો તરુકલ્પ અહો ! ભજીને ભગવંત ભવંત લહો.''
- શ્રીમદ્ રાજચંદ્રજી (મોક્ષમાળા પાઠ-૧૫)

સિદ્ધપણે સાધ્ય આત્માના પ્રતિચ્છંદ સ્થાનીય સિદ્ધ ભગવંતો

આવી ઉક્ત પ્રકારની ધ્રુવ-અચલ-અનુપમ સિદ્ધગતિને પામેલા ભગવાન સર્વ સિદ્ધો સિદ્ધત્વ-સિદ્ધપણે સાધ્ય આત્માના પ્રતિચ્છંદ સ્થાનીય - 'सिद्धत्वेन साध्यस्य आत्मनः प्रतिच्छंदस्थानीयान्' છે. અર્થાત્ પરભાવ-વિભાવથી વિરત અને સ્વભાવમાં સુસ્થિત એવા આ અનુપમ સિદ્ધ ભગવાન, તેવા જ પરભાવ વિભાવ વિરત અને સ્વભાવ સુસ્થિત અનુપમ સિદ્ધ સ્વભાવે સાધ્ય-સાધવા યોગ્ય આત્માના

---

* ''ऐश्वर्यस्य समग्रस्य, रूपस्य यशसः श्रियः ।
धर्म्मस्याथ प्रयत्नस्य, षण्णां भग इतीङ्गना ॥'' - શ્રી હરિભદ્રાચાર્યજી કૃત લલિત વિસ્તરા

** આ 'ભગવત્' પદના અપૂર્વ પરમાર્થના જિજ્ઞાસુએ 'લલિતવિસ્તરા' મત્કૃત વિવેચન સહિત પૃ. ૧૦૦-૧૦૯નું અવલોકન કરવું. - ભગવાનદાસ

આદર્શ સ્થાનીય છે. જેમ સિદ્ધ ભગવાન પરભાવ-વિભાવથી વિરામ પામી સ્વભાવમાં સ્થિત આત્મારામી થયા, તેમ પરભાવ - વિભાવથી વિરામ પામી સ્વભાવમાં સ્થિત આત્મારામી થવું, એ જ સિદ્ધપણું ઈચ્છનારા આત્માનો સાધવા યોગ્ય-સાધ્ય આદર્શ (Ideal) છે. જેમ પ્રતિચ્છંદને-આદર્શને (Model), અનુલક્ષીને-નિરંતર લક્ષમાં રાખીને કુશલ શિલ્પી-કલાકાર કારીગર ઉત્તમ કલામય પ્રતિમા ઘડે છે, તેમ શુદ્ધ ચૈતન્ય પ્રતિમા રૂપ સિદ્ધ પ્રતિચ્છંદને-સાધ્ય આદર્શને નિરંતર લક્ષમાં રાખી આત્માર્થ કુશલ સાધક મુમુક્ષુ આત્માપણ સિદ્ધપણા રૂપ-શુદ્ધ ચૈતન્ય પ્રતિમા રૂપ શુદ્ધ સાધ્યને સાધે છે. જેમ આદર્શમાં-અરીસામાં (mirror) પ્રતિબિંબ (Reflection) પડી પુરુષને જેવા છે તેવા પોતાના રૂપનું દર્શન થાય છે, તેમ આદર્શરૂપ-દર્પણ રૂપ આ સિદ્ધ ભગવાનના રૂપ દર્પણમાં આત્માને નિજસ્વરૂપનું દર્શન થાય છે, શુદ્ધ ચૈતન્યમૂર્તિ રૂપ આ સિદ્ધ-બિંબમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્માનું પ્રતિબિંબ પડે છે. આમ અનુભવની આરસી રૂપ-આદર્શ રૂપ આ સિદ્ધ ભગવાન ઉક્ત ત્રણે અર્થમાં સિદ્ધ પણે સાધ્ય આત્માના પ્રતિચ્છંદ સ્થાનીય છે.

''પ્રતિછંદે પ્રતિછંદે જિનરાજના હોજી, કરતાં સાધક ભાવ;
દેવચંદ્ર દેવચંદ્ર પદ અનુભવે હોજી, શુદ્ધાતમ પ્રાગ્‌ભાવ.
નમિ પ્રભ નમિ પ્રભ પ્રભુને વિનવું હોજી.'' - શ્રી દેવચંદ્રજી

''ચૈતન્ય જિન પ્રતિમા થા,
ચૈતન્ય જિન પ્રતિમા થા.'' - શ્રીમદ્ રાજચંદ્રજી, (હાથનોંધ ૨-૧૮)

જિન ભક્તિનું ઈષ્ટ પ્રયોજન

અને જિન-સિદ્ધ ભગવાન્ આમ આત્માના પ્રતિચ્છંદ સ્થાનીય છે, આરાધ્ય આદર્શ રૂપ છે, એ પરથી જ એ જિન-સિદ્ધ ભગવાનની તાત્ત્વિક ભક્તિનું પરમ ઈષ્ટ પ્રયોજન સિદ્ધ થાય છે. કારણકે શ્રી જિન ભગવાનનું જેવું શુદ્ધ સહજ આત્મસ્વરૂપ છે, તેવું જ શુદ્ધ નિશ્ચય નયની દૃષ્ટિએ આ આત્માનું મૂળ સ્વરૂપ છે. કર્મ રૂપ આવરણ ટળ્યું હોવાથી ભગવાનનું તે સ્વરૂપ સંપૂર્ણ વ્યક્તતા-આવિર્ભાવ પામ્યું છે, આવરણ વર્તતું હોવાથી આત્માનું તે સ્વરૂપ તિરોભાવ પામેલું હોઈ અવ્યક્ત શક્તિપણે રહ્યું છે. આમ કર્મ આવરણ રૂપ ઔપાધિક ભેદને લીધે ભગવાનમાં અને આ આત્મામાં અંતર પડ્યું છે, જીવ અને શિવનો ભેદ પડ્યો છે. આનંદઘનજીના શબ્દોમાં કહીએ તો 'કર્મ વિપાકે હો કારણ જોઈને કોઈ કહે મતિમંત.' પણ મૂળ સ્વરૂપ દૃષ્ટિથી તે બન્નેમાં કંઈ પણ ભેદ નથી. જેવું 'અનંત સુખ સ્વરૂપ' તે જિનપદ છે, તેવું જ આ 'મૂળ શુદ્ધ તે આત્મપદ' છે. આ જિનપદ અને નિજપદની એકતા છે, એ લક્ષ થવાને માટે જ સુખદાયક એવા સર્વ શાસ્ત્રનું નિરૂપણ છે અને એજ આ ભક્તિનું પ્રયોજન છે. એટલે એવા અનંત સુખ સ્વરૂપ મૂળ શુદ્ધ તે આત્મપદને જે ઈચ્છે છે તે 'જોગીજને', તે પ્રગટ સ્વરૂપી સયોગી જિનપદની અથવા અયોગી સિદ્ધપદની અખંડ એકનિષ્ઠાથી આરાધના અવશ્ય કરવી જોઈએ.

''ઈચ્છે છે જે જોગીજન, અનંત સુખ સ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિન સ્વરૂપ.
જિન પદ નિજ પદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાયિ.'' - શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૯૫૪

સત્ સાધકને સિદ્ધ પુષ્ટ આલંબન નિમિત્ત

કારણકે સત્ સાધકને સાધ્ય-સાધવા યોગ્ય સાધ્ય ધર્મ જેણે સિદ્ધ કર્યો છે, તે જ ઈષ્ટ સાધ્ય ધર્મની સાધનામાં સત્ સાધકને પરમ ઉપકારી-પરમ ઉપયોગી 'પુષ્ટ આલંબન' રૂપ સાધન છે; ભક્ત શિરોમણિ દેવચંદ્રજી મહામુનિ જેને 'પુષ્ટ નિમિત્ત' તરીકે બિરદાવે છે, તે જ આ છે. જેમ પુષ્પ-ફૂલમાં તિલવાસક વાસના રહી છે, તે પુષ્ટ નિમિત્ત છે, તેમ સાધ્ય ધર્મ જેમાં રહ્યો છે, તે 'સિદ્ધ' પુષ્ટ નિમિત્ત છે. અર્થાત્ તેલ છે તેને ફૂલની વાસનાથી સુગંધિત બનાવવું છે, તે માટે જેમાં તે વાસ વિદ્યમાન છે, તે

સુગંધી ફૂલ 'પુષ્ટ' નિમિત્ત છે - બળવાન્ નિમિત્ત છે, તેમ આ આત્મા છે, તેને શુદ્ધ આત્મ સ્વભાવરૂપ સાધ્ય ધર્મની સિદ્ધિથી સિદ્ધ બનાવવો છે, તે માટે જેમાં તે સાધ્ય ધર્મ પ્રગટ વિદ્યમાન સિદ્ધ છે, તે ભગવાન્ સિદ્ધ દેવ 'પુષ્ટ' નિમિત્ત છે, પરમ બળવાન્ પરમ ઉપકારી સાધન છે. આ આત્મા ઉપાદાન છે અને આ સિદ્ધ દેવ પુષ્ટ આલંબન નિમિત્ત છે, આ સિદ્ધ દેવની સેવા તે ઉપાદાન આત્માને ઉપાદાન કારણપણે પ્રગટ કરે છે, કાર્યગુણના કારણપણે જે કાર્ય છે, તે અનુપમ કારણ છે. અર્થાત્ કોઈપણ કાર્ય કરવું હોય, તેમાં જેણે તે કાર્ય સિદ્ધ કર્યું હોય-પ્રગટ અનુભવસિદ્ધ કરી જીવતું જાગતું જ્વલંત ઉદાહરણ પ્રગટ કર્યું હોય, તે કાર્ય જ અનુપમ કારણ છે, તેમ ભગવાનની સકલ સિદ્ધતા રૂપ જે કાર્ય છે, તે સત્ સાધક ભક્તજનને ઉત્તમ અનુપમ સાધન રૂપ થઈ પડે છે અને તેવા પ્રકારે પરમ ભાવિતાત્મા મહાગીતાર્થ દેવચંદ્રજી મહામુનિએ અપૂર્વ ભાવથી સંગીત કર્યું છે -

''સાધ્ય સાધ્ય ધર્મ જે માંહી હુવે રે, તે નિમિત્ત અતિ પુષ્ટ,
પુષ્પ પુષ્પ માંહી તિલવાસક વાસના રે, નવિ પ્રધ્વંસક દુષ્ટ ઓલ ગડી,
કાર્ય ગુણ કારણ પણે રે, કારણ કાર્ય અનુ;,
સકલ સિદ્ધતા તાહરી રે, માહરે સાધન રૂપ... શ્રી સંભવ.'' - શ્રી દેવચંદ્રજી

''તે ઉપાદાન શક્તિ પ્રગટ થવા માટે સિદ્ધ, બુદ્ધ, અવિરુદ્ધ, નિષ્પન્ન, નિર્મલ, અજ, સહજ, અવિનાશી, અપ્રયાસી જ્ઞાનાનંદ પૂર્ણ ક્ષાયિક સહજ પારિણામિક રત્નત્રયીનો પાત્ર જે પરમાત્મા પરમૈશ્વર્યમય તેહની સેવના જે પ્રભુ બહુમાન ભાસન રમણ પણે કરવા.'' - **શ્રી દેવચંદ્રજીનો સુપ્રસિદ્ધ પત્ર**

અર્હત્-સિદ્ધ ભગવાન્ પ્રયોગસિદ્ધ સમયસારઃ કાર્ય સમયસાર પરમ આરાધ્ય ઈષ્ટ દેવ

આ શુદ્ધ આત્મ તત્ત્વની સિદ્ધિ રૂપ કાર્ય જેણે સિદ્ધ કર્યું છે, એવા શુદ્ધ આત્મારૂપ અર્હત્ ભગવાન્ અથવા સિદ્ધ ભગવાન્ તે જ પ્રગટ પરમ **પ્રયોગસિદ્ધ સમયસાર અથવા કાર્ય સમયસાર** છે. આ અર્હત્-સિદ્ધ ભગવાનને જે શુદ્ધ આત્મતત્ત્વ વ્યક્ત થયું છે, તેવું જ શુદ્ધ આત્મતત્ત્વ સર્વ આત્મામાં શક્તિથી રહ્યું છે; અર્હત્-સિદ્ધ ભગવાન્ જેમ વ્યક્તિથી સમયસાર છે, તેમ શુદ્ધ નિશ્ચયથી પ્રત્યેક આત્મા પણ શક્તિથી સમયસાર અથવા કારણ સમયસાર છે. એટલે એ શક્તિની વ્યક્તિ કરવા માટે પ્રત્યેક આત્માર્થીએ જેને એ સમયસાર વ્યક્તિથી સિદ્ધ છે, એવા અર્હત્-સિદ્ધ ભગવાનના પરમ ચરણ શરણનું અનન્ય ભક્તિ ભાવે અવલંબન ભજવું પરમ ઉપકારી છે. કારણકે 'વાટ જેમ દીવાને ઉપાસી દીવો બને છે, તેમ ભિન્ન આત્માને ઉપાસીને આત્મા તેવો પરમ બને છે.' અર્થાત્ શુદ્ધ આત્મતત્ત્વ જેણે અપૂર્વ આત્મપુરુષાર્થથી વ્યક્ત કર્યું છે, પ્રગટ આવિર્ભૂત કર્યું છે, એવા પરમ પુરુષોત્તમ અર્હત્ ભગવાન વા સિદ્ધ ભગવાન તે જ સાક્ષાત્ સમયસાર વા પ્રગટ **સહજાત્મસ્વરૂપ** શુદ્ધ આત્મા છે, એટલે જેને હજુ તે શુદ્ધ આત્મતત્ત્વ કર્મપટલથી આવરિત હોઈ અવ્યક્ત વર્તે છે - અપ્રગટ તિરોભૂત વર્તે છે, એવા સર્વ મુમુક્ષુ આત્માઓએ તે તિરોભૂત સમયસાર સ્વરૂપ પ્રગટ આવિર્ભૂત કરવા અર્થે પ્રગટ સમયસાર સ્વરૂપ શુદ્ધ આત્મા અર્હત્-સિદ્ધ ભગવાન પરમ ભક્તિથી ઉપાસવા યોગ્ય છે; આત્મા રૂપ ઉપાદાનને ઉપાદાન કારણપણે પ્રગટાવવા માટે, અપૂર્વ આત્મ પુરુષાર્થની જાગૃતિ અર્થે, સર્વ આત્માર્થીઓએ પરમ ઉપકારી **પુષ્ટાલંબન નિમિત્ત સાધન રૂપ** શુદ્ધ આત્મ સ્વરૂપ અર્હત્-સિદ્ધ ભગવાન અપૂર્વ ભક્તિથી સેવવા યોગ્ય છે; શુદ્ધ આત્મસિદ્ધિ અર્થે સર્વ આત્મ સાધક જોગીજનોએ જેણે શુદ્ધ આત્મસિદ્ધિ સિદ્ધ કરી છે, એવા સહજાત્મસ્વરૂપ સાક્ષાત્ સમયસાર અર્હત્-સિદ્ધ ભગવાન્ અનન્ય ભક્તિથી આરાધવા યોગ્ય છે. આમ પરમ ઈષ્ટ એવું દિવ્ય આત્મત્વ જેમાં વ્યક્ત સ્વરૂપે પ્રકાશમાન છે, એવા અર્હત્-સિદ્ધ ભગવાન્ રૂપ સાક્ષાત્ સમયસાર એ જ સર્વ આત્માર્થી મુમુક્ષુઓના પરમ આરાધ્ય ઈષ્ટ દેવ છે.

અને સ્વરૂપ સિદ્ધરૂપ નિજ કાર્ય જેણે સિદ્ધ કર્યું છે, એવા આ કૃતકૃત્ય સિદ્ધ ભગવાન રૂપ ઈષ્ટ દેવનું અવલંબન જ તે સ્વરૂપ સિદ્ધિ રૂપ કાર્ય કરવા ઈચ્છતા - શુદ્ધ સ્વ સ્વભાવ રૂપ મોક્ષફળની

કામના રાખતા મુમુક્ષુ આત્માને આત્મામાં ઉત્તમ અવંધ્ય *યોગબીજના પ્રક્ષેપણાદિ વડે ઈષ્ટ સ્વરૂપ સાધનામાં પરમ ઉપકારી થઈ પડે છે.

''સ્વરૂપ આકાંક્ષી મહાત્માઓએ એમ જિન ભગવાનની તથા સિદ્ધ ભગવાનની ઉપાસના સ્વરૂપ પ્રાપ્તિનો હેતુ જાણ્યો છે, ક્ષીણમોહ ગુણસ્થાનક પર્યંત તે સ્વરૂપ ચિંતવના જીવને પ્રબળ અવલંબન છે.''
- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૬૯૩, ૭૫૩

''પ્રભુ શક્તિ, વ્યક્તિ એક ભાવે, ગુણ સર્વ રહ્યા સમભાવે;
મ્હારે સત્તા પ્રભુ સરખી, જિન વચન પસાયે પરખી સ્વામી... સુજાત સુહાયા.'' - શ્રી દેવચંદ્રજી

અજકુલ ગત કેસરીનું દૃષ્ટાંત

ઘેટાના ટોળામાં ચિરકાળથી વસેલા સિંહ શિશુનું દૃષ્ટાંત અત્ર ઘટે છે. કોઈ સિંહનું બચ્ચું જન્મથી માંડી ઘેટાના ટોળામાં વસ્યું છે, ઉછર્યું છે અને ચિર સંવાસથી પોતાને ઘેટું જ માની બેઠું છે. ત્યાં કોઈ સિંહ દેખાય છે. તેને દેખી તે સિંહશિશુ ધારી ધારી તેનું રૂપ જુએ છે અને પાછું પોતાનું સ્વરૂપ નિહાળે છે, તો બન્નેનું સ્વરૂપ સમાન દેખાય છે અને તેને ભાન થાય છે કે, હું ઘેટું નથી, પણ સિંહશિશુ છું. તેમ આ આત્મા પણ અનાદિકાળથી પર ભાવના સંવાસમાં વસેલો છે અને પોતાને પર રૂપ જ માની બેઠો છે. તેને સમાધિરસ ભર્યા સ્વરૂપ સિદ્ધ પ્રભુના દર્શનથી ચિરવિસ્મૃત નિજ સ્વરૂપનું ભાન થાય છે.

''અજ કુલ ગત કેસરી લહે રે, નિજ રૂપ સિંહ નિહાળ;
તિમ પ્રભુભક્તે ભવિ લહે રે, આતમ શક્તિ સંભાળ, અજિત જિન ! તારજો દીન દયાળ !''
- શ્રી દેવચંદ્રજી

અંતરાત્માનું પ્રભુના રૂપ દર્પણમાં નિજ સ્વરૂપ દર્શન

અને આમ તે જિનસમ સ્વરૂપ સત્તા ઓળખે છે, એટલે તેના પ્રાગ્‌ભાવની-પ્રગટ આવિર્ભાવની ઈહા-ઈચ્છા તેને પ્રગટે છે કે, આવું જિન ભગવાન જેવું પરમાનંદમય શુદ્ધ આનંદઘન સ્વરૂપ મને પ્રગટે તો કેવું સારૂં ? એવી અંતરંગ રુચિ રૂપ તીવ્ર ઈચ્છાથી તે પર પરિણતિમાં નિરીહ-નિષ્કામ અંતરાત્મા બની આત્મ પરિણતિ ભણી વળે છે અને પછી એવો તે અંતરાત્મા આદર્શ પરમાત્મ સ્વરૂપની સાધના કરે છે. જેવો ઉપાસ્ય આદર્શ તેવી સિદ્ધિ થાય છે. એટલે ઉપર પ્રારંભમાં જ કહ્યું હતું તેમ - કુશળ શિલ્પી જેમ આદર્શને (model) નિરંતર દૃષ્ટિ સન્મુખ રાખી પોતાની કલાકૃતિ ઘડે છે, તેમ મુમુક્ષુ આત્મા પણ પ્રતિછંદસ્થાનીય-આદર્શ રૂપ પ્રભુને નિરંતર દૃષ્ટિ સન્મુખ રાખી નિજ આત્મસ્વરૂપની પૂર્ણ કલામય ઘટના કરે છે. 'દર્પણ જિમ અવિકાર' પ્રભુના રૂપ દર્પણમાં નિજ સ્વરૂપનું દર્શન કરે છે.

''જિન સમ જિન સમ સત્તા ઓળખી હોજી, તસુ પ્રાગ્ ભાવની ઈહ;
અંતર અંતર આતમતા લહી હોજી, પર પરિણતિ નિરીહ... નમિ પ્રભ.
શુદ્ધ માર્ગે વધ્યો સાધ્ય સાધન સધ્યો, સ્વામી પ્રતિછંદે સત્તા આરાધે;
આત્મ નિષ્પત્તિ ત્યમ સાધના નવ ઘટે, વસ્તુ ઉત્સર્ગ આતમ સમાધે.
અહો ! શ્રી સુમતિ જિન ! શુદ્ધતા તાહરી, સ્વ ગુણ પર્યાય પરિણામ રામી.
માહરી શુદ્ધ સત્તા તારી પૂર્ણતા, તે તણો હેતુ પ્રભુ તુંહી સાચો;
દેવચંદ્રે સ્તવ્યો મુનિગણે અનુભવ્યો, તત્ત્વ ભક્તે ભવિક સકલ રાચો.
અહો ! શ્રી સુમતિ જિન શુદ્ધતા તાહરી.'' - તત્ત્વરંગી મહામુનિશ્રી દેવચંદ્રજી

---

* जिनेषु कुशलं चित्तं, तन्नमस्कार एव च ।
प्रणामादि च संशुद्धं, योगबीजमनुत्तमम् ॥'' - શ્રી હરિભદ્રાચાર્યજી કૃત 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

સ્વરૂપસિદ્ધ એવા જિન ભગવાનને ભજે કે સિદ્ધ ભગવાનને ભજે, તે બન્ને એક જ છે. માત્ર ફરક એટલો જ છે કે, જિન-અર્હંત ભગવાન્ સયોગી સિદ્ધ છે, દેહધારી સિદ્ધ આત્મા છે. દેહ છતાં દેહાતીત દશાએ વિચરનારા સાકાર સજીવન મૂર્તિ છે, સદેહમુક્ત-જીવન્મુક્ત છે. અને સિદ્ધ ભગવાન અયોગી સિદ્ધ છે, દેહ રહિત સિદ્ધ આત્મા છે, નિરાકાર શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છે. ઘાતી--અઘાતી બન્ને પ્રકારના કર્મનો ક્ષય થયો હોવાથી સિદ્ધ ભગવાન્ સર્વથા કર્મરહિત છે; અને માત્ર વેદનીય આદિ ચાર અઘાતિ કર્મના હોવાપણાને લીધે જિન ભગવાનને દેહધારીપણું અને પૂર્વ પ્રારબ્ધાનુસાર વિચરવાપણું છે. પણ ઘાતિ કર્મનો સર્વથા ક્ષય બન્નેને સમાન હોવાથી, અનંત જ્ઞાન-અનંત દર્શન-અનંત સુખ-અનંત વીર્ય - એ અનંત ચતુષ્ટયનો આવિર્ભાવ બન્નેમાં સમાન છે, બન્નેનું સ્વરૂપ રમણપણું એક સરખું છે, બન્નેનું સહજાત્મસ્વરૂપે સુસ્થિતપણું તુલ્ય છે. એટલે સહજ સ્વાભાવિક શુદ્ધ સ્વરૂપને પામેલા સિદ્ધ ભગવાન કે અર્હંત ભગવાનની ઉપાસનાથી આત્મા સ્વરૂપ લયને પામી શકે છે. માટે તે બન્નેની ઉપાસના સ્વરૂપ જિજ્ઞાસુ પુરુષોએ કર્તવ્ય છે. પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ શ્રી 'પ્રવચનસાર'માં કહ્યું છે કે - 'જે ભગવાન અર્હંતનું સ્વરૂપ દ્રવ્ય ગુણ અને પર્યાયથી જાણે, તે પોતાના આત્માનું સ્વરૂપ જાણે અને તેનો નિશ્ચયે કરીને મોહ નાશ પામે.'

અર્હત્-સિદ્ધ ભક્તિ અભેદ

"जो जाणइ अरिहंते, दव्वगुणपज्जवेहिं य ।
सो जाणइ निय अप्पा, मोहो खलु जाइय तस्स लयं ॥"

- શ્રી કુંદકુંદાચાર્યજી કૃત 'પ્રવચનસાર' ગાથા-૮૦

"શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યય ધ્યાને,
શિવ દીએ પ્રભુ સપરાણો રે."

- શ્રી યશોવિજયજી

"अत एव च योऽर्हन्तं स्वद्रव्यगुणपर्ययैः ।
वेदात्मानं स एव स्वं वेदेत्युक्तं महर्षिभिः ॥"

- શ્રી યશોવિજયજી કૃત દ્વા.દ્વા. ૨૭-૨૦

માટે આત્માર્થી મુમુક્ષુએ અર્હંત-સિદ્ધ ભગવંતની ભક્તિ અવશ્ય કરવા યોગ્ય છે અને બન્ને પરમાર્થથી અભેદ સ્વરૂપ હોવાથી એકની ભક્તિમાં અન્યની ભક્તિ અંતર્ભાવ પામે છે. એટલે સ્વરૂપ દર્શનના કામી એવા મુમુક્ષુ જીવે તે ભગવાનનું આરાધન-સેવન કરવા તત્પર થવું તે પોતાના જ આત્મ કલ્યાણની-આત્મહિતની વાત છે. એથી કરીને સૌથી પ્રથમ તે ભગવાનનું સેવન કરવા આત્માર્થી મુમુક્ષુએ સર્વાત્માથી પ્રવર્તવું જોઈએ અને એટલા માટે જ અત્રે આ પરમ આદર્શ રૂપ ભગવાનોને 'પ્રથમત એવ' - 'પ્રથમથી જ' ભાવસ્તવ-દ્રવ્યસ્તવથી સ્વ-પર આત્મામાં નિહિત કરી-સ્થાપન કરી એમ વંદનની અપૂર્વ વ્યાખ્યા કરતાં **'આત્મખ્યાતિ' કર્તા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીના** દિવ્ય આત્માએ, **યોગીરાજ આનંદઘનજીની** જેમ, સર્વ મુમુક્ષુ આત્મબંધુઓને જાણે આહ્વાન કર્યું છે કે - આ અર્હંત-સિદ્ધ ભગવંતને તમે 'ધુરે' - સૌથી પ્રથમ એવો - સંભવ દેવ તે ધુર સેવો સવે રે. જગતના અન્ય કોઈ પણ પદાર્થ કરતાં અનંત અનંતગણા મહિમાવાન એવા આ પરમ આદર્શરૂપ પરમ 'અર્હત્' - સિદ્ધ ભગવંતોને પરમ પૂજાના પાત્ર, પરમ પૂજ્ય, પરમ આરાધ્ય, પરમ ઉપાસ્ય અને પરમ સેવ્ય ગણી, તેની પૂજામાં, તેની આરાધનામાં થાઓ ! એમ આ આચાર્યજીનો દિવ્ય આત્મધ્વનિ જાણે પોકારી રહ્યો છે.

'સંભવ દેવ તે ધુર સેવો સવે રે'

આમ સૌથી પ્રથમ સ્થાન જેને આપવા યોગ્ય છે, એવી ભગવદ્‌ભક્તિના અવલંબન પરથી પણ શુદ્ધ સ્વરૂપ ચિંતન પર ચઢવાનું છે કે, જેવું આ અર્હંત-સિદ્ધ ભગવંતનું સ્વરૂપ છે તેવું જ આ મ્હારા આત્માનું સ્વરૂપ છે. અને આમ શુદ્ધ નિશ્ચયથી તો સર્વ જીવ સિદ્ધ સમાન છે, પણ તે તો જે સમ્યક્ પ્રકારે સમજે તે થાય અને તેમ થવામાં નિમિત્ત કારણરૂપ સદ્‌ગુરુ આજ્ઞા, જિનદશા આદિ છે, પણ ઉપાદાનનું નામ લઈ જે આ અનુપમ નિમિત્તને છોડી દે છે, તે કદી સિદ્ધપણું પામતા નથી અને ભ્રાંતિમાં જ સ્થિતિ કરે છે. આ અંગે **પરમતત્ત્વ દૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીનું** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

ઉપાદાન અને નિમિત્ત

''સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુ આજ્ઞા જિન દશા, નિમિત્ત કારણમાં ય.
ઉપાદાનનું નામ લઈ, જે એ ત્યજે નિમિત્ત;
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત.'' - **શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૩૫-૧૩૬**

અર્થાત્ - ''સદ્‌ગુરુ આજ્ઞા આદિ તે આત્મ સાધનાનાં નિમિત્ત કારણ છે અને આત્માનાં જ્ઞાનદર્શનાદિ, ઉપાદાન કારણ છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે, તેથી ઉપાદાનનું નામ લઈ જે કોઈ તે નિમિત્તને તજશે તે સિદ્ધપણાને નહીં પામે અને ભ્રાંતિમાં વર્ત્યા કરશે. કેમકે સાચા નિમિત્તના નિષેધાર્થે તે ઉપાદાનની વ્યાખ્યા શાસ્ત્રમાં કહી નથી, પણ ઉપાદાન અજાગ્રત રાખવાથી તારૂં સાચા નિમિત્ત મળ્યા છતાં કામ નહીં થાય, માટે સાચા નિમિત્ત મળ્યે તે નિમિત્તને અવલંબીને ઉપાદાન સન્મુખ કરવું અને પુરુષાર્થ રહિત ન થવું, એવી શાસ્ત્રકારે કહેલી તે વ્યાખ્યાનો પરમાર્થ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર**

જેમ જેમ જિનવરના અવલંબને જીવ આગળ વધતો જઈ એકતાનતા સાધતો જાય છે, તેમ તેમ તે આત્માવલંબની થતો જાય છે અને પ્રભુના સ્વરૂપમાં ચિત્તવૃત્તિની તન્મયતારૂપ લય થતાં સંપૂર્ણ સ્વરૂપાવલંબની થાય છે. એટલે કે **શ્રીમદ્ રાજચંદ્રજી**ના મનનીય અમર શબ્દોમાં 'પ્રભુના સ્વરૂપ ધ્યાનાવલંબન વગર નિરાલંબનપણે વૃત્તિ આત્માકારતા ભજે છે.' આમ 'પુષ્ટ નિમિત્ત' રૂપ પ્રભુનું આલંબન ધ્યાન આત્માને સ્વરૂપારોહણ કરવાનો સુગમ ને શ્રેષ્ઠ ઉપાય છે, **રાજમાર્ગ છે. શ્રી પૂજ્યપાદસ્વામીજીએ** પ્રકાશ્યું છે તેમ - 'વાટ દીવાની ઉપાસના કરતાં પોતે દીવો બને છે, તેમ આત્મા પરમાત્માની ઉપાસના કરતાં સ્વયં પરમાત્મા થાય છે', ઉપાસ્યની ઉપાસનાથી ઉપાસક પોતે ઉપાસ્ય બને છે, 'નમો મુજ નમો મુજ' એવી **શ્રી આનંદઘનજીએ** તેમજ તેવા પ્રકારે **શ્રીમદ્ રાજચંદ્રજીએ** અનુભવ સિદ્ધપણે ગાએલી પરમ ધન્ય દશા પ્રાપ્ત થાય છે.

રાજમાર્ગ અને એકપદી

''જિન જિનવર અવલંબને, વધે સધે એકતાન હો મિત્ત;
તિમ તિમ આત્માલંબની, ગ્રહે સ્વરૂપ નિદાન હો મિત્ત.''
''પુષ્ટ નિમિત્તાલંબન ધ્યાને, સ્વાલંબન લય ઠાને;
દેવચંદ્ર ગુણને એકતાને, પહોંચે પૂરણ-થાને.'' - **શ્રી દેવચંદ્રજી**
"જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે... ષડ્‌દરિશન જિન." -શ્રી આનંદઘનજી

અથવા આત્મા પોતે આત્મમંથન કરી પરમ બને છે, – જેમ ઝાડ પોતાને મથીને પોતે અગ્નિ બને છે તેમ. પણ આ તો કોઈ સમર્થ યોગીવિશેષને યોગ્ય એવો **એકપદી રૂપ** માર્ગ છે અને તેમાં અતિશય અસાધારણ બળ વાપરવું પડે છે. મથી મથીને મરી જાય તોપણ પ્રગટ પરમાત્મ સ્વરૂપના

* ''भिन्नात्मानमुपास्यात्मा, परो भवति तादृशः ।
वृत्ति दीपं यथोपास्य, भिन्ना भवति तादृशी ॥'' - **શ્રી પૂજ્યપાદસ્વામી**

પ્રબળ અવલંબન વિના પોતાની મેળે પરમ પદની પ્રાપ્તિ દુર્ઘટ છે પણ તે પરમ પુરુષના અવલંબને તે સાવ સુઘટ-સુગમ થઈ પડે છે. જે સંસાર સમુદ્ર સમાન તરવો અતિ દુસ્તર છે, તે પ્રભુના અવલંબને ગોપદ સમાન લીલા માત્રમાં પાર ઉતરી જવાય એવો બની જાય છે ! એટલા માટે **શ્રી દેવચંદ્રજી** જેવા ભક્તશિરોમણિ ગાઈ ગયા છે કે - જિન આલંબની નિરાલંબનતા પામી નિજાલંબની થાય છે, તેથી અમે તો તે સમર્થ પ્રભુનું પ્રબળ અવલંબન ગ્રહી નિજ ગુણના શુદ્ધ નંદનવનમાં રમશું. તે એટલે સુધી કે નિજ સંપદા યુક્ત આત્મતત્ત્વ જ્યાં સુધી સંપૂર્ણ નહિ થાય ત્યાં સુધી હું આ જગગુરુદેવના ચરણ સદાય સેવ્યા કરીશ, યાવત્ બારમા ક્ષીણ મોહ ગુણસ્થાનના અંત પર્યંત તેનું અવલંબન હું છોડીશ નહિ.

ભક્તિમાર્ગનું પ્રાધાન્ય

''અતિ દુસ્તર જે જલધિ સમો સંસાર જો, તે ગોપદ સમ કીધો પ્રભુ અવલંબને રે લો;
જિન આલંબની નિરાલંબતા પામે જો, તિણે હમ રમશું નિજ ગુણ શુદ્ધ નંદનવને રે લો.
જગત દિવાકર શ્રી નમીશ્વર સ્વામ જો.''

''શુદ્ધ તત્ત્વ નિજ સંપદા, જ્યાં લગે પૂર્ણ ન થાય રે;
ત્યાં લગી જગગુરુદેવના, સેવું ચરણ સદાય. શ્રી ઋષભાનન વંદિએ.'' - **શ્રી દેવચંદ્રજી**

''કારણ જોગે હો કારજ નીપજે રે, એમાં કોઈ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધિયે રે, એ નિજ મત ઉન્માદ... સંભવદેવ. - **શ્રી આનંદઘનજી**

પરમ ઉપકારી જિન ભક્તિરૂપ **ઉત્તમ નિમિત્ત કારણનું** આટલું બધું ગુણ ગૌરવ બહુમાન જ્ઞાની મહાત્માઓ પરમાદરથી ગાઈ ગયા છે. ભક્તિને સર્વ શાસ્ત્રકારોએ એકી અવાજે વખાણી છે. ભક્તિ એ મુક્તિનો ભવ્ય રાજમાર્ગ છે. 'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે' એમ ભક્તશિરોમણિ મહાગીતાર્થ **આનંદઘનજી** સંગીત કરી ગયા છે : 'જિનપતિ ભક્તિ મુક્તિનો મારગ અનુપમ શિવસુખ કંદો રે' એમ ભક્તરાજ **દેવચંદ્રજી** કહે છે. 'જિનપેં ભાવ વિના કબૂ, નહિ છૂટત દુઃખ દાવ' એમ પરમ ભાવિતાત્મા પરમ આત્મદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીનું** અનુભવ 'અમૃત' વચન ભાખે છે. 'શાસ્ત્ર સમુદ્રનું અવગાહન કરતાં મને આ સાર મળ્યો કે ભગવદ્ની* ભક્તિ એ જ પરમાનંદ સંપદાઓનું બીજ છે' - એમ સર્વશાસ્ત્ર પારંગત શ્રી **યશોવિજયજી**નું સુભાષિત છે.

''નિમિત્ત હેતુ જિનરાજ, સમતા અમૃત ખાણી,
પ્રભુ અવલંબન સિદ્ધિ, નિયમા એહ વખાણી... પ્રણામો શ્રી અરનાથ.''

''પ્રભુ દરશન મહામેઘ તણે પરવેશમેં રે,
પરમાનંદ સુભિક્ષ થયા, અમ દેશમેં રે... શ્રી નમિ જિનવર સેવ.'' - **શ્રી દેવચંદ્રજી**

અને અત્રે પણ શાસ્ત્રકર્તા **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** શાસ્ત્રારંભે આદિમાં જ 'વંદિત્તુ સવ્વસિદ્ધે' - સર્વ સિદ્ધોને વંદન કરી, આ ભક્તિમાર્ગના પ્રાધાન્યનું જ ઉત્કીર્ત્તન કર્યું છે, અને **'આત્મખ્યાતિ' કર્તા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પણ આ સર્વ સિદ્ધ ભગવાનોને આત્માના **'પ્રતિચ્છંદ સ્થાનીય'** તરીકે બિરદાવી, આવા પ્રતિચ્છંદ સ્થાનીય-પરમ આદર્શ રૂપ સિદ્ધ ભગવાનોને આત્માના પરમ સાધ્ય, પરમ આરાધ્ય, પરમ ઉપાસ્ય, પરમ સેવ્ય, પરમ પૂજ્ય, પરમ પૂજાર્હ-પરમ અર્હત્ જાણી - 'પ્રથમત એવ ભાવદ્રવ્યસ્તવાભ્યાં સ્વાત્મનિ પરાત્મનિ ચ નિધાયં (નિખાય) - 'પ્રથમથી જ ભાવ

ભાવદ્રવ્ય સ્તવથી સિદ્ધ ભગવાનનું પરમ નિધાન જેથી સ્વાત્મામાં પરાત્મામાં સ્થાપન

---

* ''સારમેતન્મયા લબ્ધં શ્રુતાબ્ધેરવગાહનાત્ ।
ભક્તિર્ભાગવતી બીજં પરમાનંદસંપદામ્ ॥'' - શ્રી યશોવિજયજી કૃત દ્વાવિંશિકા દ્વાવિંશિકા

સ્તવ-દ્રવ્ય સ્તવથી સ્વ આત્મામાં અને પર આત્મામાં નિહિત કરી (પાઠાંતર-નિખાત કરી) એમ પરમ ગૌરવ બહુમાનથી વંદનની પરમ અદ્‌ભુત તત્ત્વસ્પર્શી વ્યાખ્યા કરતાં, અત્રે પરમ પ્રધાન ભક્તિમાર્ગનું જ સુપ્રતિષ્ઠાપન કર્યું છે. અર્થાત્ **ભાવસ્તવથી** એટલે અભેદ ભક્તિરૂપ આત્મભાવથી - તન્મય પરિણામ રૂપ શુદ્ધ ઉપયોગથી અને **દ્રવ્યસ્તવથી** એટલે ભેદભક્તિ રૂપ વંદનાદિથી - ઉપયોગ પ્રેરિત મન-વચન-કાયાના યોગથી આ સિદ્ધ ભગવાનોને પોતાના અને પરના આત્મામાં **'નિહિત'** કર્યા છે - **પરમ નિધાનની જેમ સ્થાપન કર્યા છે - પ્રતિષ્ઠાપન કર્યા છે,** 'નિ' - નિતાંતપણે અથવા ત્રણે કાળમાં ન ચળે એવા દૃઢ નિશ્ચયપણે ધારણ કર્યા છે, અથવા 'નિ' - નિતાંતપણે 'ખાત' - વજ્ર ખીલાની જેમ કદી પણ ઉખડે નહિ એમ સ્વ પરના આત્મામાં ખોડી દીધા છે - **'નિખાત'** કર્યા છે.

''વળગ્યા જે પ્રભુનામ ધામ તે ગુણ તણા, ધારો ચેતનરામ એહ સ્થિર વાસના;
દેવચંદ્ર જિનચંદ્ર હૃદય સ્થિર થાપજો, જિન આણા યુત ભક્તિ શક્તિ મુજ આપજો.
... વિહરમાન ભગવાન ! સુણો મુજ વિનતી.'' - **શ્રી દેવચંદ્રજી**

''જે પ્રભુપદ વળગ્યા તે તાજા, બીજા અંગ ન સાજા રે...
વાચક યશ કહે અવર ન ધ્યાવું, એ પ્રભુના ગુણ ગાઉં રે... શ્રી અરજિન.'' - **શ્રી યશોવિજયજી**

''જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે : પરમાવગાઢ દશા પામ્યા પહેલાં તે માર્ગે પડવાનાં ઘણા સ્થાનક છે. સંદેહ, વિકલ્પ, સ્વચ્છંદતા, અતિ પરિણામિપણું એ આદિ કારણો વારંવાર જીવને તે માર્ગે પડવાના હેતુઓ થાય છે, અથવા ઊર્ધ્વ ભૂમિકા પ્રાપ્ત થવા દેતાં નથી. ક્રિયામાર્ગે અસદ્ અભિમાન, વ્યવહાર આગ્રહ, સિદ્ધિ મોહ, પૂજા સત્કારાદિ યોગ અને દૈહિક ક્રિયામાં આત્મનિષ્ઠાદિ દોષનો સંભવ રહ્યો છે. કોઈક મહાત્માને બાદ કરતાં ઘણા વિચારવાન જીવોએ ભક્તિમાર્ગનો તે જ કારણોથી આશ્રય કર્યો છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૫૯૭, ૬૯૩**

એટલે જેને પૂજ્ય - પૂજવા યોગ્ય-સ્તવવા યોગ્ય એવો શુદ્ધ આત્મ સ્વભાવ પ્રગટ્યો છે, એવા જિન-સિદ્ધ ભગવાનની આ ભાવસ્તવ-દ્રવ્યસ્તવરૂપ પૂજના-સ્તવના આત્માર્થીઓએ અવશ્ય શુદ્ધ આત્માર્થે કરવા યોગ્ય છે. જો કે કૃતકૃત્ય એવા તે સહજાત્મસ્વરૂપ પ્રભુ બીજાએ કરેલી કે બીજા દ્રવ્ય વડે કરાયેલી પરકૃત પૂજા ઈચ્છતા નથી અને એ કરવા - ન કરવાથી તે પૂર્ણકામ પ્રભુને કાંઈ લાભ-હાનિ નથી, પણ એ પૂજા-ભક્તિ કરવાથી આત્મસાધકને પોતાનું આત્મસિદ્ધિ રૂપ કાર્ય સિદ્ધ કરવાનો 'દાવ' લાગે છે, પરમ આત્મલાભનો પ્રકાર બને છે, અને પરમાર્થથી તો **મહામુનિ દેવચંદ્રજીએ** કહ્યું છે તેમ - 'જિનવર પૂજા રે તે નિજ પૂજના' જ છે. જિન પદની સેવાના 'હેવા'એ જે હળી જાય છે, તે આત્મ અનુભવ ગુણથી તે પ્રભુ સાથે મળી જાય છે અને તે જ અભેદભક્તિ રૂપ ઉત્તમ ભાવ સેવાની - ભાવસ્તવની પરાકાષ્ઠા છે.

''પૂજના તો કીજે રે બારમા જિનતણી રે, જસુ પ્રગટ્યો પૂજ્ય સ્વભાવ;
પરકૃત પૂજા રે જે ઈચ્છે નહિ રે, સાધક કારજ દાવ... પૂજના.
દ્રવ્યથી પૂજા રે કારણ ભાવનું રે, ભાવ પ્રશસ્ત ને શુદ્ધ;
પરમ ઈષ્ટ વાલ્હા ત્રિભુવન ધણી રે, વાસુપૂજ્ય સ્વયંબુદ્ધ. પૂજના.
જિનવર પૂજા રે તે નિજ પૂજના રે, પ્રગટે અન્વય શક્તિ;
પરમાનંદ વિલાસી અનુભવે રે, દેવચંદ્ર પદ વ્યક્તિ... પૂજના.''
''શ્રી ચંદ્રપ્રભ જિનપદ સેવા, હેવાએ જે હળિયાજી;
આતમ અનુભવ ગુણથી મળિયા, તે ભવભયથી ટળિયાજી.'' - **શ્રી દેવચંદ્રજી**

આવા પ્રકારે જેનો પરસ્પર કાર્યકારણ સંબંધ છે, એવા આ ભાવસ્તવ-દ્રવ્યસ્તવરૂપ ભક્તિના

અવલંબને સિદ્ધપણે સાધ્ય આત્માને આત્મસિદ્ધિ પ્રાપ્ત થાય છે, એટલા માટે જ અત્રે ભગવાન શાસ્ત્રકર્તા-વ્યાખ્યાકર્તાએ ભાવસ્તવ-દ્રવ્યસ્તવથી આ સિદ્ધ ભગવાનોને પરમ ભક્તિથી પોતાના આત્મામાં અને શાસ્ત્ર-વ્યાખ્યાનો સ્વાધ્યાય કરનારા પરના આત્મામાં નિધાનની જેમ ધારણ કર્યા છે અને કરાવ્યા છે, દેહ પર્યાય નાશ પામે, પણ આત્મા નાશ ન પામે, મન-વચન-કાયાના યોગ થાકે, પણ આત્મભાવ ન થાકે, એટલે સદાસ્થાયી 'આત્મામાં' અને આત્મભાવમાં સ્થાપન કર્યા છે - કરાવ્યા છે, અર્થાત્ શુદ્ધ ચૈતન્ય પ્રતિમા સિદ્ધ ભગવાનનું જેમ સિદ્ધાલયમાં શાશ્વત સુપ્રતિષ્ઠિતપણું છે, શુદ્ધ ચૈતન્ય પ્રતિમા સિદ્ધ ભગવાનના પ્રતિબિંબ રૂપ ધાતુપ્રતિમાનું જેમ જિન મંદિરમાં સુપ્રતિષ્ઠિત પણું છે, તેમ આત્માના અંતરાત્મા રૂપ નિજ મંદિરમાં આ સિદ્ધ ભગવાનનું ત્રણે કાળમાં ન ચળે એવું સુપ્રતિષ્ઠિતપણું કર્યું છે અને આત્મામાં જે આ સુપ્રતિષ્ઠિતપણું કર્યું છે, તે પણ પરમ નિધાનની જેમ સુપ્રતિષ્ઠિતપણું કર્યું છે. કોઈ મહામૂલ્યવાન નિધાન-ખજાનો હોય તો તેની રક્ષા માટે કેવી તકેદારીથી રાત દિવસ કેવો જાગ્રત રહે ? તો પછી આ તો અચિંત્ય તત્ત્વચિંતામણિ સ્વરૂપ અનંત ગુણરત્નના પરમ નિધાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ શુદ્ધ આત્મા-સિદ્ધ ભગવાન તેને તો કેટલા પ્રયત્નાતિશયથી, કેટલા આદરાતિશયથી, કેટલા ભક્ત્યતિશયથી વજ્રકીલકની (વજ્રના ખીલાની) જેમ આત્મામાંથી એક ક્ષણ પણ ખસે નહિ એમ સુરક્ષિતપણે રાત દિવસ સતત ઉપયોગ જાગૃતિથી સ્થિર સ્થાપન કરી રાખવા જોઈએ, તે વગર કહ્યે સ્વયં સમજાય છે.

શાસ્ત્ર પ્રારંભે જ ભક્તિમાર્ગની મહા પ્રતિષ્ઠા : પરમ નિધાન જેમ સુપ્રતિષ્ઠિતપણું

'તિણે મુજ આતમા તુજ થકી નીપજે, માહરી સંપદા સકલ મુજ સંપજે;
તિણે મન મંદિરે ધર્મપ્રભુ ધ્યાઈએ, પરમ દેવચંદ્ર નિજ સિદ્ધિ સુખ પાઈએ.
... ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ, આપણો આતમા તેહવો ભાવીએ.'' - **શ્રી દેવચંદ્રજી**

''મેરે એ પ્રભુ ચાહીએ, નિત્ય દરિશન પાઉં;
ચરણ કમલ સેવા કરૂં, ચરણે ચિત્ત લાઉં... મેરે.
મન પંકજ કે મોલમેં, પ્રભુ પાસ બેઠાઉં;
નિપટ નજીક હો રહું, મેરે જીવ રમાવું... મેરે.
અન્તરજામી આગલે, અન્તરિક ગુણ ગાઉં,
આનન્દઘન પ્રભુ પાસજી, મેં તો ઔર ન ધ્યાઉં... મેરે.'' - **શ્રી આનંદઘનજી પદ, ૧૦૮**

''સાહેલાં હે કુંથુ જિનેશ્વર દેવ, રત્નદીપક અતિ દીપતો હો લાલ;
સા૦ હે આવે જો મુજ મનમાંહી, સકલ અરિબલ ઝીપતો હો લાલ.'' - **શ્રી યશોવિજયજી**

''સુખ ધામ અનંત સુસંત ચહી, દિનરાત રહે તદ ધ્યાન મહીં,
પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે, વર તે, જય તે !'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, અં-૯૫૪**

૨. સૂત્રગ્રથન

આવા પરમ નિધાન રૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ સિદ્ધ ભગવાનોની સ્વાત્મામાં અને પરાત્મામાં પરમ ભક્તિથી પ્રતિષ્ઠા કરવા રૂપ પરમ સુમંગલ કૃત્ય આચરી ભગવાન શાસ્ત્રકારે પ્રતિજ્ઞા કરી છે - 'વોચ્છામિ સમયપાહુડમિણમો સુયકેવલી ભણિયં' - 'આ અહો ! શ્રુતકેવલી ભાષિત સમય પ્રાભૃત હું કહીશ.' અર્થાત્ આની વ્યાખ્યા કરતાં **'આત્મખ્યાતિ'કારજી** વદે છે તેમ, આ સમય પ્રકાશક **'પ્રાભૃત'** નામના અર્હત્ પ્રવચન અવયવનું સ્વ-પરના અનાદિ મોહપ્રહાણાર્થે ભાવવાચાથી અને દ્રવ્યવાચાથી પરિભાષણ ઉપક્રમાય છે.' એટલે કે સ્વરૂપની મર્યાદામાં રહે તે સમય, આવા શુદ્ધ આત્મારૂપ સમયનો પ્રકાશ કરનારું આ સમય પ્રકાશક **'પ્રાભૃત'** નામનું અર્હત્ પ્રવચનનું-જિન પ્રવચનનું અવયવ-અંગ છે, તેનું વ્યાખ્યાન શરૂ કરવામાં આવે છે. આ સમય પ્રકાશક શાસ્ત્ર-સમયસાર **'પ્રાભૃત'** નામથી ઓળખાતું એવું પરમ આપ્ત-પરમ પ્રમાણભૂત જિન પ્રવચનનું અંગ છે. કારણકે ચૌદ પૂર્વ મધ્યે છઠ્ઠું **'જ્ઞાનપ્રવાદ'** પૂર્વ, તેના 'વસ્તુ' નામે બાર અધિકાર છે, અને તે પ્રત્યેકમાં 'પ્રાભૃત' નામે વીસ વીસ આંતર અધિકાર છે. તેમાં દસમી વસ્તુ 'સમય' નામે પ્રાભૃત છે. 'પ્રાભૃત' એટલે સાર અથવા ભેટ. અર્થાત્ પરમ તત્ત્વદૃષ્ટા જ્ઞાનીઓએ અનન્ય તત્ત્વમંથન કરી નિષ્કારણ કરુણાથી જગત્ને જે સારભૂત ઉત્તમ તત્ત્વજ્ઞાનની વિશિષ્ટ વિશિષ્ટ ભેટ આપી છે, તે પ્રાભૃત, અથવા જેમાં અમુક વિશિષ્ટ તત્ત્વવિષયની વાત 'પ્ર' - પ્રકૃષ્ટપણે 'આ' - વસ્તુ મર્યાદાપણે પ્રપૂર્ણ પણે 'ભૃત' - સંભૃત-સારી પેઠે સમ્યક્પણે ભરેલી છે, તે પ્રાભૃત; આમ આ પ્રાભૃત પરમ આપ્ત-પરમ પ્રમાણભૂત **જિન પ્રવચનનું અંગ** હોઈ સ્વતઃ પરમ પ્રમાણભૂત છે જ, એટલું જ નહિ પણ - (૧) 'અનાદિ નિધન શ્રુતથી પ્રકાશિતપણાએ કરીને, (૨) સકલ અર્થસાર્થના સાક્ષાત્કારી કેવલીથી પ્રણીતપણાએ કરીને, (૩) અને સ્વયં અનુભવંતા શ્રુતકેવલીઓથી કથિતપણાએ કરીને પ્રમાણતાને પામેલ છે. અર્થાત્ (૧) શ્રુતેન, (૨) કેવલીભિશ્ચ ભણિતં અથવા (૩) શ્રુતકેવલિભિઃ ભણિતં ચ એમ સમાસ છેદથી પ્રજ્ઞાનિધિ અમૃતચંદ્રાચાર્યજીએ પ્રસિદ્ધ કર્યું છે તેમ, શ્રુતકેવલિભણિતં' પદના અદ્ભુત અર્થ ચમત્કૃતપૂર્ણ ત્રણ અર્થ નીકળે છે. તે આ પ્રકારે -

(૧) અનાદિ નિધનશ્રુત પ્રકાશિતત્વેન - જેની આદિ નથી અને નિધન-અંત નથી. એવા અનાદિ નિધન-અનાદિ અનંત શાશ્વત શ્રુતથી પ્રકાશવામાં આવેલું છે, તેથી કરીને એ પ્રમાણ છે. અનંતા તીર્થંકરાદિ પરમ જ્ઞાનીઓ થઈ ગયા, તેઓએ આ શ્રુત પ્રકાશેલું છે. ભલે શબ્દથી તે ને તે શ્રુત ન હોય અથવા તેના આદિ ને અંત હોય, પણ અર્થથી-આશયથી-ભાવથી તો તેવા જ ભાવનું શ્રુત અનંતા જ્ઞાનીઓ અનંત પરંપરાથી પ્રકાશતા રહેતા હોવાથી આ ભાવશ્રુત અનાદિનિધન છે. અર્થાત્ ભૂતકાળમાં પરમ જ્ઞાનીઓએ આવું જ શ્રુત પ્રકાશ્યું છે, વર્તમાનમાં પણ આવું જ શ્રુત પ્રકાશે છે અને ભવિષ્યમાં પણ તેવું જ શ્રુત પ્રકાશશે. કારણકે ત્રણે કાળમાં અનંતા જ્ઞાનીઓના માર્ગમાં કોઈ ભેદ છે જ નહિ, અનંતા જ્ઞાનીઓ પણ એમ જ કહી ગયા છે કે, અનંતા જ્ઞાનીઓ જે કહી ગયા છે, તેજ અમે કહીએ છીએ. આમ અનંતા જ્ઞાનીઓની જ્યાં શ્રુત-સૂત્રની એક વાક્યતા રૂપ સાક્ષી છે. એવા આ શ્રુતની પરમ પ્રમાણતાને* માટે પૂછવું જ શું ? (૨) 'નિખિલાર્થસાર્થ સાક્ષાત્કારિકેવલીપ્રણીતત્વેન' - વળી સર્વ અર્થસાર્થને-સમસ્ત પદાર્થ સમૂહને સાક્ષાત્ કરનારા, દિવ્ય કેવલજ્ઞાન-ચક્ષુથી પ્રગટ દેખનારા એવા સર્વજ્ઞ કેવલીથી આ પ્રણીત કરવામાં આવેલું છે, તેથી કરીને પણ આ પ્રમાણ છે. (૩) તેમજ -'શ્રુતકેવલીભિ સ્વયમનુભવદ્ભિરભિહિતત્વેન' - સ્વયં પોતે અનુભવ કરતાં આત્માનુભવી શ્રુત કેવલીઓથી કહેવામાં આવેલું છે, તેથી કરીને પણ આ પ્રમાણ છે.

જિન પ્રવચન અંગ સમય 'પ્રાભૃત'

આ સમય પ્રાભૃતનું પ્રમાણપણું શાથી ?

---

* ''सर्वविद्वीतरागोक्तो धर्मः सूनृततां व्रजेत् ।
प्रामाण्यतो यतो पुंसो वाचः प्रामाण्यमिष्यते ॥'' - પદ્મનંદિ પંચવિંશતિકા, એકત્વસપ્તતિ, ૧૦

''આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાલ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ હોય.''

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર સૂત્ર-૧૩૪

''તે માટે ઉભા કર જોડી, જિનવર આગળ કહિયે રે;
સમય ચરણ સેવા શુદ્ધ દેજો, જિમ આનંદઘન લહિયે રે... ષટ્ દરિશન.'' **- શ્રી આનંદઘનજી**

આમ સર્વ પ્રકારે પરમ પ્રમાણ્યપણાને પામેલ આ **'સમય પ્રાભૃત'**નું અત્રે 'પરિભાષણ' કરવામાં આવે છે, 'परिभाषणमुपक्रम्यते.' અર્થાત્ પરિભાષણ એટલે સૂત્રને 'પરિ' - પરિગત એવું અથવા સૂત્રનું 'પરિ' - સર્વથા સર્વ પ્રકારે 'ભાષણ' - વ્યાખ્યાન કરવામાં આવે છે, સૂત્રને પરિગત પરિવૃત્તિ જ કરવામાં આવે છે.


'પરિભાષણ ઉપક્રમ'

વૃત્તિ (વાડ) જેમ ક્યારાને ચોપાસ વીંટીને વર્તે અને તેને સુરક્ષિત રાખે, તેમ આ પરિવૃત્તિ સૂત્રરૂપ ક્યારાને પરિ-ચોપાસ વીંટીને જ વર્તે છે (વૃત્તિ) તેનું પરમાર્થ નિશ્ચયન રૂપ યથાર્થ અર્થ સંરક્ષણ કરે છે, અર્થાત્ સૂત્રની મર્યાદાથી જરા પણ બ્હાર નહિ પણ સૂત્રની મર્યાદાની પૂરેપૂરી અંદર જ વર્તવા રૂપ પરિવૃત્તિ રૂપ આ 'પરિભાષણ' છે અને આ ઉપરથી આવા **પરમર્ષિ કુંદકુંદાચાર્યજી જેવા** ઉત્કૃષ્ટ જ્ઞાની આચાર્યજીએ પણ સ્વચ્છંદ પરિહારનું અને અહંત્વ-મમત્વ વિલોપનનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.

આ પરમ સમર્થ આચાર્યજીએ આ **સમય પ્રાભૃતનું** અત્ર પરિભાષણ કર્યું છે, પરિભાષણ એટલે પ્રસ્તુત અધિકારનું યથાસ્થાને સૂચન કરવા રૂપ પરિભાષા કરી છે. મૂલ સૂત્રોનું જ્ઞાન તો પૂર્વાચાર્યોને હતું અને તેના અર્થનું જ્ઞાન ગુરુ પરંપરા દ્વારા **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીને** પ્રાપ્ત થયું હતું, એટલે એઓશ્રીએ આ સમય પ્રાભૃતનું પરિભાષા સૂત્ર ગૂંથ્યું છે, તે તે પ્રાભૃતના અર્થને જ સૂચિત-સૂત્રિત કરે છે અને આ **સમય પ્રાભૃત** પરિભાષા સૂત્રનું પરમાર્થ વ્યંજન-પરમાર્થ પ્રકાશન કરવા માટે આચાર્યવર્ય **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ 'આત્મખ્યાતિ'** ટીકા નામક અપૂર્વ 'પરિભાષણ' - પરિવૃત્તિરૂપ વ્યાખ્યાન અદ્ભુત સૂત્રબદ્ધ પરમાર્થઘન એક જ સળંગ વાક્યમાં વ્યાખ્યાન કરવાની એકસૂત્રાત્મક શૈલીથી સંક્ષિપ્ત છતાં મહાગ્રંથાર્થ ગંભીર ભાવથી કર્યું છે, અને આ પરમ સમર્થ અનન્ય અદ્વિતીય **'આત્મખ્યાતિ' મહાટીકા** વડે સુશોભિત સમલંકૃત કરી આ પ્રાભૃતને **મહાપ્રાભૃત** બનાવી દઈ આ ગ્રંથનું અને ગ્રંથકર્તા **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીનું** અનંત ગુણવિશિષ્ટ ગુણ ગૌરવ બહુમાન વધારી સ્વયં 'સવાઈ ગ્રંથકાર' નામને યોગ્ય એવી અનુપમ **'આત્મખ્યાતિ'** પ્રાપ્ત કરી છે.

આ પરિભાષણ કેવી રીતે કરવામાં આવે છે ? ભાવવાચાથી અને દ્રવ્યવાચાથી - 'भाववाचा द्रव्यवाचा च'' અંતર ભાષારૂપ **ભાવવાચાથી** અને બહિરૂભાષા રૂપ **દ્રવ્યવાચાથી;** અર્થાત્ આત્મામાં ઊઠતા શ્રુત વિકલ્પરૂપ-શ્રુત જ્ઞાનોપયોગ રૂપ - જ્ઞાન વિચાર રૂપ-આત્મભાવ રૂપ ઉપયોગમય ભાવ ભાષાથી-આત્મભાષાથી અને તે ઉપયોગ પ્રેરિત પુદ્ગલ વાગ્યોગમય શબ્દ બ્રહ્મરૂપ - દ્રવ્યશ્રુત રૂપ - વચનયોગ રૂપ દ્રવ્ય ભાષાથી - પુદ્ગલ ભાષાથી આ પરિભાષણ કરવામાં આવે છે અને તે પણ શું અર્થે કરવામાં આવે છે ? 'स्वपरयोरनादिमोहप्रहाणाय' - સ્વ પરના અનાદિ મોહપ્રહાણાર્થે - પોતાના અને પરના અનાદિ અવિદ્યા રૂપ મોહના પ્રકૃષ્ટ-આત્યંતિક સર્વથા હાન-નાશ-ક્ષય અર્થ કરવામાં આવે છે. શુદ્ધ આત્મોપયોગમય કેવલ જ્ઞાનમય **ભાવભાષાથી** સ્વના - પોતાના આત્માના અનાદિ મોહનું પ્રહાણ થાય એટલા માટે અને પુદ્ગલરૂપ વચનમય **દ્રવ્યભાષાથી** પરને પણ શુદ્ધ આત્મોપયોગ રૂપ કેવલજ્ઞાનમય ભાવભાષાનું ઉત્તમ નિમિત્ત થઈ પરના - અન્ય આત્માઓના પણ અનાદિ મોહનું પ્રહાણ થાય એટલા માટે, અનુક્રમે (યથાસંખ્યં) આત્મબ્રહ્મમય **ભાવવાચાથી** અને શબ્દ બ્રહ્મમય **દ્રવ્યવાચાથી** આ પરિભાષણ કરવામાં આવે છે

ભાવવાચાથી અને દ્રવ્યભાષાથી પરિભાષણ



અર્થાત્ - આ બન્ને મહા આત્મજ્ઞાની વીતરાગ પરમર્ષિઓ - કે જેઓનું 'સત્તમ-ઉત્તમ' આદિ તમાંત પ્રત્યયોથી (Superlativers) જ યત્ કિંચિત્ વર્ણન શક્ય છે - તેઓનો આ પરિભાષણ કરવાનો ઉપક્રમ ખ્યાતિ, માન, પૂજા, કીર્તિ આદિ તુચ્છ હાલાહલ વિષ જેવા પ્રયોજન હેતુએ નથી, પણ પોતાના આત્મામાં અને આ શાસ્ત્ર તથા તેની આ વ્યાખ્યાનો સ્વાધ્યાય કરનારા બીજાના આત્મામાં રહેલો અનાદિ મોહ - દર્શનમોહ અને ચારિત્રમોહ આથી સર્વથા નાશ પામે તે જ એક શુદ્ધ આત્માર્થ-પરમાર્થ હેતુએ છે, કારણકે મોહ જ આ સંસારમાં સંસરાવનાર-રખડાવનાર છે, એટલે તેનો સર્વથા સંક્ષય-પ્રલય થઈ એક શુદ્ધ આત્માર્થરૂપ પરમ 'અમૃત' ફળ મળે અને સિદ્ધ ભગવાન જેવી શુદ્ધ આત્મસિદ્ધિ સિદ્ધ થાય એ જ એક અત્રે ઈષ્ટ પ્રયોજન છે.

સ્વ-પરના અનાદિ મોહ પ્રશાંતિઅર્થે

''ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતરમુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૯૫૪**

આમ પરમ શ્રમણ ભગવાન્ મહાવીરના શુદ્ધાત્મ સિદ્ધિરૂપ પરમ મોક્ષમાર્ગના અનુસરનારા પરમ મુમુક્ષુ પરમ શ્રમણ **પરમર્ષિ કુંદકુંદાચાર્યજી** - જેઓ **'પંચાસ્તિકાય'** શાસ્ત્રની રચના પછી **'પ્રવચનસાર'** શાસ્ત્રના પ્રારંભે વીતરાગ ચારિત્રરૂપ સામ્યની-શુદ્ધોપયોગ રૂપ યથાર્થ શ્રામણ્યની મહાપ્રતિજ્ઞા કરી શુદ્ધોપયોગની દશામાં અત્યંત સ્થિર થયા હતા, અને જેઓએ તે જ **'પ્રવચનસાર'**ના ત્રીજા ચારિત્ર અધિકારમાં 'वयं तिष्ठामः' ઈ. અમર શબ્દોમાં અન્ય મુમુક્ષુઓને પણ તેમ કરવા પ્રેર્યા હતા - તેઓશ્રીએ એ શુદ્ધોપયોગમય આત્મદશાની આત્યંતિક સ્થિરતા અર્થે, અને તથારૂપ શુદ્ધોપયોગની દશાને પામેલા અન્ય ઉચ્ચ અધિકારી શ્રમણોને - મહા મુમુક્ષુ મુનિવરોને વા અન્ય તથારૂપ યોગ્યતાસંપન્ન આત્માર્થીઓને તે શુદ્ધોપયોગમય અનુભવાત્મક આત્મદશામાં વિશેષે સ્થિરતા અર્થે, અનુપમ શુક્લધ્યાનની દશાનો સ્વાનુભવસિદ્ધ જીવન્મુક્ત દશાનો અનુભવ કરાવવાને પરમ સમર્થ આ **અલૌકિક સમયસાર** શાસ્ત્રની રચના કરી છે, અને તેના પર તેવી જ શુદ્ધોપયોગમય વીતરાગ ચારિત્ર દશાને પામેલા તેવા જ પરમ મુમુક્ષુ પરમ શ્રમણ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી**એ સ્વ-પરના આત્માર્થે, આ શુદ્ધ - શુક્લ આત્મધ્યાનના દિવ્યાનંદમાં નિમજ્જન કરાવી જીવન્મુક્ત દશાનો સાક્ષાત્ અનુભવ કરાવવા પરમ સમર્થ **'આત્મખ્યાતિ'** પરમ અદ્‌ભુત પરમાર્થગંભીર **અલૌકિક ટીકા** રચી છે. અને આ **ભગવતી 'આત્મખ્યાતિ'**ની વિખ્યાતિ અર્થે તે **'અમૃત' ભગવાનના દાસ** આ મહા ભાષ્યકાર વિવેચકે (**ભગવાનદાસે**) તેની પર **'અમૃત જ્યોતિ' મહાભાષ્ય** નામનું વિસ્તૃત વિવેચન રચવાનો યથાશક્તિ ઉપક્રમ કર્યો છે, તે આ મંદમતિ ભાષ્યકાર વિવેચકને અને સુજ્ઞ વિવેકી વાચકને શુદ્ધ આત્માર્થના ઉત્કર્ષ અર્થે થાઓ એ જ અભ્યર્થના !

પરમ શુદ્ધોપયોગી પરમ શ્રમણો કુંદકુંદાચાર્યજી અને અમૃતચંદ્રાચાર્યજી

तेमां प्रथम समय ज कहेवामां आवे छे -

जीवो चरित्तदंसणणाणट्ठिउ तं हि ससमयं जाण ।
पुग्गलकम्मपदेसट्ठियं च तं जाण परसमयं ॥२॥

चरित्र-दर्शन-ज्ञान स्थितो रे, जीव ते स्वसमय जाण !
पुद्गल कर्म प्रदेश स्थितो रे, ते परसमय ज जाण !... रे आत्मन् ! वंदो समयसार

गाथार्थ : चरित्र-दर्शन-ज्ञान स्थित जीव तेज स्वसमय जाण !
अने पुद्गल कर्मप्रदेश स्थित ते (जीव) परसमय जाण ! २.

आत्मख्याति टीका

तत्र तावत् समय एवाभिधीयते -

जीवः चरित्रदर्शनज्ञानस्थितः तं हि स्वसमयं जानीहि ।
पुद्गलकर्मप्रदेशस्थितं च तं जानीहि परसमयं ॥२॥

योयं -

नित्यमेव परिणामात्मनि स्वभावे अवतिष्ठमानत्वात्

उत्पादव्ययध्रौव्यैक्यानुभूतिलक्षणया सत्तयानुस्यूत -

श्चैतन्यस्वरूपत्वत्रित्योदितविशददृशिज्ञप्तिज्योति -

रनंतधर्माधिरूढैकधर्मित्वादुद्योतमानद्रव्यत्वः

क्रमाक्रमप्रवृत्तिविचित्रभावस्वभावत्वादुत्संगितगुणपर्यायः

स्वपराकारावभासनसमर्थत्वादुपात्तवैश्वरूप्यैकरूपः

प्रतिविशिष्टावगाहगतिस्थितिवर्त्तनानिमित्तरूपित्वाभावादसाधारण

चिद्रूपतासद्भावाच्चाकाशधर्माधर्मकालपुद्गलेभ्यो भिन्नोऽत्यंतमनंतद्रव्यसंकरेपि स्वरूपाद-

प्रच्यवनात् टंकोत्कीर्णचित्स्वभावो जीवो नाम पदार्थ स समयः

समयत एकत्वेन युगपज्जानाति गच्छति चेति निरुक्तेः ।

---

* **आत्मभावना**

तत्र - त्यां, तेमां એટલે કે આ समय प्राभृतमां, तावत् - प्रथम, समय एवाभिधीयते - समय ज कहेवामां आवे छे - जीवः - જીવ, चरित्रदर्शनज्ञानस्थित - चरित्र-दर्शन-ज्ञान स्थित, तं हि - तेने ज निश्चये करीने स्व समयं जानीहि - स्व समय जाण ! पुद्गलकर्मप्रदेशस्थितं च तं - अने पुद्गल कर्म प्रदेश स्थित तेने जानीहि परसमयं - पर समय जाण ! ॥ इति गाथा आत्मभावना ॥

योयं - જે 'આ' प्रत्यक्ष अनुभवाई रहेलो जीवो नाम पदार्थ - 'જીવ' नामनो 'पदार्थ' - पद अर्थ - स्थिर स्थितिરૂપ अर्थ, सः समयः - ते समय छे. शा परथी ? समयत एकत्वेन युगपज्जानाति गच्छति चेति निरुक्तेः - सम्+अयते - 'सं' - એકપણે 'युगपत्' - એકી साथे 'अयते' - જાણે छे अने જાय छे. એवी 'निरुक्ति' - व्युत्पत्ति परथी. केवो छे आ 'जीव' नामनो पदार्थ ?

(१) सत्तयानुस्यूतः - सत्ताथी अनुस्यूत. 'सत्ता'थी - अस्तित्वथी 'अनुस्यूत' - 'अनु' - अनुवर्तिपणे - अनुगत पणे 'स्यूत' - सोयमां दोराની જેમ परोवायेलो छे. केवी छे आ सत्ता ? उत्पादव्ययध्रौव्यैक्यानुभूति लक्षणया - उत्पाद-व्यय-ध्रौव्य-ध्रुवताना ऐक्यनी - એકપણાની अनुभूति लक्षणा એवी - એवी त्रिलक्षणा सत्ता शाने लीधे छे ?

अयं खलु यदा
सकलभावस्वभावभासनसमर्थविद्या-
समुत्पादकविवेकज्योतिरूद्गमनात्
समस्तपरद्रव्यात् प्रच्युत्य
दृशिज्ञप्तिस्वभावनियतवृत्तिरूपा
त्मतत्त्वैकत्वगतत्वेन वर्तते
तदा
दर्शनज्ञानचारित्रस्थितत्वात्
स्वमेकत्वेन युगपजानन् गच्छंश्च
स्वसमय इति ।

यदा त्व -
नाद्यविद्याकंदलीमूलकंदायमान -
मोहानुवृतितंत्रतया
दृशिज्ञप्तिस्वभावनियतवृत्तिरूपादात्मतत्त्वाच्च्युत्य
परद्रव्यप्रत्यय -
मोहरागद्वेषादिभावैकत्वगतत्वेन वर्त्तते
तदा
पुद्गलकर्मप्रदेशस्थितत्वात्
परमेकत्वेन युगपज्जानन् गच्छंश्च
परसमय इति प्रतीयते ।

एवं किल समयस्य द्वैविध्यमुद्भावति ॥२॥

नित्यमेव परिणामात्मनि स्वभावे अवतिष्ठमानत्वात् - નિત્યે જ પરિણામાત્મક સ્વભાવમાં અવતિષ્ઠમાનપણાને લીધે અવસ્થિત હોઈ રહ્યાપણાને લીધે, નિત્યે જ - સદાય પરિણામ પામ્યા કરે એવા પરિણામાત્મક સ્વભાવમાં 'અવસ્થિતપણું' - 'અવ' - જેમ છે તેમ વસ્તુ મર્યાદાપણે 'સ્થિતપણું' - સ્થિતિ કરવાપણું છે તેને લીધે.

(૨) નિત્યોદિતવિશદ દૃશિજ્ઞપ્તિજ્યોતિ 'નિત્યોદિત' - સદોદિત 'વિશદ' - નિર્મલ-સ્પષ્ટ 'દૃશિ-જ્ઞપ્તિ' - દેખવા જાણવા રૂપ જ્યોતિ એવો - એવો જ્ઞાને લીધે ? ચૈતન્યસ્વરૂપત્વાત્ - ચૈતન્યસ્વરૂપ પણાને લીધે (૩) उद्योतमानद्रव्यत्वः - ઉદ્યોતમાન-પ્રકાશમાન્ છે દ્રવ્યત્વ-દ્રવ્યપણું જેનું એવો. એવો જ્ઞાને લીધે ? अनंतधर्माधिरूढएकधर्मित्वात् - અનંત ધર્મમાં અધિરૂઢ એક ધર્મિપણાને લીધે.

(૪) उत्संगित गुणपर्यायः - ઉત્સંગિત ગુણ પર્યાયવાળો, 'ઉત્સંગિત' - ઉત્સંગમાં - ખોળામાં બેસાડેલ છે. ગુણ-પર્યાય જેણે એવો, એવો જ્ઞાને લીધે ? क्रमाक्रम प्रवृत्ति विचित्रभावस्वभावत्वात् - ક્રમ-અક્રમ પ્રવૃત્તિવાળા (પાઠાંતર : પ્રવૃત્તિ) વિચિત્ર ભાવ સ્વભાવપણાને લીધે, ક્રમથી - અનુક્રમે અને અક્રમથી - એકી સાથે યુગપત્ પ્રવૃત્તિ છે, જેની એવા વિચિત્ર-નાના પ્રકારના ભાવરૂપ સ્વભાવપણાને લીધે.

(૫) उपात्त वैश्वरूप्यैकरूपः - વૈશ્વરૂપ્ય ઉપાત્ત કરેલો એવો એકરૂપ, 'વૈશ્વરૂપ્ય' - વિશ્વરૂપપણું ઉપાત્ત-ઉપગૃહીત (Subsidiarily attained) કર્યું છે, જેણે એવો એકરૂપ. એવો જ્ઞાને લીધે ? स्वपराकारावभासनसमर्थत्वात् - સ્વ-પર આકારના અવભાસનના - જેમ છે તેમ પ્રકાશનના સમર્થપણાને લીધે.

(૬) आकाशधर्माधर्मकालपुद्गलेभ्यो भिन्नोऽत्यंतं - આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્ગલથી અત્યંત સર્વથા ભિન્ન એવો. એવો જ્ઞાને લીધે ? प्रतिविशिष्टावगाहगतिस्थितिवर्तनानिमित्तरूपित्वाभावाद् असाधारणचिद्रूपतासद्भावाच्च - પ્રતિવિશિષ્ટ અવગાહ-ગતિ-સ્થિતિ વર્તના નિમિત્તપણાના અને રૂપિપણાના અભાવને લીધે અને અસાધારણ એવા ચિદ્રૂપતા સ્વભાવના સદ્ભાવને લીધે. (અ) 'प्रतिविशिष्ट' - પ્રત્યેકના વિશિષ્ટ - ખાસખાસ એવા અવકાશ રૂપ અવગાહના નિમિત્તપણાનો, ગમન કરવા રૂપ ગતિના નિમિત્તપણાનો, સ્થિર રહેવારૂપ સ્થિતિના નિમિત્તપણાનો, પરિવર્તન પામવા રૂપ વર્તનાના નિમિત્તપણાનો અને મૂર્તપણા રૂપ રૂપિપણાનો અભાવ છે તેને લીધે, (બ) અને અન્ય દ્રવ્યને સાધારણ-સામાન્ય નહિ એવા અસાધારણ-અસામાન્ય ચિદ્રૂપતા સ્વભાવનો સદ્ભાવ-હોવાપણું છે તેને લીધે, આ જીવ પદાર્થ અનુક્રમે આકાશથી, ધર્મથી, અધર્મથી, કાળથી અને પુદ્ગલથી અત્યંત-સર્વથા ભિન્ન-જૂદો-પૃથક્ છે અને આવો હોઈ, 'ટંક'-ટાંકણાથી 'ઉત્કીર્ણ' - કોતરી કાઢેલ અક્ષર જેવો જેમ છે તેમ અક્ષર અવસ્થિત ચિત્ સ્વભાવવાળો છે અને એવો પણ જ્ઞાને લીધે ? अत्यंतमनंतद्रव्यसंकरेऽपि स्वरूपादप्रच्यवनात् - અત્યંતપણે અનંત દ્રવ્યના 'સંકરમાં' - સેળભેળ રૂપ શંભુ મેળામાં - સંમિશ્રણમાં પણ સ્વરૂપથી અપ્રચ્યવનને લીધે - અભ્રષ્ટપણાને લીધે.

આવો સદ્, ચિત્, દ્રવ્ય, ગુણ પર્યાયવંત, સ્વ-પર પ્રકાશક, સર્વ અન્ય દ્રવ્યથી અત્યંત ભિન્ન, ટંકોત્કીર્ણ ચિત્સ્વભાવી 'જીવ' નામનો પદાર્થ જે વ્યુત્પત્તિથી 'સમય' કહેવાય છે, તે 'સ્વ સમય' અને 'પર સમય' એમ બે વિભાગમાં વિભક્ત થાય છે. તે આ પ્રકારે–

अयं खलु - 'આ' - જીવ નિશ્ચયે કરીને, स्वमेकत्वेन युगपज्जानन् गच्छंश्च स्वसमयः इति - 'સ્વને' - પોતાને - આત્માને

આત્મખ્યાતિ ટીકાર્થ

જે આ -

(૧) નિત્યમેવ પરિણામાત્મક સ્વભાવમાં અવતિષ્ઠમાનપણાને લીધે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની ઐક્ય અનુભૂતિ લક્ષણવાળી સત્તાથી અનુસ્યૂત (પરોવાયેલો),

(૨) ચૈતન્ય સ્વરૂપપણાને લીધે નિત્યોદિત વિશદ દેશિ-જ્ઞપ્તિ (દેખવા-જાણવા રૂપ) જ્યોતિ,

(૩) અનંત ધર્મમાં અધિરૂઢ એકધર્મીપણાને લીધે ઉદ્યોતમાન દ્રવ્યત્વવાળો,

(૪) ક્રમ-અક્રમ પ્રવૃત્તિવાળા (પ્રવૃત્ત) વિચિત્ર ભાવ-સ્વભાવપણાને લીધે ગુણ-પર્યાય ઉત્સંગિત કર્યા છે. (ઉત્સંગમાં-ખોળામાં બેસાડેલ છે) એવો,

(૫) સ્વ-પર આકારના અવભાસનમાં સમર્થપણાને લીધે વૈશ્વરૂપ્ય (વિશ્વરૂપ પણું) ઉપાત્ત (ઉપગૃહીત) કરેલ છે એવો,

(૬) પ્રતિવિશિષ્ટ એવા અવગાહ-ગતિ-સ્થિતિ-વર્તનાના નિમિત્તપણાના અને રૂપિપણાના અભાવને લીધે અને અસાધારણ એવા ચિદ્રૂપતા સ્વભાવના સદ્‌ભાવને (હોવાપણાને) લીધે, આકાશ-ધર્મ-અધર્મ-કાળ અને પુદ્‌ગલથી અત્યંત ભિન્ન,

(૭) અત્યંતપણે અનંત દ્રવ્યના સંકરમાં (સંમિશ્રપણામાં) પણ સ્વરૂપથી અપ્રચ્યવનને લીધે ટંકોત્કીર્ણ ચિત્સ્વભાવવાળો, એવો **'જીવ'** નામનો પદાર્થ તે **'સમય'** છે,

સમયતે એકત્વેન યુગપજ્જાનાતિ ગચ્છતિ ચેતિ નિરુક્તેઃ - એકપણે યુગપત (એકીસાથે) જાણે છે અને જાય છે, એવી નિરુક્તિ પરથી.

એકપણાથી 'યુગપત્' - એકી સાથે જાણતો અને જતો તે સ્વ સમય. શાને લીધે ? દર્શનજ્ઞાન ચારિત્રસ્થિતત્વાત્ - દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતપણાને લીધે. એમ ક્યારે ? યદા દૃશિજ્ઞપ્તિ સ્વભાવનિયતવૃત્તિરૂપાત્મનતત્ત્વૈકગતત્વેન વર્તતે તદા - જ્યારે દેખવા-જાણવા રૂપ 'દેશિ-જ્ઞપ્તિ' સ્વભાવમાં 'નિયત' - નિયમિત-નિશ્ચિત વૃત્તિરૂપ-વર્તવા રૂપ આત્મતત્વ સાથે એકત્વગત પણે - એકપણા પ્રાપ્તપણે વર્તે છે ત્યારે. એમ શું કરીને વર્તે છે ? સમસ્ત પરદ્રવ્યાત્પ્રચ્યુત્ય - સમસ્ત પરદ્રવ્યથી પ્રચ્યુત-પ્રભ્રષ્ટ થઈને. એમ પણ શાથી થાય ? વિવેક જ્યોતિરુદ્‌ગમનાત્ - વિવેક જ્યોતિના 'ઉદ્‌ગમનથી' - ઉદયનથી - ઉદય થવાથી. કેવી છે આ વિવેક જ્યોતિ ? સકલ ભાવ સ્વભાવ ભાસનસમર્થ વિદ્યાસમુત્પાદક - સકલ ભાવના સ્વભાવના ભાસનમાં સમર્થ એવી વિદ્યાની સમુત્પાદક. આમ વિદ્યાસમુત્પાદક વિવેક જ્યોતિના ઉદય થવા થકી પરથી પ્રચ્યુત થઈ, આ જીવ જ્યારે આત્મતત્વ સાથે એકત્વ-ગતપણે વર્તે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતપણાને લીધે સ્વને એકપણે જાણતો અને જતો તે 'સ્વ સમય' એમ પ્રતીત થાય છે.

પણ - પરમેકત્વેન યુગપજ્જાનન્ ગચ્છંશ્ચ પરસમય ઇતિ પ્રતીયતે - પરને એકત્વથી યુગપત્ - એકી સાથે જાણતો અને જતો તે 'પરસમય' એમ પ્રતીત થાય છે. શાને લીધે ? પુદ્‌ગલકર્મપ્રદેશ-સ્થિતત્વાત્ - પુદ્‌ગલ-કર્મ પ્રદેશમાં સ્થિતપણાને લીધે. એમ ક્યારે ? યદા પરદ્રવ્યપ્રત્યય મોહરાગદ્વેષાદિભાવૈકત્વગતત્વેન વર્તતે તદા - જ્યારે પરદ્રવ્ય પ્રત્યય-પરદ્રવ્ય નિમિત્તક મોહ-રાગ-દ્વેષાદિ ભાવો સાથે એકત્વગત પણે - એકપણા પ્રાપ્ત પણે વર્તે છે ત્યારે. એમ શું કરીને વર્તે છે ? દૃશિજ્ઞપ્તિ-સ્વભાવનિયતવૃત્તિરૂપાદાત્મતત્વાત્પ્રચ્યુત્ય - દેખવા - જાણવા રૂપ 'દેશિ-જ્ઞપ્તિ' સ્વભાવમાં 'નિયત' - નિયમિત-નિશ્ચિત વૃત્તિ રૂપ વર્તવા રૂપ આત્મતત્વથી પ્રચ્યુત-પ્રભ્રષ્ટ થઈને. એમ પણ શાથી થાય ? મોહાનુવૃત્તિતંત્રતયા - મોહની અનુવૃત્તિતંત્રતાથી, મોહની 'અનુ' - અનુકૂળ - અનુસરતી વૃત્તિતંત્રતાથી - વર્તનઅધાનતાથી. કેવો છે આ મોહ ? અનાદ્યવિદ્યાકંદલીમૂલકંદાયમાન - અનાદિ અવિદ્યા-કુંદલીનો મૂલ કંદરૂપ એવો. આમ અવિદ્યામૂલ મોહની અનુવર્તનાથી આત્મતત્ત્વથી પ્રચ્યુત થઈ, આ જીવ જ્યારે પરદ્રવ્ય નિમિત્તક મોહાદિ ભાવો સાથે એકત્વગત પણે વર્તે, ત્યારે પુદ્‌ગલ કર્મ પ્રદેશમાં સ્થિતપણાને લીધે પરને એકપણે યુગપત્ જાણતો અને જતો તે 'પર સમય' એમ પ્રતીતાય છે.

એવં કિલ સમયસ્ય દ્વૈવિધ્યમુદ્ભાવતિ - એમ ખરેખર ! સ્ફુટપણે સમયનું દ્વૈવિધ્ય ઉદ્ભાવે છે, સમયનું-જીવ નામના પદાર્થનું દ્વિવિધપણું - દ્વિ પ્રકારપણું 'ઉદ્ભાવે' છે - અત્યંત જોર શોરથી દોડે છે, ઉદ્યમપણે દોડી રહ્યું છે. ઇતિ **'આત્મખ્યાતિ'** આત્મભાવના ॥૨॥

આ નિશ્ચયે કરીને -

જ્યારે	પણ જ્યારે
(૧) સકલ ભાવોના સ્વભાવના ભાસનમાં સમર્થ એવી વિદ્યાની સમુત્પાદક વિવેક જ્યોતિના ઉદ્‌ગમન થકી સમસ્ત પરદ્રવ્યથી પ્રચ્યુત થઈ,	(૧) અનાદિ અવિદ્યા કંદલીના મૂલ કંદરૂપ મોહની અનુવૃત્તિતંત્રતાએ કરીને દૃશિ-જ્ઞપ્તિ સ્વભાવમાં નિયત વૃત્તિ રૂપ આત્મતત્ત્વથી પ્રચ્યુત થઈ,
(૨) દૃશિ-જ્ઞપ્તિ સ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે,	(૨) પરદ્રવ્ય પ્રત્યયી મોહ-રાગ-દ્વેષાદિ ભાવોની સાથે એકત્વગત પણે વર્તે છે,
ત્યારે	ત્યારે
દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતપણાને લીધે સ્વને એકપણે યુગપત્ જાણતો અને જતો 'સ્વ સમય' એમ પ્રતીતાય છે.	**પુદ્‌ગલકર્મ પ્રદેશમાં સ્થિતપણાને લીધે પરને એકપણે યુગપત્ જાણતો અને જતો 'પર સમય' એમ પ્રતીતાય છે.**

આમ સ્ફુટપણે સમયનું દ્વૈવિધ્ય (દ્વિવિધપણું) ઉદ્ઘાવે છે (ઉદ્ઘાટપણે દોડે છે.) ॥૨॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''પર સમય જાણ્યા વિના સ્વ સમય'' જાણ્યા છે એમ કહી શકાય નહિ.

''પરદ્રવ્ય જાણ્યા વિના સ્વદ્રવ્ય જાણ્યું એમ કહી શકાય નહીં.''

શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૪૦, ૨૮૪

''શુદ્ધાતમ અનુભવ સદા, તે સ્વ સમય વિલાસ રે;
પરવડી છાંયડી જ્યાં પડે, તે પર સમય નિવાસ રે... ધરમ પરમ અરનાથનો.''

- શ્રી આનંદઘનજી

પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ આ ગાથામાં સ્વસમય-પરસમયનું સ્વરૂપ પ્રકાશ્યું છે અને તેનું અપૂર્વ વ્યાખ્યાન કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અત્રે પ્રથમ **'સમય'**ની તત્ત્વ સર્વ સમર્પક સર્વંકષ તાત્વિક વ્યાખ્યા કરી, તેના સ્વસમય-પરસમય એ બે પ્રકારનું સાંગોપાંગ સર્વાંગસુંદર હૃદયંગમ સ્વરૂપ પ્રદર્શિત કર્યું છે. આમ અત્રે મુખ્ય ત્રણ મુદ્દા છે : (૧) સમય, (૨) સ્વસમય, (૩) પરસમય. તેનો અનુક્રમે વિચાર કરીએ.

૧. સમય

અત્રે - 'योयं जीवो नाम पदार्थ स समयः' - જે 'આ' - પ્રત્યક્ષ અહંપ્રત્યયથી અંતરમાં અનુભવાઈ રહેલો **'જીવ'** નામનો **'પદાર્થ'** - પદ અર્થ-સ્વરૂપથી કદી ચલાયમાન ન થાય

આ 'જીવ' પદાર્થ તે સમય : વ્યુત્પત્તિ અર્થ એવો સ્થિર સ્થિતિ રૂપ અર્થ, દ્રવ્ય, વાસ્તવિક વસ્તુ તે **'સમય'** છે. શાથી ? 'એકપણે એકીસાથે જાણે છે અને જાય છે. એવી નિરુક્તિ પરથી' - 'समयत एकत्वेन युगपज्ज्ञानाति गच्छति चेति निरुक्तेः !' અર્થાત્ (समयत = सम्+अयते) सम् - એકપણે એકી સાથે अयते - જાણે છે અને જાય છે - ગમન કરે છે. એમ નિરુક્તિ-વ્યુત્પતિ છે માટે. अय् = गम् ધાતુના જાણવું અને જવું એમ બે અર્થ થાય છે, એટલે જાણવારૂપ અયન-ગમન અને એક પર્યાયથી બીજા પર્યાય પ્રત્યે જવા રૂપ-પરિણામવા રૂપ અયન-ગમન જ્યાં એકપણે એકીસાથે થાય છે, જાણવું અને જવું - પરિણમવું જ્યાં જુદા નથી - એક છે, જાણવું એ

જ જવું - પરિણમવું અને જવું - પરિણમવું એ જ જ્યાં જાણવું છે, એમ જાણપણા રૂપ ગમન-પરિણમન જ્યાં એકરૂપ છે તે સમય છે. એવા વ્યુત્પત્તિ અર્થ (Etiomological meaning) ઉપરથી જીવ તે 'સમય' છે. આ જીવ નામનો પદાર્થ કેવો છે તેનું સમગ્ર (most comprehensive) દ્રવ્યાનુયોગના નિચોડ રૂપ સંપૂર્ણ અપૂર્વ તત્ત્વવૈજ્ઞાનિક (most scientific) તાત્વિક અલૌકિક સ્વરૂપ અત્રે તાત્ત્વિક શેખર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અપૂર્વ ભાવવાહી પરમ પ્રૌઢ પરમાર્થગંભીર શૈલીથી પ્રકાશ્યું છે, અને તે પણ થોડા પણ મહાગ્રંથ આશય ભરેલા પરમ અર્થઘન શબ્દોમાં એક સળંગ સૂત્રાત્મક વાક્યથી પ્રવ્યક્ત કરી, આખું વિશ્વતત્ત્વ હસ્તામલકવત્ સમર્પ્યું છે, તેની પરમ અદ્‌ભુત ચમત્કૃતિના દિગ્‌દર્શનરૂપ ખાસ વિશદ વિચારણા અત્ર વિસ્તારીએ છીએ. તે આ ગ્રંથના પાયા રૂપ હોઈ સુજ્ઞ વાંચકને યથોચિત જ જણાશે.

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ઐક્યરૂપ ત્રિલક્ષણા સત્તાથી અનુસ્યૂત

પ્રથમ તો જો આ 'જીવ' નામનો પદાર્થ છે, તો તેનું કંઈ પણ અસ્તિત્વ હોવું જોઈએ અને આ જીવનું અસ્તિત્વ તો પ્રગટ અનુભવસિદ્ધ છે, એટલા માટે કહ્યું - 'નિત્યમેવ પરિણામાત્મનિ સ્વભાવે અવતિષ્ઠમાનત્વાત્' - 'નિત્યમેવ પરિણામાત્મક સ્વભાવમાં અવતિષ્ઠમાનપણાને લીધે (અવસ્થિત હોઈ રહ્યાપણાને લીધે) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની ઐક્ય અનુભૂતિ લક્ષણવાળી સત્તાથી અનુસ્યૂત (પરોવાયેલો) છે, 'उत्पादव्ययध्रौव्यैक्यानुभूतिलक्षणया सत्तयानुस्यूतः ।' સદાય પરિણામ પામવું એ જ જેનો આત્મા છે, એવા 'પરિણામાત્મક' સ્વભાવમાં 'અવતિષ્ઠમાનપણું' - 'અવ' - જેમ છે તેમ વસ્તુમર્યાદાપણે 'તિષ્ઠમાનપણું' - અવસ્થિત હોઈ રહેવાપણું છે, તેથી આ જીવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના ઐક્યની-એકપણાની 'અનુભૂતિ' - અનુભવનતા જેનું લક્ષણ છે એવી 'સત્તાથી' - અસ્તિતાથી - અસ્તિપણાથી 'અનુસ્યૂત' છે, અન્વયથી પરોવાયેલ છે, 'અન્વયથી જોડાયેલ છે.' આ જીવ નિત્ય જ પરિણામી સ્વભાવમાં અવસ્થિત છે, તેથી કરીને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું ઐક્યપણું જ્યાં અનુભવાય છે, એવી સત્તાથી-અસ્તિતાથી, સોયમાં દોરાની જેમ, મૌક્તિક-માળામાં સૂત્રની જેમ, તે પરોવાયેલો છે, અર્થાત્ ઉત્પાદ-ઉપજવું, વ્યય-નાશ પામવું અને ધ્રૌવ્ય-સ્થિર રહેવું એ ત્રણેના ઐક્યનો-એકી સાથે વર્તવા રૂપ એકપણાનો જ્યાં અનુભવ થાય છે, એવી એકસૂત્ર રૂપ સત્તાથી આ જીવ સદા અભિન્નપણે જોડાયેલો જ છે.

''ઉપજે વિનશે સ્થિર રહે, યહ સદ્ લક્ષણ જાન;
સત્ લક્ષનકું જો ધરે, સોઈ દ્રવ્ય પરવાન.'' - **શ્રી દેવચંદ્રજી કૃત દ્રવ્ય પ્રકાશ, ૧-૩૯**

અત્રે ઉત્પાદ જુદો, વ્યય જુદો, ધ્રૌવ્ય જુદું એમ નથી, પણ ત્રણે ઐક્યથી એકી સાથે એકપણે વર્તે છે. એમ અનુભવસિદ્ધ છે. આમ 'ઉત્પાદ-પ્રાદુર્ભાવ, વ્યય-પ્રચ્યવન, ધ્રૌવ્ય-અવસ્થિતિ' એમ સત્તા ત્રિલક્ષણા છે. આ અંગે **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ 'પ્રવચનસાર'** દ્વિ.શ્રુ. સ્કં.ની ૭ થી ૧૦ ગાથામાં* કહ્યું છે, તેમ (૧) 'સ્વભાવમાં અવસ્થિત એવું સત્ દ્રવ્ય છે, દ્રવ્યનો જે અર્થોમાં (ગુણ પર્યાયોમાં) પરિણામ તે સ્થિતિ-સંભવ-નાશ સંબદ્ધ એવો સ્વભાવ છે. (૨) ભંગવિહીન ભવ (ઉત્પાદ) નથી, સંભવ વિહીન ભંગ (નાશ) નથી અને ધ્રૌવ્ય અર્થ વિના ઉત્પાદ તેમજ ભંગ નથી. (૩) ઉત્પાદ-સ્થિતિ-ભંગ

---

* ''सदवट्ठियं सहावे दव्वं दव्वस्स जो हि परिणामो ।
अत्थेसु सो सहावो ठिदिसंभवणास संबद्धो ॥
ण भवो भंगविहीणो भंगो वा णत्थि संभवविहीणो ।
उप्पादोवि य भंगो ण विणा धोव्वेण अत्थेण ॥
उप्पादट्ठिदिभंगा विज्जंते पज्जएसु पज्जाया ।
दव्वं हि संति णियदं तम्हा दव्वं हवदि सव्वं ॥
समवेदं खलु दव्वं संभवट्ठिदिणास सण्णि दट्ठेहिं ।
एकम्मि चेव समये तम्हा दव्वं खु तत्तिदयं ॥'' - શ્રી 'પ્રવચનસાર', દ્વિ.શ્રુ.સ્કં.ગા. ૭ થી ૧૦

પર્યાયોમાં વિદ્યમાન છે, પર્યાયો તે નિયત દ્રવ્ય છે, તેથી (એ) સર્વ દ્રવ્ય હોય છે. (૪) સંભવ-સ્થિતિ-નાશ સંજ્ઞિત અર્થોથી દ્રવ્ય એક જ સમયમાં સમવેત હોય છે, તેથી તે ત્રિતય (ત્રણેય મળીને) દ્રવ્ય છે.*

આમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્ત તે સત્ એમ ત્રિલક્ષણા સત્તાની અવિસંવાદી યથાર્થ વ્યાખ્યા છે. છતાં કોઈ (ચાર્વાક) તો આત્મસત્તાનો સ્વીકાર જ કરતા નથી, કોઈ સત્તાને એકાંત નિત્ય માનનારા 'अप्रच्युतानुत्पन्नस्थिरैकरूपं सत्' - અપ્રચ્યુત અનુત્પન્ન સ્થિર એકરૂપ તે સત્ એમ વ્યાખ્યા કરે છે, કોઈ સત્તાને એકાંત અનિત્ય માનનારા 'यत् क्षणिकं तत् सत्' - જે ક્ષણિક તે સત્ એમ વ્યાખ્યા કરે છે. પણ આ સર્વ એકાંતિક માન્યતાઓ મધ્યસ્થ નિરાગ્રહ અનેકાંત દૃષ્ટિથી તપાસતાં વિસંવાદી અને અયથાર્થ પ્રતીત થાય છે. કારણકે જો સર્વથા અપરિણામી-એકાંત કૂટસ્થ નિત્ય જ આત્મા માનવામાં આવે તો તેમાં બંધ મોક્ષાદિ વ્યવસ્થા નહિ ઘટે, અવસ્થાંતરના અભાવે કાં તો ભવ ને કાં તો મોક્ષ એ બેમાંથી એક જ અવસ્થા રહેશે અને યોગમાર્ગ-મોક્ષમાર્ગ પણ નિષ્ફળ થઈ પડી કૃતનાશ-અકૃતાગમ વગેરે અનેક દૂષણ આવશે. તેમજ એકાંત અનિત્ય જ આત્મા માનવામાં આવે, તો તેમાં પણ બંધ મોક્ષ, સુખ દુઃખ આદિ વ્યવસ્થા નહિ ઘટે, અખંડ એક વસ્તુ વિના પરિણમન કોનું થશે ? અને તથારૂપ પરિણમન વિના આત્મગુણ વિકાસ રૂપ આ યોગમાર્ગ-મોક્ષ માર્ગ પણ કોને પ્રાપ્ત થશે ? પણ નિત્યાનિત્ય અથવા પરિણામી નિત્ય આત્માનું પ્રતિપાદન કરતી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એ ત્રિલક્ષણા સત્તામાં કોઈ વિરોધ પ્રાપ્ત થતો નથી.

''उत्पादव्ययध्रौव्ययुक्तं सत्'' - **શ્રી તત્ત્વાર્થ સૂત્ર.**

''ઉત્પાદ વ્યયે પલટંતી, ધ્રુવ શક્તિ ત્રિપદી સંતી લાલ;
ઉત્પાદે જે ઉત્પતમંતી, પૂરવ પરિણતિ વ્યયપંતી લાલ.
અતિ રૂડી રે અતિ રૂડી જિનજીની ધિરતા અતિ રૂડી.'' - **શ્રી દેવચંદ્રજી.**

અને આ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણા સત્તા** પણ ઉપરમાં સ્પષ્ટપણે કહ્યું તેમ જીવના 'નિત્યમેવ પરિણામાત્મક સ્વભાવમાં અવતિષ્ઠમાનપણાને લીધે' છે, नित्यमेव परिणामात्मनि स्वभावेऽतिष्ठमानत्वात्,

* આ ગાથાઓની વ્યાખ્યા કરતાં પરમ સમર્થ મહાન્ ટીકાકાર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પરમ અદ્‌ભુત તલસ્પર્શી તત્ત્વમીમાંસા કરી છે, તેનો સારાંશ રૂપ આશય આ છે :
(૧) અહીં સ્વભાવમાં નિત્ય અવતિષ્ઠમાનપણાને લીધે સત્ એવું દ્રવ્ય છે, અને સ્વભાવ તે દ્રવ્યનો ધ્રૌવ્ય-ઉત્પાદ-ઉચ્છેદનો ઐક્યાત્મક પરિણામ છે. અર્થાત્ દ્રવ્યવૃત્તિ સમસ્તપણે-સમગ્ર પણે એક છે, તેના એક પછી એક એમ પ્રવાહક્રમથી પ્રવર્તતા સૂક્ષ્માંશો તે પરિણામો છે અને તે એકબીજા સાથે જુદા પરિણામો થકી પ્રવાહક્રમ છે. તે પરિણામો પોતપોતાના અવસરે-સમયે સ્વરૂપથી ઉપજે છે, પૂર્વરૂપથી નાશ પામે છે અને 'सर्वत्र अनुस्यूतिथी सूत्रित' - પરોવણીથી સૂત્રની જેમ દોરાની જેમ પરોવાયેલ એક પ્રવાહપણાને લીધે નથી ઉપજતા-નથી નાશ પામતા, એટલે તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક આત્માને ધારે છે અને જે પૂર્વ પરિણામનો ઉચ્છેદરૂપ પ્રવાહસીમાંત છે, તે જ ઉત્તર પરિણામનો ઉત્પાદરૂપ પ્રવાહ સીમાંત છે અને તે જ પરસ્પર અનુસ્યૂતિથી - પરોવણીથી સૂત્રિત-દોરાની જેમ પરોવાયેલ એક પ્રવાહપણાથી ઉચ્છેદ-ઉત્પાદ ઉભયાત્મક છે, એમ સ્વભાવથી જ ત્રિલક્ષણા સત્તા છે, મોતીની માળાની જેમ. (૨) આ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો પરસ્પર એકબીજા વિના ન ચાલે એવો અવિનાભાવી સંબંધ છે. એટલે સંહાર વિના સર્ગ (સર્જન) નથી, સર્ગ વિના સંહાર નથી, સ્થિતિ વિના સૃષ્ટિ-સંહાર નથી, સર્ગ-સંહાર વિના સ્થિતિ નથી, જે જ સર્ગ છે, તે જ સંહાર છે, જે જ સંહાર છે તે જ સર્ગ છે, જે જ સર્ગ-સંહાર છે તે જ સ્થિતિ છે, જે જ સ્થિતિ છે તે જ સર્ગ-સંહાર છે. દા.ત. જે કુંભનો સર્ગ તે જ મૃત્ પિંડનો સંહાર છે, જે જ મૃત્ પિંડનો સંહાર તે જ કુંભનો સર્ગ છે, જે જ કુંભ-પિંડના સર્ગ-સંહાર તે જ મૃત્તિકાની સ્થિતિ છે અને જે જ મૃત્તિકાની સ્થિતિ તે જ કુંભ-પિંડના સર્ગ-સંહાર છે, એમ ન હોય તો અનેક દોષ આવે છે. તેથી ઉત્તરોત્તર વ્યતિરેકોના (વિશેષોના) સર્ગથી, પૂર્વ પૂર્વ વ્યતિરેકોના સંહારથી, અન્વયના અવસ્થાનથી અવિનાભૂત એવું ઉદ્યોતમાન નિર્વિઘ્ન ત્રૈલક્ષણ્ય લાંછનવાળું* દ્રવ્ય અવશ્ય અનુમંતવ્ય છે. ઈત્યાદિ (આ અંગે વિશેષ પ્રકાશના જિજ્ઞાસુએ **'પ્રવચનસાર'**-૨ ગા. ૭-૧૪નું, તેમજ **'પંચાસ્તિકાય'** ગાથા-૭નું અવલોકન કરવું.)

** **''सत्ता सव्वपयत्था सविस्सरूवा अणंतपज्जाया ।**
भंगुप्पादधुवत्ता सप्पडिवक्खा हवदि एक्का ॥'' - **શ્રી 'પંચાસ્તિકાય', ગા. ૮**
(આ ગાથાની પરમ અદ્‌ભુત હૃદયંગમ વ્યાખ્યા માટે જુઓ અમૃતચંદ્રાચાર્યજીની આ ગાથાની ટીકા.)

અર્થાત્ નિત્ય-સદાય પરિણામાત્મક સ્વભાવમાં 'અવતિષ્ઠમાનપણું' - અવસ્થિત હોઈ રહ્યાપણું હોવાથી જીવ નિત્ય છતાં નિરંતર પરિણામાંતર પામ્યા જ કરે છે અને તે પરિણામ પણ **'સ્વભાવનું જ'** હોય છે, બીજાનું નહિ, એક સ્વભાવ પરિણામનું ઉપજવું અને બીજા સ્વભાવ પરિણામનું વિણસવું, એમ **'સ્વભાવ'**ની જ (પરભાવની નહિ) પરિણામ પરંપરા નિરંતર ચાલ્યા કરે છે, એટલે વસ્તુ તો જેમ છે તેમ નિત્યમેવ 'સ્વભાવમાં અવસ્થિત જ' - ધ્રુવ જ રહે છે. આમ પરિણામી છતાં નિત્ય સ્વભાવમાં અવસ્થિત હોવાથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતાનો જ્યાં અનુભવ થાય છે, એવી એક સૂત્રરૂપ સત્તાથી આ જીવ નિરંતર પરોવાયેલો છે, અર્થાત્ આ જીવ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી, 'સત્', વિદ્યમાન, છતી, પ્રગટ પ્રત્યક્ષ અનુભવરૂપ વસ્તુ છે.

નિત્યમેવ પરિણામાત્મક સ્વભાવમાં અવસ્થિતપણું

પણ આવું સામાન્ય સત્તારૂપ સદેશ અસ્તિત્વ તો અન્ય સર્વ વસ્તુઓમાં પણ છે, તેથી જીવનું પોતાનું સ્વતંત્ર વિશિષ્ટ **સ્વરૂપ અસ્તિત્વ** કેવું છે, તેની શી ખબર પડે ? તે માટે કહ્યું, ચૈતન્ય સ્વરૂપત્વાત્ - ચૈતન્ય સ્વરૂપપણાને લીધે, નિત્યોદિત વિશદ દૃશિ-જ્ઞપ્તિ જ્યોતિ - ''નિત્યોદિત દૃશિજ્ઞપ્તિ જ્યોતિ'' એવો આ જીવ પદાર્થ છે. અર્થાત્ દૃશિ-જ્ઞપ્તિ-દેખવા - જાણવારૂપ વિશદ-સ્પષ્ટ-નિર્મલ જ્યોતિ જ્યાં **'નિત્યોદિત'** સહોદિત પણે ઝળહળે છે. એવી આ 'સત્' વસ્તુ છે. સૂર્ય-ચંદ્ર-દીપક આદિ પણ જ્યોતિ કહેવાય છે, પણ તે તો અમુક મર્યાદિત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને **પૌદ્ગલિક જડ** પ્રકાશથી પ્રકાશતી દ્રવ્ય જ્યોતિ છે અને તે પણ નિત્યોદિત નથી, અમુક વખતે અમુક ક્ષેત્રે ઉદય પામી પ્રકાશે છે અને અમુક વખતે અમુક ક્ષેત્રે અસ્ત પામી નથી પ્રકાશતી. પરંતુ સર્વકાળે સર્વત્ર પ્રકાશતી **'દૃશિ-જ્ઞપ્તિ'** દિવ્ય **'જ્યોતિ'** તો સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પ્રકાશવાને સમર્થ દેખવા-જાણવા રૂપ **ચૈતન્ય પ્રકાશથી** પ્રકાશતી ભાવ જ્યોતિ છે અને તે સ્વરૂપ પ્રકાશથી **'નિત્યોદિત'** છે, કદી પણ જ્યાં અસ્ત પામવાનો અવકાશ જ નથી, એમ સદા ઉદય પામેલી જ છે, સદા ઝગઝગાયમાન જ છે અને આ દૃશિ-જ્ઞપ્તિ જ્યોતિ પણ તેના 'ચૈતન્ય સ્વરૂપપણાને લીધે' છે. અર્થાત્ ચૈતન્ય-ચેતન પણું એ જ આ જીવનું સ્વરૂપ છે અને ચેતના-અનુભવવા-સંવેદવા રૂપ આ ચૈતન્ય સ્વરૂપ સર્વ વસ્તુના સામાન્ય-વિશેષાત્મક સ્વભાવને લીધે સામાન્યપણે અને વિશેષપણે એમ બે પ્રકારે વ્યક્ત થાય છે : સામાન્યપણે વ્યક્ત થાય છે તે દેખવા રૂપ 'દૃશિ' ક્રિયાથી યુક્ત એવું દર્શન કહેવાય છે, વિશેષપણે વ્યક્ત થાય છે, તે જાણવા રૂપ 'જ્ઞપ્તિ' ક્રિયાથી યુક્ત એવું જ્ઞાન કહેવાય છે. સામાન્ય ગ્રાહિ તે દર્શન અને વિશેષ ગ્રાહિ તે, જ્ઞાન અર્થાત્ સામાન્ય-વિશેષાત્મક વસ્તુના સામાન્ય સ્વભાવને ગ્રહે તે દર્શન અને વિશેષ સ્વભાવને ગ્રહે તે જ્ઞાન, અથવા નિર્વિકલ્પ તે દર્શન અને સવિકલ્પ તે જ્ઞાન, અથવા નિરાકાર તે દર્શન અને સાકાર તે જ્ઞાન, એમ પરિભાષા છે, એટલે કે આ કાંઈક છે, એમ ઝાંખી રૂપ પ્રતિભાસ માત્ર નિરાકાર સામાન્ય બોધ થવો તે દર્શન અને વિજ્ઞાન રૂપ વિશેષ જાણવા રૂપ સાકાર વિશેષ બોધ થવો તે જ્ઞાન. આવા દૃશિ-જ્ઞપ્તિ ક્રિયા યુક્ત દર્શન-જ્ઞાન એ બન્ને ચૈતન્યમાં અંતર્ભાવ પામે છે. એટલે આવા દર્શન-જ્ઞાન રૂપ આ ચૈતન્ય સ્વરૂપને લીધે જ આ જીવ દૃશિ-જ્ઞપ્તિ જ્યોતિ સ્વરૂપે સદા પ્રકાશમાન, નિત્યોદિત પણે ત્રણે કાળમાં ઝળહળતી સત્ ચિત્ વસ્તુ છે.

ચૈતન્ય સ્વરૂપપણાને લીધે દૃશિ-જ્ઞપ્તિ જ્યોતિ

''નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે;
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે...
વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી.'' - **શ્રી આનંદઘનજી**

''સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટ રૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય.''

- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૫૪

''સ્પષ્ટ પ્રકાશપણું - અનંત અનંત કોટી તેજસ્વી દીપક, મણિ, ચંદ્ર, સૂર્યાદિની કાંતિ જેના પ્રકાશ વિના પ્રગટવા સમર્થ નથી અર્થાત્ તે સર્વ પોતે પોતાને જણાવા અથવા જાણવા યોગ્ય નથી. જે પદાર્થના પ્રકાશને વિષે ચૈતન્યપણાથી તે પદાર્થ જાણ્યા જાય છે, તે પદાર્થ પ્રકાશ પામે છે, સ્પષ્ટ ભાસે છે, તે પદાર્થ જે કોઈ છે તે જીવ છે. અર્થાત્ તે લક્ષણ પ્રગટપણે સ્પષ્ટ પ્રકાશમાન અચળ એવું નિરાબાધ પ્રકાશ્યમાન ચૈતન્ય તે જીવનું તે જીવ પ્રત્યે ઉપયોગ વાળતાં પ્રગટ દેખાય છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૩૫૮, ૪૩૮

અનંત ધર્માધિરૂઢ એકધર્મી પણાને લીધે ઉદ્યોતમાન દ્રવ્યત્વ

આવો જે સત્ ચિત્ જ્યોતિ જીવ છે, તે 'अनंतधर्माधिरूढैकधर्मित्वात्' - અનંત ધર્માધિરૂઢ એકધર્મી પણાને લીધે જેનું દ્રવ્યત્વ ઉદ્યોતમાન છે, એવો છે, 'उद्योतमान द्रव्यत्वः' અર્થાત્ તે એક ચિત્ સત્તાવંત **'ધર્મી'** અનંત **ધર્મમાં 'અધિરૂઢ'** છે. **'અધિ'** - અધિકૃત પણે **'રૂઢ'** - આરૂઢ છે, અધિષ્ઠાતા રૂપે વ્યાપક છે, ગણ્યા ગણાય નહિ ને વીણ્યા વીણાય નહિ, એવા અનંત ધર્મ-વસ્તુ સ્વભાવ આ જીવ નામના એક ધર્મીમાં રહ્યા છે અને તેને લીધે તેનું દ્રવ્યપણું 'ઉદ્યોતમાન' - પ્રકાશમાન છે. **શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા** ગા. ૧૧૭માં કહ્યું છે તેમ 'परिणामसहावादो पडिसमयं परिणमंति दव्वाणि' - પરિણામ સ્વભાવ થકી દ્રવ્યો પ્રતિ સમયે પરિણમે છે. પોતાના જ (નહિ કે પરના) ગુણ પર્યાય પ્રત્યે જે દ્રવે છે, દ્રવશે અને દ્રવ્યું હતું તે **'દ્રવ્ય'**. જલનો પ્રવાહ જેમ દ્રવ્યા કરે, પરિણમ્યા કરે, ઢળ્યા કરે, તેમ અખંડ ચિત્ વસ્તુના ચૈતન્યરસનો પ્રવાહ સ્વગુણપર્યાય - પરિણામીપણે પ્રવહ્યા કરે છે, એટલા માટે **ચિત્ તે દ્રવ્ય છે.**

''निजनिजप्रदेशसमूहैरखंडवृत्त्या स्वभावविभावपर्यायान्

द्रवति द्रोष्यति अदुद्रवदिति द्रव्यम् । - **શ્રી યશોવિજયજી કૃત નયપ્રદીપ**

અર્થાત્ ''પોત પોતાના પ્રદેશ સમૂહે કરી અખંડ વૃત્તિએ રહી સ્વભાવ વિભાવ પર્યાયને જે પ્રાપ્ત થાય છે, થશે અને થયા છે, એ દ્રવ્ય. (તાત્પર્ય કે એવો કોઈ સમય નથી કે જ્યારે દ્રવ્ય પર્યાય રહિત હોય.) એટલે પોતાના (અન્યના નહીં) પ્રદેશમાં અખંડ વૃત્તિએ રહી પર્યાય યુક્ત હોય તે દ્રવ્ય.'' - **શ્રી મનસુખભાઈ કિરતચંદ્ર મહેતા કૃત 'નયપ્રદીપ' વિવેચન.**

શ્રી **'પ્રવચનસાર'** દ્વિ.શ્રુ.સ્કં. ૩ ગાથામાં* કહ્યું છે તેમ - 'અપરિત્યક્ત સ્વભાવે કરીને (સ્વભાવનો પરિત્યાગ કર્યા સિવાય) ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ સંબદ્ધ એવું ગુણવત્ અને સપર્યાય તે દ્રવ્ય કહેવાય છે. તેમજ શ્રી **'પંચાસ્તિકાય'** ગા. ૯-૧** માં કહ્યું છે તેમ 'તે તે સદ્ભાવ પર્યાયો પ્રત્યે દ્રવે છે, જાય છે, તેને દ્રવ્ય કહે છે, અને તે સત્તાથી અનન્યભૂત (જુદું નહિ - અન્ય નહિ એવું) છે. દ્રવ્ય સત્ લક્ષણવાળું છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ સંયુક્ત છે અથવા જે ગુણપર્યાયનો આશ્રય છે તેને સર્વજ્ઞો દ્રવ્ય કહે છે.*** આવા લક્ષણ સંપન્ન દ્રવ્યપણું જેનું 'ઉદ્યોતમાન' છે - ઝળહળતા પ્રકાશથી પ્રકાશમાન છે,

* ''अपरित्यक्तसहावेणुप्पादव्वयधुवत्तसंबद्धं ।
गुणवं च सपज्जायं जत्तं दव्वत्ति वुच्चंति ॥'' - **શ્રી કુંદકુંદાચાર્યજી કૃત 'પ્રવચનસાર' દ્વિ.શ્રુ.સ્કં. ગા. ૩**
''इह खलु यदनारब्धस्वभावभेदमुत्पादव्ययध्रौव्य त्रणेय गुण पर्यायद्वयेन च यल्लक्ष्यते तद्रव्यं ।'' ઈત્યાદિ (જુઓ) - **શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પ્રવચનસાર' ટીકા.**

** ''दवियदि गच्छदि ताइं ताइं सब्भाव पज्जयाइं जं ।
दवियं त भण्णंते अणण्णभूदं तु सत्तादो ॥
दव्वं सल्लक्खणियं उप्पादव्वयधुवत्तसंजुत्तं ।
गुणपज्जयासयं वा जं तं भण्णंति सव्वण्णु ॥'' - **શ્રી કુંદકુંદાચાર્યજી પ્રણીત 'પંચાસ્તિકાય' ગા. ૯, ૧**

*** આ ગાથાની તલસ્પર્શી મીમાંસા કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** વદે છે કે - 'તે તે ક્રમભાવી અને સહભાવી સદ્ભાવ પર્યાયોને - સ્વભાવ વિશેષોને દ્રવે છે, ગમન કરે છે, સામાન્ય રૂપ સ્વરૂપથી વ્યાપે છે, એમ અનુગતાર્થ (અન્વયાર્થ) નિરુક્તિથી-વ્યુત્પત્તિથી આ દ્રવ્ય વ્યાખ્યાત છે, અને આ દ્રવ્ય લક્ષ્ય-લક્ષણ ભાવાદિ થકી કથંચિત્ ભેદ છતાં વસ્તુતઃ

એવો આ જીવ પદાર્થ સત્ ચિત્ દ્રવ્ય છે.

ગુણ-પર્યાય જેના ઉત્સંગમાં છે એવું દ્રવ્ય

અને આ દ્રવ્ય છે, એટલા માટે જ તે 'ક્રમાક્રમપ્રવૃત્તિ-વિચિત્રસ્વભાવત્વાત્' ક્રમ-અક્રમ, પ્રવૃત્ત પ્રવૃત્તિવાળા વિચિત્ર-ભાવ સ્વભાવપણાને લીધે ગુણ-પર્યાય જેના ઉત્સંગમાં બેસાડેલ (ખોળે બેસાડેલ) છે એવો છે. ઉત્સંગિત ગુણ પર્યાયઃ' અર્થાત્ 'વિચિત્ર' નાના પ્રકારના ભાવરૂપ એનું સ્વભાવપણું છે, તેથી કરીને ક્રમે કરીને-એક પછી એક એમ જેની પ્રવૃત્તિ છે એવા **'પર્યાયો'** અને અક્રમે કરીને - એકી સાથે એક સમુદાય રૂપે (One congregation) જે પ્રવૃત્ત છે - જેની બધાયની પ્રવૃત્તિ છે. એવા **'ગુણો'** આ દ્રવ્યના ઉત્સંગમાં રહ્યા છે, ખોળામાં રમી રહ્યા છે, **'ક્રમ પ્રવૃત્ત-ક્રમભાવી'** પર્યાયો અને અક્રમ પ્રવૃત્ત - **'સહભાવી'** - એક સમુદાય રૂપે સાથે જ વર્તતા (સમકાળ વર્તી) ગુણો એ દ્રવ્યરૂપ પિતાનો ખોળો ખૂંદી રહ્યા છે. અનાદિ અનંત દ્રવ્યમાં* સ્વ પર્યાયો પ્રતિક્ષણે જલમાં જલ કલ્લોલોની જેમ ઉન્મજ્જે છે અને નિમજ્જે છે. 'ઉત્પાદને ખર્ચે છે - પલટાવે છે - ફેરવે છે, ઉત્પત્તિ (ઉત્પાદ) અને વિપત્તિને (વિનાશ) પામે છે તે પર્યાય', તે બે પ્રકારનો છે - ક્રમભાવી અને સહભાવી સહભાવી તે ગુણ કહેવાય છે. આ અંગે **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ 'પંચાસ્તિકાય'**** ગા. ૧૧-૧૨-૧૩માં કહ્યું છે, તેમ - (૧) ઉત્પત્તિ વા વિનાશ દ્રવ્યનો નથી, દ્રવ્યનો તો સદ્‌ભાવ જ

સત્તાથી અપૃથગ્ ભૂત જ - અભિન્ન જ માનવું યોગ્ય છે. ** અત્રે ત્રણ પ્રકારે દ્રવ્ય લક્ષણ કહ્યું છે - (૧) સત્ દ્રવ્ય લક્ષણ છે, ઉક્ત લક્ષણા સત્તાથી અવિશેષને લીધે દ્રવ્યનું સત્ સ્વરૂપ જ લક્ષણ છે. ** (૨) અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એ દ્રવ્ય લક્ષણ છે. ક્રમભાવી ભાવોના એક જાતિ અવિરોધી સંતાનમાં પૂર્વભાવનો વિનાશ તે સમુચ્છેદ અને ઉત્તર ભાવનો પ્રાદુર્ભાવ તે સમુત્પાદ, પૂર્વોત્તર ભાવના ઉચ્છેદ-ઉત્પાદમાં પણ સ્વજાતિનો અપરિત્યાગ તે ધ્રૌવ્ય. તે સામાન્ય આદેશથી અભિન્ન, વિશેષ આદેશથી ભિન્ન એવા યુગપદ્‌ભાવી (એકી સાથે હોનારા) સ્વભાવભૂત છે, તે દ્રવ્યનું લક્ષણ હોય છે. (૩) અથવા ગુણ પર્યાયો તે ગુણો છે, વ્યતિરેકી (જુદા પાડતા) વિશેષો તે પર્યાયો છે, તેઓ દ્રવ્યમાં યૌગપદ્યથી - એકી સાથે અને ક્રમથી પ્રવર્તમાન સત્તા કથંચિત્ ભિન્ન એવા સ્વભાવભૂત હોઈ દ્રવ્યના લક્ષણપણાને પામે છે. આ ત્રણે દ્રવ્ય લક્ષણોમાંથી કોઈ એક કહેવામાં આવ્યે અન્ય ઉભય અર્થથી જ આપન્ન થાય છે. જો સત્ છે, તો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવંત અને ગુણ પર્યાયવંત છે, જો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવંત છે, તો સત્ અને ગુણ પર્યાયવંત છે, જો ગુણ પર્યાયવંત છે તો સત્ અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવંત છે. કારણકે (૧) સત્ નિત્યાનિત્ય સ્વભાવપણાને લીધે ધ્રુવપણું અને ઉત્પાદ-વ્યયાત્મકપણું પ્રકાશે છે, ધ્રુવત્વાત્મક ગુણો અને ઉત્પાદ-વ્યયાત્મક પર્યાયો સાથે એકપણું પ્રકાશે છે. (૨) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તો નિત્યાનિત્ય સ્વરૂપ પરમાર્થ એવું સત્ આવે છે અને આત્મલાભના નિબંધનભૂત ગુણ પર્યાયો પ્રકાશે છે. (૩) ગુણ પર્યાયો તો અન્વય-વ્યતિરેકીપણાને લીધે ધ્રૌવ્ય-ઉત્પત્તિ-વિનાશ સૂચવે છે અને નિત્યાનિત્ય સ્વરૂપી પરમાર્થ એવું સત્ ઉપલક્ષાવે છે.' (મૂળ માટે જુઓ **શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પંચાસ્તિકાય'** ટીકા ગા. ૯-૧૦).

* "अनादिनिधने द्रव्ये स्वपर्यायाः प्रतिक्षणम् ।
उन्मज्जति निमज्जन्ति जलकल्लोलवज्जले ॥"

* "पर्येति उत्पादमुत्पत्तिं विपत्तिं च प्राप्नोतीति पर्यायः । पर्यायो द्विविधः, क्रमभावी सहभावी च, सहभावी गुण इत्यभिधीयते ॥" ई.

- श्री यशोविजयजी कृत 'नय प्रदीप' (વિશેષ માટે જુઓ **શ્રી મનઃસુખભાઈ ઝિરત્‌ચંદ કૃત** વિવેચન)

** "उप्पत्तीव विणासो दव्वस्स य णत्थि अत्थि सब्भावो ।
विगमुप्पादधुवत्तं करंति तस्सेव पज्जाया ॥
पज्जयविजुदं दव्वं दव्वविजुत्ता य पज्जया नत्थि ।
दोण्हं अणण्णभूदं भावं समणा परूविंति ॥
दव्वेण विणा ण गुणा गुणेहिं दव्वं विणा ण संभवंति ।
अव्वदिरित्तो भावो दव्वगुणाणं हवदि तह्मा ॥" - **श्री 'पंचास्तिकाय' ગા. ૧૧-૧૨-૧૩**

(હોવાપણું જ) છે, વિગમ-ઉત્પાદ-ધ્રુવત્વ તો તેના જ (દ્રવ્યના જ) પર્યાયો ઠરે છે. (૨) પર્યાય વિયુક્ત દ્રવ્ય નથી અને દ્રવ્ય વિયુક્ત પર્યાયો નથી, બન્નેનો અનન્યભૂત ભાવ શ્રમણો પ્રરૂપે છે. (૩) દ્રવ્ય વિના ગુણો નથી, ગુણો વિના દ્રવ્ય સંભવતું નથી, તેથી કરીને દ્રવ્યનો અને ગુણોનો અવ્યતિરિક્ત (અભિન્ન) ભાવ હોય છે.'*

ગુણ-પર્યાયવત્ દ્રવ્ય ભેદાભેદ રૂપે અખંડ એક વસ્તુ પ્રાપ્ત થાય છે. એક જ પુરુષ બાલ-યુવા-વૃદ્ધ એ ત્રણે અવસ્થાનો અનુભવ કરે છે, પણ પુરુષ તો તેનો તે જ છે. સમુદ્રનાં મોજાં પલટાય છે, પણ સમુદ્ર પલટાતો નથી, તેમ પૂર્વ પર્યાયનો નાશ થઈ, ઉત્તર પર્યાયની ઉત્પત્તિ થાય છે, પણ આત્મદ્રવ્ય તો ધ્રુવ જ રહે છે. ઘડાનો નાશ થઈ મુકુટ બનાવ્યો, પણ સોનું તો તેનું તે જ છે, તેમ આ જીવ દ્રવ્યના ગુણ-પર્યાય ભલે ફરે, પણ જીવ દ્રવ્ય તો તેનું તે જ છે. આમ આ જીવ પદાર્થ સત્ ચિત્ દ્રવ્ય ગુણ પર્યાયવંત છે.

''આત્મ દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાલાદિ વય પ્રણ્યનું, જ્ઞાન એકને થાય.''

શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૬૮

''गुणपर्यायवद् द्रव्यं ।'' - **શ્રી તત્વાર્થસૂત્ર.**

''ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈયે, આપણો આત્મા તેહવો ભાવિયે,
જાતિ જસુ એકતા તેહ પલટે નહિ, શુદ્ધ ગુણ પજજવા વસ્તુ સત્તામયી.'' - **શ્રી દેવચંદ્રજી**

અને આવો જે જીવ પદાર્થ સત્ ચિત્ દર્શન-જ્ઞાન જ્યોતિ-સ્વરૂપ ગુણ પર્યાયવંત દ્રવ્ય છે, તે 'स्वपराकारावभासन-समर्थत्वात्' -'સ્વ-પર આકારના અવભાસન સમર્થપણાને **વૈશ્વરૂપ્ય ઉપાત્ત કરેલો એકરૂપ** લીધે' વિશ્વરૂપ પણું ઉપાત્ત કરેલ-ઉપગૃહીત કરેલ એવો એકરૂપ છે, 'उपात्तवैश्वरूप्यैकरूपः' । આ જીવ દર્શન-જ્ઞાન જ્યોતિ સ્વરૂપ છે, એટલે પોતાના અને પરના આકારના અવભાસનમાં - પ્રકાશનમાં એનું સમર્થનપણું છે, દીપકની જેમ સૂર્ય-ચંદ્રની જેમ એ સ્વ-પર પ્રકાશક છે, તેથી કરીને સમસ્ત વિશ્વરૂપ ઉપગ્રહતાં છતાં - (Subordinately grasping, secondarily seizing) - 'ઉપ' - ગૌણપણે ગ્રહતાં છતાં તે એકરૂપ છે. આ ચેતન જો કાંઈ અર્થક્રિયા કરતું હોય તો તે પરમાર્થસત્ હોય, કારણકે 'જે અર્થક્રિયાકારી* હોય તે જ પરમાર્થ સત્ હોય અને જે અર્થ ક્રિયાકારી ન હોય તે પરથી પણ અસત્ છે ?' પણ આ

* આ ગાથાની તલસ્પર્શી મીમાંસા કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પ્રકાશ્યું છે તેનો સારાંશ એ છે કે - (૧) સહ પ્રવૃત્ત ગુણ અને ક્રમ પ્રવૃત્ત પર્યાયનું જ્યાં હોવાપણું છે, એવા ત્રિકાળ અવસ્થાયી અનાદિ અનંત દ્રવ્યના નાશ-ઉત્પાદ યુક્ત નથી, પણ તેના જ સહપ્રવૃત્તિ ભાગી કોઈ પર્યાયોનું ધ્રુવપણું સંભવે છે, છતાં બીજા ક્રમ પ્રવૃત્તિભાગી પર્યાયોના વિનાશ-ઉત્પાદ ઘટે છે, તેથી દ્રવ્યાર્થિક નયની અર્પણામાં (અપેક્ષાએ) અનુત્પાદ-અનુચ્છેદવાળું સત્ સ્વભાવ જ દ્રવ્ય છે, તે જ પર્યાયાર્થિક નયની અર્પણામાં (Application) સોત્પાદ અને સોચ્છેદ સમજવું યોગ્ય છે, આ બધું ય દ્રવ્ય અને પર્યાયોના અભેદથી નિર્દોષ છે. (૨) દૂધ-દહીં-માખણ-ઘી વગેરેથી વિયુત ગોરસની જેમ પર્યાય વિયુત દ્રવ્ય છે નહીં અને ગોરસ વિયુત દૂધ-દહીં-માખણ-ઘી વગેરેની જેમ દ્રવ્ય વિયુક્ત પર્યાયો છે નહિ. તેથી દ્રવ્યનો અને પર્યાયોનો વિવક્ષા વશે કોઈ અપેક્ષાએ ભેદ છતાં, જ્યાં દ્રવ્ય છે, ત્યાં પર્યાય છે ને પર્યાય છે ત્યાં દ્રવ્ય છે, એમ એકબીજા સાથેની વૃત્તિ નહીં છોડતા (अन्योन्य अजहद् वृत्ति) દ્રવ્ય-પર્યાયોનો એકાસ્તિત્વ નિયતપણાને લીધે વસ્તુત્વથી અભેદ છે. (૩) દ્રવ્ય અને ગુણોનો પણ તેવો જ અભેદ છે, પુદ્ગલભૂત સ્પર્શ-રસ-ગંધ-વર્ણની જેમ, દ્રવ્ય વિના ગુણો સંભવતા નથી, સ્પર્શ-રસ-ગંધ-વર્ણથી પૃથગ્ ભૂત-અલગ પુદ્ગલની જેમ ગુણો વિના દ્રવ્ય સંભવતું નથી, તેથી દ્રવ્ય-ગુણોનો પણ વિવક્ષાવશે કોઈ અપેક્ષાએ ભેદ છતાં, જ્યાં દ્રવ્ય છે, ત્યાં ગુણો છે ને ગુણો છે ત્યાં દ્રવ્ય છે. એમ એકબીજા સાથેની વૃત્તિ નહીં છોડતા (अन्योन्य अजहद् वृत्ति) દ્રવ્ય-ગુણોનો એકાસ્તિત્વ નિયતપણાને લીધે વસ્તુત્વથી અભેદ છે. આમ - **અમૃતચંદ્રજીના** વક્તવ્યનો આશય છે, તે પરથી વસ્તુ ભેદાભેદ રૂપે પ્રતીત થાય છે.

* **''यदेवार्थक्रियाकारी तदेव परमार्थसत् ।**
यच्च नार्थक्रियाकारी तदेव परतोऽप्यसत् ॥''

ચેતનદ્રવ્ય તો સ્વ-પર પ્રકાશનરૂપ - આત્મપ્રકાશન રૂપ અને વિશ્વપ્રકાશન રૂપ પરમ અદ્‌ભુત પરમ આશ્ચર્યકારી અર્થક્રિયા કરે છે, તે પ્રત્યક્ષ પ્રગટ અનુભવ સિદ્ધ છે. આમ વિશ્વના **અનંત જ્ઞેય** જાણતાં છતાં, વિશ્વના અનંત જ્ઞેય આકાર ગ્રહતાં છતાં, આ જીવ **એક જ્ઞાનરૂપ - જ્ઞાયક રૂપ** જ છે.

''સ્વ-પર પ્રકાશક દિન મણિ રે, સમતારસનો કૂપ... જિનવર પૂજો.'' - **શ્રી દેવચંદ્રજી**

આકાશાદિથી અત્યંત ભિન્ન

અને આવું આ સ્વપર પ્રકાશક ચેતન દ્રવ્ય વિશ્વરૂપ જ્ઞેયાકાર ગ્રહતાં છતાં એકરૂપ - જ્ઞાયક રૂપ જ્ઞાનરૂપ છે, એટલા માટે જ તે 'પ્રતિવિશિષ્ટ અવગાહ-ગતિ-સ્થિતિ-વર્તના નિમિત્તપણાના અને રૂપિ પણાના અભાવને લીધે અને અસાધારણ એવા ચિદ્રૂપતા સ્વભાવના સદ્‌ભાવને લીધે, આકાશ-ધર્મ-અધર્મ-કાલ અને પુદ્‌ગલથી ભિન્ન છે.' 'प्रतिविशिष्टावगाहगतिस्थितिवर्तनानिमित्तरूपित्वाभावादसाधारणचिद्रूपता सद्‌भावाच्चाकाशधर्माधर्मकालपुद्‌गलेभ्यो भिन्नो ।' આકાશાદિ સર્વ અન્ય દ્રવ્યોથી આ ચેતન દ્રવ્ય સર્વથા ભિન્ન છે - જૂદું છે, કારણકે અવગ્રાહ નિમિત્તપણું - એ આકાશનો પ્રતિવિશિષ્ટ - ખાસ (Distinguished, specially specified) એ ધર્માસ્તિકાયનો ખાસ ગુણ છે, સ્થિતિ નિમિત્તપણું એ અધર્માસ્તિકાયનો ખાસ ગુણ છે, વર્ત્તના નિમિત્તપણું એ કાળનો ખાસ ગુણ છે, રૂપિ પણું-મૂર્ત પણું એ પુદ્‌ગલનો ખાસ ગુણ (Specific) છે. આકાશાદિના વિશિષ્ટ ગુણ સ્વભાવરૂપ આ અવગાહ-ગતિ-સ્થિતિ-વર્તનાના નિમિત્તપણાનો અને રૂપિપણાનો જીવમાં અભાવ (નહિ હોવા પણું) છે. તેથી કરીને તેમજ આકાશાદિમાં જેનો અભાવ છે, એવા અસાધારણ (Extra-ordinary) ચિદ્રૂપતા સ્વભાવનો જીવમાં સદ્‌ભાવ (હોવાપણું) છે, તેથી કરીને જીવ દ્રવ્ય આકાશાદિ અન્ય સર્વ અજીવ દ્રવ્યથી અત્યંત ભિન્ન-જૂદું જ એવું સ્વતંત્ર દ્રવ્ય છે.

જીવ-અજીવ : પંચાસ્તિકાય ષડ્‌દ્રવ્ય

આમ આ જગત્‌માં જીવ તત્ત્વ અને અજીવ તત્ત્વ એ બે જ મુખ્ય તત્ત્વ છે. તેમાં - જે જ્ઞાન-દર્શન પ્રાણથી ત્રણે કાળને વિષે જીવે છે, એવી ચૈતન્યમય વસ્તુ તે જીવ. ચૈતન્યમય ઉપયોગ એ જ જીવનું લક્ષણ છે અર્થાત્ સ્વરૂપ પણે પ્રકાશતી **'અપાયિની ભગવતી* સંવિત્તિરૂપ ચેતના'** અને તેના પરિણામરૂપ **'ઉપયોગ'** એ જ જીવનું લક્ષણ છે - જેથી તે જડ એવા અજીવથી પ્રગટ જૂદો જણાય છે. આ ઉપયોગ બે પ્રકારનો છે : વસ્તુના વિશેષ સ્વભાવને ગ્રહે તે સાકાર એવો જ્ઞાનોપયોગ અને સામાન્ય સ્વભાવને ગ્રહે તે નિરાકાર એવો દર્શનોપયોગ. આ બન્ને ઉપયોગ જેમાં અંતર્ભાવ પામે છે, એવું ચિદ્ રૂપપણું એ જીવનો વિશિષ્ટ અસાધારણ ગુણ છે. અથવા **કવિવર બનારસીદાસજીએ** સંગીત કર્યું છે, તેમ -

''સમતા રમતા ઊરધતા, જ્ઞાયકતા સુખભાસ,
વેદકતા ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ.''

આ સુપ્રસિદ્ધ દોહાનું પરમ અદ્‌ભુત પરમ અલૌકિક તલસ્પર્શી અદ્વિતીય અનન્ય વિવેચન **વર્તમાન યુગના સંતશિરોમણિ પરમતત્ત્વદેષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીએ** પ્રકાશ્યું છે, તે અત્રે પ્રકૃતમાં પરમ ઉપયોગી હોવાથી તે અત્ર સંપૂર્ણ અવતારવાની લાલચ રોકી શકાતી નથી.

''શ્રી તીર્થંકર એમ કહે છે કે, આ જગતમાં આ જીવ નામના પદાર્થને ગમે તે પ્રકારે કહ્યો હોય તે પ્રકાર તેની સ્થિતિમાં હો તેને વિષે અમારૂં ઉદાસીનપણું છે. જે પ્રકારે નિરાબાધપણે તે જીવ નામનો પદાર્થ અમે જાણ્યો છે, તે પ્રકારે કરી તે પ્રગટ અમે કહ્યો છે. જે લક્ષણે કહ્યો છે, તે સર્વ પ્રકારના બાધે કરી રહિત એવો કહ્યો છે. અમે તે આત્મા એવો જાણ્યો છે, જોયો છે, સ્પષ્ટ અનુભવ્યો છે,

---

* ''यत्र स्वधर्मव्यापकत्वात्स्वरूपत्वेन द्योतमानयानपायिन्या भगवत्या संवित्तिरूपया चेतनया तत्परिणामलक्षणेन द्रव्य वृत्तिरूपेणोपयोगेन च निर्वृत्तत्वभवतीर्णं प्रतिभाति स जीवः ।''

- શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પ્રવચનસાર' ટીકા શ્રુ.સ્કં. ગાથા-૩૫

પ્રગટ તે જ આત્મા છૈયે. તે આત્મા સમતા નામનાં લક્ષણે યુક્ત છે. વર્તમાન સમયે જે અસંખ્ય પ્રદેશાત્મક ચૈતન્ય સ્થિતિ તે આત્માની છે તે, તે પહેલાંના એક, બે, ત્રણ, ચાર, દસ, સંખ્યાત, અસંખ્યાત, અનંત સમયે હતી, વર્તમાને છે, હવે પછીના કાળને વિષે પણ તે જ પ્રકારે તેની સ્થિતિ છે, કોઈ પણ કાળે તેનું અસંખ્યાત પ્રદેશાત્મકપણું, ચૈતન્યપણું, અરૂપી પણું એ આદિ સમસ્ત સ્વભાવ તે છૂટવા ઘટતા નથી, એવું જે સમપણું, સમતા તે જેનામાં લક્ષણ છે, તે જીવ છે.

પશુ, પક્ષી, મનુષ્યાદિ દેહને વિષે, વૃક્ષાદિને વિષે જે કંઈ રમણીયપણું જણાય છે અથવા જેના વડે તે સર્વ પ્રગટ સ્ફુરતાંવાળાં જણાય છે, પ્રગટ સુંદરપણા સમેત લાગે છે, તે રમતા રમણીયપણું છે. લક્ષણ જેનું તે જીવ નામનો પદાર્થ છે. જેના વિદ્યમાનપણા વિના આખું જગત્ શૂન્યવત્ સંભવે છે, એવું રમ્યપણું જેને વિષે છે, તે લક્ષણ જેને વિષે ઘટે તે જીવ છે.

કોઈપણ જાણનાર ક્યારે પણ કોઈ પણ પદાર્થને પોતાનાં અવિદ્યમાનપણે જાણે એમ બનવા યોગ્ય નથી. પ્રથમ પોતાનું વિદ્યમાનપણું ઘટે છે અને કોઈપણ પદાર્થનું ગ્રહણ, ત્યાગાદિ કે ઉદાસીન જ્ઞાન થવામાં પોતે જ કારણ છે. બીજા પદાર્થના અંગીકારમાં, તેના અલ્પમાત્ર પણ જ્ઞાનમાં પ્રથમ જે હોય તો જ તે થઈ શકે. એવો સર્વથી પ્રથમ રહેનારો જે પદાર્થ તે જીવ છે. તેને ગૌણ કરીને એટલે તેના વિના કોઈ કંઈ પણ જાણવા ઈચ્છે તો તે બનવા યોગ્ય નથી, માત્ર તે જ મુખ્ય હોય તો જ બીજું કંઈ જાણી શકાય, એવો જે પ્રગટ **ઊર્ધ્વતા** ધર્મ તે જેને વિષે છે, તે પદાર્થને શ્રી તીર્થંકર જીવ કહે છે.

પ્રગટ એવા જડ પદાર્થો અને જીવ તે જે કારણે કરી ભિન્ન પડે છે, તે લક્ષણ જીવનો જ્ઞાયકપણા નામનો ગુણ છે. કોઈ પણ સમયે જ્ઞાયક રહિતપણે આ જીવ પદાર્થ કોઈ પણ અનુભવી શકે નહીં અને તે જીવ નામના પદાર્થ સિવાય બીજા કોઈ પણ પદાર્થને વિષે જ્ઞાયકપણું સંભવી શકે નહીં, એવું જે અત્યંત અનુભવનું કારણ **જ્ઞાયકતા** તે લક્ષણ જેમાં છે, તે પદાર્થ તીર્થંકરે જીવ કહ્યો છે.

શબ્દાદિ પાંચ વિષય સંબંધી અથવા સમાધિ આદિ જોગ સંબંધી જે સ્થિતિમાં સુખ સંભવે છે, તે ભિન્ન ભિન્ન કરી જોતાં માત્ર છેવટે તે સર્વને વિષે સુખનું કારણ એક જ એવો એ જીવ પદાર્થ સંભવે છે, તે **સુખભાસ** નામનું લક્ષણ માટે તીર્થંકરે જીવનું કહ્યું છે અને વ્યવહાર દૃષ્ટાંત નિદ્રાથી તે પ્રગટ જણાય છે. જે નિદ્રાને વિષે બીજા સર્વ પદાર્થથી રહિતપણું છે, ત્યાં પણ હું સુખી છઉં એવું જે જ્ઞાન છે, તે બાકી વધ્યો એવો જે જીવ પદાર્થ તેનું છે, બીજું કોઈ ત્યાં વિદ્યમાન નથી અને સુખનું ભાસવાપણું તો અત્યંત સ્પષ્ટ છે. તે જેનેથી ભાસે છે, તે જીવ નામનો પદાર્થ સિવાય બીજે ક્યાંય તે લક્ષણ જોયું નથી.

આ મોળું છે, આ મીઠું છે, આ ખાટું છે, હું આ સ્થિતિમાં છું, ટાઢે ઠરૂં છઉં, તાપ પડે છે, દુઃખી છઉં, દુઃખ અનુભવું છું, એવું જે સ્પષ્ટ જ્ઞાન, **વેદન જ્ઞાન,** અનુભવ જ્ઞાન, અનુભવપણું તે જો કોઈમાં પણ હોય તો તે આ જીવ પદને વિષે છે અથવા તે જેનું લક્ષણ હોય છે, તે પદાર્થ જીવ હોય છે, એજ તીર્થંકરાદિનો અનુભવ છે.

સ્પષ્ટ પ્રકાશપણું - અનંત અનંત કોટી તેજસ્વી દીપક, મણિચંદ્ર, સૂર્યાદિની કાંતિ જેના પ્રકાશ વિના પ્રગટવા સમર્થ નથી અર્થાત્ તે સર્વ પોતે પોતાને જાણવા અથવા જાણવા યોગ્ય નથી. જે પદાર્થના પ્રકાશને વિષે **ચૈતન્યપણાથી** તે પદાર્થ જાણ્યા જાય છે, તે પદાર્થ પ્રકાશ પામે છે, સ્પષ્ટ ભાસે છે, તે પદાર્થ જે કોઈ છે તે જીવ છે. અર્થાત્ તે લક્ષણ પ્રગટપણે સ્પષ્ટ પ્રકાશમાન એવું નિરાબાધ પ્રકાશ્યમાન ચૈતન્ય તે જીવનું તે જીવ પ્રત્યે ઉપયોગ વાળતાં પ્રગટ દેખાય છે. એ જે લક્ષણો કહ્યાં છે તે ફરી ફરી વિચારી જીવ નિરાબાધ પણે જાણ્યો જાય છે, જે જાણવાથી જીવ જાણ્યો છે તે લક્ષણો એ પ્રકારે તીર્થંકરાદિએ કહ્યાં છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્ર-૪૩૮**

આકાશાદિ ઈતર પદાર્થોનું જે પોતપોતાનું ખાસ લક્ષણ છે, તે આ જીવ પદાર્થમાં છે નહિ અને ઈતર પદાર્થોમાં જે છે નહિ, એવું **અસાધારણ ચૈતન્યલક્ષણ** આ જીવ પદાર્થમાં છે, એટલા માટે આ

જીવ પદાર્થ સર્વ અન્ય પદાર્થોથી વિલક્ષણ, સર્વથા પૃથક્-ભિન્ન-જુદો જ તરી આવતો અલગ સ્વતંત્ર પદાર્થ છે.

અનંત દ્રવ્ય સંકરમાં પણ ટંકોત્કીર્ણ ચિત્સ્વભાવી

અને આમ સ્વતંત્ર ચેતન સ્વભાવથી જીવ પદાર્થ અન્ય સર્વ પદાર્થોથી ભિન્ન છે, એટલા માટે જ આ જીવ પદાર્થ अत्यंतमनंतद्रव्यसंकरेऽपि स्वरूपादिप्रच्यवनात् - અત્યંતપણે અનંત દ્રવ્યના સંકરમાં (સેળભેળમાં), પણ સ્વરૂપથી અપ્રચ્યવનને લીધે ટંકોત્કીર્ણ ચિત્ સ્વભાવવાળો છે - 'टंकोत्कीर्णचित्स्वभावः' અનંત દ્રવ્યોના સંકરમાં પણ - સંમિશ્રપણામાં ભેળસેળ રૂપ શંભુ મેળામાં પણ આ જીવ સ્વરૂપથી પ્રચ્યુત થતો નથી, એટલે તે **ટંકોત્કીર્ણ ચિત્ સ્વભાવવાળો જ** અવસ્થિત રહે છે. આ અંગે **શ્રી 'પંચાસ્તિકાય'*** ૭મી ગાથામાં કહ્યું છે તેમ 'અન્યોન્ય પ્રવેશતા, અન્યોન્ય અવકાશ દેતા અને નિત્ય મળવા છતાં પણ તેઓ (દ્રવ્યો) પોતાનો સ્વભાવ છોડતા નથી.' આની વ્યાખ્યા** કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** વદે છે કે, 'અત્રે છ દ્રવ્યોના પરસ્પર અત્યંત સંકરમાં પણ પ્રતિનિયત (પ્રત્યેકના નિયત) સ્વરૂપથી અપ્રચ્યવન કહ્યું છે, એટલા માટે જ તેઓનું પરિણામવંતપણું છતાં પૂર્વે નિત્યપણું કહ્યું છે અને એટલા માટે જ તેઓની એકત્વ આપત્તિ નથી અને જીવ-કર્મનું વ્યવહાર નયાદેશથી એકત્વ છતાં પરસ્પર સ્વરૂપ - ઉપાદાન નથી.' અર્થાત્ ષડ્ દ્રવ્યાત્મક આ લોકમાં અનંત દ્રવ્યોનો સંકર - સંમિશ્રિતપણે સંમિલન છે, એક ક્ષેત્રાવગાહ સ્થિતિ છે, છતાં તે મધ્યે પણ અસાધારણ ચેતન સ્વરૂપ લક્ષણથી ભિન્ન એવો જીવ પદાર્થ સ્વરૂપથી પ્રચ્યુત-ભ્રષ્ટ થતો નથી, ભગવાન 'અચ્યુત' જ રહે છે, તેથી ટંકણાથી શિલામાં ઉત્કીર્ણ - કોતરેલા અક્ષરની જેમ તે **'અક્ષર'** એવા **ટંકોત્કીર્ણ** ચિત્ સ્વભાવમાં સદા અવસ્થિત - જેમ છે તેમ જ રહે છે.

''ચેતન વિનું જે તે દરવ, તે અશુદ્ધ પર હેય;
શુદ્ધ ચેતના સંજુગત, નિત્ય જીવ આદેય.
પંચ દ્રવ્ય જડ હેય હૈ, તોભી કહીયે જ્ઞેય;
તાતે વખાનો પ્રગટ, સ્યાદ્વાદ નય લેય.'' - **શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્ય પ્રકાશ', ૧-૩૭-૩૮**

સત્ ચિત્ દ્રવ્ય સ્વપર પ્રકાશક ચિત્ સ્વભાવી જીવ સમય

આમ સત્ ચિત્ વસ્તુ સ્વરૂપ એવો આ જીવ નામનો પદાર્થ ચૈતન્ય રૂપ સ્વરૂપ સત્તાથી યુક્ત એવું ગુણ પર્યાયવંત સ્વતંત્ર દ્રવ્ય છે, દર્શન-જ્ઞાન-જ્યોતિ સ્વરૂપ આ ચેતન દ્રવ્ય સ્વ-પર પ્રકાશકપણાને લીધે વિશ્વરૂપ ગ્રાહી છતાં એકરૂપ છે, અને અસાધારણ એવી ચિદ્રૂપતાને લીધે આકાશાદિ અન્ય સર્વ દ્રવ્યોથી ભિન્ન હોઈ, ચિત્ સ્વરૂપથી અપ્રચ્યવનને લીધે **'ટંકોત્કીર્ણ'** એવો ચિત્ સ્વભાવી છે. અને આમ એક **'ચિત્'** અક્ષરમાં જ અક્ષર એવું જેનું સંપૂર્ણ સ્વરૂપ સમાય છે, એવો આ જીવ નામનો પદાર્થ એકપણે એકી સાથે જાણે છે અને જાય છે, ગમન કરે છે, પરિણમન કરે છે, પરિણમે છે, તેથી નિરુક્તિથી - વ્યુત્પત્તિથી **'સમય'** એવી યથાર્થ સંજ્ઞાથી ઓળખાય છે, અર્થાત્ જાણવું અને પરિણમવું એ બન્ને જ્યાં 'એકી સાથે એકપણે થાય છે, જાણવું એજ જ્યાં પરિણમવું અને પરિણમવું એજ જ્યાં જાણવું છે, એટલે કે જે જાણપણા પણે પરિણમે છે, એવો આ જીવ નામનો સમય છે.

---

* **''अण्णोण्णं पविसंता दिंता ओगासमण्णमण्णस्स ।**
मेलंता वि य णिच्चं सगं सभावं ण विजहंति ॥'' - श्री पंचास्तिकाय गा. ७

** ''अत्र षण्णां द्रव्याणां परस्परमत्यन्त संकरेऽपिप्रतिनियतस्वरूपादप्रच्यवनमुक्तम् । अत एव तेषां परिणामवत्वेऽपि प्राग्नित्यत्वमुक्तम् । अत एव च न तेषामेकत्वापत्ति र्न च जीवकर्म्मणो र्व्यवहारनयादेशादेकत्वेऽपि परस्परस्वरूपोपादानमिति ॥'' - **श्री अमृतचंद्राचार्यजी कृत 'पंचास्तिकाय' टीका** गा-७

૨. સ્વ સમય

અને આવો આ સમય-આત્મા જ્યારે 'सकलभाव स्वभाव भासनसमर्थ विद्यासमुत्पादक विवेक ज्योतिरुद्गमनात्' - સકલ ભાવોના સ્વભાવના ભાસનમાં સમર્થ એવી વિદ્યાની સમુત્પાદક વિવેક જ્યોતિના ઉદ્ગમન થકી સમસ્ત પરદ્રવ્યથી પ્રચ્યુત થઈ, 'समस्त-परद्रव्यात् प्रच्युत', 'दृशि-ज्ञप्ति स्वभावमां नियतवृत्ति રૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગત પણે વર્તે છે, ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતપણાને લીધે સ્વને એકપણે યુગપત્ (એકી સાથે) જાણતો અને જતો, સ્વ સમય છે.' અર્થાત્ આવો આ સમય-જીવ જ્યારે સ્વ-ને આત્માને - પોતાને એકપણે એકીસાથે જાણે છે અને જાય છે (પરિણમે છે), ત્યારે તે **'સ્વસમય'** એમ પ્રતીત થાય છે, આત્મા આત્માને એકપણે એકીસાથે જાણે ને પરિણમે તે સ્વસમય છે. તે આ પ્રકારે - પ્રથમ તો આ જીવને વિવેક જ્યોતિનો સમુદય થાય છે, એટલે સ્વ સ્વભાવ-પર સ્વભાવના ભેદનું ભાન થાય છે, એથી કરીને સકલ ભાવોના સ્વભાવના ભાસનમાં સમર્થ એવી વિદ્યા-આત્મજ્ઞાન ઉપજે છે. આમ વિદ્યાજનક વિવેક થકી સ્વ-પર ભાવનું ભેદ વિજ્ઞાન ઉપજે છે, એથી સકલ સ્વભાવના અવભાસનમાં સમર્થ વિદ્યા-આત્મજ્ઞાન ઉપજે છે. એટલે આ પરદ્રવ્ય તે હું નથી ને મ્હારૂં નથી. એમ જાણી આ જીવ સમસ્ત પરદ્રવ્યથી પ્રચ્યુત થાય છે, સર્વથા ભ્રષ્ટ થાય છે, અને આમ પરદ્રવ્યથી પ્રચ્યુત થઈને આ જીવ દેખવા-જાણવા રૂપ દૃશિ-જ્ઞપ્તિ સ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગત પણે-એકત્વ પ્રાપ્તપણે - પરિણામી પણે વર્તે છે, 'दृशिज्ञप्तिस्वभावनियतवृत्तिरूपात्मतत्त्वैकत्वगतत्वेन वर्त्तते ।' અર્થાત્ દર્શન-જ્ઞાન સ્વભાવમાં જ વર્ત્તવા રૂપ જેની વૃત્તિ નિયત છે, ત્રણે કાળમાં ન ચળે એવી અખંડ નિશ્ચયરૂપ વર્ત્તે છે, એવા આત્મતત્ત્વની સાથે એકપણે વર્ત્તે છે. એટલે આમ 'दर्शनज्ञानचारित्रस्थितत्वात्' - દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતપણાને લીધે સ્વને એકપણે એકીસાથે જાણતો અને જતો - ગમન કરતો - પરિણમતો એવો તે **'સ્વ સમય'** કહેવાય છે. 'स्वमेकत्वेन युगपज्जानन् गच्छंश्च स्वसमय इति' શુદ્ધ દર્શન-જ્ઞાનમય આત્મ સ્વભાવમાં વર્ત્તતો, સદા શુદ્ધ આત્મ અનુભવમાં વિલસતો - રમણ કરતો તે સ્વસમય* છે.

દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતપણાને લીધે 'સ્વ સમય'

અત્રે **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીની આ અલૌકિક પરમ પરમાર્થગંભીર વ્યાખ્યા** સ્પષ્ટ સમજવા માટે એક દૃષ્ટાંત યોજીએ : કોઈ એક અંધારૂં ઘર છે. તેમાં પોતાની અને પારકી અનેક વસ્તુઓ પોતપોતાના સ્થાને પડી છે, પણ અંધકાર વ્યાપ્ત હોવાને લીધે તે વસ્તુઓ દેખાતી જ નથી, એથી કરીને પોતાની કઈ અને પારકી કઈ તેની ખબર પડતી નથી, એટલે પુરુષ પોતાની વસ્તુ મૂકી ભૂલથી પારકી વસ્તુ પકડી લે છે, આમ સ્થિતિ છે, ત્યાં પ્રથમ દીપકનો પ્રકાશ થાય, એટલે પોતપોતાને સ્થાને રહેલી બધી વસ્તુઓ જેમ છે, તેમ દેખાય છે. પોતાની કઈ ને પારકી કઈ તે ભાસે છે, એટલે ભૂલથી લીધેલી પારકી વસ્તુ મૂકી દઈ પુરુષ પોતાની વસ્તુ ગ્રહી લે છે અને તે પોતાની વસ્તુ તો પોતાના જ સ્વરૂપમાં નિયત વર્તે છે, એટલે તેની સાથે એકપણે વર્તી તેમાં જ સ્થિત હોય છે. તેમ આ વિશ્વરૂપ મોહાંધકાર ભર્યું ઘર છે. તેમાં પોતાની અને પારકી એમ અનેક વસ્તુઓ પોતપોતાના સ્વરૂપ સ્થાને પડી છે, પણ ગાઢ મોહ અંધકારના વ્યાપપણાને લીધે તે વસ્તુઓ દેખાતી જ નથી. એટલે પોતાની કઈ અને પારકી કઈ તેની ખબર પડતી નથી. એટલે આત્મા પોતાની વસ્તુ મૂકી ભૂલથી પારકી વસ્તુ પકડી લે છે.

અંધારૂં ઘર અને દીપકનું દૃષ્ટાંત

આમ સ્થિતિ છે, ત્યાં પ્રથમ સ્વ-પરનો ભેદ દેખાડનાર **વિવેક જ્યોતિનો** પ્રકાશ થાય, એટલે બધી વસ્તુઓ પોતપોતાના સ્વરૂપે દેખાય છે, એટલે પોતાની કઈ ને પારકી કઈ તેના ભાસનમાં સમર્થ **વિદ્યાજ્ઞાનપણું** ઉપજે છે, એટલે ભૂલથી લેવાઈ ગયેલી પારકી વસ્તુ મૂકી દઈ આત્મા પોતાની વસ્તુ

---

* **"ये पर्यायेषु निरतास्ते ह्यन्यसमयस्थिताः ।**
आत्मस्वभावनिष्ठानां ध्रुवा स्वसमयस्थितिः ॥" - **શ્રી યશોવિજયજી કૃત અધ્યાત્મોપનિષદ્, ૨-૨૬**

ગ્રહી લે છે, અને તે પોતાની વસ્તુ તો પોતાના દર્શન-જ્ઞાન સ્વરૂપમાં જ નિયત વર્તે છે, એટલે તેની સાથે એકપણે વર્તી તેમાં જ સ્થિત હોય છે અને એ જ **સ્વ સમય** હોય છે.

સ્વ સમયપ્રાપ્તિનો ક્રમ આ દૃષ્ટાંત પરથી સ્વ સમય પ્રાપ્તિનો ક્રમ સ્પષ્ટપણે સમજાઈ જાય છે : (૧) પ્રથમ તો સ્વ-પરનો ભેદજ્ઞાનરૂપ વિવેક પ્રગટે છે, (૨) તેથી આત્મજ્ઞાન રૂપ વિદ્યા ઉપજે છે, (૩) એટલે આ પરદ્રવ્ય તે હું નહિ ને મ્હારૂં નહિ એમ જાણી પરથી પ્રચ્યવન થાય છે, (૪) અને દર્શિ-જ્ઞપ્તિમાં નિયત વૃત્તિ રૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગતપણું વર્તે છે, (૫) એટલે આત્માનું સ્વરૂપ દર્શન-જ્ઞાન-ચારિત્ર હોઈ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતપણું હોય છે, (૬) એટલે સ્વને એકપણે જાણવા - જવા રૂપ સ્વ સમય હોય છે. આમ (૧) ભેદજ્ઞાન - (૨) આત્મજ્ઞાન - (૩) પર પ્રચ્યુતિ - (૪) આત્મવૃત્તિ - (૫) સ્વરૂપ સ્થિતિ - (૬) સ્વ સમય એમ ક્રમ છે. અથવા ટૂંકામાં જ્ઞાન-સ્વરૂપ-સ્થિતિ = સ્વ સમય. હવે આનો અનુક્રમે વિશેષ વિચાર કરીએ.

વિવેક જ્યોતિ : ભેદજ્ઞાન પ્રકાશ

સ્વ-પરનો વિવેક કરનારી, ભેદજ્ઞાન ઉપજાવનારી વિવેકજ્યોતિના પ્રકાશ થકી મોહ અંધકારનો પ્રણાશ થાય છે. આ અંગે શ્રી **'પ્રવચનસાર'*** પ્રથમ શ્રુતસ્કંધ ગાથા-૮૯-૯૦માં કહ્યું છે. તેમ - (૧) 'જે દ્રવ્યત્વપણાથી અભિસંબદ્ધ એવા જ્ઞાનાત્મક આત્માને અને પરને જો નિશ્ચયથી જાણે છે, તે મોહક્ષય કરે છે. તેથી આત્મા જો આત્માનો નિર્મોહ ઈચ્છતો હોય તો, દ્રવ્યો મધ્યે આત્માને અને પરને જિનમાર્ગ થકી ગુણો વડે કરીને જાણો.' આ મહાન્ ગાથાઓની અદ્‌ભુત વ્યાખ્યા કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અપૂર્વ પરમાર્થ પ્રકાશ્યો છે, તેનો સારાંશ એ છે કે - (૧) જે પોતાના ચૈતન્યાત્મક દ્રવ્યપણાથી અભિસંબદ્ધ આત્માને અને પારકા યથોચિત દ્રવ્યત્વપણાથી અભિસંબદ્ધ પરને નિશ્ચયથી જાણે છે, તે જ સમ્યક્ સ્વ-પર વિવેકને પામેલો સકલ મોહને ખપાવે છે. (૩) તેથી અહીં મોહનો સર્વનાશ કરવાની જેની બુદ્ધિ છે, એવા લબ્ધવર્ણજનો આગમ કથિત અનંત ગુણો મધ્યે કોઈ અસાધારણ વિશિષ્ટ ગુણો વડે અનંત દ્રવ્ય સંતતિમાં સ્વ-પર વિવેકને પામો ! તે આ પ્રકારે - જે આ અંતર્મુખ-બહિર્મુખ પ્રકાશવંતપણાએ કરીને સ્વપરનું પરિચ્છેદક એવું મ્હારૂં ચૈતન્ય હું છું, તે આ મ્હારા આત્મામાં જ વર્તમાન ચૈતન્ય વડે હું સમાનુજાતીય વા અસમાનજાતીય અન્ય દ્રવ્યને છોડી આત્માને ત્રિકાળ ધ્રુવ દ્રવ્ય જાણું છું, અને અન્ય દ્રવ્યને છોડી તેમાંજ વર્તમાન પૃથક્‌પણે વૃત્ત સ્વલક્ષણોથી ત્રિકાળ ધ્રુવ દ્રવ્ય એવા આકાશને, ધર્મને, અધર્મને, કાળને, પુદ્‌ગલને અને આત્માન્તરને નિશ્ચય કરૂં છું. તેથી હું નથી આકાશ, નથી ધર્મ, નથી અધર્મ, નથી કાળ, નથી પુદ્‌ગલ અને નથી આત્માન્તર. કારણકે એક ઓરડામાં પ્રગટાવેલા અનેક દીપ પ્રકાશોની જેમ સાથે મળીને અવસ્થિત એવા એઓ મધ્યે સ્વરૂપથી અપ્રચ્યુત જ એવું મારૂં ચૈતન્ય મને પૃથક્ - અલગ - ભિન્ન જણાવે છે. એમ જેને સ્વ-પર વિવેક નિશ્ચિત છે એવા આ આત્માને નિશ્ચયે કરીને વિકારકારી મોહાંકુરની પ્રાદુર્ભૂતિ હોય નહિ.' ઈત્યાદિ પ્રકારે સત્ પુરુષ સદ્‌ગુરુ સમીપે શ્રવણ કરેલા **'શ્રુત જ્ઞાન થકી વિવેક'** ઉપજે છે, શ્રુતજ્ઞાન સમ્યક્‌પણે પરિણમ્યાથી સદ્-અસદ્‌નું ભાન થાય છે, વસ્તુ સ્વરૂપ જેવું છે તેવું સમજાય છે, સ્વ-પરનું ભેદજ્ઞાન પ્રગટે છે, આત્મા-અનાત્માનો પ્રગટ ભેદ અનુભવમાં આવે છે, કેવલ શુદ્ધ આત્માની અનુભૂતિરૂપ વિવેક ખ્યાતિ - આત્મખ્યાતિ ઉપજે છે, શુદ્ધ આત્મજ્ઞાન થાય છે.

''નિજ ગુણ સબ નિજમાં લખે, ન ચખે પરગુણની રેખ રે,
ખીર નીર વિવરો કરે, અનુભવ હંસ શું પેખ રે... પ્રણમું પદ પંકજ પાર્શ્વનાથ.''

- શ્રી આનંદઘનજી

---

* ''णाणप्पगमप्पाणं परं च दव्वत्तणाहिसंबद्धं ।
जाणदि जदि णिच्छयदो जो सो मोहक्खयं कुणदि ॥
तम्हा जिणमग्गादो गुणेहिं आदं परं च दव्वेसु ।
अभिगच्छदु णिम्मोहं इच्छदि जदि अप्पणो अप्पा ॥''

- શ્રી 'પ્રવચનસાર' ગા. ૮૯-૯૦ (વિશેષ માટે જુઓ શ્રી અમૃતચંદ્રાચાર્યજીની ટીકા)

આત્મજ્ઞાન

આમ વિવેક જ્યોતિના પ્રકાશ થકી આત્મવિદ્યાની - આત્મજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. એટલે હું આ દેહાદિ પર - વસ્તુથી ભિન્ન એવો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી અજર અમર આત્મા છું, આ નાશવંત દેહાદિ પરભાવ તે હું નથી. એક શુદ્ધ સહજાત્મ સ્વરૂપ જ મ્હારૂં છે, બીજું કંઈ પણ મ્હારૂં નથી. હું આ દેહાદિ ભાવનો નથી ને આ દેહાદિ ભાવ મ્હારા નથી, એવો વિવેકજન્ય દૃઢ નિશ્ચય આત્મામાં થાય છે. એટલે હંસ જેમ ક્ષીર-નીરનો વિવેક કરી - દૂધને પાણી જૂદા કરી શુદ્ધ દૂધનો અનુભવ કરે છે, તેમ આત્મજ્ઞાની પુરુષ આત્મા-અનાત્માનો વિવેક કરી, સ્વ-પરને જૂદા પાડી, દેહથી વસ્ત્રની જેમ, મ્યાનથી તલવારની જેમ, જડથી ચેતન સ્વરૂપ આત્માને પ્રગટ ભિન્ન - જૂદો અનુભવે છે, સાક્ષાત્ સંવેદે છે, અને ભાવે છે કે આત્માથી જ* આત્મામાં આત્માને હું જે અનુભવું છું તે હું છું 'સોઽહં.' તે નથી નપુંસક, નથી નર, નથી નારી, નથી એક, નથી બે, નથી બહુ, નેતિ નેતિ જેના અભાવે હું સુષુપ્ત-સૂતો હતો અને જેના સદ્‌ભાવે હું જાગ્રત થયો - ઊઠ્યો, તે આ અતીન્દ્રિય અનિર્દેશ્ય એવો સ્વસંવેદ્ય હું છું. આ જગત્‌માં જો કોઈ પરમ, સર્વોત્કૃષ્ટ, પરમોત્તમ તત્ત્વ હોય તો તે અંતરમાં ઝળહળી રહેલી કેવલ એક જ્ઞાન જ્યોતિ જ એવો હું છુ. આમ જે આત્મજ્ઞાની સમ્યગ્ દૃષ્ટિ પુરુષને નિજ સ્વરૂપનું ભાન પ્રગટતાં સમ્યગ્ જ્ઞાન સુધારસ એવો આત્મા જાગ્યો છે, તે બોલી ઊઠે છે કે -

''જગત દિવાકર શ્રી નમીશ્વર સ્વામ જો, તુજ મુખ દીઠે નાઠી ભૂલ અનાદિની રે લો.
જાગ્યો સમ્યગ્ જ્ઞાન સુધારસ ધામ જો, છાંડી દુર્જય મિથ્યા નિંદ પ્રમાદની રે લો.
સહજે પ્રગટ્યો-નિજ પર ભાવ વિવેક જો, અંતર આતમ ઠહર્યો સાધન સાધવે રે લો.
સાધ્યાલંબી થઈ જ્ઞાયકતા છેક જો, નિજ પરિણતિ થિર નિજ ધર્મરસ ઠવે રે લો.'' - શ્રી દેવચંદ્રજી

''જબ જાન્યો નિજ રૂપકો, તબ જાન્યો સબ લોક,
નહિ જાન્યો નિજ રૂપ કો, સબ જાન્યો સો ફોક.'' - શ્રીમદ્ રાજચંદ્રજી, હાથનોંધ

પરપ્રચ્યુતિ : સ્વ વૃત્તિ

આવું ભેદ વિજ્ઞાનજન્ય આત્મજ્ઞાન જેને ઉપજે છે, તે પરભાવથી પ્રચ્યુત થઈ સ્વભાવમાં સુસ્થિત થાય છે. કારણકે તે આત્મજ્ઞાની સમ્યગ્ દૃષ્ટિ પુરુષ ભાવે છે કે - શુદ્ધ નિરંજન એક અદ્વૈત એવી 'કેવલ જ્ઞાન જ્યોતિ જ અબાહ્ય' છે, આત્માનું પરમ એવું અંતસ્તત્વ છે, એ સિવાયના 'શેષ ભાવો તો બાહ્ય' છે, આત્માથી પર છે ને 'તે ઉપપ્લવરૂપ' છે. ઉપપ્લવ એટલે અંધાધૂંધી, આફત, આપત્તિ, દુર્ભાગ્ય, વિઘ્ન, ભય, ક્ષોભ-ખળભળાટ, અરિષ્ટ, ગ્રહ ઈત્યાદી. કેવલ જ્ઞાનજ્યોતિ સિવાયના જે જે ભાવો છે-પરભાવો છે, તે તે ખરેખર ! ઉપપ્લવ રૂપ જ છે. જેમ કોઈ પરચક્રના આક્રમણથી નગરમાં ઉપપ્લવ મચી રહે, અંધાધૂંધી ફેલાઈ જાય, ખળભળાટ વ્યાપી જાય, નાસભાગ થઈ રહે, સંપત્તિ લૂંટાઈ જાય, ને વિપત્તિનો પાર રહે નહિ, તેમ પર વસ્તુના આક્રમણથી આ ચૈતન્યમય પુરુષના ચૈતન્ય પુરમાં ઉપપ્લવ મચે છે, આત્મપ્રદેશ પરિસ્પંદ રૂપ સંક્ષોભ ઉપજે છે, અજ્ઞાનની અંધાધૂંધી વ્યાપે છે, આત્માના જ્ઞાન-દર્શનાદિ ગુણ રત્નોનો ખજાનો લૂંટાય છે અને અનંત ભવપરિભ્રમણ રૂપ આપત્તિનો પાર રહેતો નથી. 'પારકો પેઠો વિનતી કરે' તે કહેવત અત્ર સાચી પડે છે.

''परः प्रविष्टः कुरुते विनाशं, लोकोक्तिरेषा न मृषेति मन्ये ।
निर्विश्य कर्माणुभिरस्य किं किं, ज्ञानात्मनो नो समपादि कष्टम् ॥''

- શ્રી વિનયવિજયજી કૃત શ્રી શાંતસુધારસ

---

* ''येनात्मनानुभूये ऽहमात्मनैवात्मनात्मनि । सोऽहं न तन्न सा नासौ नैको न द्वौ न वहुः ॥
यद्‌भावे सुषुप्तोऽहं यद्‌भावे व्युत्थितः पुनः । अतीन्द्रियमनिर्देश्यं तत्स्वसंवेद्यसंस्म्यहं ॥''
સમાધિ શતક (શ્રી પૂજ્યપાદ આચાર્યજી કૃત)

આ કર્માદિ પરભાવો તો બાહ્ય ભાવો છે, ખરેખર ! 'પર' છે - અર્થાત્ શત્રુનું કામ કરતા હોવાથી 'પર' છે, આત્માના ભાવશત્રુ છે. પરમાર્થથી આત્માને એની સાથે કાંઈ લેવાદેવા નથી. પણ અનાદિ અધ્યાસની કુવાસનાથી તેમાં અહંત્વ-મમત્વ કરીને તે બંધાય છે. તે એટલે સુધી કે પર પરિણતિના રાગીપણે, તે પરરસના રંગથી રક્ત થાય છે, પર રસરંગે રંગાઈ જાય છે અને પરનો ગ્રાહક તથા રક્ષક બની પરભોગમાં દુઃખ પામે છે. એટલે આ પરભાવ રૂપ પરચક્રનું આક્રમણ ખરેખર ! ઉપપ્લવ રૂપ છે, આફત છે, આપત્તિ છે, દુર્ભાગ્ય રૂપ છે, વિઘ્ન રૂપ - બાધા રૂપ છે, અરિષ્ટ-અનિષ્ટ રૂપ છે, ગ્રહરૂપ છે, અંધાધૂંધી રૂપ છે.

''પર પરિણતિ રાગીપણે, પરરસ રંગે રક્ત રે,
પર ગ્રાહક રક્ષકપણે, પર ભોગે આસક્ત રે... જગતારક પ્રભુ વિનવું.'' - **શ્રી દેવચંદ્રજી**

સ્વરૂપ સ્થિતિ : સ્વસમય

'શુદ્ધાતમ અનુભવ સદા, તે સ્વસમય વિલાસ રે.' - **શ્રી આનંદઘનજી**

અને આ દૃશિ-જ્ઞપ્તિ સ્વભાવમાં નિયત વૃત્તિ રૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તવા રૂપ જે આત્મવૃત્તિ થવી, એજ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતપણું છે અને એજ **સ્વસમય** છે. કારણકે દૃશિ-જ્ઞપ્તિ સ્વભાવમાં **'નિયત વૃત્તિ'** એ દર્શન-જ્ઞાનમય આત્મતત્ત્વ છે અને તે આત્મતત્ત્વ સાથે એકપણે વર્તવા રૂપ **'આત્મવૃત્તિ'** તે ચારિત્ર છે, આમ દર્શન-જ્ઞાનમય આત્મ સ્વભાવમાં વર્તવું એજ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતપણું છે અને આ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ આત્માનું સ્વરૂપ છે, એટલે આવા દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતપણું એ જ **સ્વરૂપ સ્થિતિ** છે અને સ્વરૂપ સ્થિતિ એ જ **સ્વરૂપ સ્વસમય** છે, અર્થાત્ જેમ છે તેમ સ્વભાવભૂત સહજ આત્મ સ્વરૂપમાં સમાવું, **સહજાત્મ સ્વરૂપ** થવું, એ જ સ્વસમય છે.

''જિમ જિનવર આલંબને, વધે સધે એકતાન હો મિત્ત !
તિમ તિમ આત્માલંબની, ગ્રહે સ્વરૂપ નિદાન હો મિત !
કયું જાણું કયું બની આવશે, અભિનંદન રસ રીત... હો મિત !
સ્વ સ્વરૂપ એકત્વતા, સાધે પૂર્ણાનંદ હો મિત !
રમે ભોગવે આતમા, રત્નત્રયી ગુણ વૃંદ હો મિત !... કયું જાણું.'' - **શ્રી દેવચંદ્રજી**

પણ હવે આ પરભાવની અંધાધૂંધીને ભેદી નાંખનારા ભેદજ્ઞાનના પ્રસાદથી મને દિવ્ય આત્મજ્ઞાન જ્યોતિનો પ્રકાશ સાંપડ્યો છે, એટલે 'જ્ઞાન દર્શન લક્ષણવાળો એક શાશ્વત આત્મા જ મ્હારો' છે, 'બાકીના સંજોગલક્ષણ ભાવો' તો બાહ્ય છે - આત્મ બાહ્ય છે, મ્હારા આત્માને તેની સાથે કંઈ લેવા દેવા નથી - નિસ્બત નથી એમ મેં જાણ્યું છે. માટે મ્હારે આ મ્હારો એક શુદ્ધ આત્મભાવ જ આદેય છે - ગ્રહણ કરવા યોગ્ય છે, બાકી આ બીજા બધા ભાવ હેય છે, ત્યજવા યોગ્ય છે, એટલે હું મ્હારા આત્મભાવને જ ભજું ને આ સમસ્ત પરભાવ પ્રપંચને ત્યજું એ જ યોગ્ય છે. આપણો આત્મભાવ જે એક ચેતનાધાર છે, તે નિજ પરિકર - પરિવાર રૂપ ભાવ જ આ બીજા બધા સાથ સંયોગ કરતાં સાર છે. 'એ નિજ પરિકર સાર રે.' માટે હે ચેતન ! તું શાંત થઈ આ સર્વ પરભાવથી વિરામ પામ ! વિરામ પામ ! હે આનંદઘન ! એજ આ પરમ શાંતિ માર્ગ પામવાનો પરમ ઉપાય છે. એનો આશ્રય કર ! આશ્રય કર !

''આપણો આતમભાવ જે, શુદ્ધ ચેતનાધાર રે,
અવર સવિ સાથ સંયોગથી, એ નિજ પરિકર સાર રે... શાંતિજિન એક મુજ વિનતી.''

- શ્રી આનંદઘનજી

ઈત્યાદિ પ્રકારે આત્મભાવના કરતો સમ્યગ્દૃષ્ટિ આત્મજ્ઞાની પુરુષ સ્વભાવનો આશ્રય કરવાનો ને પરભાવનો ત્યાગ કરવાનો વિવેકજન્ય દૃઢ નિશ્ચય કરે છે, અને તે નિશ્ચયને અમલમાં મૂકી - આચરણમાં આણી પર પરિણતિ ત્યજે છે ને આત્મપરિણતિને ભજે છે, પરમાત્મ સ્વરૂપ શુદ્ધ સ્વજાતિ તત્ત્વના બહુમાનમાં તલ્લીન બની, વિરસ એવા વિજાતિ પરભાવ રસને છોડી દે છે ને સરસ એવા સ્વ સ્વરૂપ રસના પાનથી પીન-પુષ્ટ થાય છે, ધીંગોધડબો બને છે, આમ તે આત્મજ્ઞાની પુરુષ સમસ્ત

પરદ્રવ્યથી પ્રચ્યુત થઈ, દેશિ-જ્ઞપ્તિ સ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગત પણે વર્તે છે, અર્થાત્ દર્શન જ્ઞાન સ્વભાવી આત્મામાં જ વર્તવા રૂપ સ્વવૃત્તિ-આત્મવૃત્તિ કરે છે.

''શુદ્ધ સ્વજાતિ તત્ત્વને, બહુમાને તલ્લીન રે,
તે વિજાતિ રસતા તજી, સ્વ સ્વરૂપ રસ પીન રે... જગતારક પ્રભુ.'' - શ્રી દેવચંદ્રજી

અત્રે જિજ્ઞાસુને પ્રશ્ન થવો સંભવે છે કે - જીવ શું સ્વભાવમાંથી ચાલ્યો જાય છે કે, જેથી કરીને આ સ્વસમય-પરસમય એવો ભેદ કરવો પડે છે ? તેનો ઉત્તમ રહસ્યમય તાત્ત્વિક ખુલાસો **'પંચાસ્તિકાય'*** ગાથા-૧૫૫ અને ૧૫૮ અને તે પરની **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીની** મનનીય ટીકા પરથી મળી જાય છે અને તેનો સાર એ છે કે - (૧) **'જ્ઞાન-દર્શન'**માં અવસ્થિતપણાને લીધે સંસારી જીવ સ્વભાવ નિયત છે, છતાં અનાદિ **મોહનીયના** ઉદયને અનુસરવા અનુવર્તવા રૂપ **'અનુવૃત્તિ'** તે કરે છે, તેથી તેનો ઉપયોગ ઉપરક્ત હોય છે, એટલે તે ભાવ વૈશ્વરૂપ્યપણું ગ્રહે છે. તેને લીધે અનિયત ગુણ પર્યાયપણું હોય છે, તે પરસમય-પરચરિત છે. પણ આથી ઉલટું અનાદિ મોહનીયના ઉદયને અનુસરવા-અનુવર્ત્તવા રૂપ અનુવૃત્તિને ફગાવી દઈ આ જીવ અત્યંત શુદ્ધોપયોગવંત હોય છે, એટલે તે ભાવઐક્યરૂપપણું ગ્રહે છે, તેને લીધે નિયત ગુણપર્યાયપણું હોય છે, તે **સ્વસમય-સ્વચરિત** છે.* (૨) કારણકે નિરુપરાગ ઉપયોગપણાને લીધે જે સર્વ સંગથી મુક્ત થયો છે અને પરદ્રવ્યમાંથી વ્યાવૃત્ત-પાછા વળેલા ઉપયોગપણાને લીધે જે અનન્ય મનવાળો છે, એવો તે જીવ આત્માને જ્ઞાનદર્શન રૂપ સ્વભાવે અવસ્થિતપણે નિયત જાણે છે - દેખે છે અને તેજ જીવ નિશ્ચયે કરીને સ્વકચરિત ચરે છે, કારણકે દેશિ-જ્ઞપ્તિ સ્વરૂપ પુરુષમાં તન્માત્રપણે વર્તન તે **'સ્વચરિત્ર** છે અને તેજ **સ્વસમય** છે.'

આમ ભેદજ્ઞાનથી આત્મજ્ઞાન, આત્મજ્ઞાનથી પરપ્રચ્યુતિ, પરપ્રચ્યુતિથી સ્વવૃત્તિ-આત્મવૃત્તિ, આત્મવૃત્તિથી સ્વરૂપ સ્થિતિ અને સ્વરૂપ સ્થિતિથી સ્વસમય એમ સ્વસમયના તત્ત્વ વિજ્ઞાનનો સકલ અવિકલ ક્રમ છે. તાત્પર્ય કે આત્મવિદ્યાની સમુત્પાદક એવી ભેદજ્ઞાન રૂપ વિવેક જ્યોતિના સમુદય થકી સમસ્ત પરદ્રવ્યથી પ્રચ્યુત થઈ, જે આત્મા દર્શન-જ્ઞાન સ્વભાવી આત્મામાં નિયત વૃત્તિપણે - વર્તન રૂપ ચારિત્ર પણે વર્તે છે, તે સ્વસમય હોય છે. આ સર્વના પરમ અદ્‌ભુત નિષ્કર્ષ રૂપ **પરમ આત્મતત્ત્વ દેષ્ટા સામર્થ્યયોગી શ્રીમદ્ રાજચંદ્રજીનું** આત્માનુભવોદ્‌ગાર રૂપ આ ટંકોત્કીર્ણ અમર વચનામૃતજી છે કે -

''જડ ને ચેતન બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન, સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે,
સ્વરૂપ ચેતન નિજ જડ છે સંબંધ માત્ર, અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે;
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો, જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે ,
કાયાની વિસારી માયા સ્વરૂપે શમાયા એવા, નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે.''

- શ્રીમદ્ રાજચંદ્રજી, (અં. ૯૦૨)

---

* **''जीवो सहावणियदो अणियदगुणपज्जओ य परसमओ ।**
जदि कुणदि सगं समयं पब्भस्सदि कम्मबंधादो ॥
जो सव्वसंगमुक्को णण्णमणो अप्पणं सहावेण ।
जाणदि पस्सदि णियदं सो सगचरियं चरदि जीवो ॥'' **પરમર્ષિ કુંદકુંદાચાર્યજી કૃત 'પંચાસ્તિકાય'.**

* 'संसारिणो हि जीवस्य ज्ञानदर्शनावस्थितत्वात् स्वभावनियतस्याप्यनादिमोहनीयोदयानुवृत्तिरूपत्वेनोपरक्तोपयोगस्य सतः समुपात्तभाववैश्वरूप्यत्वादनियतगुणपर्यायत्वं परसमयः । परचरितमिति यावत् । तस्यैवानादिमोहनीयोदयानुवृत्तिपरत्वमपास्य अत्यन्त शुद्धोपयोगस्य सतः समुपात्तभावैक्य रूप्यत्वान्नियतगुणपर्यायत्वं स्वसमयः, स्वचरितमिति यावत् । अथ खलु यदि कथञ्चनोद्भिन्नसम्यग्ज्ञानज्योतिर्जीवः परसमयं व्युदस्य स्वसमयमुपादत्ते, तदा कर्मबन्धादवश्यं भ्रश्यति । यतो हि जीवस्वभावनियतं चरितं मोक्षमार्ग इति ॥ *** स खलु स्वकं चरितं चरति जीवः । यतो हि दृशिज्ञप्तिस्वरूपे पुरुषे तन्मात्रत्वेन वर्तनं स्वचरितमिति ॥''
- પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી કૃત પંચાસ્તિકાય ટીકા ગા. ૧૫૫-૧૫૬

૩. પરસમય

''પરવડી છાંયડી જ્યાં પડે, તે પરસમય નિવાસ રે.'' - **શ્રી આનંદઘનજી**

यदा तु - 'પણ **જ્યારે** 'अनाद्यविद्याकंदलीमूलकंदायमानमोहनुवृत्तितया' - અનાદિ અવિદ્યા કંદલીના મૂલ કંદરૂપે **મોહની 'અનુવૃત્તિતંત્રતાએ'** કરીને દૃશિ-જ્ઞપ્તિ સ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી પ્રચ્યુત થઈ 'दृशिज्ञप्तिस्वभावनियतवृत्तिरूपात्मतत्त्वात्प्रच्युत्य' - (આ જીવ) પર દ્રવ્ય પ્રત્યયી મોહ-રાગ-દ્વેષાદિ ભાવોની સાથે એકત્વગતપણે વર્તે છે, ત્યારે પુદ્ગલ કર્મપ્રદેશમાં સ્થિતપણાને લીધે પરને એકપણે એકી સાથે જાણતો અને જતો, **પરસમય** એમ પ્રતીતાય છે.' અર્થાત્ આ આત્મા જ્યારે પરને એકપણે એકીસાથે જાણે છે અને પરિણમે છે, ત્યારે તે પરસમય છે, એમ પ્રતીત થાય છે, તે આ પ્રકારે : અનાદિ અવિદ્યા રૂપ કંદલીનો મૂલ કંદ **મોહ** છે. તે મોહને અનુસરવા-અનુવર્ત્તવા રૂપ **અનુવૃત્તિતંત્રતા** વડે કરીને આ જીવ દૃશિ-જ્ઞપ્તિ (દેખવા-જાણવા રૂપ) સ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી પ્રચ્યુત થાય છે અને પરદ્રવ્ય પ્રત્યયી - પરદ્રવ્ય નિમિત્તે ઉપજતા મોહ-રાગ-દ્વેષાદિ ભાવોની સાથે એકત્વગતપણે - એકત્વ પ્રાપ્તપણે વર્ત્તે છે, 'परद्रव्यप्रत्यय मोह-राग-द्वेषादि भावैकत्व-गतत्वेन वर्तते' અર્થાત્ હું મોહ છું, રાગ છું, દ્વેષ છું એમ એકપણે વર્તે છે. 'तदा पुद्गल कर्मप्रदेशस्थितत्वात्' - ત્યારે પુદ્ગલ કર્મ પ્રદેશમાં સ્થિતપણાને લીધે, તે પરને એકપણે એકીસાથે જાણતો અને જતો - પરિણમતો છતો તે પરસમય હોય છે, - परमेकत्वेन युगपज्जानन् गच्छंश्च परसमयं इति प्रतीयते' । આમ દર્શન-જ્ઞાન સ્વભાવી આત્મામાં નિયતપણે વર્તવા રૂપ આત્મભાવથી પ્રચ્યુત થઈ-ભ્રષ્ટ થઈ, પરભાવને એકપણે જાણી તેમાં વર્તવું તે **પરસમય** છે.

સ્વસમયના વિવેચનમાં જે અંધારા ઘરનું દૃષ્ટાંત મૂક્યું છે, તે પરથી જ આ પરસમયની ઉત્પત્તિની સંકલના પણ સ્વયં સમજાઈ જાય છે : (૧) પ્રથમ તો મોહ અંધકારને લીધે સ્વ-પરનો ભેદ પરખાતો નથી - ભેદ અજ્ઞાન હોય છે, (૨) તેથી આત્મ અજ્ઞાનરૂપ અવિદ્યા ઉપજે છે, (૩) એટલે દૃશિ-જ્ઞપ્તિ સ્વભાવમાં નિયત વૃત્તિ રૂપ આત્મતત્ત્વથી પ્રચ્યવન હોય છે, (૪) એથી આ પરદ્રવ્ય તે હું ને મ્હારૂં એમ જાણી તે સાથે એકપણું વર્તે છે, (૫) એટલે પુદ્ગલ કર્મપ્રદેશરૂપ પરરૂપમાં સ્થિતપણું વર્તે છે, (૬) એટલે પરને એકપણે જાણવા-જવા રૂપ પરસમય હોય છે. આમ ભેદ અજ્ઞાન-આત્મ અજ્ઞાન-સ્વપ્રચ્યુતિ-પર વૃત્તિ-પરરૂપ સ્થિતિ - પરસમય એમ ક્રમ છે. હવે આનો અનુક્રમે વિશેષ વિચાર કરીએ.

મોહ 'મહારાજ' : ભેદ અજ્ઞાન અને આત્મ અજ્ઞાન

''ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર,
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, અં-૯૫૪**

બધા દોષોનું મૂલ મોહ છે. મોહને લીધે જ સમસ્ત કર્મની અને કર્મજન્ય આ સમસ્ત સંસારની ઉત્પત્તિ છે. મોહને લીધે જ સ્વ-પરનો વિવેક જણાતો નથી, સ્વ-પરનું ભેદ અજ્ઞાન વર્તે છે, એટલે મોહને લીધે જ આ જીવ પરવસ્તુમાં મોહ પામી મુંઝાઈ જાય છે. દેહાદિ પરવસ્તુમાં **આત્મભ્રાંતિ** એ જ આ જીવનો અનાદિ વિપર્યાસ રૂપ **દર્શનમોહ** છે અને એજ આ જીવની મોટામાં મોટી મૂલગત ભૂલ છે અને આ **આત્મભ્રાંતિથી જ ભવભ્રાંતિ** ઉપજી છે - તે આ પ્રકારે - પર વસ્તુમાં મુંઝાવા રૂપ મોહ - દર્શન મોહ ઉપજ્યો, દર્શન મિથ્યા થયું, એટલે સર્વ જ્ઞાન અજ્ઞાનરૂપ બન્યું અને સર્વ ચારિત્ર પણ કુચારિત્ર થઈ પડ્યું. દર્શનમોહ ઉપજ્યો એટલે ચારિત્રમોહ ઉપજ્યો અને અનંતાનુબંધી આદિ તીવ્ર કષાય-પ્રકારોની ઉત્પત્તિ થવા લાગી. આ દર્શન મોહ અને ચારિત્ર મોહ એમ દ્વિવિધ મોહરૂપ ઘાતિ પ્રકૃતિનો બંધ થયો, એટલે તેના અવષ્ટંભને ઈતર ઘાતી પ્રકૃતિ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય પણ બંધાવા લાગી, તેમજ વેદનીય, આયુ, નામ, ગોત્ર એ અઘાતિ પ્રકૃતિનો પણ બંધ થવા લાગ્યો,

અને મૂળ શુદ્ધ સ્વભાવે મુક્ત આત્મા અષ્ટવિધ કર્મની બેડીના ગાઢા બંધને બંધાઈ સંસારચક્રમાં અનંત જન્મમરણ પરંપરા રૂપ પરિભ્રમણ દુઃખ પામી રહ્યો. આમ દર્શન મોહ-મિથ્યા દર્શન (મિથ્યાત્વ) સેના નાયકે પ્રવેશ કરતાં, તેની અનુગામિની સમસ્ત કર્મસેનાએ આત્મા પર આક્રમણ (Invasion) કર્યું. આત્મપ્રદેશ પર જોરદાર હલ્લો કર્યો અને તેના ક્ષેત્રને ખેદાન મેદાન કરી નાંખ્યું ! રાજાધિરાજ મોહ-રાયે દબદબાભરી રીતે ચૈતન્યપુરમાં પ્રવેશ કર્યો, એટલે તેની જય પોકારતા સમસ્ત કર્મ પરિવારે પોતાના તે અન્નદાતાની પાછળ પાછળ અનુપ્રવેશ કરી આત્મપ્રદેશને ઘેરી લીધો ! અને પોતાના પુદ્ગલ-ક્ષેત્રમાં અતિક્રમણ (Transgression, Trespass) કરવાના અપરાધ બદલ આત્માને બંદિવાન બનાવી સંસારની હેડમાં પૂર્યો ! ને 'વેરની વસુલાત' કરી ! આમ સર્વ દોષના, સર્વ અનર્થના, સર્વ કર્મના અને સર્વ સંસારના મૂલ રૂપ મોહ છે, એટલા માટે જ પરમ મૌલિક અલૌકિક તત્ત્વચિંતક (Philosopher) **પરમર્ષિ અમૃતચંદ્રજીએ** આ મોહને અત્રે અનાદિ **અવિદ્યા કંદલીનો મૂલ કંદ** કહ્યો છે, તે યથાર્થ છે.

''કર્મ અનંત પ્રકારના, તેમાં મુખ્યે આઠ,
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ.'' - **શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, સૂત્ર-૧૦૨**

અને આ મોહજન્ય અવિવેકને લીધે જ-ભેદ અજ્ઞાનને લીધે જ અવિદ્યા-આત્મસ્વરૂપનું અજાણપણું - આત્મ અજ્ઞાન વર્તે છે, અને તેથી **'આપ આપકું ભૂલ ગયા !'** એવી મોટામાં મોટી અંધેર જેવી મહા હાસ્યાસ્પદ વાર્તા બને છે !

''આપ આપકું ભૂલ ગયા, ઈનસે ક્યા અંધેર ?
સુમર સુમર અબ હસત હે, નહીં ભૂલેંગે ફેર.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, હાથનોંધ**

આત્મ પ્રચ્યુતિ અને પરવૃત્તિ

આમ **મોહની અનુવૃત્તિતંત્રતાએ** કરીને પોતે પોતાને ભૂલી જવા રૂપ આત્મ અજ્ઞાનને લીધે જ આત્મા દૃશિ-જ્ઞપ્તિ સ્વભાવમાં નિયત વૃત્તિ રૂપ આત્મતત્વથી પ્રચ્યુત થઈ, પરદ્રવ્ય પ્રત્યયી મોહ-રાગ-દ્વેષાદિ ભાવો સાથે એકત્વગતપણે વર્તે છે, અર્થાત્ દર્શન-જ્ઞાનમાં જ વર્તવા રૂપ **આત્મ સ્વભાવથી ભ્રષ્ટ** થઈ, પરદ્રવ્ય નિમિત્તે ઉપજતા મોહ-રાગ-દ્વેષાદિ **વિભાવ** ભાવે પરિણમે છે. કારણકે મોહજન્ય આત્મ અજ્ઞાનને લીધે ઉપજતો વિપર્યાસ જ જીવને ઊંધા પાટા બંધાવે છે, અનાત્મામાં આત્મબુદ્ધિ ઉપજાવે છે, પર વસ્તુમાં સ્વબુદ્ધિનો વિભ્રમ કરાવે છે. આ અનાદિ અવિદ્યા રૂપ વિપર્યાસથી ભોગ સાધનારૂપ દેહાદિમાં આત્મભ્રાંતિ ઉપજે છે, દેહાદિથી આત્માને અભિન્ન માની હું દેવાદિરૂપ છું. એવી મિથ્યામતિ ઉદ્ભવે છે. એટલે પછી સ્વ સ્વરૂપથી ભ્રષ્ટ થયેલો આત્મા ઈંદ્રિયદ્વારોથી* પ્રવર્ત્તતો રહી વિષયોમાં પડી જાય છે અને તે વિષયોને પામીને પોતે પોતાને તત્ત્વથી જાણતો નથી, પોતે પોતાને ભૂલી જાય છે ! અને દેહમાં આ આત્મબુદ્ધિને લીધે જ જીવ તેના લાલન-પાલનાર્થે વિષયોમાં પ્રવૃત્તિ કરે છે અને તે વિષયપ્રાપ્તિના સાધન રૂપ ધનાદિના ઉપાર્જનમાં પ્રવૃત્ત થાય છે : તેની પ્રાપ્તિમાં અનુકૂળ થાય તે પ્રત્યે રાગ કરે છે, પ્રતિકૂળ પ્રત્યે દ્વેષ ધરે છે. તેમાં કોઈ વચ્ચે આડું આવે તેના પ્રત્યે ક્રોધ કરે છે, તુચ્છ કદન્ન જેવા કંઈક વિષયની પ્રાપ્તિ થતાં તે અનંતગણું અભિમાન ધરી કાકીડાની જેમ નાચે છે અને વિશેષ વિશેષનો લોભ ધરતો રહી તેના લાભ માટે અનેક પ્રકારના છળ પ્રપંચ-માયા કપટ કરી પોતાને અને પરને છેતરે છે. ઈત્યાદિ પ્રકારે જીવ વિષયને અર્થે કષાય કરે છે.

---

* ''मूलं संसारदुःखस्य देह एवात्मधीस्ततः ।
त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रियः ॥
मत श्च्युत्येन्द्रियद्वारैः पतितो विषयेष्वहम् ।
तान् प्रपद्याहमिति मां पुरा वेद न तत्त्वतः ॥'' - श्री पूज्यपादस्वामीजी कृत समाधि शतक

આમ દેહાદિ પરભાવને વિષે આત્મભાવની કલ્પનાને (Imagination) લીધે તે પરભાવ નિમિત્તે મોહ-રાગ-દ્વેષાદિ વિભાવ ઉપજ્યા, એટલે તે તે વિષયના યોગ ક્ષેમાર્થે - વિષય સંરક્ષણાર્થે કષાય ઉપજ્યા, અને આમ સ્વભાવ પ્રચ્યુતિ થઈ પરવૃત્તિ વર્તી, એટલે સ્વભાવ ભ્રષ્ટ જીવનું આ સર્વ વિભાવ - વિષચક્ર ચાલી રહ્યું.

પરરૂપ સ્થિતિ : પરસમય

જ્ઞાન-દર્શનમય આત્મ સ્વભાવથી ભ્રષ્ટ થઈ જીવ પરદ્રવ્ય નિમિત્તે વિભાવ ભાવને ભજે છે, તેથી જ તે પરભાવ રૂપ દ્રવ્યકર્મથી બંધાય છે, એટલે પરદ્રવ્ય રૂપ પુદ્ગલ કર્મ પ્રદેશમાં તેનું સ્થિતપણું હોય છે અને તેથી જ તે પરને એકપણે જાણે છે અને પરિણમે છે. તેથી તે પરસમય હોય છે. આમ તેની પરરૂપ સ્થિતિ હોય છે અને તે જ **પરસમય** છે. આ અંગે **'પંચાસ્તિકાય'*** ગા. ૧૫૬માં કહ્યું છે, તેમ 'જે પરદ્રવ્યમાં રાગથી જો શુભ-અશુભ ભાવ કરે છે, તો તે સ્વકચરિતથી ભ્રષ્ટ જીવ પરચરિતચર હોય છે.' આની મનનીય વ્યાખ્યા** કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** ભાખ્યું છે કે - 'જે મોહનીયના ઉદયની અનુવૃત્તિ વશ થકી રજ્યમાન (રંગાઈ રહેલ) ઉપયોગવાળો સતો, પરદ્રવ્યમાં શુભ વા અશુભ ભાવ ધારે છે, તે સ્વકચરિત્ર ભ્રષ્ટ પરચારિત્રચર એમ ઉપગવાય છે, કારણકે **સ્વદ્રવ્યમાં શુદ્ધોપયોગવૃત્તિ તે સ્વચરિત, પરદ્રવ્યમાં સોપરાગ - ઉપયોગવૃત્તિ તે પરચરિત છે'** અને આ **પરચરિત** તે જ **પરસમય** છે.

આમ મોહજન્ય ભેદ અજ્ઞાનથી આત્મ અજ્ઞાન, આત્મ અજ્ઞાનથી સ્વપ્રચ્યુતિ, સ્વપ્રચ્યુતિથી પરવૃત્તિ, પરવૃત્તિથી પરરૂપ સ્થિતિ અને પરરૂપ સ્થિતિથી પરસમય, એમ પરસમયનાં તત્ત્વ વિજ્ઞાનનો સાંગોપાંગ સકલ અવિકલ ક્રમ છે.

આમ જ્યાં સદા શુદ્ધ આત્માનો અનુભવ વર્તે છે, તે **સ્વસમય વિલાસ** છે અને પરવસ્તુની છાંયડી જ્યાં પડે છે. તે **પરસમય નિવાસ** છે. અથવા સમય એટલે મર્યાદા. આત્મા જ્યારે પરસમયની - પરભાવની મર્યાદામાંથી પાછો વળી સ્વસમયમાં - સ્વસ્વભાવની મર્યાદામાં વર્તે છે, ત્યારે તે **સ્વસમય** છે, અને સ્વભાવની મર્યાદા ઉલ્લંઘી પરસમયમાં - પરભાવની મર્યાદામાં વર્તે છે, ત્યારે તે **પરસમય** છે. તાત્પર્ય કે - પરભાવથી પ્રચ્યુત થઈ સહજ આત્મસ્વરૂપમાં - આત્મસ્વભાવમાં નિયત વૃત્તિ - સ્થિતિ - ચારિત્ર તે **સ્વસમય** છે, અને સ્વભાવથી પ્રચ્યુત થઈ, પરભાવમાં વૃત્તિ-સ્થિતિ-ચારિત્ર તે પરસમય છે. શુદ્ધ આત્મવૃત્તિ - આત્મ પરિણતિ તે સ્વસમય અને પરવૃત્તિ - પર પરિણતિ તે **પરસમય** એમ પ્રતીત થાય છે.

સ્વસમય પરસમય એમ જીવસમયનું દ્વૈવિધ્ય

એટલે 'આમ સમયનું સ્ફુટપણે દ્વિવિધપણું ઉદ્ભવે છે - 'एवं किल समयस्य द्वैविध्यमुद्भावति **સ્વસમય અને પરસમય એમ દ્વિપ્રકારપણું જગત્માં જોરશોરથી દોડી રહ્યું છે. અર્થાત્ આ વિશ્વમાં જ્યાં જુઓ ત્યાં સ્વસમય** અને **પરસમય** બે પ્રકારની દોડધામ ચાલી રહી છે. એક બાજુ સ્વાત્મામાં જ સ્થિતિ કરનારા **સહજાત્મસ્વરૂપમાં** સુસ્થિત એવા જીવન્મુક્ત આત્માઓ - અરિહંત ભગવાનો, સહજાત્મસ્વરૂપમાં સુસ્થિત એવા વિદેહમુક્ત આત્માઓ - સિદ્ધ ભગવાનો, સહજાત્મ સ્વરૂપ સ્થિતિની ઉચ્ચ ભૂમિકાને પામેલા એવા જીવન્મુક્ત સાધક આત્માઓ - આત્મારામી શુદ્ધોપયોગવંત શ્રમણો - આચાર્ય ભગવાનો, ઉપાધ્યાય ભગવાનો અને સાધુ ભગવાનો, એમ પંચ પરમેષ્ઠિરૂપ

---

* **"जो परदव्वम्मि सुहं असुहं रागेण कुणदि जदि भावं ।**
सो सगचरित्तभ्रट्ठो परचरियचरो हवदि जीवो ॥" - પરમર્ષિ કુંદકુંદાચાર્યજી કૃત 'પંચાસ્તિકાય' ગા. ૧૫૬

** "यो हि मोहनीयोदयानुवृत्तिवशरज्यमानोपयोगः सन्, परद्रव्ये शुभमशुभं वा भावमादधाति स स्वकचरित्रभ्रष्टः परचरित्रचर इति उपगीयते । यतो हि स्वद्रव्ये शुध्धोपयोगवृत्ति स्वचरितं । परद्रव्ये सोपरागोपयोगवृत्ति परचरितमिति ।' **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પંચાસ્તિકાય' ટીકા - ગા. ૧૫૬**

સ્વસમયનું દર્શન થાય છે, અને બીજી બાજુ પરભાવમાં જ સ્થિતિ કરનારા, પરકથા અને પરવૃત્તિમાં વહ્યા જનારા સામાન્યપણે જગજીવોનું જીવતું જાગતું પ્રદર્શન દેખાય છે.

''સમસ્ત વિશ્વ ઘણું કરીને પરકથા તથા પરવૃત્તિમાં વહ્યું જાય છે, તેમાં રહી સ્થિરતા ક્યાંથી થાય ? એવાં અમૂલ્ય મનુષ્યપણાંનો એક સમય પણ પરવૃત્તિએ જવા દેવા યોગ્ય નથી.''


- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૫૫૦

''પિયા પર ઘર મત જાવો રે, કરી કરુણા મહારાજ !
ઘર અપને વાલમ કહો રે, કોણ વસ્તુ કી ખોટ ?
ફોગટ તદ કિમ લીજીએ પ્યારે, શીશ ભરમકી પોટ ?'' - શ્રી ચિદાનંદ, પદ-૧

સ્વસમય - પરસમયનું તુલનાત્મક કોષ્ટક :

સ્વ સમયનો ક્રમ	પરસમયનો ક્રમ
વિવેક-ભેદ જ્ઞાન	મોહ-અવિવેક-ભેદ અજ્ઞાન
વિદ્યા-આત્મજ્ઞાન	અવિદ્યા-આત્મ અજ્ઞાન
પરપ્રચ્યુતિ	સ્વપ્રચ્યુતિ
સ્વવૃત્તિ	પરવૃત્તિ
સ્વરૂપ સ્થિતિ	પરરૂપ સ્થિતિ
સ્વસમય	પરસમય

: આકૃતિ :



હવે આ (જીવ સમયનું દ્વિવિધપણું) બાધવામાં આવે છે -

एयत्तणिच्छयगओ समओ सव्वत्थ सुंदरो लोए ।
बंधकहा एयत्ते तेण विसंवादिणी होइ ॥३॥

એકત્વ નિશ્ચયગત ખરે રે, સમય સુંદર સર્વત્ર;
બંધ કથા એકત્વમાં રે, વિસંવાદિની તત્ર... રે આત્મન્ ! સમયસાર વંદો. ૩

ગાથાર્થ : સર્વત્ર લોકમાં એકત્વ નિશ્ચયગત સમય સુંદર છે, તેથી એકત્વમાં બંધ કથા વિસંવાદિની (વિસંવાદ પામતી, બસૂરી) હોય છે. ૩

आत्मख्याति टीका

अथैतद्बाध्यते -

एकत्वनिश्चयगतः समयः सर्वत्र सुंदरो लोके ।
बंधकथा एकत्वे तेन विसंवादिनी भवति ॥३॥

समयशब्देनात्र सामान्येन सर्व एवार्थोऽभिधीयते, समयत एकीभावेन स्वगुणपर्यायान् गच्छतीति निरुक्तेः ततः सर्वत्रापि धर्माधर्माकाशकालपुद्गलजीवद्रव्यात्मनि लोके ये यावंतः केचनाप्यर्थास्ते सर्व एव स्वकीयद्रव्यान्तर्मग्नानंतस्वधर्मचक्रचुंबिनोऽपि परस्परमचुंबंतोऽत्यंत प्रत्यासत्तावपि नित्यमेव स्वरूपादपतंतः पररूपेणापरिणमनादविनष्टानंतव्यक्तित्वाट्टंकोत्कीर्णा इव तिष्ठंतः समस्तविरुद्धाविरुद्धकार्य हेतुतया शश्वदेव विश्वमनुगृह्णतो नियतमेकत्वनिश्चयगतत्वेनैव सौंदर्यमापद्यंते, प्रकशतरण सर्वसंकरादिदोषापत्तेः । एवमेकत्वे सर्वार्थानां प्रतिष्ठिते सति जीवाह्वयस्य समयस्य बंधकथाया एव विसंवादत्वापत्ति कुतस्तन्मूलपुग्गलकर्मप्रदेशस्थितत्वमूलपरसमयोत्पादितमेतस्य द्वैविध्यं अतः समयस्यैकत्वमेवावतिष्ठते ॥३॥

आत्मभावना

- अथ एतद् बाध्यते - હવે 'આ' - **समयनुं द्वैविध्य** - દ્વિવિધપણું બાધવામાં આવે છે - एकत्वनिश्चयगतः समयः 'એકત્વ નિશ્ચયગત' - એકપણા રૂપ નિશ્ચયગત સમય सर्वत्र लोके सुंदरः - સર્વત્ર - સર્વ સ્થળે લોકમાં સુંદર (છે), तेन - તેથી एकत्वे बंधकथा विसंवादिनी भवति - એકત્વમાં બંધકથા વિસંવાદિની - વિસંવાદ પામતી - બસૂરી હોય છે. इति **गाथा** आत्मभावना ॥३॥

समय शब्देनात्र सामान्येन सर्व एवार्थोऽभिधीयते - 'समय' શબ્દથી અત્રે - આ ગાથાસૂત્રમાં સામાન્યથી - સાધારણ પણે સર્વ જ અર્થ કહેવામાં આવે છે. શાથી ? समयत एकीभावेन स्वगुणपर्यायान् गच्छतीति निरुक्तेः - **समये छे** - એકીભાવથી સ્વગુણ પર્યાયો પ્રત્યે જાય છે, એવી નિરુક્તિથી - વ્યુત્પત્તિથી.

ततः - તેથી, શું ? - सर्वत्रापि धर्माधर्माकाशकालपुद्गल जीवद्रव्यात्मनि लोके - સર્વત્ર પણ - સર્વ સ્થળે પણ ધર્મ-અધર્મ-આકાશ-કાળ-પુદ્ગલ - જીવ દ્રવ્યાત્મક લોકમાં ये यावन्तः केऽप्यर्था - જે જેટલા કોઈ પણ અર્થો છે, ते सर्वेऽपि - તે સર્વેય नियतमेकत्व निश्चयगतत्वेनैव - નિયત પણે-ચોક્કસ પણે - નિશ્ચિતપણે એકત્વનિશ્ચયગત પણાએ કરીને જ - એકપણા રૂપ નિશ્ચયગતત્વ પણાએ કરીને જ સૌંદર્ય - સુંદરપણું - શોભાયમાનપણું પામે છે. કેવા છે આ અર્થો ?

(૧) स्वकीयद्रव्यान्तर्मग्नानंतस्वधर्मचक्रचुंबिनोऽपि परस्परमचुंबंतो - 'स्वकीय' - આત્મીય - પોતાના દ્રવ્યમાં 'अंतर्मग्न' અંદર ડૂબેલા અનંત 'स्वधर्मचक्र चुंबी' - સ્વધર્મ ચક્રને - સ્વધર્મ સમૂહને ચુંબનારા છતાં પરસ્પર-એકબીજાને 'अचुंबता' - નહિ ચુંબતા, (૨) अत्यंतप्रत्यासत्तावपि नित्यमेव स्वरूपादपतंतः - અત્યંત 'પ્રત્યાસત્તિમાં' - નિકટતામાં પણ નિત્યમેવ - સદાય સ્વરૂપથી 'અપતંતા' - નહિ પડતા, (૩)

આત્મખ્યાતિ ટીકાર્થ

'અત્રે 'સમય' શબ્દથી સામાન્યથી સર્વ જ અર્થ કહેવામાં આવે છે - 'समयते' સમયે છે - એકીભાવથી સ્વગુણપર્યાયો પ્રત્યે જાય છે, એવી નિરુક્તિ પરથી. તેથી **સર્વત્ર** પણ - ધર્મ-અધર્મ-આકાશ-કાલ-પુદ્ગલ-જીવ દ્રવ્યાત્મક **લોકમાં** જે જેટલા કોઈ પણ **અર્થો** છે, તે સર્વેય -

(૧) સ્વકીય દ્રવ્યમાં અંતર્મગ્ન અનંત સ્વધર્મ ચક્ર ચુંબી છતાં પરસ્પર અચુંબંતા,

(૨) અત્યંત પ્રત્યાસત્તિમાં (નિકટપણામાં) પણ નિત્યમેવ સ્વરૂપથી અપતંતા (નહિ પડતા),

(૩) **પર રૂપે અપરિણમનને લીધે અવિનષ્ટ અનંત વ્યક્તિત્વ થકી જાણે ટંકોત્કીર્ણ હોય એમ સ્થિતિ કરતાં,**

(૪) સમસ્ત વિરુદ્ધ-અવિરુદ્ધ કાર્ય હેતુતાથી શશ્વદેવ (સદાય) વિશ્વને અનુગ્રહતાં,

એવા તે

નિયતપણે એકત્વ નિશ્ચયગતપણાએ કરીને જ સૌંદર્ય પામે છે, પ્રકારાંતરથી સર્વ સંકર આદિ દોષની આપત્તિ છે માટે.

એમ સર્વ પદાર્થોનું **એકત્વ પ્રતિષ્ઠિત સતે, 'જીવ' નામના સમયની બંધકથાને જ વિસંવાદપણાની આપત્તિ છે,** તન્મૂલ (તે બંધ કથા મૂલ) અને પુદ્ગલ કર્મ પ્રદેશ સ્થિતપણું જેનું મૂલ છે, એવા પરસમયથી ઉપજાવાયેલું આનું (જીવ સમયનું) દ્વિવિધપણું ક્યાંથી ?

એથી સમયનું એકપણું જ અવસ્થિત રહે છે. ॥૩॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ,
કોઈ કોઈ પલટે નહિ, છોડી આપ સ્વભાવ.
જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ,
પ્રગટ અનુભવરૂપ છે, સંશય એમાં કેમ ?'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૨૬૬**

''પરમાતમ પરમેસરૂ, વસ્તુગતે તે અલિપ્ત... હો મિત્ત !
દ્રવ્યે દ્રવ્ય મિલે નહિ, ભાવ તે અન્ય અવ્યાપ્ત... હો મિત્ત !... ક્યું જાણું ?'' - **શ્રી દેવચંદ્રજી**

परस्वरूपेणापरिणमनादविनष्टानंतव्यक्तित्वाट्टंकोत्कीर्णा इव तिष्ठंतः - પર રૂપે અપરિણમનને લીધે - નહિ **પરિણમવાને** લીધે 'અવિનષ્ટ' - વિનાશ નહિ પામેલ અનંત વ્યક્તિત્વથકી - વ્યક્તિપણા થકી જાણે 'ટંકોત્કીર્ણ' - ટાંકણાથી ઉત્કીર્ણ - કોતરી કાઢેલ હોય એમ તિષ્ઠંતા - સ્થિતિ કરતા, (૪) समस्तविरूद्धाविरुद्धकार्यहेतुतया शश्वदेव विश्वमनुगृह्णतो - સમસ્ત વિરુદ્ધ - અવિરુદ્ધ કાર્યની હેતુતાએ - કારણતાએ કરીને 'શશ્વત્ જ' - સદાકાળ જ વિશ્વને 'અનુગ્રહતા' - અનુગ્રહ - ઉપકાર કરતા, એવા. આવા આ સર્વેય અર્થો નિયતપણે એકત્વ નિશ્ચયગતપણાએ કરીને જ સૌંદર્ય પામે છે. એમ શા માટે ? प्रकारांतरेण सर्वसंकरादि दोषापत्तेः - પ્રકારાંતરથી - આનાથી અન્ય પ્રકારે સર્વ સંકર આદિ દોષની 'આપત્તિ' થાય છે માટે, સંકર વગેરે બધા દોષોનો અનિષ્ટ પ્રસંગ પ્રાપ્ત થાય છે - આવી પડે છે માટે.

एवमेकत्वे सर्वार्थानां प्रतिष्ठिते सति - એમ ઉક્ત પ્રકારે સર્વ અર્થોનું - પદાર્થોનું એકપણું 'પ્રતિષ્ઠિત' સતે, 'પ્રતિ' - પ્રત્યેકપણે પ્રતિવિશિષ્ટ વસ્તુ સ્થિતિથી 'સ્થિત' - સ્થિતિ કરી રહેલું - સયુક્તિથી સિદ્ધ સતે, जीवाह्वयस्य समयस्य बंधकथाया एव विसंवादत्वापत्तिः

'જીવ' કહેવાતા - 'જીવ' નામના સમયની - પદાર્થની બંધકથાને જ 'વિસંવાદપણાની' - બસૂરાપણાની 'આપત્તિ' છે - પ્રાપ્તિનો પ્રસંગઆવે છે. તો પછી - कुतस्तन्मूलपुद्गलकर्मप्रदेश स्थितत्वमूलपरसमयोत्पादितमेतस्य द्वैविध्यं - 'तन्मूल' - તે બંધકથા મલક - તે બંધકથા જેનું 'મૂલ' - ઉદ્ભવસ્થાન છે. એવું પુદ્ગલ કર્મ પ્રદેશ સ્થિતપણું જેનું મૂલ છે, એવા પર સમયથી ઉત્પાદિ - ઉત્પાદવામાં આવેલું - ઉપજાવાયેલું આનું - જીવસમયનું 'વૈવિધ્ય' - દ્વિવિધપણું - બે પ્રકારપણું ક્યાંથી ? अतः समयस्य एकत्वमेवावतिष्ठते - એથી કરીને સમયનું એકપણું જ 'અવતિષ્ઠે' છે, 'અવ' જેમ છે તેમ વસ્તુ મર્યાદાથી સ્થિત રહે છે - જેમ છે તેમ સ્થિતિ કરે છે. ઇતિ '**आत्मख्याति**' આત્મભાવના ॥૩॥

આગલી ગાથામાં સ્વસમય-પરસમય* વિભાગથી જીવ સમયનું દ્વિવિધપણું દર્શાવ્યું, તેનું અત્ર નિશ્ચયરૂપ તત્ત્વદૃષ્ટિથી વિસંવાદીપણું દર્શાવી બાધન કરવામાં આવ્યું છે અને **'આત્મખ્યાતિ' કર્તાએ** તેનું અપૂર્વ તત્ત્વસ્પર્શી વ્યાખ્યાન પ્રકાશ્યું છે : અત્રે **'સમય'** એટલે સામાન્યથી સર્વ પદાર્થ. શા પરથી ? समयते (सम्+अयते) एकीभावेन स्वगुणपर्यायान् गच्छतीति निरुक्तेः' - **'એકીભાવથી'** - એકભૂત ભાવથી - એકરૂપ ભાવથી **'સ્વ** ગુણ પર્યાયો' - **પોતાના** ગુણ પર્યાયો પ્રત્યે **જાય** છે - ગમન કરે છે - પરિણમે છે. તે સમય, એમ **'સમય'** શબ્દની નિરુક્તિ - વ્યુત્પત્તિ પરથી. એટલે આમ વ્યુત્પત્તિ અર્થથી અત્રે સમય એટલે સામાન્યથી - સાધારણ પણે સર્વ અર્થ-પદાર્થ સમજવાનો છે. તેથી સર્વત્ર પણ - સર્વ સ્થળે પણ ધર્મ-અધર્મ-આકાશ-કાળ-પુદ્ગલ-જીવ એ છ દ્રવ્ય જ્યાં અવલોકાય છે, એવા આ ષડ્દ્રવ્યાત્મક લોકમાં જે જેટલા કોઈ પણ અર્થો-પદાર્થો છે, તે સર્વેય નિયતપણે-ચોક્કસપણે **'એકત્વ નિશ્ચયગતપણાએ'** કરીને જ - એકપણા રૂપ નિશ્ચયગતપણાએ કરીને જ સૌંદર્ય-સુંદરપણું પામે છે... આ અર્થો કેવા છે ? (૧) 'સ્વકીય' - આત્મીય - પોતાના દ્રવ્યમાં 'અંતર્મગ્ન' - અંદર મગ્ન - ડૂબેલા એવા અનંત 'સ્વધર્મચક્ર ચુંબી' - પોતાના ધર્મચક્રને - ધર્મ સમૂહને ચુંબનારા છતાં પરસ્પર - એકબીજાને 'નહિ ચુંબતા' - લેશ માત્ર પણ નહિ સ્પર્શતા, (૨) એક ક્ષેત્રમાં ગાઢ મિલન રૂપ એક ક્ષેત્રાવગાહીપણાને લીધે અત્યંત 'પ્રત્યાસત્તિમાં' - નિકટતામાં પણ નિત્યમેવ - સદાય પોતપોતાના સ્વરૂપથી નહિ પડતા, (૩) પર રૂપે અપરિણમનને લીધે 'અવિનષ્ટ' - જેનો કોઈ કાળે નાશ થયો નથી વા થવાનો નથી, એવા અનંત વ્યક્તિપણા થકી જાણે 'ટંકોત્કીર્ણ' - ટાંકણાથી ઉત્કીર્ણ - કોતરી કાઢેલ હોય એમ 'તિષ્ઠંતા' - અવિચલ સુસ્થિર સ્થિતિ કરતા, (૪) અને સમસ્ત વિરુદ્ધ - અવિરુદ્ધ કાર્યહેતુપણાએ - કારણપણાએ કરીને 'શશ્વદેવ' - સદાય - સનાતનપણે જ વિશ્વને - અખિલ જગત્ ને 'અનુગ્રહતા' - અનુગ્રહ - ઉપકાર કરતા - એવા. આવા આ સર્વેય અર્થો 'નિત્યપણે' - ચોક્કસપણે - નિશ્ચિત પણે ત્રણે કાળમાં ન ફરે એવા 'એકત્વ નિશ્ચયગતપણા' કરીને જ સુંદરપણું પામે છે. (એકપણા રૂપ નિશ્ચયમાં 'ગત' - ગયેલા પણાએ કરીને જ નહિ કે જવા પણાએ કરીને) એમ શા માટે ? પ્રકારાંતરથી આનાથી અન્ય પ્રકારે તો 'સર્વ સંકર આદિ દોષની આપત્તિ' થાય છે. માટે, સંકર-અનવસ્થા-અતિ વ્યાપ્તિ આદિ સમસ્ત દોષનો પ્રસંગ પ્રાપ્ત થાય છે માટે. એમ સર્વ પદાર્થનું 'એકત્વ' - એકપણું - અદ્વૈતપણું 'પ્રતિષ્ઠિત' - પ્રતિ - પ્રત્યેકપણે પ્રતિ વિશિષ્ટ વસ્તુ સ્થિતિથી સ્થિત-સિદ્ધ છે, ત્યારે 'જીવ' નામના સમયની-પદાર્થની બંધકથાને જ 'વિસંવાદપણાની' - બસૂરાપણાની આપત્તિ છે, પ્રસંગ પ્રાપ્ત થાય છે. તો પછી 'તન્મૂલ' - તે બંધકથા મૂલક - તે બંધકથા જેનું મૂલ છે. એવું પુદ્ગલ કર્મપ્રદેશ સ્થિતપણું જેનું મૂલ પ્રભવસ્થાન છે. એવા પરસમયથી 'ઉત્પાદિત' - ઉત્પાદવામાં આવેલું ઉપજાવાયેલું આ જીવસમયનું દ્વિવિધપણું - દ્વિપ્રકારપણું - દ્વૈત ક્યાંથી ? એટલા માટે સમયનું એકપણું જ 'અવસ્થિત રહે છે.' વસ્તુ સ્થિતિથી જેમ છે તેમજ વસ્તુ મર્યાદાથી સ્થિત છે. હવે **અમૃતચંદ્રજીની** આ પરમ પરમાર્થ ગંભીર અદ્ભુત અલૌકિક અપૂર્વ વ્યાખ્યાનો વિશેષ વિચાર કરીએ.

---

* અત્રે પ્રશ્ન થવો સંભવે છે કે એમ છે, તો પછી પાછલી ગાથામાં સ્વસમય-પરસમય એમ વિભાગ શા માટે કર્યો ? તેનો ઉત્તર એ છે કે, તેવો વિભાગ સંયોગ સંબંધને લઈ વ્યવહારનયની અપેક્ષાએ કર્યો છે અને તે અપેક્ષાએ તે સાચો છે. કારણકે અનાદિ બંધ પર્યાયની અપેક્ષાએ પુદ્ગલ અને આત્માનો એક ક્ષેત્રાવગાહ રૂપ સંયોગ સંબંધ તો છે જ, છતાં વ્યાપ્ય-વ્યાપક ભાવ રૂપ તાદાત્મ્ય સંબંધ તો નથી જ. આમ પરનો આશ્રય કરનારા - પરાશ્રિત વ્યવહારનયની અપેક્ષાએ તેવો વિભાગ પાડ્યો તે યથાયોગ્ય જ છે, પણ આત્માનો જ આશ્રય કરનારા - આત્માશ્રિત નિશ્ચયનયની અપેક્ષાએ જોઈએ તો તેવો વિભાગ ઘટતો નથી. કારણકે નિશ્ચય સંબંધ તો વ્યાપ્ય-વ્યાપક ભાવરૂપ તાદાત્મ્ય સંબંધ હોય તો જ અને ત્યાં જ ઘટે અને પરની સાથે આત્માનો તાદાત્મ્ય સંબંધ કે વ્યાપ્ય-વ્યાપક ભાવ છે જ નહિ, એટલે જ પરની સાથેના બંધ સંબંધની વાર્તા નિશ્ચય વસ્તુતત્ત્વની દૃષ્ટિમાં ગલત છે, વિસંવાદિની છે, એમ કહ્યું તે યથાર્થ જ છે. આ નિશ્ચય-વ્યવહારની સમુચિત મર્યાદા અંગે તત્ત્વચિંતક **દીપચંદ્રજી** 'આત્માવલોકન' ગ્રંથમાં રહસ્યભૂત વાત પ્રકાશે છે કે - ''જે ભાવ અવ્યાપક રૂપ સંબંધ વસ્તુસ્યૌં વ્યાપ્ય-વ્યાપક એકમેક સંબંધ નહીં (સુ (સો) વ્યવહાર નામ પાવૈ. ** નિજ વસ્તુસ્યૌં જુ ભાવ વ્યાપ્ય વ્યાપક - એકમેક સંબંધ સો નિશ્ચય જાનના.'' - **'આત્માવલોકન'**, પૃ. ૨૫, ૩૨.

આ જગત્‌ના પરમ તત્ત્વજ્ઞાની તીર્થંકરાદિ પરમ જ્ઞાનીઓએ શોધી શોધીને શોધ્યું, તો આ વિશ્વના મૂળ તત્ત્વભૂત આ છ જ* અર્થો - દ્રવ્યો દીઠા :-

(૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) પુદ્‌ગલાસ્તિકાય, (૫) જીવાસ્તિકાય, (૬) કાળ. વિશ્વના સૂત્રધાર રૂપ આ છ દ્રવ્યમાં જ સર્વ અર્થો સમાય છે, આ છ** દ્રવ્યને છોડીને બીજો કોઈ પણ અર્થ આ લોકમાં નથી.***

સ્વધર્મ ચક્ર ચુંબી છતાં પરસ્પર અચુંબતા

આ એકેક દ્રવ્યમાં પોતપોતાના અનંત ગુણ ધર્મ રહ્યા છે, અનંત ગુણ પર્યાય વર્તે છે, તે પરસ્પર સહકારથી પરમ પ્રેમથી 'એકીભાવથી' એક ભાવથી 'જૂદાઈ વિના' વર્તી રહ્યા છે અને તે એકરસ ભાવરૂપ પરમ પ્રેમથી તે તે દ્રવ્યો જાણે તે અનંત સ્વ ધર્મોને ચુંબી રહ્યા છે. એટલે જ તે તે દ્રવ્યના ગુણ પર્યાય રૂપ અનંત સ્વધર્મ ચક્ર પોતપોતાના દ્રવ્યમાં જ 'અંતર્મગ્ન' છે અંદર ડૂબેલા પડ્યા છે,

---

* 'અર્થ' શબ્દનો પ્રયોગ દ્રવ્ય-ગુણ અને પર્યાય એ ત્રણેના સંબંધમાં કરાય છે, અને તે પણ પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ 'પ્રવચનસાર' પ્ર.શ્રુ.સ્કં. ગાથા-૮૭ની વ્યાખ્યામાં કહ્યું છે, તેમ આ પ્રકારે વ્યુત્પત્તિ અર્થથી સિદ્ધ થાય છે : 'ગુણ-પર્યાયો પ્રતિ જાય છે વા ગુણ-પર્યાયોથી જવાય છે. એવા અર્થો તે દ્રવ્યો, આશ્રયપણે દ્રવ્યો પ્રતિ જાય છે વા આશ્રયભૂત દ્રવ્યોથી જવાય છે અર્થો તે ગુણો, દ્રવ્યો પ્રતિ ક્રમપરિણામથી જાય છે વા દ્રવ્યોથી ક્રમપરિણામથી જવાય છે એવા અર્થો તે પર્યાયો.' જેમકે - સુવર્ણ દ્રવ્ય છે, પીળાપણું વગેરે ગુણ છે, કુંડળ વગેરે પર્યાયો છે, આમાં પીળાપણું વગેરે ગુણોનું અને કુંડળાદિ પર્યાયોનું સુવર્ણદ્રવ્યથી જૂદાપણું- પૃથગ્‌ ભાવ નથી, એટલે સુવર્ણ જ એઓનો આત્મા છે, તેમ દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં ગુણ-પર્યાયોનું દ્રવ્યથી જૂદાપણું - પૃથગ્‌ ભાવ નથી, એટલે દ્રવ્ય જ ગુણ-પર્યાયોનો આત્મા છે. આમ અર્થ શબ્દ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વપરાય છે, પણ ગુણ-પર્યાયનો આત્મા દ્રવ્ય છે, એટલે ગુણ-પર્યાયનો દ્રવ્યમાં અંતર્ભાવ થઈ જતો હોવાથી અર્થ એટલે અત્રે મુખ્યપણે દ્રવ્ય સમજવાનું છે. 'પ્રવચનસાર'ની પ્રસ્તુત મૂળ ગાથા (૮૭) આ પ્રમાણે -

"દવ્વાણિ ગુણા તેસિં પજ્જાયા અટ્ઠસણ્ણયા ભણિયા ।
તેસુ ગુણપજ્જયાણં અપ્પા દવ્વત્તિ ઉવદેસો ॥" વિશેષ માટે જુઓ **શ્રી અમૃતચંદ્રાચાર્યજીની તત્ત્વ સર્વંકષા અદ્‌ભુત ટીકા.**

** આ છ દ્રવ્યનું યત્‌ કિંચિત્‌ સ્વરૂપ અત્રે બીજી ગાથાના વિવેચનમાં કહ્યું છે. એટલે વિસ્તારભયથી અત્રે વિશેષ નહિ કહેતાં, 'પંચાસ્તિકાય' તથા 'પ્રવચનસાર' દ્વિતીય અધિકારનું અવલોકન કરવાનું સુજ્ઞ જિજ્ઞાસુને નમ્ર સૂચન કરીએ છીએ. સંક્ષેપમાં તો આ ષટ્‌ દ્રવ્યના સ્વરૂપનો નિષ્કર્ષ આપતા **કવિવર બનારસીદાસજીના** સુંદર દોહા આ રહ્યા -

"ચેતનવંત અનંત ગુન, પરજૈ સકતિ અનંત,
અલખ અખંડિત સર્વગત, જીવ દરબ વિરતંત.
ફરસ-વરન-રસ - ગંધમય, નરદ-પાસ-સંઠાન,
અનુરૂપી પુદગલ દરબ, નભ પ્રદેશ પરવાન.
જૈસૈં સલિલ સમૂહમૈં, કરૈ મીન ગતિ કર્મ,
તૈસૈં પુદગલ જીવ કૌં, ચલન સહાઈ ધર્મ.
જ્યૌં પંથી ગ્રીષમ સમૈ, બૈઠૈ છાયા માંહિ,
ત્યૌં અધર્મકી ભૂમિમૈં, જડ ચેતન ઠહરાંહિ.
સંતત જાકે ઉદરમૈં, સકલ પદારથ વાસ,
જો ભાજન સબ જગત કૌ, સોઈ દરબ આકાસ.
જો નવ કરિ જીરન કરૈ, સકલ વસ્તુથિતિ ઠાંનિ,
પરાવર્ત વર્તન ધરૈ, કાલ દરબ સો જાંનિ." - **'સમયસાર નાટક' ઉપોદ્‌ઘાત, ૨૦-૨૫.**

દ્રવ્યાનુયોગ પટુ મહામુનિ દેવચંદ્રજીએ પણ 'દ્રવ્ય પ્રકાશ'માં દિવ્ય તત્ત્વપ્રકાશ રેલાવ્યો છે કે -

"ધરમ અધરમ દ્રવ્ય નભ કાલ ચ્યારો દ્રવ્ય, અરૂપી અખંડ જડ ભાવ લીયે વરતે,
તામે તિન અસ્તિકાય કાલ વિનુ જિન કહે, ગહે ગનધાર તીન પદ અનુસરતે,
ચ્યારો નિજ ગુણવાન લછન નિધાન નિત, નિજ નિજ કાજ સાજે ન્હિલે કૌન પરતે,
ચ્યારો સૌ વિયુક્ત નિત અલિપત નભવત, જીવ તત્ત સિદ્ધ હોય ભૌ સમુદ્ર તરતે." - દ્રવ્યપ્રકાશ, ૨-૪૦

*** **"જીવમજીવં દવ્વં જિણવરવસહેણ જેણ ણિદ્દિટ્ઠં ।**
દેવિંદવિંદવંદં તં વંદે સવ્વદા સિરસા ॥" - શ્રી નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી કૃત 'દ્રવ્ય સંગ્રહ'-૧

અને તે તે દ્રવ્ય તે 'અનંત સ્વધર્મ ચક્રને' - સ્વ ધર્મ સમૂહને (નહિ કે પરધર્મ ચક્રને) 'ચુંબે' છે. અર્થાત્ પાણીમાં ડૂબકી મારનાર જેમ પાણીમાં જ મગ્ન હોય છે, ડૂબેલ હોય છે, બ્હાર ડોકાતો નથી, તેમ આ અનંત સ્વધર્મ ચક્ર પોતાના દ્રવ્યની અંદર જ મગ્ન છે, ડૂબેલ છે, બ્હાર ડોકીઉં પણ કરતું નથી. અને તે તે દ્રવ્ય પણ **ચક્ર** જેવા આખા અખંડ અનંત **સ્વધર્મ ચક્રને** ચુંબે છે, નહિ કે અમુક વા ખંડ ખંડ ધર્મને. કારણકે ચક્રનો એક અંશ ફરતાં સમગ્રપણે આખું ચક્ર ફરે છે, તેમ પ્રત્યેક અર્થ-દ્રવ્યનું આખું **સ્વધર્મ ચક્ર** એકી સાથે એક સમુદાય રૂપે સમગ્રપણે વર્તે છે અને તે અનંત સ્વધર્મ ચક્રમાં એકી સાથે વર્તતો પ્રત્યેક અર્થ-દ્રવ્ય **સ્વધર્મ ચક્રવર્તી** છે, સ્વધર્મ ચક્ર સાથે ગાઢ આશ્લેષ રૂપ અપૃથગ્ ભાવ ધરતો સ્વધર્મ ચક્રવર્તી એવો આ પ્રત્યેક અર્થ-દ્રવ્ય જાણે પોતાના અનંત ધર્મને - વસ્તુ સ્વભાવને એકરસ ભાવ રૂપ પરમ પ્રેમથી ચુંબે છે, અર્થાત્ એકીભૂત-એકરૂપ થઈ ગયેલ એકરસ ભાવરૂપ અપૃથગ્ભૂત ભાવથી તેનાથી કદી પણ જૂદો પડતો નથી. આમ આ પ્રત્યેક અર્થ-દ્રવ્ય, સ્વધર્મ ચક્રને ચુંબે છે, પણ પરસ્પર એકબીજાને ચુંબતા નથી, દૂરથી સ્પર્શતા પણ નથી. **સ્વધર્મ ચક્રવર્તી ષટ્દ્રવ્ય** અર્થાત્ આ પ્રત્યેક અર્થ-દ્રવ્ય રૂપ ધર્મચક્ર વર્તીની સ્વધર્મ ચક્રમાં અખંડ આણ વર્તે છે, પણ તે પરધર્મ ચક્રમાં માથું મારતો નથી કે બીજો કોઈ તેના સ્વધર્મ ચક્રમાં માથું મારતો નથી.

સ્વધર્મ ચક્રવર્તી ષટ્દ્રવ્ય

આમ પ્રત્યેક અર્થ-દ્રવ્ય स्वकीयद्रव्यान्तर्मग्नानंतस्वधर्मचक्रचुम्बिनोऽपि પોતપોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન અનંત સ્વધર્મચક્રને ચુંબે છે, પણ પરસ્પર એકબીજાને પરસ્પર ચુંબતા નથી. લેશમાત્ર પણ દૂરથી પણ નથી સ્પર્શતા. કારણકે પ્રત્યેક અર્થના **દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જૂદા** છે. એટલે કોઈપણ અર્થના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બીજા કોઈ પણ અર્થના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને લેશ સ્પર્શ કરતા નથી અને અન્ય અર્થના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી લેશ પણ સ્પર્શ કરાતા નથી. પ્રત્યેક અર્થ-સમય પોતપોતાના જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદામાં જ-સમયમાં જ રહ્યા છે, પરઅર્થના-પરસમયના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદામાં-સમયમાં અતિક્રમ કરતા નથી, એટલે કે પ્રત્યેક અર્થ-સમય પોતપોતાના જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના સમયમાં જ-મર્યાદામાં જ વર્તે એમ જિનસમય-જિનાગમ-જિન આજ્ઞા છે, એવી જિનઆજ્ઞા રૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ ચતુર્વિધ રાજનીતિનું ઉલ્લંઘન કોઈ અર્થ કરતા નથી. જડ-ચેતન કોઈ પણ અર્થ 'ત્રાસ' પામી, પરસમયમાં જવા રૂપ 'ત્રાંસુ' - વાંકુ વક્ર ગમન કરી, આ જિનઆજ્ઞા રૂપ રાજનીતિનો લોપ કરતા નથી ! અર્થાત્ વિશ્વના સર્વ અર્થમાં જાણે જિન શાસનની - જિન વાણીની પરમ આજ્ઞા વર્તી રહી છે ! પરમ દ્રવ્યાનુયોગ પટુ મહામુનિ **શ્રી દેવચંદ્રજી** જેવા મહાગીતાર્થ સંત કવિજને અને **શ્રીમદ્ રાજચંદ્રજી** જેવા પરમતત્ત્વ દ્રષ્ટાએ પરમ ભક્તિરસથી અદ્ભુત તત્ત્વદર્શિપણે સંગીત કર્યું છે, તેમ જડ-ચેતન સર્વ અર્થો જાણે જિન ભગવાનની આજ્ઞામાં વર્તી રહ્યા છે !

પ્રત્યેક દ્રવ્યના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ – ભાવ જૂદા

''દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ એ, રાજનીતિ એ ચારજી,
ત્રાસ વિના જડ ચેતન પ્રભુની, કોઈ ન લોપે કારજી.
... શીતલ જિન પતિ પ્રભુતા પ્રભુની મુજથી કહિય ન જાયજી.'' - **શ્રી દેવચંદ્રજી**

''લોકને વિષે જે પદાર્થ છે તેના ધર્મ દેવાધિદેવે પોતાના જ્ઞાનમાં ભાસવાથી જેમ હતા તેમ વર્ણવ્યા છે, પદાર્થો તે ધર્મથી બહાર જઈ પ્રવર્તતા નથી, અર્થાત્ જ્ઞાની મહારાજે પ્રકાશ્યું તેથી બીજી રીતે પ્રવર્તતા નથી, તેથી તે જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે પ્રવર્તે છે એમ કહ્યું છે, કારણકે જ્ઞાનીએ પદાર્થના જેવા ધર્મ હતા. તેવા જ તેના ધર્મ કહ્યા છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૭૫૩, ૯૫૮**

આમ સ્વધર્મ મર્યાદામાં જ વર્તતા આ સર્વ અર્થ સ્વધર્મચક્ર ચુંબી-સ્વધર્મ ચક્રને ચુંબનારા છતાં પરસ્પર અચુંબી - નહિ ચુંબનારા છે, એટલે જ 'अत्यंतप्रत्यासत्तावपि' અત્યંત પ્રત્યાસત્તિમાં પણ - અત્યંત નિકટવર્તિપણામાં પણ નિત્યે જ સ્વરૂપથી પડતા નથી, नित्यमेव स्वरूपादपतंतः - એક લોકાકાશ

ક્ષેત્રમાં અત્યંત નિકટપણે વર્તતા આ અર્થો પરસ્પર ગાઢ મિલન રૂપ એકક્ષેત્રાવગાહ સ્થિતિ કરી રહ્યા છે. જેમકે - જીવ અને પુદ્ગલ એક દેહમાં દૂધને પાણી જેમ એકબીજા સાથે ગાઢપણે મળી રહ્યા છે, છતાં એકબીજાથી જૂદાને જૂદા જ વર્તે છે અને સ્વરૂપથી પતન પામતા નથી, પોતાના સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ચ્યુત થતા નથી, સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો ત્યાગ કરતા નથી, એટલું જ નહિ, પણ તે પરરૂપે પરિણમતા પણ નથી, અર્થાત્ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પામતા નથી. જડ ચેતન બનતું નથી ને ચેતન જડ બનતું નથી, જડ જડભાવે જ પરિણમે છે, ચેતન ચેતનભાવે જ પરિણમે છે, કોઈ પોતપોતાનો સ્વભાવ છોડીને પલટતું નથી, જડ તે ત્રણે કાળમાં જડ જ રહે છે, ચેતન તે ત્રણે કાળમાં ચેતન જ રહે છે અને તેમાં પણ ધર્માસ્તિકાય તે ત્રણે કાળમાં સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ધર્માસ્તિકાય જ રહે છે, અધર્માસ્તિકાય તે ત્રણે કાળમાં સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અધર્માસ્તિકાય જ રહે છે, આકાશાસ્તિકાય તે ત્રણે કાળમાં સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આકાશાસ્તિકાય જ રહે છે, પુદ્ગલાસ્તિકાય તે ત્રણે કાળમાં સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પુદ્ગલાસ્તિકાય જ રહે છે, જીવાસ્તિકાય તે ત્રણે કાળમાં સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જીવાસ્તિકાય જ રહે છે અને કાળ તે ત્રણે કાળમાં સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી કાળ દ્રવ્ય જ રહે છે. કોઈ પણ દ્રવ્ય કોઈ પણ પરરૂપે પરિણમતું નથી, 'पररूपेणापरिणमनात् ।' આમ પરરૂપે અપરિણમનને લીધે પ્રત્યેક અર્થનું-દ્રવ્યનું વ્યક્તિત્વ નાશ પામતું નથી, એટલે अविनष्टानंतव्यक्तित्वात् આ અર્થોનું અવિનષ્ટ અનંત વ્યક્તિત્વ (Indiaviduality) જળવાઈ રહે છે. એથી કરીને તેઓ જાણે ટંકોત્કીર્ણ હોય એમ સ્થિતિ કરી રહ્યા છે, 'टंकोत्कीर्णा इव तिष्ठंतः ।' - ટાંકણાથી ખડકમાં કોતરી કાઢેલ ચક્રવર્તીનો શિલાલેખ જેમ ચિરકાળ પર્યંત જેમનો તેમ જ અવસ્થિત રહે, તેમ આ પ્રત્યેક અર્થ-દ્રવ્ય રૂપ સ્વધર્મ ચક્રવર્તીનો સ્વરૂપ-શિલાલેખ ત્રણે કાળમાં જેમનો તેમ જ અવસ્થિત રહે છે. આ સર્વના પરમ નિષ્કર્ષ રૂપ એવું **પરમ આત્મદ્રષ્ટા - શ્રીમદ્ રાજચંદ્રજીનું** ટંકોત્કીર્ણ અનુભવ-વચનામૃત આ 'મહાભાષ્યના' (વિવેચનના) મથાળે ટાંક્યું છે.

આમ આ સર્વ અર્થો-દ્રવ્યો સ્વરૂપથી નહિ પડતા અને પરરૂપે નહિ પરિણમતા એવા સ્વતંત્ર દ્રવ્યો છે, એટલે તે કાંઈ અકિંચિત્ કરે છે એમ નથી, કાંઈ નથી કરતા એમ નથી, પણ સમસ્ત विरुद्धाविरुद्ध कार्यहेतुतया - સમસ્ત વિરુદ્ધ-અવિરુદ્ધ કાર્યહેતુતાએ - કારણપણાએ કરીને સદાય નિરંતર વિશ્વને અનુગ્રહે છે,* અનુગ્રહ ઉપકાર કરે છે, शश्वदेव विश्वमनुगृह्णतो । કારણકે - પ્રત્યેક અર્થ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી અસ્તિ છે-હોવાપણા રૂપ છે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી નાસ્તિ છે - નહિ હોવાપણા રૂપ છે, એટલે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવના અસ્તિપણાએ કરી સ્વરૂપ કાર્ય કરવાપણાને લીધે તેને અવિરુદ્ધ કાર્યનું હેતુપણું હોય છે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવના નાસ્તિપણાએ કરી પરરૂપ કાર્ય નહિ કરવાપણાને લીધે વિરુદ્ધ કાર્યનું હેતુપણું પણ તત્ સમયે જ હોય છે, આમ સમસ્ત વિરુદ્ધ-અવિરુદ્ધ કાર્ય હેતુતાથી તે શશ્વદેવ-સદાય વિશ્વને અનુગ્રહે છે. અર્થાત્ પ્રત્યેક અર્થ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવના સદાય અસ્તિપણાથી આત્મસ્વરૂપથી અવિરુદ્ધ

અખંડ વિશ્વવ્યવસ્થાની જાળવણીમાં પ્રત્યેક દ્રવ્યનો ફાળો

* પર આશ્રિત વ્યવહારનયને આશ્રીને વિચારીએ તો - સર્વદ્રવ્યોને પોતામાં અવગાહ-અવકાશ આપવો તે આકાશનો ઉપકાર છે, ગતિ પરિણત દ્રવ્યને, મીનને જલની જેમ ઉદાસીનપણે સહાય કરવી તે 'ધર્માસ્તિકાય'નો ઉપકાર છે, સ્થિતિ પરિણત દ્રવ્યને, પથિકને છાંયડાની જેમ, ઉદાસીનપણે સહાય કરવી તે અધર્માસ્તિકાયનો ઉપકાર છે, શરીર, વાણી, પ્રાણાપાન, મન, સુખ દુઃખ, જીવિત-મરણ એ પુદ્ગલોનો ઉપકાર છે, હિતાહિતોપદેશ વડે કરીને જીવોનો પરસ્પર ઉપકાર છે, સર્વ દ્રવ્યોનું પરિવર્તન કરવા રૂપ વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વાપરત્વ એ કાળનો ઉપકાર છે. અથવા ટૂંકામાં **શ્રી બનારસીદાસજીએ** કહ્યું છે તેમ -

''સમતા રમતા ઊરધતા, જ્ઞાયકતા સુખભાસ,
વેદકતા ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ.
તનતા મનતા વચનતા, જડતા જડ સમ્મેલ,
લઘુતા ગુરુતા ગમનતા, એ અજીવ કે ખેલ.'' - **શ્રી બનારસીદાસજી કૃત સમયસાર નાટક, ઉપોદ્ઘાત**

એવા સ્વરૂપ કાર્યનું હેતુપણું ધારે છે, તેમજ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવના સદાય નાસ્તિપણાથી આત્મસ્વરૂપથી વિરુદ્ધ એવા પરરૂપ કાર્યનું હેતુપણું પણ ધારે છે, આમ સદા સ્વરૂપ પ્રતિષ્ઠિત અને સદા પરરૂપ અપ્રતિષ્ઠિત અથવા કદી પણ સ્વરૂપ અપ્રતિષ્ઠિત નહિ અને કદી પણ પરરૂપ પ્રતિષ્ઠિત નહિ એવો અગુરુલઘુ ગુણસંપન્ન પ્રત્યેક અર્થ અખિલ વિશ્વની યથાવત્ (as it is, statusquo) જાળવણીમાં સદાય અનુગ્રહ કરે છે, એટલે શાશ્વત વિશ્વ વ્યવસ્થા અખંડપણે જળવાઈ રહે છે અને તે વિશ્વ વ્યવસ્થામાં ક્યારેય પણ કોઈ પણ પ્રકારની કિંચિત્ માત્ર ગડબડ કે ડખલ થવાનો સંભવ જ નથી.

''નિજ ભાવે સીય અસ્તિતા રે, પર નાસ્તિત્વ સ્વભાવ;
અસ્તિપણે તે નાસ્તિતા રે, સીય તે ઉભય સ્વભાવો રે... કુંથુ જિનેસરૂ.'' - **શ્રી દેવચંદ્રજી**

એકત્વનિશ્ચયગતપણાથી જ અર્થોનું સૌંદર્ય

આમ પરરૂપે અપરિણત અને સ્વરૂપે સુસ્થિત એવા આ પરરૂપ અપ્રતિષ્ઠિત અને સ્વરૂપ સુપ્રતિષ્ઠિત ટંકોત્કીર્ણ વિશ્વોપકારી સર્વ અર્થો નિયતપણે એકત્વ નિશ્ચયગત પણાએ કરીને જ સૌંદર્યને પામે છે, નિયતમેકત્વ ગતત્વે નૈવ સૌંદર્યમાપદ્યંતે । અર્થાત્ આ સર્વ અર્થોનું પ્રત્યેકનું એકત્વ-એકપણું છે, જ્યાં અન્ય કોઈનો - બીજાનો પ્રવેશ નથી, એવું અદ્વિતીયપણું - અદ્વૈતપણું છે અને આ એકપણું - અદ્વૈતપણું ત્રણે કાળમાં ન ચળે એવું નિશ્ચય રૂપ-અખંડ સ્થિર સ્થિતિરૂપ છે, અને આવા ત્રણે કાળમાં ન ફરે એવા નિયત નિશ્ચય રૂપ એકત્વ નિશ્ચયગત પણાએ - એકપણા રૂપ નિશ્ચયગત પણાએ કરીને જ - એક સ્વરૂપ સ્થિતપણાએ કરીને જ આ અર્થો સુંદરતા ધારે છે, જ્યાં પરભાવની લેશ પણ અશુચિ-અશુદ્ધિ નથી એવી પરવિરહિત શુચિ શુદ્ધ અદ્વૈત સ્વરૂપ શોભાથી જ શોભે છે. કારણકે **એકત્વ નિશ્ચયગત સ્થિતિ** એ જ સત્ પરમાર્થસત્ હોવાથી સત્ય છે, એ જ પરમ શાંતિરૂપ - પરમ કલ્યાણરૂપ - મોક્ષ રૂપ હોવાથી શિવ છે અને એ જ અકૃત્રિમ સ્વાભાવિક સહજ આત્મસ્વરૂપ - સૌંદર્યથી શોભાયમાન હોવાથી સ્વરૂપથી સુંદર છે, આમ આ સર્વ અર્થોનું આ એકત્વ નિશ્ચયગતપણું જ પરમ સત્યં પરમ શિવં પરમ સુંદરં છે, એટલે સત્યં શિવં સુંદરં આ **સહજાત્મ સ્વરૂપ સ્થિતપણાને** લીધે જ આ સર્વ અર્થો સ્વરૂપ સૌંદર્યને પામે છે.

''જીવ નવિ પુગ્ગલી નૈવ પુગ્ગલ કદા, પુગ્ગલાધાર નવિ તાસ રંગી;
પર તણો ઈશ નહિ અપર ઐશ્વર્યતા, વસ્તુધર્મે ન કદા પર સંગી...
અહો શ્રી સુમતિ જિન ! શુદ્ધતા તાહરી, સ્વગુણ પર્યાય પરિણામરામી.
સંગ્રહે નહિ આપે નહિ પરભણી, નવિ કરે આદરે પર ન રાખે;
શુદ્ધ સ્યાદ્વાદ નિજ ભાવ ભોગી જિકે, તેહ પરભાવને કેમ ચાખે ?.. અહો.'' - **શ્રી દેવચંદ્રજી**

પ્રકારાંતરે સર્વ સંકરાદિ દોષાપત્તિ

કારણકે 'પ્રકારાંતરથી સર્વ સંકર આદિ દોષની આપત્તિ થાય છે, प्रकारान्तरेण सर्वसंकरादि दोषापत्तेः - પ્રકારાંતરથી - એનાથી બીજા પ્રકારે તો જડ-ચેતન દ્રવ્યની પરસ્પર સેળભેળ થઈ જવા રૂપ - શંભુમેળા રૂપ સંકર આદિ દૂષણ પ્રાપ્ત થાય છે. જૂદી જૂદી - ભિન્ન ભિન્ન જાતિવાળા - ચેતન પરસ્પર ભળી જાય તો જડ-ચેતનનું મિશ્રપણું - સંકરપણું થઈ જશે અને જડ જો ચેતનપણાને પામે અથવા ચેતન જો જડપણાને પામે તો જડ-ચેતનનો કોઈ નિયમ કે વ્યવસ્થા રહેશે નહિ અને વ્યતિકર દોષ આવશે. વળી આમ સ્વરૂપનો ત્યાગ કરી જો પદાર્થ પરરૂપ પણાને પામશે, તો પછી એ પદાર્થ પુનઃ પદાર્થાંતરપણાને પામશે અને એમ કરતાં કોઈ આરો આવશે નહિ ને અનવસ્થા દોષ પ્રાપ્ત થશે. તેમજ એક દ્રવ્યનું સ્વરૂપ જો બીજામાં જશે, તો અતિ પ્રસંગ રૂપ અતિ વ્યાપ્તિ દોષ અને પોતાના જ દ્રવ્યમાં પૂરેપૂરો વ્યાપશે નહિ, તો અવ્યાપ્તિ દોષ પણ આવીને ઉભો રહેશે. ઈત્યાદિ અનેક દોષની આફત રૂપ આપત્તિ પ્રાપ્ત થવાનો પ્રસંગ આવશે. માટે એકાંત **સ્વરૂપ સ્થિત** એવો **એકત્વ નિશ્ચયગત** પદાર્થ જ લોકમાં સર્વત્ર સુંદર છે. એમ ત્રણે કાળમાં નિશ્ચય અખંડ નિશ્ચય સિદ્ધાંત સ્થાપિત થયો.

એટલે एवमेकत्वे सर्वार्थानां प्रतिष्ठिते सति - એમ સર્વ પદાર્થ અર્થોનું એકત્વ પ્રતિષ્ઠિત સતે જીવ નામના સમયની બંધકથાને જ વિસંવાદપણાની આપત્તિ છે, जीवाह्वयस्य समयस्य बंधकथाया एव विसंवादत्वापत्तिः । અર્થાત્ સિદ્ધાલયમાં શુદ્ધ ચૈતન્ય મૂર્તિ સિદ્ધ ભગવાનનું જેમ શાશ્વત સુપ્રતિષ્ઠિતપણું છે, જિનાલયમાં શુદ્ધ ચૈતન્ય મૂર્તિ જિન ભગવાનના બિંબ રૂપ ધાતુ-પાષાણમયી મૂર્તિનું જેમ સુપ્રતિષ્ઠિતપણું છે, સત્યનું - પરમાર્થસત્ તત્ત્વનું જેમ સ્વરૂપથી શાશ્વત સુપ્રતિષ્ઠિતપણું છે, તેમ આ સર્વ સત્ય તત્ત્વભૂત પરમાર્થ સત્ અર્થોનું એક **નિશ્ચયગતપણે** - એકપણા રૂપ નિશ્ચયગતપણે શાશ્વત સુપ્રતિષ્ઠિતપણું છે. આમ સર્વ પદાર્થોનું એકપણું પ્રતિષ્ઠિત છે, ત્યાં જીવ નામના સમયની - પદાર્થની બંધકથાને જ વિસંવાદની - વિસંવાદપણાની - બસૂરાપણાની પ્રાપ્તિ છે. કારણકે સર્વ સમય (અર્થ) જો સ્વસમયની - સ્વસ્વરૂપની મર્યાદામાં સ્થિત હોઈ એકત્વ પ્રતિષ્ઠિત છે, તો પછી જીવ સમયની પરસમય (પર પદાર્થ) સાથેના બંધની જે વાર્તા છે, તે જ વિસંવાદિની-બસૂરી જણાય છે, સર્વ પદાર્થના સુસંવાદમાં આ એક જ વાત વિસંવાદી બસૂરો (Discordant note) પૂરાવે છે. બંધ તો બે વિના બને નહિ, એટલે એકપણાની જ જ્યાં સ્થિતિ છે, ત્યાં બેની વાત બસૂરી લાગે છે, 'બગડે બે'થી બધુંય 'બગડે' છે, સમયનું સ્વરૂપ સૌંદર્ય વિરૂપપણાને - કદ્રૂપપણાને પામે છે. એટલે એક સ્વરૂપ સ્થિતપણાથી સુંદર લાગતા સર્વ અર્થો જ્યાં એકપણાનું એકસૂરું સંગીત કરી રહ્યા છે, ત્યાં આ જીવપદાર્થનું બેસૂરાપણું શું ? અખિલ વિશ્વતત્ત્વની એકપણા રૂપ સુસંવાદી બંસરી વાગી રહી છે, ત્યાં આ પર સાથે બંધકથાની બસૂરી વાત શી ? સંગીતનો રંગ જામ્યો હોય, તો રંગમાં કેવો ભંગ પડે ? તેમ એકત્વનિશ્ચયરૂપ વિશ્વ તત્ત્વના સંગીતનો રંગ જામ્યો છે, બધાય દ્રવ્ય-વાદ્યો એકપણાનો એક સૂર વગાડી રહ્યા છે, ત્યાં આ જીવ સમયની બંધકથાનો બસૂરો રાગડો નીકળે છે, તે વિશ્વ સંગીતના રંગમાં ભંગ પાડે છે ! એટલે તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં તત્ત્વવિચાર પ્રેરણા કરતા હોય એમ **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીનો** દિવ્ય આત્મા અત્રે જાણે ગર્જના કરે છે કે, 'યે ક્યા બાત હૈ ? ઐસા કૈસે હો સકતા હૈ ?'

સર્વ અર્થોનું એકપણું પ્રતિષ્ઠિત ત્યાં જીવની બંધકથાની જ વિસંવાદિતા

કાયદો તો બધાને માટે એક સરખો હોય, તેમ એકપણાના નિશ્ચયરૂપ નિયમ તો બધા દ્રવ્યોને એક સરખો લાગુ પડવો જોઈએ, ત્યાં આ બસૂરી બંધકથા થકી બેપણા રૂપ-દ્વૈતપણા રૂપ કાયદા ભંગ-નિયમ ભંગ કેમ ચાલે ? અને ચાલે તો પછી વિશ્વનું નિયમન કેમ રહે ? માટે આ બંધકથા જ પોતે વિસંવાદી છે, સત્ય તત્ત્વસ્થિતિ - પરમાર્થસત્ વસ્તુસ્થિતિ સાથે સંવાદથી - મળતાપણાથી વિરુદ્ધ છે - વિપરીત છે, એટલે કે પરમાર્થથી અસત્ય છે, અયથાર્થ છે, એમ હોવું ઘટતું નથી. તો પછી 'कुतस्तन्मूलपुद्गलकर्मप्रदेशस्थितत्वमूल- परसमयोत्पादितमेतस्य द्वैविध्यं' 'तन्मूल' તે બંધકથા જેનું મૂલ છે, એવું પુદ્ગલ કર્મ પ્રદેશ સ્થિતપણું જેનું મૂલ છે, એવા પરસમયથી ઉત્પાદવામાં આવેલું - ઉપજાવાયેલું આનું (જીવનું) દ્વિવિધપણું ક્યાંથી ? અર્થાત્ તે બંધકથા સ્વરૂપ મૂલને લીધે જ જીવનું પુદ્ગલ કર્મ પ્રદેશમાં સ્થિતપણું હોય અને પુદ્ગલ કર્મપ્રદેશ સ્થિતપણા રૂપ મૂલને લીધે જ પરસમયનું ઉપજવાપણું હોય અને આમ પરસમયપણાને લીધે જ જીવ સમયનું સ્વસમય-પરસમય એમ દ્વિવિધપણું હોય, પણ મૂલ આ બંધકથા જ જ્યાં વિસંવાદી છે, ત્યાં પછી તે બંધકથા જેનું મૂલ છે, એવું પુદ્ગલ કર્મ પ્રદેશ સ્થિતપણું ક્યાંથી ? અને એ નથી ત્યાં પછી પુદ્ગલ કર્મ પ્રદેશ સ્થિતપણું જેનું મૂલ છે, એવું પરસમયપણું ક્યાંથી ? અને પરસમયપણું જ જ્યાં નથી, ત્યાં પછી સ્વસમય-પરસમય એવું કૃત્રિમ (artificial) ભેદ ઉદ્ભાવન રૂપ દ્વિવિધપણું પણ ક્યાંથી ? मूलं नास्ति कुतो शाखा ? એટલે કે સર્વ સમયનું પ્રત્યેકનું એકપણું તો ઉપરોક્ત રીતે સુપ્રતિષ્ઠિત છે અને તે જ સુંદર છે, તો પછી જીવ સમયનું આવું દ્વિવિધપણું ક્યાંથી ઘટે ? વિસંવાદિની બંધકથાથી ઉપજતું આ દ્વિવિધપણું કાંઈ સુંદર દેખાતું નથી, સારૂં લાગતું નથી, શોભતું નથી, એથી સમયનું એકપણું જ અવસ્થિત રહે છે, - अतः समयस्यैकत्वमेवावतिष्ठते ॥

આ જીવ સમયનું દ્વિવિધપણું ક્યાંથી ? એકત્વ જ અવસ્થિત



तथा प्रकारे आ (એકત્વ) असुलभपणे विभावाय छे -

श्रुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा ।

एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स ॥४॥

કામ ભોગ-બંધ કથા સર્વને રે, શ્રુત પરિચિત અનુભૂત;

કેવલ એકત્વ વિભક્તનો રે, ઉપલંભ ન સુલભભૂત... રે આત્મનૂ વંદો સમયસાર ॥૪॥

ગાથાર્થ : સર્વનેય કામભોગ-બંધકથા, શ્રુત, પરિચિત અનુભૂત છે, પણ વિભક્ત એવા કેવલ એકત્વનો ઉપલંભ (પ્રાપ્તિ-અનુભવ) સુલભ નથી. ૪

आत्मख्याति टीका

तथैतदसुलभत्वेन विभाव्यते -

श्रुतपरिचितानुभूता सर्वस्यापि कामभोगबंधकथा ।

एकत्वस्योपलंभः केवलं न सुलभो विभक्तस्य ॥४॥

इह **सकलस्यापि** जीवलोकस्य संसारचक्रक्रोडाधिरोपितस्याश्रांतमनंतद्रव्यक्षेत्रकालभवभावपरावर्त्तैः समुपक्रांतभ्रांतेरेकछत्रीकृतविश्वतया महता मोहग्रहेण गोरिव वाह्यिमानस्य प्रसभोज्जृंभिततृष्णातंकत्वेन *व्यक्तांतराधे-रुत्तम्योत्तम्य मृगतृष्णायमानं विषयग्राममुपरुंधानस्य परस्परमाचार्यत्वमाचरतोऽनंतशः **श्रुत**पूर्वानंतशः **परिचित**पूर्वानंतशोऽनभूतपूर्वा चैकत्वविरुद्धत्वेनात्यंतविसंवादिन्यपि **कामभोगानुबद्धा कथा** । इदं तु नित्यव्यक्ततयांतःप्रकाशमानमपि कषायचक्रेण सहैकीक्रियमाणत्वादत्यंततिरोभूतं सत् स्वस्यानात्मततया परेषामात्मज्ञानामनुपासनाश्च न कदाचिदपि श्रुतपूर्वं न कदाचिदपि परिचितपूर्वं न कदाचिदप्यनुभूतपूर्वं च **निर्मलविवेकालोकविविक्तं केवलमेकत्वं । अत एकत्वस्य न सुलभत्वम् ॥४॥**

આત્મખ્યાતિ ટીકાર્થ

અહીં આ લોકને વિષે સંસારચક્રના ક્રોડમાં (ઉત્સંગમાં) અધિરોપિત એવો જે આ જીવલોક -

(૧) અશ્રાંતપણે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવના પરાવર્ત્તોથી (ફેરાથી) ભ્રાંતિ સમુપક્રાંત કરી રહ્યો છે,

(૨) એકછત્રીકૃત વિશ્વતાએ કરીને (વિશ્વના એકછત્રી પણાએ કરીને) મહત્ એવા મોહ-ગ્રહથી ગો (બળદ)જેમ વહાવાઈ રહ્યો છે,

(૩) બળાત્કારે ઉત્કટપણે વૃદ્ધિ પામેલી તૃષ્ણાના તીવ્ર વેદનપણાને લીધે અંતરૂ આધિ (અંતર્માંથ) વ્યક્ત કરી રહ્યો છે,

(૪) ઉછળી ઉછળીને મૃગતૃષ્ણારૂપ થઈ રહેલા વિષયગ્રામને ઉપરુંધઈ રહ્યઅયઓ છે, એવા આ સકલ પણ જીવલોકને, પરસ્પર આચાર્યપણું આચરતાં, એકત્વ વિરુદ્ધપણાએ કરીને અત્યંત વિસંવાદિની એવી પણ કામભોગાનુબદ્ધ કથા અનંતવાર **શ્રુતપૂર્વા** (પૂર્વે સાંભળેલી), અનંતવાર **પરિચિતપૂર્વા** (પૂર્વે પરિચય કરેલી) અને અનંતવાર **અનુભૂતપૂર્વા** (પૂર્વા અનુભવ કરેલી) છે,

---

* પાઠાંતર : व्यक्तान्तर्माथस्य

પણ નિર્મલ વિવેકાલોકથી (વિવેક-પ્રકાશથી) વિવિક્ત (ભિન્ન-અલગ) એવું આ કેવલ એકત્વ, - નિત્ય વ્યક્તતાથી અંતઃપ્રકાશમાન છતાં, કષાયચક્ર સાથે એકીક્રિયમાણપણાને લીધે અત્યંત તિરોભૂત સતુંસ્વની અનાત્મજ્ઞતાએ કરીને અને પર આત્મજ્ઞોના અનુપાસનને લીધે, નથી કદાચિત્ પણ શ્રુતપૂર્વ (પૂર્વે સાંભળેલું), નથી કદાચિત્ પણ પરિચિત પૂર્વ (પૂર્વે પરિચય કરેલું), અને નથી કદાચિત્ પણ અનુભૂત પૂર્વ (પૂર્વે અનુભવ કરેલું), એથી કરીને એકત્વનું સુલભપણું નથી. ॥૪॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્યમ

''જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો, દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત.''

- શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧ (શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત)

''અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યું નહિ અભિમાન.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી ખં. ૨૬૪**

''હું છોડી નિજ રૂપ, રમ્યો પુદ્‌ગલે,
ઝીલ્યો ઉલટ આણી, વિષય તૃષ્ણા જલે - વિહરમાન ભગવાન.'' - **શ્રી દેવચંદ્રજી**

સંસારચક્રના ચાકડે ચડેલ લોક : મહાકવીશ્વર અમૃતચંદ્રજીની અદ્‌ભુત સ્વભાવોક્તિ

સમયનું જે આ એકત્વ આગલી ગાથાની વ્યાખ્યામાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** એમની અપૂર્વ લાક્ષણિક શૈલીથી વિવરી દેખાડ્યું, તે એકત્વનું અસુલભપણું-દુર્લભપણું આ ગાથામાં વિભાવન કર્યું છે, અને આના વિભાવનનું વિભાવન કરતાં આ **પરમાર્થ મહાકવીશ્વર આત્મખ્યાતિ સ્રષ્ટા આચાર્યજીએ** સંસારચક્રના ચાકડે ચઢેલા આ સકલ જીવલોકનું **સ્વભાવોક્તિ** અલંકારમય તાદૃશ્ય સુંદર શબ્દ ચિત્ર આલેખ્યું છે : આ લોકને વિષે સંસારચક્રના 'ક્રોડમાં' - ઉત્સંગમાં અધિરોપિત - ચઢાવાયેલા સકલ પણ જીવલોકને પરસ્પર-એકબીજા સાથે 'આચાર્યપણું' - ગુરુપણું આચરતાં, અનંતવાર **'શ્રુતપૂર્વ'** - પૂર્વ સાંભળેલી, અનંતવાર **'પરિચિતપૂર્વ'** - પૂર્વે પરિચય કરેલી, અનંતવાર **'અનુભૂતપૂર્વ'** પૂર્વે અનુભવ કરેલી છે. શું ? એકત્વથી વિરુદ્ધપણાએ - વિપરીતપણાએ કરીને અત્યંત 'વિસંવાદિની' - વિસંવાદ પામતી પણ 'કામભોગાનુબદ્ધ' કથા - કામભોગ સાથે અનુબદ્ધ - સંકળાયેલી જોડાયેલી વાર્તા. કેવો છે આ જીવલોક ? (૧) અશ્રાંતપણે - અથાક પણે - અવિરામ પણે -

---

આત્મભાવના

તથૈતદસુલભત્વેન વિભાવ્યતે - તથા - તથા પ્રકારે એકત્વનિશ્ચયગતપણાએ કરી સુંદર એવું આ - એકત્વ 'અસુલભપણે' 'વિભાવાય છે' - વિશેષે કરીને ભાવવામાં આવે છે - સર્વસ્યાપિ સર્વને જ, શ્રુતપરિચિતાનુભૂતા - શ્રુત, પરિચિત, અનુભૂત છે. શું ? કામભોગબંધકથા -કામભોગબંધ કથા. કેવલં એકત્વસ્ય ઉપલંભઃ ન સુલભઃ - કેવલ એકત્વનો 'ઉપલંભ' - પ્રાપ્તિ - અનુભવ નથી સુલભ. કેવા એકત્વનો ? વિભક્તસ્ય - 'વિભક્ત' - વિવિક્ત - જૂદા પાડેલ એવાનો. ॥ ઈતિ **ગાથા** આત્મભાવના ॥૪॥

ઇહ - અહીં, આ લોકને વિષે. સકલસ્યાપિ જીવલોકસ્ય - સકલ પણ જીવલોકને, પરસ્પરમાચાર્યત્વમાચરતઃ - પરસ્પર - એકબીજા સાથે આચાર્યપણું - ગુરુપણું આચરતાં, અનંતશઃ શ્રુતપૂર્વા અનંતશઃ પરિચિતપૂર્વા અનંતશઃ અનુભૂતપૂર્વા ચ - અનંતવાર 'શ્રુતપૂર્વા' - પૂર્વે સાંભળેલી, અનંતવાર 'પરિચિતપૂર્વા' પૂર્વે પરિચય કરેલી અને અનંતવાર 'અનુભૂત પૂર્વા' - પૂર્વે અનુભવેલી છે. શું ? એકત્વવિરુદ્ધત્વેન અત્યન્તવિસંવાદિન્યપિ કામભોગાનુબદ્ધા કથા - એકત્વથી વિરુદ્ધપણાએ - વિપરીતપણાએ કરીને અત્યંત 'વિસંવાદિની' - વિસંવાદ પામતી - બસૂરી એવી પણ 'કામભોગ અનુબદ્ધ કથા' - કામભોગ સાથે અનુબદ્ધા - સંકળાયેલી - જોડાયેલી કથા - વાર્તા.

કેવો છે આ જીવલોક ? (૧) સંસારચક્રક્રોડાધિરોપિતસ્ય - જે સંસારચક્રના 'ક્રોડમાં' - ક્રોડમાં - ઉત્સંગમાં 'અધિરોપિત' - ચઢાવાયેલો છે, અત એવ - (૨) અશ્રાંતં અનંતદ્રવ્યક્ષેત્રકાલભવભાવપરાવર્તૈ સમુપક્રાંતભ્રાંતેઃ - 'અશ્રાંતપણે' - અથાકપણે - અવિરામ પણે - અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાલ - ભવ - ભાવના 'પરાવર્ત્તોથી' - ફેરાથી - આંટાથી જેણે 'ભ્રાંતિ' - ભમણા 'સમુપક્રાંત' કરી છે - સારી પેઠે આરંભેલી છે, (કારણકે) - (૩) એકછત્રી-

અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવના 'પરાવર્ત્તોથી' - ફેરાથી - આંટાથી જેણે 'ભ્રાંતિ' - ભમણા સમુપકાંત કરી છે, (૨) 'એકછત્રી કૃત વિશ્વતાએ કરીને' - વિશ્વના ત્રણે જગત્‌ના એકછત્ર રૂપ કર્યાપણાએ કરીને મહત્ એવા મોહ-ગ્રહથી 'ગો' - બળદની જેમ જે 'વહાવાઈ' રહ્યો છે - હંકારાઈ રહ્યો છે, (૩) 'પ્રસભપણે' - અત્યંતપણે - બળાત્‌કારે-જોરશોરથી 'ઉજ્જૃંભિત' - ઉત્કટપણે વૃદ્ધિ પામેલ 'તૃષ્ણાતંકપણાએ કરીને' - તૃષ્ણાના તીવ્ર પીડન પણાએ કરીને જેની અંતર આધિ - અંતર વેદના અથવા અંતરને મથી નાંખે એવો અંતર્માથી વ્યક્ત - પ્રકટ થયેલ છે, (૪) ઉછળી ઉછળીને કરાંઝી - કરાંઝીને 'મૃગતૃષ્ણા રૂપ' - મૃગજલ રૂપ થઈ રહેલા 'વિષય ગ્રામને' - વિષયરૂપ ગામડાને અથવા વિષય સમૂહને 'ઉપરુંધી' રહ્યો છે. ઉપ-નિકટ રુંધી ઘેરો ઘાલી રહ્યો છે. આવા આ સકલ જીવલોકને વિસંવાદિની કામભોગાનુબદ્ધ કથા યથોક્ત પ્રકારે અનંતવાર શ્રુતપૂર્વ - પરિચિતપૂર્વ - અનુભૂત પૂર્વ છે, પણ આ - નિર્મલ 'વિવેક આલોકથી' - વિવેક પ્રકાશથી 'વિવિક્ત' - પૃથક્ - ભિન્ન - અલગ એવું કેવલ-માત્ર એકત્વ-એકપણું નથી. કદાચિત્ પણ શ્રુતપૂર્વ નથી. કદાચિત્ પણ પરિચિતપૂર્વ નથી. કદાચિત્ પણ અનુભૂતપૂર્વ કેવું છે આ એકત્વ ? 'નિત્ય વ્યક્તતાથી' - સદા વ્યક્તપણાથી - પ્રગટપણાથી 'અંતઃપ્રકાશમાન' - અંતરમાં પ્રકાશી રહેલું છતાં, 'કષાયચક્રની' સાથે - કષાય સમૂહની સાથે 'એકી ક્રિયામાણપણાને લીધે' - એકરૂપ કરાઈ રહ્યાપણાને લીધે અત્યંત 'તિરોભૂત' સતું, તિરસ્કૃત આવૃત - ઢંકાયેલું હોતું - એવું હોઈ કદાચિત્ પણ નથી શ્રુતપૂર્વ ઈ. એમ શાથી કરીને ? (૧) 'સ્વની - પોતાની અનાત્મજ્ઞતા' - આત્મજ્ઞાનરહિતતાએ કરીને (૨) અને પર - બીજા આત્મજ્ઞોના - આત્મજ્ઞાનીઓના 'અનુપાસનને' લીધે - અનારાધાનને લીધે. એથી કરીને એકપણાનું સુલભપણું નથી, અર્થાત્ દુર્લભપણું છે.

''આ આત્મા પૂર્વે અનંતકાળ વ્યતીત કર્યે જાણ્યો નથી, તે ઉપરથી એમ લાગે છે કે, તે જાણવાનું કાર્ય સર્વથી વિકટ છે. અથવા તો જાણવાના તથારૂપ યોગો પરમ દુર્લભ છે.''

''આત્મ સ્વરૂપનો નિર્ણય થવામાં અનાદિથી ભૂલ થતી આવી છે, જેથી હમણાં થાય એમાં આશ્ચર્ય લાગતું નથી.

कृतविश्वतया महता मोहग्रहेण गौरिव वाह्यमानस्य - 'એકછત્રી કૃત વિશ્વતાએ કરીને' - વિશ્વના-ત્રણે જગત્ ના એક છત્ર રૂપ કર્યાપણાએ કરીને મહત્ એવા મોહ-ગ્રહથી 'ગો' - બળદની જેમ જે 'વહાવાઈ' - હંકારાઈ રહ્યો છે, અત એવ - (૪) प्रसभोज्रम्भितृष्णातंकत्वेन व्यक्तांतराधेः (પાઠા. व्यक्तान्तर्माथिस्य) 'પ્રસભપણે' - અત્યંતપણે - બળાત્ કારે - જોર શોરથી 'ઉજ્જૃંભિત' - ઉત્કટપણે વૃદ્ધિ પામેલ 'તૃષ્ણાલંકપણાએ કરીને' - તૃષ્ણાના તીવ્ર પીડનપણાએ કરીને જેની 'અંતર આધિ' - અંતરંગ વેદના 'વ્યક્ત' - પ્રકટ થયેલી છે, (પાઠ : જેનો અંતર્માંધ વ્યક્ત થયેલ છે), અત એવ - (૫) उत्तप्योत्तंभ्य 'मृगतृष्णायमानं' - મૃગજલ રૂપ થઈ રહેલા 'વિષય ગ્રામને' - વિષયરૂપ ગામડાને અથવા વિષય સમૂહને 'ઉપરુંધી રહ્યો છે' - ઘેરો ઘાલી રહ્યો છે.

આવા આ જીવલોકને આવી કામભોગાનુબદ્ધ કથા યથોક્ત પ્રકારે અનંતવાર શ્રુતપૂર્વ - પરિચિતપૂર્વ - અનુભૂતપૂર્વ છે, પણ इदं तु - આ, નિર્મલકેવલાલોકવિવિક્તં केवलमेकत्वं - નિર્મલ 'વિવેક આલોકથી' - વિવેક પ્રકાશથી 'વિવિક્ત' - પૃથક્-ભિન્ન-અલગ એવું 'કેવલ' - માત્ર 'એકત્વ' - એકપણું न कदाचिदपि श्रुतपूर्वं न कदाचिदपि परिचितपूर्वं न कदाचिदपि अनुभूतपूर्वं નથી કદાચિત્ પણ 'શ્રુતપૂર્વ' - પૂર્વે સાંભળેલું નથી. કદાચિત્ પણ 'પરિચિત પૂર્વ' - પૂર્વે પરિચય કરેલું નથી. કદાચિત્ પણ 'અનુભૂતપૂર્વ' - પૂર્વે અનુભવેલું. એમ શાથી કરીને ? स्वेस्यानात्मज्ञतया परेषामात्मज्ञानामनुपासनाच्च 'સ્વની' - પોતાની 'અનાત્મજ્ઞતાએ' - આત્મઅજ્ઞાનતાએ કરીને અને 'પર' બીજા 'આત્મજ્ઞોનાં - આત્મજ્ઞાનીઓના 'અનુપાસનને' - અનારાધાનને લીધે. એકત્વ વિવિક્ત છતાં કેમ પ્રકાશતું નથી ? नित्यव्यक्तयांतः प्रकाशमानमपि - 'નિત્ય વ્યક્તતાથી' - સદા વ્યક્તપણાથી - પ્રગટપણાથી 'અંતઃપ્રકાશમાન' - અંતરમાં પ્રકાશી રહેલું છતાં, कषायचक्रेण सहैकीक्रियमाणत्वादत्यंतं तिरोहितं सत् - 'કષાયચક્ર' - કષાય સમૂહ સાથે 'એકીક્રિયમાણપણાને લીધે' - એકરૂપ કરાઈ રહ્યાપણાને લીધે અત્યંત 'તિરોભૂત' - તિરોભાવ પામેલ - તિરસ્કૃત-આવૃત-ઢંકાયેલું 'સતું' હોઈને - આવું એકત્વ આમ યથોક્ત કારણથી આ સકલ જીવલોકને કદી પણ નથી શ્રુતપૂર્વ - પરિચિતપૂર્વ - અનુભૂત પૂર્વ. अत एकत्वस्य न सुलभत्वं - એથી કરીને 'એકત્વનું' - એકપણાનું સુલભપણું નથી, અર્થાત્ દુર્લભપણું છે. ॥ इति **आत्मख्याति** आत्मभावना ॥૪॥

''સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો આત્મજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી. સદ્વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં અને અસત્સંગ પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્ત્તતું નથી. એમાં કિંચિત્ માત્ર સંશય નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૩૫૬, ૭૫૦, ૫૬૯**

આચાર્યજી અમૃતચંદ્રજીની આ પરમ પ્રૌઢ પરમાર્થ ગંભીર વ્યાખ્યા સુગમ પણે સમજવા માટે અત્રે પ્રથમ કુંભારના ચક્રનું અને ઘાણીના બેલનું એ બે દૃષ્ટાંત સાદા શબ્દોમાં વિચારીએ.

કુંભાર-ચક્રનું દૃષ્ટાંત

કોઈ કુંભાર છે, તે હાથાથી ચાકડો ચલાવે છે, તેના ચાકડે - ચાકડાની કોડમાં માટીના વાસણ ચઢાવ્યા છે, કુંભાર હાથો હલાવે છે અને ચાકડે ચઢાવેલા ભાજનો ચકર ચકર ભમ્યા કરે છે : તેમ કર્મ રૂપ કુંભાર છે, તે મોહરૂપ હાથાથી આ સંસારનો ચાકડો ચલાવે છે, તે સંસાર ચાકડે જીવરૂપ માટીના ભાજન ચઢાવ્યા છે, તે કર્મ-કુંભાર મોહ-હાથો હલાવે છે. સંસાર-ચાકડે ચઢાવેલા જીવ-ભાજનો પંચ પરાવર્ત્તો રૂપ ફરી ફરી ભવ-ફેરા કર્યા કરે છે.

ઘાણીના બેલનું દૃષ્ટાંત

ઘાણીનો બેલ છે, તેને ઘાણીમાં જોતર્યો છે અને તે ઘાંચીથી પરોણા મારી મારીને હંકારાઈ રહ્યો છે. ગોળ ગોળ ઘાણીમાં ઘૂમતાં ઘૂમતાં થાક્યા પાક્યા આ બેલને ખૂબ તરસ લાગે છે અને તે તરસ બૂઝાવવા ઉછળી ઉછળીને પાણી માટે જ્યાં ત્યાં ઝાંવા નાંખે છે, પણ પાણી ક્યાંય દેખાતું નથી, માત્ર ઝાંઝવાના જલ દેખાય છે, તેને સાચું પાણી જાણી તે ડોબો ઘાણીનો બેલ તેમાં પોતાનું ડાચું નાંખે છે ! પણ પાણી તો છે નહીં ક્યાંય, એટલે તે તૃષાતુર બિચારો તરસ્યોને તરસ્યો રહી ઘાણીમાં ઘૂમ્યા કરતો મહા પરિભ્રમણ દુઃખ પામ્યા કરે છે. તેમ આ ભવરૂપ ઘાણી છે, તેમાં આ જીવરૂપ બેલ (બળદ) છે, તેને ભવની ઘાણીમાં જોતર્યો છે અને તે મોહરૂપ ઘાંચીથી રાગ-દ્વેષના પરોણા મારી મારીને હંકારાઈ રહ્યો છે. પંચ પરાવર્તો રૂપ ફેરાથી ગોળ ગોળ ભવ-ઘાણીમાં ઘૂમતાં ઘૂમતાં થાક્યા પાક્યા આ જીવ-બેલને તીવ્ર વિષય તૃષ્ણા રૂપ તરસ લાગે છે અને તે તરસ બૂઝાવવા કરાંઝી કરાંઝી-અકડાઈ અકડાઈને-બળ પૂર્વક ઉછળી ઉછળીને તે વિષય-જલ માટે જ્યાં ત્યાં ઝાંવા નાંખે છે, પણ જલ તો ક્યાંય દેખાતું નથી, માત્ર વિષય-મૃગજલ દેખાય છે, તેને સાચું જલ જાણી તે મૂઢ ભવ-ઘાણીનો બળદીઓ તેમાં પોતાનું મુખ નાંખે છે ! પણ જલ તો છે નહીં ક્યાંય, માત્ર મિથ્યા વિષય-માયાજલ છે, એટલે વિષય તૃષાતુર તે બાપડો તરસ્યોને તરસ્યો રહી ભવની ઘાણીમાં ઘૂમ્યા કરતો અનંત પરિભ્રમણ દુઃખ પામ્યા કરે છે. પેલો ઘાણીનો બેલ તો બાપડો ગમાર પશુ છે. એટલે મૂંગો મૂંગો પોતે જ દુઃખ સહ્યા કરે છે, પણ આ વિષય તૃષાતુર વાચાલ જીવ-બેલ તો દોઢડાહ્યો બની વાફ્ ચાતુર્યથી બીજાઓને પણ ભ્રમણ દુઃખના ભાગીદાર બનાવે છે ! કારણકે તે વિષય - ઝાંઝવાના જલને દેખી આ જીવ-વૃષભ તો ભાઈઓ ! હાલો હાલો ! આ જલ રહ્યું ! આ જલ રહ્યું એમ બોલી ઊઠતો ગુરુ બની બેસી બીજાઓને પણ વિષય સંબંધી-કામભોગ સંબંધી કથાનો ઉપદેશ કરતો રહી અનંત દુઃખના ભાગી બનાવવાનો પરોપકાર કરે છે !!

સંસારના ચાકડે ચઢેલ સકલ જીવલોક : પંચ પરાવર્ત

આ દૃષ્ટાંત ઉપરથી **'આત્મખ્યાતિકાર આચાર્યજીની આ અદ્ભુત વ્યાખ્યાનો મર્મ પૂરેપૂરો સમજાશે,** એટલે હવે તેનો વિશેષ વિચાર કરશું : આ સકલ જીવલોક કેવો છે ? संसारचक्रक्रोडापिरोपितस्यः સંસાર ચક્રના ક્રોડમાં 'અધિરોપિત' છે, સંસાર ચક્રના ઉત્સંગમાં ચઢાવાયેલ છે. કુંભારના હાંડલા જેમ ચાકડે ચઢાવાય છે, તેમ કર્મ-કુંભકારના સર્જન રૂપ આ સંસારી જીવ-ભાજનો આ સતત ગતિમાન્ સંસાર ચક્રના ચાકડે ચઢાવાયેલ છે. એટલે જ તે 'अश्रांतपणे અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ પરાવર્તોથી ભ્રાંતિ આદરી રહ્યો છે, 'अश्रांतमनंतद्रव्यक्षेत्रकालभवभावपरावर्तैः समुपक्रांतभ्रांतेः' કુંભારનો ચાકડો જેમ ભમ્યા કરે તેમ આ સકલ જીવલોક અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવના અનંત 'પરાવર્તોથી' ફેરાથી-આંટાથી 'અશ્રાંત પણે - અથાકૂપણે' - અવિરામ પણે - ભ્રમી રહ્યો છે.

* દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભવથી અને ભાવથી અનંતા પરાવર્તો કરતો સતો, અનંતા ભવ ફેરા. ફરતો સતો, આ ભવચક્રમાં ચક્રની જેમ પરિભ્રમણ કરી રહ્યો છે. દ્રવ્યથી આ જીવે જેમાં સર્વ પુદ્ગલ પરમાણુ ભોગવીને છોડી દીધા છે. એવા અનંત પુદ્ગલ** પરાવર્ત્તન કર્યાં છે. ક્ષેત્રથી આ લોકમાં એવું કોઈ ક્ષેત્ર નથી કે, જ્યાં આ જીવ ફરી ફરી ઉત્પન્ન ન થયો હોય, એમ સર્વ લોકક્ષેત્ર અવગાહવારૂપ અનંત ક્ષેત્ર પરાવર્ત્તન આ જીવે કર્યાં છે. કાળથી આ જીવે ઉત્સર્પિણી-અવસર્પિણીમય કાળચક્રના સર્વ સમયોમાં અનંતા જન્મમરણ કર્યાં છે, એવા અનંત કાળચક્રના પરાવર્ત્તન આ જીવે કર્યાં છે. ભવથી આ જીવે નરકના જઘન્ય આયુથી માંડી ગ્રૈવેયકના ઉત્કૃષ્ટ આયુ પર્યંત સર્વ ભવોના અનંતા પરાવર્ત્તન કર્યાં છે. ભાવથી મિથ્યાત્વ વશે કરીને આ જીવે આઠ કર્મની સર્વ પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ ને પ્રદેશ, એ ચારે બંધસ્થાનોને સ્પર્શી અનંતા ભાવ - પરાવર્ત્તન કર્યાં છે. આમ પંચ પ્રકારના પરાવર્ત્તોથી - પુનરાવૃત્તિ રૂપ પુનઃ પુનઃ ફેરાથી આ જીવ ભવચક્રના અનંતા ફેરા ફરી રહ્યો છે, અનંતા આંટા મારી રહ્યો છે, અનંત પરિભ્રમણ દુઃખ અનુભવી રહ્યો છે. આ પરિભ્રમણ કરતાં આ જીવે અનંત*** જન્મોની અંદર જૂદી જૂદી જનનીઓનું એટલું ધાવણ પીધું છે કે તે ભેગું કરીએ તો સમુદ્રના જલ કરતાં પણ વધી જાય ! મરણ થતાં જૂદી જૂદી માતાઓની આંખોમાંથી એટલું પાણી વછૂટ્યું છે કે, તે એકઠું કરીએ તો સાગર જલ કરતાં પણ વધી જાય ! આમ અનંત જન્મમરણ કરતાં આ જીવ અનંત પરિભ્રમણ દુઃખ પામ્યો છે.

---

* "पंचविहे संसारे जाइजरामरणरोगभयप्पउरे ।
जिणमग्गमपेच्छंतो जीवो परिभमदि चिरकालं ॥
सव्वेवि पोग्गला खलु एक्कमुत्तुज्झिया हु जीवेण ।
असयं अणंतखुत्तो पुग्गलपरियट्टसंसारे ॥
सव्वम्मि लोयखेत्ते कमसो तण्णत्थिजण्ण उप्पण्णं ।
उग्गाहणेण बहुसो परिभमिदो खेत्तसंसारे ॥
अवसप्पिणि उस्सप्पिणि समयावलियासु णिरवसेसेसु ।
जादो मुदो य बहुसो परिभमिदो कालसंसारे ॥
णिरयाउ जहण्णादिसु जाव दु उवरिल्लवा दु गेवेज्जा ।
मिच्छत्तसंसिदेण दु बहुसो भवट्ठिदी भमिदा ॥
सव्वे पयडिट्ठिदिओ अणुभागप्पदेसबंधठाणाणि ।
जीवो मिच्छत्तवसा भमिदो पुण भावसंसारे ॥" - श्री कुंदकुंदाचार्यजी कृत द्वादशानुप्रेक्षा
"बंधदि मुंचदि जीवो पडिसमयं कम्मपुग्गला विविहा ।
णोकम्मपुग्गला वि य मिच्छत्तकसायसंजुत्तो ॥
सो को वि णत्थि देसो लोयायासस्स णिरवसेसस्स ।
जत्थ ण सव्वो जीवो जादो मरितो य बहुवारं ॥
उपसप्पिणिअवसप्पिणि पढमसमयादिचरमसमयंतं ।
जीवो कमेण जम्मदि मरदि य सव्वेसु कालेसु ॥
णेरइयादि गदीणं अवरट्ठिदिदो वरट्ठिदि जाव ।
सव्वट्ठिदिसु वि जम्मदि जीवो गेवेज्जपज्जंतं ॥
परिणमदि सण्णि जीवो विविहकसाएहिं ट्ठिदिणिमित्तेहिं ।
अणुभागणिमत्तेहिं य बहुंतो भावसंसारो ॥" - श्री कार्तिकेयानुप्रेक्षा, गा. ५७-७१

** "अनादिरेष संसारो नानागतिसमाश्रयः ।
पुद्गलानां परावर्ता अत्रानन्तास्तथा गताः ॥" श्री हरिभद्राचार्यजी कृत योगबिन्दु, ७४

*** "पीओसि थणच्छीरं अणंतजम्मंतराइं जणणीणं ।
अण्णाज्ञाण महाजस ! सायरसलिलाहु अहिययरं ॥
तुह मरणे दुक्खेण अण्णज्ञाणं अणेय जणणीणं ।
रुण्णाण णयणणीरं सायरसलिला हु अहिययरं ॥" - श्री परमर्षि कुंदकुंदाचार्यजी कृत, 'भाव प्राभृत'

''જગતારક પ્રભુ વિનવું, વિનતડી અવધાર રે;
તુજ દરિશણ વિણ હું ભમ્યો, કાળહ અનંત અપાર રે... જગતારક પ્રભુ.
સુહુમ નિગોદ ભવે વસ્યો, પુદ્ગલ પરિયટ્ટ અનંત રે;
અવ્યવહારપણે ભમ્યો, ક્ષુલ્લક ભવ અત્યંત રે... જગતારક પ્રભુ.'' ઈત્યાદિ - શ્રી દેવચંદ્રજી
તુજ મરણે જે જનનીઓના, નયને નીતર્યા નીર,
સંમિલન કરિએ તો થાયે, સાગરથીયે અધિક. - (સ્વ અનુવાદિત)

આવું આ મહાદુઃખમય ભવભ્રમણ જીવ શાથી કરી રહ્યો છે ? શા માટે એ મહાખેદમય ભવભ્રાંતિ છોડી દેતો નથી ? કોણ એને જબરજસ્તીથી પરાણે ભમાવી રહ્યું છે ? તેનો

મહામોહ ગ્રહથી 'ગો' જેમ વાહન

અત્ર જવાબ આપ્યો છે કે, તે 'એકછત્રી કૃત વિશ્વતાએ કરીને - (વિશ્વના એકછત્રીપણાએ કરીને) મહત્ એવા મોહથી ગો-બળદની જેમ વહાવાઈ રહ્યો છે, एकछत्रीकृतविश्वतयामहता मोहग्रहेण गौरिव वाह्यमानस्य, અખિલ વિશ્વને પોતાની આણમાં વર્ત્તાવી પોતાના એક છત્ર શાસન તળે આણ્યું, એથી વિશ્વના એકછત્રી પણાએ કરીને જે આખા જગત્ કરતાં મહત્ - મોટો છે. એવા મહામોહ-ગ્રહથી આ જીવલોક ગોની જેમ - બળદની જેમ હંકારાઈ રહ્યો છે. બંધન બદ્ધ બળદ પરતંત્ર હોવાથી ગાડું ચલાવનાર જેમ ચલાવે તેમ ચાલવું પડે છે, તેમ આ કર્મબંધન બદ્ધ જીવ-વૃષભ કર્મ પરતંત્ર હોવાથી ભવનું ગાડું ચલાવનાર મોહ-તંત્રી જેમ ચલાવે તેમ તેને ચાલવું પડે છે, જેમ ભમાવે તેમ ભમવું પડે છે. કારણકે નિશ્ચયથી જીવ જો કે સ્વતંત્ર છે, તો પણ વ્યવહારથી જ્યાં લગી તેને મોહને લીધે સ્વરૂપનું ભાન નથી ને પરભાવમાં આત્મભ્રાંતિ છે, ત્યાં લગી તે ગો-બળદ પશુ જેવો અબૂઝ ગમાર હોઈ કર્મ પરતંત્ર પણ છે, એટલે આ મોહજન્ય કર્મ પારતંત્ર્યને લીધે જ તેને આ ભવ ભ્રમણ કરવું પડે છે. કર્મના આખા તંત્રનું સંચાલન કરનાર તંત્રી મોહ છે, એટલે જ તેને કર્મોનો રાજા કહ્યો છે અને એટલે જ કર્મચક્રથી ચાલતા આખા ભવચક્રમાં આ મહા મોહ-ચક્રવર્ત્તીનું એકછત્રી શાસન ચાલી રહ્યું છે.

અત્રે પરભાવમાં 'આત્મભ્રાંતિ એ જ મુખ્ય મોહ છે અને આ આત્મભ્રાંતિથી જ આ ભવભ્રાંતિ ઉપજી છે - ચાલી રહી છે. પરભાવમાં આત્મભ્રાંતિ રૂપ આ મોહ-ગ્રહને આ જીવ જ્યાં લગી ગ્રહી રાખે-પકડી રાખે, ત્યાં લગી આ મોહ-ગ્રહ પણ આ જીવને ગ્રહી રાખે છે, પકડી રાખે છે-જકડી રાખે છે. કારણકે ગ્રહ્યાતીતિ ગ્રહઃ અથવા ગૃહ્યતેઽનેનેતિ ગ્રહઃ, જે ગ્રહે છે તે ગ્રહ અથવા જેનાથી ગ્રહાય છે તે ગ્રહ. એટલે જીવ મોહ-ગ્રહને ગ્રહે છે, તેથી તે મોહ-ગ્રહથી ગ્રહાય છે. આ મોહ ગ્રહ ખરેખર ! ગ્રહ જેવો ગ્રહ જ છે. કારણકે ગ્રહી રાખે-પકડી રાખે-જકડી રાખે તે ગ્રહ, કુટિલ આવેશ રૂપ પકડ, અતત્વ અભિનિવેશ, આ ગ્રહ ગ્રહની જેમ ભારી વસમો છે. (૧) ગ્રહ એટલે સૂર્ય-ચંદ્ર-રાહુ આદિ ગ્રહ. તેમાં દુષ્ટ ગ્રહ-અનિષ્ટ ગ્રહ જેમ મનુષ્યને પીડાકારી વસમો થઈ પડે છે, નડે છે, તેમ આ મોહરૂપ દુષ્ટ ગ્રહ જીવને હેરાન હેરાન કરી નાંખી વસમો પીડાકારી થઈ પડે છે, કનડે છે. અથવા રાહુ જેવો પાપ ગ્રહ જેમ ચંદ્રને ગ્રસી તેને ઉત્તાપકારી થાય છે, તેમ આ મોહ રૂપી વિષમ પાપ ગ્રહ આત્મ-ચંદ્રને ગ્રસી લઈ તેને અત્યંત તાપ પમાડે છે. આમ તે ભારે વસમો ગ્રહ છે. (૨) અથવા 'ગ્રહ' એટલે ભૂત-પિશાચ-ઝોડ. જેમ કોઈને વસમું ભૂત, પિશાચ કે ઝોડ વળગ્યું હોય, તે તેનો કેડો ન મૂકે, તેને ગ્રહી રાખે - પકડી રાખે, જકડી રાખે અને તેને હેરાન પરેશાન કરી નાંખે, તેમ આ મોહ રૂપ ભૂત પિશાચ કે ઝોડ જીવને જો વળગ્યું હોય, તો તે તેનો કેડો મૂકતું નથી, તેને ગ્રહી-પકડી-જકડી રાખે છે, કાઢવું મુશ્કેલ થઈ પડી તેને ખૂબ કનડે છે. જેના મનમાં આ મોહરૂપ ભૂત (Obsession, Delusion) ભરાઈ ગયું હોય, તેને તે કાઢવું ભારી વસમું થઈ પડે છે, એ બલાને કાઢવી ભારી વિકટ થઈ પડે છે ! આમ પણ મોહ વસમો ગ્રહ છે. (૩) અથવા 'ગ્રહ' એટલે મગર. મગર જો કોઈને ગ્રહે, પકડે, તો તેની પકડમાંથી

છૂટવું બહુ મુશ્કેલ વસમું છે, તેમ મોહ રૂપ ગ્રહના - મગરના પંજામાં જે સપડાયો, તેની દાઢમાં જે ભીડાયો, તેને પણ તેના સકંજામાંથી છૂટવું ભારી વસમું થઈ પડે છે. આ રીતે પણ આ મોહ વસમો ગ્રહ છે. આમ દુષ્ટ ગ્રહ, ભૂત કે મગર એમ ગ્રહના કોઈપણ અર્થમાં મોહને 'ગ્રહ' નામ આપ્યું તે યથાર્થ છે. આવા જીવને ગ્રહી રાખનારા, પકડી રાખનારા, ભવબંધમાં જકડી રાખનારા આ મહામોહ-ગ્રહથી ગૃહીત થયેલો આ આત્મસ્વરૂપથી અબૂઝ ગમાર પશુ જેવો જીવરૂપ બળદીઓ ભવભ્રમણ કરી રહ્યો છે, વિશ્વનું એકછત્રી શાસન કરનાર - વિશ્વ સામ્રાજ્ય ચલાવનાર મહામોહ-ચક્રવર્ત્તીથી બળદની જેમ ભવમાર્ગમાં હંકારાઈ રહ્યો છે, મહામોહ-ઘાંચીથી ભવચક્રની ઘાણીમાં ઘૂમાવાઈ રહ્યો છે.

''અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય અને એ વડે સમાધિ ન ભૂલ્યો હોય, નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે અને એ મહા વૈરાગ્યને આપે છે. વળી જેનું મુખ કોઈ કાળે પણ નહિ જોઉં, જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું, તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસ પણે, દાસી પણે, નાના જન્તુપણે શા માટે જન્મ્યો ? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું ! અને તેમ કરવાની તો ઈચ્છા નહોતી ! કહો, એ સ્મરણ થતાં આ ક્લેશિત આત્મા પરત્વે જુગુપ્સા નહીં આવતી હોય ? અર્થાત્ આવે છે. વળી સ્મરણ થાય છે કે, જેના વિના એક પળ પણ હું જીવી નહીં શકું, એવા કેટલાક પદાર્થો (સ્ત્રીયાદિક) તે અનંત વાર છોડતાં તેનો વિયોગ થયો, અનંત કાળ પણ થઈ ગયો, તથાપિ તેના વિના જીવાયું એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રતિભાવ કર્યો હતો, તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો ? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૧૧૮

તૃષ્ણાની તીવ્ર વેદના

અને આમ ઘાણીના બેલની જેમ આ ભવચક્રમાં ભ્રમણ કરતો આ જીવલોક 'પ્રબલ પણે ઉજ્જૃમ્ભિત (વૃદ્ધિ પામેલી) તૃષ્ણાતંકપણાને લીધે અંતર્ આધિ વ્યક્ત કરી રહ્યો છે', 'प्रसभोज्जृम्भिततृष्णातंकत्वेन व्यक्तातराधेः । અર્થાત્ આ જીવને તીવ્ર તૃષ્ણાતંક - તીવ્ર તૃષ્ણા વેગ ઉજ્જૃંભિત - ઉલ્લસિત થાય છે, જૃંભા-બગાસાંની જેમ ઉત્તરોત્તર વધતો જાય છે અને એ વડે એ તીવ્ર અંતર્ આધિ-ઉગ્ર અંતર દાહ વેદના વ્યક્ત-પ્રગટ દાખવી રહ્યો છે. એક બાજુ ઉગ્ર ગ્રીષ્મનો તાપ હોય ને ત્યાં વળી ભ્રમણનો થાક ચઢ્યો હોય, ત્યારે અરણ્યમાં ભમતાં બળદને કેટલી બધી તરસ લાગે ? કેટલી બધી દાહવેદના ઉપજે ? અને આ તો ઉગ્ર ભવગ્રીષ્મનો અનંત ઉત્તાપ ને મોટી ઘાણી જેવા ગોળ ગોળ ભવારણ્યમાં અનંત પરિભ્રમણનો મહા ખેદ, ત્યાં પછી તૃષ્ણાનું પૂછવું જ શું ? અંતર્ દાહ વેદનાનું પૂછવું જ શું ? અર્થાત્ જીવને અંતર્ આધિના (અંતર્ માથના) - અંતર્ વેદનાના આવિષ્કાર રૂપ તીવ્ર વિષય તૃષ્ણા વધતી જ જાય છે, બીજી બાહ્ય તૃષ્ણા તો જલથી તૃપ્ત થાય, પણ આ અંતર્ વિષય તૃષ્ણા તો ગમે તેટલા વિષય જલથી તૃપ્તિને પામતાં ઉલટી બળવત્તર બનતી જાય છે. અગ્નિમાં ઈંધન નાંખતા તે જેમ પ્રજ્વલતો જાય, તેમ વિષય-આહુતિથી* આ તૃષ્ણાઅગ્નિ ઉલટો પ્રજ્વલિત થઈ જીવને પરિતાપ પમાડ્યા કરે છે. ગમે તેટલા પાણીના પૂરથી સમુદ્ર પૂરાય નહિ, તેમ ગમે તેટલી વિષય નદીઓના પૂરથી આ તૃષ્ણા સમુદ્રનો ખાડો પૂરાતો નથી. સાગર જેટલા દેવલોકાદિના મહાસુખ આ જીવે અનંતવાર ભોગવ્યા છતાં, જે તૃષ્ણા શમાઈ નહીં, તે ગાગર જેટલા મનુષ્યાદિના તુચ્છ ભોગોથી શી રીતે શમાવાની હતી ? આમ

---

* ''विषयैः क्षीयते कामो नेंधनैरिव पावकः । प्रत्युत प्रोल्लसच्छक्तिर्भूय एवोव वर्द्धते ॥
अप्राप्तत्वभ्रमादुच्चैरवाप्तेष्वप्यनंतशः । कामभोगेषु मूढानां समहा नोपशाम्यति ॥''

- શ્રી યશોવિજયજી કૃત 'અધ્યાત્મસાર'

''न हि केनाप्युपायेन जन्मजातङ्कसंभवा । विषयेषु महातृष्णा पश्य पुंसां प्रशाम्यति ॥''

- શ્રી શુભચંદ્રાચાર્યજી કૃત શ્રી 'જ્ઞાનાર્ણવ'

વિષયથી તૃપ્તિ થવાને બદલે વિષય તૃષ્ણા વધતી જાય છે અને વિષય તૃષ્ણાથી આર્ત્ત ને તપ્ત બની જીવ નિરંતર અંતરૂ દાહરૂપ દુઃખ-વેદના અનુભવે છે.

વિષય-મૃગજલ માટે ઝાંવા

આમ આ તીવ્ર વિષય તૃષ્ણાદાહને બૂઝાવવાને આ જીવ-વૃષભ અકડાઈ અકડાઈને કરાંઝી કરાંઝી ઉછળી ઉછળીને મૃગતૃષ્ણા રૂપ વિષય ગ્રામને ઉપરુંધે છે, ऊत्तम्योत्तम्य मृगतृष्णायमानं विषयग्राममुपरुंधानस्य, વિષય ગ્રામમાં મોહું નાંખે છે ! તે ઈંદ્રિયના વિષય રૂપ નાનકડા ક્ષેત્ર રૂપ ગામડાને નીકટ ગાઢ ઘેરો ઘાલે છે ! તરસ્યો બળદ જેમ કરાંઝી કરાંઝીને - અકડાઈ અકડાઈ ઉછળી ઉછળીને જ્યાં ત્યાં પાણી માટે ઝાંવા નાંખે અને મૃગજલને પણ સાચું જલ જાણી તેમાં મુખ નાંખે, તેમ આ વિષય તૃષાર્ત્ત જીવ-વૃષભ જ્યાં ત્યાં વિષય-જલ માટે ઝાંવા નાંખે છે અને વિષય-મૃગજલને પણ સાચું જલ માની તેમાં મુખ નાંખે છે ! પણ તે વિષય-જલ જલ જ નથી, પણ મૃગજલ જ છે, તે ક્યાંથી હાથમાં આવે ? વિષયને મૃગજલની - ઝાંઝવાના પાણીની ઉપમા આપવામાં આવી છે, તે યથાર્થ છે. કારણકે ગ્રીષ્મમાં દૂર દૂર ક્ષિતિજમાં - જ્યાં પૃથ્વીને આકાશ મળતા દેખાય છે, ત્યાં દૃષ્ટિ મર્યાદા છેડે જલનો આભાસ થાય છે, તેને મૃગજલ કહે છે. તે જલ વસ્તુતઃ કાંઈ છે જ નહિ, પણ દૃષ્ટિવિભ્રમથી (Illusion of vision) તેનો આભાસ માત્ર થાય છે. એવા તે મૃગજલને સાચું જલ માનીને તૃષાતુર મૃગ તે પીવાની આશાએ તે પ્રત્યે દોડે છે, પણ તે મિથ્યા જલ તો જાણે હાથતાલી દઈને આઘું ને આઘું ભાગતું જ જાય છે ! કાંઈ હાથમાં આવતું નથી અને દોડવાના નિષ્ફળ શ્રમથી બિચારા મૃગની તૃષ્ણા છીપવાને બદલે ઉલટી વધતી જાય છે ! તેમ જડ એવા વિષય પદાર્થ અને ચેતન એવા આત્માનો સંબંધ થવો અસંભવિત છે, તથાપિ વિપર્યાસ રૂપ દૃષ્ટિ વિભ્રમથી (Illusion & Delusion) તે જડ પદાર્થમાં આત્મબુદ્ધિના સમારોપથી તેવો સંબંધ ભાસે છે. તે જ વિષય મૃગજલ છે. એવા તે ઝાંઝવાનાં પાણીને સાચું માનીને, વિષય તૃષ્ણાથી આકુલ બનેલો મોહ મૂઢ જીવરૂપ મૃગ (બળદ-પશુ) તેનું પાન કરવાની દુરાશાથી પૂર વેગે તે પ્રત્યે દોડે છે, તે ઝાંઝવાના પાણી માટે ખૂબ ઝાંવા નાંખે છે, પણ મહામાયાવી એવું તે માયાજલ તો લાંબેથી લટક સલામ કરી જાણે જીવની વિડંબના કરતું હોય એમ દૂર ને દૂર ભાગતું જ જાય છે ! અને આ નિષ્ફળ વિષયાનુધાવનથી ભવભ્રમણજન્ય ખેદને લીધે પશુ સમા વિષય પિપાસુ જીવ-વૃષભની તૃષ્ણા શમવાને બદલે ઉલટી અભિવૃદ્ધિ પામે છે અને તેથી મહા ભવભ્રમણ દુઃખ સહવું પડે છે.

''આ લોક ત્રિવિધ તાપથી આકુળ વ્યાકુળ છે. ઝાંઝવાના પાણીને લેવા દોડી તૃષા છીપાવવા ઈચ્છે છે, એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુળ ખેદ, જ્વરાદિ રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને અનુભવે છે, એવી અશરણતાવાળા આ જગત્ને એક સત્ પુરુષ જ શરણ છે, સત્પુરુષની વાણી વિના કોઈ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે. માટે ફરી ફરી જે સત્પુરુષના ચરણનું અમે ધ્યાન કરીએ છીએ.''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૧૮૪, ૨૧૩

પરસ્પર આચાર્યપણુંઃ કામકથા અનંતવાર શ્રુતપૂર્વ-પરિચિતપૂર્વ અનુભૂતપૂર્વ

આમ પરપ્રદેશ રૂપ વિષય ગ્રામને ઉપરુંધતા-નિકટ પણે ગાઢ ઘેરો ઘાલતા, વિષય ગ્રામમાં ઝાંવા નાખતા આ વિષય તૃષ્ણાકુલ જીવ-વૃષભને વિષય-મૃગતૃષ્ણા જલ કાંઈ હાથમાં આવતું નથી, ને આ બિચારો માત્ર તૃષ્ણાદાહની અધિક વેદના જ અનુભવતો ભવભ્રમણા દુઃખ અનુભવે છે. છતાં વિષય-ગ્રામમાં ઝાંવા નાખતો આ જીવ-વૃષભ સખણો ચાલતો નથી, ને આ પરથી કાંઈ બોધપાઠ લેતો નથી. એટલું જ નહીં પણ, ઉલટો બીજાઓને વિષયનો બોધપાઠ આપવા જાય છે ! વિષય સંબંધી ઉપદેશ આપી-શિખવણી કરી પરસ્પર આચાર્યપણું આચરતાં એકબીજાનું ગુરુપણું કરે છે ! परस्परं आचार्यत्वमाचरतो । અને આમ સંસારચક્રને ચાકડે ચઢી, બળદની જેમ મહામોહ-ગ્રહથી હંકારાઈ પરિભ્રમણ કરતો આ સકલ જીવલોક, તીવ્ર તૃષ્ણાદાહની ઉપશાંતિ અર્થે મૃગતૃષ્ણા સમા વિષયોને સેવતો અને ગુરુ બની બેસી બીજાઓને ઉપદેશતો રહે છે ! એટલે જ

આવા આ મહા મોહમૂઢ જીવે ઉપરમાં વિવરી દેખાડ્યું તેમ, એકત્વથી વિરુદ્ધ પણાએ કરીને અત્યંત વિસંવાદિની-બસૂરી એવી કામભોગથી અનુબદ્ધ કથા - પરભાવ રૂપ વિષય સંબંધિની રામકહાણી (કામ કહાણી) પૂર્વે અનંતીવાર શ્રુત કરી છે, પૂર્વે અનંતીવાર પરિચિત કરી છે અને પૂર્વે અનંતીવાર અનુભૂત કરી છે, પણ 'इदं तु निर्मलविवेकालोकविविक्तं केवलं एकत्वं' નિર્મલ વિવેક-આલોકથી વિવિક્ત-સાવ જૂદું એવું જે આ કેવલ એકત્વ, તે તો તેણે પૂર્વે કદી પણ શ્રુત કર્યું નથી, પૂર્વે કદી પણ પરિચિત કર્યું નથી અને પૂર્વે કદી પણ અનુભૂત કર્યું નથી. 'न कदाचिदपि श्रुतपूर्वं न कदाचिदपि परिचितपूर्वं न कदाचिदप्यनुभूतपूर्वं'।

અસત્ શ્રવણ અનંત વાર : સત્ શ્રવણ કદી નહિ

અર્થાત્ પરભાવસંબદ્ધ વિષય-અતત્ત્વ શ્રવણ તે તો આ જીવે અનંતવાર કર્યું છે, પણ એક શુદ્ધ સ્વભાવનિબદ્ધ શુદ્ધાત્મ-અમૃતકથા રૂપ સત્ શ્રવણ-સત્ તત્ત્વ શ્રુતિ દ્વારા સત્ તત્ત્વ શ્રવણ તો આ જીવે કદી પણ કર્યું નથી અને સત્ તત્ત્વ શ્રુતિ દ્વારા જે આ સત્ તત્ત્વ શ્રવણ, તેમાં સદ્‌ગુરુનું ગ્રહણ અંતર્ભાવ પામે જ છે, કારણકે સાંભળવાની ક્રિયા તો કોઈ બોલે ત્યારે જ થાય, એટલે તત્ત્વ શ્રુતિના - પરમાર્થ શાસ્ત્રના આશયના યથાર્થ વક્તા તો **શ્રીમદ્ સદ્‌ગુરુ** જ છોઈ, તેના શ્રીમુખે જ મુખ્ય કરીને તત્ત્વશ્રવણનો જોગ બની શકે છે, અથવા સદ્‌ગુરુ વિરહે અર્થ ગ્રહણ રૂપ શ્રવણ પરોક્ષ સદ્‌ગુરુ સત્ પુરુષે પ્રણીત કરેલા વચનામૃત-પરમશ્રુત દ્વારા પણ થાય છે. પણ આ જીવે તો કામભોગાનુબદ્ધ - વિષય સંબંધી અસત્ કથા રૂપ અતત્ત્વ જ સુણ્યું છે, કદી પણ 'સત્' સુણ્યું નથી. આ અંગે **પરમ ભાવિતાત્મા શ્રીમદ્ રાજચંદ્રજીના** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

''અનાદિ કાળના પરિભ્રમણમાં અનંતવાર શાસ્ત્ર શ્રવણ, અનંત વાર વિદ્યાભ્યાસ, અનંતવાર જિન દીક્ષા, અનંત વાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર સત્ મળ્યા નથી. સત્ શુણ્યું નથી અને સત્ શ્રધ્યું નથી અને એ મળ્યે, એ શુણ્યે અને એ શ્રધ્યે જ છૂટવાની વાર્તાનો આત્માથી ભણકાર થશે.''

''સ્વરૂપ સહજમાં છે. જ્ઞાનીનાં ચરણ સેવન વિના અનંતકાળ સુધી પણ પ્રાપ્ત ન થાય એવું વિકટ પણ છે.''

''જે પુરુષ સદ્‌ગુરુની ઉપાસના વિના નિજ કલ્પનાએ આત્મસ્વરૂપનો નિર્ધાર કરે છે, તે માત્ર પોતાના સ્વછંદના ઉદયને વેદે છે, એમ વિચારવું ઘટે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૧૪૫, ૨૬૪, ૪૨૮**

''ગગન નગરમેં અધ બીચ કૂવા, ઉહાં હે અમીકા વાસા,
સગુરા હોવે ઓ ભર ભર પીવે, નગુરા જાવે પ્યાસા,
અવધૂ સો જોગી ગુરુ મેરા ઈન પદકા કરે રે નીવેડા.'' - શ્રી આનંદઘન પદ-૯૮

વિવેકાલોકથી વિવિક્ત એકત્વઃ કષાયચક્રથી તિરોભૂત

પણ આવા પરમ ઉપકારી શુદ્ધાત્મ તત્ત્વ શ્રવણ રૂપ વચનામૃત જલનો આ જીવને કદી જોગ બન્યો નથી, એટલે તેનો પરિચય કે અનુભવ તો તેને ક્યાંથી જ થયો હોય ? જો કે શુદ્ધ એક આત્મતત્ત્વ સિવાય બીજું કાંઈ જ્યાં નથી એવું અદ્વૈત એકપણું તો **'નિર્મલ વિવેક આલોકથી વિવિક્ત'** - વિશદ વિવેક-પ્રકાશથી બીજા બધાયથી સાવ જૂદું અલાયદું ભાસે છે અને તે ''नित्यव्यक्ततयातः प्रकाशमानुमपि'' **'નિત્ય વ્યક્તતાથી અંતઃ પ્રકાશમાન છે.''** સદાય પ્રગટ પણે ખુલ્લંખુલ્લા અંતરમાં પ્રકાશી રહ્યું છે - ઝળહળી રહ્યું છે, છતાં **'કષાયચક્ર સાથે એકરૂપ કરાઈ રહ્યા પણાને લીધે તે અત્યંત 'તિરોભૂત'** થઈ ગયું છે, कषायचक्रेण सहैकी क्रियमाणत्वात् - तिरोभूतं सत्' ઢંકાઈ ગયું છે, અવરાઈ ગયું છે, તેની આડો વિકૃત ચેતનતાવ રૂપ - વિભાવ રૂપ કષાય ચક્રનો અજ્ઞાન અંધકારમય પડદો-તિમિર પટ આવી ગયો છે. અર્થાત્ સદા સ્થિર પ્રકાશવંત રત્નદીપ સમું આ એકત્વ તો આત્માના સહજ સ્વભાવભૂત હોઈ સદા પ્રગટપણે અંતરમાં પ્રકાશી રહ્યું છે, પણ આત્માએ વિભાવનો અંધાર - પછેડો ઓઢ્યો છે અને વિભાવ સાથે આત્મા પોતાને એક માની એકપણે પરિણમી

રહ્યો છે, એટલે વિભાવ-તમસ્ પટલથી તિરોભૂત હોઈ આ સ્વભાવભૂત એકત્વ તેને દેખાતું નથી. પણ વિવેક-આલોક-વિવેક-પ્રકાશ થાય તો આ એકત્વ તત્કાલ વિવિક્ત-અલગ-પૃથક્ દેખાય.

કોલસાના ઢગલા મધ્યે હીરો

અત્રે કોલસાના ઢગલા મધ્યે મૂકેલા હીરાનું દૃષ્ટાંત ઘટે છે. કોઈ એક સાચો હીરો છે, તેને કોલસાના ઢગલાની મધ્યે મૂક્યો છે. હીરો અંદરમાં વ્યક્તપણે-પ્રગટ પણે સદાય નિરંતર ઝળહળે છે, ચકચકે છે, પણ કાળા કોલસાના અંધારપટમાં ઢંકાઈ ગયો હોવાથી દેખાતો નથી અને અહીં માત્ર કોલસો જ છે એવો ભાસ થાય છે, પણ કોલસાને દૂર કરી - અલગ કરી - વિવેક કરી જોવામાં આવે તો એક શુદ્ધ તે હીરો પ્રગટ ઝગારા મારે છે. તેમ આ શુદ્ધ ચૈતન્ય સ્વભાવી આત્મારૂપ અચિંત્ય ચિંતામણિરત્ન - અમૂલ્ય સાચો હીરો છે, તે કોલસાના ઢગલા જેવા કષાયચક્ર રૂપ વિભાવ મધ્યે મૂકાયો છે, ચૈતન્ય-ચિંતામણિ-આત્મ-હીરો અંદરમાં વ્યક્તપણે પ્રગટપણે નિરંતર ઝળહળી રહ્યો છે, ચકચકી રહ્યો છે, પણ સ્વભાવ મલિનતા ઉપજાવનાર કાળા કોલસા જેવા વિભાવ ચક્રના અંધારપટમાં ઢંકાઈ ગયો હોવાથી દેખાતો નથી અને અહીં માત્ર વિભાવ-કોલસો જ છે, એવો ભાસ થાય છે. પણ વિભાવ-કોલસાને દૂર કરી - અલગ કરી - વિવિક્ત કરી - જૂદો પાડી વિવેક આલોકથી (Search-light) અંતરમાં અવલોકવામાં આવે તો એક શુદ્ધ તે આત્મ-હીરો - અચિંત્ય ચૈતન્ય ચિન્તામણિ ધ્રુવ અચલ અનુપમ સ્વરૂપ તેજથી પ્રગટ ઝગારા મારે છે. પણ આ જીવને પોતાને તો આત્માનાં સ્વરૂપનું ભાન નથી અને જેને આત્માનું જ્ઞાન છે, એવા અન્ય આત્મજ્ઞોનું - આત્મજ્ઞાની આત્મારામી સદ્ગુરુનું તેણે કદી ઉપાસન પણ કર્યું નથી. એટલે તેને વિવેક આલોક ક્યાંથી મળે ? અને તે વિવેક આલોક વિના તે એકત્વ ક્યાંથી નિહાળે ?

''આનંદઘન હીરો જન છાંડી, જન મોહયો માયા કકરીરી.'' - **આનંદઘનજી પદ, ૩**

''હીરો કાઢવા માટે ખાણ ખોદવી તેમાં મહેનત છે, પણ હીરો લેવો તેમાં મહેનત નથી. તેજ પ્રમાણે આત્માસંબંધી સમજણ આવવી દુર્લભ છે, નહીં તો આત્મા કંઈ જ નથી.''

- શ્રીમદ્ રાજચંદ્ર, ઉપદેશ છાયા

અને સ્વ-પર ભેદવિજ્ઞાન રૂપ આ વિવેકની પ્રાપ્તિ તો મુખ્યપણે સદ્ગુરુને આધીન છે. એટલે વિવેક જન્ય આત્મજ્ઞાન રૂપ સન્માર્ગની પ્રાપ્તિમાં આત્મજ્ઞાની આત્મારામી વીતરાગ સદ્ગુરુનું એકનિષ્ઠ ઉપાસન એ પરમ ઉપકારી મુખ્ય નિમિત્ત સાધન છે,

જ્ઞાની દશાસંપન્ન સદ્ગુરુનું સ્વરૂપ

સાક્ષાત્ સદ્ગુરુ ઉપાસન થકી જ મુખ્યપણે જીવ સન્માર્ગનો લક્ષ પામે છે. કારણકે સત્પુરુષ મૂર્ત્તિમંત પ્રગટ સત્ સ્વરૂપ છે, સાક્ષાત્-પ્રત્યક્ષ મૂર્ત્તિમંત પ્રગટ સત્ સ્વરૂપનો યોગ પામેલ પ્રગટ 'યોગી' છે, સાક્ષાત્ સહજાત્મસ્વરૂપ પ્રભુ છે. એટલે આવા સાક્ષાત્ યોગી સત્પુરુષના જ્વલંત આદર્શ દર્શનથી ન ભૂંસાય એવી ચમત્કારિક છાપ મુમુક્ષુ આત્મામાં પડે છે. જેથી એકાંત સ્વરૂપ લક્ષી સત્પુરુષનું પરમ અદ્ભુત આત્મચારિત્ર દેખી, તેનો આત્મા સહેજે સ્વરૂપ લક્ષ્ય ભણી ઢળે છે. વાચાલ વક્તાઓના લાખો ઉપદેશો જે બોધ નથી કરી શકતા, તે આવા એક સત્પુરુષનો જીવતો જાગતો દાખલો કરી શકે છે. કારણકે **શ્રીમદ્ સદ્ગુરુનું** સ્વરૂપ વિચારીએ તો **'સ્વરૂપ'** એ જ એમનું સ્વરૂપ છે, અથવા **'સદ્ગુરુ'** એ જ એમનું સ્વરૂપ છે, અર્થાત્ સર્વ 'સત્' વસ્તુમાં ગુરુ એ જ એમનું સ્વરૂપ છે, કારણકે આખા જગત્ કરતાં ગુરુ, ગુણગ ગૌરવવંત એવા સદ્ગુરુ જ છે, એક બાજુ આખું જગત્ મૂકીએ ને બીજી બાજુ સદ્ગુરુ મૂકીએ, તો સદ્ગુરુનું જ પલ્લું નમી પડશે, એટલે **જગદ્ગુરુ શ્રી સદ્ગુરુ જ છે** અથવા **સત્-સંત** એ જ એમનું સ્વરૂપ છે, અર્થાત્ જે પ્રકારે જેવું આત્મવસ્તુનું સત્ સ્વરૂપ છે, તે પ્રકારે તેવું સત્, સાચું છતું વર્તમાનમાં પ્રગટ દશા રૂપે વિદ્યમાન વર્તતું એવું તેમનું સત્સ્વરૂપ છે, સંત સ્વરૂપ છે, સાધુ સ્વરૂપ છે, અથવા **'સંત'** એટલે **શાંત - પરભાવ વિભાવ પ્રત્યેની જેની બધી દોડાદોડ મટી જઈ, જે સ્વભાવમાં વિશ્રાંત થઈ પરમ આત્મશાંતિને પામ્યા છે, એવા શાંત તે 'સંત.' આવા સંત સ્વરૂપ સદ્ગુરુ, આત્મજ્ઞાની, સમદર્શી, પ્રારબ્ધોદયથી**

વિચરનારા, અપૂર્વ વાણી પ્રકાશનારા અને પરમ શ્રુતજ્ઞાન સંપન્ન હોય છે. મોહભાવ જ્યાં ક્ષય થઈ ગયો છે અથવા પ્રશાંત વર્તે છે અને આખું જગત્ જ્યાં એઠ જેવું અથવા સ્વપ્ન જેવું ભાસે છે, એવી પરમ અદ્‌ભુત 'જ્ઞાની દશા' તેમની હોય છે અને આવા જ્ઞાની પુરુષ દેહ છતાં જાણે દેહમાં ન વર્તતા હોય, એવી પરમ આશ્ચર્યકારક દેહાતીત - વિદેહ દશામાં (વ્યુત્‌ઠકાય કાયોત્સર્ગ દશામાં) વર્ત્તતા હોય છે !! આવા 'કલ્યાણ સંપન્ન દર્શનથી' પણ પાવન સંતોના* તથા દર્શનથી' સ્વરૂપ - ઓળખાણથી જીવનું લક્ષ્ય એક સાધ્ય સ્વરૂપ નિશાન પ્રતિ કેન્દ્રિત થાય છે અને પછી તેની બધી પ્રવૃત્તિ તે સ્વરૂપ લક્ષી જ હોય છે. તેટલા માટે સ્વરૂપનો લક્ષ્ય કરાવનાર સત્પુરુષના યોગને યોગાવંચક કહ્યો છે.

''પડી પડી તુજ પદ પંકજે, ફરી ફરી માગું એજ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુંજ, એ દૃઢતા કરી દેજ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૨૬૪**

''મોહભાવ ક્ષય હોય જ્યાં અથવા હોય પ્રશાંત;
તે કહિયે જ્ઞાની દશા, બાકી કહીયે ભ્રાંત'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

સકળ જગત્ તે એકવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહિયે જ્ઞાનીદશા, બાકી વાચા જ્ઞાન.
આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી પરમ શ્રુત, સદ્‌ગુરુ લક્ષણયોગ્ય.
દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણિત.''

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત, શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૩૯, ૧૪૦, ૧૪૨

''એમ અનેક થલ જાણિયે... સખી. દરિશન વિણ જિનદેવ રે... સખી.
આગમથી મતિ આણિયે... સખી. કીજે નિર્મલ સેવ રે... સખી.
સદ્‌ગુરુ યોગે વંદન ક્રિયા... સખી. યોગ અવંચક હોય રે... સખી.
ક્રિરિયાવંચક તિમ સહી... સખી. ફલ અવંચક જોય રે... સખી.''

- શ્રી આનંદઘનજી (ચંદ્રપ્રભ જિન સ્તવન)

આમ સદ્‌ગુરુ લક્ષણ સંપન્ન સત્ સ્વરૂપને પ્રાપ્ત શ્રી સદ્‌ગુરુ ભગવાન સત્ ઉપદેશદાનથી નિજ સ્વરૂપનો લક્ષ કરાવી જીવનું અનંત પરિભ્રમણ દુઃખ ટાળી અનંત ઉપકાર કરે છે. આમ અનન્ય ઉપકારી હોવાથી **શ્રીમદ્ સદ્‌ગુરુ ભગવાન** પ્રત્યે મુમુક્ષુને પરમ પ્રેમ પ્રવાહ

આત્મજ્ઞ સદ્‌ગુરુનું સમુપાસન

ઉલ્લસે છે, એટલે તે સર્વાત્માથી **શ્રીમદ્ સદ્‌ગુરુ ભગવાનનું** સમુપાસન કરે છે, અનન્ય ભાવે સેવા ભક્તિ કરે છે અને ચિંતવે છે કે આ પરમ કૃપાળુ-કરુણાસિંધુ સદ્‌ગુરુ ભગવાને આ હું પામર પર પરમ આશ્ચર્યકારક ઉપકાર કર્યો છે ! હું તે ઉપકારનો બદલો વાળવા સર્વથા અસમર્થ છું, જે આ પ્રભુ તો સર્વથા નિસ્પૃહ છે, તો પછી હું આ પ્રભુને ચરણે શું ધરું ? કારણકે આત્માથી બીજી બધી વસ્તુ ઉતરતી છે અને તે આત્મા તો આ પ્રભુએ જ મને આપ્યો છે, માટે એમના ચરણાધીનપણે વર્ત્તુ એ જ એક ઉપાય છે. એમ ચિંતવી તે સદ્‌ગુરુ ચરણે આત્માર્પણ કરે છે - આત્મનિવેદન કરે છે, આત્માધીન થઈ રહે છે, દાસાનુદાસ ચરણરેણુ બની જાય છે.

---

* ''सद्दिषः कल्याणसंपन्नैर्दर्शनादपि पावनैः तथादर्शनतो योग आद्यावञ्चक उच्यते ।।''

- શ્રી હરિભદ્રાચાર્યજી કૃત શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

(આ યોગવંચક-ક્રિયાવંચક - ફલ અવંચકના સ્વરૂપ માટે જુઓ યોગદૃષ્ટિ સમુચ્ચય વિવેચન ડૉ. ભગવાનદાસ કૃત)

''અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણા સિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.
શું પ્રભુ ચરણ કને ધરૂં ? આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.
આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન.''

- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત, શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૨૪, ૧૨૫, ૧૨૬


''જે સત્પુરુષોએ જન્મ જરા મરણનો નાશ કરવાવાળો, સ્વ સ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવનામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે. એવા સર્વ સત્પુરુષો, તેનાં ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો !

જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણ અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિ ગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્ પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો.''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૪૦૬ (સુપ્રસિદ્ધ ષટ્‌પદ પત્ર- અં. ૪૯૩)

વિવિક્ત એકત્વ ન કદી શ્રુતપૂર્વ ન પરિચિતપૂર્વ, ન અનુભૂતપૂર્વ

આમ વિવેક આલોક અર્પનારા **આત્મજ્ઞ સદ્‌ગુરુનું સમુપાસન** જીવને પરમ ઉપકારી થાય છે. પણ પૂર્વે આ અનાત્મજ્ઞ જીવે તો તેવા આત્મજ્ઞનું કદી પણ ઉપાસન કર્યું નથી. सत्स्वस्यानात्मज्ञतया परेषामात्मज्ञानामनुपासनाच्च એટલે તેને વિવેક આલોકની પ્રાપ્તિ થઈ નથી, અને એટલે જ વિવિક્ત-સર્વ અન્ય ભાવથી ભિન્ન એવું તે કેવલ એકત્વ તેણે કદી પણ પૂર્વે સાંભળ્યું નથી, કદી પણ પૂર્વે પરિચય કર્યું નથી અને કદી પણ પૂર્વે અનુભવ્યું નથી. જો તેનામાં આત્મજ્ઞપણું હોત - જો તેનામાં આત્માનું સ્વરૂપ ભાન હોત અથવા આત્મજ્ઞ એવા અન્ય જ્ઞાની પુરુષનું તેણે ઉપાસન કર્યું હોત, આત્મજ્ઞાની આત્મારામી વીતરાગ સદ્‌ગુરુનું ચરણ સેવન કર્યું હોત, તો તો તેને તે વિવિક્ત શુદ્ધ આત્મસ્વરૂપ સાંભળવામાં કે પરિચયમાં કે અનુભવમાં આવ્યું હોત. પણ તેવો 'જોગ' તેને નહીં બન્યો હોવાથી, સદ્‌ગુરુ સંતને તેણે નહીં સેવ્યા હોવાથી તેને પૂર્વે તે વિવિક્ત એકત્વનું કદી પણ શ્રવણ થયું નથી, કદી પણ પરિચય સાંપડ્યો નથી. ને કદી પણ અનુભવ મળ્યો નથી. આમ પરમ અપૂર્વ એવા એકત્વની પ્રાપ્તિનું સુલભપણું નથી અર્થાત્ અત્યંત અત્યંત દુર્લભપણું જ છે - ''अत एकत्वस्य न सुलभत्वं ।''



એટલા માટે જ આનું (આ આત્માનું) આ (એકત્વ) ઉપદર્શાવવામાં આવે છે -

तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण ।
जदि दाएज्ज पमाणं चुक्किज्ज छलं ण घेत्तव्वं ॥५॥

એકત્વ વિભક્ત તે દાખવું રે, આત્મવિભવ અનુસાર;
જો દાખું પ્રમાણો ચૂકું જો, છલ મ ગ્રહો કો વાર... રે આત્મન્ ! વંદો
સમયસાર. ૫

ગાથાર્થ : એકત્વથી વિભક્ત એવો તે આત્મા હું આત્માના સ્વવિભવથી દર્શાવું, જો દર્શાવું તો પ્રમાણ કરવું, ચૂકું તો છલ ન ગ્રહવું. ૫

आत्मख्यातिटीका

अत एवैतस्य (एतद् ?) उपदर्श्यते -

तमेकत्वविभक्तं दर्शये हमात्मनः स्वविभवेन ।
यदि दर्शयेयं प्रमाणं स्खलेयं छलं न गृहीतव्यम् ॥५॥

इह किल सकलोद्भासिस्यात्पदमुद्रितशब्दब्रह्मोपासनजन्मा समस्तविपक्षक्षोदातिनिष्तुषयुक्त्यवलंबनजन्मा निर्मलविज्ञानघनांतर्निमग्नपरापरगुरुप्रसादीकृतशुद्धात्मतत्त्वानुशासनजन्मा अनवरतस्यंदिसुंदरानंदमुद्रिताभंदसंविदात्मकस्वसंवेदनजन्मा च यः कश्चनापि **ममात्मनः स्वो विभवस्तेन** समस्तेनापि **तमेकत्वविभक्तमात्मानं दर्शयेहमिति** बद्धव्यवसायोस्मि ।

किंतु यदि दर्शयेयं तदा स्वयमेव स्वानुभवप्रत्यक्षेण परीक्ष्य प्रमाणीकर्तव्यं ।
यदि तु स्खलेयं तदा तु न छलग्रहणजागरूकैर्भवितव्यम् ॥५॥

આત્મખ્યાતિ ટીકાર્થ

આ લોકને વિષે પ્રગટપણે નિશ્ચયે કરીને -

૧. સકલ ઉદ્ભાસ 'સ્યાત્' પદથી મુદ્રિત શબ્દ બ્રહ્મના ઉપાસનથી જન્મ છે જેનો,

૨. સમસ્ત વિપક્ષના ક્ષોદમાં (ચૂર્ણનમાં-ખંડનમાં) ક્ષમ (સમર્થ) એવી નિષ્તુષ યુક્તિના અવલંબનથી જન્મ છે જેનો,

૩. નિર્મલ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન એવા પરાપર ગુરુઓથી પ્રસાદી કૃત શુદ્ધ આત્મતત્ત્વના અનુશાસનથી જન્મ છે જેનો,

૪. અને અનવરત સ્યંદિ (નિરંતર ટપકતા-ઝરતા) સુંદર આનંદથી મુદ્રિત અભેદ સંવિદાત્મક સ્વસંવેદનથી જન્મ છે જેનો,

---

આત્મભાવના -

આમ ઉપરમાં કહ્યું તેમ એકત્વનું સુલભપણું નથી, अत एव - એટલા માટે જ एतस्य - 'આનું' - આ આત્માનું (પાઠાંતર एतद्) - આ એકત્વઃ ઉપદર્શાવવામાં આવે છે - तं - તે આત્માને एकत्वविभक्तं - એકત્વ વિભક્ત, એકપણાથી વિભક્ત - જૂદો પાડેલ એવાને, आत्मनः - આત્માના स्वविभवेन - સ્વ વિભવથી - પોતાના વિભવથી - સમૃદ્ધિથી, ઐશ્વર્યથી दर्शयेऽहं - હું દર્શાવું, यदि दर्शयेयं - જો દર્શાવું, તો प्रमाणं - પ્રમાણ કરવું, स्खलेयं - જો સ્ખલું ચૂકું, तो न छलं गृहीतव्यं - છલ ન ગ્રહવું - પકડવું. ॥ इति **गाथा** आत्मभावना ॥५॥

- એવો જે કોઈ પણ મ્હારા આત્માનો સ્વવિભવ છે,

તે સમસ્તથી જ તે એકત્વવિભક્ત આત્મા આ હું દર્શાવું, એમ (હું) બદ્ધ વ્યવસાય (કૃત નિશ્ચય) છું,

કિંતુ જો દર્શાવું, તો સ્વયમેવ સ્વાનુભવ પ્રત્યક્ષથી પરીક્ષીને પ્રમાણ કર્ત્તવ્ય છે. પણ જો સ્ખલું, તો છલગ્રહણમાં જાગરૂક (સદા જાગૃત-ખબરદાર) થવું યોગ્ય નથી. ॥૫॥

इह - અહીં, આ લોકમાં અથવા આ શાસ્ત્રનિરૂપણ સ્થળમાં, किल - સ્ફુટપણે - પ્રગટપણે ખરેખર ! यः कश्चनापि मम आत्मनः स्वो विभवः - જે કોઈ પણ મ્હારા આત્માનો 'સ્વ વિભવ' - સ્વ પોતાનો વિભવ - ઐશ્વર્ય - સમૃદ્ધિ ભાવ, तेन समस्तेनापि ते સમસ્તથી પણ, अयं આ પ્રત્યક્ષ અનુભવાઈ રહેલો આત્મા, એવો તે तमेकत्वविभक्त आत्मान दर्शयेऽहं - તે એકત્વ વિભક્ત આત્માને - એકપણાથી 'વિભક્ત' - જૂદો પાડેલ - પૃથક્ કરેલ આત્માને દર્શાવું, इति बद्धव्यवसायोस्मि એમ (હું) બદ્ધ વ્યવસાય છું, 'બદ્ધ' - બાંધેલો - દૃઢપણે ધારેલો છે 'વ્યવસાય' - નિશ્ચય જેણે એવો છું, કૃતનિશ્ચય છું. કેવો છે આ મ્હારા આત્માનો સ્વવિભવ ?

(૧) सकलोद्भासिस्यात्पदमुद्रितशब्दब्रह्मोपासनजन्मा - સકલ ઉદ્ભાસિ 'સ્યાત્' પદથી મુદ્રિત શબ્દ બ્રહ્મના ઉપાસનથી જન્મ છે જેનો એવો. 'શબ્દ બ્રહ્મના' - વિશ્વ વ્યાપક વચન રૂપ - આગમ રૂપ બ્રહ્મના 'ઉપાસનથી' - આરાધનથી - આસેવનથી જન્મ-ઉદ્ભવ છે જેનો. કેવું છે આ શબ્દ બ્રહ્મ ? 'સ્યાત્' પદથી 'મુદ્રિત' - અંકિત (મુદ્રા-છાપ પાડેલ). કેવું છે 'સ્યાત્' પદ ? 'સકલોદ્ભાસિ' - સકલને-સર્વને-સંપૂર્ણને 'ઉદ્ભાસિ' - ઉત્ - ઉત્કૃષ્ટપણે 'ભાસિ' - અવભાસતું - પ્રકાશતું એવું.

(૨) समस्तविपक्षक्षोदक्षमातिनिष्तुषयुक्त्यवलंबनजन्मा - સમસ્ત વિપક્ષના ક્ષોદમાં ક્ષમ અતિનિષ્તુષ યુક્તિના અવલંબનથી જન્મ છે જેનો એવો, અતિ 'નિષ્તુષ' - તુષ - રહિત - ફોતરાં વિનાની એટલે કે શુદ્ધ ધાન્યની જેમ ખુલ્લે ખુલ્લી - ચોકખીચટ યુક્તિના - ન્યાય પદ્ધતિના અવલંબનથી - આશ્રયણથી જન્મ - ઉદ્ભવ છે જેનો એવો. કેવી છે આ યુક્તિ ? સમસ્ત 'વિપક્ષ' - વિરુદ્ધ પક્ષના - પ્રતિપક્ષના 'ક્ષોદ'માં - નિર્દલનમાં - ચૂર્ણનમાં - ખંડનમાં 'ક્ષમ' - સમર્થ - ખમતીધર એવી.

(૩) निर्मलविज्ञानघनांतर्मग्नपरापरगुरुप्रसादीकृतशुद्धात्मतत्त्वानुशासनजन्मा - નિર્મલ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન પરાપર ગુરુઓથી પ્રસાદી કૃત શુદ્ધ આત્મતત્ત્વના અનુશાસનથી જન્મ છે જેનો એવો. 'પરાપર' - 'પર' - પરંપર 'અપર' - અનંતર અર્થાત્ ઉત્તરોત્તર ગુરુ પરંપરાથી 'પ્રસાદી કૃત' - પ્રસાદ રૂપ કરાયેલ શુદ્ધ આત્મતત્ત્વના 'અનુશાસનથી' 'અનુ' - અનુસારે અનુકૂળપણે - અનુક્રમે 'શાસનથી' - શિક્ષણથી, ઉપદેશનથી, બોધનથી જન્મ-ઉદ્ભવ છે જેનો એવો. કેવા છે આ ગુરુઓ ? 'નિર્મલ' - શુદ્ધ વિજ્ઞાનઘનમાં 'અંતર્નિમગ્ન' - 'અંતર્' - અંદરમાં 'નિ' - નિતાંતપણે કદી પણ બ્હાર ન નીકળે એમ 'મગ્ન' - ડૂબી ગયેલ એવા,

(૪) अनवरतस्यंदिसुंदरानंदमुद्रितामंदसंविदात्मकस्वसंवेदनजन्मा च - અને અનવરત સ્યંદિ (નિર્ઝરતા) સુંદર આનંદથી મુદ્રિત અમંદ સંવિદાત્મક સ્વસંવેદનથી જન્મ છે જેનો એવો : 'અમંદ' - મંદ નહિ એવા એટલે કે ઉત્કટ-તીવ્ર-પ્રબલ-ઉદ્દામ 'સંવિદાત્મક' - સંવિદ્ રૂપ 'સં' - સમ્યક્ 'વિદ્' જ્ઞાનપણા રૂપ - સંજ્ઞાન રૂપ 'સ્વ સંવેદનથી' - 'સ્વ' - પોતાના આત્માના 'સં' - સમ્યક્ 'વેદન' - વેદવા રૂપ અનુભવનથી અર્થાત્ આત્માનુભૂતિથી જન્મ છે જેનો એવો. કેવી છે આ સંવિદ્ ? 'અનવરત સ્યંદિ સુંદર આનંદથી મુદ્રિત' - 'અનવરત' - વગર અટક્યે અવિરામપણે નિરંતર 'સ્યંદિ' - સ્યંદતા - ટપકતા - નિર્ઝરતા સુંદર આનંદથી 'મુદ્રિત' - અંકિત એવી.

આવા ચાર વિશેષણ સંપન્ન સમસ્ત જ 'સ્વ વિભવથી' હું દર્શાવું એમ બદ્ધ વ્યવસાય - કૃત નિશ્ચય છું. किंतु - પરંતુ यदि दर्शयेयं - જો હું દર્શાવું, तदा - તો स्वयमेव - સ્વયં જ - પોતે જ अनुभवप्रत्यक्षेण परीक्ष्य - 'સ્વાનુભવ પ્રત્યક્ષથી' - આત્માનુભવ પ્રત્યક્ષથી 'પરીક્ષીને' - પરીક્ષા - કસોટી કરીને, प्रमाणीकर्त्तव्यं - પ્રમાણ રૂપ કરવું યોગ્ય છે, यदि तु स्वलेयं - પણ જો 'સ્ખલું' - સ્ખલના કરું, ચૂકું, तदा तु - તો તો, न छलगहजागरूकैर्भवितव्यम् - છલગ્રહણમાં જાગરૂક થવું યોગ્ય નથી, 'છલ' - દૂષણાભાસ રૂપ છિદ્રના 'ગ્રહણમાં' - પકડવામાં 'જાગરૂક' - જાગતા - ખબરદાર - સદા તત્પર થવું યોગ્ય નથી. ॥૫॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સ્યાત્ મુદ્રા તે સ્વરૂપસ્થિત આત્મા છે, શ્રુતજ્ઞાનની અપેક્ષાએ સ્વરૂપ સ્થિત આત્માએ કહેલી શિક્ષા છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૨૪૬, હાથનોંધ-૧, અં. ૧૦**

''ક્ષાયોપશમિક ગુણ સર્વ થયા, તુજ ગુણરસી હો લાલ;

સત્તા સાધન શક્તિ, વ્યક્તતા ઉલ્લસી હો લાલ... દીઠો સુવિધિ.'' - **શ્રી દેવચંદ્રજી**

ભગવાન શાસ્ત્રકારની પ્રતિજ્ઞા અને વિજ્ઞપ્તિ

ઉપરમાં કહ્યું તેમ આ જગત્માં જ્યાં જુઓ ત્યાં પરસંબદ્ધ અશુદ્ધ આત્માનું મહાભારત જ સંભળાય છે, પણ આત્મારામી શુદ્ધ આત્માનું રામાયણ તો જવલ્લે જ સાંભળવા મળે છે, અર્થાત્ એકત્વ નિશ્ચયગત શુદ્ધ આત્માની તત્ત્વવાર્તા સુલભ નથી, અત્યંત દુર્લભ છે, એટલે જ જ્યાં એક શુદ્ધ અદ્વૈત આત્મા સિવાય બીજું કાંઈ નથી એવું જે આત્માનું **એકત્વ** અસુલભપણે - દુર્લભપણે આગલી ગાથામાં દર્શાવ્યું, તે અત્રે આ **સમયસાર શાસ્ત્રમાં** દર્શાવવામાં આવે છે. અત્રે શાસ્ત્રકર્તા **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** - 'તે એકત્વવિભક્ત આત્મા આત્માના સ્વવિભવથી હું દર્શાવું' - એવી મહામનોરથમયી મહા પ્રતિજ્ઞા કરી પરમ મૃદુ - ઋજુ ભાવથી વિજ્ઞપ્તિ કરી છે કે - **'જો** હું દર્શાવું તો પ્રમાણ કરવું, પણ ચૂકું તો છલ ન ગ્રહવું - 'छलं न घेत्तव्वं' । આ ભાવને પરિસ્ફુટ કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** પ્રકાશે છે કે - 'જે કોઈ પણ મ્હારા આત્માનો સ્વવિભવ છે તે સમસ્તથી જ આ - પ્રત્યક્ષ અનુભવાઈ રહેલો આત્મા એવો હું તે એકત્વ વિભક્ત આત્મા દર્શાવું, એમ બદ્ધવ્યવસાય છું,' અર્થાત્ મ્હારા આત્માનો જે કોઈ પણ 'સ્વવિભવ' - પોતાનો વૈભવ - આત્મસંપદ્ છે, તે સર્વથી જ આ પ્રત્યક્ષ અનુભવાઈ રહેલો હું આત્મા એકપણાથી વિભક્ત-ભિન્ન જૂદો તે આત્મા દર્શાવું એમ હું કૃત નિશ્ચય છું.

આ એકત્વ નિશ્ચયગત શુદ્ધ આત્માનું દર્શન કોણ કરાવી શકે ? જેણે આ શુદ્ધ આત્માનું આત્મસાક્ષાત્કાર રૂપ દર્શન કર્યું હોય તે. તેવા તથારૂપ શુદ્ધ આત્માનું આત્મસાક્ષાત્કાર રૂપ સાક્ષાત્ અનુભવ-દર્શન જેણે કર્યું છે એવા સાક્ષાત્ આત્મદૃષ્ટા. **પરમ ભાવિતાત્મા કુંદકુંદાચાર્યજીએ** તેવા શુદ્ધ આત્માનું દર્શન - આત્મસાક્ષાત્કાર કરાવવાની - સાક્ષાત્ દેખાડવાની અત્ર આવી પરમ ઉદાત્ત આત્મભાવનામયી મહાપ્રતિજ્ઞા કરી છે. આ મહા પ્રતિજ્ઞા કરનારા મહાવિભૂતિ રૂપ **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીના** આત્માનો **સ્વ વિભવ** કેવો છે ? તેનું **કુંદકુંદાચાર્યજીના** દિવ્ય આત્માને ભવ્ય અંજલિ રૂપ પરમ સુંદર પરિસ્ફુટ સ્પષ્ટીકરણ કરતાં તેવા જ મહાવિભૂતિ રૂપ સાક્ષાત્ આત્મદૃષ્ટા પરમ સમર્થ અનન્ય અદ્વિતીય **'આત્મખ્યાતિ' ટીકાકાર પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** તે સ્વવિભવ જેનાથી જન્મ પામ્યો છે એવા ચાર કારણોનો અત્ર ઉપન્યાસ કર્યો છે. તે આ પ્રકારે -

આગમ - યુક્તિ - અનુશાસન - અનુભવન જનિત સ્વવિભવ

૧. सकलोद्भासिस्यात्पदमुद्रितशब्दब्रह्मोपासनजन्मा - સકલ ઉદ્ભાસિ 'સ્યાત્' પદથી મુદ્રિત શબ્દ બ્રહ્મના ઉપાસનથી જન્મ છે જેનો એવો. - 'સકલોદ્ભાસિ' - સકલ - સર્વ - સંપૂર્ણ વસ્તુ સ્વરૂપને 'ઉદ્ભાસતા' - ઉત્કૃષ્ટપણે પ્રકાશતા 'સ્યાત્' પદથી 'મુદ્રિત' - અંકિત એવા 'શબ્દબ્રહ્મના' - વિશ્વ વ્યાપક વચન રૂપ આગમ રૂપ બ્રહ્મના 'ઉપાસનથી' - આરાધનથી - આસેવનથી 'જન્મ' સમુદ્ભવ છે, જેનો એવો આ સ્વવિભવ છે. અર્થાત્ પ્રથમ તો આ 'સ્વવિભવ' વિશ્વ પ્રકાશક સ્યાદ્ વાદ પરમશ્રુતના ઉપાસનથી પરમભક્તિ આરાધનથી જન્મ પામેલો છે.

૨. समस्तविपक्षक्षोदक्षमातिनिष्तुषयुक्त्यवलंबनजन्मा - સમસ્ત વિપક્ષના ક્ષોદમાં ક્ષમ અતિ નિષ્તુષ યુક્તિના અવલંબનથી જન્મ છે જેનો એવો, - સમસ્ત 'વિપક્ષના' - વિરુદ્ધ પક્ષના - પ્રતિપક્ષના

'ક્ષોદમાં' - નિર્દલનમાં - ચૂર્ણનમાં - ખંડનમાં 'ક્ષમ' - સમર્થ - ખમતીધર એવી અતિ 'નિષ્તુષ' - તુષરહિત - ફોતરાં વિનાની એટલે કે તુષ-ફોતરાં વિનાના શુદ્ધ ધાન્ય જેમ સર્વથા આત્યંતિક શુદ્ધ - નિર્મલ - વિશદ - ખુલ્લે ખુલ્લી ચોકખીચટ (Clear-cut) યુક્તિના - ન્યાય પદ્ધતિના 'અવલંબનથી' આશ્રયણથી 'જન્મ' - સમુદ્‌ભવનો એવો આ સ્વવિભવ છે. અર્થાત્ બીજું આ સ્વવિભવ સર્વ વિરુદ્ધ પક્ષોનો નિરાસ કરવામાં પરમ સમર્થ એવી અતિ નિર્મલ યુક્તિના અવલંબનથી જન્મ પામેલો છે.

૩. निर्मलविज्ञानघनांतर्निमग्नपरापरगुरुप्रसादीकृत शुद्धात्मतत्त्वानुशासन जन्मा - નિર્મલ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન એવા પરાપર ગુરુઓથી પ્રસાદી કૃત શુદ્ધ આત્મતત્ત્વના અનુશાસનથી જન્મ છે જેનો એવો, - 'નિર્મલ' - શુદ્ધ 'વિજ્ઞાનઘનમાં' શુદ્ધ જ્ઞાનમય આત્મામાં 'અંતરનિમગ્ન' - અંદરમાં 'નિ' - નિતાંતપણે 'મગ્ન' - કદી પણ બ્હાર ન નીકળે એમ ડૂબી ગયેલા એટલે કે નિરંતર શુદ્ધાત્મોપયોગમાં રહેનારા એવા 'પરાપર' - પર- પરંપર અપર - અનંતર ઉત્તરોત્તર ગુરુ પરંપરાથી 'પ્રસાદીકૃત' - કૃપા પ્રસાદી રૂપ - અનુગ્રહ રૂપ કરાયેલ શુદ્ધ આત્મતત્ત્વના 'અનુશાસનથી' - 'અનુ' - જ્ઞાનીઓના સનાતન સંપ્રદાય અનુસારે - અનુકૂળ પણે - અનુક્રમે 'શાસનથી' - શિક્ષણથી - ઉપદેશનથી - બોધનથી 'જન્મ' - સમુદ્‌ભવ છે જેનો એવો આ સ્વવિભવ છે. અર્થાત્ ત્રીજું, આ સ્વવિભવ આત્મજ્ઞાની આત્મારામી શુદ્ધોપયોગી સદ્‌ગુરુ પરંપરાથી પ્રાપ્ત ગુરુ પ્રસાદી રૂપ - **'સદ્‌ગુરુ પ્રસાદ' રૂપ શુદ્ધ આત્મતત્ત્વના અનુશાસનથી જન્મ પામેલો છે.**

૪. अनवरतस्यंदि सुंदरानंदमुद्रितामंद संविदात्मकस्वसंवेदन जन्मा - અનવરત સ્યંદિ સુંદર આનંદથી 'મુદ્રિત' અમંદ સંવિદાત્મક સ્વસંવેદનથી જન્મ છે જેનો એવો, 'અનવરત' - વગર અટક્યે અવિરામપણે નિરંતર 'સ્યદિ' - સ્યંદતા - ટપકતા - નિર્ઝરતા સુંદર આનંદથી 'મુદ્રિત' - અંકિત 'અમંદ' - મંદ નહિ એવા એટલે કે ઉત્કૃષ્ટ - તીવ્ર - પ્રબલ - ઉદ્દામ 'સંવિદાત્મક' - સંવિદ્ રૂપ 'સં' - સમ્યક્ 'વિદ્' - જાણપણા રૂપ - સંજ્ઞાન રૂપ 'સ્વ સંવેદનથી' - 'સ્વ' - પોતાના આત્માના 'સં' - સમ્યક્ 'વેદન' - વેદવા રૂપ અનુભવનથી - શુદ્ધાત્માનુભૂતિથી 'જન્મ' - સમુદ્‌ભવ છે. જેનો એવો આ સ્વવિભવ છે. અર્થાત્ ચોથું, આ સ્વવિભવ નિરંતર સુંદર આનંદ ટપકતા તીવ્ર આત્માનુભવ રૂપ સ્વસંવેદનથી - શુદ્ધાત્માનુભૂતિથી જન્મ પામેલો છે.

આત્માના સમસ્ત સ્વવિભવથી તે એકત્વ વિભક્ત આત્મા દર્શાવવાનો કૃત નિશ્ચય

આમ સત્ આગમ થકી, સત્ યુક્તિ થકી, સદ્ ગુરુ પ્રસાદ થકી અને સત્ સ્વસંવેદન થકી, જેનો જન્મ થયો છે, એવો મ્હારા આત્માનો જે કોઈ પણ સ્વવિભવ છે - 'यः कश्चनापि ममात्मनः स्वो विभवः', તે સમસ્તથી જ - 'तेन समस्तेनापि' સર્વાત્માથી હું એકપણાથી વિભક્ત-ભિન્ન એવો તે આત્મા દર્શાવું એમ નિશ્ચયવંત થયો છું - 'तमेकत्वविभक्तमात्मानं दर्शयेऽहमिति बद्धव्यवसायोऽस्मि ।' સર્વ અન્ય ભાવથી વિભક્ત-ભિન્ન કરેલ - પૃથક્ પાડેલ એવા એકત્વવિભક્ત એક શુદ્ધ અદ્વૈત આત્મતત્ત્વ રૂપ આ આત્માનુભવ સિદ્ધ પરમામૃત પ્રત્યે મ્હારા આત્માને અપૂર્વ પ્રેમ પ્રવાહ ઉલ્લસ્યો છે, પરમ અભેદ ભક્તિભાવ સ્ફુર્યો છે, એટલે તે શુદ્ધાત્મ પરમામૃતનો અન્ય સાધર્મિક આત્મબંધુઓને પણ આત્મલાભ થાય અને મ્હારા આત્માને પણ સાથે સાથે તે શુદ્ધાત્મભાવની ઓર આત્યંતિક દૃઢ ભાવના થાય, એવા એકાંત શુદ્ધ પરમાર્થ હેતુથી - આત્માર્થ હેતુથી મ્હારો આત્મા સર્વાત્માથી આ શુદ્ધ આત્માનું - સમયસારનું નિરૂપણ કરતા આ **સમયસાર** શાસ્ત્રનું ગ્રથન કરવા આત્માની - પોતાની સમસ્ત આત્મશક્તિથી બદ્ધ પરિકર થયો છે, આ શુદ્ધ આત્મતત્ત્વ પ્રત્યેની અંતરંગ શુદ્ધતત્ત્વ ભક્તિથી પ્રેરિત થઈને મ્હારો આત્મા આત્માના સર્વ સ્વવિભવથી આત્મ સમૃદ્ધિથી - આત્મૈશ્વર્યથી ઉદ્યત થયો છે. એટલે આગમથી, અનુમાનથી, અનુશાસનથી અને અનુભવથી ઉદ્‌ભવ પામેલો એવો મ્હારો જે કોઈ આત્માનો **'સ્વ વિભવ'** છે, જ્ઞાનાદિ આત્મ ગુણસંપત્તિ રૂપ

મ્હારા આત્માનું જેટલું સ્વધન છે - જેટલો પોતીકી આત્મસંપત્તિ છે, તે સર્વ કાંઈ પણ બાકાત રાખ્યા વિના (without any reservation) હું આ **સમયસાર શાસ્ત્રની** રચનામાં સમર્પું છું. મ્હારી ક્ષાયોપશમિક શક્તિનો જે કાંઈ પ્રકાશ હોય તે આ સત્ શાસ્ત્રની ગૂંથણીમાં હાજર કરું છું, કે જેથી કરીને જગત્ના પરમોત્તમ તત્ત્વરૂપ આ શુદ્ધ આત્મતત્ત્વનો **સમયસારનો** આ વિશ્વને વિષે પરમ પ્રકાશ થાય અને જેથી કરીને મ્હારા આત્માની જેમ અન્ય આત્માર્થી આત્માઓને - સમસ્ત જગજ્જીવોને પણ સર્વ પરભાવ-વિભાવથી વ્યાવૃત્તિ થઈ શુદ્ધાત્મ સ્વભાવને વિષે આત્યંતિક પ્રવૃત્તિ થાય.

સ્વાનુભવથી પરીક્ષી પ્રમાણજો, ચૂકું તો છલ મ ગ્રહજો !

કિંતુ યદિ દર્શયેયં - 'કિંતુ જો દર્શાવું તો સ્વયંમેવ સ્વાનુભવ પ્રત્યક્ષથી પરીક્ષીની પ્રમાણ કર્ત્તવ્ય છે, તદા સ્વયંમેવ સ્વાનુભવ પ્રત્યક્ષેણ પરીક્ષ્ય પ્રમાણી કર્તવ્યં, પણ જો સ્ખલું તો - યદિ તુ સ્ખલેયં, છલ ગ્રહણમાં જાગરૂક થવું યોગ્ય નથી, 'તદા તુ ન છલગ્રહણ જાગરૂકૈર્ભવિતવ્યમ્' ! અર્થાત્ જો હું યથોક્ત આગમ-અનુમાન-અનુગ્રહ-અનુભવથી જન્મેલા મ્હારા સ્વવિભવથી મ્હારા આત્માને જેમ આત્માનુભવ પ્રત્યક્ષથી પ્રમાણ ભાસ્યું તેમ ઋજુતાથી - સરળતાથી આ એકત્વવિભક્ત આત્મા દર્શાવું, તો સુજ્ઞ વિવેકી તત્ત્વચિંતક મુમુક્ષુએ પણ સ્વયંમેવ-પોતાની મેળે જ આત્માનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા કરવી, પ્રત્યક્ષ આત્માનુભવની કસોટીએ ચઢાવી બરાબર ચોકસી કરવી અને તે પ્રત્યક્ષ આત્માનુભવની અગ્નિ પરીક્ષામાં ઉત્તીર્ણ થાય, તો હું જે દર્શાવું છું તે સત્ય જાણી ઋજુતાથી-સરળતાથી પ્રમાણ કરવું, માન્ય કરવું, પણ જો ક્વચિત્ હું સ્ખલના કરું, ચૂકું તો, છલ ગ્રહણ કરવામાં જાગરૂક-ખબરદાર (Ever-ready) ન થવું, છલ પકડવામાં અર્થાત્ વક્રતાથી દૂષણાભાસ રૂપ છિદ્ર શોધવામાં તત્પર ન થવું, સદા જાગતા (always alert) ન રહેવું.

મહાજ્ઞાનેશ્વરી મહાદાનેશ્વરી આ જગતગુરુ યુગ્મનું જગત્ને 'પ્રાભૃત'

આમ ઋજુતાની - મૃદુતાની મૂર્તિ **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** શુદ્ધ સ્ફટિક જેવા સ્વચ્છ હૃદયથી નિખાલસપણે આ ભાવ દર્શાવ્યો છે. અત્રે **'મ્હારા આત્માનો સ્વવિભવ'** એમ કહ્યું તે એમ સૂચવે છે કે - 'હું' એટલે દેહ અને દેહાશ્રિત **'કુંદકુંદ'** નામ ધરનારો નહિ પણ આ કુંદકુંદ નામધારી દેહમાં બેઠેલો દેહી - શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા, એવો સતત જાગતો ઉપયોગ શુદ્ધોપયોગ સુસ્થિત આત્મારામી **મહાશ્રમણ કુંદકુંદજીના** હૃદયમાં સદોદિત જ છે. નિષ્કારણ કરુણાથી જગત્નો ઉપકાર કરવો એ સત્ પુરુષોની સનાતન પ્રણાલિકા છે, તેને અનુસરી આ મહા જ્ઞાન-દાનેશ્વરીએ પોતાના **'આત્માનો'** જેટલો કાંઈ **'સ્વવિભવ'** છે, તે સર્વસ્વ કાંઈ બાકી રાખ્યા વિના - અત્ર જગત્ કલ્યાણાર્થે કોઈ પણ જાતની કંઈ પણ સ્પૃહા વિના પરમ નિસ્પૃહપણે ખર્ચી નાંખ્યો છે, ખાલી કરી ઠલવી નાંખ્યો છે, છતાં આત્મામાં પૂરો ભરી રાખ્યો છે ! જગત્ના આત્મકલ્યાણ યજ્ઞમાં આત્મ સમર્પણ કરનારા આ **જ્ઞાન-ધનેશ્વરે** જેનું દાન દીધાથી વધે છે, એવા જ્ઞાન ધનનો આ **અક્ષયનિધિ** જગત્ દરિદ્ર દૂર કરવા માટે ખૂલ્લો મૂકી દીધો છે; અને દાનમાં કે ભેટમાં તો કોઈ બદલાની કે સ્પૃહાની આશા હોય નહિ, એટલે આ સર્વસ્વ દાન કરનારા **જ્ઞાનેશ્વરી-દાનેશ્વરી** એ આ લોક-પરલોક સંબંધી ખ્યાતિ-માન-પૂજાદિ કોઈ પણ તુચ્છ કામના વિના સર્વથા નિષ્કામ-નિઃસ્પૃહ પણે સ્વ-પરના એકાંત શુદ્ધ આત્માર્થ હેતુએ જ - શુદ્ધ પરમાર્થ હેતુએ જ આ પરમાર્થ જ્ઞાનદાન કરી ઉત્તમ તત્ત્વજ્ઞાનની જગત્ને ભેટ ધરી.

જય કુંદ કુંદ !
જય અમૃતચંદ્ર !

અને આ **સમયસાર** શાસ્ત્રનું **'સમય પ્રાભૃત'** નામ પણ એજ અર્થનું સૂચન કરે છે. મહા જ્ઞાનેશ્વરી-દાનેશ્વરી **પરમર્ષિ ભગવત્ કુંદકુંદાચાર્યજીએ** આ પરમાર્થ સંભૃત **સમયસાર 'પ્રાભૃત'**નું જગત્ને પ્રાભૃત (ભેટણું) ધર્યું છે, અને તેવા જ મહા જ્ઞાનેશ્વરી-દાનેશ્વરી **પરમર્ષિ ભગવત્ અમૃતચંદ્રાચાર્યજીએ** પણ અત્રે આત્માનો

સર્વ 'સ્વ વિભવ' સમર્પણ કરી પરમ અદ્‌ભુત મૌલિક તત્ત્વામૃત મંથનમય મહાજ્ઞાન-સમૃદ્ધિથી આ પ્રાભૃતને અત્યંત સંભૃત-સમૃદ્ધ કરી મહામૂલ્યવંતુ **'મહા પ્રાભૃત'** બનાવ્યું છે. આમ જગત્ ને આવા ઉત્તમોત્તમ તત્ત્વજ્ઞાનનું પ્રાભૃત સમર્પનારા આ બન્ને પરમ ધુરંધર પરમ ગુરુઓની અદ્‌ભુત અલૌકિક જોડીએ - **જગદ્‌ગુરુ પરમર્ષિ** યુગલે જગત્‌તત્ત્વજ્ઞાનીઓની યશસ્વી મંડલીમાં એવું પરમ યશસ્વી વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે કે, પદે પદે તત્ત્વરસિકોના સહજ સ્વયંભૂ ઉદ્‌ગાર નીકળી પડ છે કે, જય કુંદકુંદ ! જય અમૃતચંદ્ર !

જય કુંદ કુંદ !
જય અમૃતચંદ્ર !

આમ **પરમ ભાવિતાત્મા પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** જે શુદ્ધભાવથી કહ્યું છે, તેવો જ ભાવ પરમ આત્મભાવનાથી અસ્થિમજ્જા રંગાયેલા **પરમ ભાવિતાત્મા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** અંગે પણ ઉપલક્ષણથી સમજવાનો છે. કારણકે **કુંદકુંદાચાર્યજીના** અનન્ય પરમાર્થભક્ત એવા **અમૃતચંદ્રાચાર્યજીએ** પણ અપૂર્વ તત્ત્વકળાથી આ પરમ અદ્‌ભુત્ અલૌકિક **'આત્મખ્યાતિ'** **મહાટીકા** ગૂંથવામા પોતાના આત્માનું સર્વ સામર્થ્ય રેડ્યું છે, પોતાના આત્માનો સમસ્ત **'સ્વ વિભવ'** સુપ્રયુક્ત કર્યો છે. એટલે કે તેઓશ્રીએ પણ, **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીની** જેમજ, સ્યાદ્‌વાદ શબ્દબ્રહ્મના અનન્ય સમુપાસનથી, નિષ્ણાત યુક્તિના પ્રબળ અવલંબનથી, સદ્‌ગુરુ પ્રસાદરૂપ શુદ્ધાત્મતત્ત્વના સમર્થ અનુશાસનથી અને પરમાનંદમય આત્માનુભવ રૂપ તીવ્ર સ્વસંવેદનથી જન્મ પામેલો પોતાના આત્માનો સમસ્ત **'સ્વ વિભવ'** આ શાસ્ત્રનો પરમાર્થ આશય અનંત ગુણ વિશિષ્ટ બળવાનપણે અપૂર્વ સોળે કળાથી પ્રકાશિત કરવામાં સર્વાત્માથી ખર્ચી નાંખી, અક્ષરે અક્ષરે પદે પદે પરમ અમૃત વર્ષાવી, પોતાના **'અમૃતચંદ્ર'** અભિધાનને સાર્થક કર્યું છે અને તેવા પ્રકારે **'આત્મખ્યાતિ'** ગદ્યભાગ ઉપરાંત શુદ્ધાત્માનુભૂતિમય પરમામૃતસંભૃત અનુપમ **'કલશ'** કાવ્યોથી વિશિષ્ટપણે સમલંકૃત આ **'આત્મખ્યાતિ'** પરમ 'અમૃત' ટીકાના વરમાં વર (Choicest) શબ્દ અર્થ, પરમાર્થ, તત્ત્વ, આશય, ભાવ, કવિત્વ, ગ્રંથના, શૈલી, આત્માનુભૂતિ આદિ પ્રત્યે સહજ દૃષ્ટિપાત કરતાં કોઈ પણ સુજ્ઞ સહૃદય વિવેકી વિચક્ષણને તત્‌ક્ષણ સુપ્રતીત થવા ઉપરાંત ચોકકસ ખાત્રી થાય એમ છે કે - **અમૃતચંદ્રજીએ** પણ અત્રે પોતાના આત્માનો સમસ્ત **'સ્વ વિભવ'** ખર્ચી નાંખવામાં લેશ પણ કસર કરી નથી, એટલું જ નહિ પણ પરમ ઉદારતા કરી છે અને એટલા માટે જ **અમૃતચંદ્રજીના** દિવ્ય આત્માની પરમ ખ્યાતિ પોકારતી આ અનુપમ **'આત્મખ્યાતિ'** સુકૃતિથી અને તેના પરમ વિશિષ્ટ અંગભૂત પરમ અનુભવ રસપૂર્ણ અલૌકિક મૌલિક **કળશ** સર્જનથી સાનંદાશ્ચર્ય અનુભવી સર્વ પ્રાજ્ઞજનો પદે પદે મુક્તકંઠે પોકારે છે કે 'ધન્ય અમૃતચંદ્ર !'

'આત્મખ્યાતિ'માં વ્યક્ત થતો અમૃતચંદ્રજીના આત્માનો તેવો જ પરમ 'સ્વ વિભવ'

કોણ છે એ શુદ્ધ આત્મા ? તો કે -

णवि होदि अप्पमत्तो ण पमत्तो जाणओ दु जो भावो ।
एवं भणंति सुद्धं णाओ जो सो उ सो चेव ॥६॥

નહોતો અપ્રમત્ત પ્રમત્ત ના રે, જ્ઞાયક તો જે ભાવ;
એમ કહે છે શુદ્ધ-જે રે, જ્ઞાન તે તો તે જ ભાવ... રે આત્મન્ ! વંદો સમયષાર ૬

ગાથાર્થ : જ્ઞાયક એવો જે ભાવ નથી હોતો અપ્રમત્ત નથી હોતો પ્રમત્ત, એમ 'શુદ્ધ' (જ્ઞાનીઓ) કહે છે અને જે જ્ઞાત (જાણવામાં આવેલો) તે તો તેજ છે.

આત્મખ્યાતિટીકા

कोऽसौ शुद्ध आत्मेति चेत् -

नापि भवत्यप्रमत्तो न प्रमत्तो ज्ञायकस्तु यो भावः ।
एवं भणंति शुद्धं ज्ञातो यः स तु स चैव ॥६॥

यो हि नाम स्वतः सिद्धत्वेनानादिरनन्तो नित्योद्योतो विशदज्योति**र्ज्ञायक** एको **भावः** स संसारावस्थायामनादिबंधपर्यायनिरूपणया क्षीरोदकवत्कर्मपुद्गलैः सममेकत्वेपि द्रव्यस्वभावनिरूपणया दुरंतकषायचक्रोदयवैचित्र्यवशेन प्रवर्त्तमानानां पुण्यपापनिर्वर्त्तकानामुपातवैश्वरूप्याणां शुभाशुभभावानां स्वभावेनापरिणमनात् **प्रमत्तोऽप्रमत्तश्च न भवत्येष** एवाशेषद्रव्यांतरभावेभ्यो भिन्नत्वेनोपास्यमानः **शुद्ध इत्यभिलप्यते** । न चास्य ज्ञेयनिष्ठत्वेन ज्ञायकत्वप्रसिद्धेः दाह्यनिष्कनिष्ठदहनस्येवाशुद्धत्वं, यतो हि तस्यामवस्थायां ज्ञायकत्वेन **यो ज्ञातः स** स्वरूपप्रकाशनदशायां प्रदीपस्येव कर्तृकर्मणोरनन्यत्वात् **ज्ञायक एव** ॥६॥

આત્મભાવના -

कोऽसौ शुद्ध आत्मेति चेत् - કોણ છે એ શુદ્ધ આત્મા ? તો કે नापि भवत्यप्रमत्तो न प्रमत्तो - નથી હોતો અપ્રમત્ત - ન પ્રમત્ત, કોણ ? ज्ञायकस्तु यो भावः - જ્ઞાયક જ એવો જે ભાવ, एवं भवंति शुद्धं - એમ શુદ્ધ જાણે છે-કહે છે, ज्ञातो यः स तु चैव - અને જે જ્ઞાત થયો - જાણવામાં આવ્યો, તે તો તે જ છે. ॥ इति **गाथा** आत्मभावना ॥६॥

यो हि नाम - જે ખરેખર ! નામ પ્રસિદ્ધ એવો ज्ञायक एको भावः - જ્ઞાયક એક ભાવ, स - તે, प्रमत्तोऽप्रमत्तश्च न भवति - પ્રમત્ત અને અપ્રમત્ત નથી હોતો, एष एव - આજ, अशेषद्रव्यांतरभावेभ्यो भिन्नत्वेनोपास्यमानः - અશેષ-સમસ્ત દ્રવ્યાંતરભાવોથી - અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે - પૃથક્ પણે - જૂદા પણે ઉપાસાઈ રહેલો - સેવાઈ રહેલો. આરાધાઈ રહેલો 'शुद्ध' इति अभिलप्यते - 'શુદ્ધ' એમ અભિલપાય છે, 'શુદ્ધ' - શુચિ, પવિત્ર, ચોકખો, નિર્મલ, અમિશ્ર, ભેળસેળ વગરનો, કેવલ, એક, અદ્વૈત એવા અભિધાનથી ઓળખાય છે. કેવો છે આ જ્ઞાયક એક ભાવ ? स्वतः सिद्धत्वेन अनादिरनंतो नित्योद्योतो विशद ज्योति - સ્વતઃ સિદ્ધપણાએ કરીને અનાદિ, અનંત, નિત્યોદ્યોત, વિશદ જ્યોતિ એવો.

આ જ્ઞાયક ભાવ જ્ઞાને લીધે પ્રમત્ત-અપ્રમત્ત નથી હોતો ? - संसारावस्थायाम् - સંસાર અવસ્થામાં अनादिबंधपर्यायनिरूपणया - અનાદિ બંધ પર્યાય નિરૂપણાથી - દૃષ્ટિથી - અપેક્ષાથી क्षीरोदकवत् कर्मपुद्गलैः सममेकत्वेपि - ક્ષીરોદકવત્ - ક્ષીર-નીર જેમ કર્મપુદ્ગલો સાથે એકપણામાં પણ, द्रव्यस्वभावनिरूपणया - દ્રવ્યસ્વભાવ નિરૂપણાથી - દૃષ્ટિથી-અપેક્ષાથી शुभाशुभभावानां स्वभावेनापरिणमनात् - શુભાશુભ ભાવોના સ્વભાવે અપરિણમનને લીધે કેવા અને કેટલા આ શુભાશુભ ભાવો છે ? पुण्यपापनिर्वर्त्तकानां उपात्तवैश्वरूप्याणं - પુણ્ય-પાપના નિર્વર્ત્તક-સર્જક-સર્જન હાર એવા અને 'उपात्तवैश्वरूप्यं - વૈશ્વરૂપ્ય - વિશ્વરૂપપણું ઉપાત્ત-ઉપગૃહીત કર્યું છે - ધારણ કર્યું છે જેણે એટલા. આવા અને આટલા શુભાશુભ ભાવો શાથી પ્રવર્તી રહ્યા છે ? दुरंतकषाय चक्रोदयवैचित्र्यवशेनप्रवर्त्तमानानां - દુરંત કષાયચક્રના ઉદયવૈચિત્ર્ય વશે પ્રવર્તી રહેલા, 'દુરંત' - જેનો અંત આણવો દુષ્કર છે અથવા જેનો અંત-છેવટ-પરિણામ દુષ્ટ છે એવા ક્રોધાદિ કષાયોનું दुष्यक्र - દુષ્ટ ચક્ર જેવું ચક્ર, તેના

આત્મખ્યાતિટીકાર્થ

જે નિશ્ચયથી સ્ફુટપણે સ્વતઃ સિદ્ધપણાએ કરીને અનાદિ, અનંત, નિત્યોદ્યોત વિશદ જ્યોતિ એવો **જ્ઞાયક એક ભાવ**, તે -

(૧) સંસાર અવસ્થામાં અનાદિ બંધ પર્યાય નિરૂપણાથી (દૃષ્ટિથી) ક્ષીર-નીરવત્ કર્મપુદ્ગલો સાથે એકત્વમાં પણ,

(૨) દ્રવ્ય સ્વભાવ નિરૂપણાથી (દૃષ્ટિથી)

દુરંત કષાયચક્રના ઉદય વૈચિત્ર્ય વશે પ્રવર્તી રહેલા પુણ્ય પાપ નિર્વર્તક (સર્જક) વૈશ્વરૂપ્ય (વિશ્વરૂપ પણું) ઉપાત્ત કરેલા એવા શુભાશુભ ભાવોના સ્વભાવે અપરિણમનને લીધે,

પ્રમત્ત અને અપ્રમત્ત નથી હોતો

આ જ અશેષ દ્રવ્યાંતર ભાવોથી ભિન્નપણે ઉપાસાઈ રહેલો 'શુદ્ધ' એમ અભિલપાય (કહેવાય) છે :

અને આનું - જ્ઞેયનિષ્ઠપણાએ કરી જ્ઞાયકત્વ પ્રસિદ્ધિને લીધે,

- દાહ્યનિષ્કનિષ્ઠ (દાહ્યરાશિસ્થિત) દહન (અગ્નિ) જેમ - અશુદ્ધપણું નથી, કારણકે તે અવસ્થામાં જ્ઞાયકપણે જે જ્ઞાત થયો (જાણવામાં આવ્યો), તે સ્વરૂપ પ્રકાશન દશામાં, પ્રદીપની જેમ, કર્ત્તા-કર્મના અનન્યપણાને લીધે, જ્ઞાયક જ છે. ॥૬॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવલ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંન્ત્ય સુખ સ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવ રૂપ હું છું.'' **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૭૬૦, ૮૩૩**

''કારક ચક્ક સમગ્ગ, જ્ઞાયક ભાવ વિલગ્ગ,

પરમ ભાવ સંસગ્ગ, એક રીતે રે કાંઈ થયો ગુણવગ્ગ રે...

જિણંદા તોરા નામથી મન ભીનો.'' - શ્રી દેવચંદ્રજી

ઉપરમાં **એકત્વ વિભક્ત** એવો જે શુદ્ધ આત્મા દર્શાવવાની મહા પ્રતિજ્ઞા કરી, તેઓ શુદ્ધ આત્મા કોણ છે ? તેનું સ્પષ્ટ વિધાન અત્ર **શાસ્ત્રકાર ભગવાન કુંદકુંદાચાર્યજીએ** કર્યું છે અને તેનું અપૂર્વ તત્ત્વમીમાંસન કરતાં **'આત્મખ્યાતિ' સૂત્રકર્તા શ્રીમદ્ ભગવદ્ અમૃતચંદ્રાચાર્યજી** વદે છે - 'યો હિ નામ જ્ઞાયક એકો ભાવઃ' જે

ન પ્રમત્ત ન અપ્રમત્ત જ્ઞાયક એક ભાવ તે જ શુદ્ધ

ઉદય-ફલદાન સન્મુખ વિપાકના વૈચિત્ર્ય-વિચિત્રપણાના વશે કરીને - આધીનપણાએ કરીને. આમ કષાયોદય વશે પ્રવર્ત્તતાં, પુણ્ય-પાપ નિર્વર્ત્તતા (સર્જતા) એવા વિશ્વરૂપપણું ધરતા શુભાશુભ ભાવોના સ્વભાવે અપરિણમનને લીધે - નહીં પરિણમવાપણાને લીધે જે આ જ્ઞાયક એક ભાવ પ્રમત્ત-અપ્રમત્ત નથી હોતો, તેજ 'શુદ્ધ' એમ કહેવાય છે.

ન ચાસ્ય જ્ઞેયનિષ્ઠત્વેન જ્ઞાયકત્વપ્રસિદ્ધિઃ અશુદ્ધત્વં - અને આનું - આ જ્ઞાયક શુદ્ધ ભાવનું 'જ્ઞેયનિષ્ઠપણાએ કરીને' - જ્ઞેયભાવમાં સ્થિતપણાએ કરીને જ્ઞાયકપણાની પ્રસિદ્ધિને લીધે અશુદ્ધપણું નથી. કોની જેમ ? દાહ્યનિષ્કનિષ્ઠદહનસ્યેવ 'દાહ્ય નિષ્કમાં' - દાહ્ય - દાહવા યોગ્ય ઈંધન રાશિમાં 'નિષ્ઠ' - સ્થિત 'દહન' - દહન કરનાર - દહનાર અગ્નિની જેમ. આમ જ્ઞેયનિષ્ઠ છતાં - જ્ઞેય રાશિમાં ગણના છતાં જ્ઞાયકનું અશુદ્ધપણું કેમ કયા કારણથી નથી ? તો કે - યતો હિ તસ્યામવસ્થાયાં - કારણકે સ્ફુટપણે 'તે અવસ્થામાં' - તે જ્ઞાયકની તે જ્ઞેયનિષ્ઠ દશામાં - સ્થિતિમાં જ્ઞાયકત્વેન યો જ્ઞાતઃ - જ્ઞાયકપણે જે જ્ઞાત થયો - જાણવામાં આવ્યો, સ સ્વરૂપપ્રકાશનદશાયાં જ્ઞાયક એવ - તે સ્વરૂપ પ્રકાશન દશામાં જ્ઞાયક જ જાણનાર જ છે. શાને લીધે ? કર્તૃકર્મણોરનન્યત્વાત્ - કર્ત્તા-કર્મના 'અનન્યપણાને લીધે' - અભિન્નપણાને લીધે - અપૃથક્ પણાને લીધે. કોની જેમ ? પ્રદીપસ્યેવ - પ્રદીપની જેમ. અર્થાત્ દીપક જેમ પ્રકાશ્ય અને પ્રકાશક બન્ને પોતે જ છે, તેમ કર્ત્તા રૂપ જે જ્ઞાયકભાવ તે કર્મરૂપ જ્ઞેય અવસ્થામાં પણ જ્ઞાયક જ છે, કાંઈ અન્ય જૂદો નથી, અભિન્ન જ છે, એટલે જ્ઞેયપણાએ કરીને પણ જ્ઞાયક એક ભાવનું અશુદ્ધપણું થતું નથી, પણ શુદ્ધપણું અચળ અખંડ અબાધિત જ રહે છે, એમ ભાવ છે. ॥ ઇતિ **'આત્મખ્યાતિ'** આત્મભાવના ॥૬॥

જ્ઞાયક એક ભાવ તે પ્રમત્ત અને અપ્રમત્ત નથી હોતો - 'स प्रमत्तोऽप्रमत्तश्च न भवति' આજ અશેષ દ્રવ્યાંતર ભાવોથી ભિન્નપણે ઉપાસાઈ રહેલો 'શુદ્ધ' એમ કહેવાય છે, 'एष एवाशेषद्रव्यांतर भावेभ्यो भिन्नत्वेनोपास्यमानः शुद्ध इत्यभिलप्यते', જે આ સ્ફુટપણે પ્રત્યક્ષ અનુભવાઈ રહેલો **ન પ્રમત્ત - ન અપ્રમત્ત** એવો જાણપણારૂપ **જ્ઞાયક એક ભાવ છે**, એજ અશેષ 'દ્રવ્યાંતર ભાવોથી' - સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી 'ભિન્નપણે' - પૃથક્પણે - જૂદા પણે ઉપાસાઈ રહેલો - સેવાઈ આરાધાઈ રહેલો **'શુદ્ધ'** એમ ઓળખાય છે. કેવો છે આ જ્ઞાયક એક ભાવ ? 'સ્વતઃ સિદ્ધપણાએ કરીને અનાદિ અનંત નિત્યોદ્યોત **વિશદ જ્યોતિ** એવો.' અર્થાત્ 'विशद ज्योति', વિશદ નિર્મલ-સ્વચ્છ-સ્પષ્ટ એવી અંતરમાં ઝળહળતી જ્યોતિ સ્વરૂપ છે અને એ અંતરજ્યોતિ સૂર્ય-ચંદ્રાદિ કદાચિત્ પ્રકાશમાન બાહ્ય જ્યોતિ કરતાં વિલક્ષણ એવી **'નિત્યોદ્યોત'** - સદા ઉદ્યોતવંત - ત્રણે કાળમાં અખંડ આત્મપ્રકાશથી સદા પ્રકાશમાન છે. તે જ્યોતિ નિત્યોદ્યોત શાથી છે ? **અનાદિ અનંત** છે માટે, અને અનાદિ અનંત શાથી છે ? આત્માના સહજ, સ્વભાવભૂત હોવાથી **'સ્વતઃ સિદ્ધ'** છે માટે, વસ્તુ સ્વભાવપણાથી 'સ્વ' થકી સ્વયં આપોઆપ સિદ્ધ છે માટે, આમ સ્વભાવભૂત હોઈ સ્વતઃ સિદ્ધપણાને* લીધે જ - 'स्वतः सिद्धत्वेन' તેની આદિ નથી અત્-એવ અંત નથી એટલે તે અનાદિ અનંત છે અને એટલે જ તે 'नित्योद्योतः' - નિત્યોદ્યોત છે - સ્વરૂપ પ્રકાશથી સદા ઉદ્યોતવંત - પ્રકૃષ્ટ પ્રકાશવંત છે. આવો જે સદા ઝળહળતો વિશદ જ્યોતિરૂપ **'એક'** - અદ્વૈત જ્ઞાયક ભાવ છે તે નથી પ્રમત્ત ને નથી અપ્રમત્ત, નથી સ્વરૂપ ભ્રષ્ટ થયેલો ને નથી સ્વરૂપ અભ્રષ્ટ થયેલો. તે કેવી રીતે ? શું કારણથી ? સંસાર અવસ્થાને વિષે અનાદિ બંધ પર્યાયની દૃષ્ટિએ - અપેક્ષાએ જોઈએ તો દૂધ-પાણીની જેમ કર્મ પુદ્ગલોની સાથે તેનું (આત્માનું) એકપણું છે, છતાં તેમાં પણ તે એકપણા મધ્યે પણ દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિએ-અપેક્ષાએ જોઈએ તો દુરંત કષાયચક્રના ઉદયના વિચિત્રપણા વશે કરીને પ્રવર્ત્તી રહેલા જે પુણ્ય-પાપ નીપજાવનારા એવા સર્વ પ્રકારના - વિશ્વરૂપ ધારણ કરતા શુભાશુભ ભાવો ઉપજે છે, તેના સ્વભાવે તેનું - જ્ઞાયકભાવનું અપરિણમન હોય છે, અર્થાત્ દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ જ્ઞાયક ભાવ (આત્મા) વિભાવ રૂપ શુભાશુભ ભાવોના સ્વભાવે પરિણમતો નથી. તેથી કરીને આ જ્ઞાયક એક ભાવ નથી હોતો પ્રમત્ત ને નથી હોતો અપ્રમત્ત; અને આ જ જ્ઞાયક ભાવ બીજા બધા અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે - પૃથક્પણે - અલગપણે ઉપાસાઈ રહેલો એવો **'શુદ્ધ'** કહેવાય છે અને આ જ્ઞાયક એક શુદ્ધ ભાવ જ્ઞેયપણે જાણવામાં આવ્યો, જ્ઞાયક જ્ઞેય પણ થયો, તેથી કાંઈ તેનું અશુદ્ધપણું પ્રાપ્ત થતું નથી. કારણકે જ્ઞેય તે જ્ઞાયક જ છે. એમાં ફેર પડતો નથી.

અનાદિ ભવરોગ

હવે આ અંગે વિશેષ વિચાર કરીએ. આ સંસાર અવસ્થા અર્થાત્ આત્માને લાગુ પડેલો 'આ અનાદિ ભવરોગ** મુખ્ય છે, નિરુપચરિત છે અને તે તથાપ્રકારે જન્મ-મરણાદિ વિકારોના પ્રત્યક્ષ અનુભવ વડે સર્વ પ્રાણીઓને અનુભવસિદ્ધ છે.' આ અનાદિ ભવરોગ અનાદિ એવા વિચિત્ર કર્મરૂપ કારણથી ઉત્પન્ન થયેલો છે - કોઈ પણ કાર્યનું કંઈ ને કંઈ કારણ હોવું જ જોઈએ, એ સનાતન નિયમ પ્રમાણે ભવરૂપ કાર્યનું કંઈ ને કંઈ કારણ હોવું જ જોઈએ. એટલે રોગ જેમ ચોક્કસ કારણકલાપથી ઉપજે છે, તેમ આ ભવરોગ પણ દ્રવ્ય-ભાવ ભેદથી ભિન્ન એવા વિચિત્ર કર્મરૂપ કારણથી ઉત્પન્ન થયેલો છે અને આ કર્મરૂપ નિદાન-કારણ અનાદિ છે. એટલે આ કર્મ આત્મા સાથે અનાદિનું જોડાયેલું - સંલગ્ન છે, **સંયોગ સંબંધથી** બંધાયેલું છે. પ્રકૃતિ અને પુરુષની આ જોડી અનાદિ છે, કનકપાષાણમાં સોનાનો ને માટીનો સંયોગ જેમ અનાદિ છે તેમ.

---

* "तत्त्वं सल्लाक्षणिकं सन्मात्रं वा यतः स्वतः सिद्धम् ।
तस्मादनादिनिधनं स्वसहायं निर्विकल्पं च ॥" - श्री पंचाध्यायी, २-८

** "मुख्योऽत्रात्मनोऽनादिचित्रकर्मनिदानजः ।
तथानुभवसिद्धत्वात्सर्वप्राणिभृतामिति ॥" - श्री हरिभद्राचार्यजी प्रणीत श्री योगदृष्टिसमुच्चय, श्लो. १८९

''કનકોપલવત્ પયડિ પુરુષ તણી, જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંયોગી જિહાં લગી આતમા, સંસારી કહેવાય.'' - **શ્રી આનંદઘનજી**

''જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત;
કર્તા કોઈ ન તેહનો, ભાખે જિન ભગવંત.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૨૬૬**

કર્મ-આત્માનો આ **સંયોગ સંબંધ** જો અનાદિ ન માનીએ તો આમ વિરોધ આવે છે : જો કર્મને પહેલું માનીએ તો આત્મા વિના કર્મ કર્યા કોણે ? અને તે લાગ્યા કોને ? જો કેવલ શુદ્ધ આત્માને પહેલો માનીએ તો શુદ્ધ આત્માને કર્મ લાગવાનું પ્રયોજન શું ? અને લાગે છે એમ માનીએ તો શુદ્ધ એવા સિદ્ધ આત્માને પણ કેમ નહીં લાગે ? વળી મરઘી પહેલી કે ઈંડુ પહેલું ? વૃક્ષ પહેલું કે બીજ પહેલું ? તેનો નિર્ણય જેમ કહી શકાતો નથી ને બન્ને અનાદિ જ માનવાનું પ્રાપ્ત થાય છે, તેમ અત્રે પણ કર્મ - આત્માનો બંધ સંબંધ* અનાદિ જ સંસિદ્ધ થાય છે. (આ અંગે અનાદિ શુદ્ધવાદના સવિસ્તર નિરસન અર્થે જુઓ **'લલિત વિસ્તરા' મત્કૃત વિવેચન પૃ. ૩૭૨ ઈ.**)

કર્મ-આત્માનો અનાદિ સંયોગ સંબંધ

"જીવ પહેલો કે કર્મ ? બન્ને અનાદિ છે. જીવ પહેલો હોય તો એ વિમળ વસ્તુને મળ વળગવાનું કંઈ નિમિત્ત જોઈએ. કર્મ પહેલા કહો તો જીવ વિના કર્મ કર્યા કોણે ? એ ન્યાયથી બન્ને અનાદિ છે." - શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી મોક્ષમાળા."

''મુરગી બિન ઈંડા નહીં ખ્યારે, યા બિન મુરગ કી નાર;
ભુટ્ટા બીજ વિના નહીં રે, બીજ ન ભુટ્ટા ટાર...
વિચારી કહા વિચારે રે, તેરો આગમ અગમ અથાહ.'' - **શ્રી આનંદઘન પદ, ૨૨**

આ અનાદિ કર્મ વિચિત્ર છે - નાના પ્રકારનું છે અને તે દ્રવ્ય-ભાવ ભેદમાં વિભક્ત થયેલું છે. દ્રવ્યકર્મ તે પુદ્ગલ પરમાણુરૂપ અને ભાવકર્મ તે આત્મપરિણામ રૂપ છે. રાગ-દ્વેષ-મોહ એ અશુદ્ધ આત્મપરિણામ તે ભાવકર્મ છે અને જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ તે દ્રવ્યકર્મ છે. તેમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર આત્માના મૂળ સ્વભાવભૂત ગુણની ઘાત કરનાર હોવાથી **'ઘાતિ'** કર્મ અને આયુ નામ, ગોત્ર, ને વેદનીય એ ચાર **'અઘાતિ'** કર્મ કહેવાય છે. આમ ચાર ઘાતિ અને ચાર અઘાતિ એમ આઠ મૂળ પ્રકૃતિના વળી ઉત્તર ભેદ અનેક છે અને તેના બંધના ચાર પ્રકાર છે - પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ, પ્રદેશ બંધ. તેમાં સ્થિતિ બંધ-રસ બંધ કષાયથી થાય છે અને પ્રકૃતિ બંધ-પ્રદેશ બંધ મન-વચન-કાયાના યોગથી થાય છે. તે તે કર્મોના બંધ, ઉદય, ઉદીરણા, સત્તા, કર્મ-વિચ્છેદ આદિ અનેક સૂક્ષ્મ પ્રકારો **'કર્મગ્રંથ', 'પંચાધ્યાયી' 'ગોમટ્ટસાર', ષટ્‌ખંડાગમ'** આદિ મહાગ્રંથ રત્નોથી તત્ત્વરસિકે સમજવા યોગ્ય છે.

કર્મના ભેદ ઘાતિ અઘાતિ

''પદ્મપ્રભ જિન ! તુજ મુજ આંતરું, કિમ ભાંજે ભગવંત ?
કર્મ વિપાકે હો કારણ જોઈને, કોઈ કહે મતિમંત... પદ્મપ્રભ.
પયડિ ઠિઈ અણુભાગ પ્રદેશથી, મૂળ ઉત્તર બહુ ભેદ;
ઘાતિ અઘાતિ બંધ ઉદય ઉદીરણા, સત્તા કર્મ વિચ્છેદ... પદ્મપ્રભ.'' - **શ્રી આનંદઘનજી**

''કર્મ અનંત પ્રકારના, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ.'' - **શ્રીમદ્ રાજચંદ્રપ્રણીત શ્રી આત્મસિદ્ધિ સૂત્ર-૧૦૨**

---

* **"योग्यतामन्तरेणास्य संयोगोऽपि न युज्यते ।**
सा च तत्तत्त्वमित्येवं तत्संयोगोऽप्यनादिमान् ॥" - श्रीहरिभद्राचार्यजी कृत श्री योगबिन्दु, श्लो. १०

આમ આ અનાદિ સંસાર અવસ્થામાં આ અનાદિ કર્મ સાથે બંધ પર્યાયની દૃષ્ટિએ જોઈએ તો કર્મ પુદ્‌ગલોની સાથે આત્માનું ક્ષીરનીરવત્ - દૂધ ને પાણી જેવું એકપણું છે - 'क्षीरोदकवत् कर्मपुद्‌गलैः समम् एकत्वेऽपि । અર્થાત્ કર્મપુદ્‌ગલ અને આત્માનો દૂધ ને પાણી જેમ જૂદા ન પાડી શકાય એવો એટલો બધો એક ક્ષેત્રાવગાહપણે ગાઢ સંબંધ છે કે, તે બન્નેનું જાણે એકપણું ભાસે છે. આમ બંધપર્યાયની દૃષ્ટિએ સંયોગ સંબંધથી જીવ-પુદ્‌ગલનું ભલે એકપણું છે. છતાં એકપણામાં પણ **દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિએ** જોઈએ તો પુદ્‌ગલ દ્રવ્યથી ભિન્નપણું હોઈ પુદ્‌ગલ કાંઈ જીવ નથી બની જતો ને જીવ કાંઈ પુદ્‌ગલ નથી બની જતો, એટલે બંધ સંબંધથી એક છતાં તત્ત્વથી-પરમાર્થથી તે બન્નેનું જૂદાપણું તો એમને એમ કાયમ જ છે. અર્થાત્ જ્ઞાયક આત્મા કાંઈ અજ્ઞાયક જડ બની જતો નથી ને અજ્ઞાયક, જડ જ્ઞાયક આત્મા બની જતો નથી. તેમજ જ્ઞાયક જડની અંદર જડમાં પેસી જતો નથી ને જડ જ્ઞાયકની અંદર જ્ઞાયકમાં પેસી જતો નથી, જ્ઞાયક તો જ્ઞાયક જ રહે છે, એટલે જ્ઞાયક કદી પણ જ્ઞાયક ભાવથી પ્રમત્ત-ભ્રષ્ટ થયો નથી ને થવાનો નથી. તે જ્ઞાયક ભાવ જો પ્રમત્ત જ થયો નથી ને થવાનો નથી, તો પછી અપ્રમત્ત થવાનો પ્રશ્ન જ નથી. જ્ઞાયક ભાવ શું કદી અજ્ઞાયક બની ગયો છે ? કે બની જવાનો છે ? નહિં જ. જ્ઞાયકે શું કદી જ્ઞાયકપણું છોડી દીધું છે ? કે છોડી દેવાનો છે ? નહિં જ. તો પછી એ પ્રમત્ત કેમ જ હોઈ શકે ? અને પ્રમત્ત ન હોય તો પછી અપ્રમત્ત થવાનો અવકાશ જ ક્યાં રહ્યો ?

બંધપર્યાય અપેક્ષાએ કર્મ-આત્માનું એકપણું છતાં દ્રવ્ય સ્વભાવ અપેક્ષાએ ભિન્નપણું

''જીવ, કાયા પદાર્થપણે જૂદાં છે, પણ સંબંધપણે સહચારી છે, કે જ્યાં સુધી તે દેહથી જીવને કર્મનો ભોગ છે. શ્રી જિને જીવ અને કર્મનો ક્ષીર નીરની પેઠે સંબંધ કહ્યો છે. તેનો હેતુ પણ એજ છે કે ક્ષીર અને નીર એકત્ર થયાં સ્પષ્ટ દેખાય છે, છતાં પરમાર્થે તે જૂદાં છે, પદાર્થપણે ભિન્ન છે, અગ્નિપ્રયોગે તે પાછાં સ્પષ્ટ જૂદાં પડે છે, તેમજ જીવ અને કર્મનો સંબંધ છે. કર્મનો મુખ્ય આકાર કોઈ પ્રકારે દેહ છે, અને જીવ ઈંદ્રિયાદિ દ્વારા ક્રિયા કરતો જાણી જીવ છે. એમ સામાન્યપણે કહેવાય છે, પણ જ્ઞાન દશા આવ્યા વિના જીવ કાયાનું જે સ્પષ્ટ જૂદાપણું છે, તે જીવને ભાસ્યામાં આવતું નથી, તથાપિ ક્ષીરનીરવત્ જૂદાપણું છે. જ્ઞાન સંસ્કારે તે જૂદાપણું સાવ સ્પષ્ટ વર્ત્તે છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૪૨૦, પ૦૯

આમ **બંધપર્યાયની અપેક્ષાએ** જ્ઞાયક આત્માનું જડ કર્મ પુદ્‌ગલ સાથે એકપણું છતાં **દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ** ભિન્નપણું છે, એટલે દ્રવ્યકર્મ સાથે ક્ષીરનીરવત્ ગાઢ સંબંધની અપેક્ષા લક્ષમાં લેતાં પણ આત્મા જ્ઞાયક નથી પ્રમત્ત-અપ્રમત્ત નથી. એટલું જ નહિ, પણ ચૈતન્ય વિકાર રૂપ - વિભાવ રૂપ - વિચિત્ર શુભાશુભ ભાવરૂપ - ભાવકર્મની અપેક્ષા લક્ષમાં લેતાં પણ શુદ્ધ દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિએ આત્મા પ્રમત્ત-અપ્રમત્ત નથી, - द्रव्यस्वभावनिरूपणया प्रमत्तोऽप्रमत्तश्च न भवति । શાથી ? શુદ્ધ દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિએ આ જ્ઞાયકભાવ શુભાશુભ ભાવોના સ્વભાવે પરિણમતો નથી, માટે.

જ્ઞાયક એકભાવ ન પ્રમત્ત ન અપ્રમત્ત

शुभाशुभभावानां* स्वभावेन अपरिणमनात् । આ શુભાશુભ ભાવો કેવા છે ? 'उपात्तवैश्वरूप्याणां' -વૈશ્વરૂપ્ય - વિશ્વરૂપપણું જેણે ઉપાત્ત કર્યું છે - ઉપગૃહીત કર્યું છે એવા આ શુભાશુભ ભાવો પુણ્ય પાપ નિર્વર્તક છે, - 'पुण्यपापानिर्वर्तकानां' અર્થાત્ શુભાશુભ ભાવો ગણ્યા ગણાય નહિં ને વીણ્યા વીણાય નહિં એટલા લોકપ્રમાણ અનંત - વિશ્વરૂપ છે અને તે પુણ્ય-પાપના નીપજાવનારા છે. આ વિશ્વરૂપ

---

* ''एकक्षेत्रस्थितोप्येति नात्मा कर्मगुणान्वयम् ।
तथा भव्यस्वभावत्वात्शुद्धो धर्मास्तिकायवत् ॥
यथा तैमिरिकश्चंद्रमप्येकं मन्यते द्विधा ।
अनिश्चयकृतोन्मादस्तथात्मानमनेकधा ॥'' - श्री यशोविजयजी कृत अध्यात्मसार आत्मनिश्चयाधिकार, श्लोक-१९, २०

શુભાશુભ ભાવો શાથી પ્રવર્ત્તે છે ? दुरंत कषायचक्रोदयातवा वैचित्र्यवशेन प्रवर्त्तमानानां - દુરંતકષાય ચક્રના ઉદય - વૈચિત્ર્ય વશે કરીને - પ્રવર્ત્તી રહ્યા છે. અર્થાત્ જેનો અંત-ધર્મ છેવટ પરિણામ (Result, end) દુષ્ટ છે-દારુણ છે, દુઃખિત-વિકૃત-વિકારભાવ રૂપ-વિભાવ રૂપ છે, અથવા જેનો અંત આણવો છેવટ આણવું (Termination) દુષ્કર-દુર્ઘટ-વિકટ છે, એવા 'દુરંત' કષાય દુશ્ચક્રના (Vicious Circle) ઉદયના વિચિત્રપણાના આધીનપણાએ કરીને પ્રવર્ત્તે છે. આમ પૂર્વે બાંધેલ કર્મની કષાયાદિ વિચિત્ર પ્રકૃતિ ઉદય આવી પોતપોતાનો વિચિત્ર ફલવિપાક દર્શાવે છે, ત્યારે તેના નિમિત્તે આત્માને શુભાશુભ ભાવ પ્રવર્ત્તે છે, કે જે વિભાવ રૂપ શુભાશુભ ભાવના પ્રકાર આખા વિશ્વ જેટલા-લોક પ્રમાણ છે અને જે શુભાશુભ ભાવના નિમિત્તે પુનઃ પુણ્ય-પાપ રૂપ નવો કર્મ પુદ્ગલ બંધ ઉપજે છે અને આમ પુદ્ગલમય દ્રવ્યકર્મના ઉદય થકી શુભાશુભ આત્મભાવ રૂપ **ભાવકર્મ** અને શુભાશુભ આત્મભાવ રૂપ ભાવકર્મના ઉદ્ભવ થકી પુદ્ગલમય **દ્રવ્યકર્મ** એમ સંકલના-એક બીજાની સાંકળ (Chain) ચક્ર ભ્રમણ ન્યાયે ચાલ્યા કરે છે અને દુષ્ટ અનંતચક્ર (Vicious Circle) સ્થાપિત થાય છે. એટલે કે ભાવકર્મ-દ્રવ્યકર્મનો પરસ્પર **નિમિત્ત-નૈમિત્તિકપણે** કાર્યકારણ સંબંધ છે, રાગાદિ વિભાવ રૂપ ભાવકર્મના નિમિત્ત થકી જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મની ઉત્પત્તિ થાય છે અને દ્રવ્યકર્મના નિમિત્ત થકી પુનઃ રાગાદિ ભાવકર્મની ઉત્પત્તિ થાય છે, આમ દુશ્ચક્ર ચાલે છે, પણ રાગાદિની અનુવૃત્તિ નહિ કરતાં રાગાદિને અનુસરતી વર્તના નહિ કરતાં રાગાદિ ભાવકર્મ જો અટકાવી દેવામાં આવે - જે અટકાવવું મોટરની બ્રેઈકની જેમ આત્માના પોતાના હાથની વાત છે - તો તે દુષ્ટ ચક્ર આપોઆપ તુટી પડે છે, ને કર્મ ચક્ર - ગતિ અટકી પડતાં ભવચક્ર ગતિ અટકી પડે છે.

આકૃતિ :



શુભાશુભ ભાવોના સ્વભાવે અપરિણમનને લીધે જ્ઞાયકભાવ ન પ્રમત્ત ન અપ્રમત્ત

અત્રે જેમ ભવચક્રના કારણ એવા દ્રવ્યકર્મ રૂપ કર્મ પુદ્ગલ સાથે ક્ષીરનીરવત્ સંબંધને લીધે વ્યવહારથી આત્માને કર્મસંયોગ રૂપ બહિરૂ ગત (Extrinsic) અશુદ્ધિ અથવા કર્મરજ છે, તેમ ભાવકર્મ રૂપ રાગ-દ્વેષ-મોહાદિ વિભાવભાવે પરિણમનને લીધે અશુદ્ધ નિશ્ચયથી વા વ્યવહારથી આત્માને ચૈતન્ય વિકાર પરિણામરૂપ અંતરૂ ગત (Intrinsic) અશુદ્ધિ અથવા **મલ** છે, છતાં શુદ્ધ નિશ્ચયની - શુદ્ધ દ્રવ્ય - સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો કષાય ઉદય થકી ઉપજતા વિચિત્ર શુભાશુભ ભાવોના **'સ્વભાવે'** આ જ્ઞાયકભાવ પરિણમતો નથી, અર્થાત્ આમ પરભાવના નિમિત્તાધીન પણે - કાદાચિત્કપણે ઉદ્ભવતા **વિભાવ રૂપ** રાગ દ્વેષાદિ શુભાશુભ ભાવો કાંઈ જ્ઞાયકનો સ્વભાવ બની જતા નથી ને સદા વિદ્યમાન જ્ઞાયકભાવ જ્ઞાયકભાવ છોડી રાગદ્વેષાદિ સ્વભાવી બની જતો નથી, સદા જ્ઞાયકતે જ્ઞાયક ભાવ જ રહે છે અને એટલે જ તે **નથી પ્રમત્ત** હોતો ને **નથી અપ્રમત્ત** હોતો. અત્રે **સ્ફટિકનું દૃષ્ટાંત** ઘટે છે. જેમ સ્ફટિકનો સ્વભાવ નિર્મલ-સ્વચ્છ છે, તેની પાસેમાં મૂકેલ ઉપાધિ પ્રમાણે તેમાં તેવી તેવી રંગછાયા પડે છે, રાતું ફૂલ હોય તો તેમાં રાતી ઝાંઈ પડે છે, કાળું ફૂલ હોય તો કાળી ઝાંઈ પડે છે, આમ ઉપાધિકૃત વિભાવ રૂપ અનુરંજન સ્ફટિકમાં ભલે આવતું હોય, પણ તેથી સ્ફટિક પોતે કાંઈ તેવા તેવા વર્ણે પરિણમતો નથી, નિર્મલ સ્વચ્છ સ્વભાવ છોડી રાતો કે કાળો બની જતો નથી, પણ સ્વભાવે નિર્મલ ને નિર્મલ જ રહે છે, તેમ આ જીવનો જ્ઞાયકભાવ નિર્મલ-સ્વચ્છ સ્ફટિક જેવો છે, તેમાં ભલે કર્મોપાધિને લીધે ઉદ્ભવતા એવા ઔપાધિક વિભાવભાવ રૂપ રાગાદિ શુભાશુભ

ભાવોનું અનુરંજન થતું હોય, પણ તેથી જ્ઞાયક કાંઈ તેવા તેવા ભાવોના સ્વભાવે પરિણમતો નથી, નિર્મલ શુદ્ધ જ્ઞાયક સ્વભાવ છોડી રાગાદિ સ્વભાવી બની જતો નથી, પણ સ્વભાવે નિર્મલ ને નિર્મલ જ્ઞાયક જ રહે છે, કારણકે પરઉપાધિ સાથે જેમ સ્ફટિકનો **સંયોગસંબંધ** છે, પણ તાદાત્મ્યસંબંધ નથી, તેમ કર્મજન્ય પરઉપાધિ સાથે આત્માનો સંયોગ સંબંધ છે. પણ તાદાત્મ્ય સંબંધ નથી, એટલે કર્મ ઉપાધિ રૂપ પરપ્રત્યય થકી આત્માએ સ્ફટિકમાં પડતી છાયાની જેમ જે ઔપાધિક રાગાદિ ભાવરૂપ દુષ્ટતા-મલિનતા સંગ્રહી છે, તે તેના મૂળ સ્વભાવભૂત નહિં, પણ વિભાવભૂત હોઈ - ચિદ્વિકારરૂપ હોઈ આત્માનો સ્વભાવ બની જતી નથી, સ્વભાવથી આત્માની થઈ જતી નથી. એટલે પરઉપાધિ પ્રત્યે દુર્લક્ષ કરી શુદ્ધ સ્ફટિક સ્વભાવ પ્રત્યે દૃષ્ટિ કરતાં સ્ફટિક જેમ શુદ્ધ જ છે, તેમ કર્મજન્ય પરઉપાધિ પ્રત્યે દુર્લક્ષ કરી શુદ્ધ દ્રવ્ય સ્વભાવ પ્રત્યે દૃષ્ટિ કરતાં જ્ઞાયક ભાવ શુદ્ધ જ છે, અને એટલે જ આ જ્ઞાયક ભાવ દ્રવ્યકર્મ-ભાવકર્મ બન્નેની અપેક્ષાએ પણ સ્વભાવથી ભ્રષ્ટ-પ્રમત્ત થતો નથી, તેથી નથી પ્રમત્ત હોતો ને નથી અપ્રમત્ત હોતો.

''સંગ પરિહારથી સ્વામી નિજ પદ લહ્યું, શુદ્ધ આત્મિક આનંદ પદ સંગ્રહ્યું;
જહવિ પરભાવથી હું ભવોદધિ વસ્યો, પર તણો સંગ સંસારતાએ ગ્રસ્યો.
... ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ, આપણો આતમા તેહવો ભાવીએ.
તહવિ સત્તાગુણે જીવ એ નિર્મલો, અન્ય સંશ્લેષ જિમ સ્ફટિક નવિ શામલો;
જે પરોપાધિથી દુષ્ટતા સંગ્રહી, ભાવ તાદાત્મ્યમાં માહરૂં તે નહીં... ધર્મ.'' - **શ્રી દેવચંદ્રજી**

''ચેતન શુદ્ધાતમકું ધ્યાવો... ચેતન.
પર પરચે ધામધૂમ સદાઈ, નિજ પરચેં સુખ પાવો.'' - **શ્રી આનંદઘન પદ, ૮૦**

''જિમ નિર્મળતા રે, રત્ન સ્ફટિક તણી, તેમજ જીવ સ્વભાવ,
તે જિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ... શ્રી સીમંધર.'' - **શ્રી યશોવિજયજી**

વ્યવહારથી પ્રમત્ત-અપ્રમત્ત : નિશ્ચયથી ન પ્રમત્ત - ન અપ્રમત્ત

આમ અનાદિ બંધ પર્યાયની અપેક્ષાએ કથંચિત્ સ્વરૂપ ભ્રષ્ટતા રૂપ પ્રમાદથી યુક્ત હોવાથી **વ્યવહારથી આ જ્ઞાયક ભાવ (આત્મા) પહેલા છ ગુણસ્થાનક સુધી પ્રમત્ત** ગણાય છે અને તે પ્રમાદથી વિયુક્ત થવાથી પછીના ગુણસ્થાનકમાં **અપ્રમત્ત** ગણાય છે, છતાં શુદ્ધ દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ **નિશ્ચયથી** તો તે સ્વરૂપથી અપ્રચ્યુત-અભ્રષ્ટ-અવિચલિત હોઈ **પ્રમત્ત-અપ્રમત્ત નથી.** કારણકે પ્રમત્ત-અપ્રમત્તપણું પણ કર્મ આવરણના અપગમની તરતમતાને આધીન હોઈ, મોહની માત્રા દૂર થવાની તરતમતાને આધીન હોઈ, પર વસ્તુરૂપ પુદ્ગલ કર્મ સંયોગજન્ય બંધપર્યાય વશે કરીને, એટલે વર્ત્તમાન સંસાર અવસ્થામાં વર્તતા આ બંધપર્યાય પ્રત્યે દૃષ્ટિ કરતા **પર્યાયાર્થિક નયથી** કર્મ આવરણાને લીધે સ્વરૂપ ભ્રંશથી જ્ઞાયક ભાવ (આત્મા) વ્યવહારથી ભલે પ્રમત્ત-અપ્રમત્ત કહેવાય છે, પણ મૂળ શુદ્ધ દ્રવ્ય સ્વભાવ પ્રત્યે દૃષ્ટિ કરનારા શુદ્ધ **દ્રવ્યાર્થિક નયથી** તો તે **નિશ્ચયથી** સદા સ્વરૂપસ્થિત હોઈ પ્રમત્ત-અપ્રમત્ત છે નહીં. કારણકે સ્વરૂપથી ચ્યુત-ભ્રષ્ટ-પ્રમત્ત થયો હોય તે પ્રમત્ત કહેવાય, પણ આ જ્ઞાયક સ્વભાવ (આત્મા) ઉપર વિસ્તારથી વિવરી દેખાડ્યું તેમ કદી પણ જ્ઞાયક ભાવરૂપ સ્વ સ્વરૂપથી ભ્રષ્ટ-પ્રમત્ત થયો નથી, તેથી તે પ્રમત્ત કહી શકાય એમ નથી અને અપ્રમત્ત પણ પ્રમત્ત સાપેક્ષ હોઈ પ્રમત્ત થયો હોય તો પ્રમત્તમાંથી અપ્રમત્ત થાય, પણ આ તો કદી પ્રમત્ત થયો જ નથી વા થવાનો નથી, તેથી તેને અપ્રમત્ત થવાનો પ્રસંગ જ નથી. આમ મૂળ સહજ શુદ્ધ સ્વરૂપની અપેક્ષાએ આ જ્ઞાયક ભાવ (આત્મા) કદી સ્વસ્વરૂપથી પ્રમત્ત થયો નથી ને થવાનો નથી, એટલે તે **નથી પ્રમત્ત ને નથી અપ્રમત્ત,** પણ તે તો જેમ છે તેમ સદાય જ્ઞાયક સ્વભાવમાં અવસ્થિત જ છે, **'મૂળ શુદ્ધ તે આત્મપદ'** એવો આ જ્ઞાયક ભાવ તો **સહજાત્મસ્વરૂપે** જેમ છે તેમજ ત્રિકાળાબાધિતપણે અવિચ્છિન્ન નિરંતર સ્થિતિ કરી રહ્યો છે.

આત્માનું વસ્તુગતે વસ્તુરૂપ જે સહજ આત્મસ્વરૂપ - **'સહજાત્મસ્વરૂપ'** છે તેજ શુદ્ધ સ્વરૂપ છે, કર્મ કૃત ઉપાધિજનિત કૃત્રિમ - અસહજ જે છે તે આત્માનું સહજ સ્વરૂપ નથી - વિરૂપ - વિકૃત રૂપ છે. એટલે વસ્તુગતે વસ્તુરૂપે વિચારતાં આત્માનો સહજ શુદ્ધ ભાવરૂપ જ્ઞાયકભાવ તે જ શુદ્ધ છે, તે જ શુદ્ધ આત્મારૂપ સહજાત્મસ્વરૂપ સમયસાર છે. જીવત્વ-ચેતનત્વ એ આત્માનો **પારિણામિક ભાવ** હોઈ, આત્મા ત્રણે કાળમાં ધ્રુવ નિશ્ચળ જીવપણે-ચૈતન્યપણે - જ્ઞાયકપણે જ પરિણમે એવી આ અનાદિનિધન સ્વતઃ સિદ્ધ શુદ્ધ આત્મ સ્વભાવભૂત પારિણામિક ભાવની ત્રિકાળાબાધિત અવિચ્છિન્ન અખંડ સ્થિતિ છે. આને એકલો રહેવા દઈ - if left alone - ઈતર ઉપાધિભાવોની ઉપેક્ષા કરી અંતરૂ ગત ઉપાદાન પ્રત્યે દૃષ્ટિ ઠેરવવામાં આવે તો **એકત્વ નિશ્ચયગત** આત્માનું સહજ શુદ્ધ આત્મસ્વરૂપ જેવું દેશ્ય થાય છે, તેજ આ અનાદિ પારિણામિક ભાવનું સ્વરૂપ છે. બહિરગત ઉપાધિ મધ્યે હો કે ન હો પણ જીવ તો સદા જીવત્વભાવે-ચેતનત્વ-ભાવે જ્ઞાયક ભાવે જ પરિણમે છે. આ જ્ઞાયક ભાવ પરમ પારિણામિક-સૌથી ઉપરનો (Dominant) ત્રણે કાળમાં સર્વત્ર વ્યાપકપણે વિદ્યમાન એવો અનાદિ નિધન નિરુપાધિ સ્વાભાવિક જ છે. આ અનાદિ નિધન સ્વતઃ સિદ્ધ **જ્ઞાયકભાવ** એ જ અન્ય સમસ્ત વસ્તુથી ભિન્ન આત્માનું શુદ્ધ **સહજાત્મસ્વરૂપ** છે, અને આ શુદ્ધ સનાતન પરમ પારિણામિક ભાવ પ્રત્યે દૃષ્ટિ કરતાં, કર્મજનિત ઔદયિક - ક્ષાયોપશમિક આદિ સર્વ અશુદ્ધ ભાવો મધ્યે પણ આ શુદ્ધ એક અખંડ અભેદ જ્ઞાયક ભાવનું જ શુદ્ધ તત્ત્વ ગવેષકને દર્શન થાય છે, અશુદ્ધતા મધ્યે પણ આમ દ્રવ્ય સ્વભાવ દૃષ્ટિએ દેખતાં શુદ્ધતાનું જ દર્શન થાય છે, જ્ઞાયક ભાવ ત્રણે કાળમાં શુદ્ધ શુદ્ધ ને શુદ્ધ જ પ્રતીત થાય છે. આ પારિણામિક ભાવના સ્વરૂપ અંગે પરમતત્ત્વ દેષ્ટા **અમૃતચંદ્રાચાર્યજીએ 'પંચાસ્તિકાય*ટીકામાં** પ્રકાશ્યું છે કે - 'દ્રવ્યનો આત્મલાભ - હેતુક તે પરિણામ - જે દ્રવ્યને પોતાના આત્મલાભનો - સ્વભાવ લાભનો હેતુ બન્યા કરે તે પરિણામ, અને પરિણામથી યુક્ત તે પારિણામિક. આ સ્વભાવનિબન્ધન પારિણામિક ભાવ એક છે, અનાદિ નિધન નિરુપાધિ સ્વાભાવિક જ છે. આત્મા નિશ્ચયે કરીને સંસાર-અવસ્થામાં આ પારિણામિક ચૈતન્ય સ્વભાવને અપરિત્યજંતો જ (સર્વદા પરિણમે છે.) એટલે જીવો આ સહજ ચૈતન્ય લક્ષણ પારિણામિક ભાવથી અનાદિનિધન છે' ઈત્યાદિ. અત્રે 'શુદ્ધ' એટલે શું ? તેની સ્પષ્ટતા કરતાં **પંડિતપ્રવર ટોડરમલ્લજી** પ્રકાશે છે કે -

''યહાં કોઈ કહૈ શાસ્ત્ર વિષે શુદ્ધ ચિંતવન કરનેકા ઉપદેશ કૈસે દીયા હૈ ? (જિસકા ઉત્તર) - એક દ્રવ્ય અપેક્ષા શુદ્ધપના હૈ, એક પર્યાય અપેક્ષા શુદ્ધપના હૈ. તહાં દ્રવ્ય અપેક્ષા તો પરદ્રવ્ય સે ભિન્નપના વા અપને ભાવન સે અભિન્નપના તિસકા નામ શુદ્ધપના હૈ. ઔર પર્યાય અપેક્ષા ઔપાધિક ભાવનકા અભાવ હોના તિસકા નામ શુદ્ધપના હૈ. સો શુદ્ધ ચિંતવન વિષે દ્રવ્ય અપેક્ષા શુદ્ધપના ગ્રહણ કિયા હૈ, સો સમયસાર વ્યાખ્યાન વિષે કહા હૈ.'' - **પં. ટોડરમલ્લજી કૃત મોક્ષમાર્ગ પ્રકાશ, અ. ૭**

જીવત્વ અનાદિ પારિણામિક ભાવ સહજ સ્વભાવભૂત

આવો જે નથી પ્રમત્ત ને નથી અપ્રમત્ત એવો શુદ્ધ જ્ઞાયક એક ભાવ સર્વ દ્રવ્યાંતર ભાવોથી ભિન્નપણે સાવ જૂદો તરી આવે છે. કારણકે આખા વિશ્વમાં એવું બીજું કોઈ પણ દ્રવ્ય નથી કે, જેમાં જાણપણા રૂપ જ્ઞાયકપણું હોય. તેથી **'અસાધારણ'** એવા આ જાણપણા રૂપ-જ્ઞાયકપણા રૂપ એક ભાવથી આ આત્મદ્રવ્ય ઈતર સર્વ અન્ય દ્રવ્યથી જૂદું પડે છે. એષ એવ અશેષદ્રવ્યાંતરભાવેભ્યો ભિન્નત્વેન ઉપાસ્યમાનઃ - આજ અશેષ-સર્વ દ્રવ્યાંતર ભાવોથી ભિન્નપણે જે, જ્ઞાયક એક ભાવ મુમુક્ષુઓથી

આ જ્ઞાયક એક ભાવ એ જ 'શુદ્ધ'

---

* ''દ્રવ્યાત્મલાભહેતુકઃ પરિણામઃ । પરિણામેન યુક્તઃ પારિણામિકઃ । સ્વભાવ નિબન્ધન એકઃ । (ગાથા. ૫૬)
''પારિણામિકસ્ત્વનાદિનિધનો નિરુપાધિ સ્વાભાવિક એવ । (ગાથા-૫૮)
''આત્મા હિ સંસારાવસ્થાયાં પારિણામિકચૈતન્યસ્વભાવમપરિત્યજન્નેવ'' ।
ઈત્યાદિ. (ગાથા-૬૫) (જુઓ) શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત પંચાસ્તિકાય ટીકા

ઉપાસાઈ રહ્યો છે, આરાધાઈ રહ્યો છે, તે 'શુદ્ધ' એમ કહેવાય છે, 'शुद्ध इति अभिलप्यते' । અર્થાત્ જે આ એક જ્ઞાયક ભાવ છે, તે અશેષ-બાકી બીજા બધા દ્રવ્યોના ભાવોથી જૂદો પડતો હોઈ કેવળ એક શુદ્ધ જ્ઞાયક ભાવમય આત્માનો નિશ્ચય કરાવે છે, એટલે જ જે આત્માની સ્વરૂપ પ્રાપ્તિ ઈચ્છે છે, એવા આત્માર્થીઓથી આત્માના અંતસ્તત્ત્વરૂપ આ **જ્ઞાયક ભાવ આરાધ્ય દેવની** જેમ અત્યંત ભક્તિભાવથી ઉપાસાઈ રહ્યો છે, આરાધાઈ રહ્યો છે, અને અન્ય ભાવની ભેળસેળ રૂપ મલિનતા નહીં હોવાથી - પરભાવના દ્વૈતની અશુચિ નહીં હોવાથી નિર્મલ-શુચિ-પવિત્ર એવો તે જ્ઞાયક ભાવ **'શુદ્ધ'** એમ જ્ઞાનીજનોથી સંબોધાય છે - બિરાદાવાય છે. કારણકે આદર્શ તેવી સિદ્ધિ, આરાધ્ય આદર્શ શુદ્ધ હોય તો શુદ્ધ સિદ્ધિ થાય અને આત્માર્થીઓનો આરાધ્ય એવો આ ભેદજ્ઞાન શુદ્ધ આત્મજ્ઞાન ઉપજાવનારો જ્ઞાયક ભાવ શુદ્ધ આત્મસિદ્ધિ કરાવે છે, એટલે તેને **'શુદ્ધ'** બિરૂદ ઘટે છે.

આ શુદ્ધ એજ ઉપાસ્યમાન આરાધ્ય દેવ

''ચૈતન્ય અને 'જડ' એ બે ઓળખવાને માટે તે બન્ને વચ્ચે જે ભિન્ન ધર્મ છે, તે પ્રથમ ઓળખાવો જોઈએ, અને તે ભિન્ન ધર્મમાં પણ મુખ્ય ભિન્ન ધર્મ જે ઓળખવાનો છે, તે આ છે કે 'ચૈતન્ય'માં 'ઉપયોગ' (કોઈ પણ વસ્તુનો જે વડે બોધ થાય તે વસ્તુ) રહ્યો છે અને 'જડ'માં 'તે' નથી. અહીં કદાપિ આમ કોઈ નિર્ણય કરવા ઈચ્છે કે, 'જડ'માં 'શબ્દ સ્પર્શ' 'રૂપ', 'રસ' અને 'ગંધ' એ શક્તિઓ રહી છે, અને ચૈતન્યમાં તે નથી, પણ એ ભિન્નતા આકાશની અપેક્ષા લેતાં ન સમજાય તેવી છે. કારણ તેવા કેટલાક ગુણો આકાશમાં પણ રહ્યા છે, જેવા કે, નિરંજન, નિરાકાર, અરૂપી ઈ. તો તે આત્માની સાદેશ્ય ગણી શકાય, કારણ ભિન્ન ધર્મ ન રહ્યા, પરંતુ ભિન્ન ધર્મ 'ઉપયોગ' નામનો આગળ કહેલો ગુણ તે દર્શાવે છે અને પછીથી જડ ચૈતન્યનું સ્વરૂપ સમજવું સુગમ પડે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪ (શ્રી મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી પરનો પત્ર)**

''જ્ઞાનસ્વરૂપ પણું એ આત્માનું મુખ્ય લક્ષણ છે અને તેના અભાવવાળું મુખ્ય લક્ષણ જડનું છે.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૪૭, ૫૩૪ (મહાત્મા ગાંધીજીના ૨૭ પ્રશ્નોના ઉત્તર રૂપ સુપ્રસિદ્ધ પત્ર)

અને 'આનું (આ જ્ઞાયક એક ભાવનું) જ્ઞેયનિષ્ઠપણાએ કરી જ્ઞાયકત્વ પ્રસિદ્ધિને લીધે - દાહ્યનિષ્કનિષ્ઠ દહનની જેમ - અશુદ્ધપણું નથી.' અર્થાત્ આમ આ જ્ઞાયક ભાવ જાણવામાં આવ્યો - જ્ઞેયપણે જણાયો, એથી કરીને એની જ્ઞેયમાં પણ ગણના થઈ, એટલે કે જ્ઞાયક જ્ઞેયનિષ્ઠ થયો - જ્ઞેયરાશિ મધ્યે સ્થિતપણે જ્ઞેયપણે જણાયો અને આમ જ્ઞેયનિષ્ઠપણાએ કરી જ્ઞાયક પણાની પ્રસિદ્ધિ થઈ તેથી કાંઈ આ જ્ઞાયક ભાવનું અશુદ્ધપણું થતું નથી. અર્થાત્ કોઈ એમ શંકા કરે કે આ તમે જે શુદ્ધ એવો જ્ઞાયક એક ભાવ કહ્યો, તે 'જ્ઞાયક' - જાણનાર ભાવ 'જ્ઞેય' - જણાવા યોગ્ય જણાનાર ભાવ પણ થયો, એટલે જ્ઞાયકને જ્ઞેય એમ બે ભાવ રૂપ દ્વૈતભાવ થયો, તો પછી આ જ્ઞાયક 'એક' - અદ્વૈત શુદ્ધભાવ ક્યાં રહ્યો ? આમ જ્ઞેયનિષ્ઠપણાથી તો અશુદ્ધપણું આવ્યું. એના સમાધાનમાં **આચાર્યવર્ય અમૃતચંદ્રજી** વદે છે કે - न चास्य ज्ञेयनिष्ठत्वेन ज्ञायकत्वप्रसिद्धेः अशुद्धत्वं' - જ્ઞેયનિષ્ઠપણાએ કરી જ્ઞાયકત્વપ્રસિદ્ધિને લીધે 'આનું' - આ જ્ઞાયક એક શુદ્ધભાવનું અશુદ્ધપણું નથી. કોની જેમ ? 'दाह्यनिष्कनिष्ठ दहननी जेम', - 'दाह्यनिष्कनिष्ठदहनस्येव' 'દાહ્ય' - દહાવા યોગ્ય એવા દાહ્યના 'નિષ્કમાં' રાશિમાં - બળતણના ઢગલામાં 'નિષ્ઠ' - સ્થિત 'દહનની' અગ્નિની જેમ. અર્થાત્ - 'દાહ્ય' ઈંધનને અગ્નિ દહે છે. એટલા માટે અગ્નિ 'દહન' કહેવાય છે - અગ્નિની 'દહન' રૂપે પ્રસિદ્ધિ છે, પણ 'દહનાર' 'દાહ્ય' ઈંધન અને 'દહનાર' 'દહન' અગ્નિ પ્રગટ જૂદા છે, એટલે દાહ્ય ઈંધનના રાશિ પર 'દહન' કહેવાતો અગ્નિ મૂક્યો હોય, પણ તેથી

જ્ઞેયરાશિ સ્થિત જ્ઞાયકની જ્ઞેયમાં ગણના છતાં જ્ઞાયકપણાની અશુદ્ધિ નથી : અગ્નિનું દૃષ્ટાંત

---

* ''तदेवैकं परं तत्त्वं, तदेवैकं परं पदम् ।
भव्याराध्यं तदेवैकं, तदेवैकं परं महः ॥'' - **श्री पद्मनंदिपंचविंशति, એકત્વસપ્તતિ, ૪૪**

કાંઈ 'દહન' 'દાહ્ય' બની જતો નથી. પણ દહન ને દહન જ રહે છે, આમ દાહ્ય રાશિમાં સ્થિત - દાહ્ય ઈંધનના ઢગલામાં મૂકેલા દહન ને - દાહ્યરાશિ સ્થિતપણાએ કરી 'દહનત્વ' પ્રસિદ્ધિને લીધે - કાંઈ દાહ્ય બનીજવા રૂપ અશુદ્ધપણું આવતું નથી. તેમ જ્ઞેયને આત્મા જાણે છે, એટલા માટે 'જ્ઞાયક' કહેવાય છે - આત્માની જ્ઞાયક રૂપે પ્રસિદ્ધિ છે, એટલે 'જ્ઞાયક' કહેવાતો આત્મા જ્ઞેયરાશિ સ્થિત હોય પણ તેથી કાંઈ જ્ઞાયક જ્ઞેય બની જતો નથી, પણ જ્ઞાયક ને જ્ઞાયક જ રહે છે, આમ જ્ઞાયકને - જ્ઞેયનિષ્ઠપણાએ કરી જ્ઞાયકપણાની પ્રસિદ્ધિને લીધે - જ્ઞેય બની જવા રૂપ અશુદ્ધપણું આવતું નથી. આમ અગ્નિ સાથે સાધર્મ્યથી દૃષ્ટાંતની (Comparison by scimilarity) વિચારણા છે. હવે વૈધર્મ્યથી દૃષ્ટાંતનો (Comparison by contrast) અંશ પણ અત્ર વિચારણીય છે : ત્યાં દહનાર દાહ્ય અને દહનાર દહન બન્ને જૂદા છે, એટલે દહનની દાહ્યમાં ગણના થઈ શકે એમ નથી, માત્ર દાહ્ય સાથે દાહ્ય-દાહક સંબંધને લીધે એ 'દહન' કહેવાય છે. એટલું જ, પણ અત્ર જ્ઞાયક ભાવની બા. માં તો સાવ જૂદી સ્થિતિ છે. કારણકે જ્ઞેયરાશિ સ્થિતપણામાં પણ અહીં જ્ઞાયક ભાવની બા. માં તો જ્ઞાયકપણે જણાનાર જ્ઞેય અને જાણનાર જ્ઞાયક બન્ને જૂદા નથી, ભિન્ન ભિન્ન નથી, પણ અભિન્ન જ જ્ઞાયક છે, જ્ઞેય છે તેજ જ્ઞાયક છે ને જ્ઞાયક છે તે જ જ્ઞેય છે. તેથી આમ બન્ને રીતે આ જ્ઞાયક અને જ્ઞેય નિષ્ઠપણાએ કરી જ્ઞાયકપણાની પ્રસિદ્ધિને લીધે - દાહ્યનિષ્કનિષ્ઠ દહનની જેમ - અશુદ્ધપણું પ્રાપ્ત થતું નથી.

જ્ઞેય તે જ્ઞાયક જ : સ્વરૂપ પ્રકાશન દશામાં પ્રદીપની જેમ કર્ત્તાકર્મનું અનન્યપણું

એટલા માટે જ અત્રે કહ્યું કે - 'તે અવસ્થાને વિષે જ્ઞાયક પણે જે જ્ઞાત થયો, તે સ્વરૂપ પ્રકાશન દશામાં પ્રદીપની જેમ કર્ત્તા-કર્મના તે જ્ઞેયનિષ્ઠ અવસ્થામાં આ જ્ઞાયક છે એમ જે જ્ઞાયકપણે, જ્ઞાયક સ્વરૂપે જ્ઞાત હતો, જાણવામાં આવેલો જ્ઞેય હતો, - ज्ञायकत्वेन यो ज्ञातः, તે કર્ત્તા-કર્મના અનન્યપણાને લીધે જ્ઞાયક જ છે, कर्त्ताकर्मणोरनन्यत्वात् ज्ञायक एव કોની જેમ ? स्वरूपप्रकाशनदशायां प्रदीपस्येव - સ્વરૂપ - પ્રકાશનદશામાં પ્રદીપની જેમ. અર્થાત્ જેમ સ્વરૂપ પ્રકાશન દશામાં દીવો પ્રકાશક છે અને પ્રકાશન પણ પ્રકાશ્ય એવા દીવાનું છે, તેથી કર્ત્તા-કર્મનું અનન્યપણું - અભિન્નપણું છે : તેમ સ્વરૂપ-પ્રકાશન - જ્ઞાપન દશામાં પ્રકાશક - જ્ઞાપક જ્ઞાયક છે અને પ્રકાશન - જ્ઞાપન પણ જ્ઞેય એવા જ્ઞાયકનું છે, તેથી કર્ત્તા કર્મરૂપ જ્ઞેય-જ્ઞાયકનું અનન્યપણું - અભિન્નપણું છે. આમ જે જ્ઞેય એવો આત્મા છે તે જ જ્ઞાયક એવો આત્મા છે, જે જ્ઞેય છે તે જ જ્ઞાયક છે ને જે જ્ઞાયક છે તે જ જ્ઞેય છે. એટલે આમ કર્ત્તા-કર્મના અનન્યપણાથી જ્ઞેય-જ્ઞાયકના અભિન્નપણાને લીધે-અનન્યપણાને લીધે, જ્ઞેય-નિષ્ઠપણાએ કરીને પણ આ જ્ઞાયક એકભાવનું અશુદ્ધપણું સંભવતું નથી.

અને અશુદ્ધપણું તો પરવસ્તુના સંસર્ગ-સંયોગથી - દ્વૈતથી સાંપડે, પણ જ્ઞેય આત્મા અને જ્ઞાયક પણ આત્મા એમાં પરવસ્તુના સંસર્ગ-સંયોગની - દ્વૈતની વાર્ત્તા જ નથી, તેમાં તો કેવલ એક અદ્વૈત જ્ઞાયક ભાવની (આત્માની) જ વાત છે, સકલ પરભાવ-વિભાવથી વિરહિત એવા અદ્વૈત એક શુદ્ધ જ્ઞાયક સ્વભાવભૂત આત્માની જ વાત છે. આમ સર્વથા સ્વગુણપર્યાયથી અભિન્ન જ્ઞાયક એકભાવ એજ સર્વ પરદ્રવ્યથી ભિન્ન એવો શુદ્ધ આત્મા છે, એમ અખંડ નિશ્ચય સિદ્ધાંત સ્થાપિત થયો.



દર્શન-જ્ઞાન-ચારિત્રવંત પણાએ કરીને અશુદ્ધપણું છે. એમ જો કહો તો -

ववहारेणुवदिस्सइ णाणिस्स चरितं दंसणं णाणं ।
णवि णाणं ण चरितं ण दंसणं जाणगो सुद्धो ॥७॥

વ્યવહારે ઉપદેશાય જ્ઞાનીના રે, ચરિત્ર દર્શને જ્ઞાન;
ન જ્ઞાન ન ચરિત્ર દર્શન ના રે, જ્ઞાયક શુદ્ધ જ જાણ... રે. આત્મ ! વંદો સમયસાર ॥૭॥

ગાથાર્થ : વ્યવહારથી જ્ઞાનીના ચારિત્ર-દર્શન-જ્ઞાન ઉપદેશાય છે, (પણ) નથી જ જ્ઞાન, નથી ચારિત્ર, નથી દર્શન, જ્ઞાયક શુધ્ધ છે.

आत्मख्यातिटीका

दर्शनज्ञानचारित्रवत्त्वेनाशुद्धत्वमिति चेत् -

व्यवहारेणोपदिश्यते ज्ञानिनश्चरित्रं दर्शनं ज्ञानम् ।
नापि ज्ञानं न चारित्रं न दर्शनं ज्ञायकः शुद्धः ॥७॥

आस्तां तावद्बंधप्रत्ययात् ज्ञायकस्याशुद्धत्वं दर्शनज्ञानचारित्राण्येव न विद्यंते । यतोह्यनंतधर्मण्येकस्मिन् धर्मिण्यनिष्णातस्यांतेवासिजनस्य तदवबोधविधायिभि कैश्चिद्धर्मैस्तमनुशासतां सूरीणां धर्मधर्मिणां स्वभावतोऽभेदेपि व्यपदेशतो भेदमुत्पाद्य **व्यवहारमात्रेणैव ज्ञानिनो दर्शनं ज्ञानं चारित्रमित्युपदेश,** परमार्थतस्त्वेकद्रव्यनिष्पीतानंतपर्यायतयैकं ।

किंचिन्मिलितास्वादमभेदमेकस्वभावमनुभवतो ।
न दर्शनं न ज्ञानं न चारित्रं ज्ञायक एवैकः शुद्धः ॥७॥

आत्मभावना -

दर्शनज्ञानचारित्रवत्त्वेनाशुद्धत्वमिति चेत् - દર્શન-જ્ઞાન-ચારિત્રવંતપણાએ કરીને (ઉક્તિ જ્ઞાયક ભાવનું) અશુદ્ધપણું છે, એમ જો શંકા કરો તો - व्यवहारेणोपदिश्यते - વ્યવહારથી ઉપદેશાય છે. શું ? ज्ञानिनश्चारित्रं दर्शन ज्ञानं - જ્ઞાનીના ચારિત્ર દર્શન-જ્ઞાન (પણ નિશ્ચયથી તો) नापि ज्ञानं न चारित्रं न दर्शनं - નથી જ જ્ઞાન, નથી ચારિત્ર, નથી દર્શન. ત્યારે છે શું ? ज्ञायकः शुद्धः - જ્ઞાયક શુદ્ધ ॥ इति गाथा **आत्मभावना** ॥७॥

आस्तां तावद् बंधप्रत्ययाज्ज्ञायकस्याशुद्धत्वं - બંધપ્રત્યયથી - બંધ નિમિત્ત થકી જ્ઞાયકનું અશુદ્ધપણું તો દૂર રહો ! दर्शन-ज्ञानचारित्राण्येव न विद्यंते - દર્શન-જ્ઞાન-ચારિત્ર જ નથી. વિદ્યમાન છે નહીં. શા કારણથી ? यतो - કારણકે - धर्मधर्मिणां स्वभावतोऽभेदेऽपि - ધર્મો અને ધર્મીનો સ્વભાવથી અભેદ છતાં व्यपदेशतो भेद मुत्पाद्य - વ્યપદેશથી - નામનિર્દેશાદિથી ભેદ ઉપજાવી, व्यवहारमात्रेणैव - વ્યવહારમાત્રથી જ, ज्ञानिनो दर्शनं ज्ञानं चारित्रं - જ્ઞાનિના - જ્ઞાયક આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્ર ઇત્યુપદેશઃ એવો ઉપદેશ છે. કોને ? કોનો ? अनंत धर्मण्येकस्मिन् धर्मिण्यनिष्णातस्यांते - वासिजनस्य - અનંતધર્મ જેમાં છે એવા એક ધર્મીમાં અનિષ્ણાત-અકુશલ, અપટુ અંતેવાસિજનને - સમીપવાસી શિષ્યજનને, तदवबोधविधायिभि कैश्चिद्धर्मै - તેનો - તે ધર્મીનો અવબોધ 'અવ' - વસ્તુમર્યાદા પ્રમાણે બોધ કરાવનારા - સમજણ પાડનારા કોઈ ધર્મો વડે तमनुशासतासूरीणां - તેને 'અનુશાસતા' - અનુશાસન કરતા-અનુશિક્ષણ આપતા 'સૂરિઓનો' - સૂર્ય સમા તેજસ્વી આચાર્યોનો - ગુરુઓનો. ભલે આમ વ્યવહારથી ઉપદેશ હો, પણ પરમાર્થથી શી સ્થિતિ છે ? परमार्थतस्तु - પણ 'પરમાર્થથી' - નિશ્ચયથી - તત્ત્વથી તો एकद्रव्यनिष्पीतानंतपर्यायतया - એક દ્રવ્યથી 'નિષ્પીત' - નિતાંતપણે સર્વથા પીવાઈ ગયેલ અનંત પર્યાયતાએ - પર્યાયપણાએ કરીને एकं किंचिन्मिलितास्वादमभेदमेक स्वभावमनुभवता - 'એક' - અદ્વિતીય - 'અદ્વૈત કિંચિત્ મિલિતાસ્વાદ' - કંઈક મળેલા (મિશ્ર) આસ્વાદવાળો 'અભેદ' - ભેદ રહિત એક સ્વભાવ અનુભવંતાને, શું ? न दर्शनं न ज्ञानं न चारित्रं - નથી દર્શન, નથી જ્ઞાન, નથી ચારિત્ર. ત્યારે છે શું ? ज्ञायक एवैकः शुद्धः - જ્ઞાયક જ' - **કેવલ જ્ઞાયક જ 'એક'** - અદ્વિતીય - અદ્વૈત શુદ્ધ. इति **'आत्मख्याति'** आत्मभावना ॥७॥

આત્મખ્યાતિ ટીકાર્થ

બંધપ્રત્યય થકી જ્ઞાયકનું અશુદ્ધપણું તો દૂર રહો ! દર્શન-જ્ઞાન-ચારિત્ર જ નથી વિદ્યમાન. કારણકે - અનંત ધર્મવાળા એક ધર્મીમાં અનિષ્ણાત અંતેવાસી (શિષ્ય) જનને, તેનો અવબોધ કરાવનારા કોઈ ધર્મો વડે તેને અનુશાસતા (ઉપદેશતા) સૂરિઓનો - ધર્મ-ધર્મીનો સ્વભાવથી અભેદ છતાં વ્યપદેશથી ભેદ ઉપજાવી - **વ્યવહારમાત્રથી જ 'જ્ઞાનીના દર્શન-જ્ઞાન-ચારિત્ર' એવો ઉપદેશ છે,**

પણ પરમાર્થથી તો - એક દ્રવ્યથી નિષ્પીત અનંત પર્યાયતાએ કરીને એક કિંચિત્ મિલિત આસ્વાદવાળો અભેદ એક સ્વભાવ અનુભવંતાને (જ્ઞાનીને) **નથી દર્શન, નથી જ્ઞાન, નથી ચારિત્ર-જ્ઞાયક જ એક શુદ્ધ છે.** ॥૭॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દ્રવ્ય અને ગુણનું અનન્યત્વ-અવિભક્તત્વ એટલે પ્રદેશભેદ રહિતપણું છે, ક્ષેત્રાંતર નથી. દ્રવ્યના નાશથી ગુણનો નાશ અને ગુણના નાશથી દ્રવ્યનો નાશ થાય એવો ઐક્યભાવ છે. દ્રવ્ય અને ગુણનો ભેદ કહીએ છિયે તે કથનીથી છે, વસ્તુથી નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૯૪**

''ગ્રહ નક્ષત્ર તારા ચંદ્રની, જ્યોતિ દિનેશ મઝાર રે;
દર્શન જ્ઞાન ચરણ તણી, શક્તિ નિજાતમ ધાર રે...
... ધરમ પરમ અરનાથનો.'' - **શ્રી આનંદઘનજી**

વ્યવહારથી જ જ્ઞાનિના દર્શન - જ્ઞાન - ચારિત્ર : નિશ્ચયથી જ્ઞાયક એક શુદ્ધ

ઉપરમાં જ્ઞાયક એક શુદ્ધ ભાવની વાત કરી, ત્યારે કોઈ કહેશે કે દર્શન-જ્ઞાન-ચારિત્રવંત આત્મા કહેવાય છે, તેથી આ દર્શન-જ્ઞાન-ચારિત્રવંતપણાએ કરીને જ્ઞાયકનું અશુદ્ધપણું છે, આપે તો એક અદ્વૈત જ્ઞાયક ભાવ કહ્યો, પણ આ તો દર્શન-જ્ઞાન-ચારિત્ર એમ અનેક ભાવવંતપણુ - દ્વૈતપણું પ્રાપ્ત થાય છે અને તેથી એનું અશુદ્ધપણું પ્રગટ છે તેનું કેમ ? તેનું સમાધાન કરતાં **શાસ્ત્રકારે** આ ગાથા કહી છે અને તેનું અપૂર્વ તત્ત્વવ્યાખ્યાન પ્રકાશતાં **'આત્મખ્યાતિ'** સૂત્રકર્તા ઉપર કહ્યું એથી પણ આગળ વધીને કહે છે - 'आस्तां तावद् बंधप्रत्ययाज्ज्ञायकस्य अशुद्धत्वं' - બંધપ્રત્યય થકી જ્ઞાયકનું અશુદ્ધપણું તો દૂર રહો ! 'દર્શન-જ્ઞાન-ચારિત્ર જ વિદ્યમાન છે નહિ.' અર્થાત્ બંધ પ્રત્યય થકી-બંધના નિમિત્ત થકી જ્ઞાયકનું અશુદ્ધપણું હોવું તો દૂર રહો, પણ જ્ઞાનિના દર્શન-જ્ઞાન-ચારિત્ર જ છે નહિ, જ્ઞાયક ભાવ રૂપ આત્માથી સ્વતંત્ર જૂદું અસ્તિત્વ ધરાવતા નથી. પરભાવ રૂપ બહિરૂગત પુદ્ગલ કર્મના સંબંધ થકી કે વિભાવ રૂપ અંતરગત ચૈતન્ય વિકારમય ભાવકર્મના સંબંધ થકી જ્ઞાયક ભાવનું અશુદ્ધપણું થતું નથી, એટલું જ નહિ પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માના સ્વગત-અંતરગત અંગભૂત સ્વભાવભૂત ગુણ ગણાય છે, તેથી પણ જ્ઞાયક એવા જ્ઞાનીનું-આત્માનું અશુદ્ધપણું પ્રાપ્ત થતું નથી, તો પછી બીજાનું તો પૂછવું જ શું ? આનું કારણ શું ? - 'धर्मधर्मिणां स्वभावतोऽभेदेऽपि' - ધર્મો અને ધર્મીનો સ્વભાવથી અભેદ છતાં, 'વ્યપદેશથી ભેદ ઉપજાવી, *વ્યવહાર માત્રથી જ જ્ઞાનીના દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો ઉપદેશ છે.' કોને ? કોનો ? અનંત ધર્મ જેમાં રહ્યા છે એવા એક ધર્મીમાં 'અનિષ્ણાત' - અપટુ - અકુશલ - 'અંતેવાસી જનને' - સમીપવાસી શિષ્યજનને, તે ધર્મીનો 'અવબોધ' કરાવનારા - 'અવ' - વસ્તુ મર્યાદા પ્રમાણે બોધ સમજણ પાડનારા કોઈ ધર્મો વડે તેને 'અનુશાસતા' - અનુશાસન કરતાં - 'સૂરિઓનો' - આચાર્યોનો. ભલે આમ વ્યવહારથી ઉપદેશ હો, પણ પરમાર્થથી શી સ્થિતિ છે ? **પરમાર્થથી નિશ્ચયથી -**

---

* **''निश्चयैकदृशा नित्यं तदेवैकं विदात्मकम् ।**
प्रपश्यामि गतभ्रान्तिर्व्यवहारदृशापरम् ॥'' - શ્રી પદ્મનંદિ પંચ. એકત્વસપ્તતિ, શ્લો. ૧૭

તો એક દ્રવ્યથી અનંત પર્યાયનું નિષ્પીતપણું છે - અનંત પર્યાય પીવાઈ ગયા પણું છે. તેથી કરીને એક કંઈક મળેલા - મિશ્ર આસ્વાદવાળો અભેદ એક સ્વભાવ જે અનુભવી રહ્યો છે, એવા તેને તો નથી દર્શન - નથી જ્ઞાન - નથી ચારિત્ર, કેવલ જ્ઞાયક જ એક શુદ્ધ છે, 'ज्ञायक एवैकः शुद्धः' । હવે આ વ્યાખ્યાનો વિશેષ વિચાર કરીએ -

ધર્મ-ધર્મી અભેદ છતાં વ્યપદેશ ભેદ ઉપજાવી શિષ્ય બોધાર્થ વ્યવહાર ઉપદેશ

કોઈ એક શિષ્ય છે. તેને અનંત ધર્મ - ગુણ જેમાં રહ્યા છે એવા એક ધર્મીનું - ગુણીનું ભાન નથી. તેને ગુરુ એ ધર્મીનો લક્ષ કરાવવા ઈચ્છે છે. એટલે તે ધર્મીના કેટલાક ધર્મ જે તે શિષ્યને પરિચિત છે - જાણીતા છે, તે પરથી ગુરુ તેને સમજાવે છે કે જો ! આ ધર્મ જેમાં છે તે જ તે ધર્મી છે, જો કે ધર્મ ધર્મીથી જૂદા નથી, પણ શિષ્યને સમજાવવાના વ્યવહાર માટે જ વ્યપદેશથી - નામ નિર્દેશ આદિથી તેનો કૃત્રિમ ભેદ ઉપજાવી, 'व्यपदेशतो भेदमुत्पाद्य', આ ધર્મીના આ આ ધર્મ છે એમ શિષ્યને ઉપદેશ કરે છે. તેમ અનાત્મજ્ઞ એવો કોઈ એક શિષ્ય છે તેને અનંત ગુણ-ધર્મ જેમાં રહ્યા છે. એવા એક ધર્મી આત્માનું ભાન નથી - જાણપણું નથી. તેને **આત્મજ્ઞ સદ્‌ગુરુ** એ ધર્મી આત્માનો બોધ કરાવવા ઈચ્છે છે. એટલે તે ધર્મી આત્માના કેટલાક ગુણધર્મ જે શિષ્યને પરિચિત છે - જાણીતા છે - પ્રસિદ્ધ છે, તે પરથી **આત્મારામી સદ્‌ગુરુ** તેને સમજાવે છે કે - જો ! આ દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણધર્મ જેમાં છે, તે જ આ આત્મા છે, જે દેખે છે જાણે છે આચરે છે તે આત્મા છે. તું ઘટપટ આદિને દેખે છે - જાણે છે તેથી તેને માને છે, પણ તે દેખનાર-જાણનાર જે છે તે આત્માને તું દેખતો નથી-જાણતો નથી ને માનતો નથી એ કેવું આશ્ચર્ય છે ? તું આત્માના હોવાપણાની શંકા કરે છે, પણ તે આત્મા તું પોતે જ છો, તે શંકા જે કરે છે તે શંકાનો કરનારો જ તું આત્મા છે, છતાં શંકા કરે છે એ જ મહદ્ આશ્ચર્ય છે ! આમ જો કે દર્શનાદિ ધર્મ ધર્મી આત્માથી જૂદા નથી, પણ શિષ્યને સમજાવવાના માત્ર વ્યવહાર માટે જ વ્યપદેશથી-નામ નિર્દેશાદિથી તેનો કૃત્રિમ-બનાવટી (artificial) ભેદ ઉપજાવી - ઉત્પાદન કરી, શ્રી સદ્‌ગુરુ આ ધર્મી આત્માના આ આ દર્શન-જ્ઞાનાદિ ગુણધર્મ છે. એમ શિષ્યને ઉપદેશે છે.

''ઘટ પટ આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનાર તે માન નહિં, કહિયે કેવું જ્ઞાન ?
આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરિજ એહ અમાપ.''

- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત શ્રી આત્મસિદ્ધિ સૂત્ર-૫૫, ૫૮

''ધરમી ધરમ એકતા, તે મુજ રૂપ અભેદ રે.'' **- શ્રી આનંદઘનજી**

ધર્મ-ધર્મીનો વ્યપદેશથી ભેદ : વસ્તુતઃ અભેદ

અત્રે એવી શંકા સંભવે છે કે, આ "ધર્મીનો આ ધર્મ એમ વ્યપદેશાદિથી જો ભેદ છે તો ધર્મ-ધર્મી જૂદા કેમ નહિં ? કારણ 'આનું આ' એમ છઠ્ઠી વિભક્તિનો વ્યપદેશ પ્રગટ ભેદ દર્શાવે છે. આનું સમાધાન છે છે કે-ના, એમ નથી. વ્યપદેશથી ભલે ધર્મ-ધર્મીનો વા ગુણ-ગુણીનો ભેદ ભાસતો હો, પણ વસ્તુતઃ તો બન્નેનો અભેદ જ છે. આ અંગે **પંચાસ્તિકાયમાં*** (ગા. ૪૩ થી ૪૮) નિષ્ણુષ સમાધાન કહ્યું છે, તેમ - (૧)'જ્ઞાનથી જ્ઞાની ભેદ પામતો નથી, જ્ઞાનો અનેક હોતા નથી, તેથી જ્ઞાનીઓથી દ્રવ્ય વિશ્વરૂપ કહેવાયું છે. (૨)જો દ્રવ્ય ગુણથી અન્ય હોય અને ગુણો દ્રવ્યથી અન્ય હોય તો દ્રવ્યનું અનંતપણું વા

---

* આ ધર્મી અંગે પંચાધ્યાયીમાં કહ્યું છે કે - 'વ્યવહરણ વ્યવહાર એમ શબ્દાર્થથી છે, તે પરમાર્થ નથી. જેમકે - સત્ અભેદ છતાં ગુણ - ગુણીનું ભેદકરણ. તે સત્ નો સાધારણ ગુણ વા અસાધારણ ગુણ વિવક્ષ્ય (કહેવાનો) હોય ત્યારે વ્યવહારનય શ્રેય છે. આ વ્યવહારનયનું ફલ આ છે - અનંત ધર્મવાળા એક ધર્મીની આસ્તિક્યમતિ હોય, કારણકે ગુણ - સદ્‌ભાવે નિયમથી, દ્રવ્યાસ્તિત્વનું (દ્રવ્યના હોવાપણાનું) સુપ્રતીતપણું હોય છે.' - તે મૂળ શ્લોકો આ પ્રમાણે -

દ્રવ્યનો અભાવ હોય. (૩) દ્રવ્ય-ગુણોનું અવિભક્ત અનન્યપણું છે, વિભક્ત અન્યપણું વા વિભક્ત અનન્યપણું નિશ્ચયજ્ઞો ઈચ્છતા નથી. (૪) વ્યપદેશો, સંસ્થાન, સંખ્યા અને વિષયો તે અનેક હોય છે, તે તેઓના અન્યપણામાં તેમ અનન્યપણામાં પણ વિદ્યમાન છે. (૫) જ્ઞાન જેમ જ્ઞાની કરે છે અને ધન ધની કરે છે, એમ બે પ્રકારે તત્ત્વજ્ઞો પૃથક્ત્વ અને એકત્વ કહે છે. (૬) જ્ઞાની અને જ્ઞાન સદા અન્યોન્ય અર્થાંતરિત (જૂદા અર્થ) જો હોય, તો બન્નેનાં અચેતનપણાનો પ્રસંગ આવે, કે જે સમ્યક્‌રૂપણે જિનાવમત (જિનને અમાન્ય) છે.** આ ગાથાઓની પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ કરેલો અત્યંત પરિસ્ફુટ પરમ તલસ્પર્શી તાત્ત્વિક મીમાંસા પરથી ફલિત થાય છે કે ધર્મ-ધર્મીનો વ્યપદેશથી ભેદ પાડવામાં આવતાં છતાં વસ્તુતઃ અભેદ જ છે. સ્પર્શાદિ ગુણ સાથે પરમાણુની જેમ અવિભક્ત પ્રદેશપણાએ કરીને અનન્યપણું જ છે, પણ અત્યંત દૂરવર્ત્તી સહ્યાચલ-વિંધ્યાચલની જેમ વિભક્ત પ્રદેશપણાએ કરીને અન્યપણું નથી, કે અત્યંત નિકટવર્ત્તી દૂધ-પાણીની જેમ વિભક્ત પ્રદેશપણાએ કરીને અનન્યપણું પણ નથી, અર્થાત્ ગુણનો પ્રદેશ જૂદો ને ગુણીનો પ્રદેશ જૂદો એમ ગુણ-ગુણીનું વિભક્ત પ્રદેશપણા રૂપ અન્યપણું કે વિભક્ત પ્રદેશપણા રૂપ અનન્યપણું નથી, પણ જે ગુણનો પ્રદેશ તે જ ગુણીનો પ્રદેશ એમ અવિભક્ત પ્રદેશપણા રૂપ અનન્યપણું જ છે. એટલે આ ઉક્ત સર્વ અપેક્ષા લક્ષમાં રાખી ગુણ-ગુણીનો વા ધર્મ-ધર્મીનો વ્યપદેશથી ભેદ પાડવામાં આવે છે. તેમાં વિરોધ નથી અને તે વસ્તુતત્ત્વને બાધક નથી.

અને પ્રકૃતમાં પણ આજ સર્વ અપેક્ષાનો આશય લક્ષમાં રાખી જ્ઞાનીના દર્શન-જ્ઞાન-ચારિત્ર

"व्यवहरणं व्यवहारः स्यादिति शब्दार्थतो न परमार्थ ।
स यथा गुणगुणिनोरिह सदभेदे भेदकरणं स्यात् ॥
साधारण गुण इति वा यदि वाऽसाधारणः सतस्तस्य ।
भवति विवक्ष्यो हि यदा व्यवहारनयस्तदा श्रेयान् ॥
फलमास्तिक्य भति स्यादनन्तधर्मैकधर्मिणस्तस्य
गुणसद्भावे नियमाद् द्रव्यास्तित्वस्य सुप्रतीतत्वात् ॥" - 'पंचाध्यायी'-५२२, ५२४

* ण वियप्पदि णाणादो णाणी णाणाणि होंति णेगाणि ।
तह्मा दु विस्सरूवं भणियं दवियत्ति णाणीहिं ॥
जहि हवदि दव्वमण्णं गुणदो य गुणा य दव्वदो अण्णे ।
दव्वा पंतियमधवा दव्वाभावं पकुव्वंति ॥
अविभत्तमणण्णत्तं दव्वगुणाणं विभत्तमण्णत्तं ।
णिच्छंति णिच्चयण्हू तव्विवरीदं हि वा तेसिं ॥
ववदेसा संठाणा संखा विसया य होंति ते बहुगा ।
ते तेसिमणण्णत्ते अण्णत्ते चावि विज्जंते ॥
णाणं धणं च कुव्वदि धणिणं जह णाणिणं सदुविधेहिं ।
भण्णंति तह पुधत्तं एयत्तं चावि तच्चाहू ॥
णाणी णाणं च सदा अत्थं तरिदा दु अण्ण मण्णस्स ।
दोण्हं अचेदणत्तं पसजदि सम्मं जिणावमदं ॥"

- શ્રી પંચાસ્તિકાય ગા. ૪૩ થી ૪૮ (જુઓ આચાર્યવર્ય અમૃતચંદ્રજીની ટીકા)

** આ ગાથાઓની પરમ તાત્ત્વિક મીમાંસા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ કરી છે - (૧) જ્ઞાની જ્ઞાનથી પૃથક્ હોતો નથી, બન્નેનું એકાસ્તિત્વથી નિર્વૃત્તપણાએ કરીને એકદ્રવ્યપણું છે માટે, બન્નેનું અભિન્ન પ્રદેશપણાએ કરીને એકક્ષેત્ર પણું છે માટે, બન્નેનું એક સમયે નિર્વૃત્તપણાએ કરીને એક કાલપણું છે માટે, બન્નેનું એક સ્વભાવપણાએ કરીને એકભાવપણું છે માટે અને એમ કહેવામાં આવ્યે પણ એક આત્મામાં આભિનિબોધિક આદિ અનેક જ્ઞાનો વિરોધ પામતા નથી, દ્રવ્યનું વિશ્વરૂપ પણું છે માટે. કારણકે દ્રવ્ય સહપ્રવૃત્ત-ક્રમ પ્રવૃત્ત અનંત ગુણપર્યાયની આધારતાએ કરીને અનંત રૂપપણાને લીધે એક છતાં વિશ્વરૂપ કહેવાય છે. (૨) દ્રવ્યના ગુણોથી ભેદગમાં અને ગુણોના દ્રવ્યથી ભેદમાં આ દોષ આવે છે. (અ) ગુણો ક્વચિત્ આશ્રિત છે, જ્યાં આશ્રિત છે તે દ્રવ્ય છે, તે જો ગુણોથી અન્ય હોય તો પુનરપિ ગુણો ક્વચિત્ આશ્રિત છે, જ્યાં આશ્રિત છે તે દ્રવ્ય છે, તે પણ જો ગુણોથી અન્ય હોય તે પુનરપિ ગુણો ક્વચિત્ આશ્રિત છે, જ્યાં આશ્રિત છે તે દ્રવ્ય છે, તે પણ ગુણોથી અન્યજ છે, એમ દ્રવ્યના ગુણોથી ભેદમાં દ્રવ્યાનન્ત્ય દ્રવ્યનું અનંતપણું થાય છે. (બ) દ્રવ્ય છે તે ગુણોનો સમુદાય છે. ગુણો જો સમુદાયથી અન્ય હોય, તો સમુદાય શો વારુ ? એમ ગુણોના દ્રવ્યથી

અત્રે માત્ર વ્યવહારથી છે, એમ સૂરિઓનો - **સહજાત્મસ્વરૂપના** દિવ્ય પ્રકાશથી સૂર્ય સમા પ્રકાશમાન આચાર્ય ભગવંતોનો - આત્મજ્ઞાની આત્મારામી સદ્‌ગુરુઓનો શિષ્યના હિત હેતુએ ઉપદેશ છે. કારણકે અનંત ધર્મવાળા એક ધર્મીમાં જે અનિષ્ણાત-અકુશલ છે, અનંત ધર્મથી યુક્ત એવા એક ધર્મીનું સ્વરૂપ જાણવા રૂપ કુશલપણું જેનામાં નથી, એવા અબૂઝ અંતેવાસી જનને - વિનેય શિષ્ય જનને સમજાવવાને માટે, તે એક ધર્મીનો અવબોધ કરતા-સમજણ પાડતા કોઈ ધર્મો વડે **શ્રી સદ્‌ગુરુ** તેને 'અનુશાસન' કરે છે, સનાતન સદ્‌ગુરુ પરંપરાને અનુસરતું શાસન-શિક્ષણ - ઉપદેશન કરે છે, અને તેટલા માટે જ ધર્મ-ધર્મીનો સ્વભાવથી અભેદ છતાં વ્યપદેશથી ભેદ પડાવી, **વ્યવહારમાત્રથી જ જ્ઞાનીનું દર્શન-જ્ઞાન-ચારિત્ર છે'** એવો ઉપદેશ પરમકૃપાળુ **શ્રીમદ્ સદ્‌ગુરુ ભગવંત** કરે છે, વ્યવહારમાત્રેણૈવ જ્ઞાનિનો દર્શનં જ્ઞાનં ચારિત્રં ઇતિ ઉપદેશઃ ।

પણ પરમાર્થતસ્તુ - પરમાર્થથી તો એકદ્રવ્યનિષ્પીતાનંતપર્યાયતયા - એક દ્રવ્યથી નિષ્પાત (નિતાંતપણે પીવાઈ ગયેલ) અનંત પર્યાયતાએ કરીને એક કિંચિત્ મિલિત આસ્વાદવાળો - 'एकं किंचित् मिलितास्वादं' અભેદ એક સ્વભાવ અનુભવંતાને (જ્ઞાનીને) 'अभेदमेकस्वभावमनुभवतो' નથી દર્શન, નથી જ્ઞાન, નથી ચારિત્ર - જ્ઞાયક જ એક શુદ્ધ છે, 'ज्ञायक एव एकः शुद्धः । અર્થાત્ પરમાર્થથી તો એક દ્રવ્યથી અનંત પર્યાય નિષ્પીત - નિતાંતપણે સર્વથા પીવાઈ ગયેલા હોઈ, એક દ્રવ્યમાં અનંત પર્યાય અંતર્ મગ્ન હોઈ, તે બધાના સંમિલનથી કિંચિત્ - કંઈક મિલિત - મળેલ - મિશ્રિત આસ્વાદવાળો એક - અદ્વૈત અભેદ એક સ્વભાવ જે અનુભવી રહ્યા છે, એવા જ્ઞાનીને તો ભેદ નિર્દેશ રૂપ દર્શન-જ્ઞાન-ચારિત્ર જ છે નહીં, પણ તે દર્શનાદિ સર્વ ભેદ જ્યાં અંતર્ભૂત છે, એવો

ભેદમાં દ્રવ્યાભાવ થાય છે. (આમ બે દોષ આવે છે.) (૩) દ્રવ્ય-ગુણોનું સ્વોચિત અનન્યત્વ આ પ્રકારે છે - દ્રવ્ય-ગુણોનું અવિભક્ત પ્રદેશત્વ લક્ષણ અનન્યત્વ માનવામાં આવે છે, પણ વિભક્ત પ્રદેશત્વ લક્ષણ અન્યત્વ અને અનન્યત્વ માનવામાં નથી આવતું. તે આ પ્રકારે - જેમ એક પરમાણુનું એક આત્મપ્રદેશ સાથે અવિભક્તપણાને લીધે અનન્યત્વ છે, તેમ એક પરમાણુનું અને તદ્ વર્તિ સ્પર્શ-રસ-ગંધ-વર્ણાદિ ગુણોનું અવિભક્ત પ્રદેશપણાને લીધે અનન્યત્વ છે. પણ જેમ અત્યંત વિપ્રકૃષ્ટ (દૂર) સહ્યાદ્રિ વિન્ધ્યાદ્રિનું અને અત્યંત સન્નિકૃષ્ટ (નિકટ) મિશ્રિત પાણી-દૂધનું વિભક્ત પ્રદેશત્વ લક્ષણ અન્યત્વ અને અનન્યત્વ છે, તેમ દ્રવ્ય-ગુણોનું વિભક્ત પ્રદેશત્વના અભાવને લીધે અન્યત્વ અને અનન્યત્વ નથી. (૪) વળી વ્યપદેશાદિનું એકાંતથી દ્રવ્ય ગુણના અન્યત્વનું નિબંધનપણું અત્ર નિખેધ્યું છે. (a) જેમ 'દેવદત્તની ગાય' એમ અન્યત્વમાં છઠ્ઠી વિભક્તિનો વ્યપદેશ છે, તેમ વૃક્ષની શાખ, દ્રવ્યના ગુણો' એમ અનન્યત્વમાં પણ છે. (b) જેમ દેવદત્ત ફૂલને, અંકુશ વડે, ધનદત્ત માટે, વૃક્ષમાંથી, વાડીમાં ચૂંટે છે. એમ અનન્યત્વમાં કારક વ્યપદેશ છે, તેમ મૃત્તિકા ઘટભાવને, સ્વયં સ્વ વડે, સ્વ માટે, સ્વ થકી, સ્વમાં કરે છે, આત્મા આત્માને આત્માથી આત્માર્થે આત્મા થકી આત્મામાં જાણે છે એમ અનન્યત્વમાં પણ છે. (c) જેમ ઉંચા દેવદત્તની ઉંચી ગાય એમ અન્યત્વમાં સંસ્થાન છે, તેમ ઉંચા વૃક્ષનો ઉંચો શાખાભર, મૂર્ત્ત દ્રવ્યના મૂર્ત્ત ગુણો એણ અનન્યત્વમાં પણ છે. (d) જેમ એક દેવદત્તની દશ ગાય એમ અન્યત્વમાં સંખ્યા છે, તેમ એક વૃક્ષની દશ શાખા, એક દ્રવ્યના અનંત ગુણો એમ અનન્યત્વમાં પણ છે. (e) જેમ ગોષ્ઠમાં ગાયો એમ અન્યત્વમાં વિષય છે, તેમ વૃક્ષમાં શાખાઓ, દ્રવ્યમાં ગુણો એમ અનન્યત્વમાં પણ છે. તેથી વ્યપદેશાદિ દ્રવ્યગુણોનો વસ્તુત્વથી ભેદ સાધતા નથી. (૫) વસ્તુત્વના ભેદ-અભેદનું ઉદાહરણ આ છે - જેમ ભિન્ન અસ્તિત્વથી નિર્વૃત્ત, ભિન્ન સંસ્થાનવાળું, ભિન્ન સંખ્યાવાળું, ભિન્ન વિષયથી લબ્ધવૃત્તિક (વૃત્તિ પામેલ) એવું ધન, સંખ્યાવાળા, ભિન્ન વિષયથી લબ્ધવૃત્તિક (વૃત્તિ પામેલ) એવા પુરુષનો 'ધની' એવો વ્યપદેશ પૃથક્ત્વ પ્રકારથી કરે છે અને જેમ અભિન્ન અસ્તિત્વથી નિર્વૃત્ત, અભિન્ન સંસ્થાનવાળું, અભિન્ન સંખ્યાવાળું, અભિન્ન વિષયથી લબ્ધ વૃત્તિક (વૃત્તિ પામેલું) એવું જ્ઞાન-અભિન્ન અસ્તિત્વથી નિર્વૃત્ત, અભિન્ન સંસ્થાનવાળા, અભિન્ન સંખ્યાવાળા, અભિન્ન વિષયથી લબ્ધ વૃત્તિક (વૃત્તિ પામેલા) એવા પુરુષનો, 'જ્ઞાની' એવો વ્યપદેશ એકત્વ પ્રકારથી કરે છે. તેમ અન્યત્ર પૃથક્ત્વ છે, જ્યાં અભેદથી ત્યાં એકત્વ છે. (૬) દ્રવ્ય-ગુણોના અર્થાન્તરભૂત પણામાં દોષ આ છે - જ્ઞાની જો જ્ઞાનથી અર્થાન્તરભૂત (જૂદો જ અર્થ-પદાર્થ) હોય તો સ્વકરણાંશ વિના પરશુ રહિત દેવદત્તની જેમ કરણ વ્યાપારના અસમર્થપણાને લીધે અચેતતો સતો અચેતન જ હોય અને જ્ઞાન જો જ્ઞાનીથી અર્થાંતરભૂત હોય, તો તે કર્તૃઅંશ વિના દેવદત્ત રહિત પરશુ જેમ કર્તૃત્વ વ્યાપાર અસમર્થપણાને લીધે અચેતતનું સતું અચેતન જ હોય અને યુતસિદ્ધ એવા જ્ઞાન-જ્ઞાનીના સંયોગથી ચેતનપણું નથી, કારણકે નિર્વિશેષ દ્રવ્યનું અને નિરાશ્રય ગુણોનું શૂન્યપણું છે માટે.

અભેદ એક જ્ઞાયક માત્ર જ શુદ્ધ છે.

દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો જ્ઞાયક આત્માના અનંત ધર્મો મધ્યેના કેટલાક મુખ્ય ધર્મ છે. તે પ્રસિદ્ધ ધર્મો પરથી અનંત ધર્માત્મક એક જ્ઞાયક સ્વભાવી આત્મવસ્તુનું સ્વરૂપ સમજાય, તેટલા માટે અબૂઝ શિષ્યને સમજાવવા માટે ભેદ પાડીને તે તે ધર્મોનું કથન વ્યવહાર માત્રથી જ કરવામાં આવે છે, કે જેથી કરીને તે તે સુપ્રતીત ધર્મો પરથી તે એક જ્ઞાયક સ્વભાવી ધર્મીના સ્વરૂપનું કંઈક ભાન થાય. પણ પરમાર્થથી - શુદ્ધ નિશ્ચય નયથી તો અનંત ધર્મ જેમાં અંતર્ભૂત છે, એવા અભેદ અખંડ એક જ્ઞાયક સ્વભાવી આત્માનો જે અનુભવ કરે છે, એવા જ્ઞાનીને દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી, માત્ર જ્ઞાયક એક શુદ્ધ ભાવ જ છે. ભેદ રૂપ વ્યવહારથી નિર્દેશાતા ખંડ ખંડ ધર્મોથી કાંઈ પરમાર્થથી અખંડ આત્મવસ્તુનો ખંડિત ભાવ થતો નથી. વળી જેમ નક્ષત્ર-ગ્રહ-તારા-ચંદ્ર આદિ ગ્રહ મંડલની જ્યોતિ એક સૂર્યમાં સમાય છે, તેમ દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ સમગ્ર ધર્મ મંડલની શક્તિ પણ એક શુદ્ધ જ્ઞાયક ભાવરૂપ અખંડ આત્મવસ્તુમાં સમાય છે. સોનું ભારી છે, પીળું છે, ચીકણું છે, એમ સોનામાં અનેક ગુણધર્મ પર્યાય દૃષ્ટિથી દેખાય છે, તેમ આત્મા દર્શનમય છે, જ્ઞાનમય છે, ચારિત્રમય છે, એમ આત્મામાં અનેક ગુણધર્મ પર્યાય દૃષ્ટિથી દેખાય છે, પણ પર્યાય દૃષ્ટિ જો ન દઈએ, તો દ્રવ્યાર્થિક દૃષ્ટિથી સોનું એક જ અભંગ અખંડ છે, તેમ આત્મા પણ એક જ અભંગ અખંડ છે. પરમ અવધૂત આત્માનુ ભવરસ નિમગ્ન યોગિરાજ આનંદઘનજીનું અમર વચનામૃત છે કે -

'પર્યાય દૃષ્ટિ ન દીજીએ
એક જ કનક અભંગ રે'

''ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે;
પર્યાયદૃષ્ટિ ન દીજીએ, એક જ કનક અભંગ રે... ધરમ.'' - શ્રી આનંદઘનજી

આમ દર્શન-જ્ઞાન-ચારિત્ર થકી 'અલખ' - અલક્ષ્ય એવો આ આત્મા અનેક સ્વરૂપ છે, પણ નિર્વિકલ્પ રસનું જો પાન કરીએ તો 'શુદ્ધ નિરંજન એક' એવો જ્ઞાયક ભાવ છે. આવી કર્મ અંજનથી રહિત 'શુદ્ધ નિરંજન એક' જ્ઞાયક ભાવરૂપ અખંડ આત્મ વસ્તુના નિર્વિકલ્પ રસનું જે પરમ અમૃતપાન કરે છે, એવા જ્ઞાની પુરુષને શુદ્ધ એક જ્ઞાયક ભાવ જ અનુભવાય છે, દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ અનંત ખંડ ખંડ સમગ્ર ધર્મ જેમાં અંતર્મગ્ન છે એવી એક અખંડ આત્મ વસ્તુ અનુભવનારા જ્ઞાનીને એક-અદ્વૈત શુદ્ધ-નિર્મલ નિરંજન જ્ઞાયક ભાવ જ અનુભવ રસાસ્વાદથી સંવેદાય છે, એમ પરમાર્થ રૂપ તાત્પર્ય છે. આજ વસ્તુ મહાગીતાર્થ યોગિરાજ આનંદઘનજીએ આ ગાથાના વિવેચનના મથાળે ટાંકેલા અમર શબ્દોમાં અપૂર્વ અનન્ય ભાવથી સંગીત કરી છે.*


'નિર્વિકલ્પ રસ પીજીએ,
શુદ્ધ નિરંજન એક રે'

---

* આજ વસ્તુ સર્વશાસ્ત્ર પારંગત ન્યાયાર્ય શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીએ પણ 'અધ્યાત્મસાર'માં આત્મનિશ્ચયાધિકારે સુંદર રીતે સમ્યક્ પણે પ્રતિપાદિત કરી છે - તેમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર લક્ષણ એવો સ્વભાવ સમવસ્થિત આત્મા નિશ્ચયે કરીને એક જ પ્રતિપાદિત છે. પ્રભા-નૈર્મલ્ય-શક્તિની જેમ રત્નથી ભિન્નતા નથી, તેમ જ્ઞાન-દર્શન-ચારિત્ર લક્ષણોની આત્માથી ભિન્નતા નથી. ષષ્ઠી (છઠ્ઠી વિભક્તિ) આદિ વ્યપદેશથી આત્માની અને લક્ષણોની ભિન્નતા વ્યવહાર માને છે, પણ નિશ્ચય નહિં. 'ઘટનું રૂપ' એમ અત્રે જેમ ભેદ વિકલ્પજન્ય છે, તેમ આત્માનો અને ગુણોનો ભેદ તાત્ત્વિક નથી. શુદ્ધ એવું આત્માનું જે રૂપ નિશ્ચયથી અનુભવાય છે, તેને વ્યવહાર ભેદ દ્વારા પરને અનુભાવાવે છે, પરંતુ વસ્તુતઃ તો ગુણોનું તે રૂપ સ્વાત્માથી પૃથક્-જૂદું નથી. નહિં તો આત્મા અનાત્મા થાય ને જ્ઞાનાદિ પણ જડ થાય. (તે મૂળ શ્લોકો આ રહ્યા)

* ''एक एव हि तत्रात्मा स्वभावसमवस्थितः ।
दर्शनज्ञानचारित्रलक्षणः प्रतिपादितः ॥
प्रभानैर्मल्यशक्तिनां यथा रत्नान्न भिन्नता ।

''દર્શન જ્ઞાન ચરણ થકી, અલખ સ્વરૂપ અનેક રે;
નિર્વિકલ્પ રસ પીજીએ, શુદ્ધ નિરંજન એક રે
ધરમ પરમ અરનાથનો...'' - શ્રી આનંદઘનજી



ज्ञानदर्शनचारित्रलक्षणानां तथात्मनः ॥
आत्मनो लक्षणानां च व्यवहारो हि भिन्नताम् ।
यष्टिप्रादिव्यपदेशेन मन्यते न तु निश्चयः ॥
घटस्य रूपमित्यत्र यथा भेदो विकल्पजः ।
आत्मनश्च गुणानां च तथा भेदो न तात्त्विकः ॥
शुद्धं यदात्मनो रूपं निश्चयेनानुभूतये । व्यवहारो भिदा द्वारानुभावपति तत्परम् ॥

तो पछी परमार्थ જ એક વક્તવ્ય (કહેવા યોગ્ય) છે એમ કહો તો -

जह णवि सक्कमणज्जो अणज्जभासं विणा उ गाहेउं ।
तह ववहारेण विणा परमत्थुवएसणमसक्कं ॥८॥

અનાર્ય અનાર્ય ભાષા વિના રે, સમજાવવો ન શક્ય;
ત્યમ ઉપદેશ પરમાર્થનો રે, વિણ વ્યવહાર અશક્ય રે... આત્મન્ ! વંદો સમયસાર ૮.

ગાથાર્થ : જેમ અનાર્ય ભાષા વિના અનાર્યને સમજાવવો શક્ય નથી;
તેમ વ્યવહાર વિના પરમાર્થનું ઉપદેશન (ઉપદેશવું) અશક્ય છે. ૮.

आत्मख्यातिटीका

तर्हि परमार्थ एवैको वक्तव्य इति चेत् -

यथा नापि शक्योऽनार्योऽनार्यभाषां विना तु ग्राहयितुम् ।
तथा व्यवहारेण विना परमार्थोपदेशमशक्यं ॥८॥

यथा खलु म्लेच्छः
स्वस्तीत्यभिहिते सति
तथाविधवाच्यवाचकसंबंधावबोधबहिष्कृत्वान्न
किंचिदपि प्रतिपद्यमानो
मेष इवानिमेषोन्मेषितचक्षुः प्रेक्षत एव
यदा तु स एव
तदेतद्भाषासंबंदैकार्थज्ञेनान्येन तेनैव वा

म्लेच्छभाषां समुदाय
स्वस्तिपदस्याविनाशो भवतो भवत्वि
त्यभिधेयं प्रतिपाद्यते
तदा सद्य एवोद्यदमंदानंदमया
श्रुजलझलज्झललोचनपात्र
स्तत्प्रतिपद्यत एव

तथा किल लोकोप्या-
त्मेत्यभिहिते सति
यथावस्थितात्मस्वरुपपरिज्ञानबहिष्कृतत्वान्न
किंचिदपि प्रतिपद्यमानो
मेष इवानिमेषोन्मेषितचक्षु प्रेक्षत एव
यदा तु स एव
व्यवहारपरमार्थपथप्रस्थापित
सम्यग्बोधमहारथरथिनान्येन तेनैव वा

व्यवहारपथमास्थाय
दर्शनज्ञानचारित्राण्यततीत्यात्मे
त्यात्मपदस्याभिधेयं प्रतिपाद्यते
तदा सद्य एवोद्यदमंदानंदान्तः
सुंदरबंधुरबोधतरंग
स्तत्प्रतिपद्यत एव ।

एकम्लेच्छस्थानीयत्वाज्जगतो व्यवहारनयोऽपि म्लेच्छभाषास्थानीयत्वेन परमार्थप्रतिपादकत्वादुपन्यसनीयोऽथ च ब्राह्मणो न म्लेच्छितव्य इति वचनाद्व्यवहारनयो नानुसर्त्तव्यः ॥८॥

वस्तुतस्तु गुणानां तद्रूपं न स्वात्मनः पृथक् ।
आत्मा स्यादन्यार्थोऽनात्मा ज्ञानायापि जडं भवेत् ॥" - श्री अध्यात्मसार, आ.नि. अधिकार, ६, ११

*** आत्मभावना -**

तर्हि परमार्थ एवैको वक्तव्य इति चेत् - तो પછી પરમાર્થ જ એક વક્તવ્ય - કહેવા યોગ્ય છે એમ જો શંકા કરો તો - यथाऽनार्य - જેમ અનાર્ય अनार्यभाषां विना तु - અનાર્યભાષા વિના તો ગ્રાહયિતું नापि शक्यः - ગ્રહાવવો - સમજાવવો શક્ય નથી જ, तथा व्यवहारेण विना - તેમ વ્યવહાર વિના परमार्थोपदेशनमशक्यं - પરમાર્થનું ઉપદેશન - ઉપદેશવું અશક્ય - અસંભવિત છે. ॥ इति **गाथा आत्मभावना** ॥८॥

यथा खलु म्लेच्छः - જેમ ખરેખર ! મ્લેચ્છ 'स्वस्ति' इति अभिहिते सति - 'સ્વસ્તિ' એમ અભિહિત સતે -

આત્મખ્યાતિ ટીકાર્થ

જેમ સ્ફુટપણે મ્લેચ્છ
'સ્વસ્તિ' એમ કહેવામાં આવ્યે,
તથાવિધ વાચ્ય-વાચક સંબંધના
અવબોધથી (સમજણથી) બહિષ્કૃતપણાને લીધે
કંઈ પણ નહિ સમજતો સતો,
મેષની જેમ અનિમેષ ઉન્મેષિત ચક્ષુએ
જોઈ જ રહે છે,

પણ જ્યારે તે જ
તે અને આ ભાષાના સંબંધનો
એક અર્થ જાણનાર
બીજાથી કે તેનાથી જ
મ્લેચ્છ ભાષા લઈને
'સ્વસ્તિ' પદનું -

'આપનો અવિનાશ હો !'
એવું અભિધેય (વાચ્યાર્થ) સમજાવાય છે,
ત્યારે ઉદય પામતા અમંદ આનંદમય અશ્રુજલથી
જેનું લોચન પાત્ર ઝળઝળી રહ્યું છે
એવો તે સદ્ય જ સમજી જ જાય છે :

તેમ સ્ફુટપણે લોક પણ
'આત્મા' એમ કહેવામાં આવ્યે;
યથાવસ્થિત આત્મસ્વરૂપના
પરિજ્ઞાનથી બહિષ્કૃતપણાને લીધે
કંઈ પણ નહીં સમજતો સતો,
મેષની જેમ અનિમેષ ઉન્મેષિત ચક્ષુએ
(મટકું માર્યા વિના ફાડેલી આંખે) જોઈ જ
રહે છે,
પણ જ્યારે તે જ
વ્યવહાર-પરમાર્થ પંથમાં
સમ્યગ્ બોધ-મહારથ પ્રસ્થાપિત કર્યો છે
એવા બીજા રથીથી અથવા તેનાથી જ
વ્યવહારપથ આશ્રીને
દર્શન-જ્ઞાન-ચારિત્રને અતે છે - પરિણમે છે
તે 'આત્મા'
એવું 'આત્મ'પદનું
અભિધેય સમજાવાય છે,
ત્યારે ઉદય પામતા અમંદ આનંદથી
જેને અંતરમાં સુંદર બંધુર બોધતરંગ ઉલ્લસે છે
એવો તે સદ્ય જ સમજી જ જાય છે.

કહેવામાં આવ્યે, न किंचिदपि प्रतिपद्यमानः - કિંચિત્ પણ - કંઈ પણ નહીં પ્રતિપન્ન કરતો - નહીં ગ્રહણ કરતો - નહીં સમજતો, પ્રેક્ષત એવ - પ્રેક્ષે જ છે, જોઈજ રહે છે. કેવી રીતે ? કોની જેમ ? मेष इवानिमेषोन्मेषितचक्षु - મેષ-મેંઢા જેમ 'અનિમેષ ઉન્મેષિત ચક્ષુએ' - 'અનિમેષ' - નિમેષ વિના - મટકું માર્યા વિના 'ઉન્મેષિત' ફાડેલી આંખે. શાને લીધે નથી પ્રતિપન્ન કરતો ? तथाविधवाच्यवाचकसंबंध बहिष्कृतत्वात् - 'तथाविध' - તથા પ્રકારના 'वाच्य-वाचक' - અભિધેય - અભિધાય સંબંધથી બહિષ્કૃતપણાને લીધે. यदा तु - પણ જ્યારે, स एव - તે જ, म्लेच्छ જ 'स्वस्ति' पदस्याविनाशो भवतो भवतु इत्यभिधेयं प्रतिपाद्यते - 'स्वस्ति' પદનું 'આપનો અવિનાશ હો !' એમ અભિધેય - વાચ્યાર્થ प्रतिपादाय छे - સમજાવાય છે, કોનાથી ? કેવી રીતે ? तदेतद्भाषासंबंधैकार्थज्ञेनान्येन તેનૈવ વા - તેની અને આની ભાષાના સંબંધના એક અર્થને જાણનારા અન્યથી વા તેનાથી જ - તે 'સ્વસ્તિ' કહેનારથી જ म्लेच्छभाषां समुदाय - મ્લેચ્છ ભાષાને લઈને, ત્યારે શું ? तदा सद्य एव तत्प्रतिपद्यत एव - ત્યારે 'સદ્યજ' - તરત જ - तत्क्षण - શીઘ્ર જ તે 'પ્રતિપન્ન કરે જ છે' - ગ્રહણ કરે જ છે, સમજે જ છે. કેવો સતો સમજે છે ? उद्यदमंदानंदमयाश्रुजलज्झलज्झललोचनपात्रः - ઉદય પામતા અમંદ આનંદમય અશ્રુજલથી જેનું લોચન પાત્ર - ચક્ષુ રૂપ ભાજન ઝળહળી રહ્યું છે એવો સતો, અર્થાત્ તેની આંખમાં હર્ષનાં આંસુ ઉભરાય છે ને તેથી ઝળઝળીઆ આવે છે.
तथा किल लोकोऽपि - તેમ સ્ફુટપણે લોક પણ 'आत्मा' इतिअभिहिते सति - 'આત્મા' એમ 'અભિહિત અવે' - કહેવામાં આવ્યે, न किंचिदपि प्रतिपद्यमानः प्रेक्षत एव - કિંચિત્ પણ - કંઈ પણ 'नहि प्रतिपन्न करतो' - નહિ ગ્રહણ કરતો - નહીં સમજતો 'પ્રેક્ષે જ છે' જોઈ જ રહે છે. કેવી રીતે ? કોની જેમ ? मेषइवानिमेषोन्मेषितचक्षुः - મેષ-મેંઢા જેમ 'અનિમેષ ઉન્મેષિત ચક્ષુએ' - અનિમેષ - નિમેષ વિના - મટકું માર્યા વિના 'ઉન્મેષિત' - ફાડેલી આંખે. શાને લીધે નથી પ્રતિપન્ન કરતો ? यथावस्थितात्मस्वरूप परिज्ञानबृहिष्कृतत्वात् - યથાવસ્થિત - જેમ છે તેમ અવસ્થિત આત્મસ્વરૂપના 'પરિજ્ઞાનથી' - સર્વથા જ્ઞાનથી બહિષ્કૃતપણાને લીધે. यदा तु - પણ જ્યારે स एव - તે જ આત્મ અજ્ઞાન લોક, दर्शनज्ञानचारित्राण्यततीत्यात्मेत्यात्मपदस्याभिधेयं प्रतिपाद्यते - દર્શન-જ્ઞાન-ચારિત્રને 'અતે છે' -

એમ જગતના મ્લેચ્છસ્થાનીયપણાને લીધે વ્યવહારનય પણ મ્લેચ્છ ભાષાસ્થાનીય પણાએ કરીને પરમાર્થ પ્રતિપાદકપણાને લીધે ઉપન્યસનીય (ઉપન્યાસ કરવા યોગ્ય - રજૂ કરવા યોગ્ય) છે પણ 'બ્રાહ્મણ મ્લેચ્છ કરવો યોગ્ય નથી' એ વચનથી વ્યવહારનય અનુસરણીય (અનુસરવા યોગ્ય) નથી. ॥૮॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાનીના સર્વ વ્યવહાર પરમાર્થ મૂળ હોય છે. *** સર્વ દુઃખથી મુક્ત થવાનો સર્વોત્કૃષ્ટ ઉપાય આત્મજ્ઞાનને કહ્યો છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૮૦**

''એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત.''

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૩૬

એમ જો વ્યવહારનય વ્યપદેશ માત્ર-કથનમાત્ર છે, તો પછી એક પરમાર્થ જ કહેવા યોગ્ય છે, વ્યવહારનું શું કામ છે ? શું પ્રયોજન છે ? એમ કોઈ શંકા કરે તેનું સમાધાન કરતાં અહીં શાસ્ત્રકાર **કુંદકુંદાચાર્યજીએ** શીઘ્ર સમજી શકાય એવું અનાર્યનું - મ્લેચ્છનું સુંદર દૃષ્ટાંત આપ્યું છે : જેમ અનાર્ય અનાર્ય ભાષા વિના 'ગ્રહાવવો' - સમજાવવો શક્ય નથી જ, તેમ વ્યવહાર વિના પરમાર્થનું 'ઉપદેશન' - ઉપદેશનું 'અશક્ય' - અસંભવિત છે. આ દૃષ્ટાંતનો - દાર્ષ્ટાંતિક ભાવ દર્શાવતાં પરમાર્થ : મહાકવીશ્વર આત્મદૃષ્ટા **અમૃતચંદ્રાચાર્યજીએ** પોતાની અપૂર્વ અનન્ય લાક્ષણિક હૃદયંગમ શૈલીમાં આબેહૂબ તાદૃશ્ય શબ્દચિત્ર રજૂ કરતી **સ્વભાવોક્તિથી** તેનો સાંગોપાંગ બિંબ-પ્રતિબિંબ ભાવ અદ્‌ભુત રીતે પ્રદર્શિત કર્યો છે. તે આ પ્રકારે -

મ્લેચ્છને મ્લેચ્છ ભાષાના આશ્રયે 'સ્વસ્તિ'નો અર્થ સમજાતાં આનંદના ઝળઝળીઆં

જેમ ખરેખર ! મ્લેચ્છ 'સ્વસ્તિ' - સ્વસ્તિ એમ 'અભિહિત સતે' કહેવામાં આવ્યે, કિંચિત્ પણ - કંઈ પણ નહિં 'પ્રતિપન્ન' કરતો - નહીં ગ્રહણ કરતો - નહીં સમજતો, મેષ જેમ 'અનિમેષ ઉન્મેષિત ચક્ષુએ' પ્રેક્ષે જ છે, 'મેષ' - મેંઢાની જેમ અનિમેષ-નિમેષ વિના - મટકું માર્યા વિના 'ઉન્મેષિત' - ફાડેલી આંખે પ્રેક્ષે જ છે - જોઈ જ રહે છે, મેષ ઇવાનિમેષોન્મેષિતલોચનઃ પ્રેક્ષત એવ તે શાને લીધે નથી પ્રતિપન્ન કરતો - નથી સમજતો ? તથાવિધ - તથા પ્રકારના 'વાચ્ય-વાચક' - અભિધેય - અભિધાયક સંબંધથી બહિષ્કૃતપણાને લીધે, આ આ શબ્દનો 'વાચ્ય' કહેવાનો અર્થ છે અને આ અર્થનો 'વાચક' - કહેનારો છે તેને લીધે. પણ જ્યારે તે અને આ ભાષાના સંબંધના એક અર્થને જાણનારા અન્યથી વા તેનાથી જ - તે 'સ્વસ્તિ' કહેનારથી જ, મ્લેચ્છ ભાષાને લઈ, 'સ્વસ્તિ' પદનું 'આપનો વિનાશ હો !' એવું 'અભિધેય' - વાચ્યાર્થ 'પ્રતિપાદાય છે' - સમજાવાય છે, ત્યારે 'સદ્ય જ' - તરત જ - તત્ક્ષણ જ - શીઘ્ર જ તે 'પ્રતિપન્ન કરે જ છે', ગ્રહણ કરે

ગમન કરે છે - પરિણમે છે તે 'આત્મા' એમ 'આત્મ' પદનું અભિધેય - વાચ્યાર્થ પ્રતિપાદાય છે - સમજાવાય છે, કોનાથી ? કેવી રીતે ? વ્યવહારપરમાર્થપથપ્રસ્થાપિત - સમ્યગ્બોધમહારથરથિનાન્યેન તેનૈવ વા - વ્યવહાર-પરમાર્થ પથમાં-માર્ગમાં પ્રસ્થાપિત કર્યો છે, સમ્યગ્ બોધ રૂપ મહારથ જેને એવા અન્ય રથીથી વા તેનાથી જ - તે 'આત્મા' પદ કહેનારથી, વ્યવહારપથમાસ્થાય - વ્યવહારપથને - માર્ગને આસ્થિત કરીને - આશ્રીને, ત્યારે શું ? તદા સદ્ય એવ - તત્પ્રતિપદ્યત એવ - ત્યારે 'સદ્યજ' - તરત જ - તત્ક્ષણ જ - શીઘ્ર જ તે 'પ્રતિપન્ન કરે જ છે' - ગ્રહણ કરે જ છે - સમજે જ છે, કેવો સતો સમજે છે ? ઉદ્યદમંદાનંદાન્તઃ સુંદરબંધુરબોધતરંગઃ - ઉદય પામતા અમંદ આનંદથી જેને અંતરમાં સુંદર બંધુર બોધ તરંગ (ઉપજે છે) એવો સતો. એવં - એમ મ્લેચ્છસ્થાનીયત્વાજ્જગતો - જગૃતિના મ્લેચ્છસ્થાનીયપણાને લીધે વ્યવહારનયોઽપિ - વ્યવહારનય પણ (પરમાર્થ તો ઉપન્યસનીય છે, એમ 'પણ'નો અર્થ છે), મ્લેચ્છભાષાસ્થાનીયત્વેન - મ્લેચ્છભાષા સ્થાનીયપણાએ કરીને, શું ? પરમાર્થપ્રતિપાદકત્વાદ્ ઉપન્યસનીયો - 'પરમાર્થ પ્રતિપાદકપણાને લીધે - પરમાર્થ સમજાવનારપણાને લીધે 'ઉપન્યસનીય' - ઉપન્યાસ કરવા યોગ્ય - રજૂ

જ છે, સમજે જ છે. કેવો સતો સમજે છે ? ઉદય પામતા 'અમંદ' - આનંદમય અશ્રુજલથી - આંસુથી જેનું 'લોચન પાત્ર' - ચક્ષુરૂપ પાત્ર ઝળઝળી રહ્યું છે એવો સતો, 'उद्यदमंदानंदमयाश्रुजलझलज्झलल्लोचनपात्रः' । કોઈ એક મ્લેચ્છ છે, તેને 'સ્વસ્તિ' એમ કહી કોઈ આશીર્વાદ આપે છે, પણ 'સ્વસ્તિ' શબ્દનો વાચ્ય અર્થ શું, એનું તેને કંઈ ભાન નહીં હોવાથી તે કાંઈ સમજતો નથી અને 'મેંઢાની જેમ' મટકું માર્યા વિના ફાડેલી આંખે ટગર ટગર જોઈ જ રહે છે, પણ જ્યારે તેની ભાષા અને આવી ભાષા - એ બન્ને ભાષાના સંબંધનો એક અર્થ જાણનાર એવા બીજા દુભાષીઆથી (Interpreter) અથવા તે જ 'સ્વસ્તિ' કહેનારાથી - તે મ્લેચ્છ ભાષાનો આશ્રય કરીને, 'સ્વસ્તિ' એટલે 'આપકા અવિનાશ હો !' 'अविनाशो भवतो भवतु' એમ 'સ્વસ્તિ' પદનો વાચ્યાર્થ સમજાવાય છે, ત્યારે તે તરત જ સમજી જાય છે ને તેની આંખમાં હર્ષના આંસુ ઉભરાય છે - ઝળઝળીઆં આવે છે.

અનાત્મજ્ઞને વ્યવહારપથ આશ્રયે 'આત્મા'નો અર્થ સમજાતાં આનંદ બોધ તરંગ

તેમ લોક પણ 'આત્મા' એમ 'અભિહિત સતે' - કહેવામાં આવ્યે, કિંચિત્ પણ - કંઈ પણ 'નહિં પ્રતિપન્ન કરતો' - નહીં ગ્રહણ કરતો - નહીં સમજતો, 'મેષ જેમ અનિમેષ ઉન્મેષિત ચક્ષુએ પ્રેક્ષે જ છે - જોઈ જ રહે છે, 'મેષ' - મેંઢાની જેમ 'અનિમેષ' - નિમેષ વિના - મટકું માર્યા વિના 'ઉન્મેષિત - ફાડેલી આંખે' ટગર ટગર જોયા જ કરે છે. તે શાને લીધે નથી પ્રતિપન્ન કરતો - નથી સમજતો ? 'યથાવસ્થિત આત્મસ્વરૂપના પરિજ્ઞાનથી બહિષ્કૃતપણાને લીધે', यथावस्थितात्मस्वरूप परिज्ञानबहिष्कृतत्वात्, 'યથાવસ્થિત' - જેમ છે તેમ અવસ્થિત આત્મસ્વરૂપના 'પરિજ્ઞાનથી' - સર્વથા જ્ઞાનથી તેના બહિષ્કૃતપણાને લીધે આત્મસ્વરૂપનું કંઈ પણ ભાન નહીં હોવાપણાનાએ પણ જ્યારે તેજ આત્મઅજ્ઞાન લોક, દર્શન-જ્ઞાન-ચારિત્ર 'અતે છે' - ગમન કરે છે - પરિણમે છે તે **'આત્મા'** 'दर्शनज्ञानचारित्राण्यततीत्यात्मा' એમ - 'આત્મ' પદનું 'અભિધેય' - વાચ્યાર્થ 'પ્રતિપાદાય છે' - સમજાવાય છે, ત્યારે તે 'સદ્યજ' - તરત જ - તત્ક્ષણ જ - શીઘ્ર જ તે 'પ્રતિપન્ન કરે જ છે' - ગ્રહણ કરે જ છે - સમજે જ છે. તે કોનાથી કેવી રીતે સમજાવાય છે ? વ્યવહાર-પરમાર્થ પથમાં - માર્ગમાં જેણે સમ્યગ્ બોધરૂપ મહારથ પ્રસ્થાપિત કર્યો છે એવા અન્ય રથીથી વા તે 'આત્મ' પદ કહેનારથી જ વ્યવહાર પથને - માર્ગને આશ્રીને व्यवहारपथमास्थाय આમ જ્યારે વ્યવહારમાર્ગને આશ્રીને વ્યવહાર-પરમાર્થ માર્ગજ્ઞથી સમજાવાય છે ત્યારે તે તરત જ સમજી જાય છે અને 'ઉદય પામતા' - વધતા જતા 'અમંદ' આનંદથી - ઉત્કટ આનંદથી તેના અંતરમાં સુંદર બંધુર બોધતરંગ ઉલ્લસે છે, उद्यदमंदानंदान्तः सुंदर बंधुरबोधतरंगः ।

''જ્ઞાની બ્રહ્મજ્ઞ સ્થાન છે, મ્લેચ્છ જગત્ અજ્ઞાન;
મ્લેચ્છ ભાષા વ્યવહાર ને, પરમાર્થ જ ગીર્વાણ. - **(સ્વરચિત)**

આમ બિંબ પ્રતિબિંબ પણે આ દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિક ભાવ સાંગોપાંગ સુઘટિતપણે ઘટાવ્યો તે પરથી શું તાત્પર્ય-સાર બોધ ફલિત થાય છે ? 'એમ' - ઉક્ત પ્રકારે 'म्लेच्छस्थानीयत्वात् जगतो' - જગત્ ના મ્લેચ્છ સ્થાનીયપણાને લીધે - મ્લેચ્છ સ્થાનરૂપ પણાને લીધે વ્યવહાર નય પણ - 'व्यवहारनयोऽपि' મ્લેચ્છ ભાષાસ્થાનીયપણાએ કરીને મ્લેચ્છ ભાષાસ્થાનરૂપ પણાએ કરીને 'પરમાર્થ - પ્રતિપાદકપણાને લીધે' - પરમાર્થ સમજાવનારપણાને લીધે उपन्यसनीयः 'ઉપન્યસનીય' - ઉપન્યાસ કરવા યોગ્ય - રજૂ કરવા યોગ્ય છે, પણ 'અનુસર્ત્તવ્ય નથી' - અનુસરવો યોગ્ય નથી, 'अथ च न अनुसर्त्तव्यः', શા માટે ? 'બ્રાહ્મણ મ્લેચ્છિતવ્ય નથી' - બ્રાહ્મણને મ્લેચ્છ કરવો યોગ્ય નથી એ વચનથી, - ब्राह्मणो न म्लेच्छितव्य इति वचनात् અત્રે વ્યવહારનય 'પણ' - व्यवहारनयोऽपि' ઉપન્યાસનીય છે - ઉપન્યસવા યોગ્ય છે, એમ કહ્યું તેમાં **'પણ'** - 'अपि' શબ્દ ખાસ મહત્વનો છે અને તે સ્પષ્ટ સૂચવે છે કે પરમાર્થ તો ઉપન્યસનીય છે જ, એટલું જ નહિં પણ આનુષંગિકપણે સાથે સાથે પરમાર્થના ઉદ્દેશે વ્યવહાર

'પણ' ઉપન્યસનીય છે, 'અનુસર્ત્તવ્ય' - અનુસરવા યોગ્ય નથી, અનુસર્ત્તવ્ય તો પરમાર્થ જ છે.

''વ્યવહાર જેનો પરમાર્થ છે એવા આત્મજ્ઞાનીની આજ્ઞાએ વર્ત્યે આત્મા લક્ષગત થાય, કલ્યાણ થાય.''

''આત્મા સાંભળવો, વિચારવો, નિદિધ્યાસવો, અનુભવવો એવી એક વેદની શ્રુતિ છે.''

''આત્મા સમજવા અર્થે શાસ્ત્રો ઉપકારી છે અને તે પણ સ્વછંદરહિત પુરુષને''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, ૪૬૮, ૫૬૯

અર્થાત્ - અત્રે બ્રહ્મવિદ્યાના - આત્મવિદ્યાના જ્ઞાતા આત્મજ્ઞાની આત્મારામી સદ્ગુરુ તે આર્યરૂપ બ્રહ્મજ્ઞ સ્થાને છે, આત્મઅજ્ઞાની જગત્ જીવ તે અનાર્ય મ્લેચ્છ સ્થાને છે, વ્યવહારનય તે મ્લેચ્છ ભાષાસ્થાને છે અને પરમાર્થ તે 'ગીર્વાણ' - દેવભાષા સંસ્કૃત સ્થાને છે, એમ ઉપનય ઘટાવી શકાય છે. મ્લેચ્છ મ્લેચ્છ ભાષા જ સમજે છે, તેને 'સ્વસ્તિ' વચન કહેનારા આર્યની 'ગીર્વાણ'-સંસ્કૃત દેવ ભાષાનું ભાન નથી, તેમ મ્લેચ્છરૂપ જગત્ મ્લેચ્છભાષા રૂપ વ્યવહારની જ ભાષા સમજે છે, તેને 'આત્મારૂપ' 'સ્વસ્તિ' **વચનની પરમાર્થ રૂપ 'ગીર્વાણ' - દેવી દિવ્ય ભાષાનું ભાન નથી. એટલે તેને પરમાર્થ સમજાવવા માટે વ્યવહારનયની ભાષાનો પ્રયોગ કરવો પડે છે, એટલે જ વ્યવહારમાં જ રચ્યાપચ્યા રહેનારા મ્લેચ્છરૂપ આત્મઅજ્ઞાની જગત્ને** 'आत्म' પદનો અર્થ સમજાવવા માટે, વ્યવહાર-પરમાર્થના જાણ જ્ઞાની સદ્ગુરુ રૂપ બ્રહ્મજ્ઞ વ્યવહારરૂપ મ્લેચ્છભાષા દ્વારા ગીર્વાણ ભાષારૂપ - દિવ્ય દેવભાષારૂપ પરમાર્થનો - આત્મપદનો બોધ કરે છે - અહો ! દર્શન-જ્ઞાન-ચરિત્ર પ્રત્યે જ 'अतिति' - અતે છે - ગમન કરે છે - પરિણમ્યા કરે છે, તે વસ્તુ 'આત્મા' છે. એમ ઉક્ત પ્રકારે જગજ્જીવને પરમાર્થ સમજાવવા માટે મ્લેચ્છભાષા સ્થાનીય વ્યવહારનયનો પ્રયોગ **શ્રીમદ્ સદ્ગુરુ ભગવાન્** કરે છે અને આમ **પરમાર્થ પ્રતિપાદકપણે વ્યવહારનો** પણ ઉપન્યાસ કરવો યોગ્ય છે - રજૂઆત કરવી યોગ્ય છે, પણ 'બ્રાહ્મણને મ્લેચ્છ કરવો યોગ્ય નથી' - વટલાવી મ્લેચ્છ બનાવવો યોગ્ય નથી એ વચનથી વ્યવહારનય અનુસરવો યોગ્ય નથી, વ્યવહારનો પ્રયોગ પરમાર્થ સમજવા માટે છે. પણ વ્યવહારને જ પરમાર્થ સમજી તે અનુસરવો યોગ્ય નથી, પણ વ્યવહાર દ્વારા પણ પરમાર્થ સમજી અનુસરવા યોગ્ય તો એક પરમાર્થ જ છે, વ્યવહાર તો આલંબન-સાધન માત્ર જ છે, તે વ્યવહાર આલંબનથી પરમાર્થ-સાધ્ય પર જ ચઢવાનું છે. મારે પ્રથમ પદ-પ્રધાન મુખ્ય પદ તો પરમાર્થનું જ - નિશ્ચયનું જ છે, તેના લક્ષે ગૌણ પદ વ્યવહારનું છે અને એને પણ અત્ર સ્થાન આપ્યું છે તે તેના **પરમાર્થ પ્રતિપાદકપણાને** લીધે જ. તાત્પર્ય કે પરમાર્થ સમજવા વ્યવહારનય ઉપકારી પ્રયોજનભૂત છે, પણ તે કાંઈ અનુસરવાનો નથી, અનુસરવાનો તો શુદ્ધ સહજ આત્મસ્વરૂપ પ્રકાશનારો પરમાર્થ જ છે.

''અનંત કાળ વ્યવહાર કરવામાં વ્યતીત કર્યો છે, તો તેની જંજાળમાં પરમાર્થ વિસર્જન ન કરાય એમ જ વર્ત્તવું એવો જેનો નિશ્ચય છે, તેને તેમ હોય છે એમ જાણીએ છૈયે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૯૯



व्यवहारनुं प्रतिपादकपणुं केवी रीते ? तो के -

जो हि सुएणहिगच्छइ अप्पाणमिणं तु केवलं सुद्धं ।
तं सुयकेवलिमिसिणो भणंति लोयप्पईवयरा ॥९॥
जो सुयणाणं सव्वं जाणइ सुयकेवलिं तमाहुजिणा ।
णाणं अप्पा सव्वं जह्मा सुयकेवली तह्मा ॥१०॥

केवल शुद्ध आ आत्मने रे, श्रुतथी जाणे जेह;
लोकप्रदीपकर ऋषिवरा रे, कहे श्रुतकेवलि तेह... रे. आत्मन् ! ९.
कहे जिन 'ते श्रुतकेवलि रे, जाणे जे सर्व श्रुत ज्ञान;
ज्ञान सर्व छे आतमा रे, तेथी 'श्रुतकेवलि' नाम जाण... रे. आत्मन् !
वंदो समयसार ! १०.

गाथार्थ : जे श्रुतथी निश्चये करीने आ केवल शुद्ध एवो आत्माने जाणे छे, तेने लोक प्रदीपकर ऋषिओ 'श्रुतकेवलि' कहे छे. जे श्रुतज्ञान सर्वने जाणे छे, तेने जिनो 'श्रुतकेवलि' कहे छे, कारणके ज्ञान सर्व आत्मा छे, तेथी ते श्रुतकेवली छे. ९, १०

आत्मख्याति टीका

कथं व्यवहारस्य प्रतिपादकत्वमिति चेत् -

यो हि श्रुतेनाभिगच्छति आत्मानमिमं तु केवलं शुद्धम् ।
तं श्रुतकेवलिनमृषयो भणंति लोकप्रदीपकराः ॥९॥
यः श्रुतज्ञानं सर्वं जानाति श्रुतकेवलिनं तमाहुर्जिनाः ।
ज्ञानमात्मा सर्वं यस्माच्छ्रुतकेवली तस्मात् ॥१०॥

यः श्रुतेन केवलं शुद्धमात्मानं जानाति स श्रुतकेवलीति तावत् परमार्थो, यः श्रुतज्ञानं सर्वं जानाति स श्रुतकेवलीति तु व्यवहारः ।

तदत्र सर्वमेव तावत् ज्ञानं निरूप्यमाणं किमात्मा किमनात्मा ? न तावदनात्मा समस्तस्याप्यनात्मन श्चेतनेतरपदार्थपंचतयस्य ज्ञानतादात्म्यनुपपत्तेः ।

ततो गत्यंतराभावात् ज्ञानमात्मेत्यायात्यतः श्रुतज्ञानमप्यात्मैव स्यात् ।

एवं सति य आत्मानं जानाति स श्रुतकेवलीत्यायाति, स तु परमार्थ एव ।

एवं ज्ञानज्ञानिनौ भेदेन व्यपदिश्यता व्यवहारेणापि परमार्थमात्रमेव प्रतिपद्यते न किंचिदप्यतिरिक्तं ।

अथ च यः श्रुतेन केवलं शुद्धात्मानं जानाति स श्रुतकेवलीति ।

परमार्थस्य प्रतिपादयितुमशक्यत्वात्

यः श्रुतज्ञानं सर्वं जानाति स श्रुतकेवलीति व्यवहारः

परमार्थप्रतिपादकत्वेनात्मानं प्रतिष्ठापयति ॥९॥१०॥

आत्मख्याति टीकार्थ

जे श्रुत वडे करीने केवल शुद्ध आत्माने जाणे छे,
ते श्रुतकेवली,
एम प्रथम तो परमार्थ छे,

जे श्रुतज्ञान सर्वने जाणे छे,
ते श्रुतकेवली,
एम व्यवहार छे.

૧. તેથી અત્રે સર્વ જ જ્ઞાન નિરૂપવામાં આવતું શું આત્મા શું અનાત્મા ?

(૧) અનાત્મા તો નથી, અનાત્મા એવા સમસ્ત ચેતનેતર (અચેતન) પદાર્થપંચતયને (પંચ પદાર્થને) જ્ઞાનાતાદાત્મ્યની અનુપપત્તિ (અઘટમાનતા) છે માટે.

(૨) એટલે ગત્યંતર અભાવથી જ્ઞાન આત્મા છે એમ આવે છે.

એટલે શ્રુતજ્ઞાન પણ આત્મા જ હોય,

એમ સતે જે આત્માને જાણે છે, તે શ્રુતકેવલી એમ આવે છે, તે તો પરમાર્થ જ છે.

એમ જ્ઞાન-જ્ઞાનીના ભેદથી વ્યપદેશતા એવા વ્યવહારથી પણ પરમાર્થ માત્ર જ પ્રતિપાદાય છે, કિંચિત્ પણ અતિરિક્ત નહિં.

૨. અને જે શ્રુત વડે કરીને કેવલ એવા શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવલી, એવા પરમાર્થના પ્રતિપાદવાના અશક્યપણાને લીધે, જે શ્રુતજ્ઞાન સર્વને જાણે છે તે શ્રુતકેવલી એવો વ્યવહાર, પરમાર્થ પ્રતિપાદિકપણાએ કરીને આત્માને પ્રતિષ્ઠાપે છે. ॥૯॥૧૦॥

કરવા યોગ્ય છે, પણ અથ ચ ન અનુસર્ત્તવ્યઃ 'अनुसर्त्तव्य' - અનુસરવો યોગ્ય નથી, કોણ ? વ્યવહારનયઃ - વ્યવહારનય. શા માટે ? ब्राह्मणो न म्लेच्छितव्य इति वचनात् બ્રાહ્મણ 'म्लेच्छितव्य' - મ્લેચ્છ કરવો યોગ્ય નથી એ વચનથી. ॥ इति **'आत्मख्याति'** આત્મભાવના ॥૮॥

આત્મભાવના

कथं व्यवहारस्य प्रतिपादकत्वमिति चेत् - વ્યવહારનું 'પ્રતિપાદકપણું' - પરમાર્થ સમજાવવાપણું કેવી રીતે ? એમ જો શંકા કરો તો -

यो हि श्रुतेन - જે સ્ફુટપણે શ્રુત વડે કરીને आत्मानमिमं तु - આ આત્માને નિશ્ચયે કરીને केवलं शुद्धं अभिगच्छति - કેવલ શુદ્ધ એવાને જાણે છે, तं श्रुतकेवलिनं भणंति - તેને શ્રુતકેવલી ભણે છે - કહે છે. કોણ ? लोकप्रदीपकराः ऋषयः - લોકપ્રદીપકર ઋષિઓ. ॥૯॥ यः श्रुतज्ञानं सर्वं जानाति - જે શ્રુતજ્ઞાન સર્વને જાણે છે, तं श्रुतकेवलिनं जिनाः आहुः - તેને શ્રુતકેવલી જિનો કહે છે. શું કારણથી ? यस्माज्ज्ञानं सर्वं आत्मा - કારણકે જ્ઞાન સર્વ આત્મા છે, तस्मात्श्रुतकेवली - તેથી કરીને શ્રુતકેવલી ॥૧૦॥ इति **गाथा** આત્મભાવના ॥૯-૧૦॥

यः - જે श्रुतेन - શ્રુત વડે કરીને केवलं शुद्धं - કેવલ શુદ્ધ એવા आत्मानं जानाति - આત્માને જાણે છે, स श्रुतकेवली - તે શ્રુતકેવલી इति तावत्परमार्थ એવો પ્રથમ તો પરમાર્થ છે : सः श्रुतकेवली - તે શ્રુતકેવલી इति व्यवहारः - એવો વ્યવહાર છે.

तदत्र - તેથી અત્રે सर्वमेव तावज्ज्ञानं निरूप्यमाणं - પ્રથમ તો સર્વ જ જ્ઞાન નિરૂપવામાં આવતું किमात्मा किमनात्मा - શું આત્મા ? શું અનાત્મા ? (૧) न तावदनात्मा - પ્રથમ અનાત્મા તો નહીં. શા માટે ? समस्तस्याप्यनात्मनः चेतनेतरपदार्थपंचतयस्य - સમસ્ત જ અનાત્મા એવા ચેતનેતર - ચેતનથી ઈતર - અન્ય 'પદાર્થ પંચતયને' - પંચ પદાર્થ સમૂહને ज्ञानतादाम्यानुपपत्तेः - 'જ્ઞાનતાદાત્મ્યની' - જ્ઞાન સાથે તાદાત્મ્યની - तदात्मकपणानी 'अनुपपत्ति' - અઘટમાનતા છે માટે. (૨) ततो गत्यंतराभावात् - જેથી 'ગત્યંતર અભાવને લીધે' - બીજી કોઈ ગતિનો અભાવ છે માટે. જ્ઞાનમાત્માયાતિ - જ્ઞાન (તે) આત્મા એમ આવે છે, अतः श्रुतज्ञानमप्यात्मैव स्यात् - એથી શ્રુતજ્ઞાન પણ આત્મા જ હોય.

एवं सति - એમ 'સતે' - હોતાં, यः आत्मानं जानाति - જે આત્માને જાણે છે, स श्रुतकेवलीत्यायाति - તે શ્રુતકેવલી એમ આવે છે, स तु परमार्थ एव - તે તો પરમાર્થ જ છે. एवं - એમ ज्ञानज्ञानिनौ भेदेन व्यपदिशता - જ્ઞાન-જ્ઞાનીના ભેદથી 'વ્યપદેશતા' - વ્યપદેશ - નિર્દેશ કરતા એવા વ્યવહારેણાપિ - વ્યવહારથી પણ परमार्थमात्रमेव प्रतिपायते - પરમાર્થમાત્રે જ પ્રતિપદાય - ગ્રહણ કરાય છે, સમજાય છે, न किंचिदप्यतिरिक्तं - નહીં કે કિંચિત્ પણ - કંઈ પણ 'અતિરિક્ત' - એ સિવાયનું બીજું.

अथ च - અને यः श्रुतेन केवलं शुद्धआत्मानं जानाति - જે શ્રુત વડે કેવલ શુદ્ધ એવા આત્માને જાણે છે, स श्रुतकेवली - તે શ્રુતકેવલી इति परमार्थस्य प्रतिपादयितुमशक्यत्वाद् - એવા પરમાર્થના પ્રતિપાદવાના અશક્યપણાને

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''કેવલ જ્ઞાન એટલે માત્ર જ્ઞાન જ, તે સિવાય બીજું કંઈજ નહીં.

''કેવલ સ્વભાવ પરિણામી જ્ઞાન તે કેવલજ્ઞાન છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૩૮, ૭૫૩**

"આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું." - શ્રીમદ્ રાજચંદ્રજી

''जे एगं जाणइ से सव्वं जाणइ, जे सव्वं जाणई से एगं जाणई ।।'' - **શ્રીઆચારાંગ સૂત્ર**

''જિણે આત્મા શુદ્ધતાએ પિછાન્યો, તિણે લોક અલોકનો ભાવ જાણ્યો''

- શ્રી દેવચંદ્રજી, 'અધ્યાત્મ ગીતા'

વ્યવહારનું પરમાર્થ પ્રતિપાદકપણું કેવી રીતે છે ? તે અત્રે 'શ્રુતકેવલિ'નો પરમ અલૌકિક મૌલિક પરમાર્થ પ્રકાશતા પરમ રહસ્યપૂર્ણ સમર્થ દૃષ્ટાંતથી **પરમર્ષિ ભગવાન કુંદકુંદાચાર્યજીએ** સમર્થિત કર્યું છે : જે સ્ફુટપણે શ્રુત વડે કરીને 'આ' - પ્રત્યક્ષ અનુભવાતા આત્માને નિશ્ચયે કરીને 'કેવલ' શુદ્ધ એવાને જાણે છે, તેને 'શ્રુતકેવલી' કહે છે, કોણ ? 'લોકપ્રદીપકર ઋષિઓ' - લોકનાપ્રદીપકર - પ્રકાશનાર એવા આત્મ ઋદ્ધિસંપન્ન ઋષિઓ (અને) જે શ્રુતજ્ઞાનને સર્વને જાણે છે તેને શ્રુતકેવલી કહે છે, કોણ ? 'જિનો' - અંતરૂ શત્રુઓના જેતા ભગવાન્ સર્વજ્ઞ વીતરાગો. શું કારણથી એમ કહે છે ? કારણકે જ્ઞાન સર્વ આત્મા છે, તેથી કરીને શ્રુતકેવલી છે. આવા ભાવની આ ગાથાઓનું પરમ પરમાર્થ પ્રકાશક અલૌકિક મૌલિક અપૂર્વ વ્યાખ્યાન કરતાં **પરમર્ષિ ભગવાન અમૃતચંદ્રાચાર્યજીએ** પરમ અદ્ભુત તત્ત્વ રહસ્ય પ્રકાશ્યું છે. તેનો આશયાર્થ આ પ્રકારે જે શ્રુતવડે કરીને **'કેવલ' શુદ્ધ** આત્માને જાણે છે તે **'શ્રુત કેવલી'** - આ તો પ્રથમ પરમાર્થ છે અને જે શ્રુતજ્ઞાનને 'સર્વને' જાણે છે તે 'શ્રુતકેવલી', - આ વ્યવહાર છે. તે આ પ્રકારે -

૧. અત્રે સર્વ જ્ઞાન પરીક્ષાર્થે નિરૂપવામાં - તપાસવામાં આવતું આત્મા છે ? કે અનાત્મા છે ? किं आत्मा ? किं अनात्मा ? (૧) અનાત્મા તો નહિ. કારણકે - समस्तस्यापि अनात्मनः चेतनेतरपदार्थपंचतयस्य - સમસ્ત અનાત્મા એવા 'ચેતનેતર' - ચેતનથી ઈતર - અચેતન પદાર્થ પંચકને (પાંચ પદાર્થ સમૂહને) જ્ઞાન સાથે 'તાદાત્મ્યની' - તન્મયપણાની - તદ્રૂપપણાની 'અનુપપત્તિ છે' - અઘટમાનતા છે માટે, 'ज्ञानतादात्म्यानुपपत्तेः ।' અર્થાત્ જ્ઞાન જો અનાત્મા હોય, તો ચેતન સિવાયના પુદ્ગલાસ્તિકાયાદિ પાંચ અચેતન પદાર્થો પણ અનાત્મા હોઈ તેઓનું જ્ઞાન સાથે તાદાત્મ્ય-તન્મયપણું-તદ્રૂપપણું હોવું જોઈએ, તે પણ જ્ઞાનમય હોવા જોઈએ, પણ તેમ તો છે નહિ, તે અચેતન જડ અનાત્મ પદાર્થોમાં જ્ઞાનરૂપપણું ઘટતું નથી. તેથી જ્ઞાન અનાત્મા તો છે જ નહિ. (૨) એટલે 'गत्यंतर अभावथी' - બીજી કોઈ ગતિ નહીં રહેવાથી જ્ઞાન આત્મા છે એમ આવીને ઉભું રહે છે. 'अतः श्रुतज्ञानमपि आत्मैव स्यात्' - એટલે શ્રુતજ્ઞાન પણ આત્મા જ હોય, એમ હોતાં જે આત્માને જાણે છે, તે શ્રુતકેવલી એમ આવે છે, यः आत्मानं जानाति स श्रुतकेवल इति आयाति, તે તો પરમાર્થ જ છે અને એમ શ્રુત જ્ઞાન અને આત્મા જ્ઞાનીઓના જ્ઞાન-જ્ઞાનીના ભેદથી 'व्यपदेशता' - વ્યપદેશ - કથન માત્ર નિર્દેશ કરતા એવા વ્યવહારથી પણ પરમાર્થ માત્ર જ 'પ્રતિપાદાય છે' - ગ્રહણ કરાય છે - સમજાય છે, किंचित् પણ - કંઈ પણ 'अतिरिक्त' - અધિક - જૂદું નહિ, એ સિવાય બીજું કાંઈ પણ નહિ.

૨. અને જે 'શ્રુતેન' - શ્રુત વડે કરીને 'केवलं शुद्धमात्मानं जानाति' -'કેવલ' એવા શુદ્ધ આત્માને જાણે છે તે 'શ્રુત કેવલી' - 'स श्रुतकेवली', એવા પરમાર્થના 'પ્રતિપાદવાના' - સમજાવવાના અશક્યપણાને લીધે - એવા પરમાર્થનું પ્રતિપાદન કરવું - સમજાવવું અશક્ય હોવાને લીધે, જે શ્રુતજ્ઞાનને સર્વને, જાણે છે - 'यः श्रुतज्ञानं सर्वं जानाति' તે 'શ્રુત કેવલી' 'स श्रुत केवली' - એવો વ્યવહાર પરમાર્થના પ્રતિપાદકપણાએ કરીને આત્માને પ્રતિષ્ઠાપિત કરે છે, અર્થાત્ શ્રુતથી

'કેવલ' શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુત કેવલી છે - આ પરમાર્થ છે, અને શ્રુતથી કેવલ શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવલી એવો આ પરમાર્થ સમજાવી શકાય એમ નહીં હોવાથી - વાણીથી કહ્યો જાય એમ નહીં હોવાથી, જે શ્રુત જ્ઞાનને 'સર્વને' જાણે છે તે 'શ્રુત કેવલી' એવો વ્યવહાર છે, અને આ જ્ઞાન-જ્ઞાનીનો ભેદ વ્યવહાર પણ જ્ઞાનથી અભિન્ન જ્ઞાની-જ્ઞાયક આત્મારૂપ પ્રતિપાદન - નિરૂપણ કરવાપણાએ કરીને આત્માને જ પ્રતિષ્ઠાપે છે, परमार्थप्रतिपादकत्वेन आत्मानं प्रतिष्ठापयति । **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીની** આ પરમ પરમાર્થ ગંભીર વ્યાખ્યાને હવે વિશેષથી વિચારીએ.

શ્રુત કેવલીનું અદ્‌ભુત રહસ્ય

અત્રે 'શ્રુત કેવલી' શબ્દનો પરમ અપૂર્વ પરમાર્થ **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** પ્રકાશ્યો છે અને **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** તે પરમ અદ્‌ભુત પરમ અલૌકિક અપૂર્વ શૈલીથી સમજાવ્યો છે. સર્વ શ્રુત જ્ઞાનને - સર્વ શ્રુત કેવલને - સર્વ શ્રુત માત્રને જાણે છે તે, શ્રુત કેવલી એમ સામાન્યતઃ વ્યવહાર નયથી સમજાય છે, પણ તેનું અંતરગત રહસ્ય શું છે તે અત્ર પરમ તાત્ત્વિક દૃષ્ટિથી પ્રવ્યક્ત કર્યું છે. તે આ પ્રકારે શ્રુત વડે કરીને જે આ 'કેવલ' શુદ્ધ આત્માને જાણે છે તે **'શ્રુતકેવલી'** એમ પરમાર્થ છે, અર્થાત્ 'કેવલ' - માત્ર એક - અદ્વૈત-અસહાય શુદ્ધ આત્મા સિવાય બીજું કાંઈ જ્યાં છે નહિં એવા કેવલ શુદ્ધ આત્માને સ્વસંવેદનરૂપ ભાવશ્રુતજ્ઞાન વડે કરીને જાણે છે તે શ્રુતકેવલી. આ શ્રુતકેવલી જેમ સ્વસંવેદન પ્રત્યક્ષ - આત્માનુભવ પ્રત્યક્ષ ભાવ શ્રુત જ્ઞાન વડે કેવલ શુદ્ધ આત્માને જાણે છે, તેમ કેવલી ભગવાન્ સકલ પ્રત્યક્ષ કેવલજ્ઞાન વડે કરીને કેવલ શુદ્ધ આત્માને જાણે છે. એટલે કેવલ શુદ્ધ આત્માને જાણવાની બાબતમાં કેવલી અને શ્રુતકેવલીમાં કાંઈ વિશેષ નથી - તફાવત નથી. આ અંગે કેવલ જ્ઞાની અને શ્રુતકેવલજ્ઞાનીના અવિશેષ દર્શન અંગે **'પ્રવચનસાર'** * જ્ઞા. ૩૩-૩૪માં આજ ભાવ દર્શાવ્યો છે કે - (૧)'જે સ્ફુટપણે શ્રુતથી સ્વભાવથી જ્ઞાયક એવા આત્માને જાણે છે તેને લોકપ્રદીપકર ઋષિઓ શ્રુતકેવલી કહે છે. (૨) પુદ્‌ગલ દ્રવ્યાત્મક વચનો વડે જિનોપદિષ્ટ તે સૂત્ર છે, તેની જાણણા (જાણપણું) તે જ્ઞાન છે અને (તે જ) સૂત્રની જાણણા (જાણપણું) કહી છે.' - આ મહાન્ ગાથાઓની પરમાર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ કરેલી(જુઓ નીચેની ફૂટનોટ) પરમ ઔલોકિક, મૌલિક

લીધે, यः श्रुतज्ञानं सर्वं जानाति - જે શ્રુતજ્ઞાન સર્વને જાણે છે, स श्रुतकेवली - તે શ્રુતકેવલી, इति व्यवहारः એવો વ્યવહાર, परमार्थ प्रतिपादकत्वेन - પરમાર્થ પ્રતિપાદકપણાએ કરીને आत्मानं प्रतिष्ठापयति - આત્માને પ્રતિષ્ઠાપે છે - પ્રતિષ્ઠાપિત કરે છે. ॥इति **'आत्मख्याति'** आत्मभावना ॥૯-૧૦॥

* **"जो हि सुदेण विजाणदि अप्पाणं जाणगं सहावेण ।**
तं सुयकेवलिमिसिणो भणंति लोगप्पदीवयरा ॥
सुत्तं जिणोवदिट्ठं पोग्गलदव्वप्पगेहिं वयणेहिं ।
तज्जाणणा हि णाणं सुत्तस्स य जाणणा भणिया ॥" - श्री प्रवचनसार गा. ૩૩-૩૪

આ મહાન્ ગાથાઓની પરમ અદ્‌ભુત પરમ સુંદર તાત્ત્વિક મીમાંસા કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** વદે છે કે - (૧) જેમ ભગવાન્ યુગપત્ પરિણત (એકી સાથે પરિણમેલ) સમસ્ત ચૈતન્યવિશેષશાલી કેવલજ્ઞાન વડે કરીને અનાદિનિધન નિષ્કારણ અસાધારણ સ્વસંચેત્યમાન ચૈતન્ય સામાન્ય મહિમાવંતના ચેતક સ્વભાવે કરી એકયપણાને લીધે કેવલ આત્માના આત્માથી આત્મામાં સંચેતનથી કેવલી છે, તેમ આ જન પણ ક્રમપરિણમમાન (ક્રમે કરીને પરિણમી રહેલા) કેટલાક ચૈતન્ય વિશેષશાલી શ્રુતજ્ઞાન વડે કરીને અનાદિનિધન (અનાદિ અનંત) નિષ્કારણ અસાધારણ એવા સ્વસંવેદ્યમાન ચૈતન્ય સામાન્ય મહિમાવંતના ચેતક સ્વભાવે કરી એકપણાને લીધે કેવલ આત્માના આત્માથી આત્મામાં સંચેતનથી શ્રુત કેવલી છે. (માટે) વિશેષ આકાંક્ષાના ક્ષોભથી બસ થયું ! સ્વરૂપ નિશ્ચલ જ થઈને અવસ્થિત થવાય છે (અમે સ્વરૂપ નિશ્ચલ જ થઈને સ્થિત રહીએ છીએ.) (૨) હવે જ્ઞાનનો શ્રુત ઉપાધિભેદ ફગાવી દે છે - શ્રુત તે પ્રથમ તો સૂત્ર છે અને તે ભગવદ્ અર્હત્ સર્વજ્ઞોપજ્ઞ સ્યાત્ કાર કેતન (સ્યાદ્‌વાદ જેની ધ્વજા - વૈજયંતી છે એવું) પૌદ્‌ગલિક શબ્દબ્રહ્મ છે, તેની 'જ્ઞપ્તિ' (જાણપણું) તે જ જ્ઞાન છે, શ્રુત તો તેના (જાણપણાના-જ્ઞપ્તિના) કારણપણાને લીધે જ્ઞાનપણે ઉપચરાય જ છે (ઉપચાર કરાય જ છે). એમ સતે સૂત્રની જ્ઞપ્તિ તે શ્રુત જ્ઞાન એમ આવે છે. હવે જો સૂત્ર ઉપાધિપણાને લીધે નથી આદરાતું, (એટલે) જ્ઞપ્તિ જ અવશેષ (બાકી) રહે છે અને તે કેવલીની અને શ્રુત કેવલીની આત્મસંચેતના બાબતમાં તુલ્ય જ છે, એટલે જ્ઞાનનો શ્રુત ઉપાધિભેદ છે નહીં.''

અદ્‌ભુત તત્ત્વતલસ્પર્શી સ્પષ્ટ મીમાંસા પરથી સ્વયં સહજ એ તાત્પર્ય ફલિત થાય છે કે શ્રુત ઉપાધિનો ભેદ દૂર કરીને જોઈએ તો કેવલી અને શ્રુતકેવલી એ બન્નેનું આત્મ સંચેતનગમ્ય - સ્વ સંવેદનગમ્ય કેવલ શુદ્ધ આત્માને જાણવાની બાબતમાં સમાનપણું છે, અને 'કેવલ' શુદ્ધ આત્માને જાણવો - સર્વ અન્ય દ્રવ્યથી ને ભાવથી ભિન્ન અભિન્ન એક માત્ર 'કેવલ' શુદ્ધ આત્માનું જ્ઞાન થવું એ જ સર્વ જ્ઞાનનો અને સર્વ શ્રુત જ્ઞાનનો પરમાર્થ છે. એ જ 'શ્રુત કેવલીપણાની' રહસ્ય ચાવી (master-key) છે અને એ જ સર્વ જ્ઞાન-અજ્ઞાનની કસોટી છે. આ ઉપરથી સૂક્ષ્મ વિચારણા કરતાં કેટલાક મુદ્દા સ્પષ્ટ થાય છે અને વ્યવહાર શ્રુતકેવલી - નિશ્ચય શ્રુત કેવલીની વ્યાખ્યાનો અવિરોધ સુમેળ સ્થાપિત થઈ 'શ્રુત કેવલી'નો ખરેખરો પરમાર્થ-મર્મ સમજાય છે. અર્થાત્ કેવલ શુદ્ધ આત્મજ્ઞાન એ જ કેવલીપણાની રહસ્ય ચાવી (master-key) છે. જો કેવલ શુદ્ધ આત્માને જાણ્યો તો તે આત્મજ્ઞાન સંપન્ન-ભાવ શ્રુતજ્ઞાન સંપન્ન શ્રુતકેવલી છે.

સર્વત્ર આત્મજ્ઞાનની મુખ્યતા : જ્ઞાન-અજ્ઞાનનું રહસ્ય

આમ જાણપણાની બા.માં જ્ઞાનીઓએ સર્વત્ર આત્મા અને આત્મજ્ઞાન પર સવિશેષ ભાર મૂક્યો છે અને એ અત્રે શ્રુત કેવલીના ઉદાહરણ પરથી સ્પષ્ટ સમજાય છે. એટલે સર્વ શ્રુતજ્ઞાન પણ આત્મા જ છે. જ્ઞાન અને આત્મા (જ્ઞાની) જૂદા નથી, જ્ઞાન એ આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે, એટલે જ્ઞાનથી અભિન્ન એવા જ્ઞાનીને-કેવલ શુદ્ધ આત્માને જાણે તે જ્ઞાની. એટલે જ સર્વ જ્ઞાનમાં કેવલ શુદ્ધ આત્માને જાણવો એ જ મુખ્ય મુદ્દો છે.

''પ્રથમ પદમાં એમ કહે છે કે, હે મુમુક્ષુ ! એક આત્માને જાણતા સમસ્ત લોકાલોકને જાણીશ અને સર્વ જાણવાનું ફળ પણ એક આત્મપ્રાપ્તિ છે, માટે આત્માથી જૂદા એવા બીજા ભાવો જાણવાની વારંવારની ઈચ્છાથી તું નિવૃત્ત અને એક નિજસ્વરૂપને વિષે દૃષ્ટિ દે, કે જે દૃષ્ટિથી સમસ્ત સૃષ્ટિ જ્ઞેયપણે તારે વિષે દેખાશે. તત્ત્વ સ્વરૂપ એવાં સત્ શાસ્ત્રમાં કહેલા માર્ગનું પણ આ તત્ત્વ છે, એમ તત્ત્વજ્ઞાનીઓએ કહ્યું છે, તથાપિ ઉપયોગ પૂર્વક તે સમજાવું દુર્લભ છે. એ માર્ગ જૂદો છે અને તેનું સ્વરૂપ પણ જૂદું છે. જેમ માત્ર કથન જ્ઞાનીઓ કહે છે તેમ નથી, માટે ઠેકાણે ઠેકાણે જઈને કાં પૂછે છે ? કેમકે તે અપૂર્વ ભાવનો અર્થ ઠેકાણે ઠેકાણેથી પ્રાપ્ત થવા યોગ્ય નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-પ૩૯**

સર્વ શ્રુતનું રહસ્ય અને પ્રયોજન કેવલ આત્મજ્ઞાન જ

તાત્પર્ય કે - આત્માને જાણવો એ જ સર્વ શ્રુત જાણવાનું રહસ્ય છે, એ જ સર્વ શ્રુત જાણવાનું પ્રયોજન છે, એ જ સર્વ શ્રુત જાણ્યાનું ફળ છે. સર્વ શ્રુત કેવલિપણાનું પરમાર્થભૂત રહસ્ય પણ કેવલ એક શુદ્ધ આત્માને જાણવો-ઓળખવો-પામવો એ જ છે. **શ્રી પદ્મનંદિ મહામુનીશ્વરે** કહ્યું છે તેમ, 'દ્વાદશાંગી* શ્રી જિનેશ્વરે કહી છે તેમાં પણ એક આત્મા જ આદેય-ગ્રહણ કરવા યોગ્ય છે અને બાકી બીજું બધું ય હેય-ત્યાગવા યોગ્ય છે' એ જ એક પરમ સારભૂત-પરમાર્થ પ્રયોજનભૂત મુખ્ય વાત કહી છે. આમ **'લોકપ્રદીપકર** - લોકનું સ્વરૂપ પ્રકાશનારા, અલોકમાં રહેલા લોકને -

---

પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજીની** આ અપૂર્વ તત્ત્વ તલસ્પર્શિની વ્યાખ્યાના મૂળ અમૃત શબ્દો આ રહ્યા -

यथा भगवान् युगपत्परिणतसमस्तचैतन्यविशेषशालिना केवलज्ञानेनानादिनिधननिष्कारणसाधारणस्वसंचेत्यमान चैतन्यसामान्यमहिम्नश्चेतकस्वभावेनैकत्वात् केवलस्यात्मन आत्मनात्मनि संचेतनात् केवली, तथायं जनोपि क्रमपरिणममाणकतिपयचैतन्यविशेषशालिना श्रुतज्ञानेनानादिनिधननिष्कारणासाधारण स्वसंवेद्यमान चैतन्यसामान्यमहिम्नश्चेतकस्वभावेनैकत्वात् केवलस्यात्मन आत्मनात्मनि संचेतनात् श्रुतकेवली । अलं विशेषाकांक्षाक्षोभेण, स्वरूपनिश्चलैरेवावस्थीयते ।

अथ ज्ञानस्य श्रुतोपाधिभेदमुदस्यति - श्रुतं हि तावत्सूत्रं । तच्च भगवदर्हत्सर्वज्ञोपज्ञं स्यात्कारकेतनं पौद्गलिकं शब्दब्रह्म । तज्ज्ञप्तिर्हि ज्ञानं । श्रुतं तु तत्कारणत्वात् ज्ञानत्वेनोपचर्यत एव । एवं सति सूत्रस्य ज्ञप्ति श्रुतज्ञानमित्यायाति । अथ सूत्रमुपाधित्वान्नाद्रियते ज्ञप्तिरेवावशिष्यते । सा च कवलिनः श्रुतकेवलिनश्चात्मसंचेतने तुल्यैवेति नास्ति ज्ञानस्य श्रुतोपाधिभेदः ॥

અવલોકનારા, આત્માને અવલોકનારા આત્માનુભવી ઋષિઓ પ્રકાશી ગયા છે. વિબુધોએ (દેવોએ) મંદર પર્વત વડે સાગરમંથન કરી સારભૂત રત્નોની ને તેમાં પણ સારભૂત અમૃતની પ્રાપ્તિ કરી એમ પુરાણોક્તિ છે. તે રૂપકને અત્રે અધ્યાત્મ પરમાર્થ પરિભાષામાં ઘટાવીએ તો વિબુધો (વિદ્વજ્જનો) અધ્યાત્મ શાસ્ત્ર રૂપ* મંદરાચલ વડે શાસ્ત્ર સમુદ્રનું મંથન કરી, તેમાંથી સારભૂત તત્ત્વ-રત્ન ખોળી કાઢી, પરમ અમૃત રૂપ આત્મ તત્ત્વને પામે તે જ પરમ વિબુધપણું છે, અને તે પરમ અમૃત તત્ત્વ જો ન મેળવ્યું, ન લાધ્યું, તો તે બધુંય અબુધપણું છે, અજ્ઞાનપણું જ છે. પાંચમા અંગમાં - **શ્રી "ભગવતી" સૂત્રમાં** સ્પષ્ટ કહ્યું છે કે, 'નવ પૂર્વ સુધી ભણ્યો હોય, પણ જો જીવને ન જાણ્યો તો તે અજ્ઞાની છે.' આજ ભાવ **પરમતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીએ** અપૂર્વ ભાવથી સંગીત કર્યો છે -

"જો હોય પૂર્વ ભણેલ નવ પણ, જીવને જાણ્યો નહિં,
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું, સાક્ષી છે આગમ અહીં;
એ પૂર્વ સર્વ કહ્યા વિશેષે, જીવ કરવા નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.
નહિં ગ્રંથમાંહિ જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહીં કવિ-ચાતુરી,
નહિં મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં, જ્ઞાન નહીં ભાષા ઠરી;
નહિં અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો." - **પરમ આત્મતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી**

"આ જીવે નવ પૂર્વ સુધીનું જ્ઞાન મેળવ્યું તો પણ કાંઈ સિદ્ધિ થઈ નહિં. તેનું કારણ વિમુખ દશાએ પરિણમવાનું છે. જો સન્મુખ દશાએ પરિણમ્યા હોય, તો તત્ક્ષણ મુક્ત થાય."

-શ્રીમદ્ રાજચંદ્ર અં. ૮૬૪

આ ઉપરથી એમ સમજવાનું છે **દ્રવ્ય-શ્રુત પૂરેપૂરું કામનું છે**, ને તેનો **પૂરેપૂરો પરમ ઉપકાર છે.** એટલે દ્રવ્ય શ્રુત પરમ અવલંબન રૂપ-સાધન રૂપ હોઈ ભાવશ્રુતની પ્રાપ્તિમાં તેનો પરમ ઉપકાર છે, એટલે જ જો તે ભાવશ્રુતની પ્રાપ્તિનો ઈષ્ટ ઉદ્દેશ તેના આલંબને સધાયો અથવા તે ઈષ્ટ ઉદ્દેશ અર્થે તેનો સાધન તરીકે ઉપયોગ કરાયો, તો તેવું દ્રવ્યશ્રુત પરમાર્થથી સફળ છે. તાત્પર્ય કે - દ્રવ્ય શ્રુત ભાવશ્રુત સહિત હોય અથવા ભાવશ્રુતના કારણ રૂપ થાય તો તેનું સફળપણું છે, નહિ તો સમર્થ યોગાચાર્ય **શ્રી હરિભદ્રસૂરિજી** કહે છે તેમ - 'સ્ત્રીપુત્રાદિ** જેમ સંમૂઢ જનોનો સંસાર છે, તેમ શાસ્ત્ર એ વિદ્વાનોનો સંસાર છે !'

દ્રવ્યશ્રુતનો ભાવશ્રુતના નિમિત્તપણે પરમ ઉપકાર

"શાસ્ત્રો વિશેષ સહિત પણ જો જાણિયું નિજ રૂપને,
તો જ્ઞાન તેને ભાખિયું જો સમ્મતિ આદિ સ્થળો;
કાં તેહવો આશ્રય કરજો ભાવથી સાચા મને,
જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો." - **શ્રીમદ્ રાજચંદ્રજી**

"આત્માર્થ સિવાય શાસ્ત્રની જે જે પ્રકારે જીવે કૃતાર્થતા માની છે,
તે સર્વ શાસ્ત્રીય અભિનિવેશ છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૬૯**

શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત પ્રવચનસાર, ટીકા-૧-૩૩, ૩૪

* "उक्तं जिनै र्द्वादशभेदमङ्गं, श्रुतं ततोऽप्यन्यदनेकभेदम् ।
तस्मिन्नुपादेयतया विदात्मा, शेषं तु हेयत्वधियाभ्यधायि ॥" - **श्री पद्मनंदि पंचविंशतिका**

* "अध्यात्मशास्त्रहेमाद्रिमथितादागमोदधेः ।

વળી એ પણ ખાસ યાદ રાખવા જેવું છે કે, અધ્યાત્મરસ* પરિણતિ વિનાનું જે શાસ્ત્ર જ્ઞાન તે ભારરૂપ જ છે. ગધેડો ચંદનનો ભાર ઉપાડે છે, પણ તેનો ભોગ તો કોઈ ભાગ્યશાળી જ પામે છે, તેમ શાસ્ત્રનો ભાર તો અનેક વહે છે, પણ તેનો અધ્યાત્મરસ તો કોઈ વિરલો જ ચાખે છે. ફરક માત્ર એટલો જ છે કે, ગધેડો પોતાના શરીર પર બોજો ઉઠાવે છે - અને આ શાસ્ત્ર ભારવાહક પોતાના મન પર બોજો ઊઠાવે છે ! પણ બન્નેનું ભાર વાહકપણું સરખું છે ! પુસ્તક પંડિતરૂપ વિદ્વાનમાં અને આત્માનુભવી જ્ઞાનીમાં આકાશ-પાતાળનું અંતર છે, કહેવાતા વિદ્વાન્ અને જ્ઞાનીમાં પ્રગટ ભેદ છે અથવા પરમાર્થથી આત્મજ્ઞાની એ જ સાચો વિદ્વાન્ અથવા પંડિતજન છે, એટલા માટે ઉપરમાં કહ્યું તેમ, જો દ્રવ્યથી નવ પૂર્વ પણ ભણેલ હોય, નવ પૂર્વનો પણ પાઠી-અભ્યાસી હોય, પણ જો આત્માને ન જાણ્યો હોય તો તે અજ્ઞાની છે. આમ જ્યાં નવ પૂર્વ જેટલું શ્રુત ભણેલો એવો અધ્યાત્મરસ પરિણતિ વિનાનો શુષ્કજ્ઞાની બહુશ્રુત પણ અજ્ઞાની કહ્યો છે, તો પછી અન્ય અલ્પશ્રુત શુષ્ક વાચાજ્ઞાનીઓની તો શી વાત કરવી ? કારણકે સર્વ શાસ્ત્રનું જ્ઞાન પણ જો એક આત્મવસ્તુ હાથ ન આવી તો શૂન્ય રૂપ જ છે, મોટા મીંડા રૂપ જ છે. **'एको'** - આત્મા હાથમાં ન આવ્યો તો તે બધા એકડા વિનાના મીંડા છે ! 'जे एगं जाणइ से सव्वं जाणइ ।'

આત્મજ્ઞાન વિનાનું શાસ્ત્રજ્ઞાન ભારરૂપ

''તિમ શ્રુતપાઠી પંડિત કું પણ, પ્રવચન કહત અજ્ઞાન રે;
સાર લહ્યા વિન ભાર કહ્યો શ્રુત, ખર દૃષ્ટાંત પ્રમાણ.'' - **શ્રી ચિદાનંદજી પદ**

''નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો માત્ર મનનો આમળો,
જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી અં. ૨૬૮**

અને આમ શ્રુત વડે જાણીને કેવલ શુદ્ધ આત્માને જાણવો એજ પરમાર્થ છે, પણ એમને એમ આ પરમાર્થ સમજાવો દુર્ઘટ છે, એટલે તે પરમાર્થ સમજાવવા માટે શ્રુત જ્ઞાનને 'સર્વને જાણે છે તે શ્રુત કેવલી છે એમ અત્રે વ્યવહાર કહ્યો છે. અંગે 'ચૌદ પૂર્વધારી કંઈ જ્ઞાને ઊણા એવા અનંત નિગોદમાં લાભે અને જઘન્ય જ્ઞાનવાળા પણ અધિકમાં અધિક પંદર ભવે મોક્ષે જાય' - એ પ્રશ્નનો જે પરમ અદ્‌ભુત તત્ત્વચમત્કાર દાખવતો ખુલાસો **પરમ તત્ત્વદૃષ્ટા આત્મદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીએ** પ્રકાશ્યો છે, તે પરથી પણ આ ઉક્ત સમસ્ત વસ્તુ પરિસ્ફુટ થઈ પરિપુષ્ટ બને છે -

'સર્વ' શ્રુતજ્ઞાનમાં 'સર્વ'નું રહસ્ય

''એનો ઉત્તર જે મારા હૃદયમાં છે, તે જ જણાવી દઉં છું કે એ જઘન્યજ્ઞાન બીજું અને એ પ્રસંગ પણ બીજો છે. જઘન્ય જ્ઞાન એટલે સામાન્ય પણે પણ મૂળ વસ્તુનું જ્ઞાન, અતિશય સંક્ષેપમાં છતાં મોક્ષના બીજ રૂપ છે. એટલા માટે એમ કહ્યું અને એકદેશે ઉણું એવું ચૌદ પૂર્વધારીનું જ્ઞાન તે એક મૂળ વસ્તુના જ્ઞાન સિવાય બીજું બધું જાણનાર થયું, પણ દેહદેવળમાં રહેલો શાશ્વત પદાર્થ જાણનાર ન થયું અને એ ન થયું તો પછી લક્ષ વગરનું ફેંકેલું તીર લક્ષ્યાર્થનું કારણ નથી. તેમ આ પણ થયું, જે વસ્તુ પ્રાપ્ત કરવા ચૌદ પૂર્વનું જ્ઞાન જિને બોધ્યું છે, તે વસ્તુ ન મળી તો પછી ચૌદ પૂર્વનું જ્ઞાન અજ્ઞાન રૂપ જ થયું. અહીં દેશે ઉણું ચૌદ પૂર્વનું જ્ઞાન સમજવું. દેશે ઉણું કહેવાથી આપણી સાધારણ મતિથી એમ સમજાય કે ચૌદ પૂર્વને છેડે ભણી ભણી આવી પહોંચતાં એકાદ અધ્યયન કે તેવું રહી ગયું અને તેથી રખડ્યા, પરંતુ એમ તો નહીં. એટલા બધાં જ્ઞાનનો અભ્યાસી એક અલ્પ ભાગ માટે અભ્યાસમાં પરાભવ પામે એ માનવા જેવું નથી. અર્થાત્ કંઈ ભાષા અઘરી, અથવા અર્થ અઘરો નથી કે સ્મરણમાં રાખવું તેમને દુર્લભ પડે. માત્ર મૂળ વસ્તુનું જ્ઞાન ન મળ્યું એટલી જ ઉણાઈ, તેણે ચૌદ પૂર્વનું બાકીનું

भूयांसि गुणरत्नानि प्राप्यन्ते विबुधै र्न किम् ।।'' - **શ્રીયશોવિજયજી ઉપાધ્યાયજી કૃત અધ્યાત્મસાર**

** ''पुत्रदारादिसंसारः पुंसां संमूढचेतसाम् ।


જ્ઞાન નિષ્ફળ કર્યું. એક નયથી એવી વિચારણા પણ થઈ શકે છે કે, શાસ્ત્રો (લખેલાનાં પાનાં) ઉપાડવાં અને ભણવાં એમાં કંઈ અંતર નથી, જો તત્ત્વ ન મળ્યું તો. કારણ બેયે બોજો જ ઉપાડ્યો. પાનાં ભણી ગયા તેણે મને બોજો ઉપાડ્યો, પરંતુ વાસ્તવિક લક્ષાર્થ વિના તેનું નિરૂપયોગી પણું થાય એમ સમજણ છે. જેને ઘેર આખો લવણ સમુદ્ર છે તે, તૃષાતુરની તૃષા મટાડવા સમર્થ નથી, પણ જેને ઘેર એક મીઠા પાણીની વીરડી છે, તે પોતાની અને બીજા કેટલાકની તૃષા મટાડવા સમર્થ છે અને જ્ઞાન દૃષ્ટિએ જોતાં મહત્વ તેનું જ છે. તો પણ બીજા નય પર હવે દૃષ્ટિ કરવી પડે છે અને તે એ કે કોઈ રીતે પણ શાસ્ત્રાભ્યાસ હશે તો કંઈ પાત્ર થવાની જિજ્ઞાસા થશે અને કાળે કરીને પાત્રતા પણ મળશે અને પાત્રતા બીજાને પણ આપશે. એટલે શાસ્ત્રાભ્યાસનો નિષેધ અહીં કરવાનો હેતુ નથી. પણ મૂળ વસ્તુથી દૂર જવાય એવા શાસ્ત્રાભ્યાસનો તો નિષેધ કરીએ તો એકાંતવાદી નહીં કહેવાઈએ.''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-(૧૨૩), ૧૩૯

અથવા પ્રકારાંતરથી વિચારીએ તો 'यः श्रुतज्ञानं सर्वं जानाति' - જે શ્રુત જ્ઞાન સર્વ જાણે છે, તે શ્રુત કેવલી એવો જે આ વ્યવહાર છે, તે स श्रुतकेवलीति व्यवहारः, પરમાર્થ પ્રતિપાદકપણાએ કરીને આત્માને પ્રતિષ્ઠાપિત કરે છે, परमार्थप्रतिपादकत्वेनात्मानं प्रतिष्ठापयति । કારણકે ઉપરમાં સ્પષ્ટ કરી દેખાડ્યું, તેમ **જ્ઞાન સર્વ આત્મા છે**, એટલે જે **શ્રુતજ્ઞાન સર્વ** જાણે છે તે, શ્રુતકેવલી એવો વ્યવહાર, પરમાર્થ પ્રતિપાદન કરવાપણાએ કરીને આત્માનું પ્રતિષ્ઠાપન કરે છે.

આમ **વ્યવહાર પરમાર્થ પ્રતિપાદક** હોય છે, તે દર્શાવવા માટે અત્રે રજૂ કરેલા શ્રુતકેવલીના સમર્થ ઉદાહરણ પરથી વ્યવહાર પરમાર્થ પ્રતિપાદકપણાએ કરીને આત્માને પ્રતિષ્ઠાપે છે અને તે પરથી આ ઉક્ત સર્વ રહસ્ય ફલિત થાય છે. અત્રે સારાંશ એ છે કે, જો પોતાના નિજ કેવલ શુદ્ધ આત્મસ્વરૂપને જાણ્યું તો સર્વ લોકને જાણ્યો અને નિજ સ્વરૂપને ન જાણ્યું તો સર્વ જાણ્યું તે ફોગટ છે. આ અંગે **પરમ આત્મભાવનાથી પરમ ભાવિતાત્મા** અને **પ્રયોગસિદ્ધ સમયસારને** જીવનમાં અનન્યપણે સાક્ષાત્ આચરી દેખાડનારા વર્તમાન યુગના સંતશિરોમણિ પરમ યોગીશ્વર **પરમર્ષિ શ્રીમદ્ રાજચંદ્રજીનું** ટંકોત્કીર્ણ મનનીય અનુભવ વચનામૃત છે કે -

''જબ જાન્યો નિજ રૂપકો, તબ જાન્યો સબ લોક;
નહિ જાન્યો નિજ રૂપકો, સબ જાન્યો સો ફોક.'' **- શ્રીમદ્ રાજચંદ્રજી, હાથનોંધ**



व्यवहार नय शा माटे अनुसरवो योग्य नथी ? तो के -

ववहारोऽभूयत्थो भूयत्थो देसिदो दु सुद्धणओ ।
भूयत्थमस्सिदो खलु सम्मइट्ठी हवइ जीवो ॥११॥

व्यवहार अभूतार्थ देशिओ रे, शुद्धनय ज भूतार्थ;
सम्यग् दृष्टि जीव निश्चये रे, आश्रित जेह भूतार्थ... रे. आत्मन् ! वंदो समयसार. ११

गाथार्थ : व्यवहार अभूतार्थ अने शुद्धनय भूतार्थ दर्शावववामां आव्यो छे, भूतार्थने आश्रित जीव निश्चये करीने सम्यग्दृष्टि होय छे. ११.

आत्मख्याति टीका

कुतो व्यवहारनयो नानुसर्त्तव्य इति चेत् -

व्यवहारोऽभूतार्थो भूतार्थो दर्शितस्तु शुद्धनयः ।
भूतार्थमाश्रितः खलु सम्यग्दृष्टिर्भवति जीवः ॥११॥

व्यवहारनयो हि सर्व **एवाभूतार्थ**त्वादभूतमर्थं प्रद्योतयति ।

शुद्धनय एक **एव भूतार्थ**त्वाद् भूतमर्थं प्रद्योतयति । तथाहि -

यथा प्रबलपंकसंवलनतिरोहित	तथा **प्रबल**कर्मसंवलनतिरोहित
सहजैकर्थ (अच्छ) भावस्य पयसो	सहजैकज्ञायकभावस्यात्मनो -
अनुभवितारः पुरुषाः	ऽनुभवितारः पुरुषाः
पंकपयसोर्विवेकमकुर्वंतो	आत्मकर्मणो र्विवेकमकुर्वंतो
बहवो -	व्यवहारविमोहितहृदयाः
ऽनर्थमेव तदनुभवंति	प्रद्योतमानभाववैश्वरूप्यं तमनुभवंति ।
केचित्तु	भूतार्थदर्शिनस्तु
स्वकरविकीर्ण -	स्वमतिनिपातित -
कतकनिपातमात्रोपजनित	शुद्धनयानुबोधमात्रोपजनिता -
पंकपयसोर्विवेकत्या	त्मकर्मविवेकतया
स्वपुरुषकाराविर्भावित -	स्वपुरुषकाराविर्भावित -
सहजैकार्थ (अच्छ) भावत्वा -	सहजैकज्ञायकस्वभावत्वात्
दर्थमेव तदनुभवंति	प्रद्योतमानैकज्ञायकभावं तमनुभवंति ।

तदत्र **ये भूतार्थमाश्रयंति त एव** सम्यक् पदयंतः **सम्यग्दष्टयो भवंति न** पुनरन्ये कतकस्थानीयत्वाच्छुद्धनयस्यातः प्रत्यगात्मदर्शिभि व्यवहारनयो नानुसर्त्तव्यः ॥११॥

विदुषां शास्त्रसंसारः सयोगरहितात्मनाम् ॥" - श्री हरिभद्रसूरि कृत योगबिंदु

આત્મખ્યાતિ ટીકાર્થ

વ્યવહાર નય સર્વ જ અભૂતાર્થ પણાને લીધે અભૂત અર્થ પ્રદ્યોતે (પ્રકાશે) છે. શુદ્ધનય એક જ ભૂતાર્થ પણાને લીધે ભૂત અર્થ પ્રદ્યોતે (પ્રકાશે) છે. તે આ પ્રકારે -

---

* **"वेदान्यशास्त्रवित्क्लेशं रसमध्यात्मशास्त्रवित् ।**
भाग्यभृद्भोगमाप्नोति वहति चंदनं खरः ॥" - श्री यशोविजयजी कृत अध्यात्मसार

१. પાઠાંતર : અર્થ ને સ્થળે અચ્છ, ૨. પાઠાંતર અનર્થ ને સ્થળે અનચ્છ

આત્મ ભાવના -

कुतो व्यवहारनयो नानुसर्त्तव्य इति चेत् - વ્યવહાર નય કયા કારણથી અનુસર્ત્તવ્ય નથી - અનુસરવો યોગ્ય નથી, તો કે - व्यवहारोऽभूतार्थ - વ્યવહાર 'અભૂતાર્થ' - અસદ્ભૂતાર્થ - અસત્યાર્થ અને भूतार्थो दर्शितस्तु शुद्धनयः - 'ભૂતાર્થ' - સદ્ભૂતાર્થ શું ? भूतार्थमाश्रितः - ભૂતાર્થને આશ્રિત - આશ્રી રહેલો खलु - ખરેખર ! નિશ્ચયે કરીને सम्यग्दृष्टि र्भवति जीवः - જીવ સમ્યગ્ દૃષ્ટિ હોય છે. ॥૧૧॥ इति गाथा આત્મભાવના ॥૧૧॥

व्यवहारनयो हि - વ્યવહાર નય સ્ફુટપણે સર્વ એવ - સર્વ જ, अभूतार्थत्वाद् - 'અભૂતાર્થપણાને લીધે' - અસદ્ભૂતાર્થ પણાને લીધે, अभूतमर्थं प्रद्योतयति - 'અભૂત' - અસદ્ભૂત અર્થ 'પ્રદ્યોતે' છે - પ્રકાશે છે.

शुद्धनय एक एव भूतार्थत्वाद् भूतमर्थं प्रद्योतयति - શુદ્ધનય એક જ ભૂતાર્થપણાને લીધે ભૂતં અર્થ પ્રદ્યોતે છે. तथाहि - તે જુઓ ! આ પ્રકારે - यथा - જેમ - प्रबलपंकसंवलन - तिरोहित सहजैकार्थभावस्य पयसोनुभवितारः पुरुषाः - પ્રબલ-પંકના - કાદવના 'સંવલનથી' - સંમિશ્રણથી - ઓતપ્રોત ગાઢ સંમિલનથી 'તિરોહિત' - તિરોભૂત થયેલો - ઢંકાઈ ગયેલો છે 'સહજ' - સ્વભાવભૂત અચ્છ નિર્મલ શુદ્ધ જલ રૂપ 'એક' - અદ્વિતીય - અદ્વૈત 'અર્થભાવ' - પદાર્થ ભાવ - વસ્તુભાવ જેનો એવા પયના - જલના 'અનુભવિતા' - અનુભવનારા - પાન કરનારા પુરુષો, पंक-पयसोर्विवेकमकुर्वंतो - પંક-પયનો - કાદવનો ને પાણીનો 'વિવેક' - વિવેચન - ભેદ - જૂદાપણું નહિ કરતાં, बहवोनर्थमेव तदनुभवंति - બહુઓ - ઘણાઓ 'અનર્થ જ' - અર્થ રૂપ નહિં પીતાં અસ્વચ્છ મેલું ગંદુ ડોળાયેલું અનર્થ રૂપ જ પાણી પીએ છે. पण - केचित्तु - કોઈ તો अर्थमेव तदनुभवंति - 'અર્થ જ' - જેવું મૂલ અચ્છ શુદ્ધ વસ્તુરૂપ જલે છે તેવું અર્થ રૂપ જ તે જલ અનુભવે છે, ચોક્ખું પાણી જ પીએ છે. शाने લીધે ? स्व-पुरुषकाराविर्भावितसहजैकार्थभावत्वात् - 'સ્વ પુરુષકારથી' - પોતાના પુરુષાર્થથી 'આવિર્ભાવિત' આવિર્ભાવ કરાયેલ - પ્રગટ કરાયેલ 'સહજ' - સ્વભાવભૂત એક અર્થભાવત્વ પણાને લીધે. એમ શાથી કરીને કર્યું ? स्वकर विकीर्णकतकनिपातमात्रोपजनितपंकपयसो विवेकतया - 'સ્વ કર વિકીર્ણ' - પોતાના હાથે વેરેલ 'કતકના' - નિર્મલી ચૂર્ણના 'નિપાત માત્રથી' - નાંખવા માત્રથી 'ઉપજનિત' - ઉપજાવાયેલી પંકજલની - કાદવને પાણીની 'વિવેકતાએ' - વિવેચનતાએ કરીને, પૃથકતા-ભિન્નતાએ કરીને.

तथा - તેમ - प्रबलकर्मसंवलनतिरोहितसहजैकज्ञायकभावस्यात्मनोऽनुभवितारः पुरुषाः - 'પ્રબલ - પ્રકૃષ્ટ બળવાન કર્મના 'સંવલનથી' - સંમિશ્રણથી - ઓતપ્રોત એકક્ષેત્રાવગાહ રૂપ ગાઢ સંમિલનથી 'તિરોહિત' - તિરોભૂત થયેલ - ઢંકાઈ ગયેલો છે 'સહજ' - સ્વભાવભૂત શુદ્ધ 'એક' - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક ભાવ જેનો એવા આત્માના 'અનુભવિતા' - અનુભવનારા પુરુષો, आत्मकर्मणोर्विवेकमकुर्वंतो - આત્માને કર્મનો 'વિવેક' - વિવેચન - ભેદ જૂદાપણું નહિં કરતાં, व्यवहारविमोहितहृदयाः - વ્યવહારથી 'વિમોહિત' - વિશેષે કરીને મોહ પામેલ - વિમૂઢ બનેલ હૃદયવાળાઓ, प्रद्योतमानभाववैश्वरूप्यं तमनुभवंति - 'પ્રદ્યોતમાનં' 'પ્ર' પ્રકૃષ્ટપણે 'દ્યોતમાન' - પ્રકાશમાન છે 'ભાવવૈશ્વરૂપ્ય' - ભાવોનું વિશ્વરૂપપણું જ્યાં એવો તે આત્મા અનુભવે છે. पण - भूतार्थदर्शिनस्तु - 'ભૂતાર્થદર્શીઓ' તો - સદ્ભૂતાર્થ - સત્યાર્થ દેખનારાઓ તો प्रद्योतमानैकज्ञायक् भावं तमनुभवंति - 'પ્રદ્યોતમાન' - પ્રકૃષ્ટપણે 'દ્યોતમાન' - પ્રકાશમાન છે 'એક' - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક ભાવ જ્યાં એવો 'તે' - આત્મા અનુભવે છે. शाने લીધે ? स्वपुरुषकाराविर्भिवित सहजैकज्ञायकस्वभावत्वात् -

'સ્વપુરુષકારથી' પતાના - આત્માના પુરુષાર્થથી 'આવિર્ભાવિત' આવિર્ભાવ કરાયેલ - પ્રગટ કરાયેલ 'સહજ' - સ્વભાવભૂત એક - અદ્વૈત જ્ઞાયક સ્વભાવપણાને લીધે - એમ શાથી કરીને કર્યું ? स्वमतिनिपातित शुद्धनयानुबोधमात्रोपजनितात्मकर्मविवेकतया 'સ્વમતિથી' - સ્વપ્રજ્ઞાથી - પોતાની બુદ્ધિથી 'નિપાતિત' - નાંખેલ - નિક્ષેપ કરેલ 'શુદ્ધનયના' - ભૂતાર્થ નયના 'અનુબોધ માત્રથી' - જ્ઞાનીઓએ પ્રદર્શિત કરેલા બોધને 'અનુ' - અનુસાર - અનુકૂળ 'બોધ' - યથાર્થ સમજણ માત્રથી 'ઉપજનિત' - ઉપજાવાયેલી આત્મ-કર્મની 'વિવેકતાએ' - વિવેચનતાએ કરીને, પૃથકતાએ-ભિન્નતાએ કરીને.

तदत्र - તેથી અત્રે, ये भूतार्थमाश्रयंति - જેઓ 'ભૂતાર્થને' - સદ્ભૂતાર્થને - સત્યાર્થને આશ્રે છે - ભજે છે, त एव

જેમ પ્રબલ પંક સંવલનથી (કાદવના સંમિશ્રણથી)	તેમ પ્રબલ કર્મ સંવલનથી (કર્મના સંમિશ્રણથી)
જેનો સહજ એક અર્થ (અચ્છ) ભાવ તિરોહિત છે,	જેનો સહજ એક જ્ઞાયક ભાવ તિરોહિત છે,
એવા જલના અનુભવનારા પુરુષો,	એવા આત્માના અનુભવનારા પુરુષો
બહુઓ (ઘણાઓ),	વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ
પંક-જલનો વિવેક નહિં કરતાં,	આત્મા-કર્મનો વિવેક નહિં કરતાં,
*અનર્થ જ (અનચ્છ જ) તે અનુભવે છે :	પ્રદ્યોતમાન ભાવવૈશ્વ રૂપ્યવાળો તે અનુભવે છે,
પણ કોઈ તો,	પણ ભૂતાર્થદર્શીઓ તો,
સ્વ કરથી વિકીર્ણ (પોતાના હાથે વેરેલ)	સ્વમતિથી નિપાતિત (નાંખેલ)
કતકના (નિર્મલીના) નિપાત માત્રથી	શુદ્ધનયના અનુબોધ માત્રથી
ઉપજાવાયેલી પંક-જલની વિવેકતાએ કરી,	ઉપજાવાયેલી આત્મ-કર્મની વિવેકતાએ કરી,
સ્વ પુરુષકારથી આવિર્ભાવિત	સ્વ પુરુષકારથી આવિર્ભાવિત
સહજ એક અર્થ* ભાવપણાને લીધે,	સહજ એક જ્ઞાયક સ્વભાવપણાને લીધે
અર્થ જ (અચ્છ જ) તે અનુભવે છે :	પ્રદ્યોતમાન એક જ્ઞાયક ભાવવાળો તે અનુભવે છે,

તેથી અત્રે જેઓ ભૂતાર્થને આશ્રે છે, તેઓ જ સમ્યક્ દેખતા એવા **સમ્યગ્દૃષ્ટિઓ હોય છે.** નહિં કે બીજાઓ - શુદ્ધનયનું કતકસ્થાનીપણું (નિર્મલી ચૂર્ણ સ્થાનીયપણું) છે માટે, એટલા માટે પ્રત્યગ્ (અંતર્ગત પૃથક્ - વિવિક્ત-ભિન્ન) આત્મદર્શીઓએ

વ્યવહાર નય અનુસર્ત્તવ્ય (અનુસરવો યોગ્ય) નથી. ૧૧

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમય માત્રમાં જાત્યંતર કરી જેણે નવ નિવૃત્તિ રૂપ કર્યું, તે કલ્યાણમૂર્ત્તિ સમ્યગ્ દર્શનને નમસ્કાર.

''સાચું સમજાઈ તેની આસ્થા થાય તે જ સમ્યક્ત્વ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૬૪**

''પરમારથ પંથ જે વહે, તે રંજે એક તંતરે;

વ્યવહારે લખ જે લહે, તેહના ભેદ અનંત રે...

ધરમ પરમ અરનાથનો.'' - **શ્રી આનંદઘનજી**

વ્યવહાર નય શા માટે અનુસરવો યોગ્ય નથી ? તેનો અત્રે **શાસ્ત્રકર્તા** એ સદ્બુદ્ધિગમ્ય ખુલાસો કર્યો છે - 'વ્યવહારોઽભૂયત્થો' - વ્યવહાર 'અભૂતાર્થ' - અસદ્ભૂતાર્થ - અસત્યાર્થ છે અને 'ભૂતાર્થ' - સદ્ભૂતાર્થ - સત્યાર્થ તો શુદ્ધનય જ દર્શાવવામાં આવ્યો છે - 'ભૂયત્થો દેસિદો દુ સુદ્ધનયો'* તેથી શું ?

- તેઓ જ, સમ્યક્ પશ્યંતઃ - 'સમ્યક્' - યથાર્થ - યથાવત્ જેમ છે તેમ 'દેખતા' - સાક્ષાત્ કરતા સમ્યગ્દૃષ્ટયો ભવંતિ - સમ્યગ્દૃષ્ટિઓ હોય છે, ન પુનરન્યે - નહિં કે બીજાઓ. એમ શાથી ? કતકસ્થાનીયત્વાત્ શુદ્ધનયસ્ય - 'શુદ્ધ નયના' - ભૂતાર્થ નિશ્ચયનયના 'કતકસ્થાનીયપણાને લીધે' - કતક - નિર્મલીપૂર્ણ સ્થાનરૂપપણાને લીધે. આ

---

* પાઠાંતર : અર્થને સ્થળે અચ્છ

* ''व्यवहारोऽभूतार्थो भूतार्थो देशितस्तु शुद्धनयः
शुद्धनय आश्रिता ये प्राप्नुवन्ति यतयः पदं परमम् ॥'' - **શ્રી પદ્મનંદિ પં. વિ. નિશ્ચય પંચાશદ્ શ્લો. ૯**

'ભૂતાર્થને આશ્રિત' - ભૂતાર્થનો આશ્રય જેણે કર્યો છે, તે 'જીવ નિશ્ચયે કરીને સમ્યગ્દૃષ્ટિ હોય છે.' આવા ભાવની આ ગાથાની પરમ અદ્‌ભુત તત્ત્વ તલસ્પર્શી વ્યાખ્યા **'આત્મખ્યાતિ'** સૂત્ર કર્ત્તાએ પ્રકાશી છે. તેનો આશયાર્થ આ પ્રકારે - અત્રે વ્યવહારનય જે છે તે 'સર્વ જ' અભૂતાર્થત્વાદ્ -- 'અભૂતાર્થપણાને લીધે' અસદ્‌ભૂતાર્થપણાને લીધે - અસત્યાર્થપણાને લીધે 'અભૂત અર્થ પ્રદ્યોતે છે' - અભૂતમર્થં પ્રદ્યોતયતિ, 'અભૂત' અસદ્‌ભૂત અર્થ પ્રકાશે છે અને શુદ્ધનય એક જ ભૂતાર્થત્વાત્ - ભૂતાર્થપણાને લીધે' - સત્યાર્થપણાને લીધે 'ભૂત અર્થ પ્રદ્યોતે છે' - ભૂતમર્થં પ્રદ્યોતયતિ - 'ભૂત' - સદ્‌ભૂત - સત્ય અર્થ પ્રકાશે છે. અર્થાત્ જેવા પ્રકારે 'અર્થનું' - પદાર્થનું - વસ્તુનું સ્વરૂપથી ભૂતપણું નથી, સત્ પણું - અસ્તિત્વ - હોવાપણું હતું નહિં, છે નહિં ને હશે નહિં એવા પ્રકારે વ્યવહારનયનું અભૂતાર્થપણું છે, તેથી કરીને જેવા પ્રકારે 'અર્થ' - પદાર્થ-વસ્તુ સ્વરૂપથી 'અભૂત છે' - ભૂત નથી, 'અસત્' છે - સત્ હતી નહિં છે નહિં તે હશે નહિં, એવા પ્રકારે 'અભૂત' - અસત્ અર્થને સર્વ વ્યવહાર પ્રકાશે છે. આમ સહજ વસ્તુ સ્વરૂપભૂત સદ્‌ભૂત અર્થને નહિં પ્રકાશતાં, વસ્તુ સ્વરૂપથી 'અભૂત' - અસદ્‌ભૂત - અસહજ કૃત્રિમ અર્થને પ્રકાશે છે, એટલા માટે જ અભૂતાર્થ - પણાને લીધે વ્યવહારનય સર્વ જ અભૂતાર્થ છે અને જેવા પ્રકારે 'અર્થનું' - પદાર્થનું - વસ્તુનું સ્વરૂપથી ભૂતપણું છે, સત્પણું - અસ્તિત્વ - હોવાપણું હતું છે ને હશે એવા પ્રકારે શુદ્ધ નયનું ભૂતાર્થપણું છે, તેથી કરીને જેવા પ્રકારે 'અર્થ' પદાર્થ - વસ્તુ સ્વરૂપથી ભૂત છે, સત્ છે - હતી છે ને હશે, એવા પ્રકારે 'ભૂત' - અસ્તિત્વભૂત - સત્ અર્થને શુદ્ધનય એક જ પ્રકાશે છે, 'शुद्धनय एक एव भूतार्थत्वाद् भूतमर्थं प्रद्योतयति ।' આ સમજાવવા માટે **'આત્મખ્યાતિ'કાર પરમર્ષિએ પંક-જલનું સુંદર દૃષ્ટાંત** રજૂ કરી, તેનો સાંગોપાંગ બિંબ-પ્રતિબિંબ ભાવ પરમ અદ્‌ભુત તત્ત્વ સર્વસમર્થક પણે પ્રદર્શિત કર્યો છે. તે આ પ્રકારે -

વ્યવહારનય સર્વ જ અભૂતાર્થ : શુદ્ધનય એક જ ભૂતાર્થ

પ્રબલ 'પંકના' - કાદવના 'સંવલનથી' - સંમિશ્રણથી - ઓતપ્રોત ગાઢ સંમિલનથી 'તિરોહિત' - તિરોભૂત - ઢંકાઈ ગયેલો છે 'સહજ' સ્વભાવભૂત અચ્છ - નિર્મલ શુદ્ધ જલરૂપ 'એક' - અદ્વિતીય - અદ્વૈત 'અર્થભાવ' - પદાર્થભાવ - વસ્તુભાવ જેનો એવા જલના અનુભવનારા ઘણાઓ, પંક-જલનો 'વિવેક' વિવેચન - જૂદાપણું નહિ કરતાં, 'અનર્થ જ તે અનુભવે છે' - (પાઠાં. અનચ્છ જ તે અનુભવે છે), મૂળ વસ્તુરૂપ સ્વચ્છ નિર્મલ અર્થરૂપ જલ નહિં પીતાં અનચ્છ-મલિન મેલું ગંદુ ડોળાયેલું પાણી જ પીએ છે. પણ કાંઈ તો 'અર્થ જ (અચ્છ જ) તે અનુભવે છે', જેમ મૂલ અચ્છ નિર્મલ શુદ્ધ જલ છે તેમ અર્થરૂપ જ તે નિર્મળું ચોક્ખું પાણી જ પીએ છે. એમ શાને લીધે ? 'સ્વ પુરુષકારથી આવિર્ભાવિત સહજ એક અર્થભાવપણાને લીધે' - स्व पुरुषकाराविर्भावित सहजैकार्थ-भावत्वात्, 'સ્વ પુરુષકારથી' - પોતાના પુરૂષાર્થથી 'આવિર્ભાવિત' - આવિર્ભાવ કરાયેલ - પ્રગટ કરાયેલ સહજ' - સ્વભાવભૂત 'એક' - અદ્વૈત અર્થભાવ પણાને લીધે અને તે પણ શાથી કરીને ? 'સ્વકર વિકીર્ણ' - પોતાના હાથે વેરેલ *કતકના - નિર્મલી ચૂર્ણના 'નિપાત માત્રથી' - નાંખવા માત્રથી ઉપજાવાયેલી પંક-જલની - કાદવ ને પાણીની 'વિવેકતાએ' - વિવેચનતાએ કરીને, પૃથક્‌તા - ભિન્નતાએ કરીને. આમ પાણી ને કાદવનો વિવેક નહિં કરનારાઓ મેલું ગંદુ પાણી પીએ છે ને વિવેક કરનારાઓ નિર્મળું ચોક્ખું પાણી પીએ છે.

પંક-જલના અવિવેકથી મલિન જલ અનુભવ : વિવેકથી નિર્મલ જલ અનુભવ

તેમ - 'પ્રબલ' - પ્રકૃષ્ટ બળવાન્ કર્મના 'સંવલનથી' - સંમિશ્રણથી - ઓતપ્રોત ગાઢ સંમિલનથી 'તિરોહિત' - તિરોભૂત - ઢંકાઈ ગયેલો છે 'સહજ' - સ્વભાવભૂત શુદ્ધ 'એક' - અદ્વિતીય - અદ્વૈત

પરથી શું ? अतः - એથી, એટલા માટે प्रत्यगात्मदर्शिभि - 'પ્રત્યગ્' આત્મદર્શીઓથી, 'प्रत्यक्' - પૃથક્ - વિવિક્ત - ભિન્ન આત્માને દર્શીઓથી દેખનારાઓથી - સાક્ષાત્ - પ્રત્યક્ષ કરનારાઓથી व्यवहारनयो नानुसर्त्तव्यः - વ્યવહારનય 'અનુસર્ત્તવ્ય' નથી - અનુસરવો યોગ્ય નથી. ॥૧૧॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥૧૧॥

* "अमलात्मजलं समलं करोति मम कर्मकर्दमस्तदापि ।

જ્ઞાયકભાવ જેનો એવા આત્માના અનુભવનારા પુરુષો 'વ્યવહાર વિમોહિત હૃદયવાળાઓ' - व्यवहारविमोहितहृदयाः, આત્માને કર્મનો 'વિવેક' - વિવેચન - જૂદાપણું - ભેદ નહિં કરતાં, 'પ્રદ્યોતમાન' - પ્રકાશમાન છે 'ભાવવૈશ્વરૂપ્ય' - ભાવોનું વિશ્વરૂપપણું જ્યાં એવો તે આત્મા અનુભવે છે - प्रद्योतमानभाववैश्वरूप्यं तमनुभवंति' - અર્થાત્ વિશ્વપ્રમાણ લોક પ્રમાણ અનંત ભાવો જ્યાં પ્રકાશે છે એવા આત્માનો અનુભવ કરે છે. પણ भूतार्थदर्शिनस्तु - ભૂતાર્થ દર્શિઓ તો - સદ્‌ભૂતાર્થ - સત્યાર્થ દેખનારાઓ તો પ્રદ્યોતમાન - પ્રકાશમાન 'એક' - અદ્વૈત - અદ્વિતીય જ્ઞાયક ભાવ જ્યાં એવો તે આત્મા અનુભવે છે, 'प्रद्योतमानैकज्ञायकभावं तमनुभवंति' શાને લીધે ? 'સ્વપુરુષકારથી' - પોતાના પુરુષાર્થથી 'આવિર્ભાવિત' - આવિર્ભાવ કરાયેલ - પ્રગટ કરાયેલ 'સહજ' - સ્વભાવભૂત 'એક' - અદ્વૈત જ્ઞાયક સ્વભાવપણાને લીધે અને તે પણ શાથી કરીને ? 'સ્વમતિથી' - પોતાની બુદ્ધિથી 'નિપાતિત' - નાંખેલ - નિક્ષેપેલ 'શુદ્ધનયના અનુબોધ માત્રથી' ઉપજાવાયેલ આત્મ-કર્મની 'વિવેકતાએ' - વિવેચનતાએ કરીને પૃથક્તા-ભિન્નતાએ કરીને, 'स्वमतिनिपातितशुद्धनयानुबोधमात्रोपजनितात्मकर्मविवेकतया ।' અર્થાત્ જે 'ભૂતાર્થ દર્શિઓ' - જેવા પ્રકારે સ્વરૂપથી ભૂત અર્થ છે, તેવા પ્રકારે ભૂતાર્થ દેખનારા પુરુષ છે, તેઓ પોતાની બુદ્ધિરૂપ કરણ વડે શુદ્ધનયનો નિક્ષેપ પ્રયોગ કરી શુદ્ધનયના 'અનુબોધ માત્રથી' - યથાર્થ સમજણ માત્રથી આત્મા અને કર્મનો વિવેક - જૂદાપણું ઉપજાવે છે, અને તેથી કરીને આત્મપુરુષાર્થથી સહજ એક સ્વભાવને 'આવિર્ભાવિત કરી' - પ્રગટતા પમાડી, જ્યાં એક - અદ્વૈત જ્ઞાયક ભાવ જ 'પ્રદ્યોતમાન' છે - ઝળહળ સ્વરૂપે પ્રકાશમાન છે એવો તે આત્મા અનુભવે છે, શુદ્ધ એક જ્ઞાયકભાવરૂપ શુદ્ધ આત્માનો અનુભવ કરે છે. આમ આત્મા ને કર્મનો વિવેક નહિં કરનારા **'વ્યવહારવિમોહિત હૃદયવાળાઓ'** જ્યાં વિશ્વરૂપ ભાવો પ્રદ્યોતે છે એવો અશુદ્ધ આત્મા અનુભવે છે, અને આત્મા ને કર્મનો વિવેક કરનારા **'ભૂતાર્થ દર્શિઓ'** જ્યાં એક જ્ઞાયક ભાવ પ્રદ્યોતે છે એવો શુદ્ધ આત્મા અનુભવે છે.

કર્મ-આત્માના અવિવેકથી અશુદ્ધ આત્મ અનુભવ : શુદ્ધનય જનિત વિવેકથી શુદ્ધ આત્મ અનુભવ

''મત દર્શન આગ્રહ તજી, વર્ત્તે સદ્‌ગુરુ લક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ;
વર્ત્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજ ભાવમાં, પરમાર્થે સમકિત.''

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૧૦, ૧૧૧

તેથી અત્રે 'ये भूतार्थमाश्रयन्ति' - જેઓ ભૂતાર્થને આશ્રે છે, 'त एव' - તેઓ જ, 'सम्यक् पश्यंतः' - સમ્યક્ દેખતા, સમ્યગ્ દૃષ્ટિઓ હોય છે - નહિં કે બીજાઓ, 'सम्यग्दृष्टयो भवंति न पुनरन्ये' અર્થાત્ જેઓ 'ભૂતાર્થને' - સદ્‌ભૂતાર્થને આશ્રે છે, સહજ વસ્તુ સ્વરૂપભૂત સદ્‌ભૂત અર્થનો આશ્રય કરે છે, સ્વરૂપ અસ્તિત્વભૂત વસ્તુતઃ જેવો છે તેવો યથાભૂત સમ્યક્ ભૂત અર્થ પ્રકાશનારા ભૂતાર્થ શુદ્ધનયને અવલંબે છે, 'તેઓ જ', 'સમ્યક્' - જેમ છે તેમ યથાર્થ યથાવત્ **સહજાત્મસ્વરૂપ** દેખતા હોઈ, નિશ્ચયે કરીને **'સમ્યગ્ દૃષ્ટિઓ'** હોય છે, નહિં કે બીજાઓ. એમ શાને લીધે ? 'શુદ્ધ નયના કતક સ્થાનીયપણાને લીધે', कतकस्थानीयत्वात् शुद्धनयस्य । અર્થાત્ નિશ્ચયથી શુદ્ધ વસ્તુતત્ત્વ પ્રકાશનારો શુદ્ધનય તે 'કતકસ્થાનીય' છે - નિર્મળી ચૂર્ણને સ્થાને છે, એટલે નિર્મળી ચૂર્ણથી જેમ પંક-જલનો વિવેક ભેદ ઉપજે છે, તેમ આ શુદ્ધનય-નિર્મળી ચૂર્ણથી કર્મ-આત્માનો વિવેક - ભેદજ્ઞાન ઉપજે છે અને તેથી કર્મ કલંક પંક રહિત **સહજાત્મસ્વરૂપી** શુદ્ધ નિર્મલ આત્મા અનુભવાય છે. એથી શું ? વ્યવહારનય અનુસર્ત્તવ્ય-અનુસરણીય નથી, 'व्यवहारनयो नानुसर्त्तव्यः.' કોણે ? પ્રત્યગ્ આત્મદર્શિઓએ

જે ભૂતાર્થ આશ્રે તે જ સમ્યગ્ દૃષ્ટિ : શુદ્ધનય કતક સ્થાનીય

- 'प्रत्यगात्मदर्शिभि.' અર્થાત્ 'પ્રત્યગ્' - અંતર્ગત - પૃથક્ - વિવિક્ત - ભિન્ન એટલે કે સર્વ પરભાવ-વિભાવથી જૂદો અલગ પાડેલો શુદ્ધ અંતરગત આત્મા 'દેખનારા' - સાક્ષાત્ અનુભવપ્રત્યક્ષ કરનારા - પ્રત્યક્ષ અનુભવનારા એવા **પ્રત્યગ્ આત્મદર્શિઓએ** - શુદ્ધ આત્મસાક્ષાત્કાર પામેલાઓએ, અશુદ્ધ અભૂત અર્થ પ્રકાશનારો એવો અભૂતાર્થ વ્યવહારનય અનુસરણ કરવા યોગ્ય નથી.

પ્રત્યગ્ આત્મદર્શિએ વ્યવહારનય ન અનુસર્તવ્ય

આનો સ્પષ્ટ ફલિતાર્થ એ છે કે જેઓ હજુ 'પ્રત્યગ્ આત્મદર્શી' નથી થયા - શુદ્ધ આત્માનુભૂતિ રૂપ આત્મસાક્ષાત્કાર 'દશા' નથી પામ્યા, સકલ પરભાવ-વિભાવથી પર કેવલ શુદ્ધ આત્માનુભવમય શુદ્ધોપયોગ દશાસંપન્ન નથી થયા, તેઓએ તો હજુ તે દશાએ પહોંચવા માટે અને તે દશાએ પહોંચાય ત્યાં સુધી નિશ્ચયના અનુસંધાન પૂર્વક - નિશ્ચયને નિરંતર લક્ષમાં રાખી વ્યવહારનય હજુ પ્રયોજનભૂત છે. **"આત્મખ્યાતિ" કર્ત્તાનો** આ આશય હવે પછીની ગાથાના વિવેચનથી સાવ સ્પષ્ટ થઈ જશે.

''સમ્યક્ત્વ શાથી પ્રગટે ? આત્માનો યથાર્થ લક્ષ થાય તેથી. સમ્યક્ત્વના બે પ્રકાર છે : (૧) વ્યવહાર અને (૨) પરમાર્થ. સદ્‌ગુરુનાં વચનોનું સાંભળવું, તે વચનોનો વિચાર કરવો, તેની પ્રતીતિ કરવી, તે 'વ્યવહાર સમ્યક્ત્વ', આત્માની ઓળખાણ થાય તે 'પરમાર્થ સમ્યક્ત્વ.'

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૩), ઉપદેશ ગાથા-(૯૫૭)

અત્રે શુદ્ધ નયને - નિશ્ચય નયને ભૂતાર્થ કહ્યો અને ઈતરને - વ્યવહારનયને અભૂતાર્થ કહ્યો, તેનું રહસ્ય સમજવા માટે નયનું સ્વરૂપ અને પ્રયોજન સમજવા યોગ્ય છે. નય એ 'नी' (नय् = to lead, દોરી જવું-લઈ જવું) ધાતુ પરથી નીકળેલો છે, એટલે તત્ત્વ સ્વરૂપ પ્રત્યે દોરી જાય-લઈ જાય તે નય. નય આત્મા સમજવા માટે અને પામવા માટે આત્માર્થ અર્થે કહ્યા છે અને તે પણ ગૌણ-પ્રધાનભાવથી પરસ્પર સાપેક્ષપણે પરમાર્થ હેતુએ કહ્યા છે, પણ નયનું સ્વરૂપ અને પ્રયોજન નહિં સમજનારા 'જ્ઞાનલવ દુર્વિદગ્ધ' જનો ઉલટા નયજાલમાં ફસાઈ જઈ મિથ્યાવાદ વિવાદમાં પડી, પરમાર્થથી ભ્રષ્ટ થાય છે. તેમ ન થવા પામે તે માટે, અને અત્રે વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી, પરમાર્થ જ અનુસરવા યોગ્ય છે એમ કહ્યું, તે સ્પષ્ટ સમજવા માટે વ્યવહાર અને પરમાર્થનું - નિશ્ચયનું સ્વરૂપ સમજવા યોગ્ય છે.

નય મીમાંસા

અત્રે એ તો સ્પષ્ટ છે કે અનુસરવા યોગ્ય પ્રામવ્ય આદર્શ તો શુદ્ધ સ્વરૂપ છે અને શુદ્ધનય - નિશ્ચય નય વસ્તુના શુદ્ધ સ્વરૂપનું પ્રકાશન કરતો હોવાથી તેમાં લક્ષ કેન્દ્રિત કરાવી શુદ્ધ સ્વરૂપ પ્રત્યે લઈ જાય છે - દોરે છે (नी - नय् - to lead, દોરવું) માટે શુદ્ધનય જ અનુસરવો યોગ્ય છે. આથી ઉલટું વ્યવહારનય વસ્તુના અશુદ્ધ સ્વરૂપનું પ્રકાશન કરતો હોવાથી અશુદ્ધ સ્વરૂપ પ્રત્યે લઈ જાય છે - દોરે છે, માટે તે અનુસરવો યોગ્ય નથી, અર્થાત્ વ્યવહારનય અશુદ્ધ ગ્રાહી હોવાથી ગ્રહણ કરવા યોગ્ય નથી, નિશ્ચય નય શુદ્ધ ગ્રાહી હોવાથી ગ્રહણ કરવા યોગ્ય છે. કારણકે નિશ્ચય-વ્યવહારના સ્વરૂપનું આ આ મુખ્ય તફાવત છે : (૧) નિશ્ચય વસ્તુના શુદ્ધ સ્વરૂપને આશ્રીને પ્રવર્તે છે, વ્યવહાર અશુદ્ધ સ્વરૂપને આશ્રીને પ્રવર્ત્તે છે, (૨) નિશ્ચય આત્માને - સ્વને આશ્રીને પ્રવર્ત્તે છે, વ્યવહાર પરને આશ્રીને પ્રવર્ત્તે છે, (૩) નિશ્ચય સમગ્ર દ્રવ્યને આશ્રીને પ્રવર્ત્તે છે, વ્યવહાર પર્યાયને - અંશને આશ્રીને પ્રવર્ત્તે છે, વ્યવહાર બંધપર્યાય સાપેક્ષપણે પ્રવર્ત્તે છે, (૪) નિશ્ચય એક અખંડ વસ્તુગત અભેદને આશ્રીને પ્રવર્ત્તે છે, વ્યવહાર અનેક ખંડ ખંડ ભેદને આશ્રીને પ્રવર્ત્તે છે, અર્થાત્ નિશ્ચય એકત્વ નિશ્ચયગત હોઈ એકાત્મક પ્રવર્ત્તે છે, વ્યવહાર અનેક વ્યવહારગત હોઈ અનેકાત્મક પ્રવર્ત્તે છે. (૫) નિશ્ચય વસ્તુનું જેવું છે તેવું અસ્તિત્વભૂત નિરૂપચરિત પરમાર્થસત્ યથાભૂત સ્વરૂપ દર્શાવે છે, વ્યવહાર વસ્તુનું ઉપચરિત વ્યવહારસત્ - પરમાર્થ અસત્ અયથાભૂત સ્વરૂપ દર્શાવે છે, (૬) અત એવ નિશ્ચય સાક્ષાત્ ભૂતાર્થપણાને લીધે પરમાર્થપણાને લીધે પરમ ઉપકારી - પરમ પ્રયોજનભૂત હોઈ પરમે ઉપાદેય જ છે, વ્યવહાર સ્વયં અભૂતાર્થપણાને લીધે અપરમાર્થ ભૂતપણાને લીધે મુખ્યતો હેય છતાં પરમાર્થ

શુદ્ધ ગ્રાહી નિશ્ચય : અશુદ્ધ ગ્રાહી વ્યવહાર

પ્રતિપાદકપણાને લીધે ઉપકારી પ્રયોજનભૂત હોઈ પરમાર્થ પ્રયોજનાર્થે કથંચિત્ ઉપાદેય છે. આમ નિશ્ચય વ્યવહારનો મુખ્ય મુખ્ય તફાવત છે. ટૂંકામાં કહીએ તો નિશ્ચય શુદ્ધ પ્રરૂપક હોઈ આત્માશ્રિત - દ્રવ્યાશ્રિત - અભેદાશ્રિત એકાત્મક છે, વ્યવહાર અશુદ્ધ પ્રરૂપક હોઈ પરાશ્રિત-પર્યાયાશ્રિત-ભેદાશ્રિત અનેકાત્મક છે.* હવે વસ્તુનું મૂળ સ્વરૂપ વિચારીએ તો શુદ્ધ આત્મારૂપ-સ્વરૂપ જ છે, એક અખંડ અભેદ દ્રવ્યરૂપ જ છે, પર સંયોગથી તેનું જે 'વિરૂપ' - વિકૃત રૂપ વિભાવ રૂપ થયું છે તે તો અશુદ્ધ જ છે, પર રૂપ જ - વિરૂપ જ છે. અત એવ વસ્તુનું યથાભૂત જેમ છે તેમ સત્ શુદ્ધ સ્વરૂપ દર્શાવતો હોઈ શુદ્ધનય - નિશ્ચયનય ભૂતાર્થ છે - સત્યાર્થ છે, વસ્તુનું અયથાભૂત અશુદ્ધ અસત્ સ્વરૂપ દર્શાવતો હોઈ વ્યવહારનય અભૂતાર્થ છે - અસત્યાર્થ છે.**

આ ભૂતાર્થ - પરમાર્થભૂત નિશ્ચય*** અને અભૂતાર્થ-અપરમાર્થ ભૂત વ્યવહાર અંગે **પરમતત્ત્વ દ્રષ્ટા શ્રી અમૃતચંદ્રાચાર્યજી એ 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં**** માર્મિક તલસ્પર્શી મીમાંસા કરી છે : 'નિશ્ચયને અહીં ભૂતાર્થ, વ્યવહારને અભૂતાર્થ (જ્ઞાનીઓ) વર્ણવે છે, પ્રાયે સમસ્ત જ સંસાર ભૂતાર્થબોધથી વિમુખ છે. (અત એવ) અબુધના બોધનાર્થે મુનીશ્વરો અભૂતાર્થ (વ્યવહાર) ઉપદેશે છે,

---

का भीति सति निश्चितभेदकरज्ञानकतकफले ॥'' - **શ્રી પદ્મનંદિ પં. વિં. નિશ્ચયપંચશત, શ્લો. ૨૧**

અર્થાત્ - અમલ આત્મજલને મ્હારો કર્મ-કર્દમ (કાદવ) સમલ કરે છે, તો પણ નિશ્ચિત ભેદ કરનાર જ્ઞાનરૂપ કતક ફલ સતે ભીતિ શી ?

* આ નિશ્ચય - વ્યવહારના સ્વરૂપ અંગે તત્ત્વચિંતક **દીપચંદજી કાસલીવાલે 'આત્માવલોકન'** ગ્રંથમાં સ્પષ્ટ મીમાંસા કરી છે અને ત્યાં વ્યવહાર-નિશ્ચયનું સર્વંકષ સ્વરૂપ સંક્ષેપમાં નિરૂપણ કરતી બે પ્રાચીન ગાથાઓ અવતારી છે. તેનો ભાવાર્થ એ છે કે - (૧) સર્વે પર્યાયભવનો, સર્વે ભેદકરણો, યોગ ક્રિરણો, સ્વ સ્વભાવથી અન્ય કથના તે જિન ભણિત **વ્યવહાર** છે, (૨) જે ગુણોનો પ્રચય, નિજ સ્વભાવ, અભેદ ભાવ અને દ્રવ્ય પરિણમન આધીન જે છે તે **નિશ્ચય** વ્યવહારથી કથિત છે. તે ગાથા આ પ્રકારે -

''पज्जायभवना सव्वे, सव्वे भेयकरणा च जोगकिरणाहि ।
ससहावदोणकथणा, तं ववहारं जिनभणिवं ॥
जेसिं गुणाणं पचयं णियसहावं च अभेदभावं च ।
दव्व परिणमनाधीनं ते णिच्छयं भणियं ववहारेण ॥''

આનું તલસ્પર્શી વિવરણ ત્યાં **દીપચંદજીએ** કર્યું છે. તે વિસ્તારભયથી અત્ર નહિં આપતાં ત્યાં અવલોકવાની જિજ્ઞાસુઓને ભલામણ કરીએ છીએ.

** આ અંગે **'પંચાધ્યાયી'**કારે પણ પ્રકાશ્યું છે કે -

''व्यवहारः किल मिथ्या स्वयमपि मिथ्योपदेशकश्च यतः ।
प्रतिषेध्यस्तस्मादिह मिथ्यादृष्टिस्तदर्थदृष्टिश्च ॥
स्वयमपि भूतार्थत्वाद् भवति स निश्चयनयो हि सम्यक्त्वम् ।
अविकल्पवदतिवागिव स्यादनुभवैकगम्यवाच्यार्थः ॥
यदि वा सम्यग्दृष्टिस्तद्दृष्टि कार्यकरी स्यात् ।
तस्मात् स उपादेयो नोपादेयस्तदन्यनयवादः ॥'' **ई. 'पंचाध्यायी' श्लो. ५२८-५३०**

અર્થાત્ - વ્યવહાર છે તે સ્ફુટપણે મિથ્યા છે, કારણકે સ્વયં જ તે મિથ્યોપદેશક - મિથ્યા ઉપદેશનારો છે, તેથી તે અહીં પ્રતિષેધ્ય-નિષેધવા યોગ્ય છે, તદ્ અર્થ દૃષ્ટિવાળો - વ્યવહારાર્થ દૃષ્ટિવાળો તે મિથ્યાદૃષ્ટિ છે. સ્વયં પણ ભૂતાર્થપણાને લીધે તે નિશ્ચયનય જ સમ્યક્ત્વ છે, તે અવિકલ્પવત્ અને જાણે અતિવાગ્ (વચનાતીત) અનુભવૈકગમ્ય વાચ્યાર્થવાળો છે, તદ્ દૃષ્ટિવાળો - નિશ્ચયદૃષ્ટિવાળો સમ્યગ્ દૃષ્ટિ કાર્યકારી હોય, તેથી તે (નિશ્ચયનય) ઉપાદેય છે, તેનાથી અન્ય નયવાદ ઉપાદેય નથી.


*** શુદ્ધનય નિશ્ચય નય અને વ્યવહારનય અંગે **શ્રી દેવચંદ્રજીએ** પણ **'દ્રવ્ય પ્રકાશ'** માં પ્રકાશ્યું છે -

''શુદ્ધનય નિહચે જથારથ સરૂપ સત્ય, વ્યવહાર ક્રિયાનય તાતે વિપરીત હે,
ભેદજ્ઞાન કારણ ન હોય વિવહાર નય, જ્ઞાન કો નિહારૂયે યાકો ત્યાગ વૈસી નિત હે,
વસ્તુકો પીછાને નિજ સુદ્ધિ કો વિશુદ્ધ ગને, શુદ્ધ નૈય સરૂપ એસો સમ્યક્ કો મીત હૈ,
રતન ત્રિનયકો સામી દેવકો અંતરજામી, એસો શુદ્ધનય ઓહ મારી થિર પ્રીત હૈ.''

(પણ) જે વ્યવહારને જ કેવલ જાણે છે તેને દેશના છે નહિં. જેને સિંહ પરિચિત નથી તેને જેમ માણવક-બીલાડો જ સિંહ છે, તેમ અનિશ્ચયજ્ઞને વ્યવહાર જ નિશ્ચયતા પામી જાય છે ઃ (અર્થાત્ તે વ્યવહારને જ નિશ્ચય માની બેસે છે !) વ્યવહારને અને નિશ્ચયને જે તત્ત્વથી પ્રકૃષ્ટપણે જાણીને મધ્યસ્થ હોય છે, તે જ શિષ્ય દેશનાના અવિકલ ફલને પામે છે. (નિશ્ચય છે તે મુખ્ય છે - વ્યવહાર છે તે ઉપચાર છે) એમ મુખ્ય - ઉપચારના વિવરણ વડે જેઓએ વિનેયોના - શિષ્યોના દુસ્તર દુર્બોધને નિરસ્ત કર્યો છે, એવા વ્યવહાર-નિશ્ચયજ્ઞો જગત્માં તીર્થ પ્રવર્ત્તાવે છે.' અર્થાત્ નિશ્ચય ભૂતાર્થ છે - પરમાર્થ છે - સત્ય છે, વ્યવહાર અભૂતાર્થ છે - અપરમાર્થ છે - અસત્ય છે, એટલે નિશ્ચય મુખ્ય પરમાર્થસત્ હોઈ અનુસરવા યોગ્ય છે, વ્યવહાર ઉપચાર રૂપ પરમાર્થ અસત્ હોઈ અનુસરવા યોગ્ય નથી, એમ મુખ્ય - ઉપચારનો સ્પષ્ટ ભેદ પાડી નિશ્ચય-વ્યવહારનો બોધ જ્ઞાનીઓએ કરી શિષ્યોના દુસ્તર દુર્બોધને દૂર કર્યો છે.

તાત્પર્ય કે - 'ભૂતાર્થ' એટલે જે પ્રમાણે સદ્ભૂત - યથાભૂત મૂળ શુદ્ધ વસ્તુસ્થિતિ છે, યથાભૂત મૂળ શુદ્ધ અર્થ-પદાર્થ છે, તે પ્રમાણે કથવું એ જેનો 'અર્થ' - પ્રયોજન છે તે, એટલે વસ્તુનું-અર્થનું જેમ છે તેમ વસ્તુગતે વસ્તુરૂપ સદ્ભૂત શુદ્ધ સત્ સ્વરૂપ પ્રકાશનારો હોઈ ભૂતાર્થ સત્ છે - સત્યાર્થ છે. આથી ઉલટું જે પ્રમાણે યથાભૂત મૂળ શુદ્ધ અર્થ - પદાર્થ નથી, તે પ્રમાણે કથવું એ જેનો 'અર્થ' - પ્રયોજન છે તે અભૂતાર્થ, એટલે વસ્તુનું - અર્થનું જેમ છે નહિં એવું અસદ્ભૂત અશુદ્ધ અસત્ સ્વરૂપ પ્રકાશનારો હોઈ અભૂતાર્થ અસત્ છે - અસત્યાર્થ છે. ટુંકામાં સદ્ભૂત અર્થ કથે તે ભૂતાર્થ, અસદ્ભૂત અર્થ કથે તે અભૂતાર્થ. શુદ્ધ નય-નિશ્ચય નય વસ્તુનું આત્માશ્રિત પરમાર્થ રૂપ પરમાર્થ સત્ નિરુપચરિત શુદ્ધ સદ્ભૂત સ્વરૂપ પ્રકાશે છે, માટે તે ભૂતાર્થ છે અને વ્યવહાર નય વસ્તુનું પરાશ્રિત અપરમાર્થ રૂપ પરમાર્થ અસત્ ઉપચરિત અશુદ્ધ અસદ્ભૂત સ્વરૂપ પ્રકાશે છે, માટે તે અભૂતાર્થ છે, અને જે પ્રમાણે યથાભૂત મૂળ શુદ્ધ સમ્યક્ વસ્તુસ્થિતિ છે, સમ્યક્ પદાર્થ વ્યવસ્થા છે, તે પ્રમાણે સમ્યક્ યથાવત્ દેખવું તે જ **સમ્યગ્ દર્શન** છે અને ભૂતાર્થ પ્રરૂપક ભૂતાર્થ એવા આત્માશ્રિત શુદ્ધ નયથી-નિશ્ચય નયથી વસ્તુના શુદ્ધ સત્ યથાવત્ સમ્યક્ સ્વરૂપનું **સમ્યગ્ દર્શન** થાય છે, માટે ભૂતાર્થ એવા શુદ્ધનયનો-નિશ્ચયનયનો જેઓ આશ્રય કરે છે, તે ભૂતાર્થદર્શી પુરુષો જ, સમ્યક્ દેખતા હોઈ, ખરેખરા **પરમાર્થ સમ્યગ્ દૃષ્ટિ** છે, પણ અભૂતાર્થ પ્રરૂપક અભૂતાર્થ એવા પરાશ્રિત વ્યવહારનયનો જે આશ્રય કરે છે, તે પરમાર્થ સમ્યગ્દૃષ્ટિ નથી. આમ સ્થિતિ હોઈ સર્વ પરદ્રવ્યથી ભિન્ન એવા એક અખંડ અભેદ શુદ્ધ આત્માના દેષ્ટા પુરુષોએ અશુદ્ધ - નિરૂપક ભેદગ્રાહી પરાશ્રિત વ્યવહારનય અનુસરણીય નથી.

શુદ્ધનય-નિશ્ચયનય ભૂતાર્થદર્શી : વ્યવહારનય અભૂતાર્થદર્શી



**** "मुख्योपचारविवरणनिरस्तदुस्तरविनेयदुर्बोधाः ।
व्यवहारनिश्चयज्ञाः प्रवर्तयन्ते जगति तीर्थम् ॥"
निश्चयमिह भूतार्थं व्यवहारं वर्णयन्त्यभूतार्थम् ।
भूतार्थबोधविमुखः प्रायः सर्वोऽपि संसारः ॥
अबुधस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम् ।
व्यवहारमेव केवलमवैति यस्तस्य देशना नास्ति ॥
माणवको एव सिंहो यथा भवत्यनवगीतसिंहस्य ।

શ્રી દેવચંદ્રકૃત 'દ્રવ્ય પ્રકાશ', ૧-૨૩

અને છતાં કોઈ કોઈને (કેટલાકોને) કદાચિત્ તે (વ્યવહારનય) પણ પ્રયોજનવાન્ છે. કારણકે -

सुद्धो सुद्धादेसो णायव्वो परमभावदरिसीहिं ।
ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे ॥१२॥

પરમ ભાવ દર્શિઓએ જાણવો રે, શુદ્ધ તે શુદ્ધ આદેશ;
અપરમ ભાવે સ્થિતને રે, વ્યવહારથી ઉપદેશ... રે. આત્મન્ !... ૧૨

ગાથાર્થ : શુદ્ધ આદેશવાળો શુદ્ધનય પરમ ભાવ દર્શિઓએ જાણવો યોગ્ય છે, પણ જેઓ અપરમ ભાવમાં સ્થિત છે, તેઓ તો વ્યવહારથી દેશિત હોય. ૧૨

आत्मख्यातिटीका

अथ च केषांचित् कदाचित्सोपि प्रयोजनवान् । यतः

शुद्धः शुद्धादेशो ज्ञातव्यः परमभावदर्शिभिः ।
व्यवहारदेशिताः पुनर्ये त्वपरमे स्थिताः भावे ॥१२॥

ये खलु
पर्यंतपाकोत्तीर्णजात्यकार्त्तस्वरस्थानीयं
परमं भावमनुभवंति
तेषां
प्रथमद्वितीयाद्यनेकपाकपरंपराच्यमान
कार्त्तस्वरानुभवस्थानीयापरमभावानुभवनशून्यत्व-
च्छुद्धद्रव्यादेशितया
समुद्योतितास्खलितैकस्वभावैकभावः
शुद्धनय एवो -
परितनैकप्रतिवर्णिकास्थानीयत्वात्
परिज्ञायमानः प्रयोजनवान् ।

अन्ये तु **ये**
प्रथमद्वितीयाद्यनेकपाकपरंपरापच्यमान -
कार्त्तस्वरस्थानीयमं **परमं भावमनुभवंति**
तेषां
पर्यंतपाकोत्तीर्णजात्यकार्त्तस्वरस्थानीय-
परमभावानुभवनशून्यत्वा-
दशुद्धद्रव्यादेशितया
प्रदर्शितप्रतिविशिष्टैकभावनेकभावो
व्यवहारनयो
विचित्रवर्णमालिकास्थानीयत्वात्
परिज्ञायमानो तदात्वे प्रयोजनवान् ।

तीर्थतीर्थफलयोस्थित्येव व्यवस्थितत्वात् । उक्तं च -

"जइ जिणमग्गं पवज्जह ता मा ववहारणिच्छए मुयह ।
एक्केण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं ॥"

आत्मभावना

अथ च केषांचित् कदाचित् सोपि प्रयोजनवान् - અને એમ છતાં જે કોઈ કોઈને - કેટલાકોને કદાચિત્ તે પણ - તે વ્યવહારનય પણ પ્રયોજનવાન્ - અત્યંત પ્રબળ પ્રયોજનભૂત છે. यतः કારણ કે -

शुद्धः शुद्धादेशः - શુદ્ધનય શુદ્ધ આદેશ કરનારો છે, અર્થાત્ આત્મ વસ્તુનું - દ્રવ્યનું 'શુદ્ધ' - સર્વ અશુદ્ધિથી રહિત નિર્મળ નિર્મલ સ્વરૂપ 'આદેશનારો" છે, 'આ' - તે નયની મર્યાદા પ્રમાણે 'દેશનારો' દર્શાવનારો - બતાવનારો છે. આવો શુદ્ધાદેશ શુદ્ધનય કોણે જાણવો યોગ્ય છે ? ज्ञातव्यो परमभावदर्शिभिः - પરમભાવ દર્શિઓએ જાણવો યોગ્ય છે, 'પરમ' - ઉંચામાં ઉંચા ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ (Highest & Topmost) ભાવને - વર્ત્તમાન પર્યાયને તથારૂપ

આત્મખ્યાતિ ટીકાર્થ

જેઓ ખરેખર ! (નિશ્ચયે કરીને)	પણ બીજાઓ જેઓ
પર્યંત પાકથી ઉત્તીર્ણ	પ્રથમ-દ્વિતીય આદિ પાક પરંપરાથી પચ્યમાન
જાત્ય સુવર્ણસ્થાનીય	સુવર્ણ સ્થાનીય
પરમ ભાવને અનુભવે છે,	અપરમ ભાવને અનુભવે છે,
તેઓને,	તેઓને,
પ્રથમ-દ્વિતીય આદિ પાક પરંપરાથી પચ્યમાન	પર્યંત પાકથી ઉત્તીર્ણ
સુવર્ણ સ્થાનીય	જાત્ય સુવર્ણ સ્થાનીય
અપરમ ભાવના અનુભવનશૂન્યપણાને લીધે,	પરમ ભાવના અનુભવનશૂન્યપણાને લીધે,
શુદ્ધ દ્રવ્યાદેશિતાએ કરીને	અશુદ્ધ દ્રવ્યાદેશિતાએ કરીને
અસ્ખલિત એક સ્વભાવવાળો એકભાવ	પ્રતિવિશિષ્ટ એકભાવનાવાળા અનેક ભાવ
સમુદ્યોતિત કરતો	ઉપદર્શિત કરતો
શુદ્ધ નય જ	વ્યવહાર નય
ઉપરિતન એક પ્રતિવર્ણિકા સ્થાનીયપણાને લીધે	વિચિત્ર વર્ણમાલિકાસ્થાનીયપણાને લીધે
પરિજ્ઞાન કરાઈ રહેલો	પરિજ્ઞાન કરાઈ રહેલો
પ્રયોજનવાન્ છે :	તદાત્વે (ત્યારે) પ્રયોજનવાન્ છે.

આમ જ તીર્થનું અને તીર્થફલનું વ્યવસ્થિતપણું છે માટે. કહ્યું છે કે -

'જો તમે જિનમત અંગીકાર કરતા હો, તો વ્યવહાર અને નિશ્ચય મ મૂકજો ! (કારણકે) એક (વ્યવહાર) વિના તીર્થ છેદાય છે, અને બીજા (નિશ્ચય) વિના તત્ત્વ છેદાય છે.'

વર્ત્તમાન દશારૂપ આત્મભાવને 'દર્શિઓએ' - દેખનારાઓએ - સાક્ષાત્ અનુભવ પ્રત્યક્ષ કરનારાઓએ 'જ્ઞાતવ્ય' - જાણવો યોગ્ય છે. પણ યે તુ અપરમે સ્થિતા ભાવે - જેઓ પરમ નહિં એવા 'અપરમ' ભાવમાં સ્થિત છે તેઓનું શું ? તો કે - તેઓ તો વ્યવહારદેશિતાઃ પુનઃ - પુનઃ વ્યવહાર દેશિત હોય, વ્યવહારથી ઉપદેશ કરાયેલા એવા હોય. ।। इति **गाथा** आत्मभावना ।।१२।।

યે - જેઓ ખલુ - ખરેખર ! માત્ર વાચાજ્ઞાન રૂપે કહેવા માત્ર નહિં પણ તથારૂપ આત્મદશાથી પરમાર્થ સત્પણે નિશ્ચયે કરીને પર્યંતપાકોત્તીર્ણ - પર્યંત પાકોત્તીર્ણ, 'પર્યંતના' - છેવટના પાકથી - અગ્નિતાપથી પકાવવાની પ્રક્રિયાથી 'ઉત્તીર્ણ' - પાર ઉતારેલ જાત્યકાર્તસ્વરસ્થાનીયં - 'જાત્ય' - જાતિવંત 'સુવર્ણ સ્થાનીય' - સુવર્ણ સ્થાને રહેલ અર્થાત્ જાતિવંત શુદ્ધ સુવર્ણ સમો પરમં ભાવં અનુભવંતિ - પરમ ભાવ 'અનુભવે છે', આત્માનુભવથી સંવેદે છે, તથારૂપ આત્માનુભાવદશાથી અનુભવપ્રત્યક્ષ કરે છે, તેષાં - તેઓને, પ્રથમદ્વિતીયાદ્યનેકપાકપરંપરાપચ્યમાનકાર્ત્તસ્વરાનુભવ સ્થાનીયાપરમભાવાનુભવનશૂન્યત્વાત્ - પ્રથમ - દ્વિતીયાદિ પાકપરંપરાથી પચ્યમાન સુવર્ણ સ્થાનીય અપરમ ભાવના અનુભવન - શૂન્યપણાને લીધે, અર્થાત્ ધ્હેલી-બીજી વગેરે અનેક 'પાક' - અગ્નિતાપથી પકાવવાની પ્રક્રિયાની 'પરંપરાથી' - એક પછી એક એમ અનુક્રમબદ્ધ શ્રેણીથી 'પચ્યમાન' - પકાવાઈ રહેલ 'સુવર્ણ સ્થાનીય' - સુવર્ણસ્થાને રહેલ - સુવર્ણ સ્થાનરૂપ અપરમભાવના અનુભવનના - અનુભવવાના 'શૂન્યપણાને લીધે' - સર્વથા અભાવપણાને લીધે, સુદ્ધનય એવ - શુદ્ધનય જ પરિજ્ઞાયમાનઃ - પરિજ્ઞાન કરાઈ રહેલો સર્વથા જાણવામાં આવી રહેલો પ્રયોજનવાન્ - 'પ્રયોજનવાન્' - અત્યંત - પ્રબળ પ્રયોજનભૂત છે. શાને લીધે ? उपरितनैकवर्णिकास्थानीयत्वात् - ઉપરિતન એક વર્ણિકા સ્થાનીયપણાને લીધે, 'ઉપરિતન' - સૌથી ઉપરની - ઉપલી (Topmost) એક' - અદ્વિતીય - અદ્વૈત વર્ણિકા સ્થાનરૂપપણાને લીધે. કેવો છે આ શુદ્ધનય ? समुद्योतिनास्खलितैकस्वभावैकभावः - અસ્ખલિત એક સ્વભાવવાળો એક ભાવ સમુદ્યોતિત કરતો, 'અસ્ખલિત' - કદી પણ સ્ખલિત ન થતા - અખંડિત અચ્યુત 'એક' - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક સ્વભાવવાળા 'એક' - અદ્વિતીય - અદ્વૈત ભાવને 'સમ્' - સમ્યક્ પ્રકારે યથાવત્ તે છે તેમ

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.'' - પરમ તત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી

"નિશ્ચય દૃષ્ટિ ચિત્ત ધરીજી, જે ચાલે વ્યવહાર,
પુણ્યવંત તે પામશે જી, ભવ સમુદ્રનો પાર." - શ્રી યશોવિજયજી

પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ તત્ત્વજ્ઞાનના મેરુ શિખર સમો આ નિશ્ચયપ્રધાન **સમયસાર** ગ્રંથ પ્રણીત કર્યો છે અને તે પર તાત્ત્વિકશિરોમણિ પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજીએ** આ

નિશ્ચય - વ્યવહારના સમુચિત અધિકારીની મર્યાદા

'આત્મખ્યાતિ' નામક યથાર્થનામા અનુપમ અનન્ય અદ્વિતીય સૂત્રાત્મક અદ્‌ભુત તત્ત્વકળાથી ગૂંથી છે. આવા આ નિશ્ચયપ્રધાન શાસ્ત્રમાં પણ નિશ્ચયનયના અને વ્યવહારનયના યથાયોગ્ય અધિકારીની મર્યાદા કઈ કઈ છે તેની સ્પષ્ટ પ્રરૂપણા તેની આ સુપ્રસિદ્ધ બારમી ગાથામાં કરી છે - તે પરથી સાવધાન રહી આ શાસ્ત્રકારનો આશય સમજી આત્માર્થી મુમુક્ષુઓએ એકાંત નિશ્ચયના પ્રવાહમાં ન તણાતાં કે એકાંત વ્યવહારના આગ્રહમાં ન હણાતાં ઘણો ધડો લેવા જેવું છે, એટલું જ નહિં પણ આત્મનિરીક્ષણથી પોતપોતાના અધિકારની યથાયોગ્ય મર્યાદા સમજી લઈ પોતાના આત્માને ઉપકારી યથાયોગ્ય નયનું સાપેક્ષ પ્રયોજન અંગીકર્ત્તવ્ય છે, નહિં તો સર્વ કોઈ શ્રોતાને તેમજ સર્વ કોઈ વક્તાને અનધિકાર ચેષ્ટાનો પ્રત્યેક સંભવ છે, એટલું જ નહિં પણ ઉપકારને બદલે મહા અપકાર થવાનો પૂરેપૂરો ભય છે. આ અંગે આ વિવેચનને મથાળે ટાંકેલું વર્તમાન યુગના સંતશિરોમણિ પરમતત્ત્વદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજી** પ્રણીત **આત્મસિદ્ધિની** સુપ્રસિદ્ધ ગાથાવાળું ટંકોત્કીર્ણ વચનામૃત પ્રત્યેક મુમુક્ષુએ સતત લક્ષમાં રાખી હૃદયમાં કોતરી રાખવા યોગ્ય છે. એ જ પરમતત્ત્વદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીનું** તેવું જ પરમ મનનીય બીજું પણ ટંકોત્કીર્ણ વચનામૃત છે કે - 'જે જ્ઞાન મહાનિર્જરાનો હેતુ થાય છે, તે જ્ઞાન અનધિકારી જીવના

'ઉદ્યોતિત' કર્યો છે - પ્રકાશિત કર્યો છે એવો. એવો શાથી ? શુદ્ધદ્રવ્યાદેશિતયા - શુદ્ધ દ્રવ્યાદેશિતાથી, શુદ્ધ દ્રવ્યનું જે સ્વરૂપ છે તેની 'આ' - વસ્તુ મર્યાદા પ્રમાણે 'દેશિતા' - દર્શાવવાપણાએ કરીને. આવો શુદ્ધનય જ પરમ ભાવ અનુભવનારાઓને પ્રયોજનવાન્ છે.

અન્યે તુ યે - પણ બીજાઓ તો જેઓ પ્રથમદ્વિતીયાદ્યનેકપાકપરંપરાચ્યમાનકીર્ત્તસ્વરસ્થાનીયમપરમં ભાવમનુભવંતિ - પ્રથમ - દ્વિતીય આદિ અનેક પાકપરંપરાથી પક્વ્યમાન સુવર્ણસ્થાનીય અપરમ ભાવને અનુભવે છે, (અર્થ પૂર્વવત્) તેષાં - તેઓને, પર્યંત - પાકોત્તીર્ણજાત્યકાર્ત્તસ્વરસ્થાનીયપરમભાવાનુભવનશૂન્યત્વાત્ - પર્યંતપાકોત્તીર્ણ જાત્ય સુવર્ણ સ્થાનીય પરમ ભાવના અનુભવન શૂન્યપણાને લીધે (અર્થ પૂર્વવત્), વ્યવહારનયઃ પરિજ્ઞાયમાનઃ - વ્યવહારનય પરિજ્ઞાન કરાઈ રહેલો - સર્વથા જાણવામાં આવી રહેલો તદાત્વે - તદાત્વમાં ત્યારે - તે વખતે - તે વખતની દશામાં પ્રયોજનવાન્ - પ્રયોજનવાન્ - અત્યંત પ્રયોજનવાળો, પ્રબળ પ્રયોજનભૂત છે. શાને લીધે ? વિચિત્રવર્ણમાલિકાસ્થાનીયત્વાત્ - વિચિત્ર વર્ણમાલિકાસ્થાનીયપણાને લીધે, જેમ સુવર્ણ એક વર્ણિકાવાળું - બે વર્ણિકાવાળું યાવત્ સોળ વર્ણિકાવાળું હોય તેમ નાના પ્રકારના વિચિત્ર વર્ણમાલિકાસ્થાનરૂપ પણાને લીધે. કેવો છે આ વ્યવહારનય ? ઉપદર્શિતપ્રતિવિશિષ્ટૈકભાવાનેકભાવઃ - 'પ્રતિવિશિષ્ટ' - પ્રત્યેકે વિશિષ્ટ - ખાસ ખાસ એક ભાવ નામ અનેક ભાવ ઉપદર્શિત કરતો એવો. એવો શાથી ? અશુદ્ધદ્રવ્યાદેશિતયા - અશુદ્ધ દ્રવ્યાદેશિતાથી, અશુદ્ધ દ્રવ્યનું જે સ્વરૂપ છે તેની 'આ' - મર્યાદા પ્રમાણે દેશિતા' - દર્શાવવાપણાએ કરીને. આવો વ્યવહારનય અપરમ ભાવ અનુભવનારાઓને તે વખતની દશામાં 'પ્રયોજનવાન્' - અત્યંત - પ્રબળ પ્રયોજનભૂત છે.

આમ નિશ્ચયનય અને વ્યવહારનયના અધિકારીનો ભેદ શા માટે ? તીર્થતીર્થફલયોરિત્યમેવ વ્યવસ્થિતત્વાત્ - તીર્થનું અને તીર્થફલનું આમ વ્યવસ્થિતપણું છે માટે. આ અંગે કહ્યું છે કે -જઇ જિણમયં પવજ્જહ - જો તમે જિનમત પ્રત્યે જતા હો - અંગીકાર કરતા હો,તો મા વ્યવહારનિચ્છએ મુયહ - વ્યવહાર અને નિશ્ચયને મ મૂકજો ! કારણ ? એક્કેણ વિણા છિજ્જઇ તિત્થં અણ્ણેવ ઉણ તચ્ચં - 'એક વિના' - વ્યવહાર વિના તરવાના સાધન રૂપ 'તીર્થ' - છેદાય છે - લોપાય છે - નાશ પામે છે અને 'અન્ય વિના' - નિશ્ચય વિના તીર્થફલ રૂપ 'તત્ત્વ' છેદાય છે - લોપાય છે - નાશ પામે છે. ઇતિ **'આત્મખ્યાતિ'** આત્મભાવના ॥૧૨॥

હાથમાં જવાથી તેને અહિતકારી થઈ ઘણું કરી પરિણમે છે.' - **શ્રી હરિભદ્રાચાર્યજીએ** પણ તેમના **અષ્ટક ગ્રંથમાં** પ્રકાશ્યું છે તેમ - 'अधिकारीवशाच्छास्त्रे धर्मसाधनसंस्थितिः' અધિકારી વશે શાસ્ત્રમાં ધર્મ સાધનની સંસ્થિતિ - સમ્યક્ સ્થિતિ છે. આટલી સામાન્ય પ્રસ્તાવના કરી સમયસારની આ બારમી ગાથા અને તેની **'આત્મખ્યાતિ'** ટીકાનો यत् किंचित् અર્થ-આશય અત્રે મધ્યસ્થ તત્ત્વગવેષક દૃષ્ટિથી વિચારશું.

''અપાત્ર શ્રોતાને દ્રવ્યાનુયોગાદિ ભાવ ઉપદેશવાથી નાસ્તિકતાદિ ભાવો ઉત્પન્ન થવાનો વખત આવે છે, અથવા શુષ્કજ્ઞાની થવાનો વખત આવે છે.''

''આત્મજ્ઞાનની વાત સામાન્ય થઈ જાય એવી રીતે કરવી ન ઘટે
આત્મજ્ઞાનની વાત એકાંતે કરવી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૯૪, ૬૪૩**

પરમભાવદર્શી માટે શુદ્ધનયઃ અને અપરમભાવસ્થિત માટે વ્યવહારનય પ્રયોજનવાન્

નિશ્ચય ભૂતાર્થ છે અને વ્યવહાર અભૂતાર્થ છે, એટલે વ્યવહારનય અભૂતાર્થ હોઈ **'પ્રત્યગ્ આત્મદર્શીઓ'એ** અનુસરવો યોગ્ય નથી એમ આગલી ગાથામાં કહ્યું, એટલે વિધાન કાંઈ એકાંતિક નથી, પણ **પ્રત્યગ્ આત્મદર્શીઓની** અપેક્ષાએ હોઈ સાપેક્ષ છે, અને એટલે જ અત્ર સ્પષ્ટ કહ્યું છે - 'કોઈ કોઈને કદાચિત્ તે (વ્યવહારનય) પણ પ્રયોજનવાન્ છે' - 'केषांचित् कदाचित् सोऽपि प्रयोजनवान् यतः' । કારણકે - 'शुद्धः शुद्धादेशः' - **'શુદ્ધ નય શુદ્ધ આદેશ** કરનારો છે', અર્થાત્ શુદ્ધનય - નિશ્ચયનય આત્મવસ્તુનું - દ્રવ્યનું **'શુદ્ધ'** - સર્વ અશુદ્ધિથી રહિત નિર્મળ નિર્મલ સ્વરૂપ **'આદેશનારો'** છે, 'આ' - તે નયની મર્યાદા પ્રમાણે પ્રશસ્યથી 'દેશનારો' - દર્શાવનારો - બતાવનારો છે. આવો શુદ્ધાદેશ શુદ્ધનય કોણે જાણવો યોગ્ય છે ? 'ज्ञातव्यो परमभावदर्शिभिः' - **'પરમ ભાવદર્શીઓએ** જાણવો યોગ્ય છે', 'પરમ' - રાગ-દ્વેષ-મોહાદિ સર્વ પરભાવ-વિભાવથી પર એવા ઉંચામાં ઉંચા - ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ (Highest & topmost) ભાવ'ને - વર્તમાન પર્યાયને તથારૂપ વર્તમાન શુદ્ધાત્માનુભૂતિમય શુદ્ધોપયોગ દશારૂપ આત્મભાવને 'દર્શીઓએ' - દેખનારાઓએ - સાક્ષાત્ અનુભવપ્રત્યક્ષ કરનારાઓએ 'જ્ઞાતવ્ય' - જાણવો યોગ્ય છે. અથવા તો છઠ્ઠી ગાથામાં 'શુદ્ધ' એવા જે જ્ઞાયક ભાવ કહ્યો તે પરમ પારિણામિક ભાવરૂપ 'પરમ ભાવ'ના જે 'દર્શી' - દેખનારા સાક્ષાત્ અનુભવપ્રત્યક્ષ કરનારા છે, તેઓએ જાણવો યોગ્ય છે. (બન્નેનો પરમાર્થ એક જ છે.) આમ શુદ્ધાદેશ શુદ્ધનય જો શુદ્ધાત્માનુભૂતિમય શુદ્ધોપયોગ-દશાસંપન્ન પરમ ભાવદર્શીઓએ જાણવો યોગ્ય છે, તો પછી જેઓ પરમ નહિં એવા 'અપરમ' ભાવમાં સ્થિત છે તેઓનું શું ? - 'ये तु अपरमे स्थिता भावे', તેઓ તો 'पुनः व्यवहारदेशित होय', - 'व्यवहारदेशिताः पुनः', વ્યવહારથી ઉપદેશ કરાય એવા હોય. અર્થાત્ 'જેઓ અપરમ ભાવમાં સ્થિત છે' - ઉક્ત પરમ ભાવની દશા નહિં પામ્યો હોઈ અનુત્કૃષ્ટ - મધ્યમ - જઘન્ય આદિ અપરમ ભાવમાં વર્ત્તે છે, તેઓ તો વ્યવહાર નયથી ઉપદેશાય છે, ઉંચામાં ઉંચા એવા પરમ ભાવથી હેઠલી અપરમ દશામાં વર્તનારા અધિકારીઓ માટે તો વ્યવહારનયનો ઉપદેશ યોગ્ય છે. આમ મૂળ ગાથાના અર્થ પરથી સ્પષ્ટ સમજાય છે કે પરમ ભાવદર્શી માટે શુદ્ધનય જ ઉપકારી છે અને અપરમભાવ સ્થિત માટે તો શુદ્ધનય સાથોસાથ વ્યવહાર નય ઉપકારી છે, એમ અધિકારી વિશેષ પ્રમાણે નિશ્ચયનય - વ્યવહારનયનો ઉપદેશ પ્રયોજનભૂત છે અને તે સુવર્ણ શુદ્ધિના પ્રસિદ્ધ દૃષ્ટાંત દ્વારા સાંગોપાંગ સુઘટમાનપણો અનન્ય અદ્ભુત અનુપમ શૈલીથી વિવરી દેખાડી **'આત્મખ્યાતિ' ટીકા કર્તા' પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** નિષ્ણુષપણે અત્યંત પરિસ્ફુટ કર્યું છે, તે આ પ્રકારે -

જેઓ 'खलु' - ખરેખર । માત્ર વાચાજ્ઞાનરૂપે કહેવા માત્ર નહિં પણ તથારૂપ શુદ્ધોપયોગમય આત્મદશાથી પરમાર્થ સત્પણે નિશ્ચયે કરીને 'पर्यंतपाकोतीर्णं' - પર્યંતપાકોત્તીર્ણ, 'પર્યંતના' - છેવટના પાકથી 'ઉત્તીર્ણ' પાર ઉતરેલ 'जात्य सुवर्ण स्थानीय' - 'जात्यकार्त्तस्वरस्थानीयं' - 'जात्य' - જાતિવંત શુદ્ધ સુવર્ણ સ્થાને રહેલ - જાતિવંત સુવર્ણ સમા પરમ ભાવને અનુભવે છે - આત્માનુભવથી સંવેદે છે,

તથારૂપ આત્માનુભાવ દશાથી અનુભવપ્રત્યક્ષ કરે છે.

સુવર્ણ શુદ્ધિના દૃષ્ટાંતથી અમૃતચંદ્રજીની નિખુષ સ્પષ્ટ અદ્‌ભુત વ્યાખ્યા

તેષાં - તેઓને, પ્રથમ-દ્વિતીય આદિ 'अनेकपाकपरंपरापच्यमान' - પાકપરંપરાથી 'પચ્યમાન' સુવર્ણ - સ્થાનીય અપરમભાવના અનુભવન શૂન્યપણાને લીધે **શુદ્ધનય જ** પરિજ્ઞાન કરાઈ રહેલો - સર્વથા જાણવામાં આવી રહેલો 'પ્રયોજનવાન્' - અત્યંત - પ્રબળ - પ્રયોજનભૂત છે. શાને લીધે ? 'उपरितनैकवर्णिकास्थानीयत्वात्' - ઉપરિતન એક વર્ણિકા સ્થાનીયપણાને લીધે, 'ઉપરિતન' - સૌથી ઉપરની - ઉપલી (Topmost) 'એક' - અદ્વિતીય વર્ણિકા સ્થાનરૂપપણાને લીધે કેવો છે આ શુદ્ધનય ? 'અસ્ખલિત એક સ્વભાવવાળો એક ભાવ સમુદ્યોતિત કર્યો છે એવો', समुद्योतितास्खलितैकस्वभावैकभावः', 'અસ્ખલિત' - કદી પણ સ્ખલિત ન થતો - અખંડિત - અચ્યુત 'એક' - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક સ્વભાવવાળો 'એક' - અદ્વિતીય - અદ્વૈત ભાવ 'સમ્' - સમ્યક્ પ્રકારે યથાવત્ જેમ છે તેમ 'ઉદ્યોતિત' કર્યો છે - પ્રકાશિત કર્યો છે એવો. એવો શાથી ? 'શુદ્ધ દ્રવ્યાદેશિતાથી' - શુદ્ધ દ્રવ્યનું જ સ્વરૂપ છે તેની 'આ' - મર્યાદા પ્રમાણે સામસ્ત્યથી 'દેશિતા' - દર્શાવવાપણાએ કરીને. આવો શુદ્ધનય જ પરમભાવ અનુભવનારાઓને પ્રયોજનવાન્ છે. પણ બીજાઓ તો જેઓ 'પ્રથમ-દ્વિતીય આદિ અનેક પાકપરંપરાથી પચ્યમાન સુવર્ણસ્થાનીય અપરમભાવને અનુભવે છે', તેઓને 'पर्यंतपाकोत्तीर्ण' પર્યંતપાકોત્તીર્ણ જાત્ય સુવર્ણસ્થાનીય પરમ ભાવના અનુભવન શૂન્યપણાને લીધે વ્યવહાર નય પરિજ્ઞાન કરાતો - સર્વથા જાણવામાં આવી રહેલો 'तदात्वे' ત્યારે તે - વખતે તે - વખતની દશામાં 'પ્રયોજનવાન્' - પ્રયોજનવાળો - અત્યંત પ્રબળ પ્રયોજભૂત છે. શાને લીધે ? 'विचित्रवर्णमालिकास्थानीयत्वात्' - 'વિચિત્ર વર્ણમાલિકાસ્થાનીયપણાને લીધે' જેમ સુવર્ણ એક વર્ણિકાવાળું-બે વર્ણિકાવાળું યાવત્ સોળ વર્ણિકાવાળું હોય તેમ વિચિત્ર વર્ણમાલિકા સ્થાનરૂપપણાને લીધે. કેવો છે આ વ્યવહારનય ? 'પ્રતિવિશિષ્ટ એકભાવવાળા અનેક ભાવ ઉપદર્શિત કર્યા છે એવો, 'उपदर्शितप्रतिविशिष्टैकभावानेकभावः' - 'प्रतिविशिष्ट' - પ્રત્યેકે વિશિષ્ટ - ખાસ ખાસ એક ભાવવાળા અનેક ભાવ ઉપદર્શિત કર્યા એવો. એવો શાથી ? 'અશુદ્ધ દ્રવ્યાદેશિતાથી' - અશુદ્ધ દ્રવ્યનું જે સ્વરૂપ છે તેની 'આ' - મર્યાદા પ્રમાણે 'દેશિતા' - દર્શાવવાપણાએ કરીને. આવો વ્યવહારનય આ પરમ ભાવ અનુભવનારાઓને તે વખતની દશામાં તત્કાળે - तदात्वे - ત્યારે પ્રયોજનવાન્ છે. આમ નિશ્ચયનય અને વ્યવહારનય અંગે અધિકારીનો ભેદ શા માટે ? તીર્થ અને તીર્થફલનું આમ જ વ્યવસ્થિતપણું છે માટે, 'तीर्थतीर्थफलयोरित्थमेव व्यवस्थितत्वात्' । આ અંગે કહ્યું છે કે જો તમે જિનમત પ્રત્યે જતો હો - અંગીકાર કરતા હો, તો વ્યવહાર અને નિશ્ચયને મ મૂકજો ! કારણ ? 'एक्केण विणा छिज्जइ तित्थं अवेण उण तच्चं' - 'એક વિના' - વ્યવહાર વિના તરવાના સાધનરૂપ 'તીર્થ' છેદાય છે - લોપાય છે - નાશ પામે છે અને 'અન્ય વિના' - નિશ્ચય વિના તીર્થ ફલરૂપ 'તત્ત્વ' છેદાય છે-લોપાય છે - નાશ પામે છે.

તે સુવર્ણ શુદ્ધિ દૃષ્ટાંતનું સ્પષ્ટ ભાવન

અમૃતચંદ્રજીની આ પરમ પરમાર્થગંભીર વ્યાખ્યા સમજવા માટે તેઓશ્રીએ અત્ર મૂકેલું સુવર્ણ દૃષ્ટાંત વિશેષ સ્પષ્ટપણે ભાવન કરવા યોગ્ય છે : સોનું છે, તેને શુદ્ધ કરવા માટે અગ્નિમાં તપાવવામાં આવે છે-પકાવવામાં આવે છે, તેમ તેમ અનુક્રમે તેની મલ-અશુદ્ધિ ઉત્તરોત્તર દૂર થતી જાય છે : અને આમ છેવટની પાકપરંપરાથી જ્યારે ઉત્તીર્ણ થાય છે, ત્યારે શુદ્ધ નિર્મલ નિર્ભેળ જાતિવંત ચોકખું સોનું પ્રગટે છે. જ્યાં લગી સુવર્ણમાં એક કણિકા માત્ર પણ મલ અશુદ્ધિ છે, ત્યાં લગી અગ્નિતાપથી ફરી ફરી પકાવવા રૂપ - તેની પાકપરંપરા રૂપ ક્રિયા (Purifying process) આવશ્યક છે, પણ છેવટની પરિપાક દશા પામ્યે જ્યારે તે અશુદ્ધિ કણિકા પણ રહેતી નથી, ત્યારે પછી અગ્નિતાપથી પાકની આવશ્યકતા રહેતી નથી. એવી છેવટની ષોડશવર્ણિકા રૂપ એક પરિપાકદશા તે શુદ્ધ સુવર્ણ દ્રવ્ય છે, તે પહેલાંની અનેક પાક પરંપરાવાળી દશાઓ તે ઉત્તરોત્તર ઘટતી જતી

અશુદ્ધિવાળી અશુદ્ધ સુવર્ણની અનેક વર્ણિકા છે. આ દૃષ્ટાંતનો ઉપનય અત્ર આ પ્રકારે વિચારવા યોગ્ય છે : આત્મા છે તે સોનું છે, આત્માની કર્મમલ અશુદ્ધિ તે સોનાનો મેલ છે, વ્યવહાર છે તે અગ્નિ છે, વ્યવહારના અંગભૂત તપસ્ છે તે અગ્નિતાપ છે, આ વ્યવહાર-અગ્નિતાપથી આત્મઅશુદ્ધિ દૂર થતાં થતાં આત્માની ઉત્તરોત્તર પક્વ-પરિણત દશા થતી જવી તે પાકપરંપરા છે, સંપૂર્ણ આત્મ અશુદ્ધિ દૂર થઈ આત્માની પરમ પરિપક્વ શુદ્ધ જ્ઞાનદશા પ્રગટવી તે પાકોત્તીર્ણપણું છે, ઉત્તરોત્તર વધતી જતી આત્મદશાવાળો વધતો જતો આત્મભાવ તે સોનાનો વધતો જતો વાન છે : કેવલ શુદ્ધ એક જ્ઞાયક ભાવ સિવાય બીજું કાંઈ જ્યાં નથી એવા કેવલ શુદ્ધોપયોગમય પરમ આત્મભાવની પ્રાપ્તિ તે સોનાનો સૌથી ઉંચો વાન છે. વ્યવહાર - અવલંબને એક આત્માના ઉત્તરોત્તર શુદ્ધિવાળા અનેક ભાવ પ્રગટવા તે અગ્નિતાપ અવલંબને એક સોનાના ઉત્તરોત્તર શુદ્ધિવાળા અનેક ભાવ પ્રગટવા બરાબર છે, જ્યાં લગી આત્માની અશુદ્ધિ છે, ત્યાં લગી શુદ્ધ નિશ્ચય તત્ત્વ સ્વરૂપ પ્રગટાવવાના લક્ષે તપસ્ રૂપ-વ્યવહાર રૂપ અગ્નિતાપની જરૂર છે, સમસ્ત આત્મ અશુદ્ધિ દૂર થયા પછી વ્યવહાર - અગ્નિતાપની જરૂર રહેતી નથી. આમ ઉપનય સમેત આ અદ્‌ભુત દૃષ્ટાંતની આટલી સ્પષ્ટતા પછી હવે આ **આચાર્યવર્યની** પરમાર્થ-ગંભીર **ભગવતી 'આત્મખ્યાતિ'** ટીકાનો પરમાર્થ મર્મ સ્પષ્ટ સમજાશે.

પર્યંત પાકોત્તીર્ણ જાત્ય સુવર્ણ સમો પરમ ભાવ અનુભવનારને શુદ્ધનય જ પ્રયોજનવાન્

જેઓ 'પર્યંતના' - છેવટના પાકથી 'ઉત્તીર્ણ' - પાર ઉતરી ગયેલ જાતિવંત શુદ્ધ સુવર્ણ સમા 'પરમ ભાવને અનુભવે છે', તેઓને પહેલી-બીજી વગેરે અનેક 'પાકપરંપરાથી' અર્થાત્ 'પાકની' - અગ્નિતાપથી પકાવવાની પ્રક્રિયાની પરંપરાથી - એક પછી એક એમ ઉત્તરોત્તર અનુક્રમબદ્ધ શ્રેણીથી 'પચ્યમાન' - પાકી રહેલા સુવર્ણ જેવા 'અપરમ ભાવોનું અનુભવનશૂન્યપણું' (મીંડુ મૂક્વાપણું) હોય છે, અનુભવન હોતું નથી. તેથી કરીને 'શુદ્ધ દ્રવ્યનો આદેશ' - કથન કરવા વડે કરીને અખંડ અસ્ખલિત એક સ્વભાવવાળો એક ભાવ સમ્યક્‌પણે ઉદ્યોતિત - પ્રકાશિત કરતો **શુદ્ધનય જ**, સર્વથી ઉપરની એક પ્રતિવર્ણિકાના સ્થાને વર્તતો હોઈ, સર્વથા જાણવામાં આવતો સતો તે પરમ ભાવને સાક્ષાત્ અનુભવનારા પરમ ભાવદર્શીઓને 'પ્રયોજનવાન્' - અત્યંત - પ્રબળ પ્રયોજનભૂત છે. અર્થાત્ જેમ ષોડશ વર્ણિકા રૂપ શુદ્ધ જાતિવંત સુવર્ણને અશુદ્ધતા દૂર કરવા માટેની અગ્નિ તાપજન્ય પાકપરંપરાનું કંઈ પણ પ્રયોજન રહેતું નથી અને ત્યાં અશુદ્ધિના ઉત્તરોત્તર અપગમ (દૂર થવા) પ્રમાણે પ્રગટતી વિવિધ વર્ણિકાનું અસ્તિત્વ પણ રહેતું નથી, કેવળ નિર્મળ નિર્મળ શુદ્ધ સુવર્ણનું જ અસ્તિત્વ હોય છે, તેમ શુદ્ધ એવા પરમ ભાવને જે સાક્ષાત્ અનુભવે છે, તેઓને અશુદ્ધિ દૂર કરવા માટે અત્યંત પ્રબળ પ્રયોજનભૂત - અનિવાર્યપણે પરમ આવશ્યક એવા પરમાર્થ સાધક વ્યવહારનું પણ પ્રયોજન રહેતું નથી અને અશુદ્ધિના અપગમ (દૂર થવા) પ્રમાણે પ્રગટતા વિવિધ અપરમ ભાવોનું અસ્તિત્વ પણ ત્યાં રહેતું નથી, કેવળ નિર્મળ નિર્મળ અભેદ શુદ્ધ અદ્વૈત એવા આત્મદ્રવ્યનું જ ત્યાં સાક્ષાત્ અનુભવન વર્તે છે. આમ જ્યાં પરભાવ - વિભાવનો લેશ પણ સ્પર્શ નથી એવા કેવળ શુદ્ધ આત્મદ્રવ્યને અનુભવનારા અર્થાત્ શુદ્ધોપયોગરૂપ શુદ્ધ અનુભવ દશાને - શુદ્ધ ચારિત્રમય 'જ્ઞાનદશા'ને પામેલા સમ્યગ્‌દર્શી પુરુષોને આત્મદ્રવ્યનું મૂળ શુદ્ધ સહજ આત્મસ્વરૂપ દર્શાવનારો **શુદ્ધનય જ** (નિશ્ચયનય જ) શુદ્ધ સહજાત્મસ્વરૂપમાં એકાગ્રતા - એકાગ્ર સ્થિરતા વિશેષે દૃઢીભૂત થવા અર્થે પરમ ઉપકારી હોઈ 'પ્રયોજનવાન્' અત્યંત પ્રબળ પ્રયોજનભૂત છે, અશુદ્ધ દ્રવ્યસ્વરૂપ દર્શાવનાર, છતાં આત્મઅશુદ્ધિ દૂર કરવા માટે 'અગ્નિ સ્થાનીય' - અગ્નિ જેવા પરમ ઉપયોગી ને પરમ ઉપકારી વ્યવહારનયનું તેઓને હવે કંઈ પ્રયોજન

---

* "जाव ण तवग्नितत्तं सदेहमूसाइं णाणपवणेण ।
ताव ण चत्तकलंकं जीवसुवण्णं सुणिव्वडइ ।।" - **श्री देवसेनाचार्यजी कृत आराधनासार**, गा. १००
"અર્થાત્ - સ્વદેહ-મૂષામાં જ્ઞાન-પવન વડે કરીને જ્યાં લગી તપ-અગ્નિથી તમ થતું નથી, ત્યાં લગી કલંક જેણે ત્યજી દીધું છે એવું જીવ-સુવર્ણ નીવડતું નથી - નિષ્પન્ન થતું નથી.

રહેતું નથી. કારણ (नी-नय् to lead, લઈ જવું - દોરી જવું) એ ધાતુ પરથી નયનો હેતુ આત્માને ઉંચે ને ઉંચે ઊર્ધ્વ ઊર્ધ્વ દશાઓ લઈ જવાનો છે, આત્માર્થની ઉચ્ચ ઉચ્ચ કક્ષાને પમાડવાનો છે, એટલે ઉંચી દશાને પામી ચૂકેલાને નીચે પાડવાનું હોય નહિં, પણ ઉંચી ને ઉંચી દશામાં સ્થિર રહે એમ કરવાનું હોય અને તેથી જ તે તથારૂપ શુદ્ધઉપયોગમય ઉંચી જ્ઞાનદશા માટે શુદ્ધનય જ પરમ પ્રયોજનભૂત છે.

પાકપરંપરા - પચ્યમાન સુવર્ણ સમા અપરમભાવ અનુભવનારને ત્યારે વ્યવહારનય પ્રયોજનવાન

પણ બીજાઓ કે જેઓ પહેલી - બીજી વગેરે પાકપરંપરાથી 'પચ્યમાન' - પાકી રહેલા સુવર્ણ જેવા 'અપરમભાવને અનુભવે છે', તેઓને પર્યંતના - છેવટના પાકથી 'ઉત્તીર્ણ' - પાર ઉતારેલ જાતિવંત શુદ્ધ સુવર્ણ સમા 'પરમ ભાવના અનુભવનનું શૂન્યપણું' - (મીંડુ મૂકાવાપણું) હોય છે, અનુભવન હોતું નથી, તેથી કરીને 'અશુદ્ધ દ્રવ્યનો આદેશ' - કથન કરવા વડે કરીને 'પ્રતિવિશિષ્ટ' - પ્રત્યેકે વિશિષ્ટ ખાસ એક ભાવવાળા અનેક ભાવ ઉપદર્શિત કરતો એવો વ્યવહારનય, 'વિચિત્ર' - નાના પ્રકારની 'વર્ણ-માલિકાના સ્થાને' વર્તતો હોઈ, સર્વથા જાણવામાં આવતો સતો, તે અપરમ ભાવ અનુભવનારાઓને, **'તદાત્વે' - ત્યારેની** - તે વખતની - તત્કાલીન દશામાં પ્રયોજનવાન્ છે - અત્યંત પ્રબળ - પ્રયોજનભૂત છે. અર્થાત્ જેમ ષોડશ વર્ણિકા રૂપ શુદ્ધ જાતિવંત સુવર્ણ જ્યાં સુધી પ્રગટ્યું નથી, ત્યાં સુધી મલયુક્ત અશુદ્ધ સુવર્ણની ઉત્તરોત્તર શુદ્ધિ કરવા માટે અગ્નિતાપ વડે કરીને પાકપરંપરાનું પ્રયોજન હોય જ છે, તેમ જ્યાં સુધી ષોડશ વર્ણિકા રૂપ-ઉંચામાં ઉંચી શુદ્ધોપયોગમય વીતરાગ જ્ઞાનદશારૂપ શુદ્ધ સહજ પરમ આત્મભાવ પ્રગટ્યો નથી, ત્યાં સુધી શુદ્ધનયથી સિદ્ધ શુદ્ધ આત્મસ્વરૂપના લક્ષપૂર્વક કર્મમલ યુક્ત અશુદ્ધ આત્માની અશુદ્ધિ દૂર કરી ઉત્તરોત્તર શુદ્ધિ કરવા માટે પરમાર્થ સાધક વ્યવહાર રૂપ અગ્નિતાપ વડે કરીને ઉત્તરોત્તર ચઢતી ગુણ શ્રેણી-પ્રાપ્તિ રૂપ - આત્મદશા વૃદ્ધિરૂપ પાકપરંપરાનું પ્રયોજન અનિવાર્યપણે આવશ્યક હોય જ છે. આમ અશુદ્ધ એવા અપરમભાવને અનુભવનારા પુરુષોને આત્મ અશુદ્ધિ દૂર કરવા માટે શુદ્ધ નયથી પ્રતીત શુદ્ધ આત્મસ્વરૂપ લક્ષ ઉત્તરોત્તર ગુણવૃદ્ધિ પામતી સુવર્ણ-વર્ણ માલિકા રૂપ શુદ્ધિ પ્રાપ્ત કરાવતો વ્યવહારનય તે વખતની અવસ્થામાં - પરમ ઉપયોગી ને પરમ ઉપકારી હોઈ અત્યંત-પ્રબળ પ્રયોજનભૂત છે. કારણકે તે અગ્નિસ્થાનીય પરમાર્થસાધક સત્ વ્યવહારના સમર્થ અવલંબને કરીને જ - નિમિત્ત સાધને કરીને જ તેઓ ઉપાદાનરૂપ આત્માની ઉત્તરોત્તર અધિકાધિક શુદ્ધિ પામતા જઈ યાવત્ પૂર્ણ આત્મશુદ્ધિરૂપ - શુદ્ધ આત્મસિદ્ધિરૂપ શુદ્ધ નિશ્ચય લક્ષે સહજ આત્મસ્વરૂપ-સહજાત્મસ્વરૂપ પરમભાવને પામવાને સમર્થ થાય છે.

''સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય. ૧૩૫
ઉપાદાનનું નામ લઈ, જે એ તજે નિમિત્ત;
પામે નહિં સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬
દયા શાંતિ સમતા ક્ષમા, સત્ય ત્યાગ વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય.'' ૧૩૮

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર

આ જ પ્રસ્તુત સુવર્ણ-અગ્નિતાપનું દૃષ્ટાંત અન્યત્ર પણ **'પંચાસ્તિકાય ટીકા'માં શ્રી અમૃતચંદ્રાચાર્યજીએ** વ્યવહાર મોક્ષમાર્ગ-નિશ્ચય મોક્ષમાર્ગનો સાધ્ય-સાધન ભાવ વિવરી દેખાડતાં પ્રયોજ્યું છે અને વ્યવહાર મોક્ષમાર્ગ રૂપ સાધન દ્વારા નિશ્ચય મોક્ષમાર્ગરૂપ સાધ્ય પર કેવી રીતે પ્હોંચાય છે તે ત્યાં સવિસ્તર સ્પષ્ટ વર્ણવી દેખાડ્યું છે, તે પરથી પણ આ જ પરમાર્થ ફલિત થાય છે.

તેનો સારાંશ એ છે કે - સ્વ પર પ્રત્યય પર્યાયનો જ્યાં આશ્રય છે અને સાધ્ય-સાધન ભાવ જ્યાં

ભિન્ન છે એવા સ્વ-પર પર્યાયાશ્રિત ભિન્ન સાધ્ય-સાધન ભાવવાળા વ્યવહારનયને આશ્રીને અનુગમ્યમાન-અનુસરાતો તે વ્યવહાર - મોક્ષમાર્ગ છે. આવો આ વ્યવહાર મોક્ષમાર્ગ નિશ્ચય મોક્ષમાર્ગના સાધન ભાવને પામે છે. શી રીતે ? સુવર્ણ પાષાણમાં અર્પિત અગ્નિ જેમ ઉત્તરોત્તર ચઢતી વર્ણિકાવાળા સુવર્ણનું સાધન થાય છે, તેમ ઉક્ત વ્યવહાર મોક્ષમાર્ગ દર્શન-જ્ઞાન-ચારિત્રની યુગપત્ સમ્યક્ પરિણતિરૂપ સમાધિ યુક્ત-સમાહિત* અંતરંગવંતને પ્રતિપદે-પદે પદે પરમ રમ્ય એવી ઉપરિતન-ઉપરની શુદ્ધ ભૂમિકાઓમાં અભિન્ન વિશ્રાંતિ નિષ્પાદન કરે છે, તે તે પરમ સુંદર ઉત્તરોત્તર ઉચ્ચ ઉચ્ચ શુદ્ધ ભૂમિકામય આત્મદશાની સિદ્ધિ સાધે છે, અને એમ ઉપર ઉપરની શુદ્ધ ભૂમિકાઓમાં અભિન્ન વિશ્રાંતિ નિષ્પાદતો-સાધતો તે વ્યવહાર મોક્ષમાર્ગ, જાત્ય સુવર્ણની જેમ કથંચિત્ (કોઈ અપેક્ષાએ) ભિન્ન સાધ્ય-સાધન ભાવના અભાવને લીધે સ્વયં સિદ્ધ સ્વભાવે વિપરિણમમાન-વિશેષે કરી પરિણામી રહેલા શુદ્ધ જીવને - નિશ્ચય મોક્ષમાર્ગનો સાધન ભાવ પામે છે. અર્થાત્ કનકપાષાણને શુદ્ધ કરવા માટે અર્પાતા અગ્નિ સમાન વ્યવહાર મોક્ષમાર્ગ છે, અને શુદ્ધ સુવર્ણની જેમ સ્વયં સિદ્ધ ભાવે વિપરિણમમાન - વિશેષે કરી પરિણમી રહેલો શુદ્ધ જીવ તે પોતે જ નિશ્ચય મોક્ષમાર્ગ છે. અગ્નિરૂપ નિમિત્ત સાધનના યોગે ઉત્તરોત્તર શુદ્ધિ પામતું સુવર્ણ રૂપ ઉપાદાન જેમ સ્વયં પોતે જાત્ય સુવર્ણ રૂપે પ્રગટે છે - પરિણમે છે, તેમ વ્યવહાર મોક્ષમાર્ગ રૂપ નિમિત્ત સાધનના યોગે ઉત્તરોત્તર શુદ્ધિ પામતું આત્મારૂપ ઉપાદાન - સ્વયં - પોતે શુદ્ધ આત્મા રૂપે - નિશ્ચય મોક્ષમાર્ગ રૂપે પ્રગટે છે - પરિણમે છે. આમ અગ્નિ સમો વ્યવહાર મોક્ષમાર્ગ શુદ્ધ સુવર્ણ સમા શુદ્ધ જીવરૂપ નિશ્ચય મોક્ષ માર્ગનો સાધન ભાવ પામે છે - સુવર્ણ પાષાણની જેમ નિશ્ચય - વ્યવહારનું સાધ્ય-સાધનભાવ પણું છે, 'निश्चयव्यवहारयोः साध्यसाधनभावत्वात् सुवर्णसुवर्णपाषाणवत् ।' એટલે કે સુવર્ણ પાષાણરૂપ સાધન થકી જેમ સુવર્ણ રૂપ સાધ્યની સિદ્ધિ થાય છે, તેમ વ્યવહારનયાશ્રિત વ્યવહાર મોક્ષમાર્ગ રૂપ સાધન થકી નિશ્ચયનયાશ્રિત નિશ્ચય મોક્ષમાર્ગરૂપ સાધ્યની સિદ્ધિ સાંપડે છે. આમ નિશ્ચય-વ્યવહારનું સાધ્ય-સાધન ભાવપણું છે, એથી કરીને જ 'ઉભયનયાયત્તા' - નિશ્ચય અને વ્યવહાર બન્ને નયને આધીન એવી પારમેશ્વરી તીર્થ પ્રવર્ત્તના છે, उभयनयायत्ता पारमेश्वरी तीर्थप्रवर्त्तना ।

વ્યવહાર મોક્ષમાર્ગ - નિશ્ચય મોક્ષમાર્ગનો સાધ્ય-સાધન ભાવ : સુવર્ણ-સુવર્ણ પાષાણવત્

એટલે ભગવત્ **અમૃતચંદ્રાચાર્યજીના** આટલા સ્પષ્ટ વક્તવ્ય પરથી એટલું અત્ર સ્પષ્ટ સમજી લેવા યોગ્ય છે કે - શુદ્ધ નિશ્ચય પર પ્હોંચવા માટે પણ વ્યવહારનું અવલંબન અનિવાર્યપણે આવશ્યક છે. કારણકે વ્યવહારના પ્રસાદ થકી જ શુદ્ધ નિશ્ચય પ્રાપ્તિ હોય છે. આ અંગે **પ્રવચનસાર** દ્વિ.શ્રુ.સ્કંધની સુપ્રસિદ્ધ બીજી ગાથાના વિવરણમાં જ્ઞાનાચાર આદિ વ્યવહારના કડક આદર્શ પરિપાલન અંગે સ્વયં આર્ષદ્રષ્ટા **અમૃતચંદ્રજીના** આ ટંકોત્કીર્ણ અમૃત વચનો પ્રત્યેક મુમુક્ષુએ મનન કરવા યોગ્ય છે -

''અહો ! કાળ-વિનય-ઉપધાન-બહુમાન-અનિહ્નવ-અર્થ-વ્યંજન-તદુભય સંપન્ન જ્ઞાનાચાર !** તું શુદ્ધ આત્માનો છે નહિં એમ નિશ્ચયથી હું જાણું છું, તથાપિ હું તને ત્યાં લગી આશ્રય કરું છું કે જ્યાં લગી **'ત્હારા પ્રસાદ થકી'** હું (મ્હારો આત્મા) શુદ્ધ આત્માને અનુભવે. અહો !

---

* ''समाहितान्तरङ्गस्य प्रतिपदमुपरितनशुद्धभूमिकासु परमरम्यासुविश्रांतिगभिन्ननिष्पादयन् जात्यकार्त्तस्वरस्येव शुद्धजीवस्य कथंचिद् भिन्नसाध्यसाधनभावाभावात्स्वयंसिद्धस्वभावेन विपरिणममानस्य निश्चयमोक्षमार्गस्य साधनभावमापद्यते ।'' **ई. पंचास्तिकायटीका (अमृतचंद्राचार्यजी कृत) विशेष माटे जुओ अमृतचंद्राचार्यजीनी 'पंचास्तिकाय' टीका गा. १५८-१६१.**

** ''अहो कालविनयोपधानबहुमानानिह्नवार्थव्यञ्जनतदुभयसंपन्नत्वलक्षण ज्ञानाचार ! न शुद्धस्यात्मनस्त्वमसीति निश्चयेन जानामि तथापि त्वां तावदासीदामि यावत्तत्प्रसादात् शुद्धमात्मानमुपलभे । अहो निशंकितत्वनिकांक्षितत्वनिर्विचिकित्सत्व - निर्मूढदृष्टित्वोपबृंहणस्थितिकरणवात्सल्यप्रभावनालक्षण दर्शनाचार ! न शुद्धस्यात्मनस्त्वमसीति निश्चयेन जानामि तथापि त्वां तावदासीदामि यावत् त्वत्प्रसादात् शुद्धमात्मानमुपलभे !'' इत्यादि - **श्री अमृतचंद्राचार्यजी कृत प्रवचनसार टीका, द्वि.श्रु.स्कं. २**

निःशंक्तित्व-निःकांक्षित्व-निर्विचिकित्सव-निर्मूढ दृष्टित्व-उपबृंहण-स्थितिकरण-वात्सल्य-प्रभावना लक्षण दर्शनाचार ! तुं शुद्ध आत्मानो छे नहिं એમ हुं निश्चयथी જાણું छुं, तथापि हुं तने त्यां लगी आश्रय કરું छुं के જ્યાં लगी 'त्हारा प्रसाद थकी' हुं (म्हारो आत्मा) शुद्ध आत्माने अनुभवे.'' ઈત્યાદિ

आचार्यवर्य अमृतचंद्राचार्यजीना आ टंकोत्कीर्ण वचनामृतनो જાણે प्रतिध्वनि કरता होय એમ न्यायाचार्य **यशोविजयजी** उपाध्यायजी **'साडा त्रणसो गाथाना स्तवन'**માં स्पष्ट वचन टंकार કरे छे के-शुद्धनय - ध्यान तो सदा तेने परिणामे छे के, જેને शुद्ध व्यवहार हृदयमां रमे छे, (पण) मलिन वस्त्रमां જેમ કુંકુમનો रंग लागतो नथी, तेम हीन व्यवहारवंतना चित्तमां आ निश्चयथी गुण नथी थतो, (शुद्ध व्यवहार विना निश्चय परिणमतो नथी). व्यवहार श्रेणीने प्रथम छांडता જેઓ आप मत मांडतां એક आ निश्चयने आदरे छे, तेओनी उतावळे (भवभ्रमणानी) आपदा टळती नथी, खरेખર ! क्षुधितनी - भूખ્યાની ઈચ્છાએ ઉંબર कदी पाके नहिं. એટલું જ नहिं पण शुद्ध व्यवहारे करी गुरुयोग-परिणतपणुं होय छे, ते व्यवहार विना शुद्धनयमां ते (गुरु योग-परिणतपणुं) घणुं होतुं नथी. (એટલે के निश्चयने બળવાનૂ બનાવવા माटे - निश्चयनी पुष्टि-भाववृद्धि કरवा माटे पण व्यवहार आवश्यक ने उपकारी छे). वळी व्यवहार गुणथी જે भावलव-भावलेश भળे छे, तेथी शुद्धनय भावना चળती नथी, कोई अपरिणत मतिवाळा छे ते भेद જાણતા नथी, कारणके शुद्धनय अति જ गंभीर छे, (अने) 'भेदलव' - જરાક भेद જાણતां कोई मार्गने त्यજી दे छे अने अति परिणतिमंत थई परसमय स्थितिने भજે छे. कोई कहे छे के 'चींथरा वीણતાં' (प्रतिलेखनादि क्रिया કरतां) मुक्ति छे, कोई कहे छे - घरमां दहींथरां જમતાં सहज मुक्ति छे, पण એ બन्ने मूढ तेना भेदने જાણતા नथी के ज्ञानयोगे क्रिया साधतां ते - मुक्ति 'सही' - चोक्कस निश्चये करीने होय छे.

''शुद्ध नय ध्यान तेहने सदा परिणमे, जेहने शुद्ध व्यवहार हीयडे रमे;
मलिन वस्त्रे यथा राग कुंकुमतणो, हीन व्यवहार चित्त એहथी नवि गुणो.
જેह व्यवहार सेढी प्रथम छांडता, એક એ आदरे आप मत मांडतां;
तास ઊतावले नवि टले आपदा, क्षुधित ईच्छायें ઉંબર न पाये कदा.
भावलव જેह व्यवहारगुणथी भले, शुद्धनय भावना तेहथी नवि चले,
शुद्ध व्यवहार गुरुयोग परिणतपणुं, तेह विण शुद्धनयमां नहि ते गणुं,
केई नवि भेद जाणे अपरिणतमति, शुद्धनय अतिहि गंभीर छे ते वती,
भेदलव जाणतां केई मारग तजे, होय अति परिणति परसमय स्थिति भજે.
कोई कहे मुक्ति छे विणतां चीथरां, कोई कहे सहज જમતां घर दहिथरां:
मूढ એ दोय तस भेद जाणे नहीं, ज्ञानयोगे क्रिया साधतां ते सही.''

- श्री यशोविजयजी कृत सा.त्र. गा.स्त. ढाल-१६

''पूर्ण तत्त्व निज संपदा, જ્યાં लगे पूर्ण न थाय... जिनवर !
त्यां लगी जगगुरु देवना, सेवुं चरण सदाय... जिनवर !

श्री ऋषभानन स्तवन, ''श्री देवचंद्रजी''

आ अंगे **परम आत्मदेष्टा श्रीमद् राजचंद्रजी**એ डिंडिम नादथी उद्घोषणा करी छे -

''बारमा गुणस्थानकना अंत सुधी पण जीवे ज्ञानीनुं अवलंबन लेवुं એम कह्युं छे.''

''જેમ छे तेम निज स्वરૂप संपूर्ण प्रकाशे, त्यां सुधी निज स्वરૂपना निदिध्यासनमां स्थिर रहेवाने ज्ञानी पुरुषनां वचनो आधारभूत छे, એम परम पुरुष श्री तीर्थंकरे कह्युं छे, ते सत्य छे. बारमे गुणस्थानके वर्तता आत्माने निदिध्यासन રૂप ध्यानमां श्रुतज्ञान એટલે मुख्य એवां ज्ञानीना वचनोनो

આશય ત્યાં આધારભૂત છે, એવું પ્રમાણ જિનાગમને વિષે વારંવાર કહ્યું છે. બોધબીજની પ્રાપ્તિ થયે નિર્વાણમાર્ગની યથાર્થ પ્રતીતિ થયે પણ તે માર્ગમાં યથાસ્થિત સ્થિતિ થવાને અર્થે જ્ઞાની પુરુષનો આશ્રય મુખ્ય સાધન છે અને તે ઠેઠ પૂર્ણ દશા થતાં સુધી છે. નહીં તો જીવને પતિત થવાનો ભય છે એમ માન્યું છે. તો પછી પોતાની મેળે અનાદિથી ભ્રાંત એવા જીવને સદ્‌ગુરુના યોગ વિના નિજ સ્વરૂપનું ભાન થવું અશક્ય હોય, એમાં સંશય કેમ હોય ?'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૪૭, ૪૮૭**

પ્રથમાવસ્થામાં વ્યવહાર પ્રયોજનભૂત : ઉત્તરાવસ્થામાં નિશ્ચય જ પ્રયોજનભૂત

આમ પ્રથમ અવસ્થામાં - અપરમ ભાવની દશામાં પરમ ભાવની પ્રાપ્તિ અર્થે શુદ્ધનયના લક્ષે વ્યવહારનય પણ ઉપકારી હોઈ 'પ્રયોજનવાન્' - પુષ્ટ બળવાન - પ્રયોજનભૂત છે, પણ ઉત્તર અવસ્થામાં - જ્યારે પરમ ભાવની દશાની પ્રાપ્તિ થઈ ચૂકી છે ત્યારે - વ્યવહારનયનું કોઈ પ્રયોજન રહેતું નથી, માત્ર શુદ્ધનય જ પરમ ભાવમાં સુસ્થિતિના દૃઢીકરણાર્થે ઉપકારી હોઈ 'પ્રયોજનવાન્' - પ્રબળ પુષ્ટ પ્રયોજનભૂત હોય છે, પરમ ભાવની પરિભાવનાર્થે પરમ ઉપયોગી હોય છે અને 'આમ જ તીર્થનું અને તીર્થફલનું વ્યવસ્થિતપણું છે', तीर्थतीर्थफलयोरित्थमेव व्यवस्थितत्वात् । આ અંગે અત્રે **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** આગમ પ્રસિદ્ધ પ્રાચીન ગાથા ટાંકી છે કે - 'જો તમે જિનમતને માનતા હો - અંગીકાર કરતા હો, તો વ્યવહાર અને નિશ્ચય મ મૂકજો, કારણકે એક (વ્યવહાર) વિના તીર્થનો છેદ થાય છે અને બીજા (નિશ્ચય) વિના તત્ત્વનો છેદ થાય છે.'

વ્યવહાર તીર્થ - નિશ્ચય તીર્થફલ વ્યવહાર છેદે તે તીર્થ છેદે : નિશ્ચય છેદે તે તત્ત્વ છેદે

અર્થાત્ 'તીર્થ' એટલે તરવાનું સાધન, તારે તે તીર્થ, સંસાર સમુદ્રને કાંઠે આણે તે તીર્થ. વ્યવહારનય છે તે તરવાના સાધન રૂપ હોઈ 'તીર્થ' છે, કે જેના વડે કરીને તત્ત્વરૂપ તીર્થફલ પ્રાપ્ત થાય છે અને નિશ્ચય છે તે 'તીર્થફલ' રૂપ તત્ત્વ છે, વસ્તુનું સહજ નિજ સ્વરૂપ છે - 'સહજાત્મસ્વરૂપ' છે. જો વ્યવહારને મૂકી દઈએ અને એકાંત નિશ્ચયને ભજીએ, તો તીર્થનો ઉચ્છેદ થાય અને તીર્થફલ રૂપ નિશ્ચય-તત્ત્વ પણ પમાય નહિં, અને જો નિશ્ચયને મૂકી દઈ અને એકાંત વ્યવહારને ભજીએ તો તત્ત્વરૂપ તીર્થફલનો લક્ષ્ય નહિં હોવાથી, વ્યવહાર લક્ષ્ય વિનાના બાણની જેમ નિષ્ફળ થાય. માટે પરસ્પર સાપેક્ષપણે યથાસ્થાને પોતપોતાની મર્યાદા પ્રમાણે વિનિયોજિત નિશ્ચય-વ્યવહાર માનવા યોગ્ય છે. કારણ નિશ્ચય-તત્ત્વરૂપ સાધ્યને નિરંતર લક્ષ્યમાં રાખી, વ્યવહાર રૂપ તીર્થને જે સેવે છે, તે તીર્થફલ રૂપ સાર તત્ત્વને - સમય સારને પામે છે, આ પ્રમાણવાર્તા છે અને તે **મહાગીતાર્થ મહામુનીશ્વર આનંદઘનજીએ** આ અમર શબ્દોમાં અપૂર્વ ભાવથી સંગીત કરી છે -

''ચક્રી ધરમ તીરથ તણો, તીરથ ફલ તત્ત સાર રે;
તીરથ સેવે તે લહે, આનંદઘન નિરધાર રે... ધરમ પરમ અરનાથનો.'' - **શ્રી આનંદઘનજી**

'જાણણ આતમ તત્ત, નિશ્ચે નય વ્યવહાર હૈ,
તીર્થ પ્રવૃત્તિ નિમિત્ત તિણ, દો નય જિનવર કહ્યા.'' - **શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ'-૨-૨૭**

આ પરથી ફલિત થતો તાત્પર્ય બોધ

આ પરથી ફલિત થતો સામાન્ય આશય એ છે કે, જેમ સોનું ષોડશ વર્ણિકાવાળું શુદ્ધ જાત્ય સુવર્ણ ન થાય ત્યાં સુધી તેને અગ્નિતાપની પાકપરંપરાની અપેક્ષા રહે છે, પણ સૌથી ઉપરની ષોડશ વર્ણિકા પ્રાપ્ત થયા પછી તેની અપેક્ષા રહેતી નથી, તેમ જ્યાં સુધી આત્મા નિર્મળ શુદ્ધ આત્મસ્વભાવ પામતો નથી ત્યાં સુધી તેને પરમાર્થસાધક શુદ્ધ વ્યવહારરૂપ અગ્નિતાપદ્વારા આત્મશુદ્ધિ પ્રાપ્ત કરવાની પૂરેપૂરી અપેક્ષા રહે છે, પણ શુદ્ધ આત્મદશાને પામેલા યોગારૂઢ પરમર્ષિઓને તેની કાંઈ અપેક્ષા રહેતી નથી, પરંતુ તેવી પરમ દશા પ્રાપ્ત થયા પૂર્વે પોતાની તેવી દશા કલ્પી લઈ, જે શિથિલાચારી સ્વચ્છંદવિહારી જનો શુદ્ધ વ્યવહારનું પરમ ઉપકારી આલંબન છોડી દે છે, તેઓ માર્ગભ્રષ્ટ થાય છે. એટલું જ નહિં પણ અધઃપાતને પણ પામે છે, સંયમ શ્રેણીથી લડથડતા લડથડતા પહેલે

ગુણસ્થાનકે પણ આવી પડે છે. આ પ્રસ્તુત બારમી ગાથા તો શુદ્ધ નિશ્ચયની 'માત્ર શબ્દની માંય' વાતો કરનારા - 'બાંગ' મારનારા શુષ્કજ્ઞાનીઓને સીધી ગંભીર ચેતવણી રૂપ - લાલબત્તી રૂપ છે, અને તે ગર્ભિતપણે એમ પણ સૂચવે છે કે શુદ્ધોપયોગની દશાને યોગ્ય ઉચ્ચ આત્મદશાસંપન્ન ઉત્કૃષ્ટ કોટિના આદર્શ શ્રમણો જ મુખ્યપણે આ શુદ્ધ નિશ્ચયનયપ્રધાન ગ્રંથના યથાયોગ્ય અધિકારી છે. બાકી જે જીવો બિચારા હજુ અશુભોપયોગમાંથી પણ નિવૃત્ત થયા નથી અને શુભ ઉપયોગમાં પ્રવૃત્ત થયા નથી, તેવા જીવોને મુખ્યપણે શુદ્ધોપયોગની કક્ષાનો આવો મહાગ્રંથ પકડાવી દઈ અનધિકાર ચેષ્ટા કરવી કે, શુદ્ધોપયોગની ખાલી પોકળ 'વાચાજ્ઞાન રૂપ' વાતો કરવી અને શુભોપયોગમાં કાંઈ ધર્મ નથી એવું એકાંતિક મિથ્યા વિધાન કરવું, તે તો જ્ઞાનીઓએ ભાખેલા-પ્રણીત કરેલા 'વ્યવહાર-તીર્થ'નું વિલોપન કરી તે તે જીવોને અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ કરવા રૂપ મહા અવિવેક નહિં તો બીજું શું છે ? આ તો હજુ જેને એકડો પણ આવડતો નથી એવા બાળકને સ્નાતકની પરીક્ષામાં બેસવાનું કહેવા બરાબર છે.

''અથવા નિશ્ચયનય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્ વ્યવહારને, સાધન રહિત થાય. ૨૯
જ્ઞાનદશા પામે નહિં, સાધન દશા ન કાંઈ;
પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંહિ. ૩૦
એ પણ જીવ મતાર્થમાં, નિજ માનાદિ કાજ;
પામે નહિં પરમાર્થને, અનૂ અધિકારીમાં જ. ૩૧
નહિં કષાય ઉપશાંતતા, નહિં અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય.'' ૩૨

- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર*

તેમજ આ અંગે કાળના દુસમપણા અંગેનો પોકાર કરતા અને વર્તમાન સમાજના અંતર્ગત ત્રણ પ્રવાહોનું તાદૃશ્ય ચિત્ર રજૂ કરતા સુપ્રસિદ્ધ અમૃત પત્રમાં (Immortal, nectour-like) વર્તમાન યુગના સંતશિરોમણિ પરમ પરમાર્થવિદ્ **શ્રીમદ્ રાજચંદ્રજી** જેવા **જ્ઞાનાવતાર** પુરુષે જે ટંકોત્કીર્ણ અમૃત વચનો કહ્યાં છે, તે પ્રત્યેક મુમુક્ષુએ પુનઃ પુનઃ મનન કરી હૃદયમાં કોતરી રાખવા યોગ્ય છે -

''તેમજ વ્યવહાર બે પ્રકારના છે, એક પરમાર્થ મૂળ હેતુ વ્યવહાર અને બીજો વ્યવહાર રૂપ વ્યવહાર. પૂર્વે આ જીવે અનંતીવાર કર્યા છતાં આત્માર્થ થયો નહીં એમ શાસ્ત્રોમાં વાક્યો છે, તે વાક્ય ગ્રહણ કરી સચોડો વ્યવહાર ઉત્થાપનારા પોતે સમજ્યા એવું માને છે, પણ શાસ્ત્રકારે તો તેવું કશું કહ્યું નથી. જે વ્યવહાર પરમાર્થહેતુ મૂળ વ્યવહાર નથી અને માત્ર વ્યવહારહેતુ વ્યવહાર છે, તેના દુરાગ્રહને શાસ્ત્રકારે નિષેધ્યો છે. જે વ્યવહારનું ફળ ચાર ગતિ થાય તે વ્યવહાર વ્યવહારહેતુ કહી શકાય, અથવા જે વ્યવહારથી આત્માની વિભાવ દશા જવા યોગ્ય ન થાય તે વ્યવહારને વ્યવહારહેતુ વ્યવહાર કહેવાય, એનો શાસ્ત્રકારે નિષેધ કર્યો છે, તે પણ એકાંતે નહીં, કેવળ દુરાગ્રહથી અથવા તેમાં જ મોક્ષમાર્ગ માનનારને એ નિષેધથી સાચા વ્યવહાર ઉપર લાવવા કર્યો છે અને પરમાર્થહેતુ મૂળ વ્યવહાર શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્થા અથવા સદ્ગુરુ, સત્શાસ્ત્ર અને મન વચનાદિ સમિતિ તથા ગુપ્તિ તેનો નિષેધ કર્યો નથી અને તેનો જો નિષેધ કરવા યોગ્ય હોય તો શાસ્ત્રો ઉપદેશીને બાકી શું સમજવા જેવું રહેતું હતું કે શું સાધનો કરાવવાનું જણાવવું બાકી રહેતું હતું કે શાસ્ત્રો ઉપદેશ્યાં ? અર્થાત્ તેવા વ્યવહારથી પરમાર્થ પમાય છે અને અવશ્ય જીવે તેવો વ્યવહાર ગ્રહણ કરવો કે જેથી પરમાર્થ પામશે એમ શાસ્ત્રોનો આશય છે. શુષ્ક અધ્યાત્મી અથવા તેના પ્રસંગી તે આશય સમજ્યા વિના તે વ્યવહારને ઉત્થાપી પોતાને તથા પરને દુર્લભબોધીપણું કરે છે.

---

* જુઓ : આત્મસિદ્ધિ શાસ્ત્ર ઉપર 'રાજ' જ્યોતિ મહાભાષ્ય (સ્વરચિત - (ડૉ. ભગવાનદાસ))

''શમ સંવેગાદિ ગુણો ઉત્પન્ન થયે અથવા વૈરાગ્ય વિશેષ, નિષ્પક્ષપાતતા થયે, કષાયાદિ પાતળાં પડ્યે તથા કંઈ પણ પ્રજ્ઞાવિશેષથી સમજ્યાની યોગ્યતા થયે જે સદ્‌ગુરુગમે સમજવા યોગ્ય અધ્યાત્મ ગ્રંથો, ત્યાં સુધી ઘણું કરી શસ્ત્ર જેવા છે, તે પોતાની કલ્પનાએ જેમ તેમ વાંચી લઈ, નિર્ધારી લઈ, તેવો અંતર્ભેદ થયા વિના અથવા દશા ફર્યા વિના, વિભાવ ગયા વિના પોતાને વિષે જ્ઞાન કલ્પે છે અને ક્રિયા તથા શુદ્ધ વ્યવહારરહિત થઈ વર્તે છે, એવો ત્રીજો પ્રકાર શુષ્ક અધ્યાત્મીનો છે. ઠામ ઠામ જીવને આવા યોગ બાઝે તેવું રહ્યું છે અથવા તો જ્ઞાન રહિત ગુરુ કે પરિગ્રહાદિ ઈચ્છક ગુરુઓ, માત્ર પોતાના માન પૂજાદિની કામનાએ કરતા એવા, જીવોને અનેક પ્રકારે અવળે રસ્તે ચડાવી દે છે, અને ઘણું કરીને ક્વચિત્ જ એવું નહીં હોય. જેથી એમ જણાય છે કે કાળનું દુસમપણું છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક - (૩૪૮), ૪૨૨*

વ્યવહારનું પ્રયોજન પરમાર્થ પ્રતિપાદન

જો વ્યવહાર દ્વારા પણ પરમ ભાવ પ્રત્યે જ જવાનું છે - પરમાર્થ જ સાધવાનો છે, તો પછી આ વ્યવહાર માર્ગનું નિરૂપણ શા માટે કરવામાં આવ્યું હશે ? એવો સ્વાભાવિક પ્રશ્ન થશે. તે વ્યવહાર માર્ગે પરમ પરમાર્થનું જ પ્રતિપાદન કરવા માટે, પરમાર્થ સમજાવવા માટે જ પ્રરૂપવામાં આવ્યો છે, પરમાર્થરૂપ નિશ્ચય લક્ષ્ય પ્રત્યે જ જીવનું લક્ષ દોરવા માટે બોધવામાં આવ્યો છે. અત્રે પૂર્વે આઠમી ગાથામાં કહ્યું હતું તેમ, અનાર્યને સમજાવવા માટે જેમ અનાર્ય ભાષાનો પ્રયોગ કરવો પડે, તેમ પરમાર્થથી અનભિજ્ઞ જીવને પરમાર્થ પમાડવા માટે વ્યવહારનો ઉપયોગ અનિવાર્યપણે આવશ્યક છે. એટલે જ અત્રે ટાંકેલી પ્રાચીન ગાથામાં કહ્યું છે કે -

'જે નિશ્ચયને - પરમાર્થને છેદે છે, ઉત્થાપે છે, તે તત્ત્વને છેદે છે, અને જે વ્યવહારને છેદે છે તે તીર્થને છેદે છે.'** પણ આ એક વાત ભૂલવા જેવી નથી કે પરમાર્થ જ સાધ્ય છે, વ્યવહાર સાધ્ય નથી, વ્યવહાર તો સાધન છે. પરમાર્થ રૂપ લક્ષ્યનો લક્ષ કરાવવા માટે જ વ્યવહારની* ઉપયોગિતા છે. વ્યવહાર સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉત્તરોત્તર શુદ્ધિ પણ ક્રમે કરીને આત્માને સ્વરૂપ પર પુનઃ આરોપવા માટે છે, સ્વરૂપ પર પુનઃ આરૂઢ કરવા માટે છે, કારણકે સ્વરૂપ ભ્રષ્ટ થવાથી જ આત્માનું સંસાર પરિભ્રમણ થયું છે. માટે સમસ્ત વ્યવહારનું પ્રથમ ને એક જ પ્રયોજન આત્માને પુનઃ સ્વરૂપમાં આણી 'નિજ ઘર' પધારવાનું છે અને પછી વ્યવહાર રત્નત્રયી દ્વારા આ સ્વરૂપ આરોપણ રૂપ પ્રથમ ભૂમિકા-નિજ 'પદ' પ્રાપ્ત કરી, જીવ નિશ્ચય રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગનો સાધક-સાધુ બની, ઉત્તરોત્તર ઉચ્ચ ઉચ્ચ ભૂમિકાઓને - આત્મદશાઓને સ્પર્શે તો સ્પર્શતો ગુણસ્થાનકના કે યોગદૃષ્ટિના વિકાસ ક્રમથી મોક્ષમાર્ગે આગળ વધતો જાય છે અને છેવટે આત્મશુદ્ધિની પરમ પરાકાષ્ઠાને પ્રાપ્ત કરી તે શુદ્ધ આત્મસિદ્ધિરૂપ મોક્ષને પામે છે - સિદ્ધ બને છે.

નિશ્ચય - વ્યવહારનો સાપેક્ષ સંબંધઃ સમન્વય

આમ નિશ્ચય-વ્યવહારનો પરસ્પર સાપેક્ષ સંબંધ છે. તેમાં પરમાર્થ ભૂતાર્થ છે, વ્યવહાર અભૂતાર્થ છે. પરમાર્થ તે પરમાર્થ છે, વ્યવહાર તે વ્યવહાર છે, પરમાર્થ તે વ્યવહાર નથી, વ્યવહાર તે પરમાર્થ નથી. વ્યવહારના આલંબન સાધનથી પરમાર્થ પ્રત્યે આવી, જે પરમાર્થને પરમાર્થરૂપે આરાધે છે તે મોક્ષ પામે છે. જે વ્યવહારને જ પરમાર્થ માની બેસી વ્યવહારના કુંડાળામાં જ ગોળ ગોળ ફર્યા કરે છે, તે સંસારના કુંડાળામાં પણ ફર્યા કરે છે. સંક્ષેપમાં આ જિનના મોક્ષમાર્ગની વ્યવસ્થા છે. તાત્પર્ય એ કે-જે જિનના મૂળ પરમાર્થ માર્ગમાં વર્ત્તે છે તે સાક્ષાત્ જિનમાર્ગમાં છે, તે મૂલ માર્ગનો સતત લક્ષ રાખી સકલ વ્યવહાર તેની સાધના પ્રત્યે પ્રવર્તાવે છે, તે જિન માર્ગાનુસારી છે, અને જે વ્યવહારને જ પરમાર્થ માની તેને જ આરાધ્યા કરે છે તે જિનમાર્ગથી બાહ્ય છે.

* જુઓ : શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૪૨૨ અને 'અધ્યાત્મ રાજચંદ્ર' (સ્વરચિત)

** ''मुख्योपचारविवृत्तिः व्यवहारोपायतो यतः संतः ।
ज्ञात्वा श्रयंति शुद्धं तत्वमिति व्यवहृतिः पूज्या ॥'' - શ્રી પદ્મનંદિ પં. નિશ્ચય પંચાશત્-૧૧

આમ નિશ્ચય - વ્યવહાર સાપેક્ષ જિન-વીતરાગનો મોક્ષમાર્ગ તો સીધામાં સીધો, સરલમાં સરલ, ઋજુમાં ઋજુ, સાદામાં સાદો, ટૂંકામાં ટૂંકો ને ચોકખામાં ચોકખો છે. એમાં કાંઈ વિસંવાદ નથી, કાંઈ ગોટાળો નથી. ગોટાળો ને વિસંવાદ તો નિશ્ચય-વ્યવહારનું પરસ્પર સાપેક્ષપણું જેઓ સમજતા નથી તેઓ જ ઊભો કરે છે. નિશ્ચય-વ્યવહારનો યથાયોગ્ય સમન્વય કરતાં તેમને આવડતો નથી, એટલે એકાંત પક્ષને પકડી બેસી તેઓ માર્ગભ્રષ્ટ થાય છે. કારણકે જે વ્યવહારને છોડી દઈને યથાયોગ્ય આત્મદશા વિના કેવળ નિશ્ચયને જ ગ્રહે છે, તે સાધન વિના નિશ્ચયરૂપ સાધ્યને સાધશે શી રીતે ? તે તો જ્ઞાનદશા પામ્યા નથી ને સાધનદશા છોડી દે છે, એટલે તે ઉભય ભ્રષ્ટ થાય છે, જે નિશ્ચયને છોડી કેવળ વ્યવહારને જ વળગ્યા રહે છે, વ્યવહાર રૂપ સાધનને સાધ્ય માને છે, લાકડાના ઘોડાને સાચો ઘોડો માને છે, 'સિંહ' કહેવાતા બિલાડાને સાચો સિંહ માને છે, તે તો વ્યવહારના વર્તુલમાં જ ભમ્યા કરે છે ને મધ્યબિન્દુ રૂપ નિશ્ચય લક્ષ્યને ચૂકી જઈ અનંત પરિભ્રમણમાં જ ભમ્યા કરે છે. પણ સર્વ વ્યવહાર સાધનને એક નિશ્ચયરૂપ મધ્યબિન્દુના લક્ષ્ય પ્રત્યે-સાધ્ય પ્રત્યે જે દોરી જાય છે, તે જ નિશ્ચય રૂપ આત્મવસ્તુની સિદ્ધિ કરે છે, તે જ પરમાર્થ રૂપ મોક્ષમાર્ગને પામે છે, તે જ સિદ્ધ બની કૃતકૃત્ય થાય છે.

'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા'

વર્તમાનમાં કોઈ જીવો કેવળ બાહ્ય ક્રિયાના આગ્રહી **'ક્રિયાજડ'** થઈ બેઠા છે, તો કોઈ કેવળ **'શુષ્કજ્ઞાની'** થઈ પડ્યા છે ને પોતે મોક્ષમાર્ગ આરાધે છે, એમ માની આત્મસંતોષ અનુભવે છે ! કોઈ જીવો કેવળ નિશ્ચયને જ વળગી રહી વ્યવહારનો નિષેધ કરે છે, તો કોઈ વળી વ્યવહારનો જ કદાગ્રહ કરી નિશ્ચયનો દુર્લક્ષ કરે છે, ને તે પ્રત્યેક પોતે મોક્ષમાર્ગને અવલંબે છે એમ મિથ્યા અભિમાન ધરે છે. પણ સર્વ વિરોધનું મથન કરનારા અનેકાંત સ્યાદ્વાદની દૃષ્ટિએ તે તે એકાંતપક્ષવાદી ખોટા છે, કેવળ સ્વચ્છંદે વર્તે છે એમ જણાય છે. અત્રે જે ક્રિયાજડ લોકો છે તેઓ પ્રાયઃ બાહ્ય વ્યવહાર સાધનને સાધ્ય માની બેઠા છે ને મુખ્ય સાધ્યને ભૂલી ગયા છે. એટલે તેઓ અનેક પ્રકારની દ્રવ્ય ક્રિયા કરવામાં ખૂબ પરિશ્રમ ઉઠાવે છે, પણ પ્રાયઃ ભાવને સ્પર્શતા નથી, ક્રિયાજડ પણે યંત્રવત્ ક્રિયા કર્યા કરે છે, પણ અંતરંગ આત્મપરિણતિરૂપ ભાવક્રિયાને - અધ્યાત્મ ક્રિયાને પ્રાયે સ્પર્શતા નથી, કંઈ પણ અંતર્ભેદ અનુભવતા નથી. વળી તેઓ જ્ઞાનમાર્ગનો નિષેધ કરે છે. એટલે જ એઓની ક્રિયામાં પ્રાયે નીરસતા-શુષ્કતા જણાય છે, ભાવરૂપ ચૈતન્ય રસની આર્દ્રતાની ખામી જણાય છે. તેમાં તે તે ક્રિયાનો કાંઈ દોષ નથી, તે તે પ્રત્યેક ક્રિયા તો પરમ અદ્‌ભુત ને સ્વભાવસુંદર હોઈ અધ્યાત્મ - તરંગિણીમાં નિમજ્જન કરાવનાર છે. દોષ હોય તો આ જીવોની સમજણનો છે, કારણકે તેઓ તે તે ક્રિયાને અવગાહતા નથી, તેમાં ઊંડા ઉતરતા નથી, તેનો અધ્યાત્મ રસ ચાખતા નથી, પોતે મીઠાશ અનુભવતા નથી, ને તે તે ક્રિયાના ઉદ્દિષ્ટ ઈષ્ટ પરમાર્થ ફળથી વંચિત રહે છે. દાખલા તરીકે - ત્યાગ - વૈરાગ્ય આદિ એ મોક્ષમાર્ગના સાધન છે ખરા, પણ તે જો આત્મજ્ઞાન સહિત પ્રવર્ત્તતા હોય તો મોક્ષરૂપ એકાંત ફળ આપવા વડે કરીને સફળ છે, તેમજ આત્મજ્ઞાનની પ્રાપ્તિના કારણ થવા પણાએ કરીને ઉપકારી છે. કારણકે જેના ચિત્તમાં-અંતરંગમાં-અંતરાત્મામાં ત્યાગ વૈરાગ્યનો દૃઢ રંગ ન લાગ્યો હોય તેને જ્ઞાન થાય નહિં, ને જે ત્યાગ - વૈરાગ્યમાં જ અટકી પડી - તેથી આગળ ઈષ્ટ નિશ્ચય લક્ષ્ય ભણી ન વધે, તે પોતાનું જ ભાન ભૂલી જાય, ને મોક્ષ રૂપ એકાંત ઈષ્ટ ફળ પામે નહિં. હા, પુણ્યોપાર્જન રૂપ અનેકાંત ફળ પામે, પણ ભવભ્રમણ ટળે નહિં, એમ સ્થિતિ છે.

''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.
વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમજ આતમ જ્ઞાનની, પ્રાપ્તિ તણા નિદાન.''

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૭-૬

''એક કહે સાધીએ વિવિધ કિરિયા કરી, ફળ અનેકાંત લોચન ન દેખે;
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિ માંહે લેખે.
... ધાર તરવારની સોહલી, દોહલી ચૌદમા જિન તણી ચરણ સેવા.'' - શ્રી આનંદઘનજી

'શુષ્કજ્ઞાનમાં કોઈ'

હવે જે **શુષ્ક જ્ઞાની** જનો છે તેઓ એકાંત નિશ્ચયને પકડે છે, ને તે પણ માત્ર શબ્દમાં - 'અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દની માંહ્ય.' તેઓ નિશ્ચયનયની કેવળ વાતો કરે છે, પણ તેના ભાવને સ્પર્શતા નથી, 'બંધ-મોક્ષ આદિ કલ્પના છે' એમ કહે છે, પણ પોતે તો મોહાવેશમાં વર્ત્તે છે ને સ્વચ્છંદે પ્રવર્તે છે ! વળી તેઓ પરમાર્થના સાધક વ્યવહાર-સાધનને છોડી દે છે ને ફાવે તેમ ઉન્મત્ત પ્રલાપ કરતા રહી ઉન્મત્ત ચેષ્ટા કરે છે. આમ તેઓ જ્ઞાનદશા પામ્યા નથી ને સાધન દશા છોડી દીએ છે, એટલે ઉભય ભ્રષ્ટ થાય છે. યમ, નિયમ, સંયમ, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ આદિ સત્સાધનો પરમાર્થ સાધનામાં ઉપકારી છે, તેને તે છોડી દ્યે છે, ને તેનામાં 'મોહ ભાવ ક્ષય હોય જ્યાં અથવા હોય પ્રશાંત' કે 'સકલ જગત્ તે એઠવત્ અથવા સ્વપ્ન સમાન' તેવી જ્ઞાનદશા તો આવી નથી, એટલે તે પોતે તો સંસાર સમુદ્રમાં બૂડે છે એટલું જ નહિં પણ તેવા શુષ્કજ્ઞાનીનો જે સંગ કરે છે તે પણ બૂડે છે, 'પામે તેનો સંગ જે તે બૂડે ભવમાંહિ.' આમ ક્રિયાજડ જીવો વ્યવહારના આગ્રહી થઈ નિશ્ચય નિરપેક્ષ હોય છે, તેથી મોક્ષમાર્ગના અનધિકારી છે, અને શુષ્કજ્ઞાની જીવો નિશ્ચયના આગ્રહી હોઈ વ્યવહાર નિરપેક્ષ વર્ત્તે છે, તેથી તેઓ પણ મોક્ષમાર્ગના અનૂ અધિકારી જ છે. આવા ક્રિયાજડ ને શુષ્કજ્ઞાની જીવોનું વર્તમાનમાં બાહુલ્ય થવાથી સાચા મોક્ષમાર્ગનો બહુલોપ થતો દેખી કરુણાર્દ્ર ચિત્તે પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'આત્મસિદ્ધિ' શાસ્ત્રમાં પોકારીને કહ્યું છે કે -

''કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.
બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર્ભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંહિ.
બંધમોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહિ;
વર્ષે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહિ.
અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દની માંહ્ય;
લોપે સદ્ વ્યવહારને, સાધન રહિત થાય.
જ્ઞાનદશા પામે નહિં, સાધન દશા ન કાંઈ;
પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંહિ.
એ પણ જીવ મતાર્થમાં, નિજ માનાદિ કાજ;
પામે નહિં પરમાર્થને, અનૂ અધિકારીમાં જ.
મોહ ભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહિએ જ્ઞાની દશા, બાકી કહીએ ભ્રાંત.
સકળ જગત્ તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન,
તે કહિએ જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન. ઈત્યાદિ.''

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર સૂત્ર*-૩, ૪, ૫, ૨૯, ૩૦, ૩૧, ૧૩૯, ૧૪૦

આ ઉપરથી સારભૂત યુક્ત પક્ષ આ છે કે - જ્ઞાન અને ક્રિયા એ બન્ને નયની 'પરસ્પર તીવ્ર મૈત્રી કરાવી', શુદ્ધ આત્મજ્ઞાન ને રાગદ્વેષ રહિત નિષ્કષાય શુદ્ધ આત્મપરિણતિ રૂપ ક્રિયાનો સુમેળ

* જુઓ : આત્મસિદ્ધિ શાસ્ત્ર ઉપર 'રાજ'જ્યોતિ મહાભાષ્ય' (સ્વરચિત) ડૉ. ભગવાનદાસ કૃત)

સાધવો, એ જ શુદ્ધ આત્મ સ્વભાવરૂપ મોક્ષની સિદ્ધિનો પરમ ઉપાય છે. એટલે કે પરપરિણતિને ત્યજવી ને આત્મપરિણતિને ભજવી તે મોક્ષમાર્ગની આરાધના છે, પરપરિણતિને ભજવી ને આત્મપરિણતિને ત્યજવી તે મોક્ષમાર્ગની વિરાધના છે. પર પરિણતિ ત્યજી આત્મપરિણતિ ભજનારો જીવ આરાધક છે, આત્મપરિણતિ ત્યજી પરપરિણતિ ભજનારો જીવ વિરાધક છે. પરપરિણતિને ભજે છે તે જીવ પરવસ્તુનો ચોર હોઈ અપરાધી દંડપાત્ર છે, પરપરિણતિને ત્યજે છે તે જીવ નિરપરાધી હોઈ દંડપાત્ર નથી. જેટલે અંશે નિરપરાધી તેટલે અંશે આરાધક, જેટલે અંશે અપરાધી તેટલે અંશે વિરાધક. આ પ્રમાણે જિનમાર્ગની ત્રિકાલાબાધિત શાશ્વત સ્થિતિ છે, ને આ જ તત્ત્વજ્ઞાનની રહસ્ય ચાવી છે.

જ્ઞાન ક્રિયાનો સુમેળ : આરાધના અને વિરાધના

આમ યુક્ત પક્ષ તો એ છે કે નિશ્ચય અને વ્યવહારની ગાઢ મૈત્રી કરી આત્માર્થી મુમુક્ષુએ, નિશ્ચય એટલે શુદ્ધ આત્મતત્ત્વ-પરમાર્થ રૂપ સાધ્ય લક્ષ્યને સિદ્ધ કરવા માટે, આત્મવસ્તુનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવા માટે જે જે વ્યવહાર સાધન ઉપકારી થાય તેનું અવશ્ય સેવન કરવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો જ્યાં સુધી આત્મવસ્તુ સાથે જે અન્ય સંયોગ છે - કર્મરૂપ વસ્તુનો સંબંધ છે, તે સર્વથા દૂર ન થાય ત્યાં લગી સંસાર છે ને ત્યાં લગી વ્યવહાર છે, એટલે શુદ્ધ આત્મસ્વભાવની જ્યાં આત્યંતિક સ્થિરતા છે એવું કેવળજ્ઞાન જ્યાં લગી ન થાય ત્યાં લગી વ્યવહારની આવશ્યકતા છે અને એટલા માટે જ શાસ્ત્રમાં બારમા ગુણસ્થાનકના અંતપર્યંત શ્રુતજ્ઞાનનું અવલંબન કહ્યું છે, તેમાં ઘણું રહસ્ય છે. જેમ અત્રે ઉપર કહ્યું તેમ - સોનું ષોડશ વર્ણિકાવાળું શુદ્ધ સુવર્ણ ન થાય ત્યાં સુધી તેને અગ્નિતાપની અપેક્ષા રહે છે, પણ ષોડશ વર્ણિકા પ્રાપ્ત થયા પછી તેની અપેક્ષા રહેતી નથી, તેમ જ્યાં સુધી આત્મા નિર્મળ કર્મ રહિત શુદ્ધ આત્મસ્વભાવ પામતો નથી ત્યાં સુધી તેને શુદ્ધ વ્યવહાર રૂપ અગ્નિ-તપ દ્વારા આત્મશુદ્ધિ પ્રાપ્ત કરવાની અપેક્ષા રહે છે, પણ નિર્મળ પરમ ભાવદર્શી દશાને પામેલા યોગારૂઢ પરમર્ષિઓને તેની અપેક્ષા રહેતી નથી. તેવા પુરુષો કલ્પનાતીત હોય છે, પરંતુ તેવી પરમ ભાવદશા પ્રાપ્ત થયા પૂર્વે, પોતાની તેવી દશા કલ્પી લઈ, જે શિથિલાચારી સ્વચ્છંદવિહારી જનો શુદ્ધ વ્યવહારનું અવલંબન છોડી દે છે, તેઓ માર્ગભ્રષ્ટ થાય છે, એટલું જ નહિં પણ અધઃપતનને પણ પામે છે, સંયમ શ્રેણીથી લડથડતા પહેલે ગુણસ્થાનકે પણ આવી પડે છે.

વ્યવહારનું સ્વરૂપ અને તેની ઠેઠ સુધી ઉપયોગિતા

''એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત.''

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર*, સૂત્ર-૩૬

અત્રે પરમાર્થને જે પ્રેરે તે જ વ્યવહાર સત્પુરુષોને સંમત છે. જે પરમાર્થનો સાધક થાય તે જ સદ્ વ્યવહાર છે, જે પરમાર્થનો બાધક થાય તે અસદ્ વ્યવહાર છે. સમસ્ત જિનવાણી પણ પરમાર્થસાધક વ્યવહારના વિવરણરૂપ છે. એટલે પરમાર્થ મૂળ જિનવચન સાપેક્ષ જે વ્યવહાર છે તે સાચો વ્યવહાર છે, બાકી બીજો બધો વચન નિરપેક્ષ વ્યવહાર તે જૂઠો વ્યવહાર છે. કેટલાક લોકો ગચ્છ-મતની જે કલ્પના છે તેને વ્યવહાર માની બેઠા છે, વાડાના કદાગ્રહ સાચવવામાં ને પોષવામાં જ વ્યવહારની પર્યાપ્તિ માની બેઠા છે, તે તો અલૌકિક લોકોત્તર માર્ગને લૌકિક કરી મૂકવા જેવું છે, કારણકે ક્યાં ભગવાન્ જિનેશ્વરનો પરમ ઉદાર સુવિશાલ તત્ત્વમાર્ગ ? ક્યાં ક્ષુદ્ર મતભેદોના નિવાસસ્થાન રૂપ સંકુચિત ગચ્છભેદના-સંપ્રદાય ભેદના નામે ચાલતા સાંકડા ચીલા ?

પરમાર્થનો સાધક તે જ સદ્વ્યવહાર

''ગચ્છમતની જે કલ્પના તે નહિં સદ્ વ્યવહાર;
ભાન નહિ નિજ રૂપનું તે નિશ્ચય નહીં સાર.'' **- શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર-૧૩૩**

* આત્મસિદ્ધિ શાસ્ત્ર ઉપર 'રાજ'જ્યોતિ મહાભાષ્ય', સ્વરચિત (ડૉ. ભગવાનદાસ કૃત)

''ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતા, તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડિયા કલિકાલ રાજે... ધાર.
વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ, સાંભળી આદરી કાંઈ રાચો... ધાર.'' - **શ્રી આનંદઘનજી**

''ગચ્છ કદાગ્રહ સાચવે રે, માને ધર્મ પ્રસિદ્ધ;
આતમ ગુણ અકષાયતા રે, ધર્મ ન જાણે શુદ્ધ... ચંદ્રાનન જિન !'' - **શ્રી દેવચંદ્રજી**

સાચો વ્યવહાર તો શુદ્ધ આત્મારૂપ સત્ વસ્તુને જે સાધ્ય કરે, તેના સાધનમાં જે નિમિત્તભૂત થઈ ઉપકારી થાય, તે છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માનું સ્વરૂપ છે, એટલે સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રની જેથી વૃદ્ધિ થાય, પુષ્ટિ થાય, નિર્મળતા થાય, તે સર્વ સાધન સદ્વ્યવહાર રૂપ છે. શુદ્ધ આત્માનું જ્ઞાન થવામાં, દર્શન થવામાં ને અનુચરણ થવામાં જે જે દ્રવ્ય-ભાવ સાધન ઉપકારી થાય, તેનું તેનું અવલંબન આત્માર્થી અવશ્ય ગ્રહણ કરે. તેમાં પણ દ્રવ્ય સાધન ભાવની ઉત્પત્તિમાં નિમિત્ત ભૂત થવાના કારણે ઉપકારી થાય છે, ને તેમ થાય તો જ તેની સફળતા છે. દાન, શીલ, તપ ને ભાવ એ ચતુર્વિધ ધર્મની આરાધના પણ સદ્વ્યવહારના અંગભૂત છે. ટૂંકામાં, શુભેચ્છાથી માંડીને શૈલેશીકરણ પર્યંતની સમસ્ત ભૂમિકાઓ, ને સામાન્ય સદાચારથી માંડીને યમનિયમાદિ અષ્ટાંગ યોગની સાધનાઓ ઈત્યાદિ સર્વ સત્સાધન આ સદ્વ્યવહારમાં સમાય છે.

સદ્વ્યવહાર સાધન

''શુભેચ્છાથી માંડીને શૈલેશીકરણ પર્યંતની સર્વ ક્રિયા જે જ્ઞાનીને સમ્મત છે, તે જ્ઞાનીનાં વચન ત્યાગ વૈરાગ્યનો નિષેધ કરવામાં પ્રવર્તે નહીં, ત્યાગ વૈરાગ્યનાં સાધન રૂપે પ્રથમ ત્યાગ વૈરાગ્ય આવે છે તેનો પણ જ્ઞાની નિષેધ કરે નહીં.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૧૯**

દેવતત્ત્વ, ગુરુતત્ત્વ ને ધર્મતત્ત્વની શુદ્ધિ એ સદ્વ્યવહારના મુખ્ય સાધનભૂત છે ને તે શુદ્ધિનો આધાર પણ શુદ્ધ શ્રદ્ધાન પર છે. સદ્દેવ, સદ્ગુરુ ને સદ્ધર્મનું યથાર્થ સ્વરૂપ જાણ્યા વિના શ્રદ્ધાન શુદ્ધ કેમ હોય ? ને શ્રદ્ધાન શુદ્ધ ન હોય તો દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ પણ કહો કેમ રહે ? તેવા શુદ્ધ શ્રદ્ધાન વિના જે કાંઈ ક્રિયા કરવામાં આવે તે તો **શ્રી આનંદઘનજી**ના શબ્દોમાં 'છાર પર લિંપણા' જેવી નિષ્ફળ થઈ પડે.

''દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે ? કિમ રહે - શુદ્ધ શ્રદ્ધા ન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણ જેહ કિરિયા કરી, છાર પર લિંપણો તેહ જાણો... ધાર.'' - **શ્રી આનંદઘનજી**

''શુદ્ધતા ધ્યાન એમ નિશ્ચયે આપનું, તુજ સમાપત્તિ ઓષધ સકલ પાપનું;
દ્રવ્ય અનુયોગ સાંતિ પ્રમુખથી લહી, ભક્તિ વૈરાગ્ય ને જ્ઞાન ધરિયેં સહી.''

- **શ્રી યશોવિજયજી કૃત સા.મ.ગા.સ્ત.**

એ તો સાવ સાદી ને દીવા જેવી સ્પષ્ટ વાત છે કે જેણે સાધ્ય સ્વરૂપની સિદ્ધિ પ્રાપ્ત કરી હોય, સાધ્ય ધર્મને સિદ્ધ કર્યો હોય અથવા તેની સાધનાની દિશામાં ઘણા આગળ વધ્યા હોય, એ જ આમાં નિમિત્ત સાધનપણે પરમ ઉપકારી થઈ પડે. આવા પરમ ઉપકારી શુદ્ધ નિમિત્ત કોણ છે ? દેવ, ગુરુ અને ધર્મ. (૧) જેણે શુદ્ધ આત્મસ્વરૂપને સિદ્ધ કર્યું છે, તે જ દેવ છે, એવા સિદ્ધિ પ્રાપ્ત સિદ્ધ દેવ - અર્હંત્ દેવ એ જ સિદ્ધિ - વાંચ્છુઓને પૂજાર્હ - પૂજનીય છે. (૨) બીજું અવલંબનભૂત ઉપકારી સાધન સદ્ગુરુ છે. સ્વરૂપ સાધનામાં જે ઘણા આગળ વધેલા છે - ઘણો આત્મવિકાસ પામેલા છે, સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ મોક્ષમાર્ગની ઉત્તમ આરાધનાથી જેઓ ઉચ્ચ ગુણસ્થાન સ્થિતિએ બિરાજમાન છે, જે પ્રગટ સત્ સ્વરૂપ શુદ્ધ આત્મદશાને પ્રાપ્ત છે, એવા સાક્ષાત્ જીવંત મૂર્ત્તિ આત્મજ્ઞાની

સદ્દેવ સદ્ધર્મ સદ્ગુરુ સત્ નિમિત્ત સાધન

આત્મારામી વીતરાગ સત્ પુરુષ - સાચા 'ભાવ સાધુ' નિર્ગ્રંથ ગીતાર્થ ગુરુ તે સ્વરૂપ સાધનામાં બીજું મુખ્ય આલંબન સાધન છે. (૩) ત્રીજું ઉપકારી સાધન સદ્ધર્મ છે. જેણે સ્વરૂપ સિદ્ધિ સાધી છે, એવા પ્રાપ્ત આપ્ત પુરુષે - પરમ પ્રમાણભૂત પુરુષે પ્રરૂપેલ - પ્રણીત કરેલ નિર્મલ શુદ્ધ ધર્મનું - અને તેના પ્રતિપાદક સત્શાસ્ત્રનું પરમશ્રુતનું આરાધન એ સ્વરૂપ સિદ્ધિનું ત્રીજું ઉપકારી કારણ રૂપ સાધન છે. એવા પ્રમાણ પુરુષે દ્રવ્ય-ભાવ જે જે ધર્મ સાધન ઉપદેશ્યા છે, તે તે સાધન એક સ્વરૂપ સિદ્ધિને માટે જ છે. એટલે તે તે દ્રવ્ય-ભાવ સાધનનું અખંડ સ્વરૂપ લક્ષ્યપૂર્વક નિરંતર સેવન કરવું તે સાધ્યને સાધનારૂં પરમ ઉપકારી કારણ છે. આમ દેવ-ગુરુ-ધર્મ એ ત્રણે સ્વરૂપ સાધનના યથાયોગ્ય સમન્વયપૂર્વક વ્યવહાર રત્નત્રયી અને નિશ્ચય રત્નત્રયીની આરાધના કરવી એ જ વીતરાગનો મોક્ષમાર્ગ અથવા **શ્રીમદ્ રાજચંદ્રજીએ** અપૂર્વ ભાવથી ગાયેલો 'જિનનો મૂળ માર્ગ' છે.

આમ આ ગ્રંથનું અનંતગુણવિશિષ્ટ ગૌરવ કરતી પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીની ટીકા અનુસારે તથા તેની પુષ્ટિ કરતા અન્ય સત્પુરુષોના વચન આધારે પ્રસ્તુત ગાથાના અર્થ-આશયની અત્ર સાપેક્ષપણે મધ્યસ્થ દૃષ્ટિથી સંક્ષેપ વિચારણા કરી. તે પરથી શો પરમાર્થ ફલિત થાય છે તે સુજ્ઞ વિવેકી સજ્જનોએ સ્વયં વિચારવા યોગ્ય છે. શુદ્ધ-નિશ્ચયનય પ્રધાનપણે જેની મુખ્યપણે પ્રરૂપણા છે એવા આ શાસ્ત્રના પ્રણેતા ખુદ પરમર્ષિ કુંદકુંદાચાર્યજી જ્યારે એમ વદે છે કે - આ શુદ્ધનય તો મુખ્યપણે પરમભાવદર્શીઓએ જાણવો યોગ્ય છે, ત્યારે બ્હેરા કાનો (Deaf ears) પણ સાંભળી શકે એવો તેનો પરમાર્થ ધ્વનિ એ નીકળે છે કે આ શાસ્ત્ર પણ શુદ્ધ-નિશ્ચય પ્રધાન હોઈ મુખ્યપણે પરમભાવદર્શીઓ જેવા ઉચ્ચ અધિકારીઓ માટે છે, તેઓ જ આના યથાયોગ્ય અધિકારીઓ છે. એમ તર્કશુદ્ધ વિચારણાથી સ્વયં સિદ્ધ થાય છે. કારણકે આ શુદ્ધનય તો કાચો પારો છે. તે ન પચે એટલે કે શુદ્ધ આત્મપરિણામીપણે ન પરિણમે અથવા વિપરિણમે, તો અપચો અજીર્ણ (Indigestion) થાય, એટલે અપરિણામિપણા વા અતિપરિણામિપણાને લીધે કાંતો યત્ર તત્ર વાણી વિલાસરૂપે વમન (Vomiting) થાય, કાંતો ઉન્મત્ત આચરણ રૂપે અતિસાર (Diarrhea) થાય અને એટલે જ સ્વપરનું પાત્રાપાત્રપણું - અધિકારી - અનધિકારીપણું વિચાર્યા વિના આ સૂત્રના આદેશથી અને આશયથી વિરુદ્ધ વર્ત્તી રખેને ઉત્સૂત્ર ભાષણ વા ઉત્સૂત્ર આચરણ ન સેવાઈ જાય એવી તકેદારી રાખવા માટે આ ગાથા સર્વ કોઈ આત્માર્થી શ્રોતા-વક્તાને સીધી ચેતવણી રૂપ લાલ બત્તી ધરે છે !

આ ગાથાની પાત્રાપાત્ર જોઈ પ્રવર્તવાની વક્તા શ્રોતાને સીધી-ચેતવણી રૂપ લાલબત્તી



** ''એ આત્મસત્તા પ્રગટ કરવા માટે પરમેશ્વર, પરમ પુરુષ, પરમાનંદમયી, સંપૂર્ણ આત્મસત્તા ભોગી, સહજ આત્યંતિક એકાંતિક જ્ઞાનાનંદ ભોગી પરમાત્માનો બહુમાન ધ્યાન કરવો. આત્મિક શક્તિ કર્તા ભોક્તાદિક કારક ચક્ર તે વિભાવ રૂપ કાર્યકર્તાપણે અશુદ્ધ સંસારકર્તાપણે કરતાં અનંત પુદ્ગલ પરાવર્ત વહી ગયાં. તે ક્ષયોપશમ ચેતનાદિક શુદ્ધ નિરંજન, નિરામય, નિર્દ્વંદ્વ, નિષ્પન્ન પરમાત્મ ગુણાનુયાયી, તે સ્વરૂપ પ્રગટવાના કારણ થયા. તે પછી સ્વરૂપાવલંબી થયા એટલે પરમ સિદ્ધતાના કારણ થાયે. તે માટે પ્રથમ પ્રશસ્તાલંબી થઈ સ્વરૂપાલંબીપણે પરિણમી સ્વરૂપ નિષ્પત્તિ કરવી એ હિત જાણવોજી. તથા દ્રવ્ય સાધન તે ભાવસાધનનો કારણ, ભાવસાધન તે સંપૂર્ણ સિદ્ધનો હેતુ છે, તે રીતે શ્રદ્ધા રાખવીજી. પૌદ્ગલિક ભાવનો ત્યાગ તે આત્માને સ્વ સ્વરૂપ પ્રગટ કરવાને કરવો, એ નિમિત્ત કારણ સાધન છે અને આત્મચેતના આત્મસ્વરૂપાલંબીપણે વર્ત્તે તે ઉપાદાન સાધન છે. તે ઉપાદાન શક્તિ પ્રગટ થવા માટે સિદ્ધ, બુદ્ધ, અવિરુદ્ધ, નિષ્પન્ન, નિર્મલ, અજ, સહજ, અવિનાશી, અપ્રયાસી જ્ઞાનાનંદપૂર્ણ ક્ષાયિક સહજ પારિણામિક રત્નત્રયીનો પાત્ર જે પરમાત્મા પરમૈશ્વર્યમય તેહની સેવના જે પ્રભુ બહુમાન ભાસન રમણપણે કરવા. વર્તમાન કાળે સ્વરૂપ નિર્ધાર ભાસન પણ દુર્લભ છે, તો સ્વરૂપનો રમણ તે તો શ્રેણિપ્રતિપન્ન જ જીવને હુંવે. સંપૂર્ણ સ્વરૂપાનંદી વીતરાગની ભક્તિને અવલંબને રહેવોજી. શ્રી આચારાંગે લોકસારધ્યયને આત્મસ્વરૂપાલંબી જીવ તે સાચા સાધક છે, બીજા સાધક નથી ઈમ કહ્યો છે. તે માટે તે ધર્મ તેહના પ્રાગ્ભાવના અર્થી તે સાધક જીવ પરમ સિદ્ધતાને વરે, એ રીતે પ્રતીત રાખવી જી. આજ્ઞા શ્રી તીર્થંકર દેવની તે પ્રમાણ. સાધન રસી ગુણી બહુમાન સ્વતત્ત્વ પૂર્ણતાના રસિકપણે વરતજો એ તત્ત્વ છે જી.'' - **શ્રી દેવચંદ્રજીનો સુપ્રસિદ્ધ પત્ર**

સ્યાદ્વાદી જિનવચન પ્રભાવે સમયસાર પરં જ્યોતિનું દર્શન હોય છે. એવા ભાવનો કળશ પ્રકાશે છે -

માલિની -

उभयनविरोधध्वंसिनि स्यात्पदांके,
जिनवचसि रमंते ये स्वयं वांतमोहाः ।
सपदि समयसारं ते परंज्योतिरुच्चै -
रनवमनयपक्षाक्षुण्णमीक्षंत एव ॥४॥

દ્વિનય કલિ હરંતા 'સ્યાત' મુદ્રા ધરંતા, જિન વચન રમંતા મોહ પોતે વમંતા,
ઝટ સમયસાર, તે પરં જ્યોતિ શીઘ્ર ભાળે, અનવમ નય પક્ષે ક્ષુણ્ણ (ખંડ્ય) ના કોઈ કાળે. ૪

અમૃત પદ-૪

'સાહેબા વાસુપૂજ્ય જિણંદા' - એ રાગ

સમયસાર સ્વરૂપ તેહ ભાળે, જ્યોતિ પરમ તેહ નિહાળે... સમયસાર.
ઝળહળ જ્યોતિ અતિ ઝળહળતી, આતમ અનુભવમાંહિ ભળતી... સમયસાર. ૧
નય ઉભયનો ઝઘડો મિટાવે, 'સ્યાત' મુદ્રા અંક ધરાવે,
એવા જિન વચને જે રમે છે, આપોઆપ જ મોહ વમે છે... સમયસાર. ૨
તેહ સમયસાર તતકાળે, પરમ જ્યોતિ પ્રગટ નિહાળે,
નથી નવીન જે ઉપજેલી, પુરાણી જે છે જ રહેલી... સમયસાર. ૩
પક્ષ એકાંતિક જે ઝાલે, એવા દુર્નયપક્ષની જાલે,
ખુંદન (ખંડન) જેનું ન કોઈ કાળે, એવી ઝળહળ જ્યોતિ નિભાળે... સમયસાર. ૪
સમયસારનું દર્શન પામે, પ્રગટ આત્મ અનુભવ ધામે,
અમૃત ચંદ્ર સ્વરૂપ તે જ્યોતિ, દાસ ભગવાન લીએ તે ગોતી... સમયસાર. ૫

અર્થ : નિશ્ચય અને વ્યવહાર એ ઉભય (બન્ને) નયના વિરોધના ધ્વંસી ધ્વંસ-સર્વ નાશ કરનારા એવા જેનો અંક (ચિહ્ન) છે 'સ્યાત્' પદાંકિત એવા જિન વચનમાં જેઓ સ્વયં મોહને વમી નાંખ્યો છે એવાઓ રમે છે, તેઓ શીઘ્ર જ સર્વથી ઉંચે ને ઉંચે રહેલી એવી સર્વાતિશાયિ સમયસાર પરમ જ્યોતિ કે જે, અનવમ (નવીન નહિં તે - પુરાણ) અને નયપક્ષથી અક્ષુણ્ણ (નહિં ખુંદાયેલી, નહિં કચરાયેલી - નહિં ચગદાયેલી) છે, તે દેખે જ છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અનંતા નય છે, એકેક પદાર્થ અનંત ગુણથી અને અનંત ધર્મથી યુક્ત છે, એકેક ગુણ અને એકેક ધર્મ પ્રત્યે અનંત નય પરિણમે છે, માટે એ વાટે પદાર્થનો નિર્ણય કરવા માગીએ તો થાય નહીં, એની વાટ કોઈ બીજી હોવી જોઈએ. ઘણું કરીને આ વાતને જ્ઞાની પુરુષો જ જાણે છે, અને તેઓ તે નયાદિક માર્ગ પ્રત્યે ઉદાસીન વર્ત્યે છે, જેથી કોઈ નયનું એકાંતે ખંડન થતું નથી, અથવા કોઈ નયનું એકાંત મંડન થતું નથી. જેટલી જેની યોગ્યતા છે, તેટલી તે નયની સત્તા જ્ઞાની પુરુષોને સમ્મત હોય છે. **માર્ગ જેને નથી પ્રાપ્ત થયો એવાં મનુષ્યો 'નય'નો આગ્રહ કરે છે. અને તેથી કોઈ નય, જ્યાં દૂભાતો નથી એવાં જ્ઞાનીના વચનને અમે નમસ્કાર કરીએ છીએ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક - (૧૮૦), ૨૦૮**

''સર્વાંગી સબ નયધની રે, માને સબ પરમાન,
નયવાદી પલ્લો ગ્રહી ધ્યારે, કરે લરાઈ ઠાન... નિસાની.'' - **શ્રી આનંદઘનજી પદ, ૨૧**

''નિશ્ચય દૃષ્ટિ ચિત્ત ધરીજી, જે ચાલે વ્યવહાર,
પુણ્યવંત તે પામશેજી, ભવ સમુદ્રનો પાર.'' - **શ્રી યશોવિજયજી**

ઉપરમાં **'આત્મખ્યાતિ'**ના ગદ્યભાગમાં નિશ્ચય અને વ્યવહારની જિન દર્શનની સાપેક્ષતા અંગે જે કહ્યું, તેની પરિપુષ્ટિરૂપ આ કળશ કાવ્ય લલકારી આર્ષ દૃષ્ટા પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજીએ** મોહનાશથી સમયસાર પરં જ્યોતિનું સમ્યગ્ દર્શન-અનુભવન કરાવનાર સ્યાદ્વાદી જિન વચનનો અપૂર્વ મહિમા સંગીત કર્યો છે : जिनवचसि रमंते ये स्वयं वांतमोहाः - જેઓ જિન વચનમાં રમે છે, તે સ્વયં મોહ જેનો વાંત-વમન થઈ ગયેલો છે એવાઓ, ઝટ જ સર્વોચ્ચ - સર્વાતિશાયિ **સમયસાર પરં જ્યોતિ દેખે જ છે, સાક્ષાત્ કરે છે.** 'सपदि समयसारं ते परंज्योतिरुच्चैः ईक्षंत एव ।' કેવું છે જિન વચન ? 'उभयनविरोधध्वंसिनि' ઉભય નયના - નિશ્ચય અને વ્યવહાર એ બન્ને નયના વિરોધને ધ્વંસી - ધ્વંસનારૂં - ધ્વંસ સર્વનાશ કરનારૂં, ધ્વંસ કરવો એ જેનું શીલ-સ્વભાવ છે એવું, એમ શાથી ? 'स्यात्पदांके' - 'સ્યાત્' પદ જેનો 'અંક' - ચિહ્ન, મુદ્રા છે એટલે કે **'સ્યાત્'** - કથંચિત્ કોઈ અપેક્ષાએ એમ છે એવા પ્રકારના 'સ્યાત્' પદથી અંકિત-મુદ્રિત છે, તેથી આ હેતુવિશેષણ છે. આવા જિનવચન થકી મોહનાશથી જે સમયસાર પરં જ્યોતિનું દર્શન - સાક્ષાત્કાર થાય છે તે કેવી છે ? 'अनवमनयपक्षाक्षुण्णं' - અનવમ - નવી નહિં અને નયપક્ષથી અક્ષુણ્ણ નહિં ખુંદાયેલી - નહિં કચરાયેલી - નહિં ચગદાયેલી - નહિં ખંડિત થયેલી એવી.

'સ્યાત્' પદાંકિત જિન વચન ઉભય નય વિરોધ ધ્વંસી

જિન વચન છે તે **'સ્યાત્'** પદથી અંકિત-મુદ્રિત છે, 'સ્યાત્' કોઈથી ઉલ્લંઘી ન શકાય એવી પદની જ્યાં રાજમુદ્રા - છાપ (Royal seal) છે. એવું જે અલંઘ્ય સ્યાદ્-વાદ વચન તે પરમ આપ્ત-પરમ પ્રમાણ જિન વચન છે અને તે પ્રત્યેક વસ્તુ કથંચિત્ વિવિધ અપેક્ષાવિશેષે પરીક્ષતું હોઈ સર્વ નયનો પરસ્પર કલહ-ઝઘડો મિટાવે છે. એટલે તે, જન્માંધ પુરુષોના હાથીના સ્વરૂપ બા. ઝઘડાની જેમ, એકબીજા સાથે નકામા ઝઘડતા નિશ્ચય અને વ્યવહારના પરસ્પર વિરોધનો - તકરારનો સત્વર અંત આણે છે. જેમકે - અભેદગ્રાહી અને આત્માશ્રિત એવો શુદ્ધ દ્રવ્યાર્થપ્રધાન (શુદ્ધ નય) નિશ્ચયનય એમ કહે છે કે આત્મા અબદ્ધ જ છે - શુદ્ધ જ છે, પરવસ્તુની સાથે એને કાંઈ લેવા દેવા નથી, ત્યારે ભેદગ્રાહી અને પરાશ્રિત એવો અશુદ્ધ પર્યાયાર્થપ્રધાન વ્યવહારનય એમ કહે છે કે, આત્મા બદ્ધ જ છે, અશુદ્ધ જ છે, પરવસ્તુની સાથે એને પૂરેપૂરો સંયોગ સંબંધ છે. આમ બન્ને નય પરસ્પર વિરુદ્ધ (Diametrically opposite) વાત કરી ઝઘડો કરી રહ્યા છે. ત્યારે સ્યાદ્વાદી જિનવચન વદે છે કે - ઉભા રહો ! તમારો બન્નેનો આ ઝઘડો મિથ્યા છે. તે નિશ્ચયનયને ઉદ્દેશીને કહે છે - હે નિશ્ચયનય ! આત્માના મૂળ સહજ વસ્તુ સ્વરૂપ પ્રત્યે - સહજાત્મસ્વરૂપ દ્રવ્ય સ્વભાવ પ્રત્યે દૃષ્ટિ કરતાં આત્મા અબદ્ધ છે, શુદ્ધ છે અને પરવસ્તુની સાથે પરમાર્થથી એને કાંઈ લેવાદેવા નથી, એ તારી વાત જો કે ખરી છે, તો પણ આત્મા અબદ્ધ જ છે - શુદ્ધ જ છે એમ તું જે એકાંત રૂપ 'જ' કાર કહે છે તે તારી વાત ખોટી છે, કારણકે અનાદિ સ્વપર પ્રત્યય બંધપર્યાય પ્રત્યે દૃષ્ટિ કરતાં આત્મા બદ્ધ પણ છે, અશુદ્ધ પણ છે, માટે તું એકાંતે આત્મા અબદ્ધ જ છે - શુદ્ધ જ છે એમ કહે તે મિથ્યા હોઈ મિથ્યાત્વ છે.

આમ એક બીજાથી નિરપેક્ષપણે તમે તમારૂં વક્તવ્ય કહો તો તમે બન્ને મિથ્યા છો - નયાભાસ અથવા કુનય છો, અને એકબીજાથી સાપેક્ષપણે તમારૂં વક્તવ્ય કહો તો તમે બન્ને સમ્યક્ છો - તત્ત્વ પ્રત્યે લઈ જનારા ખરેખરા 'નય' અથવા સુનય છો. માટે તમે પરસ્પરનો વિરોધ શમાવી, શાંત થઈ, તમારી પોતપોતાની યથાયોગ્ય કક્ષામાં - સમ્યક્ મર્યાદામાં રહી, આત્માને ઉંચે ને ઉંચે લઈ જાય એમ

આત્માને ઉપકારી થાય એવા તમારા ઈષ્ટ પ્રયોજનમાં નિયુક્ત થાઓ ! લાગી જાઓ ! આમ સ્યાદ્વાદી જિનવચન પરસ્પર વિરુદ્ધ નયોનો-અપેક્ષા વિશેષોનો વિરોધ મિટાવે છે. આવા જ ભાવનું કાવ્ય આ કલશકર્તાએ તેમની ખ્યાતનામ કૃતિ 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'ના મંગલાચરણમાં જ* કહ્યું છે - 'જે પરમાગમનો જીવ-આત્મા છે અને જન્માંધ પુરુષોના હાથીના સ્વરૂપ વિષેના ઝઘડાને નિષેધનારો તથા સકલ નયવિલસિતોના વિરોધને મથી નાંખનારો છે એવા અનેકાંતને હું નમસ્કાર કરું છું.' આવા નયનો ખાલી મફતનો ઝઘડો મટાડનારા સ્યાદવાદ રૂપ પ્રમાણભૂત જિન વચનમાં જેઓ સ્વયં મોહ વમી રમે નાંખ્યો છે એવાઓ શ્રદ્ધારૂપ-રુચિ-પ્રતીતિ ધરતા તથારૂપ આત્મપરિણામ આનંદોલ્લાસથી રતિ અનુભવે છે, તે પુરુષો શીઘ્ર જ ઉંચે ને ઉંચે (ઉચ્ચે) સર્વાતિશાયી **પરમ જ્યોતિ સ્વરૂપ સમયસારને** દેખે જ છે - સાક્ષાત્ પ્રગટ અનુભવે જ છે, અથવા તો જેઓ સ્યાદ્વાદી જિન વચનમાં રમે છે, તેઓ સ્વયં મોહ વમે છે, અર્થાત્ જેઓ જિન વચનમાં રમણ કરે છે - તથારૂપ આત્મ પરિણામ રૂપ આનંદમય રતિ અનુભવે છે, તેઓનો મોહ સ્વયં - આપોઆપ 'વાંત' - વમાઈ ગયેલો હોય છે - વમન થઈ જાય છે અને એમ તેઓનો મોહ વમન થઈ ગયેલો છે એટલે જ તેઓ શીઘ્ર જ **સમયસાર પરમ જ્યોતિને** અનુભવ - નેત્રથી સાક્ષાત્ દેખે જ છે, સાક્ષાત્ અનુભવન કરે જ છે, અર્થાત્ જેમ અંધકાર નષ્ટ થવા સાથે જ પ્રકાશ હોય છે, તેમ મોહ અંધકાર નષ્ટ થવા સાથે જ સમયસાર પરંજ્યોતિ રૂપ શુદ્ધ આત્મતત્ત્વ પ્રકાશ અનુભવાય જ છે.

આવા જિન વચને રમે તે સમયસાર પરંજ્યોતિ દેખે

કેવી છે તે પરં જ્યોતિ ? 'અનવમ' - જે નવી નથી એટલે કે પુરાતન - પુરાણી છે, અનાદિથી ચાલી આવેલી સ્વયં અનાદિસિદ્ધ છે, અને નયપક્ષથી અક્ષુણ્ણ-નહિ ક્ષુણ્ણ થયેલી - નહિં ખુંદાયેલી - નહિ ચગદાયેલી - નહિં કચરાયેલી એવી છે. અર્થાત્ તે સમયસાર પરંજ્યોતિ 'અનવમ' છે, કાંઈ નવીન ઉત્પન્ન થયેલી નથી, પણ પુરાણી, સહભૂત, સહજ અજ એવી હોઈ **સહજાત્મસ્વરૂપ** પુરાણ પુરુષ રૂપ છે. અત્યાર પૂર્વે માત્ર તે કર્મ આવરણથી આચ્છાદિત-તિરોહિત હતી, પણ હવે તે આવિર્ભૂત થઈ છે, સાક્ષાત્ આત્માનુભવથી આવિર્ભાવ (પ્રગટતા) પામી છે. એવી તે સમયસાર પરંજ્યોતિ સમસ્ત નયપક્ષથી અતિક્રાંત-પર હોઈ, સર્વ નયથી અક્ષુણ્ણ છે, નહિં ખુંદાયેલી - નહિ ચગદાયેલી - નહિં કચરાયેલી અખંડિત છે, કારણકે તે સહજ આત્મ અનુભવથી પ્રત્યક્ષ પ્રમાણ રૂપ વસ્તુ સર્વનયના અધિષ્ઠાનરૂપ - આધારભૂત હોઈ, કોઈપણ નય કે અનય-દુર્નય તેને **ખંડિત કરી શકતો નથી.**

અનવમ - નયપક્ષ અક્ષુણ્ણ તે પરંજ્યોતિ



---

* "परमागमस्य जीवं निषिद्धजात्यन्धसिन्धुरविधानम् ।
सकलनयविलसितानां विरोधमथनं नमाम्यनेकांतम् ॥" - श्री 'पुरुषार्थ सिद्धि उपाय' (अमृतचंद्राचार्यकृत)

વ્યવહારનય અને નિશ્ચયનયની સમુચિત મર્યાદા અને યથાસ્થાને પ્રયોજનભૂત ઉપકારિતા દર્શાવતો કળશ પ્રકાશે છે -

માલિની

व्यवहरणनयः स्याद्यद्यपि प्राक् पदव्या -
मिह निहितपदानां हंत हस्तावलंबः ।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं,
परविरहितमंतः पश्यतां नैष किंचित् ॥५॥

પદ પૂરવ ભૂમિકા માંહિ જે આંહિ સ્થાપે, તસ નય વ્યવહારી હસ્ત આલંબ આપે;
તદપિ પરમ અર્થ ચિત્ ચમત્કારમાત્ર, પર વિરહિત અંતઃ પેખતાને ન કૈં આ. ૫

અમૃત પદ-૫

'ધાર તરવારની' - એ રાગ.

ત્યાં લગી હોય ઉપયોગ વ્યવહારનો, જ્યાં લગી ભૂમિકા પ્હેલી વ્યાપે,
પૂરવ પદવીમહિં પદ ધરે જે અહીં, તેહને હસ્ત અવલંબ આપે... ત્યાં લગી. ૧
યદ્યપિ એમ વ્યવહાર છે કામનો, પણ પછી તેહનો કંઈ ન કામો,
જેહ પરમાર્થ પરવિરહિતો અંતરે દેખતા, તેહને તે છે નકામો... ત્યાં લગી. ૨
આ પરમ અર્થ તો પ્રગટમાં તને, ચિત્ ચમત્કાર માત્ર પ્રભાસે,
સકલ પરભાવ વિરહિત ભગવાનની, મૂર્ત્તિ અમૃતમયી જે પ્રકાશે... ત્યાં ત્યાં લગી. ૩

અર્થ : વ્યવહાર નય અહીં પૂર્વ પદવીમાં (પ્રથમ ભૂમિકામાં) પદ મૂકનારાઓને અહો ! (હે શિષ્ય !) હસ્તાવલંબન હોય, તથાપિ પરવિરહિત એવા ચિત્ ચમત્કાર માત્ર પરમ અર્થને અંતરમાં દેખતાઓને તો આ (વ્યવહાર) ન કિંચિત્ છે. કાંઈ કામનો નથી.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જે સાધનો બતાવે તે તરવાનાં સાધન હોય તો જ ખરાં સાધન. સત્પુરુષ ને સત્શાસ્ત્ર એ વ્યવહાર કાંઈ કલ્પિત નથી.

** વિચારવાને બીજાં આલંબનો મૂકી દઈ, આત્માના પુરુષાર્થનો જય થાય, તેવું આલંબન લેવું.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૪૩), ૯૫૭, ઉપદેશ છાયા**

''દુર્નય તે સુનય ચલાયા, એકત્વ અભેદે ધ્યાયા;
તે સવિ પરમાર્થ સમાયા, તસુ વર્તન ભેદ ગમાયા રે.'' - **શ્રી દેવચંદ્રજી (સુજાત જિનસ્તવન)**

વ્યવહારનય પ્રથમ પદવીમાં હસ્તાવલંબ : પરમ અર્થ દર્શીને ન કિંચિત્

વ્યવહારનયની પૂરેપૂરી ઉપયોગિતા - ઉપકારિતા સ્પષ્ટપણે દર્શાવવા પૂર્વક તેની યથાયોગ્ય સમુચિત સમ્યક્ મર્યાદા નિયત કરી છે એટલું જ નહિં પણ, નિશ્ચયનયના યથાયોગ્ય અધિકારી સમ્યક્ પાત્રનો પણ ગર્ભિત નિર્દેશ કર્યો છે : 'व्यवहरण-नयः स्यात् यद्यपि हंत ! हस्तावलंबः' - વ્યવહરણ નય-વ્યવહાર નય યદ્યપિ - જોકે 'हंत' - અહો ! હે શિષ્ય ! હસ્તાવલંબ-હાથને ટેકો આપનારો અવલંબ હોય, કોને ? ક્યારે ? 'प्राक् पदव्यामिह निहितपदानां' પ્રાક્ પદવીમાં - પૂર્વ ભૂમિકામાં અહીં - મોક્ષમાર્ગને વિષે જેઓએ પદ નિહિત કર્યું છે - પગલું મૂક્યું છે,

તેઓને, ત્યારે યદ્યપિ આમ છે, તથાપિ શું ? तदपि परममर्थं पश्यतां नैष किंचित् - तदापि - तथापि - તો પણ 'પરમ અર્થને' - પરમાર્થને - પરમ પદાર્થ આત્માને - સમયસાર જ્યોતિને અંતરમાં 'દેખતાઓને' - દેખી રહેલાઓને - સાક્ષાત્ અનુભવ પ્રત્યક્ષ કરી રહેલાઓને 'આ' - વ્યવહારનય 'न किंचित्' છે - કંઈ કામનો નથી. કેવો પરમ અર્થ ? 'चित्चमत्कारमात्रं' - **चित्चमत्कारमात्र,** માત્ર - કેવલ ચિત્ ચમત્કાર-ચૈતન્ય ચમત્કાર-ચૈતન્યના ચમકારા સિવાય જ્યાં બીજું કાંઈ પણ નથી એવો. એવો પણ શાથી ? ક્યારે ? 'परविरहितं' - પરવિરહિત, 'પરથી' - ચેતનથી અન્ય ભાવથી 'વિરહિત' - વિશેષે કરીને રહિત - સર્વથા શૂન્ય એવો છે તેથી, ત્યારે આ હેતુવિશેષણ છે. અર્થાત્ **ચિત્ ચમત્કારમાત્ર** આ પરમાર્થ 'પરવિરહિત' - સમસ્ત પરભાવથી અને પરપ્રત્યયી વિભાવથી વિરહિત - સર્વથા શૂન્ય છે, એટલે સમસ્ત પરભાવથી અને પરપ્રત્યયી વિભાવથી વિરહિત - વિરહ પમાડેલો - સર્વથા રહિત - શૂન્ય કરાયેલો એવો આત્મા પોતે તથારૂપ શુદ્ધ આત્મ પરિણમનથી 'પર વિરહિત' થાય, ત્યારે જ તથારૂપ 'પરવિરહિત' - સર્વ અન્ય ભાવથી સર્વથા રહિત-શૂન્ય ચિત્ ચમત્કારમાત્ર આ પરમાર્થ દેખે - સાક્ષાત્ કરે - અનુભવ પ્રત્યક્ષ કરે. વ્યતિરેકથી તથારૂપ શુદ્ધ આત્મ પરિણમનથી **'પરવિરહિત'** ન કરે તો પરભાવ-વિભાવના પ્રતિભાસને લીધે તથારૂપ 'चित्चमत्कारमात्र' ન દેખે. કારણકે જેના અંતરમાં પરપ્રત્યયી રાગ-દ્વેષ-મોહાદિ વિભાવભાવ સ્ફુરી રહ્યા હોય, તે શુદ્ધોપયોગની ગમે તેટલી મોટી વાતો કરતા હોય, તો પણ 'માત્ર' - કેવલ 'ચિત્ ચમત્કાર' સિવાય બીજું કાંઈ જ્યાં નથી એવો ચિત્ ચમત્કારમાત્ર પરમાર્થ - શુદ્ધ આત્મા ક્યાંથી દેખી શકે ? ક્યાંથી અનુભવી શકે ? જેના અંતરમાં પરપ્રત્યયી રાગ-દ્વેષ-મોહાદિ કોઈ પણ વિભાવભાવ સ્ફુરતો નથી, એવો શુદ્ધોપયોગ દશાસંપન્ન શુદ્ધોપયોગી શ્રમણ જ અથવા જ્ઞાનદશાસંપન્ન નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની સત્પુરુષ જ તથારૂપ ચિત્ચમત્કારમાત્ર પરમાર્થ-શુદ્ધ આત્મા દેખી શકે, અનુભવ પ્રત્યક્ષપણે અનુભવી શકે. આમ શુદ્ધોપયોગ દશાને પામેલા શુદ્ધોપયોગી શ્રમણો જ - જ્ઞાનદશા સંપન્ન નિશ્ચય સમ્યગ્ દૃષ્ટિ જ્ઞાની સત્ પુરુષો જ 'પરમભાવદર્શીઓ' હોઈ મુખ્યપણે આ નિશ્ચયનયના યોગ્ય અધિકારીઓ છે એમ અત્ર સ્પષ્ટ ધ્વનિત થાય છે.

''જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી, સર્વભાવની વાસનાથી આકાશ રહિત જ છે, તેમ સમ્યક્ દૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૩

આમ બન્ને નયની પોતપોતાની યથાયોગ્ય ભૂમિકા છે. અપરમભાવ રૂપ પૂર્વ ભૂમિકામાં વ્યવહારનય પણ પ્રયોજનભૂત છે, પછી પરમભાવ રૂપ ઊર્ધ્વભૂમિકામાં નિશ્ચયનય જ પ્રયોજનભૂત છે. કારણકે બન્નેનું પ્રયોજન આત્માને આત્મગુણ વિકાસમાં માર્ગદર્શક બની આગળ લઈ જવાનું - આગળ વધારવાનું છે અને તે અર્થે જ બન્ને નયનું સમ્યક્ પ્રરૂપણ ભગવાન જિનોએ કર્યું છે. 'नी - नय्' to lead, દોરી જવું, લઈ જવું એમ ધાતુ અર્થ પરથી જીવને આત્મવિકાસની ઊર્ધ્વ ઊર્ધ્વ ભૂમિકાએ લઈ જાય - દોરી જાય તે 'નય.' વ્યવહાર નય પણ અમુક ભૂમિકા સુધી - જીવને કેવળ શુદ્ધનયની યોગ્યતા થાય ત્યાં સુધી યોગ્યતા પ્રાપ્ત કરવામાં ઉપયોગી હોવાથી પરમાર્થ માર્ગદર્શકપણે ઉપકારી છે, પછી તથારૂપ દશા થયે કેવળ શુદ્ધ નય જ ઉપકારી છે. બન્નેનો ઈષ્ટ ઉદ્દેશ જીવને આત્મવિકાસમાં આગળ વધારવાનો છે. નિશ્ચય સહકારી - નિશ્ચય લક્ષી વ્યવહારનું કામ પૂરૂં થાય છે ત્યાં કેવળ શુદ્ધ નયનું જ (નિશ્ચયનું જ) કામ શરૂ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો નિશ્ચય લક્ષી નિશ્ચય પ્રતિપાદક વ્યવહારનયે જીવને આગળ વધારવાનું અધૂરૂં મૂકેલું કામ નિશ્ચયનય ઉપાડી લે છે. અર્થાત્ બન્ને નય પોતપોતાની ભૂમિકા પ્રમાણે - પોતપોતાની સમુચિત મર્યાદામાં જીવને ઈષ્ટ માર્ગે આગળ વધારવાનું કાર્ય કરે છે. આમ બન્નેનો ઈષ્ટ હેતુ અને કાર્ય જીવને એક આગળ લઈ જવાનું - આગળ વધારવાનું જ છે, કેવળ આત્માર્થનું જ છે, એટલે બન્નેનો દેખીતો વિરોધાભાસ પણ નષ્ટ થાય છે, એટલું જ નહિ પણ એકનું કાર્ય બીજો મિત્ર ઉપાડી લ્યે એવું સ્પષ્ટ થાય છે.

''નય આત્માને સમજવા અર્થે કહ્યા છે, પણ જીવો તો નયવાદમાં ગુંચવાઈ જાય છે. આત્મા સમજાવવા જતાં નયમાં ગુંચવાઈ જવાથી તે પ્રયોગ અવળો પડ્યો.''

''સાત નય અથવા અનંત નય છે, તે બધા એક આત્માર્થે જ છે અને આત્માર્થ તે જ એક ખરો નય. નયનો પરમાર્થ જીવથી નીકળે તો ફળ થાય, છેવટે ઉપશમ ભાવ આવે, તો ફળ થાય, નહીં તો જીવને નયનું જ્ઞાન જાળ રૂપ થઈ પડે, અને તે વળી અહંકાર વધવાનું ઠેકાણું છે. સત્પુરુષના આશ્રયો જાળ ટળે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક - (૬૪૩) ૯૫૭ (ઉપદેશ છાયા)**

આત્મા એકાંતે નિશ્ચયથી શુદ્ધ છે એમ માની પર સંયોગજન્ય વ્યવહારથી પ્રાપ્ત અશુદ્ધિનો દુર્લક્ષ કરે - ઉપેક્ષા કરે, તો શુદ્ધ કેમ થાય ? તેમજ આત્મા એકાંતે વ્યવહારથી અશુદ્ધ છે એમ માની નિશ્ચયથી શુદ્ધ આત્માનો દુર્લક્ષ કરે - ઉપેક્ષા કરે, તો પણ શુદ્ધ કેમ થાય ? કારણકે બન્ને નયની સાપેક્ષતા જ જીવને આત્મ વિકાસમાં ઉપકારી થાય છે. કારણકે બન્ને નય એકબીજાને પરસ્પર (Counter-balancing) સામસામું સમીકરણ કરી - સમુચિત મર્યાદામાં રાખી જીવને પડવા દેતા નથી અને આગળ આગળ લઈ જઈ માર્ગે ધારી રાખે છે. જ્યારે જીવ એકાંત નિશ્ચય પ્રતિ ઢળી પડે છે, ત્યારે વ્યવહારનય પર સંયોગજન્ય અશુદ્ધિનું ભાન કરાવી અગ્નિ તાપથી સુવર્ણ શુદ્ધિના દૃષ્ટાંતે આત્માને અપરમ ભાવની ઉત્તરોત્તર વધતી જતી શુદ્ધિની શ્રેણીએ ચઢાવી પરમ ભાવ પ્રત્યે લઈ જાય છે, જ્યારે જીવ એકાંતે લક્ષ ન ભૂલવાની તકેદારી રખાવે છે, ને અપરમ ભાવની ઉત્તરોત્તર શુદ્ધિથી પરમભાવ પ્રત્યે લઈ જાય છે. હાલક ડોલક પાટીઆ પર બે જણ સામસામા બેઠા હોય, તેમાં જે બાજુ વજન હોય તે તરફ પાટીયું ઢળી પડે છે, ત્યારે સામી બાજુએ વજન આપવાથી પાટીયું મધ્યમાં - મધ્યસ્થ રહે છે - સામસામું સમીકરણ (Counter balancing) થાય છે, તેમ એક નય બાજુ (પક્ષે) વજન આપતાં તે તરફ ઢળી પડાય છે, તેને સામી બાજુએ વજન આપવાથી મધ્યસ્થતા - સામસામું સમીકરણ (Counter - balancing) થાય છે, એમ દૃષ્ટાંત અત્ર સમજવાનું છે, એટલે અત્રે વ્યવહારનયને પૂર્વ પદવીમાં હસ્તાવલંબ રૂપ કહ્યો છે તે યથાર્થ છે, કારણકે તે (૧) પડેલાને હસ્તાવલંબ - હાથનો ટેકો આપી ઉભો કરે છે. (૨) હસ્તાવલંબ આપી પડવા દેતો નથી. (૩) હસ્તાવલંબથી - હાથના ટેકે ટેકે ઉપર ઉપર ચઢાવે છે.

આમ અહીં વ્યવહારનય પૂર્વ ભૂમિકામાં પદ મૂકનારાઓને - પ્રારંભિક અવસ્થાવંત સાધકોને 'હસ્તાવલંબ રૂપ' - હાથના ટેકા રૂપ આશ્રય રૂપ આધાર રૂપ થાય છે.

આરોહકને આલંબન આવશ્યક : આરૂઢને અનાવશ્યક

જેમ પ્રાસાદ શ્રેણી પર ચઢવા માટે નિસરણી રૂપ આલંબનની - ટેકાની જરૂર રહે છે, તેમ આત્મગુણ શ્રેણી રૂપ - સિદ્ધ પ્રસાદ રૂપ સિદ્ધ પ્રાસાદે ચઢવા માટે યોગારોહક મુમુક્ષુઓને વ્યવહાર રૂપ નીસરણીના અવલંબનની અવશ્ય અનિવાર્ય જરૂર રહે છે. પણ પરભાવથી-વિભાવથી વિરહિત - સર્વથા રહિત એવો ચિત્ ચમત્કારમાત્ર પરમ અર્થ જેઓ પોતાના અંતરમાં અનુભવ નેત્રથી પ્રત્યક્ષ દેખે છે, સાક્ષાત્ પ્રગટ અનુભવે છે, એવા પરમભાવદર્શી આત્મદૃષ્ટા જ્ઞાનદશાસંપન્ન જ્ઞાની પુરુષોને તો પછી આ વ્યવહાર કંઈ કામનો નથી, તેનું કાંઈ પ્રયોજન રહેતું નથી. જેમ પ્રાસાદ શિખરે ચઢી ગયા પછી નીસરણી રૂપ આલંબનની - ટેકાની કાંઈ જરૂર રહેતી નથી, તેમ આત્મગુણ શ્રેણીની પરાકાષ્ઠારૂપ પરમ ભાવ પ્રાસાદ શિખરે આરૂઢ થયા પછી યોગારૂઢ પુરુષોને વ્યવહાર રૂપ આલંબનની જરૂર રહેતી નથી. પરમ ભાવરૂપ ગિરિ શૃંગ પ્રત્યે ચઢવા માટે વ્યવહાર રૂપ હસ્તાવલંબની જરૂર છે, પણ જ્યાં માત્ર ચૈતન્ય ચમત્કાર સિવાય બીજું કાંઈ નથી એવા પરમભાવ રૂપ ગિરિ શૃંગે આરૂઢ થયેલા યોગારૂઢ પુરુષોને વ્યવહાર રૂપ હસ્તાવલંબનની જરૂર નથી. કારણકે ચઢેલાને ચઢવાનું શું ? પામેલાને પામવાનું શું ?

''આઠમી દૃષ્ટિ સાર સમાધિ, નામ પરા તસ જાણુંજી;
આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિ સમ બોધ વખાણુંજી.

નિરતિચાર પદ એહમાં યોગી, કહિએ નહિં અતિચારીજી,
આરોહે આરૂઢે ગિરિને, તિમ એહની ગતિ ન્યારીજી.''

- શ્રી યશોવિજયજી કૃત 'યોગદૃષ્ટિસજ્ઝાય'

''આલંબન સાધન જે ત્યાગે, પરપરિણતિને ભાગે રે;
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગે રે.'' - શ્રી આનંદઘનજી (વીર જિન સ્તવન)



હવે નિશ્ચય સમ્યગ્‌દર્શનનું સ્વરૂપ પ્રકાશતો અને આ શુદ્ધ આત્મા જ અમને હો ! એવી પરમ આત્મભાવના ભાવતો કળશ લલકારતાં પરમાર્થદર્શી પરમભાવદર્શી **આચાર્યજી અમૃતચંદ્રજી** આગલી ગાથાના ભાવનું સૂચન કરતો પ્રથમ ઉત્થાનિકા કળશ પ્રકાશે છે -

શાર્દૂલવિક્રીડિત -

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः,
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यांतरेभ्यः पृथक् ।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं,
तन्मुक्त्वा नवतत्त्वसंततिमिमामात्मायमेकोस्तु नः ॥६॥

એકત્વે નિયતા જ શુદ્ધનયથી જે વ્યાપ્ત આ આત્માનું,
પૂર્ણ જ્ઞાનઘનાનું દર્શન પૃથક્, જુદું દ્રવ્યાંતરોથી ઘણું;
સમ્યગ્‌દર્શન એ જ છે નિયમથી ને આત્મ આ તેટલો,
(તેથી) મૂકી આ નવતત્ત્વ સંતતિ અમને હો આત્મા એકલો ! ૬

અમૃત પદ-૬

'મૂળ મારગ સાંભળો જિનનો રે' - એ રાગ

એક આત્મા હો અમને આ અહો ! રે... ધ્રુવપદ.
શુદ્ધનય તણા આદેશથી રે, એકત્વમાં નિયત જે હોય... એક આત્મા.
નિજ ગુણ પર્યાયને વ્યાપતો રે, પૂર્ણ વિજ્ઞાનઘન જે સ્હોય... એક આત્મા. ૧
સર્વ અન્ય દ્રવ્યોથી સર્વથા રે, જેહ વર્ત્તે છે ભિન્ન સ્વરૂપ... એક આત્મા.
એવા આત્માનું દર્શન જે અહીં રે, તે જ સમ્યગ્ દર્શન રૂપ... એક આત્મા. ૨
અને સમ્યગ્ દર્શન તે જ આતમા રે, આત્મા સમ્યગ્ દર્શન પ્રમાણ... એક આત્મા.
એમ નિયમથી અવધારવું રે, એવી નિશ્ચયનયની વાણ... એક આત્મા. ૩
તેથી નવ તત્ત્વો તણી સંતતિ રે, મૂકી દઈને એહ તમામ... એક આત્મા.
અમને એક હો આતમા આ અહો રે, ભગવાન જે **અમૃત** ધામ... એક આત્મા. ૪

અર્થ : શુદ્ધ નય થકી એકત્વમાં નિયત એવા વ્યાપ્ત (વ્યાપક) આ પૂર્ણજ્ઞાનઘન દ્રવ્યાંતરોથી પૃથક્-ભિન્ન એવું જે દર્શન, એ જ નિયમથી સમ્યગ્‌દર્શન છે, અને આ આત્મા તેટલો જ છે, તેથી આ નવતત્ત્વસંતતિ મૂકીને આ એક આત્મા અમને હો !

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દેહથી ભિન્ન સ્વપર પ્રકાશક પરમ જ્યોતિઃ સ્વરૂપ એવો આ આત્મા, તેમાં નિમગ્ન થાઓ. હે આર્યજનો ! અંતર્મુખ થઈ, સ્થિર થઈ તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૫૯, ૮૩૨

''વ્યાપક સકળ સ્વરૂપ લખ્યો ઈમ, જિમ નૃભમાં મગ લહત ખગીરી;
ચિદાનંદ આનંદ મૂરતિ, નિરખ પ્રેમભર બુદ્ધિ થગીરી.'' - **શ્રી ચિદાનંદજી**, પદ-૨૩

ચિત્‌ચમત્કારમાત્ર પરમાર્થ દર્શીને વ્યવહારનું કંઈ પણ પ્રયોજન રહેતું નથી એમ આ પૂર્વના કળશમાં પ્રકાશ્યું. તે પરમભાવદર્શી - પરમાર્થદર્શીનું શુદ્ધ આત્મદર્શન એ જ સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર

જ્યાં અભેદ ભાવે પરિણમે છે એવું શુદ્ધ આત્માનુભૂતિમય નિશ્ચય સમ્યગ્ દર્શન છે અને તેજ આત્મા છે, તે જ અમને હો ! એવા ભાવનો આ કળશ સાક્ષાત્ પરમભાવદર્શી - પરમ પરમાર્થદર્શી **અમૃતચંદ્રાચાર્યજીએ** પરમ ભાવાવેશથી લલકાર્યો છે : અસ્ય આત્મનઃ યદ્ દર્શનમિહ - અહીં - નિશ્ચય ભૂમિકામાં - પરમાર્થ પંથમાં 'આ' - પ્રત્યક્ષ અનુભૂયમાન આત્માનું જે 'દર્શન' - સાક્ષાત્ કરણ એ જ 'નિયમથી' - નિશ્ચયથી સમ્યગ્દર્શન છે, સમ્યગ્દર્શનમેતદેવ નિયમાત્ । કેવા આત્માનું દર્શન ? 'एकत्वे नियतस्य शुद्धनयतः' - શુદ્ધનય થકી 'એકત્વમાં' - એક જ્ઞાયકભાવ રૂપ એકપણામાં 'નિયત' - નિયમિત - નિશ્ચયસ્થિત - નિયત વૃત્તિથી સ્થિત તથા 'व्याप्ति' - વ્યાપક - સ્વગુણપર્યાયમાં અથવા સંપૂર્ણ સ્વરૂપમાં વ્યાપનારા 'પૂર્ણ જ્ઞાનઘન' - એવાનું, 'व्याप्तुः पूर्णज्ञानघनस्य' એવા આત્માનું દર્શન કેવું ? 'द्रव्यान्तरेभ्यः पृथक्' - 'દ્રવ્યાન્તરોથી' - બીજા બધા દ્રવ્યોથી 'પૃથક્' - વિવિક્ત - ભિન્ન જૂદું એવું અને આવું જે શુદ્ધ આત્મદર્શન, તેટલો આ આત્મા છે, 'आत्मा च तावानयं आम छे, तेथी शुं ? तेथी 'આ' - વક્ષ્યમાણ - કહેવામાં આવી રહેલ નવતત્ત્વસંતતિ મૂકીને એક આ આત્મા અમને હો !* - 'तन्मुक्त्वा नवतत्त्वसंततिमिमामात्मायमेकोस्तु नः' - એમ પરમાર્થદર્શી શુદ્ધ આત્મભાવના કરે છે. કારણકે નવતત્ત્વની ભેદકલ્પના રૂપ વ્યવહારથી પ્રાપ્તવ્ય - પ્રાપ્ત કરવાનો તો એક આત્મા છે, અને આ શુદ્ધનય થકી એકત્વમાં નિયત સ્વગુણપર્યાય વ્યાપક એવા આ પૂર્ણ જ્ઞાનઘન આત્માનું જે દ્રવ્યાન્તરોથી પૃથક્ - ભિન્ન દર્શન - અનુભવન અમને થયું, એ જ શુદ્ધ આત્માનુભૂતિમય નિશ્ચય સમ્યગ્દર્શન છે, અને આ આત્મા આવું દર્શન થયું તે જ છે અને તેટલો જ છે, આત્માનું દર્શન એમ કહ્યું તેથી કાંઈ દર્શનથી જૂદો આત્મા નથી કે દર્શનથી ન્યૂનાધિક આત્મા નથી, પણ દર્શન એ જ આત્મા - આત્મા એ જ દર્શન છે, દર્શન તેટલો જ આત્મા - આત્મા તેટલું જ દર્શન છે.

શુદ્ધનય થકી એકત્વે નિયત પૂર્ણ જ્ઞાનઘન આત્માનું દર્શન એ જ સમ્યગ્ દર્શનઃ આ આત્મા જ અમને હો !

આમ જ્યાં નિશ્ચયથી સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર એક અભેદ ભાવે પરિણમે છે, એવા શુદ્ધ એક જ્ઞાયક ભાવરૂપ આત્માનું દ્રવ્યાન્તરોથી ભિન્ન એવું શુદ્ધ આત્માનુભૂતિમય નિશ્ચય સમ્યગ્દર્શન અમને થયું, એટલે તે સમ્યગ્દર્શન પ્રમાણ આત્મા પ્રાપ્ત થયો અને આત્મા પ્રાપ્ત થયો તો પ્રાપ્તવ્ય શું બાકી રહ્યું ? માટે આ વક્ષ્યમાણ-કહેવામાં આવી રહેલ નવતત્ત્વસંતતિ - નવતત્ત્વ પરંપરા મૂકી દઈ, અમને આ અનુભવ-પ્રત્યક્ષપણે સાક્ષાત્ અનુભવાઈ રહેલો બસ એક આત્મા જ હો !* કારણકે નવ તત્ત્વનું પ્રયોજન પણ વ્યવહાર સમ્યગ્દર્શન કરાવી તેના આલંબને નિશ્ચય સમ્યગ્દર્શન પ્રત્યે લઈ જઈ આત્મા જ પ્રાપ્ત કરાવવાનું હતું અને છે, તેમાંથી તત્ત્વમધ્યે પણ અમને તો એક શુદ્ધ આત્માનું જ સમ્યગ્દર્શન થાય છે, અને તે ઉક્ત પ્રકારે શુદ્ધ આત્મસાક્ષાત્કારરૂપ નિશ્ચય સમ્યગ્દર્શન થઈ અમને હો ! આત્મા જો પ્રાપ્ત થઈ ચૂક્યો, તો હવે તે ઉપકારી નવ તત્ત્વનું પ્રયોજન પણ શું રહ્યું ? અને નિશ્ચય નયથી દેખીએ તો આ નવ તત્ત્વમાં પણ શુદ્ધનય થકી એક શુદ્ધ આત્મા જ પ્રકાશે છે અને અમને શુદ્ધ આત્માનું જ નિશ્ચય સમ્યગ્દર્શન થાય છે.

એટલે હવે આ જે શુદ્ધ આત્માનું અમને આત્મસાક્ષાત્કાર રૂપ દર્શન થયું તે એક આત્મા જ અમને હો ! એમ શુદ્ધ આત્માનુભૂતિરસ નિમગ્ન પરમભાવદર્શી **આચાર્યજી અમૃતચંદ્રજી** અને તેવા પરમભાવદર્શી ભાવિતાત્મા મહાત્માઓ સદા આત્મામાં જ રહેવાની શુદ્ધ આત્મભાવના ભાવે છે, જેનું જીવતું જાગતું જ્વલંત ઉદાહરણ વર્તમાનમાં તથારૂપ શુદ્ધ આત્માનુભવરસ નિમગ્ન પરમ ભાવિતાત્મા **શ્રીમદ્ રાજચંદ્રજીના** પૂર્વ ભવોના અનુભૂત આત્માનુભવોનું સ્મરણ કરતા આ સહજ સ્વયંભૂ

---

* "ज्ञाते ह्यात्मनि नो भूयो ज्ञातव्यमवशिष्यते ।
अज्ञाते पुनरेतस्मिन् ज्ञानमन्यन्निरर्थकम् ॥
नवानामपि तत्त्वानां ज्ञानमात्मप्रसिद्धये ।
येनाजीवादयो भावाः स्वभेदप्रतियोगिनः ॥" - શ્રી યશોવિજયજી કૃત 'અધ્યાત્મસાર', આત્મનિશ્ચયાધિકાર, ૨-૩

અનુભવોદ્‌ગારમાં પ્રત્યક્ષ થાય છે -

''આખો દિવસ નિવૃત્તિના યોગે કાળ નહીં જાય ત્યાં સુધી સુખ રહે નહીં, એવી અમારી સ્થિતિ છે. 'આત્મા' 'આત્મા', તેનો વિચાર, જ્ઞાની પુરુષની સ્મૃતિ, તેનાં મહાત્મ્યની કથાવાર્તા, તે પ્રત્યે અત્યંત ભક્તિ, તેમનાં અનવકાશ આત્મચારિત્ર પ્રત્યે મોહ એ અમને હજુ આકર્ષ્યા કરે છે અને તે કાળ ભજીએ છૈયે. પૂર્વ કાળમાં જે જે જ્ઞાની પુરુષના પ્રસંગો વ્યતીત થયા છે તે કાળ ધન્ય છે, તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે, *** અખંડ આત્મધુનના એકતાર પ્રવાહ પૂર્વક તે વાત અમને હજી ભજવાની અત્યંત આતુરતા રહ્યા કરે છે.'' ઈ. - શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૮૦,) ૪૬૫

પૂર્ણ જ્ઞાનઘન આત્મા જ અમને હો ! નવ તત્ત્વ સંતતિનું અમને હવે પ્રયોજન નથી

તાત્પર્ય કે શુદ્ધનયથી એકત્વમાં - એક જ્ઞાયકપણા રૂપ ભાવમાં નિયત - નિશ્ચય મર્યાદાથી મર્યાદિત એવો વ્યાપક આ પૂર્ણ 'જ્ઞાનઘન' આત્મા છે. ઘનની (નક્કર) જેમ સર્વ પ્રદેશે કેવળ જ્ઞાન સિવાય જ્યાં બીજું કાંઈ પણ નથી એવો સર્વત્ર પૂર્ણ જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનમય જ એવો આ આત્મા એક જ્ઞાયકપણારૂપ ભાવમાં અથવા નિજ ગુણપર્યાયરૂપ ભાવમાં વ્યાપક (Pervading) છે અર્થાત્ પૂર્ણ જ્ઞાનઘન એવો આત્મા એક જ્ઞાયક ભાવરૂપ છે. આવા આ એક જ્ઞાયકભાવરૂપ પૂર્ણ જ્ઞાનઘન આત્માનું બીજા બધાં દ્રવ્યોથી પૃથક્-સાવ જૂદું-અલગ-ભિન્ન એવું જે દર્શન (સાક્ષાત્ કરણ - અનુભવ પ્રત્યક્ષીકરણ) એ જ નિયમથી સમ્યગ્ દર્શન છે અને આ આત્મા આ જે સમ્યગ્ દર્શન થયું તેટલો જ છે, આ જે સમ્યગ્ દર્શન તે જ આત્માનું સ્વરૂપ છે, સમ્યગ્ દર્શન એ જ આત્મા છે. આમ સમ્યગ્ દર્શન થયું એટલે સંપૂર્ણ જ્ઞાનઘન આત્મા જેમ છે તેમ સમ્યક્‌પણે દીઠો, પ્રત્યક્ષ-સાક્ષાત્-પ્રગટ અનુભવ્યો અને આમ સંપૂર્ણ આત્મદર્શન એ જ જો સાક્ષાત્ આત્માનુભૂતિમય પરમાર્થ-નિશ્ચય સમ્યગ્‌દર્શન છે, તો પછી આ નવ તત્ત્વ સંતતિનું હવે અમારે શું પ્રયોજન છે ? આ નવતત્ત્વ સંતતિ પણ આત્મારૂપ પરમાર્થ પામવા માટે - આત્મસાક્ષાત્‌કારરૂપ સમ્યગ્ દર્શનપ્રયોજનાર્થે કહી છે. પણ શુદ્ધનયથી જો અમને આ શુદ્ધ આત્માનું સંપૂર્ણ સહજાત્મસ્વરૂપ પ્રગટ દેખાય છે, સાક્ષાત્ અનુભવાય છે, તો પછી અમારે હવે આ નવતત્ત્વનું પણ શું પ્રયોજન રહ્યું ? અને આ વક્ષ્યમાણ-કહેવામાં આવી રહેલ નવતત્ત્વસંતતિમાં પણ અમને તો શુદ્ધનયથી કેવલ એક શુદ્ધ આત્માનું જ દર્શન-સાક્ષાત્ અનુભવન થાય છે, કેવલ શુદ્ધાત્માનુભૂતિ જ થાય છે, એટલે આ નવતત્ત્વસંતતિ મૂકી, આ કહેવાઈ રહેલા નવતત્ત્વ મધ્યે પણ એક કેવલ શુદ્ધાત્માનુભૂતિમય નિશ્ચય-પરમાર્થ સમ્યગ્ દર્શન કરતાં અમને તો આ સાક્ષાત્ અનુભવપ્રત્યક્ષપણે પ્રગટ દેદીપ્યમાન છે તે એક આત્મા જ હો ! કેવલ શુદ્ધાત્માનુભૂતિમય આત્મભાવના જ અમને હો ! એટલું જ બસ છે.* આત્માને દીઠો એટલે બધું ય દીઠું.

''આતમ ભાવના ભાવતાં
જીવ લહે કેવલ જ્ઞાન રે.'' - શ્રીમદ્ રાજચંદ્રજી



હવે નવતત્ત્વમાં પણ શુદ્ધ નયાધીન એક આત્મજ્યોતિ જ પ્રકાશે છે એમ નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો બીજો ઉત્થાનિકા કળશ પ્રકાશે છે -

અનુષ્ટુપ્ -

अतः शुद्धनयायत्तं, प्रत्यग्ज्योतिश्चकास्ति तत् ।
नवतत्त्वगतत्वेपि, यदेकत्वं न मुंचति ॥७॥

એથી શુદ્ધ નયાધીન, પ્રત્યગ્ જ્યોતિ પ્રકાશતી,
નવતત્ત્વગતત્વે ય, જે એકત્વ ન મૂકતી.

અમૃત પદ-૭

'મૂળ મારગ સાંભળો જિનનો રે' - એ રાગ
(એક આત્મા હો અમને આ અહો રે - એ ધ્રુવપદ ચાલુ)

શુદ્ધનય આધીન રે, જ્યોતિ પ્રત્યગ્ પ્રકાશે તેહ... એક આત્મા હો.
નવતત્ત્વ ગતત્વમાં પણા ખરે રે ! એકપણું ન મૂકે જે... એક આત્મા હો. ૧
જ્ઞાન રશ્મિ અમૃત આ પ્રસારતી રે, અનુભવ અમૃત રસ ઉદ્યમ... એક આત્મા હો.
ભગવાન અમૃત જ્યોતિ એ પ્રકાશતી રે, નવતત્ત્વ મધ્યે પણ આમ... એક આત્મા હો. ૨

અર્થ : એથી શુદ્ધનયને આધીન એવી તે પ્રત્યગ્ (અંતર્ગત, પૃથક્-ભિન્ન) જ્યોતિ પ્રકાશે છે - કે નવતત્ત્વગતપણામાં પણ એકત્વ (એકપણું) નથી મૂકતી !

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''એવો એક જ પદાર્થ પરિચય કરવા યોગ્ય છે કે જેથી અનંત પ્રકારનો પરિચય નિવૃત્ત થાય છે, તે કયો ? અને કેવા પ્રકારે ? તેનો વિચાર મુમુક્ષુઓ કરે છે. લી. સત્માં અભેદ.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૩૦), ૨૭૧

આ નવતત્ત્વ સંતતિ મૂકી અમને આ એક આત્મા જ હો ! એમ આ પૂર્વેના કળશમાં આ પરમભાવદર્શી પરમાર્થદર્શી આચાર્યજીએ આત્મ ભાવના કરી, તેના અનુસંધાનમાં આ આગળની ગાથાના ભાવનું સૂચન કરતા બીજા ઉત્થાનિકા કળશમાં તેઓશ્રી પ્રકાશે છે કે - આ નવતત્ત્વમાં પણ શુદ્ધનય થકી એક આત્મા જ પ્રકાશે છે : अतः - એથી કરીને, હવે પછી, शुद्धनयायत्तं - 'શુદ્ધનયાયત્ત' - શુદ્ધનયાધીન એવી તે 'પ્રત્યગ્' - અંતર્ગત - પૃથક્ - ભિન્ન જ્યોતિ પ્રકાશે છે, प्रत्यग् ज्योतिश्चकास्ति तत्, કેવી ? नवतत्त्वगतत्वेपि यदेकत्वं न मुंचति - જે નવતત્ત્વગતપણામાં પણ **'એકત્વ'** - એકપણું નથી મૂકતી, સર્વ બહિર્ગત અન્ય દ્રવ્યથી પૃથક્ - ભિન્ન અંતર્ગત આત્મ જ્યોતિનું પ્રકાશવું શુદ્ધનયને આધીન છે. મૂળ શુદ્ધ તે આત્મપદ રૂપ શુદ્ધ આત્મદ્રવ્ય પ્રત્યે દૃષ્ટિ કરતાં શુદ્ધનયના પ્રતાપે જે ભિન્ન અંતર્ગત આત્મજ્યોતિનું અનુભવન પ્રકાશન થાય છે, કે જે નવતત્ત્વ મધ્યે રહેલી છતાં એક અભેદ શુદ્ધ ચેતનપણાને-જ્ઞાયકપણાને છોડતી નથી.

આમ શુદ્ધ નયને આધીન એવી 'તત્' તે અચિંત્ય મહામહિમાતિશય સંપન્ન ભિન્ન અંતર્ગત પ્રકાશતી પ્રત્યગ્* જ્યોતિ નવતત્ત્વગત છતાં - ઓતપ્રોત રહેલી છતાં એકપણાને છોડતી નથી તે આશ્ચર્યકારક પરમ અદ્ભુત વાર્તા છે ! 'નવ' તત્ત્વ મધ્યે પણ 'એક' છે એ મહદ્ આશ્ચર્ય છે ! નવે તત્વમાં શુદ્ધનય થકી અંતર્ગત પ્રત્યગ્ આત્મજ્યોતિ કેવી રીતે પ્રકાશે છે, તે હવે પછી અનુક્રમે

* આ 'પ્રત્યગ્' શબ્દનો અર્થ પરમાર્થ બીજા કળશમાં વિવેચવામાં આવ્યો છે ત્યાં જુઓ.

વક્ષ્યમાણ - કહેવામાં આવતા; (૧) જીવ, (૨) અજીવ, (૩) કર્તા-કર્મ, (૪) પુણ્ય-પાપ, (૫) આસ્રવ, (૬) સંવર, (૭) નિર્જરા, (૮) બંધ, (૯) મોક્ષ એ નવ અધિકારમાં (અને છેલ્લા સર્વોપસંહાર રૂપ 'સર્વવિશુદ્ધજ્ઞાન' અધિકારમાં પણ) સ્પષ્ટ વિશદપણે સવિસ્તર બતાવી આપવામાં આવશે અને તથા પ્રકારે તેનું શુદ્ધ આત્માનુભૂતિમય પરિભાવન અમે યથાસ્થાને કરશું. અત્રે તો તે - તે આ અધિકારોનું સૂચન કરતી **દ્વારગાથા** રૂપ નીચેની ગાથાના ભાવનું સૂચન કરતા આ **ઉત્થાનિકા** કળશમાં માત્ર એટલું જ કહીએ છીએ કે નવે તત્ત્વમાં પણ શુદ્ધનય થકી શુદ્ધનયાધીન તે પૃથક્ અંતર્ગત - પ્રત્યગ્ એક આત્મજ્યોતિ અનુભવ પ્રકાશથી ઝળહળે છે ! તે આ પ્રકારે –



भूयत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च ।
आसवसंवरणिज्जरबंधो मोक्खो य सम्मत्तं ॥१३॥

ભૂતાર્થથી જાણ્યા જીવ અજીવને રે, પુણ્ય પાપ વળી તત્ત્વ;
આશ્રવ સંવર નિર્જરા રે, બંધ મોક્ષ - સમ્યક્ત્વ રે .. આત્મનૂ ! વંદો સમયસાર ૧૩

ગાથાર્થ : ભૂતાર્થથી જાણવામાં આવેલા જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ - એ સમ્યક્ત્વ છે. ૧૩

आत्मख्याति टीका

भूतार्थेनाभिगता जीवाजीवौ च पुण्यपापं च ।
आस्रवसंवरनिर्जरा बंधो मोक्षश्च सम्यक्त्वम् ॥१३॥

अमूनि हि **जीवादीनि नवतत्त्वानि भूतार्थेनाभिगतानि सम्यग्दर्शनं** संपद्यत एवामीषु तीर्थ-प्रवृत्तिनिमित्तमभूतार्थनयेन व्यपदिश्यमानेषु **जीवाजीवपुण्यपापास्रवसंवरनिर्जराबंधमोक्ष**लक्षणेषु नव तत्त्वेष्वेकत्वद्योतिना भूतार्थनयेनैकत्वमुपानीय शुद्धनयत्वेन व्यवस्थापितस्यात्मनोनुभूतेरात्मख्यातिलक्षणायाः संपद्यमानत्वात् । तत्र -

विकार्यविकारकोभयं पुण्यं तथा पापं, आस्राव्यास्रावकोभयमास्रवः,

संवार्यसंवारकोभयं संवरः, निर्जर्यनिर्जरकोभयं निर्जरा,

बंध्यबंधकोभयं बंधः, मोच्यमोचकोभयं मोक्षः,

स्वयमेकस्य पुण्यपापास्रवसंवरनिर्जराबंधमोक्षानुपपत्तेः । तदुभयं च जीवाजीवाविति ।

आत्मभावना -

भूतार्थेनाभिगताः - **ભૂતાર્થથી શુદ્ધનયથી અભિગત - જાણવામાં આવેલા** जीवाजीवौ - **જીવ-અજીવ એ બે,** पुण्यपापं च **અને પુણ્ય-પાપ,** आस्रवसंवरनिर्जरा - **આસ્રવ-સંવર-નિર્જરા,** बंधो मोक्षश्च - **બંધ અને મોક્ષ, તે શું ?** 'सम्यक्त्वम्' - **સમ્યક્ત્વ** ॥इति **गाथा** आत्मभावना ॥१३॥

अमूनि हि जीवादीनि नवतत्त्वानि - **આ સ્ફુટપણે જીવાદિ નવતત્ત્વો કેવા ?** भूतार्थेनाभिगतानि - **ભૂતાર્થથી - શુદ્ધનયથી અભિગત - જાણવામાં આવેલા, શું ?** सम्यग्दर्शनं संपद्यत एव - **સમ્યગ્ દર્શન સંપજે જ છે. શાને લીધે ?** शुद्धनयत्वेन व्यवस्थापितस्यात्मनोनुभूतेरात्मख्यातिलक्षणायाः संपद्यमानत्वात् - **શુદ્ધનયપણે વ્યવસ્થાપિત આત્માની આત્મખ્યાતિલક્ષણા અનુભૂતિના સંપદ્યમાનપણાને લીધે - નીપજવાપણાને લીધે. એમ કેવી રીતે થાય છે ?** अमीषु तीर्थप्रवृत्तिनिमित्तमभूतार्थनयेन व्यपदिश्यमानेषु जीवाजीवपुण्यपापास्रवसंवरनिर्जराबंधमोक्षलक्षणेषु नवतत्त्वेषु - **આ - તીર્થ પ્રવૃત્તિ નિમિત્તે અભૂતાર્થ નયથી વ્યવપદેશવામાં આવતા - નિર્દેશવામાં આવતા જીવ-અજીવ-પુણ્ય-પાપ-આસ્રવ-સંવર-નિર્જરા-બંધ-મોક્ષ લક્ષણ નવ તત્ત્વોમાં** एकत्वद्योतिना भूतार्थनयेनैकत्वमुपानीय - **એકત્વદ્યોતી - એકત્વ પ્રકાશક ભૂતાર્થનયથી એકત્વ આણીને** शुद्धनयत्वेन व्यवस्थापितस्यात्मनोनुभूतेः संपद्यमानत्वात् - **શુદ્ધનયપણે વ્યવસ્થાપિત આત્માની અનુભૂતિના સંપદ્યમાનપણાને લીધે. કેવી છે તે અનુભૂતિ ?** आत्मख्यातिलक्षणायाः - **આત્મખ્યાતિલક્ષણા, 'આત્મખ્યાતિ' લક્ષણ છે જેનું** तत्र - **ત્યાં, તેમાં** विकार्यविकारकोभयं पुण्यं तथा पापं - **વિકાર્ય-વિકાર પામવા યોગ્ય અને વિકારક-વિકાર કરનાર એ ઉભય - બન્ને પુણ્ય તથા પાપ,** आस्राव्यास्रावकोभयमास्रवः - **આસ્રાવ્ય-આસ્રવ પામવા યોગ્ય અને આસ્રાવક - આસ્રવ કરનાર એ ઉભય-બન્ને આસ્રવ,** संवार्यसंवारकोभयं संवरः - **સંવાર્ય-સંવર કરાવા યોગ્ય અને સંવારક-સંવર કરનાર એ ઉભય-બન્ને સંવર,** निर्जर्यनिर्जरकोभयं निर्जरा - **નિર્જર્ય - નિર્જરાવા યોગ્ય નિર્જરક-નિર્જરા કરનાર એ ઉભય-બન્ને નિર્જરા,** बंध्यबंधकोभयं बंधः - **બંધ્ય-બંધાવા યોગ્ય બંધક - બંધ કરનાર એ ઉભય-બન્ને બંધ,** मोच्यमोचकोभयं मोक्षः - **મોચ્ય-મૂકાવવા યોગ્ય મોચક-મૂકાવનાર એ ઉભય-બન્ને મોક્ષ, એમ શાને લીધે ?** स्वयमेकस्य पुण्यपापास्रवसंवरनिर्जराबंधमोक्षानुपपत्तेः -

बहिर्दृष्ट्या नव तत्त्वान्यमूनि

जीवपुद्गलयोरनादिबंधपर्यायमुपेत्यैक - कत्वेनानुभूयमानतायां भूतार्थानि

अथ चैकजीवद्रव्यस्वभावमुपेत्वा - नुभूयमानतायाम् अभूतार्थानि ।

ततोऽभीषु नवतत्त्वेषु भूतार्थनयेनैको जीव एव प्रद्योतते ।

तथांतर्दृष्ट्या -

ज्ञायको भावो जीवो - केवलजीवविकाराश्च पुण्यपापास्रवसंवरनिर्जराबंधमोक्षलक्षणाः

जीवविकारहेतुरजीवः केवला जीवविकारहेतवः पुण्यपापास्रवसंवरनिर्जराबंधमोक्षा इति ।

नवतत्त्वान्यमून्यपि

जीवद्रव्यस्वभावमपोह्य स्वपरप्रत्ययैकद्रव्यपर्यायत्वेना - नुभूयमानतायां भूतार्थानि

अथ च सकलकालमेवास्खलन्तमेकं - जीवद्रव्यस्वभावमुपेत्या नुभूयमानतायाम् अभूतार्थानि

ततोऽमीष्वपि नवतत्त्वेषु भूतार्थनयेनैको जीव एव प्रद्योतते ।

एवमसावेकत्वेन द्योतमानः शुद्धनयत्वेनानुभूयत एव ।

यात्वनुभूतिः सात्मख्यातिरेवात्मस्यातिस्तु सम्यग्दर्शनमेवेति समस्तमेव निरवद्यं ॥१३॥

स्वयं-पोते એકના पुण्य-पाप-आस्रव-संवर-निर्जरा-बंध-मोक्षની अनुपपत्तिने લીધે-અઘટમાનવતાને લીધે. तदुभय शुं ? तदुभयं च जीवाजीवाविति - **अने तदुभय ते उभय-બન્ને ते જીव अजीव छे.**

बहिर्दृष्ट्या - **બહિરૂ દૃષ્ટિથી - બાહ્ય દૃષ્ટિથી** नवतत्त्वान्यमूनि भूतार्थानि - **આ નવ તત્ત્વો भूतार्थ - सत्यार्थ छे, ક્યારે ?** जीवपुद्गलयोरनादिबंधपर्यायमुपेत्यैकत्वेनानुभूयमानतायां - **જીव અને પુદ્ગલના અનાદિ બંધ પર્યાય પ્રત્યે જઈને (આશ્રીને) એકપણે એકત્વથી - એકપણાએ કરી अनुभूयमानपणामां - अनुभवाई रह्यापणामां,** अथ च अभूतार्थानि - **અને એમ છતાં अभूतार्थ छे, ક્યારે ?** एक जीवद्रव्यस्वभावमुपेत्यानुभूयमानतायां - **એક જીव द्रव्य स्वभाव प्रत्ये જઈને (आश्रीने) अनुभूयमानपणामां - अनुभवाई रह्यापणामां. आथी शुं ?** ततोऽमीषु नवतत्त्वेषु भूतार्थनयेनैको जीव एव प्रद्योतते - **तेथी આ नवतत्त्वोमां भूतार्थनयथी એક જીव જ प्रद्योते छे - प्रકृष्टपणे प्रકाशे छे - ઝળહળે छे.**

तथांतर्दृष्ट्या - **तथा अंतरू दृष्टिथी** - ज्ञायको भावो जीवः - **ज्ञायक भाव ते जीव,** जीवस्य विकारहेतुरजीवः - **જીवनो विકार हेतु ते अजीव,** केवलजीवविकाराश्चपुण्यपापास्रवसंवरनिर्जराबंधमोक्षलक्षणाः - **અને केवल जीव विકारो पुण्य-पाप-आस्रव-संवर-निर्जरा-बंध-मोक्ष लक्षण छे,** केवला जीव विकार हेतवः पुण्यपापास्रवसंवरनिर्जराबंधमोक्षा इति - **केवल अजीव એવા विકार हेतुओ पुण्य-पाप-आस्रव-संवर-निर्जरा-बंध-मोक्ष એમ.** नवतत्त्वान्यमून्यपि भूतार्थानि - **नव तत्त्वो આ પણ भूतार्थ छे, ક્યારે ?** जीवद्रव्यस्वभावमपोह्य स्वपरप्रत्ययैक-द्रव्यपर्यायित्वेनानुभूयमानतायां - **જીवद्रव्यना स्वभावने દૂર કરી (એક બાજુ મૂકી) स्व-पर प्रत्यय એક द्रव्यपर्यायपणे अनुभूयमानपणामां - अनुभवाई रह्या पणामां,** अथ च अभूतार्थानि - **અને એમ છતાં अभूतार्थ छे, ક્યારે ?** सकलकालमेवास्खलन्तमेकं जीवद्रव्यस्वभावमुपेत्यानुभूयमानतायां - **सકल काल अस्मलंता એક જીव द्रव्य स्वभाव प्रत्ये જઈને (आश्रीने) अनुभूयमानपणामां - अनुभवाई रह्यापणामां. तेथी शुं ?** ततोऽमीष्वपि नवतत्त्वेषु भूतार्थनयेनैको जीव एव प्रद्योतते - **तेथी આ नव तत्त्वोमां પણ भूतार्थ नयथी - शुद्धनयथी એક જીव જ प्रद्योते छे - प्रકाशे छे.**

एवमसावेकत्वेन द्योतमानः शुद्धनयत्वेनानुभूयत एव - **એમ તે એકત્વથી द्योतमान-प्रકाशमान शुद्धनयपणाએ કરીને अनुभवाय જ छे.** यात्वनुभूतिः सात्मख्यातिरेव - **सम्यग् दर्शन જ અને જે अनुभूति ते आत्मख्याति જ छे,** आत्मख्यातिस्तु सम्यग्दर्शनमेव - **અને आत्मख्याति ते इति समस्तमेव निरवद्यं - એમ समस्त निरवद्य (निर्दोष) छे. ॥** इति **आत्मख्याति** आत्मभावना ॥१३॥ (चालु)

આત્મખ્યાતિ ટીકાર્થ -

આ જીવ આદિ નવ તત્ત્વો

ભૂતાર્થથી જાણવામાં આવેલા સમ્યગ્દર્શન સંપજે જ છે, તીર્થ પ્રવૃત્તિ નિમિત્તે અભૂતાર્થનયથી વ્યપદેશવામાં આવતા આ જીવ-અજીવ-પુણ્ય-પાપ-આસ્રવ-સંવર-નિર્જરા-બંધ-મોક્ષ લક્ષણ નવ તત્ત્વોમાં એકત્વદ્યોતી ભૂતાર્થનયથી એકત્વ આણી, શુદ્ધનયપણે વ્યવસ્થાપિત એવા આત્માની 'આત્મખ્યાતિ.' લક્ષણા અનુભૂતિનું સંપદ્યમાનપણું છે માટે. તેમાં તે વિકાર્ય-વિકારક ઉભય તે પુણ્ય-પાપ, આસ્રાવ્ય-આસ્રાવક ઉભય-આસ્રવ, સંવાર્ય-સંવારક ઉભય તે સંવર, નિર્જર્ય-નિર્જરક ઉભય તે નિર્જરા, બંધ્ય-બંધક ઉભય તે બંધ, મોચ્ય-મોચક ઉભય તે મોક્ષ, - સ્વયં એક એવા પુણ્ય-પાપ-આસ્રવ-સંવર-નિર્જરા-બંધ-મોક્ષની અનુપપત્તિ છે માટે, અને તદુભય (તે બે) તે જીવ-અજીવ છે.

બહિર્દષ્ટિથી આ નવ તત્ત્વો -

જીવ-પુદ્ગલના અનાદિ બંધપર્યાયને આશ્રી અને એક જીવ દ્રવ્યસ્વભાવને આશ્રી
એકત્વથી અનુભૂયમાનપણામાં ભૂતાર્થ છે અનુભૂયમાનપણામાં અભૂતાર્થ છે.
તેથી આ નવ તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રદ્યોતે છે.

તથા અંતરૂદૃષ્ટિથી -

જ્ઞાયક ભાવ જીવ, જીવનો વિકારહેતુ અજીવ,
કેવલા જીવવિકારો કેવલા જીવ વિકારહેતુઓ
પુણ્ય-પાપ-આસ્રવ-સંવર-નિર્જરા-બંધ-મોક્ષ લક્ષણ પુણ્ય-પાપ-આસ્રવ-સંવર-નિર્જરા-બંધ-મોક્ષ.

એવા આ નવતત્ત્વો પણ -

જીવ દ્રવ્ય સ્વભાવને એક કોર મૂકી અને સકલ કાળ જ અસ્ખલંતા
સ્વપર પ્રત્યય એક દ્રવ્યપર્યાયપણે એક જીવ દ્રવ્ય સ્વભાવને આશ્રી
અનુભૂયમાનપણામાં ભૂતાર્થ છે અનુભૂયમાનપણામાં અભૂતાર્થ છે.
તેથી આ નવ તત્ત્વોમાં પણ ભૂતાર્થનયથી એક જીવ જ પ્રદ્યોતે (પ્રકાશે છે).

એમ તે એકત્વથી દ્યોતમાન (પ્રકાશી રહેલો) શુદ્ધત્વથી (શુદ્ધપણે) અનુભવાય જ છે, અને જે અનુભૂતિ તે આત્મખ્યાતિ એવો, એવ (જ) અને જે આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન, એવ (જ) એમ સમસ્ત (જ) એવ નિરવદ્ય (નિર્દોષ). ૧૩

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''હું કેવળજ્ઞાન સ્વરૂપ છું એમ સમ્યક્ પ્રતીત થાય છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૫૬, હાથનોંધ, ૩-૯

"જીવ અજીવ વિષે તે, નવે તત્ત્વનો સમાવેશ થાય,
વસ્તુ વિચાર વિશેષે, ભિન્ન પ્રબોધ્યા મહાનૂ મુનિરાય...
પંથ પરમ પદ બોધ્યો, જે પ્રમાણે પરમ વીતરાગે." - પરમતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી
''સમકિત નવિ લહ્યું રે, એ તો રૂલ્યો ચતુર્ગતિ માંહે.'' - શ્રી દેવચંદ્રજી

ઉપરોક્ત પ્રથમ ઉત્થાનિકા કળશમાં (૬) ભગવદ્ અમૃતચંદ્રાચાર્યજીએ પ્રકાશ્યું છે કે - શુદ્ધનયથી એકત્વમાં નિયત આત્માનું ભેદજ્ઞાન-ભિન્ન દર્શન સમ્યગ્દર્શન અને આ આત્મા તેટલો જ - સમ્યગ્ દર્શન પ્રમાણ જ છે, એટલે આ હવે કહેવામાં આવતા નવતત્ત્વમાં પણ આ સમ્યગ્દર્શન સ્વરૂપ આત્મા જ એક અમને હો ! 'आत्मायमेकोस्तु नः ।' અને તેના અનુસંધાનમાં આ દ્વારગાથાના ભાવનું સૂચન

કરતા બીજા **ઉત્થાનિકા** કળશમાં (૭) સૂચવ્યું કે - શુદ્ધનયાધીન તે અંતર્ગત ભિન્ન પ્રત્યગ્ આત્મજ્યોતિ પ્રકાશે છે કે જે નવતત્ત્વગતપણામાં પણ એકપણું છોડતી નથી ! અર્થાત્ આ નવે તત્ત્વમાં પણ શુદ્ધનય થકી તે પૃથક્ એક અંતર્ગત - પ્રત્યગ્ આત્મજ્યોતિ ઝળહળે છે. આમ પરમ ભવ્ય ઉત્તમ કવિત્વમય શૈલીથી (grand poetic style) પરમ ગૌરવપૂર્ણ શબ્દોમાં પરમાદરથી સૂચન કરી જેનો અવતાર કર્યો, એવી આ તત્ત્વસંકલનાબદ્ધ ગ્રંથના અધિકારોનું સૂચન કરતી શાસ્ત્રની આ દ્વારગાથામાં શાસ્ત્રકાર **ભગવાન્ કુંદકુંદાચાર્યજી** પ્રકાશે છે - 'भूयत्थेणाभिगदा' - **'ભૂતાર્થથી અભિગત'** - 'ભૂતાર્થથી' - ભૂતાર્થ એવા શુદ્ધનયથી 'અભિગત' - જાણવામાં આવેલા જીવ-અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ-સંવર-નિર્જરા, બંધ અને મોક્ષ એ 'સમ્યક્ત્વ' - સમ્યગ્દર્શન છે. આવા ભાવની આ દ્વારગાથાનું તત્ત્વસર્વસ્વ સમર્પક અપૂર્વ અનન્ય વ્યાખ્યાન કરતાં **'આત્મખ્યાતિ સૂત્ર'** કર્ત્તાએ પોતાની અદ્ભુત લાક્ષણિક શૈલીથી (Charataristic most wonderful style) પરમ પરમાર્થ-મર્મ પ્રકાશ્યો છે. તેનો આશયાર્થ આ પ્રકારે -

ભૂતાર્થથી જાણવામાં આવેલા નવતત્ત્વ તે સમ્યગ્ દર્શન

આ - પ્રત્યક્ષ અનુભવમાં આવતા જે જીવ આદિ નવ તત્ત્વો છે, તે 'ભૂતાર્થથી અભિગત' 'भूतार्थेनाभिगतानि' - **'ભૂતાર્થ'** એવા શુદ્ધનયથી જાણવામાં આવેલા સતા સમ્યગ્દર્શન સંપજે જ છે, 'सम्यग्दर्शनं संपद्यत एव ।' કારણકે 'આ જીવ-અજીવ-પુણ્ય-પાપ-આસ્રવ-સવર-નિર્જરા-બંધ-મોક્ષ લક્ષણ નવતત્ત્વો **તીર્થ પ્રવૃત્તિ નિમિત્તે** અભૂતાર્થ નયથી વ્યપદેશવામાં આવી રહ્યા છે, તેમાં એકત્વદ્યોતી - એકત્વ દ્યોતનારા - પ્રકાશનારા ભૂતાર્થનયથી એકત્વ આણી, શુદ્ધનયપણાએ કરી વ્યવસ્થિત એવા આત્માની **'આત્મખ્યાતિ' લક્ષણ અનુભૂતિનું** સંપદ્યમાનપણું છે માટે', शुद्धनयत्वेन व्यवस्थापितस्यात्मनोनुभूतेरात्मख्यातिलक्षणायाः संपद्यमानत्वात् । અર્થાત્ અખંડ અભેદ એક વસ્તુમાં ખંડરૂપ ભેદનું કૃત્રિમ ઉદ્ભાવન કરતો વ્યવહારનય 'અભૂતાર્થ' છે, અસત્યાર્થ છે, છતાં મુમુક્ષુ સાધક જીવોને તરવાના સાધનરૂપ તીર્થ પ્રવૃત્તિ નિમિત્તે - 'तीर्थप्रवृत्ति-निमित्तं' ધર્મતીર્થ પ્રવૃત્તિ નિમિત્ત અર્થે જીવને વ્યવહાર દ્વારા પરમાર્થ સ્વરૂપ સમજવા માટે 'અભૂતાર્થ' એવ વ્યવહાર દ્વારા પરમાર્થ સ્વરૂપ સમજવા માટે 'અભૂતાર્થ' એવા વ્યવહારનયથી આ નવ તત્ત્વો ભેદ પાડીને - જૂદા જૂદા વિવરીને 'વ્યપદેશવામાં' - આવે છે - નામ નિર્દેશાદિથી કથવામાં આવે છે, પણ તે નવતત્ત્વોમાં પણ એકપણું છે, અને તે એકપણું 'ભૂતાર્થ' એવો શુદ્ધનય-નિશ્ચયનય પ્રકાશે છે. 'एकत्वद्योतिना भूतार्थनयेन एकत्वमुपानीय' - આવા 'એકત્વદ્યોતી' - એકત્વપ્રકાશક ભૂતાર્થનય વડે આ નવ તત્ત્વોનું એકપણું આણી, શુદ્ધનયપણે આત્માનું જે શુદ્ધ સ્વરૂપ છે તે 'વ્યવસ્થાપિત' થાય છે, 'વિ' - વિશેષે કરીને 'અવ' - જેમ છે તેમ સ્વ સમય મર્યાદાથી - સ્વરૂપ મર્યાદાથી 'સ્થાપિત' થાય છે. આમ શુદ્ધનયપણે વ્યવસ્થાપિત આત્માની આત્મખ્યાતિ લક્ષણા અનુભૂતિ ઉપજે છે અને આ શુદ્ધ આત્માની જે 'અનુભૂતિ' (અનુભવનતા) - અનુભવવાપણું તેનું નામ જ 'સમ્યગ્ દર્શન' છે, 'સમ્યક્' - જેમ છે તેમ ભૂતાર્થપણે વસ્તુનું વસ્તુગતે 'દર્શન' - સાક્ષાત્ કરણ - અનુભવપ્રત્યક્ષીકરણ છે. માટે આ નવ તત્ત્વ પણ જો એકત્વદ્યોતી **'ભૂતાર્થ'** એવા શુદ્ધનયથી જાણ્યા, તો તે સમ્યગ્ દર્શન સંપજે જ છે, આ નિશ્ચયસિદ્ધ વાર્તા છે.

પુણ્યાદિના જીવ અજીવ બે પ્રકાર : જીવ-અજીવ બે પરિણામધારા

અત્રે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ જે તત્ત્વો છે, તે જીવ-અજીવ ઉભય રૂપ છે. તેમાં (૧) જે **વિકાર્ય** - વિકાર પામવા યોગ્ય અને જે **વિકારક** - વિકાર કરનાર, એમ વિકાર્ય-વિકારક એ બન્ને તે પુણ્ય-પાપ છે. (૨) જે **આસ્રાવ્ય** - આસ્રવ પામવા યોગ્ય અને જે **આસ્રાવક** - આસ્રવ કરનાર, એમ આસ્રાવ્ય - આસ્રાવક એ બન્ને આસ્રવ છે. (૩) જે **સંવાર્ય** - સંવર કરાવા યોગ્ય અને જે **સંવારક**-સંવર કરનાર, એમ સંવાર્ય-સંવારક એ બન્ને તે સંવર છે. (૪) જે **નિર્જર્ય** - નિર્જરાવા યોગ્ય અને જે **નિર્જરક** - નિર્જરાવનાર, એમ નિર્જર્ય-નિર્જરક એ બન્ને

તે નિર્જરા છે. (૫) જે **બંધ્ય** - બંધાવા યોગ્ય અને જે **બંધક** - બાંધનાર, એમ બંધ્ય-બંધક એ બન્ને તે બંધ છે. (૬) જે **મોચ્ય** - મૂકાવા યોગ્ય અને જે **મોચક** - મૂકાવનાર, એમ મોચ્ય-મોચક એ બન્ને તે મોક્ષ છે. આમ પુણ્ય આદિ સમ તત્ત્વ સ્વયં એક પ્રકારના ઘટતા નથી, કારણકે જીવ-અજીવના સંયોગ સંબંધ વિના કાંઈ આકાશમાંથી સ્વયં - પોતાની મેળે આપોઆપ તે તત્ત્વોની ઉત્પત્તિ ઘટતી નથી, 'સ્વયં એક (જીવના કે અજીવના) પુણ્ય-પાપ-આસ્રવ - સંવર - નિર્જરા - બંધ - મોક્ષની અનુપપત્તિ છે' અઘટમાનતા છે માટે 'स्वयं एकस्य पुण्यत्वापास्रवसंवरनिर्जसबंधमोक्षानुपपत्तेः' । અર્થાત્ એકલો જીવ હોય તો પુણ્યાદિ ઘટે નહિં, તેમ એકલો અજીવ હોય તો પણ પુણ્યાદિ ઘટે નહિં, જીવ-અજીવ બન્ને ભેગા થાય તો જ પુણ્યાદિ તત્ત્વ નીપજે. માટે પુણ્યાદિ તત્ત્વ જીવ-અજીવ એ બન્ને રૂપ - ઉભય રૂપ છે, तदुभयं च जीवाजीव.' તેમાં - વિકાર્ય, આસ્રાવ્ય, સંવાર્ય, નિર્જર્ય, બંધ્ય, મોચ્ય એ જીવરૂપ પુણ્યાદિ છે તે જીવ વિકારો છે, અને વિકારક, આસ્રાવક, સંવારક, નિર્જરક, બંધક, મોચક એ અજીવ રૂપ પુણ્યાદિ છે, તે જીવ વિકાર હેતુઓ છે. વિકારકાદિ અજીવ રૂપ પુણ્યાદિ વિકાર આદિ ઉપજાવે છે, તેથી વિકાર્ય આદિ જીવરૂપ ઉપજે છે. આમ આ ઉપરથી આ તત્ત્વો જીવ-અજીવ ઉભય રૂપ પ્રગટ થાય છે - અર્થાત્ પુણ્યાદિ તત્ત્વોની નિષ્પત્તિમાં જીવ-અજીવ એ બન્ને ઘટકો (components) પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી પોતપોતાનો સ્વતંત્ર ભાગ ભજવે છે, આ બન્નેની માત્ર સંયોગ સંબંધ રૂપ 'joint stock company' - સંયુક્ત ભાગીદારી મંડળીમાં બન્ને પોતપોતાનો સ્વતંત્ર ફાળો આપે છે, જીવ જીવરૂપ પુણ્યાદિ તત્ત્વ નિષ્પન્ન કરે છે, અજીવ અજીવરૂપ-પુદ્ગલ રૂપ પુણ્યાદિ તત્ત્વ નિષ્પન્ન કરે છે. અર્થાત્ જીવ ભાવ પુણ્યાદિ રૂપ જીવભાવે જ પરિણમે છે અને પુદ્ગલમય અજીવ દ્રવ્ય પુણ્યાદિ રૂપ અજીવ ભાવે જ પરિણમે છે, બન્ને પરસ્પર નિમિત્ત - નૈમિત્તિક ભાવથી પોતપોતાની પરિણમન પ્રક્રિયા સ્વતંત્ર રીતે સ્વયં જ-પોતે જ કરે છે, જીવ રૂપ પુણ્યાદિ તત્ત્વની જીવ પરિણામધારા અને અજીવ રૂપ પુણ્યાદિ તત્ત્વની અજીવ પરિણામધારા એમ સ્વતંત્રપણે બે ભિન્ન ભિન્ન પરિણામધારા પ્રવર્ત્યા કરે છે, અનાદિથી પ્રવહ્યા કરે છે. એ બન્ને ભિન્ન ભિન્ન પરિણામ ધારાનો સ્પષ્ટ ભેદ અત્રે સ્પષ્ટપણે ખાસ સમજી લેવા યોગ્ય છે, કે જેથી ભેદજ્ઞાનની વજ્રલેપ દૃઢતા થાય છે.

"જીવ અજીવ પદાર્થો, પુણ્ય પાપ આસ્રવ તથા બંધ,
સંવર નિર્જરા મોક્ષ, નવ તત્ત્વ કહ્યાં પદાર્થ સંબંધ.
જીવ અજીવ વિષે તે, નવે તત્ત્વનો સમાવેશ થાય,
વસ્તુ વિચાર વિશેષે, ભિન્ન પ્રબોધ્યા મહાન મુનિરાય." - **શ્રીમદ્ રાજચંદ્રજી**

બહિર્ દૃષ્ટિથી બંધપર્યાય આશ્રી નવતત્ત્વ ભૂતાર્થ છતાં, તેમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રદ્યોતે છે

હવે 'बहिर्दृष्ट्या' - બહિર્દૃષ્ટિથી જોઈએ તો આ નવતત્ત્વો જીવ-પુદ્ગલના અનાદિ બંધપર્યાયને આશ્રી 'अनादिबन्धपर्यायमुपेत्य' - એકપણાથી અનુભવાઈ રહ્યાપણામાં - 'एकत्वेन अनुभूयमानतायां' - ભૂતાર્થ છે - સત્યાર્થ છે, સત્ છે, પરમાર્થ સત્ છે. અર્થાત્ નિરુપચરિત મુખ્ય છે, કાંઈ કલ્પિત નથી, પણ વસ્તુતઃ (In reality) વિદ્યમાન છે, તથારૂપપણે (Actually & factually) અસ્તિત્વ રૂપ - હોવાપણા રૂપ છે, પણ एकजीवद्रव्यस्वभावमुपेत्य - એક જીવ દ્રવ્ય સ્વભાવને આશ્રી अनुभूयमानतायां अभूतार्थानि - અનુભવન રહ્યાપણામાં અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, અસત્ છે, પરમાર્થથી અસત્ છે - મિથ્યા છે, ખોટા છે. કારણકે એ નવ તત્ત્વાદિરૂપ હોવું એ કાંઈ જીવનો સ્વભાવ નથી અથવા જીવના સ્વભાવમાં નથી, નહિં તો એ જો જીવનો સ્વભાવ હોય તો સ્વભાવ કદી મટે નહિં ને જીવનો કદી મોક્ષ ઘટે નહિં. એટલે જીવદ્રવ્યના સ્વભાવ પ્રત્યે દૃષ્ટિ ઠેરવી અનુભવતી વેળાયે પુણ્યાદિ અભૂતાર્થ છે, પરમાર્થથી મિથ્યા છે - અસત્ છે - ખોટા છે. તેથી આ

* "जीवमजीवं द्रव्यं तत्र तदन्ये भवन्ति मोक्षान्ताः ।
चित्पुद्गलपरिणामाः केचित्संयोगजाश्च विभजनजाः ॥" - કવિ રાજમલ્લજી કૃત 'अध्यात्मकमलमार्त्तंड', ૨-૩

નવતત્ત્વોને વિષે ભૂતાર્થ એવા શુદ્ધનયથી - भूतार्थनयेन એક જીવ જ પ્રદ્યોતે છે - પ્રકાશે છે, દિવ્ય ચૈતન્ય જ્યોતિ સ્વરૂપે પ્રકૃષ્ટપણે ઝળહળે છે, एको जीव एव प्रद्योतते ।

''એટલું તો ચોક્કસપણે શ્રદ્ધવું કે જીવથી માંડી મોક્ષ સુધી છે અને મોક્ષનો ઉપાય પણ છે, તેમાં કંઈ પણ અસત્ય નથી. *** 'ઠાણાંગ સૂત્ર'માં કહેવામાં આવ્યું છે કે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ પદાર્થ સદ્‌ભાવ છે, એટલે તેના ભાવ છતા છે, કલ્પવામાં આવ્યા છે એમ નથી.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૫૩ (વ્યાખ્યાનસાર)

તથા નવતત્ત્વની અંતર્ગત વ્યવસ્થા પ્રત્યે દૃષ્ટિ કરતી અંતરૂ દૃષ્ટિથી - 'अंतर्दृष्ट्या' જોઈએ તો


અંતરૂ દૃષ્ટિથી નવતત્ત્વની અંતર્ગત વ્યવસ્થા : ભૂતાર્થનયથી એક જીવ જ તેમાં પ્રદ્યોતે છે

જ્ઞાયકો ભાવો જીવઃ - જાણપણારૂપ જ્ઞાયક ભાવ જીવ છે, जीवस्य विकारहेतुरजीवः - જીવનો વિકાર ઉપજાવનારો વિકારહેતુ - વિકારકારણ તે અજીવ છે, કેવલ જીવવિકારો તે પુણ્યપાપાદિ, કેવલ અજીવ વિકાર હેતુઓ તે પુણ્ય પાપાદિ છે. અર્થાત્ પુણ્ય-પાપાદિ બે પ્રકારના છે : (૧) કેવલ જીવવિકાર પુણ્ય પાપાદિ જીવ (૨) કેવલ અજીવ જીવવિકારહેતુ પુણ્ય પાપાદિ અજીવ જીવના પરિણામ તે કેવલ જીવ વિકાર અને કેવલ અજીવના પરિણામ તે જીવવિકાર હેતુઓ. આમ જીવ અને અજીવ એ બે મૂળ તત્ત્વમાં નવે તત્ત્વ સમાય છે અને જીવ-અજીવ એ બે રાશિ સ્પષ્ટ જૂદી પડે છે : જીવ તથા જીવ વિકાર રૂપ પુણ્ય-પાપાદિ તે જીવરાશિ અને અજીવ તથા અજીવ એવા વિકાર હેતુઓ. રૂપ પુણ્ય પાપાદિ તે અજીવ રાશિ. આમ નવતત્ત્વની સ્પષ્ટ સુરેખ અંતર્ગત તત્ત્વ વ્યવસ્થા છે. જીવ-અજીવ એ બે રાશિમાં વિભક્ત થયેલા આ નવ તત્ત્વો પણ, જીવ દ્રવ્યના સ્વભાવને એક બાજુ મૂકી - 'जीवद्रव्यस्वभावमपोह्य,' स्व-पर प्रत्ययी - જીવ-અજીવ સંયોગથી ઉપજેલા એક દ્રવ્યપર્યાયપણે અનુભવાઈ રહ્યાપણામાં - स्वपरप्रत्ययैकद्रव्यपर्यायतयानुभूयमानतायां' - ભૂતાર્થ છે, भूतार्थानि, સત્યાર્થ છે, सत् છે, પણ सकलकालमेव अस्खलन्तं एकं जीवद्रव्यस्वभावमुपेत्य अनुभूयमानतायां - સકલ કાળ જ અસ્ખલંતા - અખંડ અભંગ એવા એક જીવદ્રવ્ય-સ્વભાવને આશ્રીને અનુભવાઈ રહ્યાપણામાં અભૂતાર્થ છે - अभूतार्थानि, असत्यार्थ છે, असत् છે. તેથી આ નવ તત્ત્વોમાં પણ ભૂતાર્થનયેન - ભૂતાર્થ નયથી એક જીવ જ પ્રદ્યોતે છે - પ્રકૃષ્ટપણે પ્રકાશે છે, एको जीव एव प्रद्योतते, દિવ્ય ચૈતન્યજ્યોતિ સ્વરૂપે ઝગઝગે છે.

એમ एकत्वेन द्योतमानः असौ - એકત્વથી - એકપણાથી દ્યોતમાન - પ્રકાશી રહેલો તે આત્મા શુદ્ધ નયપણાએ શુદ્ધનયપણે કરીને અનુભવાય જ છે, शुद्धनयत्वेन अनुभूयत एव ।

અનુભૂતિ તેજ આત્મખ્યાતિ : આત્મખ્યાતિ તેજ સમ્યગ્ દર્શન

અને या तु अनुभूतिः - આ જે આત્માની અનુભવનતા રૂપ અનુભૂતિ છે, તેજ **'आत्मख्याति'** છે, सा तु आत्मख्यातिः । અર્થાત્ આત્માની - આત્મસ્વરૂપની જેવી વસ્તુગતે વસ્તુરૂપ ખ્યાતિ (પ્રસિદ્ધિ) છે તે આત્મખ્યાતિ છે અને आत्मख्यातिस्तु सम्यग्दर्शनमेव' - જેવી આત્માની ખ્યાતિ - પ્રસિદ્ધિ છે, આત્મખ્યાતિ છે, અર્થાત્ જેવું આત્માનું સ્વરૂપ ખ્યાત છે - પ્રસિદ્ધ છે તેવી આત્મખ્યાતિ (આત્મ પ્રસિદ્ધિ) એ **સમ્યગ્દર્શન જ છે.** આમ આ બધું ય જે કહ્યું તે અનવદ્ય છે, જ્યાં કંઈ પણ કહેવાપણું રહ્યું નથી એવું પરમ નિર્દોષ છે, સાંગોપાંગ સકલ અવિકલ સત્ય છે, इति समस्तं निरवद्यं ।



ગાથા-૧૩ અનુસંધાન પેજ નં. ૧૬૪

હવે પ્રતિપદે વિવિક્ત આત્મજ્યોતિ દર્શાવવાનો કોલ આપતા પરમ આત્મદૃષ્ટા આચાર્યવર્ય અમૃતચંદ્રજી અત્રે પ્રતિપદે ઉદ્યોતમાન આ આત્મજ્યોતિ દેખવાનું આહ્વાન કરતો કળશ લલકારે છે -

માલિની

चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं,
कनकमिव निमग्नं वर्णमालाकलापे ।
अथ सततविविक्तं दृश्यतामेकरूपं,
प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम् ॥८॥

ચિર ઈતિ નવતત્ત્વે છન્ન (છૂપી), આ દેખડા'તી (દોરવાતી), કનક જ્યમ નિમગ્ન વર્ણમાલે કળાતી;
અબ સતત વિવિક્તા દેખજો એકરૂપા, પ્રતિપદ અતિ આ ઉદ્યોતૂતી આત્મજ્યોતિ. ૮

અમૃત પદ-૮

'અવધૂ ! વૈરાગ બેટા જાયા' - એ રાગ

દેખો ! આત્મજ્યોતિ ઝળહળતી ! દેખો ! આત્મજ્યોતિ ઝળહળતી !
ચિર કાળથી જે નવ તત્ત્વોમાં, ગઈ હતી છુપાઈ;
વર્ણમાલમાં નિમગ્ન સુવર્ણ શું, આજે પ્રગટ કરાઈ... દેખો ! ૧
અન્ય સર્વ ભાવોથી તે તો, ભિન્ન સતત દેખાતી;
વિવિક્ત એવી પરમ જ્યોતિ તે, એકરૂપ પેખાતી... દેખો ! ૨
પ્રતિપદે ઉદ્યોતી રહેલી, એકરૂપ તે દેખો !
ભગવાન આતમ જ્યોતિ એવી, (૧) અમૂત મૂર્તિ લેખો... દેખો ! ૩

અર્થ : એમ વર્ણમાલા કલાપમાં નિમગ્ન સુવર્ણની જેમ, ચિરકાળ નવતત્ત્વમાં છન્ન (છુપાયેલ) એવી આ ઉન્નીયમાન ઉત્કટપણે દેખાડાઈ રહેલી (પ્રગટ કરાતી) હવે સતત વિવિક્ત એકરૂપ આ પ્રતિપદે ઉદ્યોતમાન આત્મજ્યોતિ દેખો !

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''તપ કરો. તપ કરો. શુદ્ધ ચૈતન્યનું ધ્યાન કરો. શુદ્ધ ચૈતન્યનું ધ્યાન કરો.''

શ્રીમદ્ રાજચંદ્ર, અં. હાથનોંધ, ૩-૧૦

''ઘટ મંદિર દીપક કિયો, સહજ સુજ્યોતિ સરૂપ,
આપ પરાઈ આપહી, ઠાનત વસ્તુ અનૂપ...
સુહાગણ જાગી અનુભવ પ્રીત.'' -

શ્રી આનંદઘન પદ, ૪

ઉપરમાં **'આત્મખ્યાતિ'**ના ગદ્યભાગમાં જે વિસ્તારથી વિવરી દેખાડ્યું તેનો સારસમુચ્ચય પ્રકાશતા આ પરમ ભાવવાહી કળશમાં આર્ષદૃષ્ટા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** આ અધ્યાત્મ નાટકના દૃષ્ટા-શ્રોતા મુમુક્ષુ આત્માર્થીઓને અત્રે **'પ્રતિપદે'** સતત વિવિક્ત-ભિન્ન દેખાડવામાં આવતી આ **એકરૂપ આત્મજ્યોતિનું** દર્શન કરવાનું પરમ આત્મભાવોલ્લાસથી ઉદ્બોધન કરે છે - પ્રતિપદમિદમાત્મ જ્યોતિરુદ્યોતમાનમ્ - **'પ્રતિપદે'** - પ્રત્યેક પદે - પદે પદે **'આ'** - પ્રત્યક્ષ અનુભૂયમાન **'ઉદ્યોતમાનં'** - ઉદ્યોતતી - ઉત્ - ઉત્કટપણે - પ્રાબલ્યથી દ્યોતતી - પ્રકાશતી - ઝળહળતી આત્મજ્યોતિ હવે સતત

વિવિક્ત પ્રતિપદે આ આત્મજ્યોતિ ઉદ્યોતમાન દેખો !

વિવિક્ત એવી એકરૂપ દેખો ! - 'अथ सततविविक्तं दृश्यतामेकरूपं', હવે - આ ગ્રંથમાં હવે પછી પ્રતિપદે - પ્રત્યેક પદે દેખાડવામાં આવશે એવી **'सतत विविक्त'** - સતત - સતતપણે નિરંતરપણે વિવિક્ત - વિવેક કરેલી - પૃથગ્‌ભૂત - ભિન્ન કરેલી એવી, અત એવ **'એકરૂપ'** - જ્યાં બીજો કોઈ પણ દ્વૈત-ભાવ નહીં હોવાથી અદ્વૈતરૂપ - અદ્વિતીય એવી આ ઉદ્યોતમાન-ઉદ્યોતી રહેલી આત્મજ્યોતિ પ્રતિપદે દેખજો !

ચિર કાળથી નવતત્ત્વમાં છુપાયેલી આ આત્મજ્યોતિ દર્શાવાઈ રહી છે

કેવી છે આ આત્મજ્યોતિ ? અત્યાર સુધી તે ક્યાં સંતાઈ ગઈ - છુપાઈ ગઈ હતી ? 'चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं' - ચિરકાળ એમ નવ તત્ત્વમાં છન્ન-છૂપાયેલી હતી તે ઉન્નીયમાન છે એવી, 'ईति' - એમ એવા પ્રકારે ઉપરમાં વિવરી દેખાડ્યું તેમ નવ તત્ત્વમાં 'છન્ન' - આચ્છાદિત થયેલી - છૂપાઈ ગયેલી - ગુપ્ત રહેલી હતી તે, 'ઉન્નીયમાન' - 'ઉત્' - ઉત્કટપણે પ્રાબલ્યથી 'નીયમાન' - શુદ્ધનયથી દોરી જવાતી - લઈ જવાતી - દર્શાવાઈ રહેલી એવી. કોની જેમ ? कनकमिव निमग्नं वर्णमालाकलापे - વર્ણમાલા કલાપમાં - સમૂહમાં નિમગ્ન કનક-સુવર્ણની જેમ. 'વર્ણમાલા કલાપમાં' - અનેક વર્ણની (વાન/વાળી) સુવર્ણની માલા-પરંપરાના કલાપમાં - સમૂહમાં 'નિમગ્ન' - 'નિ' - નિતાંતપણે અત્યંત મગ્ન-ડૂબી ગયેલ - છુપાઈ ગયેલ સુવર્ણ જેમ, 'ઉન્નીયમાન' - ઉત્ - ઉંચે 'નીયમાન' - દોરી જવાતું - 'જુઓ ! આ સુવર્ણ રહ્યું એમ ઉંચે લઈને બતાવાય તેમ.

વર્ણમાલામાં નિમગ્ન સુવર્ણ જેમ નવતત્ત્વમાં છુપાયેલ પૃથક્ આત્મજ્યોતિનું દર્શન પ્રતિપદે

અર્થાત્ - ઉપરમાં આ ગાથાની **'આત્મખ્યાતિ'** ટીકાના ગદ્યભાગમાં જે કહ્યું તેનું પરમ સુંદર દૃષ્ટાંતથી સમર્થન કરતો આ ઉપસંહારરૂપ કળશ (૮) અત્રે **પરમાર્થ મહાકવીશ્વર અમૃતચંદ્રજીએ** અપૂર્વ આત્મભાવોલ્લાસથી લલકારી અદ્‌ભુત પરમાર્થ પ્રકાશ્યો છે : જેમ કોઈ અનેક વર્ણની - અર્થાત્ એક વર્ણવાળી બે વર્ણવાળી યાવત્ સોળ વર્ણવાળી એમ - અનેક વર્ણવાળી - વિવિધ વાનવાળી સુવર્ણ માલાના સમૂહની અંદર એકસૂત્ર રૂપ સુવર્ણ 'નિમગ્ન' - નિતાંત - અત્યંત ડૂબેલું પડેલું - અત્યંત છુપાયેલું હોય ને તે પ્રગટ ભિન્ન કરી, દેખાડાય તેમ નવતત્ત્વ રૂપ વર્ણમાલા કલાપમાં 'નિમગ્ન' - અત્યંત ડૂબેલી પડેલ એકસૂત્ર રૂપ આ **આત્મજ્યોતિ** 'ચિરકાળથી' - લાંબા વખતથી 'છન્ન' - છુપાયેલી ગુપ્ત રહેલી હતી, તે હવે સતત **'વિવિક્ત'** - પૃથક્ - ભિન્ન કરાયેલી એવી આ એકરૂપ 'ઉદ્યોતમાન' - પ્રકાશમાન છે, તે અત્રે **'પ્રતિપદે'** - પ્રત્યેક પદમાં પ્રગટ દેખાડવામાં આવી રહેલી છે તે દેખો ! જેમ વિવિધવર્ણી સુવર્ણ માલાના કલાપમાં - સમૂહમાં એક સૂત્ર-રૂપ સુવર્ણનો વર્ણ (વાન) સૂત્રની જેમ પરોવાયેલો છે, છતાં અન્ય ધાતુના સંમિશ્રણ આડે તે છુપાયેલો હોઈ દેખાતો નથી, પણ અન્ય ધાતુને પૃથક્ કરી - અલગ પાડી બારીકીથી કસોટીથી કસી જોતાં તેમાંથી એકસૂત્રરૂપ સુવર્ણનો દોરો (સૂત્ર) પસાર થતો દેખાય છે, તેમ નવતત્ત્વ રૂપ સુવર્ણમાલામાં આત્મા રૂપ સુવર્ણ-સૂત્ર પરોવાયેલ છે, છતાં પરવસ્તુ રૂપ અન્ય ધાતુના સંમિશ્રણ આડે તે છુપાયેલો હોઈ દેખાતો નથી, પણ શુદ્ધનયરૂપ તેજાબના પ્રયોગથી પરવસ્તુરૂપ અન્ય ધાતુને પૃથક્ કરી - અલગ પાડી સૂક્ષ્મપણે પરીક્ષણ કરતાં, તત્ત્વ કસોટીથી કસી અંતસ્તત્ત્વ નિરીક્ષણ કરતાં, તેમાંથી એકસૂત્રરૂપ આ આત્મા જ પસાર થતો દેખાય છે. તથાપિ નવતત્ત્વની સુવર્ણમાળામાં ચિરકાળથી, છુપાયેલું - ગુપ્ત રહેલું અને ચિરકાળથી જ્ઞાનીઓએ છુપાવેલું - ગુપ્ત રાખેલું - ગોપવેલું આ આત્મારૂપ - સુવર્ણ સૂત્ર અજ્ઞજનોની દૃષ્ટિએ પડતું નથી, તે નવતત્ત્વના પરમ ગુપ્ત રહસ્યભૂત આ આત્મારૂપ સુવર્ણ સૂત્રનું હવે અત્રે શાસ્ત્ર-સૂત્રમાં અને તેની વ્યાખ્યા કરતા **'આત્મખ્યાતિ'** - સૂત્રમાં અને તેના વિશિષ્ટ અંગભૂત પ્રત્યેક કળશ કાવ્યમાં સતત 'વિવિક્તપણે' - પૃથક્ - ભિન્નપણે - પૃથક્ ભેદજ્ઞાનપણે અમે દર્શન કરાવશું, અર્થાત્ આ શાસ્ત્ર-સૂત્રમાં **નવે તત્ત્વના અધિકારમાં** અને તેના ઉપસંહારરૂપ **સર્વ વિશુદ્ધજ્ઞાન** અધિકારમાં પ્રત્યેક પદે એકસૂત્ર રૂપ આ **'વિવિક્ત'** - પૃથગ્‌ભૂત **આત્મજ્યોતિનું** દર્શન કરાવવામાં આવશે, શુદ્ધનયથી - નિશ્ચયનયથી તે પ્રત્યે દોરી જવામાં આવશે, ઉત્કૃષ્ટપણે નયન કરવામાં આવશે, 'उन्नीयमानं' ; - તે

દિવ્ય આત્મપ્રકાશથી ઝળહળતી દિવ્ય આત્મજ્યોતિનું આ 'આત્મખ્યાતિ'ના અને તેના પરમ વિશિષ્ટ અંગભૂત આ 'સુવર્ણ' કળશોના 'પ્રતિપદે' - પ્રત્યેક પદે ઉદ્યોતન કરવામાં આવશે. એટલે અત્રે પદે પદે તે દિવ્ય આત્મજ્યોતિનું દર્શન કરી હે આત્માર્થી મુમુક્ષુ સંત જનો ! તમે શુદ્ધ આત્માનુભૂતિરૂપ પરમાર્થ સમ્યગ્દર્શનને પામો ! પદે પદે અમે જેમ કરી રહ્યા છીએ તેમ શુદ્ધ આત્માનુભવ કરતા રહી સાક્ષાત્ 'આત્મખ્યાતિ' અનુભવ સિદ્ધ કરો ! એમ અત્રે પ્રતિપદે વિવિક્ત આત્મજ્યોતિ દર્શાવવાનો કોલ આપતાં - અત્રે પ્રત્યેક મુમુક્ષુને પરમાર્થ પ્રેરણાનો દિવ્ય ધ્વનિ સૂચવતાં જીવન્મુક્ત પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ દિવ્ય વાણીથી પ્રતિજ્ઞાની ઉદ્‌ઘોષણા કરી છે કે - અમે અત્રે પદે પદે સ્વયં અનુભવસિદ્ધ કરેલો શુદ્ધ આત્મા (સમયસાર) પ્રગટ ભિન્નપણે દેખાડશું, તેને હે મુમુક્ષુઓ ! તમે પણ આત્માઅનુભવ પ્રત્યક્ષથી પદે પદે પ્રત્યક્ષ દેખજો !

આ સમયસાર અલૌકિક અધ્યાત્મ (નવાંકી) નાટક છે. આ નવતત્ત્વમાં પ્રત્યગ્ આત્મજ્યોતિનું - સમયસારનું દર્શન કરાવતું આ સમયસાર અલૌકિક નવાંકી નાટક છે, એવી મહાન્ કવિ કલ્પના મહાન્ અધ્યાત્મ નાટ્યકાર પરમાર્થ-મહાકવીશ્વર આર્ષદૃષ્ટા - અમૃતચંદ્રાચાર્યજીએ અત્રે કરી, આ અલૌકિક અધ્યાત્મ નાટકની તત્ત્વકલામય સાંગોપાંગ સમસ્ત રૂપક ઘટના અપૂર્વ અદ્‌ભુત તત્ત્વકળાથી કરી છે. તેમાં - જેમ નાટકના પૂર્વરંગમાં નાટ્યવસ્તુનું સૂચન કરતાં સૂત્રધાર નાટકકાર દૃષ્ટા-શ્રોતા સભાજનોનો આ આવા નાટકનું દર્શન કરાવવામાં આવે છે તે દેખો ! એમ ભાવવાહી આહ્વાન કરે છે, તેમ આ સમયસારનું - શુદ્ધ આત્માનું દર્શન કરાવતા આ સમયસાર અધ્યાત્મ મહાનાટકના પૂર્વરંગમાં આ નાટક વસ્તુનું સૂચન કરતાં મહાઅધ્યાત્મ નાટકકાર સૂત્રધાર 'આત્મખ્યાતિ' સૂત્રકાર અત્રે પ્રતિપદે સતત વિવિક્ત આ એકરૂપ ઝળહળી રહેલી આત્મજ્યોતિ દેખાડવામાં આવશે તે દેખો ! અનુભવ - પ્રત્યક્ષ કરો ! એમ પરમ ભાવવાહી આહ્વાન કરે છે.



आत्मख्याति टीका

अथैवमेकत्वेन द्योतमानस्यात्मनोऽधिगमोपायाः प्रमाणनयनिक्षेपाः ये
ते खल्वभूतार्थास्तेष्वप्येक एव भूतार्थः ।

प्रमाणं तावत्परोक्षं प्रत्यक्षं च । तत्रोपात्तानुपात्तपरद्वारेण प्रवर्त्तमानं परोक्षः ।
केवलमात्मप्रतिनियतत्वेन वर्तमानं प्रत्यक्षं च ।

तदुभयमपि -

प्रमातृप्रमाणप्रमेयभेदस्या - मथ च व्युदुस्तसमस्तभेदैकजीवस्वभावस्या-
नुभूयमानतायां भूतार्थ - नुभूयमानतायाम् अभूतार्थम् ।

नयस्तु द्रव्यार्थिकश्च पर्यायार्थिकश्च । तत्र-द्रव्यपर्यायात्मके वस्तुनि
द्रव्यं मुख्यतयानुभावयतीति द्रव्यार्थिकः, पर्यायं मुख्यतयानुभावयतीवि पर्यायार्थिकः ।

तदुभयमपि -

द्रव्यपर्याययोः अथ च द्रव्यपर्यायानालीढशुद्धवस्तुमात्र
पर्यायेणानुभूयमानतायां भूतार्थं जीवस्वभावस्यानुभूयमानतोयाम् अभूतार्थम् ।

निक्षेपस्तु नाम स्थापना द्रव्यं भावश्च । तत्रा -

तद्गुणे वस्तुनि संज्ञाकरणं नाम, सोयमित्यन्यत्र प्रतिनिधिव्यवस्थापनं स्थापना,
वर्तमानतत्पर्यायादन्यद् द्रव्यं, वर्तमानतत्पर्यायो भावः -

तच्चतुष्टयं -

स्वस्वलक्षणवैलक्षण्येना - अथ च निर्विलक्षणस्वलक्षणैक -
नुभूयमानतायां भूतार्थं जीवस्वभावस्यानुभूयमानतायाम् अभूतार्थं ।
अथैवममीषु प्रमाणनयनिक्षेपेषु भूतार्थत्वेनैको जीव एव प्रद्योतते ॥

आत्मभावना -

अथैवमेकत्वेन द्योतमानस्यात्मनोऽधिगमोपायाः - હવે એમ એકત્વથી દ્યોતમાન-પ્રકાશમાન આત્માના અધિગમ ઉપાયો - જાણવાના ઉપાયો જે પ્રમાણ-નય-નિક્ષેપો તે खल्वभूतार्था - તેઓ ખરેખર ! નિશ્ચયે કરીને અભૂતાર્થ છે, तेष्वप्येक एव भूतार्थ - તેઓમાં પણ આ-આત્મા એક જ ભૂતાર્થ છે.

प्रमाणं तावत्परोक्षं प्रत्यक्षं च - પ્રથમ તો પ્રમાણ પરોક્ષ અને પ્રત્યક્ષ. तत्र - તેમાં उपात्तानुपात्तपरद्वारेण प्रवर्तमानं परोक्षं - ઉપાત્ત-ઉપગૃહીત અથવા અનુત્પાત્ત-અનુગૃહીત પરદ્વારા પ્રવર્તમાન - પ્રવર્તી રહેલું તે પરોક્ષ, केवलमात्मप्रतिनियतत्वेन वर्तमानं प्रत्यक्षं च - અને કેવલ-માત્ર આત્મપ્રતિનિયતપણાથી વર્તમાન-વર્તી રહેલું તે પ્રત્યક્ષ. तदुभयमपि भूतार्थं - તે ઉભય પણ - બન્નેય ભૂતાર્થ છે. ક્યારે ? प्रमातृप्रमाणप्रमेयभेदस्यानुभूयमानतायां - પ્રમાતા-પ્રમાણ-પ્રમેયના ભેદના અનુભૂયમાનપણામાં, અનુભવન કરાઈ રહ્યાપણામાં. अथ च अभूतार्थं - અને એમ છતાં અભૂતાર્થ છે, ક્યારે ? व्युदस्त समस्तभेदैकजीवस्वभावस्यानुभूयमानतायां - સમસ્ત ભેદ જ્યાં વ્યુદસ્ત છે - वि+उद्+अस्त = વિશેષે કરીને ઉત્કટપણે અસ્ત થઈ ગયા છે, અત્યંત પણે ફગાવાઈ ગયા છે એવા એક જીવ સ્વભાવના અનુભૂયમાનપણામાં - અનુભવાઈ

આત્મખ્યાતિ ટીકાર્થ

એમ એકત્વથી દ્યોતમાન (પ્રકાશમાન) આત્માના અધિગમ ઉપાયો - પ્રમાણ-નય-નિક્ષેપો જે ખરેખર ! નિશ્ચયથી અભૂતાર્થ છે, તેઓમાં પણ આ (આત્મા) એક જ ભૂતાર્થ છે.

પ્રથમ તો પ્રમાણ પરોક્ષ અને પ્રત્યક્ષ. તેમાં -

ઉપાત્ત-અનુપાત્ત (ઉપગૃહીત-અનુપગૃહીત) એવા પરદ્વારા પ્રવર્ત્તમાન તે પરોક્ષ અને કેવલ આત્મ પ્રતિનિયતપણાથી વર્તમાન તે પ્રત્યક્ષ. તે ઉભય પણ -

પ્રમાતૃ-પ્રમાણ-પ્રમેય ભેદના	અને છતાં સમસ્ત ભેદ જ્યાં વ્યુદસ્ત છે
અનુભૂયમાનપણામાં	એવા એક જીવસ્વભાવના અનુભૂયમાનપણામાં
ભૂતાર્થ છે :	અભૂતાર્થ છે.

અને નય તો દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. તેમાં-દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુમાં-દ્રવ્યને મુખ્યતાથી અનુભાવાવે તે દ્રવ્યાર્થિક, પર્યાયને મુખ્યતાથી અનુભવાવે તે પર્યાયાર્થિક. તે ઉભય પણ -

દ્રવ્ય-પર્યાયના	અને છતાં દ્રવ્ય-પર્યાયથી અનાલીઢ શુદ્ધવસ્તુ માત્ર
પર્યાયથી (ક્રમથી) અનુભૂયમાન ણામાં	જીવ સ્વભાવના અનુભૂયમાનપણામાં
ભૂતાર્થ છે :	અભૂતાર્થ છે.

અને નિક્ષેપ તો નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. તેમાં -

અતદ્ગુણ વસ્તુમાં સંજ્ઞાકરણ તે નામ, 'તે આ' એમ અન્યત્ર પ્રતિનિધિનું વ્યવસ્થાપન તે સ્થાપના, વર્તમાન તત્ પર્યાયથી અન્ય તે દ્રવ્ય, વર્તમાન તત્ પર્યાય તે ભાવ. તે ચતુષ્ટય -

સ્વ સ્વલક્ષણના વૈલક્ષણ્યથી	અને છતાં નિર્વિલક્ષણ સ્વલક્ષણવાળા
અનુભૂયમાનપણામાં	એક જીવસ્વભાવના અનુભૂયમાનપણામાં
ભૂતાર્થ છે :	અભૂતાર્થ છે.

એટલે એમ આ પ્રમાણ-નય-નિક્ષેપોમાં ભૂતાર્થપણાથી એક જીવ જ પ્રદ્યોતે છે.

રહ્યાપણામાં.

नयस्तु द्रव्यार्थिकश्च पर्यायार्थिक श्च - અને નય તો દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. तत्र - તેમાં, द्रव्य पर्यायात्मके वस्तुनि - દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુમાં द्रव्यं मुख्यतयानुभावतीति द्रव्यार्थिकः - દ્રવ્યને મુખ્યતાથી અનુભવાવે તે દ્રવ્યાર્થિક, पर्यायं मुख्यतयानुभावयतीति पर्यायार्थिकः - પર્યાયને મુખ્યતાથી અનુભવાવે તે પર્યાયાર્થિક. तदुभयमपि भूतार्थं - તે ઉભય પણ - બન્નેય ભૂતાર્થ છે, ક્યારે ? द्रव्यपर्याययोः पर्यायेणानुभूयमानतायां - દ્રવ્યના અને પર્યાયના પર્યાયથી - વારા ફરતી ક્રમથી અનુભૂયમાનપણામાં - અનુભવાઈ રહ્યાપણામાં, अयं च अभूतार्थं - અને એમ છતાં અભૂતાર્થ છે, ક્યારે ? द्रव्यपर्यायानालीढशुद्धवस्तुमात्र जीवस्वभावस्यानुभूयमानतायां - દ્રવ્ય-પર્યાયથી અનાલીઢ - આલીઢ નથી - દ્રવ્ય કે પર્યાયથી મુખ્ય વા-ગૌણના પ્રત્યે જે ઢળતો નથી. શુદ્ધ વસ્તુમાત્ર જીવ સ્વભાવના અનુભૂયમાનપણામાં - અનુભવાઈ રહ્યાપણામાં.

निक्षेपस्तु नाम स्थापना द्रव्यं भावश्च - અને નિક્ષેપ તો નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. तत्र - તેમાં, अतद्गुणे वस्तुनि संज्ञाकरणं नाम - અતદ્ગુણ વસ્તુમાં - તેના ગુણનો જ્યાં અભાવ છે એવી અતદ્ગુણ વસ્તુમાં સંજ્ઞાકરણ - સંજ્ઞાનું - નામનું કરણ - કરવું તે નામ, सोयमित्यन्यत्र प्रतिनिधि व्यवस्थापनं स्थापना - 'તે આ' એમ અન્યત્ર - અન્ય સ્થળે પ્રતિનિધિનું વ્યવસ્થાપનં - (વિ+અવ+સ્થાપન) તે સ્થાપના, वर्तमान तत्पर्यायादन्यद् द्रव्यं - વર્તમાન તત્ પર્યાયથી - તેના પર્યાયથી અન્ય તે દ્રવ્ય, वर्तमान तत्पर्यायो भावः - વર્તમાન તત્પર્યાય - તેનો પર્યાય તે ભાવ. तच्चतुष्टयं भूतार्थं - તે ચતુષ્ટય, ચારેયનો સમૂહ ભૂતાર્થ છે, ક્યારે ? स्वस्वलक्षणवैलक्षण्येनामुभूयमानतायां - સ્વ સ્વ - પોતપોતાના લક્ષણના વૈલક્ષણ્યથી - વિલક્ષણપણાથી - વિશેષલક્ષણ પણાથી અનુભૂયમાનપણામાં - અનુભવાઈ રહ્યાપણામાં, अयं च अभूतार्थं - અને એમ છતાં અભૂતાર્થ છે, ક્યારે ? निर्वि लक्षणैकजीवस्वभावस्यानुभूयमान तायां - નિર્વિલક્ષણ - વિલક્ષણ નહિ

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"નાના પ્રકારના નય, નાના પ્રકારનાં પ્રમાણ, નાના પ્રકારની ભંગજાળ, નાના પ્રકારના અનુયોગ એ સઘળાં લક્ષણા રૂપ છે. લક્ષ એક સચ્ચિદાનંદ છે." - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૮૦

''નય નિક્ષેપે રે જેહ ન જાણિયે, નવિ જિહાં પ્રસરે પ્રમાણ;

શુદ્ધ સ્વરૂપે રે તે બ્રહ્મ દાખવે, કેવલ અનુભવ ભાણ... વીર જિનેશ્વર પરમેશ્વર જ્યો.''

- શ્રી આનંદઘનજી

એમ એકપણે 'દ્યોતમાન' - પ્રકાશમાન આત્માના જે 'અધિગમ ઉપાયો' - જાણવાના ઉપાયો પ્રમાણ-નય-નિક્ષેપો છે, તે અખંડ અભેદ વસ્તુમાં ખંડ ખંડ ભેદ કલ્પનાનું ઉદ્ભાવન કરતા હોઈ, નિશ્ચયથી અભૂતાર્થ છે, 'તે ખલુ અભૂતાર્થા', છતાં વસ્તુ સ્વરૂપ સમજવા માટે તેઓનો આશ્રય કરવો પડે છે અને તેઓમાં પણ આ શુદ્ધ આત્મા એક જ ભૂતાર્થ છે - 'અયમેક એવ ભૂતાર્થ', અર્થાત્ તે નિશ્ચયથી અભૂતાર્થ છતાં ભેદ કલ્પના વ્યવહારથી ભૂતાર્થ પ્રમાણાદિનો આશ્રય કરીને પણ આ શુદ્ધ આત્મા એક જ સમજવો ને પામવો એ જ ભૂતાર્થ છે.

તેમાં - પ્રથમ પ્રમાણ બે પ્રકારે છે : પરોક્ષ અને પ્રત્યક્ષ. 'उपात्तानुपात्तपरद्वारेण प्रवर्त्तमानं परोक्षं' - 'ઉપાત્ત' - ઉપ-ગ્રહણ કરેલ અને 'અનુપાત્ત' - નહિ ઉપગ્રહણ કરેલ એવા પરદ્વારા 'પ્રવર્ત્તમાન' - પ્રવર્તી રહેલ તે **પરોક્ષ** અને 'કેવલ' - માત્ર આત્મપ્રતિનિયતપણાએ કરી 'વર્તમાન' - વર્તી રહેલ તે **પ્રત્યક્ષ**, केवलात्मनियतत्वेन वर्तमानं प्रत्यक्षं આ બન્ને પ્રમાણ પણ પ્રમાતૃ-પ્રમાણ-પ્રમેયના ભેદની 'અનુભૂયમાનતામાં' - અનુભવન કરાઈ રહેવાપણામાં - અનુભવન કરાતી વેળાયે ભૂતાર્થ છે, પણ 'व्युदस्तसमस्तभेदैकजीवस्वभावस्य अनुभूयमानतायां' - જ્યાં સમસ્ત ભેદ 'વ્યુદસ્ત છે' - વિ-ઉદ્-અસ્ત- વિશેષે કરીને ઉત્કટપણે અસ્ત થયા છે - જીવ સ્વભાવની 'અનુભૂયમાનતામાં' - અનુભવન કરાઈ રહેવાપણામાં - અનુભવન કરાતી વેળાયે **અભૂતાર્થ** છે. અર્થાત્ પ્રમાતૃ-પ્રમાણ-પ્રમેય એ સર્વ પોતપોતાના સ્વરૂપે 'ભૂતાર્થ' છે - સત્ સાચા છે અને વસ્તુસ્વરૂપ સમજવા માટે પ્રયોજનભૂત હોઈ વસ્તુ સમજવા પૂરતા ઉપકારી છે, પણ સ્વરૂપ સમજાયા પછી જ્યાં અખંડ આત્મવસ્તુનો-શુદ્ધ એક જ્ઞાયક ભાવનો સાક્ષાત્ અનુભવ વર્તે છે, ત્યાં પછી તે પ્રમાણનું કાંઈ પ્રયોજન રહેતું નથી, ત્યારે પ્રમાણ અકિંચિત્કર હોઈ 'અભૂતાર્થ' છે - અસત્ છે, અથવા ત્યાં આત્મા પોતે પ્રમાતૃ છે, આત્મા જ પ્રમાણ છે અને આત્મા જ પ્રમેય છે, એટલે તે પ્રમાતૃ આદિ ભેદ રહેતો નથી, એટલે પણ પ્રમાણનું કોઈ પ્રયોજન રહેતું નથી, એમ પણ અર્થ ઘટાવી શકાય છે.

પ્રમાણ ભેદ - અનુભવન વેળાએ ભૂતાર્થ છતાં જીવ - સ્વભાવ અનુભવન વેળાએ અભૂતાર્થ

''નય નિક્ષેપ પ્રમાણે જાણે તે જીવાજીવ, સ્વપર વિવેચન કરતાં થાયે લાભ સદીવ,

નિશ્ચય ને વ્યવહારે વિચરે જે મુનિરાજ, ભવસાગરના તારણ નિર્ભય તેજ જિહાજ.''

- શ્રી દેવચંદ્રજી પ્રણીત અધ્યાત્મ ગીતા, ૪૬

નય બે પ્રકારે છે - દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. તેમાં - દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુમાં જે દ્રવ્યને 'મુખ્યતાથી' - મુખ્યપણાથી અનુભવ કરાવે તે **દ્રવ્યાર્થિક નય**, અને પર્યાયને 'મુખ્યતાથી' - મુખ્યપણાથી

એવા - વિશેષ લક્ષણવાળા નહિં એવા એક જીવ સ્વભાવના અનુભૂયમાનપણામાં - અનુભવાઈ રહ્યાપણામાં.

આ ઉપરથી શું ફલિત થાય છે ? अथैवममीषु प्रमाणनयनिक्षेपेषु भूतार्थत्वेनैको जीव एव प्रद्योतते - એટલે એમ આ પ્રમાણ-નય નિક્ષેપોમાં ભૂતાર્થપણાએ કરી એક જીવ જ પ્રદ્યોતે છે - પ્રકૃષ્ટપણે દ્યોતે છે - પ્રકાશે છે - ઝળહળે છે. ॥ ઇતિ **'આત્મખ્યાતિ'** આત્મભાવના ॥૧૩॥

અનુભવ કરાવે તે. **પર્યાયાર્થિક નય.** તે બન્નેય 'द्रव्यपर्याययोः पर्यायेण अनुभूयमानतायां' દ્રવ્ય-પર્યાયની 'પર્યાયથી' - વારા ફરતી ક્રમે 'અનુભૂયમાનતામાં' - અનુભવન કરાઈ રહેવાપણામાં - અનુભવન કરતી વેળાએ 'ભૂતાર્થ છે' - સત્ છે, પણ 'દ્રવ્ય-પર્યાયથી અનાલીઢ' - દ્રવ્ય કે પર્યાયાર્થ પ્રત્યે નહિ ઢળેલ એવા શુદ્ધ વસ્તુમાત્ર જીવ સ્વભાવની 'અનુભૂયમાનતામાં' - અનુભવન કરાઈ રહેવાપણામાં - અનુભવન કરાતી વેળાએ 'અભૂતાર્થ છે' - અસત્ છે.

નય સ્વઅપેક્ષાએ ભૂતાર્થ છતાં શુદ્ધ સ્વભાવ અનુભવ વેળાયે અભૂતાર્થ

અર્થાત્ નય એ પણ વસ્તુના સદંશનું સ્વરૂપ સમજાવનાર અપેક્ષાવિશેષ છે. દ્રવ્યની મુખ્યતાની અપેક્ષાએ કે પર્યાયની મુખ્યતાની અપેક્ષાએ વારાફરતી પ્રયોજવામાં આવતો તે તે નય પ્રયોજનભૂત હોઈ તેની વિવક્ષિત અપેક્ષાના અનુભવ પૂરતા સ્વસ્વરૂપે સાચો-સત્ય છે, ભૂતાર્થ છે, પણ દ્રવ્યથી કે પર્યાયથી જે આલીઢ નથી - દ્રવ્યની કે પર્યાયની મુખ્યતા-ગૌણતા પ્રત્યે જે ઢળતો નથી એવા શુદ્ધ વસ્તુમાત્ર જીવ સ્વભાવનો જ્યારે અનુભવ કરાય છે, ત્યારે અસત્ય-અસત્ છે, અભૂતાર્થ છે. કારણકે તે તે નય તો કૃત્રિમ ભેદ ઉદ્ભાવન કરી અખંડ અભેદ વસ્તુના એક અંશનો જ ખંડખંડ ખ્યાલ માત્ર આપે છે, પણ જ્યારે સમગ્ર અખંડ વસ્તુ જ સાક્ષાત્ પ્રત્યક્ષ અનુભવાય છે, ત્યારે પછી ત્યાં નયની અપેક્ષા કે પ્રયોજન રહેતું નથી, એટલે ત્યારે નય અકિંચિત્કર - અપ્રયોજનભૂત હોઈ અભૂતાર્થ છે.

નિક્ષેપ* ચાર પ્રકારના છે - નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ. તેમાં (૧) अतद्गुणे वस्तुनि संज्ञाकरणं નામ - તદ્ગુણનો - તેના ગુણનો જ્યાં અભાવ છે તેવા પ્રકારના ગુણ જ્યાં છે નહિ એવી તે તે ગુણ વિહોણી 'અતદ્ગુણ' વસ્તુમાં 'સંજ્ઞાકરણ' - સંજ્ઞા કરવી - નામ આપવું તે નામ નિક્ષેપ છે. (૨) सोऽयं इति अन्यत्र प्रतिनिधि-व्यवस्थापनं સ્થાપના - 'તે આ' એમ 'અન્યત્ર' - અન્ય સ્થળે પ્રતિનિધિનું વ્યવસ્થાપન - વિ-વિશેષે કરીને અવસ્થાપન કરવું તે સ્થાપના છે. (૩) वर्त्तमानतत्पर्यायाद् अन्यद् द्रव्यं - 'વર્તમાન' - વર્તી રહેલા 'તત્ પર્યાયથી' - તેના પર્યાયથી 'અન્ય' - બીજું - જૂદું તે દ્રવ્ય. (૪) वर्त्तमानतत्पर्यायः भावः - 'વર્તમાન' - વર્તી રહેલો 'તત્ પર્યાય' - તે પર્યાય તે ભાવ.

નામાદિ ચાર નિક્ષેપ સ્વસ્વરૂપે ભૂતાર્થ છતાં, શુદ્ધ સ્વભાવના અનુભવ વેળાયે અભૂતાર્થ

આ ચારેય નિક્ષેપ 'स्वस्वलक्षणवैलक्षण्येन' પોતપોતાના લક્ષણના વિલક્ષણપણાથી - વિશિષ્ટ લક્ષણપણાથી અનુભવન કરાતી વેળાયે ભૂતાર્થ છે, 'निर्विलक्षण' **પણ નિર્વિલક્ષણ - વિશિષ્ટ ભેદ રૂપ લક્ષણ રહિત એવો स्वलक्षण રૂપ** स्वलक्षण - एकजीवस्वभावस्य - એક જીવ સ્વભાવ અનુભવન કરાતી વેળાયે - અભૂતાર્થ છે. કારણકે નિક્ષેપો પણ અખંડ વસ્તુમાં ભેદનું ઉદ્ભાવન કરતા હોઈ વસ્તુનું સ્વરૂપ સમજવા માટે કોઈ પ્રકારે ઉપયોગી છે. અર્થાત્ તે તે નિક્ષેપો અમુક અમુક પ્રકારોથી ખંડ ખંડ કલ્પના વડે અખંડ અભેદ વસ્તુનું સ્વરૂપ સમજાવે છે, પણ જ્યારે સંપૂર્ણ સ્વલક્ષણસંપન્ન સાક્ષાત્ પ્રત્યક્ષ સહજાત્મસ્વરૂપ અનુભવાય છે, ત્યારે તે પરોક્ષ રૂપ નિક્ષેપોનું અપ્રયોજનભૂત પણું હોઈ, તે અભૂતાર્થ હોય છે, અસત્... અકિંચિત્કર હોય છે, એમ આ પ્રમાણ-નય - નિક્ષેપોમાં ભૂતાર્થપણે એક જીવ જ પ્રદ્યોતે છે - एको जीव एव प्रद्योतते ---

---

* "या निमित्तान्तरं किञ्चिदनपेक्ष्य विधीयते । द्रव्यस्य कस्यचित् संज्ञा तन्नाम परिकीर्तितम् ॥
सोऽयमित्यक्षकाष्ठादेः संबन्धेनान्यवस्तुनि । यद् व्यवस्थापनामात्रं स्थापना साभिधीयते ॥
भाविनः परिणामस्य यत्प्राप्तिं प्रति कस्यचित् । स्याद्गृहीताभिमुख्यं हि तद्द्रव्यं ब्रुवते जिनाः ॥
वर्तमानेन यत्तेन पर्यायणोपलक्षितम् । द्रव्यं भवति भावं तं वदन्ति जिनपुंगवाः ॥"

- श्री अमृतचंद्राचार्यજી કૃત तत्त्वार्थसार

** "प्रमाणनयनिक्षेपा अर्वाचीने पदे स्थिताः ।
केवले च पुनस्तस्मिंतदेकः प्रतिभासते ॥" - **श्री पद्मनंदि पं.वि. એકત्वसप्तति, १૬**

જુઓ तत्वार्थ सार (श्री अमृतचंद्राचार्यજી प्रणीत)

'મિટે કલપના જલપના, તબ વસ્તુ તિન પાઈ'

આમ અખંડ વસ્તુમાં ભેદ કલ્પના કરનારા પ્રમાણ-નય-નિક્ષેપો એ બધા વિકલ્પો સાક્ષાત્ આત્મવસ્તુની અનુભૂતિની અપેક્ષાએ માત્ર કલ્પના-જલ્પના રૂપ છે. કારણકે અતીન્દ્રિય વસ્તુનો માત્ર આછો ઉપરછલો કલ્પિત ખ્યાલ તે આપી શકે છે. પણ પરમ નિશ્ચય સ્વરૂપ આત્મવસ્તુનું સાક્ષાત્ સહજ શુદ્ધ સ્વરૂપ જ્યારે અનુભૂતિથી પ્રગટ અનુભવાય છે, ત્યારે તે બધી કલ્પના-જલ્પના જાલ મટે છે. અથવા પ્રકારાંતરે કહીએ તો તે કલ્પના-જલ્પના જ્યારે મટે છે ત્યારે વસ્તુ તેણે પ્રગટ પ્રાપ્ત કરી એમ જાણવું, કારણકે પરમ નિશ્ચય સ્વરૂપ સાક્ષાત્ આત્મવસ્તુ જ્યાં દિવ્ય અનુભૂતિ ચક્ષુથી દેખાય છે, ત્યાં પછી કલ્પના-જલ્પના કરવાપણું રહેતું નથી : અને કલ્પના-જલ્પના હોય છે ત્યાં સુધી તેણે સાક્ષાત્ વસ્તુ દીઠી જ નથી. વર્તમાન યુગના પરમ સંતશિરોમણિ પરમ આત્માનુભવી પરમ આત્મદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીના ટંકોત્કીર્ણ સહજ અનુભવોદ્‌ગાર છે કે -

''જહાં કલપના જલપના, તહાં માનો દુઃખ છાંઈ;
મિટે કલપના જલપના, તબ વસ્તુ તિન પાઈ.'' - શ્રીમદ્ રાજચંદ્રજી, હાથનોંધ

''અલખ અગોચર અનુપમ અર્થનો, કોણ કહી જાણે રે ભેદ?
સહજ વિશુદ્ધ રે અનુભવવયણ જે, શાસ્ત્ર તે સઘળો રે ખેદ.''

- શ્રી આનંદઘનજી ('વીર જિન' સ્તવન)



આ આત્મજ્યોતિ અનુભવમાં આવ્યે અમને નય-નિક્ષેપ-પ્રમાણાદિ દ્વૈત ભાસતું નથી એવા ભાવનો ઉપસંહાર રૂપ ઉત્થાનિકા કળશ સંગીત કરે છે -

(मालिनी)

उदयति न नयश्रीरस्तमेति प्रमाणं,
क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रं ।
किमपरमभिदध्मो धाम्नि सर्वंकषेऽस्मि -
न्ननुभवमुपयाते भाति न द्वैतमेव ॥९॥

ઉદયત્ ન નયશ્રી અસ્ત પામે પ્રમાણ, ક્વચિત્ ન જ લહીએ જાય નિક્ષેપ ગ્રામ
અપર શું જ કહીએ ? ધામ સર્વંકષી આ, અનુભવ મહિં આવ્યે દ્વૈત તો ભાસતું ના. ૯

અમૃત પદ-૯

'અવધૂ ! ક્યા સોવે તન મઠ મેં - એ રાગ.
જબ આત્મજ્યોતિ આ પ્રગટે, તબ દ્વૈત ભાવ સબ વિઘટે... જબ. ૧
નય લક્ષ્મીનો ઉદય ન જામે, પ્રમાણ અસ્ત જ પામે... જબ.
ક્યાંઈ જાય નિક્ષેપ-ન લહીએ, બીજું તો શું કહીએ ?... ૨
સર્વંકષ આ ધામ સ્વભાવે, ભગવાન અનુભવ આવે,
તબ તો દ્વૈત જ કાંઈ ન ભાસે, અમૃત જ્યોતિ પ્રકાશે... જબ. ૩

અર્થ : નયશ્રી ઉદય પામતી નથી, પ્રમાણ અસ્ત પામી જાય છે અને નિક્ષેપ ચક્ર અમે નથી જાણતા ક્યાંય ચાલ્યું જાય છે ! બીજું અમે શું કહીએ ? આ સર્વંકષ (સર્વગ્રાહી) ધામ (તેજ) અનુભવમાં આવ્યે દ્વૈત જ ભાસતું નથી.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વ અન્ય ભાવથી આત્મા રહિત છે, કેવળ એમ
જેને અનુભવ વર્તે છે, તે મુક્ત છે.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૧૩), ૭૭૯
''જલધર બુંદ સમુદ્ર સમાણી, ભિન્ન કરત કોઉ તાસ મહીરી ?
દ્વૈત ભાવકી ટેવ અનાદિ, છિનમેં તાકું આજ દહીરી...
અબ લાગી, અબ લાગી.'' - શ્રી ચિદાનંદજી, પદ-૨૪

'उदयति न नयश्रीरस्तमेति प्रमाणं'

આમ ઉપર 'આત્મખ્યાતિ'ના ગદ્યભાગમાં નય-નિક્ષેપ-પ્રમાણ અંગે જે કહ્યું, તેની પરિપુષ્ટિ રૂપ સારસમુચ્ચય દર્શાવતો આ કળશ આત્માનુભવની પરમ મસ્તીમાં નિમગ્ન **અમૃતચંદ્રજીએ** અપૂર્વ આત્મભાવોલ્લાસથી લલકાર્યો છે - उदयति न नयश्री रस्तमेति प्रमाणं - નયશ્રી ઉદય પામતી નથી, પ્રમાણ અસ્ત પામે છે - 'નયશ્રી' - વિવિધ અપેક્ષાઓ વિસ્તારતા નયોની સૌંદર્ય શોભા ધરાવતી નયલક્ષ્મી ઉદય પામતી નથી - ઉગતી નથી, 'પ્રમાણ' - પરોક્ષ પ્રત્યક્ષ પ્રમાણ અસ્ત પામે છે - આથમી જાય છે, અમે જાણતા નથી - 'નિક્ષેપચક્ર' - નામ-સ્થાપનાદિ નિક્ષેપ વૃંદ ક્યાંય પણ ચાલ્યું જાય છે, क्वचिदपि न च विद्मोयाति निक्षेपचक्रं, બીજું તે શું કહીએ ? આ સર્વંકષ ધામ, અનુભવમાં આવ્યે દ્વૈત જ ભાસતું નથી, 'किमपरमभिदध्मो धाम्नि सर्वंकषेऽस्मिन्ननुभवमुपयाते भाति न द्वैतमेव ।' આ

'સર્વંકષ' - સર્વને કષનારૂં - સર્વ વસ્તુ સ્વરૂપને ખેંચી આણનારૂં, સર્વ સમર્પક, સર્વગ્રાહી - 'ધામ' - આત્મજ્યોતિ અનુભવમાં આવી ગયે દ્વૈત જ - બીજું કંઈ પણ ભાસતું નથી. કારણકે દ્રવ્યાર્થિક નયે, આત્મા આત્મા છે, પર્યાયાર્થિક નયે સર્વ આત્મભાવ આત્મા છે, એમ દ્રવ્યાર્થિક - પર્યાયાર્થિક આદિ સર્વ નયનું અધિષ્ઠાન - આશ્રય સ્થાન આત્મા છે, મતિ-શ્રુતજ્ઞાન રૂપ પરોક્ષ પ્રમાણ અને અવધિ જ્ઞાનાદિ રૂપ પ્રત્યક્ષ પ્રમાણ, એમ સર્વ પ્રમાણ આત્મા છે, તેમજ નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવથી આત્મા આત્મા જ છે, એમ નય-નિક્ષેપ પ્રમાણનું સર્વસ્વ કષનારૂં - સારભૂત કષ (કસ) કાઢનારૂં - આકર્ષનારૂં ખેંચનારૂં હોવાથી આ ધામ-આત્મજ્યોતિ સર્વંકષ છે, એટલે સાર સર્વસ્વ ભૂત એ સર્વંકષ સમયસાર ધામ અનુભવમાં આવ્યે બીજું કંઈ અન્ય ભાવરૂપ દ્વૈત જ ભાસતું નથી ! અદ્વૈત એક શુદ્ધ આ કેવલ આત્મ જ્યોતિ જ દિવ્ય ધામથી - આત્મસ્વરૂપ તેજથી ઝળહળે છે ! આવી શુદ્ધ આત્માનુભાવામૃત રસ - સિંધુમાં નિમગ્ન શુદ્ધ અદ્વૈત અનુભવમય જ્ઞાનદશાનો જીવનમાં સાક્ષાત્ અનુભવ કરનારા પરમ આત્મદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીનો* અનુભવોદ્‌ગાર છે કે -

''એક પુરાણ પુરુષ અને પુરાણ પુરુષની પ્રેમ સંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી, અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી, કંઈ પ્રાપ્ત કરવાની ઈચ્છા થતી નથી. ** અમે દેહધારી છૈયે કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છૈયે. નય-પ્રમાણ વગેરે શાસ્ત્રભેદ સાંભરતા નથી.'' (ઈ.)

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૫૫, (૨૧૭)



* જુઓ : 'અધ્યાત્મ રાજચંદ્ર' (સ્વરચિત) (૧) પ્રકરણ ઓગણસાઠમું - શ્રીમદ્‌ની દેહ છતાં દેહાતીત વિદેહી દશા. (૨) પ્રકરણ અઠાવનમું પુરાણ પુરુષ અને સત્‌થી અભેદ સત્ પુરુષ શ્રીમદ્.

હવે આચાર્યચૂડામણિ અમૃતચંદ્રાચાર્યજી નીચેની ગાથામાં આવતા શુદ્ધનયના અભ્યુદયની વધામણી આપતો ઉત્થાનિકારૂપ અમૃત કળશ લલકારે છે -

(ઉપજાતિ) **आत्मस्वभावं परभावभिन्न - मापूर्णमाद्यंतविमुक्तमेकं ।**
विलीनसंकल्पविकल्पजालं, प्रकाशयन् शुद्धनयोभ्युदेति ॥१०॥

આત્મ સ્વભાવ પરભાવ ભિન્ન, આપૂર્ણ આદ્યંતવિમુક્ત એક;
વિલીન સંકલ્પ વિકલ્પ જ્યાં તે, પ્રકાશતો શુદ્ધનયો ઉદે છે. ૧૦

અમૃત પદ-૧૦

'થાશું પ્રેમ બન્યો છે રાજ - એ રાગ.'

શુદ્ધનય અભ્યુદય આ પામે, નિશ્ચય દૃષ્ટિ ઠામે,
આત્મ સ્વભાવ પ્રકાશ કરંતો, અનુભવ અમૃત જામે... શુદ્ધ નય. ૧
પરભાવોથી ભિન્ન અતિશે, પૂર્ણ સ્વરૂપ અવભાસે,
આદિ અંતથી(માં) મુક્ત એક તે, આત્મસ્વભાવ પ્રભાસે... શુદ્ધ નય. ૨
જાલ સકલ સંકલ્પ વિકલ્પની, વિલીન જ્યાં થઈ જાવે,
આત્મસ્વભાવ અમૃતમય એવો, દાસ ભગવાન પ્રગટાવે... શુદ્ધ નય. ૩

અર્થ : આપૂર્ણ, આદિ અંતથી(માં) વિમુક્ત, સંકલ્પ-વિકલ્પની જાલ જ્યાં વિલીન થયેલ છે એવો, પરભાવથી ભિન્ન એક આત્મ સ્વભાવ પ્રકાશતો શુદ્ધનય અભ્યુદય પામે છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છઉં, એક કેવલ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખ સ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છઉં. ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? શુદ્ધ શુદ્ધ પ્રકૃષ્ટ શુદ્ધ પરમ શાંત ચૈતન્ય હું માત્ર નિર્વિકલ્પ છઉં. નિજ સ્વરૂપમય ઉપયોગ કરૂં છઉં. તન્મય થાઉં છઉં. શાંતિઃ શાંતિઃ શાંતિઃ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૬૦), ૮૩૩**

શુદ્ધ આત્મ-સ્વભાવને પ્રકાશતો આ શુદ્ધનય અભ્યુદય પામે છે

અત્રે આ પછીની ગાથામાં શુદ્ધનયનું સ્વરૂપ કથવામાં આવે છે તેનું સૂચન કરતો આ ઉત્થાનિકા કળશ* લલકારી આચાર્યવર્ય અમૃતચંદ્રજીએ પરમ આત્મભાવોલ્લાસથી શુદ્ધનયના અભ્યુદયની વધામણી આપી છે - शुद्धनयोभ्युदेति - શુદ્ધનય 'અભ્યુદય' પામે છે - ચઢતી કળા પામે છે. કેવો છે આ શુદ્ધનય ? आत्मस्वभावं प्रकाशयन् - આત્મસ્વભાવને પ્રકાશી રહેલો એવો. પ્રકાશે છે તે કેવો છે આ આત્મ સ્વભાવ ? 'परभावभिन्नं' - પરભાવથી 'ભિન્ન' - જૂદો, સ્વ તે પર સાપેક્ષ છે એટલે સ્વ ભાવ પર ભાવથી જૂદો છે, પરભાવથી ભિન્ન છે તેથી તે કાંઈ અપૂર્ણ નથી, પણ 'આપૂર્ણ' છે - 'આ' - સ્વરૂપ મર્યાદાથી 'પૂર્ણ' છે, અત એવ 'આદિ અંતથી વિમુક્ત' અથવા 'આદિ-અંતમાં વિમુક્ત' છે, અર્થાત્ સ્વભાવની સ્વરૂપની કોઈ કાળે ઉત્પત્તિ કે નાશ ન હોય તેથી તે આદિથી ને અંતથી રહિત - અનાદિ અનંત છે અને સ્વભાવમાં - સ્વરૂપમાં કદી પણ પરરૂપનો અંતઃ પ્રવેશ ન હોય તેથી તે આદિ-અંતમાં વિમુક્ત છે, આવો છે એટલે જ તે 'એક' - અદ્વૈત-અદ્વિતીય છે, જ્યાં બીજો કોઈ ભાવ - 'દ્વૈત' નથી એવો અદ્વૈત છે, 'आपूर्णमाद्यंतविमुक्तमेकं', એટલે જ જ્યાં, સંકલ્પ-વિકલ્પની જાલ 'વિલીન' - વિલય પામી ગયેલી છે એવો છે, 'विलीनसंकल्पविकल्पजालं.' આમ સકલ પરભાવથી સર્વથા ભિન્ન, આપૂર્ણ, આદિ અંત વિમુક્ત, એક, નિર્વિકલ્પ શુદ્ધ આત્મસ્વભાવને પ્રકાશતો આ શુદ્ધનય શુદ્ધ આત્માનુભૂતિની ઉત્તરોત્તર બળવત્તરતા કરતો 'અભ્યુદય' - ઉતરોત્તર ચઢતી કળાને પામે છે, તે જુઓ !

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं ।
अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि ॥१४॥

અબદ્ધસ્પૃષ્ટ અનન્ય તથા રે, નિયત ને અવિશેષ;
અસંયુક્ત જુએ આત્મ જે રે, નય તે શુદ્ધ ગવેષ... રે આત્મન્ ! ૧૪

ગાથાર્થ : જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ,
અસંયુક્ત એવો દેખે છે, તે શુદ્ધનય જાણ ! ૧૪

आत्मख्याति टीका

यः पश्यति आत्मानं अबद्धस्पृष्टमनन्यकं नियतं ।
अविशेषमसंयुक्तं तं शुद्धनयं विजानीहि ॥१४॥

या खल्व**बद्धस्पृष्टस्यानन्यस्य नियतस्याविशेषस्यासंयुक्तस्य चात्मनोऽनुभूतिः स शुद्धनयः,** सात्वनुभूतिरात्मैवेत्यात्मैक एव प्रद्योनते ।

कथं यथोदितस्यात्मनोनुभूतिरिति चेद् बद्धस्पृष्टत्वादीनामभूतार्थत्वात्, तथाहि -

यथा खलु बिसिनीपत्रस्य सलिलनिमग्नस्य - सलिलस्पृष्टत्वपर्यायेणानुभूयमानतायां सलिलस्पृष्टत्वं भूतार्थमप्ये - कांततः सलिलास्पृश्यं विसिनीपत्रस्वभावमुपेत्या नुभूयमानतायाम् भूतार्थं
यथा च मृत्तिका याः करककरीरकर्करीकपालादिपर्यायेणानुभूयमानतायां - मन्यत्वं भूतार्थमपि सर्वतोप्यस्खलंतमेकं मृत्तिकास्वभावमुपेत्या - नुभूयमानतायामभूतार्थं ।
यथा च वारिधे - वृद्धिहानिपर्यायेणानुभूयमानताया - मनियतत्वं भूतार्थमपि नित्यव्यवस्थितं वारिधिस्वभावमुपेत्या - नुभूयमानतायीमभूतार्थं ।
यथा च कांचनस्य स्निग्धपीतगुरुत्वादिपर्यायेणानुभूयमानतायां विशेषत्वं भूतार्थमपि प्रत्यस्तमित्तसमस्तविशेषं कांचनस्वभावमुपेत्या नुभूयमानतायामभूतार्थं,
यथा वापां ससार्चिः प्रत्ययौण्व समाहितत्वपर्यायेणानुभूयमानतायां संयुक्तत्वं भूतार्थमप्ये - कांततः शीतमप्स्वभावमुपेत्या - नुभूयमानतायामभूतार्थं,

तथात्मनो नादिबद्धस्पृष्टत्वपर्यायेणानुभूयमानतायां बद्धस्पृष्टत्वं भूतार्थमप्ये - कांततः पुद्गलास्पृश्यात्मास्वभावमुपेत्या - नुभूयमानतायामभूतार्थं ।
तथात्मनो नारकादिपर्यायेणानुभूयमानतायां - मन्यत्वं भूतार्थमपि ।
सर्वतोप्यस्खलंनमेकमात्मस्वभावमुपेत्या - नुभूयमानतायामभूतार्थं ।
तथात्मनो वृद्धिहानिपर्यायेणानुभूयमामताया - मनियतत्वं भूतार्थमपि नित्यव्यवस्थितमात्मस्वभावमुपेत्या - नुभूयमानतायामभूतार्थं ।
तथात्मनो ज्ञानदर्शनादिपर्यायेणानुभूयमानतायां विशेषत्वं भूतार्थमपि प्रत्यस्तभितसमस्तविशेषमात्मस्वभावमुपेत्या - नुभूयमानतायामभूतार्थं ।
तथात्मनः कर्मप्रत्ययमोहसमाहितत्वपर्यायेणानुभूयमानतायां संयुक्तत्वं भूतार्थमप्ये - कांततः स्वयं बोधबीजस्वभावमुपेत्या नुभूयमानतायामभूतार्थं ॥१४॥

---

* પાઠાંતર : जीव

'આત્મખ્યાતિ' ટીકાર્થ

નિશ્ચયે કરીને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે, અને તે અનુભૂતિ તો આત્મા જ છે, એટલે આત્મા એક જ પ્રદ્યોતે છે. યથોદિત (જેવો કહ્યો તેવા) આત્માની અનુભૂતિ કેમ ? એમ જો પૂછો તો, બદ્ધસ્પૃષ્ટત્વ આદિના અભૂતાર્થપણાને લીધે. તે આ પ્રકારે -

(૧) જેમ જલ નિમગ્ન કમલપત્રનું જલ સ્પૃષ્ટપણું	તેમ આત્માનું બદ્ધસ્પૃષ્ટપણું
જલ સ્પૃષ્ટત્વ પર્યાયથી	અનાદિ બદ્ધસ્પૃષ્ટત્વ પર્યાયથી
અનુભૂયમાનપણામાં (અનુભવાઈ રહ્યાંપણામાં)	અનુભૂયમાનપણામાં
ભૂતાર્થ છતાં,	ભૂતાર્થ છતાં,
એકાંતથી જલથી અસ્પર્શ્ય એવા	એકાંતથી પુદ્ગલથી અસ્પર્શ્ય એવા
કમલ પત્ર સ્વભાવને આશ્રી	આત્મ સ્વભાવને આશ્રી
અનુભૂયમાનપણામાં	અનુભૂયમાનપણામાં
અભૂતાર્થ :	અભૂતાર્થ.
(૨) અને જેમ મૃત્તિકાનું	તેમ આત્માનું
કરક - કરીર - કર્કરી - કપાલ આદિ પર્યાયથી	નારકાદિ પર્યાયથી
ભૂતાર્થ છતાં,	અનુભૂયમાનપણામાં અન્યત્વ
સર્વતઃ પણ અસ્ખલંતા	ભૂતાર્થ છતાં,
એક મૃત્તિકા સ્વભાવને આશ્રી	સર્વતઃ પણ અસ્ખલંતા
અનુભૂયમાનપણામાં	એક મૃત્તિકા સ્વભાવને આશ્રી
અભૂતાર્થ :	અનુભૂયમાનપણામાં
	અભૂતાર્થ છે.

આત્મભાવના

ઉત્થાનિકા કળશમાં કહ્યું તેમ અત્રે શુદ્ધનયનું સ્વરૂપ પ્રકાશ્યું છે - यः अबद्धस्पृमनन्यकं नियतं अविशेषमसंयुक्तं आत्मानं पश्यति - જે અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત એવા આત્માને દેખે છે, तं शुद्धनयं विजानीहि - તેને **શુદ્ધનય જાણ !** इति **गाथा** આત્મભાવના ॥૧૪॥

या खलु - જે ખરેખર ! નિશ્ચયે કરીને - કહેવામાત્રપણે નહિ પણ ખરેખરા તથારૂપ આત્મભાવ પણે અબદ્ધ સ્પૃષ્ટસ્યાનન્યસ્ય નિયતસ્યા વિશેષસ્યાસંયુક્તસ્ય ચાત્મનો - 'અબદ્ધ સ્પૃષ્ટ' - નહિ બંધાયેલા - સ્પર્શાયેલા 'અનન્ય' - જ્યાં અન્ય છે નહિ એવા, 'નિયત' - નિત્ય વ્યવસ્થિત, 'અવિશેષ', જ્યાં વિશેષ છે નહિ એવા અને 'અસંયુક્ત' - સંયુક્ત છે નહિ એવા આત્માની અનુભૂતિ - 'અનુભૂતિ' - અનુભવનતા, સંવેદના, स शुद्धनयः - તે શુદ્ધ નય છે, सात्वनुभूतिरात्मैव - અને તે અનુભૂતિ આત્મા જ છે, इति आत्मैक एव प्रद्योतते - એમ આત્મા 'એક જ' - અદ્વિતીય જ - અદ્વૈત જ 'પ્રદ્યોતે છે' - પ્રકૃષ્ટપણે દ્યોતે છે - પ્રકાશે છે. कथं यथोदितस्यात्मनोनुभूतिरिति चेत् - 'યથોદિત' - જેવો કહ્યો તેવા આત્મા-ની અનુભૂતિ કેવી રીતે ? એમ પૂછો તો बद्धस्पृष्टत्वादीनामभूतार्थत्वात् - બદ્ધ સ્પૃષ્ટપણું આદિના અભૂતાર્થપણાને લીધે. तथाहि - જુઓ ! આ પ્રકારે -

यथा खलु - જેમ ખરેખર ! स्फुटपणे बिसिनीपत्रस्य सलिलनिमग्नस्य - જલ નિમગ્ન કમલિનીપત્રનું. सलिल स्पृष्टत्वपर्यायेणानुभूयमानतायां - જલ સ્પૃષ્ટત્વ પર્યાયથી 'અનુભૂયમાન પણામાં' - અનુભવન કરાતી વેળાએ - सलिल स्पृष्टत्व - જલ સ્પૃષ્ટ પણું भूतार्थमपि - 'ભૂતાર્થ' - સત્યાર્થ છતાં, एकांततः सलिलास्पृश्यं द्विसिनीपत्रस्वभावमुपेत्यानुभूयमानतायाम् - એકાંતથી જલથી અસ્પૃશ્ય - નહિ સ્પર્શાવા યોગ્ય કમલિનીપત્ર સ્વભાવ પ્રત્યે જઈને - આશ્રીને 'અનુભૂયમાન પણામાં' - અનુભવાઈ રહ્યાપણામાં - अभूतार्थं - 'અભૂતાર્થ' - અસત્યાર્થ છે, તથા - તેમ આત્મનો - આત્માનું - अनादिबद्धस्पृष्टत्वपर्यायेणानुभूयमानतायां - અનાદિ બદ્ધસ્પૃષ્ટત્વ પર્યાયથી 'અનુભૂયમાન

(૩) અને જેમ વારિધિનું (સમુદ્રનું)
વૃદ્ધિ - હાનિ પર્યાયથી અનુભૂયમાનપણામાં
અનિયતપણું ભૂતાર્થ છતાં,
નિત્ય વ્યવસ્થિત વારિધિ સ્વભાવને આશ્રી
અનુભૂયમાન પણામાં (અનુભવાઈ રહ્યાપણામાં)
અભૂતાર્થ :
(૪) અને જેમ કાંચનનું (સુવર્ણનું)
સ્નિગ્ધત્વ-પીતત્વ-ગુરુત્વ આદિ પર્યાયથી
અનુભૂયમાનપણામાં - વિશેષપણું
ભૂતાર્થ છતાં,
સમસ્ત વિશેષ જ્યાં પ્રત્યસ્તમિત છે એવા
સુવર્ણ સ્વભાવને આશ્રી
અનુભૂયમાનપણામાં
અભૂતાર્થ :
(૫) અને જેમ જલનું -
અગ્નિપ્રત્યયથી ઔષ્ણ્ય સમાહિતત્વ પર્યાયથી
અનુભૂયમાનપણામાં - સંયુક્તપણું
ભૂતાર્થ છતાં,
એકાંતથી શીત જલ સ્વભાવને આશ્રી
અનુભૂયમાનપણામાં
અભૂતાર્થ :

તેમ આત્માનું -
વૃદ્ધિ હાનિ પર્યાયથી અનુભૂયમાનપણામાં
અનિયતપણું ભૂતાર્થ છતાં,
નિત્ય વ્યવસ્થિત આત્મ સ્વભાવને આશ્રી
અનુભૂયમાનપણામાં
અભૂતાર્થ.
તેમ આત્માનું -
જ્ઞાન-દર્શનાદિ પર્યાયથી
અનુભૂયમાનપણામાં - વિશેષપણું
ભૂતાર્થ છતાં,
સમસ્ત વિશેષ જ્યાં પ્રત્યસ્તમિત છે એવા
આત્મ સ્વભાવને આશ્રી
અનુભૂયમાનપણામાં
અભૂતાર્થ :
તેમ આત્માનું -
કર્મ પ્રત્યયથી મોહ સમાહિતત્વ પર્યાયથી
અનુભૂયમાનપણામાં - સંયુક્ત પણું
ભૂતાર્થ છતાં,
એકાંતથી સ્વયં બોધ જીવ સ્વભાવને આશ્રી
અનુભૂયમાનપણામાં
અભૂતાર્થ . ૧૪

પણામાં' - અનુભવાઈ રહ્યાપણામાં બદ્ધસ્પૃષ્ટત્વં ભૂતાર્થમપિ - બદ્ધ સ્પૃષ્ટપણું 'ભૂતાર્થ' - સત્યાર્થ છતાં, એકાંતતઃ પુદ્ગલાસ્પૃશ્યાત્મસ્વભાવમુપેત્યાનુભૂયમાનતાયાં - એકાંતથી પુદ્ગલથી અસ્પૃશ્ય - નહિ સ્પર્શાવા યોગ્ય આત્મસ્વભાવ પ્રત્યે જઈને - આશ્રીને અનુભૂયમાનપણામાં - અનુભવાઈ રહ્યાપણામાં અભૂતાર્થં - અભૂતાર્થ - અસત્યાર્થ છે.

યથા ચ - અને જેમ મૃત્તિકાયાઃ - મૃતિકાનું કરક કરીરકર્કરીકપાલાદિપર્યાયેણાનુભૂયમાનતાયાં - કર-કરીર-કર્કરી-કપાલાદિ પર્યાયથી અનુભૂયમાનપણામાં અન્યત્વં - 'અન્યપણું' - જૂદા પણું ભૂતાર્થમપિ - ભૂતાર્થ - સત્યાર્થ છતાં, સર્વતોપ્યસ્ખલંતમેકં મૃત્તિકાસ્વભાવમુપેત્યાનુભૂયમાનતાયાં - સર્વતઃ પણે - સર્વ સ્થળે પણ 'અસ્ખલંતા' - સ્ખલતા નહિં એ ? મૃત્તિકા સ્વભાવ પ્રત્યે જઈને - આશ્રીને અનુભૂયમાન પણામાં અભૂતાર્થં - અભૂતાર્થ - અસત્યાર્થ છે, તથા - તેમ આત્મનો - આત્માનું નારકાદિપર્યાયેણાનુભૂયમાનતાયાં - નારક આદિ પર્યાયથી અનુભૂયમાનપણામાં અન્યત્વં - અન્યપણું - ભિન્ન ભિન્ન પણું ભૂતાર્થમપિ - ભૂતાર્થ - સત્યાર્થ છતાં - સર્વતોપ્યસ્ખલંતમેરુમાત્મસ્વભાવમુપેત્યાનુભૂયમાનતાયાં - સર્વતઃ પણ - સર્વ બાજુથી - પ્રકારે (સ્થળે) પણ અસ્ખલંતા - સ્ખલતા નહિં એવા આત્મ સ્વભાવને આશ્રી અનુભૂયમાન પણામાં અભૂતાર્થં - અભૂતાર્થ - અસત્યાર્થ છે.

યથા ચ - અને જેમ, વારિધેઃ - વારિધિનું - સમુદ્રનું વૃદ્ધિ હા નિપર્યાયેણાનુભૂયમાનતાયાં - 'વૃદ્ધિ હાનિ' - ભરતી ઓટ પર્યાયથી અનુભૂયમાન પણામાં અનિયતત્વં - અનિયતપણું ભૂતાર્થમપિ - ભૂતાર્થ - સત્યાર્થ - સાચું છતાં, નિત્યવ્યવસ્થિતં વારિધિ - સ્વભાવમુપેત્યાનુભૂયમાનતાયાં - વૃદ્ધિ હાનિ પર્યાયથી અનુભૂયમાનપણામાં અનિય તત્વં - અનિયતપણું ભૂતાર્થમપિ - ભૂતાર્થ - સત્યાર્થ છતાં, નિત્યવ્યવસ્થિતમાત્મસ્વભાવમુપેત્યાનુભૂયમાનતાયાં - નિત્ય વ્યવસ્થિત આત્મ સ્વભાવને આશ્રીને અનુભૂયમાન પણામાં અભૂતાર્થ - અભૂતાર્થ છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્ પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૬૦), ૮૩૩

''વ્યવહારે લખ દોહિલો, કાંઈ ન આવે હાથ રે;
શુદ્ધનય થાપના સેવતાં, રહે ન દુવિધા સાથ રે... ધરમ પરમ અરનાથનો. - **શ્રી આનંદઘનજી**

''જે અહંકાર મમકારનું બંધનં, શુદ્ધ નય તે દહે દહન જિમ ઈંધનં;
શુદ્ધ નય દીપિકા મુક્તિ મારગ ભણી, શુદ્ધ નય આધિ છે સાધુને આપણી.''

- શ્રી યશોવિજયજી (સા.ત્ર. ગા.સ્ત.)

આ ગાથાના ઉત્થાનિકાકળશમાં (૧૦) અદ્‌ભુત નાટકીય રીતિએ (grand dramatic style) જાહેર કર્યું (Proclaimed) તેમ પરભાવ ભિન્ન આત્મ સ્વભાવને પ્રકાશતો આ શુદ્ધનય અભ્યુદય પામે છે, એમ શુદ્ધનયના સ્વરૂપ પ્રકાશનની વધામણી પરમ આત્મભાવોલ્લાસથી આચાર્યવર્ય ભગવદ્ **અમૃતચંદ્રાચાર્યજીએ** 'સુવર્ણ' કળશમય શબ્દ બ્રહ્મના ડિંડિમનાદથી પોકારી. તદનુસાર અત્રે આ ગાથામાં **શુદ્ધનયનું સ્વરૂપ પ્રકાશ્યું છે કે** - 'જે અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા આત્માને દેખે છે, તેને શુદ્ધનય જાણ !' અને તે તાદૃશ્ય પરમ સુંદર દૃષ્ટાંતો યોજી પોતાની અનુપમ અનન્ય લાક્ષણિક શૈલીથી બિંબ-પ્રતિબિંબ ભાવથી સાંગોપાંગ સંપૂર્ણ સકલ અવિકલપણે વિવરી દેખાડી **પરમ પ્રજ્ઞાશ્રમણ અમૃતચંદ્રાચાર્યજીએ** પોતાના અદ્‌ભુત પ્રજ્ઞાતિશયનો પ્રત્યક્ષ પરિચય આપ્યો છે, પદે પદે તે શુદ્ધોપયોગી મહાશ્રમણના દિવ્ય આત્માની ખ્યાતિ પોકારતી **'આત્મખ્યાતિ'નો** આશય આ રહ્યો -

અબદ્ધસ્પૃષ્ટાદિરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિ તે શુદ્ધનય : અનુભૂતિ તે આત્મા જ

જે નિશ્ચયથી **અબદ્ધસ્પૃષ્ટ***, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા આત્માની અનુભૂતિ, તે શુદ્ધનય છે : અને તે અનુભૂતિ આત્મા જ છે, સા તુ અનુભૂતિ આત્મૈવ - એટલે આત્મા એક જ પ્રદ્યોતે છે - પ્રકાશે છે. इति आत्मैक एव प्रद्योतते - આ યથોદિત - જેવો કહ્યો તેવા આત્માની અનુભૂતિ

यथा च - અને જેમ कांचनस्य - કાંચનનું - **સુવર્ણનું** स्निग्धपीतगुरुत्वादिपर्यायेणानुभूयमानतायां - 'સ્નિગ્ધપણું' - ચીકાશપણું - પીતપણું - પીળાપણું 'ગુરુપણું' - ભારીપણું આદિ પર્યાયથી અનુભૂયમાનપણામાં વિશેષત્વં - વિશેષપણું भूतार्थमपि - ભૂતાર્થ - સત્યાર્થ - સાચું છતાં, प्रत्यस्तमितसमस्तविशेषं कांचनस्वभावमुपेत्यानुभूयमानतायां - 'પ્રત્યસ્તમિત' - અસ્ત પમાડાઈ ગયા છે. સમસ્ત વિશેષ - ભેદ જ્યાં એવા કાંચન સ્વભાવને આશ્રી અનુભૂયમાન પણામાં अभूतार्थं - અભૂતાર્થ - અસત્યાર્થ - ખોટું છે - તથા - તેમ આત્મનો - આત્માનું જ્ઞાનદર્શનાદિપર્યાયેજાનુભૂયમાનતાયાં - જ્ઞાન-દર્શન આદિ પર્યાયથી અનુભૂયમાનપણામાં વિશેષત્વં - વિશેષપણું भूतार्थमपि - ભૂતાર્થ-સત્યાર્થ છતાં, प्रत्यस्तमितसमस्तविशेषमात्मस्वभावमुपेत्यानुभूयमानतायां - 'પ્રત્યસ્તમિત' - અસ્ત પમાડાઈ ગયા છે સમસ્ત વિશેષ - ભેદ - જ્યાં એવા આત્મસ્વભાવને આશ્રી અનુભૂયમાનપણામાં अभूतार्थं - અભૂતાર્થ - અસત્યાર્થ છે.

यथा च - અને જેમ अपां - જલનું सप्तार्चिप्रत्ययौष्ण्यसमाहितत्वपर्यायेणानुभूयमानतायां - 'સપ્તાર્ચિ' - અગ્નિ પ્રત્યયે 'ઔષ્ણ્ય સમાહિતત્વ' - ઉષ્ણતા આધાન રૂપ પર્યાયથી અનુભૂયમાનપણામાં - અનુભવાઈ રહ્યાપણામાં संयुक्तत्वं - સંયુક્તપણું - સંયોગ સહિતપણું भूतार्थमपि - ભૂતાર્થ - સત્યાર્થ છતાં, एकांततः तप्तस्वभावमुपेत्यानुभूयमानतायां - એકાંતથી શીત જલ સ્વભાવને આશ્રી અનુભૂયમાનપણામાં अभूतार्थं - અભૂતાર્થ - અસત્યાર્થ છે, तथा - તેમ आत्मनः - આત્માનું कर्मप्रत्ययमोहसमाहितत्वपर्यायेणानुभूयमानतायां - કર્મ પ્રત્યયે - નિમિત્તે 'મોહ સમાહિતત્વ - મોહના આધાન રૂપ પર્યાયથી અનુભૂયમાનપણામાં संयुक्तत्वं भूतार्थमपि - સંયુક્તપણું ભૂતાર્થ - સત્યાર્થ છતાં, एकांततः स्वयं बोध बीज स्वभावमुपेत्यानुभूयमानतायां - એકાંતથી સ્વયં બોધબીજ સ્વભાવને આશ્રી અનુભૂયમાનપણામાં अभूतार्थं - અભૂતાર્થ. ॥ इति 'आत्मख्याति' टीका आत्मभावना (प्रस्तुत गाथा) ॥१४॥

કેમ ? તો કે 'बद्धस्पृष्टत्वादीनामभूतार्थत्वात् - બદ્ધ સ્પૃષ્ટત્વ આદિ ભાવોનું અભૂતાર્થપણું - અસત્યાર્થપણું છે માટે. તે આ પ્રકારે -

જલ નિમગ્ન કમલ પત્ર જેમ બદ્ધ સ્પૃષ્ટપણા પર્યાયથી ભૂતાર્થઃ છતાં આત્મ સ્વભાવ આશ્રી અભૂતાર્થ

૧. જલ નિમગ્ન - પાણીમાં ડૂબેલું કમલ પત્ર છે. તેનું જલ સ્પૃષ્ટ પણું - જલ સ્પૃષ્ટપણા પર્યાયથી અનુભવન કરાઈ રહ્યાપણામાં - ભૂતાર્થ છે, સત્યાર્થ છે અર્થાત્ પાણીથી સ્પર્શાયા રૂપ પર્યાયની અપેક્ષાએ જોતાં તે ખરેખર ! પાણીથી સ્પર્શાયેલ છે : છતાં એકાંતે જલથી અસ્પૃશ્ય - નહિં સ્પર્શાવા યોગ્ય એવા કમલ પત્રના સ્વભાવને આશ્રીને અનુભવન કરાઈ રહ્યાપણામાં તે જલ સ્પૃષ્ટપણું અભૂતાર્થ છે, અસત્ છે, અર્થાત્ કમલ પત્રનો સ્વભાવ પાણીથી ન સ્પર્શાય એવો અસ્પૃશ્ય છે, તે અપેક્ષાએ તેનું જલ સ્પૃષ્ટપણું અભૂતાર્થ છે. તેમ અનાદિ બદ્ધ સ્પૃષ્ટત્વ પર્યાયથી અનુભવન કરાઈ રહ્યાપણામાં આત્માનું બદ્ધ સ્પૃષ્ટપણું ભૂતાર્થ છે, સાચું છે, છતાં - एकांततः पुद्गलस्पृश्यमात्मस्वभावमुपेत्यानुभूयमानतायां अभूतार्थं - એકાંતે પુદ્ગલથી અસ્પૃશ્ય - નહિં સ્પર્શાવા યોગ્ય એવા આત્મ સ્વભાવને આશ્રી અનુભવાઈરહ્યાપણામાં બદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે - અસત્ છે. એટલે એનો પ્રતિપક્ષ અબદ્ધસ્પૃષ્ટપણું જ ભૂતાર્થ છે, સાચું છે, પરમાર્થથી સત્ છે, એમ ફલિત થાય છે.

''જૈસે પંકજ દલ અમલ, રહે કર્દમ સૌ ભિન્ન,
ત્યૌ આતમ સ્વ સ્વભાવમય, કર્મ ખેદ નિર્વિન્ન.'' - **શ્રી દેવચંદ્રજી કૃત દ્રવ્યપ્રકાશ, ૩-૬૩**

મૃત્તિકા પર્યાયથી જેમ પર્યાયથી આત્માનું અન્યપણું ભૂતાર્થ છતાં આત્મ સ્વભાવ આશ્રી અભૂતાર્થ

૨. આત્મ અનન્ય છે, મૃત્તિકાની - માટીની જેમ. માટી છે, તેના ઢાંકણા, શકોરા, કપાલ, ઘડો વગેરે પર્યાયોથી અનુભવન કરાઈ રહ્યાપણામાં માટીનું જૂદા જૂદા પર્યાયરૂપે અન્યપણું ભૂતાર્થ છે - સાચું છે - ખરેખરૂં છે, છતાં સર્વ પ્રકારે નહિં સ્ખલંતા અખંડ એવા માટી-સ્વભાવને આશ્રીને અનુભવન કરાઈ રહ્યા-પણામાં તે માટીનું અન્યપણું અભૂતાર્થ છે, અસત્ છે. એટલે કે તેનું અન્યપણું જ ભૂતાર્થ છે, સત્યાર્થ છે. તેમ નારકાદિ* પર્યાયથી અનુભવન કરાઈ રહ્યાપણામાં આત્માનું તે તે જૂદા જૂદા પર્યાયરૂપે અન્યપણું ભૂતાર્થ છે, સાચું છે, ખરેખરૂં છે, છતાં - सर्वतोप्यस्खलंतमेकमात्मस्वभावमुपेत्यानुभूयमानतायां - છતાં સર્વ તરફથી અસ્ખલંતા અખંડ એક આત્મ સ્વભાવને આશ્રી અનુભવન કરાઈ રહ્યાપણામાં આત્માનું અન્યપણું અભૂતાર્થ છે. એટલે કે આત્માનું અનન્યપણું જ ભૂતાર્થ છે, પરમાર્થ સત્ છે. અર્થાત્ અનંત પર્યાયોને વિષે પણ આત્મા આત્મા જ હોય છે, અન્ય હોતો નથી, અનન્ય જ હોય છે.

સમુદ્ર જેમ પર્યાયથી અનિયતપણું ભૂતાર્થ છતાં આત્મ સ્વભાવ આશ્રી અભૂતાર્થ

૩. આત્મા નિયત છે, સમુદ્રની જેમ. સમુદ્ર છે, તેનું વૃદ્ધિ-હાનિ પર્યાયથી (ભરતી - ઓટથી) અનુભવાઈ રહ્યાપણામાં અનિયતપણું ભૂતાર્થ છે, છતાં નિત્ય વ્યવસ્થિત એવા સમુદ્ર - સ્વભાવનું અનુભવાઈ રહ્યાપણામાં તે અનિયતપણું અભૂતાર્થ છે, એટલે કે નિયતપણું જ ભૂતાર્થ છે. અર્થાત્ ભરતી-ઓટની અપેક્ષાએ જોઈએ તો સમુદ્રનું અનિયતપણું - અચોક્કસપણું છે, પણ સમુદ્રનો સ્વભાવ તો જેમનો તેમ નિત્ય વ્યવસ્થિત છે, માટે તેનું નિયતપણું - ચોક્કસ નિયમિત મર્યાદાપણું ભૂતાર્થ છે. તેમ અગુરુલઘુગુણના વૃદ્ધિ-હાનિ પર્યાયથી અનુભવાઈ રહ્યાપણામાં

* ''नृनारकादिपर्यायैरप्युत्पन्नविनश्वरैः ।
भिन्नै र्जहाति नैकत्वमात्मद्रव्यं सदान्वयि ॥
यथैकं हेमकेयूरकुंडलादिषु वर्तते ।
नृनारकादिभावेषु तथात्मैको निरंजनः ॥
कर्मणस्ते हि पर्यायानात्मनः शुद्धसाक्षिणः ।
कर्म क्रियास्वभावं यदात्मात्वजस्वभाववान् ॥'' - **શ્રી યશોવિજયજી કૃત અધ્યાત્મસાર, આત્મનિશ્ચય અ. ૨૩-૨૭**

આત્માનું અનિયતપણું ભૂતાર્થ છે, સાચું છે, છતાં - नित्यव्यवस्थितमात्मस्वभावमुपेत्यानुभूयमानतायां - નિત્ય વ્યવસ્થિત એવા આત્મ સ્વભાવને આશ્રી અનુભવાઈ રહ્યાપણામાં - તે અનિયતપણું અભૂતાર્થ છે - અભૂતાર્થં - એટલે કે આત્માનું નિયતપણું ચોક્કસ નિયમિત સ્વભાવ મર્યાદાપણું ભૂતાર્થ છે.

સુવર્ણની જેમ પર્યાયથી આત્માનું વિશેષપણું ભૂતાર્થ છતાં આત્મ સ્વભાવ આશ્રી અભૂતાર્થ

૪. આત્મા અવિશેષ છે, સુવર્ણની જેમ. સોનું છે, તેનું સ્નિગ્ધપણું - ચીકણાપણું પીળાપણું, ભારીપણું આદિ પર્યાયોથી અનુભવાઈ રહ્યાપણામાં સોનાનું વિશેષપણું ભૂતાર્થ છે, સાચું છે, છતાં સમસ્ત વિશેષ જ્યાં પ્રત્યસ્તમિત છે - આથમી ગયા છે, એવા સોનાના સ્વભાવને આશ્રી અનુભવાઈ રહ્યાપણામાં સોનાનું તે વિશેષપણું અભૂતાર્થ છે, એટલે કે અવિશેષપણું જ ભૂતાર્થ છે, સાચું - સત્ છે. તેમ - જ્ઞાન દર્શનાદિ પર્યાયોથી અનુભવાઈ રહ્યાપણામાં આત્માનું વિશેષપણું ભૂતાર્થ છે, છતાં - प्रत्यस्तमितसमस्तविशेषमात्मस्वभावमुपेत्यानुभूयमानतायां - સમસ્ત વિશેષ જ્યાં પ્રત્યસ્તમિત છે - આથમી ગયા છે, એવા આત્મ સ્વભાવને આશ્રી અનુભવાઈ રહ્યાપણામાં તે વિશેષપણું અભૂતાર્થ અભૂતાર્થં - છે, એટલે કે અવિશેષપણું જ ભૂતાર્થ છે, સાચું છે, પરમાર્થથી સત્ છે.

ઉષ્ણ-જલ જેમ પર્યાયથી આત્માનું સંયુક્તપણું ભૂતાર્થ છતાં, આત્મસ્વભાવ આશ્રી અભૂતાર્થ


૫. આત્મા અસંયુક્ત છે, જલની જેમ - જલ છે, તેનું અગ્નિ નિમિત્તે આહિત (આધાન કરવામાં આવેલ - મૂકવામાં આવેલ) ઉષ્ણત્વ પર્યાયથી અનુભવાઈ રહ્યાપણામાં સંયુક્તપણું ભૂતાર્થ છે, છતાં એકાંતે શીત જલ સ્વભાવને આશ્રી અનુભવાઈ રહ્યાપણામાં તે સંયુક્તપણું અભૂતાર્થ છે, એટલે કે અસંયુક્તપણું ભૂતાર્થ છે, સાચું છે, સત્ છે. તેમ - કર્મ નિમિત્તે આહિત (આધાન કરાયેલ - મૂકાયેલ) મોહત્વ પર્યાયથી અનુભવાઈ રહ્યાપણામાં - આત્માનું સંયુક્તપણું ભૂતાર્થ છે, છતાં एकांततः स्वयं बोधबीजस्वभावमुपेत्यानुभूयमानतायां - એકાંતે સ્વયં બોધબીજ સ્વભાવને આશ્રી અનુભવાઈ રહ્યાપણામાં તે સંયુક્તપણું અભૂતાર્થ - अभूतार्थं - છે, એટલે કે અસંયુક્તપણું જ ભૂતાર્થ છે, સાચું છે, સત્ છે.


આમ આ સર્વનો ફલિતાર્થ એ છે કે - આત્માના સ્વભાવને અનુભવતાં જલ નિમગ્ન કમલ પત્રની જેમ આ આત્મા કર્મ નિમગ્ન છતાં અબદ્ધ સ્પૃષ્ટ છે, પુદ્ગલ કર્મથી નહિં બંધાયેલો - નહિં સ્પર્શાયેલો છે, સર્વ પર્યાયોમાં વ્યાપ્ત અનન્ય મૃત્તિકા દ્રવ્યની જેમ અનન્ય છે, સમુદ્રની જેમ સ્વરૂપ સીમાને ધરતો 'સીમંધર' હોઈ સ્વભાવ મર્યાદામાં નિયત-નિત્ય વ્યવસ્થિત છે, સર્વ ગુણોમાં વ્યાપ્ત સુવર્ણની જેમ વિશેષ છે, સ્વભાવે શીતલ જલની જેમ અસંયુક્ત છે. તાત્પર્ય કે - આત્માના શુદ્ધ સ્વભાવ પ્રત્યે દૃષ્ટિ ઠેરવીને જોઈએ તો - (૧) આ આત્મા કર્મરૂપ પર દ્રવ્યમાં નિમગ્ન છતાં અબદ્ધ-સ્પૃષ્ટ છે, (૨) પરદ્રવ્ય સંયોગથી ઉપજેલા પર્યાયોમાં પણ અન્ય - અનાત્મા હોતો નથી, પણ અનન્ય - સર્વત્ર આત્મા જ હોય છે, (૩) સ્વરૂપ સીમાને ધારતો 'સીમંધર' હોઈ સ્વભાવ મર્યાદાને કદી ઉલ્લંઘતો નહિં હોવાથી નિયત છે. (૪) ખંડખંડ વિશેષ રૂપ નથી, પણ અનંત ગુણ-વિશેષ સમુદાયરૂપ અખંડ-અભંગ રૂપ હોઈ અવિશેષ છે, (૫) મોહાદિ ભાવકર્મથી પણ અસંયુક્ત છે. આ સર્વ આશયનું સંક્ષેપમાં હૃદયંગમ અમૃત વાણીમાં જે દિગ્દર્શન કરાવતું અનુપમ સંગીત મહા ગીતાર્થ યોગિરાજ અનંદઘનજીએ અપૂર્વ ભાવાવેશથી લલકાર્યું છે -

''ગ્રહ નક્ષત્ર તારા ચંદ્રની, જ્યોતિ દિનેશ મઝાર રે;
દર્શન જ્ઞાન ચરણ તણી, શક્તિ નિજાતમ ધાર રે.
ધરમ પરમ અરનાથનો.
ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે;
પર્યાય દૃષ્ટિ ન દીજીએ, એક જ કનક અભંગ રે... ધરમ પરમ.

દર્શન જ્ઞાન ચરણ થકી, અલખ સ્વરૂપ અનેક રે;
નિર્વિકલ્પ રસ પીજીએ, શુદ્ધ નિરંજન એક રે... ધરમ પરમ.''

- યોગિરાજ શ્રી આનંદઘનજી





મોહ ત્યજી આ શુદ્ધ આત્મસ્વભાવનો અનુભવ કરવાનો જગત્‌ને અનુરોધ કરતો ભાવવાહી કળશ લલકારે છે -

માલિની

न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी,
स्फुटमुपरि तरंतोप्येत्य यत्र प्रतिष्ठां ।
अनुभवतु तमेव द्योतमानं समंतात्,
जगदपगतमोहीभूय सम्यक् स्वभावं ॥११॥

ધરત નજ પ્રતિષ્ઠા બદ્ધસ્પૃષ્ટાદિ ભાવ, સ્ફુટ ઉપર તરંતા તોય આ જ્યાં જ આવી;
સકલ દિશ ઝગંતો તેહ સમ્યક્ સ્વભાવ, જગત અનુભવો આ મોહ દૂરે ફગાવી. ૧૧

અમૃત પદ-૧૧

'મનડું કિમહી ન બાઝે હો કુંથુ જિન !' - એ રાગ

અનુભવો આત્મ સ્વભાવ રે આત્મન્ ! અનુભવો આત્મ સ્વભાવ;
સર્વ દિશે ઉદ્યોત કરંતો, દેખો પ્રગટ આ સાવ.. રે આત્મન્ ! અનુભવો. ૧
બદ્ધ સ્પૃષ્ટાદિ ભાવો સ્ફુટ આ, ઉપર તરે છે જેની;
તોય પ્રતિષ્ઠા ત્યાં નજ પામે, સ્થિતિ કરે ત્યાં શેની ?... રે આત્મન્ ! ૨
કમલદલ શું જલમાં આત્મા, અબદ્ધ સ્પૃષ્ટ અલેપ;
મૃત્તિકા દ્રવ્ય શું એહ અનન્ય, ન અન્ય પર્યયક્ષેપ ... રે આત્મન્ ! ૩
સમુદ્ર જેમ સદાયે આ તો, નિયત વ્યવસ્થિત હોય;
પર્યાયદૃષ્ટિ છોડી કનક શું, અવિશેષ આ જોય... રે આત્મન્ ! ૪
અગ્નિસંયોગે ઔષ્ણ્ય મૂકાયું, તોય જલ શીતલ સ્વભાવે;
કર્મ સંયોગ છતાંયે ત્યમ આ, અસંયુક્ત સ્વભાવે... રે આત્મન્ ! ૫
એમ અબદ્ધસ્પૃષ્ટ અનન્ય, નિયત ને અવિશેષ;
અસંયુક્ત આ નિશ્ચય વર્તે, આત્મ સ્વભાવ અશેષ... રે આત્મન્ ! ૬
એવો આત્મસ્વભાવ અમૃત આ, ઝળહળતો ચોપાસે;
મોહ ત્યજી જગ ભગવાન ભાખે, કરો અનુભવ અભ્યાસે... રે આત્મન્ ! ૭

અર્થ : આ અબદ્ધસ્પૃષ્ટ ભાવ આદિ સ્ફુટપણે ઉપરમાં તરતાં છતાં આવીને જ્યાં પ્રતિષ્ઠા ધરતા નથી, તે સર્વતઃ દ્યોતમાન સમ્યક્ સ્વભાવને જગત્ મોહરહિત થઈને અનુભવો !

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્મા કોણે અનુભવ્યો કહેવાય ? તરવાર મ્યાનમાંથી કાઢવાથી જેમ જૂદી માલમ પડે છે, તેમ દેહથી આત્મા સ્પષ્ટ જૂદો બતાવે છે તેણે આત્મા અનુભવ્યો કહેવાય.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૪૭), ૯૫૭ (ઉપદેશ છાયા)

''સદ્‌ગુરુ કહૈ ભવ્ય જીવનિસૌં, તોરહુ તુરિત મોહકી જેલ,
સમકિત રૂપ ગહૌ અપનૌં ગુન, કરહો સુદ્ધ અનુભૌકો ખેલ;

પુદ્ગલ પિંડ ભાવ રાગાદિક, ઈનસૌં નહીં તુમારૌ મેલ,
એ જડ પ્રગટ ગુપત તુમ ચેતન, જૈસે ભિન્ન તોય અરુ તેલ.''*

- શ્રી બનારસી દાસજી કૃત સ.સા.ના. જી.અ. ૧૨

જગત્ મોહ દૂર કરી સમ્યક્ સ્વભાવ અનુભવો

આમ જે ઉપરમાં **ભગવતી 'આત્મખ્યાતિ'** ટીકાના ગદ્યભાગમાં સુપરિસ્ફુટપણે વિવરી દેખાડ્યું તે જ વસ્તુનો સારસમુચ્ચય રૂપ ઉપસંહાર કરતાં મહાગીતાર્થ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** જગત્ મોહ ત્યજી આ શુદ્ધ આત્મસ્વભાવ અનુભવવાનું તીવ્ર સપ્રેમ ભાવથી આહ્વાન કરતો આ પરમ ભાવવાહી કળશ સંગીત કર્યો છે : जगद् अपगतमोहीभूय - જગત્ 'અપગતમોહં' - જેનો મોહ અપગત - દૂર થઈ ગયો છે એવું થઈને અર્થાત્ મોહને દૂર કરીને तमेव समंतात् द्योतमानं सम्यक् स्वभावं અનુભવતુ - 'તેજ' - ઉપરમાં જેનું સ્પષ્ટ વર્ણન કરી દેખાડ્યું તે જ 'સમંતાત્' - સર્વ બાજુથી સર્વથા 'દ્યોતમાન' - પ્રકાશમાન - ઝગઝગી રહેલા એવા 'સમ્યક્' - યથાવત્ જેમ છે તેમ યથાર્થ ભૂતાર્થ 'સ્વભાવને' - આત્મભાવને - આત્માના પોતાના નિજ ભાવને 'અનુભવો !' - અનુભવ પ્રત્યક્ષ કરો ! સંવેદો ! કેવો છે આ સમ્યક્ સ્વભાવ ? यत्र अमी बद्धस्पृष्टभावादयः स्फुटं उपरि तरंतोऽपि एत्य न हि प्रतिष्ठां विदधति - 'આ' - હમણાં જ કહેવામાં આવેલા 'બદ્ધ સ્પૃષ્ટાદિ' ભાવો બદ્ધ સ્પૃષ્ટ - અન્ય - અનિયત - વિશેષ - સંયુક્ત ભાવો, સ્ફુટપણે - પ્રગટપણે ઉપરમાં તરતાં છતાં આવીને જ્યાં 'પ્રતિષ્ઠા ધરતા નથી', 'પ્રતિ' - પ્રતિનિયત 'સ્થા'-સ્થિર સ્થિતિ કરતા નથી, ઠરતા નથી, અર્થાત્ તે તે બદ્ધ સ્પૃષ્ટાદિ પર્યાય ભાવો સમયે સમયે પરિવર્તન પામતા ચાલ્યા જાય છે અને બ્હારના બ્હાર જ રહ્યા કરે છે, આત્મામાં પ્રવેશતા નથી, તરનારો પુરુષ જેમ જલમાં ઉપર તર્યા કરે પણ જલની અંદરમાં પ્રવેશે નહિં, તેમ આ બદ્ધ સ્પૃષ્ટાદિ ભાવો આત્મબાહ્ય રહી ઉપરમાં તર્યા કરે છે પણ આત્મામાં અંતઃપ્રવેશ પામતા નથી.

તાત્પર્ય કે આમ તાદૃશ્ય દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિક ભાવની જગત્માં આબાલવૃદ્ધ સર્વ કોઈ સમજી શકે એવી બિંબ-પ્રતિબિંબ ભાવથી સાંગોપાંગ સુઘટના કરી દેખાડી અત્યંત સ્પષ્ટપણે અમે શુદ્ધ આત્મસ્વભાવ સમ્યક્પણે ખુલ્લે ખુલ્લો કહ્યો છે. તો પછી હવે આ બાબતમાં જગત્ને કંઈ પણ અજ્ઞાનરૂપ - ભ્રાંતિ રૂપ મોહ ન જ રહેવો જોઈએ. માટે જગત્ 'હવે તો' - અમે આટલું આટલું સ્પષ્ટ કહ્યા પછી તો - સાવ મોહ રહિત થઈ તે સમ્યક્ સ્વભાવને અનુભવો ! સમ્યક્-યથાવત્ જેમ સહજ આત્મસ્વરૂપ છે તે **સહજાત્મસ્વરૂપ સ્વભાવને** અનુભવ કરો ! તે સમ્યક્ સ્વભાવ કેવો છે ? તો કે - પાણીમાં તેલ ઉપર તરે પણ અંદર પેસે નહિં, તેમ આ બદ્ધ સ્પૃષ્ટ આદિ ભાવો ઉપરમાં - આત્માની ઉપરને ઉપર જ ભલે તર્યા કરે, છતાં તે આત્માની અંદર પ્રવેશ-અંતઃપ્રવેશ કરતા નથી, આવીને આત્માની અંદર પ્રતિષ્ઠા પામતા નથી, અર્થાત્ તે ભાવો **આત્મબાહ્ય જ** રહે છે, આત્મામાં પ્રવેશ પામતા નથી. માટે મોહ છોડી જગત્ આવા **સહજાત્મસ્વરૂપી શુદ્ધ આત્મસ્વભાવનો** હવે તો અનુભવ કરો ! એવી અમારી આત્મબંધુત્વ ભાવે પ્રેરણા - અનુરોધના છે. એમ આત્મભાવનાથી **પરમ ભાવિતાત્મા અમૃતચંદ્રજીનો** દિવ્ય આત્મા પોકારી પોકારીને જગત્ના સર્વ આત્મબંધુઓને સાગ્રહ નિમંત્રણ કરે છે.



---

* આ કળશનો ભાવ **બનારસીદાસજીએ** આ શબ્દોમાં અવતાર્યો છે, તેનો ભાવાર્થઃ સદ્ગુરુ ભવ્ય જીવોને કહે છે - ત્વરિત પણે - એકદમ જલ્દીથી મોહની જેલ તોડી નાંખો ! 'તોરહુ તુરિત મોહકી જેલ' ! સમકિત રૂપ પોતાના ગુણને ગ્રહો ! અને શુદ્ધ અનુભવનો ખેલ કરો ! 'કરહું સુદ્ધ અનુભવકૌ ખેલ !' પુદ્ગલ પિંડ રાગાદિકભાવ સાથે તમારો મેળ નથી - 'ઈનસૌં નહીં તુમ્હારૌં મેલ' - એ જડ 'પ્રગટ' - દેશ્યમાન છે અને તમે ચેતન 'ગુપ્ત' - અદૃશ્ય છો, 'એ જડ પ્રગટ ગુપત તુમ ચેતન', માટે બન્ને ભિન્ન છે, જેમ પાણી અને તેલ ભિન્ન-જૂદા છે, 'જૈસૈં ભિન્ન તોય અરુ તેલ.'

મોહ હઠાવી અંતરમાં નિહાળતાં આત્માનુભવૈકગમ્ય નિષ્કલંક શાશ્વત આત્મદેવ બિરાજે છે, એવા ભાવનો કળશ સંગીત કરે છે -

શાર્દૂલવિક્રીડિત -

भूतं भांतमभूतमेव रभसान्निर्भिद्य बंधं सुधी -
र्यद्यंतः किल कोप्यहो कलयति व्याहत्य मोहं हठात् ।
आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोयमास्ते ध्रुवं,
नित्यं कर्मकलंकपंकविकलो देवः स्वयं शाश्वतः ॥१२॥

ભાવી ભૂત ભવંત બંધ રભસા નિર્ભેદી કો સન્મતિ,
અંતર માહિ કળે અહો ! હઠથી જો મોહો હઠાવી અતિ;
આત્મા સ્વનુભવૈકગમ્ય મહિમા આ વ્યક્ત ધ્રુવ સ્થિતો,
નિત્યે કર્મકલંકપંક વિકલો દેવ સ્વયં શાશ્વતો. ૧૨

અમૃત પદ-૧૨

'મૂળ મારગ સાંભળો જિનનો રે' - એ રાગ.

દેવ સ્વયં શાશ્વત આ આતમા રે, ઝળહળ જ્યોતિ નિહાળ ! દેવ.
પ્રગટ અનુભવે પ્રકાશતો રે, જો આમ અંતર નિહાળ... દેવ. ૧
ભૂત ભાવિ અને વર્તમાનનો રે, બંધ નિર્ભેદીને તત્કાળ... દેવ.
કોઈ હઠથી હઠાવી મોહને રે, સુધી કરે અંતરમાં ભાળ... દેવ. ૨
તો આત્મા ત્યાં વ્યક્ત બિરાજતો રે, કરતો ધ્રુવપદ આતમ... દેવ.
એક આત્માનુભવે જ જેહનો રે, ગમ્ય હોય મહિમા ગુણધામ... દેવ. ૩
રહિત કર્મકલંકના પંકથી રે, જે રહ્યો સદા અકલંક... દેવ.
એવો દિવ્યપણાથી શોભતો રે, દેવ આત્મા જ પોતે અશંક... દેવ. ૪
આત્મદેવ એવો ભગવાન આ રે, શાશ્વત સદા સ્થિતિવાન... દેવ.
અહો ! જેહ આરાધતાં પામીએ રે, પરમામૃત પદવી ઠાણ... દેવ. ૫

અર્થ : ભૂત, વર્તમાન અને ભાવી બંધને એકદમ (એકી સપાટે) નિર્ભેદીને કોઈ પણ સુધી - સુમતિવંત મોહને હઠથી હણી નાંખીને અહો ! જો અંતરમાં પ્રગટપણે દેખે (અનુભવે), તો આત્માનુભવૈકગમ્ય મહિમાવાળો વ્યક્ત આ આત્મા ધ્રુવપણે રહ્યો છે, કે જે નિત્ય કર્મકલંકપંકથી વિકલ એવો દેવ સ્વયં શાશ્વત છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''વ્યવહારસે દેવ જિન, નિહર્ચેસે હૈ આપ;
યેહી બચનસે સમજ લે, જિન પ્રવચનકી છાપ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**
''જિનવર પૂજા રે તે નિજ પૂજનારે, પ્રગટે અન્વય શક્તિ;
પરમાનંદ વિલાસી અનુભવે રે, દેવચંદ્ર પદ વ્યક્તિ.'' - **શ્રી દેવચંદ્રજી**

અબદ્ધસ્પૃષ્ટ અર્થાત્ કર્મથી અબદ્ધ અને અસ્પૃષ્ટ એવો આ આત્મા કેમ અને કેવો દેખાય ? તેનું સમર્થન કરી, અંતરમાં બિરાજમાન **શાશ્વત આત્મદેવની** મહાપ્રતિષ્ઠા કરતો આ અપૂર્વ દિવ્ય સુવર્ણ

કળશ અત્રે આ **સમયસાર** મહામંદિર પર દિવ્ય દૃષ્ટા મહાપ્રજ્ઞાનિધિ **મહામતિ અમૃતચંદ્રજી**એ અદ્‌ભુત ભાવોલ્લાસથી ચઢાવ્યો છે : भूतं भांतं अभूतमेव बंधं रभसात् निर्भिद्य - 'ભૂત' - ભૂતકાળને લગતો 'ભાંત' - વર્તમાનકાળને લગતો 'અભૂત' જ - ભવિષ્યત્ કાળને લગતો એમ ત્રણે કાળ સંબંધી બંધને 'રભસથી' - અત્યંત વેગથી - આવેગથી - એકી સપાટે ઝપાટાબંધ 'નિર્ભેદીને' - નિતાંતપણે સર્વથા ભેદીને - ભેદ કરીને - આત્માથી ભિન્ન-પૃથક્ કરીને, शुं ? કોણ ? सुधीः कोऽप्यहो - 'સુધી' - સુબુદ્ધિમાન્ એવા કોઈ પણ અહો ! મોહં હઠાત્ વ્યાહત્ય - મોહને 'હઠથી' - બલથી - બળાત્કારે 'વ્યાહત કરી' - વિશેષે આહત કરી - સર્વથા નષ્ટ કરી - હણી નાંખી, यद्यंतः किल कलयति - જો 'અંતઃ' - અંતરમાં ખરેખર ! સ્ફુટપણે 'કળે છે' - અનુભવે છે, તો શું ? अयम् आत्मा ध्रुवं व्यक्तो आस्ते - 'આ' પ્રત્યક્ષ અનુભૂયમાન - અનુભવાઈ રહેલો - 'આત્મા ધ્રુવપણે' - નિશ્ચલ સદા સ્થિરપણે 'વ્યક્ત' - પ્રગટ આવિર્ભૂત બેઠો છે - બિરાજે છે. કેવો છે આ આત્મા ? आत्मानुभवैकगम्य महिमा - 'આત્માનુભવથી એકથી' - એક માત્ર કેવલ આત્માનુભવથી જ 'ગમ્યં પામી શકાય - જાણી શકાય એવો - મહિમા છે જેનો એવો, 'नित्यं कर्मकलंकपंकविकलो देवः स्वयं शाश्वतः' - નિત્ય કર્મકલંકપંકથી વિકલ સ્વયં, શાશ્વત દેવ, 'નિત્ય' - સદાય કર્મકલંકના પંકથી - કાદવથી - મલથી વિકલ રહિત - શૂન્ય 'સ્વયં' - પોતે આપોઆપ સ્વયંભૂ 'શાશ્વત' - સદાસ્થાયી - સનાતન 'દેવ' - દિવ્ય આત્મગુણ સંપત્તિથી વિરાજમાન ભગવાન - સર્વ આત્માર્થીઓનો પરમ આરાધ્ય દેવ.

ત્રિકાલિક બંધ ભેદી અંતરે નિહાળતો નિષ્કલંક શાશ્વત આત્મદેવ બિરાજમાન

અર્થાત્ ભૂત, વર્તમાન અને ભાવી એમ ત્રણે કાળ સંબંધી બંધને એકદમ એકી સપાટે ઝપાટાબંધ નિર્ભેદીને - સર્વથા ભેદી નાંખીને કોઈ પણ 'સુધી' - સુબુદ્ધિમાન - સુમતિવંત પુરુષ મોહને હઠથી હણી નાંખીને જો અંતરમાં દેખે, તો આ આત્મા કેવળ એક આત્માનુભવથી જ ગમ્ય મહિમાવાળો વ્યક્ત ધ્રુવપણે રહ્યો છે, આ વ્યક્ત-પ્રગટ ધ્રુવ આત્માનો મહિમા માત્ર આત્માનુભવથી જ 'ગમ્ય' - જાણી શકાય એવો - પામી શકાય એવો છે અને સદા કર્મકલંક રૂપ પંકથી રહિત એવો આ નિર્મલ-શુદ્ધ આત્મા જ 'સ્વયં' - પોતે 'શાશ્વત' - સદાસ્થાયી એવો દેવ છે. અર્થાત્ પરમ દિવ્ય ભાવથી યુક્ત એવો આ શાશ્વતો આત્મદેવ ધ્રુવપણે અંતરમાં વ્યક્ત બિરાજમાન છે, શાશ્વત પ્રતિષ્ઠાને પામેલો આ શુદ્ધ આત્મદેવ અંદરમાં પ્રગટ બેઠો છે, કે જે આત્મદેવ નિશ્ચયથી સર્વ મુમુક્ષુ આત્માઓનો સદા પરમ પૂજ્ય, પરમ આરાધ્ય, પરમ ઉપાસ્ય એવો પરમ ઈષ્ટ 'દેવ' છે.*

''જિન પદ નિજ પદ એકતા, ભેદભાવ નહિં કાંઈ,
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાયિ;
ઈચ્છે છે જે જોગીજન, અનંત સુખ સ્વરૂપ;
મૂળ શુદ્ધ જે આત્મપદ, સયોગી જિન સ્વરૂપ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, (અંતિમ કાવ્ય)**



શુદ્ધનયાત્મક આત્માનુભૂતિ એ જ જ્ઞાનાનુભૂતિ છે એમ જ્ઞાનઘન આત્માનું હવે ઉત્કીર્તન કરતો આગલી ગાથાના ભાવનું સૂચન કરતો ઉત્થાનિકા કળશ પ્રકાશે છે -

(वसंततिलका)

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या,
ज्ञानानुभूतिरियमेव किलेति बुद्धवा ।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकंप -
मेकोस्ति नित्यमवबोधघनः समंतात् ॥१३॥

આત્માનુભૂતિ ઈતિ શુદ્ધનયાત્મિકા જે, જ્ઞાનાનુભૂતિ જ ખરેખર આજ જાણી !
આત્મા જ આત્મ મહિં સ્થાપી સુનિષ્પ્રકંપ, છે એક નિત્ય અવબોધઘનો બધેય. ૧૩

અમૃત પદ-૧૩

'થાશું પ્રેમ બન્યો છે' રાગ - એ રાગ

આત્મઅનુભૂતિ જ્ઞાન અનુભૂતિ બન્ને એક જ જાણો,
આત્મા એહ જ જ્ઞાનસ્વરૂપી, અનુભવમાં એ આણો... આત્મ. ૧
શુદ્ધ નયાત્મક શુદ્ધ આત્મની, અનુભૂતિ જે અહીં જાણો,
તે જ અનુભૂતિ જ્ઞાન તણો છે, નિશ્ચય એમ પ્રમાણો... આત્મ. ૨
જ્ઞાન અને આત્મા એક જ એ, નિશ્ચય ધી અવધારી,
આત્માને નિજ આત્મા માંહિજ, નિષ્પ્રકંપ અતિ ધારી... આત્મ. ૩
જોતાં એક જ નિત્ય જ્ઞાનઘન, સર્વ દિશેય પ્રકાશે,
ભગવાન અમૃત જ્યોતિ આ, આત્માનુભવ વિલાસે... આત્મ. ૪

અર્થ : એવા પ્રકારે શુદ્ધ નયાત્મિકા જે આત્માનુભૂતિ આ જ નિશ્ચયે કરીને જ્ઞાનાનુભૂતિ છે એમ જાણીને, આત્માને આત્મામાં સુનિષ્પ્રકંપ નિવેશીને સર્વતઃ અવબોધઘન (જ્ઞાનઘન) નિત્ય એક છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''હું અસંગ શુદ્ધ ચેતન છું, વચનાતીત નિર્વિકલ્પ એકાંત શુદ્ધ અનુભવ સ્વરૂપ છું. હું પરમ શુદ્ધ, અખંડ ચિદ્ ધાતુ છું.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૯૯, હાથનોંધ, ૨-૧૭

"शुद्ध नयातम आतमकी, अनुभूति विज्ञान विभूति है सोई,
वस्तु विचारत एक पदारथ, नामके भेद कहावत दोई;
यौं सरवांग सदा लखि आपुहि, आतम ध्यान करे जब कोई,
सेटि असुद्ध विभाव दसा तब, सुद्ध सरूपकी प्रापति होई."

- શ્રી બનારસીદાસજી કૃત સુ.સા.ના જી.અ. ૧૪*

આત્માનુભૂતિ એ જ જ્ઞાનાનુભૂતિ છે, એમ આગળની ગાથામાં આવતી વસ્તુ સૂચવતો આ ઉત્થાનિકા કળશ **'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રજી**એ પ્રકાશ્યો છે : आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या - 'ઈતિ' - એમ ઉક્ત પ્રકારે જે 'શુદ્ધનયાત્મિકા' - શુદ્ધ નયસ્વરૂપા 'આત્માનુભૂતિ' - આત્માનુભવનતા છે, તે

* "सदसद्वादपिशुनात् संगोप्य व्यवहारतः ।
दर्शयत्येकतारत्नं सतां शुद्धनयः सुहृत् ॥" - **શ્રી યશોવિજયજી કૃત અધ્યાત્મસાર**

શુદ્ધનયાત્મિકા આત્માનુભૂતિ આજ જ્ઞાનાનુભૂતિ

જ્ઞાનાનુભૂતિરિયમેવ કિલેતિ બુદ્ધ્વા - આજ ખરેખર ! સ્ફુટપણે નિશ્ચયે કરીને જ્ઞાનાનુભૂતિ જાણીને, શું ? 'આત્માનમાત્મનિ નિવેશ્ય સુનિષ્પ્રકંપં' - આત્માને આત્મામાં સુનિષ્પ્રકંપ - અત્યંતપણે કંપ રહિત - સારી પેઠે નિશ્ચલ નિવેશીને - 'નિ' - નિતાંતપણે 'વેશીને' - બેસાડીને - સ્થિર સ્થાપીને, एकोऽस्ति नित्यमवबोधघनः समंतात् - 'સમંતાત્' - સર્વ બાજુથી 'અવબોધઘન' -ઘન-નક્કરની જેમ સર્વ પ્રદેશે જ્ઞાન-ઘન નિત્ય-સદાય 'એક'" - અદ્વિતીય - અદ્વૈત છે. અર્થાત્ શુદ્ધનયરૂપ એવી જે અબદ્ધસ્પૃષ્ટાદિ ભાવસંપન્ન આત્માની અનુભૂતિ છે એજ જ્ઞાનાનુભૂતિ છે, એમ જાણી આત્માને આત્મામાં સુનિષ્પ્રકંપ પણે - અત્યંત નિષ્કંપપણે નિવેશી - નિતાંતપણે બેસાડી દઈ, નિતાંતપણે પ્રવેશિત કરી, નિમગ્ન કરી, કદી પણ કંપાયમાન - ચલાયમાન ન થાય એમ સુનિશ્ચલપણે સ્થાપન કરી, આ આત્મા સદાય સર્વતઃ - બધી બાજુથી એક **'અવબોધઘન' - જ્ઞાનઘન** છે, ઘનમાં - ને તે સર્વ પ્રદેશે તન્મય જ - સ્વ વસ્તુમય જ હોય, નક્કર વસ્તુમાં જેમ અન્ય કોઈ વસ્તુનો પ્રવેશ ન હોય, તેમ જ્યાં અન્ય કોઈ ભાવનો પ્રવેશ નથી એવો સર્વ પ્રદેશે એક જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનમય આ **'જ્ઞાનઘન'** આત્મા પ્રકાશે છે. અર્થાત્ ઉપરમાં જે શુદ્ધનયથી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રકાશ્યું, એવા આત્માનો - શુદ્ધ સહજ આત્મસ્વરૂપનો જે અનુભવ છે, તેજ જ્ઞાનનો અનુભવ છે. કારણકે આત્મા એ જ જ્ઞાન છે, જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયક ભાવ છે. જ્ઞાન અને આત્મા એક જ છે. એટલે એક આત્માને જાણ્યો એટલે સર્વ જ્ઞાન જાણ્યું અને જ્ઞાન જાણ્યું એટલે આત્માને જાણ્યો. આત્માનુભવ એજ જ્ઞાનાનુભવ ને જ્ઞાનાનુભવ એ જ આત્માનુભવ. આમ નિશ્ચય જાણી આત્માને આત્મામાં સુનિષ્પ્રકંપપણે - સુનિશ્ચલપણે સ્થાપન કરી, આત્માને આત્મામાં જ રહેવા દઈ, સર્વ પ્રદેશ ઘન-નક્કર જ્ઞાનમય એવો એક 'જ્ઞાનઘન' આ આત્મા સર્વતઃ બધી બાજુએ સદાય પ્રકાશે છે, સ્વરૂપ તેજે ઝગમગે છે.

''જબ જાન્યો નિજ રૂપકો, તબ જાન્યો સબ લોક;
નહિં જાન્યો નિજ રૂપકો, સબ જાન્યો સો ફોક.'' - **પરમ તત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી**



जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं ।
अपदेससुत्तमज्झं पस्सदि जिणसासणं सव्वं ॥१५॥

આત્મા અબદ્ધસ્પૃષ્ટ જે જુએ રે, અનન્ય ને અવિશેષ;
તે અપદેશ સૂત્રમધ્ય સર્વ જુએ રે, જિન શાસન અશેષ... રે આત્મન્ વંદો સમયસાર ! ૧૫

ગાથાર્થ : જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ એવો દેખે છે, તે અપદેશ સૂત્રમધ્ય સર્વ જિનશાસનને દેખે છે. ૧૫

आत्मख्याति टीका

यः पश्यति आत्मानं अबद्धस्पृष्टमनन्यमविशेषम् ।
अपदेशसूत्रमध्यं पश्यति जिनशासनं सर्वम् ॥१५॥

येयम्बद्धस्पृष्टस्यानन्यस्य नियतस्य**विशेषस्यासंयुक्तस्य चात्मनोनुभूतिः सा खल्वखिलस्य जिनशासनस्यानुभूतिः** श्रुतज्ञानस्य स्वयमात्मत्वात् ततो ज्ञानानुभूतिरेवात्मानुभूतिः किंतु तदानीं सामान्यविशेषाविर्भावतिरोभावाभ्यामनुभूयमानमपि ज्ञानमबुद्धलुब्धानां न स्वदते । तथाहि -

यथा विचित्रव्यंजनसंयोगोपजात -
सामान्यविशेषतिरोभावाविर्भावाभ्या -
-मनुभूयमानं लवणं
लोकानामबुद्धानां व्यंजनलुब्धानां स्वदते
न पुनरन्यसंयोगशून्यतोपजात-
सामान्यविशेषाविर्भावतिरोभावाभ्यां,
अथ च यदेव विशेषाविर्भविनानुभूयमानं लवणं
तदेव सामान्याविर्भविनापि ।

तथा विचित्रज्ञेयाकारकरंबितत्वोपजाब -
सामान्यविशेषतिरोभावाविर्भावाभ्या -
मनुभूयमानं ज्ञान -
मबुद्धानां ज्ञेयलुब्धानां स्वदते
न पुनरन्यसंयोगशून्यतोपजात -
सामान्यविशेषाविर्भावतिरोभावाभ्यां,
अपि च यदेव विशेषाविर्भविनानुभूयमानं ज्ञानं
तदेव सामान्याविर्भविनापि ।

अलुब्धबुद्धानां तु

यथा सैंधवखिल्यो -
न्यद्रव्यसंयोगव्यवच्छेदेन
केवल एवानुभूयमानः
सर्वतोप्येकलवणरसत्वा
ल्लवणत्वेन स्वदते,

तथात्मापि
परद्रव्यसंयोगव्यवच्छेदेन
केवल एवानुभूयमानः
सर्वतोप्येकविज्ञानघनत्वात्
ज्ञानत्वेन स्वदते ॥१५॥

આત્મખ્યાતિ ટીકાર્થ

જે આ - અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત એવા આત્માની અનુભૂતિ તે નિશ્ચયથી અખિલ જિનશાસનની અનુભૂતિ છે, શ્રુતજ્ઞાનનું સ્વયં આત્માપણું છે માટે. તેથી જ્ઞાનાનુભૂતિ જ આત્માનુભૂતિ છે. પરંતુ ત્યારે - સામાન્ય[૧] - વિશેષના આવિર્ભાવ[૨] - તિરોભાવથી[૨] અનુભવાઈ[૧] રહેલું છતાં - જ્ઞાન અબુદ્ધલુબ્ધોને સ્વદાતું (સ્વાદમાં આવતું) નથી. તે આ પ્રકારે -

જેમ વિચિત્ર વ્યંજનોના સંયોગથી ઉપજેલા	તેમ વિચિત્ર જ્ઞેયઆકારના સંમિશ્રિતપણાથી ઉપજેલ
સામાન્યના તિરોભાવથી અને વિશેષના આવિર્ભાવથી	સામાન્યના તિરોભાવથી અને વિશેષના આવિર્ભાવથી
અનુભવાઈ રહેલું લવણ	અનુભવાઈ રહેલું જ્ઞાન
અબુદ્ધ વ્યંજનલુબ્ધોને સ્વાદમાં આવે છે,	અબુદ્ધ જ્ઞેયલુબ્ધોને સ્વાદમાં આવે
પણ અન્ય સંયોગની શૂન્યતાથી ઉપજેલા	પણ અન્ય સંયોગની શૂન્યતાથી ઉપજેલા
સામાન્યના આવિર્ભાવથી અને વિશેષના તિરોભાવથી	સામાન્યના આવિર્ભાવથી અને વિશેષના તિરોભાવથી
સ્વાદમાં આવતું નથી,	સ્વાદમાં આવતું નથી,
અને જે વિશેષના આવિર્ભાવથી અનુભવાઈ રહેલું લવણ છે,	અને જે વિશેષના આવિર્ભાવથી અનુભવાઈ રહેલું જ્ઞાન છે,
તેજ સામાન્યના આવિર્ભાવથી પણ :	તેજ સામાન્યના આવિર્ભાવથી પણ
(અનુભવાતું લવણ છે) :	અલુબ્ધ બુદ્ધોને (અનુભવાતું જ્ઞાન છે)

પણ અલુબ્ધ બુદ્ધોને તો -

જેમ સૈંધવ ખિલ્ય (મીઠાનો ગાંગડો) -	તેમ આત્મા પણ -
અન્ય દ્રવ્યસંયોગના વ્યવચ્છેદથી	પર દ્રવ્યસંયોગના વ્યવચ્છેદથી
કેવલ જે અનુભવાઈ રહેલો -	કેવલ જ અનુભવાઈ રહેલો -
સર્વતઃ એક લવણરસપણાએ કરીને	સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાએ કરીને
લવણપણે સ્વાદમાં આવે છે :	જ્ઞાનપણે સ્વાદમાં આવે છે. ૧૫

આત્મભાવના

यः आत्मानं अबद्धस्पृष्टमनन्यमविशेषं पश्यति - જે અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ આત્માને દેખે છે, તે अपदेशसूत्रमध्यं जिनशासनं सर्वं पश्यति - અપદેશ સૂત્ર મધ્ય છે જેનું એવું જિનશાસન સર્વ દેખે છે. ।। इति **गाथा** आत्मभावना ।।१५।। येयम् - જે આ, अबद्धस्पृष्टस्यानन्यस्य नियतस्याविशेषस्यासंयुक्तस्य चात्मनो - અબદ્ધસ્પૃષ્ટ અનન્ય નિયત અવિશેષ અને અસંયુક્ત એવા આત્માની - अनुभूतिः - અનુભૂતિ, सा खलु - તે ખરેખર ! નિશ્ચયે કરીને અખિલસ્ય जिनशासनस्यानुभूतिः - 'અખિલ' - સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે. એમ શા માટે ? श्रुतज्ञानस्य स्वयमात्मत्वात् - શ્રુતજ્ઞાનનું સ્વયં-પોતે આત્મત્વ-આત્માપણું છે માટે. તેથી શું ? ततो - તેથી કરીને ज्ञानानुभूतिरेव आत्मानुभूति - જ્ઞાનાનુભૂતિ જ આત્માનુભૂતિ છે, જ્ઞાનનો અંનુભવ એ જ આત્માનો અનુભવ છે. किंतु - પરંતુ तदानीं - ત્યારે सामान्यविशेषाविर्भावतिरोभावाभ्याम् - अनुभूयमानमपि - સામાન્યના 'આવિર્ભાવથી' - પ્રગટ ભાવથી અને વિશેષના 'તિરોભાવથી' - અપ્રગટ ભાવથી અનુભૂયમાન - અનુભવાઈ રહેલું છતાં ज्ञानं न स्वदते - જ્ઞાન નથી સ્વદાતું - સ્વાદમાં આવતું. કોને ? अबुद्धलुब्धानां - અબુદ્ધલુબ્ધોને. 'अबुद्ध' - અબૂઝ-અજ્ઞાની 'લુબ્ધોને' - લોભાઈ ગયેલા લોલુપોને. કેમ સ્વદાતું નથી ? तथा हि - જુઓ ! આ પ્રકારે -

यथा - જેમ विचित्रव्यंजनसंयोगोपजातसामान्यविशेषतिरोभावाविर्भाभ्याम् अनुभूयमानं लवणं - 'વિચિત્ર' - નાના પ્રકારના 'વ્યંજન' - મસાલાના સંયોગથી ઉપજેલ સામાન્યના 'તિરોભાવથી' - અપ્રગટભાવથી અને વિશેષના 'આવિર્ભાવથી' - પ્રગટ ભાવથી અનુભૂયમાન - અનુભવાઈ રહેલું લવણ - मीढुं लोकानामबुद्धानां व्यंजनलुब्धानां स्वदते - લોકોને 'અબુદ્ધ' - અબૂઝ 'વ્યંજનલુબ્ધ' - મસાલા લોલુપ એવાઓને સ્વદાય છે - સ્વાદમાં આવે છે, न पुनरन्यसंयोगशून्यतोपजातसामान्यविशेषाविर्भावतिरोभावाभ्यां - પણ અન્ય સંયોગની 'શૂન્યતાથી' સંપૂર્ણ અભાવતાથી ઉપજેલ સામાન્યના 'આવિર્ભાવ' - પ્રકટભાવથી અને વિશેષના 'તિરોભાવ' - અપ્રકટભાવથી નહિ. अथ च यदेव અને જે જ વિશેષાવિર્ભાવિનાનુભૂયમાનં लवणं - અને વિશેષના 'આવિર્ભાવથી' - પ્રકટભાવથી અનુભૂયમાન - અનુભવાઈ રહેલું લવણ છે, तदेव - તે જ, सामान्याविर्भावेनापि - સામાન્યના 'આવિર્ભાવથી' - પ્રકટભાવથી પણ.

तथा - તેમ विचित्रज्ञेयाकारकरंबितत्वोपजातसामान्यविशेषतिरोभावाविर्भावाभ्याम् अनुभूयमानं ज्ञानं - 'વિચિત્ર' - નાના પ્રકારના જ્ઞેયઆકારોથી 'કરંબિતપણાથી' - સંમિશ્રિતપણાથી ઉપજેલ સામાન્યના 'તિરોભાવથી' - અપ્રગટભાવથી અને વિશેષના 'આવિર્ભાવથી' - પ્રગટભાવથી અનુભૂયમાન - અનુભવાઈ રહેલું જ્ઞાન, अबुद्धानां ज्ञेयलुब्धानां स्वदते - અબુદ્ધોને જ્ઞેયલુબ્ધ એવાઓને સ્વદાય છે - સ્વાદમાં આવે છે, न पुनरन्यसंयोगशून्यतोपजातसामान्यविशेषाविर्भावतिरोभावाभ्यां - પણ અન્ય સંયોગની 'શૂન્યતાથી' - સંપૂર્ણ અભાવતાથી ઉપજેલ સામાન્યના 'આવિર્ભાવથી' - પ્રગટભાવથી અને વિશેષના 'તિરોભાવથી' - અપ્રગટ ભાવથી નહિ. अथ च यदेव - અને જે જ વિશેષાવિર્ભાવિનાનુભૂયમાનં ज्ञानं -

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દ્રવ્ય - હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું.* ભાવ -શુદ્ધ ચૈતન્યમાત્ર નિર્વિકલ્પ દૃષ્ટા છું.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૯, હાથનોંધ, ૨-૭

''સકલ ગણિપિટકનું સાર જેણે લંહ્યું તેહને પણ પરમ સાર એહ જ કહ્યું;
ઓઘ નિર્યુક્તિમાં એહ વિણ નવિ મિટે, દુઃખ સવિ વચન એ પ્રથમ અંગે ઘટે.''

- શ્રી યશોવિજયજી કૃત સાડા ત્ર.ગા.સ્ત.

શુદ્ધનયાત્મિકા આત્માનુભૂતિ એ જ જ્ઞાનાનુભૂતિ છે એમ ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે આ ગાથામાં - 'જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ દેખે છે તે અપદેશ સૂત્રમધ્ય સર્વ જિનશાસન દેખે છે.' એમ કથન કર્યું છે. અર્થાત્ ઉપરમાં વિસ્તારથી વિવરી દેખાડ્યું તેમ - જલમાં કમલ દલની જેમ જે અબદ્ધસ્પૃષ્ટ છે, મૃત્તિકાની જેમ જે અનન્ય છે, સમુદ્રની જેમ જે નિયત છે, સુવર્ણની જેમ જે અવિશેષ છે, જલની જેમ જે અસંયુક્ત છે, એવા અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત આત્માની જે આ અનુભૂતિ છે, તે નિશ્ચયથી સકલ જિનશાસનની અનુભૂતિ છે, કારણકે શ્રુતજ્ઞાનનું સ્વયં આત્મત્વ - આત્માપણું છે માટે. શ્રુતજ્ઞાનસ્ય સ્વયમાત્મત્વાત્ - શ્રુતજ્ઞાન એ પોતે જ આત્મા છે માટે. તેથી આ ગાથાના આશય પરમ ભાવવાહી અદ્ભુત રીતે સૂચવતા ઉત્થાનિકા કળશમાં કહ્યું હતું તેમ આત્માનુભૂતિ એ જ જ્ઞાનાનુભૂતિ છે. 'ततो ज्ञानानुभूतिरेवात्मानुभूतिः ।'

જ્ઞાનાનુભૂતિ જ આત્માનુભૂતિ

ઉપરમાં સકલ પરભાવના ને વિભાવના સ્પર્શલેશ વિનાનો, સહજ સ્વભાવ સ્વરૂપ, શુદ્ધ સ્વભાવભૂત એવો જે સહજાત્મસ્વરૂપ આત્માનો અનુભવ કહ્યો, તે જ સમસ્ત જિનશાસનનો અનુભવ છે. અર્થાત્ શુદ્ધ આત્માનો જેણે સ્વસંવેદન-રૂપ અનુભવ કર્યો, તેણે સકલ જિનશાસનનો સંવેદનરૂપ અનુભવ કર્યો, જેણે શુદ્ધ આત્મા દીઠો, આત્મસાક્ષાત્કારપણે અનુભવ્યો, તેણે 'અપદેશ સૂત્રમધ્ય' સર્વ જિન શાસન દીઠું, સાક્ષાત્ અનુભવ્યું, અર્થાત્ જેનાથી અર્થ-તત્ત્વ અપદેશાય છે - વ્યવપદેશાય છે - કથાય છે, એવા શબ્દ શ્રુત-દ્રવ્ય શ્રુતનું અને તેમાં જે એકસૂત્રની જેમ પરોવાયેલ છે એવા સૂત્ર-ભાવશ્રુતનું મધ્ય-રહસ્ય-અંતસ્તત્વ-પરમાર્થભૂત તત્ત્વ દીઠું, આત્મસાક્ષાત્કારપણે અનુભવ્યું. 'આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું' - 'जे एगं जाणइ से सव्वं जाणइ' - એ જિનશાસનની પરમ તત્ત્વશ્રુતિ તેણે ચરિતાર્થ કરી. પરમ પાવન જિનશાસનના દિવ્ય અંગભૂત દ્વાદશાંગી - ચૌદ પૂર્વ આદિ સર્વ જિનાગમ-જિનપ્રવચન એ કેવલ એક શુદ્ધ આત્માનો લક્ષ કરાવવા માટે છે, એ સર્વ જિન સૂત્રમાં એકસૂત્રપણે (One thread one chain one link) કેવલ એક શુદ્ધ

जे एगं जाणइ से सव्वं जाणइ : આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું

અને વિશેષના 'આવિર્ભાવથી' - પ્રગટભાવથી અનુભવાઈ રહેલું જ્ઞાન, તદેવ - તે જ સામાન્યાવિર્ભાવિનાપિ - સામાન્યના 'આવિર્ભાવથી' - પ્રગટભાવથી પણ.

અલુબ્ધબુદ્ધાનાં - અલુબ્ધ બુદ્ધોને, 'અલુબ્ધ' નહિં લોભાયેલા અલોલુપ એવા 'બુદ્ધોને' - જ્ઞાનીઓને યથા - જેમ સૈંધવખિલ્યો - સૈંધવ ખિલ્ય, સિંધાલૂણનો ગાંગડો અન્યદ્રવ્યસંયોગવ્યવચ્છેદેન - અન્ય દ્રવ્યના - પર દ્રવ્યના સંયોગના 'વ્યવચ્છેદથી' - નિરાકરણથી કેવલ એવ - 'કેવલ જ' માત્ર જ એકલો જ અનુભૂયમાનઃ અનુભવવામાં આવતો લવણત્વેન સ્વદતે - લવણપણે - મીઠાપણે સ્વદાય છે - સ્વાદમાં આવે છે. શાને લીધે ? सर्वतोपि एकलवणरसत्वात् - સર્વતઃ પણ - બધી બાજુથી પણ 'એક' - અદ્વિતીય - અદ્વૈત લવણરસપણાને લીધે.

તથા - તેમ આત્માપિ - આત્મા પણ પરદ્રવ્યસંયોગવ્યવચ્છેદેન - પરદ્રવ્યના સંયોગના 'વ્યવચ્છેદથી' - નિરાકરણથી કેવલ એવ - 'કેવલ જ' - માત્ર એકલો જ અનુભૂયમાનઃ - અનુભવવામાં આવતો જ્ઞાનત્વેન સ્વદતે - જ્ઞાનપણે સ્વદાય છે - સ્વાદમાં આવે છે. શાને લીધે ? सर्वतोप्येकविज्ञानघनत्वात् - સર્વતઃ પણ - બધી બાજુથી પણ 'એક' - અદ્વિતીય - અદ્વૈત 'વિજ્ઞાનઘનપણાને લીધે', સર્વ પ્રદેશે એક વિજ્ઞાન વિજ્ઞાન ને વિજ્ઞાનમયપણાને લીધે. ।। इति **'आत्मख्याति'** ટીકા આત્મભાવના (પ્રસ્તુત ગાથા) ।।૧૫।।

આત્મા જ અનુસ્યૂત-અનુસૂત્રિત છે. એટલે દ્વાદશાંગીના પરમ રહસ્યભૂત કેવલ એક શુદ્ધ* આત્માનો જેણે અનુભવ કર્યો, તેણે સર્વ જિનશાસનનો અનુભવ કર્યો. આ નિશ્ચય વાર્તા પરમ પ્રમાણ છે.

''જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિં કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાયિ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

કારણકે શ્રુતજ્ઞાન એ પોતે જ આત્મારૂપ છે, માટે જ્ઞાનાનુભવ એ જ આત્માનુભવ છે ને આત્માનુભવ એ જ જ્ઞાનાનુભવ છે. આમ છે તો પણ ત્યારે सामान्यविशेषाविभावतिरोभावाभ्यामनुभूयमानमपि - સામાન્યના આવિર્ભાવથી અને વિશેષના તિરોભાવથી અનુભવાતું - છતાં જ્ઞાન અબુદ્ધ લુબ્ધોને સ્વાદમાં આવતું નથી - ज्ञानमबुद्धलुब्धानां न स्वदते - અર્થાત્ સામાન્યના પ્રગટપણાથી અને વિશેષના અપ્રગટપણાથી જ્ઞાનનો અનુભવ થાય છે, છતાં જ્ઞેયલુબ્ધ એવા અબુદ્ધ-અબૂઝ-અજ્ઞાન જનો છે, તેઓને ત્યારે તે અજ્ઞાન દશામાં તેવું જ્ઞાન સ્વાદમાં આવતું નથી, તેવા પ્રકારે જ્ઞાનનો અનુભવાસ્વાદ થતો નથી. આ વસ્તુ દિવ્ય દૃષ્ટા પરમ આત્મજ્ઞાની **અમૃતચંદ્રજીએ** લવણના દૃષ્ટાંતે સાંગોપાંગ **બિંબ-પ્રતિબિંબ ભાવથી** અપૂર્વ રીતે વર્ણવી પરિસ્ફુટ કરી છે. તે આ પ્રકારે -

વ્યંજનમિશ્ર લવણનું દૃષ્ટાંત - અબુદ્ધ જ્ઞેયલુબ્ધોને જ્ઞાન સ્વાદમાં આવતું નથી

લવણ - મીઠું છે. તેમાં વિચિત્ર-નાના પ્રકારના વ્યંજનોનો - મસાલાનો સંયોગ થાય, તેથી સામાન્યનો તિરોભાવ (અપ્રગટપણું) અને વિશેષનો આવિર્ભાવ (પ્રગટપણું) ઉપજે છે, અને તેવા પ્રકારે અર્થાત્ सामान्यविशेषतिरोभावाविर्भावाभ्यामनुभूयमानं लवणं સામાન્યના તિરોભાવથી (અપ્રગટપણાથી) અને વિશેષના આવિર્ભાવથી (પ્રગટપણાથી) અનુભવાઈ રહેલું તે લવણ અબુદ્ધ એવા વ્યંજનલુબ્ધ લોકોને સ્વાદમાં આવે છે, अबुद्धानां व्यञ्जनलुब्धानां स्वदते, પણ અન્ય સંયોગ વિના ઉપજેલા સામાન્યના આવિર્ભાવ - પ્રગટપણા અને વિશેષના તિરોભાવથી - અપ્રગટપણાથી સ્વાદમાં આવતું નથી - न पुनरन्यसंयोगशून्यतोपजातसामान्यविशेषाविर्भावतिरोभावाभ्यां - એટલે કે જે મસાલાના સ્વાદીયા - 'વ્યંજનલુબ્ધ અબુદ્ધ' જનો છે, તેને મીઠું તેના મૂળ સામાન્ય સ્વભાવે અનુભવમાં - સ્વાદમાં આવતું નથી, પણ તેના વિશેષ એવા મસાલા મિશ્ર સ્વભાવે અનુભવમાં - સ્વાદમાં આવે છે. અર્થાત્ વ્યંજનલુબ્ધ સ્વાદીયા લોકો લવણના મૂળ સામાન્ય સ્વભાવને ચાખતા નથી, પણ વિશેષ વ્યંજન મિશ્ર સ્વભાવને ચાખે છે. यदेव विशेषाविर्भविनानुभूयमानं लवणं - અને જે વિશેષના આવિર્ભાવથી - (પ્રગટપણાથી) અનુભવાઈ રહેલું લવણ છે, તે જ સામાન્યના આવિર્ભાવથી અનુભવાતું હો કે વિશેષથી અનુભવાતું હો, પણ લવણ તો તેનું તેજ છે, તેના લવણપણામાં કાંઈ ફેર પડતો નથી, એટલે કે વ્યંજનનો - મસાલાનો ખ્યાલ છોડી વિશેષથી ચાખવામાં આવતા લવણનો જે સ્વાદ છે તે જ સામાન્યથી ચાખવામાં આવતા લવણનો સ્વાદ છે. લવણ તો તેનું તે જ છે. મૂળ લવણ સ્વભાવ અપેક્ષીને ચાખવામાં આવતા લવણપણાના - ખારાપણાના સ્વાદમાં કાંઈ ફેર પડતો નથી તેમ, विचित्रज्ञेयाकारकरंबिततयोपजातसामान्य- विशेषतिरोभावाविर्भावाभ्यामनुभूयमानं ज्ञानं, વિચિત્ર - નાના પ્રકારના જ્ઞેય-જાણવા યોગ્ય પદાર્થો છે, તેના આકારના કરંબિતપણાથી - સંમિશ્રણપણાથી - શંભુમેળા રૂપ સેળભેળપણાથી ઉપજેલો જે સામાન્યનો તિરોભાવ (ઢંકાઈ જવાપણું) અને વિશેષનો આવિર્ભાવ (ખુલ્લું થવાપણું), તેથી અનુભવાતું રહેલું જ્ઞાન **જ્ઞેયલુબ્ધ અબુદ્ધોને** સ્વાદમાં આવે છે, अबुद्धानां ज्ञेयलुब्धानां स्वदते - પણ અન્ય સંયોગની શૂન્યતાથી ઉપજેલા સામાન્યના આવિર્ભાવથી અને વિશેષના તિરોભાવથી સ્વાદમાં આવતું નથી, न पुनरन्यसंयोगशून्यतोपजातसामान्य-

---


* ''ज्ञाते ज्ञातमशेषं दृष्टे दृष्टं च शुद्धचिद्रूपे ।
निःशेषबोध्यविषयौ दगबोधौ यत्र तद्विभो ।।'' - **श्री पद्मनंदि पं. निश्चय पंचाशत्, १५**

* १. શુદ્ધનય જ, નિશ્ચય નય જ.

વશેષાવિર્ભાવતિરોભાવભ્યામ્ । અને જે વિશેષના આવિર્ભાવથી અનુભવાઈ રહેલું જ્ઞાન છે, તેજ સામાન્યના આવિર્ભાવથી અનુભવાઈ રહેલું જ્ઞાન છે. यदेव विशेषाविर्भावेनानुभूयमानं ज्ञानं तदेव सामान्याविज्ञावेनापि જ્ઞાન તો તેનું તે જ છે, તેના જ્ઞાનપણામાં કાંઈ ફેર પડતો નથી. જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે, એટલે નાના પ્રકારના જ્ઞેય-જાણવા યોગ્ય પદાર્થોનો આકાર તેમાં પડે છે, અર્થાત્ તે અનેક જ્ઞેયાકારે પરિણમે છે. આમ વિચિત્ર જ્ઞેયાકારના સંમિશ્રપણાથી જ્ઞાનનો વિશેષ આવિર્ભાવ ઉપજે છે. હવે જે જ્ઞેયમાં લુબ્ધ છે - લોભાઈ ગયેલ - આસક્ત છે, જે જ્ઞેયને જ દેખે છે, તેને તો વિશેષ જ્ઞાન જ્ઞેયરૂપ ભાસે છે, પણ જ્ઞાનરૂપ ભાસતું નથી. વાસ્તવિક રીતે તો સામાન્ય આવિર્ભાવથી ઉપજતું અને વિશેષ આવિર્ભાવથી ઉપજતું જે જ્ઞાન છે, તે બન્નેના જ્ઞાન-સ્વરૂપપણામાં કાંઈ ફેર પડતો નથી. પણ જેની જ્ઞેય પ્રત્યે જ લુબ્ધ દૃષ્ટિ છે. એવા જ્ઞેયલુબ્ધ અબુદ્ધજનોને તો જ્ઞેયમાં જ લુબ્ધપણું (આસક્તપણું) હોઈ તે જ્ઞેય જ ભાસે છે, પરંતુ જેને લીધે તે જ્ઞેય ભાસે છે તે જ્ઞાન ભાસતું નથી !

લવણના ગાંગડા જેમ અલુબ્ધ - બુદ્ધોને વિજ્ઞાનઘનપણાએ કરી આત્મા જ્ઞાનપણે સ્વાદમાં આવે છે

પણ 'अलुब्धबुद्धानां' અલુબ્ધ બુદ્ધોને - અનાસક્ત જ્ઞાનીજનોને 'सैंधवखिल्यो' મીઠાનો ગાંગડો अन्यद्रव्यसंयोगव्यवच्छेदेन - અન્ય દ્રવ્યસંયોગના વ્યવચ્છેદથી केवल एव अनुभूयमानः કેવલ એકલો જ અનુભવવામાં આવતાં सर्वतोप्येकलवणरसत्वात् બધી બાજુએ એક લવણરસપણાએ કરીને લવણપણે સ્વાદમાં આવે છે. लवणत्वेन स्वदते તેમ आत्मापि परद्रव्यसंयोगव्यवच्छेदेन આત્મા પણ પરદ્રવ્ય સંયોગના વ્યવચ્છેદથી - केवल एवानुभूयमानः કેવલ - એકલો જ અનુભવવામાં આવતાં सर्वतोऽप्येकविज्ञानघनत्वात् सर्वतः - સર્વ પ્રદેશે એક વિજ્ઞાનઘનપણાએ કરીને જ્ઞાનપણે સ્વાદમાં - અનુભવમાં આવે છે, ज्ञानत्वेन स्वदते, તાત્પર્ય કે - અન્ય દ્રવ્યના સંયોગ વિના મીઠાનો ગાંગડો કેવલ એકલો જ ચાખીએ, તો સર્વ પ્રદેશે એક લવણરસપણાને લીધે લવણપણે - ખારાપણે સ્વાદમાં આવે છે, તેમ પરદ્રવ્યના સંયોગ વિના આ આત્મા કેવલ એકલો જ અનુભવવામાં આવતાં સર્વ પ્રદેશે એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં - અનુભવમાં આવે છે.



સહજ ઉદ્‌વિલાસ એવી આ જ્ઞાનઘન પરમ ચિન્મય જ્યોતિ અમને સદા હો ! એવી મંગલ ભાવના ભાવતો પરમ ભાવવાહી કળશ પરમ ભાવિતાત્મા **અમૃતચંદ્રજી** લલકારે છે - (કલશ-૧૪)

પૃથ્વીવૃત્ત -

अखंडितमनाकुलं ज्वलदनंतमंतर्बहि -
र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा ।
चिदुच्छलननिर्भरं सकलकालमालंबते,
यदेकरसमुल्लसल्लवणरिवल्यलीलायितं ॥१४॥

અખંડિત અનાકુલ જ્વલતું 'નંત અંતરૂ બહિરૂ,
મહઃ પરમ હો અમને સહજ ઉદ્વિલાસી સદા !
ભર્યું ચિદઉછાળથી સકલ કાલ આલંબતું,
સદૈકરસ ઉલ્લસંતૂ લવણ ગાંગડાની લીલા. ૧૪

અમૃત પદ-૧૪

'શ્રી સીમંધર જિનવર સ્વામી, વિનતડી અવધારો' - એ રાગ.

જ્યોતિ પરમ તે હોજો અમને ! જ્યોતિ પરમ તે હોજો !
અંતરમાં ને બ્હાર જ્વલંતી, નિત્ય પ્રકાશિત હોજો ! રે... જ્યોતિ પરમ. ૧

અખંડિત જે વરતે સ્વભાવે, અનાકુલિત પરભાવે,
અનંત એવી ઝગમગ જ્યોતિ, અંત કદી જસ ના'વે. રે... જ્યોતિ પરમ. ૨

સહજ સ્વભાવે વિના પ્રયાસે, અકૃત્રિમ જેહ ઉલ્લાસે,
સહજાત્મશ્રીસ્વરૂપે વિલસંતી, ભલે સદા તે પ્રકાશે. રે... જ્યોતિ પરમ. ૩

ચેતનના ઊછાળે ભરિયા, એકરસે ઉલ્લસંતી,
એકરસ સબરસની લીલા, સકલ કાલ દરશંતી. રે... જ્યોતિ પરમ. ૪

ચિદ્‌ઘન એવી સકલ પ્રદેશે, ચૈતન્ય રસ તે ઝરંતી,
ભગવાન અમૃત જ્યોતિ તે, સહજ સ્વરૂપ વરંતી. રે... જ્યોતિ પરમ. ૫

અર્થ : અખંડિત, અનાકુલ, અંતરમાંને બ્હારમાં જ્વલંત (ઝળહળતું) અનંત એવું સહજ પરમ તેજ અમને સદા ઉદ્‌વિલાસ (ઉત્કૃષ્ટપણે વિલાસ કરતું) એવું હો ! - કે જે લવણ ખિલ્યનો (મીઠાના ગાંગડાનો) લીલા પ્રકારે જ્યાં ઉલ્લસે છે એવા ચિત્‌ના ઉછાળાથી નિર્ભર એકરસને સકલ કાળ અવલંબે છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું, કર વિચાર તો પામ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત આત્મસિદ્ધિ શાસ્ત્ર**

''લવણ પુતળી થાહ લેણકું, સાયરમાંહી સમાણી;
તામેં મિલ તદ્રૂપ ભઈ, તે પલટ કહે કોણ વાણી ?'' **શ્રી ચિદાનંદજી, પદ-૨૩**

''तज्जीयात् सहजं सुनिष्कलमहंशब्दभिधेयं महः ।'' - **શ્રી પદ્મનંદી પં. ૧-૧૬૦**

તેની પરિપુષ્ટિરૂપ આ ઉપસંહાર કળશ સર્જતાં, ચૈતન્ય-અમૃતરસ સિંધુમાં નિમજ્જન કરનાર મહાકવિ-બ્રહ્મા **'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રજીએ** પરમ ઉદ્દામ આત્મભાવના વ્યક્ત કરી છે - महः परममस्तु नः सहजमुद्‌विलासं सदा - સહજ એવું તે પરમ તેજ અમને સદા ઉદ્‌વિલાસ હો ! **'સહજ'** - આત્મસહજાત સ્વભાવભૂત હોઈ જે ક્યાંઈ બ્હારથી લાવવું પડતું નથી પણ સહજ-અપ્રયાસપણે સદા

હાજરાહજૂર છે, તેમજ તેનાથી પર કોઈ ન હોઈ ને પોતે સર્વથી પર હોઈ જે **'પરમ'** - ઉત્કૃષ્ટ-પરમોત્તમ એવું **'મહસ્'** છે - 'महतो महीयान्' - મહત્ કરતાં મહત્ **महःपरममस्तु नः सदा ! : આ**એવું મહાતેજ છે, ઝળહળ સ્વરૂપે ઝળહળતી પરમજ્યોતિ છે, તે આ સહજ

પરમ મહમૂતેજ અમને સદા હો !

પરમ તેજ અમને સદા-સર્વકાલ નિરંતરપણે 'ઉદ્ વિલાસ' - ઉત્કૃષ્ટપણે ઉદ્યમપણે વિલાસ કરતું, નિત્ય આત્મામાં રમણ કરતું, લીલાલ્હેર કરતું સહજ-અપ્રયાસપણે સદા હો ! આ પ્રત્યક્ષ અનુભવથી સંવેદાતું સહજ પરમ તેજ કેવું છે ? 'अखंडितं' - અખંડ અભંગ આત્મસ્વભાવનું દ્રવ્યથી-ક્ષેત્રથી-કાળથી અને ભાવથી કદી પણ કંઈપણ ખંડિતપણું ન થતું હોવાથી અખંડિત છે, એટલે જ પરભાવ-વિભાવનું કદી પણ આકુલપણું ન થતું હોવાથી અનાકુલ છે, આમ સ્વભાવનું અખંડપણું અને પરભાવના આવરણનું અનાકુલપણું હોવાથી અંતરમાં અને બ્હારમાં અનંતપણે ઉગ્ર સ્વરૂપ તેજે ઝળહળતું - 'જ્વલંત' છે - ज्वलदनंतमंतर्बहि । અને આ ઝળહળ જ્વલંત જ્યોતિપણાનો દ્રવ્યથી-ક્ષેત્રથી-કાળથી અને ભાવથી અંત ન હોવાથી 'અનંત' છે, અતએવ चिदुच्छलन निर्भरं - ચિદ્ ઉચ્છલન નિર્ભર, શુદ્ધ ચૈતન્ય અમૃતસિંધુના ચિત્ આવિષ્કારો રૂપ તરંગોના ઉછાળાથી નિર્ભરપણું વિલસતું હોવાથી સકલ કાલ એક ચૈતન્ય રસરૂપ છે, यदेकरसं । અને એમ નિરંતર એક ચૈતન્યામૃતરસપણાને લીધે સર્વ પ્રદેશે લવણરસપણે સ્વદાતા લવણ-ઘનની (મીઠાના ગાંગડા) જેમ સર્વ પ્રદેશે ચૈતન્યલીલા વિલાસ રૂપ એક ચૈતન્યરસપણે અનુભવાતા ચૈતન્યઘન સ્વરૂપ છે. - सकलकालमालम्बते लवणखील्यलीलायितं । આવી ચૈતન્ય અમૃતરસની લહરીઓ ઉછાળતી ચૈતન્યામૃતસિંધુ ચૈતન્યઘન એવી આ **સહજાત્મસ્વરૂપ પરમજ્યોતિ** અમને સદા ઉદ્વિલાસ હો ! સ્વસ્વરૂપમાં અત્યંત રમણતારૂપ ઉદ્યમ વિલાસ કરતી નિરંતર પ્રગટ હો ! એમ અનુભવામૃતસિંધુનો પરમ અર્ક (Concentrated extract) આ અમૃત કળશમાં* સંભૃત કરી આત્માનુભવામૃત સ્વયંભૂ રમણ સમુદ્રમાં રમણતા અનુભવનારા **'વિજ્ઞાનઘન'** ભગવદ્ અમૃતચંદ્રાચાર્યજી ભાવે છે.



હવે આ જ્ઞાનઘન આત્માની આત્મસિધ્ધર્થીઓને નિત્ય ઉપાસના ઉપદેશતાં ઉદ્‌બોધન કરતાં ઉત્થાનિકા કળશ પ્રકાશે છે -

(अनुष्टुप्)

एष ज्ञानघनो नित्य-मात्मसिद्धिमभीप्सुभिः ।
साध्यसाधकभावेन, द्विधैकः समुपास्यताम् ॥१५॥

એહ જ્ઞાનઘનો નિત્ય, આત્મસિદ્ધિ ઈચ્છુકથી;
દ્વિધા એક ઉપાસાઓ, સાધ્ય-સાધક ભાવથી. ૧૫

અમૃત પદ-૧૫

નિત્ય ઉપાસો ! નિત્ય ઉપાસો ! જ્ઞાનઘનો આ આત્મ;
આત્મસિદ્ધિને ઈચ્છનારા રે, અહો ! મુમુક્ષુ મહાત્મ... નિત્ય ઉપાસો. ૧
જ્ઞાન અમૃતઘન વૃષ્ટિ કરતો, પરમાનંદ પ્રધાન;
સકળ પ્રદેશે એહ આતમા, જ્ઞાન જ્ઞાન ને જ્ઞાન... નિત્ય ઉપાસો. ૨
સાધ્ય નિશ્ચયે આત્મા એહ જ, સાધક પણ છે આજ;
દ્વિધા સાધ્ય સાધક ભાવે છે, છતાં એક આત્મા જ... નિત્ય ઉપાસો. ૩
એવા સાધ્ય આ સાધક ભાવે, સદા ઉપાસો આત્મ;
જ્ઞાનઘનો અમૃત જ્યોતિ આ, ભગવાન પરમાત્મ... નિત્ય ઉપાસો. ૪

અર્થ : સાધ્ય-સાધક ભાવથી દ્વિધા (બે પ્રકારનો) એવો એક આ જ્ઞાનઘન આત્મા આત્મસિદ્ધિ ઈચ્છનારાઓથી નિત્ય સમુપાન કરાઓ !

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''(જ્ઞાનાપેક્ષાએ) સર્વ વ્યાપક, સચ્ચિદાનંદ એવો હું આત્મા એક છું. એમ વિચારવું, ધ્યાવવું - નિર્મળ, અત્યંત નિર્મળ, પરમશુદ્ધ, ચૈતન્યઘન, પ્રગટ આત્માસ્વરૂપ છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૩૮,) ૭૧૦

''આનંદઘન ચેતનમય મૂરતિ, નાથ નિરંજન પાવે.'' **- શ્રી આનંદઘન પદ, ૭**

આ જ્ઞાનઘન આત્મા જ નિત્ય ઉપાસ્ય છે એમ નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો આ ઉત્થાનિકા કળશ સર્જતાં સાક્ષાત્ આત્મસિદ્ધિસંપન્ન **'આત્મખ્યાતિ'** કર્તાએ આત્મસિદ્ધિ સાધવા ઈચ્છતા અન્ય મુમુક્ષુઓને ભાવપૂર્ણ ઉદ્‌બોધન કર્યું છે કે - 'एषः' - 'આ' - પ્રત્યક્ષ સ્વસંવેદનથી અનુભવાતો 'ज्ञानघनः' **'જ્ઞાનઘન'** - સર્વ પ્રદેશે જ્ઞાન જ્ઞાન ને જ્ઞાન એવો ઘન - નક્કર જ્ઞાનમય આત્મા સાધ્ય-સાધક ભાવથી 'द्विधा' - બે વિભાગમાં વ્હેંચાયેલો છતાં એક એવો આત્મસિદ્ધિ અભિલાષીઓથી 'आत्मसिद्धिमभीप्सुभि,' નિત્ય-સદાય 'समुपासाओ !' - સમ્યક્ પ્રકારે ઉપાસાઓ ! 'नित्यं समुपास्यतां' અર્થાત્ આ આત્મા 'જ્ઞાનઘન' નક્કર ઘન વસ્તુની પેઠે સર્વ પ્રદેશે જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનમય જ છે, નક્કર ઘન વસ્તુમાં જેમ અન્ય વસ્તુ પ્રવેશવા ન પામે, તેમ જ્યાં પરભાવ-વિભાવનું પરમાણુમાત્ર પણ અવકાશ પામવાને - અંતઃપ્રવેશ પામવાને કે અંતર સ્પર્શ કરવાને સમર્થ નથી, એવો આ નક્કર અનવકાશ જ્ઞાનમય - **'જ્ઞાનઘન'** આત્મા જ સર્વ સાધનનું સાધવા યોગ્ય

આત્મસિદ્ધ્યર્થીઓથી સાધ્ય-સાધક ભાવે એક આ જ્ઞાનઘન આત્મા નિત્ય ઉપાસાઓ !

---

૧ પાઠાંતર - आत्मा सिद्धि

એકમાત્ર લક્ષ્ય સ્થાન - **'સાધ્ય'** - આરાધ્ય - ઉપાસ્ય છે, અને તે સર્વ સાધ્યલક્ષી સાધનનો સાધનાર **'સાધક'** - આરાધક - ઉપાસક પણ આ જ્ઞાનઘન આત્મા જ છે. આમ સાધક-સાધ્ય દશાની અપેક્ષા-વિવક્ષાવશે સાધ્ય અને સાધક એમ 'દ્વિધા' - બે વિભાગમાં વ્હેંચણી કરવા રૂપ - ભેદ રૂપ વ્યવહારથી આત્માના બે ભેદ પડાય છે, પણ અભેદરૂપ નિશ્ચયથી તો આત્મા પોતે જ સાધ્ય અને આત્મા પોતે જ સાધક એમ સાધ્ય-સાધકના અભેદપણાથી આત્મા એક જ છે. આમ સાધ્ય-સાધક ભાવથી દ્વિધા - બે પ્રકારનો છતાં જે એક છે એવો આ જ્ઞાનઘન આત્મા **'આત્મસિદ્ધિ'** ઈચ્છનારાઓથી સાધ્યભાવે અને સાધકભાવે બન્ને પ્રકારે એક જ્ઞાનઘન એવો નિત્ય સમુપાસાઓ ! આ પરમ આરાધ્ય જ્ઞાનઘન આત્મદેવ સદાય સમ્યક્ ઉપાસન કરાઓ ! કારણકે જે જેની સિદ્ધિ ઈચ્છતો હોય તેણે તેની સમ્યક્ ઉપાસના કરવી જોઈએ એ ન્યાય છે, એટલે જે **'આત્મસિદ્ધિ'** - આત્માની સિદ્ધિ ઈચ્છતો હોય તે આત્માર્થીએ સદાય આત્માની ઉપાસના કરવી જોઈએ, સાધક ભાવરૂપ આત્માએ કરી સાધ્ય ભાવરૂપ આત્માની સાધના કરવી જોઈએ. આ વસ્તુ સ્પષ્ટ સમજવા માટે સાધ્ય-સાધન-સાધક ભાવની પ્રક્રિયા સમ્યક્પણે સમજવી જોઈએ, એટલે અત્રે સંક્ષેપમાં તેનો વિચાર કરશું.

સાધ્ય સાધન અને સાધનાની શુદ્ધિ

આત્મ કલ્યાણના ઈચ્છક કોઈ પણ આત્માર્થી સત્ સાધકે સૌથી પ્રથમ પોતાનું નિશ્ચિત નિશ્ચયરૂપ સાધ્ય-લક્ષ્ય નિયત કરવું જોઈએ. પછી તે સાધ્યને સિદ્ધ કરવા શા સાધન છે તેનો સમ્યક્ વિચાર કરવો જોઈએ. પછી તે સાધ્યપ્રત્યયી સાધનને અવલંબી નિશ્ચયરૂપ નિયત સાધ્ય ધ્યેયને અનુલક્ષીને - નિરંતર લક્ષમાં રાખીને, ફલપ્રાપ્તિ પર્યંત અખંડ સમ્યક્ સાધના કરતા રહી સમ્યક્ સાધક ભાવ પ્રગટાવવો જોઈએ. આમ કરવામાં આવે તો જ યથાર્થ ઈષ્ટ સિદ્ધિ થાય. અર્થાત્ બીજા શબ્દોમાં કહીએ તો સિદ્ધાર્થીએ (૧) સાધ્ય શુદ્ધિ, (૨) સાધન શુદ્ધિ, (૩) સાધના શુદ્ધિ અવશ્ય કરવી જોઈએ. કારણકે સાધ્ય શુદ્ધ ન હોય તો સિદ્ધિ શુદ્ધ થાય નહિં. સાધ્ય શુદ્ધ હોય પણ સાધન શુદ્ધ ન હોય તો પણ સિદ્ધિ શુદ્ધ થાય નહિં. સાધ્ય અને સાધન બન્ને શુદ્ધ હોય, પણ સાધક ભાવ પ્રગટાવવારૂપ શુદ્ધ ન હોય તો પણ સિદ્ધિ શુદ્ધ થાય નહિં. માટે શુદ્ધ સિદ્ધિ અર્થે સાધ્ય-સાધન-સાધના એ ત્રણેની શુદ્ધિનો અવિનાભાવી સંબંધ છે. સાધ્ય વિના સાધન નથી અને સાધન-સાધના વિના સિદ્ધિ નથી. આમ સાધ્ય, સાધન-સાધના અને સિદ્ધિનો ઘનિષ્ઠ સંબંધ છે. માટે ત્રણે કાળે પણ ન ચસે - ન ફરે એવું પરમ ત્રિકાલાબાધિત અખંડ નિશ્ચયરૂપ સાધ્ય-ધ્યેય (goal) પ્રત્યેક સન્માર્ગ સાધકે અત્રે પરમાર્થમાં સૌથી પ્રથમ સુવિનિશ્ચિત કરી લેવું પરમ આવશ્યક છે, કે જેથી બાણાવળીનો લક્ષ્ય જેમ વેધ્ય નિશાન પ્રત્યે જ હોય, ફૂટબૉલ ખેલાડીનો લક્ષ્ય જેમ નિરંતર લક્ષ્ય (goal) પ્રત્યે જ હોય, પથિકનો લક્ષ્ય જેમ ગન્તવ્ય સ્થાન પ્રત્યે જ હોય, તેમ તે સત્ સાધક સત્ નિશ્ચય સાધ્ય પ્રત્યે નિરંતર દૃષ્ટિ ઠેરવી, સાધ્યરસી સાધકપણે સાધન રીતિ કરીને યથાર્થ સાધક નીતિને અનુસરી યથાર્થપણે પરમાર્થને સાધવા સમર્થ થાય.

''હવે જિનવચન પ્રસંગથી, જાણી સાધક નીતિ નાથ રે !

સાધ્યરસી સાધકપણે, કરીએ સાધન રીતિ નાથ રે !... નમિ.'' શ્રી દેવચંદ્રજી

પરમાર્થમાં 'પરમાર્થ' જ સાધ્ય

અને પરમાર્થમાં **'પરમાર્થ'** - પરમ અર્થ એ જ સાધ્ય છે. પરમ અર્થ એટલે પરમ પદાર્થ, પરમ તત્ત્વ, જેનાથી પર કોઈ પદાર્થ-તત્ત્વ નથી અને જે બીજા બધાં કરતાં પર છે એવો પદાર્થ વિશેષ-તત્ત્વ વિશેષ. એવો પરમ તત્ત્વરૂપ પરમ પદાર્થ-પરમાર્થ કયો છે ? તો કે - આત્મા. ચૈતન્યમૂર્તિ આત્મા જેવો ચમત્કારિક પદાર્થ અખિલ જગત્માં નથી. જ્યાં ચૈતન્યના અદ્ભુત ચમત્કારો વિલસે છે એવો આ ચિત્ ચમત્કારમાત્ર આત્મા જ સર્વ આશ્ચર્યનું અને સર્વ ઐશ્વર્યનું એક ધામ છે. (greatest wonder of the world). સર્વ પરપદાર્થથી પરપણે - ભિન્નપણે પ્રત્યક્ષ જૂદો તરી આવતો આ પરમ તત્ત્વવૈજ્ઞાનિક પદાર્થ - પરમાર્થ, શુદ્ધ આત્મા **'સમયસાર'** એના શુદ્ધ સહજ સ્વયંભૂ અસલ મૂળ સ્વરૂપે પ્રગટ કરવો -

પ્રગટાવવો એજ પરમાર્થ છે, એ જ નિશ્ચય છે, એ જ ધ્યેય છે, એ જ સાધ્ય છે, એ જ લક્ષ્ય છે, એ જ ઉપાસ્ય છે, એ જ આરાધ્ય છે. વર્તમાનમાં વિભાવ દશાને લઈ અનાદિ અવિદ્યા રૂપ પરશાસનના મહાભાર તળે દબાઈ ગયેલો આ આત્મા જે અન્ય સંયોગજન્ય કર્મપારતંત્ર્યથી અનંત સંસાર પરિભ્રમણ દુઃખ પામી રહ્યો છે, તેને કર્મપારતંત્ર્યથી મુક્ત કરી આત્મ સ્વાતંત્ર્ય પમાડવો, વિભાવ દશા મૂકાવી આત્મસ્વભાવમાં આણવો, દુઃખધામ ભવબંધન છોડાવી સુખધામ મોક્ષનો યોગ કરાવવો, 'આતમ ઘર આતમ રમે' ને 'નિજ ઘર મંગલમાલ' પ્રગટાવી જીવને શિવ બનાવવો, 'ઈચ્છે છે જે જોગીજન' એવું 'મૂળ શુદ્ધ તે આત્મપદ' - **સહજાત્મસ્વરૂપ** પરમાત્મપદ પમાડવો, 'આનંદઘન રસ પૂર'થી છલકાતો શુદ્ધ સિદ્ધ મુક્ત આત્મારૂપ 'પરમાર્થ' પ્રગટાવવો, એ જ પરમાર્થ છે અને એ જ મત દર્શનના ભેદ વિના સર્વ આત્માર્થી મુમુક્ષુ સાધકનું એક માત્ર સાધ્ય છે.

અધ્યાત્મ પ્રક્રિયા તે સાધન ધર્મ

આ શુદ્ધ આત્મસ્વભાવ રૂપ નિશ્ચય સાધ્ય ધર્મને લક્ષ્યમાં રાખી, નિશ્ચય-વ્યવહારનો સમન્વય કરી, જે કોઈ તત્સાધક સત્સાધન સેવવામાં આવે તે સાધન ધર્મ. અનંત દુઃખમય ભવબંધનથી છૂટવા રૂપ અનંત સુખમય મોક્ષની પ્રાપ્તિમાં જે સહાયભૂત (Instrumental) થાય તે જ સત્ સાધન. આપણું સાધ્ય તો શુદ્ધ સહજ આત્મ સ્વરૂપ જ સુનિશ્ચિત છે અને તે આધ્યાત્મિક વસ્તુ છે, એટલે તેની **સાધનરૂપ પ્રક્રિયા (Process) પણ મુખ્યપણે આધ્યાત્મિક જ ઘટે. જે ક્રિયા નિજ સ્વરૂપને સાધે તેનું નામ જ 'અધ્યાત્મ' અને જે ક્રિયા કરી ચતુર્ગતિ સાધે તે અધ્યાત્મ નહિં. એટલે નિશ્ચય કે વ્યવહાર, દ્રવ્ય કે ભાવ,** જે જે સાધનના સેવવાથી આત્મા આત્મસ્વભાવ રૂપ નિશ્ચય સાધ્યધર્મને જાણે, ઓળખે અને પામે, જીવ મોક્ષની સન્મુખ મુક્તિની નિકટ આવે, એવી મોક્ષ સાધક પ્રત્યેક પ્રક્રિયા તે સાધન ધર્મ.

''નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહિયે રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયે રે... - **શ્રી શ્રેયાંસજિન**
નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે,
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહ શું રઢ મંડો રે''... - શ્રી શ્રેયાંસજિન

શ્રી આનંદઘનજી

''નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ**

જ્ઞાનઘન શુદ્ધોપયોગરૂપ સાધક ભાવ થકી જ સાધ્ય શુદ્ધ આત્માની સિદ્ધિ

અને તેવા ખરેખરા આધ્યાત્મિક સત્ સાધનના યોગે આ જ્ઞાનઘન આત્માનો **શુદ્ધોપયોગરૂપ સાક્ષાત્ જ્ઞાનઘન સાધક ભાવ** પ્રગટ થાય છે, કે જે સાક્ષાત્ **જ્ઞાનઘન** શુદ્ધ આત્મારૂપ **સાધ્યને** સાધવા કાર્યક્ષમ - સર્વથા સમર્થ થાય છે. તાત્પર્ય કે - આ આત્મા જ્ઞાનઘન છે અને તેના સાધ્ય અને સાધક એવા બે રૂપ છે, આ જ્ઞાનઘન સાધ્ય આત્માને સાધવા માટે સાધકે એવું જ્ઞાનઘનરૂપ પ્રગટાવવું જોઈએ. આ **જ્ઞાનઘનરૂપ** એટલે જ્યાં કેવલ જ્ઞાન સિવાય રાગ-દ્વેષ-મોહાદિ બીજો કોઈ પણ ભાવ નથી એવો શુદ્ધ એક જ્ઞાયક ભાવ, અર્થાત્ પ્રત્યક્ષ પ્રગટ **શુદ્ધોપયોગમય શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ જ્ઞાનદશા,** અને આ ભાવનિર્ગ્રંથરૂપ વીતરાગ શુદ્ધોપયોગ દશા એટલે જ્યાં યુગપત્ સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્રની સમ્યક્ સાધના શુદ્ધાત્માનુભૂતિરૂપ અભેદ ભાવે પરિણત થાય છે એવું **મોક્ષમાર્ગરૂપ એકાગ્ર** - જેનું બીજું નામ **'શ્રામણ્ય'** (સાચું શ્રમણપણું) છે તે શુદ્ધ આત્મસાધક સાચી 'સાધુ' દશા. આ શુદ્ધોપયોગરૂપ સાક્ષાત્ સાધક ભાવ - **ભાવ સાધુ દશા** એ જ શુદ્ધ આત્મારૂપ સાધનને સિદ્ધ કરવાનું એકમેવાદ્વિતીયં સાધન છે. શુદ્ધ આત્મા પામવો હોય તો સાચા શ્રામણ્યરૂપ - ભાવ નૈર્ગ્રંથ્ય રૂપ - સાચા ભાવ સાધુત્વ રૂપ શુદ્ધાત્માનુભૂતિમય શુદ્ધોપયોગ દશા થકી જ પમાય. **શ્રી પ્રવચનસાર** ગા. ૧૫ની ટીકામાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** સ્પષ્ટ પ્રકાશ્યું છે તેમ 'શુદ્ધોપયોગરૂપ

સાધક દશા થકી જ શુદ્ધ આત્મસ્વભાવ લાભ થાય છે, જ્ઞાન સ્વભાવી આત્માને આત્મા શુદ્ધોપયોગ પ્રસાદ થકી જ પામે છે, ज्ञानस्वभावमात्मानमात्मा शुद्धोपयोगप्रसादादेवासादयति ।' એટલા માટે આ શુદ્ધોપયોગમય સાક્ષાત્ સાધક ભાવ પ્રાપ્ત કરવો એ જ સર્વ સત્ સાધકનો એકમાત્ર લક્ષ છે અને તે માટે પ્રથમ તો સત્ સાધક અશુભ ઉપયોગને એકી સપાટે ફગાવી દઈ, શુદ્ધોપયોગના લક્ષે યથાશક્તિ શુભોપયોગથી આત્મયોગ્યતા વધારતો વધારતો ઉત્તરોત્તર સાધકભાવ પ્રત્યે લઈ જતી આત્મયોગ્યતા સાધતો રહી, શુદ્ધોપયોગરૂપ સાક્ષાત્ સાધક ભાવને સાધે છે અને પછી તે જ્ઞાનઘન શુદ્ધોપયોગરૂપ સાધક ભાવ દ્વારે જ જ્ઞાનઘન શુદ્ધ આત્મારૂપ સાધ્યને સાધવા સમર્થ થાય છે. આમ આ ક્રમે જ - **'ક્રમબદ્ધ દશા'**થી જ શુદ્ધ આત્માર્થ સાધવો એ જ સર્વ આત્માર્થી સત્ સાધકનું એક માત્ર કામ છે.

''અનિયમિત અને અલ્પ આયુષ્યવાળા આ દેહે આત્માર્થનો લક્ષ સૌથી પ્રથમ કર્ત્તવ્ય છે.

વાસ્તવિક ઉપકારનું કારણ આત્મજ્ઞાન સિવાય બીજું કોઈ નથી.''

''જ્ઞાની પુરુષનો નિશ્ચય થઈ અંતર્ભેદ ન રહે તો આત્મપ્રાપ્તિ સાવ સુલભ છે, એવું જ્ઞાની પોકારી ગયા છતાં કેમ લોકો ભૂલે છે ?'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૬૩૬, ૬૪૨**

''વસ્તુતત્ત્વે રમ્યા તે નિર્ગ્રંથ, તત્ત્વ અભ્યાસ તિહાં સાધુ પંથ;

તિણે ગીતાર્થ ચરણે રહિજે, શુદ્ધ સિદ્ધાંત રસ તો લહિજે.''

- શ્રી દેવચંદ્રજી કૃત 'અધ્યાત્મ ગીતા', ૪૬



दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं ।
ताणि पुण जाण तिण्णिवि अप्पाणं चेव णिच्छयदो ॥१६॥

દર્શન જ્ઞાન ચરિત્ર તે રે, સાધુને સેવ્ય સદા જ;
તે ત્રણેય પણ જાણ તું રે, નિશ્ચયથી આત્મા જ... રે આત્મન્ ! વંદો સમયસાર. ૧૬

ગાથાર્થ : દર્શન-જ્ઞાન-ચારિત્ર સાધુએ નિત્ય સેવવા યોગ્ય છે,
અને તે ત્રણેય નિશ્ચયથી આત્મા જ જાણ ! ૧૬

आत्मख्याति टीका -

दर्शनज्ञानचारित्राणि सेवितव्यानि साधुना नित्यं ।
तानि पुनर्जानीहि त्रीण्यप्यात्मानमेव निश्चयतः ॥१६॥

ये नैव हि भावेनात्मा साध्यं साधनं च स्यात्तेनैवायं नित्यमुपास्य इति स्वयमाकूय परेषां व्यवहारेण **साधुना** दर्शनज्ञानचारित्राणि **नित्यमुपास्यानीति** प्रतिपाद्यते । **तानि पुनस्त्रीण्यपि परमार्थेनात्मैक एव** वस्त्वंतराभावात् ।

यथा देवदत्तस्य कस्यचित्	तथात्मन्यपा -
ज्ञानं श्रद्धानमनुचरणं च	त्मनो ज्ञानं श्रद्धानमनुचरणं चा -
देवदत्तस्य स्वभावानतिक्रमाद्	त्मस्वभावानतिक्रमा -
देवदत्त एव न वस्त्वन्तरं,	दात्मैव न वस्त्वन्तरं,

ततो आत्मा एक एवोपास्य इति स्वयमेव प्रद्योतते । स किल - ॥१६॥

आत्मख्याति टीकार्थ

નિશ્ચયે કરી જે જ ભાવે કરીને આત્મા સાધ્ય અને સાધન હોય,
તેથી કરીને જ આ નિત્ય ઉપાસ્ય (ઉપાસવા યોગ્ય) છે એમ સ્વયં અભિપ્રાય ધારી (વિચારી).
'સાધુએ દર્શન-જ્ઞાન-ચારિત્ર નિત્ય ઉપાસ્ય છે'
એમ પરો પ્રત્યે વ્યવહારથી પ્રતિપાદવામાં આવે છે.
પુનઃ તે ત્રણે પણ પરમાર્થથી આત્મા એક જ છે,
વસ્ત્વંતરનો (બીજી કોઈ વસ્તુનો) અભાવ છે માટે.

જેમ કોઈ દેવદત્તનું	તેમ આત્માની બાબતમાં પણ આત્માનું
જ્ઞાન શ્રદ્ધાન અને અનુચરણ	જ્ઞાન શ્રદ્ધાન અને અનુચરણ
દેવદત્તના સ્વભાવના અનતિક્રમથી	આત્મસ્વભાવના અનતિક્રમથી
દેવદત્ત જ છે, નહિં કે વસ્ત્વંતર :	આત્મા જ છે, નહિં કે વસ્ત્વન્તર,

તેથી આત્મા એક જ ઉપાસ્ય છે, એમ સ્વયમેવ પ્રદ્યોતે છે. તે (આત્મા) ખરેખર ! ૧૬

आत्मभावना -

साधुना दर्शनज्ञानचारित्राणि नित्यं सेवितव्यानि - **साधुએ** - आत्मसाधक साधु पुरुषे दर्शन-ज्ञान-चारित्र नित्य-सदाय सेव्य - **સેવવા યોગ્ય છે**, तानि पुनः त्रीण्यपि निश्चयतः आत्मानमेव जानीहि - **તે પુનઃ ત્રણેયને નિશ્ચયથી આત્મા જ જાણ** ! इति **गाथा** आत्मभावना ॥१६॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ... મૂળ મારગ.
નો'ય પૂજાદિની જે કામના રે, નો'ય વ્હાલું અંતર ભવદુઃખ... મૂળ મારગ.
જ્ઞાન-દર્શન-ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ... મૂળ મારગ.
જિન મારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુધ... મૂળ મારગ.''

- પરમતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી

સાધુએ દર્શન-જ્ઞાન-ચારિત્ર નિત્ય ઉપાસ્ય : નિશ્ચયથી તે ત્રણે આત્મા જ

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે સાધ્ય-સાધક ભાવથી 'દ્વિધા' - બે ભાગમાં વ્હેંચાયેલો આત્મા એક જ ઉપાસ્ય છે એમ. અત્ર પ્રતિપાદન કરવામાં આવ્યું છે : 'યેનૈવ હિ ભાવેનાત્મા સાધ્યં સાધનં ચ સ્યાત્' - નિશ્ચયે કરીને જે જ ભાવ વડે કરીને આત્મા સાધ્ય અને સાધન હોય તે ભાવ વડે કરીને જ આ નિત્ય ઉપાસ્ય છે - સદા ઉપાસવા યોગ્ય છે, એમ સ્વયં - પોતે વિચારી, અંતર અભિપ્રાય ધરી, સાધુએ દર્શન-જ્ઞાન-ચારિત્ર નિત્ય ઉપાસ્ય-ઉપાસવા યોગ્ય છે - 'साधुना दर्शनज्ञानचारित्राणि नित्यमुपास्यानि', એમ પરો પ્રત્યે - બીજાઓ પ્રત્યે વ્યવહારથી પ્રતિપાદન કરવામાં આવે છે અને તે ત્રણેય - દર્શન જ્ઞાન ચારિત્ર પરમાર્થથી એક* આત્મા જ છે, 'तानि पुनस्त्रीण्यपि परमार्थेनात्मैक एव ।' શા માટે ? વસ્ત્વંતર અભાવ છે માટે, 'वस्त्वन्तराभावात्'. જેમ કોઈ દેવદત્તનું જ્ઞાન શ્રદ્ધાન અને અનુચરણ દેવદત્તના સ્વભાવના 'અનતિક્રમથી' - અનુલ્લંઘનથી દેવદત્ત જ છે - વસ્ત્વંતર - બીજી વસ્તુ નથી, તેમ આત્માની બાબતમાં પણ આત્માનું જ્ઞાન શ્રદ્ધાન અને અનુચરણ 'आत्मस्वभावनतिक्रमात्' - આત્મસ્વભાવના અનતિક્રમથી - અનુલ્લંઘનથી આત્મા જ છે - વસ્ત્વંતર - બીજી વસ્તુ નથી. તેથી આ પરથી શું ? 'ततो आत्मा एवोपास्यः' તેથી આત્મા એક જ ઉપાસ્ય-ઉપાસના યોગ્ય છે એમ સ્વયમેવ-આપોઆપ જ 'प्रद्योते' છે - પ્રકૃષ્ટપણે પ્રકાશે છે અને તે કેવો છે ? તે ખરેખર ! સ્ફુટપણે નીચેના ૪ કળશોમાં બતાવાય છે તેવો. હવે અમૃતચંદ્રજીની આ પરમ પરમાર્થ ગંભીર સૂત્રાત્મક વ્યાખ્યાને પ્રસ્પષ્ટપણે સમજવા વિષે વિચાર કરીએ.

येनैव हि भावेनात्मा साध्यं साधनं च स्यात् - સ્ફુટપણે જે જ ભાવે કરીને આત્મા સાધ્ય અને સાધન હોય, तेनैवायं नित्यमुपास्य इति स्वयमाकूय - તે વડે કરીને જ આ નિત્ય-સદાય ઉપાસ્ય-ઉપાસવા યોગ્ય છે એમ સ્વયં-પોતે વિચાર કરી - અંતરમાં અભિપ્રાય ધરી, परेषां व्यवहारेण प्रतिपाद्यते - પરોને - બીજાઓને વ્યવહારથી પ્રતિપાદવામાં - પ્રરૂપવામાં આવે છે, શું ? साधुना दर्शनज्ञानचारित्राणि नित्यमुपास्यानीति - સાધુએ દર્શન-જ્ઞાન-ચારિત્ર નિત્ય-સદાય ઉપાસ્ય-ઉપાસવા યોગ્ય છે એમ. तानि पुनस्त्रीण्यपि परमार्थेनात्मैक एव - તે પુનઃ ત્રણેય પરમાર્થથી આત્મા એક જ છે, શાને લીધે ? वस्त्वन्तराभावात् - વસ્ત્વન્તરના - બીજી કોઈ વસ્તુના અભાવને લીધે. यथा देवदत्तस्य कस्यचित् ज्ञानं श्रद्धानमनुचरणं च - જેમ કોઈ દેવદત્તનું જ્ઞાન શ્રદ્ધાન અને અનુચરણ देवदत्त एव न वस्त्वन्तरं - દેવદત્ત જ છે, નહિ કે વસ્ત્વન્તર - બીજી કોઈ વસ્તુઓને લીધે ? देवदत्तस्य स्वभावानतिक्रमात् - દેવદત્તના સ્વભાવના અનતિક્રમને લીધે - અનુલ્લંઘનને લીધે. तथात्मन्यपि - તેમ આત્માની બાબતમાં પણ आत्मनो ज्ञानं श्रद्धानमनुचरणं च - આત્માનું જ્ઞાન શ્રદ્ધાન અને અનુચરણ आत्मैव न वस्त्वन्तरं - આત્મા જ છે, નહિ કે વસ્ત્વન્તર - બીજી કોઈ વસ્તુ. શાને લીધે ? आत्मस्वभावानतिक्रमात् - આત્મસ્વભાવના અનતિક્રમને લીધે - અનુલ્લંઘનને લીધે. આ ઉપરથી શું ફલિત થાય છે ? तत आत्मा एक एवोपास्य इति स्वयमेव प्रद्योतते - તેથી આત્મા એક જ ઉપાસ્ય - ઉપાસવા યોગ્ય છે, એમ સ્વયમેવ - આપોઆપ જ પ્રદ્યોતે છે - પ્રકૃષ્ટપણે દ્યોતે છે - પ્રકાશે છે. स किल - તે (આત્મા) ખરેખર ! કેવો છે ? તે નીચેના કળશોમાં કહીએ છીએ. ॥ इति **'आत्मख्याति'** टीका आत्मभावना (प्रस्तुत गाथा) ॥१६॥

---

* ''एकमेव हि चैतन्यं शुद्धनिश्चयतोऽथवा ।
कोऽवकाशो विकल्पानां तद्भखण्डैकवस्तुनि ॥'' - **श्री पद्मनंदि पं.विं. એકત્વ સપ્તતિ-૧૫**

જે આત્મભાવ વડે કરીને આત્મા સાધવા યોગ્ય સાધ્ય અને તે સાધ્યનું સાધક એવું સાધન હોય, તે આત્મભાવ વડે કરીને જ, આત્મસાધક એવા 'સાધુએ' - સત્ સાધક સાધુ પુરુષે 'આ' - પ્રત્યક્ષ - અનુભૂયમાન આત્માનું સદા ઉપાસન - આરાધન - સેવન કરવા યોગ્ય છે એમ પરો પ્રત્યે વ્યવહારથી ઉપદેશવામાં આવે છે, અર્થાત્ આ નિશ્ચયરૂપ આત્મભાવ શબ્દથી અવાચ્ય છે, એટલે તે આત્મભાવ પ્રત્યે પ્રેરિત કરવા માટે - અન્યને સમજાવવા માટે ભેદકલ્પનારૂપ વ્યવહારથી સાધક એવા સાધુએ દર્શન-જ્ઞાન-ચારિત્ર સદા ઉપાસન કરવા યોગ્ય છે, એમ મુમુક્ષુઓને ઉપદેશ દેવાય છે, દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્મસ્વરૂપના સાધક સાધન રૂપ આત્મભાવ છે અને એ આત્મસાધન વડે શુદ્ધ આત્મારૂપ સહજાત્મસ્વરૂપ, સાધ્ય ભાવ સિદ્ધ કરવાનો છે, એટલા માટે આત્માર્થીએ દર્શન-જ્ઞાન-ચારિત્ર નિરંતર અખંડ એકનિષ્ઠાથી સાધવા યોગ્ય છે - આરાધવા યોગ્ય છે. એમ શાસ્ત્રકર્તા સદ્‌ગુરુથી સત્ જિજ્ઞાસુ શિષ્ય પ્રત્યે વ્યવપદેશભેદ રૂપ વ્યવહારથી અનુશાસન કરાય છે. વળી તે ત્રણેય-દર્શન જ્ઞાન ચારિત્ર પણ 'પરમાર્થથી' - નિશ્ચયથી - તત્ત્વથી તો એક આત્મા જ છે, કારણકે અત્રે વસ્ત્વંતરનો - અન્ય વસ્તુનો અભાવ છે, અર્થાત્ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્મા સિવાય બીજી કોઈ વસ્તુ નથી. - **શ્રીપાળ રાસમાં શ્રી ઉપાધ્યાયજી યશોવિજયજીએ** ગાયું છે તેમ 'દર્શન એહી જ આતમા, જ્ઞાન એહી જ આત્મા, ચારિત્ર એહી જ આતમા.' આત્મા એ જ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, અથવા દર્શન-જ્ઞાન-ચારિત્ર એ એક આત્મા જ છે, આત્માના અંગભૂત - આત્મસ્વભાવભૂત સહજાત્મસ્વરૂપ હોઈ આત્માથી અભિન્ન છે.

આત્માનું જ્ઞાન - શ્રદ્ધાન - અનુચરણ આત્મા જ

જેમ કોઈ દેવદત્ત નામનો માણસ છે, તેનું જ્ઞાન, શ્રદ્ધાન અને અનુચરણ દેવદત્તના સ્વભાવના અનતિક્રમથી - અનુલ્લંઘનથી દેવદત્ત જ છે, વસ્ત્વંતર નથી - બીજી કોઈ વસ્તુ નથી, અર્થાત્ દેવદત્તના જ્ઞાન-શ્રદ્ધાન-અનુચરણ દેવદત્તના સ્વભાવનું ઉલ્લંઘન ન કરતા હોઈ, દેવદત્તના અંગભૂત સ્વભાવભૂત હોઈ, દેવદત્ત જ છે, અન્ય વસ્તુ નથી, તેમ આત્માની બાબતમાં પણ આત્માનું જ્ઞાન શ્રદ્ધાન અને અનુચરણ આત્મસ્વભાવના અનતિક્રમથી - અનુલ્લંઘનથી આત્મા જ છે, વસ્ત્વંતર નથી - બીજી કોઈ વસ્તુ નથી, અર્થાત્ આત્માના જ્ઞાન શ્રદ્ધાન અને અનુચરણ આત્મસ્વભાવનું ઉલ્લંઘન ન કરતા હોઈ, આત્માના અંગભૂત સ્વભાવભૂત હોઈ, આત્મા જ છે, અન્ય વસ્તુ નથી.

આમ દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચયથી - પરમાર્થથી આત્મારૂપ હોઈ તેનું આત્માથી અભિન્નપણું છે. એથી સાધકે આત્મસાધન એવા દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ આત્મભાવની નિત્ય ઉપાસના કરવી, એટલે પરમાર્થથી એક આત્માની જ ઉપાસના કરવી, એમ આપોઆપ પ્રદ્યોતે છે - અત્યંતપણે સ્પષ્ટ દીવા જેવું પ્રકાશે છે, અર્થાત્ સાધ્ય-સાધક ભાવે આત્મા જ એક નિત્ય ઉપાસ્ય છે એવો નિશ્ચય સિદ્ધાંત સ્થાપિત થયો. સાધ્ય પણ આત્મા છે અને સાધક સાધનાર સાધન પણ આત્મા જ છે, એટલે દર્શન-જ્ઞાન-ચારિત્રથી અભિન્ન એવો એક આત્મા જ **'આત્મસિદ્ધિ'**ના અભિલાષી સાધકે સદા અખંડ એક નિષ્ઠાથી ઉપાસવા યોગ્ય-આરાધવા યોગ્ય-સેવવા યોગ્ય છે. इति स्थितं ।

નિશ્ચય મોક્ષમાર્ગઃ વ્યવહાર મોક્ષમાર્ગ અવિરોધ

આમ અત્રે વ્યવપદેશમાત્રથી ભેદ છતાં જ્યાં સાધ્ય-સાધનનો અભેદ છે એવા સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રમય **આત્મારૂપ નિશ્ચય મોક્ષમાર્ગનું** સુપ્રતિષ્ઠાપન કર્યું છે, તે સાધ્ય-સાધનનો જ્યાં ભેદ છે એવા **વ્યવહાર મોક્ષમાર્ગના** અન્યત્ર પ્રતિપાદનથી અવિરુદ્ધ છે. કારણકે અત્રે શુદ્ધનય દશાના પાત્ર ઉચ્ચ અધિકારીને યોગ્ય આ શાસ્ત્રમાં નિશ્ચયનયના પ્રધાનપણાથી મુખ્ય નિરુપચાર કથન છે અને અન્યત્ર કરેલું વિધાન તે વ્યવહારનયના સાપેક્ષપણે ઉપચાર કથન છે, અર્થાત્ આ વ્યવહાર મોક્ષમાર્ગનું કથન ઉપચરિત છે - મુખ્ય નથી. આ નિશ્ચય-વ્યવહારનો અવિરોધ સ્પષ્ટપણે સમજાઈ જ્ઞાનીઓની પ્રરૂપણાનું પૂર્વાપર અવિરુદ્ધપણું સ્પષ્ટ લક્ષમાં આવે એ અર્થે અત્રે પ્રસંગથી આ અંગે વિશેષપણે સ્પષ્ટ **તત્ત્વમીમાંસા** કરીએ, કે જેથી મોક્ષમાર્ગની પ્રરૂપણા અંગે જ્ઞાની પુરુષોનો આશય

સર્વથા સ્ફુટ થઈ જાય અને નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગ અંગે મુમુક્ષુને કોઈ પણ ભ્રાંતિ રહેવા ન પામે.

નિશ્ચય મોક્ષમાર્ગમાં સાધ્ય સાધન અભેદ : વ્યવહાર મોક્ષમાર્ગમાં સાધ્ય સાધનભેદ

નિશ્ચય શુદ્ધ દ્રવ્યાશ્રિત હોઈ અભેદગ્રાહી છે, એટલે તેમાં સાધ્ય-સાધનનો અભેદ છે : વ્યવહાર પર્યાયાશ્રિત હોઈ ભેદગ્રાહી છે, એટલે તેમાં સાધ્ય-સાધનનો ભેદ છે - દ્રવ્યાશ્રિત નિશ્ચય દૃષ્ટિએ એક શુદ્ધ આત્મા એ જ અભેદ રત્નત્રયી છે અને એ જ નિશ્ચય મોક્ષમાર્ગ છે, અને આ આત્માથી અભિન્ન સ્વગુણપર્યાયરૂપ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્મ સ્વભાવભૂત આત્મધર્મ સ્વગત-આત્મગત ભેદ વિવક્ષારૂપ સદ્‌ભૂત વ્યવહારથી (વા પરમાર્થ વ્યવહારથી) ભેદ રત્નત્રયી છે, એટલે એ પણ નિશ્ચય મોક્ષમાર્ગના અંગભૂત જ છે. કારણકે એ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ભેદ રત્નત્રયીરૂપ આત્મધર્મ આત્માથી અભિન્ન હોઈ અભેદ રત્નત્રયીરૂપ આત્મા પ્રત્યે - નિશ્ચય સાધ્ય પ્રત્યે લઈ જનાર નિશ્ચય સાધન છે. **દેવચંદ્રજીએ** 'અધ્યાત્મ ગીતા'માં સંગીત કર્યું છે, તેમ 'ભેદરત્નત્રયી તીક્ષ્ણતાયે અભેદ રત્નત્રયી તીક્ષ્ણતાયે, અભેદ રત્નત્રયીમાં સમાયે' - ભેદ રત્નત્રયીની તીક્ષ્ણતાએ કરીને અભેદ રત્નત્રયીરૂપ આત્મામાં આત્મા સમાય છે. સવિકલ્પ રૂપ ભેદ રત્નત્રયીના સાધન થકી નિર્વિકલ્પ અભેદ રત્નત્રયી રૂપ સાધ્ય આત્મા પર આરૂઢ થવાય છે અને એટલે જ નિશ્ચયથી આત્માથી અભિન્ન છતાં સદ્‌ભૂત વ્યવહારથી ભિન્ન વ્યપદેશાતા આ **દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ આત્મધર્મ** સાધુએ નિત્ય ઉપાસ્ય છે - સદાય ઉપાસવા યોગ્ય છે - નિરંતર આરાધવા યોગ્ય છે, એવો સ્પષ્ટ ઉપદેશ અત્ર કરવામાં આવ્યો છે, કે જેથી કરીને દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્મધર્મથી અભિન્ન એવો નિત્ય ઉપાસ્ય આત્મા પ્રાપ્ત થાય. આમ નિશ્ચયના અંગભૂત ભેદરત્નત્રયી અને નિશ્ચયરૂપ અભેદ રત્નત્રયી આત્મા મુમુક્ષુએ સદા ઉપાસવા યોગ્ય છે. કારણકે દર્શન-જ્ઞાન-ચારિત્રને ઉપાસવા એટલે આત્માને ઉપાસવો અને આત્માને ઉપાસવો એટલે દર્શન-જ્ઞાન-ચારિત્રને ઉપાસવા. દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્મધર્મરૂપ સાધન સાધ્ય રૂપ આત્માથી અભિન્ન હોઈ આત્મા જ છે, એટલે આત્મા એ જ સાધ્ય અને આત્મા એ જ સાધન એમ સાધ્ય - સાધનનો જ્યાં અભેદ છે એવો આ ભેદાભેદ રત્નત્રયી રૂપ નિશ્ચય મોક્ષમાર્ગ છે, અને સાધ્ય-સાધનનો જ્યાં ભેદ છે એવો વ્યવહાર રત્નત્રયી રૂપ વ્યવહાર મોક્ષમાર્ગ તે આ નિશ્ચય મોક્ષમાર્ગરૂપ સાધ્ય પ્રત્યે અનુક્રમે લઈ જનાર સાધન છે. અર્થાત્ વ્યવહાર રત્નત્રયીરૂપ વ્યવહાર મોક્ષમાર્ગ સાધન દ્વારા અનુક્રમે ભેદાભેદ રત્નત્રયીરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ સાધ્ય પ્રત્યે જવાય છે.

''જ્ઞાન એટલે આત્માને યથાતથ્ય જાણવો તે. 'દર્શન' એટલે આત્માની યથાતથ્ય પ્રતીતિ તે. 'ચારિત્ર' એટલે આત્મા સ્થિર થાય તે. *** આત્મદશા સાધે તે સાધુ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩**

ભેદ રત્નત્રયીઃ અભેદ રત્નત્રયી વ્યવહાર રત્નત્રયીનો કાર્યકારણ ભાવ

આમ આત્માનું દર્શન, આત્માનું જ્ઞાન, આત્માનું ચારિત્ર એ ભેદ રત્નત્રયી અને આત્મા એ જ દર્શન, આત્મા એ જ જ્ઞાન, આત્મા એ જ ચારિત્ર એ અભેદ રત્નત્રયી - એમ ભેદાભેદ રત્નત્રયી બન્ને આત્માશ્રિત હોઈ સાધ્ય-સાધનના અભેદથી નિશ્ચય મોક્ષમાર્ગ છે. ભેદ પરથી અભેદ પર જવાય છે, એટલે ભેદ રત્નત્રયીના સાધન માર્ગે જ અભેદ રત્નત્રયી રૂપ સાધ્ય પર આરૂઢ થવાય છે. માટે નિત્ય ઉપાસ્ય એવા અભેદ રત્નત્રયી રૂપ - આત્મારૂપ નિશ્ચય સાધ્ય પ્રત્યે જવા ઈચ્છનાર સાધક મુમુક્ષુએ સદ્‌ભૂત વ્યવહારથી ભિન્ન ઉપદેશાતા દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ભેદ રત્નત્રયીરૂપ આત્મધર્મ નિત્ય-સદાય ઉપાસવા યોગ્ય છે, એટલું જ નહિં પણ અનુક્રમે ભેદ રત્નત્રયીરૂપ - અભેદ રત્નત્રયીરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ સાધ્ય પ્રત્યે લઈ જનાર વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ - વ્યવહાર રત્નત્રયીરૂપ વ્યવહાર મોક્ષમાર્ગ સાધન પણ નિત્ય - સદાય ઉપાસવા યોગ્ય છે, કે જેથી કરીને ક્રમે કરીને ક્રમબદ્ધ આત્મદશાના વિકાસ અનુસારે નિશ્ચય રત્નત્રયી રૂપ મોક્ષમાર્ગ સધાય, શુદ્ધ આત્માની સિદ્ધિરૂપ આત્મસિદ્ધિ થાય. કારણકે ઉપકારી નિમિત્ત સાધનરૂપ વ્યવહારના માર્ગે જ આત્મારૂપ ઉપાદાન સાધન પ્રગટી આત્મારૂપ ઉપાદાન સાધ્ય સિદ્ધ થાય છે, વ્યવહાર મોક્ષમાર્ગના પ્રસાદ થકી જ નિશ્ચય મોક્ષમાર્ગરૂપ આત્મા પમાય છે. એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર

એ આત્મધર્મરૂપ સત્ સાધન સત્ સાધકે નિત્ય-સદાય ઉપાસ્ય-ઉપાસવા યોગ્ય છે, આરાધવા યોગ્ય છે, એટલું જ નહિં પણ પરંપરાથી તે આત્મધર્મરૂપ નિશ્ચયદર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રત્યે લઈ જનારા વ્યવહારદર્શન-જ્ઞાન-ચારિત્ર પણ નિત્ય ઉપાસ્ય છે એમ ગર્ભિતપણે ઉપદેશનો ધ્વનિ છે. કારણકે વ્યવહારદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિમિત્ત સાધનની ઉપાસનાના યોગે પ્રગટતા નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્મધર્મરૂપ ઉપાદાન સાધનના ઉપાસન દ્વારા જ આત્મારૂપ નિશ્ચય સાધ્યની સિદ્ધિ થાય છે.

નિશ્ચય - વ્યવહારની પરસ્પર સાપેક્ષતા : સમ્યગ્ અનેકાંતદૃષ્ટિ

પરમાર્થ સાધ્ય પામવા માટે પણ સદ્‌ભૂત વ્યવહારથી ભિન્ન વ્યપદેશાતા નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સત્ સાધનની નિત્ય ઉપાસના કરવા યોગ્ય છે એમ સ્પષ્ટ વિધાન - પ્રતિપાદન છે. એટલું જ નહિં પણ ઉપલક્ષણથી તે નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રત્યે લઈ જતા વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ સાધુએ નિત્ય ઉપાસ્ય છે એમ ગૌણપણે ગર્ભિતપણે સ્વીકાર પણ છે. અનેકાંતમાં ગૌણ-મુખ્યતા પણ વિવક્ષાનુસાર હોય છે. જ્યારે નિશ્ચયની વિવક્ષા હોય ત્યારે તેની મુખ્યતા હોય અને વ્યવહારની ગૌણતા હોય, જ્યારે વ્યવહારની મુખ્યતા હોય ત્યારે નિશ્ચયની ગૌણતા હોય, એમ અનેકાંતમાં સર્વત્ર સાપેક્ષતા હોય છે. એટલે અત્રે એકાંતે વ્યવહારની ગૌણતા કહેવી તે પણ યથાર્થ નથી અને 'ગૌણતા' એટલે કાંઈ એકાંતે સર્વથા નિષેધ એમ પણ નથી, પરંતુ ગૌણપણે પણ તેનો ગર્ભિત સ્વીકાર, એમ સ્પષ્ટ અર્થ છે, અને તે **અનેકાંત દ્યોતક 'સ્યાદ્‌વાદ'**ના 'સ્યાત્' પદથી સ્વયં સૂચિત થાય છે. નહિં તો અનેકાંત પોતે એકાંતિક બની મિથ્યા બને અને એમ તો કદી બને નહિં. માટે એકાંત નિશ્ચયાગ્રહી નિશ્ચયાભાસીઓએ કે એકાંત વ્યવહારાગ્રહી વ્યવહારાભાસીઓએ આશય સમજ્યા વિના વ્યવહારનો કે નિશ્ચયનો એકાંતે અપલાપ કરવાનું છોડી દઈ અત્ર સર્વત્ર વ્યવહારસાપેક્ષ નિશ્ચયનો અને નિશ્ચયસાપેક્ષ વ્યવહારનો મુક્ત કંઠે સ્વીકાર કરી સમ્યક્ અનેકાંત દૃષ્ટિ ભાવવી જોઈએ. કારણકે પરમાર્થના - નિશ્ચયના અંગભૂત દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ આત્મધર્મ એ આત્મગત-આત્માવલંબી વ્યપદેશમાત્ર ભેદ વ્યવહારનો અત્રે અભેદ આત્મારૂપ પરમાર્થ સાધ્યના સાધનરૂપે મુક્ત કંઠે સ્વીકારવા સમ્યક્ પ્રતિપાદન છે, એટલું જ નહિં, પણ પરમાર્થ દર્શન-જ્ઞાન-ચારિત્ર વા અભેદ આત્મા પ્રત્યે લઈ જનારા પરગત-પરાવલંબી વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રનો પણ પરંપરાએ પરમાર્થ સાધ્યના સાધનપણે આ જ શાસ્ત્રકારે અન્યત્ર સ્પષ્ટ સ્વીકાર કર્યો છે, એ વસ્તુ પણ અત્ર પ્રસંગથી આનુષંગિકપણે સાથે સમજી લેવી યોગ્ય છે. કારણકે નિશ્ચય મોક્ષમાર્ગરૂપ સાધ્યનું વ્યવહાર મોક્ષમાર્ગ સાધન છે એવી સ્પષ્ટ પ્રરૂપણા **પંચાસ્તિકાયમાં** (ગા. ૧૦૬-૧૦૭, તથા ૧૫૯-૧૬૧) **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** સ્વયં કરી છે અને તેની નિષ્ણુષ મીમાંસા કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** એ જ વસ્તુ ડિંડિમનાદથી ઉદ્‌ઘોષી છે તે પરથી આ સ્વયં સિદ્ધ થાય છે. આ વસ્તુ મુમુક્ષુને સમ્યગ્ માર્ગદર્શક ને અતીવ ઉપયોગી હોવાથી અત્રે વિસ્તારભયથી વિશેષ ન વિવેચતાં તે તે ગાથાઓનો અને તેની ટીકાના આશયનો પરમાર્થ ભાવન કરવાની ભલામણ કરીએ છીએ, કે જેથી કરીને તે પરમ જ્ઞાની પુરુષોની પૂર્વાપર અવિરુદ્ધ સમગ્ર માર્ગ પ્રરૂપણા શૈલીનો આત્માર્થી મુમુક્ષુને પ્રસ્પષ્ટ ખ્યાલ આવે.

નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનો સાધ્ય સાધન ભાવઃ સુવર્ણ - સુવર્ણ પાષાણવત્

છતાં એટલો નિર્દેશ અત્ર આવશ્યક છે કે - ત્યાં ૧૦૬-૧૦૭ ગાથામાં સ્વ-પર પ્રત્યય પર્યાયનો જ્યાં આશ્રય છે અને સાધ્ય-સાધન ભાવનો જ્યાં ભેદ છે એવા સ્વપર પ્રત્યય-પર્યાયાશ્રિત ભિન્ન સાધ્યસાધન ભાવવાળા નયને આશ્રીને પ્રરૂપિત છે, તે વ્યવહાર મોક્ષમાર્ગનું પ્રરૂપણ છે; અને ૧૫૯ ગાથામાં શુદ્ધ દ્રવ્યાશ્રિત અભિન્ન સાધ્ય-સાધન ભાવવાળા નિશ્ચય નયને આશ્રીને મોક્ષમાર્ગનું પ્રરૂપણ છે, 'एवं हि शुद्धद्रव्याश्रितमभिन्नसाध्यसाधनभावं निश्चयनयमाश्रित्य मोक्षमार्ग प्ररूपणम् ।' અને પછી ૧૬૦-૧૬૧ ગાથામાં નિશ્ચય - વ્યવહાર મોક્ષમાર્ગનો સાધ્ય-સાધન ભાવ પ્રસ્પષ્ટપણે સમજાવ્યો છે. અત્રે આ વ્યવહાર મોક્ષમાર્ગ વિપ્રતિષિદ્ધ નથી - વ્યવહાર મોક્ષમાર્ગનું પ્રરૂપણ

નિષેધવામાં આવ્યું નથી એમ સ્પષ્ટ કર્યું છે, કારણકે નિશ્ચય-વ્યવહારનું સાધ્ય-સાધન ભાવપણું છે માટે, સુવર્ણ-સુવર્ણ પાષાણની જેમ - 'निश्चयव्यवहारयोः साध्यसाधनभावत्वात् सुवर्णसुवर्णपाषाणवत् ।' અર્થાત્ સુવર્ણપાષાણરૂપ સાધન થકી જેમ સુવર્ણરૂપ સાધ્યની સિદ્ધિ થાય છે, તેમ વ્યવહારનયાશ્રિત વ્યવહાર મોક્ષમાર્ગરૂપ સાધન થકી નિશ્ચયનયાશ્રિત વ્યવહાર મોક્ષમાર્ગરૂપ સાધન થકી નિશ્ચયનયાશ્રિત નિશ્ચય મોક્ષમાર્ગરૂપ સાધ્યની સિદ્ધિ સાંપડે છે. આમ નિશ્ચય-વ્યવહારનું સાધ્ય-સાધનભાવપણું છે, એથી કરીને **'ઉભયનયાયત્તા'** - નિશ્ચય અને વ્યવહાર બન્ને નયને આધીન એવી પારમેશ્વરી તીર્થ પ્રવર્ત્તના છે, 'उभयनयायत्ता पारमेश्वरी तीर्थप्रवर्त्तना' । એટલા માટે નિશ્ચય મોક્ષમાર્ગ - વ્યવહાર મોક્ષમાર્ગનો સાધ્ય-સાધનભાવ 'नितरां' - સારી પેઠે અત્યંત ઉપપન્ન છે - સુઘટમાન છે, એમ ત્યાં છેવટ નિર્ણય આપ્યો છે - अतो निश्चयव्यवहारमोक्षमार्गयोः साध्यसाधनभावो नितरामुपपन्नः ।

''सद् देव-गुरु शास्त्र भक्ति अप्रमत्तपणे उपासनीय छे.''

''નિજ કલ્પનાએ જ્ઞાન દર્શન ચારિત્રાદિનું સ્વરૂપ ગમે તેમ સમજી લઈને અથવા નિશ્ચયનયાત્મક બોલો શીખી લઈને સદ્વ્યવહાર લોપવામાં જે પ્રવર્ત્તે તેથી આત્માનું કલ્યાણ થવું સંભવતું નથી. અથવા કલ્પિત વ્યવહારના દુરાગ્રહમાં રોકાઈ રહીને પ્રવર્ત્તતાં પણ જીવને કલ્યાણ થવું સંભવતું નથી. એકાંત ક્રિયા જડત્વમાં અથવા એકાંત શુષ્ક જ્ઞાનથી જીવનું કલ્યાણ ન થાય.''

શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૮૯, ૮૪૪

વ્યવહાર રત્નત્રયી કે નિશ્ચય રત્નત્રયીનું બીજ

આમ આટલી પ્રાસંગિક વિવેચના પરથી સ્પષ્ટ સમજાય છે કે નિશ્ચય મોક્ષમાર્ગ એ સાધ્ય અને વ્યવહાર મોક્ષમાર્ગ એ સાધન એમ ભિન્ન એવા એ બેનો ભિન્ન સાધ્ય-સાધન ભાવ છે. કારણકે વ્યવહાર નિશ્ચયનું સાધન શી રીતે બને છે તે સ્પષ્ટ સમજાવતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** ત્યાં બતાવ્યું છે તેમ - તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ વ્યવહાર સમ્યક્ત્વ શુદ્ધ આત્મતત્ત્વના વિનિશ્ચયરૂપ નિશ્ચય સમ્યક્ત્વનું બીજ - કારણ છે, તત્ત્વાર્થ પરિજ્ઞાનરૂપ વ્યવહાર જ્ઞાન કંઈક જ્ઞાનચેતના પ્રધાન શુદ્ધ આત્મતત્ત્વના ઉપલંભરૂપ નિશ્ચય જ્ઞાનનું બીજ - કારણ છે, અને સમ્યગ્ દર્શન-જ્ઞાન સન્નિધાનથકી સમસ્ત યતિવૃત્ત સમુદયરૂપ - તપરૂપ વ્યવહાર ચારિત્ર તે વીતરાગ નિર્વિકાર જ્ઞાન સ્વભાવવાળા સમભાવરૂપ નિશ્ચય ચારિત્રનું બીજ - કારણ છે, -કે જે ચારિત્ર જ પરમ અપુનર્ભવ સૌખ્યનું એક બીજ કારણ છે. આમ વ્યવહાર રત્નત્રયીરૂપ વ્યવહાર મોક્ષમાર્ગ નિશ્ચય રત્નત્રયીરૂપ નિશ્ચય મોક્ષમાર્ગનું કારણ થાય છે, એટલે કારણમાં કાર્યના ઉપચારથી વ્યવહાર મોક્ષમાર્ગ અભૂતાર્થ છતાં તેને પણ મોક્ષમાર્ગ કહ્યો છે. **નિયમસાર**માં સૌથી પ્રથમ વ્યવહાર ચારિત્રનું નિરૂપણ કરી પછી નિશ્ચય ચારિત્રનું નિરૂપણ કર્યું છે તે પણ એમ સૂચવે છે કે પ્રથમ વ્યવહાર ચારિત્ર જેટલી પ્રાથમિક (Preliminary, elementary, primary) યોગ્યતા પણ જે પામ્યો નથી, તે શુદ્ધ આત્મસ્થિતિરૂપ નિશ્ચય ચારિત્ર જેવી અતિ ઉચ્ચ આત્મદશાનો પાત્ર અધિકારી બની શકતો નથી, ક્રમબદ્ધ દશાના વિકાસ ક્રમે વ્યવહારના પ્રસાદ થકી જ નિશ્ચય પ્રાસાદ પર ચઢાય છે. પ્રથમ તો વ્યવહારની ભૂમિકા પર રહીને જ નિશ્ચયની સાધના થઈ શકે છે, વ્યવહારની નક્કર (solid) ભૂમિકા પર જ નિશ્ચય પ્રાસાદનું ચણતર શક્ય બને છે, નહિં તો નિશ્ચયની વાત માત્ર વાતરૂપ (wind) હવાઈ કિલ્લા જ (castles in the air) બને છે. વ્યવહાર સાધનના અવલંબને નિશ્ચય સાધ્ય પર ચઢી ગયા પછી સાધનનું પ્રયોજન રહેતું નથી, –પ્રાસાદ પર ચઢી ગયા પછી નિસરણીનું પ્રયોજન રહેતું નથી તેમ.

વ્યવહાર પ્રસાદે નિશ્ચય પ્રાસાદે આરોહણ

એટલે વ્યવહાર મોક્ષમાર્ગના સાધન અવલંબને નિશ્ચય મોક્ષમાર્ગ પર આરૂઢ થયા પછી સાધ્યથી ભિન્ન બાહ્ય સાધનરૂપ વ્યવહારનું પ્રયોજન રહેતું નથી. પછી તો **આત્મ વિનિશ્ચય, આત્મજ્ઞાન** અને **આત્મચારિત્ર**રૂપ એ નિશ્ચય રત્નત્રયીના અંગભૂત ભેદરત્નત્રયીરૂપ અભિન્ન ઉપાદાન - સાધનના

અવલંબને અભેદ રત્નત્રયીરૂપ શુદ્ધ આત્મા પર આરૂઢ થવાનું જ પ્રયોજન રહે છે અને છેવટે અભેદરત્નત્રયી રૂપ - પરમ નિશ્ચય રત્નત્રયીરૂપ - **સાક્ષાત્ નિશ્ચય મોક્ષમાર્ગ રૂપ આત્મા જ** સાધ્ય ઉપાસ્ય રહે છે. સાધનાનો આ ક્રમ છેઃ વ્યવહાર રત્નત્રયીની યોગ્યતા પામી ભેદરત્નત્રયીરૂપ નિશ્ચય રત્નત્રયી પામે અને પછી અભેદ રત્નત્રયીરૂપ - પરમ નિશ્ચય રત્નત્રયીરૂપ સાક્ષાત્ નિશ્ચય મોક્ષમાર્ગરૂપ આત્માને પામે. **આમ ભેદાભેદરૂપ નિશ્ચય રત્નત્રયી અને વ્યવહાર રત્નત્રયીનો કાર્યકારણ ભાવ હોઈ, વ્યવહાર મોક્ષમાર્ગને નિશ્ચય મોક્ષમાર્ગનો નિમિત્ત-નૈમિત્તિક ભાવરૂપ સાધ્ય સાધનભાવ છે જ.** માટે નિશ્ચય-વ્યવહાર બન્નેની યથાયોગ્ય અપેક્ષા રાખી બેમાંથી કોઈની પણ ઉપેક્ષા કરવા યોગ્ય નથી, તેમ જ બેમાંથી કોઈનો પણ એકાંતે આગ્રહ પણ કરવા યોગ્ય નથી, પણ બન્નેની સમ્યક્ સ્પષ્ટ મર્યાદા સમજી આત્માર્થે **યથાયોગ્ય સમન્વય** કરવા યોગ્ય છે, અને એજ ખરેખરી **અનેકાંતિક પદ્ધતિ** છે.

ક્રમબદ્ધ દશાનો વિકાસ ક્રમ

વ્યવહાર અભૂતાર્થ - અસત્ છે, નિશ્ચય ભૂતાર્થ - સત્ છે, પણ વ્યવહાર અભૂતાર્થ છતાં અપ્રયોજનભૂત - નિષ્પ્રયોજન તો નથી જ, પ્રયોજનભૂત-સપ્રયોજન જ છે.

નિશ્ચય સાધ્યને સાધે તો જ વ્યવહારનું નિમિત્ત સાધનપણું

પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં શ્રી અમૃતચંદ્રાચાર્યજીએ કહ્યું છે તેમ - અબુધના બોધનાર્થે જ્ઞાનીઓ 'અભૂતાર્થનો ઉપદેશ દે છે, પણ અભૂતાર્થને જ જે ભૂતાર્થ માની બેસે તેને માટે દેશના નથી.' એટલે વ્યવહાર અભૂતાર્થ-અસત્ છતાં ભૂતાર્થ નિશ્ચયના સાધનભાવપણાને લીધે કારણમાં કાર્યના ઉપચારથી કથંચિત્ ભૂતાર્થ-સત્ પ્રયોજનભૂત છે, અને આ ઉપચાર પણ મુખ્યના અનુસંધાન થકી જ હોય છે, નહિં તો ઉપચાર પણ ઘટે નહિં. માટે **સત્ એવા નિશ્ચયને** સાધે તે જ **સદ્વ્યવહાર** છે, સત્ એવા નિશ્ચયને ન સાધે તે સત્વ્યવહાર નથી. પૂર્વે કહ્યું હતું તેમ સાધ્ય વિના સાધન નથી ને સાધન વિના સાધ્ય નથી, એમ બન્નેનો અવિનાભાવી સંબંધ છે. સાધન તેનું નામ છે કે જે સાધ્યને સાધ્યા વિના રહે નહિં, સાધ્યને ન સાધે તેને વાસ્તવિક 'સાધન' કહેવાય નહિં - 'સાધન' નામ જ ઘટે નહિં. નિશ્ચય સાધ્યને ન સાધે, બાધે તે વ્યવહાર સાધન નહિં હોતાં ઉલટું 'બાધન' બની બંધન બની જાય છે, **શ્રીમદ્ રાજચંદ્રજીએ** લાક્ષણિક રીતે કહ્યા પ્રમાણે 'સૌ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય' એવી સ્થિતિ થાય છે. અર્થાત્ નિશ્ચય સાધ્ય ભાવને સાધતો જે વ્યવહાર સાચા **સાધનભાવને** પામે તે જ **સત્ સાધન** છે. વ્યવહાર મોક્ષમાર્ગ પણ નિશ્ચય મોક્ષમાર્ગ પર ચઢવાનું ખરેખરૂં નિમિત્ત સાધન થાય તો જ અને ત્યારે જ તેનું સાધનપણું ઘટે છે, નહિં તો નહિં. જે દ્રવ્ય-બાહ્ય વ્યવહાર ભાવનું-પરમાર્થનું-નિશ્ચયનું કારણ થાય તે જ પ્રધાન-દ્રવ્ય-પ્રશસ્ત દ્રવ્ય (વ્યવહાર) છે અને તે જ જ્ઞાની પુરુષોને સંમત છે. **શ્રી આત્મસિદ્ધિમાં** ભાખ્યું છે તેમ - ''એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ, પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત.'' માટે ગમે તે વ્યવહાર સાધન દ્વારા નિશ્ચય સાધ્યરૂપ આત્માને સાધવો એ જ આત્માર્થી મુમુક્ષનો સતત લક્ષ હોય છે અને વ્યવહાર સાધન દ્વારા જ તે અનુક્રમે નિશ્ચય સાધ્યને પામે છે. પણ સાધનને સાધ્ય માની સાધ્યા કરે તે કદી પણ સાધ્ય-સિદ્ધિને પામે નહિં, તેમ વ્યવહાર સાધનને જ સાધ્ય માની તેને જ સાધ્યા કરે તે કદી પણ ઉદ્દિષ્ટ ઈષ્ટ નિશ્ચય સાધ્યને પામે નહિં. નિશ્ચય સાધ્યને જ સાધ્ય માની સર્વ સાધન તેને જ અનુલક્ષીને - તેના જ લક્ષે સેવે તે અવશ્ય ઉદ્દિષ્ટ ઈષ્ટ નિશ્ચય સાધ્યને પામે. **પરમ તત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીના** પરમ અમર શબ્દોમાં કહીએ તો -

''નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.'' - **શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૩૫**

અત્રે રખેને કોઈ એમ ન સમજી લે કે - વ્યવહાર મોક્ષમાર્ગ અને નિશ્ચય મોક્ષમાર્ગ એમ જૂદા જૂદા બે મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગ બે નથી, પણ એની 'પ્રરૂપણા' - પ્રરૂપણ પ્રકાર - **પંડિતપ્રવર ટોડરમલ્લજીએ 'મોક્ષમાર્ગ પ્રકાશ'માં** કહ્યું છે તેમ - બે પ્રકારનો છે, મોક્ષમાર્ગ તો એક જ છે અને તે **નિશ્ચય મોક્ષમાર્ગ જ છે,** વ્યવહાર મોક્ષમાર્ગ પણ નિશ્ચયના અનુસંધાનમાં જ - નિશ્ચયના લક્ષે જ

મોક્ષમાર્ગના અંગભૂત છે અને તેના અવલંબને પણ નિશ્ચય મોક્ષમાર્ગ પર આરૂઢ થયે જ છૂટકો છે. એટલે અત્રે એટલું તાત્પર્ય તો સર્વત્ર સતત લક્ષમાં રાખવા યોગ્ય છે કે વ્યવહાર મોક્ષમાર્ગ વાસ્તવિક મોક્ષમાર્ગ નથી, પણ કારણમાં કાર્યના ઉપચારથી ઉપચરિત મોક્ષમાર્ગ છે, વાસ્તવિક મોક્ષમાર્ગ તો **નિશ્ચય મોક્ષમાર્ગ રૂપ એક આત્મા જ** છે અને તેના અંગભૂત **આત્મધર્મરૂપ નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર જ** છે; અને એટલે જ સાધ્ય આત્માથી અભિન્ન સાધન રૂપ - નિશ્ચય સાધનરૂપ આ નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર જ્યાં અભેદ પરિણામથી આત્મારૂપ વર્તે છે એવો આત્મા જ મુમુક્ષુઓનો નિત્ય ઉપાસ્ય નિશ્ચય મોક્ષમાર્ગ છે અને એ જ **'જિનનો મૂળમાર્ગ'** છે, જે જિનના મૂળ માર્ગનું દિવ્ય ગાન **પરમઆત્મદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીએ 'મૂળ મારગ સાંભળો જિનનો રે'** એ દિવ્ય ધ્વનિનો રણકાર કરતા આ અમર કાવ્યમાં પરમ આત્મભાવોલ્લાસથી સંગીત કર્યું છે -

મોક્ષમાર્ગ તો એક નિશ્ચય મોક્ષમાર્ગ જઃ વ્યવહાર મોક્ષમાર્ગ ઉપચારથી

''મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ... મૂળ મારગ.
નો'ય પૂજાદિની જો કામના રે, નો'ય વ્હાલું અંતર ભવદુઃખ... મૂળ.
કરી જો જો વચનની તુલના રે, જો જો શોધિને જિન સિદ્ધાંત... મૂળ.
માત્ર કહેવું પરમારથ હેતુથી રે, કોઈ પામે મુમુક્ષુએ વાત... મૂળ.
જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ... મૂળ.
જિન મારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુધ... મૂળ.
લિંગ અને ભેદો જે વૃત્તના રે, દ્રવ્ય દેશ કાળાદિ ભેદ... મૂળ.
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે, તે તો ત્રણે કાળે અભેદ... મૂળ.
હવે જ્ઞાન-દર્શનાદિ શબ્દનો રે, સંક્ષેપે સુણો પરમાર્થ... મૂળ.
જેને જોતાં વિચારિ વિશેષથી રે, સમજાશે ઉત્તમ આત્માર્થ... મૂળ.
છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ... મૂળ.
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ... મૂળ.
જે જ્ઞાને કરીને જાણ્યું રે, તેની વર્ત્તે છે શુદ્ધ પ્રતીત... મૂળ.
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત... મૂળ.
જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ... મૂળ.
તેવો સ્થિર સ્વભાવ તે ઉપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ... મૂળ.
તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ... મૂળ.
તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજ સ્વરૂપ... મૂળ.
એવાં મૂળ જ્ઞાનાદિ પામવાં રે, અને જવા અનાદિ બંધ... મૂળ.
ઉપદેશ સદ્ગુરુનો પામવા રે, ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ... મૂળ.
એમ દેવ જિનંદે ભાખિયું રે, મોક્ષ મારગનું શુદ્ધ સ્વરૂપ... મૂળ.
ભવ્ય જનોના હિતને કારણે રે, સંક્ષેપે કહ્યું સ્વરૂપ... મૂળ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૧૫**


અર્થાત્ - આ સદા ઉપયોગ રૂપ એવો અવિનાશી ચેતનમય આત્મા, દેહાદિ ક્ષણભંગુર વિનાશી અચેતન જડ વસ્તુથી ભિન્ન છે, એમ સદ્ગુરુ ઉપદેશ થકી સમ્યક્પણે જાણવું-ભેદ જ્ઞાન થવું, તે જ્ઞાન, તેમ જ્ઞાનથી જે જાણ્યું તેની શુદ્ધ પ્રતીતિ - સમ્યક્ આત્મવિનિશ્ચય વર્ત્તે છે તે સમ્યગ્દર્શન અથવા સમકિત, અને જેમ આત્માની પ્રતીતિ આવી અને સર્વ અન્ય વસ્તુથી આત્માને ભિન્ન અસંગ જાણ્યો,

તેવો સ્થિર સ્વભાવ ઉપજવો, તે 'અણલિંગ' એવું ચારિત્ર, આમ સર્વ અન્ય દ્રવ્યથી ભિન્ન અસંગ શુદ્ધ આત્માને જાણવો, સદ્દહવો (શ્રદ્ધવો) અને આચરવો એવા જ્ઞાન-દર્શન-ચારિત્ર જ્યારે અભેદ પરિણામને પામી આત્મારૂપ વર્તે ત્યારે તે જિનનો માર્ગ પામ્યો અથવા નિજ સ્વરૂપને પામ્યો, અને આવી આ જ્ઞાન-દર્શન-ચારિત્રની એકપણે અને અવિરુદ્ધ એવી શુદ્ધતા તે જ પરમાર્થથી જિનમાર્ગ છે - જિનનો 'મૂળ માર્ગ' છે. એમ સિદ્ધાંતમાં બુધે-જ્ઞાની ભગવંતે કહ્યું છે. કારણકે જિનમાર્ગ એટલે જિન-વીતરાગ જે માર્ગે ગયા તે માર્ગ, જિન ભગવંતો આ પરમાર્થરૂપ 'મૂળ માર્ગે' જ પ્રયાણ કરીને આ યથોક્ત જ્ઞાન-દર્શન-ચારિત્રની અભેદ એકતા રૂપ આત્મારૂપ એક અખંડ અનુપમ વહાણથી આ સંસાર સાગર તરી ગયા - * 'ज्ञानदर्शनचारित्रपोतेन भवार्णवं तीर्णवन्तस्तीर्णा ।' અને આ જિન ભગવંતોએ સ્વયં, આચરેલા અને પ્રરૂપેલા આ યથોક્ત જિનમાર્ગને - જિનના 'મૂળ માર્ગ'ને જેઓ ભક્તિથી ભજે છે - આરાધે છે, તેઓ પણ આ મૂળ માર્ગ થકી જ ભવસાગર તરી જાય છે, મોક્ષ પામે છે. આ ભીષણ ભવસાગરને તરવા માટે જ્ઞાન-દર્શન-ચારિત્રમય એક અખંડ અભેદ મોક્ષમાર્ગ રૂપ સુદૃઢ જહાજ જોઈએ અને એટલે જ એ અર્થે - પરમ આત્મ શાંતિમય પરમાનંદ સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ અર્થે જ અમોઘ ઉપાયભૂત આ મોક્ષમાર્ગની પરમ સુંદર અનુપમ યોજના જિન ભગવાને સ્વાચરણથી સિદ્ધ કરી પ્રકાશી છે. 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' - સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર.

'મૂળ મારગ સાંભળો જિનનો રે'

સર્વ અન્ય દ્રવ્યથી ભિન્ન એવા શુદ્ધ આત્માનું દર્શન, શુદ્ધ આત્માનું સમ્યગ્ જ્ઞાન, શુદ્ધ આત્માનું સમ્યક્ ચારિત્ર - એ ત્રણેની અભેદ એકતા આત્મામાં પરિણમાવી, ભગવાન્ શુદ્ધ આત્મસ્વભાવ રૂપ મોક્ષને પામ્યા, એટલે શુદ્ધ આત્મદર્શન, આત્મજ્ઞાન ને આત્મ ચારિત્રની અભેદ એકતા સાધવી એ **'જિનનો મૂળમાર્ગ'** છે. આમ આ જિનનો મૂળ માર્ગ તો કેવળ આત્મપરિણતિરૂપ હોઈ મુખ્યપણે આધ્યાત્મિક માર્ગ છે, પરમાર્થ માર્ગ છે, નિશ્ચય માર્ગ છે, ભાવ માર્ગ છે, અંતરંગ માર્ગ છે, બહિરંગ માર્ગ નથી. આ વસ્તુતત્ત્વ તદ્દન સ્પષ્ટ છે. જે કોઈ સિદ્ધ થયા છે, થાય છે કે થશે તે આ જિનના મૂળ પરમાર્થ માર્ગે પ્રયાણ કરીને જ - એમ સર્વ જ્ઞાની સત્પુરુષોનો પરમ નિશ્ચય છે. ગમે તે દેશમાં, ગમે તે કાળમાં એ જ એક ત્રિકાલાબાધિત મોક્ષમાર્ગ છે, એમ નિશ્ચલ નિશ્ચય-સિદ્ધાંત સ્થિત છે.

આમ શુદ્ધ આત્માને જાણવો, શ્રદ્ધવો ને આચરવા એ જ એક સનાતન નિશ્ચય સાધ્ય છે, ધ્યેય છે, લક્ષ્ય છે અને એટલે જ સાધ્ય એવા આ આત્માની સિદ્ધિ - **'આત્મસિદ્ધિ - આત્મખ્યાતિ ઈચ્છનારા** સાધક સાધુએ આત્માના સાધક એવા આ આત્મભાવરૂપ નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર સત્ સાધનની જ નિત્ય સાધના કરવી એ જ ઉપયુક્ત છે અને એમ કરીને પણ એ નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે ય જેમાં અભેદ ભાવે સમાય છે એવા આત્માની જ સાધના કરવી, એ જ અત્ર તાત્પર્યાર્થ - પરમાર્થ છે.



* શ્રી હરિભદ્રાચાર્યજી કૃત 'લલિતવિસ્તરા'

અને - 'स किल' - ખરેખર ! તે (આત્મા કેવો છે ? તે પ્રમાણ - નય વિવક્ષાથી સ્ફુટ દર્શાવતા ચાર કળશ કાવ્યો પ્રકાશે છે.)

(अनुष्टुप्)

दर्शनज्ञानचारित्रै स्त्रित्वादेकत्वतः स्वयं ।
मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः ॥१६॥
दर्शनज्ञानचारित्रैस्त्रिभिः परिणतत्वतः ।
एकोऽपि त्रिस्वभावत्वाद् व्यवहारेण मेचकः ॥१७॥
परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्योतिषैककः ।
सवभावांतरध्वंसि स्वभावत्वादमेचकः ॥१८॥
आत्मनोश्चिंतयैवालं मेचकामेचकत्वयोः ।
दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न चान्यथा ॥१९॥

દર્શન-જ્ઞાન-ચારિત્રે, ત્રિત્વે સ્વયં એકત્વથી;
ચિત્ર અચિત્ર છે આત્મા, એકી સાથ પ્રમાણથી. ૧૬
દર્શન-જ્ઞાન-ચારિત્ર, ત્રિથી પરિણતત્વથી;
એકોય ત્રિસ્વભાવત્વે, ચિત્ર છે વ્યવહારથી. ૧૭
પરમાર્થથી તો એક, વ્યક્ત જ્ઞાતૃત્વ જ્યોતિથી;
છે અચિત્ર સર્વ ભાવાંતર ધ્વંસિ સ્વભાવથી. ૧૮
બસ આત્માની ચિંતાથી, ચિત્રા ચિત્રત્વમાં તથા;
દર્શન-જ્ઞાન-ચારિત્રે, સાધ્ય સિદ્ધિ ન અન્યથા. ૧૯

અમૃત પદ-૧૬-૧૯

'પંથડો નિહાળું રે બીજા જિન તણો રે' - એ રાગ.

દર્શન જ્ઞાન ચારિત્રથી સાધિયે રે, શુદ્ધાતમ નિજ સાધ્ય;
રત્નત્રયીથી નિશ્ચય પામિયે રે, આત્મસ્વરૂપ અબાધ્ય... દર્શન. ૧
દર્શન-જ્ઞાન-ચારિત્રે ત્રણપણું રે, સ્વયં એક અવિચિત્ર;
તેથી પ્રમાણથી એકી સાથમાં રે, આત્મા ચિત્ર અચિત્ર. દર્શન. ૨
દર્શન જ્ઞાન ચારિત્ર એ ત્રણપણે રે, પરિણતપણે વિચિત્ર;
એક છતાં ત્રિસ્વભાવપણે કરી રે, છે વ્યવહારે ચિત્ર... દર્શન. ૩
સર્વ અન્ય ભાવોને ધ્વંસતા રે, સ્વભાવપણાથી પવિત્ર;
એક પ્રગટ આ જ્ઞાયક જ્યોતથી રે, પરમાર્થથી અચિત્ર... દર્શન. ૪
ચિત્રપણામાં અચિત્રપણા મહીં રે, ચિત્રાચિત્રપણામાં જ;
આત્માની ચિન્તાથી જ બસ થયું રે, બીજું જોઈએ ના'જ... દર્શન. ૫
દર્શન જ્ઞાન ચારિત્રથી સાધ્યની રે, સિદ્ધિ - ન અન્ય પ્રકાર;
એમ જ પ્રગટે અમૃત જ્યોતિ આ રે, ભગવાન સમયસાર... દર્શન. ૬

અર્થ : દર્શન-જ્ઞાન-ચારિત્રથી ત્રણપણાને લીધે, (અને) સ્વયં-પોતે એકપણાને લીધે આત્મા પ્રમાણથી એકીસાથે મેચક (ચિત્ર-અનેક રૂપ) અને અમેચક (અચિત્ર-એકરૂપ) પણ છે . ૧૬

દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણથી પરિણતપણાથી આ આત્મા, એક છતાં, ત્રિસ્વભાવપણાને લીધે, વ્યવહારથી મેચક (ચિત્ર-અનેક રૂપ) છે. ૧૭

પણ પરમાર્થથી તો વ્યક્ત એવી જ્ઞાતૃત્વ (જ્ઞાયકપણારૂપ) જ્યોતિથી એક એવો આ આત્મા સર્વ ભાવાંતર ધ્વંસી (સર્વ અન્ય ભાવનો ધ્વંસ-નાશ કરનારા) સ્વભાવપણાને લીધે અમેચક (અચિત્ર-એકરૂપ) છે. ૧૮

મેચકપણા - અમેચકપણામાં (ચિત્ર-અચિત્રપણામાં) આત્માની ચિંતાથી જ બસ છે, (મેચકપણું હો કે અમેચકપણું હો કે મેચકામેચકપણું હો તે ત્રણેમાં) દર્શન-જ્ઞાન-ચારિત્રથી સાધ્યસિદ્ધિ છે, નહિં કે અન્યથા (બીજા પ્રકારે નહિં). ૧૯

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''લિંગ અને ભેદો જે વૃત્તના, દ્રવ્ય દેશકાલાદિ ભેદ... મૂળ માર્ગ.

પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે, તે તો ત્રણે કાળે અભેદ. મૂળ માર્ગ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

''દરસન ગ્યાન ચરન ત્રિગુજ્ઞાતમ, સમલરૂપ કહિયે વિવહાર,

નિહચૈ દૃષ્ટિ એકરસ ચેતન, ભેદરહિત અવિચલ અવિકાર,

સમ્યક્ દસા પ્રમાન ઉભૈ નય, નિર્મળ સમલ એક હી બાર,

યૌં સમકાળ જીવકી પરિનતિ, કહૈ જિનેંદ ગહૈ ગનધાર.'' - **શ્રી બનારસીદાસજી, જીવ. અ. ૧૬**

પ્રમાણથી આત્મા એકીસાથે મેચક-અમેચક (ચિત્ર-અચિત્ર)

આ કળશ (૧૬-૧૯) પ્રકાશતાં પરમતત્ત્વદૃષ્ટા **અમૃતચંદ્રાચાર્યજીએ** પ્રમાણ-નય દૃષ્ટિથી અત્રે દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદાભેદની અર્થાત્ ભેદ રત્નત્રયી અને અભેદ રત્નત્રયીની તાત્ત્વિક મીમાંસા રજૂ કરી છે – તેમાં - (૧) પ્રમાણ દૃષ્ટિથી જોઈએ તો - 'दर्शन-ज्ञान-चारित्रैः त्रित्वाद्' - (વ્યવહારથી) દર્શન-જ્ઞાન-ચારિત્રથી આત્માનું ત્રણપણું છે તેથી, અને 'एकत्वतः स्वयं' - (નિશ્ચયથી) સ્વયં-આત્માનું એકપણું છે તેથી 'प्रमाणतः' - પ્રમાણથી આત્મા એકસરખી રીતે એકી સાથે 'समम्' (Equally & at a time simultaneously) મેચક અને અમેચક છે, 'મેચક' અર્થાત્ **પંચવર્ણી** રત્ન જેમ ચિત્ર-વિવિધ રંગી રંગબેરંગી હોય છે તેમ ચિત્ર-વિવિધ રંગી રંગબેરંગી (Variegrated) અને અમેચક (non-variegated) અર્થાત્ અચિત્ર-એકરંગી છે. જેમ **સૂર્યપ્રકાશ** સમગ્રપણે (as a whole, collectively) જોતાં એકરંગી છે, છતાં તેમાં એકીસાથે વિવિધરંગીપણું પણ છે, કારણકે સૂર્ય પ્રકાશ લાલ-પીળો-વાદળી આદિ (V.I.B.G.Y.O.R) અનેક વર્ણોનો બનેલો (spectrum) છે - અનેક વર્ણમય છે, તે પૃથક્કરણ દૃષ્ટિથી (analysis) પૃથક્ વર્ણ વિભાજક યંત્રથી (spectroscope) માલુમ પડે છે, છતાં સમન્વય દૃષ્ટિથી (synthesis) સમગ્રપણે તે એકરંગી-એકરૂપ છે. તેમ આત્મા સમગ્ર વસ્તુપણે જોતાં એકરૂપ છે, છતાં તેમાં એકી સાથે વિવિધ રૂપપણું પણ છે, કારણકે આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ અનેક ગુણોનો બનેલો છે - અનેક ગુણમય છે, તે પૃથક્કરણરૂપ ભેદરૂપ વ્યવહાર નયદૃષ્ટિથી માલુમ પડે છે, છતાં સમન્વયરૂપ નિશ્ચયનય દૃષ્ટિથી સમગ્રપણે તે એકરૂપ છે. આમ આ દૃષ્ટાંત અત્ર ઘટાવી શકાય છે, તેમજ Chamelion - કાંકીડાનું દૃષ્ટાંત પણ ઘટાવી શકાય છે. આમ નિશ્ચયનય અને વ્યવહારનય અપેક્ષા બન્ને જ્યાં ગૌણ-પ્રધાન ભાવ વિના એકી સાથે સમપણે 'समम्' વર્તે છે એવી **પ્રમાણ દૃષ્ટિથી આત્મા મેચકામેચક-ચિત્રાચિત્ર** છે.

---

* ''भो भो भव्या यतध्वम् दृगवगमभिधावात्मनि प्रीतिभाजः ।'' - **श्री पद्मनंदि पं. वि. १-१२८**

(૨) હવે નિશ્ચયને ગૌણ કરી વ્યવહારથી જોઈએ તો -'दर्शनज्ञानचारित्रैस्त्रिभिपरिणतत्वतः' - દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણથી પરિણતપણા થકી 'त्रिस्वभावत्वात्' આત્માનું ત્રિ સ્વભાવપણું છે તેને લીધે આત્મા નિશ્ચયથી 'एकोऽपि' - એક છતાં વ્યવહારથી મેચક છે - 'व्यवहारेण मेचकः' 'મેચક' - અર્થાત્ ચિત્ર-અનેક રંગી છે. જેમ સૂર્ય પ્રકાશને કાચની પાંદડી આડી રાખી પૃથક્કરણ દૃષ્ટિથી જોઈએ તો તેમાં વિવિધ વિચિત્ર વર્ણરંગ ભાસે છે. તેમ જો **વ્યવહારનયથી** વિચારીએ તો જ્ઞાનાદિ જીવથી ન્યારા-જૂદા વિવક્ષાય છે, 'રાહુના શીર્ષ' (મસ્તક) જેમ આ લઈએ, છે અભેદ પણ વ્યપદેશ ભેદ કહીએ.

વ્યવહારથી મેચક (ચિત્ર)

''જો વિચારીયે નય વિવહારા, તો જ્ઞાનાદિ જીવસુ ન્યારા;
રાહૂસીસ જૈસે યહ લીજે, હે અભેદ પે ભેદ કહીજે.'' - **શ્રી દેવચંદ્રજી કૃત દ્રવ્યપ્રકાશ, ૩-૮૦**

(૩) પણ હવે વ્યવહારને ગૌણ કરી 'परमार्थेन तु' - **'પરમાર્થ દૃષ્ટિથી** જોઈએ તો 'व्यक्तज्ञातृत्व ज्योतिषा' - વ્યક્ત-પ્રગટ એવી **જ્ઞાતૃત્વ-જ્ઞાયકપણારૂપ જ્યોતિથી** એક એવો આ **આત્મા** બીજા સર્વ ભાવો એમાં પ્રલીન-વિલીન થઈ જતા હોવાથી સર્વ ભાવાંતરનો ધ્વંસ-નાશ કરનારા આ એક જ્ઞાયક સ્વભાવપણાને લીધે - 'सर्व भावांतरध्वंसिस्वभावत्वाद्' અમેચક છે, **'અમેચક'** અર્થાત્ **અચિત્ર-એકરંગી** છે. જેમ સૂર્ય પ્રકાશ સમગ્રપણે (as a whole, Totally) જોતાં સ્વયં એકરૂપ-એકરંગી - એકશ્વેતરંગી છે તેમ.

નિશ્ચયથી અમેચક (અચિત્ર)

(૪) આમ **પ્રમાણથી એકી સાથે સમપણે મેચક-અમેચકપણું** - ચિત્રાચિત્રપણું અને **વ્યવહાર-પરમાર્થ દૃષ્ટિથી ગૌણ પ્રધાન ભાવથી અનુક્રમે** મેચકપણું - અમેચકપણું, ચિત્રપણું, અચિત્રપણું, એકરૂપ અનેકરૂપપણું **આત્માનું છે.** આ મેચક-અમેચકપણું ગમે તેમ હો ! આની ચિંતાનું અમને શું કામ છે ? શું પ્રયોજન છે ? 'मेचकामेचकत्वयोः' - આ મેચક-અમેચકપણામાં અમને **એક આત્માના ચિંતાથી જ** બસ છે ! 'आत्मानश्चिंतयैवालम्' મેચકપણું હો કે અમેચકપણું હો, તે બન્નેમાં અમને તો એક આત્માની જ ચિંતા બસ છે, પર્યાપ્ત છે (enough). દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રિભેદ પણ આત્માથી અભિન્ન છે, એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રિભેદ પણ આત્માથી અભિન્ન છે, એટલે દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મેચકપણું અમને આત્માનું જ ચિંતન કરાવે છે, અને એક જ્ઞાયકભાવ રૂપ અમેચકપણું પણ આત્મા જ છે, એટલે તેનું ચિંતન પણ અમને આત્માનું જ ચિંતન કરાવે છે, એટલે મેચકામેચકપણામાં પણ અમને બીજી ચિંતાનું કામ નથી, પ્રયોજન નથી. અમારે તો કોઈ પણ પ્રકારે આત્મા જ સાધ્ય છે, સિદ્ધ કરવો છે, આત્મા એ જ અમારો અર્થ-પ્રયોજન છે, અમારે તો એક આત્માર્થનું જ કામ છે, 'કામ એક આત્માર્થનું બીજો નહિં મન રોગ', અને તે **આત્માર્થરૂપ સાધ્યની સિદ્ધિ** - 'साध्यसिद्धि' - કેવળ આત્માના અંગભૂત-સ્વભાવભૂત **આત્મધર્મરૂપ નિશ્ચયદર્શન જ્ઞાન-ચારિત્ર રૂપ સત્ સાધનથી જ** હોય છે, 'दर्शनज्ञानचारित्रैः'* બીજી કોઈ રીતે હોતી નથી, 'न अन्यथा' માટે સાધ્ય એવા આત્માની સિદ્ધિ-**આત્મસિદ્ધિ** - **આત્મખ્યાતિ** ઈચ્છનારા સાધક સાધુએ તે આત્માના સાધક એવા **આ આત્મભાવરૂપ દર્શન-જ્ઞાન-ચારિત્ર સત્ સાધનની જ નિત્ય સાધના** કરવી એ જ ઉપયુક્ત છે, અને એમ કરીને પણ એ નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય જેમાં અભેદભાવે સમાય છે એવા **આત્માની જ સાધના** કરવી, એ જ અત્ર તાત્પર્યાર્થ-પરમાર્થ છે. એમ એવા ભાવનો આ (૧૯મો* ઉત્થાનિકારૂપ કળશ) નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો અત્ર પ્રકાશ્યો છે.

મેચક-અમેચકમાં આત્માની જ ચિંતા બસ !



जह णाम कोवि पुरिसो रायाणं जाणिऊण सद्दहदि ।
तो तं अणुचरदि पुणो अत्थत्थीओ पयत्तेण ॥१७॥
एवं हि जीवराया णादव्वो तह य सद्दहेदव्वो ।
अणुचरिदव्वो य पुणो सो चेव दु मोक्खकामेण ॥१८॥ (युगलम्)

જ્યમ કોઈ પુરુષ રાયને રે, જાણીને સદ્દહંતઃ
પછી અનુચરે તેહને રે, અર્થાર્થી પ્રયત્નવંત... રે આત્મન્ ! વંદો સમયસાર ૧૭
ત્યમ જીવરાજા જાણવો રે, સદ્દહવો પણ તેમ,
અનુચરવો વળી તેહને રે, મોક્ષ કામીએ એમ... રે આત્મન્ ! વંદો સમયસાર ૧૮

ગાથાર્થ : જેમ કોઈ પુરુષ રાજાને જાણીને સદ્દહે (શ્રદ્ધે) છે, પછી અર્થાર્થી એવો તે તેને પ્રયત્નથી અનુચરે છે, તેમ જીવ-રાજા જાણવો યોગ્ય છે, સદ્દહવો (શ્રદ્ધવો) યોગ્ય છે અને મોક્ષકામીએ પુનઃ તે જ અનુચરવો યોગ્ય છે. ૧૭-૧૮

आत्मख्याति टीका

यथा नाम कोपि पुरुषो राजानं ज्ञात्वा श्रद्धाति ।
ततस्तमनुचरति पुनरर्थार्थिकः प्रयत्नेन ॥१७॥
एवं हि जीवराजो ज्ञातव्यस्तथैव श्रद्धातव्यः ।
अनुचरितव्यश्च पुनः स चैव तु मोक्षकामेन ॥१८॥

आत्मभावना -

यथानाम कोपि पुरुषः - જેમ ખરેખર ! કોઈ પુરુષ राजानं ज्ञात्वा श्रद्धाति - રાજાને જાણી શ્રદ્ધે છે, ततस्तमनुचरति - પછી તેને અનુચરે છે, કેવી રીતે ? प्रयत्नेन - પ્રયત્નથી - પ્રકૃષ્ટ યત્નથી. કેવો પુરુષ ? अर्थार्थिकः - અર્થાર્થિક - અર્થનો અર્થી, ધનનો કામી એવો. एवं हि जीवराजः - એમ જ જીવરાજા ज्ञातव्यस्तथैव श्रद्धातव्यः - ज्ञातव्य - જાણવો યોગ્ય તેમજ श्रद्धातव्य - શ્રદ્ધવો યોગ્ય अनुचरितव्या पुनश्चैव - અને તે જ पुनः अनुचरितव्य - અનુચરનો યોગ્ય છે. કોણે ? मोक्षकामेन - મોક્ષ કામીએ,મોક્ષની કામના - ઈચ્છા જેને છે. એવાએ ॥ इति **गाथा** आत्मभावना ॥१७-१८

यथा हि कश्चित् पुरुषोऽर्थार्थी - જેમ કોઈ પુરુષ અર્થાર્થી - અર્થનો અર્થી - કામી એવો प्रयत्नेन प्रथमेव राजानं जानीते - પ્રયત્નથી - પ્રકૃષ્ટ યત્નથી પ્રથમ જ રાજાને જાણે છે, ततस्तमेव श्रद्धते - પછી તેને જ શ્રદ્ધે છે, ततस्तमेवानुचरति - પછી તેને જ અનુચરે છે, तथात्मना मोक्षार्थिना - તેમ આત્માએ મોક્ષાર્થી - મોક્ષના અર્થી એવાએ प्रथममेवात्मा ज्ञातव्यः - પ્રથમ જ આત્મા જ્ઞાતવ્ય છે - જાણવો યોગ્ય છે, ततः स एव श्रद्धातव्यः - પછી તે જ શ્રદ્ધાતવ્ય-શ્રદ્ધવો - શ્રદ્ધા કરવો યોગ્ય છે, ततः स एवानुचरितव्य श्च - અને પછી તે જ અનુચરિતવ્ય-અનુચરવો યોગ્ય છે. શા માટે ? साध्यसिद्धेस्तथान्यथोपपत्त्यनुपत्तिभ्यां - સાધ્ય સિદ્ધિની તથોપપત્તિ - તેવા પ્રકારે ઘટમાનતા અને અન્યથા અનુપપત્તિ - અન્ય પ્રકારે અઘટમાનતા છે માટે. तत्र - તેમાં.

यदात्मनो - જ્યારે આત્માને तथेतिप्रत्ययलक्षणं श्रद्धानं उत्लवते - 'तथा - 'તેમ' એવું પ્રત્યયલક્ષણ - પ્રતીતિ લક્ષણવાળું શ્રદ્ધાન ઉત્પ્લવે છે - એકદમ ઉપજે છે, કેવું શ્રદ્ધાન ? अयमहमनुभूतिरित्यात्मज्ञानेन संगच्छमानमेव - 'આ હું અનુભૂતિ' એવા આત્મજ્ઞાન સાથે સંગચ્છમાન જ - સંગત થતું જ એવું. આ હું અનુભૂતિ ? એવું આત્મજ્ઞાન શાથી ? अनुभूयमानानेकभावसंकरेपि परमविवेककौशलेन - અનુભૂયમાન - અનુભવાઈ રહેલા અનેક ભાવોના સંકરમાં - સંમિશ્રણમાં - શંભુ મેળામાં પણ પરમ વિવેક કૌશલથી - વિવેક કુશલપણાથી. આવા આત્મજ્ઞાન સંગાથે તેવું શ્રદ્ધાન ઉત્પ્લવે છે, ત્યારે શું ? तदात्मानुचरणमुत्लवमानमात्मानं साधयति - ત્યારે આત્માનુચરણ - આત્માને અનુ-અનુસરતું ચરણ-આચરણ એટલે કે આત્મચારિત્ર ઉત્પ્લવતું - એકદમ ઉત્પન્ન થતું આત્માને સાધે છે. આવું આત્માનુચરણ શાને લીધે ? समस्तभावांतरविवेकेन निशंकमेवास्थातुं शक्यत्वात् - સમસ્ત ભાવાંતર-બીજા બધાના ભાવના વિવેકથી -

यथाहि कश्चित्पुरुषोऽर्थार्थी
प्रयत्नेन प्रथमेव **राजानं जानीते**
ततस्तमेव **श्रद्धत्ते**
ततस्तमेवानुचरति

तथात्मना मोक्षार्थिना
प्रथममेव**आत्मा ज्ञातव्यः**
ततः स एव **श्रद्धातव्यः**
ततः **स एवानुचरितव्यश्च**

साध्यसिद्धेस्तथान्यथोपपत्यनुपपत्तिभ्यां । तत्र -

यदात्मनो -
नुभूयमानानेकभावसंकरेपि
परमविवेककौशलेना -
यमहमनुभूति -
रित्यात्मज्ञानेन संगच्छमानमेव
तथेति प्रत्ययलक्षणं श्रद्धानमुत्प्लवते
तदा समस्तभावांतरविवेकेन
निशंकमेवास्थातुं शक्यत्वा-
दात्मानुचरणमुत्प्लववमान
मात्मानं साधयतीति
साध्यसिद्धेस्तथोपपत्तिः ।

यदा त्वाबालगोपालमेव सकलकालमेव
स्वयमेवानुभूयमानेपि भगवत्यनुभूत्यात्मन्यात्म
न्यनादिबंधवशात् परैः सममेकत्वाध्यवसायेन विमूढस्या
यमहमनुभूति-
रित्यात्मज्ञानं नोत्प्लवते
तदभावादज्ञातखरशृंगश्रद्धानसमानत्वा-
च्छ्रद्धानमपि नोत्प्लवते
तदा समस्तभावांतरविवेकेन
निशंकमेवास्थातुमशक्यत्वा -
दात्मानुचरणमनुत्प्लवमानं
नात्मानं साधयतीति
साध्यसिद्धेरन्यथानुपपत्ति ॥१७॥१८॥

પૃથક્કરણથી - અલગ કરવાપણાથી નિઃશંક જ આસ્થિત હોવાના - જેમ છે તેમ રહેવાના શક્યપણાને લીધે. આથી શું સિદ્ધ થયું ? इति साध्यसिद्धेस्तथोपपत्तिः - **એમ સાધ્યસિદ્ધિની તથોપપત્તિ - તથા પ્રકારે ઘટમાનતા છે, સાધ્ય સિદ્ધિ તેવા પ્રકારે ઘટે છે.**

यदा तु विमूढस्य - **પણ જ્યારે વિમૂઢને** अयमहमनुभूतिरित्यात्मज्ञानं नोत्प्लवते - **આ હું અનુભૂતિ એવું આત્મજ્ઞાન ઉત્પ્લવતું - ઉદ્ભવતું નથી. વિમૂઢ શાથી ?** परैः सममेकत्वाध्यवसायेन - **પરોની સાથે એકત્વ અધ્યવસાયથી - એકપણું માની બેસવાથી.** એમ શાથી ? आबालगोपालमेव सकलकालमेव स्वयमेवानुभूयमानेपि भगवत्यनुभूत्यात्मनि आत्मनि - **આ બાલગોપાલ જ - બાલકથી માંડીને ગોવાળીઆ સુધી. સકલ કાલ જ ભગવત્ અનુભૂત્યાત્મા આત્મા અનુભૂયમાન - અનુભવાઈ રહેલો છતાં** अनादिबंधवशात् - **અનાદિ બંધવશથી. વારુ,** એમ પરો સાથે એકત્વ અધ્યવસાયથી વિમૂઢ આત્મજ્ઞાન ઉત્પ્લવતું નથી તેથી શું ? तदभावात् श्रद्धानमपि नोत्प्लवते - **તેના (આત્મજ્ઞાનના) અભાવથી શ્રદ્ધાન પણ ઉત્પ્લવતું - ઉદ્ભવતું નથી. શાને લીધે ?** अज्ञातखरशृंगश्रद्धानसमानत्वात् - **અજ્ઞાનના ખરશૃંગ શ્રદ્ધાન સમાનપણાને લીધે. અજ્ઞાત છે તેની શ્રદ્ધાનું ગધેડાના શીંગડાની શ્રદ્ધા સાથે સમાનપણું છે તેને લીધે, આમ શ્રદ્ધાન નથી ઉત્પ્લવતું. ત્યારે શું ?** तदा आत्मानुचरणमनुत्प्लवमानं नात्मानं साधयति - **ત્યારે આત્માનુચરણ - આત્માને અનુ-અનુસરતું ચરણ - આચરણ અર્થાત્ આત્મચારિત્ર અનુત્પ્લવતું - નહિ ઉત્પ્લવતું - એકદમ નહિ ઉદ્ભવતું આત્માને સાધતું નથી. આત્માનુચરણ કેમ નથી ઉત્પ્લવતું ?** समस्तभावांतरविवेकेन निशंकमेवास्थातुमशक्यत्वात् - **સમસ્ત ભાવાંતરના વિવેકથી નિઃશંક જ આસ્થિત હોવાના - જેમ છે તેમ સ્થિતિ કરવાના અશક્યપણાને લીધે. આથી શું સિદ્ધ થયું ?** इति साध्यसिद्धेरन्यथानुपपत्तिः - **એમ સાધ્યસિદ્ધિની અન્યથા અનુપપત્તિ - અન્ય પ્રકારે અઘટમાનતા છે, સાધ્ય સિદ્ધિ બીજા કોઈ પ્રકારે નથી ઘટતી.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१७-१८॥

આત્મખ્યાતિ ટીકાર્થ

જેમ સ્ફુટપણે કોઈ અર્થાર્થી પુરુષ
પ્રયત્નથી પ્રથમ જ રાજાને જાણે છે,
પછી તેને જ શ્રદ્ધે છે,
પછી તેને જ અનુચરે છે :

તેમ મોક્ષાર્થી આત્માએ
પ્રથમ જ આત્મા જાણવો યોગ્ય છે,
પછી તે જ શ્રદ્ધવો યોગ્ય છે
અને પછી તે જ અનુચરવો યોગ્ય છે.

- સાધ્ય સિદ્ધિની તથોપપત્તિ અને અન્યથા અનુપપત્તિ છે માટે. તેમાં -

જ્યારે આત્માને
અનુભવાઈ રહેલા
અનેક ભાવના સંકરમાં પણ
પરમ વિવેક કૌશલથી
'આ હું અનુભૂતિ'
એવા આત્મજ્ઞાન સંગાથે
સંગત થતું જ
'તથા' એવા પ્રત્યય લક્ષણવાળું
શ્રદ્ધાન ઉત્પ્લવે (એકદમ ઉપજે) છે,
ત્યારે
સમસ્ત ભાવાંતરના વિવેકથી
નિઃશંક જ આસ્થિત રહેવાના શક્યપણાને લીધે
આત્માનુચરણ ઉત્પ્લવતું
આત્માને સાધે છે,
એમ સાધ્ય સિદ્ધિની તથોપપત્તિ છે :

પણ જ્યારે - આ બાલગોપાલને જ સકલકાલ જ
ભગવત્ અનુભૂતિ આત્મા આત્મામાં
સ્વયમેવ અનુભવાઈ રહ્યો છતાં અનાદિ બંધવશથી
પરો સાથે એકત્વ અધ્યવસાયથી વિમૂઢને
'આ હું અનુભૂતિ'
એવું આત્મજ્ઞાન ઉત્પ્લવતું નથી,
તેના અભાવથી અજ્ઞાતના
ખરશૃંગ શ્રદ્ધાન સમાનપણાને લીધે
શ્રદ્ધાન પણ ઉત્પ્લવતું નથી,
ત્યારે
સમસ્ત ભાવાંતરના વિવેકથી
નિઃશંક જ આસ્થિત રહેવાના અશક્યપણાને લીધે
આત્માનુચરણ અનુત્પ્લવતું
આત્માને સાધતું નથી,
એમ સાધ્ય સિદ્ધિની અન્યથા અનુપપત્તિ છે.

૧૭-૧૮

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''છે દહિદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ... મૂળ મારગ.
એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ... મૂળ મારગ.
જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત... મૂળ મારગ.
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત... મૂળ મારગ.
જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ મૂળ મારગ.
તેવો સ્થિર સ્વભાવ તે ઉપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ... મૂળ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૧૫**

---

* ''दर्शनं निश्चयः पुंसि बोधस्तद्बोध इष्यते ।
स्थितिरत्रैव चारित्रमिति योगः शिवाश्रयः ॥'' - શ્રી પદ્મનંદિ પં. એકત્વસપ્તતિ, ૧૪
અર્થાત્ પુરુષ - આત્મા પરત્વે નિશ્ચય તે દર્શન આત્મબોધ - આત્મજ્ઞાન તે જ્ઞાન, અત્રે જ - આત્મામાં જ સ્થિતિ તે ચારિત્ર, એમ આ મોક્ષ આશ્રયી યોગ છે.

ઉત્થાનિકા કળશમાં (૧૯) **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પોતાનો દૃઢ આત્મનિશ્ચય પોકારીને જાહેર કર્યો તેમ આત્માની જ ચિંતાથી અમને બસ છે, આત્મારૂપ દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ* સાધ્ય સિદ્ધિ છે, અન્યથા સાધ્યસિદ્ધિ નથી, તે સૂચિત ભાવને આ ગાથામાં શાસ્ત્રકાર **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** રાજ-ઉપાસનાના સુગમ દૃષ્ટાંતથી દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકપણે સ્પષ્ટપણે વર્ણવી દેખાડ્યો છે અને તેનો અપૂર્વ પરમાર્થ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અન્વય-વ્યતિરેકથી અત્યંત નિષ્ણુષપણે વિવરી દેખાડી પ્રવ્યક્ત કર્યો છે : જેમ કોઈ 'અર્થાર્થી' - અર્થનો - અર્થી-કામી એવો પુરુષ 'પ્રયત્નેન' - પ્રયત્નથી - પ્રકૃષ્ટ યત્નથી - આ રાજા છે એમ પ્રથમ જ રાજાને જાણે છે, પછી તેને જ શ્રદ્ધે છે અને પછી તેને જ અનુસરે છે, 'તમેવાનુચરતિ', તેમ 'મોક્ષાર્થિના' - મોક્ષના અર્થી - મોક્ષ કામી મુમુક્ષુ આત્માએ 'આ આત્મા છે' એમ પ્રથમ જ આત્મા જાણવો યોગ્ય છે, પછી તે જ શ્રદ્ધવો યોગ્ય છે અને પછી તે જ અનુચરવો યોગ્ય છે - 'સ એવ અનુચરિતવ્યઃ' - એમ શા માટે ? સાધ્ય સિદ્ધિની તથા-ઉપપત્તિ અને અન્યથા અનુપપત્તિ છે માટે - 'साध्यसिद्धेस्तथा-न्यथापपत्यनुपपत्तिभ्याम्', સાધ્ય સિદ્ધિની 'તથા ઉપપત્તિ' - તથા પ્રકારે - તે જ પ્રકારે ઉપપત્તિ- ઘટમાનતા છે અને અન્યથા-અનુપપત્તિ - અન્ય પ્રકારે - એથી બીજા પ્રકારે અનુપપત્તિ - અઘટ માનતા છે માટે. અર્થાત્ સાધ્ય એવા આત્માની સિદ્ધિ 'તથા' - તથા પ્રકારે તેવા પ્રકારે ઘટે છે, ઉપપત્તિ પામે છે (તથોપપત્તિ); અન્યથા - બીજા કોઈ પણ પ્રકારે ઘટતી નથી, ઉપપત્તિ પામતી નથી (અન્યથા અનુપપત્તિ). આ તથોપપત્તિથી અને અન્યથા અનુપપત્તિથી ન્યાયની રીતિએ આ આમ જ છે અને બીજા કોઈ પ્રકારે નથી જ એમ અન્વય-વ્યતિરેકથી ત્રણે કાળમાં ન ફરે એવો દૃઢ નિશ્ચયરૂપ ચોક્કસ અવિસંવાદી તત્ત્વનિર્ણય-સિદ્ધાંત દૃઢીભૂત થાય છે. આ વસ્તુ મહાન્ સૈદ્ધાંતિક - મહાન્ નૈયાયિક મહાન્ આત્માનુભવિક **'આત્મખ્યાતિ'કારે** વૈધર્મ્ય દૃષ્ટાંતથી (Comparison by contrast) **સાંગોપાંગ બિંબ-પ્રતિબિંબ ભાવથી** પોતાની અપૂર્વ અનન્ય લાક્ષણિક શૈલીથી સ્પષ્ટ વિવરી દેખાડી છે. તે આ પ્રકારે -

મોક્ષાર્થીએ આત્મા જ જ્ઞાતવ્ય શ્રદ્ધાતવ્ય અનુચરિતવ્ય

જ્યારે આત્માને, અનુભવાઈ રહેલા અનેક ભાવોના 'સંકરમાં' - સંમિશ્રણપણામાં - શંભુ મેળામાં પણ 'પરમવિવેકકૌશલેન' - પરમ વિવેક કૌશલથી - કુશલપણાથી 'આ હું અનુભૂતિ (અનુભવ)' - 'अयमहमनुभूति' - એવું આત્મજ્ઞાન 'ઉત્પ્લવે છે' - એકદમ ઉછળી પડે છે - ઝટ લઈને ઉત્પન્ન થાય છે અને 'आत्मज्ञानेन संगच्छमानमेव' - તે આત્મજ્ઞાનની સંગાથે જ જતું 'तथेतिप्रत्ययलक्षणं' - 'તથા' - તેવા પ્રકારે છે - તેમજ છે એવા પ્રત્યય - પ્રતીતિ લક્ષણવાળું શ્રદ્ધાન 'ઉત્પ્લવે છે' - એકદમ આપોઆપ ઉછળી પડે છે - ત્યારે 'तदा' - સમસ્ત 'ભાવાંતરના' - અન્ય ભાવોના 'વિવેકથી' - આત્માથી પૃથક્ કરવાપણાથી - નિઃશંકપણે જ આસ્થિત રહેવાના શક્યપણાને લીધે આત્માનુચરણ* ઉત્પ્લવે છે - આપોઆપ એકદમ ઉછળી પડે છે, ઉલ્લસે છે અને તે 'आत्मानुचरणमुत्प्लवमानं' - આત્માનુચરણ ઉત્પ્લવતું સતું આત્માને સાધે છે - 'आत्मानं साधयति' - આમ સાધ્ય સિદ્ધિની તથોપપત્તિ હોય છે. અર્થાત્ આત્મજ્ઞાન સંગાથે આત્મશ્રદ્ધાન ઉત્પ્લવતાં જ - એકદમ ઉત્પન્ન થતાં જ આત્માનુચરણ ઉત્પ્લવતું - એકદમ ઉત્પન્ન થતું આત્માને સાધે છે, આમ જ સાધ્ય એવા આત્માની સિદ્ધિ - **આત્મસિદ્ધિ** ઘટે છે.

સાધ્ય સિદ્ધિની તથોપપત્તિ

પણ આથી ઉલટું, 'આબાલ ગોપાલ જ' - અણસમજુ બાલક અને અભણ ગોવાળીઆ સુદ્ધાંને સકલકાલ જ - સદાય આ ભગવતી અનુભૂતિ આત્મા - આત્મામાં 'भगवत्यनुभूत्यात्मनि आत्मनि' - સ્વયમેવ અનુભવાઈ રહ્યો છતાં, અનાદિ બંધવશે કરીને 'परैः समं एकत्वाध्यवसायेन विमूढस्य' - 'પરો'

---

* **"अग्नाविवोष्णभावः सम्यग्बोधेऽस्ति दर्शनं शुद्धम् ।**
ज्ञातं प्रतीतमाभ्यां सत् स्वास्थ्यं भवति चारित्रम् ॥" - श्री पद्मनंदि पं. निश्चयपंचाशत्, १४
અર્થાત્ - અગ્નિમાં ઉષ્ણભાવની જેમ સમ્યગ્ બોધમાં શુદ્ધ દર્શન છે, આ બંને વડે જ્ઞાત-પ્રતીત સતું 'સ્વાસ્થ્ય' - સ્વ આત્મામાં સ્થિતિ તે ચારિત્ર હોય છે.

- બીજાઓ સાથે એકત્વ અધ્યવસાયથી - એકપણું માની બેસવાપણાથી વિમૂઢને જ્યારે 'આ હું અનુભૂતિ' (અનુભવ) એવું આત્મજ્ઞાન ઉત્પ્લવતું નથી. આપોઆપ ઉછળી પડતું નથી અને તે આત્મજ્ઞાનના અભાવે અજ્ઞાતના (નહિ જાણેલના) ખરશૃંગ શ્રદ્ધાન સાથે સમાનપણાને લીધે - 'अज्ञातखरशृंगश्रद्धानसमानत्वात्' - શ્રદ્ધાન પણ ઉત્પ્લવતું નથી - ઉછળી પડતું નથી, 'तदा' - ત્યારે સમસ્ત 'ભાવાંતરના' - અન્ય ભાવોના 'વિવેકથી' - આત્માથી પૃથક્કરણથી નિઃશંકપણે જ આસ્થિત રહેવાના અશક્યપણાને લીધે આત્માનુચરણ પણ ઉત્પ્લવતું નથી અને આત્માનુચરણ અનુત્પ્લવમાન - નહિં ઉત્પ્લવતું નહિં ઉત્પન્ન થતું આત્માને સાધતું નથી, આમ સાધ્ય સિદ્ધિની અન્યથા અનુપપત્તિ છે, અર્થાત્ આત્મજ્ઞાનના અભાવે આત્મશ્રદ્ધાન નહિં ઉત્પન્ન થતું હોઈ, આત્માનુચરણ પણ ઉત્પન્ન થતું નથી અને આત્માનુચરણ વિના આત્મસિદ્ધિ થાય જ નહિં એટલે સાધ્ય એવા આત્માની સિદ્ધિ - આત્મસિદ્ધિ ઘટતી નથી.

સાધ્ય સિદ્ધિની અન્યથા અનુપપત્તિ

''સ્વસ્વરૂપ આલંબ વિનું, શિવપથ ઔર નહી જ;
મુક્તિ સ્ત્રી વશ કરન કો, સોહં ધ્યાન સુબીજ.'' - **શ્રી દેવચંદ્રજી કૃત દ્રવ્યપ્રકાશ, ૩-૬૨**

આચાર્યવર્ય અમૃતચંદ્રજીની આ અદ્‌ભુત અલૌકિક અનુપમ વ્યાખ્યા પરથી સ્પષ્ટ સમજાય છે કે - આ હું અનુભૂતિ છું એવું આત્મજ્ઞાન થાય તેની સંગાથે જ તેમ જ છે - 'तहत्ति' - એવું આત્મશ્રદ્ધાન - આત્મવિનિશ્ચય - આત્મદર્શન ઉપજે છે અને ત્યારે જ 'આ હું નહિં આ હું નહિં' - એમ સર્વ ભાવાંતરના વિવેકે કરીને આત્મામાં નિઃશંક સ્થિતિ કરવાના શક્યપણાને લીધે આત્માનુચરણ ઉપજે છે અને આ આત્માનુચરણ જ આત્માને સાધે છે.

આ **આત્માનુચરણ** એટલે આત્માનું અનુચરણ-અનુચરવું તે, જેવો આત્માનો સ્વભાવ છે તેને 'અનુ' અનુસરતું - તદનુસાર - આત્મદ્રવ્યાનુસારિ 'ચરણ' - આચરણ કરવું તે - 'द्रव्यानुसारि चरणं' - આત્માનો સ્વભાવ જ્ઞાન-દર્શન છે, એટલે તે જ્ઞાન-દર્શન સ્વભાવમાં ચરવું, તેમાંથી બ્હાર ન જવાય એ રીતે જ્ઞાન-દર્શન સ્વભાવમાં જ નિયત વૃત્તિપણે વર્તવું તે નિશ્ચય વૃત્ત-નિશ્ચય ચારિત્ર અથવા આત્મચારિત્ર છે. આત્મજ્ઞાન-આત્મદર્શન વિના આ આત્મચારિત્ર હોય નહિં, આત્મજ્ઞાન-આત્મદર્શના હોય તો જ આત્મચારિત્ર હોય, અને આત્મજ્ઞાન-આત્મદર્શનપૂર્વક આ આત્મચારિત્ર થકી જ આત્માની સિદ્ધિ - આત્મસિદ્ધિ - મોક્ષ હોય, એટલે આમ આત્મજ્ઞાન-આત્મદર્શન-આત્મચારિત્ર એ ત્રણે જ્યાં અભેદ પરિણામથી આત્મારૂપ વર્તે છે, એવું આ જ્ઞાન-દર્શન આત્મસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મચારિત્ર એ જ આત્મારૂપ નિશ્ચય મોક્ષમાર્ગ અથવા **પરમ આત્મદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીએ** પરમ આત્મોલ્લાસથી ગાયેલો 'જિનનો મૂળ માર્ગ' છે.

આત્મજ્ઞાન-દર્શન પૂર્વક આત્મચારિત્ર થકી જ આત્મસિદ્ધિ

''તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ... મૂળ.
તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજ સ્વરૂપ... મૂળ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૭૧૫**

આ આત્મસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ - સ્વકચરિતરૂપ આત્મચારિત્ર એ જ આત્મારૂપ નિશ્ચય મોક્ષમાર્ગ છે, એ અંગે **પરમર્ષિ કુંદકુંદાચાર્યજી 'પંચાસ્તિકાય'** ગા. ૧૫૪-૧૫૮-૧૬૧*માં આ નિશ્ચય

---

* ''जीवसहावं णाणं अप्पडिहद दंसणं अणण्णमयं ।
चरियं य तेसु णियदं अत्तित्तमणिंदियं भणियं ॥
जो सव्वसंगमुक्को णण्णमणो अप्पणं सहावेण ।
जाणदि पस्सदि णियदं सो सगचरियं चरदि जीवो ॥
णि च्चयणयेण भणिदो तिहि तेहिं समाहिदो हु जो ।
अप्पा ण कुणदि किंचिवि अण्ण ण मुयदि सो मोक्खमग्गोत्ति ॥''
- શ્રી પંચાસ્તિકાય, ગા. ૧૫૪, ૧૫૮, ૧૬૧ (જુઓ અમૃતચંદ્રાચાર્યજીની ટીકા)

મોક્ષમાર્ગની તાત્ત્વિક મહાપ્રતિષ્ઠા કરતાં પ્રકાશે છે કે - (૧) જીવ સ્વભાવ જ્ઞાન અપ્રતિહત દર્શન અનન્યમય છે, તે બન્નેમાં (જ્ઞાન-દર્શનમાં) નિયત અસ્તિત્વ તે અનિન્દિત ચારિત્ર કહ્યું છે. (૨) સર્વ સંગમુક્ત એવો અનન્યમના જે આત્માને સ્વભાવથી નિયતપણે જાણે છે - દેખે છે, તે જીવ સ્વકચરિત ચરે છે. (૩) તે (દર્શન-જ્ઞાન-ચારિત્ર) ત્રણથી નિશ્ચયે કરીને સમાહિત એવો જે આત્મા કિંચિત્ પણ અન્ય નથી, કરતો - નથી મૂકતો, તે (આત્મા) નિશ્ચય નયથી મોક્ષમાર્ગ કહ્યો છે.*

આ નિશ્ચય મોક્ષમાર્ગની મહાપ્રતિષ્ઠા કરતી આ મહાન્ ગાથાઓ અને તેની તાત્ત્વિક શિરોમણિ અમૃતચંદ્રાચાર્યજીની પરમ અદ્‌ભુત પરમ અલૌકિક મૌલિક તલસ્પર્શી વ્યાખ્યા (જુઓ નીચે ફૂટનોટ) કરતી તત્ત્વમીમાંસા પરથી ફલિત થાય છે કે જ્ઞાન-દર્શન-સ્વભાવમાં નિયત વૃત્તિપણે વર્તના રૂપ નિયત ચરિત એ જ ચારિત્ર છે.

અને ચારિત્ર એ જ વસ્તુ સ્વભાવરૂપ ધર્મ છે, 'वत्थुसहावो धम्मो' -

'चारित्तं खलु धम्मो' ચારિત્ર એજ નિશ્ચય ધર્મ

-'પ્રવચનસાર'ની 'चारित्तं खलु धम्मो' ઈ. સુપ્રસિદ્ધ ૭મી ગાથામાં **પરમર્ષિ** કુંદકુંદાચાર્યજીએ પ્રકાશ્યું છે તેમ - 'ચારિત્ર એ જ નિશ્ચયે કરીને ધર્મ છે, ધર્મ જે છે તે સામ્ય છે અને જે સામ્ય છે તે મોહ-ક્ષોભ વિનાનો આત્માનો પરિણામ છે.' આ મહાન્ ગાથાનો અદ્‌ભુત પરમાર્થ પ્રકાશતું વ્યાખ્યાન કરતાં પરમ સમર્થ ટીકાકાર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** વદે છે કે - **'સ્વરૂપમાં ચરણ તે ચારિત્ર છે, તે જ વસ્તુ સ્વભાવપણાથી ધર્મ છે, તે જ યથાવસ્થિત આત્મગુણપણાથી સામ્ય છે અને તે જ દર્શન મોહિનીય અને ચારિત્ર મોહિનીયના** ઉદયથી ઉપજતા સમસ્ત મોહ-ક્ષોભના અભાવથી અત્યંત નિર્વિકાર એવો એટલે આ વસ્તુધર્મની વ્યાખ્યા પ્રમાણે આત્મા પોતાના ચૈતનમય-જ્ઞાનદર્શનમય આત્મસ્વભાવમાં વર્તે તે જ ધર્મ છે અને તે જ આત્મસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ નિશ્ચય વ્રત અથવા સ્વરૂપમાં ચરણરૂપ ચારિત્ર છે, આ આત્માનુચરણ

---

* નિશ્ચય મોક્ષમાર્ગની મહાપ્રતિષ્ઠા કરતી આ મહાન્ ગાથાઓની તત્ત્વ સર્વ સ્વસમર્પક અદ્‌ભુત અલૌકિક અનુપમ વ્યાખ્યા કરતાં પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી પરમ અદ્‌ભુત આત્મવિનિશ્ચયથી ઉદ્‌ઘોષે છે કે - (૧) 'આ મોક્ષ સ્વરૂપનું આખ્યાન છે : જીવ સ્વભાવ નિયત ચરિત તે મોક્ષમાર્ગ છે, जीवस्वभावनियतं चरितं मोक्षमार्गः । જીવ સ્વભાવ નિશ્ચયે કરીને જ્ઞાન-દર્શન છે - અનન્યમયપણું છે માટે (અર્થાત્ જ્ઞાન-દર્શન જીવથી અન્ય-જૂદા નથી માટે), અને તે બેનું અનન્યમયપણું વિશેષ-સામાન્ય ચૈતન્ય સ્વભાવી જીવથી નિર્વૃત્તપણું છે માટે. હવે તે બે જીવ સ્વરૂપભૂત જ્ઞાન-દર્શનમાં નિયત-અવસ્થિત એવું ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય રૂપ વૃત્તિમય અસ્તિત્વ (અર્થાત્) રાગાદિ પરિણતિના અભાવને લીધે અનિન્દિત એવું તચ્ચરિત (તે જ્ઞાન-દર્શન ચરિત, જ્ઞાન-દર્શનનું આચરવું), તે જ મોક્ષમાર્ગ છે. ખરેખર ! સ્ફુટપણે સંસારીમાં બે પ્રકારનું ચરિત છે - સ્વચરિત અને પરચરિત, સ્વસમય-પરસમય એમ અર્થ છે, તેમાં - સ્વભાવ અવસ્થિત (જેમ છે તેમ સ્થિત) અસ્તિત્વ સ્વરૂપ તે સ્વચરિત, પરભાવ - અવસ્થિત અસ્તિત્વ સ્વરૂપ તે પરચરિત - स्वभावावस्थितास्तित्व स्वरूपं स्वचरितम्, परभावावस्थितास्तित्वस्वरूपं परचरितम् । તેમાં - સ્વભાવાવસ્થિત અસ્તિત્વ રૂપ એવું જે પરભાવાવસ્થિત અસ્તિત્વથી વ્યાવૃત્તપણાએ કરીને અત્યંત અનિન્દિત (સુપ્રશસ્ત ચરિત), તે અત્ર સાક્ષાત્ મોક્ષમાર્ગપણે અવધારવા યોગ્ય છે. (૨) (આ સ્વચરિત પ્રવૃત્તના સ્વરૂપનું આખ્યાન છે) - જે ખરેખર ! નિશ્ચયે કરીને નિરુપરાગ (રાગાદિ ઉપરંજન રહિત) ઉપયોગપણાને લીધે સર્વસંગ મુક્ત, પરદ્રવ્યમાંથી વ્યાવૃત્ત (પાછા વળેલ) ઉપયોગપણાને લીધે અનન્યમના એવો, આત્માને સ્વભાવથી - જ્ઞાનદર્શનરૂપથી નિયત અવસ્થિતપણે જાણે છે - દેખે છે, તે જીવ ખરેખર ! નિશ્ચયે કરીને-સ્વકચરિત (આત્મ ચરિત) ચરે છે, કારણકે સ્ફુટપણે દેશિ જ્ઞપ્તિ સ્વરૂપ પુરુષમાં તન્માત્રપણે વર્તન તે સ્વચરિત છે, 'दृशिज्ञप्तिस्वरूपे पुरुषे तन्मात्रत्वेन वर्तनं स्वचरितम् ।

* (૩) (આત્માના ચારિત્ર-જ્ઞાન-દર્શન પણાનું આ દ્યોતન છે -) જે ખરેખર ! નિશ્ચયે કરીને આત્માને આત્મમયપણાને લીધે અનન્યમય એવો આત્માથી ચરે છે - સ્વભાવનિયત અસ્તિત્વથી અનુવર્તે છે, स्वभावनियतास्तित्वेनानुवर्तते, આત્માથી જાણે છે - સ્વપ્રકાશકપણે ચેતે છે (અનુભવે છે), આત્માથી દેખે છે - યથાતથ્યથી અવલોકે છે, તે ખરેખર ! નિશ્ચયે કરીને આત્મા જ ચારિત્ર-જ્ઞાન-દર્શન, स खल्वात्मैव चारित्रं ज्ञानं दर्शनम् - એમ કર્તા-કર્મ-કરણના અભેદથી નિશ્ચિત હોય છે. એથી કરીને ચારિત્ર-જ્ઞાન-દર્શનરૂપપણાને લીધે જીવ સ્વભાવનિયત - ચરિતત્વલક્ષણ નિશ્ચય મોક્ષમાર્ગપણું આત્માનું નિતરાં ઉપપન્ન છે.

* **શ્રી અમૃતચંદ્રાચાર્યજીની ટીકાના મૂલ વચનો આ રહ્યા -**

રૂપ નિશ્ચય ચારિત્ર સાધન થકી જ શુદ્ધ આત્મારૂપ સાધ્યની સિદ્ધિ - આત્મસિદ્ધિ સાંપડે છે.

''જે જે પ્રકારે આત્મા આત્મભાવ પામે તે તે પ્રકાર ધર્મના છે. આત્મા જે પ્રકારે અન્યભાવ પામે તે પ્રકાર અન્યરૂપ છે, ધર્મરૂપ નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૩૨૯**

''ઉપશમ ભાવ હો મિશ્ર ક્ષાયિકપણે, જે નિજ ગુણ પ્રાગ્‌ભાવ,
પૂર્ણાવસ્થાને હો નીપજાવતો, સાધન ધર્મ સ્વભાવ...
સ્વામી સ્વયંપ્રભને જઉં ભામણે.
સમકિત ગુણથી હો શૈલેશી લગે, આતમ અનુગત ભાવ;
સંવર નિર્જરા હો ઉપાદાન હેતુતા, સાધ્યાલંબન દાવ... સ્વામી.'' - **શ્રી દેવચંદ્રજી**

''જિમ નિર્મલતા રે રત્ન સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ;
તે જિન વીરે રે ધર્મ પ્રકાશિઓ, પ્રબળ કષાય અભાવ...'' - **શ્રી સીમંધર**

''જે જે અંશે રે નિરુપાધિકપણું, તે તે અંશે રે ધર્મ;
સમ્યગ્‌દૃષ્ટિ ગુણઠાણા થકી, જાવ લહે શિવશર્મ... શ્રી સીમં.'' - **શ્રી યશોવિજયજી**

આમ આત્મજ્ઞાન-આત્મદર્શન પૂર્વક આત્માનુચરણ રૂપ નિશ્ચય ચારિત્ર થકી જ આત્માર્થી મુમુક્ષુ શુદ્ધ આત્મા રૂપ નિશ્ચય મોક્ષમાર્ગને સાધે છે - આત્મસિદ્ધિને પામે છે. કોઈ એમ માનતું હોય કે આત્માની - નિશ્ચય મોક્ષમાર્ગની માત્ર વાતો કર્યાથી આત્મસિદ્ધિ થાય છે વા મોક્ષમાર્ગ પમાય છે તો તે કેવળ ભ્રાંતિ જ છે. કારણકે આત્માની કે નિશ્ચય - મોક્ષમાર્ગની વાતથી - વાર્તાથી નિશ્ચય મોક્ષમાર્ગની - આત્માની સિદ્ધિ થતી નથી, પણ નિશ્ચય મોક્ષમાર્ગમાં - આત્મામાં 'વયર્ત્યાથી' જેવો આત્માનો શુદ્ધ સ્વભાવ છે તેવું **આત્માનુચરણ - આત્મચારિત્ર** આચર્યાથી જ આત્મસિદ્ધિ થાય છે.

''मोक्षस्वरूपाख्यानमेतत् । जीवस्वभावनियतं चरितं मोक्षमार्गः । जीवस्वभावो हि ज्ञानदर्शने अनन्यमयत्वात् । अनन्यमयत्वं च तयोर्विशेषसामान्यचैतन्यस्वभावजीवनिर्वृत्तत्वात् । अथ तयोर्जीवस्वरूपभूतयो र्ज्ञानदर्शनयो र्यन्नियतमवस्थितमुत्पादव्ययध्रौव्यरूपवृत्तिमयमस्तित्वं रागादिपरिणत्यभावादनिन्दितं तच्चरितं, तदेव मोक्षमार्ग इति । द्विविधं हि किल संसारिषु चरितं, स्वचरितं परचरितं च, स्वसमयपरसमयावित्यर्थ । तत्र स्वभावावस्थास्तित्वस्वरूपं स्वचरितम्, परभावापस्थितास्तित्वस्वरूपं परचरितम् । तत्र यत्स्वभावावस्थितास्तित्वरूपं परभावावस्थितास्तित्वयावृत्तत्वेना त्यन्तमनिन्दितम्, तदत्र साक्षान्मोक्षमार्गत्वेनावधारणीयमिति ॥'' (ગાથા-૧૫૪)

''स्वचरितप्रवृत्तस्वरूपाख्यानमेतत् । यः खलु निरुपरागोपयोगत्वात्सर्वसङ्गमुक्तः, परद्रव्यव्यावृत्तोपयोगत्वादनन्यमनाः आत्मानं स्वभावेनज्ञानदर्शनरूपेण जानाति पश्यति नियतमवस्थित्वेन, स खलु स्वकं चरितं चरति जीवः । यतो हि दृशितप्तिस्वरूपे पुरुषे तन्मात्रत्वेन वर्तनं स्वचरितमिति ॥'' (ગાથા - ૧૫૮)

''आत्मनश्चारित्र ज्ञानदर्शनत्वद्योतनमेतत् । यः खल्वात्मानमात्ममयत्वादनन्यमयमात्मना चरति - स्वभावनियता स्तित्वेनानुवर्तते, आत्मना जानाति - स्वप्रकाशकत्वेन चेतयते, आत्मना पश्यति - यथातथ्येनावलोकयते, स खल्वात्मैव चारित्रं ज्ञानं दर्शनमिति कर्तृकर्मकरणानामभेदान्निश्चितो भवति । अत श्चारि-ज्ञानदर्शनरूपत्वाज्जीवस्वभावनियतचरितत्वलक्षणं निश्चयमोक्षमार्गत्वमात्मनो नितरामुपपन्नं इति ॥'' (ગાથા-૧૬૨) - **શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પંચાસ્તિકાય' ટીકા**

* **''चारित्तं खलु धम्मो धम्मो जो सो समोत्ति णिद्दिट्ठो ।**
मोहक्खोहविहीणो परिणामो अप्पणो हु समो ॥'' - શ્રી પ્રવચનસાર, ગાથા-૭

''स्वरूपे चरणं चारित्रं स्वसमयप्रवृत्तिरित्यर्थ । तदेव वस्तुस्वभावत्वाद्धर्म । शुद्ध चैतन्यप्रकाशनमित्यर्थ । तदेव च यथावस्थितात्मगुणत्वात्साम्यम् साम्यं तु दर्शनचारित्रमोहनीयोदयापादितसमस्तमोहक्षोभाभावादत्यन्तनिर्विकारो जीवस्य परिणामः ।'' - **શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પ્રવચનસાર' ટીકા, ગાથા-૭**

''જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ... મૂળ માર્ગ.
તેવો સ્થિર સ્વભાવ તે ઉપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ... મૂળ માર્ગ.
એવા મૂળ જ્ઞાનાદિ પામવા રે, અને જવા અનાદિ બંધ... મૂળ માર્ગ.
ઉપદેશ સદ્‌ગુરુનો પામવા રે, ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ... મૂળ માર્ગ.
એમ દેવ જિનંદે ભાખિયું રે, મોક્ષમાર્ગનું શુદ્ધ સ્વરૂપ... મૂળ માર્ગ.
ભવ્ય જનોના હિતને કારણે રે, સંક્ષેપે કહ્યું સ્વરૂપ... મૂળ માર્ગ.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૧૫



અનંત ચૈતન્ય ચિહ્નવંતી આ સ્વચ્છ આત્મજ્યોતિ અમે સતત અનુભવીએ છીએ, એવો સારસ-મુચ્યરૂપ આ કળશ લલકારે છે -

માલિની -

कथमपि समुपात्तत्रित्वमप्येकतायाः,
अपतितमिदमात्मज्योतिरुद्यच्छदच्छम् ।
सततमनुभवामोऽनंतचैतन्यचिह्नं,
न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः ॥२०॥

ત્રિપણું ગ્રહ્યું જ કેમે તોય રે ! એકતાથી, અપતિત અમલા આ આત્મજ્યોતિ ઉદંતી;
સતત અનુભવીએ 'નંત ચિત્ ચિહ્નવંતી, ન જ ન જ બીજી રીતે સાધ્ય સિદ્ધિ હવંતી. ૨૦

અમૃત પદ-૨૦

આત્મજ્યોતિ અનુભવીએ, અમે આ આત્મજ્યોતિ અનુભવીએ... ધ્રુવપદ.
કોઈ પ્રકારે ત્રિવિધપણાને, ગ્રહતી તેહ છતાંયે;
અપતિત જ જે એકપણાથી, એક સદાય જણાયે... અમે આ આત્મ. ૧
ભાવમલ વિભાવ નહિં જ્યાં, એવી સ્વચ્છ સદાયે;
આતમજ્યોતિ શુદ્ધ નિર્મળી, સતત જ અનુભવાયે... અમે આ આત્મ. ૨
અનંત ચૈતન્ય ચિહ્નવંતી જે, પ્રગટ લક્ષણ જણાયે;
એહ સતત અનુભવતાં નિશ્ચય, આતમસિદ્ધિ પમાયે... અમે આ આત્મ. ૩
કારણ બીજા કોઈ પ્રકારે, સાધ્ય સિદ્ધિ નવ થાય;
ભગવાન આ આતમ અનુભવતાં, **પરમામૃત** સુખદાય... અમે આ આત્મ. ૪

અર્થ : કોઈ પણ પ્રકારે ત્રિપણું સમુપાત્ત - સમ્યક્‌પણે ઉપગૃહીત છતાં એકતાથી અપતિત - નહિં પડેલી એવી આ ઉદય પામતી સ્વચ્છ આત્મજ્યોતિ અનંત ચૈતન્ય ચિહ્નવંતી અમે સતત - નિરંતર અનુભવીએ છીએ, ખરેખર ! ખરેખર ! અન્યથા - આથી અન્ય પ્રકારે સાધ્ય સિદ્ધિ નથી.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ... મૂળ માર્ગ.
તેહ માર્ગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજ સ્વરૂપ... મૂળ માર્ગ.''

- શ્રીમદ્ રાજચંદ્રજી

''ગ્રહ નક્ષત્ર તારા ચંદ્રની, જ્યોતિ દિનેશ મઝાર રે,
દર્શન જ્ઞાન ચરણ તણી, શક્તિ નિજાતમ ધાર રે... ધરમ પરમ અરનાથનો.''

- શ્રી આનંદઘનજી

આ ઉપર જે **'આત્મખ્યાતિ'**ના ગદ્ય ભાગમાં કહ્યું તેના સારસમુચ્ચયપણે તેની પરિપુષ્ટિ કરતો આ ઉપસંહાર રૂપ કલશ (૨૦) કહ્યો છે : 'कथमपि' - કેમે કરીને, કોઈ પણ પ્રકારે - કોઈ અપેક્ષાએ કથંચિત્ ત્રણપણું સમુપાત્ત - સમ્યક્‌પણે ઉપગૃહીત છતાં - 'समुपात्तत्रित्वमपि' - અર્થાત્ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ઉપભેદ રૂપ (પેટા વિભાગ રૂપ) ત્રણપણું સમ્યક્‌પણે અંગીકૃત છતાં, એકતાથી જે

અપતિત છે - 'एकताया अपतितम्', એકપણાથી જે પતિત નથી - પડેલ નથી, એવી આ ઉદય પામી રહેલી સ્વચ્છ - 'उद्गच्छदच्छम्' - નિર્મલ-શુદ્ધ **આત્મજ્યોતિ** - 'इदमात्मज्योति'

આ અનંત - ચૈતન્ય ચિહ્નવાળી આત્મજ્યોતિ અમે સતત અનુભવીએ છીએ

અમે સતત-નિરંતર અનુભવીએ છીએ - 'सततमनुभवामो' અને તે કેવી અનુભવીએ છીએ ? 'अनंतचैतन्यचिह्नं' - અનંત ચૈતન્ય ચિહ્નવંતી એવી, દ્રવ્યથી - ક્ષેત્રથી - કાળથી - ભાવથી જેનો અંત નથી એવું અનંત ચૈતન્ય-ચેતનપણું એજ જેનું ચિહ્ન ઓળખવાનું ખાસ વિશિષ્ટ લક્ષણ છે એવી. એવી આ આત્મજ્યોતિ અનુભવવાનું કારણ શું છે ? કારણકે - 'न खलु न खलु यस्माद न्यथा साध्यसिद्धिः' - ખરેખર ! ખરેખર ! અન્યથા - બીજા કોઈ પણ પ્રકારે સાધ્ય એવા આત્માની સિદ્ધિ આત્મસિદ્ધિ નથી, કેવલ નિર્મલ શુદ્ધ આત્માનુભવથી જ આત્મસિદ્ધિ છે, આ ત્રણે કાળમાં ન ફરે એવો અખંડ નિશ્ચય સિદ્ધાંત છે, અને 'न खलु न खलु' - 'ખરેખર ! ખરેખર !' એમ 'વીપ્સાથી' - બે વાર ઉચ્ચારણથી આ અખંડ નિશ્ચય સિદ્ધાંત અંગેનો પોતાનો તીવ્ર સંવેગમય - પરમ આત્મસંવેદનરૂપ ભાવાવેશમય આત્મનિશ્ચય અત્રે દિવ્ય દૃષ્ટા આત્મદૃષ્ટા **અમૃતચંદ્રજીએ** આ દિવ્ય **સુવર્ણ કળશનાદથી પોકારીને જાહેર કર્યો છે.**

''सुद्ध सुवृंद अफंद अमंद आनंदको कंद सदा सुखधारी,
ऐसो अनोपम आतमज्ञान सुधाधर कुंड मै जीले अपारी;
अनादि अज्ञान के भर्म लग्यो यह कर्म कलंकको मैल पखारी,
संत लहे निरवान को थानक दर्शन ज्ञान चरित्रसै भारी.''

- શ્રી દેવચંદ્રજી કૃત દ્રવ્યપ્રકાશ ૩-૬૧

કથંચિત્ ત્રિલક્ષણ છતાં એકરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ એ જ શ્રામણ્ય શુદ્ધોપયોગ

આજે સમસ્ત ઉપરમાં વિસ્તારથી વિવરી દેખાડ્યું તે પરથી ફલિત થાય છે કે, શુદ્ધ આત્મતત્ત્વ એ જ અભેદ રત્નત્રયીરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ છે અને દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્મધર્મરૂપ - આત્મગુણપર્યાયરૂપ ભેદરત્નત્રયી પણ આત્માથી અભિન્ન હોઈ તે આત્મારૂપ નિશ્ચય મોક્ષમાર્ગના જ અંગભૂત છે. આમ નિશ્ચય મોક્ષમાર્ગરૂપ શુદ્ધ આત્મતત્ત્વનું કથંચિત્ - કોઈ અપેક્ષાએ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્મધર્મની - આત્મગુણપર્યાયની ભેદવિવક્ષા કરતાં ત્રણપણું છે, છતાં એક આત્મદ્રવ્યપણાની અપેક્ષાએ તે એક જ્ઞાયકભાવરૂપ એકપણાથી પડ્યું નથી - ચ્યુત થયું નથી, એકપણું તો કાયમ જ છે, અર્થાત્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ત્રણપણું પણ એક જ્ઞાયક સ્વભાવી આત્માથી અભેદ છે, એટલે આ આત્મારૂપ એકરૂપ નિશ્ચય - મોક્ષમાર્ગ કથંચિત્ ત્રિરૂપ (ત્રિલક્ષણ) છતાં એકતા સાથે સંલગ્ન છે (linked, tied up). દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે યુગપત્-એકીસાથે પ્રાપ્ત થઈ અભેદ આત્મપરિણામને પામી જ્યારે તેવું ઐકાગ્ર્ય થાય એ જ શ્રામણ્ય અથવા શુદ્ધોપયોગ અથવા નિશ્ચય મોક્ષમાર્ગ છે અને એ જ, 'એ ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્ત્યો તે આત્મારૂપ' ત્યારે તે મારગ જિનનો પામિયો રે', 'કિંવા પામ્યો તે નિજસ્વરૂપ' - એમ **શ્રીમદ્ રાજચંદ્રજીએ** અપૂર્વ આત્મભાવોલ્લાસથી સંગીત કરેલો 'જિનનો મૂળ માર્ગ' છે.

આ અંગે - આગમજ્ઞાન તત્ત્વાર્થ શ્રદ્ધાન અને સંયતપણાનું યૌગપદ્ય (વ્યવહાર મોક્ષમાર્ગ) અને આત્મજ્ઞાનનું યૌગપદ્ય (એક સાથ હોવાપણું) જ્યાં સિદ્ધ છે એવા સંયતપણાનું - **ઐકાગ્ર્ય લક્ષણ 'શ્રામણ્ય'** જેનું બીજું નામ છે તેનું - મોક્ષમાર્ગપણે સમર્થન કરતાં **'પ્રવચનસાર'**ના ચારિત્ર અધિકારની*

* ''दंसणणाणचरित्तेसु तीसु जुगवं समुट्ठिदो जो दु ।
एयग्गगदोत्ति मदो सामण्णं तस्स परिपुण्णं ॥'' - **શ્રી કુંદકુંદાચાર્યજી કૃત 'પ્રવચનસાર'** ગા. ૪૨

૪૨મી ગાથામાં સ્પષ્ટ કહ્યું છે કે - 'દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ત્રણેમાં યુગપત્ - એકીસાથે સમુત્થિત એવો જે તે એકાગ્રગત એમ (શ્રમણ) છે, અને તેનું શ્રામણ્ય પરિપૂર્ણ છે.'*

---

* આ મહાન્ ગાથાનો પરમ અદ્‌ભુત પરમાર્થ મર્મ સમજાવતાં મહાન્ ટીકાકાર પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી પ્રકાશે છે -

"ज्ञेयज्ञातृतत्त्वतथाप्रतीतिलक्षणेन सम्यग्दर्शनपर्यायेण ज्ञेयज्ञातृतत्त्वतथानुभूतिलक्षणेन ज्ञानपर्यायेण ज्ञेय ज्ञातृक्रियान्तरनिवृत्तिसूत्र्यमाणदृष्ट ज्ञातृतत्त्ववृत्तिलक्षणेन चारित्रपर्यायेण च त्रिभिरपि यौगपद्येन भाव्यभावकभावविजृम्भितातिनिर्भरेतरेतरसंवलन - बलादङ्गाङ्गीभावेन परिणतस्यात्मनो यदात्मनिष्ठत्वे सति संयतत्वं तत्पानकवदनेकात्मकस्यैकस्यानुभूयमानतायामपि समस्तपरद्रव्यपरावर्त्तत्वाद-भिव्यक्तैकाग्र्यलक्षणश्रामण्यापरनामा मोक्षमार्ग एवावगन्तव्यः । तस्य तु सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग इति भेदात्मकत्वात्पर्यायप्रधानेन व्यवहारनयेनैकाग्र्यं मोक्षमार्ग इत्यभेदात्मकद्रव्यप्रधानेन निश्चयनयेन विश्वस्यापि भेदाभेदात्मकत्वात्तदुभयमिति प्रमाणेन प्रज्ञप्तिः ।"

- श्री अमृतचंद्राचार्यजी कृत 'प्रवचनसार' टीका, गा. ૩-૪૨

અર્થાત્ - જ્ઞેય-જ્ઞાતૃતત્ત્વના તથા પ્રતીતિલક્ષણ સમ્યગ્ દર્શન પર્યાયથી, જ્ઞેય-જ્ઞાતૃ તત્ત્વના તથા અનુભૂતિલક્ષણ જ્ઞાનપર્યાયથી અને જ્ઞેય જ્ઞાતૃની ક્રિયાન્તરનિવૃત્તિથી સૂત્ર્યમાણ (સૂત્રવામાં આવતી દૃષ્ટ-જ્ઞાતૃ તત્ત્વમાં વૃત્તિ લક્ષણ ચારિત્ર પર્યાયથી - એમ ત્રણેયથી પરિપૂર્ણ છે.)

યૌગપદ્યથી (એકી સાથે) ભાવ્યભાવક ભાવથી સમુલ્લસિત અતિનિર્ભર ઈતરેતર સંવલનબલ થકી અંગાંગી ભાવે પરિણત આત્માનું જે આત્મનિષ્ઠપણું સતે સંયતપણું, તે પાનકવત્ (પીણાંની જેમ) અનેકાત્મક એકની અનુભૂયમાનપણામાં પણ - સમસ્ત પરદ્રવ્યથી પરાવર્ત્તપણાને (પાછા વળી જવાપણાને) લીધે જ્યાં ઐકાગ્ર્ય લક્ષણ અભિવ્યક્ત છે એવો 'શ્રામણ્ય' અપર નામ મોક્ષમાર્ગ જ જાણવો અને તેની તો સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ એમ ભેદાત્મકપણાને લીધે પર્યાય પ્રધાન વ્યવહારનયથી, ઐકાગ્ર્ય તે મોક્ષમાર્ગ એમ અભેદાત્મકપણાને લીધે દ્રવ્ય પ્રધાન નિશ્ચય નયથી, (અને) વિશ્વના પણ ભેદાભેદાત્મકપણાને લીધે તદુભય (તે મોક્ષમાર્ગ) એમ પ્રમાણથી પ્રજ્ઞપ્તિ (પ્રરૂપણા) છે.'

તત્ત્વ મીમાંસા કરી તેના નિષ્કર્ષ રૂપ - નીચોડ રૂપ કળશ કાવ્ય સર્જતાં આ સર્વ જે તે જ સ્થળે તે જ **મહામુનીશ્વર અમૃતચંદ્રજી** મુમુક્ષુઓને પરમ આત્મભાવોલ્લાસથી ઉદ્‌બોધન કરે છે કે - 'એમ પ્રતિપત્તાના (તત્ત્વગ્રાહકના) આશયવશથી એક છતાં અનેક રૂપ થતો, એવો ત્રૈલક્ષણ્યને (ત્રિલક્ષણપણાને) તેમજ એકતાને પામેલો જે અપવર્ગનો - મોક્ષનો માર્ગ, તે દૃષ્ટા-જ્ઞાતામાં નિબદ્ધ વૃત્તિવાળા અચલ માર્ગને લોક આસ્કંદો ! (ઉત્તરોત્તર આત્મદશા વિકાસથી આરોહો - આત્માનુભવથી સ્પર્શો !), કે જેથી કરીને ઉલ્લસંતી ચિતિના અતુલ વિકાસને તે અચિરથી આસ્કંદે (સ્પર્શે).'

"इत्येवं प्रतिपत्तुराशयवशादेकोप्यनेकीभवं -
स्त्रैलक्षण्यमयैकतामुपगतो मार्गोपवर्गस्य यः ।
दृष्टज्ञातृनिबद्धवृत्तिमचलं लोकस्तमास्कन्दता -
दास्कन्दत्यचिराद्विकाशमतुलं येनोल्लसन्त्याश्चितेः ॥"

- श्री अमृतचंद्राचार्यजी कृत 'प्रवचनसार' टीका

आत्मख्याति टीका

ननु ज्ञानतादात्म्यादात्मा ज्ञानं* नित्यमुपास्त एव, कुतस्तदुपास्यत्वेनानुशास्यत इति चेत् -

न, यतो न खल्वात्मा ज्ञानतादात्म्येपि क्षणमपि ज्ञानमुपास्ते स्वयं बुद्धबोधितबुद्धत्वकारणपूर्वकत्वेन ज्ञानस्योत्पत्तेः ।

तर्हि तत्कारणात्पूर्वमज्ञान एवात्मा नित्यमेवाप्रतिबुद्धत्वा-देवमेतत् ॥ इति 'आत्मख्याति' टीका आत्मभावना (प्रस्तुत गाथा) ॥१७-१८॥

આત્મખ્યાતિ ટીકાર્થ

શંકા - વારુ, જ્ઞાન સાથે તાદાત્મ્યને લીધે આત્મા, જ્ઞાનને નિત્ય ઉપાસે જ છે, તો પછી તે (જ્ઞાન) ઉપાસ્યપણે કયા કારણથી અનુશાસવામાં આવે છે ?

સમાધાન - ના, (એમ નથી). કારણકે આત્મા, જ્ઞાન સાથે તાદાત્મ્ય છતાં, ક્ષણ પણ જ્ઞાનને ઉપાસતો નથી - સ્વયંબુદ્ધત્વ અને બોધિતબુદ્ધત્વ કારણપૂર્વકપણાએ કરીને જ્ઞાનની ઉત્પત્તિ હોય છે માટે.

શંકા - તો પછી તે કારણથી પૂર્વે આત્મા નિત્ય જ અજ્ઞાની છે, અપ્રતિબુદ્ધપણાને લીધે.

સમાધાન - આ એમ જ છે. ૧૭-૧૮

'अमृत ज्योति' महाभाष्य

''બિના નયન પાવે નહિં, બિના નયનકી બાત,
સેવે સદ્‌ગુરુ કે ચરન, સો પાવે સાક્ષાત્.'' **શ્રીમદ્ રાજચંદ્ર અંક ૨૫૮**

''સદ્‌ગુરુ યોગથી બહુલ જીવ, વલી સહજથી કોઈ થઈ સજીવ,
આત્મશક્તિ કરી ગંઠી ભેદી, ભેદજ્ઞાની થયો આત્મવેદી.'' - **શ્રી દેવચંદ્રજી કૃત અધ્યાત્મ ગીતા, ૧૯**

જ્ઞાન તાદાત્મ્ય છતાં આત્મા જ્ઞાનને ક્ષણ પણ ઉપાસતો નથી

અત્રે કોઈ એવી શંકા કરે કે - ज्ञानतादात्म्यात् - આત્માનું જ્ઞાન સાથે તાદાત્મ્ય છે, જ્ઞાન એ જ આત્મા અને આત્મા એ જ જ્ઞાન એમ તદાત્મકપણું છે, તેથી આત્મા જ્ઞાનને નિત્ય ઉપાસે જ છે, 'नित्यं उपास्त एव', સદાય ઉપાસી રહ્યો જ છે, તો પછી જ્ઞાનને ઉપાસ્યપણે - ઉપાસવા યોગ્યપણે કેમ અનુશાસવામાં - ઉપદેશવામાં આવે છે ? તેનું સ્પષ્ટ સમાધાન કરતાં પરમ ગુરુ આચાર્યવર્ય **અમૃતચંદ્રજી** વદે છે કે - 'ज्ञानतादात्म्येपि' - જ્ઞાન સાથે 'તાદાત્મ્ય' - અભિન્ન અપૃથક્ પ્રદેશપણા રૂપ તદાત્મકપણું છતાં આત્મા વધારે તો શું - એક ક્ષણ 'પણ' જ્ઞાનને

આત્મભાવના -

ननु ज्ञानतादात्म्यादात्मा ज्ञानं (પાઠાંતરઃ आत्मानं) नित्यमुपास्त एव - વારુ, જ્ઞાનતાદાત્મ્યને લીધે - જ્ઞાન સાથે તાદાત્મકપણાને લીધે આત્મા જ્ઞાનને (પાઠાંતર : આત્માને) નિત્ય - સદાય ઉપાસે જ છે, कुतस्तदुपास्यत्वेनानुशास्यते इति चेत् - તો પછી તે (જ્ઞાન અથવા આત્મા) ઉપાસ્યપણે - ઉપાસવા યોગ્યપણે શા માટે અનુશાસવામાં - ઉપદેશવામાં આવે છે ? એમ જો શંકા કરો તો - न - એ શંકા બરાબર નથી. કારણ ? यतो न खल्वात्मा ज्ञानतादात्म्ये पि क्षणमपि ज्ञानमुपास्ते - કારણકે ખરેખર ! નિશ્ચયે કરીને આત્મા જ્ઞાનતાદાત્મ્ય છતાં ક્ષણ પણ જ્ઞાનને ઉપાસતો નથી. એમ શાને લીધે ? स्वयं - बुद्धबोधितबुद्धत्वकारणपूर्वकत्वेन ज्ञानस्योत्पत्तेः સ્વયંબુદ્ધપણા અને બોધિત બુદ્ધપણારૂપ કારણપૂર્વક પણાએ કરીને જ્ઞાનની ઉત્પત્તિને લીધે. तर्ह्यि तत्कारणात् पूर्वमज्ञान एवात्मा नित्यमेवा - प्रतिबुद्धत्वात् - તો પછી તે કારણથી પૂર્વે અજ્ઞાન જ આત્મા છે, નિત્યમેવ અપ્રતિબુદ્ધપણાને લીધે. एतमेतत् - આ એમ છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१७-१८॥

---

* પાઠાંતર : आत्मानं

ખરેખર ! નિશ્ચયે કરીને ઉપાસતો નથી, - 'આત્મા'* ન ખલુ ક્ષણમપિ જ્ઞાનમુપાસ્તે ।' આનું કારણ શું ?

કારણકે - સ્વયંબુદ્ધપણા રૂપ કે બોધિતબુદ્ધપણારૂપ કારણપૂર્વકપણાથી જ જ્ઞાનની ઉત્પત્તિ હોય છે, 'સ્વયં બુદ્ધબોધિતબુદ્ધત્વકારણપૂર્વકત્વેન જ્ઞાનસ્યૌત્પત્તેઃ, અર્થાત્ જ્ઞાન કાંતો 'સ્વયંબુદ્ધપણાથી'* - બીજાના ઉપદેશ વિના 'સ્વયં' - પોતે પોતાની મેળે 'બુદ્ધપણાથી' - મિથ્યાત્વ નિદ્રાના અપગમ-દૂર થવા રૂપ સંબોધથી - બોધ પામવાપણાથી ઉત્પન્ન થાય છે, કાં તો 'બોધિતબુદ્ધપણાથી' - બોધિત - બીજાના (સદ્‌ગુરુનાં) બોધ-ઉપદેશથી ઉપજેલા 'બુદ્ધપણાથી' - બોધ પામવાપણાથી ઉત્પન્ન થાય છે. પૂર્વ જન્મમાં સદ્‌ગુરુ યોગે આરાધેલા સદ્‌બોધના સંસ્કાર વર્તમાન પ્રસ્તુત જન્મમાં સ્વયં જાગ્રત થતાં સ્વયંબુદ્ધ થઈ પોતે પોતાની મેળે બોધ પામે તો જ્ઞાન ઉપજે, અથવા વર્તમાનમાં પ્રત્યક્ષ સજીવન મૂર્તિ સદ્‌ગુરુના બોધથી બુદ્ધ થાય, બોધ પામે તો જ્ઞાન ઉપજે.

સ્વયંબુદ્ધપણાથી કે બોધિત બુદ્ધપણાથી જ્ઞાનની ઉત્પત્તિ

''યદ્યપિ કોઈ જીવો પોતે વિચાર કરતાં બુઝ્યા છે, એવો શાસ્ત્રમાં પ્રસંગ છે, પણ કોઈ સ્થળે એવો પ્રસંગ રહ્યો નથી કે અસદ્‌ગુરુથી અમુક બુઝ્યા. હવે કોઈ પોતે વિચાર કરતાં બુઝ્યા છે એમ કહ્યું છે તેમાં શાસ્ત્રોનો કહેવાનો હેતુ એવો નથી કે સદ્‌ગુરુની આજ્ઞાએ વર્તવાથી જીવનું કલ્યાણ થાય છે એમ અમે કહ્યું છે, પણ તે વાત યથાર્થ નથી અથવા સદ્‌ગુરુની આજ્ઞાનું જીવને કંઈ કારણ નથી એમ કહેવાને માટે. તેમ જે જીવો પોતાના વિચારથી સ્વયં બોધ પામ્યા છે એમ કહ્યું છે તે પણ વર્તમાન દેહે પોતાના વિચારથી અથવા બોધથી બુઝ્યા કહ્યા છે, પણ પૂર્વે તે વિચાર અથવા બોધ તેણે સન્મુખ કર્યો છે તેથી વર્તમાનમાં તે સ્ફુરાયમાન થવાનો સંભવ છે. તીર્થંકરાદિ સ્વયંબુધ કહ્યા છે તે પણ પૂર્વે ત્રીજે ભવે સદ્‌ગુરુથી નિશ્ચય સમકિત પામ્યા છે એમ કહ્યું છે. એટલે તે સ્વયંબુધપણું કહ્યું છે તે વર્તમાન દેહની અપેક્ષાએ કહ્યું છે અને તે સદ્‌ગુરુપદના નિષેધને અર્થે કહ્યું નથી.''

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ વિવરણ ગા. ૯

કારણકે જ્ઞાનની પ્રાપ્તિ મુખ્યપણે સદ્‌ગુરુ થકી પ્રાપ્ત થતા ગુરુગમને આધીન છે. જો જ્ઞાન અમૃતપાનની તૃષા બુઝાવવી હોય, તો તેના બૂઝનની રીત પણ છે અને તે એ છે કે ગુરુગમ વિના પ્રાપ્ત થાય નહિં - જ્ઞાનીના માર્ગની આ અનાદિની સ્થિતિ છે, 'પાવે નહિં ગુરુગમ વિના, યે હી અનાદિ સ્થિત.' પ્રત્યક્ષ આત્માનુભવી સદ્‌ગુરુના ગુરુગમ વિના આવા આગમ પણ અગમ થઈ પડે છે. માત્ર સ્વચ્છંદ મતિકલ્પનાએ આગમની ગમ પડે એમ નથી અને ગમ પડ્યા વિનાના આગમ ઉલટા અનર્થકારક પણ થઈ પડે. અભિમાનાદિ વા શુષ્કજ્ઞાનાદિ વિકારદોષ પણ ઉપજાવે એવી સંભાવના છે. જેમ મંદ પાચનશક્તિવાળાને પૌષ્ટિક અન્ન પાચન ન થાય, પણ તેથી તો ઉલટું અજીર્ણ ઉપજે, તેમ અનાધિકારી જીવને આવા પરમાગમરૂપ પરમાન્ન પચે નહિં, એટલું જ નહિં પણ હું આટલું બધું શ્રુત ભણ્યો છું, હું આવો બહુશ્રુત આગમધર છું, હું આવા સરસ વ્યાખ્યાનો કરી લોકોને મંત્રમુગ્ધ કરી શકું છું, ઈત્યાદિ પ્રકારે શાસ્ત્રનો અપચો-અજીર્ણ થાય ! ખંડન-મંડન વગેરેમાં શાસ્ત્રનો શસ્ત્ર તરીકે ઉપયોગ પણ થાય ! પણ જેમ સદ્‌વૈદ્યની અગ્નિદીપક માત્રાથી જેનો મંદાગ્નિ દૂર થયો છે, જેની પાચનશક્તિ ઉદ્દીપિત થઈ છે, તેને પૌષ્ટિક અન્ન સરલતાથી પાચન થાય છે, તેમજ તેના બળ-વીર્ય આદિની વૃદ્ધિ-પુષ્ટિ થાય છે, તેમ ઉત્તમ સદ્‌ગુરુરૂપ સદ્‌વૈદ્યની સદ્‌ઉપદેશરૂપ માત્રાથી જેનો સદ્‌બુદ્ધિ રૂપ અગ્નિ ઉદ્દીપિત થયો છે, તેને આ આગમરૂપ પરમાન્ન સહેજે પાચન થાય છે ને તેના આત્મબલ-વીર્યાદિની વૃદ્ધિ-પુષ્ટિ થાય છે. માટે આવા જ્ઞાન પ્રધાન પરમ આગમ સમજાવા માટે પણ ગુરુગમની અનિવાર્ય આવશ્યકતા છે. એવો તથારૂપ ગુરુગમ ત્રણે કાળમાં મળવો પરમ દુર્લભ છે.

'પાવે નહિં ગુરુગમ વિના યેહી અનાદિ સ્થિત'

---

* ''अपरोपदेशेन स्वयं - आत्मनैव सम्यगूवरबोधिप्राप्तया बुद्धा - मिथ्यात्वनिद्रापगमसम्बोधेन स्वयंसम्बुद्धाः।'' **- श्री परमर्षि हरिभद्राचार्यजी कृत 'ललित विस्तरा' सूत्र-५७ (विशेष माटे जुओ डॉ. भगवानदास कृत विवेचन, पृ. १७१)**

કારણકે તથારૂપ ગુરુગુણ સંપન્ન ગીતાર્થ ગુરુની પ્રાપ્તિ પરમ દુર્લભ છે. અત્રે ગીતાર્થને જ ગુરુપણાનો અધિકાર કહ્યો છે, એનું રહસ્ય પણ વિચારવા યોગ્ય છે.

'ગીતાર્થ'નું રહસ્ય : ભાવ ગુરુગમ, 'દીવામાંથી દીવો'

'ગીતાર્થ' એટલે કેટલાક લોકો માત્ર સૂત્રપાઠી સમજે છે - એમ નહિં, પણ જેણે શાસ્ત્રનો - સૂત્રનો અર્થ-પરમાર્થ ગીત કર્યો છે, અત્યંત હૃદયગત-પરિણત કર્યો છે, સંગીતની જેમ અવિસંવાદીપણે આત્મામાં તન્મય - એકતાર કર્યો છે, આત્માકાર કર્યો છે, આત્માનુભૂતિમય કર્યો છે, તે ગીતાર્થ, અર્થાત્ જેણે અર્થ-આત્મતત્ત્વ ગીત કર્યું છે - અત્યંત અનુભૂત કર્યું છે તે 'ગીતાર્થ'. એવા ગીતાર્થ. આત્માનુભાવી જ્ઞાની વીતરાગ પુરુષ જ ગુરુ થવાને યોગ્ય છે અને તેવા સદ્‌ગુરુ પાસેથી પ્રાપ્ત ભાવગુરુગમથકી જ ભાવશ્રુતજ્ઞાન-આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. ભાવગુરુગમ એ જ પારમાર્થિક ગુરુગમ છે, શાસ્ત્રમાં જે ગુરુગમનું ભારી ગૌરવ ગાવામાં આવ્યું છે તે આ ભાવ ગુરુગમ જ છે. તાત્પર્ય કે ભાવશ્રુત જેને પરિણમ્યું છે અર્થાત્ જેને આત્મજ્ઞાન ઉપજ્યું છે એવા ભાવશ્રુતધર-આત્મજ્ઞાની સદ્‌ગુરુ દ્વારા જો ભાવગુરુગમ પ્રાપ્ત થાય તો જ ભાવશ્રુતજ્ઞાન-આત્મજ્ઞાન ઉપજે. દીપકની ઉપાસનાથી જેમ દીપક પ્રગટે - દીવામાંથી દીવો ચેતે, તેમ જાગતી જ્યોત જેવા ભાવશ્રુત જ્ઞાનીની ઉપાસનાથી જ ભાવશ્રુત જ્ઞાન ઉપજે, ભાવ દીવો પ્રગટે. આ જ ગુરુગમનું રહસ્ય છે. ગગન મંડળ એટલે ચિદાકાશ, તેની મધ્યે એક અમૃતનો કૂવો છે, એટલે અમૃત સ્વરૂપી શાંત સુધારસમય આત્માનો ત્યાં વાસ છે. જેને સદ્‌ગુરુ મળ્યા છે, તે જ તે અમૃત કૂપમાંથી શાંત સુધારસ ભરી ભરીને પીએ છે, તેમની તૃષા છીપે છે - ભવતૃષ્ણા શાંત થાય છે અને તે અમૃતપાનથી તે અમૃતપણાને પામે છે. બાકી જેને સદ્‌ગુરુનો યોગ નથી મળ્યો, તે તે અમૃત પાનના લાભથી વંચિત રહે છે, તરસ્યા ચાલ્યા જાય છે, એટલે તેમની ભવતૃષ્ણા બૂઝાતી નથી, અને તે મૃતપણાને જ પામે છે, જન્મ-મરણ પરંપરા કર્યા જ કરે છે, તેના જન્મ-મરણનો છેડો આવતો નથી.*

''ગગન મંડળમેં અધ બિચ કૂવા, ઉહાં હૈ અમીકા વાસા,
સગુરા હોવે સો ભરભર પીવે, નગુરા જાવે પ્યાસા...'' - શ્રી આનંદઘનજી

''જીવને માર્ગ મળ્યો નથી, એનું શું કારણ ? ** અમને લાગે છે કે માર્ગ સરળ છે, સુલભ છે, પણ પ્રાપ્તિનો યોગ મળવો દુર્લભ છે. ** ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે, એવા જ્ઞાની પુરુષોની આજ્ઞાની સમ્યક્ પ્રતીતિ આવ્યા વિના તથા તેમાં અચળ સ્નેહ થયા વિના સત્સ્વરૂપના વિચારની યથાર્થ પ્રાપ્તિ થતી નથી અને તેવી દશા આવ્યેથી જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તે પુરુષ જેવી દશાને ક્રમે કરીને પામે છે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી... એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે. જ્યાં સુધી જીવને સ્વછંદરૂપી અંધત્વ છે, ત્યાં સુધી એ માર્ગનું દર્શન થતું નથી, (અંધત્વ ટળવા માટે) જીવે એ માર્ગનો વિચાર કરવો, દૃઢ મોક્ષેચ્છા કરવી, એ વિચારમાં અપ્રમત્ત રહેવું, તો માર્ગની પ્રાપ્તિ થઈ અંધત્વ ટળે છે. અનાદિકાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે. જો કે તેણે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે અનંતવાર કર્યું છે, તથાપિ જે કંઈ અવશ્ય કરવા યોગ્ય હતું તે તેણે કર્યું નથી, જે કે અમે પ્રથમ જ જણાવ્યું છે. સૂયગડાંગ સૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠાણું પુત્રોને ઉપદેશ્યા છે, મોક્ષ માર્ગે ચઢાવ્યા છે, ત્યાં આમ ઉપદેશ કર્યો છે - હે આયુષ્મનો ! આ જીવે સર્વ કર્યું છે એક આ વિના તે શું ? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન. તેનો ઉપદેશ તે સાંભળ્યા નથી, અથવા રુડે પ્રકારે કરીને ઉઠાવ્યા નથી અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મ સ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે. સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે કે - જગત્ આખાનું જેણે દર્શન કર્યું છે, એવા મહાવીર ભગવાન્ તેણે આમ અમને કહ્યું છે - ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષ પ્રાપ્ત થયા. એક આ સ્થળે નહીં પણ સર્વ સ્થળે અને સર્વ

* ''બિન નયન પાવે નહિ એ -'' - શ્રીમદ્ રાજચંદ્રના અપૂર્વ કાવ્યનો પરમાર્થ સમજવાને માટે જુઓ 'અધ્યાત્મ રાજચંદ્ર' પ્રકરણ-૭૫, પૃ. ૫૦૫-૫૦૬, સ્વરચિત (ડૉ. ભગવાનદાસ કૃત).

શાસ્ત્રમાં એ જ વાત કહેવાનો લક્ષ છે. आणाए धम्मो आणाए तवो । આજ્ઞાનું આરાધન એ જ ધર્મ, આજ્ઞાનું આરાધન એ જ તપ. એ લક્ષ જીવને સમજાયો નથી, તેના કારણમાં પ્રધાન કારણ સ્વછંદ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર**, અં. (૧૬૭) ૧૯૪

''સેવે સદ્ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજ પક્ષ;
તો પામે પરમાર્થને, નિજ પદનો લે લક્ષ.'' **શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ**

આમ પૂર્વકાળે કે તત્કાળે સદ્ગુરુ ગમને આધીન સ્વયંબુદ્ધપણારૂપ કે બોધિત બુદ્ધપણારૂપ કારણ થકી જ્ઞાનની ઉત્પત્તિ હોય છે એમ કહ્યું, એટલે શંકાકાર પુનઃ કહે છે - તો પછી 'तत् कारणात् पूर्वं अज्ञान एवात्मा' - તે કારણથી પૂર્વે અર્થાત્ સ્વયં બુદ્ધપણા રૂપ કે બોધિત બુદ્ધપણારૂપ કારણનો જોગ બને તે પ્હેલાં આત્મા અજ્ઞાન જ - અજ્ઞાની જ હોવો જોઈએ, નિત્યે જ અપ્રતિબુદ્ધપણું છે માટે, 'नित्यमेवाप्रतिबुद्धत्वात्', તે કારણની પ્રાપ્તિ પૂર્વે તેનું સદાય અપ્રતિબુદ્ધપણું - અબૂઝપણું છે માટે. તેનો પરમ સદ્ગુરુ આચાર્યવર્ય **અમૃતચંદ્રજી** ઉત્તર આપે છે - હા. એમ જ છે, 'एवमेतत्, મહાનુભાવ ! તમે જે કહો છો તેમજ છે, અમે પણ એમજ કહીએ છીએ કે સ્વયંબુદ્ધપણા રૂપ કે બોધિતબુદ્ધપણારૂપ કારણનો જોગ બને તે પ્હેલાં આત્મા નિત્યે જ અપ્રતિબુદ્ધપણાને લીધે અજ્ઞાન જ અજ્ઞાન છે.

તે પૂર્વે નિત્યમેવ અપ્રતિબુદ્ધપણાને લીધે આત્મા અજ્ઞાન જ

અમૃતચંદ્રજીની આ સ્પષ્ટ અમૃતવાણી પરથી મુમુક્ષુએ ખાસ લક્ષમાં લેવા યોગ્ય - મનન કરવા યોગ્ય તાત્પર્ય એ છે કે - આ સમયસાર શાસ્ત્ર આત્મા જ્ઞાન છે ને જ્ઞાન આત્મા છે એમ જ્ઞાન સાથે આત્માનું તાદાત્મ્ય ઉપદેશે છે, તેથી શુષ્કજ્ઞાની વાચાજ્ઞાની બની કોઈ 'આત્મા તો જ્ઞાનને સદાય ઉપાસી જ રહ્યો છે તો હવે જ્ઞાનને ઉપાસવાની શી જરૂર છે ?' એમ રખેને ન માની લે ! કારણકે જ્ઞાન તાદાત્મ્ય છતાં આ આત્મા ક્ષણ પણ જ્ઞાનને ઉપાસતો નથી. આત્મા જ્ઞાન છે એમ નિશ્ચયમુખ 'માત્ર શબ્દની માંહ્ય' વાત કર્યાથી - પોકાર્યા માત્રથી કે આ શાસ્ત્ર કે આવા શાસ્ત્ર પોપટની જેમ પઢી જવા માત્રથી જ્ઞાન થતું નથી, પણ સ્વતઃ કે પરતઃ પોતા થકી કે પર થકી 'પ્રતિબુદ્ધપણા' થકી થાય છે - પ્રતિબુદ્ધ ભાવરૂપ સાચી જ્ઞાનદશા પામવા થકી કેવલ જ્ઞાનપણે આત્મા પરિણમ્યા થકી જ થાય છે અને તે પ્રતિબુદ્ધપણાની પ્રાપ્તિ પણ સ્વયંબુદ્ધપણાને કે બોધિતબુદ્ધપણાને આધીન છે, અર્થાત્ કાં તો પોતાને સ્વયં પૂર્વારાધિત જ્ઞાન સંસ્કાર જાગ્રત થવાથી કે આત્મજ્ઞાની આત્મારામી સદ્ગુરુની ઉપાસનાથી - ચરણ સમીપે બેસવા રૂપ 'ઉપનિષદ્'થી પ્રતિબોધ પામવાથી જ્ઞાનરૂપ પ્રતિબુદ્ધપણું પ્રાપ્ત થાય, ને તે પ્રાપ્ત થવા પૂર્વે તો સદાય અજ્ઞાનરૂપ અપ્રતિબુદ્ધપણું જ હોય. આ અંગે વર્તમાન યુગના સંતશિરોમણિ પરમ આત્મજ્ઞાની આત્મારામી **શ્રીમદ્ રાજચંદ્રજી**ના આ ટંકોત્કીર્ણ વચનામૃત પ્રત્યેક મુમુક્ષુએ હૃદયમાં કોતરી રાખવા યોગ્ય છે -

વાચાજ્ઞાનીઓએ લેવા યોગ્ય ધડોઃ જ્ઞાનદશાની જરૂર

''ધર્મ તેનું નામ આપી શકાય કે જે ધર્મ થઈને પરિણમે, જ્ઞાન તેનું નામ હોય કે જે જ્ઞાન થઈને પરિણમે.''

''આત્મજ્ઞાન સહજ નથી.'' 'પંચીકરણ' 'વિચારસાગર' વાંચીને કથન માત્ર માન્યાથી જ્ઞાન થાય નહીં. જેને અનુભવ થયો છે એવા અનુભવિના આશ્રયે તે સમજી તેની આજ્ઞા પ્રમાણે વર્તે તો જ્ઞાન થાય.

જેને આત્મસ્વરૂપ પ્રાપ્ત થાય છે, પ્રગટ છે, તે પુરુષ વિના બીજો કોઈ તે આત્મસ્વરૂપ યથાર્થ કહેવા યોગ્ય નથી.

જીવે ધર્મ પોતાની કલ્પના વડે અથવા કલ્પના પ્રાપ્ત અન્ય પુરુષ વડે શ્રવણ કરવા જોગ, મનન


કરવા જેગ કે આરાધવા જેગ નથી. માત્ર આત્મસ્થિતિ છે જેની એવા સત્પુરુષથી જ આત્મા કે આત્મધર્મ શ્રવણ કરવા જેગ છે, યાવત્ આરાધવા જેગ છે.

કોઈ પણ પ્રકારે જીવ પોતાની કલ્પનાએ કરી સત્ને પ્રાપ્ત કરી શકતો નથી. સજીવન મૂર્તિ પ્રાપ્ત થયે જ સત્ પ્રાપ્ત થાય છે, સત્ સમજાય છે, સત્નો માર્ગ મળે છે, સત્ પર લક્ષ આવે છે. સજીવન મૂર્તિના લક્ષ વગર જે કંઈ પણ કરવામાં આવે છે, તે જીવને બંધન છે. આ અમારૂં હૃદય છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૭૯, ૬૪૩, ૩૬૮, ૩૨૯, ૧૭૧

''જ્ઞાન એહિ જ આતમા' એ એકાંત નિશ્ચયનયથી છે. વ્યવહાર તો એ જ્ઞાન અવરાયેલું છે. તેનો ઉઘાડ કરવાનો છે, એ ઉઘાડ થવા ભણવું, ગણવું, ઉપદેશ શ્રવણ, શાસ્ત્ર વાંચન આદિ સાધન રૂપ છે - પણ તે ભણવું, ગણવું, ઉપદેશ, શાસ્ત્ર આદિ સમ્યગ્ જોઈએ. આ શ્રુતજ્ઞાન કહેવાય છે, અને સંપૂર્ણ નિરાવરણ જ્ઞાન થતાં સુધી એ શ્રુત જ્ઞાનના અવલંબનની જરૂર છે, 'હું જ્ઞાન છું, હું બ્રહ્મ છું' એમ પોકાર્યે જ્ઞાન કે બ્રહ્મ થઈ જવાતું નથી. તે રૂપ થવા સત્શાસ્ત્રાદિ સેવવાં જોઈએ.''

- શ્રીમદ્ રાજચંદ્ર. (શ્રી મનસુખભાઈ કિરતચંદ્ર મહેતા કૃત શ્રીમદ્ રાજચંદ્રની 'જીવન રેખા')



त्यारे केटलो काळ आ अप्रतिबुद्ध होय छे ? ते प्रकाशो -

कम्मे णोकम्मम्हि य अहमिदि अहकं च कम्म णोकम्मं ।
जा एसा खलु बुद्धी अप्पडिबुद्धो हवदि ताव ॥१९॥

કર્મે નોકર્મે હું એહવી રે, ને કર્મ નોકર્મ હું જ;
એવી આ બુદ્ધિ જ્યાં લગી રે, ત્યાં લગી હોય અબૂઝ... રે આત્મન્ ! વંદો
સમયસાર ૧૯

ગાથાર્થ : કર્મમાં અને નોકર્મમાં 'હું' એવી અને હું કર્મ-નોકર્મ એવી જે ખરેખર ! આ બુદ્ધિ જ્યાં લગી હોય છે, ત્યાં લગી અપ્રતિબુદ્ધ હોય છે. ૧૯

आत्मख्याति टीका

तर्हि कियतं कालमयमप्रतिबुद्धो भवतीत्यभिधीयतां -

कर्मणि नोकर्मणि चाहमित्यहं च कर्म नोकर्म ।
यावदेषा खलु बुद्धिरप्रतिबुद्धो भवति तावत् ॥१९॥

यथा
स्पर्शरसगंधवर्णादिभावेषु
पृथुबुध्नोदराकारपरिणतपुद्गलस्कंधेषु
घटोयमिति
घटे च स्पर्शरसगंधवर्णादिभाषाः
पृथुबुध्नोदराद्याकारपरिणतपुद्गलस्कंधा श्चामी
इति वस्त्वभेदेनानुभूतिः ।

तथा
कर्मणि मोहादिष्वंतरंगेषु
नोकर्मणि शरीरादिषु बहिरंगेषु
चात्मतिरस्कारिषु पुद्गलेपरिणामे -
ष्वहमित्या -
त्मनि च कर्म मोहादयोंतरंगा
नोकर्म शरीरादयो बहिरंगा श्चा -
त्मतिरस्कारिणाः पुद्गलपरिणामा अमी
इति वस्त्वभेदेन यावंतं कालमनुभूति
स्तावंतंकालमात्मा भवत्यप्रतिबुद्धः ॥१९॥

आत्मभावना -

तर्हि कियतं कालमयमप्रतिबुद्धो भवतीत्यभिधीयतां - **त्यारे आ - आत्मा केटलो काळ अप्रतिबुद्ध होय छे ते कहाओ** - कर्मणि नोकर्मणि चाहमिति अहं च कर्म नोकर्म - **कर्ममां अने नोकर्ममां हुं एवी अने हुं कर्म - नोकर्म एवी** यावद् एषा खलु बुद्धि - **आ खरेखर ! निश्चये करीने बुद्धि ज्यां लगी होय छे**, तावद् अप्रतिबुद्धो भवति - **त्यां लगी अप्रतिबुद्ध होय छे.** ॥ इति **गाथा** आत्मभावना ॥१९॥

यथा - **जेम, दृष्टांत**, स्पर्शरसगंधवर्णादिभावेषु - **स्पर्श-रस-गंध - वर्णादि भावोमां**, पृथुबुध्नोदराद्याकारपरिणतपुद्गलस्कंधेषु - **पृथु - विशाळ - प्होळा बुद्धनोदर - ऊंडा पेटवाळा आदि आकारे परिणत पुद्गल स्कंधोमां** घटोय मिति - **आ घट - घडो छे एवी**, घटे च - **अने घटमां** स्पर्शरसगंधवर्णादिभावाः - **स्पर्श-रस-गंध-वर्णादि भावो**, पृथुबुध्नोदराद्याकार परिणत - पुद्गलस्कंधाश्चामी - **अने पृथु-बुध्नोदर (प्होळा ऊंडा पेटवाळा) आदि आकारे परिणत आ पुद्गल स्कंधो**, इति वस्त्वभेदेनानुभूतिः **एवी वस्तु अभेदथी अनुभूति छे :**

तथा - **तेम, दार्ष्टांतिक (वैधर्म्यथी)**, कर्मणि नोकर्मणि च अहमिति - **कर्ममां अने नोकर्ममां हुं एवी**, आत्मानि च कर्म नोकर्म इति - अने आत्मामां कर्म अने नोकर्म एवी, वस्त्वभेदेन यावंतं कालमनुभूतिः - **वस्तुअभेदथी जेटलो काळ अनुभूति होय छे**, तावंतं कालमात्मा भवत्यप्रतिबुद्धः - **तेटलो काळ आत्मा अप्रतिबुद्ध होय छे. केवा कर्ममां ने केवा नोकर्ममां अहंबुद्धि ?** कर्मणि मोहादिष्वंतरंगेषु नोकर्मणि शरीरादिषु बहिरंगेषु चात्मतिरस्कारिषु पुद्गलपरिणामेषु - **कर्ममां - मोहादि अंतरंग अने नोकर्ममां - शरीरादि बहिरंग एवा आत्मतिरस्कारी - आत्मानो तिरस्कार करनारा पुद्गल परिणामोमां. केवुं छे कर्म ? केवुं छे नोकर्म ?** कर्ममोहादयोंऽतरंगा नोकर्मशरीरादयो बहिरंगाश्चात्मतिरस्कारिणः

यदा कदाचित् -

यथा	तथा
रूपिणो दर्पणस्य	नीरूपस्यात्मनः
स्वपराकारावभासिनी स्वच्छतैव	स्वपराकारावभासिनी ज्ञातृतैव
वह्नरौष्ण्यं ज्वाला च	पुद्गलानां कर्म नोकर्म चेति

- स्वतः परतो वा भेदविज्ञानमूलानुभूतिरुत्पत्स्यते तदैव प्रतिबुद्धो भविष्यति ॥१९॥

આત્મખ્યાતિ ટીકાર્થ

જેમ	તેમ
રસ-ગંધ-વર્ણાદિ ભાવોમાં	**કર્મમાં** - મોહાદિ અંતરંગ
અને પૃથુ-બુધ્નોદર (પ્હોળા ઊંડા પેટવાળા)	**અને નોકર્મમાં** - શરીરાદિ બહિરંગ
આકારે પરિણત પુદ્ગલ સ્કંધોમાં	એવા આત્મતિરસ્કારી પુદ્ગલ પરિણામોમાં
આ ઘટ છે એવી,	**હું એવી**
અને ઘટમાં	**અને આત્મામાં**
આ સ્પર્શ-રસ-ગંધ-વર્ણાદિ ભાવો	**કર્મ** - મોહાદિ અંતરંગ
તથા પૃથુ-બુધ્નોદર (પ્હોળા ઊંડા પેટવાળા)	**અને નોકર્મ** - શરીરાદિ બહિરંગ
આકારે પરિણત પુદ્ગલ સ્કંધો છે એવી	એવા આત્મ તિરસ્કારી પુદ્ગલ પરિણામો છે એવી,
વસ્તુ અભેદથી અનુભૂતિ છે :	વસ્તુ અભેદથી **જેટલો કાળ અનુભૂતિ છે,**
	તેટલો કાળ આત્મા અપ્રતિબુદ્ધ હોય છે.

જ્યારે કદાચિત્ -

જેમ	તેમ
રૂપી એવા દર્પણની	નીરૂપ એવા આત્માની
સ્વ-પર આકાર અવભાસિની સ્વચ્છતા જ છે	સ્વ-પર આકાર અવભાસિની જ્ઞાતૃતા જ છે,
અને અગ્નિના	અને પુદ્ગલોના
ઔષ્ણ્ય તથા જ્વાલા છે :	કર્મ તથા નોકર્મ છે,

- એવી સ્વતઃ કે પરતઃ ભેદ વિજ્ઞાનમૂલા અનુભૂતિ ઉપજશે, ત્યારે જ આ પ્રતિબુદ્ધ થશે. ૧૯

પુદ્ગલપરિણામાઃ - કર્મ-મોહાદિ અંતરંગ અને નોકર્મ-શરીરાદિ બહિરંગ એવા આત્મતિરસ્કારી - આત્માનો તિરસ્કાર કરનારા પુદ્ગલપરિણામો. આવા કર્મમાં-નોકર્મમાં અહંબુદ્ધિ જ્યાં લગી હોય છે, ત્યાં લગી અપ્રતિબુદ્ધ હોય છે. તો પછી પ્રતિબુદ્ધ ક્યારે થશે ?

यदा कदाचित् - જ્યારે કદાચિત્, ક્યારેક - यथा रूपिणो दर्पणस्य स्वपराकारावभासिनी स्वच्छतैव - જેમ રૂપી એવા દર્પણની સ્વપર = આકાર અવભાસિની - પોતાના ને પરના આકારને 'અવ' - જેમ છે તેમ 'ભાસિની' - ભાસનારી પ્રકાશનારી સ્વચ્છતા જ છે, वह्नरौष्ण्यं - ज्वाला च - અને વહ્નિનું - અગ્નિનું ઔષ્ણ્ય - ઉષ્ણપણું અને જ્વાલા છે, तथा - તેમ नीरूपस्यात्मनः - નીરૂપ - અરૂપી એવા આત્માની स्वपराकारावभासिनी ज्ञातृतैव - સ્વ પર આકાર અવભાસિની જ્ઞાતૃતા જ છે - જાણપણું જ છે, पुद्गलानां कर्म नोकर्म चेति - પુદ્ગલોના કર્મ અને નોકર્મ છે એવી - स्वतः परतो वा - સ્વ થકી - પોતા થકી કે પર થકી भेदविज्ञानमूलानुभूतिरुत्पत्स्यते - ભેદ વિજ્ઞાન મૂલા - ભેદ વિજ્ઞાન જેનું મૂલ - પ્રભવ સ્થાન છે એવી અનુભૂતિ ઉપજશે, तदैव - ત્યારે જ प्रतिबुद्धो भविष्यति - પ્રતિબુદ્ધ થશે. इति **'आत्मख्याति'** આત્મભાવના ॥૧૯॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્યાં સુધી દેહાત્મબુદ્ધિ ટળે નહીં ત્યાં સુધી સમ્યક્ત્વ થાય નહીં. જીવને સાચ આવ્યું જ નથી, જે દેહાત્મબુદ્ધિ મટાડવા માટે સાધનો બતાવ્યાં છે. તે દેહાત્મબુદ્ધિ મટે ત્યારે સાચ આવ્યું સમજાય. દેહાત્મ બુદ્ધિ થઈ છે તે મટાડવા, મારાપણું મૂકાવવા સાધનો કરવાનાં છે. તે ન મટે તો સાધુપણું, શ્રાવકપણું, શાસ્ત્ર શ્રવણ કે ઉપદેશ વગડામાં પોક મૂક્યા જેવું છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૯૫૭ ઉપદેશ છાયા.

''આતમ બુદ્ધે હો કાયાદિકે ગ્રહ્યો, બહિરાતમ અધરૂપ;
કાયાદિકે હો સાખી ધર થઈ રહ્યો, અંતર આતમરૂપ...'' **- શ્રી આનંદઘનજી**

''યા તનકી મમતા ન તજે તો (લૌ) આતમજ્ઞાન જગે તુમ નાંહી.''

- શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૫૫

મોહાદિ અંતરંગ કર્મમાં અને દેહાદિ બહિરંગ નોકર્મમાં અહંબુદ્ધિ ત્યાં લગી અપ્રતિબુદ્ધ

આ આત્મા ક્યાં લગી **અપ્રતિબુદ્ધ** હોય છે ? એ પ્રશ્નનું અત્ર શાસ્ત્રકાર ભગવાને સમાધાન કર્યું છે : કર્મમાં - નોકર્મમાં હું એવી અને હું તે કર્મ-નોકર્મ એવી આ બુદ્ધિ જ્યાં લગી હોય, ત્યાં લગી આત્મા 'અપ્રતિબુદ્ધ' - પ્રતિબોધ નહિં પામેલો - અબૂઝ હોય છે. આ વસ્તુ અત્રે ઘટના દૃષ્ટાંતથી પરમ સમર્થ 'આત્મખ્યાતિ' ટીકાકાર ભગવાને બિંબ-પ્રતિબિંબ ભાવવંતી પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી સ્પષ્ટ સમજાવી છે : જેમ – ઘડો છે, તે સ્પર્શ-રસ-ગંધ- વર્ણાદિભાવો તથા પોલા ઊંડા પેટવાળા આકારે પરિણત પુદ્ગલ સ્કંધો છે, એમ વસ્તુના અભેદથી અનુભૂતિ-અનુભવનતા થાય છે - 'इति वस्त्वभेदेनानुभूतिः' તેમ - **'કર્મમાં'** - મોહાદિ **અંતરંગ** અને **'નોકર્મમાં'** - શરીરાદિ **બહિરંગ** એવા **આત્મતિરસ્કારી પુદ્ગલપરિણામોમાં** હું એવી અને આત્મામાં 'કર્મ' - મોહાદિ અંતરંગ અને 'નોકર્મ' - શરીરાદિ બહિરંગ એવા 'આત્મ તિરસ્કારી' - આત્માનો તિરસ્કાર કરનારા પુદ્ગલપરિણામો છે એવી, વસ્તુ અભેદથી જેટલો કાળ અનુભૂતિ - અનુભવનતા છે - 'इति वस्त्वभेदेन यावंतं कालमनुभूतिः', તેટલો કાળ આત્મા અપ્રતિબુદ્ધ હોય છે, 'तावंतं कालमात्मा भवत्यप्रतिबुद्धः ।'

કર્મ અને નોકર્મ આત્મ તિરસ્કારી પુદ્ગલ પરિણામો

અર્થાત્ સ્પર્શાદિ ગુણ અને પુદ્ગલ સ્કંધ પર્યાય એકાસ્તિત્વ નિર્વૃતપણાને લીધે - એક સત્તાથી નિર્વૃત અસ્તિત્વ ધરાવતા હોઈ ઘટદ્રવ્યથી જૂદા નથી અને ઘટ દ્રવ્ય સ્પર્શાદિ ગુણથી અને પુદ્ગલ સ્કંધપર્યાયથી જૂદું નથી, એટલે સ્પર્શાદિ ગુણોમાં અને પુદ્ગલ સ્કંધ પર્યાયોમાં ઘટ દ્રવ્ય છે અને ઘટ દ્રવ્યમાં સ્પર્શાદિ ગુણો અને પુદ્ગલ સ્કંધ પર્યાયો છે, એમ વસ્તુ અભેદથી ઘટમાં પુદ્ગલ ગુણ પર્યાયનો અને પુદ્ગલ ગુણ-પર્યાયમાં ઘટનો અભેદ અનુભવ થાય છે. તેમ **'કર્મ'** તે અંતરંગ એવા મોહાદિ 'कर्म मोहादयोंतरंगाः' અને **'નોકર્મ'** તે શરીરાદિ બહિરંગ - 'नोकर्म शरीरादयो बहिरंगाः', આ બન્ને **આત્મતિરસ્કારી પુદ્ગલપરિણામો છે** - 'आत्मतिरस्कारिणः पुद्गलपरिणामाः', આત્માનો તિરસ્કાર - તિરોભાવ - આવરણ કરનાર પુદ્ગલ પરિણામો છે. આવા આ આત્મતિરસ્કારી અંતરંગ એવા પુદ્ગલપરિણામો રૂપ મોહાદિ કર્મમાં તથા બહિરંગ એવા પુદ્ગલપરિણામો રૂપ શરીરાદિ નોકર્મમાં હું એવી અને આત્મામાં આ આત્મતિરસ્કારી અંતરંગ એવા પુદ્ગલપરિણામો રૂપ મોહાદિ કર્મ તથા બહિરંગ એવા પુદ્ગલપરિણામો રૂપ શરીરાદિ નોકર્મ એવી વસ્તુ અભેદથી જેટલો કાળ અનુભૂતિ છે, તેટલો કાળ આત્મા અપ્રતિબુદ્ધ હોય છે. કારણકે કર્મ-નોકર્મ અને આત્માનો વસ્તુ અભેદ નથી, પણ વસ્તુભેદ છે, કર્મ એ અંતરંગ એવા મોહાદિ પુદ્ગલપરિણામો છે અને નોકર્મ એ બહિરંગ એવા શરીરાદિ

પુદ્ગલપરિણામો છે - આ કર્મ અને નોકર્મ બન્નેય જડ અચેતન એવા પુદ્ગલના પરિણામો છે અને આત્મા તો અજડ ચેતનમૂર્તિ છે. આ જડ અને ચેતન પ્રગટ જૂદી જૂદી - ભિન્ન ભિન્ન વસ્તુ છે, તેનું અભેદપણું કેમ ઘટે ? એટલે કર્મ-નોકર્મમાં અહંરૂપ આત્મબુદ્ધિ અને આત્મામાં કર્મ-નોકર્મ એવી બુદ્ધિ જ્યાં લગી હોય, ત્યાં લગી આત્મા અપ્રતિબુદ્ધ - પ્રતિબોધ નહિં પામેલો - અબૂઝ જ હોય.

વૈધર્મ્યથી ઘટ દૃષ્ટાંત

અત્રે ઘટનું જે આ દૃષ્ટાંત છે, તેનું વિષમપણે સાધર્મ્ય છે - વૈધર્મ્યથી દૃષ્ટાંતપણું છે (Comparison by contrast), કારણકે ઘટની બાબતમાં તો સ્પર્શાદિ ભાવથી અને પુદ્ગલ સ્કંધપર્યાયથી ઘટનું **અભિન્નપણું** પ્રગટ છે, તેથી ત્યાં વસ્તુનો અભેદ બરાબર છે, પણ અહીં આત્માની બાબતમાં તો પુદ્ગલ પરિણામ રૂપ કર્મથી અને નોકર્મથી ચેતન સ્વરૂપી આત્માનું **ભિન્નપણું** પ્રગટ છે, તેથી એમાં વસ્તુનો અભેદ બરાબર નથી. છતાં તે ચેતન-અચેતન વસ્તુનો અભેદ માનવો તેજ પ્રગટ અબૂઝપણું - અણસમજુપણું - અપ્રતિબુદ્ધપણું છે.

વળી આ અચેતન કર્મ-નોકર્મ પુદ્ગલપરિણામો ચેતન આત્માથી ભિન્ન વસ્તુ સ્વરૂપ છે એટલું જ નહિ, પણ તે ઉલટા આત્માનો તિરસ્કાર કરનારા - **'આત્મ તિરસ્કારી'** છે - 'आत्मतिरस्कारिणः' - આત્માને તિરોભૂત કરનારા - આવરણ કરનારા - ઢાંકી દેનારા - પ્રગટ ન થવા દેનારા છે, આત્માના પ્રત્યનીક - દુશ્મન 'પર છે. આવા પરભાવ રૂપ - આત્મશત્રુ રૂપ આત્મતિરસ્કારી આવરણભૂત કર્મ-નોકર્મ પુદ્ગલ પરિણામોને જીવ જ્યાં લગી આત્માથી અભિન્ન માને, ત્યાં લગી વસ્તુગતે વસ્તુની ગતાગમ નહિં હોવાથી તે અપ્રતિબુદ્ધ જ છે, અબૂઝ અજ્ઞાની જ છે.

દર્પણ દૃષ્ટાંત - આત્માની જ્ઞાતૃતા : પુદ્ગલોના કર્મ નોકર્મ એમ ભેદવિજ્ઞાનમૂલા અનુભૂતિ થશે ત્યારે પ્રતિબુદ્ધ

હવે તે પ્રતિબુદ્ધ ક્યારે થશે ? તેનો પણ તાત્ત્વિક ખુલાસો દિવ્ય દૃષ્ટા **આત્મખ્યાતિકાર આચાર્યજીએ** અત્રે દર્પણના દૃષ્ટાંતથી પરિસ્પષ્ટપણે કર્યો છે, જેમ 'રૂપી' એવા દર્પણના સ્વપર આકાર અવભાસિની સ્વચ્છતા જ છે અને અગ્નિની ઉષ્ણતા અને જ્વાલા છે, તેમ 'निरूपस्यात्मनः' - નીરૂપ એવા આત્માની સ્વપરાકાર અવભાસિની જ્ઞાતૃતા જ છે, 'स्वपराकारवभासिनी ज्ञातृतैव', અને પુદ્ગલોના કર્મ તથા નોકર્મ છે - 'पुद्गलानां कर्म नोकर्म च', એવી સ્વતઃ કે પરતઃ જ્યારે કદાચિત્ **ભેદ વિજ્ઞાનમૂલા અનુભૂતિ** ઉપજશે ત્યારે જ આ પ્રતિબુદ્ધ થશે. અર્થાત્ દર્પણ છે તે રૂપી છે, તે રૂપી દર્પણની તો સ્વચ્છતા જ - નિર્મલતા જ છે અને તે સ્વચ્છતા **'સ્વપરાકારાવભાસિની'** - સ્વ પર આકારનું 'અવભાસન' - 'અવ' - વસ્તુની સ્વરૂપ મર્યાદા પ્રમાણે જેમ છે તેમ 'ભાસન' - પ્રકાશન કરનારી છે અને તે દર્પણની સમક્ષમાં - સંનિધિમાં અગ્નિ મૂક્યો છે, તે અગ્નિની ઉષ્ણતા અને જ્વાલા છે. તેમ આત્મા છે, તેની સમીપમાં - સંનિધિમાં કર્મ-નોકર્મ છે, તેમાં આત્મા અરૂપી છે, એ અરૂપી આત્માની જ્ઞાતૃતા જ - જ્ઞાયકતા જ છે અને તે જ્ઞાતૃતા **'સ્વ પરાકારાવભાસિની'** - સ્વ પર આકારનું 'અવભાસન' - 'અવ' - વસ્તુ મર્યાદા પ્રમાણે જેમ છે તેમ 'ભાસન' - પ્રકાશન કરનારી છે અને પુદ્ગલોના કર્મ તથા નોકર્મ છે, આવા પ્રકારે 'स्वतः परतो वा' - **'સ્વતઃ'** સ્વયંબુદ્ધપણે પોતા થકી કે **'પરતઃ'** બોધિતબુદ્ધપણે પર થકી - સદ્ગુરુ થકી 'यदा कदचित्' - જ્યારે કદાચિત્ ભેદ વિજ્ઞાનમૂલા* અનુભૂતિ ઉપજશે - 'भेदविज्ञानमूलानुभूतिरुत्पत्स्यते' - ભેદ


---

* "आत्मा भिन्नस्तदनुगतिमत् कर्म भिन्नं तयो र्यो,
प्रत्यासत्तेर्भवति विकृतिः सापि भिन्ना तथैव ।
कालक्षेत्रप्रमुखमपि यत्तच्च भिन्नं मतं मे,
भिन्नं भिन्नं निजगुणालङ्कृतं सर्वमेतत् ॥" - **श्री पद्मनंदि पं. એકત્વ સપ્તતિ, ૭૯**
અર્થાત્ - આત્મા ભિન્ન છે, તેનું અનુગતિમંત કર્મ ભિન્ન છે, તેમજ તે બન્નેની પ્રત્યાસત્તિથી - અત્યંત નિકટતાથી જે વિકૃતિ થાય છે તે પણ ભિન્ન છે, કાલ-ક્ષેત્ર પ્રમુખ પણ જે છે તે પણ મને ભિન્ન મત છે, એમ નિજ-પોત પોતાના ગુણથી અલંકૃત આ સર્વ ભિન્ન ભિન્ન છે.

ભેદવિજ્ઞાન જેનું મૂલ છે એવી અનુભૂતિ - આત્મસંવેદના ઉપજશે, 'तदैव' - ત્યારે જ આ આત્મા પ્રતિબુદ્ધ થશે, 'प्रतिबुद्धो भविष्यति' । અર્થાત્ કર્મ અને નોકર્મ તે જડ એવા પુદ્ગલ - પરિણામ રૂપ પરવસ્તુ છે અને આત્મા તો જ્ઞાયક સ્વભાવી ચેતનરૂપ સ્વ વસ્તુ છે, એવું પ્રગટ ભેદ વિજ્ઞાન જેનું મૂળ છે - પ્રભવ સ્થાન છે એવો સાક્ષાત્ આત્માનુભવ તેને જ્યારે થશે, ત્યારે જ આ આત્મા પ્રતિબુદ્ધ થશે. પરમ આત્મદૃષ્ટા પરમર્ષિ અમૃતચંદ્રજીની આ અમૃત વાણીનો જાણે પ્રતિધ્વનિ કરતા હોય એવા પરમ આત્મદૃષ્ટા પરમ આત્માનુભવી શ્રીમદ્ રાજચંદ્રજીના ટંકોત્કીર્ણ અનુભવોદ્ગાર છે કે -

''જડ ને ચેતન બન્ને, દ્રવ્યનો સ્વભાવ ભિન્ન, સુપ્રતીતપણે બન્ને, જેને સમજાય છે,
સ્વરૂપ ચેતન નિજ, જડ તે સંબંધ માત્ર, અથવા તે જ્ઞેય પણ, પરદ્રવ્યમાંય છે;
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો, જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે,
કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવા, નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે.''

- પરમ આત્મદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી



બહિરાત્માનું સ્વરૂપ

આમ કર્મ-મોહાદિ અંતરંગ અને નોકર્મ-શરીરાદિ બહિરંગ એવા પૌદ્ગલિક ભાવોમાં 'આ હું' એવી બુદ્ધિ જીવને જ્યાં લગી હોય છે ત્યાં લગી તે અપ્રતિબુદ્ધ હોય છે અને આ શરીરાદિ આત્મ બાહ્ય ભાવોમાં આત્મબુદ્ધિ હોવાથી તે અપ્રતિબુદ્ધ (અબૂઝ - મૂઢ) 'બહિરાત્મા' કહેવાય છે, પણ જ્યારે આત્મામાં આત્મબુદ્ધિ ઉપજે છે ત્યારે તે પ્રતિબુદ્ધ હોય છે અને તે 'અંતરાત્મા' કહેવાય છે. તેમાં - અપ્રતિબુદ્ધ એવા બહિરાત્માને આત્મસ્વરૂપનું ભાન નહિ હોવાથી તે પોતાના દેહને જ આત્માપણે માને છે. મનુષ્ય દેહમાં રહેલા આત્માને તે મનુષ્ય માને છે, તિર્યંચ દેહમાં રહેલાને તિર્યંચ માને છે, દેવ દેહમાં રહેલાને દેવ માને છે અને નારક દેહમાં રહેલાને નારક માને છે. આમ જે જે દેહપર્યાયમાં તે સ્થિતિ કરે છે, તે તે દેહરૂપ તે પોતાને માને છે, પણ હું તત્ત્વથી હું પોતે તેવો નથી, હું તો આ દેહાદિથી ભિન્ન એવો ચૈતન્યમૂર્ત્તિ શાશ્વત આત્મા છું, એમ તે મૂઢ જાણતો નથી. એટલે 'દેહ તે હું' એવી દેહમાં અહંકાર રૂપ આત્મબુદ્ધિને લીધે તેને મમકાર (મમત્વ) ઉપજે છે અને તેથી આ મ્હારો પુત્ર, આ મ્હારી સ્ત્રી, આ મ્હારો મિત્ર ઈત્યાદિ વિભ્રમરૂપ કલ્પનાઓનો ઉદ્ભવ થાય છે. આ કલ્પના રૂપ માયાજાલ વડે પોતાની આત્મસંપત્તિ માની બેસી આ મૂઢ મિથ્યાદૃષ્ટિ જીવ તેના નિમિત્તે રાગદ્વેષ કરે છે, તેથી કર્મબંધ કરી તે આત્મઘાતને પંથે પડે છે અને અનંત દુઃખમય સંસાર ચક્રમાં ભમે છે.*

* ''बहिरात्मेन्द्रियद्वारैरात्मज्ञानपराङ्मुखः ।
स्फुरितश्चात्मनो देहमात्मत्वेनाध्यवस्यति ॥
नरदेहस्थमात्मानमविद्वान्मन्यते नरम् ।
तिर्यञ्चं तिर्यगङ्गस्थं सुरङ्गस्थं सुरं तथा ॥
नारकं नारकाङ्गस्थं न स्वयं तत्त्वतस्तथा ।
अनन्तानन्तधीशक्तिः स्वसंवेद्योऽचलस्थितिः ॥
स्वपराध्यवसायेन देहेष्वविदितात्मनाम् ।
वर्तते विभ्रमः पुंसां पुत्रभार्यादिगोचरः ॥
देहेष्वात्मधिया जाताः पुत्रभार्यादिकल्पनाः ।
सम्पत्तिमात्मनस्तामिर्मन्यते हा हतं जगत् ॥'' - श्री पूज्यपाद स्वामीजी कृत 'समाधि शतक'

કારણકે આત્માથી બાહ્ય એવા પરભાવોને વિષે આત્મભ્રાંતિ વર્તતી હોવાથી, બહિરાત્માની દૃષ્ટિ અને વૃત્તિ સદા બહિર્મુખ જ રહે છે. એટલે તે બ્હારથી સુખ મેળવવાને ઝાંવાં નાંખે છે. આત્માથી અન્ય એવા પૌદ્ગલિક ઈંદ્રિય વિષયોમાં સુખની મિથ્યા કલ્પના કરી, તે સુખ મેળવવાની દુરાશાએ તે મૃગજલ જેવા વિષયોની પાછળ દોડે છે અને તેના કારણે કષાય કરે છે, તેની પ્રાપ્તિમાં અનુકૂળ પ્રત્યે રાગ ને પ્રતિકૂળ પ્રત્યે દ્વેષ ધરે છે. 'પરપરિણતિ રાગીપણે, પરરસરંગ રક્ત' થયેલો જીવ આ જીવ પરવસ્તુનો ગ્રાહક અને રક્ષક બની, પરવસ્તુના ભોગમાં આસક્ત થઈને કોશેટાના કીડાની જેમ પોતે પોતાને બાંધે છે અને પરભાવની ખાતર પોતાનું આત્મહિત ચૂકી, વેઠીઆ પોઠીઆની પેઠે પારકી વેઠ ઊઠાવી, પોતે પોતાનો વૈરી બની ભવદુઃખ પામે છે. આમ દેહાદિ પરવસ્તુમાં આત્મભ્રાંતિ એ જ આ મોહમૂઢ જીવની મોટામાં મોટી મૂલગત ભૂલ છે ને એજ સંસાર દુઃખનું મૂલ છે, આત્મભ્રાંતિથી જ જીવ ભવભ્રાંતિ પામે છે.

અંતરાત્માનું સ્વરૂપ

પરંતુ જે અંતરાત્મા છે તેને તો સંસાર દુઃખના* મૂલરૂપ એવી આ દેહમાં આત્મબુદ્ધિ હોતી જ નથી, પણ આત્મામાં જ આત્મબુદ્ધિ હોય છે. એટલે આ સમ્યગ્દૃષ્ટિ પુરુષ બહિર્ વૃત્તિ છોડી દઈ, બાહ્ય ઈંદ્રિય વ્યાપાર નહિં કરતાં, અંતરમાં પ્રવેશ કરે છે અને તેને ખેદ થાય છે કે - અરે ! ઈંદ્રિયો દ્વારા મ્હારા સ્વરૂપથી ચ્યુત થઈ હું વિષયોમાં 'પતિત' થયો હતો ! વિષયોને પામીને હું પોતે પોતાને ભૂલી ગયો આનાથી તે બીજું મોટું અંધેર કયું ? 'આપ આપકું ભૂલ ગયા, ઈનસે ક્યા અંધેર ?' આમ જેને પોતાના પૂર્વ અજ્ઞાનજન્ય દુશ્ચેષ્ટિતનો તીવ્ર પશ્ચાત્તાપ થયો છે, એવો વિચક્ષણ અંતરાત્મા અંતર્મુખ અવલોકન કરતાં દૃઢ સંવેગ રંગથી ભાવે છે કે આ મ્હારી આગલી ભૂલ સ્મૃતિમાં આવતાં હવે મને હસવું આવે છે કે શી મ્હારી મૂર્ખતા ! હવે ફરીને હું નહિં જ ભૂલું. 'સુમર સુમર અબ હસત હે, નહિ ભૂલેગેં ફેર.' આમ પરભાવને વિષે જેની અહંત્વ-મમત્વ બુદ્ધિ નિવૃત્ત થઈ છે એવો અંતરાત્મા, તેના નિમિત્તે ઉપજતા રાગદ્વેષને ત્યજી સમત્વ ભજે છે અને આત્મવિશ્રાંતિથી ભવ વિશ્રાંતિ પામે છે.

સદ્ગુરુ સદ્બોધથી વા સ્વયંસંબોધથી પ્રતિબોધ

આમ બહિરાત્મા - અંતરાત્માનું સ્વરૂપ છે. એટલે ઉક્ત પ્રકારે આત્મબાહ્ય-અનાત્મીય એવા કર્મ-નોકર્મમાં આત્મબુદ્ધિરૂપ બહિરાત્મભાવ છોડવાનો અને આત્મીય એવા જ્ઞાયકભાવરૂપ આત્મામાં જ આત્મબુદ્ધિરૂપ અંતરાત્મભાવ જોડવાનો બોધ સ્વયંબુદ્ધ જીવને 'સ્વતઃ' - સ્વ થકી પોતે પોતા થકી પ્રાપ્ત થાય છે, અથવા તો પ્રાયઃ મુખ્યપણે બોધિતબુદ્ધ જીવને 'પરતઃ' - પર થકી - સદ્ગુરુ ઉપદેશ રૂપ સત્ નિમિત્ત થકી પ્રાપ્ત થાય છે. કારણકે સાક્ષાત્ સત્ સ્વરૂપને પ્રાપ્ત થયેલ સદ્ગુરુ જ મુખ્યપણે જીવને પ્રતિબોધ પમાડી પ્રતિબુદ્ધ કરે છે. જેમકે - શુદ્ધ, નિરંજન, એક અદ્વૈત એવી 'કેવલ જ્ઞાનજ્યોતિ જ* અબાહ્ય છે.' આત્માનું પરમ એવું અંતસ્તત્ત્વ છે. એ સિવાયના શેષ ભાવો તો બાહ્ય છે. આત્માથી પર છે ને તે ઉપપ્લવ રૂપ છે. ઉપપ્લવ એટલે અંધાધુંધી, આફત, આપત્તિ, દુર્ભાગ્ય, વિઘ્ન, ભય, ક્ષોભ-ખળભળાટ, અરિષ્ટ, ગ્રહ ઈત્યાદિ. કેવલ જ્ઞાન જ્યોતિ સિવાયના જે જે ભાવો છે - પરભાવો છે, તે તે ખરેખર ! ઉપપ્લવ રૂપ જ છે. જેમ કોઈ પરચક્રના આક્રમણથી નગરમાં ઉપપ્લવ મચી રહે, અંધાધુંધી ફેલાઈ જાય, ખળભળાટ વ્યાપી જાય, નાસભાગ થઈ રહે, સંપત્તિ લૂંટાઈ જાય, ને વિપત્તિનો પાર રહે નહિં, તેમ પરવસ્તુના આક્રમણથી આ ચૈતન્યમય પુરુષના ચૈતન્યપુરમાં ઉપપ્લવ મચે છે, આત્મપ્રદેશ પરિસ્પંદરૂપ સંક્ષોભ ઉપજે છે, અજ્ઞાનની અંધાધુંધી વ્યાપે છે, આત્માના જ્ઞાન-દર્શનાદિ ગુણરત્નોનો ખજાનો લૂંટાય છે અને અનંત ભવપરિભ્રમણરૂપ આપત્તિનો પાર રહેતો નથી. 'પારકો પેઠો

---

* "मूलं संसारदुःखस्य देह एवात्मधीस्ततः ।
त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रियः ॥
मत्तश्च्युत्वेन्द्रियद्वारैः पतितो विषयेष्वहम् ।
तान्नपवाहमिति मां पुरा वेद न तत्त्वतः ॥" - 'समाधिशतक'

વિનાશ* કરે' તે કહેવત અત્ર સાચી પડે છે.

આ કર્માદિ પરભાવો તો બાહ્ય ભાવો છે, ખરેખર ! 'પર' છે, અર્થાત્ શત્રુનું કામ કરતા હોવાથી 'પર' છે, આત્માના ભાવશત્રુ છે. પરમાર્થથી આત્માને એની સાથે કાંઈ લેવાદેવા નથી, પણ અનાદિ અધ્યાસની કુવાસનાથી તેમાં અહંત્વ-મમત્વ કરીને તે બંધાય છે. તે એટલે સુધી કે 'પરપરિણતિના* રાગીપણે, તે પરરસના રંગથી રક્ત થાય છે, પરરસરંગે રંગાઈ જાય છે, અને પરનો ગ્રાહક તથા રક્ષક બની પરભોગમાં આસક્ત બને છે !' આ પરપરિણતિના રંગથી જ આ જીવ અનંત દુઃખ પામે છે. એટલે આ પરભાવ રૂપ પરચક્રનું આક્રમણ ખરેખર ! ઉપપ્લવ રૂપ છે, આફત છે, આપત્તિ છે, દુર્ભાગ્યરૂપ છે, વિઘ્નરૂપ-બાધા રૂપ છે, અરિષ્ટ-અનિષ્ટ રૂપ છે, ગ્રહરૂપ છે, અંધાધુંધી રૂપ છે. માટે આ પરભાવો **'આત્મતિરસ્કારી'** પૌદ્ગલિક ભાવોમાં આત્મબુદ્ધિનો પરિત્યાગ કરી હે આત્મન્ ! દિવ્ય કેવલજ્ઞાન જ્યોતિરૂપ ત્હારા આત્મામાં જ આત્મબુદ્ધિ કર ! ઈત્યાદિ પ્રકારે શ્રીમદ્ સદ્ગુરુના સુબોધથી કે સ્વયંસંબોધથી સ્વ-પરનો ભેદ જાણી-ભેદ વિજ્ઞાન પામી જ્યારે આ આત્માને ભેદવિજ્ઞાન જેનું મૂલ છે એવી **'ભેદવિજ્ઞાન મૂલા'** આત્માનુભૂતિ ઉપજશે ત્યારે જ તે પ્રતિબુદ્ધ થશે એમ તાત્પર્ય છે.

''શ્રી તીર્થંકરાદિએ ફરી ફરી જીવોને ઉપદેશ કહ્યો છે, પણ જીવ દિશામૂઢ રહેવા ઈચ્છે છે ત્યાં ઉપાય પ્રવર્તી શકે નહીં. ફરિફરી ઠોકિઠોકીને કહ્યું છે કે, એક આ જીવ સમજે તો સહજ મોક્ષ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી અને તે સમજવું પણ કંઈ વિકટ નથી, કેમકે જીવનું સહજ જે સ્વરૂપ છે તેજ માત્ર સમજવું છેઃ અને તે કંઈ બીજાના સ્વરૂપની વાત નથી કે વખતે તે ગોપવે કે ન જણાવે, તેથી સમજવી ન બને. **પોતાથી પોતે ગુપ્ત રહેવાનું શી રીતે બનવા યોગ્ય છે ?** પણ સ્વપ્નદશામાં જેમ ન બનવા યોગ્ય એવું પોતનું મૃત્યુ પણ જીવ જુએ છે તેમ અજ્ઞાનદશા રૂપ સ્વપ્નરૂપ યોગે આ જીવ પોતાને પોતાના નહીં એવાં બીજા દ્રવ્યને વિષે સ્વપણે માને છે અને એ જ માન્યતા તે સંસાર છે, તેજ અજ્ઞાન છે, નરકાદિ ગતિનો હેતુ તેજ છે, તે જ જન્મ છે; મરણ છે અને તેજ દેહ છે, દેહના વિકાર છે, તે જ પુત્ર, તે જ પિતા, તે જ શત્રુ, તે જ મિત્રાદિ ભાવ કલ્પનાના હેતુ છે અને તેની નિવૃત્તિ થઈ ત્યાં સહજ મોક્ષ છે અને એ જ નિવૃત્તિને અર્થે સત્સંગ-સત્પુરુષાદિ સાધન કહ્યાં છે, અને તે સાધન પણ જીવ જો પોતાના પુરુષાર્થને તેમાં ગોપવ્યા શિવાય પ્રવર્ત્તાવે તો જ સિદ્ધ છે. વધારે શું કહીએ ? આટલો જ સંક્ષેપ જીવમાં પરિણામ પામે તો તે સર્વ વૃત્ત, યમ, નિયમ, જપ, યાત્રા, ભક્તિ, શાસ્ત્રજ્ઞાન આદિ કરી છૂટ્યો એમાં કંઈ સંશય નથી.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૫૨) ૫૩૭

---

* ''अबाह्यं केवलं ज्योतिर्निराबाधमनामयम् ।
यदत्र तत्परं तत्त्वं शेषः पुनरुपप्लवः ॥'' - શ્રી હરિભદ્રાચાર્યજી કૃત યોગદૃષ્ટિ સમુચ્ચય
''परः प्रविष्टः कुरुते विनाशं, लोकोक्तिरेषा न मृषेति मन्ये ।
निर्विश्य कर्माणुरस्य किं किं, ज्ञानात्मनो नो समपादि कष्टं ॥'' - શ્રી શાંતસુધારસ (શ્રી વિનયવિજયજી પ્રણીત)

* ''પરપરિણતિ રાગીપણે, પરરસ રંગે રક્ત રે;
પર ગ્રાહક રક્ષક પણે, પર ભોગે આસક્ત રે... જગતારક પ્રભુ વિનવું.'' - મહામુનિ શ્રી દેવચંદ્રજી

સ્વતઃ કે પરતઃ ભેદવિજ્ઞાનમૂલા અનુભૂતિ પામે તેઓ જ દર્પણ જિમ અવિકાર હોય એવા ભાવનો કળશ પ્રકાશે છે -

માલિની -

कथमपि हि लभंते भेदविज्ञानमूला -
मचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा ।
प्रतिफलनमिमग्नानंतभावस्वभावै -
र्मुकुरवदविकाराः संततं स्युस्त एव ॥२१॥

ક્યમ કરિ જ લહે છે ભેદ વિજ્ઞાન મૂલા, અચલિત અનુભૂતિ જે સ્વથી અન્યથી વા;
પ્રતિફળન નિમગ્ન'નંત ભાવ સ્વભાવે, મુકુર શું અવિકારી સંતતં તેજ હોવે. ૨૧

અમૃત પદ-૨૧

'સુમતિ ચરણ કજ આતમ અરપણા' - એ રાગ.

શુદ્ધાતમ જે અનુભવ પાવે, 'દર્પણ જ્યમ અવિકાર'... સુજ્ઞાની
શુદ્ધ સ્વભાવે તેહ રહે છે, પામે ન કદીય વિકાર... સુજ્ઞાની. ૧
ભેદ વિજ્ઞાન તો મૂલ છે જેનું, એવી અનુભૂતિ સાર... સુજ્ઞાની.
પોતાથી કે પરથી જે પામે, અચલિત કોઈ પ્રકાર... સુજ્ઞાની. ૨
તેહ અનંતા ભાવ સ્વભાવે, લહે ન વિકૃત ભાવ... સુજ્ઞાની.
દર્પણ જેમ સદાય સ્વભાવે, રહે અવિકાર જ સાવ... સુજ્ઞાની. ૩
દર્પણ માંહી અર્પણ થાતા, ભાવ અનેક નિમગ્ન... સુજ્ઞાની.
પણ પ્રતિબિંબિત તે ભાવોથી, મુકુરે વિકાર ન લગ્ન... સુજ્ઞાની. ૪
તેમ અનંતા ભાવ સ્વભાવો, થાયે આત્મ નિમગ્ન... સુજ્ઞાની.
એથી વિભાવ વિકાર લહે ના, ભેદજ્ઞાની આત્મમગ્ન... સુજ્ઞાની. ૫
એમ આદર્શ સમા આદર્શ, સ્વચ્છ નિર્મલ ને શુદ્ધ... સુજ્ઞાની.
જ્ઞાની અમૃત જ્યોતિ અનુભવતા, ભગવાન તે નિત્ય બુદ્ધ... સુજ્ઞાની. ૬

અર્થ : કોઈ પણ પ્રકારે (કેમે કરીને) નિશ્ચય કરીને સ્વથકી વા પરથકી જેઓ ભેદવિજ્ઞાનમૂલા અનુભૂતિ અચલિતપણે પામે છે, તેઓ-જ પ્રતિફલનથી - પ્રતિબિંબનથી (પ્રતિબિંબ પામવાથી) નિમગ્ન અનંતભાવ સ્વભાવોથી મુકુર-દર્પણની જેમ સંતત અવિકાર હોય.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જે જીવ જ્ઞાનીના અભિપ્રાયથી બોધ પામ્યો છે, તે જીવને સમ્યક્‌દર્શન થાય છે.''

''જ્ઞાની કહે છે તે કુંચીરૂપી જ્ઞાન વિચારે તો અજ્ઞાનરૂપી તાળું ઉઘડી જાય, કેટલાંય તાળાં ઉઘડી જાય, કુંચી હોય તો તાળું ઉઘડે, બાકી પ્હાણા માર્યે તો તાળું ભાંગી જાય.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૯૬, ૬૪૩**

''સુમતિ ચરણકજ આતમ અરપણા, દર્પણ જિમ અવિકાર સુગ્યાની,
મતિ તરપણ બહુ સમંત જાણિયે, પરિસર્પણ સુવિચાર... સુગ્યાની.'' - **શ્રી આનંદઘનજી**

''કે અપનો પદ આપ સંભારત, કે ગુરુકે મુખકી સુનિ બાની,
ભેદવિગ્યાન જગ્યૌ જિન્હિ કે, પ્રગટી સુવિવેક કલા રજધાની;
ભાવ અનંત ભએ પ્રતિબિંબિત, જીવન મોખ દસા ઠહરાની,
તે નર દર્પન જ્યોં અવિકાર, રહૈં થિરરૂપ સદા સુખદાની.''*

- શ્રી બનારસીદાસજી કૃત સ.સા. જીવ. અધિ. ૨૨

જેને સ્વતઃ વા પરતઃ ભેદ વિજ્ઞાન મૂલા અનુભૂતિ, દર્પણ જેમ સદા અવિકાર

ઉપરમાં 'આત્મખ્યાતિ'ના ગદ્યભાગમાં કહ્યું તેના સારસમુચ્ચય અને પરિપુષ્ટિ રૂપ આ કળશ મહાગીતાર્થ 'અમૃતચંદ્રજી'એ સંગીત કર્યો છે - જેઓ કેમે કરીને - ઘણા કષ્ટે કરીને - 'कथमपि' ભેદ વિજ્ઞાનમૂલા અનુભૂતિ 'भेदविज्ञानमूलामनुभूतिं' - ભેદવિજ્ઞાન જેનું મૂલ - ઉદ્‌ભવ સ્થાન પ્રભવ સ્થાન (origin resource root) છે એવી અનુભૂતિ અચલિતપણે લહે છે - પામે છે. કોના થકી લહે છે ? સ્વતો વાન્યતો વા - 'સ્વથકી' - પોતાથકી વા અન્યથકી, આમ જેઓ અચલિત અનુભૂતિ લહે છે, તેઓ જ સંતત પણે - નિરંતર પણે અવિકાર હોય, अविकाराः संततं स्युः - વિકારનો જ્યાં સર્વથા અભાવ છે એવા હોય. કોનાથી અવિકાર હોય ? प्रतिफलनिमग्नानंतभावस्वभावैः - પ્રતિફલનથી - પ્રતિબિંબનથી - પ્રતિબિંબ પામવાથી 'નિમગ્ન' - નિતાંતપણે મગ્ન-અંદરમાં ડૂબી ગયેલ અનંત ભાવોના સ્વભાવથી. કોની જેમ ? 'मुकुरवत्' - મુકુરની જેમ, દર્પણ-અરીસાની જેમ. દર્પણ* જેમ તેમાં પડતા પ્રતિબિંબ ભાવોથી અવિકાર હોય, તેમ આત્મામાં પ્રતિબિંબ પામવાથી નિમગ્ન અનંત ભાવોના સ્વભાવોથી તેઓ અવિકાર હોય. દર્પણમાં મુખ જોનાર મુખ વાંકુ કરે - ચૂંકુ કરે, રડતું કરે - હસતું કરે કે ગમે તેવું કરે, તેનું પ્રતિબિંબ દર્પણમાં પડે છે અને તેમાં નિમગ્ન થાય છે, પણ તેથી દર્પણ પોતે કાંઈ વિકાર પામતો નથી. તેમ ભેદવિજ્ઞાની પુરુષના આત્મ-દર્પણમાં આત્માના જ્ઞાયક સ્વભાવને લીધે અનંત ભાવોનું પ્રતિબિંબ પડે છે અને તેમાં નિમગ્ન થાય છે, પણ તેથી ભેદવિજ્ઞાની પુરુષ ભેદવિજ્ઞાન શક્તિના પ્રભાવે તે તે ભાવોના સ્વભાવોથી લેશ પણ વિકાર પામતો નથી, કારણકે તે જાણે છે કે આ અન્યભાવો તે હું નથી, હું તો અનુભૂતિ માત્ર છું, એટલે તે એક આત્મભાવ સિવાયના સર્વ ભાવોને આત્માથી પૃથક્ કરી નાંખી જૂદા પાડી દે છે, એટલે તે તે ભાવોની કંઈ પણ વિકારરૂપ અસર તેના પર થતી નથી અને તે દર્પણ જેમ અવિકાર જ રહે છે.

''મેં તો તનધારી નાંહિ એ તો તન મેરો નાંહી, મેં તો જ્ઞાન ગુણધારી કરમસ્યો ન્યારો હૈ,
મેં તો ચેતના સરૂપ એ તો જડભાવ રૂપ, મેરો યાકો કોન નેહ એહન વિચાર્યો હૈં;
મેં તો નિત્ય એ અનિત્ય પ્રગટ અશુચિ ખાનિ, હાનિ થાન એસો દેહ મોકો કૈસો પ્યારો હૈ,
મોહકે વિટંબ ધેરયો ભવકાલ થિત પ્રેરયો, ઐસો ભેદજ્ઞાન મેં તો ચિત્તમેં ન ધારયો હૈ.''

- શ્રી દેવચંદ્રજી કૃત દ્રવ્ય પ્રકાશ, ૩-૬૭

---

* અમૃતચંદ્રજીના આ કળશ કાવ્યનો ભાવ ઝીલીને કવિવર બનારસીદાસજી આ ભાવવાહી સુંદર શબ્દોમાં લલકારે છે કે - કોઈ આપનું - પોતાનું પદ આપ-પોતે સંભારે છે, કોઈ ગુરુના મુખની વાણી સાંભળીને સંભારે છે (અને એમ કોઈ પણ પ્રકારે) ભેદ વિજ્ઞાન જેને જાણ્યું છે, સુવિવેક કલા રાજધાની પ્રગટી છે, 'ભેદ વિગ્યાન જગ્યૌ જિન્હિ કે, પ્રગટી સુવિવેક કલા રજધાની, અનંત ભાવ પ્રતિબિંબિત થાય છે અને જીવન્મોક્ષ દશા - જીવન્મુક્ત દશા સ્થિર થઈ છે, તે પુરુષ દર્પણ જેમ અવિકાર સદા સુખમયપણે સદા સ્થિર રહે છે, 'તે નર દર્પન જ્યોં અવિકાર, રહૈં ચિરરૂપ સદા સુખદાની.'

* ''कुर्यात् कर्म विकल्पं किं मम तेनातिशुद्धरूपस्य ।
मुखसंयोगविकृते र्न विकारी दर्पणो भवति ॥'' - **શ્રી પદ્મનંદિ પં.વિં. નિશ્ચય પંચાશત્,**

'मुकुरवदविकाराः संततं स्युस्त एव'

તાત્પર્ય કે - **'પોતા થકી'** અર્થાત્ પૂર્વના આરાધકપણાને લીધે આ જન્મમાં **સ્વયંસંબુદ્ધ** થઈ પોતે પોતાથી બોધ પામી અથવા તો **'પર થકી'** અર્થાત્ ભેદવિજ્ઞાની એવા આત્મજ્ઞાની સ્વરૂપ સ્થિત વીતરાગ સદ્‌ગુરુ થકી બોધ પામી, જેઓ કોઈ પણ પ્રકારે આ **'ભેદવિજ્ઞાન મૂલા'** અનુભૂતિ અચલિતપણે - નિશ્ચયપણે પામે છે, તેઓ જ આત્મામાં પ્રતિબિંબિત થતા અનંત ભાવ સ્વભાવોથી દર્પણની જેમ સદાય અવિકાર હોય છે. આત્માનો જાણપણા રૂપ જ્ઞાયક સ્વભાવ છે, એટલે અનંત જ્ઞેયભાવ સ્વભાવ તેમાં પ્રતિબિંબ પામે છે. જેને **જ્ઞાયક** એવા આત્માનું અને **જ્ઞેય** એવા અન્ય ભાવોના ભેદનું જ્ઞાન નથી, તે આત્મામાં - જ્ઞાનમાં પ્રતિબિંબિત થતા જ્ઞેયથી વ્યામોહ પામી - તેમાં આત્મભાવ માની બેસી નાના પ્રકારના વિકારને પામે છે, પણ જેને જ્ઞાયક એવા આત્માનું અને જ્ઞેય એવા અન્ય ભાવોનું પ્રગટ ભેદવિજ્ઞાન (Scientific knowledge) વર્તે છે, તે તો આત્મામાં-જ્ઞાનમાં પ્રતિબિંબિત થતા અનંતા જ્ઞેય ભાવોથી બીલકુલ વ્યામોહ પામતા નથી, તેમાં આત્મભાવ માની બેસતા નથી અને 'મુકુરવત્ સતત અવિકાર' - 'मुकुरवदविकाराः संततं स्युस्त एव' - દર્પણની જેમ સદાય નિરંતર અખંડપણે અવિકાર જ રહે છે. દર્પણમાં મુખ વાંકું ચૂકું કરવું - ભવાં ચઢાવવા ઈત્યાદિ અનેક પ્રકારના પ્રતિબિંબ-આકાર પડે છે, પણ તેથી કાંઈ દર્પણમાં કોઈ વિકાર થતો નથી, દર્પણ વિકાર પામતો નથી, દર્પણ તો સદાય અવિકાર જ રહે છે, તેમ આત્માના જ્ઞાન દર્પણમાં અનેક જ્ઞેય પ્રતિબિંબ - આકાર ભલે પડે, પણ તેથી કાંઈ જ્ઞાન-દર્પણમાં પોતામાં કોઈ વિકાર થતો નથી, જ્ઞાન દર્પણ પોતે વિકાર પામતો નથી, જ્ઞાન દર્પણ તો સદાય 'મુકુરવત્' અવિકાર જ રહે છે. આમ ભેદવિજ્ઞાની સદાય 'દર્પણ' જિમ અવિકાર જ રહે છે.

साक्षात् सत् स्वरूप सद्‌ गुरुयोगे अवंचक योग

અત્રે આ આત્મા છે અને આ અનાત્મા છે એમ સ્વ-પરનો ભેદ જાણ્યાથી - ભેદવિજ્ઞાન થકી અનુભૂતિ - આત્મસંવેદના ઉપજે છે તે કાંતો સ્વથકી સ્વતઃ કાંતો પરથકી - પરતઃ ઉપજે છે. જેણે પૂર્વ જન્મોમાં સદ્‌ગુરુ આદિ પરમ ઉપકારી સત્ સાધનનું - સમ્યક્ આરાધન કર્યું છે એવા પૂર્વના આરાધક કોઈ જીવ તદ્‌ભવ અપેક્ષાએ પોતે પોતા થકી બોધ પામે છે - સ્વયંસંબુદ્ધ થાય છે. પણ પ્રાયઃ તો સાક્ષાત્ સદ્‌ગુરુના યોગે જ સદ્‌બોધ થકી જીવ સન્માર્ગનો બોધ પામે છે. કારણકે સત્પુરુષ મૂર્તિમંત પ્રગટ સદ્ સ્વરૂપ છે, સાક્ષાત્ પ્રત્યક્ષ મૂર્તિમંત પ્રગટ સત્ સ્વરૂપનો યોગ પામેલ પ્રગટ 'યોગી' છે, સાક્ષાત્ **સહજાત્મસ્વરૂપ** પ્રભુ છે. એટલે આવા સાક્ષાત્ યોગી સત્પુરુષના જ્વલંત આદર્શ દર્શનથી ન ભૂંસાય એવી ચમત્કારિક છાપ મુમુક્ષુ આત્મામાં પડે છે. જેથી એકાંત સ્વરૂપલક્ષી સત્પુરુષનું પરમ અદ્‌ભુત આત્મચારિત્ર દેખી, તેનો આત્મા સહેજે સ્વરૂપ લક્ષ્ય ભણી ઢળે છે. વાચાલ વક્તાઓના લાખો ઉપદેશો જે બોધ નથી કરી શકતા, તે આવા એક સત્પુરુષનો જીવતો જાગતો દાખલો કરી શકે છે. આમ યોગી પુરુષના સ્વરૂપ ઓળખાણરૂપ **'તથા દર્શનથી'** જીવનું લક્ષ્ય એક સાધ્ય સ્વરૂપ નિશાન પ્રતિ કેન્દ્રિત થાય છે અને પછી તેની બધી પ્રવૃત્તિ તે **સ્વરૂપ લક્ષી** જ હોય છે. તેટલા માટે સ્વરૂપનો સાક્ષાત્ લક્ષ્ય કરાવનાર સત્પુરુષના યોગને **યોગાવંચક*** કહ્યો છે. સત્પુરુષના સ્વરૂપ દર્શન રૂપ આ યોગાવંચક નામની યોગ સંજીવની પ્રાપ્ત થતાં જીવનું આખું યોગચક્ર ચાલુ થઈ જાય છે. માટે સત્પુરુષ સદ્‌ગુરુના સ્વરૂપની ઓળખાણ થવી એ મોટામાં મોટી વાત છે. તે થયે જીવની યોગ-ગાડી સરેડે ચઢી-પાટા પર ચઢી સાચી દિશામાં સડેડાટ પ્રયાણ કરે છે. સ્વરૂપ સ્થિત સત્પુરુષ સદ્‌ગુરુનો તથાદર્શન રૂપ યોગ થયે જ આત્માનું નિજ કાર્ય સિદ્ધ થાય છે અને પ્રેમઘન એવો અમૃતરસ પ્રાપ્ત થાય છે, 'તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમઘનો.'

---

* "सद्भिः कल्याणसंपन्नैः दर्शनादपि पावनैः ।
तथादर्शनतो योग आद्यावञ्चक उच्यते ॥" - **શ્રી હરિભદ્રાચાર્યજી પ્રણીત (જુઓ) 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શ્લો. ૨૧૯**
(જુઓ : ડૉ. ભગવાનદાસ કૃત વિવેચન)

''અબ ક્યોં ન બિચારત હૈં મનસેં, કછુ ઓર રહા ઉન સાધન સેં,
બિન સદ્‌ગુરુ કોઉ ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે ?
કરુના હમ પાવત હે તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી,
પલમેં પ્રગટે મુખ આગલ સેં, જબ સદ્‌ગુરુચર્ન સુ પ્રેમ બસે.
તનસેં, મનસેં, ધનસેં, સબસેં, ગુરુદેવ કિ આન સ્વઆત્મ બસે,
તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમઘનો.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી અં. ૨૨૬**

આ સદ્‌ગુરુના સત્ ઉપદેશ રૂપ પરમ ઉપકારી **સત્ નિમિત્ત** થકી જ જીવ આત્માને કર્મ-નોકર્મ રૂપ પ્રગટ પૌદ્‌ગલિક ભાવોથી - પરભાવોથી ભિન્ન જાણે છે, એટલું જ નહિં પણ ભાવકર્મ રૂપ ઔપાધિક ભાવોથી - ચૈતન્ય વિકાર રૂપ વિભાવોથી પણ ભિન્ન જાણે છે અને એટલે જ આમ પરમ ઉત્તમ સદ્‌ગુરુ નિમિત્ત થકી જેનું ઉપાદાન 'પ્રતિબુદ્ધ' - જાગ્રત થયું છે એવો તે પ્રતિબુદ્ધ જીવ કર્મ-નોકર્મ અને ભાવકર્મથી ભિન્ન શુદ્ધ આત્માને નિરંતર અનુભવતો રહી સદા 'દર્પણ જિમ અવિકાર' રહે છે. 'જબ જાગેંગે આતમા તબ લાગેંગે રંગ.'

''સત્ એ કંઈ દૂર નથી, પણ દૂર લાગે છે અને એજ જીવનો મોહ છે. 'સત્' જે કંઈ છે તે 'સત્' જ છે, સરલ છે, સુગમ છે અને સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે, પણ જેને ભ્રાંતિ રૂપ આવરણતમ વર્ત્તે છે તે પ્રાણીને જેની પ્રાપ્તિ કેમ હોય ? અંધકારનાં ગમે તેટલા પ્રકાર કરીએ, પણ તેમાં કોઈ એવો પ્રકાર નહીં આવે કે જે અજવાલા રૂપ હોય, આવરણ તિમિર જેને છે એવાં પ્રાણીની કલ્પનામાંની કોઈ પણ કલ્પના 'સત્' જણાતી નથી અને 'સત્'ની નજીક સંભવતી નથી. 'સત્' છે તે ભ્રાંતિ નથી, ભ્રાંતિથી કેવલ વ્યતિરિક્ત (જૂદું) છે, કલ્પનાથી 'પર' (આઘે) છે, માટે જેની પ્રાપ્ત કરવાની દૃઢ મતિ થઈ છે, તેણે પોતે કંઈ જ જાણતો નથી એવો દૃઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો અને પછી 'સત્'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું. તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય. આ જે વચનો લખ્યાં છે તે સર્વ મુમુક્ષુને પરમ બંધવ રૂપ છે, પરમ રક્ષક રૂપ છે અને એને સમ્યક વિચાર્યેથી પરમ પદને આપે એવાં છે. એમાં નિર્ગ્રંથ પ્રવચનની સમસ્ત દ્વાદશાંગી, ષટ્ દર્શનનું સર્વોત્તમ તત્ત્વ અને જ્ઞાનીના બોધનું બીજ સંક્ષેપે કહ્યું છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૧૧**

વારુ, અપ્રતિબુદ્ધ કેમ લક્ષાય ? -

अहमेदं एदंमहं अहमेदस्सेव होमि मम एदं ।
अण्णं जं परदव्वं सच्चित्ताचित्तमिस्सं वा ॥२०॥
आसि मम पुव्वमंदं अहमेदं चावि पुव्वकालम्हि ।
होहिदि पुणोवि मज्झं अहमेदं चावि होस्सामि ॥२१॥
एयं तु असंभूदं आदवियप्पं करेदि संमूढो ।
भूदत्थं जाणंतो ण करेदि दु तं असंमूढो ॥२२॥

હું આ, આ હું, હું એહનો રે, હોય છે મ્હારૂં વળી એહ;
સચિત્ત અચિત્ત ને મિશ્ર વળી રે, અન્ય પરદ્રવ્ય જેહ... રે આત્મન્ ! વંદો
સમયસાર ૨૦

હતું મ્હારૂં આ પૂર્વમાં રે, હું આ હતો પૂર્વેય;
હોશે પુનઃ પણ માહરૂં રે, હોઈશ હું પણ એય... રે આત્મન્ ! વંદો સમસાર ૨૧
અસદ્‌ભૂત આત્મવિકલ્પ એ રે, કરતો જીવ સંમૂઢ,
ભૂતાર્થ જાણતો ના કરે રે, તેહ તો અસંમૂઢ... રે આત્મન્ ! ૨૨

ગાથાર્થ : સચિત્ત, અચિત્ત વા મિશ્ર (સચિત્તાચિત્ત) એવું અન્ય જે પરદ્રવ્ય તે આ હું છું, આ હું છે, હું આનો જ હોઉં છું, આ મ્હારૂં છે, આ પૂર્વે મ્હારૂં હતું, હું પણ આ પૂર્વ કાળે હતો, આ પુનઃ પણ મ્હારૂં હશે અને હું પણ આ હોઈશ, - આ અસદ્‌ભૂત આત્મવિકલ્પ સંમૂઢ કરે છે, પણ ભૂતાર્થને જાણતો અસંમૂઢ કરતો નથી. ૨૦-૨૧-૨૨

आत्मख्याति टीका

ननु कथमयमप्रतिबुद्धो लक्ष्येत -

अहमेतदेहतदहं अहमेतस्यास्मि ममैतत् ।
अन्यद्यत्परद्रव्यं सचित्ताचित्तमिश्रं वा ॥२०॥
आसीन्मम पूर्वमेतद् अहमिदं चापि पूर्वकाले ।
भविष्यति पुनरपि मम अहमिदं चैव पुनर्भविष्यामि ॥२१॥
एतत्त्वसद्‌भूतमात्मविकल्पं करोति संमूढः ।
भूतार्थं जानन्न करोति तु तमसंमूढः ॥२२॥

આત્મભાવના -

ननु कथमयमप्रतिबुद्धो लक्ष्येत - વારુ, આ અપ્રતિબુદ્ધ - પ્રતિબોધ નહિ પામેલો કેમ લક્ષાય ? કેમ જણાય ?
अन्यद् यत् परद्रव्यं सचित्ताचित्तमिश्रं वा - સચિત અચિત્ત વા મિશ્ર - સચિત્તાચિત્ત એવું જે અન્ય પરદ્રવ્ય, अहमेतदेतदहं - હું આ, આ હું, अहमेतस्यास्मि एतन् मम - હું એનો છું, આ મારૂં
पूर्वं एतद् मम आसीत् अहं चापि इदं पूर्वकाले - પૂર્વે આ મ્હારૂં હતું અને હું પણ પૂર્વકાળે આ હતો, पुनरपि मम भविष्यति अहं चैव इदं पुनर्भविष्यामि - (આ) પુનઃ પણ મ્હારૂં હશે અને હું જ આ પુનઃ હોઈશ, एतत्त्वसद्‌भूतामात्मविकल्पं संमूढः करोति - આ જ અસદ્‌ભૂત આત્મવિકલ્પ સંમૂઢ કરે છે, भूतार्थं जानन् असंमूढः तु न करोति - પણ ભૂતાર્થને જાણતો અસંમૂઢ તો તે નથી કરતો. ॥ इति **गाथा** आत्मभावना ॥२०॥२१॥२२॥
यथाग्निरिंधनमस्ति इंधनमग्निरस्ति - જેમ દૃષ્ટાંત-અગ્નિ ઈંધન-બળતણ છે, ઈંધન અગ્નિ છે, अग्नेरिंधनमस्ति

यथा
ग्निरिंधनमस्तींधनमग्नरस्त्य -
ग्नेरिंधनमस्तींधनस्याग्निरस्त्य -
ग्नेरिंधनं पूर्वमासीदिंधनस्याग्नि पूर्वमासी
दग्नेरिंधनं पुनर्भविष्यतांधनस्याग्नि पुनः भविष्यतीतां
धनएवासद्भूताग्निविकल्पत्वेना -
प्रतिबुद्धः कश्चिल्लक्ष्येतः
नाग्निरिंधनमस्ति नेंधनमग्निरस्त्य -
ग्निरग्निरस्तींधनमिंधनमस्ति
नाग्नेरिंधनमस्ति नेंधनस्याग्निरस्त्य
ग्नेरग्निरस्तींधनस्येंधनमस्ति
नाग्नेरिंधनं पूर्वमासीन्नेंधनस्याग्नि पूर्वमासी-
दग्नेरग्निः पूर्वमासीदिंधनस्येंधनं पूर्वमासी
न्नाग्नेरिंधनं पुनर्भविष्यति नेंधनस्याग्निः पुनर्भविष्य-
त्यग्निरग्निः पुनर्भविष्यतींधनस्येंधनं पुनर्भविष्यतीति
कस्यचिदग्नावेव सद्भूतात्मविकल्पवत्:

तथा-
हमेतदस्म्येतदहमस्ति
ममैतदस्त्येतस्याहमस्मि
ममैतत्पूर्वमासीदेनस्याहं पूर्वमासं
ममेतत्पुनर्भविष्यत्येस्याहं भविष्यामिति
परद्रव्य **एवासद्भूतात्मविकल्पत्वेना -**
प्रतिबुद्धो लक्ष्येतात्मा ।
नाहमेतदस्मि नैतदहमस्त्य-
हमहमस्म्येतदेतदस्ति
न ममैतदस्ति नैतस्याहमस्मि
ममाहमस्म्येतस्यैतदस्ति
न ममैतत्पूर्वमासीन्नैतस्याहं पूर्वमासं
ममाहं पूर्वमासमेतस्यैतत्पूर्वमासी -
न्न ममैतत्पुनर्भविष्यति नैतस्याहं पुन र्भविष्यामि
ममाहं पुनर्भविष्याम्येतस्यैतत्पुनर्भविष्यतीति
स्वद्रव्य एव **सद्भूतात्मविकल्पस्या**
प्रतिबुद्धलक्षणस्य भावात् । ॥२०-२१-२२॥

इंधनस्याग्निरस्ति - અગ્નિનું ઈંધન છે, ઈંધનનો અગ્નિ છે, अग्नेरिंधनं पूर्वमासादिंधनस्याग्निः पूर्वमासीत् - અગ્નિનું ઈંધન પૂર્વે હતું, ઈંધનનો અગ્નિ પૂર્વે હતો, अग्नेरिंधनं पुन र्भविष्यति इंधनस्याग्निः पुनर्भविष्यति - અગ્નિનું ઈંધન પુનઃ હશે, ઈંધનનો અગ્નિ પુનઃ હશે, इति इंधन एवासद्भूताग्निविकल्पत्वेनाप्रतिबुधः कश्चिल्लक्ष्येत - એમ ઈંધનમાં જ असद्भूत અગ્નિ વિકલ્પપણાએ કરીને અપ્રતિબુદ્ધ કોઈ લક્ષાય :
तथा - તેમ, दार्ष्टांतिक - अहमेतदस्मि एतदहमस्ति - હું આ છું, આ હું છે, ममैतदस्ति एतस्याहमस्मि - મ્હારૂં આ છે, આનો હું છું, ममैतत्पूर्वमासीदेतस्याहं पूर्वमासं - મ્હારૂં આ પૂર્વે હતું, આનો હું પૂર્વે હતો, ममैतत्पुनर्भविष्यति एतस्याहं पुनर्भविष्यामि - મ્હારૂં આ પુનઃ હશે, આનો હું પુનઃ હોઈશ, इति परद्रव्य एवासद्भूतात्मविकल्पत्वेनाप्रतिबुद्धो लक्ष्येतात्मा - એમ પરદ્રવ્યમાં જ असद्भूत આત્મવિકલ્પપણાએ કરી અપ્રતિબુદ્ધ આત્મા લક્ષાય.
એમ શાને લીધે ?
नाग्निरिंधनमस्ति नेंधनमग्निरस्ति - અગ્નિ ઈંધન છે નહિં, ઈંધન અગ્નિ છે નહિં, अग्निरग्निरस्ति इंधनमिंधनमस्ति - અગ્નિ અગ્નિ છે, ઈંધન ઈંધન છે, नाग्नेरिंधनमस्ति नेंधनस्याग्निरस्ति - અગ્નિનું ઈંધન છે નહિં, ઈંધનનો અગ્નિ છે નહિં, अग्नेरग्निस्ति इंधनस्येंधनमस्ति - અગ્નિનો અગ્નિ છે, ઈંધનનું ઈંધન છે (ઈત્યાદિ એમ ભૂત-ભવિષ્યત્ કાળ પરત્વે પણ), इति कस्यचिदग्नावेव सद्भूतात्मविकल्पवत् - એમ કોઈના અગ્નિમાં જ સદ્ભૂત આત્મવિકલ્પની જેમ - नाहमेतदस्मि नैतदहमस्ति - હું આ છું નહિં, આ હું છે નહિં, अहमहमस्मि एतदेतदस्ति - હું હું છું, આ આ છે, न ममैतदस्तिनैतस्याहमस्मि - મ્હારૂં આ છે નહિં, આનો હું છું નહિં, ममाहमस्मि एतस्यै - तदस्ति - મ્હારો હું છું, આનું આ છે, ઈત્યાદિ. એમ ભૂત-ભવિષ્યત્ કાળ પરત્વે પણ, इति स्वद्रव्य एव सद्भूतात्मविकल्पस्य प्रतिबुद्ध लक्षणस्य भावात् - એથી સ્વદ્રવ્યમાં જ સદ્ભૂત આત્મવિકલ્પ રૂપ પ્રતિબુદ્ધ લક્ષણના ભાવને લીધે - હોવાપણાને લીધે. ॥ इति **'आत्मख्याति'** ટીકા આત્મભાવના (પ્રસ્તુત ગાથા) ॥२०॥२१॥२२॥

જેમ	તેમ
અગ્નિ ઈંધન છે, ઈંધન અગ્નિ છે.	**હું આ છું, આ હું છે,**
અગ્નિનું ઈંધન છે, ઈંધનનો અગ્નિ છે,	**મ્હારૂં આ છે, આનો હું છું,**
અગ્નિનું ઈંધન પૂર્વે હતું, ઈંધનનો અગ્નિ પૂર્વે હતો,	**મ્હારૂં આ પૂર્વે હતું, આનો હું પૂર્વે હતો,**
અગ્નિનું ઈંધન પુનઃ હશે, ઈંધનનો અગ્નિ પુનઃ હશે,	**મ્હારૂં આ પુનઃ હશે, આનો હું પુનઃ હોઈશ,**
- એમ ઈંધનમાં જ	- એમ પરદ્રવ્યમાં જ
અસદ્‌ભૂત અગ્નિવિકલ્પપણાએ કરીને	**અસદ્‌ભૂત આત્મવિકલ્પપણાએ કરીને**
અપ્રતિબુદ્ધ કોઈ લક્ષાય	**અપ્રતિબુદ્ધ કોઈ લક્ષાય,**
અગ્નિ ઈંધન છે નહિં, ઈંધન અગ્નિ છે નહિં,	હું આ છું નહિં, આ હું છે નહિં,
અગ્નિ અગ્નિ છે, ઈંધન ઈંધન છે,	હું હું છું, આ આ છે,
અગ્નિનું ઈંધન છે નહિં, ઈંધનનો અગ્નિ છે નહિં,	આ મ્હારૂં છે નહિં, આનો હું છું નહિં,
અગ્નિનો અગ્નિ છે, ઈંધનનું ઈંધન છે,	મ્હારો હું છું, આનું આ છે,
અગ્નિનું ઈંધન પૂર્વે ન્હોતું, ઈંધનનો અગ્નિ પૂર્વે ન્હોતો,	મ્હારૂં આ પૂર્વે ન્હોતું, આનો હું પૂર્વે ન્હોતો,
અગ્નિનો અગ્નિ પૂર્વે હતો, ઈંધનનું ઈંધન પૂર્વે હતું,	મ્હારો હું પૂર્વે હતો, આનું આ પૂર્વે હતું,
અગ્નિનું ઈંધન પુનઃ નહિં હશે, ઈંધનનો અગ્નિ પુનઃ નહિં હશે,	મ્હારૂં આ પુનઃ નહિં હશે, આનો હું પુનઃ નહિં હોઈશ,
અગ્નિનો અગ્નિ પુનઃ હશે, ઈંધનનું ઈંધન પુનઃ હશે,	મ્હારો હું પુનઃ હોઈશ, આનું આ પુનઃ હશે,
- એમ અગ્નિમાં જ	- એમ સ્વદ્રવ્યમાં જ
કોઈના સદ્‌ભૂત અગ્નિ વિકલ્પની જેમ :	**સદ્‌ભૂત આત્મવિકલ્પ રૂપ પ્રતિબુદ્ધ લક્ષણનો ભાવ છે માટે. ૨૦-૨૧-૨૨**

આત્મખ્યાતિ ટીકાર્થ

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અનંત કાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ છે. આ એક અવાચ્ય અદ્‌ભુત વિચારણાનું સ્થળ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૪૯, ૧૭૪**

''આતમ બુદ્ધે હો કાર્યાદિકે ગ્રહ્યો, બહિરાતમ અધરૂપ... સુગ્યાની.
કાયાદિકે હો સાખીધર થઈ રહ્યો, અંતર આતમ રૂપ... સુ.'' - **શ્રી આનંદઘનજી**

આ અપ્રતિબુદ્ધ છે એમ કેવા-પ્રકારે લક્ષિત થાય ? કેવા લક્ષણે ઓળખાય ? તેનો અત્ર આ ગાથાઓમાં ખુલાસો કર્યો છે અને તે અગ્નિ અને ઈંધનના (બળતણના) સુગમ

અગ્નિ-ઈંધન દૃષ્ટાંત :પરદ્રવ્યમાં જ આત્મવિકલ્પપણાથી અપ્રતિબુદ્ધ લક્ષાય

દૃષ્ટાંતથી પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજીએ** પોતાની અનન્ય લાક્ષણિક અલૌકિક અનુપમ શૈલીથી **સાંગોપાંગ બિંબ - પ્રતિબિંબભાવે** નિઃસ્તુષપણે સ્પષ્ટ વિવરી દેખાડેલ છે : અગ્નિ અને ઈંધન (બળતણ) ત્રણે કાળમાં પ્રગટ જૂદા છે, છતાં અગ્નિ તે ઈંધન છે, ઈંધન તે અગ્નિ છે, અગ્નિનું ઈંધન છે, ઈંધનનો અગ્નિ છે, ઈત્યાદિ પ્રકારે ભવત્ ભૂત ને ભવિષ્યત્ એ ત્રણે કાળ પરત્વે **આત્મખ્યાતિ** ટીકામાં વિસ્તારથી વિવરી દેખાડ્યા પ્રમાણે 'ईंधन एव' ઈંધનમાં જ અસદ્‌ભૂત અગ્નિ વિકલ્પપણાએ કરીને असद्‌भूताग्निविकल्पत्वेन' - ત્રણે કાળમાં જેનું અસ્તિત્વ-હોવાપણું છે નહિં એવા અસદ્‌ભૂત અગ્નિ વિકલ્પપણાએ કરીને જેમ અપ્રતિબુદ્ધ

- અબૂઝ કોઈ લક્ષાય-સ્વલક્ષણથી જણાય, 'अप्रतिबुद्धः कश्चिल्लक्ष्येत' તેમ હું આ છું, આ હું છે, મ્હારૂં આ છે, આનો હું છું, ઈત્યાદિ પ્રકારે ભવત્ ભૂત ને ભવિષ્યત્ ત્રણે કાળ - પરત્વે, **'આત્મખ્યાતિ'માં** સ્પષ્ટ વિવરી દેખાડ્યા પ્રમાણે, 'परद्रव्य एवं' - **પરદ્રવ્યમાં જ અસદ્‌ભૂત આત્મવિકલ્પપણાએ** કરીને सद्‌भूतात्मविकल्पत्वेन' - ત્રણે કાળમાં જેનું અસ્તિત્વ - હોવાપણું છે નહિં એવા અસદ્‌ભૂત આત્મવિકલ્પપણાએ કરીને આત્મા અપ્રતિબુદ્ધ-અબૂઝ લક્ષાય - સ્વલક્ષણથી જણાય, 'अप्रतिबुद्धो लक्ष्येतात्मा !'

કારણકે અગ્નિ તે ઈંધન છે નહિં, ઈંધન તે અગ્નિ છે નહિં, અગ્નિ તે અગ્નિ છે, ઈંધન તે ઈંધન છે, અગ્નિનું ઈંધન છે નહિં, ઈંધનનો અગ્નિ છે નહિં, અગ્નિનો અગ્નિ છે, ઈંધનનું ઈંધન છે - ઈત્યાદિ પ્રકારે ભવત્ ભૂત ભવિષ્યત્ ત્રણે કાળ પરત્વે **ભગવતી 'આત્મખ્યાતિ'**માં સ્પષ્ટ વિવરી દેખાડ્યા પ્રમાણે ત્રણે કાળને વિષે અવિચલ સ્થિતિ છે, એમ 'अग्नावेव' - અગ્નિમાં જ ત્રણે કાળમાં જેનું અસ્તિત્વ - હોવાપણું છે એવો સદ્‌ભૂત અગ્નિ વિકલ્પ કોઈ કરે છે, 'सद्‌भूताग्निविकल्पवत्', તેને જેમ તે પ્રતિબુદ્ધ લક્ષણનો ભાવ - હોવાપણું જણાય છેઃ તેમ હું આ છું નહિ, આ હું છે નહિં, હું હું છું, આ આ છે, મ્હારૂં આ છે નહિં, આનો હું છું નહિ, મ્હારો હું છું, આનું આ છે ઈત્યાદિ પ્રકારે ભવત્ ભૂત ભવિષ્યત્ ત્રણે કાળ પરત્વે **ભગવતી 'આત્મખ્યાતિ'**માં વ્યાકરણ પ્રત્યયના પણ સ્પષ્ટ ભેદથી ભેદવિજ્ઞાનનું પ્રબલ સંવર્ધન કરતાં 'આત્મખ્યાતિ'કાર **ભગવદ્ અમૃતચંદ્રાચાર્યજીએ** અતિ અતિ પરિશ્રમથી નિષ્ઠુષ ખુલ્લે ખુલ્લું વર્ણવી દેખાડ્યા પ્રમાણે, ત્રણે કાળને વિષે અવિચલ સ્થિતિ છે, એમ 'स्वद्रव्य एव' - **સ્વદ્રવ્યમાં જ - આત્મામાં જ ત્રણે કાળમાં જેનું અસ્તિત્વ - હોવાપણું છે એવો સદ્‌ભૂત આત્મવિકલ્પ** કોઈ કરે છે, 'सद्‌भूतात्मविकल्पस्य', તેને પ્રતિબુદ્ધ લક્ષણનો ભાવ-હોવાપણું છે, 'प्रतिबुद्ध लक्षणस्य भावात्' । માટે પરદ્રવ્યમાં જે આત્મવિકલ્પ-પરદ્રવ્યમાં જે આત્મબુદ્ધિ તે જ અપ્રતિબુદ્ધનું સ્પષ્ટ લક્ષણ છે.

સ્વદ્રવ્યમાં જ સદ્‌ભૂત આત્મવિકલ્પ એ પ્રતિબુદ્ધ લક્ષણ

''દેહને વિષે હું પણું મનાયેલું છે તેથી જીવની ભૂલ ભાંગતી નથી. જીવ દેહની સાથે ભળી જવાથી એમ માને છે કે 'હું વાણીઓ છું' 'બ્રાહ્મણ છું' પણ શુદ્ધ વિચારે તો તેને 'શુદ્ધ સ્વરૂપમય છું' એમ અનુભવ થાય. આત્માનું નામ ઠામ કે કાંઈ નથી એમ ધારે તે કોઈ ગાળો વગેરે દે તો તેથી તેને કંઈ પણ લાગતું નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૪૩) ૯૫૭ (ઉપદેશ છાયા)**

આમ પરદ્રવ્યમાં જ અસદ્‌ભૂત આત્મવિકલ્પને લીધે જીવ મૂઢ અપ્રતિબુદ્ધ હોય છે અને સ્વદ્રવ્યમાં જ સદ્‌ભૂત આત્મવિકલ્પને લીધે જીવ અસંમૂઢ પ્રતિબુદ્ધ હોય છે. મૂઢ અપ્રતિબુદ્ધ જીવને અનાદિથી જ પરમાં આત્મબુદ્ધિ રૂપ **વિપર્યાસ** (વિપરીત બુદ્ધિ-ઉલટી બુદ્ધિ) વર્તે છે. આ **વિપર્યાસ જ સર્વ દુઃખનું મૂળ છે.** તે જ જીવને ઉંધા પાટા બંધાવે છે, અનાત્મામાં આત્મબુદ્ધિ ઉપજાવે છે, પર વસ્તુમાં સ્વબુદ્ધિનો વિભ્રમ કરાવે છે. આ અનાદિ અવિદ્યારૂપ વિપર્યાસથી ભોગસાધન રૂપ દેહાદિમાં આત્મબુદ્ધિ ઉપજે છે, દેહાદિથી આત્માને અભિન્ન માની હું દેહાદિરૂપ છું એવી મિથ્યામતિ ઉદ્‌ભવે છે. એટલે પછી સ્વસ્વરૂપથી ભ્રષ્ટ થયેલો આત્મા ઈંદ્રિયદ્વારોથી પ્રવર્તતો રહી વિષયોમાં પડી જાય છે અને તે વિષયોને પામીને પોતે પોતાને તત્વથી જાણતો નથી, પોતે પોતાને ભૂલી જાય છે. **પરમતત્ત્વ દૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીએ** અનન્ય લાક્ષણિક શૈલીમાં ભાખ્યા પ્રમાણે **'આપ આપકું ભૂલ ગયા, ઈનસે ક્યા અંધેર ?'** એના જેવી મહા હાસ્યાસ્પદ વાર્તા બને છે !

'આપ આપકું ભૂલ ગયા !'

''હું છોડી નિજ રૂપ, રમ્યો પર પુદ્‌ગલે,
ઝીલ્યો ઊલટ આણી, વિષય તૃષ્ણા જલે... વિહરમાન.'' - **શ્રી દેવચંદ્રજી**

''વિચારની ઉત્પત્તિ થયા પછી વર્દ્ધમાન સ્વામી જેવા મહાત્મા પુરુષે ફરી ફરી વિચાર્યું કે આ જીવનું અનાદિકાળથી ચારે ગતિ વિષે અનંતથી અનંતવાર જન્મવું મરવું થયાં છતાં, હજુ તે

જન્મ-મરણાદિ સ્થિતિ ક્ષીણ થતી નથી, તે હવે કેવા પ્રકારે ક્ષીણ કરવાં ? અને એવી કઈ ભૂલ આ જીવની રહ્યા કરી છે કે, જે ભૂલનું આટલાં સુધી પરિણમવું થયું છે ? આ પ્રકારે ફરી ફરી અત્યંત એકાગ્રપણે સદ્‌બોધનાં વર્દ્ધમાન પરિણામે વિચારતાં વિચારતાં જે ભૂલ ભણવાને દીઠી છે તે જિનાગમમાં ઠામ ઠામ કહી છે, કે જે ભૂલ જાણીને તેથી રહિત મુમુક્ષુ જીવ થાય. જીવની ભૂલ જોતાં તો અનંત વિશેષ લાગે છે, પણ **સર્વ ભૂલની બીજભૂત ભૂલ** જે જીવે પ્રથમમાં પ્રથમ વિચારવી ઘટે છે, કે જે ભૂલનો વિચાર કર્યાથી સર્વે ભૂલનો વિચાર થાય છે અને જે ભૂલના મટવાથી સર્વે ભૂલ મટે છે. કોઈ જીવ કદાપિ નાના પ્રકારની ભૂલનો વિચાર કરી તે ભૂલથી છૂટવા ઈચ્છે, તો પણ તે કર્તવ્ય છે અને તેવી અનેક ભૂલથી છૂટવાની ઈચ્છા મૂળ ભૂલથી છૂટવાનું સહેજે કારણ થાય છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૧)-૫૦૦

આ **સર્વ ભૂલની બીજભૂત ભૂલ** તે આત્મસ્વરૂપનું અજ્ઞાન અથવા પરવસ્તુમાં આત્મબુદ્ધિ રૂપ વિપર્યાસ છે. **'આપ આપકું ભૂલ ગયા !'** એ જ મોટામાં મોટી કેન્દ્રસ્થ ભૂલ છે. તે **મૂલગત ભૂલથી** બીજી ભૂલોની પરંપરા નીપજે છે તે એટલી હદ સુધી આત્માનું પતન થાય છે કે તેની વૃત્તિ પરભાવમય વિષયાકાર બની જાય છે. પંચ ઈંદ્રિયના વિષયોમાં તે એટલો બધો તન્મય થઈ જાય છે કે તે પોતાનું મૂળ સ્વરૂપ સાવ ભૂલી જઈ, વિષયોમાં જ સર્વસ્વ માની તેની ગવેષણામાં અહોનિશ મંડ્યો રહે છે ! અને વિષયતૃષ્ણાથી આર્ત્ત ને તમ બની નિરંતર દુઃખ અનુભવે છે, છતાં તે વિષયોનો કીડો વિષયોનો કેડો મૂકતો નથી ! ને વિષ્ટાના ભ્રમરની પેઠે તેની પાછળ પાછળ ભમ્યા કરે છે ! આવો તે વિષય બુભુક્ષુ વિપર્યસ્ત જીવ શ્રી **ઉપમિતિભવ પ્રપંચા** કથામાં મહાત્મા **સિદ્ધર્ષિએ** અનુપમ શૈલીથી તાદૃશ્ય વર્ણવેલા તે **નિષ્પુણ્યક રંકના** જેવું સમસ્ત ચેષ્ટિત કરે છે, ને કરમાં ઘટપાત્ર લઈ રાતદિવસ વિષય કદન્નની ભિક્ષાર્થે ભમે છે ! આ 'વિપર્યાસપરા નરા* **શ્રી હરિભદ્રાચાર્યજીએ યોગદૃષ્ટિ સમુચ્ચયમાં** કહ્યું છે તેમ માત્ર 'સાંપ્રતેક્ષી' હોય છે, વર્તમાનદર્શી જ હોય છે, માત્ર વર્તમાનકાળને જ દેખે છે, આગળ પાછળનો વિચાર કરતા નથી.

વિષયનો ભિખારી : 'નિષ્પુણ્યક રંક'

તે તો 'આ ભવ મીઠા, પરભવ કોણ દીઠા' એમ માની માત્ર વર્તમાનને જ વિચારે છે. એટલે પરલોકને ભૂલી જઈ, વિસારી મૂકી, આ ભવાભિનંદી જીવો આ દેહાશ્રિત સમસ્ત કર્ત્તવ્યમાં જ ઈતિ કર્ત્તવ્યતા માની, સર્વસ્વ માની, તેની પ્રવૃત્તિમાં જ આંખો મીંચીને રાત દિવસ રચ્યા-પચ્યા રહે છે અને તેમ કરતાં તે હિતાહિત અંધજનો કૃત્યાકૃત્યનું, ગમ્યાગમ્યનું, ખાદ્યાખાદ્યનું, પેયાપેયનું ભાન ભૂલી જાય છે. તથા જડ દેહથી સર્વથા જૂદા શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્માના અભાનપણાથી, દેહ-આત્માનો એકત્વ અધ્યાસ રાખી તે બેભાનપણે - મોહમૂર્ચ્છિતપણે દેહની વેઠ કર્યા જ કરે છે.

વિપર્યાસ : વેઠની પોઠ

અને જે જડ દેહના સંબંધની ખાતર આ બિચારા આટલી બધી વેઠ ઊઠાવે છે, આટલી બધી જહેમત કરે છે, તે દેહનો સંબંધ તો ઉલટો તેને બંધરૂપ નીવડે છે ! કારણકે જે દેહનો તેણે આટલો બધો ગાઢ સંબંધ રાખ્યો, તે દેહ પણ બદલામાં બંધરૂપ સંબંધ કેમ ન રાખે ? શું તે કાંઈ અકૃતજ્ઞ છે - શું કૃતઘ્ન છે વારુ ? એટલે દેહમાં આત્મબુદ્ધિથી તેને દેહનો બંધ-સંબંધ છૂટતો નથી, તે બંધ છે ત્યાં સુધી જન્મ-મરણ છૂટતા નથી, જન્મ-મરણ છૂટતા નથી ત્યાં સુધી દુઃખ છૂટતું નથી, અને આ જન્મમરણ દુઃખ છૂટતું નથી ત્યાં સુધી સંસાર પરિભ્રમણ છૂટતું નથી. આમ પોતાના માનેલા સંબંધી એવા દેહનો સંબંધ જાળવવા ખાતર (!) પોતે પોતાને બાંધી પાપનો પોટલો માથે ચઢાવી, **વેઠની પોઠ** ઊઠાવી, આ વેઠીઆ બળદ જેવા મોહમૂઢ ભવાભિનંદી જીવ સંસાર માર્ગમાં નિરંતર પરિભ્રમણનો ખેદ પામ્યા કરે છે. **શ્રીમાન્ પૂજ્યપાદ સ્વામીજીએ** પ્રકાશ્યું છે કે -

---

* ''एतद्धन्तोऽत एवेह विपर्यासपरा नराः ।
हिताहितविवेकान्धा खिद्यन्ते सांप्रतेक्षिणः ।।'' - **શ્રી હરિભદ્રાચાર્યજી પ્રણીત શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લો. ૭૮**

'દેહમાં* આત્મબુદ્ધિ આત્માને એ દેહ સાથે નિશ્ચયે યોજે છે અને સ્વ આત્મામાં જ આત્મબુદ્ધિ તે દેહથી આત્માને વિયોજે છે - વિખૂટો પાડે છે. દેહમાં આત્મબુદ્ધિથી પુત્ર-સ્ત્રી વગેરે કલ્પનાઓ (unrealities, Inaginations, Illusions) ઉપજી છે અને તે કલ્પનાઓ વડે આત્માની-પોતાની સંપત્તિ માનતું આ અભાગીયું જગત્ અરેરે ! હણાઈ ગયું છે ! આ સંસાર દુઃખનું મૂલ દેહમાં આત્મબુદ્ધિ એ જ છે, તેથી આ દેહાત્મબુદ્ધિ છોડીને, બ્હારમાં ઈંદ્રિયને પ્રવૃત્ત નહિં કરતાં, અંતરમાં પ્રવેશ કરવો.'

''આપકો ન જને પરભાવહિકો આપા માને, ગહિકો એકાંત પક્ષ મારયો હે ગહલમેં;
ભરમ મેં પરયો રહે પુન્ય કર્મહિકો ચહે, વહે અહં બુદ્ધિભાવ થંભ જ્યું મહલમેં.
જેસે રજુ સરપ ભ્રમ માને, ત્યું અજ્ઞાન મિથ્યામતિ ઠાનેઃ
દેહબુદ્ધિકો આત્મ વિચારે, યાતે ભવભ્રમ હેતુ પસારે.
દેહાદિક કો ભિન્ન ગણી, ગહિ આતમ શિવકુલ;
પરમેં નિજ અભિમાનતા, યહ ભવભ્રમણ સૂલ.''

- શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૧-૧૭, ૩-૧૨૮, ૫૬

મોહમૂઢ જીવના પરમાં અહંત્વ-મમત્વ

આ દેહ-ગૃહાદિ ભાવો મૃગજળ જેવા છે, તે પોતાના નથી, છતાં અવિવેક રૂપ દેહાધ્યાસથી - મિથ્યાભાસથી - વિપર્યાસ રૂપ અસત્કલ્પનાથી પોતાના ભાસે છે ! એટલે મૃગ-પશુ જેવો મૂઢ જીવ તેને પોતાના ગણી, તે મેળવવાની દુરાશાથી, તેની પાછળ 'જેતી મનની રે દોડ' - જેટલું દોડાય તેટલું દોડે છે ! પણ જે વસ્તુ વસ્તુતઃ પોતાની છે જ નહિં, તે કેમ હાથમાં આવે ? જેમ જેમ આ જીવ તેની પાછળ દોડે છે, તેમ તેમ તે હાથતાલી દઈને દૂર ને દૂર ભાગતી જાય છે ! ને આ જીવની જાણે ક્રૂર મશ્કરી રૂપ વિડંબના કરે છે, ઠેકડી કરે છે !

અરે ! જે દેહમાં દૂધ ને પાણીની જેમ એકક્ષેત્રાવગાહપણે આ આત્મા રહ્યો છે, તે દેહ* પણ જો આ આત્માનો નથી થતો, તો પછી પ્રગટપણે અત્યંત અત્યંત ભિન્ન એવા અન્ય પદાર્થ તો આ આત્માના ક્યાંથી બને ? માટે આ દેહાદિ બાહ્ય ભાવો તત્ત્વથી મિથ્યાભાસ રૂપ છે, મૃગતૃષ્ણા જેવા જ છે. છતાં મોહમૂઢ અપ્રતિબુદ્ધ જીવ વિપર્યાસથી તેમાં અહંતા-મમતા કરી હાથે કરીને ભવભ્રમણ દુઃખ પામે છે.

'પણ આથી ઉલટું, **અસંમૂઢ પ્રતિબુદ્ધ** જીવ તેવો અહંતા-મમતા ભાવ ધરતો નથી, પણ **આત્મભાવના** ભાવે છે કે - 'હું આ દેહાદિ સમસ્ત પર વસ્તુથી ભિન્ન એવો ઉપયોગવંત શુદ્ધ ચૈતન્ય સ્વરૂપી અજર અમર આત્મા છું. આ નાશવંત દેહાદિ ભાવ તે હું નથી. વસ્ત્ર નષ્ટ થતાં દેહ નષ્ટ થતો નથી, તેમ દેહ નષ્ટ થતાં હું નષ્ટ થતો નથી. વસ્ત્ર જીર્ણ થતાં દેહ જીર્ણ થતો નથી, તેમ દેહ જીર્ણ થતાં હું જીર્ણ થતો નથી. માટે દેહથી વસ્ત્ર જૂદું છે, તેમ દેહથી હું જૂદો છું. મ્યાનથી તલવાર જૂદી છે,

---

* ''देहे स्वबुद्धिरात्मानं युनक्त्येतेन निश्चयात् ।
स्वात्मन्येवात्मधीस्तस्माद्वियोजयति देहिनम् ॥
देहेष्वात्मधिया जाताः पुत्रभार्यादिकल्पनाः ।
सम्पत्तिमात्मनस्ताभिर्मन्यते हा हतं जगत् ॥
मूलं संसारदुःखस्य देह एवात्मधीस्ततः ।
त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रियः ॥'' - श्री समाधिशतक

* ''अन्योहमन्यमेतच्छरीरमपि किं पुन र्न बहिरर्थाः ।
व्यभिचारी यत्र सुतस्तत्र किमरयः स्वकीयाः स्यु ॥'' - श्री पद्मनंदि पं.विं. निश्चय पंचाशत्, २२

અર્થાત્ - હું અન્ય છું, આ શરીર પણ અન્ય છે, તો પછી બાહ્ય અર્થોનું તો પૂછવું જ શું ? પુત્ર જ જ્યાં વ્યભિચારી છે ત્યાં શત્રુઓ સ્વીકાર્ય - આત્મીય - પોતાના કેમ હોય ?

તેમ આ દેહથી હું જૂદો છું. દૂધ ને પાણી હંસ જૂદા અનુભવે છે, તેમ હું આ ચૈતન્ય સ્વરૂપ આત્માને દેહથી પ્રગટ જૂદો અનુભવું છું. જે દેહમાં દૂધ ને પાણીની જેમ એક-ક્ષેત્રાવગાહપણે આ આત્મા રહ્યો છે, તે દેહથી પણ આ આત્મા જો ભિન્ન છે, તો પછી દેહ સિવાયની બીજી બધી વસ્તુઓથી તો આ આત્મા અત્યંત અત્યંત ભિન્ન હોય એમાં પૂછવું જ શું ? ચિત્રશાળા ન્યારી છે, તેમાં પલંગ ન્યારો છે, તેમાં સેજ ન્યારી છે, તેની પર બીછાવેલી ચાદર પણ ન્યારી છે. આવો પરવસ્તુ સાથેનો મ્હારો સંયોગ સંબંધ છે, એમાં મ્હારી આત્મબુદ્ધિ રૂપ સ્થાપના કરવી જૂઠી છે. માટે હું આ દેહાદિ ભાવનો નથી ને આ દેહાદિ ભાવ મ્હારા નથી. આ અનાદિ સંસારમાં આ જીવે અનંત દેહપર્યાય ધારણ કર્યા, તેમાં કયો દેહ આ જીવનો ગણવો ? જે દેહ પર્યાયને આ જીવ મિથ્યા દેહાધ્યાસથી પોતાનો માનવા જાય છે, તે દેહ તો ખલજનની માફક દગો દઈને તેનો ત્યાગ કરીને ચાલ્યો જાય છે ! ને આ જીવ મેંઢાની જેમ 'મે મે' (મ્હારૂં મ્હારૂં) કરતો હાથ ઘસતો રહે છે ! વ્હાલામાં વ્હાલો દેહ પણ જ્યાં જીવનો થતો નથી, તો પછી આ દેહને આશ્રયે દેહ હોઈને રહેલી એવી, અન્ય પરિગ્રહ રૂપ વળગણા તો તેની ક્યાંથી થાય ? માટે આ સમસ્ત પર વસ્તુમાં પરમાણુ માત્ર પણ મ્હારૂં નથી, એની સાથે મારે કંઈ પણ લેવાદેવા નથી. પૂર્વે મોહથી આ પર વસ્તુમાં આત્મબુદ્ધિ બાંધીને હું જે પુદ્ગલ કર્મથી બંધાયો છું, તે આ કર્મ પુદ્ગલો પોતાનું જૂનું લેણું વસુલ કરવા આવ્યા છે. તે ભલે પોતાનું લેણું લઈ લઈ મને ઝટ ઋણ મુક્ત કરો ! બાકી હું તે પર વસ્તુ નથી ને પર વસ્તુ તે હું નથી.* મ્હારી નથી ને હું તેનો નથી. હું તે હું છું. તે તે તે છે. મ્હારૂં તે મ્હારૂં છે, તેનું તે તેનું છે. હે ચેતન ! ત્હારૂં તે ત્હારી પાસે જ છે, બાકી બધું ય અનેરૂં છે. તો પછી આ પરવસ્તુમાં તું હુંકાર હુંકાર શું કરે છે ? મ્હારૂં મ્હારૂં શું કરે છે ? આત્માનો હુંકાર કરી એ હુંકારનો હુંકાર તું તોડી નાંખ ! 'મારૂં' મારૂં એમ નિશ્ચય કર ! એક સહજાત્મસ્વરૂપી શાશ્વત આત્મા જ મ્હારો છે, બાકી બીજા બધા બાહ્ય ભાવો માત્ર સંયોગ રૂપ છે. એમ ભાવી હે જીવ ! તું સમસ્ત પરભાવ પ્રપંચને ત્યજી આત્મભાવને જ ભજ !

અસંમૂઢ પ્રતિબુદ્ધ જીવની આત્મભાવના

'વસ્ત્ર-દેહ જ્યમ દેહથી, આત્મા ભિન્ન જ ભાવ;
મ્યાન અસિ જ્યમ દેહથી, આત્મા ભિન્ન જ ભાવ;
દેહ ન હું હું દેહના, દેહ ન મુજ કો દિન;
હું આત્મા આત્મા જ મુજ થઉં આત્મામાં લીન.' - **પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા (સ્વરચિત)***

"અવધૂ ! ક્યા તેરા ક્યા મેરા, અવધૂ.
તેરા હે સો તેરી પાસે, અવર સબહી અનેરા... અવધૂ." - **શ્રી ચિદાનંદજી**

---

* **"णाहं देहो ण मणो ण चेव वाणी ण कारणं तेसिं ।**
कत्ता ण ण कारयिदा अणुमत्ता णेव कत्तीणं ॥" - **શ્રી કુંદકુંદાચાર્યજી કૃત શ્રી 'પ્રવચનસાર', ૨-૬૮**
અર્થાત્ - નથી હું દેહ, નથી મન, નથી વાણી, નથી તેઓનું કારણ, નથી કર્તા, નથી કારયિતા (કરાવનારો) નથી કર્ત્તાઓનો અનુમંતા - (અનુમતિ આપનારો) (વિશેષ માટે જુઓ શ્રી 'અમૃતચંદ્રાચાર્યજી'ની ટીકા)

* 'પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા' (સ્વરચિત), આત્મભાવના પાઠ-(૯૬), (ડૉ. ભગવાનદાસ કૃત)

હવે તો જગત્ મોહ છોડો ને જ્ઞાનનો રસાસ્વાદ લ્યો ! એમ અનુરોધ કરતો સાર સમુચ્ચય રૂપ કળશ લલકારે છે -

માલિની

त्यजतु जगदिदानीं मोहमाजन्मलीनं,१
रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत् ।
इह कथमपि नात्मानात्मना साकमेकः,
किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिं ॥२२॥

જગત અબ ત્યજી દ્યો મોહ આજન્મ લીન, રસિક રુચિ રસો આ ઊગતું જ્ઞાન પીન;
ક્યમ જ અહિં અનાત્મા સાથ આ આત્મ એક, કદીય કહિં કળે ના વૃત્તિ તાદાત્મ્ય છેક. ૨૧

અમૃત પદ-૨૨

ત્યજો જગત હવે તો મોહ ! ત્યજો જગત હવે તો મોહ !
આ સંસારથી માંડી જેનો, છે અનાદિ પ્રરોહ... ત્યજો. ૧
રસજો રોચન રસિકજનોનું, જ્ઞાન ઉદય પામતું;
કરજો સુધારસ પાન રુચિથી, ચેતન અનુભવંતું... ત્યજો. ૨
આત્મા અનાત્મા સાથે એક તો, હોય ન કોઈ પ્રકારે;
વૃત્તિ તાદાત્મ્ય તેહ શું ન પાવે, કોઈ કાળે પણ ક્યારે... ત્યજો. ૩
નિશ્ચય એમ પ્રગટ જાણીને, ત્યજો જગત હવે મોહ;
ભગવાન અમૃત રસ ચાખી આ, કરો નિજ પદ અધિરોહ... ત્યજો. ૪

અર્થ : જગત્ હવે તો આજન્મ લીન-આ સંસારથી માંડીને આત્મામાં લય પામી ગયેલો મોહ ત્યજી દ્યો ! રસિકોનું રોચન ઉદય પામતા જ્ઞાનને રસો ! (રસ લ્યો ! ચાખો !) અહીં કોઈ પણ પ્રકારે-કેમે કરીને આત્મા અનાત્મા સાથે એક થઈને નિશ્ચયે કરીને કોઈ પણ કાળે તાદાત્મ્ય કળતો (અનુભવતો) નથી.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''૫૨ વસ્તુમાં નહિં મુંઝવો, એની દયા મુજને રહી.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી મોક્ષમાળા**
''૫૨ ઘર મત જાવો રે, કરી કરુણા મહારાજ.'' - શ્રી ચિદાનંદજી, પદ-૧

આમ ઉપરમાં અતિ અતિ મહા પરિશ્રમથી **'આત્મખ્યાતિ'**ના ગદ્ય વિભાગમાં જે નિષ્ણુષપણે ખુલ્લે ખુલ્લું વિવરી દેખાડ્યું, તે પરથી ફલિત થતો સાર ઉદ્બોધ કરતો આ કળશ **મહાગીતાર્થ શિરોમણિ** અમૃતચંદ્રાચાર્યજીએ પરમ સંવેગમય ભાવાવેશથી સંગીત કર્યો છે - 'त्यजतु जगदिदानीं' - હવે જગત્ ત્યજી દ્યો ! - અમે આટલું આટલું સ્પષ્ટ વિવરી દેખાડીને બતાવ્યું ત્યારે હવે તો જગત્ છોડી દ્યો ! શું ? 'मोहमाजन्मलीनं' - આજન્મલીન મોહ, 'આજન્મ' - જ્યારથી જન્મ-સંસાર છે ત્યારથી જે 'લીન' - આત્મામાં એકલય થઈ ગયો છે - લપાઈ ગયો છે, એવો મોહ, અથવા તો (પાઠાંતર) 'मोहमाजन्मलीढं' - આજન્મલીઢ મોહ, 'આજન્મ' - જ્યારથી જન્મ-સંસાર છે ત્યારથી જે 'લીઢ' - ચાટવામાં આવેલ છે, એટલે કે હોંસે હોંસે ચાખવામાં - આસ્વાદવામાં આવેલ છે એવો મોહ અને

'त्यजतु जगदिदानीं मोहमाजन्मलीनं'

* ૧. પાઠાંતર : लीढं

'रसयतु रसिकानां रोचनं' - રસિકોનું રોચન રસો ! 'રસિકોનું' - તત્ત્વ રસિક - પરમાર્થના રસીઆઓનું 'રોચન' - રુચિપણું - રોચક ભાવ 'રસો' - રસ લ્યો ! રસથી ચાખો ! શું ? 'ज्ञानमुद्यत्' - ઉદય પામતું જ્ઞાન, 'ઉદય' - ઉત્તરોત્તર ચઢતી કળા પામતું જ્ઞાન રસો ! રસપૂર્વક આસ્વાદો ! રસાસ્વાદ લ્યો ! 'इह कथमपि' - અહીં કોઈ પણ પ્રકારે કેમે કરીને, ગમે તેટલો મથી મથીને મરી જાય તો પણ 'नात्मानात्मना साकमेकः' - નથી આત્મા અનાત્માની સાથે એક 'किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिं' - નિશ્ચયે કરીને ક્યાંય પણ - કોઈ પણ કાળે તાદાત્મ્ય વૃત્તિ કળતો - અનુભવતો, જે આત્મા નથી એવા અનાત્મા સાથે આત્મા એક સતો કોઈ પણ કાળે તાદાત્મભાવ અનુભવતો નથી.

અત્રે **પરમ ભાવિતાત્મા અમૃતચંદ્રજી** પોકારીને કહે છે - 'आजन्म' - આ સંસારથી માંડીને એટલે કે અનાદિથી 'लीढ' - ચાટેલો - હોંસે હોંસે ચાખેલો 'लीन' - આત્મામાં લય પામી ગયેલો અથવા લપાઈ રહેલો એવો મોહ હવે તો જગત્ છોડી દ્યો ! અમે ખુલ્લે ખુલ્લો પ્રગટમાં પ્રગટ વસ્તુનો ભેદ પાડીને - ફોડ પાડીને આટલું આટલું આ ચોક્ખે ચોક્ખું પોકારી પોકારીને કહ્યા પછી હવે તો જગત્ને મોહ રહેવો ન જોઈએ. માટે હવે આખું જગત્ - વિશ્વના સમસ્ત આત્માઓ પરદ્રવ્યમાં આત્મભ્રાંતિ રૂપ આ અનાદિ મોહને વિસર્જન કરો ! વિસર્જન કરો ! એ મોહ ચોરની જેમ અનાદિથી આત્મામાં લપાઈ રહ્યો છે, તેને ખોળી ખોળીને - વીણી વીણીને આત્મામાંથી બ્હાર કાઢી આત્માને તેથી વોસરાવી દ્યો ! 'अप्पाणं वोसिरामि' - કરી આત્માને તે મોહથી સદાને માટે મુક્ત કરો ! મુક્ત કરો !

રસિકોનું રોચન આ ઉદય પામતા જ્ઞાનનો રસ લ્યો !

અને આ જ્ઞાન જે ઉદય પામી રહ્યું છે, તેનો સરસરસ રસિક જનોનું રોચન (રુચિભાવ) રસો ! ચાખો ! અહીં પ્રતિપદે પરમ અમૃતમય જ્ઞાન ઉદય પામી રહ્યું છે, **જ્ઞાન-અમૃતચંદ્રની** પ્રતિપદે ચઢતી કળા થઈ રહી છે. આવા પરમ અમૃતરસ વર્ષતા જ્ઞાનામૃત ચંદ્રનો જે અનુભવામૃત રૂપ પરમ શાંત સુધારસ અત્ર આ **અમૃતચંદ્રની** અમૃતવાણીમાં વર્ષી રહ્યો છે, તેનો રસાસ્વાદ તત્ત્વરસિક જનોનું 'રોચન' - અર્થાત રુચિબુદ્ધિ કરો ! અર્થાત્ તત્ત્વરસિક આત્માઓ **અમૃતચંદ્રે*** વર્ષાવેલા આ પરમ જ્ઞાનામૃતનું પરમ રુચિથી પાન કરો ! અને તે અનુભવ રસાસ્વાદના રુચિપાનથી તૃપ્ત થઈ સાક્ષાત્ સમ્યગ્ દર્શનને અનુભવો !

આત્મા અનાત્મા સાથે કોઈ કાળેપણ તાદાત્મ્યવૃત્તિ પામે નહિ

અહીં કોઈપણ પ્રકારે આત્મા અનાત્મા સાથે એક થઈને કોઈ પણ કાળે તાદાત્મ્ય વૃત્તિને ભજતો નથી, આત્મા ત્રણે કાળને વિષે કદી અનાત્મા થતો નથી ને અનાત્મા કદી ત્રણે કાળને વિષે આત્મા થતો નથી. - આ ત્રિકાળાબાધિત અખંડ સિદ્ધાંતમય નિશ્ચય છે. જડ - અનાત્મા તે ત્રણે કાળને વિષે જડ જ રહે છે અને ચેતન-આત્મા તે ત્રણે કાળને વિષે ચેતન-આત્મા જ રહે છે. આ ત્રિકાળાબાધિત અવિચ્છિન્ન અખંડ વસ્તુસ્થિતિ છે. આ અંગે **પરમતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીનું** ટંકોત્કીર્ણ અનુભવ વચનામૃત છે,

''જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવ રૂપ છે, સંશય એમાં કેમ ?'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૨૬૬**

'પરિભ્રમણ કરતો આ જીવ અનાદિકાળથી અત્યાર સુધીમાં અપૂર્વને પામ્યો નથી. જે પામ્યો છે તે બધું પૂર્વાનુપૂર્વ છે. એ સઘળાની વાસનાનો ત્યાગ કરવાનો અભ્યાસ કરશો.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૬૦

આ આત્મા અનાદિથી પોતાના મૂળ સહજ શુદ્ધ સ્વરૂપને ભૂલી ગયો છે. આ સ્વરૂપ અજ્ઞાન રૂપ અવિદ્યા અથવા મિથ્યાત્વથી તે પર પદાર્થમાં આત્મબુદ્ધિ કરી રહ્યો છે. અનાદિ કાળના અધ્યાસથી દેહાદિ પરવસ્તુમાં તેની આત્મબુદ્ધિ એટલી બધી સજ્જડ થઈ ગઈ છે, એટલા બધા ઊંડા મૂળ ઘાલી

ગઈ છે કે, 'દેહાદિ તે જ હું' એવી વિપર્યાસ બુદ્ધિ - વિપરીત મતિ તેને ઉપજી છે. જડના દીર્ઘકાળના સહવાસથી તે જાણે જડ જેવો થઈ ગયો છે ! આમ કાયાદિકમાં આત્મબુદ્ધિથી ગ્રહાયેલો જીવ **બહિરાત્મા** કહેવાય છે. 'આત્મજ્ઞાનથી* પરાઙ્મુખ એવો આ બહિરાત્મા પોતાના સ્વરૂપનું ભાન ભૂલી, ઈંદ્રિય દ્વારોથી સ્ફુરાયમાન થઈ, પોતાના દેહને આત્માપણે માની બેસે છે. મનુષ્ય દેહમાં રહેલા આત્માને તે મનુષ્ય માને છે, તિર્યંચ દેહમાં રહેલા આત્માને તે તિર્યંચ માને છે, દેવ દેહમાં રહેલા આત્માને દેવ માને છે અને નારક દેહમાં રહેલા આત્માને તે નારક માને છે, પણ તત્ત્વથી હું પોતે તેવો નથી, તે તે દેહ પર્યાયરૂપ નથી, હું તો **અનંતાનંત જ્ઞાનશક્તિનો સ્વામી સ્વસંવેદ્ય એવો અચલ સ્થિતિવાળો શાશ્વત આત્મા** છું, એમ તે મૂઢ જાણતો નથી.' આમ પોતાના દેહમાં આત્માનો અધ્યાસ કરતો એવો આ **બહિરાત્મા** 'પરના આત્માનો જ્યાં વાસ છે એવા સ્વદેહ સદેશ અચેતન પરદેહને આ પારકો દેહ એમ માની બેસે છે અને આમ દેહોમાં સ્વ-પરના **મિથ્યા અધ્યવસાયને** - માન્યતાને લીધે, જેને આત્માનું ભાન નથી એવા અનાત્મજ્ઞ જનને સ્ત્રી-પુત્રાદિ સંબંધી **વિભ્રમ** વર્તે છે અને તેમાંથી **અવિદ્યા** નામનો દૃઢ સંસ્કાર જન્મે છે - કે જેથી લોક પુનઃ દેહ એ જ આત્મા એવું **અભિમાન** ધરે છે. **આ દેહમાં આત્મબુદ્ધિ એ જ સંસાર દુઃખનું મૂળ છે.'**

બહિરાત્મા : દેહમાં આત્મબુદ્ધિ સંસાર દુઃખનું મૂળ

''જડ ચલ જડ ચલ કર્મ જે દેહને હોજી, જાણું આતમ તત્ત્વ,
બહિરાતમ બહિરાતમતા મેં ગ્રહી હોજી, ચતુરંગે એકત્વ... નમિપ્રભ !'' - **શ્રી દેવચંદ્રજી**

દેહમાં આ આત્મબુદ્ધિને લીધે જ જીવ તેના લાલન-પાલનાર્થે વિષયોમાં પ્રવૃત્તિ કરે છે અને તે વિષય પ્રાપ્તિના સાધન રૂપ ધનાદિના ઉપાર્જનમાં પ્રવૃત્ત થાય છે, તેની પ્રાપ્તિમાં અનુકૂળ થાય તે પ્રત્યે રાગ કરે છે, પ્રતિકૂળ પ્રત્યે દ્વેષ ધરે છે. તેમાં કોઈ વચ્ચે આડું આવે તેના પ્રત્યે ક્રોધ કરે છે, તુચ્છ કદન્ન જેવા કંઈક વિષયની પ્રાપ્તિ થતાં તે અનંતગણું અભિમાન ધરી કાકીડાની જેમ નાચે છે અને વિશેષ વિશેષનો લોભ ધરતો રહી તેના લાભ માટે અનેક પ્રકારના છળ પ્રપંચ-માયાકપટ કરી પોતાને અને પરને છેતરે છે. ઈત્યાદિ પ્રકારે જીવ **વિષયનો અર્થે કષાય** કરે છે અને તેથી હાથે કરીને આખો ભવ પ્રપંચ ઉભો કરીને, સંસાર પરિભ્રમણ દુઃખ પામી, તે ભવોદ્વિગ્ન બને છે. આમ દેહમાં આત્મબુદ્ધિ રૂપ મૂળથી ઉપજતા વિષય-કષાયથી આત્માર્થ હારી જતા આ જીવનું સંસાર ચક્ર ચાલ્યા કરે છે. આમ પરપરિણતિના રાગીપણે, પરરસ રંગે રક્ત થયેલો આ દેહાત્મબુદ્ધિ જીવ, પરવસ્તુનો ગ્રાહક અને રક્ષક બની, પર વસ્તુના ભોગમાં આસક્ત થઈને અનંત કાળ પર્યંત સંસારમાં રખડે છે અને આમ પોતાનું આત્મહિત ચૂકી, આ મહામોહમૂઢ જીવ વેઠીઆ પોઠીઆની પેઠે પારકી વેઠ ઉઠાવી, હાથે કરીને નાહકનો હેરાન હેરાન થાય છે ને આત્માર્થ હારી જાય છે. આ સર્વ અનર્થનો મૂળભૂત અનાત્મામાં આત્મબુદ્ધિ રૂપ અનાદિનો મોહ હવે તો જગત્ તજો અને આ અનુભવામૃત રૂપ જ્ઞાનરસનો આસ્વાદ લ્યો એવો પરમ નિષ્કારણ કરુણાથી પરમ ભાવપૂર્ણ અનુરોધ પરમ કરુણાનિધિ **અમૃતચંદ્રાચાર્યજીએ** અત્ર કર્યો છે. આનો જાણે પ્રતિધ્વનિ કરતા હોય એમ અનાદિના આ દુર્ગમ મોહને ટાળવાનો સર્વજ્ઞાની સંમત સુગમ સદુપાય દર્શાવતાં યથાર્થ નામી 'પરમ કૃપાળુ' **શ્રીમદ્ રાજચંદ્રજી** તેવી જ પરમ નિષ્કારણ

દેહાત્મબુદ્ધિને લઈ રાગદ્વેષાદિ અને ભવ - ભ્રમણ

---

* ''बहिरात्मेन्द्रियद्वारैरात्मज्ञानपराङ्मुखः, स्फुरितश्चात्मनो देहमात्मत्वेनाध्यवस्यति ॥
नरदेहस्थमात्मानमविद्वान्मन्यते नरम्, तिर्यञ्चं तिर्यगङ्गस्थं सुराङ्गस्थं सुरं तथा ॥
नारकं नारकाङ्गस्थं न स्वयं तत्त्वतस्तथा, अनंतानंतधीशक्तिः स्वसंवेद्योऽचलस्थितिः ॥
स्वदेहसदृशं दृष्ट्वा परदेहमचेतनम्, परात्माधिष्ठितं मूढः परत्वेनाध्यवस्यति ॥
स्वपराध्यवसायेन देहेष्वविदितात्मनाम् वर्त्तते विभ्रमः पुंसां पुत्रभार्यादिगोचरः ॥
अविद्यासंज्ञितस्तस्मात्संस्कारो जायते दृढः, येन लोकोऽङ्गमेव स्वं पुनरप्यभिमन्यते ॥
मूलं संसारदुःखस्य देह एवात्मधीस्ततः, त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रियः ॥''

- શ્રી પૂજ્યપાદસ્વામીજી કૃત શ્રી 'સમાધિશતક'

કરુણાથી પ્રકાશે છે -

''અનાદિથી જીવને સંસાર રૂપ અનંત પરિણતિ પ્રાપ્ત થવાથી અસંસારપણા રૂપ કોઈ અંશ પ્રત્યે તેને બોધ નથી. ઘણાં કારણોનો જોગ પ્રાપ્ત થયે તે અંશ દૃષ્ટિ પ્રગટવાનો જોગ પ્રાપ્ત થયો તો તે વિષમ એવી સંસાર પરિણતિ આડે તેને તે અવકાશ પ્રાપ્ત થતો નથી, જ્યાં સુધી તે અવકાશ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જીવને સ્વપ્રાપ્તિ ભાન ઘટતું નથી, જ્યાં સુધી તે પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જીવને કંઈ સુખ કહેવું ઘટતું નથી, દુઃખી કહેવો ઘટે છે, એમ દેખી અત્યંત અનંત કરુણા પ્રાપ્ત થઈ છે જેને એવા આપ્ત પુરુષે દુઃખ મટવાનો માર્ગ જાણ્યો છે જે તે કહેતા હતા, કહે છે, ભવિષ્યકાળે પણ કહેશે. તે માર્ગ એ કે જીવનું સ્વાભાવિકપણું પ્રગટ્યું છે જેને વિષે, જીવનું સ્વાભાવિક સુખ પ્રગટ્યું છે જેને વિષે, એવો જ્ઞાની પુરુષ તે જ તે અજ્ઞાન પરિણતિ અને તેથી પ્રાપ્ત થયું જે દુઃખ પરિણામ તેથી આત્માને સ્વાભાવિક પણે સમજાવી શકવા યોગ્ય છે, કહી શકવાને યોગ્ય છે અને તે વચન સ્વાભાવિક આત્મા જાણ્યા પૂર્વક હોવાથી તે દુઃખ મટાડી શકવાને બળવાન છે. માટે તે વચન જો કોઈ પણ પ્રકારે જીવને શ્રવણ થાય, તે અપૂર્વ **સ્વભાવરૂપ** જાણી તેમાં પરમ પ્રેમ વર્તે, તો તત્ક્ષણ અથવા અમુક અનુક્રમે આત્માનું સ્વાભાવિકપણું પ્રગટ થાય.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૨૧, (૩૯૫)

'પરમ કૃપાળુ' જ્ઞાનીનો દુઃખહર સ્વાભાવિક સન્માર્ગ



હવે અપ્રતિબુદ્ધના બોધનાર્થે વ્યવસાય -

अण्णाणमोहिदमदी मज्झमिणं भणदि पुग्गलं दव्वं ।
बद्धमबद्धं च तहा जीवो बहुभावसंजुत्तो ॥२३॥
सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं ।
कह सो पुग्गलदव्वी-भूदो जं भणसि मज्झमिणं ॥२४॥
जदि सो पुग्गलदव्वी-भूदो जीवत्तमागदं इदरं ।
तो सत्तो वुत्तुं जे मज्झमिणं पुग्गलं दव्वं ॥२५॥

અજ્ઞાન મોહિત મતિ કહે રે, પુદ્ગલ દ્રવ્ય આ મૂજ;
બદ્ધ અબદ્ધ, બહુ ભાવથી રે, સંયુક્ત જીવ અબૂઝ... રે આત્મન્ ! વંદો સમયસાર. ૨૩
જીવ સર્વજ્ઞ જ્ઞાને દીઠો રે, ઉપયોગ લક્ષણ નિત;
કયમ થયો પુદ્ગલ દ્રવ્ય તે રે ? મુજ આ કહે જે રીત !... રે આત્મન્ ! વંદો સમયસાર. ૨૪
જો તે પુદ્ગલ દ્રવ્ય થયો રે, જીવત્વ પામ્યું અન્ય;
તો શક્ત કહેવા માહરૂં રે, એહ છે પુદ્ગલ દ્રવ્ય... રે આત્મન્ ! વંદો સમયસાર. ૨૫

ગાથાર્થ : અજ્ઞાનથી જેની મતિ મોહિત થઈ છે, એવો બહુભાવ સંયુક્ત જીવ, બદ્ધ અને અબદ્ધ એવું આ પુદ્ગલ દ્રવ્ય 'આ મ્હારૂં' એમ કહે છે. ૨૩

સર્વજ્ઞ જ્ઞાનથી દૃષ્ટ એવો જીવ નિત્ય ઉપયોગ લક્ષણવાળો છે. તે વારુ, પુદ્ગલ દ્રવ્યરૂપ કેવી રીતે થઈ ગયો ? કે જેથી 'આ મ્હારૂં' એમ તું કહે છે ! ૨૪

જો તે (જીવ) પુદ્ગલ દ્રવ્યરૂપ થઈ ગયો, તો ઈતર (પુદ્ગલ) જીવત્વ પામી ગયું ! તો તું કહેવાને શક્ત હો કે આ પુદ્ગલ દ્રવ્ય મ્હારૂં છે. ૨૫

आत्मख्याति टीका

अथाप्रतिबुद्धबोधनाय व्यवसाय :-

अज्ञानमोहितमतिर्मभदं भणति पुद्गलं द्रव्यं ।
बद्धमबद्धं च तथा जीवो बहुभावसंयुक्तः ॥२३॥
सर्वज्ञज्ञानदृष्टो जीवउपयोगलक्षणो नित्यं ।
कथं स पुद्गलद्रव्यीभूतो यद्भणसि ममेदं ॥२४॥
यदि स पुद्गलद्रव्यीभूतो जीवत्वमागतमितरत् ।
तच्छक्तो वक्तुं यन्ममेदं पुद्गलं द्रव्यं ॥२५॥

युगपदनेकविधस्य बंधनोपाधेः सन्निधानेन प्रधावितानामस्वभावभावानां संयोगवशाद्विचित्राश्रयोपरक्तः स्फटिकोपल इवात्यंततिरोहितस्वभावभावतया अस्तमितसमस्तविवेकज्योतिर्महता स्वयम् **अज्ञानेन विमोहित हृदयो भेदमकृत्वा तानेवास्वभावभावान् स्वीकुर्वाणः पुद्गलद्रव्यं ममेदमित्यनुभवति किल प्रतिबुद्धो जीवः ।**

अथायमेव प्रतिबोध्यते - रे दुरात्मन् ! आत्मसंपन् ! जहीहि जहीहि परमाविवेकघस्मरसतृणाभ्यवहारित्वं । दूरनिरस्तसमस्तसंदेहविपर्यासानध्यवसायेन विश्वैकज्योतिषा **सर्वज्ञज्ञानेन स्फुटीकृतं** किल **नित्योपयोगलक्षणं**

जीवद्रव्यं । तत्कथं पुद्गलद्रव्यीभूतं येन पुद्गलद्रव्यं ममेदमित्यनुभवसि ? यतो **यदि** कथंचनापि **जीवद्रव्यं पुद्गलद्रव्यीभूतं** स्यात् **पुद्गलद्रव्यं च जीवद्रव्यीभूतं स्यात्, तदैव** लवणस्योदकमिव **ममेदं पुद्गलद्रव्यामित्यनुभूति किल घटेत,** तत्तु न कथंचनापि स्यात् । तथाहि -

यथा	न तथा
क्षारत्वलक्षणं लवणमुदकीभवत्	नित्योपयोगलक्षणं जीवद्रव्यं पुद्गलद्रव्यीभवत्
द्रवत्वलक्षणमुदकं च लवणीभवत्	नित्यानुपयोगलक्षणं पुद्गलद्रव्यं च जीवद्रव्यीभवत्
क्षारत्वद्रवत्वसहवृत्त्यविरोधादनुभूयते	उपयोगानुपयोगयोः प्रकाशतमसोरिव सहवृत्तिविरोधादनुभूयते ।

तत्सर्वथा प्रसीद ! विबुध्यस्व, स्वद्रव्यं ममेदमित्यनुभव ॥२३॥२४॥२५॥

आत्मभावना-

अथाप्रतिबुद्धबोधनाय व्यवसायः - હવે અપ્રતિબુદ્ધના બોધનાર્થે - બોધ કરવા અર્થે વ્યવસાય - अज्ञानमोहितमतिः तथा बहुभावसंयुक्तः जीवः - અજ્ઞાનથી મોહિત - મોહ પામી ગયેલી મતિ-બુદ્ધિ છે જેની એવો તથા પ્રકારે બહુભાવ સંયુક્ત જીવ, बद्धमबद्धं च पुद्गलं द्रव्यं मम इदं भणति - બદ્ધ - જીવ સાથે બંધાયેલું અને અબદ્ધ - નહીં બંધાયેલું પુદ્ગલ દ્રવ્ય મ્હારૂં આ કહે છે. ॥२३॥ તેને શાસ્ત્રકર્તા આચાર્યજી મધુર ઉપાલંભથી સીધો પ્રશ્ન (Poser) કરે છે - सर्वज्ञज्ञान-दृष्टे जीवः नित्यं उपयोगलक्षणः - સર્વજ્ઞ જ્ઞાનથી દૃષ્ટ - સાક્ષાત્ કૃત્ જીવ નિત્ય-સદાય ઉપયોગ લક્ષણવાળો છે, स कथं पुद्गलद्रव्यीभूतो यद्भणसि ममेदं - તે પુદ્ગલ દ્રવ્ય રૂપ કેવી રીતે થઈ ગયો ? - કે જેથી તું મ્હારૂં આ કહે છે ! ॥२४॥ यदि स पुद्गलद्रव्यीभूतः इतरत् जीवत्वमागतं - જો તે જીવ પુદ્ગલ દ્રવ્ય રૂપ થઈ ગયો (અને) ઈતર-પુદ્ગલ દ્રવ્ય જીવપણું પામી ગયું, तत् वक्तुं शक्तः यन्ममेदं पुद्गलं द्रव्यं - તો કહેવાને શક્ત - શક્તિમાન્ હો કે મ્હારૂં આ પુદ્ગલ દ્રવ્ય. ॥२५॥ इति **गाथा** आत्मभावना ॥२३॥२४॥२५॥

तानेव अस्वभावभावान् स्वीकुर्वाणः पुद्गलद्रव्यं ममेदमित्यनुभवति किलाप्रतिबुद्धो जीवः - તે જ અસ્વભાવ ભાવોને સ્વીકારતો - 'સ્વ' રૂપ કરી બેસતો ખરેખર ! નિશ્ચયે કરીને અપ્રતિબુદ્ધ - પ્રતિબોધ નહિં પામેલો અબૂઝ જીવ પુદ્ગલ દ્રવ્યને 'મ્હારૂં આ' એમ અનુભવે છે. કેવો છે અપ્રતિબુદ્ધ જીવ ? महता स्वयमज्ञानेन विमोहितहृदयो - મહત્ એવા સ્વયં અજ્ઞાનથી વિમોહિત - વિશેષે કરીને મોહ પામેલું છે હૃદય જેનું એવો. તે મહત્ અજ્ઞાનથી વિમોહિત હૃદય શાથી ? अस्तमितसमस्तविवेकज्योति :- अस्तमित-અસ્ત પામી ગયેલ છે સમસ્ત વિવેક-જ્યોતિ જેની એવો છે તેથી, એમ હેતુ-વિશેષણ છે. વિવેક જ્યોતિ શાથી અસ્ત પામી ગઈ ? अत्यंततिरोहितस्वभावभावतया - અત્યંત તિરોહિત સ્વભાવ ભાવનાથી, અત્યંત સર્વથા સ્વભાવ ભાવના તિરોહિતપણાથી - આચ્છાદિતપણાથી - ઢંકાઈ જવાપણાથી, કોની જેમ ? विशेषा (विचित्रा)श्रयोपरक्तः स्फटिकोपल इव - વિશેષ (વિચિત્ર) આશ્રયથી ઉપરક્ત - ઉપરંજન પામેલ સ્ફટિક પાષાણની જેમ. સ્વભાવ ભાવનું તિરોહિતપણું શાથી થયું ? अस्वभावभावानां संयोगवशात् - અસ્વભાવભાવોના સંયોગ વશથી. અસ્વભાવ ભાવો ક્યાંથી ? युगपदनेकविधस्य बंधनोपाधेः सन्निधानेन प्रधावितानाम् - યુગપત્ - એકીસાથે અનેક વિધ - અનેક પ્રકારની બંધન ઉપાધિના સન્નિધાનથી - નિકટપણાથી પ્રધાવિત - પ્રકૃષ્ટપણે - જોરશોરથી દોડેલા એવા છે. આવા અસ્વભાવભાવોને भेदम कृत्वा ભેદ નહીં કરીને સ્વીકુર્વાણઃ - સ્વીકારતો તે અપ્રતિબુદ્ધ જીવ પુદ્ગલ દ્વ્યને મ્હારૂં આ એમ અનુભવે છે.

अथायमेव प्रतिबोध्यते - હવે આને જ પ્રતિબોધવામાં આવે છે - रे दुरात्मन् आत्मपंसन् ! जहीहि जहीहि परमाविवेकघस्मरसतृणाभ्यवहारित्वं - રે દુરાત્મા ! આત્મઘાતી ! પરમ અવિવેકથી ધસ્મર-ખાઉધરૂં એવું સતૃણ અભ્યવહારિપણું - ખડ સાથે મિશ્ર અન્ન ખાવાપણું છોડી દે ! છોડી દે ! सर्वज्ञज्ञानेन स्फुटीकृतं किलनित्योपयोगलक्षणं जीवद्रव्यं - સર્વજ્ઞ જ્ઞાનથી સ્ફુટ કરાયેલું એવું નિશ્ચયે કરીને પ્રગટપણે નિત્ય ઉપયોગ - લક્ષણવાળું જીવ દ્રવ્ય છે. કેવું છે સર્વજ્ઞ જ્ઞાન ? दूरनिरस्तसमस्तसंदेहविपर्यासानध्यवसायेन विश्वैकज्योतिषा - સમસ્ત સંદેહ વિપર્યાસ અને અનધ્યવસાય જેણે દૂર નિરસ્ત કર્યા છે - ફગાવી દીધા છે એવું વિશ્વૈકજ્યોતિ - વિશ્વની એક - અદ્વિતીય જ્યોતિ. આવા સર્વજ્ઞ જ્ઞાનથી સ્ફુટ કરાયેલું નિત્ય ઉપયોગલક્ષણ જીવ દ્રવ્ય છે, तत् कथं पुद्गलद्रव्यीभूतं येन पुद्गलद्रव्यं ममेदमित्यनुभवसि - તે કેવી રીતે પુદ્ગલ દ્રવ્યરૂપ થઈ ગયું ? કે જેથી પુદ્ગલ દ્રવ્ય 'મ્હારૂં આ' એમ તું અનુભવે છે ! यतो - કારણકે यदि - જો कथंचनापि - કોઈ પણ પ્રકારે जीवद्रव्यं पुद्गलद्रव्यीभूतं स्यात् पुद्गलद्रव्यं च जीवद्रव्यीभूतं स्यात् - જીવ દ્રવ્ય

આત્મખ્યાતિ ટીકાર્થ

એકી સાથે બંધનોપાધિના સન્નિધાનથી પ્રધાવિત (વેગે દોડેલા) અસ્વભાવભાવોના સંયોગવશે કરીને, વિશેષ (વિચિત્ર) આશ્રયથી ઉપરક્ત સ્ફટિકપણાની જેમ, સ્વભાવભાવની અત્યંત તિરોહિતતાએ (આચ્છાદિતતાએ) કરીને સ્વભાવની અત્યંત તિરોહિતતાએ (ઢંકાઈ જવાપણાએ) કરીને જેની સમસ્ત વિવેક જ્યોતિ અસ્તમિત થઈ છે (આથમી ગઈ છે), સ્વયં મહત્ અજ્ઞાનથી જેનું હૃદય વિમોહિત થયું છે, એવો જે ભેદ નહિં કરીને તે જ અસ્વભાવભાવોને સ્વીકારતો 'પુદ્ગલ દ્રવ્ય આ મ્હારૂં' એમ અનુભવે છે, તે નિશ્ચયે કરીને અપ્રતિબુદ્ધ જીવ છે.

હવે આને જ પ્રતિબોધવામાં આવે છે -

રે દુરાત્મન્ ! આત્મપંસન્ ! (દુષ્ટાત્મા ! આત્મઘાતી !) પરમ અવિવેક ધસ્મર સતૃષ્ણાભ્યવહારિપણું (ખડખાવાપણું) છોડ ! છોડ ! સમસ્ત સંદેહ વિપર્યાસ અને અનધ્યવસાય જેણે દૂર નિરસ્ત કર્યા છે એવા વિશ્વૈકજ્યોતિ સર્વજ્ઞજ્ઞાનથી સ્ફુટ કરાયેલું જીવદ્રવ્ય નિશ્ચય પ્રગટપણે નિત્ય ઉપયોગ લક્ષણવાળું છે. તે કેવી રીતે પુદ્ગલ દ્રવ્યરૂપ થઈ ગયું ? કે જેથી 'પુદ્ગલ દ્રવ્ય આ મ્હારૂં' એમ તું અનુભવે છે ! કારણકે જો કોઈ પણ પ્રકારે જીવદ્રવ્ય પુદ્ગલ દ્રવ્ય રૂપ થઈ ગયેલું હોય અને પુદ્ગલદ્રવ્ય જીવદ્રવ્ય રૂપ થઈ ગયેલું હોય, તો જ 'લવણના જલ'ની ('મીઠાના પાણી'ની) જેમ 'મ્હારૂં આ પુદ્ગલ દ્રવ્ય' એવી અનુભૂતિ ખરેખર ! ઘટે, પણ તે તો કોઈ પણ પ્રકારે હોય નહિં. તે આ પ્રકારે -

જેમ	તેમ
ક્ષારત્વલક્ષણવાળું લવણ (મીઠું) પાણી થતું	નિત્ય ઉપયોગ લક્ષણ જીવદ્રવ્ય પુદ્ગલ દ્રવ્યરૂપ થતું
અને દ્રવત્વલક્ષણવાળું પાણી લવણ થતું	અને નિત્ય અનુપયોગલક્ષણ પુદ્ગલ દ્રવ્ય જીવદ્રવ્ય -
ક્ષારત્વ - દ્રવત્વની	ઉપયોગ-અનુપયોગના પ્રકાશ-તમસ્ની જેમ
સહવૃત્તિના અવિરોધને લીધે	સહવૃત્તિના વિરોધને લીધે
અનુભવાય છે :	નથી અનુભવાતું.

તેથી સર્વથા પ્રસાદ પામ ! (શાંત થા !)

વિબોધ પામી 'સ્વદ્રવ્ય આ મ્હારૂં' એમ અનુભવ ! ॥૨૩॥૨૪॥૨૫॥

પુદ્ગલ દ્રવ્યરૂપ થઈ ગયેલું હોય અને પુદ્ગલદ્રવ્ય જીવદ્રવ્ય રૂપ થઈ ગયેલું હોય, તદૈવ - તો જ - ત્યારે જ લવણસ્યોદકમિવ મમેદં પુદ્ગલદ્રવ્યમિત્યનુભૂતિ કિલ ઘટેત - લવણના ઉદકની જેમ - મીઠાના પાણીની જેમ મ્હારૂં આ પુદ્ગલ દ્રવ્ય એમ અનુભૂતિ ખરેખર ! તત્તુ ન કથંનચનાપિ સ્યાત્ - પણ તે તો કોઈ પણ પ્રકારે ન હોય. તથાહિ - જુઓ ! આ પ્રકારે

યથા ક્ષારકત્વલક્ષણં લવણમુદકીભવત્ દ્રવત્વલક્ષણમુદકં ચ લવણીભવદ્ અનુભૂયતે - જેમ ક્ષારત્વ લક્ષણ - ખારાપણા લક્ષણ વાળું લવણ ઉદક રૂપ - પાણી રૂપ થતું અને દ્રવત્વ લક્ષણ - પ્રવાહીપણા લક્ષણવાળું ઉદક-પાણી લવણ રૂપ થતું અનુભવાય છે. શાને લીધે ? ક્ષારત્વદ્રવત્વસહવૃત્ત્યવિરોધાત્ - ક્ષારત્વ-દ્રવત્વની - ખારાપણાની અને દ્રવપણાની - પ્રવાહીપણાની સહવૃત્તિના - સાથે વર્તવાપણાના અવિરોધને લીધે. આ દૃષ્ટાંત કહ્યું, તથા - તેમ દાર્ષ્ટાંતિક - નિત્યોપયોગલક્ષણં જીવદ્રવ્યં પુદ્ગલદ્રવ્યીભવત્ નિત્યાનુપયોગલક્ષણં પુદ્ગલદ્રવ્યં ચ જીવદ્રવ્યીભવત્ ન અનુભૂયતે - નિત્ય ઉપયોગ લક્ષણ - સદા ઉપયોગ લક્ષણવાળું જીવદ્રવ્ય પુદ્ગલ દ્રવ્ય રૂપ થતું અને નિત્ય અનુપયોગલક્ષણ - સદા અનુપયોગ લક્ષણવાળું પુદ્ગલ દ્રવ્ય જીવદ્રવ્ય રૂપ થતું નથી અનુભવાતું શાને લીધે ? ઉપયોગાનુપયોગયોઃ સહવૃત્તિવિરોધાત્ - ઉપયોગ અને અનુપયોગના સહવૃત્તિના - સાથે વર્તવાપણાના વિરોધને લીધે. કોની જેમ ? પ્રકાશતમસોરિવ - પ્રકાશ અને તમસ્ - અંધકારની જેમ.

આથી શું સાર ફલિત થયો ? તત્ સર્વથા પ્રસીદ - તેથી સર્વથા પ્રસાદ પામ, શાંત થા, હેઠો બેસ ! વિબુધ્ય - વિબોધીને - વિશેષે કરી બોધ પામીને - અથવા જાગૃત થઈને, (પાઠાંતરે : વિબુધ્યસ્વ - વિબોધ પામ, વિશેષે કરી બોધ પામ ! - જાગૃત થા !) સ્વદ્રવ્યં મમેદમિત્યનુભવ - સ્વ દ્રવ્યને 'મ્હારૂં આ' એમ અનુભવ ! ॥ ઇતિ **'આત્મખ્યાતિ'** ટીકા આત્મભાવના (પ્રસ્તુત ગાથા) ॥૨૩॥૨૪॥૨૫॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''તીર્થંકર વારંવાર નીચે કહ્યો છે તે ઉપદેશ કરતા હતા - હે જીવ ! તમે બુઝો, સમ્યક્ પ્રકારે બુઝો. મનુષ્યપણું મળવું દુલ્લભ છે અને ચારે ગતિને વિષે ભય છે એમ જાણો. અજ્ઞાનથી સદ્ વિવેક પામવો દુલ્લભ છે એમ સમજો. આખો લોક એકાંતે દુઃખે કરી બળે છે એમ જાણો અને સર્વ જીવ પોતપોતાનાં કર્મને કરી વિપર્યાસપણું અનુભવે છે તેનો વિચાર કરો. (સૂયગડાંગ, અ. ૭-૧૨)''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૦૪

''પ્રવચન અંજન જો સદગુરુ કરે, દેખે પરમ નિધાન;
હૃદય નયન નિહાળે જગધણી, મહિમા મેરૂ સમાન.'' **- શ્રી આનંદઘનજી**

સર્વજ્ઞ જ્ઞાન દૃષ્ટ જીવ, પુદ્ગલ દ્રવ્યરૂપ કેમ થઈ ગયો ?

અત્રે શાસ્ત્રકાર ભગવાને અપ્રતિબુદ્ધના પ્રતિબોધનનો વ્યવસાય કર્યો છે : જેની મતિ અજ્ઞાનથી 'મોહિત' - મોહ પામી ગયેલી - મૂંઝાઈ ગયેલી છે એવો 'બહુભાવ સંયુક્ત' - ઘણા ભાવોનો સંયોગ પામેલ જીવ, 'બદ્ધ' - જીવની સાથે એકક્ષેત્રાવગાહ સંબંધથી બંધાયેલ અને 'અબદ્ધ' - નહિ બંધાયેલ એવા પુદ્ગલ દ્રવ્યને 'મ્હારૂં આ' એમ ભણે છે - કહે છે. તેની સામે નિરુત્તર કરી દે એવો પ્રશ્ન (Paser) પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી મૂકી **પરમર્ષિ કુંદકુંદાચાર્યજી** મધુર વાણીથી મીઠો ઠપકો (ઉપાલંભ) આપતાં ઉદ્બોધે છે - અલ્યા ! 'सव्वण्हुणाणदिट्ठो' - 'સર્વજ્ઞ જ્ઞાન દૃષ્ટ' - સર્વજ્ઞ જ્ઞાને દીઠેલો જીવ જે નિત્ય ઉપયોગ લક્ષણ છે, તે પુદ્ગલ દ્રવ્ય રૂપ કેમ થઈ ગયો ? 'कह सो पुग्गलदव्वीभूदो ?' - કે જેથી 'મ્હારૂં આ' તું જાણે છે - કહે છે ! જો તે જીવ પુદ્ગલ દ્રવ્યરૂપ થઈ ગયો, તો 'ઈતર' - પુદ્ગલ દ્રવ્ય જીવત્વ-જીવપણું પામી ગયું ! તો તું કહેવાને શક્ત-શક્તિમાન્ હો કે મ્હારૂં આ પુદ્ગલ દ્રવ્ય. શાસ્ત્રકારના આ ભાવને ભગવાન **આત્મખ્યાતિ** ટીકાકારે તેવી જ મધુર ઉપાલંભયુક્ત અમૃતવાણીથી સંભૃત કરી ઓર વિકસ્વર કર્યો છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

અપ્રતિબુદ્ધ 'આ પુદ્ગલ મ્હારૂં' એમ અનુભવે છે

જે અપ્રતિબુદ્ધ જીવ છે, તેને આત્માના સ્વભાવભાવનું ભાન નથી, એટલે તે અસ્વભાવભાવોને સ્વીકારતો સતો - 'સ્વ' રૂપ કરી બેસતો, 'આ પુદ્ગલ મ્હારૂં' એમ અનુભવે છે. તે આ પ્રકારે - 'યુગપદ્' - એકીસાથે અનેકવિધ - અનેક પ્રકારની બંધન ઉપાધિના 'સન્નિધાનથી' - એકક્ષેત્રાવગાહરૂપ અત્યંત સમીપપણાથી આત્માના સ્વભાવ રૂપ નહિ એવા અનેક **'અસ્વભાવ ભાવો'** આત્મામાં 'પ્રધાવિત' - વેગે દોડાદોડ કરી રહેલા છે, તે દોડાદોડ કરી રહેલા અસ્વભાવભાવોના સંયોગ વશે કરીને - 'अस्वभावभावानां संयोगवशात्' - આત્માના સ્વભાવભાવનું અત્યંત તિરોહિતપણું - આવરિતપણું - આચ્છાદિતપણું - ઢંકાઈ જવાપણું હોય છે - 'अत्यंततिरोहितस्वभावभावतया' - કોની જેમ ? વિશેષ (પાઠાં : વિચિત્ર) આશ્રયથી 'ઉપર' ઉપરંજન પામેલા સ્ફટિક પાષાણની જેમ. જેમ સ્ફટિક સ્વભાવથી સ્વચ્છ - નિર્મલ - શુક્લ છે, છતાં પાસેમાં રાતું ફૂલ મૂક્યું હોય તો તેમાં રાતી ઝાંઈ-છાયા પડે છે, કાળું ફૂલ મૂક્યું હોય તો કાળી ઝાંઈ પડે છે, એમ ઉપાધિ વિશેષના આશ્રયથી સ્ફટિકના* શુક્લ સ્વભાવભાવનું ઉપાધિરૂપ અસ્વભાવભાવોથી તિરોહિતપણું - ઢંકાઈ જવાપણું - આવરિતપણું હોય છે, તેમ બંધન ઉપાધિરૂપ **અસ્વભાવભાવોથી** આત્માના શુક્લ **સ્વભાવ ભાવનું તિરોહિતપણું** - ઢંકાઈ જવાપણું - આડો આવરણ રૂપ પડદો આવી જવારૂપ આવરિતપણું હોય છે અને તેથી કરીને 'अस्तमितसमस्तविवेकज्योति' - તે જીવની સમસ્ત વિવેક જ્યોતિ 'અસ્તમિત' થાય છે, અસ્ત પમાડાઈ

* ''नैवात्मनो विकारः क्रोधादिः किन्तु कर्मसंबन्धात् ।
स्फटिकमणेरिव रक्तत्वमाश्रितात् पुष्पतो रक्तवत् ॥
आस्तां बहिरुपधिचयस्तनुवचनविकल्पजालमप्यपरम् ।
कर्मकृतत्वान्मत्तः कुतो विशुद्धस्य मम किञ्चित् ॥'' **- શ્રી પદ્મનંદિ પંચવિંશતિકા, નિશ્ચય પંચાશત્, ૨૫, ૨૭**

જાય છે, આથમાઈ જાય છે, એટલે 'महता स्वयमज्ञानेन विमोहितहृदयो' - 'स्वयं' - પોતે આપોઆપ મહા અજ્ઞાનથી તેનું હૃદય 'વિમોહિત' બને છે - વિશેષે કરીને અત્યંત મોહ પામી જાય છે, એટલે પછી સ્વ-પરના ભેદનું ભાન નહિ હોવાથી - સ્વભાવભાવ અને અસ્વભાવ - અપ્રતિબુદ્ધ - અબૂઝ જીવ તે જ અસ્વભાવભાવોને સ્વીકારતો સતો આ પુદ્ગલ દ્રવ્ય મ્હારૂં એમ અનુભવે છે.

''આત્મ સ્વરૂપનો નિર્ણય થવામાં અનાદિથી જીવની ભૂલ થતી આવી છે, જેથી હમણાં થાય એમાં આશ્ચર્ય લાગતું નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૫૦**

''જૈસે મણિ ફટિક સભાવ નિરમલ રૂપ, તૈસે થિર ચેતન સદાઈ નિરમલ હૈ,
તૌભી રાગ દોષ મોહ અપની ઉપાધિ સેતી, વસ્યો હે સંસાર મેં અજ્ઞાન સૌ વિકલ હૈ;
તૌભી તજૈ નાંહિ કબ અપનો સ્વભાવ દ્રવ્ય, ભૂષન કહાવે બહુ કંચન સકલ હૈ,
તમ પક્ષ રાહૂ સંગ ચંદ્ર રાહુ યોગ ભયો, ચંદ્ર કહા તમ હોઈ નિત્ય જો વિમલ હૈ.
કર્મ ઉપાધિ અનાદિકે બંધન પ્રીતિ લગી તુમ્હયા પરસૌં,
રાગરૂં રોસકો રંગ લગ્યો જ્ઊ નીલકો રંગ જ્યું કાપરસો;
પારકી સંપત્તિ આપની થાપિકે થાપન દાબનકો તરસૌ;
ભયૌ તુમ બ્રહ્મ કરમકે કારક મૂરખ રાસ લગે પરસૌ.''

- શ્રી દેવચંદ્રજી કૃત દ્રવ્યપ્રકાશ, ૧-૩૪, ૩-૯૩

અમૃતચંદ્રજીનો મધુર ઉપાલંભ

હવે આવા આ અવિવેકી અજ્ઞાની વિમોહિત હૃદયવાળા મોહમૂઢ અપ્રતિબુદ્ધ-અબૂઝ જીવને મહા વિવેકી પરમ ભેદવિજ્ઞાની અમોહસ્વરૂપ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** જેવા પરમ આત્મજ્ઞાની વીતરાગ સદ્ગુરુ ભગવાન્ અમૃતવાણીથી મધુર ઉપાલંભ આપતાં પરમ નિષ્કારણ કરુણાથી પ્રતિબોધે છે - 'રે दुरात्मन् ! આત્મપંસન્ ! રે દુરાત્મા ! રે આત્મઘાતી ! પરમ અવિવેકથી ભરખાયેલું - ખાઉધરૂં બનેલું આ ત્હારૂં **सतृष्णाभ्यवहारिपणुं છોડી દે ! છોડી દે !** - 'जहीहि जहीहि परमाविवेकघस्मरसतृणाभ्यवहारित्वं ।' હાથી જેમ અન્નગ્રાસ ભેગું ઘાસ ખાય છે તેવું આ ત્હારૂં ગમાર અબૂઝ પશુની પેઠે અન્ન સાથે તૃણ ભક્ષણપણું - ખડ ખાવાપણું **મૂકી દે ! મૂકી દે !**

નિત્ય ઉપયોગલક્ષણ જીવ દ્રવ્ય પુદ્ગલદ્રવ્ય કેમ થઈ ગયું ?

કારણકે - 'दूरनिरस्तसमस्तसंदेहविपर्यासानध्यवसायेन' - જેનાથી સમસ્ત સંદેહ, વિપર્યાસ અને અનધ્યવસાય દૂર નિરસ્ત કરાયા છે, સર્વ 'સંદેહ' - સંશય - શંકા, 'વિપર્યાસ' - વિપરીત ઉલટી ઊંધી માન્યતા અને 'અનધ્યવસાય' - અનિશ્ચય અનિર્ણય દૂર 'નિરસ્ત' - ફગાવાઈ દેવાયા છે, એવા નિઃસંદેહ **સમ્યક્ પરમ અખંડ નિશ્ચય સ્વરૂપ 'વિવેકજ્યોતિ' સર્વત્રજ્ઞાનથી** - 'विश्वैकज्योतिषा सर्वज्ञज्ञानेन' **સ્ફુટ પ્રગટ કરાયેલું જીવદ્રવ્ય પ્રગટપણે નિત્ય ઉપયોગલક્ષણવાળું છે,** 'नित्योपयोगलक्षणं जीवद्रव्यं', તે વારુ, કેવી રીતે પુદ્ગલ દ્રવ્યરૂપ થઈ ગયું ? 'तत् कथं पुद्गल द्रव्यीभूतं - કે જેથી આ પુદ્ગલ દ્રવ્ય મ્હારૂં એમ તું અનુભવે છે !!

લવણના ઉદક જેમ તે કોઈ પ્રકારે હોય નહિ

કારણકે જો કોઈ પણ પ્રકારે જીવ દ્રવ્ય પુદ્ગલ દ્રવ્યરૂપ થઈ ગયેલું હોય અને પુદ્ગલ દ્રવ્ય જીવરૂપ થઈ ગયેલું હોય, તો જ 'लवणस्योदकमिव' લવણના ઉદક-જલની જેમ 'મીઠાના પાણી'ની જેન 'મ્હારૂં આ પુદ્ગલ દ્રવ્ય' એવો અનુભવ ખરેખર ! ઘટે. પણ તે તો કોઈપણ પ્રકારે હોય નહિં અર્થાત્ જીવદ્રવ્ય પુદ્ગલદ્રવ્ય ન થાય અને પુદ્ગલદ્રવ્ય જીવદ્રવ્ય ન થાય. તે આ પ્રકારે :-

ક્ષારપણા લક્ષણવાળું લવણ ઉદક-જલ થતું - 'लवणमुदकीभवत्' - અને દ્રવપણા **લક્ષણવાળું** ઉદક-જલ લવણ થતું - 'उदकं लवणीभवत्' - અનુભવાય છે, અર્થાત્ ખારા પણ લક્ષણવાળું મીઠું પાણી

થાય અને પ્રવાહીપણા લક્ષણવાળું પાણી મીઠું થાય એમ અનુભવ થાય છે. આમ શા માટે ? 'क्षारत्वद्रवत्वसहवृत्त्याविरोधात्' - **ક્ષારત્વ-દ્રવત્વની સહવૃત્તિનો અવિરોધ છે** વૈધર્મ્યથી દૃષ્ટાંત ક્ષારત્વ-દ્રવત્વ માટે, ક્ષારત્વની - ખારાપણાની અને દ્રવત્વની - પ્રવાહીપણાની એકી સાથે વર્તવા રૂપ 'સહવૃત્તિમાં' - એક સાથે હોવાપણામાં - સહ અસ્તિત્વમાં (Co-existence) વિરોધ નથી માટે. એટલે તેમ અનુભવાય છે. તેમ 'नित्योपयोगलक्षणं जीवद्रव्यं' - **નિત્ય ઉપયોગ લક્ષણવાળું જીવદ્રવ્ય પુદ્ગલ** દ્રવ્યરૂપ થતું અને 'नित्यानुपयोगलक्षणं पुद्गलद्रव्यं' - **નિત્યઅનુપયોગ લક્ષણવાળું પુદ્ગલ દ્રવ્ય જીવદ્રવ્ય** રૂપ થતું અનુભવાતું નથી, અર્થાત્ જીવદ્રવ્ય પુદ્ગલ દ્રવ્ય થાય અને પુદ્ગલ દ્રવ્ય જીવદ્રવ્ય થાય એમ અનુભવ થતો નથી. આમ શા માટે ? 'ઉપયોગ-અનુપયોગની સહવૃત્તિનો વિરોધ છે માટે', ઉપયોગની અને અનુપયોગની એકી સાથે વર્તવા રૂપ 'સહવૃત્તિમાં' - એક સાથે હોવાપણામાં - સહ અસ્તિત્વમાં (Co-existence) વિરોધ છે માટે. કોની જેમ ? **'प्रकाश-तमस्'** - પ્રકાશ અને અંધકારની જેમ, 'प्रकाशतमसोरिव' પ્રકાશ અને અંધકાર જેમ એક સાથે એક સ્થળે રહી શકે નહિં, વર્તી શકે નહીં, તેમ ઉપયોગ-સચેતનપણું અને અનુપયોગ-અચેતનપણું એક સાથે એક સ્થળે રહી શકે નહિં, વર્તી શકે નહિં. એટલે નિત્ય ઉપયોગ જેનું લક્ષણ છે એવું ઉપયોગલક્ષણ ચેતન જીવદ્રવ્ય કદી અનુપયોગ લક્ષણ જડ અચેતન પુદ્ગલ દ્રવ્ય થઈ શકે નહિં અને નિત્ય અનુપયોગ જેનું લક્ષણ છે એવું અનુપયોગ લક્ષણ જડ અચેતન પુદ્ગલ દ્રવ્ય કદી ઉપયોગલક્ષણ ચેતન જીવદ્રવ્ય થઈ શકે નહિં. આમ ત્રણે કાળમાં ન ફરે એવી ત્રિકાળાબાધિત અવિચ્છિન્ન અખંડ સિદ્ધાંતરૂપ નિશ્ચય વાર્તા છે.

'तत् सर्वथा प्रसीद !' - માટે હે અબૂઝ જીવ ! તું સર્વથા પ્રસાદ પામ ! શાંત થા ! આત્માના મોહમલને હેઠો બેસાડી ચિત્ત પ્રસન્નતાને પામ ! અને 'विबुध्य' - વિબુધ થઈને - વિશેષે બૂઝીને - પ્રતિબોધ પામીને અથવા જાગૃત થઈને તું આ 'સ્વદ્રવ્ય મ્હારૂં' એમ અનુભવ કર ! 'स्वद्रव्यं ममेदमित्यनुभव !'

''જ્ઞાનીએ કહ્યું છે કે બૂઝો ! કેમ બૂઝતા નથી ? ફરી આવો અવસર આવવો દુર્લભ છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૫૩, પૃ. ૬૭૮

''અનંત કાળથી જીવને અસત્ વાસનાનો અભ્યાસ છે. તેમાં એકદમ સત્ સંબંધી સંસ્કાર સ્થિત થતા નથી. જેમ મલિન દર્પણને વિષે યથાયોગ્ય પ્રતિબિંબ દર્શન થઈ શકતું નથી, તેમ અસત્ વાસનાવાળા ચિત્તને વિષે પણ સત્ સંબંધી સંસ્કાર યથાયોગ્ય પ્રતિબિંબિત થતા નથી. ક્વચિત્ અંશે થાય છે, ત્યાં જીવ પાછો અનંત કાળનો જે મિથ્યા અધ્યાસ છે તેના વિકલ્પમાં પડી જાય છે. એટલે તે ક્વચિત્ સત્ના અંશો પર આવરણ આવે છે. સત્ સંબંધી સંસ્કારોની દૃઢતા થવા સર્વ પ્રકારે લોક-લજ્જાની ઉપેક્ષા કરી સત્સંગનો પરિચય કરવો શ્રેયસ્કર છે.'' **- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૯૫**

''જીવ નવિ પુગ્ગલી નૈવ પુગ્ગલ કદા, પુગ્ગલાધાર નવિ તાસ રંગી;
પર તણો ઈશ નહિં અપર ઐશ્વર્યતા, વસ્તુ ધર્મે ન કદા પરસંગી.'' **- શ્રી દેવચંદ્રજી**

તાત્પર્ય કે - આ જીવે અનાદિથી અજ્ઞાનને લીધે સ્વદ્રવ્યને ભૂલી પરદ્રવ્ય મ્હારૂં એમ અનુભવ્યા કર્યું છે અને તે તે પરભાવના નિમિત્તે રાગ-દ્વેષ-મોહાદિ વિભાવ ભાવોને - અસ્વભાવ ભાવોનો સ્વીકાર કર્યા કર્યો છે, - 'સ્વ' - પોતાના કરી મૂકવા રૂપ 'સ્વીકાર' કર્યા કર્યો છે. એટલે અનાદિ કાળથી આ વિભાવ રૂપ ભાવકર્મથી આત્માના જ્ઞાનદર્શન સ્વભાવનો ઉપમર્દ થયો છે, કચ્ચરઘાણ નીકળી ગયો છે. વિભાવના આક્રમણથી તે સ્વભાવ કચરાઈ ગયો છે, દબાઈ ગયો છે, ઘેરાઈ ગયો છે, ઢંકાઈ ગયો છે, તિરોહિત થયો છે, આવૃત-આચ્છાદિત થયો છે, પણ આત્મવસ્તુનો તે જાતિ સ્વભાવ મૂળ નાશ નથી પામ્યો. આ જે વિભાવ છે તે પણ પરભાવ નૈમિત્તિક છે, અર્થાત્ વિષયાદિ રૂપ પરભાવના નિમિત્તથી રાગાદિ વિભાવ રૂપ અધર્મ ઉપજે છે અને તેથી શુદ્ધ સ્વભાવરૂપ ધર્મથી ભ્રષ્ટ થઈ આત્મા પરભાવનો કર્તા થઈ સંસારમાં રખડે છે. જેમ પરચક્રના આક્રમણથી પુરમાં ઉપમર્દ-ઉપપ્લવ મચી રહે છે,

પરચક્રના આક્રમણથી ચેતન રાજનું 'પદ' ભ્રષ્ટપણું

અંધાધુંધી (Chos) ફેલાઈ જાય છે, સ્વપરનો ભેદ પરખાતો નથી ને અરાજકતાથી સર્વત્ર ભયનું સામ્રાજ્ય વ્યાપી જાય છે, તેમ વિભાવરૂપ પરચક્રના આક્રમણથી ચૈતન્યપુરમાં ઉપમર્દ થાય છે, ઉપપ્લવ મચે છે, અંધાધુંધી વ્યાપે છે, સ્વપરનો ભેદ પરખાતો નથી, સ્વપરની સેળભેળ-ગોટાળો થઈ જાય છે અને ચેતન રાજના 'પદ' ભ્રષ્ટપણાથી અરાજકતાને લીધે સર્વત્ર ભયનું સામ્રાજ્ય જામી જાય છે ! આમ વિભાવરૂપ અધર્મ સેવનથી, સ્વસ્થાનથી ચ્યુત થયલો 'ઠેકાણા વિનાનો' સ્વરૂપ પદથી ભ્રષ્ટ એવો આ આત્મા અનંત ભવભ્રમણ દુઃખ ભોગવે છે.

'પરમ નિધાન પ્રગટ મુખ આગળે'

પણ આ સ્વરૂપ પદ ભ્રષ્ટ ચિદ્‌ઘન આત્મા 'પ્રતિક્રમણ' કરી, પીછેહઠ કરી, મૂળ અસલ સહજ સ્વસ્વભાવપણાનો યોગ સાધે, વિભાવરૂપ પર ઘર છોડી દઈ નિજ સ્વભાવ રૂપ ઘરમાં આવે, ત્યારે તેનો જન્મમરણાદિ રૂપ સંસાર વિરામ પામે અને **સહજાત્મસ્વરૂપ** સ્થિતિ રૂપ મોક્ષ પ્રગટે, ને 'આતમ ઘર આતમ રમે રે, નિજ ઘર મંગલમાલ' થાય અને એટલા માટે જ પરમ કૃપાળુ શ્રીમદ્ સદ્‌ગુરુ જીવને બોધ આપે છે - આત્મન્ ! અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય-આનંદ આદિ ગુણરત્નોનો પરમ* નિધાન, સૌથી મોટામાં મોટો ને કિંમતીમાં કિંમતી ખજાનો એવો આ આત્મા મુખ આગળ પ્રગટ ઉઘાડો પડ્યો છે - સાવ ખુલ્લો પડ્યો છે, તે તું કાં દેખતો નથી ? અને દૃષ્ટિ અંધપણાથી એને ઉલ્લંઘીને કેમ ચાલ્યો જાય છે ? આ તો તું પેલા ખજાનાની શોધમાં નીકળેલા બ્રાહ્મણો જેવું મૂર્ખપણું આચરે છે ! તે બ્રાહ્મણો નીકળ્યા હતા તો ખજાનાની શોધમાં, પણ જ્યાં ખજાનાવાળી જગ્યા આવે છે ત્યાં 'આંધળા કેમ ચાલતા હશે ?' તે અજમાવી જોવાનો તુક્કો તેમના મનમાં ઊઠ્યો. એટલે આંખો મીંચીને ચાલતાં તેઓ તે ખજાનો ઉલ્લંઘી ગયા ! અને તેનું તેમને ભાન નહિં હોવાથી તેઓ હજુ તેની શોધમાં આગળ ને આગળ દોડ્યા જાય છે ! માટે તેવું મૂર્ખપણું નહિં આચરતાં તું અંતર્મુખ અવલોકન કર અને આ પરમ ગુણરત્નના નિધાન રૂપ આત્મદ્રવ્ય-સ્વદ્રવ્ય તું જ છો એવું આત્મભાન આણી આ આત્મદ્રવ્ય જ મ્હારૂં છે એવો અનુભવ કર ! અને અંધકારથી પ્રકાશની જેમ **અનુપયોગ સ્વભાવી પરદ્રવ્યથી ઉપયોગ સ્વભાવી આ આત્મદ્રવ્ય** પ્રગટ ભિન્ન છે એમ અખંડ નિશ્ચયથી જાણ !

''(૧) ઉપયોગ લક્ષણે સનાતન સ્ફુરિત એવા આત્માને દેહથી (તૈજસ્ અને કાર્મણ શરીરથી) પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી,

(૨) તે ચૈતન્યાત્મક સ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી અબંધ દશાને સંપ્રાપ્ત ન થાય ત્યાં સુધી શાતા-અશાતા રૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી એમ નિશ્ચય કરી,

(૩) જે શુભાશુભ પરિણામધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે તે ધરા પ્રત્યે ઉદાસીન થઈ,

(૪) દેહાદિથી ભિન્ન અને સ્વરૂપ મર્યાદામાં રહેલા તે આત્મામાં જે ચલ સ્વભાવ રૂપ પરિણામધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી,

(૫) પરમ શુદ્ધચૈતન્યસ્વભાવ રૂપ પ્રકાશમય તે આત્મા કર્મયોગથી સકલંક પરિણામ દર્શાવે છે તેથી ઉપશમ થઈ,

જેમ ઉપશમિત થવાય, તે ઉપયોગમાં અને તે સ્વરૂપમાં સ્થિર થવાય, અચલ થવાય, તે જ લક્ષ, તે જ ભાવના, તે જ ચિંતવના અને તે જ સહજ પરિણામ રૂપ સ્વભાવ કરવા યોગ્ય છે. મહાત્માઓની વારંવાર એ જ શિક્ષા છે.''* - શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૮૪૦), ૯૧૩



* ''પરમ નિધાન પ્રગટ મુખ આગળે જગત ઉલ્લંઘી હો જાય,
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધોઅંધ પલાય... ધર્મ.'' - શ્રી આનંદઘનજી

* શ્રીમદ્ રાજચંદ્રના આ અમૃતપત્રના પરમાર્થ અંગે જુઓ 'અધ્યાત્મ રાજચંદ્ર' પ્રકરણ-૧૦૩, (ડૉ. ભગવાનદાસ કૃત)

દેહ સાથેના એકત્વ મોહને છોડાવવાનો એક અપૂર્વ કીમિયો પરમ પરમાર્થ શિલ્પી અમૃતચંદ્રજી દર્શાવે છે -

માલિની

अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सत्
ननुभव भवमूर्त्तेः पार्श्ववर्त्ती मुहूर्त्तं ।
पृथगथ विलसंतं स्वं समालोक्य येन,
त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहं ॥२३॥

ક્યમ જ મરી અલ્યા ! થૈ તત્ત્વકૌતૂહલી તું, અનુભવ ભવમૂર્ત્તિ પાર્શ્વવર્તી ઘડી તું,
સ્વ પૃથગ વિલસંતો જેથી સમ્યક્ નિહાળી, ઝટ મૂરતિશું દેશે એકતા મોહ બાળી. ૨૩

અમૃત પદ-૨૩

અલ્યા ! કર અનુભવ ! અનુભવ તું ! અલ્યા ! કર અનુભવ ! અનુભવ તું !
કોઈ પ્રકારે મૃત્યુ પામી, તત્ત્વ કુતૂહલ કામી... અલ્યા. ૧
મૂર્ત્ત દેહનો પાર્શ્વવર્ત્તી તું, મુહૂર્ત અનુરાગી,
તો આત્માને ભિન્ન સર્વથા, વિલસંતો તું જોશે... અલ્યા. ૨
મૂર્ત્તિ સાથે એકપણાનો, મોહ તતક્ષણ ખોશે...
ભગવાન અમૃતમય મૂર્ત્તિનું, દર્શન તુજને હોશે... અલ્યા. ૩

અર્થ : અલ્યા ! કોઈ પણ પ્રકારે મૃત્યુ પામી (મરી જઈ), તત્ત્વકુતૂહલી સતો તું ભવમૂર્ત્તિનો (દેહનો) પાર્શ્વવર્તી પાસે રહેનારો - પાડોશી બની મુહૂર્ત અનુભવ કર ! કે જેથી કરીને પૃથક્-ભિન્ન વિલસંતા સ્વને સમાલોકી તું ઝટ જ મૂર્ત્તિ સાથેનો એકત્વ મોહ ત્યજી દેશે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દૂધ પાણી જૂદાં છે તેમ સત્પુરુષના આશ્રયે, પ્રતીતિએ દેહ અને આત્મા જૂદા છે એમ ભાન થાય, અંતરમાં પોતાના આત્માનુભવ રૂપે જેમ દૂધ ને પાણી જૂદાં થાય તેમ દેહ અને આત્મા જૂદા થાય ત્યારે પરમાત્વપણું પ્રાપ્ત થાય.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, પૃ. ૫૨૬**

''જીવતાં મરાય તો ફરી મરવું ન પડે એવું મરણ ઈચ્છવા યોગ્ય છે.'' ''સતત અંતર્મુખ ઉપયોગે સ્થિતિ એ જ નિર્ગ્રંથનો પરમ ધર્મ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭.**

ઉપરમાં જે ગદ્યભાગમાં કહ્યું તેની પરિપુષ્ટિ રૂપ આ ઉપસંહાર કળશ કહ્યો છે : 'अयि' - અલ્યા ! 'कथमपि मृत्वा' - કેમે કરીને કોઈ પણ પ્રકારે મરી જઈને. એમ તે કેમ બને ? અને શા માટે, 'तत्त्वकौतूहली सन्' - તત્ત્વકૌતૂહલી સતો, જોઈએ તો ખરા તત્વ કેવુંક છે, એમ તત્ત્વનું કુતૂહલ - કૌતુક જેને ઉપજ્યું છે એવો થઈને. એમ મરી જઈને શું ? અનુભવ भवमूर्त्तेः पार्श्ववर्त्ती मुहूर्त्तं - ભવમૂર્ત્તિનો પાર્શ્વવર્તી થઈ મુહૂર્ત અનુભવ ! - 'ભવમૂર્તિ'નો ભવની - સંસારની જે 'મૂર્તિ' - મૂર્તિમાન્ સ્વરૂપ છે એવો મૂર્ત પુદ્ગલમય દેહનો **'પાર્શ્વવર્તી'** - પાર્શ્વે - પડખે વર્તનારો - પાડોશી (Neighbour) થઈને મુહૂર્તભર અનુભવ કર ! એથી શું ? 'पृथगथ विलसंतं स्वं समालोकय येनं' પૃથગ્ વિલસંતા સ્વને સમાલોકીને 'પૃથગ્'-સર્વ અન્ય ભાવથી ભિન્ન જૂદા-અલગ એવા 'સ્વને' પોતાને આત્માને સમાલોકીને 'સમ્' સમ્યક્ પ્રકારે આ - વસ્તુની મર્યાદા પ્રમાણે લોકીને - દેખીને - સાક્ષાત્ કરીને, 'त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहं' ઝટજ મૂર્ત્તિની સાથેનો એકત્વમોહ તું ત્યજશે, 'ઝટજ' શીઘ્રજ - એકદમ જ 'મૂર્ત્તિની' - મૂર્ત્ત એવાં પુદ્ગલની મૂર્ત્તિની સાથે એકપણાનો મોહ તું છોડી દેશે.

તત્ત્વકૌતૂહલી થઈ દેહનો પાડોશી બની અવલોક !

અધ્યાત્મગગનમાં ગગનગામિની કલ્પનાની પાંખે ઊડનારા પરમ પરમાર્થકવિ પરમર્ષિ પરમ ભાવિતાત્મા અમૃતચંદ્રજી અત્રે મુમુક્ષુઓને અપૂર્વ આત્માપ્રેરણા કરતાં ઉદ્બોધે છે કે - અહો મુમુક્ષુ ! અમે આટલું આટલું સ્પષ્ટ સમજાવ્યું છતાં હજુ જો તો ન સમજતો હો, તો તું આમ અમે કહીએ છીએ તે

એક યુક્તિ અજમાવી જો ! કે જેથી કરીને તું ઝટ સમજી જઈશઃ 'તત્ત્વ કુતૂહલી' - તત્ત્વનો કુતૂહલના થઈ - તત્ત્વ કેવુંક છે તે જોઈને તો ખરાં એમ તત્ત્વ જાણવાના કુતૂહલની - કૌતુકની ખાતર, તું મરી જા - કોઈ પ્રકારે જાણે મૃત્યુ પામ્યો છે એમ ધાર; અને આ 'ભવમૂર્ત્તિ' - સંસારના મૂર્ત્ત સ્વરૂપ આ દેહ છે, તેનો 'પાર્શ્ववર્ત્તી' પડખે વર્ત્તનારો પાડોશી થઈને મુહૂર્ત્તભર અનુભવ કર ! અર્થાત્ આ જડ દેહ જાણે મરી ગયો છે, મડદું છે અને તું તેને પાડોશીની જેમ પડખે રહીને તટસ્થ દૃષ્ટાપણે સાક્ષી ભાવે જોયા કરે છે એવો અનુભવ કર ! એટલે 'પૃથક્' - તે દેહથી સાવ ભિન્ન વિલસી રહેલા એવા આત્માનું તને સમ્યગ્ દર્શન થશે અને તે અમૂર્ત આત્માનું સમ્યગ્ દર્શન થશે એટલે તું ઝપાટા બંધ જ આ 'મૂર્ત્તિ' - મૂર્ત દેહ સાથેના એકપણાનો મોહ છોડી દેશે. હે મુમુક્ષુ ! આત્માનુભવની આ અમે આપેલી રહસ્ય ચાવી (master-key) તું આત્માનુભવ કરીને પોતે જ અજમાવી જો !

લોકપુરુષનું અપૂર્વ અદ્‌ભુત રહસ્ય

'આ આત્મ અનુભવરૂપ સ્વરૂપ પદ કાંઈ બ્હારમાં નથી, અંતરમાં જ વર્તે છે, મેરુ સમો મહા મહિમાવાન આ **'પરમ નિધાન પ્રગટ મુખ આગળે'** જ પડ્યો છે, છતાં આ અજ્ઞાની જગત્ અંધની જેમ તેને ઉલ્લંઘીને ચાલ્યું જાય છે ! કારણકે આખા બ્રહ્માંડ સંબંધી અનંત કલ્પનારૂપ સ્વચ્છંદ વિચાર કરવામાં આ જીવે કાંઈ બાકી રાખી નથી, પણ હું પોતે કોણ છું ? મ્હારું ખરું સ્વરૂપ શું છે ? એ એક મૂળભૂત કેન્દ્રસ્થ વસ્તુનો જીવે શાંતભાવે વિવેકપૂર્વક ભાગ્યે જ વિચાર કર્યો છે. એટલે એ આખા લોકને જાણવાની ચેષ્ટા કરે છે, પણ દેહ દેવળમાં બિરાજમાન આત્મદેવના સ્વરૂપને જાણવાની તમા કરતો નથી ! આ *લોક પુરુષાકારે છે એનું વર્ણન વિસ્તારવાની ચતુરાઈ તે દાખવે છે, પણ જ્ઞાનીઓએ કહેલા આ પુરુષાકાર લોકનો ભેદ શું છે ? અને એમ કહેવાનું કારણ શું છે ? તેનો વિચાર કરવાની તકલીફ તે લેતો નથી ! પણ 'પિંડે સો બ્રહ્માંડે' - આ શરીર પરથી આ લોક-પુરુષનો ઉપદેશ જ્ઞાન-દર્શનના ઉદ્દેશે જ્ઞાનીઓએ કર્યો છે, એ રહસ્ય લક્ષમાં લઈ, એ બ્રહ્માંડની લઘુ આવૃત્તિ સમા આ પિંડને ખોજે-ખોળે, તો તેને આત્મસ્વરૂપનો પત્તો લાગે, 'ખોજ પિંડ બ્રહ્માંડકા, પત્તા તો લગ જાય', અને અલોકમાં રહેલા લોકને અવલોકે - **'લોકરૂપ અલોકે દેખ.'** અર્થાત્ નહિં અવલોકનારા એવા અલોકમાં - અચેતન એવા જડ દેહમાં સ્થિતિ કરતા લોકને એટલે કે અવલોકનારા આત્માને દેખે અને એમ સ્પષ્ટ ભેદરૂપ જીવ-અજીવની સ્થિતિ દેખે, એટલે એનો 'ઓરતો' ને શંકા ખોવાઈ જાય. 'ટળ્યો ઓરતો' શંકા ખોઈ. આમ એકત્ર છતાં જૂદા ને જૂદા એવા જીવ-અજીવની સ્થિતિનું આશ્ચર્ય જે જાણે છે, તે જ જાણ-જ્ઞાની છે અને જ્યારે જ્ઞાન-ભાણ પ્રગટે છે ત્યારે જ આ જાણે છે. - **પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા, પાઠ-૨૬ (સ્વરચિત)**

આ સર્વ વસ્તુ **'લોકપુરુષનું'** અપૂર્વ અદ્‌ભુત રહસ્ય પ્રકાશતા પરમ અલૌકિક કાવ્યમાં **પરમતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીએ** અનન્ય લાક્ષણિક શૈલીથી સંગીત કરી છે...

*''લોક પુરુષ સંસ્થાને કહ્યો, એનો ભેદ તમે કાંઈ લહ્યો,
એનું કારણ સમજ્યા કાંઈ, કે સમજાવ્યાની ચતુરાઈ ?
શરીર પરથી એ ઉપદેશ, જ્ઞાન દર્શન કે ઉદ્દેશ,
જેમ જણાવો સુણિયે તેમ, કાં તો લઈએ દઈએ ક્ષેમ.
મૂળ સ્થિતિ જો પૂછો મને, તો સોંપી દઉં યોગી કને,
પ્રથમ અંત ને મધ્યે એક, લોકરૂપ અલોકે દેખ.
એમજ સ્થિતિ ત્યાં નહિં ઉપાય, ઉપાય કાં નહિં શંકા જાય,
જીવાજીવ સ્થિતિને જોઈ, ટળ્યો ઓરતો શંકા ખોઈ.
એ આશ્ચર્ય જાણે તે જાણ, જાણે જ્યારે પ્રગટે ભાણ,
સમજે બંધમુક્તિ યુક્ત જીવ, નિરખી ટાળે શોક સદીવ.''

- પરમ તત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી, (અં. ૧૭૭, ૧૦૮)

હવે અપ્રતિબુદ્ધ કહે છે -

जदि जीवो ण सरीरं तित्थयरायरियसंथुदी चेव ।
सव्वावि हवदि मिच्छा तेण दु आदा हवदि देहो ॥२६॥

જીવ જો શરીર હોય ના રે, તીર્થંકર સૂરિ સ્તુતિ જેહ;
સર્વેય મિથ્યા હોય તે રે, તેથી આત્મા છે દેહ... રે આત્મન્ ! વંદો સમયસાર. ૨૬

ગાથાર્થ : જીવ જો શરીર નથી, તો તીર્થંકર આચાર્યની સંસ્તુતિ તે સર્વે પણ મિથ્યા હોય છે, તેથી આત્મા તે દેહ હોય છે.

अथाहाप्रतिबुद्धः

आत्मख्याति टीका

यदि जीवो न शरीरं तीर्थंकराचार्यसंस्तुति श्चैव ।
सर्वापि भवति मिथ्या तेन तु आत्मा भवति देहः ॥२६॥
यदि य एवात्मा तदेव शरीरं पुद्गलद्रव्यं न भवेत्तदा -

(ગાથા અંતર્ગત કળશ ૨૪)

कांत्यैव स्नपयंति ये दशदिशो धाम्ना निरुन्धंति ये,
धामोद्दाममहस्विनां जनमनो मुष्णंति रूपेण ये ।
दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरंतोऽमृतं,
वंद्यास्तेऽष्टसहलक्षणधरास्तीर्थेश्वराः सूरयः ॥२४॥
इत्यादिका तीर्थकराचार्यस्तुतिसमस्तापि मिथ्या स्यात् ।
ततो य एवात्मा तदेव शरीरं पुद्गलद्रव्यमु, इति ममैकान्तिकी प्रतिपत्तिः ॥२६॥

આત્મખ્યાતિ ટીકાર્થ

જો જે જ આત્મા છે તે જ શરીર પુદ્ગલ દ્રવ્ય ન હોય તો -

(કળશ ૨૪)

કાંતિથી ન્હવરાવતા દશ દિશો, તેજસ્વીના તેજને,
રૂંધે જે નિજ તેજથી જનમનો ચોરે રૂપેથી અને;
કર્ણે દિવ્ય ધ્વનિથી જે સુખકરા સાક્ષાત્ અમૃતક્ષરા,
વંદ્યા અષ્ટ સહસ્રલક્ષણ ધરા તે સૂરિ તીર્થેશ્વરા. ૨૪

ઈત્યાદિકા તીર્થકરાચાર્યસ્તુતિ સમસ્ત પણ મિથ્યા હોય, તેથી જે જ આત્મા તે જ શરીર પુદ્ગલ દ્રવ્ય છે, એવી મ્હારી ઐકાન્તિકી પ્રતિપત્તિ છે.

---

* **આત્મભાવના** - अथाहाप्रतिबुद्धः - હવે અપ્રતિબુદ્ધ - પ્રતિબોધ નહિ પામેલો પુરુષ શંકા ઉઠાવે છે - यदि जीवो न शरीरं - જો જીવ શરીર નથી, तो तीर्थकराचार्यसंस्तुतिश्चैव सर्वापि भवति मिथ्या - તીર્થકરાચાર્યની - તીર્થંકર પરમગુરુની संस्तुति જ - સમ્યક્ સ્તુતિ જ सर्वेय मिथ्या - ફોગટ - નિરર્થક હોય છે, तेन तु आत्मा भवति देहः - તેથી તો આત્મા દેહ હોય છે. ॥ इति **गाथा** आत्मभावना ॥२६॥

यदि य एवात्मा तदेव शरीरं पुद्गलद्रव्यं न भवेत् - જો જેજ આત્મા તે જ શરીર - પુદ્ગલ દ્રવ્ય ન હોય, तदा - તો कांत्यैव स्नपयंति ये दशदिशो - ઈ. કળશ કાવ્ય પ્રમાણે (જુઓ અર્થ), इत्यादिका तीर्थकराचार्यस्तुतिसमस्ता मिथ्या स्यात् - ઈત્યાદિક તીર્થંકર-આચાર્ય સ્તુતિ સર્વે જ મિથ્યા હોય. આ પરથી શું ? ततो य एवात्मा - તેથી જે જ આત્મા, तदेव शरीरं पुद्गलद्रव्यं - તે જ શરીર પુદ્ગલ દ્રવ્ય, इति ममैकान्तिकी प्रतिपत्तिः - એમ મ્હારી એકાન્તિકી પ્રતિપત્તિ - માન્યતા છે. એમ અપ્રતિબુદ્ધ શંકા કરે છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना (ગાથા અંતર્ગત કળશ ૨૪) ॥૨૬॥

અમૃત પદ-૨૪

(રોળાવૃત્ત)

કાંતિથી જે ન્હવરાવે છે દશે દિશાને યતિપતિ,
ઢાંકી દે જે મહાતેજના તેજોને નિજ તેજ વતી;
રૂપથી ચોરે જનમનને જે દિવ્ય ધ્વનિથી 'અમૃત' ઝરે,
અષ્ટોત્તરસહસ્ત્ર લક્ષણા તીર્થંકરા તે વંદ્ય ખરે ! ૨૪

અર્થ - કાંતિથી જ જેઓ દશે દિશાઓને ન્હવરાવે છે, તેજથી જેઓ ઉદ્દામ મહસ્વીઓના (મહા તેજસ્વીઓના) તેજને નિરુંધે છે, રૂપથી જેઓ જનમનને ચોરે છે, દિવ્ય ધ્વનિથી જેઓ શ્રવણને સુખરૂપ એવું સાક્ષાત્ 'અમૃત' ક્ષરે છે, તે એક હજારને આઠ લક્ષણ ધરનારા તીર્થેશ્વર સૂરિઓ વંદ્ય-વન્દન કરવા યોગ્ય છે. ૨૪

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરિજ એહ અમાપ.''

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૫૮

''દેહધારી છતાં નિરાવરણ જ્ઞાન સહિત વર્તે છે એવા મહા પુરુષોને ત્રિકાળ નમસ્કાર.''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૬૭૯

''सोमगुणेहिं पावइ न तं, नवसरयससी । तेअगुणेहिं पावइ न तं नवसरदरवी ।
रूवगुणेहिं पावइ न तं तिअसगणवई, सारगुणेहिं पावइ न तं धरणीधरवई ।।''

- શ્રી અજિત શાંતિસ્તવ

અપ્રતિબુદ્ધને સમજાવવા માટે આટલું કહ્યું છતાં હજુ અપ્રતિબુદ્ધ આશંકા ઉઠાવે છે - જો જે જ આત્મા છે, તે જ શરીર પુદ્ગલ દ્રવ્ય ન હોય, તો તીર્થંકર આચાર્યોની પરમ ગુરુ તીર્થંકરોની જે દેહાશ્રિત સ્તુતિઓ કરવામાં આવે છે, તે સર્વે જ 'મિથ્યા' - ફોગટ - નિરર્થક - નિષ્ફળ થશે. જેમાં कांत्यैव स्नपयंति ये दशदिशो ઈ. કળશ કાવ્યમાં વર્ણવી છે.

વિશ્વવંદ્ય તીર્થંકરના અનુપમ કાંતિ તેજ આદિનું અદ્ભુત વર્ણન

તીર્થંકર આચાર્યની દેહઆશ્રયી સ્તુતિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ દર્શાવતો અતિ અતિ ઉચ્ચ કક્ષાના નૈસર્ગિક અપૂર્વ કવિત્વ રસભર્યો અને ભગવદ્ ભક્તિના પરમોલ્લાસમાં પોતાની સમસ્ત કવિ પ્રતિભા ઠાલવતો આ કળશ (૨૪) પરમ પરમાર્થ મહાકવીશ્વર **અમૃતચંદ્રજીએ** અપૂર્વ ભાવથી સંગીત કર્યો છે, તેમાં **૧૦૦૮ શ્રી તીર્થંકર પરમ ગુરુના** કાંતિ-તેજ-રૂપ ધ્વનિનું અનુપમ હૃદયંગમ વર્ણન કર્યું છે : 'कांत्यैव स्नपयंति ये दशदिशो' - કાંતિથી જ જેઓ દશે દિશાઓને સ્નપિત કરે છે - સ્નાન કરાવે છે - ન્હવરાવે છે, धाम्ना उद्दाममहस्विनां धाम निरुंधंति - ધામથી-તેજથી જેઓ ઉદ્દામ-ઉત્કટ મહસ્વીઓના-મહા તેજસ્વીઓના ધામને-તેજને નિરુંધે છે, નિતાંતપણે રોધે છે-રોકી દે છે, 'रूपेण ये जनमनो मुष्णंति' - રૂપથી જેઓ જનમનને - લોકોના મનને ચોરે છે - હરી લે છે, 'दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरंतोऽमृतं' - દિવ્ય ધ્વનિથી જેઓ બન્ને શ્રવણમાં - કર્ણમાં સુખરૂપ એવું સાક્ષાત્ 'અમૃત' ક્ષરે છે - ખરે છે, 'वंद्यास्तेष्टसहस्रलक्षणधराः' 'वंद्य' - વંદનીય - વંદવા યોગ્ય છે તે અષ્ટ સહસ્ત્રલક્ષણધરો-એક હજારને આઠ લક્ષણ ધરનારા, કોણ ? 'तीर्थेश्वरा सूरयः - તીર્થેશ્વરો સૂરિઓ, તીર્થના ઈશ્વર-સ્વામી-નાથ એવા 'સૂરિઓ' - સૂર્ય સમા પ્રકાશવંત આચાર્ય ભગવંતો, પરમ

ગુરુઓ, પરમ જગદ્‌ગુરુઓ. અર્થાત્ આવા કાંતિમાન્, તેજવાન્, રૂપવાન્, દિવ્ય ધ્વનિવાન્ એક હજારને આઠ લક્ષણવંતા પરમ જગદ્‌ગુરુ તીર્થંકરો વંદનાર્હ - પરમ 'અમૃતપદ' - મોક્ષપદ દર્શક પરમ શાંતસુધારસ પરમ અર્હતો છે. અત્રે વાચક 'અમૃત' શબ્દથી **'અમૃતચંદ્રજી'**નું નામ પણ અદ્‌ભુત તત્ત્વ-અર્થ ચમત્કૃતિથી સહજપણે ધ્વનિત થાય છે. અત્રે અતિશયોક્તિ અલંકારનો પ્રકાર છે. તે આ પ્રકારે - આ ભગવંતોની કાંતિ દશે દિશાઓને ન્હવરાવે છે, એટલે એઓના કાંતિ જલનું પૂર કેટલું બધું અતિશયવંત હશે ? કારણકે ન્હવરાવવાનું અને તે પણ 'દશે' દિશાઓને ન્હવરાવવાનું તો એમના અંગમાંથી એટલું બધું વિપુલ કાંતિ-જલ ઉછળતું હોય તો જ બને. અત્રે કાંતિ જાણે જલ હોય એવો ધ્વનિ છે. ઈત્યાદિ સ્વબુદ્ધિથી વિચારવું.

ઈત્યાદિ પ્રકારે તીર્થંકરના દેહને આશ્રીને સ્તુતિ છે. તે દેહ જો આત્મા ન હોય તો આ સ્તુતિ કેમ ઘટે ? તે મિથ્યા કેમ ન હોય ? માટે આત્મા એ જ દેહ-પુદ્‌ગલ દ્રવ્ય જ છે. એમ મ્હારી ઐકાન્તિકી-એકાન્તરૂપ પ્રતિપત્તિ - માન્યતા છે, જીવ-પુદ્‌ગલ દ્રવ્ય એ બન્નેનો એક અંત-ધર્મ છે એવી એકાંત રૂપ માન્યતા છે. એવા પ્રકારે અત્ર અપ્રતિબુદ્ધે શંકા ઉઠાવી છે. દેહધારી વીતરાગ જ્ઞાનીનું જગત્‌જીવોને ઓળખાણ કેમ થતું નથી, તેનો અદ્‌ભુત તાત્ત્વિક અલૌકિક ખુલાસો કરતાં પરમતત્ત્વદૃષ્ટા **પરમ વીતરાગમૂર્ત્તિ શ્રીમદ્ રાજચંદ્રજી** પ્રકાશે છે કે -

''મનુષ્યાદિને જગત્‌વાસી જીવો જાણે છે, તે દૈહિક સ્વરૂપથી તથા દૈહિક ચેષ્ટાથી જાણે છે. એકબીજાની મુદ્રામાં તથા આકારમાં ઈંદ્રિયોમાં જે ભેદ છે, તે ચક્ષુ આદિ ઈંદ્રિયોથી જગત્‌વાસી જીવ જાણી શકે છે અને કેટલાક તે જીવોના અભિપ્રાય પણ અનુમાન પરથી જગત્‌વાસી જીવ જાણી શકે છે, કેમકે તે તેના અનુભવનો વિષય છે, પણ જ્ઞાનદશા અથવા વીતરાગ દશા છે તે મુખ્યપણે દૈહિક સ્વરૂપ તથા દૈહિક ચેષ્ટાનો વિષય નથી, અંતરાત્મ ગુણ છે અને અંતરાત્મપણું બાહ્ય જીવોના અનુભવનો વિષય ન હોવાથી, તેમજ તથારૂપ અનુમાન પણ પ્રવર્તે એવા જગત્‌વાસી જીવોને ઘણું કરીને સંસ્કાર નહીં હોવાથી જ્ઞાની કે વીતરાગને તે ઓળખી શકતા નથી. કોઈક જીવ સત્સમાગમના યોગથી સહજ શુભ કર્મના ઉદયથી તથારૂપ કંઈ સંસ્કાર પામીને જ્ઞાની કે વીતરાગને યથાશક્તિ ઓળખી શકે. તથાપિ ખરેખરૂં ઓળખાણ તો દૃઢ મુમુક્ષતા પ્રગટ્યે, તથારૂપ સત્સમાગમથી પરિણમ્યે જીવ જ્ઞાનીને કે વીતરાગને ઓળખી શકે.'' (ઈત્યાદિ) - **શ્રીમદ્ રાજચંદ્ર**, અં. (૫૮૭), ૬૭૪



એમ નથી, તું નય વિભાગથી અનભિજ્ઞ (અજાણ) છો -

ववहारणयो भासदि जीवो देहो य हवदि खलु इक्को ।
ण दु णिच्छयस्स जीवो देहो य कदावि एकट्ठो ॥२७॥

વ્યવહાર નય ભાખે ખરે રે ! જીવ ને દેહ છે એક;
નિશ્ચય મતે જીવ દેહ તે રે, કદીય અર્થ ન એક... રે આત્મન્ ! વંદો સમયસાર. ૨૭

ગાથાર્થ : વ્યવહાર નય ભાખે છે કે - જીવ અને દેહ ખરેખર એક છે, પણ નિશ્ચયનયના અભિપ્રાયે તો જીવ અને દેહ કદાપિ એક અર્થ નથી. ૨૭

आत्मख्याति टीका

नैवं नयविभागानभिज्ञोसि -

व्यवहारनयो भाषते जीवो देहश्च भवति खल्वेकः ।
न तु निश्चयस्य जीवो देहश्च कदाप्येकार्थः ॥२७॥

इह खलु परस्परावगाढावस्थायामात्मशारीरयोः समवर्त्तितावस्थायां कनककलधौतयोरेकस्कंधव्यवहारवद् **व्यवहारमात्रेणैवैकत्वं न पुन र्निश्चयतः** । निश्चयतो ह्यात्मशरीरयोरुपयोगानुपयोगस्वभावयोः कनककल धौतयोः पीतपांडुरत्वादिस्वभावयोरिवात्यंतव्यतिरिक्तत्वेनैकार्थत्वानुपपत्तेः नानात्वमत्येवं हि किल नयविभागः । ततो व्यवहारनयेनैव शरीरस्तवनेनात्मस्तवनमुपपन्नं ॥२७॥

આત્મખ્યાતિ ટીકાર્થ

અહીં ખરેખર !
પરસ્પર અવગાઢ અવસ્થામાં
આત્મા અને શરીરનું
સમવર્ત્તિત અવસ્થામાં
કનક-કલધૌતના (સોના-ચાંદીના)
એકસ્કંધ વ્યવહારની જેમ
વ્યવહારમાત્રથી જ
એકત્વ છે,
નહિં કે નિશ્ચયથી :

નિશ્ચયથી તો
ઉપયોગ-અનુપયોગ સ્વભાવવાળા
આત્મા અને શરીરનું,
પીળાપણા-ધોળાપણા આદિ સ્વભાવવાળા
કનક-કલધૌતની (સોના-ચાંદીની) જેમ-
અત્યંત વ્યતિરિક્તપણાએ કરીને
એક અર્થની અનુપપત્તિને લીધે
નાનાત્વજ છે.

એમ જ સ્ફુટપણે નય વિભાગ છે.
તેથી વ્યવહાર નયથી જ
શરીરસ્તવન વડે આત્મસ્તવન ઉપપન્ન (ઘટમાન) છે. ॥૨૭॥

आत्मभावना -

नैवं नयविभागोनभिज्ञासि - હે શિષ્ય ! એમ નથી. તું નય વિભાગથી અનભિજ્ઞ - અજાણ છે. व्यवहारनयो भाषते - વ્યવહાર નય ભાખે છે - કહે છે, जीवो देहश्च खलु एकः भवति - જીવ અને દેહ ખરેખર ! એક હોય છે, निश्चयस्य तु जीवो देहश्च न कदाप्येकार्थ - પણ નિશ્ચયના અભિપ્રાયે તો જીવ અને દેહ કદાપિ - કદી પણ એકાર્થ - એક પદાર્થ નથી. ॥ इति **गाथा** आत्मभावना ॥२७॥

इह खलु - અહીં ખરેખર ! परस्परावगाढावस्थायां - પરસ્પર - એકબીજા સાથે અવગાઢ અવસ્થામાં आत्मशरीरयोः

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જે દેહધારી સર્વ અજ્ઞાન અને સર્વ કષાયરહિત થયા છે તે દેહધારી મહાત્માને ત્રિકાળ પરમભક્તિથી નમસ્કાર હો, નમસ્કાર હો. તે મહાત્મા વર્તે છે તે દેહને, ભૂમિને, ઘરને, માર્ગને, આસનાદિ સર્વને નમસ્કાર હો, નમસ્કાર હો.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક (૫૮૭), ૬૭૪**

''वरकनकसंखविद्रुममरगयघणसन्निहं विगयमोहं ।

सत्तरिसयं जिणाणं सव्वामरपूइअं वंदे ।।'' - **શ્રી પ્રતિક્રમણ સૂત્ર**

વ્યવહારથી જીવ-દેહ એક, નિશ્ચયથી ન એક : સોના ચાંદીનું દૃષ્ટાંત

અપ્રતિબુદ્ધની શંકાનું સમાધાન કરતાં 'હે અપ્રતિબુદ્ધ ! તું કહે છે એમ નથી, તું નયવિભાગથી - અનભિજ્ઞ - અજાણ છે.' એમ કહી અત્રે વ્યવહારથી અને નિશ્ચયથી દેહ-આત્માના સંબંધની સ્પષ્ટતા બતાવી છે : વ્યવહારનય કહે છે કે જીવ અને દેહ ખરેખર ! ચોક્કસ એક છે, પણ નિશ્ચયનયના અભિપ્રાયે તો જીવ અને દેહ કદી પણ-કોઈ કાળે પણ એકાર્થ નથી - એક પદાર્થ - વસ્તુ નથી. આ ગાથાનો ભાવાર્થ સમજાવતાં **આત્મખ્યાતિકારજી** વદે છે કે - 'અહીં' - આ લોકને વિષે 'ખરેખર' - ચોક્કસ નિયતપણે - પરસ્પર - એક બીજા સાથે 'અવગાઢ' - એક બીજાને અવગાહ આપનારી - અત્યંત ગાઢ અવસ્થામાં - દશામાં 'કનક-કલધૌતના' - સોના ચાંદીના એકસ્કંધ વ્યવહારની જેમ. ભલે આમ વ્યવહારથી એકત્વ હો, નિશ્ચયથી શું છે ? પણ નિશ્ચયથી તેમ નથી. નિશ્ચયથી તો 'उपयोगानुपयोग-स्वभाववोः' - ઉપયોગ-અનુપયોગ સ્વભાવવાળા આત્મા-શરીરનું 'નાનાત્વ' - નાનાપણું - જૂદાપણું છે. શાને લીધે ? 'अत्यंतव्यतिरिक्तत्वेन' - અત્યંત - સર્વથા વ્યતિરિક્તપણાએ કરીને - જૂદાપણાએ કરીને એકાર્થપણાની અનુપપત્તિને લીધે - અઘટમાનતાને લીધે, 'एकार्थत्वानुपपत्तेः' - કોની જેમ ? પીત-પાંડુરત્વ આદિ - પીતત્વ-પીળાપણું પાંડુરત્વ - ધોળાપણું આદિ સ્વભાવવાળા કનક-કલધૌતની - સોનાચાંદીની જેમ. એમ ખરેખર ! સ્ફુટપણે નયવિભાગ - નયની વહેંચણી છે. તેથી વ્યવહારનયથી જ શરીરસ્તવનથી આત્મસ્તવન ઉપપન્ન-ઘટમાન છે, ઘટે છે - 'व्यवहारनयेनैव शरीरस्तवनेनात्मस्तवनमुपपन्नं' । -

અર્થાત્ આત્મા અને શરીરની એક બીજા સાથે અવગાઢ - અત્યંત ગાઢ એક બીજાને અવગાહ આપનારી સમવર્ત્તિત અવસ્થા છે, સાથે વર્તવા રૂપ - સહવર્તિપણા રૂપ - અવસ્થા છે, આત્મા અને શરીર ક્ષીર-નીરની જેમ એકબીજા સાથે અત્યંત ગાઢ સંયોગ સંબંધથી એકક્ષેત્રાવગાહપણે સ્થિતિ કરી રહ્યા છે, આવી સહઅસ્તિત્વ રૂપ (Co-existence) સમવર્ત્તિ અવસ્થામાં તે બન્નેનું વ્યવહાર માત્રથી જ એકપણું છે, પણ નિશ્ચયથી નથી. જેમ સોનું અને ચાંદી ભેગા કર્યા હોય, તેનો એક ગઠ્ઠા રૂપ એકસ્કંધ વ્યવહાર છે, તેમ વ્યવહાર માત્રથી જ આત્મા અને શરીરનું એકપણું છે, પણ નિશ્ચયથી તેમ નથી.

व्यवहारमात्रेणैवैकत्वं - આત્મા અને શરીરનું વ્યવહાર માત્રથી જ એકત્વ-એકપણું છે. કોની જેમ ? समवर्त्तितावस्थायां - સમવર્ત્તિત - એકી સાથે વર્તી રહેલી અવસ્થામાં कनककलधौतयोरेकस्कंधव्यवहारवत् - કનક-કલધૌતના - સોના ચાંદીના એકસ્કંધ વ્યવહારની જેમ. વ્યવહારથી આ એકત્વ ભલે હો, પણ न पुनः निश्चयतः - પુનઃ નિશ્ચયથી એકત્વ નથી ત્યારે નિશ્ચયથી શી સ્થિતિ છે ? निश्चयतो आत्मशरीरयोरुपयोगानुपयोगस्वभावयोः नानात्वं - કારણકે નિશ્ચયથી તો ઉપયોગ - અનુપયોગ સ્વભાવ આત્મા-શરીરનું નાનાત્વ - નાનાપણું - જૂદાજૂદાપણું છે. શાને લીધે ? अत्यंतव्यतिरिक्तत्वेनैकार्थत्वानुपपत्तेः - અત્યંત વ્યતિરિક્તપણાએ કરીને - ભિન્નપણાએ કરીને એકાર્થપણાની અનુપપત્તિને લીધે - અઘટમાનતાને લીધે. કોની જેમ નાનાપણું છે ? कनककलधौतयोः पीतपांडरत्वादिस्वभावयोरिव - પીતત્વ - પાંડુરત્વ આદિ - પીળાપણા - ધોળાપણા આદિ સ્વભાવવાળા સોના-ચાંદીની જેમ.

एवं हि किल नयविभागः - એમ જ સ્ફુટપણે નય વિભાગ છે. એવા પ્રકારે આત્મા અને શરીરનું વ્યવહારમાત્રથી જ એકત્વ, નિશ્ચયથી નાનાત્વ એમ નયની વ્હેંચણી છે. આ ઉપરથી શું ફલિત થયું ? ततो व्यवहारनयेनैव शरीरस्तवनेनात्मस्तवनमुपपन्नं - તેથી વ્યવહાર નયથી જ શરીરસ્તવન વડે કરીને આત્મસ્તવન-આત્માનું સ્તવન ઉપપન્ન - ઘટમાન છે. ।। इति **'आत्मख्याति' आत्मभावना** ।।२७।।

નિશ્ચયથી તો આત્મા અને શરીરનું પ્રગટ નાનાત્વ-નાનાપણું-જૂદાપણું - ભિન્નપણું છે. કારણકે આત્મા 'ઉપયોગ સ્વભાવવાળો' - જ્ઞાનદર્શન સ્વભાવવાળો ચેતન છે અને શરીર 'અનુપયોગ સ્વભાવવાળું' અચેતન જડ છે. સોનાનો સ્વભાવ પીળો છે અને ચાંદીનો સ્વભાવ ધોળો છે, તેથી તે બન્નેનું જેમ સાવ પ્રગટ જૂદાપણું છે, તેમ ચેતન ઉપયોગવંત આત્મા અને અચેતન (જડ) અનુપયોગવંત શરીરના સ્વભાવનું પ્રગટ ભિન્નપણું હોવાથી, આત્મા અને શરીર પ્રગટ જૂદા છે. તે એક અર્થ હોવા ઘટતા નથી. આમ પ્રગટપણે વ્યવહારનય અને નિશ્ચયનયનો સ્પષ્ટ વિભાગ છે, કે વ્યવહારનયની અપેક્ષાએ આત્મા અને શરીરનું એકપણું છતાં, નિશ્ચયનયથી જૂદાપણું જ છે. તેથી વ્યવહાર નયથી શરીર સ્તવન વડે આત્માનું સ્તવન ઘટે છે.

અર્થાત્ જે ધન્ય દેહમાં એકક્ષેત્રાવગાહપણે પ્રભુનો દિવ્ય આત્મા રહ્યો છે, તેની સાથે વ્યવહાર નયથી આત્માનું એકપણું કલ્પી, સ્તુતિકાર ભક્ત કવિ તે સુભગ દેહની સ્તુતિ દ્વારા પ્રભુની સ્તુતિ કરે છે અને તે એમ ભાવીને કે - આ દિવ્ય દેહી પ્રભુના આ દેહના પરમાણુએ પરમાણુ પરમ ધન્ય છે ! કે જેને **આ પરમ જ્ઞાનસ્વરૂપ આત્માએ** પોતાના સ્પર્શથી પાવન કરેલ છે ! આ દેહનો પ્રદેશે પ્રદેશ પરમ વંદ્ય છે કે જ્યાં આ સહજાત્મસ્વરૂપ પ્રભુએ એકક્ષેત્રાવગાહપણે સ્થિતિ કરી છે ! આ પરમ સુભગ દેહના મન-વચન-કાયાના યોગ પરમ પ્રશસ્ત છે કે જે યોગોના - જગત્કલ્યાણકારી યોગબળના સમ્યક્ પ્રયોગ દ્વારા આ પરમ યોગીશ્વરે જગત્નું પરમ કલ્યાણ કર્યું ! આ અરૂપી પ્રભુએ જો આ રૂપી દેહ ધારણ ન કર્યો હોત તો અમને આ પરમ કલ્યાણકનો માર્ગ કોણ ઉપદેશત ? માટે અમારા સત્પુણ્યના યોગે જ આ પ્રભુ રૂપી - દેહધારી થયા, એમ અમે તો ભક્તિવશે ખરેખરા અંતરાત્માથી માનીએ છીએ અને આ પરમ દિવ્ય આત્મારૂપ પરમ પ્રભુના નિવાસ ધામ રૂપ આ દિવ્ય દેહને પણ પૂજ્ય માની આ દેહ દ્વારા તે દેહધારી પ્રભુને સ્તવીએ છીએ.

જે ધન્ય દેહમાં તે દિવ્ય આત્મા એક ક્ષેત્રાવગાહપણે રહ્યો તેનું ધન્યપણું

અને એટલે જ આ દેહ છતાં દેહાતીત દશાવાળા **પરમ આત્મસમાધિમય પ્રભુનું અનુપમ રૂપ** દેખીને ભક્તજનનું મન ચપળ સ્વભાવ છોડીને ઠરી જાય છે - સ્થિર થાય છે. એટલે એ ભક્તજન ભાવાવેશમાં ગાય છે કે - હે ભગવાન્ ! જો આ તહારૂં રૂપી સ્વરૂપ જગત્માં ન દેખાયું હોત, તો અમારૂં મન કોના પર હીંસત - હર્ષ પામત ? હીંસ્યા વિના શુદ્ધ સ્વભાવને કેમ ઈચ્છત ? ઈચ્છ્યા વિના તહારા પ્રગટ ભાવને કેમ પ્રીચ્છત - ઓળખત ? પ્રીચ્છ્યા વિના ધ્યાન દશામાં તે કેમ લાવત ? લાવ્યા વિના રસાસ્વાદ તે કેમ પામત ? માટે અમે તો માનીએ છીએ કે હે પ્રભુ ! તહારી ભક્તિ વિના કોઈ ભક્તને મુક્તિ હોતી નથી. હે સર્વજ્ઞ પરમાત્મા ! અમારા સત્ પુણ્યના યોગથી તમે રૂપી-દેહધારી થયા ને અમૃત સમાણી ધર્મની વાણી કહી ગયા. આમ હે ભગવાન્ ! આ તહારો દેહ-પિંડ ઘણા ગુણનું કારણ છે અને તે સેવવામાં આવતાં મહાભયનું વારણ થઈ પડે છે. માટે હે પ્રભુ ! અમે તો તહારૂં **પિંડસ્થ ધ્યાન** એકમના થઈને કરવાનો નિશ્ચય કરીએ છીએ.

'અમ સત્ પુણ્યને યોગે તુમે રૂપી થયા'

''રૂપ અનૂપ નિહાળી સુમતિ જિન તાહરૂં, છાંડી ચપલ સ્વભાવ ઠર્યું મનરૂપી સરૂપ ન હોત જો જગ તુજ દીસતું, તો કુણ ઉપર મન કહો અમ હીંસ પ્રીચ્છ હીંસ્યા વિણ કિમ શુદ્ધ સ્વભાવને ઈચ્છતા ? ઈચ્છા વિણ તુજ ભાવ પ્રગટ કિમ પ્રીછ્યા વિણ કિમ ધ્યાન, દશામાંહિ લાવતા ? લાવ્યા વિણ રસસ્વાદ, કહો કિમ પાવત્ ભક્તિ વિના નવિ મુક્તિ, હુવે કોઈ ભક્તને, રૂપી વિના તે ન, હુવે કોઈ વ્યક્તને. અમ સત્ પુણ્યને યોગે, તુમે રૂપી થયા, અમિય સમાણી વાણી, ધરમની કહીગયા, તે માટે તુજ પિંડ, ઘણા ગુણ કારણો, સેવ્યો ધ્યાયો હુવે, મહાભય વારણો, શાંતિ વિજય બુધ શિષ્ય, કહે ભવિકા જના ! પ્રભુનું પિંડસ્થ ધ્યાન, કરો થઈ એકમના.'' - **શ્રી રૂપવિજયજી**

તે આ પ્રકારે –

इणमण्णं जीवादो देहं पुग्गलमयं थुणित्तु मुणी ।
मण्णदि हु संथुदो वंदिदो मए केवली भयवं ॥२८॥

જીવથી અન્ય પુદ્ગલમયો રે, દેહ આ સ્તવી સુજાણ;
મુનિ માને મેં સંસ્તવ્યા રે, વંદ્યા કેવલી ભગવાન... રે આત્મન્ ! વંદો સમયસાર. ૨૮

ગાથાર્થ : જીવથી અન્ય એવા આ પુદ્ગલમય દેહને સ્તવી મુનિ માને છે કે મ્હારાથી કેવલી ભગવાન્ સંસ્તવાયા અને વંદાયા. ૨૮

તથાહિ -

आत्मख्याति टीका

इममन्यं जीवादेहं पुद्गलमयं स्तुत्वा मुनिः ।
मन्यते खलु संस्तुतो वंदितो मया केवली भगवान् ॥२८॥

यथा
कलधौतगुणस्य पांडुरत्वस्य व्यपदेशेन
परमार्थतोऽतत्स्वभावस्यापि कार्त्तस्वरस्य
व्यवहारमात्रेणैव पांडुरं कार्त्तस्वर-
मित्यस्ति व्यपदेशः ।

तथा
शरीरगुणस्य शुक्ललोहितत्वादेः **स्तवनेन**
परमार्थतोऽ**तत्स्वभावस्यपि तीर्थकरकेवलिपुरुषस्य**
व्यवहारमात्रेणैव शुक्ललोहितस्तीर्थकरकेवलिपुरुष
इत्यस्ति **स्तवनं** ।

निश्चयनयेन तु शरीरस्तवनेनात्मस्तवनमनुपपन्नमेव ॥२८॥

આત્મખ્યાતિ ટીકાર્થ

જેમ
કલધૌતગુણ (ચાંદીના ગુણ)
ધોળાપણાના વ્યપદેશથી
પરમાર્થથી અતત્ સ્વભાવી છતાં
કાર્તસ્વરનો (સુવર્ણનો)
વ્યવહારમાત્રથી જ
'ધોળું સોનું' એવો
વ્યપદેશ છે :

તેમ
શરીર-ગુણ
ધોળાપણા-રાતાપણા આદિના સ્તવન
પરમાર્થથી **અતત્ સ્વભાવી છતાં**
તીર્થકર કેવલિ પુરુષનું
વ્યવહારમાત્રથી જ
'ધોળો રાતો તીર્થકર કેવલિ પુરુષ' એવું
સ્તવન છે.

પણ નિશ્ચયથી તો શરીરસ્તવન વડે આત્મસ્તવન અનુપપન્ન જ (અઘટમાન જ) છે. ૨૮

---

* **આત્મભાવના** - તથાહિ - જુઓ આ પ્રકારે :–
इदं जीवादन्यत् पुद्गलमयं देह स्तुत्वा मुनि मन्यते - જીવથી અન્ય - જૂદા આ પુદ્ગલમય દેહને સ્તવીને મુનિ માને છે કે, मया केवली भगवान् खलु संस्तुतः वंदितः - મ્હારાથી કેવલી ભગવાન્ ખરેખર ! સંસ્તુત થયા - વંદિત થયા. ॥ इति **गाथा** आत्मभावना ॥२८॥
यथा - જેમ, દૃષ્ટાંત, कलधौतगुणस्य पांडुरत्वस्य व्यपदेशेन - કલધૌતગુણ - ચાંદીના ગુણ પાંડુરપણાના - ધોળાપણાના **વ્યપદેશથી** - નિર્દેશથી कार्त्तस्वरस्य पांडुरं कार्त्तस्वरमित्यस्ति व्यपदेशं - કાર્ત્તસ્વરનો - સોનાનો પાંડુર કાર્ત્તસ્વર - ધોળું સોનું, એવો વ્યપદેશ - નિર્દેશ છે. કઈ રીતે ? व्यवहारमात्रेणैव - વ્યવહાર માત્રથી જ. ત્યારે પરમાર્થથી શું સોનું તેવું છે ? परमार्थतोऽतत्स्वभावस्यापि - પરમાર્થથી - નિશ્ચયથી આનું અતત્ સ્વભાવી છે, તે સ્વભાવવાળું નથી છતાં, તેનો તેવો વ્યપદેશ છે. तथा - તેમ, દાર્ષ્ટાંતિક शरीरगुणस्य शुक्ललोहितत्वादेः स्तवनेन शरीरગુણ શુક્લત્વ - લોહિતત્વ આદિના - ધોળાપણા - રાતાપણા આદિના સ્તવનથી, तीर्थकरकेवलिपुरुषस्य शुक्ललोहितस्तीर्थकरकेवलिपुरुषः - તીર્થકર

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ભગવાનના સ્વરૂપનું ચિંતવન કરવાથી આત્મા ભાનમાં આવે, પણ ભગવાનના દેહથી ભાન પ્રગટે નહિં.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, (ઉપદેશ છાયા)**

''સ્થંભન ઈંદ્રિય યોગનો રે લાલ, રક્તવરણ ગુણરાય રે;
દેવચંદ્ર વૃંદે સ્તવ્યો રે લાલ, આપ અવર્ણ અકાય રે... પદ્મપ્રભ.'' - **શ્રી દેવચંદ્રજી**

વ્યવહારનયથી શરીર સ્તવનથી આત્મસ્તવન ઘટે છે એમ કહ્યું તે આ પ્રકારે - 'इणमण्णं जीवादो देहं पुग्गलमयं' - આ જીવથી અન્ય-જૂદા પુદ્ગલમય દેહને સ્તવીને મુનિ એમ માને છે કે - મ્હારાથી ખરેખર ! કેવલી ભગવાન્ સંસ્તુત થયા, વંદિત થયા. આ ગાથાનો ભાવ સમજાવતાં **આત્મખ્યાતિકારજી** વદે છે - જેમ 'परमार्थतोऽतत्स्वभावस्यापि' - પરમાર્થથી 'અતત્ સ્વભાવી' - તત્ - તે સ્વભાવવાળા નહિં એવા સુવર્ણનો - વ્યવહાર માત્રથી જ - 'પાંડુર - ધોળું સોનું' એવો વ્યપદેશ - નામ નિર્દેશ છે, શાથી ? ચાંદીના ગુણ પાંડુરપણાના - ધોળાપણાના વ્યપદેશથી - નિર્દેશથીઃ તેમ પરમાર્થથી 'અતત્ સ્વભાવી' - તત્ - તે સ્વભાવવાળા નહિં એવા તીર્થંકર કેવલી પુરુષનું - વ્યવહારમાત્રથી જ - 'શુક્લ - ધોળો લોહિત - રાતો તીર્થંકર કેવલી પુરુષ' - એવું સ્તવન છે. શાથી ? શુક્લત્વ - ધોળાપણું લોહિતપણું - રાતાપણું આદિ શરીર ગુણના સ્તવનથી. પણ નિશ્ચયનયથી તો શરીર સ્તવનથી આત્મસ્તવન અનુપપન્ન જ છે - અઘટમાન જ છે, निश्चयनयेन तु शरीरस्तवनेनात्मस्तवनमनुपपन्नमेव ।

વ્યવહાર શરીરસ્તવનથી આત્મસ્તવન ઘટે, નિશ્ચયથી નહિં

અર્થાત્ વ્યવહારનયથી જ શરીર સ્તવનથી આત્મસ્તવન કેવા પ્રકારે ઘટે છે તે અત્ર પ્રતિપાદન કર્યું છે અને તે સોના-ચાંદીના એક ઢાળના દૃષ્ટાંતથી **આત્મખ્યાતિ ટીકાકાર આચાર્યજીએ** સાવ સ્ફુટ કર્યું છે : સોના-ચાંદીનો એક ભેગો ગઠ્ઠો છે, તેમાં ધોળાપણું એ ચાંદીનો ગુણ છે અને તે ધોળાપણું એ સોનાનો સ્વભાવ નથી, છતાં 'સોનું ધોળું' એમ ચાંદીના વ્યપદેશથી-નિર્દેશથી - ચાંદીના બ્હાને વ્યપદેશ - નિર્દેશ - કથન વ્યવહાર છે, તે વ્યવહાર માત્રથી જ તેવો નિર્દેશ છે. તેમ ધોળા રાતા વગેરે વર્ણ એ શરીરના ગુણ છે અને પરમાર્થથી તે આત્માના સ્વભાવ ગુણ નથી, છતાં ધોળા રાતા વગેરે વર્ણવાળા શરીરના ગુણ વડે કરીને તીર્થંકર કેવલી પુરુષ 'ધોળા રાતા' છે એમ વ્યવહાર માત્રથી જ તીર્થંકરકેવલીપુરુષનું સ્તવન છે. પણ નિશ્ચયનયથી તો શરીરના સ્તવનથી આત્માનું સ્તવન અનુપપન્ન જ છે - અઘટમાન જ છે, ઘટતું જ નથી.

સોના-ચાંદીના ગઠ્ઠાનું દૃષ્ટાંત

માત્ર વ્યવહારની જ શરીર ગુણના સ્તવન વડે આત્માનું સ્તવન ઘટે છે. કારણકે જીવથી જૂદા એવા આ પુદ્ગલમય શરીરને સ્તવતાં સ્તુતિકર્તા મુનિ માને છે કે મેં આથી ભગવાન્ કેવલીને સ્તવ્યા-વંદ્યા, ભક્તિભાવ નિર્ભર મુનિ એમ ભાવે છે કે - જે આ પરમ ઔદારિક દેહમાં આ કેવલજ્ઞાન મૂર્ત્તિ ભગવંતના દિવ્ય આત્માએ એકક્ષેત્રાવગાહપણે સ્થિતિ કરી તેને પાવન કર્યો, તે આ સુભગ દેહ પરમ પ્રશસ્ત છે, પરમ ધન્ય છે, પરમ વંદ્ય છે, પરમ નમંસ્ય છે. તે દેહનો આત્મામાં અભેદ આરોપ કરી વ્યવહારમાત્રથી જ આવા પ્રકારે દેહસ્તુતિથી આત્મસ્તુતિ ઘટે છે. પરમ તાત્ત્વિક ભક્તિના પુરસ્કર્તા ભક્તશિરોમણિ મહામુનિ **શ્રી દેવચંદ્રજીએ** અપૂર્વ ભક્તિભાવથી તેમજ સંગીત કર્યું છે.

કેવલિ પુરુષનું શુક્લ-લોહિત - ધોળો - રાતો તીર્થંકર કેવલી પુરુષ इत्यस्ति स्तवनं - એવું સ્તવન છે. કઈ રીતે ? व्यवहारमात्रेणैव - વ્યવહાર માત્રથી જ. ત્યારે પરમાર્થથી શું સ્થિતિ છે ? परमार्थतोऽतत्स्वभावस्यापि - પરમાર્થથી - નિશ્ચયથી તીર્થંકર કેવલીપુરુષ અતત્ સ્વભાવી છે, તેવા સ્વભાવવાળો નથી છતાં તેનું તેવા પ્રકારે સ્તવન છે. निश्चयनयेन तु शरीरस्तवनेनात्मस्तवननुपपन्नमेव - પણ નિશ્ચયનયથી તો શરીરના સ્તવનથી આત્માનું સ્તવન અનુપપન્ન જ - અઘટમાન જ છે, ઘટતું જ નથી. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना (પ્રસ્તુત ગાથા) ॥૨૮॥

તે આ પ્રકારે -

तं णिच्छयेण जुत्तदि ण सरीरगुणा हि होंति केवलिणो ।
केवलिगुणे थुणदि जो सो तच्चं केवलिं थुणदि ॥२९॥

તે નિશ્ચયમાં ના ઘટે રે, કેવલિના તનગુણ નો'યઃ
કેવલિગુણોને જે સ્તવે રે, તત્ત્વ કેવલિ સ્તવે સોય... રે આત્મન્ ! વંદો સમયસાર ૨૯

ગાથાર્થ : તે નિશ્ચયમાં યુક્ત નથી, કારણકે શરીરગુણો કેવલિના હોતા નથી, જે કેવલિગુણોને સ્તવે છે, તે કેવલિતત્ત્વને સ્તવે છે. ૨૯

आत्मख्याति टीका

तथाहि -

तन्निश्चये न युज्यते न शरीरगुणा हि भवंति केवलिनः ।
केवलिगुणान् स्तौति यः स तत्त्वं केवलिनं स्तौति ॥२९॥

यथा
कार्त्तस्वरस्य
कलधौतगुणस्य पांडुरत्वस्याभावा-
न्न निश्चयतस्तद्व्यपदेशेन व्यपदेशः
कार्त्तस्वरगुणस्य व्यपदेशेनैव
कार्त्तस्वरस्य व्यपदेशात्;

तथा
तीर्थकरकेवलिपुरुषस्य
शरीरगुणस्य शुक्ललोहितत्वादेह**भावा-**
न्न निश्चयस्तस्त्वनेन स्तवनं
तीर्थकरकेवलि**पुरुषगुणस्य स्तवनेनैव**
तीर्थकर**केवलिपुरुषस्य स्तवनात्** ॥२९॥

આત્મખ્યાતિ ટીકાર્થ

જેમ
સોનાનો -
ચાંદીના ગુણ ધોળાપણાના અભાવને લીધે
નિશ્ચયથી તેના વ્યપદેશથી વ્યપદેશ નથી,
સોનાના ગુણના વ્યપદેશથી જ
સોનાનો વ્યપદેશ છે માટે :

તેમ
તીર્થકરકેવલિપુરુષનું -
શરીરગુણ ધોળાપણા - રાતાપણા આદિના અભાવને લીધે
નિશ્ચયથી તેના સ્તવનથી સ્તવન નથી,-
તીર્થકર કેવલિપુરુષના ગુણના સ્તવનથી જ
તીર્થકર કેવલિપુરુષનું સ્તવન છે માટે. ૨૯

આત્મભાવના -

તથાહિ - જુઓ ! આ પ્રકારે - तन्निश्चयेन न युज्यते - તે શરીરસ્તવનથી આત્મસ્તવન નિશ્ચયથી યુક્ત નથી. શા કારણથી ? शरीरगुणा हि केवलिनः न भवंति - કારણકે શરીરગુણો કેવલીના નથી હોતા, यः केवलिगुणान् स्तौति - જે કેવલિ ગુણોને સ્તવે છે, स केवलिनं तत्त्वं स्तौति - તે કેવલિ તત્ત્વને સ્તવે છે. ॥ इति **गाथा** आत्मभावना ॥२९॥

यथा - જેમ, દૃષ્ટાંત, कार्त्तस्वरस्य - કાર્ત્તસ્વરનો - સોનાનો, कलधौतगुणस्य पांडुरत्वस्याभावात् - કલધૌતગુણ - ચાંદીના ગુણ પાંડુરપણાના - ધોળાપણાના અભાવને લીધે - न निश्चयतस्तद्व्यपदेशेन व्यपदेशः - નિશ્ચયથી તેના - ચાંદી ગુણના વ્યપદેશથી - નિર્દેશથી વ્યપદેશ - નિર્દેશ નથી. શાને લીધે ? कार्त्तस्वरगुणस्य व्यपदेशेनैव कार्त्तस्वरस्य व्यपदेशात् - સોનાના ગુણના વ્યપદેશથી જ સોનાના વ્યપદેશને લીધે.

तथा - તેમ, દાર્ષ્ટાંતિક, तीर्थकरकेवलिपुरुषस्य - તીર્થકર કેવલિપુરુષનું शरीरगुणस्य शुक्ललोहितत्वादेरभावात् - શરીરગુણ શુક્લ-લોહિતત્વ-ધોળાપણા - રાતાપણાના આદિના અભાવને લીધે न निश्चयतस्तत्स्तवनेन स्तवनं - નિશ્ચયથી તેના - શરીરગુણના સ્તવનથી સ્તવન નથી. શાને લીધે ? तीर्थकरकेवलिपुरुषगुणस्य स्तवनेनैव तीर्थकरकेवलिपुरुषस्य स्तवनात् -

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''કેવલજ્ઞાની શરીરને લઈને નથી કે બીજાના શરીર કરતાં તેમનું શરીર તફાવતવાળું જોવામાં આવે. વળી તે કેવલજ્ઞાન શરીરથી કરી નીપજાવેલ છે એમ નથી, તે તો આત્મા વડે પ્રગટ કરવામાં આવ્યું છે, તેને લીધે શરીરથી તફાવત જાણવાનું કારણ નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૫૩**

''येनात्माबुध्यातात्मेव परत्वेनैव चापरम् ।
अक्षयानन्तबोधाय तस्मै सिद्धात्मने नमः ॥'' - **શ્રી પૂજ્યપાદ સ્વામીજી**

નિશ્ચયથી શરીર સ્તવનથી આત્મસ્તવન ન ઘટે : સોના-ચાંદીનું દૃષ્ટાંત

વ્યવહારનયથી ભલે શરીર સ્તવનથી આત્મસ્તવન ઘટતું હોય, પણ નિશ્ચયનયથી તો શરીર સ્તવનથી આત્મસ્તવન ઘટતું જ નથી એમ અત્ર પ્રતિપાદન કર્યું છે, કારણકે 'શરીર ગુણો કેવલિના નથી હોતા, જે કેવલિના ગુણોને સ્તવે છે તે કેવલિ તત્ત્વને સ્તવે છે.' આ વસ્તુ સોના-ચાંદીના ચાલુ દૃષ્ટાંતથી **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** નિષ્ણુષપણે સ્પષ્ટ સમજાવી છે : સોનું છે, તેને ચાંદીના ધોળાપણાના ગુણનો અભાવ છે, તેથી નિશ્ચયથી તે ધોળાપણાના વ્યપદેશથી - નિર્દેશથી સોનાનો વ્યપદેશ - નિર્દેશ થતો નથી, ધોળાપણાનું નામ લેવાથી કાંઈ સોનું ઓળખાતું નથી. કારણકે સોનાના ગુણના વ્યપદેશથી જ - નિર્દેશથી જ સોનાનો વ્યપદેશ-નિર્દેશ કરાય છે, સોનાના ગુણના કથનથી જ સોનું ઓળખાય છે. તેમ - તીર્થંકર કેવલી પુરુષ આત્મા છે, તેને શરીરના ધોળાપણા-રાતાપણા આદિ ગુણનો અભાવ છે - शरीरगुणस्य शुक्ललोहितत्वादेरभावात् - તેથી કરીને નિશ્ચયથી તે શ્વેત-રક્ત આદિ શરીર ગુણના સ્તવનથી તીર્થંકર કેવલિ પુરુષ આત્માનું સ્તવન થતું નથી. કારણકે 'तीर्थकरकेवलिपुरुषगुणस्य स्तवनेनैव - તીર્થંકર કેવલી પુરુષના - આત્માના ગુણના સ્તવનથી જ તે **સહજાત્મસ્વરૂપી તીર્થંકર કેવલિ પુરુષનું** સ્તવન થાય છે. 'तीर्थकरकेवलिपुरुषस्य स्तवनात् ।' જેમકે - **તીર્થંકર ભગવાનની પરમ અલૌકિક તાત્ત્વિક પરમોત્તમ** સ્તુતિ કરતું અદ્ભુત અપૂર્વ સ્તુતિ ચતુષ્ટય પ્રકાશતાં **પરમ તત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીએ** પરમ આત્મભાવોલ્લાસથી પ્રકાશ્યું છે કે -

''જે તીર્થંકર દેવે સ્વરૂપસ્થ આત્માપણે થઈ વક્તવ્યપણે જે પ્રકારે તે આત્મા કહી શકાય તે પ્રમાણે અત્યંત યથાસ્થિત કહ્યો છે તે તીર્થંકરને બીજી સર્વ પ્રકારની અપેક્ષાનો ત્યાગ કરી નમસ્કાર કરીએ છીએ. પૂર્વે ઘણાં શાસ્ત્રોનો વિચાર કરવાથી તે વિચારનાં ફળમાં સત્પુરુષને વિષે જેનાં વચનથી ભક્તિ ઉત્પન્ન થઈ છે, તે તીર્થંકરના વચનને નમસ્કાર કરીએ છૈયે.

ઘણા પ્રકારે જીવનો વિચાર કરવાથી, તે જીવ આત્મારૂપ પુરુષ વિના જાણ્યો જાય એવો નથી, એવી નિશ્ચય શ્રદ્ધા ઉત્પન્ન થઈ તે તીર્થંકરના માર્ગબોધને નમસ્કાર કરીએ છૈયે.

ભિન્ન ભિન્ન પ્રકારે તે જીવનો વિચાર કરવા અર્થે, તે જીવ પ્રાપ્ત થવા અર્થે યોગાદિક અનેક સાધનોનો બળવાન પરિશ્રમ કર્યે છતે પ્રાપ્તિ ન થઈ તે જીવ જે વડે સહજ પ્રાપ્ત થાય છે, તે જ કહેવા વિષે જેનો ઉદ્દેશ છે તે તીર્થંકરના ઉદ્દેશ વચનને નમસ્કાર કરીએ છૈયે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૩૫૮, ૪૩૬**

तीर्थंकर-केवलिपुरुषना गुणना स्तवनथी ज तीर्थंकर-केवलिपुरुषना स्तवनने लीधे. ॥ इति **'आत्मख्याति'** टीका आत्मभावना (प्रस्तुत गाथा) ॥२९॥

શરીર સ્તવનથી - તેના અધિષ્ઠાતાપણાને લીધે - આત્માનું નિશ્ચયથી સ્તવન કેમ યુક્ત નથી ? તો કે -

णयरम्मि वण्णिदे जह ण वि रण्णो वण्णणा कदा होदि ।
देहगुणो थुव्वंते ण केवलिगुणा थुदा होंति ॥३०॥

નગર વર્ણવ્યે જ્યમ રાયની રે, વર્ણના કીધી ન હોય;
દેહગુણ થૂણતાં કેવલિ રે, ગુણ થુણ્યા ત્યમ નોંય... રે આત્મન્ ! વંદો સમયસાર, ૩૦

ગાથાર્થ : નગરનું વર્ણન કરવામાં આવ્યે, જેમ રાજાની વર્ણના કૃત (કરાયેલી) હોતી નથી, તેમ દેહગુણ સ્તવવામાં આવતાં કેવલિગુણો, સ્તુત (સ્તવાયેલા) હોતા નથી. ૩૦

आत्मख्याति टीका

कथं शरीरस्तवनेन तदधिष्ठातृत्वादात्मनो निश्चयेन स्तवनं न युज्यते इति चेत् -

नगरे वर्णिते यथा नापि राज्ञो वर्णना कृता भवति ।
देहगुणे स्तूयमाने न केवलिगुणाः स्तुता भवंति ॥३०॥

આત્મખ્યાતિ ટીકાર્થ

શરીરના સ્તવનથી તેના અધિષ્ઠાતાપણાને લીધે આત્માનું નિશ્ચયથી સ્તવન કેમ યુક્ત નથી ? તો કે -

નગર વર્ણવવામાં આવ્યે જેમ રાજાની વર્ણના કરાયેલી હોતી નથી, તેમ દેહના ગુણ સ્તવવામાં આવતાં કેવલિના ગુણો સ્તવાયેલા હોતા નથી. ૩૦

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જે તીર્થંકર દેવે સ્વરૂપસ્થ આત્માપણે થઈ વક્તવ્યપણે જે પ્રકારે તે આત્મા કહી શકાય તે પ્રમાણે અત્યંત યથાસ્થિત કહ્યો છે તે તીર્થંકરને બીજી સર્વ પ્રકારની અપેક્ષાનો ત્યાગ કરી નમસ્કાર કરીએ છીએ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૫૮, ૪૩૬**

શરીરના સ્તવન વડે - તેના અધિષ્ઠાતાપણાને લીધે - 'तदधिष्ठातृत्वात्' - આત્માનું નિશ્ચયથી સ્તવન કેમ યુક્ત નથી - કેમ ઘટતું નથી, તેનું અત્ર **શાસ્ત્રકારે ભગવાને** નગર અને રાજાના સુંદર સચોટ દૃષ્ટાંતથી સમાધાન કર્યું છે : જેમ કોઈ નગરનું વર્ણન કરવામાં આવ્યે, રાજા તેનો 'અધિષ્ઠાતા' - અધિપતિ રૂપ (Dominating master) છતાં, કાંઈ રાજાનું વર્ણન થઈ જતું નથી. તેમ દેહગુણનું - શરીરગુણનું સ્તવન કરવામાં આવતાં તીર્થંકર કેવલિપુરુષ (આત્મા) તે શરીર - પુરનો અધિષ્ઠાતા છતાં, તે આત્માનું સ્તવન થઈ જતું નથી. આ વસ્તુનું સમર્થન કરતાં અત્રે **પરમ સત્ કવીશ્વર અમૃતચંદ્રજીએ** આબેહુબ તાદૃશ્ય વર્ણન રૂપ **સ્વભાવોક્તિમય** અદ્ભુત કાવ્ય ચમત્કૃતિવાળા નીચેના બે કળશ (૨૫-૨૬) અપૂર્વ તત્ત્વકળાથી સંદૃબ્ધ કર્યા છે.

આત્મભાવના :

कथं शरीरस्तवनेन तदधिष्ठातातृत्वादात्मनो निश्चयेन स्तवनं न युज्यते इति चेत् - શરીરસ્તવન વડે કરી તેના અધિષ્ઠાતાપણાને લીધે - અધિનાયકપણાને લીધે આત્માનું નિશ્ચયથી સ્તવન કેમ યુક્ત નથી ? એમ જો શંકા કરો તો - यथा नगरे वर्णिते - જેમ નગર વર્ણિત થયે - વર્ણવવામાં આવ્યે, राज्ञीपि वर्णना न कृता भवति - રાજાની પણ વર્ણના કૃત - કરાયેલી નથી હોતી, તેમ દેહગુણે स्तूयमाने - દેહગુણ-શરીરના ગુણ સ્તવવામાં આવતાં केवलिगुणाः न स्तुता भवंति - કેવલીગુણો સ્તુત નથી હોતા. ॥૩૦॥

(ગાથા અંતર્ગત. કળશ. ૨૫)

તથાહિ - જુઓ ! આ પ્રકારે -

આર્યા -

प्राकारकवलितांबरमुपवनराजीनिगीर्णभूमितलं ।
पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालं ॥२५॥

इति नगरे वर्णितेपि राज्ञः तदधिष्ठातृत्वेपि प्राकारोपवनपरिखादिमत्त्वाभावा**द्वर्णनं न स्यात्** ।

ગઢથી ગગનને ગળતું, બાગ બગીચાથી ભૂમિતલને ખાઈ જતું;
નગર આ પરિખાવલયે, પાતાલને જાણે પી જ જતું. ૨૫

અમૃત પદ-૨૫

'હું તો વારી પ્રભુ તુમ મુખની' - એ રાગ.

અહો ! નગરની અનુપમ શોભા ! અહો ! નગરની અનુપમ શોભા !
દેખત નિત્ય રહે જન થોભા, દેખત નિત્ય રહે જન થોભા... અહો ! ૧.
ગઢથી ગગનને નગર ગળે આ, અવનિતલ ઉપવનથી;
પી જાતું પાતાલ જ જાણે, પરિખાવલય ગહનથી... અહો ! ૨.
જ્યમ નગરવર્ણન તે નૃપનું, વર્ણન કરવા નહિ ખપનું;
ભગવાન જિન તન ગુણ ત્યમ ભણતાં, અમૃત આતમ ગુણ ન ગણતા... અહો ! ૩.

અર્થ : કિલ્લાથી જે આકાશને કોળીઓ કરી ગયું છે, ઉપવનરાજીથી (બગીચાઓની શ્રેણીથી) ભૂમિતલને ગળી ગયું છે, એવું આ નગર પરિખા-વલયથી (ગોળાકાર ખાઈથી) પાતાલને જાણે પીએ છે ! - એમ નગર વર્ણવ્યે પણ - રાજાનું-તેનું અધિષ્ઠાતૃપણું છતાં, પ્રાકાર-ઉપવન-પરિખાદિમંતપણાના અભાવને લીધે - વર્ણન ન હોય. તેમજ

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ઘણા પ્રકારે વિચાર કરવાથી તે જીવ આત્મારૂપ પુરુષ વિના જાણ્યો જાય એવો નથી, એવી નિશ્ચળ શ્રદ્ધા ઉત્પન્ન થઈ તે તીર્થંકરના માર્ગબોધને નમસ્કાર કરીએ છૈયે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૫૮), ૪૩૬

''અંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશિ સમ ભાલ લાલ રે;
વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાલ લાલ રે.'' - **શ્રી યશોવિજયજી**
''લક્ષણ અંગ વિરાજતા, અડ હિય સહસ ઉદાર લાલ રે;
રેખા કર ચરણાદિ કે, અભ્યંતર નહિ પાર લાલ રે.'' - **શ્રી યશોવિજયજી**

---

* **આત્મભાવના -**

તથાહિ - જુઓ ! આ પ્રકારે : પ્રાકારકવલિતાંબરં - પ્રાકારથી - કિલ્લાથી અંબરને - આકાશને કવલિત કરતું - કોળીઓ કરી જતું, ઉપવનરાજીનિગીર્ણ ભૂમિતલં - ઉપવન રાજીથી - બગીચાઓની શ્રેણીથી ભૂમિતલને નિગીર્ણ કરતું - ગળી જતું, પિબતીવ હિ નગરમિદં પરિખાવલયેન પાતાલં - એવું આ નગર ખરેખર ! પરિખાવલયથી - પરિખા - ખાઈના વલયથી - વર્તુલથી જાણે પાતાલને પીએ છે ! - એમ ઉત્પ્રેક્ષા છે.

इति नगरे वर्णितेपि - એમ નગર વર્ણિત થયે - વર્ણવચમાં આવ્યે પણ, राज्ञः तदधिष्ठातृत्वेपि वर्णनं न स्यात् - રાજાનું, તેનું - નગરનું અધિષ્ઠાતાપણું છતાં, વર્ણન ન હોય. શાને લીધે ? प्राकारोपवनपरिखादिमत्त्वाभावात् - પ્રાકાર - ઉપવન - પરિખા આદિ મંતપણાના અભાવને લીધે. ॥ ઇતિ **'આત્મખ્યાતિ'** ટીકા આત્મભાવના (પ્રસ્તુત ગાથા અંતર્ગત કળશ (૨૫) ॥૩૦॥

નગર વર્ણને રાજાનું વર્ણન થતું નથી

નગરના વર્ણને રાજાનું વર્ણન થતું નથી, તેનું આબેહૂબ તાદૃશ્ય **સ્વભાવોક્તિ અલંકારમય** અદ્‌ભુત કવિત્વપૂર્ણ શબ્દચિત્ર આલેખતાં શબ્દબ્રહ્મના પરમ પારદૃશ્વા **પરમાર્થ મહાકવિ અમૃતચંદ્રજીએ** આ કળશ કાવ્ય સંગીત કર્યું છે : 'प्राकारकवलितांबरं' - પ્રાકારથી - કિલ્લાથી જેણે અંબરને - આકાશને કવલિત કર્યું છે - કોળીઓ કર્યું છે, 'उपवनराजीनिगीर्णभूमितलं' -'ઉપવન-રાજીથી' - બાગબગીચાઓની શ્રેણીથી જેણે ભૂમિતલને - પૃથ્વીતલને નિગીર્ણ કર્યું છે, ગળી લીધું છે, 'पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालं' - એવું આ નગર પરિખાવલયથી - ખાઈના ગોળાકાર વર્તુલથી જાણે પાતાલને પીએ છે ! - એમ આ નગર જાણે ત્રણે લોકને આવરી લેતું હોય એમ અત્રે આ મહાકવિએ પરમ સુંદર **ઉત્પ્રેક્ષા** કરી છે. આવા પ્રકારે નગરનું વર્ણન કરવામાં આવ્યે, રાજા તેનો 'અધિષ્ઠાતા' - પુરપતિ-નગરાધિપતિ – માલિક છતાં 'राज्ञः तदधिष्ठातृत्वेपि' - તેથી કરીને તેનું કંઈ વર્ણન થઈ જતું નથી. કારણકે પ્રાકાર-કિલ્લો, ઉપવન-બગીચા, પરિખા-ખાઈ વગેરે નગર લક્ષણોનો તે નગરાધિપતિ અધિષ્ઠાતા રાજામાં સર્વથા અભાવ છે, રાજામાં તે તે લક્ષણો ગોત્યા જડતા નથી.

તથૈવ - તે જ પ્રકારે -

(ઉપરમાં કહેલ દૃષ્ટાંતનો દાર્ષ્ટાંતિક ભાવ દર્શાવતો કળશ પ્રકાશે છે)

(ગાથા અંતર્ગત કળશ ૨૬)

આર્યા -

नित्यमविकारसुस्थितसर्वांगमपूर्वसहजलावण्यं ।
अक्षोभमिव समुद्रं जिनेंद्ररूपं परं जयति ॥२६॥

નિત્ય અવિકારસુસ્થિત, સર્વાંગ અપૂર્વ સહજ લાવણ્ય;
અક્ષોભ સમુદ્ર જેવું, જિનેંદ્ર રૂપ જય ! જય તે અનન્ય. ૨૬

અમૃત પદ-૨૬

અહો ! જિનવર રૂપની શોભા ! અહો ! જિનવર રૂપની શોભા !
દેખંત નિત્ય રહે જન થોભા, દેખત નિત્ય રહે જન થોભા. અહો ! ૧
જે નિત્ય રહે અવિકારી, સુસ્થિત સર્વાંગ જ ધારી;
અહો ! લાવણ્ય સહજ ભારી, અપૂર્વ અનન્ય પ્રકારી... અહો ! ૨
સાગરવર ગંભીર જેવું, કંઈ ક્ષોભ ન પામે એવું;
જિન તન **અમૃતમય ઠરતું, દાસ ભગવાનનું મન હરતું**... અહો ! ૩

અર્થ : નિત્યે અવિકાર સુસ્થિત સર્વઅંગવાળું, અપૂર્વ સહજ લાવણ્યવાળું, એવું સમુદ્ર જેવું અક્ષોભ પરમ જિનેંદ્ર રૂપ જય પામે છે. **એમ શરીર સ્તવવામાં આવતાં પણ તીર્થંકર કેવલિપુરુષનું** તેનું અધિષ્ઠાતાપણું છતાં - સુસ્થિત સર્વાંગપણું - લાવણ્ય આદિ ગુણના અભાવને લીધે - **સ્તવન ન હોય** -

इति शरीरे स्तूयमानेपि તીર્થંકર**केवलिपुरुषस्य** તદધિષ્ઠાતૃત્વેપિ સુસ્થિત સર્વાંગત્વલાવણ્યાદિ - ગુણાભાવા**त्स्तवनं न स्यात् ॥३०॥**

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સહજ ભાવ સ્વધર્મમાં નિશ્ચળપણે રહ્યા છે તે પુરુષોના ભીષ્મવૃત્તનું વારંવાર સ્મરણ કરીએ છીએ.

અહો ! જ્ઞાની પુરુષની આશય ગંભીરતા, ધીરજ અને ઉપશમ ! અહો ! અહો ! વારંવાર અહો ! ઊઁ'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૨૧, ૬૨૨

જય જિનદેવા ! જય જિનદેવા ! દેવ કરે છે સહુ તમ સેવા,
સુરનર ઈંદ્રો સ્તવન કરે છે, યોગિવરેન્દ્રો ધ્યાન ધરે છે. - **પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા (સ્વરચિત)**

---

* **આત્મભાવના** - તથૈવ - તેમજ - जिनेंद्ररूपं परं जयति - પરમ એવું જિનેંદ્ર રૂપ જય પામે છે. કેવું છે જિનેંદ્ર રૂપ ? अक्षोभमिव समुद्रं - સમુદ્ર જેવું અક્ષોભ - ક્ષોભ ન પામે એવું. કેવું ? શી રીતે ? नित्यमविकारसुस्थितसर्वांगं - નિત્ય-સદાય અવિકાર-વિકાર રહિત સુસ્થિત - સમ્યક્‌પણે સ્થિત-સ્થિતિ કરતા - રહેલા છે સર્વ અંગ - અવયવ જેના એવું, अपूर्वसहजलावण्यं - અપૂર્વ છે સહજ - સ્વભાવભૂત લાવણ્ય - સૌંદર્ય જેનું એવું. (સમુદ્ર પક્ષે - લાવણ્ય = લાવણ્યપણું. ખારાપણું). એમ શ્લેષયુક્ત ઉપમા છે.

इति शरीरे स्तूयमानेपि - એમ - એવા પ્રકારે શરીર સ્તવવામાં આવ્યે પણ, तीर्थंकरकेवलिपुरुषस्य तदधिष्ठातृ त्वेपि स्तवनं न स्यात् - તીર્થંકર કેવલિપુરુષનું - તેનું - શરીરનું અધિષ્ઠાતાપણું છતાં સ્તવન ન હોય. શાને લીધે ? सुस्थितसर्वांगत्वलावण्यादिगुणाभावात् - સુસ્થિત સર્વાંગપણું - લાવણ્ય આદિ ગુણના અભાવને લીધે. ॥ ઇતિ **'આત્મખ્યાતિ'** ટીકા આત્મભાવના (પ્રસ્તુત ગાથા) અંતર્ગત કળશ (૨૬) ॥૩૦॥

ઉપરમાં જે નગર અને રાજાનું દૃષ્ટાંત કહ્યું, તેનો દાર્ષ્ટાંતિક ભાવ દર્શાવતાં, જિનેંદ્ર ભગવાનના અનુપમ રૂપનું અપૂર્વ ભક્તિભાવથી - સર્વાંગ સુંદર હૃદયગમ વર્ણન કરતાં આ પરમ અભેદ ભક્તિસંપન્ન પરમ ભક્તશિરોમણિ **મહાકવિ બ્રહ્મા અમૃતચંદ્રજીએ** અદ્‌ભુત કવિત્વ - ચમત્કૃતિથી **શ્લેષયુક્ત** ઉપમા બિંબ પ્રતિબિંબ ભાવે દર્શાવતો આ કળશ સર્જ્યો છે : 'नित्यमविकारसुस्थितसर्वांगं' - નિત્ય - સદાય અવિકાર સુસ્થિત સર્વાંગવાળું, જ્યાં વિકારનો સર્વથા અભાવ છે એવા અવિકાર, 'સુસ્થિત' - સારી પેઠે યથાસ્થાને યથા પ્રમાણ સ્થિત ગોઠવાયેલ સર્વ અંગ છે જેના, 'अपूर्वसहजलावण्यं' - અપૂર્વ સહજ લાવણ્યવાળું, પૂર્વે કદી પણ નહિં સાંભળેલું નહિં દીઠેલું એવું અપૂર્વ સહજ - સ્વભાવભૂત લાવણ્ય - રમણીયપણું - સ્વરૂપ સૌંદર્ય (અથવા પક્ષે લવણપણું) જેનું, 'अक्षोभमिव समुद्रं' - સમુદ્ર જેવું અક્ષોભ-ક્ષોભ (ખળભળાટ)ન પામે એવું 'जिनेंद्र रूपं परं जयति' - પરમ જિનેંદ્ર રૂપ જય પામે છે, 'પરમ' - સર્વોત્કૃષ્ટ - સર્વાતિશાયી એવું જિનેંદ્ર દેવનું રૂપ જયવંત વર્તે છે ! -

જિનેંદ્ર રૂપ વર્ણન
જિન વર્ણન નથી થતું

એવા પ્રકારે શરીરનું સ્તવન કરવામાં આવ્યે, તીર્થંકર કેવલિપુરુષ તે શરીરના અધિષ્ઠાતા - અધિપતિ છતાં - 'तदधिष्ठातृत्वेपि' - તે કેવલિપુરુષનું તેથી કાંઈ સ્તવન થઈ જતું નથી. કારણકે સુસ્થિત સર્વાંગપણું, લાવણ્ય આદિ શરીર ગુણોનો તે **કેવલ આત્મારૂપ કેવલિપુરુષમાં** સર્વથા અભાવ છે. માટે નિશ્ચયથી શરીર સ્તવનથી, તેના અધિષ્ઠાતા છતાં - આત્માનું સ્તવન ઘટતું નથી, એ નિશ્ચય સિદ્ધાંત વિશેષે કરીને દૃઢ થયો.



हवे निश्चय स्तुति कहे छे. तेमां प्रथम ज्ञेय-ज्ञायकना संकर दोषना परिहारथी -

जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं ।
तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहू ॥३१॥

ઈંદ્રિય જીતી જાણે આત્મ જે રે, જ્ઞાન સ્વભાવ અધિક;
તેને જિતેંદ્રિય તે કહે રે, સાધુઓ જે નિશ્ચિત ... રે આત્મન્ ! વંદો સમયસાર. ૩૧

ગાથાર્થ : જે ઈંદ્રિયોને જીતીને જ્ઞાન સ્વભાવથી અધિક એવા આત્માને જાણે છે, તેને જ નિશ્ચયે કરીને જિતેંદ્રિય તેઓ કહે છે, કે જે સાધુઓ નિશ્ચિત (નિશ્ચયવંત) છે. ૩૧

आत्मख्याति टीका

अथ निश्चयस्तुतिमाह, तत्र ज्ञेयज्ञायकसंकरदोषपरिहारेण तावत् -

यः इंद्रियाणि जित्वा ज्ञानस्वभावाधिकं जानात्यामानं ।
तं खलु जितेंद्रियं ते भणंति ये निश्चिताः साधवः ॥३१॥

यः खलु निरवधिबंधपर्यायवशेन प्रत्यस्तमितसमस्तस्वपरविभागानि निर्मलभेदाभ्यासकौशलोपलब्धांतः स्फुटातिसूक्ष्मचित्स्वभावावष्टंभबलेन, शरीरपरिणामापन्नानि **द्रव्येंद्रियाणि** प्रतिविशिष्टस्वस्वविषयव्यवसायितया खंडशः आकर्षंति प्रतीयमानाखंडैकचिच्छक्तितया **भावेंद्रियाणि** ग्राह्यग्राहकलक्षणसंबंधप्रत्यासत्तिवशेन सह संविदा परस्परमेकीभूतानिव चिच्छक्तेः स्वयमेवानुभूयमानासंगतया भावेंद्रियावगृह्यमाणान् स्पर्शादीनिंद्रियार्थांश्च सर्वथा स्वतः पृथक्करणेन **विजित्यो**परतसमस्तज्ञेयज्ञायकसंकरदोषत्वेनैकत्वे टंकोत्कीर्णं विश्वस्याप्यस्योपरि तरता प्रत्यक्षोद्योतितया नित्यमेवांतःप्रकाशमानेनानपायिना स्वतःसिद्धेन परमार्थसता भगवता **ज्ञानस्वभावेन** सर्वेभ्यो द्रव्यांतरेभ्यः परमार्थतो**तिरिक्तमात्मानं संचेतयते स खलु जितेंद्रियो** जिन इत्येका निश्चयस्तुतिः ॥३२॥

आत्मभावना -

अथ निश्चयस्तुतिमाह - हवे निश्चय स्तुति कहे छे - तत्र - तेमां ज्ञेयज्ञायकसंकरदोषपरिहारेण तावत् - ज्ञेय-ज्ञायकना संकर-संमिश्रणपणा રૂપ - सेणभेળपणा રૂપ દોષના પરિહારથી - પરિત્યાગથી પ્રથમ તો - यः इंद्रियाणि जित्वा - જે ઈંદ્રિયોને જીતીને ज्ञानस्वभावाधिकं आत्मानं जानाति - જ્ઞાન સ્વભાવે વડે કરી, અધિક આત્માને જાણે છે, तं खलु जितेंद्रियं - તેને ખરેખર ! જિતેંદ્રિય તે भणंति - તેઓ કહે છે, ये निश्चिताः साधवः - કે જેઓ નિશ્ચિતે સાધુઓ છે. ॥ इति गाथा आत्मभावना ॥३१॥

यः खलु - જે ખરેખર ! નિશ્ચયે કરીને, द्रव्येंद्रियाणि भावेंद्रियाणि भावेंद्रियावगृह्यमाणान् स्पर्शादीनिंद्रियार्थांश्च विजित्य - દ્રવ્યેંદ્રિયોને, ભાવેંદ્રિયોને અને ભાવેંદ્રિયોથી અવગ્રહાઈ રહેલા સ્પર્શાદિ ઈંદ્રિયાર્થોને - ઈંદ્રિય વિષયોને વિજિત કરીને- સર્વથા વિશેષે કરી જીતી લઈને, एकत्वे टंकोत्कीर्णं - એકત્વમાં - એકપણામાં ટંકોત્કીર્ણ અને ज्ञानस्वभावेन - જ્ઞાનસ્વભાવે કરી, सर्वेभ्यो द्रव्यांतरेभ्यः परमर्थतोतिरिक्तम् - સર્વ દ્રવ્યાંતરોથી - અન્ય દ્રવ્યોથી પરમાર્થથી અતિરિક્ત - અતિશાયિ - અધિક જૂદા તરી આવતા, आत्मानं संचेतयते - એવા આત્માને સંચેતે છે - સંવેદે છે - સમ્યક્ અનુભવે છે, स खलु - તે ખરેખર ! નિશ્ચયે કરીને जितेंद्रियो जिनः - જિતેંદ્રિય જિન, જેણે ઈંદ્રિયો જીતી લીધી છે એવો જિન, इत्येका निश्चयस्तुति - એમ એક નિશ્ચય - સ્તુતિ છે. આમ આ એક સળંગ સૂત્રાત્મક વાક્યનો પૂર્વાપર સંબંધ છે.

કેવી રીતે જીતી લઈને ? सर्वथा स्वतः पृथक्करणेन - सर्वथा - સર્વ પ્રકારે સંપૂર્ણપણે સ્વથી-પોતાથી-આત્માથી પૃથક્કરણ વડે, પૃથક્ - અલગ - ભિન્ન કરણ - કરવાપણા વડે. તે કેવા વિધાનથી જીતી લઈને ? (૧) शरीरपरिणामापन्नानि द्रव्येन्द्रियाणि - શરીર પરિણામાપન્ન - શરીર પરિણામને પામેલી દ્રવ્યેંદ્રિયો જ્યાં निरवधिबंधपर्यायवशेन प्रत्यस्तमितस्वपरविभागानि - જ્યાં નિરવધિ બંધ પર્યાય વશે કરીને સ્વપર વિભાગ પ્રત્યસ્તમિત છે - અત્યંત અસ્ત પામી ગયેલ છે, પમાડાઈ ગયેલ છે તેને. કોના વડે જીતી લઈ ? चित्स्वभावावष्टंभबलेन - ચિત્ - સ્વભાવના અવષ્ટંભબલથી - આધાર - ઓથના સામર્થ્યથી. કેવો છે ચિત્ સ્વભાવ ? अंतःस्फुटातिसूक्ष्मः - અંતઃ સ્ફુટ - અંતરમાં સ્ફુટ-પ્રગટ અતિ

આત્મખ્યાતિ ટીકાર્થ

જે ખરેખર ! -

I. (૧) નિરવધિ બંધપર્યાયવશથી

જ્યાં સમસ્ત સ્વ-પર વિભાગ પ્રત્યસ્તમિત (અસ્ત પામી ગયેલ) છે, એવી શરીર પરિણામાપન્ન (શરીરપરિણામને પામેલી) દ્રવ્યેંદ્રિયોને નિર્મલ ભેદાભ્યાસના કૌશલથી ઉપલબ્ધ (અનુભવમાં આવેલ) અંતઃસ્ફુટ અતિસૂક્ષ્મ ચિત્સ્વભાવના અવષ્ટંભબલ વડે કરીને,

(૨) પ્રતિવિશિષ્ટ સ્વસ્વ વિષયની વ્યવસાયિતાથી ખંડખંડ આકર્ષતી ભાવેંદ્રિયોને પ્રતીત થઈ રહેલી અખંડ એક ચિત્શક્તિતા વડે કરીને,

(૩) અને ગ્રાહ્ય-ગ્રાહક લક્ષણ સંબંધની પ્રત્યાસત્તિ (અતિ નિકટતા) વશથી સંવિદ્ સાથે જાણે પરસ્પર એકીભૂત એવા ભાવેંદ્રિયોથી અવગ્રહાઈ રહેલા સ્પર્શાદિ ઈંદ્રિયાર્થોને ચિત્ શક્તિની સ્વયમેવ અનુભવાઈ રહેલી અસંગતા વડે કરીને, સ્વતઃ (પોતાથી) પૃથક્કરણ વડે વિજિત કરીને,

II. (i) સમસ્ત જ્ઞેય-જ્ઞાયક સંકર દોષના ઉપરતપણાએ કરીને એકત્વમાં ટંકોત્કીર્ણ

(ii) આ વિશ્વની પણ ઉપર તરતા,

પ્રત્યક્ષ ઉદ્યોતિતાથી નિત્યમેવ અંતઃપ્રકાશમાન,

અનપાયિ, સ્વતઃ સિદ્ધ, પરમાર્થ સત્

એવા ભગવત્ **જ્ઞાનસ્વભાવે** કરીને

સર્વ દ્રવ્યાંતરોથી પરમાર્થથી અતિરિક્ત

એવા આત્માને સંચેતે છે,

- તે ખરેખર ! નિશ્ચયે કરીને જિતેંદ્રિય એવો જિન, એમ એક નિશ્ચય સ્તુતિ છે. ૩૧

સૂક્ષ્મ. એવો ચિત્ સ્વભાવ કેમ ઉપલબ્ધ-પ્રાપ્ત થયો ? निर्मलभेदाभ्यासकौशलोपलब्ध - નિર્મલ-શુદ્ધ ભેદ અભ્યાસ-ભેદભાવનાના કૌશલથી - કુશલપણાથી ઉપલબ્ધ - પ્રાપ્ત - અનુભૂત - અનુભવમાં આવેલો. આવા ચિત્ સ્વભાવના અવષ્ટંભબલથી દ્રવ્યેંદ્રિયોને જીતી.

(૨) भावेंद्रियाणि - ભાવેંદ્રિયો, કેવી છે ભાવેંદ્રિયો ? प्रतिविशिष्ट - स्वस्व विषय व्यवसायितया खंडशः आकर्षंति - 'प्रतिविशिष्ट' - પ્રત્યેકના વિશિષ્ટ-ખાસખાસ સ્વસ્વ-પોત પોતાના વિષયની 'વ્યવસાયિતાથી' - નિશ્ચાયિતાથી - પ્રવૃત્તતાથી ખંડશઃ - ખંડખંડ આકર્ષતી એવી. આવી ભાવેંદ્રિયોને કોના વડે જીતી ? प्रतीयमानाखंडैकचिच्छक्तितया - પ્રતીયમાન - પ્રતીત થઈ રહેલી અખંડ એક-અદ્વૈત ચિત્ શક્તિતા - ચિત્ શક્તિપણા વડે જીતી.

(૩) भावेंद्रियावगृह्यमाणान् स्पर्शादीनिंद्रियार्थांश्च - અને ભાવેંદ્રિયોથી અવગ્રહાઈ રહેલા સ્પર્શાદિ ઈંદ્રિયાર્થોને - ઈંદ્રિય વિષયોને. કેવા છે ઈંદ્રિયાર્થો ? सह संविदा परस्परमेकीभूतानिव - 'संविद' - સંવેદનપણા સાથે પરસ્પર - અન્યોન્ય જાણે એકીભૂત - એકરૂપ થઈ ગયેલ એવા. એમ શાથી ? ग्राह्यग्राहकलक्षणसंबंधप्रत्यासत्तिवशेन - ગ્રાહ્ય-ગ્રાહક લક્ષણ સંબંધની પ્રત્યાસત્તિ-અત્યંત નિકટતાના વશે કરીને. આવા સ્પર્શાદિ અર્થોને કોના વડે જીતી ? चिच्छक्तेः स्वयमेवानुभूयमानासंगतया - ચિત્ શક્તિની સ્વયમેવ-આપોઆપ જ અનુભૂયમાન - અનુભવાઈ રહેલી અસંગતા વડે જીતી.

આમ દ્રવ્યેંદ્રિયોને, ભાવેંદ્રિયોને અને ભાવેંદ્રિયોથી અવગ્રહાઈ રહેલા સ્પર્શાદિ ઈંદ્રિયાર્થોને સર્વથા સ્વથી પૃથક્કરણથી જીતી લઈને શું ? - उपरतसमस्तज्ञेयज्ञायकसंकरदोषत्वेन - સમસ્ત જ્ઞેય-જ્ઞાયકના સંકર-ભેળસેળ રૂપ દોષના ઉપરતપણાએ - વિરામ પામવાપણાએ કરીને एकत्वे टंकोत्कीर्णं - એકત્વમાં - એકપણામાં 'टंकोत्कीर्ण', 'टंकथी' - ટાંકણાથી 'ઉત્કીર્ણ' - કોતરેલ અક્ષર જેમ સુસ્થિત એવા आत्मानं संचेतयते - આત્માને સંચેતે છે - સંવેદે છે - સમ્યક્ અનુભવે છે. કેવો છે આ આત્મા ? सर्वेभ्यो द्रव्यांतरेभ्यः परमार्थतोतिरिक्तं - सर्वे द्रव्यांतरोथी - બીજા બધા દ્રવ્યોથી

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ઈંદ્રિયના વિષયરૂપી ક્ષેત્રની જમીન જીતવાને આત્મા અસમર્થપણું બતાવે છે અને આખી પૃથ્વી જીતવામાં સમર્થપણું ધારે છે એ કેવું આશ્ચર્ય છે ?'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૯૦, ૩૪૭**

''સયલ સંસારી ઈંદ્રિય રામી, મુનિ ગુણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમ રામી, તે કહિયે નિષ્કામી રે... શ્રી શ્રેયાંસ.'' - **શ્રી આનંદઘનજી**

જિતેંદ્રિય તે જિન : ઈંદ્રિય જયનું અમૃતચંદ્રજીએ દાખવેલું પરમ અદ્‌ભુત સંપૂર્ણ વિધાન

ત્યારે નિશ્ચય સ્તુતિ કેવા પ્રકારે હોય ? તેના વિવિધ પ્રકાર દર્શાવવાનો હવે ઉપક્રમ કરે છે. તેમાં પ્રથમ જ્ઞેય-જ્ઞાયકના સંકર 'જે ઈંદ્રિયોને જીતીને જ્ઞાન-સ્વભાવાધિક - જ્ઞાન સ્વભાવે કરી અધિક એવા આત્માને જાણે છે તે જિતેંદ્રિય એમ નિશ્ચયવંતા સાધુઓ-સત્પુરુષો વદે છે.' શાસ્ત્રકારના આ પરમાર્થબીજરૂપ ભાવને પરમાર્થ વૃક્ષપણે વિકસાવી **આત્મખ્યાતિકાર પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** ઈંદ્રિયજયનું સંપૂર્ણ વિધાન પરમ અદ્‌ભુત અનુપમ અનન્ય અલૌકિક પરમાર્થશૈલીથી નિષ્ણુષપણે વિવરી દેખાડ્યું છે : જે ખરેખર ! નિશ્ચયે કરીને દ્રવ્યેંદ્રિયોને, ભાવેંદ્રિયોને અને ભાવેંદ્રિયોથી અવગ્રહાઈ રહેલા - સ્પર્શાદિ ઈંદ્રિયાર્થોને - ઈંદ્રિય વિષયોનો - સ્વથી - પોતાથી - આત્માથી સર્વથા પૃથક્કરણ વડે જીતી લઈ, સમસ્ત જ્ઞેય-જ્ઞાયકના સંકર-સેળભેળપણા રૂપ - શંભુમેળા રૂપ - દોષના ઉપરતપણાએ - વિરામ પામવાપણાએ કરીને એકત્વમાં ટંકોત્કીર્ણ એવા આત્માને ભગવત્ જ્ઞાનસ્વભાવે કરી સર્વ દ્રવ્યાંતરોથી - અન્ય દ્રવ્યોથી પરમાર્થ અતિરિક્ત - અલાયદો - જૂદો અધિકપણે - અતિશાયિપણે તરી આવતો એવો સંચેતે છે - સંવેદે છે - સમ્યક્ અનુભવે છે, તે નિશ્ચયથી 'જિતેંદ્રિય' એવો જિન, આવા પ્રકારની એક નિશ્ચયસ્તુતિ છે. ઈંદ્રિયોને કેવા વિધાનથી જીતી લઈને ? (૧) શરીર પરિણામાપન્ન-શરીર પરિણામને પામેલી દ્રવ્યેંદ્રિયો - જ્યાં નિરવધિ બંધપર્યાય વશથી સ્વપર વિભાગ પ્રત્યસ્તમિત - અત્યંત અસ્ત પમાડાઈ ગયેલ છે - તેને, નિર્મલ ભેદાભ્યાસના કૌશલથી - કુશલપણાથી ઉપલબ્ધ - પ્રાપ્ત - અનુભૂત એવા 'અંતઃ સ્ફુટ' - અંતરમાં સ્ફુટ-પ્રગટ અતિ સૂક્ષ્મ ચિત્ સ્વભાવના અવષ્ટંબલથી - આધાર - ઓથના સામર્થ્યથી જીતી, (૨) 'પ્રતિવિશિષ્ટ' - પ્રત્યેકના વિશિષ્ટ ખાસ ખાસ સ્વસ્વ-પોતપોતાના વિષયની 'વ્યવસાયિતાથી' - નિશ્ચાયિતાથી - પ્રવૃત્તતાથી ખંડખંડ આકર્ષતી એવી ભાવેંદ્રિયોને પ્રતીત થઈ રહેલી અખંડ એક-અદ્વૈત ચિત્ શક્તિતા-ચિત્ શક્તિપણા વડે જીતી, (૩) ભાવેંદ્રિયોથી અવગ્રહાઈ રહેલા સ્પર્શાદિ ઈંદ્રિયાર્થો - ઈંદ્રિય વિષયો - કે જે ગ્રાહ્ય-ગ્રાહક લક્ષણ સંબંધની 'પ્રત્યાસર્તિ' - અત્યંત નિકટતાના વશે કરીને 'સંવિદ્' - સંવેદનપણા સાથે પરસ્પર જાણે એકીભૂત - એકરૂપ થઈ ગયેલ છે - તેને, ચિત્ શક્તિની સ્વયમેવ - આપોઆપ જ અનુભવાઈ રહેલી અસંગતા વડે જીતી. આમ દ્રવ્યેંદ્રિયોને, ભાવેંદ્રિયોને અને ભાવેંદ્રિયોથી અવગ્રહાઈ

અલૌકિક ભગવદ્‌જ્ઞાન સ્વભાવે કરી આત્માનું સંચેતન

પરમાર્થથી - નિશ્ચયથી - તત્ત્વથી અતિરિક્ત - અધિક - અતિશય વિશિષ્ટ જૂદો તરી આવતો. શાથી કરીને અતિરિક્ત ? ભગવતા જ્ઞાનસ્વભાવેન - ભગવત્ જ્ઞાન સ્વભાવે કરીને. કેવો છે જ્ઞાન સ્વભાવ ? (૧) વિશ્વસ્યાપ્યસ્યોપરि તરતા - આ વિશ્વની પણ - સમસ્ત જગત્‌ની પણ ઉપર તરતો. એમ શાથી ? (૨) પ્રત્યક્ષોદ્યોતિતया નિત્યમેવાંતः પ્રકાશમાનેન - પ્રત્યક્ષ - સાક્ષાત્ ઉદ્યોતિતાએ - પ્રકાશમાનતાએ કરીને નિત્યમેવ-નિત્યજ-સદાય અંતઃ પ્રકાશમાન - અંતરમાં પ્રકાશી રહેલો. એમ શાથી ? (૩) અનપાયિના - અનપાયી, અપાય - હાનિ નહિં પામતો, કદી પણ ચાલ્યો નહિં જતો. એમ શાથી ? (૪) સ્વતःસિદ્ધેન - સ્વતःસિદ્ધ, સ્વતः સ્વથી આપોઆપ સિદ્ધ પ્રતિષ્ઠિત, એમ શાથી ? (૫) પરમાર્થસતા - પરમાર્થસત્, પરમાર્થથી - નિશ્ચયથી - તત્ત્વથી સત્-અસ્તિત્વ રૂપ - હોવાપણા રૂપ. એમ ઉક્ત ગુણસંપન્ન છે એટલે શાથી ? (૬) ભગવતા - ભગવત્, સમગ્ર સંપૂર્ણ આત્મૈશ્વર્ય રૂપ ભગથી સંપન્ન.

ઉક્ત વિધાનથી ઈંદ્રિયોને જીતી લઈ એકત્વમાં ટંકોત્કીર્ણ એવા આત્માને આવા ભગવત્ જ્ઞાનસ્વભાવે કરીને સર્વ દ્રવ્યાંતરોથી - અન્ય દ્રવ્યોથી પરમાર્થથી અતિરિક્ત - જૂદો - અલાયદો સંચેતે છે. તે નિશ્ચયે કરીને 'જિતેંદ્રિય' જિન એવી એક નિશ્ચય સ્તુતિ છે. ।। ઇતિ **'આત્મખ્યાતિ'** આત્મભાવના ।।૩૧।।

રહેલા સ્પર્શાદિ ઈંદ્રિયાર્થોને સર્વથા સ્વથી પૃથક્કરણ વડે જીતી લઈ, એકત્વમાં ટંકોત્કીર્ણ એવો આત્મા જે ભગવત્ જ્ઞાનસ્વભાવે કરી સર્વ દ્રવ્યાંતરોથી પરમાર્થથી અતિરિક્ત એવો સંચેતે છે. તે જ્ઞાનસ્વભાવ કેવો છે ? (૧) આ વિશ્વની પણ - સમસ્ત જગત્‌ની પણ ઉપર તરતો. એમ શાથી ? (૨) પ્રત્યક્ષ-સાક્ષાત્ ઉદ્યોતતાએ - પ્રકાશમાનતાએ કરીને નિત્યેજ અંતઃપ્રકાશમાન - અંતરમાં પ્રકાશી રહેલો. એમ શાથી ? (૩) અનપાયી - અપાય - હાનિ નહિં પામતો, કદી પણ ચાલ્યો નહિં જતો. એમ શાથી ? (૪) સ્વતઃ સિદ્ધ - સ્વતઃ સ્વથી - આપોઆપ સિદ્ધ - સુપ્રતિષ્ઠિત. એમ શાથી ? (૫) પરમાર્થ સત્ - પરમાર્થથી - નિશ્ચયથી - તત્ત્વથી સત્ - અસ્તિત્વરૂપ - હોવાપણા રૂપ - ઉક્ત ગુણસંપન્ન છે એટલે શું ? (૬) ભગવત્ - સમગ્ર સંપૂર્ણ આત્મૈશ્વર્યરૂપ ભગથી સંપન્ન, એવો. ઉક્ત વિધાનથી ઈંદ્રિયોને જીતી લઈ એકત્વમાં ટંકોત્કીર્ણ એવા આત્માને આવા ભગવત્ જ્ઞાનસ્વભાવે કરી સર્વ દ્રવ્યાંતરોથી પરમાર્થથી અતિરિક્ત - જૂદો એવો. સંચેતે છે તે નિશ્ચયે કરીને **'જિતેંદ્રિય'** - ઈંદ્રિયો જેણે જીતી છે એવો જિન, એવી એક નિશ્ચય સ્તુતિ છે. આમ સેંકડો ગ્રંથોથી જે ભાવ ન દર્શાવી શકાય એવા અદ્‌ભુત પરમાર્થ પ્રકાશક પરમાર્થઘન એક જ સળંગ સૂત્રાત્મક વાક્યમાં મહાનિર્ગ્રંથેશ્વર - મહા મુનીશ્વર અમૃતચંદ્રાચાર્યજીએ અનન્ય તત્ત્વકલાથી ગૂંથેલ આ ગ્રંથવસ્તુની વિશેષ સ્પષ્ટ સમજૂતી આ પ્રકારે :

દ્રવ્યેંદ્રિયજય

શરીર પરિણામને પામેલી - 'શરીર પરિણામાપન્ન' - शरीरपरिणामापन्नानि - એવી સ્પર્શનાદિ દ્રવ્યેંદ્રિયો - બાહ્ય ઈંદ્રિયો છે. તે કેવી છે ? આત્મા અને કર્મના સંયોગ સંબંધરૂપ અનાદિ નિરવધિ બંધપર્યાયના વશે કરીને જ્યાં સમસ્ત સ્વ-પરનો વિભાગ 'પ્રત્યસ્તમિત' છે - અત્યંત અસ્ત પમાડાઈ ગયો છે - આથમી ગયો છે, સ્વ-પરનું વિવેચન સર્વથા અસ્ત પમાડાઈ ગયું છે એવી છે, 'प्रत्यस्तमितसमस्तस्वपर-विभागानि' - આવી આ સ્થૂલ પુદ્‌ગલમય શરીર પરિણામ પામેલી દ્રવ્યેંદ્રિયોને 'अंतःस्फुट' - અંતરમાં સ્ફુટ પ્રગટ એવા અતિ સૂક્ષ્મ ચિત્ સ્વભાવના અવષ્ટંભબલ - અવલંબનબલ વડે કરીને જીતી લે છે, 'अंतः स्फुटातिसूक्ष्मचित्स्वभाववष्टंभबलेन'. - કેવો ને ક્યાંથી પ્રાપ્ત છે આ ચિત્ સ્વભાવ ? નિર્મલ ભેદાભ્યાસના કૌશલથી ઉપલબ્ધ એવો છે, 'निर्मलभेदाभ्यासकौशलोपलब्ध' - અર્થાત્ આ ચેતન અને આ અચેતન એમ શુદ્ધ ભેદજ્ઞાનના અભ્યાસના કુશલપણાથી અનુભવમાં આવે છે. જેમકે - આ દ્રવ્યેંદ્રિયો તો સ્થૂલ છે, બાહ્ય છે, શરીર પરિણામરૂપ જડ પુદ્‌ગલ છે, રૂપી દૃશ્ય છે, અચેતન છે : અને હું તો અતિ સૂક્ષ્મ છું, અંતરમાં સ્ફુટ છું, ચિત્ સ્વભાવી ચેતન આત્મા છું, અરૂપી દૃષ્ટા છું, પ્રગટ અનુભવ સ્વરૂપ ચૈતન્ય છું, માટે પ્રગટ પુદ્‌ગલ રચનામય અચેતન દ્રવ્યેંદ્રિયો તે હું નથી અને તે મ્હારી નથી, એવા પ્રકારે શુદ્ધ ભેદજ્ઞાનના ભાવના અભ્યાસના નિપુણપણાથી ઉપજેલા આત્માનુભવના બલથી દ્રવ્યેંદ્રિયોનો જય કરે છે.

ભાવેંદ્રિયજય

ભાવેંદ્રિયો જે છે, તે 'प्रतिविशिष्ट स्वस्व विषयની વ્યવસાયિતાથી ખંડખંડ આકર્ષતી' એવી છે, 'प्रतिविशिष्टस्वस्वविषयव्यवसायितया खंडशः आकर्षंति' - માત્ર પોતપોતાના પ્રત્યેકના વિશિષ્ટ - ખાસખાસ વિષયના વ્યવસાયિપણાથી - નિશ્ચયકારિપણાથી - પ્રવર્તવાપણાથી - ખંડખંડ આકર્ષણ કરે છે. અર્થાત્ પ્રત્યેક ભાવેંદ્રિય પોતપોતાના ખાસ વિષયનો જ વ્યવસાય-નિશ્ચય રૂપ કારભાર કરી શકે છે. જેમકે - ભાવચક્ષુરિંદ્રિય (આંખ) તે જોવાનું જ નિશ્ચયરૂપ નિયત - કામ કરે છે, ભાવશ્રોતેંદ્રિય (કાન) તે સાંભળવાનું જ નિશ્ચયરૂપ નિયત કામ કરે છે, ભાવઘ્રાણેંદ્રિય (નાક) તે સુંઘવાનું જ નિશ્ચયરૂપ નિયત કામ કરે છે, ભાવરસનેંદ્રિય (જીભ) તે ચાખવાનું જ નિશ્ચયરૂપ નિયત કામ કરે છે, ભાવ સ્પર્શનેંદ્રિય ત્વચા, (ચામડી) તે સ્પર્શવાનું જ નિશ્ચયરૂપ નિયત કામ કરે છે. આમ ભાવ લબ્ધિ-ક્ષયોપશમરૂપ પ્રત્યેક ભાવેંદ્રિય (આંતરેંદ્રિય) પોતપોતાના ખાસ - 'प्रतिविशिष्ट' - વિષયનો વ્યવસાય - વહીવટ - કારભાર ચલાવે છે, વિનિશ્ચય કરાવે છે, અને તે ખંડખંડ આકર્ષણ કરે છે, ક્ષણક્ષણ ભંગ પામતા ક્ષણભંગુર એવા કલ્પિત ખંડખંડ સુખથી આકર્ષે છે. પણ આત્મા તો પાંચે ઈંદ્રિયના વિષયનો અનુભવ કરનારો છે

અને તે પાંચે ઈંદ્રિય પણ પોતપોતાના ખાસ વિષયમાં પણ આત્માની સત્તા વડે કરીને જ પ્રવર્તે છે. જો આત્માની સત્તા ન હોય તો તે પાંચે ઈંદ્રિય પણ અકિંચિત્કર નકામી થઈ પડી પોતપોતાના વિષયમાં પણ પ્રવર્તવા સમર્થ થાય નહિં - પ્રવર્તી શકે નહિં અને તે કલ્પિત ખંડખંડ સુખનો પણ અનુભવ કરાવી આકર્ષી શકે નહિં. માટે જે કાંઈ ભાવેંદ્રિય થકી અનુભવાતું ઈંદ્રિય સુખ વા તજ્જન્ય આકર્ષણ છે, તેનું મૂલ ઉત્થાન - પ્રભવ સ્થાન (fountain-store) અનુભવ સ્વરૂપ આત્મા છે. એટલે **સર્વ સુખના અધિષ્ઠાન અને નિધાન રૂપ અનુભવમૂર્તિ આત્મા જ** 'પ્રતીત થઈ રહેલી અખંડ એકચિત્ શક્તિતાએ કરીને' અખંડ પરમ આકર્ષણનું કારણ છે અને **સહજાત્મસ્વરૂપ** સૌંદર્યથી **સમસ્ત ચિદ્ વૃત્તિઓને પરમ** આકર્ષક એવો તે શુદ્ધ ચૈતન્યમૂર્તિ પરમ સત્ય શિવ ને સુંદર 'सत्यं शिवं सुंदरं' - આત્મા જ આત્મામાં લય કરનારો ભાવથી ખરેખરો ચિત્તચોર છે. કારણકે આત્માનું સુખ અખંડ એક ચિત્ શક્તિતા - ચૈતન્યશક્તિપણા થકી ઉપજે છે : અખંડ એક ચૈતન્યશક્તિની અસ્ખલિત અવિચ્છિન્ન ધારાથી અત્રે અખંડ સુખનો અનુભવ થાય છે, માટે **અખંડ ચિત્ શક્તિસંપન્ન આત્મા જ** પરમ આકર્ષણનું એક સ્થાન છે, પરમ સુખનું એક ધામ છે, અદ્ભુત ચૈતન્ય ચમત્કારથી એ જ આત્માને આત્મામાં આકર્ષનારો, ચિત્ વૃત્તિઓને આત્મા પ્રત્યે ખેંચનારો **'ચિત્તચોર'** છે !

''ઈંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પંચ ઈંદ્રિના વિષયનું, પણ આત્માને ભાન.''

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર*-૫૨

માટે ક્યાં આ નિજ નિજ ક્ષેત્રે મર્યાદિત શક્તિવાળી નાના ઠાકરડા જેવી આ તુચ્છ ક્ષયોપશમ ભાવેંદ્રિયો ? અને ક્યાં આ અનંત ચિત્શક્તિસંપન્ન મહાસમ્રાટ સમો આ પરમ અનુભવ સ્વરૂપ પ્રતીત થતો **ચૈતન્ય ચક્રવર્તી સહજાત્મસ્વરૂપ આત્મા ?** ક્યાં આ ખંડખંડ આકર્ષનારી પરમ પામર ભાવેંદ્રિયો ? અને ક્યાં આ અખંડ ચૈતન્યશક્તિથી પરમ આકર્ષણ કરનારો પરમ આત્મા ? આમ 'प्रतीयमानाखंडचित्शक्तितया' - આત્મામાં પ્રતીત થઈ રહેલી અખંડ ચૈતન્યશક્તિ વડે ભાવેંદ્રિયોનો જય કરે છે.

ઈંદ્રિયાર્થજય

આ **ભાવેંદ્રિયોથી** અવગ્રહાઈ રહેલા સ્પર્શ-રસ આદિ ઈંદ્રિયાર્થો - ઈંદ્રિય વિષયો છે. તે 'ग्राह्यग्राहकलक्षण संबंधप्रत्यासत्तिवशेन' - **ગ્રાહ્ય-ગ્રાહક લક્ષણ સંબંધની પ્રત્યાસત્તિ વશે** - અત્યંત નિકટતાને આધીનપણાઓ કરી **'સંવિદ્'** સંવેદન અનુભવના સાથે પરસ્પર જાણે એકીભૂત - એકરૂપ થઈ ગયેલા છે, અર્થાત્ **'સંવિદ્' - આત્માનુભૂતિ** ગ્રહણ કરનાર ગ્રાહક છે અને ઈંદ્રિય વિષયો ગ્રહણ કરાવા યોગ્ય ગ્રાહ્ય છે, એમ ગ્રાહ્ય - ગ્રાહક સંબંધના સંનિકર્ષરૂપ અત્યંત નિકટપણાને લીધે સ્પર્શાદિ ઈંદ્રિયાર્થો અનુભવ સાથે જાણે એકરૂપ થઈ ગયેલા ભાસે છે. 'भावेंद्रियावग्रह्यमाणान् स्पर्शादीनर्थान्' - આ સ્પર્શાદિ ભાવેંદ્રિયોથી અવગ્રહાઈ રહ્યા છે, અર્થાત્ પોતપોતાના વિષયની નિયત મર્યાદા પ્રમાણે પ્રત્યે ભાવેંદ્રિય પોતપોતાના ઈંદ્રિયાર્થનું - ઈંદ્રિય વિષયનું અવગ્રહણ કરે છે અને આ ક્ષયોપશમભાવરૂપ ભાવેંદ્રિયથી ગ્રહણ કરાયેલો સ્પર્શાદિ ભાવ સંવિદ્ સાથે - આત્માનુભૂતિ (અનુભવ) સાથે જાણે એકરૂપ થાય છે એમ ભાસે છે. પણ આત્મા તો ચેતન રૂપ છે, તે સ્પર્શાદિના સંવેદનને સંવેદે છે છતાં તેને અચેતન પુદ્ગલરૂપ સ્પર્શાદિના કારણભૂત બાહ્ય અર્થો-ઈંદ્રિય વિષયો સાથે સંગ-સંપર્ક (contact) થતો નથી - તે પુદ્ગલરૂપ અર્થોને - ઈંદ્રિય વિષયોને - તે સ્પર્શતો નથી, ચાખતો નથી, સુંઘતો નથી, દેખતો નથી, સાંભળતો નથી એટલું જ નહિં, પણ તેને ભાવેંદ્રિયોથી અવગ્રહાઈ રહેલા સ્પર્શાદિ ઈંદ્રિયાર્થો સાથે પણ સંગ-સંપર્ક (contact) થતો નથી. તે તો એ સ્પર્શાદિ સર્વ ઈંદ્રિયવિષયથી પરમાર્થથી અસંગ છે. આ આત્માની **ચિત્ શક્તિની અસંગતા** સ્વયમેવ - આપોઆપ અનુભવાય છે. આવી આ 'चिच्छक्तेः स्वयमेवानुभूयमानासंगतया' - ચિત્ શક્તિની સ્વયમેવ

* જુઓ : **આત્મસિદ્ધિ શાસ્ત્ર ઉપર 'રાજ' જ્યોતિ મહાભાષ્ય (સ્વરચિત) ડૉ. ભગવાનદાસ કૃત**

અનુભવાઈ રહેલી અસંગતા વડે કરીને' ભાવેંદ્રિયોથી અવગ્રહાતા સ્પર્શાદિ ઈંદ્રિય વિષયોનો જય કરે છે.

* ''જંગમની જુક્તિ તો સર્વે જાણિએ, સમીપ રહે પણ શરીરનો નહિં સંગ જો;
એકાંતે વસવું રે એકજ આસને, ભૂલ પડે તો પડે ભજનમાં ભંગ જો...
ઓધવજી અબળા તે સાધન શું કરે ?''

''પાંચ ઈંદ્રિયો શી રીતે વશ થાય ? વસ્તુઓ ઉપર તુચ્છભાવ લાવવાથી.

''શુદ્ધાત્મસ્થિતિનાં (૧) પારમાર્થિક શ્રુત અને (૨) ઈંદ્રિય જય એ મુખ્ય અવલંબન છે.

આમ દ્રવ્યેંદ્રિયોને, ભાવેંદ્રિયોને અને ભાવેંદ્રિયોથી અવગ્રહાતા સ્પર્શાદિ ઈંદ્રિયાર્થને સર્વતઃ **સ્વથી પૃથક્કરણ વડે** જીતી લે છે - 'सर्वतो स्वतः पृथक्करणेन विजित्य' - દ્રવ્યેંદ્રિયોનું ભાવેંદ્રિયોનું અને ઈંદ્રિયાર્થોનું આત્માથી સર્વથા પૃથક્કરણ કરે છે, અલગીકરણ કરે છે અર્થાત્ તે સર્વને આત્માથી સાવ જૂદા-અલગ પાડે છે અને એમ જડ-ચેતનને પૃથક્-જૂદા પાડવા રૂપ પૃથક્કરણની (analysis) **પરમ તત્ત્વવૈજ્ઞાનિક પ્રક્રિયાથી** (most scientific proscss) તે સર્વનો જય કરે છે. તાત્પર્ય કે - આ પૃથક્કરણ ક્રિયામાં તે અંતરમાં સ્ફુટ અનુભવાતા અતિ સૂક્ષ્મ ચિત્ સ્વભાવના અવષ્ટંભબલ વડે દ્રવ્યેંદ્રિયોને જીતી લે છે, પ્રતીત થઈ રહેલી અખંડ ચિત્ શક્તિતતા વડે ભાવેંદ્રિયોને જીતી લે છે અને ચિત્શક્તિની સ્વયં અનુભવાઈ રહેલી આત્માની અસંગતા વડે સ્પર્શાદિ ઈંદ્રિયાર્થોને જીતી લે છે.

જ્ઞેય-જ્ઞાયકના સંકર દોષની ઉપરતતા

અને આમ **પરમ તત્ત્વવિજ્ઞાની** (great spiritual scientist) **અમૃતચંદ્રજીએ** પ્રદર્શિત કરેલી અદ્ભુત તત્ત્વવૈજ્ઞાનિક પ્રક્રિયાથી તે દ્રવ્યેંદ્રિયોનો, ભાવેંદ્રિયોનો અને ભાવેંદ્રિય ગૃહીત સ્પર્શાદિ ઈંદ્રિયાર્થોનો આત્માથી સર્વથા પૃથક્કરણ પ્રક્રિયાથી જય કરે છે, એટલે **જ્ઞેય-જ્ઞાયકનો જે સંકર દોષ** સેળભેલપણારૂપ - શંભુમેળારૂપ દોષ હતો તે સમસ્ત ઉપરત થાય છે, વિરામ પામે છે, 'उपरतसमस्तज्ञेय-ज्ञायक संकरदोषत्वात्' - અર્થાત્ આત્મા **જ્ઞાયક** - જાણનાર છે અને ઈંદ્રિયો-ઈંદ્રિયાર્થો જ્ઞેય - જાણવા યોગ્ય - જણાવવા યોગ્ય છે, પૂર્વે તે બન્નેની સંકરરૂપ - શંભુમેળારૂપ સેળભેળ થઈ જતી હતી, જ્ઞેય એવી ઈંદ્રિયોનો અને તે દ્વારા જાણવામાં આવતા જ્ઞેય એવા ઈંદ્રિય વિષયોનો જ્ઞાયક એવા આત્મામાં અભેદ આરોપ કરાતો હતો, એટલે જ્ઞેય-જ્ઞાયકનો સંકર અર્થાત્ શંભુમેળા રૂપ સેળભેળ ખીચડો થતો હતો. આ શંભુમેળારૂપ સંકર દોષ ઉપર કહ્યા પ્રમાણે પૃથક્કરણ કરવાથી (analytic porocess) દૂર થયો, એટલે હવે 'સમસ્ત સંકર દોષની ઉપરતતાએ કરીને જ્ઞેય-જ્ઞાયક જૂદા પડ્યા, જ્ઞેય જ્ઞેયરૂપે અને જ્ઞાયક જ્ઞાયકરૂપે પ્રતિષ્ઠિત થયો. અર્થાત્ જ્ઞાયક સિવાયના બીજા બધા ભાવનો **'વિવેક'** કરવાથી - બીજા બધા ભાવ જૂદા પાડવાથી એક જ્ઞાયક ભાવ જ અવશિષ્ટ - બાકી રહ્યો એટલે 'एकत्वे टंकोत्कीर्णं' - **આત્મા એકત્વમાં - એક ટંકોત્કીર્ણ જ્ઞાયક ભાવમાં** અવસ્થિત રહ્યો-. જેમ પત્થરમાં ટાંકણાથી કોતરી કાઢેલ અક્ષર અંક કોઈ કાળે જાય નહિં, તેમ એક જ્ઞાયક સ્વભાવમાં ટંકોત્કીર્ણ સુપ્રતિષ્ઠિત એવો અક્ષર આત્મા કોઈ કાળે ફરે નહિં. આવા એકત્વમાં - એકપણામાં - એક જ્ઞાયકભાવમાં ટંકોત્કીર્ણ એવા આત્માને એ **ભગવત્ જ્ઞાનસ્વભાવ** વડે 'સંચેતે છે' - સમ્યક્ પણે ચેતે છે, એકીભાવથી ચેતે છે, અનુભવે છે, સંવેદે છે.

કેવો છે ? આ ભગવત્ જ્ઞાન સ્વભાવ

કેવો છે આ ભગવત્ જ્ઞાન સ્વભાવ ? (૧) સમસ્ત વિશ્વની પણ ઉપર 'તરતો', 'विश्वस्योपरि तरता' સમસ્ત વિશ્વની પણ ઉપર તરી રહ્યો છે એવો છે. જેમ તરનારો મનુષ્ય પાણીની ઉપર ને ઉપર જ રહેતો સતો તરે છે, પણ પાણીની અંદરમાં ડૂબતો નથીઃ તેમ આ જ્ઞાયક જ્ઞાનસ્વભાવ પણ આ વિશ્વની ઉપર તરે છે, અર્થાત્ સર્વોપરિ (Supernatant) રહી હોય વિશ્વને જાણે છે પણ વિશ્વની અંદર ડૂબતો નથી, ઉપરને ઉપર ઉદાસીન જ રહી **પરમ જ્ઞાનાનંદનો અનુભવ** કરે છે.

* આનો પરમાર્થ સમજવા જુઓ **'પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા'** (સ્વરચિત) પાઠ-૨૧, પૃ. ૬૫ અને **'અધ્યાત્મ રાજચંદ્ર'** (સ્વરચિત)

જેમ સરોવરમાં તરતો મનુષ્ય તરવાની મોજ માણે છે, તેમ વિશ્વ સરોવરમાં ઉપર તરતો આ **જ્ઞાન સ્વભાવ** વિશ્વમાં ડૂબ્યા વિના વિશ્વને જાણતો રહી **આત્માનુભવામૃતની** મોજ માણે છે. જેમ લઘુ વજનવાળું કાષ્ઠ કે તુંબડું જ પાણીમાં તરી શકે છે, તેમ જ્ઞેયપ્રપંચનો ભાર ઉતરી જવાથી અત્યંત લઘુ છતાં જગદ્‌ગુરુ એવો પરમ અદ્‌ભુત આશ્ચર્યકારી આ **જ્ઞાન સ્વભાવ** જ આ વિશ્વના ઊંડા અગાધ પાણીમાં નહિં ડૂબતાં તેની સપાટી ઉપર બ્હારનો બ્હાર રહી આસાનીથી - સહજ અપ્રયાસ ભાવથી તરવાને સમર્થ થાય છે.

આ **જ્ઞાન સ્વભાવ** આવો શાથી છે ? (૨) **પ્રત્યક્ષ ઉદ્યોતિતાથી (ઉદ્યોતતાથી)** નિત્યમેવ અંતઃ પ્રકાશમાન એવો છે તેથી, 'प्रत्यक्षोद्योतितया नित्यमेवान्तः प्रकाशमानेनः' - આ **જ્ઞાનસ્વભાવ** પ્રત્યક્ષ ઉદ્યોતિપણાએ કરીને - પ્રકાશિતપણાએ કરીને નિત્યમેવ-સદાય અંતરમાં પ્રકાશમાન છે. જેમ **રત્નદીપક** બ્હારમાં સદાય પ્રત્યક્ષ ઉદ્યોત - પ્રકાશ કરે છે, તેમ આ **જ્ઞાન-રત્નદીપક** સદાય **અંતઃ પ્રકાશમાન છે,** અંતરમાં પ્રકાશી રહ્યો છે, એનો અનુભવ પ્રકાશ અંતરમાં નિરંતર પ્રત્યક્ષ પ્રગટ ઝળહળી રહ્યો છે. આમ પ્રત્યક્ષ રત્નદીપક જેવો જેનો નિરંતર અખંડ ઝગઝગાટ પ્રગટ છે, એવા પ્રકાશધામ જ્ઞાનસ્વભાવને માટે હવે બીજા કયા પ્રમાણની જરૂર છે ?

''સાહેલાં હે કુંથુ જિનેશ્વર દેવ, રત્નદીપક અતિ દીપતો હો લાલ.

સા. હે મુજ મન મંદિરમાંહિ, આવે જો અરિબલ જીપતો હો લાલ.

સા. હે મિટે તો મોહઅંધાર, અનુભવ તેજે જળહળે હો લાલ.

સા. હે ધૂમ કષાય ન રેખ, ચરણ ચિત્રામણુ નવિ ચળે હો લાલ.'' ઈત્યાદિ. - **શ્રી યશોવિજયજી**

''આત્મા અનંત જ્ઞાનમય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, ૬૪૩**

આ જ્ઞાન સ્વભાવ આવો નિત્યમેવ અંતઃપ્રકાશમાન પણ શાથી છે ? (૩) અનપાયી છે તેથી, 'अनपायिना' - આ જ્ઞાનસ્વભાવ જેનો આય-લાભ અપગત થાય છે - ચાલ્યો જાય એવો અપાયી નથી - **અનપાયી** છે, કદી પણ અપાય-હાનિ પામતો નથી એવો છે. જેમ રત્નદીપનો પ્રકાશ નિરંતર સ્થિરપણે પ્રકાશ્યા કરે છે, ન્યૂનાધિકતા રૂપ હાનિ પામતો નથી, તેમ આ જ્ઞાન રત્નદીપનો પ્રકાશ નિરંતર સ્થિરપણે પ્રકાશ્યા કરે છે, ન્યૂનાધિકતા રૂપ અપાય-હાનિ પામતો નથી. આ જ્ઞાનસ્વભાવ ત્રણે કાળમાં અખંડ સ્થિતિ રૂપ શાશ્વત છે.

આ **જ્ઞાન સ્વભાવ** આવો અનપાયી શાથી છે ? (૪) **સ્વતઃ સિદ્ધ છે તેથી,** 'स्वतः सिद्धेन' - આવો આ સ્વયં અંતઃ પ્રકાશમાન અનપાયી જ્ઞાનસ્વભાવ સ્વતઃ સિદ્ધ છે, આપોઆપ સિદ્ધ-સુપ્રતિષ્ઠિત છે. એને સિદ્ધ કરવા માટે બીજા કોઈ પ્રમાણની જરૂર નથી. પ્રત્યક્ષ અનુભવ પ્રમાણથી સિદ્ધ એવો તે સ્વભાવ છે અને સ્વભાવનો કોઈ કાળે નાશ થતો નથી, માટે તે અનાદિ અનંત એવો શાશ્વત છે.

તે આવો સ્વતઃ સિદ્ધ પણ શાથી ? (૫) પરમાર્થસત્ છે તેથી, 'परमार्थसता' - આવો આ સ્વયંપ્રકાશી સ્વતઃ સિદ્ધ શાશ્વત **જ્ઞાનસ્વભાવ** પરમાર્થ સત્ છે. અર્થાત્ પરમાર્થથી - તત્ત્વથી - નિશ્ચયથી સત્ - ખરેખરું સ્વરૂપ અસ્તિત્વ ધરાવનારો સત્ વસ્તુસ્વરૂપ છે, કલ્પનામાત્ર કે ઉપચાર રૂપ નથી, ખરેખર પરમાર્થસત્ એવી નિરુપચરિત વસ્તુ છે.

અને આવો આ ઉક્ત ગુણશ્રી સંપન્ન પરમાર્થ સત્ છે તેથી શું ? (૬) **ભગવત્** છે તેથી, 'भगवता' - આવો આ પરમાર્થસત્ જ્ઞાનસ્વભાવ ભગવત્ છે, સમગ્ર સંપૂર્ણ આત્મૈશ્વર્ય રૂપ પરમ ભગસંપન્ન ભગવાન છે, પરમ ઐશ્વર્યસંપન્ન પરમેશ્વર - પરમ પદાર્થ છે અને ભગવત્ છે એટલે જ તે પરમ પૂજ્ય-પૂજાર્હ - સર્વ મુમુક્ષુ આત્માર્થીઓનો પરમ આરાધ્ય છે, પરમ ઉપાસ્ય છે, પરમ ધ્યેય છે અને એટલે જ તે **'ભગવત્'** એવા પરમ માનાર્હ શબ્દથી અત્ર ઉલ્લેખિત છે.

આમ આ **જ્ઞાનસ્વભાવ** વિશ્વની પણ ઉપર તરતો, પ્રત્યક્ષ ઉદ્યોતિતાથી નિત્યમેવ અંતઃ

પ્રકાશમાન, અનપાયિ, સ્વતઃ સિદ્ધ, પરમાર્થ સત્, ભગવત્ એવો છે. આવા આ ભગવત્ જ્ઞાનસ્વભાવ વડે સર્વ દ્રવ્યાંતરોથી પરમાર્થથી અતિરિક્ત - અતિશાયી - અધિક - વિશિષ્ટ આત્માને, તે સંચેતે છે, 'सर्वेभ्यो द्रव्यांतरेभ्यः परमार्थतोतिरिक्तमात्मानं संचेतयते', સર્વ દ્રવ્યાંતરોથી - બીજા બધા અન્ય દ્રવ્યોથી પરમાર્થથી - તત્ત્વથી - નિશ્ચયથી અતિરિક્ત - અલાયદો - ભિન્ન - અધિકપણે - અતિશાયિપણે જૂદો તરી આવતો આત્મા તે સંચેતે છે - સંવેદે છે - સમ્યક્ અનુભવે છે. અર્થાત્ ઉક્ત વિધાનથી ઈંદ્રિયાદિનો જય કરી, જ્ઞેય-જ્ઞાયકનો સંકર દોષ વિરામ પામ્યાથી **એકત્વમાં ટંકોત્કીર્ણ આત્માને** આવા યથોક્ત વિશેષણ સંપન્ન **ભગવત્ જ્ઞાનસ્વભાવ વડે** કરીને બીજાં બધા દ્રવ્યોથી પરમાર્થથી અતિરિક્ત-અધિક અતિશાયી (surprising) ભિન્ન જૂદો તરી આવતો આત્મા સંવેદે છે, અનુભવે છે.

સર્વ દ્રવ્યાંતરોથી અતિરિક્ત આત્માનું સંચેતન

''સમકિત નામ ધરાવી વિષયાદિની આકાંક્ષાને પુદ્ગલ ભાવને સેવવામાં કંઈ બાધ સમજતા નથી અને અમને બંધ નથી એમ કહે છે તે યથાર્થ કહે છે કે કેમ ? ઉ. - જ્ઞાનિના માર્ગની દૃષ્ટિએ જોતાં તે માત્ર મિથ્યાત્વ જ કથે છે. પુદ્ગલભાવે ભોગવે અને આત્માને કર્મ લાગતાં નથી એમ કહે તે જ્ઞાનીની દૃષ્ટિનું વચન નથી, વાચાજ્ઞાનીનું વચન છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૯૧૮**

અને સમ્યગ્ દૃષ્ટિ જ્ઞાની પુરુષ આવા શુદ્ધ આત્માને સંવેદવાને પણ ક્યારે સમર્થ થાય છે ? ઉક્ત પ્રકારે સર્વથા ઈંદ્રિયજય કરે છે ત્યારે, વિષય વિકારમાંથી ઈંદ્રિયોને પાછી ખેંચી લેવા રૂપ - પ્રત્યાહૃત કરવા રૂપ પ્રત્યાહાર કરે છે ત્યારે, અર્થાત્ પ્રત્યાહાર - પરાયણ જ્ઞાની વિષય વિકારમાં ઈંદ્રિય જોડતા નથી, વિષય વિકારમાંથી ઈંદ્રિયોને પ્રત્યાહૃત કરે છે - પાછી ખેંચી લે છે, પરભાવમાંથી આત્માને પાછો વાળી સ્વચિત્ત સ્વરૂપને અનુકારી કરે છે, પરપરિણતિને વમી આત્મપરિણતિમાં રમે છે ત્યારે અને તથારૂપ ખરેખરા ઈંદ્રિયજય અર્થે ભાવના કરતાં તેઓ પોતાના આત્માને સંબોધીને કહે છે કે - હે આત્મન્ ! હે મિત્ર ! જે તું પુદ્ગલભોગ કરે છે તે પર - પરિણતિપણું છે, પર પરિણતિભાવ છે. આ જડ ને ચલ જગત્ની એઠનો હે મિત્ર ! તને ભોગ ઘટતો નથી. આ પુદ્ગલો સર્વ જીવોએ અનંતવાર ભોગવીને મૂકી દીધેલા છે, તે તેઓના ઉચ્છિષ્ટ એઠા ભોજન જેવા છે, એઠ જેવા છે. આવી પ્રગટ અશુચિ રૂપ એઠ કોણ ખાય ? ને પોતાના પરમ શુચિ આત્મસ્વરૂપને કોણ ભ્રષ્ટ કરે ? વળી હે ચેતન ! આ પુદ્ગલ ભોગ અનિત્ય છે, ક્ષણ વિધ્વંસી છે. જે પૌદ્ગલિક વિષયભોગ સરસ ને પ્રિય લાગતા હતા, તે ક્ષણવારમાં વિરસ અને અપ્રિય થઈ પડે છે, કારણકે રૂપ-રસ-ગંધ-વર્ણના વિપરિણામથી પુદ્ગલમાં તેવા તેવા વિકાર-ફેરફાર થયા જ કરે છે. રાજ-સંપદાથી કે સ્વર્ગ સંપદાથી પ્રાપ્ત થતા ભોગ પણ દુર્ગંધી કદન્ન જેવા છે, માટે નિત્ય સરસ એવા ચૈતન્યરસમય નિજાત્મસ્વરૂપનો આસ્વાદ છોડીને તેવા અનિત્ય વિરસ પુદ્ગલ કદન્નને કોણ ચાખે ?

''પર પરિણામિકતા અછે, જે તુજ પુદ્ગલ ભોગ હો મિત્ત !
જડ ચલ જગની એઠનો, ન ઘટે તુજને ભોગ હો મિત્ત !... કયું જાણું ?
કયું જાણું કયું બની આવશે ? અભિનંદન રસ રીત હો મિત્ત !
પુદ્ગલ અનુભવ ત્યાગથી, ફરવી જસું પરતીત હો. મિત્ત !... કયું જાણું ?
કરો સાચા રંગ જિનેશ્વરુ, સંસાર વિરંગ સહુ અન્ય રે;
સુરપતિ નરપતિ સંપદા, તે તો દુરગંધિ કદન્ન રે... કરો સાચા રંગ.
આસ્તાગ જિન ગુણરસ રમી, વિષય વિકાર વિરૂપ રે;
વિણ સમકિત મત અભિલષે, જિણે ચાખ્યો શુદ્ધ સ્વરૂપ રે... કરો.'' - **શ્રી દેવચંદ્રજી**


''જૈન પુદ્ગલભાવ ઓછો થયે આત્મધ્યાન પરિણમશે એમ કહે છે તે કેમ ? તે યથાર્થ કહે છે. સમકિત અધ્યાત્મની શૈલી શી રીતે છે ? યથાર્થ સમજાયે પરભાવથી આત્યંતિક નિવૃત્તિ કરવી તે

અધ્યાત્મ માર્ગ છે. જેટલી જેટલી નિવૃત્તિ થાય તેટલા તેટલા સમ્યક્ અંશ છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૮૪૪), ૯૧૮

ઈત્યાદિ પ્રકારે ઈંદ્રિયજયની ભાવનાથી પુદ્ગલ અનુભવનો ત્યાગ કરી **સમ્યગ્ દૃષ્ટિ જ્ઞાની પુરુષ** ઈંદ્રિયજય કરવાને અને સ્વસ્વરૂપરસનો આસ્વાદ અનુભવવાને સમર્થ થાય છે અને આમ ઈંદ્રિયાદિનો જય કરી એકત્વમાં ટંકોત્કીર્ણ આત્માને જે જ્ઞાન સ્વભાવે કરી અન્ય સર્વ દ્રવ્યોથી ભિન્ન અનુભવે છે, તે જ પ્રગટપણે નિશ્ચયે કરીને **'જિતેંદ્રિય'** એવો જિન છે. અર્થાત્ પ્રથમ યથોક્ત સમ્યક્ વિધાનથી ઈંદ્રિયાદિને જીતી જે **સહજાત્મસ્વરૂપ સ્વામી** નિજ સહજ આત્મસ્વરૂપનો અનુભવ કરે છે, તે જ ખરેખરો નિશ્ચયથી જિતેંદ્રિય હોઈ યથાર્થનામા 'જિન' છે, એમ એક નિશ્ચય સ્તુતિનો પ્રકાર છે - स खलु जितेंद्रियो जिनः इत्येका निश्चयस्तुति । અને તેવા પ્રકારે ઈંદ્રિયાતીત - અતીંદ્રિય આત્માનો સાક્ષાત્ અનુભવ કરી **આત્મવિશ્રામી** થયેલા **સહજાત્મસ્વરૂપસ્વામી શ્રીમદ્ રાજચંદ્રજીના** આત્મસાક્ષાત્કારજન્ય આત્મભાવોલ્લાસથી નીકળેલા સહજ અનુભવોદ્ગાર છે કે -

''નેત્રોંકી સ્યામતા વિષે જો પુતલિયાંરૂપ સ્થિત હૈ, અરુ રૂપકો દેખતા હૈ, સાક્ષીભૂત હૈ, સો અંતર કૈસે નહીં દેખતા ? જો ત્વચા વિષે સ્પર્શ કરતા હૈ, શીત ઉષ્ણાદિક કોં જાનતા હૈ, ઐસા સર્વ અંગ વિષે વ્યાપક અનુભવ કરતા હૈ, જૈસે તિલો વિષે તેલ વ્યાપક હોતા હૈ, તિસકા અનુભવ કોઊ નહીં કરતા. જો શબ્દ શ્રવણ ઈંદ્રિય કે અંતર ગ્રહણ કરતા હૈ, તિસ શબ્દ શક્તિકો જાનણેહારી સત્તા હૈ, જિસ વિષે શબ્દ શક્તિકા વિચાર હોતા હૈ, જિસ કરિ રોમ ખડે હોઈ આતે હૈ, સો સત્તા દૂર કૈસે હોવે ? જો જિહ્વા કે અગ્ર વિષે રસ સ્વાદ કો ગ્રહણ કરતા હૈ, તિસ રસકા અનુભવ કરણેહારી અલેપ સત્તા હૈ, સો સન્મુખ કૈસે ન હોવે, વેદ વેદાંત સ્પત સિદ્ધાંત, પુરાણ ગીતા કરિ જો જ્ઞેય, જાનણે યોગ્ય આત્મા હૈ તિસકો જબ જાન્યા તબ વિશ્રામ કૈસે ન હોવે ?'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૯**



હવે ભાવ્ય-ભાવક સંકર દોષના પરિહારથી (બીજી નિશ્ચય સ્તુતિ કહે છે) -

जो मोहं तु जिणित्ता णाणसहावाधियं मुणइ आदं ।
तं जिदमोहं साहुं परमट्ठवियाणया विंति ॥३२॥

મોહ જીતી જાણે આત્મ જે રે, જ્ઞાન સ્વભાવ અધિક;
તેને 'જિતમોહ' સાધુ કહે રે, પરમાર્થ જાણ સુરીત... રે આત્મન્ ! વંદો સમયસાર ૩૨

ગાથાર્થ : જે મોહને જીતીને જ્ઞાનસ્વભાવથી અધિક એવા આત્માને જાણે છે, તેને 'જિતમોહ' સાધુ પરમાર્થ વિજ્ઞાયકો કહે છે. ૩૨

आत्मख्याति टीका

अथ भाव्यभावक संकर दोष परिहारेण -

यो मोहं तु जित्वा ज्ञानस्वभावाधिकं जानात्यात्मानं ।
तं जितमोहं साधुं परमार्थविज्ञायका विंदंति ॥३२॥

यो हि नाम फलदानसमर्थतया प्रादुर्भूय भावकत्वेन भवंतमपि दूरत एव तदनुवृत्तेरात्मनो भाव्यस्य व्यावर्तनेन हठा**न्मोहं न्यक्कृत्यो**परतसमस्तभाव्यभावकसंकरदोषत्वेनैकत्वे टंकोत्कीर्णं विश्वस्याप्यस्योपरि तरता प्रत्यक्षोद्योततयानित्यमेवांतः प्रकाशमानेनानपायिना स्वतःसिद्धेन परमार्थसतां भगवता ज्ञानस्वभावेन द्रव्यांतरस्वभावभविभ्यः सर्वेभ्यो भवांतरेभ्यः परमार्थतो**तिरिक्तमात्मानं सं खलु जितमोहो** जिन इति द्वितीया निश्चयस्तुतिः ।

एवमेव च मोहपदपरिवर्त्तनेन रागद्वेषक्रोधमानमायालोभ -

कर्मनोकर्ममनोवचनकायसूत्राण्येकादश -

पंचानां श्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणा -

मिंद्रियसूत्रेण पृथक्व्याख्यातत्वाद्व्याख्येयानि ।

अनया दिशान्यान्यप्यूह्यानि ॥३२॥

आत्मभावना -

अथ भाव्यभावकसंकरदोषपरिहारेण - હવે ભાવ્ય-ભાવકના સંકર દોષના પરિહારથી - પરિત્યાગથી બીજી સ્તુતિ કહે છે - यो मोहं तु जित्वा - જે મોહને જીતીને ज्ञानस्वभावाधिकं आत्मानं जानाति - જ્ઞાનસ્વભાવ વડે કરીને અધિક આત્માને જાણે છે, तं जितमोहं साधुं - તેને જિતમોહ સાધુ परमार्थविज्ञायका विंदति - પરમાર્થ વિજ્ઞાયકો જાણે છે - કહે છે. ॥ इति गाथा आत्मभावना ॥३२॥

यो हि नाम - જે ખરેખર ! નિશ્ચયે કરીને हठान्मोहं न्यक्कृत्य - હઠથી - બળથી - બળાત્ કારે મોહને 'ન્યક્કૃત કરી' - હઠાવી - હેઠો પાડી, તિરસ્કૃત કરી, उपरतसमस्तभाव्यभावक-संकरदोषत्वनैकत्वे टंकोत्कीर्णं - સમસ્ત ભાવ્ય-ભાવક સંકર દોષના ઉપરતપણાએ કરી - વિરામ પામ્યાપણાએ કરી એકત્વમાં - એકપણામાં ટંકોત્કીર્ણ એવા, (અને) भगवता ज्ञानस्वभावेन - ભગવતા - ભગવત્ જ્ઞાનસ્વભાવે કરી द्रव्यांतरस्वभावभाविभ्यो सर्वेभ्यो भावांतरेभ्यो परमार्थतोतिरिक्तं - द्रव्यांतर स्वभावभावी सर्व भावांतरोथी - અન્ય ભાવોથી પરમાર્થથી - તત્ત્વથી - નિશ્ચયથી અતિરિક્ત - અલાયદો જૂદો તરી આવતો એવો आत्मानं संवेतयते - આત્મા સંચેતે છે - સંવેદે છે - સમ્યક્ અનુભવે છે, स खलु जितमोहो जिन इति द्वितीया निश्चयस्तुतिः - તે ખરેખર ! નિશ્ચયે કરીને 'જિતમોહ' એવો જિન એવી બીજી નિશ્ચયસ્તુતિ છે. કેવા મોહને ? फलदानसमर्थतया प्रादुर्भूय भावकत्वेन भवंतमपि - ફલદાનની સમર્થતાએ કરી પ્રાદુર્ભૂત - પ્રગટ થઈ ભાવકપણે થઈ રહેલા એવા પણ મોહને, કેવી રીતે ન્યક્કૃત કરીને, दूरत एव तदनुवृत्तेरात्मनो भाव्यस्य व्यावर्त्तनेन - ભાવ્ય એવા આત્માના દૂરથી જ - લાંબેથી જ તેની - તે મોહની 'अनुवृत्तिभांथी' - 'अनु' - અનુકૂળ-અનુસરતી 'वृत्तिभांथी' - વર્તનામાંથી 'व्यावर्त्तन' વડે - પાછા વાળવાપણા વડે કરીને. એવા મોહને એમ ઉક્ત વિધાનથી હઠથી

આત્મખ્યાતિ ટીકાર્થ

જે નિશ્ચયે કરીને -

I. ફલદાનની સમર્થતાએ કરીને પ્રાદુર્ભૂત (પ્રગટ) થઈ ભાવકપણે થઈ રહેલા એવા પણ મોહને - દૂરથી જ તેની અનુવૃત્તિમાંથી ભાવ્ય એવા આત્માના વ્યાવર્ત્તન (પાછા વાળવા) વડે - હઠથી ન્યક્કૃત કરી (હઠાવી હેઠો બેસાડી દઈ તિરસ્કાર કરી),

II. (i) સમસ્ત ભાવ્ય-ભાવક સંકર દોષના ઉપરતપણાએ કરીને એકત્વમાં ટંકોત્કીર્ણ, (અને)

(ii) આ વિશ્વની પણ ઉપર તરતા, પ્રત્યક્ષ ઉદ્યોતિતાથી નિત્યમેવ અંતઃપ્રકાશમાન, અનપાયિ, સ્વતઃસિદ્ધ, પરમાર્થ સત્ એવા ભગવત્ જ્ઞાન સ્વભાવ વડે કરીને દ્રવ્યાંતર સ્વભાવભાવી સર્વ ભાવાંતરોથી પરમાર્થથી અતિરિક્ત એવા આત્માને સંચેતે છે (સંવેદે - સમ્યક્ અનુભવે છે), તે નિશ્ચયે કરીને 'જિતમોહ' એવો જિન છે, એવા પ્રકારે દ્વિતીય નિશ્ચયસ્તુતિ છે.

અને એમ જ મોહપદના પરિવર્તન (ફેરફાર) વડે,

રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા-લોભ,

કર્મ-નોકર્મ, મન-વચન-કાય-એમ અગીયાર સૂત્રો,

શ્રોત્ર-ચક્ષુ-ઘ્રાણ-રસન-સ્પર્શન એ પંચ સૂત્રોના

ઈંદ્રિય સૂત્રથી પૃથક્ (અલગ) વ્યાખ્યાતપણાને લીધે -

વ્યાખ્યેય (વ્યાખ્યા કરવા યોગ્ય છે),

આ દિશા પ્રમાણે બીજા પણ સમજી લેવા. ૩૨ -

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ક્રોધાદિ કષાયનો ઉદય થાય ત્યારે તેની સામા થઈ તેને જણાવવું કે તેં અનાદિ કાળથી મને હેરાન કરેલ છે. હવે હું તને એમ ત્હારૂં બળ નહીં ચાલવા દઉં. જો હું હવે તારા સામે યુદ્ધ કરવા બેઠો છું.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૭૮

''જેહના ગુણ અનંતા પ્રગટ્યા, જે નિજપરિણતિ વરિયો;

પરમાતમ જિનદેવ અમોહી, જ્ઞાનાદિ ગુણદરિયો રે સ્વામી. શ્રી સીમંધર.'' શ્રી દેવચંદ્રજી

અત્રે ભાવ્ય-ભાવક સંકર દોષના પરિહારથી - પરિત્યાગથી નિશ્ચયસ્તુતિનો બીજો પ્રકાર શાસ્ત્રકારે કહ્યો છે - 'જે મોહને જીતીને જ્ઞાનસ્વભાવાધિક - જ્ઞાનસ્વભાવે કરી અધિક એવા આત્માને જાણે છે,

---

ન્યક્કૃત કરી - હઠથી હઠાવી એકત્વમાં ટંકોત્કીર્ણ એવો સર્વ ભાવાંતરોથી જે ભગવત્ જ્ઞાનસ્વભાવ વડે અતિરિક્ત - અધિક - જૂદો તરી આવતો આત્મા સંચેતે છે, તે જ્ઞાનસ્વભાવ કેવો છે ? -

(૧) વિશ્વસ્યાપ્યસ્યોપરિ તરતા - આ વિશ્વની પણ - સમસ્ત જગત્ની પણ ઉપર તરતો. એમ શાથી ? - (૨) પ્રત્યક્ષોદ્યોતિતયા નિત્યમેવાંતઃ પ્રકાશમાનેન - પ્રત્યક્ષ - સાક્ષાત્ ઉદ્યોતિતાએ - પ્રકાશમાનતાએ કરીને નિત્યમેવ - નિત્યે જ - સદાય અંતઃ પ્રકાશમાન - અંતરમાં પ્રકાશી રહેલો. એમ શાથી ? - (૩) અનપાયિના - અનપાયી, અપાય - હાનિ નહિં પામતો, કદી પણ ચાલ્યો નહિં જતો. એમ શાથી ? - (૪) સ્વતઃ સિદ્ધેન - સ્વતઃ સિદ્ધ, સ્વતઃ - સ્વથી આપોઆપ સિદ્ધ-પ્રતિષ્ઠિત. એમ શાથી ? - (૫) પરમાર્થસતા - પરમાર્થ સત્, પરમાર્થથી - નિશ્ચયથી - તત્ત્વથી સત્ - અસ્તિત્વરૂપ - હોવાપણા રૂપ, ઉક્ત ગુણસંપન્ન છે તેથી શું ? એમ ભગવતા - ભગવત્, સમગ્ર સંપૂર્ણ આત્મૈશ્વર્ય રૂપ ભગથી સંપન્ન.

ઉક્ત વિધાનથી મોહને હઠથી હઠાવી એકત્વમાં ટંકોત્કીર્ણ એવા આત્માને એવા ભગવતા જ્ઞાન સ્વભાવે કેરી સર્વ ભાવાંતરોથી - પરમાર્થથી અતિરિક્ત-જૂદો સંચેતે છે, તે નિશ્ચયે કરીને 'જિનમોહ' જિન એવી બીજી નિશ્ચય સ્તુતિ છે. ॥ ઇતિ 'આત્મખ્યાતિ' આત્મભાવના (પ્રસ્તુત ગાથા) ॥૩૨॥

તેને 'જિતમોહ' સાધુ પરમાર્થ - વિજ્ઞાયકો - પરમાર્થના વિશેષ જાણકારો કહે છે.' શાસ્ત્રકારના આ ભાવને 'આત્મખ્યાતિ'કારે પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી પ્રવિકસિત કરી, મોહજયનું સંપૂર્ણ વિધાન દર્શાવી અપૂર્વ પરમાર્થ પ્રકાશ્યો છે - જે ખરેખર ! નિશ્ચયે કરીને - ભાવક એવા મોહને ભાવ્ય એવા આત્માના વ્યાવર્તન વડે હઠથી હઠાવી, સમસ્ત ભાવ્ય-ભાવક સંકર દોષના ઉપરતપણાએ કરી - વિરામ પામ્યાપણાએ કરી એકત્વમાં ટંકોત્કીર્ણ ભગવત્ જ્ઞાનસ્વભાવે કરી દ્રવ્યાંતરસ્વભાવભાવી સર્વ ભાવાંતરોથી - અન્ય ભાવોથી પરમાર્થથી - તત્ત્વથી - નિશ્ચયથી અતિરિક્ત - અલાયદો - જૂદો તરી આવતો એવો આત્મા સંચેતે છે - સંવેદે છે - સમ્યક્ અનુભવે છે, તે નિશ્ચયથી 'જિતમોહ' એવો જિન, એમ દ્વિતીય નિશ્ચયસ્તુતિ છે. કેવા મોહને ? ફલદાનની સમર્થતાએ કરી પ્રાદુર્ભૂત - પ્રગટ થઈ ભાવકપણે થઈ રહેલા એવા પણ મોહને. કેવી રીતે હઠાવી - ન્યક્કૃત કરી ? ભાવ્ય એવા આત્માના દૂરથી જ - લાંબેથી જ તે મોહની 'અનુવૃત્તિમાંથી' - 'અનુ' - અનુકૂળ - અનુસરતી 'વૃત્તિમાંથી' - વર્તનામાંથી વ્યાવર્ત્તન વડે - પાછા વળવાપણાએ કરીને. એવા મોહને એમ ઉક્ત વિધાનથી હઠથી હઠાવી, એકત્વમાં ટંકોત્કીર્ણ એવો આત્મા, જે ભગવતા - ભગવત્ જ્ઞાનસ્વભાવ વડે સર્વ ભાવાંતરોથી અતિરિક્ત - અધિક - જૂદો તરી આવતો એવો સંચેતે છે. તે જ્ઞાનસ્વભાવ કેવો છે ? - (૧) આ વિશ્વની પણ - સમસ્ત જગત્ની પણ ઉપર તરતો. એમ શાથી ? - (૨) પ્રત્યક્ષ-સાક્ષાત્ ઉદ્યોતિતાએ-પ્રકાશમાનતાએ કરીને નિત્યેજ અંતઃ-પ્રકાશમાન-અંતરમાં પ્રકાશી રહેલો એમ શાથી ? (૩) અનપાયી, અપાય - હાનિ નહિં પામતો, કદી પણ ચાલ્યો નહીં જતો. એમ શાથી ? - (૪) સ્વતઃસિદ્ધ - સ્વતઃ સ્વથી - આપોઆપ સિદ્ધ - સુપ્રતિષ્ઠિત. એમ શાથી ? (૫) પરમાર્થ સત્ - પરમાર્થથી - નિશ્ચયથી - તત્ત્વથી સત્ - અસ્તિત્વ રૂપ - હોવાપણા રૂપ. એમ ઉક્ત ગુણસંપન્ન છે તેથી શું ? ભગવત્ - સમગ્ર સંપૂર્ણ આત્મૈશ્વર્યરૂપ ભગથી સંપન્ન, એવો. ઉક્ત વિધાનથી ભાવક એવા મોહને હઠથી હઠાવી, સમસ્ત ભાવ્ય - ભાવક દોષના ઉપરતપણાએ કરી એકત્વમાં ટંકોત્કીર્ણ એવા આત્માને આવા ભગવત્ જ્ઞાનસ્વભાવે કરી દ્રવ્યાંતર સ્વભાવભાવી સર્વ ભાવાંતરોથી પરમાર્થથી અતિરિક્ત - જૂદો એવો સંચેતે છે, તે નિશ્ચયે કરીને 'જિતમોહ' - મોહ જેણે જીત્યો છે એવો જિન, એવી આ બીજી નિશ્ચય સ્તુતિ છે. આમ સેંકડો ગ્રંથો જેટલા આશયથી પણ અધિક એવા એક જ સૂત્રાત્મક અદ્ભુત પરમાર્થધન સળંગ વાક્યમાં મહાગીતાર્થેશ્વર મહાનિર્ગ્રંથ મહામુનિ અમૃતચંદ્રજીએ ગૂંથેલ આ પરમ પરમાર્થગંભીર ગ્રંથવસ્તુનો હવે વિશેષ વિચાર કરીએ.

જિતમોહ તે જિન : મોહજયનું અમૃતચંદ્રજીએ દાખવેલું પરમ અદ્ભુત સંપૂર્ણ વિધાન

મોહ નામનું કર્મ છે, તે જ્યારે ફલદાનની સમર્થતાએ કરી પ્રાદુર્ભાવ પામે છે - પ્રગટે છે , 'ફલદાન સમર્થતયા પ્રાદુર્ભૂય', વિપાક પામી ફલ દેવાને માટે ઉદય આવે છે, ત્યારે તે ભાવકપણે ભવંતુ - હોઈ રહેલું હોય છે, અર્થાત્ તે મોહભાવ ઉત્પન્ન કરનાર એવા 'ભાવક' રૂપે હોતું હોય છે, 'ભાવકત્વેન ભવંતમપિ' - અને આત્મા છે તે 'ભાવ્ય' છે અર્થાત્ તે ભાવક વડે કરીને ભાવાવા યોગ્ય ભાવિત થવા યોગ્ય છે. પણ તેવા પ્રકારે ભાવિત થવું - ન થવું તે આત્માની પોતાની સ્વતંત્ર ઈચ્છાવૃત્તિને આધીન છે. એટલે આત્મા ધારે તો તે મોહભાવને અનુવર્તે - અનુસરે, ન ધારે તો ન અનુવર્તે - ન અનુસરે, મોહભાવને અનુવર્તવું - ન અનુવર્તવું એ આત્માની મુન્સફીની આધીન વાત છે, મોહને અનુકૂળ - પ્રતિકૂળ થવાની આ મુખ્ય રહસ્ય ચાવી (master-key) આ આત્માના જ હાથમાં છે. એટલે મોહ ઉદય પામી ભાવકપણે વર્તતાં છતાં, પણ - હોઈ રહ્યા છતાં પણ, 'દૂરત એવ તદનુવૃત્તેઃ' - દૂરથી જ તેની 'અનુવૃત્તિમાંથી' - 'અનુ' - અનુકૂળ - અનુસરતી 'વૃત્તિમાંથી' - વર્તનામાંથી ભાવ્ય એવા આત્માનું 'વ્યાવર્તન' - પાછાવાળવાપણું (Turning back, retreat) કરી 'આત્મનો ભાવ્યસ્ય વ્યાવર્ત્તનેન' - તે મોહને હઠથી - બળથી - જબરજસ્તીથી (forcibly) હઠાવે છે, 'હઠાન્ મોહં ન્યક્કૃત્ય', આત્માથી પૃથક્ - અલગ કરે છે. ભલે મોહ ઉદય આવ્યો હોય અને આત્માને ભાવવાની તૈયારીમાં હોય યા ભાવતો હોય - ભવંત હોય ભવંતમપિ - તો પણ તેની 'અનુવૃત્તિમાંથી' - અનુકૂળ વૃત્તિમાંથી આત્માને દૂરથી જ પાછો વાળી લે, તો મોહનું કાંઈ

ચાલે નહિં. ભાવક એવો આ મોહ તો પરભાવ-વિભાવ રૂપ છે અને ભાવ્ય એવો હું આત્મા સ્વભાવ રૂપ છું, આ દુષ્ટ મોહ મને ભાવિત કરવા - પોતાનો દુષ્ટ ભાવ ભજવવા આવ્યો છે, પણ મ્હારે એ દુષ્ટની સાથે કાંઈ લેવાદેવા નથી, હું એનાથી કેવળ જૂદો છું, તો મ્હારે એને અનુકૂળ વર્ત્તન કરી આત્માને શા માટે દુર્ભાવિત કરવો ? આ તુચ્છ મગતરા જેવા મોહની શી મગદૂર છે કે તે હું અનંતાનંત શક્તિના સ્વામીને દૂરથી પણ સ્પર્શી શકે ? તે મોહ ઉદયને અનુકૂળ થઈ હું જો મોહભાવ કરૂં - મોહભાવે સ્વયં પરિણમું, તો જ આ મોહ મને સ્પર્શી શકે, ન કરૂં - ન પરિણમું તો મને સ્પર્શી શકે નહિં અને મોહભાવથી તો હું અનંત દુઃખ પામ્યો છું, એટલે હવે હું એ દુષ્ટ મોહભાવને દૂરથી પણ સ્પર્શવા ઈચ્છતો નથી. આ મોહને મેં મ્હારો છેવટનો નિશ્ચય જણાવી દીધો છે કે હે મોહ ! હવે મ્હારે ત્હારૂં કાંઈ પ્રયોજન નથી, માટે તું વિસર્જન થા ! વિસર્જન થા ! મેં તને આત્મામાંથી વોસરાવી દીધો છે - વિસર્જન કરી દીધો છે, 'अप्पाणं वोसिरामि' - કર્યો છે, માટે હવે તું ડાહ્યો થઈને છાનોમાનો જેવો આવ્યો છે તેવો ચાલ્યો જા ! નહિં તો તને 'હઠથી' હઠાવવો પડશે, ધક્કા મારી મ્હારા આત્મગૃહમાંથી બ્હાર કાઢવો પડશે ! ઈત્યાદિ પ્રકારે ભાવિતાત્મા મુનિરાજ મોહને હઠથી હઠાવી તેનો જય કરે છે. મહા મુનિરાજોની દશાનું સ્મરણ કરાવે એવા પરમ ભાવિતાત્મા મહાભાવનિર્ગ્રંથેશ્વર મહાત્મા શ્રીમદ્ રાજચંદ્રજીએ આવી પરમ આત્મભાવનાથી મોહાદિ વિજયનો સ્વાનુભવગોચર ઉત્તમ પ્રકાર પ્રદર્શિત કર્યો છે -

''હે કામ ! હે માન ! હે સંગ ઉદય !

હે વચન વર્ણગા, હે મોહ, હે મોહદયા !

હે શિથિલતા, તમે શા માટે અંતરાય કરો છો ?

પરમ અનુગ્રહ કરીને હવે અનુકૂળ થાવ ! અનુકૂળ થાવ !

હે પ્રમાદ !! હવે તું જા, જા -

હે બોધબીજ ! તું અત્યંત હસ્તામલ વર્ત્ત, વર્ત્ત.

હે જ્ઞાન ! તું દુર્ગમ્યને પણ હવે સુગમ સ્વભાવમાં લાવી મૂક.

હે ચારિત્ર ! પરમ અનુગ્રહ કર, પરમ અનુગ્રહ કર.

હે યોગ ! તમે સ્થિર થાઓ, સ્થિર થાઓ.

હે ધ્યાન ! તું નિજ સ્વભાવાકાર થા, નિજ સ્વભાવાકાર થા.

હે અલ્પ કે મધ્ય અલ્પ કષાય ! હવે તમે ઉપશમ થાઓ, ક્ષીણ થાઓ. અમારે કાંઈ તમારા પ્રત્યે રુચિ રહી નથી.

હે સર્વજ્ઞપદ ! યથાર્થ સુપ્રતીતપણે તું હૃદયાવેશ કર, હૃદયાવેશ કર.

હે અસંગ નિર્ગ્રંથ પદ ! તું સ્વાભાવિક વ્યવહાર રૂપ થા.

હે પરમ કરુણામય સર્વ પર હિતના મૂળ વીતરાગ ધર્મ ! પ્રસન્ન થા, પ્રસન્ન.*

હે આત્મા તું નિજ સ્વભાવાકાર વૃત્તિમાં જ અભિમુખ થા, અભિમુખ થા, ૐ ઈત્યાદિ.'' -
શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૦૦, હાથનોંધ, ૩-૨૬

આમ ઉપર કહ્યું તેમ - મોહ ભાવક છે અને આત્મા ભાવ્ય છે એમ ચોક્કો ભેદ જણાવાથી તે બેનો જે સંકર દોષ હતો - ભેળસેળપણું હતું, તે દૂર થયું. મોહભાવ તે હું, હું તે મોહભાવ, ઈત્યાદિ પ્રકારે આત્મા આત્માને ભૂલી મોહભાવમાં ભળી જતો હતો, પણ હવે તો હું જ્ઞાનસ્વભાવી આત્મા,. પરભાવ-વિભાવ રૂપ મોહ નહિં, એમ મોહભાવમાંથી આત્માને મેં પાછો વાળ્યો છે, એટલે ભાવ્ય-ભાવક ભાવની ભેળસેળ મટી ગઈ છે, 'यूयं यूयं वयं वयं' - તમે તે તમે અને અમે તે અમે

* જુઓ : 'અધ્યાત્મ રાજચંદ્ર', પ્રકરણ-૯૯મું (સ્વરચિત)

એમ મોહથી સાવ જૂદાઈ થઈ ગઈ છે, અર્થાત્ આત્મા મોહભાવે પરિણમતો નથી, કેવળ આત્મભાવે પરિણમે છે. આમ ભાવ્ય-ભાવકનો સંકર - સેળભેળ શંભુમેળા રૂપ - મિશ્રપણા રૂપ દોષ દૂર થયો છે, દ્વૈતભાવ વિરામ પામ્યો છે, એટલે 'उपरतसमस्तभाव्यभावकसंकरदोषत्वेन' - સમસ્ત ભાવ્ય-ભાવકના સંકર દોષના ઉપરતપણાએ કરીને - વિરામ પામ્યાપણાએ કરીને **આત્મા એકત્વમાં ટંકોત્કીર્ણ છે,** 'एकत्वे टंकोत्कीर्णं', અર્થાત્ આત્મા સિવાય બીજું કાંઈ જ્યાં નથી એવા એકત્વરૂપ એક **અક્ષર જ્ઞાયક સ્વભાવમાં** ટાંકણાથી કોતરી કાઢેલ અક્ષરની જેમ ટંકોત્કીર્ણ સુપ્રતિષ્ઠિત વર્ત્તે છે.

ભગવત્ જ્ઞાન-સ્વભાવે કરી સર્વ ભાવાંતરોથી અતિરિક્ત આત્માનું સંચેતન

એવો આ એકત્વમાં ટંકોત્કીર્ણ સુસ્થિત આત્મા **ભગવત્ જ્ઞાનસ્વભાવે** કરી 'द्रव्यांतर स्वभावभावी' - અન્ય દ્રવ્યસ્વભાવરૂપ હોતા સર્વ ભાવાંતરોથી - બીજા બધા ભાવોથી 'પરમાર્થથી' - તત્ત્વથી - નિશ્ચયથી 'अतिरिक्त' - અધિક - અતિશાયી - વધી જતો એવો છે, સાવ જૂદો જ અલાયદો તરી આવતો એવો છે, 'भगवता ज्ञानस्वभावेन द्रव्यांतरस्वभावभाविभ्यः सर्वेभ्यो भावांतरेभ्यः परमार्थतोतिरिक्तं'. - આ જ્ઞાન સ્વભાવ કેવો છે ? પૂર્વ ગાથાના વિવેચનમાં વિસ્તારથી વિવરી બતાવ્યું છે તેમ - આ **વિશ્વની પણ ઉપર તરી** રહેલો છે, **પ્રત્યક્ષ ઉદ્યોતિતાથી** નિત્ય જ અંતરમાં પ્રકાશમાન છે, કદી પણ અપાય-ક્ષીણતા-હાનિ નહિં પામતો એવો **અનપાયી છે,** સ્વભાવરૂપ હોવાથી **સ્વતઃસિદ્ધ** છે, ખરેખરો વસ્તુસ્થિતિ રૂપ હોઈ **પરમાર્થસત્** છે, સમગ્ર સંપૂર્ણ **આત્મૈશ્વર્યસંપન્ન હોવાથી ભગવત્ છે. આવા આ ભગવત્ પરમ પૂજ્યારાધ્ય જ્ઞાનસ્વભાવ** વડે કરીને અન્ય દ્રવ્યોના સ્વભાવ રૂપ સર્વ અન્ય ભાવોથી પરમાર્થથી આ આત્મા પ્રત્યક્ષ જૂદો પડે છે. બીજા કોઈ પણ દ્રવ્યનો કોઈ પણ ભાવ જ્ઞાન સ્વભાવરૂપ નથી, જ્ઞાન એ કેવળ જીવનો જ **'સ્વભાવ'** છે, એ જ એનું અન્ય સર્વ દ્રવ્યથી 'अतिरिक्त' - અતિશયવંત - અધિક - અતિશાયી - સાવ જૂદું જ તરી આવતું એવું વિશિષ્ટ સ્વલક્ષણ છે. આમ બીજા કોઈ પણ દ્રવ્યમાં નથી અને કેવલ જીવમાં જ છે, એવા **અસાધારણ - અસામાન્ય** (Extra-ordinary) કેવલ જ્ઞાનસ્વભાવ રૂપ ગુણાતિશયથી આ જીવ પરમાર્થથી - તત્ત્વથી - નિશ્ચયથી અન્ય સર્વ ભાવથી ભિન્ન પ્રતીત થાય છે.

''જ્ઞાન જીવનો સ્વભાવભૂત ધર્મ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૮૨**

આમ ભાવ્ય-ભાવકનો વિવેક કરી મોહને હઠથી-જબરજસ્તીથી - આત્મબલથી હઠાવી, એકત્વમાં ટંકોત્કીર્ણ અને **ભગવત્ જ્ઞાનસ્વભાવે** કરી સર્વ અન્ય ભાવોથી અતિરિક્ત - જૂદો એવો આત્મા જે 'સંચેતે છે' - સંવેદે છે - સમ્યક્પણે અનુભવે છે, 'आत्मानं संचेतयते' - તે નિશ્ચયે કરીને **'જિતમોહ'** એવો જિન છે, 'स खलु जितमोहो जिनः'. - અર્થાત્ ભાવ્ય-ભાવકના વિવેકથી પ્રથમ મોહનો જય કરી, જે સર્વ અન્ય ભાવોનો સંકર - સેળભેળ દોષ દૂર થવાથી એકત્વમાં ટંકોત્કીર્ણ એવા ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવી આત્માને અનુભવે છે, શુદ્ધ **સહજાત્મસ્વરૂપને** સંવેદે છે, તે 'જિતમોહ' એમ યથાર્થ નામવાળો 'જિન' છે, એવા પ્રકારે બીજી નિશ્ચય સ્તુતિ છે, અર્થાત્ જેમાં નિશ્ચયથી - પરમાર્થથી - તત્ત્વથી જિનતત્ત્વની સ્તુતિ કરાય છે, એવો તત્ત્વસ્તુતિનો બીજો પ્રકાર છે, इति द्वितीया निश्चयस्तुति'. ।

અને એ જ પ્રકારે 'મોહ' પદનું પરિવર્તન કરી - 'मोहपदपरिवर्त्तनेन' - મોહ પદ પટલાવી, તેને સ્થાને અનુક્રમે રાગ-દ્વેષ, ક્રોધ-માન-માયા લોભ, કર્મ-નોકર્મ, મન-વચન-કાય એમ અગીયાર સૂત્રોનું વ્યાખ્યાન અત્ર કર્ત્તવ્ય છે, અર્થાત્ જિતરાગ, જિતદ્વેષ, જિતક્રોધ, જિતમાન, જિતમાય, જિતલોભ, જિતકર્મ, જિતનોકર્મ, જિતમન, જિતવચન, જિતકાય એ અગીયાર સૂત્રો સમજવા યોગ્ય છે અને આગલી ગાથામાં ઈંદ્રિય સૂત્રનું વ્યાખ્યાન કરી ચૂકાયું હોઈ તે ઉપરથી શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન એ પંચ સૂત્રોનું વ્યાખ્યાન તેમાં સમાઈ ગયું છે. આ સૂચિત દિશા પ્રમાણે બીજા બીજા પ્રકારો પણ સ્વમતિથી સમજી લેવા, 'अनया दिशा अन्यान्यपि ऊह्यानि' - તાત્પર્ય કે - આત્માથી પર એવા સર્વ પરભાવોનો - વિભાવોનો જય કરી, શુદ્ધ એક જ્ઞાયક સ્વભાવમાં જેણે સ્થિતિ કરી છે, તે 'જિન' છે

અર્થાત્ સહજાત્મસ્વરૂપ તે 'જિન' છે.

અત્રે **સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષ** આ સર્વ રાગાદિ ભાવોથી ભિન્ન શુદ્ધ આત્માને સંચેતવાને-અનુભવવાને પણ ક્યારે સમર્થ થાય છે ? જેમ મોહમાંથી તેમ રાગાદિ ભાવોમાંથી આત્માને હઠથી હઠાવી **ભાવ્ય-ભાવક ભાવનો વિવેક** કરે છે ત્યારે. અર્થાત્ વિષય-કષાયાદિ રાગાદિ ભાવક ભાવોમાંથી ભાવ્ય એવા આત્માને પાછો વાળી - હઠથી પાછો હઠાવી, પ્રત્યાહૃત કરવા રૂપ - પાછો ખેંચી લેવા રૂપ પ્રત્યાહાર કરે છે ત્યારે જ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષ તે તે રાગાદિ ભાવોનો જય કરી તથારૂપ શુદ્ધ આત્માને સંચેતવાને-અનુભવવાને સમર્થ થાય છે અને ખરેખરા **જ્ઞાની સમ્યગ્ દૃષ્ટિ પુરુષ** તેમજ કરે છે, એટલે અવિદ્યાભ્યાસ સંસ્કાર દૂર થઈ જેને જ્ઞાન સંસ્કાર પ્રાપ્ત થયા છે એવા જ્ઞાની પુરુષને રાગ-દ્વેષ-મોહાદિ ભાવો ક્ષોભ પમાડી શકતા નથી, કષાયો-ચિત્તભૂમિને ખૂંદી નાંખી ક્ષણભળાટ મચાવતા નથી, વિષયોનું આકર્ષણ મનને ડામાડોળ કરતું નથી, માન-અપમાન-સુખ-દુઃખ-હર્ષ-શોક વગેરે દ્વંદ્વો ચિત્તને વિક્ષેપ ઉપજાવતા નથી, અર્થકથા કામકથા કે કોઈ પણ પ્રકારની વિકથા ચિત્તને આકર્ષતી નથી.*

બાહ્ય ભાવનું રેચન કરી અને અંતર ભાવનું પૂરણ ને કુંભન (સ્થિરીકરણ) કરી જેણે **ભાવ પ્રાણાયામ** સાધ્યો છે એવા ભાવયોગી જ્ઞાની પુરુષની વૃત્તિ બાહ્ય ભાવમાં રમતી નથી અને અંતરાત્મભાવમાં પરિણમે છે, એટલે જ **અપૂર્વ આત્મવીરત્વ** દાખવતો તે રાગ દ્વેષાદિ - વિષય કષાયાદિ વૃત્તિમાંથી પાછો વળી તે આંતર શત્રુઓનો વિજય કરવાને સમર્થ થાય છે અને એટલે જ તે નિશ્ચયે કરીને 'જિન' નામથી સ્તવવા યોગ્ય બને છે. આવું આત્મસ્થાને અપૂર્વ વીરત્વ દાખવનારા **પરમ આત્મવિજયી શ્રીમદ્ રાજચંદ્રજીના આત્મપુરુષાર્થ પ્રેરક** અનુભવ વચનામૃત છે કે -

''નિદ્રાદિ પ્રકૃતિ, ક્રોધાદિ અનાદિ વૈરી તે પ્રતિ ક્ષત્રિયભાવે વર્તવું. તેને અપમાન દેવું. તે છતાં ન માને તો તેને ક્રૂર થઈ ઉપશમાવવી. તે છતાં ન માને તો ખ્યાલ (ઉપયોગ)માં રાખી વખત આવ્યે તેને મારી નાંખવી. આમ શૂર ક્ષત્રિય સ્વભાવે વર્તવું, જેથી વૈરીનો પરાભવ થઈ સમાધિ સુખ થાય.''

''બાર અંગનો સાર તમને કહીએ છીએ કે વૃત્તિઓને ક્ષય કરવી. આ વૃત્તિઓ બે પ્રકારની છે : એક બાહ્ય અને બીજી આંતર. બાહ્ય વૃત્તિ એટલે આત્માથી બ્હાર વર્તવું તે. આત્માની અંદર પરિણમવું, તેમાં શમાવું તે અંતર વૃત્તિ. પદાર્થનું તુચ્છપણું ભાસ્યમાન થયું હોય તો અંતરવૃત્તિ રહે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૭૮, ૬૪૩

''શરીર કૃશ કરી, માંહેનું તત્ત્વ શોધી, કલેવરને ફેંકીને ચાલ્યા જાઓ, વિષય કષાય રૂપ ચોરને અંદરથી બ્હાર કાઢી, બાળી જાળી, ફૂંકી મૂકી, તેનું સ્નાન સૂતક કરી, તેનો દાડો પવાડો કરી શાંત થાઓ, છૂટી જાઓ, શમાઈ જાઓ, શાંતિ, શાંતિ, શાંતિ થાઓ, વહેલા વહેલા તાકીદ કરો.''*

- શ્રીમદ્ રાજચંદ્ર

---

* ''अविक्षिप्तं मनस्तत्त्वं, विक्षिप्तं भ्रांतिरात्मनः ।
धारयेत्तदविक्षिप्तं, विक्षिप्तं नाश्रयेत्ततः ॥
अविद्याभ्याससंस्कारैरवशं क्षिप्यते मनः ।
तदेव ज्ञानसंस्कारैः स्वतस्त्वत्त्वेऽवतिष्ठते ॥
अपमानादयस्तस्य विक्षेपो यस्य चेतसः ।
नापमानादयस्तास्य न क्षेपो यस्य चेतस्य ॥'' - **श्री पूज्यपाद स्वामी कृत 'समाधि शतक'**

* જુઓ : **'અધ્યાત્મ રાજચંદ્ર', (સ્વરચિત), પ્રકરણ-૯૭, પૃ. ૬૮૮**

હવે ભાવ્ય-ભાવક ભાવના અભાવથી (ત્રીજી નિશ્ચય સ્તુતિ કહે છે) -

जिदमोहस्स दु जइया खीणो मोहो हविज्ज साहुस्स ।
तइया हु खीणमोहो भण्णदि सो णिच्छयविदूहिं ॥३३॥

જિતમોહ સાધુનો જ્યાહરે રે, ક્ષીણ મોહ તો હોય;
ત્યારે 'ક્ષીણમોહ' કહાય છે રે, નિશ્ચયવિદ્થી સોય... રે આત્મન્ ! વંદો સમયસાર. ૩૩

ગાથાર્થ : જિતમોહ સાધુનો ક્ષીણમોહ જ્યારે હોય, ત્યારે જ નિશ્ચયે કરીને તે નિશ્ચયવિદોથી 'ક્ષીણમોહ' કહેવાય છે.

आत्मख्याति टीका

अथ भाव्यभावकभावाभावेन -

जितमोहस्य तु यदा क्षीणो मोहो भवेत्साधोः ।
तदा खलु क्षीणमोहो भण्यते स निश्चयविद्भिः ॥३३॥

इह खलु पूर्वप्रक्रांतेन बिधानेनात्मनो मोहं न्यक्कृत्य यथोदितज्ञानस्वभावातिरिक्तात्मसंचेतनेन **जितमोहस्य** सतो **यदा** स्वभावभावभावनासौष्ठवावष्टंभात् तत्संतानात्यंतविनाशेन पुनरप्रादुर्भावाय भावकः **क्षीणो मोहः स्यात् तदा स एव** भाव्यभावकभावाभावेनैकत्वे टंकोत्कीर्णं परमात्मनमवाप्तः **क्षीणमोहो** जिन **इति** तृतीया **निश्चयस्तुतिः** । एवमेव च मोहपदपरिवर्तनेन रागद्वेषक्रोधमानमायालोभकर्मनोकर्ममनोवचनकायश्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि । अनया दिशान्यान्यप्यूह्यानि ॥३३॥

આત્મખ્યાતિ ટીકાર્થ

અહીં નિશ્ચયે કરીને,

પૂર્વ પ્રક્રાંત વિધાન વડે આત્માના મોહને ન્યક્કૃત કરી (હઠાવી), યથોદિત જ્ઞાન સ્વભાવ વડે અતિરિક્ત (અધિક) એવા આત્માના સંચેતન વડે કરીને **જિતમોહ હોતા એવા સત્નો** (સંતનો),

---

* **आत्मभावना -**

अथ भाव्यभावकभावाभावेन - હવે ભાવ્ય-ભાવક ભાવના અભાવથી (ત્રીજી નિશ્ચય સ્તુતિ કહે છે) - जितमोहस्य तु - અને જિતમોહના એવા साधोः - સાધુનો यदा - જ્યારે मोहो क्षीणो भवेत् - મોહ ક્ષીણ હોય, तदा - ત્યારે स खलु क्षीणमोहो - તે ખરેખર ! क्षीणमोह निश्चयविद्भिः भण्यते - નિશ્ચયવિદોથી કહેવાય છે. ॥ इति **गाथा** આત્મભાવના ॥३३॥

इह खलु - અહીં ખરેખર ! નિશ્ચયે કરીને पूर्वप्रक्रांतेन विधानेन - પૂર્વ પ્રક્રાંત વિધાનથી - આગલી ગાથાની આત્મખ્યાતિ વ્યાખ્યામાં પ્રસ્તુત કરેલા વિધાન પ્રમાણે आत्मनो मोहं न्यक्कृत्य - આત્માના મોહને ન્યક્કૃત - તિરસ્કૃત કરી હઠાવી, यथोदित - જ્ઞાનસ્વભાવાતિરિક્તાત્મસંચેતનેન जितमोहस्य सतो - યથોદિત - જેવા પ્રકારનો કહ્યો તેવા જ્ઞાન સ્વભાવ વડે કરીને અતિરિક્ત - અધિક - જૂદો અલાયદો નહિ એવા આત્માનો સંચેતન - સંવેદનથી - સમ્યક્ અનુભવનથી 'જિતમોહ' હોતાં સત્ નો - સતાનો - સંતનો - સાધુનો यदा भावकः क्षीणो मोहो स्यात् - જ્યારે 'ભાવક' - ભાવનારો કરનારો - ભાવ ઉપજાવનારો મોહ ક્ષીણ થાય - ક્ષય પામી જાય, तदा स एव - ત્યારે તે જ, भाव्यभावकभावाभावेनैकत्वे टंकोत्कीर्णं - ભાવ્ય-ભાવક ભાવના અભાવથી એકત્વમાં - એકપણામાં टंकोत्कीर्ण એવા परमात्मानमवाप्तः - પરમાત્મને પ્રાપ્ત થયેલો क्षीणमोहो जिनः इति तृतीया निश्चयस्तुतिः - ક્ષીણમોહ જિન એવી તૃતીય નિશ્ચયસ્તુતિ છે. મોહ કેવો ક્ષીણ ? तत्संतानात्यंतविनाशेन पुनरप्रादुर्भावाय - તત્ સંતાનના - તે મોહની સંતતિના અત્યંત - સર્વથા વિનાશથી પુનઃ અપ્રાદુર્ભાવાર્થે, અર્થાત્ ફરી પ્રાદુર્ભાવ - પ્રગટવું ન થાય એમ સર્વદાને માટે સર્વથા ક્ષીણમોહ. એવો ક્ષીણમોહ કેવી રીતે થયો ? स्वभावावभावनासौष्ठवावष्टंभात् - સ્વભાવભાવની ભાવનાના સૌષ્ઠવના-સારી પેઠે કરવાપણાના અવષ્ટંભ થકી. ॥ इति **'आत्मख्याति'** આત્મભાવના (પ્રસ્તુત ગાથા) ॥३३॥

જ્યારે સ્વભાવભાવની ભાવના સૌષ્ઠવના અવષ્ટંભ વડે કરીને, તેના (મોહના) સંતાનના અત્યંત વિનાશથી પુનઃ અપ્રાદુર્ભાવાર્થે (ફરી પ્રાદુર્ભાવ-પ્રગટવું ન થાય એમ), ભાવક એવો **મોહ ક્ષીણ થાય,**

ત્યારે તે જ

ભાવ્ય-ભાવક ભાવના અભાવથી એકત્વમાં ટંકોત્કીર્ણ એવા પરમાત્માને પ્રાપ્ત થયેલો એવો

'ક્ષીણમોહ' જિન, એવા પ્રકારે તૃતીય નિશ્ચયસ્તુતિ છે.

અને એમ જ મોહપદના પરિવર્તનથી રાગ-દ્વેષ, ક્રોધ-માન-માયા-લોક્ષ, કર્મ-નોકર્મ, મન-વચન-કાય, શ્રોત્ર-ચક્ષુ-ઘ્રાણ-રસન-સ્પર્શન, એમ સોળ સૂત્રો વ્યાખ્યેય (વ્યાખ્યા કરવા યોગ્ય) છે. આ દિશા પ્રમાણે બીજા પણ સમજી લેવા. ૩૩

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જે જ્ઞાનમાં દેહાદિ અધ્યાસ મટ્યો છે અને અન્ય પદાર્થને વિષે અહંતા મમતા વર્તતાં નથી, તથા ઉપયોગ સ્વભાવમાં પરિણમે છે, અર્થાત્ જ્ઞાનસ્વરૂપપણું ભજે છે, તે જ્ઞાનને **'નિરાવરણ' જ્ઞાન** કહેવા યોગ્ય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૫૯૦), ૬૭૯**

''સહજ ગુણ આગરો સ્વામી સુખ સાગરો, જ્ઞાન વયરાગરો પ્રભુ સવાયો;
શુદ્ધતા એકતા તીક્ષ્ણતા ભાવથી, મોહરિપુ જીતી જય પડહ વાયો...''

- શ્રી દેવચંદ્રજી (પાર્શ્વ જિન સ્તવન)

અત્રે **ભાવ્ય-ભાવક ભાવના અભાવથી** નિશ્ચયસ્તુતિનો ત્રીજો પ્રકાર કહ્યો છે : **'જિતમોહ'** - જેણે મોહ જીતી લીધો છે એવા સાધુનો જ્યારે ક્ષીણમોહ થાય, ત્યારે તે નિશ્ચયવિદોથી - નિશ્ચયજ્ઞોથી **'ક્ષીણમોહ'** કહેવાય છે. આ ગાથાની અપૂર્વ વ્યાખ્યા કરતાં **અમૃતચંદ્રજીની** અમૃત વાણીએ મધુરતમ-વિશદતમ શૈલીમાં નિષ્ઠુષપણે સ્પષ્ટ સમજાવી અલૌકિક પરમાર્થ પ્રકાશ રેલાવ્યો છે : અહીં 'પૂર્વ પ્રકાંત વિધાનથી' - આ પૂર્વેની ગાથાની **'આત્મખ્યાતિ'** વ્યાખ્યામાં પ્રસ્તુત કરેલ સકલ અવિકલ વિધાન પ્રમાણે આત્માના મોહને ન્યક્કૃત કરી - તિરસ્કૃત કરી - હઠથી હઠાવી, યથોદિત જ્ઞાનસ્વભાવ વડે 'અતિરિક્ત' - અધિક - અલાયદા જૂદા તારવી આવતા એવા **આત્માના 'સંચેતનથી'** - સંવેદનથી - સમ્યક્ અનુભવનથી **'જિતમોહ'** હોતા સત્નો - સંતનો - સાધુ સત્પુરુષનો ભાવક એવો મોહ જ્યારે ક્ષીણ થાય - ક્ષય પામી જાય, ત્યારે તે જ જિતમોહ સાધુ-સત્પુરુષ ભાવ્ય-ભાવક ભાવના અભાવથી એકત્વમાં ટંકોત્કીર્ણ એવા પરમાત્માને પ્રાપ્ત થયેલો **ક્ષીણમોહ જિન,** એવી ત્રીજી નિશ્ચયસ્તુતિ છે. આ મોહ કેવો ક્ષીણ ? 'તત્ સંતાનના' - તે મોહની સંતતિના અત્યંત - સર્વથા વિનાશથી પુનઃ અપ્રાદુર્ભાવ હોય એમ, અર્થાત્ ફરી પ્રાદુર્ભાવ - પ્રગટવું ન થાય એમ સર્વદાને માટે સર્વથા ક્ષીણમોહ. એવો ક્ષીણમોહ કેવી રીતે થયો ? સ્વભાવભાવની ભાવનાના સૌષ્ઠવના - સારી પેઠે કરવાપણાના અવષ્ટંભ થકી - આધાર - ઓથ થકી. **અમૃતચંદ્રજીની** આ પરમ પરમાર્થગંભીર વ્યાખ્યાનું વિશેષ સ્પષ્ટીકરણ આ પ્રકારે -

ક્ષીણમોહ તે જિન : મોહક્ષયનું અમૃતચંદ્રજીએ દાખવેલું અપૂર્વ વિધાન

પ્રથમ તો 'પૂર્વપ્રક્રાંતવિધાનેન' - આ પૂર્વે ગાથાની **'આત્મખ્યાતિ'** વ્યાખ્યામાં પૂર્વે પ્રકાંત-પ્રસ્તુત 'વિધાનથી' - સકલ અવિકલ વિધિથી આત્માના મોહને ન્યક્કૃત - તિરસ્કૃત કરી, તિરસ્કારી, આત્મનો મોહં ન્યક્કૃત્ય, હઠથી હઠાવી, યથોક્ત - જેવો કહ્યો હતો તેવા ષડ્વિશેષણ સંપન્ન **ભગવત્ જ્ઞાનસ્વભાવથી** 'અતિરિક્ત' - અધિક અતિશાયી - અલાયદા - જૂદા નહિં એવા આત્માના 'સંચેતન' વડે - સંવેદન વડે સમ્યક્ અનુભવન વડે **'જિતમોહ'** હોય છે, અર્થાત્ તે મોહ ભાવ કરનાર 'ભાવક' એવા મોહને 'તદનુવૃત્તિમાંથી' - તેને અનુકૂળ વૃત્તિમાંથી ભાવ્ય એવા આત્માને દૂરથી - લાંબેથી જ પાછો વાળી, મોહને જીતી, એકત્વમાં ટંકોત્કીર્ણ એવા આત્માને ભગવત્ જ્ઞાન સ્વભાવે કરી દ્રવ્યાંતર - સ્વભાવભાવી સર્વ ભાવાંતરોથી - બીજા બધા ભાવોથી અતિરિક્ત - અધિક - અતિશાયી - અલાયદો -

જૂદો સંચેતતો - સંવેદતો એવો જિતમોહ હોય છે અને આમ 'जितमोहस्य सतो' જિતમોહ સતો તે સંત શુદ્ધ આત્મસ્વભાવનો અનુભવ કરે છે અને તે સ્વભાવભાવની **ભાવના સૌષ્ઠવ** - સારી પેઠે અત્યંત અત્યંત દૃઢ ભાવના કરતો રહે છે. જેમકે - હું આ દેહાદિ પરવસ્તુથી ભિન્ન એવો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી અજર અમર આત્મા છું. આ નાશવંત દેહાદિ પરભાવ તે હું નથી. એક શુદ્ધ **સહજાત્મસ્વરૂપ** જ મ્હારૂં છે, બીજું કંઈ પણ મ્હારૂં નથી. હું આ દેહાદિ ભાવનો નથી, ને આ દેહાદિ ભાવ મ્હારા નથી, એવો વિવેકરૂપ નિશ્ચય તેના આત્મામાં દૃઢ થયો છે. માટે મ્હારે આ મ્હારો એક શુદ્ધ આત્મભાવ જ આદેય છે - ગ્રહણ કરવા યોગ્ય છે, બાકી આ બીજા બધા ભાવ હેય છે, ત્યજવા યોગ્ય છે, માટે હું મ્હારા આત્મભાવને જ ભજું ને સમસ્ત પરભાવ પ્રપંચને ત્યજું એ જ યોગ્ય છે. આપણો આત્મભાવ જે એક ચેતનાધાર છે, તે નિજ પરિકર - પરિવાર રૂપ ભાવ જ આ બીજા બધા સાથ સંયોગ કરતાં સાર છે. 'એ નિજ પરિકર સાર રે.' માટે હે ચેતન ! તું શાંત થઈ આ સર્વ પરભાવથી વિરામ પામ ! વિરામ પામ ! હે આનંદઘન ! એ જ આ પરમ શાંતિમાર્ગ પામવાનો પરમ ઉપાય છે. એનો આશ્રય કર ! આશ્રય કર ! ઈત્યાદિ પ્રકારે દેહાદિથી ભિન્ન એવો હું જ્ઞાયક સ્વભાવી આત્મા છું, એવી આત્મભાવના તે એવી તો વજ્રલેપ દૃઢ કરે છે કે પછી સ્વપ્ને પણ દેહાદિમાં કે મોહાદિમાં તેને આત્મબુદ્ધિ થતી નથી, આત્મભાવ ઉપજતો નથી.

''શ્રી સદ્‌ગુરુએ કહ્યાં છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મ્હારાં નથી. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છઉં.'' એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.

''આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવલ જ્ઞાન રે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર**

''આપણો આતમ ભાવ જે, શુદ્ધ ચેતનાધાર રે,
અવર સવિ સાથ સંયોગથી, એ નિજ પરિકર સાર રે. - શાંતિજિન.'' - **શ્રી આનંદઘનજી**

''तथैव भावयेद् देहाद् व्यावृत्त्यात्मानमात्मनि ।
न यथा पुनरात्मानं देहे स्वप्नेपि योजयेत् ॥''

- શ્રી પૂજ્યપાદ સ્વામીજી કૃત 'સમાધિ શતક'

આમ 'स्वभावभावभावनासौष्ठवावष्टंभात्' - **'સ્વભાવભાવની ભાવના સૌષ્ઠવથી'** - સ્વભાવભાવની ભાવનાના 'સૌષ્ઠવના' - સારી પેઠે કરવાપણાના 'અવષ્ટંભ' થકી - આધાર - ઓથ થકી અર્થાત્ સારી પેઠે ગોખી ગોખીને આત્મભાવના ભાવવા થકી તેનું એટલું બધું બળવાનપણું થાય છે કે, 'तत्संतानात्यंत-विनाशेन' - તે મોહના સંતાનના અત્યંત વિનાશે કરી પુનઃ અપ્રાદુર્ભાવ હોય એમ - 'पुनरप्रादुर्भावाय' - ભાવક એવો મોહ ક્ષીણ થાય છે, 'भावकः क्षीणो मोहः स्यात्', અર્થાત્ તે દુષ્ટ મોહની સંતતિનો (chain) વંશ પરંપરાનો - આત્યંતિક સર્વથા વિનાશ થાય છે, એટલે ફરી ક્યારેય પણ પ્રાદુર્ભાવ ન પામે - ફરી પ્રગટપણું ન થાય એમ ભાવક એવો મોહ સર્વદાને માટે સર્વથા ક્ષીણ થાય છે અને આમ જ્યારે ભાવક એવો મોહ ક્ષીણ થાય છે ત્યારે ભાવ્ય-ભાવક ભાવનો અભાવ હોય છે, 'तदा स एव भाव्यभावकभावाभावेन', ટાંકણાથી ઉત્કીર્ણ અક્ષર જેવા સ્વરૂપ સુપ્રતિષ્ઠિત ધ્રુવ એવા **પરમાત્માને** અવાપ્ત 'परमात्मानमवाप्तः' - (પ્રાપ્ત) એવો **'ક્ષીણમોહ'** જિન છે, ધ્રુવપદરામી એવો તે **ક્ષીણમોહ પરમાત્મા જિન** હોય છે, એવા પ્રકારે ત્રીજી નિશ્ચય સ્તુતિ છે, क्षीणमोहो जिनो इति तृतीया निश्चयस्तुतिः ।

''વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે,
મિથ્યામોહ તિમિર ભય ભાગું, જીત નગારૂં વાગું રે.'' - **શ્રી આનંદઘનજી**

''સૂર જગદીશની તીક્ષ્ણ અતિ શૂરતા, જિણે ચિરકાળનો મોહ જીતો,
ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ પરગાશ કરી, નીપનો પરમ પદ જગ વદીતો.'' - **શ્રી દેવચંદ્રજી**

તાત્પર્ય કે - ઉપરમાં કહ્યા પ્રમાણે આત્માના મોહને હઠથી હઠાવી જિતમોહ થઈ, જ્યારે સારી પેઠે સ્વભાવભાવની ભાવના વડે ફરી મોહ ન પ્રાદુર્ભાવ પામે - ન ઉદ્‌ભવે એવી રીતે છેવટને માટે (Once for all) મોહ ક્ષીણ કરે, ત્યારે તે જ ભાવ્ય-ભાવક ભાવના અભાવે એકત્વમાં ટંકોત્કીર્ણ પરમાત્માને પ્રાપ્ત થયેલો એવો તે **'ક્ષીણમોહ'** જિન છે, એમ આ ત્રીજી નિશ્ચયસ્તુતિનો પ્રકાર છે.

''લોકાલોક ભાસક અનંત જ્ઞાનદૃષ્ટિ જાકી, વીરજ અનંત સુખ ઉખેરૈ કર્મકંદ જૂ,
ચરણ અનંત વર લોકાલોક ભાવધર, પુન્ય પાપ સૌ વ્યતીત સુધ સુખ વૃંદ જૂ;
વેદ કૌન ભેદ તીનો જોગ કૌન ખેદ તહાં, ચેતન પ્રકાશ ભયો કર્મસૌ અફંદ જૂ,
ઐસે જિનરાજ નિજ જ્ઞાનમેં વિરાજમાન, અમલ અખંડ નિત ધ્યાવે દેવચંદ જૂ.''

- શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ, ૧-૧૨

અને એમજ મોહ પદને સ્થાને અનુક્રમે રાગ-દ્વેષ, ક્રોધ-માન- માયા-લોભ, કર્મ-નોકર્મ, મન-વચન-કાય, શ્રોત્ર-ચક્ષુ-ઘ્રાણ-રસન-સ્પર્શન એમ સોળ સૂત્રો વ્યાખ્યા કરવા યોગ્ય છે, અર્થાત્ ક્ષીણરાગ, ક્ષીણદ્વેષ, ક્ષીણક્રોધ, ક્ષીણકર્મ, ક્ષીણમન, ક્ષીણશ્રોત્ર ઈત્યાદિ સૂત્રો પ્રકારે વ્યાખ્યા કરવા યોગ્ય છે, આ નિર્દિષ્ટ દિશા પ્રમાણે અન્ય પણ સ્વબુદ્ધિથી સમજી લેવા, अनया दिशान्यान्यपि ऊह्यानि ।

દા.ત. **ક્ષીણશ્રોત્ર** આદિ પ્રકારે તે **ક્ષીણેંદ્રિય** હોય છે. સર્વ ઈંદ્રિયોના જયની આત્યંતિક ભાવનાથી તે તેઓનો પુનઃ પ્રાદુર્ભાવ ન થાય એમ સર્વથા ક્ષય કરવાને સમર્થ થાય છે. જેમકે - જે ઈંદ્રિયો પૂર્વે હરાયા ઢોરની જેમ છૂટી ફરતી હતી, ને રઘવાઈ થઈને સ્વચ્છંદે વિચરતી હતી, તે હવે સંપૂર્ણ નિયમમાં આવી જઈ, પાછી ખેંચાઈને, પોતાના ચિત્ત - ઘરના ખીલે બંધાય છે. વિષયગ્રહણ માટે જ્યાં ત્યાં મુખ નાંખવા રૂપ બહિર્મુખ વૃત્તિ છોડી દઈ, તે હવે ડાહી ડમરી બની અંતર અભિમુખ થાય છે. એટલે જેની આંખો બાહ્ય રૂપને દેખતી હતી તે હવે ભાવથી અંતઃ સ્વરૂપને દેખે છે. જે કાન બાહ્ય શબ્દો સુણતા હતા તે હવે અંતઃનાદ સાંભળે છે. જે નાક બાહ્ય સુગંધથી લોભાતું હતું, તે હવે ભાવ-સૌરભથી સંતોષાય છે. જે રસના બાહ્ય રસથી રીઝતી હતી, તે હવે અંતઃચૈતન્ય રસના પાનથી પ્રસન્ન થાય છે, જે સ્પર્શ બાહ્ય સ્પર્શથી સુખ માનતો હતો, તે હવે ચૈતન્ય સ્વરૂપની સ્પર્શનાથી આનંદ અનુભવે છે. આમ ઈંદ્રિયોની બાહ્ય વૃત્તિ વિરામ પામી ભાવરૂપ આભ્યંતર વૃત્તિ વર્તે છે. કારણકે પાંચે **ઈંદ્રિયો રૂપ તોફાની ઘોડાની** લગામ હવે જાગ્રત આત્માના એક **ચિત્ત-સારથિના** હાથમાં આવી છે અને આમ ભાવથી અનુપમ ચૈતન્ય રસનો અનુભવ આસ્વાદ થાય છે, એટલે પછી ઈંદ્રિયો એવી તો વશ થઈ જાય છે, એવી તો ગરીબડી ગાય જેવી આધીન થઈ જાય છે, કે તેને પછી બાહ્ય વિષયોમાં રસ પડતો નથી, ને તે પ્રત્યે પરાણે લઈ જવામાં આવતાં પણ તે જતી નથી ! એવું તો તેને આ ચિત્ત-ઘર ગોઠી જાય છે ! એટલે આ ચૈતન્ય અમૃતરસનો આસ્વાદ છોડીને યોગી 'બાકસબુક્સ' રૂપ પુદ્‌ગલ ભોગને ઈચ્છતો નથી ! આમ વિષયોમાંથી ઈંદ્રિયોને પાછી ખેંચનારા **આ પરમ જ્ઞાની યોગીશ્વરને** ભોગ પ્રત્યે અત્યંત અનાસક્તિ જ હોય છે, પરમ વૈરાગ્ય જ વર્ત્તે છે, કારણકે - '(૧) જેનું મન મૂંગો અનાહત નાદ સાંભળી રહ્યું છે, એવા આ જોગીજનને કોકિલનો કલ સ્વર કેમ આનંદ આપે ? અનુભૂતિ નારીએ લલકારેલા પ્રિય સંગીતમાં જે રત થયા છે, તે કામિનીના કોમલ કરકંકણના અવાજથી કેમ ઘૂર્ણાયમાન થાય ? (૨) અવિનાશી ને નિસર્ગ-નિર્મલ એવા સ્વરૂપને જે દેખે છે, તે યોગી પુરુષને નાશવંત ને શુક્ર-શોણિતથી ઉપજેલું રૂપ કેમ ગમે ? (૩) શીલ સૌરભથી જે પ્રસન્ન થાય છે, તેને કસ્તૂરી - ચંદનાદિ સુગંધી દ્રવ્યોથી કેમ આનંદ ઉપજે ? કારણકે બીજી સુગંધી તો ઝાઝીવાર ટકતી નથી, વાયુથી શીઘ્ર ઊડી જાય છે, પણ શીલ સૌરભ તો લાંબો વખત ઉપયોગમાં આવે છે અને તેને વિભાવ રૂપ વાયરો હરી શકતો નથી. (૪) જેનું મન સતત અવિકારી એવા નવમા શાંતરસમાં મગ્ન થયું છે, તે યોગીજન આરંભે સુખરૂપ પણ પરિણામે વસમા એવા રસોથી કેમ રીઝે ? જે મધુર રસને ચાખતાં રસ લોલુપીની રસનામાંથી રસ પડે છે - જીભમાં પાણી છૂટે છે, તે રસનો ભયંકર વિપાક ચિંતવતાં આ વિરક્તજનોની આંખમાંથી પાણી પડે

છે - આંસુ આવે છે. (૫) જ્યાં ગુણ પુષ્પો* બીછાવેલા છે એવી નિર્મલ સુવિકલ્પ રૂપ તળાઈમાં જે ધૃતિ-પત્નીને આલિંગીને સૂતા છે, તે સમ્યગ્ દૃષ્ટિજનો બાહ્ય સ્પર્શમાં કેમ રત થાય ? આમ આ લોકના વિષયો આ વિરક્ત ચિત્ સમ્યગ્ દૃષ્ટિ જનોને આનંદદાયી થતા નથી. અરે ! આ મહાનુભાવો પરમાનંદ રસનું પાન કરીને ધીંગાધડબા બની એટલા બધા આળસુ બની ગયા છે, કે તેઓ પરલોક સુખમાં પણ નિઃસ્પૃહ હોય છે !' આવા પરમ વૈરાગ્ય મૂર્ત્તિ ભાવિતાત્મા મહાત્મા સર્વ ઈંદ્રિયોનો પરાજય કરી તેઓનો સર્વથા પરિક્ષય કરવા સમર્થ થઈ ક્ષીણેંદ્રિય બને એમાં શું આશ્ચર્ય ? તે જ પ્રકારે ક્ષીણ રાગ, ક્ષીણ દ્વેષ, ક્ષીણ કષાય, ક્ષીણ કર્મ, આદિ અન્ય અન્ય પ્રકારોની ભાવના પણ સમજી લેવી.

આમ ક્ષીણમોહ, ક્ષીણરાગ, ક્ષીણદ્વેષ આદિ ભાવસંપન્ન પરમાત્મસ્વરૂપને પામેલ આ **જિન ભગવાન્** છે. અર્થાત્ **આત્મપદને** ઈચ્છે છે, **'ઈચ્છે છે જે જોગીજન'**, તે જ આ પરમાત્મા જિન છે. **આ પરમાત્મા** તે શુક્લ એવા ધ્યાન અગ્નિ વડે કર્મ કલંકનું દહન કરી **'નિત્ય નિરંજન જ્ઞાનમય'** થયેલા પરમ આત્મા છે. જ્ઞાનાનંદથી પૂર્ણ પાવન એવા આ **આનંદઘન ભગવાન્** ગુણગણ રત્નના આગર છે. એના આ ક્ષીણમોહ-ક્ષીણરાગ આદિની જેમ અનેક ગુણ નિષ્પન્ન નામ પ્રસિદ્ધ છે. જેમકે -

'સકલ કર્મમલથી રહિત હોવાથી તે **નિર્મલ** છે. કેવલ આત્મા સિવાય બીજું કાંઈ જ્યાં નથી એવા કેવલ દર્શનજ્ઞાનમય હોવાથી તે **કેવલ** છે. સર્વ અશુચિથી વર્જિત એવા એક અદ્વૈત શુદ્ધ જ્ઞાયક સ્વભાવના પ્રગટપણાથી તે **શુદ્ધ** છે. સમસ્ત પરભાવ-વિભાવથી આત્માને વિવિક્ત-પૃથક્ અલગ કર્યો હોવાથી તે **વિવિક્ત** છે. પરિપૂર્ણ આત્મસ્વરૂપનું પ્રભુત્વ પ્રાપ્ત કર્યું હોવાથી તે **પ્રભુ** છે. પરિપૂર્ણ આત્મસામ્રાજ્યના ઈશ-શાસન કર્તા સ્વામી હોવાથી તે **ઈશ્વર** છે. જગત્ના બીજા બધા પદાર્થ કરતાં પરમ ઈષ્ટ હોવાથી તે વિશ્વની વિશિષ્ટ શ્રેષ્ઠ વિભૂતિ રૂપ **પરમેષ્ઠિ** છે. સકલ પરભાવથી પર થયેલા હોવાથી તેમજ પરાત્ પર એવા પરમ પદને પામેલા હોવાથી તે **પરાત્મા** અથવા **પરમાત્મા** છે. **રાગદ્વેષાદિ આંતર શત્રુઓને હણી નાંખી, શુદ્ધ સહજ નિજ સ્વરૂપનો જય કર્યો હોવાથી તે જિન** અથવા **અરિહંત** છે.

અનુપમ આત્મવીરત્વથી રંજિત થયેલી કેવલશ્રી તેને સ્વયંવરી હોવાથી તે **શ્રીમદ્ રમાપતિ** છે. પરમ આત્મશાંતિને પામેલા હોવાથી તે **શાંત** છે. સદા શિવસ્વરૂપ-કલ્યાણ સ્વરૂપ હોવાથી તે **સદાશિવ** છે.

ત્રણે ભુવનને શમ્કર - આત્મ સુખકર હોવાથી તે **શંકર** છે. જ્ઞાન વડે સર્વ વ્યાપક હોવાથી તે **વિષ્ણુ** છે. સર્વ કર્મકલેશ હરનારા હોવાથી તે **હરિ** છે. પરમ **બ્રહ્મ**પણાથી તે **પરંબ્રહ્મ** છે. સકલ જગત્ની પરમ પૂજના પરમ પાત્ર હોવાથી તે **અર્હત્** છે. શુદ્ધ આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી આત્મા સિદ્ધ કર્યો હોવાથી તે **સિદ્ધાત્મા** છે. નિરંતર આત્મામાં રમણ કરી રહ્યા હોવાથી તે **રામ** છે. સર્વ પ્રદેશે શુદ્ધ પ્રકટ મૂર્તિમાન્ ચૈતન્ય-ધાતુમય હોવાથી તે **શુદ્ધ ચૈતન્યમૂર્તિ** છે. સહજ શુદ્ધ આત્મસ્વરૂપમાં સહજ નિઃપ્રયાસપણે નિરંતર વર્તી રહ્યા હોવાથી તે **'સહજાત્મસ્વરૂપ'** છે. ઈત્યાદિ અનેક યથાર્થ આત્મતત્ત્વ વાચક નામથી આ ક્ષીણમોહ જિન પરમાત્મા ઓળખાય છે ઉત્તરચિત પ્રજ્ઞાવબોધમાંથી છેઃ

અને જેમ 'ક્ષીણમોહ' પદથી તેમ તે તે આત્મગુણ નિષ્પન્ન નામથી આ **સહજાત્મસ્વરૂપી જિન ભગવાન્**ની સ્તુતિ કરવી તે પણ ઉપલક્ષણથી નિશ્ચયસ્તુતિનો પ્રકાર છે.

---

* "इह ये गुणपुष्पपूरिते, धृतिपत्नीमुपगुह्य शेरते ।
विमले सुविकल्पतल्पके, क्व बहि स्पर्शरता भवंतु ते ॥
तदि मे विषयाः किलैहिकाः, न मुदे केऽपि विरक्तचेतसाम् ।
परलोकसुखेऽपि निस्पृहाः, परमानंदरसालसा अमी ॥"
- (ઈત્યાદિ આધાર રૂપ હૃદયંગમ વર્ણન માટે જુ ઓ) શ્રી યશોવિજયજી કૃત 'અધ્યાત્મસાર' (વૈરાગ્ય અધિકાર)

* "निर्मलः केवलः शुद्धः विविक्तः प्रभुरीश्वरः ।
परमेष्ठी परात्मेति परमात्मेश्वरो जिनः ॥" - શ્રી પૂજ્યપાદ સ્વામીજી કૃત 'સમાધિ શતક'

કાયા-આત્માની એકતા અંગે નિશ્ચય-વ્યવહાર નયવિભાગથી નિષ્ણુષ સ્પષ્ટતા કરી ઉક્તનો સારસમુચ્ચય રૂપ કળશ પ્રકાશે છે -

शार्दूलविक्रीडित -

एकत्वं व्यवहारतो न तु पुनः कायात्मनोर्निश्चया -
न्नु स्तोत्रं व्यवहारतोस्ति वपुषः स्तुत्या न तत्तत्त्वतः ।
स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव सैवं भवे -
न्नातस्तीर्थकरस्तवोत्तरबलादेकत्वमात्मांगयोः ॥२७॥

એકત્વ વ્યવહારથી તન અને આત્માનું - ના નિશ્ચયે,
નૃસ્તોત્ર વ્યવહારથી તન સ્તવે ના તત્ત્વથી તે હુયે;
નિશ્ચે ચિત્ તણું સ્તોત્ર ચિત્ સ્તવનથી ને એમ તે સ્તાવના,
તેથી તીર્થકરસ્તવોત્તરબલે કાયાત્મ એકત્વ ના. ૨૭

અમૃત પદ-૨૭

'મૂળ મારગ સાંભળો જિનનો રે' - એ રાગ.

આત્મા દેહથી ભિન્ન પરમાર્થથી રે, એમ થયો સિદ્ધાંત નિર્ધાર... આત્મા.
એકપણું છે દેહ ને આત્મનું રે, એમ ભલે ભાખે વ્યવહાર... આ. ૧
તોય નિશ્ચયથી દેહ આત્મનું રે, એકપણું કદી ન જ હોય... આ.
દેહ સ્તુતિથી સ્તોત્ર પુરુષનું રે, વ્યવહારે-ન તત્ત્વથી સોય... આ. ૨
સ્તોત્ર નિશ્ચયથી ચૈતન્યનું રે, ચૈતન્ય સ્તુતિથી જ થાય... આ.
ને તે ચૈતન્ય સ્તુતિ એમ છે રે, જિતેંદ્રિય છે જિનરાય... આ. ૩
જિતમોહ વળી જિનરાજજી રે, ક્ષીણમોહ પણ જિન તેમ... આ.
એવા શુદ્ધ ચેતન ગુણવર્ણને રે, કહી સ્તુતિ નિશ્ચયથી એમ... આ. ૪
તેથી તીર્થકર સ્તવ પ્રશ્નના રે, ઉત્તરબલે રીતે આમ... આ.
નો'ય એકપણું દેહ આત્મનું રે, ભાખે ભગવાન 'અમૃત' નામ આ. ૫

અર્થ : કાયા અને આત્માનું એકત્વ-એકપણું વ્યવહારથી છે, પણ નિશ્ચયથી નથી, શરીરની સ્તુતિથી પુરુષનું સ્તોત્ર વ્યવહારથી, પણ તે તત્ત્વથી નથી, ચિત્નું નિશ્ચયથી સ્તોત્ર ચિત્ સ્તુતિથી જ હોય છે અને તે ચિત્ સ્તુતિ એમ (ઉક્ત પ્રકારે) હોય છે, એટલા માટે તીર્થકર સ્તવના ઉત્તરના બલથી આત્મા અને દેહનું એકત્વ-એકપણું નથી.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન.''

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૪૯

---

* જુઓ : આત્મસિદ્ધિ શાસ્ત્ર ઉપર 'રાજ' જ્યોતિ મહાભાષ્ય (ડૉ. ભગવાનદાસ કૃત)

''તન ચેતન વિવહાર એકસે, નિહચૈ ભિન્ન ભિન્ન હૈ દોઈ,
તનકી થુતિ વિવહાર જીવથુતિ, નિયત દૃષ્ટિ મિથ્યા થુતિ સોઈ;
જિન સો જીવ જીવ સો જિનવર, તન જિન એક ન માનૈ કોઈ,
તા કારન તનકી સંસ્તુતિ સૌં, જિનવરકી સંસ્તુતિ નહિ હોઈ.'' - **બના.સ.સા.જી. ૩૦**

આ ઉપરમાં જે બધું અપ્રતિબુદ્ધે ૨૬મી ગાથામાં આશંકા કરી તેના નિવારણ માટે ૨૭ થી ૩૩ ગાથા કહી, તેનું સવિસ્તર વ્યાખ્યાન કરતાં **આત્મખ્યાતિના** ગદ્યભાગમાં સુસ્પષ્ટ વિવરીને કહ્યું તેનો સારસમુચ્ચય રૂપ આ ઉપસંહાર કળશ સર્જતાં પુરુશાર્દૂલ **શ્રી અમૃતચંદ્રજીએ** શાર્દૂલવિક્રીડિત છંદમાં વીરગર્જના કરી છે : કાયા અને આત્માનું એકપણું વ્યવહારથી છે, પણ નિશ્ચયથી નથી, એટલે શરીરની સ્તુતિથી પુરુષનું - આત્માનું સ્તોત્ર વ્યવહારથી છે, પણ તે તત્ત્વથી નથી, 'न तत्तत्त्वतः', નિશ્ચયથી નથી. ત્યારે તત્ત્વથી - નિશ્ચયથી પુરુષનું - આત્માનું સ્તોત્ર શી રીતે હોય ? ચિત્‌નું - ચૈતન્યનું નિશ્ચયથી સ્તોત્ર ચિત્‌સ્તુતિથી જ - 'चित्स्तुत्यैव' - ચૈતન્યની સ્તુતિથી જ હોય છે. તે ચિત્‌સ્તુતિ કેમ હોય ? 'सैवं भवेत्' - તે ચિત્‌સ્તુતિ-ચૈતન્ય સ્તુતિ એમ ઉક્ત પ્રકારે જિનની ત્રણ નિશ્ચય સ્તુતિના અત્ર સ્પષ્ટ નિર્દિષ્ટ ઉત્તમ ઉદાહરણ પ્રમાણે હોય છે. આ પરથી શું સાર ફલિત થાય છે ? 'नातस्तीर्थकरस्तवोत्तरबलादेकत्वमात्मांगयोः' - એટલા માટે તીર્થકરસ્તવ પરત્વે જે અપ્રતિબુદ્ધે પ્રશ્ન કર્યો હતો, તેના ઉત્તરના બલથી - સામર્થ્યથી આત્મા અને દેહનું એકત્વ-એકપણું નથી, એમ સિદ્ધ થયું, અખંડ નિશ્ચય સિદ્ધાંતપણે સુપ્રતિષ્ઠિત થયું.

''દેહ તે આત્મા નથી, આત્મા તે દેહ નથી. ઘડાને જોનાર જે ઘડાદિથી ભિન્ન છે, તેમ દેહનો જોનાર, જાણનાર એવો આત્મા તે દેહથી ભિન્ન છે, અર્થાત્ દેહ નથી.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૫૧), ૪૨૫



આટલા આટલા સ્પષ્ટ બોધ પછી બોધ કોના બોધમાં નહિં ઉતરે ? એવા ભાવનો સારસમુચ્ચય રૂપ કળશ સંગીત કરે છે -

માલિની -

इति परिचिततत्त्वैरात्मकायैकतायां,
नयविभजनयुक्त्यात्यंतमुच्छादितायां ।
अवतरति न बोधो बोधमेवाद्य कस्य,
स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव ॥२८॥
॥ इत्य प्रतिबुद्धोक्तिनिरासः ॥३३॥

ઈતિ પરિચિતતત્ત્વે આત્મકાયૈકતા એ,
નય વિભજનયુક્તે સાવ ખુલ્લી કરાયે;
અવતરત ન બોધે બોધ કોના જ આજે ?
સ્વરસભસ ખેંચ્યો સ્ફૂટતો એક આ જે. ૨૮

અમૃત પદ-૨૮

કોના બોધે બોધ ન ઉતરે, કોના બોધે બોધ ન ઉતરે ?... કોના બોધ. ૧
એમ તત્ત્વ પરિચયવંતાએ, આત્મ કાય એકતા એ,
નય વિભજન યુક્તિ પસાયે, ખુલ્લી સાવ કરાયે... કોના બોધે... ૨
બોધે કોના ન ઉતરે આજે, બોધ એક સ્ફુટંતો આ જે,
જે સ્વરસભસથી કર્ષ્યો, ભગવાન્ અમૃતચંદ્રે વર્ષ્યો... કોના બોધે... ૩

અર્થ : એવા પ્રકારે જેને તત્ત્વ પરિચિત છે એવાઓથી (તત્ત્વવિજ્ઞાની આત્માનુભવી પુરુષોથી) આત્મા અને કાયાની એકતા નયવિભજનથી (નયનો વિભાગ પાડવાની) યુક્તિથી અત્યંત ઉચ્છાદિત થતાં (ઉઘાડી પડાતાં-ખુલ્લી કરાતાં), સ્વરસના આવેગથી કૃષ્ટ-ખેંચાયેલો એવો પ્રસ્ફુટંતો બોધ એક જ આજે કોના બોધમાં જ નથી અવતરતો ? ૨૮

॥ એમ અપ્રતિબુદ્ધની ઉક્તિનો નિરાસ (નિરાકરણ) કરવામાં આવ્યો ॥૩૩॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દીર્ઘ કાળ સુધી યથાર્થ બોધનો પરિચય થવાથી બોધબીજની પ્રાપ્તિ હોય છે અને એ બોધબીજ તે પાયે નિશ્ચય સમ્યક્ત્વ હોય છે.''

''જ્ઞાની કહે છે તે કુંચી રૂપી જ્ઞાન વિચારે તો અજ્ઞાની રૂપી તાળું ઉઘાડી જાય છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૭૮ (૬૪૩), ૭૧૫, ૯૪૭ (ઉપદેશ છાયા)

બોધ આજે કોના બોધમાં નહિં ઉતરે ?

અને આમ આત્મા અને દેહનું એકપણું નિશ્ચયથી-તત્ત્વથી નથી એમ સિદ્ધ થતાં, તેનો ફલિતાર્થ શો થયો ? તે પોતાના પરમ પ્રિય પરમભાવવાહી માલિની છંદમાં આ 'સારસમુચ્ચય રૂપ' કળશથી પ્રકાશતાં **અમૃતચંદ્રજી** અપૂર્વ આત્મનિશ્ચયથી અત્રે ગર્જના કરે છે - 'इति परिचिततत्त्वैः' - આમ ઉપરમાં સ્પષ્ટાતિ સ્પષ્ટ કહ્યું તેમ જેને તત્ત્વ પરિચિત છે, આત્માનુભવથી સારી પેઠે જાણેલું સુપ્રતીત છે, એવા **જ્ઞાની આત્માનુભવી પુરુષોથી** - 'आत्मकायैकतायां' - આત્મા અને કાયાની એકતા નયવિભજન યુક્તિથી - 'नयविभजनयुक्त्या' - નયનો ખેંચાણ રૂપ વિભાગ પાડવાની યુક્તિથી અત્યંતપણે

ઉચ્છાદિત કરવામાં આવી, 'अत्यंतमुच्छादितायां', આચ્છાદન દૂર કરી ઉઘાડી પાડવામાં આવી, ખુલ્લી કરવામાં આવી, અર્થાત્ કયા નયની અપેક્ષાએ તે એકતા ઘટે છે અને કયા નયની અપેક્ષાએ તે એકતા ઘટતી નથી, એમ સાવ ખુલ્લેખુલ્લું ફોડ પાડીને પ્રગટ કરવામાં આવ્યું, જેથી કોઈ પણ પ્રકારનો કંઈ પણ વિસંવાદ કે સંદેહ કે અનધ્યવસાય ન રહેવા પામે એમ ચોક્ખે ચોક્ખું - ટુંકુ ટચ ને ચોક્ખું ચટ નિષ્ણુષ કથન કરવામાં આવ્યું. તો પછી હવે - 'सवरसरभसकृष्टः' - સ્વરસના રભસથી - આવેગથી કૃષ્ટ - કર્ષાયેલો - ખેંચાયેલો એવો, 'प्रस्फुटन्नेक एव' - પ્રસ્ફુટંતો - પ્રસ્ફુટ થતો - પ્રકૃષ્ટપણે ફૂટી નીકળતો 'એક જ' - અદ્વિતીય જ - અદ્વૈત જ બોધ આજે કોના બોધમાં જ નથી અવતરતો ? 'अवतरति न बोधो बोधमेवाद्य कस्य ?' અપિતુ અવતરે જ છે. અર્થાત્ આવું દીવા જેવું સ્પષ્ટ પ્રગટ ભેદજ્ઞાનવાળું તત્ત્વવિજ્ઞાન પ્રતિપાદન કરવામાં આવ્યે, સ્વરસના આવેગથી આપોઆપ જ ખેંચાઈને બોધ - યથાર્થ સમજણ એક જ - જ્યાં દ્વિતીય ભાવ રહ્યો નથી એવો પ્રસ્ફુટ થાય છે, એકદમ ફૂટી નીકળે છે, ઝટ લઈને પ્રગટે છે અને તે માત્ર જ્ઞાયક ભાવરૂપ કેવલજ્ઞાન સ્વરૂપ બોધ બોધમાં જ - જ્ઞાનમાં જ - જ્ઞાયકભાવ રૂપ આત્મામાં જ અવતરે છે - ઉતરે છે, અંતઃપરિણામી થાય છે, આત્મા કેવલ જ્ઞાનપરિણામે પરિણમે છે, એટલે આમ આત્મા પ્રતિબુદ્ધ થાય જ છે. આમ અપ્રતિબુદ્ધની ઉક્તિનો નિરાસ કરવામાં આવ્યો - રદીઓ દેવાઈ ચૂક્યો.



(ગાથા ઉત્થાનિકા સૂત્ર અર્થ) -

એમ અનાદિ મોહસંતાનથી નિરૂપિત એવી આત્મા અને શરીરની એકત્વ સંસ્કારતાએ કરીને અત્યંત અપ્રતિબુદ્ધ છતાં પણ, પ્રબલપણાએ કરી ઉલ્લસિત થઈ છ, તત્ત્વજ્ઞાન જ્યોતિ જેની એવો આ, નેત્રવિકારીની જેમ પડલ પ્રકટ ઉઘાડાઈ ગયા છે એવો ઝટ લઈને પ્રતિબુદ્ધ થયેલો, સાક્ષાત્ દૃષ્ટા એવા સ્વને સ્વયમેવ નિશ્ચયે કરી વિશેષે કરી જાણીને અને શ્રદ્ધીને અને તેને જ અનુચરવાનો કામી સતો, સ્વ આત્મારામ એવા આને (આત્માને) અન્ય દ્રવ્યોનું પ્રત્યાખ્યાન શું હોય ? એમ પૂછતો આમ કહેવા યોગ્ય છે -

सव्वे भावे जह्मा पच्चक्खाई परेत्ति णादूणं ।
तह्मा पच्चक्खाणं णाणं नियमा मुणेयव्वं ॥३४॥

(ગાથા કાવ્યાનુવાદ)

સર્વે ભાવો પચ્ચખે રે, પર એમ જાણી સુજાણ;
તેથી નિયમથી જાણવું રે, જ્ઞાન તે પ્રત્યાખ્યાન... રે આત્મન્ ! વંદો સમયસાર. ૩૪

ગાથાર્થ : કારણકે સર્વ ભાવોને 'પર' એમ જાણીને પચ્ચખે (ત્યજે) છે, તેથી પ્રત્યાખ્યાન જ્ઞાન નિયમથી જાણવું.

आत्मख्याति टीका -

एवमयमनादिमोहसंताननिरूपितात्मशरीरैकत्वसंस्कारतयात्यंतमप्रतिबुद्धोपि प्रसभोज्जृम्भितततत्त्वज्ञानज्योतिर्नेत्रविकारीव प्रकयेद्घाटितपटलः झटिति प्रतिबुद्धः साक्षात् दृष्टारं स्वं स्वयमेव हि विज्ञाय श्रद्धाय च तं चैवानुचरितुकामः स्वात्मारामस्यास्यान्यद्रव्याणां प्रत्याख्यानं किं स्यादिति पृच्छन्नित्थं वाच्यः -

सर्वान् भावान् यस्मात्प्रत्याख्याति परानिति ज्ञात्वा ।
तस्मात्प्रत्याख्यानं ज्ञानं नियमात् ज्ञातव्यं ॥३४॥

यतो हि द्रव्यांतरस्वभावभाविनोऽन्या**नखिलानपि भावान् भगवज्ज्ञातृद्रव्यं** स्वस्वभावभावाव्याप्ततया **परत्वेन ज्ञात्वा प्रत्याचष्टे, ततो य** एव पूर्वं जानाति स एव पश्चात्प्रत्याचष्टे न पुनरन्यं इत्यात्मनि निश्चित्य प्रत्याख्यानसमये प्रत्याख्येयोपाधिमात्रप्रवर्त्तितकर्तृत्वव्यपदेशत्वेपि परमार्थेनाव्यपदेश्य ज्ञानस्वभावादप्रच्यवना**त्प्रत्याख्यानं ज्ञानमेवेत्यनुभवनीयम्** ॥३४॥

आत्मभावना -

एवम् - એમ ઉપરમાં વિવરી દેખાડ્યું તેમ, अयम् - આ, પ્રસ્તુત, જેનું પ્રકરણ છે તે, अत्यंतमप्रतिबुद्धोपि - **અત્યંત અપ્રતિબુદ્ધ - અબૂઝ છતાં. શાથી કરીને અપ્રતિબુદ્ધ ?** अनादिमोहसंताननिरूपितात्मशरीरैकत्वसंस्कारतया - અનાદિ મોહ સંતાનથી - સંતતિથી નિરૂપિત - નિરૂપવામાં આવેલ આત્મા - શરીરના એકત્વની - એકપણાની સંસ્કારતાએ - સંસ્કારપણાએ કરીને. એમ અપ્રતિબુદ્ધ છતાં પણ શું ? प्रसभोज्जृम्भिततत्त्वज्ञानज्योतिः - પ્રસભથી - પ્રબલપણાએ કરી - જબરજસ્તીથી ઉજ્જૃંભિત-ઉલ્લસિત-પ્રવિકસિત છે તત્ત્વજ્ઞાન જ્યોતિ જેને એવો झटिति प्रतिबुद्धः - ઝટ જ પ્રતિબુદ્ધ - બૂઝેલો. કોની જેમ ? नेत्रविकारीव प्रकटद्घाटितपटलः - પ્રકટ ઉદ્ઘાટિત - ઉઘાડાયેલા છે પટલ - આંખનો પડલે જેનો એવા નેત્ર વિકારી - નેત્રરોગીની જેમ. એમ ઝટ પ્રતિબુદ્ધ થયેલો શું ? साक्षात् दृष्टारं स्वं स्वयमेव हि विज्ञाय श्रद्धाय चं - સાક્ષાત્ - પ્રત્યક્ષ દૃષ્ટા-દેખનારો સ્વને-પોતાને સ્વયમેવ-આપોઆપ જ સ્ફુટપણે-પ્રગટપણે જાણીને અને શ્રદ્ધીને तं चैवानुचरितुकामः - અને તેને જ અનુચરવાને કામી એવો, स्वात्मारामस्यास्य - સ્વ આત્મારામ એવા આને अन्यद्रव्यानां प्रत्याख्यानं किं स्यात् - અન્યદ્રવ્યોનું પ્રત્યાખ્યાન - પચ્ચખાણ - પરિત્યાગ શું હોય ? इति पृच्छन् - એમ પૂછતો, इत्थं वाच्यः - આમ - આ નીચેની ગાથામાં આવે છે તેમ વાચ્ય - કહેવા યોગ્ય છે. ॥ इति गाथा उत्थानिका सूत्र आत्मभावना ॥

આત્મખ્યાતિ ટીકાર્થ -

કારણકે - દ્રવ્યાંતરસ્વભાવ ભાવી અન્ય અખિલ જ ભાવોને ભગવત્ જ્ઞાતૃદ્રવ્ય સ્વસ્વભાવભાવની અવ્યાપ્યતાથી **પરપણે જાણીને પચ્ચખે છે** (ત્યાગે છે), **તેથી** જે જ પૂર્વે જાણે છે, તે જ પછી પચ્ચખે છે, નહિં કે અન્ય, એમ આત્મામાં નિશ્ચિત કરી,

પ્રત્યાખ્યાન સમયે પ્રત્યાખ્યેય ઉપાધિ માત્રથી પ્રવર્ત્તિત એવું કર્તૃત્વનું વ્યપદેશપણું છતાં, પરમાર્થથી અવ્યપદેશ્ય જ્ઞાનસ્વભાવથી અપ્રચ્યવનને લીધે, **પ્રત્યાખ્યાન તે જ્ઞાન જ છે, એમ અનુભવવા યોગ્ય છે.**

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાનનું રૂપ વિરતિ છે. વીતરાગનું આ વચન સર્વ મુમુક્ષુઓને નિત્ય સ્મરણમાં રાખવા યોગ્ય છે - જે વાંચવાથી, સમજવાથી તથા વિચારવાથી આત્મા વિભાવથી, વિભાવનાં કાર્યોથી અને વિભાવનાં પરિણામથી ઉદાસ ન થયો, વિભાવનો ત્યાગી ન થયો, વિભાવનાં કાર્યોનો અને વિભાવનાં ફળનો ત્યાગી ન થયો તે વાંચવું, તે વિચારવું અને તે સમજવું અજ્ઞાન છે. **વિચાર વૃત્તિ સાથે ત્યાગવૃત્તિ ઉત્પન્ન કરવી તે જ વિચાર સફળ છે,** એમ કહેવાનો જ્ઞાનીનો પરમાર્થ છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-(૬૮૮), ૭૪૯

આ ગાથાનું પરમ ભાવવાહી અવતરણ કરતું વિશિષ્ટ ઉત્થાનિકા-સૂત્ર અપૂર્વ તત્ત્વકળાથી ગૂંથતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** વદે છે - **'એમ'** - ઉક્ત પ્રકારે અનાદિ મોહસંતાનથી - મોહસંતતિથી નિરૂપાયેલી આત્મા-શરીરની **'એકત્વ સંસ્કારતાએ'** કરીને - એકપણાના સંસ્કારપણાએ કરીને - એકપણાના અધ્યાસે કરીને **'આ'** - પ્રસ્તુત અપ્રતિબુદ્ધ પણ - **'પ્રસભથી'** - પ્રબલપણાથી (પરાણે) તત્ત્વજ્ઞાન જ્યોતિ **'ઉજ્જમ્ભિત'** - ઉલ્લસિત - પ્રવિકસિત થતાં, નેત્રવિકારી - નેત્રરોગીની જેમ **'પટલ'** - પડદા પ્રકટ ઉઘાડાઈ ગયા છે એવો - ઝટ જ પ્રતિબુદ્ધ થયો, એટલે એમ **'પ્રતિબુદ્ધ'** - પ્રતિબોધ પામેલ - જાગૃત થયેલો આ સાક્ષાત્-પ્રત્યક્ષ દેષ્ટા **'સ્વને'** - પોતાને - આત્માને **'સ્વયમેવ'** - આપોઆપ જ નિશ્ચયે કરી સ્ફુટપણે પ્રગટપણે વિશેષે કરી જાણીને અને શ્રદ્ધીને તેને જ **'અનુચરવાનો'** - અનુસરતું અનુકૂળ આચરણ કરવાનો **'કામી'** - અભિલાષી સતો, **'સ્વ આત્મારામ'** પોતાના આત્મામાં આરામ કરી રહેલ વા રમણ કરી રહેલ એવા આને અન્ય દ્રવ્યોનું **પ્રત્યાખ્યાન - પચ્ચખાણ -**

યસ્માત્ - કારણકે સર્વાન્ ભાવાન્ - સર્વ ભાવોને પરાનિતિ જ્ઞાત્વા - 'પરો' છે એમ જાણીને પ્રત્યાખ્યાતિ - પ્રત્યાખ્યાન કરે છે, પચ્ચખે છે, પરિત્યજે છે, તસ્માત્ - તેથી કરીને પ્રત્યાખ્યાનં જ્ઞાનં નિયમાત્ જ્ઞાતવ્યં - પ્રત્યાખ્યાન (તે) જ્ઞાન નિયમથી - નિશ્ચયથી જાણવું. ।। ઇતિ **ગાથા** આત્મભાવના ।।૩૪।।

યતો હિ - કારણકે સ્ફુટપણે દ્રવ્યાંતરસ્વભાવભાવિનોઽન્યાનખિલાન્યપિ ભાવાન્ - દ્રવ્યાંતર સ્વભાવભાવી - દ્રવ્યાંતરના - અન્ય દ્રવ્યના સ્વભાવભાવી - સ્વભાવ રૂપ હોનારા અન્ય અખિલ જ - સર્વ જ ભાવોને ભગવત્ જ્ઞાતૃદ્રવ્યં - ભગવત્ જ્ઞાતૃદ્રવ્ય - જ્ઞાયક દ્રવ્ય પરત્વેન જ્ઞાત્વા - પરપણે જાણીને પ્રત્યાચષ્ટે - પ્રત્યાખ્યાન કરે છે, પચ્ચખે છે, પરિત્યાગ કરે છે. શાથી ? સ્વસ્વભાવભાવાવ્યાપ્યતયા - સ્વ સ્વભાવ ભાવની અવ્યાપ્યતાએ કરીને નહિં વ્યાપવા યોગ્યપણાએ કરીને. તેથી શું ?

ય એવ - જે જ પૂર્વં જાનાતિ - પૂર્વે પ્હેલાં જાણે છે, સ એવ - તે જ પશ્ચાત્ પ્રત્યાચષ્ટે - પછી પચ્ચખે છે - પ્રત્યાખ્યાન કરે છે, ન પુનરન્યઃ - નહિં કે પુનઃ અન્ય - બીજો, ઇત્યાત્મનિ નિશ્ચિત્ય - એમ આત્મામાં નિશ્ચિત કરી, પ્રત્યાખ્યાનં જ્ઞાનમેવ - પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે ઇત્યનુભવનીયમ્ - એમ અનુભવનીય - અનુભવવું યોગ્ય છે. એમ શાને લીધે ? પ્રત્યાખ્યાનસમયે - પ્રત્યાખ્યાન સમયે - કાળે પ્રત્યાખ્યેયોપાધિમાત્રપ્રવર્ત્તિતકર્ત્તૃત્વવ્યપદેશત્વેપિ - જેનું પ્રત્યાખ્યાન કરવા યોગ્ય છે એવી પ્રત્યાખ્યે ઉપાધિ માત્રથી પ્રવર્તિત - પ્રવર્તાવાયેલ કર્તૃત્વનું - કર્તાપણાનું વ્યપદેશપણું - વ્યવહારથી વચન વિકલ્પ રૂપ નામ-નિર્દેશપણું છતાં, પરમાર્થેન - પરમાર્થથી - નિશ્ચયથી - તત્ત્વથી અવ્યપદેશ્યજ્ઞાનસ્વભાવાદપ્રચ્યવનાત્ - અવ્યપદેશ્ય - નહિં વ્યપદેશાવા યોગ્ય - નહિં નામ નિર્દેશ કરાવા યોગ્ય જ્ઞાન સ્વભાવથી અપ્રચ્યવનને લીધે - અભ્રષ્ટપણાને લીધે. આમ પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે એમ અનુભવવું યોગ્ય છે. ।। ઇતિ **'આત્મખ્યાતિ'** ટીકા આત્મભાવના (પ્રસ્તુત ગાથા) ।।૩૪।।

પરિત્યાગપ્રતિજ્ઞા શું હોય ? એમ પૂછતો, 'આમ' - આ નીચેની ગાથામાં કહ્યા પ્રમાણે કહેવા યોગ્ય છે - 'સર્વ ભાવોને 'પર' એમ જાણીને પચ્ચખે (ત્યજે) છે, તેથી પ્રત્યાખ્યાન જ્ઞાન જ નિયમથી જાણવું.' આ ગાથાની તાત્ત્વિક મીમાંસા કરતાં **'આત્મખ્યાતિ'કારજી** વદે છે - કારણકે સ્ફુટપણે 'દ્રવ્યાંતર સ્વભાવભાવી' - અન્ય દ્રવ્યના સ્વભાવભાવી - સ્વભાવ હોનારા અન્ય અખિલ જ - સર્વે જ ભાવોને **ભગવત્ જ્ઞાતૃદ્રવ્ય** પરપણે જાણીને પ્રત્યાખ્યાન કરે છે, પચ્ચખે છે. શાથી ? સ્વસ્વભાવ ભાવની અવ્યાપ્યતાએ કરીને. તેથી શું ? જે પૂર્વે જાણે છે, તે જ પછી પ્રત્યાખ્યાન કરે છે, નહિં કે બીજો કોઈ, એમ આત્મામાં નિશ્ચિત કરી, **પ્રત્યાખ્યાન જ્ઞાન જ** છે એમ અનુભવનીય-અનુભવવું યોગ્ય છે. એમ શાને લીધે ? પ્રત્યાખ્યાન સમયે જેનું પ્રત્યાખ્યાને કરવા યોગ્ય છે એવી પ્રત્યાખ્યેય ઉપાધિ માત્રથી પ્રવર્તિત - પ્રવર્તાવેયેલ કર્તાપણાનું વ્યપદેશપણું-વ્યવહારથી વચન વિકલ્પરૂપ નામ નિર્દેશપણું છતાં, પરમાર્થથી 'અવ્યપદેશ્ય' - નહિં વ્યપદેશાવા યોગ્ય - નહિં નિર્દેશાવા યોગ્ય જ્ઞાન સ્વભાવથી અપ્રચ્યવનને લીધે - અભ્રષ્ટપણાને લીધે. આમ પ્રત્યાખ્યાન જ્ઞાન જ એમ અનુભવવું યોગ્ય છે. **'આત્મખ્યાતિ'કાર આચાર્યની** આ પરમ પરમાર્થ ગંભીર વ્યાખ્યાનો સ્પષ્ટ આશયાર્થ સમજવા આ ગાથાનું વિશિષ્ટ ઉત્થાનિકા સૂત્ર અને ગાથાની વ્યાખ્યા એમ બે વિભાગમાં અનુક્રમે વિશેષ વિચારણા કરીએ અને તે અર્થે અપૂર્વ તત્ત્વકળાથી ગ્રથિત આ વિશિષ્ટ **પરમાર્થઘન ઉત્થાનિકા સૂત્રનું** વિમર્શન કરવા પ્રથમ દૃષ્ટિ અને દર્શનનું સ્વરૂપ વિચારી નેત્રરોગીના પ્રસ્તુત દૃષ્ટાંતનું વિશેષ ભાવન કરીએ.

૧. ઉત્થાનિકા સૂત્ર - દર્શન અને દૃષ્ટિ : નેત્રરોગીનું દૃષ્ટાંત

આત્મા અને દેહ એક છે એવો **એકત્વ અધ્યાસ રૂપ** દુર્વાસનાનો દૃઢ સંસ્કાર વર્ત્યો આવે છે. આ **મોહતમસ્ના** (અજ્ઞાનાંધકારના) પટલને લીધે તેની દૃષ્ટિને અજ્ઞાનમય આવરણ આવ્યું છે એટલે તેને યથાર્થ વસ્તુદર્શન થતું નથી, પણ ઉક્ત પ્રકારે **સદ્ગુરુના સદ્બોધ થકી** જ્યારે તેનું મોહ-તમસ્ પટલ દૂર થાય છે, અજ્ઞાનમય મોહાંધકારનો પડદો ચીરાઈ જાય છે, ત્યારે તેની દૃષ્ટિ ખૂલે છે ને તેને યથાર્થ વસ્તુદર્શન થાય છે. આ મોહાંધકારમય અજ્ઞાન જ્ઞાનરૂપ પ્રકાશ થતાં શીઘ્ર નાસી જાય છે - એકદમ પલાયન કરી જાય છે. લાંબા વખતનું અંધારૂં પણ દીવો પેટાવતાં તરત જ દૂર થાય છે, તેમ અનાદિનો મોહાંધકાર પણ **જ્ઞાન-પ્રદીપ** પ્રગટતાં તત્ક્ષણ જ નાશ પામે છે, એટલે સમસ્ત વસ્તુસ્વરૂપ જેમ છે તેમ યથાસ્થિત સ્વરૂપે આ સમ્યગ્ દૃષ્ટિ યોગીને દેખાય છે.

''કર્મ ભાવ અજ્ઞાન છે, મોક્ષ ભાવ નિજ વાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાન પ્રકાશ.''

- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૯૮*

પણ આંખ ઉઘડી ન હોય ત્યાં સુધી જેમ અંધપણું જ છે, દેખવાપણું નથી, દર્શન નથી, તેમ **સદ્ગુરુબોધ થકી** જ્યાં સુધી આંતર દૃષ્ટિ ઉઘડી નથી, ઉન્મીલન પામી નથી, ત્યાં સુધી દૃષ્ટિ અંધપણું જ છે, દેખવાપણું નથી, દર્શન નથી અને

એટલે જ આ જીવને **નેત્રરોગીની ઉપમા** ઘટે છે. નેત્રરોગી એટલે કે જેને આંખનો રોગ છે એવો પુરુષ આંખ ઉઘાડી શકતો નથી, આંખ મીંચી જ રાખે છે, તેને ઉજાસ પણ ગમતો નથી. તેની જો કોઈ નિષ્ણાત નેત્રવૈદ્ય (Eye-specialist) બરાબર ચિકિત્સા કરી યથાયોગ્ય અંજન વગેરે આંજીને દવા (Treatment) કરે, તો ધીરે ધીરે તેનો રોગ મટવાનો સંભવ છે. તે સદ્વૈદ્યનો ને તેને આધીન ઔષધનો જોગ ન બને ત્યાં સુધી તેનો રોગ કેમે કરીને મટે નહિં. તેમ આ જીવને અનાદિનો દૃષ્ટિ અંધપણાનો - મિથ્યાદૃષ્ટિપણાનો ગાઢ રોગ લાગુ પડ્યો છે. તે આંખ મીંચીને જ પડ્યો છે. તેનાથી જ્ઞાન-પ્રકાશ પણ દેખી શકાતો નથી ! હવે તેને કોઈ મહાપુણ્યના જોગાનુજોગે કોઈ તેવા સદ્ગુરુ રૂપ નિષ્ણાત સદ્વૈદ્યનો જોગ મળે, ને તે તેના રોગનું બરાબર નિદાન કરી, યોગ્ય ચિકિત્સા કરે, જ્ઞાન રૂપ

* જુઓ : આત્મસિદ્ધિ શાસ્ત્ર ઉપર 'રાજ' જ્યોતિ મહાભાષ્ય (ડૉ. ભગવાનદાસ કૃત)

અંજન આજે, તો ધીરે ધીરે તે દૃષ્ટિ અંધની દૃષ્ટિ ખૂલતી જાય, ને છેવટે તે નેત્રરોગ સાવ મટી જાય. પણ આમાં માત્ર શરત એટલી જ છે કે - સદ્વૈદ્યરૂપ સદ્‌ગુરુને શોધી કાઢી, તેની દવા દૃઢ શ્રદ્ધાથી, યથાવિધિ આજ્ઞારૂપ પથ્ય અનુપાન સાથે કરવામાં આવે, તો જ તે આત્મભ્રાંતિ રૂપ મોટામાં મોટો રોગ જાય. આમ સદ્‌ગુરુની ઉપાસનાથી સહજાત્મસ્વરૂપી શુદ્ધ આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજાય છે, સ્વરૂપ દર્શન થાય છે; અને જે 'દર્શન' છે તે 'દૃષ્ટિ' વિના-નયન વિના થતું નથી, **'બિના નયન પાવે નહિં'**, વિના નયનની જે વાત છે, અર્થાત્ ચર્મચક્ષુને અગોચર એવી જે વાત છે, તે 'નયન' વિના અર્થાત્ સદ્‌ગુરુની દોરવણી વિના અથવા સદ્‌ગુરુએ અર્પેલા દિવ્ય આંતર ચક્ષુ વિના પ્રાપ્ત થતી નથી, પણ જે સદ્‌ગુરુના ચરણ સેવે છે, તે તો તે **'બિના નયન કી બાત'** સાક્ષાત્ પામે છે. વિનયવંત વિનેય-શિષ્ય સદ્‌ગુરુના નયનથી દિવ્ય નયન પામી નિજ સ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે, અતીંદ્રિય એવા આત્માના શુદ્ધ સહજાનંદ સ્વરૂપનું દર્શન **સદ્‌ગુરુએ** અર્પેલા **દિવ્ય નયન** દ્વારા થાય છે, એ **શ્રીમદ્ સદ્‌ગુરુ ભગવાનનો** અનન્ય પરમ ઉપકાર છે. જો તરસ છીપાવવાની ઈચ્છા હોય, તો તે છીપાવવાની રીત પણ છે અને તે પણ **ગુરુગમ** વિના કદી પ્રાપ્ત થાય નહિં, એમ અનાદિ સ્થિતિ છે અને તેવા પ્રકારે **શ્રીમદ્ રાજચંદ્રજી, શ્રી આનંદઘનજી** આદિ પરમ જ્ઞાની સત્પુરુષોએ ભાખ્યું છે -

''આત્મભ્રાંતિ સમ રોગ નહિં, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિં, ઔષધ વિચાર ધ્યાન.''

- (આત્મસિદ્ધિ, સૂત્ર-૧૨૯)

''મૂળ સ્થિતિ જો પૂછો મને, તો સોંપી દઉં યોગી કને.''
''બિના નયન પાવે નહિં, બિના નયન કી બાત,
સેવે સદ્‌ગુરુ કે ચરન, સો પાવે સાક્ષાત.
બુઝી ચહત જો પ્યાસકી, હૈ બુઝન કી રીત,
પાવે નહિં ગુરુગમ વિના, એહી અનાદિ સ્થિત.''

- શ્રીમદ્ રાજચંદ્રજી, અં. (૧૦૮), ૨૫૮

''પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, દેખે પરમ નિધાન;
હૃદય નયન નિહાળે જગ ધણી, મહિમા મેરુ સમાન...
ધરમ જિનેશ્વર ગાઉં રંગશું.'' - **શ્રી આનંદઘનજી**

''अज्ञानतिमिरान्धानां, ज्ञानांजनशलाकया ।
नेत्रमुन्मीलितं येन तस्मै सद्‌गुरवे नमः ॥''

આમ સદ્‌ગુરુના નયન થકી દિવ્ય નયન ઉન્મીલન પામે છે, સમ્યગ્ દૃષ્ટિ ખૂલે છે, ત્યારે આ દૃષ્ટિમાં થતું દર્શન, નેત્ર રોગ દૂર થતાં ઉપજતા દર્શન જેવું છે. જેમ આંખનો રોગ મટી જતાં- આંખનું પડળ ખસી જતાં, તત્કાળ પદાર્થનું યથાર્થ દર્શન થાય છે, તેમ અત્રે આ દૃષ્ટિમાં અનાદિ મોહ સંતાનથી ઉપજેલો દેહ-આત્માની ઐક્યબુદ્ધિરૂપ દૃષ્ટિરોગ દૂર થતાં ને દર્શનમોહનો પડદો હઠી જતાં, તત્ ક્ષણ જ પ્રતિબુદ્ધ થયેલા જીવને પદાર્થનું સમ્યગ્ દર્શન થાય છે. એટલે આ સાક્ષાત્ દૃષ્ટા એવા **સમ્યગ્‌દૃષ્ટિ પુરુષને** સ્વપર પદાર્થના વિવેકરૂપ **ભેદજ્ઞાન** પ્રગટે છે અને તે સમજે છે કે - 'હું એક શુદ્ધ દર્શન-જ્ઞાનમય અને સદા અરૂપી એવો આત્મા છું, અન્ય કંઈ પણ પરમાણુ માત્ર પણ મ્હારૂં નથી.' આવું **નિશ્ચય વેદ્યસંવેદ્યરૂપ નિશ્ચયસમ્યગ્** દર્શન પ્રગટતાં અપ્રતિપાતી **'સ્થિરા'** યોગદૃષ્ટિ પ્રાપ્ત થાય છે, - જેને **'યોગદૃષ્ટિસમુચ્ચય'કર્તા શ્રી હરિભદ્રાચાર્યજીએ** 'રત્ન દીપક' ની ઉપમાથી બિરદાવેલ છે. આ દર્શન-બોધને **રત્ન દીપકની ઉપમા** બરાબર બંધ બેસે છે. કારણકે (૧) રત્ન પ્રદીપથી જેમ શાંત પ્રકાશ

પથરાય છે ને અંધકાર વિખરાય છે, તેમ અત્રે **સમ્યગ્ દર્શન રૂપ** રત્ન પ્રદીપ મન મંદિરમાં પ્રગટતાં પરમ શાંતિમય અનુભવ પ્રકાશ પ્રકાશે છે, મોહ અંધકાર વિલય પામે છે, **'મિટે તો મોહ અંધાર.'** (૨) રત્ન પ્રદીપમાં જેમ ધૂમાડાની રેખા હોતી નથી ને ચિત્રામણ ચળતું નથી, તેમ સમ્યગ્ દર્શન રત્ન જ્યારે **'અનુભવ તેજે ઝળહળે'** છે, ત્યારે કષાય રૂપ ધૂમાડાની રેખા પણ દેખાતી નથી, **'ધૂમ કષાય ન રેખ'** અને ચરિત્ર રૂપ ચિત્રામણ ચળતું નથી, **'ચરણ ચિત્રામણ નવિ ચળે હો લાલ.'** (૩) રત્નદીપ બીજા દીવાની પેઠે પાત્ર નીચે કરતું નથી, **'પાત્ર કરે નહિં હેઠ'**, તેમ આ સમ્યગ્ દર્શન રત્ન તેના પાત્રને અધઃ નીચે કરતું નથી, અર્થાત્ તેનું પાત્ર અધોગતિને પામતું નથી. (૪) રત્નદીપ તો કદાચ સૂર્યના તેજમાં છૂપાઈ જાય, પણ સમ્યગ્ દર્શન રત્નનું તેજ તો સૂર્ય તેજથી છૂપાતું નથી. (૫) રત્નદીપનું તેજ તો સ્થિર-જેમ છે તેમ અવસ્થિત રહે છે, પણ **'સર્વ તેજનું તેજ'** એવું આ સમ્યગ્ દર્શનનું તેજ તો અનુભવ પ્રયોગની બળવત્તરતાથી પહેલાં કરતાં પાછળથી વધતું જાય છે. (૬) રત્નદીપક જેમ પવનથી ઓલવાતો નથી અને ચંચલતા-અસ્થિરતા પામતો નથી, તેમ આ સમ્યગ્ દર્શનરૂપ રત્નદીપ મોહરૂપ વાયુને ગમ્ય નથી કે તેથી ચંચલતા - અસ્થિરતા પામતો નથી. 'ઘોર પરીષહ કે ઉપસર્ગ ભયે કરી, આવી શકે નહિં તે સ્થિરતાનો અંત જો.' (૭) રત્નદીપક સદા રમ્ય-સુંદર દેખાય છે અને ક્ષીણ-કૃશ થતો નથી, તેમ આ સમ્યગ્ દર્શનરૂપ રત્નદીપક સદા રમણીય - સુંદર દેખાય છે, તથા **'પુષ્ટગુણે નવિ કૃશ રહે હો લાલ'**, પુષ્ટ ગુણે કરીને કદી પણ કૃશ-ક્ષીણ થતો નથી, દૂબળો પડતો નથી, પણ આત્મધર્મની ઉત્તરોત્તર પુષ્ટિથી નિરંતર પુષ્ટ જ થયા કરે છે. (૮) રત્નદીપકમાં જેમ તેલ નાંખવું પડતું નથી તથા 'દશા' અર્થાત્ વાટ બળતી નથી, તેમ આ સમ્યગ્ દર્શન રૂપ રત્નદીવામાં પુદ્ગલ રૂપ તેલ નાંખવું પડતું નથી અર્થાત્ પરભાવનું આલંબન હોતું નથી, તથા શુદ્ધ આત્મદશા બળતી નથી, **'જેહ ન શુદ્ધ દશા દહે હો લાલ.'** અર્થાત્ શુદ્ધ આત્મભાવમાં સ્થિતિ રહે છે. રત્નદીપકના રૂપક પદથી ફલિત થતો આ સર્વ ચમત્કારિક ભાવ **કવિવર યશોવિજયજી ઉપાધ્યાયજીએ** પોતાના આ અમર કાવ્યમાં અદ્ભુત રીતે સંગીત કર્યો છે -

''સાહેલાં હે કુંથુ જિનેશ્વર દેવ ! રત્નદીપક અતિ દીપતો હો લાલ.
સા. મુજ મન મંદિર માંહી, આવે જો અરિબલ ઝીપતો હો લાલ.
સા. મિટે તો મોહ અંધાર, અનુભવ તેજે ઝળહળે હો લાલ.
સા. ધૂમ કષાય ન રેખ, ચરણ ચિત્રામણ નવિ ચલે હો લાલ.
સા. પાત્ર કરે નહિં હેઠ, સૂરજ તેજે નવિ છિપે હો લાલ.
સા. સર્વ તેજનું તેજ, પહેલાંથી વાધે પછે હો લાલ.
સા. જેહ ન મરુતને ગમ્ય, ચંચલતા જે નવિ લહે હો લાલ.
સા. જેહ સદા છે રમ્ય, પુષ્ટ ગુણે નવિ કૃશ રહે હો લાલ.
સા. પુદ્ગલ તેલ ન ખેપ, જેહ ન શુદ્ધ દશા દેહે હો લાલ.
સા. શ્રી નયવિજય સુશિષ્ય, વાચક યશ ઈણિ પેરે કહે હો લાલ.''

- શ્રી યશોવિજયજી - (કુંથુનાથ જિન સ્તવન)

આવો આ રત્નદીપક સમો **સમ્યગ્દર્શન બોધિ દીપક સદ્ગુરુ બોધપ્રસાદથી** હૃદય મંદિરમાં પ્રગટે છે, એટલે એમ ઉપરમાં સ્પષ્ટ વિવરી દેખાડ્યું તેમ અનાદિ મોહસંતતિને લીધે આત્મા અને દેહના એકત્વના સંસ્કારપણાએ કરીને જે આ આત્મા અનાદિથી અત્યંત **'અપ્રતિબુદ્ધ'** - અબૂઝ - અજાગ્રત હતો अत्यंतमप्रतिबुद्धोपि - તે અપ્રતિબુદ્ધ પણ, तत्त्वज्ञानज्योति પ્રબલપણાએ કરી ઉલ્લાસિત થતાં, प्रसमोज्जृम्भिततत्त्वज्ञानज्योति, નેત્રવિકારીની જેમ જેના પટલ પ્રકટ ઉઘાડાઈ ગયા છે એવો ઝટ જ **પ્રતિબુદ્ધ** થયો, झटिति प्रतिबुद्धः - અર્થાત્ જેમ નેત્રના પડલ ખૂલી જતાં નેત્રરોગી પ્રતિબુદ્ધ થાય છે -

પ્રતિબોધ પામે છે - જાગૃત થાય છે, તેમ આ આત્મા મિથ્યાત્વ-પડલ ઉઘડી જતાં ઝટ પ્રતિબુદ્ધ થયો - પ્રતિબોધ પામ્યો - અનાદિ મોહનિદ્રામાંથી ઉઠીને જાગૃત થયો, અને આમ શીઘ્ર પ્રતિબુદ્ધ થયેલો તે साक्षात् दृष्टारं स्वं - સાક્ષાત્ દૃષ્ટા એવા **'સ્વને'** - પોતાને - **આત્માને** સ્વયમેવ-પોતાની મેળે જ જાણી અને શ્રદ્ધીને, તેને જ અનુચરવાનો કામી-અભિલાષી સતો - स्वयमेव हि विज्ञाय श्रद्धाय च तं चैवानुचरितुकामः - **સ્વ-આત્મારામ** એવા આને અન્ય દ્રવ્યોનું પ્રત્યાખ્યાન શું હોય ? એમ પૂછે, તેને **આ ગાથામા** કહ્યા પ્રમાણે જવાબ દેવા યોગ્ય છે કે - 'સર્વ ભાવોને પર (પારકા) એમ જાણીને પચ્ચખે - પરિત્યજે, તેથી પ્રત્યાખ્યાન તે જ જ્ઞાન નિયમથી - નિશ્ચયથી જાણવું.'

૨. ગાથાની વ્યાખ્યા : સર્વભાવ પર પ્રત્યાખ્યાન

અર્થાત્ આત્માથી અન્ય દ્રવ્યના સ્વભાવરૂપ જે બીજા સર્વેય ભાવો છે - 'द्रव्यांतरस्वभावभाविनोऽन्यानखिलानपि भावान्', તેને **'ભગવદ્'** - આત્મૈશ્વર્ય

સમસ્ત પરભાવ પ્રત્યાખ્યાન

સંપન્ન **જ્ઞાતૃદ્રવ્ય-આત્મા પરપણે જાણી પચ્ચખે છે, ત્યજી દે છે, કારણકે તે પ્રગટ જાણે છે કે આ પરભાવોમાં મ્હારા સ્વસ્વભાવનું વ્યાપ્યપણું નથી** - 'स्वस्वभावभावाव्याप्यतया', મ્હારો સ્વસ્વભાવ એમાં કંઈ પણ હોવાપણું નથી. એટલે આત્મા સિવાયના આ બીજા બધા ભાવો મ્હારા નથી, પર છે - પારકા છે. મ્હારે એની સાથે કંઈ પણ લેવાદેવા નથી. એ મ્હારા નથી ને હું એનો નથી. માટે હું એ સર્વ પરભાવોને પચ્ચખું છું, છોડી દઉં છું, ન ગ્રહવાની પ્રતિજ્ઞા કરું છું. પૂર્વે અજ્ઞાન દશામાં જ્યારે મ્હારા સ્વરૂપનું ભાન મન ન હોતું, ત્યારે મેં ભૂલથી ભ્રાંતિથી એને મ્હારા માની બેસી ગ્રહણ કર્યા હતા, પણ હવે **શ્રીમદ્ સદ્ગુરુ પ્રસાદથી** તે મ્હારી **આત્મભ્રાંતિ રૂપ ભૂલ ટળી છે**, એટલે હવે હું તેને છોડી દેવા જ ઈચ્છું છું. પૂર્વે આ પરભાવોને હું સામો જઈને ગ્રહવા - વળગવા ઈચ્છતો, પણ હવે તો આ પરભાવો પણ ઉલટા સામા વળગતા આવી મને કહે કે અમને ગ્રહણ કર, તો પણ તેમને હું ચોક્ખું પરખાવી દઉં કે મહાનુભાવો ! ના, ના, મ્હારે તમારું કાંઈ કામ નથી, એમ હું તેઓનું 'પ્રત્યાખ્યાન' કરું, સામી ના પાડું, ના ના, તમે મ્હારા નથી એમ ઘસીને સ્પષ્ટ નિષેધ - 'નનૈયો' સંભળાવી દઉં, તો પછી તેને ગ્રહણ તો શાનો જ કરું ? આમ **પ્રતિબુદ્ધ** - પ્રતિબોધ પામેલો - આત્મજાગૃતિ પામેલો જીવ સર્વ પરભાવોનું પ્રત્યાખ્યાન કરે છે, સમસ્ત પરભાવોને ન સ્પર્શવાની દૃઢ **આત્મપ્રતિજ્ઞા** કરે છે.

આમાં જે પૂર્વે જાણનારો જ્ઞાતા છે, તે જ પ્રત્યાખ્યાન કરનારો પ્રત્યાખ્યાતા છે, જે જાણે છે તે જ પચ્ચખે છે, બીજો કોઈ નહિં, એમ આત્મામાં નિશ્ચય કરી, પ્રત્યાખ્યાન તે

પ્રત્યાખ્યાન જ્ઞાન જ

જ્ઞાન જ છે - 'प्रत्याख्यानं ज्ञानमेव' - એમ અનુભવવું યોગ્ય છે. પ્રત્યાખ્યાન કરનારો જૂદો અને જાણનારો જૂદો એવું કાંઈ છે નહિં. જાણનારો આત્મા એ જ ત્યાગ પરિણામરૂપ પ્રત્યાખ્યાન ભાવે પરિણમે છે, પ્રત્યાખ્યાન દશાએ પરિણમે છે, અર્થાત્ **જ્ઞાન એ જ પ્રત્યાખ્યાન છે અને પ્રત્યાખ્યાન એ જ જ્ઞાન છે**, એમ બન્નેનો અભેદ છે.

''જ્ઞાન પ્રજ્ઞાએ સર્વ વસ્તુ જાણેલી પ્રત્યાખ્યાન પ્રજ્ઞાએ પચ્ચખે તે પંડિત કહ્યા છે તે યથાર્થ છે. જે જ્ઞાને કરીને પરભાવ પ્રત્યેનો મોહ ઉપશમ અથવા ક્ષય ન થયો તે જ્ઞાન અજ્ઞાન કહેવા યોગ્ય છે,'' અર્થાત્ જ્ઞાનનું લક્ષણ પરભાવ પ્રત્યે ઉદાસીન થવું તે છે.

''જે જ્ઞાનીને આકુળ વ્યાકુળતા મટી ગઈ છે, તેને અંતરંગ પચ્ચખાણ જ છે.''

''આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું, પરવસ્તુના ત્યાગી થવું.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૮૪૪, ૬૪૩, ૫૮), ૯૧૮, ૯૫૭, ૮૫

તાત્પર્ય કે - જ્ઞાન તેનું નામ છે કે જે પ્રત્યાખ્યાન ભાવે પરિણમે છે, અર્થાત્ સર્વ પરભાવનો પરિત્યાગ કરે છે, સર્વ પરભાવમાંથી જેણે આત્મભાવ છોડી દીધો છે, તે જ જ્ઞાન છે, પ્રત્યાખ્યાન ભાવે પરિણમતું નથી તે વાસ્તવિક જ્ઞાન જ નથી, સર્વ પરભાવનો જે પરિત્યાગ કરતું નથી, સર્વ

પરભાવમાંથી જેણે આત્મભાવ છોડ્યો નથી, તે જ્ઞાન જ કહેવા યોગ્ય નથી અને પરભાવનું પ્રત્યાખ્યાન એ જ્ઞાન જ છે, સર્વ પરભાવમાંથી આત્મભાવ છોડી દેવો એ જ જ્ઞાન છે. પરભાવનું જો પ્રત્યાખ્યાન નથી, તો જ્ઞાન જ નથી, આમ નિશ્ચયરૂપ નિયમ છે.

જો કે પ્રત્યાખ્યાન સમયે - પચ્ચખાણ કરતી વેળાએ જેનું પચ્ચખાણ કરાય છે તે પ્રત્યાખ્યેય બાહ્ય ઉપાધિ માત્રને લીધે, આવ્યે આ અમુક વસ્તુનું પ્રત્યાખ્યાન કર્યું એમ કર્ત્તાપણે વ્યવહારથી વચનવિકલ્પ રૂપ વ્યપદેશ-નિર્દેશ કરવામાં આવે છે - प्रत्याख्येयोपाधिमात्रप्रवर्त्तितकर्तृत्वव्यपदेशत्वेपि, છતાં પરમાર્થથી જ્ઞાન સ્વભાવ અવ્યપદેશ્ય - અનિર્દેશ્ય છે, વાણીથી અવાચ્ય કહ્યો જાય એવો નથી, એટલે 'परमार्थेनाव्यपदेश्यज्ञानस्वभावाप्रच्यवनाद्' પરમાર્થથી એવા અવ્યપદેશ્ય - અનિર્દેશ્ય - વચન વિકલ્પથી અવાચ્ય જ્ઞાન સ્વભાવથી અપ્રચ્યવનને લીધે - અભ્રષ્ટપણાને લીધે - અપ્રમત્તપણાને લીધે પ્રત્યાખ્યાન જ્ઞાન જ એમ અનુભવવા યોગ્ય છે. તથારૂપ યથાર્થ સાક્ષાત્ પરમ આત્માનુભવ કરનારા **શ્રીમદ્ રાજચંદ્રજી**ના સહજ સ્વયંભૂ ઉદ્ગારરૂપ અનુભવ વચન છે કે -

''એક આત્મપરિણતિ સિવાયના બીજા જે વિષયો તેને વિષે ચિત્ત અવ્યવસ્થિતપણે વર્ત્તે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૯૨**

પરમાર્થથી જોઈએ તો અવાચ્ય એવા જ્ઞાન સ્વભાવમાંથી પ્રચ્યવન ન થવું, ભ્રષ્ટપણું - પ્રમત્તપણું ન થવું, પડવું નહિં, અર્થાત્ જ્ઞાનસ્વભાવમાં જ અપ્રચ્યુત-અભ્રષ્ટ-અપ્રમત્ત અખંડ સ્થિતિ કરવી એ જ પ્રત્યાખ્યાન છે. **જ્ઞાની છે તે પ્રત્યાખ્યાની છે, પ્રત્યાખ્યાની છે તે જ્ઞાની છે.** સર્વ પરભાવનું પચ્ચખાણ જેણે કર્યું હોય, તે જ વાસ્તવિક જ્ઞાની છે, વાસ્તવિક જ્ઞાની હોય તેણે સર્વ પરભાવનું પચ્ચખાણ કર્યું જ હોય. 'જ્ઞ' પરિજ્ઞાએ જાણી પ્રત્યાખ્યાન પરિજ્ઞાએ પચ્ચખે - એ **આચારાંગાદિ સૂત્રગત** વસ્તુનો આ જ પરમાર્થ છે અને તે ઉક્ત સર્વને પુષ્ટ કરે છે. આમ જ્ઞાન ને પ્રત્યાખ્યાનનો એકબીજા વિના ન ચાલે એવો આવિનાભાવી સંબંધ છે, એમ આ ઉપરથી સારબોધ રૂપ ફલિતાર્થ-તાત્પર્ય નીકળે છે. આ અંગે સુપ્રસિદ્ધ **'આત્મસિદ્ધિ' પરમ અમૃતશાસ્ત્રમાં સાક્ષાત્ આત્મસિદ્ધિસંપન્ન શ્રીમદ્ રાજચંદ્રજી**ના ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

''વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમ જ્ઞાન;
તેમજ આત્મજ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન,
ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજભાન.'' - **શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૬-૭**

અર્થાત્ વૈરાગ્ય ત્યાગાદિ જો સાથે આત્મજ્ઞાન હોય તો સફળ છે, અર્થાત્ મોક્ષની પ્રાપ્તિના હેતુ છે અને જ્યાં આત્મજ્ઞાન ન હોય ત્યાં પણ જો તે આત્મજ્ઞાનને અર્થે કરવામાં આવતાં હોય, તો તે આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે. જેના ચિત્તમાં ત્યાગ અને વૈરાગ્યાદિ સાધનો ઉત્પન્ન થયાં ન હોય તેને જ્ઞાન ન થાય અને જે ત્યાગ વિરાગમાં જ અટકી રહી, આત્મજ્ઞાનની આકાંક્ષા ન રાખે, તે પોતાનું ભાન ભૂલે; અર્થાત્ અજ્ઞાનપૂર્વક ત્યાગ વૈરાગ્યાદિ હોવાથી તે પૂજા સત્કારાદિથી પરાભવ પામે અને આત્માર્થ ચૂકી જાય, આ તત્ત્વ સર્વસ્વ સમર્પક સમ્યક્ માર્ગ પ્રદર્શક સુપ્રસિદ્ધ મહાન્ ગાથાઓની ઓર વિશેષપણે **સ્વપોજ્ઞ મીમાંસા** કરતાં **શ્રીમદ્ રાજચંદ્રજી** સ્વયં આત્માર્થી મુમુક્ષુઓને મનનીય પરમ અમૃત વચનો પ્રકાશે છે -

''વૈરાગ્ય, ત્યાગ, દયાદિ **અંતરંગવાળી ક્રિયા** છે તે જો સાથે આત્મજ્ઞાન હોય તો સફળ છે અર્થાત્ ભવનું મૂળ છેદે છે. અથવા વૈરાગ્ય, ત્યાગ, દયાદિ આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં કારણો છે. એટલે જીવમાં પ્રથમ એ ગુણો આવ્યેથી સદ્ગુરુનો ઉપદેશ તેમાં પરિણામ પામે છે. **ઉજ્જ્વળ અંતઃકરણ વિના સદ્ગુરુનો ઉપદેશ પરિણમતો નથી,** તેથી વૈરાગ્યાદિ આત્મજ્ઞાનની પ્રાપ્તિના સાધનો છે એમ કહ્યું. અત્રે જે જીવો ક્રિયાજડ છે તેને એવો ઉપદેશ કર્યો કે કાયા જ માત્ર રોકવી તે કાંઈ આત્મજ્ઞાનની પ્રાપ્તિના

હેતુ નથી. વૈરાગ્યાદિ ગુણો આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે. માટે તમે તે ક્રિયાને અવગાહો અને તે ક્રિયામાં પણ અટકીને રહેવું ઘટતું નથી, કેમકે આત્મજ્ઞાન વિના તે પણ ભવનું મૂળ છેદી શકતાં નથી. માટે આત્મજ્ઞાનની પ્રાપ્તિને અર્થે તે વૈરાગ્યાદિ ગુણોમાં વર્ત્તો અને કાય ક્લેશરૂપ પણ કષાયાદિનું જેમાં તથારૂપ કંઈ ક્ષીણપણું નથી તેમાં તમે મોક્ષમાર્ગનો દુરાગ્રહ રાખો નહીં, એમ ક્રિયાજડને કહ્યું અને જે શુષ્ક જ્ઞાનીઓ ત્યાગ વૈરાગ્યાદિ રહિત છે, માત્ર વાચા જ્ઞાની છે તેને એમ કહ્યું કે વૈરાગ્યાદિ સાધન છે તે આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં કારણો છે, કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી, તમે વૈરાગ્યાદિ પણ પામ્યા નથી, તો આત્મજ્ઞાન ક્યાંથી પામ્યા હો તે કંઈક આત્મામાં વિચારો. સંસાર પ્રત્યે બહુ ઉદાસીનતા, દેહની મૂર્ચ્છાનું અલ્પત્વ, ભોગમાં અનાસક્તિ તથા માનાદિનું પાતળાપણું એ આદિ ગુણો વિના તો આત્મજ્ઞાન પરિણામ પામતું નથી અને આત્મજ્ઞાન પામ્યે તો તે ગુણો અત્યંત દૃઢ થાય છે, કેમકે આત્મજ્ઞાન રૂપ મૂળ તેને પ્રાપ્ત થયું. તેને બદલે તમે આત્મજ્ઞાન અમને છે એમ માનો છો અને આત્મામાં તો ભોગાદિ કામનાની અગ્નિ બળ્યાં કરે છે, પૂજા સત્કારાદિની કામના વારંવાર સ્ફુરાયમાન થાય છે, સહજ અશાતાએ બહુ આકુળ-વ્યાકુળતા થઈ જાય છે, તે કેમ લક્ષમાં આવતાં નથી કે આ આત્મજ્ઞાનનાં લક્ષણો નહીં ? 'માત્ર માનાદિ કામનાએ આત્મજ્ઞાની કહેવરાવું છઉં' એમ જે સમજવામાં આવતું નથી તે સમજો અને વૈરાગ્યાદિ સાધનો પ્રથમ તો આત્મામાં ઉત્પન્ન કરો કે જેથી આત્મજ્ઞાનની સન્મુખતા થાય.

''જેના અંતઃકરણમાં ત્યાગ વૈરાગ્યાદિ ગુણો ઉત્પન્ન થયા નથી એવા જીવને આત્મજ્ઞાન ન થાય. કેમકે મલિન અંતઃકરણરૂપ દર્પણમાં આત્મોપદેશનું પ્રતિબિંબ પડવું ઘટતું નથી. તેમજ માત્ર ત્યાગ વિરાગમાં રાચીને કૃતાર્થતા માને તે પણ પોતાના આત્માનું ભાન ભૂલે. અર્થાત્ આત્મજ્ઞાન નહીં હોવાથી અજ્ઞાનનું સહચારીપણું છે, જેથી તે ત્યાગ વૈરાગ્યાદિનું માન ઉત્પન્ન કરવા અર્થે અને માનાર્થે સર્વ સંયમાદિ પ્રવૃત્તિ થઈ જાય, જેથી સંસારનો ઉચ્છેદ ન થાય, માત્ર ત્યાં જ અટકવું થાય. અર્થાત્ એ આત્મજ્ઞાનને પામે નહીં. એમ ક્રિયાજડને સાધન-ક્રિયા અને તે સાધનનું જેથી સફળપણું થાય એવા આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો અને શુષ્ક જ્ઞાનીને ત્યાગ વિરાગાદિ સાધનનો ઉપદેશ કરી વાચા જ્ઞાનમાં કલ્યાણ નથી એમ પ્રેર્યું.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૬૦ (આત્મસિદ્ધિ વિવરણ) સૂત્ર-૬-૭ (પૃ. ૫૨૭, ૫૨૮)



हवे ज्ञाताना प्रत्याख्यानमां कयुं दृष्टांत छे ? ते माटे हवे कहे छे -

जह णाम कोवि पुरिसो परदव्वमिणंति जाणिदुं चयदि ।
तह सव्वे परभावे णाऊण विमुंचदे णाणी ॥३५॥

કોઈ પુરુષ પરદ્રવ્ય આ રે, એમ જાણી ત્યજે જેમ;
સર્વ પરભાવો જાણીને રે, જ્ઞાની મૂકી દે તેમ... રે આત્મન્ ! વંદો સમયસાર. ૩૫

ગાથાર્થ : જેમ ખરેખર ! સ્ફુટપણે કોઈ પણ પુરુષ 'આ પરદ્રવ્ય છે' એમ જાણી ત્યજી દે છે, તેમ સર્વ પરભાવોને જાણીને જ્ઞાની મૂકી દે છે.

आत्मख्याति टीका

अथ ज्ञातुः प्रत्याख्याने को दृष्टांत इत्यत आह -

यथा नाम कोपि पुरुषः परद्रव्यमिदमिति ज्ञात्वा त्यजति ।
तथा सर्वान् परभावान् ज्ञात्वा विमुंचति ज्ञानी ॥३५॥

आत्मभावना -

अथ ज्ञातुः प्रत्याख्याने को दृष्टांत इत्यत आह - हवे ज्ञाताना - ज्ञायकना प्रत्याख्यान बा.मां कयुं दृष्टांत छे ते माटे हवे कहे छे -

यथा नाम कोपि पुरुषः परद्रव्यमिदमिति ज्ञात्वा त्यजति - जेम खरेखर ! कोई पण पुरुष परद्रव्य आ एम जाणी त्यजे छे, तथा ज्ञानी सर्वान् परभावान् ज्ञात्वा विमुंचति - तेम ज्ञानी सर्व परभावोने जाणीने विमुंचे छे - विशेषे करीने सर्वथा मूकी दे छे. ॥ इति **गाथा** आत्मभावना ॥३५॥

यथा हि - कश्चित् पुरुषः जेम खरेखर ! स्फुटपणे कोई पुरुष, संभ्रांत्या रजकात्परकीयं चीवरमादाय - संभ्रांतिथी - भ्रमणाथी रजक-धोबी पासेथी परकीय-पारकुं चीवर-चीर-वस्त्र लईने, आत्मीयप्रतिपत्त्या परिधाय शयानः - आत्मीय पोतानी प्रतिपत्तिथी - मान्यताथी परिधान करी - पहेरी शयन करी गयेलो - सूई गयेलो छे. ते स्वयमज्ञानी सन् स्वयं-पोते अज्ञानी सतो - अज्ञानी होई अन्येन तदंचलमालम्ब्य बलान्नग्नीक्रियमाणो - अन्यथी तेनो अंचल-छेडो आलंबीने - पकडीने बळथी नग्न करातो, मंक्षु प्रतिबुध्यस्वार्पय परिवर्त्तितमेतद्वस्त्रं मामकं - शीघ्र प्रतिबूझ जाग ! परिवर्त्तित थयेलुं - बदलाई गयेलुं आ म्हारुं वस्त्र आपी दे. इत्यसकृद् वाक्यं शृण्वन् - एम असकृद् - अनेकवार वाक्य श्रवण करतां, अखिलैः चिह्नैः सुष्ठु परीक्ष्य - अखिल - बधा चिह्नोथी सारी पेठे परीक्षीने, निश्चितमेतत्परकीयमिति ज्ञात्वा - निश्चितपणे चोक्कस - आ परकीय - पारकुं छे एम जाणी, ज्ञानी सन् - ज्ञानी सतो - ज्ञानी सतो होतां, मुंचति तच्चीवरमचिरात् - ते चीवरने-चीरने - वस्त्रने अचिरथी - चिरकाळ लांबो वखत लगाड्या विना एटले के तरत ज मूकी दे छे. आ जेम दृष्टांत तेम दार्ष्टांतिक -

तथा ज्ञातापि - तेम ज्ञाता पण, संभ्रांत्या परकीयान्भावानादाय - संभ्रांतिथी - भ्रमणाथी परकीय - पारका भावोने लईने - ग्रहण करीने, आत्मीयप्रतिपत्त्यात्मन्यध्यास्य शयानः - आत्मीय प्रतिपत्तिथी - पोतानी मान्यताथी आत्मामां अध्यासी - मानी बेसी शयन करी गयेलो - ऊंधी गयेलो छे. ते स्वयमज्ञानी सन् - स्वयं-पोते अज्ञानी सतो - अज्ञानी होता, गुरुणा 'परभावविवेकं कृत्वैकीक्रियमाणो - गुरुथी परभाव विवेक करी - परभावनो विवेक - पृथग् भाव-भिन्नपणुं करी एक कराता, मंक्षु प्रतिबुध्यस्वैकः खल्वयमात्मा - शीघ्र प्रतिबूझ - प्रतिबोध पाम ! 'आ' - प्रत्यक्ष अनुभवाई रहेलो आत्मा निश्चये करीने एक छे, इत्यसकृच्छ्रौतं वाक्यं शृण्वन् - एम असकृद् - अनेकवार श्रौत - श्रुति संबंधी वाक्य श्रवण करतां, अखिलैश्चिह्नैः सुष्ठु परीक्ष्य - अखिल - बधा चिह्नोथी सारी पेठे परीक्षीने, निश्चितमेते परभावा इति ज्ञात्वा - निश्चितपणे - चोक्कस आ परभावो छे एम जाणी, ज्ञानी सन् - ज्ञानी सतो - ज्ञानी होतो, मुंचति सर्वान् भावानचिरात् - सर्व भावोने अचिरथी - चिरकाळ - लांबो वखत लगाड्या विना एटले के तरत ज मूकी दे छे. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३५॥

यथा हि

कश्चित् पुरुषः

संभ्रांत्या रजकात्परकीयं चीवरमादाया-
त्मीयप्रतिपत्त्या परिधाय शयानः
स्वयमज्ञानी सन्-
न्येन तदंचलमालंब्य बलान्नग्नीक्रियमाणो
मंक्षु प्रतिबुध्यस्वार्पय परिवर्त्तितमेतद् वस्त्रं मामक-
मित्यसकृद्वाक्यं श्रृण्वत्
न्नखिलैश्चिह्नैः सुष्ठु परीक्ष्य
निश्चितमेतत्पर**कीयमिति ज्ञात्वा**
ज्ञानी सन्
मुंचति तच्चीवरमचिरात्,

तथा

ज्ञातापि

संभ्रांत्या परकीयान्भावानादाया
त्मीयप्रतिपत्त्यात्मन्यध्यास्य शयानः
स्वयमज्ञानी सन्
गुरुणा परभावविवेकं कृत्वैकीक्रियमाणो
मंक्षु प्रतिबुध्यस्वैकः खल्वयमात्मे
त्यसकृच्छ्रौतं वाक्यं श्रृण्व-
न्नखिलैश्चिह्नैः सुष्ठु परीक्ष्य
निश्चितमेते **परभावा इति ज्ञात्वा**
ज्ञानी सन्
मुंचति सर्वान् भावानचिरात् ॥३५॥

આત્મખ્યાતિ ટીકાર્થ

જેમ ખરેખર !
કોઈ પુરુષ
સંભ્રાંતિથી ધોબી પાસેથી પારકું વસ્ત્ર લઈ
આત્મીય પ્રતિપત્તિથી (પોતાનું માની)
પરિધાન કરી શયન કરી રહ્યો છે,
તે સ્વયં (પોતે) અજ્ઞાની હોઈ
અન્યથી તેનો અંચલ (છેડો) પકડીને
બલથી નગ્ન કરવામાં આવતો સતો,
'ઝટ પ્રતિબુદ્ધ (જાગૃત) થા !
પરિવર્ત્તિત થયેલું આ મ્હારૂં વસ્ત્ર આપી દે !'
એમ અનેકવાર વાક્ય શ્રવણ કરતાં,
અખિલ ચિહ્નોથી સારી પેઠે પરીક્ષા કરીને,
નિશ્ચિતપણે આ **પારકું છે એમ જાણી**
જ્ઞાની સતો
તે વસ્ત્ર અચિરથી (વાર લગાડ્યા વિના)
છોડી દે છે :

તેમ
જ્ઞાતા પણ
સંભ્રાંતિથી પરકીય ભાવોને લઈ
આત્મીય પ્રતિપત્તિથી (પોતાના માની)
આત્મામાં અધ્યાસી શયન કરી રહ્યો છે,
તે સ્વયં (પોતે) અજ્ઞાની હોઈ
ગુરુથી પરભાવ વિવેક કરી
એક કરાતો સતો,
'ઝટ પ્રતિબુદ્ધ થા ! (પ્રતિબોધ પામ્ !)
નિશ્ચયથી આ આત્મા એક જ છે,'
એમ અનેકવાર શ્રૌતવાક્ય શ્રવણ કરતાં,
અખિલ ચિહ્નોથી સારી પેઠે પરીક્ષા કરીને
નિશ્ચિત પણે આ **પરભાવો છે એમ જાણી**
જ્ઞાની સતો
સર્વ ભાવોને અચિરથી વાર લગાડ્યા વિના
છોડી દે છે. ૩૫.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો,
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો ?... અપૂર્વ.
સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો,
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિં, દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો... અપૂર્વ.''

- શ્રીમદ્ રાજચંદ્રજી

''અહો સત્પુરુષના વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ ! સુષુત ચેતનને જાગૃત કરનાર, પડતી વૃત્તિને સ્થિર રાખનાર, દર્શન માત્રથી પણ નિર્દોષ, અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપ પ્રતીતિ, અપ્રમત્ત સંયમ અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવના કારણભૂત, છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર ! ત્રિકાળ જયવંત વર્તો ! ૐ શાંતિ શાંતિ શાંતિઃ'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૭૫**

''શુદ્ધ દેવ અવલંબન ભજતાં, પર હરિયે પરભાવ;
આતમ ધર્મ રમણ અનુભવતાં, પ્રગટે આતમ ભાવ રે... સ્વામી'' - **શ્રી દેવચંદ્રજી**

ધોબીનું દૃષ્ટાંત

જ્ઞાતાના - જાણનારના પ્રત્યાખ્યાન ગા.માં કયું દૃષ્ટાંત ઉદાહરણ છે તે આ ગાથામાં કહ્યું છે - જેમ ખરેખર ! સ્ફુટપણે કોઈ પણ પુરુષ આ પરદ્રવ્ય છે એમ જાણીને ત્યજે છે, છોડી દે છે, તેમ સર્વ પરભાવોને જાણીને જ્ઞાની વિમુંચે છે - વિશેષે કરીને સર્વથા મૂકી દે છે - છોડી દે છે. આ દૃષ્ટાંતને બહલાવી પરમાર્થ - મહાકવીશ્વર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પોતાની અનન્ય લાક્ષણિક શૈલીમાં તાદૃશ્ય શબ્દચિત્ર આલેખતી **સ્વભાવોક્તિથી સાંગોપાંગ સંપૂર્ણ અપૂર્વ બિંબ - પ્રતિબિંબ ભાવે** વિવરી દેખાડ્યું છે. તે આ પ્રકારે - જેમ સ્ફુટપણે પ્રગટ દૃષ્ટાંત છે કે કોઈ પુરુષ સંભ્રાંતિથી - ભ્રમણાથી રજક-ધોબી પાસેથી પરકીય-પારકું ચીવર-વસ્ત્ર લઈને આત્મીય-પોતાની પ્રતિપત્તિથી - માન્યતાથી પોતાનું છે એમ માનીને, પરિધાન કરી - પ્હેરીને, શયન કરી ગયો છે - સૂઈ ગયો છે, તે સ્વયં-પોતે અજ્ઞાની હોઈ, અન્યથી તેનો અંચલ-છેડો પકડીને બલથી-બલાત્કારે નગ્ન કરવામાં આવતો, 'જલ્દી પ્રતિબૂઝ ! જાગ ! પરિવર્ત્તિત થયેલું - બદલાઈ ગયેલું આ મ્હારું વસ્ત્ર આપી દે !' એમ અનેકવાર વાક્ય શ્રવણ - અખિલ - સમસ્ત ચિહ્નોથી-નિશાનીઓથી - એંધાણોથી સારી પેઠે પરીક્ષા કરીને, નિશ્ચિતપણે આ પરકીય-પારકું છે એમ જાણી, જ્ઞાની સતો તે વસ્ત્રને 'અચિરથી' - લાંબો વખત લગાડ્યા વિના-વિના વિલંબે જ - તરત જ મૂકે છે - છોડી દે છે. તેમ જ્ઞાતા જાણનાર પણ સંભ્રાંતિથી - અત્યંત ભ્રાંતિથી - ભ્રમણાથી 'પરકીય' - પારકા - પરસંબંધી ભાવોને લઈને આત્મીય - પોતાની પ્રતિપત્તિથી - માન્યતાથી આત્મામાં અધ્યાસી - માની બેસીને શયન કરી ગયો છે, સૂઈ ગયો છે, તે સ્વયં - પોતે અજ્ઞાની હોઈ, ગુરુથી પરભાવ વિવેક કરીને - પરભાવનો વિવેક - પૃથક્પણું - ભિન્નપણું કરીને એકી કરાતો - એકરૂપ કરાતો, જલ્દી પ્રતિબૂઝ ! પ્રતિબોધ પામ ! એક છે ખરેખર ! નિશ્ચયે કરીને આ 'આત્મા' એમ અનેકવાર 'શ્રૌત' - શ્રુતિ સંબંધી વાક્ય - વચન શ્રવણ કરતાં, અખિલ - સર્વ ચિહ્નોની - લક્ષણોથી - નીશાનીઓથી સારી પેઠે પરીક્ષા કરીને નિશ્ચિત પણે આ પરભાવો છે એમ જાણી જ્ઞાની સતો, સર્વ ભાવોને 'અચિરથી' - લાંબો વખત લગાડ્યા વિના - શીઘ્ર જ મૂકી દે છે. **અમૃતચંદ્રજીએ** તાદૃશ્ય વિવરી દેખાડેલા આ દૃષ્ટાંત - દાર્ષ્ટાંતિકની હવે વિશેષ વિચારણા કરીએ.

ધોબીના ઘરથી ભૂલથી આણેલું પારકું વસ્ત્ર

જેમ કોઈ પુરુષ 'સંભ્રાંતિથી' - ભ્રમણાથી - ભૂલથી ધોબીને ઘેરથી પારકું વસ્ત્ર લઈ આવી પોતાનું માની, પ્હેરીને સૂઈ ગયો છે. તેને પોતાની ભ્રાંતિનું - ભૂલનું ભાન ન હોઈ તે તો અજ્ઞાની છે. એટલે બીજો પુરુષ તેનો છેડો પકડી બળાત્કારે તેને નગ્ન કરવા માંડે છે, તેનું વસ્ત્ર ઉતારવા માંડે છે અને કહે છે કે - અલ્યા એ ! ઝટ જાગ ! બદલાઈ ગયેલું - પરિવર્ત્તિત થયેલું આ મ્હારું વસ્ત્ર મને આપી દે ! એમ વારંવાર ઢંઢોળી ઢંઢોળીને પોકારવામાં આવતું આ વચન સાંભળી, તે જાગીને બધા ચિહ્નોથી સારી પેઠે પરીક્ષા કરી જુએ છે, તપાસી ચકાસી જુએ છે, એટલે એને નિશ્ચિતપણે - ચોક્કસપણે ખાત્રી થાય છે કે આ જરૂર પારકું છે - 'निश्चितमेतत्परकीयं' - એમ જાણી તે જ્ઞાની - જાણકાર હોતાં તે વસ્ત્ર તરત જ વિના વિલંબે જ છોડી દે છે. આમ પારકો માલ ન રાખવો એવી પ્રમાણિક સદ્ગૃહસ્થની (gentleman) નીતિ રીતિને અનુસરી તે તે વસ્ત્ર તેના મૂળ માલિકને સ્વાધીન કરે છે કે - લ્યો ! ભાઈ ! આ તમારૂં વસ્ત્ર. મ્હારાથી ભૂલથી લેવાઈ ગયું હતું. તમે મ્હારી

ભૂલ ભાંગી, તે માટે તમારો ઉપકાર માનું છું. મને પણ ખાત્રી થઈ છે કે આ વસ્ત્ર મ્હારૂં નથી જ, તમારૂં છે, તો તમે આ તમારૂં વસ્ત્ર સંભાળી લ્યો ! કૃપા કરી મ્હારી બેઅદબી ભરી ભૂલ માટે માફ કરજો !

ભ્રાંતિથી પરભાવ ગ્રહણ : જ્ઞાન થતાં ત્યાગ

તેમ જ્ઞાતા - જ્ઞાયક એવો આત્મા પણ 'સંભ્રાંતિથી' - અનાદિની મિથ્યાત્વ રૂપ ભ્રાંતિથી - ભૂલથી પારકા ભાવો - પરભાવો ગ્રહણ કરી, 'परकीयान् भावानादाय', આત્મીય - પોતાના માની બેઠો છે, 'आत्मीय प्रतिपत्त्या,' અને તેનો આત્મામાં અધ્યાસ કરી અજ્ઞાન નિદ્રામાં પોઢી ગયો છે - સુષુપ્ત - સૂઈ રહ્યો છે, आत्मन्यध्यास्य शयानः, અર્થાત્ આ પરભાવો તે હું છું અને તે મ્હારા છે, એમ અહંકાર-મમકાર જાગતા રાખી, આત્મામાં પરભાવોનું આરોપણ કરી અજ્ઞાનતમસ્માં સુષુપ્ત છે.

"चिरं सुषुप्तास्तमसि मूढात्मानः कुयोनिषु ।
अनात्मीयात्मभूतेषु ममाहमिति जाग्रति ॥" - શ્રી પૂજ્યપાદ સ્વામીજી કૃત 'સમાધિ શતક'

આમ તેને પોતાની **આત્મભ્રાંતિનું** - પોતાની ભ્રમણારૂપ ભૂલનું ભાન નહિં હોવાથી, તે પોતે તો અજ્ઞાની છે, 'स्वयमज्ञानी सन्' એટલે **નિષ્કારણ કરુણાસિંધુ પરમ કૃપાળુ ભગવાન્ જ્ઞાની સદ્ગુરુ** તેની પાસે પરભાવનો પ્રગટ વિવેક કરી બતાવે છે - 'गुरुणा परभावविवेकं कृत्वैकीक्रियमाणो', અને બોધે છે કે આ સર્વ પરભાવથી તું તો સાવ જૂદો, એક શુદ્ધ એવો જ્ઞાયક સ્વભાવી આત્મા છે. માટે શીઘ્ર પ્રતિબૂઝ ! પ્રતિબૂઝ ! 'मंक्षु प्रतिबुध्यस्व' જાગ જાગ ! ઊઠ ઊઠ ! उत्तिष्ठोत्तिष्ठ जाग्रत ! ખરેખર ! નિશ્ચયે કરીને આ આત્મા એક જ છે, 'एकः खल्वयमात्मा' એમ 'इत्यसकृत् श्रौतं वाक्यं शृण्वन्' વારંવાર **શ્રીમદ્ સદ્ગુરુનું** પરમામૃતમય શ્રુતિ વાક્ય શ્રવણ કરતાં તે જાગે છે, પ્રતિબૂઝે છે અને 'अखिलै चिह्नैः सुम्ह परीक्ष्य' - સર્વ ચિહ્નોથી સારી પેઠે પરીક્ષા કરી જૂએ છે, તપાસી ચકાસીને ચોક્સી કરે છે, તો તેને સ્પષ્ટ જણાય છે કે આ સર્વ પરભાવો પ્રગટ જડ છે અને હું તો સ્પષ્ટ ચેતન છું, આ પરભાવોરૂપી - મૂર્ત્ત છે અને હું તો અરૂપી અમૂર્ત છું, આ પરભાવો દૃશ્ય છે અને હું તો દૃષ્ટા છું. મ્યાનથી તલવાર જૂદી છે, શરીરથી વસ્ત્ર જૂદું છે, ક્ષીરથી નીર જૂદું છે, મૉટરથી ડ્રાઈવર જૂદો છે, રથથી રથી જૂદો છે, ગૃહથી ગૃહી (ગૃહસ્થ) જૂદો છે, તેમ દેહથી દેહી (આત્મા) જૂદો છે, એમ દેહાદિ આ સમસ્ત પરભાવોથી હું જૂદો છું. આમ પરીક્ષા કરતાં તેને સુપ્રતીત થાય છે કે ચોક્કસ નિશ્ચિતપણે આ સર્વ પરભાવો પર છે, પારકા છે, 'निश्चितमेते परभावाः' - એમ જાણી 'ज्ञानी सन्' - જ્ઞાની સતો તે 'अचिरथी' - લાંબો વખત લગાડ્યા વિના શીઘ્ર જ તે સર્વ ભાવોને મૂકી દે છે - 'मुंचति सर्वान् भावानचिरात्' ।

એક સામાન્ય સદ્ગૃહસ્થ પણ પ્રારકી વસ્તુ પોતાનાથી કદાચ ભૂલથી લેવાઈ ગઈ હોય ને પોતાની ભૂલની ખબર પડે કે તરત જ તે પ્રમાણિકપણે તેના માલિકને પાછી સોંપી દે છે - સુપ્રત કરે છે, તો પછી આ તો **અસાધારણ જ્ઞાનવંત - સાચા સંત** એવા જ્ઞાની સાધુ પુરુષ - સત્ પુરુષ તે પરવસ્તુ તરત જ - જ્ઞાન થતાં ભેગું જ તત્ક્ષણ જ પાછી સોંપી દે એમાં પૂછવું જ શું ?

પરભાવ પરિત્યાગ

જ્ઞાની પુરુષ તો પોતાની **આત્મભ્રાંતિ** દૂર થતાં, જેવા પરભાવને પર જાણ્યા તેવા જ તત્ક્ષણ જ તેને છોડી દે છે, ઉચ્છિષ્ટ ભોજનની જેમ તરત જ 'છાંડે' છે અને અંતરાત્માથી બોલી ઊઠે છે કે - અરે ! અત્યાર સુધી મ્હારી ભારી ભૂલ થઈ ! મેં આ પરભાવ મ્હારા છે એમ જાણ્યું હતું, તે મ્હારી આત્મભ્રાંતિ આ **પરમ કૃપાળુ શ્રીમદ્ સદ્ગુરુદેવે** આજે ભાંગી નાંખી છે. તે પરમ ઉપકારી સત્પુરુષ પ્રભુના સદુપદેશથી મને મ્હારી ભૂલનું ભાન થયું છે. માટે હે પરભાવો ! તમે તમારા છો, મ્હારા નથી, તે હું આત્મામાંથી વિસર્જન કરી - વોસરાવી દઈ તમને પાછા સુપ્રત કરી દઉં છું, તે સંભાળી લેશો ! અત્યાર સુધી મેં તમને મ્હારા માની પચાવી પાડ્યા, તે અપરાધની કૃપા કરી ક્ષમા કરશો ! વારુ, હવે આપણો ચિરકાળનો સંબંધ છૂટો થાય છે ! છેલ્લા સલામ ! good-bye ! આમ જ્ઞાનીને જેવું જ્ઞાન થાય

છે કે તેવું જ તેની સાથો સાથ જ પ્રત્યાખ્યાન પણ થાય જ છે.* અને 'હું* પરોનો હોતો નથી, પરો મ્હારા હોતા નથી, અહીં કિંચિત્ મ્હારૂં નથી એમ નિશ્ચિત એવો જિતેંદ્રિય યથાજાતરૂપધર થયેલો તે' સર્વ સંગ પરિત્યાગને 'શ્રમણ નિર્ગ્રંથને' પંથે પડે છે અથવા તો 'સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને' બાહ્યાંતર નિર્ગ્રંથ થઈ 'વિચરશું કવ મહત્ પુરુષને પંથ જે' એવા 'અપૂર્વ અવસરની' તે ગવેષણા કરે છે. આ અંગે પરમ અસંગ દશાને પામેલા **પરમ આત્મ નિમગ્ન શ્રીમદ્ રાજચંદ્રજીના** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

''આત્મહેતુભૂત એવા સંગ વિના સર્વ સંગ મુમુક્ષુ જીવે સંક્ષેપ કરવા ઘટે છે. કેમકે તે વિના પરમાર્થ આવિર્ભૂત થવો કઠણ છે'' અને તે કારણે આ વ્યવહાર, દ્રવ્યસંયમ રૂપ સાધુત્વ શ્રી જિને ઉપદેશ્યું છે.

''જે જ્ઞાની પુરુષોને દેહાભિમાન ટળ્યું છે તેને કંઈ કરવું રહ્યું નથી એમ છે તો પણ તેમને સર્વ સંગ પરિત્યાગાદિ સત્પુરુષાર્થતા પરમ પુરુષે ઉપકારભૂત કહી છે.''

''દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ ચારે પ્રકારે અપ્રતિબંધપણું, આત્મતાએ વર્ત્તતા નિર્ગ્રંથને કહ્યું છે, તે વિશેષ અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.''

''ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિ મુમુક્ષુ જીવે સહેજ સ્વભાવરૂપ કરી મૂક્યા વિના આત્મદશા કેમ આવે ? પણ શિથિલપણાથી, પ્રમાદથી એ વાત વિસ્મૃત થઈ જાય છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૬૩, ૮૨૮, ૬૮૧, ૫૫૧, ૬૪૨, ૬૪૩

શુદ્ધ આત્માનુભૂતિમય સમ્યગ્ દર્શન અથવા નિશ્ચય *'વેદ્ય સંવેદ્યપદ' જેને પ્રાપ્ત થાય છે તે જ્ઞાની પુરુષને સર્વ પરભાવ હેય છે, ત્યાગવા યોગ્ય છે, છોડી દેવા યોગ્ય છે, અનાદેય છે - ગ્રહણ કરવા યોગ્ય નથી, એવો દૃઢ **નિશ્ચય** - ત્રણે કાળમાં કદી ન ફરે એવો અખંડ નિશ્ચય અંતરાત્મામાં સ્થિર થાય છે અને તે નિશ્ચયને તે યથાશક્તિ આચરણમાં મૂકવા તે સતત પ્રયત્નશીલ બને છે. કારણકે ભિન્ન ગ્રંથિ*, દેશવિરતિ - સમ્યગ્ દર્શન જેનું મૂલ છે એવી ભાવ દેશવિરતિ, ભાવ સર્વવિરતિ આદિ પણ આ વેદ્યસંવેદ્ય પદનું લક્ષણ છે. એટલે વસ્તુ સ્વરૂપનું યથાર્થ ભાન થયા પછી જીવ સ્વયમેવ સ્વાભાવિક રીતે જ પરપરિણતિથી - પરભાવથી ઓસરતો જાય છે, અને સ્વભાવ પરિણતિ ભણી ઢળતો જાય છે - સંચરતો જાય છે. સમાધિરસ ભર્યા શુદ્ધ નિજ સહજ આત્મસ્વરૂપનું અથવા જિન સ્વરૂપનું દર્શન થયા પછી, અનાદિ કાળથી વિસરાઈ ગયેલા આત્મસ્વરૂપનું ભાન આવ્યા પછી, જીવ સ્વયમેવ સકલ વિભાવ ઉપાધિથી પાછો હઠે છે, ઓસરે છે, પ્રતિક્રમે છે અને શુદ્ધ આત્મસત્તાની સાધના પ્રત્યે વર્તે છે અને આમ અનાદિની મોહાદિની ઘૂમિ (ઘૂમાવો-ભ્રમણા) ઉતરી જતાં ને અમલ અખંડ અલિપ્ત એવો આત્મસ્વભાવ સાંભરી આવતાં, તત્ત્વરમણ રૂપ શુચિ-પવિત્ર-શુક્લ-શુદ્ધ ધ્યાનને જીવ આદરે જ છે અને સમતા રસના ધામરૂપ જિન મુદ્રાને - શુદ્ધ આત્મસ્વરૂપને વરે છે, પ્રાપ્ત કરે છે. જિન દર્શન આદિ શુદ્ધ ઉત્તમ નિમિત્તની પ્રાપ્તિ થકી, વસ્તુના સાધર્મ્યથી આત્મસ્વરૂપની યથાર્થ ઓળખાણ થતાં, તે પ્રત્યે બહુમાનયુક્ત રુચિ ઉપજે છે, એટલે પછી તે રુચિને અનુયાયી - અનુસરતું વીર્ય - આત્મસામર્થ્ય પ્રવર્તે છે અને તે 'ચરણધારા' આત્મચારિત્રની અખંડ પરંપરા સાધે છે. આમાં દેશવિરતિ-સર્વવિરતિ આદિનો

---

* **''णाहं होमि परेसिं ण मे परे णत्थि मज्झमिह किंचि ।**
इदि णिच्छिदो जिदिंदो जादो जध जादरूवधरो ॥'' - શ્રી કુંદકુંદાચાર્યજી પ્રણીત 'પ્રવચન સાર', ચારિત્રાધિકાર ગા. ૪
''ततोपि श्रामण्यार्थी यथाजातरूपधरो भवति । तथाहि - अहं तावन्न किंचिदपि परेषां भवामि परेपि न किंचिदपि मम भवन्ति, सर्वद्रव्याणां परैः सह तत्त्वतः समस्तसंबन्धशून्यत्वात् । तदिह षड्द्रव्यात्मके लोके न मम किंचिदप्यत्मनोऽन्यदस्तीति निश्चितमतिः परद्रव्यस्वस्वामिसंबन्धानामिन्द्रियनोइन्द्रियाणां जयेन जितेन्द्रियश्च सन् धृतयथानिष्पन्नात्मद्रव्यशुद्धरूपत्वेन यथाजातरूपधरो भवति ।'' - **શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત ટીકા**

* **''तत्पदं साध्ववस्थानाद्विभिन्नग्रन्थ्यादि लक्षणम् ।**
अन्वर्थयोगतस्तन्त्रे वेद्यसंवेद्यमुच्यते ॥'' - શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લો. ૭૪ (જુઓ : ડૉ. ભગવાનદાસ કૃત વિવેચન)

ભાવથી સમાવેશ થઈ જાય છે. **મહાન્ તત્ત્વદૃષ્ટા શ્રીમાન્ દેવચંદ્રજીએ** સાક્ષાત્ જિન દર્શનનો અનુભવ થતાં પરમ ભાવાવેશથી લલકાર્યું છે કે -

''દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો... હો લાલ.
ભાસ્યો આત્મસ્વરૂપ અનાદિનો વિસર્યો... હો લાલ.
સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ.
સત્તા સાધન માર્ગ ભણી એ સંચર્યો હો લાલ... દીઠો.
મોહાદિની ધૂમિ અનાદિની ઉતરે... હો લાલ.
અમલ અખંડ અલિપ્ત સ્વભાવ જ સાંભરે હો લાલ.
તત્ત્વરમણ શુચિ ધ્યાન ભણી જે આદરે... હો લાલ.
તે સમતારસ ધામ સ્વામી મુદ્રા વરે... હો લાલ... દીઠો.
પ્રભુ મુદ્રાને યોગ પ્રભુ પ્રભુતા લખે હો લાલ.
દ્રવ્ય તણે સાધર્મ્ય સ્વ સંપત્તિ ઓળખે હો લાલ.
ઓળખતાં બહુમાન સહિત રુચિ વધે... હો લાલ.
રુચિ અનુયાયી વીર્ય ચરણધારા સધે.. હો લાલ. દીઠો.'' - **શ્રી દેવચંદ્રજી**

આમ આત્મસ્વરૂપનું ભાન થતાં પરભાવ પ્રવૃત્તિ ઘટે છે, ને સ્વભાવ પ્રવૃત્તિ વધે છે. એટલે સ્ત્રી આદિ સમસ્ત પરભાવ **હેય** છે - ત્યાગવા યોગ્ય છે અને એક શુદ્ધ આત્મભાવ જ **આદેય** છે - ગ્રહણ કરવા યોગ્ય છે, એવો નિશ્ચલ નિશ્ચય રૂપ વિવેક આત્મામાં થાય છે. તેથી કરીને ખરેખરા ભાવથી આ જીવના **દેશ વિરતિ, સર્વ વિરતિ** આદિ પરિણામ અવશ્ય ઉપજે છે અને આ સમસ્તની પરમ રહસ્યભૂત ચાવી (master key) આ છે કે - **આત્માનો ગ્રાહક થાય એટલે પરનું ગ્રહણપણું એની મેળે છૂટી જાય છે, તત્ત્વનો ભોગી થાય એટલે પરનું ભોગ્યપણું આપોઆપ ટળે છે.**

''આત્મ ગ્રાહક થયે ટળે પરગ્રહણતા, તત્ત્વભોગી થયે ટળે પરભોગ્યતા.'' - **શ્રી દેવચંદ્રજી**

આમ, ખરેખરો **જ્ઞાની** હોય તે **સમસ્ત પરભાવનું પચ્ચખાણ** કર્યા વિના રહે જ નહિં, પચ્ચખાણ કરે જ કરે, જેવું જ્ઞાનથી જાણ્યું તેવું અસંગ શુદ્ધ સહજ આત્મસ્વરૂપ પ્રગટ કરવા સમસ્ત પરભાવ પ્રપંચનો પરિત્યાગ કરે જ. વાચાજ્ઞાનથી જ્ઞાનની ખાલી પોકળ નિશ્ચયમુખ વાતો કર્યાથી કલ્યાણ થવાનું નથી, પણ તદનુસાર આચરણ કર્યાથી જ કલ્યાણ થશે. આ શુદ્ધાત્મપ્રરૂપક નિશ્ચય પ્રધાન **સમયસાર** શાસ્ત્ર વાંચી રખેને કોઈ (શુષ્કજ્ઞાની) એમ ન માની લે કે આત્મા અસંગ છે શુદ્ધ છે એવા નિશ્ચયમુખ વચનો પોકાર્યા માત્રથી બસ આપણું કામ થઈ ગયું ! તેવાઓને અત્રે ગર્ભિતપણે લાલ બત્તી ધરી છે કે સર્વ પરભાવ પરિત્યાગપૂર્વક તથારૂપ અસંગ શુદ્ધ આચરણરૂપ ચારિત્ર અનુષ્ઠાનથી આત્મા તથારૂપ અસંગ શુદ્ધ કર્યાથી જ આત્મકાર્ય થવાનું છે, તથારૂપ **શુદ્ધ આત્મચારિત્ર સંપન્ન** ખરેખરી અસંગ **જ્ઞાનદશા** પ્રગટાવવાથી જ આત્મસિદ્ધિ થવાની છે અને એટલા માટે જ જ્ઞાની પુરુષોએ સ્વયં તેવું આચરણ કરી બાહ્યાભ્યંતર નિર્ગ્રંથપણારૂપ સર્વ સંગ પરિત્યાગનો સર્વત્ર ડિંડિમ નાદથી ઉદ્‌ઘોષ કર્યો છે. દા.ત. શ્રી **'પ્રવચન સાર'**ના તૃતીય ચારિત્ર - અધિકારમાં દ્રવ્ય-ભાવ નિર્ગ્રંથ શ્રમણનું પરમ આદર્શ સ્વરૂપ પ્રકાશતાં **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** ભાખ્યું છે કે - 'બંધો ધુવમુવધીદો ઇદિ સમણા છંડિયા સવ્વં' - ઉપાધિથી (પરિગ્રહથી) ધ્રુવ - ચોક્કસ બંધ થાય છે એટલા માટે શ્રમણોએ સર્વ છાંડ્યું છે - પરિત્યાગ કર્યું છે. આની વ્યાખ્યા* કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** વદે છે - ભગવંતો અર્હંતો પરમ શ્રમણોએ

---

* ''अत एव भगवन्तोऽर्हन्तः परमाः श्रमणाः स्वयमेव सर्वमेवोपधिं प्रतिषिद्धवन्तः । अत एव चापरैरप्यन्तरङ्गच्छेदवत्तदनान्तरीकत्वात्प्रागेव सर्व एवोपधि प्रतिषेध्यः ।'' **(ઈત્યાદિ) - શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પ્રવચન સાર' ટીકા**

સ્વયમેવ - પોતે જ સર્વ જ ઉપધિ પ્રતિષેધ કર્યો હતો અને એટલા માટે જ બીજાઓએ પણ અંતરંગ છેદની જેમ - તેના અનાન્તરીયકપણાને લીધે - પૂર્વે જ સર્વ જ ઉપધિ પ્રતિષેધવા યોગ્ય છે. અર્થાત્ સમસ્ત બાહ્યાભ્યંતર સંગ છાંડી બાહ્યાભ્યંતર નિર્ગ્રંથ થવા યોગ્ય છે.

આ જ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ 'પ્રવચન સાર'** દ્વિ.શ્રુ.સ્કં.ના અંતે આ સુપ્રસિદ્ધ અંતિમ કળશ કાવ્યમાં અપૂર્વ ભાવવાહી ઉદ્‌ઘોષણા કરી છે -

"द्रव्यानुसारि चरणं चरणानुसारि,
द्रव्यं मिथो द्वयमिदं ननु सव्यपेक्षम् ।
तस्मान्मुमुक्षुरधिरोहतु मोक्षमार्गं,
द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य ॥"

ચરણ - ચારિત્ર **'દ્રવ્યાનુસારિ'** - દ્રવ્યને અનુસરનારૂં અને દ્રવ્ય **'ચરણાનુસારિ'** - ચરણને - ચારિત્રને અનુસરનારૂં, એમ આ બન્ને પરસ્પર ખરેખર ! સાપેક્ષ છે - એક બીજાની અપેક્ષા રાખવાવાળા છે, તેટલા માટે મુમુક્ષુ દ્રવ્યને આશ્રીને કે ચરણને - ચારિત્રને આશ્રીને મોક્ષમાર્ગ પર અધિરોહો ! અર્થાત્ ચારિત્ર કેવું હોય ? **'દ્રવ્યાનુસારી'** - દ્રવ્યને અનુસરનારૂં, સર્વ પરભાવ - વિભાવ વિવર્જિત જેવું અસંગ - શુદ્ધ દ્રવ્ય છે તેને અનુસરતું, સર્વ પરભાવ-વિભાવ વિવર્જિત અસંગ શુદ્ધ ચારિત્ર થઈ જાય; અને દ્રવ્ય કેવું હોય ? **'ચરણાનુસારી'** - ચારિત્રને અનુસરનારૂં, સર્વ પરભાવ-વિભાવ વિવર્જિત એવું અસંગ શુદ્ધ ચારિત્ર થઈ જાય કે સર્વ પરભાવ વિભાવ વિવર્જિત અસંગ શુદ્ધ દ્રવ્ય જાણે તેને અનુસરતું હોય ! દ્રવ્ય એવું આદર્શ કે ચારિત્ર તેને અનુસરે, ચારિત્ર એવું આદર્શ કે દ્રવ્ય તેને અનુસરે ! જેવો દ્રવ્યનો આદર્શ તેવો ચારિત્રનો આદર્શ, જેવો ચારિત્રનો આદર્શ તેવો દ્રવ્યનો આદર્શ ! એટલે કે દ્રવ્ય-ભાવ સંગથી સર્વથા રહિત ચારિત્ર મૂર્તિ નિર્ગ્રંથ શ્રમણનું અસંગ શુદ્ધ ચારિત્ર એટલું બધું આદર્શ હોય કે, તે અસંગ શુદ્ધ દ્રવ્યનું જીવતું જાગતું જ્વલંત નિદર્શનનું દર્શન ખડું કરે, જીવતો જાગતો જ્વલંત સાક્ષાત્ સમયસાર જીવનમાં આચરી દેખાડે. માટે હે મુમુક્ષુ ! તમારે મોક્ષમાર્ગે ચઢવું હોય તો આ બેમાંથી કોઈ પણ માર્ગે ચઢો ! કાંતો જેવું દ્રવ્યનું શુદ્ધ નિઃસંગ આદર્શ સ્વરૂપ છે તેવું તેને અનુસરતું તમારૂં ચારિત્ર શુદ્ધ નિઃસંગ, આદર્શ બનાવો ! કાંતો તમારૂં ચારિત્ર એવું શુદ્ધ નિઃસંગ આદર્શ બનાવો કે તેવું તેને અનુસરતું શુદ્ધ નિઃસંગ આદર્શ દ્રવ્ય સાક્ષાત્ અનુભૂત થાય ! જાણે કે દ્રવ્યની અને ચારિત્રની પરસ્પર હોડ ચાલે ! અને એટલા માટે જ ત્યાં આગળ પછી ચારિત્રાધિકારના પ્રારંભમાં લલકારેલ કળશ કાવ્યમાં તે જ **પરમ શ્રમણ પરમર્ષિ** મુમુક્ષુઓને આહ્‌વાન કરતી - વીર ગર્જના કરે છે -

"द्रव्यस्य सिद्धौ चरणस्य सिद्धिः,
द्रव्यस्य सिद्धिश्चरणस्य सिद्धौ ।
बुद्धचेति कर्माविरताः परेपि,
द्रव्याविरुद्धं चरणं चरन्तु ॥"

દ્રવ્યની સિદ્ધિમાં ચરણની-ચારિત્રની સિદ્ધિ છે, ચરણની - ચારિત્રની સિદ્ધિમાં દ્રવ્યની સિદ્ધિ છે, એમ જાણીને-સમજી લઈને કર્મોથી અવિરત એવા બીજાઓ પણ દ્રવ્યથી અવિરુદ્ધ એવું ચરણ આચરો ! અર્થાત્ **અમે જેમ સ્વાચરણથી સિદ્ધ કર્યું છે** તેમ બીજા મુમુક્ષુઓ પણ દ્રવ્યથી અવિરુદ્ધ - વિરુદ્ધ નહિં એવું એટલે કે જેવું દ્રવ્યનું અસંગ શુદ્ધ સ્વરૂપ છે તેવું બાહ્યાભ્યંતર સર્વ સંગથી રહિત અસંગ શુદ્ધ ચારિત્ર આચરો ! અમે આ શાસ્ત્રના ચૂડામણિરૂપ આ ખાસ ચારિત્ર અધિકારમાં જેનું સવિસ્તર વર્ણન કરીએ છીએ તેવા બાહ્યાભ્યંતર ખરેખરા **આદર્શ નિર્ગ્રંથ - શુદ્ધોપયોગી શ્રમણ** બનો ! અને દ્રવ્યાનુયોગથી જેવું શુદ્ધ સહજ આત્મસ્વરૂપ જાણ્યું તેવું ચરણાનુયોગથી સિદ્ધ કરી દેખાડી દ્રવ્યાનુયોગને

ચરિતાર્થ કરો ! એમ **અમૃતચંદ્રજીના** આ અમૃત (Immortal) સુભાષિતોનો ધ્વનિ છે અને તેનો જાણે પ્રતિધ્વનિ કરતા હોય એવા **પરમ આત્મદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીના** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

''હે આર્ય ! **દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવા રૂપ સંયમ છે.** તે આ પુરુષનાં વચન તારા અંતઃકરણમાં તું કોઈ દિવસ શિથિલ કરીશ નહીં. વધારે શું ? સમાધિનું રહસ્ય એ જ છે. સર્વ દુઃખથી મુક્ત થવાનો અનન્ય ઉપાય એ જ છે.

''સ્વસ્વરૂપને વિષે સ્થિતિ તેને **પરમાર્થ સંયમ** કહ્યો છે. તે સંયમને કારણભૂત એવાં અન્ય નિમિત્તોનાં ગ્રહણ **વ્યવહારસંયમ** કહ્યો છે. કોઈ જ્ઞાની પુરુષોએ તે સંયમનો પણ નિષેધ કર્યો નથી. પરમાર્થની ઉપેક્ષા (લક્ષ વગર) એ જે વ્યવહાર સંયમમાં જ પરમાર્થ સંયમની માન્યતા રાખે તેના વ્યવહાર સંયમનો તેનો અભિનિવેશ ટાળવા નિષેધ કર્યો છે. પણ વ્યવહાર સંયમમાં કંઈ પણ પરમાર્થની નિમિત્તતા નથી, એમ જ્ઞાની પુરુષોએ કહ્યું જ નથી. **પરમાર્થના કારણભૂત એવા વ્યવહાર સંયમને પણ પરમાર્થ સંયમ કહ્યો છે.**'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૯૮, ૫૭૫), ૮૬૬, ૬૬૪**



હવે ઉપરમાં જે ગદ્ય ભાગમાં કહ્યું તેના સારસમુચ્ચય રૂપ ઉપસંહાર કળશ લલકારે છે -

માલિની

अवतरति न यावद् वृत्तिमत्यंतवेगा -
दनवमपरभावत्यागदृष्टांतदृष्टिः ।
झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता,
स्वयमपियमनुभूतिस्तावदाविर्बभूव ॥२९॥

અવતરતી ન વૃત્તિ જ્યાં હજુ ખૂબ વેગે,
અનવમ પરભાવ ત્યાગ દૃષ્ટાંત દૃષ્ટિ;
ઝટ જ સહુ પરાયા ભાવથી મુક્ત ત્યાં તો,
અનુભૂતિ થઈ આવિર્ભૂત પોતે જ આ તો. ૨૯

અમૃત પદ-૨૯

અનુભૂતિ આવિર્ભૂત થઈ આ, અનુભૂતિ આવિર્ભૂત... ધ્રુવ પદ. ૧
અનવમ પરભાવ ત્યાગ તણી આ, દૃષ્ટાંત દૃષ્ટિ અદ્‌ભુત,
જ્યાં હજુ વૃત્તિમાં ના ઉતરે, વેગે અત્યંત જ દ્રુત... અનુભૂતિ. ૨
ત્યાં તો સકલ પરકીય ભાવોથી, ઝટ લઈને જ વિમુક્ત,
આવિર્ભૂત સ્વયં જ થઈ આ, ભગવાન અમૃત ઉક્ત... અનુભૂતિ. ૩

અર્થ : અનવમ (નવા નહિં એવા, પુરાણા) પરભાવના ત્યાગની દૃષ્ટાંત દૃષ્ટિ જ્યાં અત્યંત વેગથી વૃત્તિમાં અવતરતી નથી, ત્યાં તો સકલ પરકીય ભાવોથી ઝટ વિમુક્ત થયેલી આ અનુભૂતિ સ્વયં આવિર્ભૂત થઈ ! (પ્રગટ થઈ !)

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સમકિત અધ્યાત્મની શૈલી શી રીતે છે ? યથાર્થ સમજાયે પરભાવથી આત્યંતિક નિવૃત્તિ કરવી તે અધ્યાત્મ માર્ગ છે. જેટલી જેટલી નિવૃત્તિ થાય તેટલા તેટલા સમ્યક્ અંશ છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૮૪૪), ૯૧૮

''જૈસૈ કોઊ જન ગયૌ ધોબી હૈ સદન તિન, પહિરયૌ પરાયૌ વસ્ત્ર મેરૌ માનિ રહ્યો હૈ;
ધની દેખિ કહ્યૌ ભૈયા યહ તૌ હમારૌ વસ્ત્ર, ચીન્હૈં પહિચાનત હી ત્યાગભાવ લહ્યો હૈ,
તૈસૈહી અનાદિ પુદ્‌ગલ સૌં સંજોગી જીવ, સંગ કે મમત્વસૌં વિભાવ તામેં બહ્યો હૈ,
ભેદ જ્ઞાન ભયૌ જબ આપૌ પર જાન્યૌ તબ, ન્યારૌ પરભાવ સૌં સ્વભાવ નિજ ગહ્યો હૈ.''

- શ્રી બનારસીદાસજી કૃત સ.સા.ના.જી. ૯-૩૨

'આત્મખ્યાતિ'ના ગદ્યભાગમાં જે ઉપરમાં કહી દેખાડ્યું, તે ભાવના સમર્થનમાં **પરમ આત્મનિશ્ચયી પરમ ભાવિતાત્મા મહાત્મા અમૃતચંદ્રજીએ** ઉપસંહાર રૂપે આ કળશ (૨૯) અપૂર્વ ભાવાવેશથી લલકાર્યો છે : 'अनवमपरभावत्यागदृष्टांतदृष्टिः' - 'અનવમ' - નવા નહિં એવા - પુરાણા પરભાવના ત્યાગના દૃષ્ટાંતની દૃષ્ટિ यावद् न अवतरति - જ્યાં લગીમાં નથી અવતરતી - ઉતરતી, ક્યાં ? वृत्तिम् - વૃત્તિમાં, કેવી રીતે ? अत्यंतवेगात् - અત્યંત વેગથી. ત્યાં લગીમાં શું ? स्वयमयमनुभूतिस्तावदाविर्बभूव -

પરભાવ ત્યાગ થતાં જ અનુભૂતિનું આવિર્ભૂતપણું

ત્યાં લગીમાં તો સ્વયં - આપોઆપ આ અનુભૂતિ આવિર્ભૂત થઈ - પ્રગટ થઈ. અનુભૂતિ કેવી ? झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता - ઝટ લઈને જ - શીઘ્ર જ સકલ અન્યદીય-પરકીય-પારકા ભાવોથી વિમુક્ત - વિશેષે કરીને સર્વથા મુક્ત એવી.

આ પરભાવ **'અનવમ'** પુરાણો છે, આત્માની સાથે અનાદિકાળથી બંધ સંબંધથી જોડાયેલો છે - સંલગ્ન થયેલો છે અને પરભાવ અવશ્ય ત્યાગી દેવો જોઈએ એવી તેના ત્યાગની આ દૃષ્ટાંત દૃષ્ટિ પણ 'અનવમ' નવી નહિં એવી પુરાણી છે, આ અનવમ પરભાવ ત્યાગના દૃષ્ટાંતની દૃષ્ટિ હજુ જ્યાં અત્યંત વેગથી વૃત્તિમાં ઉતરતી નથી, ત્યાં તો સકલ પરભાવોથી ઝટ વિમુક્ત થયેલી આ અનુભૂતિ સ્વયં - આપોઆપ આવિર્ભૂત - પ્રગટ થઈ ! અર્થાત્ આ પરભાવ ત્યાગ સંબંધી સિદ્ધાંતને દૃઢ કરવા માટે જે અત્ર ઉપરમાં પરમ સમર્થ અનુપમ દૃષ્ટાંત વિવરી દેખાડ્યું તેની દૃષ્ટિ હજુ આત્માની વૃત્તિમાં - વર્તનામાં - ભાવમાં તથારૂપ આત્મભાવ વૃત્તિમાં ઉતરે, ત્યાં તો સર્વ પરભાવોથી સર્વથા મુક્ત થયેલો એવો શુદ્ધ આત્માનુભવ આપોઆપ પ્રકટી ઊઠે છે ! આ સિદ્ધાંત અને તેને સમર્પિત કરતું આ દૃષ્ટાંત એટલું બધું બળવાન છે કે જે કોઈ સકર્ણ આ શ્રવણ કરે, આ દૃષ્ટાંત દૃષ્ટિ જેને 'આત્મવૃત્તિમાં' ઉતરે તેને તત્ક્ષણ જ શુદ્ધ આત્માનુભૂતિ ઝળકી ઊઠે છે ! તાત્પર્ય કે - **જ્ઞાન** અને **પ્રત્યાખ્યાન** એ બે ક્રિયા એટલી બધી ઝડપી છે કે - એટલી બધી ત્વરિત છે કે જ્ઞાન થતાં ભેગું જ **પ્રત્યાખ્યાન** automatically - આપોઆપ તાબડતોબ થઈ જ જાય છે, શુદ્ધ આત્માનુભૂતિ પ્રગટતાં વેંત જ સર્વ પરભાવોનો ત્યાગ થઈ જ ચૂકે છે, વા સર્વ પરભાવોનો ત્યાગ થતાં વેંત જ શુદ્ધ આત્માનુભૂતિ પ્રગટે જ છે ! 'જ્ઞ' પરિજ્ઞાથી જાણવું, 'પ્રત્યાખ્યાન' પરિજ્ઞાથી છોડવું એ શાસ્ત્ર પરિભાષાનું રહસ્ય આ જ છે. 'ज्ञानस्य फलं विरति' - જ્ઞાનનું ફલ વિરતિ છે, અર્થાત્ જ્ઞાન થતાં સકલ પરભાવથી-વિભાવથી આત્મા વિરામ પામે જ પામે છે, એ પરમાર્થ ગંભીર વીતરાગ સૂત્ર અત્ર ચરિતાર્થ બને છે, એટલે કે બાહ્યાભ્યંતર સંગરૂપ સર્વ પરભાવ - વિભાવથી વિરામ પામી, **'જ્ઞાનનું ફલ વિરતિ'** એ વીતરાગ વચનને તે સત્ય કરે છે અને એટલે જ તે શુદ્ધ આત્માનો અનુભવ કરવાને સમર્થ બને છે. આનું અનંતગુણવિશિષ્ટ બળવાન જીવતું જાગતું જ્વલંત ઉદાહરણ પરમ આત્મદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીના** * અધ્યાત્મ ચારિત્રમાં ને અનુભવ વચનામૃતમાં મુમુક્ષુને પદે પદે દૃશ્યમાન થાય છે. જેમકે - પરમાર્થ સખા **સૌભાગ્ય** પરના એક પત્રમાં - આત્માની અમૃતાનુભૂતિ દાખવતા અમૃત પત્રમાં પોતાનું આત્મસંવેદનમય હૃદય દર્શન કરાવતા આ પરમ ભાવિતાત્મા મહાત્મા પ્રકાશે છે -

''પણ મોક્ષ તો કેવળ અમને નિકટપણે વર્ત્તે છે, એ તો નિઃશંક વાર્ત્તા છે. અમારૂં જે ચિત્ત તે આત્મા સિવાય અન્ય સ્થળે પ્રતિબદ્ધતા પામતું નથી. ક્ષણ પણ અન્યભાવને વિષે સ્થિર થતું નથી. સ્વરૂપને વિષે સ્થિર રહે છે. એવું જે અમારૂં આશ્ચર્યકારક સ્વરૂપ તે હાલ ક્યાંય કહ્યું જતું નથી. ઘણા માસ વીત્યાથી તમને લખી સંતોષ માનીએ છીએ.'' (ઈ.) - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૦૧), ૩૬૮**

કારણકે જ્ઞાની સમ્યગ્ દૃષ્ટિ પુરુષ સ્વ-પરનો સ્પષ્ટ વિવેક કરતાં ભાવે છે કે - દેહ-ગૃહાદિ ભાવ બાહ્ય છે, મૃગ જલાદિ જેવા અનિત્ય, અશરણ ને અશુચિ છે, પર છે - પારકા છે, પોતાના નથી અને નિરાબાધ નિરામય એવી **કેવલ જ્ઞાન જ્યોતિ જ*** અબાહ્ય છે, શાશ્વત, શરણરૂપ ને શુચિ ભાવ છે, આત્મીય-પોતાનો છે, પારકો નથી અને એ જ પરમતત્ત્વ છે, બાકી બીજું બધું ય ઉપપ્લવ રૂપ - આફત રૂપ - અંધાધુંધી રૂપ છે. માટે એક આ કેવલ જ્ઞાન જ્યોતિ જ આદેય છે, ગ્રહણ કરવા યોગ્ય છે, બાકી બીજું બધું ય હેય છે - ત્યાગ કરવા યોગ્ય છે. ભૂલથી ધોબીને ઘેરથી પારકું વસ્ત્ર આવી ગયું હોય તો

---

* વિશેષ જિજ્ઞાસુએ આ વિવેચક-લેખકના **'અધ્યાત્મ રાજચંદ્ર'** ગ્રંથનું (સ્વરચિત) અવલોકન કરવું.

* ''अबाह्यं केवलं ज्योतिर्निराबाधमनामयम् ।
यदत्र तत्परं तत्त्वं शेषः पुनरुपप्लवः ॥
एवं विवेकिनो धीराः प्रत्याहारपरायणाः ।
धर्मबाधापरित्यागयत्नवन्तश्च तत्त्वतः ॥'' - श्री हरिभद्राचार्यजी कृत यो.दृ.सं. १५७-१५८

તેના મૂળ ધણીને પાછું આપી દેવું જોઈએ, એ ન્યાયે પ્રમાણિક વિવેકી સમ્યગ્ દૃષ્ટિ પુરુષ એમ જાણે છે કે આ સર્વ પરભાવનો - પર વસ્તુનો મ્હારે ત્યાગ કરી દેવો જોઈએ, તેમાં સ્નેહ રૂપ આસક્તિથી હું બંધાયો છું, માટે મ્હારે તે આસક્તિ છોડી દેવી જોઈએ. કારણકે 'દેહમાં* સ્વબુદ્ધિ આત્માને એ દેહ સાથે નિશ્ચયે જોડે છે, સ્વાત્મામાં આત્મબુદ્ધિ એ દેહથી આત્માને વિયોજે છે - વિખૂટો પાડે છે. દેહમાં આત્મબુદ્ધિ એ જ સંસાર દુઃખનું મૂળ છે.' માટે હું દેહાદિમાં આત્મબુદ્ધિ રૂપ દેહાધ્યાસ છોડી દઈ આત્મામાં જ આત્મબુદ્ધિ કરું. આમ સ્વ-પર ભાવનો વિવેક ઉપજ્યો હોવાથી, ભેદજ્ઞાન પ્રગટ્યું હોવાથી, શુદ્ધ આત્મજ્ઞાન થયું હોવાથી તે સર્વ પરભાવ-વિભાવથી વિરામ પામે છે, એટલે તેને **અસંગ શુદ્ધોપયોગ દશા** પ્રગટે છે અને એટલે જ તેને નિર્મલ શુદ્ધાત્માનુભવ સાંપડે છે. અર્થાત્ સર્વ પરભાવ-વિભાવથી વિરામ પામવા રૂપ દ્રવ્ય-ભાવ નિર્ગ્રંથપણાનો - શુદ્ધોપયોગી શ્રમણપણાનો જે ઉત્કૃષ્ટ આદર્શ **શ્રી'પ્રવચન સાર'ના** ચારિત્ર - અધિકારમાં સવિસ્તર વર્ણવ્યો છે અને તેવો જ ઉત્કૃષ્ટ આદર્શ **'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?'** એ અપૂર્વ કાવ્યમાં **પરમ ભાવિતાત્મા શ્રીમદ્ રાજચંદ્રજીએ** અપૂર્વ ભાવથી સંગીત કર્યો છે, તેવું યથાસૂત્ર આચરણ કરતો તે અસંગપણાને ભજે છે અને એટલે જ સર્વપરભાવ પરિત્યાગી તે અસંગ નિર્ગ્રંથ શુદ્ધોપયોગી શ્રમણને શુદ્ધાત્માનુભૂતિનો પ્રાદુર્ભાવ થાય છે, સહજ શુદ્ધ અસંગ આત્મસ્વરૂપનો - **'સહજાત્મસ્વરૂપ'નો** અનુભવ પ્રગટે છે. આ **'સહજાત્મસ્વરૂપ'ને** સાક્ષાત્ અનુભવનારા **શ્રીમદ્ રાજચંદ્રજીના** 'જ્ઞાનીના માર્ગના આશયને ઉપદેશનારા' અનુભવસિદ્ધ વચનામૃત છે કે -

''૧. સહજ સ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ મોક્ષ કહે છે.

૨. સહજ સ્વરૂપથી જીવ રહિત નથી, પણ તે સહજ સ્વરૂપનું માત્ર ભાન જીવને નથી, જે થવું તે જ સહજ સ્વરૂપે સ્થિતિ છે.

૩. સંગના યોગે આ જીવ સહજ સ્થિતિને ભૂલ્યો છે, સંગની નિવૃત્તિએ સહજ સ્વરૂપનું અપરોક્ષ ભાન પ્રગટે છે.

૪. એજ માટે સર્વ તીર્થંકરાદિ જ્ઞાનીઓએ અસંગપણું જ સર્વોત્કૃષ્ટ કહ્યું છે, કે જેનાં અંગે સર્વ આત્મસાધન રહ્યાં છે.

૫. સર્વ જિનાગમમાં કહેલાં વચનો એક માત્ર અસંગપણામાં જ શમાય છે, કેમકે તે થવાને અર્થે જ તે સર્વ વચનો કહ્યાં છે. એક પરમાણુથી માંડી ચૌદ રાજલોકની અને મેષોન્મેષથી માંડી શૈલેશી-અવસ્થા પર્યંતની સર્વ ક્રિયા વર્ણવી છે, તે એ જ અસંગતા સમજાવાને અર્થે વર્ણવેલી છે.

૬. સર્વ ભાવથી અસંગપણું થવું તે સર્વથી દુષ્કરમાં દુષ્કર સાધન છે અને તે નિરાશ્રયપણે સિદ્ધ થવું અત્યંત દુષ્કર છે. એમ વિચારી શ્રી તીર્થંકરે સત્સંગને તેનો આધાર કહ્યો છે, કે જે સત્સંગના યોગે સહજ સ્વરૂપભૂત એવું અસંગપણું જીવને ઉત્પન્ન થાય છે.

૭. તે સત્સંગ પણ જીવને ઘણીવાર પ્રાપ્ત થયા છતાં ફળવાન થયો નથી એમ શ્રી વીતરાગે કહ્યું છે, કેમકે તે સત્સંગને ઓળખી આ જીવે તેને પરમ હિતકારી જાણ્યો નથી, પરમ સ્નેહે ઉપાસ્યો નથી અને પ્રાપ્ત પણ અપ્રાપ્ત ફળવાન થવા યોગ્ય સંજ્ઞાએ વિસર્જન કર્યો છે, એમ કહ્યું છે. આ અમે કહ્યું તે જ વાતની વિચારણાથી અમારા આત્મામાં આત્મગુણ આવિર્ભાવ પામી સહજ સમાધિ પર્યંત પ્રાપ્ત થયા એવા સત્સંગને હું અત્યંત અત્યંત ભક્તિએ નમસ્કાર કરું છઉં. ઈ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અ. (૫૧૮), ૬૦૯**



---

*''देहे स्वबुद्धिरात्मानं युनक्त्येतेन निश्चयात् ।
आत्मन्येवात्मधीरस्माद्वियोजयति देहिनं ॥'' - श्री पूज्यपादस्वामीजी कृत 'समाधिशतक'

હવે અનુભૂતિનો પરભાવ વિવેક કેવી રીતે થયો ? એમ આશંકીને ભાવક ભાવનો વિવેક પ્રકાર કહે છે -

णत्थि मम कोवि मोहो बुज्झदि उवओग एव अहमिक्को ।
तं मोहणिम्ममत्तं समयस्स वियाणया विंति ॥३६॥

નથી મુજ મોહ કો, જણાય છે રે, ઉપયોગ જ હું એક;
તે મોહ નિર્મમત્વ કહે રે, સમય વિજ્ઞાયક છેક... રે આત્મન્ ! વંદો સમયસાર. ૩૬

ગાથાર્થ : મ્હારો કોઈ પણ મોહ છે નહિં, ઉપયોગ જ બૂઝાય (જણાય) છે, હું એક છું, તેને મોહ નિર્મમત્વ સમયના વિજ્ઞાયકો જાણે છે. ૩૬

આત્મખ્યાતિ ટીકા

अथ कथमनुभूतेः परभावविवेको भूत इत्याशंक्य
भावकभावविवेकप्रकारमाह -

नास्ति मम कोपि मोहो बुध्यते उपयोग एवाहमेकः ।
तं मोहनिर्ममत्वं समयस्य विज्ञायकाः विंदंति ॥३६॥

इह खलु फलदानसमर्थताय प्रादुर्भूय
भावकेन सता पुद्गलद्रव्येणाभिनिर्वर्त्यमान -
ङ्कोत्कीर्णैकज्ञायकस्वभावभावस्य परमार्थतः परभावेन भावयितुमशक्यत्वात्
कतमोपि न नाम मम मोहोस्ति । किंचैतन् -
स्वयमेव च विश्वप्रकाशचंचुरविकस्वरानवरतप्रतापसंपदा
चिच्छक्तिमात्रेण स्वभावभावेन भगवानात्मैवावबुध्यते ।
यत्किलाहं खल्वेकः ततः
समस्तद्रव्याणां परस्परसाधारणावगाहस्य निवारयितुमशक्यत्वा -
न्मज्जितावस्थायामपि दधिखंडावस्थायामिव परिस्फुटस्वदमानस्वादभेदतया
मोहं प्रति निर्ममत्वोस्मि
सर्वदैवात्मैकत्वगतत्वेन **समयस्यैवमेव स्थितत्वात्** ।
इतीत्थं भावकभावधिवेको भूतः ॥३६॥

आत्मभावना -

अथ कथमनुभूतेः परभावविवेको भूतः इत्याशङ्क्य भावकभावविवेकप्रकारमाह - હવે અનુભૂતિનો પરભાવ વિવેક કેવા પ્રકારે થયો ? એમ આશંકીને ભાવકભાવના વિવેકનો પ્રકાર કહે છે - नास्ति मम कोपि मोहो - મ્હારો કોઈ પણ મોહ છે નહિં, बुध्यते उपयोग एव अहमेकः - ઉપયોગ જ જણાય છે, હું એક છું. तं मोहनिर्ममत्वं - તેને મોહનિર્મમત્વ - મોહનું નિર્મમત્વ જેને છે એવો समयस्य विज्ञायका विंदंति - સમયના વિજ્ઞાયકો કહે છે. ॥ इति **गाथा** आत्मभावना ॥३६॥

इह खलु - અહીં, નિશ્ચયે કરીને ખરેખર ! कृतमोपि न नाम मम मोहोस्ति - કોઈ પણ પ્રકારનો કોઈ પણ મ્હારો મોહ છે નહિં. કોનાથી નીપજે છે આ મોહ ? पुद्गलद्रव्येणाभिनिर्वर्त्यमानः - પુદ્ગલદ્રવ્યથી અભિનિર્વર્ત્યમાન - 'અભિ' - બધી બાજુથી નિર્વર્ત્યમાન - સજાઈ રહેલ - ઉપજાવાઈ રહેલ. કેવા મોહથી કેવી રીતે ? फलदानसमर्थया प्रादुर्भूय भावकेन सता - ફલદાન સમર્થતાએ કરીને પ્રાદુર્ભૂત થઈ - પ્રગટ થઈ ભાવક - ભાવ કરનાર - ઉપજાવનાર સતા - હોતાં એવાથી. આવો આ મોહ શા માટે મ્હારો નથી ? टंकोत्कीर्णैकज्ञायकस्वभावभावस्य परमार्थतः परभावेन

આત્મખ્યાતિ ટીકાર્થ

અહીં નિશ્ચયે કરીને -

ફલદાન સમર્થતાએ કરી પ્રાદુર્ભૂત થઈ

ભાવક સતા પુદ્ગલદ્રવ્યથી અભિનિર્વર્તાતો રહેલો (સર્જાતો, ઉપજાવાતો)

એવો કોઈ પણ પ્રકારનો કોઈ પણ મ્હારો મોહ છે નહિં,

ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવભાવનું

પરમાર્થથી પરભાવથી ભાવાવાનું અશક્યપણું છે માટે.

પણ આ છે કે -

સ્વયમેવ વિશ્વપ્રકાશથી ચંચુર (ચમકતી) વિકસ્વર એવી અનવરત પ્રતાપ સંપદ્વાળા ચિત્શક્તિ માત્ર સ્વભાવભાવથી ભગવાન્ આત્મા જ અવબોધાય છે (જણાય છે).

કારણકે સ્ફુટપણે હું નિશ્ચયથી એક છું, તેથી સમસ્ત દ્રવ્યોના પરસ્પર સાધારણ અવગાહના નિવારવાના અશક્યપણાને લીધે, મજ્જિત અવસ્થામાં પણ - દધિ-ખાંડ અવસ્થાની જેમ - પરિસ્ફુટ સ્વદાતી સ્વાદભેદતાએ કરીને **હું મોહ પ્રતિ નિર્મમત્વ છું -**

સર્વદા જ આત્મ એકત્વગતપણાએ કરી સમયનું એમ જ સ્થિતપણું છે માટે. ૩૬

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દર્શન મોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે, દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો,
તેથી પ્રક્ષીણ ચારિત્ર મોહ વિલોકિયે, વર્ત્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો... અપૂર્વ અવસર.''

''સતત અંતર્મુખ ઉપયોગે સ્થિતિ એ જ નિર્ગ્રંથનો પરમ ધર્મ છે,
એક સમય પણ ઉપયોગ બહિર્મુખ કરવો નહીં એ નિર્ગ્રંથનો મુખ્ય માર્ગ છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૦૩

''ચેતન ઐસા જ્ઞાન વિચારો, સોહં સોહં સોહં સોહં,
સોઽહં જાનિ દટો તુમ મોહં, વૈ હૈ સમકો વારો - ચેતન.'' **- શ્રી આનંદઘનજી, પદ**

ભાવયિતુમશક્યત્વાત્ - ટંકોત્કીર્ણ એક-અદ્વૈત જ્ઞાયક સ્વભાવભાવનું પરમાર્થથી - નિશ્ચયથી - તત્ત્વથી પરભાવથી ભાવાવાનું અશક્યપણું છે માટે. આમ મોહ મ્હારો છે નહિં, તો છે શું ? કિંચૈતત્ - પણ આ છે કે -

સ્વયંમેવ ભગવાનાત્મૈવાવબુધ્યતે - સ્વયમેવ - પોતે જ - આપોઆપ જ ભગવાન્ આત્મા જ અવબોધાય છે - 'અવ' - જેમ છે તેમ વસ્તુ મર્યાદાથી બોધાય છે - જણાય છે - સમજાય છે. શા વડે કરીને ? ચિચ્છક્તિમાત્રેણ સ્વભાવભાવેન - ચિત્ શક્તિમાત્ર સ્વભાવભાવે કરીને - કેવો છે આ સ્વભાવ ભાવ ? વિશ્વપ્રકાશચંચુરવિકસ્વરાનવરતપ્રતાપસંપદા - વિશ્વ પ્રકાશથી ચંચુર-ચમકતી વિકસ્વર અનવરત-નિરંતર પ્રતાપસંપદ્વાળો.

યત્ - કારણકે કિલ - ખરેખર ! સ્ફુટપણે અહં ખલ્વેકઃ - હું ખરેખર ! નિશ્ચયે કરીને એક - જ્યાં દ્વિતીય - બીજો ભાવ નથી એવો અદ્વિતીય - અદ્વૈત છું, ततः - તેથી, समस्तद्रव्याणां परस्परसाधारणवागाहस्य निवारयितुमशक्यत्वात् - સમસ્ત દ્રવ્યોના પરસ્પર-અન્યોન્ય સાધારણ અવગાહના - અવકાશ દાનના નિવારવાના અશક્યપણાને લીધે, मज्जितावस्थायामपि - મજ્જિત - એકબીજામાં ડૂબેલી - અત્યંત મિશ્રિત અવસ્થામાં પણ दधिखंडवस्थायामिव परिस्फुटस्वदमानस्वादभेदतया - દહીં-ખાંડ અવસ્થાની જેમ પરિસ્ફુટ - સર્વથા સ્ફુટ સ્વદમાન - સ્વદાઈ રહેલી - ચાખવામાં આવતી સ્વાદભેદતાએ કરીને - સ્વાદની ભિન્નતાએ કરીને मोहं प्रति निर्ममत्वोस्मि - મોહ પ્રતિ હું નિર્મમત્વ છું, એમ શા માટે ? सर्वदैवात्मैकत्वगतत्वेन समयस्यैवमेव स्थितत्वात् - સર્વદા જ - ત્રણે કાળને વિષે, એકત્વગતપણાએ કરીને સમયનું (પ્રત્યેક પદાર્થનું તેમજ આત્માનું) એમજ સ્થિતપણું છે માટે. इतीत्थं भावकभावविवेको भूतः - એમ આવા પ્રકારે ભાવક-ભાવ ઉપજાવનારા ભાવનો વિવેક-પૃથગ્ભાવ થયો હતો. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३६॥

અનુભૂતિનો પરભાવથી વિવેક-પૃથગ્ ભાવ કેમ થયો ? તે માટેનો **ભાવક ભાવનો વિવેક પ્રકાર** અત્ર કહી બતાવ્યો છે - મ્હારો કોઈ પણ મોહ છે નહિં, ઉપયોગ જ બૂઝાય છે - જણાય છે. હું એક છું, તેને 'મોહનિર્મમત્વ' - જેને મોહનું નિર્મમત્વ-નિર્મમપણું છે એવો સમયના - આત્માના અથવા શાસ્ત્રના વિજ્ઞાયકો - વિશેષે કરીને જ્ઞાયકો-જાણકારો જાણે છે. આ ગાથાની અદ્ભુત તાત્ત્વિક મીમાંસા કરતાં **'આત્મખ્યાતિ' કર્તા** વદે છે - **અહીં** નિશ્ચયે કરીને ખરેખર ! કોઈ પણ પ્રકારનો મ્હારો મોહ છે નહિં. કોનાથી નીપજે છે આ મોહ ? પુદ્ગલ દ્રવ્યથી અભિનિર્વર્ત્યમાન - 'અભિ' - બધી બાજુથી 'નિર્વર્ત્યમાન' - સર્જાઈ રહેલ - ઉપજાવાઈ રહેલ છે. કેવી રીતે ?

ભાવક ભાવનો વિવેક પ્રકાર

ફલદાનસમર્થતયા પ્રાદુર્ભૂય - ફલદાન સમર્થતાએ કરી પ્રાદુર્ભૂત થઈ - પ્રગટ થઈ ભાવકેન સતા - ભાવક (ભાવ કરનાર) સતા હોતાં. આવો આ મોહ શા માટે મ્હારો નથી ? ટંકોત્કીર્ણ એક - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક સ્વભાવભાવનું પરમાર્થથી પરભાવનું ભાવાવાનું અશક્યપણું છે માટે. આમ મ્હારો મોહ મ્હારો છે નહિં, તો છે શું ? પણ આ છે કે - **સ્વયમેવ ભગવાન્ આત્મા** જ અવબોધાય છે - જણાય છે. શા વડે કરીને ? ચિત્શક્તિમાત્ર સ્વભાવભાવે કરીને. કેવો છે આ સ્વભાવભાવ ? વિશ્વપ્રકાશથી ચંચુર-ચમકતી વિકસ્વર અનવરત-નિરંતર પ્રતાપસંપદ્વાળો. કારણકે ખરેખર ! સ્ફુટપણે હું ખરેખર ! નિશ્ચયે કરીને એક - અદ્વિતીય - અદ્વૈત છું, તેથી સમસ્ત દ્રવ્યોના પરસ્પર સાધારણ અવગાહના - અવકાશદાનના નિવારવાના અશક્યપણાને લીધે મજ્જિત - એકબીજામાં ડૂબેલી - અત્યંત ગાઢ - મિશ્રિત અવસ્થામાં પણ દહીં - ખાંડ અવસ્થાની જેમ પરિસ્ફુટ - સર્વથા સ્ફુટ સ્વાદમાન - સ્વદાઈ રહેલી સ્વાદભેદતાએ કરીને મોહ પ્રતિ હું નિર્મમત્વ - મમત્વ રહિત છું. એમ શા માટે ? સર્વદા જ એકત્વગતપણાએ કરીને સમયનું - આત્માનું તેમજ સર્વ પદાર્થનું એમજ સ્થિતપણું છે માટે. એમ આવા પ્રકારે ભાવક ભાવનો વિવેક-પૃથગ્ ભાવ થયો હતો. **પરમ આત્મદૃષ્ટા અમૃતચંદ્રાચાર્યજીની** આ પરમ પરમાર્થઘન તત્ત્વામૃત સંભૃત અમૃત વાણીમય અપૂર્વ વ્યાખ્યાનો વિશેષાર્થ આ પ્રકારે -

પૂર્વે જે કર્મપણે બાંધેલ છે તે કર્મરૂપ પુદ્ગલ દ્રવ્ય વિપાક પામી ફલદાન સમર્થપણાએ કરી પ્રાદુર્ભૂત થઈ - પ્રગટ ઉદયે આવી ભાવક - ભાવ કરનાર - ભાવનાર અર્થાત્ વ્યવહારથી સંયોગ સંબંધથી - તેવો તેવો ભાવ કરવાને - ઉપજાવવાને, તેવી તેવી પોતાની ભાવ રૂપ અસર નીપજાવવાને તત્પર એવું હોય છે. જેમ તેલમાં મૂકેલ ફૂલ તેલને વાસિત કરનાર - ભાવિત કરનાર વાસક-ભાવક કહેવાય છે અને તે તેલમાં સુગંધવાસ-સુગંધભાવ ઉપજાવવાને સમર્થ હોય છે, તેમ આત્માને સન્નિહિત કર્મ પુદ્ગલદ્રવ્ય આત્માને ભાવ-વાસનાથી વાસિત કરનાર-ભાવિત કરનાર **'ભાવક'** કહેવાય છે અને તે નિમિત્ત-નૈમિત્તિક ભાવથી આત્મામાં તેવો તેવો ભાવ નીપજાવવાને સમર્થ હોય છે. भावकेन सता पुद्गलद्रव्येणाभिनिर्वर्त्यमानो - એવા ભાવક સતા-હોતા પુદ્ગલ દ્રવ્યથી અભિનિર્વર્ત્યમાન - 'અભિ' બધી બાજુથી નિર્વર્ત્યમાન-નીપજાવાઈ રહેલો - સર્જાવાઈ રહેલો એવો કોઈ પણ પ્રકારનો કોઈ પણ મ્હારો મોહ છે નહિં, 'कतमोपि न नाम मम मोहोस्ति ।' કારણકે ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવભાવનું **પરમાર્થથી** પરભાવથી ભાવાવાનું - ભાવિત કરાવાનું અશક્યપણું છે માટે, टंकोत्कीर्णैकज्ञायकस्वभावभावस्य परमार्थतः 'परभावेन भावयितुमशक्यत्वात् ।' અર્થાત્ આ ભાવક એવો મોહ પરભાવ જનિત પરભાવ હોવાથી મ્હારા પર પરમાર્થથી - નિશ્ચયથી પોતાનો ભાવ નીપજાવી શકે એમ નથી, મ્હારા પર કંઈ પણ ભાવ ઉપજાવનાર રૂપ અસર ઉપજાવી શકવાને સમર્થ નથી. હા, વ્યવહારથી તેનું નિમિત્ત પામી હું પોતે પરિણામ-પરિણામી ભાવથી મોહભાવે પરિણમું - પોતે મોહભાવ કરી મોહને મ્હારો કરું તો જ મોહ મ્હારો થઈ શકે, ન પરિણમું તો ન જ થઈ શકે, અને તે પરભાવ નિમિત્તે હું પોતે મોહભાવે પરિણમું તો પણ તે મોહભાવ વિકૃત ચેતનભાવ રૂપ - ચિદ્ વિકારરૂપ મ્હારો વિભાવ ભાવ જ હોય, પણ કદી પણ મ્હારો સ્વભાવ ભાવ તો હોઈ શકે જ નહિ. કારણકે વિભાવરૂપ વિકાર છે તે તો વસ્તુને વિષે કલંક છે, વસ્તુ સ્વભાવ નથી, સુવર્ણની અશુદ્ધિ કાંઈ

મ્હારો કોઈ પણ મોહ છે નહિં

સુવર્ણ નથી કે સુવર્ણનો સ્વભાવ નથી, પણ સુવર્ણમાં કલંકરૂપ મલ-વિકાર છે, તેમ મોહભાવ રૂપ અશુદ્ધિ-મલિનતા કાંઈ આત્મા નથી કે આત્માનો સ્વભાવ નથી, પણ આત્મામાં કલંકરૂપ ચેતન વિકાર છે, એટલે તે ચેતન વિકારરૂપ મોહ-વિભાવ મ્હારો સ્વભાવ છે જ નહિં. મ્હારો સ્વભાવ તો ટાંકણાથી શિલામાં ઉત્કીર્ણ - કોતરેલ અક્ષર જેવો અક્ષર 'ટંકોત્કીર્ણ' એક - અદ્વિતીય - જ્યાં દ્વિતીય ભાવ છે નહિં એવો અદ્વૈત જ્ઞાયક સ્વભાવ છે. માટે આ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવભાવને - ભાવિત કરનારો ભાવક એવો પરભાવ રૂપ - વિભાવ રૂપ કોઈ પણ મોહ મ્હારો છે નહિં, આ અખંડ નિશ્ચય છે. કારણકે પૂર્વે પરભાવનું નિમિત્ત પામી અજ્ઞાનને લીધે હું પોતે પરવસ્તુમાં આત્મબુદ્ધિ રૂપ ચારિત્ર મોહ પરિણામે પરિણમતો હતો, પણ હવે તે મ્હારૂં અજ્ઞાન દૂર થઈ જતાં, તે દર્શન મોહનો અને ચારિત્ર મોહનો આત્મામાંથી પૃથક્ કરવારૂપ વિવેક કરી - પૃથક્કરણ કરી, હું ટંકોત્કીર્ણ એક* જ્ઞાયક ભાવરૂપ શુદ્ધ આત્મસ્વભાવભાવે પરિણમ્યો છું, એટલે હું ખરેખર ! નિશ્ચયે કરીને મોહભાવે પરિણમીને મોહને મ્હારો કરતો જ નથી, એટલે મ્હારો કોઈ પણ પ્રકારનો પણ મોહ છે જ નહિં.

''મોહનીયનું સ્વરૂપ આ જીવે વારંવાર અત્યંત વિચારવા જેવું છે. જે મોહિનીએ મહા મુનીશ્વરોને પણ પળમાં તેના પાશમાં ફસાવી અત્યંત રિદ્ધિ-સિદ્ધિથી વિમુક્ત કરી દીધા છે ! શાશ્વત સુખ છીનવી ક્ષણભંગુરતામાં લલચાવી રખડાવ્યા છે ! નિર્વિકલ્પ સ્થિતિ લાવવી, આત્મસ્વભાવમાં રમણતા કરવી, માત્ર દૃષ્ટાભાવે રહેવું એવો જ્ઞાનીનો ઠામ-ઠામ બોધ છે, તે બોધ યથાર્થ પ્રાપ્ત થયે આ જીવનું કલ્યાણ થાય.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૮૭**

''કર્મ મોહની ભેદ બે, દર્શન[1] ચારિત્ર[2] નામ;

હણે બોધ[1] વીતરાગતા[2], અચૂક ઉપાય આમ.''

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૦૩

અને આમ કોઈ પણ પ્રકારનો કોઈ પણ મોહ મ્હારો છે નહિં, પણ આ છે - આ વસ્તુ તો ચોક્કસ નિશ્ચિત છે કે - 'चितशक्तिमात्रेण स्वभावभावेन' - ચિત્શક્તિ માત્ર સ્વભાવભાવથી અવબોધાય છે - 'अव' - વસ્તુ સ્વરૂપની - સ્વસમયની મર્યાદાથી બોધાય છે, પ્રગટ જણાય છે. ભગવાનાત્મૈવા अवबुध्यते, ભગવાન આત્મા જ સાક્ષાત્ અનુભવાય છે, પ્રગટ મ્હારો સમજાય છે, તે જ હું છુ ને તે જ મ્હારો છે અને તે સ્વભાવભાવ કેવો છે ? તો કે સ્વયમેવ - આપોઆપ - પોતાની મેળે વિશ્વપ્રકાશમાં ચંચુર-ચમકતી વિકસ્વર એવી અનવરત - નિરંતર પ્રતાપસંપદ્વાળો છે, 'स्वयमेव विश्वप्रकाशचंचुरविकस्वरानवरतप्रतापसंपदां, અર્થાત્ વિશ્વને પ્રકાશતી તેની વિકસ્વર પ્રતાપ - સંપત્તિ સદા સ્વરૂપ તેજથી પ્રતપે છે, આવા વિશ્વપ્રકાશથી ચૈતન્ય શક્તિ માત્ર સ્વભાવ ભાવ વડે કેવલ આત્મા જ હું અને મ્હારો સમજાય છે - અનુભવાય છે.

કારણકે - 'यत् किलाहं खल्वेकः' - પ્રગટપણે હું ખરેખર ! નિશ્ચયથી એક - અદ્વૈત છું, તેથી હું મોહ પ્રત્યે નિર્મમત્વ છું, 'मोहं प्रति निर्ममत्वोस्मि' - સમસ્ત દ્રવ્યોનો પરસ્પર સાધારણ (common to all) અવગાહન-અવકાશદાન (accomodation) નિવારવાના અશક્યપણાને લીધે, મજ્જિત અવસ્થામાં પણ - 'मज्जितावस्थायामपि' - એકબીજા દ્રવ્યની એક ક્ષેત્રાવગાહથી એક બીજા દ્રવ્યમાં ડૂબી જવારૂપ - મગ્નપણારૂપ અત્યંત ગાઢ મિશ્રિત અવસ્થામાં પણ, દહીં-ખાંડની-શ્રીખંડની અવસ્થાની જેમ, પરિસ્ફુટ સ્વાદનો ભેદ જણાઈ આવે છે, 'परिस्फुटस्वदमानस्वादभेदतया' - અર્થાત્ સમસ્ત દ્રવ્યોની પરસ્પર સાધારણ એવી એકક્ષેત્રાવગાહ સ્થિતિ છે, તેનું નિવારવું અશક્ય છે, એટલે આ મજ્જિત - એકબીજામાં ડૂબી જવા રૂપ એકબીજાથી ઓતપ્રોત મિશ્ર

હું ખરેખર ! એક છું

* ''सति द्वितीये चिन्ता कर्म ततस्तेन वर्तते जन्म ।
एकोऽस्मि सकलचिन्तारहितोऽस्मि मुमुक्षुरिति नियतम् ॥'' - **શ્રી પદ્મનંદિ પં.વિં. નિશ્ચય પંચાશત્, ૩૨**

એવી સેળભેળ શંભુમેળારૂપ અવસ્થામાં પણ પરભાવનો અને આત્મભાવનો સ્વાદ અનુભવથી પરિસ્ફુટ-સર્વથા સ્ફુટ ભિન્ન-જૂદો જૂદો જણાય છે. જેમ ખટમીઠા શ્રીખંડમાં દહીં અને ખાંડ એ બે જૂદા જૂદા પદાર્થનું સંમિશ્રણ છે, તેમાં પણ આ ખાટો દહીંનો સ્વાદ અને આ મીઠો ખાંડનો સ્વાદ, એમ પ્રગટ જૂદો જૂદો સ્વાદભેદ અનુભવાય છે, તેમ પરભાવ સાથેની આત્માની આ જડ-ચેતન સંયોગરૂપ મિશ્ર બંધપર્યાય અવસ્થા છે, તેમાં પણ આ જડ વા જડજન્ય મોહરૂપ પરભાવ અને આ ચેતન એવો જ્ઞાયકસ્વભાવરૂપ આત્મભાવ, એમ પ્રગટ જૂદો જૂદો ભેદરૂપ અનુભવાસ્વાદ થાય છે. તેથી આત્મભાવને અનુભવતો એવો હું આ પરભાવ રૂપ મોહ પ્રત્યે નિર્મમત્વ છું, મ્હારૂં એના પ્રત્યેનું મમત્વ-મ્હારાપણું નિર્ગત છે - નીકળી ગયું છે, મ્હારે એના પ્રત્યે કાંઈ પણ મમત્વ નથી, એ મ્હારો નથી જ એમ નિશ્ચય માનું છું.

કારણકે - 'सर्वदैवात्मैकत्वगतत्वेन समयस्यैवमेवस्थितत्वात्' - સર્વદા જ - સર્વ કાળે જ આત્મ એકત્વગતપણે જ સમયનું - આત્માનું તેમજ સર્વ પદાર્થનું એમજ સ્થિતપણું છે, અર્થાત્ કોઈ પણ સમય-પદાર્થ એક પોતાના નિજ સ્વરૂપપણે જ વર્ત્તે અને પરિણમે, અન્ય કોઈ પણ સમયપણે - પદાર્થપણે વર્ત્તે નહિં જ અને પરિણમે નહિં જ. પ્રત્યેક સમય (વસ્તુ) પોતપોતાના સમયમાં જ - સ્વરૂપની મર્યાદામાં જ વર્ત્તે, સ્વરૂપની સીમાને ધરતો સીમંધર જ હોય, આ અખંડ સિદ્ધાંત છે. એક સમયમાં અન્ય સમયનો અનુપ્રવેશ થાય જ નહિં, પ્રત્યેક સમય અદ્વૈતપણે જ સ્થિતિ કરે, આ સમયસ્થિતિ - વસ્તુસ્થિતિ - શાસ્ત્રસ્થિતિ છે, શાસ્ત્ર મર્યાદા છે, ત્રણે કાળમાં બાધિત ન થાય એવો ત્રિકાળાબાધિત અખંડ નિશ્ચલ નિશ્ચય સિદ્ધાંત છે, એવા પ્રકારે આમ ભાવક ભાવનો વિવેક થઈ ગયો હતો, 'इतीत्थं भावकभावविवेकोभूतः ।'

કારણકે **શ્રીમદ્ સદ્‌ગુરુના સદ્‌બોધ** નિમિત્તથી આત્મસ્વરૂપનો બોધ થતાં અનાદિની પરભાવમાં આત્મભાવની ભૂલ નષ્ટ થઈ અને મિથ્યાત્વરૂપ પ્રમાદની નિદ્રા છાંડી દઈ 'સમ્યગ્ જ્ઞાનસુધારસ ધામ' એવો આત્મા જાગ્યો - પ્રતિબુદ્ધ થયો. એટલે સ્વ-પર ભાવનો સહજ વિવેક પ્રગટ્યો અને અંતર આત્મા સ્વભાવરૂપ ધર્મના સાધનમાં સ્થિર થયો. આત્માની જ્ઞાયકતા સર્વથા આત્મસ્વરૂપ સાધ્યના અવલંબનવાળી થઈ, એટલે સ્થિરપણે પ્રવહતી નિજ-પરિણતિ નિજ ધર્મરસ સ્થાપવા લાગી - જમા કરવા લાગી. આમ સર્વ પરપરિણતિ રસની રીઝ ત્યાગી દઈ, નિજ આત્મ અનુભવની ઈષ્ટતા જાગી અને આશ્રવભાવની ચાલ સહેજે છૂટી જઈ જાલીમ-ઉગ્ર સંવર શિષ્ટતા પ્રગટી. એટલે હવે આમ આત્મસ્વરૂપમાં સંવૃત આત્માને સ્યાદ્‌વાદી એવી નિજ પ્રભુતાનું એકત્વ થતાં, શુદ્ધ આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ નિજ રત્નત્રયી ક્ષાયિક ભાવે પ્રગટ થઈ, તે પરભાવમાંથી વ્યાવૃત્તિ રૂપ પ્રત્યાહાર કરી, શુદ્ધ આત્મભાવમાં ધારણ રૂપ ધારણા ધરી, તત્ત્વાનંદી એવી પૂર્ણ સમાધિમાં લયમયી આત્મસ્થિતિ પ્રાપ્ત કરશે, આ ક્રમે આત્મસ્વરૂપના કર્ત્તા-ભોક્તાભાવે અને તેમાં રમણપણે અવ્યાબાધ સ્વગુણની પૂર્ણ રીતિ ધારી, સહજાત્મસ્વરૂપી સહજ અકૃત્રિમ નિર્મળ જ્ઞાનાનંદને અવશ્ય પામશે. પ્રતિબુદ્ધ થયેલા વિવેકી આત્માનો આ તાત્ત્વિક વિકાસ ક્રમ **મહા ગીતાર્થ દેવચંદ્રજી મહામુનિએ** અપૂર્વ લાક્ષણિક શૈલીથી સંગીત કર્યો છે -

''જગત દિવાકર શ્રી નમિશ્વર સ્વામ જો, તુજ મુખ દીઠે નાઠી ભૂલ અનાદિની રે લો.
જાગ્યો સમ્યગ્ જ્ઞાન સુધારસ ધામ જો, છાંડિ દુર્જય મિથ્યાનિંદ પ્રમાદની રે લો... જગત.
સહેજે પ્રગટ્યો નિજ પરભાવ વિવેક જો, અંતર આતમ ઠહર્યો સાધન સાધવે રે લો.
સાધ્યાલંબી થઈ જ્ઞાયકતા છેક જો, નિજ પરિણતિ થિર નિજ ધર્મરસ ઠવે રે લો.
ત્યાગીને સવિ પરપરિણતિ રસ રીઝ જો, જાગી છે નિજ આતમ અનુભવ ઈષ્ટતા રે લો.
સહેજે છૂટી આશ્રવ ભાવની ચાલ જો, જાલમ એ પ્રગટી સંવર શિષ્ટતા રે લો.
સ્યાદ્વાદી નિજ પ્રભુતાને એકત્વ જો, ક્ષાયક ભાવે થાયે નિજ રત્નત્રયી રે લો.
પ્રત્યાહાર કરીને ધારે ધારણ શુદ્ધ જો, તત્ત્વાનંદી પૂર્ણ સમાધિલય મયી રે લો.
અવ્યાબાધ સ્વગુણની પૂરણ રીત જો, કર્તા ભોક્તા ભાવે રમણપણે ધરે રે લો.
સહજ અકૃત્રિમ નિર્મળ જ્ઞાનાનંદ જો, દેવચંદ્ર એકત્વે સેવનથી વરે રે લો.'' - **શ્રી દેવચંદ્રજી**

આમ જે ખરેખરો વિવેકી જ્ઞાની સમ્યગ્ દૃષ્ટિ હોય છે, તે સ્વ-પરનો ભેદ જાણી, આ પરભાવ હેય છે એમ જાણવા-શ્રદ્ધવા રૂપ વિવેક કરે છે, એટલું જ નહિં પણ તે તે મોહાદિ પરભાવને વીણી વીણીને આત્મામાંથી પૃથક્ - ભિન્ન - અલગ કરવા રૂપ - પૃથક્કરણરૂપ વિવેક પણ કરે છે, અર્થાત્ તે તે મોહાદિ પરભાવને આત્માથી જૂદા પાડવા રૂપ તથારૂપ આચરણ આચરે છે, 'चारित्तं खलु धम्मो' । - ચારિત્ર એ જ નિશ્ચયે કરીને ધર્મ છે એ સૂત્રને ચરિતાર્થ કરતાં શુદ્ધ આત્મસ્વભાવમાં વર્તવારૂપ - ચારિત્રરૂપ આત્મધર્મને આદરે છે અને એટલે જ - ત્યારે જ શુદ્ધોપયોગ રૂપ શુદ્ધ ચારિત્ર ધર્મમાં વર્તતાં તે શુદ્ધ આત્માનો અનુભવ કરવાને સમર્થ થાય છે. **શ્રી 'પ્રવચન સાર'ની** સુપ્રસિદ્ધ ૭મી ગાથામાં કહ્યું છે તેમ 'ચારિત્ર એ જ નિશ્ચયે કરીને ધર્મ છે, જે ધર્મ છે તે સામ્ય છે અને જે સામ્ય છે તે મોહ-ક્ષોભ વિનાનો આત્માનો પરિણામ છે.' આની અદ્ભુત અપૂર્વ વ્યાખ્યા કરતાં **શ્રી અમૃતચંદ્રાચાર્યજીએ** કહ્યું છે તેમ - 'સ્વરૂપમાં ચરણ તે ચારિત્ર છે, અર્થાત્ સ્વસમય પ્રવૃત્તિ તે ચારિત્ર છે, તે જ વસ્તુસ્વભાવપણાથી ધર્મ છે, અર્થાત્ શુદ્ધ ચૈતન્ય પ્રકાશન તે ધર્મ છે અને તે જ યથાવસ્થિત આત્માગુણપણાથી સામ્ય છે અને સામ્ય તો દર્શન મોહનીય ને ચારિત્ર મોહનીયના ઉદયથી ઉપજતા સમસ્ત મોહ-ક્ષોભના અભાવથી અત્યંત નિર્વિકાર એવો જીવનો પરિણામ છે.' એટલે કે ચારિત્ર, ધર્મ ને સામ્ય એ ત્રણે એકાર્થવાચક શબ્દો અમોહ રૂપ આત્મસ્વરૂપના વાચક છે. આમ આત્માનું જ્ઞાન, આત્માનું દર્શન ને આત્માનું ચારિત્ર - એ અભેદ રત્નત્રયી રૂપ શુદ્ધ આત્મધર્મમાં જેમ બાધા ન પ્હોંચે, તેમ વર્તવાનો સમ્યગ્દૃષ્ટિ જીવ સતત ઉપયોગ રાખે છે. તાત્પર્ય કે જેમ અમોહ સ્વરૂપ જ્ઞાની સર્વ પરભાવને છાંડી સ્વભાવમાં વર્તવાને નિરંતર પ્રયત્નશીલ બને છે, જેમ બને તેમ આત્મા સતત શુદ્ધ ઉપયોગમાં સ્થિતિ કરે તેમ કરવા મથે છે અને એટલે જ ક્ષીર-નીર જેમ સ્વ-પરનો ભેદ-આત્મા-અનાત્માનો વિવેક જેણે કર્યો છે, એવા આ અમોહ સ્વરૂપ પરમ વિવેકી પરમહંસો શુદ્ધ માનસ-સરોવરના નિર્મલ અનુભવ-જલમાં ઝીલે છે. જીવન્મુક્તપણાની પાંખે ઊંચા ચિદાકાશને વિષે ઊડતા આ વિહગ જેવા અપ્રતિબદ્ધ સંતો દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી ક્યાંય પણ પ્રતિબંધ કરતા નથી. આત્મા સિવાયની સર્વ વસ્તુનો પ્રસંગ તે સંગ છે અને આ **'સર્વ સંગ મહાશ્રવ છે'** એવું તીર્થંકર વચન જેણે જાણ્યું છે, એવા આ શાંતમૂર્તિ **અસંગ નિર્ગ્રંથ અમોહસ્વરૂપ નિર્મમ** મહાત્માઓ સહજ આત્મસ્વરૂપમાં ગુપ્ત-સંવૃત થઈ પરમ સંવર આદરે છે અને આમ સ્વરૂપમાં સમાઈ ગયેલા આ શુદ્ધોપયોગી શ્રમણો પરમ આત્મસમાધિ અનુભવે છે. આવી **પરમ અસંગ સ્વરૂપગુપ્ત શુદ્ધોપયોગમય આત્મસમાધિ દશાસંપન્ન શ્રીમદ્ રાજચંદ્રજીના સહજ અનુભવોદ્ગાર** છે કે -

''સત્સંગનો જોગ નથી અને વીતરાગતા વિશેષ છે એટલે ક્યાંય સાતું નથી'', અર્થાત્ મન વિશ્રાંતિ પામતું નથી.

''ચિત્ત ઘણું કરીને વનમાં રહે છે. આત્મા તો પ્રાયે મુક્ત સ્વરૂપ લાગે છે.
વીતરાગપણું વિશેષ છે. વેઠની પેઠે પ્રવૃત્તિ કરીએ છૈયે.''
''સમય માત્ર પણ અપ્રમત્ત ધારાને નહિં વિસ્મરણ કરતું એવું
જે આત્માકાર મન તે વર્તમાન ઉદય પ્રમાણે પ્રવૃત્તિ કરે છે.'' -

શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૫૩, ૨૬૬, ૨૯૩) ૧૯૮, ૩૧૭, ૩૫૩

---

* **''चारित्तं खलु धम्मो धम्मो जो सो समोत्ति णिद्दिट्ठो ।**
मोहक्खोह विहीणो परिणामो अप्पणो हु सभो ॥'' - श्री 'प्रवचन सार', गा. ७

* ''स्वरूपे चरणं चारित्रं स्वसमयप्रवृत्तिरित्यर्थ । तदेव वस्तु स्वभावत्वाद्धर्मः । शुद्धचैतन्यप्रकाशनमित्यर्थ । तदेव च यथावस्थितात्मगुणत्वात्साम्यम् । साम्यं तु दर्शनचारित्रमोहनीयोदयापादितसमस्तमोहक्षोभाभावादत्यन्तनिर्विकारो जीवस्य परिणामः ।'' - **श्री अमृतचंद्राचार्यजी कृत, प्र.स. टीका, गाथा-७**

શુદ્ધ ચેતનરસ અનુભવતા અમોહસ્વરૂપ **જ્ઞાનીશ્વર અમૃતચંદ્રજી** શુદ્ધાત્માની અમૃતાનુભૂતિના સહજ અનુભવોદ્‌ગાર દર્શાવતો કળશ પ્રકાશે છે -

स्वगता

सर्वतः स्वरसनिर्भरभावं, चेतये स्वयमहं स्वमिहैकं ।
नास्ति नास्ति मम कश्चन मोहः, शुद्धचिद्‌घनमहोनिधिरस्मि ॥३०॥

સર્વતઃ સ્વરસનિર્ભર ભાવ, ચેતું એક સ્વ સ્વયં અહિં સાવ,
છે ન છે ન મુજ કોપણ મોહ, શુદ્ધ ચિદ્‌ઘન મહોનિધિ છું હું. ૩૦

અમૃત પદ-૩૦

સર્વ પ્રદેશે સ્વરસથી ભરિયો, હું ચેતન રસ દરિયો... (૨). ૧
સર્વ દિશાએ સર્વ પ્રદેશે, સ્વરસથી નિર્ભર ભરિયો,
ભાવ જેનો સ્વ સ્વયં ચેતું, હું અનુભવરસ દરિયો... સર્વ પ્રદેશે. ૨
સ્વયં સ્વને હું એક અનુભવું, દ્વૈતભાવ જ્યાં નાંહિ,
એવો નિરંતર ચેતન ચેતું, ભાવ અદ્વૈત જ જ્યાંહિ... સર્વ પ્રદેશે. ૩
છે ન છે ન મુજ કોપણ મોહ, કોઈ પ્રકારનો ક્યાંહિ,
ભગવાન્ અમૃતમય ચિદ્‌ઘનનો, મહોનિધિ છું હું આંહિ... સર્વ પ્રદેશે. ૪

અર્થ : સર્વ બાજુથી-સર્વથા સ્વરસથી નિર્ભર ભાવરૂપ એક એવા સ્વને હું અહીં સ્વયં અનુભવું છું, મ્હારો કોઈ મોહ છે નહિં - છે નહિં, હું શુદ્ધ ચિદ્‌ઘન મહોનિધિ છું.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''કોઈ બ્રહ્મરસના ભોગી, કોઈ બ્રહ્મરસના ભોગી,
જાણે કોઈ વિરલા યોગી, કોઈ બ્રહ્મરસના ભોગી.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

''અબધૂ અનુભવ કલિકા જાગી, મતિ મેરી આતમ સમરત લાગી.''

- શ્રી આનંદઘનજી, પદ-૨૩

ઉપરમાં **'આત્મખ્યાતિ'**ના ગદ્ય વિભાગમાં જે કહ્યું એના સમર્થનમાં તેની પરિપુષ્ટિ રૂપે આ શુદ્ધાત્માની અમૃતાનુભૂતિ દાખવતા ઉત્કૃષ્ટ આત્મભાવનામય કળશ પરમ **'नास्ति नास्ति मम कश्चन मोहः'** આત્મભાવનાથી અત્યંત ભાવિતાત્મા મહામુનીશ્વર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અપૂર્વ ભાવાવેશથી - સંવેગાતિશયથી લલકાર્યો છે - 'सर्वतो स्वरसनिर्भरभावं' - સર્વતઃ સ્વરસથી નિર્ભર ભાવવાળા અર્થાત્ 'સર્વતઃ' - સર્વ પ્રદેશે સર્વ તરફથી સર્વથા સ્વરસથી 'નિર્ભર' બીજું કાંઈ પણ ન ભરાય - ન સમાય એમ ઠાંસોઠાંસ ભરેલ અનવકાશ 'એક' - અદ્વિતીય - અદ્વૈત એવા સ્વને-આત્માને હું સ્વયં - પોતે ચેતું છું - વેદું છું - અનુભવું છું, 'चेतये स्वयमहं स्वमिहैकं' - જ્યાં સર્વબાજુએ સર્વપ્રદેશે સર્વપ્રકારે એક શુદ્ધ ચૈતન્યરૂપ સ્વરસ જ છે. જ્યાં સર્વ પ્રદેશે ચૈતન્ય ચૈતન્ય અને ચૈતન્ય રસ જ નિર્ભર ભર્યો છે, એવા પરમ ચૈતન્ય રસથી પરિપૂર્ણ એક આત્માને હું પોતે અનુભવી રહ્યો છું. 'नास्ति नास्ति मम कश्चन मोहः' - આવા મ્હારો કોઈ મોહ છે નહિં, છે નહિં, એમ હું પોકારીને જાહેર કરું છું. હું તો શુદ્ધ ચિદ્‌ઘન મહોનિધિ - મહાતેજો નિધિ છું - 'शुद्धचिद्‌घनमहोनिधिरस्मि' - જ્યાં

સર્વ પ્રદેશે ચેતન ચેતન ને ચેતન જ છે એવો હું* ચૈતન્યનો ઘન-ચૈતન્યઘન છું અને સર્વ તેજનો નિધિ-નિધાન એવો હું મહાતેજો નિધિ છું, પરમ જ્યોતિ સ્વરૂપ છું.

''શુદ્ધ બુદ્ધ ચૈતન્ય ઘન, સ્વયં જ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું ? કર વિચાર તો પામ.''

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૧૭

'शुद्धचिद्घनमहोनिधिरस्मि'

પરમ આત્મતત્ત્વનું જેને દર્શન - સાક્ષાત્ અનુભવન સાંપડ્યું છે, આત્મસાક્ષાત્કાર થયો છે એવા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષ ભાવે છે કે - આ કેવલ જ્ઞાન જ્યોતિ જ અબાહ્ય છે, બાકી બીજું બધું ય બાહ્ય છે, આ કેવલ જ્ઞાન જ્યોતિ જ હું છું ને તે જ મ્હારી છે, બાકી કોઈ પણ પરભાવ મ્હારો નથી. આવી દૃઢ આત્મભાવના જેને થઈ છે એવા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની સ્વસ્વરૂપમાં વિશ્રાંત થઈ, સ્વરૂપૈકનિષ્ઠ બની એવી પરમ આત્મશાંતિ અનુભવે છે, કે તે અમૃત સિંધુમાંથી તેને ક્ષણ પણ બ્હાર નીકળવું ગમતું નથી, એટલે તેના આત્માના ઊંડાણમાંથી સહજ અનુભવ ઉદ્ગાર નીકળી પડે છે - હું બધી બાજીએ સ્વ-ચેતન રસથી નિર્ભર એક આત્માને અનુભવું છું, મને કોઈ મોહ છે નહિં - છે નહિં, હું શુદ્ધ ચિદ્ઘન મહોનિધિ છું; नास्ति नास्ति मम कश्चन मोहः शुद्धचिद्घनमहोनिधिरस्मि । **અમૃતચંદ્રજીની** આ શુદ્ધાત્માની અમૃતાનુભૂતિ દાખવતી ટંકોત્કીર્ણ અમૃતવાણીનો પ્રતિધ્વનિ કરતી **પરંબ્રહ્મૈકનિષ્ઠ શ્રીમદ્ રાજચંદ્રજી**ની તેવી અમૃતાનુભૂતિમય ટંકોત્કીર્ણ અમૃત વાણી છે કે -

''પરબ્રહ્મ વિચાર તો એમને એમ રહ્યા જ કરે છે. ક્યારેક તો તે માટે આનંદકીર્ણ બહુ સ્ફુરી નીકળે છે અને કંઈની કંઈ (અભેદ) વાત સમજાય છે, પણ કોઈને કહી શકાતી નથી, અમારી એ વેદના અથાગ છે.''

''આત્મા બ્રહ્મ સમાધિમાં છે, મન વનમાં છે.''

''જે રસ જગત્નું જીવન છે, તે રસનો અનુભવ થવા પછી હરિ પ્રત્યે અતિશય લય થઈ છે.''

'''એવું જે' પરમ સત્ય તેનું અમે ધ્યાન ધરીએ છીએ.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૦૭, ૨૪૭, ૨૦૯, ૨૫૮), ૨૪૪, ૩૦૭

આત્મખ્યાતિ - एवमेव च मोहपदपरिवर्तनेन रागद्वेषक्रोधमानमायालोभकर्मनोकर्ममनोवचन-कायश्रोत्रचक्षुर्घ्राण-रसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि । अनया दिशान्यान्यप्यूह्यानि ॥३६॥

આત્મખ્યાતિ ટીકાર્થ - અને એમ જ મોહ પદના પરિવર્તનથી (પલટાવવાથી) રાગ-દ્વેષ, ક્રોધ-માન-માયા-લોભ, કર્મ-નોકર્મ, મન-વચન-કાય, શ્રોત્ર-ચક્ષુ-ઘ્રાણ-રસન-સ્પર્શન એ સોળ સૂત્રો વ્યાખ્યા કરવા યોગ્ય છે, આ દિશા પ્રમાણે બીજા પણ સમજી લેવા. ૩૬

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''પંચ વિષયમાં રાગ-દ્વેષ વિરહિતતા, પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધ વણ, વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. 'અપૂર્વ.'
ક્રોધ પ્રત્યે તો વર્ત્તે ક્રોધ સ્વભાવતા, માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની, લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો... અપૂર્વ.''

- શ્રીમદ્ રાજચંદ્રજી

---

* ''यदेव चैतन्यमहं तदेव, तदेव जानाति तदेव पश्यति ।
तदेव चैकं परमस्ति निश्चयात्, गतोस्मि भावेन तदेकतां परं ॥

-શ્રી પદ્મનંદિ પંચવિંશતિકા, એકત્વસપ્તતિ, ૬૮

આ ગાથામાં જે મોહ પદ મૂક્યું છે તેના 'પરિવર્તનથી' - પલટાવવાથી તેને સ્થાને વારાફરતી *રાગ-દ્વેષ, ક્રોધ-માન આદિ સોળ પદો મૂકી સોળ સૂત્રો સમજવા અને એ જ દિશા પ્રમાણે ઉપલક્ષણથી બીજા પણ સમજી લેવા. અર્થાત્ જેમ મોહ ભાવનો અનુભૂતિમય આત્મામાંથી પૃથક્કરણરૂપ 'વિવેકથી' પૃથક્ કર્યો - અલગ જૂદો પાડ્યો, આત્મામાંથી વિસર્જન કર્યો, તેમ રાગ-દ્વેષ-ક્રોધ-માનાદિ સોળે ભાવોને તેમજ તેવા તેવા બીજા ભાવોને પણ આત્મામાંથી પૃથક્કરણરૂપ વિવેકથી પૃથક્ કરવા - અલગ જૂદા પાડવા, આત્મામાંથી વિસર્જન કરવા અને એમ કરાય ત્યારે જ અનુભૂતિ 'શુદ્ધ' થાય અને ત્યારે જ શુદ્ધ આત્માનુભવ થાય. આમ જેને શુદ્ધ આત્માનુભવ કરવો હોય તેણે મોહ-રાગ-દ્વેષાદિ સમસ્ત વિભાવોને-અશુદ્ધ ભાવોને આત્મામાંથી વિસર્જન કરવા જોઈએ અને ત્યારે જ અને તો જ જ્યાં શુદ્ધ ચારિત્રનો અંતર્ભાવ છે એવી ખરેખરી શુદ્ધ આત્માનુભૂતિમય **'જ્ઞાનદશા'** પ્રાપ્ત થાય, નહિં તો વાણી વિલાસ માત્ર જ હોય.

''મોહ ભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહીયે જ્ઞાની દશા, બાકી કહિયે ભ્રાંત.
સકલ જગત્ તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહિયે જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન.'' - **શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૩૯-૧૪૦**

''અતીંદ્રિય ગત કોહ, વિગત માનમય મોહ,
આજ હો સોહે રે, મોહે જગ જનતા ભણીજી... વીરસેન.'' - **શ્રી દેવચંદ્રજી**

''જ્ઞાનીની પરિપક્વ અવસ્થા (દશા) થયે, સર્વ પ્રકારે રાગ-દ્વેષની નિવૃત્તિ હોય એમ અમારી માન્યતા છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૦૧), ૨૩૫**

સમ્યગ્દૃષ્ટિની શુદ્ધાત્મ ભાવના

અને ખરેખરા જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ તો મોહ-રાગ-દ્વેષ-વિષય-કષાયાદિ પરભાવ - વિભાવોને આત્મામાંથી વિસર્જન કરવા-પૃથક્કરણ કરવા ઈચ્છતા ધ્યાવે છે કે - હું દેહાદિથી ભિન્ન એવો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા છું. 'આ મ્હારા* સ્વરૂપથી ચ્યુત થઈ હું ઈંદ્રિયદ્વારોથી વિષયોમાં પતિત-પડી ગયો હતો. તે વિષયોને પામીને 'હું' એમ મને મેં પૂર્વે તત્ત્વથી ઓળખ્યો નહિં ! જે અગ્રાહ્યને ગ્રહતું નથી ને ગ્રહેલને મૂકતું નથી, જે સર્વથા સર્વ જાણે છે, એક સ્વસંવેદ્ય તે 'તત્' હું છું. તત્ત્વથી બોધાત્મા-બોધ સ્વરૂપ એવા મને સમ્યક્પણે પેખતાં, રાગાદિ અત્રે જ ક્ષીણ થાય છે, તેથી કોઈ મ્હારો શત્રુ નથી, કે કોઈ મ્હારો પ્રિય મિત્ર નથી. મને નહિં દેખતો એવો આ લોક નથી મ્હારો શત્રુ નથી મ્હારો મિત્ર.' આમ બહિરાત્માને ત્યજી અંતરાત્મામાં વ્યવસ્થિત થયેલો જ્ઞાની પુરુષ ભાવે છે કે - 'જે પરમાત્મા છે તે હું છું, ને જે હું છું તે પરમ છું. તેથી હું જ મ્હારાથી ઉપાસ્ય છું, અન્ય કોઈ નહિં એમ સ્થિતિ છે. વિષયોમાંથી મને પ્રચ્યુત કરાવી, મ્હારાથી જ મ્હારામાં સ્થિત એવા પરમાનંદમય બોધાત્માને હું પ્રપન્ન થયેલો છું, શરણ પ્રાપ્ત થયેલો છું.' આમ શુદ્ધ આત્મભાવનાના પરિભાવનથી જેને દર્શનમોહનો ક્ષય ઉપજ્યો છે એવા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને, દેહથી ભિન્ન એવા કેવલ શુદ્ધ ચૈતન્યનું આત્માનુભવમય જ્ઞાન જ્યાં વર્તે છે એવો પરમ સૂક્ષ્મબોધ ઉપજે છે અને એટલે જ તેને તે શુદ્ધ સ્વરૂપનું એવું ધ્યાન વર્તે છે કે તે ચારિત્રમોહને

* ''હેયશ્ચ કર્મ રાગાદિ તત્કાર્યશ્ચ વિવેકિનઃ ।
ઉપાદેયં પરં જ્યોતિરુપયોગૈકલક્ષણમ્ ॥'' - પદ્મનંદિ પં. એકત્વસપ્તતિ, ૭૫

* ''મત્તશ્ચ્યુત્વેન્દ્રિયદ્વારૈઃ પતિતો વિષયેષ્વહમ્ । તાન્પ્રપદ્યાહમિતિ માં પુરા વેદ ન તત્ત્વતઃ ॥
યદ ગ્રાહ્યં ન ગૃહ્ણાતિ ગૃહીતં નાપિ મુઞ્ચતિ । જાનાતિ સર્વથા સર્વં તત્સ્વસંવેદ્યમસ્મ્યહં ॥
ક્ષીયન્તેઽત્રૈવ રાગાદ્યાસ્તત્ત્વતો માં પ્રપશ્યતઃ । બોધાત્માનં ततः કશ્ચિન્ન મે શત્રુર્ન ચ પ્રિયઃ
મામપશ્યન્નયં લોકો ન મે શત્રુર્ન ચ પ્રિયઃ । માં પ્રપશ્યન્નયં લોકો ન મે શત્રુર્ન ચ પ્રિયઃ ॥
યઃ પરાત્મા સ એવાહં યોઽહં સ પરમસ્ततઃ । અહમેવ મયોપાસ્યો નાન્યઃ કશ્ચિદિતિ સ્થિતિ ॥
પ્રચ્યાવ્ય વિષયેભ્યોઽહં માં મયૈવ મયિ સ્થિતમ્ । બોધાત્માનં પ્રપન્નોઽસ્મિ પરમાનન્દનિર્વૃતમ્ ॥'' - 'સમાધિ શતક'

પ્રક્ષીણ-અત્યંત ક્ષીણ કરવા ભણી અપૂર્વ આત્મવીર્યોલ્લાસથી પ્રવર્તે છે અને તે કેવા પ્રકારે ? તેનું અપૂર્વ દર્શન અપૂર્વ ભાવથી સંગીત કરેલા **'અપૂર્વ અવસર'** નામક અપૂર્વ કાવ્યમાં પરમ ભાવિતાત્મા **શ્રીમદ્ રાજચંદ્રજીએ** કરાવ્યું છે. જેમકે -

''આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની, મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરિષહ કે ઉપસર્ગ તયે કરી, આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો... અપૂર્વ.
સંયમના હેતુથી યોગ પ્રવર્તના, સ્વરૂપ લક્ષે જિન આજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં, અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો... અપૂર્વ.
પંચ વિષયમાં રાગ દ્વેષ વિરહિતતા, પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધ વણ, વિચરવું ઉદયાધીન પણ વીત લોભ જો... અપૂર્વ.
ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધ સ્વભાવતા, માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની, લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો... અપૂર્વ.
બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં, વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં, લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો... અપૂર્વ.
નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા, અદંત ધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં, દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો... અપૂર્વ.
શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા, માન અમાને વર્તે તેજ સ્વભાવ જો;
જીવિત, કે મરણે નહીં ન્યૂનાધિકતા, ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો... અપૂર્વ.
એકાકી વિચરતો વળી શ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો... અપૂર્વ.
ઘોર તપશ્ચર્યામાં પણ મનને તેપ નહીં, સરસ અન્ને નહીં મનને પ્રસન્ન ભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનકિ દેવની, સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો... અપૂર્વ
એમ પરાજય કરીને ચારિત્ર મોહનો, આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપક તણી કરીને આરૂઢતા, અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો... અપૂર્વ.

- શ્રીમદ્ રાજચંદ્રજી

અર્થાત્ તાત્પર્ય કે -

'અપૂર્વ અવસર' : નિર્ગ્રંથનો પરમ આદર્શ

'દેહથી ભિન્ન એવા કેવલ ચૈતન્યમૂર્તિ આત્માનું અનુભવ જ્ઞાન જેને ઉપજ્યું છે, એવા આ જ્ઞાની મુનીશ્વર દર્શનમોહરૂપ મહા મિથ્યાત્વગ્રંથિને છેદી નાંખી, ચારિત્રમોહના ક્ષય ભણી પરમ શૂરવીરપણે સર્વાત્માથી પ્રવર્ત્યા હોય છે. એક શુદ્ધ આત્મા સિવાય બીજું કાંઈપણ પરમાણુ માત્ર પણ મ્હારૂં નથી એવો અખંડ નિશ્ચય થયો હોવાથી, આ મહાત્માને આત્મા સિવાય અન્ય સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ રૂપ પરમ વૈરાગ્ય વર્ત્તે છે. આ નિઃસાર દેહમાંથી પણ પરમાર્થરૂપ સાર કાઢી લેવાને ઈચ્છતા આ શાંતમૂર્તિ સંતનો દેહ પણ માત્ર આત્મસંયમના હેતુએ જ હોય છે, બીજા કોઈ પણ કારણે તેને કાંઈ પણ કલ્પતું નથી. ** આત્મસ્વરૂપના તેજથી પ્રતપતા આ વીર તપસ્વીને પોતાના દેહમાં પણ કિંચિત્ માત્ર મમત્વરૂપ મૂર્ચ્છા હોતી નથી, તો પછી ઉપકરણાદિમાં તો ક્યાંથી હોય ?

'નિરંતર સ્વાધ્યાય-ધ્યાનમાં નિમગ્ન આ યોગી પુરુષ મન-વચન-કાયાના યોગને જેમ બને તેમ સંક્ષિપ્ત કરે છે અને તે ત્રણે સંક્ષિપ્ત યોગની યાવજ્જીવ આત્માને વિષે એવી સ્થિરતા કરે છે, કે ગમે તેવા ઘોર પરીષહ કે ઉપસર્ગના ભયથી તે ક્ષોભ પામતી નથી. આ સંક્ષિપ્ત યોગની ક્વચિત્ પ્રવૃત્તિ કરવી પડે, તે આ સંયમી પુરુષ માત્ર આત્મસંયમના હેતુથી જ સમ્યક્પણે કરે છે અને તે પણ નિજ

સ્વરૂપનો નિરંતર લક્ષ રાખીને તથા જિનદેવની આજ્ઞાને આધીનપણે રહીને - નહિં કે સ્વચ્છંદે કે સ્વરૂપનો લક્ષ ચૂકીને. આત્મારામી મુનિની આ સંક્ષિપ્ત પ્રવૃત્તિ પણ ક્ષણે ક્ષણે ઘટતી જાય છે અને છેવટે નિજ સ્વરૂપને વિષે લીન થાય છે. આવા પંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત આ સ્વરૂપગુપ્ત સંતો પંચ મહાવ્રતની દૃઢ પ્રતિજ્ઞા લઈ તેના પરિપાલનમાં નિરંતર ઉદ્યુક્ત રહે છે. પંચ ઈંદ્રિયના વિષયમાં એને રાગ-દ્વેષ રૂપ ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ હોતી નથી. પંચ પ્રમાદથી એના મનને ક્ષોભ ઉપજતો નથી અને દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી ક્યાંય પણ પ્રતિબંધ કર્યા વિના એ પ્રારબ્ધ ઉદયને આધીન થઈને નિર્લોભપણે વિચરે છે.

આ ક્ષમાશ્રમણો કદી ક્રોધ કરે તો ક્રોધ પ્રત્યે જ ક્રોધ કરે છે, માન કરે તો દીનપણાનું માન કરે છે, માયા કરે તો સાક્ષી રૂપ દૃષ્ટાભાવની માયા કરે છે અને લોભ કરે તો અલોભનો લોભ કરે છે ! કોઈ બહુ ઉપસર્ગ કરે તો તેના પ્રત્યે આ ક્ષમામૂર્ત્તિ કોપતા નથી, ચક્રવર્તી આવીને વંદન કરે તો પણ એમનામાં માન ગોત્યું જડતું નથી, દેહ છૂટી જાય તો પણ એમના રોમમાં પણ માયા ઉપજતી નથી, મોટી લબ્ધિ સિદ્ધિ પ્રગટે તો પણ એમને લોભનો અંશ પણ સ્પર્શતો નથી. આમ સન્માર્ગની દીક્ષા પામેલા આ સંતોએ શિરોમુંડન કરવા સાથે જ કષાયોનું મુંડન કરી નાંખ્યુ હોય છે, અચેલકપણું ધરવા સાથે જ સર્વ પરભાવ-વિભાવથી વર્જિત એવું આત્મમગ્નતારૂપ ભાવ નગ્નપણું દાખવ્યું હોય છે, યાવજ્જીવ અસ્નાનપણું ભજવા સાથે જ નિરંતર જ્ઞાનગંગામાં નિમજ્જન કરવારૂપ પરમ શુચિ સ્નાતકપણું સેવ્યું હોય છે, અગારવાસ ત્યજવા સાથે જ વેષ વિભૂષા કે શરીરની ટાપટીપરૂપ પરિકર્મ વર્જ્યું હોય છે.

'સદા સામાયિક ભાવમાં વર્તતા આ શુદ્ધોપયોગવંત શ્રમણને શત્રુ-મિત્રમાં, માન-અપમાનમાં, જીવિત-મરણમાં, કે ભવ-મોક્ષમાં સર્વજ્ઞ શુદ્ધ સમભાવ વર્તે છે. આવા નિરંતર આત્મસમાધિમાં સ્થિત આ અવધૂત એકાકીપણે ભયાનક સ્મશાનને વિષે વિચરતા હોય, કે જ્યાં વાઘ-સિંહનો ભેટો થાય છે એવા પર્વતમાં વિચરતા હોય, તો પણ એમનું આત્મામાં સમવસ્થાન રૂપ આસન અડોલ રહે છે ને મનમાં કોઈ પણ પ્રકારનો ક્ષોભ ઉપજતો નથી. આમ જેણે દ્રવ્ય-ભાવ સંયમમય નિર્ગ્રંથપણું સિદ્ધ કર્યું છે, એવા આ આત્મજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ વીતરાગ મુનીશ્વર, દેહ છતાં દેહાતીત જીવન્મુક્ત દશાએ, આ અવનિતલને પાવન કરતા વિચરે છે.' - **પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા, પાઠ-૪ (ડૉ. ભગવાનદાસ કૃત)**

હવે જ્ઞેયભાવનો વિવેક પ્રકાર કહે છે -

णत्थि मम धम्मआदी बुज्झदि उवओग एव अहमिक्को ।

तं धम्मणिम्ममत्तं समयस्स वियाणया बिंति ॥३७॥

નથી મુજ ધર્માદિ - જણાય છે રે, ઉપયોગ જ હું એક;

તે ધર્મ નિર્મમત્વ કહે રે, સમય વિજ્ઞાયક છેક... રે આત્મન્ ! વંદો સમયસાર. ૩૭

ગાથાર્થ : ધર્મ આદિ મ્હારો છે નહિં, ઉપયોગ જ જણાય છે, હું એક છું, તેને ધર્મનિર્મમત્વ સમયના વિજ્ઞાયકો વિશેષ જાણકારો કહે છે. ૩૭

आत्मख्याति टीका

अथ ज्ञेयभावविवेकप्रकारमाह -

नास्ति मम धर्मादिर्बुध्यते उपयोग एवाहमेकः ।

तं धर्मनिर्ममत्वं समयस्य विज्ञायका विंदंति ॥३७॥

अमूनि हि **धर्माधर्माकाशकालपुद्गलजीवांतराणि** स्वरसविज्जृंभितानिवारितप्रसरविश्व-घस्मरप्रचंडचिन्मात्रशक्तिकवलिततयात्यंतमंतर्मग्नानीवात्मनि प्रकाशमानानि टंकोत्कीर्णैकज्ञायकस्वभावत्वेन तत्त्वतोंतस्तत्त्वस्य तदतिरिक्तस्वभावतया तत्त्वतो बहिस्तत्त्वरूपतां परित्यक्तुमशक्यत्वा**न्न नाम मम संति ।** किं चैतत् - स्वयमेव नित्यमे**वोपयुक्त**स्तत्त्वत एव एकमनाकुलमात्मानं कलयन् भगवान**त्मैवावबुध्यते ।**

यत्किला**हं** खल्वे**कः** ततः संवेद्यसंवेदकभावमात्रोपजातेतरेतरसंवलनेपि परिस्फुटस्वादमानस्वभावभेदतया **धर्मा**धर्माकाशकालपुद्गलजीवांतराणि **प्रति निर्ममत्वोस्मि** । सर्वदैवात्मैकत्वगतत्वेन **समयस्यैवमेव स्थितत्वात्,** इतीत्थं ज्ञेयभावविवेको भूतः ॥३७॥

आत्मभावना -

अथ ज्ञेयभावविवेकप्रकारमाह - હવે જ્ઞેયભાવના વિવેકનો પ્રકાર કહે છે - नास्ति मम धर्मादि - ધર્મ આદિ મ્હારો છે નહિં, बुध्यते उपयोग एव - ઉપયોગ જ જણાય છે, अहमेकः - હું એક છું, तं धर्मनिर्ममत्वं - તેને ધર્મનિર્મમત્વ समयस्य विज्ञायका विंदंति - સમયના વિજ્ઞાયકો વિશેષ જાણકારો જાણે છે. ॥ इति **गाथा** आत्मभावना ॥३७॥

अमूनि हि धर्माधर्माकाशकालपुद्गलजीवांतराणि न नाम मम संति - આ સ્ફુટ ધર્મ-અધર્મ-આકાશ-કાલ-પુદ્ગલ-જીવાંતરો ખરેખર ! મ્હારા છે નહિં. કેવા છે આ ધર્માદિ ? अन्तर्मग्नानीवात्मनि प्रकाशमानानि - જાણે અંતર્મગ્ન - અંદરમાં ડૂબેલ હોય એમ આત્મામાં પ્રકાશમાન - એમ શાથી ? चिन्मात्रशक्तिकवलिततया - ચિન્માત્ર શક્તિથી કવલિતતાએ કરીને - કોળીઓ કરાઈ ગયાપણાએ કરીને. કેવી છે આ ચિન્માત્ર શક્તિ ? स्वरसविज्जृंभितानिवारितप्रसरविश्वघस्मरप्रचंड - સ્વરસથી વિજૃંભિત - ઉલ્લસિત (અત એવ) અનિવારિત પ્રસરવાળી - ફેલાવાવાળી (અત એવ) 'વિશ્વ ઘસ્મર' - વિશ્વ ગ્રાસી - વિશ્વને ખાઈ જતી એવી પ્રચંડ. આમ આવી પ્રચંડ ચિત્ શક્તિથી આત્મામાં જાણે અંતર્મગ્ન હોય એમ પ્રકાશમાન છતાં આ ધર્માદિ મ્હારા કેમ છે નહિં ? तत्त्वतोंतस्तत्त्वस्य तदतिरिक्त-स्वभावतया तत्त्वतो बहिस्तत्त्वरूपतां परित्यक्तुमशक्यत्वात् - તત્ત્વથી અંતસ્તત્ત્વની તેનાથી અતિરિક્ત-ભિન્ન સ્વભાવતાએ કરીને બહિસ્તત્ત્વરૂપતા પરિત્યજવાનું અશક્યપણું છે માટે. એમ શાથી ? टंकोत्कीर्णैकज्ञायकस्वभावत्वेन - ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવપણાએ કરીને. ત્યારે મ્હારું છે શું ? પણ આ છે -

भगवान् आत्मैव अवबुध्यते - ભગવાન્ આત્મા જ અવબોધાય છે, 'अव' - વસ્તુમર્યાદાથી બોધાય છે - જણાય છે, અનુભવાય છે. કેવો છે આ આત્મા ? स्वयमेव नित्यमेवोपुक्तः - स्वयमेव नित्यमेव उपभुक्त - ઉપયોગ યુક્ત

આત્મખ્યાતિ ટીકાર્થ

સ્વરસથી વિજૃંભિત અનિવારિત પ્રસરવાળી વિશ્વઘસ્મર (વિશ્વ ગ્રાસી) પ્રચંડ ચિન્માત્ર શક્તિ વડે કવલિતપણાએ કરીને જાણે અત્યંત અંતર્મગ્ન હોય એમ આત્મામાં પ્રકાશમાન એવા આ **ધર્મ-અધર્મ-આકાશ-કાલ-પુદ્ગલ-જીવાંતરો-ખરેખર ! મ્હારા છે જ નહિં,**

ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવપણાએ કરીને તત્ત્વથી અંતસ્તત્ત્વની તદતિરિક્ત સ્વભાવતાથી તે ધર્માદિનું તત્ત્વથી બહિસ્તત્ત્વરૂપતા પરિત્યજવાનું અશક્યપણું છે માટે.

પણ આ છે કે - સ્વયમેવ નિત્યમેવ **ઉપયુક્ત** (ઉપયોગવંત) એવો તત્ત્વથી જ એક અનાકુલ આત્માને અનુભવતો ભગવાન્ **આત્મા જ અવબોધાય છે** (જણાય છે).

કારણકે પ્રગટપણે **હું નિશ્ચયથી એક છું,** તેથી સંવેદ્ય-સંવેદક ભાવ માત્રથી ઉપજેલ ઈતરેતર સંવલનમાં (એકબીજા સાથે અન્યોન્ય ઓતપ્રોત સંમિશ્રણમાં) પણ પરિસ્ફુટ સ્વદાતી સ્વાદભેદતાએ કરીને **ધર્મ-અધર્મ-આકાશ-કાલ-પુદ્ગલ-જીવાંતરો પ્રતિ હું નિર્મમત્વ છું,** - સર્વદા જ આત્મ એકત્વગતપણે સમયનું એમ જ સ્થિતપણું છે માટે.

એવા પ્રકારે આમ જ્ઞેયભાવનો વિવેક થઈ ગયો. ॥૩૭॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વ્રત, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તપ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ નિયમ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ લબ્ધિ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઐશ્વર્ય એ જેમાં સહેજે શમાય છે એવા નિરપેક્ષ અવિષમ ઉપયોગને નમસ્કાર.'' એ જ ધ્યાન.

''પ્રત્યેકે પ્રત્યેક પદાર્થનો અત્યંત વિવેક કરી આ જીવને તેનાથી વ્યાવૃત્ત કરવો એમ નિર્ગ્રંથ કહે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૨૯, પ૯ (હાથનોંધ)**

''જિણે વિવેક ધરિયે પખ ગહિયે, તત્ત જ્ઞાની તે કહિયે.''

- શ્રી આનંદઘનજી (મુનિસુવ્રત જિન સ્તવન)

જ્ઞેયભાવના* વિવેકનો - પૃથગ્ભાવનો પ્રકાર અત્રે દર્શાવ્યો છે. ધર્મ આદિ મ્હારા છે નહિં, ઉપયોગ જ જણાય છે, હું એક છું, તેને **'ધર્મ નિર્મમત્વ'** - ધર્મનું નિર્મમપણું જેને છે એવો સમયના - આત્માના અથવા આગમતા - વિજ્ઞાયકો - વિશેષ જાણકારો કહે છે. આ ગાથાના ભાવને પરમતત્ત્વદૃષ્ટા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અનન્ય લાક્ષણિક પરમ તત્ત્વગંભીર શૈલીથી થોડા પણ મહાગ્રંથાર્થ ગંભીર સૂત્રાત્મક શબ્દોમાં નિષ્ણુષપણે વિવરી દેખાડ્યો છે : આ સ્ફુટપણે ધર્મ-અધર્મ-આકાશ-કાલ-પુદ્ગલ-જીવાંતરો ખરેખર ! નિશ્ચયે કરીને મ્હારા છે નહિં. કેવા છે આ ધર્માદિ ? જાણે અંતર્મગ્ન-અંદરમાં ડૂબેલ હોય એમ

ઉપયોગવંત. ઉપયુક્ત સતો તે શું કરે છે ? तत्त्वत एवैकमनाकुलमात्मानं कलयन् - તત્ત્વથી જ એક - અદ્વિતીય - દ્વિતીય - બીજો ભાવ જ્યો નથી એવા અદ્વૈત - અનાકુલ આત્માને કળતો - અનુભવતો એવો છે.

यत्किलाहं खल्वेकः - કારણકે સ્ફુટપણે હું ખરેખર ! નિશ્ચયથી એક - અદ્વિતીય - અદ્વૈત છું, ततः - તેથી, धर्माधर्माकाशकालपुद्गलजीवांतराणि प्रति - ધર્મ-અધર્મ-આકાશ-કાલ-પુદ્ગલ-જીવાંતરો પ્રતિ निर्ममत्वोऽस्मि - હું નિર્મમત્વ-છું. શાથી કરીને ? संवेद्यसंवेदकभावमात्रोपजातेतरेतरसंवलनेपि - સંવેદ્ય-સંવેદકભાવ માત્રથી ઉપજેલ ઈતરેતર - એક બીજા સાથે અન્યોન્ય - સંવલન - સંમિશ્રણ - સેળભેળ છતાં परिस्फुटस्वदमानत्स्वभावभेदतया - પરિસ્ફુટ સ્વદાતી સ્વભાવભેદકતાએ કરીને. એમ નિર્મમત્વ શાને લીધે ? सर्वदैवात्मैकत्वगतत्वेन समयस्यैवमेव स्थितत्वात् - સર્વદા જ આત્મૈકગતપણાએ કરીને સમયના એમ જ સ્થિતપણાને લીધે. इतीत्थं ज्ञेय भाव विवेकः भूतः* - એમ એવા પ્રકારે જ્ઞેયભાવ વિવેક થઈ ગયો. ॥ इति **'आत्मख्याति'** टीका आत्मभावना (પ્રસ્તુત ગાથા) ॥૩૭॥

---

* **''विदचिद् द्वे परे तत्त्वे, विवेकस्तद्विवेचनम् ।**
उपादेयमुपादेयं हेयं हेयञ्च कुर्वतः ॥'' - શ્રી પદ્મનંદિ પં. વિ. એકત્વસપ્તતિ, ૭૩

આત્મામાં પ્રકાશમાન-પ્રકાશી રહેલા. એમ શાથી ? ચિન્માત્ર-શક્તિથી કવલિતતાએ કરીને-કોળીઓ કરાઈ ગયાપણાએ કરીને. કેવી છે આ ચિન્માત્ર શક્તિ ? સ્વરસથી 'વિજૃંભિત' - ઉલ્લસિત થયેલી, અત એવ 'અનિવારિત પ્રસરવાળી' - નહિં નિવારાયેલ ફેલાવાવાળી, અત એવ 'વિશ્વઘસ્મર' - વિશ્વગ્રાસી - વિશ્વને 'સ્વાહા' કરતી - ભરખી જતી એવી પ્રચંડ - ચંડ - ઉગ્ર. આમ આવી પ્રચંડ ચિત્શક્તિથી આત્મામાં જાણે અંતર્મગ્ન હોય એમ પ્રકાશમાન છતાં આ ધર્માદિ મ્હારા કેમ છે નહિં ? તેઓનું - તે ધર્માદિનું બહિસ્તત્ત્વરૂપતા પરિત્યજવાનું અશક્યપણું છે માટે. એમ શાથી ? ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવપણાએ કરીને તત્ત્વથી અંતસ્તત્ત્વની - આત્મતત્ત્વની 'તદતિરિક્ત' - તે ધર્માદિથી અતિરિક્ત - ભિન્ન સ્વભાવતાએ કરીને. ત્યારે છે શું ? પણ આ છે - ભગવાન આત્મા જ અવબોધાય છે - જણાય છે. કેવો છે આ ભગવાન્ આત્મા ? સ્વયમેવ નિત્યમેવ ઉપયુક્ત - ઉપયોગ યુક્ત - ઉપયોગવંત. ઉપયુક્ત સતો તે શું કરી રહેલો છે ? તત્ત્વથી જ એક-અદ્વિતીય અનાકુલ આત્માને કળતો-કળી રહેલો - અનુભવી રહેલો છે. કારણકે સ્ફુટપણે હું ખરેખર ! નિશ્ચયથી એક-અદ્વિતીય-અદ્વૈત છું, તેથી ધર્મ-અધર્મ-આકાશ-કાલ-પુદ્ગલ-જીવાંતરો પ્રતિ હું નિર્મમત્વ છું - મમત્વરહિત છું. શાથી કરીને ? સંવેદ્ય - સંવેદકભાવ માત્રથી ઉપજેલ ઈતરેતર-અરસ્પરસ અન્યોન્ય ઓતપ્રોત ગાઢ - સંમિશ્રણ છતાં પરિસ્ફુટ સ્વદમાન - સ્વાદાઈ રહેલ સ્વભાવ ભેદતાએ કરીને, એમ નિર્મમત્વ શાને લીધે ? સર્વદા જ આત્મૈકત્વગતપણાએ કરીને સમયના એમ જ સ્થિતપણાને લીધે. એમ આવા પ્રકારે જ્ઞેય ભાવનો વિવેક-વિવેચન-પૃથગ્ ભાવ થઈ ગયો હતો. હવે 'આત્મખ્યાતિ' કર્તા આચાર્યજીની આ પરમાર્થગંભીર વ્યાખ્યાની વિશદ વિચારણા કરીએ :

જ્ઞેયભાવનો વિવેક પ્રકાર

ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ અને જીવાંતરો-અન્ય જીવો આ બધા જ્ઞેય પદાર્થો છે. તે "चिन्मात्रशक्तिकवलिततया' - ચિન્માત્ર શક્તિથી કવલ-કોળીઓ કરાઈ ગયાપણાએ કરીને જાણે જ્ઞાયક એવા આત્મામાં અત્યંત 'અંતર્મગ્ન' હોયની - અંદરમાં ડૂબી ગયેલા હોયની, એમ આત્મામાં પ્રકાશમાન છે - પ્રકાશી રહેલા છે - 'अत्यंतमंतर्मग्नानीव आत्मनि प्रकाशमानानि' - કારણકે ચૈતન્ય શક્તિ સ્વરસથી - આપોઆપ જ - 'આકૂડી આકૂડી' ચૈતન્યરસથી 'વિજૃંભિત' - ઉલ્લાસાયમાન થયેલી છે, 'स्वरसविजृंभितं' - એટલે જ તેનો 'પ્રસર' - ફેલાવો અનિવારિત છે - 'अनिवारित प्रसर' - કોઈથી નિવારીયેલો એવો નથી, અર્થાત્ જાણવું એ તેનો સ્વભાવ હોવાથી, નિવાર્યો નિવારાય એમ નથી કોઈથી રોક્યો રોકાય એમ નથી અને એટલે જ આવી જ્ઞાયક ચિત્શક્તિ એવી 'प्रचंड' - પ્રચંડ-પ્રકૃષ્ટ ચંડ - ઉગ્ર છે કે 'विश्वघस्मर' - 'विश्वघस्मर' - છે, આખા વિશ્વને 'સ્વાહા' ખાઈ જાય એવી, ગ્રાસ-કોળીઓ કરી જાય એવી છે, અર્થાત્ આખા જ્ઞેય વિશ્વને એ જ્ઞાયક ચિત્શક્તિ એક કોળીઓ કરી જાય એવી ખાઉધરી છે ! આવી પ્રચંડ ચૈતન્યશક્તિ વડે કરીને કોળીઓ કરાયેલા આ વિશ્વના અંગભૂત આ ધર્માદિ જાણે આત્મામાં અંતર્મગ્ન હોયની ! એમ આત્મામાં પ્રકાશી રહેલા છે, પણ તે ખરેખર ! નિશ્ચયે કરીને મ્હારા છે જ નહિં, 'न नाम मम संति' ।

કારણકે - 'टंकोत्कीर्णैकज्ञायकस्वभावत्वेन' - ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવપણાએ કરીને, 'ટંકોત્કીર્ણ' - ટાંકણાથી, શિલામાં ઉત્કીર્ણ - કોતરેલ અક્ષરની જેમ અથવા રત્નમાં ટાંકણાથી ઉત્કીર્ણ-કોતરેલ અક્ષરની જેમ કોઈ કાળે ન ચળે એવો અચળ અક્ષર જે જ્ઞાયક સ્વભાવ છે તેના વડે કરીને તત્ત્વથી અંતસ્તત્ત્વ રૂપ - 'तत्त्वतोंतस्तत्त्वस्य' - આ આત્માનું તે ધર્માદિથી અતિરિક્ત સ્વભાવપણું છે, ભિન્ન-પૃથક્ સ્વભાવપણું છે, 'तदतिरिक्तस्वभावतया', અર્થાત્ તે તે ધર્માદિ આત્મામાં ભલે પ્રકાશે છે, પણ તેમાં **'અંતસ્તત્ત્વ'** - અંદરનું અંતર્ગત 'प्रत्यग्' - તત્ત્વ તો આત્મા જ છે અને તે જ્ઞાયક સ્વભાવે કરીને તે જ્ઞેય એવા ધર્માદિથી તત્ત્વથી પ્રગટ ભિન્ન છે, અતિરિક્ત છે, જૂદું જ તરી આવે છે અને તે ધર્માદિનું તો તત્ત્વથી બહિસ્તત્વરૂપતા પરિત્યજવાનું અશક્યપણું છે, 'तत्त्वतो बहिस्तत्त्वरूपतां परित्यक्तुमशक्यत्वात्'. - અર્થાત્

તે ધર્માદિ તત્ત્વથી **બહિસ્ તત્ત્વરૂપ** જ - આત્માથી બાહ્ય બહિરૂગત (પરાગ) તત્ત્વ રૂપ જ છે. અંતસ્તત્ત્વ રૂપ નથી, એટલે તે ધર્માદિ આત્માના પોતાના અંતરૂગત તત્ત્વરૂપ નથી, પણ બાહ્ય જ્ઞેયપણે આગંતુક ભાવો છે, એટલે તે ધર્માદિ આત્મબાહ્ય ભાવો નિશ્ચયથી મ્હારા નથી જ.

કિંતુ આ છે - આ વસ્તુ ચોક્કસ નિશ્ચિત છે કે - 'स्वयमेव नित्यमेवोपयुक्तः' - સ્વયમેવ નિત્ય જ 'ઉપયુક્ત' - ઉપયોગવંત એવો, 'तत्त्वतः एकमनाकुलमात्मानं कलयन् - તત્ત્વથી એક અનાકુલ એવા આત્માને કળતો - અનુભવતો **ભગવાન આત્મા જ** અવબોધાય છે - જણાય છે - 'भगवान् आत्मैव अवबुध्यते', 'अव' - વસ્તુ સ્વરૂપ મર્યાદાથી - સ્વસમય મર્યાદાથી બોધાય છે - અનુભવાય છે - સમજાય છે. હું જાણપણા રૂપ ઉપયોગથી સદાય યુક્ત છું, અર્થાત્ સદાય જ્ઞાયક સ્વભાવ છું અને અન્ય કોઈ પણ ભાવથી આકુલ નહિં એવો અનાકુલ એક - જ્યાં દ્વિતીય - બીજો નથી એવો અદ્વિતીય - અદ્વૈત છું. આવા સદા જ્ઞાન ઉપયોગવંત એક અનાકુલ આત્માને સ્વયં - આત્માથી જ અનુભવી રહેલો **હું ભગવાન્** - દિવ્ય જ્ઞાનાદિ સમગ્ર સંપૂર્ણ ઐશ્વર્ય સંપન્ન **આત્મા જ** છું, (અને તે જ મ્હારો છે.) હું **આત્મા જ** દિવ્ય જ્ઞાનાદિ પરમૈશ્વર્ય સંપન્ન **ભગવાન્** હોઈ પરમ પૂજ્ય, પરમ આરાધ્ય, પરમ ઉપાસ્ય, ઈષ્ટદેવ પરમેશ્વર છું, પરમાત્મા છું.

કારણકે - 'यत् किलाहं खल्वेकः' - પ્રગટપણે નિશ્ચયથી હું એક છું, તેથી હું ધર્મ-અધર્મ-આકાશ-કાલ-પુદ્ગલ અને અન્ય જીવો પ્રત્યે નિર્મમત્વ છું, મમત્વ રહિત છું, 'निर्ममत्वोस्मि'.

હું એક છું : ધર્માદિ પ્રત્યે નિર્મમત્વ છું

એમ શાથી ? 'संवेद्यसंवेदकभावमात्रोपजातेतरेतरसंवलनेपि' । સંવેદ્ય-સંવેદક ભાવમાત્રથી ઉપજેલ અન્યોન્ય 'સંવલન'માં - ઓતપ્રોતપણું - ગાઢ સંમિશ્રણમાં છતાં પણ (તે બધાની) પરિસ્ફુટ - સર્વથા સ્ફુટ એ સ્વદાઈ રહેલ સ્વભાવ ભેદતાએ કરીને, જણાય છે - 'परिस्फुटस्वदमानस्वादभेदतया' - અર્થાત્ ધર્માદિ **'સંવેદ્ય'** - સંવેદન થવા યોગ્ય - અનુભવમાં આવવા યોગ્ય એવા જ્ઞેયભાવો છે અને આત્મા **'સંવેદક'** - સંવેદનારો - સંવેદન - અનુભવન કરનારો - અનુભવનારો એવો એક જ્ઞાયક ભાવ છે. આમ **સંવેદ્ય - સંવેદક ભાવથી** - જ્ઞેય-જ્ઞાયક ભાવથી તેઓનું એકબીજા સાથે તાણાવાણા જેવું અત્યંત ગાઢ સંમિશ્રપણું - સંવલન છે, છતાં તે બધાયનો પરિસ્ફુટ સ્વાદભેદ જણાય છે, અર્થાત્ આ જ્ઞેય પરભાવો છે અને આ જ્ઞાયક આત્મભાવ છે, એમ પ્રગટ અનુભવાસ્વાદ ભેદ જણાય છે : અર્થાત્ નિજ આત્માનો અનુભવ રસાસ્વાદ એ બધાયથી પ્રત્યક્ષ જૂદો પડે છે. એટલે જ્ઞેય-જ્ઞાયક સંબંધ છતાં જ્ઞાયક એવો હું નિશ્ચયથી એક હોઈ આ અનેક જ્ઞેય એવા ધર્માદિ પ્રત્યે નિર્મમત્વ છું, એ સર્વમાંથી મ્હારૂં મમત્વ-મ્હારાપણું *નિવૃત્ત થયું છે. આમ આ ધર્માદિ કોઈ પણ મ્હારા નથી જ એવો મને અખંડ નિશ્ચય છે.

સમયનું સર્વદા જ આત્મૈકત્વ ગતપણે સ્થિતપણું

કારણકે - 'सर्वदैवात्मैकत्व गतत्वेन' - સદાય આત્મ એકત્વગતપણાએ કરી સમયનું એમજ સ્થિતપણું છે, 'समयस्य एवमेव स्थितत्वात्' - અર્થાત્ પ્રત્યેક સમય (આત્માપદાર્થ) - આત્માના - પોતાના એકત્વગતપણે જ સ્થિત હોય છે, કોઈ સમયે કોઈ સમય કોઈ અન્ય સમયમાં અનુપ્રવેશ કરી શકતો નથી, પ્રત્યેક સમય પોતપોતાની સમય મર્યાદામાં એક અદ્વૈતપણે જ સદા સ્થિતિ કરે છે. આ ત્રિકાલાબાધિત અખંડ નિશ્ચય છે. સર્વ સમયોમાં સાર એવો આ **સમયસાર જ્ઞાયક આત્મા** અન્ય સર્વ જ્ઞેય સમયોથી સ્વ ચૈતન્ય લક્ષણે કરી વિભિન્ન છે. **શ્રી 'અધ્યાત્મસાર'*** આત્મ

---

* "यः परात्मा स एवाहं योहं स परमस्ततः ।
अहमेव मयोपास्यो नान्यः कश्चिदिति स्थितिः ॥" - શ્રી પૂજ્યપાદ સ્વામીજી કૃત શ્રી 'સમાધિ શતક'

* "सन्निकृष्टान्मनोवाणीकर्मादिरपि पुद्गलात् । विप्रकृष्टाध्वनादेश्च भाव्यैवं भिन्नतात्मनः ॥
पुद्गलानां गुणो मूर्तिरात्मा ज्ञानगुणः पुनः । पुद्गलेभ्यास्ततो भिन्नमात्मद्रव्यं जगुर्जिनाः ॥
धर्मस्य गतिहेतुत्वं गुणो ज्ञानं तथात्मनः । धर्मास्तिकायात्तद्भिन्नमात्मद्रव्यं जगुर्जिनाः ॥

નિશ્ચયાધિકારમાં શ્રી યશોવિજયજીએ ભાખ્યું છે તેમ મન-વાણી-કર્મ આદિ પુદ્ગલથી અને વિપ્રકૃષ્ટ-અત્યંત દૂર એવા ધર્માદિથી આત્માની ભિન્નતા એમ ભાવવા યોગ્ય છે. પુદ્ગલોનો ગુણ મૂર્તિ છે અને આત્મા જ્ઞાનગુણવાળો છે, તેથી પુદ્ગલોથી આત્મદ્રવ્યને જિનોએ ભિન્ન કહ્યું છે. ધર્મનું ગતિહેતુપણું ગુણ છે તથા જ્ઞાન આત્માનો ગુણ છે, તેથી ધર્માસ્તિકાયથી આત્મદ્રવ્યને જિનોએ ભિન્ન કહ્યું છે. અધર્માસ્તિકાયમાં સ્થિતિ હેતુપણું ગુણ છે, આત્મા જ્ઞાનગુણવાળો છે, તેથી અધર્માસ્તિકાયથી આત્મદ્રવ્યને જિનોએ ભિન્ન કહ્યું છે. અવગાહ આકાશનો ગુણ છે, જ્ઞાન નિશ્ચયે કરીને આત્માનો ગુણ છે, તેથી આકાશાસ્તિકાયથી આત્મદ્રવ્યને જિનોએ ભિન્ન કહ્યું છે. આત્મા જ્ઞાન ગુણવાળો સિદ્ધ છે, કાળ વર્તના ગુણવાળો છે, તેથી કાળ દ્રવ્યથી આત્મદ્રવ્યને જિનોએ ભિન્ન કહ્યું છે.' આમ જ્ઞેય એવા અન્ય સમયોથી જ્ઞાયક એવા આત્માનું જ વિભિન્નપણું વ્યવસ્થિત છે.

'તેથી* નથી હું આકાશ, નથી ધર્મ, નથી અધર્મ, નથી કાલ, નથી પુદ્ગલ અને નથી આત્માન્તર. કારણકે એક ઓરડામાં પ્રગટાવેલા અનેક દીપ-પ્રકાશોની જેમ સાથે મળીને અવસ્થિત એવા એઓમાં પણ, સ્વરૂપથી અપ્રચ્યુત જ એવું મ્હારૂં ચૈતન્ય મને પૃથગ્ જણાવે છે.' એવા પ્રકારે અનુભૂતિનો આમ જ્ઞેય ભાવથી વિવેક-પૃથગ્ ભાવ થયો હતો, - इतीत्थं ज्ञेयभावविवेको भूतः ।* આમ જડ ને ચેતન બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન જેને સુપ્રતીતપણે સમજાય છે, સ્વરૂપ ચેતન તે નિજ-પોતાનું છે અને જડ છે તે માત્ર સંબંધરૂપ છે અથવા તો જ્ઞેય એવા પરદ્રવ્યમાં છે, એવો અનુભવનો પ્રકાશ જેને ઉલ્લાસિત થયો છે, તેને જડથી ઉદાસીનતા થઈ આત્મામાં વર્તવારૂપ આત્મવૃત્તિ થાય છે અને આમ **'કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવો 'નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો' ઉપાય છે'** અને તેવા પ્રકારે તથારૂપ **સાક્ષાત્ આત્માનુભવના પરમ ઉલ્લાસમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ** અપૂર્વ ભાવથી સંગીત કર્યું છે -

''જડ ને ચેતન બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન, સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે,
સ્વરૂપ ચેતન નિજ જડ તે સંબંધ માત્ર, અથવા તો જ્ઞેય પણ પરદ્રવ્યમાં ય છે :
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો, જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે,
કાયાની વિસારી માયા સ્વરૂપે શમાયા એવા, નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે.''

- શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૯૦૨

અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ દૃષ્ટા પુરુષને સત્પુરુષ સદ્ગુરુ સમીપે શ્રવણ કરેલા 'શ્રુત' જ્ઞાનથી વિવેક ઉપજ્યો છે, શ્રુતજ્ઞાન સમ્યક્પણે પરિણમ્યાથી સદ્-અસદ્નું ભાન થયું છે, વસ્તુ સ્વરૂપ જેવું છે તેવું સમજવામાં આવ્યું છે, સ્વ-પરનું ભેદજ્ઞાન પ્રગટ્યું છે, આત્મા-અનાત્માનો પ્રગટ ભેદ અનુભવવા રૂપ વિવેક ખ્યાતિ ઉપજી છે, કેવલ શુદ્ધ આત્માની અનુભૂતિ રૂપ - 'આત્મખ્યાતિ' રૂપ શુદ્ધ આત્મજ્ઞાન સાંપડ્યું છે. એટલે આવા વિવેક થકી જેને સંવેગ અમૃતનું આસ્વાદન ઉપજ્યું છે એવો આ સમ્યગ્દૃષ્ટિ ભાવે છે કે - હું આ દેહાદિ પૌદ્ગલિક પરવસ્તુથી ભિન્ન એવો શુદ્ધ ચૈતન્ય-સ્વરૂપ અવિનાશી અજર

अधर्मे स्थितिहेतुत्वं गुणो ज्ञानगुणोऽसुमान् । ततोऽधर्मस्तिकायान्यमात्मद्रव्यं जगुर्जिनाः ॥
अवगाहो गुणो व्योम्नो ज्ञानं खल्वात्मनो गुणः । व्योमास्तिकायात्तद्भिन्नमात्मद्रव्यं जगुर्जिनाः ॥
आत्मा ज्ञानगुणः सिद्धः वर्त्तनागुणः । तद्भिन्नं समयद्रव्यादात्मद्रव्यं जगुर्जिनाः ॥

- श्री यशोविजयजी कृत 'अध्यात्मसार', आत्मनिश्चयाधिकार, श्लो. ४७

* ''ततो नाहमाकाशं न धर्मो नाधर्मो न च कालः न पुद्गलो नात्मान्तरं च भवामि, यतोमीष्वेकापवरक प्रबोधितानेकदीपप्रकाशेष्विव संभूयावस्थितेष्वपि मच्चैतन्यं स्वरूपादप्रच्युतमेव मां पृथगवगमयति ।'' (ઈત્યાદિ)

- श्री अमृतचंद्राचार्यजी कृत 'प्रवचन सार' टीका गा. ९०

* **''णाणप्पगमप्पाणं परं च दव्वत्तणाहिसंबद्धं ।**
जाणदि जदि णिच्छयदो जो सो मोहक्खयं कुणदि ॥
तम्हा जिणमग्गादो गुणे हिं आदं परं च दव्वेसु ।
अभिगच्छदु णिम्मोहं इच्छदि जदि अप्पणो अप्पा ॥''

- श्री 'प्रवचनसार' गा. ९०-९१ (જુઓ શ્રી અમૃતચંદ્રાચાર્યજીની ટીકા)

અમર આત્મા છું. આ નાશવંત દેહાદિ પરભાવ તે હું નથી. **એક શુદ્ધ અસંગ સહજાત્મસ્વરૂપ જ** મ્હારૂં છે, બીજું કંઈ પણ મ્હારૂં નથી. હું આ દેહાદિ ભાવનો નથી ને આ દેહાદિ ભાવ મ્હારા નથી. મ્હારે આ મ્હારો એક શુદ્ધ આત્મભાવ જ આદેય છે - ગ્રહણ કરવા યોગ્ય છે, બાકી આ બીજા બધા ભાવ હેય છે - ત્યજવા યોગ્ય છે. માટે હું આત્મભાવને જ ભજું ને સમસ્ત પરભાવ - પ્રપંચને ત્યજું એ જ યોગ્ય છે, એમ દૃઢ સંવેગ રંગથી ભાવન કરતો તે વિવેકી પુરુષ સર્વ જ્ઞેયભાવથી જ્ઞાયક આત્માને વ્યાવૃત્ત કરી તે જાણપણા રૂપ વિવેકને આચરણારૂપ વિવેકમાં ઉતારે છે, અર્થાત્ **એક જ્ઞાયક ભાવરૂપ** અસંગ શુદ્ધ ઉપયોગને સિદ્ધ કરવાને **જ્ઞેયરૂપ સર્વ અન્ય ભાવના** સંગથી વિરામ પામી સર્વત્ર દ્રવ્યથી ક્ષેત્રથી કાલથી ને ભાવથી અસંગ વર્ત્તે છે, જેમ દેહાદિથી ભિન્ન આત્માની પ્રતીતિ થઈ તેને સર્વ અન્ય ભાવથી અસંગ જાણ્યો, તેવો સ્થિર અસંગ સ્વભાવ પ્રગટાવવા રૂપ **અસંગ અનુષ્ઠાન** આચરવા રૂપ **આત્મચારિત્ર** આચરે છે. સર્વસંગ પરિત્યાગી આ નિર્ગ્રંથ વીતરાગ મહામુનિનું આત્મસ્વભાવ રૂપ થઈ ગયેલું અસંગ આચરણરૂપ આત્મચારિત્ર એટલું બધું આદર્શપણે અસંગ થઈ જાય છે કે, તેમાં કોઈ પણ પ્રકારના બાહ્યાભ્યંતર પરિગ્રહરૂપ પરભાવનો કંઈ પણ સંગ નથી હોતો, એટલે આત્માથી અન્યત્ર ક્યાંય સંગ વિના, આસક્તિ વિના, આલંબન વિના, પ્રતિબંધ વિના, અસંગ નિર્ગ્રંથ શુદ્ધોપયોગી શ્રમણપણાના આદર્શ આચરણ રૂપ **અસંગ અનુષ્ઠાન** તેને હોય છે. આવું આત્માને પરમ અમૃતપણે પરિણમતું આ પરમ અમૃતમય અસંગ અનુષ્ઠાન મહાપથના પ્રયાણ રૂપ છે, મહા મોક્ષમાર્ગ પ્રત્યેના સાક્ષાત્ ગમન રૂપ - છેલ્લી મજલ રૂપ છે. આ અસંગ અનુષ્ઠાન થકી જ સાક્ષાત્ મોક્ષમાર્ગની પ્રાપ્તિ હોય છે, અને એટલા માટે જ આ અસંગ અનુષ્ઠાનને **શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શાસ્ત્રમાં શ્રી હરિભદ્રાચાર્યજીએ** 'અનાગામિપદાવહ' નામથી બિરદાવેલ છે, અર્થાત્ અપુનરાવર્ત્ત પદ કે જ્યાંથી પુનઃ પાછું ફરવાનું નથી એવું નિત્ય પદ-શાશ્વત મોક્ષપદ* તે પ્રાપ્ત કરાવનાર છે. કારણકે જ્યાં અખંડ શાંત સુધારસનો પ્રશાંત એકધારો પ્રવાહ વહ્યા કરે છે તે આત્મા પ્રશાંત ચૈતન્ય રસામૃત સાગરમાં નિમજ્જન કરે છે, અને પરભાવ-વિભાવરૂપ અનાદિ કુવાસનામય વિષનો પરિક્ષય ('વિસભાગ પરિક્ષય') થઈ પરમ અમૃત સ્વરૂપ આત્મા જ્યાં સ્વસ્વભાવે પ્રગટ થાય છે, એવું આ અસંગ અનુષ્ઠાન કદી ન ચળે એવા ધ્રુવપદ-શિવપદ પ્રત્યે લઈ જનાર 'ધ્રુવમાર્ગ' 'શિવમાર્ગ' છે - સાક્ષાત્ મોક્ષમાર્ગ છે, એટલે જ પરમાણુ માત્ર પણ પરભાવ-વિભાવની વાસનાના સ્પર્શલેશથી રહિત એવું આ પરમ અસંગ અનુષ્ઠાન જે આદરે છે, પરમ વીતરાગ ભાવરૂપ અસંગ આત્મચારિત્રને આચરે છે, તે અસંગ શુદ્ધોપયોગ દશાસંપન્ન નિર્ગ્રંથ શ્રમણ 'કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવા નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે' એ સૂક્તિને ચારિતાર્થ કરતાં 'દેહ છતાં દેહાતીત' એવી સાક્ષાત્ જીવન્મુક્ત દશાનો અનુભવ કરે છે. આવા 'દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત' એવી **પરમ અસંગ જીવન્મુક્ત દશાનો** જીવનમાં સાક્ષાત્ અનુભવ કરનારા - સાક્ષાત્ પ્રયોગસિદ્ધ સમયસાર સ્વરૂપ **શ્રીમદ્ રાજચંદ્રજીના** અનુભવ-વચનામૃત છે કે -

"**સર્વ અન્યભાવથી આત્મા રહિત છે,** કેવળ એમ જેને અનુભવ વર્ત્તે છે તે મુક્ત છે.

બીજા સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે છે તે મુક્ત છે.

અટળ અનુભવ સ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જૂદો ભાસવો ત્યાંથી મુક્તદશા વર્ત્તે છે. તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય છે, તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે.

જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઈ પણ સંબંધ નહોતો એવી અસંગ દશા ઉત્પન્ન કરી તે ભગવાન રૂપ સત્પુરુષોને નમસ્કાર છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૧૩), ૭૭૯**

એમ સર્વ અન્ય ભાવોનો વિવેક સતે (હોતાં), સ્વયં આ ઉપયોગમય આત્મા દર્શન જ્ઞાન-ચારિત્ર પરિણત હોતો આત્મારામ થઈ પ્રવૃત્ત્યો એવા ભાવનો કળશ સંગીત કરે છે -

માલિની

इति सति सह सर्वैरन्यभावैर्विवेके,
स्वयमयमुपयोगो बिभ्रदात्मानमेकं ।
प्रकटितपरमार्थैर्दर्शनज्ञानवृत्तैः,
कृतपरिणतिरात्माराम एव प्रवृत्तः ॥३१॥

ઈતિ સહુ પરભાવો સાથ હોતાં વિવેક, સ્વયમય જ ઉપયોગ સ્વાત્મ ધારંત એક;
પર અરથ પ્રકાશી દર્શન જ્ઞાન વૃત્ત, પરિણતિ કરી આત્મારામ થૈને પ્રવૃત્ત. ૩૧

અમૃત પદ-૩૧

થયો ઉપયોગ આત્મારામ... થયો ઉપયોગ આત્મારામ... ધ્રુવપદ.
એમ અન્ય સર્વે ભાવો આ, જૂદા જ મુજથી છેક;
જાણી આત્માથી કરી અળગા, પ્રગટ્યે સ્ફુટ સુવિવેક... થયો ઉપયોગ. ૧
સ્વયં જ આ ઉપયોગ ધરંતો, આત્માને જ અહીં એક;
પરમાર્થ પ્રકટ કરતા દર્શન-જ્ઞાન-ચારિત્રે છેક... થયો ઉપયોગ. ૨
કરી પરિણતિ નિત્ય જ ધરતો, રત્નત્રયી પરિણામ;
ઉપયોગ શુદ્ધ પ્રવૃત્ત થયો આ, થઈને આત્મારામ... થયો ઉપયોગ. ૩
આત્મારામ નંદન આરામે, કરતો નિત આરામ;
રમતો આત્મામાં **અમૃત** તે, **ભગવાન્ આત્મારામ**... થયો ઉપયોગ. ૪

અર્થ : એમ સર્વ અન્ય ભાવો સાથે વિવેક થયે સતે સ્વસમય. એવા આ આત્માને ધારતો આ ઉપયોગ, જેનાથી પરમાર્થ પ્રકટ કરાયેલો છે એવા દર્શન-જ્ઞાન-વૃત્તથી (ચારિત્રથી) પરિણતિ કરી છે એવો આત્મારામ જ પ્રવૃત્ત થયો.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્માપણે કેવળ આત્મા વર્તે એમ જે ચિંતવન રાખવું તે લક્ષ છે, શાસ્ત્રના પરમાર્થરૂપ છે.''

''આત્મા આત્મભાવે વર્તે છે. સમયે સમયે અનંતગુણ વિશિષ્ટ આત્મભાવ વધતો હોય એવી દશા રહે છે. ** આત્માને વિષે સહજ સ્મરણે પ્રાપ્ત થયેલું જ્ઞાન શ્રી વર્ધમાનને વિષે હતું એમ જણાય છે. પૂર્ણ વીતરાગ જેવો બોધ તે અમને સહજે સાંભરી આવે છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૫૬, ૨૬૩), ૩૧૩

''ચંદ્રબાહુ જિન સેવના ભવનાશિની એહ, પરપરિણતિના પાશની નિકાશન રેહ,
પુદ્ગલ ભાવ આશંસના ઉદગ્રાસન કેતુ, સમ્યગ્ દર્શન વાસના ભાસન ચરણ સમેત.''

- શ્રી દેવચંદ્રજી

આ ઉપરમાં **'આત્મખ્યાતિ'**ના ગદ્ય ભાગમાં વિવરીને દર્શાવ્યું તેના સમર્થનમાં પરિપુષ્ટિ અર્થે મહા ગીતાર્થ આત્મારામી **આચાર્યવર્ય અમૃતચંદ્રજીએ** ઉપસંહારરૂપ આ કળશ અપૂર્વ આત્મભાવોલ્લાસથી સંગીત કર્યો છે - 'इति सति सह सर्वैरन्यभावैर्विवेके' - એમ સર્વ અન્ય ભાવો - બીજા બધા ભાવો સાથે

વિવેક ઉપજ્યો, પૃથગ્ ભાવ - ભેદ ભાવ ઉપજ્યો, એટલે આ ઉપયોગ સ્વયં - આપોઆપ જ એક આત્માને (પોતાને) ધારણ કરી રહ્યો - 'स्वयमयमुपयोगो बिभ्रदात्मानमेकं' - અર્થાત્ ઉપયોગ આત્મામય થયો - આત્માકાર બન્યો. એટલે પરમાર્થ જેણે 'પ્રકટિત' પ્રકટ કરેલો છે - 'प्रकटित परमार्थैदर्शनज्ञानवृत्तैः' - દર્શન-જ્ઞાન-વૃત્તથી (ચારિત્રથી) જેણે પરિણતિ કરેલી છે, 'कृतपरिणति' - એવો તે આત્મારામ જ પ્રવૃત્ત થયો, 'आत्माराम एव प्रवृत्तः ।' - અર્થાત્ આત્મા એ જ દર્શન, આત્મા એ જ જ્ઞાન, આત્મા એ જ વૃત્ત - જ્ઞાન-દર્શન આત્મસ્વભાવમાં વર્તવા રૂપ ચારિત્ર, એમ પરમાર્થથી દર્શન-જ્ઞાન-ચારિત્રનું અભેદપણું થયું, આત્મા આત્માને જ દેખતો જાણતો સતો આત્મામાં જ વર્તી રહ્યો, આમ તે આત્મામાં જ વિશ્રાંત થયેલો આત્મામાં જ આરામ કરતો **'આત્મારામ'** જ પ્રવૃત્ત થયો, આત્મામાં જ રમણ કરતો સતો પ્રકૃષ્ટપણે આત્મામાં જ વર્ત્તી રહ્યો અને સ્વરૂપ રમણતારૂપ પ્રકૃષ્ટ વીતરાગ ચારિત્રરૂપ અસંગ આત્મવૃત્તિ કરીને સ્થિર રહ્યો. આ અંગે વર્તમાન યુગના સંતશિરોમણિ પરમતત્ત્વ દૃષ્ટા પરમ આત્મારામી **શ્રીમદ્ રાજચંદ્રજીનું** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

સર્વ અન્ય ભાવથી વિવેક સતે ઉપયોગ આત્માને ધારતો આત્મારામ

''સર્વ જીવ પ્રત્યે સર્વ ભાવ પ્રત્યે અખંડ એક વીતરાગ દશા રાખવી એ જ સર્વ જ્ઞાનનું ફળ છે.

આત્મા શુદ્ધ ચૈતન્ય જન્મ જરામરણ રહિત અસંગ સ્વરૂપ છે. એમાં સર્વ જ્ઞાન શમાય છે. તેની પ્રતીતિમાં સર્વ સમ્યક્ દર્શન શમાય છે, આત્માને અસંગ સ્વરૂપે સ્વભાવ દશા રહે તે સમ્યક્ ચારિત્ર, ઉત્કૃષ્ટ સંયમ અને વીતરાગ દશા છે. જેના સંપૂર્ણપણાનું ફળ સર્વ દુઃખનો ક્ષય છે, એ કેવળ નિઃસંદેહ છે, કેવળ નિઃસંદેહ છે, એ જ વિનંતી.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૧૫, ૭૮૧) (શ્રી સૌભાગ્યભાઈ પરનો સુપ્રસિદ્ધ અંતિમ પત્ર)

પ્રકૃષ્ટ ચારિત્રરૂપ આત્મવૃત્તિ કરીને સ્થિર રહ્યો. અર્થાત્ પૂર્વે જે પરમાં આત્મબુદ્ધિથી પરાનુકૂળ પ્રવૃત્તિરૂપ પર પરિણતિને લઈ પરચરિત આચરતો પરસમય બન્યો હતો, તે ઉપયોગ હવે સ્વયમેવ આત્મામાં આત્મબુદ્ધિથી આત્માનુકૂળ પ્રવૃત્તિરૂપ આત્મપરિણતિને લઈ સ્વચરિત્ર આચરતો સ્વસમય ધારી રહ્યો, સ્થિરપણે સ્વસમય રૂપ - શુદ્ધ આત્મારૂપ* થઈ ગયો, ઉપયોગરૂપ આત્મા સ્વરૂપ સમજી સ્વરૂપમાં શમાયો અને આમ **'સમજ્યા તે શમાઈ રહ્યા** તથા **સમજ્યા તે શમાઈ ગયા'** એ ઉક્તિ ચરિતાર્થ બની. આ ઉક્તિનો પરમ અદ્ભુત અપૂર્વ પરમાર્થ પ્રકાશતા પરમ આત્મદૃષ્ટા **સાક્ષાત્ સમયસારભૂત શ્રીમદ્ રાજચંદ્રજીના** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

''જેમ છે તેમ આત્મસ્વરૂપ જાણ્યું તેનું નામ સમજવું છે. તેથી ઉપયોગ અન્ય વિકલ્પ રહિત થયો તેનું નામ શમાવું છે. વસ્તુતાએ બન્ને એક જ છે. જેમ છે તેમ સમજાવાથી ઉપયોગ સ્વરૂપમાં શમાયો અને આત્મા સ્વભાવમય થઈ રહ્યો એ પ્રથમ વાક્ય 'સમજીને શમાઈ રહ્યા' તેનો અર્થ છે. અન્ય પદાર્થના સંયોગમાં જે અધ્યાસ હતો અને તે અધ્યાસમાં આત્માપણું માન્યું હતું, તે અધ્યાસરૂપ આત્માપણું શમાઈ ગયું. એ બીજું વાક્ય 'સમજીને શમાઈ ગયા' તેનો અર્થ છે. પર્યાયાંતરથી અર્થાંતર થઈ શકે છે. વાસ્તવ્યમાં બન્ને વાક્યનો પરમાર્થ એક જ વિચારવા યોગ્ય છે.

જે જે સમજ્યા તેણે તેણે માર્યું તાર્યું એ આદિ અહંત્વ મમત્વ શમાવી દીધું, કેમકે કોઈ પણ નિજ સ્વભાવ તેવો દીઠો નહીં અને નિજ સ્વભાવ તો અચિંત્ય અવ્યાબાધ સ્વરૂપ, કેવળ ન્યારો જોયો એટલે તેમાં જ સમાવેશ પામી ગયા. આત્મા સિવાય અન્યમાં સ્વમાન્યતા હતી તે ટાળી પરમાર્થે મૌન થયા. વાણીએ કરી આ આનું છે એ આદિ કહેવાનું બનવારૂપ વ્યવહાર, વચનાદિ યોગ સુધી ક્વચિત્ રહ્યો, તથાપિ આત્માથી આ માર્યું છે એ વિકલ્પ કેવળ શમાઈ ગયો, જેમ છે તેમ અચિંત્ય સ્વાનુભવ ગોચર પદમાં લીનતા થઈ.

---

* ''स्वपर विभागावगमे जाते सम्यक् परे परित्यक्ते ।
सहजबोधैकरूपेतिष्ठत्यात्मा स्वयं शुद्धः ॥'' - श्री पद्मनंदि पं.विं. 'निश्चय पंचाशत्', ४२

એ બન્ને વાક્ય લોકભાષામાં પ્રવર્ત્યા છે, તે **આત્મભાષામાંથી** આવ્યાં છે. જે ઉપર કહ્યા તે પ્રકારે ન શમાયા તે સમજ્યા નથી એમ એ વાક્યનો સારભૂત અર્થ થયો અથવા જેટલે અંશે શમાયા તેટલે અંશે સમજ્યા અને જે પ્રકારે શમાયા તે પ્રકારે સમજ્યા એટલો વિભાગાર્થ થઈ શકવા યોગ્ય છે, તથાપિ મુખ્યાર્થમાં ઉપયોગ વર્તાવવો ઘટે છે.

અનંત કાળથી યમ, નિયમ, શાસ્ત્રાવલોકનાદિ કાર્ય કર્યા છતાં સમજાવું અને શમાવું એ પ્રકાર આત્મામાં આવ્યો નહીં અને તેથી પરિભ્રમણ નિવૃત્તિ ન થઈ. સમજાવા અને શમાવાનું જે કોઈ ઐક્ય કરે, તે સ્વાનુભવ પદમાં વર્ત્તે, તેનું પરિભ્રમણ નિવૃત્ત થાય. સદ્‌ગુરુની આજ્ઞા વિચાર્યા વિના જીવે તે પરમાર્થ જાણ્યો નહીં, જાણવાને પ્રતિબંધક અસત્સંગ, સ્વચ્છંદ અને અવિચાર તેનો રોધ કર્યો નહીં, જેથી સમજાવું અને શમાવું તથા બેયનું ઐક્ય ન બન્યું એવો નિશ્ચય પ્રસિદ્ધ છે. અત્રેથી આરંભી ઉપર ઉપરની ભૂમિકા ઉપાસે તો જીવ સમજીને શમાય, એ નિઃસંદેહ છે.

'અનંત જ્ઞાની પુરુષે અનુભવ કરેલો એવો આ શાશ્વત સુગમ મોક્ષમાર્ગ જીવને લક્ષમાં નથી આવતો એથી ઉત્પન્ન થયેલું ખેદ સહિત આશ્ચર્ય તે પણ અત્રે શમાવીએ છૈયે. સત્સંગ, સદ્વિચારથી શમાવા સુધીનાં સર્વ પદ અત્યંત સાચાં છે, સુગમ છે, સુગોચર છે, સહજ છે અને નિઃસંદેહ છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૫૬૧), ૬૫૧

આત્મારામી જ્ઞાનીની અનન્ય મુદ્

આમ સ્વસમયમાં - સહજાત્મસ્વરૂપી શુદ્ધ આત્મસ્વરૂપમાં ઉપયોગની દૃઢ અવધારણરૂપ ધારણા જેને હોય છે એવા શુદ્ધોપયોગી મહાશ્રમણ આત્મારામી યોગીને **અન્યમુદ્** હોતી નથી, અન્ય સ્થળે હર્ષ ઉપજતો નથી, એક આત્મા સિવાય બીજે ક્યાંય આનંદ થતો નથી. કારણકે પરમ આનંદના નિધાન સચ્ચિદાનંદરૂપી ભગવાન્ **આનંદઘન** આત્માના પરમ અમૃત સુખનો રસાસ્વાદ જેણે ચાખ્યો હોય, તેને તેનાથી અન્ય એવા ''વાક્સ બુક્સ'' જેવા તુચ્છ વિષય સુખમાં કેમ રસ પડે ? આત્મા અને આત્મધર્મ સિવાય તેને બીજું કંઈ પણ કેમ ગમે ? આવા આત્મારામી સમ્યગ્ દૃષ્ટિ જ્ઞાની પુરુષને કેવળ આત્મ નિમગ્નતામાં જ આનંદ ઉપજે છે. એક ક્ષણ પણ એ સુખનો વિરહ તે ખમી શકતા નથી અને અનિચ્છતાં છતાં કદાપિ કર્મજન્ય બાહ્ય ઉપાધિ પ્રસંગથી તે અમૃત સુખસિંધુના અખંડ અનુભવનમાં વિઘ્ન આવે, તો તેથી તેનો આત્મા અત્યંત સંવેદનવાળો પ્રશસ્ત ખેદ અનુભવે છે, એવી ઉત્કૃષ્ટ આત્માકારતા જ્ઞાની પુરુષની વર્ત્તે છે.

''મન મોહન તુમ સનમુખ નિરખત, આંખ ન તૃપતી અમચી,
મોહ તિમિર રવિ હર્ષ ચંદ્ર છવિ, મૂરત એ ઉપશમચી...
હું તો વારિ પ્રભુ ! તુમ મુખની.'' - **શ્રી દેવચંદ્રજી**

કારણકે જ્ઞાની સમ્યગ્ દૃષ્ટિ પુરુષ પરમ આત્મતત્ત્વના એવા પરમ ભક્ત હોય છે, તેના પ્રત્યે એમને એવી અનન્ય પ્રીતિ પ્રગટી હોય છે, એવો પરમ પ્રેમ પ્રવાહ પ્રવહતો હોય છે, કે એ સિવાય બીજે ક્યાંય એમનું ચિત્ત રંચમાત્ર પણ રતિ પામતું નથી. **શુદ્ધ સહજાત્મસ્વરૂપ** પ્રભુ પ્રત્યે તેમને એવી અપૂર્વ પ્રીતડી બંધાણી છે, કે તેને બીજાનો સંગ ગમતો નથી. માલતી ફુલે જે મોહ્યો હોય તે ભમરો બાવળની ડાળ પર કેમ બેસે ? પવિત્ર પ્રવાહી ને શીતલ સુગંધી ગંગાજલમાં જે હંસ ઝીલ્યો હોય, તે અશુચિ બંધીયાર ને દુઃખદ દુર્ગંધી ખાબોચિઆના પાણીમાં કેમ રમે ? અત્યંત ઉત્કંઠાથી જે 'પીઉ પીઉ' જપી જલધરના જલની પ્રતીક્ષા કરતો હોય, તે ચાતક બીજા જલ સામું પણ કેમ જુએ ? શીતલ છાયાપ્રદ ને ફલભારથી નમ્ર એવા આમ્રની પંજરી મંજરી પામી જે મધુર ટહૂકા કરતી હોય, તે કોકિલને ફલફૂલ રહિત ઊંછા ને ઉંચા તાડ જેવા ઝાડ કેમ ગમે ? કમલિની દિનકરના કર વિના બીજાનો કર કેમ ગ્રહે ? કુમુદિની ચંદ્ર સિવાય બીજાની પ્રીતિ કેમ કરે ? ગૌરી ગિરીશ વિના ને લક્ષ્મી ગિરિધર વિના પોતાના ચિત્તમાં અન્યને કેમ ચાહે ? તેમ જ્ઞાની પુરુષનું ચિત્ત પણ એક પરમાત્મ તત્ત્વ

સિવાય અન્યત્ર કેમ પ્રીતિ કેમ ધરે ?

''અજિત જિણંત શું પ્રીતડી, મને ન ગમે હો બીજાનો સંગ કે,
માલતી ફૂલે મોહિયો, નવિ બેસે બાવળ તરુ ભૃંગ કે... અજિત.
ગંગાજલમાં જે ઝીલ્યા, છિલ્લર જલ નવિ પેસે મરાલ કે,
સરવર જલધર જલ વિના, નવિ ચાહે હો જગ ચાતક બાલ કે... અજિત.
કોકિલ કલ કૂજિત કરે, પામી મંજરી સહકાર કે,
ઊંછા તરુવર નવિ ગમે, ગિરુઆ શું હોયે ગુણનો પ્યાર કે... અજિત.
કમલિની દિનકર કર ગ્રહે, વળી કુમુદિની હો ધરે ચંદ્રશું પ્રીત કે,
ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા નિજ ચિત્ત કે... અજિત.
તેમ પ્રભુશું મુજ મન રમ્યું, બીજા શું હો નવિ આવે દાય કે,
શ્રી નયવિજય વિબુધ તણો, વાચક યશ હો નિત ગુણ ગાય કે... અજિત

- શ્રી યશોવિજયજી

''આત્મારામ કે આરામી નિજ સુખ વિસરામી, પુન્ય કે અકામી પાપ દૃષ્ટિસૌ ન કાજ હૈ,
ઈંદ્રી સુખકી ન આસ રહે જગસૌ ઉદાસ, પરિગ્રહ હીન ભી અજાચિ મહારાજ હૈ;
મિથ્યાસ્યૌ વિમુખ નિજ જ્ઞાન ભાવહી કે રુખ, મોક્ષ સનમુખ સિદ્ધ સુખકે સમાજ હૈ,
કરમ ઉદિક સેતી કરત હે ક્રિયાકર્મ, સત્તાવીશ ગુણધારી ઐસે મુનિરાજ હૈ.''

- શ્રી દેવચંદ્રજી કૃત દ્રવ્ય પ્રકાશ, ૨-૧૫

આમ આ પરમ આત્મતત્ત્વના **અનન્ય પ્રેમને** લીધે જ્ઞાની પુરુષને તેમાં એટલું બધું તન્મયપણું - એકાગ્રપણું થઈ જાય છે, કે તેથી તેની દૃષ્ટિમાં અન્ય વિષયનો પ્રતિભાસ પણ થતો નથી ! સમ્યગ્ દૃષ્ટિ સત્પુરુષોનું ચિત્ત સ્વરૂપ-સ્વદેશમાં એટલું બધું રોકાયેલું રહે છે કે તે આડે બીજે ક્યાંય શું બની રહ્યું છે, તેનું પણ તે પરમ સંત અવધૂતોને ભાન રહેતું નથી ! આવા પરમ અદ્ભુત **અનન્ય મુદ્** ભાવનું જીવતું જાગતું જ્વલંત ઉદાહરણ વર્તમાન યુગના સંતશિરોમણિ પરમ આત્મભાવનાથી અસ્થિમજ્જા રંગાયેલા પરમ **આત્મારામી શ્રીમદ્ રાજચંદ્રજીના** સ્વાનુભવજન્ય સહજ વચનોદ્ગારમાં સ્થળે સ્થળે સુજ્ઞ વિવેકીને પ્રત્યક્ષ થાય છે. જેમકે -

''રાત્રી અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે, આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચેતન પણ એ જ છે, આસન પણ એ જ છે. અધિક શું કહેવું હાડ માંસ અને તેની મિંજાને એક જ એ જ રંગનું રંગન છે. એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે અને તેને લીધે નથી કંઈ જોવું ગમતું, નથી કંઈ સુંઘવું ગમતું, નથી કંઈ સાંભળવું ગમતું, નથી કંઈ ચાખવું ગમતું, કે નથી કંઈ સ્પર્શવું ગમતું, નથી બોલવું ગમતું કે નથી મૌન રહેવું ગમતું, નથી બેસવું ગમતું કે નથી ઉઠવું ગમતું, નથી સુવું ગમતું કે નથી જાગવું ગમતું, નથી ખાવું ગમતું કે નથી ભૂખ્યું ગમતું. નથી અસંગ ગમતો કે નથી સંગ ગમતો, નથી લક્ષ્મી ગમતી કે નથી અલક્ષ્મી ગમતી, એમ છે. (ઈત્યાદિ)

''એક પુરાણ પુરુષ અને પુરાણ પુરુષની પ્રેમ સંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી, અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી, કંઈ પ્રાપ્ત કરવાની ઈચ્છા થતી નથી, વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી, જગત્ શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી, કોઈ શત્રુ મિત્રમાં ભેદભાવ રહ્યો નથી, કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી નથી, અમે દેહધારી છૈયે કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છૈયે. (ઈત્યાદિ).'' **- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-(૧૨૦, ૨૧૭), ૧૨૩, ૨૫૫**

હવે એમ દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણત એવા આત્માને કેવું સ્વરૂપ સંચેતન હોય છે, તે આવેદતાં ઉપસંહરે છે -

अहमिक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारूवी ।

णवि अत्थि मज्झ किंचिवि अण्णं परमाणुमित्तंपि ॥३८॥

હું એક શુદ્ધ અરૂપી સદા રે, દર્શન-જ્ઞાનમય રૂપ;

નથી મ્હારૂં બીજું કંઈ રે, પરમાણુય પર રૂપ... રે આત્મન્ ! વંદો સમયસાર. ૩૮

ગાથાર્થ : હું નિશ્ચયથી એક, શુદ્ધ, દર્શન-જ્ઞાનમય, સદા અરૂપી છું, અન્ય કંઈ પણ પરમાણુ માત્ર પણ મ્હારૂં નથી જ. ૩૮

आत्मख्याति टीका

अथैवं दर्शनज्ञानचारित्रपरिणतस्यात्मनः कीदृक् स्वरूपसंचेतनं भवतीत्यावेदयन्नुपसंहरति -

अहमेकः खलु शुद्धो दर्शनज्ञानमयः सदाऽरूपी ।

नाप्यस्ति मम किंचिदप्यन्यत्परमाणुमात्रमपि ॥३८॥

यो हि नामानादिमोहोन्मत्ततयात्यंतमप्रतिबुद्धः सन् निर्विण्णेन* गुरुणानवरतं प्रतिबोध्यमानः कथंचनापि प्रतिबुध्य निजकरतलविन्यस्तविस्मृतचामीकरावलोकनन्यायेन परमेश्वरमात्मानं ज्ञात्वा श्रद्धायानुचर्य च सम्यगेकात्मारामो भूतः स **खल्वहमा**त्मप्रत्यक्षं चिन्मात्रं ज्योतिः, समस्तक्रमाक्रमप्रवर्तमानव्यावहारिकभावै श्चिन्मात्रकारेणाभिद्यमानत्वा**देको,** नारकादिजीवविशेषाजीवपुण्यपापास्रवसंवरनिर्जराबंधमोक्षलक्षण व्यावहारिकनवतत्त्वेभ्यश्टंकोत्कीर्णैकज्ञायकस्वभावभावेनात्यंतविविक्तत्वा**च्छुद्धः,** चिन्मात्रतया सामान्यविरोषोपयोगात्मकतानतिक्रमणा**दर्शनज्ञानमयः,** स्पर्शरसगंधवर्णनिमित्तसंवेदनपरिणतत्वैपि स्पर्शादिरूपेण स्वयमपरिणमनात्परमार्थतः **सदैवारूपीति** प्रत्यगहं स्वरूपं संचेतयमानः प्रतपामि । एवं प्रतपतश्च **मम** बहिर्विचित्रस्वरूपसंपदा विश्वे परिस्फुरत्यपि **न किंचनाप्यन्यत्परमाणुमात्रमप्या**त्मीयत्वेन प्रतिभाति यद्भावकत्वेन ज्ञेयत्वेन चैकीभूय भूयो मोहमुभावयति, स्वरस एवापुनःप्रादुर्भावाय समूलं मोहमुन्मूल्य महतो ज्ञानोद्योतस्य प्रस्फुरितत्वात् ॥३८॥

आत्मभावना -

अथैवं - હવે એમ ઉક્ત પ્રકારે दर्शनज्ञानचारित्रपरिणतस्यात्मनः - દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણત - પરિણામ પામી ગયેલ આત્માનું कीदृक् स्वरूपसंचेतनं भवति - કેવું સ્વરૂપસંચેતન - સંવેદન-અનુભવન હોય છે, इत्यावेदयन् - એમ આવેદતાં-જણાવતાં उपसंहरति - ઉપસંહરે છે, ઉપસંહાર કરે છે -

अहम् - હું, एकः - એક खलु - ખરેખર ! નિશ્ચયે કરીને शुद्धः - શુદ્ધ, दर्शनज्ञानमयः - દર્શન-જ્ઞાનમય, सदारूपी - સદા અરૂપી (છું), नाप्यस्ति - નહિં જ मम - મ્હારૂં किंचिदपि - કિંચિત્ પણ, કંઈ પણ अन्यत् - અન્ય, બીજું, परमाणुमात्रमपि - પરમાણુ માત્ર પણ. ॥૩૮॥ ॥ इति **गाथा** आत्मभावना ॥३८॥

यो हि नाम - જે ખરેખર ! स्फुटपणे अनादिमोहोन्मत्ततया - અનાદિ મોહ ઉન્મત્તતાએ કરીને અત્યન્તમપ્રતિબુદ્ધः सन् - અત્યંત અપ્રતિબુદ્ધ સતો, निर्विण्णेन (अनिर्विण्णेन) गुरुणा - નિર્વિણ્ણ-ખિન્ન ગુરુથી, નિર્વેદ-ખેદ પામેલા ગુરુથી,

---

* પાઠાંતર : अनिर्विण्णेन

આત્મખ્યાતિ ટીકાર્થ

જે - ખરેખર ! સ્ફુટપણે નિશ્ચયે કરીને અનાદિ મોહ ઉન્મત્તતાથી અત્યંત અપ્રતિબુદ્ધ સતો - નિર્વિણ્ણ (ખેદ પામેલા) ગુરુથી અનવરત પણે પ્રતિબોધવામાં આવી રહેલો કેમે કરીને (માંડ માંડ, મહા મુસીબતે) પ્રતિબુદ્ધ થઈ, નિજ કરતલમાં વિન્યસ્ત (મૂકાયેલ) છતાં વિસ્મૃત સુવર્ણના અવલોકન ન્યાયે પરમેશ્વર એવા આત્માને જાણી શ્રદ્ધી અને સમ્યક્ અનુચરી એક આત્મારામ થઈ ગયો,-

તે નિશ્ચય કરીને

(૧) અહં (હું) આત્મા - આત્મ પ્રત્યક્ષ ચિન્માત્ર જ્યોતિ,

(૨) સમસ્ત ક્રમ-અક્રમે પ્રવર્તી રહેલા વ્યાવહારિક ભાવોથી ચિન્માત્રાકારે કરી નહિં ભેદાઈ રહ્યાપણાને લીધે એક,

---

अनवरतं प्रतिबोध्यमानः - **અનવરતપણે** - નિરંતર - વગર અટક્યે પ્રતિબોધવામાં આવી રહેલો कथंचनापि - **કોઈ પણ પ્રકારે કેમે કરીને** - માંડ માંડ प्रतिबुध्य - **પ્રતિબોધ પામી,** निजकरतलविन्यस्तविस्मृत चामीकरावलोकनन्यायेन - **નિજ કરતલમાં** - પોતાની હથેળીમાં વિન્યસ્ત - મૂકેલ ને પછી વિસ્મૃત - વિસરાઈ ગયેલ ચામીકરના - **સુવર્ણના અવલોકન** - દર્શનના ન્યાયે - દૃષ્ટાંતે, परमेश्वरमात्मानं ज्ञात्वा श्रद्धायानुचर्य च सम्यक् - **પરમેશ્વર એવા આત્માને જાણી, શ્રદ્ધી અને સમ્યક્ અનુચરીને** एकात्मारामोभूतः - **એક આત્મારામ થઈ ગયો,** એક આત્મામાં આરામ છે જેને અથવા એક આત્મા આરામ છે જેનો અથવા એક આત્મારામ - આત્મરમણતા છે જેને એવો થઈ ગયો, स - તે खलु - ખરેખર ! નિશ્ચયે કરીને अहम् - હું આત્મા -आत्मप्रत्यक्षं चिन्मात्रं ज्योतिः - **આત્મપ્રત્યક્ષ** - આત્માને પ્રત્યક્ષ - **સાક્ષાત્ ચિન્માત્ર જ્યોતિ,** एको - **એક છું, શાને લીધે ?** समस्तक्रमाक्रमप्रवर्त्तमानव्यावहारिकभावैश्चिन्मात्राकारेणाभिद्यमानत्वात् - **ક્રમથી** - એક પછી એક અને **અક્રમથી** - એકી સાથે પ્રવર્તમાન - પ્રવર્તી રહેલા સમસ્ત - સર્વ વ્યવહારિક ભાવોથી ચિન્માત્ર આકારે કરી **અભિદ્યમાનપણાને લીધે** - ભેદ નહિં પમાડવાપણાને લીધે. અર્થાત્ ચેતનના ક્રમથી પ્રવર્તી રહેલા પર્યાય અને અક્રમથી પ્રવર્તી રહેલા ગુણ ચેતનમય હોઈ એક ચિન્માત્ર આકારનો ભેદ કરી શકતા નથી તેને લીધે હું એક છું, शुद्धः - **શુદ્ધ છું, શાને લીધે ?** नारकादिजीवविशेषाजीवपुण्यपापास्रववसंवरनिर्जराबंधमोक्षलक्षणव्यवहारिकनवतत्त्वेभ्यश्टंकोत्कीर्णैक ज्ञायक-स्वभावभावेनात्यंतविविक्तत्वात् - **નારકાદિ જીવવિશેષ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ લક્ષણ વ્યવહારિક નવ તત્ત્વોથી 'ટંકોત્કીર્ણ' - ટાંકણાથી ઉત્કીર્ણ - કોતરેલ અક્ષર જેવા અક્ષર સુસ્થિત એક - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક સ્વભાવભાવે કરીને અત્યંત - સર્વથા 'વિવિક્તપણાને' લીધે - પૃથક્પણાને - ભિન્નપણાને - જૂદા પણાને લીધે,** चिन्मात्रतया सामान्यविशेषोपयोगात्मकतानतिक्रमणात् - **ચિન્માત્રતાએ કરીને સામાન્ય - વિશેષ ઉપયોગાત્મકતાના - સામાન્ય ઉપયોગમયપણાના અને વિશેષ ઉપયોગમયપણાના અનતિક્રમણને લીધે - અનુલ્લંઘનને લીધે,** परमार्थतः सदैवारूपी - **પરમાર્થથી સદૈવ અરૂપી છું, શાને લીધે ?** स्पर्शरसगंधवर्ण निमित्तसंवेदन - परिणतत्वेपि स्पर्शादिरूपेण स्वयमपरिणमनात् - **સ્પર્શ-રસ-ગંધ-વર્ણ નિમિત્ત છે જેનું એવા સંવેદનમાં**
પરિણતપણામાં છતાં પણ સ્પર્શાદિ રૂપે સ્વયં - પોતે અપરિણમનને લીધે - નહિં પરિણમવાપણાને લીધે. इति - **એવા પ્રકારે** प्रत्यग् - **પ્રત્યગ્ - અંતર્ગત, અત એવ અત્યંત પૃથક્, ભિન્ન, જૂદું, અલાયદું,** अयं - **આ સ્વરૂપં સંચેતયમાનः પ્રતપામિ - આ (હું) સ્વરૂપ સંચેતી રહેલો - સંવેદી રહેલો - સમ્યક્પણે અનુભવી રહેલો પ્રતપું છું - પ્રકૃષ્ટપણે તપું છું, ઉગ્ર પ્રતાપી સ્વરૂપ તેજથી ઝળહળું છું.**
एवं प्रतपतश्च मम - **અને એમ પ્રતપતાં મ્હારૂં,** बहिर्विचित्रस्वरूपसंपदा विश्वे परिस्फुरत्यपि - **બ્હારમાં વિચિત્ર - નાના પ્રકારની સ્વરૂપ સંપદ્થી - સ્વરૂપ લક્ષ્મીથી વિશ્વે પરિસ્ફુરતા** - ચોપાસ સ્ફુરતામાં પણ - न किंचनाप्यन्यत् परमाणुमात्रमप्यात्मीयत्वेन प्रतिभाति - **કંઈ પણ અન્ય** - બીજું પરમાણુ માત્ર પણ **આત્મીયપણે** - પોતાના પણે નથી प्रतिभासतुं - નથી જણાતું નથી, यद् - **કે જે ભાવકત્વેન ज्ञेयत्वेन च - ભાવકપણાએ કરી અને જ્ઞેયપણાએ કરી** एकीभूय - **એકરૂપ થઈ** भूयो मोहमुद्भावयति - **पुनः મોહ ઉદ્ભાવાવે છે - ઉપજાવે છે.** એમ શાને લીધે ? स्वरसत एव - સ્વરસથી જ, પોતાના રસથી જ - આપો આપ જ (આફુડા આફુડા જ) अपुनः प्रादुर्भावाय - अपुनः प्रादुर्भावार्थे, **पुनः ફરીને प्रादुर्भाव - प्रागट्यं - ઉત્પત્તિ ન થાય એમ समूलं मोहमुन्मूल्य - સમૂલ મોહને ઉન્મૂલીને, મૂળ સહિત - જડમૂળથી મોહને ઉખેડી નાંખીને,** महतो ज्ञानोद्योतस्य प्रस्फुरितत्वात् - **મહત્ જ્ઞાનોદ્યોતના - જ્ઞાન પ્રકાશના પ્રસ્ફુરિતપણાને લીધે - પ્રકૃષ્ટપણે સ્ફુરિતપણાને - ઝગઝગિતપણાને લીધે.** ।। इति 'आत्मख्याति' टीका **आत्मभावना** (પ્રસ્તુત ગાથા) ।।૩૮।।

(૩) નર-નારકાદિ જીવવિશેષ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ લક્ષણવાળા વ્યાવહારિક નવ તત્ત્વોથી ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવભાવે કરી અત્યંત વિવિક્તપણાને લીધે **શુદ્ધ,**

(૪) ચિન્માત્રપણાએ કરીને સામાન્ય - વિશેષ ઉપયોગાત્મકતાના અનતિક્રમણને લીધે **દર્શન-જ્ઞાનમય,**

(૫) સ્પર્શ-રસ-ગંધ-વર્ણ નિમિત્ત સંવેદન પરિણતપણું, છતાં પણ સ્પર્શાદિરૂપે સ્વયં અપરિણમનને લીધે **સદૈવ અરૂપી,**

એવો પ્રત્યગ્-અંતર્ગત (પૃથક્ ભિન્ન) આ (હું) સ્વરૂપ સંચેતી રહેલો (અનુભવી રહેલો) પ્રતપું છું.

અને એમ પ્રતપતા મ્હારૂં - બહિર્ વિચિત્ર સ્વરૂપ સંપદ્થી વિશ્વ પરિસ્ફુરીને રહેલમાં પણ - **કંઈ પણ અન્ય પરમાણુ માત્ર પણ** આત્મીયપણે પ્રતિભાસતું **નથી,** કે જે ભાવકપણાએ કરી અને જ્ઞેયપણાએ કરી એકરૂપ થઈ પુનઃ મોહ ઉદ્ભાવાવે છે, -

સ્વરસથી અપુનઃ પ્રાદુર્ભાવાર્થે (પુનઃ પ્રાદુર્ભાવ ન થાય એમ) સમૂલ મોહને ઉન્મૂલી

મહત્ જ્ઞાનોદ્યોતનું પ્રસ્ફુરિતપણું છે માટે. ૩૮

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છઉં, એક કેવલ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છઉં. ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? શુદ્ધ, શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમશાંત ચૈતન્ય હું માત્ર નિર્વિકલ્પ છઉં. નિજ સ્વરૂપમય ઉપયોગ કરૂં છઉં. તન્મય થાઉં છઉં. શાંતિઃ શાંતિઃ શાંતિ.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૬૦), ૮૩૩

''જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.''

- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧

આત્મારામી આત્માનું સ્વરૂપ સંચેતન કેવું હોય ?

હવે એમ ઉપરમાં વિવરી દેખાડેલ યથોક્ત સમસ્ત આત્માર્થ-સાધક પરમાર્થસત્ અપૂર્વ વિધિથી જે દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણત થયો, તે આત્મારામી આત્માનું સ્વરૂપ સંચેતન-સ્વરૂપ સંવેદન કેવુંક હોય છે ? 'कीदृक् स्वरूपसंचेतनं' - તેનું અત્ર આ અમૃત ગાથામાં શાસ્ત્રકાર ભગવાન્ **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** આવેદન કર્યું છે અને પરમ સમર્થ અનન્ય ટીકાકાર ભગવાન્ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** સર્વત્ર પદે પદે આત્માની ખ્યાતિ વિસ્તારતી આ સૂત્રમયી ભગવતી **'આત્મખ્યાતિ'** અમૃત વૃત્તિમાં તેના અક્ષરે અક્ષરનું અનંતગુણવિશિષ્ટ તત્ત્વમંથનમય પરિભાવન કરતું પરમ પરમાર્થ ગંભીર અપૂર્વ અદ્ભુત અનન્ય ષોડશ તત્ત્વકલાપરિપૂર્ણ વ્યાખ્યાન પ્રકાશી, **'અમૃતચંદ્ર'** નામની યથાર્થતા પોકારતી પરમતત્ત્વામૃતમયી અમૃતવાણીની રેલંછેલ કરી છે. તે આ સંક્ષેપમાં આ પ્રકારે -

જે ખરેખર ! स्फुटपणे अनादिमोहोन्मत्ततया - અનાદિ મોહ ઉન્મત્તતાએ કરીને અત્યંત અપ્રતિબુદ્ધ - અબૂઝ સતો, 'अत्यंतमप्रतिबुद्ध सन्' - 'निर्विण्ण' - ખિન્ન થયેલ ગુરુથી (અનિર્વિણ્ણ - ખેદ નહિં પામેલ) અનવરતપણે - અવિરામપણે વગર અટક્યે પ્રતિબોધવામાં આવી રહેલો કેમે કરીને - માંડ માંડ - મહામુસીબતે - પ્રતિબોધ પામી નિજ કરતલમાં વિન્યસ્ત - પોતાની હથેળીમાં મૂકેલ પણ પછી વિસ્મૃત

થયેલ - વિસરાઈ ગયેલ સુવર્ણના અવલોકન ન્યાયે - દૃષ્ટાંતે, **પરમેશ્વર** એવા **આત્માને** જાણી, શ્રદ્ધી અને સમ્યક્ અનુચરીને એક આત્મારામ* થઈ ગયો, 'एकात्मारामो भूतः' - એક આત્મામાં આરામ છે જેને અથવા એક આત્મા આરામ છે જેનો અથવા એક આત્મારામ - આત્મરમણતા છે જેનો એવો થઈ ગયો.-

આત્મારામ : હું એક શુદ્ધ દર્શન જ્ઞાનમય સદા અરૂપી : પરમાણુમાત્ર પણ મ્હારૂં નથી

(૧) તે નિશ્ચયે કરીને હું - **'सोऽहं'** - આત્મા - આત્મપ્રત્યક્ષ **ચિન્માત્ર જ્યોતિ,** (૨) **એક છું.** શાને લીધે. ક્રમથી - એક પછી એક અને અક્રમથી - એકી સાથે પ્રવર્તી રહેલા સમસ્ત વ્યાવહારિક ભાવોથી ચિન્માત્ર આકારે અભિદ્યમાનપણાને લીધે - ભેદ નહિં પમાડવાપણાને લીધે. (૩) **શુદ્ધ** છું. શાને લીધે ? નર નારકાદિ જીવવિશેષ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ લક્ષણ વ્યાવહારિક નવતત્ત્વોથી ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવ ભાવે કરી અત્યંત વિવિક્તપણાને લીધે, **'टंकोत्कीर्ण'** - ટાંકણાથી ઉત્કીર્ણ - કોતરેલ અક્ષર જેવા અક્ષર સુસ્થિત 'એક' - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક સ્વભાવભાવે કરીને 'अत्यंत' - સર્વથા 'વિવિક્તપણાને લીધે' - પૃથક્પણાને - અલાયદાપણાને - ભિન્નપણાને - જૂદાપણાને લીધે. (૪) **દર્શન-જ્ઞાનમય** છું. શાને લીધે ? ચિન્માત્રતાએ કરીને સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકતાના - સામાન્ય ઉપયોગમયપણાના અને વિશેષ ઉપયોગમયપણાના અનતિક્રમણને લીધે - અનુલ્લંઘનને લીધે. (૫) પરમાર્થથી સદૈવ **અરૂપી** છું. શાને લીધે ? સ્પર્શ-રસ-ગંધ-વર્ણ નિમિત્ત છે જેનું એ સંવેદનના પરિણતપણામાં પણ સ્પર્શાદિરૂપે સ્વયં - પોતે અપરિણમનને લીધે - નહિં પરિણમવાપણાને લીધે. એવો હું 'प्रत्यक्' - અંતર્ગત - અતએવ પૃથક્ - ભિન્ન - જૂદો અલાયદો એવો આ **સ્વરૂપ સંચેતી રહેલો** સંવેદી રહેલો સમ્યક્પણે અનુભવી રહેલો **'प्रतपुं'** છું પ્રકટપણે તપું છું, ઉગ્ર પ્રતાપી સ્વરૂપતેજથી ઝળહળું છું. અને એમ પ્રતપતાં મ્હારૂં - બ્હારમાં વિચિત્ર-નાના પ્રકારની **સ્વરૂપ સંપદ્થી** - સ્વરૂપ લક્ષ્મીથી પરિસ્ફુરી રહેલમાં પણ - અખિલ જગત્માં સર્વ બાજુએ સ્ફુરી રહેલમાં પણ કંઈ પણ અન્ય - બીજું પરમાણુમાત્ર પણ આત્મીયપણે - પોતાનાપણે પ્રતિભાસતું નથી - જણાતું નથી, કે જે ભાવકપણાએ કરી અને જ્ઞેયપણાએ કરી એકરૂપ થઈ મને પુનઃ ફરીથી મોહ ઉદ્ભાવાવે છે - ઉપજાવે છે. એમ શાને લીધે ? 'स्वरसथी ज' - પોતાના રસથી જ - આપોઆપ જ (આફુડા આફુડા જ) 'अपुनः प्रादुर्भावार्थं' - પુનઃ ફરીને પ્રાદુર્ભાવ - પ્રગટપણું - ઉત્પત્તિ ન થાય એમ 'समूलं मोहमुन्मूल्य' - સમૂલ મોહને ઉન્મૂલીને - મૂળ સહિત - જડમૂળથી મોહને ઉખેડી નાંખીને મહત્ જ્ઞાનોદ્યોતના - જ્ઞાન પ્રકાશના પ્રસ્ફુરિતપણાને લીધે - પ્રકૃષ્ટપણે સ્ફુરિતપણાને - ઝગઝગિતપણાને લીધે, 'महतो ज्ञानोद्योतस्य प्रस्फुरितत्वात्' - **અમૃતચંદ્રજીની** આ પરમશાંત સુધારસ નિઝરતી પરમ અમૃતમયી વ્યાખ્યાનો વિશેષ વિશદ આશયાર્થ હવે વિચારીએ.

અનાદિ મોહની ઉન્મત્તતાથી જે આ જીવ અપ્રતિબુદ્ધ હોઈ, 'निर्विण्णेन गुरुणा अनवरतं प्रतिबोध्यमानः - નિર્વિણ્ણ - ખેદ પામેલા ગુરુથી અવિરામપણે પ્રતિબોધવામાં આવતાં કેમે કરીને માંડમાંડ પ્રતિબુદ્ધ થઈ - कथंचनापि प्रतिबुध्य', આત્માને પરમેશ્વર જાણી શ્રદ્ધી અને સમ્યક્પણે અનુચરીને આત્મારામ થઈ ગયો, તે આ હું આત્મા ચિન્માત્ર જ્યોતિ, એક, શુદ્ધ, દર્શનજ્ઞાનમય અરૂપી છું, એમ પૃથક્ સ્વરૂપને સંચેતતો હું પ્રતપું છું અને આમ પ્રતપતાં મ્હારૂં અન્ય કંઈ પણ પરમાણુ માત્ર પણ આત્મીયપણે પ્રતિભાસતું નથી. તે આ પ્રકારે -

અનાદિ મોહની ઉન્મત્તતાથી આ જીવ ખરેખર ! પૂર્વે અત્યંત અબૂઝ - અપ્રતિબુદ્ધ હતો. અર્થાત્ અનાદિથી આ જીવે પરવસ્તુમાં આત્મબુદ્ધિથી મુંઝાઈ જવા રૂપ 'મોહ' નામની મહામદિરા પીધી હતી,

---

* "अजमेकं परं शान्तं सर्वोपाधि विवर्जितम् ।
आत्मानमात्मना ज्ञात्वा तिष्ठेदात्मनि यः स्थिरः ॥
स एवामृतमार्गस्थः स एवामृतमश्नुते,
स एवार्हन् जगन्नाथः स एव प्रभुरीश्वरः ।" - श्री पद्मनंदि पं. એકત્વસપ્તતિ ૧૮-૧૯

તેના ઉન્મત્તપણાને લીધે - પાગલપણાને લીધે મદિરાપાયી દારૂડીઆની જેમ તે પોતાના સ્વરૂપનું - નિજ દેહનું (જ્ઞાનનું) ભાન પણ ભૂલી ગયો હતો અને ગાઢ મૂર્ચ્છારૂપ ઘોર અજ્ઞાન નિદ્રામાં ઘોરતો મૂર્ચ્છિત થઈને પડ્યો હતો અને આત્માના સત્ સ્વરૂપથી નિપાત-નીચે પડવા રૂપ - અધઃપતનરૂપ ત્રિદોષ સન્નિપાતને પામ્યો હતો. ત્રિદોષ સન્નિપાતનો રોગી જેમ પોતાનું ભાન ભૂલી જાય છે, બેભાનપણે ફાવે તેમ બકે છે, પોતાનું તે પારકું ને પારકું તે પોતાનું એવું યદ્વાતદ્વા અસમંજસ બોલે છે, ટુંકામાં જાણે બદલાઈ ગયો હોય એમ પોતાના મૂળ અસલ સ્વભાવથી વિપરીતપણે - વિભાવપણે વર્તે છે અને પોતાના સત્ સ્વરૂપથી નિપાતને પામી સન્નિપાતી નામને યથાર્થ કરે છે, તેમ મોહ-રાગ-દ્વેષ રૂપ ત્રિદોષ સન્નિપાતનું ઉન્મત્તપણું જે જીવને લાગુ પડ્યું છે, તે જીવ પોતાના આત્મસ્વરૂપનું ભાન ભૂલી જાય છે, પારકું તે પોતાનું ને પોતાનું તે પારકું એવું બેભાનપણે ફાવે તેમ પ્રલપે છે - લવે છે, પોતાના મૂળ અસલ સહજ સ્વભાવથી વિપરીતપણે - વિભાવપણે વર્ત્તે છે. આમ ત્રિદોષ સન્નિપાતની ઉન્મત્તતાથી જીવને નિજ સ્વરૂપથી નિપાત - અધઃપાતરૂપ પ્રમત્તતા થાય છે. એટલે પછી ઝાડના ઠુંઠામાં પુરુષની ભ્રાંતિ જેને ઉપજી છે એવા ઉન્મત્ત પુરુષની જેમ, દેહાદિ પરભાવમાં જેને આત્મભ્રાંતિ ઉપજી છે એવો આ મોહમૂઢ જીવ ઉન્મત્ત ચેષ્ટિત કરે છે અર્થાત્ પરભાવમાં રાચી, પરવસ્તુની તુચ્છ પ્રાપ્તિથી ઉન્મત્ત બની આ પામર જીવ કાકીડાની પેઠે નાચે છે અને જાતિ, કુલ, રૂપ, બલ, લાભ, ઐશ્વર્ય, બુદ્ધિ, શ્રુત એ આઠ પ્રકારના મદરૂપ મદ્યથી છાકટાની જેમ છકી જઈ પોતાના પામરતા પ્રદર્શન (Vanity fair) સાથે ઉન્મત્તતાનું પ્રદર્શન કરે છે.

અનાદિ મોહ ઉન્મત્તતા

આમ 'पीत्वा मोहमयीमिमां च मदिरामुन्मत्तीभूतं जगत्' - મોહમયી મદિરા પીને જે ઉન્મત્ત બની ગયો છે એવા આ અબૂઝ - અપ્રતિબુદ્ધ જીવની આવી મોહોન્મત્ત દશા દેખી, 'નિષ્કારણ કરુણારસ સાગર' **પરમ કૃપાળુ સદ્‌ગુરુ** નિર્વિણ્ણ - ખિન્ન થાય છે, અત્યંત ખેદ પામે છે કે અરે ! જ્ઞાન નિધાન આ આત્માની આ જ્ઞાનનિધન જેવી શી મોહદશા ! એમ ખિન્ન થયેલા **પરમ કરુણામૃત સિંધુ શ્રીમદ્ સદ્‌ગુરુ ભગવાનને** તે જીવ પ્રત્યે કરુણામૃત રસનો પ્રવાહ વછૂટે છે, એટલે તે નિર્વિણ્ણ - પરમ નિર્વેદ સંપન્ન, પરમ વૈરાગ્યમૂર્ત્તિ **આત્મારામી સદ્‌ગુરુ ભગવાન્** અનિર્વણ્ણ થઈ, નિવેદ પામી પોતાનો ખેદ પરિશ્રમની ગણના કર્યા વિના - 'श्रममविंचित्यात्मगतं' - અનવરતપણે (Incessantly) અવિરામપણે - વગર અટક્યે તે મોહમૂઢ જીવને પરમ અમૃતવાણીથી પુનઃ પુનઃ પ્રતિબોધ કરે છે કે - અરે ! તું તો **શુદ્ધ ચૈતન્યમૂર્તિ સહજાત્મસ્વરૂપ** છે, તે આ જડ મૂર્ત્તિમાં મોહમૂર્ચ્છિત થઈને કેમ પડ્યો છે ? આવા પ્રકારે નિષ્કારણ કરુણાસિંધુ **શ્રીમદ્ સદ્‌ગુરુ ભગવાનથી** પુનઃ પુનઃ પ્રતિબોધવામાં આવતાં, ફરી ફરી શુદ્ધ સહજ આત્મસ્વરૂપ - 'સહજાત્મસ્વરૂપ' - સમજાવવામાં આવતાં, આ મોહમૂઢ અપ્રતિબુદ્ધ જીવ કેમે કરીને માંડ માંડ સહજાત્મસ્વરૂપ સમજીને પ્રતિબુદ્ધ થયો, પ્રતિબોધ પામ્યો, અનાદિ મોહ નિદ્રામાંથી ઉઠી જાગૃત થયો. જેમકે -

નિષ્કારણ કરુણાળુ પરમકૃપાળુ સદ્‌ગુરુ દેવનો સત્ ઉપદેશ

'હે ચેતન ! તું સર્વ પ્રકારે નિજ આત્મામાં વાસ કર, મોહનો નાશ કરી સર્વ વિભાવને વિસર્જન કર ! સઘળો બાહ્યભાવ ત્યજી દઈ તું અંતર્મુખ અવલોકન કર અને પરમાત્મામાં વૃત્તિ જોડી આ જ્ઞાન આલોકને-જ્ઞાન પ્રકાશને દેખ ! હે ચેતન ! તેં પુદ્‌ગલરૂપ પરપ્રદેશમાં પ્રવેશ કરીને પોતે આપદા વ્હોરી લીધી ને પરિભ્રમણમાં પડી ભૂલ થાપ ખાધી ! પારકા ક્ષેત્રમાં પ્રવેશનો તેં અપરાધ કર્યો તેથી ભવની ઘાણીમાં તું ગાઢ પીલાયો ! પરવસ્તુની ચોરીનો તેં બીજો અપરાધ પણ કર્યો ને તેમાં વળી મ્હારાપણા રૂપ મમકાર કરી તેં ત્હારી પોતાની બાધા વધારી દીધી ! તે આત્મસ્વભાવથી વિરુદ્ધ વિભાવ પરિણામથી ત્હારૂં જ્ઞાન આવરણ પામ્યું ને તેથી મોહમાં ગોથાં ખાતો તું નિજ ભાન ભૂલી ગયો. રાગ-દ્વેષના તાંતણે પોતે પોતાને બાંધી તું કોશકાર કૃમિની જેમ અમાપ દુઃખ પામ્યો. ત્હારા પોતાના ઘરમાં આ વિભાવ રૂપ આંતરૂ ચોર પેઠા છે ને ત્હારો આત્મવૈભવ લૂંટી રહ્યા છે, માટે હે ચેતન ! તું

ચેત ચેત ચેત ! તે ઘરમાં પેસી ગયેલાને કાઢી મૂકી નિજ આત્મક્ષેત્ર તું સ્વાધીન કર ! આત્મ વીર્યમય વજ્રનો દંડ પોતાના હાથમાં લઈ તું ચિત્ત દ્વાર પર બેસીને રાત દિવસ અપ્રમત્તપણે જાગતી ચોકી કર ! આમ વિભાવના પરિણામથી પાછો વળીને 'પ્રતિક્રમણ' કરી તું પાછો નિજ સહજ આત્મસ્વભાવ રૂપ સહજાત્મસ્વરૂપ સ્થાને જઈને બેસ - સ્થિર થા !

'ચેતન ! કર નિજ આત્મમાં, સર્વ પ્રકારે વાસ;
વિભાવ સર્વ વિસર્જ તું, કરી મોહનો નાશ.
બાહ્ય ભાવ સઘળો ત્યજી, અંતર્મુખ અવલોક !
વૃત્તિ જોડી પરમાત્મમાં, પેખ જ્ઞાન આલોક;
પર પ્રદેશમાં પેસીને, વ્હોરી આપદા આપ;
પરિભ્રમણમાંહિ પડી, તેં ખાધી ભૂલ થાપ.
પરકીય ક્ષેત્ર પ્રવેશનો, કીધો તેં અપરાધ;
તેથી ભવની ઘાણીમાં, પીલાયો તું ગાઢ.
પરવસ્તુની ચોરીનો, બીજો તુજ અપરાધ;
મમકાર કરી ત્યાં વળી, દીધી વધારી બાધ.
તે વિભાવ પરિણામથી, અવરાયું તુજ જ્ઞાન;
ખાતો ગોથાં મોહમાં, ભૂલી ગયો નિજ ભાન.
રાગ દ્વેષના તાંતણે, બાંધી આપને આપ;
કોશકાર કૃમિ જેમ તું, પામ્યો દુઃખ અમાપ.
ત્હારા પોતાના ગૃહે , પેઠા આંતર ચોર;
તુજ વૈભવ લૂંટી રહ્યા, જાગ ! જાગ ! મત ઘોર.
ચેતન ! ચેતનવંત હે ! ચેત ! ચેત ! તું ચેત !
કાઢી તે ગૃહાવિષ્ટને, કર સ્વાધીન નિજ ખેત;
આત્મવીર્યમય વજ્રનો, દંડ ગ્રહી નિજ હાથ,
ચિત્તદ્વાર પર બેસીને, કર ચોકી દિન રાત.
વિભાવના પરિણામથી, પાછો વળીને આમ;
પ્રતિક્રમણ કરી બેસ તું, જઈ પાછો નિજ ઠામ.'

- પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા, પાઠ-૯૧ (સ્વરચિત)

ઈત્યાદિ પ્રકારે નિષ્કારણ કરુણાસિંધુ પરમકૃપાળુ શ્રીમદ્ સદ્‌ગુરુ ભગવાનથી પુનઃ પુનઃ પ્રતિબોધવામાં આવતાં, ફરી ફરી શુદ્ધ સહજ આત્મસ્વરૂપ - **'સહજાત્મસ્વરૂપ'** સમજાવવામાં આવતાં, આ મોહ મૂઢ અપ્રતિબુદ્ધ જીવ કેમે કરીને માંડ માંડ સહજાત્મસ્વરૂપ સમજીને પ્રતિબુદ્ધ થયો, પ્રતિબોધ પામ્યો, અનાદિ મોહનિદ્રામાંથી ઉઠી આત્મજાગૃતિ પામ્યો. એટલે આમ સદ્‌ગુરુપ્રસાદથી અનંત આત્મસંપત્તિ ભર્યા અચિંત્ય-ચિંતામણિ સમા આત્માનું ભાન થતાં જેના હૃદયમાં શ્રી સદ્‌ગુરુ ભગવાન પ્રત્યે અત્યંત કૃતજ્ઞભાવ ઉલ્લસ્યો છે એવા તેના સહજ વચનોદ્‌ગાર નીકળી પડે છે, કે -

'હે શ્રી સદ્‌ગુરુ ભગવંત ! આ ભયંકર ભવાટવીમાં સન્માર્ગની દિશાનું ભાન નહિં હોવાથી, આ જીવ ચારે ગતિમાં ગોથાં ખાતો અનંત દુઃખ પામતો હતો. તેને નિજ સ્વરૂપના અવંચક યોગરૂપ સીધો સરલ નિર્દોષ સન્માર્ગ દર્શાવી, આપે અનંત પરિભ્રમણ દુઃખથી ઉગાર્યો, આ આપના અનંત ઉપકારની

સ્મૃતિ કરી, હું આપના ચરણ કમળમાં નમસ્કાર કરું છું. હે આત્મજ્ઞાનના નિધાન ! આ મ્હારો આત્મા જે અનાદિથી આત્મભ્રાંતિ રૂપ મહારોગથી પીડાતો હતો અને 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણ' રૂપ મૃત્યુ શય્યામાં પડ્યો હતો, તેને આપ સુવૈદ્યે સ્વરૂપ સમજણરૂપ દિવ્ય ઔષધિ વડે આરોગ્ય સંપન્ન કર્યો અને પરમ અમૃતરૂપ સહજાત્મસ્વરૂપ પ્રકાશનારા સમ્યગ્ દર્શન મંત્ર પ્રયોગ વડે બોધિબીજ રૂપ અપૂર્વ સંસ્કાર બીજ રોપી, યોગિકુલે જન્મરૂપ નવો જન્મ આપ્યો. હે કરુણા સિન્ધુ ! આપે આ પામર પર અપાર ઉપકાર કર્યો. હે સમદર્શિતાના અવતાર ! આ નિજ સ્વરૂપનું ભાન નહિં હોવાથી આ જીવ પોતાનું ઘર છોડીને પર ઘેર ભીખ માંગતો ફરતો હતો, તેને જ્ઞાન શ્રીસંપન્ન એવા આપ શ્રીમત્ પરમશ્રુતે અપૂર્વ વાણી વડે અનંત આત્મસંપત્તિ ભર્યા સ્વગૃહનો લક્ષ કરાવી, નિજ સ્વરૂપની પ્રાપ્તિનો અમોઘ ઉપાય દર્શાવ્યો. આવા અનન્ય ઉપકારી આપ પ્રભુના ચરણે હું શું ધરું ? આત્માથી બીજી બધી વસ્તુ ઉતરતી છે ને આ આત્મા તો આપ પ્રભુએ જ મને આપ્યો છે. માટે આત્માર્પણ વડે આ આત્માનું નૈવેદ્ય આપના ચરણે ધરી આજ્ઞાંકિતપણે વર્ત્તુ એ જ એક ઉપાય છે. મ્હારા મન-વચન-કાયાના યોગ આજથી પ્રભુને આજ્ઞાધીન થઈને વર્ત્તો ! હું આપ પ્રભુનો દાસાનુદાસ ચરણ રેણુ છું.'

'હે સદ્‌ગુરુ દેવ ! પરં કૃપાળુ ! ગાવા ગુણો શક્તિ ન મુજ ભાળું,
અમાપ છે આપ તણી કરૂણા, થવું નથી શક્ય પ્રભો ! અનૃણા.
અનાદિથી આત્મસ્વરૂપ ભૂલ્યો, હું ભોગના કાદવ માંહિ ડૂલ્યો;
દુઃખો તણા સાગર મધ્ય રૂલ્યો, તાર્યો તમે બોધ દઈ અમૂલ્યો.
સ્વરૂપનું ભાન તમે જગાડ્યું, ભ્રાંતિ તણું ભૂત તમે ભગાડ્યું;
મિથ્યાત્વનું વિષ તમે ઉતાર્યું, સમ્યક્ત્વ પીયૂષ તમે પીવાડ્યું.
ઉંચા ચિદાકાશ વિષે ઉડંતા, હે હંસ ! સ્હેજાત્મસ્વરૂપવંતા;
આત્મા વિવેચી પરને વમો છો, મુમુક્ષુના માનસમાં રમો છો.
સ્વામી તમે શુદ્ધ સ્વ ચેતનાના, રામી તમે આતમ ભાવનાના;
ભોગી તમે આત્મતણા ગુણોના, યોગી તમે આત્મ અનુભવોના.
અનંતકાળે તમ યોગ લાધ્યો, કૈં આત્મનો સાધન જોગ સાધ્યો;
તો આપનો કેમ પીછો જ છોડું ? ના જ્યાં લગી પૂરણ તત્ત્વ જોડું.
શું પાદપદ્મે પ્રભુના ધરૂં હું ? શી રીત આત્મા અનૃણો કરૂં હું ?
એ આત્મ તો આપથી કાંઈ વેદું, નૈવેદ્ય આ આત્મતણો નિવેદું.
ગુરૂ ગુણે ગૂંથી ભરી સુવાસે, આ વર્ણમાલા ભગવાન દાસે;
આ પ્રાજ્ઞ કંઠે ગત પુષ્પમાલા, દ્યો આત્મસિદ્ધિમય મોક્ષમાલા.'

- પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા, પાઠ-૬૫, (ડૉ. ભગવાનદાસ કૃત)

''હે પરમ કૃપાળુ દેવ ! જન્મ-જરા-મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ માર્ગ શ્રીમદે અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિ ઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું. વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિસ્પૃહ છો. જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરૂં છું. આપની પરમ ભક્તિ અને વીતરાગ પુરુષ મૂળ ધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભાવ પર્યંત અખંડ જાગૃત રહો ! માગું છું તે સફળ થાઓ ! ૐ શાંતિઃ શાંતિઃ.'' **- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૧૭**

આમ **શ્રીમદ્ સદ્‌ગુરુના સત્‌ઉપદેશનું ઉત્તમ સત્ નિમિત્ત** પામી તે પરમ ઉપકારી પ્રત્યે જેના હૃદયમાં આવો પરમ કૃતજ્ઞભાવ ઉલ્લસ્યો છે એવો આ જીવ સ્વરૂપ સમજી પ્રતિબુદ્ધ થયો, અનાદિ મોહનિદ્રામાંથી ઊઠી આત્મજાગ્રતિ પામ્યો, એટલે 'निजकरतलविन्यस्तविस्मृतचामीकरावलोकनन्यायेन' -

'નિજ કરતલ વિન્યસ્ત વિસ્મૃત ચામીકર (સુવર્ણ) અવલોકન ન્યાયે' અર્થાત્ પોતાની હથેળીમાં જ સોનું મૂક્યું હતું છતાં ભૂલાઈ ગયું હતું, તે હા હા ! એ સોનું તો મ્હારી હથેળીમાં જ મૂક્યું છે એમ ફરી યાદ આવતાં પોતાની હથેળીમાં જ પ્રત્યક્ષ દેખાય તે ન્યાયે, તે દૃષ્ટાંતના ઉપનય પ્રમાણે, આ પરમેશ્વર આત્મા તો પોતે જ છે છતાં વિસ્મૃત થયો હતો, નવ મિત્રોની ગણનામાં પોતાને નહિં ગણતાં 'મણિઓ' ભૂલાઈ ગયો હતો તેની જેમ, આ ચૈતન્ય-ચિંતામણિઓ ભૂલાઈ ગયો હતો, તેની ફરી સ્મૃતિ થતાં આ પ્રતિબુદ્ધ જીવે પરમેશ્વર એવા આત્માને સાક્ષાત્ દીઠો, 'परमेश्वरमात्मानं ज्ञात्वा श्रद्धायानुचर्य च सम्यक्' - એટલે આમ પરમેશ્વર એવા આત્માને સાક્ષાત્ જાણી, શ્રદ્ધી અને સમ્યક્પણે - યથાવત્ વસ્તુ સ્વરૂપ પણે અનુચરી તે એક **આત્મારામ** થયો, અર્થાત્ આત્મા પોતે પોતાનામાં જ - આત્મામાં જ આરામ કરનારો અથવા આત્મામાં રમણ કરનારો એવો આત્મારામી થયો, અથવા આત્મારૂપ આરામમાં (બગીચો-બાગ) - નંદનવનમાં આરામ કરનારો - વિશ્રાંતિ કરનારો - રમણ કરનારો થયો.

આત્માને પરમેશ્વર જાણી શ્રદ્ધી અને અનુચરી આત્મારામ આત્મા

''દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો લાલ. સમાધિ.
ભાસ્યો આત્મસ્વરૂપ અનાદિનો વિસર્યો હો લાલ... વિસર્યો.
સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ... વિસર્યો.
સત્તા સાધન માર્ગ ભણી એ સંચર્યો હો લાલ... સંચર્યો... દીઠો.
મોહાદિની ધૂમિ અનાદિની ઉતરે હો લાલ.
અમલ અખંડ અલિપ્ત સ્વભાવ જ સાંભરે હો લાલ.
તત્ત્વરમણ શુચિ ધ્યાન ભણી જે આદરે હો લાલ.
તે સમતા રસ ધામ સ્વામી મુદ્રા વરે હો લાલ... દીઠો સુવિધિ.''

- પરમતત્ત્વરંગી મહામુનીશ્વર શ્રી દેવચંદ્રજી

''સયલ સંસારી ઈંદ્રિયરામી, મુનિ ગુણ આતમ રામી રે,
મુખ્યપણે જે આતમરામી, તે કહિયે નિષ્કામી રે...
શ્રી શ્રેયાંસજિન અંતરજામી, આતમરામી નામી રે.''

- મહાનિર્ગ્રંથ મુનીશ્વર યોગિરાજ આનંદઘનજી

''પ્રણમું ચરણ પરમગુરુ જિનના, હંસ તે મુનિ જન મનના,
વાસી અનુભવ નંદન વનના, ભોગી આનંદઘનના...
મોરા સ્વામી હો તોરો ધ્યાન ધરી જે,
ધ્યાન ધરી જે સિદ્ધિ વરી જે, અનુભવ અમૃત પીજે... પ્રણામું ચરણ.'' - **શ્રી દેવચંદ્રજી**

અને તત્ત્વદૃષ્ટિથી વિચારીએ તો આ આત્મા એ જ ખરેખર ! આરામ કરવા યોગ્ય આરામ છે, નંદનવન જેવો આનંદપ્રદ આરામ છે - બાગ છે. એટલે આત્મા એ જ જેનો આરામ છે એવા સ્વરૂપ રમણતામાં રમનારા આત્મારામી મુનિ આ આત્મારામના - આત્માનુભવ નંદનવનના વાસી થઈ આનંદઘનના ભોગી બન્યા હોય એમાં આશ્ચર્ય શું ? આ આત્મારામ આત્માને નંદનવનની ઉપમા કેવી સાંગોપાંગ ઘટે છે તેનું દિગ્દર્શન આ વિવેચકે સ્વયં રચેલા **'આત્મારામ'** નામક કાવ્યમાં કરાવ્યું છે. જેમકે -

(શાલિની)

'આત્મારામે આત્મ પાંથ પ્રવેશી, બેઠો તેના એક દેશે ગવેષી,
શોભા ભાળી ચિંતવે ચિત્ત ધામે, આત્મારામે આત્મ આરામ પામે.
આ તે સાક્ષાત્ નંદનોદ્યાન છે શું ? આ અત્રે સૌ ઉપમા હીન છે શું ?
મૂર્ત્તાત્મા શું ભાવ આ શાંત નામે ? આત્મારામે આત્મ આરામ પામે.
આહા ! કેવો બાગ છે એહ ચારુ ? દેખી દેશ્યો આ ઠરે ચિત્ત મ્હારૂં,
શાંતિનું સામ્રાજ્ય એકત્ર જાણે ! આત્મારામે આત્મ આરામ પામે.
શાલી શીલે પુષ્પદ્રુમો બસંત, ફેલાવે છે સૌરભો દિગ્ દિગંત,
ગુંજંતા ત્યાં સંતભૃંગો વિરામે, આત્મારામે આત્મ આરામ પામે.
જેના ઉંડા મૂલ સદ્ દર્શનો છે, જેના સ્કંધો જ્ઞાનિના શાસનો છે,
એવા છાયા વૃક્ષ આ મોક્ષ નામે, આત્મારામે આત્મ આરામ પામે.
સ્વાધ્યાયોથી ત્યાં સુસાધુ વિહંગો, વિસ્તારે છે ગાન કેરા તરંગો,
તેની છાયાથી ય સંતાપ શામે, આત્મારામે આત્મ આરામ પામે.
ચૈતન્યોના અત્ર ઊડે ફુવારા, દૃષ્ટાઓને ચિત્ ચમત્કાર કારાઃ,
તાપો ત્હેના શીકરોથી પ્રશામે, આત્મારામે આત્મ આરામ પામે.
પામ્યો શાંતિ હાશ ! હું શાંતિકામી, ભ્રાંતિ ભાંગી શ્રાંતિ વિશ્રાંતિ પામી,
ના'વે જન્મ ગ્રીષ્મ સંતાપ સામે, આત્મારામે આત્મ આરામ પામે.
આધિ વ્યાધિ ને ઉપાધિ બધી યે, બધા અત્રે ના કરે છે જરીયે,
આનંદોના ઉત્સવો માત્ર જામે, આત્મારામે આત્મ આરામ પામે.
ને અંભોધિ ગર્જના ગાઢ ઘેરી, વાગે વેગે વિજયાનંદ ભેરી,
ભાગે સેના મોહની ઠામ ઠામે, આત્મારામે આત્મ આરામ પામે.
આત્મારામે ઓજના તેજ પુંજ, આત્મારામે સિદ્ધિના શુદ્ધ કુંજ,
આત્મારામે આત્મ આનંદ ગુંજ, આત્મારામે આત્મને આત્મ ! યુંજ.

(અનુષ્ટુપ્)

મનોનંદન છે આત્મા, આત્મા વંદનધામ છે,
આત્મા જ એક આદેય, હેય અન્ય તમામ છે.
સુસ્થિત અમૃત સ્થાને, આત્મારામ અનંત છે,
અક્ષર દેહ અદ્યાપિ, આત્મારામ જીવંત છે.' - (ડૉ. ભગવાનદાસ કૃત)

આમ જે પ્રતિબુદ્ધ થઈ **અનુભવ-નંદનવનમાં** રમણ કરનારો **આત્મારામ** થયો, તે જ 'આ નિશ્ચયે કરીને હું આત્મા - આત્મપ્રત્યક્ષ ચિન્માત્ર જ્યોતિ છું. 'आत्मप्रत्यक्षं चिन्मात्रज्योति' - અર્થાત્ **શ્રીમદ્ સદ્‌ગુરુ ઉપદેશથી** પ્રતિબોધ પામી, પરમેશ્વર એવા આત્માને જાણી - શ્રદ્ધી - સમ્યક્ - અનુચરી, જે આત્મામાં આરામ કરનારો એવો **સમ્યક્ આત્મારામ** થયો, 'स खल्वहं आत्मा' - તે જ **હું - સોઽહં** - અહંપ્રત્યયથી ઓળખાતો પ્રતીત થતો નિશ્ચયે કરીને - આ પ્રત્યક્ષ અનુભવાતો **આત્મા આત્મપ્રત્યક્ષ** એવી **ચિન્માત્ર જ્યોતિ** છું, જ્યાં માત્ર 'ચિત્' સિવાય બીજું કાંઈ પણ નથી એવી ચિન્માત્ર - કેવલ ચૈતન્યમય ત્રિભુવન પ્રકાશી ઝળહળ જ્યોતિ છું.

''ચેતન ! ઐસા જ્ઞાન વિચારો, સોહં સોહં સોહં સોહં,
સોહં અણુ ન બીયા સારો... ચેતન.
સોડહં જાનિ દટો તુમ મોહં,
વ્હૈ હૈ સમકો વારો... ચેતન.'' - **શ્રી આનંદઘન પદ-૮૧**

એક શુદ્ધ દર્શન જ્ઞાનમયી સદા અરૂપી

આ **ચિન્માત્ર જ્યોતિ** એવો હું આત્મા 'સમસ્ત ક્રમ-અક્રમે પ્રવર્ત્તમાન વ્યાવહારિક ભાવોથી ચિન્માત્ર આકારે કરીને અભિદ્યમાનપણાને લીધે એક છું.' 'समस्तक्रमाक्रम प्रवर्तमान व्यावहारिकभावै श्चिन्मात्रकारेणाभिद्यमानत्वादेकः' - અર્થાત્ આ ચિન્માત્ર જ્યોતિના વિશ્વવ્યાપી પ્રકાશમાં અનુક્રમે કે એકીસાથે પ્રવર્તી રહેલા વિવિધ નાના પ્રકારના ભાવો - ગુણ પર્યાયો - જ્ઞેયાકારે - જ્ઞાનાકારે પ્રકાશ્યમાન છે, પણ તે તે ભાવોથી મ્હારા એક ચિન્માત્ર આકારનો કાંઈ ભેદ કરી શકાતો નથી, એટલે હું તો કોઈથી ન ભેદી શકાય એવા **અભેદ કેવલ એક** ચિન્માત્ર આકારે જ સુસ્થિત હોઈ એક છું, જ્યાં બીજા કોઈ દ્વૈતનો - દ્વિતીય ભાવનો અવકાશ નથી એવો અદ્વૈત અદ્વિતીય **એક** છું.

આવો ચિન્માત્ર જ્યોતિ એક એવો હું 'નર-નારકાદિ જીવવિશેષ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ લક્ષણ વ્યાવહારિક નવ તત્ત્વોથી ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવ ભાવે કરીને અત્યંત વિવિક્તપણાને લીધે શુદ્ધ છું, नारकादि जीव-मोक्षलक्षणव्यावहारिकनवत्त्वेभ्यः - विविक्तत्वात् शुद्धः । અર્થાત્ નારકાદિ જીવપર્યાય, અજીવ આદિ ભેદગ્રાહી ભેદ કલ્પનારૂપ વ્યવહારનયથી કથવામાં આવતા વ્યાવહારિક નવ તત્ત્વો છે અને હું તો **ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવી** છું, ટાંકણાથી ઉત્કીર્ણ - કોતરેલ અક્ષર જેવા અક્ષર ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવભાવે કરીને નવ તત્ત્વોથી મ્હારૂં અત્યંત વિવિક્તપણું - પૃથક્પણું - ભિન્નપણું છે - અલગપણું - અલાયદાપણું - જૂદાપણું છે, એટલે મ્હારા એક જ્ઞાયક સ્વભાવમાં બીજા કોઈ અજીવ - પુણ્ય - પાપ આસ્રવાદિ આગંતુક ભાવનું આગમન વા અંતઃપ્રવેશ નથી એટલે હું શુદ્ધ છું, કોઈ પણ અન્ય ભાવરૂપ - દ્વૈતની પરભાવ રૂપ અશુચિની સેળભેળ-સંકરપણું - શંભુમેળો મ્હારામાં નહિં હોવાથી, **'હું'** શુચિ-પવિત્ર-નિર્મલ **શુદ્ધ** છું.

આવો ચિન્માત્ર જ્યોતિ હું એક શુદ્ધ છું, અત એવ 'चिन्मात्रतया सामान्यविशेषोपयोगतानतिक्रमात्' - 'ચિન્માત્રતાએ કરીને સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકપણાના અનતિક્રમણને લીધે **દર્શન-જ્ઞાનમય** છું. 'दर्शनज्ञानमयः' - અર્થાત્ માત્ર એકાક્ષરી અક્ષર 'ચિત્' સિવાય બીજુ કાંઈ જ્યાં નથી એવો હું ચિન્માત્ર છું અને ચિત્ છે તે સામાન્ય-વિશેષ ઉપયોગાત્મક છે, તેથી સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકપણાના અનુલ્લંઘનથી હું સામાન્ય-વિશેષ ઉપયોગાત્મક છું, એટલે સામાન્ય ઉપયોગ અને વિશેષ ઉપયોગ એ જ શાસ્ત્ર પરિભાષામાં અનુક્રમે 'દર્શન-જ્ઞાન' કહેવાતા હોઈ, **'હું' દર્શનજ્ઞાનમય** છું, તાત્પર્ય કે **એકાક્ષરી અક્ષર 'ચિત્'માં** દર્શન-જ્ઞાન બન્નેનો સમાવેશ થાય છે, એટલે હું ચિત્ માત્ર હોવાથી દર્શન-જ્ઞાનમય છું.

''નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે;
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ-ગ્રહણ વ્યાપારો રે... વાસુપૂજ્ય જિન.'' - **શ્રી આનંદઘનજી**

''જાકે ઉર અંતરમેં રાગ દોષ મોહ નાંહિ, આપમેં સમાય રહૈ આપહી અનંત હૈ,
ઔર દ્રવ્ય સુન ધ્યાર સમેં સાર ધ્યાન ધાર, ધરી કે સંભાર સાર સંતરસ સંત હૈ,
ટંક સૌ ઉકેરયો જૈસો રતન અભંગ જોતિ, તૈસો પરબ્રહ્મ નિજ જ્ઞાનસો મહંત હૈ,
નિરદ્વંદ્ હૈ અબંધ ચેતના કો ખંધ સંત, અમલાન જ્ઞાન ગુન સનબંધવંત હૈ.''

- શ્રી દેવચંદ્રજી કૃત દ્રવ્ય પ્રકાશ, ૩-૧૩૯

આમ ચિન્માત્ર જ્યોતિ હું એક શુદ્ધ દર્શન જ્ઞાનમય છું, દર્શન-જ્ઞાન સ્વરૂપ છું, અત એવ

'स्पर्शरसगंधवर्णनिमित्तसंवेदनपरिणतत्वेपि' - સ્પર્શાદિ નિમિત્ત છે જેનું એવા સંવેદનનું પરિણતપણામાં - પણ સ્વયં સ્પર્શાદિ રૂપે અપરિણમનને લીધે પરમાર્થથી સદૈવ અરૂપી છું.' - 'स्वयं स्पर्शादिरूपेणापरिणमनात् परमार्थतः सदैव अरूपीः' - અર્થાત્ સ્પર્શ-રસ-ગંધ-વર્ણનું નિમિત્ત પામી સંવેદનનું-આત્માનુભવનનું પરિણતપણું હોય છે, તેમાં પણ તે સંવેદનનું સ્પર્શાદિરૂપે સ્વયં પરિણમન હોતું નથી, સ્પર્શાદિનું સંવેદન-અનુભવન-જાણપણું જોકે આત્માને થાય છે, પણ તેથી આત્મા પોતે કાંઈ સ્પર્શાદિ રૂપે થઈને પરિણમતો નથી, સ્પર્શાદિરૂપ બની જતો નથી, આમ હું પરમાર્થથી સર્વકાળ સદૈવ અરૂપી-અમૂર્ત્ત છું, ઈંદ્રિય ગ્રાહ્ય જેનું કોઈ પણ રૂપ નથી એવો અતીંદ્રિય અરૂપી છું.

સ્વરૂપ પ્રતપન

એમ ચિન્માત્ર જ્યોતિ હું એક શુદ્ધ દર્શનજ્ઞાનમય સદા અરૂપી છું, અત એવ 'प्रत्यग् अहं स्वरूपं संचेतयमानः प्रतपामि' - **'प्रत्यग्'** - અંતર્ગત - પૃથક્ એવો હું **સ્વરૂપને** સંચેતી રહેલો આવો **પ્રતપું છું.** અર્થાત્ હું પરમ જ્યોતિ સ્વરૂપ આત્મા બીજા બધાયથી સર્વથા ભિન્ન - અલાયદો અંતર્ગત એવો આ **સહજાત્મસ્વરૂપ** સંચેતતો **સમ્યક્** પ્રકારે અનુભવતો સતો ઉગ્ર પ્રભાવી સ્વરૂપ તેજથી પ્રતપી રહ્યો છું, તિમિર પટલને નષ્ટ કરતો સતો ઉગ્ર પ્રતાપી દિનમણિ જેમ ગગનમાં સ્વરૂપ તેજથી ઝળહળે છે, તેમ મોહતમસ્ પટલને વિદારતો પરમજ્યોતિ સ્વરૂપ હું ચૈતન્ય દિવાકર નિર્વિકલ્પ ચિદ્ આકાશમાં ઉગ્ર **સહજાત્મસ્વરૂપ** તેજથી પ્રતપી રહ્યો છું, સ્વરૂપ પ્રતપન **તેજથી** પ્રકૃષ્ટપણે તપી રહ્યો છું

અન્ય કંઈ પણ પરમાણુમાત્ર પણ મ્હારૂં નથી

અને 'एवं प्रतपतश्च मम' - એમ સ્વરૂપમાં પ્રતપતા **'મ્હારૂં'** વિચિત્ર સ્વરૂપસંપદથી વિશ્વમાં - પરિસ્ફુરી રહેલમાં પણ - 'बहिर् विचित्रस्वरूपसंपदा विश्वे परिस्फुरत्यपि' - કંઈ પણ **અન્ય પરમાણુમાત્ર પણ આત્મીયપણે** પ્રતિભાસતું નથી. 'न किंचनाप्यन्यत् परमाणुमात्रमत्यात्मीयत्वेन प्रतिभाति' - એમ ઉપરમાં વિવરી દેખાડ્યું તેવા સહજાત્મસ્વરૂપી પ્રત્યગ્ - અંતર્ગત - ચિન્માત્ર જ્યોતિ સ્વરૂપમાં હું ઉગ્ર સહજાત્મસ્વરૂપ પ્રતાપથી પ્રતપી રહ્યો છું અને બહિર્ગત - બ્હારમાં - આત્માથી બ્હારમાં - વિચિત્ર - નાના પ્રકારની પોતપોતાની સ્વરૂપ સંપદ્થી આખું જગત્ પરિસ્ફુરી રહ્યું છે, જ્ઞાનમય આત્મામાં જ્ઞેયાકારે બધી બાજુથી સ્ફુરી રહ્યું છે. પણ આત્મબાહ્ય એવા તે વિચિત્ર સ્વરૂપ સંપદ્થી બહિર્ગત પરિસ્ફુરતા જ્ઞેયાકાર વિશ્વમાં પણ બીજું કંઈ પણ પરમાણુ માત્ર પણ **મ્હારૂં આત્મીયપણે** - પોતાનાપણે પ્રતિભાસતું નથી. જેમ ઉગ્ર પ્રતાપી મહારાજાનો પ્રતાપ પ્રતપતો હોય ત્યાં સમસ્ત પરચક્ર નષ્ટ થાય છે અને પરચક્રનું ચકલું પણ ફરકી શકતું નથી, તેમ આ પરમ પ્રતાપી **આત્મ-રાજરાજેશ્વર જ્યાં સહજાત્મસ્વરૂપ પ્રતાપથી** પ્રતપતો હોય, સ્વરૂપ પ્રતપન રૂપ પ્રકૃષ્ટ તપસ્તાથી - પ્રકૃષ્ટપણે તપી રહ્યો હોય ત્યાં પછી પરભાવરૂપ સમસ્ત પરચક્ર નષ્ટ થાય છે અને પરચક્રનું પરમાણુ માત્ર પણ આત્મપ્રદેશમાં પ્રવેશ કરી શકતું નથી. ભલે બ્હારમાં વિચિત્ર સ્વરૂપ સંપદ્થી વિશ્વ પરિસ્ફુરી રહ્યું છે, મ્હારા જ્ઞાનમાં જ્ઞેયાકાર પ્રતિભાસથી બધી બાજુએ સ્ફુરી રહ્યું છે, છતાં એમાં એવું કંઈ પણ પરમાણુ જેટલું પણ મને મ્હારૂં પોતાનું - આત્માનું ભાસતું નથી, કે 'જે ભાવકપણે ને જ્ઞેયપણે મ્હારા આત્મા સાથે એકરૂપ થઈ પુનઃ મોહનો ઉદ્ભવ કરાવે', 'यद् भावकत्वेन ज्ञेयत्वेनचैकीभूय भूयो मोहमुद्भावयति' - કારણકે 'સ્વરસથી જ પુનઃ પ્રાદુર્ભાવ ન થાય એમ મોહને સમૂલ ઉન્મૂલી - મહત્ જ્ઞાનોદ્યોતનું પ્રસ્ફુરિતપણું થયું છે.' 'स्वरसत एवापुनःप्रादुर्भावाय समूलं मोहमुन्मूल्य महतो ज्ञानोद्योतस्य प्रस्फुरितत्वात्' - અર્થાત્ મોહનું જડમૂળથી નિકંદન કાઢી નાંખી મહાજ્ઞાન ઉદ્યોત - મહાજ્ઞાન - પ્રકાશ એટલો બધો પ્રસ્ફુરિત થયો છે, પ્રકૃષ્ટપણે સ્ફુરિત થયો છે, 'महतो ज्ञानोद्योतस्य प्रस्फुरितत्वात्' - એટલો બધો ઝળહળી રહ્યો છે, કે હવે ફરીને મોહઅંધકારનો પ્રાદુર્ભાવ કદી પણ થાય જ નહિં, મોહ કદી પણ માથું ઉંચકી શકે નહિં એમ તેનો સદાને માટે સર્વનાશ થયો છે. **'अच्युत'** - સ્વરૂપથી અચ્યુત-અભ્રષ્ટ **આત્માના** પ્રસાદથી મોહ નષ્ટ થયો છે અને **આત્મસ્મૃતિ** પ્રાપ્ત થઈ છે.

''સદ્‌ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાનુ;
નિજપદ નિજમાંથી લહ્યું, દૂર થયું અજ્ઞાન.''
ભાસ્યું નિજ સ્વરૂપ તે, શુદ્ધ ચેતના રૂપ;
અજર અમર અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ.''

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૧૯-૧૨૦

આમ સર્વત્ર જેનો મોહ નષ્ટ થયો છે એવા પરમ અમોહસ્વરૂપી સર્વત્ર અસંગ આત્મારામી ભાવિતાત્મા મહાત્માને પરદ્રવ્ય - પરભાવના પરમાણુ માત્ર પ્રત્યે પણ લેશ માત્ર આસક્તિ હોતી નથી, સ્વપ્રાંતરે પણ સમયમાત્ર પણ તે પ્રત્યે આત્મભાવ ઉપજતો નથી, કારણકે 'હું નિશ્ચયે કરીને એક શુદ્ધ દર્શન-જ્ઞાનમય સદા અરૂપી આત્મા છું, આ એક શુદ્ધ દર્શન-જ્ઞાનમય આત્મા સિવાય બીજું કંઈ પણ પરમાણુ માત્ર પણ મ્હારૂં નથી' - એવી અખંડ આત્મભાવના તે ભાવે છે. આવા પરમ ભાવિતાત્માને પરભાવ પ્રત્યે અહંત્વ-મમત્વ રૂપ પરિગ્રહ બુદ્ધિ કે આસક્તિ કેમ હોય ? ન જ હોય, ન જ હોય. એટલે જ આ સર્વત્ર પરમ અસંગ શુદ્ધોપયોગી શ્રમણ નિર્ગ્રંથ મહાત્મા શુદ્ધાત્માનુભવ કરવાને સમર્થ બને છે અને એટલે જ એને આત્મારામપણા રૂપ યથાતત્ત્વ યથાસૂત્ર પ્રવૃત્તિ વર્તે છે, એટલે કે જેવા પ્રકારે શુદ્ધ આત્મતત્ત્વનું અસંગ સ્વરૂપ અનુભવમાં આવ્યું, તેવા પ્રકારે યથાસૂત્ર પ્રવર્તન રૂપ - આચરણ રૂપ - ચારિત્ર રૂપ સ્થિતિ પ્રવર્ત્તે છે, આત્માનુચરણ હોય છે. અર્થાત્ આત્માનો સ્વભાવ દર્શન-જ્ઞાનરૂપ છે, તે સ્વભાવમાં નિયત ચરિત હોવું - આત્મસ્વભાવમાં પૂર્ણપણે પ્રવર્તવું, 'આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ' થવી, એવો ઉત્કૃષ્ટ પ્રવૃત્તિ ગુણ એને પ્રગટે છે, આ સ્વભાવ પ્રવૃત્તિ સાત્મીરૂપ-આત્મભૂત થઈ જાય છે, આત્માનુચરણ રૂપ પ્રવૃત્તિ આત્મામય બની જાય છે - આત્માકાર થઈ જાય છે, આત્માના પ્રદેશે પ્રદેશે શુદ્ધ ચારિત્ર ગુણ વ્યાપ્ત થઈ આત્મા સ્વયં શુદ્ધ ચારિત્ર મૂર્તિ બને છે. જેને વાસકની - સુવાસિત કરનારની અપેક્ષા નથી એવો ચંદનના ગંધ વનમાં સર્વત્ર પ્રસરી જઈ તેને સુવાસિત કરે છે. તેમ આ સ્વરૂપાચરણમય આત્મપ્રવૃત્તિ ગુણ સહજ સ્વભાવે સર્વ આત્મપ્રદેશમાં વ્યાપી જઈ સંપૂર્ણ શીલ સુગંધથી તેને સુવાસિત કરી મૂકે છે. જેમ જેમ આત્મારામી મહામુનિનો આ આત્મપ્રવૃત્તિ ગુણ વિકસતો જાય છે, તેમ તેમ મોહનીય કર્મનો ક્ષય થતો જાય છે ને વીતરાગતાની માત્રા વધતી જાય છે, આમ સમયે સમયે અનંતા સંયમ વર્ધમાન કરતા તેને છેવટે **'યથાખ્યાત'** પરમ વીતરાગ ચારિત્ર પ્રગટે છે, એટલે કે જેવું આત્માનું શુદ્ધ સ્વરૂપ ખ્યાત છે - પ્રસિદ્ધ છે અથવા તો જેવું ચારિત્રનું શુદ્ધ નિષ્કષાય વીતરાગ સ્વરૂપ આખ્યાત છે - જ્ઞાનીઓએ ભાખ્યું છે, તેવું - જેવી **'આત્મખ્યાતિ'** છે તેવું **શુદ્ધાત્માનુભૂતિ રૂપ કેવલ જ્ઞાનમય આત્મચારિત્ર** પ્રગટ થાય છે અને આમ દેહ છતાં દેહાતીત દશાએ વર્તતો તે જીવતાં છતાં મુક્ત એવી **'જીવન્મુક્ત'** દશાનો સાક્ષાત્ અનુભવ કરે છે. આવી **જીવન્મુક્તદશાનો સાક્ષાત્ અનુભવ શ્રીમદ્ રાજચંદ્રના** જીવનમાં અને વચનામૃતમાં પ્રાપ્ત થાય છે :-

''સર્વ અન્ય ભાવથી આત્મા રહિત છે, કેવળ એમ જેને અનુભવ વર્તે છે તે મુક્ત છે. બીજા સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે છે તે મુક્ત છે.

અટળ અનુભવ સ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જૂદો ભાસવો ત્યાંથી મુક્તદશા વર્તે છે. તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય છે, તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે.

જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઈ પણ સંબંધ નહોતો એવી અસંગ દશા ઉત્પન્ન કરી તે ભગવાન્ રૂપ સત્પુરુષોને નમસ્કાર કરે છે. ** શુદ્ધ સહજ આત્મસ્વરૂપ.

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૧૩), ૭૭૯ (પરમાર્થ સુહૃદ્ સૌભાગ્યભાઈ પરનો સુપ્રસિદ્ધ પત્ર)

આવા આ જીવન્મુક્ત યોગીશ્વરની **સહજાત્મસ્વરૂપે** અખંડ સ્થિતિ હોય છે, કારણકે પરભાવનું જે દ્વૈત હતું તે ટળી ગયું, એટલે એને પરમ શુદ્ધ અદ્વૈત ભાવે કેવલ એક સહજ આત્મસ્વરૂપમાં જ સ્થિતિ રૂપ સહજ નિઃપ્રયાસ રમણતા વર્ત્તે છે અને આવા આત્મારામી આત્મનિષ્ઠ સત્પુરુષને જ નિર્વિકલ્પ અખંડ આત્મસમાધિ દશા પ્રગટ હોય છે. એટલે ધ્યાતા ધ્યાન ને ધ્યેય એ ત્રણેનો ભેદ પણ જ્યાં મટી જાય છે, જ્ઞાતા જ્ઞેય ને જ્ઞાનની ત્રિપુટી પણ કેવલ એક જ્ઞાયક ભાવમાં લય પામે છે, જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રિગુણ પણ એક અભેદ આત્મસ્વરૂપે પરિણમે છે, સમસ્ત દ્વૈત ભાવ અસ્ત પામી જ્યાં એક અદ્વૈત કેવલ શુદ્ધ આત્મા સ્વભાવ સમવસ્થિત રહે છે - શુદ્ધ દર્શન - જ્ઞાનમય આત્મસ્વભાવમાં નિયત ચરિતવંત-ચરણવંત વર્તે છે, સ્વસ્વભાવમાં વિલસે છે એવી ઉત્કૃષ્ટ આત્મસમાધિદશાને પામેલો તે આત્મારામી મહામુનિરાજ, 'કેવલ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન' એવી કેવલ જ્ઞાનમય 'દેહ છતાં નિર્વાણ' દશાને પ્રત્યક્ષ પ્રગટ અનુભવે છે. આવી શુદ્ધાત્માનુભૂતિમય પરમ નિર્વિકલ્પ આત્મસમાધિ દશાને પામી **પ્રયોગસિદ્ધ સમયસારને** જીવનમાં સાક્ષાત્ અનુભવનારા **પરમ આત્મારામી પરમ આત્મદૃષ્ટા યોગીંદ્ર શ્રીમદ્ રાજચંદ્રજીના** સહજ અનુભવોદ્‌ગાર છે કે -

''પરમ વીતરાગોએ આત્મસ્થ કરેલું યથાખ્યાત ચારિત્ર પ્રગટેલું એવું અસંગપણું નિરંતર વ્યક્તાવ્યક્તપણે સંભારૂં છું.''

''આત્માને વિષે સહજ સ્મરણે પ્રાપ્ત થયેલું જ્ઞાન શ્રી વર્ધમાનને વિષે હતું એમ જણાય છે. પૂર્ણ વીતરાગ જેવો બોધ તે અમને સહજે સાંભરી આવે છે.''

''જેને લાગી છે તેને જ લાગી છે અને તેણે જ જાણી છે, તે જ 'પિયુ પિયુ' પોકારે છે. એ બ્રાહ્મી વેદના કહી કેમ જાય ? કે જ્યાં વાણીનો પ્રવેશ નથી. વધારે શું કહેવું ? લાગી છે તેને જ લાગી છે. તેના જ ચરણસંગથી લાગે છે અને લાગે છે ત્યારે જ છૂટકો હોય છે. એ વિના બીજો સુગમ મોક્ષમાર્ગ છે જ નહીં. તથાપિ કોઈ પ્રયત્ન કરતું નથી !'' મોહ બળવાન છે !

''અલખ નામ ધુની લગી મગનમેં, ગગન ભયા મન બેરાજી,
આસન મારી સુરત દૃઢ ધારી, દિયા અગમ દ્વાર ડેરાજી... દરશ્યા અલખ દેદારાજી.''

- શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૬૨૯, ૨૬૩, ૧૭૫, ૧૬૩, ૩૧૩

આ કેવલ જ્ઞાનસિંધુના પરમ શાંતસુધારસમાં એકી સાથે મજ્જન કરવાનું સમસ્ત લોકોને આમંત્રણ કરતો અમૃત કળશ **અમૃતચંદ્રજી** લલકારે છે -

વસંતતિલકા

मज्जंतु निर्भरममी सममेव लोका,
आलोकमुच्छलति शांतरसे समस्ताः ।
आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण,
प्रोन्मग्न एष भगवानवबोधसिंधुः ॥३२॥

નિમજ્જજો અતિ જનો સહુ સાથ આંહિ, આલોક ઉછળત શાંતરસાબ્ધિમાંહિ.
ડૂલાવી વિભ્રમતણો પટ અમૃતેંદુ, પ્રોન્મગ્ન એહ ભગવાન્ અવબોધ સિંધુ. ૩૨

અમૃત પદ-૩૨

મજ્જન કરો કે મજ્જન કરો, શાંતરસે સહુ મજ્જન કરો !
લોક સુધી આ ઉછળતા રસમાં, એક સાથે સહુ મજ્જન કરો !... મજ્જન. ૧
વિભ્રમનો પડદો ડૂલાવી, અમૃતરસે આ ઝૂલવતો,
અમૃતચંદ્ર ઉલસાવ્યો ભગવાન, જ્ઞાનસિંધુ ઉન્મગ્ન થયો... મજ્જન. ૨

અર્થ : લોક પર્યંત ઉછળી રહેલા શાંતરસમાં આ સમસ્ત લોકો એકી સાથે જ નિર્ભરપણે મજ્જન કરો ! વિભ્રમ રૂપ તિરસ્કરિણી (પડદીની) આપ્લાવિત કરી, આ ભગવાન્ અવબોધસિંધુ (જ્ઞાનસિંધુ) આત્મા પ્રોન્મગ્ન થયો છે ! (પ્રકૃષ્ટપણે ઉન્મગ્ન થયો છે !)

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે, ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે. સર્વ જ્ઞાનીઓએ પણ આ વાત સ્વીકારી છે. હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ આપણને પામવી બાકી છે, જે સુલભ છે અને તે પામવાને હેતુ પણ એ જ છે કે કોઈ પણ પ્રકારે અમૃતસાગરનું અવલોકન કરતાં અલ્પ પણ માયાનું આવરણ બાધ કરે નહીં, અવલોકન સુખનું અલ્પ પણ વિસ્મરણ થાય નહીં, 'તુંહિ તુંહિ' વિના બીજી રટના રહે નહીં. માયિક એક પણ ભયનો, મોહનો સંકલ્પનો કે વિકલ્પનો અંશ રહે નહીં.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૭૦**

અત્રે સમસ્ત મુમુક્ષુ શ્રોતાજનને જ નહિં પણ સમસ્ત લોકોને પરમ પ્રેરણા-આહ્વાન રૂપ આ ઉપસંહાર કળશ પરમ આત્મભાવની વસંતઋતુના પ્રફુલ્લ ઉલ્લાસથી વસંતતિલકા વૃત્તમાં લલકારતાં મહાઅધ્યાત્મ નાટ્યકાર પરમ પરમાર્થ મહાકવિવર **અમૃતચંદ્રજી** અદ્‌ભુત નાટકીય શૈલીથી દિવ્ય ધ્વનિમય અમૃતવાણીથી ઉદ્‌બોધન કરે છે કે - आलोकमुच्छलति शांतरसे समस्ताः - આ પરમ શાંતસુધારસ એટલો બધો ઉલ્લાસ પામ્યો છે કે તે લોકપર્યંત ઉછળી રહ્યો છે ! એ શાંતરસમાં અહો લોકો ! તમે બધાય એકી સાથે જ નિર્ભરપણે - પૂરેપૂરી રીતે ગાઢપણે - 'પેટ ભરીને' મજ્જન કરો ! मज्जंतु निर्भरममी सममेव लोकाः - શાંતરસ સમુદ્ર એટલો બધો અવગાહવાળો છે કે તે બધાને - આખા લોકને - એકીસાથે સમાવી શકે એવો છે. માટે આમાં અમે બધા કેવી રીતે અવકાશ પામીશું ? એવી ભીતિ રખેને મ સેવશો ! Come one - come all ! એમ તમને સર્વેયને આ અમે - **'અમૃતચંદ્ર'** - આત્માએ વહાવેલા - ઉલ્લસાવેલા આ શાંતસુધારસ અમૃતસાગરમાં નિમજ્જન કરવાનું આત્મબંધુભાવે આમંત્રણ છે ! **'સાગમટે નોતરું છે !'** आप्लाव्य विभ्रममतिरस्करिणीं भरेण - જુઓ ! વિભ્રમ રૂપ 'તિરસ્કરિણીને' - આત્માને આવરણ રૂપ નાનકડી 'પડદી'ને આપ્લાવિત કરી, આ અમૃતરસ પૂરના

મહાપ્રવાહમાં ક્યાંય પત્તો ન લાગે એમ તાણી જઈ - ડૂબાવી દઈ ડૂલાવી દઈ, આ 'ભગવાન્ અવબોધસિંધુ' - જ્ઞાનસિંધુ - જ્ઞાનાર્ણવ પ્રોન્મગ્ન થયો છે ! प्रोन्मग्न एष भगवानवबोधसिंधुः - અત્યંત ઉન્મગ્ન થયો છે ! પ્રગટ દૃષ્ટિએ પડે એમ અત્યંતપણે ઉપરમાં તરી આવેલો દેખાય છે ! તેનું સાક્ષાત્ દર્શન કરી પાવન થાઓ ને તેના આ શાંતસુધારસમાં નિમજ્જો ! નાટકનો પડદો દૂર થતાં દૃષ્ટવ્ય દૃશ્ય જેમ દૃષ્ટિસન્મુખ પ્રત્યક્ષ દૃશ્યમાન થાય, તેમ મોહ-વિભ્રમનો નાનકડો પડદો દૂર થતાં આ દૃષ્ટવ્ય દૃષ્ટા-આત્મા દૃષ્ટિ સન્મુખ પ્રત્યક્ષ દૃશ્યમાન છે તે દેખો ! અને તેના શાંતરસમાં નિમજ્જન કરી દિવ્ય આનંદનો અનુભવ કરો ! આ **'આત્મખ્યાતિ'** ચંદ્રિકા રૂપ અમૃત વર્ષાવતા **'અમૃતચંદ્ર'** આત્માના દર્શને લોકપર્યંત શાંતસુધારસ ઉલ્લસાવતો આ ભગવાન્ જ્ઞાનસિંધુ ઉન્મગ્ન થયો - પ્રગટ તરતો દૃષ્ટ થયો, તે બીજો કોઈ નહિ પણ આ પ્રત્યક્ષ દૃશ્યમાન અનુભવ સ્વરૂપ **સહજાત્મસ્વરૂપ** ભગવાન્ આત્મા જ છે, આ શાંતસુધારસમય ભગવાન્ જ્ઞાનસમુદ્ર આત્મા એકદમ બ્હાર પ્રત્યક્ષ પ્રગટ દેખાય એમ પ્રકૃષ્ટપણે અત્યંત ઉન્મગ્ન થયો છે તે હે લોકો ! તમે આત્માનુભવ પ્રત્યક્ષથી અવલોકો ! અને પરમતીર્થ સ્વરૂપ આ જ્ઞાનામૃત સિંધુના પરમ શાંતસુધારસમાં મજ્જન કરો ! તેમાંથી કદીય બ્હાર ન નીકળાય એમ એમાં જ નિમગ્ન-નિતાંતપણે મગ્ન થાઓ ! **'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રજીના** આ દિવ્ય ધ્વનિનો જાણે પ્રતિધ્વનિ કરતા હોય એમ **પરમ જ્ઞાનાવતાર શ્રીમદ્ રાજચંદ્રજી** આવું જ પરમ જ્ઞાનામૃત વર્ષાવતું પરમ ભાવવાહી આહ્વાન કરે છે :

''દેહથી ભિન્ન સ્વપર પ્રકાશક પરમ જ્યોતિ : સ્વરૂપ એવો આ આત્મા તેમાં નિમગ્ન થાઓ.

હે આર્યજનો ! અંતર્મુખ થઈ સ્થિર થઈ તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૫૯), ૮૩૨**

શાંત સુધારસમય જ્ઞાનામૃત સિંધુમાં નિમજ્જનનું સાર્વજનિક આમંત્રણ : વીતરાગ ભાવરૂપ અસંગ પદ

અત્રે પરમ ભાવિતાત્મા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** જ્યાં અન્ય સર્વ ભાવ પ્રશાંત થઈ ગયા છે એવા શાંત - સુધારસમય કેવલજ્ઞાન સિંધુમાં નિમજ્જન કરવાનું સાર્વજનિક આહ્વાન કર્યું છે. કારણકે સર્વ પરભાવ-વિભાવ જ્યાં વિરામ પામી ગયા છે, એવા પરમ શાંત કેવલ જ્ઞાનમય આત્મસ્વભાવમાં વર્તતાં, આત્મા પરમ વીતરાગ ભાવરૂપ અસંગ પદને પામે છે, કે જ્યાં અનાદિ કુવાસનામય વિષનો પરિક્ષય - 'વિસભાગ પરિક્ષય' થતાં, પરમ અમૃત સ્વરૂપ આત્મા શુદ્ધ **સહજાત્મસ્વરૂપે** પ્રગટ થાય છે અને જ્યાં **પરમ શાંત સુધારસનો પ્રશાંત અખંડ પ્રવાહ** વહ્યા કરે છે - 'પ્રશાંત વાહિતા' વર્તે છે, એટલે અખંડ આત્મસ્થિતિ રૂપ **પરમ પ્રશાંત ચૈતન્યરસામૃત સાગરમાં આત્મા** નિરંતર નિમજ્જન કરે છે. અત્રે જ તે આત્મારામી શુદ્ધોપયોગી પરમ યોગી જ્ઞાન-દર્શન-ચારિત્રની અભેદ એકતા રૂપ પરમાર્થ મોક્ષમાર્ગને - 'શિવમાર્ગ'ને સાક્ષાત્ પામે છે, મોક્ષરૂપ ધ્રુવપદ પ્રત્યે લઈ જનારા પ્રત્યક્ષ 'ધ્રુવ માર્ગ'ને પ્રાપ્ત કરે છે. આવા શીઘ્ર મોક્ષપદ પ્રાપ્ત કરાવનારા અસંગ ચૈતન્યના પરમ શાંતરસામૃત સાગરમાં નિમજ્જન કરનારા આ અસંગ વીતરાગ શુદ્ધોપયોગી યોગીની આત્મદશા પરમ અદ્‌ભુત હોય છે, તેનો આત્મા એટલો બધો ઉદાસીન - વીતરાગ વર્તે છે કે તે સર્વત્ર અસંગ ભાવને જ ભજે છે, એક આત્મા સિવાય અન્યત્ર ક્યાંય પણ સંગ કરતો નથી. આવી પરમ અદ્‌ભુત અસંગ ઉદાસીન વીતરાગ દશાનું વર્તમાનમાં શ્રેષ્ઠ ઉદાહરણ **પરમ ભાવિતાત્મા આત્મારામી શ્રીમદ્ રાજચંદ્રજીના** તેમના પરમાર્થ સખા સૌભાગ્ય પરના અમૃત પત્રોમાં આ સહજ અનુભવોદ્‌ગારોમાં સુજ્ઞ વિવેકીઓને સ્થળે સ્થળે પ્રત્યક્ષ થાય છે. જેમકે -

''ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે.''

એક પુરાણ પુરુષ અને પુરાણ પુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી.

''અમારે દેશ હરિ છે, જાત હરિ છે, કાળ હરિ છે, દેહ હરિ છે, રૂપ હરિ છે, નામ હરિ છે, દિશા હરિ છે, સર્વ હરિ છે.''

''પરમાનંદ રૂપ હરિને ક્ષણ પણ ન વિસરવા એ અમારી સર્વ કૃતિ, વૃત્તિ અને લેખનો હેતુ છે.''

''અખંડ આત્મધુનના એકતાર પ્રવાહપૂર્વક તે વાત અમને હજી ભજવાની અત્યંત આતુરતા રહ્યા કરે છે.''

''હું એમ જાણું છઉં કે અનંતકાળથી અપ્રાપ્તવત્ એવું આત્મસ્વરૂપ કેવળજ્ઞાન કેવળ દર્શન સ્વરૂપે અંતર્મુહૂર્તમાં ઉત્પન્ન કર્યું છે.''

''પણ મોક્ષ તો કેવળ અમને નિકટપણે વર્ત્તે છે, એ તો નિઃશંક વાર્તા છે. અમારું જે ચિત્ત તે આત્મા સિવાય અન્ય સ્થળે પ્રતિબદ્ધતા પામતું નથી, ક્ષણ પણ અન્યભાવને વિષે સ્થિર થતું નથી, સ્વરૂપને વિષે સ્થિર રહે છે. એવું જે અમારું આશ્ચર્યકારક સ્વરૂપ તે હાલ તો ક્યાંય કહ્યું જતું નથી. ઘણા માસ વીત્યાથી તમને લખી સંતોષ માનીએ છૈયે.'' (ઈત્યાદિ) - શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૦૯, ૨૧૭, ૩૮૦, ૪૩૭, ૩૦૧), ૨૪૭, ૨૫૫, ૪૬૫, હાથનોંધ

આમ સર્વત્ર પરભાવ-વિભાવના સંગ સ્પર્શથી રહિત એવું આત્માનુચરણ રૂપ અસંગ અનુષ્ઠાન આચરનારા અસંગ મહાત્માઓ યથાખ્યાત ચારિત્ર રૂપ પરમ વીતરાગપણાને **'પ્રણમું પદ, વર તે, જય તે'** પામે છે, અર્થાત્ જેવું આત્માનું શુદ્ધ નિષ્કષાય વીતરાગ સ્વરૂપ જ્ઞાનીઓએ આખ્યાત કર્યું છે, તેવું આત્મસ્વભાવમાં પૂર્ણ પ્રવૃત્તિ રૂપ **'યથાખ્યાત'** વીતરાગ ચારિત્ર તેને પ્રગટે છે. એટલે પછી આ અમોહ સ્વરૂપ વીતરાગ યોગીશ્વર તત્ક્ષણ જ **'મૂળ શુદ્ધ તે આત્મપદ'** રૂપ **'સયોગી જિન સ્વરૂપ'** પામી, **'નિજ કેવલજ્ઞાન નિધાન'** પ્રગટાવે છે, પરંજ્યોતિ સ્વરૂપ આત્મારૂપ જિનરાજ-ચંદ્ર સ્વયં પૂર્ણ કેવલજ્ઞાન સ્વરૂપે પ્રકાશે છે, પરમ શાંતસુધારસ વર્ષાવતો **અમૃતચંદ્ર** આત્મા શુદ્ધ **સહજાત્મસ્વરૂપે** ઝળહળે છે, જે સુખના ધામરૂપ અનંત-શાશ્વત-ધ્રુવ એવા આ પરમ નિજ પદને - જિનપદને સંતજનો - જોગીજનો ચાહી - નિરંતર ઈચ્છતા રહી રાત દિવસ તેના જ ધ્યાનમાં રહે છે અને સુધામય-અમૃતમય એવી પરમ શાંતિ જ્યાં પ્રવહે છે એવા જે આ યોગીઓએ વરેલા - પસંદ કરેલા (choicest) 'વર' પદને - પરમ પદને પ્રણામ હો ! તે વર પદ જયવંત વર્તો ! એમ યોગીંદ્રો અભિનંદે છે અને તેવા પ્રકારે - 'પ્રણમું પદ તે, વર તે, જય તે !' એવા પરમ ભાવવાહી અમૃત શબ્દોમાં **યોગીન્દ્ર શ્રીમદ્ રાજચંદ્રજીએ** સકલ યોગમાર્ગના પરમ રહસ્યભૂત 'ઈચ્છે છે જે જોગીજન' વાળી પરમ અદ્‌ભુત અમર અંતિમ કૃતિની અંતિમ ગાથામાં અપૂર્વ ભાવોલ્લાસથી સંગીત કરેલ છે -

''સુખધામ અનંત સુસંત ચહી,
દિન રાત રહે તદ ધ્યાન મહીં,
પર શાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે, વર તે, જય તે.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૯૫૪**

આ **'સમયસાર'** નામનું મહાન્ અધ્યાત્મ નાટક છે. જેમ બહિરંગ નાટકમાં નાના પ્રકારના પાત્ર વસ્ત્ર-આભરણથી સારી પેઠે બની ઠની, પોત પોતાની વેષ-ભૂષા ધારણ કરી, નાટક શાળામાં - રંગભૂમિ પર નાટકમાં પોતપોતાનો ભાગ ભજવવા આવે છે, તેમ આ અંતરંગ નાટકમાં નાના પ્રકારના જીવાદિ તત્ત્વ-પાત્ર સ્વરૂપ સમૃદ્ધિથી સમૃદ્ધ બની, પોતપોતાની વિશિષ્ટ સ્વરૂપ શોભા ધારણ કરી, આ અધ્યાત્મ નાટકશાળામાં - આ ગ્રંથ રૂપ અધ્યાત્મ રંગભૂમિ પર પોતપોતાનો ભાગ ભજવવા આવે છે.

મહા અધ્યાત્મ નાટક સમયસાર

બહિરંગ નાટકમાં પડદો હોય છે, તે જ્યાં લગી પડ્યો હોય છે, ત્યાં લગી રંગભૂમિ અને પાત્રનું દૃશ્ય ચેષ્ટિત દેખી શકાતું નથી, પણ પડદો ખૂલતાં જ રંગભૂમિ અને પાત્રનું દૃશ્ય ચેષ્ટિત દૃષ્ટિ સન્મુખ ખૂલું થાય છે, તેમ અંતરંગ નાટકમાં વિભ્રમ-મોહરૂપ પડદો હોય છે, તે જ્યાં લગી પડ્યો હોય છે, ત્યાં લગી આ અધ્યાત્મ ગ્રંથ રૂપ રંગભૂમિ અને તે પરના તત્ત્વ-પાત્રનું દૃશ્ય સ્વરૂપ ચેષ્ટિત દેખી શકાતું

નથી, પણ વિભ્રમ-મોહનો પડદો ખૂલતાં જ આ રંગભૂમિ અને તે પરના તત્ત્વ-પાત્રનું યથાર્થ સ્વરૂપ-દૃશ્ય ચેષ્ટિત દૃષ્ટિ સન્મુખ ખૂલું થાય છે. એટલે સહૃદય દૃષ્ટા પ્રેક્ષકગણ નાટ્યરસમાં મજ્જન કરે છે, તેમ અધ્યાત્મ રસીયા સજ્જન તલ્લીન તન્મય બની જાણે અધ્યાત્મ નાટકના પરમ શાંતસુધારસમાં મજ્જન કરે છે - ડૂબી જાય છે !

બહિરંગ નાટકમાં જેમ દૃષ્ટા સભ્ય પ્રેક્ષકગણ હોય છે, તેમ આ અંતરંગ નાટકમાં દૃષ્ટા પ્રેક્ષકગણ આત્માર્થી મુમુક્ષુજનો હોય છે. બહિરંગ નાટક જેમ પૂર્વરંગ અને વિવિધ અંકોમાં વિભક્ત હોય છે, તેમ આ અંતરંગ નાટક પણ પૂર્વ રંગ અને નવ અંકમાં વિભક્ત છે. બહિરંગ નાટકમાં જેમ મુખ્યપણે કોઈ શૃંગાર - અદ્‌ભુત - કરુણ - વીર આદિમાંથી કોઈ એક રસનું પ્રાધાન્ય હોય છે, તેમ આ અંતરંગ નાટકમાં મુખ્યપણે રસાધિરાજ પરમશાંતરસનું પ્રાધાન્ય છે. નાટકના સ્રષ્ટા-સર્જક જેમ કોઈ તત્ વસ્તુના જાણકાર તજજ્ઞ મહાકવિ બ્રહ્મા હોય, તેમ આ અંતરંગ નાટકના સ્રષ્ટા-સર્જક અધ્યાત્મ વસ્તુના જાણકાર તજજ્ઞ પરમ બ્રહ્મવેત્તા પરમર્ષિ શાસ્ત્રકાર અને પરમર્ષિ 'આત્મખ્યાતિ'કાર મહાકવિ પરબ્રહ્મ બ્રહ્મા છે.

નવ તત્ત્વના નવ અંકો જેમાં છે એવા આ નવાંકી અધ્યાત્મ નાટકનો આ પૂર્વરંગ સમાપ્ત થયો. નાટકમાં જેમ પ્રથમ સૂત્રધાર નાટકના પ્રવેશક રૂપ પૂર્વ રંગ રજૂ કરે છે, તેમ મહાકવિ બ્રહ્મા કુંદકુંદજીએ પ્રણીત કરેલા સમયસાર અધ્યાત્મ નાટકના સૂત્રધાર સમા 'આત્મખ્યાતિ' સૂત્રકાર મહાકવિ બ્રહ્મા અમૃતચંદ્રજીએ એક આત્માનું સૂત્ર જ્યાં સંતાનિત છે એવી આ એક સૂત્રમય 'આત્મખ્યાતિ' વ્યાખ્યાથી ઓર બહલાવેલો આ સમયસાર - નાટકનો પૂર્વ રંગ પ્રણીત કર્યો અને અત્રે નાટકના તખ્તા પર મોહનો પડદો દૂર હઠાવીને ભગવાન્ અવબોધસિંધુ - જ્ઞાનસિંધુ આત્માનું પાત્ર સમયસાર નાટક કળશ કાવ્યના દિવ્ય ધ્વનિથી આ અધ્યાત્મ રંગભૂમિ પર પ્રગટ ખૂલું કર્યું અને તે ભગવાન્ જ્ઞાનસિંધુ આત્માના લોકપર્યંત ઉછળતા શાંતસુધારસમાં નિમજ્જન કરવાનું આ મહાનાટ્યકાર મહા કવીશ્વરે સર્વ કોઈને સપ્રેમ આમંત્રણ આપ્યું.

મહાકવિ બ્રહ્મા કુંદકુંદ : મહાકવિ બ્રહ્મા અમૃતચંદ્ર

પરમર્ષિ કુંદકુંદાચાર્યજી કૃત આ 'સમયસાર પ્રાભૃત'ની અપૂર્વ 'આત્મખ્યાતિ' વ્યાખ્યાની અપૂર્વ તત્ત્વકળાથી ગૂંથણી કરતાં મહાનિર્ગ્રંથ મુનીશ્વર પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીને તેના ગદ્યભાગ માત્રથી સંતોષ ન થતાં, તેમનો આત્માનંદ અમૃતરસ એટલો બધો ઉભરાયો કે તે પરમ અમૃતરસ સંભૃત 'સુવર્ણ' કળશમય કવિતાની અમૃતસરિતા રૂપે પ્રવહ્યો. દિવ્ય અધ્યાત્મ ગગનમાં અતિ અતિ ઉર્ધ્વ ભૂમિકાએ ઉડનારા આ પરમહંસ મહાનાટ્યકાર અમૃતચંદ્રજી મહાકવિએ, ગગન ગામિની કલ્પનાથી આ સમયસારને પોતાની વિશિષ્ટ સમયસાર નાટક કળશની દિવ્ય સૃષ્ટિથી અલૌકિક અનુપમ અદ્‌ભુત નાટકનું વ્યવસ્થિત રૂપ આપ્યું. આત્માને શુદ્ધ ચેતનાના શાંતસુધારસમાં રમણ કરાવતું તે જાણે - 'કાવ્યેષુ નાટક રમ્યં' - કાવ્યોને વિષે નાટક રમ્ય છે એ ઉક્તિને ચરિતાર્થ કરતું હોય નહીં ! અને એટલે જ આત્મરમણતામાં રમણ કરાવવા સમર્થ આવા દિવ્ય નાટકના અનુપમ સ્રષ્ટા પરંબ્રહ્મ સ્વરૂપ આ બન્ને આત્મારામી મહાકવિ બ્રહ્માઓની આ દિવ્ય કાવ્યસૃષ્ટિ દેખી સાનંદાશ્ચર્ય અનુભવતા સહૃદય દૃષ્ટા મુમુક્ષુ આત્માર્થી જન પદે પદે આફ્રીન પોકારે છે કે - જય કુંદકુંદ ! જય અમૃતચંદ્ર !

જય કુંદકુંદ ! જય અમૃતચંદ્ર !

॥ ઈતિ શ્રી સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં પૂર્વરંગ સમાપ્ત ॥

॥ **इति श्री समयसारव्याख्यायामात्मख्यातौ पूर्वरंगः समाप्तः** ॥

卐

अथ जीवाजीवाधिकारः ॥१॥

સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં

॥ जीवाजीवप्ररूपकः प्रथमः अङ्कः ॥१॥

अथ जीवाजीवावकीभूतौ प्रविशतः -

હવે જીવ-અજીવ એ બે એકીભૂત-એકરૂપ થઈ ગયેલા પ્રવેશ કરે છે -

આમ પૂર્વરંગ સમાપ્ત કરી આ સમયસાર અધ્યાત્મ નાટકના **જીવ-અજીવ અધિકાર રૂપ પ્રથમ અંકનું** મંગલ ઉદ્‌ઘાટન કરતાં, વિવેક દૃષ્ટિદાયી મનોનંદન જ્ઞાનનું અપૂર્વ અદ્‌ભુત માહાત્મ્ય પ્રકટ કરતો આ મંગલ **સમયસાર-કલશ** ભગવદ્ અમૃતચંદ્રાચાર્યજી સંગીત કરે છે -

શાર્દૂલવિક્રીડિત -

जीवाजीवविवेकपुष्कलदृशा प्रत्याययत्पार्षदा -
नासंसारनिबद्धबंधनविधिध्वंसाद्विशुद्धं स्फुटत् ।
आत्मारामममनंतधाम सहसाध्यक्षेण नित्योदितं,
धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनो ह्लादयत् ॥३३॥

જીવાજીવ વિવેક પુષ્કલ દેશે સભ્યો પાર્ષદ્ પ્રતીતાવતું,
આસંસારબદ્ધ બંધન લયે વિશુદ્ધ જે સ્ફૂટતું;
આત્મારામ અનંતધામ મહસા પ્રત્યક્ષ નિત્યોદિતં,
ધીરોદાત્ત અનાકુલું વિલસતું જ્ઞાનં મનોનંદનં. ૩૩

અમૃત પદ-૩૩

સિદ્ધચક્ર પદ વંદો રે ભવિકા - એ રાગ.

જ્ઞાન મનોનંદન આ વિલસે, જ્ઞાન મનોનંદન આ,
ધીર ઉદાત્ત અનાકુલ દીસે, મનોનંદન આ હીંસે રે... સજના. જ્ઞાન. ૧
જીવ અજીવ વિવેક કરંતી, દૃષ્ટિ વિશાલા આપે,
પાર્ષદજનને પ્રતીત પમાડી, ભેદજ્ઞાનને થાપે... રે... સજના. જ્ઞાન. ૨
આ-સંસારથી બદ્ધ બંધનના, વિધિ તણા વિધ્વંસે,
વિશુદ્ધ સ્ફુટંતું જ્ઞાન અહો આ ! સ્ફુટપણે જ વિલસે રે... સજના. જ્ઞાન. ૩
આત્મામાંહિ રમણ કરંતું, આત્મારામ એ જ્ઞાન,
ધામ અનંતું જેનું પ્રકાશે, એવું તે ધામ મહાન રે... સજના. જ્ઞાન. ૪
પ્રત્યક્ષ અમૃતચંદ્ર જ્યોતિથી, નિત્ય ઉદિત ભગવાન,
એવું અહો આ અનાકુલ વિલસે, મનોનંદન આહ્લાદ આ જ્ઞાન રે... સજના. જ્ઞાન. ૫

અર્થ : જીવ-અજીવના વિવેકરૂપ પુષ્કલ-વિશાલ દૃષ્ટિ વડે પાર્ષદોને (પરિષદ્‌જનોને-સભાજનોને) પ્રતીતિ પમાડતું, આ-સંસારથી માંડીને નિબદ્ધ બંધનવિધિના ધ્વંસ (નાશ) થકી વિશુદ્ધ સ્ફુટંતું, એવું આત્મારામ, અનંત ધામ, સહસા અધ્યક્ષથી (પ્રત્યક્ષથી) નિત્યોદિત, ધીરોદાત્ત, અનાકુલ જ્ઞાન મનને આહ્લાદતું (મનોનંદન) વિલસે છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દેહ અને આત્માનો ભેદ પાડવો તે 'ભેદજ્ઞાન'. તે જ્ઞાનીનો તેજાબ છે. તે તેજાબથી દેહ અને આત્મા જૂદા પડી શકે છે. વિજ્ઞાન થવા માટે મહાત્માઓએ સકલ શાસ્ત્રો રચ્યાં છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૬૪ વ્યાખ્યાન સાર

''મેરે ઘટ ગ્યાન ભાનુ ભયો ભોર... મેરે ઘટ.'' **- શ્રી આનંદઘનજી પદ ૧૫**

''खादिपञ्चकभिर्मुक्तं कर्माष्टकविवर्जितम् ।
चिदात्मकं परं ज्योति वंन्दे देवेन्द्रजितम् ॥'' **- શ્રી પદ્મનંદિ પં. એકત્વ સપ્તતિ, ૨**

જીવ-અજીવ વિવેક દૃષ્ટિ અર્પતું મનોનંદન જ્ઞાન

મનોહ્લાદયત્ - મનને હ્લાદતું - મનને અંતરાત્માને આહ્લાદ-આનંદ ઉપજાવતું એવું આ 'મનોનંદન' જ્ઞાન વિલસે છે ! - વિલસતિ જ્ઞાનં વિલાસ-લીલા લ્હેર કરી રહ્યું છે ! કેવું છે આ જ્ઞાન ? **જીવ-અજીવ** વિવેકરૂપ પુષ્કલ-વિશાલ **'દૃષ્ટિથી'** પાર્ષદોને - પરિષદ્જનોને - સભાજનોને પ્રતીતિ ઉપજાવતું એવું છે, 'जीवाजीवविवेकपुष्कलदृशा प्रत्यायत्पार्षदान्' ઝળહળ જ્યોતિ સ્વરૂપ એવું આ જ્ઞાન જીવ અને અજીવના-ચેતન અને જડના વિવેક-ભેદજ્ઞાન રૂપ પુષ્કળ-વિશાલ દૃષ્ટિ સમર્પે છે અને એ વિશાલ વિવેક દૃષ્ટિ વડે તે આ પરમ અદ્ભુત અધ્યાત્મ નાટક દેખી-સાંભળી રહેલા પ્રેક્ષકજનોને પ્રત્યક્ષ-પ્રગટ અનુભવ-પ્રતીતિ ઉપજાવે છે કે જીવ અને અજીવ પ્રગટ જૂદા છે. વળી આ જ્ઞાન કેવું છે ?

બંધન ધ્વંસથી વિશુદ્ધ સ્ફુટતું

'आसंसारनिबद्धबंधनविधिध्वंसाद् विशुद्धं स्फुटत्' - આ સંસારથી માંડીને નિબદ્ધ બંધન વિધિના ધ્વંસથી **વિશુદ્ધ સ્ફુટંતું** એવું છે. 'આ સંસાર' - આ સંસારથી માંડીને એટલે કે અનાદિથી નિબદ્ધ-નિતાંત બંધાયેલ બંધન વિધિના - બંધન પ્રકારના ધ્વંસથી-સર્વનાશથી જે વિશુદ્ધ-નિર્મલ 'સ્ફુટંતું' - ઝટ લઈને ફૂટી નીકળતું એવું છે. જેમ બાહ્ય બંધનરૂપ કાચલી નીકળી જતાં અંતરગત શુદ્ધ ફળ સ્ફુટ પ્રગટ ફૂટી નીકળે છે, જેમ શ્રીફળની કાચલી ત્રૂટી જતાં અંદરનો નાળિયેરનો ગોટો સ્ફુટ કરી નીકળે છે, જેમ ફોતરૂં નીકળી જતાં શુદ્ધ ધાન્ય સ્ફુટ પ્રગટ ફૂટી નીકળે છે. તેમ બંધનની કાચલી અથવા ફોતરૂં નીકળી જતાંવિશુદ્ધએવુંજ્ઞાનસ્ફુટપ્રગટફૂટીનીકળેછેઅનેઆવિશુદ્ધફૂટીનીકળતુંજ્ઞાનદેખીએછીએ

આત્મારામ અનંતધામ પ્રત્યક્ષ નિત્યોદિત

તો 'આત્મારામં' **આત્મારામ** જ છે, આત્મામાં જ રમણતા અનુભવી રહ્યું છે. આત્મામાં આરામ કરતું જ પડ્યું છે, ક્યાંય બ્હાર ગયું નથી. જેમ બ્હારમાં કાચલીથી ઢાંકાયેલું કોપરૂં (ફળ) કે ફોતરાંથી અવરાયેલું ધાન્ય અંદરમાં તો જેમનું તેમ આત્મામાં-પોતાનામાં જ આરામ કરતું પડ્યું હોઈ, કાચલી ત્રૂટતાં કે ફોતરૂં નીકળતાં વિશુદ્ધ સ્ફુટંતું આત્મારામ જ 'સહસા' - મહસ્થી - મહા તેજથી એકદમ ઝટ લઈને અધ્યક્ષથી-પ્રત્યક્ષથી દેખાય છે, તેમ બાહ્ય નોકર્મના બંધનની કાચલીથી ઢંકાયેલું કે કર્મના ફોતરાંથી અવરાયેલું જ્ઞાન અંદરમાં જેમનું તેમ આત્મામાં જ-પોતામાં જ આરામ કરતું પડ્યું હોઈ, બંધનની કાચલી ત્રૂટતાં કે ફોતરૂં નીકળતાં વિશુદ્ધ સ્ફુટંતું આત્મારામ જ સહસા-એકદમ-ઝટ લઈને અધ્યક્ષથી-પ્રત્યક્ષથી દેખાય છે અને તે આત્મારામ પણ કેવું છે ? તે આત્મારામ છે, એટલા માટે જ **'અનંત ધામ'** - અનંત છે ધામ-તેજ જેનું એવું, દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી ને ભાવથી, જેનો અંત નથી એવું છે અને તે અનંતધામ પણ કેવું છે ? 'नित्योदितं - નિત્ય ઉદિત, નિત્ય-સદાય ઉદિત-ઉદય પામેલું એવું. આમ અનાદિ બંધનવિધિના ધ્વંસથી-સર્વનાશથી વિશુદ્ધ સ્ફુટંતુ આ જ્ઞાન આત્મારામ એવું નિત્યોદિત અનંતધામ સહસા-એકદમ અધ્યક્ષથી-પ્રત્યક્ષથી પ્રગટ દેખાય છે - સાક્ષાત્ અનુભવાય છે.

અને આવું તે અનુભવ પ્રત્યક્ષ થાય છે, પ્રત્યક્ષ દેખાય-સાક્ષાત્ અનુભવાય છે, એથી જ તે **ધીરોદાત્ત અનાકુલ** એવું વિલસે છે, 'धीरोदात्तमनाकुलं विलसति' । જેમ નાટકનો ધીરોદાત્ત અનાકુલ નાયક વિલસે છે, ધીથી રાજતો (धिया राजन्) એવો ધીર અથવા ગમે તે સંજોગોમાં અક્ષોભ્યમાન હોવાથી ધૈર્ય સંપન્ન એવો ધીર અને ઉદાત્ત-સર્વોચ્ચ ઉન્નત-ઉમદા ગુણસંપન્ન ભય-ચિંતાદિ આકુલતાથી રહિત અનાકુલ એવો અનાકુલપણે-નિરાકુલ પણે વિલસે છે - વિલાસ કરે છે, લીલા-લ્હેર અનુભવે છે, તેમ આ પરમ અદ્‌ભુત અધ્યાત્મ નાટકનો અને ઉપલક્ષણથી જગત્ નાટકનો ધીરોદાત્ત અનાકુલ જ્ઞાયક જ્ઞાન નાયક વિલસે છે : 'ધીથી' - પ્રજ્ઞાથી રાજતો હોવાથી જે ધીર છે અથવા આત્મસ્વરૂપથી અક્ષોભ્યમાનપણાને લીધે - અચલાયમાનપણાને લીધે ધૈર્ય સંપન્ન હોવાથી જે ધીર છે અને જગત્ પદાર્થમાં સર્વોચ્ચ-ઉન્નત-ઉમદા હોવાથી જે ઉદાત્ત છે અને સમસ્ત પરભાવની આકુલતા દૂરીભૂત હોવાથી જે અનાકુલ છે, એવો આ વિશ્વનાયક ધીરોદાત્ત અનાકુલ જ્ઞાન નાયક વિલસે છે - વિલાસ કરે છે, સ્વરૂપ સ્થિરતાનો આનંદવિલાસ અનુભવે છે અને આમ વિલસે છે તેથી જ તે મનને હ્લાદ કરે છે, મનને-અંતરાત્માને-ભાવ મનને આહ્લાદ-આનંદ ઉપજાવે છે-ઉલ્લસાવે છે.

ધીરોદાત્ત અનાકુલ મનોનંદન જ્ઞાન વિલાસ



अप्पाणमयाणंता मूढा दु परप्पवादिणो केई ।
जीवं अज्झवसाणं कम्मं च तहा परूविंति ॥३९॥
अवरे अज्झवसाणे-सु तिव्वमंदाणुभागगं जीवं ।
मण्णंति तहा अवरे णोकम्मं चावि जीवोत्ति ॥४०॥
कम्मस्सुदयं जीवं अवरे कम्माणुभागमिच्छंति ।
तिव्वत्तणमंदत्तणगुणेहिं जो सो हवदि जीवो ॥४१॥
जीवो कम्मं उहयं दोण्णिवि खलु केवि जीवमिच्छंति ।
अवरे संजोगेण दु कम्माणं जीवमिच्छंति ॥४२॥
एवंविहा बहुविहा परमप्पाणं वदंति दुम्मेहा ।
ते ण परमट्ठवाई णिच्छयवाईहिं णिदिट्ठा ॥४३॥ (पंचकम्)

કાવ્યાનુવાદ (સજ્ઝાય)

'મૂળ મારગ સાંભળો જિનનો રે' - એ રાગ.

પુદ્ગલ દ્રવ્યથી ભિન્ન છે આતમા રે... ધ્રુવ પદ.

૧. આત્માને ન જાણતા મૂઢ તો રે, પરાત્મવાદીઓ કોય... પુદ્ગલ.
જીવ પ્રરૂપે અધ્યવસાનને રે, વળી કર્મ પ્રરૂપે કોય... પુદ્ગલ. ૩૯

૨. અધ્યવસાનોમાંહિ પામતો રે, અનુભાવ જે મંદ ને તીવ્ર... પુદ્ગલ.
તેને જીવ બીજાઓ માનતા રે, બીજા નોકર્મને પણ જીવ... પુદ્ગલ. ૪૦

૩. કર્મ ઉદયને જીવ બીજા કહે રે, અન્ય ઈચ્છે છે આમ અતીવ... પુદ્ગલ.
તીવ્ર-મંદપણાના ગુણથી રે, જે કર્માનુભાગ તે જીવ... પુદ્ગલ. ૪૧

૪. જીવ-કર્મ ઉભય એ બેયને રે, 'જીવ' એમ ઈચ્છે છે કોય... પુદ્ગલ.
અવર વળી સંયોગથી કર્મના રે, જીવ નિશ્ચે ઈચ્છે છે સોય... પુદ્ગલ. ૪૨

૫. એવા બહુ પ્રકાર દુર્બુદ્ધિઓ રે, પરને આત્મા વદે છે ઈષ્ટ... પુદ્ગલ.
નથી તેઓ પરમારથ વાદીઓ રે, નિશ્ચયવાદીઓથી નિર્દિષ્ટ... પુદ્ગલ. ૪૩

ગાથાર્થ - આત્માને નહિ જાણતા એવા મૂઢો પરાત્મવાદીઓ (પરને આત્મા કહેનારાઓ) કોઈ અધ્યવસાન જીવ છે એમ પ્રરૂપે છે, તથા (કોઈ) કર્મ જીવ છે એમ પ્રરૂપે છે. ૩૯

બીજાઓ અધ્યવસાનોમાં તીવ્ર-મંદ અનુભાગતને જીવ માને છે, તથા બીજા વળી નોકર્મ (શરીર) જીવ છે એમ માને છે. ૪૦

બીજા કર્મના ઉદયને જીવ (ઈચ્છે) છે, બીજા તીવ્રત્વ-મંદત્વ ગુણથી કર્માનુભાગ તે જીવ હોય છે એમ ઈચ્છે છે. ૪૧

કોઈ જીવ કર્મ-ઉભય એ બન્નેને જીવ ઈચ્છે છે અને બીજા કર્મોના સંયોગથી જીવ ઈચ્છે છે. ૪૨

એવા પ્રકારના બહુ પ્રકારના દુર્મેધા (દુર્મતિઓ) પરને આત્મા વદે છે (એટલે તે પરાત્મવાદી છે), પણ તે નિશ્ચયવાદીઓથી 'પરાત્મવાદી' નિર્દિષ્ટ નથી (અથવા) પરમાર્થવાદી નિર્દિષ્ટ નથી (અથવા) પરમાર્થવાદી નથી એમ નિર્દિષ્ટ છે. ૪૩

आत्मख्याति टीका

आत्मानमजानन्तो मूढास्तु परात्मवादिनः केचित् ।
जीवमध्यवसानं कर्म च तथा प्ररूपयंति ॥३९॥
अपरेऽध्यवसानेषु तीव्रमंदानुभागगं जीवं ।
मन्यंते तथाऽपरे नोकर्म चापि जीव इति ॥४०॥
कर्मण उदयं जीवमपरे कर्मानुभागमिच्छंति ।
तीव्रत्वमंदत्वगुणाभ्यां यः स भवति जीवः ॥४२॥
जीवकर्मोभयं द्वे अपि खलु केचिद्जीवमिच्छंति ।
अपरे संयोगेन तु कर्मणां जीवमिच्छंति ॥४२॥
एवंविधा बहुविधाः परमात्मानं वदंति दुर्मेधसः ।
ते न परमार्थवादिनः निश्चयवादिभि र्निर्दिष्टाः ॥४३॥

આત્મભાવના -

आत्मानमजानंतो - આત્માને નહિ જાણતા એવા मूढास्तु परात्मवादिनः - નિશ્ચયે કરીને મૂઢ પરાત્મવાદીઓ केचित् - કોઈ अध्यवसानं कर्म च तथा जीवं प्ररूपयंति - અધ્યવસાનને અને કર્મને તથા પ્રકારે જીવ પ્રરૂપે છે, ॥૩૯॥ अपरेऽध्यवसानेषु तीव्र मंदानुभागगं जीवं मन्यंते - બીજાઓ અધ્યવસાનોમાં તીવ્ર-મંદ અનુભાગગતને જીવ માને છે, तथाऽपरे नोकर्म चापि जीव इति - તથા બીજાઓ નોકર્મને પણ જીવ એમ (માને છે) ॥૪૦॥ कर्मण उदयं जीव म परे - કર્મના ઉદયને જીવ (ઈચ્છે છે), तीव्रत्वमंदत्वगुणाभ्यां यः स जीवः भवति - તીવ્રપણા - મંદપણા ગુણોથી જે તે જીવ હોય છે, તે कर्मानुभागं इच्छंति - કર્માનુભાગને-કર્મના અનુભવને (બીજાઓ જીવ) ઈચ્છે છે, ॥૪૨॥ केचित् खलु जीवकर्मोभयं द्वे अपि जीवमिच्छंति - કોઈ નિશ્ચયે કરીને જીવ-કર્મ ઉભય બન્નેયને જીવ ઈચ્છે છે, अपरे तु कर्मणां संयोगेन जीवमिच्छंति - અને બીજાઓ તો કર્મોના સંયોગે કરીને જીવ ઈચ્છે છે, ॥૪૨॥ एवंविधाः बहुविधाः दुर्मेधसः - એવંવિધ-એવા પ્રકારના બહુવિધ-બહુપ્રકારના દુર્મેધા-દુર્બુદ્ધિઓ परं आत्मानं वदंति - પરને આત્માને વદે છે, તે निश्चयवादिभि न परमार्थत्वादिनः निर्दिष्टाः - તેઓ નિશ્ચયવાદીઓથી નથી પરમાર્થવાદીઓ નિર્દિષ્ટ-નિર્દેશાયેલા. ॥ **इति गाथा आत्मभावना ॥३९-४३॥**

खलु - અહીં - આ લોકને વિષે ખરેખર ! નિશ્ચયે કરીને तदसाधारणलक्षणाकलनात् क्लीबत्वेन - તેના (આત્માના) અસાધારણ લક્ષણના અકલનને લીધે - નહિ કળવાપણાને લીધે ક્લીબપણાએ-ન-પુરુષત્વ રહિતપણાએ અશક્તપણાએ કરીને अत्यंतविमूढाः संतः - અત્યંત વિમૂઢ સત્તા, तात्त्विकमात्मानमजानंतो बहुवो तु तात्त्विक આત્માને ન જાણતા॥ બહુઓ-ઘણાઓ બહુધા परमव्यात्मानमिति प्रलपंति - બહુ પ્રકારે પરને પણ 'આત્મા' એમ પ્રલપે છે - બકે છે.

(૧) नैसर्गिकरागद्वेषकल्माषित मध्यवसानमेव जीवः इति केचित् - નૈસર્ગિક-નિસર્ગજન્ય રાગ-દ્વેષથી કલ્માષિત-કલુષિત થયેલ-મલિન બનેલ અધ્યવસાન જ જીવ છે એમ કોઈ (પ્રલપે છે), શાને લીધે ? तथाविधाध्यवसानात् अतिरिक्तत्वेन अन्यस्य अनुपलभ्यमानत्वात् - તથાવિધ - તથા પ્રકારના અધ્યવસાનથી અતિરિક્તપણે-અધિકપણે-અલગપણે - વધારાપણે - અન્યના અનુપલભ્યમાનપણાને લીધે - અનનુભૂયમાનપણાને લીધે - નહિ અનુભવાઈ રહ્યાપણાને લીધે, કોની જેમ ? अंगारस्येव काष्ण्र्यात् - કાર્ષ્ણ્યથી - કૃષ્ણપણાથી - કાળાપણાથી અંગારની-કોલસાની જેમ.

(૨) अनाद्यनंतपूर्वापरीभूतावयवैक्यसंसरणक्रियारूपेण क्रीडत् कर्मैव जीवः इति केचित् - અનાદિ અનંત પૂર્વાપર રૂપ થયેલ અવયવવાળી એક સંસરણ ક્રિયા રૂપે ક્રીડતું-ક્રીડા-રમત કરતું કર્મ જ જીવ છે એમ કોઈ (પ્રલપે) છે, શાને લીધે ? कर्मणोतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वात् - કર્મથી અતિરિક્તપણે અન્યના અનુપલભ્યમાનપણાને લીધે - નહિ અનુભવાવાપણાને લીધે. (૩) तीव्रमंदानुभवमिद्यमानदुरंतरागरसनिर्भराध्यवसानसंतान एव जीवः इति केचित् - તીવ્ર-મંદ અનુભવથી ભિદ્યમાન-ભેદ પામતા દુરંત - જેનો અંત આણવો દુષ્કર છે અથવા જેનો અંત દુષ્ટ છે એવા રાગરસથી નિર્ભર-ભરપૂર અધ્યવસાનસંતાન જ - અધ્યવસાન સંતતિ જ - અધ્યવસાન - પરંપરા જ જીવ છે એમ કઈ (પ્રલપે છે). શાને લીધે ? ततोतिरिक्तस्यान्यस्यानुपलभ्यमानत्वात् - તેનાથી (અધ્યવસાનસંતાનથી) અતિરિક્ત - અધિક - અલગ - ભિન્ન અન્યના અનુપલભ્યમાનપણાને લીધે - નહિ અનુભવાવાપણાને લીધે. (૪) नवपुराणावस्थादिभावेन प्रवर्त्तमानं

इह खलु तदसाधारणलक्षणाकलनात्क्लीबत्वेनात्यंत**विमूढाः** संतस्तात्त्विकमात्मानमजानंतो बहवो बहुधा **परमप्यात्मानमिति प्रलपंति** । नैसर्गिकरागद्वेषकल्माषित**मध्यवसानमेव** जीव-स्तथाविधाध्यवसानात् अंगारस्येव काष्ण्यार्यादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वा**दिति केचित्** । अनाद्यनंतपूर्वापरीभूतावयवैकसंसरणक्रियारूपेण क्रीऽत्कर्मैव **जीवः** । कर्मणोतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वा**दिति केचित्** । तीव्रमंदानुभवभिद्यमानदुरंतरागरसनिर्भरा**ध्यवसानसंतान एव जीव**स्तोतिरिक्तस्यान्यस्यानुपलभ्यानत्वा**दिति केचित्** नवपुराणावस्थादिभवेन प्रवर्त्तमानं **नोकर्मैव जीवः** शरीरादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वा**दिति केचित्** । विश्वमपि पुण्यपापरूपेणाक्रामन् **कर्मविपाक एव जीवः** शुभाशुभभावादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित् । सातासातरूपेणाभिव्याप्तसमस्त **तीव्रमंदत्वगुणाभ्यां विद्यमानः कर्मानुभव एव जीवः** सुखदुःखातिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित् । मज्जितावदुभयात्मकत्वा**दात्कर्मो** भयमेव जीवः कात्स्न्यतः कर्मणोतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमान त्वा**दिति केचित्** । अर्थक्रियासमर्थ**कर्मसंयोग एव जीवः** कर्मसंयोगात्खट्वाया इवाष्टकाष्ठसंयोगादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वा**दिति केचित्** । एव**मेवंप्रकारा** इतरेपि **बहुप्रकारा परमात्मेति** व्यपदिशंति दुर्मेधसः । किंतु **न ते परमार्थवादिभिः परमार्थवादिनः इति निर्दिश्यंते** ॥३९॥४०॥४१॥४२॥४३॥

આત્મખ્યાતિ ટીકાર્થ

અહીં નિશ્ચયે કરીને તેના અસાધારણ લક્ષણના અકલનને (નહિ કળવાપણાને) લીધે ક્લીબપણાએ કરીને (નપુંસકપણાએ-અસમર્થપણાએ - અશક્તપણાએ કરી) અત્યંત વિમૂઢ સતા તાત્ત્વિક આત્માને ન જાણતા એવા બહુજનો બહુ પ્રકારે પરને જ 'આત્મા' એમ પ્રલપે છે.

નોકર્મૈવ જીવઃ इति केचित् - નવ-પુરાણ અવસ્થા આદિ ભાવે પ્રવર્ત્તમાન-પ્રવર્ત્તી રહેલું નોકર્મ જ જીવ છે એમ કોઈ (પ્રલપે છે), શાને લીધે ? शरीरादतिरिक्तत्वेनान्य स्यानुपलभ्यमानत्वाद् - શરીરથી અતિરિક્તપણે - અધિકપણે - અલગપણે - વધારાપણે અન્યના અનુપલભ્યમાનપણાને લીધે - નહિ અનુભવાવાપણાને લીધે. (૫) विश्वमपि पुण्यपापरूपेणाक्रामन् कर्मविपाक एव जीवः इति केचित् - વિશ્વને પણ પુણ્ય-પાપ રૂપે આક્રામતો-આક્રમણ કરતો - દબાવતો કર્મ વિપાક જ જીવ છે એમ કોઈ (પ્રલપે છે), શાને લીધે ? शुभाशुभभावादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वात् - શુભ-અશુભ ભાવથી અતિરિક્તપણે - અધિકપણે - અલગ પણે - વધારાપણે અન્યના અનુપલભ્યમાનપણાને લીધે - નહિ અનુભવાવાપણાને લીધે. (૬) सातासातरूपेणेभिव्याप्तसमस्तजीवमंदीत्वं गुणभ्यां विद्यमानः कर्मानुभव एव जीवः - સાત - અસાતરૂપથી અભિવ્યાપ્ત સમસ્ત તીવ્ર-મંદત્વ ગુણથી ભેદ પામતો કર્મ અનુભવ જ જીવ છે એમ કોઈ (પ્રલપે છે), શાને લીધે ? सुखदुःखातिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वात् - સુખ-દુઃખથી અતિરિક્તપણે-અધિકપણે-અલગપણે-વધારાપણે અન્યના અનુપલભ્યમાનપણાને લીધે - નહિ અનુભવાવા રહ્યાપણાને લીધે. (૭) मज्जितावदुभयात्मकत्वाद् आत्मकर्मोभयमेव जीवः इति केचित् - મજ્જિતાવત્ - શીખંડ જેમ ઉભયાત્મકપણાને લીધે - ઉભયરૂપપણાને લીધે આત્મ-કર્મ ઉભય જ-બન્ને જ જીવ છે એમ કોઈ (પ્રલપે છે) : શાને લીધે ? कात्स्न्यतः कर्मणोतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वात् - કાત્સ્ન્યથી - કૃત્સ્નપણાથી - સંપૂર્ણપણાથી કર્મથી અતિરિક્તપણે-અધિકપણે-અલગપણે-વધારાપણે અન્યના અનુપલભ્યમાનપણાને લીધે - નહિ અનુભવાવાપણાને લીધે. (૮) अर्थक्रियासमर्थकर्मसंयोग एव जीवः इति केचित् - અર્થક્રિયામાં સમર્થ એવો કર્મસંયોગ જ જીવ છે એમ કોઈ (પ્રલપે છે), શાને લીધે ? कर्मसंयोगात् अतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वात् - કર્મસંયોગથી અતિરિક્તપણે-અધિકપણે-અલગપણે-વધારાપણે અન્યના અનુપલભ્યમાનપણાને લીધે - નહિ અનુભવાવાપણાને લીધે, કોની જેમ ? खट्वापा इवाष्टकाष्ठसंयोगात् - ખાટલાથી અષ્ટ કાષ્ઠસંયોગની જેમ.

एवमेवंप्रकारा इतरेपि बहुप्रकाराः परं आत्मेति व्यपदिशंति दुर्मेधसः - એવા એવા પ્રકારના ઈતર પણ-બીજા પણ બહુપ્રકારના દુર્મેધાઓ - દુર્બુદ્ધિઓ પરને 'આત્મા' એમ વ્યપદેશે છે - નિર્દેશે છે, किंतु न ते परमार्थवादिभिः परमार्थवादिनः इति निर्दिश्यंते - પરંતુ તેઓ પરમાર્થવાદીઓથી 'પરમાર્થવાદીઓ' એમ નિર્દેશવામાં આવતા નથી. ॥३९॥४०॥४१॥४२॥४३॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३९-४३॥

૧. **નૈસર્ગિક રાગદ્વેષથી કલુષિત અધ્યવસાન જ જીવ છે,** તથા પ્રકારના અધ્યવસાનથી અતિરિક્તપણે (અધિકપણે-અલગપણે), કાળાપણાથી કોલસાની જેમ, અન્યનું અનુપલભ્યમાનપણું (નહિ અનુભવાવા રહ્યાપણું) છે માટે, એમ કોઈ પ્રલપે છે,

૨. અનાદિ અનંત પૂર્વાપરભૂત અવયવવાળી એક સંસરણ ક્રિયા રૂપે કીડંતું કર્મ જ જીવ છે, કર્મથી અતિરિક્તપણે અન્યનું અનુપલભ્યમાનપણું છે માટે, એમ કોઈ (પ્રલપે છે)

૩. **તીવ્ર-મંદ અનુભવથી ભેદ પામતા દુરંત રાગરસથી નિર્ભર અધ્યવસાન સંતાન જ જીવ છે,** તેનાથી અતિરિક્ત અન્યનું અનુપલભ્યમાનપણું છે માટે, એમ કોઈ (પ્રલપે છે)

૪. **નવ-પુરાણ અવસ્થાદિ ભાવથી પ્રવર્ત્તમાન નોકર્મ જ જીવ છે** - શરીરથી અતિરિક્તપણે અન્યનું અનુપલભ્યમાન પણું છે માટે - એમ કોઈ (પ્રલપે છે),

૫. **વિશ્વને પણ પુણ્ય-પાપરૂપે આક્રામતો કર્મવિપાક જ જીવ છે,** શુભાશુભ ભાવથી અતિરિક્તપણે અન્યનું અનુપલભ્યમાનપણું છે માટે, એમ કોઈ (પ્રલપે છે)

૬. **સાત-અસાત રૂપથી અભિવ્યાપ્ત સમસ્ત તીવ્ર-મંદત્વ ગુણથી ભેદ પામતો કર્માનુભવ જ જીવ છે** - સુખદુઃખથી અતિરિક્તપણે અન્યનું અનુપલભ્યમાનપણું છે માટે, એમ કોઈ (પ્રલપે છે)

૭. **શિખંડની જેમ ઉભયાત્મકપણાને લીધે આત્મા-કર્મ ઉભય જ જીવ છે, કાત્સ્ન્યથી (સંપૂર્ણપણે-સમગ્રપણે) કર્મથી અતિરિક્તપણે અન્યનું અનુપલભ્યમાનપણું છે માટે, એમ કોઈ પ્રલપે છે,**

૮. **અર્થક્રિયા સમર્થ એવો કર્મસંયોગ જ જીવ છે** - કર્મસંયોગથી અતિરિક્તપણે અષ્ટ કાષ્ટ સંયોગથી ખાટલાની જેમ, અન્યનું અનુપલભ્યમાનપણું છે માટે, એમ કોઈ (પ્રલપે છે),

એવા એવા પ્રકારે બીજા પણ બહુ પ્રકારના દુર્મેધા (દુર્બુદ્ધિ) જ પરને 'આત્મા' એમ વ્યપદેશે છે, પરંતુ તેઓ પરમાર્થવાદીઓથી 'પરમાર્થવાદી' એમ નિર્દેશવામાં આવતા નથી.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સમસ્ત વિશ્વ ઘણું કરીને પરકથા તથા પરવૃત્તિમાં વહ્યું જાય છે. તેમ રહી સ્થિરતા ક્યાંથી પ્રાપ્ત થાય ? એવાં અમૂલ્ય મનુષ્યપણાનો એક સમય પણ પરવૃત્તિમાં જવા દેવા યોગ્ય નથી.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૫૫૦), ૬૩૨

''જડ ચલ જડ ચલ પુદ્ગલ દેહને હોજી, જાણ્યું આતમ તત્ત્વ,

બહિરાતમ બહિરાતમતા મેં ગ્રહી હોજી, ચતુરંગે એકત્વ... નમિપ્રભ.'' - **શ્રી દેવચંદ્રજી**

અત્રે ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે જીવ-અજીવનો સ્ફુટ ભેદ દર્શાવવાનો ઉપક્રમ કરવામાં આવે છે. તેમાં પ્રથમ - ભગવાન શાસ્ત્રકારે પરને જ આત્મા કહેનારા પરાત્મવાદીઓના વિવિધ પ્રકાર દર્શાવી પરાત્મવાદીઓ પરમાર્થવાદીઓ નથી એમ નિરૂપણ કર્યું છે અને તેનું પરિસ્ફુટ તલસ્પર્શી અપૂર્વ વિવરણ **'આત્મખ્યાતિ'** સૂત્રકર્તા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પરમ પરમાર્થગંભીર પ્રૌઢ શૈલીથી એક જ પરમાર્થઘન સૂત્રાત્મક વાક્યમાં કરી દેખાડ્યું છે.

પરને આત્મા વદનારા પરાત્મવાદીઓના અષ્ટપ્રકાર

અહીં - આ જગત્ને વિષે 'तदसाधारणलक्षणाकलनात्' - તેના-આત્માના અસાધારણ-અસામાન્ય લક્ષણના અકલનને લીધે - નહિ કળવાપણાને લીધે - અણસમજણને લીધે - અભાનપણાને લીધે બહુજનોને આત્મા-અનાત્માના વિવેકનું - ભેદજ્ઞાનનું 'ક્લીબપણું' - અસમર્થપણું (પૌરુષ રહિતપણું) હોય છે, 'क्लीबत्वेन', તેથી કરીને સ્વ-પરનો ભેદ જાણવામાં મોહ પામી ગયેલા - મુંઝાઈ ગયેલા તેઓ અત્યંત વિમૂઢ હોતાં - 'अत्यंतं विमूढाः संतः', તાત્ત્વિક-પારમાર્થિક-ખરેખરા પરમાર્થ સત્-સાચા આત્માને

જાણતા નથી, તાત્ત્વિકમાત્માનમજાનંતો, એટલે તે બહુજનો બહુપ્રકારે પરને જ આત્મા પ્રલપે છે, 'બહવો બહુધા પરમપ્યાત્માનમિતિ પ્રલપંતિ' જેમકે - (૧) કોઈ અધ્યવસાનને આત્મા કહે છે, (૨) કોઈ કર્મને આત્મા કહે છે, (૩) કોઈ અધ્યવસાનસંતાનને આત્મા કહે છે, (૪) કોઈ નોકર્મને (શરીરને) આત્મા કહે છે, (૫) કોઈ કર્મવિપાકને આત્મા કહે છે, (૬) કોઈ કર્માનુભવને આત્મા કહે છે, (૭) કોઈ આત્મા-કર્મ ઉભયને આત્મા કહે છે, (૮) કોઈ કર્મસંયોગને આત્મા કહે છે. પણ તે સર્વ પ્રકાર માનનારા પરમાર્થવાદી નથી. એમ નિશ્ચયવાદીઓ વદે છે. આ સર્વ પ્રકારો આત્મખ્યાતિકાર પરમર્ષિએ અપૂર્વ લાક્ષણિક પરમાર્થઘન શૈલીમાં વિવરી બતાવ્યા છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

૧. નૈસર્ગિકરાગદ્વેષકલ્માષિતમધ્યવસાનમેવ જીવઃ - 'નૈસર્ગિક' - નિસર્ગજન્ય - કુદરતી રીતે ઉત્પન્ન થતા રાગદ્વેષથી કલુષિત-મલિન થયેલ **અધ્યવસાન જ - જીવપરિણામ જ જીવ છે**, કારણકે અઙ્গારસ્યેવ કાષ્ર્યાદતિરિક્તત્વેન - કોલસાની કાળાશથી અતિરિક્તપણે - અધિકપણે - અલગપણે અન્યનું જેમ અનુપલભ્યમાનપણું - નહિ જણાવાપણું - નહિ અનુભવાતાપણું છે, ઉપલભ્યમાનપણું - અનુભવાવાપણું નથી - જણાવાપણું નથી, તેમ તેવા પ્રકારના અધ્યવસાનથી અતિરિક્તપણે અન્યનું અનુપલભ્યમાન પણું - નહિ અનુભવાઈ રહ્યાપણે - નહિ જણાવાપણું છે, ઉપલભ્યમાનપણું નથી - અનુભવાઈ રહ્યા પણું - જણાવાપણું નથી - અન્યસ્યાનુપલભ્યમાનત્વાત્ - અર્થાત્ કોલસાની કાળાશથી અલગપણે - જૂદાપણે બીજો કોઈ જેમ જણાતો નથી - અનુભવાતો નથી, તેમ તેવા પ્રકારના અધ્યવસાનથી અતિરિક્તપણે - અધિકપણે - અલગપણે - જૂદાપણે બીજો કોઈ ઉપલભાતો નથી - જણાતો નથી - અનુભવાતો નથી - એમ કોઈ અજ્ઞાની અવિવેકી મોહમૂઢ જનો પ્રલપે છે, મોહમદિરા પાનથી ઉન્મત્તની જેમ પ્રલાપ કરે છે, જલ્પે છે, બકે છે - બડબડાટ કરે છે.

૧. રાગદ્વેષથી કલુષિત અધ્યવસાન જ જીવ

૨. અનાદિઅનંતપૂર્વાપરીભૂતાવયવં - અનાદિઅનંત પૂર્વાપરભૂત અવયવવાળી એક સંસરણ ક્રિયારૂપે ક્રીડંતું (ક્રીડા કરતું) **કર્મ જ જીવ છે**, કર્મથી અતિરિક્તપણે-અધિકપણે-અલગપણે અન્યનું અનુપલભ્યમાનપણું - નહિ અનુભવાવાપણું - નહિ જણાવાપણું છે માટે, એમ કોઈ પ્રલપે છે.

૨. એક સંસરણ ક્રિયા રૂપે ક્રીડંતુ કર્મ જ જીવ

અર્થાત્ કોઈ એમ કહે છે કે - જે એક સંસરણ ક્રિયા રૂપે ક્રીડા કરતું કર્મ તે જ જીવ છે, જેની આદિ નથી ને જેનો અંત નથી એવી અનાદિ અનંત આ સંસરણ ક્રિયા પૂર્વાપર - એક પછી એક ઉત્તરોત્તર ઉપજતી અવસ્થારુપ અવયવવાળી સતત સંતતિ રૂપ (One continuous chain) હોઈ એક છે, આમ પૂર્વાપર-ઉત્તરોત્તર અવસ્થા જેના અંગભૂત છે એવી એક સંસરણ-ક્રિયારૂપે જે કર્મ ક્રીડા કરી રહ્યું છે, રમત કરી રહ્યું છે, વિલસી રહ્યું છે, સંસાર લીલા વિસ્તારી રહ્યું છે, તે આ સંસારનો ખેલ ખેલતું રમતીયાળ ક્રીડાશીલ કર્મ જ જીવ છે, કારણકે એ કર્મથી જૂદાપણે-અલગપણે-અધિકપણે-અતિરિક્તપણે કોઈ બીજો જીવ ઉપલભાતો નથી, જણાતો નથી - અનુભવાતો નથી.

''મતિ મત એમ વિચારો રે, મત મતીયન કા ભાવ,
વસ્તુગતે વસ્તુ લહો રે, વાદવિવાદ ન કોય.'' - **શ્રી ચિદાનંદજી (પદ-૫)**

૩. તીવ્ર-મંદ અનુભવથી જેનો ભેદ પડી રહ્યો છે - 'તીવ્રમંદાનુભવભિદ્યમાન' એવા દુરંત રાગરસથી નિર્ભર-ભરપૂર - 'દુરંતરાગરસનિર્ભર' **અધ્યવસાન સંતાન જ જીવ છે**, 'અધ્યવસાનસંતાન એવ જીવઃ', તેનાથી અતિરિક્ત - ભિન્ન અન્યનું અનુપલભ્યમાનપણું - નહિ અનુભવાવાપણું - નહિ જણાવાપણું છે માટે, એમ કોઈ પ્રલપે છે. અર્થાત્ કોઈ એમ કહે છે કે - તીવ્ર - મંદપણે જેનો ભિન્નભિન્નપણે અનુભવ થાય છે અને જેનો અંત આણવો દુષ્કર છે અથવા જેનો અંત

૩. તીવ્ર-મંદ રાગનિર્ભર અધ્યવસાનસંતાન જ જીવ

(વિપાક-પરિણામ) દુષ્ટ છે એવા દુરંત રાગરસથી નિર્ભર ભરેલું એવું અધ્યવસાન સંતાન એટલે કે અધ્યવસાનોની સંતતિ-પરંપરા તે જ જીવ છે, કારણકે તે અધ્યવસાન સંતાનથી અતિરિક્તપણે - અધિકપણે - અતિશાયિપણે - અલગપણે બીજો કોઈ જીવ ઉપલભ્ય થતો નથી, દેખાતો નથી, અનુભવમાં આવતો નથી.

૪. 'નવપુરાણાદ્યવસ્થાભાવેન પ્રવર્ત્તમાનં' - નવ-પુરાણ અવસ્થાદિ ભાવથી પ્રવર્ત્તતું **નોકર્મ જ જીવ છે,** 'નોકર્મૈવ જીવઃ' શરીરથી અતિરિક્તપણે અધિકપણે - અતિશાયિપણે - અલગપણે - ભિન્નપણે અન્યનું અનુપલભ્યમાનપણું - નહિ અનુભવાવાપણું - નહિ જણાવાપણું છે માટે, એમ કોઈ પ્રલપે છે. અર્થાત્ કોઈ એમ કહે છે કે - નવી-પુરાણી - નવી-જૂની અવસ્થા આદિ ભાવથી પ્રવર્ત્તતું નોકર્મ જ - શરીર જ જીવ છે, કારણકે શરીરથી અતિરિક્તપણે - જૂદાપણે બીજો કોઈ જીવ ઉપલભ્ય થતો નથી, જણાતો-દેખાતો નથી, અનુભવગમ્ય થતો નથી.

૪. નવ-પુરાણ નોકર્મ જ (શરીર જ) જીવ

''અથવા દેહ જ આતમા, અથવા ઈંદ્રિય પ્રાણ;
મિથ્યા જૂદો માનવો, નહિ જૂદું એંધાણ.
વળી જો આત્મા હોય તો, જણાય તે નહિ કેમ ?
જણાય જો તે હોય તો, ઘટપટ આદિ જેમ.'' - **શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૪૬-૪૭**
(શિષ્યની શંકા)

૫. 'વિશ્વમપિ પુણ્યપાપરૂપેણાક્રામન્' - વિશ્વને પણ - આખા જગત્ને પણ પુણ્યપાપરૂપે આક્રામતો **કર્મવિપાક જ જીવ છે,** કર્મવિપાક એવ જીવઃ શુભાશુભ ભાવથી અતિરિક્તપણે - અધિકપણે - અલગપણે - અન્યનું અનુપલભ્યમાનપણું છે - નહિ અનુભવાઈ રહ્યાપણું - નહિ જણાવાપણું છે માટે, એમ કોઈ પ્રલપે છે. અર્થાત્ બીજા કોઈ એમ કહે છે કે અખિલ વિશ્વને પણ પુણ્યપાપરૂપે જે આક્રમી રહ્યો છે, પોતાનો પુણ્ય પાપરૂપ ફળ વિપાક દર્શાવતો પગ તળે દબાવી રહ્યો છે, કચરી રહ્યો છે, એવો કર્મવિપાક જ જીવ છે, કારણકે શુભાશુભ ભાવથી અતિરિક્તપણે - ભિન્નપણે બીજો કોઈ જીવ ઉપલભ્ય થતો નથી, દેખાતો - જણાતો નથી, અનુભવગમ્ય થતો નથી.

૫. શુભ-અશુભ કર્મ વિપાક જ જીવ

૬. 'સાતાસાતરૂપેણાભિવ્યાપ્ત' - સાત-અસાતરૂપથી અભિવ્યાપ્ત - સર્વથા વ્યાપેલા સમસ્ત તીવ્રપણા-મંદપણા ગુણથી જે ભેદ પામી રહ્યો છે એવો - 'સમસ્ततीव्र मंदत्वगुणभ्यां भिद्यमानः' **કર્માનુભવ જ જીવ છે** - 'कर्मानुभव एव जीवः' - સુખદુઃખથી અતિરિક્તપણે - અતિશાયિપણે - અલગપણે - ભિન્નપણે અન્યનું - બીજાનું અનુપલભ્યમાનપણું - નહિ જણાવાપણું - નહિ અનુભવાવાપણું છે માટે, એમ કોઈ પ્રલપે છે. અર્થાત્ બીજા કોઈ એમ કહે છે કે સાતા-અસાતારૂપ તીવ્ર-મંદ કર્માનુભવ જ જીવ છે, એટલે કે તીવ્રપણે કે મંદપણે વેદાતો-અનુભવાતો કર્માનુભવ કાં તો સાતારૂપ - સુખ સંવેદનરૂપ કાં તો અસાતારૂપ - દુઃખ સંવેદનરૂપ હોય છે, એટલે સાતા-અસાતાથી જે અભિવ્યાપ્ત-સર્વથા સર્વત્ર વ્યાપ્ત છે એવો સુખદુઃખરૂપ તીવ્ર-મંદ કર્માનુભવ જ જીવ છે, કારણકે સુખદુઃખથી અતિરિક્તપણે - ભિન્નપણે - જૂદાપણે કોઈ બીજો જીવ ઉપલભ્ય થતો નથી. દેખાતો-જણાતો નથી, અનુભવગમ્ય થતો નથી.

૬. સાત-અસાત રૂપ તીવ્ર-મંદ કર્માનુભવ જ જીવ

૭. મજ્જિતાવત્ ઉભયાત્મકત્વાદ્ મજ્જિતા-શ્રીખંડની જેમ ઉભયાત્મકપણાને લીધે - ઉભયમયપણાને લીધે **આત્મા - કર્મ ઉભય જ (બન્ને જ) જીવ છે,** 'आत्मकर्ममयमेव जीवः' કાત્સ્ન્યથી - સમગ્રપણે - સમસ્તપણે કર્મથી અતિરિક્તપણે - અલગપણે અન્યનું અનુપલભ્યમાનપણું - નહિ જણાવાપણું - નહિ

અનુભવાવાપણું છે માટે, એમ કોઈ પ્રલપે છે. અર્થાત્ બીજો કોઈ એમ કહે છે કે - આત્મા અને કર્મ એ ઉભય જ - બન્ને મળીને જ જીવ છે, શિખંડની જેમ. જેમ દહીં અને ખાંડ એ બન્ને મળીને જ શ્રીખંડ કહેવાય છે, તેમ આત્મા અને કર્મ એ બન્ને મળીને જ જીવ છે, કારણકે કાત્સ્ન્યથી - સમગ્રપણે - સંપૂર્ણપણે (As a whole Totally) કર્મથી અતિરિક્તપણે - અતિશાયિપણે - અધિકપણે - ભિન્નપણે બીજો કોઈ જીવ ઉપલભ્ય થતો નથી, દેખાતો-જણાતો નથી, અનુભવગમ્ય થતો નથી.

૭. શ્રીખંડ જેમ આત્મ-કર્મ ઉભય જ જીવ

૮. 'અર્થક્રિયાસમર્થ કર્મસંયોગ એવ જીવઃ' અર્થક્રિયા સમર્થ - એવો કર્મસંયોગ જ જીવ છે. કર્મ સંયોગથી અતિરિક્તપણે - અષ્ટકાષ્ઠ સંયોગથી ખાટલાની જેમ - 'खट्वाया इव अष्टकाष्ठसंयोगात् - અન્યનું અનુપલભ્યમાનપણું - નહિ જણાવાપણું - નહિ અનુભવાવાપણું છે માટે, 'कर्मसंयोगादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वात्' એમ કોઈ પ્રલપે છે. અર્થાત્ બીજા કોઈ વળી એમ કહે છે કે - અર્થક્રિયામાં સમર્થ - પ્રયોજનભૂત ક્રિયામાં (Effective & purposeful) સમર્થ એવો કર્મસંયોગ જ જીવ છે, ખાટલાની જેમ. જેમ અષ્ટ કાષ્ઠના સંયોગથી - લાકડાના આઠ ટૂકડાના સંયોગથી (Combination) ખાટલો બને છે અને ત્યારે જ તે સૂવાની અર્થક્રિયામાં - પ્રયોજનભૂત ક્રિયામાં - કામ આવે છે - સમર્થ થાય છે, તેમ અષ્ટ કર્મના સંયોગથી - કર્મના આઠ પ્રકારોના સંયોગથી જીવ બને છે અને ત્યારે જ તે જીવપણાની અર્થક્રિયામાં કામ આવે છે - સમર્થ થાય છે. કારણકે જેમ તે અષ્ટ કાષ્ઠથી અતિરિક્તપણે - જૂદાપણે કોઈ ખાટલો દેખાતો નથી, તેમ તે અષ્ટ કર્મસંયોગથી અતિરિક્તપણે - જૂદાપણે કોઈ બીજો જીવ ઉપલભ્ય થતો નથી, દેખાતો - જણાતો નથી, અનુભવગોચર થતો નથી.

૮. અષ્ટ કાષ્ઠ સંયોગી ખાટલી જેમ, અષ્ટ કર્મસંયોગ જ જીવ


એવા એવા પ્રકારે 'बहुप्रकारा दुर्मेधसः' બીજા પણ બહુ પ્રકારના **'દુર્મેધા'** પરને આત્મા એવું નામ આપે છે, પરંતુ તેઓ પરમાર્થવાદીઓથી **'પરમાર્થવાદી'** એમ નિર્દેશાતા નથી, 'न ते परमार्थवादिभिः परमार्थवादिनः इति व्यपदिश्यंते' ખરેખરા પરમાર્થને જાણનારા એવા જે પરમાર્થવાદીઓ છે, તેઓથી તે પરને આત્મા કહેનારાઓ 'પરમાર્થવાદી' કહેવાતા નથી. અર્થાત્ પરને જે આત્મા કહે છે, તે પરમાર્થદર્શી નથી, તેઓને પરમાર્થનું - ખરેખરા પરમ અર્થનું - સાચા આત્મ તત્ત્વનું ભાન નથી, જ્ઞાન નથી, સમજણ નથી, તેથી જ તેઓ એવું તે તે પ્રકારનું અસમંજસ, અયથાર્થ, અસમ્યક્, મિથ્યા, ભ્રાંત, વિપર્યસ્ત કથન કરે છે. જો જરા પણ ઊંડા ઉતરીને તે તે મહાનુભાવો વિચારે તો તેમના તે તે કથનનું - વિવિધ વિચિત્ર વિપરીતવાદનું મિથ્યાપણું - ભ્રાંતપણું - અસમ્યક્પણું સહેજે પ્રતીતાય એમ છે. આ અંગે **પરમ આત્મદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીનું** પરમ અદ્ભુત તલસ્પર્શી તાત્ત્વિક મીમાંસા કરતું ટંકોત્કીર્ણ અમૃત વચનામૃત છે કે -

એવા એવા દુર્મેધા પરાત્મવાદીઓ પરમાર્થવાદીઓ નથી

''એવી જીવ સમુદાયની જે ભ્રાંતિ તે અનાદિ સંયોગે છે, એમ ઘટે છે, એમ જ છે, તે ભ્રાંતિ જે કારણથી વર્ત્તે છે, તે કારણના મુખ્ય બે પ્રકાર જણાય છે. એક પારમાર્થિક અને એક વ્યવહારિક અને તે બે પ્રકારનો એકત્ર અભિપ્રાય જે છે તે એ છે, કે આ જીવને ખરી મુમુક્ષુતા આવી નથી, એક અક્ષર સત્ય પણ તે જીવમાં પરિણામ પામ્યું નથી, સત્પુરુષના દર્શન પ્રત્યે જીવને રુચિ થઈ નથી, તેવા તેવા જોગે સમર્થ અંતરાયથી જીવને તે પ્રતિબંધ રહ્યો છે અને તેનું સૌથી મોટું કારણ અસત્ સંગની વાસનાએ જન્મ પામ્યું એવું નિજેચ્છાપણું અને અસત્ દર્શનને વિષે સત્ દર્શનરૂપ ભ્રાંતિ તે છે.

''આત્મા નામનો કોઈ પદાર્થ નથી, એવો એક અભિપ્રાય ધરાવે છે. આત્મા નામનો પદાર્થ સાંયોગિક છે, એવો અભિપ્રાય કોઈ બીજાં દર્શનનો સમુદાય સ્વીકારે છે. આત્મા દેહ સ્થિતિરૂપ છે, દેહની સ્થિતિ પછી નથી, એવો અભિપ્રાય કોઈ બીજા દર્શનનો છે. આત્મા અણુ છે, આત્મા સર્વવ્યાપક છે, આત્મા શૂન્ય છે, આત્મા સાકાર છે, આત્મા પ્રકાશરૂપ છે, આત્મા સ્વતંત્ર નથી. આત્મા કર્ત્તા

નથી, આત્મા કર્ત્તા છે ભોક્તા નથી, આત્મા કર્ત્તા નથી ભોક્તા છે, આત્મા કર્ત્તા નથી ભોક્તા નથી, આત્મા જડ છે, આત્મા કૃત્રિમ છે, એ આદિ અનંત નય જેના થઈ શકે છે એવા અભિપ્રાયની ભ્રાંતિનું કારણ એવું અસત્ દર્શન તે આરાધવાથી પૂર્વે આ જીવે પોતાનું સ્વરૂપ તે જેમ છે તેમ જાણ્યું નથી. તે તે ઉપર જણાવ્યાં એકાંત - અયથાર્થ પદે જાણી આત્માને વિષે અથવા આત્માને નામે ઈશ્વરાદિ વિષે પૂર્વે જીવે આગ્રહ કર્યો છે. એવું જે અસત્ સંગ, નિજેચ્છાપણું અને મિથ્યા દર્શનનું પરિણામ તે જ્યાં સુધી મટે નહીં ત્યાં સુધી આ જીવ ક્લેશ રહિત એવો શુદ્ધ અસંખ્ય પ્રદેશાત્મક મુક્ત થવો ઘટતો નથી અને તે અસત્ સંગાદિ ટળવાને અર્થે સત્સંગ, જ્ઞાનીની આજ્ઞાનું અત્યંત અંગીકૃતપણું અને પરમાર્થ સ્વરૂપ એવું જે આત્માપણું તે જાણવા યોગ્ય છે.'' - શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૩૫૮, ૪૩૭



कुतः - કયા કારણથી ?

एए सव्वे भावा पुग्गलदव्वपरिणामणिप्पण्णा ।
केवलिजिणेहिं भणिया कह ते जीवो त्ति वुच्चंति ॥४४॥

એહ સર્વ ભાવો તો નીપના રે, પુદ્ગલ દ્રવ્ય પરિણામથી જ . પુદ્.
કેવલિ જિનોએ ભાખિયા તે અહો રે ! જીવ કહાય શી રીતથી જ ? પુદ્. ૪૪

ગાથાર્થ - આ સર્વે ભાવો કેવલિ જિનોથી પુદ્ગલ દ્રવ્યના પરિણામોથી નિષ્પન્ન થયેલા કહેવામાં આવ્યા છે, તે 'જીવ' એમ કહેવાય છે ? ૪૪

आत्मख्याति टीका

कुतः -

एते सर्वे भावाः पुद्गलद्रव्यपरिणामनिष्पन्नाः ।
केवलिजिनै र्भणिताः कथं ते जीव इत्युच्यंते ॥४४॥

यतः **एते**ऽध्यवसानादयः **समस्ता एव भावा** भगवद्भि**र्विश्वसाक्षिभिरर्हद्भिः पुद्गलद्रव्यपरिणाममयत्वेन प्रज्ञप्ताः संत**श्चैतन्यशून्यात्पुद्गलद्रव्यादतिरिक्तत्वेन प्रज्ञाप्यमानं चैतन्यस्वभावं **जीवद्रव्यं भवितुं नोत्सहन्ते** ततो न खल्वागमयुक्तिस्वानुभवैर्बाधितपक्षत्वात् तदात्मवादितः परमार्थवादिनः, एतदेव सर्वज्ञवचनं तावदागमः, इयं तु स्वानुभवगर्भिता युक्ति ।

न खलु नैसर्गिकरागद्वेषकल्माषितमध्यवसानं जीवस्तथाविधाध्यवसानात्कार्त्स्वरस्येव श्यामिकायाअतिरिक्त त्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात् । न खल्वनाद्यनंतपूर्यापरीभूतावयवैकसंसरणलक्षण क्रियारूपेण क्रीडत्कर्मैव जीवः कर्मणोतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात् ।

न खलु तीव्रमंदानुभवभिद्यमानदुरंतरागरसनिर्भदाध्यवसानसंतानो जीवस्ततो तिरिक्तत्वेनान्यस्थ धित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानस्वात् ।

न खलु नवपुराणावस्थादिभेदेन प्रवर्त्तमानं नोकर्म जीवः शरीरादतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात् ।

न खलु विश्वमपि पुण्यपापरूपेणाक्रामन् कर्मविपाको जीवः शुभाशुभभावादतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात् ।

न खलु सातासातरूपेणाभिव्याप्तसमस्ततीव्रमंदत्वगुणाभ्यां भिद्यमानः कर्मानुभवो जीवः सुखदुःखातिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात् ।

न खलु मज्जितावदुभयात्मकत्वादात्मकर्मोभयं जीवः कार्त्स्यतः कर्मणोतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात् ।

आत्मभावना -

कुतः - ઉપરમાં તે પરાત्मवादीओ परमार्थवादीओ नथी એમ કહ્યું તે કયા કારણથી ? एते सर्वे भावाः - આ - ઉપરોક્ત સર્વ ભાવો केवलिजिनैः - કેવલી જિનોથી पुद्गलद्रव्यपरिणामनिष्पन्नाः भणिताः - પુદ્ગલદ્રવ્યના પરિણામથી નિષ્પન્ન - નીપજેલા કહેવામાં આવ્યા છે, તે कथं जीव इत्युश्यंते - તેઓ 'જીવ' એમ કેમ કહેવાય છે ? ॥ इति **गाथा** आत्मभावना ॥४४॥

यतः - કારણકે एते अध्यवसानादयः समस्ता एव भावाः - આ પ્રસ્તુત અધ્યવસાનાદિ સમસ્ત-જ ભાવે भगवद्भिर्विश्वसाक्षिभिरर्हद्भि - ભગવત્ વિશ્વસાક્ષી અર્હતોથી पुद्गलद्रव्यपरिणाममयत्वेन प्रज्ञप्ताः संतः - પુદ્ગલ દ્રવ્યના

न खल्वर्थक्रियासमर्थकर्मसंयोगो जीवःकर्मसंयोगात्खट्वाद्वाशायिनः पुरुषस्येवाष्टकाष्ठसंयोगादतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वादिति।

इह खलु पुद्गलभिन्नात्मोपलब्धि प्रतिविप्रतिपन्नः साम्नैवैवमनुशास्यः -

---

પરિજ્ઞામમયપણે પ્રજ્ઞમ - પ્રજ્ઞાપવામાં આવેલ સતા, ચૈતન્યશૂન્યાત્પુદ્ગલદ્રવ્યાદતિરિક્તત્વેન પ્રજ્ઞાપ્યમાનં - ચૈતન્યશૂન્ય - ચૈતન્ય રહિત પુદ્ગલદ્રવ્યથી અતિરિક્તપણે - અધિકપણે - અતિશાયિપણે - અલગપણે - ભિન્નપણે પ્રજ્ઞાપવામાં આવી રહેલું એવું ચૈતન્યસ્વભાવં જીવદ્રવ્યં ભવિતું નોત્સહન્તે - ચૈતન્ય-સ્વભાવ જીવદ્રવ્ય થવાને ઉત્સહતા નથી - સમર્થ થતા નથી, તતો - તેથી કરીને ન ખલુ તદાત્મવાદિનः પરમાર્થવાદિનः - તદાત્મવાદીઓ - તે અધ્યવસાનાદિ સર્વભાવોને આત્મા વદનારાઓ ખરેખર ! નિશ્ચયે કરીને પરમાર્થવાદીઓ નથી, શાને લીધે ? आगमयुक्तिस्वानुभवै र्बाधितपक्षत्वात् - આગમથી, યુક્તિથી અને સ્વાનુભવથી - આત્માનુભવથી બાધિત પક્ષપણાને લીધે, ઉક્ત પક્ષના બાધિતપણાને લીધે. एतदेव सर्वज्ञवचनं तावदागमः - (તેમાં) પ્રથમ તો આ જ સર્વજ્ઞ વચન તે આગમ છે, इयं तु स्वानुभवगर्भिता युक्तिः - અને આ તો સ્વાનુભવ ગર્ભિતા - આત્માનુભવ જેના ગર્ભમાં - અભ્યંતરમાં રહ્યો છે એવી યુક્તિ છે -

(૧) न खलु नैसर्गिकरागद्वेषकल्माषितमध्यवसानं जीवः - નૈસર્ગિક-નિસર્ગજન્ય રાગ-દ્વેષથી કલ્માષિત-કલુષિત થયેલ-મલિન બનેલ અધ્યવસાન ખરેખર ! નિશ્ચયે કરીને જીવ નથી જ, શાને લીધે ? तथाविधाध्यवसानात् अतिरिक्तत्वेन अन्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात् - તથાવિધ-તથા પ્રકારના અધ્યવસાનથી અતિરિક્તપણે - અબગપણે - અધિકપણે - વધારાપણે અન્ય ચિત્સ્વભાવના વિવેચકોથી સ્વયં - પોતે ઉપલભ્યમાનપણાને લીધે - અનુભૂયમાનપણાને લીધે - અનુભવાઈ રહ્યાપણાને લીધે. કોની જેમ ? कार्त्तस्वरस्येव श्यामिकायाः - શ્યામિકાથી - મલિનતાથી - અશુદ્ધિથી (અતિરિક્તપણે) કાર્ત્તસ્વરની - સુવર્ણની જેમ.

(૩) न खल्वनाद्यनंतपूर्वापरीभूतावयवैकसंसरणलक्षणक्रियारूपेण क्रीडत्कर्मैव जीवः - અનાદિ અનંત પૂર્વાપરીભૂત - પૂર્વાપર રૂપ થયેલ અવયવવાળી એક સંસરણ લક્ષણ ક્રિયા રૂપે ક્રીડંતું - ક્રીડા - રમત કરતું કર્મ જ ખરેખર ! નિશ્ચયે કરીને જીવ નથી જ, શાને લીધે ? कर्मणोतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयं उपलभ्यमानत्वात् - કર્મથી અતિરિક્તપણે - અલગપણે - અધિકપણે - વધારાપણે અન્ય એવા ચિત્સ્વભાવના વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણાને લીધે - અનુભવાઈ રહ્યાપણાને લીધે. (૩) न खलु तीव्रमंदानुभवभिद्यमानदुरंतरागरसनिर्भराध्यवसानसंतानो जीवः - તીવ્ર-મંદ અનુભવથી ભિદ્યમાન - ભેદ પામી રહેલ દુરંત - જેનો અંત દુષ્કર છે અથવા જેનો અંત દુષ્ટ છે એવા રાગરસથી નિર્ભર - ભરપૂર અધ્યવસાનસંતાન - અધ્યવસાન સંતતિ - અધ્યવસાન પરંપરા ખરેખર ! નિશ્ચયે કરીને જીવ નથી જ. શાને લીધે ? ततोतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात् - તેનાથી - અધ્યવસાનસંતાનથી અતિરિક્તપણે - અલગપણે - વધારાપણે અન્ય એવા ચિત્સ્વભાવના વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણાને લીધે - અનુભવાઈ રહ્યાપણાને લીધે. (૪) न खलु नवपुराणावस्थादिभेदेन प्रवर्त्तमानं नोकर्म जीवः - નવ-પુરાણ અવસ્થા આદિ ભેદથી પ્રવર્ત્તમાન - પ્રવર્ત્તી રહેલું નોકર્મ - શરીર ખરેખર ! નિશ્ચયે કરીને જીવ નથી જ, શાને લીધે ? शरीरादतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात् - શરીરથી અતિરિક્તપણે - અલગપણે - વધારાપણે - અધિકપણે અન્ય એવા ચિત્ સ્વભાવના વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણાને લીધે - અનુભવાવાપણાને લીધે. (૫) न खलु विश्वमपि पुण्यपापरूपेणाक्रामन् कर्मविपाको जीवः - વિશ્વને પણ પુણ્ય-પાપ રૂપે આક્રામતો - આક્રમણ કરતો - દબાવતો કર્મ વિપાક ખરેખર ! નિશ્ચયે કરીને જીવ નથી જ, શાને લીધે ? शुभाशुभभावादतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात् - શુભ-અશુભ ભાવથી અતિરિક્તપણે - અલગપણે - અધિકપણે અન્ય એવા ચિત્ સ્વભાવના વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણાને લીધે - અનુભવાઈ રહ્યાપણાને લીધે. (૬) न खलु सातासातरूपेणाभिव्याप्तसमस्ततीव्रमंदत्वगुणाभ्यां भिद्यमानः कर्मानुभवो जीवः - સાત-અસાત રૂપથી અભિવ્યાપ્ત - સર્વથા વ્યાપ્ત સમસ્ત તીવ્રપણા - મંદપણા ગુણોથી ભિદ્યમાન - ભેદ પામી રહેલો કર્માનુભવ ખરેખર ! નિશ્ચયે કરીને જીવ નથી જ, શાને લીધે ? सुखदुःखातिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात् - સુખદુઃખથી અતિરિક્તપણે - અધિકપણે - અલગપણે - અન્ય એવા ચિત્સ્વભાવના વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણાને લીધે - અનુભવાઈ રહ્યાપણાને લીધે. (૭) न खलु मज्जितावदुभयात्मकत्वादात्मकर्मोभयं जीवः - મજ્જિતાવત્ - શીખંડ જેમ ઉભયાત્મકપણાને લીધે - ઉભયરૂપપણાને લીધે આત્મ-કર્મ ઉભય-બન્ને જીવ છે, શાને લીધે ? कात्स्न्यर्तः कर्मणोतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात् - કાત્સ્ન્યથી - કૃત્સ્નપણાથી - સંપૂર્ણ પણે કર્મથી અતિરિક્તપણે - અધિકપણે - અલગપણે - અન્ય એવા ચિત્સ્વભાવના વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણાને લીધે - અનુભવાઈ રહ્યાપણાને લીધે. (૮) न खल्वार्थक्रियासमर्थकर्मसंयोगो जीवः - અર્થ ક્રિયામાં સમર્થ એવો કર્મ સંયોગ ખરેખર ! નિશ્ચયે કરીને જીવ નથી જ, શાને લીધે ? कर्मसंयोगात् अतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः

આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે આ અધ્યવસાનાદિ **સમસ્ત જ ભાવો - ભગવદ્ વિશ્વસાક્ષી અર્હંતોથી પુદ્ગલ દ્રવ્ય-પરિણામમયપણે પ્રજ્ઞપ્ત કરાયેલા (જણાવાયેલા) હોઈ - ચૈતન્યશૂન્ય પુદ્ગલ દ્રવ્યથી અતિરિક્તપણે પ્રજ્ઞાપવામાં આવી રહેલું જીવ દ્રવ્ય હોવાને ઉત્સહતા નથી** (ઉત્સાહ કરતા નથી, સમર્થ થતા નથી), તેથી કરીને આગમ, યુક્તિ અને સ્વાનુભવથી બાધિતપક્ષપણાને લીધે તદાત્મવાદીઓ (તે તે પરભાવોને આત્મા કહેનારા) નિશ્ચયે કરી પરમાર્થવાદીઓ નથી, પ્રથમ તો આ જ સર્વજ્ઞ વચન તે આગમ છે અને આ તો સ્વાનુભવ ગર્ભિતા યુક્તિ છે.

૧. નૈસર્ગિક રાગદ્વેષથી કલુષિત અધ્યવસાન નિશ્ચયે કરીને જીવ નથી, તથાવિધ અધ્યવસાનથી અતિરિક્તપણે - શ્યામિકાથી (મલિનતાથી) સુવર્ણની જેમ - અન્ય એવા ચિત્ સ્વભાવનું વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણું (અનુભવાઈરહ્યાપણું) છે, માટે

૨. અનાદિઅનંત પૂર્વોપરભૂત અવયવવાળી એક સંસરણ લક્ષણ ક્રિયારૂપે ક્રીડતું (ક્રીડા કરતું) કર્મ જ નિશ્ચયે કરીને જીવ નથી,
કર્મથી અતિરિક્તપણે અન્ય એવા ચિત્સ્વભાવનું
વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણું છે માટે,

૩. તીવ્ર-મંદ અનુભવથી ભેદ પામી રહેલા દુરંત રાગરસથી નિર્ભર
અધ્યવસાન સંતાન નિશ્ચયે કરીને જીવ નથી,
તેનાથી અતિરિક્તપણે અન્ય એવા ચિત્ સ્વભાવનું
વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણું છે માટે,

૪. નવ-પુરાણ આદિ અવસ્થા ભેદથી પ્રવર્ત્તી રહેલું નોકર્મ નિશ્ચયે કરીને જીવ નથી,
શરીરથી અતિરિક્તપણે અન્ય એવા ચિત્સ્વભાવનું
વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણું છે માટે,

૫. વિશ્વને પણ પુણ્ય-પાપ રૂપે આક્રામતો કર્મવિપાક નિશ્ચયે કરીને જીવ નથી,
શુભાશુભ ભાવથી અતિરિક્તપણે અન્ય એવા ચિત્સ્વભાવનું
વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણું છે માટે,

૬. સાત-અસાતરૂપથી અભિવ્યાપ્ત સમસ્ત તીવ્રત્વ-મંદત્વ ગુણથી ભેદાતો
કર્માનુભવ નિશ્ચયે કરીને જીવ નથી -
શુભાશુભ ભાવથી અતિરિક્તપણે અન્ય એવા ચિત્સ્વભાવનું
વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણું છે માટે,

૭. શીખંડ જેમ ઉભયાત્મકપણાથી આત્મ-કર્મ ઉભય નિશ્ચયે કરીને જીવ નથી,
કાત્સ્ન્યર્થી (સમગ્રપણે) કર્મથી અતિરિક્તપણે અન્ય એવા ચિત્સ્વભાવનું

स्वयमुपलभ्यमानत्वादिति - કર્મસંયોગથી અતિરિક્તપણે - અધિકપણે - અલગપણે અન્ય એવા ચિત્સ્વભાવના વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણાને લીધે - અનુભવાઈ રહ્યાપણાને લીધે, કોની જેમ ? खट्वाशायिनः पुरुषस्येवाष्टकाष्ठसंयोगात् - અષ્ટ કાષ્ઠ સંયોગથી (અતિરિક્તપણે) ખટ્વાશાયી - ખાટલીમાં શયન કરનારા પુરુષની જેમ.
इह खलु - અહીં ખરેખર ! નિશ્ચયે કરીને पुद्गलभिन्नात्मोपलब्धिं प्रति विप्रतिपन्नः - પુદ્ગલથી ભિન્ન આત્માની ઉપલબ્ધિ - અનુભૂતિ - પ્રાપ્તિ પ્રતિ - પરત્વે વિપ્રતિપન્ન - વિરુદ્ધ માન્યતા ધરાવનારો सामर्थ्यादेवमनुशास्यः - સામર્થ્યથી જ - સમજાવટથી જ એમ - આ નીચેના કળશમાં કહેવામાં આવે છે તેમ અનુશાસ્ય - અનુશાસન - ઉપદેશ કરવા યોગ્ય છે.
॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥४४॥

વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણું છે માટે

૮. અર્થક્રિયા સમર્થ એવો કર્મસંયોગ નિશ્ચયે કરીને જીવ નથી,
અષ્ટ કાષ્ઠ સંયોગથી ખાટલીમાં સુતેલા પુરુષની જેમ,
કર્મસંયોગથી અતિરિક્તપણે અન્ય એવા ચિત્સ્વભાવનું
વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણું છે માટે.

અહીં પુદ્ગલથી ભિન્ન આત્માની ઉપલબ્ધિ (અનુભૂતિ) વિષયમાં વિપ્રતિપન્ન (વિપરીત માન્યતાવાળો) સામથી જ (સમજાવટથી) આમ આ કહેવામાં આવતા કળશમાં કહેવાય છે તેમ અનુશાસ્ય - અનુશાસન કરવા યોગ્ય છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આજ મને ઉછરંગ અનોપમ, જન્મ કૃતારથ જોગ જણાયો;
વાસ્તવ્ય વસ્તુ વિવેચક, એ ક્રમ સ્પષ્ટ સુમાર્ગ ગણાયો.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૧૫૭ (૫), ૧૯૪**

''જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહિ, ત્રણે કાળ દ્વય ભાવ.''
- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત, શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૫૭

''દેહ નવિ વચન નવિ જીવ નવિ ચિત્ત છે,
કર્મ નવિ રાગ નવિ દ્વેષ ન વિચિત્ત છે;
પુદ્ગલિ ભાવ પુદ્ગલપણે પરિણમે,
દ્રવ્ય નવિ જૂઓ જૂઓ એક હોવે કિમે.'' - **શ્રી યશોવિજયજી કૃત સા.ત્ર.ગા.સ્તવન**

આગલી ગાથામાં એમ કહ્યું કે અધ્યવસાનાદિ પરભાવોને આત્મા કહેનારા સર્વે દુર્મતિ પરાત્મવાદીઓ પરમાર્થવાદી - તત્ત્વવાદી - યથાર્થવાદી નથી, તે એમ કયા કારણથી કહો છો ? એવી શિષ્યની શંકાનો અહીં જવાબ આપ્યો છે - આ બધા ભાવોને કેવલજ્ઞાની જિનોએ પુદ્ગલ દ્રવ્યના પરિણામોથી નિષ્પન્ન - સિદ્ધ થયેલા કહ્યા છે, તે જીવ એમ કેમ કહેવાય વારુ ? આ ગાથાની પરમ તાત્ત્વિક મીમાંસા કરતાં આત્મખ્યાતિકર્ત્તા આચાર્યવર્ય પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ શિષ્યની બુદ્ધિમાં સાંગોપાંગ શીઘ્ર બેસી જાય એવી ઉત્તમ સરલ સુગમ સચોટ વાદાનુવાદ શૈલીથી, તે તે મિથ્યાવાદી પરાત્મવાદોનું સમર્થ નિરસન કરતું સેંકડો ગ્રંથોથી પણ ન થઈ શકે એવું એક જ પરમાર્થઘન સૂત્રાત્મક વાક્યમાં પરમ સમર્થ પ્રતિપાદન કર્યું છે. તે આ પ્રકારે -

આ અધ્યવસાનાદિ સર્વે ભાવો પુદ્ગલ પરિણામ-નિષ્પન્ન

આ અધ્યવસાન વગેરે જે સમસ્ત ભાવો આગલી ગાથામાં સવિસ્તર કહ્યા તે તો પુદ્ગલ દ્રવ્ય પરિણામમય છે - 'पुद्गलद्रव्यपरिणाममयत्वेन' । - પુદ્ગલ - દ્રવ્ય પરિણામાત્મક છે એમ 'વિશ્વસાક્ષી' - વિશ્વ દૃષ્ટા સર્વજ્ઞ શ્રીમદ્ અર્હંત ભગવંતોએ પ્રજ્ઞપેલા છે - પ્રરૂપેલા છે, 'भगवद्भिर्विश्वसाक्षिभिरर्हद्भिः प्रज्ञप्ताः' । આમ પરમ આપ્ત-પરમ વિશ્વાસપાત્ર - અત એવ પરમ પ્રમાણભૂત શ્રી સર્વજ્ઞ દેવની પ્રજ્ઞાપના છે, એટલે આ અધ્યવસાનાદિ પુદ્ગલમય ભાવો ચૈતન્ય સ્વભાવી જીવદ્રવ્ય થઈ શકવાને ઉત્સહતા નથી - ઉત્સાહ ધરતા નથી - હામ ભીડતા નથી - સમર્થ થતા નથી - चैतन्यस्वभावं जीवद्रव्यं भवितुं नोत्सहन्ते । કારણકે ચૈતન્યસ્વભાવી જીવદ્રવ્ય તો ચૈતન્યશૂન્ય પુદ્ગલદ્રવ્યથી

એમ ભગવત્ વિશ્વસાક્ષી અર્હંતોની પ્રજ્ઞાપના

---

* જુઓ : 'રાજ' જ્યોતિ મહાભાષ્ય (ડૉ. ભગવાનદાસ કૃત)

અતિરિક્તપણે - चैतन्यशून्यात्पुद्गलद्रव्यादतिरिक्तत्वेन - (અધિકપણે - અતિશાયિપણે - ભિન્નપણે-અલગપણે) પ્રજ્ઞાપવામાં આવ્યું છે, અર્થાત્ ચૈતન્યશૂન્ય જડ એવું પુદ્ગલ અને ચૈતન્યપૂર્ણ ચૈતન્ય સ્વભાવી એવો જીવ એ બન્ને દ્રવ્ય ત્રણે કાળમાં પ્રગટ ભિન્ન છે, તે કોઈ કાળે એક થઈ શકે એમ નથી અને આ 'પુદ્ગલ પરિણામ નિષ્પન્ન' અધ્યવસાનાદિ ભાવો પુદ્ગલ પરિણામમય છે, તેથી તે કદી પણ ચૈતન્ય સ્વભાવી બની શકે એમ નથી. આમ નિશ્ચયથી ત્રણે કાળમાં ન ફરે એવી સ્થિતિ છે. એટલે આ અધ્યવસાનાદિ તે તે પુદ્ગલ-પરિણામાત્મક પરભાવોને આત્મા કહેનારા 'परात्मवादीओ'નો પક્ષ આગમથી, યુક્તિથી અને સ્વાનુભવથી બાધિત થાય છે, 'आगमयुक्तिस्वानुभवैर्बाधितपक्षत्वात्,' સર્વથા બાધિત પક્ષપણાને લીધે કોઈ પણ રીતે ક્ષણભર પણ ટકી શકતો નથી, એથી તેમ વદનારા પરાત્મવાદીઓ પરમાર્થવાદી નથી - 'न तदात्मवादिनः परमार्थवादिनः' । અત્રે આ જે સર્વજ્ઞ વચન કહ્યું તે જ આગમ - શાસ્ત્ર છે, इदमेव सर्वज्ञवचनं तावदागमः આમ પ્રણીત ત્રિકાળાબાધિત નિશ્ચય જ્ઞાન વચન છે અને 'इयं तु स्वानुभवगर्भिता युक्तिः' - સ્વાનુભવ ગર્ભિતાઅર્થાત્ સ્વાનુભવ જેના ગર્ભમાં - અંતરમાં રહ્યો છે એવી યુક્તિ તો આ છે, સત્-ન્યાયયુક્ત સુબુદ્ધિગમ્ય દલીલવાળું અનુમાનપ્રમાણ તો આ પ્રકારે છે -

૧. 'नैसर्गिकरागद्वेषकल्माषितमध्यवसानं न खलु जीवः' - નૈસર્ગિક - નિસર્ગજન્ય - કુદરતી રીતે આપોઆપ ઉદ્ભવતા રાગદ્વેષથી કલુષિત - મલિન **અધ્યવસાન તે જીવ નથી જ** એ નિશ્ચય છે, કારણકે

મલિનતાથી સુવર્ણ જેમ ઉક્ત અષ્ટ પ્રકારથી અતિરિક્તપણે ચિત્સ્વભાવનો વિવેચકોને સ્વયં અનુભવ

श्यामिकायाः कार्त्स्वरस्येव **કાલિમાથી - મલિનતાથી અતિરિક્તપણે - અધિકપણે - અતિશાયિપણે - ભિન્નપણે - અલગપણે સુવર્ણનું જેમ ઉપલભ્યમાન પણું - અનુભવાઈ રહ્યાપણું - જણાવાપણું - દેખાવાપણું છે, તેમ** तथाविधाध्यवसानात् अतिरिक्तत्वेन अन्यस्य चित्स्वभावस्य - તથા પ્રકારના અધ્યવસાનથી અતિરિક્તપણે - ભિન્નપણે - અલગપણે અન્ય ચિત્સ્વભાવનું વિવેચકોથી - વિવેકીઓથી સ્વયં ઉપલભ્યમાનપણું - અનુભવાઈ રહ્યાપણું - જણાવાપણું - દેખાવાપણું છે માટે, 'विवेचकैः स्वयमुपलभ्यमानत्वात् । અર્થાત્ સોનાની અશુદ્ધિથી જૂદું સોનું વિવેચકો (Analyst) સ્વયં અનુભવે છે, તેમ તેવા અધ્યવસાનથી જૂદો અન્ય ચિત્સ્વભાવ વિવેચકો - જડ - ચેતનનું પૃથક્કરણરૂપ વિવેચન (analysis) કરનારા વિવેકી (Analyst) આધ્યાત્મિક વૈજ્ઞાનિકો (spiritual scientists) સ્વયં પોતે આત્માનુભવથી અનુભવે છે.

૨. અનાદિ અનંત પૂર્વાપરભૂત - એક પછી એક ઉત્તરોત્તર અવસ્થારૂપ - પર્યાયરૂપ અવયવવાળી એક સંસરણ લક્ષણ ક્રિયારૂપે ક્રીડંતું - ક્રીડા કરતું - રમત કરતું **કર્મ જ જીવ નથી** એ નિશ્ચય છે. કારણકે કર્મથી અતિરિક્તપણે - ભિન્નપણે - અલગપણે - પૃથગ્ભૂતપણે* અન્ય ચિત્સ્વભાવનું વિવેચકોથી - સ્વપરની વ્હેંચણરૂપ વિવેચન કરનારા વિવેકી પુરુષોથી સ્વયં ઉપલભ્યમાનપણું - અનુભવાઈરહ્યાપણું - દેખાવાપણું - જણાવાપણું છે, માટે.

૩. તીવ્ર-મંદ અનુભવથી જેનો ભેદ પડે છે એવા દુરંત રાગરસથી નિર્ભર-ભરપૂર **અધ્યવસાન સંતાન-અધ્યવસાન-સંતતિ-અધ્યવસાન** પરંપરા તે **જીવ નથી** એ નિશ્ચય છે, કારણકે તે અધ્યવસાન સંતાનથી અતિરિક્તપણે - ભિન્નપણે - અલગપણે અન્ય ચિત્સ્વભાવનું વિવેચકોથી - સ્વપરનું વિભાગ રૂપ વિવેચન કરનારા વિવેકી વૈજ્ઞાનિકોથી સ્વયં ઉપલભ્યમાનપણું - અનુભવાઈ રહ્યાપણું (અનુભૂયમાન પણું) છે, સાક્ષાત્ પ્રત્યક્ષ દેખાવાપણું - જણાવાપણું છે, માટે.

૪. નવી-પુરાણી વગેરે અવસ્થાઓના ભેદથી પ્રવર્ત્તી રહેલું **નોકર્મ**- શરીર તે **જીવ નથી** એ નિશ્ચય છે, કારણકે પુદ્ગલમય શરીરથી અતિરિક્તપણે - ભિન્નપણે - અલગપણે અન્ય ચિત્સ્વભાવનું વિવેચકોથી - વિવેકીઓથી સ્વયં ઉપલભ્યમાનપણું - અનુભૂયમાનપણું - અનુભવાઈરહ્યાપણું - છે, પ્રત્યક્ષ દેખાવાપણું - જણાવાપણું છે, માટે.

* "कर्मभ्यः कर्मकार्येभ्यः पृथग्भूतं चिदात्मकम् ।
आत्मानं भावयेन्नित्यं नित्यानंदपदप्रदम् ॥" - **શ્રી પદ્મનંદિ પંચવિંશતિકા, ઉપાસક સંસ્કાર અધિ. ૬૧**

૫. અખિલ વિશ્વને પણ પુણ્ય-પાપરૂપે આક્રમતો - ચરણ તળે દબાવતો **કર્મવિપાક જીવ નથી** એ નિશ્ચય છે, કારણકે શુભાશુભ ભાવોથી અતિરિક્તપણે - ભિન્નપણે અન્ય ચિત્સ્વભાવનું વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણું - અનુભૂયમાનપણું - અનુભવાઈ રહ્યાપણું છે, સાક્ષાત્ દેખાવાપણું - જણાવાપણું છે, માટે.

૬. સાત-અસાતરૂપથી અભિવ્યાપ્ત (સર્વથા વ્યાપ્ત) સમસ્ત તીવ્રપણા - મંદપણા ગુણથી ભેદ પામી રહેલો. **કર્માનુભવ તે જીવ નથી** એ નિશ્ચય છે, કારણકે સુખદુઃખથી અતિરિક્તપણે - ભિન્નપણે અન્ય ચિત્ સ્વભાવનું વિવેચકોથી - વિવેકીઓથી સ્વયં ઉપલભ્યમાનપણું - અનુભૂયમાનપણું છે, સાક્ષાત્ દેખાવાપણું - જણાવાપણું છે, માટે.

૭. શ્રીખંડની જેમ ઉભયાત્મકપણાથી **આત્મા અને કર્મ ઉભય** - એ બન્ને મળીને **જીવ નથી** એ નિશ્ચય છે, કારણકે કાત્સ્ન્યથી - સમગ્રપણે - સમસ્તપણે (Totally) કર્મથી અતિરિક્તપણે - ભિન્નપણે - પૃથક્પણે અન્ય ચિત્સ્વભાવનું વિવેચકોથી - વિવેચનકારોથી સ્વયં ઉપલભ્યમાનપણું - અનુભૂયમાનપણું છે, પ્રત્યક્ષ પ્રગટ દેખાવાપણું - જણાવાપણું છે, માટે.

૮. અર્થ ક્રિયા સમર્થ એવો **કર્મ સંયોગ** તે **જીવ** નથી. એ નિશ્ચય છે, કારણકે અષ્ટ કાષ્ઠ સંયોગથી બનેલી ખાટલીથી જેમ તે ખાટલીમાં સૂનારો પુરુષ જૂદો દૃષ્ટ છે, તેમ અષ્ટ કર્મ સંયોગથી અતિરિક્તપણે - ભિન્નપણે - અલગપણે અન્ય ચિત્ સ્વભાવનું વિવેચકોથી - સ્વપર - વિવેચનરૂપ પૃથક્કરણ કરનારા વિવેકી વૈજ્ઞાનિકોથી સ્વયં ઉપલભ્યમાનપણું - અનુભૂયમાન - અનુભવાઈરહ્યાપણું છે, દેખાવાપણું - જણાવાપણું છે.

આમ આગમથી, યુક્તિથી અને સ્વાનુભવથી એમ આગમ-અનુમાન ને અનુભવ એ ત્રણે પ્રમાણથી અધ્યવસાનાદિ પુદ્ગલ પરિણામોથી ચૈતન્યસ્વભાવી જીવ જૂદો છે, એમ સિદ્ધ થયું.

''જૈસેં કંચુક ત્યાગ સેં, બિનસત નહીં ભુજંગ,


દેહ ત્યાગસેં જીવ પુનિ, તૈસેં રહત અભંગ.'' - **શ્રી ચિદાનંદજી**

''જેમ કાંચળીનો ત્યાગ કરવાથી સર્પ નાશ પામતો નથી તેમ દેહનો ત્યાગ કરવાથી જીવ પણ અભંગ રહે છે એટલે નાશ પામતો નથી. અહીં દેહથી જીવ ભિન્ન છે એમ સિદ્ધતા કરેલી છે.

દેહ અને જીવની ભિન્નતા નથી અને દેહનો નાશ થવાથી જીવનો પણ નાશ થાય છે એમ કેટલાક માને છે અને કથે છે, તે માત્ર વિકલ્પરૂપ છે પણ પ્રમાણભૂત નથી, કેમકે તેઓ કાંચળીના નાશથી સર્પનો પણ નાશ થયેલો સમજે છે અને એ વાત તો પ્રત્યક્ષ છે કે સર્પનો નાશ કાંચળીના ત્યાગથી નથી. તેમજ જીવને માટે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૯ (૩), ૨૨**

''મતભેદની કડાકૂટ જવા દઈ જો આત્મા અને પુદ્ગલ વચ્ચે વ્હેંચણી કરી શાંતપણે અનુભવવામાં આવે તો મોક્ષમાર્ગ સરલ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૬, વ્યાખ્યાનસાર**

અહીં પુદ્ગલથી ભિન્ન - જૂદા આત્માની ઉપલબ્ધિ - અનુભૂતિ - પ્રાપ્તિ વિષયમાં વિપ્રતિપન્ન - વિપરીત માન્યતા ધરાવનારને 'સામથી જ' - સમજાવટથી જ આમ - નીચેના કળશમાં કહેવામાં આવે છે, તેમ 'અનુશાસ્ય' - અનુશાસન કરવા યોગ્ય છે - ઉપદેશવા યોગ્ય છે, સામ્નૈવૈવમનુશાસ્યઃ -



એક છ માસની મુદતમાં સ્વયં અનુભવવાની અદ્‌ભુત યુક્તિ દર્શાવતો અપૂર્વ ભાવવાહી સમયસાર કળશ (૨) લલકારે છે -

માલિની

विरम किमपरेणाकार्यकोलाहलेन,
स्वयमपि निभृतः सन् पश्य षण्मासमेकं ।
हृदयसरसि पुंसः पुद्गलाद्विभक्तधाम्नो,
ननु किमनुपलब्धि र्भाति किंचोपलब्धिः ॥३४॥

વિરમ ! શું જ નકામા અન્ય કોલાહલેથી ? સ્વયમપિ ચૂપ થૈને એક ષટ્ માસ જોને !
પુદ્‌ગલ થકી જૂદી જ્યોતિની હત્ સરે શું, દીસતી અનુપલબ્ધિ ? ઉપલબ્ધિ દીસે શું ? ૩૪

અમૃત પદ-૩૪

અલ્યા ! વિરમ વિરમ ! અલ્યા રે, અલ્યા ! વિરમ વિરમ ! અલ્યા રે !
બીજા નકામા કોલાહલનું, કામ રે ! શું છે ત્હારે ?... અલ્યા. ૧
આપોઆપ ચૂપચાપ થઈ તું, લે ષટ્ માસ નિહાળી,
ને જો હૃદય સરોવરમાંહિ, પુદ્‌ગલથી નિરાળી... અલ્યા. ૨
જ્યોતિરૂપ પુરુષની તુજને, ભાસે શું અનુપલબ્ધિ ?
કે ભગવાન અમૃત જ્યોતિની, ભાસે શું ઉપલબ્ધિ ?... અલ્યા. ૩

અર્થ - વિરમ ! બીજા અકાર્ય કોલાહલથી શું ? સ્વયં જ - તું પોતે જ નિભૃત - મૌન થઈ એક છ માસ તો જો ! કે હૃદય-સરમાં પુદ્‌ગલથી ભિન્ન ધામવંતા પુરુષની શું અનુપલબ્ધિ (અનનુભૂતિ) ભાસે છે ? કે ઉપલબ્ધિ (અનુભૂતિ) ?

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''હે જીવ ! સ્થિર દૃષ્ટિથી કરીને તું અંતરંગમાં જો, તો સર્વ પરદ્રવ્યથી મુક્ત એવું તારૂં સ્વરૂપ તને પરમ પ્રસિદ્ધ અનુભવાશે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૫૫, હાથનોંધ**

''किमालकोलाहलैरमलबोधसम्पन्निधेः समस्ति किल कौतुकं निजात्मनो (?) दर्शने
निरुद्धसकलेन्द्रियो रहसि मुक्तसंगग्रहः, कियन्त्यपि दिनान्यतः स्थिरमना भवान् पश्यतु ॥''

- श्री पद्मनंदि पं. वि. २-१४४

એક છ માસ જો !
હૃદય સરમાં આત્માની
અનુભૂતિ થાય છે કે નહિ ?

એમ ઉપરમાં આગમ-અનુમાન-અનુભવ એ ત્રણે પ્રમાણથી પુદ્‌ગલ પરિણામમય અધ્યવસાનાદિ ભાવોથી ચૈતન્ય-સ્વભાવી જીવનું ભિન્નપણું સિદ્ધ કરી બતાવ્યું, છતાં તે બાબત જો કોઈ વિપ્રતિપન્ન હોય, વિપરીત પ્રતિપત્તિ - માન્યતા ધરાવતો હોય, તો તેને સામથી - સમભાવથી - સમજાવટથી કેવી રીતે સમજાવવો તે અદ્‌ભુત નાટકીય રીતિએ અલૌકિક તીવ્ર ભાવોલ્લાસ દર્શાવતો ઉપસંહારરૂપ આ કળશ (૩૪) **અમૃતચંદ્રજીએ** લલકાર્યો છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - વિરમ ! - હે ભાઈ ! વિરમ ! વિરામ પામ ! બીજી બધી વાત જવા દે, આ ત્હારી બધી દોડાદોડ મૂકી દઈ ઉભો રહે, થોભ ! આ - બીજા અકાર્ય - નહિ કરવા યોગ્ય - નકામા કોલાહલથી શું ? किमपरेणाकार्यकोलाहलेन ? આ આમ છે કે તેમ છે એવા કલ્પનાના ઘોડા દોડાવવારૂપ મિથ્યા વાદ વિવાદના શોરબકોરથી શું ? તું તારી મેળે જ અમે કહીએ છીએ તે આ એક અનુભવયુક્તિ અજમાવી

જો ! स्वयमपि निभृतः सन् - तुं स्वयं જ - પોતે જ - આપોઆપ જ - તારી મેળે 'નિભૃત' થઈ - મૌન થઈ, ચૂપચાપ છાનોમાનો બેસી રહી, અજમાયશ દાખલ એક છ માસ તો આ પ્રયોગ - અખતરો (Experiment) કરી જો ! 'पश्य षण्मासमेकं ।' અને અંતરમાં જો તો ખરો ! કે તારા હૃદય-સરમાં 'हृदय सरसि' - હૃદયરૂપ સ્વચ્છ નિર્મલ સરોવરમાં 'पुंसः पुद्गलाद्भिन्नधाम्नो' - પુદ્ગલથી ભિન્ન ધામવત - જ્યોતિવંત - એવા એક શુદ્ધ ચૈતન્યમૂર્તિ પુરુષની - આત્માની શું અનુપલબ્ધિ - અનનુભૂતિ ભાસે છે ? કે ઉપલબ્ધિ - અનુભૂતિ ? ननु किमनुपलब्धि र्भाति किंचोपलब्धि ? આ પ્રયોગ (Scientific experiment) તું તારી મેળે જ અનુભવસિદ્ધ કરીને ખાત્રી કરી જો ! વધારે કહ્યાથી શું ?



चित् अन्वयनो प्रतिभास छतां अध्यवसानादि पुद्गलस्वभावो केम ? तो के -

अट्ठविहं पि य कम्मं सव्वं पुग्गलमयं जिणा बिंति ।
जस्स फलं तं वुच्चइ दुक्खं ति विपच्चमाणस्स ॥४५॥

आठे प्रकारना कर्म सर्वने रे, जाणे पुद्गलमय जिनराय... पुद्गल.
जे विपाक पामतानुं फल जे रे, ते 'दुःख' एम कहेवाय... पुद्गल. ४५

गाथार्थ - आठ प्रकारनुं पण कर्म सर्व पुद्गलमय जिनो कहे छे, जे विपाक पामी रहेलनुं फल 'दुःख' एम कहेवाय छे.

आत्मख्याति टीका

कथं चिदन्वयप्रतिभासेप्यध्यवसानादयः पुद्गलस्वभावा इति चेत् -

अष्टविधमपि च कर्म सर्वं पुद्गलमयं जिना विंदंति ।
यस्य फलं तदुच्यते दुःखमिति विपच्यमानस्य ॥४५॥

अध्यवसानादिभावनिर्वर्त्तकमष्टविधमपि च कर्म समस्तमेव पुद्गलमयमिति किल **सकलज्ञज्ञप्तिः । तस्य तु यैद्विपाककाष्ठामधिरूढस्य फलत्वेनाभिलप्यते तद**नाकुलत्वलक्षण सौख्याख्यात्मस्वभावविलक्षणत्वात्किल **दुःखं** तदंतःपातिन एव किलाकुलत्वलक्षणा अध्यवसानादिभावाः । ततो न ते चिदन्वयत्वविभ्रमेप्यात्मस्वभावाः किंतु पुद्गलस्वभावाः ॥४५॥

आत्मख्याति टीकार्थ

अध्यवसानादि भावोनुं निर्वर्त्तक (सर्जनकार-नीपजावनार) **अष्टविधपण कर्म समस्त ज पुद्गलमय छे, एम स्फुटपणे सकलज्ञनी ज्ञप्ति (जाणपणुं) छे अने विपाक काष्ठाधिरूढ (विपाक कोटिए चढेल) तेना फलपणे जे अभिलपाय छे, ते** - अनाकुलत्वलक्षण सौख्य नामना आत्मस्वभावथी विलक्षणपणाने लीधे - निश्चये करीने **दुःख छे,**

तदंतःपातिनः (ते दुःखना अंतःपातिज) निश्चये करीने आकुलत्वलक्षण अध्यवसानादि भावो छे, तेथी तेओ चिद्अन्वयपणाना विभ्रमे पण आत्मस्वभावो नथी, किंतु पुद्गल स्वभावो छे.

आत्मभावना -

कथं चिदन्वयप्रतिभासेपि अध्यवसानादयः पुद्गलस्वभावा इति चेत् - **चित् अन्वयना प्रतिभासमां पण अध्यवसानादि पुद्गल स्वभावो केम ? एम जो पूछो तो -**

अष्टविधमपि च कर्म - अने अष्टविध - अष्ट प्रकारनुं पण कर्म **सर्वं जिनाः पुद्गलमयं विंदंति** - जिनो पुद्गलमय कहे छे, यस्य विपच्यमानस्य फल जे विपच्यमाननुं - विपाक पामी रहेलनुं फल, तद् दुःखमिति उच्यते - ते 'दुःख' एम कहेवाय छे. ॥ इति **गाथा** आत्मभावना ॥४६॥

अध्यवसानादि भावनिर्वर्तकमष्टविधमपि च कर्म - अने अध्यवसानादि भावोनुं निर्वर्तक - सर्जक - नीपजावनार अष्टविध - आठ प्रकारनुं पण कर्म समस्तमेव समस्त ज पुद्गलमयमिति - 'पुद्गलमय' एम किल सकलज्ञज्ञप्ति - स्फुटपणे आप्त प्रवाह प्रमाणे निश्चये करीने सकलज्ञ ज्ञप्ति छे - सर्वज्ञनुं जाणपणुं छे. तस्य तु यद्विपाककाष्ठामधिरूढस्य फलत्वेनाभिलप्यते - अने तेना - विपाककाष्ठाओ - उदय कोटिओ अधिरूढना - चढेलना फलपणे जे अभिलपाय छे - कहेवाय छे, तत् किल दुःखं - ते खरेखर ! निश्चये करीने दुःख छे, शाने लीधे ? अनाकुलत्वलक्षणसौख्याख्यात्मस्वभावविलक्षणत्वात् - अनाकुलपणा लक्षणवाळा 'सौख्य' आख्य - 'सुख' नामनाना आत्मस्वभावथी विलक्षणपणाने लीधे - विपरीत - विरुद्ध लक्षणपणाने लीधे. तदंतःपातिन एव - तेना - ते दुःखना अंतःपाती ज - अंदरमां पडनारा ज किलाकुलत्वलक्षणा अध्यवसानादिभावाः - खरेखर ! निश्चये करीने आकुलपणा लक्षणवाळा अध्यवसानादि भावो छे. ततो - तेथी, शुं ? न ते चिदन्वयत्वविभ्रमेपि आत्मस्वभावा - तेओ

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સંયોગી ભાવમાં તાદાત્મ્ય અધ્યાસ હોવાથી જીવ જન્મ મરણાદિ અનુભવે છે.''

''નિરાકુલતા એ સુખ છે, સંકલ્પ એ દુઃખ છે. સુખરૂપ આત્માનો ધર્મ છે. તે સોના માફક શુદ્ધ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૯૨૫, હાથનોંધ, વ્યાખ્યાન સાર-૨**

''સુખ દુઃખરૂપ કરમ ફલ જાણો, નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે.'' - શ્રી આનંદઘનજી

ઉપરમાં અધ્યવસાનાદિ ભાવોને પુદ્ગલ પરિણામથી નિષ્પન્ન - પુદ્ગલ પરિણામાત્મક સિદ્ધ કર્યા, એટલે શિષ્ય આશંકા કરે છે કે - 'चिदन्वयप्रतिभासेऽपि' ચિદ્ અન્વયનો પ્રતિભાસ છતાં આ અધ્યવસાનાદિ ભાવો પુદ્ગલ સ્વભાવો કેમ ? આ અધ્યવસાનાદિ ભાવોમાં ચિત્ અન્વય-ચૈતન્યનો અન્વય પ્રતિભાસે છે, ચૈતન્યનો અખંડ ચાલ્યો આવતો અનુબંધ સંબંધ પ્રગટ દેખાય છે, ચૈતન્યનો અન્વય-વંશ ઉતરી આવેલો દેખાય છે. ચૈતન્યનો અન્વય-અનુગત ભાવ અનુવર્ત્તતો જણાય છે. આમ આ ચિદ્અન્વય પ્રતિભાસ છતાં આ અધ્યવસાનાદિ ભાવો પુદ્ગલ સ્વભાવો શી રીતે ? તેનું અત્ર સમાધાન કર્યું છે કે આઠે પ્રકારનું કર્મ છે તે બધું ય પુદ્ગલમય છે એમ જિનો કહે છે, જે વિપાક પામી રહેલા કર્મનું ફલ 'દુઃખ' એમ કહેવાય છે. આ વસ્તુ પરમર્ષિ આત્મખ્યાતિકારે પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી અત્યંત સ્ફુટપણે સમજાવી છે. તે આ પ્રકારે -

ચિદ્ અન્વય પ્રતિભાસ છતાં પણ અધ્યવસાનાદિ પુદ્ગલ સ્વભાવો કેમ ?

'अध्यवसानादि भावनिर्वर्त्तकं' - અધ્યવસાન આદિ ભાવોનું નિર્વર્ત્તક - સર્જન કરનાર - નિષ્પાદક - નીપજાવનારું - એવું જે જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારનું કર્મ છે, તે સમસ્ત જ 'समस्तमेव' પુદ્ગલમય છે, પ્રદેશે પ્રદેશે પુદ્ગલ પુદ્ગલ ને પુદ્ગલથી જ નિર્માણ થયેલું છે, પુદ્ગલનું બનેલું છે, એમ સ્પષ્ટપણે પરમ આપ્ત એવા સકલજ્ઞની - સર્વ વિશ્વને જાણનારા સર્વજ્ઞની જ્ઞપ્તિ - જાણપણું છે, 'इति सकलज्ञज्ञप्ति' કેવલજ્ઞાન પ્રમાણથી પ્રમાણિતપણું છે અને તેવા પ્રકારે તે પરમ પ્રમાણભૂત સર્વજ્ઞની પ્રજ્ઞપ્તિ - પ્રજ્ઞાપના - પ્રરૂપણા હોઈ આગમ - પ્રમાણથી પ્રમાણિતપણું છે.

અધ્યવસાનાદિ ભાવસર્જક અષ્ટવિધ કર્મ સર્વ જ પુદ્ગલમય

અને 'तस्य तु विपाककाष्ठाधिरूढस्य' તે વિપાકકાષ્ઠાધિરૂઢ કર્મના ફલપણે જે સંબોધાય છે, તે ખરેખર ! પ્રગટપણે દુઃખ છે, 'तत् किल दुःखं' 'विपाककाष्ठाधिरूढ' - વિપાકની કાઠીએ ચઢેલા અર્થાત્ પાકીને ઉદય કોટિમાં આવેલા ઉદયાગત તે કર્મના ફલપણે જે કહેવાય છે તે નિશ્ચયે કરીને દુઃખ છે. શાને લીધે ? 'अनाकुलत्वलक्षणसौख्याख्यात्मस्वभावविलक्षणत्वात्' - અનાકુલત્વલક્ષણ 'સૌખ્ય' નામના આત્મસ્વભાવથી વિલક્ષણપણાને લીધે, અનાકુલપણું જેનું લક્ષણ છે તેને લીધે. એટલે કે અનાકુલપણું એ 'સુખ' નામનો આત્મસ્વભાવ છે, તેનાથી વિરુદ્ધ-વિપરીત આકુલપણું એ કર્મફલનું લક્ષણ છે, એટલે આકુલતા ઉપજાવનાર કર્મફલને સુખના પ્રતિપક્ષરૂપ 'દુઃખ' નામ આપ્યું તે યથાર્થ છે.

કર્મફલ આકુલત્વ લક્ષણ દુઃખઃ આત્મસ્વભાવ વિલક્ષણ

અને 'तदंतःपातिन एव' - તદંતઃપાતી જ ખરેખર ! પ્રગટપણે આકુલત્વ લક્ષણ અધ્યવસાનાદિ ભાવો છે, 'किलाकुलत्वलक्षणाः अध्यवसानादिभावाः' અધ્યવસાનાદિ જે રાગાદિજન્ય ભાવો છે તે 'આકુલત્વ લક્ષણા' - આકુલપણારૂપ લક્ષણવાળા છે, તેથી પ્રગટ આકુલપણું ઉપજાવનારા આ અધ્યવસાનાદિ ભાવો પણ 'તદ્દંતઃપાતી જ' છે, તે દુઃખના વર્ગની અંદર જ પડનારા છે, તે દુઃખમાં જ

આકુલત્વ લક્ષણ અધ્યવસાનાદિ દુઃખાંતઃપાતી જ

ચિદન્વયપણાના વિભ્રમે પણ આત્મસ્વભાવો નથી, કિંતુ પુદ્ગલસ્વભાવાઃ પરંતુ પુદ્ગલસ્વભાવો છે. ॥ ઇતિ **'આત્મખ્યાતિ'** આત્મભાવના ॥૪૫॥

અંતર્ભાવ પામે છે. અર્થાત્ આકુલપણું ઉપજાવનાર હોવાથી આકુલપણારૂપ લક્ષણવાળું પુદ્‌ગલમય કર્મફલ જેમ દુઃખ છે, તેમ પ્રગટ આકુલપણું ઉપજાવનાર હોવાથી આકુલપણારૂપ લક્ષણવાળા અધ્યવસાનાદિ ભાવો પણ દુઃખ જ છે અને આકુલત્વલક્ષણ દુઃખ તે અનાકુલત્વ લક્ષણ 'સુખ' નામક આત્મસ્વભાવથી વિલક્ષણ - વિપરીત વિરુદ્ધ લક્ષણવાળું ઉલટું હોઈ આત્મસ્વભાવ નથી, પણ પરસ્વભાવ છે. એટલે આ દુખાંતઃપાતિ અધ્યવસાનાદિ ભાવો પણ આત્મસ્વભાવ નથી, પણ પરસ્વભાવો જ છે. એટલે 'चिदन्वयत्वविभ्रमेपि' - ચિદ્‌અન્વયપણાના વિભ્રમે પણ આ અધ્યવસાનાદિ ભાવો આત્મસ્વભાવો નથી, પણ પુદ્‌ગલ સ્વભાવો છે, 'न ते आत्मस्वभावाः किंतु पुद्‌गलस्वभावाः' । અર્થાત્ તે કર્મફલરૂપ દુઃખ જ છે અને આકુલતારૂપ દુઃખ તે આત્મસ્વભાવ નથી, પણ પરસ્વભાવ છે, એટલે આ અધ્યવસાનાદિ ભાવો ભલે ચિદ્ અન્વયત્વનો - ચૈતન્ય અન્વયનો વિભ્રમ (ભ્રાંતિ રૂપ ખ્યાલ) - ઉપજાવતા હોય તો પણ આત્મસ્વભાવો નથી, પણ પુદ્‌ગલ સ્વભાવો જ છે, આ ત્રણે કાળમાં ન ચળે એવો અખંડ નિશ્ચય સિદ્ધાંત છે.

''પૂરણ ગલન સ્વભાવધર, અસ્તિકાય મૂર્ત્તિક;
ફરસ વરણ રસ ગંધમય, પુદ્‌ગલદ્રવ્ય સુઠીક.'' - **શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૨-૪**


''કોઉ કહે રાગાદિક ચેતન સો ભિન્ન નાહિ, આદિ વિનું સદાકાલ એક હી સભાવ હૈ;
કૈસે અણુ રાગી નાહી રાગી કહો જીવહી કો, યાતે જીવ રાગાદિક તાદાત્મ્યતા દાવ હૈ;
સંત કહે બંધ્યે વિનુ છુટો કહનો અસત્ય, રાગાદિક એક માને મુક્તિકો અભાવ હૈ.
યાતે યહ તહકીક કહી દેવચંદ્ર વાત, રાગાદિક પર દ્રવ્ય કર્મકો વિભાવ હૈ.''

- શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૧૩

તાત્પર્ય કે - અધ્યવસાનાદિ ભાવોમાં ચૈતન્ય અન્વય નથી પણ ચૈતન્ય અન્વયનો 'વિભ્રમરૂપ પ્રતિભાસ ઉપજે છે. એટલે અધ્યવસાન - કર્મ - નોકર્મ (દેહ) આદિ ભાવો અને જીવ અજ્ઞાન વડે કરીને એકરૂપે ભાસે છે, તેથી કરીને ક્રિયાની પ્રવૃત્તિ પણ તેવા પ્રકારે એકરૂપ ભાવે થાય છે અને 'જીવની ઉત્પત્તિ-રોગ-શોક-દુઃખ-મૃત્યુ' એ આદિ દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે' - પ્રતિભાસે છે, એવો જે આ અનાદિ જડચેતનના એકરૂપનો વિભ્રમ રૂપ મિથ્યાત્વભાવ છે, તે આવા પ્રકારે સ્પષ્ટપણે અધ્યવસાનાદિ ભાવોનો ને જીવનો ભેદ દર્શાવનારા જ્ઞાનીના વચન વડે દૂર થઈ જાય છે, એટલે જડ-ચૈતન્યનો પ્રગટ ભિન્ન સ્વભાવ ભાસે છે અને 'બંને દ્રવ્ય નિજ નિજરૂપે સ્થિત થાય છે' અને આવા ભાવનું **પરમ આત્મદેષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીનું** ટંકોત્કીર્ણ વચનામૃત સુપ્રસિદ્ધ છે -

''દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે, ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે,
જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ, દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે;
એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ, જ્ઞાનિનાં વચન વડે દૂર થઈ જાય છે,
ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન, બંને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અંક-૯૦૨



જો અધ્યવસાનાદિ પુદ્ગલ સ્વભાવો છે, તો પછી કેમ જીવપણે સૂચિત છે ? તો કે -

ववहारस्स दरीसणमुवएसो वण्णिदो जिणवरेहिं ।
जीवा एदे सव्वे अज्झवसाणादओ भावा ॥४६॥

સર્વે અધ્યવસાનાદિ ભાવ આ રે, જીવો એવો જે આ ઉપદેશ... પુદ્.
જિનવરોથી વર્ણવાયેલ તે રે, વ્યવહારનું દર્શન ગવેષ... પુદ્. ૪૬

ગાથાર્થ - આ સર્વે અધ્યવસાનાદિ ભાવો જીવો છે, આ જિનવરોથી વર્ણવવામાં આવેલો ઉપદેશ તે વ્યવહારનું દર્શન છે. ૪૬

आत्मख्याति टीका

यद्यध्यवसानादयः पुद्गलस्वभावास्तदा कथं जीवत्वेन सूचिता इति चेत् -

व्यवहारस्य दर्शनमुपदेशो वर्णितो जिनवरैः ।
जीवा एते सर्वेऽध्यवसानादियो भावाः ॥४६॥

सर्व एवैतेऽध्यवसानादयो भावाः जीवा इति यद् भगवद्भिः सकलज्ञैः प्रज्ञप्तं तदभूतार्थस्यापि **व्यवहारस्यापि दर्शनं** व्यवहारो हि व्यवहारिणां म्लेच्छभाषेव म्लेच्छानां परमार्थप्रतिपादकत्वादपरमार्थोपि तीर्थप्रवृत्तिनिमित्तं दर्शयितुं न्याय्य एव । तमंतरेण तु शरीराज्जीवस्य परमार्थतो भेददर्शनात् त्रसस्थावराणां भस्मन इव निःशंकमुपमर्दनेन हिंसाभावाद्भवत्येव बंधस्याभावः ।

तथा रक्तद्विष्टविमूढो जीवो बध्यमानो मोचनीय इति रागद्वेषमोहेभ्यो जीवस्य परमार्थतो भेददर्शनेन मोक्षोपायपरिग्रहणाभावात् भवत्येव मोक्षस्याभावः ॥४६॥

आत्मभावना -

यद्यध्यवसानादयः पुद्गलस्वभावाः **જો અધ્યવસાનાદિ પુદ્ગલ સ્વભાવો છે,** तदा कथं जीवत्वेन सूचिताः **તો પછી કેમ જીવપણે સૂચિત છે ?** इति चेत - એમ જો પૂછો તો, શંકા કરો તો - व्यवहारस्य दर्शनं - **વ્યવહારનું દર્શન છે, શું ?** एते सर्वे अध्यवसानादयो भावाः जीवा - આ સર્વે અધ્યવસાનાદિ ભાવો જીવો છે (એવો) जिनवरैः वर्णितः उपदेशः - **જિનવરોથી વર્ણવવામાં આવેલો ઉપદેશ.** ॥ इति **गाथा** आत्मभावना ॥४६॥

सर्व एव - સર્વે જ एतेऽध्यवसानादयो भावाः जीवा इति - આ અધ્યવસાનાદિ ભાવો જીવો છે એમ, यद् भगवद्भिः सकलज्ञैः प्रज्ञप्तं - જે ભગવત્ સકલજ્ઞોથી - સર્વજ્ઞોથી પ્રજ્ઞપ્ત છે - પ્રજ્ઞાપવામાં - પ્રકૃષ્ટપણે જણાવવામાં આવેલું છે, तद् अभूतार्थस्यापि व्यवहारस्यापि दर्शनं - તે અભૂતાર્થ - અસત્યાર્થ છતાં વ્યવહારનું પણ દર્શન છે. કારણ શું ? व्यवहारो हि - કારણકે વ્યવહાર अपरमार्थोऽपि - અપરમાર્થ છતાં तीर्थप्रवृत्तिनिमित्तं - તીર્થ પ્રવૃત્તિ નિમિત્તે व्यवहारिणां दर्शयितुं न्याय्य एवं - વ્યવહારીઓને દર્શાવવો ન્યાય્ય જ - ન્યાયયુક્ત જ છે. શાને લીધે ? परमार्थप्रतिपादकत्वात् - પરમાર્થ પ્રતિપાદકપણાને લીધે. કોની જેમ દર્શાવવો ન્યાય્ય છે ? म्लेच्छभाषेव म्लेच्छानां - મ્લેચ્છોને મ્લેચ્છ ભાષાની જેમ. તે દર્શાવવામાં ન આવે તો શી હાનિ ?

तमंतरेण तु - તે વ્યવહાર સિવાય તો शरीराज्जीवस्य परमार्थतो भेददर्शनात् - શરીરથી જીવના પરમાર્થથી ભેદ દર્શનને લીધે त्रसस्थावराणां भस्मन इव निःशंकमुपमर्दनेन - ત્રસ-સ્થાવરોના ભસ્મની જેમ નિઃશંકપણે ઉપમર્દનથી - કચરી નાખવાથી - हिंसाभावाद् - હિંસા અભાવને લીધે भवत्येव बंधस्याभावः બંધનો અભાવ હોય જ છે, तथा - तथा रक्तद्विष्टविमूढो जीवो - રક્ત-દ્વિષ્ટ-વિમૂઢ જીવ बध्यमानो मोचनीय इति - બધ્યમાન-બંધાઈ રહેલો મોચનીય - મોચન કરાવવા યોગ્ય - મૂકાવવા યોગ્ય છે એટલે, रागद्वेषमोहेभ्यो जीवस्य परमार्थतो भेददर्शनेन - રાગ - દ્વેષ - મોહથી જીવના પરમાર્થથી ભેદ દર્શનથી मोक्षोपायपरिग्रहणाभावात् - મોક્ષ ઉપાયના પરિગ્રહણના અભાવને લીધે भवत्येव मोक्षस्याभावः - મોક્ષનો અભાવ હોય જ છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥४६॥

આત્મખ્યાતિ ટીકાર્થ

સર્વે જ આ અધ્યવસાનાદિ ભાવો જીવો છે, એમ જે ભગવંત સકલજ્ઞોથી પ્રજ્ઞપ્ત છે, તે અભૂતાર્થનું પણ - વ્યવહારનું પણ દર્શન છે. કારણકે વ્યવહાર વ્યવહારીઓને - મ્લેચ્છોને મ્લેચ્છ ભાષાની જેમ પરમાર્થ પ્રતિપાદકપણાને લીધે અપરમાર્થ છતાં, તીર્થ પ્રવૃત્તિ નિમિત્તે દર્શાવવો ન્યાય્ય જ (ન્યાયયુક્ત જ) છે, પણ તે સિવાય તો - શરીરથી જીવના પરમાર્થથી ભેદ દર્શનને લીધે ત્રસ-સ્થાવરોના ભસ્મની જેમ નિઃશંકપણે ઉપમર્દનથી હિંસા અભાવને લીધે બંધનો અભાવ હોય જ છે. તથા - રક્ત-દ્વિષ્ટ-વિમૂઢ જીવ બધ્યમાન (બંધાતો) મોચનીય (મૂકાવવા યોગ્ય) છે, એટલે રાગ-દ્વેષ-મોહથી જીવના પરમાર્થથી ભેદ દર્શનથી મોક્ષ ઉપાય પરિગ્રહણના અભાવને લીધે મોક્ષનો અભાવ હોય જ છે. ॥૪૬॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જીવ કાયા પદાર્થપણે જૂદાં છે, પણ સંબંધપણે સહચારી છે, કે જ્યાં સુધી તે દેહથી જીવને કર્મનો ભોગ છે. શ્રી જિને જીવ અને કર્મનો ક્ષીરનીરની પેઠે સંબંધ કહ્યો છે.'' - (અં. ૫૦૯)

''વ્યવહાર નયથી પરમાણુ પુદ્ગલ અને સંસારી જીવ સક્રિય છે; કેમકે તે અન્યોન્ય ગ્રહણ ત્યાગ આદિથી એક પરિમાણથી સંબંધ પામે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર**

''અંતર્ગત નિહચે ગહી રે, કાયાથી વ્યવહાર;
ચિદાનંદ તવ પામીએ પ્યારે, ભવ સાયરનો પાર.'' - **શ્રી ચિદાનંદજી, (પદ-૫)**

અધ્યવસાનાદિ ભાવો જીવ છે એ વ્યવહારનું દર્શન

જે અધ્યવસાન - કર્મ - નોકર્મ વગેરે ઉક્ત ભાવો પુદ્ગલ-સ્વભાવો છે, તો પછી તે સૂત્રમાં-આગમમાં જીવપણે કેમ સૂચિત છે - સૂચવવામાં આવેલા છે ? એ આશંકાનું અત્ર સમાધાન કર્યું છે. આ અધ્યવસાનાદિ સર્વે ભાવો જીવે છે એવો જે જિનવરોથી વર્ણવવામાં આવેલો - વિસ્તારથી કથવામાં આવેલો ઉપદેશ છે, તે વ્યવહારનું દર્શન છે. આ વસ્તુ ભગવતી **'આત્મખ્યાતિ'માં** પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજીએ** પરમાર્થ સાપેક્ષ વ્યવહારનું અને વ્યવહાર સાપેક્ષ પરમાર્થનું સમ્યક્ તત્ત્વ-દર્શન કરાવી અત્ર નિષ્ણુષ સ્પષ્ટ કરી બતાવી છે. તેની સ્પષ્ટ સમજૂતી આ પ્રકારે - સર્વે જ આ અધ્યવસાનાદિ ભાવો જીવો છે એમ જે ભગવત્ સકલજ્ઞોથી પ્રજ્ઞપ્ત છે - 'भगवद्भिः सकलज्ञैः प्रज्ञप्तं' - પ્રજ્ઞાપવામાં - જણાવવામાં આવેલું છે, તે અભૂતાર્થ એવા પણ વ્યવહારનું પણ દર્શન છે - 'अभूतार्थस्यापि व्यवहारस्यापि दर्शनं.' જો આ વ્યવહાર અભૂતાર્થ છે તો તેનું દર્શન શા માટે કરાવવું જોઈએ ? તે દર્શાવતો ન્યાય્ય - ન્યાયયુક્ત કેમ હોય ? વ્યવહાર છે તે અપરમાર્થ છતાં વ્યવહારીઓને, મ્લેચ્છ ભાષા જેમ મ્લેચ્છોને, દર્શાવવો ન્યાય્ય જ છે. શા માટે ? શું નિમિત્તે ? વ્યવહારનું પરમાર્થ - પ્રતિપાદકપણું છે માટે, તીર્થ પ્રવૃત્તિ નિમિત્તે - 'परमार्थप्रतिपादकत्वात् तीर्थप्रवृत्तिनिमित्तं.' વારુ, જો વ્યવહાર પોતે અપરમાર્થ છે અને તે પણ પરમાર્થ પ્રતિપાદન કરવા માટે જ છે, તો પછી વ્યવહાર વિના સીધેસીધા (Orionially) એકાંત પરમાર્થને ભજવામાં શી હાનિ ? તે વ્યવહાર વિના તો શરીરથી જીવના પરમાર્થથી ભેદ-દર્શનને લીધે બંધનો અભાવ થાય છે. કેવી રીતે ? ત્રસ-સ્થાવરોના ભસ્મની જેમ નિઃશંક ઉપમર્દનથી હિંસાનો અભાવ થાય છે, એટલે હિંસા અભાવને લીધે બંધનો પણ અભાવ થાય જ છે, 'हिंसाभावाद्भवत्येव बंधस्या भावः' તથા - રક્ત-દ્વિષ્ટ-વિમૂઢ જીવ બધ્યમાન-બંધાઈ રહેલો મોચનીય - મોચન કરવા યોગ્ય - છોડાવવા યોગ્ય એટલા માટે રાગ-દ્વેષ-મોહથી જીવના પરમાર્થથી ભેદ દર્શનથી મોક્ષનો અભાવ થાય જ છે. કેવી રીતે ? રક્ત-દ્વિષ્ટ-વિમૂઢ જીવ બંધાઈ રહેલો - બંધાતો હોય તે મોચનીય-મૂકાવવો યોગ્ય છે, પણ આ તો રાગ-દ્વેષ-મોહથી જીવના પરમાર્થથી ભેદ દર્શને કરી મોક્ષ ઉપાયના પરિગ્રહણનો અભાવ થશે, એટલે એને લીધે મોક્ષનો પણ અભાવ થાય જ છે, मोक्षोपायपरिग्रहणाभावात् भवत्येव मोक्षस्याभावः । હવે આ વ્યાખ્યાનો વિશેષ વિચાર કરીએ -

આ અધ્યવસાનાદિ સર્વેય ભાવો જીવો છે એમ જે પરમ આત્મૈશ્વર્યસંપન્ન 'ભગવત્' સર્વજ્ઞોથી પ્રજ્ઞાપવામાં - જણાવવામાં આવ્યું છે, તે અભૂતાર્થ એવા પણ વ્યવહારનું જ દર્શન છે. અર્થાત્ જે વ્યવહાર છે તે ભેદગ્રાહી તે વ્યવહાર અથવા પરાશ્રિત તે વ્યવહાર એવો પોતાના સ્વરૂપની અપેક્ષાએ ભલે સાચો-ભૂતાર્થ હોય, પણ પરમાર્થની - યથાભૂત ખરેખરી મૂળ વસ્તુસ્થિતિની અપેક્ષાએ તો તે ખોટો-અભૂતાર્થ જ છે. એટલે અધ્યવસાનાદિ ભાવોને જીવ કહેવા તે જો કે નિરુપચરિત ('અનુભવમાં આવવા યોગ્ય ઉપચાર રહિત') વ્યવહારની અપેક્ષાએ ભૂતાર્થ છે - યથાર્થ - સત્યાર્થ છે - સાચું છે, તો પણ પરમાર્થથી - નિશ્ચયથી - યથાભૂત તત્ત્વથી અભૂતાર્થ છે, મૂળ વસ્તુ સ્થિતિથી અસત્-ખોટું-મિથ્યા છે. માટે તેમ કહેવું તે અભૂતાર્થ જ એવા વ્યવહારનું દર્શન-દેખાડવાપણું (Display) છે અથવા અભૂતાર્થ જ એવી વ્યવહાર દૃષ્ટિથી થતું દર્શન - દેખવાપણું છે (Vision).

વ્યવહાર અભૂતાર્થ છતાં મ્લેચ્છોને મ્લેચ્છ ભાષા જેમ વ્યવહારીઓને દર્શાવવો ન્યાય જ

અત્રે પ્રશ્ન થવો સંભવે છે કે જો વ્યવહાર પોતે જ અભૂતાર્થ છે અને તેથી થતું દર્શન અભૂતાર્થ છે, તો પછી આવા અભૂતાર્થ વ્યવહારનું દર્શન શા માટે કરવું - કરાવવું જોઈએ ? તેનો ઉત્તર આપતાં પરમ વિચક્ષણ ટીકાકાર આચાર્યવર્ય વદે છે કે - 'व्यवहारो हि व्यवहारिणां म्लेच्छभाषेव म्लेच्छानां' - 'વ્યવહાર વ્યવહારીઓને - મ્લેચ્છભાષા જેમ મ્લેચ્છોને પરમાર્થ પ્રતિપાદકપણાને લીધે અપરમાર્થ છતાં તીર્થ પ્રવૃત્તિ નિમિત્તે દર્શાવવો ન્યાય્ય જ છે.

પરમાર્થ પ્રતિપાદકપણાને લીધે વ્યવહાર તીર્થ પ્રવૃત્તિ નિમિત્તે ઉપકારી

અર્થાત્ આ શાસ્ત્રની ૮મી ગાથાના વિવરણમાં વિસ્તારથી કહ્યું છે તેમ મ્લેચ્છોને - અનાર્યોને સમજાવવા મ્લેચ્છ - અનાર્ય ભાષાનો ઉપયોગ જેમ ન્યાય્ય-ન્યાય યુક્ત છે, તેમ વ્યવહારીઓને પરમાર્થ સમજાવવા વ્યવહાર પોતે અપરમાર્થ-અયથાર્થ છતાં તીર્થ પ્રવૃત્તિ હેતુએ દર્શાવવો ન્યાય્ય-જ ન્યાયયુક્ત જ છે. કારણકે જેને વ્યવહાર જ પરિચિત છે ને પરમાર્થનું ભાન નથી એવા વ્યવહારવર્ત્તી - વ્યવહારાલંબી વ્યવહારી જનોને પરમાર્થ સમજાવવા માટે, પરમાર્થ - સન્માર્ગે અવતારવા માટે, વ્યવહાર 'તીર્થ' રૂપ હોઈ પરમ ઉપકારી છે, પરમ ઉપયોગી છે, -જેમ નદી કાંઠે ઉતરવા માટે તીર્થ-ઓવારો ઉપકારી - ઉપયોગી છે તેમ. આ **સમયસાર શાસ્ત્રની** ૮ મી ગાથામાં અને તેની **આત્મખ્યાતિ** વૃત્તિમાં તાદૃશ્ય વર્ણવ્યું છે, તે પ્રમાણે જેમ મ્લેચ્છને સમજાવવો હોય, તો તેની મ્લેચ્છ ભાષાના આશ્રયથી જ સમજાવી શકાય, તેમ વ્યવહારીઆ જનને સમજાવવો હોય, તો તેને સુપરિચિત - સુપ્રતીત એવા વ્યવહારનો આશ્રય કરવો જ જોઈએ. આમ **'પરમાર્થ પ્રતિપાદક'** - પરમાર્થ સમજાવનાર હોવાથી વ્યવહાર અભૂતાર્થ છતાં તીર્થરૂપ - સંસારસમુદ્રથી પાર ઉતરવાના સાધનરૂપ - તરવાના કારણરૂપ છે, એટલે જ જગત્તારક તીર્થ પ્રવૃત્તિ નિમિત્ત હેતુએ ભગવાન્ જગત્તારક **તીર્થંકરે** પરમ આલંબનભૂત એવા વ્યવહાર તીર્થનું સુપ્રતિષ્ઠાપન કર્યું છે, કે જેથી કરીને તરવાના કામી વ્યવહારનિષ્ઠ જીવો સુગમતાથી પરમાર્થ માર્ગે - પરમાર્થ તીર્થે ઉતરી શકે. આવા પ્રકારે **વ્યવહાર અભૂતાર્થ છતાં તેને તારનારૂં 'તીર્થ'** કહી તેનું કેવું ગૌરવ બહુમાન કર્યું છે, તે એકાંત નિશ્ચયના આગ્રહી જનોએ અત્રે સાવ સ્પષ્ટ સમજી લેવા યોગ્ય છે.

શરીરથી જીવના એકાંતે ભેદમાં હિંસાદિ અભાવે બંધ અભાવ

આમ વ્યવહારનું દર્શન પરમાર્થ પ્રતિપાદકપણાએ કરીને ન્યાય્ય છે, પણ આથી ઉલટું વ્યવહારનું દર્શન જો ન કરવામાં આવ્યું હોય અથવા તે વ્યવહાર અપેક્ષાની સર્વથા એકાંતે ઉપેક્ષા કરવામાં આવી હોય, તો અનેક પ્રકારના ભયંકર દોષરૂપ મહા અનર્થો થવાનો ભય છે. તેની પણ અત્ર સુસ્પષ્ટ શબ્દોમાં **ભગવદ્ અમૃતચંદ્રાચાર્યજીએ** ચોખવટ કરી છે. જેમકે 'तमंतरेण तु शरीराज्जीवस्य परमार्थतो भेददर्शनात्' શરીરથી જીવનો પરમાર્થથી એકાંતે ભેદ માનવામાં આવે, તો ત્રસ-સ્થાવર જીવોનું - ભસ્મની જેમ - ઉપમર્દન - ઉદ્દલન - હિંસન કરતાં - 'त्रसस्थावराणां

भस्मन इव निशंकिमुपमर्दनेन' - હિંસાનો અભાવ થશે અને તેથી બંધનો પણ અભાવ થશે. કારણકે જેમ ભસ્મ નિર્જીવ છે, તેનું ઉપમર્દન કરતાં - કચરી નાખતાં કાંઈ હિંસા થતી નથી ને બંધ થતો નથી, તેમ જીવથી સર્વથા એકાંતે જૂદા માનેલા નિર્જીવ ત્રસ-સ્થાવર શરીરનું ઉપમર્દન કરતાં - કચ્ચરઘાણ કાઢી નાંખતાં કાંઈ હિંસા લાગે નહિ અને તેથી બંધ પણ થાય નહિ ! આમ જીવથી શરીરનો એકાંતે ભેદ માનવામાં આવતાં હિંસા-અહિંસાદિના વ્યવહારનો અને બંધની વ્યવસ્થાનો સર્વથા લોપ થાય જ છે, જે અનિષ્ટાપત્તિરૂપ હોઈ મહા ભયંકર અનર્થરૂપ છે, પ્રગટ મહા અનિષ્ટ દોષસ્વરૂપ છે.

'દેહથી આત્મા એકાંતે ભિન્ન જ હોય તો પુરુષને ઈષ્ટ-અનિષ્ટ સ્પર્શ આદિનું વેદન નહિ થાય, નિગ્રહ-અનુગ્રહ પણ નિરર્થક થઈ પડશે; અને દેહે કરેલા કર્મનો આત્માથી સુખ દુઃખ અનુભવરૂપ ભોગવટો નહિ થાય, તેમજ આત્માએ કરેલા કર્મનો દેહથી પણ તેવો ભોગવટો નહિ થાય; અને આમ સર્વલોક પ્રતીત દૃષ્ટનો અને શાસ્ત્રસિદ્ધ એવા ઈષ્ટનો અપલાપ *થશે.' - **પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા પા. ૭૬ (ડૉ. ભગવાનદાસ મ. મહેતા કૃત)**

રાગાદિથી જીવના એકાંતે ભેદમાં મોક્ષોપાય ગ્રહણ - અભાવે મોક્ષ અભાવ

તથા - 'रक्तद्विष्टविमूढो बध्यमानो मोचनीयः - 'રક્ત-દ્વિષ્ટ-વિમૂઢ જીવ બધ્યમાન મોચનીય છે', અર્થાત્ રાગી-દ્વેષી-વિમૂઢ જીવ બંધાતો હોય તે મૂકાવવો યોગ્ય છે, रागद्वेषमोहेभ्यो जीवस्य परमार्थतो भेददर्शनेन - પણ રાગ-દ્વેષ-મોહથી જીવનો જો પરમાર્થથી એકાંતે ભેદ માનવામાં આવે, તો 'મોક્ષ ઉપાયના પરિગ્રહણનો અભાવ' થશે, મોક્ષના ઉપાયનું ગ્રહણ કરવાનું જ નહિ થાય. કારણ કે રાગથી, દ્વેષથી, મોહથી જીવ જો સર્વથા જૂદો જ છે અને તેથી જો બંધાતો જ નથી, તો પછી તેને છૂટવાનું કે છોડાવવાનું જ ક્યાં રહ્યું ? જે બંધાયો જ નથી, તેને મુક્ત કરવાના ઉપાયની માથાકૂટની જરૂર પણ ક્યાં રહી ? જેને બંધ જ નથી તેનો મોક્ષ કરવાનો પ્રયત્ન પણ શા સારૂ કરવો જોઈએ ? આમ રાગ-દ્વેષ-મોહથી જીવનો પરમાર્થથી એકાંતે ભેદ માનવામાં આવતાં મોક્ષના ઉપાય ગ્રહણનો અભાવ થશે, એટલે મોક્ષ બંધ-સાપેક્ષ હોઈ મોક્ષનો પણ અભાવ થશે. અર્થાત્ મોક્ષમાર્ગના વ્યવહારનો અને મોક્ષની વ્યવસ્થાનો સર્વથા લોપ થવારૂપ મહાઅનિષ્ટાપત્તિરૂપ મહા ભયંકર અનર્થ થશે.

આમ દેહાદિથી જીવનો એકાંતે ભેદ માનતાં અનેક મહા અનર્થકારક દોષની આપત્તિ થાય છે. હિંસા-અહિંસાદિ વ્યવહારનો લોપ થાય છે, બંધ-મોક્ષ વ્યવસ્થા બીલકુલ ઘટતી નથી અને મોક્ષનો તેમજ મોક્ષમાર્ગનો નિષેધ થાય છે. માટે એકાંતે આત્મા અને દેહનો ભેદ માનવો અનિષ્ટ છે, હા, કથંચિત્ અપેક્ષાવિશેષે - શુદ્ધ-નિશ્ચયનયની દૃષ્ટિએ તે ભેદ છે, પણ તે પણ સાપેક્ષ છે - એકાંતે નથી અને વ્યવહારનયની અપેક્ષાએ કથંચિત્ આત્મા અને દેહનું અભેદપણું પણ છે, એમ સાપેક્ષ વિવક્ષા અત્ર સર્વદા સર્વથા લક્ષમાં રાખવા યોગ્ય છે; અને એ અપેક્ષાએ જ અત્રે **સિદ્ધસેન દિવાકરજીના** *સન્મતિતર્કાન્તર્ગત આ વચનો ખાસ મનન કરવા યોગ્ય છે - 'જેટલા વિશેષ પર્યાયો છે (ત્યાં લગી) દૂધ-પાણીની જેમ અન્યોન્ય અનુગતોનું આવા તે એવ વિભજન (વિભાગકરણ) અયુક્ત છે. જે રૂપાદિ


---

* આ અંગે શ્રી હરિભદ્રાચાર્યજીના 'ધર્મબિન્દુ'માં આ મનનીય સૂત્રો છે -
"परिणामिन्यात्मनि हिंसादयो भिन्नाभिन्ने च देहादिति । अन्यथा तदयोग इति । ** भिन्न एव देहान्न स्पृष्टवेदनमिति । तथा - निरर्थकश्चानुग्रह इति । अभिन्न एवामरणं वैकल्यायोगादिति । मरणे परलोकाभाव इति । तथा देहकृतस्यात्मनाऽनुपभोग इति । तथा आत्मकृतस्य देहेनेति । दृष्टेष्टबाधेति ।" - 'ધર્મબિંદુ', ૨-સૂ. ૫૩-૫૪ ૫૭ થી ૬૩

* "अण्णोण्णाणुगयाणं इमं व तं वत्ति विभयणमयुत्तं ।
जह दुद्धपाणियाणं जावंत विसेसपज्जाया ॥
रूवाइ पज्जवा जे देहे जीवदवियम्मि सुद्धम्मि ।
ते अण्णोण्णाणुगया पण्णविज्जा भवत्थम्मि ॥" - श्री सन्मति तर्क, १-४७-४८

પર્યાયો દેહમાં છે અને જે શુદ્ધ જીવ દ્રવ્યમાં છે, તે ભવસ્થ જીવની બા.માં અન્યોન્ય અનુગત પ્રજ્ઞાપનીય (પ્રજ્ઞાપવા યોગ્ય) છે.'

''શિષ્ય કહે સદ્‌ગુરુ સુનો, પર હમ મન સંદેહ,
જાતિભેદ તે ક્યું ભયો, જડ ચેતન કો નેહ ?
વિષ પુદ્‌ગલ મૂર્છા કરે, મદિરાસે ભ્રમભાવ !
ચમકમેં આકર્ષ ગુણ, નવ નવ પુદ્‌ગલ દાવ,
ત્યું જ્ઞાનાવરણાદિ તનું, સક્તિ જીવ કી તોરિ,
કરહિ વિકલ અજ્ઞાન સો, હેરે ભવકી દોર.'' - શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૨૦-૨૨



हवे कया दृष्टांतथी व्यवहार प्रवृत्त छे ? तो के -

राया हु णिग्गदो त्ति य एसो बलसमुदयस्स आदेसो ।
ववहारेण दु उच्चदि तत्थेको णिग्गदो राया ॥४७॥
एमेव य ववहारो अज्झवसाणादिअण्णभावाणं ।
जीवोत्ति कदो सुत्ते तत्थेको णिच्छिदो जीवो ॥४८॥

'राजा खरे ! नीकळ्यो' एवो जेह आ रे ! बल समुदयनो आदेश... पुद्. व्यवहारथी ज कहेवाय छे रे, तिहां नीकळ्यो एक नरेश... पुद्. ४७
अध्यवसानादि अन्य भावनो रे, एम ज अहो ! व्यवहार... पुद्.
'जीव' एम कर्यो छे सूत्रमां रे, तिहां निश्चित जीव एक धार... पुद्. ४८

गाथार्थ - 'राजा खरे ! नीकळ्यो' एम आ बल समुदयनो (सैन्य समूहनो) आदेश व्यवहारथी ज कहेवाय छे, त्यां एक राजा नीकळ्यो छे.

एम ज अध्यवसानादि अन्य भावोनो 'जीव' एवो व्यवहार सूत्रमां करवामां आव्यो छे, त्यां एक जीव निश्चित छे.

आत्मख्याति टीका

अथ केन दृष्टांतेन प्रवृत्तो व्यवहार इति चेत् -
राजा खलु निर्गत इत्येष बलसमुदयस्यादेशः ।
व्यवहारेण तूच्यते तत्रैको निर्गतो राजा ॥४७॥
एवमेव च व्यवहारोध्यवसानाद्यन्यभावानां ।
जीव इति कृतः सूत्रे तत्रैको निश्चितो जीवः ॥४८॥

आत्मभावना -

अथ केन दृष्टांतेन प्रवृत्तो व्यवहारः - हवे कया दृष्टांतथी व्यवहार प्रवृत्ति-प्रवर्त्तेलो छे ? इति चेत् - एम जो शंका करो तो - राजा खलु निर्गतः - राजा खरेखर ! नीकळ्यो इत्येष बलसमुदयस्यादेशः - एम आ बल समुदायनो आदेश व्यवहारेण तु उच्यते - व्यवहारथी ज कहेवाय छे, तत्रैको राजा निर्गतः - त्यां एक राजा नीकळेलो छे, एवमेव च - अने एम ज अध्यवसानाद्यन्यभावानां जीव इति व्यवहारः - कृतः सूत्रे - अध्यवसानादि अन्य भावोनो जीव एवो व्यवहार, सूत्रमां - परमागममां करवामां आव्यो छे, तत्रैको जीवो निश्चितः - त्यां एक जीव निश्चित छे. ॥ इति **गाथा** आत्मभावना ॥४७-४८॥

यथा - जेम एष राजा - आ राजा पंच योजनान्यभिव्याप्य निष्क्रामति - पंच योजनो अभिव्यापीने निष्क्रमे छे - बहार नीकळे छे, इति व्यवहारिणां बलसमुदाये राजेति व्यवहारः - एम व्यवहारीओनो बलसमुदायमां 'राजा' एवो व्यवहार छे, शाने लीधे ? एकस्य पंचयोजनान्यभिव्याप्तुमशक्यत्वात् - एकना पंच योजनो अभिव्यापवाना अशक्यपणाने लीधे. परमार्थतस्त्वेक एव राजा - पण परमार्थथी तो एक ज राजा छे,

तथा - तेम जीवः - जीव समग्रं रागग्राममभिव्याप्य प्रवर्त्तितः - समग्र रागग्रामने - रागसमूहने अभिव्यापीने प्रवृत्त थयेलो - प्रवर्त्तेलो इति व्यवहारिणामध्यवसानादिष्वन्यभावेषु जीव इति व्यवहारः - एम व्यवहारीओनो अध्यवसानादि अन्य भावोमां 'जीव' एवो व्यवहार छे, शाने लीधे ? एकस्य समग्रं रागग्राममभिव्याप्तुमशक्यत्वात् - एकना समग्र रागग्रामने - रागसमूहने व्यापवाना अशक्यपणाने लीधे. परमार्थसस्त्वेक एव जीवः - पण परमार्थथी तो एक ज जीव छे. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥४७-४८॥

यथैष राजा	**तथैष जीवः**
पंच यौजनान्यभिव्याप्य **निष्क्रामती -**	समग्रं रागग्राममभिव्याप्य प्रवर्त्तित
त्येकस्य पंचयोजनान्यभिव्याप्तुमशक्यत्वाद् -	इत्येकस्य समग्रं रागग्राममभिव्याप्तुमशक्यत्वाद्
व्यवहारिणां **बलसमुदाये**	व्यवहारिणा**मध्यवसानादिष्वन्यभावेष**
राजेति व्यवहारः	जीव इति व्यवहारः,
परमार्थत**स्त्वेक एव राजा** ।	परमार्थत**स्त्वेक एव जीवः** ॥४७॥४८॥

આત્મખ્યાતિ ટીકાર્થ

જેમ આ રાજા	તેમ આ જીવ
પંચ યોજનોને અભિવ્યાપી **નિષ્ક્રમે છે,**	સમગ્ર રાગગ્રામને અભિવ્યાપી પ્રવર્ત્તિત છે,
એમ એકના પંચ યોજનોને	એમ એકના સમગ્ર રાગગ્રામને
અભિવ્યાપવાના અશક્યપણાને લીધે,	અભિવ્યાપવાના અશક્યપણાને લીધે,
બલસમુદાયમાં (સૈન્ય સમૂહમાં)	અધ્યવસાનાદિ અન્ય ભાવોમાં
'રાજા' એવો વ્યવહાર છે,	**'જીવ' એવો વ્યવહાર છે,**
પણ પરમાર્થથી તો **એક જ રાજા છેઃ**	પણ પરમાર્થથી તો **એક જ જીવ છે.**

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દેહ અને આત્મા બન્ને જૂદાં છે એવો જ્ઞાનીને ભેદ પડ્યો છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૫૩), ૯૫૭ (ઉપદેશ છાયા)

''ચિત્ત પ્રીતિ જ્યું દેહ પૈ, ત્યું ચેતન પે હોય,

તીહુ કાલ ભી કર્મ કો, બંધન લહે ન સોય.'' **- શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૭૨**


ઉપરમાં અધ્યવસાનાદિ ભાવો જીવ છે એમ વ્યવહારનયની અપેક્ષાએ સૂત્રમાં આપ્ત પ્રણીત પરમાગમમાં - કહ્યું છે એમ નિરૂપણ કર્યું, આ વ્યવહાર કયા દૃષ્ટાંતથી પ્રવર્ત્યો છે ? તે બતાવવા સૈન્યમાં રાજાના આરોપણનું દૃષ્ટાંત અત્ર **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** રજૂ કર્યું છે અને તે **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** સાંગોપાંગ બિંબ-પ્રતિબિંબ ભાવે વિવરી દેખાડી પ્રસ્પષ્ટ કર્યું છે.

સૈન્યમાં રાજાનો વ્યવહાર : અધ્યવસાનાદિમાં જીવનો વ્યવહાર

જેમ - કોઈ એક રાજા મોટા સૈન્ય સમુદાય સાથે નીકળ્યો છે, તે સૈન્ય સાથે પાંચ યોજન જેટલો વિસ્તાર વ્યાપીને રહ્યો છે. ત્યારે વ્યવહારીઆ જનોનો એવો વચન - વ્યવહાર કરાય છે કે - જુઓ ! 'આ રાજા પાંચ યોજન વ્યાપીને નીકળી રહ્યો છે ! 'एष राजा पंचयोजनान्यभिव्याप्य निष्क्रामति' એમ બલસમુદાયમાં - સૈન્યસમૂહમાં 'રાજા' એવો વ્યવહારીઓનો વ્યવહાર છે. શાને લીધે ? એકના પંચ યોજનોને અભિવ્યાપવાના અશક્યપણાને લીધે - 'एकस्य पंचयोजनान्यभिव्याप्तुमशक्यत्वात्' એક રાજા પાંચ યોજન વ્યાપી શકે એ બનવું અસંભવિત છે તેને લીધે. સેનામાં 'રાજા' એ વ્યવહાર આરોપિત છે. એટલે આખું સૈન્ય કાંઈ રાજા નથી છતાં એવું વ્યવહાર વચન લોક વ્યવહારથી વદાય છે. પણ પરમાર્થથી તો - નિશ્ચયથી તો એક જ રાજા છે, परमार्थतस्तु एक एव राजा ।

તેમ - આ જીવ સમગ્ર રાગ ગ્રામને વ્યાપીને પ્રવર્ત્તિત છે - પ્રવર્ત્તેલો - પ્રવર્ત્તી રહેલો છે - एष

जीवः समग्रं रागग्राममभिव्याप्य प्रवर्त्तितः એમ અધ્યવસાનાદિ અન્ય ભાવોમાં 'જીવ' એવો વ્યવહારીઓનો વ્યવહાર છે. શાને લીધે ? એકના સમગ્ર રાગગ્રામને અભિવ્યાપવાના અશક્યપણાને લીધે, 'एकस्य समग्रं रागग्राममभिव्याप्तुमशक्यत्वात्' । એક જીવ સમગ્ર (Total) રાગગ્રામને - રાગસમૂહને વ્યાપી શકે એ બનવું અસંભવિત છે તેને લીધે. અધ્યવસાનાદિ અન્ય ભાવોમાં 'જીવ' એવો શાસ્ત્ર વ્યવહાર આરોપિત છે, એટલે સમગ્ર રાગગ્રામ કાંઈ જીવ નથી છતાં એવું વ્યવહારવચન શાસ્ત્ર વ્યવહારથી વદાય છે. પણ પરમાર્થથી - નિશ્ચયથી તો એક જ જીવ છે, 'परमार्थतस्तु एक एव जीवः' ।



જો એમ છે તો તે એક ટંકોત્કીર્ણ પરમાર્થ જીવ શું લક્ષણવાળો ? એમ પૂછવામાં આવતાં પ્રકૃષ્ટપણે કહે છે -

अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं ।
जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं ॥४९॥

અરસ અરૂપ અગંધ અવ્યક્ત જે રે, અનિર્દિષ્ટ જસ સંસ્થાન... પુદ્ગ.
અશબ્દ અલિંગગ્રહણ જેહ છે રે, જીવ ચેતના ગુણ આ જાણ... પુદ્ગ. ૪૯

ગાથાર્થ - અરસ, અરૂપ, અગંધ, અવ્યક્ત, ચેતના ગુણવંત, અશબ્દ, અલિંગ ગ્રહણ, અનિર્દિષ્ટ સંસ્થાન એવો જીવ જાણ. ૪૯

आत्मख्याति टीका

यद्येवं तर्हि किंलक्षणोसावेकष्टंकोत्कीर्ण परमार्थजीव इति पृष्टः प्राह -

अरसमरूपमगंधमव्यक्तं चेतनागुणमशब्दं ।
जानीहि अलिंगग्रहणं जीवमनिर्दिष्टसंस्थानं ॥४९॥

यः खलु पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानरसगुणत्वात् पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन स्वयमरसगुणत्वात् परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावात् द्रव्येंद्रियावष्टंभेनारसनात् स्वभावतः क्षायोपशमिकभावाभावाद्भावेंद्रियावलंबेनारसनात् सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात् केवल रसवेदनापरिणामापन्नत्वेनारसनात् सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधाद्रसपरिच्छेदपरिणतत्वेपि स्वयं रसरूपेणापरिणमनाच्च **अरसः** । तथा -

पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानरूपगुणत्वात् पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन स्वयमरूपगुणत्वात् परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावात् द्रव्येंद्रियावष्टंभेनारूपणात् स्वभावतः क्षायोपशमिकभावाभायाद्भावेंद्रियाबलंबेना रूपणात् सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात् केवलरूपवेदनापरिणामापन्नत्वेनारूपणात् सकलज्ञेयज्ञायकतादात्म्य निषेधाद्रूपपरिच्छेदपरिणतत्वेपि स्वयं रूपरूपेणापरिणमनाच्च **अरूपः** । तथा -

पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानगंधगुणत्वात् पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन स्वयमगंधगुणत्वात् परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावात् द्रव्येंद्रियावष्टंभेनागंधनात् स्वभावतः क्षायोपशमिकभावाभावाद्भावेंद्रियावलंबेनागंधनात् सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात् केवलगंधवेदनापरिणामापन्नत्वेनागंधनात् सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधाद्गंधपरिच्छेदपरिणतत्वेपि स्वयं गंधरूपेणापरिणमनाच्च **अगंधः** । तथा -

पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानस्पर्शगुणत्वात् पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन स्वयमस्पर्शगुणत्वात् परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावाद् द्रव्येंद्रियावष्टंभेनास्पर्शनात् स्वभावतः क्षायोपशमिकभावाभावात् भावेंद्रियावलंबेनास्पर्शनात् सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात् केवलस्पर्शवेदना परिणामापन्नत्वेनास्पर्शनात् सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधात् स्पर्शपदिच्छेदपरिणतत्वेपि स्वयं स्पर्शस्वरूपेणा परिणमनाच्च **अस्पर्शः** । तथा -

पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानशब्दपर्यायत्वात् पुद्गलद्रव्यपर्यायेभ्यो भिन्नत्वेन स्वयमशब्दपर्यायत्वात् परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावात् द्रव्येंद्रियावष्टंभेन शब्दाश्रवणात् स्वभावतः क्षायोपशमिकभावाभावाद्भावेंद्रियावलंबेन शब्दाश्रवणात् सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात् केवलशब्दवेदनापरिणामापन्नत्वेन शब्दाश्रवणात् सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधाच्छब्दपरिच्छेदपरिणतत्वेपि स्वयं शब्दरूपेणापरिणमनाच्च **अशब्दः** ।

द्रव्यांतरारब्धशरीरसंस्थानेनैवंसंस्थान इति निर्देष्टुमशक्यत्वात् नियतस्वभावेनानियत संस्थानानंतशरीरवर्तित्वात् संस्थाननामकर्मविपाकस्य पुद्गलेषु निर्दिश्यमानत्वात् प्रतिविशिष्टसंस्थानपरिणतसमस्त वस्तुतत्त्वसंवलितसहजसंवेदनशक्तित्वेपि स्वयमखिललोकसंवलनशून्योपजायमाननिर्मलानुभूतितयात्यंतमसंस्था-नत्वाच्च**निर्दिष्टसंस्थानः** ।

षट्द्रव्यात्मकलोकाद् ज्ञेयाद्वयक्तादन्यत्वात् कषायचक्राद्भावकाद् व्यक्तादन्यत्वाच्चित्सामान्यनिमग्नसमस्तव्यक्तित्वात् क्षणिकव्यक्तिमात्राभावात् व्यक्ताव्यक्तविमिश्रप्रतिभासेपि व्यक्तास्पर्शत्वात् स्वयमेव हि प्राहिरंतः स्फुटमनुभूयमानत्वेपि व्यक्तोपेक्षणेन प्रद्योतमानत्वा**च्चाव्यक्तः** ।

रसरूपगंधस्पर्शशब्दसंस्थानव्यक्तत्वाभावेपि स्वसंवेदनबलेन नित्यमात्मप्रत्यक्षत्वे सत्यनुमेयमात्रत्वाभावादलिंगग्रहणः ।

समस्तविप्रतिपत्तिप्रमाथिना विवेचकजनसमर्पितसर्वस्वेन सकलमपि लोकालोकं कवलीकृत्यात्यंतसौहित्यमंथरेणेव सकलकालमेव मनागप्यविचलितानन्यसाधारणतया स्वभावभूतेन स्वयमनुभूयमानचेतनागुणेन नित्यमेवांतःप्रकाशमानत्वात् चेतनागुणश्च स खलु भगवानमलालोक इहैकष्टंकोत्कीर्ण प्रत्यग्ज्योति**र्जीवः** ॥४९॥

आत्मभावना -

यद्येवं तर्हि - જો એમ છે તો, किं लक्षणोसावेकष्टंकोत्कीर्ण परमार्थजीव इति पृष्टः प्राह - તે ટંકોત્કીર્ણ પરમાર્થ જીવ શું લક્ષણવાળો છે એમ પૂછવામાં આવતાં પ્રકૃષ્ટપણે કહે છે - जीवं - જીવને अरसं અરૂપં અગંધ અવ્યક્તં चेतनागुणं अशब्दं अलिंगग्रहणं अनिर्दिष्टसंस्थानं - અરસ, અરૂપ, અગંધ, અવ્યક્ત, ચેતના ગુણવાળો, અશબ્દ, અલિંગ ગ્રહણ, અનિર્દિષ્ટ સંસ્થાન એવો જાનીહિ - જાણ ! ॥ इति **गाथा** आत्मभावना ॥४९॥

यः खलु - જે ખરેખર ! નિશ્ચયે કરીને - १. अरसः - અરસ છે. શાને લીધે ? (१) अविद्यमानरस - गुणत्वात् - અવિદ્યમાન રસગુણપણાને લીધે, રસગુણના અવિદ્યમાનપણાને લીધે - નહિ હોવાપણાને લીધે, એમ શાથી ? पुद्गलद्रव्याद् अन्यत्वेन - પુદ્ગલદ્રવ્યથી અન્યપણાએ કરીને. (२) स्वयं अरसगुणत्वात् - સ્વયં-પોતે અરસગુણપણાને લીધે - પોતે રસગુણ નહિ હોવાપણાને લીધે, શાથી ? पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन - પુદ્ગલ દ્રવ્યના ગુણોથી ભિન્નપણાએ કરીને, (३) द्रव्येंद्रियावष्टंभेनारसनात् - દ્રવ્યેંદ્રિયના અવષ્ટંભથી - ઓથથી - આધારથી અરસનને લીધે - રસનના - રસ લેવાપણાના અભાવને લીધે, એમ પણ શાથી ? परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावात् - પરમાર્થથી-તત્ત્વથી-નિશ્ચયથી પુદ્ગલદ્રવ્યના સ્વામિપણાના અભાવથી, (४) भावेंद्रियावलंबेन अरसनात् - ભાવેંદ્રિયના અવલંબથી અરસનને લીધે - રસનના - રસ લેવાપણાના અભાવને લીધે, શાથી ? स्वभावतः क्षायोपशमिकभावाभावात् - સ્વભાવથી ક્ષાયોપશમિક ભાવોના અભાવથી, (५) केवलरसवेदनापरिणामापन्नत्वेन अरसनात् - કેવલ-માત્ર રસવેદના પરિણામાપન્નપણાએ કરી - રસવેદના પરિણામના પ્રાપ્તપણાએ કરીને - અરસનને લીધે - રસનના - રસ લેવાપણાના અભાવને લીધે એમ કયા કારણ થકી ? सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात् - સકલ સાધારણ - સર્વને સાધારણ એવા એક સંવેદન પરિણામ - સ્વભાવપણાથકી, (६) અને रसपरिच्छेदपरिणतत्वेपि - રસ પરિચ્છેદ પરિણતપણામાં પણ - રસના પરિજ્ઞાનના પરિણામ પ્રાપ્તપણામાં પણ - स्वयं रसरूपेणापरिणमनात् च - સ્વયં - પોતે રસરૂપે અપરિણમનને લીધે - નહિ પરિણમવાને લીધે, એમ પણ કયા કારણ થકી ? सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधात् - સકલ જ્ઞેય અને જ્ઞાયકના તાદાત્મ્યના-તદાત્મકપણાના નિષેધ થકી, એમ ઉક્ત ૬ કારણને લીધે **અરસ** છે,

२. तथा - તથા अरूपः - અરૂપ, ३. अगंधः - અગંધ, ४. अस्पर्श - અસ્પર્શ છે, (આ પ્રત્યેકના ૬ કારણની ભાવના રસને સ્થાને રૂપ-ગંધ-સ્પર્શ મૂકીને ઉક્ત પ્રકારે કરી લેવી), તથા -

५. अशब्दः - અશબ્દ છે. શાને લીધે ? (१) अविद्यमानशब्दपर्यायत्वात् - અવિદ્યમાન શબ્દ પર્યાયપણાને લીધે - શબ્દ પર્યાયના અવિદ્યમાનપણાને લીધે - નહિ હોવાપણાને લીધે, એમ શાથી ? पुद्गलद्रव्याद् अन्यत्वेन - પુદ્ગલ દ્રવ્યથી અન્યપણાએ કરીને. (२) स्वयं अशब्दपर्यायत्वात् - સ્વયં - પોતે અશબ્દપર્યાયપણાને લીધે - પોતે શબ્દ પર્યાય નહિ હોવાપણાને લીધે, શાથી ? पुद्गलद्रव्यपर्यायेभ्यो भिन्नत्वेन - પુદ્ગલદ્રવ્યના પર્યાયોથી ભિન્નપણાએ કરીને, (३)

આત્મખ્યાતિ ટીકાર્થ

જે નિશ્ચયે કરીને -

૧. (૧) પુદ્ગલદ્રવ્યથી અન્યપણાએ કરીને અવિદ્યમાન રસગુણપણાને લીધે,
(૨) પુદ્ગલ દ્રવ્યના ગુણોથી ભિન્નપણાએ કરીને સ્વયં અરસગુણપણાને લીધે,
(૩) પરમાર્થથી પુદ્ગલદ્રવ્યના સ્વામિપણાના અભાવથી દ્રવ્યેંદ્રિયના અવષ્ટંભ વડે અરસનને લીધે,
(૪) સ્વભાવથી ક્ષાયોપશમિક ભાવોના અભાવથી ભાવેંદ્રિયના અવલંબ વડે અરસનને લીધે,
(૫) સકલ સાધારણ એક સંવેદન પરિણામ-સ્વભાવપણા થકી કેવલરસ વેદના પરિણામાપન્નપણે અરસનને લીધે,
(૬) અને સકલ જ્ઞેય-જ્ઞાયકના તાદાત્મ્યના નિષેધ થકી-રસ પરિચ્છેદ પરિણતપણામાં પણ - સ્વયં રસરૂપે અપરિણમનને લીધે, **અરસ.** તથા -

૨. (૧) પુદ્ગલ દ્રવ્યથી અન્યપણાએ કરીને અવિદ્યમાન રૂપગુણપણાને લીધે,
(૨) પુદ્ગલ દ્રવ્યના ગુણોથી ભિન્નપણાએ કરીને સ્વયં અરૂપગુણપણાને લીધે,
(૩) પરમાર્થથી પુદ્ગલ દ્રવ્યના સ્વામિપણાના અભાવથી દ્રવ્યેંદ્રિયના અવષ્ટંભ (ટેકા) વડે અરૂપણને લીધે,
(૪) સ્વભાવથી ક્ષાયોપશમિક ભાવોના અભાવથી ભાવેંદ્રિયના અવલંબ વડે અરૂપણને લીધે,
(૫) સકલ સાધારણ એક સંવેદન પરિણામ-સ્વભાવપણા થકી કેવલ રૂપવેદના પરિણામાપન્ન પણે અરૂપણને લીધે,
(૬) અને સકલ જ્ઞેય-જ્ઞાયકના તાદાત્મ્યના નિષેધ થકી - રૂપ પરિચ્છેદ પરિણતપણામાં પણ - સ્વયં રૂપરૂપે અપરિણમનને લીધે, **અરૂપ.** તથા -

---

द्रव्येंद्रियावष्टंभेन शब्दाश्रवणात् - દ્રવ્યેંદ્રિયના અવષ્ટંભથી - ઓથથી - આધારથી શબ્દના અશ્રવણને લીધે - શ્રવણના - સાંભળવાપણાના અભાવને લીધે, એમ પણ શાથી ? परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावात् - પરમાર્થથી પુદ્ગલદ્રવ્યના સ્વામિપણાના અભાવથી, (૪) भावेंद्रियावलंबेन शब्दाश्रवणात् - ભાવેંદ્રિયના અવલંબથી શબ્દના અશ્રવણને લીધે, શાથી ? स्वभावतः क्षायोपशमिकभावाभावात् - સ્વભાવથી ક્ષાયોપશમિક ભાવોના અભાવથી, (૫) केवलशब्दवेदनापरिणामापन्नत्वेन शब्दाश्रवणात् - કેવલ-માત્ર શબ્દ વેદના પરિણામાપન્નપણાએ કરીને - શબ્દ વેદના પરિણામના પ્રાપ્તપણાએ કરીને શબ્દ અશ્રવણને લીધે - શબ્દના શ્રવણના - સાંભળવા-પણાના અભાવને લીધે, એમ ક્યા કારણ થકી ? सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात् - સકલ સાધારણ - સર્વને સાધારણ એવા એક સંવેદન પરિણામ - સ્વભાવપણા થકી, (૬) અને शब्दपरिच्छेदपरिणतत्वेपि - શબ્દ પરિચ્છેદ પરિણતપણામાં પણ - શબ્દના પરિજ્ઞાનના પરિણામ પ્રાપ્તપણામાં પણ સ્વયં शब्दरूपेणापरिणमनाच्च - સ્વયં-પોતે શબ્દરૂપે અપરિણમનને લીધે - નહિ પરિણમવાને લીધે, એમ પણ ક્યા કારણ થકી ? सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधात् - સકલ જ્ઞેય અને જ્ઞાયકના તાદાત્મ્યના-તાદાત્મકપણાના નિષેધ થકી, એમ ઉક્ત ૬ કારણને લીધે **અશબ્દ** છે,

૬. अनिर्दिष्टसंस्थानः - અનિર્દિષ્ટ સંસ્થાન છે, જેનું સંસ્થાન - આકાર અનિર્દિષ્ટ છે - નિર્દિષ્ટ નથી એવો છે. શાને લીધે ? (૧) द्रव्यांतरारब्धशरीरसंस्थानेन - દ્રવ્યાંતરથી - અન્ય દ્રવ્યથી આરબ્ધ - આરંભાયેલ શરીર સંસ્થાન - શરીર આકાર વડે કરીને एवंसंस्थान इति निर्देष्टुमशक्यत्वात् - આવા સંસ્થાનવાળો - આકારવાળો એમ નિર્દેશવાના અશક્યપણાને લીધે (૨) नियतस्वभावेन अनियतसंस्थानानंतशरीरवर्त्तित्वात् - નિયત સ્વભાવે અનિયત સંસ્થાનવાળા - આકારવાળા અનંત શરીરોમાં વર્ત્તિપણાને - વર્ત્તવાપણાને લીધે (૩) संस्थाननामकर्मविपाकस्य पुद्गलेषु निर्दिश्यमानत्वात् - 'સંસ્થાન' નામકર્મ - વિપાકના પુદ્ગલોમાં નિર્દિશ્યમાનપણાને લીધે - નિર્દેશવામાં આવી રહ્યાપણાને લીધે, (૪) અને प्रतिविशिष्टसंस्थानपरिणतसमस्तवस्तुतत्त्वसंवलित सहजसंवेदनशक्तित्वेपि - પ્રતિવિશિષ્ટ - પ્રત્યેકે વિશિષ્ટ સંસ્થાને - આકારે પરિણત સમસ્ત વસ્તુ તત્ત્વ સાથે સંવલિત - ઓતપ્રોત મિલિત સહજ સંવેદનશક્તિપણામાં પણ

૩. (૧) પુદ્ગલ દ્રવ્યથી અન્યપણાએ કરીને અવિદ્યમાન ગંધ ગુણપણાને લીધે,
(૨) પુદ્ગલદ્રવ્યના ગુણોથી ભિન્નપણાએ કરીને સ્વયં અગંધગુણપણાને લીધે,
(૩) પરમાર્થથી પુદ્ગલદ્રવ્યના સ્વામિપણાના અભાવથી દ્રવ્યેંદ્રિયના અવષ્ટંભ (ઓથ) વડે અગંધનને લીધે,
(૪) સ્વભાવથી ક્ષાયોપશમિક ભાવોના અભાવથી ભાવેંદ્રિયના અવલંબ વડે અગંધનને લીધે,
(૫) સકલ સાધારણ એક સંવેદન પરિણામ-સ્વભાવપણા થકી કેવલ ગંધ પરિણામાપન્નપણે અગંધનને લીધે,
(૬) અને સકલ જ્ઞેય-જ્ઞાયકના તાદાત્મ્યના નિષેધ થકી ગંધ પરિચ્છેદ પરિણતપણામાં પણ સ્વયં ગંધ રૂપે અપરિણમનને લીધે, **અગંધ.** તથા -

૪. (૧) પુદ્ગલ દ્રવ્યથી અન્યપણાએ કરીને અવિદ્યમાન સ્પર્શગુણપણાને લીધે,
(૨) પુદ્ગલ દ્રવ્યના ગુણોથી ભિન્નપણાએ કરીને સ્વયં અસ્પર્શ ગુણપણાને લીધે,
(૩) પરમાર્થથી પુદ્ગલ દ્રવ્યના સ્વામિપણાના અભાવથી દ્રવ્યેંદ્રિયના અવષ્ટંભ વડે અસ્પર્શનને લીધે,
(૪) સ્વભાવથી ક્ષાયોપશમિક ભાવોના અભાવથી ભાવેંદ્રિયના અવલંબ વડે અસ્પર્શનને લીધે,
(૫) સકલ સાધારણ એક સંવેદન પરિણામ-સ્વભાવપણા થકી કેવલ સ્પર્શવેદના પરિણામાપન્નપણે અસ્પર્શનને લીધે,
(૬) અને સકલ જ્ઞેય-જ્ઞાયકના તાદાત્મ્યના નિષેધ થકી - સ્પર્શ પરિચ્છેદ પરિણતપણામાં પણ - સ્વયં સ્પર્શરૂપે અપરિણમનને લીધે, **અસ્પર્શ.** તથા -

૫. (૧) પુદ્ગલ દ્રવ્યથી અન્યપણાએ કરીને અવિદ્યમાન શબ્દ પર્યાયપણાને લીધે,

---

સ્વયમખિલલોકસંવલનશૂન્યોપજાયમાનનિર્મલાનુભૂતિતયા - સ્વયં-પોતે અખિલ લોકના સંવલનથી શૂન્ય એવી ઉપજી રહેલી નિર્મલ અનુભૂતિતાએ કરીને - અનુભવનપણાએ કરીને અત્યંતમસંસ્થાનત્વાચ્ચ - અત્યંત અસંસ્થાનપણાને લીધે - અનાકારપણાને લીધે, એમ ઉક્ત ચાર કારણને લીધે **અનિર્દિષ્ટ સંસ્થાન છે.**

૭. અવ્યક્તઃ - અવ્યક્ત છે, વ્યક્ત-પ્રગટ નહિ એવો છે. શાને લીધે ? (૧) ષટ્દ્રવ્યાત્મકલોકાદ્ જ્ઞેયાદ્ વ્યક્તાદ્ અન્યત્વાત્ - ષટ્દ્રવ્યાત્મક. લોકથી - જ્ઞેય એવા વ્યક્તથી અન્યપણાને લીધે, (૨) કષાયચક્રાદ્ ભાવકાદ્ વ્યક્તાદ્ અન્યત્વાત્ - કષાયચક્રથી - ભાવક એવા વ્યક્તથી અન્યપણાને લીધે, (૩) ચિત્સામાન્યનિમગ્નસમસ્તવ્યક્તિત્વાત્ - ચિત્ સામાન્યમાં નિમગ્ન સમસ્ત વ્યક્તિત્વને લીધે - વ્યક્તિપણાને લીધે, (૪) ક્ષણિકવ્યક્તિમાત્રાભાવાત્ - ક્ષણિક વ્યક્તિ-પ્રગટતા માત્રના અભાવને લીધે, (૫) વ્યક્તાવ્યક્તવિમિશ્રપ્રતિભાસેપિ - અસ્પર્શપણાને લીધે, (૬) અને સ્વયમેવ હિ બહિરંતઃ સ્ફુટમનભૂયમાનત્વેપિ - સ્વયમેવ - આપોઆપ જ નિશ્ચયે કરીને બહારમાં - અંતરમાં સ્ફુટ અનુભૂયમાનપણામાં પણ અનુભવાઈ રહેવાપણામાં પણ વ્યક્તોપેક્ષણેન પ્રદ્યોતમાનત્વાચ્ચ - વ્યક્તના ઉપેક્ષણથી પ્રદ્યોતમાનપણાને લીધે - પ્રકૃષ્ટપણે દ્યોતમાનપણાને - પ્રકાશમાનપણાને લીધે, એમ ઉક્ત ષટ્કારણ કલાપને લીધે **અવ્યક્ત છે.**

૮. અલિંગગ્રહણઃ - **અલિંગ ગ્રહણ છે.** શાને લીધે ? એમ પૂર્વોક્ત પ્રકારે રસરૂપગંધસ્પર્શશબ્દસંસ્થાનવ્યક્તત્વાભાવેપિ - રસ-રૂપ-ગંધ-સ્પર્શ - શબ્દ - સંસ્થાન - વ્યક્તત્વના અભાવમાં પણ, સ્વસંવેદનબલેન નિત્યમાત્મપ્રત્યક્ષત્વે સતિ - સ્વ સંવેદનબલથી - આત્માનુભવ સામર્થ્યથી નિત્ય આત્મ પ્રત્યક્ષપણું સતે, અનુમેયમાત્રત્વાભાવાત્ - અનુમેય માત્રપણાના અભાવને લીધે - કેવલ અનુમાનથી જણાવા યોગ્ય પણાના અભાવને લીધે. આમ અષ્ટ પ્રકારનું નકારાત્મક (Negative) વ્યતિરેક લક્ષણ કહી, છેવટનું હકારાત્મક (Positive) અન્વય લક્ષણ કહ્યું -

૯. ચેતનાગુણશ્ચ - અને ચેતનાગુણ - ચેતના ગુણવાળો છે. શાને લીધે ? સ્વયમનુભૂયમાનેનચેતનાગુણેન નિત્યમેવ અંતઃ પ્રકાશમાનત્વાત્ - સ્વયં-આપોઆપ અનુભૂયમાન - અનુભવાઈ રહેલા ચેતના ગુણથી નિત્યમેવ-સદાય અંતઃ પ્રકાશમાનપણાને લીધે. કેવો છે આ ચેતનાગુણ ? (૧) સમસ્ત વિપ્રતિપત્તિપ્રમાથિના - સમસ્ત વિપ્રતિપત્તિનો - વિરુદ્ધ વિપરીત માન્યતાનો પ્રમાથી - પ્રકૃષ્ટપણે મથી નાંખનારો - પ્રલય કરનારો, (૨) વિવેચકજનસમર્પિતસર્વસ્વેન - વિવેચકજનને - વિવેક કરનાર જનને સર્વસ્વ સમર્પિત કર્યું છે જેણે એવો, વિવેકી લોકને આત્મતત્ત્વનું સર્વ 'સ્વ' - ધન

(૨) પુદ્ગલ દ્રવ્યના પર્યાયોથી ભિન્નપણાએ કરીને સ્વયં અશબ્દ પર્યાયપણાને લીધે,

(૩) પરમાર્થથી પુદ્ગલ દ્રવ્યના સ્વામિપણાના અભાવથી દ્રવ્યેંદ્રિયના અવષ્ટંભ વડે શબ્દ અશ્રવણને લીધે,

(૪) સ્વભાવથી ક્ષાયોપશમિક ભાવોના અભાવથી ભાવેંદ્રિયના અવલંબ વડે શબ્દ અશ્રવણને લીધે,

(૫) સકલ સાધારણ એક સંવેદન પરિણામ - સ્વભાવપણા થકી કેવલ શબ્દ વેદના પરિણામાપન્નપણે શબ્દ અશ્રવણને લીધે,

(૬) અને સકલ જ્ઞેય-જ્ઞાયકના તાદાત્મ્યના નિષેધ થકી - શબ્દ પરિચ્છેદ પરિણતપણામાં પણ - સ્વયં શબ્દરૂપે અપરિણમનને લીધે, **અશબ્દ.** તથા -

૬. (૧) દ્રવ્યાંતરથી આરબ્ધ શરીર સંસ્થાન (આકાર વિશેષ) વડે કરીને 'આવા સંસ્થાનવાળો' એમ નિર્દેશવાના અશક્યપણાને લીધે,

(૨) નિયત સ્વભાવે અનિયત સંસ્થાનવાળા અનંત શરીરવર્ત્તિપણાને લીધે,

(૩) 'સંસ્થાન' નામકર્મના પુદ્ગલોમાં નિર્દિશ્યમાનપણાને (નિર્દેશવામાં આવી રહેવાપણાને) લીધે,

(૪) અને પ્રતિવિશિષ્ટ સંસ્થાન પરિણત સમસ્ત વસ્તુતત્ત્વ સાથે સંવલિત એવા સહજ સંવેદનશક્તિપણામાં પણ -

સ્વયં અખિલ લોકના સંવલનથી શૂન્ય એવી ઉપજી રહેલી નિર્મલ અનુભૂતિતાએ કરીને અત્યંત અસંસ્થાનપણાને (અનાકારપણાને) લીધે **અનિર્દિષ્ટ સંસ્થાન** (જેનું સંસ્થાન-આકાર અનિર્દિષ્ટ છે એવો). તથા -

૭. (૧) ષટ્દ્રવ્યાત્મક લોકથી જ્ઞેય - વ્યક્ત એવાથી અન્યપણાને લીધે,

(૨) કષાયચક્રથી - ભાવક વ્યક્ત એવાથી અન્યપણાને લીધે,

(૩) ચિત્ સામાન્યમાં નિમગ્ન સમસ્ત વ્યક્તિત્વને લીધે,

(૪) ક્ષણિક વ્યક્તિ માત્રના અભાવને લીધે,

(૫) વ્યક્ત - અવ્યક્ત - વિમિશ્ર પ્રતિભાસમાં પણ વ્યક્ત અસ્પર્શપણાને લીધે,

(૬) અને સ્વયમેવ જ બ્હારમાં અને અંતરમાં સ્ફુટ અનુભૂયમાનપણામાં (અનુભવાઈ રહ્યાપણામાં) પણ વ્યક્તના ઉપેક્ષણથી પ્રદ્યોતમાનપણાને લીધે, **અવ્યક્ત.**

૮. રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન અને વ્યક્તત્વના અભાવમાં પણ - સ્વસંવેદનબલથી નિત્ય આત્મપ્રત્યક્ષપણું સતે, અનુમેય માત્રપણાના અભાવને લીધે **અલિંગગ્રહણથી**

૯. (૧) સમસ્ત વિપ્રતિપત્તિના (વિરુદ્ધ માન્યતાના) પ્રમાથી (સર્વથા વિલયકારી),

---

- આત્મસંપત્તિ સમર્પનારો, (૩) સકલમપિ લોકાલોકં કવલીકૃત્ય અત્યંયતસૌહિત્યમંથરેણ ઇવ - સકલ પણ લોકાલોકને કવલ કરી - કોળીઓ કરી જઈ અત્યંત સૌહિત્યથી જાણે મંથર - મંદ હોયની ! એવો, (૪) સકલકાલમેવ મનાગપ્યવિચલિતાનન્યસાધારણતયા સ્વભાવભૂતેન - સકલ કાળ જ જરા પણ અવિચલિત - વિચલિત નહિ એવી અનન્ય સાધારણતાએ કરીને - અન્યને સાધારણ - સામાન્ય નહિ એવા અસાધારણપણાએ કરીને સ્વભાવભૂત. આવા ચાર વિશેષણ સંપન્ન ચેતનાગુણથી ચેતના ગુણવાળો છે.

આમ અરસ, અરૂપ, અગંધ, અસ્પર્શ, અશબ્દ, અનિર્દિષ્ટ સંસ્થાન, અવ્યક્ત, અલિંગ ગ્રહણ અને ચેતના ગુણવાળો જે છે, સ ખલુ - તે ખરેખર ! નિશ્ચયે કરીને ભગવાન્ અમલાલોકઃ - ભગવાન્ અમલાલોક - અમલ પ્રકાશવાળો ઇહ - અહીં આ લોકને વિષે, એકટંકોત્કીર્ણ પ્રત્યગ્ જ્યોતિર્જીવઃ - એક, ટંકોત્કીર્ણ, પ્રત્યગ્ - અંતર્ગત - પૃથક્ જ્યોતિ એવો જીવ છે. ।। ઇતિ **'આત્મખ્યાતિ'** આત્મભાવના ।।૪૯।।

(२) विवेचक जनने सर्वस्व समर्पित करता,

(३) सकल लोकालोकने पण कवल (कोळीओ) करी अत्यंत सौहित्यथी जामे मंथर होय एवा

(४) सकल काल जरा पण अविचल अनन्य साधारणताओ करीने स्वभावभूत, एवा स्वयं अनुभूयमान (अनुभवाई रहेला) चेतनागुणथी नित्यमेव अंतः प्रकाशमानपणाने लीधे चेतना गुण (चेतनागुणवाळो),

- एवो ते प्रगट निश्चये करीने भगवान् अमलालोक अहीं आलोकने विषे एक टंकोत्कीर्ण प्रत्यग् ज्योति (पृथक्-भिन्न ज्योति) एवो जीव छे. ४९

'अमृत ज्योति' महाभाष्य

''स्वरूपे जीव वर्ण, गंध, स्पर्श रहित छे, अजर अमर शाश्वत वस्तु छे.''

''आत्मा शुद्ध चैतन्य जन्म-जरा-मरण रहित असंग स्वरूप छे.''

- श्रीमद् राजचंद्र, अं. ७५६, ७८१

"वर्ण रस गंध विणु, फरस संस्थान विणु, योग तनु संग विनु, जिन अरूपी;
परम आनंद आत्मिक सुख अनुभवी, तत्त्व तन्मय सदा चित् स्वरूपी." - श्री देवचंद्रजी

જો આગલી ગાથામાં કહ્યું તેમ અધ્યવસાનાદિ ભાવો વ્યવહારથી જીવ કહેવાય છે, તો પછી એક ટંકોત્કીર્ણ એવો **'પરમાર્થ જીવ'** - પરમાર્થ રૂપ ખરેખરો તાત્ત્વિક જીવ કયા લક્ષણવાળો છે ? પરમાર્થ જીવનું લક્ષણ શું છે ? એ પ્રશ્નનો અત્ર આ મહાન્* ગાથામાં **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** ઉત્તર આપ્યો છેઃ જે અરસ, અરૂપ, અગંધ, અસ્પર્શ, અશબ્દ, અનિર્દિષ્ટ સંસ્થાન, અવ્યક્ત, અલિંગગ્રહણ અને ચેતનાગુણવંત છે તે જીવ છે. અર્થાત્ જેનામાં રસનો અભાવ છે, રૂપનો અભાવ છે, ગંધનો અભાવ છે, સ્પર્શનો અભાવ છે, શબ્દનો અભાવ છે, જેનું કોઈ પણ સંસ્થાન (આકાર) નિર્દેશી શકાતું નથી, જે વ્યક્ત નથી, લિંગથી - અનુમાનથી જેનું ગ્રહણ નથી અને જે ચેતનાગુણવાળો છે, તે જીવ છે, એમ હે શિષ્ય ! તું જાણ ! આ નકારાત્મક (Negative) અને હકારાત્મક (Positive) બન્ને લક્ષણની અથવા વ્યતિરેક - અન્વયરૂપ બન્ને લક્ષણની અપૂર્વ તાત્ત્વિક મીમાંસા પરમતત્ત્વદૃષ્ટા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અનન્ય લાક્ષણિક શૈલીથી **'આત્મખ્યાતિ'**માં કરી અનન્ય આત્મખ્યાતિ (આત્મસિદ્ધિ) પ્રકાશવા સાથે પોતાના દિવ્ય આત્માની ઝાંખી કરાવવા રૂપ આત્મખ્યાતિ પ્રકાશી છે. તેનો યત્ કિંચિત્ આશય આ પ્રકારે -

પરમાર્થ જીવનું સ્વરૂપ લક્ષણ

આ જીવ **અરસ** છે, રસનો જ્યાં અભાવ છે એવો છે, કારણકે જોઈ જોઈને જોઈએ તો કોઈ પણ પ્રકારે તેનામાં રસની સંભાવના નથી, (૧) રસ એ પુદ્ગલ દ્રવ્યનો ગુણ છે, પણ આ જીવ તો પુદ્ગલદ્રવ્યથી પ્રગટપણે અન્ય-સર્વથા જૂદો છે, તેથી 'पुद्गलद्रव्यादन्यत्वेन' - પુદ્ગલ દ્રવ્યથી અન્યપણાએ કરીને.

જીવમાં રસગુણપણું - અવિદ્યમાન છે - છે નહિ, માટે - 'अविद्यमानरसगुणत्वात् ।' (२) 'पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन' - પુદ્ગલ દ્રવ્યના ગુણોથી પણ આ જીવનું ભિન્નપણું છે, તેથી આ જીવનું સ્વયં અરસગુણપણું છે - 'स्वयं अरसगुणत्वात्', આ જીવ પોતે રસગુણ રૂપ નથી, માટે. (૩) આમ પુદ્ગલ દ્રવ્યથી અને પુદ્ગલ દ્રવ્યના ગુણથી જીવનું ભિન્નપણું છે, એટલું જ નહિ પણ 'परमार्थतः'

---

* ભેદ વિજ્ઞાન કરાવતી આ મહાન્ ગાથા એટલી બધી મહત્ત્વની છે કે, શાસ્ત્રકર્તા **કુંદકુંદાચાર્યજીએ** તેમના 'પંચાસ્તિકાય' - 'પ્રવચનસાર' આદિ ઈતર ગ્રંથોમાં તે સૂત્રિત કરી છે - અને તે તે ગ્રંથોમાં ભિન્ન ભિન્ન પ્રકારે તેની અપૂર્વ અપૂર્વ વ્યાખ્યા અનન્ય ટીકાકાર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પ્રકાશી છે. (ભગવાનદાસ)

ષટ્ પ્રકારે અરસ નથી જીવ અરસ

પરમાર્થથી - નિશ્ચયથી - તત્ત્વથી જીવને પુદ્ગલ દ્રવ્યના સ્વામિપણાનો પણ અભાવ છે - 'पुद्गलद्रव्यस्वामित्वाभावात्', અર્થાત્ વ્યવહારથી ભલે એને પુદ્ગલ દ્રવ્યનું સ્વામિપણું કહેવાતું હો પણ પરમાર્થથી તો એને પુદ્ગલ દ્રવ્યનું સ્વામિપણું પણ નથી, એટલે 'द्रव्येन्द्रियावष्टम्भेनारसनात्' - દ્રવ્યેન્દ્રિયના અવષ્ટંભથી - આધારથી (ઓઠાથી - ટેકાથી) આ જીવને અરસન છે, રસન - રસાસ્વાદ - રસ ચાખવાપણું છે નહિ, માટે. (૪) 'स्वभावतः' સ્વભાવથી ક્ષાયોપશમિક ભાવનો અભાવ છે - 'क्षायोपशमिकभावाभावात्,' અર્થાત્ સ્વભાવ તો ક્ષાયિકભાવરૂપ (શુદ્ધ) છે અને ભાવેંદ્રિયથી જે કાંઈ જણાય છે તે તો ક્ષયોપશમ-ભાવરૂપ છે, એટલે 'भावेंद्रियावलंबेन अरसनात्' - ભાવેંદ્રિયના અવલંબથી - આશ્રયથી પણ જીવને અરસન છે, રસન-રસાસ્વાદન છે નહિ, માટે.

(૫) આમ પુદ્ગલ દ્રવ્યથી અન્યપણાને લીધે જીવમાં ભલે રસગુણ મ હો, પુદ્ગલ દ્રવ્યના ગુણથી ભિન્નપણાને લીધે જીવ પોતે ભલે રસગુણ રૂપ મ હો, તેમજ પુદ્ગલ દ્રવ્યના સ્વામિપણાના અભાવને લીધે દ્રવ્યેંદ્રિયના અવષ્ટંભ વડે ભલે રસન-રસાસ્વાદન મ કરતો હો અને સ્વભાવથી ક્ષાયોપશમિકભાવના અભાવને લીધે ભાવેંદ્રિયના આલંબ વડે ભલે રસન-રસાસ્વાદન મ કરતો હો અને આમ પોતે ભલે રસગુણરૂપ ન હોઈ તેમજ પર અવલંબન વડે પણ રસન ન હોઈ જીવ ભલે અરસ હો, પણ તેને રસનું સંવેદન શું નહિ થતું હોય ? અને થતું હોય તો પછી તે અરસ કેમ હોય ? - એ આશંકાનો ઉત્તર એ છે કે - હા, જીવનું સંવેદન પરિણામ સ્વભાવપણું જરૂર છે, પણ તે 'सकलसाधारण' - 'સકલ સાધારણ' - સર્વ સામાન્ય એવું એક - સંવેદન પરિણામ સ્વભાવપણું છે, एकसंवेदनपरिणामस्वभावत्वात्, કેવલ - માત્ર રસવેદના પરિણામપણાને પામતું નથી, केवलरससंवेदनपरिणामपन्नत्वेन अरसनात् અર્થાત્ તે સંવેદન પરિણામ સ્વભાવ સકલ સાધારણ - સામાન્ય સંવેદનરૂપે જરૂર પરિણમે છે પણ કેવલ રસવેદનારૂપે પરિણમતો નથી, એટલે કેવલ રસવેદના પરિણામાપન્નપણે અરસનને લીધે જીવ અરસ છે. તાત્પર્ય કે આ જીવ અનુભવરૂપ સંવેદન કરે છે, તે એક સકલ સાધારણ-સર્વ સામાન્ય સંવેદન પરિણામ રૂપ હોય છે અને તે સકલ સાધારણ સંવેદનમાં રસનું સંવેદન પણ અંતર્ભાવ પામે છે, પણ તે સંવેદન કેવલ રસ સંવેદન રૂપ (કે કેવલ રૂપ સંવેદન આદિ રૂપ) હોતું નથી, આ અપેક્ષાએ અરસનને લીધે જીવ અરસ છે, માટે, (૬) અને આમ સકલસાધારણ સંવેદનમાં અંતર્ભાવ પામતું રસ સંવેદન સંવેદે છે, છતાં જીવ તે રસરૂપે પરિણમતો નથી. કારણકે सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधात् - સર્વ જ્ઞેય અને જ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ છે, જ્ઞેય તે જ્ઞાયક ને જ્ઞાયક તે જ્ઞેય એમ જ્ઞેય-જ્ઞાયકનું તાદાત્મ્ય (Identity) હોતું નથી, એટલે જ્ઞાયક આત્માને પોતાના જાણપણા - સ્વભાવને લીધે જ્ઞેય એવા રસના પરિચ્છેદનું - પરિજ્ઞાનનું પરિણતપણું હોય છે रसपरिच्छेदपरिणतत्वेपि અર્થાત્ જ્ઞાયક આત્મા રસના જાણપણારૂપ પરિણામે પરિણમે છે, રસને જાણે છે, છતાં स्वयं रसरूपेणापरिणमनात् પોતે કોઈ તે સ્વયં રસરૂપે પરિણમતો નથી, રસરૂપ બની જતો નથી, જીવ કાંઈ રસ થઈ જતો નથી માટે તે અરસ છે, **अरसः** ।

તાત્પર્ય કે - જીવમાં રસપણું ક્યારે સંભવે ? જો તે પોતે પુદ્ગલ દ્રવ્ય હોય તો અથવા તે પોતે પુદ્ગલ દ્રવ્યનો ગુણ હોય તો અથવા તે પુદ્ગલ દ્રવ્યનો સ્વામી હોય તો અથવા રસન એવો સ્વભાવ હોય તો અથવા કેવલ રસ સંવેદન થતું હોય તો અથવા તે રસરૂપે પરિણમતો હોય તો, પણ ઉપરમાં સ્પષ્ટ વિવરી બતાવ્યું તેમ આમાનું આ એકેક સંભવતું નથી. એટલે આમ પુદ્ગલ દ્રવ્યથી અન્યપણું હોવાથી, પુદ્ગલ દ્રવ્યના ગુણોથી ભિન્નપણું હોવાથી, પુદ્ગલ દ્રવ્યના સ્વામિપણાના અભાવે દ્રવ્યેંદ્રિય અવષ્ટંભને અરસન હોવાથી, સ્વભાવથી ક્ષાયોપશમિક ભાવના અભાવે ભાવેંદ્રિય અવલંબને અરસન હોવાથી, સર્વ સાધારણ સંવેદન પરિણમન હોઈ કેવલ રસસંવેદન પરિણમન નહિ હોવાથી અને રસપરિચ્છેદ છતાં - રસનું પરિજ્ઞાન - જાણપણું છતાં સ્વયં રસરૂપે પરિણમન નહિ હોવાથી, આ જીવ

સર્વથા અરસ છે. આમ જીવનું સર્વથા અરસપણું અને સર્વથા સરસપણે અદ્‌ભુત તત્ત્વયુક્તિથી **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** વિવરી બતાવ્યું છે.

એ જ પ્રકારે જીવ અરૂપ, અગંધ, અસ્પર્શ, અશબ્દ

એ જ પ્રકારે આ જીવ સર્વથા* અરૂપ, અગંધ, અસ્પર્શ અને અશબ્દ છે, તે રસને સ્થાને રૂપ-ગંધ-સ્પર્શ-શબ્દ યોજીને યથાસંભવ ઘટાવવું અને તેમાં પણ શબ્દના વિચારમાં ગુણને સ્થાને 'પર્યાય' એમ યોજવું અને બીજું બધું તેમજ સમજી લેવું. આ અંગે પરમ આત્માનુભવી આત્મારામી પરમ આત્મદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીના** ટંકોત્કીર્ણ અદ્‌ભુત અનુભવોદ્‌ગાર છે કે -

''નેત્રોંકી સ્યામતા વિષે જો પુતલિયાં રૂપ સ્થિત હૈ, અરુ રૂપકો દેખતા હૈ, સાક્ષીભૂત હૈ, સો અંતર કૈસે નહીં દેખતા ? જો ત્વચા વિષે સ્પર્શ કરતા હૈ, શીત ઉષ્ણાદિક કોં જાનતા હૈ, ઐસા સર્વ અંગ વિષે વ્યાપક અનુભવ કરતા હૈ, જૈસા તિલો વિષે તેલ વ્યાપક હોતા હૈ, તિસકા અનુભવ કોઈ નહીં કરતા. જો શબ્દ શ્રવણ ઈંદ્રિય કે અંતર ગ્રહણ કરતા હૈ, તિસ શબ્દ શક્તિકો જાનણેહારી સત્તા હૈ, જિસ વિષે શબ્દ શક્તિકા વિચાર હોતા હૈ, જિસ કારિ રોમ ખડે હોઈ આતે હૈ, સો સત્તા દૂર કૈસે હોવે ? જો જિહ્વાકે અગ્ર વિષે રસ સ્વાદકો ગ્રહણ કરતા હૈ, તિસ રસકા અનુભવ કરણેહારી અલેપ સત્તા હૈ, સો સન્મુખ કૈસે ન હોવે, વેદ, વેદાંત સમ સિદ્ધાંત, પુરાણ, ગીતા કરિ જો જ્ઞેય, જાનપણે યોગ્ય આત્મા હૈ, તિસકો જબ જાન્યા તબ વિશ્રામ કૈસે ન હોવે ?''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક (૧૮), ૩૯

ચાર પ્રકારે જીવ અનિર્દિષ્ટ સંસ્થાન

વળી આ જીવ 'અનિર્દિષ્ટ સંસ્થાન' છે - 'अनिर्दिष्टसंस्थानः', અર્થાત્ જીવનું કોઈ સંસ્થાન-આકાર વિશેષ છે નહિ, એટલે તેનું કોઈ પણ સંસ્થાન (આકાર) નિર્દેશી શકાય એમ નથી. કારણકે - (૧) જો આ જીવથી સંસ્થાનનું નિર્માણ કરાતું હોય તો તે જીવની કૃતિ કહી શકાય, પણ આ શરીર સંસ્થાન - શરીરના સમચતુરસ્રાદિ આકારવિશેષ તો 'દ્રવ્યાંતરથી આરબ્ધ' છે - 'द्रव्यांतराब्धशरीरसंस्थानेन', જીવથી અતિરિક્ત અન્ય દ્રવ્યથી - પુદ્‌ગલ દ્રવ્યથી મંડાણ કરાયેલ છે, એટલે આકૃતિવિશેષરૂપ સંસ્થાન જે પુદ્‌ગલ દ્રવ્યની કૃતિ છે તે જીવદ્રવ્યની કૃતિ કેમ હોઈ શકે ? માટે 'एवं संस्थान इति निर्देष्टुमशक्यत्वात्' - 'આવા સંસ્થાનવાળો' એમ જીવને નિર્દેશવાનું અશક્યપણું છે અર્થાત્ જીવનું 'આ આવું સંસ્થાન' એમ નિર્દેશી શકાતું નથી. (૨) વળી શરીરનું પણ જો અમુક નિયત સંસ્થાન જ રહેતું હોત તો કદાચ આરોપિતપણે ઉપચારથી પણ જીવનું આવું સંસ્થાન એમ નિર્દેશી શકાત, પણ આ જીવ તો પોતાના ત્રણે કાળમાં ન ચળે એવા નિશ્ચયરૂપ નિયત-ચોક્કસ સ્વભાવે અનિયત સંસ્થાનવાળા-આકારવાળા અનંત શરીરમાં વર્ત્તે છે - 'नियस्वभावेनानियत संस्थानानंतशरीरवर्त्तित्वात्', અર્થાત્ જીવનો સ્વભાવ તો સર્વત્ર નિયત અવસ્થિત જ વહે છે અને તે નિયત સ્વભાવે તે શરીરે શરીરે ફરતા જતા અનિયત-અચોક્કસ આકારવાળા અનંત શરીરમાં સ્થિતિ કરે છે, એટલે તેને અમુક આવું સંસ્થાન એમ નિર્દેશી શકાતું નથી. (૩) 'संस्थाननामकर्मविपाकस्य पुद्‌गलेषु निर्दिश्यमानत्वात्' - 'સંસ્થાન' નામનું જે નામકર્મ છે, તેના વિપાકની ગણના પુદ્‌ગલમાં થાય છે, તે પુદ્‌ગલ વિપાકી કર્મમાં ગણાય છે એમ હવે પછી નિર્દેશવામાં આવી રહ્યું છે, તેથી જીવનું સંસ્થાન એમ નિર્દેશી શકાતું નથી. (૪) 'प्रतिविशिष्टसंस्थानपरिणतसमस्तवस्तुतत्त्वसंवलितसहज-संवेदनशक्तित्वेपि' - સમસ્ત વસ્તુતત્ત્વ પ્રતિવિશિષ્ટ સંસ્થાનમાં પરિણત છે - સમસ્ત સંસ્થાનમાં પરિણત છે - સમસ્ત વસ્તુતત્ત્વ પોતપોતાના પ્રત્યેકના વિશિષ્ટ - ખાસખાસ આકારે પરિણત છે, તેની સાથે - તે તે જ્ઞેયાકાર

---

* સરખાવો -

'अशब्दमस्पर्शमरूपमव्ययं, तथारसं नित्यमगन्धवच्च यत् ।

अनाद्यनन्तं महतः परं ध्रुवं, निचाय्य तन्मृत्युमुखात्प्रमुच्यते ॥'' **- श्री कठोपनिषद्, अ, १, वल्ली ३, श्लो. १५**

સાથે સંવલિત - સંમિશ્રિત - ઓતપ્રોત સહજ સંવેદનશક્તિપણું છે, અર્થાત્ પોતપોતાના ખાસ ખાસ આકારે પરિણમેલ સમસ્ત વસ્તુતત્ત્વ સાથે સંવલિત - તાણાવાણા જેમ વણાયેલી સહજ સ્વભાવભૂત સંવેદનશક્તિ જીવમાં છે, છતાં તે તે વસ્તુતત્ત્વનું સંવેદનમાં અંતઃપ્રવેશરૂપ સંવલન - ઓતપ્રોત સંમિશ્રણ હોતું નથી, એટલે 'स्वयमखिललोकसंवलनशून्य' - સ્વયં-પોતે તો અખિલ લોકના સંવલનથી - સંમિશ્રણપણાથી - ભેળસેળપણાથી શૂન્ય રહિત એવી ઉપજી રહેલી નિર્મલ અનુભૂતિતાને લીધે - 'उपजायमाननिर्मलानुभूतितया' - જીવનું અત્યંત - સર્વથા અસંસ્થાનપણું હોય છે - 'अत्यंतमसंस्थानत्वाच्च', તેથી પણ જીવનું કોઈ સંસ્થાન નિર્દેશી શકાતું નથી. એટલા માટે તેને **'અનિર્દિષ્ટ સંસ્થાન'** એવું વિશેષણ આપ્યું તે સર્વથા યથાર્થ જ છે.

ષટ્પ્રકારે જીવ અવ્યક્ત

અને આમ આ જીવ અરસ, અરૂપ, અગંધ, અસ્પર્શ, અશબ્દ, અનિર્દિષ્ટ સંસ્થાન છે, એટલે જ તે **અવ્યક્ત** - अव्यक्तः છે, વ્યક્ત નથી. કારણકે - (૧) આ ષડ્ દ્રવ્યાત્મક લોક જ્ઞેય-જણવાયોગ્ય છે તે વ્યક્ત છે, પ્રગટ દેશ્યમાન છે, षड्द्रव्यात्मक लोकाद् ज्ञेयाद् व्यक्तादन्यत्वात् - વ્યક્ત એવા આ **જ્ઞેય** ષડ્ દ્રવ્યાત્મક લોકથી **જ્ઞાયક** - જણનાર એવા આત્માનું અન્યપણું - જૂદાપણું છે, માટે જીવ અદેશ્યમાન - અપ્રગટ હોઈ અવ્યક્ત છે. (૨) ભાવક - ભાવન કરનારૂં - ભાવ ઉપજાવનારૂં એવું કષાયચક્ર છે તે વ્યક્ત છે અને વ્યક્ત એવા આ **ભાવક** કષાયચક્રથી **ભાવ્ય** - ભાવન કરાવા યોગ્ય - ભાવવા યોગ્ય એવા આ જીવનું અન્યપણું - જૂદાપણું છે, માટે જીવ અવ્યક્ત છે, 'कषायचक्राद् भावकाद् व्यक्तादन्यत्वात्' (૩) 'चित्सामान्यनिमग्नसमस्तव्यक्तित्वात्' - જીવનું સમસ્ત વ્યક્તિત્વ - વ્યક્તિપણું - વિશેષપણું ચિત્ સામાન્યમાં નિમગ્ન છે - ડૂબેલું છે, અર્થાત્ ચૈતન્ય સામાન્યમાં જીવનું સંપૂર્ણ વ્યક્તિત્વ (Individual personality or manifestation) સમાઈ જાય છે, એટલે ચિત્ સામાન્યથી અતિરિક્ત - વધારે બાકી રહેતું એવું જીવનું કંઈ વ્યક્તિત્વ સ્ફુરાયમાન થતું નથી, માટે જીવ અવ્યક્ત છે. (૪) જીવ જો ક્ષણિક વ્યક્તિ (flash) - ક્ષણ માત્ર ચમકવારૂપ - ફૂટી નીકળવારૂપ આવિર્ભાવ પામતો હોય તો તેવા વ્યક્તિપણાને લીધે તે વ્યક્ત કરી શકાય, પણ જીવ તો સદા સ્ફુરાયમાન 'ચિત્ ચમત્કારમાત્ર'થી ચમકતો હોઈ તેને ક્ષણિક વ્યક્તિ માત્રના અભાવને લીધે અવ્યક્તિપણું છે, માટે 'क्षणिकव्यक्तिमात्राभावात्' - ક્ષણિક વ્યક્તિમાત્રના અભાવને લીધે જીવ અવ્યક્ત છે. (૫) व्यक्ताव्यक्त-विमिश्रप्रतिभासेपि - વ્યક્ત અવ્યક્ત અને વ્યક્તાવ્યક્તનો જીવને પ્રતિભાસ થાય છે, છતાં તેને વ્યક્તનો સ્પર્શ નથી - 'व्यक्तास्पर्शत्वात्', માટે જીવ અવ્યક્ત છે. (૬) 'स्वयमेव हि बहिरंतः स्फुटमनुभूयमानत्वेपि' - સ્વયમેવ બ્હારમાં અને અંતરમાં જીવનું સ્ફુટપણે અનુભૂયમાનપણું - અનુભવાઈ રહ્યાપણું (અનુભવ ગોચરપણું) છે, છતાં 'व्यक्तोपेक्षणेन प्रद्योतमानत्वाच्च' - ઈંદ્રિય ગોચર રૂપ વ્યક્તના (manifest, visible) ઉપેક્ષણથી તેનું પ્રદ્યોતમાનપણું - પ્રકૃષ્ટપણે - પ્રકાશમાનપણું છે અર્થાત્ જીવ સ્વયં જ બ્હારમાં અને અંતરમાં પ્રગટ અનુભવાઈ રહ્યો છે, પણ ઈંદ્રિયગમ્ય વ્યક્ત (physically visible or manifest) જણાતો નથી, માટે પણ જીવ અવ્યક્ત છે. આમ અનેક પ્રકારે આ જીવ સર્વથા **અવ્યક્ત** છે.

આત્મ પ્રત્યક્ષ જીવ અલિંગ ગ્રહણ

આમ રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન (આકાર) અને વ્યક્તત્વનો અભાવ છતાં, આ જીવ 'સ્વ સંવેદનબલથી નિત્ય આત્મપ્રત્યક્ષપણું હોઈ અનુમેય માત્રપણાના અભાવને લીધે અલિંગગ્રહણ છે.' અર્થાત્ 'स्वसंवेदनबलेन' - સ્વ સંવેદનના બલથી - આત્માનુભવના સામર્થ્યથી આત્માનું નિત્ય આત્મપ્રત્યક્ષપણું છે, नित्यमात्मप्रत्यक्षत्वेसति । આત્મા આત્માને સદા પ્રત્યક્ષ-પ્રગટ-સાક્ષાત્ આત્માનુભવ ગોચર છે, એટલે એ માત્ર લિંગનો - અનુમાનનો વિષય ન હોઈ તેને અનુમાન વડે ગ્રહણ કરવા રૂપ અનુમેય માત્રપણાનો અભાવ છે - अनुमेयमात्रत्वाभावात् છે. આમ તે પ્રત્યક્ષ-પ્રગટ-સાક્ષાત્ આત્માનુભવનો વિષય છે, પરંતુ માત્ર લિંગનો-અનુમાનનો વિષય નથી, માટે જ

તેને **'અલિંગ ગ્રહણ'** એવું વિશેષણ આપ્યું છે, તે યથાર્થ 'अलिङ्गग्रहणः' છે. આ 'અલિંગ ગ્રહણ' પદ ઘણા ઘણા અર્થ રહસ્યથી ભરપૂર છે અને **પ્રવચનસાર**ની ૭૯-૮૦ ગાથામાં* તેના વીશ જેટલા અપૂર્વ પરમાર્થ ચમત્કૃતિભર્યા પરમ અદ્‌ભુત અર્થ કરી દેખાડી પરમ પ્રજ્ઞાશ્રમણ તાત્ત્વિકશેખર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પોતાના પરમ પ્રજ્ઞાતિશયનો આપણને પરિચય કરાવ્યો છે. તત્ત્વરસિક જિજ્ઞાસુએ તે સ્થળે જોવું.

જીવ સર્વસ્વ રૂપ ચેતના ગુણવંતો જીવ

આમ જીવ અરસ છે, અરૂપ છે, ઈત્યાદિ તો નકારાત્મક ઉક્તિથી (Negative) વ્યતિરેકથી જીવના સ્વરૂપનું કથન કર્યું, પણ હકારાત્મક (Positive) ઉક્તિથી અન્વયથી જોઈએ તો 'આ જીવ સ્વયં - આપોઆપ અનુભવાઈ રહેલા ચેતનાગુણથી નિત્યમેવ અંતઃપ્રકાશમાનપણાને લીધે ચેતના ગુણવાળો છે.' જીવનો આ વિશિષ્ટ **ચેતનાગુણ** કેવો છે ? તો કે - (૧) 'समस्तविप्रतिपत्तिप्रमाथीना' - 'સમસ્ત વિપ્રતિપત્તિ પ્રમાથી' છે, અર્થાત્ સર્વ વિપરીત માન્યતાઓને - વિરુદ્ધ વિસંવાદી અભ્યુપગમોને પ્રકૃષ્ટપણે મથી નાંખનારો, વલોવીને વિલય કરી નાંખનારો, છિન્ન ભિન્ન ખંડિત કરી ફુરચે ફુરચા ઊડાવી નાંખનારો છે, આત્મા છે કે નથી અથવા આવો છે કે તેવો છે એવા વિકલ્પ તરંગરૂપ તુક્કાઓનો - મિથ્યા કલ્પનારૂપ વિવિધ જલ્પનાઓનો - વિસંવાદી વાદોનો ભાંગીને ભુક્કો કરી નાંખનારો છે. (૨) વળી આ ચેતના ગુણ - 'વિવેચક જનોને સર્વસ્વ સમર્પિત કરનારો' છે - 'विवेचकजनसमर्पिकसर्वस्वेन' - જડ-ચેતન તત્ત્વનો યથાસ્થિત વિવેક કરનારા ભેદજ્ઞાની પુરુષને પોતાનું સર્વસ્વ સમર્પણ કરનારો છે. અર્થાત્ આ ચેતના ગુણ એ જ આત્માનું સર્વસ્વ છે, **સર્વ 'સ્વ'** - ધન - આત્મસંપત્તિ છે, એટલે ચેતનાગુણને જે જાણે છે તે આત્માનું સર્વસ્વ જાણે છે અને પામે છે. (૩) અને આ ચેતનાગુણ सकलमपि लोकालोकं कवलीकृत्य - સકલ લોકાલોકને કવલિત કરી અત્યંત સૌહિત્યથી, જાણે મંથર હોયની - 'अत्यंतसौहित्यमंथरेण इव' - એમ સકલ કાલ જરા પણ અવિચલિત એવો - 'सकलकालमेव मनागप्यविचलितां છે, અર્થાત્ આ ચેતનાગુણ એટલો બધો પરમ ઉદાર અથવા ખાઉધરો (Voracious) છે કે, તે સકલ લોકાલોકને પણ કવલ-કોળીઓ કરી જાય છે ! અને કોળીઓ કરી જઈને પછી અત્યંત 'સૌહિત્યથી' - આરામથી - લ્હેરથી મંથરપણે - મંદપણે - જાણે તેને ગાયની જેમ વાગોળે છે ! જેમ ગાય તૃણાહાર કરી તેને આરામથી બેસી વાગોળે છે, તેમ આ ચેતનાગુણ પણ સમસ્ત વિશ્વનો જ્ઞાનરૂપ આહાર કરી - કોળીઓ કરી, તેને આત્મારામપણે લ્હેરથી જાણે અંતરમાં

---

* "अलिङ्गग्राह्य इति व्यक्तव्ये यदलिङ्गग्रहणमित्युक्तं तद्बहुरार्थप्रसिद्धये । तथा हि -

(१) न लिङ्गैरिन्द्रियैर्ग्राहकतामापन्नस्य ग्रहणं यस्येत्यतीन्द्रियज्ञानमयत्वस्य प्रतिपत्तिः । (२) लिङ्गैरिन्द्रियैर्ग्राह्यतामापन्नस्य ग्रहणं दग्नेस्येतीन्द्रियप्रत्यक्षाविषयत्वस्य । (३) न लिङ्गादिन्द्रियगम्याद्धूमायरव ग्रहणं यस्येतीन्द्रियप्रत्यक्षपूर्वकानुमाना विषयत्वस्य । (४) न लिङ्गादेव परैः ग्रहणं यस्येत्यनुमेयमात्रात्वाभात्रस्य । (५) न लिङ्गादेव परेषां ग्रहणं येस्येत्यनुमातृमात्रात्वभावस्य । (६) लिङ्गात्स्वभावेन ग्रहणं यस्येति प्रत्यक्षज्ञातृत्वस्य । (७) न लिङ्गेनोपयोगाख्यलक्षणेन ग्रहणं ज्ञेयार्थालम्बनं यस्येति बहिरथालम्बतज्ञानाभावस्य । (८) न लिङ्गस्योपयोगाख्य लक्षणस्य ग्रहणं स्वयमाहरण यस्येत्यनाहार्यज्ञानत्वस्य । (९) न लिङ्गस्योपयोगाख्यलक्षणस्य ग्रहणपरेण हरणं यस्येत्याहार्यज्ञानत्वस्य । (१०) न लिङ्गे उपयोगाख्यलक्षणे ग्रहणं सूर्य इवोपरागो यस्येति शुद्धोपयोगस्वभावस्य । (११) न लिङ्गादुपयोगाख्यलक्षणाद्ग्रहणं पौद्गलिककर्मादानं यस्येति द्रव्यकर्मासंपृक्तत्वस्य । (१२) न लिङ्गेभ्यो इन्द्रियेभ्यो ग्रहणं विषयाणामुपभोगो यस्येति विषयोपभोक्तृत्वाभावस्य । (१३) न लिङ्गात्मनो वेन्द्रियादिलक्षणाद्ग्रहणं जीवस्येति शुक्रार्तवानुविधायित्वाभावस्य । (१४) न लिङ्गस्य मेहनाकारस्य ग्रहणं यस्येति लौकिकसाधनमात्रत्वाभावस्य । (१५) न लिङ्गेनामेहनाकारेण ग्रहणं लोकव्याप्तिर्यस्येति कुहुकप्रसिद्धसाधनाकारलोकव्याप्तित्वाभावस्य । (१६) न लिङ्गानां स्त्रीपुन्नपुंसकवेदानां ग्रहणं यस्येति स्त्रीपुन्नपुंसकद्रव्यभावाभावस्य । (१७) न लिङ्गानां धर्मध्वजानां ग्रहणं यस्येति बहिरङ्गयतिलिङ्गाभावस्य । (१८) न लिङ्गं गुणो ग्रहणमर्थावबोधो यस्येति गुणविशेषानालीढशुद्धद्रव्यत्वस्य । (१९) न लिङ्गं गुणपर्यायो ग्रहणमर्थावबोधविशेषो यस्येति पर्यायविशेषानालीढशुद्धद्रव्यत्वस्य । (२०) न लिङ्गं प्रत्यभिज्ञानहेतुर्ग्रहणमर्थावबोधसामान्यं यस्येति द्रव्यानालीढ शुद्धपर्यायत्वस्य ।" **- જુઓ શ્રી 'પ્રવચનસાર' (ગા. ૨-૮૦) અમૃતચંદ્રાચાર્ય પ્રણીત ટીકા**


વાગોળે છે ! અને વાગોળતાં ગાય જેમ આરામથી અચલિત સ્થિર થઈને બેસે છે, તેમ આ અખિલ વિશ્વને વાગોળતાં ચેતના ગુણ સકલ કાલ જ જરા પણ ચલિત નહિ થતો આત્મારામપણે અચલિત સ્થિર થઈને બેઠો છે. આમ આખું વિશ્વ પણ જ્યાં એક કોળીઓ થઈ જાય છે, એવું આ અનંત જ્ઞાનશક્તિ સંપન્ન અવિચલિત ચેતનાગુણનું અપૂર્વ અચિંત્ય અનન્ય પરમ સામર્થ્ય પ્રકાશે છે ! (૪) આવો આ અવિચલિત 'अनन्यसाधारणतया स्वभावभूतेन' - અનન્ય સાધારણતાએ કરીને સ્વભાવભૂત હોઈ સ્વયમેવ અનુભૂયમાન છે - 'स्वयमेव अनुभूयमानेन' - અર્થાત્ આ ચેતના ગુણ અનન્યસાધારણ છે, અન્યને - બીજા કોઈ દ્રવ્યને સાધારણ (common) નહિ એવો છે, અર્થાત્ આત્મા સિવાયના બીજા કોઈ પણ દ્રવ્યમાં આ ચેતનાગુણનું હોવાપણું નથી, કેવલ આત્માનો જ આ અસાધારણ - અસામાન્ય - અતિશયવંત (Extra-ordinary, uncommon) વિશિષ્ટ (Distinguishing & Distinguished) ગુણ છે અને આવો આ આત્માનો વિશિષ્ટ અવિચલિત અસાધારણ ચેતનાગુણ આત્માનો સ્વભાવભૂત હોઈ સદા સ્વયં જ - આપોઆપ જ આત્માનુભવથી અનુભવાઈ રહેલો છે. આમ સમસ્ત વિપ્રતિપત્તિના પ્રમાથી, વિવેચકજનને સર્વસ્વ સમર્પનારા, સકલ લોકાલોકને પણ કોળીઓ કરી અત્યંત આરામથી ગાયની જેમ તેને વાગોળતો હોય એમ સકલ કાલ જરા પણ ચલિત નહિ થતાં અને અનન્ય સાધારણપણે સ્વભાવભૂત હોઈ સ્વયં જ અનુભવાઈ રહેલાં એવાં આ ચેતનાગુણથી આ આત્મા નિત્યમેવ અંતરમાં પ્રકાશમાન છે, चेतनागुणेन नित्यमेवांतःप्रकाशमानत्वात् - તેથી કરીને આ આત્મા **ચેતનાગુણવાળો છે, 'चेतनागुणः'** ।

આવો ભગવાન્ અમલાલોક ટંકોત્કીર્ણ જીવ

અને આમ અરસ, અરૂપ, અગંધ, અસ્પર્શ, અશબ્દ, અનિર્દિષ્ટ સંસ્થાન, અવ્યક્ત અને ચેતનાગુણવાળો જે છે, તે 'આ' - પ્રત્યક્ષ પ્રગટ અનુભવાઈ રહેલો 'भगवान्' - **'ભગવાન્'** 'ભગ' - ઐશ્વર્યસંપન્ન - સામર્થ્ય સંપન્ન - 'अमलालोकः' - **'अमलालोक'** - અમલ નિર્મલ આલોક-પ્રકાશવાળો, અહીં 'एकः' એક - અદ્વિતીય - અદ્વૈત, 'टंकोत्कीर्ण' - ટંકોત્કીર્ણ - શિલામાં ટાંકણાથી ઉત્કીર્ણ અક્ષર જેવો અક્ષર 'टंकोत्कीर्ण', પ્રત્યગ્ જ્યોતિ **'प्रत्यग् ज्योति'** - અંતર્ગત - અત એવ બીજા બધાથી પૃથક્ - ભિન્ન - જૂદી તરી આવે એવો ઝળહળ જ્યોતિ સ્વરૂપ, એવો આ **'જીવ'** છે 'जीवः' ।

''નિત્ય હૈ કિ અનિત્ય હૈ એક હૈ અનેક હૈ કિ, સદસદ ભાવવાન કૈતેન ઉપાયો હૈ,
સૂષમસું સૂષમ હૈ થૂલસું અતીવ થૂલ, અરૂપી અગંધ જિન ગ્રંથનમૈં ગાયો હૈ;
લોકાલોક તીન કાલ ઉતપાત ધ્રુવ નાસ, જાકી જ્ઞાન જોતિ માંહિ જગત સમાયો હૈ,
ઐસો પરમાતમ આતમ મહાતમધારી, પરમ આનંદકંદ દેવચંદ પાયો હૈ.''

- શ્રી દેવચંદ્રજી કૃત દ્રવ્યપ્રકાશ, ૩-૧૦૨



ચિત્‌શક્તિમાત્ર સ્વને અવગાહી પરમાત્મા આત્માને આત્મામાં અનુભવો ! - એવો ઉદ્‌બોધક **સમયસાર - કળશ (૩) અમૃતચંદ્રજી** લલકારે છે -

માલિની

सकलमपि विहायाह्यनाय चिच्छक्तिरिक्तं,
स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रं ।
इममुपरि चरंतं चारु विश्वस्य साक्षात्,
कलयतु परमात्मात्मनमात्मन्यनंतं ॥३५॥

સકલ જ ઝટ છોડી અત્ર ચિત્ શક્તિરિક્ત, સ્ફુટતર અવગાહી આત્મ ચિત્ શક્તિમાત્ર;
જગ ઉપર ચરંતો આત્મ સાક્ષાત્ અનંતો, અનુભવ કરજો આ આત્મામાં આત્મસંતો ! ૩૫

અમૃત પદ-૩૫

'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે' - એ રાગ.

આત્મા અનુભવો આત્મા આત્મમાં રે, છોડી સમસ્ત અનાત્મ... (૨)... ધ્રુવપદ-૧
ચિત્ શક્તિથી ખાલીખમ બધું રે, છાંડી દઈ ઝટ સાવ,
ને સ્ફુટતર ચિત્શક્તિ માત્ર આ રે, સ્વ અવગાહી ભાવ... આત્મા. ૨
વિશ્વની ઉપર ચારુ ચરંત આ રે, આત્મ સાક્ષાત અનંત,
પરમાત્મા આત્મામાં અનુભવો રે, ભગવાન અમૃત સંત... આત્મા. ૩

અર્થ : ચિત્‌શક્તિથી રિક્ત (ખાલી-શૂન્ય) એવું સકલ જ શીઘ્ર છોડી દઈ અને સ્ફુટતર (વિશેષ સ્ફુટ) એવા ચિત્‌શક્તિ માત્ર સ્વને અવગાહીને વિશ્વની ઉપર ચરંતા આ ચારુ (સુંદર) અનંત એવા આત્માને પરમાત્મા આત્મામાં સાક્ષાત્ કળો ! (અનુભવો !)

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે, સંશય એમાં કેમ ?'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૨૬૬ (૨૨૬)**
''અજકુલવાસી કેસરી રે, લખ્યો જિમ નિજ રૂપ,
ચિદાનંદ તિમ તુમહુ પ્યારે, અનુભવ શુદ્ધ સ્વરૂપ.'' - **શ્રી ચિદાનંદજી, (પદ-૩)**
''આતમ પરમાતમ પદ, જો પરમાતમ શું લય લાવે.'' - **શ્રી ચિદાનંદજી, પદ-૮**

ચિત્ શક્તિમાત્ર 'સ્વ'ને આત્માને અવગાહી પર આત્મા આત્માને આત્મામાં અનુભવો

આ પ્રમાણે ઉપરમાં **'આત્મખ્યાતિ'માં** અત્યંત સ્ફુટ વિવરી દેખાડ્યું તેમ જીવનું સ્વલક્ષણ અન્વય-વ્યતિરેકથી પ્રદર્શિત કરી, આ શુદ્ધ આત્માનો અનુભવ કરવાનું મુમુક્ષુને આહ્‌વાન કરતો ઉપસંહાર રૂપ આ કળશ આત્મખ્યાતિકાર **પરમર્ષિએ (અમૃતચંદ્રાચાર્યજીએ)** પ્રકાશ્યો છે, (અહો મુમુક્ષુ ! તમે) ચિત્ શક્તિરિક્ત 'ચિત્‌શક્તિરિક્ત' - ચિત્ શક્તિથી રિક્ત - ખાલીખમ - શૂન્ય એવું જે કાંઈ છે, તે બધું ય સદા છેવટ માટે - એકદમ છોડી દઈ, 'सकलमपि विहायाह्याय' - 'ચિત્‌શક્તિ માત્ર' એવો જે આ અત્યંત સ્ફુટ પ્રગટ સ્વ - પોતે આત્મા છે તેને અવગાહો ! स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रं તેમાં ઊંડા ઉતરી નિમજ્જન કરો ! અને इममुपरि चरंतं चारु विश्वस्य साक्षात् આ વિશ્વની ઉપર ચરતા આ સુંદર અનંત

એવા આત્માને પરમાત્મા (એવા તમે) આત્મામાં સાક્ષાત્ કળો - અનુભવો ! 'कलयतु परमात्मात्मानमात्मन्यनन्तं' ।

જેમાં ચિત્શક્તિ નથી એવું જે કાંઈ છે, તે બધુંય 'પર' છે, માટે 'પ્રમાણિક' ન્યાયી સત્ પુરુષે તે પારકું બધું ય 'अह्नाय' એકદમ છેવટ સદાને માટે (once for all) છોડી દેવું જોઈએ અને ચિત્ શક્તિ માત્ર એવો જે આ અત્યંત પ્રગટ 'સ્વ' - આત્મા છે, તેને જ ભજવો જોઈએ, તેમાં જ અવગાહન કરી, વિશ્વની ઉપરમાં ચરતા તે આત્મામાં જ નિમગ્ન થઈ જઈ, ફરી બહાર ન નીકળાય એમ ડૂબી જવું જોઈએ ! અને આમ વિશ્વની ઉપરમાં તરતા આત્મામાં ડૂબી જઈ વિશ્વની ઉપર તરવાનો ને આત્મામાં ડૂબવાનો અખંડ અનંત પરમ આત્માનંદ માણવો જોઈએ ! સાક્ષાત્ અનુભવવો જોઈએ !



ચિત્‌શક્તિ શૂન્ય આ કહેવામાં આવતા સર્વેય ભાવો પૌદ્ગલિક છે એમ આગલી ગાથાઓના ભાવનું સૂચન કરતો **ઉત્થાનિકા સમયસાર કળશ (૪)** પ્રકાશે છે -

અનુષ્ટુપ્

चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयं ।
अतोतिरिक्ताः सर्वेपि भावाः पौद्गलिका अमी ॥३६॥

અમૃત પદ-૩૬

ભૈયા ! વિષમ આ સંસાર... એ રાગ.
ચિત્‌શક્તિ એ ચેતન કેરૂં, છે સર્વસ્વ જ સાર... ધ્રુવપદ.
અનંત સ્વસંપદ્ આત્માની, ચિત્‌શક્તિ અવધાર... ચિત્‌શક્તિ. ૧
ચિત્‌શક્તિથી વ્યાપ્ત જેહનો, છે સર્વસ્વ જ સાર,
આટલો જ છે જીવ તેહ આ, નિશ્ચયથી નિરધાર... ચિત્‌શક્તિ. ૨
ચિત્‌શક્તિથી અતિરિક્ત આ, ભાવો જે સઘળાય,
પૌદ્ગલિક જ તે ભગવાન્ ભાખે, અમૃતચંદ મુનિરાય... ચિત્‌શક્તિ. ૩

અર્થ : ચિત્‌શક્તિથી જેનો સર્વ સ્વસાર વ્યાપ્ત છે એવો આ જીવ આટલો જ છે, એથી અતિરિક્ત (જૂદા તરી આવતા) આ (કહેવામાં આવે છે તે) સર્વે જ ભાવો પૌદ્ગલિક છે -

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દેહ કરતાં ચૈતન્ય સાવ સ્પષ્ટ છે. દેહગુણ ધર્મ જેમ જોવામાં આવે છે, તેમ આત્મ ગુણધર્મ જોવામાં આવે તો દેહ ઉપરનો રાગ નષ્ટ થઈ જાય. આત્મવૃત્તિ વિશુદ્ધ થતાં બીજા દ્રવ્યને સંયોગે આત્મા દેહપણે (વિભાવે) પરિણમ્યાનું જણાઈ રહે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૬૪ વ્યાખ્યાનસાર-૨૨, ૭ ૫૭**

''પુદ્ગલ હે પ્રગટ ચેતન હૈ ગુપ્તરૂપ, અણુ મુરતીક ઠીક જીવ મૂરતી ન હૈ,
પુદ્ગલ હે અજાન જીવ લોકાલોક જાન, જ્ઞાનાદિક ગુનથાન થિરતામેં લીન હૈ,
ચિરકાલ કર્મસંગ રહ્યો તૌ ભી કર્મમુક્ત, વિવહાર પક્ષ ગહે કર્મકે અધીન હૈ,
અક્ષર ત્રિગુણઈદ દેવચંદ જ્ઞાનવૃંદ, અક્ષર સભાવ લીયે અક્ષૈરસ પીન હૈ ?''

- શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૩૫

''ચેતનવંત અનંત ગુન, સહિત સુ આતમ રામ,
યાતે અનમિલ ઔર સબ, પુદગલ કે પરિનામ.'' - **શ્રી બના. કૃત સ.આ.અ. ૪**

આ જ ઉપરોક્ત ભાવનું સમર્થન કરનારો સારસમુચ્ચયરૂપ તેમજ આગળની ગાથાની **ઉત્થાનિકા રૂપ આ કળશ (૩૬)** આત્મભાવમંદિર શિખરે **અમૃતચંદ્રાચાર્યજીએ** ચઢાવ્યો છે, चित्‌शक्तिव्याप्तसर्वस्वसारः ચિત્‌શક્તિથી જેનો સર્વસ્વ સાર વ્યાપ્ત છે - વ્યાપેલ છે એવો આ જીવ બસ આટલો જ છે - जीव इयानयम्, એથી અતિરિક્ત - 'अतोऽतिरिक्ताः' એ સિવાયના આ સર્વેય सर्वेऽपि ભાવો છે તે પૌદ્ગલિક છે. અર્થાત્ ચિત્‌શક્તિ એજ આત્માનો સર્વસ્વ સાર છે, એજ આત્માની સર્વસ્વ (All in all) **સર્વ 'સ્વ'** સારભૂત ધન - સંપત્તિ છે, એનાથી વ્યાપ્ત-વ્યાપેલો એવો આ જીવ આટલો જ છે, જરા પણ ન્યૂન નહિ - જરા પણ અધિક નહિ (nothing more nothing less), જેટલો ચિત્‌શક્તિમય એટલો જ જીવ છે, બાકી એ સિવાયના આ જે નીચેની ગાથાઓમાં કહેવામાં આવે છે.

ચિત્‌શક્તિથી અતિરિક્ત આ સર્વે ભાવો પૌદ્ગલિક



તે બીજા બધાય ભાવો પૌદ્ગલિક છે - પુદ્ગલ નિર્મિત - પુદ્ગલમય છે. भावाः पौद्गलिका अमीः –

जीवस्स णत्थि वण्णो णवि गंधो णवि रसो णवि य फासो ।
णवि रूवं ण सरीरं ण वि संठाणं ण संहणणं ॥५०॥
जीवस्स णत्थि रागो णवि दोसो णेव विज्जदे मोहो ।
णो पच्चया ण कम्मं णोकम्मं चावि से णत्थि ॥५१॥
जीवस्स णत्थि वग्गो ण वग्गणा णेव फड्ढया केई ।
णो अज्झप्पठाणा णेव य अणुभायठाणाणि ॥५२॥
जीवस्स णत्थि केई जोयठाणाण बंधठाणा वा ।
णेव य उदयठाणाण मग्गणठाणया केई ॥५३॥
णो ठिदिबंठाणा जीवस्स ण संकिलेसठाणा वा ।
णेव विसोहिठाणा णो संजमलद्धिठाणा वा ॥५४॥
णेव य जीवठाणा ण गुणठाणा य अत्थि जीवस्स ।
जेण दु एदे सव्वे पुग्गलदव्वस्स परिणामा ॥५५॥

જીવનો નથી વર્ણ ન જ ગંધ છે રે, નથી રસ નથી સ્પર્શ જાણ પુદ્ગ.
નથી રૂપ નથી જ શરીર ને રે, ન સંહનન ન સંસ્થાન... પુદ્ગ. ૫૦
જીવનો નથી રાગ ન દ્વેષ છે રે, નથી મોહ તણો કંઈ વાસ... પુદ્ગ.
નથી પ્રત્યયો તેમજ કર્મ ના રે, નથી નોકર્મ પણ વળી તાસ. પુદ્ગ. ૫૧
જીવનો નથી વર્ગ ન વર્ગણા રે, નથી સ્પર્દ્ધકો પણ તસ કોય... પુદ્ગ,
નથી અધ્યાત્મસ્થાનો તેહના રે, નથી અનુભાગ સ્થાનોય... પુદ્ગ. ૫૨
જીવના નથી યોગસ્થાનો કંઈ રે, નથી બંધસ્થાનો પણ કોય, પુદ્ગ.
નથી ઉદયસ્થાનો તેહના રે, ન જ માર્ગણાસ્થાનો હોય... પુદ્ગ. ૫૩
નથી સ્થિતિબંધ સ્થાન જીવના રે, નથી તેમજ સંક્લેશ સ્થાન... પુદ્ગ.
નથી વિશુદ્ધિ સ્થાનો તેહના રે, નથી સંયમલબ્ધિ સ્થાન... પુદ્ગ. ૫૪
નથી જીવસ્થાનો પણ જીવના રે, નથી ગુણસ્થાનો ય તમામ. પુદ્ગ.
કારણ એહ સર્વેય તો નિશ્ચયે રે, પુદ્ગલ દ્રવ્યના છે પરિણામ... પુદ્ગ. ૫૫

ગાથાર્થ - જીવનો નથી વર્ણ, નથી ગંધ, નથી રસ, નથી સ્પર્શ, નથી રૂપ, નથી શરીર, નથી સંસ્થાન, નથી સંહનન. ૫૦

જીવનો નથી રાગ, નથી દ્વેષ અને નથી મોહ, જીવના નથી પ્રત્યયો, નથી કર્મ અને નથી નોકર્મ. ૫૧

જીવનો નથી વર્ગ, નથી વર્ગણા અને નથી કોઈ સ્પર્ધકો, નથી અધ્યાત્મ સ્થાનો અને નથી અનુભાગ સ્થાનો. ૫૨

જીવના નથી કોઈ યોગસ્થાનો, નથી બંધસ્થાનો, નથી ઉદય સ્થાનો અને નથી કોઈ માર્ગણા સ્થાનો. ૫૩

જીવના નથી સ્થિતિબંધ સ્થાનો, નથી સંક્લેશ સ્થાનો, નથી વિશુદ્ધિ સ્થાનો અને નથી સંયમલબ્ધિ સ્થાનો. ૫૪

અને જીવના નથી જીવસ્થાનો અને નથી ગુણસ્થાનો, કારણકે આ સર્વેય પુદ્ગલ દ્રવ્યના પરિણામો છે. ૫૫

आत्मख्याति टीका

जीवस्य नास्ति वर्णो नापि गंधो नापि रसो नापि च स्पर्शः ।
नापि रूपं न शरीरं नापि संस्थानं न संहननं ॥५०॥
जीवस्य नास्ति रागो नापि द्वेषो नैव विद्यते मोहः ।
नो प्रत्यया न कर्म नोकर्म चापि तस्य नास्ति ॥५१॥
जीवस्य नास्ति वर्गो न वर्गणा नैव स्पर्द्धकानि कानिचित् ।
नो अध्यात्मस्थानानि नैव चानुभागस्थानानि ॥५२॥
जीवस्य न संति कानिचिद्योगस्थानानि न बंधस्थानानि वा ।
नैव चोदयस्थानानि न मार्गणास्थानानि कानिचित् ॥५३॥
नो स्थितिबंधस्थानानि जीवस्य न संक्लेशस्थानानि वा ।
नैव विशुद्धिस्थानानि नो संयमलब्धिस्थानानि वा ॥५४॥
नैव च जीवस्थानानि न गुणस्थानानि वा संति जीवस्य ।
येन त्वेते सर्वे पुद्गलद्रव्यस्य परिणामाः ॥५५॥

यः कृष्णो हरितः पीतो रक्तः श्वेतो **वर्णः** स सर्वोपि नास्ति जीवस्य ।

पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्न्नित्वात् ।

यः सुरभि र्दुरभि वो **गंधः** स सर्वोपि नास्ति जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यः कटुकः कषायः तिक्तोऽम्लो मधुरो वा **रसः** स सर्वोपि नास्ति जीवस्य ।

पुद्गलद्रव्य परिणाममयत्वे सत्यनुभूतेत्वात् ।

यः स्निग्धो रूक्षः शीतः उष्णो गुरुर्लघुर्मृदुः कठिनो वा **स्पर्शः** स सर्वोपि नास्ति जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यत्स्पर्शादिसामान्यपरिणाममात्रं **रूपं** तन्नास्ति जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यदौदारिकं वैकियिकमाहारकं तैजसं कार्मणं वा **शरीरं** तत्सर्वमपि नास्ति जीवस्य पुद्गलद्रव्य परिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यत्समचतुरस्रं न्यग्रोधपरिमंडलं स्वाति कुब्जं वामनं हुंडं वा **संस्थानं** तत्सर्वमपि नास्ति जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यद्वज्रर्षभनाराचं वज्रनाराचं नाराचमर्द्धनाराचं कीलिकाअसंप्राप्तासृपाटिका वा **संहननं** तत्सर्वमपि नास्ति जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यः प्रीतिरूपो रागः स सर्वोपि नास्ति जीवस्य पुद्गलपरिणामयत्वे सत्यनुभूतिर्भिन्नत्वात् ।

पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यन्भूयोऽप्रीतिरूपो द्वेषः स सर्वोपि नास्ति जीवस्य ।

पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यस्तत्त्वाप्रतिपत्तिरूपो **मोहः** स सर्वोऽपि **नास्ति** जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूते र्भिन्नत्वात् ।

ये मिथ्यात्वाविरतिकषाययोगलक्षणाः **प्रत्ययास्ते** सर्वेपि **न संति जीवस्य** पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यद् ज्ञानावरणीयदर्शनावरणीयवेदनीयमोहनीयायुर्नामगोत्रांतरायरूपं **कर्म** तत्सर्वमपि **नास्ति** जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यत्षट्पर्याप्तित्रिशरीरयोग्यवस्तुरूपं **नोकर्म** तत्सर्वमपि **नास्ति** जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यः शक्तिसमूहलक्षणो **वर्ग** स सर्वोपि **नास्ति** जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

या वर्गसमूहलक्षणा **वर्गणा** सा सर्वापि **नास्ति** जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यानि मंदतीव्ररसकर्मदलविशिष्टन्यासलक्षणानि **स्पर्द्धकानि** तानि सर्वाण्यपि **न संति** जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूते र्भिन्नत्वात् ।

यानि स्वपरैकत्वाध्यासे सति विशुद्धचित्परिणामातिरिक्तत्वलक्षणान्य**ध्यात्मस्थानानि** तानि सर्वाण्यपि **न संति जीवस्य** पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यानि प्रतिविशिष्टप्रकृतिरसपरिणामलक्षणान्य**नुभागस्थानानि** तानि सर्वाण्यपि **न संति जीवस्य** पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

आत्मभावना -

जीवस्य नास्ति वर्णो - જીવનો વર્ણ છે નહિં, नापि गंधो नापि रसो नापि च स्पर्शः नापि रूपं न शरीरं नापि संस्थानं न संहननं - નથી જ ગંધ, નથી જ રસ, અને નથી જ સ્પર્શ, નથી જ રૂપ, નથી શરીર, નથી જ સંસ્થાન, નથી સંહનન. ઈત્યાદિ સુગમ છે. ॥૫૦-૫૪॥ नैव च जीवस्थानानि न गुणस्थानानि वा संति जीवस्य - અને નથી જ જીવસ્થાનો વા ગુણસ્થાનો જીવના છે નહિં. કારણ શું ? येन तु - કારણકે નિશ્ચયે કરીને એતે સર્વે - આ સર્વે पुद्गलद्रव्यस्य परिणामाः - પુદ્ગલ દ્રવ્યના પરિણામો છે. ॥૫૫॥ इति **गाथा** आत्मभावना ॥૫૧-૫૪॥

यः कृष्णो हरितः पीतो रक्तः श्वेतो वर्ण - જે કૃષ્ણ-કાળો, હરિત-લીલો, પીત-પીળો, રક્ત-રાતો, શ્વેત-ધોળો વર્ણ-રંગ स सर्वोपि - તે સર્વે જ नास्ति जीवस्य - જીવનો છે નહિં. શાને લીધે ? पुद्गलद्रव्यपरिणाममयत्वे सति - પુદ્ગલ દ્રવ્ય પરિણામમયત્વ સતે अनुभूतेर्भिन्नत्वात् - અનુભૂતિથી ભિન્નપણાને લીધે. (એ જ પ્રકારે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન, સંહનન અંગે પણ પ્રત્યેકપણે ભાવના સમજવી.)

यः प्रीतिरूपो रागः - જે પ્રીતિ રૂપ રાગ स सर्वोऽपि - તે સર્વ જ नास्ति जीवस्य - જીવનો છે નહિં. શાને લીધે ? पुद्गलद्रव्यपरिणाममयत्वेसति - પુદ્ગલદ્રવ્ય પરિણામમયપણું સતે अनुभूतेर्भिन्नत्वात् - અનુભૂતિથી ભિન્નપણા..ને લીધે. (એજ પ્રકારે દ્વેષ, મોહ, પ્રત્યયો, કર્મ, નોકર્મ, વર્ગ, વર્ગણા, સ્પર્દ્ધક અંગે પણ પ્રત્યેકપણે ભાવના સમજવી).

यानि - જે स्वपरैकत्वाध्यासे सति - સ્વ-પરનો એકત્વ અધ્યાસ સતે - विशुद्धचित्परिणामातिरिक्तत्वलक्षणानि अध्यात्मस्थानानि - વિશુદ્ધ ચિત્ પરિણામથી અતિરિક્તત્વ લક્ષણવાળા અધ્યાત્મસ્થાનો, तानि सर्वाण्यपि न संति जीवस्य - તે સર્વે ય જીવના છે નહિ. શાને લીધે ? पुद्गलद्रव्यपरिणाममयत्वे सति - પુદ્ગલદ્રવ્ય પરિણામમયપણું સતે अनुभूतेर्भिन्नत्वात् - અનુભૂતિથી ભિન્નપણાને લીધે. (એ જ પ્રકારે અનુભાગસ્થાનો, યોગસ્થાનો, બંધસ્થાનો, ઉદયસ્થાનો, માર્ગણાસ્થાનો, સ્થિતિબંધ સ્થાનો, સંકલેશ સ્થાનો, વિશુદ્ધિ સ્થાનો, સંયમલબ્ધિ સ્થાનો, જીવસ્થાનો અને ગુણસ્થાનો અંગે પણ પ્રત્યેકપણે ભાવના સમજવી). ॥૫૦-૫૪॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥૫૦-૫૪॥

यानि कायवाङ्मनोवर्गणापरिस्पंदलक्षणानि **योगस्थानानि** तानि सर्वाण्यपि न संति जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यानि प्रतिविशिष्टप्रकृतिपरिणामलक्षणाणि **बंधस्थानानि** तानि सर्वाण्यपि **न** संति जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यानि स्वफलसंपादनसमर्थकर्मावस्थालक्षणान्युदयस्थानानि तानि सर्वाण्यपि **न संति जीवस्य** पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यानि गतीन्द्रियकाययोगवेदकषायज्ञानसंयमदर्शनलेश्याभव्यसम्यक्त्वसंज्ञाहारलक्षणानि **मार्गाणास्थानानि** तानि सर्वाण्यपि **न** संति जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यानि प्रतिविशिष्टप्रकृतिकालांतरसहत्वलक्षणानि **स्थितिबंधस्थानानि** तानि सर्वाण्यपि **न** संति जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यानि कषायविपाकोद्रेकलक्षणानि **संक्लेशस्थानानि** तानि सर्वाण्यपि **न** संति जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यानि कषायविपाकानुद्रेकलक्षणानि **विशुद्धिस्थानानि** तानि सर्वाण्यपि **न** संति जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यानि चारित्रमोहविपाकक्रमनिवृत्तिलक्षणानि **संयमलब्धिस्थानानि** तानि सर्वाण्यपि **न** संति जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यानि पर्याप्तापर्याप्तबादरसूक्ष्मैकेंद्रियद्वींद्रियत्रींद्रियचतुरिंद्रियसंज्ञ्यसंज्ञिपंचेंद्रियलक्षणानि **जीवस्थानानि** तानि सर्वाण्यपि **न** संति जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

यानि मिथ्यादृष्टिसासादनसम्यग्दृष्टिसम्यग्मिथ्यादृष्टि असंयतसम्यग्दृष्टि संयतासंयतप्रमत्तसंयताप्रमत्तसंयतापूर्वकरणोपशमकक्षपकानिवृत्तिबादर-सांपरायोपशमकक्षपकोपशांतकषायक्षीणकषायसयोगकेवल्योगकेवलिलक्षणानि **गुणस्थानानि** तानि सर्वाण्यपि **न संति जीवस्य पुद्गलद्रव्यपरिणाममयत्वे** सत्यनुभूतेर्भिन्नत्वात् ।

आत्मख्याति टीकार्थ

જે કૃષ્ણ (કાળો), હરિત (લીલો), પીત (પીળો) રક્ત (રાતો) શ્વેત વર્ણ તે સર્વે જ જીવનો છે,

પુદ્ગલદ્રવ્યપરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે સુરભિ (સુગંધી) વા દુરભિ (દુર્ગંધિ) ગંધ તે સર્વે જ જીવનો છે નહિ,

પુદ્ગલદ્રવ્યપરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે કટુક (કડવો), કષાય (તૂરો), તિક્ત (તીખો), અમ્લ (ખાટો), વા મધુર રસ તે સર્વે જ જીવનો છે નહિ,

પુદ્ગલદ્રવ્યપરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે સ્નિગ્ધ (ચીકણો), રૂક્ષ (લૂખો), શીત, ઉષ્ણ, ગુરુ, લઘુ મૃદુ વા કઠિન સ્પર્શ તે સર્વે જ જીવનો છે નહિ,

પુદ્ગલદ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે સ્પર્શાદિ સામાન્ય પરિણામમાત્ર રૂપ, તે સર્વે જ જીવનું છે નહિ,

પુદ્ગલદ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું), અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ વા કાર્મણ શરીર તે સર્વે જ જીવનું છે નહિ,

પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું), અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે સમચતુરસ્ર (ચોરસ), ન્યગ્રોધ પરિમંડલ, સ્વાતિ, કુબ્જ, વામન વા હુંડ સંસ્થાન, તે સર્વે જ જીવનું છે નહિ,

પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું), અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે વજ્ર ઋષભનારાચ, વજ્રનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા, વા અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનન, તે સર્વે જ જીવનું છે નહિ,

- પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું), અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે પ્રીતિરૂપ રાગ, તે સર્વે જ જીવનો છે નહિ,

પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે અપ્રીતિ રૂપ દ્વેષ, તે સર્વે જ જીવનો છે નહિ,

પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું), અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે તત્ત્વ અપ્રતિપત્તિ રૂપ મોહ, તે સર્વે જ જીવનો છે નહિ,

પુદ્ગલદ્રવ્યપરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે મિથ્યાત્વ - અવિરતિ - કષાય - યોગ લક્ષણ પ્રત્યયો તે સર્વે જ જીવના છે નહિ,

- પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે જ્ઞાનાવરણીય - દર્શનાવરણીય - વેદનીય - મોહનીય - આયુષ્ - નામ - ગોત્ર - અંતરાય રૂપ કર્મ, તે સર્વે જ જીવનું છે નહિ,

પુદ્ગલદ્રવ્યપરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે ષટ્ પર્યાપ્તિ - ત્રિશરીર યોગ્ય વસ્તુરૂપ નોકર્મ, તે સર્વે જીવનું છે નહિ,

- પુદ્ગલદ્રવ્યપરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે શક્તિ સમૂહ લક્ષણવાળો વર્ગ, તે સર્વે જ જીવનો છે નહિ,

- પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે વર્ગસમૂહ લક્ષણવાળી વર્ગણા, તે સર્વે જ જીવની છે નહિ,

- પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે મંદ-તીવ્ર રસવાળા કર્મદલોના વિશિષ્ટ ન્યાસ લક્ષણવાળા સ્પર્ધકો,

તે સર્વે જ જીવના છે નહિ,

- પુદ્ગલદ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે સ્વ-પરનો એકત્વ અધ્યાસ સતે, વિશુદ્ધ ચિત્પરિણામથી અતિરિક્તપણારૂપ લક્ષણવાળા અધ્યાત્મસ્થાનો, તે સર્વે જ જીવના છે નહિ,

- પુદ્ગલદ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે પ્રતિવિશિષ્ટ પ્રકૃતિના રસ પરિણામલક્ષણવાળા અનુભાગ સ્થાનો, તે સર્વે જ જીવના છે નહિ,

- પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે કાય-વાઙ્-મનોવર્ગણાના પરિસ્પંદ લક્ષણવાળા યોગસ્થાનો, તે સર્વે જ જીવના છે નહિ,

- પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે પ્રતિવિશિષ્ટ પ્રકૃતિના પરિણામ લક્ષણવાળા **બંધ સ્થાનો**, તે સર્વે જ જીવના છે નહિ,

- પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે સ્વ ફલ સંપાદનમાં સમર્થ કર્માવસ્થા લક્ષણવાળા **ઉદય સ્થાનો**, તે સર્વે જ જીવના છે નહિ,

પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે ગતિ, ઈંદ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞા, આહાર લક્ષણવાળા **માર્ગણા સ્થાનો**, તે સર્વે જ જીવના છે નહિ,

- પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે પ્રતિવિશિષ્ટ પ્રકૃતિના કાલાંતરસહત્વ લક્ષણવાળા **સ્થિતિબંધ સ્થાનો**, તે સર્વે જ જીવના છે નહિ,

- પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે કષાયના વિપાકના ઉદ્રેક લક્ષણવાળા **સંક્લેશ સ્થાનો**, તે સર્વે જ જીવના છે નહિ,

- પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે કષાય વિપાકના અનુદ્રેક લક્ષણવાળા **વિશુદ્ધિ સ્થાનો**, તે સર્વે જ જીવના છે નહિ,

- પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે ચારિત્ર મોહ વિપાકના ક્રમ નિવૃત્તિ લક્ષણવાળા **સંયમલબ્ધિ સ્થાનો**, તે સર્વે જ જીવના છે નહિ,

- પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે પર્યાપ્ત - અપર્યાપ્ત એવા બાદર-સૂક્ષ્મ એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય સંજ્ઞિ-અસંજ્ઞિ પંચેંદ્રિય લક્ષણવાળા **જીવસ્થાનો**, તે સર્વે જ જીવના છે નહિ,

- પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેઓનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

જે મિથ્યાદૃષ્ટિ, સાસાદન, સમ્યગ્ દૃષ્ટિ, સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ, અસંયત સમ્યગ્ દૃષ્ટિ, સંયતાસંયત, પ્રમત્ત સંયત, અપ્રમત્ત સંયત, અપૂર્વકરણ ઉપશમક-ક્ષપક, અનિવૃત્તિબાદર સાંપરાય ઉપશમક-ક્ષપક, સૂક્ષ્મ સાંપરાય ઉપશમક-ક્ષપક, ઉપશાંત કષાય, ક્ષીણ કષાય, સયોગ કેવલી, અયોગ કેવલી લક્ષણવાળા **ગુણ સ્થાનો**, તે સર્વે જ **જીવના છે નહિ, પુદ્ગલદ્રવ્ય પરિણામમયપણું** સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''પૌદ્ગલિક રચનાએ આત્માને સ્થંભિત કરવો ઉચિત નથી.''

''ચૈતન્યપણું ગોખે તો ચૈતન્યપણું પ્રાપ્ત થાય.''

''ચૈતન્યપણું અનુભવગોચર થાય તે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૨૪, ૯૫૭ (ઉપદેશ છાયા)**

"નહીં હમ દરસન નહીં હમ પરસન, રસ ન ગંધ કુછ નાંહી,
આનંદઘન ચેતનમય મૂરતિ, સેવન જન બલિ જાહીં...
અવધૂ નામ હમારા રાખે." - **શ્રી આનંદઘનજી, પદ-૨૯**

ચિત્શક્તિથી અતિરિક્ત (જૂદા) જે આ સર્વે ભાવો છે તે 'પૌદ્ગલિક' છે. એમ ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે અત્રે આ ગાથાઓમાં પૌદ્ગલિક ભાવોના ૨૯ પ્રકારો વર્ણવી દેખાડ્યા છે,

વર્ણાદિ-રાગાદિ ભાવો જીવના નથી : પરમગુરુ અમૃતચંદ્રજીએ ગોખાવેલું ભેદજ્ઞાન

(૧) વર્ણાદિ આઠ ભાવો જીવના નથી, (૨) રાગ-દ્વેષ-મોહ ભાવો જીવના નથી, (૩) પ્રત્યયો-કર્મ-નોકર્મ જીવના નથી, (૪) વર્ગ-વર્ગણા-સ્પર્દ્ધકો જીવના નથી, (૫) અધ્યાત્મસ્થાન-અનુભાગ સ્થાનાદિ ૧૦ સ્થાનો જીવના નથી, (૬) જીવ સ્થાનો અને ગુણસ્થાનો પણ જીવના નથી, કારણકે આ સર્વેય પુદ્ગલ દ્રવ્યના પરિણામો છે. પૌદ્ગલિક ભાવોના આ સર્વ પ્રકારોનું પ્રત્યેકનું **'આત્મખ્યાતિ'**માં અત્યંત પરિસ્ફુટ વિવરણ કરી દેખાડતાં પરમ આત્મભાવનાથી પરમ ભાવિતાત્મા **'આત્મખ્યાતિ' કર્ત્તા પરમર્ષિ (અમૃતચંદ્રાચાર્યજીએ)** આ પૌદ્ગલિક ભાવોનું અનુભૂતિથી ભિન્નપણું પરિભાવન કરાવ્યું છે અને 'જે વર્ણાદિ-રાગાદિ ઈ. તે સર્વે જ જીવના છે નહિ', પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણાએ કરીને તેઓનું **અનુભૂતિથી ભિન્નપણું છે** માટે - 'स सर्वोपि नास्ति जीवस्य, पुद्गलद्रव्य परिणाममयत्वे सति अनुभूतोर्भिन्नत्वात्' એમ સકર્ણોના કર્ણમાં સદા ગૂંજ રહે એવા કર્ણામૃત સમા અમૃત શબ્દોમાં (Ringing words) **ભેદજ્ઞાનની ધૂન** લેવડાવી **ભેદજ્ઞાન** ગોખાવ્યું છે.

કર્મગ્રંથ વિષયમાં પણ અમૃતચંદ્ર સ્વામીજીનું અપાર સ્વામિત્વ

જેમ વ્યાવહારિક શિક્ષક-વ્યાવહારિક ગુરુ શિષ્યને-વિદ્યાર્થીને પાઠ લેવડાવી પાઠ ગોખાવી ગોખાવીને પાકો કરાવે છે, તેમ આ પારમાર્થિક પરમ ગુરુ જગદ્‌ગુરુ **શ્રીમદ્ ભગવદ્ અમૃતચંદ્રાચાર્યજીએ** આત્મવિદ્યાર્થીને અત્રે ભેદજ્ઞાનનો પાઠ ગોખાવી ગોખાવીને, **આ સર્વ પુદ્ગલ-પરિણામમય ભાવોનું અનુભૂતિથી ભિન્નપણું** ફરી ફરી ઘૂંટાવી ઘૂંટાવીને, ભેદજ્ઞાનનો અભ્યાસ પાકો કરાવ્યો છે; અને આમ પદે પદે **આત્મા ગોખાવતી** આ યથાર્થનામા ભગવતી **'આત્મખ્યાતિ'** માં પદે પદે આત્માની ખ્યાતિનો ઓર પ્રકાશ કર્યો છે અને આવી **'અમૃત વાણી'** નિર્ઝરતા પોતાના દિવ્ય **'અમૃત ચંદ્ર' આત્માનું** પ્રતિબિંબ પાડતી આત્મખ્યાતિ પ્રખ્યાપતાં આ આચાર્યજીએ (અમૃતચંદ્રજીએ) અત્રે એટલું બધું સવિસ્તર સ્ફુટ અને સુગમ વિવરણ કર્યું છે કે, તેનું વિવેચન કરવા જેવું અત્ર કાંઈ રહેતું નથી; એટલું જ નહિ પણ વર્ગ-વર્ગણા-સ્પર્દ્ધકો-સંક્લેશ સ્થાનો-વિશુદ્ધ સ્થાનો આદિ કર્મગ્રંથ પ્રસિદ્ધ પારિભાષિક શબ્દોની જે અપૂર્વ સુસ્પષ્ટ વ્યાખ્યા (અમૃતચંદ્રજીએ) અત્ર કરી છે તે પરથી કર્મગ્રંથના વિષયમાં પણ આ **'અમૃતચંદ્ર સ્વામી'**જીનું કેટલું બધું અપાર સ્વામિત્વ હશે તે સ્વયં જણાઈ આવે છે, એટલે તત્ સંબંધી પણ અત્રે કાંઈ લખવા જેવું રહેતું નથી. માત્ર તે તે પારિભાષિક શબ્દો ને વિષયોની વિશેષ સમજુતી માટે જિજ્ઞાસુ મુમુક્ષુઓએ **કર્મગ્રંથ - ગોમટ્ટસાર** આદિ ગ્રંથરત્નોનું અવલોકન કરવું એટલી નમ્ર વિજ્ઞાપના કરી, અત્રે સંક્ષેપમાં સિંહાવલોકનન્યાયે વિચારીએ તો -

વર્ણાદિ ૨૯ પ્રકારોનું છ વિભાગમાં વર્ગીકરણ : ચાર પ્રકાર ને ત્રણ મૂળ પ્રભવસ્થાન

અત્રે જે પૌદ્ગલિક ભાવોના ૨૯ પ્રકારો જીવના નથી એમ પૃથક્ પૃથક્ 'નથી નથી' 'નેતિ નેતિ' કહી વર્ણવી દેખાડ્યા. તેનું વર્ગીકરણ કરીએ તો સામાન્યપણે છ ભાગમાં વિભક્ત કરી શકાય - (૧) પ્રગટ પૌદ્ગલિક એવા વર્ણાદિ ભાવો, (૨) વિભાવ ભાવોરૂપ રાગ-દ્વેષ-મોહ, (૩) આ સર્વ ભાવોના મૂળ પ્રભવ સ્થાનરૂપ પ્રત્યયો-કર્મ-નોકર્મ, (૪) કર્મોદ્ભવ ભાવો વર્ગ-વર્ગણા-સ્પર્દ્ધકો, (૫) કર્મજન્ય અને પ્રત્યયજન્ય ભાવો અધ્યાત્મ સ્થાનાદિ ૧૦, (૬) આ સર્વ ભાવોના અધિષ્ઠાનરૂપ જીવસ્થાન અને ગુણસ્થાન. એમ આ કુલ ઓગણત્રીસ ભાવોનું પ્રત્યેકનું પુદ્ગલ - પરિણામમયપણું હોઈ અનુભૂતિથી ભિન્નપણું છે.

અથવા આ ભાવોના આ ચાર વિશાળ પ્રકાર કહી શકાય -

(૧) જે પ્રગટ દૃશ્યમાન સીધે સીધી રીતે સ્થૂળ પૌદ્ગલિક ભાવો છે. જેમકે વર્ણાદિ ૮, જીવસ્થાન.

(૨) જે અપ્રગટ અદૃશ્યમાન સીધે સીધી રીતે સૂક્ષ્મ પૌદ્ગલિક ભાવો છે. જેમકે - કર્મ, નોકર્મ, યોગસ્થાન, બંધ સ્થાન આદિ.

(૩) જે પ્રગટ અનુભૂયમાન આડકતરી રીતે પૌદ્ગલિક ભાવો છે. જેમકે - રાગાદિ ૩, પ્રત્યયો.

(૪) જે અપ્રગટ અનુભૂયમાન આડકતરી રીતે પૌદ્ગલિક ભાવો છે. જેમકે - અધ્યાત્મસ્થાન, સંક્લેશ સ્થાન, વિશુદ્ધિ સ્થાન, ગુણસ્થાન આદિ.

આ બધા ભાવોના મૂળ પ્રભવસ્થાન (ઉદ્‌ભવ સ્થાન) આ ત્રણ છે -

(૧) **પ્રત્યયો** - તેમાંથી રાગાદિ (રાગ-દ્વેષ-મોહ) ભાવો પ્રભવ પામે છે, તેમજ ગુણસ્થાનો, અધ્યાત્મ સ્થાનો, સંક્લેશ સ્થાનો, વિશુદ્ધિ સ્થાનો, સંયમ લબ્ધિ સ્થાનો પણ તેમાંથી પ્રભવે છે. આમ પ્રત્યયો ૮ ભાવોની જન્મભૂમિ છે.

(૨) **કર્મ** - તેમાંથી વર્ગ-વર્ગણા-સ્પર્દ્ધકો પ્રભવે છે, તેમજ અનુભાગ સ્થાનો, બંધ સ્થાનો, ઉદય સ્થાનો, સ્થિતિબંધ સ્થાનો, માર્ગણા સ્થાનો પણ તેમાંથી પ્રભવ પામે છે. આમ કર્મ ૮ ભાવોની જન્મભૂમિ છે.


(૩) **નોકર્મ** - તેમાંથી વર્ણાદિ ૮ તથા યોગ સ્થાનો, જીવ સ્થાનો પ્રભવે છે. આમ નોકર્મ ૧૦ ભાવોની જન્મભૂમિ છે.

આ બધા ભાવોના મૂળ આધારરૂપ બે અધિષ્ઠાન છે, કે જેમાં આ સર્વ ભાવો શમાય છે, અંતર્ભાવ પામે છે -

(૧) જીવસ્થાન (૨) ગુણસ્થાન.

આકૃતિ

કર્મ		પ્રત્યયો		નોકર્મ	
જ્ઞાનાવરણીય	વર્ગ	મિથ્યાત્વ	રાગ દ્વેષ મોહ	ત્રિશરીર	વર્ણાદિ ૮
દર્શનાવરણીય	વર્ગણા	અવિરતિ	ગુણસ્થાનો	ષટ્‌પર્યાપ્તિ	જીવ સ્થાનો
વેદનીય	સ્પર્દ્ધક	કષાય	અધ્યાત્મ સ્થાનો, સંક્લેશ સ્થાનો	યોગ્ય વસ્તુ	યોગ સ્થાનો
મોહનીય	અનુભાગ સ્થાન	યોગ	વિશુદ્ધિ સ્થાનો, સંયમલબ્ધિ સ્થાનો		
આયુ	બંધ સ્થાન				
નામ	ઉદય સ્થાન				
ગોત્ર	સ્થિતિબંધ સ્થાન				
અંતરાયકર્મ	માર્ગણા સ્થાન				


આકૃતિ
જીવ
વર્ણ ૫
ગંધ ૨
૨સ ૫
સ્પર્શ ૮
રૂપ ૧
શરીર ૫
સંસ્થાન ૬
સંહનન ૬
રાગ
દ્વેષ
મોહ
મિથ્યાત્વ
અવિરતિ
કષાય
યોગ
જ્ઞાનાવરણાદિ કર્મ ૮
પર્યાપ્તિ શરીર નોકર્મ
શક્તિ સમૂહ વર્ગ
વર્ગ સમૂહ વર્ગણા
સ્પર્દ્ધકો
અધ્યાત્મ સ્થાન
અનુભાગ સ્થાન
યોગ સ્થાન
બંધ સ્થાન
ઉદય સ્થાન
માર્ગણા સ્થાન ૧૪
સ્થિતિ સ્થાન
સંક્લેશ સ્થાન
વિશુદ્ધિ સ્થાન
સંયમલબ્ધિ સ્થાન
૧ ૧ ૨ ૩ ૪ ૪ ૫ ૧૧ ૨ ૩ ૪ ૫ ૫
પર્યાપ્ત
અપર્યાપ્ત
૧૪ જીવસ્થાન
અયોગી ૧૪
સંયોગી ૧૩
ક્ષીણ મોહ સ્થાન ૧૨
ઉપશમ ૧૧
ક્ષપક ૧૦
શ્રેણી/ઉપશમ ૯
શ્રેણી/ક્ષપક ૮
અપ્રમત્ત સંયત ૭
પ્રમત્ત સંયત ૬
સંયતાસંયત ૫
અસંયત સમ્યગ્દૃષ્ટિ ૪
સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ ૩
સાસાદન સમ્યગ્ ૨
મિથ્યાદૃષ્ટિ ૧

આટલી સામાન્ય પૃથક્કરણ અને વર્ગીકરણરૂપ વિચારણા પછી આ સર્વ પૌદ્ગલિક ભાવોનું વિશેષ સ્વરૂપ સમજવું સુગમ થઈ પડશે. એટલે હવે પરમગુરુ આત્મખ્યાતિ કર્ત્તા (**અમૃતચંદ્રજીએ**) જે આલાપ લેવડાવ્યો છે, તેનો 'અનુવાદ' કરતાં હવે આ પ્રત્યેક પ્રકારનું ક્વચિત્ કિંચિત્ સમજુતી સાથે 'અનુભાવન'–

(૧) કાળો, લીલો, પીળો, રાતો, ધોળો એમ પાંચ પ્રકારનો **વર્ણ,**

(૨) સુગંધી દુર્ગંધી જેમ બે પ્રકારનો **ગંધ,**

(૩) કડવો, તૂરો, તીખો, ખાટો, મીઠો એમ પંચ પ્રકારનો **રસ,**

(૪) ચીકણો, લૂખો, ટાઢો, ઉન્હો, ભારી, હળવો, નરમ વા કઠણ એમ અષ્ટ પ્રકારનો **સ્પર્શ,**

(૫) આ સ્પર્શાદિ સર્વનું એક સામાન્ય પરિણામમાત્ર તે **રૂપ,**

(૬) ઉદાર-સ્થૂલ પુદ્ગલોથી રચાયેલું તે **ઔદારિક,** વિક્રિયા પામતું તે **વૈક્રિયિક,** સંયમજન્ય, આહારક લબ્ધિ વિશેષથી પ્રાપ્ત થતું તે **આહારક,** પાચનાદિ-ઉષ્ણતાદિના કારણરૂપ તે **તૈજસ** અને અતિ સૂક્ષ્મ કર્મ પુદ્ગલથી રચાયેલું કર્મમય એવું કર્મકોષરૂપ તે **કાર્મણ** - એમ પંચ પ્રકારનું **શરીર,**

(૭) જેના ચારે અસ્ર-ખૂણા સમાન છે તે **સમચતુરસ્ર** (સમચોરસ), વડના ઝાડની પેઠે જેનો ઉપરનો ભાગ ભવ્ય સુંદર ગોળાકાર છે તે **ન્યગ્રોધ પરિમંડલ,** જેનો નીચેનો ભાગ સ્વાતિ-છીપની જેમ સુંદર છે તે **સ્વાતિ,**

જે કુબડું છે તે **કુબ્જ,** જે ઠીંગણું-વામનું છે તે **વામન,** જેનો કોઈ પણ ઢંગધડાવાળો આકાર વિશેષ છે નહિ એવું ઠેકાણા વિનાનું ઢંગધડા વિનાનું - 'રોડ બોડ' - તે **હુંડ,** એમ શરીરના આકાર વિશેષરૂપ (figure) છ પ્રકારનું **સંસ્થાન,**

(૮) જેનાથી શરીરનું હાડ મજબૂત વા ઢીલું હોય છે, જેનાથી શરીરની સંહનન શક્તિ - હણવાની શક્તિ - પ્રહાર કરવાની શક્તિ (striking power) ન્યૂનાધિક હોય છે, એમ વજ્ર ઋષભનારાચ આદિ ઉત્તરોત્તર હીન સામર્થ્યવાળું છ પ્રકારનું સંઘયણ - **સંહનન,**

એમ આ આઠે પ્રકાર તો પ્રગટ સ્થૂલ પુદ્ગલમય-પુદ્ગલ રચના દેખાય છે, કારણકે તેઓનું ઈંદ્રિયોથી ગ્રાહ્યપણારૂપ મૂર્ત્તપણું પ્રગટ દૃશ્યમાન છે, ઈંદ્રિયોથી પ્રત્યક્ષ ગમ્યમાન છે. એટલે પૌદ્ગલિક એવો આ 'સર્વે જ જીવના છે નહિ, સર્વેઽપિ ન સતિ જીવસ્ય પુદ્ગલ પરિણામમયપણું સતે (એઓનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે', પુદ્ગલદ્રવ્યપરિણામમયત્વે સતિ અનુભૂતેર્ભિન્નત્વાત્ ।

''રૂપ રેખ તિહાં નવિ ઘટે રે, મુદ્રા ભેખ ન હોય,
ભેદજ્ઞાન દૃષ્ટિ કરી પ્યારે, દેખો અંતર જોય...'' - **શ્રી ચિદાનંદજી, પદ-૫**

(૯) પ્રીતિરૂપો રાગઃ સ્નેહરૂપ - આસક્તિરૂપ એવો જે રાગ,

(૧૦) અપ્રીતિ રૂપ - અસ્નેહ રૂપ એવો જે દ્વેષ, અપ્રીતિરૂપો દ્વેષઃ,

(૧૧) તત્ત્વના અસ્વીકરણરૂપ - અપ્રતિપત્તિરૂપ જે મોહ, તત્ત્વાપ્રતિપત્તિરૂપો મોહઃ,

એ બધા પરભાવના સંયોગથી ઉપજેલા અધ્યવસાનો આભ્યંતર ભાવો પરભાવરૂપ પુદ્ગલ પરિણામના નિમિત્તે ઉત્પન્ન થયેલ વિકૃત જીવપરિણામરૂપ વિભાવ ભાવો-ઔપાધિક ભાવો છે. તે જોકે સીધેસીધી રીતે (Directly) પૌદ્ગલિક નથી, તોપણ જીવના વિભાવ ભાવના કારણરૂપ પુદ્ગલ પરિણામથી ઉપજતા હોઈ તેને કારણમાં કાર્યના ઉપચારથી પૌદ્ગલિક ગણેલ છે. અથવા તો રાગ-દ્વેષ-મોહના જીવરૂપ અને અજીવરૂપ એમ બે પ્રકાર છે, તેમાં જીવના

વિકૃત પરિણામરૂપ વિભાવ ભાવ તે જીવરૂપ રાગ-દ્વેષ-મોહ છે અને પુદ્ગલ પરિણામરૂપ તે અજીવરૂપ રાગ-દ્વેષ-મોહ છે. આમ જીવના સ્વભાવભૂત નહિ હોઈ પરભાવના આસન પર ચઢી બેસવા રૂપ-પરભાવનું આસન પચાવી પાડવા રૂપ 'અધ્યવસાન' ભાવ હોવાથી, પરભાવ સંયોગથી ઉપજેલા વિભાવભાવ હોવાથી અથવા સ્વયં પુદ્ગલમય ભાવ હોવાથી, એમ બન્ને પ્રકારે રાગ-દ્વેષ-મોહની પુદ્ગલમાં ગણના કરી છે. એટલે એતે સર્વેપિ ન સંતિ જીવસ્ય - આ રાગ-દ્વેષ-મોહ 'સર્વે જ જીવના છે નહિ, પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.' पुद्गलद्रव्यपरिणाममयत्वे सति अनुभूते र्भिन्नत्वात् ।'

(૧૨) મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ કર્મબંધના કારણો 'પ્રત્યયો' છે, તે પણ જીવરૂપ અને અજીવરૂપ એમ બે પ્રકારના હોઈ બન્ને બાજુ દાવ લેનારા 'અડૂક દડૂકીઆ' જેવા છે ! તેમાં જીવરૂપ તે જીવના વિકૃત પરિણામરૂપ - વિભાવરૂપ મિથ્યાત્વાદિ છે અને અજીવરૂપ તે સ્વયં પુદ્ગલ પરિણામરૂપ મિથ્યાત્વાદિ છે. આમ આ પણ જીવના સ્વભાવભૂત નહિ હોઈ પરભાવની બેઠક પર ચઢી બેસવારૂપ - અધ્યવસાનરૂપ વિભાવ ભાવ - ઔપાધિક ભાવ હોવાથી અથવા સ્વયં પુદ્ગલમય ભાવ હોવાથી, આમ બન્ને પ્રકારે આ મિથ્યાત્વાદિ પ્રત્યયોની પુદ્ગલમાં ગણના છે. એટલે તે सर्वेऽपि न संति जीवस्य તે આ મિથ્યાત્વાદિ પ્રત્યયો 'સર્વે જ જીવના છે નહિ, પુદ્ગલદ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.' पुद्गलद्रव्यपरिणाममयत्वे सति अनुभूतेर्भिन्नत्वात् ।

(૧૩) કોઈ પણ ઈંદ્રિયથી ગ્રહણ ન થઈ શકે એવા સૂક્ષ્મ પુદ્ગલ સમૂહ રચનારૂપ જે છે, તે જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારનું કર્મ,

(૧૪) षट्पर्याप्तित्रिशरीरयोग्यवस्तुरूपं नोकर्म - આહાર, શરીર, ઈંદ્રિય, ભાષા અને મન એ છ પર્યાપ્તિ અને ઔદારિક-વૈક્રિયિક-આહારક એ ત્રણ શરીરને યોગ્ય વસ્તુ રૂપ (Potential materials) જે છે અર્થાત્ જે માલ મસાલામાંથી છ પર્યાપ્તિ અને ત્રણ શરીરની રચના થાય છે એવું શરીરનું કારણ (Potential cause) તે નોકર્મ,

- એવું વર્ગાદિ - અનુભાગાદિ સ્થાનોના પ્રભવસ્થાનરૂપ કર્મ અને વર્ણાદિ - જીવસ્થાનાદિના પ્રભવસ્થાનરૂપ નોકર્મ આ બન્ને સ્વયં પુદ્ગલરૂપ જ છે, એટલે તે सर्वेऽपि न संति जीवस्य આ સર્વ જ જીવના છે નહિ, પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે, અનુભૂતિથી (તેનું) ભિન્નપણું છે માટે. पुद्गलद्रव्यपरिणाममयत्वे सति अनुभूतेर्भिन्नत्वात् ।

(૧૫) શક્તિ સમૂહ જેનું લક્ષણ છે તે વર્ગ, शक्तिसमूहलक्षणो वर्गः,

(૧૬) વર્ગ સમૂહ જેનું લક્ષણ છે તે વર્ગણા, वर्गसमूहलक्षणा वर्गणा,

(૧૭) જેમાં મંદ-તીવ્ર રસવાળા કર્મદળીઆની વિશિષ્ટ ન્યાસરૂપ ખાસ રચના - ગોઠવણી છે તે વિશિષ્ટ ન્યાસ લક્ષણવાળા સ્પર્દ્ધકો - मंदतीव्ररसकर्मदलविशिष्टन्यासलक्षणानि स्पर्द्धकानि, કર્મથી ઉદ્ભવ પામેલા આ 'સર્વે જ જીવના છે નહિ, તે सर्वेऽपि न संति जीवस्य પુદ્ગલ દ્રવ્ય પરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે.' पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात् ।

(૧૮) સ્વપરૈકત્વાધ્યાસે સતિ - સ્વ-પરનું એકપણું માની બેસવારૂપ એકત્વ અધ્યાસ સતે, વિશુદ્ધ ચિત્ પરિણામથી અતિરિક્તપણું - ભિન્નપણું જેનું લક્ષણ છે એવા અધ્યાત્મ સ્થાનો, विशुद्ध चित्परिणामातिरिक्तत्वलक्षणान्यध्यात्मस्थानानि,

(૧૯) આ પ્રકૃતિનો અમુક રસ, બીજી પ્રકૃતિનો તમુક રસ એમ प्रतिविशिष्ट - પ્રત્યેક વિશિષ્ટ

પ્રકૃતિનો રસ પરિણામ જેનું લક્ષણ છે એવા અનુભાગ સ્થાનો, प्रतिविशिष्टप्रकृति रसपरिणामलक्षणानि अनुभागस्थानानि,

(૨૦) કાયવર્ગણા - વચન વર્ગણા અને મનોવર્ગણાના હલનચલનરૂપ - પરિસ્પંદ જેનું લક્ષણ છે એવા યોગ સ્થાનો, कायवाङ्मनोवर्गणापरिस्पंदलक्षणानि योगस्थानानि,

(૨૧) આ પ્રકૃતિનું આ પરિણામ, તે પ્રકૃતિનું તે પરિણામ એમ પ્રતિવિશિષ્ટ - પ્રત્યેકના વિશિષ્ટ પરિણામ જેનું લક્ષણ છે એવા **બંધસ્થાનો,** प्रतिविशिष्टप्रकृतिपरिणामलक्षणानि बंधस्थानानि,

(૨૨) સ્વ ફલના - પોતાના ફલના સંપાદનમાં સમર્થ એવી વિપાકરૂપ કર્માવસ્થા જેનું લક્ષણ છે એવા **ઉદય સ્થાનો,** स्वफलसंपादनसमर्थ-कर्मावस्थालक्षणानि उदयस्थानानि,

(૨૩) જેમાં જીવના गति-ઈંદ્રિય-કાય-યોગ-વેદ-કષાય-જ્ઞાન-સંયમ-દર્શન-લેશ્યા-ભવ્ય-સમ્યક્ત્વ-સંજ્ઞા-આહાર એ ચૌદ પ્રકારોની માર્ગણા-ગવેષણા-સંશોધના (searching Investigation) તત્ત્વ વિચારના સુદૃઢીકરણાર્થે કરાય છે, તે લક્ષણ છે જેનું એવા **માર્ગણા સ્થાનો,**

(૨૪) प्रतिविशिष्टप्रकृतिकालांतरसहत्वलक्षणानि स्थितिबंधस्थानानि - અમુક પ્રકૃતિ આટલો કાળ સ્થિતિ કરશે - ટકશે, તમુક પ્રકૃતિ આટલો કાળ સ્થિતિ કરશે - ટકશે, એમ પ્રતિવિશિષ્ટ - પ્રત્યેક ખાસ વિશિષ્ટ પ્રકૃતિનું કાલાંતર સહપણું - કાલાંતર ખમવાપણું જેનું લક્ષણ છે એવા **સ્થિતિબંધ સ્થાનો,**

(૨૫) કષાય વિપાકનો - કષાય ઉદયનો ઉદ્રેક - તીવ્રાવેગી ભાવ ઉત્કટપણું જેનું લક્ષણ છે એવા સંક્લેશ સ્થાનો - कषायविपाकोद्रेकलक्षणानि संक्लेशस्थानानि,

(૨૬) કષાય વિપાકનો - કષાય ઉદયનો અનુદ્રેક - અતીવ્ર મંદભાવ - અનુત્કટપણું જેનું લક્ષણ છે એવા વિશુદ્ધિ સ્થાનો, कषाय-विपाकोनुद्रेकलक्षणानि विशुद्धिस्थानानि,

(૨૭) ચારિત્ર મોહના વિપાકનું - ઉદયનું ક્રમે કરીને નિવૃત્ત થવું - નિવૃત્તિ થવી એ જેનું લક્ષણ છે અર્થાત્ ચારિત્રમોહનો ઉદય જેમાં ક્રમે કરીને ઉત્તરોત્તર નિવૃત્ત થતો જાય છે અને તેથી આત્માની ચારિત્રદશા ઉત્તરોત્તર વધતી જાય છે તે જેનું લક્ષણ છે, એવા સંયમલબ્ધિ સ્થાનો, चारित्रमोहविपाकक्रमनिवृत्तिलक्षणानि संयमलब्धिस्थानानि,

- આ બધા ભાવોનું મૂળ પ્રભવ સ્થાન (Original fountain store) સ્વયં પુદ્ગલમય કર્મ, વા સ્વયં પુદ્ગલભાવ રૂપ કે પુદ્ગલ મૂલક વિભાવભાવરૂપ મિથ્યાત્વાદિ પ્રત્યયો અથવા યથાસંભવ એ બન્નેની સંયુક્ત મંડળી (Limited joint stock company) હોઈ, આ બધા ભાવો પુદ્ગલ પરિણામરૂપ છે. એટલે તે सर्वेपि न संति जीवस्य 'સર્વે જ જીવના છે નહિ, પુદ્ગલદ્રવ્ય પરિણામમયપણું સતે, (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે' पुद्गलद्रव्य परिणाममयत्वेसत्यनुभूतेर्भिन्नत्वात् ।

''જામેં ઈંદ્રી પંચ નાહી કર્મકો પ્રપંચ નાહિ, મનકો ન રંચ જામેં તનકો ન અંગ હૈ,
નાહિ કર્મ હેતુ ખેદ માર્ગના કો ભયો છેદ, ધ્યાન ધ્યાતા ભેદ ન વચન તરંગ હૈ;
શાંત ધ્રુવ નિરુપાધિ છિન્ન પર ક્રિયા વ્યાધિ, પર દ્રવ્ય ન અસેસ લેસ ન અનંગ હૈ,
જ્ઞાન જોતિ ભાસમાન રતનત્રિતયકો જાન, ઐસો સુધ નિત્ય દેવ મેરે ઘટ સંગ હૈ.''

- શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૧૭

ઉપરોક્ત સર્વ પુદ્ગલપરિણામાત્મક ભાવો જેના આધારે - જેના આશ્રયે રહી આવિષ્કાર પામે છે, અને જેમાં ઉદ્ભવ પામી પોતપોતાના ભાવ ભજવી દેખાડી આ 'ભવ પ્રપંચ'

નાટક ઉભું કરે છે, અને આમ આ સર્વ ભાવના મૂળ આધારભૂત - આશ્રય સ્થાન રૂપ જે અધિષ્ઠાન છે, છે તેમાં –

(૨૮) તે તે સર્વ ભાવોનું જે બાહ્ય અધિષ્ઠાન (આધાર સ્થાન) છે, તે પર્યાપ્ત - અપર્યાપ્ત બાદર-સૂક્ષ્મ એકેંદ્રિયાદિ ચૌદ સ્થાનો રૂપ બાહ્ય સ્થૂલ દશાવિશેષો જેનું લક્ષણ છે એવા ચૌદ **જીવ સ્થાનો,**


(૨૯) અને તે તે સર્વ ભાવોનું જે આભ્યંતર અધિષ્ઠાન છે, તે મિથ્યાદૃષ્ટિ આદિ આભ્યંતર આત્મગુણ દશાવિશેષો જેનું લક્ષણ છે, એવા ચૌદ **ગુણસ્થાનો,**

ભવ નાટકના મુખ્ય પાત્ર સમા આ જીવસ્થાનો* અને ગુણસ્થાનો - કે જે સર્વ ઈતર પૌદ્ગલિક ભાવોના અનુક્રમે બાહ્ય-અભ્યંતર અધિષ્ઠાનો છે, તે પુદ્ગલમય છે, એટલે તે सर्वेऽपि न सति जीवस्य આ 'સર્વે જ જીવના છે નહિ, પુદ્ગલદ્રવ્યપરિણામમયપણું સતે (તેનું) અનુભૂતિથી ભિન્નપણું છે માટે', पुद्गलद्रव्यपरिणाममयत्वे सति अनुभूतेर्भिन्नत्वात् ।

એમ આ ઓગણત્રીશ ભાવોના પુદ્ગલદ્રવ્યપરિણામમયપણાનું સંક્ષેપમાં પરિભાવન કરાવ્યું.

''અહો ! આ દેહની રચના ! અહો ! ચેતન ! અહો ! તેનું સામર્થ્ય ! અહો જ્ઞાની ! અહો તેની ગવેષણા ! (ઈ.)''

''જ્ઞાની પુરુષને કાયાને વિષે આત્મબુદ્ધિ થતી નથી અને આત્માને વિષે કાયાબુદ્ધિ થતી નથી. બે ય સ્પષ્ટ ભિન્ન તેનાં જ્ઞાનમાં વર્ત્તે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૬૮, ૪૨૦), ૫૦૯, હાથનોંધ ૨-૧૨**



''जीवस्थानानि सर्वाणि गुणस्थानानि मार्गणाः ।
परिणामा विवर्तन्ते जीवस्तु न कदाचन ।।'' - **श्री यशोविजयजी कृत द्र.द्र. १०-२९**
गुणस्थानानि यावंति यावंत्यश्चापि मार्गणाः ।
तदन्यतरसंश्लेषो नैवातः परमात्मनः ।।
कर्मोपाधिकृतान् भावान् य आत्मन्यध्यवस्यति ।
तेन स्वाभाविकं रूपं न बुद्धं परमात्मनः ।।'' - **श्री यशोविजयजी कृत अध्यात्मोपनिषद्, २-२८, २९**

વર્ણાદિ વા રાગાદિ સર્વે જ પુરુષથી ભિન્ન ભાવો છે એવા ભાવનો, સમયસાર કળશ (૫) અપૂર્વ આત્મનિશ્ચયથી અમૃતચંદ્રજી લલકારે છે -

शालिनी

वर्णाद्या वा रागमोहादयो वा,
भिन्ना भावाः सर्व एवास्य पुंसः ।
तेनैवांतस्तत्त्वतः पश्यतोऽमी,
नो दृष्टाः स्युर्दृष्टमेकं परं स्यात् ॥३७॥

વર્ણાદિ વા રાગમોહાદિકા વા, આત્માને આ સર્વ છે ભિન્ન ભાવા,
તેથી અંતઃ તત્ત્વથી પેખતાં આ, નો'યે દૃષ્ટ દૃષ્ટ એકં પરં આ. ૩૭

અમૃત પદ-૩૭

ઋષભ જિણંદશું પ્રીતડી... એ રાગ.

વર્ણાદિ આ નથી આત્મના, નથી રાગાદિ પણ કોઈ ય વિભાવ... ધ્રુવ. પદ
વર્ણાદિ રૂપી પુદ્ગલ ગુણો, તે તો પ્રગટપણે હોયે પરભાવ. વર્ણાદિ
રાગાદિ આત્મસ્વભાવ ના, ચિત્ વિકાર તે વિકૃત ચેતન વિભાવ.
તેથી વર્ણાદિ રાગાદિ ભાવ આ, આત્માને સર્વે હોયે ભિન્ન ભાવ... વર્ણન.
તેથી અંતરે તત્ત્વથી દેખતાં, તે ભાવ તો કો પણ હોય ન દૃષ્ટ,
દૃષ્ટ એક જ હોય આતમા, ભગવાન અમૃત જ્યોતિ સુસ્પષ્ટ... વર્ણન.

અર્થ - વર્ણાદિ કે રાગ-મોહાદિ સર્વે જ ભાવો આ પુરુષથી ભિન્ન ભાવો છે, તેથી જ અંતરમાં તત્ત્વથી પેખતા એવા તેને આ દૃષ્ટ થાય નહિં, પણ પરમ એવું એક જ (આત્મ તત્ત્વ જ) દૃષ્ટ થાય.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દેહમાં વિચાર કરનારો બેઠો છે તે દેહથી ભિન્ન છે ? તે સુખી છે કે દુઃખી ? એ સંભારી લે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૫૭), ૮૪**

''વરનાદિક રાગાદિ યહ, રૂપ હમારો નાંહિ,
એક બ્રહ્મ નહિં દૂસરૌ, દીસૈ અનુભવમાંહિ.'' શ્રી બના. કૃત સ.સા.અજી. ૬

ઉપરમાં જે **'આત્મખ્યાતિ'**ના ગદ્યભાગમાં અત્યંત વિસ્તારથી વિવરી દેખાડ્યું, તેના સાર સમુચ્ચય રૂપ આ ઉપસંહાર કળશ છે, વર્ણાદ્યા વા રાગમોહાદયો વા - વર્ણાદિ - વર્ણ - રસ - ગંધાદિ કે રાગાદિ-રાગ-દ્વેષ-મોહ આદિ આ સર્વે જ ભાવો આ પુરુષથી - આત્માથી ભિન્ન - જૂદા-પૃથક્ છે, ભિન્ના ભાવાः સર્વ એવાસ્ય પુંસः, તેથી જ અંતરમાં તત્ત્વથી દેખતાં આ દૃષ્ટ હોય નહિ, એક ચિદ્ માત્ર દૃષ્ટ હોય, 'નો દૃષ્ટાः સ્યુર્દૃષ્ટમેકં પરં સ્યાત્' અર્થાત્ અંતર્મુખ અવલોકન કરીને દેખીએ તો આત્મામાં વર્ણાદિ કે રાગાદિ કોઈ પણ ભાવ દેખાતો નથી, એક માત્ર કેવલ 'ચિદ્' ભાવ જ દેખાય છે.

વારુ, આ વર્ણાદિ જો જીવના છે નહિ, તો તંત્રાન્તરમાં 'છે', એમ કેમ પ્રજ્ઞાપવામાં આવે છે ? તો કે -

ववहारेण दु एदे जीवस्स हवंति वण्णमादीया ।
गुणठाणंता भावा ण दु केई णिच्छयणयस्स ॥५६॥

વ્યવહારે વર્ણાદિ આ જીવના રે, ગુણસ્થાન પર્યંતા ભાવ;
પણ નિશ્ચયનય તણા મતે રે, ન જ હોય કોઈ એહ સાવ... પુ. ૫૬

ગાથાર્થ - વ્યવહારથી આ વર્ણાદિ - ગુણસ્થાન પર્યંત ભાવો જીવના હોય છે, પણ નિશ્ચયનયના અભિપ્રાયે તો કોઈ (જીવના) નથી. ૫૬

आत्मख्याति टीका

ननु वर्णादयो यद्यमी न संति जीवस्य तदा तंत्रांतरे
कथं संतीति प्रज्ञाप्यंते इति चेत् -

व्यवहारेण त्वेते जीवस्य भवंति वर्णाद्याः ।
गुणस्थानांता भावा न तु केचिन्निश्चयनयस्य ॥५६॥

इह हि **व्यवहारनयः**
किल पर्यायाश्रितत्वात्
जीवस्य पुद्गलसंयोगवशा -
दनादिप्रसिद्धबंधपर्यायस्य
कुसुंभरक्तस्य कार्पासिकवासस इवौ -
पाधिकभावमवलंब्योत्लवमानः
परभावं परस्य विदधाति ।

निश्चयनयस्तु
द्रव्याश्रितत्वात्
केवलस्य जीवस्य
स्वाभाविकभावमवलंब्योत्लवमानः
परभावं परस्य सर्वमेव प्रतिषेधयति ।

ततो व्यवहारेण वर्णादयोगुणस्थानांताभावा जीवस्य संति
निश्चयेन न सतीति युक्ता प्रज्ञप्तिः ॥५६॥

આત્મખ્યાતિ ટીકાર્થ

અહીં **વ્યવહારનય** સ્ફુટપણે
પર્યાયાશ્રિતપણાને લીધે,
પુદ્ગલ સંયોગવશે કરીને
અનાદિ પ્રસિદ્ધ બંધ પર્યાયવાળા જીવના
કુસુંભરક્ત (કસુંબલ) સૂતરાઉ વસ્ત્રની જેમ
ઔપાધિક ભાવને અવલંબી
ઉત્પ્લવતો (કૂદી પડતો) સતો,
પરનો પરભાવ વિહિત કરે છેઃ

પણ નિશ્ચય નય તો
દ્રવ્યાશ્રિતપણાને લીધે
કેવલ જીવના
સ્વાભાવિક ભાવને અવલંબી
ઉત્પ્લવતો (કૂદી પડતો) સતો,
પરનો પરભાવ સર્વ જ પ્રતિષેધે છે.

તેથી કરીને વ્યવહારથી વર્ણાદિ ગુણસ્થાન પર્યંત ભાવો જીવના છે.
નિશ્ચયથી છે નહિ, એમ યુક્ત પ્રજ્ઞપ્તિ છે. ૫૬

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''શરીર કોનું છે ? મોહનું છે. માટે અસંગ ભાવના રાખવી યોગ્ય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૭૦**

"દેહ કર્માદિ સવિ કાજ પુદ્ગલ તણાં, જીવના તેહ વ્યવહાર માને ઘણાં,
સઘલ ગુણઠાણ જીઅઠાણ સંયોગથી, શુદ્ધ પરિણામ વિણ જીવ કારય નથી."

- શ્રી યશોવિજયજી કૃત સા-ગાથા સ્ત.

જો આ ઉપરમાં વિવરી દેખાડ્યા તે વર્ણાદિ પૌદ્ગલિક ભાવો જીવના છે નહિ, 'ન संति' - તો પછી 'तंत्रान्तरમાં' - કર્મગ્રંથ - ગોમટ્ટસાર - ષટ્‌ખંડાગમ આદિ અન્ય શાસ્ત્રોમાં 'संति' - 'છે', એમ કેમ પ્રજ્ઞાપવામાં - પ્રરૂપવામાં - જણાવવામાં આવે છે ? તેનો અહીં વ્યવહાર-નિશ્ચયના ભેદથી જવાબ આપ્યો છે કે, 'વર્ણથી માંડીને ગુણસ્થાન સુધીના આ સર્વ ભાવો વ્યવહારથી જીવના હોય છે, પણ નિશ્ચયનયના મતે તો કોઈ પણ ભાવો જીવના છે નહિ.' આ વાત આત્મખ્યાતિકાર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** વ્યવહાર નય અને નિશ્ચયનયની અપેક્ષાઓની વિરોધાત્મક તુલનાથી (comparison by contrast) નિષ્ણાતપણે સાવ સ્પષ્ટ કરી બતાવી છે :

પર્યાયાશ્રિત વ્યવહારનય પરભાવ પરનો વિહિત કરે છે : કસુંબલ વસ્ત્ર દૃષ્ટાંત

અહીં 'વ્યવહાર નય, પર્યાયાશ્રિત પણાને લીધે, ઔપાધિક ભાવને અવલંબી ઉત્પ્લવતો - ઉદ્‌ભવતો સતો, પરભાવ પરનો વિહિત કરે છે, પણ નિશ્ચયનય તો દ્રવ્યાશ્રિતપણાને લીધે, કેવલ જીવના સ્વાભાવિક ભાવને અવલંબી ઉત્પ્લવતો-ઉદ્‌ભવતો સતો, પરભાવ પરનો સર્વ જ પ્રતિષેધે છે.' અર્થાત્ व्यवहारनयः किले पर्यायाश्रितत्वात् - અહીં વ્યવહારનય જે છે તે પર્યાયાશ્રિત્ છે - પર્યાય દૃષ્ટિ પ્રધાન હોઈ, પર્યાયનો આશ્રય કરીને પ્રવર્ત્તે છે, એટલે પુદ્ગલ રૂપ પરભાવના સંયોગ વશે કરીને જેનો બંધપર્યાય 'અનાદિ પ્રસિદ્ધ' છે - અનાદિથી પ્રકૃષ્ટપણે સિદ્ધ છે અથવા અનાદિથી પ્રખ્યાત છે, એવા જીવના આ પુદ્ગલજન્ય ઉપાધિ રૂપ ભાવને - 'ઔપાધિક ભાવને' અવલંબી औपाधिकभावमवलंब्योत्प्लवमानः તે (વ્યવહારનયં) ઉત્પ્લવેતો - ઉદ્‌ભવતો સતો પરભાવ પરનો વિહિત કરે છે. જેમ કોઈ સુતરાઉ કપડું છે, તે મૂળ તો ધોળું છે, પણ તે કેસૂડાથી રંગાયેલું - કસુંબલ - રાતું છે. તેને તે રંગના ઔપાધિક ભાવને અવલંબી 'આ કસુંબલ-રાતું કપડું આ

આત્મભાવના -

ननु वर्णादयश्चमी न संति जीवस्य - વારુ, વર્ણાદિ જો આ જીવના છે નહિ, तदा तंत्रांतरे कथं संतीति प्रज्ञाप्यंते - તો તંત્રાંતરમાં - શાસ્ત્રાંતરમાં - બીજા શાસ્ત્રમાં છે એમ કેમ પ્રજ્ઞાપવામાં - જણાવવામાં આવે છે, इति चेत् - એમ જો પૂછો તો व्यवहारेण तु - વ્યવહારથી જ एते वर्णाद्याः गुणस्थानांता भावाः - આ વર્ણ આદિ ગુણસ્થાનાંત ભાવો जीवस्य भवंति - જીવના હોય છે, न तु निश्चयनयस्य केचित् - પણ નિશ્ચયનયના મતે તો કોઈ નથી હોતા. ॥ इति **गाथा** આત્મભાવના ॥૫૬॥

इह हि व्यवहारनयः किल - અહીં આમ પ્રવાહ પ્રમાણે સ્ફુટપણે વ્યવહારનય ખરેખર ! पर्यायाश्रितत्वात् - પર્યાયાશ્રિતપણાને લીધે, जीवस्य पुद्गलसंयोगवशाद् अनादिप्रसिद्धबंधपर्यायस्य - પુદ્ગલ સંયોગવશ થકી જેનો બંધપર્યાય અનાદિ પ્રસિદ્ધ છે એવા જીવના औपाधिकभावमवलंब्योत्प्लवमानः - ઔપાધિક ભાવને અવલંબી ઉત્પ્લવતો - ઉદ્‌ભવતો, परभावं परस्य विदधाति - પરભાવ પરનો વિહિત કરે છે - સ્થાપે છે. કોની જેવા ઔપાધિક ભાવને અવલંબીને ? कुसुंभरक्तस्य कार्पासिकवासस इव - કુસુંભ રક્ત - કુસુંભથી રંગાયેલ - કસુંબલ. એવા કાર્પાસિક - કપાસના બનેલા - સૂતરાઉ વસ્ત્રની જેમ. પણ આથી ઉલટું निश्चयनयस्तु - નિશ્ચયનય તો द्रव्याश्रितत्वात् - દ્રવ્યાશ્રિતપણાને લીધે, केवलस्य जीवस्य - કેવલ-માત્ર-એક જીવના स्वाभाविकभावमवलंब्योत्प्लवमानः - સ્વાભાવિક ભાવને અવલંબી ઉત્પ્લવતો, परभावं परस्य सर्वमेव प्रतिषेधयति - પરભાવ પરનો - સર્વ જ - પ્રતિષેધે છે, નિષેધે છે.

આ પરથી શું ફલિત થાય છે ? ततो - તેથી व्यवहारेण वर्णादयो गुणस्थानांता भावा जीवस्य संति - વ્યવહારથી વર્ણાદિ ગુણસ્થાનાંત વર્ણથી માંડી ગુણસ્થાન સુધીના ભાવો જીવના છે, निश्चयेन न संति - નિશ્ચયથી છે નહિ, इति युक्ता प्रज्ञप्तिः - એમ યુક્ત-યુક્તિ યુક્ત પ્રજ્ઞપ્તિ - પ્રજ્ઞાપના યુક્ત છે. ॥ इति **'आत्मख्याति'** આત્મભાવના ॥૫૬॥

કસુંબલ - રાતા રંગ કપડાનો' એમ લોક વ્યવહારમાં પરનો ભાવ પરનો કહેવાય છે, તેમ આ જીવ છે, તે મૂળ તો સૂત્ર-સૂતરની જેમ શ્વેત-નિર્મલ-ઉજ્જવલ-શુક્લ-શુદ્ધ છે, પણ તે અનાદિ બંધસંયોગથી પુદ્ગલ રૂપ પરદ્રવ્યના રંગથી રંગાયેલું છે, તેને તે પુદ્ગલ રંગના ઔપાધિક ભાવને અવલંબી 'આ વર્ણાદિ ભાવ જીવના' એમ વ્યવહારનયથી પરનો ભાવ પરનો કહેવાય છે - परभावं परस्य विदधाति અર્થાત્ 'કસુંબલ રંગ સુતરાઉ કપડાનો' એમ સામાન્ય લોક વ્યવહારમાં પણ જેમ એક દ્રવ્યનો ભાવ બીજા દ્રવ્યમાં આરોપાય છે, ઉપચરાય છે તેમ 'વર્ણાદિ ભાવ જીવના' એમ વ્યવહારનયથી પુદ્ગલ દ્રવ્યના ભાવ જીવ દ્રવ્યમાં આરોપાય છે - ઉપચરાય છે.

''વરનાદિક પરભાવ એ, હૈ સબ તનકે અંગ,
નવ નવ રંગ ગહે ફટિક, પડ્યું ઉપાધિક સંગ.'' **શ્રી દેવચંદ્રજી કૃત દ્રવ્યપ્રકાશ, ૧-૩૩**

''શ્રી સદ્‌ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો.

હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારા નથી. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું. એમ આત્મભાવના કરતાં કરતાં રાગ-દ્વેષનો ક્ષય થાય.''


- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૨૯), પૃ. ૪૮૧

દ્રવ્યાંશ્રિત નિશ્ચયનય પરભાવ પરનો પ્રતિષેધે છે

પણ 'निश्चयनयस्तु द्रव्याश्रितत्वात्' નિશ્ચય નય જે છે, તે તો દ્રવ્યાશ્રિત છે, દ્રવ્ય દૃષ્ટિપ્રધાન હોઈ દ્રવ્યનો આશ્રય કરીને પ્રવર્ત્તે છે. એટલે 'केवलस्य जीवस्य स्वाभाविकं भावमवलंब्योत्लवमानः' - કેવલ-માત્ર-અદ્વૈત જીવના સ્વાભાવિક - સ્વભાવભૂત ભાવને અવલંબીને ઉત્પ્લવતો - કૂદી પડતો સતો, તે પરનો પરભાવ સર્વ જ નિષેધે 'परभावं परस्य सर्वमेव प्रतिषेधयति' - છે, એક દ્રવ્યને બીજા દ્રવ્યનો ભાવ આરોપતો નથી. એટલે જ તે પર એવા પુદ્ગલ દ્રવ્યના વર્ણાદિ ભાવોનું જીવમાં આરોપણ કરતો નથી.

આમ બન્ને નયની દૃષ્ટિ - અપેક્ષા જૂદી જૂદી છે, એટલે વ્યવહારનયની દૃષ્ટિએ દેખતાં વર્ણથી માંડી ગુણસ્થાન સુધીના સર્વ પુદ્ગલ પરિણામ રૂપ ભાવો જીવના છે 'व्यवहारेण वर्णादियोगुणस्थानांताभावा जीवस्य संति' - પણ નિશ્ચયનયની દૃષ્ટિએ દેખતાં તો તે તે વર્ણાદિ પૌદ્ગલિક ભાવો જીવના છે નહિ, 'निश्चयेन न संति' - આમ બન્ને નયની ભિન્ન ભિન્ન દૃષ્ટિ - અપેક્ષાએ નય વિભાગ યુક્ત છે - યથાયોગ્ય છે, એટલે (વ્યવહારનયથી) અન્ય શાસ્ત્રોમાં 'વર્ણાદિ જીવના છે' અને અત્રે કહ્યું કે જીવના નથી, એવી જે પ્રજ્ઞપ્તિ - પ્રરૂપણા છે.

તે આમ નય વિભાગથી યુક્ત જ છે, યુક્તિ યુક્ત જ છે, ન્યાય્ય જ છે, 'इति युक्ता प्रज्ञप्ति.' ।



જીવના વર્ણાદિ નિશ્ચયથી કયા કારણથી છે નહિ ? તો કે -

एए हि य संबंधो जहेव खीरोदयं मुणेदव्वो ।
ण य हुंति तस्स ताणि दु उवओगगुणाधिगो जम्हा ॥५७॥

એહ સાથે સંબંધ તો જાણવો રે, અત્ર ક્ષીર ને નીર સમાન. પુદ્ગ.
ન જ હોય તે તસ-આ કારણે રે, ઉપયોગ ગુણાધિક જાણ... પુદ્ગ. ૫૭

ગાથાર્થ - અને એઓની (વર્ણાદિની) સાથેનો સંબંધ ક્ષીરોદક (ક્ષીર નીર) જેવો જ જાણવો અને તેના (જીવના) તેઓ (વર્ણાદિ) નથી, કારણકે તે (જીવ) ઉપયોગ ગુણથી અધિક છે. ૫૭

आत्मख्याति टीका

कुतो जीवस्य वर्णादयो निश्चयेन न संतीति चेत् -

एतैश्च संबंधो यथैव क्षीरोदकं ज्ञातव्यः ।
न च भवंति तस्य तानि तूपयोगगुणाधिको यस्मात् ॥५७॥

यथा
खलु सलिलमिश्रितस्य क्षीरस्य
सलिलेन सह परस्परावगाहलक्षणे संबंधे सत्यपि
स्वलक्षणभूतक्षीरत्वगुणव्याप्यतया
सलिलादधिकत्वेन प्रतीयमानत्वाद
दग्नेरुष्णगुणेनेव सह तादात्म्यलक्षणसंबंधाभावात्
न्न निश्चयेन सलिलमस्ति ।

तथा
वर्णादि पुद्गलद्रव्यपरिणाममिश्रित**स्यात्मनः**
पुद्गलद्रव्येण सह परस्परावगाहलक्षणे **संबंधे सत्यपि**
स्वलक्षणभूतो**पयोगगुण**व्याप्यतया
सर्वद्रव्येभ्यो**धिकत्वेन** प्रतियमानत्वात्
अग्नेरुष्णगुणेनेव सह तादात्म्यलक्षणसंबंधा-
न्न निश्चयेन वर्णादिपुद्गलपरिणामाः सति ॥५७॥

आत्मभावना -

कुतो जीवस्य वर्णादयो निश्चयेन न संति - જીવના વર્ણાદિ નિશ્ચયથી કયા કારણથી છે નહિ, इति चेत् - એમ જો પૂછો તો - एतैश्च संबंधो - અને એઓ સાથે - આ વર્ણાદિ સાથે સંબંધ यथैव क्षीरोदकं ज्ञातव्यः - ક્ષીરોદક - ક્ષીર - નીર જેમ જ જાણવો, न च तानि तु तस्य भवंति - અને તેઓ - વર્ણાદિ તેના - આત્માના નથી હોતા, यस्मात् उपयोगगुणाधिको - કારણકે (તે આત્મા) ઉપયોગ ગુણથી અધિક - अतिरिक्त - અતિશાયી છે. ॥ इति **गाथा** आत्मभावना ॥५७॥

यथा खलु - જેમ ખરેખર ! નિશ્ચયે કરીને सलिल मिश्रितस्य क्षीरस्य - सलिल मिश्रित - જલ મિશ્રિત ક્ષીરનું - દૂધનું, सलिलेन सह परस्परावगाहलक्षणे संबंधे सत्यपि - सलिल - જલ સાથે પરસ્પર અવગાહ લક્ષણ સંબંધ સતે પણ, न निश्चयेन सलिलमस्ति - નિશ્ચયથી सलिल - જલ-પાણી નથી, શાને લીધે ? स्वलक्षणभूतक्षीरत्वगुणव्याप्यतया - સ્વલક્ષણભૂત ક્ષીરત્વ ગુણ - ક્ષીરપણા ગુણથી વ્યાપ્યતાએ કરીને सलिलादधिकत्वेन प्रतीयमानत्वाद् - सलिलथी - જલથી અધિકપણે - अतिरिक्तपणे प्रतीयमान પણાને લીધે - પ્રતીત થઈ રહેવાપણાને લીધે, શું ? तादात्म्यलक्षणसंबंधाभावात् - तादात्म्यलक्षण - तादात्म्यकपणा રૂપ સંબંધના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે. કોની જેમ ? अग्नेः उष्णगुणेनेव सह - અગ્નિના જેમ ઉષ્ણગુણ સાથે.

तथा - તેમ वर्णादिपुद्गलद्रव्यपरिणाममिश्रितस्य आत्मनः - વર્ણાદિ પુદ્ગલ દ્રવ્યપરિણામોથી મિશ્રિત આત્માના - पुद्गलद्रव्येण सह परस्परावगाहलक्षणसंबंधे सत्यपि - પુદ્ગલ દ્રવ્યની સાથે પરસ્પર અવગાહલક્ષણ સંબંધ સતે પણ, न निश्चयेन वर्णादि पुद्गलपरिणामाः - નિશ્ચયથી વર્ણાદિ પુદ્ગલપરિણામોને શાને લીધે ? स्वलक्षणभूतोपयोगगुणव्याप्यतया - સ્વલક્ષણ ભૂત ઉપયોગ ગુણથી વ્યાપ્યતાએ કરીને सर्वद्रव्येभ्योधिकत्वेन प्रतीयमानत्वात् - સર્વ દ્રવ્યોથી અધિક પણે - अतिरिक्तपणे પ્રતીયમાનપણાને લીધે - પ્રતીત થઈ રહેવાપણાને લીધે, શું ? तादात्म्यलक्षणसंबंधाभावात् - तादात्म्यलक्षण - तदात्मकपणा રૂપ સંબંધના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે. કોની જેમ ? अग्नेः उष्णगुणेनेव सह - અગ્નિના જેમ ઉષ્ણ ગુણ સાથે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥५७॥

आत्मख्याति टीकार्थ

જેમ	તેમ
जलमिश्रित क्षीरनुं -	વર્ણાદિ પુદ્ગલ દ્રવ્ય પરિણામમિશ્રિત **આત્માના**
જલ સાથે પરસ્પર	**પુદ્ગલ દ્રવ્ય સાથે** પરસ્પર
અવગાહ લક્ષણવાળો સંબંધ સતે પણ,	અવગાહ લક્ષણવાળો **સંબંધ સતે** પણ
સ્વલક્ષણ ભૂત ક્ષીરત્વ ગુણની વ્યાપ્યતાથી	સ્વલક્ષણભૂત ઉપયોગ **ગુણની વ્યાપ્યતાથી**
જલથી અધિકપણે પ્રતીયમાનપણા થકી	સર્વ દ્રવ્યોથી **અધિકપણે** પ્રતીયમાન પણા થકી
ઉષ્ણ ગુણ સાથે અગ્નિની જેમ	ઉષ્ણ ગુણ સાથે અગ્નિની જેમ
તાદાત્મ્ય લક્ષણ સંબંધના અભાવને લીધે	તાદાત્મ્યલક્ષણ સંબંધના અભાવને લીધે
નિશ્ચયથી જલ છે નહિ.	**નિશ્ચયથી વર્ણાદિ પુદ્ગલ પરિણામો છે નહિ. ૫૭**

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''કર્મની વર્ગણા જીવને દૂધ અને પાણીના સંયોગની પેઠે છે. અગ્નિના પ્રયોગથી પાણી ચાલ્યું જઈ દૂધ બાકી રહે છે, તે રીતે જ્ઞાનરૂપી અગ્નિથી કર્મ વર્ગણા ચાલી જાય છે.''

''(આત્માના) ગુણાતિશયમાં જ ચમત્કાર છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, ૮૬૪, ઉપદેશ છાયા, વ્યાખ્યાનસાર-૨**

''જે પરોપાધિથી દુષ્ટતા સંગ્રહી, ભાવ તાદાત્મ્યમાં માહરૂં તે નહીં.'' - **શ્રી દેવચંદ્રજી**

''ખીર નીરકી ભિન્નતા રે, જૈસેં કરત મરાળ,
તૈસેં ભેદ જ્ઞાની લહ્યા પ્યારે, કરે કર્મકી જાળ.'' - **શ્રી ચિદાનંદજી**

વર્ણાદિ નિશ્ચયથી જીવના નથી એમ ઉપરમાં કહ્યું.


વર્ણાદિ સાથે જીવનો નીરક્ષીર જેમ પરસ્પર અવગાહ સંબંધ, પણ ઉષ્ણતા સાથે અગ્નિ જેમ તાદાત્મ્ય સંબંધ નહિ

તે કયા કારણથી તેમ છે ? તેનો અહીં શાસ્ત્રકાર **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** ખુલાસો કર્યો છે - 'એ વર્ણાદિ સાથેનો જીવનો સંબંધ ક્ષીર-નીર જેમ જાણવો, પણ તે વર્ણાદિ ભાવો તે જીવના હોતા નથી, કારણકે જીવ ઉપયોગ ગુણથી અધિક છે - 'उवओगगुणाधिगो जम्हा' અત્રે આપેલ આ ક્ષીર-નીરના દૃષ્ટાંતને પોતાની અનન્ય વ્રાક્ષણિક શૈલીમાં બિંબ-પ્રતિબિંબ ભાવથી દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકપણે સાંગોપાંગ વિવરી દેખાડી ટીકાકાર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** આ ગાથાના ભાવને પરિસ્ફુટ કરી પરિપુષ્ટ કર્યો છે : 'જેમ જલ મિશ્રિત ક્ષીરનું (પાણી ભેળવેલ દૂધનું) નિશ્ચયથી જલ છે નહિ, તેમ વર્ણાદિ પુદ્ગલ પરિણામ મિશ્રિત આ આત્માના નિશ્ચયથી વર્ણાદિ પુદ્ગલ પરિણામ છે નહિ.' કારણકે પાણી ભેળવેલ દૂધ છે, તેમાં પાણી સાથે દૂધનો પરસ્પર અવગાહ લક્ષણ સંબંધ - 'सलिलेन सह परस्परावगाहलक्षणे संबंधे सत्यपि' - એક બીજાને અવગાહ - આપવા રૂપ માત્ર સંયોગ સંબંધ છે, છતાં દૂધનો સ્વલક્ષણરૂપ દૂધપણારૂપ ગુણ પાણીથી અતિરિક્તપણે - અધિક પણે સ્પષ્ટ જૂદો તરી આવે છે, તે દૂધપણા ગુણથી તે દૂધનું વ્યાપ્યપણું છે, તે દૂધપણું દૂધને સર્વ પ્રદેશે વ્યાપીને રહ્યું છે, તેથી કરીને પાણીથી તેનું અધિકપણું - અતિરિક્તપણું પ્રતીત થાય છે, 'सलिलादधिकत्वेन प्रतीयमानत्वात्' - વળી ઉષ્ણતા ગુણ સાથે જેમ અગ્નિનો તાદાત્મ્ય સંબંધ છે, તેમ દૂધનો પાણી સાથે કાંઈ તાદાત્મ્ય સંબંધ છે નહિ, 'अग्नेरुष्णगुणेनेव सह तादात्म्यलक्षणसंबंधाभावात्' - માત્ર એકબીજાને અવગાહ (Accomodation) આપવા રૂપ સંયોગ સંબંધ છે, એટલે 'દૂધના ભાવ દૂધમાં છે ને પાણીના ભાવ પાણીમાં' છે, માટે નિશ્ચયથી 'દૂધનું પાણી' છે નહિ.

તેમ વર્ણાદિ પુદ્ગલ દ્રવ્ય પરિણામ છે, તેનાથી મિશ્રિત - ભેળાયેલ આ આત્મા છે, તેમાં પુદ્ગલ દ્રવ્ય પરિણામો સાથે આત્માનો 'પરસ્પર અવગાહ લક્ષણ સંબંધ' છે - એકબીજાને અવગાહ - અવકાશ આપવારૂપ માત્ર સંયોગ સંબંધ છે; 'स्वलक्षणभूतोपयोगगुणव्याप्ततया' - છતાં આત્માનો પોતાનો સ્વલક્ષણ ભૂત ઉપયોગગુણ બીજા બધા દ્રવ્યથી અતિરિક્તપણે - અધિકપણે સ્પષ્ટ જૂદો તરી આવે છે; તે ઉપયોગ ગુણથી આત્માનું વ્યાપ્યપણું છે, તે ઉપયોગગુણ આત્માને સર્વ પ્રદેશે વ્યાપીને રહ્યો છે, તે ઉપયોગ ગુણ બીજા કોઈ પણ દ્રવ્યમાં છે નહિ, તેથી તે ઉપયોગ ગુણ વડે કરીને સર્વ દ્રવ્યોથી આત્માનું અતિરિક્તપણું - અધિકપણું - અતિશાયિપણું - અતિશયપણું પ્રતીત થાય છે - 'सर्वद्रव्येभ्योधिकत्वेन प्रतीयमानत्वात्' વળી ઉષ્ણતા ગુણ સાથે અગ્નિનો જેમ 'तादात्म्यलक्षण संबंध' છે, તેમ પુદ્ગલ દ્રવ્ય પરિણામો સાથે આત્માનો તાદાત્મ્ય લક્ષણ સંબંધ છે નહિ, એટલે જીવના ભાવ જીવમાં છે ને પુદ્ગલના ભાવ પુદ્ગલમાં છે; માટે નિશ્ચયથી વર્ણાદિ પુદ્ગલ દ્રવ્ય પરિણામો જીવના છે નહિ.

''જીવ, કાયા પદાર્થપણે જૂદાં છે, પણ સંબંધપણે સહચારી છે, કે જ્યાં સુધી તે દેહથી જીવને કર્મનો ભોગ છે. શ્રી જિને જીવ અને કર્મનો ક્ષીરનીરની* પેઠે સંબંધ કહ્યો છે. તેનો હેતુ પણ એ જ છે કે ક્ષીર અને નીર એકત્ર થયાં સ્પષ્ટ દેખાય છે. છતાં પરમાર્થે તે જૂદાં છે, પદાર્થપણે ભિન્ન છે, અગ્નિપ્રયોગે તે પાછાં સ્પષ્ટ જૂદાં પડે છે, તેમજ જીવ અને કર્મનો સંબંધ છે. કર્મનો મુખ્ય આકાર કોઈ પ્રકારે દેહ છે. અને જીવ ઈંદ્રિયાદિ દ્વારા ક્રિયા કરતો જાણી જીવ છે એમ સામાન્યપણે કહેવાય છે. પણ જ્ઞાનદશા આવ્યા વિના જીવ કાયાનું જે સ્પષ્ટ જૂદાપણું છે, તે જીવને ભાસ્યામાં આવતું નથી; તથાપિ ક્ષીર નીરવત્ જૂદાપણું છે. જ્ઞાન સંસ્કારે તે જૂદાપણું સાવ સ્પષ્ટ વર્ત્તે છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૨૦), ૫૦૯



---

* ''क्षीरनीरवदेकत्र स्थितयोर्देहदेहिनोः ।
भेदो यदि ततोन्येषु कलत्रादिषु का कथा ? ॥'' - પદ્મનંદિ પં. ઉપાસક સંસાર, ૪૯
અર્થાત્ - ક્ષીર-નીરની જેમ એકત્ર - એકસ્થળે સ્થિત દેહ અને દેહીનો (આત્માનો) જો ભેદ છે, તો અન્ય એવા કલત્રાદિની (સ્ત્રી આદિની) તો શી વાત ?

તો પછી વ્યવહાર કેવી રીતે અવિરોધક છે ? તો કે -

पंथे मुस्संतं पस्सिदूण लोगा भणंति ववहारी ।
मुस्सदि एसो पंथो ण य पंथो मुस्सदे कोई ॥५८॥
तह जीवे कम्माणं णोकम्माणं च पस्सिदुं वण्णं ।
जीवस्स एस वण्णो जिणेहिं ववहारदो उत्तो ॥५९॥
गंधरसफासरूवा देहो संठाणमाइया जे य ।
सव्वे ववहारस्स य णिच्छयदण्हू ववदिसंति ॥६०॥

પંથે લુંટાતો દેખીને રે, કહે વ્યવહારી લોકો ય; પુદ્.
લુંટાઈ રહ્યો છે પંથ આ રે, ન જ પંથ લુંટાયે કોય... પુદ્. ૫૮
તેમ જીવમાં કર્મ-નોકર્મનો રે, વર્ણ દેખીને એમ; પુદ્.
'જીવનો આ વર્ણ' વ્યવહારથી રે, કહેવાયો જિનોથી તેમ. પુદ્. ૫૯
ગંધ રસ સ્પર્શ રૂપ દેહ તે રે, જેય સંસ્થાન આદિક તેમ. પુદ્.
તેહ સર્વેય વ્યવહારના મતે રે, કથે નિશ્ચય દૃષ્ટા એમ... પુદ્. ૬૦

ગાથાર્થ - પંથમાં (માર્ગમાં) કોઈને લૂંટાતો દેખીને વ્યવહારી લોકો કહે છે - 'આ પંથ (માર્ગ) લૂંટાય છે, પણ પંથ (માર્ગ) તો કોઈ લૂંટાતો નથી. ૫૮

તેમ જીવમાં કર્મોનો અને નોકર્મોનો વર્ણ દેખીને 'જીવનો આ વર્ણ' જિનોએ વ્યવહારથી કહેવામાં આવ્યો છે. ૫૯

ગંધ-રસ-સ્પર્શ-રૂપ, દેહ, સંસ્થાનાદિક જે છે, તે સર્વ વ્યવહારના અભિપ્રાયે નિશ્ચય દૃષ્ટાઓ વ્યપદેશે (નિર્દેશે) છે. ૬૦

आत्मख्याति टीका

कथं तर्हि व्यवहारोऽविरोधक इति चेत् -

पथि मुष्यमाणं दृष्ट्वा लोका भणंति व्यवहारिणः ।
मुष्यते एष पंथा न च पंथा मुष्यते कश्चित् ॥५८॥
तथा जीवे कर्मणां नोकर्मणां च दृष्टवा वर्णं ।
जीवस्यैष वर्णो जिनैर्व्यवहारतः उक्तः ॥५९॥
गंधरसस्पर्शरूपाणि देहः संस्थानादयो ये च ।
सर्वे व्यवहारस्य च निश्चयदृष्टारो व्यपदिशंति ॥६०॥

आत्मभावना -

कथं तर्हि व्यवहारोऽविरोधकः - તો પછી વ્યવહાર કેવી રીતે અવિરોધક - વિરોધ નહિ પામતો એવો છે ? इति चेत् - એમ જો પૂછો - જો શંકા કરો તો આ નીચેની ગાથામાં તેનો ઉત્તર કરીએ છીએ. पथि मुष्यमाणं दृष्ट्वा - પથમાં - માર્ગમાં લૂંટાતો દેખીને, व्यवहारिणः लोका भणंति - વ્યવહારીઓ એવા લોકો કહે છે :- मुष्यते एव पंथा - આ પંથ - માર્ગ લૂંટાય છે, न च पंथा कश्चित् मुष्यते - પણ પંથ કોઈ લૂંટાતો નથી, तथा - તેમ જીવે - જીવમાં कर्मणां नोकर्मणां च वर्णं दृष्ट्वा - કર્મોનો અને નોકર્મોનો વર્ણ દેખીને, जीवस्यैष वर्णः 'જીવનો આ વર્ણ', जिनैः - જિનોથી व्यवहारतः उक्तः - વ્યવહારથી કહેવામાં આવ્યો છે. ॥૫૮-૫૯॥ गंधरसस्पर्शरूपाणि - ગંધ-રસ-સ્પર્શ-રૂપ देहः ये च संस्थानादयो - દેહ અને જે સંસ્થાનાદિ सर्वे - સર્વે व्यवहारस्य च - વ્યવહારના અભિપ્રાયે જ निश्चयदृष्टारो व्यपदिशंति - નિશ્ચયદૃષ્ટાઓ વ્યપદેશે છે - નિર્દેશે છે - કહે છે. ॥૬૦॥ इति **गाथा** આત્મભાવના ॥૫૮-૬૦॥

यथा
पथि प्रस्थितं
कंचित्सार्थं **मुष्यमाणमवलोक्य**
तात्स्थ्यात्तदुपचारेण
मुष्यत एष पन्था
इति व्यवहारिणां व्यपदेशेपि
न निश्चयतो विशिष्टाकाशदेशलक्षणः
कश्चिदपि पंथा मुष्येत ।

तथा
जीवे बंधपर्यायेणावस्थित -
कर्मणो नोकर्मणो वा वर्णमुत्प्रेक्ष्य
तात्स्थ्यात्तदुपचारेण
जीवस्यैष वर्ण
इति व्यवहारतोर्हद्देवानां प्रज्ञापनेपि
न निश्चयतो नित्यमेवामूर्त्तस्वभावस्यो -
पयोगगुणाधिकस्य जीवस्य कश्चिदपि वर्णोऽस्ति ।

एवं **गंधरसस्पर्शरूपशरीरसंस्थान**संहननरागद्वेषमोहप्रत्ययकर्मनोकर्म वर्गवर्गणास्पर्द्धकाध्यात्मस्थानानुभागस्थानयोगस्थानबंधस्थानोदयस्थानमार्गणास्थानस्थितिबंधस्थानसंक्लेशस्थानविशुद्धिस्थान संयमलब्धिस्थानजीवस्थानगुणस्थानान्यपि **व्यवहारतोर्हद्देवानां प्रज्ञापनेपि निश्चयतो** नित्यमेवामूर्त्तस्वभावस्योपयोगगुणेनाधिकस्य जीवस्य सर्वाण्यपि **न** संति तादात्म्यलक्षणसंबंधाभावात् ॥५८-५९-६०॥

આત્મખ્યાતિ ટીકાર્થ

જેમ
જેમ પથે પ્રસ્થિત
કોઈ સાર્થને લૂંટાતો અવલોકીને
તાત્સ્થ્યથી તેના ઉપચારથી
'આ પંથ લૂંટાય છે'
એમ વ્યવહારીઓનો વ્યપદેશ છતાં,
નિશ્ચયથી વિશિષ્ટ આકાશ દેશ લક્ષણ
કોઈ પણ પંથ લૂંટાય નહિ :

તેમ
જીવમાં બંધપર્યાયથી અવસ્થિત
કર્મનો-નોકર્મનો વર્ણ ઉત્પ્રેક્ષીને
તાત્સ્થ્યથી (ત્યાં સ્થિતપણાને લીધે) તેના ઉપચારથી
'જીવનો આ વર્ણ'
એમ વ્યવહારથી અર્હદ્દેવોનું પ્રજ્ઞાપન છતાં,
નિશ્ચયથી-નિત્યમેવ અમૂર્ત્તસ્વભાવી
ઉપયોગગુણાદિ જીવનો કોઈ પણ વર્ણ છે નહિ.

यथा - જેમ पथि प्रस्थितं - પથમાં - માર્ગમાં પ્રસ્થિત - સ્થિતિ કરી રહેલ कंचित्सार्थं मुष्यमाणमवलोक्य - કોઈ સાર્થને લૂંટાઈ રહેલો અવલોકીને, तात्स्थ्यात्तदुपचारेण - तात्स्थ्यथी - ત્યાં પંથમાં સ્થિતિ કરવાપણાને લીધે तदुपचारथी - તે લૂંટાતા સાર્થના ઉપચારથી मुष्यत एष पन्थाः - 'આ પંથ લૂંટાય છે', इति व्यवहारिणां व्यपदेशेपि - એમ વ્યવહારીઓનો વ્યપદેશ - નિર્દેશ - કથન પ્રકાર છતાં, न निश्चयतो विशिष्टाकाशदेशलक्षणः कश्चिदपि पंथा मुष्येत - નિશ્ચયથી (તો) વિશિષ્ટ આકાશદેશ લક્ષણ છે જેનું એવો કોઈ પણ પંથ-માર્ગ લૂંટાય નહિ.

तथा - તેમ જીવે - જીવમાં बंधपर्यायेणावस्थितकर्मणो नोकर्मणो वर्णमुत्प्रेक्ष्य - બંધ પર્યાયથી અવસ્થિત કર્મનો નોકર્મનો વર્ણ ઉત્પ્રેક્ષીને, तात्स्थ्यात्तदुपचारेण - तात्स्थ्यथी - ત્યાં જીવમાં સ્થિતિ કરવાપણાને લીધે तदुपचारथी - તે કર્મ - નોકર્મના ઉપચારથી जीवस्यैष वर्ण - 'જીવનો આ વર્ણ', इति व्यवहारतोर्हद्देवानां प्रज्ञापनेपि - એમ વ્યવહારથી અર્હદ્ દેવોનું પ્રજ્ઞાપન છતાં, नित्यमेवामूर्त्तस्वभावस्य उपयोगगुणाधिकस्य जीवस्य - નિત્યમેવ અમૂર્ત્તસ્વભાવી ઉપયોગ ગુણથી અધિક એવા જીવનો निश्चयतो - નિશ્ચયથી न कश्चिदपि वर्णोऽस्ति - કોઈ પણ વર્ણ છે નહિ.

एवं - એમ - એ જ પ્રકારે गंधरस... जीवस्थानगुणस्थानान्यपि - ગંધ-રસ... જીવસ્થાન-ગુણસ્થાન પણ, व्यवहारतो - વ્યવહારથી अर्हद्देवानां प्रज्ञापन - અર્હદ્ દેવોનું પ્રજ્ઞાપન છતાં, सर्वाण्यपि - સર્વેય, नित्यमेवामूर्त्त स्वभावस्य उपयोग गुणेनाधिकस्य जीवस्य - નિત્યમેવ અમૂર્ત્તસ્વભાવી ઉપયોગ ગુણથી અધિક એવા જીવના निश्चयतः - નિશ્ચયથી न संति - છે નહિ, શાને લીધે ? तादात्म्यलक्षणसंबंधाभावात् - તાદાત્મ્યલક્ષણ - તાદાત્મકપણા રૂપ સંબંધના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥

એમ ગંધ-રસ-સ્પર્શ-રૂપ-શરીર-સંસ્થાન-સંહનન, રાગ, દ્વેષ-મોહ, પ્રત્યય-કર્મ-નોકર્મ-વર્ગ-વર્ગણા, અધ્યાત્મસ્થાન - અનુભાગસ્થાન - યોગસ્થાન - બંધસ્થાન - ઉદયસ્થાન - માર્ગણાસ્થાન - સ્થિતિબંધ સ્થાન - સંક્લેશ સ્થાન - વિશુદ્ધિસ્થાન - સંયમલબ્ધિ સ્થાન, જીવસ્થાન - ગુણસ્થાન પણ - વ્યવહારથી અર્હદ્ દેવોનું પ્રજ્ઞાપન છતાં - નિશ્ચયથી નિત્યમેવ અમૂર્ત્તસ્વભાવી ઉપયોગ ગુણથી અધિક એવા જીવના સર્વેય છે નહિ, - તાદાત્મ્યલક્ષણ સંબંધના અભાવને લીધે. ૫૮-૫૯-૬૦

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દેહધારી આત્મા પંથી છે અને દેહ એ ઝાડ છે, આ દેહરૂપી ઝાડમાં (નિત્યે) જીવરૂપી પંથી વટેમાર્ગુ થાક લેવા બેઠો છે. તે પંથી ઝાડને જ પોતાનું કરી માને એ કેમ ચાલે ?''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૬૬), ઉપદેશ નોંધ, ૩૫

''પંથી જન લૂંટતાં ચોરને જેમ ભણે, વાટે કો લુંટિયે તેમજ મૂઢો ગિણે,
એક ક્ષેત્રે મલ્યા અણુતણી દેખતો, વિકૃતિ એ જીવની પ્રકૃતિ ઉવેખતો.''

- શ્રી યશોવિજયજી કૃત સાડા ત્ર.ગાથા.સ્ત. ૧૬-૫

ઉપરમાં એમ કહ્યું કે 'વર્ણાદિ જીવના' વ્યવહારનયની અપેક્ષાએ ભગવાન્ જિનોએ કહ્યા છે અને નિશ્ચયથી - તત્ત્વથી તો તેમ નથી, તો પછી અભૂતાર્થ એવો તે વ્યવહાર અવિરોધક કેમ છે ? વિરોધ નહિ પામતો એવો કેમ છે ? તેનો ખુલાસો કરતાં શાસ્ત્રકર્ત્તા **પરમર્ષિએ (કુંદકુંદાચાર્યજીએ)** અત્રે 'લૂંટાતા પંથ'નું લોકપ્રસિદ્ધ સુંદર દૃષ્ટાંત રજૂ કર્યું છે અને આત્મખ્યાતિ કર્ત્તા **પરમર્ષિએ (અમૃતચંદ્રાચાર્યજીએ)** તેનું તાદૃશ્ય સ્વભાવોક્તિમય સુંદર શબ્દચિત્ર આલેખી બિંબ પ્રતિબિંબ ભાવથી તે સાંગોપાંગ વિવરી દેખાડી પરમાર્થ પરિસ્ફુટ પ્રકાશ્યો છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

'આ પંથ લૂંટાણો' તેની જેમ વ્યવહારથી જીવનો આ વર્ણ ઈ.

જેમ પંથે - માર્ગે ચાલ્યા જતા સાર્થને-પથિક સમૂહને લૂંટાતો દેખીને 'તાત્સ્થ્યાત્' - તાત્સ્થ્યથી - તત્રસ્થપણાથી - ત્યાં તે સ્થિતિ કરી રહ્યો હોવાના કારણે 'આ માર્ગ લૂંટાય છે' - 'મુષ્યત એષ પંથાઃ' એમ આરોપ રૂપ તેના 'ઉપચારથી' વ્યવહારીઓનો - વ્યવહારી જનોનો 'વ્યપદેશ' - નિર્દેશ - કથન પ્રકાર છે, છતાં 'નિશ્ચયથી' - તત્ત્વથી - પરમાર્થથી જોઈએ તો વિશિષ્ટ આકાશ પ્રદેશ રૂપ લક્ષણવાળો કોઈ પણ પંથ-માર્ગ ખરેખર ! લૂંટાતો નથી, તેમ જીવમાં 'બંધ પર્યાયથી' કર્મનો ને નોકર્મનો વર્ણ (રંગ) 'ઉત્પ્રેક્ષીને' - જાણે અવલોકીને - જાણે પ્રતિભાસ પામીને 'તાત્સ્થ્યથી' - તત્રસ્થપણાથી - ત્યાં તે સ્થિતિ કરી રહ્યો હોવાના કારણે 'જીવનો આ વર્ણ' 'जीवस्यैष वर्ण' એમ આરોપ રૂપ તેના 'ઉપચારથી' વ્યવહારથી **ભગવત્ અર્હત્ દેવોનું** પ્રજ્ઞાપન - પ્રરૂપણ છે. છતાં, 'इति व्यवहारतो भगवदर्हद्देवानां प्रज्ञापनेपि', નિશ્ચયથી તત્ત્વથી - પરમાર્થથી જોઈએ તો નિત્યમેવ - સદાય અમૂર્ત્ત સ્વભાવી 'ઉપયોગ ગુણાધિક' જીવોનો કોઈ પણ વર્ણ છે નહિ. અર્થાત્ જીવ-પુદ્ગલનો અનાદિ સંશ્લેષ રૂપ - સંયોગ સંબંધ રૂપ બંધપર્યાય છે, તેથી જીવ-પુદ્ગલની એક ક્ષેત્રાવગાહપણે સહસ્થિતિ છે (Co-existence), એટલે 'તાત્સ્થ્યથી' - ત્યાં જીવમાં સંયોગ સંબંધે સ્થિતિ કરી રહ્યો હોવાના કારણે કર્મનો ને નોકર્મનો વર્ણ જાણે જીવમાં પડે છે એમ પ્રતિભાસપણે દેખીને - 'ઉત્પ્રેક્ષીને' આરોપ રૂપ તેના ઉપચારથી 'જીવનો આ વર્ણ' એમ વ્યવહાર નયની અપેક્ષાએ વિશ્વની પૂજાના પરમ પાત્ર - પરમ પૂજાર્હ - અર્હત્ અને અનંત જ્ઞાનાદિ દિવ્ય આત્મગુણ સંપન્ન એવા

---

* ''मुषितत्वं यथा पांथगतं पथ्युपचर्यते ।
तथा व्यवहारताश्रिदूपे कर्मविक्रियाम् ॥
स्वत एव समायाति कर्मण्यारब्धशक्तितः ।
एकक्षेत्रावगाहेन ज्ञानी तत्र नवोचभाक् ॥'' - श्री यशोविजयजी कृत अध्यात्मोपनिषद् २-३१-३२


પરમપૂજ્ય અર્હત્ દેવોની પ્રરૂપણા છે - પ્રજ્ઞાપના છે અને આ પરમ આપ્ત - પરમ પ્રમાણભૂત અર્હત્ દેવોની - શ્રીમદ્ જિનેશ્વર ભગવાનોની પ્રજ્ઞાપના - પ્રરૂપણા હોઈ, અમને પણ તે વ્યવહારનય પ્રરૂપણા પરમ માન્ય છે, પરમ સંમત છે, પરમ શિરસાવંદ્ય છે. છતાં તે જ ભગવાને પ્રરૂપેલા નિશ્ચનયની અપેક્ષાએ જો વિચારીએ તો નિશ્ચયથી - તત્ત્વથી - પરમાર્થથી આ આત્મા **'નિત્ય જ અમૂર્ત્ત સ્વભાવી'** અને **'ઉપયોગ ગુણથી અધિક'** છે. એટલે કે બીજા કોઈ પણ દ્રવ્યમાં જ્ઞાન-દર્શન રૂપ ઉપયોગ ગુણ છે નહિ અને માત્ર એક જીવમાં જ આ ગુણ છે, એટલે ચૈતન્ય પરિણામ રૂપ ચૈતન્યમય આ જ્ઞાન દર્શન રૂપ ઉપયોગ ગુણથી આ જીવ બીજા બધા દ્રવ્ય કરતાં **'અધિક'** - અતિશાયિ - અતિશયવંત છે અને એટલે જ તે બીજા બધા દ્રવ્યોથી જૂદો જ તરી આવે એવો **'અતિરિક્ત'** છે. આવા જ્ઞાન-દર્શન રૂપ સર્વાતિશાયિ - સર્વાતિરિક્ત ઉપયોગ ગુણ સંપન્ન સદા અમૂર્ત્ત સ્વભાવી આત્મામાં ઈંદ્રિય ગ્રાહ્ય એવા મૂર્ત્ત પુદ્ગલના કોઈ પણ મૂર્ત્ત ગુણની ત્રણે કાળમાં સંભાવના છે જ નહિ. એટલે નિશ્ચયનયની દૃષ્ટિએ જીવનો કોઈ પણ વર્ણ છે નહિ.

''પ્રદેશે પ્રદેશે જીવના ઉપયોગને આકર્ષક એવા આ સંસારને વિષે એક સમય માત્ર પણ અવકાશ લેવાની જ્ઞાની પુરુષોએ હા કહી નથી, કેવલ તે વિષે નકાર કહ્યો છે. તે આકર્ષણથી ઉપયોગ જો અવકાશ પામે તો તે જ સમયે તે આત્માપણે થાય છે. તેજ સમયે આત્માને વિષે તે ઉપયોગ અનન્ય થાય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૬૫)**

એ જ પ્રકારે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન, સંહનન, રાગ, દ્વેષ, મોહ, પ્રત્યય, કર્મ, નોકર્મ, વર્ગ, વર્ગણા, સ્પર્દ્ધક, અધ્યાત્મસ્થાન, અનુભાગ સ્થાન, યોગસ્થાન, બંધસ્થાન, ઉદયસ્થાન, માર્ગણા સ્થાન, સ્થિતિબંધ સ્થાન, સંક્લેશ સ્થાન, વિશુદ્ધિ સ્થાન, સંયમલબ્ધિ સ્થાન, જીવસ્થાન અને ગુણસ્થાન પણ વ્યવહારથી જીવના છે, એમ પરમપૂજ્ય **અર્હત્ દેવોનું પ્રજ્ઞાપન - પ્રરૂપણ છતાં,** નિશ્ચયથી નિત્યમેવ - સદાય અમૂર્ત્ત સ્વભાવી ને ઉપયોગ ગુણથી અધિક એવા જીવના તે સર્વેય છે નહિ. કારણકે જીવનો અને તે તે વર્ણ-ગંધાદિ પુદ્ગલ દ્રવ્ય પરિણામોના તાદાત્મ્ય લક્ષણ સંબંધનો અભાવ છે, છે નહિ, માત્ર બન્નેનો સંયોગસંબંધ છે અને જ્યાં તાદાત્મ્યસંબંધનો અભાવ છે, ત્યાં પછી વર્ણાદિ કોઈ જીવના સંભવતા નથી, 'तादात्म्यलक्षणसंबंधाभावात्' ।

''આત્મા કેવી અપૂર્વ વસ્તુ છે ! જ્યાં સુધી શરીરમાં હોય, ભલેને હજારો વરસ, ત્યાં સુધી શરીર સડતું નથી. પારાની જેમ આત્મા. ચેતન ચાલ્યું જાય અને શરીર શબ થઈ પડે અને સડવા માંડે !''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૬૬, પૃ. ૬૯૯, ઉપદેશ નોંધ, ૩૫



જીવનો વર્ણાદિ સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ કયા કારણથી છે નહિ ? તો કે -

तत्थ भवे जीवाणं संसारत्थाण होंति वण्णादी ।
संसारपमुक्काणं णत्थि हु वण्णादओ केई ॥६१॥

તેમાં - ભવમાં સંસારસ્થ જીવના રે, વર્ણાદિ સમસ્ત તે હોય. પુ.
પણ સંસાર વિમુક્ત જીવના રે, નથી વર્ણાદિ નિશ્ચય કોય. પુદ્. ૬૧

ગાથાર્થ - તેમાં, ભવમાં (સંસારમાં) સંસારસ્થ જીવોના વર્ણાદિ હોય છે, પણ સંસાર પ્રમુક્ત જીવોના વર્ણાદિ કોઈ નિશ્ચયે કરીને નથી જ. ૬૧

आत्मख्याति टीका

कुतो जीवस्य वर्णादिभिः सह तादात्म्यलक्षणः संबंधो नास्तीति चेत् -

तत्र भवे जीवानां संसारस्थानां भवंति वर्णादयः ।
संसारप्रमुक्तानां न संति खलु वर्णादयः केचित् ॥६१॥

यत् किल सर्वास्वप्यवस्थासु
यदातकत्वेन व्याप्तं भवति
यदात्मकत्वव्याप्तिशून्यं न भवति
तस्य तैः सह तादात्म्यलक्षणः संबंधः स्यात् ।

ततः सर्वास्वप्यवस्थासु
वर्णाद्यात्मकत्वव्याप्तस्य भवतो
वर्णाद्यात्मकत्वव्याप्तिशून्यस्याभवतश्च
पुद्गलस्य वर्णादिभिः सह तादात्म्यलक्षणः संबंध स्यात् ।

संसारावस्थायां
कथंचिद् **वर्णाद्यात्मकत्वव्याप्तस्य भवतो**
वर्णाद्यात्मकत्मकत्वव्याप्तिशून्यस्याभवतश्च

मोक्षावस्थायां
सर्वथा वर्णाद्यात्मकत्वव्याप्तिशून्यस्य भवतो
वर्णाद्यात्मकत्वव्याप्तस्याभवतश्च

जीवस्य वर्णादिभिः सह तादात्म्यलक्षणः संबंधो न कथंचनापि स्यात् ॥६१॥

आत्मभावना -

कुतो जीवस्य वर्णादिभिः सह तादात्म्यलक्षणः संबंधः नास्ति - **જીવનો વર્ણાદિ સાથે તાદાત્મ્ય લક્ષણ સંબંધ કયા કારણથી નથી ?** इति चेत् - **એમ જો પૂછો, શંકા કરો તો તેનો ઉત્તર કહીએ છીએ** - तत्र भवे - **તેમાં ભવમાં** जीवानां संसारस्थानां - **જીવોના સંસારસ્થ** - એવાઓના वर्णादयः भवंति - **વર્ણાદિ હોય છે,** संसारप्रमुक्तानां - **સંસાર પ્રમુક્ત** - **સંસારથી પ્રકૃષ્ટપણે સર્વથા મુક્ત થયેલા** એવાઓના वर्णादयः केचित् खलु न संति - **વર્ણાદિ કોઈ નિશ્ચયે કરીને છે નહીં.** ॥ इति गाथा आत्मभावना ॥६१॥

यत् किल - **જે ખરેખર ! નિશ્ચયે કરીને** सर्वास्वप्यवस्थासु - **સર્વેય અવસ્થાઓમાં** यदात्मकत्वेन व्याप्तं भवति - **યદાત્મકપણાથી - જે સ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે,** यदात्मकत्वव्याप्तिशून्यं न भवति - **યદાત્મકપણાની - જે સ્વરૂપપણાની વ્યાપ્તિથી શૂન્ય રહિત નથી હોતું,** तस्य - **તેનો** तैः सह - **તેઓ સાથે** तदात्म्यलक्षणः संबंधः स्यात् - **તાદાત્મ્યલક્ષણ સંબંધ હોય.** ततः - **તેથી** सर्वास्वप्यवस्थासु - **સર્વેય અવસ્થાઓમાં** वर्णाद्यात्मकत्वव्याप्तस्य भवतो - **વર્ણાદિ આત્મકપણાથી વ્યાપ્ત હોતા,** वर्णाद्यात्मकत्वव्याप्तिशून्यस्याभवतश्च - **અને વર્ણાદિ આત्मકપણાની વ્યાપ્તિથી શૂન્ય-રહિત નહિ હોતા એવા** पुद्गलस्य - **પુદ્ગલનો** वर्णादिभिः सह - **વર્ણાદિ સાથે** तादात्म्यकलक्षणः संबंधः स्यात् - **તાદાત્મ્યલક્ષણ સંબંધ હોય.**

संसारावस्थायां - **સંસાર અવસ્થામાં** कथंचिद् - **કથંચિત્, કોઈ અપેક્ષાએ** वर्णाद्यात्मकत्वव्याप्तस्य भवतो - **વર્ણાદિ આત્મકપણાથી વ્યાપ્ત હોતા,** वर्णाद्यात्मकत्वव्याप्तिशून्यस्याभवतश्च - **અને વર્ણાદિ આત્મકપણાની વ્યાપ્તિથી શૂન્ય-રહિત નહિ હોતા અને મોક્ષાવસ્થાયાં - મોક્ષ અવસ્થામાં** सर्वथा - **સર્વથા, સર્વ પ્રકારે.** वर्णाद्यात्मकत्वव्याप्तिशून्यस्य भवतो - **વર્ણાદિआત્મકપણાની વ્યાપ્તિથી શૂન્ય-રહિત હોતા,** वर्णाद्यात्मकत्व व्याप्तस्याभवतश्च - **અને વર્ણાદિ આત્મકપણાથી વ્યાપ્ત નહિ હોતા એવા** जीवस्य - **જીવનો** वर्णादिभिः सह - **વર્ણાદિ સાથે** तादात्म्यलक्षणः संबंधो - **તાદાત્મ્યલક્ષણ સંબંધ** न कथंचनापि स्यात् - **કોઈ પણ પ્રકારે ન હોય.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥६२॥

આત્મખ્યાતિ ટીકાર્થ

(૧) જે નિશ્ચયે કરીને સર્વેય અવસ્થાઓને વિષે	તેથી કરીને સર્વેય અવસ્થાઓને વિષે
યદાત્મકપણાથી વ્યાપ્ત હોય છે	વર્ણાદિ આત્મકપણાથી વ્યાપ્ત હોતા
(અને) યદાત્મકપણાની વ્યાપ્તિથી શૂન્ય નથી હોતું,	અને વર્ણાદિ આત્મકપણાની વ્યાપ્તિથી શૂન્ય નહિ હોતા
તેનો તેઓની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ હોય :	પુદ્ગલનો વર્ણાદિ સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ હોય.
(૨) સંસાર અવસ્થાને વિષે	**મોક્ષ અવસ્થાને વિષે**
કથંચિત્ વર્ણાદિ આત્મકપણાથી વ્યાપ્ત હોતા	સર્વથા વર્ણાદિ આત્મકપણાની વ્યાપ્તિથી શૂન્ય હોતા
અને વર્ણાદિ આત્મકપણાની વ્યાપ્તિથી અશૂન્ય	અને વર્ણાદિ આત્મકપણાથી વ્યાપ્ત ન હોતા,

હોતા છતાં,

- એવા જીવનો વર્ણાદિ સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ કોઈપણ પ્રકારે ન હોય. ૬૧

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અન્ય સંબંધી જે તાદાત્મ્યપણું છે તે તાદાત્મ્યપણું નિવૃત્ત થાય, તો સહજ સ્વભાવે આત્મા મુક્ત જ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૬૨), ૫૪૩**

''જીવ નવિ પુગ્ગલી, નૈવ પુગ્ગલ કદા, પુગ્ગલાધાર નવિ તાસ રંગી;
પર તણો ઈશ નહિ અપર ઐશ્વર્યતા, વસ્તુધર્મે ન કદા પરસંગી...''

- શ્રી દેવચંદ્રજી (સુમતિ જિનસ્તવન)


સંસારસ્થ જીવોના વર્ણાદિ, મુક્તોના નહિ, તેથી તાદાત્મ્ય સંબંધ નથી

વર્ણાદિ સમસ્ત ભાવ પુદ્ગલાત્મક છે, જીવના નથી, કારણકે તે તે વર્ણાદિ સાથે જીવનો તાદાત્મ્યલક્ષણ સંબંધ નથી એમ પૂર્વે કહ્યું. એટલે શિષ્ય આશંકા કરે છે કે - હે સદ્ગુરુ દેવ ! જીવનો તે તે વર્ણાદિ સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ કેમ - કયા કારણે નથી ? તે પ્રકાશો. તેનું સમાધાન કરતાં શ્રી સદ્ગુરુ પ્રકાશે છે કે - 'તેમાં પણ - સંસારસ્થ - સંસારમાં સ્થિતિ કરતાં સંસારી જીવોના વર્ણાદિ હોય છે, પણ સંસારપ્રમુક્ત - સંસારથી સર્વથા મુક્ત થયેલા જીવોના વર્ણાદિ કોઈ છે નહિ.' આ જ એમ સૂચવે છે કે, પુદ્ગલરૂપ વર્ણાદિ સાથે જીવનો તાદાત્મ્યલક્ષણ સંબંધ છે જ નહિ અને તે **આત્મખ્યાતિકાર પરમર્ષિએ** ન્યાયની પરિભાષામાં સાધર્મ્ય-વૈધર્મ્ય (Comparision by contrast) દર્શાવતી પ્રસ્પષ્ટ સમર્થ યુક્તિથી સંસિદ્ધ કરી નિષ્ણુષ વિવરી દેખાડ્યું છે.

યદ્ - જે **સર્વેય અવસ્થાઓમાં** - 'सर्वास्वप्यवस्थासु - જે આત્મકપણાથી વ્યાપ્ત - વ્યાપેલું હોય છે અને જે - આત્મકપણાની વ્યાપ્તિથી શૂન્ય - રહિત નથી હોતું - ખાલી નથી હોતું, 'यदात्मकत्वेन व्याप्तं भवति यदात्मकत्वव्याप्तिशून्यं न भवति', તેનો તેઓની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ હોય, 'तस्य तैः सह तादात्म्यलक्षणः संबंधः स्यात्', તેથી સર્વેય અવસ્થાઓમાં વર્ણાદિ આત્મકપણાથી વ્યાપ્ત હોતા અને વર્ણાદિ આત્મકપણાની વ્યાપ્તિથી શૂન્ય નહિ હોતા પુદ્ગલનો વર્ણાદિ સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ હોય. પણ 'संसारावस्थायां' - **સંસાર અવસ્થામાં** 'कथंचित्' - કથંચિત્ - કોઈ પ્રકારે વર્ણાદિ આત્મકપણાથી વ્યાપ્ત હોતા અને વર્ણાદિ આત્મકપણાની વ્યાપ્તિથી શૂન્ય - રહિત નહિ હોતા છતાં, 'मोक्षावस्थायां' - **મોક્ષ અવસ્થામાં** સર્વથા - 'सर्वथा' - વર્ણાદિ આત્મકપણાની વ્યાપ્તિથી શૂન્ય હોતા અને વર્ણાદિ આત્મકપણાથી વ્યાપ્ત નહિ હોતા, એવા જીવનો વર્ણાદિ સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ 'કથંચન પણ' - 'कथंचनापि' - કોઈ પણ પ્રકારે ન હોય.

અર્થાત્ જે સમસ્ત જ અવસ્થાઓમાં જે - આત્મકપણાથી - જે રૂપપણાથી વ્યાપ્ત - વ્યાપેલું હોય છે અને જે - આત્મકપણાની વ્યાપ્તિથી કદી પણ શૂન્ય - ખાલી નથી હોતું, તેનો તેઓની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ હોય. આ તે ને તે આ એવો તાદાત્મ્યપણારૂપ સંબંધ (Identical relation, Identity) - એકાત્મપણારૂપ સંબંધ હોય, આ ત્રણે કાળમાં ન ફરે એવો નિશ્ચય સિદ્ધાંત રૂપ નિયમ (Rule) છે. હવે આ તાદાત્મ્યલક્ષણ સંબંધની પરીક્ષા પુદ્ગલ અને વર્ણાદિ પરત્વે કરીએ તો સ્પષ્ટ જણાય છે કે - સર્વેય અવસ્થાઓને વિષે પુદ્ગલ વર્ણાદિઆત્મકપણાથી સદા વ્યાપ્ત હોય છે અને વર્ણાદિ આત્મકપણાની વ્યાપ્તિથી કદી પણ શૂન્ય-ખાલી-રહિત હોતું નથી, આમ તાદાત્મ્યલક્ષણની બન્ને શરતો (Conditions, Postulates) અત્રે અન્વય-વ્યતિરેકથી પરિપૂર્ણ (fulfilled) થાય છે, એટલે તે પુદ્ગલનો તે વર્ણાદિ સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ હોય. પણ જીવની બાબતમાં જોઈએ તો આથી ઉલટી જ - જૂદી જ સ્થિતિ પ્રવર્ત્તે છે. કારણકે સંસાર અવસ્થામાં 'કથંચિત્' - કોઈ પ્રકારે - કોઈ અપેક્ષાએ (some how relatively) વર્ણાદિઆત્મકપણાથી વ્યાપ્ત અને વર્ણાદિ આત્મકપણાની વ્યાપ્તિથી અશૂન્ય જીવ હોય છે, છતાં મોક્ષ અવસ્થામાં તો જીવ 'સર્વથા' - સર્વ પ્રકારે (altogether, absolutely) વર્ણાદિઆત્મકપણાની વ્યાપ્તિથી શૂન્ય-રહિત-ખાલી હોય છે અને વર્ણાદિઆત્મકપણાથી વ્યાપ્ત નથી હોતો, આમ અમુક અવસ્થામાં વર્ણાદિ સાથે વ્યાપ્તિ અને અમુક અવસ્થામાં અવ્યાપ્તિ હોવાથી, સર્વ અવસ્થાઓમાં જીવની વર્ણાદિ સાથે વ્યાપ્તિ નથી. એટલે તાદાત્મ્ય લક્ષણ સંબંધનો ઉપરોક્ત નિયમ અત્ર અન્વય - વ્યતિરેકથી લાગુ પડતો નહિ હોવાથી 'जीवस्य वर्णादिभिः - જીવનો વર્ણાદિ સાથે કોઈ પણ પ્રકારે તાદાત્મ્ય સંબંધ છે જ નહિ એમ સિદ્ધ થયું. 'तादात्म्यलक्षणः संबंधः न कथंचनापि स्यात्'

''આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું. પરવસ્તુના ત્યાગી થવું. જેટલા પોતાની પુદ્ગલિક મોટાઈ ઈચ્છે છે તેટલા હલકા સંભવે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૫૮), ૮૫**



* ''आत्मनस्तदजीवेभ्यो विभिन्नत्वं व्यवस्थितम् ।
व्यक्तिभेदनयादेशादजीवत्वमपीष्यते ॥
अजीवा जन्मिनः शुद्धभावप्राणव्यपेक्षया ।
सिद्धाश्च निर्मलज्ञाना द्रव्यप्राणव्यपेक्षया ॥
इंद्रियाणि बलं श्वासोच्छ्वासो ह्यायुस्तथा परम् ।
द्रव्यप्राणाश्चतुर्भेदाः पर्यायाः पुद्गलाश्रिताः ।
एतत्प्रकृतिभूताभिः शाश्वतीभिस्तु शक्तिभिः ।
जीवत्यात्मा सदेत्येषा शुद्धद्रव्यनयस्थितिः ॥
जीवो जीवति न प्राणैर्विना तैरेव जीवति ।
इदं चित्रं चरित्रं के इंत पर्यनुयुंजताम् ॥'' - श्री यशोविजयजी कृत अ.सा. आ.नि.अ. ५७-५८

અને જીવના વર્ણાદિ સાથે તાદાત્મ્યના દુરભિનિવેશમાં આ દોષ છે -

जीवो चेव हि एदे सव्वे भावात्ति मण्णसे जदि हि ।
जीवस्साजीवस्स य णत्थि विसेसो दु दे कोई ॥६२॥

અને જીવ જ એ સર્વ ભાવ છે રે, એમ માનતો હોય તું જોય. પુદ્ગ.
તો જીવનો અને અજીવનો રે, નથી વિશેષ તાહરે કોય... પુદ્ગ. ૬૨

ગાથાર્થ - અને આ સર્વેય ભાવો જીવ જ છે એમ જો તું માને છે, તો તારા મતે જીવનો અને અજીવનો કોઈ વિશેષ (તફાવત) નથી ! ૬૨

आत्मख्याति टीका

जीवस्य वर्णादितादात्म्यदुरभिनिवेशे दोषश्चायं -

जीवश्चैव ह्येते सर्वे भावा इति मन्यसे यदि हि ।
जीवस्याजीवस्य च नास्ति विशेषस्तु ते कश्चित् ॥६२॥

यथा
वर्णादयो भावाः
क्रमेण भाविताविर्भावतिरोभावाभि -
स्ताभिस्ताभि र्व्यक्तिभिः
पुद्गलद्रव्यमनुगच्छंतः
पुद्गलस्य वर्णादितादात्म्य प्रथयतिः

तथा
वर्णादयो भावाः
क्रमेण भाविताविर्भावतिरोभावाभि -
स्तानिभिस्ताभि र्व्यक्तिभिः
जीवमनुगच्छंतो
जीवस्य वर्णादितादात्म्यं प्रथयती**ति यस्याभिनिवेशः**
तस्य

शेषद्रव्यासाधारणस्य वर्णाद्यात्मकत्वस्य पुद्गललक्षणस्य जीवेन स्वीकरणा**ज्जीवपुद्गलयोरविशेष**प्रसक्तौ सत्यां पुद्गलेभ्यो भिन्नस्य जीवद्रव्यस्याभावाद् भवत्येव जीवाभावः ॥६२॥

आत्मभावना -

जीवस्य वर्णादितादात्म्यदुरभिनिवेशे दोषश्चायं અને જીવના વર્ણાદિ સાથે તાદાત્મ્યના - તાદાત્મકપણાના દુરભિનિવેશમાં - દુરાગ્રહમાં આ - નીચેની ગાથામાં બતાવવામાં આવે છે તે દોષ છે - एते हि सर्वे भावाः जीव **श्चैव** - આ જ સર્વે ભાવો જીવ જ છે, इति यदि हि मन्यसे - એમ જો તું ખરેખર ! ते कश्चित् विशेषस्तु नास्ति - તને કોઈ વિશેષતો છે નહિ. ॥ इति **गाथा** आत्मभावना ॥६२॥

यथा - જેમ वर्णादयो भावाः - વર્ણાદિ ભાવો क्रमेण भाविःताविर्भावतिरोभावाभिः - ક્રમથી આવિર્ભાવ - પ્રગટપણું અને તિરોભાવ - અપ્રગટપણું ભાવિત કરતી એવી ताभिताभिर्व्यक्तिभिः - તે તે વ્યક્તિઓથી पुद्गलद्रव्यमनुगच्छंतः - પુદ્ગલદ્રવ્યને અનુગચ્છતા - અનુ-પાછળ ગચ્છતા - જતા એવાઓ, पुद्गलस्य - પુદ્ગલનું वर्णादितादात्म्यं प्रथयंति - વર્ણાદિ સાથે તાદાત્મ્ય પ્રથિત કરે છે - જાહેર કરે છે, तथा - તેમ वर्णादयो भावाः - વર્ણાદિ ભાવો क्रमेण भाविताविर्भावतिरोभावाभिः - ક્રમથી આવિર્ભાવ - તિરોભાવ ભાવિત કરતી ताभिः ताभिः व्यक्तिभिः - તે તે વ્યક્તિઓથી जीवमनुगच्छंतो - જીવને અનુગચ્છતા એવાઓ, जीवस्य - જીવનું वर्णादितादात्म्यं प्रथयंति - વર્ણાદિ સાથે તાદાત્મ્ય પ્રથિત કરે છે - પ્રગટ કરે છે, इति यस्याभिनिवेशः - એવો જેને અભિનિવેશ - આગ્રહ છે, तस्य - તેને भवत्येव जीवाभावः - જીવનો અભાવ હોય જ છે. શાને લીધે ?

पुद्गलेभ्यो भिन्नस्य जीवद्रव्यस्याभावात् - પુદ્ગલોથી ભિન્ન એવા જીવદ્રવ્યના અભાવને લીધે. તેમ ક્યારે ? जीव-पुद्गलयोरविशेषप्रसक्तौ सत्यां - જીવ અને પુદ્ગલના અવિશેષની - બીન તફાવતની પ્રસક્તિ સતે - પ્રસંગ પ્રાપ્તિ સતે. એમ પણ શાથી ? शेषद्रव्यासाधारणस्य वर्णाद्यात्मकत्वस्य पुद्गललक्षणस्य जीवेन स्वीकरणात् - શેષ દ્રવ્યોને અસાધારણ - સાધારણ નહિ એવા વર્ણાદિ આત્મકપણારૂપ પુદ્ગલ લક્ષણના જીવથી સ્વીકરણને લીધે - સ્વીકાર કરવાપણાને લીધે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥६२॥

આત્મખ્યાતિ ટીકાર્થ

જેમ	તેમ
વર્ણાદિ ભાવો	વર્ણાદિ ભાવો
ક્રમે કરીને આવિર્ભાવ-તિરોભાવ ભાવિત કરતી,	ક્રમે કરીને આવિર્ભાવ-તિરોભાવ ભાવિત કરતી
તે તે વ્યક્તિઓથી	તે તે વ્યક્તિઓથી
પુદ્ગલ દ્રવ્યને અનુગચ્છતાં	જીવને અનુગચ્છતાં,
પુદ્ગલનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય પ્રથિત કરે છેઃ	જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય પ્રથિત કરે છે,

- **એવો જેને અભિનિવેશ છે તેને, શેષ દ્રવ્યને અસાધારણ એવા વર્ણાદિ આત્મકપણારૂપ પુદ્ગલ** લક્ષણના જીવથી સ્વીકરણને લીધે, **જીવ અને પુદ્ગલના અવિશેષની પ્રસક્તિ (પ્રસંગ) સતે -**

પુદ્ગલોથી ભિન્ન એવા જીવદ્રવ્યના અભાવને લીધે જીવનો અભાવ હોય જ છે. ૬૨

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''વિચારવાનને પુદ્ગલમાં તન્મયપણું - તાદાત્મ્યપણું થતું નથી. અજ્ઞાની પૌદ્ગલિક સંયોગના હર્ષનો પત્ર વાંચે તો તેનું મોઢું ખુશીમાં દેખાય અને ભયનો કાગળ આવે તો ઉદાસ થઈ જાય.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૪૩), ૯૫૭ (ઉપદેશ છાયા)**

''તનતા મનતા વચનતા, પર પરિણતિ પરિવાર;

તન મન વચનાતીત પીયા રે, નિજ સત્તા સુખકાર.'' - **શ્રી ચિદાનંદજી**

વર્ણાદિ જો જીવ માનો, તો જીવ - અજીવનો તફાવત નહિ રહે

અને આમ ઉપરમાં નિષ્ણુષ યુક્તિથી વિવરી દેખાડ્યું તેમ જીવનો વર્ણાદિ સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ છે નહિ, છતાં જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય છે એવો જો ત્હારો દુરુભિનિવેશ - દુષ્ટ અભિનિવેશ - દુરાગ્રહ હોય તો આ દોષ આવે છે - 'આ સર્વ વર્ણાદિ ભાવોને જો તું જીવ માને છે તો ત્હારા મતે જીવનો અને અજીવનો કોઈ વિશેષ-તફાવત છે નહિ !' આ ગાથાનો આશય વૈધર્મ્ય દૃષ્ટાંતથી (Comparison by contrast) પરિસ્ફુટ કરતાં **આત્મખ્યાતિકારજીએ પ્રકાશ્યું છે કે** - જેમ વર્ણાદિ ભાવો ક્રમે કરીને આવિર્ભાવ - તિરોભાવ ભાવિત કરતી તે તે વ્યક્તિઓથી - 'क्रमेण भाविताविर्भावतिरोभावाभिस्ताभिस्ताभिर्व्यक्तिभिः' - પુદ્ગલ દ્રવ્યને અનુગચ્છતાં પુદ્ગલનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય પ્રથિત કરે છે - 'पुद्गलद्रव्यमनुगच्छंतः पुद्गलस्य वर्णादि तादात्म्यं प्रथयंति' - તેમ વર્ણાદિ ભાવો ક્રમે કરીને આવિર્ભાવ-તિરોભાવ ભાવિત કરતી તે તે વ્યક્તિઓથી જીવને અનુગચ્છતાં જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય પ્રથિત કરે છે - જાહેર કરે છે, એમ જેનો અભિનિવેશ - આગ્રહ છે, તેના અભિપ્રાયે શેષ-બાકીના દ્રવ્યને અસાધારણ-સાધારણ નહિ એવા વર્ણાદિ આત્મકપણારૂપ પુદ્ગલલક્ષણના જીવથી 'સ્વીકરણને લીધે' - સ્વીકાર કરવાપણાને લીધે - 'સ્વ' - પોતાના કરવાપણાને લીધે જીવ અને પુદ્ગલના અવિશેષની - બીન તફાવતની પ્રસક્તિ સતે - પ્રસંગાપત્તિ સતે, પુદ્ગલોથી ભિન્ન-જૂદા એવા જીવદ્રવ્યના અભાવને લીધે, જીવનો અભાવ હોય જ છે.

પુદ્ગલને અનુવર્તતા વર્ણાદિ, તાદાત્મ્ય


અર્થાત્ વર્ણાદિ ભાવો જે છે, તેની ક્રમે કરીને એક પછી એક (One by one, successively) વ્યક્તિઓ - વિશેષભાવો (manifestations) આવિર્ભાવ - પ્રગટપણું અને તિરોભાવ - અપ્રગટપણું પામે છે, આમ ક્રમે કરીને આવિર્ભાવ - તિરોભાવ - પ્રગટપણું - અપ્રગટપણું પામતી તે તે વ્યક્તિઓથી વર્ણાદિ ભાવો પુદ્ગલદ્રવ્યને અનુગચ્છે છે (follow), અનુગમન કરે છે, અનુસરે છે, એટલે કે જ્યાં જ્યાં પુદ્ગલ દ્રવ્ય હોય છે ત્યાં ત્યાં તેની સાથોસાથ કોઈને કોઈ વ્યક્તિવિશેષવાળા વર્ણાદિ

ભાવોનું અનુગમન હોય જ છે, જ્યાં જ્યાં પુદ્‌ગલદ્રવ્ય ત્યાં ત્યાં તેની પાછળ પાછળ તદ્‌ગુણરૂપ વર્ણાદિ ભાવ જાય જ છે, यत्र यत्र पुद्‌गलद्रव्यं तत्र तत्र तद्‌गुणरूपा वर्णादिभावाः એટલે વર્ણાદિ ભાવો પુદ્‌ગલ સાથે તાદાત્મ્ય વિસ્તારે છે - પ્રકાશે છે - જોર શોરથી જાહેર કરે છે.

તેમ જીવને અનુવર્તતા વર્ણાદિ માની તાદાત્મ્ય માનો તો જીવ અભાવ

તેમ વર્ણાદિ ભાવો ક્રમે કરીને (one by one) આવિર્ભાવ - તિરોભાવ - પ્રગટપણું - અપ્રગટપમું પામતી તે તે વ્યક્તિઓથી - વિશેષ ભાવોથી (manifestations) જીવને અનુગચ્છતા - અનુગમન કરતા - અનુસરતા સતા (following), જીવનું વર્ણનાદિ સાથે તાદાત્મ્ય વિસ્તારે છે - પ્રકાશે છે - જોરશોરથી જાહેર કરે છે, એવો જેને અભિનિવેશ છે - આગ્રહ છે, તેના મતે તો શેષ - બાકી બીજા બધા દ્રવ્યને અસાધારણ - સાધારણ નહિ એવા વર્ણાદિઆત્મકપણા રૂપ પુદ્‌ગલલક્ષણનો જીવથી સ્વીકાર કરવાપણું થાય છે અને તેથી કરીને જીવ અને પુદ્‌ગલના અવિશેષની - બિનતફાવતની પ્રસક્તિ - પ્રસંગાપત્તિ થાય છે, જીવ અને પુદ્‌ગલમાં કોઈ વિશેષ - તફાવત નહિ હોવાનો અનિષ્ટ પ્રસંગ આવે છે, એટલે તેના મતે પુદ્‌ગલોથી ભિન્ન - જૂદા એવા જીવદ્રવ્યનો અભાવ થવાથી જીવનો અભાવ હોય જ છે, જે સર્વથા અનિષ્ટ જ છે, કારણકે વર્ણાદિ ભાવોને જીવના ઠરાવતા જતાં ખુદ જીવને જ ખોઈ બેસવાનો મહા અનિષ્ટ પ્રસંગ આવ્યો !

''જ્યાં સુધી દેહાત્મબુદ્ધિ ટળે નહીં ત્યાં સુધી સમ્યક્ત્વ થાય નહીં. જીવને સાચ ક્યારેય આવ્યું જ નથી, આવ્યું હોત તો મોક્ષ થાત. ભલે સાધુપણું, શ્રાવકપણું અથવા તો ગમે તે લ્યો, પણ સાચ વગર સાધન તે વૃથા છે. જે દેહાત્મબુદ્ધિ મટાડવા માટે સાધનો બતાવ્યાં છે તે દેહાત્મબુદ્ધિ મટે ત્યારે સાચ આવ્યું સમજાય. દેહાત્મબુદ્ધિ થઈ છે તે મટાડવા, મારાપણું મૂકાવવા સાધનો કરવાનાં છે. તે ન મટે તો સાધુપણું, શ્રાવકપણું, શાસ્ત્ર શ્રવણ કે ઉપદેશ તે વગડામાં પોક મૂક્યા જેવું છે. જેને એ ભ્રમ ભાંગી ગયો છે, તે જ સાધુ, તે જ આચાર્ય, તે જ જ્ઞાની. જેમ અમૃત ભોજન જમે તે કાંઈ છાનું રહે નહીં, તેમ ભ્રાંતિ મટે તે કાંઈ છાનું રહે નહીં.'' શ્રીમદ્‌ રાજચંદ્ર, અં. (૬૪૩) ૯૫૭ (ઉપદેશ છાયા)



સંસાર અવસ્થામાં જ જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય છે એવા અભિનિવેશમાં પણ આ જ દોષ છે -

अह संसारत्थाणं जीवाणं तुज्झ होंति वण्णादी ।
तम्हा संसारत्था जीवा रूवित्तमावण्णा ॥६३॥
एवं पुग्गलदव्वं जीवो तहलक्खणेण मूढमदी ।
णिव्वाणमुवगदो वि य जीवत्तं पुग्गलो पत्तो ॥६४॥

વર્ણાદિ સંસારસ્થ જીવના રે, તુજ અભિપ્રાયે જો હોય... પુદ્ગ.
તો રૂપિપણું પામી ગયા રે, સંસારસ્થ જીવો સોય... પુદ્ગ. ૬૩
એમ પુદ્ગલ દ્રવ્ય તે જીવ છે રે, મૂઢ મતિ ! લક્ષણાથી તેમ... પુદ્ગ.
નિર્વાણ પ્રાપ્ત પણ પુદ્ગલો રે, જીવપણાને પામિયો એમ... પુદ્ગ. ૬૪

ગાથાર્થ - જો ત્હારા મતે સંસારસ્થ જીવોના વર્ણાદિ હોય છે, તો સંસારસ્થ જીવો રૂપિપણું પામી ગયા !

એમ હે મૂઢ મતિ ! તથા પ્રકારના લક્ષણથી પુદ્ગલ દ્રવ્ય જીવ થઈ ગયું ! અને નિર્વાણ પામેલો પણ પુદ્ગલ જીવપણાને પ્રાપ્ત થયો ! ૬૩-૬૪

आत्मख्याति टीका

संसारावस्थायामेव जीवस्य वर्णादितादात्म्यमित्यभिनिवेशेप्ययमेव दोषः -

अथ संसारस्थानां जीवानां तव भवंनि वर्णादयः ।
तस्मात् संसारस्था जीवा रूपित्वमापन्नाः ॥६३॥
एवं पुद्गलद्रव्यं जीवस्तथालक्षणेन मूढमते ।
निर्वाणमुपगतोपि च जीवत्वं पुद्गलः प्राप्तः ॥६४॥

आत्मभावना -

संसारावस्थायामेव जीवस्य वर्णादितादात्म्यमित्यभिवेशेप्ययमेव दोषः - संसार અવસ્થામાં જ જીવનું વર્ણાદિતાદાત્મ્ય છે એવા અભિનિવેશમાં - આગ્રહમાં પણ આજ દોષ છે - अथ - હવે જો तव - ત્હારા મતે संसारस्थानां जीवानां - સંસારસ્થ - સંસારમાં સ્થિતિ કરતા જીવોના वर्णादयः भवंति - વર્ણાદિ હોય છે, (તો) तस्मात् - તેથી संसारस्था जीवा रूपित्वमापन्नाः - સંસારસ્થ જીવો રૂપિત્વને - રૂપિપણાને આપન્ન થયા - પ્રાપ્ત થયા. ॥૬૩॥ एवं - એમ - એ પ્રકારે तथालक्षणेन - તથા પ્રકારના લક્ષણથી मूढमते - હે મૂઢમતિ ! पुद्गलद्रव्यं जीवः - પુદ્ગલદ્રવ્ય જીવ (થઈ ગયું) ! निर्वाणमुपगतोऽपि पुद्गलः जीवत्वं प्राप्तः - અને નિર્વાણ ઉપગત - નિર્વાણ પામેલ પણ પુદ્ગલ જીવત્વને - જીવપણાને પ્રાપ્ત થયો ! ॥૬૪॥ इति **गाथा** आत्मभावना ॥૬૩-૬૪॥

यस्य तु - પણ જેને સંસારાવસ્થાયાં જીવસ્ય વર્ણાદિતાદાત્મ્યસ્તિ - સંસાર અવસ્થાને વિષે જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય છે. इति अभिनिवेशः - એવો અભિનિવેશ - આગ્રહ છે, तस्य - તેને - તેના મતે तदानीं - ત્યારે - તે સંસાર અવસ્થા વિષે स जीवो रूपित्वमवश्यमवाप्नोति - તે જીવ રૂપિપણું અવશ્ય પામે છે, रूपित्वं च शेषद्रव्यासाधारणं कस्यचिद् द्रव्यस्य लक्षणमस्ति - અને રૂપિપણું તો શેષ-બાકીના દ્રવ્યોને અસાધારણ - સાધારણ નહિ એવું - અસામાન્ય કોઈ દ્રવ્યનું લક્ષણ છે. ततो - તેથી रूपित्वेन लक्ष्यमाणं यत्किंचिद् भवति - રૂપિપણાથી લક્ષ્યમાણ - લક્ષાઈ રહેલું જે કંઈ હોય છે, स जीवो जवति - તે જીવ હોય છે. रूपित्वे लक्ष्यमाणं पुद्गलद्रव्यमेव भवति - રૂપિપણાથી લક્ષ્યમાણ - લક્ષિત થતું પુદ્ગલ દ્રવ્ય હોય છે. एवं - એમ - એજ પ્રકારે पुद्गलद्रव्यमेव स्वयं जीवो भवति - પુદ્ગલ દ્રવ્ય જ સ્વયં - પોતે જીવ હોય છે, न पुनरितरः कतरोपि - નહિ કે ઈતર - બીજો કોઈ પણ.

तथा च सति - અને તેમ સતે મોક્ષાવસ્થાયામપિ - મોક્ષ અવસ્થાને વિષે પણ नित्य स्वलक्षणलक्षितस्य द्रव्यस्य - નિત્ય સ્વલક્ષણથી લક્ષિત દ્રવ્યના - सर्वास्वप्यवस्थासु अनपायित्वात् - સર્વેય અવસ્થાઓને વિષે અનપાયિપણાને લીધે - નહિ

यस्य तु **संसारावस्थायां जीवस्य वर्णादितादात्म्य**मस्तीत्यभिनिवेशस्तस्य तदानीं **स जीवो रूपित्वमवश्यमवाप्नोति** । रूपित्वं च शेषद्रव्यासाधारणं कस्यचिद् द्रव्यस्य लक्षणमस्ति । ततो रूपित्वेन लक्ष्यमाणं यत्किंचिद्भवति स जीवो भवति । **रूपित्वेन लक्ष्यमाणं पुद्गलद्रव्यमेव** भवति । **एवं पुद्गलद्रव्यमेव स्वयं जीवो भवति** न पुनरितरः कतरोपि ।

तथा च सति **मोक्षावस्थायामपि** नित्यस्वलक्षणलक्षितस्य द्रव्यस्य सर्वास्वप्यवस्थास्वनपायित्वादनादिनिधनत्वेन

पुद्गलद्रव्यमेव स्वयं जीवो भवति न पुनरितरः कतरोपि ।
तथा च सति तस्यापि पुद्गलेभ्यो भिन्नस्य जीवद्रव्यस्याभावात् भवत्येव जीवाभावः ॥
एवमेतत् स्थितं यद्वर्णादयो भावा न जीव इति ॥६३॥६४॥

आत्मख्याति टीकार्थ

અને જેને **संसार अवस्थामां जीवनुं वर्णादि साथे तादात्म्य** છે એવો અભિનિવેશ છે, તેના અભિપ્રાયે ત્યારે **તે જીવ રૂપિપણાને અવશ્ય પામે છે** અને રૂપિપણું - શેષ દ્રવ્યને અસાધારણ એવું - કોઈ દ્રવ્યનું લક્ષણ છે. તેથી રૂપિપણાથી લક્ષ્યમાણ જે કંઈ હોય છે, તે જીવ હોય છે, **રૂપિપણાથી લક્ષ્યમાણ તો પુદ્ગલ દ્રવ્ય જ હોય છે.** એમ પુદ્ગલ દ્રવ્ય જ સ્વયં જીવ હોય છે, નહિ કે ઈતર કોઈ પણ.

અને તેમ સતે, **મોક્ષ અવસ્થામાં પણ,** નિત્ય સ્વલક્ષણથી લક્ષિત દ્રવ્યના સર્વ અવસ્થાઓમાં અનપાયિપણાને લીધે અનાદિ નિધનપણાએ કરીને, - **પુદ્ગલદ્રવ્ય જ સ્વયં જીવ હોય છે,** નહિ કે ઈતર કોઈ પણ.

અને તેમ સતે, તેના અભિપ્રાયે પણ પુદ્ગલોથી ભિન્ન એવા જીવદ્રવ્યના અભાવને લીધે જીવ અભાવ હોય જ છે.

એમ આ સ્થિત છે કે વર્ણાદિ ભાવો જીવ નથી. ૬૩, ૬૪

'अमृत ज्योति' महाभाष्य

''જડ ને આત્મા તન્મયપણે થાય નહિ, સુતરની આંટી કાંઈ સુતરથી જૂદી નથી. પણ આંટી કાઢવી તેમાં વિકટતા છે. જો કે સુતર ઘટે નહીં ને વધે નહીં તેવી જ રીતે આત્મામાં આંટી પડી ગઈ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૪૩) ૯૫૭ (ઉપદેશ છાયા)**

''વર્ણરસ ગંધ કરસ વિણ, ભોક્તા નિજ ગુણ વ્યૂહ...'' - **શ્રી સુપાર્શ્વ.- શ્રી દેવચંદ્રજી**

હવે કોઈ એમ કહેશે કે - ભલે જીવનું વર્ણાદિ સાથે બધી અવસ્થામાં તાદાત્મ્ય મ હો, પણ સંસાર અવસ્થામાં તો તે તાદાત્મ્ય છે. આમ જેને અભિનિવેશ - દુરાગ્રહ છે, તેને પણ આગલી ગાથામાં કહેલો જીવ અભાવરૂપ દોષ લાગુ પડે છે. તે **'आत्मख्यातिकार'**જીએ નિષ્ણુષ યુક્તિથી (Logic) સ્પષ્ટ વિવરી દેખાડ્યો છે અને તેનો આશયાર્થ આ પ્રકારે -

संसारावस्थायां - संसार अवस्थामां जीवनुं वर्णादि साथे तादात्म्य-तादात्मकपणुं छे એવો

हानि पामवापणाने लीधे अनादिनिधनत्वेन् - अनादि निधनपणाओ - अनादि अनंतपणाओ करीने पुद्गलद्रव्यमेव स्वयं जीवो भवति - पुद्गल द्रव्य ज स्वयं जीव होय छे, न पुनरितकतरोपि - नहि के ईतर - बीजो कोई पण.

तथा च सति - अने तेम सते तस्यापि - तेने पण पुद्गलेभ्यो भिन्नस्य जीवद्रव्यस्याभावात् - पुद्गलोथी भिन्न એવા જીવદ્રવ્યના અભાવને લીધે भवत्येव जीवाभावः - જીવનો અભાવ હોય જ છે.

एवं - એમ एतत् स्थितं - આ સ્થિત છે यद् वर्णादयो भावा न जीव इति - કે વર્ણાદિ ભાવો જીવ નથી. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥६३॥६४॥

અભિનિવેશ - મિથ્યાગ્રહરૂપ દુરાગ્રહ જેને છે, તેના અભિપ્રાય પ્રમાણે તો 'તદાનીં' - 'ત્યારે' તે સંસારઅવસ્થાને વિષે તે જીવ રૂપિપણાને અવશ્ય - જરૂર પામે છે અને આ રૂપિપણું તો 'શેષદ્રવ્યાસાધારણં' - શેષ દ્રવ્યને અસાધારણ - બાકીના દ્રવ્યોથી સાધારણ - સામાન્ય નહિ એવું કોઈ દ્રવ્યનું અસાધારણ - અસામાન્ય લક્ષણ છે, તેથી રૂપિપણા લક્ષણથી લક્ષ્યમાણ - લક્ષાતું જે કંઈ હોય, તે જીવ હોય છે, અને રૂપિપણાથી લક્ષ્યમાણ - લક્ષાઈ રહેલું તો પુદ્ગલદ્રવ્ય જ હોય છે. આમ પુદ્ગલ દ્રવ્ય જ સ્વયં - પોતે જીવ હોય છે, નહિ કે બીજો કોઈ પણ.

સંસાર અવસ્થામાં જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય માનતાં જીવ અભાવ


અને તેમ હોતાં તો - 'મોક્ષાવસ્થાયામપિ' - મોક્ષ અવસ્થામાં પણ રૂપિપણારૂપ પુદ્ગલલક્ષણ ચાલુ જ રહેશે, કારણકે 'નિત્યસ્વલક્ષણલક્ષિતદ્રવ્યસ્ય' - નિત્યે - સદાયે સ્વલક્ષણથી - પોતાના લક્ષણથી લક્ષિત દ્રવ્યનું સર્વ અવસ્થાઓમાં અનપાયિપણું હોય છે - સર્વાવિસ્થાસ્વનપાયિત્વાત્ - અર્થાત્ સ્વલક્ષણાથી લક્ષિત દ્રવ્યને કદી પણ તે લક્ષણનો અપાય (હાનિ) હોતો નથી, તે લક્ષણ કદી પણ ચાલ્યું જતું નથી, એટલે 'અનાદિનિધનત્વેન' - સ્વલક્ષણ લક્ષિત દ્રવ્યનું 'અનાદિ નિધનપણું' - અનાદિ અનંતપણું હોય છે, એથી મોક્ષ અવસ્થામાં પણ પુદ્ગલદ્રવ્ય જ સ્વયં જીવ હોય છે, નહિ કે બીજો કોઈ પણ.

અને તેમ હોતાં, પુદ્ગલોથી ભિન્ન-જૂદા એવા જીવદ્રવ્યનો અભાવ હોય છે, તેથી કરીને તેના - તે દુરભિનિવેશવંતના અભિપ્રાયે તો જીવનો અભાવ હોય જ છે. આમ જીવદ્રવ્ય લોપરૂપ મહાદોષ તેને પ્રાપ્ત થાય છે.

'एवमेतत् स्थितं આમ એ સ્થિત છે કે વર્ણાદિ ભાવો જીવ નથી, यद्वर्णादयो भावा न जीव इति ।' આ અંગે વર્તમાન યુગના સંતશિરોમણિ **પરમ ભેદવિજ્ઞાની પરમ આત્મજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીના** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

''દેહને વિષે હું પણું મનાએલું છે તેથી જીવની ભૂલ ભાંગતી નથી. જીવ દેહની સાથે ભળી જવાથી એમ માને છે કે 'હું વાણીઓ છું', 'બ્રાહ્મણ છું', પણ શુદ્ધ વિચારે તો તેને 'શુદ્ધ સ્વરૂપમય છું' એમ અનુભવ થાય. આત્માનું નામ ઠામ કે કાંઈ નથી એમ ધારે તો કોઈ ગાળો વગેરે દે તો તેથી તેને કંઈ પણ લાગતું નથી. જ્યાં જ્યાં જીવ મારાપણું કરે છે ત્યાં ત્યાં તેની ભૂલ છે. તે ટાળવા સારૂ શાસ્ત્રો કહ્યાં છે.

* ''દેહમાં મૂર્છાને લઈને ભય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૪૩), ૯૫૭ (ઉપદેશ છાયા)**



---

* ''देहेन सममेकत्वं मन्यते व्यवहारवित् । कर्थचिन्मूर्त्तितापत्तेर्वेदनादिसमुद्भवात् ॥
तन्निश्चयो न सहते यदमूर्त्तो नं मूर्त्तताम् । अंशेनाप्यवगाहेत पावकः शीततामिव ॥
उष्णस्याग्नेर्यथा योगाद् घृतमुष्णमिति भ्रमः । तथा मूर्त्तागसंबंधादात्मा मूर्त्त इति भ्रमः ॥
न रूपं न रसो गंधो न न स्पर्शो न चाकृतिः । यस्य धर्मो न शब्दो वा तस्य का नाम मूर्तता ॥
दृश्यादृश्यं इदा ग्राह्यं वाचामपि न गोचरं । स्वप्रकाशं हि यद्रूपं तस्य का नाम मूर्त्तता ॥
आत्मा सत्यचिदानंदः सूक्ष्मात्सूक्ष्मः परात्परः । स्पृशत्यपि न मूर्त्तत्वं तथा चोक्तं परैरपि ॥
इंद्रियाणि पराण्याहुर्रिंद्रियेभ्यः परं मनः । मनसोऽपि परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥
विकले हंत लोकेऽस्मिन्नमूर्त्ते मूर्त्तताभमात् । पश्यत्याश्रयवद् ज्ञानी वदत्याश्चर्यवद्वचः ॥'' - श्री यशोविजयजी कृत अ. सार

एक्कं च दोण्णि तिण्णि य चत्तारि य पंच इंदिया जीवा ।
बादरपज्जत्तिदरा पयडीओ णामकम्मस्स ॥६५॥
एदेहि य णिव्वत्ता जीवट्ठाणाउ करणभूदाहिं ।
पयडीहिं पुग्गलमईहिं ताहिं कहं भण्णदे जीवो ॥६६॥

એક-બે-ત્રણ-ચાર-પંચેંદિયા રે, બાદર પર્યાપ્ત ને અપર્યાપ્ત. પુદ્.
એવા જીવો તે તો નામકર્મની રે, છે પ્રકૃતિઓ પ્રખ્યાત... પુદ્. ૬૫
ને આ કરણભૂત પુદ્ગલમયી રે, પ્રકૃતિઓથી નિર્માણ થાય,
એવા જીવઠાણાઓ આ બધા રે, શી રીતે જ જીવ કથાય ?... પુદ્. ૬૬

ગાથાર્થ - એક ઈંદ્રિય, બે ઈંદ્રિય, ત્રણ ઈંદ્રિય, ચાર ઈંદ્રિય અને પાંચ ઈંદ્રિય એવા બાદર-સૂક્ષ્મ પર્યાપ્ત-અપર્યાપ્ત જીવો નામકર્મની પ્રકૃતિઓ છે. ૬૫

અને કરણભૂત એવી તે આ પુદ્ગલમયી પ્રકૃતિઓથી નિર્વૃત્ત (નિર્માણ કરાયેલ) જીવસ્થાનો જીવ કેમ કહેવાય ? ૬૬

आत्मख्याति टीका

एकं वा द्वे त्रीणि च चत्वारि च पंचेन्द्रियाणि जीवाः ।
बादरपर्याप्तेतराः प्रकृतयो नामकर्मणः ॥६५॥
एताभिश्च निर्वृत्तानि जीवस्थानानि करणभूताभिः ।
प्रकृतिभिः पुद्गलमयीभिस्ताभि कथं भण्यते जीवः ॥६६॥

आत्मभावना -

बादरपर्याप्तेतराः - બાદર-પર્યાપ્ત અને ઈતર અર્થાત્ બાદર-સૂક્ષ્મ પર્યાપ્ત - અપર્યાપ્ત એવા एकं वा द्वे त्रीणि चत्वारि च पंचेन्द्रियाणि जीवाः - એકેંદ્રિય - દ્વીંદ્રિય - ત્રીંદ્રિય - ચતુરિંદ્રિય અને પંચેંદ્રિય જીવો, नामकर्मणः प्रकृतयः - નામકર્મની પ્રકૃતિઓ છે. ॥૬૫॥ एताभिश्च करणभूताभिः ताभिः पुद्गलमयीभिः प्रकृतिभिर्निर्वृत्तात् અને આ કરણભૂત-સાધનભૂત તે પુદ્ગલમયી પ્રકૃતિઓથી નિર્વૃત્ત - નિર્માણ કરાયેલ - સર્જાયેલ એવા जीवस्थानानि - જીવસ્થાનો कथं जीवः भण्यते ? - કેમ જીવ કહેવાય છે ? ॥ इति **गाथा** आत्मभावना ॥६५-६६॥

निश्चयेन - નિશ્ચયથી कर्मकरणयोरभिन्नत्वात् - કર્મ અને કરણના અભિન્નપણાને લીધે, यद् येन क्रियते - જે જેના વડે કરાય છે, तद् तदेव - તે તે જ છે, इति कृत्वा - એમ સમજીને, એટલા માટે, यथा - જેમ - कनकपत्रं - કનકપત્ર - सुवर्ण પાંદડી कनकेन क्रियमाणं - કનકથી કરાઈ રહેલું कनकमेव - કનક જ છે, न त्वन्यत् - નહિ કે અન્ય, तथा - તેમ जीवस्थानानि - જીવસ્થાનો, बादरसूक्ष्मैकेंद्रियद्वित्रिचतुःपंचेंद्रियपर्याप्तपर्याप्ताभिधानाभिःपुद्गलमयीभिनामकर्मप्रकृतिभि क्रियमाणानि - બાદર-સૂક્ષ્મ એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, પંચેંદ્રિય એવી પર્યાપ્ત - અપર્યાપ્ત નામની પુદ્ગલમયી નામકર્મ પ્રકૃતિઓથી કરાઈ રહેલા - पुद्गल एव - પુદ્ગલ જ છે, न तु जीवः - નહિ કે જીવ.

नामकर्मप्रकृतीनां पुद्गलमयत्वं च - અને નામકર્મ પ્રકૃતિઓનું પુદ્ગલમયપણું आगम प्रसिद्धं - આગમ પ્રસિદ્ધ - શાસ્ત્ર પ્રસિદ્ધ છે, दृश्यमानशरीराकारादिमूर्त्तकार्यानुमेयं च - અતિ દેશ્યમાન - દેખાઈ રહેલા શરીર આકાર આદિ મૂર્ત્ત કાર્યથી અનુમેય - અનુમાન કરવા યોગ્ય છે. એમ, એજ પ્રકારે गंधरसस्पर्शरूपशरीरसंस्थानसंहननान्यपि - ગંધ-રસ-સ્પર્શ-રૂપ-શરીર-સંસ્થાન-સંહનન पुद्गलमयनामकर्मप्रकृतिनिर्वृत्तत्वे सति - પુદ્ગલમય નામકર્મ પ્રકૃતિઓથી નિર્વૃત્તપણું - સૃષ્ટપણું - નિર્માણ સતે तदव्यतिरेकात् - તેનાથી - તે જીવસ્થાનોથી અવ્યતિરેકને લીધે - અવિશેષપણાને લીધે - અભિન્નપણાને લીધે, जीवस्थानैरेवोक्तानि - જીવ સ્થાનોથી જ ઉક્ત છે - કહેવામાં આવી ગયા છે. ततो - તેથી, शું ફલિત થયું ? न वर्णादयो जीवः - વર્ણાદિ જીવ નથી इति निश्चयसिद्धांतः - એમ નિશ્ચય સિદ્ધાંત છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥६५-६६॥

નિશ્ચયતઃ કર્મકરણયોરભિન્નત્વાત્ યદ્યેન ક્રિયતે તત્તદેવેતિ કૃત્વા યથા કનકપત્રં કનકેન ક્રિયમાણં કનકમેવ ન્ વન્યત્, તથા **જીવસ્થાનાનિ બાદરસૂક્ષ્મૈકેંદ્રિયદ્વિત્રિચતુપંચેંદ્રિયપર્યાપ્તાપર્યાપ્તાભિધાનાભિઃ પુદ્ગલમયીભિનામકર્મપ્રકૃતિભિઃ ક્રિયમાણાનિ પુદ્ગલએવ ન તુ જીવઃ** । નામકર્મપ્રકૃતીનાં પુદ્ગલમયત્વં ચાગમપ્રસિદ્ધં દૃશ્યમાનશરીરાકારાદિમૂર્ત્તકાર્યાનુમેયં ચ । એવં ગંધરસસ્પર્શરૂપશરીરસંસ્થાનસંહનનાન્યપિ પુદ્ગલમયનામકર્મપ્રકૃતિનિર્વૃત્તત્વે સતિ તદવ્યતિરેકાજ્જીવસ્થાનરેવોક્તાનિ, તતો ન વર્ણાદયો જીવ ઇતિ નિશ્ચયસિદ્ધાંતઃ ॥૬૫-૬૬॥

આત્મખ્યાતિ ટીકાર્થ

નિશ્ચયથી કર્મ અને કરણના અભિન્નપણાને લીધે જે જેના વડે કરાય છે, તે તેજ છે, એમ સમજીને

જેમ	તેમ
કનક પત્ર	જીવસ્થાનો
કનક વડે કરાતું	બાદર-સૂક્ષ્મ એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, પંચેંદ્રિય
કનક જ છે,	પર્યાપ્ત-અપર્યાપ્ત નામની પુદ્ગલમયી નામકર્મ પ્રકૃતિઓથી* કરવામાં આવતા પુદ્ગલ જ છે,
નહિ કે અન્યઃ	નહિ કે જીવ.

અંને નામકર્મ પ્રકૃતિઓનું પુદ્ગલમયપણું આગમપ્રસિદ્ધ છે અને દેશ્યમાન એવા શરીર આકાર આદિ મૂર્ત્ત કાર્યોથી અનુમેય છે.

એમ ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન, સંહનન પણ, પુદ્ગલમય નામકર્મ પ્રકૃતિઓથી નિર્વૃત્તપણું (ઉત્પન્નપણું) સતે, તેના અવ્યતિરેકથી (અભિન્નપણાથી) જીવસ્થાનોથી જ ઉક્ત છે. તેથી વર્ણાદિ જીવ નથી, એમ નિશ્ચય સિદ્ધાંત છે. ૬૫-૬૬

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''બંધ યુક્ત જીવ કર્મ સહિત,
પુદ્ગલ રચના કર્મ ખચિત.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૧૦૮**

''જૈસે કંચુક ત્યાગસેં બિનસત નહિ ભુજંગ,
દેહ ત્યાગસેં જીવ પુનિ, તૈસે શાંત અભંગ.'' - **શ્રી ચિદાનંદજી (સ્વરૂદય)**

એમ ઉપરમાં વિવરી દેખાડ્યું તે પરથી આ સ્થિત છે કે વર્ણાદિ ભાવો જીવ નથી, એવો નિશ્ચયસિદ્ધાંત સ્થાપિત કરતી આ ગાથા કહી છે, બાદર-સૂક્ષ્મ એકેંદ્રિયાદિ પર્યાપ્ત - અપર્યાપ્ત એ **નામકર્મની પ્રકૃતિઓ** છે અને કરણભૂત એવી તે આ પુદ્ગલમયી પ્રકૃતિઓથી નિર્વૃત્ત-નિર્માણ કરાયેલ - સર્જાયેલ જીવસ્થાનો જીવ કેમ કહેવાય ? - આ ગાથાઓનો આશય **આત્મખ્યાતિકાર પરમર્ષિએ** સુયુક્તિથી પરિસ્ફુટ વિવરી દેખાડ્યો છે - 'નિશ્ચયતઃ કર્મકરણયોરભિન્નત્વાત્' - નિશ્ચયથી કર્મ-કરણના અભિન્નપણાને લીધે - અપૃથક્પણાને લીધે, જે જેનાથી કરાય છે તે તે જ છે

નામકર્મ પ્રકૃતિઓથી કરાતા જીવસ્થાનો પુદ્ગલ જ, ન જીવ

* ''ન ચૈતન્યિશ્ચયે યુક્તં ભૂતગ્રામો યતોઽખિલઃ ।
નામકર્મપ્રકૃતિજઃ સ્વભાવો નાત્મનઃ પુનઃ ॥'' - શ્રી યશોવિજયજી કૃત અ.સા.આ.નિ. અ. ૧૪
જન્માદિકોઽપિ નિયતઃ પરિણામો હિ કર્મણામ્ ।
ન ચ કર્મકૃતો ભેદઃ સ્યાદાત્મન્યવિષ્કારિણિ ॥ - શ્રી યશોવિજયજી કૃત અ.સા.આ.નિ.

એમ સમજીને - 'यद्येन क्रियते तत्तदेवेति कृत्वा', જેમ કનકપત્ર - સુવર્ણપત્ર કનકથી - સુવર્ણથી કરાઈ રહેલું કનક જ - સુવર્ણ જ છે, નહિ કે અન્ય, તેમ જીવસ્થાનો - બાદર - સૂક્ષ્મ એકેંદ્રિય - દ્વીંદ્રિય - ત્રીંદ્રિય - ચતુરિંદ્રિય - પંચેંદ્રિય પર્યાપ્ત - અપર્યાપ્ત અભિધાનવાળી - નામવાળી પુદ્‌ગલમયી નામકર્મ પ્રકૃતિઓથી કરાઈ રહેલા એવા - પુદ્‌ગલ જ છે, નહિ કે જીવ અને 'नामकर्मप्रकृतीनां' पुद्गलमयत्वं चागमप्रसिद्धं - નામકર્મ પ્રકૃતિઓનું પુદ્‌ગલમયપણું આગમ પ્રસિદ્ધ છે અને દેશ્યમાન એવા શરીર આકાર આદિ મૂર્ત્ત કાર્યથી અનુમેય - અનુમાન કરાવા યોગ્ય છે, 'दृश्यमानशरीराकारादिमूर्त्तकार्यानुमेयं च' - એમ - એજ પ્રકારે ગંધ-રસ-સ્પર્શ-રૂપ-શરીર-સંસ્થાન - સંહનન પણ પુદ્‌ગલમય નામકર્મ પ્રકૃતિઓથી નિવૃત્તપણું - નિર્માણ કરાયાપણું - સર્જાયાપણું સતે તેનાથી - જીવસ્થાનોથી અવ્યતિરેકથી - અવિશેષપણાથી - અભિન્નપણાથી જીવસ્થાનોથી જ ઉક્ત છે. તેથી વર્ણાદિ જીવ નથી એમ નિશ્ચય સિદ્ધાંત છે, 'ततो न वर्णादयो जीव इति निश्चयसिद्धांतः' - 'આત્મખ્યાતિ'કાર **અમૃતચંદ્રજી** આચાર્યજીની આ વ્યાખ્યાનો વિશેષાર્થ આ પ્રકારે -

નિશ્ચયથી કર્મકરણનું અભિન્નપણું : જે જેના વડે કરાય તે તેજ

નિશ્ચય અભેદગ્રાહી છે, એટલે નિશ્ચયથી કર્મ અને કરણનું અભિન્નપણું છે - ભિન્નપણું જૂદાપણું નથી. અર્થાત્ જે કરાય છે તે કર્મ અને જેના વડે કરાય છે તે કરણ એમ કર્મ અને કરણ (Instruments) બન્ને ભિન્ન-જૂદા નથી, અભિન્ન છે, એટલે જે જેના વડે કરાય છે તે તે જ છે. એટલા માટે સુવર્ણ પત્ર - સુવર્ણ પર્ણ - સુવર્ણ પાંદડી નામનું સુવર્ણાદિક આભૂષણ સુવર્ણ વડે કરાઈ રહ્યું છે તે સુવર્ણ જ છે, નહિ કે બીજું કાંઈ, તેમ જીવસ્થાનો બાદર-સૂક્ષ્મ એકેંદ્રિય - દ્વીન્દ્રિયાદિ પર્યાપ્ત - અપર્યાપ્ત નામની પુદ્‌ગલમયી નામપ્રકૃતિઓથી કરાઈ રહેલા હોઈ પુદ્‌ગલ જ છે, નહિ કે જીવ અને **નામકર્મ પ્રકૃતિઓ** પુદ્‌ગલમયી છે એનું પ્રમાણ શું ? તો કે - નામકર્મ પ્રકૃતિઓનું પુદ્‌ગલમયપણું આગમપ્રસિદ્ધ છે, આગમમાં પ્રસિદ્ધ - પ્રખ્યાત - જાણીતું છે અથવા **આગમ પ્રમાણથી** પ્રકૃષ્ટપણે સિદ્ધ - સુપ્રતિષ્ઠિત છે, તેમજ દેશ્યમાન - પ્રગટ દેખાઈ રહેલ શરીર આકાર આદિ મૂર્ત્ત કાર્ય પરથી અનુમેય - અનુમાન કરાવા યોગ્ય છે, એટલે અનુમાન પ્રમાણથી પણ સિદ્ધ-સુપ્રતિષ્ઠિત છે.


નામકર્મ પ્રકૃતિ પુદ્‌ગલમયી આગમ પ્રસિદ્ધ : મૂર્ત-કાર્યથી અનુમેય

અર્થાત્ સર્વ કર્મ પ્રકૃતિઓ પુદ્‌ગલમય જ, પુદ્‌ગલ રચના જ છે, એમ આગમમાં કર્મ પ્રકૃતિઓની ગણના પુદ્‌ગલમાં જ કરી છે તે પ્રસિદ્ધ છે, આગમ પ્રસિદ્ધ - શાસ્ત્ર પ્રસિદ્ધ છે, એટલે તેમ માનવામાં આગમ પ્રમાણ તો છે જ અને આ **અનુમાન પ્રમાણ** પણ છે - જે ઈંદ્રિયગ્રાહ્ય મૂર્ત્ત - મૂર્ત્તિમાન્ - રૂપી હોય તે પુદ્‌ગલ છે અને શરીર આકાર આદિ મૂર્ત્ત-મૂર્ત્તિમાન્ - રૂપી કાર્યો ચક્ષુથી દેશ્યમાન - પ્રગટ દેખાઈ રહ્યા છે, તે પુદ્‌ગલમય કાર્યો પરથી તેના પુદ્‌ગલમય કારણનું તેવું અનુમાન થઈ શકે છે, એટલે અનુમાન પ્રમાણથી પણ નામકર્મ પ્રકૃતિઓનું પુદ્‌ગલમયપણું પ્રસિદ્ધ છે. એજ પ્રકારે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન, સંહનનનું પણ પુદ્‌ગલમય નામકર્મ પ્રકૃતિઓથી નિર્વૃત્તપણું - નિર્મિતપણું છે, તે 'તેના અવ્યતિરેકથી જીવસ્થાનોથી જ ઉક્ત છે', तदव्यतिरेकाज्जीवस्थानैरेवोक्तानि - અર્થાત્ તે તે ગંધાદિ નામકર્મ પ્રકૃતિઓનો જીવસ્થાનથી વ્યતિરેક - ભિન્નભાવ - જૂદાપણું નથી, જીવસ્થાનો અને ગંધાદિ પ્રકૃતિઓ જૂદી પાડી શકાય એમ નથી, કારણકે જ્યાં જીવસ્થાન છે ત્યાં ગંધાદિ પ્રકૃતિ પણ હોય જ છે, અનુવર્ત્તે જ છે, એમ અવિનાભાવિ સંબંધ છે, એટલે **'જીવસ્થાન'** કહ્યા એટલે તેનાથી અવ્યતિરેકથી - અભિન્નપણાથી ગંધાદિ પ્રકૃતિ પણ કહેવાઈ જ ગઈ. તેથી વર્ણાદિ જીવ નથી, એમ ત્રણે કાળમાં ન ચળે એવો ત્રિકાળાબાધિત અખંડ નિશ્ચય સિદ્ધાંત સ્થાપિત થયો.

''દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષ વિષાદ કરતા નથી તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે એમ સમજો.''

''અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ. શ્રી સહજાત્મસ્વરૂપ...''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૬૩), ૭૧૯



સોનાનું ખ્યાન સોનું એ દૃષ્ટાંતથી ઉપસંહાર **સમયસાર - કળશ (૬)** પ્રકાશે છે -

ઉપજાતિ -

निर्वर्त्यत येन यदत्र किंचि

- त्तदेव तत्स्यान्न कथंचनान्यत् ।

रुक्मेण निर्वृत्तमिहासिकोशं,

पश्यंति रुक्मं न कथंचनासिं ॥३८॥

જેનાથી જે નિર્મિત કાંઈ આંહિ, તે તે જ કોરીત જ અન્ય નાંહિ,
સ્વર્ણે ઘડ્યું મ્યાન સુવર્ણ દેખે, કોઈ પ્રકારે અસિ ના જ લેખે. ૩૮

અમૃત પદ-૩૮

રોળાવૃત્ત

નિર્માણ થાયે જેનાથી જે કાંઈ પણ આ વિશ્વમહિં,
તે તો તેહ જ નિશ્ચય હોયે, કોઈ પ્રકારે અન્ય નહિ,
મ્યાન ઘડ્યું સોનાથી તે તો સોનું દેખે લોક અહિ,
પણ તલવાર ન કોઈ પ્રકારે, **ભગવાન્ અમૃત** વસ્તુ કહી.૩૮

અર્થ - જેના વડે જે કંઈ અત્ર નિર્વર્તાય (નિર્માણ કરાય) છે, તે તે જ હોય, કોઈ પણ પ્રકારે અન્ય ન હોય, અહીં સુવર્ણ વડે નિર્વૃત (નિર્માણ કરાયેલ) અસિકોશને - મ્યાનને (જનો) સુવર્ણ દેખે છે, કોઈ પણ પ્રકારે અસિ - તલવાર નહિ.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાનીઓએ માનેલું છે કે દેહ પોતાનો નથી, તે રહેવાનો પણ નથી, જ્યારે ત્યારે પણ તેનો વિયોગ થવાનો છે. એ ભેદ વિજ્ઞાનને લઈને હમેશાં નગારાં વાગતા હોય તેવી રીતે તેના કાને પડે છે અને અજ્ઞાનીના કાન બહેરા હોય છે. એટલે તે જાણતો નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૮૬૪), વ્યાખ્યાનસાર, ૨**

''ખાંડી કહિયે કનકકૌ, કનક મ્યાન સંયોગ,
ન્યારૌ નિરખત મ્યાન સૌં, લોહ કહૈં સબ લોગ.'' - **શ્રી બના. કૃત સ.સા.અજ્ઞ.અ. ૭**

'પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન'

અત્રે ઉપરમાં જે **'આત્મખ્યાતિ'ના** ગદ્યભાગમાં કહ્યું, તેના સારસમુચ્ચયરૂપ આ કળશ લલકાર્યો છે - निर्वर्त्यते येन यदत्र किंचित् - જેના વડે જે કાંઈ અત્રે જગત્માં નિર્વર્તાય છે - નિર્માણ કરાય છે - સર્જાય છે, તે તે જ હોય, કોઈ પણ પ્રકારે અન્ય ન હોય - तदेव तत्स्यान्न कथंचनान्यत्, આ નિશ્ચય-રૂપ નિયમ છે. 'रुक्मेण निर्वृत्तमिहासिकोषं' અહીં - આ લોકમાં સુવર્ણ વડે નિર્વૃત્ત - નિર્માણ કરેલ અસિકોશને - તલવારના મ્યાનને લોકો સુવર્ણ જ દેખે છે, કોઈ પણ પ્રકારે અસિ - તલવાર નહિ, पश्यंति रुक्मं न कथंचनासिं, સોનાનું બનાવેલું મ્યાન છે તેને લોકો સોનું જ દેખે છે, તલવાર નહિ. અર્થાત્ તલવાર લોઢાની છે, પણ તલવારનું મ્યાન સોનાનું છે, તે સોનાના મ્યાનના સંયોગને લીધે વ્યવહારવચનથી તલવાર સોનાની કહેવાય છે, પણ તત્ત્વથી જોઈએ તો તલવાર લોઢાની જ છે, મ્યાન જ સોનાનું છે. તેમ દેહ પુદ્ગલમય છે, આત્મા ચેતનમય છે, પુદ્ગલમય દેહમાં અધ્યાસ - અધિવાસ રૂપ સંયોગસંબંધને લીધે વચનવ્યવહારમાં આત્મા દેહમય કહેવાય છે, દેહાધ્યાસથી દેહસમાન ભાસ્યમાન

થાય છે, પણ તત્ત્વદૃષ્ટિથી દેખતાં દેહ પુદ્‌ગલમય જ છે, આત્મા જ ચેતનમય છે. માત્ર દેહાધ્યાસને લીધે - દેહમાં આત્મબુદ્ધિના અધ્યારોપરૂપ અધ્યાસને લીધે આત્મા દેહ સમાન જણાય છે, પણ તે બન્ને મ્યાનને તલવારની જેમ - 'જેમ અસિ ને મ્યાન' ભિન્ન જ છે, જૂદા જૂદા જ છે. આ જ પરમ તત્ત્વગંભીર સિદ્ધાંત વસ્તુ પરમ આત્મતત્ત્વદૃષ્ટા સાક્ષાત્ આત્મસિદ્ધિસંપન્ન **શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં** સાદામાં સાદા શબ્દોમાં સુંદરમાં સુંદર - સરલ રીતે આ જ સમર્થ દૃષ્ટાંતના અનન્ય લાક્ષણિક પ્રયોગથી રજૂ કરી છે -

* ''ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન,

પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન.'' - **શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત શ્રી આત્મસિદ્ધિજી, સૂત્ર-૪૯**



* જુઓ : આત્મસિદ્ધિ શાસ્ત્ર ઉપર 'રાજ' જ્યોતિ મહાભાષ્ય (ડૉ. ભગવાનદાસ કૃત)

વર્ણાદિ સામગ્ર એક પુદ્ગલનું જ નિર્માણ છે એવો **સમયસાર કળશ (૭)** લલકારે છે -

उपजाति -

वर्णादिसामग्र्यमिदं विदंतु,
निर्माणमेकस्य हि पुद्गलस्य ।
ततोस्त्विदं पुद्गल एव नात्मा,
यतः स विज्ञानघनस्ततोन्यः ॥३९॥

વર્ણાદિ સામગ્રી સમગ્ર જાણો ! નિર્માણ એક પુદ્ગલનું પ્રમાણો;
હો તેથી આ પુદ્ગલ આત્મ ના જ, (કારણ) તે તેથી વિજ્ઞાનઘનો બીજોજ. ૩૯

અમૃત પદ-૩૯

વર્ણાદિ સામગ્રી સમગ્રા, પુદ્ગલનું નિર્માણ,
ખરે ! એક પુદ્ગલનું નિર્માણ,
તેથી પુદ્ગલ માત્ર જ હો આ ! પણ આત્મા તો ના જ,
(કારણ) તેથી અન્ય વિજ્ઞાનઘનો તે, ભગવાન અમૃત આજ... વર્ણાદિ.

અર્થ - આ વર્ણાદિ સામગ્ર (સામગ્રી સમૂહ) સ્ફુટપણે એક જ પુદ્ગલનું નિર્માણ જાણો ! તેથી આ પુદ્ગલ જ ભલે હો, નહિ કે આત્મા, કારણકે તે વિજ્ઞાનઘન તેનાથી (પુદ્ગલથી) અન્ય છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''હું શરીર નથી, પણ તેથી ભિન્ન એવો જ્ઞાયક આત્મા છું, તેમ નિત્ય શાશ્વત છું.''
- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૮૪૮) ૯૨૭

''વરનાદિક પુદ્ગલ દસા, ધરૈ જીવ બહુરૂપ,
વસ્તુ વિચારત કરમસોં, ભિન્ન એક ચિદ્રૂપ.'' - **શ્રી બના. કૃત સ.સા.અજી. ૮**

ઉપરમાં જે વિવરી દેખાડ્યું તેની પરિપુષ્ટિ કરતો આ ઉપસંહાર કળશ મહાગીતાર્થ **'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રજીએ** સંગીત કર્યો છે - વર્ણાદિસામગ્ર્યમિદં સમસ્તં - આ જે વર્ણાદિ સામગ્ર - સમગ્ર સામગ્રી સમૂહ (Whole packet, paraphenalia) છે, નાટકના પાત્રની વર્ણાદિ સામગ્રી (Cosmetics, colour, make-up be) જેવી સમગ્ર સામગ્રી છે, તે એક પુદ્ગલનું જ નિર્માણ છે એમ જાણો ! નિર્માણમેકસ્ય હિ પુદ્ગલસ્ય । તે એક પુદ્ગલ-સૂત્રધારનું જ સર્જન છે એમ જાણો ! ततोस्त्विदं पुद्गल एव नात्मा - તેથી આ વર્ણાદિ સામગ્ર - વર્ણાદિનું આખું પોટલું (whole packet) ભલે પુદ્ગલ જ હો, નહિ કે આત્મા, यतः स विज्ञानघनः - કારણકે સકલ પ્રદેશે વિજ્ઞાન વિજ્ઞાનને વિજ્ઞાનમય જે છે એવો તે 'વિજ્ઞાનઘન' આત્મા તે પુદ્ગલથી અન્ય છે, જૂદો છે, ભિન્ન છે - ततोऽन्यः ।

''પિયા પર ઘર મત જાવો રે, કરી કરૂણા મહારાજ !
વર અપને વાલમ કહો રે, કોણ વસ્તુ કી ખોટ ?
ફોગટ તદ કિમ લીજીએ પ્યારે, શીશ ભરમકી પોર ?'' - **શ્રી ચિદાનંદજી (પદ-૧)**

''અભેદ દશા આવ્યા વિના જે પ્રાણી આ જગત્ની રચના જોવા ઈચ્છે છે તે બંધાય છે. એવી દશા આવવા માટે તે પ્રાણીએ તે રચનાનાં કારણ પ્રત્યે પ્રીતિ કરવી અને પોતાની અહંરૂપ ભ્રાંતિનો પરિત્યાગ કરવો. સર્વ પ્રકારે કરીને એ રચનાના ઉપભોગની ઈચ્છા ત્યાગવી યોગ્ય છે અને એમ થવા માટે સત્પુરુષનાં શરણ જેવું એકકે ઔષધ નથી. આ નિશ્ચય વાર્ત્તા બચારાં મોહાંધ પ્રાણીઓ નહીં જાણીને ત્રણે તાપથી બળતાં જોઈ પરમ કરૂણા આવે છે. હે નાથ, તું અનુગ્રહ કરી એને તારી ગતિમાં ભક્તિ આપ, એ ઉદ્ગાર નીકળે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૧૮૫), ૨૧૪**

શેષ અન્ય વ્યવહાર માત્ર છે -

पज्जत्तापज्जत्ता जे सुहुमा बादरा य जे चैव ।
देहस्स जीवसण्णा सुत्ते ववहारदो उत्ता ॥६७॥

પર્યાપ્ત અને અપર્યાપ્ત જે રે, વળી સૂક્ષ્મ ને બાદર તેમ;
દેહની જીવસંજ્ઞાઓ સૂત્રમાં રે, વ્યવહારથી કહી એમ... પુદ્. ૬૭

ગાથાર્થ - જે પર્યાપ્ત - અપર્યાપ્ત અને જે સૂક્ષ્મ - બાદર એવી દેહની જીવસંજ્ઞાઓ સૂત્રમાં છે, તે વ્યવહારથી કહી છે. ૬૭

आत्मख्याति टीका

शेषमन्यद्व्यवहारमात्रं -

पर्याप्तापर्याप्ता ये सूक्ष्मा बादराश्च ये चैव ।
देहस्य जीवसंज्ञाः सूत्रे व्यवहारतः उक्ताः ॥६७॥

यत्किल बादरसूक्ष्मैकेंद्रियद्वित्रिचतुःपंचेंद्रिय**पर्याप्तापर्याप्ता इति शरीरस्य संज्ञाः सूत्रे जीवसंज्ञात्वेनोक्ताः** सप्रयोजनार्थःपरप्रसिद्ध्या घृतघट**द्वयवहारः** ।

यथा	तथा
यथा हि कस्यचिदाजन्मप्रसिद्धैकघृतकुंभस्य	स्याज्ञानिनो लोकस्य आसंसारप्रसिद्धाशुद्धजीवस्य
तदितरकुंभानभिज्ञस्य प्रबोधनाय	शुद्धजीवानभिज्ञस्य प्रबोधनाय
योयं घृतकुंभः स मृण्मयो न घृतमय	योयं वर्णादिमान् जीवः सज्ञानमयो न वर्णादिमयः
इति तत्प्रसिद्ध्या कुंभे घृतकुंभव्यवहारः ।	इति तत्प्रसिद्ध्या जीवे वर्णादिमद्व्यवहारः ॥६७॥

आत्मख्याति टीकार्थ

જે સ્ફુટપણે બાદર-સૂક્ષ્મ એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, પંચેંદ્રિય - પર્યાપ્ત-અપર્યાપ્ત એવી શરીરની સંજ્ઞાઓ સૂત્રમાં જીવસંજ્ઞાપણે કહેવામાં આવેલી છે, તે પ્રયોજનાર્થ એવો પરપ્રસિદ્ધિથી ઘૃતઘટવત્ (ઘીના ઘડાની જેમ) **વ્યવહાર છે.**

જેમ કોઈ -	તેમ આ અજ્ઞાની લોક
જેને આજન્મથી એક ઘૃતકુંભ પ્રસિદ્ધ છે,	જેને આ સંસારથી અશુદ્ધ જીવ પ્રસિદ્ધ છે,
અને તેથી ઈતર કુંભથી જે અનભિજ્ઞ છે,	અને શુદ્ધ જીવથી જે અનભિજ્ઞ છે,
તેના પ્રબોધનાર્થે	તેના પ્રબોધનાર્થે,
'જે આ ઘૃતકુંભ છે તે મૃત્તિકામય છે, નહિ કે ઘૃતમય'	'જે આ વર્ણાદિમાન્ જીવ છે તે જ્ઞાનમય છે, નહિ કે વર્ણાદિમય'
એમ તેની પ્રસિદ્ધિથી	એમ તેની પ્રસિદ્ધિથી
કુંભમાં ઘૃતકુંભનો વ્યવહાર છે :	જીવમાં વર્ણાદિમાન્ વ્યવહાર છે. ૬૭

आत्मभावना -

शेषमन्यद् व्यवहारमात्रं - **શેષ** - બાકીનું **અન્ય વ્યવહારમાત્ર છે** - કેવળ વ્યવહાર છે - पर्याप्तापर्याप्ता - પર્યાપ્ત - અપર્યાપ્ત जे सूक्ष्मा बादराश्च ये चैव - **અને સૂક્ષ્મ બાદર** એવી જે देहस्य जीवसंज्ञाः - દેહની **જીવસંજ્ઞાઓ** (તે) **સૂત્રે** - **સૂત્રમાં**, आगममां व्यवहारतः उक्ताः - **વ્યવહારથી કહેવામાં આવી છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥६७॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ઘણું કરીને જીવ જે પરિચયમાં રહે છે તે પરિચયરૂપ પોતાને માને છે.''

''જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઈ પણ સંબંધ નહોતો એવી અસંગ દશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૪૯), ૭૭૯**

''કનક ઉપલમેં નિત રહત હે, દુધમાંહે ઘુની ઘીવ,

તિલ સંગ તેલ સુવાસ કુસુમ સંગ, દેહ સંગ તેમ જીવ.'' - **શ્રી ચિદાનંદજી, પદ-૩**

જેના વડે જે નિર્માણ કરાયું હોય તે તે જ છે એવો નિશ્ચયરૂપ નિયમ ઉપરમાં સિદ્ધ કર્યો, છતાં શેષ અન્ય - બાકી બીજું બધું જે કહેવાય છે તે વ્યવહારમાત્ર છે એમ આ ગાથામાં પ્રતિપાદન કર્યું છે - જે પર્યાપ્ત - અપર્યાપ્ત આદિ દેહની જીવસંજ્ઞાઓ સૂત્રમાં - આગમમાં છે તે વ્યવહારથી કહી છે. આની વ્યાખ્યા કરતાં આત્મખ્યાતિકાર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** 'ઘૃતકુંભ' - ઘીના ઘડાનું સુંદર દૃષ્ટાંત રજૂ કરી, અનન્ય લાક્ષણિક શૈલીથી તેનો દૃષ્ટાંત - દાર્ષ્ટાંતિક ભાવ બિંબ -પ્રતિબિંબપણે સાંગોપાંગ દર્શાવી, પરમ અદ્‌ભુત પરમાર્થ પ્રકાશ્યો છે. તે આ પ્રકારે -

જે ખરેખર ! બાદર-સૂક્ષ્મ એકેંદ્રિય-દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-ચતુરિંદ્રિય, પંચેંદ્રિય પર્યાપ્ત-અપર્યાપ્ત એવી શરીરની સંજ્ઞાઓ 'સૂત્રમાં' - ગણધર દેવોએ સૂત્રિત કરેલા પરમ આગમમાં જીવસંજ્ઞાપણે કહી છે, અર્થાત્ દેહની સંજ્ઞાઓને જીવસંજ્ઞા ગણાવી છે, તે પ્રયોજનાર્થ - એવો પરપ્રસિદ્ધિથી ઘૃતઘટવત્ (ઘીના ઘડાની જેમ) વ્યવહાર છે. 'स प्रयोजनार्थः परप्रसिद्ध्या घृतघटवद् व्यवहारः ।'

'ઘીના ઘડા'ની જેમ 'तत् प्रसिद्ध्या' જીવમાં વર્ણાદિમદ્ વ્યવહાર

કોઈ એક પુરુષ છે. તેને આજન્મથી - જન્મથી માંડીને એક 'ઘૃતકુંભ' પ્રસિદ્ધ છે, એક 'ઘીનો ઘડો' જ જાણીતો છે અને તેનાથી ઈતર - અન્ય પ્રકારના કુંભથી તે અનભિજ્ઞ છે - અજાણ છે. તેના પ્રબોધનાર્થે 'જે આ ઘૃતકુંભ છે તે મૃત્તિકામય છે, નહિ કે ઘૃતમય' - 'योयं घृतकुंभः स मृण्मयो न घृतमयः' - એમ તેની પ્રસિદ્ધિથી કુંભમાં ઘૃતકુંભનો વ્યવહાર છે, 'इति तत्प्रसिद्ध्या कुंभे घृतकुंभ व्यवहारः ।' અર્થાત્ પ્રબોધ પમાડવા અર્થે જે આ 'ઘીનો ઘડો' છે તે માટીનો બનેલો છે નહિ કે ઘીનો, એમ તેની પ્રસિદ્ધિથી ઘડામાં 'ઘીના ઘડા'નો વ્યવહાર કરવામાં આવે છે.

તેમ આ અજ્ઞાની લોક છે. 'आसंसारप्रसिद्धाशुद्धजीवस्य' - તેને આ સંસારથી - આ અનાદિ સંસારથી માંડીને અશુદ્ધ જીવ પ્રસિદ્ધ છે - સારી પેઠે જાણીતો છે અને શુદ્ધ જીવથી તે અનભિજ્ઞ છે -

---

यत् किल - જે ખરેખર ! स्फुटपणे बादरसूक्ष्मैकेंद्रियद्वित्रिचतुःपंचेंद्रियपर्याप्तापर्याप्ताः - બાદર-સૂક્ષ્મ એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, પંચેંદ્રિય - પર્યાપ્ત અપર્યાપ્ત इति शरीरस्य संज्ञाः - એવી શરીરની સંજ્ઞાઓ સૂત્રે - સૂત્રમાં जीवसंज्ञात्वेन उक्ताः - જીવસંજ્ઞાપણે કહેવામાં આવી છે, स - તે પ્રયોજનાર્થ - પ્રયોજનાર્થ એવો पर प्रसिद्ध्या घृतघटवद् व्यवहारः - પર પ્રસિદ્ધિથી ઘૃત ઘટવત્ - ઘીના ઘડાની જેમ વ્યવહાર છે.


यथा हि - જેમ स्फुटपणे कस्यचिद् आजन्मप्रसिद्धैक घृतकुंभस्य तदितरकुंभानभिज्ञस्य - કોઈ - જેને આજન્મ - જન્મથી માંડીને એક ઘૃતકુંભ પ્રસિદ્ધ - જાણીતો છે, તેનાથી ઈતર - અન્ય કુંભથી જે અનભિજ્ઞ - અભણ છે તેના પ્રબોધનાર્થં - પ્રબોધન અર્થે - પ્રબોધ ઉપજાવવા અર્થે योयं घृतकुंभः - જે આ ઘૃતકુંભ, स मृण्मयो न घृतमयः - તે મૃણ્મય-મૃત્તિકામય છે, નહિ કે ઘૃતમય, इति तत्प्रसिद्ध्या - એમ તેની પ્રસિદ્ધિથી - જાણીતાપણાથી कुंभे घृतकुंभव्यवहारः - કુંભમાં ઘૃતકુંભ વ્યવહાર છે.

तथा - તેમ अस्याज्ञानिनो लोकस्य - આ અજ્ઞાની લોક - आसंसारप्रसिद्धाशुद्धजीवस्य शुद्धजीवानभिज्ञस्य - જેને આ સંસારથી - આ સંસારથી માંડીને અશુદ્ધ જીવ પ્રસિદ્ધ છે - જાણીતો છે, શુદ્ધ જીવથી જે અનભિજ્ઞ - અજાણ છે તેના પ્રબોધનાર્થં - પ્રબોધનાર્થ - પ્રબોધ કરવા અર્થે, योयं वर्णादिमान् जीवः - જે આ વર્ણાદિમાન્ જીવ, स ज्ञानमयं न वर्णादिमयः - તે જ્ઞાનમય છે, નહીં કે વર્ણાદિમય, इति तत्प्रसिद्ध्या - એમ તેની પ્રસિદ્ધિ, जीवे वर्णादिव्यवहारः - જીવમાં વર્ણાદિમય વ્યવહાર છે. ।। इति **'आत्मख्याति'** आत्मभावना ।।૬૭।।

અજાણ છે, 'शुद्धजीवानभिज्ञस्य'. તેના પ્રબોધનાર્થે 'જે આ વર્ણાદિમાન્ જીવ છે તે જ્ઞાનમય છે, નહિ કે વર્ણાદિમય' - 'योयं वर्णादिमान् जीवः स ज्ञानमयो न वर्णादिमयः' એવી તેની પ્રસિદ્ધિથી જીવમાં વર્ણાદિમત્ વ્યવહાર કરાય છે - 'इति तत्प्रसिद्ध्या जीवे वर्णादिमत् व्यवहारः ।' અર્થાત્ અનાદિ સંસારથી જેને અશુદ્ધ જીવનો જ પરિચય રહ્યા કર્યો છે અને જેને શુદ્ધ જીવનું ભાન સુદ્ધાં નથી એવા અજ્ઞાની-જનને પ્રતિબોધ પમાડવા અર્થે એવો વ્યવહાર કરવામાં આવે છે.

''પરમ યોગી એવા શ્રી ઋષભદેવાદિ પુરુષો પણ જે દેહને રાખી શક્યા નથી, તે દેહમાં એક વિશેષપણું રહ્યું છે તે એ કે તેનો સંબંધ વર્ત્તે ત્યાં સુધીમાં જીવે અસંગપણું, નિર્મોહપણું કરી લઈ અબાધ્ય અનુભવ સ્વરૂપ એવું નિજસ્વરૂપ જાણી બીજા સર્વભાવ પ્રત્યેથી વ્યાવૃત્ત (છૂટા) થવું, કે જેથી ફરી જન્મ મરણનો ફેરો ન રહે.

તે દેહ છોડતી વખતે જેટલા અંશે અસંગપણું, નિર્મોહપણું, યથાર્થ સમરસપણું રહે છે તેટલું મોક્ષપદ નજીક છે એમ પરમ જ્ઞાની પુરુષનો નિશ્ચય છે.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૧૪), ૭૮૦



ઉક્તના સારસમુચ્ચયરૂપ **સમયસાર** કળશ (૮) પ્રકાશે છે -

અનુષ્ટુપ્

घृतकुंभाभिधानेपि कुंभो घृतमयो न चेत् ।
जीवो वर्णादिमज्जीवजल्पनेपि न तन्मयः ॥४०॥

નામ 'ઘીનો ઘડો' રાખ્યે, ઘડો ઘીમય હોય ના;
જીવ વર્ણાદિમત્ ભાખ્યે, જીવ તન્મય હોય ના. ૪૦ -

અમૃત પદ-૪૦

જીવ વર્ણાદિમય કદી હોય ના, ઘડો માટીનો ઘીમય હોય ના... ધ્રુવ પદ.
ઘી ભર્યું માટીના ઘડા મહિ, તેથી 'ઘીનો ઘડો' જ કહ્યો અહીં,
પણ ઘડો ઘીમય કદી હોય ના, તેમ જીવ વર્ણાદિમય હોય ના... જીવ. ૧
જીવ રહ્યો વર્ણાદિમય પુદ્ગલે, તેથી વર્ણાદિમંત કહ્યો ભલે,
પણ જીવ વર્ણાદિમય હોય ના, ભગવાન અમૃત સમય લોપાય ના... જીવ. ૨
અર્થ - 'ઘૃત કુંભ' અભિધાને પણ કુંભ જો ઘૃતમય નથી,
તો વર્ણાદિમત્ જીવના જલ્પનમાં (કહેવામાં) પણ જીવ તન્મય (વર્ણાદિમય) નથી.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


''દેહની મૂર્છા હોય તેને કલ્યાણ કેમ ભાસે ? સર્પ કરડે ને ભય ન થાય ત્યારે સમજવું કે આત્મજ્ઞાન પ્રગટ્યું છે.''

''કલ્પિત ભાવમાં કોઈ રીતે ભૂલ્યા જેવું નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૪૩, ૩૬૬), ૯૫૭ (ઉપદેશ છાયા, ૪૪૭)**

''જ્યોં ઘટ કહિયે ઘીવકૌ, ઘટકૌ રૂપ ન ઘીવ,
ત્યોં વરનાદિક નામસોં, જડતા લહૈ ન જીવ.'' - **શ્રી બનારસીદાસજી કૃત સ.સા.અજી. ૯**

ઉપરમાં ગદ્ય ભાગથી **'આત્મખ્યાતિ'**માં કહ્યું તેનો સાર દર્શાવતો આ સુંદર કળશ **અમૃતચંદ્રજીએ** પ્રકાશ્યો છે - 'घृतकुंभाभिधानेपि कुंभो घृतमयो न चेत्' - 'ઘૃતકુંભ' - ઘીનો ઘડો કહેવામાં આવતાં પણ કુંભ - ઘડો જો ઘૃતમય નથી, ઘીનો બનેલો નથી, તો તે જ પ્રમાણે વર્ણાદિમત્ જીવના જલ્પનમાં - કથનમાં પણ જીવ તન્મય નથી, તે વર્ણાદિમય નથી, 'जीवो वर्णादिमयजीवजल्पनेपि न तन्मयः ।'

આકૃતિ



આ પણ સ્થિત જ છે કે રાગાદિ ભાવો જીવો નથી -

मोहणकम्मस्सुदया दु वण्णिया जे इमे गुणट्ठाणा ।
ते कह हवंति जीवा जे णिच्चमचेदणा उत्ता ॥६८॥

મોહન કર્મના ઉદયો રે, જે આ ગુણઠાણા વર્ણવાય. પુદ્.
તે તો જીવો હોયે અહો ! શી રીતે રે ? જે કહ્યા અચેતન સદાય પુદ્. ૬૮

ગાથાર્થ - મોહનીય કર્મના ઉદય થકી જે આ ગુણસ્થાનો વર્ણવવામાં આવ્યા છે, તે જે નિત્ય અચેતન કહેવામાં આવ્યા છે, તે જીવ કેમ હોય ? ૬૮

आत्मख्याति टीका

एतदपि स्थितमेव यद्रागादयो भावा न जीवा इति -

मोहनकर्मणउदयात्तु वर्णितानियानीमानि गुणस्थानानि ।
तानि कथं भवंति जीवा यानि नित्यमचेतनान्युक्तानि ॥६८॥

मिथ्यादृष्ट्यादीनि **गुणस्थानानि** हि पौद्गलिक**मोहकर्म**प्रकृति**विपाकपूर्वकत्वे सति नित्यमचेतनत्वात् कारणानुविधायीनि कार्याणीति कृत्वा यवपूर्वका यवा यवा एवेति न्यायेन पुद्गल एव न तु जीवः** । गुणस्थानानां नित्यमचेतनत्वं चागमाश्चैतन्यस्वभावव्याप्तस्यात्मनोतिरिक्तत्वेन विवेचकैः स्वयमुपलभ्यमानत्वाश्च प्रसाध्यं । एवं रागद्वेषमोहप्रत्ययकर्मनोकर्मवर्गवर्गणास्पर्द्धका ध्यात्मस्थानानुभागस्थानयोगस्थानबंधस्थानोदयस्थानमार्गणास्थानस्थितिबंधस्थानसंक्लेशस्थानविशुद्धिस्थान संयमलब्धिस्थानान्यपि पुद्गलपूर्वकत्वे सति नित्यमचेतनत्वात्पुद्गल एव न तु जीव इति स्वयमायातं ततो रागादयो भावा न जीव इति सिद्धं । तर्हि को जीव इति चेत् –

आत्मभावना -

एतदपि स्थितमेव यद्रागादयो भावा न जीवा इति - આ પણ સ્થિત જ છે કે રાગાદિ ભાવો જીવો નથી - મોહનકર્મણ उदयात्तु - અને મોહનકર્મના ઉદય થકી, यानि इमानि गुणस्थानानि वर्णितानि - જે આ ગુણસ્થાનો વર્ણવવામાં આવેલા છે, तानि कथं जीवा भवंति - તેઓ કેમ જીવો હોય છે ? તેઓ - यानि नित्यमचेतनान्युक्तानि - કે જેઓ નિત્યે અચેતનો કહેવામાં આવેલા છે. ॥ इति **गाथा** आत्मभावना ॥६८॥

मिथ्यादृष्ट्यादीनि गुणस्थानानि हि - મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનો નિશ્ચયે કરીને સ્ફુટપણે પુદ્ગલ एव - પુદ્ગલ જ છે, न तु जीवः - નહિ કે જીવ. શાને લીધે ? पौद्गलिकमोहकर्मप्रकृतिविपाकपूर्वकत्वे सति - પૌદ્ગલિક મોહકર્મ - પ્રકૃતિવિપાકપૂર્વકપણું સતે નિત્યમચેતનત્વાત્ - નિત્યે અચેતનપણાને લીધે, कारणानुविधायीनि कार्याणि इति कृत्वा - **કારણાનુવિધાયી - કારણને અનુસરતું કરનારા કાર્યો છે એમ સમજીને** - એટલા માટે यवपूर्वका यवा यवा एवेति न्यायेन - યવપૂર्વક યવો યવો જ છે એવા ન્યાયથી. गुणस्थानानां नित्यमचेतनत्वं च - અને **ગુણસ્થાનોનું નિત્યે અચેતનપણું** आगमात् - **આગમ થકી**, चैतन्यस्वभावव्याप्तस्यात्मनोतिरिक्तत्वेन विवेचकैः स्वयमुपलभ्यमानत्वात् - **અને ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત આત્માથી અતિરિક્તપણે - અલગપણે - ભિન્નપણે વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણા થકી - અનુભૂયમાનપણા થકી** प्रसाध्यं - **પ્રસાધ્ય - પ્રસાધવા યોગ્ય - પ્રકૃષ્ટપણે સાધવા યોગ્ય છે.**


एवं - **એમ** - એ પ્રકારે रागद्वेषमोह... संयमलब्धिस्थानान्यपि - **રાગ-દ્વેષ-મોહ... यावत् संयमलब्धिस्थानो પણ**, पुद्गलपूर्वकत्वे सति नित्यमचेतनत्वात् - **પુદ્ગલપૂર્વકપણું સતે નિત્યે અચેતનપણાને લીધે**, पुद्गल एव न तु जीव - પુદ્ગલ જ છે, નહિ કે જીવ, इति स्वयमायातं - એમ સ્વયં આવી પડ્યું. ततो - તેથી रागादयो भावा न जीव इति सिद्धं - રાગાદિ ભાવો જીવ નથી એમ સિદ્ધ થયું. **તો પછી કોણ જીવ છે ? તો કે (આ નીચેના કળશોમાં કહે છે)** - ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥६८॥

આત્મખ્યાતિ ટીકાર્થ

મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનો - પૌદ્ગલિક મોહકર્મ પ્રકૃતિનું વિપાકપૂર્વકપણું સતે નિત્ય અચેતનપણાને લીધે, 'કારણાનુવિધાયી કાર્યો હોય છે' એટલા માટે, 'યવપૂર્વક યવો યવો જ છે' એ ન્યાયે, પુદ્ગલ જ છે, નહિ કે જીવ, અને ગુણસ્થાનોનું નિત્યઅચેતનપણું આગમ થકી અને ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત આત્માથી અતિરિક્તપણે વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણા થકી પ્રસાધ્ય છે.

એમ રાગ-દ્વેષ-મોહ, પ્રત્યયો-કર્મ-નોકર્મ-વર્ગ-વર્ગણા-સ્પર્દ્ધકો, અધ્યાત્મસ્થાનો, અનુભાગસ્થાનો, યોગસ્થાનો, બંધસ્થાનો, ઉદયસ્થાનો, માર્ગણાસ્થાનો, સ્થિતિબંધસ્થાનો, સંક્લેશસ્થાનો, વિશુદ્ધિ સ્થાનો, સંયમલબ્ધિસ્થાનો પણ પુદ્ગલપૂર્વકપણું સતે નિત્ય અચેતનપણાને લીધે પુદ્ગલ જ છે, નહિ કે જીવ એમ સ્વયં આવી પડ્યું. તેથી રાગાદિભાવો જીવ નથી એમ સિદ્ધ થયું. ત્યારે કોણ જીવ છે ? તો કે -

આકૃતિ



तर्हि को जीव इति चेत् - તો પછી કોણ જીવ છે ? તો કે - (આ નીચેના કળશોમાં કહે છે) -

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''મોહનીય કર્મ ઉદયિક ભાવે હોય.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૬૪, વ્યાખ્યાનસાર

''બારમા ગુણસ્થાનકના છેલ્લા સમય સુધી જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે ચાલવાનું થાય છે. તેમાં સ્વછંદપણું વિલય થાય છે.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૫૩

''યોગના ઠાણ અસંખ્ય છે, તરતમ મોહે પરાયત્ત રે.'' - શ્રી દેવચંદ્રજી

આ પણ સ્થિત જ છે કે, રાગાદિ ભાવો જે છે તે જીવ નથી, એ નિશ્ચય સિદ્ધાંતનું - 'મોહનીય કર્મના ઉદય થકી જે આ ગુણસ્થાનો વર્ણવેલા છે, ને જે સદા અચેતન કહ્યા છે, તે જીવ કેમ હોય ?' આ ગાથાની વ્યાખ્યા કરતાં 'આત્મખ્યાતિકર્ત્તા' પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ નિષ્ણુષ યુક્તિથી આ નિશ્ચય સિદ્ધાંતનું પરિદૃઢપણું કરાવ્યું છે. તેનો આશયાર્થ આ પ્રકારે -

મોહ ઉદય થકી ગુણસ્થાનો નિત્ય અચેતન, ન જીવ


મિથ્યાદૃષ્ટિ વગેરે ગુણસ્થાનો જે છે, તે પુદ્ગલ જ છે, નહિ કે જીવ, કારણકે 'પૌદ્ગલિક મોહકર્મપ્રકૃતિવિપાકપૂર્વકત્વે સતિ' - તે ગુણસ્થાન પૌદ્ગલિક - પુદ્ગલમય મોહ કર્મપ્રકૃતિના* વિપાકપૂર્વક હોય છે, મોહનીય કર્મના ઉદયની તરતમતા પ્રમાણે ગુણસ્થાનનું હોવાપણું, હોય છે, એટલે 'નિત્યમચેતનત્વાત્' - અચેતન એવા પુદ્ગલકર્મ વિપાકજન્ય હોવાથી ગુણસ્થાનનું પણ નિત્ય અચેતનપણું હોય છે. કારણકે 'कारणानुविधायीनि कार्याणि' 'કારણાનુવિધાયી કાર્યો' હોય છે, અર્થાત્ કાર્યો કારણને અનુસરતા હોઈ, કારણના વિધાન જેવું અનુવિધાન કરતા હોઈ, જેવું કારણ તેવું કાર્ય હોય છે, એટલા માટે 'यवपूर्वका यवा यवा एव' જવપૂર્વક જવો જવો જ હોય છે એ ન્યાયે, પુદ્ગલકર્મ પૂર્વક પુદ્ગલો, પુદ્ગલ જ છે, નહિ કે જીવ.

આગમ અને અનુભવથી તેમજ

અને ગુણસ્થાનોનું નિત્ય-સદા અચેતનપણું આગમ થકી - આપ્ત પુરુષના વચનરૂપ શાસ્ત્ર સિદ્ધાંતથી પ્રસાધ્ય - પ્રસાધવા યોગ્ય છે, તેમજ 'चैतन्यस्वभावव्याप्तस्वात्मनोरिक्तत्वेन' ચૈતન્ય સ્વભાવથી વ્યાપ્ત આત્માની અતિરિક્તપણે - અલગપણે - ભિન્નપણે - પૃથક્પણે વિવેચકોથી સ્વયં ઉપલભ્યમાનપણા થકી 'विवेचकः स्वयमुपलभ्यमानत्वाच्च' પ્રસાધ્ય છે, અર્થાત્ ક્ષીર-નીરનો વિવેક કરનારા હંસની જેમ સ્વ-પરનો વિભાગ કરવારૂપ વિવેક કરનારા વિવેકસંપન્ન ભેદજ્ઞાની અધ્યાત્મ વૈજ્ઞાનિકોથી (spiritual scientists) પોતે અનુભવ કરવાપણા થકી પણ ગુણસ્થાનોનું અચેતનપણું પ્રસાધવા યોગ્ય છે.

એમજ રાગાદિ ભાવો માટે પણ સમજવું. તે રાગાદિ ભાવોનું પણ પુદ્ગલપૂર્વકપણું હોઈ નિત્ય અચેતનપણું છે, એટલે તે રાગાદિ ભાવો પણ પુદ્ગલ જ છે, નહિ કે જીવ - એમ સ્વયં - આપોઆપ આવી પડ્યું. તેથી રાગાદિ ભાવો જીવ નથી એમ સિદ્ધ થયું, નિશ્ચય સિદ્ધાંત ત્રિકાળાબાધિતપણે સુસંપ્રતિષ્ઠાપિત થયો.

ત્યારે જીવ કોણ છે ? તે હવે કળશ કાવ્યોમાં કહીએ છીએ -



* ''जन्मादिकोऽपि नियतः परिणामो हि कर्मणाम् । न च कर्मकृतो भेदः स्यादात्मन्यविकारिणि ॥
आरोप्य केवलं कर्मकृतां विकृतिमात्मनि । भ्रमंति भ्रष्टविज्ञान्ना भीमे संसारसागरे ॥
उपाधिभेदजं भेदं वेत्त्यज्ञः स्फटिके यथा । तथा कर्मकृतं भेदमात्मन्येवाभिमन्यते ॥
उपाधिकर्मजो नास्ति व्यवहारस्तवकर्मणः । इत्यागमवचो तुल्यमात्मवैरूप्यवादिना ॥''

- શ્રી યશોવિજયજી કૃત અ.સા.અ.નિ.અ. ૧૫-૧૬

હવે અત્રે ઉપસંહારમાં **અમૃતચંદ્રાચાર્યજી 'પંચરત્ન'** આ પંચ કળશ **સમયસાર (૯)** લલકારે છે, તેમાં ચૈતન્ય એ જ જીવ છે એવા ભાવનો પ્રથમ કળશ પ્રકાશે છે -

અનુષ્ટુપ્

अनाद्यनंतमचलं स्वसंवेद्यमिदं स्फुटं ।
जीवः स्वयं तु चैतन्यमुच्चैश्चकचकायते ॥४१॥

અનાદ્યનંત અચલ, સ્વસંવેદ્ય જ સ્ફુટ આ;
ચૈતન્ય તે સ્વયં જીવ, ચકચકી રહ્યો અતિ.

અમૃત પદ-૪૧

'ભેખ રે ઉતારો રાજા ભરથરી' - એ રાગ.

ચેતન ચકચકે આ અતિ, ચૈતન્યલક્ષણે સાર રે... ચેતન. ધ્રુવ પદ.
અચલ અનાદિ અનંત જે, સ્વસંવેદ્ય સ્ફુટ ધાર રે... ચેતન. ૧
એવું ચૈતન્ય જીવ આ સ્વયં, ચકચકતો નિરધાર રે,
ભગવાન અમૃત જ્યોત તે, પ્રગટ સમયસાર રે... ચેતન. ૨

અર્થ - જીવ તો સ્વયં અનાદિ અનંત, અચલ, સ્વસંવેદ્ય એવું આ સ્ફુટ ચૈતન્ય અત્યંત ચકચકી રહ્યું છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ચૈતન્ય લક્ષ કરનારની બલીહારી છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર**

''નિરાબાધ ચેતન અલખ, જાનૈ સહજ સ્વકીવ,
અચલ અનાદિ અનંત નિત, પ્રગટ જગત મૈં જીવ.'' - **બના. કૃત સ.સા.અજી. ૧૦**

રાગાદિ ભાવો જે જીવ નથી, તો પછી જીવ કોણ છે ?

તેની આ પ્રથમ અંકનો સર્વોપસંહાર કરતાં મહા આધ્યાત્મિક નાટ્યકાર પરમાર્થ મહાકવિ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અત્રે આ અચિંત્ય તત્ત્વચિંતામણિ સમા **પંચરત્નરૂપ** પંચ કળશ કાવ્યમાં અપૂર્વ અદ્‌ભુત નાટકીય રીતિથી (grand dramatic style) દર્શાવ્યું છે. તેમાંનો આ પ્રથમ શ્લોક છે, તેમાં એ મહાન્ આર્ષદૃષ્ટાએ પ્રકાશ્યું છે કે, 'जीवः स्वयं तु चैतन्यमुच्चैश्चकचकायते' જીવ સ્વયં તો આ સ્ફુટ ઉચ્ચપણે ચકચકી રહેલું ચૈતન્ય છે. આ ચૈતન્ય કેવું છે ? 'अनाद्यनंतमचलं' - આ ચૈતન્ય આત્મસ્વભાવભૂત હોઈ જેની આદિ નથી ને જેનો અંત નથી એવું અનાદિ અનંત છે; પરભાવથી કદી ચલાયમાન થાય એવું ન હોવાથી અચલ જેવું અચલ છે; 'स्वसंवेद्यमिदं स्फुटं' - પોતે પોતાથી સંવેદાય એવું સ્ફુટ સ્વસંવેદ્ય છે - પ્રગટ આત્માનુભવગમ્ય છે; આવું અનાદિ અનંત અચલ આ સ્ફુટ સ્વસંવેદ્ય ચૈતન્ય જે અત્યંત ચકચકે છે, દિવ્ય જ્યોતિ જેમ ઝગમગે છે, તે જ જીવ પોતે છે.

''સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય.''

- પરમતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત, આત્મસિદ્ધિ શાસ્ત્ર સૂત્ર-૫૪

જીવનું દર્શન કરવા ચૈતન્યલક્ષણ આલંબાઓ ! એવા ભાવનો સમયસાર કળશ (૧૦) કહે છે -

શાર્દૂલવિક્રીડિત -

वर्णाद्यैः सहितस्तथा विरहितो द्वेधास्त्यजीवो यतो ।
नामूर्त्तत्वमुपास्य पश्यति जगज्जीवस्य तत्त्वं ततः ।
इत्यालोच्य विवेचकैः समुचितं नाव्याप्यतिव्यापि वा,
व्यक्तं व्यंजितजीवतत्त्वमचलं *चैतन्यमालम्ब्यतां ॥४२॥

વર્ણાદિયુત વા અયુત્ અજીવ છે દ્વિધા જ તેથી અહિ,
નિર્મૂર્તત્વ ઉપાસી વિશ્વ જીવનું સત્ તત્ત્વ દેખે નહિ;
એ આલોચી-વિવેચકો ન જ અતિવ્યાપિ અવ્યાપી ન જો !
વ્યક્ત વ્યંજતું જીવતત્ત્વ ઉચિતં ચૈતન્ય આલંબજો ! ૪૨

અમૃત પદ-૪૨

ભેખ રે ઉતારો... એજ રાગ (ચાલુ)

વર્ણાદિથી સહિત આ, વા વર્ણાદિ રહિત રે,
એમ અજીવ બે પ્રકારનો, તેથી જ અહિં એ રીત રે... ચેતન. ૩
ઉપાસી અમૂર્ત્તપણું જગત આ, જીવ તત્ત્વ દેખે ના જ રે;
એમ આલોચી વિવેચકો, આલંબો ચૈતન્ય આ જ રે... ચેતન. ૪
અતિવ્યાપિ જે ન વર્તતું, જાતું લક્ષણ બ્હાર રે;
અવ્યાપિ પણ જે છે નહિ, એવું સમુચિત સાર રે... ચેતન. ૫
ચૈતન્ય એહ આલંબજો, જીવતત્ત્વ જે સાર રે;
વ્યક્તપણે વ્યંજિત કરે, ભગવાન અમૃત ધાર રે... ચેતન. ૬

અર્થ - કારણકે વર્ણાદિથી સહિત તથા વિરહિત એમ બે ભેદે અજીવ છે, તેથી કરીને અમૂર્ત્તત્વને ઉપાસીને જગત્ જીવના તત્ત્વને દેખતું નથી, એમ આલોચીને વિવેચકોથી ન અવ્યાપિ વા અતિવ્યાપિ એવું સમુચિત વ્યક્તપણે જીવતત્ત્વ વ્યંજિત કરતું અચલ ચૈતન્ય આલંબાઓ !

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''(આકાશ વાણી) - તપ કરો ! તપ કરો ! શુદ્ધ ચૈતન્યનું ધ્યાન કરો ! શુદ્ધ ચૈતન્યનું ધ્યાન કરો !''
- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૫૭, હાથનોંધ-૩

''ચેતના શુદ્ધાતમ કું ધ્યાવો, પર પરચેં ધામધૂમ સદાઈ,
નિજ પરચેં સુખ પાવો.'' **- શ્રી આનંદઘનજી, પદ-૮૦**

આ જીવને પ્રાપ્ત કરવા માટે આ ચૈતન્યલક્ષણનું જ આલંબન સમર્થ છે, એની તાત્ત્વિક મીમાંસા કરતાં પરમભાવિતાત્મા **પરમર્ષિ અમૃતચંદ્રજી** આ કળશમાં આત્માર્થી મુમુક્ષુઓને આત્મબંધુત્વ ભાવે પ્રેરણા કરે છે - 'वर्णाद्यैः सहितस्तथा विरहितो द्वेधास्त्य जीवो यतो' - જે અજીવ છે તે વર્ણાદિ સહિત

* ''नात्मा तस्मादमूर्त्तत्वं चैतन्यं चातिवर्तते ।
ततो देहेन नैकत्वं तस्य मूर्त्तेन कर्हिचित् ॥'' - શ્રી યશોવિજયજી કૃત અ.સા.આ.નિ.અ. ૪૬
અર્થાત્ - તેથી આત્મા અમૂર્ત્તપણાને અને ચૈતન્યને અતિવર્ત્તતો (અતિક્રમતો) નથી, તેથી મૂર્ત્ત એવા દેહ સાથે તેનું કોઈ પણ પ્રકારે એકત્વ નથી.

તથા વર્ણાદિ રહિત એમ મૂર્ત્ત-અમૂર્ત્ત બે ભેદે છે, અર્થાત્ કોઈ અજીવ (પુદ્ગલ) મૂર્ત્ત છે અને કોઈ અજીવ (ધર્માધર્માદિ) અમૂર્ત્ત છે અને જીવ પણ અમૂર્ત્ત છે. એટલે અમૂર્ત્તપણાને ઉપાસીને જગત્ જીવના તત્ત્વને દેખતું નથી. 'नामूर्त्तत्वमुपास्य पश्यति जगज्जीवस्य तत्त्वं ततः ।' અર્થાત્ અમૂર્ત્તપણું આત્માનો ગુણ જાણી કોઈ અમૂર્ત્તપણાને ઉપાસી તેમાં આત્માને શોધવા જાય તો પત્તો ખાય એમ નથી, કારણકે અમૂર્ત્તપણું જેમ આત્માનો ગુણ છે તેમ કોઈ અજીવનો પણ ગુણ છે, એટલે અમૂર્ત્તપણામાં તેની શોધખોળ કરતાં પણ આત્મા મળે એમ નથી. 'इत्यालोच्य विवेचकैः समुचितं नाव्याप्यतिव्यापि वा' - એમ આલોચીને વિવેચકોથી અચલ ચૈતન્યનું આલંબન કરાઓ !' - કારણકે ચૈતન્ય એ જ એક એવું અવિસંવાદી વિશિષ્ટ અસાધારણ લક્ષણ છે કે તે **નથી અવ્યાપિ કે નથી અતિવ્યાપિ, અર્થાત્ તે જીવમાં સર્વત્ર વ્યાપતું નથી એવું નથી, જ્યાં જીવ હોય ત્યાં તે ન હોય એવું નથી, પણ હોય જ છે, જીવમાં વ્યાપિ જ - વ્યાપક જ છે અને તે જીવ સિવાય અન્યમાં જતું નહિ હોવાથી, જીવથી અતિરિક્ત અન્યમાં વ્યાપિ નહિ હોવાથી અતિવ્યાપિ પણ નથી.**

અમૂર્ત્તપણાથી જીવતત્ત્વ દેખાય નહિં

આમ આ ચૈતન્ય લક્ષણ એક જીવમાં જ છે ને બીજા કોઈમાં નથી, એટલે અવ્યાપિ કે અતિવ્યાપિ નહિ હોવાથી જ તે સમુચિત - યથાયોગ્ય - સમ્યક્ લક્ષણ હોઈ વ્યક્તપણે - પ્રગટપણે જીવતત્ત્વને વ્યંજિત કરે છે - આવિર્ભૂત કરે છે. માટે આમ ન અવ્યાપિ - ન અતિવ્યાપિ એવું અન્વય-વ્યતિરેકથી સમુચિત વ્યક્તપણે - પ્રગટપણે જીવતત્ત્વને વ્યંજિત કરતું અચલ - કદી ચલાયમાન ન થતું ચૈતન્ય, વિવેચકોથી આલંબાઓ ! 'व्यक्तं व्यंजितजीवतत्त्वमचलं चैतन्यमालम्ब्यतां' - અર્થાત્ સમ્યક્પણે જીવતત્ત્વને વ્યંજિત કરતા અચલ આ ચૈતન્ય લક્ષણને જ જો આલંબવામાં આવશે, તો જ જીવતત્ત્વનો પત્તો ખાશે, તો જ આત્માની શોધ સફળતા પામશે, માટે ક્ષીરનીરની જેમ સ્વ-પરનું વિવેચન કરનારા વિવેકી આત્મ-હંસો આ ચૈતન્યનું જ આલંબન લીઓ !

ચૈતન્ય લક્ષણે જીવ જણાય, માટે ચૈતન્યને આલંબો

''ચૈતન્ય' અને 'જડ' એ બે ઓળખવાને માટે તે બન્ને વચ્ચે જે ભિન્ન ધર્મ છે તે પ્રથમ ઓળખાવો જોઈએ; અને તે ભિન્ન ધર્મમાં પણ મુખ્ય ભિન્ન ધર્મ જે ઓળખવાનો છે તે આ છે કે 'ચૈતન્ય'માં 'ઉપયોગ' (કોઈ પણ વસ્તુનો જે વડે બોધ થાય તે વસ્તુ) રહ્યો છે અને 'જડ'માં 'તે' નથી. અહીં કદાપિ આમ કોઈ નિર્ણય કરવા ઈચ્છે કે, 'જડ'માં 'શબ્દ' 'સ્પર્શ' 'રૂપ' 'રસ' અને 'ગંધ' એ શક્તિઓ રહી છે અને ચૈતન્યમાં તે નથી, પણ એ ભિન્નતા આકાશની અપેક્ષા લેતાં ન સમજાય તેવી છે, કારણ તેવા કેટલાક ગુણો આકાશમાં પણ રહ્યા છે, જેવા કે, નિરંજન, નિરાકાર, અરૂપી ઈ. તો તે આત્માની સાદૃશ્ય ગણી શકાય, કારણ ભિન્ન ધર્મ ન રહ્યા, પરંતુ ભિન્ન ધર્મ 'ઉપયોગ' નામનો આગળ કહેલો ગુણ તે દર્શાવે છે અને પછીથી જડ ચૈતન્યનું સ્વરૂપ સમજવું સુગમ પડે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૮૬૪) (શ્રી મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી પરનો સુપ્રસિદ્ધ પત્ર)**



ભલે નાટે, તથાપિ – એમ ચૈતન્યલક્ષણથી જીવ-અજીવનો ભિન્ન અનુભવ છતાં અજ્ઞાનીનો આ મોહ કેમ નાટે છે ? એમ સખેદ આશ્ચર્ય વ્યક્ત કરતો **સમયસાર કળશ (૧૧)** કહે છે -

વસંતતિલકા -

जीवादजीवमिति लक्षणतो विभिन्नं,
ज्ञानी जनोनुभवति स्वयमुल्लसंतं ।
अज्ञानिनो निरवधिप्रविजृंभितोयं,
मोहस्तु तत्कथमहो बत नानटीति ॥४३॥

આ લક્ષણે અજીવ જીવથી ભેદવંતો, જ્ઞાનીજનો અનુભવે સ્વય ઉલ્લસંતો;
અજ્ઞાનિનો તદપિ આ ક્યમ મોહ નાચે ! જે ઉલ્લસ્યો નિરવધિ અતિશે વિકાસે. ૪૩

અમૃત પદ-૪૩

'ભેખ રે ઉતારો...' એ રાગ (ચાલુ)

એમ લક્ષણથી અજીવ તો જીવથી ભિન્ન દીસંત રે,
જ્ઞાનીજનો આ અનુભવે, જેહ સ્વયં ઉલ્લસંત રે... ચેતન. ૧
તોય અજ્ઞાનિનો મોહ નિરવધિ, વૃદ્ધિગત આ અપાર રે,
ક્યમ રે ! નાટે ? ભગવાન કરે, **અમૃતચંદ્ર** પોકાર રે... ચેતન. ૨

અર્થ - એવા પ્રકારે લક્ષણથી જીવથી વિભિન્ન એવા સ્વયં ઉલ્લસંતા અજીવને જ્ઞાની જન સ્વયં અનુભવે છે, તો પછી અજ્ઞાનીનો નિરવધિ પ્રવિજૃંભિત (અત્યંત ઉલ્લસિત) મોહ અહો ! અરે ! કેમ નાટી રહ્યો છે ?

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાનીના વાક્યના શ્રવણથી ઉલ્લસિત થતો એવો જીવ, ચેતન જડને ભિન્ન સ્વરૂપ યથાર્થપણે પ્રતીત કરે છે, અનુભવે છે, અનુક્રમે સ્વરૂપસ્થ થાય છે. યથાસ્થિત અનુભવ થવાથી સ્વરૂપસ્થ થવા યોગ્ય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૯૦૧**

''રમન સરૂપમયી ભજિ ચેતન, એ તનપે મન પ્રીતિ ઉધેરી;
જ્ઞાનકો મોગર લે કર આતમ-! તારિ તું મોહ જંજીરકી જેરી.'' - **શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ' ૩-૬૬**

''જડ ચેતનનો ભિન્ન છે, કેવલ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહિ, ત્રણે કાળ દ્વયભાવ.'' - **શ્રી આત્મસિદ્ધિ, સૂત્ર-૫૭**

જીવથી અજીવનો ભિન્ન અનુભવ : છતાં અજ્ઞાનિનો આ મોહ અરે ! કેમ નાટે છે ?

આ ચૈતન્યલક્ષણથી જ્ઞાનિને સ્ફુટ ભેદજ્ઞાન થાય છે, છતાં અજ્ઞાનીનો આ મહામોહ હજુ કેમ નાટી રહ્યો છે ? એ અંગે સખેદ આશ્ચર્ય વ્યક્ત કરતાં **પરમાર્થ મહાકવિ અમૃતચંદ્રજીએ** રત્નપંચકનો આ તૃતીય કળશ પ્રકાશ્યો છે, 'जीवादजीवमिति लक्षणतो विभिन्नं' - એમ ઉક્ત અવિસંવાદી અચલ ચૈતન્યલક્ષણના આલંબન થકી જીવથી વિભિન્ન - અત્યંત ભિન્ન સ્વયં ઉલ્લસંતા અજીવને જ્ઞાનીજન સ્વયં - આપોઆપ પોતે અનુભવે છે - 'ज्ञानी जनोनुभवति स्यवमुलसंतं' આમ છે તો પછી અહો ! અજ્ઞાનીનો આ નિરવધિ 'પ્રવિજૃંભિત' (અમર્યાદિત ઉલ્લસેલો) મોહ - 'अज्ञानिनो निरवधि प्रविंजृम्भितोऽयं' - અરે ! કેમ નાટી રહ્યો છે ? 'मोहस्तु तत्कथमहो बतनानटीति' -

અર્થાત્ આટલી આટલી સ્ફુટ વિવેચના કર્યા પછી અત્રે પદે પદે ભેદજ્ઞાનની ભાવનાનો આટલો આટલો વજ્રલેપ, દૃઢ અભ્યાસ કરાવ્યા પછી અને પરિસ્ફુટ ચૈતન્યલક્ષણના આલંબનથી જીવ-અજીવના ભેદજ્ઞાનની આટલી આટલી પરમ રહસ્યભૂત ચાવી (Master-key) બતાવ્યા પછી, અને આમ ભેદજ્ઞાનનું આ અપૂર્વ નાટક આટલા આટલા પરમાર્થ અભિનયથી ભજવી દેખાડ્યા પછી, કોઈને પણ કંઈ પણ મોહ રહેવો જોઈતો નથી; છતાં જો હજુ કોઈને આ બાબતમાં મોહ-અવિવેક રહ્યો હોય તો તે નિરવધિ - અમર્યાદિત - અસીમ મોહનો વિલાસ જ સૂચવે છે અને તે દેખીને અમને સખેદ આશ્ચર્ય થાય છે કે - અહો ! અરે ! અમે આટલું આટલું પોકારી પોકારીને કહી આંધળો પણ દેખી શકે અને બ્હેરો પણ સાંભળી શકે એવી રીતે આ ભેદજ્ઞાનનું અલૌકિક નાટક ભજવી દેખાડ્યું, તો પણ આ મોહ હજુ પોતાનું નાટક કેમ ભજવી રહ્યો છે ?* અમૃતચંદ્રજી જેવા પરમ જ્ઞાનીનો જાણે પ્રતિઘોષ કરતા હોય એમ પરમજ્ઞાની **શ્રીમદ્ રાજચંદ્રજી** પોકારી પોકારીને કહી ગયા છે કે -

''કોઈ પણ પ્રકારે મૂર્ચ્છા પાત્ર આ દેહ નથી, તેને દુઃખે શોચવા યોગ્ય આ આત્મા નથી. આત્માને આત્મ-અજ્ઞાને શોચવું એ સિવાય બીજો શોચ તેને ઘટતો નથી. પ્રગટ એવા યમને સમીપ દેખતાં છતાં જેને દેહને વિષે મૂર્ચ્છા નથી વર્ત્તતી તે પુરુષને નમસ્કાર છે. એ જ વાત ચિંતવી રાખવી અમને તમને પ્રત્યેકને ઘટે છે.

''દેહ તે આત્મા નથી. આત્મા તે દેહ નથી. ઘડાને જોનાર જે ઘડાદિથી ભિન્ન છે, તેમ દેહનો જોનાર, જાણનાર એવો આત્મા તે દેહથી ભિન્ન છે અર્થાત્ દેહ નથી.''

''વિચાર કરતાં એ વાત પ્રગટ અનુભવસિદ્ધ થાય છે, તો પછી એ ભિન્ન દેહનાં તેના સ્વાભાવિક ક્ષય વૃદ્ધિ રૂપાદિ પરિણામ જોઈ હર્ષ શોકવાન થવું કોઈ રીતે ઘટતું નથી, અને અમને તમને તે નિર્ધાર કરવો, રાખવો ઘટે છે, અને એ જ્ઞાનીના માર્ગનો મુખ્ય ધ્વનિ છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૫૧), ૪૨૫



વર્ણાદિમાન્ પુદ્‌ગલ જ આ અનાદિ અવિવેક મહાનાટ્યમાં નાટે છે એમ પરમાર્થ મહાનાટ્યકાર **અમૃતચંદ્રજી સમયસાર કળશમાં** (૧૨) ઉદ્‌ઘોષણા કરે છે -

વસંતતિલકા

अस्मिन्ननादिनि महत्यविवेकनाट्ये,
वर्णादिमान्नटति पुद्‌गल एव नान्यः ।
रागादिपुद्‌गलविकारविरुद्धशुद्ध -
चैतन्यधातुमयमूर्त्तिरयं च जीवः ॥४४॥

મોટા અનાદિ અવિવેક જ નાટ્યમાંહિ, વર્ણાદિમાન્ નટત પુદ્‌ગલ અન્ય નાંહિ;
રાગાદિ પુદ્‌ગલ વિકાર થકી વિરુદ્ધ, ચૈતન્ય ધાતુમય મૂર્ત્તિ જ જીવ શુદ્ધ. ૪૪

અમૃત પદ-૪૪

'સાહેબા વાસુપૂજ્ય જિણંદા' - એ રાગ

નાટક એહ અનાદિ દેખો ! પુદ્‌ગલ નટડો તિહાં આ લેખો ! ધ્રુવ પદ.
ચાલી રહ્યું અનાદિથી ખોટું, અવિવેક નાટક આ મોટું... નાટક. ૧
તેમાં પુદ્‌ગલ નટડો નાટે, વર્ણાદિમાન વેષે માચે;
પણ બીજો કોઈ ત્યાં ન જ નાટે, પુદ્‌ગલ એક જ ત્યાં તો રાચે... નાટક. ૨
એહ જીવ તો રાગાદિ અશુદ્ધ, પુદ્‌ગલ વિકારથી વિરુદ્ધ,
ચૈતન્યધાતુમય મૂર્ત્તિ શુદ્ધ, ભગવાન્ અમૃત ભાખે બુદ્ધ... નાટક. ૩

અર્થ - આ અનાદિ મહા અવિવેક-નાટ્યમાં વર્ણાદિમાન્ પુદ્‌ગલ જ નાટે છે, અન્ય નહિ, અને આ જીવ રાગાદિ પુદ્‌ગલ વિકારથી વિરુદ્ધ શુદ્ધ ચૈતન્ય ધાતુમય મૂર્ત્તિ છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દેખત ભૂલી ટળે તો સર્વ દુઃખનો ક્ષય થાય એવો સ્પષ્ટ અનુભવ થાય છે, તેમ છતાં તેજ દેખત ભૂલીના પ્રવાહમાં જ જીવ વહ્યો જાય છે, એવા જીવોને આ જગત્‌ને વિષે કોઈ એવો આધાર છે કે જે આધારથી, આશ્રયથી તે પ્રવાહમાં ન વહે !

''સહજ સ્વભાવે મુક્ત, અત્યંત અનુભવ સ્વરૂપ આત્મા છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૧, ૩૮**

''ઐસો શુદ્ધ ચેતન તન કિતન સંગતિસો,
નટ જૈસે બાજી ખેલે ભવકે ચૌગાનકૌ.'' - **શ્રી દેવચંદ્રજી કૃત દ્રવ્યપ્રકાશ, ૩-૧૯**

''યા પુદગલકા ક્યા વિસવાસા હૈ, સુપનકા વાસા.'' - **શ્રી આનંદઘનજી, પદ (૯૭)**

આ નાટકીઆ મોહને નાટવું હોય તો ભલે નાટે ! પણ આ મોહનો નાટ બંધ કરાવી દે એવી સ્પષ્ટ ભેદવાર્ત્તા અમે કહીએ છીએ એવા આશયથી મહા આધ્યાત્મિક નાટ્યકાર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** આ ચતુર્થ કળશરત્ન પ્રકાશ્યો છે - 'अस्मिन्ननादिनि महत्यविवेकनाट्ये' - અનાદિ કાળથી ચાલી રહેલા આ વિશ્વવ્યાપક મહામોહરૂપ - અવિવેક રૂપ નાટ્યમાં વર્ણાદિમાન્ તો પુદ્‌ગલ જ નટ છે, નાટક કરે છે, અન્ય નહિ, 'वर्णादिमान् नटति पुद्‌गल एव नान्यः ।' અને આ જીવ તો 'रागादिपुद्‌गलविकारविरुद्धशुद्ध' - રાગાદિ પુદ્‌ગલ વિકારોથી વિરુદ્ધ - વિપરીત એવો શુદ્ધ ચૈતન્યધાતુમય મૂર્ત્તિ છે - 'चैतन्यधातुमयमूर्त्तिरयं च जीवः ।' અર્થાત્ નાટકમાં જૂદા જૂદા વર્ણાદિ ધારી (Colours &

Cosmetics), જૂદા જૂદા વેષાદિ સજાવટ (make-up) ધારી જેમ નટ રંગભૂમિ પર આવી નાટક કરી દેખાડે છે અને દેષ્ટાઓ વર્ણાદિમાન્ મૂર્ત્તિમાન્ તેને સાક્ષાત્ દૃષ્ટિથી દેખે છે, તેમ અત્રે આ ભવપ્રપંચ નાટકમાં જૂદા જૂદા વર્ણાદિ ધારી, જૂદા જૂદા વેષ ધારી, આ પ્રગટ દેશ્યમાન પુદ્ગલ નટ વિશ્વ-રંગભૂમિ પર આવી વિવિધ નાટક કરી દેખાડે છે અને દેષ્ટાઓ તે વર્ણાદિમાન્ મૂર્ત્તિમાન પુદ્ગલ નાટકીઆને પ્રત્યક્ષ - સાક્ષાત્ દૃષ્ટિથી દેખે છે. **શુદ્ધ ચૈતન્ય ધાતુમય મૂર્ત્તિ જીવ દેખતા નથી.**

પણ આ જીવ તો રાગાદિ પુદ્ગલવિકારથી વિરુદ્ધ એવી સર્વ પ્રદેશે શુદ્ધ ચૈતન્ય ચૈતન્ય ને ચૈતન્યમય જ શુદ્ધ ચૈતન્ય ધાતુથી ઘડાયેલી 'મૂર્ત્તિ' હોઈ આ અધ્યાત્મ નાટકમાં અદેશ્ય પાત્રપણે પ્રવેશે છે, પણ દૃષ્ટિને (ચર્મચક્ષુને) અગોચર ને ઈંદ્રિયોને અગમ્ય હોઈ દેષ્ટાઓ એને દૃષ્ટિથી દેખતા નથી ને ઈંદ્રિયોથી જાણતા નથી. આમ પુદ્ગલ અને જીવ બન્ને 'મૂર્ત્તિ' તો છે, પણ આ મૂર્ત્તિ મૂર્ત્તિમાં ફરક છે; પુદ્ગલ દૃષ્ટિથી (ચર્મચક્ષુથી) દેશ્ય અને ઈંદ્રિયોથી ગમ્ય એવી દેશ્યમાન જડ પ્રગટ જડ **અચેતન મૂર્ત્તિ** છે અને જીવ દૃષ્ટિથી અદેશ્ય અને ઈંદ્રિયોથી અગમ્ય એવી અદેશ્યમાન અતીંદ્રિય અપ્રગટ **શુદ્ધ ચૈતન્ય મૂર્ત્તિ** છે. એટલે જીવ જો જ્ઞાનદૃષ્ટિ ખોલી જુએ તો વર્ણાદિમાન્ મૂર્ત્તિમાન્ શ્રીમાન્ પુદ્ગલ નટનો - અને શુદ્ધ ચૈતન્ય મૂર્ત્તિ જીવનો પ્રગટ ભેદ દેખવામાં આવ્યા વિના નહિ જ રહે અર્થાત્ ગમે તેવા મહામોહ મૂઢને પણ પ્રગટ ભેદજ્ઞાન થાય જ થાય એમ છે. અસ્તુ ! વધારે શું ?

''જેમ પરમાણુ શક્તિ - તેમ ચૈતન્યદ્રવ્યની શક્તિ વિશુદ્ધતાને પામવાથી વધતી જાય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૮૬૪), ૯૫૯ વ્યાખ્યાનસાર, ૨**

''પર પરણિત સંગ, કરત અનોખે રંગ;
ચિદાનંદ પ્યારે, નટ બાજીસી દિખાવે.'' - **શ્રી ચિદાનંદજી, પદ-૩૬**

''અવધૂ નટ નાગરકી બાજી.'' - **આનંદઘનજી, પદ-૫**

''અહો સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ ! સુષુપ્ત ચેતનને જાગ્રત કરનાર, પડતી વૃત્તિને સ્થિર કરનાર, દર્શનમાત્રથી પણ નિર્દોષ, અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપ પ્રતીતિ, અપ્રમત્ત સંયમ અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવનાં કારણભૂત - છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર ! ત્રિકાળ જયવંત વર્તો ! ૐ શાંતિ શાંતિ શાંતિઃ.''

- **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૭૫**

જ્ઞાન-કરવતથી જીવ-અજીવનો સ્ફુટ ભેદ થાય ત્યાં તો વિશ્વવ્યાપી જ્ઞાન જ્યોતિ પ્રકાશી, એવા ભાવનો "પંચરત્ન"નો અંતિમ ઉપસંહાર **સમયસાર કળશ (૧૩) અમૃતચંદ્રજી** લલકારે છે -

મંદ્રાક્રાંતા -

इत्थं ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा,
जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातौ ।
विश्वं व्याप्य प्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या,
ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चै श्चकाशे ॥४५॥

આમ જ્ઞાનાત્મક કરવતે ફાડ બે જ્યાં ન પામ્યા,
જીવાજીવ સ્ફુટ વિઘટના ભાવમાં જ્યાં ન જામ્યા;
ત્યાં તો વ્યાપી જગ વિકસતી વ્યક્ત ચિત્ શક્તિદ્વારે,
જ્ઞાતૃદ્રવ્ય સ્વયં અતિરસે આ પ્રકાશ્યું જ ત્યારે. ૪૫

અમૃત પદ-૪૫

'જ્ઞાનને ઉપાસીએ' - કૂચનો રાગ

જ્ઞાન કરવતથી જીવ અજીવનો, ભેદ કૌશલ અભ્યાસીએ... જ્ઞાન. ૧
જીવ અજીવ બે દ્રવ્યની જોડેલી, અનાદિની આ જોડી,
જ્ઞાન-કરવતથી કાષ્ઠ શું સ્ફુટ બે, ફાડ પાડી તે ત્રોડી... જીવજ્ઞાન. ૨
જીવ અજીવ આ સ્ફુટ વિઘટના, એમ હજુ ન જ્યાં પામિયા,
ત્યાં તો જગત્માં વ્યાપિ રહેલા, ચેતનરસ તો જામિયા... જ્ઞાન. ૩
એવી જગત્ વ્યાપિ વ્યક્ત - વિકસતી, ચિન્માત્ર શક્તિથી પોતે;
જ્ઞાતૃદ્રવ્ય અતિરસથી પ્રકાશિયું, ભગવાન અમૃત જ્યોતે... જ્ઞાન. ૪

અર્થ - આમ જ્ઞાન-કરવત કલનાનું પાટન નાટક કરીને જીવ-અજીવ સ્ફુટ વિઘટન જ્યાં પામ્યા નથી, ત્યાં લગીમાં તો 'પ્રસભં' - પ્રબળપણે વિકસતી વ્યક્ત ચિન્માત્ર શક્તિથી વિશ્વને વ્યાપીને જ્ઞાતૃદ્રવ્ય સ્વયં અતિરસથી ઉચ્ચપણે પ્રકાશી રહ્યું ! ૪૫

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જેમ તેજાબથી સોનું તથા કથિર જૂદા પડે છે, તેમ જ્ઞાનીના ભેદ - વિજ્ઞાન રૂપ તેજાબથી સ્વાભાવિક આત્મદ્રવ્ય અગુરુલઘુ સ્વભાવવાળું હોઈને પ્રયોગી દ્રવ્યથી જૂદું પડી સ્વધર્મમાં આવે છે."

"અત્યંત ચૈતન્યનું સ્થિર થવું તે મુક્તિ." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૬૪, વ્યાખ્યાનસાર-૨**

"ચેતન ચકવા ચેતના ચકવી, ભાગો વિરહકો સોર,
મેરે ઘટ ગ્યાન ભાનુ ભયો ભોર." - **શ્રી આનંદઘનજી, પદ-૫**

આ **'પંચરત્ન'**ના અંતિમ પંચમ* કળશ રત્નમાં પરમ આત્મભાવનાથી ભાવિતાત્મા મહાગીતાર્થ શિરોમણિ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** જ્ઞાન-કરવત વડે જીવ-અજીવનો ભેદ કરતાં વિશ્વવ્યાપી બનતા જ્ઞાનનો મહિમાતિશય એમના પ્રિય (favourite) મંદ્રાક્રાંતા વૃત્તમાં અતિશય ભાવાવેશથી સંગીત કર્યો છે - 'इत्थं ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा' - 'આવા પ્રકારે જ્ઞાનરૂપ ઝીણી કરવતની કલના વડે પાટન (ફાડવાનું) નટાવીને અર્થાત્ કરવતની જેમ લાકડાંની બે ચોકસીથી ફાડ કરવામાં આવે, તેમ


જીવ-અજીવનો સ્પષ્ટ ભેદ કરવા રૂપ - બે ફાડ કરવા રૂપ પાટનનો (ફાડવાની-વ્હેરવાની ક્રિયા) ભાગ ભજવીને, જીવ-અજીવ એ બન્ને જ્યાં હજુ સ્ફુટ વિઘટન પામ્યા નથી - 'जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातौ', નિજ નિજ દ્રવ્યપણે અલગ અલગ સ્થિતિ પામવા રૂપ જૂદાપણું પામ્યા નથી, ત્યાં તો 'विश्वं व्याप्य प्रसभविकसद् व्यक्तचिन्मात्रशक्त्या' - પ્રભસથી - જબરજસ્તીથી - બળાત્કારથી પ્રબળપણે વિકસતી વ્યક્ત - પ્રગટ ચિન્માત્ર શક્તિથી વિશ્વને - અખિલ લોકને વ્યાપીને, ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चैश्चकाशे - જ્ઞાતૃદ્રવ્ય (જ્ઞાયક આત્મા) સ્વયં અતિરસથી - છલકાઈ જતા ઉભરાઈ જતા અતિશાયિ ચૈતન્યરસથી અત્યંતપણે ઉચ્ચપણે પ્રકાશી રહ્યું ! અર્થાત્ આ ભેદજ્ઞાન થતાં જ્યાં જીવ-અજીવ હજુ સ્ફુટ ભેદસ્થિતિ પામ્યા નથી, ત્યાં તો જ્ઞાતૃદ્રવ્ય ચિત્શક્તિથી લોકવ્યાપી - વિશ્વ વ્યાપી થઈ - કેવલજ્ઞાન સ્વરૂપે વિશ્વ પ્રકાશી બની ઉચ્ચપણે પ્રકાશી રહ્યું ! ભેદજ્ઞાનના પરમ ફળ રૂપ દિવ્ય કેવલજ્ઞાન - જ્યોતિના પ્રકાશથી અત્યંત ઝગઝગી રહ્યું !

આ અંગે **પરમર્ષિ કુંદકુંદાચાર્યજી - પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીનું** સ્મરણ કરાવે એવા પરમ ભેદવિજ્ઞાની પરમ આત્મદ્રષ્ટા સાક્ષાત્ સમયસારભૂત **શ્રીમદ્ રાજચંદ્રજીએ** પોતાના પરમાર્થસખા **શ્રી સૌભાગ્યભાઈને** તેમના સમાધિ મરણની આરાધનાના સુપ્રસિદ્ધ પત્રમાં જે પ્રકાશ્યું છે - તે આ સર્વના પરમ નિષ્કર્ષ રૂપ ટંકોત્કીર્ણ અમર વચન મુમુક્ષુઓને પરમ મનનીય છે -

''આત્મા શુદ્ધ ચૈતન્ય, જન્મ જરા મરણ રહિત અસંગ સ્વરૂપ છે. એમાં સર્વ જ્ઞાન શમાય છે, તેની પ્રતીતિમાં સર્વ સમ્યગ્ દર્શન શમાય છે, આત્માને અસંગ સ્વરૂપે સ્વભાવદશા રહે તે સમ્યક્ ચારિત્ર, ઉત્કૃષ્ટ સંયમ અને વીતરાગ દશા છે. જેના સંપૂર્ણપણાનું ફળ સર્વ દુઃખનો ક્ષય છે. એ કેવળ નિઃસંદેહ છે, કેવળ નિઃસંદેહ છે. એ જ વિનંતી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૧૫, ૭૮૧**

એમ જીવ-અજીવ બે પાત્રો અંકના પ્રારંભમાં ભેગા થઈને આવ્યા હતા, તે જૂદા જૂદા-પૃથક્ પૃથક્ થઈને જૂદી જૂદી દિશામાં ચાલતા થયા. રંગભૂમિ છોડીને ચાલ્યા ગયા.

॥ इति जीवाजीवौ पृथग्भूत्वा निष्क्रांतौ ॥६८॥



॥ इति श्रीमद् अमृतचंद्रसूरिविरचितायां समयसारव्याख्यायां आत्मख्यातौ जीवाजीवप्ररूपकः प्रथमोऽङ्कः ॥१॥

॥ इति भगवती 'आत्मख्याति' उपरि डॉ. भगवानदास कृते 'अमृत ज्योति' महाभाष्ये जीवाजीवप्ररूपकः प्रथमाधिकारः ॥१॥

अथ कर्तृकर्माधिकारः ॥२॥
સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં
॥ कर्तृकर्मप्ररूपकः द्वितीयः अङ्कः ॥

અથ જીવાજીવાવેવ કર્તૃકર્મવેષેણ પ્રવિશતઃ -

હવે જીવ-અજીવ જ કર્ત્તા-કર્મ વેષે પ્રવેશ કરે છે -

કર્ત્તા-કર્મ અધિકાર નામક દ્વિતીય અંકનું મંગલ ઉદ્‌ઘાટન કરતો અને આ અધિકારનું તાત્પર્ય-રહસ્ય દર્શાવતો પરમ જ્ઞાનામૃતસંભૃત મંગલ **સમયસાર કલશ (૧)** સંદેબ્ધ રજૂ કરતાં **આત્મખ્યાતિકર્ત્તા પરમર્ષિ ભગવદ્ અમૃતચંદ્રાચાર્યજી** તેમની પરમ પ્રિયતમ જ્ઞાનજ્યોતિની મુક્તકંઠે સ્તુતિ લલકારે છે -

मंदाक्रांता -

एकः कर्त्ता चिदहमिह मे कर्म कोपादयोऽमी,
इत्यज्ञानां शमयदभितः कर्तृकर्मप्रवृत्तिं ।
ज्ञानज्योतिः स्फुरति परमोदात्तमत्यंतधीरं,
साक्षात्कुर्वन्निरुपधि पृथग्द्रव्यनिर्भासि विश्वं ॥४६॥

એકો કર્ત્તા ચિદ હું મુજ આ કર્મ ક્રોધાદિ વૃત્તિ,
અજ્ઞોની એ શમવતી બધે કર્તૃકર્મ પ્રવૃત્તિ;
જ્ઞાનજ્યોતિ ધીર અતિ પરોદાત્ત એવી સ્ફુરંતી,
ભાસે દ્રવ્યો નિરુપધિ પૃથક્ વિશ્વ સાક્ષાત્ કરંતી. ૪૬

અમૃત પદ-૪૬

જુઓ ! જ્ઞાન જ્યોતિ આ સ્ફુરતી, (૨) કર્તૃકર્મ પ્રવૃત્તિ ડુલતી... જુઓ ! જ્ઞાનજ્યોતિ. ૧

હું ચિદ છું એક અહીં કર્ત્તા, કર્મ ક્રોધ આદિ આ મ્હારૂં,
કર્તૃકર્મ પ્રવૃત્તિ એવી, અજ્ઞોની શમવતી વારુ... જુઓ ! જ્ઞાન જ્યોતિ. ૨

પૃથક્ દ્રવ્ય નિરુપધિ ભાસે, એવું સાક્ષાત્ વિશ્વ પ્રકાશે;
પરમોદાત્ત ધીર તે અતિશે, ભગવાન્ અમૃત જ્યોતિ દીસે... જુઓ ! જ્ઞાન જ્યોતિ. ૩

અર્થ - ચિત્ (ચૈતન્ય) એવો હું અહીં (આ લોકને વિષે) એક કર્ત્તા છું, આ કોપાદિ મ્હારૂં કર્મ છે, - એથી અજ્ઞોની કર્ત્તા કર્મપ્રવૃત્તિને બધી બાજુથી શમાવતી, એવી પરમ ઉદાત્ત અત્યંત ધીર જ્ઞાનજ્યોતિ, જ્યાં નિરુપધિ પૃથક્ (ભિન્ન - અલગ) દ્રવ્યો નિર્ભાસે છે એવા વિશ્વને સાક્ષાત્ કરતી, સ્ફુરે છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાનમય આત્મા જેમને પરમોત્કૃષ્ટ ભાવે પ્રાપ્ત થયો અને જેમણે પરદ્રવ્ય માત્ર ત્યાગ કર્યું તે દેવને નમન હો ! નમન હો !'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૯૪, ૭૫૫**

''ઘટ મંદિર દીપક કિયો, સહજ સુજ્યોતિ સરૂપ;
આપ પરાઈ આપહી, ઠાનત વસ્તુ અનૂપ... સુહાગણ જાગી અનુભવ પ્રીત.''

- શ્રી આનંદઘનજી, પદ-૪

આગલા અંકમાં અનુક્રમે જીવનું અને અજીવનું પૃથક્ પૃથક્ વર્ણન કરી બન્નેનું પૃથક્ જ્ઞાન - ભેદજ્ઞાન કરાવી તે બન્નેને વિદાય કર્યા. હવે એ જ જીવ-અજીવ બન્ને કર્તા-કર્મનો વેષ લઈને - સ્વાંગ સજીને પ્રવેશ કરે છે. નાટકમાં જેમ નટ જૂદા જૂદા સ્વાંગ ધરીને રંગભૂમિ પર રસિક પ્રેક્ષક દૃષ્ટાઓની સમક્ષ ઉપસ્થિત થાય છે, તેમ અત્રે આ અધ્યાત્મ નાટકમાં જીવ-અજીવ નટ અનુક્રમે કર્ત્તા-કર્મનો સ્વાંગ ધરીને અધ્યાત્મ રંગભૂમિ પર જ્ઞાની મુમુક્ષુ આત્માર્થી તત્ત્વરસિક પ્રેક્ષક દૃષ્ટાઓની સમક્ષ ઉપસ્થિત થાય છે. **સમયસાર સૂત્રકાર** સૂત્રધારે ગર્ભિતપણે જે નાટકનો ભાવ સૂચવ્યો છે, તે ભાવને **આત્મખ્યાતિ-સૂત્રકાર** સૂત્રધારે અત્યંત વિશદપણે પ્રવિકસિત કરી અદ્‌ભુત નાટકીય શૈલીથી (Classical dramatic style) સહૃદય દૃષ્ટા શ્રોતા સમક્ષ રજૂ કર્યો છે; અને તે રજૂ કરતાં જીવ-અજીવ - કર્ત્તા-કર્મ વેષધારીની અજ્ઞોની અજ્ઞાનજન્ય કર્તૃ-કર્મ પ્રવૃત્તિને શમાવી દેતા ધીરોદાત્ત **જ્ઞાનજ્યોતિ** રૂપ નાયક નાટ્યપાત્રને (Hero) તેના પ્રતિપક્ષમાં ખડો કરતો અને આ અંકની પરમ ઉદાત્ત ઉદ્‌ઘાટન ક્રિયા (grand opening ceremony) કરતો આ **ઉત્થાનિકા કળશ (૪૬)** લલકાર્યો છેઃ - ज्ञानज्योतिः स्फुरति - આ **જ્ઞાનજ્યોતિ*** સ્ફુરે છે, સ્વરૂપ ચૈતન્ય-પ્રકાશથી ઝળહળે છે. તે કેવી છે ? परमोदात्तमत्यन्त धीरं - પરમ ઉદાત્ત - સર્વોત્કૃષ્ટ ઉચ્ચતમ અને અત્યંત ધીર-કદી ન ખસે એવી સદા સ્થાયિ તે (૧) साक्षात् कुर्वन् विश्वं - વિશ્વને - સકલ જગત્‌ને - લોકાલોકને સાક્ષાત્ - પ્રત્યક્ષ કરતી એવી છે. કેવું છે આ વિશ્વ ? निरुपधि पृथक् द्रव्यनिर्भासि - નિરુપધિ પૃથક્ દ્રવ્ય નિર્ભાસિ, પરભાવની ઉપધિ - ઉપાધિ જ્યાં નથી એવા **'નિરુપધિ'** - શુદ્ધ **'પૃથક્'** - ભિન્ન ભિન્ન અલગ અલગ દ્રવ્ય જ્યાં **'નિર્ભાસિ'** છે - નિશ્ચયપણે નિયતપણે નિતાંતપણે ભાસી રહ્યું છે - પ્રકાશી રહ્યું એવું, (૨) તેમજ -अज्ञानां शमयदमितः कर्तृकर्मप्रवृत्तिं - અજ્ઞોની (અથવા અજ્ઞાન) કર્તૃકર્મપ્રવૃત્તિ, -एकः कर्ता चिदहमिह - ચિત્ એવો હું અહીં - આ વિશ્વમાં એક - અદ્વિતીય (બીજો કોઈ નહીં) કર્ત્તા છું અને મે કર્મ कोपादयोऽमी इति - આ કોપાદિ - ક્રોધાદિ મ્હારૂં કર્મ છે એવા પ્રકારની.

વિશ્વ સાક્ષાત્‌કારી જ્ઞાન જ્યોતિ

અજ્ઞોની કર્તૃકર્મ - પ્રવૃત્તિનું શમન

અર્થાત્ આ જ્ઞાનજ્યોતિ સ્ફુરી રહી છે - જાજ્વલ્યમાન સ્વરૂપ પ્રકાશ તેજથી ઝળહળી રહી છે, તે **'પરમ ઉદાત્ત'** અને **'અત્યંત ધીર'** છે. જેમ નાટકમાં નાયક (Hero) ધીરોદાત્ત હોય છે, તેમ આ અધ્યાત્મનાટકનો આ **જ્ઞાયક નાયક** (જ્ઞાનજ્યોતિ) 'પરમ ઉદાત્ત' - પરમ અદ્‌ભુત આત્મસંપત્તિથી સમૃદ્ધ ઉચ્ચ કોટિનો ઉમદામાં ઉમદા (Noblest) અને પોતાના નિજ સ્વરૂપથી કદી પણ ચલાયમાન ન થાય એવો અથવા શુદ્ધોપયોગરૂપ શુદ્ધ ધી-બુદ્ધિથી વિરાજમાન એવો અત્યંત 'ધીર' પુરુષ (આત્મા) છે. આ ધીરોદાત્ત જ્ઞાનજ્યોતિ શું શું કરે છે ? - (૧) પરભાવ - વિભાવની બાહ્ય ઉપાધિ નથી એવા **'નિરુપધિ'** પૃથક્ - ભિન્ન દ્રવ્ય જ્યાં નિર્ભાસે છે, નિશ્ચયે કરીને નિતાંતપણે ભાસે છે એવા વિશ્વને આ જ્ઞાનજ્યોતિ સાક્ષાત્ - પ્રત્યક્ષ કરે છે. (૨) તેમજ - હું ચિત્ ચૈતન્ય અહીં આ લોકને વિષે એક - અદ્વિતીય કર્ત્તા છું અને આ ક્રોધાદિ મ્હારૂં કર્મ છે એમ અજ્ઞજનોની અથવા અજ્ઞાન એવી અહંકાર-મમકારરૂપ કર્ત્તા કર્મ પ્રવૃત્તિને આ જ્ઞાનજ્યોતિ સર્વ પ્રકારથી સર્વથા શમાવી દે છે, આ જ્ઞાનજ્યોતિ જ્યારે સ્ફુરે છે - ઝળહળે છે, ત્યારે હું ચેતન કર્ત્તા અને આ ક્રોધાદિ મ્હારૂં કર્મ એવું અહંકાર - મમકારરૂપ અજ્ઞાનમય કર્તૃ કર્મ પ્રવૃત્તિનું મિથ્યાભિમાન મટે છે, સર્વથા નિવૃત્ત થાય છે. આવી કર્તાકર્મપ્રવૃત્તિને સર્વથા શમાવતી ને વિશ્વને સાક્ષાત્ કરતી આ પરમોદાત્ત અત્યંત ધીર જ્ઞાનજ્યોતિ સ્ફુરે છે - સ્વરૂપ તેજે ઝળહળે છે.

આમ બાહ્ય દ્રવ્યજ્યોતિ જેમ **તમઃ નાશ** અને **વસ્તુ પ્રકાશ** એ બે કાર્ય એકીસાથે (Simultaneously) કરે છે, તેમ આ જ્ઞાનરૂપ આભ્યંતર - ભાવજ્યોતિ અજ્ઞાન રૂપ ભાવતમસ્‌નો -

* "तद्भवायत तात्पर्याज्ज्योतिः सच्चिन्मयं विना यस्मात् ।
सदपि न सत् सति यस्मिन्निश्चितमाभासते विश्वम् ॥" - श्री पद्मनंदि पं.वि. १-१२९

અજ્ઞાનાંધકારનો પ્રણાશ અને સકલ વસ્તુના પૃથક્ નિર્ભાસ રૂપ વિશ્વપ્રકાશ એ બે મહાન્ કાર્ય એકીસાથે કરે છે. તે આ પ્રકારે - (૧) દીપકની જ્યોતિનો પ્રકાશ થતાં - પ્રગટતાં, ઘરમાં પોતપોતાનાં યથાસ્થાને પૃથક્ પૃથક્ યથાસ્વરૂપે રહેલા જૂદા જૂદા સર્વ પદાર્થો પ્રગટ દેખાય છે; તેમ આ જ્ઞાનરૂપ દિવ્ય જ્યોતિનો પ્રકાશ થતાં, આ વિશ્વગૃહમાં - જ્યાં એક દ્રવ્યમાં પરભાવની લેશ પણ ઉપાધિનો લેશ પણ પ્રવેશ નથી, એવા પોતપોતાના યથાસ્થાને પૃથક્ પૃથક્ યથાસ્વરૂપે રહેલા જૂદા જૂદા સર્વ દ્રવ્યો-પદાર્થો દીવા જેવા અત્યંત સ્પષ્ટ ભાસે છે, એવું આ અખિલ વિશ્વ પ્રગટ દેખાય છે; આમ આ જ્ઞાનજ્યોતિ સ્ફુરતાં પૃથક્ પૃથક્ સ્વરૂપસ્થિત દ્રવ્યોથી સંભૃત આખા વિશ્વનો પ્રકાશ થાય છે. (૨) તેમજ - 'હું' 'અહમ્' - ચેતન એક કર્ત્તા અને ક્રોધાદિ આ મ્હારૂં કર્મ એવી જે અજ્ઞજનોની કર્ત્તાકર્મપ્રવૃત્તિ તે જ તમસ્ રૂપ અજ્ઞાન છે અને આ અજ્ઞાનનો પ્રતિપક્ષ પ્રગટપણે જ્ઞાન હોઈ જ્ઞાન તે અજ્ઞાનનો સર્વનાશ કરે એ સહજ સ્વાભાવિક છે. ક્રોડો વર્ષનું અંધારૂં હોય, પણ દીવો પેટાવતાં તત્ક્ષણ જ વિલય થાય છે, તેમ અનાદિનું આ અજ્ઞાનનું અંધારૂં દિવ્ય જ્ઞાનજ્યોતિ સ્ફુરતાં તત્ક્ષણ જ વિલય પામે છે. ક્રોડો વર્ષનું સ્વપ્નું હોય પણ જાગ્રત થતાં વેંત જ તે શમાઈ જાય છે, તેમ આ કર્ત્તાકર્મપ્રવૃત્તિ રૂપ અનાદિ અજ્ઞાનમય વિભાવ-સ્વપ્નું જ્ઞાનરૂપ જાગ્રત દશા થતાં વેંત જ શમાઈ જાય છે; આમ જ્ઞાનજ્યોતિ સ્ફુરતાં કર્ત્તા કર્મ પ્રવૃત્તિ રૂપ અજ્ઞાન અંધકારનો પ્રણાશ - સર્વનાશ થાય છે. આ અંગે પરમતત્ત્વદૃષ્ટા સાક્ષાત્ આત્મસિદ્ધિસંપન્ન શ્રીમદ્ રાજચંદ્રજીના તેમની પરમ સુપ્રસિદ્ધ યથાર્થનામા **'આત્મસિદ્ધિ'** પરમ અમૃત કૃતિ અંતર્ગત ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

જ્ઞાનજ્યોતિ : દીવા દાંડી : તમઃનાશ વસ્તુ પ્રકાશ

''કર્મ ભાવ અજ્ઞાન છે, મોક્ષ ભાવ નિજ વાસ;

અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાન પ્રકાશ.

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;

તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.'' - **શ્રી આત્મસિદ્ધિ સૂત્ર-૯૮, ૧૧૪**

અને જે જ્યોતિ છે - દા.ત. ચમક ચમક થતી દીવાદાંડી (Light-house), તે પોતાના પ્રકાશથી ઘણે ઘણે દૂરથી પણ ગમે તે કોઈનું એકદમ ધ્યાન ખેંચે છે, આકર્ષે છે, તેમ અંતરમાં ચૈતન્ય ચમત્કારથી ચમક ચમક થતી આ જ્ઞાનજ્યોતિ એકદમ સર્વ કોઈનું ધ્યાન ખેંચે છે, આકર્ષણ કરે છે. આમ આ જ્ઞાનને 'જ્યોતિ' કહેલ છે તે સર્વથા યથાર્થ છે. આવા પ્રકારે આ કળશના ભાવાર્થને અત્રે સંક્ષેપમાં વિચાર્યો.



जाव ण वेदि विसेसंतरं तु आदासवाण दोह्णंपि ।
अण्णाणी तावदु सो कोधादिसु वट्टदे जीवो ॥६९॥
कोधादिसु वट्टंतस्स तस्स कम्मस्स संचओ होदी ।
जीवस्सेवं बंधो भणिदो खलु सव्वदरसीहिं ॥७०॥ युग्मं ॥

અનંત વીરજ 'જિનરાજનો' અથવા 'શિવસુખ કારણ ઉપદિશી' - એ રાગ.

સજ્ઝાય

આત્મા-આસ્રવ એ બેયનો, જ્યાં લગી વિશેષ ન જાણંત રે;
ત્યાં લગી અજ્ઞાની જીવ તે, ક્રોધાદિમાં વર્તંત રે...
અજ્ઞાનથી કર્ત્તા આતમા, જ્ઞાને અકર્ત્તા જાણ રે... ૬૯
ક્રોધાદિમાં વર્ત્તતા તેહને, સંચય કર્મનો હોય રે;
બંધ એમ જીવનો નિશ્ચયે, સર્વદર્શી ભાખ્યો સોય રે... અજ્ઞાનથી કર્ત્તા. ૭૦

ગાથાર્થ - જ્યાં લગી આત્મા અને આસ્રવ એ બન્નેનો વિશેષ અંતર - તફાવત નથી જાણતો, ત્યાં લગી અજ્ઞાની તે જીવ ક્રોધાદિમાં વર્ત્તે છે. ૬૯

અને ક્રોધાદિમાં વર્ત્તતાંતેને કર્મનો સંચય હોય છે, એમ જીવનો બંધ નિશ્ચયે કરીને સર્વદર્શીઓથી કહેવામાં આવ્યો છે. ૭૦

आत्मख्याति टीका –

यावन्न वेत्ति विशेषांतरं त्वात्मास्रवयोर्द्वयोरपि ।
अज्ञानी तावत्स क्रोधादिषु वर्त्तते जीवः ॥६९॥
क्रोधादिषु वर्त्तमानस्य तस्य कर्मणः संचयो भवति ।
जीवस्यैवं बंधो भणितः खलु सर्वदर्शिभिः ॥७०॥

आत्मभावना -

यावत् - જ્યાં લગી आत्मास्रवयोर्द्वयोरपि - આત્મા અને આસ્રવ એ બન્નેનો विशेषांतरं तु - નિશ્ચયે કરીને વિશેષાંતર - તફાવત न वेत्ति - નથી જાણતો, तावत्स अज्ञानी जीवः - ત્યાં લગી તે અજ્ઞાની જીવ क्रोधादिषु वर्त्तते - ક્રોધાદિમાં વર્ત્તે છે. क्रोधादिषु वर्त्तमानस्य तस्य - ક્રોધાદિમાં વર્ત્તમાન તેને कर्मणः संचयो भवति - કર્મનો સંચય હોય છે, एवं जीवस्य बंधः - એમ જીવનો બંધ सर्वदर्शिभिः खलु भणितः - સર્વદર્શીઓથી નિશ્ચયે કરીને કહેવામાં આવ્યો છે. ॥ इति **गाथा** आत्मभावना ॥६७-७०॥

यथायमात्मा - જેમ આ આત્મા, तादात्म्यसिद्धसंबंधयोरात्मज्ञानयोः - જેનો સંબંધ તાદાત્મ્યથી સિદ્ધ છે એવા આત્મા અને જ્ઞાનનો अविशेषाद् - અવિશેષને લીધે भेदम् पश्यन् - ભેદ નહિ દેખતો, अविशंकमात्मतया ज्ञाने वर्त्तते - **અવિશંકપણે** આત્મતાથી જ્ઞાનમાં વર્ત્તે છે, तत्र वर्त्तमानश्च - અને ત્યાં વર્ત્તમાન - વર્ત્તતો, ज्ञानक्रियायाः स्वभावभूतत्वेनाप्रतिषिद्धत्वात् - જ્ઞાનક્રિયાના સ્વભાવભૂતપણાએ કરીને અપ્રતિષેદ્ધપણાને લીધે, जानाति - જાણે છે. तथा - તેમ संयोगसिद्ध-संबंधयोरप्यात्मक्रोधाद्यास्रवयोः - જેનો સંબંધ સંયોગથી સિદ્ધ છે એવા પણ આત્મા અને ક્રોધાદિ આસ્રવનો, स्वयमज्ञानेन विशेषमजानन् - स्वयं - પોતે અજ્ઞાનથી વિશેષ નહિ જાણતો यावद् भेदं न पश्यति - જ્યાં લગી ભેદ નથી દેખતો, तावदशंकमात्मतया क्रोधादौ वर्त्तते - ત્યાં લગી અશંકપણે આત્મતાથી ક્રોધાદિમાં વર્ત્તે છે, तत्र वर्त्तमानश्च - અને ત્યાં वर्त्तमान - વર્ત્તતો क्रोधादिक्रियाणां परभावभूतत्वात्प्रतिषिद्धत्वेपि - ક્રોધાદિ ક્રિયાઓનું પરભાવભૂતપણાને લીધે - પ્રતિષિદ્ધપણું છતાં स्वभावभूतत्वाध्यासात् - સ્વભાવભૂતપણાના અધ્યાસને લીધે क्रुध्यति रज्यते मुह्यति चेति - ક્રોધ કરે

यथायमात्मा
तादात्म्यसिद्धसंबंधयोरात्मज्ञानयो
रविशेषाद्
भेदमपश्य -
न्नविशंकमात्मतया ज्ञाने वर्त्तते
तत्र वर्त्तमानश्च
ज्ञानक्रियायाः स्वभावभूतत्वेना -
प्रतिषिद्धत्वा -
ज्ञानाति
तदत्र योयमात्मा
स्वयमज्ञानभवने
ज्ञानभवनमात्रसहजोदासीनावस्थात्यागेन
व्याप्रियमाणः प्रतिभाति
स कर्त्ता,

तथा
संयोगसिद्धसंबंधयोरप्यात्मक्रोधाद्या स्नक्योः
स्वयमज्ञानेन विशेषमजानन्
यावद् भेदं न पश्यति
तावदशंकमात्मतया क्रोधादौ वर्त्तते,
तत्र वर्त्तमानश्च
क्रोधादिक्रियाणांपरभावभूतत्वात्
प्रतिषिद्धत्वेपि स्वभावभूतत्वाध्यासात्
क्रुध्यति रज्यते मुह्यति चेति ।
यत्तु
ज्ञानभवनव्याप्रियमानत्वेभ्यो भिन्नं
क्रियमाणत्वेनांतरुत्लवमानं
प्रतिभाति क्रोधादि
तत्कर्म,

एवमियमनादिरज्ञानजा कर्तृकर्मप्रवृत्तिः ।

एवमस्यात्मनः स्वयमज्ञानात्कर्तृकर्मभावेन **क्रोधादिषु वर्त्तमानस्य** क्रोधादिवृत्तिरूपं परिणाम-निमित्तमात्रीकृत्य स्वयमेव परिणाममाणं पौद्गलिकं **कर्म संचयमुपयाति ।**

एवं जीवपुद्गलयोः परस्परावगाहलक्षणसंबंधात्मा **बंधः सिद्ध्येत् ।** स चानेकात्मकैकसंतानत्वेन निरस्तेतरेतराश्रयदोषः कर्तृकर्मप्रवृत्तिनमित्तस्याज्ञानस्य निमित्तं ॥६९॥७०॥

છે, રંજે છે અને મોહે છે.

तदत्र - તેથી અત્રે योयमात्मा - જે આત્મા स्वयमज्ञानभवने - स्वयं - પોતે અજ્ઞાન ભવનમાં व्याप्रियमाणः - प्रतिभाति - व्याप्रियमाण - પ્રવર્ત્તી રહેલો પ્રતિભાસે છે, स कर्त्ता - તે કર્ત્તા. કેવી રીતે અજ્ઞાન ભવનમાં व्याप्रियमाण ? ज्ञान भवनमात्रसहजोदासीनावस्थात्यागेन - જ્ઞાન ભવન માત્ર સહજ ઉદાસીન અવસ્થાના ત્યાગે કરીને. यत्तु - અને જે, ज्ञानभवनव्याप्रियमाणत्वेभ्यो भिन्नं - જ્ઞાનભવન વ્યાપ્રિયમાણ પણાઓથી - વ્યાપૃત થઈ રહ્યાપણાઓથી - પ્રવર્ત્તમાનપણાઓથી ભિન્ન - જૂદું એવું क्रियमाणत्वेनांतकत्लवमानं - ક્રિયમાણપણે - કરાઈ રહ્યાપણે અંતરમાં ઉત્પ્લવમાન - ઉત્પ્લવતું - ઊઠતું - प्रतिभाति क्रोधादि - क्रोधादि प्रतिભાસે છે, तत्कर्म - તે કર્મ છે. एवमियमनादिरज्ञानजा कर्तृकर्मप्रवृत्तिः - એમ આ અનાદિ અજ્ઞાનની કર્તાકર્મ પ્રવૃત્તિ છે. एवम् - એમ अस्यात्मनः - આ આત્માને स्वयम् ज्ञानात् - સ્વયં અજ્ઞાનને લીધે कर्तृकर्मभावेन क्रोधादिषु वर्त्तमानस्य - કર્તૃકર્મભાવથી ક્રોધાદિમાં વર્ત્તમાનને - વર્ત્તી રહેલ तमेव क्रोधादिवृत्तिरूपं - परिणामनिमित्तमात्रीकृत्य - તે જ ક્રોધાદિ વૃત્તિ રૂપ પરિણામને નિમિત્ત માત્ર કરીને स्वयमेव परिणममानं - સ્વયમેવ પરિણામી રહેલું, પરિણમતું पौद्गलिककर्मसंचयमुपयाति - પૌદ્ગલિક કર્મ સંચય પામે છે.

एवं जीवपुद्गलयोः - એમ જીવ અને પુદ્ગલનો परस्परावगाहलक्षणसंबंधात्मा बंधः सिद्ध्येत् - પરસ્પર અવગાહ લક્ષણ સંબંધાત્મક બંધ સિદ્ધ થાય, स च - અને તે अनेकात्मकैकसंतानत्वेन निरस्तेतरेतराश्रयदोषः - અનેકાત્મક એક સંતાનપણાએ કરીને જેણે ઈતરેતરાશ્રય દોષ - અન્યોન્યાશ્રય દોષ નિરસ્ત કર્યો છે એવો कर्तृकर्मप्रवृत्तिनिमित्तस्य अज्ञानस्य निमित्तं - કર્તૃકર્મપ્રવૃત્તિનું નિમિત્ત એવા અજ્ઞાનનું નિમિત્ત છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥६९॥७०॥

આત્મખ્યાતિ ટીકાર્થ

જેમ આ આત્મા	તેમ
તાદાત્મ્ય સિદ્ધ સંબંધવાળા	સંયોગસિદ્ધ સંબંધવાળા
આત્મા અને જ્ઞાનનો	**આત્મા અને ક્રોધાદિ આસ્રવનો પણ**
અવિશેષને લીધે	**સ્વયં અજ્ઞાનથી વિશેષ નહિ જાણતો**
ભેદ નહિ દેખતો,	જ્યાં લગી ભેદ નથી દેખતો,
અવિશંકપણે આત્મતાથી	ત્યાં લગી અશંકપણે આત્મતાથી
જ્ઞાનમાં વર્ત્તે છે;	**ક્રોધાદિમાં વર્ત્તે છે;**
અને ત્યાં વર્ત્તતો તે,	અને ત્યાં વર્ત્તતો તે,
જ્ઞાનક્રિયાના સ્વભાવભૂતપણાએ કરીને	ક્રોધાદિ ક્રિયાઓનું - પરભાવભૂતપણાએ કરીને
અપ્રતિષિદ્ધપણાને લીધે	પ્રતિષિદ્ધપણું છતાં - સ્વભાવભૂતપણાના અભ્યાસને
જાણે છે :	લીધે ક્રોધે છે, રંજે છે અને મોહે છે.

તેથી અત્રે જે આ આત્મા, સ્વયં અજ્ઞાન ભવનમાં (અજ્ઞાન હોવાપણામાં) - જ્ઞાનભવન માત્ર (જ્ઞાન હોવાપણા માત્ર) સહજ ઉદાસીન અવસ્થાના ત્યાગથી - વ્યાપ્રિયમાણ (વ્યાપૃત થતો - પ્રવર્ત્તતો) પ્રતિભાસે છે, તે કર્ત્તાઃ અને જે, જ્ઞાન ભવનમાં વ્યાપ્રિયમાણપણાઓથી (પ્રવર્ત્તવાપણાઓથી) ભિન્ન એવું ક્રિયમાણપણે (કરાઈ રહેવાપણે) અંતરમાં ઉત્પ્લવતું ક્રોધાદિ પ્રતિભાસે છે, તે કર્મ, - એમ આ અનાદિ અજ્ઞાનજન્ય કર્ત્તાકર્મપ્રવૃત્તિ છે.

એમ આ આત્માને - સ્વયં અજ્ઞાનને લીધે કર્ત્તાકર્મભાવથી **ક્રોધાદિમાં વર્ત્તતાને** - તે જ ક્રોધાદિ પ્રવૃત્તિરૂપ (પાઠાં : વૃત્તિ રૂપ) પરિણામને નિમિત્તમાત્ર કરી સ્વયમેવ પરિણમતું પૌદ્ગલિક **કર્મ સંચય પામે છે.**

એમ જીવ અને પુદ્ગલનો પરસ્પર અવગાહલક્ષણ સંબંધરૂપ **બંધ સિદ્ધ થાય** અને અનેકાત્મક એકસંતાનપણાએ કરીને ઈતરેતર આશ્રય દોષ નિરસ્ત કરતો એવો તે (બંધ) કર્ત્તાકર્મપ્રવૃત્તિનું નિમિત્ત એવા અજ્ઞાનનું નિમિત્ત છે. ૬૯-૭૦

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''શ્રી જિન વીતરાગે દ્રવ્ય-ભાવ સંયોગથી ફરી ફરી છૂટવાની ભલામણ કરી છે, અને તે સંયોગનો વિશ્વાસ પરમ જ્ઞાનીને પણ કર્ત્તવ્ય નથી, એવો અખંડ માર્ગ કહ્યો છે, તે શ્રી જિન વીતરાગનાં ચરણકમળ પ્રત્યે અત્યંત ભક્તિથી નમસ્કાર.'' - **શ્રીમદ્ રાજચંદ્ર અં. ૪૯૬, ૫૮૮**

''હું કરતા હું કરતા પરભાવનો હોજી, ભોક્તા પુદ્ગલ રૂપ.'' - **શ્રી દેવચંદ્રજી**

આ અંકના ઉદ્ઘાટન કળશમાં સૂચવ્યું તેમ અજ્ઞાન થકી જ કર્તા-કર્મપ્રવૃત્તિ થાય છે; અને આ અજ્ઞાન થકી જ જીવનો બંધ કેવા પ્રકારે થાય છે ? તે સમસ્ત વિધિ આ ગાથામાં **શાસ્ત્રકર્તા પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** પ્રકાશ્યો છે; અને તેનું પરમ અદ્ભુત તલસ્પર્શી વિવરણ કરતાં, **'આત્મખ્યાતિ' સૂત્રકર્ત્તા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** કર્ત્તાકર્મપ્રવૃત્તિનું સમગ્ર તત્ત્વજ્ઞાન (Comprehensive philosophy) એકજ, સળંગ વાક્ય-સૂત્રમાં ગૂંથેલ અનન્ય સૂત્રાત્મક લાક્ષણિક શૈલીથી નિષ્ણુષપણે વિવરી દેખાડી, બંધ પ્રક્રિયાનું (Process of Bandha-Bondage) સમસ્ત તત્ત્વ સર્વસ્વ સમર્પક રહસ્ય પ્રસ્ફુટ કર્યું છે અને ડિંડિમ નાદથી જાહેર કર્યું છે કે **કર્ત્તાકર્મપ્રવૃત્તિનું મૂળ અજ્ઞાન જ છે**, આ અજ્ઞાનને લીધે જ જીવ ક્રોધાદિ પરિણામરૂપ ભાવકર્મ કરે છે, અને જીવના આ અજ્ઞાનજન્ય ક્રોધાદિ પરિણામરૂપ ભાવકર્મને લીધે જ જીવને પૌદ્ગલિક કર્મબંધ (દ્રવ્યકર્મ બંધ) થાય છે. તે આ પ્રકારે :-

જેમ - દૃષ્ટાંત (વૈધર્મ્યથી) - **આ આત્મા, તાદાત્મ્યસિદ્ધ સંબંધવાળા** આત્મા અને જ્ઞાનનો અવિશેષને લીધે - બીન તફાવતને લીધે ભેદ નહિ દેખતાં, અવિશંકપણે 'આત્મતાથી' - આત્માપણાથી જ્ઞાનમાં વર્ત્તે છે; અને ત્યાં - જ્ઞાનમાં વર્ત્તતો તે જાણે છે. શાને લીધે ? જ્ઞાનક્રિયાના સ્વભાવભૂતપણાએ કરી અપ્રતિષિદ્ધપણાને લીધે નિષેધ નહિ કરાયાપણાને લીધે. તેમ, દાર્ષ્ટાંતિક - **સંયોગસિદ્ધ સંબંધવાળા** આત્મા અને ક્રોધાદિ આસ્રવનો સ્વયં-પોતે અજ્ઞાને કરી વિશેષ - તફાવત નહિ જાણતા જ્યાં લગી ભેદ નથી દેખાતો, ત્યાં લગી આ આત્મા અશંકપણે 'આત્મતાથી' - આત્માપણાથી ક્રોધાદિમાં વર્ત્તે છે; અને ત્યાં - ક્રોધાદિમાં વર્ત્તતો તે ક્રોધે છે, રંજે છે અને મોહે છે. શાને લીધે ? ક્રોધાદિ ક્રિયાઓનું પરભાવભૂતપણાને લીધે પ્રતિષિદ્ધપણું - નિષેધ કરાયાપણું છતાં **સ્વભાવભૂતપણાના અધ્યાસને લીધે.** આમ આ આત્મા ક્રોધાદિ કરે છે, તેમાં જે આ આત્મા છે તે કર્ત્તા છે અને ક્રોધાદિ છે તે કર્મ છે. કેવો છે આ કર્ત્તા ? 'स्वयमज्ञानभवने व्याप्रियमाणः' - 'स्वयं' - પોતે **'અજ્ઞાન ભવનમાં'** - અજ્ઞાન હોવામાં - થવામાં અજ્ઞાનપરિણમનમાં **'વ્યાપ્રિયમાણ'** - પ્રવર્ત્તી રહેલો પ્રતિભાસે છે - દીસે છે - જણાય છે એવો. અજ્ઞાન ભવનમાં કેવી રીતે વ્યાપ્રિયમાણ, **'જ્ઞાનભવન માત્ર'** - જ્ઞાન હોવા - થવા માત્ર - કેવલ જ્ઞાનપરિણમન માત્ર સહજ - સ્વભાવભૂત ઉદાસીન અવસ્થાના ત્યાગે કરીને અને કેવું છે તે કર્મ ? ज्ञानभवनव्याप्रियमाणत्वेभ्यो भिन्नं - જ્ઞાનભવન વ્યાપ્રિયમાણઓથી - જ્ઞાન હોવામાં પ્રવર્ત્તમાનપણાઓથી ભિન્ન - જૂદું એવું **'ક્રિયમાણપણે'** કરાઈ રહ્યાપણે - કરાતું હોવાપણે અંતરમાં ઉત્પ્લવતું - એકદમ ઊઠતું પ્રતિભાસે છે - દીસે છે - જણાય છે એવું, क्रियमाणत्वेनांतरुत्प्लवमानं । આવા આ કર્ત્તા-કર્મપણે એમ ઉક્ત પ્રકારે આ અનાદિ **'અજ્ઞાનની'** - અજ્ઞાન થકી જન્મેલી **કર્ત્તાકર્મપ્રવૃત્તિ છે;** અને એમ આ આત્માને - સ્વયં અજ્ઞાનને લીધે - કર્તૃકર્મભાવથી ક્રોધાદિમાં વર્ત્તતાં, તે જ ક્રોધાદિ પ્રવૃત્તિરૂપ પરિણામને નિમિત્તમાત્ર કરીને સ્વયમેવ - સ્વયં જ - આપોઆપ જ પરિણમતું એવું પૌદ્ગલિક કર્મ સંચય - સંગ્રહ પામે છે. એમ જીવનો અને પુદ્ગલનો પરસ્પર - એકબીજાને અવગાહ - અવકાશ આપવા રૂપ લક્ષણવાળો સંબંધાત્મક બંધ સિદ્ધ થાય; અને તે કેવો છે ? અનેકાત્મક એક સંતાનપણાએ કરી જેણે ઈતરેતરાશ્રય દોષ - અન્યોન્યાશ્રય દોષ નિરસ્ત કર્યો છે - દૂર ફગાવી દીધો છે. એવો તે કર્તાકર્મપ્રવૃત્તિનું નિમિત્ત એવા અજ્ઞાનનું નિમિત્ત છે, कर्तृकर्मप्रवृत्तिनिमित्तस्याज्ञानस्य निमित्तं - **અમૃતચંદ્રજીની** આ પરમાર્થગંભીર વ્યાખ્યાની હવે વિશેષ વિચારણા કરીએ -

અજ્ઞાનજન્ય કર્તૃકર્મ પ્રવૃત્તિ : અને તેથી જ બંધ

આત્મા અને જ્ઞાનનો **તાદાત્મ્યસિદ્ધ સંબંધ** (Identity) છે, આત્મા તે જ્ઞાન ને જ્ઞાન તે આત્મા એમ પરસ્પર વ્યાપ્ય વ્યાપક ભાવરૂપ તાદાત્મક - તદાકાર (Identical) સંબંધ સુનિશ્ચિત છે. એટલે આત્મા અને જ્ઞાનનો અવિશેષ છે, અભેદ છે, વિશેષ અંતર - તફાવત નથી. આમ तादात्म्यसिद्ध संबंधयोरात्मज्ञानयोरविशेषाद् - તાદાત્મ્ય સંબંધ જેનો સિદ્ધ છે એવા આત્મા અને જ્ઞાનનો અવિશેષને લીધે ભેદ નહિ દેખતો આ આત્મા અવિશંકપણે - બેધડક પણે - આત્મતાથી - આત્માપણે (પોતા પણે) જ્ઞાનમાં વર્ત્તે છે, अविशंकमात्मतया ज्ञाने वर्त्तते; અને તે જ્ઞાનમાં વર્ત્તતો તે જાણે છે, કારણકે જાણપણારૂપ જે જ્ઞાનક્રિયા (Process of knowledge) છે એ તો આત્માની સ્વભાવભૂત છે અને સ્વભાવનો તો કોઈ કાળે નિષેધ થાય નહિ, ના પાડી શકાય નહિ, એટલે ज्ञानक्रियायाः स्वभावभूतत्वेनाप्रतिषिद्धत्वात् - જ્ઞાનક્રિયાના સ્વભાવભૂતપણાએ કરી અપ્રતિષિદ્ધપણાને લીધે - નહિ નિષેધી શકાવાપણાને લીધે આત્મા જાણપણારૂપ જ્ઞાનક્રિયા અનિવારિતપણે અવશ્ય કરે જ છે.

આત્મા-જ્ઞાનનો તાદાત્મ્ય સંબંધ :જ્ઞાન-ક્રિયા સ્વભાવભૂત

આથી ઉલટું આત્મા અને ક્રોધાદિ આસ્રવનો **સંયોગસિદ્ધ સંબંધ** છે, સંયોગથી (Association) માત્ર સિદ્ધ થયેલો સંબંધ છે, પણ તાદાત્મ્ય (Identity) સંબંધ નથી. અર્થાત્ આત્મા તે ક્રોધાદિ નથી અને ક્રોધાદિ તે આત્મા નથી, આત્મા તે આત્મા છે ને ક્રોધાદિ તે ક્રોધાદિ છે, એમ બન્ને પૃથક્ પૃથક્

છતાં માત્ર સંયોગ સંબંધથી સંબદ્ધ છે. પણ અજ્ઞાની જીવ સ્વયં અજ્ઞાને કરી - स्वयं अज्ञानेन - આ સંયોગસિદ્ધ સંબંધવાળા આત્મા અને ક્રોધાદિ આસ્રવનો વિશેષ - तथावत નહિ જાણતાં - संयोगसिद्धसंबंधयोरप्यात्मक्रोधाद्यास्रवयोः विशेषमजानन् જ્યાં લગી તે બન્નેનો ભેદ દેખતો નથી, ત્યાં લગી ક્રોધાદિને પણ આત્મા માની બેસી, જેમ જ્ઞાનમાં અવિશંકપણે આત્મતાથી વર્ત્તે છે તેમ ક્રોધાદિમાં અવિશંકપણે આત્મતાથી - આત્માપણે વર્ત્તે છે; અને ક્રોધાદિમાં વર્ત્તતો તે, ક્રોધાદિ પરભાવરૂપ છે માટે કરવા યોગ્ય નથી એમ પરભાવભૂતપણાને લીધે ક્રોધાદિ ક્રિયાઓનું પ્રતિષિદ્ધપણું - નિષિદ્ધપણું છતાં, - क्रोधादिक्रियाणां परभावभूतत्वाद् प्रतिषिद्धत्वेपि, - આ ક્રોધાદિ આત્મસ્વભાવ છે એમ માની બેસવા રૂપ સ્વભાવભૂતપણાના અધ્યાસને લીધે - स्वभावभूतत्वाध्यासात्, ક્રોધ કરે છે, રાગ કરે છે અને મોહ કરે છે. અર્થાત્ આત્મ સ્વભાવભૂત જ્ઞાનમાં વર્તતો તે જેમ જાણપણારૂપ જ્ઞાનક્રિયા કરે છે, તેમ ક્રોધાદિ પર ભાવને અજ્ઞાનથી આત્મસ્વભાવભૂત માની બેસી ક્રોધાદિમાં વર્ત્તતો અજ્ઞાની જીવ ક્રોધાદિ અજ્ઞાનક્રિયા કરે છે.

આત્મા-ક્રોધાદિનો સંયોગ સંબંધ : ક્રોધાદિ ક્રિયા પરભાવભૂત પ્રતિષિદ્ધ છતાં સ્વભાવભૂતપણાનો અધ્યાસ

''આ આત્મભાવ છે અને આ અન્ય ભાવ છે એવું બોધબીજ આત્માનો વિષે પરિણમિત થવાથી અન્યભાવને વિષે સહેજે ઉદાસીનતા ઉત્પન્ન થાય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૪૩), પ૨૫**

આમ સર્વ પરભાવથી અસ્પર્શ્ય - न स्पर्शाय એવી જ - ઉચ્ચ સહજ સ્વભાવભૂત જ્ઞાનભવન - જ્ઞાન હોવારૂપ - થવારૂપ - અવસ્થામાં આસીન - બિરાજવારૂપ **ઉદાસીન** અવસ્થાનો ત્યાગ કરી, અજ્ઞાની જીવ પર ભાવ ઉપર - અધિ - ચઢી બેસી - આસ્ - પર ભાવની બેઠક - પરભાવનું આસન પચાવી પાડી પર ભાવમાં સ્વભાવભૂતપણાનો **અધ્યાસ** કરે છે. એટલે આમ જ્ઞાનભવનમાત્ર सहजोदासीनावस्थात्यागेन - કેવલ જ્ઞાન હોવા રૂપ - **'જ્ઞાનભવન માત્ર'** સહજ - સ્વભાવભૂત ઉદાસીન અવસ્થાનો ત્યાગ કરી, જે આ અજ્ઞાની જીવ સ્વયં - આપોઆપ **'અજ્ઞાન ભવનમાં'** - અજ્ઞાન હોવામાં - અજ્ઞાન પરિણમનમાં व्याप्रियमाण - વ્યાપૃત થઈ રહેલો - પ્રવર્ત્તતો પ્રતિભાસે છે, દેખાય છે તે **કર્ત્તા;** અને જ્ઞાનભવનમાં (જ્ઞાન હોવામાં) વ્યાપ્રિયમાણપણાઓથી - વ્યાપૃત થઈ રહ્યાપણાઓથી - પ્રવૃર્ત્તવાપણાઓથી ભિન્ન - જૂદું એવું જે **'ક્રિયમાણપણે'** - કરાઈ રહ્યાપણે - કરાતું હોવાપણે અંતરમાં 'ઉત્પ્લવતું' - ફૂદાફૂદ કરતું - ઠેકડા મારતું એકદમ ઊઠતું ક્રોધાદિ પ્રતિભાસે છે, દેખાય છે, તે કર્મ; એમ આ અનાદિ અજ્ઞાનજન્ય કર્ત્તાકર્મપ્રવૃત્તિ છે, - एवमियमनादिरज्ञानजा कर्तृकर्मप्रवृत्तिः ।

અનાદિ અજ્ઞાનજન્ય કર્તૃ કર્મ પ્રવૃત્તિ

અને એમ સ્વયં અજ્ઞાનને લીધે - स्वयं अज्ञानात् - કર્ત્તા કર્મભાવથી ક્રોધાદિમાં વર્ત્તતા આત્માને, તે જ ક્રોધાદિવૃત્તિરૂપ પરિણમન, **નિમિત્ત માત્ર** કરી સ્વયમેવ પરિણમતું - स्वयमेव परिणममानं - પૌદ્ગલિક કર્મ સંચય પામે છે, અર્થાત્ અજ્ઞાનને લીધે સ્વયં ક્રોધાદિમાં પરિણમતા જીવના ક્રોધાદિ પરિણામનું નિમિત્ત માત્ર પામી સ્વયમેવ - આપોઆપ પરિણમતું પૌદ્ગલિક કર્મ સંચિત થાય છે. पौद्गलिक कर्मसंचयमुपयाति ।

જીવના ક્રોધાદિ આત્મપરિણામ નિમિત્તે પુદ્ગલ બંધ

''જીવ વિભાવ પરિણામમાં વર્તે તે વખતે કર્મ બાંધે અને સ્વભાવ પરિણામમાં વર્ત્તે તે વખતે કર્મ બાંધે નહિ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૬૪૩ ઉપદેશ છાયા**

એમ જીવનો અને પુદ્ગલનો પરસ્પર અવગાહ લક્ષણ સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે, - परस्परावगाहलक्षणसंबंधात्मा बंधः - અને આમ આત્મપરિણામરૂપ ભાવકર્મ પુદ્ગલ પરિણામરૂપ દ્રવ્યકર્મનું **નિમિત્ત થાય છે અને પુદ્ગલ પરિણામરૂપ દ્રવ્યકર્મ આત્મપરિણામ રૂપ ભાવકર્મનું નિમિત્ત** થાય છે, એમ ઉત્તરોત્તર સંકલનાબદ્ધપણે (Chain) ભાવકર્મથી દ્રવ્યકર્મ અને દ્રવ્યકર્મથી ભાવકર્મ એમ

જીવ-પુદ્ગલના અવગાહ લક્ષણ બંધનું વિષચક


સંકલના રૂપ દુશ્ચક્ર (Vicious circle) અનેકાત્મકૈકસંતાનત્વેન - અનેકાત્મક એક સંતાનપણે ચાલ્યા કરે છે, પણ ઈતરેતરાશ્રય દોષ ત્યાં લાગતો નથી. કારણકે જૂના ભાવકર્મથી બંધાયેલું જૂનું દ્રવ્યકર્મ ઉદયમાં આવતાં નવું- ભાવકર્મ બંધાય છે અને તેના નિમિત્તે પાછું નવું દ્રવ્યકર્મ બંધાય છે, એમ ઉત્તરોત્તર અનુબંધ - સંકલના ચાલ્યા કરે છે અને જે જીવ-પુદ્ગલનો બંધ થાય છે, તે પુનઃ કર્તાકર્મપ્રવૃત્તિના **નિમિત્ત** - કારણરૂપ અજ્ઞાનનું **નિમિત્ત** - કારણ બને છે.

''કષાય સત્તાપણે છે. નિમિત્ત આવે ત્યારે ઉભા થાય છે, ત્યાં સુધી ઉભા થાય નહિ.''

''જીવને મોક્ષનો અવકાશ કહી કર્મબંધ કહ્યો છે.''

''આત્માના સ્વભાવને જ આવરણ, તેને જ્ઞાનીઓ 'કર્મ' કહે છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, ૪૨૪, (૬૪૩), ૯૫૭ (ઉપદેશ છાયા)



ક્યારે આ કર્ત્તા-કર્મ પ્રવૃત્તિની નિવૃત્તિ ? તો કે -

जइया इमेण जीवेण अप्पणो आसवाण य तहेव ।
णादं होदि विसेसंतरं तु तइया ण बंधो से ॥७१॥

પણ જ્યારે આ જીવને, આત્માનો આસ્રવનો ય રે;
વિશેષાંતર જ્ઞાત જ હોય છે, ત્યારે બંધ તેને નો'ય રે... અજ્ઞાનથી કર્ત્તા. ૭૧

ગાથાર્થ - જ્યારે આ જીવને આત્મા અને આસ્રવનો વિશેષાંતર (તફાવત) જ્ઞાત હોય છે, ત્યારે તેને બંધ નથી હોતો. ૭૧

आत्मख्याति टीका -

कदास्याः कर्तृकर्मप्रवृत्तेर्निवृतिरिति चेत् -

यदानेन जीवेनात्मनः आस्रवाणं च तथैव ।
ज्ञातं भवति विशेषांतरं तु तदा न बंधस्तस्य ॥७१॥

इह खलु स्वभावमात्रं वस्तु, स्वस्य भवनं तु स्वभावः,

ज्ञानस्य वद् भवनं	यत्तु क्रोधदेर्भवनं
तन्न क्रोधादेरपि भवनं	तन्न ज्ञानस्यापि भवनं
यतो यथा ज्ञानभवने ज्ञानं भवद्विभाव्यते	यतो क्रोधादिभवने क्रोधादयो भवंतो विभाव्यंते
न तथा क्रोधादिरपि ।	न तथा ज्ञानमपि ।

तेन ज्ञानस्य भवनं खल्वात्मा, क्रोधादेर्भवनं क्रोधादिः । अथ -

इत्यात्मनः क्रोधादीनां च न खल्वेकवस्तुत्वं ।

इत्येवमात्मात्मास्रवयो र्विशेषदर्शनेन यदा भेदं जानाति तदास्यानादिरप्यज्ञानजा कर्तृकर्मप्रवृत्ति र्निवर्त्तते, तन्निवृत्तावज्ञाननिमित्तं पुद्गलद्रव्यकर्म**बंधोपि निवर्त्तते ।**

तथा सति ज्ञानमात्रादेव बंधनिरोधः सिद्ध्येत् ॥७१॥

आत्मभावना -

कदास्याः कर्तृकर्मप्रवृत्ते र्निवृतिः - ક્યારે આ કર્તા કર્મ પ્રવૃત્તિની નિવૃત્તિ ? इति चेत् - એમ જો પૂછો તો यदा तु - પ્રવા જ્યારે अनेन जीवेन - આ જીવથી आत्मनः आस्रावणां च तथैव - આત્માની અને આસ્રવોના વિશેષાંતરં જ્ઞાતં भवति - વિશેષાંતર જ્ઞાત હોય છે, तदा न तस्य बंधः - ત્યારે તે બંધ નથી. ॥ इति **गाथा** आत्मभावना ॥७१॥ **નિશ્ચયે કરીને સ્વભાવમાત્ર વસ્તુ છે, स्वस्य भवनं तु स्वभावः** - અને સ્વનું - પોતાનું ભવન હોવું - પરિણમવું - તે સ્વભાવ છે. तेन - તેથી કરીને ज्ञानस्य भवनं खल्वात्मा - જ્ઞાનનું ભવન નિશ્ચયે કરીને આત્મા છે, क्रोधादेर्भवनं क्रोधादि - ક્રોધાદિનું ભવન તે ક્રોધાદિ છે. अथ - હવે - ज्ञानस्य यद् भवनं - જ્ઞાનનું જે ભવન, तन्न क्रोधादेरपि भवनं - તે ક્રોધાદિનું પણ ભવન નથી. શું કારણથી ? यतो - કારણકે यथा ज्ञानभवने ज्ञानं भवद् विभाव्यते - જેમ જ્ઞાન ભવનમાં જ્ઞાન હોતું વિભાવાય છે - જણાય છે, न तथा क्रोधादिरपि - તેમ ક્રોધાદિ પણ નથી વિભાવાતું - જણાતું, यत्तु क्रोधादेर्भवनं - અને જે ક્રોધાદિનું ભવન, तन्न ज्ञानस्यापि भवनं - તે જ્ઞાનનું પણ ભવન નથી. શું કારણથી ? यतो - કારણકે क्रोधादि भवने क्रोधादयो भवंतो विभाव्यंते - ક્રોધાદિ ભવનમાં ક્રોધાદિ ભવંતા - હોતાં વિભાવાય છે - જણાય છે, न तथा ज्ञानमपि - તેમ જ્ઞાન પણ નથી વિભાવાતું - જણાતું. इति - એટલા માટે आत्मनः क्रोधादीनां च न खल्वेकवस्तुत्वं - આત્માનું અને ક્રોધાદિનું ખરેખર ! નિશ્ચયે કરીને એક વસ્તુપણું નથી. इत्येवम् - એવા પ્રકારે એમ आत्मा आत्मास्रवयोर्विशेषदर्शनेन यदा भेदं जानाति - આત્મા આત્મા અને આસ્રવનો વિશેષ દર્શનથી જ્યારે ભેદ જાણે છે, तदा - ત્યારે अस्यानादिरप्यज्ञानजा कर्तृकर्मप्रवृत्ति र्निवर्तते - આની - આ આત્માની અનાદિ પણ અજ્ઞાનની - अज्ञानजन्य कर्तृकर्म प्रवृत्ति निवर्તે છે - પાછી વળે છે, तन्निवृत्तौ - તેની નિવૃત્તિ થયે, अज्ञाननिमित्तं - અજ્ઞાનનું નિમિત્ત - કારણ છે એવો

आत्मख्याति टीकार्थ

અહીં નિશ્ચયે સ્વભાવ માત્ર વસ્તુ છે, અને સ્વનું ભવન તે સ્વભાવ છે, તેથી જ્ઞાનનું ભવન તે નિશ્ચયે કરીને આત્મા છે, ક્રોધાદિનું ભવન તે ક્રોધાદિ છે.

હવે - જ્ઞાનનું જે ભવન છે,	અને ક્રોધાદિનું જે ભવન છે,
તે ક્રોધાદિનું પણ ભવન નથી;	તે જ્ઞાનનું પણ ભવન નથી,
કારણકે જેમ જ્ઞાનભવનમાં	કારણકે જેમ ક્રોધાદિ ભવનમાં
જ્ઞાન ભવત્ (હોતું) વિભાવાય છે,	ક્રોધાદિ ભવંતા (હોતા) વિભાવાય છે,
તેમ ક્રોધાદિ પણ નથી વિભાવાતું :	તેમ જ્ઞાન પણ નથી વિભાવાતું.

- એમ આત્માનું અને ક્રોધાદિનું નિશ્ચયે કરીને એક વસ્તુપણું નથી.

એવા પ્રકારે **આત્મા, આત્મા અને આસ્રવના વિશેષ દર્શનથી** જ્યારે ભેદ જાણે છે, ત્યારે એની અનાદિ પણ અજ્ઞાનની કર્તા કર્મ પ્રવૃત્તિ નિવર્તે છે; તેની નિવૃત્તિ સતે અજ્ઞાન નિમિત્ત પુદ્ગલ દ્રવ્યકર્મ બંધ પણ નિવર્તે છે, તેમ સતે જ્ઞાનમાત્ર થકી જ બંધ નિરોધ સિદ્ધ થાય. ૭૧

'अमृत ज्योति' महाभाष्य

''જે તીર્થંકરે જ્ઞાનનું ફળ વિરતિ કહ્યું છે, તે તીર્થંકરને અત્યંત ભક્તિથી નમસ્કાર હો.''

- श्रीमद् राजचंद्र, अं. (५१७), ६८६

''ક્રોધ વશ ધર્મધમ્યો, શુદ્ધ ગુણ નવ રમ્યો;
ભમ્યો ભવમાંહિ હું વિષય માતો... તાર હો તાર પ્રભુ !'' - **શ્રી દેવચંદ્રજી**

આ કર્ત્તા કર્મ પ્રવૃત્તિની નિવૃત્તિ ક્યારે થાય ? તેનો અત્રે ખુલાસો કર્યો છે - જ્યારે આ જીવને આત્માનો અને આસ્રવોનો 'વિશેષાંતર' - તફાવત - ભેદ 'જ્ઞાત' હોય છે - જાણવામાં આવે છે, ત્યારે તેને બંધ હોતો નથી; **આત્મખ્યાતિકર્ત્તાએ** આની તત્ત્વ સર્વસ્વ સમર્પક પરિસ્ફુટ વ્યાખ્યા પ્રકાશી છે -

આત્માનું ને ક્રોધાદિનું એકવસ્તુપણું નથી

इह खलु स्वभावमात्रं वस्तु - અહીં - આ લોકને વિષે જે વસ્તુ છે તે નિશ્ચયે કરીને **સ્વભાવ માત્ર** છે અને स्वस्य भवनं तु स्वभावः - **સ્વનું ભવન** (હોવું, થવું, પરિણમવું) **તે સ્વભાવ છે;** તેથી જ્ઞાનનું ભવન - હોવું તે નિશ્ચયે કરીને આત્મા છે, ક્રોધાદિનું ભવન તે ક્રોધાદિ છે. હવે જ્ઞાનનું જે ભવન - હોવું - થવું છે, તે ક્રોધાદિનું ભવન-હોવું-થવું નથી, કારણકે જેમ જ્ઞાન ભવનમાં - જ્ઞાન હોવામાં જ્ઞાન ભવત્ - હોતું - થતું વિભાવાય છે - અનુભવાય છે, ज्ञानभवने ज्ञानं भवद् विभाव्यते, તેમ ક્રોધાદિ પણ નથી વિભાવાતું-અનુભવાતું: અને ક્રોધાદિનું જે ભવન-હોવું છે, તે જ્ઞાનનું પણ ભવન - હોવું નથી, કારણકે ક્રોધાદિના ભવનમાં-હોવામાં ક્રોધાદિ ભવંતા-હોતા વિભાવાય છે - क्रोधादिभवने क्रोधादयो भवंतो विभाव्यंते, તેમ જ્ઞાન પણ નથી વિભાવાતું-નથી અનુભવાતું. એટલે કે જ્ઞાન હોય છે ત્યાં ક્રોધાદિ હોતા નથી અને ક્રોધાદિ હોય છે ત્યાં જ્ઞાન હોતું નથી. આમ આત્માનું અને ક્રોધાદિનું નિશ્ચયથી એક વસ્તુપણું નથી.

એમ આત્માનો અને ક્રોધાદિ આસ્રવોનો વિશેષ દર્શનથી - તફાવત દેખવાથી આત્મા જ્યારે તે બન્નેનો ભેદ જાણે છે, ત્યારે એની અનાદિ પણ **'अज्ञानजा'** - અજ્ઞાનજન્ય **કર્તૃકર્મ પ્રવૃત્તિ** નિવર્ત્તે છે,

---

पुद्गलद्रव्यकर्मबंधोपि निवर्त्तते - પુદ્ગલ દ્રવ્ય કર્મબંધ પણ નિવર્તે છે - પાછો વળે છે, तथा सति - તેમ સતે - તેમ હોતાં ज्ञानमात्रादेव - જ્ઞાનમાત્ર થકી જ बंधनिरोधः सिद्धयेत् - બંધ નિરોધ સિદ્ધ થાય. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥७१॥

તદાસ્યાનાદિરપ્યજ્ઞાનજા કર્તૃકર્મપ્રવૃત્તિર્નિવર્ત્તતે, અજ્ઞાનથી જન્મેલી એવી અનાદિ કાળથી ચાલી આવતી - કર્ત્તાકર્મ પ્રવૃત્તિ પાછી વળે છે, એટલે કે વિભાવરૂપ ક્રોધાદિ આસ્રવરૂપ ભાવ કર્મનું કર્ત્તાપણું ટળે છે અને તેની નિવૃત્તિ થયે તે કર્ત્તા કર્મ પ્રવૃત્તિની નિવૃત્તિ થયે, **'અજ્ઞાન-નિમિત્ત'** - અજ્ઞાન જેનું નિમિત્ત છે એવો પુદ્‌ગલદ્રવ્ય કર્મબંધ પણ નિવર્ત્તે છે, આમ હોતાં જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ, સિદ્ધ થાય, તથા સતિ જ્ઞાનામાત્રાદેવ બંધનિરોધઃ સિદ્ધ્યેત્ ।

આત્મા-આસ્રવના ભેદજ્ઞાને અજ્ઞાનની કર્તૃકર્મ પ્રવૃત્તિની નિવૃત્તિ

આ અંગે પરમોત્કૃષ્ટ **'જ્ઞાનદશા'**નો જેણે જીવનમાં આત્માનુભવરૂપ સત્યંકાર કરી બતાવ્યો છે તે **જ્ઞાનાવતાર શ્રીમદ્ રાજચંદ્રજીના** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -


''જેણે કષાય ભાવનું ઉચ્છેદન કરેલું છે તે કષાય ભાવનું સેવન થાય એમ કદી પણ કરે નહિ.

કષાયાદિનું મોળાપણું કે ઓછાપણું ન થાય ત્યાં સુધી જ્ઞાન ઘણું કરીને ઉત્પન્ન ન જ થાય.


બંધ ક્યાં સુધી થાય ? જીવ ચૈતન્ય ન થાય ત્યાં સુધી.

જે ભાવે કરીને સંસારની ઉત્પત્તિ હોય છે તે ભાવ જેને વિષેથી નિવૃત્ત થયો છે, એવા જ્ઞાની પુરુષો પણ બાહ્ય પ્રવૃત્તિનાં નિવૃત્તપણાને, અને સત્સમાગમનાં નિવાસપણાને ઈચ્છે છે, તે જોગનું જ્યાં સુધી ઉદયપણું પ્રાપ્ત ન હોય ત્યાં સુધી અવિષમપણે પ્રાપ્ત સ્થિતિએ વર્ત્તે છે. આત્માકાર સ્થિતિ થઈ જવાથી ચિત્ત ઘણું કરીને એક અંશ પણ ઉપાધિ જોગ વેદવાને યોગ્ય નથી, તથાપિ તે તો જે પ્રકારે વેદવું પ્રાપ્ત થાય તે જ પ્રકારે વેદવું છે, એટલે તેમાં સમાધિ છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૭૦૬, વ્યાખ્યાનસાર, ૭૦૬, ઉપદેશ છાયા, ૩૭૬, ૩૯૮



સ્વભાવ માત્ર વસ્તુ = સ્વસ્ય ભવન = સ્વભાવ ततः ज्ञानभवनं खलु - आत्मा (- શ્રી અમૃતચંદ્રસૂરિ)



જ્ઞાન માત્ર થકી જ બંધ નિરોધ કેમ ? તો કે -

णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च ।
दुक्खस्स कारणं ति य तदो णियत्तिं कुणदि जीवो ॥७२॥

અશુચિપણું આશ્રવતણું, તે જાણી વિપરીત ભાવ રે;
કારણો દુઃખતણા જાણીને, તેથી નિવૃત્તિ કરે જીવ રે... અજ્ઞાનથી કર્ત્તા. ૭૨

ગાથાર્થ - આસ્રવોનું અશુચિપણું અને વિપરીત ભાવ જાણીને અને તે (આસ્રવો) દુઃખના કારણો છે (એમ જાણીને) જીવ તેમાંથી નિવૃત્તિ કરે છે. ૭૨

આત્મખ્યાતિ ટીકા

कथं ज्ञानमात्रादेव बंधनिरोध इति चेत् -

ज्ञात्वा आस्रवाणामशुचित्वं च विपरीतभावं च ।
दुःखस्य कारणानीति च ततो निवृत्तिं करोति जीवः ॥७२॥

जले जंबालवत्
कलुषत्वेनोपलभ्यमानत्वा -
दशुचयः खल्वास्रवाः
जडस्वभावत्वे सति
परचेत्या ज्ञात्वा -
दन्यस्वभावाः खल्वास्रवाः
आकुलत्वोत्पादकत्वाद्
दुःखस्य कारणानि खल्वास्रवाः ।

भगवानात्मा तु
नित्यमेवातिनिर्मलचिन्मात्रत्वेनोपलंभकत्वा
दत्यंतं शुचिरेव ।
भगवानात्मा तु नित्यमेव विज्ञानघनस्वभावत्वे सति
स्वयं चेतकत्वा -
दनन्यस्वभाव एव ।
भगवानात्मा तु नित्यमेवानाकुलत्वस्वभावेना-
कार्यकारणत्वाद् दुःखस्याकारणमेव ।

इत्येवं विशेषदर्शनेन यदैवायमात्मावयो र्भेदं **जानाति** तदैव क्रोधादिभ्य **आस्रवेभ्यो निवर्त्तते,** तेभ्योऽनिवर्तमानस्य पारमार्थिकतद्भेदज्ञानासिद्धेः ततः क्रोधाद्यावनिवृत्त्यविनाभाविनो ज्ञानमात्रादेवाज्ञा - जस्य पौद्गलिकस्य कर्मणो बंधनिरोधः सिद्ध्येत् । किं च यदिदमात्मावयो र्भेदज्ञानं तत्किमज्ञानं किं वा ज्ञानं ? यद्यज्ञानं तदा तदभेदज्ञानान्न तस्य विशेषः । ज्ञानं चेत् किमास्रवेषु प्रवृत्तं किंस्रवावेभ्यो निवृत्तं ? आस्रवेषु प्रवृत्तं चेत्तदपि तदभेदज्ञानान्न तस्य विशेषः । आस्रवेम्यो निवृत्तं चेत्तर्हि कथं न ज्ञानादेव बंधनिरोधः इति निरस्तोज्ञानांशः क्रियानयः यत्त्वात्मास्रवयो र्भेदज्ञानमपि नावेभ्यो निवृत्तं भवति तज्ज्ञानमेव न भवतीति ज्ञानांशो ज्ञाननयोपि निरस्तः ॥७२॥

आत्मभावना -

कथं ज्ञानमात्रादेव बंधनिरोधः ? - જ્ઞાનમાત્ર થકી જ બંધનિરોધ કેવી રીતે ? इति चेत् - એમ જો પૂછો તો - आस्रवाणामशुचित्वं च विपरीतभावं च ज्ञात्वा - આસ્રવોનું અશુચિપણું અને વિપરીત ભાવ જાણીને, दुःखस्य कारणानीति च - અને (તે આસ્રવો) દુઃખના કારણો છે (એમ જાણીને), ततो - તે આસ્રવમાંથી जीवः निवृत्तिं करोति - જીવ નિવૃત્તિ - પાછા વળવાપણું કરે છે. ॥ इति **गाथा** आत्मभावना ॥७२॥

(૧) अशुचयः खल्वास्रवाः - આસ્રવો ખરેખર ! નિશ્ચયે કરીને અશુચિઓ છે. કોની જેમ ? जले जाबलवत् - જલમાં જંબાલ - સેવાલ જેમ, શાને લીધે ? कलुषत्वेनोपलभ्यमानत्वात् - કલુષપણે ઉપલભ્યમાનપણાને લીધે - દશ્યમાનપણાને લીધે - અનુભૂયમાન પણાને લીધે; આથી ઉલટું, भगवान् आत्मा तु - ભગવાન્ આત્મા તો अत्यंतं शुचिरेव - અત્યંત શુચિ જ છે. શાને લીધે ? नित्यमेवातिनिर्मलचिन्मात्रत्वेन उपलंभकत्वात् - નિત્યમેવ અતિનિર્મલ ચિન્માત્રપણાએ કરી

આત્મખ્યાતિ ટીકાર્થ

જલમાં સેવાલની જેમ
કલુષપણાએ કરી
ઉપલભ્યમાનપણાને લીધે
આસ્રવો ખરેખર ! અશુચિઓ છે;
જડ સ્વભાવપણું સતે
પરદ્વારા ચેત્યપણાને લીધે
આસ્રવો ખરેખર ! અન્ય સ્વભાવો છે :

આકુલપણાના - ઉત્પાદકપણાને લીધે
આસ્રવો ખરેખર ! દુઃખના કારણો છે.

પણ ભગવાન્ આત્મા તો
નિત્યમેવ અતિનિર્મલ ચિન્માત્રપણાએ કરી
ઉપલંભકપણાને લીધે
અત્યંત શુચિ જ છે.
પણ ભગવાન્ આત્મા તો
નિત્યમેવ વિજ્ઞાનઘનપણું સતે
સ્વયં ચેતકપણાને લીધે
અનન્ય સ્વભાવ જ છે.
પણ ભગવાન્ આત્મા તો
નિત્યમેવ અનાકુલપણા સ્વભાવે કરી
અકાર્યકારણપણાને લીધે દુઃખનું અકારણ જ છે.

એવા પ્રકારે વિશેષ દર્શનથી જ્યારે જ આ આત્મા અને આસ્રવનો ભેદ જાણે છે. ત્યારે જ ક્રોધાદિ આસ્રવોમાંથી નિવર્ત્તે છે (પાછો વળે છે) - તેઓમાંથી (આસ્રવમાંથી) અનિવર્ત્તમાનને તેના પારમાર્થિક

ઉપલંભકપણાને લીધે - દૃષ્ટપણાને લીધે - અનુભવિતાપણાને લીધે - અનુભવનારપણાને લીધે (૨) અન્યસ્વભાવાઃ ખલ્વાસ્રવાઃ - આસ્રવો ખરેખર ! નિશ્ચયે કરીને અન્ય સ્વભાવો છે, શાને લીધે ? જડસ્વભાવત્વે સતિ - જડ સ્વભાવપણું સતે - હોતાં પરચેત્યત્વાત્ - પર દ્વારા ચેત્યપણાને લીધે - ચેતાવા યોગ્યપણાને લીધે - અનુભવ કરાવાપણાને લીધે, આથી ઉલટું, ભગવાન્ આત્મા તુ - ભગવાન્ આત્મા તો અનન્યસ્વભાવ એવ - અનન્ય સ્વભાવ જ છે, શાને લીધે ? નિત્યમેવ વિજ્ઞાનઘનસ્વભાવત્વે સતિ - નિત્યમેવ વિજ્ઞાનઘન સ્વભાવપણું સતે, સ્વયં ચેતકત્વાત્ - સ્વયં - પોતે ચેતકપણાને લીધે - ચેતનારપણાને લીધે - અનુભવ કરવાપણાને લીધે. (૩) દુઃખસ્ય કારણાનિ ખલ્વાસ્રવાઃ - આસ્રવો ખરેખર ! નિશ્ચયે કરીને દુઃખના કારણો છે, શાને લીધે ? આકુલત્વોત્પાદકત્વાદ્ - આકુલપણાના ઉત્પાદકપણાને લીધે - ઉપજાવનારપણાને લીધે; આથી ઉલટું, ભગવાન્ આત્મા તુ - ભગવાન્ આત્મા તો દુઃખસ્યાકારણમેવ - દુઃખનું અકારણ જ છે, શાને લીધે ? નિત્યમેવ અનાકુલત્વસ્વભાવેન અકાર્યકારણત્વાદ્ - નિત્યમેવ અનાકુલપણા સ્વભાવે કરી અ-કાર્યકારણપણાને લીધે - કાર્ય-કારણપણાના અભાવને લીધે.

ઇત્યેવં વિશેષદર્શનેન - એવા પ્રકારે એમ વિશેષદર્શનથી યદૈવ - જ્યારે જ અયમાત્માસ્રવયો ર્ભેદં જાનાતિ - આ આત્મા આત્મા અને આસ્રવનો ભેદ જાણે છે, તદૈવ - ત્યારે જ - તેજ સમયે ક્રોધાદિભ્ય આસ્રવભ્યો નિવર્ત્તતે - ક્રોધાદિ આસ્રવોમાંથી નિવર્ત્તે છે - પાછો વળે છે. એમ શાને લીધે ? તેઽભ્યોઽનિવર્ત્તમાનસ્ય પારમાર્થિકતદ્ભેદજ્ઞાનાસિદ્ધેઃ - તેઓમાંથી અનિવર્ત્તમાનને - નિવર્ત નહિ રહેલાને - પાછા નહિ વળનારને તેના પારમાર્થિક ભેદ જ્ઞાનની અસિદ્ધિને લીધે. આ ઉપરથી શું ફલિત થયું ? ततः - તેથી કરીને ક્રોધાદ્યાસ્રવ-નિવૃત્ત્યવિનાભાવિનો જ્ઞાનમાત્રાદેવ - ક્રોધાદિ આસ્રવ - નિવૃત્તિથી અવિનાભાવી (વિના નહિ હોનારા) જ્ઞાન માત્ર થકી જ અજ્ઞાનજસ્ય પૌદ્ગલિકસ્ય કર્મણો બંધનિરોધઃ સિદ્ધ્યેત્ - અજ્ઞાન જ - અજ્ઞાનજન્ય પૌદ્ગલિક કર્મનો બંધનિરોધ સિદ્ધ થાય.

કિં ચ - તેમજ યદિદમાત્મસ્રાવયોર્ભેદજ્ઞાનં - જે આ - આત્મા અને આસ્રવનું ભેદજ્ઞાન, તત્કિમજ્ઞાનં કિં વા જ્ઞાનં - તે શું અજ્ઞાન ? કે શું જ્ઞાન ? જ્ઞાનં ચેત્ - જો જ્ઞાન, કિમાસ્રવેષુ પ્રવૃત્તં કિંવાસ્રવેભ્યો નિવૃત્તં - તો શું આસ્રવોમાં પ્રવૃત્ત ? કે શું આસ્રવોમાંથી નિવૃત્ત ? આસ્રવેષુ પ્રવૃત્તં ચેત્ - આસ્રવોમાં જો પ્રવૃત્ત, તદપિ તદભેદજ્ઞાનાન્ન તસ્ય વિશેષઃ - તો પણ તેના અભેદજ્ઞાનથી તેનો વિશેષ - તફાવત નથી; આસ્રવેભ્યો નિવૃત્તં ચેત્ - આસ્રવોથી જો નિવૃત, તર્હિ કથં ન જ્ઞાનાદેવ બંધનિરોધઃ - તો જ્ઞાન થકી જ બંધનિરોધ કેમ નહિ ? यत्त्वात्मास्रवयो र्भेदज्ञानमपि नास्रभ्यो निवृत्तं भवति - અને જે આત્મા - આસ્રવનું ભેદજ્ઞાન પણ આસ્રવોમાંથી નિવૃત્ત નથી હોતું, तज्ज्ञानमेव न भवति - તે જ્ઞાન જ નથી હોતું, इति જ્ઞાનાંશો જ્ઞાનનયોપિ નિરસ્તઃ - એમ જ્ઞાન અંશવાળો જ્ઞાનનય પણ નિરસ્ત થયો - નિરાકૃત થયો. ।। इति **'આત્મખ્યાતિ'** આત્મભાવના ।।૭૨।।

ભેદજ્ઞાનની અસિદ્ધિ છે માટે. તેથી કરીને ક્રોધાદિ આસ્રવ નિવૃત્તિથી અવિનાભાવી એવા જ્ઞાનમાત્ર થકી જ અજ્ઞાનજન્ય પૌદ્ગલિક કર્મનો બંધનિરોધ સિદ્ધ થાય.

તેમજ - જે આ આત્મા અને આસ્રવનું ભેદજ્ઞાન તે શું અજ્ઞાન ? કે જ્ઞાન ? (૧) જો અજ્ઞાન, તો તેના અ-ભેદજ્ઞાનથી તેનો વિશેષ (તફાવત) નથી.

(૨) જો જ્ઞાન, તો તે શું આસ્રવોમાં પ્રવૃત્ત ? કે આસ્રવોથી નિવૃત્ત ?

(અ) જો આસ્રવોમાં પ્રવૃત્ત, તો પણ તેના અ-ભેદ જ્ઞાનથી તેનો વિશેષ નથી.

(બ) જો આસ્રવોથી નિવૃત્ત, તો જ્ઞાન થકી જ બંધનિરોધ કેમ નહિ ?

- એમ જ્ઞાન અંશવાળો ક્રિયાનય નિરસ્ત થયો. ૭૨

વળી જે આ આત્મા અને આસ્રવનું ભેદજ્ઞાન પણ આસ્રવોથી નિવૃત્ત નથી હોતું, તે જ્ઞાન જ નથી હોતું, એમ જ્ઞાન અંશવાળો જ્ઞાનનય પણ નિરસ્ત થયો. ૭૨

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''મોહ ભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહીએ જ્ઞાનિદશા, બાકી બીજી ભ્રાંત.
સકલ જગત્ તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહીએ જ્ઞાનિદશા, બાકી વાચા જ્ઞાન.''

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર સૂત્ર (૧૩૯, ૧૪૦)

''સર્વ સંગ મહાશ્રવ રૂપ તીર્થંકરે કહ્યો છે, તે સત્ય છે.''

''જ્ઞાની પુરુષને મળીને જે સંસારને ભજે છે. તેને તીર્થંકર પોતાના માર્ગથી બ્હાર કહે છે.''

''સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની થતી હોય તો તે પુરુષે જ્ઞાનીનાં વચન સાંભળ્યા નથી, અથવા જ્ઞાની પુરુષના દર્શન પણ તેણે કર્યા નથી એમ તીર્થંકર કહે છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૩૬, ૩૪૦, ૩૭૧), ૪૫૪, ૪૧૪

''સાધુ ભાઈ ! એમનાં રૂપ જબ દેખા... સાધુ.
કરતા કૌન ? કૌન કની કરની, કૌન માગેગો લેખા ?... સાધુ.'' **- શ્રી આનંદઘન પદ, ૬૬**

સ્પષ્ટીકરણ કર્યું છે અને તેની તલસ્પર્શી મીમાંસા કરતાં **આત્મખ્યાતિ કર્તા** વદે છે - (૧) अशुचयः खल्वास्रवाः - આસ્રવો ખરેખર ! નિશ્ચયે કરીને **અશુચિઓ** છે. શાને લીધે ? કોની જેમ ? જલમાં જંબાલની જેમ - પાણીમાં સેવાળની જેમ કલુષપણાએ કરી - મલિનપણાએ કરી 'ઉપલભ્યમાનપણાને લીધે' - અનુભૂયમાનપણાને લીધે - અનુભવાઈ રહેવાપણાને લીધે, कलुषत्वेनोपलभ्यमानत्वात् । પણ આથી ઉલટું भगवान् आत्मा तु अत्यंतं शुचिरेव - **ભગવાન્ આત્મા** તો અત્યંત **શુચિ જ** છે. શાને લીધે ? નિત્યમેવ અતિ નિર્મલ ચિન્માત્રપણાએ કરી 'ઉપલંભકપણાને લીધે' - અનુભવનારપણાને લીધે, नित्यमेवातिनिर्मलचिन्मात्रत्वेनोपलंभकत्वात् - (૨) આસ્રવો ખરેખર ! નિશ્ચયે કરીને **અન્ય સ્વભાવો** છે, શાને લીધે ? જડ સ્વભાવપણું સતે પર ચેત્યત્વ(પણાને) લીધે, - આથી ઉલટું **ભગવાન્ આત્મા** તો **અનન્ય સ્વભાવ જ** છે. શાને લીધે ? નિત્યમેવ વિજ્ઞાનઘન સ્વભાવપણું સતે સ્વયં ચેતકપણાને લીધે, स्वयं चेतकत्वात्. (૩) આસ્રવો ખરેખર ! નિશ્ચયે કરીને **દુઃખના કારણો** છે. શાને લીધે ? આકુલપણાના ઉત્પાદકપણાને લીધે - ઉપજાવનારપણાને લીધે, आकुलत्वोत्पादकत्वात् આથી ઉલટું **ભગવાન્ આત્મા** તો **દુઃખનું અકારણ જ** છે. શાને લીધે ? નિત્યમેવ અનાકુલપણા સ્વભાવે કરી અ-કાર્યકારણ પણાને લીધે - કાર્ય-કારણપણાના અભાવને લીધે, नित्यमेवानाकुलस्वभावेनाकार्यकारणत्वात् - એમ ઉક્ત પ્રકારે વિશેષ

જ્ઞાન માત્ર થકી જ બંધ નિરોધ શી રીતે ?

દર્શનથી - તફાવત દેખવાથી જ્યારે જ આ આત્મા, આત્મા અને આસ્રવનો ભેદ જાણે છે, ત્યારે જ - તે જ વેળાએ ક્રોધાદિ આસ્રવોથી નિવર્ત્તે છે - પાછો વળે છે. એમ શા માટે ? તે આસ્રવોમાંથી 'અનિવર્ત્તમાનને' - નિવર્ત્તી નહિ રહેલને - પાછા નહિ વળનારને તેના પારમાર્થિક ભેદજ્ઞાનની અસિદ્ધિ છે માટે, तेभ्योऽनिवर्त्तमानस्य पारमार्थिकतद्भेदज्ञानासिद्धेः । તેથી શું ફલિત થયું ? क्रोधाद्यास्रवनिवृत्त्यविनाभाविनो ज्ञानमात्रादेव ક્રોધાદિ આસ્રવનિવૃત્તિથી અવિનાભાવી અર્થાત્ ક્રોધાદિ આસ્રવો નિવૃત્તિ વિના ન જ હોનારા એવા જ્ઞાનમાત્ર થકી જ - કેવલ જ્ઞાન થકી - અજ્ઞાનજન્ય પૌદ્ગલિક કર્મનો બંધ નિરોધ સિદ્ધ થાય - अज्ञानजस्य पौद्गलिकस्य कर्मणो बंधनिरोधः सिद्ध्येत् । તેમજ અન્ને બીજી યુક્તિ - જે આ આત્મા - આસ્રવનું ભેદજ્ઞાન છે તે શું અજ્ઞાન ? કે શું જ્ઞાન ? જો અજ્ઞાન તો તેના અભેદજ્ઞાનથી તેનો વિશેષ - તફાવત નથી. જો જ્ઞાન તો તે શું આસ્રવોમાં પ્રવૃત્ત કેવા આસ્રવથી નિવૃત્ત ? જો આસ્રવોમાં પ્રવૃત્ત તો પણ તેના અ-ભેદે જ્ઞાનથી તેનો વિશેષ - ભેદ - તફાવત ફરક નથી. જો આસ્રવોથી નિવૃત્ત, તો જ્ઞાનથકી જ બંધ નિરોધ કેમ નહિ ? એમ જ્ઞાન અંશવાળો ક્રિયાનય નિરસ્ત થયો અને જે આત્મા-આસ્રવનું ભેદજ્ઞાન પણ આસ્રવોથી નિવૃત્ત નથી હોતું તે જ્ઞાન જ નથી હોતું - तज् ज्ञानमेव न भवति, એમ જ્ઞાન અંશવાળો જ્ઞાનનય પણ નિરસ્ત થયો. અમૃતચંદ્રજીની આ પરમ પરમાર્થગંભીર વ્યાખ્યાનો હવે વિશેષ વિચાર કરીએ.

આસ્રવો અશુચિ, અન્ય સ્વભાવ, દુઃખ કારણ : ભગવાન્ આત્મા જ શુચિ, અનન્ય, સ્વભાવ, દુઃખ અકારણ

આસ્રવો અશુચિ છે, આત્મા શુચિ છે, આસ્રવો વિભાવ છે, આત્મા સ્વભાવ છે, આસ્રવો દુઃખના કારણો છે, આત્મા દુઃખનું અકારણ છે, એમ જે જાણે છે તે જીવ આસ્રવોમાંથી - तत् ક્ષણ ત્યારે જ નિવૃત્તિ કરે છે, પાછો વળે છે. તે આ પ્રકારે - (૧) જે આસ્રવો છે તે ખરેખર ! **અશુચિ** છે, અપવિત્ર મલરૂપ છે. પાણીમાં સેવાળ જેમ કલુષપણે - મલિનપણે ઉપલભ્યમાન - દેશ્યમાન - દેખવામાં આવતી અશુચિ છે, તેમ આસ્રવો પણ કલુષપણે - મલિનપણે ઉપલભ્યમાન - દેશ્યમાન - અનુભૂયમાન અશુચિ છે, પણ અનંત જ્ઞાનાદિ ઐશ્વર્યસંપન્ન ભગવાન્ આત્મા તો સદાય અતિ નિર્મલ એવા ચિન્માત્રપણાએ કરી ઉપલંભક - દૃષ્ટા - 'ઉપલંભક' - અનુભવ કરનાર - અનુભવયિતા હોઈ અત્યંત **શુચિ** જ છે. (૨) આસ્રવો છે તેનું જડ સ્વભાવપણું - અચેતન સ્વભાવપણું છે, એટલે તેનું પરદ્વારા - બીજા દ્વારા ચેત્યપણું - ચેતાવા યોગ્યપણું - અનુભવાવાપણું - જણાવાપણું છે, એટલે આસ્રવો ચેતક-ચેતન સ્વભાવથી **અન્ય** - ભિન્ન - જૂદા - **વિપરીત સ્વભાવ** છે; એટલે કે વિભાવ છે; પણ ભગવાન્ આત્માનું તો નિત્યમેવ વિજ્ઞાનઘન સ્વભાવપણું છે, એટલે એનું સ્વયં-આપોઆપ જ ચેતકપણું - અનુભવકરપણું છે, એટલે આત્મા ચેતક સ્વભાવથી **અનન્ય - અભિન્ન - અવિપરીત સ્વભાવ** જ છે. (૩) આસ્રવો છે તેનું આકુલપણાનું ઉત્પાદકપણું - ઉપજાવનારપણું છે, અર્થાત્ આસ્રવો દુઃખ લક્ષણ આકુલપણું ઉપજાવે છે, એટલે તેઓ સ્ફુટપણે **દુઃખના કારણો છે**; પણ ભગવાન્ આત્મા તો નિત્યમેવ જ્યાં આત્મા સિવાય બીજું કાંઈ પણ નથી એવા અનાકુલ સ્વભાવપણાથી અકાર્યકારણપણાને લીધે **દુઃખનું અકારણ** જ છે. એવા પ્રકારે આસ્રવો અશુચિ છે ને આત્મા શુચિ જ છે, આસ્રવો દુઃખ કારણો છે ને આત્મા અદુઃખકારણ છે, એમ **વિશેષ દર્શનથી** - ચોકખો તફાવત દેખવાથી જ્યારે જ આ આત્મા, આત્મા અને આસ્રવનો ભેદ જાણે છે, ત્યારે જ - તે જ વેળાએ જ તે ક્રોધાદિ આસ્રવોમાંથી નિવર્ત્તે છે, પાછો વળે છે.

ભેદ જ્ઞાન થતાં વેંત જ આસ્રવ નિવૃત્તિ

કારણકે જગત્માં 'અશુચિ' હોય તેને કોઈ હાથ લગાડે નહિ, દૂરથી સ્પર્શે પણ નહિ, હવે અશુચિ હોય, પણ તે પોતાથી અનન્ય - અભિન્ન હોય તો તે અશુચિ પણ ચલાવી લેવી પડે, પરંતુ આ તો આત્માથી - પોતાથી અન્ય છે એટલે તેને ચલાવી લેવાનો પ્રશ્ન જ નથી; હવે કદાચ અશુચિ હોય અને અન્ય છે એટલું જ નહિ પણ દુઃખના કારણો છે, એટલે આસ્રવો અશુચિ અન્ય અને દુઃખકારણો હોઈ આત્માને સર્વથા હેય છે - ત્યાજ્ય છે - વિસર્જન કરવા યોગ્ય છે, એથી ઉલટું,

આત્મા શુચિ અનન્ય અને અદુઃખકારણ હોઈ આત્માને સર્વથા પરમ ઉપાદેય - ગ્રહણ કરવા યોગ્ય - આદરવા યોગ્ય છે, એમ સ્પષ્ટ વિવેક રૂપ ભેદજ્ઞાન પ્રગટે છે તે જ ક્ષણે આ આત્મા આસ્રવોનું મલની જેમ વિસર્જન કરે છે, આસ્રવોમાંથી શીઘ્ર નિવૃત્તિ કરે છે, તાબડતોબ પાછો વળે છે અને તેવા તથારૂપ જ્ઞાની આત્માના આવા સહજ અનુભવોદ્‌ગાર નીકળી પડે છે -

''હે જીવ ! આ ક્લેશ રૂપ સંસારથી નિવૃત્ત થા ! નિવૃત્ત થા ! હે જીવ ! અસારભૂત લાગતા એવા આ વ્યવસાયથી હવે નિવૃત્ત થા ! નિવૃત્ત થા ! હે જીવ ! હવે તું સંગનિવૃત્તિ રૂપ કાળની પ્રતિજ્ઞા કર ! પ્રતિજ્ઞા કર !''

''વિષમ અને ભયંકર આ સંસારનું સ્વરૂપ જોઈ તેની નિવૃત્તિ વિષે અમને બોધ થયો, જે બોધ વડે જીવમાં શાંતિ આવી, સમાધિ દશા થઈ તે બોધ આ જગત્‌માં કોઈ અનંત પુણ્યજોગે જીવને પ્રાપ્ત થાય છે, એમ મહાત્મા પુરુષો ફરી ફરી કહી ગયા છે. ઈ.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૪૯, હાથનોંધ.-૫૦૦

''અનંત વીરજ જિનરાજનો, શુચિ વીરજ પરમ અનંત રે;
નિજ આત્મભાવે પરિણમ્યો, ગુણવૃત્તિ વર્ત્તનાવંત રે.''

''પર પરિણામિકતા અછે, જે તુજ પુદ્‌ગલ ભોગ હો મિત્ત !
જડ ચલ જગની એઠનો, ન ઘટે તુજને ભોગ હો મિત્ત !'' **- શ્રી દેવચંદ્રજી**

ક્રોધાદિ આસ્રવ - નિવૃત્તિ નથી તેને પારમાર્થિક ભેદજ્ઞાનની અસિદ્ધિ

કારણકે તે ક્રોધાદિ આસ્રવોમાંથી જે નિવર્ત્તતો નથી, પાછો વળતો નથી - ઓસરતો નથી, તેને ખરેખરા પારમાર્થિક ભેદ જ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી - પારમાર્થિકતદ્‌ભેદજ્ઞાનાસિદ્ધેઃ । અર્થાત્ ખરેખરૂં પારમાર્થિક ભેદજ્ઞાન થયું હોય, તો તે તે જ સમયે ક્રોધાદિ આસ્રવોમાંથી નિવર્ત્યા વિના રહે જ નહિ, નિવૃત્ત થાય જ થાય, ને તે જ **પારમાર્થિક ભેદ જ્ઞાનનું** અવિનાભાવી અવિસંવાદી અચૂક લક્ષણ છે. જ્ઞાની હોય તે આસ્રવોમાંથી નિવર્ત્યો હોય જ, આસ્રવોમાંથી નિવર્ત્યો હોય તે જ જ્ઞાની હોય; અજ્ઞાની હોય તે આસ્રવોમાંથી ન નિવર્ત્યો હોય, આસ્રવોમાંથી ન નિવર્ત્યો હોય તે અજ્ઞાની જ હોય - એમ ચોભંગી અત્ર ફલિત થાય છે. માત્ર વાચા જ્ઞાનરૂપ-શુષ્ક જ્ઞાનરૂપ કથન માત્ર ભેદજ્ઞાનથી કાંઈ ફલ નથી, આસ્રવોથી આત્મા જૂદો છે - ભિન્ન છે એમ પોકાર્યા માત્રથી - કથન માત્ર ભેદજ્ઞાનથી કાંઈ જ્ઞાની થઈ જવાતું નથી, પણ આસ્રવોથી આત્મા જૂદો - વિવિક્ત કર્યાથી, જૂદો પાડ્યાથી તથારૂપ પરિણમનરૂપ ભેદજ્ઞાન આચર્યાથી, ભેદજ્ઞાનને અમલમાં - આચરણમાં મૂકવારૂપ ચારિત્રથી જ્ઞાનના વિરતિરૂપ ફલને ચરિતાર્થ કર્યાથી, આસ્રવનું વિસર્જન કરી તેનું પુનઃ સર્જન ન થવા દેવા રૂપ વીતરાગતા આદર્યાથી - વીતરાગ જ્ઞાનદશા પામ્યાથી વાસ્તવિક જ્ઞાની થવાય છે. એ સ્પષ્ટ વસ્તુ આધુનિક તેમજ સર્વ કાળના શુષ્કજ્ઞાનીઓએ **અમૃતચંદ્રજીના** આ આટલા સ્પષ્ટ વક્તવ્ય પરથી સ્પષ્ટ સમજી લેવાની પૂરેપૂરી જરૂર છે.

આ અંગે **પરમતત્ત્વ** દૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીના** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

''ઘણું કરીને પરમાર્થથી શુષ્ક અંતઃકરણવાળા પરમાર્થનો દેખાવ કરી સ્વેચ્છાએ વર્ત્તે છે.''

''જ્યાં સુધી અંતર પરિણતિ પર દૃષ્ટિ ન થાય અને તથારૂપ માર્ગે ન પ્રવર્ત્તાય ત્યાં સુધી સર્વ સંગ પરિત્યાગ પણ નામમાત્ર થાય છે.''

''સાચાં જ્ઞાન વિના અને સાચાં ચારિત્ર વિના જીવનું કલ્યાણ ન થાય એ નિઃસંદેહ છે. (ઈ.)''

''સ્વ સ્વરૂપને વિષે સ્થિતિ તેને **પરમાર્થ સંયમ** કહ્યો છે. તે સંયમને કારણભૂત એવાં અન્ય નિમિત્તોના ગ્રહણ **વ્યવહાર સંયમ** કહ્યો છે.''

કોઈ જ્ઞાની પુરુષોએ તે સંયમનો પણ નિષેધ કર્યો નથી.***

પરમાર્થના કારણભૂત એવા વ્યવહાર સંયમને પણ પરમાર્થસંયમ કહ્યો છે.

''તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઈ નથી, વર્ત્તમાન કાળમાં થતી નથી, ભવિષ્યકાળમાં થઈ શકે તેમ નથી. એમ સર્વ જ્ઞાની પુરુષોને ભાસ્યું છે. માટે તે આત્મજ્ઞાન માટે જીવને પ્રયોજન રૂપ છે તેનો સર્વશ્રેષ્ઠ ઉપાય સદ્‌ગુરુ વચનનું શ્રવણ કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે. જે કોઈ જીવ દુઃખની નિવૃત્તિ ઈચ્છતો હોય, સર્વથા દુઃખથી મુક્તપણું તેને પ્રાપ્ત કરવું હોય તેને એ જ એક માર્ગ આરાધ્યા સિવાય અન્ય બીજો કોઈ ઉપાય નથી. માટે જીવે સર્વ પ્રકારનાં મતમતાંતરનો, કુળધર્મનો, લોકસંજ્ઞા રૂપ ધર્મનો, ઓઘ સંજ્ઞા રૂપ ધર્મનો ઉદાસભાવ ભજી એક આત્મવિચાર કર્ત્તવ્ય રૂપ ધર્મ ભજવો યોગ્ય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૮૬૬, ૫૮૮, ૭૧૮, ૫૭૫, ૩૦૫), ૯૪૦, ૬૬૫, ૭૮૪, ૩૭૫**

જ્ઞાન ક્રોધાદિ આસ્રવ નિવૃત્તિ અવિનાભાવી

તેથી કરીને ક્રોધાદિ **આસ્રવ નિવૃત્તિથી અવિનાભાવી** એટલે કે ક્રોધાદિ આસ્રવની નિવૃત્તિ વિના હોય જ નહિ, એવા **જ્ઞાનમાત્ર** થકી જ અજ્ઞાનજન્ય પૌદ્‌ગલિક કર્મબંધનો નિરોધ સિદ્ધ થાય છે. અર્થાત્ ખરેખરું જ્ઞાન થયું હોય તો ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્તિ થયા વિના રહે જ નહિ, ને એનું નામ જ જ્ઞાન છે, એટલા માટે ક્રોધાદિ આસ્રવોની નિવૃત્તિથી અવિનાભાવી એવા જ્ઞાનમાત્ર થકી જ જ્ઞાનનો પ્રતિપક્ષ અજ્ઞાન નિવૃત્ત થાય છે, એટલે અજ્ઞાનને લીધે જ ઉપજતા કર્મના બંધનો નિરોધ - અટકવું સહેજે સિદ્ધ થાય છે, કર્મનો બંધ અટકી પડે છે - રોકાઈ જાય છે એમ આપોઆપ સાબિત થાય છે.

આત્મા-આસ્રવનું ભેદજ્ઞાન જ્ઞાન ? કે અજ્ઞાન ?

હવે આ અંગે બીજી ન્યાયસિદ્ધ યુક્તિથી પણ **ન્યાય પારદૃશ્વા અમૃતચંદ્રજીએ** આજ વસ્તુને પુષ્ટ કરી છે - જે આ આત્મા અને આસ્રવનું ભેદજ્ઞાન છે તે શું અજ્ઞાન છે ? કે શું જ્ઞાન છે ? એમ બે પક્ષ જ અત્ર ઘટે છે. તેમાં પ્રથમ જો તે અજ્ઞાન છે, તો અ-ભેદજ્ઞાનથી - ભેદજ્ઞાન અભાવથી તેનો વિશેષ - તફાવત નથી; અર્થાત્ ભેદ જાણ્યો ન જાણ્યા બરાબર હોઈ તે ભેદજ્ઞાન ભેદજ્ઞાન જ નથી, અ-ભેદ જ્ઞાન જ છે, ભેદજ્ઞાન અભાવ જ છે. હવે જો તે ભેદજ્ઞાન જ્ઞાન છે, તો તે શું આસ્રવોમાં પ્રવૃત્ત ? કે શું આસ્રવોથી નિવૃત્ત ? જો આસ્રવોમાં પ્રવૃત્ત, તો પણ તેના અ-ભેદજ્ઞાનથી તેનો વિશેષ-તફાવત નથી; અર્થાત્ તે ભેદજ્ઞાન જો આસ્રવોમાં પ્રવૃત્ત છે, તો પછી આસ્રવોમાંથી નિવૃત્તવા રૂપ સ્વફલથી વંચિત હોવાથી તે જાણ્યું ન જાણ્યા બરાબર હોઈ તે ભેદજ્ઞાન ભેદજ્ઞાન જ નથી, અભેદ જ્ઞાન જ છે, ભેદજ્ઞાન અભાવ જ છે. હવે જો આસ્રવોમાંથી નિવૃત્ત છે, તો જ્ઞાન થકી જ બંધ નિરોધ કેમ નહિ ? અર્થાત્ જ્ઞાન થકી જ બંધનો નિરોધ સિદ્ધ થાય જ છે. એમ જ્ઞાન અંશવાળો ક્રિયાનય નિરાકરણ પામે છે. વળી એ પણ સમજવાનું છે કે જે આત્મા અને આસ્રવનું ભેદજ્ઞાન પણ આસ્રવોથી નિવૃત્ત નથી થતું, તે જ્ઞાન જ નથી હોતું, એને જ્ઞાન નામ પણ નથી ઘટતું, એમ જ્ઞાન અંશવાળો જ્ઞાનનય પણ નિરાકરણ પામે છે. આમ આ ન્યાય યુક્તિથી પણ ઉપરમાં જે કહ્યું હતું તે સર્વ ઓર વિશેષ પુષ્ટ થાય છે.

''પ્રવૃત્તિને આડે નિવૃત્તિનો વિચાર કરી શકતો નથી એમ કહેવું એ માત્ર બ્હાનું છે. જો થોડો સમય પણ આત્મા પ્રવૃત્તિ છોડી પ્રમાદ રહિત હમેશાં નિવૃત્તિનો વિચાર કરે, તો તેનું બળ પ્રવૃત્તિમાં પણ પોતાનું કાર્ય કરી શકે છે.''


''અનાદિ કાળથી માત્ર જીવને બાહ્ય પ્રવૃત્તિ અથવા બાહ્ય નિવૃત્તિનું ઓળખાણ છે; અને તેના આધારે જ તે સત્ પુરુષ, અસત્પુરુષ કલ્પતો આવેલ છે. (ઈ.)


''જ્ઞાની પુરુષોની પ્રવૃત્તિ પ્રવૃત્તિ જેવી હોતી નથી. ઉનાં પાણીને વિષે અગ્નિપણાનો મુખ્ય ગુણ

કહી શકાતો નથી, તેમ જ્ઞાનીની પ્રવૃત્તિ છે, તથાપિ જ્ઞાની પુરુષ પણ નિવૃત્તિને કોઈ પ્રકારે પણ ઈચ્છે છે. પૂર્વે આરાધન કરેલાં એવા નિવૃત્તિનાં ક્ષેત્રો, વન, ઉપવન, જોગ સમાધિ અને સત્સંગાદિ જ્ઞાની પુરુષને પ્રવૃત્તિમાં બેઠાં વારંવાર સાંભરી આવે છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૪૭, ૩૨૭, ૩૬૮), ૪૨૧, ૪૦૧, ૪૪૯

આકૃતિ -





* શ્રી મનઃસુખભાઈ કિરતૂચંદ્રે (આ લેખકના પૂ.પિતાશ્રી) સંશોધલી આવૃત્તિ : શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૪૭ ઈ.

ઉક્તને પુષ્ટ કરતો સારસમુચ્ચય રૂપ (૨) **સમયસાર કળશ અમૃતચંદ્રજી** પ્રકાશે છે -

માલિની

परपरिणतिमुज्झत् खंडयद् भेदवादा -
निदमुदितमखंडं ज्ञानमुच्चंडमुच्चैः ।
ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते -
रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः ॥४७॥

પરપરિણતિ છંડી ભેદવાદોય ખંડી, ઉદિત થયું અખંડી જ્ઞાન આ તો પ્રચંડી;
કયમ અહિં અવકાશી કર્તૃકર્મ પ્રવૃત્તિ ? પુદ્ગલમય થાયે કેમ વા બંધવૃત્તિ ? ૪૭

અમૃત પદ-૪૭

જીવ્યું ધન્ય તેહનું... એ રાગ

ઊગ્યું જ્ઞાન ભેદનું, ઊગ્યું જ્ઞાન ભેદનું... ધ્રુવ પદ.
પર પરિણતિ સઘળી છંડતું, ખંડતું ભેદવાદના પાસ... ઊગ્યું જ્ઞાન.
પામ્યું ઉદય જ્ઞાન અખંડ આ, ઝગમગ પ્રચંડ પ્રકાશ... ઊગ્યું. ૧
કર્ત્તા કર્મના કાર્યતણો કહો, કેમ હોય અહિ અવકાશ ?... ઊગ્યું.
પુદ્ગલમય કર્મના બંધનો, કેમ હોય વળી અહિ પાશ ? ઊગ્યું. ૨
કર્તા મટ્યો કરમ પણ ફિટિયું, ફિટ્યું અજ્ઞાનનું અંધાર... ઊગ્યું.
છૂટ્યું કર્મનું બંધન આકરૂં, ધન્ય ધન્ય તેનો અવતાર... ઊગ્યું. ૩
'આત્મખ્યાતિ'માં આત્મખ્યાતિ કરી, અમૃત ખ્યાતિ પામ્યા જીવન્મુક્ત તણો જે આધાર... ઊગ્યું.
ભગવાન અમૃતચંદ્ર મુનીંદ્ર તે, વર્ષાવી અમૃત રસ ધાર... ઊગ્યું. ૪

અર્થ - પરપરિણતિને છાંડતું અને ભેદવાદોને ખંડતું એવું આ ઉચ્ચંડ અખંડ જ્ઞાન ઉચ્ચપણે ઉદય પામેલું છે, તો અહીં કર્તા કર્મ પ્રવૃત્તિનો અવકાશ કેમ હોય વારુ ?

પૌદ્ગલિક કર્મબંધ કેમ હોય વારુ ? ૪૭

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''વિચારની નિર્મળતાએ કરી આ જીવ અન્ય પરિચયથી પાછો વળે તો સહજમાં હમણાં જ તેને આત્મજોગ પ્રગટે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૦૩, ૫૬૮**

''કર્ત્તા મટે તો છૂટે કર્મ... એજ પ્રભુ ભજનનો મર્મ.'' - **અખા ભક્ત**

ભગવતી આત્મખ્યાતિના ગદ્યભાગમાં જે કહ્યું તેની પુષ્ટિ રૂપ સારસમુચ્ચય રજુ કરતો આ ઉપસંહાર રૂપ કળશ (૪૭) **આચાર્યવર્ય અમૃતચંદ્રજીએ** લલકાર્યો છે -

જ્ઞાન ઉદય થયે કર્તૃકર્મ પ્રવૃત્તિ શી ? બંધ શો ?

इदमुदितमखंडं ज्ञानमुच्चंडमुच्चैः - આ - પ્રત્યક્ષ અનુભવાઈ રહેલું **'ઉચ્ચંડ'** - અતિ પ્રચંડ એવું અખંડ જ્ઞાન અત્યંત ઉચ્ચપણે ઉદિત થયું છે - ઉદય પામેલું છે, જેમ પ્રચંડ પ્રતાપી સૂર્ય ઉંચે આકાશમાં ઉદય પામે છે, તેમ આ પ્રચંડ જ્ઞાન - ભાનુ ઉચ્ચ જ્ઞાનદશા રૂપ શુદ્ધ ચિદ્ આકાશમાં ઉત્તરોત્તર ચઢતી કળા રૂપ ઉદયને પામેલો છે. કેવું છે આ જ્ઞાન ? परपरिणतिमुज्झत् खंडयद् भेदवादान् - પરપરિણતિને છંડતું અને ભેદવાદોને ખંડતું એવું; પરભાવ પ્રત્યે આત્મબુદ્ધિને આત્મવૃત્તિ રૂપ સકલ પરપરિણતિને અશુચિ મલની જેમ = ઉચ્છિષ્ટ

એઠની જેમ છાંડી દેનારૂં અને નાના પ્રકારના વિકલ્પ રૂપ સકલ ભેદવાદોને ખંડનારૂં એવું. આવું પરપરિણતિ પરિત્યાગી અને ભેદવાદ પ્રભંજક પ્રચંડ જ્ઞાન જ્યાં ઉદય પામ્યું છે, ત્યાં પછી કર્ત્તા - કર્મ પ્રવૃત્તિનો અવકાશ ક્યાંથી હોય ? ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्तेः ? જ્ઞાનભવન માત્ર છોડી સ્વયં અજ્ઞાન ભવનમાં વ્યાપૃત થતો આ આત્મા કર્ત્તા અને જ્ઞાનભવનમાં વ્યાપૃતપણાથી ભિન્ન એવા ક્રિયમાણપણે કરાતું આ ક્રોધાદિ કર્મ, એવી આ અજ્ઞાનજન્ય કર્ત્તા કર્મ પ્રવૃત્તિનો અલ્પ પણ પ્રસર આપવા રૂપ - જરા પણ પેસવાની જગ્યા દેવા રૂપ અવકાશ ક્યાંથી હોય ? અને એમ કર્તા કર્મ પ્રવૃત્તિનો અવકાશ ન હોય, તો પછી અહીં પૌદ્ગલિક કર્મબન્ધ તો ક્યાંથી જ હોય ? इह भवति कथं वा पौद्गलः कर्मबन्धः ? અર્થાત્ જ્ઞાન ઉદય પામ્યે અજ્ઞાનની કર્તા કર્મ પ્રવૃત્તિ સહેજે અટકી જ જાય, એટલે કર્મબંધ પણ આપોઆપ અટકી જ જાય એમાં પૂછવું જ શું ?

''ચંદ્રબાહુ જિન સેવના ભવનાશિની એહ,
પરપરિણતિના પાશની નિષ્કાશન રેહ.'' - **શ્રી દેવચંદ્રજી**

''જે પ્રકારે બંધનથી છૂટાય તે પ્રકારે પ્રવર્ત્તવું, એ હિતકારી કાર્ય છે. બાહ્ય પરિચયને વિચારી વિચારીને નિવૃત્ત કરવો એ છૂટવાનો એક પ્રકાર છે.''

''જીવ આ વાત જેટલી વિચારશે તેટલો જ્ઞાની પુરુષનો માર્ગ સમજવાનો સમય સમીપ પ્રાપ્ત થશે.''

''સર્વ પ્રતિબંધથી મુક્ત થયા વિના સર્વ દુઃખથી મુક્ત થવું સંભવતું નથી.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૭૯) ૫૬૫, (૫૭૧), ૬૧૯

કયા વિધિથી આ આસ્રવોથી નિવર્ત્તે છે ? તો કે -

अहमिक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो ।
तह्मि ठिओ तच्चित्तो सव्वे एए खयं णेमि ॥७३॥

હું એક ખરે ! શુદ્ધ નિર્મમો, જ્ઞાન-દર્શન સમગ્ર રે;
તેમાં સ્થિત તત્ ચિત્ત ધારતો, ક્ષય કરું એહ સમસ્ત રે... અજ્ઞાનથી.

ગાથાર્થ - હું નિશ્ચયથી એક, શુદ્ધ, નિર્મમત, જ્ઞાન-દર્શનથી સમગ્ર છું. તેમાં સ્થિત, તત્ ચિત્તવાળો હું આ સર્વને ક્રોધાદિ આસ્રવોને ક્ષય પમાડું છું. ૭૩

आत्मख्याति टीका

केन विधिनायमास्रवेभ्यो निवर्त्तत इति चेत् -

अहमेकः खलु शुद्धः निर्ममतः ज्ञानदर्शनसमग्रः ।
तस्मिन् स्थितस्तच्चित्तः सर्वानेतान् क्षयं नयामि ॥७३॥

अहंमयमात्मा प्रत्यक्षमक्षुण्णमनंतं चिन्मात्रं ज्योतिरनाद्यनंतनित्योदितविज्ञानघनस्वभावेनावत्या**देकः,** सकलकारकचक्रप्रक्रियोत्तीर्णनिर्मलानुभूतिमात्रत्वाच्छुद्धः, पुद्गलस्वामिकस्य क्रोधादिभाववैश्वरूप्यस्य स्वस्य स्वामित्वेन नित्यमेवापरिणमना**न्निर्ममतः,** चिन्मात्रस्य महसो वस्तुस्वभावत एव सामान्यविशेषाभ्यां सकलत्वाद् **ज्ञानदर्शनसमग्रः,** गगनादिवत्पारमार्थिको वस्तुविशेषोस्मि ।

तदहमधुना**स्मिन्नेवा**त्मनि निखिलपरद्रव्यप्रवृत्तिनिवृत्त्या निश्चय**अवतिष्ठमान**सकलपरद्रव्यनिमित्तकविशेष चेतनचंचलकल्लोलनिरोधेनेममेव **चेतयमानः** स्वाज्ञानेनात्मन्युत्प्लवमाना**नेतान् भावनखिलानेव** क्षपयामी त्यात्मनि निश्चित्य चिरसंगृहीतमुक्तपोतपात्रः समुद्रावर्त्त इव झगित्येवोद्वांतसमस्त विकल्पोऽकल्पितमचलितममलमात्मानमालंबमानो विज्ञानघनभूतः खल्वयमात्मावेभ्यो निवर्त्तते ॥७३॥

आत्मभावना -

केन विधिनायमावेभ्यो निवर्त्तते - કયા વિધિથી આ આસ્રવોથી નિવર્ત્તે છે ? પાછો વળે છે ? इति चेत् - એમ જો પૂછો, तो तेनो उत्तर આ કહીએ છીએ - अहम् - હું, एकः खलु - ખરેખર ! નિશ્ચયે કરીને એક, शुद्धः - શુદ્ધ, निर्ममतः - નિર્મમત - મમતા રહિત, ज्ञानदर्शनसमग्र - જ્ઞાન-દર્શન સમગ્ર છું, तस्मिन् स्थितः - તેમાં સ્થિત, तच्चित्तः - તત્ ચિત્તવાળો હું सर्वानेतान् क्षयं नयामि - આ સર્વને ક્ષય પમાડું છું. ॥ इति **गाथा** आत्मभावना ॥७३॥

अहम् - હું, કોણ ? अयमात्मा - આ આત્મા, प्रत्यक्षम् क्षुण्ण - मनंतं चिन्मात्रं ज्योति - **प्रत्यक्ष अक्षुण्ण** - નહિ કચડાયેલી - નહિ ખૂંદાયેલી - અનંત ચિન્માત્ર જ્યોતિ, (૧) एकः - એક છું. શાને લીધે ? अनाद्यनंतनित्योदितविज्ञानघनस्वभावभावत्वात् - અનાદિ અનંત નિત્યોદિત વિજ્ઞાનઘન સ્વભાવભાવપણાને લીધે (૨) शुद्धः - શુદ્ધ છું. શાને લીધે ? सकलकारकचक्रप्रक्रियोत्तीर्णनिर्मलानुभूतिमात्रत्वात्- સકલ કારકચક્રની પ્રક્રિયાથી ઉત્તીર્ણ - પાર ઉતરેલ નિર્મલ અનુભૂતિ માત્રપણાને લીધે. (૩) निर्ममतः - નિર્મમત - મમતા રહિત છું. શાને લીધે ? पुद्गलस्वामिकस्य क्रोधादिभाववैश्वरूप्यस्य स्वस्य स्वामित्वेन नित्यमेवापरिणमनात् - પુદ્ગલ સ્વામિક - પુદ્ગલ છે સ્વામી જેનો એવા ક્રોધાદિ ભાવવૈશ્વ રૂપ્ય - ભાવ વિશ્વરૂપપણું એવા સ્વના સ્વામિપણે નિત્યમેવ અપરિણમનને લીધે. (૪) ज्ञानदर्शनसमग्रः - જ્ઞાન-દર્શન સમગ્ર છું. શાને લીધે ? चिन्मात्रस्य महसो वस्तुस्वभावत एव सामान्यविशेषाभ्यां सकलत्वाद् - ચિન્માત્ર મહસ્ના - મહા તેજના વસ્તુ સ્વભાવથી જ સામાન્ય - વિશેષે કરી સકલપણાને લીધે - સંપૂર્ણ પણાને લીધે. આમ એક, શુદ્ધ, નિર્મમત, જ્ઞાન દર્શન સમગ્ર હું આ આત્મા गगनादिवत् पारमार्थिको वस्तुविशेषोऽस्मि - ગગનાદિ જેમ પારમાર્થિક વસ્તુવિશેષ છું.

तदहमधुना - તેથી હું હવે (૧) अस्मिन्नेवात्मनि निश्चलमवतिष्ठमानः - આ જ આત્મામાં નિશ્ચલ અવતિષ્ઠતો. શી રીતે ?

આત્મખ્યાતિ ટીકાર્થ

હું - આ આત્મા પ્રત્યક્ષ અક્ષુણ્ણ અનંત ચિન્માત્ર જ્યોતિ, અનાદિઅનંત નિત્યોદિત વિજ્ઞાન ઘનસ્વભાવ ભાવપણાને લીધે એક સકલ કારકચક્રની પ્રક્રિયાથી ઉત્તીર્ણ નિર્મલ અનુભૂતિ માત્રપણાને લીધે **શુદ્ધ**, પુદ્ગલ સ્વામિક (પુદ્ગલ છે સ્વામી જેનો એવા) ક્રોધાદિ ભાવવૈશ્વરૂપ્ય એવા સ્વના સ્વામિપણે નિત્યમેવ અપરિણમનને લીધે **નિર્મમત** (મમતા રહિત) ચિન્માત્ર મહસ્ના (મહાતેજના) વસ્તુ સ્વભાવથી જ સામાન્ય - વિશેષે કરી સકલપણાને લીધે **જ્ઞાનદર્શનસમગ્ર** (જ્ઞાન-દર્શન સમગ્ર સ્વરૂપ સર્વસ્વ છે જેનું), એવો આકાશાદિ જેમ પારમાર્થિક વસ્તુવિશેષ છું.

તેથી હું હવે **આ જ આત્મામાં** નિખિલ પરદ્રવ્યપ્રવૃત્તિની નિવૃત્તિથી નિશ્ચલ **અવતિષ્ઠતો**, સકલ પરદ્રવ્ય નિમિત્તક વિશેષ ચેતન રૂપ ચંચલ કલ્લોલના નિરોધથી આ જ આત્માને ચેતતો (અનુભવતો), સ્વ અજ્ઞાનથી આત્મામાં ઉત્પ્લવતા (ઊઠતા) **આ અખિલ જ ભાવોને ખપાવું છું**, એમ આત્મામાં નિશ્ચિત કરી - ચિરસંગૃહીત પોત માત્ર (વ્હાણ) મુક્ત કર્યું છે એવા સમુદ્ર આવર્ત્તના જેમ, ઝટ જ સમસ્ત વિકલ્પ ઉદ્વાંત કર્યો (વમી નાંખ્યો) છે જેણે એવો આ આત્મા - અકલ્પિત અચલિત અમલ આત્માને આલંબી રહેલો ખરેખર ! નિશ્ચયે કરીને વિજ્ઞાનઘનભૂત એવો -

આસ્રવોમાંથી નિવર્ત્તે છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છઉં, એક કેવલ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પરમોત્કૃષ્ટ અચિંત્ય સુખ સ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવ રૂપ હું છઉં. (ઈ.)'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૬૦), ૮૩૩**

''જિનવર વચન અમૃત અનુસરિયે, તત્ત્વરમણ આદરિયે રે;
દ્રવ્યભાવ આશ્રવ પરહરિયે, તો દેવચંદ્ર પદુ વરિયે રે... મન મોહ્યું અમારૂં પ્રભુ ગુણ.''

- શ્રી દેવચંદ્રજી

જ્ઞાનીની ક્રોધાદિ આસ્રવ નિવૃત્તિનો સંપૂર્ણ વિધિ

જ્ઞાની પુરુષ કયા વિધિથી ક્રોધાદિ આસ્રવોમાંથી નિવર્ત્તે છે - પાછો વળે છે, તે આ ગાથામાં ભગવાન શાસ્ત્રકારે પ્રદર્શિત કર્યો છે. અને તેની પરમ અદ્ભુત વ્યાખ્યા કરતાં **સુવિહિતશેખર મહાજ્ઞાનીશ્વર અમૃતચંદ્રજીએ** અપૂર્વ આત્મભાવના પ્રકાશી છે - અહમયમાત્મા - હું આ આત્મા પ્રત્યક્ષ અક્ષુણ્ણ અનંત ચિન્માત્ર જ્યોતિ (૧) **એક** છું. શાને લીધે ? અનાદિ અનંત નિત્યોદિત વિજ્ઞાન-ઘનસ્વભાવપણાને લીધે. (૨) **શુદ્ધ** છું. શાને લીધે ? સકલ કારકચક્ર પ્રક્રિયાથી ઉત્તીર્ણ - પાર ઉતરેલ કેવલ નિર્મલ - શુદ્ધ અનુભૂતિમાત્રપણાને લીધે. (૩) **નિર્મમત** છું. શાને લીધે ? પુદ્ગલસ્વામિક - પુદ્ગલ જેનો સ્વામી છે એવા ક્રોધાદિ ભાવવૈશ્વરૂપ્ય - સમસ્ત વિશ્વભાવરૂપ સ્વના-ધનના સ્વામિપણે -

---

निखिलपरद्रव्यप्रवृत्तिनिवृत्त्या - નિખિલ - સમસ્ત પરદ્રવ્ય પ્રવૃત્તિની નિવૃત્તિથી, (૨) इममेव चेतयमानः - આને જ - આ જ આત્માને ચેતતો - અનુભવતો. તે પણ શી રીતે ? सकलपरद्रव्यनिमित्तकविशेषचेतनचंचलकल्लोलनिरोधेन - પરદ્રવ્ય નિમિત્તક - પરદ્રવ્ય જેનું નિમિત્ત છે એવા વિશેષ ચેતનરૂપ ચંચલ કલ્લોલના - તરંગના નિરોધથી. આમ આ જ આત્મામાં अवतिष्ठतः અને આ આત્માને જ ચેતતા રહીને શું ? स्वाज्ञानेनात्मन्युत्प्लवमानानेतान् भावानखिलानेव क्षपयामि - સ્વ અજ્ઞાનથી આત્મામાં ઉત્પ્લવી રહેલા - ઊઠી રહેલા આ ભાવોને - અખિલોને જ હું ખપાવું છું, इत्यात्मनि निश्चित्य - એમ આત્મામાં નિશ્ચિત કરી, चिरसंगृहीतमुक्तपोतपात्रः समुद्रावर्त्त इव - ચિર સંગૃહીત - લાંબા વખતથી પકડી રાખેલ પોત પાત્ર - વ્હાણ જેણે મૂકી દીધું છે એવા સમુદ્રાવર્ત્તની જેમ - સમુદ્રના વમળની જેમ, झगित्येवोद्वांतसमस्तविकल्पो - ઝટ લઈને જ સમસ્ત વિકલ્પ જેણે ઉદ્વાંત કર્યો છે - વમી નાંખ્યો છે એવો अयमात्मा - આ આત્મા, अकल्पितमचलितममलमात्मानमालंबमानो - અકલ્પિત, અચલિત અમલ આત્માને આલંબીતો विज्ञानघनभूतः खलु - ખરેખર ! નિશ્ચયે કરીને વિજ્ઞાનઘનભૂત થયેલો એવો, आवेद्ययो निवर्त्तते - આસ્રવોથી નિવર્ત્તે છે - પાછો વળે છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥७३॥

ધણીપણે નિત્ય અપરિણમનને લીધે. (૪) **જ્ઞાન દર્શન સમગ્ર છું** - જ્ઞાનદર્શનથી સમગ્ર - સંપૂર્ણ છું. શાને લીધે ? ચિન્માત્ર મહસ્ના - મહાતેજના વસ્તુ સ્વભાવથી જ સામાન્ય-વિશેષે કરી સકલપણાને - સંપૂર્ણપણાને - સમગ્રપણાને લીધે. આમ એક, શુદ્ધ, નિર્મમત, જ્ઞાનદર્શનસમગ્ર એવો હું આ આત્મા ચિન્માત્ર જ્યોતિ, આકાશાદિની જેમ, પારમાર્થિક - ખરેખરો પરમાર્થસત્ વસ્તુવિશેષ છું. તેથી હું હવે આ જ આત્મામાં નિશ્ચલ અવતિષ્ઠતો, કેવી રીતે ? નિખિલ પરદ્રવ્ય પ્રવૃત્તિની નિવૃત્તિથી - निखिल परद्रव्यप्रवृत्तिनिवृत्त्या, સમસ્ત પરદ્રવ્યમાં પ્રવર્ત્તવાથી પ્રવૃત્તિની નિવૃત્તિથી - પાછું વળવાપણાથી - (૨) આને જ - આ જ આત્માને ચેતતો - અનુભવતો. તે પણ શી રીતે ? **પરદ્રવ્ય નિમિત્તક** - પરદ્રવ્ય જેનું નિમિત્ત છે એવા વિશેષ ચેતન રૂપ ચંચલ-ચલ કલ્લોલોના - તરંગોના નિરોધથી - નિયંત્રણથી. આમ આ જ આત્મ અવતિષ્ઠતા અને આ જ આત્માને ચેતતા રહીને શું ? સ્વઅજ્ઞાનથી આત્મામાં ઉત્પ્લવી રહેલા - એકદમ ઊઠી રહેલા આ ભાવોને - અખિલોને જ હું ખપાવું છું, ક્ષય કરૂં - ખતમ કરૂં છું. स्वाज्ञानेनात्मन्युत्प्लवमानानेतान् भावानखिलानेव क्षपयामि, એમ આત્મામાં નિશ્ચિત કરી - ચિર સંગૃહીત - લાંબા વખતથી - સંગૃહી રાખેલ - પકડી રાખેલ પોત પાત્ર - વ્હાણ જેણે મૂકી દીધું છે એવા સમુદ્રાવર્ત્તની જેમ - સમુદ્રના વમળની જેમ, ઝટ લઈને જ સમસ્ત વિકલ્પ જેણે ઉદ્ગાંત કર્યો છે - વમી નાંખ્યો છે - झगित्येवोद्गांतसमस्तविकल्पो, એવો આ આત્મા - 'અકલ્પિત' - કલ્પિત નહિ પણ પરમાર્થસત્ 'અચલિત' - પરભાવનું આકર્ષણ નિવર્ત્તવાથી ચલિત ન થતા અને સકલ વિભાવમલ દૂર થવાથી અમલ એવા આત્માને આલંબતો સતો, નિશ્ચયે કરીને ખરેખર ! (કથન માત્ર નહિ પણ ખરેખરી વસ્તુસ્થિતિથી) 'વિજ્ઞાનઘનભૂત' - વિજ્ઞાનઘન થયેલો એવો, આસ્રવોથી નિવર્ત્તે છે - પાછો વળે છે. **પરમર્ષિ આચાર્યજીએ** ભાવન કરાવેલી આ અપૂર્વ આત્મભાવનાની હવે વિશેષ ભાવના કરીએ : -

अहमयमात्मा - હું આ આત્મા ચિન્માત્ર જ્યોતિ

અહમયમાત્મા - 'હું' - આ દેહમાં અહં પ્રત્યયથી પ્રતીત થતો આ પ્રત્યક્ષ પ્રગટ અનુભવાઈ રહેલો આત્મા, પ્રત્યક્ષ અક્ષુણ્ણ અનંત ચિન્માત્ર જ્યોતિ છું - प्रत्यक्षमक्षुण्णमनंतं चिन्मात्रं ज्योतिः - માત્ર - કેવલ ચૈતન્ય જ જ્યાં ઝળહળે છે એવી આ ચિન્માત્ર - ચૈતન્યમાત્ર પ્રકાશ સ્વરૂપ જ્યોતિ પ્રત્યક્ષ પ્રગટ અનુભવ પ્રકાશથી પ્રકાશી રહી છે; આ જ્યોતિ **અક્ષુણ્ણ** છે, કદી પણ ક્ષુણ્ણ નહિ થયેલી - નહિ કચડાયેલી - નહિ ચગદાયેલી - નહિ દબાયેલી એવી છે, અનાદિકાળથી કદી પણ ખંડિત નહિ થયેલી એવી અખંડ અબાધિત હોઈ, જેવી ને તેવી જ હતી છે અને રહેશે, **અનંત** છે, સ્વભાવભૂત હોઈ દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી અને ભાવથી જેનો અંત નથી એવી અનંત છે. આવી પ્રત્યક્ષ, અક્ષુણ્ણ - અખંડ, અનંત ચિન્માત્ર જ્યોતિ સ્વરૂપ હું આ આત્મા છું.

''હું એક છું, જગત્ને ભેળવવાની શી જરૂર છે ?'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૬૪૩, (ઉપદેશ છાયા)**

વિજ્ઞાનઘનપણાને લીધે એક

એવો હું આત્મા **એક** છું. શાથી ? અનાદિઅનંત નિત્યોદિત વિજ્ઞાન ઘનસ્વભાવભાવપણાથી, अनाद्यनंतनित्योदितविज्ञानघनस्वभावभावत्वाद् । વિજ્ઞાનઘનપણું એ જ એક આત્માનો સ્વભાવ ભાવ છે તેથી. આ **વિજ્ઞાનઘન સ્વભાવ** અનાદિ અનંત છે, તેની આદિ નથી તેમજ અંત પણ નથી, કારણકે જે સ્વભાવ હોય તે સ્વતઃસિદ્ધ હોઈ અનુત્પન્ન ને અવિનાશી જ હોય એવો નિયમ છે, એટલે વિજ્ઞાનઘન સ્વભાવ પણ અનાદિ અનંત છે. વળી **આ** વિજ્ઞાનઘન સ્વભાવ નિત્યોદિત - સદોદિત છે, તે સદાય ઉદિત જ - ઉદય પામેલો જ વર્ત્તે છે, આ વિજ્ઞાનઘન ખરેખર ! **વિજ્ઞાન-ઘન જ** છે, વિજ્ઞાન વિજ્ઞાન ને વિજ્ઞાનમય જ છે. ઉંચાઈ લંબાઈ ને પહોળાઈ એ ત્રણ માપ (Dimensions) જેને હોય તેને ગણિત - પરિભાષામાં ઘન (Cube) નક્કર વસ્તુ કહે છે. જેમકે - મીઠાનો ગાંગડો અથવા સાકરનું ચોસલું. મીઠાનો ગાંગડો સર્વ પ્રદેશે લવણ લવણ ને લવણ સ્વરૂપ જ છે; સાકરનું ચોસલું સર્વ પ્રદેશે મીઠાશ મીઠાશ ને મીઠાશમય જ છે, તેમ આત્મા પણ

સર્વ પ્રદેશે વિજ્ઞાન વિજ્ઞાન ને વિજ્ઞાનમય જ છે, વિજ્ઞાનનો ઘન છે. આવા અનાદિ - અનંત નિત્ય ઉદય પામેલા એક વિજ્ઞાનઘન સ્વભાવભાવપણાને લીધે હું **એક** છું.

''શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું ? કર વિચાર તો પામ.''

- પરમતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર સૂત્ર-૧૧૭

ષટ્કારક - પ્રક્રિયોત્તીર્ણ નિર્મલ અનુભૂતિ માત્રપણાને લીધે શુદ્ધ

હું **શુદ્ધ** છું. શાને લીધે ? निर्मलानुभूतिमात्रत्वात् - **નિર્મલ અનુભૂતિ માત્રપણાને લીધે.** આ નિર્મલ અનુભૂતિમાત્રપણું કેવું છે ? सकलकारकचक्रप्रक्रियोत्तीर्ण - **સકલ કારકચક્રની** પ્રક્રિયામાંથી ઉત્તીર્ણ એવું છે; કર્ત્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એ છ કારકની પ્રક્રિયામાંથી (Process) આમ અણીશુદ્ધ પાર ઉતરેલું એવું છે; પૂર્વે અજ્ઞાનથી હું જે પરભાવનો કર્ત્તા બની, પરભાવ રૂપ કરણ વડે પરભાવરૂપ કર્મ કરતો હતો, પરભાવનું સંપ્રદાન અને અપાદાન કરતો રહી પરભાવને વિષે સ્થિતિ કરતો હતો અને આમ પરભાવ પરિણતિથી **બાધક કારકચક્ર** સેવતો હતો, તે હવે આત્મજ્ઞાનની પ્રાપ્તિ થતાં, સ્વભાવનો કર્ત્તા થઈ, સ્વભાવરૂપ કરણ વડે સ્વભાવ કર્મ કરૂં છું, સ્વ-પરના વિવેચનકરણ - ભેદકરણ રૂપ અપાદાન કરી આત્માને સ્વસ્વભાવનું સંપ્રદાન દઈ સ્વભાવને વિષે સ્થિતિ કરૂં છું અને આમ સર્વથા સ્વભાવપરિણતિથી **સાધક કારકચક્રની** સાધના મેં કરી છે - એવા પ્રકારે ષટ્કારક ચક્રની પ્રક્રિયામાંથી ઉત્તીર્ણ એવું આ નિર્મલ અનુભૂતિ માત્રપણું છે.

''મલ્લિનાથ જગનાથ ચરણ યુગ ધ્યાઈએ રે... ચરણ.
શુદ્ધાતમ પ્રાગ્ભાવ પરમ પદ પાઈએ રે... પરમ.
સાધક કારક ષટ્ક કરે ગુણ સાધના રે... કરે.
તેહિ જ શુદ્ધ સ્વરૂપ, થાયે નિરાબાધના રે... થાયે.
કર્ત્તા આતમ દ્રવ્ય, કારજ નિજ સિદ્ધતા રે... કારજ.
ઉપાદાન પરિણામ, પ્રયુક્ત તે કરણતા રે... પ્રયુક્ત.
આતમ સંપદ્ દાન, તેહ સંપ્રદાનતા રે... તેહ.
દાતા પાત્ર ને દેય, ત્રિભાવ અભેદતા રે... ત્રિભાવ.
સ્વ પર વિવેચન કરણ, તેહ અપાદાનથી રે... તેહ.
સકલ પર્યાય આધાર, સંબંધ આસ્થાનથી રે... સંબંધ.''

તત્ત્વરંગી મહામુનીશ્વર શ્રી દેવચંદ્રજી

કારક ચક્ર, જ્ઞાયક ભાવમાં વિલગ્ન

અને આમ મ્હારૂં સમગ્ર કારક ચક્ર એક જ્ઞાયક ભાવમાં વિલગ્ન થયું છે. જ્ઞાયક ભાવ એ જ કર્ત્તા, જ્ઞાયક ભાવ એ જ કર્મ, જ્ઞાયક ભાવ એ જ કરણ, જ્ઞાયક ભાવ એ જ સંપ્રદાન, જ્ઞાયક ભાવ એ જ અપાદાન, જ્ઞાયક ભાવ એ જ અધિકરણ, એમ ષટ્કારક શુદ્ધ એક જ્ઞાયક ભાવ રૂપ આત્મામાં જ સમાયા છે. આમ હું આત્મા, આત્માને, આત્મા વડે, આત્માર્થે, આત્મામાંથી, આત્મામાં અનુભવી રહ્યો છું, आत्मा आत्मानं आत्मना आत्माने आत्मनः आत्मनि अनुभूयेऽहं । આમ સકલ પરભાવની મલિનતાથી રહિત - નિર્મલ શુદ્ધ આત્મભાવના જ માત્ર અનુભવ કરવાપણાથી - નિર્મલ અનુભૂતિ માત્રપણાથી હું શુદ્ધ છું.

''કારક ચક્ક સમગ્ગ, તે જ્ઞાયક ભાવ વિલગ્ગ;
પરમ ભાવ સંસગ્ગ, એકરીતે રે કાંઈ થયો ગુણવગ્ગ રે...
જિણંદા ! તોરા નામથી મન ભીનો.'' - **શ્રી દેવચંદ્રજી**

''येनात्मनानुभूयेऽहमात्मनात्मानमात्मनि ।
सोऽहं न तन्न सा नासौ नैको न द्वौ न वा बहुः ॥''

- શ્રી પૂજ્યપાદસ્વામીજી કૃત શ્રી સમાધિ શતક

કર્ત્તાદિ કારક કુચક્ર પરાર્થ વર્ત્યું, તે આત્મસાધક સુચક્ર હવે પ્રવર્ત્યું;
આત્માર્થ આત્મથકી આત્મક્રિયા જ આત્મા, આત્માથી આત્મમહિં આ કરતો મહાત્મા.

- શ્રી યોગદૃષ્ટિ કળશ કાવ્ય (ડૉ. ભગવાનદાસ કૃત)

આમ એક જ્ઞાયકસ્વભાવ સહિત હોવાથી એક અને મલરૂપ સકલ પરભાવ - વિભાવ રહિત હોવાથી શુદ્ધ એવો હું **નિર્મમત** છું - મમતા જેની નિર્ગત છે - ચાલી ગઈ છે એવો છું, મમતા રહિત છું. કારણકે ક્રોધાદિ ભાવરૂપ સમસ્ત જે પરસંપત્તિ છે તેના 'સ્વ'ના સ્વામીપણે નિત્યમેવ મ્હારૂં અપરિણમન છે,

નિર્મમતઃ 'જગના બે પગ, અહં મમ બે ઠગ'

पुद्गलस्वामिकस्य क्रोधादिभाववैश्वरूप्यस्य स्वस्य स्वामित्वेन नित्यमेवापरिणमनात् ।

અર્થાત્ ક્રોધાદિ પરભાવ વિશ્વના 'સ્વ'નો ધનનો-સંપત્તિનો સ્વામી - માલિક - ધણી તો પુદ્ગલ છે, તે ક્રોધાદિ વિશ્વના સ્વામીપણે - માલિકપણે - ધણીપણે હું કદી પણ પરિણમતો નથી. તે ક્રોધાદિ 'अहम्' - હું નથી તો તે मम - મ્હારા ક્યાંથી હોય ? પ્રથમ વિભક્તિ 'अहम्' - ન હોય તો છઠ્ઠી વિભક્તિ 'मम' - ક્યાંથી હોય ? अहम् मम - નામના આ બે ઠગ છે અને તે બે ઠગના પગ પર આખું જગ ચાલી રહ્યું છે ! પરભાવમાં આત્મભ્રાંતિ કરાવનારા આ अहम् - मम બે ઠગને - જગના બે પગને મેં ભાંગી નાંખ્યા છે. એટલે તે ક્રોધાદિ સર્વ ભાવ મ્હારા નથી, પુદ્ગલના જ છે, મ્હારે એ પુદ્ગલની સંપત્તિ (Property) સાથે કાંઈ પણ લેવા દેવા નથી. આમ હું નિર્મમત છું. માત્ર એક આત્મા જ મ્હારો છે, બીજું કંઈ પણ પરમાણુમાત્ર પણ મ્હારૂં નથી - 'णवि अत्थि मज्झ किंचिवि अण्णं परमाणुमित्तंपि' । ''अवि अप्पणो वि देहंमि नायरंति ममाइयं (મહાત્મા પુરુષ) પોતાના દેહને વિષે પણ મમત્વ આચરતા નથી.''
- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૩૯

''જડતા સુભાવ લીયે મોહ મદ પાન કીયે,
એસો પરદ્રવ્ય સો તો મેરા ધન નાંહી હે,
મૈં તો યાકો નાથ નહિ મૈં તો નાથ ચેતના કો,
જ્ઞાનાદિ અભંગ રંગ જાકે સંગ યાહી હે.'' - **શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૭૩**

'જગના બે પગ, અહં મમ બે ઠગ.' - **(સ્વ રચિત)**

આમ સકલ પરભાવ-વિભાવ પ્રત્યે હું નિર્મમત છું, એટલે મ્હારૂં પોતાનું આત્માનું કાંઈ પણ સ્વ (ધન) નથી ને હું ખાલીખમ સાવ નિર્ધનીઓ છું એમ કાંઈ નથી; પણ હું તો અનંત જ્ઞાનાદિ આત્મધનથી સંપૂર્ણ - સમગ્ર હોઈ **જ્ઞાન દર્શન સમગ્ર** છું,

જ્ઞાન દર્શન સમગ્ર

જ્ઞાન-દર્શન એજ મ્હારૂં આત્માનું સમગ્ર - સંપૂર્ણ સ્વરૂપ છે, **સ્વરૂપ સર્વસ્વ** છે. કારણકે ચિન્માત્ર-ચૈતન્યમાત્ર એવું જે सर्वातिशायि महस् - સર્વથી મહત્ તેજ છે, તેનું वस्तु સ્વભાવથી જ સામાન્ય-વિશેષપણું છે, चिन्मात्रस्य महसो वस्तुस्वभावत एव सामान्यविशेषाभ्यां सकलत्वात्। - તેમાં આકાર-ભેદ નહિ ગ્રહણ કરતું એવું દર્શન નિરાકાર છે અને આકાર-ભેદ ગ્રહણ કરતું એવું જ્ઞાન

સાકાર છે; સામાન્ય સ્વરૂપ ગ્રહનાર તે દર્શન અને વિશેષ સ્વરૂપ ગ્રહનાર તે જ્ઞાન એમ સામાન્ય-વિશેષાત્મક બે ભેદવાળી મ્હારી ચેતનસત્તા છે અને આ દર્શન-જ્ઞાનમય ચેતનામાત્ર એજ મ્હારૂં-આત્માનું સમગ્ર સકલ સ્વરૂપ છે, સ્વરૂપ-સર્વસ્વ છે, એટલે જ્ઞાન-દર્શન **'સ્વ'નો સ્વામી** - શુદ્ધ ચૈતન્ય સ્વામી હું જ્ઞાન-દર્શન સમગ્ર છું.

''નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે,
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે...
વાસુપૂજ્ય જિન.'' - **શ્રી આનંદઘનજી**

''નિજ જ્ઞાને કરી જ્ઞેયનો, જ્ઞાતા જ્ઞાયક પદ ઈશ રે;
દેખે નિજ દર્શન કરી, નિજ દૃશ્ય સામાન્ય જગીશ રે...
શ્રી શ્રેયાંસ પ્રભુ.'' - **શ્રી દેવચંદ્રજી**

આમ એક, શુદ્ધ, નિર્મમત, જ્ઞાન દર્શન સમગ્ર એવો આ હું - પ્રત્યક્ષ અનુભવાઈ રહેલો આત્મા આકાશાદિની જેમ **પારમાર્થિક વસ્તુવિશેષ** છું, गगनादिवत् पारमार्थिको वस्तुविशेषोऽस्मि ! આકાશ જેમ પ્રત્યક્ષ અમૂર્ત્ત જડ વસ્તુવિશેષ છે, પુદ્ગલ જેમ પ્રત્યક્ષ દૃશ્યમાન મૂર્ત્ત જડ વસ્તુવિશેષ છે ઈ., તેમ હું પણ પ્રત્યક્ષ અનુભવાતો ચૈતન્ય સ્વરૂપ પારમાર્થિક વસ્તુવિશેષ છું. હું કાંઈ કલ્પનારૂપ કલ્પિત વસ્તુ નથી, પણ ખરેખર સત્ - અસ્તિત્વ - સ્વરૂપ સત્તા ધરાવતો, વિદ્યમાન, પરમાર્થસત્ ચેતન વસ્તુવિશેષ છું; સર્વ અન્ય જડ દ્રવ્યથી પ્રગટપણે ભિન્ન એવું વિશિષ્ટ ખાસ અસાધારણ ચૈતન્ય લક્ષણથી ભિન્ન એવી વિશિષ્ટ ચેતન વસ્તુ છું.

गगनादिवत् पारमार्थिक वस्तु विशेष छुं

તેથી હવે હું આ આત્મામાં જ નિશ્ચલ અવસ્થિત થઉં છું. જ્ઞાન-દર્શનમય એવો આ આત્મા મેં જાણ્યો, તેમાં જ જેમ છે તેમ આત્માપણે નિશ્ચલ સ્થિતિ કરૂં છું અને એવી નિશ્ચલ સ્વરૂપ સ્થિતિ સર્વ પરદ્રવ્ય પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ વડે કરીને જ થાય; એટલે સર્વ પરદ્રવ્યમાંથી નિવૃત્તિ કરીને, સર્વ પરભાવ પ્રવૃત્તિમાંથી પાછો વળીને, સર્વ પરભાવ-વિભાવ પરિણામથી ઓસરીને હું નિશ્ચલ એવા આત્મસ્વભાવમાં સ્થિત થયો છું.

સમસ્ત પર દ્રવ્ય નિવૃત્તિથી નિશ્ચલ આત્મસ્થિતિ

''અંતરંગ બહિરંગ અંગ પરસંગ ભંગિ, ઈંદ્રીકી ઉમંગ તજી જામે પરછાહિ હે,
હોય જે ચેતન એસો જૈસો તો સભાવ તેઓ, તો એ કર્મબંધ મુંજ તો કુ કહાહી હે.''

- દ્રવ્યપ્રકાશ, ૩-૭૩

''સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ.
સત્તા સાધન માર્ગ ભણી એ સંચર્યો હો લાલ.
દીઠો સુવિધિ જિણંદ સમાધિ રસે ભર્યો હો લાલ.'' - **શ્રી દેવચંદ્રજી**

અને આમ સકલ પરદ્રવ્ય પ્રવૃત્તિની નિવૃત્તિથી આત્મસ્વભાવમાં નિશ્ચલ અવસ્થિત એવો હું આત્માને જ ચેતી રહ્યો - અનુભવી રહ્યો છું. કારણકે સકલ પરદ્રવ્યના નિમિત્તે ઉપજતા વિશેષ ચેતનરૂપ ચંચલ તરંગોનો મેં નિરોધ કર્યો છે; અર્થાત્ હું સર્વ પરદ્રવ્ય પ્રવૃત્તિથી નિવૃત્ત થયો છું, એટલે તે પરદ્રવ્યના નિમિત્તે વિભાવ રૂપ કોઈ પણ વિકલ્પ તરંગ મ્હારા આત્મામાં હું ઉઠવા દેતો નથી, એવો મેં તેનો નિરોધ કર્યો છે. આ પ્રકારે નિસ્તરંગ સમુદ્રવત્ સ્થિર એવા આત્માને જ હું ચેતી-અનુભવી રહ્યો છું.

પરદ્રવ્ય નિમિત્તક ચંચલ તરંગ નિરોધવા આત્મસંચેતન

'' 'એવું જે' પરમ સત્ય તેનું અમે ધ્યાન કરીએ છીએ.''

''મનમાં વારંવાર વિચારથી નિશ્ચય થઈ રહ્યો છે કે કોઈ પણ પ્રકારે ઉપયોગ ફરી અન્ય ભાવમાં પોતાપણું થતું નથી અને અખંડ આત્મધ્યાન રહ્યા કરે છે. ઈ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૫૮, ૩૦૦**

આમ આત્મામાં જ નિશ્ચલ અવસ્થિત થઈ, આત્માને જ અનુભવતો હું, આત્મામાં ઉત્પ્લવતા - એકદમ ઠેકડો મારીને કૂદી પડતા - ઊઠતા આ સર્વેય ભાવોને ખપાવું છું, આ સર્વ વિભાવ ભાવો જે **સ્વ અજ્ઞાનને લીધે** આત્મામાં ઉત્પ્લવે છે - કૂદી પડે છે, તે સર્વને ખતમ કરું છું, એવો દૃઢ આત્મ નિશ્ચય કરું છું.

''क्षीयंतेऽत्रैव रागादिस्तत्त्वतो मां प्रपश्यतः ।
बोधात्मानं ततः कश्चित्र मे शत्रुर्न च प्रियः ॥'' - श्री समाधि शतक


એમ આત्मામાં નિશ્ચય કરી, અકલ્પિત - અચલિત - અમલ એવા આત્માને આલંબતો સતો, **વિજ્ઞાનઘનભૂત** એવો આ પ્રગટ આત્મા આસ્રવોમાંથી શીઘ્ર જ નિવર્ત્તે છે, ઝપાટાબંધ જ પાછો વળે છે. અત્રે **સમુદ્રઆવર્ત્તનું દૃષ્ટાંત** ઘટે છે. જેમ સમુદ્રના આવર્ત્ત-વમળે વ્હાણને લાંબો વખત પકડી રાખ્યું હોય, પણ તે જેવું છોડે કે તરત જ છૂટી જાય છે; તેમ આ આત્મા પણ અનાદિના સંગ્રહેલા - પકડેલા અનંત વિકલ્પ પણ છોડે ત્યારે તરત જ છૂટી જાય છે. છોડે તો છૂટે, ન છોડે તો ન છૂટે, પકડે તો પકડાય - ન પકડે તો ન પકડાય, પકડી રાખે તો પકડાઈ જ રહે. આમ સમુદ્ર આવર્ત્તની પેઠે સમસ્ત વિકલ્પને ઉદ્વાંત કરી, વમી નાંખી, અચલ અમલ એવા પરમાર્થસત્ આત્માને આલંબતો સતો, **વિજ્ઞાનઘન** થયેલો આ આત્મા સર્વ આસ્રવોથી તત્ક્ષણ જ પાછો વળે છે. ક્રોડો વર્ષનું સ્વપ્ન હોય, પણ તે જાગ્રત થતાં ભેગું જ સમાઈ જાય છે, તેમ અનાદિનો વિભાવ પણ જ્ઞાન થતાં તત્ક્ષણ જ દૂર થાય છે.


વ્હાણ મૂક્યું છે એવા સમુદ્રાવર્ત્તનું દૃષ્ટાંત : નિર્વિકલ્પ વિજ્ઞાનઘનભૂત આત્માની શીઘ્ર આસ્રવ નિવૃત્તિ

છોડ દિયા સો છૂટ ગયા, પકડ લિયા સો પકડ ગયા. - **(સ્વ રચિત)**

''કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં સમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.'' - **શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૧૪**

આકૃતિ





જ્ઞાન અને આસ્રવ નિવૃત્તિનું સમકાલપણું કેવી રીતે ?

जीवणिबद्धा एए अधुव अणिच्चा तहा असरणा य ।
दुक्खा दुक्खफलत्ति य णादूण णिवत्तए तेहिं ॥७४॥

જીવનિબદ્ધ અધ્રુવ આ, અનિત્ય અશરણા તેમ રે;
દુઃખો દુઃખફલો જાણીને, તેથી નિવર્ત્તે એમ રે... અજ્ઞાનથી. ૭૪

ગાથાર્થ - જીવ સાથે નિબદ્ધ એવા આ (આસ્રવો) અધ્રુવ અનિત્ય તથા અશરણ છે અને દુઃખો અને દુઃખફલો છે એમ જાણી તેઓમાંથી નિવર્ત્તે છે. ૭૪

आत्मख्याति टीका

कथं ज्ञानास्रवनिवृत्त्योः समकालत्वमिति चेत् -

जीवनिबद्धा एते अध्रुवा अनित्यास्तथा अशरणाश्च ।
दुःखानि दुःखफला इति च ज्ञात्वा निवर्त्तते तेभ्यः ॥७४॥

(२) जतुपादपवद्वध्यघातकस्वभावत्वा

जीवनिबद्धाः खल्वास्रवाः,

न पुनरविरुद्धस्वभावत्वाभावाज्जीव एव ।

(२) अपस्माररयवद्वर्द्धमानहीयमानत्वा

ध्रुवाः खल्वास्रवाः,

श्चिन्मात्रो ध्रुव जीव एव ।

(३) शीतदाहज्वरावेशवत् क्रमेणोज्जृंभमाणत्वा-

अनित्याः खल्वास्रवाः,

नित्यो विज्ञानघनस्वभावो जीव एव ।

(४)बीजनिर्मोक्षक्षणक्षीयमाणदारुणस्मरसंस्कारवत्

त्रातुमशक्यत्वा**दशरणाः** खल्वास्रवाः,

सशरणः

स्वयंगुप्तः सहजचिच्छक्तिर्जीव एव ।

(५) नित्यमेवाकुलस्वभावत्वाद्

दुःखानि खल्वास्रवाः,

अदुःखं

(६) आयत्यामाकुलत्वोत्पादकस्य पुद्गलपरिणामस्य हेतुत्वाद्

नित्यमेवानाकुलस्वभावो जीव एव ।

दुःखफलाः खल्वास्रवाः ।

अदुःखफलः

सकलस्यापि पुद्गलपरिणामस्याहेतुत्वा ज्जीव एव ।

(७) इति विकल्पानंतरमेव शिथिलितकर्मविपाको सहजविज्जृंभमाणचिच्छक्तितया विघटितघनौघघटनो दिगाभोग इव निरर्गलप्रसरः

आत्मभावना -

कथं ज्ञानास्रवनिवृत्त्योः समकालत्वं - જ્ઞાન અને આસ્રવ નિવૃત્તિનું સમકાલપણું - એકી સાથે એકકાલપણું કેવી રીતે ? इति चेत् - એમ જો પૂછો તો - जीवनिबद्धा एते - જીવ નિબદ્ધ - જીવની સાથે નિતાંતપણે બંધાયેલા આ दुःखानि दुःखफला इति દુઃખો અને દુઃખફલો છે એમ જાણીને तेभ्यः निवर्त्तते - તેઓથી નિવર્ત્તે છે - પાછો વળે છે. ॥ **गाथा** आत्मभावना ॥७४॥

जीवनिबद्धाः खल्वास्रवाः - જીવનિબદ્ધ - જીવની સાથે નિતાંતપણે - અત્યંત બંધાયેલા છે, શાને લીધે ? वध्यघातकस्वभावत्वात् - वध्य - હણાવા યોગ્ય (અથવા બધ્ય - બંધાવા યોગ્ય) घातक - ઘાત કરનાર - હણનાર સ્વભાવપણાને લીધે, કોની જેમ ? जतुपादपवत् - લાક્ષા-વૃક્ષની જેમ, લાખ અને ઝાડની જેમ. આ આસ્રવો જીવનિબદ્ધ

यथा यथा विज्ञानघनस्वभावो भवति यथा यथास्रवेभ्यश्च निवर्त्तते,
तथा तथा वेभ्यो निवर्त्तते, तथा तथा विज्ञानघनस्वभावो भवति
(८) तावद्विज्ञानघनस्वभावो भवति तावदास्रवेभ्यश्च निवर्त्तते
यावत् सम्यगास्रवेभ्यो निवर्तते, यावत् सम्यग्विज्ञानघनस्वभावो भवतीति
ज्ञानास्रवनिवृत्योः समकालत्वं ॥७४॥

आत्मख्याति टीकार्थ

(१)लाक्षा-वृक्षनी जेम नहि के
वध्य-घातक स्वभावपणाने लीधे अविरुद्ध स्वभावपणाना अभावने लीधे
निश्चये करी **जीवनिबद्ध छे आस्रवो :** जीव ज.
(२)अपस्मारना (वाईना) वेगनी जेम
वर्द्धमान - हीयमानपणाने लीधे ध्रुव छे
निश्चये करी **अध्रुव छे** आस्रवो : चिन्मात्र जीव ज.
(३)शीत दाहज्वरना आवेशनी जेम
क्रमथी उज्जृंभमानपणाने (वधवापणाने) लीधे नित्य छे
निश्चये करी **अनित्य छे** आस्रवो : विज्ञानघनस्वभावी जीव ज.
(४)बीज निर्मोक्षक्षणे क्षीयमाण
दारुण स्मरसंस्कारनी (काया) जेम सशरण छे
त्राण (रक्षण) करवाना अशक्यपणाने लीधे स्वयं गुप्त सहज चित्शक्तिवाळो जीव ज.
निश्चये करी **अशरण छे** आस्रवो :
(५)नित्यमेव आकुल स्वभावपणाने लीधे अदुःख छे
निश्चये करी **दुःखो ज छे** आस्रवो : नित्यमेव अनाकुल स्वभावी जीव ज.
(६)आयतिमां(परिणामे)आकुलपणानाउत्पादक अदुःख फल छे
पुद्गल परिणामना हेतुपणाने लीधे सकल ज पुद्गल परिणामना अहेतुपणाने लीधे
निश्चये करी **दुःख फलो ज छे** आस्रवो : जीव ज.

(७)- **એવા विकल्पानंतर ज** જેનો કર્મ વિપાક શિથિલિત (શિથિલ - ઢીલો થઈ ગયેલો) છે એવો (જ્ઞાની ઘનઓઘઘટના (મેઘરચના) વિઘટિત થયેલ દિગાભોગની (દિશા વિસ્તારની) જેમ નિરર્ગલ પ્રસરવાળો (અનિયંત્રિત ફેલાવવાળો) સતો,

સહજ વિજભૃંભમાણ (ઉલ્લસતી, વિકસતી જતી) ચિત્શક્તિતાએ કરીને

છે, પણ न पुनः जीव एव - જીવ જ નથી, शाने लीधे ? अविरुद्धस्वभावत्वाभावात् - अविरुद्ध - अविपरीत स्वभावपणाना अभावने लीधे. (२) अध्रुवाः खल्वास्रवाः - आस्रवो खरेखर ! निश्चये करीने **अध्रुव** - अस्थायि छे, शाने लीधे ? वर्द्धमानहीयमानत्वात् - वर्द्धमान - हीयमानपणाने लीधे, वधवापणा - घटवापणाने लीधे, कोनी जेम ? अपस्मारवत् - अपस्मारना - वाईना वेगनी जेम; आम आस्रवो अध्रुव छे, पण ध्रुवः - ध्रुव तो चिन्मात्रो जीव एव - चिन्मात्र - चैतन्यमात्र जीव ज छे. (३) अनित्याः खल्वास्रवाः - आस्रवो खरेखर ! निश्चये करीने अनित्य छे, शाने लीधे ? क्रमेणोज्जृंभमाणत्वात् - क्रमथी उज्जृंभमानपणाने लीधे - उल्लसायमानपणाने - विकसायमानपणाने लीधे, कोनी जेम ? शीतदाहज्वरावेशवत् - शीत दाहज्वरना - टाढीआ तावना आवेशनी जेम; आम आस्रवो अनित्य छे, पण नित्यो - नित्य तो विज्ञानघनस्वभावो जीव एव - विज्ञानघनस्वभाव जीव ज छे. (४) अशरणः खल्वास्रवाः -

જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવી થાય છે, અને જેમ જેમ આસ્રવોથી નિવર્ત્તે છે,
તેમ તેમ આસ્રવોથી નિવર્ત્તે છે, તેમ તેમ વિજ્ઞાનઘનસ્વભાવી થાય છે.
(૮) ત્યાં લગી વિજ્ઞાનઘનસ્વભાવી થાય છે, અને ત્યાં લગી આસ્રવોથી નિવર્ત્તે છે
કે જ્યાં લગી સમ્યગ્‌પણે આસ્રવોથી નિવર્ત્તે છે, કે જ્યાં લગી સમ્યગ્ વિજ્ઞાનઘનસ્વભાવી થાય છે.

- એમ જ્ઞાન અને આસ્રવ નિવૃત્તિનું સમકાલપણું છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.''

''તે પુરુષ નમન કરવા યોગ્ય છે, કીર્તન કરવા યોગ્ય છે, પરમ પ્રેમે ગુણગાન કરવા યોગ્ય છે, ફરી ફરી વિશિષ્ટ આત્મ પરિણામે ધ્યાવન કરવા યોગ્ય છે, કે જે પુરુષને દ્રવ્યથી, ક્ષેત્રથી કે કાળથી અને ભાવથી કોઈ પણ પ્રકારનું પ્રતિબદ્ધપણું વર્ત્તતું નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૯૮, ૮૩૬, ૪૦૦**

''સહેજે છૂટે આસ્રવ ભાવની ચાલ,
જાલીમ આ પ્રગટી છે સંવર શિષ્ટતા રે લો.'' - **શ્રી દેવચંદ્રજી**

જ્ઞાન અને આસ્રવ નિવૃત્તિનું સમકાલપણું - એક સાથે હોવાપણું (Simultaneousness) શી રીતે ? તેનો સ્પષ્ટ ખુલાસો આ ગાથામાં કર્યો છે - આ આસ્રવો **'જીવનિબદ્ધ'** - જીવની સાથે નિતાંતપણે - અત્યંત સારી પેઠે નિબદ્ધ - બંધાયેલા છે, અધ્રુવ, અનિત્ય તથા અશરણ છે અને દુઃખો અને દુઃખ છે

આસ્રવો ખરેખર ! નિશ્ચયે કરીને અશરણ છે, શાને લીધે ? ત્રાતુમશક્યત્વાત્ - ત્રાણ કરવાના - રક્ષવાના - રોકી રાખવાના અશક્યપણાને લીધે, કોની જેમ ? બીજનિર્મોક્ષક્ષણક્ષીયમાણદારુણસ્મરસંસ્કારવત્ - બીજ નિર્મોક્ષ ક્ષણે ક્ષીયમાણ - ક્ષય પામી રહેલ દારુણ - વિપાકે ભયંકર સ્મર સંસ્કારની જેમ - કામવાસનાની જેમ. આમ આસ્રવો અશરણ છે. પણ સશરણઃ - સશરણ તો સ્વયંગુપ્તઃ સહજચિચ્છક્તિ । જીવ એવ - સ્વયં - પોતે ગુપ્ત - રક્ષિત એવો સહજ-સ્વભાવભૂત ચિત્ શક્તિવાળો જીવ જ છે. (૫) દુઃખાનિ ખલ્વાસ્રવાઃ - આસ્રવો ખરેખર ! નિશ્ચયે કરીને દુઃખો છે, શાને લીધે ? નિત્યમેવાકુલસ્વભાવત્વાદ્ - નિત્યેજ આકુલ સ્વભાવપણાને લીધે, પણ અદુઃખં - અદુઃખ તો નિત્યમેવ અનાકુલસ્વભાવો જીવ એવ - નિત્યે જ અનાકુલ સ્વભાવ જીવ જ છે. (૬) દુઃખફલાઃ ખલ્વાસ્રવાઃ - આસ્રવો ખરેખર ! નિશ્ચયે કરીને દુઃખફલવાળા છે, શાને લીધે ? આયત્યામ્ - આયતિમાં - ભવિષ્યમાં - આયંદે - પરિણામે જ્ઞાનાવનિવૃત્ત્યોઃ સમકાલત્વં ॥૭૪॥

આકુલત્વોત્પાદકસ્ય પુદ્‌ગલપરિણામસ્ય હેતુત્વાદ્ - આકુલપણાના ઉત્પાદક - ઉપજાવનાર પુદ્‌ગલ પરિણામના હેતુપણાને લીધે. આમ આસ્રવો દુઃખફલવાળા છે, પણ અદુઃખફલઃ - અદુઃખફલવાળો તો જીવ એવ - જીવ જ છે, શાને લીધે ? સકલસ્યાપિ પુદ્‌ગલપરિણામસ્ય અહેતુત્વાત્ - સકલ પણ પુદ્‌ગલપરિણામના અહેતુપણાને લીધે.

ઇતિ વિકલ્પાનંતરમેવ - એવા પ્રકારે વિકલ્પાનંતર જ વિકલ્પ થતાં વેંત જ શિથિલકર્મવિપાકો - શિથિલિત - શિથિલ - ઢીલો થઈ ગયેલો છે કર્મ વિપાક જેનો એવો, નિરર્ગલપ્રસરઃ - નિરર્ગલ પ્રસરવાળો, નિરર્ગલ-અર્ગલા-આગળીઆ રહિત - અનિયંત્રિત પ્રસર - ફેલાવવાળો, કોની જેમ ? વિઘટિતઘનૌઘઘટનો દિગાભોગ ઇવ - વિઘટિત - વિખરાઈ ગયેલ છે ઘનઓઘ ઘટના - મેઘસમૂહ રચના જેની એવા દિગાભોગ - દિશા વિસ્તારની જેમ. આમ શિથિલિત કર્મ વિપાક જેનો એવો નિરર્ગલ પ્રસરવાળો (જીવ), સહજવિજૃંભમાણચિચ્છક્તિતયા - સહજ વિજૃંભમાણ - ઉલ્લસતી જતી - વિકસાયમાન થતી ચિત્‌શક્તિતાએ કરીને, શું ? યથા યથા વિજ્ઞાનઘનસ્વભાવો ભવતિ - જેમ જેમ વિજ્ઞાન - ઘનસ્વભાવ થાય છે, તથા તથાસ્રવેભ્યો નિવર્ત્તતે - તેમ તેમ આસ્રવોમાંથી નિવર્ત્તે છે - પાછો વળે છે, યથા યથાસ્રવેભ્યશ્ચ નિવર્ત્તતે - અને જેમ જેમ આસ્રવોમાંથી નિવર્ત્તે છે, તથા તથા વિજ્ઞાનઘનસ્વભાવો ભવતિ - તેમ તેમ વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે; તાવદ્ વિજ્ઞાનઘનસ્વભાવો ભવતિ - ત્યાં લગી વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે, યાવત્ સમ્યગાસ્રવેભ્યો નિવર્ત્તતે - કે જ્યાં લગી સમ્યક્‌પણે આસ્રવોમાંથી નિવર્ત્તે છે, તાવદ્ આસ્રવેભ્યશ્ચ નિવર્ત્તતે - અને ત્યાં લગી આસ્રવોમાંથી નિવર્ત્તે છે, યાવત્ સમ્યગ્ વિજ્ઞાનઘનસ્વભાવો ભવતિ - કે જ્યાં લગી સમ્યક્‌પણે વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે. આ ઉપરથી શું ફલિત થયું ? ॥ ઇતિ જ્ઞાનસ્રવનિવૃત્ત્યોઃ સમકાલત્વં - એમ જ્ઞાન અને આસ્રવ નિવૃત્તિનું સમકાલપણું - એક સાથ હોવાપણું છે. ॥ ઇતિ **'આત્મખ્યાતિ'** આત્મભાવના ॥૭૪॥

ફળ જેનું એવા છે, એમ જાણીને તે આસ્રવોમાંથી 'નિવર્ત્તે છે' - પાછો વળે છે. આ ગાથાની અદ્‌ભુત વૈધર્મ્ય દૃષ્ટાંતોની પુષ્ટિથી અલૌકિક અપૂર્વ વ્યાખ્યા **આત્મખ્યાતિકર્ત્તાએ** પ્રકાશી છે - (૧) જીવનિબદ્ધા ખલ્વાસ્રવાः - આસ્રવો ખરેખર ! નિશ્ચયે કરીને **'જીવ નિબદ્ધ'** છે, જીવ સાથે નિબદ્ધ - નિતાંતપણે - અત્યંત સારી પેઠે - બંધાયેલા છે. શાને લીધે ? વધ્ય - ઘાતક સ્વભાવપણાને લીધે. કોની જેમ ? લાક્ષા-વૃક્ષની જેમ, લાખ અને ઝાડની જેમ. આમ આસ્રવો જીવ નિબદ્ધ જ છે, પણ જીવ જ નથી. શાને લીધે ? અવિરુદ્ધ - જીવથી વિરુદ્ધ - વિપરીત નહિ એવા - સ્વભાવપણાના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે, अविरुद्धस्वभावत्वाभावात् . (૨) આસ્રવો ખરેખર ! નિશ્ચયે કરીને **અધ્રુવ** - ધ્રુવ - સ્થિર નહિ એવા છે, अध्रुवाः खल्वास्रवाः - શાને લીધે ? વર્ધમાન-હીયમાનપણાને લીધે, વધવાપણા - ઘટવાપણાને લીધે. કોની જેમ ? અપસ્માર-વાઈના વેગની જેમ. આમ આસ્રવો અધ્રુવ જ છે. પણ **ધ્રુવ**-નિશ્ચલ-સ્થિર તો ચિન્માત્ર જીવ જ છે, ધ્રુવશ્ચિન્માત્રો જીવ એવ. (૩) આસ્રવો ખરેખર ! નિશ્ચયે કરી **અનિત્ય** છે, अनित्याः खल्वास्रवाः - શાને લીધે ? ક્રમથી ઉજ્જૃંભમાનપણાને લીધે - વિકસાયમાનપણા - ઉલ્લસાયમાનપણાને લીધે. કોની જેમ ? શીતદ્વાહ જ્વરના - ટાઢીઆ તાવના આવેશની જેમ. આમ આસ્રવો અનિત્ય જ છે, પણ **નિત્ય** તો વિજ્ઞાનઘનસ્વભાવી જીવ જ છે, नित्यो विज्ञानघनस्वभावो जीव एव. (૪) अशरणाः खल्वास्रवाः - **આસ્રવો ખરેખર ! નિશ્ચયે કરી અશરણ છે.** શાને લીધે ? ત્રાણ - રક્ષણ કરવાના અશક્યપણાને લીધે. કોની જેમ ? બીજ નિર્મોક્ષ ક્ષણે સમયે ક્ષીયમાણ - ક્ષય પામી રહેલા દારુણ - ભયંકર વિપાકવાળા સ્મર સંસ્કારની જેમ (કામ વાસનાની જેમ). આમ આસ્રવો અશરણ જ છે, પણ **સશરણ** તો સ્વયં ગુપ્ત - પોતે સુરક્ષિત એવો સહજ ચિત્‌શક્તિવાળો જીવ જ છે, सशरणः स्वयं गुप्तः सहजचिच्छक्तिर्जीव एव. (૫) दुःखानि खल्वास्रवाः - આસ્રવો ખરેખર ! નિશ્ચયે કરી **દુઃખો છે.** શાને લીધે ? नित्यमेव आकुल-स्वभावपणाને લીધે, - नित्यमेवाकुलस्वभावत्वाद् । આમ આસ્રવો દુઃખો જ છે, પણ **અદુઃખ** તો નિત્યમેવ - સદાય અનાકુલ સ્વભાવી જીવ જ છે, अदुःखं नित्यमेवानाकुलस्वभावो जीव एव । (૬) दुःखफलाः खल्वास्रवाः - આસ્રવો ખરેખર ! નિશ્ચયે કરી **દુઃખ ફલવાળા છે.** શાને લીધે ? આયતિમાં - આયંદે - છેવટમાં - પરિણામે આકુલપણાના ઉત્પાદક - ઉપજાવનારા પુદ્‌ગલ પરિણામના હેતુપણાને લીધે. આમ આસ્રવો દુઃખ ફલવંતા છે, પણ **અદુઃખ ફલવંતો** તો જીવ જ છે, શાને લીધે ? સકલ પણ પુદ્‌ગલ પરિણામના અહેતુપણાને લીધે, - अदुःखफलः सकलस्यापि पुद्‌गलपरिणामस्याहेतुत्वा ज्जीव एव - એમ વિકલ્પાનંતર જે - વિવેક વિચાર રૂપ - જ્ઞાન વિકલ્પ થતાં વેંત જ शिथिलितकर्मविपाको - જેનો કર્મ વિપાક 'શિથિલિત' - શિથલ - ઢીલો થઈ ગયેલો છે એવો જ્ઞાની જીવ નિરર્ગલ પ્રસરવાળો હોય છે - નિરર્ગલ - અનિયંત્રિત પ્રસર - ફેલાવવાળો હોય છે, निरर्गलप्रसरः । કોની જેમ ? જેની ઘનૌઘ-ઘટના વિઘટિત થઈ છે એવા દિગાભોગની જેમ, विघटितघनौघघटनो दिगाभोग इव, જેની ઘનૌઘ ઘટના - મેઘસમૂહ ઘટના - રચના વિઘટિત થઈ છે - વિખેરાઈ ગઈ છે એવા દિગાભોગ - દિશા વિસ્તારની જેમ. આમ જીવ નિરર્ગલ પ્રસરવાળો હોય છે. તેથી જ सहजविज्जृंभमाणचिच्छक्तितया - સહજ 'વિજૃંભમાણ' - વિકસતી જતી - ઉલ્લસતી જતી ચિત્‌શક્તિતાએ કરીને તે જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવી થાય છે, તેમ તેમ તે આસ્રવોથી નિવર્ત્તે છે અને જેમ જેમ આસ્રવોથી નિવર્ત્તે છે તેમ તેમ તે વિજ્ઞાન ઘનસ્વભાવી થાય છે; ત્યાં લગી વિજ્ઞાનઘનસ્વભાવી થાય છે કે જ્યાં લગી સમ્યગ્ આસ્રવોથી નિવર્ત્તે છે અને ત્યાં લગી આસ્રવોથી નિવર્ત્તે છે, કે જ્યાં લગી સમ્યગ્ વિજ્ઞાનઘનસ્વભાવી થાય છે. એમ એવા પ્રકારે જ્ઞાન અને આસ્રવ નિવૃત્તિનું સમકાલપણું - એકકાલપણું છે. આ અંગે **શ્રીમદ્ રાજચંદ્રજીના** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

જ્ઞાન અને આસ્રવ નિવૃત્તિનું સમકાલપણું કેવી રીતે ?

''બંધ વૃત્તિઓને ઉપશમાવવાનો તથા નિવૃત્તાવવાનો જીવને અભ્યાસ, સતત અભ્યાસ કર્ત્તવ્ય છે.''


''જીવને જ્ઞાની પુરુષનું ઓળખાણ થયે તથાપ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળાં

પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે, કે જેમ બની અનુક્રમે તે પરિક્ષીણપણાને પામે છે. સત્પુરુષનું ઓળખાણ જેમ જેમ જીવને થાય છે, તેમ તેમ મતાભિગ્રહ, દુરાગ્રહતાદિ ભાવ મોળા પડવા લાગે છે અને પોતાના દોષ જોવા ભણી ચિત્ત વળી આવે છે; વિકથાદિ ભાવમાં નીરસપણું લાગે છે કે જુગુપ્સા ઉત્પન્ન થાય છે; જીવને અનિત્યાદિ ભાવના ચિંતવવા પ્રત્યે બળવીર્ય સ્ફુરવા વિષે જે પ્રકારે જ્ઞાની પુરુષ સમીપે સાંભળ્યું છે, તેથી પણ વિશેષ બળવાન પરિણામથી તે પંચ વિષયાદિને વિષે અનિત્યાદિ ભાવ દૃઢ કરે છે.''

''એકદમ ત્યાગ કરવાનો વખત આવે ત્યારની વાત ત્યારે એ વિચાર તરફ લક્ષ રાખી હાલ તો આસ્તે આસ્તે ત્યાગની કસરત કરવાની જરૂર છે.''

''કર્મ ગણી ગણીને નાશ કરાતાં નથી, જ્ઞાની પુરુષ તો સામટો ગોટો વાળી નાશ કરે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૨૧, ૪૩૨, ૭૫૩, ૬૪૩**

આકૃતિ



હવે **અમૃતચંદ્રજીની** આ ઉક્ત પરમ તત્ત્વગંભીર વ્યાખ્યાનો વિશેષ સ્પષ્ટતાથી વિચાર કરીએ :-

આસ્રવો જીવની સાથે નિબદ્ધ છે. આ આસ્રવો અધ્રુવ, અનિત્ય અને અશરણ છે; પણ આત્મા તો ધ્રુવ, નિત્ય અને સશરણ છે; વળી આ આસ્રવો દુઃખો અને દુઃખ ફલો છે, પણ આત્મા તો અદુઃખ અને અદુઃખ ફલ છે; આમ જાણી જ્ઞાની આસ્રવોથી નિવર્ત્તે છે - પાછો વળે છે.

આસ્રવો છે તે જીવની સાથે નિબદ્ધ - બંધાયેલ છે, **જીવ નિબદ્ધ** છે, પણ જીવ નથી, જીવ નિબદ્ધાः न तु जीवः અત્રે **લાખ-વૃક્ષનું દૃષ્ટાંત** ઘટે છે; લાખ અને ઝાડનો **વધ્ય-ઘાતક** અથવા **બધ્ય-ઘાતક સંબંધ** છે. લાખ છે તે ઝાડની સાથે બંધાયેલી બંધરૂપ બ્હારની વસ્તુ (External, extrinsic) છે, પણ ઝાડ નથી; વળી તે તો ઝાડને કોરી ખાનારી - ઝાડ પર જીવનારી (Parasite), ઝાડનો 'ખો' કરનારી ઘાતક વસ્તુ છે અને જેના પર આ બંધરૂપ લાખ બંધાય છે તે ઝાડ તો લાખરૂપ બંધથી બંધાવા યોગ્ય એવી **બધ્ય વસ્તુ—વધ્ય વસ્તુ** છે, આમ આ લાખ અને વૃક્ષનો વધ્ય-ઘાતક અથવા બધ્ય-ઘાતક એવો માત્ર સંયોગસંબંધ છે, પણ તે બન્ને પ્રગટ ભિન્ન છે. કારણકે જે બધ્ય હોય તે બંધ હોય નહિ ને બંધ હોય તે બધ્ય હોય નહિ અથવા વધ્ય હોય તે ઘાતક હોય નહિ, ને ઘાતક હોય તે વધ્ય હોય નહિ. એટલે ઘાતક લાખ હોય નહિ અથવા બંધક લાખ તે બધ્ય વૃક્ષ હોય નહિ ને બધ્ય વૃક્ષ તે બંધક લાખ હોય નહિ. માટે લાખ છે તે વૃક્ષ નથી, પણ માત્ર વૃક્ષ નિબદ્ધ છે. તેમ આસ્રવ છે તે **જીવ નિબદ્ધ** - જીવની સાથે બંધાયેલી - જોડાયેલી બંધરૂપ બાહ્ય વસ્તુ છે, પણ જીવ નથી; વળી તે તો જીવને ફોલી ખાનારી, જીવના સ્વભાવનો ઉપઘાત કરનારી ઘાતક વસ્તુ છે, અને જીવ તો તે આસ્રવોથી ઘાત-વધ પામનાર વધ્ય એવી અલગ પૃથક્ વસ્તુ છે. કારણકે વધ્ય અને ઘાતક અથવા બધ્ય અને બંધક એ બે કદી એક હોય નહિ, એટલે વધ્ય જીવ અને ઘાતક આસ્રવ અથવા બધ્ય જીવ અને બંધક આસ્રવ એ બન્ને કદી પણ એક હોય નહિ, પણ પ્રગટ ભિન્ન વસ્તુ જ છે. તેમજ - આ આસ્રવોને અવિરુદ્ધ સ્વભાવપણાનો અભાવ છે, જીવથી વિરુદ્ધ નહિ

આસ્રવો જીવનિબદ્ધ, પણ જીવ નથી : લાખ-વૃક્ષનું દૃષ્ટાંત

એવા અવિરુદ્ધ સ્વભાવનો અભાવ છે, એટલે કે ચૈતન્ય લક્ષણ જીવથી વિરુદ્ધ - વિપરીત એવા અચેતન - જડ સ્વભાવનો જ ભાવ છે, અર્થાત્ જીવ ચેતન છે, આસ્રવ અચેતન-જડ છે, તેથી તે જીવ નથી જ. આમ આ આસ્રવો અને જીવ બન્ને પ્રગટ લક્ષણે ભિન્ન છે, એ બેનો માત્ર બંધરૂપ સંયોગ સંબંધ છે; આ જીવ નિબદ્ધ આસ્રવો તો ઝાડને ફોલી ખાનારી લાખની જેમ, જીવના જ્ઞાન-દેહને ફોલી ખાનારા આગંતુક જંતુઓ (Parasites) જેવા છે.

આસ્રવો અધ્રુવ છે, જીવ જ ધ્રુવ છે. આસ્રવો છે તે अपस्माररयवत् - અપસ્મારના - વાઈના (Epilepsy) વેગ જેવા વર્ધમાન-હીયમાન છે. વાઈનો વેગ - ખેંચતાણ (Paroxysm) આવે છે, તે એકદમ વધે છે અને પછી ઘટે છે, આમ તે અધ્રુવ છે, તેમ આસ્રવો પણ અધ્રુવ છે; પણ ધ્રુવ તો ચિન્માત્ર એવો જીવ જ છે, કે જે ધ્રુવના તારાની જેમ સદાય એકસરખો ચૈતન્યમાત્ર સ્વરૂપે કૂટસ્થ સ્થિત જ છે.

આસ્રવો અધ્રુવ, જીવ જ ધ્રુવ : વાઈના વેગનું દૃષ્ટાંત

આસ્રવો અનિત્ય છે, જીવ જ નિત્ય છે, शीतज्वरावेगवत् - શીત દાહજ્વરનો આવેશ (malaria - ટાઢીયા તાવનો Rigor - તીવ્ર ટાઢ સાથેનો) જેમ ક્રમે કરીને ઉલ્લસાયમાન થાય છે, પરાકાષ્ઠાએ (Climax) પ્હોંચે છે, (હુમલો આવે છે પછી શાંતિ હોય છે, પાછો હુમલો આવે છે એમ ક્રમ ચાલ્યા કરે છે), તેમ આસ્રવો પણ ક્રમે કરીને ઉલ્લસતા હોવાથી અનિત્ય જ છે, પણ નિત્ય તો વિજ્ઞાનઘનસ્વભાવી જીવ જ છે.

આસ્રવો અનિત્ય, જીવ જ નિત્ય : ટાઢીઆ તાવનું દૃષ્ટાંત

આસ્રવો અશરણા છે, જીવ જ સશરણ છે. કામ સેવનમાં વીર્ય નિર્મોક્ષ ક્ષણે દારુણ કામસંસ્કાર ક્ષીણ થાય છે, તેનું ત્રાણ-રક્ષણ કરવું અશક્ય છે, તે રોક્યો રોકી શકાતો નથી; તેમ બંધ હેતુ સેવન થતાં કાર્મણ-વર્ગણા પુદ્ગલમાંથી આસ્રવો આવે છે તેનું ત્રાણ (રક્ષણ) કરવું અશક્ય છે, અર્થાત્ આવતા આસ્રવો રોક્યા રોકી શકાતા નથી, તેથી અશરણ જ છે. સશરણ તો સ્વયંગુપ્ત એવો સહજ ચિત્શક્તિવાળો જીવ જ છે. સહજ-સ્વભાવભૂત ચૈતન્ય શક્તિવાળો જીવ જ પોતે ગુપ્ત - સ્વસ્વરૂપથી સુરક્ષિત - 'સ્વરૂપ ગુપ્ત' હોવાથી સશરણ છે.

આસ્રવો અશરણ, જીવ જ સશરણ : કર્મ વિકાર દૃષ્ટાંત

આસ્રવો દુઃખ છે, જીવ જ અદુઃખ છે. આસ્રવોનું સદાય આકુલ સ્વભાવપણું છે, આસ્રવો સદાય આકુલતા ઉત્પન્ન કરે છે, તેથી દુઃખ રૂપ જ છે, પણ અદુઃખ તો સદાય અનાકુલ સ્વભાવી જીવ જ છે. તેમજ - આસ્રવો દુઃખ ફલ છે, જીવ જ અદુઃખ ફલ છે. આસ્રવો આયતિમાં - આયંદે - છેવટે - પરિણામે આકુલપણું ઉપજાવનારા એવા પુદ્ગલ - પરિણામના હેતુ હોઈ, દુઃખફલવાળા જ છે, અર્થાત્ આસ્રવોનું ફલ-પરિણામ દુઃખ જ છે. પણ જીવ તો સકલ પુદ્ગલ પરિણામોનો અહેતુ છે, કોઈ પણ પુદ્ગલ પરિણામનું કારણ નથી, એટલે તે અદુઃખફલ છે અર્થાત્ તે દુઃખ રૂપ ફલનું કારણ નથી, જીવનું ફલ-પરિણામ દુઃખ નથી.

આસ્રવો દુઃખ, દુઃખ ફલ : જીવ જ અદુઃખ, અદુઃખફલ

આમ આસ્રવો જીવનિબદ્ધ છે, પણ જીવ નથી, આસ્રવો અધ્રુવ, અનિત્ય, અશરણ, દુઃખ અને દુઃખફલ છે; પણ ધ્રુવ, નિત્ય, સશરણ, અદુઃખ અને અદુઃખ ફલ તો જીવ જ છે.

આવો વિકલ્પ - આવો વિવેક થતાં વેંત જ જ્ઞાની આસ્રવોથી નિવર્ત્તે છે, પાછો વળે છે. કારણકે એવો ભેદજ્ઞાન રૂપ વિવેક થતાં જ તેનો - કર્મનો વિપાક શિથિલ થઈ જાય છે, ઢીલો પડી જાય છે; અને મેઘપટલની ઘટના (રચના) વિઘટિત થતાં, ઘટાટોપ થયેલાં વાદળાં વિખેરાઈ જતાં, જેમ દિશા વિસ્તાર નિરર્ગલ પ્રસરવાળો હોય છે અર્થાત્ અનંત દિશા વિસ્તારને રોકનાર અર્ગલા -

આવો વિવેક થતાં જ આસ્રવ નિવૃત્તિ : મેઘ પટલ વિખરાયે દિશા વિસ્તારનું દૃષ્ટાંત

આગળીઆરૂપ કોઈ પ્રતિબંધ નહિ હોવાથી, તે જેમ નિર્મર્યાદપણે - અનિયંત્રિતપણે પ્રસરે છે, તેમ જ્ઞાની પણ કર્મપટલ રૂપ ઘનની - મેઘની વિઘટના થતાં, કર્મરૂપ વાદળાં વિખેરાઈ જતાં, નિરર્ગલ પ્રસર પામે છે અર્થાત્ તેના મુક્ત વિકાસને રોધનાર અર્ગલા - આગળીઆરૂપ કર્મપ્રતિબંધ નહિ હોવાથી તે નિર્મર્યાદપણે - અનિયંત્રિતપણે પ્રસરે છે, વિકાસ પામે છે, વિજૃંભે છે, અર્થાત્ જૃંભા - બગાસું ખાતાં જેમ મોહું વધારે ને વધારે વિકસે છે, તેમ તેનું જ્ઞાન વધારે ને વધારે વિકાસ પામતું જાય છે, ઉન્મીલન પામતું જાય છે અને આમ સહજ વિજૃંભમાણ - ઉલ્લસાયમાન ચિત્ શક્તિતાએ કરીને તે જેમ **વિજ્ઞાનઘનસ્વભાવી** થાય છે, તેમ તેમ તે આસ્રવોથી નિવર્ત્તે છે; અને જેમ જેમ આસ્રવોથી નિવર્ત્તે છે તેમ તેમ તે વિજ્ઞાનઘનસ્વભાવી થાય છે કે જ્યાંલગી તે સમ્યક્પણે આસ્રવોમાંથી નિવર્ત્તે છે અને ત્યાંલગી આસ્રવોમાંથી નિવર્ત્તે છે કે જ્યાંલગી સમ્યક્ વિજ્ઞાનઘનસ્વભાવી થાય છે. એટલે આમ **જ્ઞાન અને આસ્રવ નિવૃત્તિનું સમકાલપણું** (Simultaneousness) છે, જ્ઞાનની સાથોસાથ જ આસ્રવ નિવૃત્તિ હોય છે, ઇતિ સ્થિતં । આવી પરમ **'વિજ્ઞાનઘન'** દશાનો જેણે જીવનમાં આત્માનુભવસિદ્ધ સાક્ષાત્કાર કર્યો હતો એવા **શ્રીમદ્ રાજચંદ્રજીના** સ્વસંવેદનજન્ય આત્મવિનિશ્ચયથી નીકળેલા સહજ અનુભવોદ્ગાર છે કે -

જેમ જેમ વિજ્ઞાનઘન
તેમ તેમ આસ્રવ નિવૃત્તિ

''જ્ઞાનીની પરિપક્વ અવસ્થા(દશા) થયે સર્વ પ્રકારે રાગદ્વેષની નિવૃત્તિ હોય એમ અમારી માન્યતા છે.''


''સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય.''

''બંધ, મોક્ષની યથાર્થ વ્યવસ્થા જે દર્શનને વિષે યથાર્થપણે કહેવામાં આવી છે, તે દર્શન નિકટ મુક્તપણાનું કારણ છે; અને એ યથાર્થ વ્યવસ્થા કહેવાને યોગ્ય જો કોઈ અમે વિશેષપણે માનતા હોઈએ તો તે શ્રી તીર્થંકર દેવ છે.

અને એ જે શ્રી તીર્થંકર દેવનો અંતર આશય તે પ્રાયે મુખ્યપણે અત્યારે કોઈને વિષે આ ક્ષેત્રે હોય તો તે અમે હોઈશું એમ અમને દૃઢ કરીને ભાસે છે.

કારણકે અમારૂં અનુભવ જ્ઞાન તેનું ફળ વીતરાગપણું છે, અને વીતરાગનું કહેલું જે શ્રુતજ્ઞાન તે પણ તે જ પરિણામનું કારણ લાગે છે, માટે અમે તેના અનુયાયિ ખરેખરા છઈએ, સાચા છઈએ.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૦૧, ૨૩૫), હાથનોંધ, ૩-૩૨૨



ઉક્તની પુષ્ટિમાં જ્ઞાનીને જગત્‌ના સાક્ષી તરીકે બિરદાવતો **સમયસાર કળશ (૩)** લલકારે છે -

શાર્દૂલવિક્રીડિત -

इत्येवं विरचय्य संप्रति परद्रव्यान्निवृत्तिं परां,
स्वं विज्ञानघनस्वभावमभयादास्तिघ्नुवानः परं ।
अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं,
ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान् ॥४८॥

એ રીતે પરદ્રવ્યથી પર હવે નિવૃત્તિ નિશ્ચે કરી,
સ્વં વિજ્ઞાનઘનસ્વભાવ પર એ આસ્થા અભૈથી ધરી;
અજ્ઞાનોત્થિત ક્લેશ કર્મ કલનથી પોતે નિવર્ત્યો પરો,
જ્ઞાનીભૂત પ્રકાશતો અહિં જગત્‌ સાક્ષી પુરાણો નરો. ૪૮

અમૃત પદ-૪૮

'જય જય આરતિ આદિ જિણંદા' - એ રાગ (રત્નમાલા)

પુરાણ પુરુષ આ જ્ઞાની પ્રકાશે, સાક્ષી જગત્‌નો સ્વરૂપે પ્રભાસે...
પુરાણ પુરુષ આ જ્ઞાની પ્રકાશે, સાક્ષી જગત્‌નો સ્વરૂપે પ્રભાસે. ૧
એમ પરભાવ પ્રપંચ હરીને, પરદ્રવ્યથી પર નિવૃત્તિ કરીને;
વિજ્ઞાનઘનસ્વભાવ ધરંતો, સ્વને અભયથી આસ્થા કરંતો.
અજ્ઞાને કરી અત્ર પ્રવર્ત્યો, કર્ત્તા કર્મ ક્લેશથી નિવર્ત્યો... પુરાણ. ૨
જ્ઞાની થયેલો અહિંથી પ્રકાશે, સાક્ષી જગત્‌નો સ્વરૂપે પ્રભાસે;
પુરુષ પુરાણો વિજ્ઞાનઘન આ, વરષે ભગવાન અમૃત ઘન આ... પુરાણ. ૩

અર્થ - એવા પ્રકારે એમ હવે પરદ્રવ્યમાંથી પરા નિવૃત્તિ વિરચીને, સ્વ વિજ્ઞાન ઘનસ્વભાવને અભય થકી પરં આસ્તિક્ય કરતો સતો, અજ્ઞાનથી ઊઠેલા કર્તા કર્મ કલન રૂપ ક્લેશથી સ્વયં નિવૃત્ત એવો જ્ઞાની થઈ ગયેલો જગત્‌નો સાક્ષી પુરાણ પુરુષ અહીં (આ તરફ) પ્રકાશે છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''એક પુરાણ પુરુષ ને પુરાણ પુરુષની પ્રેમ સંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી, અમને પદાર્થ માત્રમાં રુચિ રહી નથી. ઈ.'' - **શ્રીમદ્‌ રાજચંદ્રજી, અં. (૨૧૭), ૨૫૫**

''પર કર્તૃત્વ સ્વભાવ કરે તાંલગે કરે રે, શુદ્ધાતમ રુચિ ભાસ થયે નવિ આદરે રે.''

- શ્રી દેવચંદ્રજી

જ્ઞાની જગત્‌નો સાક્ષી પુરાણ પુરુષ આ પ્રકાશે છે

આત્મખ્યાતિના ગદ્ય ભાગમાં જે આ ઉપર કહ્યું તેની પુષ્ટિ કરતા આ કળશમાં (૪૮) **અમૃતચંદ્રજી** જ્ઞાની જગત્‌નો સાક્ષી હોય છે એવો ભાવ અપૂર્વ ભાવથી પ્રકાશે છે :- इत्येवं विरचय्य संप्रति परद्रव्यान्निवृत्तिं परां - એવા પ્રકારે એમ દર્શાવ્યા પ્રમાણે હવે પરદ્રવ્યમાંથી પરા નિવૃત્તિ કરીને, ઉપરમાં સ્પષ્ટ વિવરી દેખાડ્યું તેમ આત્માથી અન્ય એવા સમસ્ત જ પરદ્રવ્યમાંથી જ્યાં પછી નિવૃત્તવાનું કંઈ બાકી રહેતું નથી એવી 'પરા' - સર્વથા પરમ - ઉત્કૃષ્ટ નિવૃત્તિ કરીને, પરદ્રવ્યમાંથી સર્વથા પાછા વળીને, स्वं विज्ञानघनस्वभावमभयादास्तिघ्नुवानः परं - જ્ઞાની **વિજ્ઞાનઘનસ્વભાવ** સ્વને અભયને લીધે

'પરં' - સર્વ પરભાવથી પર - અતીત અથવા પરમ-ઉત્કૃષ્ટ આસ્તિક્ય - આસ્થા કરે છે, દૃઢ આસ્થાથી - દૃઢ નિશ્ચયપણે માન્ય કરે છે.

આમ વિજ્ઞાનઘનસ્વભાવ સ્વને દૃઢ નિશ્ચયપણે આસ્થા કરતો તે અજ્ઞાનોત્થિત - અજ્ઞાનથી ઊઠેલું કર્તૃ કર્મનું કલન - અનુભવન જ્યાં છે એવા ક્લેશમાંથી સ્વયં નિવૃત્ત હોય છે; - अज्ञानोत्थितकर्तृकर्म कलनात् क्लेशान्निवृतः स्वयं, અને આમ કર્તા કર્મ ભાવરૂપ ક્લેશમાંથી નિવૃત્ત થયેલો જે સ્વયં-પોતે-આપોઆપ જ્ઞાનીભૂત - જ્ઞાની થઈ ગયેલો છે એવો આ પુરાણ પુરુષ - અનાદિ આત્મા અહીં આ જગતનો - વિશ્વનો સાક્ષીરૂપ - દૃષ્ટારૂપ - પ્રેક્ષક રૂપ ચકાસે છે - પ્રકાશે છે - સ્વરૂપ તેજથી ઝળહળે છે - ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान् ।

''દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો રે... સમાધિ રસે.
ભાસ્યો આત્મસ્વરૂપ અનાદિનો વિસર્યો રે... અનાદિનો.
સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો રે... થકી મન.
સત્તા સાધન માર્ગ ભણી, એ સંચર્યો રે... ભણી.'' - **શ્રી દેવચંદ્રજી**

''વિચારવાન પુરુષને કેવળ ક્લેશરૂપ ભાસે છે અને એવો આ સંસાર તેને વિષે ફરી આત્મભાવે જન્મવાની નિશ્ચળ પ્રતિજ્ઞા છે.''

''જે સંસારને વિષે સાક્ષી કર્ત્તા તરીકે મનાય છે, તે સંસારમાં સાક્ષીએ સાક્ષીરૂપ અને કર્ત્તા તરીકે ભાસ્યમાન થવું તે બે ધારી તરવાર પર ચાલવા બરાબર છે.''

''આદિ પુરુષ રમત માંડીને બેઠો છે. નવાજૂનું તો એક આત્મવૃત્તિ સિવાય અમારે ક્યાં છે ? અને તે લખવા જેટલો મનને અવકાશ પણ ક્યાં છે ? નહીં તો બધું ય નવું છે અને બધું ય જીર્ણ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૪૪, ૨૪૪, ૪૧૧), ૨૮૮, ૩૮૩**



आत्मा ज्ञानी थयेलो केम लक्षाय ? तो के -

कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं ।
ण करेइ एयमादा जो जाणदि सो हवदि णाणी ॥७५॥

परिणाम कर्मनो नोकर्मनो, परिणाम तेमज एह रे;
न करे आत्मा जे जाणतो होय छे ज्ञानी तेह रे... अज्ञानथी कर्त्ता. ७५

गाथार्थ - कर्मना परिणामने अने तेमज नोकर्मना परिणामने - आने आत्मा नथी करतो, जे जाणे छे, ते ज्ञानी होय छे. ७५

आत्मख्याति टीका

कथमात्मा ज्ञानीभूतो लक्ष्यत इति चेत् -

कर्मणश्च परिणामं नोकर्मणश्च तथैव परिणामं ।
न करोत्येनमात्मा यो जानाति स भवति ज्ञानी ॥७५॥

यः खलु

मोहरागद्वेषसुखदुःखादिरूपेणांतरुत्लवमानं **कर्मणः परिणामं** स्पर्शरसगंधवर्णशब्दबंधसंस्थानस्थौल्य सौक्ष्म्यादिरूपेण बहिरुत्लवमानं **नोकर्मणः परिणामं च** समस्तमपि

परमार्थतः पुद्गलपरिणामपुद्गलयोरेव
घटमृत्तिकयोरिव व्याप्यव्यापकभावसद्भावात्
पुद्गलद्रव्येण कर्त्रा स्वतंत्रव्यापकेन
स्वयं व्याप्यमानत्वात्
कर्मत्वेन क्रियमाणं –
पुद्गलपरिणामात्मनो
घटकुंभकारयोरिव व्याप्यव्यापकभावाभावात्
कर्तृकर्मत्वासिद्धौ –
न नाम करोत्यात्मा ।

किंतु परमार्थतः पुद्गलपरिणामज्ञानपुद्गलम
घटकुंभकारवद्व्याप्यव्यापकभावाभावात्
कर्तृकर्मत्वसिद्धा -
वात्मपरिणामात्मनो
घटमृत्तिकयोरिव व्याप्यव्यापकभावसद्भावा
दात्मद्रव्येण कर्त्रा स्वतंत्रव्यापकेन
स्वयं व्याप्यमानत्वात्
पुद्गलपरिणामज्ञानं कर्मत्वेन कुर्वन्त
मात्मानं **जानाति**

- सोत्यंतविविक्तज्ञानीभूतो **ज्ञानी स्यात् ।**

न चैवं ज्ञातुः पुद्गलपरिणामो व्याप्यः

पुद्गलात्मनो र्ज्ञेयज्ञायकसंबंधव्यवहारमात्रे सत्यपि
पुद्गलपरिणामनिमित्तकस्य ज्ञानस्यैव ज्ञातुर्व्याप्यत्वात् ॥७५॥

आत्मभावना -

कथमात्मा ज्ञानीभूतो लक्ष्यत इति चेत् - आत्मा ज्ञानी भूत-ज्ञानी थई गयेलो केम लक्षाय छे - लक्षमां आवे छे ? पूछो तो - कर्मणश्चपरिणामं नोकर्मणश्च तथैव परिणामं - कर्मना परिणामनुं अने तेमज नोकर्मना परिणामने एनं आत्मा न करोति - आने आत्मा नथी करतो, यो जानाति - जे जाणे छे स ज्ञानी भवति - ते ज्ञानी होय छे. ।। इति **गाथा** आत्मभावना ॥७५॥

कर्मणः परिणाम - कर्मना परिणामने, केवा ? मोहरागद्वेषसुखदुःखादिरूपेणांतरुत्लवमानं - मोह-राग-द्वेष-सुख-दुःखादि

આત્મખ્યાતિ ટીકાર્થ

મોહ-રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપે
અંતરમાં ઉત્પ્લવતો **કર્મનો પરિણામ**
અને સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દ-બંધ-સંસ્થાન-
સ્થૌલ્ય-સૌક્ષ્મ્ય આદિરૂપે
બ્હારમાં ઉત્પ્લવતો **નોકર્મનો પરિણામ** -

કે જે પરમાર્થથી
પુદ્ગલ પરિણામ અને પુદ્ગલના જ
ઘટ-મૃત્તિકાની જેમ
વ્યાપ્ય-વ્યાપક ભાવના સદ્ભાવને લીધે
સ્વતંત્ર વ્યાપક એવા પુદ્ગલદ્રવ્ય કર્ત્તાથી
સ્વયં વ્યાપ્યમાનપણા થકી
કર્મપણે ક્રિયમાણ (કરાઈ રહ્યો) છે,
તે (કર્મ પરિણામ-નોકર્મ પરિણામ) સમસ્તને પણ-
પુદ્ગલ પરિણામ અને આત્માના
ઘટ-કુંભકારની જેમ
વ્યાપ્ય-વ્યાપક ભાવના અભાવને લીધે
કર્તૃ-કર્મત્વની અસિદ્ધિ સતે –

આત્મા ખરેખર કરતો નથીઃ

પરંતુ પરમાર્થથી
પુદ્ગલપરિણામજ્ઞાન અને પુદ્ગલના
ઘટ-કુંભકારની જેમ
વ્યાપ્ય-વ્યાપક ભાવના અભાવને લીધે
કર્તૃ-કર્મત્વની અસિદ્ધિ સતે,
આત્મપરિણામ અને આત્માના
ઘટ-મૃત્તિકાની જેમ
વ્યાપ્ય-વ્યાપક ભાવના સદ્ભાવને લીધે
સ્વતંત્ર વ્યાપક એવા આત્મદ્રવ્ય કર્ત્તાથી સ્વયં વ્યાપ્યમાનપણા થકી પુદ્ગલપરિણામજ્ઞાનને કરતા આત્માને

જે નિશ્ચયે કરીને જાણે છે,
તે અત્યંત વિવિક્ત જ્ઞાનરૂપ થયેલો જ્ઞાની હોય.

અને એમ જ્ઞાતાનો પુદ્ગલપરિણામ વ્યાપ્ય નથી,
પુદ્ગલ અને આત્માનો જ્ઞેય-જ્ઞાયક સંબંધ વ્યવહાર માત્ર સતે પણ -
પુદ્ગલપરિણામ નિમિત્તક જ્ઞાનનું જ જ્ઞાતાનું વ્યાપ્યપણું છે માટે. ૭૫

રૂપે અંતરમાં ઉત્પ્લવતા - એકદમ ઊઠતા, કૂદાકૂદ કરતા અથવા ઉત્પ્લવ-ધમસાણ મચાવતા એવાને અને નોકર્મણઃ પરિણામં ચ - નોકર્મના પરિણામને, કેવાને ? સ્પર્શરસગંધવર્ણશબ્દબંધસંસ્થાનસ્થૌલ્યસૌક્ષ્મ્યાદિરૂપેણ બહિરુત્પ્લવમાનં - સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દ-બંધ-સંસ્થાન-સ્થૌલ્ય-સ્થૂલપણું-સૌક્ષ્મ્ય-સૂક્ષ્મ પણું આદિ રૂપે બ્હારમાં ઉત્પ્લવતા - ઊઠતા એવાને, સમસ્તમપિ - સમસ્તને પણ ન નામ કરોત્યાત્મા - ખરેખર ! આત્મા નથી કરતો. એમ શાથી ? પુદ્ગલપરિણામાત્મનો ર્ઘટકુંભકારયોરિવ વ્યાપ્યવ્યાપકભાવાભાવાત્ કર્તૃકર્મત્વાસિદ્ધૌ - પુદ્ગલ-પરિણામ અને આત્માના - ઘટ - કુંભકારની જેમ વ્યાપ્ય - વ્યાપક ભાવના અભાવને લીધે - કર્તા - કર્મપણાની અસિદ્ધિ સતે હોઈને. આમ કર્મ પરિણામને અને નોકર્મ પરિણામને કોનાથી કરાઈ રહ્યું છે ? પુદ્ગલદ્રવ્યેણ કર્ત્રા સ્વતંત્રવ્યાપકેન સ્વયં વ્યાપ્યમાનત્વા કર્મત્વેન ક્રિયમાણં - સ્વતંત્ર વ્યાપક એવા પુદ્ગલ દ્રવ્ય કર્ત્તાથી સ્વયં વ્યાપ્યમાનપણા થકી કર્મપણે ક્રિયમાણ - કરાઈ રહ્યું છે. એમ શાને લીધે ? પરમાર્થતઃ - પરમાર્થથી પુદ્ગલપરિણામપુદ્ગલયોરેવ - પુદ્ગલપરિણામ અને પુદ્ગલના જ વ્યાપ્યવ્યાપકભાવસદ્ભાવાત્ - વ્યાપ્ય-વ્યાપક ભાવના સદ્ભાવને લીધે. કોની જેમ ? ઘટમૃત્તિકયોરિવ - ઘટ - મૃત્તિકાની જેમ, ઘડા અને માટીની જેમ. વારુ, આમ વ્યાપ્ય વ્યાપકભાવથી પુદ્ગલદ્રવ્યથી કરાઈ રહેલા કર્મ પરિણામને અને નોકર્મ પરિણામને આત્મા ખરેખર ! નથી કરતો, તો આત્મા શું કરી રહ્યો છે ? પુદ્ગલદ્રવ્યપરિણામજ્ઞાનં કર્મત્વેન કુર્વન્તમાત્માનં - પુદ્ગલ દ્રવ્ય પરિણામન જ્ઞાનને કર્મપણે કરી રહ્યો છે એવો આત્મા. એમ શી રીતે ? આત્મદ્રવ્યેણ કર્ત્રા સ્વતંત્રવ્યાપકેન સ્વયં વ્યાપ્યમાનત્વાત્ - સ્વતંત્ર વ્યાપક એવા આત્મદ્રવ્ય કર્ત્તાથી સ્વયં વ્યાપ્યમાનપણાથી. શાને લીધે ? આત્મપરિણામાત્મનોઃ - આત્મપરિણામ અને આત્માના વ્યાપ્યવ્યાપકભાવસદ્ભાવાત્ - વ્યાપ્ય-વ્યાપક ભાવના સદ્ભાવને -

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ખરૂં આત્મભાન થાય છે તેને, હું અન્ય ભાવનો અકર્તા છઉં એવો બોધ ઉત્પન્ન થઈ, અહં પ્રત્યયિ બુદ્ધિ - તે વિલય પામે છે. એવું જે આત્મભાન તે વારંવાર ઉજ્જ્વલપણે વર્ત્યા કરે છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૯૮), ૩૬૨

''વારી પરભાવની કર્તૃતા મૂલથી, આત્મ પરિણામ કર્તૃત્વ ધારી. શૂર.'' - **શ્રી દેવચંદ્રજી**

આત્મા પુદ્ગલ પરિણામ રૂપ કર્મ-નોકર્મનો અકર્ત્તા : પુદ્ગલ પરિણામ જ્ઞાનનો કર્ત્તા

જ્ઞાની થયેલો આત્મા કેવા પ્રકારે લક્ષિત થાય ? તેનો આ ગાથામાં લક્ષ કરાવ્યો છે અને આનો પરમ અદ્ભુત પરમાર્થ પ્રકાશતાં આર્ષ દૃષ્ટા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** કર્તૃ કર્મત્વ વાસ્તવિક રીતે ક્યાં ઘટે ને ક્યાં ન ઘટે એનું ઊંડુ તત્ત્વજ્ઞાન (Profound philosophy) સમજાવી અત્ર **'સૂત્રાત્મક આત્મખ્યાતિ'**માં તલસ્પર્શી વૈજ્ઞાનિક (scientific) મીમાંસા કરી છે : મોહાદિ કર્મ પરિણામ અને સ્પર્શાદિ નોકર્મ પરિણામ જે પુદ્ગલ પરિણામ હોઈ પુદ્ગલ દ્રવ્યથી કરાઈ રહ્યા છે, તેને આત્મા કરતો નથી, એટલે પરમાર્થથી તે તે પુદ્ગલ પરિણામ સાથે આત્માને કર્ત્તા - કર્મપણાનો સંબંધ નથી, પણ પુદ્ગલ પરિણામને આત્મા જાણે તો છે જ, એટલે કે પુદ્ગલ પરિણામ **જ્ઞાન** તો આત્મા કરે છે, એટલે પુદ્ગલ-પરિણામ **જ્ઞાન** સાથે જ આત્માનો કર્ત્તા - કર્મપણાનો સંબંધ છે. આ વસ્તુ અદ્ભુત તત્ત્વ કલાથી ગૂંથેલ આ સળંગ પરમાર્થઘન એક જ સૂત્રાત્મક વાક્યમાં વ્યાખ્યા કરતા **'આત્મખ્યાતિ' સૂત્રમાં** ઘટ-મૃત્તિક ને ઘટ-કુંભકારના સચોટ દૃષ્ટાંતથી **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** સ્પષ્ટ વિવરી દેખાડી છે. તેનો સ્ફુટ ભાવાર્થ આ પ્રકારે -

વ્યાપ્ય-વ્યાપક ભાવ ત્યાં કર્તાકર્મપણાના નિશ્ચય સિદ્ધાંત : ઘટ-માટી, ઘટ-કુંભકાર દૃષ્ટાંત

ઘડો અને માટી છે, તેનો **વ્યાપ્ય-વ્યાપક ભાવ** છે, એટલે કે ઘડો માટીથી **વ્યાપ્ય**-વ્યાપાવા યોગ્ય (pervasible) છે ને માટી ઘડામાં **વ્યાપક** - વ્યાપનાર (peravader) છે, તે 'ઘટમૃત્તિકયોરિવ' - ઘટ-માટીની પેઠે 'પરમાર્થથી' - તત્ત્વથી પુદ્ગલ પરિણામ અને પુદ્ગલનો જ વ્યાપ્ય-વ્યાપક ભાવ છે, 'પુદ્ગલપરિણામપુદ્ગલ યોરેવ વ્યાપ્યવ્યાપકભાવસદ્ભાવાત્' અર્થાત્ પુદ્ગલ પરિણામ પુદ્ગલથી વ્યાપ્ય છે ને પુદ્ગલ પરિણામમાં વ્યાપક છે અને **જ્યાં વ્યાપ્ય-વ્યાપક ભાવનું** હોવાપણું છે ત્યાં જ વાસ્તવિક **કર્ત્તા-કર્મપણાની સિદ્ધિ** હોય છે, એટલે આમ પુદ્ગલ દ્રવ્યરૂપ કર્ત્તાથી કોઈ પણ પરને અપેક્ષા વિના સ્વાધીન - 'સ્વતંત્ર વ્યાપક' સત્તા - 'સ્વયં' - અન્યની પ્રેરણા વિના આપોઆપ વ્યાપ્યમાનપણાથી પુદ્ગલ પરિણામરૂપ કર્મ પરિણામ - નોકર્મ પરિણામ કર્મ કરાઈ રહ્યું છે. પણ ઘડો અને કુંભાર છે, તેનો વ્યાપ્ય-વ્યાપક ભાવ નથી, એટલે કે ઘડો કુંભારથી વ્યાપ્ય નથી ને કુંભાર ઘડામાં વ્યાપક નથી (કુંભાર કાંઈ ઘડામાં ઘૂસી જતો નથી !) તે ઘટકુમ્ભકારયોરિવ -

---

હોવાપણાને લીધે. કોની જેમ ? ઘટમૃત્તિકયોરિવ - ઘટ-મૃત્તિકાની જેમ, ઘડા અને માટીની જેમ. આમ વ્યાપ્યવ્યાપક ભાવથી આત્મદ્રવ્યથી પુદ્ગલ દ્રવ્ય પરિણામ જ્ઞાન કરાઈ રહ્યું છે, પણ પુદ્ગલદ્રવ્યથી તે કેમ નથી કરાતું ? પરમાર્થતઃ - પરમાર્થથી પુદ્ગલપરિણામજ્ઞાનપુદ્ગલયોર્ઘટકુંભકારવદ્ વ્યાપ્યવ્યાપકભાવાભાવાત્ કર્તૃકર્મત્વાસિદ્ધૌ - પુદ્ગલ પરિણામજ્ઞાન અને પુદ્ગલના - ઘટ-કુંભકારની જેમ વ્યાપ્ય-વ્યાપક ભાવના અભાવને લીધે કર્ત્તા-કર્મ પણાની અસિદ્ધિ હોઈને. સતે અને આમ પુદ્ગલ પરિણામ જ્ઞાનના અને પુદ્ગલની કર્તા કર્મપણાની અસિદ્ધિ હોઈ, પુદ્ગલ પરિણામજ્ઞાનને કર્મપણે કરી રહેલા આત્માને યઃ ખલુ જાનાતિ - જે ખરેખર ! નિશ્ચયે કરીને જાણે છે, સોત્યંતવિવિક્તજ્ઞાનીભૂતો જ્ઞાની સ્યાત્ - તે અત્યંત વિવિક્ત - પૃથક્ કરેલ - વિવેક કરેલ જ્ઞાનરૂપ થયેલો જ્ઞાની હોય. ન ચૈવં જ્ઞાતુઃ પુદ્ગલપરિણામો વ્યાપ્યઃ - અને એમ જ્ઞાતાનો - જ્ઞાયક આત્માનો પુદ્ગલ પરિણામ વ્યાપ્ય - વ્યાપવા યોગ્ય નથી. શા માટે ? પુદ્ગલાત્મનોર્જ્ઞેયજ્ઞાયકસંબંધવ્યવહારમાત્રે સત્યપિ - પુદ્ગલ અને આત્માનો જ્ઞેય-જ્ઞાયક સંબંધ વ્યવહાર માત્ર સતે પણ, પુદ્ગલપરિણામ-નિમિત્તકસ્ય જ્ઞાનસ્યૈવ જ્ઞાતુર્વ્યાપ્યત્વાત્ - પુદ્ગલ પરિણામ નિમિત્તક - પુદ્ગલ પરિણામ જેનું નિમિત્ત છે એવા જ્ઞાનનું જ જ્ઞાતાનું વ્યાપ્યપણું છે માટે. ॥ ઇતિ **'આત્મખ્યાતિ'** આત્મભાવના ॥૭૫॥

ઘટ - કુંભકારની પેઠે 'પરમાર્થથી' - તત્ત્વથી પુદ્ગલપરિણામ અને આત્માનો વ્યાપ્ય-વ્યાપક ભાવ નથી - પુદ્ગલપરિણામાત્મનોઃ વ્યાપ્યવ્યાપકભાવાભાવાત્, અર્થાત્ પુદ્ગલપરિણામ આત્માથી વ્યાપ્ય નથી અને આત્મા પુદ્ગલપરિણામમાં વ્યાપક નથી. એટલે આમ પુદ્ગલપરિણામને આત્માના કર્ત્તા-કર્મભાવની અસિદ્ધિ અર્થાત્ આત્માને ખરેખર ! નિશ્ચયે કરીને પુદ્ગલપરિણામરૂપ કર્મનું કર્ત્તાપણું સિદ્ધ થતું નથી.

એટલે પુદ્ગલપરિણામરૂપ જે મોહ-રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ અંતરમાં ઉત્પ્લવતો - 'अन्तरुत्प्लवमानं' - એકદમ ઊઠતો, ફૂદાફૂદ કરતો, ઉત્પ્લવ-ધમસાણ મચાવતો કર્મનો પરિણામ છે અને સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દ-બંધ-સંસ્થાન-સ્થૌલ્ય (સ્થૂલપણું)-સૌક્ષ્મ્ય (સૂક્ષ્મપણું) આદિરૂપે બ્હારમાં ઉત્પ્લવતો - 'बहिरुप्लवमानं' (Jumping, springing up, hopping up) નોકર્મનો પરિણામ છે, તે સમસ્તને પણ ખરેખર ! નિશ્ચયે કરીને આત્મા કરતો નથી. અર્થાત્ પુદ્ગલપરિણામ ચાહે તો અંતરમાં ઉત્પ્લવતો મોહાદિ-સુખાદિરૂપ કર્મ પરિણામ હોય કે ચાહે તો બ્હારમાં ઉત્પ્લવતો સ્પર્શાદિ નોકર્મ પરિણામ હોય, પણ તે સર્વ પરદ્રવ્યરૂપ પુદ્ગલપરિણામ હોઈ તે સર્વ કર્મ-નોકર્મ પરિણામનું કર્ત્તાપણું આત્માને ઘટતું નથી. કારણકે ઉપરમાં સ્પષ્ટ દર્શાવ્યું તેમ જ્યાં વ્યાપ્ય-વ્યાપકપણું હોય ત્યાં જ વાસ્તવિક-નૈશ્ચયિક કર્ત્તા-કર્મ સંબંધ ઘટે અને વ્યાપ્ય-વ્યાપકપણું તો તાદાત્મ્ય સંબંધ હોય ત્યાં જ હોય, અતાદાત્મ્ય હોય ત્યાં નહિ જ, એટલે પુદ્ગલપરિણામરૂપ કર્મના પરિણામનો અને નોકર્મના પરિણામનો સમસ્તનો પણ આત્મા સાથે તાદાત્મ્ય સંબંધ નહિ હોવાથી વ્યાપ્ય-વ્યાપકભાવ નથી અને તેથી કર્ત્તા-કર્મ ભાવ પણ નથી.


આથી ઉલટું, 'પરમાર્થથી' - તત્ત્વથી - નિશ્ચયથી પુદ્ગલપરિણામ **જ્ઞાન** ને પુદ્ગલનો ઘટ-કુંભકારની જેમ વ્યાપ્ય વ્યાપક ભાવ નથી, એટલે એ બન્નેમાં કર્ત્તા-કર્મ ભાવની અસિદ્ધિ છે, પરંતુ 'आत्मपरिणामात्मनोः' - આત્મપરિણામ અને આત્માનો તો ઘટ-મૃત્તિકાની જેમ વ્યાપ્ય વ્યાપક ભાવ છે - घटमृत्तिकयोरिव व्याप्यव्यापकभावसद्भावात्, એટલે આમ આત્મદ્રવ્યરૂપ કર્ત્તાથી કોઈ પણ પરને અપેક્ષ્યા વિના સ્વાધીન - સ્વતંત્ર વ્યાપક સતા અન્યની પ્રેરણા વિના સ્વયં - આપોઆપ વ્યાપ્યમાનપણાને લીધે પુદ્ગલ પરિણામના જ્ઞાનરૂપ - જાણવારૂપ કર્મ તો કરાઈ રહ્યું છે. આવા पुद्गलपरिणामज्ञानं कर्मत्वेन कुर्वन्तं - પુદ્ગલપરિણામ **જ્ઞાનને** કર્મપણે કરતા આત્માને જે ખરેખર ! નિશ્ચયે કરીને જાણે છે, તે અત્યંત 'विविक्त' - પૃથગ્ભૂત જ્ઞાનરૂપ થઈ ગયેલો એવો જ્ઞાની હોય. તાત્પર્ય કે - આત્મા કર્મ-નોકર્મ પરિણામરૂપ - પુદ્ગલપરિણામરૂપ કર્મ કરતો નથી, પણ પુદ્ગલપરિણામ **જ્ઞાન** રૂપ - જાણપણારૂપ કર્મ કરે છે અર્થાત્ માત્ર જાણપણારૂપ જ્ઞાનક્રિયા કરતો જાણે જ છે, એમ જે નિશ્ચયે કરીને જાણે છે, તે સર્વ અન્ય દ્રવ્યથી વિવિક્ત - ભિન્ન - પૃથક્ કરેલ જ્ઞાનરૂપ થયેલો જ્ઞાની હોય.

જ્ઞાની 'જ્ઞાન ક્રિયા'નો જ વ્યાપક,પુદ્ગલપરિણામનો નહિ

અને આમ જાણપણારૂપ **'જ્ઞાન ક્રિયા'** કરતો જ્ઞાની પુદ્ગલ પરિણામને જાણે છે, તેથી કાંઈ પુદ્ગલપરિણામ તેનો વ્યાપ્ય બની જતો નથી, કારણકે પુદ્ગલ અને આત્માનો ભલે જ્ઞેય-જ્ઞાયક સંબંધરૂપ વ્યવહાર માત્ર હો, છતાં પણ 'પુદ્ગલ પરિણામ નિમિત્તક' - પુદ્ગલપરિણામ નિમિત્તથી ઉપજતા **જ્ઞાનનું** જ જ્ઞાતાનું વ્યાપ્યપણું છે - पुद्गलपरिणामनिमित्तकस्य ज्ञानस्यैव ज्ञातुर्व्याप्यत्वात् અર્થાત્ પુદ્ગલપરિણામ જેનું નિમિત્ત છે એવું **જ્ઞાન** એ જ આત્માનું વ્યાપ્ય છે (નહિ કે પુદ્ગલપરિણામ) અને જ્ઞાતા આત્મા એ જ્ઞાનનો જ વ્યાપક છે (નહિ કે પુદ્ગલપરિણામનો). એટલે કોઈ અપેક્ષાએ કર્ત્તા-કર્મપણું જો કહેવું હોય તો **જ્ઞાનક્રિયા** (Process of knowledge) કરતા જ્ઞાતા આત્માનું અને જ્ઞાનક્રિયા - જાણપણા ક્રિયારૂપ જ્ઞાનનું જ કહી શકાય.

''શબ્દાદિ પાંચ વિષયની પ્રાપ્તિની ઈચ્છાએ કરી જેનાં ચિત્ત અત્યંત વ્યાકુળપણે વર્ત્તે છે એવા જીવોનું જ્યાં વિશેષપણે દેખાવું છે, એવો જે કાળ તે આ દુસમ કળિયુગ નામનો કાળ છે. તેને વિષે વિહ્વળપણું જેને પરમાર્થને વિષે નથી થયું, ચિત્ત વિક્ષેપ પામ્યું નથી, સંગે કરી પ્રવર્ત્તન ભેદ પામ્યું નથી, બીજી પ્રીતિના પ્રસંગે જેનું ચિત્ત આવૃત્ત થયું નથી, બીજાં જે કારણો તેને વિષે જેનો વિશ્વાસ વર્ત્તતો નથી, એવો જે કોઈ હોય તો તે આ કાળને વિષે બીજો શ્રી રામ છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૦૭), ૩૯૪



સમયસાર-કળશ (૪) અમૃતચંદ્રજી લલકારે છે -

શાર્દૂલ વિક્રીડિત

व्याप्यव्यापकता तदात्मनि भवेत्नैवातदात्मन्यपि,
व्याप्यव्यापकभावसंभवमृते का कर्तृकर्मस्थितिः ।
इत्युद्दामविवेकघस्मरमहोभारेण भिंदंस्तमो,
ज्ञानीभूय तदा स एष ललितः कर्तृत्वशून्यः पुमान् ॥४९॥

વ્યાપ્ય વ્યાપકતા તદાત્મમહિં છે ના અતદાત્મે ઈતિ,
વ્યાપ્યવ્યાપક ભાવ સંભવ વિના શી કર્તૃકર્મ સ્થિતિ ?
એ ઉદ્દામ વિવેક ગ્રાસક મહસ્ ભારે તમસ્ ભેદતો,
ત્યારે જ્ઞાની થઈ અહો લસી રહ્યો કર્તૃત્વ શૂન્યો સતો. ૪૯

અમૃત પદ-૪૯

ધન્ય રે ! દિવસ આ અહો ! અથવા
ભેખ રે ઉતારો રાજા ભરથરી ! - એ રાગ.

મીંડુ મૂકાવે કર્મનું, જ્ઞાની કર્તૃત્વ શૂન્ય રે,
ભગવાન અમૃતચંદ્રની, અમૃત વાણી એ સુણ્ય રે... મીં. ૧
વ્યાપ્ય-વ્યાપકતા નિશ્ચયે, તાદાત્મામાં જ હોય રે,
અતદાત્મમાં તો કદી, વ્યાપ્ય-વ્યાપકતા નો'ય રે... મીંડુ. ૨
વ્યાપ્ય-વ્યાપક એ ભાવના, વિના સંભવ એમ રે,
કર્તા-કર્મના ભાવની, સ્થિતિ શી ? કહો કેમ રે ?... મીંડુ. ૩
એમ ઉદ્દામ વિવેકથી, સર્વગ્રાસી (ભક્ષી) મહા તેજ રે,
તે મહસ્ના મહાભારથી, તમસ્ ભેદતો એજ રે... મીંડુ. ૪
જ્ઞાની થઈ ત્યારે લસી રહ્યો, પુરુષ આ કર્તૃત્વ શૂન્ય રે,
ભગવાન અમૃતચંદ્રની, આત્મખ્યાતિ અનન્ય રે... મીંડુ મૂકાવે. ૫

અર્થ - વ્યાપ્ય-વ્યાપકતા તદાત્મામાં હોય, અતદાત્મામાં પણ ન જ હોય, વ્યાપ્ય-વ્યાપક ભાવના સંભવ વિના કર્તૃકર્મ સ્થિતિ શી ?

એમ ઉદ્દામ વિવેકથી સર્વગ્રાસી (સર્વભક્ષી) મહસ્ તેજોભારથી તમસ્ને ભેદતો જ્ઞાની થઈને ત્યારે તે આ કર્તૃત્વશૂન્ય પુરુષ લસીલસી રહ્યો.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''મન, વચન, કાયાના જોગમાંથી જેને કેવળીસ્વરૂપ ભાવ થતાં અહંભાવ મટી ગયો છે, એવા જે જ્ઞાની પુરુષ, તેના પરમ ઉપશમરૂપ ચરણારવિંદ તેને નમસ્કાર કરી, વારંવાર તેને ચિંતવી, તેજ માર્ગમાં પ્રવૃત્તિની તમે ઈચ્છા કર્યા કરો એવો ઉપદેશ કરી આ પત્ર પૂરો કરૂં છું.'' વિપરીત કાળમાં એકાકી હોવાથી ઉદાસ !'' - શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક (૩૮૧), ૪૬૬

''વારી પરભાવની કર્તૃતા મૂલથી, આત્મપરિણામ કર્તૃત્વ ધારી... સૂર જગદીશની.''

- શ્રી દેવચંદ્રજી

''વ્યાપ અરૂ વ્યાપકતા તનમય ગુણસંગ, પરભાવે સંગતા કહેવો અનીત હૈ,
તદમે ભાવ હોત કરમકો કરતાર, અનાદિ અનંત જીવકો કહનેકો ભીતિ હૈ.''

- શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ'

ઉપરમાં જે **'આત્મખ્યાતિ'** ગદ્ય ભાગમાં કહ્યું તેના સારસમુચ્ચય - ઉપસંહારરૂપ આ કળશ **અમૃતચંદ્રજીએ** લલકાર્યો છે, व्याप्यव्यापकता तदात्मनि भवेत् - આમ વ્યાપ્ય - વ્યાપકપણું તો તદાત્મામાં હોય, અતદાત્મામાં પણ ન જ હોય, नैवातदात्मन्यपि, અને પુદ્ગલ ને આત્માનું તો તદાત્મપણું છે જ નહિ, અતદાત્મપણું જ છે, એટલે તેમાં વ્યાપ્ય-વ્યાપક ભાવનો સંભવ ક્યાંથી હોય ? અને व्याप्य-व्यापकभावसंभवभृते આમ વ્યાપ્ય-વ્યાપક ભાવનો સંભવ ન હોય તો કર્ત્તા-કર્મની સ્થિતિ પણ ક્યાંથી હોય ? का कर्तृकर्मस्थितिः ? અર્થાત્ પુદ્ગલ કર્મની સાથે આત્માનો કર્ત્તા ભાવ ક્ષણ પણ ક્યાંથી ટકે ? ન જ ટકે. इत्युद्दामविवेकघस्मरमहोभारेण भिंदंस्तमः - એવા પ્રકારે ઉદ્દામ વિવેકરૂપ સર્વભક્ષી - સર્વ ગ્રાસી મહસ્થી મહા તેજઃભારથી - જ્ઞાન પ્રકાશ પરથી અજ્ઞાનરૂપ તમસ્ને- ગાઢ અંધકારને ભેદી નાંખ્યો છે એવો આ પુરુષ જ્ઞાની થઈ ત્યારે - તે વખતે કર્તૃત્વશૂન્ય ઉલ્લસ્યો, ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्य पुमान् । અર્થાત્ આવો જે જ્ઞાની થાય છે તેનો ત્યારે - તથારૂપ **'જ્ઞાનદશા'** પામ્યે કર્તાભાવ છૂટી જાય છે, એટલે તે કર્મને નામે મોટું મીંડું મૂકાવે છે !



પુદ્‌ગલ કર્મને જાણતા જીવનો પુદ્‌ગલની સાથે કર્તૃકર્મ ભાવ શું હોય છે ? શું નથી હોતો ? તો કે -

णवि परिणमइ ण गिह्णइ उप्पज्जइ ण परदव्वपज्जाये ।
णाणी जाणंतो वि हु पुग्गलकम्मं अणेयविहं ॥७६॥

પરદ્રવ્ય પર્યાયે ન પરિણમે, ગ્રહે ન ઉપજે ના જ રે;
જ્ઞાની અનેકવિધ જાણતો, પુદ્‌ગલકર્મ છતાં જ રે... અજ્ઞાનથી. કર્તા. ૭૬


ગાથાર્થ - અનેક પ્રકારનું પુદ્‌ગલકર્મ સ્ફુટપણે જાણતો છતાં જ્ઞાની પરદ્રવ્ય પર્યાયોમાં નથી પરિણમતો, નથી ગ્રહતો, નથી ઉપજતો. ૭૬

आत्मख्याति टीका

पुद्‌गलकर्म जानतो जीवस्य सह पुद्‌गलेन कर्तृकर्मभावः किं भवति किं न भवतीति चेत्

नापि परिणमति न गृह्णात्युत्पद्यते न परद्रव्यपर्याये ।
ज्ञानी ज्ञानन्नपि खलु पुद्‌गलकर्मानेकविधं ॥७६॥

આકૃતિ



આત્મભાવના -

पुद्‌गलकर्म जानतो जीवस्य सह पुद्‌गलेन कर्तृकर्मभावः किं भवति किं न भवति - **પુદ્‌ગલ કર્મ જાણતા જીવનો પુદ્‌ગલની સાથે કર્તા કર્મભાવ શું હોય છે ? શું નથી હોતો ?** इति चेत् - **એમ જો પૂછો તો** - पुद्‌गलकर्म अनेकविधं जानन्नपि खलु ज्ञानी - **પુદ્‌ગલકર્મ અનેકવિધ જાણતો છતાં ખરેખરા જ્ઞાની** - परद्रव्यपर्याये नापि परिणमति न गृह्णाति न उत्पते - **પરદ્રવ્ય પર્યાયમાં નથી જ પરિણમતો, નથી ગ્રહતો, નથી ઉપજતો.** ॥ इति **गाथा** आत्मभावना ॥७६॥

पुद्‌गलपरिणामं कर्म जानन्नपि हि ज्ञानी - **પુદ્‌ગલ પરિણામકર્મને સ્ફુટપણે જાણતો છતાં જ્ઞાની,** न तं गृह्णति न तथा परिणमति न तथोत्पद्यते च - **નથી તેને ગ્રહતો, નથી તથા પ્રકારે પરિણમતો અને નથી તથાપ્રકારે ઉપજતો. કેવું છે તે પુદ્‌ગલ પરિણામકર્મ ?** प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं - **પ્રાપ્ય - પ્રાપ્ત થવા યોગ્ય - વિકાર્ય - વિકાર પામવા યોગ્ય અને નિર્વર્ત્ય - નિર્વર્તન - સર્જન પામવા યોગ્ય ઉત્પન્ન થવા યોગ્ય એવું વ્યાપ્ય લક્ષણવાળું. તે પુદ્‌ગલ પરિણામકર્મ કયા કર્તાથી કરાઈ રહ્યું છે ?** पुद्‌गलद्रव्येण क्रियमाणं - **પુદ્‌ગલ દ્રવ્યથી ક્રિયમાણ - કરાઈ રહ્યું છે. કેવા પુદ્‌ગલદ્રવ્યથી કેવી રીતે કરાઈ રહ્યું છે ?** स्वयमंतर्व्यापकेन भूत्वादिमध्यांतेषु व्याप्य - **સ્વયં-પોતે અંતરવ્યાપક-અંદરમાં વ્યાપક થઈ આદિ - મધ્ય - અંતમાં વ્યાપીને,** तं गृह्णाता तथा परिणमता तथोत्पद्यमानेन च - **તેને - પુદ્‌ગલ - પરિણામકર્મને ગ્રહતા, તથા પ્રકારે પરિણમતા અને તથા પ્રકારે ઉપજતા એવા પુદ્‌ગલ દ્રવ્યથી. આમ આવી રીતે અંતર વ્યાપક થઈ પુદ્‌ગલ દ્રવ્યથી કરાઈ રહેલા પુદ્‌ગલ પરિણામ કર્મને જાણતા છતાં, જ્ઞાની સ્વયમંતર્વ્યાપકો ભૂત્વા જ્ઞાની સ્વયં - પોતે અંતર વ્યાપક થઈ,** बहिःस्थ परद्रव्यस्य परिणामं मृत्तिका कलशमिवादिमध्यांतेषु व्याप्य - **બહિઃસ્થ - બ્હારમાં સ્થિતિ કરતા પરદ્રવ્યના પરિણામને, કલશને મૃત્તિકાની જેમ, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, નથી તેને ગ્રહતો, નથી તથા પ્રકારે પરિણમતો અને નથી તથાપ્રકારે ઉપજતો. કારણકે આમ છે તેથી શું ફલિત થયું ?** ततः प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य ज्ञानिनो - **તેથી કરીને પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવું (વ્યાપ્ય લક્ષણવાળું) પરદ્રવ્ય પરિણામકર્મ નહિ કરતા જ્ઞાનિનો,** पुद्‌गलकर्म जानतोपि - **પુદ્‌ગલકર્મને જાણતાં છતાં,** पुद्‌गलेन सह न कर्तृकर्मभावः - **પુદ્‌ગલની સાથે કર્તૃ કર્મ ભાવ નથી.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥७६॥

यतो -

यं प्राप्यं विकार्यं निर्वर्त्यं च
व्याप्यलक्षणं **पुद्गलपरिणामं कर्म**
पुद्गलद्रव्येण
स्वयमंतर्व्यापकेन भूत्वा-
दिमध्यांतेषु व्याप्य
तं गृह्णता तथा परिणमता
तथोत्पद्यमानेन च क्रियमाणं

जानन्नपि हि ज्ञानी
स्वयमंतर्व्यापको भूत्वा
बहिःस्थस्य परद्रव्यस्य परिणामं
मृत्तिका कलशमिवादिमध्यांतेषु व्याप्य
न तं गृह्णाति न तथा परिणमति
न तथोत्पद्यते **च** ।

ततः प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य पुद्गलकर्म जानतोपि ज्ञानिनः पुद्गलेन सह न कर्तृकर्मभावः ॥७६॥

आत्मख्याति टीकार्थ

કારણકે -

પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય
એવું જે વ્યાપ્ય લક્ષણવાળું **પુદ્ગલ પરિણામકર્મ**
પુદ્ગલ દ્રવ્યથી -
સ્વયં અંતરૂ વ્યાપક થઈ
આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,
તેને ગ્રહતા, તથા પ્રકારે પરિણમતા
અને તથા પ્રકારે ઉપજતા એવાથી -
કરાઈ રહેલું **નિશ્ચયે કરીને જાણતો છતાં,**

જ્ઞાની
સ્વયં અંતરૂવ્યાપક થઈ
બહિઃસ્થ પરદ્રવ્યના પરિણામને
કળશને મૃત્તિકાની જેમ આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,
નથી તેને ગ્રહતો, નથી તથા પ્રકારે પરિણમતો
અને નથી તથાપ્રકારે ઉપજતો,

તેથી કરીને-
પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવા વ્યાપ્ય લક્ષણવાળા
પરદ્રવ્ય પરિણામકર્મને નહિ કરતા જ્ઞાનીનો -
પુદ્ગલકર્મને જાણતાં છતાં - પુદ્ગલ સાથે કર્તા કર્મ ભાવ નથી. ॥૭૬॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જિનનો સિદ્ધાંત છે કે જડ કોઈ કાળે જીવ ન થાય અને જીવ કોઈ કાળે જડ ન થાય, તેમ 'સત્' કોઈ કાળે 'સત્' સિવાયનાં બીજાં કોઈ સાધનથી ઉત્પન્ન હોઈ શકે જ નહિ. આવી દેખીતી સમજાય તેવી વાતમાં મુંઝાઈ જીવ પોતાની કલ્પનાએ 'સત્' કરવાનું કહે છે, પ્રરૂપે છે, બોધે છે, એ આશ્ચર્ય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૩૩), ૨૭૪**

''વ્યાપ અરુ વ્યાપકકો ભાવ ઈષ્ટ કહ્યો શિષ્ટ, કરતા કરમકૌ યા નિત્ય હી કી રીત હૈ,
તાહી કે અભાવ કૈસે દ્રવ્યકર્મ પુદ્ગલ, કરેગો ચેતનરામ તાસૌ જો વ્યતીત હૈ.''
- શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૩૦

''ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે... વાસુપૂજ્ય.'' - **શ્રી આનંદઘનજી**

જ્ઞાની-જ્ઞાન ગુણસંપન્ન જીવ પુદ્ગલકર્મને જાણે છે, તો પછી તે જાણતા જીવનો પુદ્ગલની સાથે કર્તાકર્મભાવ શું હોય છે ? શું નથી હોતો ? એ આશંકાનો અત્ર સ્પષ્ટ જવાબ આપ્યો છે - 'જ્ઞાની અનેક પ્રકારના પુદ્ગલકર્મને જાણે છે છતાં તે પુદ્ગલકર્મરૂપ પરદ્રવ્ય પર્યાયને ગ્રહતો નથી, તેવા પ્રકારે પરિણમતો નથી અને તેવા પ્રકારે ઉપજતો નથી.' કારણકે જ્યાં વ્યાપ્ય-વ્યાપક ભાવ હોય ત્યાં જ કર્ત્તા કર્મભાવ ઘટે, પણ પુદ્ગલરૂપ પરદ્રવ્ય સાથે આત્માને તેવો વ્યાપ્ય-વ્યાપક ભાવ નથી, એટલે પુદ્ગલ પરિણામને જાણતાં છતાં આત્માનો પુદ્ગલ કર્મ સાથે કર્ત્તા કર્મભાવ નથી, આ વસ્તુતત્ત્વ પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ 'આત્મખ્યાતિ'માં અત્યંત પરિસ્ફુટ સમજાવ્યું છે, પુદ્ગલ પરિણામ કર્મને જાણતો છતાં જ્ઞાની તે પરદ્રવ્યના પરિણામને નથી ગ્રહતો, નથી તથાપ્રકારે પરિણમતો અને નથી તથાપ્રકારે ઉપજતો. કેવું છે પુદ્ગલ પરિણામકર્મ ? પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવું વ્યાપ્ય લક્ષણવાળું - प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं - તે કર્મ કયા કર્ત્તાથી કરાઈ રહ્યું છે ? પુદ્ગલ દ્રવ્યથી. કેવાથી ? તેને ગ્રહતા, તથાપ્રકારે પરિણમતા અને તથાપ્રકારે ઉપજતા એવાથી. કેવા પ્રકારે ? स्वयं अंतरूव्यापक થઈ આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને स्वयमंतर्व्यापकेन भूत्वादिमध्यांतेषु व्याप्य - આમ આવા પ્રકારે કરાઈ રહેલું જાણતાં છતાં, જ્ઞાની स्वयं - પોતે અંતરૂવ્યાપક થઈ 'बहिःस्थ' - આત્માની બહારમાં સ્થિત પરદ્રવ્યના પરિણામને - કળશને મૃત્તિકાની જેમ આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, નથી તેને ગ્રહતો, નથી તથાપ્રકારે પરિણમતો ને નથી તથાપ્રકારે ઉપજતો, અર્થાત્ મૃત્તિકા જેમ કળશને આદિ-મધ્ય-અંતમાં વ્યાપે છે તેમ આ જ્ઞાની (જીવ) પરદ્રવ્ય પરિણામને આદિ-મધ્ય-અંતમાં વ્યાપતો નથી. આ ઉપરથી શું ફલિત થાય છે ? પ્રાપ્ય વિકાર્ય નિર્વર્ત્ય એવા વ્યાપ્યલક્ષણ પરદ્રવ્ય પરિણામ કર્મને નહિ કરતા જ્ઞાનીને, પુદ્ગલ કર્મને જાણતાં છતાં, પુદ્ગલ સાથે કર્ત્તા-કર્મ ભાવ નથી.

પુદ્ગલ કર્મને જાણતા જીવનો પુદ્ગલની સાથે કર્તૃ કર્મ ભાવ શું છે ? કે નથી ?

શ્રી અમૃતચંદ્રાચાર્યજીની આ પરમ પરમાર્થગંભીર વ્યાખ્યાનો વિશેષ આશયાર્થ આ પ્રકારે -

પુદ્ગલ પરિણામરૂપ કર્મ **વ્યાપ્ય** છે અને પુદ્ગલ તેનું **વ્યાપક** છે. વ્યાપ્યલક્ષણ એવું જે આ પુદ્ગલ પરિણામ કર્મ છે તે પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એમ ત્રણ અવસ્થાવાળું છે, અથવા તો પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એ તેના ત્રણ (stages) છે, **પ્રાપ્ય** એટલે પ્રાપ્ત થવા યોગ્ય, **વિકાર્ય** એટલે વિકાર પામવા યોગ્ય અને **નિર્વર્ત્ય** એટલે નિર્વર્તન-સર્જન પામવા યોગ્ય અર્થાત્ ઉત્પન્ન થવા યોગ્ય. પુદ્ગલ પરિણામરૂપ કર્મ બનવામાં પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એ ત્રણ અવસ્થા હોય છે ને વ્યાપ્યલક્ષણ પુદ્ગલપરિણામ, કર્મની એ ત્રણે અવસ્થામાં સર્વત્ર પુદ્ગલ વ્યાપક છે; એ પુદ્ગલ પરિણામ કર્મ પ્રક્રિયામાં (Process) પ્રથમ એ પુદ્ગલ પરિણામ જ પ્રાપ્ય-પ્રાપ્ત થવા યોગ્ય - ગ્રહણ થવા યોગ્ય છે, પછી તે પુદ્ગલ પરિણામના જ વિકાર - વિશિષ્ટ પ્રકાર તે વિકાર્ય છે, અર્થાત્ તે વિશિષ્ટ પુદ્ગલપ્રકારરૂપ - કાર્મણ વર્ગણારૂપ પુદ્ગલ વિકાર પણ ઉત્તરોત્તર વિકાર પામવા યોગ્ય એવી પુદ્ગલમય પરિણામાવસ્થા છે અને તેમાંથી ઉત્તરોત્તર વિકાર - પરિણામ થતાં થતાં છેવટે નિર્વર્તવા યોગ્ય - સર્જાવા યોગ્ય - ઉત્પન્ન થવા યોગ્ય એવું છેવટનું નિર્વર્ત્ય પુદ્ગલ પરિણામ - કર્મ ઉત્પન્ન થાય છે, નિર્વર્તે છે, સર્જાય છે. પુદ્ગલપરિણામ કર્મની આદિ-મધ્ય-અંત આ ત્રણે અવસ્થામાં સર્વત્ર પુદ્ગલ દ્રવ્ય વ્યાપક છે.

પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય વ્યાપ્ય લક્ષણ પુદ્ગલકર્મ : પુદ્ગલ દ્રવ્યતબક્કા અંતરૂ વ્યાપક

આકૃતિ

પુદ્ગલ પરિણામ વ્યાપ્ય પ્રાપ્ય વિકાર્ય નિર્વર્ત્ય

પુદ્ગલ દ્રવ્ય વ્યાપક

આમ પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એ ત્રણ પર્યાય અવસ્થામાં વિભક્ત થયેલું જે પુદ્ગલ પરિણામ કર્મ છે, તે વ્યાપ્ય લક્ષણવાળું છે, અર્થાત્ પુદ્ગલ દ્રવ્યથી તે તે સર્વ અવસ્થામાં વ્યાપાવા યોગ્ય છે. એટલે કે પુદ્ગલ દ્રવ્ય સ્વયં - પોતે અંતર વ્યાપક થઈને (Internally pervading throughout) આદિ-મધ્ય ને અંતમાં વ્યાપીને તે પુદ્ગલ પરિણામને ગ્રહે છે, તથાપ્રકારે પરિણમે છે અને તથાપ્રકારે ઉપજે છે, બીજા શબ્દોમાં કહીએ તો કર્મ પ્રાયોગ્ય (Illigible for Karma) વિશિષ્ટ પુદ્ગલ પરિણામરૂપ (Specialised) કર્મવર્ગણાને ગ્રહે છે, તે કાર્મણ વર્ગણાના તેવા તેવા વિકારપણે પરિણમે છે અને તેવા તેવા કર્મપ્રકારપણે ઉપજે છે - નીપજે છે, નિષ્પન્ન થાય છે.

પુદ્ગલ દ્રવ્ય સ્વયં અંતર્ વ્યાપક થઈ પુદ્ગલ પરિણામ કર્મ ગ્રહે, પરિણમે, ઉપજે

અને આમ વૈજ્ઞાનિક પ્રક્રિયાથી (Scientific process) પુદ્ગલપરિણામં કર્મ - પુદ્ગલ પરિણામ કર્મ પુદ્ગલ દ્રવ્યથી સ્વયં અંતર વ્યાપક થઈ આદિ-મધ્ય-અંતમાં - વ્યાપીને કરાઈ રહેલું પુદ્ગલદ્રવ્યેણ ક્રિયમાણં - **જ્ઞાની જાણે છે** - છતાં તે સ્વયં-પોતે અંતર્ વ્યાપક થઈ - 'સ્વયમન્તર્વ્યાપકો ભૂત્વા' - તે પુદ્ગલકર્મની અંદર વ્યાપક થઈ, તે બહિઃસ્થસ્ય પરદ્રવ્યસ્ય પરિણામં - **'બહિઃસ્થ' - બ્હારમાં રહેલા પુદ્ગલકર્મ રૂપ પરદ્રવ્યના પરિણામને, કળશને માટીની જેમ,** મૃત્તિકા કલશમિવ - આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને નથી તેને ગ્રહણ કરતો, નથી તથાપ્રકારે પરિણમતો અને નથી તથાપ્રકારે ઉપજતો. અર્થાત્ ઘડાની બનાવટમાં માટી છે તે ઉપાદાન કારણ છે. એટલે આદિથી માંડી અંત સુધી - પ્હેલેથી છેલ્લે સુધી માટીના પિંડામાંથી ઘડો બને ત્યાં સુધી - એટલે કે આદિમાં પ્રાપ્ય એવા મૃત્તિકા - પિંડમાં, મધ્યમાં વિકાર્ય એવા સ્થાસ - કુલીશ આદિ અવાંતર અવસ્થાવિશેષોમાં અને અંતમાં નિર્વર્ત્ય એવા ઘટ પર્યાયમાં, એ ત્રણે અવસ્થામાં - ઉપાદાન કારણરૂપ માટી કળશને વ્યાપીને રહેલી છે, અર્થાત્ માટી જ માટી પિંડ ગ્રહે છે, સ્થાસાદિ અવસ્થાએ પરિણમે છે અને ઘટપણે ઉપજે છે, પણ તેથી ઉલટું બ્હારમાં રહેલા પરદ્રવ્યના પરિણામને વ્યાપીને જ્ઞાની તે ગ્રહતો નથી, તેવા પ્રકારે પરિણમતો નથી અને તેવા પ્રકારે ઉપજતો નથી. અર્થાત્ જ્ઞાની (જ્ઞાયક સ્વભાવી આત્મા) પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય પુદ્ગલ પરિણામકર્મરૂપ પરદ્રવ્યમાં અંતર વ્યાપક થઈ આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને તેને ગ્રહતો નથી, તેવા પ્રકારે પરિણમતો નથી અને તેવા પ્રકારે ઉપજતો નથી. ततः प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणाम कर्माकुर्वाणस्य - તેથી કરીને પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવું વ્યાપ્ય લક્ષણવાળું પુદ્ગલરૂપ પરદ્રવ્ય - પરિણામ કર્મ જ્ઞાની કરતો નથી અને તેના જ્ઞાયક સ્વભાવને લીધે તે પરદ્રવ્યરૂપ પુદ્ગલકર્મને જાણે છે, पुद्गलकर्म जानतोपि ज्ञानिनः - છતાં જ્ઞાનિનો તે પુદ્ગલ સાથે કર્ત્તા કર્મભાવ નથી - पुद्गलेन सह न कर्तृकर्मभावः ।

કળશને મૃત્તિકા જેમ જ્ઞાની અંતર્ વ્યાપક થઈ બહિઃસ્થ પરદ્રવ્યનો પરિણામ ન ગ્રહે, ન પરિણમે, ન ઉપજે

''ધર્મ પ્રાગ્ભાવતા સકળ ગુણ શુદ્ધતા, ભોગ્યતા કર્તૃતા રમણ પરિણામતા,
શુદ્ધ સ્વ પ્રદેશતા તત્ત્વ ચૈતન્યતા, વ્યાપ્ય-વ્યાપક તથા ગ્રાહ્ય ગ્રાહક ગતા.
ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ આપણો આતમા તેહવો ભાવિયે.'' - **શ્રી દેવચંદ્રજી**

''જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી, સર્વ ભાવની વાસનાથી આકાશી રહિત છે, તેમ સમ્યક્ દૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૬૦), ૮૩૩

આ પરમ તત્ત્વ વૈજ્ઞાનિક પ્રક્રિયા (Philosophical most scientific process) પરથી એ તાત્પર્ય સિદ્ધ થાય છે કે જ્ઞાની (જ્ઞાન સ્વભાવી) આત્મા એ જ્ઞાયક ભાવરૂપ સ્વભાવને જ ગ્રહે છે, તથાપ્રકારે જ પરિણમે છે અને તથા પ્રકારે જ ઉપજે છે, પણ તે પુદ્ગલ દ્રવ્યરૂપ પરભાવને ગ્રહતો નથી, તથાપ્રકારે પરિણમતો નથી અને તથાપ્રકારે ઉપજતો નથી. સચેતન આત્માનો અચેતન પરદ્રવ્ય

જીવનો પુદ્ગલ સાથે કર્તા, કર્મ ભાવ નથી


સાથે ભલે સંયોગ સંબંધ હો, તો પણ ગ્રાહ્ય-ગ્રાહક તેમજ વ્યાપ્ય-વ્યાપક સંબંધ તો નથી જ. કારણકે ચેતન આત્મા અમૂર્ત્ત છે અને અચેતન પુદ્‌ગલ મૂર્ત્ત છે, તેનો નિર્લેપ અસ્પર્શ્ય આકાશની જેમ ગ્રાહ્ય-ગ્રાહક સંબંધ કેમ થઈ શકે ? આમ જ્યારે એક બીજાનો સ્પર્શ પણ નથી તો પછી વ્યાપ્ય-વ્યાપક સંબંધ તો કેમ જ હોઈ શકે ? અને આમ આદિ-મધ્ય અને અંતમાં એ બન્નેનો વ્યાપ્ય-વ્યાપક સંબંધ નથી, તો પછી તેનો કર્ત્તા-કર્મ ભાવ ક્યાંથી જ હોઈ શકે ?

''यदग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुञ्चति ।
जानाति सर्वथा सर्वं तत्स्वसंवेद्यमस्म्यहं ॥'' - **સમાધિશતક**


''જડથી ચેતન ઉપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય.''

- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૬૫

આકૃતિ



જીવ દ્રવ્ય



પુદ્‌ગલ દ્રવ્ય

સ્વ પરિણામને જાણતા જીવનો પુદ્ગલની સાથે કર્ત્તા કર્મ ભાવ શું હોય છે ? શું નથી હોતો ? તો કે -

णवि परिणमदि ण गिह्णदि उप्पज्जदि ण परदव्वपज्जाये ।
णाणी जाणंतो वि हु सगपरिणामं अणेयविहं ॥७७॥

પરદ્રવ્ય પર્યાયે ન પરિણમે, ગ્રહે ન ઉપજે ના જ રે;
જ્ઞાની અનેકવિધ જાણતો, સ્વક પરિણામ છતાં જ રે... અજ્ઞાનથી કર્ત્તા. ૭૭

ગાથાર્થ - અનેક પ્રકારનો સ્વક (પોતાનો) પરિણામ સ્ફુટપણે જાણંતો છતાં જ્ઞાની પરદ્રવ્ય પર્યાયમાં નથી પરિણમતો, નથી ગ્રહતો, નથી ઉપજતો. ૭૭

आत्मख्याति टीका

स्व परिणामं जानतो जीवस्य सह पुद्गलेन कर्तृकर्मभावः

किं भवति किं न भवतीति चेत् -

नापि परिणमति न गृह्णात्युत्पद्यते न परद्रव्यपर्याये ।
ज्ञानी जानन्नपि खलु स्वकपरिणाममनेकविधं ॥७७॥

यतो -

यं प्राप्यं विकार्यं निर्वर्त्यं च

व्याप्यलक्षण**मात्मपरिणामं कर्म**

आत्मना

स्वयमंतर्व्यापकेन भूत्वा -

दिमध्यांतेषु व्याप्य

तं गृह्णता तथा परिणमता

तथोत्पद्यमानेन च क्रियमाणं

जानन्नपि हि ज्ञानी

स्वयमंतर्व्यापको भूत्वा

बहिःस्थस्य **परद्रव्यस्य परिणामं**

मृत्तिका कलशमिवादिमध्यांतेषु व्याप्य

न तं गृह्णाति न तथा परिणमति

न तथोत्पद्यते च ।

ततः प्राप्यं विकार्यं निवर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य

स्वपरिणामं जानतोपि ज्ञानिनः पुद्गलेन सह न कर्तृकर्मभावः ॥७७॥

आत्मभावना -

स्वपरिणामं जानतो जीवस्य सह पुद्गलेन कर्तृकर्मभावः किं भवति किं न भवति - **સ્વ પરિણામને જાણતા જીવનો પુદ્ગલની સાથે કર્તા-કર્મ ભાવ શું હોય છે ? શું નથી હોતો ?** इति चेत् - એમ જો પૂછો તો, જો શંકા કરો તો - **જ્ઞાની** - ज्ञानी स्वकपरिणाममनेकविधं जानन्नपि खलु - **સ્વક-પોતાના અનેકવિધ પરિણામને નિશ્ચયે કરીને જાણતો છતાં** परद्रव्यपर्याये - **પરદ્રવ્ય પર્યાયમાં** नापि परिणमति न गृह्णाति न उत्पद्यते - **નથી પરિણમતો, નથી ગ્રહતો, નથી ઉપજતો.** ॥ इति **गाथा** आत्मभावना ॥७७॥

आत्मपरिणामं कर्म जानन्नपि हि ज्ञानी - આત્મ પરિણામ કર્મને જાણતો છતાં નિશ્ચયે કરીને જ્ઞાની, स्वयमंतर्व्यापको भूत्वा - સ્વયં પોતે અંતર વ્યાપક થઈ, बहिःस्थस्य परद्रव्यस्य परिणामं मृत्तिका कलशमिवादिमध्यांतेषु व्याप्य - બહિઃસ્થ - બ્હારમાં સ્થિતિ કરતા પરદ્રવ્યના પરિણામ - મૃત્તિકાને કળશની જેમ - આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, न तं गृह्णाति न तथा परिणमति न तथोत्पद्यते च - નથી તેને (પરદ્રવ્ય પરિણામને) ગ્રહતો, નથી તથા પ્રકારે પરિણમતો અને નથી તથાપ્રકારે ઉપજતો. જ્ઞાની જાણે છે તે આત્મપરિણામ કર્મ કેવું છે ? प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं - પ્રાપ્ય-પ્રાપ્ત થવા યોગ્ય વિકાર્ય-વિકાર પામવા યોગ્ય અને નિર્વર્ત્ય - નિર્વર્તન - સર્જન પામવા યોગ્ય ઉત્પન્ન થવા યોગ્ય એવું વ્યાપ્ય

આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે -
પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય
એવું જે વ્યાપ્યલક્ષણવાળું **આત્મપરિણામ કર્મ**
આત્માથી -
સ્વયં અંતરૂ વ્યાપક થઈ
આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,
તેને ગ્રહતા, તથાપ્રકારે પરિણમતા
અને તથાપ્રકારે ઉપજતા એવાથી -
કરાઈ રહેલું **નિશ્ચયે કરીને જાણતો છતાં**

જ્ઞાની
સ્વયં અંતરૂ વ્યાપક થઈ,
બહિઃસ્થ પરદ્રવ્યના પરિણામને
કલશને મૃત્તિકાની જેમ આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને
નથી તેને ગ્રહતો, નથી તથા પ્રકારે પરિણમતો
અને નથી તથા પ્રકારે ઉપજતો.

તેથી કરીને - પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવા વ્યાપ્ય લક્ષણવાળા પરદ્રવ્ય પરિણામને નહિ કરતા જ્ઞાનીનો, સ્વ પરિણામને જાણતાં છતાં, પુદ્ગલની સાથે કર્ત્તા-કર્મભાવ નથી. ૭૭

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ત્રણે કાળમાં જે વસ્તુ જાત્યંતર થાય નહીં તેને શ્રી જિન દ્રવ્ય કહે છે. કોઈ પણ દ્રવ્ય પરપરિણામે પરિણમે નહીં. સ્વપણાનો ત્યાગ કરી શકે નહીં.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૦૧, હાથનોંધ-૧

''ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદોરે.''

પાછલી ગાથામાં પુદ્ગલ કર્મને જાણતા જીવનો પુદ્ગલની સાથે કર્ત્તા કર્મભાવ નથી એમ સિદ્ધ કર્યું, અત્રે તેવા જ ગમિક સૂત્રથી નિબદ્ધ આ ગાથામાં સ્વપરિણામને જાણતા જીવનો પુદ્ગલની સાથે કર્ત્તાકર્મભાવ શું હોય છે ? શું નથી હોતો ? એ આશંકાનું સમાધાન કર્યું છે અને તેનું તલસ્પર્શી મીમાંસન **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** કર્યું છે : આત્મ પરિણામકર્મ જાણતો છતાં જ્ઞાની પરદ્રવ્યના પરિણામને નથી ગ્રહતો, નથી પરિણમતો, નથી ઉપજતો. કેવું છે આત્મપરિણામ કર્મ ? પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવું વ્યાપ્ય લક્ષણવાળું - प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं - તે કોનાથી કરાઈ રહ્યું છે ? આત્માથી. કેવા આત્માથી ? તેને ગ્રહતા, તથાપ્રકારે પરિણમતા, તથાપ્રકારે ઉપજતા એવાથી. કેવા પ્રકારે ? સ્વયં અંતરૂ વ્યાપક થઈ આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને - स्वयमंतर्व्यापकेन भूत्वादिमध्यांतेषु व्याप्य - આમ આવા આત્માથી અંતરૂ વ્યાપક થઈ આવા પ્રકારે કરાઈ રહેલા આત્મપરિણામ કર્મને જાણતો છતાં જ્ઞાની-જ્ઞાનસંપન્ન આત્મા સ્વયં અંતરૂ વ્યાપક થઈ બહિઃસ્થ -

સ્વ પરિણામને જાણતા જીવનો પુદ્ગલકર્મ સાથે કર્તૃકર્મભાવ નથી

લક્ષણવાળું. તે આત્મપરિણામ કર્મ કયા કર્ત્તાથી કરાઈ રહ્યું છે ? आत्मना क्रियमाणं - આત્માથી ક્રિયમાણ - કરાઈ રહ્યું છે. કેવા આત્માથી કેવી રીતે કરાઈ રહ્યું છે ? स्वयमंतर्व्यापकेन भूत्वादिमध्यांतेषु व्याप्य - स्वयं - પોતે અંતરૂ વ્યાપક થઈ આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, तं गृह्णता तथा परिणमता तथोत्पद्यमानेन च - તેને ગ્રહતા, તથાપ્રકારે પરિણમતા આ તથાપ્રકારે ઉપજતા એવા આત્માથી. આમ આવી રીતે અંતર વ્યાપક થઈ આત્માથી કરાઈ રહેલા આત્મપરિણામ કર્મને જાણતો છતાં જ્ઞાની પરદ્રવ્ય પરિણામને ગ્રહતો નથી, તેવા પ્રકારે પરિણમતો નથી અને તેવા પ્રકારે ઉપજતો નથી. આ ઉપરથી શું ફલિત થયું ? ततः प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य ज्ञानिनो - તેથી કરીને પ્રાપ્ય વિકાય અને નિર્વત્ય એવું વ્યાપ્ય લક્ષણવાળું પરદ્રવ્ય પરિણામ કર્મ નહિ કરતા જ્ઞાનિનો, स्व परिणामं जानतोपि - સ્વપરિણામને જાણતાં છતાં, पुद्गलेन सह न कर्तृकर्मभावः - પુદ્ગલની સાથે કર્તા કર્મભાવ નથી. ।। इति **'आत्मख्याति'** आत्मभावना ।।७७।।

આત્માની બ્હારમાં સ્થિત પરદ્રવ્યના પરિણામને - કળશને મૃત્તિકાની જેમ - આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, નથી તેને ગ્રહતો, નથી તથાપ્રકારે-તેવા પ્રકારે પરિણમતો અને નથી તથાપ્રકારે - તેવા પ્રકારે ઉપજતો, અર્થાત્ મૃત્તિકા જેમ કળશને આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને તેને ગ્રહે છે, તેમ પરિણમે છે, તેમ ઉપજે છે, તેમ આત્મા પરદ્રવ્યપરિણામને નથી ગ્રહતો, નથી તેમ પરિણમતો, નથી તેમ ઉપજતો. આ ઉપરથી શું ? પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવા વ્યાપ્યલક્ષણ પરદ્રવ્યપરિણામ કર્મને નહિ કરતા જ્ઞાનીનો, સ્વપરિણામને જાણતા છતાં, સ્વ પરિણામં જાનતોપિ જ્ઞાનિનः, પુદ્ગલની સાથે કર્તા-કર્મભાવ નથી, પુદ્ગલેન સહ ન કર્તૃકર્મભાવः । **અમૃતચંદ્રજીની** આ વ્યાખ્યાનો સ્પષ્ટ ભાવાર્થ આ પ્રકારે -

પરિણામ કર્મના ત્રણ તબક્કા - પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય

કોઈ પણ પરિણામરૂપ કર્મ ત્રણ તબક્કામાં (stages) હોય, કાં તો તે પ્રાપ્ત થવા યોગ્ય હોય, કાં તો તે વિકાર પામી રહેલું હોય, કાં તો તે ઉત્પન્ન થવા યોગ્ય હોય. પ્રાપ્ત થવા યોગ્ય - પ્રથમ ગ્રહણ થવા યોગ્ય (Initially approachable) આદિ અવસ્થા (Beginning, starting phase) તે **'પ્રાપ્ય'** કહેવાય છે, વિકાર (Transformations) પામી રહેલી મધ્ય અવસ્થા (Middle phase) તે **'વિકાર્ય'** કહેવાય છે અને ઉત્સર્ગરૂપપૂર્ણ પરિણામના (finished prodcnt) નિર્વર્તન - સર્જનપણે ઉત્પન્ન થવા યોગ્ય અંત્ય અવસ્થા (Terminal - final phase) તે **'નિર્વર્ત્ય'** કહેવાય છે. દાખલા તરીકે - માટીમાંથી ઘડો બને છે. તેમાં ઘડો બનવાની શરૂઆત થાય તે અર્થાત્ માટી સૌથી પ્રથમ પિંડો બની ઘડાના પરિણામને ગ્રહવા માંડે તે 'પ્રાપ્ય' અવસ્થા, માટીના પીંડામાંથી ઉત્તરોત્તર એક પછી એક જૂદા જૂદા ઘાટ બદલાતાં ઘડો ઉત્પન્ન થાય તે પૂર્વેની વચલી (Intermediate) અવાંતર અવસ્થા તે 'વિકાર્ય' અવસ્થા અને છેવટે માટીમાંથી ઘડો ઉત્પન્ન થયો, ઘડાનો ઉત્સર્ગ થયો, ઘડાનું નિર્વર્તન - ઉત્સર્જન થયું, માટી ઘડા રૂપે ઉપજી - નિષ્પન્ન થઈ, તે 'નિર્વર્ત્ય' અવસ્થા. આ તો સ્થૂલ દૃષ્ટાંત છે. પણ પ્રત્યેક સૂક્ષ્મ પરિણમન ક્રિયામાં પણ આ ત્રણ વૈજ્ઞાનિક (scientific) તબક્કા હોય છે અને તેથી જ તેના આદિ-મધ્ય ને અંત એવા બુદ્ધિગમ્ય (Intelligent) વિભાગ પડે છે.

આકૃતિ



પ્રાપ્ય વિકાર્ય નિર્વર્ત્ય માટી કળશ દૃષ્ટાંત

તેમ આત્મપરિણામરૂપ કર્મ પણ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એમ ત્રણ તબક્કામાં (stages) હોય છે. કોઈ પણ આત્મપરિણામ કર્મમાં આત્માથી પ્રથમ પ્રાપ્ત થવા યોગ્ય ચેતનમય આત્મપરિણામ તે પ્રાપ્ય, તેની ઉત્તરોત્તર તે તે ચેતનમય વિકાર વિશેષ પામતી અવસ્થા તે વિકાર પામવા યોગ્ય - વિકાર્ય અને તેવા તેવા વિશિષ્ટ આત્મપરિણામનું નિર્વર્તન થવું - સર્જન થવું તે નિર્વર્ત્ય, એમ ત્રણ તબક્કા છે. આવું આ આત્મપરિણામ કર્મ 'વ્યાપ્ય લક્ષણવાળું' છે અર્થાત્ વ્યાપક - વ્યાપનાર એવા કર્ત્તાથી વ્યાપ્ત થવા યોગ્ય હોવાથી તે 'વ્યાપ્ય' કહેવાય છે અને તે તે સર્વ

વ્યાપ્યલક્ષણ આત્મપરિણામ કર્મ : અંતર્ વ્યાપકપણે આત્મા કર્ત્તા


અવસ્થામાં તેનો વ્યાપનાર આત્મા હોવાથી તે 'વ્યાપક' કહેવાય છે. કારણકે આત્મા સ્વયં - કોઈની પણ પ્રેરણા વિના આપોઆપ જ, અંતરૂ વ્યાપક થઈ, આદિ-મધ્ય-અંતમાં તે આત્મપરિણામ કર્મને વ્યાપીને તેને ગ્રહણ કરે છે, તેવા પ્રકારે પરિણમે છે અને તેવા પ્રકારે ઉપજે છે. આમ પહેલેથી તે છેલ્લે સુધી અંદરમાં વ્યાપી રહેલા - **'અંતરૂ વ્યાપક,'** (Internally pervading) એવા આત્મારૂપ કર્ત્તાથી વ્યાપ્ય એવું આત્મપરિણામ કર્મ કરાઈ રહ્યું છે - आत्मपरिणामं कर्म आत्मना क्रियमाणं આ આત્મ પરિણામ કર્મ આદિથી તે અંત સુધી અંતરૂ વ્યાપકપણે આત્માથી કરાઈ રહેલું જ્ઞાની જાણે છે.

જ્ઞાની બહિઃસ્થ પરદ્રવ્યના પરિણામને ગ્રહતો નથી પરિણમતો નથી ઉપજતો નથી

છતાં 'मृत्तिका कलशमिव' - 'મૃત્તિકા જેમ કલશને' - માટી જેમ ઘડાને આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને તેને ગ્રહે છે, તેવા પ્રકારે પરિણમે છે અને તેવા પ્રકારે ઉપજે છે, તેમ જ્ઞાની 'बहिःस्थस्य परद्रव्यस्य परिणामं' - બહિઃસ્થ - બ્હારમાં રહેલા પરદ્રવ્યના પરિણામને આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને નથી તેને ગ્રહણ કરતો, નથી તેવા પ્રકારે પરિણમતો અને નથી તેવા પ્રકારે ઉપજતો. કારણકે આ પરદ્રવ્ય અને તેના પરિણામ તો **'બહિઃસ્થ'** છે, આત્માથી બ્હારમાં રહેલા છે, આત્મબાહ્ય છે, તેની અંદર પ્રવેશ કરી - અંતઃપ્રવેશ કરી આત્મા ક્યારેય પણ તેમાં અંતર - વ્યાપક થતો નથી. એટલે પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એમ ત્રણે તબક્કામાં વ્યાપ્યલક્ષણ પરદ્રવ્યપરિણામ કર્મને જ્ઞાની કરતો જ નથી, આદિમાં પ્રાપ્ય પરદ્રવ્ય પરિણામને ગ્રહતો નથી, મધ્યમાં વિકાર્ય પરદ્રવ્ય પરિણામે પરિણમતો નથી અને અંતમાં નિર્વર્ત્ય પરદ્રવ્ય પરિણામપણે ઉપજતો નથી. આમ પહેલેથી તે છેલ્લે સુધી જ્ઞાની (જ્ઞાન સ્વભાવી જીવ) પરદ્રવ્ય પરિણામ કર્મનો કર્તા થતો જ નથી.

અને આમ પરદ્રવ્યપરિણામ કર્મ નહિ કરતો જ્ઞાની, (જ્ઞાન સ્વભાવી જીવ) સ્વપરિણામને જાણે છે, છતાં તેનો (જ્ઞાનીનો - જીવનો) પુદ્ગલની સાથે કર્ત્તા કર્મભાવ નથી, એમ સ્થિત થયું.

આકૃતિ



પુદ્ગલ કર્મફલને જાણતા જીવનો પુદ્ગલની સાથે કર્ત્તા કર્મભાવ શું હોય છે ? શું નથી હોતો ? તો કે -

णवि परिणमदि ण गिह्णदि उप्पज्जदि ण परदव्वपज्जाये ।
णाणी जाणंतो वि हु पुग्गलकम्मफलमणंतं ॥७८॥

પરદ્રવ્ય પર્યાયે ન પરિણમે, ગ્રહે ન ઉપજે ના જ રે;
જ્ઞાની ફલ પુદ્ગલ કર્મનું, અનંત જાણંત છતાં જ રે... અજ્ઞાનથી કર્ત્તા. ૭૮

ગાથાર્થ - અનંત પુદ્ગલ કર્મફલ જાણતાં છતાં નિશ્ચયે કરીને જ્ઞાની પરદ્રવ્ય પર્યાયમાં નથી પરિણમતો, નથી ગ્રહતો, નથી ઉપજતો. ૭૮

आत्मख्याति टीका

पुद्गलकर्मफलं जानतो जीवस्य सह पुद्गलेन कर्तृकर्मभावः किं भवति किं न भवतीति चेत् -

नापि परिणमति न गृह्णात्युत्पद्यते न परद्रव्यपर्याये ।
ज्ञानी जानन्नपि खलु पुद्गलकर्मफलमनंतं ॥७८॥

यतो -

यं प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं
सुखदुःखादिरूपं **पुद्गलकर्मफलं कर्म**
पुद्गलद्रव्येण
स्वयमंतर्व्यापकेन भूत्वा -
दिमध्यांतेषु व्याप्य
तद् गृह्णाता तथा परिणमता
तथोत्पद्यमानेन च क्रियमाणं

जानन्नपि हि ज्ञानी
स्वयमंतर्व्यापको भूत्वा
बहिःस्थ **परद्रव्यस्य परिणामं**
मृत्तिका कलशमिवादिमध्यांतेषु व्याप्य
न तं गृह्णाति न तथा **परिणमति**
न तथो**त्पद्यते च** ।

ततः प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य सुखदुःखादिरूपं पुद्गलकर्मफलं जानतोपि **ज्ञानिनः पुद्गलेन सह न कर्तृकर्मभावः** ॥७८॥

आत्मभावना -

पुद्गलकर्मफलं जानतो जीवस्य सह पुद्गलेन कर्तृकर्म भावाः किं भवति किं न भवति - **पुद्गलकर्म फलने जाणता जीवनो पुद्गल साथे शुं कर्ता कर्मभाव होय छे ? शुं नथी होतो ?** इति चेत् - એમ જો પૂછો તો - ज्ञानी - **જ્ઞાની** पुद्गलकर्मफलमनंतं जानन्नपि खलु - **પુદ્ગલ કર्મફલ અનંત નિશ્ચયે કરીને જાણતો છતાં** परद्रव्यपर्याये - **પરદ્રવ્ય પર્યાયમાં** नापि परिणमति न गृह्णति न उत्पद्यते - **નથી પરિણમતો, નથી ગ્રહતો, નથી ઉપજતો.** ॥ इति **गाथा** आत्मभावना ॥७८॥

सुखदुःखादिरूपं पुद्गलकर्मफलं कर्म जानन्नपि हि ज्ञानी - **સુખ દુઃખાદિરૂપ પુદ્ગલ કર્મફલ કર્મ જાણતો છતાં નિશ્ચયે કરને જ્ઞાન,** न तं गृह्णाति न तथा परिणमति न तथोत्पद्यते च - **નથી તેને ગ્રહતો, નથી તથાપ્રકારે પરિણમતો અને તથાપ્રકારે ઉપજતો. કેવું છે તે પુદ્ગલકર્મફલ કર્મ ?** प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं - **પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવું વ્યાપ્ય લક્ષણવાળું. તે પુદ્ગલ દ્રવ્યથી ક્રિયમાણ - કરાઈ રહ્યું છે. કેવા પુદ્ગલદ્રવ્યથી કેવી રીતે કરાઈ રહ્યું છે ?** स्वयमंतर्व्यापकेन भूत्वादिमध्यांतेषु व्याप्य - **સ્વયં - પોતે અંતર્ વ્યાપક - અંદરમાં વ્યાપક થઈ આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,** तं गृह्णाता तथा परिणमता तथोत्पद्यमानेत् च - **તેને - પુદ્ગલ કર્મફલને ગ્રહતા, તથાપ્રકારે પરિણમતા અને તથાપ્રકારે ઉપજતા એવા પુદ્ગલદ્રવ્યથી. આમ આવી રીતે અંતર વ્યાપક થઈ પુદ્ગલ દ્રવ્યથી કરાઈ રહેલા પુદ્ગલ**

આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે -

પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવું વ્યાપ્ય લક્ષણવાળું
સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફલ કર્મ,
પુદ્ગલ દ્રવ્યથી -
સ્વયં અંતરૂ વ્યાપક થઈ,
આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,
તેને ગ્રહતા, તથા પ્રકારે પરિણમતા
અને તથાપ્રકારે ઉપજતા એવાથી -
કરાઈ રહેલું નિશ્ચયે કરીને જાણતો છતાં,

જ્ઞાની
સ્વયં અંતરૂ વ્યાપક થઈ,
બહિઃસ્થ પરદ્રવ્ય પરિણામને
કળશને મૃત્તિકાની જેમ આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને
નથી તેને ગ્રહતો, નથી તથાપ્રકારે પરિણમતો
અને નથી તથાપ્રકારે ઉપજતો.

તેથી કરીને -
પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવું વ્યાપ્યલક્ષણવાળું
પરદ્રવ્યપરિણામ કર્મ નહિ કરતા જ્ઞાનીનો,
સુખદુઃખાદિરૂપ પુદ્ગલ કર્મફલ જાણતાં છતાં,
પુદ્ગલની સાથે કર્તા કર્મભાવ નથી. ૭૮

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''પ્રત્યેક દ્રવ્ય (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી) સ્વપરિણામી છે. નિયત અનાદિ મર્યાદાપણે વર્ત્તે છે. જે ચેતન છે તે કોઈ દિવસ અચેતન થાય નહીં; જે અચેતન છે, તે કોઈ દિવસ ચેતન થાય નહીં.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૦૧, હાથનોંધ**

''શુદ્ધ પણે પર્યાય પ્રવર્તન કાર્ય મેં રે;
કર્તાદિક પરિણામ તે આતમ ધર્મમેં રે.'' - **શ્રી દેવચંદ્રજી**


પુદ્ગલ કર્મને જાણતા, તેમજ સ્વ પરિણામને જાણતા જીવનો પુદ્ગલ સાથે કર્ત્તા-કર્મભાવ નથી એમ ઉપરમાં સિદ્ધાંત સ્થાપિત કર્યો, ત્યારે પુદ્ગલ કર્મફલને જાણતા જીવનો પુદ્ગલની સાથે શું કર્તૃ-કર્મભાવ શું હોય છે ? શું નથી હોતો ? એ તૃતીય ભંગનો અત્ર જવાબ આપ્યો છે અને **આત્મખ્યાતિકારે** તેનું સૂક્ષ્મ પર્યાલોચન કર્યું છે. તેનું સંક્ષેપે દિગ્દર્શન આ પ્રકારે -

પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું સુખદુઃખાદિરૂપ પુદ્ગલ કર્મફલ છે તે પુદ્ગલક્રિયારૂપ કર્મ છે, તે વ્યાપ્યલક્ષણવાળું છે, ને તેનો વ્યાપક કર્ત્તા પુદ્ગલ દ્રવ્ય છે, કારણકે પુદ્ગલ દ્રવ્ય સ્વયં અંતર વ્યાપક થઈ આદિ-મધ્ય-અંતમાં તેને ગ્રહે છે, તેવા પ્રકારે પરિણમે છે અને તેવા પ્રકારે ઉપજે છે. આમ સુખદુઃખાદિરૂપં પુદ્ગલકર્મફલાં પુદ્ગલ કર્મફળ રૂપ કર્મ પુદ્ગલ દ્રવ્યથી સ્વયં અંતવ્યાર્પકપણે કરાઈ રહેલું

કર્મફલ કર્મને જાણતાં છતાં, જ્ઞાની સ્વયમંતવ્યાર્પકો ભૂત્વા - **જ્ઞાની સ્વયં** - પોતે અંતર વ્યાપક થઈ, બહિઃ સ્થસ્ય પરદ્રવ્યસ્ય પરિણામં મૃત્તિકા કલશમિવાદિમધ્યંતેષુ વ્યાપ્ય - **બહિઃસ્થ** - બ્હારમાં સ્થિતિ કરતા પરદ્રવ્યના પરિણામને, કળશને મૃત્તિકાની જેમ, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને **નથી તેને ગ્રહતો, નથી તથાપ્રકારે પરિણમતો અને નથી તથાપ્રકારે ઉપજતો. કારણકે આમ છે તેથી શું ફલિત થયું ?** ततः प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य ज्ञानिनो - તેથી કરીને પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવું વ્યાપ્ય લક્ષણવાળું પરદ્રવ્ય પરિણામ કર્મ નહિ કરતા જ્ઞાનિનો, सुखदुःखादिरूपं पुद्गलकर्मफलं जानतोपि - સુખ દુઃખાદિરૂપ પુદ્ગલકર્મફલ જાણતાં છતાં, पुद्गलेन सह न कर्तृकर्मभावः - પુદ્ગલની સાથે કર્તા કર્મભાવ નથી. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥૭૮॥

'पुद्गलद्रव्येण स्वयमंतव्यार्पकेन भूत्वा क्रियमाणं - જ્ઞાની જાણે છે. છતાં માટી જેમ સ્વયં અંતર્ વ્યાપક થઈ ઘડાને આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને તેને ગ્રહે છે, તથાપ્રકારે પરિણમે છે અને તથાપ્રકારે ઉપજે છે, તેમ જ્ઞાની બહિઃસ્થ પરદ્રવ્યના પરિણામને આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, નથી તેને ગ્રહણ કરતો, નથી તથાપ્રકારે પરિણમતો અને નથી તથાપ્રકારે ઉપજતો. અર્થાત્ પુદ્ગલદ્રવ્ય અને તેના પરિણામ આત્માથી 'બહિઃસ્થ' - બહાર સ્થિતિ કરી રહેલ છે, આત્મબાહ્ય છે, તેમાં અંતઃપ્રવેશ કરી આત્મા ક્યારેય પણ - આદિમાં મધ્યમાં કે અંતમાં (from beginning to end, from start to finish) - તેમાં અંતર્વ્યાપક થતો નથી. એટલે પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એમ ત્રણે તબક્કામાં વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામરૂપ કર્મ જ્ઞાની કરતો જ નથી, પણ સુખદુઃખાદિ પુદ્ગલ કર્મફળની જાણપણાક્રિયારૂપ કર્મ તો તે કરે જ છે અને આમ પુદ્ગલ કર્મફળને જાણતાં છતાં, જ્ઞાનીનો પુદ્ગલની સાથે કર્ત્તાકર્મભાવ તો નથી જ. આ અખંડ સિદ્ધાંતરૂપ નિશ્ચય વાર્ત્તા છે.

પુદ્ગલ કર્મફળને જાણતા જીવનો પુદ્ગલ સાથે કર્ત્તા કર્મભાવ નથી



જીવપરિણામને, સ્વપરિણામને અને સ્વપરિણામ ફલને નહિ જાણતા પુદ્ગલ દ્રવ્યનો જીવની સાથે કર્ત્તા કર્મભાવ શું હોય છે ? શું નથી હોતો ? તો કે -

णवि परिणमदि ण गिह्णदि उप्पज्जदि ण परदव्वपज्जाये ।
पुग्गलदव्वं पि तहा परिणमइ सएहिं भावेहिं ॥७९॥

પરદ્રવ્ય પર્યાયે ન પરિણમે, ગ્રહે ન ઉપજે ના જ રે;
પુદ્ગલદ્રવ્ય પણ તે રીતે, પરિણમે સ્વક ભાવે જ રે... અજ્ઞાનથી કર્ત્તા. ૭૯

ગાથાર્થ - તે જ પ્રકારે પુદ્ગલ દ્રવ્ય પણ પરદ્રવ્ય પર્યાયમાં નથી પરિણમતું, નથી ગ્રહતું, નથી ઉપજતું, પણ સ્વક - પોતાના ભાવે પરિણમે છે. ૭૯

आत्मख्याति टीका

जीवपरिणामं स्वपरिणामं स्वपरिणामफलं चाजानतः पुद्गलद्रव्यस्य
सह जीवेन कर्तृकर्मभावः किं भवति किं न भवतीति चेत् -

नापि परिणमति न गृह्णात्युत्पद्यते न परद्रव्यपर्याये ।
पुद्गलद्रव्यमपि तथा परिणमति स्वकैर्भावैः ॥७९॥

यतो -
जीवपरिणामं स्वपरिणामं
स्वपरिणामफलं चाप्यजानत्
पुद्गलद्रव्यं

स्वयमंतव्यार्पकं भूत्वा	प्राप्यं विकार्यं निर्वर्त्य च व्याप्यलक्षणं **स्वभावं कर्म**
परद्रव्यस्य परिणामं मृत्तिका कलशमिवा-	**स्वयमंतव्यार्पकं भूत्वा -**
दि मध्यांतेषु व्याप्य	**दिमध्यांतेषु व्याप्य**
न तं गृह्णाति न तथा **परिणमति**	**तमेव गृह्णाति तथैव परिणमति**
न तथो**त्पद्यते च** । किंतु	तथैवोत्पद्यते च ।

ततः प्राप्यं विकार्यं निर्वर्त्य च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य जीवपरिणामं स्वपरिणामं स्वपरिणामफलं चाजानतः **पुद्गलद्रव्यस्य जीवेन सह न कर्तृकर्मभावः** ॥७९॥

आत्मभावना -

जीवपरिणामं स्वपरिणामं स्वपरिणामफलं चा जानतः पुद्गलद्रव्यस्य - **જીવ પરિણામને સ્વપરિણામને અને સ્વ પરિણામના ફલને નહિ જાણતા પુદ્ગલ દ્રવ્યનો,** सह जीवेन - **શું હોય છે ? શું નથી હોતો ? પૂછો તો** - पुद्गलद्रव्यमपि - **પુદ્ગલ દ્રવ્ય પણ પરદ્રવ્ય પર્યાયે** परद्रव्य पर्यायमां नावि परिणमति न गृह्णाति न उत्पद्यते - **નથી પરિણમતો, નથી ગ્રહતો, નથી ઉપજતો,** तथा स्वकैः भावैः परिणमति - **तथा સ્વક - પોતાના ભાવોથી - પરિણામોથી પરિણમે છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥

यतो - **કારણકે** - जीवपरिणामं स्वपरिणामं स्वपरिणामफलं चाप्यजानन् - **જીવપરિણામને સ્વપરિણામને અને સ્વપરિણામ ફલને પણ નહિ જાણતું એવું** पुद्गलद्रव्यं - **પુદ્ગલ દ્રવ્ય** स्वयमंतव्यार्पकं भूत्वा - **स्वयं - પોતે અંતર વ્યાપક થઈને,** परद्रव्यस्य परिणामं मृत्तिका कलशामवादिमध्यांतेषु व्याप्य - **પરદ્રવ્યના પરિણામને - કળશને મૃત્તિકાની જેમ - આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,** न तं गृह्णति न तथा परिणमति न तथोत्पद्यते - **નથી તેને ગૃહતું, નથી તથાપ્રકારે**

આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે
જીવ પરિણામને, સ્વપરિણામને
અને સ્વપરિણામફલને નહિ જાણતું એવું

પુદ્ગલદ્રવ્ય	પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવા વ્યાપ્ય લક્ષણ
સ્વયં અંતરૂ વ્યાપક થઈ	**સ્વભાવ કર્મને**
પરદ્રવ્યના પરિણામને ફલશને મૃત્તિકાની જેમ -	સ્વયં અંતરૂ વ્યાપક થઈ,
આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,	આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,
નથી તેને ગ્રહતું, નથી તથાપ્રકારે પરિણમતું	તેને જ ગ્રહે છે, તથાપ્રકારે જ **પરિણમે છે**
અને **નથી** તથાપ્રકારે ઉપજતું, પરંતુ	અને તથાપ્રકારે જ ઉપજે છે.

તેથી કરીને - પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવું વ્યાપ્ય લક્ષણવાળું પરદ્રવ્ય પરિણામ કર્મ નહિ કરતા, (અને) જીવ પરિણામને સ્વપરિણામને અને સ્વપરિણામફલને નહિ જાણતા, એવા પુદ્ગલ દ્રવ્યનો જીવની સાથે કર્ત્તા કર્મભાવ નથી. ૭૯

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''શ્રી જિનનો એવો અભિપ્રાય છે કે પ્રત્યેક દ્રવ્ય અનંત પર્યાયવાળું છે - જીવને અનંતા પર્યાય છે. પરમાણુને પણ અનંતા પર્યાય છે. જીવ ચેતન હોવાથી તેના પર્યાય પણ ચેતન છે અને પરમાણુ અચેતન હોવાથી તેના પર્યાય પણ અચેતન છે. જીવના પર્યાય અચેતન નથી અને પરમાણુના પર્યાય સચેતન નથી, એવો શ્રી જિને નિશ્ચય કર્યો છે અને તેમજ યોગ્ય છે, કેમકે પ્રત્યક્ષ પદાર્થનું સ્વરૂપ પણ વિચારતા તેવું ભાસે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૮૮**

''અહો શ્રી સુમતિ જિન ! શુદ્ધતા તાહરી સ્વગુણપર્યાય રામી.'' - **શ્રી દેવચંદ્રજી**

પુદ્ગલકર્મને, સ્વપરિણામને અને પુદ્ગલ કર્મફલને જાણતા જીવનો પુદ્ગલ સાથે કર્ત્તા કર્મભાવ નથી એમ ઉપરમાં ત્રિભંગીથી સિદ્ધાંત નિશ્ચિત કર્યો. ત્યારે જીવ પરિણામને, સ્વપરિણામને અને સ્વપરિણામફલને નહિ જાણતા એવા પુદ્ગલદ્રવ્યનો જીવની સાથે કર્તૃકર્મભાવ શું હોય છે ? શું નથી હોતો ? એ ચતુર્થ ભંગનો અત્ર પણ ગમિક સૂત્રનિબદ્ધ ગાથામાં ઉત્તર આપ્યો છે અને તેનું ઊંડુ તત્ત્વજ્ઞાન **આત્મખ્યાતિકર્ત્તા પરમર્ષિએ** પરિસ્ફુટપણે પ્રકાશ્યું છે : પુદ્ગલદ્રવ્ય પરદ્રવ્યના પરિણામને નથી ગ્રહતું, નથી પરિણમતું, નથી ઉપજતું. કેવું છે પુદ્ગલદ્રવ્ય ? જીવ પરિણામને, સ્વપરિણામને અને સ્વપરિણામફલને ન જાણતું એવું, કેવી રીતે નથી ગ્રહતું ઈ. ? સ્વયં-પોતે અંતરૂવ્યાપક થઈ મૃત્તિકા જેમ કળશને આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, स्वयमंतव्यार्पकं भूत्वादिमध्यांतेषु व्याप्य, અર્થાત્ મૃત્તિકા જેમ કળશને આદિ-મધ્ય-અંતમાં વ્યાપે છે તેમ આ પુદ્ગલદ્રવ્ય પરદ્રવ્યના પરિણામને

જીવ પરિણામ આદિને નહિ જાણતા પુદ્ગલદ્રવ્યનો જીવ સાથે કર્તૃકર્મભાવ નથી

પરિણમતું, નથી તથાપ્રકારે ઉપજતું, किं तु - પરંતુ प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं - પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવું વ્યાપ્ય લક્ષણવાળા स्वभावं कर्म - સ્વભાવ કર્મને स्वयमंतव्यार्पकं भूत्वा - સ્વયં અંતર વ્યાપક થઈ, आदिमध्यांतेषु व्याप्य - આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, तमेव गृह्णाति तथैव परिणमति तथैवोत्पद्यते च - તેને જ ગ્રહે છે, તથાપ્રકારે જ પરિણમે છે અને તથાપ્રકારે જ ઉપજે છે. ततः - તેથી કરીને प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य - પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવા વ્યાપ્ય લક્ષણવાળા પરદ્રવ્ય પરિણામ કર્મને નહિ કરતા, (અને) जीवपरिणामं स्वपरिणामं स्वपरिणामफलं चाजानतः - જીવપરિણામને સ્વપરિણામને અને સ્વપરિણામફલને નહિ જાણતા એવા पुद्गलद्रव्यस्य - પુદ્ગલદ્રવ્યનો जीवेन सह न कर्तृकर्मभावः - જીવની સાથે કર્તાકર્મભાવ નથી. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥७९॥

આદિ-મધ્ય-અંતમાં વ્યાપતું નથી. ત્યારે પુદ્‌ગલદ્રવ્ય શું ગ્રહે છે ઈ. ? સ્વભાવ કર્મને ગ્રહે છે ઈ. કેવું છે સ્વભાવ કર્મ ? પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવું વ્યાપ્ય લક્ષણવાળું - प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं स्वभावं कर्म - તેને પુદ્‌ગલ દ્રવ્ય કેવા પ્રકારે ગ્રહે છે ઈ. ? સ્વયં અંતરવ્યાપક થઈ આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને. આ ઉપરથી શું ફલિત થાય છે ? પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય વ્યાપ્યલક્ષણવાળા પરદ્રવ્યપરિણામ કર્મને નહિ કરતા, તથા જીવપરિણામને સ્વપરિણામને અને સ્વપરિણામફલને નહિ જાણતા એવા પુદ્‌ગલદ્રવ્યનો જીવની સાથે કર્તાકર્મભાવ નથી, 'पुद्‌गलद्रव्यस्य जीवेन सह न कर्तृकर्मभावः' ।


અર્થાત્ પુદ્‌ગલદ્રવ્ય જડ-અચેતન છે, એટલે જીવપરિણામને, સ્વપરિણામને અને સ્વપરિણામફલને તે જાણતું નથી. આવું પુદ્‌ગલ દ્રવ્ય સ્વયં અંતરૂવ્યાપક થઈ, કલશને મૃત્તિકાની જેમ, પરદ્રવ્યના પરિણામને આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, નથી તેને ગ્રહણ કરતું, નથી તેવા પ્રકારે પરિણમતું અને નથી તેવા પ્રકારે ઉપજતું. પરંતુ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવા વ્યાપ્યલક્ષણવાળા પોતાના પુદ્‌ગલ-પરિણામરૂપ સ્વભાવ કર્મને સ્વયં અંતરૂ વ્યાપક થઈ આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને (સ્વભાવને જ) ગ્રહણ કરે છે, તેવા પ્રકારે જ પરિણમે છે અને તેવા પ્રકારે જ ઉપજે છે.

તેથી કરીને પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવું વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામ કર્મ પુદ્‌ગલદ્રવ્ય કરતું જ નથી, એટલે જીવપરિણામને, સ્વપરિણામને અને સ્વપરિણામફલને નહિ જાણતા પુદ્‌ગલ દ્રવ્યનો જીવની સાથે કર્તાકર્મભાવ નથી, એ સિદ્ધાંત છે.

તાત્પર્ય - પુદ્‌ગલ દ્રવ્ય જડ છે, જ્ઞાનરહિત, અચેતન છે અને આત્મદ્રવ્ય જ્ઞાનમય ચેતન છે. એટલે જડ અચેતન એવું પુદ્‌ગલદ્રવ્ય ચેતન પરિણામને ગ્રહતું નથી, ચેતન પરિણામે પરિણમતું નથી અને ચેતન પરિણામે ઉપજતું નથી, પણ આદિથી તે અંત સુધી તે સ્વભાવ કર્મને જ કરે છે, અર્થાત્ સ્વભાવને જ - પુદ્‌ગલભાવને જ (પુદ્‌ગલ પરિણામને જ) ગ્રહે છે, પુદ્‌ગલ ભાવે જ પરિણમે છે અને પુદ્‌ગલ ભાવે જ ઉપજે છે.

આમ જડ જડભાવે જ પરિણમે છે ને ચેતન ચેતનભાવે જ પરિણમે છે, કોઈ પોતપોતાનો સ્વભાવ છોડી પલટતું નથી, અર્થાત્ જડ ચેતન બનતું નથી ને ચેતન જડ બનતું નથી. જડ તે ત્રણે કાળમાં જડ જ રહે છે અને ચેતન તે ત્રણે કાળમાં ચેતન જ રહે છે, આમ પ્રત્યક્ષ અનુભવ સર્વને થાય છે, એમાં સંદેહ શો ? આ ત્રણે કાળમાં ન ફરે એવો નિશ્ચલ નિશ્ચય સિદ્ધાંત છે. આ પરમ તત્ત્વવાર્ત્તા પરમતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીએ અનન્ય તત્વમંથનના ફલપરિપાકરૂપ પોતાની ટંકોત્કીર્ણ પરમ અદ્‌ભુત અનુભવામૃત વાણીમાં સહજ સ્વયંભૂ ઉદ્‌ગારરૂપે અપૂર્વ આત્મવિનિશ્ચયથી પ્રદર્શિત કરી છે -

''જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહિ, છોડી આપ સ્વભાવ.
જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે, સંશય એમાં કેમ ?'' - **પરમ તત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી, અંક (૨૨૬), ૨૬૬***



* જુઓ : અનન્ય પરમાર્થભક્તિથી શ્રી મનઃસુખભાઈ કિરતૂચંદ્રે સંશોધિત કરેલી 'શ્રીમદ્ રાજચંદ્ર' આવૃત્તિ (અં. ૨૨૬), પછીની આવૃત્તિમાં અંક-૨૬૬ છે. એમ સર્વત્ર સમજવું.

વિજ્ઞાનાર્ચિષ્ ન પ્રકાશે ત્યાંલગી જ કર્તાકર્મ ભ્રમમતિ છે એવો ભાવનો **સમયસાર કળશ (૫૦)** લલકારે છે -

સ્રગ્ધરા

ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलश्चाप्यजानत्,
व्याप्तृव्याप्यत्वमंतः कलयितुमसहो नित्यमत्यंतभेदात् ।
अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न यावत्,
विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः ॥५०॥

જ્ઞાની જાણંત તોયે સ્વપર પરિણતિ પુદ્ગલો જાણતો ના,
વ્યાપ્ય-વ્યાપ્યત્વ અંતર - નિત અતિ ભિદ્થી - વેદવા શક્ત છે તો ના;
અજ્ઞાને કર્તૃકર્મ ભ્રમમતિ દ્વયની ત્યાંલગી જ્યાંલગી ના,
વિજ્ઞાનાર્ચિષ્ પ્રકાશે ઝટ કરવત શું ભેદ નિર્દય કરી આ. ૫૦

અમૃત ૫૬-૫૦

વિજ્ઞાન જ્વાલા જ્વલંત આ પ્રકાશતી... વિજ્ઞાન જ્વાલા. ૧
જ્ઞાની સ્વપર પરિણતિ જાણતો, પુદ્ગલ કંઈ પણ તે જ ન જાણતો,
અંતર વ્યાપ્ય વ્યાપ્યત્વ ન વેદતો, દ્વયનો નિત્ય અત્યંત છે ભેદતો... વિજ્ઞાન. ૨
કર્તા આત્મા પુદ્ગલ કર્મ એ અતિ, દ્વયની કર્તા કર્મ ભ્રમની મતિ,
ત્યાંલગી અજ્ઞાનથી ભાસતી, વિજ્ઞાન જ્વાલા જ્યાંલગી ન પ્રકાશતી... વિજ્ઞાન. ૩
ભેદ અદય કરવત શું ઝટ ઉપજાવતી, - ભગવાન **અમૃત જ્યોતિ** ઉલ્લાસતી... વિજ્ઞાન. ૪

અર્થ - જ્ઞાની આ સ્વપર પરિણતિને જાણતો છતાં અને પુદ્ગલ નહિ જાણતો છતાં, અત્યંત ભેદને લીધે, અંતર વ્યાપ્ય-વ્યાપકપણાને પામવા નિત્ય અસહ-અસમર્થ છે, અજ્ઞાનને લીધે આ બેના કર્તા-કર્મની ભ્રમમતિ ત્યાં લગી ભાસે છે, કે જ્યાં લગી કરવતની જેમ સદ્ય અદય ભેદ ઉપજાવીને વિજ્ઞાન-તેજ પ્રકાશ પ્રકાશતો નથી.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


''કર્મ એ જડ વસ્તુ છે. જે જે આત્માને એ જડથી જેટલો જેટલો આત્મબુદ્ધિએ સમાગમ છે, તેટલી તેટલી જડતાની એટલે અબોધતાની તે આત્માને પ્રાપ્તિ હોય, એમ અનુભવ થાય છે. આશ્ચર્યતા છે કે પોતે જડ છતાં ચેતનને અચેતન મનાવી રહ્યાં છે ! ચેતન ચેતનભાવ ભૂલી જઈ તેને સ્વ સ્વરૂપ જ માને છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૩, ૫૫**

''શુદ્ધ સ્વપ્રદેશતા, તત્ત્વચૈતન્યતા વ્યાપ્ય વ્યાપક તથા ગ્રાહ્ય ગ્રાહક ગતા.'' - **શ્રી દેવચંદ્રજી**

વિજ્ઞાનાર્ચિષ્ પ્રકાશે કર્તૃ-કર્મ ભ્રમમતિ નાશે : ભેદજ્ઞાનની કરવત

ઉપરની ચાર ગાથાઓમાં જે કર્તાકર્મ સિદ્ધાંતનું પરમ નિશ્ચયરૂપ ઊંડું અપૂર્વ તત્ત્વ વિજ્ઞાન વિવરી દેખાડ્યું, તેનો સંક્ષેપમાં સારસમુચ્ચયરૂપ ઉપસંહાર કરતો આ કળશ **પરમાર્થ મહાકવિ અમૃતચંદ્રજીએ** લલકાર્યો છે, જ્ઞાની - જ્ઞાનવાન્ જીવ છે તે પોતાની પરિણતિને અને પરની પરિણતિને જાણે છે અને પુદ્ગલ પોતાની પરિણતિને કે પરની પરિણતિને નથી જાણતો. એટલે 'ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलश्चाप्यजानन्' - જ્ઞાની આ સ્વપર પરિણતિને જાણતો છતાં અને પુદ્ગલ પણ નહિ જાણતો, **અંતર્ વ્યાપ્યવ્યાપ્યપણું** કળવાને અસહ - અસમર્થ - અક્ષમ છે, 'વ્યાપ્ત-

व्याप्यत्वमंतः कलयितुमसहौ', અંતર વ્યાપ્ય-વ્યાપક ભાવ કળવાને અસહ-ન સહી-ખમી શકે એવો અસહ-અક્ષમ છે. શાથી ? નિત્ય-સદાય અત્યંત - સર્વથા ભેદથી, - नित्यमत्यंतभेदात्, ચેતન જીવનો અને અચેતન જડ પુદ્ગલનો સદાય અત્યંત ભેદ-ભિન્નપણું-જૂદાપણું છે તેથી. તો પછી આ કર્ત્તાકર્મપણું ભાસે છે તેનું શું ? તો કે अज्ञानात् - અજ્ઞાનને લીધે આ બેની - જીવ-પુદ્ગલની कर्तृकर्म भ्रममति ભાસે છે - कर्तृकर्मभ्रममतिरनयोर्भाति, જીવ કર્ત્તા અને પુદ્ગલ કર્મ તેનું કર્મ એવી ભ્રમબુદ્ધિ - ભ્રાંતિરૂપ બુદ્ધિ ભાસે છે - જણાય છે. ક્યાંલગી તેવી ભ્રમમતિ ભાસે છે ? ત્યાંલગી કે જ્યાંલગી विज्ञानार्चिष् - વિજ્ઞાન જ્વાલા પ્રકાશતી નથી, तावन्न यावत् विज्ञानार्चिष्यकास्ति. કેવો विज्ञानार्चिष् શું કરીને ? કરવતની જેમ અદયપણે - દયારહિતપણે (ક્રૂરપણે !) સદ્ય - તત્ક્ષણ - શીઘ્ર ભેદ ઉપજાવીને - क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः, અર્થાત્ કરવત જેમ નિર્દયપણે લાકડાની બે ફાડ કરે છે, તેમ આ ભેદ **જ્ઞાનની કરવત** નિર્દયપણે શીઘ્ર જડ-ચેતનનો સ્પષ્ટ ભેદ ઉપજાવવારૂપ બે ફાડ કરે છે, એટલે આ **વિજ્ઞાનાર્ચિષ્** - વિજ્ઞાન અગ્નિની જ્વાલા ઉગ્રપણે પ્રકાશે છે.



જીવ પરિણામ અને પુદ્ગલ પરિણામનું અન્યોન્ય નિમિત્ત માત્રપણું છે, તથાપિ તે બેનો કર્તા-કર્મ ભાવ નથી, એમ કહે છે -

जीवपरिणामहेदुं कम्मत्तं पुग्गला परिणमंति ।
पुग्गलकम्मणिमित्तं तहेव जीवोवि परिणमइ ॥८०॥
णवि कुव्वइ कम्मगुणे जीवो कम्मं तहेव जीवगुणे ।
अण्णोण्णणिमित्तेण दु परिणामं जाण दोह्णंपि ॥८१॥
एएण कारणेण दु कत्ता आदा सएण भावेण ।
पुग्गलकम्मकयाणं ण दु कत्ता सव्वभावाणं ॥८२॥ (त्रिकलं)

પુદ્ગલો કર્મપણું પરિણમે, જીવ પરિણામ નિમિત્ત રે;
જીવ પણ તેમજ પરિણમે, પુદ્ગલ કર્મ નિમિત્ત રે... અજ્ઞાનથી. ૮૦
જીવ ન જ કર્મગુણો કરે, કર્મ ન જ જીવગુણ તેમ રે;
અન્યોન્ય નિમિત્તે બેયનો, જાણ ! પરિણામ જ એમ રે... અજ્ઞાનથી. ૮૧
એ કારણે કર્તા આતમા, સ્વક ભાવે કરી હોય રે;
પણ પુદ્ગલ કર્મકૃત ભાવનો, સર્વનો કર્તા નો'ય રે... અજ્ઞાનથી. ૮૨

ગાથાર્થ - જીવ પરિણામના હેતુએ પુદ્ગલો કર્મપણું પરિણમે છે, તેમજ પુદ્ગલ કર્મના નિમિત્તે જીવ પણ પરિણમે છે. ૮૦

નથી જીવ કર્મગુણો કરતો, તેમજ નથી કર્મ જીવગુણો કરતું, પણ અન્યોન્ય નિમિત્તથી જ બન્નેનો પરિણામ જાણ ! ૮૧

એ કારણથી જ આત્મા સ્વક-પોતાના ભાવે કરીને કર્તા છે, પણ પુદ્ગલકર્મકૃત સર્વભાવોનો કર્તા નથી. ૮૨

आत्मभावना -

जीवपुद्गलपरिणामयोरन्योन्यनिमित्रमात्रत्वमस्ति - જીવ પરિણામ અને પુદ્ગલ પરિણામ એ બેનું અન્યોન્ય - એકબીજા સાથે નિમિત્તમાત્રપણું છે - तथापि न तयोः कर्तृकर्मभावः इत्याह - તથાપિ તે બેનો કર્તાકર્મભાવ નથી એમ કહે છે - जीवपरिणामहेतुः - જીવ પરિણામ હેતુએ - निमित्ते पुद्गलाः कर्मत्वं परिणमंति - પુદ્ગલકર્મનિમિત્તં - પુદ્ગલ - કર્મ નિમિત્તે जीवोपि परिणमति - જીવ પણ પરિણમે છે. ॥૮૦॥ कर्मगुणान् - जीवः - જીવ કર્મ ગુણોને नापि करोति - નથી જ કરતો, तथैव - તેમજ जीवगुणान् - જીવ ગુણોને कर्म - કર્મ (નથી જ કરતું), अन्योन्यनिमित्तेन तु - પણ અન્યોન્ય - પરસ્પર નિમિત્તથી જ द्वयोरपि परिणामं जानीहि - બન્નેયનો પરિણામ જાણ ! ॥૮૧॥ एतेन कारणेन तु - અને આજ કારણથી નિશ્ચયે કરીને આત્મા - આત્મા स्वकेन भावेन - સ્વક-પોતાના ભાવે કરી कर्ता - કર્તા છે, न तु पुद्गलकर्मकृतानां सर्वभावानां कर्त्ता - પણ પુદ્ગલ કર્મકૃત - પુદ્ગલ કર્મથી કરાયેલા સર્વભાવોનો કર્ત્તા તો નથી જ. ॥૮૨॥ इति **गाथा** आत्मभावना ॥૮૦-૮૨॥

यतो - કારણકે - जीवपरिणामं निमित्तीकृत्य पुद्गलाः कर्मत्वेन परिणमंति - જીવ પરિણામને નિમિત્ત કરી પુદ્ગલો કર્મપણે પરિણમે છે, पुद्गलकर्म निमित्तीकृत्य जीवोपि परिणमति - પુદ્ગલકર્મને નિમિત્ત કરી જીવ પણ પરિણમે છે, इति जीवपुद्गलपरिणामयोरितरेतरहेतुत्वोपन्यासेपि - એમ જીવ પરિણામ અને પુદ્ગલ પરિણામના ઈતરેતર-અન્યોન્ય-એક બીજાના હેતુપણાનો - કારણપણાનો ઉપન્યાસ - રજૂઆત છતાં, जीवपुद्गलयोः परस्परं व्याप्यव्यापकभावाभावात् - જીવ અને પુદ્ગલના પરસ્પર - એકબીજા સાથે વ્યાપ્ય-વ્યાપક ભાવના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે, जीवस्य पुद्गलपरिणामानां पुद्गलकर्मणोपि जीवपरिणामानां कर्तृकर्मत्वासिद्धौ - જીવને પુદ્ગલ પરિણામોના (અને) પુદ્ગલ કર્મને પણ જીવ પરિણામોના કર્તાકર્મપણાની અસિદ્ધિ સતે, निमित्तनैमित्तिकभावमात्रस्याप्रतिषिद्धत्वात् - નિમિત્ત - નૈમિત્તિક ભાવમાત્રના અપ્રતિષિદ્ધપણાને - અનિષિદ્ધપણાને લીધે, इतरेतरनिमित्तमात्रीभवनेनैव - ઈતરેતર - અન્યોન્ય -

आत्मख्याति टीका

जीवपुद्गलपरिणामयोरन्योन्यनिमित्तमात्रत्वमस्ति तथापि न तयोः कर्तृकर्मभाव इत्याह -

जीवपरिणामहेतुं कर्मत्वं पुद्गलाः परिणमंति ।
पुद्गलकर्मनिमित्तं तथैव जीवोपि परिणमति ॥८०॥
नापि करोति कर्मगुणान् जीवः कर्म तथैव जीवगुणान् ।
अन्योन्यनिमित्तेन तु परिणामं जानीहि द्वयोरपि ॥८१॥
एतेन कारणेन तु कर्त्ता आत्मा स्वकेन भावेन ।
पुद्गलकर्मकृतानां न तु कर्त्ता सर्वभावानां ॥८२॥

यतो **जीवपरिणामं निमित्तीकृत्य पुद्गलाः कर्मत्वेन परिणमंति पुद्गलकर्म निमित्तीकृत्य जीवोपि परिणमतीति** जीवपुद्गलपरिणामयोरितरेतरहेतुत्वोपन्यासेपि जीवपुद्गलयोः परस्परं व्याप्यव्यापकभावाभावा - **ज्ञीवस्य पुद्गलपरिणामानां पुद्गलकर्मणोपि जीवपरिणामानां कर्तृकर्मत्वासिद्धौ** निमित्त नैमित्तिकभावमात्रस्याप्रतिषिद्धत्वा**दितरेतरेतरनिमित्तमात्रीभवनेनैव द्वयोरपि परिणामः । ततः करणात् -**

मृत्तिकया कलशस्येव
स्वेन भावेन स्वस्य भावस्य करणा-
ज्ञीवः स्वभावस्य कर्त्ता कदाचित्स्यात् ।

मृत्तिकया वसनस्येव
स्वेन भावेन परभावस्य कर्तुमशक्यत्वात्
पुद्गलभावानां तु कर्ता न कदाचिदपि स्यादिति निश्चयः ॥८०॥८१॥८२॥

आत्मख्याति टीकार्थ

કારણકે - **જીવ પરિણામને નિમિત્ત કરી પુદ્ગલો કર્મપણે પરિણમે છે, પુદ્ગલકર્મને નિમિત્ત કરી જીવ પણ પરિણમે છે,** એમ જીવ પરિણામ ને પુદ્ગલ પરિણામના ઈતરેતર હેતુપણાનો ઉપન્યાસ છતાં - જીવ-પુદ્ગલના પરસ્પર વ્યાપ્ય-વ્યાપક ભાવના અભાવને લીધે, **જીવને પુદ્ગલ પરિણામોના (અને) પુદ્ગલ કર્મને પણ જીવ પરિણામોના કર્તા-કર્મપણાની અસિદ્ધિ સતે -**

નિમિત્ત-નૈમિત્તિક ભાવમાત્રના અપ્રતિષિદ્ધપણાને લીધે, **ઈતરેતર (અન્યોન્ય) નિમિત્તમાત્રી ભવનથી જ બન્નેયનો પરિણામ છે,**

તે કારણથી -
મૃત્તિકાથી કલશની જેમ
સ્વભાવ વડે કરીને સ્વભાવના કારણને લીધે
જીવ સ્વભાવનો કર્તા કદાચિત્ હોય;

પણ મૃત્તિકાથી વસ્ત્રની જેમ
સ્વભાવ વડે કરીને પરભાવ કરવાના અશક્યપણાને લીધે
પુદ્ગલ ભાવોનો કર્તા તો કદાચિત્ પણ **ન** હોય, એમ નિશ્ચય છે. ૮૦, ૮૧, ૮૨

એકબીજાના નિમિત્ત માત્રરૂપ ભવન થકી જ - હોવાપણા થકી જ द्वयोरपि परिणामः - બન્નેયનો પરિણામ છે. કારણકે આમ છે, તેથી શું ? ततः कारणात् - તે કારણથી - मृत्तिकया कलशस्येव - મૃત્તિકાથી કલશની જેમ, માટીથી ઘડાની જેમ, स्वेन भावेन - સ્વ-પોતાના ભાવ વડે કરી स्वस्य भावस्य करणात् - સ્વના-પોતાના ભાવના કરણને - કરવાને લીધે जीवः - જીવ स्वभावस्य कर्त्ता - સ્વભાવનો કર્તા कदाचित् स्यात् - કદાચિત્ હોય, પરંતુ मृत्तिकया वसनस्येव - મૃત્તિકાથી વસન - વસ્ત્રની જેમ, માટીથી કપડાંની જેમ, स्वेन भावेन - સ્વ-પોતાના ભાવ વડે કરી परभावस्य कर्तुमशक्यत्वात् - પરભાવના કરવાના અશક્યપણાને લીધે पुद्गलभावानां तु कर्ता - પુદ્ગલ ભાવોનો કર્તા તો न कदाचिदपि स्याद् - કદાચિત્ પણ ન હોય, इति निश्चयः - એમ નિશ્ચય છે.

॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥८०॥८१॥८२॥

'अमृत ज्योति' महाभाष्य

'' 'विभाव' એટલે 'વિરુદ્ધ ભાવ' નહીં, પરંતુ 'વિશેષ ભાવ'. આત્મા આત્મારૂપે પરિણમે તે 'ભાવ' છે અથવા 'સ્વભાવ' છે. જ્યારે આત્મા તથા જડનો સંયોગ થવાથી આત્મા સ્વભાવ કરતાં આગળ જઈ 'વિશેષ ભાવે' પરિણમે તે 'વિભાવ' છે. આજ રીતે જડને માટે પણ સમજવું.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, વ્યાખ્યાનસાર**

''ઉપાદાન ઉપાદાન પરિણતિ વસ્તુની રે,
પણ કારણ નિમિત્ત આધીન.'' - **શ્રી દેવચંદ્રજી**

જીવ પરિણામ પુદ્ગલ પરિણામનું પરસ્પર નિમિત્તમાત્રપણું, પણ કર્તાકર્મભાવ નહિ

જીવ પરિણામનું અને પુદ્ગલ પરિણામનું એકબીજા સાથે નિમિત્તમાત્રપણું છે, તો પણ તે બેનો કર્ત્તા કર્મભાવ નથી એમ અત્રે ત્રણ ગાથામાં પ્રતિપાદન કર્યું છે અને સૂત્રાત્મક શૈલીથી અપૂર્વ તત્ત્વકલાથી નિબદ્ધ આત્મખ્યાતિમાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** તેનું તલસ્પર્શી મીમાંસન કર્યું છે, જીવ પરિણામના અને પુદ્ગલ પરિણામના ઈતરેતર હેતુપણાનો - અન્યોન્ય નિમિત્તપણાનો ઉપન્યાસ - રજૂઆત છે, 'जीवपुद्गलपरिणामयोरितरेतरहेतुत्वोपन्यासेपि' - કેવા પ્રકારે ? જીવ - પરિણામને નિમિત્ત કરી પુદ્ગલો કર્મપણે પરિણમે છે, પુદ્ગલકર્મને નિમિત્ત કરી જીવ પણ પરિણમે છે, એવા પ્રકારે અન્યોન્ય નિમિત્તનો ઉપન્યાસ છતાં, જીવને પુદ્ગલ પરિણામોના અને પુદ્ગલકર્મને પણ જીવપરિણામોના કર્ત્તા-કર્મપણાની અસિદ્ધિ છે. શાને લીધે ? જીવના અને પુદ્ગલના **પરસ્પર-એક બીજા સાથે વ્યાપ્ય-વ્યાપક ભાવના અભાવને લીધે** - 'जीवपुद्गलयोः परस्परं व्याप्यव्यापकभावाभावात्' । - આમ ભલે જીવ-પુદ્ગલના કર્ત્તા-કર્મપણાની અસિદ્ધિ છે, છતાં નિમિત્ત-નૈમિત્તિક ભાવ માત્રનું તો અપ્રતિષિદ્ધપણું - અનિષિદ્ધપણું છે. તેને લીધે ઈતરેતર-એક બીજા સાથે નિમિત્તમાત્રી ભવનથી જ બન્નેયનો પરિણામ છે. આ ઉપરથી શું ફલિત થાય છે ? તે કારણથી 'स्व भाव' - પોતાના ભાવ વડે કરીને 'स्व भावना' - પોતાના ભાવના કરણને લીધે - કરવાપણાને લીધે જીવ સ્વભાવનો કર્ત્તા કદાચિત્ હોય, जीवः स्वभावस्य कर्त्ता कदाचित् स्यात्, કોની જેમ ? મૃત્તિકા વડે કલશની જેમ - मृत्तिकया कलशस्येव, પણ પુદ્ગલભાવોનો કર્ત્તા તો કદાચિત્ પણ - કદી પણ ન હોય. શાને લીધે ? સ્વભાવ વડે કરીને પરભાવના કરવાના અશક્યપણાને લીધે. કોની જેમ ? મૃત્તિકા વડે વસ્ત્રની જેમ, मृत्तिकया वसनस्येव-, માટીથી જેમ કપડું કરાય નહિ તેમ. હવે આ વ્યાખ્યાનો વિશેષ વિચાર કરીએ.

''કર્મ કે નિમિત્ત કહે આતમા કે પરિણામ, આત્મ પરિણામ કો નિમિત્ત પૂર્વ કર્મ હૈ,
યાતે દુદુભાવની કો હેતુ હેતુમંત ભાવ, લગી રહ્યો પર ભાવ મેરો એ તો ભર્મ હૈ,
જૈસે લોહ ભ્રમ કો નિમિત્ત કહ્યો ચમક કો, ચમક કી શક્તિ કો નિમિત્ત લોહ કર્મ હૈ,
ઐસે જીવ કર્મ કો સંયોગ લગી રહ્યો તો ભી, નિહચે વિચારે ભિન્ન કર્મ જીવ ધર્મ હૈ.''

- શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૩૧

જીવ પરિણામનું નિમિત્ત પામીને પુદ્ગલો કર્મપણે પરિણમે છે અને પુદ્ગલકર્મનું નિમિત્ત પામીને જીવ પણ પરિણમે છે - એમ જીવ પરિણામ ને પુદ્ગલ પરિણામનું ઈતરેતર હેતુપણું અર્થાત્ **પરસ્પર** એક બીજાનું **નિમિત્તકારણપણું છે** એવો ઉપદેશરૂપ ઉપન્યાસ કરાય છે.

આમ છતાં જીવ અને પુદ્ગલ બન્ને સર્વથા ભિન્ન દ્રવ્ય હોઈ, તે બન્નેના **પરસ્પર** - એકબીજા સાથે **વ્યાપ્ય-વ્યાપક ભાવનો અભાવ છે**, અર્થાત્ જીવ પુદ્ગલમાં વ્યાપતો નથી ને પુદ્ગલ જીવમાં વ્યાપતો નથી, અથવા તો જીવ પુદ્ગલથી વ્યાપાતો નથી ને પુદ્ગલ જીવથી વ્યાપાતો નથી, એક દ્રવ્ય બીજા દ્રવ્યની અંદર ઘૂસી જવારૂપ અંતઃપ્રવેશ કરતું નથી, પણ પોત પોતાના દ્રવ્યની મર્યાદામાં જ - સમયમાં

જ રહે છે, એટલે આમ જીવ ને પુદ્ગલને એક બીજા સાથે વ્યાપ્યવ્યાપક ભાવનો અભાવ હોવાથી, જીવને પુદ્ગલપરિણામોનો કર્તા-કર્મપણાની અસિદ્ધિ છે, તેમજ પુદ્ગલકર્મને પણ જીવપરિણામોના કર્તા-કર્મપણાની અસિદ્ધિ છે - 'जीवस्य पुद्गलपरिणामानां पुद्गलकर्मणोपि जीवपरिणामानां कर्तृकर्मत्वासिद्धौ । - અર્થાત્ જીવ કર્તા ને પુદ્ગલપરિણામ તેનું કર્મ એમ કર્તા-કર્મપણું સિદ્ધ થતું નથી, તેમજ પુદ્ગલ કર્તા ને જીવપરિણામ તેનું કર્મ એમ કર્તાકર્મપણું સિદ્ધ થતું નથી. એટલે કે જીવ પુદ્ગલપરિણામરૂપ કર્મનો કર્તા થતો નથી અને પુદ્ગલકર્મ જીવપરિણામ રૂપ કર્મનો કર્તા થતું નથી.

જીવ-પુદ્ગલનો પરસ્પર વ્યાપ્ય-વ્યાપક ભાવ અભાવઃ કર્તા કર્મ ભાવ અભાવ

આમ છે છતાં અત્રે નિમિત્ત-નૈમિત્તિક ભાવ માત્રનો તો નિષેધ છે જ નહિ, અપ્રતિષિદ્ધપણું જ - અનિષિદ્ધપણું જ છે - 'निमित्तनैमित्तिकभावमात्रस्याप्रतिषिद्धत्वात्' - એટલે પરસ્પર નિમિત્ત માત્રી ભવનથી જ - 'इतरेतरनिमित्तमात्रीभवनेनैव', એક બીજા સાથે નિમિત્ત માત્રરૂપ થવાપણાએ કરીને જ બન્નેયનો પરિણામ છે, 'द्वयोरपि परिणामः' - જીવપરિણામ નિમિત્ત ને પુદ્ગલ કર્મ નૈમિત્તિક (નિમિત્ત થકી ઉપજતો ભાવ) અથવા પુદ્ગલકર્મ નિમિત્ત ને જીવપરિણામ નૈમિત્તિક, એમ જીવ-પુદ્ગલના એક બીજા સાથે નિમિત્ત-નૈમિત્તિક ભાવની 'ના' તો પાડી શકાય એમ નથી, પણ તે 'માત્ર' - કેવલ (only) નિમિત્ત-નૈમિત્તિક ભાવ છે - વધારે નહિ, ઓછું નહિ (nothing more, nothing less). અર્થાત્ જીવપરિણામના નિમિત્તે પુદ્ગલ **પોતે - स्वयं** પોતાના - સ્વના પુદ્ગલ પરિણામરૂપ કર્મપણે પરિણમે છે અને પુદ્ગલપરિણામરૂપ કર્મના નિમિત્તે જીવ પણ **પોતે જ - स्वयं જ** પોતાના - સ્વના જીવપરિણામે પરિણમે છે. આમ પરદ્રવ્યનું નિમિત્ત માત્ર પામીને પણ પ્રત્યેક દ્રવ્ય પોતે જ પોત પોતાના સ્વપરિણામે જ પરિણમે છે. પણ એટલું તો છે જ કે 'द्वयोरपि परिणामः' - જીવ દ્રવ્ય ને પુદ્ગલ દ્રવ્ય એ બન્નેનો પ્રત્યેકનો પરિણામ પણ એકબીજા સાથે **'નિમિત્ત માત્રી ભવન થકી જ'** - નિમિત્તમાત્ર હોવાપણા થકી જ હોય છે - 'इतरेतरनिमित्तमात्रीभवनेन **एव'**, અન્યથા નહિ. જીવ પરિણામનું નિમિત્તપણું ન હોય તો પુદ્ગલનું કર્મપણે પરિણામ હોય જ નહિ, ને પુદ્ગલકર્મનું નિમિત્ત પણું ન હોય તો જીવનો ભાવકર્મપણે પરિણામ હોય જ નહિ, એટલે બન્નેયનો પરિણામ એકબીજાના પરિણામના નિમિત્તપણાને આધીન છે. માટે નિમિત્તની પણ કાંઈ ઓછી કિંમત આંકવાની જરૂર નથી. કુંભકારનું તેમજ દંડ-ચક્રાદિનું નિમિત્ત ન હોય તો અનંત કાળે પણ માટીમાંથી ઘડો બને જ નહિ, પણ કુંભ કારાદિનું નિમિત્ત માત્ર પામીને જ માટીરૂપ ઉપાદાન સ્વયં ઘડો બને. આમ નિમિત્ત - ઉપાદાનનો પરસ્પર સાપેક્ષ સંબંધ અને યથાયોગ્ય મર્યાદા છે. અત્રે નિમિત્ત - ઉપાદાનની સામાન્ય સમ્યક્ વ્યવસ્થા સમજી લેવા યોગ્ય છે કે જેથી કોઈ પણ પ્રકારની ભ્રાંતિ રહે નહિ. જે કારણ છે તે પોતે જ પૂર્ણ પદે કાર્ય બને તે ઉપાદાન કારણ છે - જેમ ઘડામાં માટી છે તે ઉપાદાન છે. ઉપાદાનથી જે ભિન્ન-જૂદું-પૃથક્ છે, ને જેના વિના કાર્ય થાય જ નહિ, તે નિમિત્ત કારણ છે - જેમ ઘડો બનવામાં દંડ-ચક્ર આદિ છે તે નિમિત્ત કારણ છે. ઈત્યાદિ.

''જૈસે માટી જલ સંગ ઘટ દીપકાદિ ચંગ, નવ નવ ભાવ ધારે મૃત્ત રૂપ વોઈ હૈ,
તૈસે કર્મજલ ભોગ જીવ ચ્યાર ગતિ રોગ, લહે યેં અખંડ ધ્રુવ ચેતનત્વ સોઈ હૈ;
ઐસો નિજ ગુણવંત અચલ અખંડ સંત, તાહિકો સરૂપ ગહિ સિદ્ધ રૂપ જોઈ હૈ,
કહે દેવચંદ વંદિ ઐસે ચિદાનંદ વિનુ મોક્ષ કો સાધક, ભઈયા ઔર નહીં કોઈ હૈ.''

- શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૨-૩

એટલા માટે - માટી જેમ સ્વભાવ વડે - સ્વપરિણામ વડે સ્વભાવના - સ્વપરિણામના કરણને લીધે કળશરૂપ સ્વભાવની - સ્વપરિણામની કર્તા કદાચિત્ હોય, પણ સ્વભાવ - સ્વપરિણામ વડે પર


ભાવના - પરપરિણામના કરવાના અશક્યપણાને લીધે વસ્ત્રરૂપ પરભાવ - પરપરિણામની કર્ત્તા કદાચિત્ પણ ન હોય, અર્થાત્ માટી સ્વભાવે કરીને સ્વભાવરૂપ કળશની કર્ત્તા કદાચ બને, પણ સ્વભાવે કરીને પરભાવરૂપ વસ્ત્રની કર્ત્તા તો કદી પણ ન જ બને, માટીમાંથી સ્વભાવરૂપ ઘડો બને, પણ પરભાવરૂપ કપડું તો ન જ બને. તેમ જીવ સ્વેન ભાવેન - સ્વભાવ વડે - સ્વ પરિણામ વડે સ્વભાવની - સ્વ પરિણામોના કરણને લીધે - સ્વભાવસ્ય કારણાત્ - સ્વભાવનો - સ્વ પરિણામનો કર્ત્તા કદાચિત્ હોય, પણ સ્વેન ભાવેન - સ્વભાવ - સ્વ પરિણામ વડે પરભાવના - પરપરિણામના કરવાના અશક્યપણાને લીધે - 'परभावस्य कर्तुमशक्यत्वात्' - પુદ્ગલભાવરૂપ પરભાવોના કર્ત્તા તો કદાચિત્ પણ ન જ હોય - पुद्गलभावानां तु कर्ता न कदाचिदपि स्याद्, અર્થાત્ જીવ સ્વભાવે કરીને સ્વભાવરૂપ આત્મપરિણામનો કર્ત્તા કદાચ હોય, પણ સ્વભાવે કરીને પરભાવરૂપ પુદ્ગલપરિણામોનો કર્ત્તા તો કદી પણ ન જ હોય, જીવમાંથી સ્વભાવરૂપ આત્મપરિણામ બને, પણ પરભાવરૂપ પુદ્ગલપરિણામ તો ન જ બને, 'इति निश्चयः' - એમ નિશ્ચય છે, ત્રણે કાળમાં ન ફરે એવી અચળ સિદ્ધાંતરૂપ તત્ત્વવાર્ત્તા છે.

જીવ સ્વભાવ વડે સ્વભાવોનો કર્ત્તા કદાચિત્, પણ પુદ્ગલ ભાવોનો કર્ત્તા તો કદી પણ નહિ

"જીવ નવિ પુગ્ગલી, નૈવ પુગ્ગલ કદા,
પુગ્ગલાધાર નવિ તાસ રંગી;
પર તણો ઈશ નહિ અપર ઐશ્વર્યતા,
વસ્તુ ધર્મે ન કદા પરસંગી.
અહો ! શ્રી સુમતિ જિન શુદ્ધતા તાહરી,
સ્વ ગુણપર્યાય પરિણામ રામી." - **તત્ત્વરંગી મહામુનિ શ્રી દેવચંદ્રજી**

તાત્પર્ય કે - (૧) જીવ પરિણામ - પુદ્ગલ પરિણામ એમ પરસ્પર નિમિત્ત - નૈમિત્તિક સંબંધ છે. (૨) પણ જીવ કર્મ ગુણ કરે નહિ ને કર્મ જીવગુણ કરે નહિ, માત્ર અન્યોન્ય નિમિત્તે બન્ને પોતપોતાના જ પરિણામે પરિણમે. (૩) તેથી આત્મા પોતાના - સ્વભાવે કરીને કર્ત્તા છે, પણ પુદ્ગલ કર્મ કૃત સર્વ ભાવોનો એટલે કે સમસ્ત પરભાવોનો કર્ત્તા તો નથી જ - આ નિશ્ચય સ્થિતિ છે.

આકૃતિ



તેથી આ સ્થિત છે કે જીવનો સ્વપરિણામો જ સાથે કર્તાકર્મભાવ અને ભોક્તાભોગ્યભાવ છે -

णिच्छयणयस्स एवं आदा अप्पाणमेव हि करेदि ।
वेदयदि पुणो तं चेव जाण अत्ता दु अत्ताणं ॥८३॥

નિશ્ચયનય મતે આતમા, કરે આત્માને જ એમ રે;
વેદે આત્માને જ આતમા, જાણ તું નિશ્ચય તેમ રે... અજ્ઞાનથી. ૮૩

ગાથાર્થ - એમ નિશ્ચયનયના અભિપ્રાયે આત્મા સ્ફુટપણે આત્માને કરે છે અને આત્મા જ તે આત્માને વેદે છે એમ જાણ. ૮૩

आत्मख्यातिटीका

ततः स्थितमेतज्जीवस्य स्वपरिणामैरेव सह कर्तृकर्मभावो भोक्तृभोग्यभावश्च -

निश्चयनयस्यैवमात्मात्मानमेव हि करोति ।
वेदयते पुनस्तं चैव जानीहि आत्मा त्वात्मानं ॥८३॥

यथो -
त्तरंगनिस्तरंगावस्थयोः
समीरसंचरणासंचरणनिमित्तयोरपि
समीरपारावारयोर्व्याप्याव्यापकभावाभावात्
कर्तृकर्मत्वासिद्धौ
पारावार एव स्वयमंतर्व्यापको भूत्वा
दिमध्यांतेषूत्तरंगनिस्तरंगावस्थे व्याप्यो-
त्तरंगं निस्तरंगं त्वात्मानं कुर्व-
न्नात्मानमेकमेव कुर्वन् प्रतिभाति
न पुनरन्यत् ।
यथा स एव च
भाव्यभावकभावाभावात्
परभावस्य परेणानुभवितुमशक्यत्वा-
दुत्तरंगं निस्तरंगं त्वात्मानमनुभव-
न्नात्मानमेकमेवानुभवन् प्रतिभाति
न पुनरन्यत् ।

तथा
ससंसारनिसंसारावस्थयोः
पुद्गलकर्मविपाकसंभवासंभवनिमित्तयोरपि
पुद्गलकर्मजीवयोर्व्याप्यव्यापकभावाभावात्
कर्तृकर्मत्वासिद्धौ
जीव एव स्वयमंतर्व्यापको भूत्वा
दिमध्यांतेषु ससंसारनिसंसारावस्थे व्याप्य
ससंसारं निसंसारं वात्मानं कुर्व**न्नात्मान**मेक**मेव**
कुर्वन् प्रतिभातु
मा पुनरन्यत् ।
तथायमेव च
भाव्यभावकभावाभावात्
परभावस्य परेणानुभवितुमशक्यत्वात् -
ससंसारं निसंसारं वात्मानमनुभव -
न्नात्मानमेक**मेवानुभवन् प्रतिभातु**
मा पुनरन्यत् ॥८३॥

आत्मभावना -

ततः स्थितमेतत् - તેથી આ સ્થિત છે કે - जीवस्य स्वपरिणामैरेव सह - જીવનો સ્વપરિણામો સાથે જ कर्तृ कर्मभावो भोक्तृभोग्यभावश्च - કર્તૃ કર્મભાવ અને ભોક્તૃભોગ્ય ભાવ છે. निश्चयनयस्य - નિશ્ચયનયના મતે एवं आत्मा आत्मानमेव हि करोति - એમ આત્મા આત્માને જ નિશ્ચયે કરીને કરે છે, पुनः आत्मा तु तं चैव आत्मानं वेदयते - પુનઃ આત્મા નિશ્ચયે કરીને તે આત્માને જ વેદે છે, जानीहि - એમ જાણ. ॥ इति **गाथा** आत्मभावना ॥८३॥

यथा - જેમ, એ દૃષ્ટાંત છે, उत्तरंगनिस्तरंगावस्थयोः - ઉત્તરંગ - ઊંચા તરંગવાળી નિસ્તરંગ - તરંગ વગરની એ બે

આત્મખ્યાતિ ટીકાર્થ

જેમ	તેમ
સમીરનું સંચરણ-અસંચરણ નિમિત્ત છે જેનું	પુદ્ગલ કર્મવિપાકનો સંભવ-અસંભવ નિમિત્ત છે જેનું
એવી ઉત્તરંગ - નિસ્તરંગ એ બે અવસ્થાને વિષે પણ	એવી સસંસાર-નિઃસંસાર એ બે અવસ્થાને વિષે પણ
સમીર અને સમુદ્રના વ્યાપ્ય વ્યાપક ભાવના અભાવને લીધે	પુદ્ગલ કર્મ અને જીવના વ્યાપ્ય વ્યાપક ભાવના અભાવને લીધે,
કર્ત્તા કર્મપણાની અસિદ્ધિ સતે,	કર્ત્તાકર્મપણાની અસિદ્ધિ સતે,
સમુદ્ર જ	જીવ જ
સ્વયં અંતરૂ વ્યાપક થઈ	સ્વયં અંતરૂ વ્યાપક થઈ
આદિ-મધ્ય-અંતમાં	આદિ-મધ્ય-અંતમાં
ઉત્તરંગ-નિસ્તરંગ અવસ્થાને વ્યાપીને	સસંસાર-નિઃસંસાર અવસ્થાને વ્યાપીને
ઉત્તરંગ વા નિસ્તરંગ આત્માને (પોતાને) કરતો,	સસંસાર વા નિઃસંસાર આત્માને કરતો
આત્માને એકને જ કરતો પ્રતિભાસે છે,	આત્માને એકને જ કરતો, ભલે પ્રતિભાસો !
નહિ કે પુનઃ અન્યને;	મ પુનઃ અન્યને::
અને જેમ તે જ	અને તેમ આ જ
ભાવ્ય-ભાવક ભાવના અભાવ થકી	ભાવ્ય ભાવક ભાવના અભાવ થકી
પરભાવના પરથી અનુભવવાના અશક્યપણાને લીધે,	પરભાવના પરથી અનુભવવાના અશક્યપણાને લીધે
ઉત્તરંગ વા નિસ્તરંગ આત્માને અનુભવતો	સસંસાર વા નિઃસંસાર આત્માને અનુભવતો
આત્માને એકને જ અનુભવતો પ્રતિભાસે છે	**આત્માને એકને જ અનુભવતો ભલે પ્રતિભાસો !**
નહિ કે પુનઃ અન્યને:	**મ પુનઃ અન્યને. ૮૩**

અવસ્થાઓને વિષે, તે બે અવસ્થાનું નિમિત્તે શું થાય છે ? समीरसंचरणासंचरणनिमित्तयोरपि - સમીરનું - પવનનું સંચરણ - સંચરવું અસંચરણ - ન સંચરવું જેનું નિમિત્ત છે એવી એ બે અવસ્થાને વિષે પણ - समीरपारावारयोव्याप्य व्यापकभावाभावात् - સમીર-પવન અને પારાવારના - સમુદ્રના વ્યાપ્ય વ્યાપક ભાવના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે, कर्तृकर्मत्वासिद्धौ - કર્તા-કર્મપણાની અસિદ્ધિ સતે - पारावार एव - પારાવાર જ, સમુદ્ર જ, स्वयमंतर्व्यापको भूत्वा - સ્વયં-પોતે અંતરૂ વ્યાપક થઈ, आदिमध्यांतेषु - આદિ-મધ્ય-અંતમાં उत्तरंगनिस्तरंगावस्थे व्याप्य - ઉત્તરંગ નિસ્તરંગ એ બન્ને અવસ્થાને વ્યાપીને, उत्तरंगनिस्तरंगं वात्मानं कुर्वन् - ઉત્તરંગ વા નિસ્તરંગ આત્માને કરતો, आत्मानमेकमेव कुर्वन् प्रतिभाति - આત્માને - પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે, न पुनरन्यत् - નહિ કે બીજાને. यथा स एव च - અને જેમ તે જ - સમુદ્ર જ, भव्यभावकभावाभावात् - ભાવ્ય ભાવક ભાવના અભાવ થકી परभावस्य परेणानुभवितुमशक्यत्वात् - પરભાવના પરથી અનુભવવાના અશક્યપણાને લીધે, उत्तरंगं निस्तरंगं त्वात्मानमनुभवन् - ઉત્તરંગ વા નિસ્તરંગ આત્માને અનુભવતો, आत्मानमेकमेवानुभवन् प्रतिभाति - આત્માને એકને જ અનુભવતો પ્રતિભાસે છે, न पुनरन्यत् - નહિ કે પુનઃ અન્યને.

तथा - તેમ, જેમ આ દૃષ્ટાંત તેમ આ દાર્ષ્ટાંતિક - ससंसारनिसंसारावस्थयोः - સસંસાર - સંસાર સહિત નિઃસંસાર-સંસારરહિત એ બે અવસ્થાઓ વિષે - તે બે અવસ્થાનું નિમિત્ત શું છે ?- पुद्गलकर्म विपाकसंभवासंभवनिमित्तयोरपि - પુદ્ગલ કર્મવિપાકનો સંભવ - અસંભવ નિમિત્ત છે જેનું એવી એ બે અવસ્થાને વિષે

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દ્રવ્યથી દ્રવ્ય મળતું નથી, એમ જાણનારને કંઈ કર્ત્તવ્ય કહી શકાય નહિ, પણ તે ક્યારે ? સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે યથાવસ્થિત સમજાયે, સ્વદ્રવ્ય સ્વરૂપ પરિણામે પરિણમી અન્ય દ્રવ્ય પ્રત્યે કેવળ ઉદાસ થઈ, કૃતકૃત્ય થયે કંઈ કર્ત્તવ્ય રહેતું નથી એમ ઘટે છે અને એમ જ છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૮૪), ૪૭૧

''જૈસે નીરનિધિ નીર સમીર કી ભીર સેતી, ઉછરે ઉત્તંગ અતિ ચંચલતા વિલસે,
ડોલત નદી કો નાથ ચપલ કલોલ સાથ, રંચ ન સુથિર હોઈ આકુલતા મિલસે,
તૈસે એ ચેતન ભૂપ અમલ અડોલ રૂપ, અખંડ અનંત જ્ઞાન સુદ્ધ રસમેં વસે,
સોઈ જીવ કર્મ પ્રેર્યો મોહ કે પવન ધેર્યો, ફેર્યો ફિરે મમતાસો ક્ષોભ ભાવકો ધસે.''

- 'દ્રવ્યપ્રકાશ', ૨-૨

નિશ્ચયથી જીવનો સ્વપરિણામો સાથે જ કર્તા-કર્મભાવ અને ભોક્તાભોગ્યભાવ

ઉપરમાં જે કહ્યું તે પરથી આ નિશ્ચય સિદ્ધાંત સ્થિત છે કે જીવનો સ્વપરિણામો સાથે જ કર્ત્તા-કર્મભાવ અને ભોક્તાભોગ્યભાવ છે, એમ અત્ર **શાસ્ત્રકર્ત્તા પરમર્ષિએ** તત્ત્વવિનિશ્ચય કર્યો છે અને તે **સમુદ્ર-સમીરના** સચોટ **દૃષ્ટાંતથી** સાંગોપાંગ બિંબ-પ્રતિબિંબ ભાવથી વિવરી દેખાડી **આત્મખ્યાતિકર્ત્તા પરમર્ષિએ** અનંત ગુણવિશિષ્ટ બળવાનૂપણે પરિપુષ્ટ કર્યો છે, 'સમીરનું' - પવનનું સંચરણ - અસંચરણ - સંચરવું - ન સંચરવું જેનું નિમિત્ત છે એવી **'ઉત્તરંગ'** ઉંચા તરંગવાળી અને **'નિસ્તરંગ'** - તરંગ વગરની એ બન્ને અવસ્થાઓમાં સમુદ્ર જ સ્વયં-પોતે અંતર વ્યાપક થઈ આદિ-મધ્ય-અંતમાં - શરૂઆતમાં વચ્ચમાં અને છેવટમાં ઉત્તરંગ - નિસ્તરંગ અવસ્થાને વ્યાપીને ઉત્તરંગ વા નિસ્તરંગ આત્માને - પોતાને કરતો આત્માને એકને જ કરતો પ્રતિભાસે છે - દેખાય છે, નહિ કે બીજાને. એમ શું હોઈને ? સમીર - પવન અને સમુદ્રના કર્ત્તા-કર્મપણાની અસિદ્ધિ હોઈને, 'समीरपारावारयोः कर्तृकर्मत्वासिद्धौ', શાને લીધે ? વ્યાપ્ય-વ્યાપક ભાવના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે - 'व्याप्यव्यापकभावाभावात्' - અને તે જ સમુદ્ર ઉત્તરંગ વા નિસ્તરંગ આત્માને-પોતાને અનુભવતો આત્માને એકને જ અનુભવતો પ્રતિભાસે છે - દીસે છે, નહિ કે બીજાને. શાથી ? પરભાવના પરથી અનુભવવાના અશક્યપણાથી - અસંભાવ્યપણાથી - 'परभावस्य परेणानुभवितुमशक्यत्वात्', શાને લીધે ? ભાવ્ય-ભાવક ભાવના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે, 'भाव्यभावकभावाभावात्'- તેમ પુદ્ગલકર્મ વિપાકનો - પુદ્ગલ કર્મ - ઉદયનો સંભવ - અસંભવ જેનું નિમિત્ત છે એવી **'ससंसार'** - સંસારસહિત અને **'निःसंसार'** - સંસાર રહિત એ બન્ને અવસ્થાઓમાં - દશાઓમાં જીવ જ સ્વયં-પોતે અંતર વ્યાપક થઈ આદિ-મધ્ય-અંતમાં સસંસાર - નિઃસંસાર અવસ્થાને વ્યાપીને સસંસાર વા નિઃસંસાર આત્માને - પોતાને કરતો આત્માને એકને જ કરતો ભલે પ્રતિભાસો - ભલે દેખાઓ ! મ કે બીજાને. એમ શું

પણ - पुद्गलकर्मजीवयोर्व्याप्यव्यापकभावाभावात् - પુદ્ગલકર્મ અને જીવના વ્યાપ્યવ્યાપક ભાવના અભાવને લીધે, कर्तृकर्मत्वासिद्धौ - કર્તા-કર્મપણાની અસિદ્ધિ સતે, जीव एव - જીવ જ, स्वयमंतर्व्यापको भूत्वा - સ્વયં - પોતે અંતર વ્યાપક થઈ, आदिमध्यांतेषु - આદિ-મધ્ય-અંતમાં ससंसारनिःसंसारावस्थे व्याप्य - સસંસાર-નિઃસંસાર બન્ને અવસ્થા વ્યાપીને ससंसारं निःसंसारं वात्मानं कुर्वन् - સસંસાર વા નિઃસંસાર આત્માને કરતો आत्मानमेकमेव कुर्वन् प्रतिभातु - આત્માને એકને જ કરતો ભલે પ્રતિભાસો, मा पुनरन्यत् - મ પુનઃ અન્યને, तथायमेव च - અને તેમ આ જ - જીવ જ, भाव्यभावकभावाभावात् - ભાવ્ય ભાવક ભાવના અભાવ થકી परभावस्य परेणानुभवितुमशक्यत्वात् - પરભાવના પરથી અનુભવવાના અશક્યપણાને લીધે, ससंसारं निःसंसारवात्मानमनुभवन् - સસંસાર વા નિઃસંસાર આત્માને અનુભવતો, आत्मानमेकमेवानुभवन् प्रतिभातु - આત્માને એકને જ અનુભવતો ભલે પ્રતિભાસો ! मा पुनरन्यत् - મ પુનઃ અન્યને. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥८३॥

હોઈને ? પુદ્ગલકર્મ અને જીવના કર્ત્તા-કર્મપણાની અસિદ્ધિ હોઈને, શાને લીધે ? વ્યાપ્ય-વ્યાપક ભાવના અભાવને લીધે અને આ જ જીવ સસંસાર વા નિઃસંસાર આત્માને - પોતાને અનુભવતો આત્માને એકને જ અનુભવતો ભલે પ્રતિભાસો ! - ૫ કે બીજાને. શાથી ? પરભાવના પરથી અનુભવવાના અશક્યપણાથી. શાને લીધે ? ભાવ્ય-ભાવક ભાવના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે. આ વ્યાખ્યાનો સ્પષ્ટ આશયાર્થ આ પ્રકારે -

ઉત્તરંગ - નિસ્તરંગ સમુદ્રનું દૃષ્ટાંત

સમુદ્ર છે, તેની ઉત્તરંગ - તરંગવાળી અને નિસ્તરંગ - તરંગ વગરની એમ બે અવસ્થા છે, પવનના સંચરવારૂપ નિમિત્તથી તરંગવાળી અવસ્થા અને નહિ સંચરવારૂપ નિમિત્તથી તરંગ વગરની અવસ્થા ઉપજે છે. समीरसंचरणासंचरण-निमित्तयोरपि - આમ સમીરનું સંચરણ જેને નિમિત્ત છે. એવી આ ઉત્તરંગ - નિસ્તરંગ બન્ને અવસ્થામાં પણ પવન અને સમુદ્રનો વ્યાપ્ય-વ્યાપક ભાવ છે નહિ, એટલે એ બે વચ્ચે કર્ત્તા-કર્મપણાનો સંબંધ ઘટતો નથી. પણ પારાવાર एव स्वयमंतर्व्यापको भूत्वा - સમુદ્ર પોતે જ અંતરૂ વ્યાપક થઈ આદિ-મધ્ય-અંતમાં તે ઉત્તરંગ-નિસ્તરંગ બન્ને અવસ્થાને વ્યાપીને, आदिमध्यांतेषूत्तरंगनिस्तरंगावस्थे व्याप्य, આત્માને - પોતાને ઉત્તરંગ વા નિસ્તરંગ કરે છે - आत्मानमुत्तरंगं निस्तरंगं कुर्वन्, અને આમ તે આત્માને - પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે, નહિ કે બીજાને કરતો. વળી પવન ને સમુદ્ર એ બન્ને ભિન્ન ભિન્ન વસ્તુ છે, એટલે આ પવન ને સમુદ્ર વચ્ચે ભાવ્ય-ભાવક સંબંધ પણ છે નહિ. ભાવ્ય એટલે ભાવવા-અનુભવવા યોગ્ય અને ભાવક એટલે ભાવનાર-અનુભવનાર, એવા આ ભાવ્ય-ભાવક ભાવનો એ બે વચ્ચે અભાવ છે, કારણકે પરભાવનું પરથી અનુભવાવું અશક્ય છે. એટલે તે સમુદ્ર પોતે જ આત્માને-પોતાને ઉત્તરંગ વા નિસ્તરંગ અનુભવે છે અને આમ તે આત્માને એકને જ અનુભવતો પ્રતિભાસે છે, નહિ કે બીજાને અનુભવતો. આમ મોજાવાળી કે મોજા વગરની પોતાની બન્ને અવસ્થાનો પ્હેલેથી તે છેલ્લે સુધી કર્ત્તા-ભોક્તા એક સમુદ્ર પોતે જ છે, વાયુ તો તેમાં નિમિત્ત માત્ર જ છે.


દાર્ષ્ટાંતિક - સસંસાર - નિઃસંસાર જીવ

તે જ પ્રકારે - જીવ છે, તેની **'સસંસાર'** - સંસાર સહિત અને **'નિઃસંસાર'** - સંસાર રહિત એમ બે અવસ્થા છે, પુદ્ગલ કર્મના વિપાક સંભવરૂપ નિમિત્તથી સસંસાર અવસ્થા અને તેના અસંભવરૂપ નિમિત્તથી નિઃસંસાર અવસ્થા ઉપજે છે - पुद्गलकर्मविपाकसंभवासंभवनिमित्तयोरपि - આ સસંસાર-નિઃસંસાર બન્ને અવસ્થામાં પણ પુદ્ગલ કર્મ ને જીવનો વ્યાપ્ય-વ્યાપક ભાવ છે નહિ, એટલે એ બે વચ્ચે કર્ત્તા-કર્મપણાનો સંબંધ સંભવતો નથી. પણ જીવ एव स्वयमंतर्व्यापको भूत्वा - જીવ પોતે જ અંતરૂ વ્યાપક થઈ આદિ-મધ્ય-અંતમાં તે સસંસાર-નિઃસંસાર બન્ને અવસ્થાને વ્યાપીને - आदिमध्यांतेषु ससंसारनिसंसारावस्थे व्याप्य - આત્માને - પોતાને સસંસાર વા નિઃસંસાર કરે છે, 'ससंसारं निसंसारं वात्मानं कुर्वन्' - અને આમ તે આત્માને-પોતાને એકને જ કરતો ભલે પ્રતિભાસો ! પણ અન્યને કરતો ૫ પ્રતિભાસો ! વળી પુદ્ગલકર્મ ને જીવ એ બન્ને પ્રગટ ભિન્ન ભિન્ન વસ્તુ છે, એટલે આ પુદ્ગલકર્મ ને જીવ વચ્ચે ભાવ્યભાવક સંબંધ પણ છે નહિ. ભાવ્ય એટલે ભાવાવા - અનુભવાવા યોગ્ય અને ભાવક એટલે ભાવનાર - અનુભવનાર, એવા આ ભાવ્ય-ભાવક ભાવનો એ બે વચ્ચે અભાવ છે, કારણકે પરભાવનું પરથી અનુભવાવું અશક્ય છે. એટલે આ જીવ પોતે જ સસંસાર વા નિઃસંસાર આત્માને-પોતાને અનુભવે છે અને આમ તે આત્માને એકને જ અનુભવતો ભલે પ્રતિભાસો ! પણ અન્યને અનુભવતો ૫ પ્રતિભાસો !

આમ સંસારી કે નિઃસંસારી એ બન્ને અવસ્થાનો પ્હેલેથી તે છેલ્લે સુધી કર્ત્તા-ભોક્તા એક જીવ પોતે જ છે, પુદ્ગલકર્મ તો તેમાં નિમિત્ત માત્ર જ છે.

''અશુદ્ધ નિમિત્તે એ સંસરતા, અત્તા કત્તા પરનો,
શુદ્ધ નિમિત્ત રમે જળ ચિદ્‌ઘન, કર્ત્તા ભોક્તા ઘરનો... શ્રી સીમંધર.'' - શ્રી દેવચંદ્રજી

આકૃતિ



હવે વ્યવહાર દર્શાવે છે -

ववहारस्स दु आदा पुग्गलकम्मं करेदि णेयविहं ।
तं चेवय वेदयदे पुग्गलकम्मं अणेयविहं ॥८४॥

વ્યવહારથી આતમા કરે, નેકવિધ પુદ્ગલ કર્મ રે;
તેમજ તેહ જ વેદતો, નેક વિધ પુદ્ગલ કર્મ રે... અજ્ઞાનથી. ૮૪

ગાથાર્થ - પણ વ્યવહારના અભિપ્રાયે તો આત્મા અનેક પ્રકારનું પુદ્ગલકર્મ કરે છે. તેમજ તે અનેક પ્રકારનું પુદ્ગલકર્મ વેદે છે. ૮૪

आत्मख्याति टीका

अथ व्यवहारं दर्शयति -

व्यवहारस्य त्वात्मा पुद्गलकर्म करोति नैकविधं ।
तच्चैव पुनर्वेदयते पुद्गलकर्मानेकविधं ॥८४॥

यथा
अंतर्व्याप्यव्यापकभावेन
मृत्तिकया कलशे क्रियमाणे
भाव्यभावकभावेन
मृत्तिकयैवानुभूयमाने च
बहिर्व्याप्यव्यापकभावेन
कलशसंभवानुकूलं व्यापारं कुर्वाणः
कलशकृततोयोपयोगजां तृप्तिं
भाव्यभावकभावेनानुभवंश्च
कुलालः कलशं करोत्यनुभवति चेति
लोकानामनादिरूढोस्ति तावद्व्यवहारः।

तथा
तर्व्याप्यव्यापकभावेन
पुद्गलद्रव्येण कर्मणि क्रियमाणे
भाव्यभावक भावेन
पुद्गलद्रव्येनैवानुभूयमाने च
बर्हव्याप्यव्यापकभावेना-
ज्ञानात्पुद्गलकर्मसंभवानुकूलं परिणामं कुर्वाणः
पुद्गलकर्मविपाकसंपादितविषय-
सन्निधिप्रधावितां सुखदुःखपरिणतिं
भाव्यभावकभावेनानुभवंश्च
जीवः पुद्गलकर्म करोत्यनुभवति चेत्य-
ज्ञानिनामासंसारप्रसिद्धोसति तावद्व्यवहारः ॥८४॥

આત્મભાવના -

अथ व्यवहारं दर्शयति - હવે વ્યવહાર દર્શાવે છે - व्यवहारस्य तु - પણ વ્યવહારના મતે તો આત્મા पुद्गलकर्म नैकविधं करोति - આત્મા પુદ્ગલકર્મ ન-એક વિધ કરે છે, तच्चे न पुद्गलकर्मनैकविधं त्वदयते - અને પુનઃ તેજ પુદ્ગલકર્મ આજે વદે છે. ॥ इति **गाथा** આત્મભાવના ॥८४॥

यथा - જેમ, દૃષ્ટાંત - अंतव्याप्यव्यापकभावेन - અંતર વ્યાપ્ય વ્યાપક ભાવથી मृत्तिकया कलशे क्रियमाणे - મૃત્તિકાથી - માટીથી કળશ કરાઈ રહ્યે સતે અને भाव्यभावकभावेन - ભાવ્ય ભાવક ભાવથી मृत्तिकयैवानुभूयमाने च - મૃત્તિકાથી જ અનુભવાઈ રહ્યે સતે, बहि व्यार्पयव्यापकभावेन - બહિર વ્યાપ્ય વ્યાપક ભાવથી कलशसंभवानुकूलं व्यापारं कुर्वाणः - કલશ સંભવને - ઘડાની ઉત્પત્તિને અનુકૂલ વ્યાપાર કરતો અને कलशकृतयोपयोगजां तृप्तिं - કલશ વડે કરાયેલી જલોપયોગ જન્ય તૃપ્તિ भाव्यभावकभावेनानुभवंश्च - ભાવ્ય ભાવક ભાવથી અનુભવતો कुलालः - કુલાલ, કુંભકાર कलशं करोत्यनुभवति चेति - કલશ કરે છે અને અનુભવે છે એવો, लोकानामनादिरूढोस्ति तावद्व्यवहारः - લોકોનો અનાદિરૂઢ - અનાદિથી રૂઢ - જામી ગયેલો વ્યવહાર છે, इति आत्मख्याति आत्मभावना ॥८४॥

આત્મખ્યાતિ ટીકાર્થ

જેમ	તેમ
અંતર્ વ્યાપ્ય-વ્યાપક ભાવથી	અંતર્ વ્યાપ્ય-વ્યાપક ભાવથી
મૃત્તિકાથી કળશ કરાતે સતે	પુદ્ગલદ્રવ્યથી કર્મ કરાતે સતે
અને ભાવ્ય-ભાવક ભાવથી	અને ભાવ્ય-ભાવક ભાવથી
મૃત્તિકાથી જ અનુભવાતે સતે	પુદ્ગલદ્રવ્યથી જ અનુભવાતે સતે
બહિર્ વ્યાપ્ય-વ્યાપક ભાવથી	બહિર્ વ્યાપ્ય-વ્યાપક ભાવથી
કળશ સંભવને અનુકૂળ વ્યાપાર કરતો	અજ્ઞાનને લીધે -
અને કળશ કૃત જલોપયોગજન્ય તૃપ્તિ	પુદ્ગલકર્મ સંભવને અનુકૂળ પરિણામ કરતો
ભાવ્ય-ભાવક ભાવથી અનુભવતો	અને પુદ્ગલ કર્મવિપાકથી સંપાદિત
	વિષય સન્નિધિથી પ્રધાવિત સુખદુઃખ પરિણતિ
	ભાવ્ય ભાવક ભાવથી અનુભવતો
કુંભકાર	જીવ
કળશ કરે છે અને અનુભવે છે	પુદ્ગલકર્મ કરે છે અને અનુભવે છે,
એવો લોકોનો	એવો અજ્ઞાનીઓનો
પ્રથમ તો અનાદિરૂઢ વ્યવહાર છે;	આસંસાર પ્રસિદ્ધ વ્યવહાર છે. ૮૪

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''નિશ્ચયને વિષે અકર્ત્તા, વ્યવહારને વિષે અકર્ત્તા ઈત્યાદિ જે વ્યાખ્યાન સમયસારને વિષે છે, તે વિચારવાને યોગ્ય છે, તથાપિ નિવૃત્ત થયા છે જેના બોધ સંબંધી દોષ એવા જે જ્ઞાની તે પ્રત્યેથી એ પ્રકાર સમજવા યોગ્ય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૬૮**

''કરતા ભોક્તા જ્ઞાનકો, નિહચે બ્રહ્મ સદૈવ,
કરે ભોગવે કર્મ કો, વિવહારે ય જીવ.'' - **શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૩૩**

અજ્ઞાની વ્યવહાર : બહિર્ વ્યાપ્ય વ્યાપક ભાવથી કળશ કર્ત્તા કુંભકાર, તેમ પુદ્ગલ કર્મ કર્ત્તા જીવ

નિશ્ચયની વાત કહી, અહીં વ્યવહાર દર્શાવ્યો છે - વ્યવહારનયના મતે આત્મા 'એકવિધ' - અનેકવિધ - અનેક પ્રકારનું પુદ્ગલકર્મ કરે છે અને તેજ અનેક પ્રકારનું પુદ્ગલકર્મ 'વેદે છે' - ભોગવે છે - અનુભવે છે. આ ગાથાના ભાવને **ઘટ-મૃત્તિકા** ને **ઘટ-કુંભકારના** સચોટ **દૃષ્ટાંતથી** સાંગોપાંગ બિંબ-પ્રતિબિંબ ભાવપણે અનુપમ અદ્ભુત શૈલીથી **આત્મખ્યાતિકર્ત્તાએ** સ્ફુટ વિવરી દેખાડ્યો છે : કળશ છે, તે મૃત્તિકાથી - માટીથી કરાઈ રહ્યો છે, કેવી રીતે ? **અંતર**

तथा - તેમ, दार्ष्टांतिक - अंतर्व्याप्यव्यापकभावेन - અંતરવ્યાપ્યવ્યાપકભાવથી पुद्गलद्रव्येण कर्मणि क्रियमाणे - પુદ્ગલ દ્રવ્યથી કર્મ કરાઈ રહ્યે સતે અને भाव्यभावकभावेन - ભાવ્યભાવકભાવથી पुद्गलद्रव्येणैवानुभूयमाने च - પુદ્ગલ દ્રવ્યથી અનુભવાઈ રહ્યે સતે, बहिर्व्याप्यव्यापकभावेन - બહિર્વ્યાપ્યવ્યાપકભાવથી अज्ञानात् - અજ્ઞાનને લીધે पुद्गलकर्म संभवानुकूलपरिणामं कुर्वाणः - પુદ્ગલકર્મના સંભવને - ઉત્પત્તિને - જન્મને અનુકૂલ પરિણામ કરતો અને पुद्गलकर्मविपाक संपादितविषयसन्निधिप्रधावितां सुखदुःखपरिणतिं - પુદ્ગલકર્મ વિપાકથી સંપાદિત વિષયોની સન્નિધિથી - નિકટ હાજરીથી પ્રધાવિતા - વેગે દોડી રહેલી સુખ દુઃખ પરિણતિને भाव्यभावकभावेनानुभवंश्च - ભાવ્ય ભાવક ભાવથી અનુભવતો જીવઃ - જીવ पुद्गलकर्म करोत्यनुभवति चेति - પુદ્ગલકર્મ કરે છે અને અનુભવે છે એવો अज्ञानिनामासंसारप्रसिद्धोस्ति तावद्व्यवहारः - અજ્ઞાનીઓનો આસંસાર પ્રસિદ્ધ - સંસારથી માંડીને પ્રસિદ્ધ વ્યવહાર છે. ॥

વ્યાપ્ય-વ્યાપક ભાવથી - 'अंतर्व्याप्यव्यापकभावेन' અને મૃત્તિકાથી જ - માટીથી જ અનુભવાઈ રહ્યો છે, કેવી રીતે ? **ભાવ્યભાવકભાવથી** - भाव्यभावकभावेन - આમ છે છતાં, કુંભકાર કળશ કરે છે અને અનુભવે છે, એવો લોકોનો અનાદિરૂઢ - અનાદિથી રૂઢ થયેલો - ઊંડા મૂળ ઘાલેલો વ્યવહાર તો છે. કુંભકાર કેવી રીતે કળશ કરતો અને અનુભવતો છે ? 'बहिर्व्याप्यव्यापकभावेन' - **બહિર્ વ્યાપ્ય-વ્યાપક ભાવથી કળશસંભવને** - કળશની ઉત્પત્તિને અનુકૂળ વ્યાપાર કરતો અને કળશ કૃત-કળશથી કરાયેલી જલોપયોગજન્ય - પાણીના ઉપયોગથી ઉપજેલી તૃપ્તિ - તૃષાશાંતિ અનુભવતો એવો. તેમ કર્મ છે તે પુદ્ગલદ્રવ્યથી કરાઈ રહ્યું છે, કેવી રીતે ? **અંતર્ વ્યાપ્ય-વ્યાપકભાવથી** - 'अंतर्व्याप्यव्यापकभावेन' અને પુદ્ગલદ્રવ્યથી જ અનુભવાઈ રહ્યું છે, કેવી રીતે ? **ભાવ્યભાવક ભાવથી** - भाव्यभावकभावेन - આમ છે છતાં, જીવ પુદ્ગલકર્મ કરે છે અને અનુભવે છે, એવો અજ્ઞાનીઓનો આસંસાર પ્રસિદ્ધ - સંસારથી માંડીને એટલે કે અનાદિથી પ્રસિદ્ધ વ્યવહાર તો છે. જીવ કેવી રીતે પુદ્ગલ કર્મ કરતો અને અનુભવતો છે ? 'बहिर्व्याप्यव्यापकभावेन' - **બહિર્ વ્યાપ્ય-વ્યાપક ભાવથી અજ્ઞાનને લીધે** - 'अज्ञानात्' - પુદ્ગલકર્મ સંભવને - પુદ્ગલકર્મની ઉત્પત્તિને અનુકૂળ પરિણામ કરતો અને પુદ્ગલકર્મના વિપાકથી - ઉદયથી સંપાદિત વિષયોની સન્નિધિથી - નિકટ હાજરીથી પ્રધાવિત - વેગે દોડી રહેલી સુખદુઃખ પરિણતિને ભાવ્ય-ભાવક ભાવથી અનુભવતો એવો. આ વ્યાખ્યાને હવે વિશેષ સ્પષ્ટતાથી વિચારીએ.

અંતર્ વ્યાપ્ય વ્યાપક ભાવથી મૃત્તિકા કળશ કર્ત્તાઃ બહિર્ વ્યાપ્યવ્યાપક ભાવથી કુંભકાર કળશ કર્ત્તા

ઘડો છે, તે **અંતર્** વ્યાપ્ય-વ્યાપક ભાવથી માટીથી કરાઈ રહ્યો છે અને ભાવ્ય-ભાવક ભાવથી માટીથી જ અનુભવાઈ રહ્યો છે. આમ છે છતાં, કુંભાર છે તે **બહિર્** વ્યાપ્ય વ્યાપક ભાવથી ઘડાની ઉત્પત્તિને અનુકૂળ એવો વ્યાપાર કરે છે અને ઘડા થકી પાણીના ઉપયોગથી ઉપજતી તૃપ્તિ ભાવ્યભાવકભાવથી અનુભવે છે. આવો આ કુંભાર ઘડો કરે છે અને અનુભવે છે એમ લોકોનો અનાદિરૂઢ - અનાદિથી રૂઢિરૂપ થયેલો વ્યવહાર છે - 'लोकानामनादिरूढोऽस्ति तावद्व्यवहारः' - અર્થાત્ વાસ્તવિક રીતે તત્ત્વવૈજ્ઞાનિક પ્રક્રિયાની (scientific process) દૃષ્ટિએ જોઈએ તો પ્હેલેથી તે છેલ્લે સુધી માટી જ અંદરમાં વ્યાપીને ઘડો કરે છે અને માટી જ તેને અનુભવે છે અને કુંભાર કાંઈ અંદરમાં વ્યાપીને - ઘડામાં ઘૂસી જઈ ઘડો કરતો નથી, પણ બ્હારથી જ - બ્હારનો બ્હાર રહીને જ તે ઘડો કરે છે અને તેથી થતી જલતૃપ્તિ અનુભવે છે. એટલે તત્ત્વવૈજ્ઞાનિક પ્રક્રિયાથી માટી જ ઘડાની કર્ત્તા-ભોક્તા છે, છતાં ઉક્ત તત્ત્વવૈજ્ઞાનિક દૃષ્ટિનું જેને ભાન નથી અથવા જે દુર્લક્ષ્ય કરે છે અને બાહ્ય દૃષ્ટિથી જ જે દેખે છે એવા લોકો તો કુંભાર ઘડાનો કર્ત્તા-ભોક્તા છે એવો અનાદિથી રૂઢિગત વ્યવહાર કરે છે.

અંતર્ વ્યાપ્યવ્યાપક ભાવથી પુદ્ગલ કર્મકર્ત્તાઃ બહિર્ વ્યાપ્યવ્યાપક ભાવથી અજ્ઞાનને લીધે જીવ પુદ્ગલકર્મકર્ત્તા


તે જ પ્રકારે - કર્મ છે, તે **અંતર્** વ્યાપ્ય વ્યાપક ભાવથી પુદ્ગલ દ્રવ્યથી કરાઈ રહ્યું છે અને ભાવ્ય-ભાવક ભાવથી પુદ્ગલદ્રવ્યથી જ અનુભવાઈ રહ્યું છે. આમ છે છતાં, જીવ છે તે 'अज्ञानात्' - **અજ્ઞાનને લીધે બહિર્** વ્યાપ્ય વ્યાપકભાવથી પુદ્ગલ કર્મના સંભવને - ઉત્પત્તિને અનુકૂલ એવો પરિણામ કરે છે - पुद्गलकर्मसभवानुकूलं परिणामं कुर्वाणः પુદ્ગલકર્મ વિપાકથી સંપાદિત વિષયોની સન્નિધિથી - નિકટ હાજરીથી પ્રધાવિત - વેગે દોડી રહેલી સુખ દુઃખ પરિણતિ ભાવ્ય ભાવકભાવથી અનુભવે છે - 'भाव्यभावकभावेनानुभवंश्च' - આવો આ જીવ પુદ્ગલ કર્મ કરે છે અને અનુભવે છે એમ અજ્ઞાનિઓનો આસંસાર પ્રસિદ્ધ - આ સંસાર જ્યારથી છે ત્યારથી અર્થાત્ અનાદિથી પ્રસિદ્ધ વ્યવહાર છે. 'इति अज्ञानिनामा-संसारप्रसिद्धोस्ति तावद्ववयहारः' અર્થાત્ વાસ્તવિક તત્ત્વવૈજ્ઞાનિક પ્રક્રિયાથી (scientific process) દૃષ્ટિએ જોઈએ તો આદિ-મધ્ય-અંતમાં પુદ્ગલ દ્રવ્ય જ અંદરમાં વ્યાપીને કર્મ કરે છે અને પુદ્ગલ દ્રવ્ય જ તેને અનુભવે છે અને જીવ કાંઈ અંદરમાં વ્યાપીને - અંતઃપ્રવેશ કરીને પુદ્ગલમાં ઘૂસી જઈને કર્મ કરતો

નથી, પણ બ્હારથી જ - બ્હારનો બ્હાર રહીને જ તે કર્મ કરે છે અને તેથી ઉપજતી સુખ દુઃખ પરિણતિ અનુભવે છે. એટલે અંતરૂ વ્યાપ્યવ્યાપકભાવરૂપ તત્ત્વવૈજ્ઞાનિક પ્રક્રિયાથી પુદ્ગલદ્રવ્ય જ કર્મનો કર્ત્તા-ભોક્તા છે, છતાં આ અંતર્ગત તત્ત્વ વૈજ્ઞાનિક દૃષ્ટિનું જેને ભાન નથી અથવા અજ્ઞાનથી જે ઉપેક્ષા કરે છે અને બાહ્ય દૃષ્ટિથી જ જે દેખે છે, એવા અજ્ઞાનીજનો જીવ કર્મનો કર્ત્તા-ભોક્તા છે એવો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર કરે છે.

તાત્પર્ય કે - જેમ કુંભકાર વાસ્તવિક રીતે કુંભ કરતો નથી તેમજ અનુભવતો નથી, પણ તે કુંભ કરે છે ને અનુભવે છે, એવો લોકોનો અનાદિરૂઢ વ્યવહાર છે, તેમ જીવ વાસ્તવિક રીતે પુદ્ગલકર્મ કરતો નથી તેમજ અનુભવતો નથી, પણ તે કર્મ કરે છે ને અનુભવે છે, એવો અજ્ઞાનીજનોનો અનાદિ પ્રસિદ્ધરૂઢ વ્યવહાર છે અને એટલે જ ઉપરોક્ત તત્ત્વવૈજ્ઞાનિક પ્રક્રિયાનું જેને ભાન નથી એવા અજ્ઞાનીજનો જ અજ્ઞાનને લીધે બહિરૂ વ્યાપક થઈ પુદ્ગલકર્મ સંભવને અનુકૂળ મોહ-રાગ-દ્વેષાદિક વૈભાવિક આત્મપરિણામ કરતા રહે છે અને તેના ફલરૂપ પુદ્ગલકર્મવિપાકથી પ્રાપ્ત થતા વિષયોની સન્નિધિથી સુખદુઃખપરિણતિ અનુભવ્યા કરે છે, પણ જેને ઉક્ત તત્ત્વવૈજ્ઞાનિક પ્રક્રિયાનું પૂરેપૂરૂં જ્ઞાન છે એવા જ્ઞાનીજનો તો તેમ કરતા નથી, અર્થાત્ પુદ્ગલકર્મના સંભવને અનુકૂળ એવા મોહ-રાગ-દ્વેષાદિ વૈભાવિક આત્મપરિણામ કરતા નથી, તેમજ પુદ્ગલકર્મ વિપાકજનિત વિષય પ્રાપ્તિથી સુખદુઃખ પરિણતિ અનુભવતા નથી.

અજ્ઞાનને લીધે જીવ કર્ત્તા-ભોક્તા

આકૃતિ




આ અંગે ઉપાદાન-નિમિત્તની સમ્યક્ તત્ત્વમીમાંસા કરતા અને અપૂર્વ પુરુષાર્થની જાગૃતિ પ્રેરતા શ્રીમદ્ રાજચંદ્રજીના ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

''કોઈ હીન પુરુષાર્થી વાતો કરે કે ઉપાદાન કારણનું શું કામ છે ? પૂર્વે અશોચ્યા કેવલી થયા છે.

તો તેવી વાતોથી પુરુષાર્થહીન ન થવું. સત્સંગ અને સત્ય સાધન વિના કોઈ કાળે પણ કલ્યાણ થાય નહીં. જો પોતાની મેળે કલ્યાણ થતું હોય તો માટીમાંથી ઘડો થવો સંભવે. લાખ વર્ષ થાય તો પણ ઘડો થાય નહીં. તેમ ઉપાદાનકારણ વિના કલ્યાણ થાય નહીં. તીર્થંકરનો યોગ થયો હશે એમ શાસ્ત્રવચન છે છતાં કલ્યાણ થયું નથી તેનું કારણ પુરુષાર્થરહિતપણાનું છે. પૂર્વે તેમને જ્ઞાની મળ્યા હતા છતાં પુરુષાર્થ વિના જેમ તે યોગ નિષ્ફળ ગયા, તેમ જ્ઞાનીયોગ મળ્યો છે ને પુરુષાર્થ નહીં કરો તો આ યોગ પણ નિષ્ફળ જશે. માટે પુરુષાર્થ કરવો અને તો જ કલ્યાણ થશે. ઉપાદાન કારણ શ્રેષ્ઠ છે.

એમ નિશ્ચય કરવો કે સત્પુરુષના કારણ-નિમિત્તથી અનંત જીવ તરી ગયા છે. કારણ વિના કોઈ જીવ તરે નહીં. અશોચ્યા કેવલીને પણ આગળ પાછળ તેવો યોગ પ્રાપ્ત થયો હશે. સત્સંગ વિના આખું જગત્ ડૂબી ગયું છે !'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, ૯૫૭ (ઉપદેશ છાયા)**



હવે આને દૂષવે છે -

यदि पुग्गलकम्ममिणं कुव्वदि तं चेव वेदयदि आदा ।
दो किरियावदिरित्तो पसज्जए सो जिणावमदं ॥८५॥

પુદ્ગલકર્મ આ આતમા, કરતો વેદતો જોય રે;
દ્વિક્રિયા અભિન્ન પ્રસંગ તો, જિન અવમત તે હોય રે... અજ્ઞાનથી. ૮૫

ગાથાર્થ - જો આત્મા આ પુદ્ગલકર્મને કરે છે અને તેને જ વેદે છે, બે ક્રિયાથી અવ્યતિરિક્ત (અભિન્ન-જૂદો નહિ એવા) આત્માનો પ્રસંગ પ્રાપ્ત થાય છે - કે જે જિનને અવમત (અત્યંત અસંમત-અમાન્ય) છે.

आत्मख्याति टीका

अथैनं दूषयति -

यदि पुद्गलकर्मेदं करोति तच्चैव वेदयते आत्मा ।
द्विक्रियाव्यतिरिक्तः प्रसजति स जिनावमतं ॥८५॥

इह खलु क्रिया हि तावदखिलापि परिणामलक्षणतया न नाम परिणामतोऽस्ति भिन्ना, परिणामोपि परिणामपरिणामिनोरभिन्नवस्तुत्वात् परिणामिनो न भिन्नस्ततो या काचन क्रिया किल सकलापि सा क्रियावतो न भिन्नेति क्रियाकर्त्रोरव्यतिरिक्ततायां वस्तुस्थित्यां प्रतपत्यां,

यथा व्याप्यव्यापकभावेन	स्तथा व्याप्यव्यापकभावेन
स्वपरिणामं करोति	**पुद्गलकर्मापि यदि कुर्यात्**
भाव्यभावकभावेन तदेवानुभवति च **जीव**	भाव्यभावकभावेन **तदेवानुभवेच्च,**

ततोऽयं स्वपरसमवेतक्रियाद्वयाव्यतिरिक्ततायां प्रसजंत्यां स्वपरयोः परस्परविभागप्रत्यस्तमनादनेकात्मकमेकमात्मानमनुभवन् मिथ्यादृष्टितया **सर्वज्ञावमतः स्यात्** ॥८५॥

आत्मभावना -

अथैनं दूषयति - હવે આને - વ્યવહારને દૂષવે છે, દૂષણ-દોષ દીએ છે यदि - જો આત્મા - આત્મા पुद्गलकर्मेदं करोति तच्चैव वेदयते - પુદ્ગલકર્મ આ કરે છે અને તેને જ વેદે છે - ભોગવે છે - અનુભવે છે, (તો) द्विक्रियाव्यतिरिक्तः सः प्रसजति - દ્વિક્રિયાથી - બે ક્રિયાથી અવ્યતિરિક્ત - અભિન્ન જૂદો નહિ એવો તે - આત્મા પ્રસક્ત થાય છે - પ્રસંગ પામે છે (અને તે) जिनावमतं - જિનને અવમત - અસંમત - અમાન્ય છે. ॥ इति **गाथा** आत्मभावना ॥८५॥

इह खलु - અહીં ખરેખર ! નિશ્ચયે કરીને ક્રિયા हि तावदखिलापि - સ્ફુટપણે ક્રિયા તો અખિલ પણ - સમસ્ત પણ, न नाम परिणामतोऽस्ति भिन्ना - ખરેખર ! પરિણામથી ભિન્ન - જૂદી છે નહિ, શાથી કરીને ? परिणामलक्षणतया - પરિણામ લક્ષણતાએ કરીને, પરિણામ એજ ક્રિયાનું લક્ષણ છે તેથી કરીને અને परिणामोपि - પરિણામપણ परिणामिनो न भिन्नः - પરિણામીથી ભિન્ન - જૂદો નથી, શાને લીધે ? परिणामपरिणामिनोरभिन्नवस्तुत्वात् - પરિણામ - પરિણામીના અભિન્ન વસ્તુપણાને લીધે, ततो - તેથી या काचन क्रिया किल - ખરેખર ! પ્રગટપણે જે કોઈ ક્રિયા છે, सकलापि सा - તે સકલ પણ क्रियावतो न भिन्ना - ક્રિયાવંતથી ભિન્ન નથી, इति क्रियाकर्त्रोरव्यतिरिक्ततायां वस्तुस्थित्या प्रतपत्यां - એમ ક્રિયા અને કર્ત્તાની અવ્યતિરિક્તતા - અભિન્નતા વસ્તુસ્થિતિથી પ્રતપી રહી છે ત્યારે, यथा जीवः - જેમ જીવ व्याप्यव्यापकभावेन स्वपरिणामं करोति - વ્યાપ્ય વ્યાપકભાવથી સ્વપરિણામ કરે છે, भाव्यभावकभावेन तमेवानुभवति च - અને ભાવ્યભાવક ભાવથી તે જ અનુભવે છે, तथा - તેમ व्याप्यव्यापकभावेन - વ્યાપ્ય વ્યાપકભાવથી पुद्गलकर्मापि यदि कुर्यात् - પુદ્ગલકર્મ પણ જો કરે, भाव्यभावकभावेन तदेवानुभवेच्च - અને ભાવ્યભાવક ભાવથી તે જ અનુભવે, ततो - તો अयं - આ જીવ, स्वपरसमवेतक्रियाद्वयाव्यतिरिक्ततायां प्रसजंत्यां - સ્વપર સમવેત - સ્વપરની સાથે મળેલી બે

આત્મખ્યાતિ ટીકાર્થ

અહીં નિશ્ચયે કરીને સ્ફુટપણે ક્રિયા તો અખિલ પણ - પરિણામલક્ષણતાએ કરીને - ખરેખર ! પરિણામથી ભિન્ન છે નહિ, પરિણામ પણ - પરિણામ - પરિણામીના અભિન્ન વસ્તુપણાને લીધે પરિણામીથી ભિન્ન છે નહિ, તેથી જે કોઈ ક્રિયા છે, તે સકલ પણ સ્ફુટપણે ક્રિયાવંતથી ભિન્ન નથી, એમ ક્રિયા અને કર્ત્તાની અવ્યતિરિક્તતા (અભિન્નતા) વસ્તુસ્થિતિથી પ્રતપતી સતે -

જેમ વ્યાપ્યવ્યાપકભાવથી	તેમ વ્યાપ્યવ્યાપકભાવથી
જીવ સ્વ પરિણામ કરે છે,	**પુદ્ગલકર્મ પણ જો કરે**
અને ભાવ્યભાવક ભાવથી **તે જ અનુભવે છે :**	અને ભાવ્યભાવક ભાવથી **તે જ અનુભવે,**

તો આ સ્વપર સમવેત **ક્રિયાદ્વયની અવ્યતિરિક્તતા (અભિન્નતા) પ્રસકત સતે,** સ્વ પર વિભાગના પ્રત્યસ્તમનને લીધે, અનેકાત્મક એક આત્માને અનુભવતો (તે) મિથ્યાદૃષ્ટિતાએ કરીને **સર્વજ્ઞ અવમત હોય.** ૮૫

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્મ પરિણામની સહજ સ્વરૂપે પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર **ધર્મ** કહે છે. આત્મ પરિણામની કંઈ પણ ચપળ પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર **કર્મ** કહે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૬૮**

''कर्तृत्वं परभावानामसौ नाभ्युपगच्छति ।

क्रियाद्वयं हि नैकस्य द्रव्यस्याभिमतं जिनैः ।।'' - **શ્રી યશોવિજયજી કૃત અ.સા. આ.નિ.અ. ૯૮**

ક્રિયા પરિણામથી ભિન્ન નથી : પરિણામ પરિણામીથી ભિન્ન નથી

પાછલી ગાથામાં અજ્ઞાનીઓનો અનાદિ પ્રસિદ્ધ વ્યવહાર દર્શાવ્યો, આ વ્યવહારને અત્ર દૂષણ આપ્યું છે અને તે નિષ્તુષ યુક્તિથી વિવરી દેખાડી આત્મખ્યાતિકાર પરમર્ષિએ પરિસ્ફુટ નિરૂપણ કર્યું છે. તેનો સ્પષ્ટ આશયાર્થ આ પ્રકારે - આ લોકને વિષે જે કોઈ પણ ક્રિયા છે તે સમસ્ત જ પરિણામલક્ષણવાળી છે, અર્થાત્ પરિણામ એ જ ક્રિયાનું લક્ષણ છે, એટલે 'परिणामलक्षणतया' - પરિણામ લક્ષણતાએ કરીને નિશ્ચયે કરીને ક્રિયા છે તે ખરેખર ! પરિણામથી ભિન્ન નથી - જૂદી નથી, 'क्रिया न नाम परिणामतोऽस्ति भिन्ना', ક્રિયા એજ પરિણામ છે અને જે પરિણામ છે તે પણ પરિણામીથી ભિન્ન-જૂદું નથી - परिणामोपि परिणामिनो न भिन्नः', કારણ પરિણામ-પરિણામીનું અભિન્ન વસ્તુપણું છે - અભિન્ન વસ્તુત્વાત્, પરિણામ-પરિણામી ભિન્ન વસ્તુરૂપ નથી, એટલે પરિણામને પરિણામીથી જૂદું પાડી શકાય એમ નથી. આમ ક્રિયા પરિણામથી અભિન્ન છે અને પરિણામ પરિણામીથી અભિન્ન છે, એટલે જે કોઈ પણ ક્રિયા છે તે સકલ પણ ક્રિયાવંતથી ભિન્ન નથી - 'क्रिया क्रियावतो न भिन्ना ।' કારણકે -

ક્રિયા - પરિણામથી અભિન્ન : પરિણામ - પરિણામીથી અભિન્ન,

∴ પરિણામી - ક્રિયાવંતથી અભિન્નઃ : ક્રિયા - ક્રિયાવંતથી અભિન્ન.

આમ ક્રિયા ક્રિયાવંતથી ભિન્ન નથી, એટલે क्रियाकर्त्रोरव्यतिरिक्ततायां - ક્રિયા અને કર્ત્તાની અવ્યતિરિક્તતા - અભિન્નતા વસ્તુ સ્થિતિથી પ્રતપી રહી છે - વસ્તુસ્થિત્યા પ્રતપત્યાં, અર્થાત્ કર્ત્તા અને

ક્રિયાથી અવ્યતિરિક્તતાનો - અભિન્નતાનો પ્રસંગ પ્રાપ્ત થતાં स्वपरयोः परस्परविभागप्रत्यस्तमनाद् - સ્વપરના પરસ્પર વિભાગના પ્રત્યસ્તમનને લીધે - આથમી જવાપણાને લીધે, अनेकात्मकमेकमात्मानमनुभवन् - અનેકાત્મક એક આત્માને અનુભવતો, मिथ्यादृष्टितया - મિથ્યાદૃષ્ટિતાએ કરીને, सर्वज्ञावमतः स्यात् - સર્વજ્ઞાવમત - સર્વજ્ઞને અવમત - અવમાનેલ હોય. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥૮૫॥

ક્રિયા અલગ-પૃથક્ વસ્તુરૂપ નથી પણ અભિન્ન એક વસ્તુરૂપ છે, એમ ત્રણે કાળમાં ન ચળે એવી અચળ નિશ્ચયરૂપ વસ્તુસ્થિતિ પ્રકૃષ્ટપણે ઝળહળી રહી છે.

સ્વ-પર બે ક્રિયાની અભિન્નતાનો પ્રસંગ

અને આમ સતે - જેમ જીવ વ્યાપ્યવ્યાપકભાવેન - વ્યાપ્ય-વ્યાપક ભાવથી પોતાનો સ્વપરિણામ - આત્મપરિણામ કરે છે અને भाव्यभावकभावेन - ભાવ્ય ભાવકભાવથી તેજ સ્વપરિણામ - આત્મપરિણામ જ અનુભવે છે, તેમ જો તે વ્યાપ્ય-વ્યાપક ભાવથી પુદ્ગલકર્મરૂપ પરપરિણામ પણ કરે અને ભાવ્ય ભાવકભાવથી તે જ પરપરિણામ પણ અનુભવે, તો સ્વપરસમવેતક્રિયાદ્વય - સ્વ-પર સમવેત એવી બે ક્રિયાની અવ્યતિરિક્તતાનો - અભિન્નતાનો પ્રસંગ પ્રાપ્ત થશે - अव्यतिरिक्ततायां प्रसजंत्यां - સાથે એકત્ર પ્રાપ્ત થયેલી એવી સ્વ - પર બે ક્રિયાનું અપૃથક્પણું - અભિન્નપણું થવાનો પ્રસંગ આવશે. અર્થાત્ જડનું જડ પરિણામ અને ચેતનનું ચેતન પરિણામ એમ જે બે સ્પષ્ટપણે સ્વ-પરની અલગ અલગ - જૂદી જૂદી ક્રિયા છે, તે સ્વ-પર ક્રિયા એકત્ર એક જ વસ્તુમાં સમવાયપણે પ્રાપ્ત થવાથી તે સ્વ-પર ક્રિયાનો ભેદ મટી જશે.


''એક એક કારજકે કરતાર હે અનેક, એક એક કરતાકે કારીજ અનેક હૈ,
ઐસે કહે જીવ કરતાર હોય પરહી કો, પર કરતાર ચિદાનંદકો ભીક કહે;
જ્ઞાની જડકો વિભેદ હોય નહિ એતૈ ખેદ, યાતે યહ વાત ભૈયા ગુજ અતિરેક હૈ,
એક કરતાર એક કારજ કો તહકીક, સ્યાદવાદ મતમાંહિ ઈહૈ થિર ટેક હૈ.''

- શ્રી દેવચંદ્રજી કૃત દ્ર.પ્ર.

સ્વ પર વિભાગ અસ્તમન અનેકાત્મક એક આત્મા અનુભવનઃ સર્વજ્ઞ અવમત

અને એમ સ્વ - પર ક્રિયાનો ભેદ મટી જતાં સ્વ પરના પરસ્પર વિભાગનું પ્રત્યસ્તમન થશે, સ્વ પરનો ભેદ આથમી જશે. स्वपरयोः परस्परविभागप्रत्यस्तमनाद् । કારણકે સ્વ-પર ક્રિયાના ભેદને લીધે જ સ્વ પર વસ્તુનો ભેદ પરખાય છે, પણ જડ પરિણામ અને ચેતનપરિણામ એ બન્ને ક્રિયાના સેળભેળપણાથી જૂદાપણું મટી જાય, તો પછી આ સ્વ વસ્તુ અને આ પરવસ્તુ એવો ભેદ ક્યાંથી પરખાય ? એટલે કે ભેદજ્ઞાનરૂપ સૂર્યનો સર્વથા અસ્ત થશે, સ્વ-પરનો વસ્તુ વિભાગ આથમી જશે.

અને એમ સ્વ પરનો વિભાગ અસ્ત પામશે, એટલે 'अनेकात्मकमेकमात्मानमनुभवन्' અનેકાત્મક એવા એક આત્માને અનુભવતો આ જીવ મિથ્યાદૃષ્ટિપણાએ કરીને સર્વજ્ઞાવમત થશે. 'मिथ्यादृष्टितया सर्वज्ञावमतः स्यात्' - અર્થાત્ અનેક વસ્તુનો જ્યાં શંભુમેળો છે એવા અનેકાત્મક એક આત્માને અનુભવતો આ જીવ મિથ્યાદૃષ્ટિપણાને પામશે, કારણકે વસ્તુસ્થિતિ તેવા પ્રકારે છે જ નહિ, સ્વ સ્વ પરિણામ ક્રિયાથી પરિણમતા જડ-ચેતન દ્રવ્ય પ્રગટ ભિન્ન છે, એટલે આવો મિથ્યા અનુભવ કરતો આ જીવ મિથ્યાદૃષ્ટિ જ હોય અને તે સર્વજ્ઞને અવમત થાય, અર્થાત્ સર્વજ્ઞને સંમત નથી - અત્યંત અસંમત છે.



બે ક્રિયાનો અનુભાવી મિથ્યાદૃષ્ટિ કયા કારણથી ? તો કે -

जह्मादु अत्तभावं पुग्गलभावं च दोवि कुव्वंति ।
तेण दु मिच्छादिट्ठी दोकिरियावादिणो हुंति ॥८६॥

આત્મભાવને પુદ્ગલ ભાવને, કારણ કરે છે દોય રે;
તેથી નિશ્ચય મિથ્યાદૃષ્ટિઓ, દ્વિક્રિયાવાદીઓ હોય રે... અજ્ઞાનથી. ૮૬

ગાથાર્થ - કારણકે આત્મભાવને અને પુદ્ગલભાવને બન્નેય કરે છે તેથી જ તો દ્વિક્રિયાવાદીઓ મિથ્યાદૃષ્ટિઓ હોય છે. ૮૬

आत्मख्यातिटीका

कुतो द्विक्रियानुभावी मिथ्यादृष्टिरिति चेत् -

यस्मात्त्वात्मभावं पुद्गलभावं च द्वावपि कुर्वंति ।
तेन तु मिथ्यादृष्टयो द्विक्रियावादिनो भवंति ॥८६॥

यतः किलात्मपरिणामं पुद्गलपरिणामं च कुर्वंतमात्मानं मन्यंते द्विक्रियावादिनस्ततस्ते मिथ्यादृष्टय एवेति सिद्धांतः ।

मावैकद्रव्येण द्रव्यद्वयपरिणामः क्रियमाणः प्रतिभातु ।
यथा किल कुलालः
कलशसंभवानुकूलमात्मव्यापारपरिणाम -
मात्मनोऽव्यतिरिक्त -
मात्मनोऽव्यतिरिक्तया
परिणतिमात्रया क्रियया क्रियमाणं
कुर्वाणः प्रतिभाति ।
न पुनः
कलशकरणाहंकारनिर्भरोपि
स्वव्यापारनुरूपं मृत्तिकायाः कलशपरिणामं
मृत्तिकाया अव्यतिरिक्तं
मृत्तिकाया अव्यतिरिक्तया
परिणतिमात्रया क्रियया क्रियमाणं
कुर्वाणः प्रतिभाति ।

तथात्मापि
पुद्गलकर्मपरिणामानुकूलमज्ञानादात्मपरिणाम-
मात्मनोऽव्यतिरिक्त -
मात्मनोऽव्यतिरिक्तया
परिणतिमात्रया क्रियया क्रियमाणं
कुर्वाणः प्रतिभातु ।

मा पुनः
पुद्गलपरिणामकरणाहंकारनिर्भरोपि
स्वपरिणामानुरूपं पुद्गलस्य परिणामं
पुद्गलद्रव्यतिरिक्तं
पुद्गलाद्व्यतिरिक्तया
परिणतिमात्रया क्रियया क्रियमाणं
कुर्वाणः प्रतिभातु ॥८६॥

आत्मभावना -

कुतो द्विक्रियानुभावी मिथ्यादृष्टिः - द्विक्रिया - બે ક્રિયાનો અનુભાવી - અનુભવનારો મિથ્યાદૃષ્ટિ કયા કારણથી ? इति चेत् - એમ જો પૂછો તો - यस्मात् तु - કારણકે आत्माभावं पुद्गलभावं च - આત્મભાવને અને પુદ્ગલભાવને द्वावपि कुर्वंति - બન્નેયને કરે છે, तेन तु - તેથી જ નિશ્ચયે કરીને द्विक्रियावादिनो - દ્વિક્રિયાવાદીઓ मिथ्यादृष्टयः भवंति - મિથ્યાદૃષ્ટિઓ હોય છે. ॥ इति **गाथा** आत्मभावना ॥८६॥

આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે સ્ફુટપણે આત્મપરિણામને અને પુદ્ગલપરિણામને કરતા આત્માને દ્વિક્રિયવાદીઓ માને છે, તેથી તેઓ મિથ્યાદૃષ્ટિઓ જ છે, એમ સિદ્ધાંત છે; અને એક દ્રવ્યથી દ્રવ્યદ્વય પરિણામ કરાતો ન પ્રતિભાસો !

જેમ સ્ફુટપણે કુંભકાર

કળશ સંભવને અનુકૂળ આત્મવ્યાપાર પરિણામ

આત્માથી અવ્યતિરિક્ત,

આત્માથી અવ્યતિરિક્ત પરિણતિમાત્ર ક્રિયાથી કરાતો એવો

કરતો પ્રતિભાસે છે,

પણ કળશકરણ અહંકારથી નિર્ભર છતાં,

સ્વ વ્યાપારને અનુરૂપ મૃત્તિકાનો કળશ પરિણામ

મૃત્તિકાથી અવ્યતિરિક્ત,

મૃત્તિકાથી અવ્યતિરિક્ત પરિણતિમાત્ર ક્રિયાથી કરાતો એવો

કરતો પ્રતિભાસતો નથી :

તેમ આત્મા પણ

પુદ્ગલપરિણામને અનુકૂળ એવો અજ્ઞાનને લીધે આત્મ પરિણામ

આત્માથી અવ્યતિરિક્ત,

આત્માથી અવ્યતિરિક્ત પરિણતિમાત્ર ક્રિયાથી કરાતો એવો

કરતો ભલે પ્રતિભાસો !

પણ પુદ્ગલપરિણામ કરણ અહંકારથી નિર્ભર છતાં,

સ્વપરિણામને અનુરૂપ પુદ્ગલનો પરિણામ

પુદ્ગલથી અવ્યતિરિક્ત,

પુદ્ગલથી અવ્યતિરિક્ત પરિણતિમાત્ર ક્રિયાથી કરાતો એવો,

કરતો ન પ્રતિભાસો ! ૮૬

यतः - કારણકે किल - ખરેખર ! आत्मपरिणामपुद्गलपरिणामं च कुर्वंतं - આત્મપરિણામને અને પુદ્ગલપરિણામને કરતા आत्मानं मन्यंते द्विक्रियावादिनः - આત્માને દ્વિક્રિયાવાદીઓ માને છે, ततः - તેથી કરીને તે मिथ्यादृष्टय एव - તેઓ મિથ્યાદૃષ્ટિઓ જ છે, इति सिद्धांतः - એમ સિદ્ધાંત છે. माएकद्रव्येण द्रव्यद्वयपरिणामं क्रियमाणः प्रतिभातु - એક દ્રવ્યથી દ્રવ્યદ્વયનો - બે દ્રવ્યનો પરિણામ કરાતો ન પ્રતિભાસો !

यथा - જેમ, दृष्टांत - किल - સ્ફુટપણે, प्रगट, कुलालः - કુલાલ, કુંભકાર, कलशसंभवानुकूलमात्मव्यापारपरिणामं कुर्वाणः प्रतिभाति - કલશ સંભવને - ઘડાની ઉત્પત્તિને અનુકૂળ આત્મવ્યાપાર પરિણામ કરતો પ્રતિભાસે છે. કેવો છે તે આત્મવ્યાપાર પરિણામ ? आत्मनोऽव्यतिरिक्तं - આત્માથી - પોતાથી અવ્યતિરિક્ત - જૂદો નહિ એવો. તે કોનાથી કેવી રીતે કરાઈ રહ્યો છે ? आत्मनोऽव्यतिरिक्तया परिणतिमात्रया क्रियया क्रियमाणं - આત્માથી - પોતાથી અવ્યતિરિક્ત - અભિન્ન - જૂદી નહીં એવી પરિણતિમાત્ર ક્રિયાથી કરાઈ રહ્યો છે. આમ આવો આત્મવ્યાપાર પરિણામ કરતો કુંભકાર પ્રતિભાસે છે, पुनः - પણ कलशकरणाहंकारनिर्भरोपि - કલશકરણના - કલશ કરવાના અહંકારથી નિર્ભર - ભરપૂર છતાં, स्वव्यापारानुरूपं मृत्तिकायाः कलशपरिणामं - સ્વ વ્યાપારને અનુરૂપ એવા મૃત્તિકાના કલશ પરિણામને कुर्वाणः न प्रतिभाति - કરતો નથી પ્રતિભાસતો. કેવો છે તે કલશ પરિણામ ? मृत्तिकाया अव्यतिरिक्तं - મૃત્તિકાથી અવ્યતિરિક્ત - ભિન્ન જૂદો પૃથક્ નહીં એવો. તે કોનાથી કેવી રીતે કરાઈ રહ્યો છે ? मृत्तिकाया अव्यतिरिक्तया परिणतिमात्रया क्रियया क्रियमाणं - મૃત્તિકાથી અવ્યતિરિક્ત - જૂદી ભિન્ન નહિ એવી પરિણતિમાત્ર ક્રિયાથી કરાઈ રહેલો છે.

तथा - તેમ, दार्ष्टांतिक - आत्मापि - આત્મા પણ पुद्गलकर्मपरिणामानुकूलमज्ञानादात्मपरिणामं - અજ્ઞાનને લીધે પુદ્ગલકર્મપરિણામને અનુકૂલ આત્મપરિણામ कुर्वाणः प्रतिभातु - કરતો ભલે પ્રતિભાસો ! કેવો છે તે આત્મ પરિણામ ? आत्मनोऽव्यतिरिक्तम् - આત્માથી અવ્યતિરિક્ત - અપૃથક્ જૂદો નહીં એવો. તે કોનાથી કેવી રીતે કરાઈ રહ્યો છે ? आत्मनोऽव्यतिरिक्तया परिणतिमात्रया क्रियया क्रियमाणं - આત્માથી અવ્યતિરિક્ત - અપૃથક્ - જૂદી નહીં એવી પરિણતિમાત્ર ક્રિયાથી કરાઈ રહેલો છે. આમ અજ્ઞાનને લીધે આવો આત્મપરિણામ કરતો આત્મા ભલે પ્રતિભાસો, पुनः - પણ पुद्गलपरिणामकरणाहंकारनिर्भरोपि - પુદ્ગલ પરિણામકરણના - કરવાના અહંકારથી નિર્ભર - ભરપૂર છતાં, स्वपरिणामानुरूपं पुद्गलस्य परिणामं - સ્વપરિણામને અનુરૂપ પુદ્ગલના પરિણામને कुर्वाणः न प्रतिभातु - કરતો ન પ્રતિભાસો ! કેવો છે તે પુદ્ગલનો પરિણામ ? पुद्गलादव्यतिरिक्तं - પુદ્ગલથી અવ્યતિરિક્ત - અપૃથક્, જૂદો નહિ એવો. તે કોનાથી કેવી રીતે કરાઈ રહ્યો છે ? पुद्गलादव्यतिरिक्तया परिणतिमात्रया क्रियया क्रियमाणं - પુદ્ગલથી અવ્યતિરિક્ત - અપૃથક્ - જૂદી નહિ એવી પરિણતિમાત્ર ક્રિયાથી કરાઈ રહેલો છે. ।। इति **'आत्मख्याति'** આત્મભાવના ।।૮૬।।

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વ વિચારણાનું ફળ આત્માનું સહજ સ્વભાવે પરિણામ થવું એજ છે. સંપૂર્ણ રાગદ્વેષના ક્ષય વિના સંપૂર્ણ આત્મજ્ઞાન પ્રગટે નહિ એવો નિશ્ચય જિને કહ્યો છે, તે વેદાંતાદિ કરતાં બળવાન્ પ્રમાણભૂત છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (પ૭૭), પ૯૫**

''જીવ નવિ પુગ્ગલી નૈવ પુગ્ગલ કદા, પુગ્ગલાધાર નવિ તાસ રંગી;

પરતણો ઈશ નહિ અપર ઐશ્વર્યતા, વસ્તુધર્મે ન પર સંગી.

અહો ! શ્રી સુમતિ જિન શુદ્ધતા, તાહરી સ્વગુણ પર્યાય પરિણામ રામી.'' - **શ્રી દેવચંદ્રજી**

બે ક્રિયાનો અનુભાવી - અનુભવ કરનારો મિથ્યાદૃષ્ટિ કહ્યો તે કયા કારણથી ? તેનો આ ગાથામાં ખુલાસો કર્યો છે અને તેનું **ઘટ-મૃત્તિકા ને ઘટ-કુંભકારના દૃષ્ટાંતથી** સાંગોપાંગ બિંબ-પ્રતિબિંબ ભાવથી તલસ્પર્શી તત્ત્વ સર્વસ્વસમર્પક વિવરણ કરતાં **તાત્ત્વિકશિરોમણિ પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અનન્ય અપૂર્વ અદ્‌ભુત તત્ત્વ રહસ્ય પ્રદ્યોતિત કર્યું છે - પ્રકાશ્યું છે : કારણકે **'દ્વિક્રિયાવાદીઓ'** - આત્મા બે ક્રિયા કરે છે એમ વદનારાઓ આત્મપરિણામને અને પુદ્‌ગલપરિણામને કરતા આત્માને માને છે, તેથી તેઓ **મિથ્યાદૃષ્ટિઓ જ** છે એમ 'સિદ્ધાંત' છે, ત્રણે કાળમાં ન ચળે એવો પરમ નિશ્ચયરૂપ 'સિદ્ધ' - સુપ્રતિષ્ઠિત 'અંત' - ધર્મ અથવા અંતિમ છેવટનો તત્ત્વ નિર્ણય છે. માટે એકદ્રવ્યથી દ્રવ્યદ્વય પરિણામ - બે દ્રવ્યનો પરિણામ કરાતો ય પ્રતિભાસો ! અત્રે દૃષ્ટાંત - કુલાલ-કુંભકાર છે, તે કળશ સંભવને - કળશની ઉત્પત્તિને અનુકૂળ આત્મવ્યાપાર પરિણામ કરતો પ્રતિભાસે છે - જણાય છે - દીસે છે. કેવો છે તે આત્મવ્યાપાર પરિણામ ? 'આત્મનોઽવ્યતિરિક્તં' - આત્માથી અવ્યતિરિક્ત - અભિન્ન - ભિન્ન જૂદો પૃથક્ નહિ એવો. તે કોનાથી કેવી રીતે કરાઈ રહ્યો છે ? આત્માથી અવ્યતિરિક્ત - અભિન્ન - જૂદી પૃથક્ નહિ એવી કેવળ પરિણમ્યા કરવાપણારૂપ પરિણતિમાત્ર ક્રિયાથી કરાઈ રહ્યો છે - 'આત્મનોઽવ્યતિરિક્તયા પરિણતિમાત્રયા ક્રિયયા ક્રિયમાણં' । - આમ આવી રીતે આત્માથી - પોતાથી કરાતા આવા આત્મવ્યાપાર પરિણામને કરતો કુંભકાર પ્રતિભાસે છે - દીસે છે. પણ કલશકરણાહંકારનિર્ભરોપિ - કલશ કરણ અહંકારથી નિર્ભર છતાં, હું કલશ કરૂં છું એવા અહંકારથી નિર્ભર-અત્યંત ભરેલ છતાં, તે સ્વવ્યાપારને 'અનુરૂપ' - અનુસરતા સ્વરૂપવાળો મૃત્તિકાનો કળશ પરિણામ કરતો પ્રતિભાસતો નથી - દીસતો નથી. કેવો છે મૃત્તિકાનો કળશ પરિણામ ? 'મૃત્તિકાયા અવ્યતિરિક્તં' - મૃત્તિકાથી - માટીથી અવ્યતિરિક્ત - અભિન્ન - ભિન્ન જૂદો પૃથક્ નહિ એવો. તે કોનાથી કેવી રીતે કરાઈ રહ્યો છે ? મૃત્તિકાથી અવ્યતિરિક્ત - અભિન્ન - જૂદી પૃથક્ નહિ એવી કેવળ પરિણમ્યા કરવાપણારૂપ પરિણતિ માત્ર ક્રિયાથી કરાઈ રહ્યો છે - 'મૃત્તિકાયા અવ્યતિરિક્તયા પરિણતિમાત્રયા ક્રિયયા ક્રિયમાણં' - આમ આવી રીતે મૃત્તિકાથી કરાતા આવા કળશ પરિણામને કરતો કુંભકાર ય પ્રતિભાસો ! ય દીસો ! તેમ દાર્ષ્ટાંતિક - આત્મા પણ પુદ્‌ગલકર્મ પરિણામને અનુકૂલ આત્મપરિણામ કરતો ભલે પ્રતિભાસો ! ભલે દીસો ! તેવો આત્મપરિણામ શાને લીધે કરે છે ? **અજ્ઞાનને** લીધે - 'અજ્ઞાનાત્' - કેવો છે તે આત્મપરિણામ ? 'આત્મનોઽવ્યતિરિક્તં' - આત્માથી અવ્યતિરિક્ત - અભિન્ન - ભિન્ન જૂદો પૃથક્ નહિ એવો. તે કોનાથી કેવી રીતે કરાઈ રહ્યો છે ? આત્માથી અવ્યતિરિક્ત - અભિન્ન - જૂદી પૃથક્ નહિ એવી કેવળ પરિણમ્યા કરવાપણારૂપ પરિણતિ માત્ર ક્રિયાથી કરાઈ રહ્યો છે, 'આત્મનોઽવ્યતિરિક્તયા પરિણતિમાત્રયા ક્રિયયા ક્રિયમાણં' - આમ આવી રીતે અજ્ઞાનને લીધે કરાતા આવા આત્મપરિણામને કરતો આત્મા ભલે પ્રતિભાસો ! પણ 'પુદ્‌ગલપરિણામકરણાહંકારનિર્ભરોપિ' - પુદ્‌ગલ પરિણામકરણના અહંકારથી નિર્ભર છતાં, હું પુદ્‌ગલ પરિણામ કરૂં છું એવા અહંકારથી નિર્ભર - અત્યંત ભરેલ છતાં, તે સ્વપરિણામને અનુરૂપ એવો પુદ્‌ગલનો પરિણામ કરતો ય પ્રતિભાસો ! ય દીસો ! કેવો છે આ પુદ્‌ગલનો પરિણામ ? 'પુદ્‌ગલાદવ્યતિરિક્તં' - પુદ્‌ગલથી અવ્યતિરિક્ત - અભિન્ન - ભિન્ન જૂદો પૃથક્ નહિ એવો. તે કોનાથી

કેવી રીતે કરાઈ રહ્યો છે ? પુદ્ગલથી અવ્યતિરિક્ત - અભિન્ન - જૂદી પૃથક્ નહિ એવી કેવળ પરિણમ્યા કરવાપણારૂપ પરિણતિમાત્ર ક્રિયાથી કરાઈ રહ્યો છે - 'पुद्गलादव्यतिरिक्तया परिणतिमात्रया क्रियया क्रियमाणं' - આમ આવી રીતે પુદ્ગલથી કરાતા આવા પુદ્ગલના પરિણામને કરતો આત્મા મ પ્રતિભાસો !

દ્વિ ક્રિયાવાદીઓ મિથ્યાદૃષ્ટિ છે એ સિદ્ધાંત

દ્વિ ક્રિયાવાદીઓ જે છે તે આત્મપરિણામને અને પુદ્ગલપરિણામને કરતા આત્માને માને છે, અર્થાત્ ચેતનમય આત્મપરિણામ અને અચેતન પુદ્ગલપરિણામ એમ બે પ્રકારના પરિણામરૂપ બે ક્રિયા આત્મા કરે છે એમ માને છે, એટલા માટે જ તેઓ **'દ્વિ ક્રિયાવાદી'** - બે ક્રિયાવાદી કહેવાય છે અને એમ તેઓ આત્માની બે ક્રિયા માને છે એટલા માટે જ તેઓ **'મિથ્યાદૃષ્ટિઓ'** જ છે એવો સિદ્ધાંત છે - 'ते मिथ्यादृष्टय एव इति सिद्धांतः' । - કારણકે એક દ્રવ્ય બે ક્રિયા કરે જ નહિ, એક દ્રવ્ય એક જ ક્રિયા કરે, આત્મા સદા એક આત્મપરિણામ જ કરે, કદી પણ પુદ્ગલપરિણામ કરે જ નહિ, તેમજ પુદ્ગલ સદા એક પુદ્ગલપરિણામ જ કરે, કદી પણ આત્મપરિણામ કરે જ નહિ; ચેતન ચેતન ભાવે જ પરિણમે, અચેતન ભાવે પરિણમે જ નહિ, અચેતન જડ અચેતન જડ ભાવે જ પરિણમે, ચેતન ભાવે પરિણમે જ નહિ, આ 'સિદ્ધાંત' - સિદ્ધ ધર્મ છે, વસ્તુસ્થિતિથી સ્વયં સ્થિત વસ્તુસ્વભાવ છે અને એજ વસ્તુસ્થિતિનું યથાસ્થિત સમ્યગ્દર્શન કરાવતો ત્રણે કાળમાં ન ફરે એવો ત્રિકાળાબાધિત અવિચ્છિન્ન અખંડ નિશ્ચય છે, એટલે આમ છતાં જે એથી ઉલટું બે ક્રિયાનો કર્ત્તા આત્માને માને છે તે દ્વિક્રિયાવાદીઓ વસ્તુસ્થિતિથી વિપરીત એવું વસ્તુનું વિપરીતાભિનિવેશરૂપ મિથ્યાદર્શન કરતા હોવાથી, મિથ્યાદૃષ્ટિઓ જ છે આ નિશ્ચય છે, એમ આપ્ત પુરુષનું આગમ અર્થાત્ સિદ્ધાંત ભાખે છે.

કેટલાક લોકો એક અદ્વૈત ચેતન - બ્રહ્મ તત્ત્વ જ માને છે અને તેમાંથી આ જડ-ચેતનમય સમસ્ત સૃષ્ટિની ઉત્પત્તિ માને છે, પણ તેમનું આ માનવું સત્ય વસ્તુસ્થિતિથી તત્ત્વદૃષ્ટિએ જોતાં મિથ્યા ભ્રાંતિ રૂપ છે, માત્ર એક બ્રહ્મ (ચેતન) તત્ત્વ છે ને બીજું કોઈ તત્ત્વ છે નહિ એમ અદ્વૈત માત્ર 'બ્રહ્મ' માનવું એ યથાર્થ વસ્તુના સમ્યગ્ દર્શનથી વિપરીત એવું માત્ર 'ભ્રમરૂપ' - મિથ્યાદર્શનરૂપ છે. એટલે તે મિથ્યાદર્શનવંતા **દ્વિક્રિયાવાદીઓ 'મિથ્યાદૃષ્ટિઓ'** જ છે, એમ આપ્ત આગમ - ત્રિકાલાબાધિત સર્વજ્ઞ સિદ્ધાંત ડિંડિમ નાદથી ઉદ્ઘોષે છે.

આમ આગમપ્રમાણ કહી અનુમાનપ્રમાણથી યુક્તિનો ઉપન્યાસ કરતાં અનન્ય તત્ત્વચિંતક **તાત્ત્વિકશેખર પરમર્ષિ અમૃતચંદ્રાચાર્ય** અત્યંત ભાવિતાત્મપણાના ઉલ્લાસથી અન્ય તત્ત્વચિંતકોને સપ્રેમ ઉદ્બોધીને પોકારે છે - 'मा एकद्रव्येण द्रव्यद्वयपरिणामः क्रियमाणः प्रतिभातु - 'એક દ્રવ્યથી બે દ્રવ્યપરિણામ કરાતાં મ પ્રતિભાસો ! અત્રે કુંભકારનું દૃષ્ટાંત ઘટે છે -

કુંભકાર કલશાનુકૂલ આત્મવ્યાપાર કર્મનો કર્ત્તા

કુંભાર છે, તે ઘડાની ઉત્પત્તિને અનુકૂલ 'कलशसंभवानुकूलमात्मव्यापारं' એવો આત્મવ્યાપાર કરતો પ્રતિભાસે છે, અર્થાત્ ઘડો બનાવવામાં ઉપયોગી પોતાનો હાથ-પગ ચલાવવા રૂપ શરીર ચેષ્ટા અનુકૂળ - આત્મવ્યાપાર અને હું ઘડો કરૂં એવો ઈચ્છારૂપ આત્મપરિણામ - એમ આત્મવ્યાપાર પરિણામ કરતો જણાય છે; અને કુંભકારનો—જે આ આત્મવ્યાપાર પરિણામ છે, તે તેના આત્માથી અવ્યતિરિક્ત - અભિન્ન છે અને તે આત્માથી અવ્યતિરિક્ત - અભિન્ન એવી પરિણતિ માત્ર ક્રિયાથી કરાઈ રહ્યો છે. અર્થાત્ કુંભકારનો તે આત્મવ્યાપાર પરિણામ કુંભકારના આત્માથી - પોતાથી જૂદો નથી અને તે તેના આત્માથી - અવ્યતિરિક્ત - અભિન્ન છે અને તે આત્માથી અવ્યતિરિક્ત - અભિન્ન એવી પરિણતિ માત્ર ક્રિયાથી કરાઈ રહ્યો છે. અર્થાત્ કુંભકારનો તે આત્મવ્યાપાર પરિણામ કુંભકારના આત્માથી - પોતાથી જૂદો નથી અને તે તેના આત્માથી - પોતાથી જૂદી નહિ એવી પરિણતિમાત્ર ક્રિયાથી કરાઈ રહ્યો છે, તેનો આત્મા જ તેવી આત્મપરિણતિ ક્રિયાથી પરિણમી રહ્યો છે અને તેવા પ્રકારનું આત્મપરિણામ પામે છે. કારણકે આત્મપરિણતિરૂપ જે પ્રક્રિયા (Process) છે તે આત્મામાં જ

થાય છે, એટલે આત્માથી અલગ-જૂદી નથી અને આત્મપરિણામરૂપ જે પરિણામ (Product) થાય છે તે પણ આત્માનું જ પરિણામ છે એટલે તે પણ આત્માથી જૂદું નથી. આમ આત્મા આત્મપરિણતિ અને આત્મપરિણતિ ભિન્ન નથી - જૂદા નથી, તેમ કુંભકાર, કુંભકારની આત્મપરિણતિ અને કુંભકારનો આત્મવ્યાપાર પરિણામ ભિન્ન નથી, જૂદા નથી.

પણ અહંકાર છતાં કુંભકાર કલશ કર્મનો કર્ત્તા નહિ

એટલે આત્મપરિણતિ ક્રિયાથી કરાતું આત્મવ્યાપાર પરિણામ કર્મ કુંભકાર કર્ત્તા કરે છે એમ પ્રતિભાસે છે, પણ હું કળશ કરૂં છું એમ 'કલશકરણના અહંકારથી નિર્ભર' - ઠાંસોઠાંસ ભરેલો છતાં તે મૃત્તિકાના કલશપરિણામને કરતો પ્રતિભાસતો નથી. મૃત્તિકાનું તે કળશ પરિણામ જે સ્વવ્યાપારને અનુરૂપ 'स्वव्यापारानुरूपं' - થાય છે તે તો મૃત્તિકાથી અવ્યતિરિક્ત-અભિન્ન છે અને મૃત્તિકાથી અવ્યતિરિક્ત-અભિન્ન એવી પરિણતિ માત્ર ક્રિયાથી કરાઈ રહ્યું છે. અર્થાત્ કુંભકારના સ્વવ્યાપારને અનુરૂપપણે માટી પોતે ઘટ પરિણામ કરે છે, તે ઘટ પરિણામ માટીથી જૂદું નથી અને માટીથી જૂદી નહિ એવી પરિણતિ માત્ર ક્રિયાથી કરાઈ રહ્યું છે, માટી પોતે જ ઘટ પરિણતિ ક્રિયાથી (Process) ઘટ પરિણામને (Product) પામી ઘટ બને છે. આમ માટી જ પોતાની પરિણતિ ક્રિયાથી પોતાના જ ઘટ પરિણામને પરિણમી ઘટ કર્મ કરે છે, એટલે માટી જ ઘડો કરે છે, પણ કુંભકાર 'હું ઘડો કરૂં છું' એવા ગમે તેટલા અહંકારથી ફૂલાઈને ફાળકો બનતો હોય તો પણ વાસ્તવિક રીતે તે ઘડો કરતો જ નથી. કુંભકાર નિમિત્તરૂપ થઈ ઘડો બનવામાં અનુકૂળ એવો આત્મપરિણામ ભલે કરતો હોય, પણ તે પોતે કાંઈ ઘડારૂપે પરિણમી ઘડો બની જતો નથી ! એટલે કુંભકાર આત્મવ્યાપાર પરિણામ કરતો પ્રતિભાસે છે, છતાં કળશ પરિણામને કરતો પ્રતિભાસતો નથી જ.

આત્મા અજ્ઞાનને લીધે કર્માનુકૂલ આત્મ પરિણામનો કર્ત્તા

તેમ - આત્મા પણ **'अज्ञानात्'** - **'અજ્ઞાનને લીધે'** પુદ્ગલ - કર્મ પરિણામને અનુકૂળ એવો આત્મપરિણામ 'पुद्गलकर्मपरिणामानुकूलमात्मपरिणामं' - કરતો ભલે પ્રતિભાસો, અજ્ઞાનને લીધે જ કરવામાં આવતો આ પુદ્ગલકર્મ પરિણામને અનુકૂળ આત્મપરિણામ પણ આત્માથી અવ્યતિરિક્ત - અભિન્ન છે અને આત્માથી અવ્યતિરિક્ત - અભિન્ન એવી પરિણતિ માત્ર ક્રિયાથી કરાઈ રહ્યો છે, અર્થાત્ આ આત્મપરિણામ છે તે આત્માથી જૂદો નથી અને આત્માથી જૂદી નહિ એવી પરિણતિ માત્ર ક્રિયાથી કરાઈ રહ્યો છે અને આત્મપરિણતિ ક્રિયાથી કરાતો આ આત્મપરિણામ આત્માથી જૂદો નથી. એટલે કે આત્મા પોતે જ તેવા આત્મપરિણામપણે પરિણમે છે. આવું પુદ્ગલકર્મ પરિણામને અનુકૂળ એવું જે આત્મપરિણામ આત્મા કરે છે, તેનું કારણ **અજ્ઞાન જ છે.** સ્વ-પરના ભેદરૂપ જ્ઞાનના અભાવને લીધે જ આવું અજ્ઞાનજન્ય પરિણમન આત્મા કરે છે, સ્વ-પરનું ભેદજ્ઞાન જેને હોય તે જ્ઞાની આત્મા તેવું પરિણમન કરે જ નહિ, પુદ્ગલકર્મ પરિણામને અનુકૂળ એવા રાગ-દ્વેષ-મોહરૂપ વિભાવ ભાવે પરિણમે જ નહિ. એટલે માત્ર અજ્ઞાની આત્મા જ તેવા વિભાવ ભાવે પરિણમે છે એમ ભલે પ્રતિભાસો !

પણ અહંકાર છતાં અજ્ઞાની આત્મા પુદ્ગલ પરિણામ કર્મનો કર્ત્તા નહિ


પણ તેવો અજ્ઞાની આત્મા પણ ભલે પુદ્ગલ પરિણામકરણ અહંકારથી નિર્ભર - ભરેલો હોય, હું પુદ્ગલ પરિણામ કરૂં છું એવા અહંકારથી ભલે ફૂલાઈ જતો હોય, છતાં તે પુદ્ગલ પરિણામને કરતો ન પ્રતિભાસો ! કારણકે તે સ્વપરિણામને અનુરૂપ એવો કર્મરૂપ પુદ્ગલનો પરિણામ તો પુદ્ગલથી અવ્યતિરિક્ત - અભિન્ન હોઈ, પુદ્ગલથી અવ્યતિરિક્ત-અભિન્ન એવી પરિણતિ માત્ર ક્રિયાથી કરાઈ રહ્યો છે. અર્થાત્ સ્વપરિણામને અનુરૂપપણે પુદ્ગલ પોતે જ પોતાની પરિણતિ માત્ર ક્રિયાથી કર્મરૂપ પુદ્ગલ પરિણામ કરે છે, તે પુદ્ગલથી જૂદો નથી અને પુદ્ગલથી જૂદી નહિ એવી પરિણતિ માત્ર ક્રિયાથી કરાઈ રહ્યો છે. અર્થાત્ પુદ્ગલ પોતે જ સ્વ પરિણતિ પ્રમાણે પુદ્ગલ

પરિણામે પરિણમે છે. આમ પુદ્‌ગલ પોતે જ પુદ્‌ગલ પરિણામરૂપ કર્મ કરે છે અને કુંભકારની જેમ અજ્ઞાની આત્મા પણ ભલે હું પુદ્‌ગલ કર્મ કરું છું એવો અહંકાર ધરી ફૂલાતો હોય, તો પણ વાસ્તવિક રીતે તે પુદ્‌ગલકર્મ કરતો જ નથી. એટલે ભલે તે અજ્ઞાનને લીધે પુદ્‌ગલકર્મ પરિણામને અનુકૂળ એવો આત્મ પરિણામ કરતો પ્રતિભાસતો હોય, તો પણ તે પોતે તો કદી પણ પુદ્‌ગલ પરિણામરૂપ પુદ્‌ગલ કર્મપણે ન જ પરિણમતો હોઈ પુદ્‌ગલકર્મ કરતો ન પ્રતિભાસો ! આમ આત્મા અજ્ઞાનને લીધે ભલે આત્મપરિણામરૂપ ભાવકર્મનો કર્ત્તા હોય, પણ પુદ્‌ગલપરિણામરૂપ પુદ્‌ગલ કર્મનો - દ્રવ્યકર્મનો કર્ત્તા તો નથી જ - આ અખંડ નિશ્ચય છે, ત્રિકાળાબાધિત અવિચ્છિન્ન સિદ્ધાંત સનાતન શાશ્વત સત્ય છે.

''માટીમાં ઘડો થવાની સત્તા છે, પણ દંડ ચક્ર કુંભારાદિ મળે તો થાય,
તેમ આત્મા માટી રૂપ છે તેને સદ્‌ગુરુ આદિ સાધન મળે તો આત્મજ્ઞાન થાય.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, ઉપદેશ છાયા

આકૃતિ



કર્ત્તા-કર્મ-ક્રિયાનું અપૂર્વ તત્ત્વવિજ્ઞાન અદ્‌ભુત શબ્દ અર્થ-તત્ત્વ ચમત્કૃતિથી દાખવતા **સમયસાર કળશ કાવ્ય (૬-૯) અમૃતચંદ્રજી** પ્રકાશે છે -

આર્યા

यः परिणमति स कर्त्ता यः परिणामो भवेत्तु तत्कर्म ।
या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया ॥५१॥
एकः परिणमति सदा परिणामो जायते सदैकस्य ।
एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः ॥५२॥
नोभौ परिणमतः खलु परिणामो नोभयोः प्रजायेत ।
उभयोर्न परिणतिः स्याद्यदनेकमनेकमेव सदा ॥५३॥
नैकस्य हि कर्तारौ द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य ।
नैकस्य च क्रिये द्वे एकमनेकं यतो न स्यात् ॥५४॥

જે પરિણમે તે કર્ત્તા, જે પરિણામ હોય તે કર્મ ભણે;
જે પરિણતિ ક્રિયા તે, ત્રય પણ ભિન્ન ન વસ્તુપણે. ૫૧
એક પરિણમે છે સદા, પરિણામ ઉપજે સદા એકતણો;
એકની હોય પરિણતિ, (કારણ) અનેક પણ એકજ ગણો. ૫૨
ન બે પરિણમે નિશ્ચે, પરિણામ ન ઉપજે બે ય તણો;
બેની પરિણતિ ન હોય, (કારણ) અનેક અનેક જ સદાય ગણો. ૫૩
એકના બે કર્ત્તા ના, એકના બે કર્મ હોય નહિ;
એકની બે ક્રિયા ના, કારણ એક અનેક હોય નહિ. ૫૪

અમૃત ૫૬-૫૧-૫૪

ધન્ય રે દિવસ આ અહો ! - એ રાગ

જડ ક્રિયા-કર્મ તે જડ કરે, ચેતન ક્રિયા કર્મ ચેતંન રે...
ભગવાન અમૃત ભાખિયું, તત્ત્વ ચિંતામણિ રતંન રે... જડ ક્રિયા. કર્મ. ૧
પરિણમે જેહ કર્ત્તા હોય તે, પરિણામ તે કર્મ હોય રે;
પરિણતિ જે તે ક્રિયા - ત્રણે, ભિન્ન વસ્તુતાએ નો'ય રે... જડ ક્રિયા. કર્મ. ૨
એક જ પરિણામે છે સદા, પરિણામ એકનો સદાય રે;
એકની પરિણતિ હોય છે, અનેક પણ એક જ હોય રે... જડ ક્રિયા. કર્મ. ૩
બે પરિણમે ન નિશ્ચયે, (કારણ) પરિણામ બેનો ન હોય રે;
બેની પરિણતિ હોય ના, (કારણ) અનેક અનેક જ સદાય રે... જડ ક્રિયા. કર્મ. ૪
એકના કર્ત્તા બે હોય ના, એકના કર્મ બે નો'ય રે;
એકની ક્રિયા બે હોય ના, (કારણ) એક અનેક ન હોય રે... જડ ક્રિયા. કર્મ. ૫
તત્ત્વ વિજ્ઞાન એ ભાખિયું, અચિંત્ય ચિંતામણિ સમાન રે;
ભગવાન અમૃતચંદ્રજી, 'વિજ્ઞાનઘન' અભિધાન રે... જડ ક્રિયા. કર્મ. ૬

અર્થ - જે પરિણમે છે તે કર્ત્તા, જે પરિણતિ તે ક્રિયા, - એ ત્રય પણ વસ્તુતાથી ભિન્ન નથી. એક સદા પરિણમે છે, એકનો સદા પરિણામ ઉપજે છે, એકની પરિણતિ હોય, કારણકે અનેક પણ એક જ છે. નિશ્ચયે કરીને બે પરિણમતા નથી, બેનો પરિણામ ઉપજતો નથી, બેની પરિણતિ હોતી નથી, કારણકે અનેક સદા અનેક જ હોય છે. એકના નિશ્ચયે કરીને બે કર્ત્તા હોય નહિં, અને એકના બે કર્મો હોય નહિં, અને એકની બે ક્રિયાઓ હોય નહિ, કારણકે એક અનેક ન હોય.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''એકવાર એક તણખલાના બે ભાગ કરવાની ક્રિયા કરી શકવાની શક્તિ પણ ઉપશમ પામે ત્યારે જ ઈશ્વરેચ્છા હશે તે થશે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૩૪, ૪૦૮**


''પરિણામી કર્ત્તા પરિણામો, કર્મ જે જીવે કરિયે રે;
અનેક રૂપે નયભેદે, નિયતે નર અનુસરિયે રે...
વાસુપૂજ્ય જિન.'' - **શ્રી આનંદઘનજી**

''એક વસ્તુ એક ક્રિરિયા ઠાવે,
યહ યથાર્થ જિનરાજ વખાણે.'' - **શ્રી દેવચંદ્રજી, 'દ્રવ્યપ્રકાશ', ૩-૫**

ઉપરમાં આત્મખ્યાતિના ગદ્યભાગમાં જે અપૂર્વ તત્ત્વવિજ્ઞાન પ્રકાશ્યું તેની પરિપુષ્ટિ કરતા સારસમુચ્ચય રૂપ આ ચાર * અમૃત કળશ કાવ્યમાં મહાગીતાર્થશિરોમણિ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** કર્ત્તા-કર્મનું ઊંડુ પરમ રહસ્યભૂત તત્ત્વજ્ઞાન અદ્‌ભુત શબ્દ-અર્થ-તત્ત્વ ચમત્કૃતિથી તેમની અપૂર્વ લાક્ષણિક શૈલીમાં અનન્ય આત્મભાવથી સંગીત કર્યું છે. અત્રે પરિણામી કોણ ? પરિણામ શું ? અને પરિણતિ શી ? એની શાસ્ત્રીય મીમાંસા 'ટૂંકા ટચ ને ચોકખા ચટ' સૂત્રાત્મક અમૃત અક્ષરોમાં અવતારતાં પરમર્ષિ **અમૃતચંદ્રજી** વદે છે કે - યः પરિણમતિः સ કર્ત્તા - જે પરિણમે છે તે કર્ત્તા, યः પરિણામો ભવેત્તુ તત્કર્મ - જે પરિણામ તે કર્મ હોય, યા પરિણતિ ક્રિયા સા - જે પરિણતિ તે ક્રિયા; આ ત્રય - ત્રણનો સમૂહ વસ્તુતાએ - વસ્તુપણે - વસ્તુ તત્ત્વથી જોતાં એક વસ્તુગત હોઈ અભિન્ન છે, ભિન્ન નથી - જૂદા જૂદા નથી, ત્રયમપિ ભિન્નં ન વસ્તુતયા । દા.ત. આત્મા પરિણામી છે કર્ત્તા છે, જ્ઞાનાદિ પરિણામ - આત્મપરિણામ તે કર્મ છે, અને જ્ઞાનાદિ પ્રતિ આત્માની પરિણમવાની પ્રક્રિયા રૂપ પરિણતિ તે ક્રિયા છે.

પરિણામી = કર્ત્તાः પરિણામ = કર્મः પરિણતિ = ક્રિયા

આકૃતિ



પરિણામ કર્મ
પરિણતિ ક્રિયા
પરિણામી કર્ત્તા


આ પરિભાષા કોઈ પણ દ્રવ્યમાં ઉતારી શકાય છે. એટલે કોઈ પણ એક દ્રવ્ય સદા એક જ પરિણમે છે, એકः પરિણમતિ સદા, એકનો જ સદા પરિણામ ઉપજે છે, - પરિણામો જાયતે સદૈકસ્ય, એકની જ પરિણતિ હોય - સદા ત્રણે કાળમાં સંભવે, - એકસ્ય પરિણતિः સ્યાત્, કારણકે અનેક પણ એક જ છે, - અનેકમપ્યેકમેવः પરિણામી, પરિણામ અને પરિણતિ એમ વિવક્ષાથી અનેક - જૂદા જૂદા છે, છતાં પણ તે એક જ દ્રવ્યના હોઈ એક જ છે. તેમજ દ્રવ્યો અનેક - જૂદા જૂદા છે, પણ પ્રત્યેક દ્રવ્ય એક એકપણે જ પરિણમે છે. દા.ત. જીવ એકલો જ પરિણમે છે, પરિણામ સદા એક જીવનો જ ઉપજે છે અને પરિણતિ સદા એક જીવની જ હોય છે. તેમ પુદ્‌ગલ એકલો જ પરિણમે છે, પરિણામ સદા એક પુદ્‌ગલનો જ ઉપજે છે અને પરિણતિ સદા એક પુદ્‌ગલની જ હોય છે. એમ અનેક દ્રવ્ય પણ સ્વ સ્વપરિણામીપણાથી સ્વસ્વપરિણતિ - પરિણામ યુક્ત હોવાથી એક છે.

આકૃતિ



તેમજ - नोभौ परिणमतः खलु - નિશ્ચયે કરીને ઉભય - બે નથી પરિણમતા અર્થાત્ બે દ્રવ્ય સાથે મળીને એક પરિણામીપણે પરિણમે નહિ; परिणामो नोभयोः प्रजायेत - ઉભયનો - બેનો પરિણામ ન ઉપજે, બે દ્રવ્યનો ભેગો મળીને એક પરિણામ ઉપજે નહિ - ત્રણે કાળમાં ઉપજવો સંભવે નહિ, परिणामो नोभयोः प्रजायेतः ઉભયની - બે દ્રવ્યની પરિણતિ ન હોય, બે દ્રવ્યની ભેગી મળીને એક પરિણતિ હોય નહિ - ત્રણે કાળમાં હોવી સંભવે નહિ - उभयो र्न परिणतिः स्यात्; કારણકે અનેક સદા અનેક જ હોય, અનેક - એક નહિ એવા - જૂદા જૂદા દ્રવ્ય તે સદા - ત્રણે કાળમાં અનેક જ - એક નહિ એવા જ જૂદા જૂદા જ હોવા સંભવે, यदनेकमनेकमेव सदा ।

આકૃતિ




આમ પરિણમનાર તે કર્ત્તા, પરિણમાય તે કર્મ ને પરિણમવાની પ્રક્રિયારૂપ પરિણતિ તે ક્રિયા છે; અને એક જ પરિણમે છે - બે નથી પરિણમતા, એકનો જ પરિણામ ઉપજે છે - બેનો પરિણામ નથી ઉપજતો, એકની જ પરિણતિ હોય - બેની પરિણતિ ન જ હોય, આ જે બધું ઉપર સ્પષ્ટ વિવરી દેખાડ્યું તે પરથી આ ફલિતાર્થ નીકળે છે કે - नैकस्य हि कर्त्तारौ द्वौ स्तो, द्वे कर्मणी न चैकस्य, नैकस्य च क्रिये द्वे - એકના - એક કર્મના બે કર્ત્તા ન હોય, એકના - એક કર્ત્તાના બે કર્મ ન હોય અને એકની - એક કર્ત્તાની બે ક્રિયા ન હોય. આમ ત્રણે કાળમાં ન ચળે એવી અખંડ નિશ્ચયરૂપ વસ્તુ સ્થિતિ છે. એટલે કે -

(૧) જડ ને ચેતન બે દ્રવ્ય રૂપ બે કર્ત્તા મળીને એક જડ કે ચેતન કર્મના કર્ત્તા હોય નહિ.

(૨) જડ કે ચેતન એક દ્રવ્યના જડ ને ચેતન એમ બે કર્મ હોય નહિ.

(૩) જડ કે ચેતન એક દ્રવ્યની જડ ને ચેતન એમ બે ક્રિયા હોય નહિ. કારણકે एकमनेकं यतो न स्यात् - અનેક એક ન હોય, જે કર્ત્તા કે કર્મ કે ક્રિયા અનેક છે, એક નહિ એવા - જૂદા જૂદા છે, તે એક ન હોય, - અનેક જ હોય - જૂદા જૂદા જ હોય.



તાત્પર્ય કે - (૧) જડ કર્ત્તા જડ કર્મ ને જડ ક્રિયા જ કરે છે, પણ ચેતન કર્મ ને ચેતન ક્રિયા કરે જ નહિ;

(૨) ચેતન કર્ત્તા ચેતન કર્મને ચેતન ક્રિયા જ કરે છે, પણ જડ કર્મને જડ ક્રિયા કરે જ નહિ.

- આ ત્રણે કાળમાં ન ફરે એવો અખંડ નિશ્ચય સિદ્ધાંત છે. એટલે તત્ત્વવૈજ્ઞાનિક દૃષ્ટિથી ચેતન આત્માને અચેતન જડ પુદ્‌ગલ કર્મ સાથે કોઈ પણ પ્રકારે કર્ત્તા - કર્મભાવ ઘટતો જ નથી, - આ નિશ્ચય છે.

''દોય દ્રવ્ય એક કિરિયા ન કરૈ, દોય કિરિયા ઈક દ્રવ્ય ભી ન ધરૈ;
એક વસ્તુ એક કિરિયા ઠાનૈ, યહ યથાર્થ જિનરાજ વખાનૈ.''

- શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ઉ-૫

આ સમસ્ત ઊંડામાં ઊંડુ પરમતત્ત્વ વિજ્ઞાન જે મહાનિર્ગ્રંથ મુનીશ્વર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી મહાગ્રંથાર્થ ગંભીર થોડા સૂત્રમય શબ્દોમાં આ સુવર્ણ અમૃત કલશોમાં સંભૃત કરી અપૂર્વ આત્મભાવથી ને અનુપમ તત્ત્વકલાથી સુગ્રંથિત કર્યું છે; તેના ચતુર્થ કળશના ભાવને યથાર્થપણે ઝીલતું પરમ સુંદર ભાવવાહી હૃદયંગમ આલેખન **કવીશ્વર બનારસીદાસજીએ** આ પ્રકારે સંગીત કર્યું છે :-

''એક પરિનામ કે ન કરતા દરબ દોય, દોય પરિનામ એક દર્બ ન ધરતુ હૈઃ
એક કરતૂતિ દોઈ દર્બ કબ હોં ન કરૈ, દોઈ કરતૂતિ એક દર્બ ન કરતુ હૈઃ
જીવ પુદગલ એક ખેત અવગાહી દોઈ, અપને અપને રૂપ, કોઉ ન ટરતુ હૈઃ
જડ પરમાનનિકો, કરતા હૈ પુદગલ, ચિદાનંદ ચેતન સુભાવ આચરતુ હૈ.''

- બનારસીદાસજી સમયસાર નાટક

આ રહસ્યભૂત કાવ્યના પરમ પરમાર્થને પરિસ્ફુટ કરતું અલૌકિક અનન્ય વ્યાખ્યાન **પરમ ભાવિતાત્મા તાત્ત્વિકશિરોમણિ શ્રીમદ્ રાજચંદ્રજીએ** આ ટંકોત્કીર્ણ અમર અમૃત શબ્દોમાં અપૂર્વપણે પ્રકાશ્યું છે, અને તે દ્વારા આ પદના મૂળ અમૃત કળશના કર્ત્તા અમૃતચંદ્રાચાર્યજીના પરમ પરમાર્થગંભીર વચનામૃતની પરમ પરમાર્થ ગંભીરતાનો પરિચય કરાવ્યો છે -

''એક પરિનામ કે ન કરતા દરબ દોય,''

વસ્તુ પોતાનાં સ્વરૂપમાં જ પરિણમે એવો નિયમ છે. જીવ જીવરૂપે પરિણમ્યા કરે છે, અને જડ જડ રૂપે પરિણમ્યા કરે છે. જીવનું મુખ્ય પરિણમવું તે ચેતન (જ્ઞાન) સ્વરૂપ છે અને જડનું મુખ્ય પરિણમવું તે જડત્વસ્વરૂપ છે. જીવનું જે ચેતન પરિણામ તે કોઈ પ્રકારે જડ થઈને પરિણમે નહીં અને જડનું જડત્વ પરિમામ તે કોઈ દિવસે ચેતનપરિણામે પરિણમે નહીં એવી વસ્તુની મર્યાદા છે, અને ચેતન, અચેતન એ બે પ્રકારનાં પરિણામ તો અનુભવસિદ્ધ છે. તેમાંનું એક પરિણામ બે દ્રવ્ય મળીને કરી શકે નહીં; અર્થાત્ જીવ અને જડ મળી કેવળ ચેતન પરિણામે પરિણમી શકે નહીં, અથવા કેવળ અચેતન પરિણામે પરિણમી શકે નહીં. જીવ ચેતન પરિણામે પરિણમે એમ વસ્તુસ્થિતિ છે, માટે જિન કહે છે કે એક પરિણામ બે દ્રવ્ય કરી શકે નહીં. જે જે દ્રવ્ય છે તે તે પોતાની સ્થિતિમાં જ હોય અને પોતાના સ્વભાવમાં પરિણમે.

દોય પરિનામ એક દ્રવ્ય ન ધરત હૈ,

તેમજ એક દ્રવ્ય બે પરિણામે પણ પરિણમી શકે નહીં, એવી વસ્તુસ્થિતિ છે. એક જીવદ્રવ્ય તે ચેતન અને અચેતન એ બે પરિણામે પરિણમી શકે નહીં; અથવા એક પુદ્‌ગલદ્રવ્ય અચેતન અને ચેતન એ બે પરિણામે પરિણમી શકે નહીં. માત્ર પોતે પોતાનાં જ પરિણામમાં પરિણમે. ચેતન પરિણામ તે અચેતન પદાર્થને વિષે હોય નહીં; અને અચેતન પરિણામ તે ચેતન પદાર્થને વિષે હોય નહીં; માટે બે પ્રકારનાં પરિણામે એક દ્રવ્ય પરિણમે નહીં, બે પરિણામને ધારણ કરી શકે નહીં.

એક કરતૂતિ દોઈ દર્બ કબ હોં ન કરે,

માટે એક ક્રિયા તે બે દ્રવ્ય ક્યારે પણ કરે નહીં, બે દ્રવ્યનું મળવું એકાંતે હોવું યોગ્ય નથી. જો બે દ્રવ્ય મળીને એક દ્રવ્ય ઉપજતું હોય તો વસ્તુ પોતાનાં સ્વરૂપનો ત્યાગ કરે; અને એમ તો કોઈ કાળે બને નહીં કે વસ્તુ પોતાનાં સ્વરૂપનો કેવળ ત્યાગ કરે. જ્યારે એમ બનતું નથી, ત્યારે બે દ્રવ્ય કેવલ એક પરિણામને પામ્યા વિના એક ક્રિયા પણ ક્યાંથી કરે ? અર્થાત્ ન જ કરે.

દોઈ કરતૂતિ એક દર્બ ન કરતુ હૈ;

તેમજ બે ક્રિયા એક દ્રવ્ય ધારણ પણ કરે નહીં; એક સમયને વિષે બે ઉપયોગ હોઈ શકે નહીં માટે.

જીવ પુદ્ગલ એક ખેત અવગાહી દોઈ,

જીવ અને પુદ્ગલ કદાપિ એક ક્ષેત્રને રોકી રહ્યાં હોય તો પણ અપને અપને રૂપ, કોઈ ન ટરતુ હૈ:

પોત પોતાનાં સ્વરૂપથી કોઈ અન્ય પરિણામ પામતું નથી, અને તેથી કરીને જ એમ કહીએ છૈયે કે -

જડ પરિનામનિકો, કરતા હૈ પુદગલ,

દેહાદિકે કરીને જે પરિણામ થાય છે તેનો પુદ્ગલ કર્ત્તા છે. કારણકે તે દેહાદિ જડ છે અને જડ પરિણામ તો પુદ્ગલને વિષે છે. જ્યારે એમ જ છે તો પછી જીવ પણ જીવ સ્વરૂપે જ વર્ત્તે છે, એમાં કંઈ બીજું પ્રમાણ પણ હવે જોતું નથી; એમ ગણી કહે છે કે,

ચિદાનંદ ચેતન સુભાઉ આચરતુ હૈ,

કાવ્યકર્ત્તાનો કહેવાનો હેતુ એમ છે કે જો આમ તમે વસ્તુસ્થિતિ સમજો તો તો જડને વિષેનો જે સ્વસ્વરૂપભાવ છે તે મટે, અને સ્વસ્વરૂપનું જે તિરોભાવપણું છે તે પ્રગટ થાય. વિચાર કરો, સ્થિતિ પણ એમ જ છે,

ઘણી ગહન વાતને અહીં ટૂંકામાં લખી છે, (જો કે) જેને યથાર્થ બોધ છે તેને તો સુગમ છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક (૨૬૬), ૩૧૭

અનાદિ મહાઅહંકાર તમસ્‌નો વિલય ઉદ્‌ઘોષતો સમયસાર કળશ (૧૦) પ્રકાશે છે -

શાર્દૂલવિક્રીડિત

आसंसारत एव धावति परं कुर्वेहमित्युच्चकैः,
दुर्वारं ननु मोहिनामिह महाहंकाररूपं तमः ।
सद्‌भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत्,
तत्किं ज्ञानघनस्य बंधनमहो भूयो भवेदात्मनः ॥५५॥

આસંસારથી દોડતું પર કરું એવું તમઃ આ મહા,
મોહીનું દુર્વાર નિશ્ચય અહંકાર સ્વરૂપી અહા !
સદ્‌ભૂતાર્થ પરિગ્રહે વિલય તે જો એક વારે લહે,
પુનઃ બંધન હોય જ્ઞાનઘન તો આ આત્મને શું કહે ? ૫૫

અમૃત પદ-૫૫

અહમ્ અનાદિ ત્હારૂં બાળ રે... ભાન તને કેમ ના'વે ?
જ્ઞાન અમૃત જ્યોતિ આ ભાળ રે ! ભાન તને કેમ ના'વે ? ૧.
પર હું કરૂં હું કરૂં હું કરૂં... ભાન તને.
એવું અહમ્‌નું તમસ્ આકરૂં... ભાન તને. ૨
અનાદિથી આ વેગે દોડતું... ભાન તને.
મોહી જીવનો કેડો ન છોડતું... ભાન તને. ૩
વાયું વારી શકાય ન બાધતું... ભાન તને.
અહં બ્રહ્મ રાક્ષસ શું વાધતું... ભાન તને. ૪
વિલય એક વાર થઈ જાય રે... ભાન તને.
ફરી બંધન તો શું થાય રે... ભાન તને. ૫
જ્ઞાનઘન આત્મ સુજાણને... ભાન તને.
સુણી ભગવાન અમૃત વાણને... ભાન તને. ૬

અર્થ - આસંસારથી જ 'હું પરને કરૂં' એવું ખરેખર ! દુર્વાર મહાહંકાર રૂપ તમસ્ અહીં મોહીઓનું જોરશોરથી દોડે છે; તે સદ્‌ભૂત અર્થના પરિગ્રહથી જો એકવાર વિલય પામી જાય, તો જ્ઞાનઘન આત્માને અહો ! પુનઃ બંધન શું હોય ખરૂં ? ૫૫

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે. અનાદિ સ્વપ્રદેશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાની પુરુષોએ દેશના પ્રકાશી છે. (ઈ.)'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૦૬), ૪૯૩**

''સર્વ ભાવ નિજ ભાવ નિહારિ, પર કારજ કો કોય ન ધારે;
તાતે મૂઢ અહંધી રાચ્યો, સદા રહે પર ગુનસો માચ્યો.''

- શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૧૦૯

આ ઉપરથી ફલિત થતા બોધની અત્રે આત્માથી આને પ્રેરણા કરતાં પરમ ભાવિતાત્મા પરમર્ષિ

અમૃતચંદ્રજીએ શાર્દૂલવિક્રીડિતની વીર ગર્જના કરતો આ કલશ અપૂર્વ ભાવાવેશથી લલકાર્યો છે - 'आसंसारत एव' - આસંસારથી જ, જ્યારથી આસંસાર છે ત્યારથી જ - અને આ સંસારની આદિ તો છે નહિ એટલે અનાદિથી જ અહીં - આ લોકને વિષે 'मोहिनां' - મોહીઓનું હું પરને કરું - 'परं कुर्वेऽहं' - એવું ખરેખર ! 'दुर्वार' - વારવું દુષ્કર મહાહંકાર રૂપ તમસ્ - 'दुर्वारं ननु महाहंकाररूपं तमः' - અત્યંત વેગે દોડી રહ્યું છે - 'धावति उच्चकैः'. - તે સદ્‌ભૂતાર્થ પરિગ્રહથી - જો એકવાર વિલય પામી જાય - 'सद्भूतार्थपरिग्रहणेन विलयं यद्येकवार व्रजेत्, તે જ્ઞાનઘન આત્માને પુનઃ બંધન શું હોય ખરું ? - 'तत्किं ज्ञानघनस्य बंधनमहो भूयो भवेदात्मनः ?'

અર્થાત્ - વસ્તુસ્વરૂપના અજ્ઞાનને લીધે પરમાં આત્મબુદ્ધિરૂપ કે આત્મામાં પરબુદ્ધિરૂપ મોહ જેને વર્ત્તે છે, સ્વપરનું ભેદજ્ઞાન નહિ હોવાથી પરવસ્તુમાં મુંઝાઈ જવા રૂપ - ગૂંચવાઈ જવારૂપ મોહ જેને વર્ત્તે છે, એવા મોહમૂઢ મોહવંત 'મોહી' જીવોને, આ સંસારથી માંડીને - અનાદિથી જ, 'પરને હું કરું' એવું મહાહંકારરૂપ 'તમસ્' - ગાઢ અંધકારપટલ એટલા જોરશોરથી અત્યંત વેગથી આત્મપ્રદેશોમાં દોડી રહ્યું છે, કે તે રોક્યું રોકાય નહિ - વાર્યું વરાય નહિ એવું ખરેખર ! 'દુર્વાર' છે. 'પરને હું કરું' એવો આ અહંકાર છે તે 'મહા' છે, મહાન્ છે, બીજા બધા અહંકાર કરતાં મોટો છે. અખિલ બ્રહ્માંડમાં પ્રત્યેક અજ્ઞાની મોહમૂઢ જીવને નાના પ્રકારના અનંત અહંકાર હોય છે, તે બધા અહંકાર કરતાં 'બ્રહ્મ'ને ખાઈ જનારો - ભક્ષી જનારો આ અહંકાર - બ્રહ્મરાક્ષસ બૃહત્ છે, એટલા માટે તે 'મહા' છે, અથવા બીજા બધા અહંકાર આ 'પર હું કરું' એ મૂલ અહંકારના અંગભૂત હોઈ એ અહંકારમાં સમાઈ જાય છે, એટલે પણ તે 'મહા' છે. બીજા બધા અહંકાર આ મહા અહંકારમાંથી જ ઉદ્‌ભવ પામે છે, આ મહા અહંકાર જ બીજા બધા અહંકારનું મૂળ - પ્રભવસ્થાન - આશ્રય સ્થાન - અધિષ્ઠાન છે, 'પર હું કરું' એ આ મહાઅહંકાર જ બીજા બધા અહંકાર સંતાનોનો જનક પિતા છે. આવો આ અનાદિનો ગાઢ જામી ગયેલો મહાઅહંકાર - અંધકાર, 'सद्भूतार्थ परिग्रहथी' - જેમ સ્વરૂપ અસ્તિત્વપણે સદ્‌ભૂત અર્થ છે તેના પરિગ્રહથી - સર્વથા ગ્રહણથી જો એકવાર વિલય પામી જાય, નાશ પામી જાય, ઓગળી જાય, તો પછી સર્વ પ્રદેશે જ્ઞાન જ્ઞાન ને જ્ઞાન એવો જે નક્કર જ્ઞાનમય 'જ્ઞાનઘન' આત્મા છે, તેને અહો ! મુમુક્ષુઓ ! ફરી બીજીવાર બંધન હોય ખરું ? ન જ હોય, ન જ હોય.



આત્માના ભાવો આત્મા જ, પરના તે પર જ, એવા ભાવનો ઉત્થાનિકા **समयसार कळश (११)** કહે છે -

अनुष्टुप्

आत्मभावान्करोत्यात्मा परभावान्सदा परः ।
आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते ॥५६॥

આત્મભાવો કરે આત્મા, પરભાવો સદા પર;
આત્મા જ આત્માના ભાવો, પરના તે પરો જ છે. ૫૬

अमृत पद-५६

ભેખ રે ઉતારો રાજા ભરથરી - એ રાગ

આત્મભાવ જ કરે આતમા, પર સદા પરભાવ જી;
આત્મા જ ભાવ છે આત્મના, પરના તે પરભાવ જી... આત્મભાવ. ૧
આત્મભાવ તે ભલે શુદ્ધ હો, ભલે અશુદ્ધ વિભાવ જી;
પણ તે સર્વનો કર્ત્તા ખરે ! આત્મા જ નિશ્ચય ભાવ જી... આત્મભાવ. ૨
વર્ણ રસગંધાદિ ગુણમયા, પુદ્ગલ રૂપ અનેકજી;
કર્મ નોકર્મ એ સર્વનો, કર્ત્તા પુદ્ગલ એકજી... આત્મભાવ. ૩
ભેદ જ્ઞાનનો સમજાવશે, એ નિશ્ચય સિદ્ધાંત જી;
ભગવાન અમૃતચંદ્રજી, દઈ સમર્થ દૃષ્ટાંતજી... આત્મભાવ. ૪

અર્થ - આત્મભાવોને આત્મા કરે છે, પરભાવોને સદા પર કરે છે; આત્માના ભાવો સદા આત્મા જ છે, પરના તે (ભાવો) પર જ છે.


'अमृत ज्योति' महाभाष्य

''ચેતનને ચેતન પર્યાય હોય અને જડને જડ પર્યાય હોય એજ પદાર્થની સ્થિતિ છે.'' - **श्रीमद् राजचंद्र, अं. ४९०, २८१**

''સુદ્ધભાવ ચેતન અસુદ્ધ ભાવ ચેતન, દુહુંકૌ કરતાર જીવ ઔર નહિ માનિયે,
કર્મપિંડકૌ વિલાસ વર્ન રસગંધ ફાસ, કરતા દુહુંકૌ પુદ્ગલ પરવાનિયે;
તાતૈ વરનાદિ ગુન ગ્યાનાવરનાદિ કર્મ, નાના પરકાર પુદગલ રૂપ જાનિયે,
સમલ વિમલ પરિનામ જે જે ચેતન કે, તે તે સબ અલખ પુરુષ યૌં બખાનિયે.''

- श्री बनारसीदासजी कृत स.सा.ना. कर्ता कर्म अ. १२

આ કળશ આગલી ગાથાના વિષયનો નિર્દેશ કરવારૂપ ઉત્થાનિકા કળશ છેઃ - आत्मभावान् करोत्यात्मा - આત્મા આત્મભાવોને - આત્મ પરિણામોને કરે છે, परभावान् सदा परः - પર - આત્માથી અન્ય જે છે તે સદા પરભાવોને - આત્માથી અન્ય પરિણામોને કરે છે. આત્માના ભાવો છે તે નિશ્ચયે કરીને ઉપરમાં સ્પષ્ટ વિવરી દેખાડ્યું તેમ આત્માથી જૂદા નથી એટલે આત્મા જ છે, પરના ભાવો છે તે પરથી જૂદા નથી એટલે પર જ છે, - आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते ।



मिच्छत्तं पुण दुविहं जीवमजीवं तहेव अण्णाणं ।
अविरदि जोगो मोहो कोहादीया इमे भावा ॥८७॥

મિથ્યાત્વ દ્વિવિધ જીવ અજીવ ને, અજ્ઞાન તેમજ ભાવ રે;
અવિરતિ યોગ ને મોહ એ, ક્રોધાદિક આ ભાવ રે... અજ્ઞાનથી. ૮૭

ગાથાર્થ - મિથ્યાત્વ પુનઃ બે પ્રકારનું છે - જીવ અને અજીવ, તેમજ અજ્ઞાન અવિરતિ, યોગ, મોહ, ક્રોધ આદિગ આ ભાવો પણ જીવ-અજીવ એમ બે પ્રકારના છે.

आत्मख्याति टीका

मिथ्यात्वं पुनर्द्विविधं जीवोऽजीवस्तथैवाज्ञानं ।
अविरतियोगो मोहः क्रोधाद्या इमे भावाः ॥८७॥

मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादयो हि भावाः ते तु प्रत्येकं

मयूर भुकुरंद वत् जीवाजीवाभ्यां भाव्यमानत्वा**ज्जीवाजीवौ** । तथाहि -

यथा	तथा
नीलकृष्णहरितपीतादयो भावाः	मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादयो भावाः
स्वद्रव्यस्वभावत्वेन	स्वद्रव्यस्वभावत्वेना -
मयूरेण भाव्यमानाः	जीवेन भाव्यमाना
मयूर एव ।	अजीव एव ।
यथा च	तथैव च
नीलकृष्णहरितपीतादयो भावाः	मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादयो भावा-
स्वच्छताविकारमात्रेण	श्चैतन्यविकारमात्रेण
मुकुरंदेन भाव्यमाना	जीवेन भाव्यमाना
मुकुरंद एव ।	जीव एव ॥८७॥

आत्मभावना -

मिथ्यात्वं पुन द्विविधं - मिथ्यात्व पुनः द्विविध - बे प्रकारनुं - जीवोऽजीवः - જીव अने अજીव એમ, तथैव - तेमજ अज्ञानं अविरतियोगो मोहः क्रोधाद्यारमे भावाः - अज्ञान, अविरति, योग, मोह, क्रोध आदि आ भावो (પણ જીव अજીव એ બે प्रકારનાં છે.) ॥ इति **गाथा** आत्मभावना ॥८७॥

मिथ्यादर्शनमज्ञानमविरतित्यादयो हि भावाः मिथ्यादर्शन, अज्ञान, अविरति आदि स्फुट भावो, ते तु प्रत्येकं- ते तो प्रत्येकपणे जीवाजीवौ જીव अने अજીव એમ બે प्रકારનાં છે. शाने લીધે ? जीवांजीवाभ्यां भाव्यमानत्वात् જીवથી अજીવથી भाव्यमानपणाने લીધે- भाव्यमानपणाने લીધે, કોની જેમ ? मयूरमुकुरंदवत् - મયૂર - મોર अने મુકુરંદની - અરીસાની જેમ, तथाहि - તે જુઓ प्रકારે - यथा -જેમ-દૃષ્ટાંત, नीलकृष्णहरितपीतादयो भावाः नील-કૃષ્ણ-हरित-पीत आदि भावो मयूरेण भाव्यमानाः - મયૂરથી - મોરથી ભાવવામાં આવતાં मयूर एव - મયૂર જ - મોર જ છે, મયૂરથી કેવી રીતે ભાવવામાં આવતાં ? स्वद्रव्यस्वभावत्वेन - स्वद्रव्य स्वभावपणाએ કરીને. यथा च - अने જેમ नीलहरितपीतादयो भावाः - नील-हरित-पीत आदि भावो मुकुरंदेन भाव्यमानाः - મુકુરંદથી - દર્પણથી ભાવવામાં આવતાં मुकुरंद एव - મુકુરંદ જ - દર્પણ જ છે. મુકુરંદથી કેવી રીતે ભાવવામાં આવતા ? स्वच्छताविकारमात्रेण - स्वच्छताना विકार માત્રથી કરીને -

तथा - તેમ, દાર્ષ્ટાંતિક - मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादयोभावाः - मिथ्यादर्शन अज्ञान अविरति ઈત્યાદિ ભાવો,

આત્મખ્યાતિટીકાર્થ

મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ ભાવો તે તો પ્રત્યેકે, મયૂર (મોર) અને મુકુરંદની (અરીસાની) જેમ, જીવ-અજીવથી ભાવ્યમાનપણાને લીધે, જીવ-અજીવ જ છે. તે આ પ્રકારે -

જેમ	તેમ
નીલ-કૃષ્ણ-હરિત-પીત આદિ ભાવો,	મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિ ઈત્યાદિ ભાવો,
સ્વદ્રવ્ય સ્વભાવપણાએ કરીને	સ્વદ્રવ્ય સ્વભાવપણાએ કરીને
મયૂરથી ભાવવામાં આવતાં	અજીવથી ભાવવામાં આવતાં,
મયૂર જ છે,	અજીવ જ છેઃ
અને જેમ	અને તેમજ
નીલ-હરિત-પીત આદિ ભાવો,	મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિ ઈત્યાદિ ભાવો,
સ્વચ્છતા વિકાર માત્રથી કરીને	ચૈતન્ય વિકાર માત્રથી કરીને,
મુકુરંદથી (દર્પણથી) ભાવવામાં આવતાં	જીવથી ભાવવામાં આવતાં,
મુકુરંદ જ (દર્પણ જ) છેઃ	જીવ જ છે. ૮૭

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ.'' - શ્રીમદ્ રાજચંદ્ર અં. (૨૨૬), ૨૬૬

"એકપણું પામે નહિ, ત્રણે કાળ દ્વય ભાવ."

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૫૭

ઉપરમાં જે કહ્યું તે પરથી ઉત્થાનિકા કલશમાં સૂચવ્યા પ્રમાણે નિગમન રૂપ આ સિદ્ધાંત ફલિત થાય છે કે - આત્મા આત્મભાવો જ કરે છે ને પર સદા પરભાવો જ કરે છે; આત્માના ભાવો આત્મા જ છે, અને પરના ભાવો પર જ છે. આ સિદ્ધાંતનું અત્ર પ્રતિપાદન કર્યું છે અને તેનું મયૂર-મુકુરંદના બિંબ-પ્રતિબિંબ ભાવમય સમર્થ દૃષ્ટાંતથી સમર્થન કરી આત્મખ્યાતિકારે વજ્રલેપ દૃઢીકરણ કર્યું છેઃ મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ જે ભાવો છે તે પ્રત્યેકપણે 'પ્રત્યેકં' જીવથી કે અજીવથી ભાવવામાં આવી રહ્યાપણાને લીધે - 'જીવા-જીવાભ્યાં भाव्यमानत्वात्' - અનુક્રમે જીવ કે અજીવ હોય છે, 'જીવાજીવૌ'. - કોની જેમ ? મયૂર અને મુકુરંદની (દર્પણની) જેમ, - 'मयूरमुकुरंदवत्' - તે આ પ્રકારે - જેમ નીલ-કૃષ્ણ-હરિત-પીત આદિ ભાવો સ્વદ્રવ્ય સ્વભાવપણાએ કરીને - 'स्वद्रव्यस्वभावत्वेन' - મયૂરથી ભાવવામાં આવતાં - ભાવવામાં આવી રહેલા - મયૂર જ છે, અને નીલ-હરિત-પીત આદિ ભાવો સ્વચ્છતાવિકાર માત્રે કરીને - 'स्वच्छताविकारमात्रेण' - મુકુરંદથી - દર્પણથી ભાવવામાં આવતાં મુકુરંદ જ - દર્પણ જ છે; તેમ મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિ ઈત્યાદિ ભાવો સ્વદ્રવ્ય સ્વભાવપણાએ કરીને - 'स्वद्रव्यस्वभावत्वेन' - અજીવથી ભાવવામાં આવતાં અજીવ જ છે, તેમજ મિથ્યાદર્શન - અજ્ઞાન - અવિરતિ ઈત્યાદિ ભાવો 'ચૈતન્યવિકાર માત્રે કરીને' - 'चैतन्यविकारमात्रेण' - જીવથી ભાવવામાં આવતાં જીવ જ છે. આવા સમર્થ દૃષ્ટાંતથી સમર્થિત કરેલ આ સિદ્ધાંતની આ વ્યાખ્યાની વિશેષ વિશદ વિચારણા કરીએ -

---

अजीवेन भाव्यमानाः - અજીવથી ભાવવામાં આવતાં અજીવ एव - અજીવ જ છે. અજીવથી કેવી રીતે ભાવવામાં આવતાં ? स्वद्रव्यस्वभावत्वेन - સ્વદ્રવ્યસ્વભાવપણાએ કરીને. तथैव च - અને તેમજ मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादयो भावाः - મિથ્યાદર્શન અજ્ઞાન અવિરતિ ઈત્યાદિ ભાવો, जीवेन भाव्यमानाः - જીવથી ભાવવામાં આવતાં, जीव एव - જીવ જ છે. જીવથી કેવી રીતે ભાવવામાં આવતાં ? चैतन्यविकारमात्रेण - ચૈતન્યના વિકારમાત્રથી કરીને. ।। इति **'आत्मख्याति'** आत्मभावना ।।૮૭।।

મિથ્યાદર્શન આદિ જે ભાવો છે, તે પ્રત્યેકના બે પ્રકાર છેઃ જીવ-સ્વરૂપ અને અજીવ સ્વરૂપ. જીવથી જો તે ભાવવામાં આવે તો તે જીવસ્વરૂપ હોય છે અને અજીવથી ભાવવામાં આવે તો તે અજીવ સ્વરૂપ હોય છે. અત્રે મોરનું અને અરીસાનું દૃષ્ટાંત ઘટે છે.

(૧) મોર છે, તે કાળા-લીલા-પીળા વગેરે વર્ણવાળા જે આહાર વિશેષો કરે છે, તે તેના કાળા-લીલા-પીળા વગેરે વર્ણવાળા શરીર આકારે પરિણત થાય છે. તે તે વર્ણો મોરના શરીર સાથે એવા એકરૂપ અંગભૂત થાય છે, કે તે મોરથી જૂદા પાડી શકાય એમ નથી. એટલે કે તે મોર જ છે. આમ આ વર્ણાદિમય પુદ્‌ગલ સ્વદ્રવ્ય સ્વભાવપણે - 'સ્વદ્રવ્યસ્વભાવત્વેન' - પુદ્‌ગલપરિણામરૂપે પરિણમી મોરના શરીર રૂપે પરિણમ્યા છે; અને આમ પુદ્‌ગલના પરિણામ પુદ્‌ગલ જ - અજીવ જ હોય છે. તેજ પ્રકારે કર્મવર્ગણાયોગ્ય - કર્મ પ્રાયોગ્ય એવું જે પુદ્‌ગલદ્રવ્ય છે, તે તેના સ્વદ્રવ્ય સ્વભાવપણે - પુદ્‌ગલ પરિણામરૂપ મિથ્યાદર્શનાદિ કર્મરૂપે પરિણમે છે અને આ કર્મ પુદ્‌ગલરૂપ જ છે, અજીવ જ છે. આમ અજીવથી ભાવવામાં આવતાં મિથ્યાદર્શનાદિ અજીવ જ છે, અચેતન જ છે, જડ છે. આ જે અજીવ મિથ્યાદર્શનાદિ તે જ જ્ઞાનાવરણાદિ દ્રવ્ય કર્મ છે, તે જ પ્રકૃતિ છે, તે જ માયા છે, તે જ આત્મસ્વરૂપને આવરણ છે.

(૨) કાળા-લીલા-પીળા વગેરે ભાવો દર્પણમાં પ્રતિબિંબ પામે છે. તે પ્રતિબિંબિત ભાવોને દર્પણથી જૂદા પાડી શકાતા નથી; તે દર્પણ રૂપ જ હોય છે. માત્ર બને છે એટલું જ કે દર્પણની જે સ્વાભાવિક સ્વચ્છતા છે, તેનો આ વિકાર માત્ર થાય છે. અર્થાત્ સ્વચ્છ દર્પણમાં લીલા વગેરે ભાવોનું પ્રતિબિંબ દૃશ્ય થવું, તે દર્પણની સ્વચ્છતાની માત્ર વિકૃતાવસ્થા છે, સ્વચ્છતા પરિણામનો વિકાર માત્ર જ છે. અત્રે એટલું યાદ રાખવું અવશ્યનું છે કે પુદ્‌ગલ દ્રવ્યનું પુદ્‌ગલ કર્મપણે પરિણમવું એ જેમ તેના સ્વદ્રવ્ય સ્વભાવપણાએ કરીને છે, તેમ આ સ્વચ્છતા-પરિણામ વિકાર એ કાંઈ દર્પણના સ્વદ્રવ્ય સ્વભાવપણાએ કરીને નથી, પણ સ્વચ્છતા વિકારમાત્રપણાએ કરીને - 'સ્વચ્છતાવિકારમાત્રેણ' છે; અર્થાત્ પુદ્‌ગલ દ્રવ્યનું પુદ્‌ગલ કર્મપણે પરિણમવું એ જેમ તેનો સ્વભાવ છે, તેમ સ્વચ્છતા પરિણામ વિકાર પામવો એ કાંઈ દર્પણનો સ્વભાવ નથી, વા બની જતો નથી, પણ આગંતુક ઉપાધિરૂપ ભાવોને લીધે ઉપજેલો વિભાવ છે, વિકૃત ભાવ છે. વિ + કાર - વિ - વિશેષ - કારણ - કારણરૂપ - કરવારૂપ વિકાર - વિશેષ ભાવ છે.

તે જ પ્રકારે પુદ્‌ગલ કર્મરૂપ મિથ્યાદર્શનાદિ ઉદય આવતાં, તેના નિમિત્તે જીવ મિથ્યાદર્શનાદિ ભાવે પરિણમે છે. જીવથી ભાવવામાં આવતા આ મિથ્યાદર્શનાદિ ભાવ જીવ જ છે, ચેતન જ છે. આ જીવરૂપ મિથ્યાદર્શનાદિ ભાવ તે તો ચેતનપરિણામના વિકાર માત્ર છે. આ વિકાર એ કાંઈ જીવનો સ્વભાવ નથી, પણ વિભાવ છે. દર્પણમાં પ્રતિબિંબ પામતી આકૃતિ આદિથી વિકૃતિ પામવી તે કાંઈ દર્પણનો સ્વભાવ નથી, તે તો તેના સ્વચ્છતા પરિણામનો વિકાર છે, વિભાવ છે; તેમ મિથ્યાદર્શનાદિ ભાવે પરિણમવું એ કાંઈ જીવનો સ્વભાવ નથી, તે તો આગંતુક કર્મ ઉપાધિરૂપ ભાવોથી ઉપજેલો ચેતન પરિણામનો વિકાર છે, વિકૃત ભાવ છે, વિભાવ છે; જીવનો સ્વભાવ તો અવિકાર દર્પણથી જેમ ઉપયોગની ચેતનપરિણામની સ્વચ્છતા - નિર્મલતા - શુદ્ધતા એ છે.

આમ જીવથી ભાવવામાં આવતા મિથ્યાદર્શનાદિ જીવરૂપ ચેતન ભાવ છે; અને અજીવથી ભાવવામાં આવતા મિથ્યાદર્શનાદિ અજીવરૂપ અચેતન ભાવ છે. જીવરૂપ - ચૈતન્ય વિકાર રૂપ મિથ્યાદર્શનાદિ વિભાવ તે જ 'આત્માનું કર્મ' - ભાવકર્મ છે; અને અજીવરૂપ મિથ્યાદર્શનાદિ પરભાવ તે જ પુદ્‌ગલનું કર્મ - પુદ્‌ગલમય દ્રવ્ય કર્મ છે. આ ઉપરથી એ સિદ્ધાંત સ્થાપિત થયો કે અજીવ અજીવભાવોને જ કરે છે અને જીવ જીવભાવોને જ કરે છે; જીવના ભાવો જીવ જ છે અને અજીવના ભાવો અજીવ જ છે.

આકૃતિ




આ ઉપરથી શો પરમાર્થ ફલિત થાય છે તે વિચારવા યોગ્ય છેઃ પુદ્ગલરૂપ મિથ્યાદર્શનાદિ દ્રવ્યકર્મની પ્રકૃતિનો જ્યારે ઉદય થાય છે, ત્યારે સ્વચ્છતાકારણે દર્પણમાં આકૃતિનું જેમ પ્રતિબિંબ પડે છે, તેમ ચૈતન્યતા કારણે ઉપયોગમય ચેતનમાં તે પ્રકૃતિનો 'અનુભાવ' ઉપજે છે - તે પ્રકૃતિનું ભાવન-અનુભવન-સંવેદન થાય છે; એટલે કે ઉપયોગ તદાકારે ચેતન પરિણામ વિકાર રૂપ મિથ્યા દર્શનાદિ વિભાવભાવે પરિણમે છે. હવે જે અજ્ઞાની છે ને જેને ભેદની ખબર નથી, તે તો તે તે પ્રકૃતિના અનુભાવરૂપ - અનુસરતા ભાવરૂપ - અનુભવરૂપ વિભાવભાવને પોતાના સ્વભાવ જાણી તન્મયપણે પ્રવર્તે છે; પણ જે ભેદજ્ઞાની છે તેને તો આ વિભાવ ને સ્વભાવનું પ્રગટ ભેદજ્ઞાન વર્ત્તે છે. તે જાણે છે કે આ ચેતન - પરિણામના વિકારરૂપ વિભાવભાવો તે મ્હારૂં શુદ્ધ સ્વરૂપ નથી, અશુદ્ધ સ્વરૂપ છે; મ્હારૂં શુદ્ધ સ્વરૂપ તો શુદ્ધ ઉપયોગમય ચેતન જ છે, તે જ મ્હારો સ્વભાવ છે. એમ સમજી તે વિભાવમાંથી આત્મભાવ વ્યાવૃત્ત કરે ને શુદ્ધ ચેતનનો જ અનુભવ કરે છે. આમ સકલ વિભાવથી ભિન્ન આત્માના સ્વભાવમય શુદ્ધ સ્વરૂપને સમ્યક્‌પણે દેખતા-જાણતા-અનુભવતા હોવાથી ભેદજ્ઞાની પુરુષ સમ્યગ્‌દૃષ્ટિ, સમ્યગ્‌જ્ઞાની અને સમ્યક્‌ચારિત્રી (વિરતિ) હોય છે. સકલ પરભાવ-વિભાવ ઉપાધિમાંથી આત્મા ઓસર્યો હોવાથી, આત્મભાવ વિસર્જન કર્યો હોવાથી, કદાચ બાહ્ય અવિરતિ હોય તો પણ તે ભાવથી પરમ વિરતિ જ છે. આથી ઉલટું જેને ભેદજ્ઞાન નથી તે પુરુષ મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની અને બાહ્યથી ગમે તેટલી વિરતિ હોય તો પણ અવિરતિ જ છે.

''દીઠો સુવિધિ જિણંદ સમાધિ રસેભર્યો હો લાલ.,
ભાસ્યો આત્મસ્વરૂપ અનાદિનો વિસર્યો હો લાલ.,
સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ.,
સત્તા સાધન માર્ગ જાણી તે સંચર્યો હો લાલ.'' - શ્રી દેવચંદ્રજી

આકૃતિ

ભેદજ્ઞાન



સ્વભાવ

વિભાવ (ચૈતન્ય પરિણામનો વિકાર)

કોણ છે ? અહીં જીવ-અજીવ ? તો કે -

पुग्गलकम्मं मिच्छं जोगो अविरदि अणाणमज्जीवं ।
उवओगो अण्णाणं अविरइ मिच्छं च जीवो दु ॥८८॥

પુદ્ગલ કર્મ મિથ્યાત્વ જોગ ને, અવિરતિ અજ્ઞાન અજીવ રે;
ઉપયોગ અજ્ઞાન ને અવિરતિ, મિથ્યાત્વ છે જે જીવ રે... અજ્ઞાનથી. ૮૮

ગાથાર્થ - મિથ્યાત્વ, યોગ, અવિરતિ, અજ્ઞાન - આ અજીવ છે તે પુદ્ગલ કર્મ છે અને અજ્ઞાન, અવિરતિ મિથ્યાત્વ - આ જીવ છે તે ઉપયોગ છે. ૮૮

आत्मख्यातिटीका

काविह जीवाजीवाविति चेत् -

पुद्गलकर्म मिथ्यात्वं योगोऽविरतिरज्ञानमजीवः ।
उपयोगोऽज्ञानमविरतिर्मिथ्यात्वं च जीवस्तु ॥८८॥

यः खलु
मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादि**जीव**
स्तदमूर्त्ताश्चैतन्यपरिणामादन्यत्
मूर्त्त **पुद्गलकर्म,**

यस्तु
मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादि जीवः
स मूर्त्तात्पुद्गलकर्मणोऽन्य -
श्चैतन्यपरिणामस्य विकारः ॥८८॥

આત્મખ્યાતિટીકાર્થ

જે ખરેખર ! નિશ્ચયથી
મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિ ઈત્યાદિ
અજીવ છે,
તે અમૂર્ત્ત એવા ચૈતન્ય પરિણામથી અન્ય
એવું મૂર્ત્ત પુદ્ગલકર્મ છેઃ

અને જે
મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિ ઈત્યાદિ
જીવ છે,
તે મૂર્ત્ત એવા પુદ્ગલકર્મથી અન્ય
એવો ચૈતન્ય પરિણામનો વિકાર છે.

આત્મભાવના -

काविह जीवाजीवौ - કોણ છે અહીં જીવ-અજીવ ? इति चेत् - એમ જો પૂછો તો - मिथ्यात्वं योगोऽविरतिरज्ञानम् अजीवः - મિથ્યાત્વ, યોગ, અવિરતિ, અજ્ઞાન, અજીવ તે પુદ્ગલકર્મ - પુદ્ગલ કર્મ છેઃ अज्ञानमविरति र्मिथ्यात्वं च जीवस्तु - અને અજ્ઞાન અવિરતિ મિથ્યાત્વ જીવ તો उपयोगः - ઉપયોગ છે. ॥ इति **गाथा** आत्मभावना ॥८८॥

यः खलु - જે ખરેખર ! નિશ્ચયે કરીને मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादिः - મિથ્યાદર્શન અજ્ઞાન અવિરતિ ઈત્યાદિ अजीवः - અજીવ છે, तद् - તે મૂર્ત્ત પુદ્ગલકર્મ - મૂર્ત્ત-રૂપી એવું પુદ્ગલકર્મ છે. કેવું છે તે મૂર્ત્ત પુદ્ગલકર્મ ? अमूर्त्तात् चैतन्यपरिणामाद् अन्यत् - અમૂર્ત્ત - અરૂપી એવા ચૈતન્ય પરિણામથી અન્ય - જૂદું - ભિન્ન એવું.

य स्तु - અને જે मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादि - મિથ્યાદર્શન અજ્ઞાન અવિરતિ ઈત્યાદિ जीवः - જીવ છે, सः - તે चैतन्यपरिणामस्य विकारः - ચૈતન્ય પરિણામનો વિકાર છે. કેવો છે તે ચૈતન્ય પરિણામ વિકાર ? मूर्त्तात्पुद्गलकर्मणोऽन्यः - મૂર્ત્ત-રૂપી એવા પુદ્ગલ કર્મથી અન્ય - જૂદો - ભિન્ન એવો. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥८८॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ઉપયોગ જીવ વગર હોય નહીં, જડ અને ચૈતન્ય એ બન્નેમાં પરિણામ હોય છે.''

''ઉપયોગ એ સાધના છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૮૩૭), ૯૫૭ (ઉપદેશછાયા)**


''उपयोगो लक्षणं जीवस्य ।'' - **श्री तत्त्वार्थ सूत्र**

અજીવ મિથ્યાદર્શનાદિ પુદ્ગલ કર્મ : જીવ મિથ્યાદર્શનાદિ ચૈતન્ય પરિણામ વિકાર


પાછલી ગાથામાં મિથ્યાદર્શનાદિ ભાવો જીવ-અજીવ એમ બે પ્રકારના કહ્યા, એમાં જીવ કોણ ? અજીવ કોણ ? એનું અહીં સ્પષ્ટીકરણ કર્યું છે. મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ જે **'અજીવ'** છે, તે નિશ્ચયે કરીને અમૂર્ત્ત એવા ચૈતન્ય પરિણામથી અન્ય અમૂર્ત્તાત્ ચૈતન્યપરિણામાદન્યં એવું મૂર્ત્ત પુદ્ગલ કર્મ છે - मूर्त्त पुद्गलकर्म; - અને મિથ્યાદર્શન, અજ્ઞાન અવિરતિ ઈત્યાદિ જે **'જીવ'** છે, તે મૂર્ત્ત એવા પુદ્ગલકર્મથી અન્ય - मूर्त्तात् पुद्गलकर्मादन्यः એવા ચૈતન્ય પરિણામનો વિકાર છે - चैतन्यपरिणामस्य विकारः - અર્થાત્ મિથ્યાદર્શનાદિ જે અજીવ રૂપ ભાવ છે, તે મૂર્ત્ત એવું પુદ્ગલકર્મ છે, અને તે તો અમૂર્ત્ત એવા ચૈતન્ય પરિણામથી પ્રગટપણે અન્ય છે, બીજું જ છે, ભિન્ન છે, ચૈતન્યપરિણામ છે તે અમૂર્ત્ત-અરૂપી છે, અને આ પુદ્ગલકર્મ તો મૂર્ત્ત-રૂપી છે, આમ આ બન્નેનો પ્રગટ ભેદ છે. અને મિથ્યાદર્શનાદિ જે જીવસ્વરૂપ ભાવ છે, તે ચૈતન્ય પરિણામનો વિકાર છે; તે તો અમૂર્ત્ત હોઈ, મૂર્ત્ત એવા પુદ્ગલ કર્મથી અન્ય છે, બીજો જ છે, પ્રગટ ભિન્ન છે. ચૈતન્ય - વિકૃત પરિણામો પરિણમે– વિકારરૂપ વિભાવભાવે પરિણમે, વિશિષ્ટ ભાવે પરિણમે, અર્થાત્ સ્વભાવને ઉલ્લંઘી-અતિક્રમી-સ્વભાવથી આગળ (Beyond) જઈ વિશેષ ભાવે પરિણમે, તે જ ચૈતન્ય પરિણામનો વિકાર છે અને તે અમૂર્ત્ત-અરૂપી છે એટલે મૂર્ત્ત પુદ્ગલકર્મથી તેનો પ્રગટ ભેદ છે.

આમ અજીવસ્વરૂપ મિથ્યાદર્શનાદિ તે મૂર્ત્ત એવું પુદ્ગલ કર્મ છે અને જીવ સ્વરૂપ મિથ્યાદર્શનાદિ તે અમૂર્ત્ત એવો ચૈતન્ય પરિણામ વિકાર છે વિભાવરૂપ ઉપયોગ છે.

આકૃતિ



અને આ ઉપરથી આ પરમાર્થ સમજવા યોગ્ય છે કે મૂર્ત્ત પુદ્ગલ કર્મરૂપ જે અજીવ મિથ્યા દર્શનાદિ છે તે તો પ્રગટ પરભાવ છે; તેથી અમૂર્ત્ત એવો ચૈતન્ય સ્વરૂપી આત્મા તો પ્રગટ લક્ષણે ભિન્ન છે, અને જીવરૂપ જે મિથ્યા દર્શનાદિ છે તે તો ચૈતન્ય પરિણામના વિકાર છે, વિભાવ છે, આત્માનો સ્વભાવ નથી; એટલે શુદ્ધ નિશ્ચયથી આત્મા તેથી પણ ભિન્ન છે. આમ પરભાવથી તેમજ વિભાવથી આત્માના શુદ્ધ સ્વભાવનો પ્રગટ ભેદ ભાવવા યોગ્ય છે.



मिथ्यादर्शनादि चैतन्य परिणामनो विकार क्यांथी ? तो के -

उवओगस्स अणाई परिणामा तिण्णि मोहजुत्तस्स ।
मिच्छत्तं अण्णाणं अविरदिभावो य णायव्वो ॥८९॥

उपयोगना मोह संयुक्तना, त्रण अनादि परिणाम रे;
मिथ्यात्व अज्ञान ने अविरति, भाव जाणवो आम रे... अज्ञानथी. ८९

गाथार्थ - मोहयुक्त એवा उपयोगना अनादि त्रय परिणामो छे, अने ते मिथ्यात्व, अज्ञान अने अविरतिभाव जाणवो.

आत्मख्यातिटीका

मिथ्यादर्शनादिश्चैतन्यपरिणामस्य विकारः कुत इति चेत्

उपयोगस्यानादयः परिणामास्त्रयो मोहयुक्तस्य ।
मिथ्यात्वमज्ञानमविरतिभावश्च ज्ञातव्यः ॥८९॥

उपयोगस्य हि स्वरसत एव समस्तवस्तुस्वभावभूतस्यरूपपरिणामसमर्थत्वे सत्य -

नादिवस्त्वंतरभूत**मोहयुक्तत्वा -**

न्मिथ्यादर्शनमज्ञानमविरतिरिति त्रिविधः परिणामविकारः ।

स तु तस्य स्फटिकस्वच्छताया इव परतोपि प्रभवन् दृष्टः ।

यथा हि स्फटिकस्वच्छतायाः
स्वरूपपरिणामसमर्थत्वे सति
कदाचिन्नीलहरितपीत -
तमालकदलीकांचनपात्रोपाश्रययुक्तत्वा
न्नीलो हरितः पीत इति
त्रिविधः परिणामविकारो दृष्टः ।

तथोपयोगस्या -
नादिमिथ्यादर्शनाज्ञानाविरतिस्वभाव -
वस्त्वंतरभूतमोहयुक्तत्वा -
न्मिथ्यादर्शनमज्ञानमविरतिरिति
त्रिविधः परिणामविकारो दृष्टव्यः ॥८९॥

आत्मभावना -

मिथ्यादर्शनादिश्चैतन्यपरिणामस्य विकारः कुतः - मिथ्यादर्शनादि चैतन्यपरिणामनो विकार क्यांथी ? इति चेत् - એम જો पूछो तो - उपयोगस्य मोहयुक्तस्य - उपयोगना - मोहयुक्त એवाना अनादयः त्रयः परिणामाः - अनादि त्रण જ परिणामो छे. क्या ? मिथ्यात्वमज्ञानमविरतिभावश्च ज्ञातव्यः - मिथ्यात्व अज्ञान अने अविरतिभाव जाणवो. ॥८९॥ इति **गाथा** आत्मभावना ॥

उपयोगस्य हि - उपयोगनो निश्चये करीने स्फुटपणे मिथ्यादर्शनमज्ञानमविरतिरिति त्रिविधः परिणामविकारः - मिथ्यादर्शन - अज्ञान - अविरति એवो त्रिविध - त्रण प्रकारनो परिणामविकार छे. शाने लीधे ? अनादिवस्त्वंतरभूतमोहयुक्तत्वात् - अनादि वस्त्वंतरभूत - आत्माथी अन्य - भिन्न वस्तुरूप मोहना युक्तपणाने लीधे - संयोगिपणाने लीधे.

तो शुं वस्तुनुं स्वरूप परिणामपणुं नथी ? छे, (कारणके) स्वरसत एव - स्वरसथी જ - आपोआप જ - पोतानी मेळे જ - आकूडो आकूडो જ - नैसर्गिक - प्रवाहथी જ समस्तवस्तुस्वभावभूत - समस्त वस्तुनुं स्वभावभूत એवुं स्वरूपपरिणामसमर्थत्वे सति - स्वरूप परिणामनुं समर्थपणुं सते - होता छतां, એम अनादि वस्त्वंतरभूत मोहना युक्तपणाने लीधे तेवो त्रिविध परिणाम विकार होय छे. ते परतः - पर थकी केम संभवे ? स तु तस्य परतोपि प्रभवन् दृष्टः - ते परिणामविकार तो तेनो - उपयगनो परतः पण - पर थकी पण प्रभवतो - प्रभव - जन्म पामतो दृष्ट छे -

આત્મખ્યાતિટીકાર્થ

સ્વરસથી જ સમસ્ત વસ્તુનું સ્વભાવભૂત સ્વરૂપ પરિણામનું સમર્થપણું સતે, ઉપયોગનો ખરેખર ! - અનાદિ વસ્ત્વંતરભૂત મોહયુક્તપણાને લીધે મિથ્યાદર્શન અજ્ઞાન અવિરતિ એમ ત્રિવિધ પરિણામ વિકાર દૃષ્ટ છે; અને તે તો તેને - સ્ફટિકની સ્વચ્છતાની જેમ - પરતઃ (પર થકી) પણ પ્રભવતો દૃષ્ટ છે.

જેમ	તેમ
સ્ફટિક સ્વચ્છતાનો -	ઉપયોગનો -
સ્વરૂપ પરિણામસમર્થપણું સતે,	
કદાચિત્ નીલ હરિત પીત	અનાદિ મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિ સ્વભાવ
તમાલ કદલી કાંચન પાત્ર ઉપાશ્રયના	વસ્ત્વંતરભૂત મોહના
યુક્તપણાને લીધે,	યુક્તપણાને લીધે
નીલ હરિત પીત	મિથ્યાદર્શન અજ્ઞાન અવિરતિ
એવો ત્રિવિધ પરિણામ વિકાર દૃષ્ટ છેઃ	એવો ત્રિવિધ પરિણામ વિકાર દૃષ્ટવ્ય છે. ૮૯

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''શુદ્ધ એવા સ્ફટિકને વિષે અન્ય રંગનું પ્રતિભાસવું થવાથી તેનું જેમ મૂળ સ્વરૂપ લક્ષગત થતું નથી, તેમ શુદ્ધ નિર્મળ એવું આ ચેતન અન્ય સંયોગના તાદાત્મ્યવત્ અધ્યાસે પોતાના સ્વરૂપનો લક્ષ પામતું નથી. યત્ કિંચિત્ પર્યાયાંતરથી એ જ પ્રકારે જૈન, વેદાંત, સાંખ્ય, યોગાદિ કહે છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ

''જેમ નિર્મળતા રે રત્ન સ્ફટિક તણી, તેમજ જીવ સ્વભાવ;
તે જિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રગટ કષાય. અભાવ...'' - **શ્રી સીમંધર.**
જેમ તે રાતે રે ફૂલે રાતડું, શ્યામ ફૂલથી રે શ્યામ;
પાપ પુણ્યથી રે તેમ જગ જીવને, રાગ દ્વેષ પરિણામ... શ્રી સીમં.'' - **શ્રી યશોવિજયજી**

મિથ્યાદર્શનાદિ ચૈતન્ય પરિણામનો વિકાર ક્યાંથી થયો ? તેનો અત્ર ઉત્તર આપ્યો છે કે - 'મોહયુક્ત ઉપયોગના મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ એ ત્રણ અનાદિ પરિણામો છે અને **આત્મખ્યાતિકર્તા આચાર્યજીએ** સ્ફટિકની સ્વચ્છતાના અપૂર્વ અદ્ભુત દૃષ્ટાંતથી આનું અપૂર્વ સમર્થન કરી અદ્ભુત તત્ત્વપ્રકાશ રેલાવ્યો છે.

નિશ્ચયથી સમસ્ત વસ્તુનું સ્વરસથી જ - 'स्वरसत एव' - વસ્તુ સ્વભાવભૂત એવું સ્વરૂપ પરિણામનું સમર્થપણું છે જ, સમસ્તવસ્તુસ્વભાવભૂતસ્વરૂપપરિણામસમર્થત્વે સતિ છતાં અનાદિ વસ્ત્વંતરભૂત - અન્ય

પ્રત્યક્ષ દીઠેલો છે. કોની જેમ ? स्फटिकस्वच्छताया इव - સ્ફટિકની સ્વચ્છતાની જેમ. તે આ પ્રકારે -

यथा हि - જેમ સ્ફુટપણે દૃષ્ટાંત છે કે - स्फटिकस्वच्छतायाः - સ્ફટિક સ્વચ્છતાનો - स्वरूपपरिणामसमर्थत्वे सति - સ્વરૂપ પરિણામનું સમર્થપણું સતે - હોતા છતાં, नीलो हरितः पीतः इति त्रिविधः परिणामविकारः दृष्टः - **નીલ હરિત પીત** એવો ત્રિવિધ પરિણામવિકાર દૃષ્ટ છે, શાને લીધે ? कदाचित् नीलहरितपीततमालकदलीकांचनपात्रोपाश्रययुक्तत्वात् - કદાચિત્ (અનુક્રમે) નીલ-હરિત-પીત એવા તમાલ-કદલી-કાંચન પાત્રરૂપ ઉપાશ્રયના યુક્તપણાને લીધે.

तथा - તેમ, दार्ष्टांतिक - उपयोगस्य - ઉપયોગનો मिथ्यादर्शनमज्ञानमविरतिरिति त्रिविधः परिणामविकारो दृष्टव्यः - મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિ એમ ત્રિવિધ-ત્રણ પ્રકારનો પરિણામવિકાર દૃષ્ટવ્ય - દેખવા યોગ્ય છે. તેવો પરિણામવિકાર શાને લીધે હોય છે ? वस्त्वंतरभूतमोहयुक्तत्वात् - વસ્ત્વંતરભૂત - અન્ય વસ્તુભૂત - આત્માથી અન્ય વસ્તુરૂપ મોહના યુક્તપણાને લીધે - સંયોગિપણાને લીધે. તે વસ્ત્વંતરભૂત - અન્ય વસ્તુરૂપ મોહ કેવો છે ? अनादि मिथ्यादर्शनाज्ञानाविरतिस्वभाव - અનાદિ મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિ સ્વભાવ છે જેનો એવો. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥૮૯॥

વસ્તુરૂપ મોહના યુક્તપણાને લીધે, अनादिवस्त्वंतरभूतोमोहयुक्तत्वात् ઉપયોગના **મિથ્યાદર્શન અજ્ઞાન અને અવિરતિ** એમ ત્રિવિધ **પરિણામવિકાર** છે. અને તે તો તેને સ્ફટિકની સ્વચ્છતાની જેમ પરથકી પણ પ્રભવતો - પ્રભવ - જન્મ પામતો - ઉપજતો દૃષ્ટ છે. જેમ સ્ફટિકની સ્વચ્છતાનું સ્વરૂપ પરિણામનું સમર્થપણું છે જ, છતાં કદાચિત્ કાળા-લીલા-પીળા એવા તમાલ-કદલી-કાંચન પાત્રના ઉપાશ્રય-યુક્તપણાને લીધે તે સ્ફટિક સ્વચ્છતાનો કાળો-લીલો-પીળો એવો ત્રિવિધ પરિણામ વિકાર દૃષ્ટ છે, તેમ અનાદિ મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિ સ્વભાવરૂપ **વસ્ત્વંતરભૂત** (અન્ય વસ્તુરૂપ) **મોહના યુક્તપણાને લીધે,** वस्त्वंतरभूतमोहयुक्तत्वात् ઉપયોગનો મિથ્યાદર્શન - અજ્ઞાન - અવિરતિ એવો ત્રિવિધ પરિણામ વિકાર દૃષ્ટવ્ય (દેખવો યોગ્ય) છે, त्रिविधपरिणामविकारः ।

અનાદિ વસ્ત્વંતરભૂત મોહના યુક્તપણાને લીધે ચૈતન્યનો ત્રિવિધ પરિણામવિકાર

પ્રત્યેક વસ્તુ સ્વભાવ રૂપ સ્વરૂપ પરિણામે સ્વરસથી જ (By itself) આપો આપ જ પરિણમવાને સમર્થ છે, આપો આપ જ (જેને ગ્રામ્ય ભાષામાં આફૂડો આફૂડો કહે છે) કુદરતી રીતે જ (By natural inclination) નિજ નિજ પારિણામિક ભાવે નિજ સ્વભાવભૂત સહજાત્મસ્વરૂપે પરિણમવાને શક્તિમાન્ છે. એટલે પારિણામિકભાવે આત્મા આત્મસ્વભાવભૂત સહજઆત્મસ્વરૂપ પરિણામે પરિણમવાને અને પુદ્ગલ પુદ્ગલસ્વભાવભૂત પુદ્ગલ સ્વરૂપ પરિણામે પરિણમવાને સમર્થ છે જ. આ હકીકત સમસ્ત વસ્તુના સંબંધમાં સત્ય છે - આ નિશ્ચય છે. છતાં જીવના સંબંધમાં કંઈક જૂદી જ વિશિષ્ટતા વર્ત્તે છે, અને તે એ કે અનાદિકાળથી જીવને 'વસ્ત્વંતરભૂત' - જીવથી અન્ય વસ્તુરૂપ - પરવસ્તુરૂપ મોહનો સંયોગ સંબંધ વર્ત્તે છે; તે પર વસ્તુરૂપ મોહના યુક્તપણાને લીધે ઉપયોગનો મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિ એમ ત્રિવિધ - ત્રિપાંખિયો પરિણામ વિકાર હોય છે. આમ જીવમાં સ્વભાવ સ્વરૂપે પરિણમવાનું સમર્થપણું છે જ છતાં, પરવસ્તુરૂપ અનાદિ મોહજાલમાં મુંઝાઈ જવાથી જીવનો સ્વભાવભૂત ઉપયોગ મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિ એમ વિભાવ રૂપ ત્રણ પ્રકારનો વિકાર પરિણામ પામ્યો છે.

સ્વ રસથી જ સમસ્ત વસ્તુનું સ્વભાવભૂત સ્વરૂપ પરિણામ સમર્થપણું

''કનકોપલવત્ પયડિ પુરુષ તણી, જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંયોગી જ્યાં લગી આતમા, સંસારી કહેવાય...
પદ્મપ્રભ જિન તુજ મુજ આંતરું, કિમ ભાંજે ભગવંત ?'' - **શ્રી આનંદઘનજી**

''જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત;
કોઈ ન કર્ત્તા તેહ નો, ભાખે જિન ભગવંત.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, અંક-૨૨૬, ૨૬૬**

અત્રે પ્રશ્ન થવો ઘટે છે કે પરવસ્તુ થકી ઉપયોગ પરિણામનો વિકાર કેમ સંભવે ? એનો ઉત્તર અહીં આપ્યો છે કે - સ્ફટિકની સ્વચ્છતા છે, તેનો વિકાર પર થકી પણ પ્રભવતો - ઉપજતો - 'परतोऽपि प्रभवन्' - પ્રત્યક્ષ દેખાય છે, આ દૃષ્ટાંત પરથી આ સિદ્ધાંત સમજી લેવો.


ઉપાધિ યોગે સ્ફટિકનો ત્રિવિધ સ્વચ્છતા વિકાર

સ્વચ્છતા એ સ્ફટિકનું સહજ સ્વાભાવિક સ્વરૂપ છે. સ્વચ્છતા રૂપ સ્વરૂપ પરિણામે સ્વરસથી જ આપોઆપ પરિણમવાનું સ્ફટિકનું સમર્થપણું છે જ. છતાં પાસેમાં રહેલા કાળા-લીલા-પીળા ઉપાશ્રયરૂપ - ઉપાધિરૂપ પાત્રના યુક્તપણાને લીધે તે સ્ફટિક સ્વચ્છતાનો કાળો-લીલો-પીળો એમ ત્રિવિધ-ત્રણ પ્રકારનો પરિણામ વિકાર દેખાય છે. સ્ફટિકની આગળમાં ઉપાશ્રયભૂત જો કાળું તમાલપાત્ર હોય તો સ્ફટિક કાળું દેખાય છે, લીલું કેળ પાત્ર હોય તો સ્ફટિક લીલું દેખાય છે અને પીળું સુવર્ણ પાત્ર હોય તો સ્ફટિક પીળું દેખાય છે. આમ ઉપાધિરૂપ પાત્રના સંયોગને લીધે સ્ફટિકની સ્વચ્છતાનો ત્રિવિધ પરિણામવિકાર લોકમાં પ્રગટ દૃષ્ટ છે.

તે જ પ્રકારે સ્વચ્છતા-નિર્મલતા-શુદ્ધતા એ ઉપયોગમય આત્માનું સહજ સ્વાભાવિક સ્વરૂપ છે. આ શુદ્ધતા રૂપ સહજાત્મસ્વરૂપ પરિણામે સ્વરસથી જ આપોઆપ પરિણમવાનું ઉપયોગનું સમર્થપણું છે જ છતાં, ઉપાધિરૂપ અનાદિ વસ્ત્વંતરભૂત મોહના યુક્તપણાને લીધે આ ઉપયોગનો ત્રિવિધ વિકાર પરિણામ દેખવો યોગ્ય છે. અર્થાત્ મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિ સ્વભાવરૂપ પરવસ્તુભૂત અનાદિ મોહ છે - મિથ્યાદર્શનાદિ ત્રિવિધ પરિણામવાળો પુદ્ગલ કર્મરૂપ મોહ છે - તે ત્રિવિધ-ત્રિપાંખિયા મોહના સંયુક્તપણાને લીધે સ્વભાવે નિર્મલ-શુદ્ધ એવા ઉપયોગનો પણ મિથ્યાદર્શનાદિ ત્રિવિધ-ત્રિપાંખિયો પરિણામ વિકાર હોય છે; એટલે કે પુદ્ગલ કર્મરૂપ અનાદિ મોહ ઉપાધિના નિમિત્તે ઉપયોગનો ત્રણ પ્રકારનો પરિણામવિકાર હોય છે - મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ.

પરવસ્તુરૂપ અનાદિ મોહ ઉપાધિ યોગે ઉપયોગનો ત્રિવિધ પરિણામ વિકાર

આકૃતિ





આ ઉપરથી ભેદાભ્યાસ ભાવના આ પ્રકારે ભાવવા યોગ્ય છે કે - અનાદિ કાળથી આ જીવને મોહરૂપ પરભાવનો સંયોગ થયેલો છે, અને તેના નિમિત્તે કરી સ્વભાવે નિર્મલ એવો આ જીવ મિથ્યાદર્શનાદિ મલિન ભાવે - વિભાવ પરિણામે - વિકાર પરિણામે પરિણમી રહ્યો છે. આમાં પુદ્ગલ કર્મમય પરભાવ રૂપ જે મોહ છે તે તો પરવસ્તુરૂપ હોઈ આત્માથી પ્રગટપણે પર જ છે, ભિન્ન જ છે, અને જે વિભાવરૂપ મોહ છે તે પણ પરઉપાધિના નિમિત્તે ઉપજેલો ચેતનનો વિકાર પરિણામ છે, એટલે તે ઔપાધિક ભાવ પણ આત્માના મૂળ શુદ્ધ સહજ **સહજાત્મસ્વરૂપ** સ્વભાવથી અન્ય - પર છે, ભિન્ન છે. પર ઉપાધિના નિમિત્તે સ્ફટિકમાં પડતી ઝાંઈથી સ્ફટિકની મૂળ અસલ નિર્મલતા કાંઈ ચાલી જતી નથી - કાંઈ બાધા પામતી નથી, તેમ અન્ય સંયોગરૂપ ઉપાધિ નિમિત્તે આત્માના ઉપયોગમાં પડતી વિભાવ છાયાથી આત્માની મૂળ અસલ નિર્મલતા-શુદ્ધ સ્વભાવતા કાંઈ ચાલી જતી નથી - કાંઈ બાધા પામતી નથી. પરભાવના નિમિત્તે ઉપજતી વર્ણછાયા દૂર થઈ કે સ્ફટિક સ્વચ્છ સ્વરૂપે સ્થિત જ છે, તેમ પરભાવ નિમિત્તે ઉપજતી વિભાવછાયા ટળી કે આત્મા શુદ્ધ સહજાત્મસ્વરૂપ સ્વભાવે અવસ્થિત જ છે. માટે પરભાવના નિમિત્તે ઉપજતા આગંતુક ઔપાધિક ભાવરૂપ વિભાવ સાથે પણ આત્માનું મૂળ સ્વરૂપે તાદાત્મ્ય નથી. આમ પરભાવ-વિભાવથી આત્માનું ભિન્નપણું ભાવન કરી, પરભાવનું નિમિત્ત પામી વિભાવ ભાવે ન જ પરિણમવું અને મૂળ શુદ્ધ સહજાત્મસ્વરૂપ આત્મસ્વભાવનું જ ભાવન કર્યા કરવું અને તેમાં જ સ્થિતિ રૂપ રમણ કર્યા કરવું એ જ ખરેખરા મુમુક્ષુ આત્માર્થીનું કર્ત્તવ્ય છે.

ભેદાભ્યાસ ભાવના : મોહરૂપ પરભાવ-વિભાવથી ઉપયોગની ભિન્નતા

''જહવિ સત્તા ગુણે જીવ આ નિર્મળો, અન્ય સંશ્લેષ જિમ સ્ફટિક નવિ શામલો;
જે પરોપાધિથી દુષ્ટતા સંગ્રહી, ભાવ તાદાત્મ્યમાં માહરૂં તે નહીં.
ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈયે, આપણો આતમા તેહવો ભાવિયે.'' - **શ્રી દેવચંદ્રજી**

આકૃતિ





હવે આત્માનું ત્રિવિધ પરિણામવિકારનું કર્તૃત્વ દર્શાવે છે -

एएसु य उवओगो तिविहो सुद्धो णिरंजणो भावो ।
जं सो करेदि भावं उवओगो तस्स सो कत्ता ॥९०॥

આ સતે ત્રિવિધ ઉપયોગ જે, શુદ્ધ નિરંજન ભાવ રે;
ભાવ કરે છે ઉપયોગ તે, તેનો તે કર્ત્તા સાવ રે... અજ્ઞાનથી. ૯૦

ગાથાર્થ - અને એઓ (મિથ્યાદર્શનાદિ) સતે, શુદ્ધ નિરંજન ભાવ એવો ઉપયોગ ત્રિવિધ હોય છે, તે ઉપયોગ જે ભાવ કરે છે, તેનો તે કર્ત્તા હોય છે.

आत्मख्यातिटीका

अथात्मनस्त्रिविधपरिणामविकारस्य कर्तृत्वं दर्शयति -

एतेषु चोपयोगस्त्रिविधः शुद्धो निरंजनो भावः ।
यं स करोति भावमुपयोगस्तस्य सो कर्त्ता ॥९०॥

अथैवमयमनादिवस्त्वन्तरभूतमोहयुक्तत्वादात्मन्युत्प्लवमानेषु मिथ्यादर्शनाज्ञानाविरति भावेषु परिणामविकारेषु त्रिष्वेतेषु निमित्तभूतेषु परमार्थतः **शुद्धनिरंजना**नादिनिधनवस्तुसर्वस्वभूतचिन्मात्र**भावत्वे**नैकविधोप्यशुद्ध सांजनानेकभावत्वमापद्यमान**स्त्रिविधो** भूत्वा स्वयमज्ञानीभूतः कर्तृत्वमुपढौकमानो विकारेण परिणम्य यं यं भावमात्मनः **करोति** तस्य तस्य किलो**पयोगः** कर्त्ता स्यात् ॥९०॥

આત્મખ્યાતિટીકાર્થ

હવે એમ અનાદિ વસ્ત્વંતરભૂત મોહના યુક્તપણાને લીધે આત્મામાં ઉત્પ્લવી રહેલા મિથ્યાદર્શન - અજ્ઞાન-અવિરતિભાવ રૂપ આ ત્રણ પરિણામવિકારો નિમિત્તભૂત સતે, આ (ઉપયોગ) પરમાર્થથી શુદ્ધ નિરંજન એવા અનાદિનિધન વસ્તુસર્વસ્વભૂત ચિન્માત્રભાવપણે એકવિધ છતાં, અશુદ્ધ સાંજન અનેકભાવપણાને આપન્ન થઈ રહેલો (પામી રહેલો) ત્રિવિધ થઈ સ્વયં અજ્ઞાનીભૂત (અજ્ઞાની થઈ ગયેલો) કર્તૃત્વને ઉપઢૌકતો વિકારથી પરિણમી, જે જે ભાવ આત્માનો કરે છે, તેનો તેનો નિશ્ચયે કરીને ઉપયોગ કર્ત્તા હોય.

આત્મભાવના -

अथात्मनस्त्रिविधपरिणामविकारस्य कर्तृत्वं दर्शयति - હવે આત્માનું ત્રિવિધ - ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તૃત્વ - કર્ત્તાપણું દર્શાવે છે - एतेषु च - અને આ (મિથ્યાદર્શનાદિ) સતે शुद्धो निरंजनो भाव, उपयोगः त्रिविधो - શુદ્ધ નિરંજન ભાવ એવો ઉપયોગ ત્રિવિધ હોય છે; **स उपयोगः** - તે ઉપયોગ यं भाव करोति - જે ભાવ કરે છે, तस्य सो कर्त्ता - તેનો તે કર્ત્તા હોય છે. ॥ इति **गाथा** आत्मभावना ॥

अथ - હવે एवम् - એમ **ઉક્ત પ્રકારે** वस्त्वन्तरभूतमोहयुक्तत्वात् - વસ્ત્વન્તરભૂત - અન્ય વસ્તુરૂપ મોહના યુક્તપણાને લીધે - સંયોગિપણાને લીધે आत्मन्युत्प्लवमानेषु - આત્મામાં ઉત્પ્લવમાન - ઉત્પ્લવી રહેલા, કૂદાકૂદ કરી રહેલા એવા मिथ्यादर्शनाज्ञानाविरतिभावेषु परिणामविकारेषु त्रिष्वेतेषु निमित्तभूतेषु - મિથ્યાદર્શન - અજ્ઞાન - અવિરતિ ભાવ એ ત્રણ પરિણામવિકારો નિમિત્તભૂત સતે, अयम् - આ ઉપયોગ, - परमार्थतः - પરમાર્થથી, તત્ત્વથી, નિશ્ચયથી शुद्धनिरंजनानादिनिधनवस्तुसर्वस्वभूतचिन्मात्रभावत्वेन एकविधोऽपि - શુદ્ધ નિરંજન અનાદિ નિધન - અનાદિ અનંત વસ્તુના સર્વસ્વભૂત ચિન્માત્ર ભાવપણાએ કરીને એકવિધ - એક પ્રકારનો છતાં, अशुद्धसांजनानेकभावत्वमापद्यमानः - અશુદ્ધ સાંજન-અંજન સહિત અનેક ભાવપણાને આપન્ન થઈ રહેલો - પ્રાપ્ત થઈ રહેલો त्रिविधो भूत्वा - ત્રિવિધ - ત્રણ - ત્રયે પ્રકારનો થઈને, स्वयमज्ञानीभूतः - સ્વયં અજ્ઞાનીભૂત - અજ્ઞાનરૂપ થઈ ગયેલો, कर्तृत्वमुपढौकमानो - કર્તાપણાને ઉપઢૌકતો - ચાહી ચલાવીને સામે જઈને અંગીકાર કરતો, विकारेण परिणम्य - વિકારથી પરિણમીને, यं यं भावमात्मनः करोति - જે જે ભાવ આત્માનો કરે છે, तस्य तस्य - તેનો તેનો किल - ખરેખર ! નિશ્ચયે કરીને उपयोगः कर्त्ता स्यात् - ઉપયોગ કર્ત્તા હોય. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥९०॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''વિશ્વ અનાદિ છે. જીવ અનાદિ છે. પરમાણુ પુદ્‌ગલો અનાદિ છે. જીવ અને કર્મનો સંબંધ અનાદિ છે. સંયોગી ભાવમાં તાદાત્મ્ય અધ્યાસ હોવાથી જીવ જન્મ મરણાદિ દુઃખોને અનુભવે છે.'' - **શ્રીમદ્‌ રાજચંદ્ર, હાથનોંધ, ૧**

''અવિનાસી અજ પરમાતમા સુજાન જિન, નિરંજન અમલાન સિદ્ધ ભગવંત હૈ;
એસો જીવ કર્મ રોગ સંગ લગ્યો જ્ઞાન ભૂલિ, કસતૂર મૃગ જ્યું ભુવન મેં રટત હૈ.''

- શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૭૫


આત્માનું ત્રિવિધ પરિણામવિકારનું કર્ત્તાપણું

અત્રે આત્માનું ત્રિવિધ પરિણામવિકારનું કર્ત્તાપણું શી રીતે થાય છે તે ભગવાન્‌ શાસ્ત્રકારે બતાવ્યું છે અને તે **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી અપૂર્વ તત્ત્વવૈજ્ઞાનિક પ્રક્રિયા વિવરી દેખાડી પ્રસ્ફુટ કર્યું છે; હવે એમ - ઉક્ત પ્રકારે અનાદિ 'વસ્ત્વંતરભૂત' મોહથી યુક્તપણાને લીધે આત્મામાં ઉત્પ્લવી રહેલા - ફૂદાફૂદ કરી રહેલા - ઊઠી રહેલા - મિથ્યાદર્શન - અજ્ઞાન - અવિરતિભાવ એ ત્રણ પરિણામવિકારો નિમિત્તભૂત સતે, આ ઉપયોગ ત્રિવિધ થઈને - ત્રણ પ્રકારનો થઈને, જે જે ભાવ આત્માનો - પોતાનો કરે છે, તેનો તેનો તે નિશ્ચયે કરીને કર્ત્તા હોય. તે કેવી રીતે ? પરમાર્થથી શુદ્ધ નિરંજન અનાદિ નિધન - અનાદિઅનંત વસ્તુસર્વસ્વભૂત ચિન્માત્ર ભાવપણાએ કરી એકવિધ - એક પ્રકારનો છતાં, અશુદ્ધ સાંજન અનેક ભાવપણાને આપન્ન થતો - પ્રાપ્ત થતો ત્રિવિધ - ત્રય પ્રકારનો થઈને, સ્વયં-પોતે અજ્ઞાનીભૂત - અજ્ઞાની થયેલો - અજ્ઞાનરૂપ થયેલો કર્તાપણાને ઉપઢૌકતો - સ્વયં અંગીકાર કરી રહેલો વિકારથી પરિણમીને. આ વ્યાખ્યાનો સ્પષ્ટ આશયાર્થ આ પ્રકારે -

શુદ્ધ નિરંજન ચિન્માત્ર ભાવ અશુદ્ધ સાંજન ત્રિવિધ થઈ, અજ્ઞાની બની કર્ત્તા બને

એમ ઉપરમાં કહ્યું તેમ 'અનાદિવસ્ત્વંતરભૂતમોહયુક્તત્વાત્‌' - અનાદિ 'વસ્ત્વંતરભૂત' - પરવસ્તુરૂપ મોહના યુક્તપણાને લીધે, મિથ્યાદર્શન - અજ્ઞાન - અવિરતિ એ ત્રણ પરિણામવિકાર આત્મામાં 'ઉત્પ્લવે' છે, ફૂદી પડે છે, એકદમ ઊઠે છે, ઉદયમાં આવે છે, ઉત્પ્લવ - ક્ષોભ - ખળભળાટ મચાવે છે; અને 'આત્મનિ ઉત્પ્લવત્માનેષુ' - 'આત્મામાં ઉત્પ્લવતા' - ફૂદી પડતા આ મિથ્યાદર્શનાદિ ત્રણ પરિણામવિકાર 'નિમિત્તભૂત' થાય છે, એટલે 'પરમાર્થતઃ' - પરમાર્થથી આ ઉપયોગ (આત્મા) શુદ્ધ નિરંજન અનાદિનિધન વસ્તુના સર્વસ્વભૂત ચિન્માત્ર ભાવપણાએ કરીને એકવિધ હોવા છતાં, શુદ્ધનિરંજનાનાદિનિધનવસ્તુસર્વસ્વભૂતચિન્માત્રભાવત્વેનૈકવિધોપિ', અશુદ્ધ સાંજન એવા અનેક ભાવપણાને પામી રહેલો ત્રિવિધ હોય છે. 'અશુદ્ધસાંજનાનેકભાવત્વમાપદ્યમાનઃ ત્રિવિધો ભૂત્વા' - અર્થાત્‌ પરમાર્થથી - તત્ત્વથી - શુદ્ધ નિશ્ચયથી આ ઉપયોગ રાગાદિ ભાવકર્મથી રહિત એવો શુદ્ધ અને જ્ઞાનાવરણાદિ દ્રવ્ય કર્માંજનથી રહિત એવો નિરંજન એક વસ્તુ સર્વસ્વભૂત ચિન્માત્ર ભાવ હોઈ એક પ્રકારનો છે, છતાં આત્મામાં ઉત્પ્લવતા - ઉત્પ્લવી રહેલા - ઉદયાગત મિથ્યાદર્શન - અજ્ઞાન - અવિરતિરૂપ ત્રિવિધ પરિણામ વિકારનું નિમિત્ત પામીને આ શુદ્ધ નિરંજન ચિન્મય ઉપયોગ પણ, નીલ-હરિત-પીત ત્રિવિધ ઉપાધિ પ્રમાણે પરિણત સ્ફટિકની જેમ, અશુદ્ધ સાંજન અનેક ભાવપણાને પામી રહેલો મિથ્યાદર્શન - અજ્ઞાન - અવિરતિ એમ ત્રિવિધ પરિણામવિકાર અનુસારે ત્રણ પ્રકારનો હોય છે. અને આમ 'સ્વયં અજ્ઞાનીભૂતઃ' - સ્વયં 'અજ્ઞાનીભૂત' - અજ્ઞાની થઈ ગયેલો આ ઉપયોગ કર્ત્તાપણાને 'ઉપઢૌકે' છે - સામે ચાલી ચલાવીને કર્ત્તાપણું સ્વયં અંગીકાર કરે છે અને कर्तृत्वमुपढौकमानो - કર્ત્તાપણાને 'ઉપઢૌકતો' - સ્વયં અંગીકાર કરી રહેલો આ ઉપયોગ વિકારથી પરિણમી - 'विकारेण परिणम्य' - જે જે ભાવ આત્માનો કરે છે, આ મ્હારો આત્માનો ભાવ - આ

મ્હારો આત્માનો ભાવ એમ જે જે ભાવ આત્માનો - પોતાનો કરે છે, તેનો તેનો આ ઉપયોગ નિશ્ચયથી કર્ત્તા હોય છે, અર્થાત્ આમ આ ઉપયોગ (આત્મા) વિભાવ રૂપ - વિકૃત આત્મભાવરૂપ ભાવ કર્મનો જ કર્ત્તા હોય છે, નહિં કે પુદ્ગલમય દ્રવ્યકર્મનો.



હવે આત્માનું ત્રિવિધ પરિણામવિકારનું કર્ત્તાપણું સતે, પુદ્ગલદ્રવ્ય સ્વત એવ (આપોઆપ જ) કર્મપણું પરિણમે છે, એમ કહે છે.

जं कुणइ भावमादा कत्ता सो होदि तस्स भावस्स ।
कम्मत्तं परिणमदे तह्मि सयं पुग्गलं दव्वं ॥९१॥

જેહ કરે ભાવ આતમા, કર્ત્તા તેનો તે હોય રે;
તે સતે કર્મપણું પરિણમે, પુદ્ગલ દ્રવ્ય સ્વયં સોય રે... અજ્ઞાનથી. ૯૧

ગાથાર્થ - આત્મા જે ભાવ કરે છે, તે ભાવનો તે કર્ત્તા હોય છે; અને તે સતે, પુદ્ગલ દ્રવ્ય સ્વયં કર્મપણું પરિણમે છે.

आत्मख्यातिटीका

अथात्मनस्त्रिविधपरिणामविकारकर्तृत्वे सति पुद्गलद्रव्यं
स्वत एव कर्मत्वेनपरिणमतीत्याह -

यं करोति भावमात्मा कर्त्ता स भवति तस्य भावस्य ।
कर्मत्वं परिणमते तस्मिन् स्वयं पुद्गलद्रव्यं ॥९१॥

आत्मा ह्यात्मना तथा परिणमनेन **यं भावं** किल **करोति तस्यायं कर्त्ता स्यात्** साधकवत् **तस्मिन्निमित्ते सति पुद्गलद्रव्यं कर्मत्वेन स्वयं परिणमते** । तथाहि -

यथा साधकः किल
तथाविधध्यानभावेनात्मना परिणममानो
ध्यानस्य कर्त्ता स्यात्,
तस्मिंस्तु ध्यानभावे
सकलसाध्यभावानुकूलतया निमित्तमात्रीभूते सति
साधकं कर्त्तारमंतरेणापि
स्वयमेव बाध्यंते विषव्याप्तयो
विडंब्यंते योषितो ध्वस्यंते बंधा -

स्तथायमज्ञानादात्मा
मिथ्यादर्शनादिभावेनात्मना परिणममानो
मिथ्यादर्शनादिभावस्य कर्त्ता स्यात्,
तस्मिंस्तु मिथ्यादर्शनादौ भावे
स्वानुकूलतया निमित्तमात्रीभूते सत्या-
त्मानं कर्त्तारमन्तरेणापि
पुद्गलद्रव्यं मोहनीयादिकर्मत्वेन
स्वयमेव परिणमते ॥९१॥

आत्मभावना -

अथात्मनस्त्रिविधपरिणामकर्तृत्वे सति - હવે આત્માનું ત્રિવિધ પરિણામનું કર્તૃત્વ સતે पुद्गलद्रव्यं स्वत एव कर्मत्वेन परिणमतीत्याह - પુદ્ગલ દ્રવ્ય સ્વતઃ જે કર્મપણે પરિણમે છે એમ કહે છે - य भाव - જે ભાવને आत्मा करोति - આત્મા કરે છે तस्य भाव - તે ભાવનો सः कर्त्ता भवति - તે આત્મા કર્તા હોય છે; तस्मिन् - તે આત્માનો ભાવ સતે पुद्गलद्रव्यं - પુદ્ગલદ્રવ્ય સ્વયં પોતે कर्मत्वं परिणमते - કર્મત્વ - કર્મપણું પરિણમે છે. ॥ **गाथा** आत्मभावना ॥९१॥

आत्मा हि - આત્મા જ આત્મના - આત્માથી - પોતાથી तथापरिणमनेन - તથાપ્રકારે પરિણમનથી यं भावं किल करोति - જે ભાવ ખરેખર ! નિશ્ચયે કરીને કરે છે, तस्यायं कर्त्ता स्यात् - તેનો આ - પ્રત્યક્ષ અનુભૂયમાન આત્મા કર્ત્તા હોય. કોની જેમ ? साधकवत् - સાધકની જેમ. तस्मिन् निमित्ते सति - તે - તે ભાવ નિમિત્ત સતે, पुद्गलद्रव्यं कर्मत्वेन स्वयं परिणमते - પુદ્ગલદ્રવ્ય કર્મપણે સ્વયં - પોતે - આપોઆપ પરિણમે છે. तथाहि - જુઓ ! આ પ્રકારે -

यथा - જેમ, એ દૃષ્ટાંત - साधकः किल - સાધક ખરેખર ! तथाविधध्यानभावेनात्मना परिणममानो - तथाविध - તેવા પ્રકારના ધ્યાનભાવથી આત્માથી - પોતાથી પરિણમમાન - પરિણમી રહેલો ध्यानस्य कर्त्ता स्यात् - ધ્યાનનો કર્ત્તા હોય, तस्मिंस्तु ध्यानभावे - અને તે ધ્યાનભાવ સકલ - साध्यभावानुकूलतया निमित्तमात्रीभूते सति - સકલ સાધ્યભાવની

આત્મખ્યાતિ ટીકાર્થ

આત્મા જ સ્ફુટપણે આત્માથી તથાપરિણમનથી નિશ્ચયે કરીને જે ભાવ કરે છે, તેનો આ કર્ત્તા હોય - સાધકની જેમ; તે નિમિત્ત સતે, પુદ્ગલ દ્રવ્ય કર્મપણે સ્વયમેવ પરિણમે છે. તે આ પ્રકારે -

જેમ સાધક	તેમ આ અજ્ઞાનને લીધે આત્મા
તથાવિધ ધ્યાન ભાવે	મિથ્યાદર્શનાદિ ભાવે
આત્માથી પરિણમી રહેલો	આત્માથી પરિણમી રહેલો
ધ્યાનનો કર્ત્તા હોય,	મિથ્યાદર્શનાદિ ભાવનો કર્ત્તા હોય,
અને તે ધ્યાન ભાવ	અને તે મિથ્યાદર્શનાદિ ભાવ
સકલ સાધ્યભાવની અનુકૂલતાએ કરીને	સ્વાનુકૂલતાએ કરીને
નિમિત્ત માત્રીભૂત સતે,	નિમિત્ત માત્રીભૂત સતે,
સાધક કર્ત્તા વિના જ,	આત્માકર્ત્તા વિના જ,
સ્વયમેવ વિષવ્યામિઓ બાધાય છે,	પુદ્ગલ દ્રવ્ય મોહનીયાદિ કર્મપણે
સ્ત્રીઓ વિડંબાય છે, બંધો ધ્વંસાય છે :-	સ્વયમેવ પરિણમે છે. ૯૧

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જીવ વિભાવપરિણામમાં વર્તે તે વખતે કર્મ બાંધે
અને સ્વભાવ પરિણામમાં વર્ત્તે તે વખતે કર્મ બાંધે નહિ.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩ ઉપદેશછાયા

''૫૨ વિભાવ અનુગત ચેતનથી, કર્મે તે અવરાય.'' **- શ્રી દેવચંદ્રજી**

ઉપરમાં આત્માનું મિથ્યાદર્શનાદિ ત્રિવિધ પરિણામ વિકારનું કર્ત્તાપણું કેમ હોય છે તે તત્ત્વ વૈજ્ઞાનિક રીતે કહ્યું; આ કર્ત્તાપણું સતે કર્મ વર્ગણાયોગ્ય પુદ્ગલદ્રવ્ય 'સ્વત એવ' - આપોઆપ જ કર્મપણે પરિણમે છે, એમ અત્ર આ ગાથામાં પ્રતિપાદન કર્યું છે અને તે ભગવતી **'આત્મખ્યાતિ'**માં સાધકના દૃષ્ટાંતથી બિંબ-પ્રતિબિંબ ભાવે સાંગોપાંગ વિવરી દેખાડી **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** ઓર સમર્થિત કર્યું છેઃ આત્મા સ્ફુટપણે 'આત્મના' - આત્માથી - પોતાથી તથા પરિણમનથી - 'તથા પરિણમનેન' - તથા પ્રકારે - તેવા પ્રકારે પરિણમનથી જે ભાવ નિશ્ચયે કરીને કરે છે તેનો આ કર્ત્તા હોય. કોની જેમ ? સાધકની જેમ. અને તે નિમિત્ત સતે - હોતાં પુદ્ગલ દ્રવ્ય કર્મપણે સ્વયં - આપોઆપ પરિણમે છે. તે આ પ્રકારે - જેમ સાધક ખરેખર ! તથાવિધ - તથા પ્રકારના ધ્યાનભાવે આત્માથી પરિણમી રહેલો ધ્યાનનો કર્ત્તા હોય; અને તે ધ્યાનભાવ સકલ સાધ્યભાવની અનુકૂળતાથી નિમિત્ત માત્રીભૂત સતે - 'નિમિત્તમાત્રીભૂતે સતિ' - માત્ર-કેવલ નિમિત્ત રૂપ હોતાં, સાધક કર્ત્તા વિના જ -

---

અનુકૂલતાએ કરી નિમિત્ત માત્ર રૂપ થયેલ સતે, સાધકં કર્ત્તારમંતરેણાપિ - સાધક કર્ત્તા સિવાય પણ, સ્વયમેવ - સ્વયમેવ, સ્વયં જ, આપોઆપ જ બાધ્યંતે વિષવ્યાલયો - વિષવ્યામિઓ - ઝેરના કેલાવા બાધિત થાય છે, વિડંબ્યંતે યોષિતો - યોષિતો-સ્ત્રીઓ વિડંબિત થાય છે, ધ્વંસ્યંતે બંધાઃ - બંધો ધ્વંસાય છે, નાશ પામે છે.

તથા - તેમ, આ દાર્ષ્ટાંતિક - અયમાત્મા - આ આત્મા, અજ્ઞાનાદ્ - અજ્ઞાનને લીધે, મિથ્યાદર્શનાદિભાવેનાત્મના પરિણમમાનો - મિથ્યાદર્શનાદિ ભાવે આત્માથી પરિણમી રહેલો મિથ્યાદર્શનાદિભાવસ્ય કર્ત્તા સ્યાત્ - મિથ્યાદર્શનાદિ ભાવનો કર્ત્તા હોય; તસ્મિંસ્તુ મિથ્યાદર્શનાદૌ ભાવે - અને તે મિથ્યાદર્શનાદિ ભાવ સ્વાનુકૂલતયા નિમિત્તમાત્રીભૂતે સતિ - સ્વઅનુકૂલતાએ કરી નિમિત્ત માત્ર રૂપ થયેલ સતે, આત્માનં કર્ત્તારમન્તરેણાપિ - આત્મા કર્ત્તા સિવાય પણ, પુદ્ગલદ્રવ્યં - પુદ્ગલ દ્રવ્ય મોહનીયાદિ કર્મત્વેન - મોહનીય આદિ કર્મપણે સ્વયમેવ - સ્વયમેવ - સ્વયં જ - આપોઆપ જ પરિણમતે - પરિણમે છે. ॥ ઇતિ **'આત્મખ્યાતિ'** આત્મભાવના ॥૯૧॥

'साधकं कर्त्तारमंतरेणापि', स्वयमेव-आपोआप જ વિષવ્યાપ્તિઓ (ઝેરના ફેલાવા) બાધાય છે, સ્ત્રીઓ વિડંબાય છે, બંધો ધ્વંસાય છે; તેમ આ આત્મા 'अज्ञानात्' - અજ્ઞાનને લીધે મિથ્યાદર્શનાદિ ભાવે આત્માથી પરિણમી રહેલો મિથ્યાદર્શનાદિભાવનો કર્ત્તા હોય, અને તે મિથ્યાદર્શનાદિ ભાવે સ્વ અનુકૂલતાથી નિમિત્તમાત્રીભૂત સતે - 'निमित्तमात्रीभूते सति' - માત્ર-કેવલ નિમિત્ત રૂપ હોતાં, આત્મા કર્ત્તા વિના જ - 'आत्मानं कर्त्तारमन्तरेणापि', પુદ્ગલ દ્રવ્ય મોહનીયાદિ કર્મપણે સ્વયમેવ-પોતે જ - આપોઆપ જ પરિણમે છે, 'स्वयमेव परिणमते ।' - આ વ્યાખ્યાનો વિશેષ સ્પષ્ટાર્થ આ પ્રકારે -

આ પ્રત્યક્ષ અનુભવાઈ રહેલો આત્મા જ 'આત્માથી' - પોતાથી પોતે જ 'तथा परिणमन' વડે કરીને - તેવા તેવા ચૈતન્ય વિકાર પરિણામે - વિભાવભાવે પરિણમીને પ્રગટપણે જે ભાવ કરે છે, તે વિકાર પરિણામરૂપ વિભાવ ભાવનો અર્થાત્ ભાવકર્મનો કર્ત્તા આ આત્મા હોય; અને તે ભાવકર્મ રૂપ આત્મવિકાર પરિણામ - વિભાવભાવ નિમિત્તભૂત સતે, કર્મ વર્ગણાયોગ્ય પુદ્ગલદ્રવ્ય 'स्वयं' - પોતાની મેળે પોતે જ ઉપાદાનરૂપે દ્રવ્યકર્મ પણે પરિણમે છે. અત્રે **साधकनुं दृष्टांत** ઘટે છે -

साधकनुं दृष्टांत : ते ध्यान भावकर्त्ता सते, तेना निमित्ते स्वयमेव विष उतार आदि

જેમ કોઈ એક સાધક છે. તે તથાપ્રકારના મંત્રાદિનું સાધન કરતાં તેનું ધ્યાન ધરે છે અને આમ તથાવિધ ધ્યાનભાવે 'આત્માથી પરિણમી રહેલો' - તેવા પ્રકારના ધ્યાન ભાવે પોતાથી પરિણમતો સતો, તે ધ્યાનનો કર્ત્તા હોય અને તે ધ્યાનભાવ 'નિમિત્ત માત્રીભૂત સતે' - માત્ર નિમિત્તરૂપ હોતાં તેના પ્રભાવે સકલ સાધ્યભાવની અનુકૂળતા ઉપજે છે, તે સાધકે સાધવા ઈચ્છેલ સાધ્ય ભાવનું સર્વ પ્રકારનું અનુકૂળપણું નીપજે છે, એટલે તે સાધક કર્ત્તા સિવાય પણ 'स्वयमेव विषव्याप्तिओ बाधाय छे, स्त्रीओ विडंबाय छे, बंधो ध्वंसाय छे', 'स्वयमेव बाध्यंते विषव्याप्तयो, विडंब्यंते योषितो ध्वंस्यते' बंधाः, આપોઆપ જ વ્યાપી ગયેલ વિષવેગો ઉતરી જાય છે, સ્ત્રીઓ વિડંબિત થાય છે, બંધન શ્રૃંખલાઓ તુટી જાય છે. અર્થાત્ ધ્યાનસ્થ સાધક તો દૂર સ્થિત છે, છતાં દેશાંતરે - તે સાધકના વ્યાપાર વિના જ - આપોઆપ જ વિષાપહાર, સ્ત્રી વિડંબન, બંધન મોચન આદિ તેની અસર નીપજે છે. ગારુડી દૂર બેઠો બેઠો મંત્ર ભણે છે, છતાં દૂર રહેલ મનુષ્યને કરડેલા સાપનું ઝેર ઉતરી જાય છે; યોગી દૂર બેઠો બેઠો ધ્યાન ધરે છે, રાજા તેને ફટકા મરાવે છે, પણ ફટકા રાજાની રાણીઓને લાગે છે ! દા.ત. સિદ્ધસેન દિવાકરનો જાણીતો પ્રસંગ; ભગવદ્ ભક્તિના ધ્યાનમાં લીન થયેલો **श्री मानतुंगाचार्य** જેવો કોઈ ભગવદ્ભક્ત ભક્તામર જેવું સ્તોત્ર લલકારે છે અને તેને બાંધેલી બેડીઓ આપોઆપ તુટી જાય છે. (કદાચ અમૃતચંદ્રજીના હૃદયમાં આ પ્રસંગોનો ઈશારો અત્ર અભિપ્રેત હોય.)

अज्ञानने लीधे आत्मा मिथ्यादर्शनादि भाव कर्त्ता सते, तेना निमित्ते पुद्गलनो स्वयमेव मोहादि कर्म परिणाम

તેમ આ આત્મા **'અજ્ઞાનને લીધે'** મિથ્યાદર્શનાદિ ભાવે 'આત્માથી પરિણમી રહેલો' - મિથ્યા દર્શનાદિ ચૈતન્યવિકાર પરિણામે વિભાવભાવે પોતાથી પરિણમતો સતો મિથ્યાદર્શનાદિ ભાવનો કર્ત્તા હોય; અને તે મિથ્યાદર્શનાદિ ભાવ 'નિમિત્ત માત્રીભૂત સતે' - માત્ર નિમિત્તરૂપ હોતાં તેના પ્રભાવે 'સ્વ અનુકૂલતા' ઉપજે છે, પુદ્ગલ દ્રવ્યને તથારૂપ કર્મ પરિણામે પરિણમવામાં પોતાનું અનુકૂળપણું નીપજે છે, એટલે તે આત્મા કર્ત્તા સિવાય પણ પુદ્ગલ દ્રવ્ય 'સ્વયમેવ મોહનીય આદિ દ્રવ્ય કર્મપણે પરિણમે છે', અર્થાત્ આત્મા પોતે કર્ત્તાપણે તે પુદ્ગલકર્મ કરવા પ્રવર્ત્તતો નથી, છતાં તેના આત્મવિકારરૂપ મિથ્યાદર્શનાદિ વિભાવભાવનું નિમિત્ત પામીને પુદ્ગલ દ્રવ્ય પોતે જ મોહનીયાદિ દ્રવ્યકર્મ પણે પરિણમે છે.


''મોહાદિ વિકાર એવા છે કે સમ્યગ્દૃષ્ટિને પણ ડોલાયમાન કરી નાંખે છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩

આ ઉપરથી એ તાત્પર્ય ફલિત થાય છે કે - (૧) આત્મા **અજ્ઞાન થકી** જ આત્માથી - પોતે

જ ત્રિવિધ વિકાર પરિણામે પરિણમે, એટલે આ વિકૃત આત્મભાવરૂપ - વિભાવરૂપ ભાવકર્મનો કર્ત્તા હોય, (૨) અને આ આત્મા તેવા તેવા વિભાવ ભાવરૂપ ભાવકર્મનો કર્ત્તા હોય, એટલે જ પછી તેનું નિમિત્તમાત્ર પામીને પુદ્‌ગલ દ્રવ્ય દ્રવ્યકર્મ પરિણામે પરિણમી દ્રવ્યકર્મનું કર્ત્તા હોય. (૩) આથી ઉલટું આત્મા જો વિભાવભાવરૂપ ભાવકર્મ પરિણમે ન પરિણમે, તો પછી તેના નિમિત્ત અભાવે દ્રવ્યકર્મના ઉદ્‌ભવનો સંભવ પણ ન રહેઃ (૪) અને વિભાવ નષ્ટ કરી આત્મા નિશ્ચય રત્નત્રયસ્વરૂપ શુદ્ધ ઉપયોગ પરિણામે પરિણમે તો ગારુડ મંત્રના સામર્થ્યથી વિષ જેમ નિર્બીજ થાય તેમ સ્વયમેવ નીરસ થઈને પૂર્વબદ્ધ દ્રવ્યકર્મ પણ જીવથી પૃથક્ - અલગ થઈને નિર્જરા પામે, ખરી જાય.

તાત્પર્ય :
અજ્ઞાન-ભાવકર્મ-દ્રવ્યકર્મ



अज्ञान थकी ज कर्म प्रभवे (जन्मे) छे एवुं तात्पर्य कहे छे -

परमप्पाणं कुव्वं अप्पाणं पि य परं करिंतो सो ।
अण्णाणमओ जीवो कम्माणं कारगो होदि ॥९२॥

પરને કરંતો આતમા, આત્મા ય પર કરંત રે;
અજ્ઞાનમયો જીવ તે, કર્ત્તા કર્મનો હવંત રે... અજ્ઞાનથી. ૯૨

ગાથાર્થ - પરને આત્મા કરતો અને આત્માને પણ પર કરતો એવો તે અજ્ઞાનમય જીવ કર્મોનો કારક (કર્ત્તા) હોય છે. ૯૨

आत्मख्यातिटीका

अज्ञानादेव कर्म प्रभवतीति तात्पर्यमाह -

परमात्मानं कुर्वन्नात्मानमपि च परं कुर्वन् सः ।
अज्ञानमयो जीवः कर्मणां कारको भवति ॥९२॥

अयं किलाज्ञानेन**आत्मा** परात्मनोः परस्परविशेषानिर्ज्ञाने सति **परमात्मनं कुर्वन्नात्मानं च परं कुर्वन् स्वयम ज्ञानमयीभूतः कर्मणां कर्त्ता प्रतिभाति** । तथाहि -

- ज्ञानात्परस्परविशेषानिर्ज्ञाने सत्येकत्वाध्यासात्

तथाविधानुभवसंपादनसमर्थायाः — तन्निमित्तं तथाविधानुभवस्य चा -
रागद्वेषसुखदुःखादिरूपायाः
पुद्गलपरिणामावस्थायाः
शीतोष्णानुभवसंपादनसमर्थायाः
शीतोष्णायाः पुद्गलपरिणामावस्थाया इव
पुद्गलादभिन्नत्वेना - — त्मनोऽभिन्नत्वेन
त्मनो नित्यमेवात्यंतभिन्नायाः - — पुद्गलान्नित्यमेवात्यंतभिन्नस्य -

शीतोष्णरूपेणेवात्मना परिणमितुमशक्येन
रागद्वेषसुखदुःखादिरूपेणाज्ञानात्मना परिणममानो
ज्ञानस्याज्ञानत्वं प्रकटीकुर्वन् स्वयमज्ञानमयीभूतः
एषोहं रज्ये इत्यादिविधिना रागादेः कर्मणः (ज्ञान विरुद्धस्य) कर्त्ता प्रतिभाति ॥९२॥

आत्मभावना -

अज्ञानादैव कर्म प्रभवतीति तात्पर्यमाह - **अज्ञानथी कर्म प्रभवे छे एवुं तात्पर्य कहे छे** - परमात्मानं कुर्वन् - **परने आत्मा करतो**, आत्मानं च परं कुर्वन् - **अने आत्माने पर करतो**, सः अज्ञानमयो जीवः - **ते अज्ञानमय जीव** कर्मणां कारको भवति - **कर्मोनो कारक - कर्त्ता होय छे.** ॥ इति **गाथा** आत्मभावना ॥९२॥

अयं किलाज्ञानेनात्मा - **निश्चये करीने अज्ञानथी आ आत्मा** कर्मणां कर्त्ता प्रतिभाति - **कर्मोनो कर्त्ता प्रतिभासे छे.** केवो आत्मा ? स्वयमज्ञानमयीभूतः - **स्वयं - पोते अज्ञानमय थई गयेलो.** केवी रीते ? परात्मनोः परस्परविशेषानिर्ज्ञाने सति - **पर अने आत्माना परस्पर विशेषनुं भेदनुं अनिर्ज्ञान सते**, परमात्मानं कुर्वन्नात्मानं च परं कुर्वन् - **परने आत्मा करतो अने आत्माने पर करतो. आम अज्ञानमय थई गयेलो आ आत्मा कर्मोनो कर्त्ता प्रतिभासे छे.** तथाहि - **जुओ**

આત્મખ્યાતિટીકાર્થ

આ આત્મા પ્રગટપણે અજ્ઞાનથી પર અને આત્માના પરસ્પર વિશેષનું અવિજ્ઞાન સતે, પરને આત્મા કરતો ને આત્માને પર કરતો, સ્વયં અજ્ઞાનમયીભૂત એવો, કર્મોનો કર્ત્તા પ્રતિભાસે છે. તે આ પ્રકારે -

તથાવિધ અનુભવ સંપાદનમાં સમર્થ	અને તેના નિમિત્તે
એવી રાગ દ્વેષ-સુખ દુઃખાદિ રૂપ	તથાવિધ અનુભવ
પુદ્ગલ પરિણામ અવસ્થા, - કે જે	કે જે -
શીતોષ્ણ અનુભવસંપાદનમાં સમર્થ	
શીતોષ્ણ પુદ્ગલપરિણામ અવસ્થાની જેમ -	
પુદ્ગલથી અભિન્નપણાએ કરીને	આત્માથી અભિન્નપણાએ કરીને
આત્માથી નિત્યમેવ અત્યંત ભિન્ન છે	પુદ્ગલથી નિત્યમેવ અત્યંત ભિન્ન છે.
તેના,	તેના-

પરસ્પર વિશેષનું અજ્ઞાન થકી અવિજ્ઞાન સતે એકત્વ અધ્યાસને લીધે,
શીતોષ્ણ રૂપની જેમ આત્માથી પરિણમવા અશક્ય
એવા રાગદ્વેષ-સુખ દુઃખાદિરૂપે અજ્ઞાનાત્માથી પરિણમી રહેલો (આત્મા),
જ્ઞાનનું અજ્ઞાનપણું પ્રકટ કરતો સ્વયં અજ્ઞાનમયીભૂત એવો -
'આ હું રંજું છું (રાગ કરું છું)' ઈત્યાદિ વિધિથી જ્ઞાન વિરુદ્ધ એવા રાગાદિ કર્મનો કર્ત્તા પ્રતિભાસે છે. ૯૨

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અજ્ઞાન ટાળવાનું છે. ઉપદેશથી પોતાપણું મટાડવું છે. અજ્ઞાન ગયું તેનું દુઃખ ગયું. ** જીવની અનાદિકાળથી ભૂલ ચાલી આવે છે. તે સમજવાને અર્થે જીવને જે ભૂલ મિથ્યાત્વ છે તેને મૂળથી છેદવી જોઈએ. જો મૂળથી છેદવામાં આવે તો તે પાછી ઉગે નહીં.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૪૩), ૯૫૭ (ઉપદેશ છાયા)

! આ પ્રકારે -
तथाविधानुभवसंपादनसमर्थायाः - તથાવિધ - તથાપ્રકારના અનુભવના સંપાદનમાં સમર્થ એવી रागद्वेषसुखदुःखादिरूपायाः पुद्गलपरिणामावस्थायाः - રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ રૂપ પુદ્ગલ પરિણામ અવસ્થા કે જે, शीतोष्णानुभवसंपादनसमर्थायाः शीतोष्णायाः पुद्गलपरिणामावस्थाया इव - શીતોષ્ણ અનુભવના સંપાદનમાં સમર્થ શીતોષ્ણ પુદ્ગલપરિણામ અવસ્થાની જેમ - पुद्गलादभिन्नत्वेन - પુદ્ગલથી અભિન્નપણાએ કરી આત્મનો નિત્યમેવાત્યંતભિન્નાયાઃ - આત્માથી નિત્યે જ અત્યંત ભિન્ના-જૂદી છે, તેના અને तन्निमित्तं - તેના નિમિત્તે तथाविधानुभवस्य - તથાવિધ - તથાપ્રકારનો અનુભવ કે જે, आत्मानोऽभिन्नत्वेन - આત્માથી અભિન્નપણાએ કરી पुद्गलात्नित्यमेवात्यंतभिन्नस्य - પુદ્ગલથી નિત્યે જ અત્યંત ભિન્ન - જૂદો છે, તેના - अज्ञानात् परस्परविशेषानिर्ज्ञाने सति - અજ્ઞાન થકી પરસ્પર વિશેષનું અનિર્જ્ઞાન સતે - एकत्वाध्यासात् - એકત્વ અધ્યાસને લીધે, એકપણું માની બેસવાપણાને લીધે, शीतोष्णरूपेणेवात्मना परिणामितुमशक्येन - શીતોષ્ણ રૂપની જેમ આત્માથી પરિણમવા અશક્ય એવા रागद्वेषसुखदुःखादिरूपेण - રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ રૂપે અજ્ઞાનાત્મના પરિણમમાનો - અજ્ઞાનાત્માથી પરિણમી રહેલો (આ આત્મા), ज्ञानस्याज्ञानत्वं प्रकटीकुर्वन् - જ્ઞાનનું અજ્ઞાનપણું પ્રકટ કરતો, स्वयमज्ञानमयीभूतः - સ્વયં - પોતે અજ્ઞાનમય થઈ ગયેલો એવોહં રજ્યે इत्यादिविधिना - આ હું રંજું છું - રાગ કરું છું ઈત્યાદિ વિધિથી रागादेः कर्मणेः ज्ञानविरुद्धस्य कर्त्ता प्रतिभाति - જ્ઞાન વિરુદ્ધ એવા રાગાદિ કર્મનો કર્ત્તા પ્રતિભાસે છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥९२॥

''જેતિ અનાદિ અનંતધર, પર કરતા નિજ માની;
ભયો ગેહ અજ્ઞાન કો, સ્વ સ્વરૂપ કો ભાનિ;
જ્ઞાન દૃષ્ટિ છુટે ભઈ, તન પરિ ચેતન ભ્રાંતિ;
પર ક્રિય કરતા ભ્રમ ભયો, મતવાલા દૃષ્ટાંતિ.'' - **શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૪૮, ૪૯**

અજ્ઞાનાદેવ કર્મ પ્રભવતિ - **અજ્ઞાન થકી જ કર્મ પ્રભવે છે** - જન્મે છે અર્થાત્ કર્મનું મૂળ પ્રભવસ્થાન અજ્ઞાન છે એવા પ્રકારનું તાત્પર્ય રૂપ નિગમન (Conclusion) અત્ર કર્યું છે, અને તે **આત્મખ્યાતિ કર્ત્તા આચાર્યજીએ** શીત-ઉષ્ણ પુદ્ગલ પરિણામની તુલના દ્વારા પોતાની અનુપમ અનન્ય શૈલીથી સાંગોપાંગ વિવરી દેખાડ્યું છેઃ 'अयं किलाज्ञानेनात्मा' - 'આ' - પ્રત્યક્ષ અનુભવાતો ખરેખર !

તાત્પર્ય : અજ્ઞાન થકી જ કર્મ પ્રભવે છે


અજ્ઞાને કરીને પર-આત્માના પરસ્પર - એકબીજા સાથેના વિશેષનું - તફાવતનું અનિર્જ્ઞાન સતે - નિશ્ચયરૂપ જ્ઞાન નહિ હોતાં, - 'अनिर्ज्ञाने सति', પરને આત્મા કરતો ને આત્માને પર કરતો સ્વયં - પોતે આપોઆપ **અજ્ઞાનમયીભૂત** - અજ્ઞાનમય થઈ ગયેલો - 'स्वयमज्ञानमयीभूतः' - કર્મોનો કર્ત્તા પ્રતિભાસે છે, - દીસે છે. તે આ પ્રકારે :- તથા પ્રકારના રાગદ્વેષાદિ અનુભવનના સંપાદનમાં - પ્રાપ્ત કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ-સુખદુઃખાદિરૂપ પુદ્ગલ પરિણામ અવસ્થા, કે જે - શીતોષ્ણ - ટાઢા ઉન્હા અનુભવના સંપાદનમાં - પ્રાપ્ત કરાવવામાં સમર્થ એવી શીતોષ્ણ પુદ્ગલ પરિણામ અવસ્થાની જેમ - પુદ્ગલથી અભિન્નપણાએ કરીને આત્માથી નિત્યમેવ - સદાય અત્યંત - સર્વથા ભિન્ન - જૂદી છે, તેના; અને 'तन्निमित्तं' - તન્નિમિત્તે - તે રાગદ્વેષ સુખદુઃખાદિરૂપ પુદ્ગલપરિણામાવસ્થા નિમિત્તે તથાપ્રકારનો રાગ દ્વેષાદિ અનુભવ, કે જે આત્માથી અભિન્નપણાએ કરીને પુદ્ગલથી નિત્યમેવ - સદાય અત્યંત - સર્વથા ભિન્ન - જૂદો છે તેના - **અજ્ઞાન થકી** - 'अज्ञानात्' - પરસ્પર - એકબીજા સાથે વિશેષનું - તફાવતનું અનિર્જ્ઞાન સતે - નિશ્ચયરૂપ જ્ઞાન નહિ હોતાં, એકત્વ અધ્યાસને લીધે - 'एकत्वाध्यासात्' - એકપણું માની બેસવાપણાને લીધે, શીતોષ્ણ રૂપની જેમ આત્માથી પરિણમવા અશક્ય એવા રાગ દ્વેષ સુખ દુઃખાદિરૂપે અજ્ઞાનાત્માથી પરિણમી રહેલો 'अज्ञानात्मना परिणममानो' - (આત્મા) જ્ઞાનનું અજ્ઞાનપણું પ્રગટ કરતો - 'ज्ञानस्य अज्ञानत्वं प्रकटीकुर्वन्' - સ્વયં - પોતે **અજ્ઞાનમયી ભૂત** - અજ્ઞાનમય થઈ ગયેલો એવો, 'આ હું રંજુ છું' - રાગ કરૂં છું ઈત્યાદિ વિધિથી જ્ઞાનથી વિરુદ્ધ એવા, રાગાદિ કર્મનો કર્ત્તા પ્રતિભાસે છે - દીસે છે - જણાય છે. હવે આ વ્યાખ્યાનો વિશેષ વિચાર કરીએ -

એ તો પ્રગટ છે કે 'અજ્ઞાનને લીધે જ' આ આત્માને પરદ્રવ્યના ને આત્માના 'પરસ્પર વિશેષનું અનિર્જ્ઞાન' હોય છે, એકબીજાના ભેદનું - તફાવતનું નિશ્ચયરૂપ જ્ઞાન નથી હોતું, એટલે જ આ સ્વ-પર વસ્તુના ભેદજ્ઞાનના અભાવે તે પરદ્રવ્યમાં આત્મબુદ્ધિથી પરને આત્મા કરે છે ને આત્મામાં પરબુદ્ધિથી આત્માને પર કરે છે; આમ **'स्वयं अज्ञानमयीभूत'** - પોતે અજ્ઞાનમય થઈ ગયેલો આ આત્મા કર્મોનો કર્ત્તા પ્રતિભાસે છે. તે આ પ્રકારે -

જેમ શીત-ઉષ્ણ એ પુદ્ગલ પરિણામ અવસ્થા છે, તેમ રાગ દ્વેષ-સુખ દુઃખાદિરૂપ પુદ્ગલ પરિણામ અવસ્થા છે. શીત-ઉષ્ણ પુદ્ગલ પરિણામ અવસ્થા જેમ શીત ઉષ્ણ અનુભવના સંપાદનમાં - ઉત્પાદનમાં સમર્થ છે, શીત ઉષ્ણ અનુભવ ઉપજાવવાને શક્તિમાન્ છે, તેમ રાગ દ્વેષ-સુખ દુઃખાદિ રૂપ પુદ્ગલ પરિણામ અવસ્થા તથાવિધ અનુભવના સંપાદનમાં સમર્થ છે, 'तथाविधानुभवसंपादनसमर्थायाः' - તેવા તેવા પ્રકારના રાગ દ્વેષ-સુખ દુઃખાદિ અનુભવ ઉપજાવવાને શક્તિમાન્ છે. શીત-ઉષ્ણ પુદ્ગલ પરિણામ અવસ્થા જેમ પુદ્ગલથી અભિન્ન છે - જૂદી નથી, પણ આત્માથી તો નિત્યમેવ અત્યંત ભિન્ન છે, સર્વદા સર્વથા જૂદી જ છે, તેમ રાગ દ્વેષ-સુખ દુઃખાદિ રૂપ પુદ્ગલ પરિણામ અવસ્થા પણ પુદ્ગલથી અભિન્ન છે -


શીત-ઉષ્ણવત્ રાગદ્વેષાદિ પુદ્ગલ પરિણામ અવસ્થાનું અને તથાવિધ અનુભવનું ભિન્નપણું

જૂદી નથી, પણ આત્માથી તો નિત્યમેવ અત્યંત ભિન્ન છે, સર્વદા સર્વથા જૂદી જ છે. શીત-ઉષ્ણ નિમિત્તે ઉપજતો તથા પ્રકારનો શીત ઉષ્ણ અનુભવ જેમ આત્માથી અભિન્ન છે - જૂદો નથી, પણ પુદ્ગલથી તો નિત્યમેવ અત્યંત ભિન્ન છે - સર્વદા સર્વથા જૂદો જ છે, તેમ રાગ દ્વેષ-સુખાદિ નિમિત્તે ઉપજતો તથા પ્રકારનો રાગ દ્વેષ-સુખ દુઃખાદિ અનુભવ આત્માથી અભિન્ન છે - જૂદો નથી, પણ પુદ્ગલથી તો નિત્યમેવ અત્યંત ભિન્ન છે - સર્વદા સર્વથા જૂદો જ છે. આમ પુદ્ગલ પરિણામરૂપ રાગ દ્વેષ-સુખ દુઃખાદિ આત્માથી સર્વદા સર્વથા ભિન્ન છે, પણ તેના નિમિત્તે ઉપજતો તથા પ્રકારનો આત્મપરિણામરૂપ અનુભવ તો આત્માથી સર્વદા સર્વથા અભિન્ન છે; અર્થાત્ પુદ્ગલ પરિણામરૂપ રાગ દ્વેષાદિ આત્માથી જૂદા છે, પણ તેવા પ્રકારનો અનુભવ તો આત્માથી જૂદો નથી. એટલે પુદ્ગલ પરિણામરૂપ રાગ દ્વેષાદિનો ને તથાવિધ આત્મપરિણામ રૂપ અનુભવનો એ તેનો પ્રગટ ભેદ છે.



અજ્ઞાનને લીધે ભેદ અજ્ઞાન સતે એકત્વ અધ્યાસથી અજ્ઞાની રાગાદિ કર્મનો કર્ત્તા

પણ અજ્ઞાનાત્ - અજ્ઞાનને લીધે એ બન્નેનો પરસ્પર વિશેષનું અનિર્જ્ઞાન સતે - 'परस्पर विशेषनिर्ज्ञाने सति', એ બન્નેના એકે બીજા સાથેના ભેદનું નિશ્ચય રૂપ જ્ઞાન નહિ હોવાથી, આત્મા તે બન્નેનો 'એકત્વઅધ્યાસ' કરે છે - 'एकत्वाध्यासात्', અર્થાત્ પુદ્ગલપરિણામરૂપ રાગ દ્વેષાદિ અવસ્થાનું અને તેના આત્મપરિણામરૂપ અનુભવનું એકપણું માની બેસે છે. એટલે પુદ્ગલ પરિણામ અવસ્થારૂપ શીતોષ્ણરૂપે જેમ આત્માથી પરિણમવું અશક્ય છે, તેમ પુદ્ગલ પરિણામ અવસ્થારૂપ રાગ-દ્વેષ-સુખ દુઃખાદિરૂપે આત્માથી પરિણમવું અશક્ય છે, છતાં આત્મા રાગદ્વેષ-સુખ દુઃખાદિરૂપે 'અજ્ઞાનાત્માથી' પરિણમે છે, રાગ દ્વેષ-સુખ દુઃખાદિરૂપ અજ્ઞાનાત્મક - અજ્ઞાન સ્વરૂપ આત્મભાવે પરિણમે છે અને આમ 'ज्ञानस्य अज्ञानत्वं प्रकटीकुर्वन्' જ્ઞાનનું અજ્ઞાનપણું પ્રકટ કરતો આ 'स्वयं अज्ञानमयीभूत' - 'स्वयमाप्रज्ञानमयीभूतः' - પોતે અજ્ઞાનમય થઈ ગયેલો આત્મા, 'एषोहं रज्ये इत्यादि विधिना' - 'આ હું રંજું છું' - રાગ કરૂં છું ઈત્યાદિ વિધિથી જ્ઞાનવિરુદ્ધસ્ય જ્ઞાનવિરુદ્ધ એવા રાગાદિ કર્મનો કર્ત્તા પ્રતિભાસે છે. रागादेः कर्मणः कर्त्ता प्रतिभाति । અર્થાત્ જેમ કોઈ પુરુષ શીતોષ્ણરૂપ પુદ્ગલ - પરિણામ અવસ્થાનો અને તથાવિધ શીતોષ્ણ અનુભવનો અજ્ઞાનને લીધે ભેદ નહિ જાણતો હોઈ એકત્વ અધ્યાસને લીધે બન્નેપણું એકપણું અનુભવતો 'હું શીત હું ઉષ્ણ' એવા પ્રકારે શીત-ઉષ્ણ પરિણતિનો કર્ત્તા હોય છે; તેમ આ આત્મા પણ રાગ દ્વેષ-સુખ દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામ અવસ્થાનો અને તથાવિધ અનુભવનો અજ્ઞાનને લીધે ભેદ નહિ જાણતો હોઈ એકત્વ અધ્યાસને લીધે બન્નેનું એકપણું માની બેસી, 'હું રાગી - હું દ્વેષી, હું સુખી - હું દુઃખી' ઈત્યાદિ પ્રકારે રાગ-દ્વેષાદિ અજ્ઞાન ભાવે પરિણમતો સતો જ્ઞાનથી વિરુદ્ધ એવા રાગદ્વેષાદિ અજ્ઞાન પરિણતિરૂપ કર્મનો કર્ત્તા હોય છે.



પણ જ્ઞાન થકી તો કર્મ પ્રભવતું (જન્મતું) નથી એમ કહે છે -

परमप्पाणमकुव्वं अप्पाणं पि य परं अकुव्वंतो ।
सो णाणमओ जीवो कम्माणमकारओ होदि ॥९३॥

પરને ન કરતો આતમા, આત્મા ય પર ન કરંત રે;
જ્ઞાનમયો જીવ તે ખરે ! અકર્ત્તા કર્મનો હવંત રે... અજ્ઞાનથી. ૯૩

ગાથાર્થ - પરને આત્મા નહિ કરતો અને આત્માને પણ પર નહિ કરતો એવો તે જ્ઞાનમય જીવ કર્મોનો અકારક (અકર્ત્તા) હોય છે. ૯૩

आत्मख्यातिटीका

ज्ञानात्तु न कर्म प्रभवतीत्याह -

परमात्मानमकुर्वन्नात्मानमपि च परमकुर्वन् ।
स ज्ञानमयो जीवः कर्मणामकारको भवति ॥९३॥

अयं हि ज्ञाना**दात्मा**

परात्मनोः परस्परविशेषनिर्ज्ञाने सति

परमात्मानमकुर्वन्नात्मानं च परमकुर्वन्

स्वयं **ज्ञानमयीभूतः कर्मणामकर्त्ता प्रतिभाति** । तथाहि -

तथाविधानुभवसंपादनसमर्थायाः	तन्निमित्तं तथाविधानुभवस्य चा
रागद्वेषसुखदुःखादिरूपायाः	
पुद्गलपरिणामावस्थायाः	
शीतोष्णानुभवसंपादनसमर्थायाः	
शीतोष्णायाः पुद्गलपरिणामावस्थाया इव	
पुद्गलादत्रिन्नत्वेना -	त्मनोऽभिन्नत्वेना -
त्मनो नित्यमेवात्यंतभिन्नायाः	पुद्गलान्नित्यमेवात्यंतभिन्नस्य –

ज्ञानात्परस्परविशेषनिर्ज्ञाने सति नानात्वविवेका -
च्छीतोष्णरूपेणेवात्मना परिणमितुमशक्येन
रागद्वेषसुखदुःखादिरूपेणाज्ञानात्मना मनागप्यपरिणममानो
ज्ञानस्य ज्ञानत्वं प्रकटीकुर्वन् स्वयं ज्ञानमयीभूतः
एषोहं जानाम्येव रज्यते तु पुद्गलइत्यादिविधिनो
समग्रस्यापि रागादेः कर्मणो ज्ञानविरुद्धस्याकर्त्ता प्रतिभाति ॥९३॥

આત્મખ્યાતિ ટીકાર્થ

આ આત્મા પ્રગટપણે જ્ઞાનથી પર અને આત્માના પરસ્પર વિશેષનું નિર્જ્ઞાન સતે, પરને આત્મા નહિ કરતો ને આત્માને પર નહિ કરતો, સ્વયં જ્ઞાનમયીભૂત એવો, કર્મોનો અકર્ત્તા પ્રતિભાસે છે. તે આ પ્રકારે -

તથાવિધ અનુભવસંપાદનમાં સમર્થ	અને તેના નિમિત્તે
એવી રાગદ્વેષ-સુખ દુઃખાદિ રૂપ	તથાવિધ અનુભવ
પુદ્ગલપરિણામ અવસ્થા,	
કે જે -	કે જે -
શીતોષ્ણ અનુભવસંપાદનમાં સમર્થ	
શીતોષ્ણ પુદ્ગલ પરિણામ અવસ્થાની જેમ,	
પુદ્ગલથી અભિન્નપણાએ કરીને	આત્માથી અભિન્નપણાએ કરીને
આત્માથી નિત્યમેવ અત્યંત ભિન્ન છે	પુદ્ગલથી નિત્યમેવ અત્યંત ભિન્ન છે
તેના,	તેના, –

પરસ્પર વિશેષનું વિજ્ઞાન થકી નિર્જ્ઞાન સતે નાનાત્વ વિવેકને લીધે, શીતોષ્ણ રૂપની જેમ આત્માથી પરિણમવા અશક્ય એવા રાગદ્વેષ-સુખદુઃખાદિરૂપે અજ્ઞાનાત્માથી જરા પણ નહિ પરિણમી રહેલો (આત્મા) જ્ઞાનનું જ્ઞાનપણું પ્રકટ કરતો સ્વયં જ્ઞાનમયીભૂત એવો, 'આ હું જાણું જ છું, રંજાય છે તો પુદ્ગલ' ઈત્યાદિ વિધિથી જ્ઞાન વિરુદ્ધ એવા સમગ્ર જ રાગાદિ કર્મનો અકર્ત્તા પ્રતિભાસે છે. ૯૩

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અજ્ઞાન મટ્યે બધી ભૂલ મટે, સ્વરૂપ જાગૃતિમાન થાય.''

''જ્ઞાનમાં સવળું ભાસે; અવળું ન ભાસે. જ્ઞાની મોહને પેસવા દેતા નથી. તેઓનો જાગૃત ઉપયોગ હોય છે. જ્ઞાનીનાં જેવાં પરિણામ વર્ત્તે તેવું કાર્ય જ્ઞાનીને થાય, અજ્ઞાનીને વર્ત્તે તેવું અજ્ઞાનીને થાય.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, ૯૫૭, (ઉપદેશ છાયા)**

આત્મભાવના -

જ્ઞાનાત્તુ - પણ જ્ઞાન થકી તો ન કર્મ પ્રભવતીત્યાહ - કર્મ પ્રભવતું નથી - પ્રભવ - જન્મ પામતું નથી, જન્મતું નથી, એમ કહે છે - પરમાત્માનમકુર્વન્ - પરને આત્મા અ-કરતો - ન કરતો, આત્માનમપિ ચ પરમકુર્વન્ - અને આત્માને પણ પર અ-કરતો - ન કરતો, સ જ્ઞાનમયો જીવઃ - તે જ્ઞાનમય જીવ કર્મણામકારકો ભવતિ - કર્મોનો અકારક-અકર્ત્તા હોય છે. ॥ ઇતિ **ગાથા** આત્મભાવના ॥૯૩॥

અય હિ જ્ઞાનાદાત્મા - નિશ્ચયે કરીને જ્ઞાન થકી આ આત્મા કર્મણામકર્ત્તા પ્રતિભાતિ - કર્મોનો અકર્ત્તા પ્રતિભાસે છે. કેવો આત્મા ? સ્વયં જ્ઞાનમયીભૂતઃ - સ્વયં - પોતે જ્ઞાનમય થઈ ગયેલો. કેવી રીતે ? પરમાત્માનમકુર્વન્નાત્માનં ચ પરમકુર્વન્ - પરને આત્મા ન કરતો અને આત્માને પર ન કરતો. આમ જ્ઞાનયમ થઈ ગયેલો આ આત્મા કર્મોનો અકર્ત્તા પ્રતિભાસે છે. તથાહિ - જુઓ ! આ પ્રકારે -

તથાવિધાનુભવસંપાદનસમર્થાયાઃ - તથાવિધ - તથા પ્રકારના અનુભવના સંપાદનમાં સમર્થ એવી રાગદ્વેષ-સુખદુઃખાદિરૂપાયાઃ પુદ્ગલપરિણામાવસ્થાયાઃ - રાગદ્વેષ-સુખ-દુઃખાદિ રૂપ પુદ્ગલ પરિણામ અવસ્થા કે જે, શીતોષ્ણાનુભવસંપાદનસમર્થાયાઃ શીતોષ્ણાયાઃ પુદ્ગલપરિણામાવસ્થા ઇવ - શીતોષ્ણ અનુભવના સંપાદનમાં સમર્થ શીતોષ્ણ પુદ્ગલપરિણામ અવસ્થાની જેમ; - પુદ્ગલાદભિન્નત્વેન - પુદ્ગલથી અભિન્નપણાએ કરી આત્મનો નિત્યમેવાત્યંતભિન્નાયાઃ - આત્માથી નિત્યે જ અત્યંત ભિન્ના - જૂદી છે; તેના, અને તન્નિમિત્તં - તેના નિમિત્તે તથાવિધાનુભવસ્ય - તથાવિધ - તથા પ્રકારનો અનુભવ કે જે, આત્મનોઽભિન્નત્વેન - આત્માથી અભિન્નપણાએ કરી પુદ્ગલાન્નિત્યમેવાત્યંતભિન્નસ્ય - પુદ્ગલથી નિત્યે જ અત્યંત ભિન્ન - જૂદો છે, તેના, - જ્ઞાનાત્પરસ્પરવિશેષનિર્જ્ઞાને સતિ - જ્ઞાન થકી પરસ્પર વિશેષનું નિર્જ્ઞાન -

''પર કર્તૃત્વ સ્વભાવ કરે તાં લગી ફરે રે, શુદ્ધ કાર્ય રુચિ ભાસ થયે નવિ આદરે રે;
શુદ્ધાતમ નિજ કાર્ય રુચે કારક ફિરે રે, તેહિ જ મૂલ સ્વભાવ ગ્રહે નિજ પદ વરે રે.''

- શ્રી દેવચંદ્રજી

જ્ઞાન થકી કર્મ પ્રભવતું નથી

આગલી ગાથામાં અજ્ઞાન થકી જ કર્મ પ્રભવે છે એમ કહ્યું, અત્રે તેનો પ્રતિપક્ષ કહ્યો છે કે - જ્ઞાન થકી કર્મ પ્રભવતું - જન્મતું નથી - 'ज्ञानात्तु न कर्म प्रभवति;' - અને અજ્ઞાનને સ્થાને જ્ઞાન શબ્દ યોજી **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** આગલી ગાથા જેવી જ તે જ શબ્દોમાં **આત્મખ્યાતિની** સુંદર સુશ્લિષ્ટ **'સૂત્ર'** ગ્રંથના પૂર્વક શ્રોતાની બુદ્ધિમાં બિંબ-પ્રતિબિંબ ભાવથી શીઘ્ર બેસી જાય એવી અનન્ય શૈલીથી તે જ શીત ઉષ્ણ દૃષ્ટાંત દ્વારા તેનો ભાવ પરિસ્ફુટ કર્યો છેઃ 'अयं हि ज्ञानादात्मा' - 'આ' - પ્રત્યક્ષ અનુભવાઈ રહેલો આત્મા ખરેખર ! **જ્ઞાન થકી** પર - આત્માના પરસ્પર - એકબીજા સાથેના વિશેષનું - તફાવતનું નિર્જ્ઞાન સતે - 'निर्ज्ञाने सति' - નિશ્ચય રૂપ જ્ઞાન હોતાં, પરને આત્મા નહિ કરતો ને આત્માને પર નહિ કરતો સ્વયં - પોતે - આપોઆપ **જ્ઞાનમયી ભૂત** - જ્ઞાનમય થઈ ગયેલો - 'स्वयं ज्ञानमयीभूतः' - કર્મોનો અકર્ત્તા પ્રતિભાસે છે - દીસે છે. તે આ પ્રકારે :- તથા પ્રકારના રાગદ્વેષાદિ અનુભવના સંપાદનમાં - પ્રાપ્ત કરાવવામાં સમર્થ એવી રાગદ્વેષ-સુખ દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામ અવસ્થા કે જે, શીતોષ્ણ-ટાઢા ઉન્હા અનુભવના સંપાદનમાં પ્રાપ્ત કરાવવામાં સમર્થ એવી શીતોષ્ણ પુદ્ગલપરિણામ - અવસ્થાની જેમ - પુદ્ગલથી અભિન્નપણાએ કરીને આત્માથી નિત્યમેવ - સદાય અત્યંત - સર્વથા ભિન્ન - જૂદી છે તેના; અને 'तन्निमित्तं' - તે નિમિત્તે - તે રાગદ્વેષ સુખ દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામ - અવસ્થા નિમિત્તે તથાપ્રકારનો રાગદ્વેષાદિ અનુભવ કે જે, આત્માથી અભિન્નપણાએ કરીને પુદ્ગલથી નિત્યમેવ - સદાય અત્યંત - સર્વથા ભિન્ન - જૂદો છે તેના, - **જ્ઞાન થકી** - 'ज्ञानात्' - પરસ્પર - એકબીજા સાથે વિશેષનું - તફાવતનું નિર્જ્ઞાન સતે - નિશ્ચયરૂપ જ્ઞાન હોતાં, નાનાત્વ વિવેકને લીધે - 'नानात्व विवेकात्' - નાના પણાના - ભિન્નભિન્નપણાના વિવેકને લીધે, શીતોષ્ણરૂપની જેમ આત્માથી પરિણમવા અશક્ય એવા રાગદ્વેષ-સુખ દુઃખાદિરૂપે અજ્ઞાનાત્માથી જરા પણ નહિ પરિણમતો - 'अज्ञानात्मना मनागप्यपरिणममानो' - (આત્મા) જ્ઞાનનું જ્ઞાનપણું પ્રગટ કરતો - 'ज्ञानस्य ज्ञानत्वं प्रकटीकुर्वन्' - સ્વયં - પોતે જ્ઞાનમયી ભૂત - જ્ઞાનમય થઈ ગયેલો એવો, 'આ હું જાણું જ છું, રંજાય (રંગાય) છે તો પુદ્ગલ' ઈત્યાદિ વિધિથી 'ज्ञानविरुद्धस्य' - જ્ઞાન વિરુદ્ધ - જ્ઞાનથી વિપરીત એવા સમગ્ર જ રાગાદિ કર્મનો અકર્ત્તા પ્રતિભાસે છે - દીસે છે - જણાય છે. હવે આ વ્યાખ્યાનો વિશેષ વિચાર કરીએ.

જ્ઞાનને લીધે પ્રગટપણે આ આત્માને પરદ્રવ્યના ને આત્માના 'પરસ્પર વિશેષનું નિર્જ્ઞાન' હોય છે, એક બીજાના ભેદનું - તફાવતનું નિશ્ચયરૂપ જ્ઞાન હોય છે. એટલે જ આ સ્વ-પર વસ્તુના પ્રગટ ભેદ જ્ઞાનના પ્રભાવે તે દેહાદિક ને રાગાદિક પરદ્રવ્યમાં આત્મબુદ્ધિ નહિ હોવાથી પરને આત્મા કરતો નથી અને આત્માને પર કરતો નથી; અર્થાત્ આ દેહાદિ - રાગાદિ પરદ્રવ્ય તે હું ને હું તે દેહાદિ-રાગાદિ એવી બુદ્ધિ કરતો નથી, પણ હું તો દેહાદિથી ને રાગાદિથી ભિન્ન એવો જ્ઞાન સ્વરૂપ આત્મા જ એમ ભાવતો તે **'स्वयं ज्ञानमयीभूत'** - પોતે જ્ઞાનરૂપ થઈ ગયેલો આત્મા કર્મોનો અકર્ત્તા પ્રતિભાસે છે. તે આ પ્રકારે -

---

નિશ્ચયાત્મક જ્ઞાન સતે - नानात्वविवेकात् - નાનાપણાના - ભિન્ન ભિન્નપણાના વિવેકને લીધે, शीतोष्णरूपेणेवात्मना परिणमितुमशक्येन - શીતોષ્ણરૂપની જેમ આત્માથી પરિણમવા અશક્ય એવા रागद्वेषसुखदुःखादिरूपेण - રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપે अज्ञानात्मना मनागप्यपरिणममानो - અજ્ઞાનાત્માથી - અજ્ઞાન સ્વરૂપે જરા પણ નહિ પરિણમતો (આ આત્મા), ज्ञानस्य ज्ञानत्वं प्रकटीकुर्वन् - જ્ઞાનનું જ્ઞાનત્વ - જ્ઞાનપણું પ્રકટ કરતો, स्वयं ज्ञानमयीभूतः - સ્વયં - પોતે જ્ઞાનમય થઈ ગયેલો, एषोहं जानाम्येव रज्यते तु पुद्गलः इत्यादि विधिना - આ હું જાણું જ છું, રંજાય છે તો પુદ્ગલ ઈત્યાદિ વિધિથી समग्रस्यापि रागादेः कर्मणो ज्ञानविरुद्धस्याकर्त्ता प्रतिभाति - સમગ્ર પણ રાગાદિ કર્મનો - જ્ઞાનથી વિરુદ્ધ એવાનો - અકર્ત્તા પ્રતિભાસે છે. ।। इति **'आत्मख्याति'** आत्मभावना ।।९३।।

શીતોષ્ણવત્ રાગ દ્વેષાદિ પુદ્‌ગલ પરિણામ અવસ્થાનું અને તથાવિધ અનુભવનું ભિન્નપણું

આગલી ગાથાના વિવેચનમાં વિસ્તારથી વિવરી દેખાડ્યું તેમ, - જેમ શીત-ઉષ્ણ એ પુદ્‌ગલ પરિણામ અવસ્થા છે અને તે શીત-ઉષ્ણ અનુભવના સંપાદનમાં સમર્થ છે, શીત-ઉષ્ણ અનુભવ ઉપજાવવાની શક્તિ ધરાવે છે; તેમ રાગ-દ્વેષ-સુખ દુઃખ આદિરૂપ પુદ્‌ગલપરિણામ અવસ્થા છે, તે પણ તથાવિધ અનુભવના સંપાદનમાં સમર્થ છે, 'તથાવિધાનુભવસંપાદનસમર્થાયાઃ', તેવા પ્રકારનો રાગદ્વેષ-સુખ દુઃખાદિ અનુભવ ઉપજાવવાની શક્તિ ધરાવે છે. આ શીત ઉષ્ણ પુદ્‌ગલપરિણામ અવસ્થા જેમ પુદ્‌ગલથી અભિન્ન છે - ભિન્ન - જૂદી નથી, પણ આત્માથી તો નિત્યમેવ - સદાય ભિન્ન છે - જૂદી છે; તેમ આ રાગદ્વેષ-સુખ દુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામ અવસ્થા પણ પુદ્‌ગલથી અભિન્ન છે - ભિન્ન - જૂદી નથી, પણ આત્માથી તો નિત્યમેવ - સદાય અત્યંત ભિન્ન છે - જૂદી છે. અને આથી ઉલટું, આ રાગદ્વેષાદિ પુદ્‌ગલપરિણામ અવસ્થાના નિમિત્તે ઉપજતો જે તથાવિધ રાગદ્વેષાદિ અનુભવ છે, તે આત્માથી અભિન્ન છે - ભિન્ન - જૂદો નથી, પણ પુદ્‌ગલથી તો નિત્યમેવ - સદાય અત્યંત ભિન્ન છે - જૂદો છે. આમ પુદ્‌ગલપરિણામ અવસ્થારૂપ રાગદ્વેષ-સુખદુઃખાદિ આત્માથી સર્વદા સર્વથા ભિન્ન છે - જૂદા છે અને તેના નિમિત્તે ઉપજતો તથાપ્રકારનો આત્મપરિણામરૂપ રાગદ્વેષ-સુખ દુઃખાદિ અનુભવ આત્માથી સર્વદા સર્વથા અભિન્ન છે - ભિન્ન - જૂદો નથી, એટલે પુદ્‌ગલપરિણામરૂપ રાગદ્વેષાદિનો ને તથાવિધ આત્મપરિણામરૂપ રાગ દ્વેષાદિ અનુભવનો પ્રગટ ભેદ છે.

જ્ઞાનને લીધે ભેદજ્ઞાન સતે નાનાત્વ વિવેકથી જ્ઞાની રાગાદિ કર્મનો અકર્ત્તા

જ્ઞાન બલે - જ્ઞાનને લીધે 'જ્ઞાનાત્' - જેને આ ભેદજ્ઞાન હોય છે, એ બન્નેના 'પરસ્પર વિશેષનું નિર્જ્ઞાન' હોય છે, એક બીજા સાથેના ભેદનું-તફાવતનું નિશ્ચયરૂપ જ્ઞાન હોય છે, તેને તેના 'નાનાત્વનો વિવેક' હોય છે, 'નાનાત્વવિવેકાત્', ભિન્નપણાનો - જૂદાપણાનો વિવેક ઉપજે છે, કે પરભાવપ્રત્યયે ઉપજતા આ રાગદ્વેષ-સુખદુઃખાદિ તે હું નથી, હું તો શુદ્ધ અનુભવ સ્વરૂપ જ્ઞાયક આત્મા છું; આ રાગાદિ તે મ્હારૂં સ્વરૂપ નથી, વીતરાગ સ્વસંવેદનજ્ઞાન એજ મ્હારૂં સ્વરૂપ છે, એમ વિવેક ઉપજે છે, એટલે પછી પુદ્‌ગલપરિણામ અવસ્થારૂપ શીતોષ્ણરૂપે જેમ આત્માથી પરિણમવું અશક્ય છે, અર્થાત્ શીતોષ્ણ અનુભવ છતાં આત્મા પોતે કાંઈ શીત-ઉષ્ણ ટાઢો-ઉન્હો થઈ જતો નથી, તેમ પુદ્‌ગલપરિણામઅવસ્થારૂપ રાગદ્વેષ-સુખ દુઃખાદિરૂપે આત્માથી પરિણમવું અશક્ય છે, અર્થાત્ રાગાદિ અનુભવ છતાં આત્મા પોતે કાંઈ પુદ્‌ગલમય રાગાદિરૂપ બની જતો નથી, પણ આત્મ અનુભવ સ્વરૂપ જ રહે છે. અને આ પરભાવ-પ્રત્યયી રાગાદિથી ઉપજતો જે અશુદ્ધ અનુભવ છે, તે પણ આત્માનું મૂળ શુદ્ધ સહજ સ્વરૂપ નથી; આત્માનું મૂળ શુદ્ધ સહજ આત્મસ્વરૂપ તો રાગાદિ પરભાવસ્પર્શથી રહિત - વીતરાગ શુદ્ધ ઉપયોગ છે. આમ રાગદ્વેષાદિ પુદ્‌ગલપરિણામ અવસ્થાનું અને તેના નિમિત્તે ઉપજતા અશુદ્ધ અનુભવનું જે શુદ્ધ સહજાત્મ સ્વરૂપ આત્માથી ભિન્નપણું ભાવે છે, એવા ભેદજ્ઞાનનો વિવેક જેના આત્મામાં પ્રગટે છે, તે અજ્ઞાનાત્માથી રાગદ્વેષ-સુખદુઃખાદિરૂપે જરા પણ પરિણમતો નથી, અને જ્ઞાનસ્ય જ્ઞાનત્વં પ્રકટીકુર્વન્ - 'જ્ઞાનનું જ્ઞાનપણું પ્રકટ કરતો' તે 'સ્વયં જ્ઞાનમય' હોય છે, 'સ્વયં જ્ઞાનમયીભૂતઃ' । એટલે જ્યાં કેવલ જ્ઞાન સિવાય બીજા કોઈ પણ રાગાદિ પરભાવનો સ્પર્શ લેશ નથી, એવો આ ખરેખરો જ્ઞાની પુરુષ 'આ હું જાણું જ છું, રંગાય છે તો પુદ્‌ગલ' - એષોહં જાનામ્યેવ રજ્યતે તુ પુદ્‌ગલઃ ઇત્યાદિવિધિના ઈત્યાદિ વિધિથી જ્ઞાનવિરુદ્ધ - જ્ઞાનના પ્રતિપક્ષી એવા સમગ્ર જ રાગાદિ કર્મનો અકર્ત્તા પ્રતિભાસે છે, - 'સમગ્રસ્યાપિ રાગાદેઃ કર્મણો જ્ઞાનવિરુદ્ધસ્ય અકર્ત્તા પ્રતિભાતિ ।' અર્થાત્ જ્ઞાની હોય તે રાગાદિ કરે જ નહિ ને રાગાદિ કરે તે જ્ઞાની હોય જ નહિ. એટલે જ્ઞાનથી જ કર્મનો અકર્ત્તા હોય છે એ સિદ્ધ થયું. આ અંગે પરમતત્ત્વ દૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીના ટંકોત્કીર્ણ મનનીય વચનામૃત છે કે -


''જે રાગ-દ્વેષાદિ પરિણામ અજ્ઞાન વિના સંભવતા નથી, તે રાગ-દ્વેષાદિ પરિણામ છતાં

જીવન્મુક્તપણું સર્વથા માનીને જીવન્મુકત દશાની જીવ આસાતના કરે છે, એમ વર્ત્તે છે. સર્વથા રાગદ્વેષ પરિણામનું પરિક્ષીણપણું જ કર્ત્તવ્ય છે.

અત્યંત જ્ઞાન હોય ત્યાં અત્યંત ત્યાગ સંભવે છે. અત્યંત ત્યાગ પ્રગટ્યા વિના અત્યંત જ્ઞાન ન હોય એમ શ્રી તીર્થંકરે સ્વીકાર્યું છે.

આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્ય અધ્યાસ નિવૃત્તવો તેને શ્રી જિન ત્યાગ કહે છે. તે તાદાત્મ્ય અધ્યાસ નિવૃત્તિરૂપ ત્યાગ થવા અર્થે આ બાહ્ય પ્રસંગનો ત્યાગ પણ ઉપકારી છે, કાર્યકારી છે. બાહ્ય પ્રસંગના ત્યાગને અર્થે અંતત્યાગ કહ્યો નથી, એમ છે તો પણ આ જીવે અંતત્યાગને અર્થે બાહ્ય પ્રસંગની નિવૃત્તિને કંઈ પણ ઉપકારી માનવી યોગ્ય છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક (૩૦૩), પ૬૯



અજ્ઞાનથકી કર્મ કેવી રીતે પ્રભવે (જન્મે) છે ? તો કે -

तिविहो एसुवओगो अप्पवियप्पं करेइ कोहोहं ।
कत्ता तस्सुवओगस्स होइ सो अत्तभावस्स ॥९४॥

'ક્રોધ હું' આત્મ વિકલ્પ આ કરે, ઉપયોગ ત્રિવિધો એહ રે;
તે આત્મભાવ ઉપયોગનો, કર્ત્તા હોય છે તેહ રે... અજ્ઞાનથી. ૯૪

ગાથાર્થ - ત્રિવિધ એવો, આ ઉપયોગ આત્મવિકલ્પ કરે છે કે 'હું ક્રોધ છું', તે તે ઉપયોગરૂપ આત્મભાવનો કર્ત્તા હોય છે.

आत्मख्यातिटीका

कथमज्ञानात्कर्म प्रभवतीति चेत् -

त्रिविध एष उपयोग आत्मविकल्पं करोति क्रोधोहं ।
कर्त्ता तस्योपयोगस्य भवति स आत्मभावस्य ॥९४॥

एष खलु सामान्येनाज्ञानरूपो मिथ्यादर्शनाज्ञानाविरतिरूप**स्त्रिविधः** सविकार**श्चैतन्यपरिणामः** परात्मनोरविशेषदर्शनेनाविशेषज्ञानेनाविशेषविरत्या च समस्तं भेदमपह्नुत्य भाव्यभावकभावापन्नयो श्चेतनाचेतनयोः सामान्याधिकरण्येनानुभवनात् **क्रोधोहमित्यात्मनो विकल्पमुत्पादयति** । ततो**यमात्मा क्रोधोहमिति** भ्रांत्या सविकारेण चैतन्यपरिणामेन परिणमन् **तस्य** सविकार**चैतन्यपरिणामरूपस्यात्मभावस्य कर्त्ता स्यात्** ।

एवमेव च क्रोधपदपरिवर्तनेन मानमायालोभमोहरागद्वेषकर्मनोकर्ममनोवचनकाय श्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयान्यनया दिशान्यान्यप्यूह्यानि ॥९४॥

आत्मभावना -

कथमज्ञानात्कर्म प्रभवतीति चेत् - અજ્ઞાન થકી કર્મ કેમ પ્રભવે છે - જન્મે છે એમ જો પૂછો તો त्रिविध एष उपयोगः - **त्रिविध** - ત્રણ પ્રકારનો આ ઉપયોગ आत्मविकल्पं करोति - **आत्मविकल्प करे छे** - क्रोधोहं - **'हुं क्रोध छुं'** (એમ), स - તે ઉપયોગ तस्य उपयोगस्य आत्मभावस्य - તે ઉપયોગરૂપ આત્મભાવનો कर्त्ता भवति - **कर्त्ता होय छे.** ॥ इति **गाथा** आत्मभावना ॥९४॥

एष खलु - નિશ્ચયે કરીને આ सामान्येन अज्ञानरूपो - સામાન્યથી અજ્ઞાનરૂપ એવો मिथ्यादर्शनाज्ञानाविरतिरूपस्त्रिविधः सविकारश्चैतन्यपरिणामः - મિથ્યા દર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રિવિધ - ત્રણ પ્રકારનો સવિકાર ચૈતન્ય - પરિણામ, क्रोधोऽहमित्यात्मनो विकल्पमुत्पादयति - ક્રોધ હું એવો આ આત્માનો વિકલ્પ ઉપજાવે છે. શાને લીધે ? भाव्यभावक भावापन्नयोश्चेतनाचेतनयोः सामान्याधिकरण्येनानुभवनात् - ભાવ્ય-ભાવક ભાવાપન્ન - ભાવ્ય-ભાવક ભાવને પામેલા ચેતન - અચેતનના સામાન્ય આધિકરણ્યથી - અધિકરણપણાથી અનુભવનને લીધે. કેવી રીતે ? परात्मनोरविशेषदर्शनेन अविशेषज्ञानेन अविशेषविरत्या च समस्तं भेदं अपह्नुत्य - પર અને આત્માના અવિશેષ - અભેદ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી - અભેદ જ્ઞાનથી અને અવિશેષ અભેદ - વિરતિથી સમસ્ત ભેદને અપહ્નુત કરી, છુપાવી, ઓળવી દઈને આમ આ અજ્ઞાનરૂપ સવિકાર ચૈતન્ય પરિણામ ક્રોધ હું એમ આત્માનો વિકલ્પ ઉપજાવે છે. તેથી શું ? ततो - તેથી अयमात्मा क्रोधोहमिति भ्रात्यां - આ આત્મા ક્રોધ હું એવી ભ્રાંતિથી सविकारेण चैतन्यपरिणामेन परिणमन् - સવિકાર ચૈતન્ય પરિણામથી પરિણમતો, तस्य सविकारचैतन्यपरिणामरूपस्य आत्मभावस्य कर्त्ता स्यात् તે સવિકાર ચૈતન્ય પરિણામરૂપ આત્મભાવનો કર્ત્તા હોય.

एवमेव च - અને એમ જ क्रोधपदपरिवर्त्तनेन - ક્રોધ પદના પરિવર્ત્તનથી, બદલાવીને, मानमायालोभमोहरागद्वेष कर्मनोकर्ममनोवचनकायश्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि - માન, માયા, લોભ, મોહ, રાગ, દ્વેષ, કર્મ-નોકર્મ, મનો-વચન-કાય, શ્રોત્ર-ચક્ષુ-ઘ્રાણ-રસન-સ્પર્શન એ સોળ સૂત્રો વ્યાખ્યા કરવા યોગ્ય છે, अनया दिशा અન્યાનિ અપિ ઉહ્યાનિ - આ દિશા પ્રમાણે અન્ય પણ ઊહ્ય - ચિંતવવા યોગ્ય છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥९४॥

આત્મખ્યાતિટીકાર્થ

આ નિશ્ચયે કરીને સામાન્યથી અજ્ઞાનરૂપ એવો મિથ્યાદર્શન - અજ્ઞાન - અવિરતિરૂપ ત્રિવિધ સવિકાર ચૈતન્ય પરિણામ - પર - આત્માના અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ વિરતિથી, સમસ્ત ભેદને અપહ્નુત કરી (છુપાવી, ઓળવી) ભાવ્ય-ભાવક ભાવને પામેલા ચેતન-અચેતનના સામાન્ય આધિકરણ્યથી અનુભવનને લીધે - **'હું ક્રોધ છું' એમ આત્માનો વિકલ્પ ઉપજાવે છે, તેથી કરીને આ આત્મા** 'હું ક્રોધ છું' એવી ભ્રાંતિથી સવિકાર ચૈતન્ય પરિણામથી પરિણમતો, **તે સવિકાર ચૈતન્ય પરિણામરૂપ આત્મભાવનો કર્ત્તા હોય.** અને એમજ ક્રોધ પદના પરિવર્ત્તનથી માન-માયા-લોભ, મોહ-રાગ-દ્વેષ, કર્મ-નોકર્મ, મન-વચન-કાય, શ્રોત્ર-ચક્ષુ-ઘ્રાણ-રસન-સ્પર્શન, એ સોળ સૂત્રો વ્યાખ્યા કરવા યોગ્ય છે, આ દિશાથી અન્ય પણ ચિંતવી લેવા. ૯૪

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''યોગવાસિષ્ઠાદિ જે જે રૂડાં પુરુષોનાં વચનો છે તે સૌ અહંવૃત્તિ પ્રતિકાર કરવા પ્રત્યે જ પ્રવર્તે છે. જે જે પ્રકારે પોતાની ભ્રાંતિ કલ્પાઈ છે, તે તે પ્રકારે તે ભ્રાંતિ સમજી તે સંબંધી અભિમાન નિવૃત્ત કરવું એજ સર્વ તીર્થંકરાદિ મહાત્માનું કહેવું છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૪૪, પ૨૬**

''પર પરનતિ નિજ માની શુદ્ધ પરનતિ પરજાનૈ, રાગાદિક સંજોગ આત્મા પરભાવહિ ઠાનૈ;
રાગી રોષી અહં એહુ વિકલપ મલ મિલીયો, કરે કરમકો બંધ ફીરે જગમેં હલફલીયો.''

- શ્રી દેવચંદ્રજી કૃત, 'દ્રવ્યપ્રકાશ', ૨-૩૫

જ્ઞેય-જ્ઞાયક ભાવ અવિવેકથી કર્મ પ્રભવતી સમગ્ર વૈજ્ઞાનિક પ્રક્રિયા

અજ્ઞાનથકી કેમ કેવી રીતે પ્રભવે છે - જન્મે છે તેનો અહીં આ ગાથામાં શાસ્ત્રકાર પરમર્ષિએ ખુલાસો કર્યો છે અને તેની સમગ્ર વૈજ્ઞાનિક પ્રક્રિયા (scientific process) આત્મખ્યાતિકાર પરમર્ષિએ પરિસ્ફુટ વિવરી દેખાડી અપૂર્વ તત્ત્વપ્રકાશ વિસ્તાર્યો છે. આ નિશ્ચયે કરીને સામાન્યથી અજ્ઞાનરૂપ એવો મિથ્યાદર્શન અજ્ઞાન - અવિરતિરૂપ 'ત્રિવિધ' - ત્રણ પ્રકારનો સવિકાર ચૈતન્ય - પરિણામ 'ક્રોધ હું' એમ આત્માનો વિકલ્પ ઉપજાવે છે - 'क्रोधोहमित्यात्मनो विकल्पमुत्पादयति' કેવી રીતે ? શાને લીધે ? પર-આત્માના અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ વિરતિથી સમસ્ત ભેદ 'અપહ્નુત કરી' - છુપાવી - ઓળવી, ભાવ્ય-ભાવકભાવ આપન્ન - ભાવ્ય ભાવક ભાવને પામેલા ચેતન-અચેતનના સામાન્ય આધિકરણ્યથી અનુભવનને લીધે, 'भाव्य भावकभावापन्नयोश्चेतनाचेतनयोः सामान्याधिकरण्येनानुभवनात्' આમ એવી રીતે સવિકાર ચૈતન્ય પરિણામ હું ક્રોધ છું એવો આત્માનો વિકલ્પ ઉપજાવે છે, તેથી શું ? આ આત્મા 'ક્રોધ 'હું' ક્રોધ' એવી ભ્રાંતિથી સવિકાર ચૈતન્યપરિણામથી પરિણમતો, તે સવિકાર ચૈતન્ય પરિણામરૂપ આત્મભાવનો કર્ત્તા હોય, 'तस्य सविकारचैतन्यपरिणामरूपस्यात्मभावस्य कर्त्ता स्यात्' - અને એજ પ્રકારે ક્રોધ પદ પરિવર્ત્તનથી - ક્રોધ પર બદલાવી તેને સ્થાને માન-માયા આદિ પદ મૂકી સોળ સૂત્રો વ્યાખ્યા કરવા યોગ્ય છે, તેમજ આ દિશા પ્રમાણે બીજા પણ સમજી લેવા. આ વ્યાખ્યાનો વિશેષાર્થ આ પ્રકારે -


'હું ક્રોધ' ઈ. આત્મ વિકલ્પજન્ય ભ્રાંતિથી સવિકાર ચૈતન્યપરિણામરૂપ આત્મભાવનો કર્ત્તા

ઉપયોગલક્ષણપણાથી આત્મા એજ ઉપયોગ છે, આ ઉપયોગ અનાદિ મોહસંયુક્તપણાને લીધે વિકૃત ભાવને પ્રાપ્ત થયો છે. આ વિકૃત ઉપયોગ અર્થાત્ **'સવિકાર ચૈતન્ય પરિણામ'** - सविकारश्चैतन्यपरिणामः' - સામાન્યથી એક **'અજ્ઞાનરૂપ'** છે, પણ વિશેષથી મિથ્યાદર્શન - અજ્ઞાન - અવિરતિ રૂપ ત્રણ પ્રકારનો છે, ત્રિવિધ-ત્રિપાંખિયો (Trifureate) છે. આ સવિકાર ચૈતન્ય પરિણામ અથવા અજ્ઞાન ઉપયોગમય આત્મા - પર ને આત્માના 'અવિશેષ દર્શનને લીધે

અવિશેષ જ્ઞાનને લીધે અને અવિશેષ વિરતિને લીધે' - 'परात्मनोरविशेषदर्शनेनाविशेषज्ञानेनाविशेषविरत्या च', પર ને આત્માનો ભેદ દેખતો નથી, જાણતો નથી ને પરથી વિરતિ (વિરામ) પામતો નથી. એટલે આ ભેદજ્ઞાનના ને ભેદપરિણમનના અભાવે 'समस्तं भेदमपह्नुत्य' - સ્વ-પર વસ્તુના સમસ્ત ભેદનો તે 'અપહ્નવ' - અપલાપ કરી, છુપાવી - ઓળવી ખરેખરો પારમાર્થિક 'નિહ્નવ' બની, તે ચેતન-અચેતનની સેળભેળ - ગોટાળો કરી નાંખે છે અને એટલે જ **'ભાવ્ય ભાવક ભાવાપન્ન'** - ભાવ્ય ભાવક ભાવને પામેલા ચેતન-અચેતનના **'સામાન્ય આધિકરણ્યથી'** - સમાન - સામાન્ય આધારરૂપ ભાવથી અનુભવનને લીધે, તે 'હું ક્રોધ છું' એમ આત્માનો વિકલ્પ ઉપજાવે છે. અર્થાત્ ભાવ્ય એટલે જે ભાવિત થાય છે તે ચેતન આત્મા અને ભાવક એટલે જે ભાવન કરે છે તે અચેતન ક્રોધાદિ. જે રંગાય છે તે વસ્ત્ર ને જે રંગે છે તે રંગ એ બન્ને એમ જૂદા છે, તેમ ભાવિત થાય છે તે ભાવ્ય આત્મા ચેતન ને ભાવન કરે છે તે ભાવક ક્રોધાદિ અચેતન એમ એ બન્નેનો પ્રગટ ભેદ છે, છતાં વસ્ત્ર સાથે રંગ જેવા ભાવ્ય ભાવકભાવના સંબંધથી આત્મારૂપ સામાન્ય અધિકરણમાં અનુભવનને લીધે, સવિકાર ચૈતન્ય પરિણામને ભાવ્ય એવા ચેતન આત્માના અને ભાવક એવા અચેતન ક્રોધાદિના ભેદનું ભાન નથી હોતું, એટલે તેના એકત્વ અધ્યાસથી તે 'હું ક્રોધ છું' એમ આત્માનો વિકલ્પ ઉપજાવે છે. એટલે પછી આ આત્મા 'હું ક્રોધ છું' એવી ભ્રાંતિથી સવિકાર ચૈતન્ય પરિણામે પરિણમતો સતો, તે 'સવિકાર ચૈતન્ય પરિણામરૂપ આત્મભાવનો' કર્ત્તા હોય છે; અને એજ પ્રકારે ક્રોધ પદને સ્થાને માન, માયા-લોભ, મોહ-રાગ-દ્વેષ, કર્મ-નોકર્મ, મન-વચન-કાય, શ્રોત્ર-ચક્ષુ-ઘ્રાણ-રસન-સ્પર્શન એ સોળ પદ મૂકી અનુક્રમે સોળ સૂત્ર વ્યાખ્યા કરવા યોગ્ય છે અને આ દિશા પ્રમાણે બીજા પણ સૂત્રો સમજી લેવા, એવું સૂચન આત્મખ્યાતિ સૂત્રકર્તા **અમૃતચંદ્રજીએ** કર્યું છે.

''જો આ જીવે તે વિભાવ પરિણામ ક્ષીણ ન કર્યા તો આજ ભવને વિષે તે પ્રત્યક્ષ દુઃખ વેદશે.''

''આ દેહે કરવા યોગ્ય કાર્ય તો એક જ છે કે કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિત્ માત્ર દ્વેષ ન રહે, સર્વત્ર સમદશા વર્ત્તે, એજ કલ્યાણનો મુખ્ય નિશ્ચય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૦૮, ૭૮૦**



तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि धम्माई ।
कत्ता तस्सुवओगस्स होदि सो अत्तभावस्स ॥९५॥

ધર્માદિ આત્મ વિકલ્પ કરે, ઉપયોગ ત્રિવિધો એહ રે;
તે આત્મભાવ ઉપયોગનો, કર્ત્તા હોય છે તેહ રે... અજ્ઞાનથી. ૯૫

ગાથાર્થ - ત્રિવિધ એવો આ ઉપયોગ ધર્માદિરૂપ આત્મવિકલ્પ કરે છે, તે ઉપયોગરૂપ આત્મભાવનો કર્ત્તા હોય છે. ૯૫

आत्मख्यातिटीका

त्रिविध एष उपयोग आत्मविकल्पं करोति धर्मादिकं ।
कर्त्ता तस्योपयोगस्य भवति स आत्मभावस्य ॥९५॥

एष खलु सामान्येनाज्ञानरूपो मिथ्यादर्शनाज्ञानाविरतिरूप**स्त्रिविधः** सविकारश्चैतन्यपरिणामः परस्परमविशेषदर्शनेनाविशेषज्ञानेनाविशेषविरत्या च समस्तं भेदमपह्नुत्य ज्ञेयज्ञायकभावापन्नयोः परात्मनोः सामान्याधिकरण्येनानुभवना**द्धर्मोहमधर्मोहमा**काशमहं कालोहं पुद्गलोहं जीवांतरमह**मित्यात्मनो विकल्पमुत्पादयति** । ततो**यमात्मा** धर्मोहमधर्मोहमाकाशमहं कालोहं पुद्गलोहं जीवांतरमहमिति भ्रांत्या सोपाधिना चैतन्यपरिणामेन परिणमन् **तस्य** सोपाधिचैतन्यपरिणामत्वरूप**स्यात्मभावस्य कर्ता स्यात्** । ततः स्थितं कर्तृत्वमूलमज्ञानं ॥९५॥

આત્મખ્યાતિટીકાર્થ

આ નિશ્ચયે કરીને સામાન્યથી અજ્ઞાનરૂપ એવો મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રિવિધ-સવિકાર ચૈતન્યપરિણામ, પરસ્પર અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ વિરતિથી સમસ્ત ભેદને અપહ્નુત કરી (છુપાવી, ઓળવી), જ્ઞેય-જ્ઞાયક ભાવાપન્ન (ભાવને પામેલા) પર-આત્માના સામાન્ય આધિકરણ્યથી અનુભવનને લીધે - 'હું ધર્મ, હું અધર્મ, હું આકાશ, હું કાળ, હું પુદ્ગલ, હું જીવાંતર એમ આત્માનો વિકલ્પ ઉપજાવે છે, તેથી કરીને આ આત્મા 'હું

આત્મભાવના -

त्रिविध एव उपयोगः - ત્રિવિધ - ત્રણ પ્રકારનો આ ઉપયોગ आत्मविकल्पं करोति धर्मादिकं - આત્મવિકલ્પ કરે છે 'હું ધર્માદિક છું' (એમ), स - તે ઉપયોગ तस्य उपयोगस्य आत्मभावस्य - તે ઉપયોગરૂપ આત્મભાવનો कर्ता भवति - કર્ત્તા હોય છે. ॥ इति **गाथा** આત્મભાવના ॥९५॥

एष खलु - નિશ્ચયે કરીને આ सामान्येन अज्ञानरूपो - સામાન્યથી અજ્ઞાન રૂપ એવો मिथ्यादर्शनाज्ञानाविरतिरूपास्त्रिविधः सविकारश्चैतन्यपरिणामः - મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રિવિધ સવિકાર ચૈતન્ય - પરિણામ, धर्मोहमधर्मोहमाकाशमहं कालोहं पुद्गलोहं जीवांतरमहं इत्यात्मनो विकल्पमुत्पादयति - ધર્મ હું, અધર્મ હું, આકાશ હું, કાલ હું, પુદ્ગલ હું, જીવાંતર - અન્ય જીવ હું એવો આત્માનો વિકલ્પ ઉપજાવે છે. કેવી રીતે ? શાને લીધે ? परस्परमविशेषदर्शनेनाविशेषज्ञानेनाविशेषविरत्या च समस्तं भेदमपह्नुत्य - પરસ્પર-એકબીજા સાથે અવિશેષ - દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ વિરતિથી સમસ્ત ભેદને અપહ્નુત કરી - છૂપાવી - ઓળવી દઈ - ઢાંકી દઈ, ज्ञेयज्ञायकभावापन्नयोः परात्मनोः सामानाधिकरण्येनानुभवनात् - જ્ઞેયજ્ઞાયકભાવાપન્ન - જ્ઞેયજ્ઞાયકભાવને પામેલા પર અને આત્માના સામાન આધિકરણ્યથી - અધિકરણપણાથી અનુભવનને લીધે - અનુભવવાપણાને લીધે. આમ આવો વિકલ્પ ઉપજાવે છે તેથી શું ? ततो - તેથી अयमात्मा - આ આત્મા - धर्मोहमधर्मोहमाकाशमहं कालोहं पुद्गलोहं जीवांतरमहमिति भ्रांत्या - ધર્મ હું, અધર્મ હું, આકાશ હું, કાલ હું, પુદ્ગલ હું, જીવાંતર - અન્ય જીવ હું એવી ભ્રાંતિથી - सोपाधिना चैतन्यपरिणामेन परिणमन् - સોપાધિ ચૈતન્ય પરિણામથી પરિણમતો, तस्य सोपाधिचैतन्यपरिणामत्वरूपस्यात्मभावस्य कर्त्ता स्यात् - તે સોપાધિ ચૈતન્યપરિણામપણારૂપ આત્મભાવનો કર્ત્તા હોય. ततः स्थितं कर्तृत्वमूलमज्ञानं - તેથી કર્તૃત્વનું મૂલ અજ્ઞાન સ્થિત છે. ॥ इति **'आत्मख्याति'** આત્મભાવના ॥९५॥

ધર્મ, હું અધર્મ, હું આકાશ, હું કાળ, હું પુદ્ગલ, હું જીવાંતર એવી ભ્રાંતિથી સોપાધિ ચૈતન્યપરિણામથી પરિણમતો, તે સોપાધિ ચૈતન્ય પરિણામત્વરૂપ આત્મભાવના કર્ત્તા હોય, તેથી સ્થિત છે કે કર્તૃત્વ મૂલ અજ્ઞાન છે. ૯૫

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્મા અજ્ઞાનરૂપી પથ્થરે કરી દબાઈ ગયો છે.''

''મુમુક્ષુ જીવને એટલે વિચારવાન જીવને આ સંસારને વિષે અજ્ઞાન સિવાય બીજો કોઈ ભય હોય નહીં.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૨, પ૩૭, ૯૫૭ (ઉપદેશ છાયા)

જ્ઞેય જ્ઞાયક ભાવ અવિવેકથી કર્મ પ્રભવની વૈજ્ઞાનિક પ્રક્રિયા


અજ્ઞાનથકી કર્મ કેવી રીતે પ્રભવે છે - જન્મે છે એમ આગલી ગાથામાં કહ્યું, તેના જ અનુસંધાનમાં આ ગાથામાં ધર્માદિ પરત્વે આત્મવિકલ્પના કરવાપણાથી ઉપયોગ (આત્મા) તથાપ્રકારના ઉપયોગરૂપ આત્મભાવનો કર્ત્તા હોય છે એમ કહ્યું છે, અને તેની સંપૂર્ણ વૈજ્ઞાનિક પ્રક્રિયા આત્મખ્યાતિકારે સ્પષ્ટપણે વિવરી દેખાડી અદ્ભુત તત્ત્વઉદ્યોત રેલાવ્યો છે. આ નિશ્ચયે કરીને સામાન્યથી અજ્ઞાનરૂપ એવો મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રિવિધ - ત્રણ પ્રકારનો સવિકાર ચૈતન્ય પરિણામ - ધર્મ હું, અધર્મ હું, આકાશ હું, કાલ હું, પુદ્ગલ હું, જીવાંતર હું એવો આત્માનો વિકલ્પ ઉપજાવે છે - इत्यात्मनो विकल्पमुत्पादयति કેવી રીતે ? શાને લીધે ? પરસ્પર અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ વિરતિથી સમસ્ત ભેદ અપહ્નુત કરી - છુપાવી - ઓળવી, જ્ઞેય જ્ઞાયકભાવાત્પન્ન - જ્ઞેયજ્ઞાયક ભાવને પામેલા પર - આત્માના સામાન આધિકરણ્યથી અનુભવનને લીધે - 'ज्ञेयज्ञायकभावापन्नयोः परात्मनोः सामानाधिकरण्येनानुभवनात्' । આમ એવી રીતે સવિકાર ચૈતન્ય પરિણામ 'ધર્મ હું' ઈ. આત્માનો વિકલ્પ ઉપજાવે છે, તેથી શું ? આ આત્મા 'ધર્મ હું' ઈ. એવી ભ્રાંતિથી સોપાધિ ચૈતન્ય પરિણામથી પરિણમતો - 'सोपाधिनाचैतन्यपरिणामेन परिणमन्', તે સોપાધિ ચૈતન્યપરિણામત્વરૂપ આત્મભાવનો કર્ત્તા હોય - 'तस्य सोपाधि चैतन्यपरिणामत्वरूपस्यात्मभावस्य कर्त्ता स्यात्' । તેથી આ સ્થિત છે કે - કર્તૃત્વમૂલ અજ્ઞાન છે - કર્તાપણાનું મૂળ - પ્રભવસ્થાન અજ્ઞાન છે - 'ततः स्थितं कर्तृत्वमूलमज्ञानं' ।

''કુમતા વશ મન વક્ર તુરંગ જિમ, ગ્રહી વિકલ્પ મગ માંહિ અડેરી;
ચિદાનંદ નિજ રૂપ મગન ભયા, તબ કુતર્ક તોહે નાહિ નડેરી.'' - શ્રી ચિદાનંદપદ, ૭

'હું ધર્મ' ઈ. આત્મ વિકલ્પજન્ય ભ્રાંતિથી આત્મા સોપાધિ ચૈતન્ય પરિણામ રૂપ આત્મભાવનો કર્તા

અર્થાત્ સવિકાર ચૈતન્યપરિણામ સામાન્યથી એક અજ્ઞાનરૂપ છે, પણ વિશેષથી મિથ્યાદર્શન - અજ્ઞાન - અવિરતિરૂપ એમ ત્રણ પ્રકારનો છે. આ સવિકાર ચૈતન્યપરિણામ અથવા અજ્ઞાન ઉપયોગમય આત્મા પર ને આત્માના પરસ્પર વિશેષના અદર્શનને લીધે, વિશેષના અજ્ઞાનને લીધે, વિશેષની અવિરતિને લીધે, - પર ને આત્માનો ભેદ દેખતો નથી, જાણતો નથી ને પરથી વિરામ પામતો નથી. એટલે આ ભેદજ્ઞાનના ને ભેદપરિણમનના અભાવે સ્વ-પર વસ્તુના સમસ્ત ભેદનો અપહ્નવ-અપલાપ કરી, છુપાવી - ઓળવી, તે જ્ઞેય-જ્ઞાયકની સેળભેળ-મિશ્રતા કરી નાંખે છે અને એટલે જ 'જ્ઞેયજ્ઞાયકભાવાપન્ન' - જ્ઞેય જ્ઞાયકભાવને પામેલા પર - આત્માના 'સામાન્ય આધિકરણ્યથી' અર્થાત્ સામાન્ય આધારપણારૂપ ભાવથી અનુભવનને લીધે તે 'હું ધર્મ છું', હું અધર્મ છું, હું આકાશ છું, હું કાળ છું, હું પુદ્ગલ છું, હું જીવાન્તર છું' એમ આત્માનો વિકલ્પ ઉપજાવે છે. અર્થાત્ ધર્મ-અધર્મ આદિ જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે, એટલે તે તેના જાણપણારૂપ જ્ઞાયક સ્વભાવને લીધે તે જ્ઞેયને જાણે છે. આમ ધર્માધર્માદિ જ્ઞેયનો ને જ્ઞાયક આત્માનો જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે, પણ તે બન્નેનો પ્રગટ ભેદભાવ જે જાણતો નથી, તે જ્ઞેયમાં જ્ઞાયકપણાની બુદ્ધિ કરી નાંખે છે, અથવા જ્ઞાયકમાં જ્ઞેયપણાની બુદ્ધિ કરી નાંખે છે, એટલે 'હું

ધર્મ છું', ઈત્યાદિ આત્મવિકલ્પ તે કરે છે. એટલે પછી 'હું ધર્મ છું, અધર્મ છું, હું આકાશ છું, હું કાળ છું, હું પુદ્‌ગલ છું, હું જીવાંતર છું, એવી ભ્રાંતિથી **'સોપાધિ ચૈતન્ય પરિણામે'** પરિણમતો તે, 'સોપાધિ ચૈતન્યપરિણામપણારૂપ આત્મભાવનો' કર્તા હોય છે. તેથી **કર્તૃત્વનું મૂલ 'અજ્ઞાન'** છે એમ સ્થિત થયું.



एवं पराणि दव्वाणि अप्पयं कुणदि मंदबुद्धीओ ।
अप्पाणं अवि य परं करेइ अण्णाणभावेण ॥९६॥

એમ પરદ્રવ્યોને આતમા, મંદબુદ્ધિઓ કરંત રે;
આત્માને પણ પર તે વળી, અજ્ઞાન ભાવે કરંત રે... અજ્ઞાનથી. ૯૬

ગાથાર્થ - એમ મંદબુદ્ધિ અજ્ઞાનભાવે કરીને પરદ્રવ્યોને આત્મા કરે છે અને આત્માને પણ પર કરે છે. ૯૬

आत्मख्यातिटीका

एवं पराणि द्रव्याणि आत्मानं करोति मंदबुद्धिस्तु ।
आत्मानमपि च परं करोति अज्ञानभावेन ॥९६॥

यत्किल क्रोधोहमित्यादिवद्धर्मोऽहमित्यादिव च **परद्रव्याण्यात्मीकरोत्यात्मानमपि परद्रव्यीकरोत्येवमात्मा** तदयमशेषवस्तुसंबंधविधुरनिरवधिविशुद्धचैतन्यधातुमयोप्य**ज्ञानादेव** सविकारसोपाधीकृतचैतन्यपरिणामतया तथाविधस्यात्मभावस्य कर्ता प्रतिभतात्यात्मनो भूताविष्टध्यानाविष्टस्येव प्रतिष्ठितं कर्तृत्वमूलमज्ञानं । तथाहि -

यथा खलु भूताविष्टोऽज्ञानाद्
भूतात्मानावेकीकुर्व
न्नमानुषोचितविशिष्टचेष्टावष्टंभनिर्भर
भयंकरारंभगंभीरामानुषव्यवहारतया
तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति ।

तथायमात्माप्यज्ञानादेव
भाव्यभावकौ परात्मानावेकीकुर्व
न्नविकारानुभूतिमात्रभावकानुचित-
विचित्रभाव्य क्रोधादिविकारकरंवित
चैतन्यपरिणामविकारतया
तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति ।

यथा वापरीक्षकाचार्यादेशेन
मुग्धः कश्चिन्महिषध्यानाविष्टो
ऽज्ञानान्महिषात्मानावेकीकुर्व
न्नात्मन्यभ्रंकषविषाणमहामहिषत्वाध्यासात्
प्रच्युतमानुषोचितापवरक
द्वारविनिस्सरणतया
तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति ।

तथायमात्माप्य-
ज्ञानाद् ज्ञेयज्ञायकौ परात्मानावेकीकुर्व
न्नात्मनि परद्रव्याध्यासा-
न्नोइंद्रियविषयीकृतधर्माधर्माकाशकाल
पुद्गलजीवांतरनिरुद्धशुद्धचतन्यधातुतया
तथेंद्रियविषयीकृतरुपिपदार्थ -
तिरोहितकेवलबोधतया
मृतकलेवरमूर्छित-
परमामृतविज्ञानघनतया च
तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति ॥९६॥

आत्मभावना -

एवं - એમ ઉક્ત પ્રકારે मंदबुद्धिस्तु - મંદબુદ્ધિ જ पराणि द्रव्याणि आत्मानं करोति - પરદ્રવ્યોને આત્મા કરે છે, आत्मानमपि च परं करोति - અને આત્માને પણ કરે છે, શાથી ? अज्ञानभावेन - અજ્ઞાન ભાવથી. ॥ इति **गाथा** आत्मभावना ॥९६॥

यत्किल क्रोधोहमित्यादिवत् धर्मोहमित्यादिवत् च - જે ખરેખર ! ક્રોધ હું ઈત્યાદિ જેમ અને ધર્મ હું ઈત્યાદિ જેમ,

આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે ખરેખર ! હું ક્રોધ છું ઈત્યાદિ જેમ અને હું ધર્મ છું ઈત્યાદિ જેમ, **આત્મા પરદ્રવ્યોને આત્મારૂપ કરે છે (ને) આત્માને પણ પરદ્રવ્યોરૂપ કરે છે**, તેથી આ - અશેષ વસ્તુસંબંધથી રહિત નિરવધિ વિશુદ્ધ ચૈતન્યધાતુમય છતાં - અજ્ઞાનને લીધે જ સવિકાર - સોપાધિરૂપ કરાયેલ ચૈતન્ય પરિણામતાએ કરીને તથાવિધ આત્મભાવનો કર્ત્તા પ્રતિભાસે છે -

એમ આત્માનું - ભૂતાવિષ્ટ - ધ્યાનાવિષ્ટની જેમ - કર્તૃત્વમૂલ અજ્ઞાન પ્રતિષ્ઠિત છે. તે આ પ્રકારે -

(૧) જેમ ખરેખર ! ભૂતાવિષ્ટ
અજ્ઞાનને લીધે
ભૂત-આત્માને એક કરતો
અમાનુષને અનુચિત એવી
વિશિષ્ટ ચેષ્ટાના અવષ્ટંભથી નિર્ભર
ભયંકર આરંભથી ગંભીર
અમાનુષ વ્યવહારતાએ કરીને
તથાવિધ ભાવનો કર્ત્તા પ્રતિભાસે છેઃ

તેમ આ આત્મા પણ
અજ્ઞાનને લીધે જ
ભાવ્ય-ભાવક એવા પર-આત્માને એક કરતો
અવિકાર અનુભૂતિમાત્ર ભાવકને અનુચિત
એવા વિચિત્ર ભાવ્ય
ક્રોધાદિ વિકારથી કરંબિત
ચૈતન્ય પરિણામ વિકારતાએ કરીને
તથાવિધ ભાવનો કર્ત્તા પ્રતિભાસે છે.

(૨) અને જેમ અપરીક્ષક આચાર્યના આદેશથી
મુગ્ધ એવો કોઈ મહિષ ધ્યાનાવિષ્ટ,
અજ્ઞાનને લીધે
મહિષ-આત્માને એક કરતો,
આત્મામાં અભ્રંકષ વિષાણવાળા
મહા મહિષપણાના અધ્યાસથી,
માનુષોચિત (મનુષ્યને ઉચિત)
અપવરકદ્વારથી (ઓરડાના દ્વારથી)
વિનિઃસરણના (બ્હાર નીકળવાના)
પ્રચ્યુતપણાએ કરીને
તથાવિધ ભાવનો કર્ત્તા પ્રતિભાસે છેઃ

તેમ
આ આત્મા પણ
અજ્ઞાનને લીધે
જ્ઞેય-જ્ઞાયક એવા પર-આત્માને એક કરતો
આત્મામાં
પરદ્રવ્યના અધ્યાસથી,
નોઈંદ્રિયના વિષયરૂપ કરાયેલ ધર્મ-અધર્મ-આકાશ-કાલ-પુદ્ગલ-જીવાંતરથી નિરુદ્ધ શુદ્ધ ચૈતન્ય ધાતુતાએ કરીને
તથા ઈંદ્રિયના વિષયરૂપ કરાયેલ રૂપી પદાર્થથી
તિરોહિત કેવલ બોધતાએ કરીને
અને મૃતક કલેવરમાં
મૂર્છિત પરમામૃત વિજ્ઞાનઘનતાએ કરીને
તથાવિધ ભાવનો કર્ત્તા પ્રતિભાસે છે. ૯૬

परद्रव्याणि आत्मीकरोति आत्मानमपि परद्रव्यीकरोति एवमात्मा - આત્મા એમ પરદ્રવ્યોને આત્મારૂપ કરે છે, આત્માને પણ પરદ્રવ્યારૂપ કરે છે, तद् - તેથી अयम् - આ આત્મા, अशेषवस्तुसंबंधविधुरनिरुपधिविशुद्ध-चैतन्यधातुमयोपि - અશેષ વસ્તુના સંબંધથી વિધુર - રહિત - વિહીન નિરુપધિ - ઉપધિ રહિત વિશુદ્ધ ચૈતન્ય ધાતુમય છતાં, अज्ञानादेव - અજ્ઞાનને લીધે જ, सविकारसोपाधीकृतचैतन्यपरिणामतया - સવિકાર - સોપાધિરૂપ કરેલ ચૈતન્ય પરિણામતાએ કરીને तथाविधस्य आत्मभावस्य कर्त्ता प्रतिभाति - तथाविध - તથાપ્રકારના આત્મભાવનો કર્ત્તા પ્રતિભાસે છે, इति आत्मनो प्रतिष्ठितं कर्तृत्वमूलमज्ञानं - એમ આત્માનું કર્તૃત્વમૂલ અજ્ઞાન પ્રતિષ્ઠિત છે, કોની જેમ ? भूताविष्टध्यानाविष्टस्येव - ભૂતાવિષ્ટ - ભૂત ભરાયેલ અને ધ્યાનાવિષ્ટ - ધ્યાન પ્રવિષ્ટની જેમ. तथाहि - જુઓ ! આ પ્રકારે -

यथा - જેમ, આ દૃષ્ટાંત - खलु - ખરેખર ! પ્રગટપણે નિશ્ચયે કરીને भूताविष्टः - ભૂતાવિષ્ટ - જેને ભૂત ભરાયેલું છે એવો પુરુષ, अज्ञानाद् - અજ્ઞાનને લીધે, भूतात्मानौ एकीकुर्वन् - ભૂત અને આત્માને એક કરતો, तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति - तथाविध - તેવા પ્રકારના ભાવનો કર્ત્તા પ્રતિભાસે છે. કેવી રીતે ? अमानुषोचितविशिष्टचेष्टावष्टंभनिर्भर

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ચેતન જો નિજ ભાનમાં, કર્ત્તા આપ સ્વભાવ;
વર્ત્તે નહિ નિજ ભાનમાં, કર્ત્તા કર્મ પ્રભાવ.''

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૭૮

''જિમ ભૂત છાય જુત પુરુષ નિજ ભૂત ભાવકો ઈક કરે,
ત્યોં જીવ એહ અજ્ઞાન વસિ ત્રિવિધ કર્મબંધન લહે.'' **- શ્રી દેવચંદ્રજી કૃત દ્ર.પ્ર., ૨-૩૫**

સવિકાર-સોપાધિકૃત ચૈતન્યપરિણામતાથી અજ્ઞાનથી જ તથાવિધ આત્મભાવનો કર્ત્તા : કર્તૃત્વ મૂલ અજ્ઞાન

આ જે ઉપરમાં આટલું વિવરી દેખાડ્યું તે પરથી આ સ્થિત છે - 'एतत् स्थितं' - કે કર્તૃત્વનું મૂલ-પ્રભવસ્થાન અજ્ઞાન છે - 'कर्तृत्वमूलमज्ञानं', એમ આ ગાથામાં પ્રતિપાદન કર્યું છે અને ભગવતી 'આત્મખ્યાતિ'માં **પરમર્ષિ** અમૃતચંદ્રાચાર્યજીએ ભૂતાવિષ્ટ-ધ્યાનાવિષ્ટના અદ્‌ભુત દૃષ્ટાંતથી સાંગોપાંગ બિંબ-પ્રતિબિંબ ભાવથી તેનું અપૂર્વ વ્યાખ્યાન પ્રકાશ્યું છે. કારણકે ખરેખર ! હું ક્રોધ છું ઈત્યાદિની જેમ અને હું ધર્મ છું ઈત્યાદિની જેમ એમ-ઉક્ત પ્રકારે આત્મા પરદ્રવ્યોને આત્મારૂપ કરે છે અને આત્માને પણ પરદ્રવ્ય રૂપ કરે છે, તેથી આ આત્મા તથાવિધ - તથાપ્રકારના આત્મભાવનો કર્ત્તા પ્રતિભાસે છે - દીસે છે. શાથી કરીને ? સવિકાર - સોપાધિરૂપ કરાયેલ ચૈતન્ય પરિણામતાએ કરીને, 'सविकारसोपाधीकृत चैतन्यपरिणामतया ।' - સ્વભાવથી શું આ આત્મા તેવો સવિકાર - સોપાધિ રૂપ ચૈતન્યપરિણામી છે ? ના, અશેષ - સમસ્ત વસ્તુ સાથેના સંબંધથી વિધુર - વિહીન - રહિત 'निरुपधि' - ઉપાધિરહિત વિશુદ્ધ ચૈતન્ય ધાતુમય છે - अयमशेषवस्तुसंबंधविधुरनिरुपधिविशुद्धचैतन्यधातुमयोपि છતાં સવિકાર -

---

भयंकरारंभगंभीरामानुषव्यवहारतया - અમાનુષને ઉચિત વિશિષ્ટ ચેષ્ટાના અવષ્ટંભથી - આધારથી નિર્ભર - ભરેલ એવા ભયંકર આરંભથી ગંભીર, એવી અમાનુષ વ્યવહારતાએ કરીને. तथा - તેમ, આ દાર્ષ્ટાંતિક - अयमात्मापि - આ આત્મા પણ, अज्ञानादेव - અજ્ઞાનને લીધે જ, भाव्यभावकौ परात्मानौ एकीकुर्वन् - ભાવ્ય-ભાવક એવા પરને અને આત્માને એક કરતો, तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति - તથાવિધ - તેવા પ્રકારના ભાવનો કર્ત્તા પ્રતિભાસે છે. કેવી રીતે ? अविकारानुभूतिमात्रभावकानुचितविचित्रभाव्यक्रोधादिविकारकरंबितचैतन्यपरिणामविकारतया - અવિકાર અનુભૂતિમાત્ર એવા ભાવકને અનુચિત - અયોગ્ય વિચિત્ર - નાના પ્રકારના ભાવ્ય એવા ક્રોધાદિ વિકારોથી કરંબિત - સંમિશ્રિત ચૈતન્ય પરિણામ વિકારતાએ કરીને.

यथा वा - અથવા જેમ, એ દૃષ્ટાંતાંતર - अपरीक्षकाचार्यादेशेन - અપરીક્ષક આચાર્યના - ગુરુના આદેશથી मुग्धः कश्चित् - મુગ્ધ - ભોળો કોઈ महिषध्यानाविष्ट - મહિષધ્યાનાવિષ્ટ - મહિષના - પાડાના ધ્યાનમાં આવિષ્ટ - પ્રવિષ્ટ થયેલો, अज्ञानात् - અજ્ઞાનને લીધે, महिषात्मानौ एकीकुर्वन् - મહિષને - પાડાને અને આત્માને એક કરતો, आत्मनि अभ्रंकषविषाण महामहिषत्वाध्यासात् - આત્મામાં અભ્રંકષ - આકાશને ચીરતા વિષાણ શિંગડાવાળા મહા મહિષપણાના અધ્યાસને લીધે - માની બેસવાપણાને લીધે, प्रच्युतमानुषोचितापवरकद्वारविनिस्सरणतया - માનુષોચિત - મનુષ્યને ઉચિત અપવરક - દ્વારમાંથી - ઓરડાના દ્વારમાંથી વિનિઃસરણની - બ્હાર નીકળવાની પ્રચ્યુતતાથી - છૂટી જવાપણાથી તથા विधस्य भावस्य कर्ता प्रतिभाति - तथाविध - તથાપ્રકારના ભાવનો કર્ત્તા પ્રતિભાસે છે. तथा - તેમ, આ દાર્ષ્ટાંતિક - अयमात्मापि - આ આત્મા પણ, अज्ञानाद् - અજ્ઞાનને લીધે, ज्ञेयज्ञायकौ परात्मानौ एकीकुर्वन् - જ્ઞેય-જ્ઞાયક એવા પરને અને આત્માને એક કરતો, आत्मनि परद्रव्याध्यासात् - આત્મામાં પરદ્રવ્યના અધ્યાસને લીધે - માની બેસવાપણાને લીધે, तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति - તથાવિધ - તથા પ્રકારના ભાવનો કર્ત્તા પ્રતિભાસે છે. કેવી રીતે ? (૧) नोइंद्रियविषयीकृतधर्माधर्माकाशकालपुद्‌गलजीवांतररुद्धशुद्धचैतन्यधातुतया - નોઈંદ્રિયના - મનના વિષયરૂપ કરાયેલ ધર્મ - અધર્મ - આકાશ - કાલ - પુદ્‌ગલ - જીવાંતરથી શુદ્ધ ચૈતન્ય ધાતુની નિરુદ્ધતાએ કરીને - નિતાંતપણે રુંધાઈ જવાપણાએ કરીને, (૨) तथा इंद्रियविषयीकृतरूपिपदार्थतिरोहितकेवलबोधतया - તથા ઈંદ્રિયોના વિષયરૂપ કરાયેલ રૂપી પદાર્થોથી કેવલ બોધની તિરોહિત કરીને ઢંકાઈ જવાપણાએ કરીને, (૩) मृतककेवलरमूर्छितपरमामृतविज्ञानघनतया च - અને મૃતક કલેવરમાં પરમ અમૃત વિજ્ઞાનઘનની મૂર્છિતતાએ કરીને, મૂર્છિતપણાએ કરીને. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥९६॥

સોપાધિરૂપ શાને લીધે થાય છે ? 'अज्ञानादेव' - અજ્ઞાનને લીધે જ. આમ અજ્ઞાનને લીધે જ સવિકાર-સોપાધિરૂપ ચૈતન્યપરિણામતાથી આ આત્મા તથાપ્રકારના આત્મભાવનો કર્ત્તા પ્રતિભાસે છે, તે પરથી શું ફલિત થાય છે ? આત્માને કર્તૃત્વનું મૂલ અજ્ઞાન પ્રતિષ્ઠિત છે, आत्मनो प्रतिष्ठितकर्तृत्वमूलमज्ञानं । કોની જેમ ? ભૂતાવિષ્ટ - ધ્યાનાવિષ્ટની જેમ - भूताविष्टध्यानाविष्टस्येव । તે આ પ્રકારે - જેમ ખરેખર ! 'ભૂતાવિષ્ટ' - ભૂત ભરાયેલો કોઈ અજ્ઞાનને લીધે ભૂતને અને આત્માને - પોતાને એક કરતો, મનુષ્યને અનુચિત - અયોગ્ય અથવા અમાનુષને ઉચિત એવી વિશિષ્ટ - વિલક્ષણ ચેષ્ટાના - અવષ્ટંભથી - આધારથી નિર્ભર - ભરેલ ભયંકર આરંભથી ગંભીર અમાનુષ વ્યવહારતાએ કરીને તથાવિધ - તથાપ્રકારના ભાવનો કર્ત્તા પ્રતિભાસે છે, તેમ આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ ભાવ્ય-ભાવક એવા પરને અને આત્માને એક કરતો, અવિકાર અનુભૂતિમાત્ર એવા ભાવકને અનુચિત - અયોગ્ય વિચિત્ર - નાના પ્રકારના ભાવ્ય એવા ક્રોધાદિ વિકારોથી કરંબિત - સંમિશ્રિત - ભેળસેળ ખીચડો થઈ ગયેલ - ચૈતન્યપરિણામ વિકારતાએ કરીને તથાવિધ - તથાપ્રકારના ભાવનો કર્ત્તા પ્રતિભાસે છે. અને જેમ અપરીક્ષક આચાર્યના આદેશથી મુગ્ધ-ભોળો કોઈ મહિષ ધ્યાનાવિષ્ટ - પાડાના ધ્યાનમાં પ્રવિષ્ટ થયેલો, અજ્ઞાનને લીધે મહિષને - પાડાને અને આત્માને - પોતાને એક કરતો, આત્મામાં અભ્રંકષ-આકાશને ચીરતા વિષાણ-શિંગડાવાળા મહામહિષના - અધ્યાસને લીધે, મનુષ્યને ઉચિત - યોગ્ય ઓરડાના દ્વારમાંથી વિનિઃસરતા - બ્હાર નીકળવાના પ્રચ્યુતપણાએ કરીને તથાવિધ - તથાપ્રકારના ભાવનો કર્ત્તા પ્રતિભાસે છે, તેમ આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ્ઞેય-જ્ઞાયક એવા પરને અને આત્માને એક કરતો, આત્મામાં પરદ્રવ્યના અધ્યાસને લીધે, તથાવિધ - તેવા પ્રકારના ભાવનો કર્ત્તા પ્રતિભાસે છે. શાથી કરીને ? કેવી રીતે ? (૧) નોઈંદ્રિયાના - મનના વિષયરૂપ કરાયેલા ધર્મ-અધર્મ-આકાશ-કાલ-પુદ્ગલ-જીવાંતરથી (અન્ય જીવથી) નિરુદ્ધ - નિરુંધાયેલ શુદ્ધ ચૈતન્ય ધાતુતાએ કરીને - नोइंद्रियविषयीकृतधर्माधर्माकाशकालपुद्गलजीवांतरनिरुद्धचैतन्य (૨) તથા ઈંદ્રિયોના વિષયરૂપ કરાયેલા રૂપી - મૂર્ત્ત પદાર્થથી તિરોહિત - ઢંકાઈ ગયેલ કેવલ બોધતાએ કરીને, 'इंद्रियविषयीकृतरूपि पदार्थतिरोहितकेवलबोधतया' (૩) અને મૃતક - મડદારૂપ કલેવરમાં - ખોળીઆમાં મૂર્છિત પરમ અમૃત વિજ્ઞાનઘનતાએ કરીને - 'मृतककलेवरमूर्छितपरमामृतविज्ञानघनतया च' । હવે આ વ્યાખ્યાનો વિશેષ વિચાર કરીએ.

જે 'હું ક્રોધ છું' ઈત્યાદિની જેમ અને 'હું ધર્મ છું' ઈત્યાદિની જેમ, આ આત્મા એમ ઉપરમાં કહ્યું તેમ પરદ્રવ્યોને આત્મારૂપ કરે છે ને આત્માને પણ પરદ્રવ્યરૂપ કરે છે, તેનું મૂળ કારણ અજ્ઞાન જ છે. કારણકે આ આત્મા તો 'અશેષ વસ્તુના સંબંધથી રહિત નિરવધિ વિશુદ્ધ ચૈતન્ય ધાતુમય છે' અર્થાત્ કોઈ પણ અન્ય વસ્તુનો જ્યાં સંબંધ નથી, એવો આ નિરવધિ - નિરુપધિ આત્મા વિશુદ્ધ ધાતુ જેમ સર્વ પ્રદેશે તદ્ધાતુમય જ હોય તેમ સર્વ પ્રદેશે વિશુદ્ધ ચૈતન્ય ધાતુમય જ છે, છતાં 'अज्ञानादेवं' - 'અજ્ઞાનને લીધે જ' તે સવિકાર - સોપાધિ કૃત ચૈતન્યપરિણામતાએ કરીને - 'सविकार सोपाधिकृतचैतन्यपरिणामतया' - તથાવિધ આત્મભાવનો કર્ત્તા પ્રતિભાસે છે, અજ્ઞાન થકી કરીને તેના ચૈતન્ય પરિણામ સવિકાર - સોપાધિરૂપ બને છે તેથી કરીને જ તે તેવા તેવા પ્રકારના આત્મભાવનો કર્ત્તા પ્રતિભાસે છે. એટલે ભૂતાવિષ્ટ - ધ્યાનાવિષ્ટની જેમ 'આત્માનું કર્તૃત્વ મૂલ અજ્ઞાન પ્રતિષ્ઠિત છે.' 'आत्मनो भूताविष्टध्यानाविष्टस्येव प्रतिष्ठितं कर्तृत्वमूलमज्ञानं' તે આ પ્રકારે -

ભૂતાવિષ્ટનું દૃષ્ટાંત : અજ્ઞાનને લીધે જ ક્રોધાદિ વિભાવ ભાવોનો કર્ત્તા

જેમ - કોઈ 'ભૂતાવિષ્ટ' - જેનામાં ભૂત ભરાયું છે એવો મનુષ્ય છે, ભૂતાવેશથી તે પોતાનું ભાન ભૂલી ગયો છે, એટલે 'અજ્ઞાનને લીધે' ભૂતને તે આત્માને (પોતાને) એક કરતો તે માનુષને અનુચિત અથવા અમાનુષને ઉચિત એવી 'વિશિષ્ટ - ચેષ્ટા' - કોઈ ઓર પ્રકારની વિલક્ષણ ચેષ્ટા કરે છે અને એવી ચેષ્ટાથી ભરેલા ભયંકર 'આરંભથી' - કાર્ય મંડાણથી 'ગંભીર' - ન કળી શકાય

એવી અમાનુષ વ્યવહારતાએ વર્ત્તતાં તે તથાપ્રકારના ભાવનો કર્ત્તા પ્રતિભાસે છે. તેમ - આ આત્મા છે તેને પોતાના આત્મસ્વરૂપનું ભાન નથી, એટલે 'અજ્ઞાનને લીધે જ' તે ભાવ્ય એવા પરને અને ભાવક એવા આત્માને એક કરે છે અને એમ કરતો તે 'अविकारानुभूतिमात्रभावकानुचित' - અવિકાર અનુભૂતિ માત્ર' ભાવકને અનુચિત એવા - 'विचित्रभाव्यक्रोधादिविकारकरंबितचैतन्यपरिणामविकारतया' - વિચિત્ર ભાવ્ય ક્રોધાદિ વિકારથી 'કરંબિત' - સંમિશ્રિત - 'ચૈતન્યપરિણામ વિકારતાએ કરીને' તથાવિધ ભાવનો કર્ત્તા પ્રતિભાસે છે. અર્થાત્ ભાવક આત્મા તો જ્યાં કોઈ પણ વિકારનો અવકાશ નથી એવો 'અવિકાર' અને જ્યાં માત્ર એક અનુભૂતિ સિવાય બીજું કાંઈ નથી એવો 'અનુભૂતિમાત્ર' છે અને ભાવ્ય એવા ક્રોધાદિ તો 'વિકાર' છે અને 'વિચિત્ર' - નાના પ્રકારના વિભાવ ભાવ છે. આમ ભાવક આત્મા અને ભાવ્ય પર બન્ને પ્રગટ વિભિન્ન અને વિલક્ષણ છે, એટલે વિચિત્ર ભાવ્ય ક્રોધાદિ વિકાર એ 'અવિકાર અનુભૂતિમાત્ર' ભાવકને અનુચિત છે - ઉચિત નથી - યોગ્ય નથી, છતાં અજ્ઞાનને લીધે જ ભાવક આત્મા ભાવ્ય ક્રોધાદિ વિકારથી સેળભેળ ચૈતન્યપરિણામ વિકારપણે પરિણમી તેવા તેવા પ્રકારના ક્રોધાદિ વિભાવ ભાવનો કર્ત્તા પ્રતિભાસે છે.

મહિષ ધ્યાનાવિષ્ટ દૃષ્ટાંત : અજ્ઞાનને લીધે જ જ્ઞેય-જ્ઞાયક એવા પરને-આત્માને એક કરતો આત્મા તથાવિધ વિભાવનો કર્ત્તા

અથવા જેમ - જેણે શિષ્યની યોગ્યાયોગ્યતાની પરીક્ષા નથી કરી એવા 'અપરીક્ષક' આચાર્યે શિષ્યને આદેશ કર્યો કે 'તું મહિષનું - પાડાનું ધ્યાન ધર'. એટલે તે ગુરુ આદેશથી તે 'મુગ્ધ' - બાળો ભોળો - અણસમજુ શિષ્ય પાડાનું ધ્યાન ધરવા બેઠો ને પાડાના ધ્યાનમાં તલ્લીન - તન્મય બનેલો તે પાડાને ને આત્માને એક ચિંતવવા લાગ્યો. એટલે જેના શિંગડા આકાશને કર્ષે છે - ખણે છે એવા 'અભ્રંકષ વિષાણવાળો' મહામહિષ - મોટો પાડો પોતે આત્મા છે એમ એકપણાનો અધ્યાસ તેને થઈ ગયો ! તે એટલે સુધી કે તે જ્યાં ધ્યાન ધરતો હતો તે ઓરડામાં એક દ્વાર માણસને બહાર નીકળવાનું હતું અને બીજું પાડાને નીકળવાનું હતું, છતાં તે પાડા-ધ્યાની 'મનુષ્ય-પાડો' મનુષ્ય દ્વારનો ઉપયોગ કરવાનું છોડી દઈ મહિષ દ્વારનો ઉપયોગ કરવા લાગ્યો ! આમ અજ્ઞાનને લીધે જ તે તથાવિધ ભાવનો કર્ત્તા પ્રવેશે છે.


તેમ - આ આત્મા પણ 'अज्ञानात्' - 'અજ્ઞાનને લીધે' જ્ઞેય - જ્ઞાયક એવા પર-આત્માને એક કરતો, આત્મામાં પરદ્રવ્યનો અધ્યાસ કરે છે, આત્મામાં પરદ્રવ્યનું એકરૂપ પણું માની બેસે છે. એટલે - (૧) નોઈંદ્રિયના - મનના વિષયરૂપ કરાયેલા ધર્મ-અધર્મ-આકાશ-કાળ-પુદ્ગલ-જીવાંતરથી શુદ્ધ ચૈતન્ય ધાતુની નિરુદ્ધતા થાય છે, તેથી કરીને (૨) તેમજ - ઈંદ્રિયના વિષયરૂપ કરાયેલા રૂપિ પદાર્થથી તેનો 'કેવલ બોધ' - 'કેવલ જ્ઞાન' 'તિરોહિત' થઈ જાય છે, તેથી કરીને (૩) અને 'મૃતક' - મડદા રૂપ 'કલેવરમાં' - ખોળીઆમાં 'પરમામૃત' - પરમ અમૃત વિજ્ઞાનઘનની મૂર્છિતતા થાય છે, તેથી કરીને, તે આત્મા તથાવિધ ભાવનો કર્ત્તા પ્રતિભાસે છે.

''જે જે પ્રકારે આત્માને ચિંતન કર્યો હોય તે તે પ્રકારે તે પ્રતિભાસે છે.

વિષયાર્ત્તપણાથી મૂઢતાને પામેલી વિચાર શક્તિવાળા જીવને આત્માનું નિત્યપણું ભાસતું નથી, એમ ઘણું કરીને દેખાય છે, તેમ થાય છે, તે યથાર્થ છે, કેમકે અનિત્ય એવા વિષયને વિષે આત્મબુદ્ધિ હોવાથી પોતાનું પણ અનિત્યપણું ભાસે છે.

વિચારવાનને આત્મા વિચારવાન લાગે છે. શૂન્યપણે ચિંતન કરનારને આત્મા શૂન્ય લાગે છે, અનિત્યપણે ચિંતન કરનારને અનિત્ય લાગે છે, નિત્યપણે ચિંતન કરનારને નિત્ય લાગે છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૨૬, હાથનોંધ



तेथी आ स्थित छे के ज्ञानथकी कर्तृत्व नाशे छे -

एदेण दु सो कत्ता आदा णिच्छयविदूहिं परिकहिदो ।
एवं खलु जो जाणदि सो मुंचदि सव्वकत्तित्तं ॥९७॥

આ અજ્ઞાને કર્ત્તા આતમા, ભાખ્યો નિશ્ચય જાણ રે;
એમ જે જાણે તે મૂકતો, કર્તૃત્વ સર્વ સુજાણ રે... અજ્ઞાનથી. ૯૭

ગાથાર્થ - આથી જ (અજ્ઞાનથી જ) તે આત્મા નિશ્ચયવિદોથી કર્ત્તા પરિકથિત છે, એમ નિશ્ચયથી જે જાણે છે તે સર્વ કર્તૃત્વ મૂકે છે. ૯૭

आत्मख्यातिटीका

ततः स्थितमेतद् ज्ञानान्नश्यति कर्तृत्वं -

एतेन तु स कर्तात्मा निश्चयविद्भिः परिकथितः ।
एवं खलु यो जानाति स मुंचति सर्वकर्तृत्वं ॥९७॥

येनायमज्ञानात्परात्मनोरेकत्वविकल्पमात्मनः करोति **तेनात्मा निश्चयतः कर्ता प्रतिभाति । यस्त्वेवं जानाति स समस्तं कर्तृत्वमुत्सृजति** ततः स खल्वकर्ता प्रतिभाति । तथाहि -

इहायमात्मा किलाज्ञानी सन्नज्ञानादासंसारप्रसिद्धेन मिलितस्वादस्वादनेन मुद्रितभेदसंवेदनशक्तिरनादित एव स्यात् ततः परात्मानावेकत्वेन जानाति ततः क्रोधोहमित्यादि विकल्पमात्मनः करोति ततो निर्विकल्पादकृतकादेकस्माद्विज्ञानघनान्नभ्रष्टो वारंवारमनेकविकल्पैः परिणामन् कर्ता प्रतिभाति ।

ज्ञानी तु सन् ज्ञानात् तदादिप्रसिद्ध्या प्रत्येकस्वादस्वादनेनोन्मुद्रितभेदसंवेदनशक्तिः स्यात् ततोऽनादिनिधनानवरतस्वदमाननिखिलरसांतरविविक्तात्यंतमधुरचैतन्यैकरसोऽयमात्मा भिन्नरसः कषायास्तैः सह यदेकत्वविकल्पकरणं तदज्ञानादित्येवं नानात्वेन परात्मानौ जानाति । ततोऽकृतमेकं ज्ञानमेवाहं न पुनः कृतकोऽनेकः क्रोधादिरपीति क्रोधोहमित्यादिविकल्पमात्मनो मनागपि न करोति । ततः समस्तमपि कर्तृत्वमपास्यति । ततो नित्यमेवोदासीनावस्थो जानन् एवास्ते ।

ततो निर्विकल्पोऽकृतक एको विज्ञानघनोभूतोऽत्यंतमकर्त्ता प्रतिभाति ॥९७॥

आत्मभावना -

ततः स्थितमेतद् - तेथी आ स्थित छे के - ज्ञानात् नश्यति कर्तृत्वं - ज्ञानथकी कर्तृत्व - कर्तापणुं नाशे छे - नाश पामे छे - एतेन तु - आथी ज - आ अज्ञानथी ज स आत्मा - ते आत्मा कर्त्ता - कर्ता निश्चयविद्भिः परिकथितः - निश्चयविदोथी - निश्चयना जाणकारोथी परिकथित छे, एवं खलु यो जानाति - એમ ખરેખર ! નિશ્ચયે કરીને જે જાણે છે, स सर्वकर्तृत्वं मुंचति - ते सर्व कर्तृत्व मूके छे. ॥ इति **गाथा** आत्मभावना ॥९७॥

येनायमात्मा- જેથી-જે કારણથી આ પ્રત્યક્ષ અનુભવાઈ રહેલો આત્મા અજ્ઞાનાત્-અજ્ઞાનને લીધે परात्मनोरेकत्वविकल्पमात्मान करोति-પર-આત્માનો એકપણાનો વિકલ્પ આત્માનો કરે છે, तेनात्मा निश्चयतः कर्त्ताप्रतिभाति-તેથી-તે કારણથી આત્મા નિશ્ચયથી કર્ત્તા પ્રતિભાસે છે-દીસે છે.

यस्त्वेवं जानाति - પણ જે એમ જાણે છે, स समस्तं कर्तृत्वमुत्सर्जति - તે સમસ્ત કર્તૃત્વ - કર્તાપણું ઉત્સર્જે છે - વિસર્જે છે - છોડી દે છે, ततः स खल्वकर्त्ता प्रतिभाति - તેથી કરીને તે ખરેખર ! - નિશ્ચયે કરીને અકર્ત્તા 'પ્રતિભાસે' છે - જેમ છે તેમ 'પ્રતિ' - સામો 'ભાસે' છે - દીસે છે. तथा हि - તે જુઓ ! આ પ્રકારે -

इहायमात्मा किलाज्ञानी सन् - અહીં - આ લોકને વિષે આ આત્મા ખરેખર ! સ્ફુટપણે અજ્ઞાની સતો (હોતો) મુદ્રિત

આત્મખ્યાતિ ટીકાર્થ

જેથી આ અજ્ઞાનથી પર-આત્માનો એકત્વ વિકલ્પ આત્માનો કરે છે, તેથી આત્મા નિશ્ચયથી કર્ત્તા પ્રતિભાસે છે, પણ જે એમ જાણે છે તે સમસ્ત કર્તૃત્વ ઉત્સર્જે (છોડી દે) છે, તેથી તે નિશ્ચયથી અકર્ત્તા પ્રતિભાસે છે. તે આ પ્રકારે -

અહીં આ આત્મા નિશ્ચયથી અજ્ઞાની સતો, અજ્ઞાનને લીધે આસંસારપ્રસિદ્ધ મિલિત સ્વાદના સ્વાદનથી મુદ્રિત ભેદસંવેદનશક્તિવાળો અનાદિથી જ હોય, તેથી કરીને તે પર-આત્માને એકપણે જાણે છે, તેથી કરીને 'હું ક્રોધ છું' ઈત્યાદિ વિકલ્પ આત્માનો કરે છે, તેથી કરીને નિર્વિકલ્પ અકૃતક એક વિજ્ઞાનઘનથી પ્રભ્રષ્ટ તે વારંવાર અનેક વિકલ્પોથી પરિણમતો કર્ત્તા પ્રતિભાસે છે, પણ જ્ઞાની સતો, જ્ઞાનને લીધે તદાદિ પ્રસિદ્ધિવાળા પ્રત્યેક સ્વાદના સ્વાદનથી ઉન્મુદ્રિત ભેદ સંવેદનશક્તિવાળો હોય, તેથી કરીને - અનાદિનિધન, અનવરત સ્વદમાન, નિખિલ રસાંતરથી વિવિક્ત અત્યંત મધુર ચૈતન્ય એકરસ આ આત્મા, ભિન્નરસ કષાયો છે, તેઓની સાથે એકત્વ વિકલ્પકરણ તે અજ્ઞાનથી છે - એમ નાનાત્વથી (ભિન્નપણાથી) તે પર-આત્માને જાણે છે, તેથી કરીને - અકૃતક એક જ્ઞાન જ હું છું, નહિ કે કૃતક અનેક ક્રોધાદિ પણ, એમ (જાણી) તે 'હું ક્રોધ છું' ઈત્યાદિ વિકલ્પ આત્માનો જરા પણ કરતો નથી.

તેથી કરીને તે સમસ્ત જ કર્તૃત્વ ફગાવી દે છે,

તેથી કરીને નિત્યમેવ ઉદાસીન અવસ્થાવાળો તે જાણતો જ રહે છે,

તેથી કરીને નિર્વિકલ્પ અકૃતક એક વિજ્ઞાનઘનીભૂત તે અત્યંત અકર્ત્તા પ્રતિભાસે છે. ૯૭

भेदसंवेदनशक्तिरनादित एव स्यात् - મુદ્રિત - ભેદ સંવેદનશક્તિવાળો અનાદિથી જ હોય. શાથી ? आसंसारप्रसिद्धेन मिलितस्वादस्वादनेन - આસંસારપ્રસિદ્ધ - આ સંસારથી માંડીને એટલે કે અનાદિથી પ્રસિદ્ધ મિલિત - મળેલા - મિશ્રિત સ્વાદના સ્વાદનથી - આસ્વાદપણાથી. તે મિલિત સ્વાદ સ્વાદન શાને લીધે ? अज्ञानात् - અજ્ઞાનને લીધે. એમ અજ્ઞાનને લીધે મુદ્રિત ભેદ સંવેદન શક્તિવાળો હોય તેથી શું ? ततः परात्मानावेकत्वेन जानाति - તેથી પરને જ આત્માને એકત્વથી - એકપણે જાણે છે. તેથી શું ? ततः क्रोधोहमित्यादिविकल्पमात्मनः करोति - તેથી ક્રોધ હું ઈત્યાદિ વિકલ્પ આત્માનો કરે છે. તેથી શું ? निर्विकल्पादकृतकादेकस्माद्विज्ञानघनात्प्रभ्रष्टो - નિર્વિકલ્પ - વિકલ્પ વિરહિત અકૃતક - અકૃત્રિમ એક - અદ્વૈત વિજ્ઞાનઘનથી પ્રભ્રષ્ટ - પ્રકૃષ્ટપણે ભ્રષ્ટ - પ્રચ્યુત થયેલો તે वारंवारमनेकविकल्पैः परिणमन् कर्ता प्रतिभाति - વારંવાર - ફરીફરીને અનેક - નાના પ્રકારના વિકલ્પોથી પરિણમતો કર્ત્તા પ્રતિભાસે છે - જેમ છે તેમ દીસે છે.

पण ज्ञानी तु सन् - જ્ઞાની સતો (હોતો) ज्ञानात् - જ્ઞાનને લીધે उन्मुद्रितभेदसंवेदनशक्ति स्यात् - ઉન્મુદ્રિત - મુદ્રા જેની ઉઘડી ગઈ છે એવી ભેદ સંવેદનશક્તિવાળો હોય. શાથી ? तदादिप्रसिद्ध्यात्मा प्रत्येकस्वादस्वादनेन - તદાદિથી - તે જ્ઞાનની આદિથી - શરૂઆત - પ્રસિદ્ધિ - પ્રગટતા છે જેની એવા પ્રત્યેક - પ્રત્યેકના એક - જૂદા જૂદા સ્વાદના સ્વાદનથી - આસ્વાદવાપણાથી. આમ જ્ઞાનને લીધે ઉન્મુદ્રિત ભેદ સંવેદનવાળો થતાં શું ? ततोऽनादिनिधनानवरतस्वदमाननिखिलरसांतरविविक्त - તેથી અનાદિનિધન - અનાદિ અનંત, અનવરતપણે - વગર અટક્યે - નિરંતર સ્વદમાન - સ્વદાતા, નિખિલ - સમસ્ત રસાંતરથી - બીજા બધા રસથી વિવિક્ત - જૂદા એવા अत्यंतमधुरचैतन्यैकरसोयमात्मा - અત્યંત મધુર-મીઠા ચૈતન્ય એકરસવાળો આ આત્મા, (અને) भिन्नरसाः कषायाः - ભિન્ન-જૂદા રસવાળા કષાયો છે, तैः सह यदेकत्वविकल्पकरणं तदज्ञानात् - તેઓ - તે કષાયો સાથે જે એકત્વ વિકલ્પકરણ - એકપણાના વિકલ્પનું કરવું તે અજ્ઞાનને લીધે છે, इत्येवं नानात्वेन परात्मानौ जानाति - એવા પ્રકારે એમ નાનાત્વથી - નાનાપણાથી - ભિન્ન ભિન્નપણાથી પરને ને આત્માને જાણે છે. તેથી શું ? ततोऽकृतकमेकं ज्ञानमेवाहं न पुनः कृतकोऽनेकः क्रोधादिरीपीति - તેથી અકૃતક-અકૃત્રિમ એક-અદ્વૈત જ્ઞાન જ હું છું, નહિ કે કૃતક-કૃત્રિમ અનેક-નાના પ્રકારનો ક્રોધાદિ પણ એમ જાણી, क्रोधोहमित्यादि विकल्पमात्मनो मनागपि न करोति - 'ક્રોધ હું' ઈત્યાદિ ઈત્યાદિ વિકલ્પ આત્માનો જરા પણ નથી કરતો. તેથી શું ? ततः समस्तमपि कर्तृत्वमपास्यति - તેથી સમસ્ત પણ કર્તૃત્વ-કર્તાપણું અપાસ્ત કરે છે - દૂર ફગાવી દે છે. તેથી શું ? ततोऽनित्यमेवोदासीनावस्थो जानन् एवास्ते - તેથી નિત્યે જ - સદાય ઉદાસીન અવસ્થાવાળો જાણતો જ રહે છે - બિરાજે છે, તેથી શું - ऽकृतक एको विज्ञानघनीभूतोऽत्यंतमकर्त्ता प्रतिभाति - નિર્વિકલ્પ - વિકલ્પ વિરહિત - અકૃત્રિમ એક-અદ્વૈત વિજ્ઞાનઘન રૂપ થઈ ગયેલો તે અત્યંત - સર્વથા અકર્ત્તા પ્રતિભાસે છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥૯૭॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''રાગ દ્વેષ અને અજ્ઞાન આત્યંતિક અભાવ કરીને જે સહજ શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિત થયા તે સ્વરૂપ અમારૂં સ્મરણ, ધ્યાન અને પામવા યોગ્ય સ્થાન છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૪૬, હાથનોંધ**

''ચેતન પરકે જોગ સૌ, પરકો કરતા હોય;
પાતે પરકો પર લખે, તજે અકર્ત્તા સોય.'' - **શ્રી દેવચંદ્રજી કૃત દ્ર.પ્ર. ૧-૩૬**

''અવ્યાબાધ સ્વગુણની પૂરણ રીત જે, કર્તા ભોક્તા ભાવે રમણપણે ધરે રે લો,
સહજ અકૃત્રિમ નિર્મળ જ્ઞાનાનંદ જે, દેવચંદ્ર એકત્વે સેવનથી વરે રે લો.'' - **શ્રી દેવચંદ્રજી**

ઉપર આગલી ગાથાઓમાં જે વિવરી દેખાડ્યું તે પરથી 'જ્ઞાનાત્ કર્તૃત્વં નશ્યતિ' - જ્ઞાન થકી કર્તૃત્વ નાશ પામે છે એમ સ્થિત છે, એવો નિશ્ચય સિદ્ધાંત અત્ર ભગવાન શાસ્ત્રકારે પ્રતિપાદન કર્યો છે અને **'વિજ્ઞાનઘન'** પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજીએ** ભગવતી 'આત્મખ્યાતિ'માં પોતાની અનન્ય લાક્ષણિક શૈલીમાં તેનું તત્ત્વ સર્વસ્વસમર્પક પરમ અદ્ભુત વ્યાખ્યાન કરી, કર્ત્તાપણા-અકર્ત્તાપણાનો સાંગોપાંગ સકલ વૈજ્ઞાનિક અનુક્રમવિધિ પ્રકાશ્યો છે. તેનો પરિસ્ફુટ ભાવાર્થ આ પ્રકારે -

જ્ઞાન થકી કર્તૃત્વ નહિં

''સુખ કી સહેલી હૈ અકેલી ઉદાસીનતા,
અધ્યાત્મની જનની અકેલી ઉદાસીનતા.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, (૫૦), ૭૭**

કારણકે આ - પ્રત્યક્ષ અનુભવાતો આત્મા 'અજ્ઞાનાત્' - **અજ્ઞાનને લીધે** પર-આત્માનો એકત્વ વિકલ્પ આત્માનો કરે છે - परात्मनोरेकत्वविकल्पमात्मनः करोति, પર વસ્તુનું ને આત્મવસ્તુનું એકપણું વિકલ્પવારૂપ વિકલ્પ આત્માનો કરે છે, તેથી આત્મા નિશ્ચયથી કર્ત્તા પ્રતિભાસે છે, પણ જે એમ જાણે છે - પર-આત્માનો એકત્વ વિકલ્પ એ જ કર્મ-કર્તૃત્વનું મૂળ છે એમ જાણે છે, તે જ્ઞાની પુરુષ સમસ્ત કર્તૃત્વ-કર્તાપણું ઉત્સર્જે છે, વિસર્જન કરે છે, સર્વથા છોડી દે છે, તેથી તે જ્ઞાની નિશ્ચયથી અકર્ત્તા પ્રતિભાસે છે. આ કર્ત્તા-અકર્ત્તાપણાનો સમગ્ર અનુક્રમવિધિ આ છે -

અજ્ઞાનજન્ય કર્તાપણાનો સાંગોપાંગ વૈજ્ઞાનિક અનુક્રમવિધિ

(કોષ્ટક)	અજ્ઞાની	જ્ઞાની
	અજ્ઞાનઃ પરાત્માની એકત્વબુદ્ધિ, કૃતક અનેક ક્રોધાદિ હું અનેક વિકલ્પ પરિણમતો નિર્વિકલ્પ અકૃત એક વિજ્ઞાનઘનથી પ્રભ્રષ્ટ	જ્ઞાનઃ પરાત્માની નાનાત્વ બુદ્ધિ, અકૃત એક જ્ઞાન જ હું, નિત્ય ઉદાસીન અવસ્થા જાણતો જ, નિર્વિકલ્પ, અકૃત એક, વિજ્ઞાનઘનભૂત
	કર્તા	અકર્ત્તા

અહીં - આ લોકને વિષે આ આત્મા આત્મસ્વરૂપનું જ્ઞાન નહિ હોવાથી નિશ્ચયે કરીને અજ્ઞાની હોતાં - 'અજ્ઞાની સન્', અજ્ઞાનને લીધે તેને સ્વ-પરના ભેદનું ભાન હોતું નથી. એટલે 'આ સંસાર પ્રસિદ્ધ' - આ સંસારથી માંડીને એટલે કે અનાદિથી જ પ્રસિદ્ધ 'મિલિત સ્વાદન સ્વાદન વડે' - 'મિલિત સ્વાદસ્વાદનેન' તે મુદ્રિત ભેદ સંવેદનશક્તિવાળો - 'मुद्रितभेदसंवेदनशक्तिः' - અનાદિથી જ હોય, મળેલા - સેળભેળ ખીચડો થઈ ગયેલા સ્વાદના સ્વાદન વડે જેની ભેદ સંવેદનશક્તિ મુદ્રિત થઈ ગઈ છે એવો અનાદિ કાળથી જ હોય, અર્થાત્ અનાદિ સંસારથી આ અજ્ઞાન આત્માએ સ્વ-પર વસ્તુનો સેળભેળરૂપ મિલિત-મિશ્રિત સ્વાદ કર્યા કર્યો છે, એટલે સ્વ-પરનો ભેદ સંવેદવારૂપ તેની ભેદ સંવેદનશક્તિ - ભેદ અનુભવન શક્તિ મુદ્રિત નિધાનની જેમ (sealed treasure) મુદ્રિત થઈ ગઈ છે, બંધ ખજાનાની જેમ સીલબંધ થઈને રહેલી છે. એટલે આમ આત્મ અજ્ઞાનને લીધે અજ્ઞાની આત્માની સ્વ-પર ભેદ વિજ્ઞાન-

શક્તિ બંધ ખજાના જેમ 'મુદ્રિત' થઈને પડી છે, તેથી કરીને આ અજ્ઞાની આત્મા પર-આત્માને એકપણે જાણે છે. परात्मानावेकत्वेन जानाति । એટલે પછી તે 'હું ક્રોધ છું' ઈત્યાદિ વિકલ્પ આત્માનો કરે છે. એટલે પછી તે 'निर्विकल्पादकृतकादद्विज्ञानघनात् प्रभ्रष्टः' - નિર્વિકલ્પ અકૃતક એક વિજ્ઞાનઘનથી પ્રભ્રષ્ટ થયેલો વારંવાર અનેક વિકલ્પોથી પરિણમતો સતો - કર્ત્તા પ્રતિભાસે છે. वारंवारमनेकविकल्पैः परिणमन् कर्ता प्रतिभाति । અર્થાત્ તે ક્રોધાદિ કૃતક-કૃત્રિમ અનેક વિકલ્પો કરે છે, એટલે જ્યાં કોઈ પણ વિકલ્પ છે નહિં એવો વિકલ્પાતીત હોવાથી જે નિર્વિકલ્પ છે, કોઈ કર્ત્તાએ નહીં કરેલ હોવાથી જે અકૃત્રિમ - અકૃતક છે, જ્ઞાન સિવાય બીજો ભાવ નહિ હોવાથી અદ્વિતીય - અદ્વૈત હોવાથી જે એક છે અને સર્વ પ્રદેશે ઘન-નક્કર વિજ્ઞાન વિજ્ઞાન ને વિજ્ઞાનમય હોવાથી જે 'વિજ્ઞાનઘન' છે, એવા નિર્વિકલ્પ અકૃતક એક વિજ્ઞાનઘનથી પ્રભ્રષ્ટ - પ્રચ્યુત - પ્રમત્ત થયેલો આત્મા વારંવાર નાના પ્રકારના વિકલ્પોથી પરિણમતો સતો કર્ત્તા પ્રતિભાસે છે. આમ (૧) આત્મ અજ્ઞાન હોય છે, (૨) તેથી ભેદ અજ્ઞાન હોય છે, (૩) તેથી પર-આત્માનો એકત્વ અધ્યાસ હોય છે, (૪) તેથી વિકલ્પકરણ હોય છે, (૫) તેથી નિર્વિકલ્પ વિજ્ઞાનઘનથી પ્રમત્તપણું હોય છે, (૬) તેથી કર્તાપણું હોય છે. આ કર્તૃત્વનો સાંગોપાંગ સકલ અવિકલ અનુક્રમ વિધિ છે.

જ્ઞાનજન્ય અકર્તાપણાનો સંપૂર્ણ વૈજ્ઞાનિક અનુક્રમ વિધિ

પણ આથી ઉલટું 'ज्ञानी तु सन्' - આ આત્મા જ્ઞાની હોતાં, ज्ञानात् - આત્મસ્વરૂપના જ્ઞાનને લીધે, 'तदादिप्रसिद्ध्याता' - તદાદિ પ્રસિદ્ધ થઈ રહેલ - જ્યારથી તે જ્ઞાન ઉપજ્યું ત્યારથી જેની આદિની - શરૂઆતની પ્રસિદ્ધિ છે એવા 'प्रत्येकस्वादस्वादनेन' - 'પ્રત્યેક સ્વાદના સ્વાદન વડે' 'ઉન્મુદ્રિત ભેદ સંવેદન શક્તિવાળો' - 'उन्मुद्रितभेदसंवेदनशक्तिः' - હોય છે. અર્થાત્ સહજ શુદ્ધ આત્મસ્વરૂપનું જ્ઞાન થતાં આ આત્મા જ્ઞાની હોય છે, એટલે તે જ્ઞાનને લીધે સ્વ-પરના પ્રત્યેકના - એક એકના સ્વાદનું સ્વાદન તેને હોય છે, એથી કરીને એની ભેદ સંવેદનશક્તિ જે અનાદિથી 'મુદ્રિત' - સીલબંધ (sealed) પડી હતી, તે 'ઉન્મુદ્રિત' (unsealed) થાય છે, તેની મુદ્રા (seal) તુટતાં ખૂલ્લી થાય છે, એટલે તેનો ભેદ સંવેદનશક્તિરૂપ નિધાન - અમૂલ્ય ખજાનો ખૂલે છે. એટલે પછી તે સ્વાદનો ભેદ આ પ્રમાણે જાણે છે - આ આત્મા 'અનાદિ નિધન' - અનાદિ અનંત 'અનવરત સ્વદમાન' વગર અટક્યે નિરંતર ચખાઈ રહેલ, 'નિખિલ રસાંતરોથી વિવિક્ત' - સર્વ અન્ય રસોથી સાવ જૂદો અલગ તરી આવતો એવો, 'અત્યંત 'ચૈતન્યૈક રસ' મધુર' છે - 'चैतन्येकरसोऽयमात्मा' - જ્યાં પરમ મિષ્ટ-પરમ અમૃત ચૈતન્ય રસ સિવાય બીજું કાંઈ નથી એવો ચૈતન્ય એકરસરૂપ છે; અને 'भिन्नरसाः कषायाः' - કષાયો તો 'ભિન્નરસ' છે, ભિન્ન - જૂદા જૂદા વિવિધ રસવાળા છે. આમ ચૈતન્યૈકરસ આત્મા પરમ મધુર પરમામૃત સરસ છે, ને ભિન્નરસ ક્રોધાદિ તો પરમ કટુ પરમ વિષ વિપાકી વિરસ છે - એમ સરસ ચૈતન્યરસ આત્માના ને વિરસ ક્રોધાદિના સ્વાદનું પ્રગટ ભિન્નપણું તે આસ્વાદે છે, ઉન્મુદ્રિત ભેદ સંવેદન શક્તિથી સંવેદે છે. એટલે પછી તે કષાયો સાથે જે 'એકત્વ વિકલ્પકરણ' - એકપણાનો વિકલ્પ કરવો તે અજ્ઞાનથી છે, એમ નાનાત્વથી - ભિન્નપણાથી તે પર-આત્માને જાણે છે, 'इत्येवं नानात्वेन परात्मानौ जानाति' - એટલે પછી કોઈ કર્ત્તાની જે કૃતિ નથી એવું અકૃત્રિમ 'અકૃતક' 'એક' જ્ઞાન જ હું છું, 'अकृतकं ज्ञानमेवाहं', પણ કૃત્રિમ - 'કૃતક' 'અનેક' ક્રોધાદિ પણ હું નથી, 'न पुनः कृतकोऽनेकः क्रोधादिरपि' - એમ સમજી તે 'હું ક્રોધ છું' ઈત્યાદિ વિકલ્પ આત્માનો જરા પણ કરતો નથી. એટલે તે સમસ્ત જ કર્તૃત્વ ફગાવી દે છે. 'ततः समस्तमपि कर्तृत्वमपास्यति' - એટલે પછી 'નિત્યમેવ ઉદાસીન અવસ્થાવાળો તે જાણતો જ રહે છે', नित्यमेव उदासीनावस्थो जानन्नेवास्ते, અર્થાત્ સર્વ પરભાવ-વિભાવથી અસ્પર્શ્ય એવી 'ઉત્' - ઉચ્ચ આત્મદશા-સ્થાને 'આસીન' બેસવારૂપ ઉદાસીન અવસ્થાને પામેલો તે માત્ર સાક્ષીરૂપે જ્ઞાતા - દષ્ટા જ રહે છે. એટલે પછી નિર્વિકલ્પોऽકૃતક એકો विज्ञानघनीभूतः - નિર્વિકલ્પ અકૃતક એક વિજ્ઞાનઘનીભૂત તે અત્યંત અકર્તા પ્રતિભાસે છે, અન્યતમકર્ત્તા

પ્રતિભાતિ । અર્થાત્ સર્વ વિકલ્પથી પર હોવાથી જે નિર્વિકલ્પ છે, અકૃત્રિમ - સહજ હોવાથી જે અકૃતક (non-artificial) છે, પરભાવનું દ્વૈત મટી જવાથી - અદ્વૈત હોવાથી જે એક છે અને અન્ય ભાવને પેસવા ન દીએ એવો ઘન - નક્કર સર્વ પ્રદેશે વિજ્ઞાનમય રૂપ વિજ્ઞાન હોવાથી જે વિજ્ઞાનઘન છે, એવો નિર્વિકલ્પ, અકૃતક, એક **'વિજ્ઞાનઘન'** થઈ ગયેલો તે સહજ શુદ્ધ આત્મસ્વરૂપને પામેલો **'સહજાત્મસ્વરૂપ'** આત્મા સર્વથા અકર્ત્તા પ્રતિભાસે છે.

''સર્વ વિભાવથી ઉદાસીન અને અત્યંત શુદ્ધ નિજ પર્યાયને સહજપણે આત્મા ભજે તેને શ્રી જિને તીવ્ર જ્ઞાનદશા કહી છે. જે દશા આવ્યા વિના કોઈ પણ જીવ બંધન મુક્ત થાય નહીં એવો સિદ્ધાંત શ્રી જિને પ્રતિપાદન કર્યો છે, જે અખંડ સત્ય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, (૪૮૪), ૫૭૨**

અને આવી તથારૂપ પરમ ઉદાસીન નિર્વિકલ્પ 'વિજ્ઞાનઘન' તીવ્ર જ્ઞાનદશાની જીવનમાં સાક્ષાત્ અમૃત અનુભવ કરનારા **શ્રીમદ્ રાજચંદ્રજી**ના તેમના પરમાર્થસખા સૌભાગ્ય પરના અમૃત પત્રોમાં સહજ અનુભવોદ્‌ગાર છે કે -

''ચિત્ત ઉદાસ રહે છે.''

''કારણકે વીતરાગતા વિશેષ છે, અન્ય સંગમાં બહુ ઉદાસીનતા છે.''

''અત્યંત ઉદાસ પરિણામે રહેલું એવું જે ચૈતન્ય તેને જ્ઞાની પ્રવૃત્તિમાં છતાં તેવું જ રાખે છે.''

''અત્ર સમાધિ છે. પૂર્ણ જ્ઞાને કરી યુક્ત એવી જે સમાધિ તે વારંવાર સાંભરે છે. પરમ સતનું ધ્યાન કરીએ છૈયે. ઉદાસપણું વર્ત્તે છે.''

''ચોતરફ ઉપાધિની જ્વાલા પ્રજ્વલતી હોય તે પ્રસંગમાં સમાધિ રહેવી એ પરમ દુષ્કર છે અને એ વાત તો પરમજ્ઞાની વિના થવી વિકટ છે, અમને પણ આશ્ચર્ય થઈ આવે છે, તથાપિ એમ પ્રાયે વર્ત્યા જ કરે છે, એવો અનુભવ છે. આત્મભાવ યથાર્થ જેને સમજાય છે, નિશ્ચય રહે છે, તેને એ સમાધિ પ્રાપ્ત હોય છે. સમ્યક્ દર્શનનું મુખ્ય લક્ષણ વીતરાગતા જાણીએ છઈએ અને તેવો અનુભવ છે.''


''ઉદાસ પરિણામ આત્માને ભજ્યા કરે છે.''

''અત્યંત પરિણામમાં ઉદાસીનતા પરિણમ્યા કરે છે.''

''અમને તો એવી જંજાલ વિષે ઉદાસીનપણું વર્ત્તે છે, અમારે વિષે વર્તતો પરમ વૈરાગ્ય વ્યવહારને વિષે ક્યારેય મન મળવા દેતો નથી.'' ઈત્યાદિ - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૩૫, ૨૪૮, ૨૭૦, ૨૭૧, ૨૮૨, ૨૮૪, ૩૦૧**

અને આવા પરમ 'દુષ્કર દુષ્કર કારક' જ્ઞાની પુરુષની* આવી વિકટ જ્ઞાનદશાને અનુલક્ષીને જ કદાચ મહાજ્ઞાની **આનંદઘનજી** જેવા યોગી પુરુષે ગાયું હશે કે -

''ધાર તરવારની સોહલી દોહલી ચૌદમા જિનતણી ચરણ સેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા.'' - **શ્રી આનંદઘનજી**



* જુઓ : **'અધ્યાત્મ રાજચંદ્ર'** (સ્વરચિત) પ્રકરણ એકસઠમું ઉપાધિ મધ્યે સમાધિ : અલૌકિક 'રાધાવેધ'

હવે અજ્ઞાનથી જ કર્તાપણું હોય છે એમ અદ્‌ભુત અન્યોક્તિથી દર્શાવતો **સમયસાર કળશ (૧૨)** પ્રકાશે છે -

वसंततिलका

अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी,
ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः ।
पीत्वा दधीक्षु मधुराम्लरसातिगृद्ध्या,
गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालं ॥५७॥

અજ્ઞાનથી જ સહ જે તૃણ ભોજનારો, જ્ઞાન સ્વયં નકી છતાં પણ રંજનારો;
શ્રીખંડ પી ખટમીઠા રસ ગૃદ્ધિ આણે, તે ગાયનું દુધ રસાલ દુહે જ જાણે ! ૫૭

અમૃત ૫૬-૫૭

જ્ઞાન ભોજન અજ્ઞાનથી બગાડતો, જ્ઞાને રાગનો રંગ લગાડતો,
ગજ શું ખડ આ ખરેખર ! ખાય રે ? મિષ્ટ ભોજન શું ખડ મિલાય રે ?... જ્ઞાન ભોજન... ૧
ખટમીઠો શ્રીખંડ આ ખાઈને, ખટમીઠા રસથી ન ધરાઈને,
અતિગૃદ્ધિથી દોહે ગાયને ! દૂધ રસાળું પીવા ધાયને... જ્ઞાન ભોજન... ૨
ખડખાવાપણું આ છોડને ! જ્ઞાન ભોજનમાં મનને જોડને !
ભગવાન અમૃતચંદ્રની આ વાણને, અમૃતમયી સદાય પ્રમાણને !... જ્ઞાન ભોજન... ૩

અર્થ - જે ખરેખર ! સ્વયં જ્ઞાન હોતાં છતાં અજ્ઞાનથી જ સતૃણ અભ્યવહારકારી (તૃણ સહિત આહાર કરનારો) રાગ કરે છે (રંજે છે), તે શ્રીખંડ પીને મધુરામ્લ (ખટમીઠા) રસની અતિગૃદ્ધિ થકી ખરેખર ! ગાયનું જાણે રસાલ દૂધ દૂહે છે !

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સમસ્ત સંસાર બે પ્રવાહથી વહે છે, પ્રેમથી અને દ્વેષથી, પ્રેમથી વિરક્ત થયા વિના દ્વેષથી છૂટાય નહિ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૮૦), ૫૬૬**

''મેં અજ્ઞાનમેં સુપ્ત રહ્યો પર ધ્યાન મેં, જગ્યો જાન્યૌ તત્ત્વ તોહિ ગુન માન મેં,
જ્યું દરિદ્રી લહી દ્રવ્ય અધૃતિ ચિતમૈં કરે, તૈસે અસંત જ્ઞાન પાઈ જ્ઞાન સુખ જન વરે.''

- શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૧૨૧

ઉપરમાં **'આત્મખ્યાતિ'ના** ગદ્યભાગમાં **કર્તૃત્વ મૂલ અજ્ઞાન** વિવરી દેખાડ્યું, તેની પુષ્ટિમાં સારસમુચ્ચયરૂપ આ કળશ લલકાર્યો છે,-'ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः' - આ આત્મા સ્વયં - પોતે પ્રગટપણે જ્ઞાન હોતાં છતાં જે રંજાય છે - રંગાય છે - રાગાદિના રંગથી રંગાય છે, તે અજ્ઞાનને લીધે જ **સતૃણાભ્યવહારકારી** 'अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी' છે, તૃણ સાથે અભ્યવહાર - આહાર કરનારો છે. અર્થાત્ હાથી જેમ સુંદર શુદ્ધ ધાન્ય હોય, તેને તૃણ-ઘાસ સાથે ભેળવીને-મિશ્ર કરીને - સેળભેળ કરીને ખાય છે, સતૃણ અભ્યવહાર - અશુદ્ધ આહાર કરે છે, તેમ આ જ્ઞાનમય આત્મા પોતે નિશ્ચયથી પ્રગટ શુદ્ધ જ્ઞાન છે છતાં, પોતાના નિજ સ્વરૂપનું ભાન નહિ હોવાથી અજ્ઞાનને લીધેજ રાગાદિ રંગના અનુરંજન સાથે મિશ્રપણે - સેળભેળપણે - અશુદ્ધ ભાવ સહિતપણે અશુદ્ધ અનુભવ કરે છે. આ જ શુદ્ધ ધાન્યરૂપ અમૂલ્ય જે જ્ઞાન, તેનું તૃણરૂપ - તણખલા જેવા નિર્માલ્ય રાગાદિ રંગન સાથે અભ્યવહાર - આહાર કરવારૂપ સતૃણ અભ્યવહારકારીપણું છે અને આજ જે રાગાદિ રંગથી રંગાયેલો

અજ્ઞાની જીવ છે તે જ સતૃણાભ્યવહારકારીપણું છોડાવવા માટે **મહાજ્ઞાનેશ્વર પરમાર્થ મહાકવિ અમૃતચંદ્રજી** સુંદર અન્યોક્તિથી અજ્ઞાનીના અજ્ઞાનનો માર્મિક ઉપહાસ કરે છે - 'पीत्वा दधीक्षु मधुराम्लरसातिगृद्ध्या' - દધિ-ઈક્ષુ પીને મધુર-અમ્લ-ખટમીઠા રસની અતિગૃદ્ધિથી - વધારે પડતી લોલુપતાથી તે ખરેખર ! ગાયનું જાણે રસાલ દૂધ દોહે છે ! - 'गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालं ।' અર્થાત્ કોઈ મનુષ્ય દધિ-ઈક્ષુ - દહીં અને ઈક્ષુનું - શેરડીનું મિશ્રણ પીએ છે, તેને તેનો ખાટો-મીઠો (ખટ મીઠો) રસ ગોઠી જાય છે, તે એટલે સુધી કે તેને તે ખટમીઠા રસની 'गृद्धि' - લુબ્ધતા - લાલસા ઉપજે છે, તેથી ખટમીઠા રસની 'અતિગૃદ્ધિથી' - અતિશય ગૃદ્ધિથી - વધારે પડતી લુબ્ધતાથી (Excessive greed) તે ગાયનું રસાલ-રસભર્યું-સરસ દૂધ દોહે છે, તે એટલા માટે કે ખટાશનું મિશ્રણ - મેળવણ નાંખી તે દૂધમાંથી પ્રથમ તો દહીં બને - દૂધ પોતે દધિ પર્યાયે પરિણમે, ને પછી તેમાં ઈક્ષુ રસના સંયોગસંબંધ થકી (admixture) પોતાનો પ્રિય ખટમીઠો રસ હાંસલ થાય ! આમ તે ગાયનું રસાલ દૂધ દોહે છે તે ખરેખર ! દધિ-ઈક્ષુનો ખટમીઠો રસ આસ્વાદવા ખાતર ! તેમ અજ્ઞાની જીવ છે તે અનાદિથી સ્વ-પરની ભેળસેળવાળો-'મિલિત આસ્વાદવાળો' - વિકૃત ચૈતન્યપરિણામનો વિરસ - વિકૃત રસ અનુભવી રહ્યો છે અને અનાદિ અભ્યાસથી તે વિરસ રસ પણ તેને ગોઠી ગયો છે ! તે એટલે સુધી કે તેને તે ખટમીઠા રસ સમા વિરસ રસની 'गृद्धि' - લુબ્ધતા - લાલસા ઉપજે છે. તેથી તે વિરસ રસની 'અતિ ગૃદ્ધિથી' - વધારે પડતી લુબ્ધતાથી (Excessive greed) તે ચેતના-કામધેનુનું રસાલ-રસભર્યું-સરસ જ્ઞાન-દૂધ દોહે છે, તે એટલા માટે કે રાગાદિ રંગનરૂપ વિભાવ-ખટાશનું મિશ્રણ-મેળવણ નંખાતાં તે જ્ઞાન-દૂધમાંથી પ્રથમ તો અજ્ઞાનરૂપ દહીં બને - જ્ઞાન-દૂધ પોતે અજ્ઞાન-દધિ પર્યાયે પરિણમે અને પછી તેમાં પરભાવરૂપ ઈક્ષુરસના સંયોગ સંબંધ થકી (admixtures) પોતાનો અનાદિનો પ્રિય ખટમીઠો વિરસરસ - વિભાવરૂપ વિકૃત ચેતન રસ હાંસલ થાય ! આમ તે ચેતના-કામધેનુનું રસાલ જ્ઞાન-દૂધ દોહે છે, તે ખરેખર ! વિભાવ - પરભાવનો મિશ્ર ખટમીઠો વિરસ રસ આસ્વાદવા ખાતર !



અજ્ઞાનની ભારોભાર નિંદા કરતો સમયસાર કળશ (૧૩) પ્રકાશે છે -

शार्दूलविक्रीडित

अज्ञानान्मृगतृष्णिकां जलधिया धावंति पातुं मृगा,
अज्ञानात्तमसि द्रवंति भुजगाध्यासेन रज्जौ जनाः ।
अज्ञानाच्च विकल्पचक्रकरणाद्वातोत्तरंगाब्धिवत्,
शुद्धज्ञानमया अपि स्वयममी कर्त्रीभवंत्याकुलाः ॥५८॥

અજ્ઞાને મૃગતૃષ્ણિકા જલધીથી પીવા મૃગો દોડતા,
અજ્ઞાને તમમાં ભુજંગ રજુમાં માની જનો ભાગતા;
અજ્ઞાને પરને તરંગી જલધિ શું વિકલ્પ ચક્રે ગતા,
શુદ્ધજ્ઞાનમયા છતાં સ્વયમપિ આકુલ કર્ત્તા થતા. ૫૮

અમૃત પદ-૫૮

અજ્ઞાને કર્ત્તા થઈ આત્મા, આકુલ થઈ અકળાય... ધ્રુવ પદ. ૧
અજ્ઞાને મૃગ મૃગજલ પીવા, જલબુદ્ધિથી ધાય,
અજ્ઞાને અંધારે રજ્જુ, માની સાપ પલાય... અજ્ઞાને કર્ત્તા. ૨
અજ્ઞાને જ વિકલ્પ ચક્રના, કરણ ચાકડે ચડાય,
વાયે હેલે ચડતા સાયર શું, હાય હિલોળા ખાય... અજ્ઞાને કર્ત્તા. ૩
શુદ્ધ જ્ઞાનમય છતાંય પોતે, જન આ કર્ત્તા થાય,
ભગવાન અમૃત જ્યોતિ ભૂલી, આકુલ થઈ અકળાય... અજ્ઞાને કર્ત્તા. ૪

અર્થ - અજ્ઞાનથી મૃગ તૃષ્ણિકાને (ઝાંઝવાના જલને) જલ બુદ્ધિથી પીવાને મૃગો દોડે છે, અજ્ઞાનથી તમસ્‌માં રજ્જુમાં ભુજગાધ્યાસથી (દોરડીમાં સાપ માની બેસી) જનો ભાગે છે અને અજ્ઞાનથી વિકલ્પ ચક્રકરણથકી વાયુથી ઉત્તરંગ સમુદ્રની જેમ આ (જનો) સ્વયં શુદ્ધ જ્ઞાનમય છતાં આકુલ બની સ્વયં કર્ત્તા થાય છે-

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આ લોક ત્રિવિધ તાપથી આકુળ વ્યાકુળ છે. ઝાંઝવાનાં પાણીને લેવા દોડી તૃષા છીપાવવા ઈચ્છે છે એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુળ ખેદ, જ્વરાદિક રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને અનુભવે છે, એવી અશરણતાવાળા આ જગત્‌ને એક સત્પુરુષ જ શરણ છે, સત્પુરુષની વાણી વિના કોઈ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે. માટે ફરી ફરી તે સત્પુરુષના ચરણનું અમે ધ્યાન કરીએ છીએ.''
- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૧૮૪), ૨૧૩

''મુજ જ્ઞાયકતા પરરસી રે લાલ. પરતૃષ્ણાએ તમ રે,
તે સમતારસ અનુભવે રે લાલ. સુમતિ સેવન વ્યામ રે...'' **- શ્રી દેવચંદ્રજી**

અજ્ઞાનની ભારોભાર નિંદા કરતા આ કળશ કાવ્યમાં કેટલાક સુપ્રસિદ્ધ દૃષ્ટાંતો તાદૃશ્ય આબેહૂબ શબ્દચિત્રથી (graphic pictures - સ્વભાવોક્તિથી) આલેખી **મહાપરમાર્થ કવીશ્વર અમૃતચંદ્રજી** અન્યોક્તિથી જીવોની અજ્ઞાન નિદ્રા ઉડાડે છે. अज्ञानान् मृगतृष्णिकां जलधिया धावंति पातुं मृगाः - અજ્ઞાનને લીધે મૃગતૃષ્ણિકાને - ઝાંઝવાના જલને જલ બુદ્ધિથી પીવાને મૃગો - હરણીયાંઓ દોડે છે,

અજ્ઞાનને લીધે તમસ્‌માં ઘોર - અંધકારમાં રજ્જુમાં - દોરડામાં ભુજગ અધ્યાસથી - સાપ માની બેસવાથી જનો દ્રવે છે - દડદડ દોડી જાય છે - એકદમ વેગે ભાગે છે, 'अज्ञानात्तमसि द्रवंति भुजगाध्यासेन रज्जौ जनाः', અને અજ્ઞાનને લીધે વિકલ્પચક્રના - ચક્ર જેવા વિકલ્પવૃંદના કરણથકી - કરવા થકી વાયુથી ઉત્તરંગ - ઉંચા ઉછળતા તરંગવાળા અબ્ધિ - સમુદ્રની જેમ - 'अज्ञानाच्च विकल्पचक्रकरणाद्वातोत्तरंगाब्धिवत्' - આકુલ થયેલા આ જનો સ્વયં - પોતે શુદ્ધ જ્ઞાનમય છતાં કર્ત્તારૂપ થાય છે - 'शुद्ध ज्ञानमया अपि स्वयममी कर्त्रीभवंत्याकुलाः' - અત્રે આ અન્યોક્તિઓની પરમાર્થ ઘટના આ પ્રકારે -

(૧) ઉન્હાળામાં અરણ્યમાં ભટકતા મૃગને દૂર દૂર ક્ષિતિજમાં જલનો આભાસ આપતું મૃગજલ - ઝાંઝવાનું પાણી દેખાય છે, તેને સાચું પાણી જાણી અજ્ઞાની મૃગ તે પાણી પીવાની આશાથી તે પ્રત્યે પૂરપાટ દોડે છે, પણ તે ઝાંઝવાનું પાણી તો હાથતાલી દઈ દૂર ને દૂર જ રહે છે, મિથ્યાભાસરૂપ હોઈ કાંઈ હાથમાં આવતું નથી, ને મૃગ બિચારૂં થાકી પાકીને લોથપોથ થાય છે, અજ્ઞાનને લીધે મતિભ્રમથી અતિશ્રમ કરી મહાદુઃખી થાય છે. તેમ અજ્ઞાનને લીધે મૃગ - દુર્બળ હરણ જેવા - અબૂઝ પશુ જેવા ગમાર અજ્ઞાન જીવો છે; તે અજ્ઞાની જીવ-મૃગલાંઓને પરભાવરૂપ મૃગજલમાં આત્મભાવરૂપ જલનો ભાસ થાય છે, એટલે તે જલ પીવાની દુરાશાથી તે પરભાવ મૃગજલ પ્રત્યે અનુધાવન કરે છે, પણ તે પરભાવ મૃગજલ તો મિથ્યાભાસરૂપ હોવાથી તેમાં ક્યારેય પણ કંઈ પણ આત્મભાવ-જલની પ્રાપ્તિ સંભવતી નથી, આમ અજ્ઞાનને લીધે બિચારા અજ્ઞ જીવ-મૃગો ભવારણ્યમાં ભટકતા રહી પરભાવમાં આત્મબુદ્ધિરૂપ મતિભ્રમથી અતિશ્રમ પામી સહા ભવભ્રમણ દુઃખ અનુભવે છે. માટે અન્યોક્તિ - હે અબૂઝ જીવ-મૃગો ! તમે આ પરભાવરૂપ મૃગજલમાં આત્મભાવ-જલની મિથ્યા ભ્રમણાથી તૃષ્ણાથી દોડી દોડી ભવભ્રમણ ક્લેશને અનુભવો છો, તે અજ્ઞાનને લીધે છે, માટે તે આત્મભ્રાંતિ જન્ય ભવભ્રાંતિ ઉચ્છેદવા માટે અજ્ઞાનને છોડો ! અને પરભાવ પ્રત્યે ફોગટ મ દોડો !

(૨) **તમસ્‌માં** - અંધારામાં દોરડું પડ્યું છે, તેને અજ્ઞાનને લીધે સાપ માની બેસી લોકો ભાગે છે. તેમ અજ્ઞાની જીવો તમસ્‌માં - ગાઢ અજ્ઞાન અંધકારમાં પડ્યા છે. તે આત્મવસ્તુરૂપ દોરડામાં પરવસ્તુરૂપ ભુજગનો અધ્યાસ કરે છે, માની બેસે છે, એટલે તે 'દ્રવે છે' ભડકીને વેગે ભાગે છે ! આ હું નહિ એમ માની બેસી આત્મસ્વરૂપથી દૂર પલાયન કરે છે ! અથવા તો પરવસ્તુરૂપ દોરડામાં આત્મવસ્તુરૂપ ભુજગનો અધ્યાસ કરે છે, માની બેસવાપણું કરે છે, એટલે તે 'દ્રવે છે' - દ્રવી જાય છે - ઓગળી પીગળી જાય છે. એટલે કે પરવસ્તુમાં તન્મય બની એકરસ થાય છે. માટે આ પરથી અન્યોક્તિ - હે આત્મભ્રાંતિ પામેલા મોહ મૂઢ જીવો ! તમે આત્મામાં પરની ભ્રાંતિથી ભડકીને આત્મસ્વરૂપથી દૂર મ ભાગો ! પરમાં આત્માની ભ્રાંતિથી પરમાં તન્મય એકરસ મ બનો !

'' 'સત્' એ કંઈ દૂર નથી, પણ દૂર લાગે છે અને એ જ જીવનો મોહ છે. 'સત્' જે કોઈ છે, તે 'સત્ જ' સરલ છે, સુગમ છે અને સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે. 'સત્' છે તે ભ્રાંતિ નથી, ભ્રાંતિથી કેવલ વ્યતિરિક્ત (જૂદું) છે, કલ્પનાથી 'પર' (આઘે) છે, માટે જેની પ્રાપ્ત કરવાની દૃઢ સતિ થઈ, તેણે પોતે કંઈક જાણતો નથી, એવો દૃઢ નિશ્ચયવાલો પ્રથમ વિચાર કરવો અને 'સત્'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું, તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૫૧), ૨૧૧**

(૩) સમુદ્ર છે. તેમાં વાયુના હિલોળા આવે છે ને મોટા મોજાં ઉછળે છે - ઉંચા તરંગો ઉઠે છે, ને તેથી ક્ષોભ પામતો - ખળભળી ઉઠતો સમુદ્ર, સ્વયં - પોતે નિસ્તરંગ છતાં, આકુલ હોય છે. તમ આત્મારૂપ સમુદ્ર-ચૈતન્યસાગર છે, તેમાં પરભાવ-વિભાવની વાસનારૂપ વાયુના હિલોળા આવે છે ને વિકલ્પોના મોજાં ઉછળે છે - ઉંચા વિકલ્પ તરંગો ઉઠે છે, એક વિકલ્પતરંગ ઉઠ્યો - પછી બીજો ઉઠ્યો - પછી ત્રીજો ઉઠ્યો એમ દુશ્ચક્રની (Vicious Circle) જેમ વિકલ્પચક્ર ઘૂમ્યા કરે છે, વિકલ્પનું ચકરડું ચાલ્યા કરે છે અને તેથી ક્ષોભ પામતો આ વિકલ્પચક્રના દુશ્ચક્રમાં ચાકડે ચઢેલો આ જીવ 'આકુલ' થાય

છે, હેરાન હેરાન-દુઃખી દુઃખી થાય છે. કારણકે પોતે શુદ્ધ જ્ઞાનમય છતાં વિકલ્પાકુલ જીવો ક્ષોભ પામી - વિકલ્પચક્રના કરવા થકી ખળભળી ઉઠી, કર્ત્તા બને છે અને તેથી આમ વિકલ્પચક્રના ઘૂમવાથી ભવચક્ર ઘૂમાવાય છે, ને જીવ 'આકુલ' - દુઃખી થાય છે. માટે આ પરથી 'અન્યોક્તિ - હે વિકલ્પાકુલ આત્માઓ ! તમે પોતે શુદ્ધ જ્ઞાનમય છો, શાંત નિસ્તરંગ સમુદ્રની જેમ શાંત નિસ્તરંગ શુદ્ધ ચૈતન્યસાગર છો, છતાં વિકલ્પના તરંગોથી ક્ષોભ પામી શાને આકુલ થાઓ છો ? હાથે કરીને શાને હેરાન હેરાન - દુઃખી દુઃખી બનો છો ? વિકલ્પચક્રના દુશ્ચક્રમાં પડી શાને ભવચક્રમાં ઘૂમો છો ? શાંત નિસ્તરંગ સમુદ્ર જેમ તમારૂં અનાકુલ પરમ સુખમય જ્ઞાનસ્વરૂપ છે, તેને ભજો. ઈત્યાદિ ભાવ અત્ર ઘટાવી શકાય છે.*



---

* આવા આ ભાવપૂર્ણ કળશનો ભાવ ઝીલી બનારસીદાસજી વદે છે - જેમ મહાધૂપની - ભારી આકરા તડકાની તપિમાં - તાપમાં તરસ્યો થયેલો મૃગ ભ્રમથી મિથ્યાજલ - ઝાંઝવાનાં પાણી પીવાને દોડે છે, જેમ અંધકારમાં દોરડી દેખીને પુરુષ ભ્રમથી સર્પ માની ડરથી દોડી આવે છે, પોતાના સ્વભાવે સદા સુસ્થિર સાગર જેમ પવનના સંયોગથી ઉછળીને અકળાય છે - આકુલ થાય છે, તેમ સહજ સ્વરૂપે જીવ જડથી અવ્યાપક છે - જડમાં વ્યાપક નથી, પણ ભ્રમથી કર્મનો કર્ત્તા કહેવાયો છે - 'તૈસૈં જીવ જડ સૌં અવ્યાપક સહજ રૂપ, ભરમ સૌં કરમકૌ કરતા કહાયૌ હૈ.'

''જૈસૈં મહા ધૂપકી તપતિ મૈં તિસાયૌ મૃગ, ભરમ સૌં મિથ્યાજલ પીવનકૌં ધાયૌ હૈ,
જૈસૈં અંધકાર માંહિ જેવરી નિરખી નર, ભરમસૌં ડરપિ સરપ માનિ આયૌ હૈ,
અપનૈં સુભાવ જૈસૈં સાગર સુથિર સદા, પવન-સંજોગ સૌં ઉછરિ અકુલાયૌ હૈ,
તૈસૈં જીવ જડસૌં અવ્યાપક સહજ રૂપ, ભરમસૌં કરમકૌ કરતા કહાયૌ હૈ.''

- શ્રી બનારસીદાસજી કૃત સ.સા.ના કર્તા, કર્મ અ. ૧૪

જ્ઞાની હંસને જ્ઞાનજન્ય વિવેકથકી જ અકર્ત્તાપણું - કેવલ જ્ઞાતવ્યપણું જ હોય છે એમ પ્રકાશતો **સમયસાર કળશ (૧૪)** સંગીત કરે છે -

વસંતતિલકા

ज्ञानाद्विवेचकतया तु परात्मनो र्यो,
जानाति हंस इव वाःपयसोर्विशेषं ।
चैतन्यधातुमचलं स सदाधिरूढो,
जानीत एव हि करोति न किंचनापि ॥५९॥

આત્મા - અનાત્મની વિવેચકતાથી જ્ઞાને,
જે હંસ જેમ જલ-દુગ્ધ વિશેષ જાણે;
ચૈતન્ય ધાતુ અચલા નિત રૂઢ તે છે,
જાણે જ છે પણ કંઈ પણ ના કરે છે. ૫૯

અમૃત પદ-૫૯

'ધાર તરવારની સોહલી દોહલી.' એ રાગ

જ્ઞાની હંસ જાણતો, કર્તૃત્વ ન આણતો, જાણે પણ કાંઈ પણ ના કરે છે
શુદ્ધ ચૈતન્ય ધાતુ પરે રૂઢ તે, શુદ્ધ અમૃત અનુભવ ધરે છે... જ્ઞાની હંસ. ૧
હંસ જ્યમ નીર ને ક્ષીર વિવેચતો, નીર ને ક્ષીર વિવેક આણે,
તેમ જે જ્ઞાને કરી વિવેચકતા ધરી, પર અને આત્મ વિશેષ જાણે... જ્ઞાની હંસ. ૨
તેહ અચલો ખરે ! ચૈતન્ય ધાતુ પરે, નિત્ય અધિરૂઢ થઈને રહે છે,
તેહ જાણે જ છે કંઈય ન કરે જ છે, એમ ભગવાન અમૃત કહે છે... જ્ઞાની હંસ. ૩

અર્થ - જ્ઞાન થકી વિવેચકતાએ કરીને જે, નીર-ક્ષીરમાં હંસની જેમ, પર-આત્માનો વિશેષ જાણે છે, તે અચલ ચૈતન્ય ધાતુએ સદા અધિરૂઢ થયેલો નિશ્ચયે કરીને જાણે જ છે, કંઈ પણ કરતો નથી. ૫૯

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્મા અત્યંત સહજ સ્વસ્થતા પામે એજ સર્વ જ્ઞાનનો સાર શ્રી સર્વજ્ઞે કહ્યો છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૩૫, ૫૯૩

''હલચલ મેટ ખબર લે ઘટકી, ચિન્હે રમતા જલ મેં.'' **- શ્રી આનંદઘન પદ, ૭**

આગલા બે કળશમાં અજ્ઞાનની ભારોભાર નિંદા કરી **અમૃતચંદ્રજી મહાકવિએ** આ અને પછીના કળશમાં જ્ઞાનની મુક્ત કંઠે પ્રશંસા કરી છે, તેમાં આ કળશમાં જ્ઞાન થકી ક્ષીરનીરવત્ વિવેક પ્રગટી શુદ્ધ ચૈતન્યમય આત્મામાં સદા સ્થિતિ હોય છે એમ અપૂર્વ ભાવથી લલકાર્યું છે - ज्ञानाद् विवेचकतया तु परात्मनो र्यो - જ્ઞાન થકી વિવેચકતાએ કરીને - વિભાગ - વ્હેંચણ - વિવેચન કરવારૂપ વિવેચકપણાએ કરીને જે પર-આત્માના હંસ જેમ ક્ષીર-નીરના, વિશેષને - તફાવતને જાણે છે - 'जानाति हंस इव वाःपयसो र्विशेषं', તે કદી પણ ચલાયમાન ન થાય એવી અચલ ચૈતન્યધાતુમાં સદા અધિરૂઢ થયેલો - चैतन्यधातुमचलं स सदाधिरूढो, નિશ્ચયે કરીને જાણે જ છે, કંઈ પણ કરતો નથી - 'जानीत एव हि करोति न किंचनापि' - અત્રે હંસનું દૃષ્ટાંત પરિભાવન કરવા યોગ્ય છે : પાણી અને દૂધ આમ છે તો જૂદા પણ એકમેકમાં એવા સંવલિત થઈ ગયા છે કે તે નીર ક્ષીર એકરૂપવત્ ભાસે છે. પણ હંસના

મુખરસમાં એવી કોઈ વિશિષ્ટ અમ્લતા (ખટાશ) છે કે તે નીર-ક્ષીરનું વિવેચન કરી શકે છે, પાણી ને દૂધની વિભાગ-વ્હેંચણીરૂપ વિવેક કરી શકે છે, આ પાણી ને આ દૂધ એમ પાણી ને દૂધ જૂદા પાડી શકે છે. તેમ પર ને આત્મા આમ છે તો જૂદા પણ એકક્ષેત્રાવગાહ સંબંધથી એકમેકમાં એવા સંવલિત થઈ ગયા છે કે તે પરાત્મા એકરૂપવત્ ભાસે છે. પણ જ્ઞાની આત્મહંસના ચૈતન્યરસમાં એવી કોઈ વિશિષ્ટ જ્ઞાન - અમૃતતા (અમૃતતા - માધુર્ય) છે કે તે પરાત્માનું વિવેચન કરી શકે છે, પર ને આત્માની વિભાગ-વ્હેંચણીરૂપ વિવેક કરી શકે છે, આ પર ને આ આત્મા એમ પર ને આત્મા જૂદા પાડી શકે છે અને આમ નીર-ક્ષીરને જૂદા પાડવારૂપ વિવેચકતાએ કરીને હંસ જેમ નીર-ક્ષીરના સ્વાદ ભેદ-વર્ણ ભેદ આદિરૂપ વિશેષોને જાણે છે, તેમ જ્ઞાન થકી પરાત્માને જૂદા પાડવારૂપ વિવેચકતાએ કરીને જ્ઞાની-હંસ પર-આત્માના સ્વભાવ વિશેષોને જાણે છે, પરનો (પુદ્ગલાદિનો) અચેતન જડ સ્વભાવવિશેષ છે ને આત્માનો ચેતન અજડ સ્વભાવવિશેષ છે એમ પ્રગટ ભેદજ્ઞાન તેને ઉપજે છે. નીર-ક્ષીરનો વિવેક કરી, નીર-ક્ષીરનો વિશેષ જાણી, હંસ જેમ નીરસ વિરસ પાણીને છોડી દઈ સરસ સુરસ દૂધ પીએ છે; તેમ પરાત્માનો વિવેક કરી, પર-આત્માનો વિશેષ જાણી, જ્ઞાની હંસ ચૈતન્યરસ વિહીન નીરસ વિરસ અચેતના પરને છોડી દઈ, શુદ્ધ ચૈતન્યરસ સંપન્ન સરસ સુરસ આત્માના પરમામૃત - અનુભવરસનું પાન કરે છે અને સ્વાદભેદ જેણે જાણ્યો છે એવો હંસ જેમ સુસ્વાદુ દુગ્ધપાન અવિચલિતપણે કરે છે ને જલપાન કરતો નથી, તેમ પર-આત્માનો સ્વાદભેદ જેણે જાણ્યો છે એવો જ્ઞાની-હંસ ત્રણે કાળમાં સ્વરૂપથી ચલાયમાન ન થતી એવી 'અચલ', સર્વ પ્રદેશે ચૈતન્ય ચૈતન્ય ને ચૈતન્યમય જ એવી 'ચૈતન્ય ધાતુ'માં સદા અધિરૂઢ થયો સતો સુસ્વાદુ જ્ઞાનામૃત રસપાન કરતો જાણે જ છે, કેવલ જ્ઞાન જ અનુભવે છે, કંઈ પણ કરતો નથી, પરભાવરૂપ પુદ્ગલ કર્મ કરતો નથી, તેમજ વિભાવરૂપ ભાવકર્મ પણ કરતો નથી, અર્થાત્ સર્વથા અકર્ત્તા જ હોય છે.



જ્ઞાનની મુક્તકંઠે પ્રસ્તુતિ કરતો અમૃત સમયસાર કળશ (૧૫) અમૃતચંદ્રજી લલકારે છે -

मंदाक्रांता

ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था,
ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः ।
ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः,
क्रोधादेश्च प्रभवति भिदा भिंदती कर्तृभावं ॥६०॥

જ્ઞાનેથી જ જ્વલન-જલની ઔષ્ણ્ય-શૈત્ય વ્યવસ્થા,
જ્ઞાનેથી જ લવણ રસનો સ્વાદભેદ વ્યુદાસ;
જ્ઞાનેથી જ સ્વરસ વિકસી નિત્ય ચિદ્ ધાતુ સાવ,
(ને) ક્રોધાદિની પ્રભવતી ભિદા ભેદતી કર્તૃભાવ. ૬૦

અમૃત પદ-૬૦

'શ્રી સુપાર્શ્વ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ' - એ રાગ

જુઓ ! જ્ઞાનનો પ્રભાવ ! જુઓ જ્ઞાનનો પ્રભાવ !
કરે નાશ કર્તૃભાવ... જુઓ જ્ઞાનનો પ્રભાવ ! ૧
અગ્નિ ઉષ્ણતા જણાય, જલ શીતતા ગણાય,
એમ વ્યવસ્થા ઠરાય, જ્ઞાન પ્રભાવે કળાય... જુઓ !. ૨
મીઠું મરચું ભભરાય, લવણ સ્વાદ અવરાય,
સ્વાદભેદ દૂર થાય, જ્ઞાને લવણ કળાય... જુઓ !. ૩
સ્વરસે વિકસતી નિત, ચૈતન્ય ધાતુ તણી રીત,
અને ક્રોધાદિની રીત, જ્ઞાને જણાયે સુરીત... જુઓ !. ૪
ભેદ જ્ઞાનને પ્રભાવ, ભેદતી જ કર્તૃભાવ,
ભગવાન અમૃત સ્વભાવ, જ્ઞાન જ્યોતિ એ જલાવ (જગાવ)... જુઓ !. ૫

અર્થ - જ્ઞાન થકી જ અનલ-જલની ઔષ્ણ્ય-શૈત્યની (ઉષ્ણપણા-શીતલપણાની) વ્યવસ્થા છે, જ્ઞાન થકી જ લવણના સ્વાદ ભેદનો વ્યુદાસ ઉલ્લસે છે, જ્ઞાન થકી જ સ્વરસથી વિકસતી નિત્ય ચૈતન્ય ધાતુની અને ક્રોધાદિની ભિદા (ભિન્નતા) કર્તૃભાવને ભેદતી એવી પ્રભવે છે (જન્મે છે).

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાની કહે છે તે કુંચી રૂપી જ્ઞાન વિચારે તો અજ્ઞાનરૂપી તાળું ઉઘડી જાય.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, ઉપદેશ છાયા

અત્રે 'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રજી જ્ઞાનની મુક્ત કંઠે ઓર પ્રસ્તુતિ કરી છે - 'જ્ઞાનાદેવ' - જ્ઞાન થકી જ અગ્નિ અને જલની ઔષ્ણ્ય-શૈત્ય વ્યવસ્થા છે, ઉષ્ણપણા-શીતલપણાની વ્યવસ્થા છે, અગ્નિ ઉન્હો છે, પાણી ટાઢું છે એવી વ્યવસ્થા જ્ઞાન થકી જ હોય છે. 'જ્ઞાનાદેવ' - જ્ઞાન થકી જ લવણનો સ્વાદ ભેદ - વ્યુદાસ ઉલ્લસે છે, અથવા લવણનો સ્વાદભેદ ને વ્યુદાસ-ઉદાસીન સ્થિતિ ઉલ્લસે છે. અર્થાત્ લવણ-મીઠું બીજા મસાલા સાથે ભેળવ્યું હોય ત્યારે લવણના સ્વાદમાં ભેદ ભાસે છે, પણ જેને શુદ્ધ લવણના અસલ મૂળ સ્વાદનું જ્ઞાન છે, તે તો આ લવણનો સ્વાદ નહિ એમ ઝટ પારખી લઈ તે

લવણના સ્વાદભેદનો વ્યુદાસ કરે છે - સ્વાદભેદને દૂર કરી - ફગાવી દઈ, લવણનો તો આ લવણ સ્વાદ એમ જ્ઞાનથકી જ જાણે છે, અથવા બીજા અર્થમાં લઈએ તો જેને લવણના મૂળ સ્વાદનું જ્ઞાન છે તે લવણના સ્વાદભેદને - બીજા બધાથી જૂદા તરી આવતા ભિન્ન સ્વાદને જાણે છે, ને તેથી લવણનો વ્યુદાસ-ઉદાસીન સ્થિતિ છે એટલે કે બીજા બધા સ્વાદથી 'વિ' - વિશેષે કરીને વિશિષ્ટપણે 'ઉદ્' - અન્યથી અસ્પર્શ્ય ઉંચે 'આસ્' - બેસવારૂપ સ્થિતિ કરવારૂપ - ઉદાસીનતા છે, એમ જ્ઞાન થકી જ જાણે છે. અને 'જ્ઞાનાદેવ' - જ્ઞાન થકી જ स्वरसविकसन्नित्यचैतन्यधातोः क्रोधादेश्च प्रभवति भिदा भिंदती कर्तृभावं - સ્વરસથી વિકસતી નિત્ય ચૈતન્ય ધાતુની અને ક્રોધાદિની ભિદા - ભિન્નતા પ્રભવે છે - જન્મે છે, કે જે કર્તૃભાવને ભેદે છે. અર્થાત્ 'સ્વરસથી' - આપોઆપ જ - સ્વયં જ વિકસતી - ઉલ્લસતી ઉલ્લસતી એવી જે નિત્ય - સદા એકરૂપ સુસ્થિત ચૈતન્ય ધાતુ છે તેની અને ક્રોધાદિ અનિત્ય અનેક વિકલ્પભાવ છે તેની ભેદતા જન્મે છે, કે જે કર્તા ભાવને ભેદી નાંખે છે, સર્વથા નષ્ટ કરે છે.

અત્રે પણ અન્યોક્તિ આ પ્રકારે વિચારવા યોગ્ય છે - (૧) જ્ઞાનથકી જ ઔષ્ણ્ય-શૈત્યની - ઉષ્ણપણા-શીતપણાની વ્યવસ્થા છે, (ભાવથી) તે તે વિભાવ ભાવ ઔષ્ણ્ય-ઉષ્ણતા-સંસાર તાપનો ઉત્તાપ જન્માવનાર છે ને સ્વભાવભાવ શૈત્ય-આત્મશીતલતા - આત્માની શાંત સ્થિતિરૂપ ટાઢક ઉપજાવનાર છે, એવી જે વ્યવસ્થા - 'વિ' વિશિષ્ટ અવસ્થા છે તેનું ભાન જ્ઞાનથકી જ થાય છે. માટે અન્યોક્તિ - હે મુમુક્ષુઓ ! જ્ઞાન થકી આ સ્વભાવ-વિભાવનો ભેદ પારખી લઈ, ઔષ્ણ્ય-સંસાર ઉત્તાપ ઉપજાવનારા આ વિભાવ ભાવોને ત્યજી શૈત્ય-આત્મ શીતલતા પમાડનારા સ્વભાવ ભાવને ભજો ! (૨) જ્ઞાન થકી જ લવણનો સ્વાદભેદ-વ્યુદાસ ઉલ્લસે છે. વ્યંજન મિશ્ર - મસાલા મિશ્રિત અવસ્થામાં લવણનો સ્વાદભેદ ભાસે છે, પણ જ્ઞાનથકી જ જેણે શુદ્ધ લવણનો સ્વાદ જાણ્યો છે તે તો લવણનો અસલ સ્વાદ તો આ છે એમ ઝટ સમજી લઈ તે દેખાતા સ્વાદભેદને દૂર ફગાવી દે છે. આ પરથી અન્યોક્તિ - હે મુમુક્ષુઓ ! વિભાવ ભાવ મિશ્ર અવસ્થામાં ચેતનનો સ્વાદભેદ ભાસે છે, પણ જ્ઞાનથકી જ શુદ્ધ ચેતનનો મૂળ અસલ અનુભવસ્વાદ તો આ છે એમ જ્ઞાનથી શીઘ્ર સમજી લઈ તે દેખાતો અનુભવ સ્વાદભેદ તમે દૂર ફગાવી દ્યો ! તેમજ લવણનો સ્વાદભેદ ને તેથી ઉદાસીન સ્થિતિ છે, તેમ જ્ઞાનથકી જ શુદ્ધ ચેતનનો અનુભવ સ્વાદભેદ ને ઉદાસીન સ્થિતિ જાણી તમે શુદ્ધ ચેતનનો અનુભવાસ્વાદ કરો અને સર્વ વિભાવભાવથી અસ્પર્શ્ય એવી ઉદાસીન આત્મસ્વભાવ સ્થિતિને ભજો ! (૩) ધાતુ જેમ સકલ પ્રદેશે તે ધાતુમય છે ને તેમાં અન્યભાવનો પ્રવેશ પણ નથી, તેમ આ ચૈતન્ય ધાતુ સકલ પ્રદેશે ચૈતન્ય ધાતુમય જ છે ને તેમાં અન્ય ભાવનો પ્રવેશ પણ નથી. એમ જ્ઞાનથકી જ જાણી, અહો મુમુક્ષુઓ ! તમે આ શુદ્ધ સ્વભાવમય ચૈતન્ય ધાતુનો ને વિભાવરૂપ ક્રોધાદિ પરભાવોરૂપ અશુદ્ધિઓનો પ્રગટ વિભેદ સમજી લઈ, ક્રોધાદિ અન્ય ભાવોને આત્મામાં પેસવા મ દ્યો !

''એમાં પણ ઉદાસીનપણું એ જ સનાતન ધર્મ જ્ઞાનીનો. ધર્મ શબ્દ આચરણને બદલે છે.'' -
શ્રીમદ્ રાજચંદ્ર, (૩૩૪), ૪૦૮



આત્મા આત્મભાવનો જ કર્ત્તા - પરભાવનો નહિ જ એમ ઉદ્‌ઘોષતો **સમયસાર કળશ (૬૬)** પ્રકાશે છે -

અનુષ્ટુપ્

अज्ञानं ज्ञानमप्येवं, कुर्वन्नात्मानमंजसा ।
स्यात्कर्तात्मात्मभावस्य, परभावस्य न क्वचित् ॥६१॥

અજ્ઞાન જ્ઞાન વા એમ, કરતો આત્મ આત્મને;
આત્મભાવ તણો કર્ત્તા, ન ક્વચિત્ પરભાવનો. ૬૧

અમૃત પદ-૬૧

આત્મા આત્મને જ્ઞાન કરંતો, કાં અજ્ઞાન કરંત,
એમ આત્મા આ આત્મભાવનો, કર્ત્તા ખરે ! હવંત... આત્મા. ૧
પણ પરભાવનો કર્ત્તા તે તો, કોઈ કાળે પણ નો'ય,
ભગવાન અમૃતચંદ્રની એવી, અમૃતવાણી જોય... આત્મા. ૨

અર્થ - એમ આત્માને અજ્ઞાન-જ્ઞાન પણ કરતો આત્મા આત્મભાવનો કર્ત્તા હોય, ક્વચિત્ પરભાવનો કર્ત્તા ન હોય.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્મા મુખ્યપણે આત્મસ્વભાવે વર્તે તે અધ્યાત્મ જ્ઞાન છે. ***સત્પુરુષમાં ભાવ અધ્યાત્મ પ્રગટ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, ઉપદેશ છાયા (૯૫૭)**

''ગ્યાન ભાવ ગ્યાની કરૈ, અગ્યાની અગ્યાન,
દર્વ કર્મ પુદગલ કરૈ, યહ નિહચૈ પરવાન.'' - **બના.કૃત સ.સા. કર્તા કર્મ અ. ૧૭**

આ જે ઉપર કહ્યું તેના સારસર્વસ્વરૂપ આ કળશમાં આત્મા આત્મભાવનો જ કર્ત્તા હોય એમ સ્પષ્ટ પ્રકાશ્યું છે - अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमंजसा - એમ - ઉપરમાં વિસ્તારથી કહી દેખાડ્યું તેમ ઉક્ત પ્રકારે આત્માને અજ્ઞાન કે જ્ઞાન પણ કરતો આત્મા સીધે સીધી રીતે સર્વ - સમસ્ત આત્મભાવનો જ કર્ત્તા હોય, ક્વચિત્ પરભાવનો કર્ત્તા ન હોય - स्यात् कर्तात्मात्मभावस्य परभावस्य न क्वचित्. અર્થાત્ આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે, તે કાં તો અજ્ઞાન ભાવે પરિણમે, કાં તો જ્ઞાન ભાવે પરિણમે, એટલે કાં તો તે આત્માને અજ્ઞાન કરે કાં તો જ્ઞાન જ કરે, આમ સીધે સીધી વાત છે કે આત્મા અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ આત્મભાવનો જ કર્ત્તા હોય - અજ્ઞાની અજ્ઞાન રૂપ આત્મભાવનો કર્ત્તા હોય ને જ્ઞાની જ્ઞાનરૂપ આત્મભાવનો કર્ત્તા હોય, પણ અજ્ઞાની કે જ્ઞાની કોઈ પણ પરભાવનો કર્ત્તા તો ક્વચિત્ પણ - ક્યારેય પણ - ક્યાંય પણ ન જ હોય, ન જ હોય. આ અખંડ નિશ્ચય સિદ્ધાંત છે.

આત્મા પરભાવનો કર્ત્તા માનવો તે તો વ્યવહારીઓનો મોહ છે એમ સૂચવતો આ ઉત્થાનિકા સમયસાર કળશ (૧૭) કહે છે -

અનુષ્ટુપ્

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत् करोति किं ।
परभावस्य कर्तात्मा मोहो ऽयं व्यवहारिणां ॥६२॥

આત્મા જ્ઞાન સ્વયં જ્ઞાન, જ્ઞાનથી અન્ય શું કરે ?
પરભાવ કર્ત્તા આત્મા, મોહ આ વ્યવહારીનો. ૬૨

અમૃત પદ-૬૨

આત્મા જ્ઞાન સ્વયં જ ખરેખર ! આત્મા સ્વયં છે જ્ઞાન,
જ્ઞાન સિવાય બીજું જ કહો શું, અત્ર કરે તે જ્ઞાન ?... આત્મા જ્ઞાન સ્વયં જ ખરેખર !. ૧
પરભાવનો કર્ત્તા આ આત્મા, તે તો આ અજ્ઞાન,
વ્યવહારીઓનો મોહ જ છે આ, કહે અમૃત ભગવાન... આત્મા જ્ઞાન સ્વયં જ ખરેખર !. ૨

અર્થ - આત્મા જ્ઞાન સ્વયં જ્ઞાન છે, જ્ઞાન જ્ઞાનથી અન્ય શું કરે છે ? આત્મા પરભાવનો કર્ત્તા - એ તો વ્યવહારિઓનો મોહ છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાન અને અજ્ઞાન એ બેમાં મુખ્ય ફેર આટલો છે, કે જે જ્ઞાન સમકિત સહિત છે તેને જ્ઞાન કહ્યું છે અને જે જ્ઞાન મિથ્યાત્વ સહિત છે તેને અજ્ઞાન કહ્યું છે, પણ વાસ્તવમાં એ બન્ને જ્ઞાન છે. જ્ઞાન જીવનું રૂપ છે માટે તે અરૂપી છે, ને જ્ઞાન ''જ્ઞાન વિના સમ્યક્ત્વનો વિચાર સૂજતો નથી'', વિપરીત પણે જાણવાનું કાર્ય કરે છે, ત્યાં સુધી તેને અજ્ઞાન કહેવું એવી નિર્ગ્રંથ પરિભાષા કરી છે, પણ એ સ્થળે જ્ઞાનનું બીજું નામ જ અજ્ઞાન છે એમ જાણવું.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૦૪, ૭૬૮, ૭૭૦

''ગ્યાન સરૂપી આતમા, કરૈ ગ્યાન નહિ ઔર,
દરબ કરમ ચેતન કરૈ, યહ વિવહારી દૌર.'' શ્રી બનારસી દાસજી કૃત- કર્તાકર્મ અ. ૧૮

આ હવે પછીની ગાથાના ભાવનું સૂચન કરતો ઉત્થાનિકા કળશ કહ્યો છે - આત્મા જ્ઞાનં સ્વયં - આત્મા સ્વયં - પોતે જ્ઞાન છે, તે જ્ઞાન જ્ઞાનથી અન્ય-બીજું શું કરે છે, જ્ઞાનં જ્ઞાનાદન્યત્ કરોતિ કિં ? આત્મા પરભાવનો કર્ત્તા છે એ તો વ્યવહારીઓનો મોહ છે - 'परभावस्य कर्तात्मा मोहोयं व्यवहारिणांः' - અર્થાત્ આત્મા પોતે જ્ઞાન છે, તે જ્ઞાન સિવાય બીજું કરે જ નહિ, છતાં આત્મા પરભાવનો કર્ત્તા છે - આત્મા દ્રવ્યકર્મનો કર્ત્તા છે એમ કહેવું તે તો વ્યવહારનયનો આશ્રય કરનારા વ્યવહારીઓનો મોહ છે, એવા ભાવની ગાથા હવે શાસ્ત્રકારજી પ્રકાશે છે -



તે આ પ્રકારે -

ववहारेण दु आदा करेदि घडपडरथाणि दव्वाणि ।
करणाणि य कम्माणि य णोकम्माणीह विविहाणि ॥९८॥

વ્યવહારથી કરે આતમા, ઘટ પટ રથ પદાર્થ રે;
કરણો કર્મો અહીં કરે, વિવિધ નોકર્મો સાથ રે...
અજ્ઞાનથી કર્ત્તા આતમા, જ્ઞાને અકર્ત્તા જાણ રે. ૯૮

ગાથાર્થ - વ્યવહારથી જ એમ આત્મા ઘટ-પટ-રથ દ્રવ્યો અને કરણો અને કર્મો અને વિવિધ નોકર્મો અહીં કરે છે. ૯૮

आत्मख्यातिटीका

तथा हि -

व्यवहारेण त्वात्मा करोति घटपटरथान् द्रव्याणि ।
करणानि च कर्माणि च णोकर्माणीह विविधानि ॥९८॥

व्यवहारिणां हि -

यतो यथाय**मात्मा**त्मविकल्पव्यापाराभ्यां **घटादि**परद्रव्यात्मकं बहिः**कर्म** **कुर्वन् प्रतिभाति,**

ततस्तथा **क्रोधादि**परद्रव्यात्मकं समस्त**मंतः कर्मापि** **करोत्य**विशेषा-

दित्यस्ति व्यामोहः ॥९८॥

આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે જેમ આ **આત્મા** આત્મ વિકલ્પ - વ્યાપાર વડે **ઘટાદિ પરદ્રવ્યાત્મક બહિર્કર્મ કરતો પ્રતિભાસે છે,**

તેથી કરીને તેમ (આ આત્મા) **ક્રોધાદિ પરદ્રવ્યાત્મક સમસ્ત અંતઃકર્મ પણ કરે છે** - અવિશેષ છે માટે,

એવો **વ્યવહારીઓનો** ખરેખર ! વ્યામોહ છે. ૯૮

આત્મભાવના -

તથાહિ - તે જુઓ આ પ્રકારે - व्यवहारेण तु - **પણ વ્યવહારથી તો** आत्मा - આત્મા घटपटरथान् द्रव्याणि - ઘટ-પટ-રથ દ્રવ્યો, करणानि च कर्माणि च णोकर्माणि विविधानि - કરણો અને કર્મો અને વિવિધ કરણો इह करोति - અહીં - આ લોકને વિષે કરે છે. इति **गाथा** आत्मभावना ॥९८॥

વ્યવહારીઓનો મોહ કેવા પ્રકારે છે ? તથાહિ - જુઓ ! આ પ્રકારે - यतो यथायमात्मा - કારણકે જેમ આ આત્મા आत्मविकल्पव्यापाराभ्यां - આત્મવિકલ્પ અને આત્મવ્યાપાર વડે કરીને घटादि परद्रव्यात्मकं बहिर्कर्म कुर्वन् प्रतिभाति - ઘટાદિ-ઘટ-પટ-રથ આદિ પરદ્રવ્યાત્મક - પરદ્રવ્યમય બહિર્કર્મ - બહિરૂગત - બ્હારનું કર્મ કરતો પ્રતિભાસે છે - દીસે છે, ततः - તેથી કરીને તથા क्रोधादिपरद्रव्यात्मकं च समस्तमंतः कर्मापि करोति - તેમ ક્રોધાદિ પરદ્રવ્યાત્મક - પરદ્રવ્યમય સમસ્ત પણ અંતઃકર્મ - અંતરૂગત - અંદરનું કર્મ કરે છે - अविशेषात् - અવિશેષ છે માટે, પરદ્રવ્યાત્મક બહિર્કર્મ કે પરદ્રવ્યાત્મક અંતઃકર્મ કરવામાં પરદ્રવ્યાત્મકપણા બા. કોઈ વિશેષ - તફાવત નથી માટે - इत्यस्ति व्यवहारिणां हि व्यामोहः - એવા પ્રકારે વ્યવહારીઓનો - વ્યવહાર અવલંબીઓનો સ્ફુટપણે પ્રગટ વ્યામોહ - વિપર્યાસ બુદ્ધિરૂપ મતિ વિભ્રમ છે. इति **'आत्मख्याति'** आत्मभावना ॥९८॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


''આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે માટે કર્ત્તા છે. તે કર્ત્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે, પરમાર્થથી સ્વભાવ પરિણતિએ નિજ સ્વરૂપનો કર્ત્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવા યોગ્ય વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્ત્તા છે. ઉપચારથી ઘર નગર આદિનો કર્ત્તા છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૦૬ (સુપ્રસિદ્ધ ષટ્પદ પત્ર)**

''હું કર્ત્તા હું કર્ત્તા પરભાવનો હોજી, રાચ્યો જડ ભવભૂપ... નમિપ્રભ.'' - **શ્રી દેવચંદ્રજી**

આત્મા સ્વયં-પોતે જ્ઞાન છે, તે જ્ઞાન જ્ઞાન સિવાય બીજું શું કરે ? છતાં આત્મા પરભાવનો કર્ત્તા છે એવો જે ઉત્થાનિકા કળશમાં સૂચવેલો વ્યવહારીઓનો મોહ-મતિ વિભ્રમ છે, તે કેવા પ્રકારે છે ? તે આ ગાથામાં સ્પષ્ટ કહ્યું છે અને તેનું અંતસ્તત્ત્વ પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ અત્યંત નિષ્ણુષ સુયુક્તિથી સુપરિસ્ફુટ પ્રકાશ્યું છે.

કારણકે જેમ આ આત્મા 'आत्मविकल्पव्यापाराभ्यां' - આત્મવિકલ્પ અને આત્મવ્યાપાર વડે કરીને 'घटादि परद्रव्यात्मकं बहिर्कर्म' - આદિ પરદ્રવ્યાત્મક - પરદ્રવ્યમય બહિરૂ કર્મ - બ્હારનું - ચર્મચક્ષુગોચર કર્મ કરતો પ્રતિભાસે છે - દીસે છે, તેથી કરીને તેમ ક્રોધાદિ પરદ્રવ્યાત્મક - પરદ્રવ્યમય સમસ્ત પણ 'अंतः कर्म' - અંતઃકર્મ - અંતરૂનું ચર્મ ચક્ષુઅગોચર કર્મ કરે છે - અવિશેષ છે માટે, પરદ્રવ્યાત્મક ઘટાદિ બહિર્કર્મ (External) હો કોઈ વિશેષ - તફાવત નથી માટે - એમ 'વ્યવહારીઓનો' - વ્યામોહ - મતિવિભ્રમ (Delusion) છે.

જે દેહમાં એકક્ષેત્રાવગાહ સ્થિતિ આ આત્મા રહ્યો રે, તે બ્હારનું અંતરૂ કર્મ-નોકર્મ-કરણાદિ તે સમસ્ત પણ પરદ્રવ્યાત્મક કર્મ આત્મા કરે છે, એમ વ્યવહાર વિમૂઢ જનો માની લ્યે છે, એ તેમનો વ્યામોહરૂપ વ્યવહાર છે.



ते सत् नथी -

जदि सो परदव्वाणि य करिज्ज णियमेण तम्मओ होज्ज ।
जह्मा ण तम्मओ तेण सो ण तेसिं हवदि कत्ता ॥९९॥

ने जो ते परद्रव्यो करे, नियमथी तन्मय होय रे;
तन्मय होय न तेहथी, तस कर्त्ता ते नो'य रे... अज्ञानथी. ९९

गाथार्थ - जो ते परद्रव्योने करे तो नियमथी तन्मय होय, कारणके तन्मय नथी होतो तेथी ते तेओनो कर्त्ता नथी होतो. ९९

आत्मख्यातिटीका

स न सन् -

यदि स परद्रव्याणि च कुर्यान्नियमेन तन्मयो भवेत् ।
यस्मान्न तन्मयस्तेन स न तेषां भवति कर्त्ता ॥९९॥

यदि खल्वयमात्मा **परद्रव्या**त्मकं कर्म कुर्यात् **तदा** परिणामपरिणामिभावान्यथानुपपत्ते **नियमेन तन्मयः स्यात् न च** द्रव्यांतरमयत्वे द्रव्योच्छेदापत्ते**स्तन्मयो**स्ति । **ततो** व्याप्यव्यापकभावेन **न** तस्य **कर्तास्ति** ॥९९॥

आत्मख्याति टीकार्थ

જો निश्चयथी **આ આત્મા પરદ્રવ્યાત્મક કર્મ કરે, તો** परिणाम-परिणामी भावनी अन्यथा अनुपपत्तिने लीधे **नियमथी तन्मय होय अने** द्रव्यान्तरमयपणुं सते द्रव्योच्छेद आपत्तिने लीधे **तन्मय छे नहि, तेथी** व्याप्य-व्यापक भावथी (आ) तेनो कर्त्ता छे नहि. ९९

'अमृत ज्योति' महाभाष्य

''संयोगी भावमां तादात्म्य अध्यास होवाथी जीव जन्म मरणादि अनुभवे छे.''

- श्रीमद् राजचंद्र, अं. ६२५, हाथनोंध

''જેહ પરભાવથી દુષ્ટતા સંગ્રહી ભાવ તાદાત્મ્યમાં માહરૂં તે નહીં.'' - **श्री देवचंद्रजी**

आत्मभावना -

स न सन् - ते - ઉપરમાં જે વ્યવહારીઓનો વ્યામોહ કરી દેખાડ્યો તે सत् - साचो नथी. शी रीते ? यदि - जो स - ते, आत्मा, परद्रव्याणि च कुर्यात् - परद्रव्यो करे (तो) नियमेन तन्मयो भवेत् - नियमथी तन्मय होय. (पण) यस्मात् न तन्मयः - कारण तन्मय नथी, तेन - तेथी स - ते आत्मा तेषां - तेओनो, परद्रव्योनो कर्त्ता न भवति - कर्त्ता नथी होतो. ॥ इति **गाथा** आत्मभावना ॥९९॥

यदि खल्वयमात्मा परद्रव्यात्मकं कर्म कुर्यात् - જો 'ખરેખર !' - કહેવા માત્ર નહિ પણ નિશ્ચયે કરીને परमार्थसत्पणे આ આત્મા પરદ્રવ્યાત્મક - પરદ્રવ્યમય કર્મ કરે, तदा नियमेन तन्मयः स्यात् - तो नियमथी तन्मय - ते परद्रव्यमय होय. तन्मय परिणामी भावनी अन्यथा अनुपपत्तिने लीधे - अघटमानताने लीधे, परिणाम - परिणामी भावनुं બીજા કોઈ પ્રકારે घटमानपणुं होय नहि એને લીધે, तन्मय - ते परद्रव्यमय होय अने न च तन्मयोऽस्ति - (આ આત્મા) तन्मय - ते परद्रव्यमय छे नहि, स्वरूप सत्ताथी तन्मय छे नहि. शाने लीधे ? द्रव्यांतरमयत्वे द्रव्योच्छेदापत्तेः - द्रव्यांतिरमयपणामां द्रव्योच्छेदनी आपत्तिने लीधे, જો द्रव्यांतरमयपणुं - परद्रव्यमयपणुं थाय तो द्रव्य उच्छेद - द्रव्य नाशनी आपत्ति - आफत आवी पडे - द्रव्य उच्छेदनो प्रसंग प्राप्त थाय तेने लीधे. आम तन्मय छे नहि, तेथी शुं ? ततो व्याप्यव्यापकभावेन न तस्य कर्तास्ति - तेथी (आ आत्मा) व्याप्य-व्यापक भावथी तेनो - परद्रव्यात्मक कर्मनो कर्त्ता छे नहि. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥९९॥

આત્મા વ્યાપ્ય-વ્યાપક ભાવથી પરદ્રવ્યાત્મક કર્મનો કર્ત્તા છે નહિ


વ્યવહારથી પરદ્રવ્યાત્મક કર્મ આત્મા કરે છે એવો જે વ્યવહારીઓનો વ્યામોહ છે, તે પરમાર્થથી જોતાં 'સત્' નથી એમ અત્રે નિરૂપણ કર્યું છે અને તેનું પરિસ્પષ્ટ વિશ્લેષણ પરમતત્ત્વદૃષ્ટા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ દાખવ્યું છે. જો 'ખરેખર !' - કહેવામાત્ર નહિ પણ નિશ્ચયે કરીને પરમાર્થસત્પણે આ આત્મા પરદ્રવ્યાત્મક કર્મ કરે, તો નિયમથી 'તન્મય' - તે પરદ્રવ્યમય હોય. શાને લીધે ? પરિણામ-પરિણામી ભાવની અન્યથા અનુપપત્તિને લીધે - અઘટમાનતાને લીધે અને આ આત્મા તન્મય-તે પરદ્રવ્યમય છે નહિ. શાને લીધે ? દ્રવ્યાંતરમયપણામાં દ્રવ્ય ઉચ્છેદની આપત્તિને લીધે - પ્રસંગ પ્રાપ્તિને લીધે. આમ આ આત્મા તન્મય-તે પરદ્રવ્યમય છે નહિ, તે પરથી શું ફલિત થાય છે ? આ આત્મા વ્યાપ્ય-વ્યાપક ભાવથી તે પરદ્રવ્યાત્મક કર્મનો કર્ત્તા છે નહિ. व्याप्यव्यापकभावेन न तस्य कर्ताऽस्ति । આ વ્યાખ્યાનો સ્પષ્ટ વિશેષાર્થ આ પ્રકારે -

આત્મા પરદ્રવ્યાત્મક કર્મ કરે તો તન્મય થાય

આત્મા પરદ્રવ્યાત્મક કર્મ કરે છે એવો જે વ્યવહારીઓનો મતિ વિભ્રમરૂપ વ્યામોહ છે, તે પરમાર્થથી જોતાં અસત્ છે, કારણકે જો ખરેખર ! નિશ્ચયથી આ આત્મા 'પરદ્રવ્યાત્મક કર્મ' કરે, તો તે 'નિયમથી તન્મય હોય', એકાંતરૂપથી તે પરદ્રવ્યમય હોય. કયા કારણથી ? તો કે 'પરિણામ-પરિણામી ભાવની અન્યથા અનુપપત્તિ હોય માટે', 'परिणामपरिणामिभावान्यथानुपपत्तेः' - પરિણામ - પરિણામી ભાવ અન્ય પ્રકારે ઘટે નહિ માટે. અર્થાત્ જેવો ને જેટલો પરિણામી તેવું ને તેટલું પરિણામને જેવું ને જેટલું પરિણામ તેવો ને તેટલો પરિણામી, એવો પરિણામ - પરિણામી ભાવનો વ્યાપ્યવ્યાપક સંબંધ છે, એટલે કે પરિણામી ચેતન હોય તો તેનું પરિણામ જડ હોય, એટલે ધારો કે ચેતન આત્મા જો પરદ્રવ્યાત્મક કર્મ કરે, તો તે ઉક્ત પરિણામ-પરિણામી ભાવ બીજા કોઈ પ્રકારે નહિ ઘટી શકવાને લીધે તન્મય-તે પરદ્રવ્યમય બની જાય.

અને તન્મય થાય તો દ્રવ્ય-ઉચ્છેદ આપત્તિ

અને એમ 'द्रव्यांतरमयत्वे द्रव्योच्छेदापत्तेः' - જો તે તન્મય - તે જડ પરદ્રવ્યમય બને તો 'દ્રવ્ય ઉચ્છેદની આપત્તિ' થાય, દ્રવ્ય ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થવારૂપ મોટી આફત આવી પડે - જે સર્વથા અનિષ્ટ છે. કારણકે ચેતન જો પરદ્રવ્યાત્મક કર્મપણે પરિણમી પુદ્ગલ દ્રવ્યમય જડ બને કે જડ જો ચેતન બને તો કોઈ પણ દ્રવ્યની કોઈ વ્યવસ્થા રહેવા પામે નહિ. આમ મોટું દૂષણ આવે છે, એટલા માટે ચેતનમય આત્મા પુદ્ગલમય પરદ્રવ્યાત્મક કર્મ કરે છે, એવી જે વ્યવહારીઓની ભ્રાંત કલ્પના છે તે મિથ્યા છે, અસત્ છે. એટલે ચેતનમય આત્મા પુદ્ગલમય પરદ્રવ્યાત્મક કર્મ કરતો નથી, એટલે તે તન્મય - પરદ્રવ્યમય પણ થતો નથી. તેથી આત્મા વ્યાપ્યવ્યાપક ભાવ વડે તે પરદ્રવ્યાત્મક કર્મનો ઉપાદાનરૂપે કર્ત્તા નથી, અર્થાત્ વ્યાપ્ય એવું જે પુદ્ગલદ્રવ્યાત્મક કર્મ તેના પ્રદેશમાં વ્યાપકભાવે આત્મા કર્ત્તા સંભવતો નથી જ.



निमित्त - नैमित्तिक भावथी पण (ते) कर्त्ता छे नहि -

जीवो ण करेदि घडं णेव पडं णेव सेसगे दव्वे ।
जोगुवओगा उप्पादगा य तेसिं हवदि कत्ता ॥१००॥

જીव ઘટ પટ કરે નહિ, ન કરે જ દ્રવ્યો શેષ રે;
યોગ-ઉપયોગ ઉત્પાદકો, તસ કર્ત્તા તેહ ગવેષ રે... અજ્ઞાનથી. ૧૦૦

ગાથાર્થ - જીવ ઘટ નથી કરતો, પટ નથી કરતો, તેમજ શેષ દ્રવ્યો નથી કરતો, યોગ અને ઉપયોગ એ બે ઉત્પાદકો છે, તે બેનો તે કર્ત્તા હોય છે. ૧૦૦

आत्मख्याति टीका -

निमित्तनैमित्तिकभावेनापि न कर्तास्ति -

जीवो न करोति घटं नैव पटं नैव शेषकानि द्रव्याणि ।
योगोपयोगावुत्पादकौ च तयोर्भवति कर्त्ता ॥१००॥
यत्किल घटादि क्रोधादि वा परद्रव्यात्मकं

यत्किल **घटादि** क्रोधादि वा **परद्रव्यात्मकं** कर्म तदय**मात्मा** तन्मयत्वानुषंगाद् व्याप्यव्यापकभावेन तावन्न **करोति** नित्यकर्तृत्वानुषंगान्निमित्तनैमित्तिकभावेनापि न तत्कुर्यात् । अनित्यौ **योगोपयोगावेव** तत्र निमित्तत्वेन **कर्तारौ, योगोपयोगयो**स्त्वात्मविकल्पव्यापारयोः कदाचिदज्ञानेन करणादात्मापि **कर्त्तास्तु,** तथापि न परद्रव्यात्मककर्मकर्ता स्यात् ॥१००॥

आत्मभावना -

निमित्तनैमित्तिकभावेनापि न कर्तास्ति - નિમિત્ત નૈમિત્તિક ભાવથી પણ કર્તા છે નહિ, વ્યાપ્ય-વ્યાપક ભાવથી તો શું પણ નિમિત્ત નૈમિત્તિક ભાવથી 'પણ' આ આત્મા પરદ્રવ્યાત્મક કર્મનો કર્ત્તા છે નહિ. એમ પણ શબ્દનો અર્થ છે. તે આ પ્રકારે -

जीवो - જીવ न करोति घटं नैव पटं नैव शेषकानि द्रव्याणि - નથી કરતો ઘટ, નથી જ (કરતો) પટ, નથી જ (કરતો) શેષ - બાકીના દ્રવ્યો ત્યારે શું કરે છે ? योगोपयोगौ उत्पादकौ - યોગ-ઉપયોગ એ બે ઉત્પાદકો - ઉપજાવનારા છે, तयोः कर्ता भवति - તે બેનો કર્ત્તા હોય છે. ॥१००॥ **गाथा** आत्मभावना ॥१००॥

यत्किल घटादि क्रोधादि वा परद्रव्यात्मकं कर्म - જે ખરેખર ! ઘટ આદિ કે ક્રોધ આદિ પરદ્રવ્યાત્મક - પરદ્રવ્યમય કર્મ, तदयमात्मा - તેને આ આત્મા तन्मयत्वानुषंगाद् व्याप्यव्यापकभावेन तावन्न करोति - તન્મયપણાના અનુષંગને લીધે પ્રથમ તો વ્યાપ્ય વ્યાપક ભાવથી કરતો નથી, એટલું જ નહિ પણ निमित्तनैमित्तिकभावेनापि न तत्कुर्यात् - નિમિત્ત - નૈમિત્તિક ભાવથી પણ તે કરે નહિ. શાને લીધે ? नित्यकर्तृत्वानुषंगात् - નિત્ય કર્તૃત્વના અનુષંગને - તદનુસારી પ્રસંગને લીધે, સદા કર્તાપણાનો પ્રસંગ આવી પડે તેને લીધે. ત્યારે તેમાં નિમિત્તપણે કર્ત્તા કોણ છે ? अनित्यौ योगोपयोगावेव तत्र निमित्तत्वेन कर्तारौ - અનિત્ય એવા યોગ અને ઉપયોગ જ ત્યાં નિમિત્તપણે બે કર્ત્તાઓ છે. તેથી શું ? योगोपयोगोस्त्वात्मविकल्पव्यापारयोः कदाचिदज्ञानेन करणादात्मापि कर्तास्तु - યોગ - ઉપયોગ જે આત્મવિકલ્પ - આત્મ વ્યાપાર રૂપ તેનો - કદાચિત્ અજ્ઞાને કરી કરણને લીધે - કરવાપણાને લીધે - આત્મા પણ કર્તા ભલે હો, तथापि न परद्रव्यात्मककर्मकर्ता स्यात् - તથાપિ - તો પણ આ આત્મા પરદ્રવ્યાત્મક - પરદ્રવ્યમય કર્મનો કર્ત્તા ન હોય. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१००॥

આત્મખ્યાતિટીકાર્થ

જે સ્ફુટપણે ઘટાદિ વા ક્રોધાદિ પરદ્રવ્યાત્મક કર્મ છે, તેને આ આત્મા તન્મયપણાના અનુષંગને લીધે પ્રથમ તો વ્યાપ્ય-વ્યાપક ભાવથી નથી કરતો, નિત્ય કર્તૃત્વના અનુષંગને લીધે નિમિત્ત નૈમિત્તિક ભાવથી પણ તે કરે નહિ. અનિત્ય એવા યોગ અને ઉપયોગ જ ત્યાં નિમિત્તપણે બે કર્ત્તા છે અને આત્મવિકલ્પ-વ્યાપારરૂપ યોગ-ઉપયોગનો - કદાચિત્ અજ્ઞાનથી કરણને લીધે - આત્મા પણ કર્ત્તા ભલે હો, તથાપિ તે પરદ્રવ્યાત્મક કર્મનો કર્ત્તા ન હોય.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''વિષમ ભાવના નિમિત્તો બળવાનપણે પ્રાપ્ત થયાં છતાં જે જ્ઞાની પુરુષ અવિષમ ઉપયોગે વર્ત્યા છે, વર્ત્તે છે અને ભવિષ્યકાળે વર્તશે તે સર્વને વારંવાર નમસ્કાર.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૭૮**


આ આત્મા કેવલ વ્યાપ્ય-વ્યાપક ભાવથી કર્ત્તા નથી, એટલું જ નહિ પણ 'નિમિત્તનૈમિત્તિક ભાવેનાપિ ન કર્ત્તાસ્તિ' - નિમિત્ત-નૈમિત્તિક ભાવથી પણ પરદ્રવ્યાત્મક કર્મનો કર્ત્તા છે નહિ, એ અત્ર સ્પષ્ટ કર્યું છે અને આત્મખ્યાતિકર્ત્તા પરમર્ષિએ તેનું અપૂર્વ તત્ત્વદર્શન કરાવ્યું છે. ઘટાદિ ક્રોધાદિ જે ખરેખર ! પરદ્રવ્યાત્મક-પરદ્રવ્યમય કર્મ છે, તેને આ આત્મા વ્યાપ્ય-વ્યાપક ભાવથી તો કરતો નથી - શાને લીધે ? તન્મયપણાના અનુષંગને લીધે - તેને અનુસરતા પાછળ પાછળ આવી પડતા પ્રસંગને લીધે - 'તન્મયત્વાનુષંગાત્' - એટલું જ નહિ પણ નિમિત્ત-નૈમિત્તિક ભાવથી પણ તે કરે નહિ. શાને લીધે ? નિત્ય કર્તૃત્વના - સદા કર્ત્તાપણાના અનુષંગને - પ્રસંગને લીધે - 'નિત્યકર્તૃત્વાનુષંગાત્' । અનિત્ય એવા યોગ અને ઉપયોગ જ ત્યાં નિમિત્તપણે બે કર્ત્તાઓ છે અને આત્મવિકલ્પ - વ્યાપારરૂપ તે યોગ-ઉપયોગનો - કદાચિત્ અજ્ઞાને કરી કરવાપણાને લીધે - આત્મા પણ કર્ત્તા ભલે હો, તથાપિ - તો પણ આ આત્મા પરદ્રવ્યાત્મક - પરદ્રવ્યમય કર્મનો કર્ત્તા ન હોય - 'તથાપિ ન પરદ્રવ્યાત્મકકર્મકર્તા સ્યાત્' - આ અપૂર્વ વ્યાખ્યાની હવે વિશેષ વિચારણા કરીએ -

આત્મા નિમિત્ત-નૈમિત્તિક ભાવે પણ પરદ્રવ્યાત્મક કર્મનો કર્ત્તા છે નહિ

''જ્ઞાન અજ્ઞાન કે હેતુ ભએ તુમ, આપતહી ભમવે ભવમાંહી,
હારક બુદ્ધિ ભઈ પરસો તરસો, ચિતમેં સુખ સંપતિ યાહી,
આપકો જાની કે ધ્યાનમેં આનિકે, સુદ્ધ મુનિ નિરવાન કો જાહી,
આપકો ત્રાયક આપહી ચેતન, ચેતનતા ગુન જ્ઞાનકો ચાહી.''

- તત્ત્વરંગી મહામુનિ દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૧૩૩

આકૃતિ



ઘટાદિ બહિર્કર્મ વા ક્રોધાદિ અંતઃકર્મ જે સમસ્ત પણ 'પરદ્રવ્યાત્મક કર્મ' - परद्रव्यात्मकं कर्म - જડ પુદ્ગલદ્રવ્યમય કર્મ છે, તેને આ આત્મા વ્યાપ્યવ્યાપક ભાવથી તો કરતો જ નથી.

નિમિત્ત નૈમિત્તિક ભાવે પણ કરે તો નિત્ય કર્તૃત્વનો પ્રસંગ

व्याप्यव्यापकभावेन तावन्न करोति - કારણકે જો તેમ કરે તો આગલી ગાથામાં દર્શાવ્યું તેમ તેને 'तन्मयपणानो अनुषंग' થાય, પરદ્રવ્યરૂપ પુદ્ગલ દ્રવ્યમય બની જવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, જે સર્વથા અનિષ્ટ છે. આમ તન્મયપણાના અનુષંગને લીધે આત્મા વ્યાપ્ય વ્યાપકભાવથી તો પરદ્રવ્યાત્મક કર્મ કરતો જ નથી, એટલું જ નહિ પણ 'નિત્ય કર્તૃત્વના અનુષંગને લીધે નિમિત્ત-નૈમિત્તિક ભાવે પણ કરે નહિ.' - निमित्तनैमित्तिक भावेनापि न तत् कुर्यात् । અર્થાત્ આત્મા જો નિમિત્ત નૈમિત્તિક ભાવે પરદ્રવ્યાત્મક કર્મ કરે તો તેને નિત્ય કર્તાપણાનો અનુષંગ-(corollary) તદનુસારી પ્રસંગ પ્રાપ્ત થાય, આત્મા નિત્ય જ - સદાકાળ નિમિત્ત બની તે કર્યા જ કરે અને એમ સદાય આત્મા ઘટાદિ કે ક્રોધાદિ કરતો હોય એવું તો દેખાતું નથી ! ને તેવું ઈષ્ટ પણ નથી.


ત્યારે પ્રશ્ન થશે કે કર્મનો કર્ત્તા કોણ છે ? તેનો ઉત્તર આપતાં તાત્વિકશેખર **અમૃતચંદ્રજી** વદે છે કે - अनित्यौ योगोपयोगावेव तत्र निमित्तत्वेन कर्तारौ - 'અનિત્ય એવા યોગ - ઉપયોગ જ ત્યાં નિમિત્તપણે બે કર્ત્તા' છે. અર્થાત્ મન-વચન-કાયાના યોગનિમિત્તે આત્મપ્રદેશનું પરિસ્પંદન-ચલન તે યોગ અને આત્માનું શુદ્ધ-અશુદ્ધ ભાવે ઉપયુંજન તે ઉપયોગ, તે બન્ને અનિત્ય છે, સર્વદા

અનિત્ય યોગ - ઉપયોગ એ બે જ ત્યાં નિમિત્તપણે કર્ત્તા

નથી હોતા, અને તે જ ઘટાદિ વા ક્રોધાદિ પરદ્રવ્યાત્મક કર્મના નિમિત્ત-નૈમિત્તિક ભાવે કર્ત્તા છે; અને આમ આત્માના ચૈતન્યવિકાર પરિણામરૂપ - રાગાદિ વિભાવરૂપ જે ઉપયોગની મલિનતા - અશુદ્ધતા છે. તે આત્મવિકલ્પ રૂપ છે અને તે અશુદ્ધ ઉપયોગરૂપ આત્મવિકલ્પને લીધે જે આત્મપ્રદેશ પરિસ્પંદન રૂપ યોગની ચંચલતા ઉપજે છે તે આત્મવ્યાપાર છે. એટલે आत्मविकल्पव्यापारयोः योगोपयोगयोः - આ આત્મવિકલ્પ - આત્મ વ્યાપાર રૂપ ઉપયોગ - યોગના કદાચિત્ અજ્ઞાને કરીને કરવા થકી આત્મા તેનો કર્ત્તા ભલે હો ! कदाचिदज्ञानेन करणादात्मापि कर्तास्तु - તો પણ પરદ્રવ્યાત્મક કર્મનો કર્ત્તા તો તે કોઈ પણ રીતે કદી પણ થઈ શકતો જ નથી. કારણકે દ્રવ્યદૃષ્ટિથી કોઈ દ્રવ્ય અન્ય કોઈ દ્રવ્યનો કર્ત્તા નથી, પરંતુ પર્યાયદૃષ્ટિથી કોઈ દ્રવ્યનો પર્યાય ક્વચિત્ કોઈ અન્ય દ્રવ્યના પર્યાયનું નિમિત્ત હોય છે. આ અપેક્ષાએ અન્યનું પરિણામ અન્યના પરિણામનું નિમિત્ત કર્ત્તા કહેવાય છે, પણ પરમાર્થથી તો દ્રવ્ય પોતાના સ્વપરિણામનો જ કર્ત્તા છે, અન્યના પરિણામનો અન્ય દ્રવ્ય કર્ત્તા નથી.

તાત્પર્ય કે - આત્મા વ્યાપ્યવ્યાપકભાવથી કે નિમિત્તનૈમિત્તિક ભાવથી ઘટાદિ વા ક્રોધાદિ પરદ્રવ્યાત્મક કર્મનો કર્ત્તા નથી, પણ આત્માનો ચંચલ યોગ ને મલિન ઉપયોગ એ બેજ તે કર્મના માત્ર નિમિત્ત-નૈમિત્તિક ભાવે કર્ત્તા છે; અને આ મલિન ઉપયોગ ને તજ્જન્ય ચંચલ યોગ અનુક્રમે આત્મવિકલ્પ - આત્મવ્યાપાર રૂપ હોઈ, આ મલિન - અશુદ્ધ ઉપયોગ ને ચંચલ યોગનો કર્ત્તા આત્મા માત્ર અજ્ઞાનને લીધે જ હોય છે. અજ્ઞાન ટળે ને જ્ઞાન મળે તો તો તે ઉપયોગની મલિનતા ને યોગની ચંચલતાને ત્યજી કેવલ સ્થિર શુદ્ધ ઉપયોગને જ ભજે અને તથારૂપ શુદ્ધ જ્ઞાનદશાસંપન્ન ખરેખરો પારમાર્થિક જ્ઞાની હોય તે તેમજ કરે છે, શુદ્ધોપયોગમય જ હોય છે - કે જે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ચારિત્ર દશાસ્વરૂપ છે. આ અંગે તથારૂપ શુદ્ધ જ્ઞાનદશાસંપન્ન **શ્રીમદ્ રાજચંદ્રજીનું** સ્વાનુભવસિદ્ધ ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

''ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વ્રત, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તપ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ નિયમ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ લબ્ધિ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઐશ્વર્ય, એ જેમાં સહેજે શમાય છે એવા નિરપેક્ષ અવિષમ ઉપયોગને નમસ્કાર. એ જ ધ્યાન.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૭૮, ૭૩૫**



જ્ઞાની જ્ઞાનનો જ કર્ત્તા હોય -

જે પુગ્ગલદવ્વાણં પરિણામા હોંતિ णाणआवरणा ।
ण करेदि ताणि आदा जो जाणदि सो हवदि णाणी ॥१०१॥

પુદ્ગલ દ્રવ્ય પરિણામ જે, જ્ઞાન આવરણો હોય રે;
ન કરે તે આત્મા અત્ર જે, જાણે તે જ્ઞાની જોય રે... અજ્ઞાનથી. ૧૦૧

ગાથાર્થ - પુદ્ગલ દ્રવ્યોના પરિણામો જે જ્ઞાન આવરણો હોય છે, તેઓને આત્મા નથી કરતો, જે જાણે છે તે જ્ઞાની હોય છે. ૧૦૧

आत्मख्यातिटीका

ज्ञानी ज्ञानस्यैव कर्त्ता स्यात् -

ये पुद्गलद्रव्याणां परिणामा भवंति ज्ञानावरणानि ।
न करोति तान्यात्मा यो जानाति स भवति ज्ञानी ॥१०१॥

ये खलु **पुद्गलद्रव्याणां परिणामा** गोरसव्याप्तदधिदुग्धमधुराम्लपरिणामवत् पुद्गलद्रव्याव्याप्तत्वेन भवंतो **ज्ञानावरणानि भवंति तानि** तटस्थगोरसाध्यक्ष इव **न** नाम **करोति ज्ञानी** । किंतु यथा स गोरसाध्यक्षस्तद्दर्शनमात्मव्याप्तत्वेन प्रभवद्व्याप्य पश्यत्येव तथा पुद्गलद्रव्यपरिणामनिमित्तं ज्ञानमात्मव्याप्यत्वेन प्रभवद्व्याप्य **जानात्येव ज्ञानी** ज्ञानस्यैव कर्ता स्यात् ।

एवमेव च ज्ञानावरणपदपरिवर्तनेन कर्मसूत्रस्य विभागोनोपन्यासाद् दर्शनावरणवेदनीयमोहनीयायुर्नामगोत्रांतरायसूत्रैः सप्तभिः सह मोहरागद्वेषक्रोधमानमायालोभ कर्मनोकर्ममनोवचनकायश्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शसूत्राणि षोडश व्याख्येयानि । अनया दिशान्यान्यप्यूह्यानि ॥१०१॥

આત્મખ્યાતિ ટીકાર્થ

જે નિશ્ચયે કરીને પુદ્ગલદ્રવ્યોના પરિણામો ગોરસથી વ્યાપ્ત દહીં-દૂધના ખાટા-મીઠા પરિણામની

આત્મભાવના -

જ્ઞાની જ્ઞાનસ્યૈવ કર્તા સ્યાત્ - જ્ઞાની જ્ઞાનનો જ કર્ત્તા હોય. તે આ પ્રકારે - યે - જે પુદ્ગલદ્રવ્યાણાં પરિણામા - પુદ્ગલદ્રવ્યોના પરિણામો જ્ઞાનાવરણાનિ ભવંતિ - જ્ઞાનાવરણો હોય છે, તાનિ - તેઓને આત્મા ન કરોતિ - આત્મા નથી કરતો, યો જાનાતિ - જે જાણે છે, સ - તે જ્ઞાની ભવતિ - જ્ઞાની હોય છે. ॥ ઇતિ **ગાથા** આત્મભાવના ॥૧૦૧॥

યે ખલુ પુદ્ગલદ્રવ્યાણાં પરિણામાઃ - જે ખરેખર નિશ્ચયે કરીને પુદ્ગલદ્રવ્યોના પરિણામો જ્ઞાનાવરણાનિ ભવંતિ - જ્ઞાનાવરણો હોય છે, તાનિ ન નામ કરોતિ જ્ઞાની - તેઓને ખરેખર ! નિશ્ચયથી જ્ઞાની નથી કરતો. કેવી રીતે થઈ રહ્યા છે તે જ્ઞાનાવરણો ? પુદ્ગલદ્રવ્યવ્યાપ્તત્વેન ભવંતો - પુદ્ગલ દ્રવ્યથી વ્યાપ્તપણે થતા - થઈ રહ્યા છે. કોની જેમ ? ગોરસવ્યાપ્તદધિદુગ્ધમધુરામ્લપરિણામવત્ - ગોરસથી વ્યાપ્ત દધિ-દુગ્ધના - દહીં-દૂધના મધુરામ્લ-મીઠા ખાટા પરિણામની જેમ. ગોરસના દહીં-દૂધ રૂપ ખાટા-મીઠા પરિણામો જેમ ગોરસથી વ્યાપ્તપણે હોય છે, તેમ પુદ્ગલ દ્રવ્યોના જ્ઞાનાવરણાદિ પરિણામો પુદ્ગલદ્રવ્યથી વ્યાપ્તપણે થઈ રહ્યા છે. તેઓને જ્ઞાની કરતો નથી, તે કોની જેમ ? તટસ્થગોરસાધ્યક્ષ ઇવ - તટસ્થ - ગોરસાધ્યક્ષ જેમ. તટસ્થ - મધ્યસ્થ ગોરસાધ્યક્ષ - ગોરસને પ્રત્યક્ષ દેખનારો ગોવાળીઓ પોતે જેમ ગોરસના દહીં દૂધ પરિણામો કરતો નથી, તેમ જ્ઞાની પોતે પુદ્ગલદ્રવ્યોના જ્ઞાનાવરણાદિ પરિણામો કરતો નથી, કિંતુ - પરંતુ યથા સ ગોરસાધ્યક્ષઃ પશ્યત્યેવ - જેમ તે ગોરસાધ્યક્ષ - ગોવાળીઓ દેખે જ છે, તથા જાનાત્યેવ - તેમ જાણે જ છે. ગોરસાધ્યક્ષ કેવી રીતે દેખે જ છે ? તદ્દર્શનં વ્યાપ્ય - તેના દર્શનને વ્યાપીને. તે દર્શન કેવી રીતે પ્રભવી રહ્યું છે, આત્મવ્યાપ્તત્વેન પ્રભવદ્ - આત્મ વ્યાપ્તપણે પ્રભવતું - પ્રભવી રહ્યું છે, ગોરસાધ્યક્ષથી પોતાથી વ્યાપ્તપણે ઉપજ્જ રહ્યું છે. તેમ જ્ઞાની કેવી રીતે જાણે જ છે ? પુદ્ગલદ્રવ્યપરિણામનિમિત્તં જ્ઞાનં વ્યાપ્ય - પુદ્ગલદ્રવ્ય પરિણામ જેનું નિમિત્ત છે એવા જ્ઞાનને વ્યાપીને. તે જ્ઞાન કેવી રીતે પ્રભવી રહ્યું છે ? આત્મવ્યાપ્યત્વેન પ્રભવત્ - આત્મ વ્યાપ્યપણે પ્રભવતું - પ્રભવી રહ્યું છે, આત્માથી વ્યાપ્તપણે ઉપજ્જ રહ્યું છે. એમ જ્ઞાની જ્ઞાનસ્યૈવ કર્તાસ્યાત્ - એમ જ્ઞાની જ્ઞાનનો જ કર્ત્તા હોય. એવમેવ ચ જ્ઞાનાવરણપદપરિવર્તનેન - ઈ. અને એમ જ જ્ઞાનાવરણ પદના પરિવર્તનથી - જ્ઞાનાવરણ પદને બદલાવીને બીજા સૂત્રો સમજી લેવા, ઈ. સુગમ છે. ॥ ઇતિ **'આત્મખ્યાતિ'** આત્મભાવના ॥૧૦૧॥

જેમ પુદ્‌ગલદ્રવ્યથી વ્યાપ્યપણે થઈ રહેલા જ્ઞાનાવરણો હોય છે, તેઓને તટસ્થ ગોરસ અધ્યક્ષની જેમ, જ્ઞાની નિશ્ચયથી નથી કરતો, કિંતુ - જેમ તે ગોરસ અધ્યક્ષ આત્મવ્યાપ્યપણે પ્રભવતા (ઉપજતા) તેના દર્શનને વ્યાપીને દેખે જ છે.

તેમ જ્ઞાની આત્મવ્યાપ્યપણે પ્રભવતા (જન્મ પામતા) પુદ્‌ગલ પરિણામનિમિત્ત જ્ઞાનને વ્યાપીને જાણે જ છે, (એમ) જ્ઞાની જ્ઞાનનો જ કર્ત્તા હોય. અને એમ જ જ્ઞાનાવરણ પદના પરિવર્તનથી કર્મસૂત્રના વિભાગે કરી ઉપન્યાસથી દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર, અંતરાય એ સાત સૂત્રો સાથે મોહ-રાગ-દ્વેષ, ક્રોધ-માન-માયા-લોભ, કર્મ-નોકર્મ, મન-વચન-કાય, શ્રોત્ર-ચક્ષુ-ઘ્રાણ-રસન-સ્પર્શન એ સોળ સૂત્રો વ્યાખ્યા કરવા યોગ્ય છે. આ દિશાથી અન્ય પણ ચિંતવવા યોગ્ય સમજી લેવા. ૧૦૧

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અત્યંત ઉદાસ પરિણામે રહેલું એવું જે ચૈતન્ય તેને જ્ઞાની પ્રવૃત્તિમાં છતાં તેવું જ રાખે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, ૩૨૧**

''આતમ કરે નિજ ભાવકો, ન કરે પર પરિનામ,
સ્વસ્વભાવ ક્રિરિયા કરે, સો પાવે શિવઠામ.'' - **દેવચંદ્રજી દ્ર.પ્ર., ૩-૨૮**

જ્ઞાની જ્ઞાનસ્યૈવ કર્તા સ્યાત્ - જ્ઞાની જ્ઞાનનો જ કર્ત્તા હોય એમ અત્ર આ ગાથામાં પ્રતિપાદન કર્યું છે અને તેનું ગોરસાધ્યક્ષના સમર્થ દૃષ્ટાંતથી સમર્થન કરી પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ અપૂર્વ અદ્‌ભુત વ્યાખ્યાન કર્યું છે. જે ખરેખર ! નિશ્ચયે કરીને પુદ્‌ગલદ્રવ્યોના પરિણામો, પુદ્‌ગલદ્રવ્યથી વ્યાપ્યપણે થતા-થઈ રહેલા જ્ઞાનાવરણો હોય છે, તેઓને ખરેખર ! જ્ઞાની નથી કરતો. કોની જેમ ? ગોરસથી વ્યાપ્ત દહીં-દૂધના ખાટા મીઠા પરિણામને તટસ્થ ગોરસાધ્યક્ષ - ગોરસને પ્રત્યક્ષ દેખનારો - ગોરસનો સાક્ષી જેમ નથી કરતો તેમ. પરંતુ જેમ તે ગોરસાધ્યક્ષ આત્મવ્યાપ્યપણે - પોતાથી વ્યાપ્યપણે ઉપજતા તેના દર્શનને વ્યાપીને દેખે જ છે, તેમ જ્ઞાની આત્મવ્યાપ્યપણે ઉપજતા જ્ઞાનને વ્યાપીને જાણે જ છે. કેવા જ્ઞાનને ? પુદ્‌ગલદ્રવ્ય પરિણામ જેનું નિમિત્ત છે એવા જ્ઞાનને વ્યાપીને, पुद्‌गलद्रव्यपरिणामनिमित्तं ज्ञानं व्याप्य, એમ જ્ઞાની જ્ઞાનનો જ કર્ત્તા હોય. અને એમ જ જ્ઞાનાવરણ પદને બદલાવીને, કર્મસૂત્રના વિભાગથી ઉપન્યાસથી દર્શનાવરણઆદિ સાત સૂત્ર, તેમજ રાગ-દ્વેષ-મોહ આદિ સોળ સૂત્ર અત્ર વ્યાખ્યા કરવા યોગ્ય છે અને આ દિશા પ્રમાણે તેવા તેવા બીજા સૂત્રો પણ ચિંતવવા યોગ્ય-વિચારવા યોગ્ય સમજી લેવા. આનો સ્પષ્ટ વિશેષાર્થ આ પ્રકારે -

જ્ઞાની જ્ઞાનનો જ કર્ત્તા હોય : તટસ્થ ગોરસ-અધ્યક્ષનું દૃષ્ટાંત

જે ખરેખર ! નિશ્ચયે કરીને 'પુદ્‌ગલ દ્રવ્યોના પરિણામો', 'ये खलु पुद्‌गलद्रव्यपरिणामाः' - 'ગોરસથી વ્યાપ્ય દહીં-દૂધના ખાટા મીઠા પરિણામની જેમ' પુદ્‌ગલદ્રવ્યથી વ્યાપ્ય હોતાં 'જ્ઞાનાવરણો' હોય છે, તેઓને 'તટસ્થ ગોરસ અધ્યક્ષની જેમ' 'तटस्थगोरसाध्यक्ष इव' - જ્ઞાની નિશ્ચયથી કરતો નથી. અર્થાત્ કર્મવર્ગણા યોગ્ય પુદ્‌ગલદ્રવ્યના પરિણામો તે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ છે; દહીં-દૂધના ખાટા મીઠા પરિણામ જેમ ગોરસથી વ્યાપ્ય વ્યાપકભાવે વ્યાપ્ય છે, તેમ તે જ્ઞાનાવરણ રૂપ પુદ્‌ગલપરિણામ પુદ્‌ગલદ્રવ્યથી વ્યાપ્ય છે. પણ તટસ્થ ગોરસ અધ્યક્ષ - ગોરસનો પ્રત્યક્ષ સાક્ષી ગોવાળીઓ જે ગોરસના દહીં-દૂધ પરિણામને તટસ્થપણે સાક્ષી રૂપે નિહાળી રહ્યો છે, તે જેમ પોતે તે ગોરસ પરિણામને કરતો નથી, તેમ તટસ્થ દૃષ્ટાભાવે સાક્ષીપણે દેખી રહેલો જ્ઞાની પણ પોતે પુદ્‌ગલદ્રવ્યના પરિણામરૂપ તે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ કરતો નથી. પરંતુ 'જેમ તે ગોરસાધ્યક્ષ' आत्मव्याप्तत्वेन प्रभवद् - આત્મવ્યાપ્તપણે પ્રભવતા તેના દર્શનને વ્યાપીને तद् दर्शनं व्याप्य દેખે જ છે -

ગોરસાધ્યક્ષ જેમ દર્શનને વ્યાપી દેખે છે, તેમ જ્ઞાની જ્ઞાનને વ્યાપીને જાણે જ છે

પશ્યત્યેવ - તેમ જ્ઞાની આત્મવ્યાપ્યપણે પ્રભવતા - આત્મવ્યાપ્યત્વેન પ્રભવદ્ - પુદ્ગલદ્રવ્ય પરિણામ નિમિત્ત જ્ઞાનને વ્યાપીને જાણે જ છે - પુદ્ગલદ્રવ્યપરિણામ નિમિત્તં જ્ઞાનં વ્યાપ્ય જાનાત્યેવ । અર્થાત્ તે ગોરસાધ્યક્ષ ગોવાળીઓ જે દૂધ-દહીં વગેરે ગોરસ પરિણામોનું 'દર્શન' કરે છે, તે દર્શન ક્રિયા તેના આત્માથી વ્યાપ્ય વ્યાપકભાવે વ્યાપ્ત છે, એટલે આત્મ વ્યાપ્તપણે ઉપજતા દર્શનને વ્યાપીને તે માત્ર દેખે જ છે, દેખવા રૂપ દર્શન ક્રિયા જ કરે છે, તેમ જ્ઞાની પણ પુદ્ગલ પરિણામ નિમિત્તે ઉપજતું 'જ્ઞાન' જે આત્મપરિણામથી વ્યાપ્યપણે ઉદ્ભવે છે, તેને વ્યાપીને જાણે જ છે, જાણવા રૂપ જ્ઞપ્તિ ક્રિયા જ કરે છે. આમ પુદ્ગલ પરિણામરૂપ જ્ઞાનાવરણની ક્રિયા માત્ર દૃષ્ટાભાવે દેખી રહેલો જ્ઞાની જ્ઞાનનો જ કર્ત્તા હોય.


અને એજ પ્રકારે જ્ઞાનાવરણ પદના પરિવર્ત્તનથી - જ્ઞાનાવરણપદ બદલીને કર્મસૂત્રના વિભાગ અનુસાર દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર ને અંતરાય એ સાત સૂત્રની અને મોહ-રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા-લોભ-કર્મ-નોકર્મ-મન-વચન-કાય-શ્રોત્ર-ચક્ષુ-ઘ્રાણ-રસન-સ્પર્શન એ સોળ સૂત્રની વ્યાખ્યા અત્ર ચિંતવવા યોગ્ય-વિચારવા યોગ્ય સમજી લેવી; અને એજ દિશા પ્રમાણે શુદ્ધાત્માનુભૂતિથી વિલક્ષણ એવા અસંખ્યેય લોક પ્રદેશ પ્રમાણ અન્ય વિભાવ પરિણામોની વ્યાખ્યા પણ ચિંતવવા યોગ્ય સમજી લેવી. અર્થાત્ દર્શનાવરણાદિ પુદ્ગલ-પરિણામ રૂપ દ્રવ્યકર્મ આત્મા કરતો નથી, ઈત્યાદિ જ્ઞાનાવરણની પેઠે સ્વબુદ્ધિથી યોજી લેવું.

આ ઉપરથી એ તાત્પર્ય ફલિત થાય છે કે નિશ્ચયથી આત્મા જ્ઞાનાવરણાદિનો કર્ત્તા નથી, પણ જ્ઞાનનો જ કર્ત્તા છે, એ પરમ તત્ત્વ-પરમાર્થ જે જાણે છે, તે જ્ઞાની તત્ત્વદૃષ્ટિથી ભાવે છે કે - આ જ્ઞાનાવરણાદિ પુદ્ગલ દ્રવ્યના પરિણામ છે, તે હું નથી ને મ્હારૂં સ્વરૂપ નથી. હું તો તેથી ભિન્ન જ્ઞાયક આત્મા છું, ને જ્ઞાન એજ મ્હારૂં સ્વરૂપ છે. એટલે આ પુદ્ગલ કર્મ હું કેમ કરૂં ? અને તેના નિમિત્ત રૂપ ઉપયોગની મલિનતા ને યોગની ચંચલતાને કેમ ભજું ? એમ જે તત્ત્વદૃષ્ટિથી ભાવન કરી તથારૂપ આચરણ કરે છે, અર્થાત્ મિથ્યાત્વ-વિષય-કષાય-રાગ- દ્વેષાદિ વિભાવનો પરિત્યાગ કરી નિર્વિકલ્પ સમાધિમાં સ્થિતિ કરે છે, તે વીતરાગ સ્વ સંવેદન-જ્ઞાની જ ખરેખરો 'જ્ઞાની' છે, ને તેજ કર્મનો અકર્ત્તા હોય છે, પણ જે આ સૂક્ષ્મ દ્રવ્યાનુયોગને અનુરૂપ તથારૂપ ચારિત્રદશારૂપ આચરણ કરતો નથી ને મોહભાવમાં વર્ત્યા કરે છે, તે તેવા વાચાજ્ઞાનરૂપ કથનરૂપ પરિજ્ઞાનમાત્રથી કાંઈ જ્ઞાની બનતો નથી, પણ માત્ર 'વાચા જ્ઞાની' વા શુષ્કજ્ઞાની જ હોય છે. આ અંગે પરમતત્ત્વદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીનું** ટંકોત્કીર્ણ મનનીય વચનામૃત છે કે -

''મોહ ભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહિયે જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન.'' - **શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૩૮**

''સમ્યગ્ દર્શનનું મુખ્ય લક્ષણ વીતરાગતા છે અને તેવો અનુભવ છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૦૧), ૩૨૪



અને અજ્ઞાની પણ પરભાવનો કર્ત્તા ન હોય -

जं भावं सुहमसुहं करेदि आदा स तस्स खलु कत्ता ।
तं तस्स होदि कम्मं सो तस्स दु वेदगो अप्पा ॥१०२॥

ભાવ જે શુભ અશુભ કરે, આત્મા - તસ કર્ત્તા તેજ રે;
કર્મ તે હોયે તેહનું, તસ વેદક આત્મા તેજ રે... અજ્ઞાનથી. ૧૦૨

ગાથાર્થ - આત્મા જે શુભ - અશુભ ભાવ કરે છે, તેનો તે નિશ્ચયથી કર્ત્તા હોય છે, તે તેનું કર્મ હોય છે, ને તે આત્મા તેનો વેદક (વેદનારો-ભોક્તા) હોય છે. ૧૦૨

આત્મખ્યાતિટીકા

अज्ञानी चापि परभावस्य न कर्ता स्यात् -

यं भावं शुभमशुभं करोत्यात्मा स तस्य खलु कर्त्ता ।
तत्तस्य भवति कर्म स तस्य तु वेदक आत्मा ॥१०२॥

इह खल्वनादेरज्ञानात्परात्मनोरेकत्वाध्यासेन पुद्गलकर्मविपाकदशाभ्यां मंदतीव्रस्वादाभ्यामचलितविज्ञान घनैकस्वादस्याप्यात्मनः स्वादं भिंदानः **शुभमशुभं** वा योयं **भाव**मज्ञानरूप**मात्मा करोति** स आत्मा तदा तन्मयत्वेन **तस्य** भावस्य व्यापकत्वाद् भवति **कर्त्ता स** भावोऽपि च तदा तन्मयत्वेन तस्यात्मना व्याप्यत्वाद् **भवति कर्म स एव** च **आत्मा** तदा तन्मयत्वेन स आत्मा - तदा तन्मयत्वेन - **तस्य** भावस्य भावकत्वाद्भवत्य**नुभविता** स भावोपि च तदा तन्मयत्वेन तस्यात्मनो भाव्यत्वात् भवत्यनुभाव एवमज्ञानी चापि परभावस्य न कर्ता स्यात् ॥१०२॥

આત્મભાવના

यं भावं शुभमशुभं - જે ભાવ શુભ-શુભ આત્મા करोति - આત્મા કરે છે, स तस्य खलु कर्ता - તેનો તે નિશ્ચયે કર્ત્તા હોય છે, तत् - તે तस्य कर्म भवति - તેનું - આત્માનું કર્મ હોય છે, स आत्मा तु तस्य वेदकः - અને તે આત્મા જ તેનો વેદક છે. ॥ इति **गाथा** આત્મભાવના ॥१०२॥

अज्ञानी चापि परभावस्य कर्ता न स्यात् - અને અજ્ઞાની પણ પરભાવનો કર્ત્તા ન હોય. જ્ઞાની તો શું, અજ્ઞાની 'પણ' પરભાવનો કર્ત્તા ન હોય એમ 'પણ' નો અર્થ છે. તે આ પ્રકારે -

इह खलु शुभमशुभं वा योयं भावमज्ञानरूपमात्मा करोति - અહીં નિશ્ચયે કરીને શુભ વા અશુભ અજ્ઞાન રૂપ ભાવ જે આ આત્મા કરે છે, तस्य भावस्य व्यापकत्वाद् भवति कर्त्ता स भावोऽपि तदा तन्मयत्वेन तस्यात्मनो व्याप्यत्वाद् भवति कर्म । स एव च आत्मा तदा तन्मयत्वेन स आत्मा - તે આત્મા तदा तन्मयत्वेन - ત્યારે તન્મયપણાએ કરીને तस्य भावस्य व्यापकत्वात् भवति कर्ता - તે ભાવના વ્યાપકત્વથી કર્ત્તા હોય છે, स भावोपि च - તે ભાવ પણ तदा तन्मयत्वेन तस्यात्मनो व्याप्यत्वात् भवति कर्म - ત્યારે તન્મયપણાથી તે આત્માનું વ્યાપ્યત્વથી કર્મ હોય છે, स एव च आत्मा - તે જ આત્મા, तदा तन्मयत्वेन - ત્યારે તન્મયત્વથી तस्य भावस्य भावकत्वाद् भवत्यनुभविता - તે ભાવનો ભાવકત્વથી અનુભવિતા - અનુભવનારો હોય છે. શાને લીધે ? तन्मयत्वेन भावकत्वात् - તન્મયપણાએ કરીને ભાવકપણાને લીધે. स भावोपि च तदा तस्यात्मनो भवत्यनुभाव्यः - અને તે ભાવ પણ ત્યારે તે આત્માનો અનુભાવ્ય - અનુભવાવા યોગ્ય હોય છે. શાને લીધે ? तन्मयत्वेन भाव्यत्वात् - તન્મયપણાએ કરીને, ભાવ્યપણાને લીધે. આ આત્મા શુભ - અશુભ ભાવ શાથી કરે છે ? परात्मनोरेकत्वाध्यासेन - પર-આત્માના એકત્વ અધ્યાસે કરીને. તે પણ શાને લીધે ? अनादेरज्ञानात् - અનાદિ અજ્ઞાનને લીધે. તે શુભ-અશુભ ભાવ શું કરતો કરે છે ? अचलितविज्ञानघनैकस्वादस्याप्यात्मनः स्वादं भिंदानः - અચલિત વિજ્ઞાનઘનૈક - એક વિજ્ઞાનઘન સ્વાદવાળા પણ આત્માના સ્વાદને ભેદતો - સતો. શા વડે કરીને ભેદતો ? पुद्गलकर्मविपाकदशाभ्यां मंदतीव्रस्वादाभ्यां - મંદ-તીવ્ર સ્વાદવાળી પુદ્ગલ કર્મવિપાક દશાઓ વડે. આવી રીતે પરાત્માના એકત્વ અધ્યાસથી આ આત્મા શુભ-અશુભ અજ્ઞાન રૂપ ભાવ કરે છે. एवमज्ञानी चापि परभावस्य न कर्ता स्यात् - અને એમ - ઉક્તપ્રકારે અજ્ઞાની પણ પરભાવનો કર્ત્તા ન હોય. ॥ इति **'आत्मख्याति'** આત્મભાવના ॥१०२॥

આત્મખ્યાતિટીકાર્થ

અહીં નિશ્ચયે કરીને અનાદિ અજ્ઞાનને લીધે પર-આત્માના એકત્વ અધ્યાસે કરીને, જે આ આત્મા અચલિત વિજ્ઞાનઘનૈક સ્વાદવાળા જ આત્માના સ્વાદને મંદ-તીવ્ર સ્વાદવાળી પુદ્ગલકર્મ વિપાકદશા વડે ભેદતો સતો, શુભ વા અશુભ અજ્ઞાન રૂપ ભાવ કરે છે, તે આત્મા ત્યારે તન્મયપણાએ કરીને તે ભાવનો વ્યાપકપણાને લીધે કર્ત્તા હોય છે, અને તે ભાવ પણ ત્યારે તન્મયપણાએ કરીને તે આત્માનું વ્યાપ્યપણાને લીધે કર્મ હોય છે; અને તે જ આત્મા ત્યારે તન્મયપણાએ કરીને તે ભાવનો ભાવકપણાને લીધે - અનુભવિતા હોય છે, અને તે ભાવ પણ ત્યારે તન્મયપણાએ કરીને તે આત્માનો - ભાવ્યપણાને લીધે - અનુભાવ્ય હોય છે; અને એમ અજ્ઞાની પણ પરભાવનો કર્ત્તા ન હોય. ૧૦૨

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''શુભાશુભ અને શુદ્ધાશુદ્ધ પરિણામ ઉપર બધો આધાર છે.''
''પરિણામની ધારા એ 'થરમોમીટર' સમાન છે.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૫૩, ૮૬૪
''અસદ્ભૂત નીહચૈ કરૈ, ભાવકર્મ એ જીવ,
દ્રવ્યકર્મ કૌ કુનિ ગ્રહે, નય વ્યવહાર સદીવ.'' - 'દ્રવ્યપ્રકાશ', ૩-૨૯


અજ્ઞાની પણ પરભાવનો કર્ત્તા ન હોય

જ્ઞાની તો પરભાવનો કર્ત્તા ન જ હોય, એટલું જ નહિ પણ અજ્ઞાની પણ પરભાવનો કર્ત્તા ન હોય - 'अज्ञानी चापि न परभावस्य कर्ता स्यात्' - એમ અત્ર નિરૂપણ કર્યું છે અને આત્મખ્યાતિ કર્ત્તાએ પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી તેનું અપૂર્વ ભાવોદ્ઘાટન કર્યું છે. અહીં નિશ્ચયે કરીને અનાદિ અજ્ઞાનને લીધે પર-આત્માના એકત્વ અધ્યાસે કરીને - એકપણું માની બેસવાપણાએ કરીને, મંદ-તીવ્રસ્વાદવાળી પુદ્ગલકર્મ વિપાકદશા વડે અચલિત એક વિજ્ઞાનઘન સ્વાદવાળા પણ આત્માના સ્વાદને ભેદતો, જે આ આત્મા શુભ વા અશુભ અજ્ઞાન રૂપ ભાવ કરે છે, તે આત્મા ત્યારે તે ભાવનો કર્ત્તા હોય છે, શાને લીધે ? તન્મયપણાએ કરી વ્યાપકપણાને લીધે, 'तन्मयत्वेन व्यापकत्वात्', અને તે ભાવ પણ ત્યારે તે આત્માનું કર્મ હોય છે, શાને લીધે ? તન્મયપણાએ કરી વ્યાપ્યપણાને લીધે - 'तन्मयत्वेनं व्याप्यत्वाद्' - અને તે જ આત્મા ત્યારે તે ભાવનો 'અનુભવિતા' - અનુભવનારો હોય છે, શાને લીધે ? તન્મયપણાએ કરી ભાવકપણાને લીધે - 'तन्मयत्वेन भावकत्वाद्' - અને તે ભાવ પણ તે આત્માનો 'અનુભાવ્ય' - અનુભાવવા યોગ્ય હોય છે, શાને લીધે ? તન્મયપણાએ કરી ભાવ્યપણાને લીધે - 'तन्मयत्वेन भाव्यत्वात्' - અને એમ ઉક્ત પ્રકારે અજ્ઞાની પણ પરભાવનો કર્તા ન હોય.

અનાદિથી આ આત્માને નિજ સ્વરૂપનું અજ્ઞાન વર્ત્તે છે, તે અનાદિ અજ્ઞાનને લીધે - 'अनादेरज्ञानात्' - તે પર-આત્માનો 'એકત્વઅધ્યાસ' કરે છે - परात्मनोरेकत्वाध्यासेन એકપણારૂપ મિથ્યા માન્યતા કરી બેસે છે. એટલે મૂળ સહજાત્મસ્વરૂપે નિશ્ચયથી તો તે 'અચલિત વિજ્ઞાનઘન એક સ્વાદવાળો જ' છે - अचलितविज्ञानघनैकस्वादस्यापि, છતાં મંદ-તીવ્ર સ્વાદવાળી પુદ્ગલકર્મની વિપાક દશા - ઉદયાવસ્થા વડે કરીને તે આત્માના વિજ્ઞાનઘનૈક અનુભવ રસ સ્વાદનો ભેદ - દ્વિધાભાવ કરે છે અને એમ ભેદ કરતો સતો અજ્ઞાની આત્મા શુભ વા અશુભ ભાવ કરે છે, કે જે 'અજ્ઞાન રૂપ' જ છે - शुभमशुभं वा योयं भावमज्ञानरूपमात्मा करोति । જે આ અજ્ઞાન રૂપ શુભ-અશુભ ભાવ આત્મા કરે છે, તે આત્મા ત્યારે તે ભાવનો - તન્મયપણે વ્યાપકપણાને લીધે - કર્તા હોય છે અને તે ભાવ પણ તે આત્માનું - તન્મયપણે વ્યાપ્યપણાને લીધે - કર્મ હોય છે. વ્યાપકપણાથી તન્મયપણે શુભાશુભ ભાવ કરતો હોવાથી તે આ શુભાશુભ ભાવરૂપ ભાવકર્મનો પ્રગટપણે કર્ત્તા છે અને આ શુભાશુભ ભાવ પણ આદિ-મધ્ય-અંતમાં આત્માથી તન્મયપણે વ્યાપાવા યોગ્ય - વ્યાપ્ય હોઈ આત્માથી વ્યાપાઈને કરાઈ રહ્યું હોવાથી આત્માનું કર્મ છે - ભાવકર્મ છે.

અને અજ્ઞાની આત્મા ત્યારે તન્મયપણે ભાવ્ય-ભાવકપણે તે ભાવનો ભાવક-ભાવનારો હોય છે,

એટલે તે તેનો અનુભવિતા - અનુભવનારો વેદક-વેદનારો ભોક્તા હોય છે; અને તે ભાવ પણ ત્યારે તન્મયપણે વ્યાપ્ય-વ્યાપકપણે તે આત્માનો 'ભાવ્ય' - ભાવવા યોગ્ય ભાવ છે, એટલે તે તેનો 'અનુભાવ્ય' - અનુભવવા યોગ્ય છે. આમ આત્મા ભાવ્ય-ભાવક ભાવથી નિજ શુભાશુભ ભાવનો જ ભોક્તા - અનુભવિતા હોય છે, પણ પરભાવનો તો કર્ત્તા નથી જ હોતો, તેમજ ભોક્તા પણ નથી જ હોતો.



અને પરભાવ કોઈથી પણ કરવો શક્ય નથી -

जो जह्मि गुणो दव्वे सो अण्णह्मि दु ण संकमदि दव्वे ।
सो अण्णमसंकंतो कह तं परिणामए दव्वं ॥१०३॥

જે જે ગુણે દ્રવ્યે તેહ તો, અન્ય દ્રવ્યે ન સંક્રામંત રે;
અન્યમાં અસંક્રાંત કેમ તે, દ્રવ્ય તે પરિણમાવંત રે... અજ્ઞાનથી. ૧૦૩

ગાથાર્થ - જે ગુણ જે દ્રવ્યમાં હોય છે, તે અન્ય દ્રવ્યમાં નથી સંક્રમતો, અન્યમાં અસંક્રાંત એવો તે દ્રવ્યને કેમ પરિણમાવે ?. ૧૦૩

आत्मख्यातिटीका

न च परभावः केनापि कर्तुं पार्येत -

यो यस्मिन् गुणे द्रव्ये सोन्यस्मिंस्तु न संक्रामति द्रव्ये ।
सोन्यदसंक्रांतः कथं तत्परिणामयति द्रव्यं ॥१०३॥

इह किल **यो** यावान् कश्चिद्वस्तुविशेषो **यस्मिन्** यावति कस्मिंश्चिच्चिदात्मन्यचिदात्मनि वा **द्रव्ये गुणे** च स्वरसत एवानादित एव वृत्तः **स** खल्वचलितस्य वस्तुस्थितिसीम्नो भेत्तुमशक्यत्वात्तस्मिन्नेव वर्तते **न** पुनः **द्रव्यांतरं** गुणांतरं वा **संक्रामेत** । द्रव्यांतरं गुणांतरं वाऽ**संक्रामंश्च कथं त्वन्यं वस्तुविशेषं परिणामयेत** अतः परभावः केनापि न कर्तुं पार्येत ॥१०३॥

આત્મખ્યાતિટીકાર્થ

અહીં નિશ્ચયે કરી જે જેટલો કોઈ વસ્તુવિશેષ જે જેટલા કોઈ ચિદાત્મ વા અચિદાત્મ દ્રવ્યમાં વા ગુણમાં સ્વરસથી જ અનાદિથી જ વૃત્ત (વર્તી રહેલો) છે. તે નિશ્ચયથી અચલિત વસ્તુસ્થિતિ સીમાના ભેદવાના અશક્યપણાને લીધે તેમાં જ વર્તે છે. પુનઃ દ્રવ્યાંતરમાં વા ગુણાંતરમાં સંક્રમે નહિ; અને દ્રવ્યાંતરમાં વા ગુણાંતરમાં અસંક્રમતો તે અન્ય વસ્તુવિશેષને કેમ પરિણમાવે ? એથી કરીને પરભાવ કોઈથી પણ કરવો શક્ય નથી. ૧૦૩

આત્મભાવના -

न च परभावः केनापि कर्तुं पार्येत - અને પરભાવ કોઈથી પણ કરવો શક્ય નથી - यो - જે यस्मिन् गुणे द्रव्ये - જે ગુણમાં દ્રવ્યમાં છે, स तु - તે તો નિશ્ચયે કરીને अन्यस्मिन् द्रव्ये - અન્ય દ્રવ્યમાં ન संक्रामति - નથી સંક્રમતુ सोऽन्यदसंक्रांतः - અન્યમાં અસંક્રાંત એવો તે कथं तत् परिणामयति द्रव्यं - તે દ્રવ્યને કેમ પરિણમાવે. ॥ इति **गाथा** આત્મભાવના ॥१०३॥

इह किल यो यावान् कश्चिद् वस्तुविशेषो - અહીં ખરેખર ! જે જેટલો કોઈ વસ્તુવિશેષ यस्मिन् यावति कस्मिंश्चिद् चिदात्मन्यचिदात्मनि वा द्रव्ये गुणे च - જે જેટલા ચિદાત્મ વા અચિદાત્મ દ્રવ્યમાં અને ગુણમાં स्वरसत एवानादित एव वृत्तः - સ્વરસથી જ - આપોઆપ જ અનાદિથી જ વૃત છે - વર્ત્તી રહેલો છે, स खलु तस्मिन्नेव वर्तते - તે નિશ્ચયે કરીને તેમાં જ વર્ત્તે છે. શાને લીધે ? अचलितस्य वस्तुस्थितिसीम्नो भेत्तुमशक्यत्वात् - અચલિત વસ્તુસ્થિતિ સીમાના - મર્યાદાના ભેદવાળા અશક્યપણાને લીધે. આમ તે તેમાં જ વર્ત્તે છે, પણ न पुनः द्रव्यांतरं गुणांतरं वा संक्रामेत - પુનઃ દ્રવ્યાંતરમાં વા ગુણાંતરમાં ન સંક્રામે द्रव्यांतरं गुणांतरं वाऽसंक्रामंश्च - અને દ્રવ્યાંતરમાં વા ગુણાંતરમાં અસંક્રામતો - નહિ સંક્રામતો તે कथं त्वन्यं वस्तुविशेषं परिणामयेत् - અન્ય વસ્તુવિશેષને કેમ પરિણમાવે ? अतः परभावः केनापि न कर्तुं पार्येत - એથી પરભાવ કોઈથી પણ કરવો શક્ય નથી. ॥ इति **'आत्मख्याति'** આત્મભાવના ॥१०३॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ત્રણે કાળમાં જે વસ્તુ જાત્યંતર થાય નહીં તેને શ્રી જિન દ્રવ્ય કહે છે. કોઈ પણ દ્રવ્ય પરપરિણામે પરિણમે નહીં. સ્વપણાનો ત્યાગ કરી શકે નહીં.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૦૧, હાથનોંધ**

''પરમાતમ પરમેસરૂ, વસ્તુ ગતે તે અલિમ હો મિત્ત !''

''દ્રવ્ય દ્રવ્ય મિલે નહિ, ભાવ તે અન્ય અવ્યાપ્ત હો મિત્ત !'' - **શ્રી દેવચંદ્રજી**

પરભાવ કોઈથી પણ કરવો શક્ય નથી

न च परभावः केनापि कर्तुं पार्येत - અને પરભાવ કોઈથી પણ કરી શકાય એમ નથી એવો અખંડ નિશ્ચયસિદ્ધાંત અત્ર પ્રસ્થાપિત કર્યો છે અને 'આત્મખ્યાતિ'માં પરમ પરમાર્થગંભીર વ્યાખ્યાથી તે સમર્થિત કર્યો છે. અહીં - આ લોકને વિષે સ્ફુટપણે જે જેટલો કોઈ વસ્તુવિશેષ જે જેટલા કોઈ ચિદાત્મ - ચિદ્ રૂપ વા અચિદાત્મ - અચિદ્રૂપ એવા દ્રવ્યમાં અને ગુણમાં સ્વરસથી જ - આપોઆપ જ અનાદિથી જ વૃત્ત છે - વર્ત્તેલો - વર્તી રહેલો છે, તે નિશ્ચયે કરીને તેમાં જ વર્ત્તે છે. શાને લીધે ? અચલિત વસ્તુસ્થિતિ સીમાના - મર્યાદાના ભેદવાના અશક્યપણાને - અસંભવિતપણાને લીધે. આમ તે તેમાં જ વર્ત્તે છે, પણ દ્રવ્યાંતરમાં વા ગુણાંતરમાં સંક્રામે નહિ અને દ્રવ્યાંતરમાં વા ગુણાંતરમાં નહિ સંક્રામતો તે અન્ય વસ્તુવિશેષને કેમ પરિણમાવે ? એથી પરભાવ કોઈથી પણ કરવો શક્ય નથી. આ વ્યાખ્યાનો વિશેષાર્થ આ પ્રકારે -

દ્રવ્યાંતર ગુણાંતર અસંક્રમ : વસ્તુસીમા અભેદ્ય

અહીં - આ લોકને વિષે નિશ્ચયે કરીને યો यावान् - 'જે જેટલો' કોઈ વસ્તુવિશેષ यस्मिन् यावति - 'જે જેટલા' કોઈ ચિદાત્મ વા અચિદાત્મ દ્રવ્યમાં અને ગુણમાં 'સ્વરસથી જ' અનાદિથી જ વૃત્ત છે, स्वरसत एव अनादित एव वृत्तः - તે તેમાં જ વર્ત્તે છે. અર્થાત્ જે જેટલા પ્રમાણવાળો ચેતન વસ્તુવિશેષ છે તે તેટલા પ્રમાણવાળા ચેતન દ્રવ્યને અને ગુણને વ્યાપીને (Pervading) વર્ત્તી રહેલ છે અને જે જેટલા પ્રમાણવાળો અચેતન વસ્તુવિશેષ છે તેટલા પ્રમાણવાળા અચેતન દ્રવ્યને અને ગુણને વ્યાપીને વર્ત્તી રહેલ છે. આમ ચેતન કે અચેતન વસ્તુ કોઈ અન્યની પ્રેરણા વિના જ અનાદિથી 'સ્વરસથી જ' - આપ સ્વભાવથી આપોઆપ જ નિજ દ્રવ્ય - ગુણમય આત્મસ્વરૂપમાં જ 'વૃત્ત' છે - વર્ત્તી રહેલ છે, 'वृत्तः' - 'સહજાત્મસ્વરૂપ' ની અખંડ વૃત્તિ રૂપ વાડથી વૃત્ત - વીંટળાયેલ છે અને તેમાં જ વર્ત્તે છે. કારણકે નિશ્ચયથી જડ તે ત્રણે કાળમાં જડ ને ચેતન તે ત્રણે કાળમાં ચેતન એવી જે કોઈ કાળે ન ચળે એવી 'અચલિત વસ્તુસ્થિતિની સીમાના ભેદવાનું અશક્યપણું છે', अचलितवस्तुसीम्नो भेत्तुमशक्यत्वात् - વસ્તુસ્થિતિની મર્યાદા ઉલ્લંઘવાનું અસંભવિતપણું છે, એટલે વસ્તુસ્થિતિની સીમા - મર્યાદામાં વૃત્ત (circumscribed), સીમાને ધારતી - 'સીમંધર' એવી પ્રત્યેક વસ્તુ પોતપોતાના દ્રવ્ય-ગુણમાં જ વર્ત્તે છે, પણ 'દ્રવ્યાંતર વા ગુણાંતરમાં સંક્રમે નહિ.' અર્થાત્ ચેતન વસ્તુ અચેતન દ્રવ્યમાં વા ગુણમાં સંક્રમ (સ્થાનાંતર - Transfer) પામે નહિ, ને અચેતન વસ્તુ ચેતન દ્રવ્યમાં વા ગુણમાં સંક્રમ પામે નહિ. એટલે કે જડ તે ત્રણે કાળમાં ચેતન થાય નહિ ને ચેતન તે ત્રણે કાળમાં જડ થાય નહિ, જડ-ચેતન કોઈપણ વસ્તુ આત્મસ્વભાવ છોડી પલટે નહિ. પરમ તાત્વિકશિરોમણિ યોગીંદ્ર રાજચંદ્રજીનું અનુભવસિદ્ધ ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

''જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહિ, છોડી આપ સ્વભાવ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૬૬**

અને આમ 'દ્રવ્યાંતરમાં વા ગુણાંતરમાં નહિ સંક્રામતો તે (વસ્તુ વિશેષ) અન્ય વસ્તુવિશેષને કેમ પરિણમાવે ?' અર્થાત્ જે ચેતન વસ્તુ અચેતન દ્રવ્યમાં વા ગુણમાં સંક્રમ પામતી નથી, તો પછી ચેતન વસ્તુ તેથી અન્ય અચેતન વસ્તુને કેમ પરિણામ પમાડે ? ને અચેતન વસ્તુ તેથી અન્ય ચેતન વસ્તુને


કેમ પરિણામ પમાડે ? એટલે કે ચેતન અચેતનને પરિણમાવી શકે નહિ ને અચેતન ચેતનને પરિણમાવી શકે નહિ. એટલે નિજ વસ્તુની મર્યાદામાં રહેલ **'સહજાત્મસ્વરૂપ'** સીમાને ધરતો 'સીમંધર' **સહજાત્મસ્વરૂપી** ચેતનમય આત્મા અચેતનરૂપ જડ પૌદ્ગલિક કર્મ કરતો નથી. આમ કોઈથી પણ પરભાવ કરી શકાય એમ નથી. अयः परभावः न केनापि कर्तुं पार्येत - આ નિશ્ચય સિદ્ધાંત સુપ્રતિષ્ઠિત થયો.

આકૃતિ



ચિદાત્મરૂપ વસ્તુ વિશેષ અચિદાત્મરૂપ વસ્તુ વિશેષ

અન્યમાં સંક્રમ પામે તો અન્ય વસ્તુ વિશેષ કેમ પરિણમાવે ?



એથી કરીને નિશ્ચયથી આત્મા પુદ્ગલ કર્મોનો અકર્ત્તા સ્થિત છે -

दव्वगुणस्स य आदा ण कुणदि पुग्गलमयम्हि कम्महि ।
तं उभयमकुव्वंतो तम्हि कहं तस्स सो कत्ता ॥१०४॥

પુદ્ગલમય કર્મમાં આતમા, ન કરે દ્રવ્ય ગુણો ય રે;
ઉભય તે કરતો ન તેહમાં, કયમ તસ કર્ત્તા તે હોય રે ?... અજ્ઞાનથી. ૧૦૪

ગાથાર્થ - પુદ્ગલમય કર્મમાં આત્મા દ્રવ્ય-ગુણ નથી કરતો, (તો પછી) તેમાં તે ઉભયને નહિ કરતો તેનો તે કર્ત્તા કેમ ? ૧૦૪

आत्मख्यातिटीका

अतः स्थितः खल्वात्मा पुद्गलकर्मणामकर्त्ता -

द्रव्यगुणस्य चात्मा न करोति पुद्गलमये कर्मणि ।
तदुभयमकुर्वंस्तस्मिन्कथं तस्य स कर्त्ता ॥१०४॥

यथा खलु मृण्मये कलशकर्मणि
मृद्द्रव्यमृद्गुणयोः स्वरसत एव वर्तमाने
द्रव्यगुणांतरसंक्रमस्य वस्तुस्थित्यैव निषिद्धत्वा -
दात्मानमात्मगुणं वा नाधत्ते स कलशकारः ।
द्रव्यांतरसंक्रममंतरेणा -
न्यस्य वस्तुनः परिणामयितुमशक्यत्वात्
तदुभयं तु तस्मिन्नादधानो
न तत्त्वतस्तस्य कर्त्ता प्रतिभाति,

तथा **पुद्गलमये** ज्ञानावरणादौ **कर्मणि**
पुद्गलद्रव्यपुद्गलगुणयोः स्वरसत एव वर्तमाने
द्रव्यगुणांतरसंक्रमस्य विधातुमशक्यत्वा
दात्म**द्रव्य**मात्म**गुणं वात्मा न** खल्वा**धत्ते** ।
द्रव्यांतरसंक्रममंतरेणा -
न्यस्य वस्तुनः परिणामयितुमशक्यत्वात्
तदुभयं तु तस्मिन्नादधानः
कथं नु तत्त्वतस्त**स्य कर्त्ता** प्रतिभायात् ।

ततः स्थितः खल्वात्मा पुद्गलकर्मणामकर्त्ता ॥१०४॥

आत्मभावना

अतः स्थितः खल्वात्मा पुद्गलकर्मणामकर्ता - આ ઉપર કહ્યું તે પરથી નિશ્ચયે કરીને આત્મા પુદ્ગલ કર્મોનો અકર્ત્તા સ્થિત છે. આત્મા - આત્મા પુદ્ગલમયે कर्मणि - પુદ્ગલમય કર્મમાં દ્રવ્ય गुणस्य च न करोति - દ્રવ્ય અને ગુણ નથી કરતો, तस्मिन् - તેમાં - પુદ્ગલમય કર્મમાં तदुभयमकुर्वन् - તે ઉભય - દ્રવ્ય ગુણ અ-કરતો - ન કરતો स - તે આત્મા कथं तस्य कर्त्ता - તેનો કર્ત્તા કેમ ? ॥ इति **गाथा** आत्मभावना ॥१०४॥

यथा खलु- જેમ નિશ્ચયે કરીને આ દૃષ્ટાંત છે. मृण्मये कलशकर्मणि आत्मानमात्मगुणं वा नाधत्ते स कलशकारः मृद्मय-મૃત્તિકામય કલશકર્મમાં આત્માને વા આત્મગુણને તે કલશકાર-કુંભકાર નથી આહિત કરતો, નથી મુકી દેતો. કેવું છે કલશકર્મ ? मृद्द्रव्यमृद्गुणयोः स्वरसतएव वर्तमाने -મૃદ્દ્રવ્યમાં- મૃત્તિકાદ્રવ્યમાં અને મૃદ્ગુણામાં- મૃત્તિકાગુણાં સ્વરસથી જ આપોઆપ જ કોઈની પ્રેરણા વિના પોતાની મેળેજ વર્તમાન-વર્ત્તી રહેલ. આવા મૃણમય કલશકર્મમાં કલશકાર આત્માને વા આત્મગુણને શાને લીધે નથી મૂકી દેતો ? द्रव्यगुणांतरसंक्रमस्य वस्तुस्थित्यैव निषिद्धत्वात् - દ્રવ્યાંતર - ગુણાંતર સંક્રમના વસ્તુસ્થિતિથી જ નિષિદ્ધપણાને લીધે. એથી શું ? અને આમ द्रव्यांतरसंक्रममंतरेण - દ્રવ્યાંતર સંક્રમ વિના अन्यस्य वस्तुनः परिणामयितुमशक्यत्वात् - અન્ય વસ્તુના પરિણમાવવાના અશક્યપણાને લીધે तदुभयं तु तस्मिन्नादधानो - તદુભયને - આત્માને - આત્મગુણને તેમાં - તે કલશ કર્મમાં નહિ આહિત કરતો - નહિ મૂકી દેતો તે न तत्त्वतस्तस्य कर्त्ता प्रतिभाति - તત્ત્વથી તેનો કર્ત્તા પ્રતિભાસતો નથી.

तथा - તેમ, આ જેમ દૃષ્ટાંત તેમ આ દાર્ષ્ટાંતિક છે. पुद्गलमयज्ञानावरणादौ कर्मणि आत्मद्रव्यमात्मगुणं वात्मा न खल्वा धत्ते - પુદ્ગલમય જ્ઞાનાવરણાદિ કર્મમાં આત્મદ્રવ્યને વા આત્મગુણને આત્મા ખરેખર ! નિશ્ચયે કરીને નથી આહિત

આત્મખ્યાતિટીકાર્થ

જેમ નિશ્ચયે કરીને મૃત્તિકામય કળશ કર્મમાં
કે જે મૃદ્દ્રવ્ય ને મૃદ્ગુણમાં
સ્વરસથી જ વર્ત્તમાન છે તેમાં
દ્રવ્ય-ગુણાંતર સંક્રમના
વસ્તુસ્થિતિથી જ નિષિદ્ધપણાને લીધે
આત્માને વા આત્મગુણને
તે કલશકાર નથી આહિત કરતો (મૂકતો) નથી,
અને દ્રવ્યાંતર સંક્રમ વિના
અન્ય વસ્તુના પરિણમાવવાના અશક્યપણાને લીધે,
તદ્ઉભય તેમાં નહિ આહિત કરતો
તે તત્ત્વથી તેનો કર્ત્તા પ્રતિભાસતો નથીઃ

તેમ પુદ્ગલમય જ્ઞાનાવરણાદિ કર્મમાં -
કે જે પુદ્ગલદ્રવ્ય ને પુદ્ગલ ગુણમાં
સ્વરસથી જ વર્તમાન છે તેમાં
દ્રવ્ય-ગુણાંતર સંક્રમનું
વિધાન કરવાના અશક્યપણાને લીધે,
આત્મદ્રવ્યને વા આત્મગુણને
આત્મા નિશ્ચયથી નથી આહિત કરતો,
અને દ્રવ્યાંતર સંક્રમ વિના
અન્ય વસ્તુના પરિણમાવવાના અશક્યપણાને લીધે,
તદ્ઉભય તેમાં નહિ આહિત કરતો
તે તેનો કર્ત્તા કેમ પ્રતિભાસે વારુ ?

તેથી નિશ્ચયે કરીને આત્મા પુદ્ગલકર્મોનો અકર્ત્તા સ્થિત છે. ૧૦૪

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''પ્રત્યેક દ્રવ્ય (દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવથી) સ્વપરિણામી છે. નિયત અનાદિ મર્યાદાપણે વર્તે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૦૧, હાથનોંધ**

''સર્વ ભાવ નિજ રૂપ ગત, યહ જિનવર કી વાનિ,
તાતે કર્તા, કર્મ કો, વૃથા કિલેસ વખાનિ.'' - **'દ્રવ્યપ્રકાશ', ૩-૧૦૮**


ઉપરમાં જે નિશ્ચય વાર્ત્તા કહી, તે પરથી ફલિત થાય છે કે નિશ્ચયથી આત્મા પુદ્ગલકર્મોનો અકર્ત્તા સ્થિત છે - 'અતઃ સ્થિતઃ ખલ્વાત્મા પુદ્ગલકર્મણામકર્ત્તા' - આ વસ્તુ આ ગાથામાં કહી છે, ને તે આત્મખ્યાતિકારે પોતાની અનન્ય લાક્ષણિક શૈલીમાં કલશ ને કલશકારનું દૃષ્ટાંત બિંબ - પ્રતિબિંબ ભાવથી સાંગોપાંગ ઘટાવી અત્યંત સમર્થિત કરી છે. મૃત્તિકા દ્રવ્યમાં અને મૃત્તિકા ગુણમાં સ્વરસથી જ - આપોઆપ જ - કોઈની પ્રેરણા વિના પોતાની મેળે જ વર્ત્તમાન - વર્ત્તી રહેલા એવા મૃત્તિકામય કલશ કર્મમાં આત્માને - પોતાને વા આત્મગુણને - પોતાના ગુણને કલશકાર-કુંભકાર નથી આહિત કરતો - નથી મૂકી દેતો, શાને લીધે ? દ્રવ્યાંતર-ગુણાંતર સંક્રમના વસ્તુસ્થિતિથી જ નિષિદ્ધપણાને લીધે, 'દ્રવ્યગુણાંતરસંક્રમસ્ય વસ્તુસ્થિત્યૈવ નિષિદ્ધત્વાત્' - અને આત્મ દ્રવ્યાંતર સંક્રમ વિના અન્ય વસ્તુના પરિણમાવવાના અશક્યપણાને લીધે તદુભયને - આત્માને - પોતાને ને આત્મગુણને - પોતાના ગુણને તે

આત્મા પુદ્ગલમય કર્મનો અકર્ત્તા

કરતો - નથી મૂકી દેતો. કેવું છે પુદ્ગલમય જ્ઞાનાવરણાદિ કર્મ ? પુદ્ગલદ્રવ્યપુદ્ગલગુણયોઃ સ્વરસત એવ વર્તમાને - પુદ્ગલ દ્રવ્યમાં અને પુદ્ગલ ગુણમાં સ્વરસથી જ - આપોઆપ જ - કોઈની પ્રેરણા વિના 'આકુડું આકુડું જ' વર્ત્તમાન - વર્ત્તી રહેલ. આવા પુદ્ગલમય જ્ઞાનાવરણાદિ કર્મમાં આત્મા આત્મદ્રવ્યને વા આત્મગુણને શાને લીધે નથી મૂકી દેતો ? દ્રવ્યગુણાંતરસંક્રમસ્ય વિધાતુમશક્યત્વાત્ - દ્રવ્યાંતર-ગુણાંતર સંક્રમના વિહિત કરવાના - વિધાન કરવાના અશક્યપણાને લીધે. આથી શું ? અને આમ દ્રવ્યાંતરસંક્રમમંતરેણ - દ્રવ્યાંતર સંક્રમ વિના અન્યસ્ય વસ્તુનઃ પરિણમયિતુમશક્યત્વાત્ - અન્ય વસ્તુના પરિણમાવવાના અશક્યપણાને લીધે તદુભયં તુ તસ્મિન્નાદધાનઃ - તદુભયને - આત્મદ્રવ્યને ને આત્મગુણને તેમાં - તે જ્ઞાનાવરણાદિ કર્મમાં આહિત કરતો - નહિ મૂકી દેતો તે કથં નુ તત્ત્વતસ્તસ્ય કર્તા પ્રતિભાયાત્ - તેનો કર્ત્તા કેમ પ્રતિભાસે વારુ ? ततः स्थितः खल्वात्मा पुद्गलकर्मणामकर्त्ता - તેથી નિશ્ચયે કરીને આત્મા પુદ્ગલકર્મોનો અકર્ત્તા સ્થિત છે. ।। इति **'आत्मख्याति'** आत्मभावना ।।१०४।।

પુદ્‌ગલમય કલશ કર્મમાં નહિ આહિત કરતો - નહિ મૂકી દેતો તે તત્ત્વથી તેનો કર્ત્તા પ્રતિભાસતો નથી - દીસતો નથી. જેમ આ દૃષ્ટાંત તેમ આ દાર્ષ્ટાંતિક છે - પુદ્‌ગલદ્રવ્યમાં અને પુદ્‌ગલગુણમાં સ્વરસથી જ - આપોઆપ જ - કોઈની પ્રેરણા વિના 'આકુડું આકુડું જ' પોતાના રસથી જ વર્તમાન - વર્તી રહેલા એવા પુદ્‌ગલમય જ્ઞાનાવરણાદિ કર્મમાં આત્મદ્રવ્યને વા આત્મગુણને આત્મા ખરેખર ! નિશ્ચયે કરીને નથી આહિત કરતો - નથી મૂકી દેતો. શાને લીધે ? દ્રવ્યાંતર - ગુણાંતર સંક્રમના વિહિત કરવાના - વિધાન કરવાના અશક્યપણાને લીધે - 'द्रव्यगुणांतरसंक्रमस्य विधातुमशक्यत्वात्' । અને આમ દ્રવ્યાંતર સંક્રમ વિના અન્ય વસ્તુના પરિણમાવવાના અશક્યપણાને લીધે, તદુભયને - આત્મદ્રવ્યને ને આત્મગુણને તે પુદ્‌ગલમય જ્ઞાનાવરણાદિ કર્મમાં નહિ આહિત કરતો - નહિ મૂકી દેતો, તે આત્મા તે પુદ્‌ગલમય જ્ઞાનાવરણાદિ કર્મનો કર્ત્તા કેમ પ્રતિભાસે વારુ ? તેથી નિશ્ચયે કરીને આત્મા પુદ્‌ગલકર્મોનો અકર્ત્તા સ્થિત છે - સુપ્રતિષ્ઠિત છે. આ કલશકાર - કુંભાર ઉપલક દેખાવ માત્રથી કલશકર્મ કરતો દેખાય છે. પણ આ જે કલશકર્મ છે તે તો મૃત્તિકામય - માટીમય જ છે, એટલે તે 'મૃત્તિકા દ્રવ્યમાં ને મૃત્તિકા ગુણમાં સ્વરસથી જ વર્તમાન' છે, मृद्द्रव्यमृद्गुणयोः स्वरसत एव वर्त्तमानं - આપોઆપ જ નિજ સ્વભાવથી જ વર્તી રહેલ છે. હવે આનું આ મૃત્તિકામય કલશકર્મ જે બાહ્ય ઉપચારથી કલશકાર કુંભકાર કરે છે, તેમાં આ કલશકાર કાંઈ 'આત્માને (પોતાને) વા આત્મગુણને આહિત કરતો નથી' - મૂકી દેતો નથી, आत्मानमात्मगुणं वानाधत्ते स कलशकारः - તેની અંદર પોતાને કે પોતાના ગુણને નાંખતો નથી. કારણકે 'વસ્તુસ્થિતિથી - દ્રવ્યગુણાંતર સંક્રમનું વસ્તુસ્થિતિથી જ નિષિદ્ધપણું' છે, દ્રવ્યાંતર વા ગુણાંતર સંક્રમના વસ્તુસ્થિતિનું જ નિષેધ કરવામાં આવ્યો છે, એટલે કોઈ દ્રવ્ય કે તેનો ગુણ તેમાંથી ખસીને બીજા દ્રવ્યમાં કે તેના ગુણમાં સંક્રમ (સ્થાનાંતર) પામતો નથી, એવી વસ્તુસ્થિતિની સીમા-મર્યાદા છે અને આમ 'દ્રવ્યાંતર સંક્રમ સિવાય અન્ય વસ્તુને પરિણમાવવાનું અશક્યપણું છે'- અર્થાત્ એક દ્રવ્ય (ને તેનો અંતર્ગત ગુણ) બીજા દ્રવ્યમાં સંક્રમે નહિ, તો પછી તેનાથી અન્ય દ્રવ્યને પરિણમાવવાનું અસંભવિતપણું છે, એટલે 'તદ્ ઉભયને નહિ આહિત કરતો' - તે તત્ત્વથી તેનો કર્ત્તા નથી પ્રતિભાસતો; આત્માને વા આત્મગુણને કલશકર્મમાં નહિ સ્થાપિત કરતો - નહિ નાંખતો તે કલશકાર તે કલશ કર્મનો નિશ્ચયથી - પરમાર્થથી કર્ત્તા પ્રતિભાસતો નથી- દેખાતો નથી.

તે જ પ્રકારે - 'પુદ્‌ગલમય જ્ઞાનાવરણાદિ' કર્મ છે, તે પુદ્‌ગલદ્રવ્યમાં ને પુદ્‌ગલગુણમાં સ્વરસથી જ વર્ત્તમાન છે, पुद्गलद्रव्यपुद्गलगुणयोः स्वरसएव આપોઆપ જ નિજ સ્વભાવથી જ વર્ત્તી રહેલ છે. હવે આવું આ પુદ્‌ગલમય જ્ઞાનાવરણાદિ કર્મ જે બાહ્ય ઉપચારથી આત્મા કરતો દેખાય છે, તેમાં - તેની અંદર 'આત્મા આત્મદ્રવ્યને કે આત્મગુણને આહિત કરતો નથી', आत्मद्रव्यमात्मगुणं वात्मा न खल्वाधत्ते સ્થાપિત કરતો નથી, મૂકી દેતો નથી, કારણકે 'દ્રવ્ય-ગુણાંતર સંક્રમનું અશક્યપણું છે માટે'. 'द्रव्यांतरसंक्रममंतरेणान्यस्य वस्तुनः परिणमयितुमशक्यत्वात्' - અને આમ દ્રવ્યાંતર સંક્રમ સિવાય અન્ય વસ્તુના પરિણમાવવાનું અશક્યપણું છે, અર્થાત્ એક દ્રવ્યના (ને તેના અંતર્ગત - અંતર્નોપિ કરણના) બીજા દ્રવ્યમાં સંક્રમ (Transfer) વિના તેને પરિણમાવવાનું અસંભવિતપણું છે, એટલે 'તદ્ ઉભયને તેમાં નહિ આહિત કરતો તે તત્ત્વથી તેનો કર્ત્તા કેમ પ્રતિભાસે વારુ ?' - તદુભયને એટલે કે આત્મદ્રવ્યને વા આત્મગુણને તે પુદ્‌ગલમય જ્ઞાનાવરણાદિ કર્મમાં નહિ મૂકી દેતો - નહીં નાંખતો તે આત્મા તત્ત્વથી - પરમાર્થથી - નિશ્ચયથી તે પુદ્‌ગલમય જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા કેમ પ્રતિભાસે વારુ ? કેમ દેખાય વારુ ? અર્થાત્ ન જ પ્રતિભાસે ન જ પ્રતિભાસે, ન જ દેખાય, ન જ દેખાય. તેથી કરીને આ નિશ્ચય સિદ્ધાંત સ્થાપિત થયો કે નિશ્ચયે કરીને આત્મા પુદ્‌ગલકર્મોનો અકર્ત્તા સ્થિત છે.



આનાથી અન્ય તો ઉપચાર છે -

जीवम्हि हेदुभूदे बंधस्स दु पस्सिदूण परिणामं ।
जीवेण कदं कम्मं भण्णदि उवयारमत्तेण ॥१०५॥

પરિણામ દેખી બંધનો, જીવ હેતુભૂત હોતાંય રે;
જીવથી કરાયું કર્મ આ, ઉપચાર માત્રે કહાય રે... અજ્ઞાનથી. ૧૦૫

ગાથાર્થ - જીવ હેતુભૂત સતે બંધનો પરિણામ દેખીને, 'જીવથી કર્મ કરાયું' એમ ઉપચાર માત્રથી કહેવાય છે. ૧૦૫

आत्मख्यातिटीका

अतोन्यस्तूपचार :-

जीवे हेतुभूते बंधस्य तु दृष्ट्वा परिणामं ।
जीवेन कृतं कर्म भण्यते उपचारमात्रेण ॥१०५॥

इह खलु **पौद्गलिककर्मणः** स्वभावादनिमित्तभूतेप्यात्मन्यनादेरज्ञानात्तन्निमित्तभूतेनाज्ञानभावेन परिणमनान्नि**मित्तभूते सति संपद्यमानत्वात्** पौद्गलिकं **कर्मात्मना कृतमिति** निर्विकल्पविज्ञानघनभ्रष्टानां विकल्पपराणां परेषामस्ति विकल्पः । **तूपचार एव** न तु परमार्थः ॥१०५॥

આત્મખ્યાતિટીકાર્થ

અહીં નિશ્ચયે કરીને સ્વભાવથી અનિમિત્તભૂત છતાં **આત્મા** અનાદિ અજ્ઞાનને લીધે તેના (પૌ.ક.ના) નિમિત્તભૂત અજ્ઞાનભાવે પરિણમન થકી **નિમિત્તભૂત સતે, પૌદ્ગલિક કર્મના સંપદ્યમાનપણાને લીધે, 'પૌદ્ગલિક કર્મ આત્માથી કરાયું'** એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનથી ભ્રષ્ટ એવા વિકલ્પપરાયણ પરોનો વિકલ્પ છે, પણ **તે તો ઉપચાર જ છે** - નહિ કે પરમાર્થ. ૧૦૫

'अमृत ज्योति' महाभाष्य

''જ્ઞાની પરમાર્થ - સમ્યક્ત્વ હોય તે જ કહે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, ઉપદેશ છાયા**

''આરોપિત સબ ધર્મ ઓર હૈ, આનંદઘન તત સોઈ.'' - **શ્રી આનંદઘન પદ-૬૪૩**

આ જે ઉપરમાં કહ્યું તેથી અન્ય તો ઉપચાર છે એમ અત્ર સ્પષ્ટ કર્યું છે અને આત્મખ્યાતિકારે તેનું અત્યંત વિશદીકરણ કર્યું છે. સ્વભાવથી અનિમિત્તભૂત છતાં આત્મા, અનાદિ અજ્ઞાનને લીધે, તે

આત્મભાવના


अतोन्यस्तूपचारः - આ ઉપર જે કહ્યું તેથી અન્ય તો ઉપચાર છે. जीवे हेतुभूते - જીવ હેતુભૂત સતે, बंधस्य तु परिणामं दृष्ट्वा - બંધનો પરિણામ દેખીને, जीवेन कर्मकरंत - જીવથી કર્મ કરાયું (તેમ) उपचारमात्रेण भण्यते । ઉપચાર માત્રથી કહેવા. ॥ इति **गाथा** आत्मभावना ॥१०५॥ स्वभावादनिमित्तभूतेप्यात्मनि- **સ્વભાવથી અનિમિત્તભૂત છતાં આત્મા** अनादरज्ञानात् અનાદિ અજ્ઞાનને લીધે तन्निमित्तभूतेनाज्ञानभावेन परिणमनान्निमित्तभूते सति તેના પૌદ્ગલિક કર્મના નિમિત્ત ભૂત અજ્ઞાનભાવે પરિણમન થકી નિમિત્તભૂત સતે, इह खलु पौद्गलिककर्मणः संपद्यमानत्वात् - અહીં ખરેખર ! નિશ્ચયે કરીને પૌદ્ગલિક કર્મના સંપદ્યમાનપણાને લીધે - સંપજ્જ રહ્યાપણું - નીપજવાપણાને લીધે पौद्गलिकं कर्मात्मना कृतमिति परेषामस्ति विकल्पः 'પૌદ્ગલિક કર્મ આત્માથી કરાયું' એવો પરોનો વિકલ્પ છે. કેવો પરોનો ? निर्विकल्पविज्ञानघनभ्रष्टानां વિકલ્પપરાનાં નિર્વિકલ્પ વિજ્ઞાનઘનથી ભ્રષ્ટ-ચ્યુત એવા વિકલ્પપરાયણનો પણ स तूपचार एव न तु परमार्थ : તેઆનો તે વિકલ્પ તો ઉપચાર જ છે, નહિં કે પરમાર્થ. इति ''**आत्मख्याति**'' આત્મભાવના ॥१०५॥

પૌદ્ગલિક કર્મના નિમિત્તભૂત અજ્ઞાનભાવે પરિણમન થકી નિમિત્તભૂત સતે અહીં ખરેખર ! નિશ્ચયે કરીને પૌદ્ગલિક કર્મનું સંપદ્યમાનપણું - સંપજ્જ રહ્યાપણું - નીપજવાપણું હોય છે, તેને લીધે, પૌદ્ગલિક કર્મ આત્માથી કરાયું એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનથી ભ્રષ્ટ - ચ્યુત વિકલ્પપરાયણ પરોનો વિકલ્પ છે, પણ તે તો ઉપચાર જ છે, નહિ કે પરમાર્થ.

અન્ય તો ઉપચાર

અર્થાત્ અહીં - આ લોકને વિષે નિશ્ચયે કરીને આ આત્મા પૌદ્ગલિકકર્મનો 'સ્વભાવથી અનિમિત્તભૂત છે' - स्वभावेनानिमित्तभूतेऽपि, સ્વભાવ ભૂત-શુદ્ધ સહજાત્મસ્વરૂપથી તો આત્મા પૌદ્ગલિક કર્મનો નિમિત્તભૂત નથી, છતાં 'अनादेरज्ञानात्' - અનાદિ અજ્ઞાનને લીધે તેને સ્વ-પર વસ્તુના ભેદજ્ઞાનના અભાવે નિજ સ્વભાવભૂત સહજાત્મસ્વરૂપનું ભાન નથી એટલે તે પૌદ્ગલિક કર્મના 'નિમિત્તભૂત અજ્ઞાનભાવે' પરિણમે છે અને આમ 'तन्निमित्तभूतेनाज्ञानभावेन परिणमनात्' - તે પૌદ્ગલિક કર્મના નિમિત્તભૂત અજ્ઞાનભાવે પરિણમનને લીધે, તે આત્મા નિમિત્તભૂત હોય છે - आत्मनि निमित्तभूते सति, એટલે 'પૌદ્ગલિક કર્મનું સંપદ્યમાનપણું' હોય છે, અર્થાત્ કર્મ વર્ગણાયોગ્ય પુદ્ગલો સ્વયં જ્ઞાનાવરણાદિ પૌદ્ગલિક કર્મ રૂપે (દ્રવ્ય કર્મ રૂપે) પરિણમે છે, પર્યાય પામે છે, - મેઘાડંબર, સૂર્ય, ચંદ્ર પરિવેષ આદિને યોગ્ય કાળ નિમિત્તભૂત સતે પુદ્ગલો મેઘ-ઇંદ્ર ધનુષ આદિ રૂપે પરિણમે છે તેમ.

અને આમ પૌદ્ગલિક કર્મના નિમિત્તભૂત અજ્ઞાન ભાવે પરિણમનને લીધે આત્મા નિમિત્તભૂત હોતાં પૌદ્ગલિક કર્મનું સંપદ્યમાનપણું - સંપજ્જ રહ્યાપણું - નીપજવાપણું હોય છે, એટલે જ 'પૌદ્ગલિક કર્મ આત્માથી કરાયું' એવો વિકલ્પ નિર્વિકલ્પ વિજ્ઞાનઘનથી ભ્રષ્ટ વિકલ્પપરાયણ પરોનો - અજ્ઞાનીઓનો છે, 'निर्विकल्पविज्ञानघनभ्रष्टानां विकल्पपरायणानां परेषां विकल्पः' । - અર્થાત્ જ્યાં કોઈ પણ વિકલ્પને સ્થાન-અવકાશ છે જ નહિ, એવા 'નિર્વિકલ્પ' - પરમ નિશ્ચય સ્વરૂપ સર્વ પ્રદેશે જે ઘન (નક્કર) વિજ્ઞાન વિજ્ઞાન ને વિજ્ઞાનમય જ છે એવા 'વિજ્ઞાનઘન' જ્ઞાયક સ્વભાવી આત્માથી ભ્રષ્ટ થયેલા - પ્રમત્ત થયેલા એવા જે વિકલ્પપરાયણ અજ્ઞાનીજનો છે, તેઓ જ એવો અપરમાર્થભૂત વિકલ્પ કરે છે, પણ તે વિપરીત મિથ્યા અસત્ કલ્પનારૂપ વિકલ્પ તો 'વિકલ્પ' જ છે, વિપરીત કલ્પના જ છે, ઉપચાર જ છે - આરોપિત ભાવ જ છે, પરમાર્થ નથી જ.



કેવી રીતે ? તો કે -

जोधेहि कदे जुद्धे राएण कदंति जंपदे लोगो ।
तह ववहारेण कदं णाणावरणादि जीवेण ॥१०६॥

યોદ્ધે યુદ્ધ કર્યે નૃપ કર્યું, લોકથી એમ કથાય રે;
ત્યમ વ્યવહારે જીવથી, જ્ઞાનાવરણાદિ કરાય રે... અજ્ઞાનથી. ૧૦૬

ગાથાર્થ - યોધાઓથી યુદ્ધ કરવામાં આવ્યે, 'રાજાથી કરવામાં આવ્યું' એમ લોક કહે છે, તેમ વ્યવહારથી જ્ઞાનાવરણાદિ જીવથી કરાયું છે. ૧૦૬

आत्मख्यातिटीका

कथं इति चेत् -

यौधैः कृते युद्धे राज्ञा कृतमिति जल्पते लोकः ।
तथा व्यवहारेण कृतं ज्ञानावरणादि जीवेन ॥१०६॥

यथा युद्धपरिणामेन

स्वयं परिणममानैः **योधैः कृते युद्धे**

युद्धपरिणामेन स्वयमपरिणममानस्य राज्ञो

राज्ञा किल कृतं युद्धमि-

त्युपचारो न परमार्थः ।

तथा ज्ञानावरणादिकर्मपरिणामेन

स्वयं परिणममानेनपुद्गलद्रव्येण

कृते ज्ञानावरणादिकर्मणि

ज्ञानावरणादिकर्मपरिणामेन

स्वयमपरिणममानस्यात्मनः

किलात्मना **कृतं ज्ञानावरणादिकर्मे-**

त्युपचारो न परमार्थः ॥१०६॥

आत्मभावना -

कथं इति चेत् - તે ઉપચાર કેવી રીતે ? તો કે - योधैः कृते युद्धे - યોદ્ધાઓથી યુદ્ધ કરવામાં આવ્યે राज्ञा कृतमिति - રાજાથી કરવામાં આવ્યું એમ जल्पते लोकः - લોક જલ્પે છે - બોલે છે, तथा - તેમ व्यवहारेण - વ્યવહારથી ज्ञानावरणादि - જ્ઞાનાવરણાદિ जीवेण कृतं - જીવથી કરવામાં આવ્યું છે. ॥ इति **गाथा** आत्मभावना ॥१०६॥

योद्धैः कृते युद्धे - જેમ - યોધાઓથી યુદ્ધ કરાયે, राज्ञा किल कृतं युद्धं - લોક - પ્રવાદ છે કે - રાજાથી ખરેખર ! યુદ્ધ કરાયું, इत्युपचारो न परमार्थः - એવો ઉપચાર છે, નહિ કે પરમાર્થ. કેવા યોધાઓથી યુદ્ધ કરાયે ? युद्धपरिणामेन स्वयं परिणममानैः - યુદ્ધ પરિણામથી સ્વયં - પોતે પરિણમમાન - પરિણમી રહેલા એવાઓથી. કેવા રાજાનો તેવો ઉપચાર કરાય ? युद्धपरिणामेन स्वयमपरिणममानस्य राज्ञो - યુદ્ધ પરિણામથી સ્વયં - પોતે અપરિણમમાન - નહિ પરિણમી રહેલા એવા રાજાનો.

तथा - તેમ, पुद्गलद्रव्येण कृते ज्ञानावरणादि कर्मणि - પુદ્ગલ દ્રવ્યથી જ્ઞાનાવરણાદિ કર્મ કરાયે, किलात्मना कृतं ज्ञानावरणादि कर्म - ખરેખર ! આત્માથી જ્ઞાનાવરણાદિ કર્મ કરાયું, इत्युपचारो न परमार्थः - એવો ઉપચાર છે, નહિ કે પરમાર્થ. કેવા પુદ્ગલ દ્રવ્યથી કર્મ કરાયે ? ज्ञानावरणादिकर्मपरिणामेन स्वयं परिणममानेन - જ્ઞાનાવરણાદિ કર્મ પરિણામે સ્વયં - પોતે પરિણમમાન - પરિણમી રહેલ એવાથી. કેવા આત્માનો તેવા ઉપચાર કરાય છે ? ज्ञानावरणादि कर्मपरिणामेन स्वयमपरिणममानस्य आत्मन - જ્ઞાનાવરણાદિ કર્મપરિણામે સ્વયં - પોતે અપરિણમમાન - નહિ પરિણમી રહેલા એવા આત્માનો. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१०६॥

આત્મખ્યાતિ ટીકાર્થ

જેમ યુદ્ધ પરિણામે	તેમ જ્ઞાનાવરણાદિ કર્મ પરિણામે
સ્વયં પરિણમમાન યોધાઓથી	સ્વયં પરિણમમાન પુદ્ગલ દ્રવ્યથી
યુદ્ધ કરાયે,	જ્ઞાનાવરણાદિ કર્મ કરાયે,
યુદ્ધ પરિણામે	જ્ઞાનાવરણાદિ કર્મ પરિણામે
સ્વયં અપરિણમમાન રાજાનો	સ્વયં અપરિણમમાન આત્માનો
રાજાથી ખરેખર ! 'યુદ્ધ કરાયું'	આત્માથી ખરેખર ! 'જ્ઞાનાવરણાદિ કર્મ કરાયું'
એવો ઉપચાર છે, નહિ કે પરમાર્થઃ	એવો ઉપચાર છે, નહિ કે પરમાર્થ. ૧૦૬

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાનીનાં વચનો અપૂર્વ પરમાર્થ સિવાય બીજા હેતુએ હોય નહિ.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૪૩), ઉપદેશ છાયા (૯૫૭)

પૌદ્ગલિક કર્મ આત્માથી કરાયું એમ જે કહેવાય છે તે ઉપચાર છે એમ કહ્યું, તે ઉપચાર કેવી રીતે છે ? તે અત્રે રાજા અને યોદ્ધાના દૃષ્ટાંતથી દૃઢ કર્યું છે અને તેનો દૃષ્ટાંત - દાર્ષ્ટાંતિક ભાવ બિંબ-પ્રતિબિંબપણે સાંગોપાંગ વિવરી દેખાડી પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજીએ** પરિદૃઢ કર્યું છે.


યોદ્ધાનું દૃષ્ટાંત

રાજાના યોદ્ધાઓ યુદ્ધ કરે છે. તેમાં - 'युद्धपरिणामेन स्वयं परिणममानैः योधैः' - **યુદ્ધ પરિણામથી સ્વયં પરિણમમાન** - પરિણમતા યોદ્ધાઓથી યુદ્ધ કરાય છે અને રાજા તો યુદ્ધ પરિણામથી સ્વયં અપરિણમમાન છે - યુદ્ધ પરિણામથી પોતે નથી પરિણમતો, છતાં 'રાજાથી ખરેખર ! યુદ્ધ કરાયું' એમ લોક પ્રવાદથી - લોકવાયકાથી રાજા માટે કહેવાય છે, તે ઉપચાર કરે છે, નહિ કે પરમાર્થ.' તેમ - 'ज्ञानावरणादिकर्मपरिणामेन स्वयं परिणममानेन' - જ્ઞાનાવરણાદિ કર્મ પણ 'જ્ઞાનાવરણાદિ કર્મ પરિણામથી સ્વયં પરિણમમાન - પરિણમતા પુદ્ગલ દ્રવ્યથી' કરાય છે અને આત્મા ज्ञानावरणादिकर्मपरिणामेन स्वयमपरिणममानस्य - જ્ઞાનાવરણાદિ કર્મ પરિણામે સ્વયં - પોતે નથી પરિણમતો, છતાં 'આત્માથી ખરેખર ! જ્ઞાનાવરણાદિ કર્મ કરાયું' એમ વ્યવહાર પ્રવાદથી આત્મા માટે કહેવાય છે, તે 'ઉપચાર છે, નહિ કે પરમાર્થ' - इत्युपचारो न परमार्थः ।

આકૃતિ

યોધા - યુદ્ધ　　પુદ્ગલ - પુદ્ગલ કર્મ જ્ઞાનવરણાદિ

અરાપિત રાજામાં　　આરોપિત જીવમાં



એથી કરીને આ સ્થિત છે -

उप्पादेदि करेदि य बंधदि परिणामएदि गिण्हदि य ।
आदा पुग्गलदव्वं ववहारणयस्स वत्तव्वं ॥१०७॥

આત્મા પુદ્ગલ દ્રવ્યને, ઉપજાવે કરે તેમ રે;
બાંધે પરિણમે ગ્રહે, કહે નય વ્યવહાર એમ રે... અજ્ઞાનથી. ૧૦૭

ગાથાર્થ - આત્મા પુદ્ગલ દ્રવ્યને ઉપજાવે છે, કરે છે, બાંધે છે, પરિણમાવે છે અને ગ્રહે છે - આ વ્યવહારનયનું વક્તવ્ય છે. ૧૦૭

आत्मख्यातिटीका

अत एतत्स्थितं -

उत्पादयति करोति च बध्नाति परिणामयति गृह्णाति च ।
आत्मा पुद्गलद्रव्यं व्यवहारनयस्य वक्तव्यं ॥१०७॥

अयं खल्वात्मा न गृह्णति न परिणामयति नोत्पादयति न करोति न बध्नाति व्याप्यव्यापकभावाभावात् प्राप्यं विकार्यं निर्वर्त्यं च पुद्गलद्रव्यात्मकं कर्म । यत्तु व्याप्यव्यापकभावाभावेपि प्राप्यं विकार्यं निर्वर्त्यं च **पुद्गलद्रव्यात्मकं** कर्म **गृह्णाति परिणमयत्युत्पादयति करोति बध्नाति चात्मेति विकल्पः** स किलो**पचारः** ॥१०७॥

આત્મખ્યાતિટીકાર્થ

નિશ્ચયથી આ આત્મા
વ્યાપ્ય-વ્યાપક ભાવના અભાવને લીધે
પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય
એવું પુદ્ગલ દ્રવ્યાત્મક કર્મ
નથી ગ્રહતો, નથી પરિણમાવતો,
નથી ઉપજાવતો, નથી કરતો, નથી બાંધતો,
પણ આત્મા જે
વ્યાપ્ય-વ્યાપક ભાવના અભાવે પણ
પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય
એવું પુદ્ગલ દ્રવ્યાત્મક કર્મ
ગ્રહે છે, પરિણમાવે છે,
ઉપજાવે છે, કરે છે, ને બાંધે છે,
તે તો ખરેખર ! ઉપચાર છે. ૧૦૭

આત્મભાવના -

अत एतत् स्थितं - એથી કરીને આ સ્થિત છે કે - आत्मा - આત્મા पुद्गलद्रव्यं - પુદ્ગલદ્રવ્યને उत्पादयति करोति च बध्नाति परिणामयति गृह्णाति च - ઉપજાવે છે, કરે છે, બાંધે છે, પરિણમાવે છે અને ગ્રહે છે, (એ) व्यवहारनयस्य वक्तव्यं - **વ્યવહારનયનું વક્તવ્ય** - કથન છે. ॥૧૦૭॥ **गाथा** આત્મભાવના ॥૧૦૭॥

अयं खल्वात्मा - આ આત્મા ખરેખર ! નિશ્ચયે કરીને न गृह्णति न परिणामयति नोत्पादयति न करोति न बध्नाति - **નથી ગ્રહતો, નથી પરિણમાવતો, નથી ઉપજાવતો, નથી કરતો, નથી બાંધતો,** શું ? प्राप्यं विकार्यं निर्वर्त्यं च पुद्गलद्रव्यात्मकं कर्म - **પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવું પુદ્ગલ દ્રવ્યાત્મક કર્મ.** શાને લીધે ? व्याप्यव्यापकभावाभावात् - **વ્યાપ્ય-વ્યાપક ભાવના અભાવને લીધે. પણ** यत्तु - જે व्याप्यव्यापकभावाभावेपि - વ્યાપ્ય-વ્યાપકભાવના અભાવે **પણ,** प्राप्यं विकार्यं निर्वर्त्यं च पुद्गलद्रव्यात्मकं कर्म - પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય પુદ્ગલ દ્રવ્યાત્મક કર્મ गृह्णाति परिणामयत्युत्पादयति करोति बध्नाति वात्मेति विकल्पः - આત્મા ગ્રહે છે, પરિણમાવે છે, ઉપજાવે છે, કરે છે અને બાંધે છે એવો વિકલ્પ, स किलोपचारः - તે ખરેખર ! સ્થૂળપણે ઉપચાર છે. ॥ इति **'आत्मख्याति'** આત્મભાવના ॥૧૦૭॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જે ચેતન કરતું નથી, થતા નથી તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહીં, તેમ જ નહીં જીવધર્મ.''

- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૭૫

''હું કરતા હું કરતા પરભાવનો હોજી, ભોક્તા પુદ્ગલ રૂપ.'' **શ્રી દેવચંદ્રજી**


આ ઉપરથી સ્થિત છે કે આત્મા પુદ્ગલ દ્રવ્ય ગ્રહે છે ઈત્યાદિ વ્યવહારનયનું વક્તવ્ય - કથન છે એમ અત્ર નિગમન (conclusion) કર્યું છે અને તેનું તત્ત્વસર્વસ્વસમર્પક વિવરણ આત્મખ્યાતિકર્ત્તાએ કર્યું છે. આ આત્મા ખરેખરા નિશ્ચયે કરીને પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવું પુદ્ગલ દ્રવ્યાત્મક કર્મ નથી ગ્રહતો, નથી પરિણમાવતો, નથી ઉપજાવતો, નથી કરતો, નથી બાંધતો. શાને લીધે ? વ્યાપ્ય - વ્યાપક ભાવના અભાવને લીધે - 'व्याप्यव्यापकभावाभावात्' - પણ જે વ્યાપ્ય-વ્યાપક ભાવના અભાવે પણ - 'व्याप्यव्यापकभावाभावेपि' - પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય પુદ્ગલદ્રવ્યાત્મક કર્મ આત્મા ગ્રહે છે, પરિણમાવે છે, ઉપજાવે છે, કરે છે અને બાંધે છે, એવો વિકલ્પ તે ખરેખર ! ઉપચાર છે.

આકૃતિ

આત્મા	આત્મા
નિશ્ચયથી	(વ્યવહારથી) ઉપચારથી
પુદ્ગલદ્રવ્ય કર્મને	પુદ્ગલ દ્રવ્ય કર્મને
નથી ગ્રહતો, નથી પરિણામવતો	ગ્રહે છે, પરિણામાવે છે,
નથી ઉત્પાદતો, નથી કરતો, નથી બાંધતો	ઉત્પાદે છે, કરે છે, બાંધે છે.

પુદ્ગલ દ્રવ્યાત્મક કર્મના ત્રણ તબક્કા (stages) છે - 'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય', 'प्राप्यं विकार्यं निर्वर्त्यं च पुद्गलद्रव्यात्मके कर्म' । પ્રાપ્ય એટલે પ્રાપ્ત થવા યોગ્ય, વિકાર્ય એટલે વિકાર પામવા યોગ્ય, નિર્વર્ત્ય એટલે નિર્વર્તાવા - સર્જાવા યોગ્ય - બનાવવા યોગ્ય. આ ત્રણ વિભાગ વા તબક્કામાં 'પુદ્ગલ દ્રવ્યાત્મક કર્મ' વ્હેંચાયેલું છે. આવા પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એવા પુદ્ગલ દ્રવ્યાત્મક કર્મમાં આ આત્માના 'વ્યાપ્ય-વ્યાપક ભાવનો અભાવ' છે, એટલે નિશ્ચયથી આ આત્મા પ્રાપ્ય વિકાર્ય નિર્વર્ત્ય એવા પુદ્ગલ દ્રવ્યાત્મક કર્મને ગ્રહતો નથી, પરિણમાવતો નથી, ઉપજાવતો નથી, કરતો નથી, બાંધતો નથી, અર્થાત્ પ્રથમ તો પુદ્ગલ દ્રવ્યાત્મક કર્મ આત્માને પ્રાપ્ય જ નથી, પ્રાપ્ત થવા યોગ્ય (Approachable, Accesible) જ નથી, એટલે તે તેને ગ્રહે જ ક્યાંથી ? અને જ્યાં પુદ્ગલ દ્રવ્યાત્મક કર્મ આત્માને પ્રાપ્ય જ નથી - ગ્રાહ્ય જ નથી, ત્યાં પછી વિકાર્ય તો ક્યાંથી જ હોય ? એટલે તે તેને પરિણમાવી કેમ શકે ? અને આમ જ્યાં પુદ્ગલ દ્રવ્યાત્મક કર્મ પ્રાપ્ય ને વિકાર્ય નથી, ત્યાં પછી તે આત્માથી નિર્વર્ત્ય કેમ જ હોઈ શકે ? એટલે તે કર્મને ઉપજાવે જ કેમ ? કરે જ કેમ ? વા બાંધે જ કેમ ? આમ વ્યાપ્ય - વ્યાપક ભાવના અભાવે આત્મા પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવું પુદ્ગલ દ્રવ્યાત્મક કર્મ નથી ગ્રહતો, નથી પરિણમાવતો, નથી ઉપજાવતો, નથી કરતો, નથી બાંધતો. આમ તત્ત્વથી - પરમાર્થથી અને નિશ્ચયથી વસ્તુસ્થિતિ છે, છતાં આત્મા પ્રાપ્ય વિકાર્ય

અને નિર્વર્ત્ય એવું પુદ્‌ગલ દ્રવ્યાત્મક કર્મ ગ્રહે છે, પરિણમાવે છે, ઉપજાવે છે, કરે છે, બાંધે છે, એવો જે વિકલ્પ છે, તે તો પ્રગટપણે ઉપચાર છે, વ્યવહારથી આરોપિત ભાવ છે. કુંભકાર જેમ માટી ગ્રહે છે, તેને સ્થાસાદિ પરિણામ પમાડે છે, ઘડો ઉપજાવવાની પ્રક્રિયા કરે છે, પાકાદિથી ઘડો દૃઢ બંધવાળો કરે છે, એ જેમ ઉપચારથી કથાય છે, તેમ આત્મા કર્મવર્ગણા યોગ્ય પુદ્‌ગલ દ્રવ્યને ગ્રહે છે, દ્રવ્ય કર્મ રૂપે ઉપજાવે છે, સ્થિતિ બંધ કરે છે, અનુભાગ બંધ બાંધે છે, પ્રદેશ બંધ પરિણમાવે છે, તપ્ત લોહ પિંડ જેમ જલને તેમ સર્વ આત્મપ્રદેશોથી ગ્રહે છે. અર્થાત્ આત્મા પુદ્‌ગલ દ્રવ્યાત્મક કર્મ ગ્રહે છે, યાવત્ બાંધે છે, તે ઉપચારથી કથાય છે.



કેવી રીતે ? તો કે -

जह राया ववहारा दोसगुणुप्पादगोत्ति आलविदो ।
तह जीवो ववहारा दव्वगुणुप्पादगो भणिदो ॥१०८॥

ઉત્પાદક દોષ ગુણનો, રાજા વ્યવહારે જેમ રે;
ઉત્પાદક દ્રવ્ય-ગુણનો, જીવ વ્યવહારે તેમ રે... અજ્ઞાનથી. ૧૦૮

ગાથાર્થ - જેમ રાજા વ્યવહારથી દોષ-ગુણનો ઉત્પાદક એમ કહેવાયો છે, તેમ જીવ વ્યવહારથી દ્રવ્ય-ગુણનો ઉત્પાદક કહ્યો છે. ૧૦૮

आत्मख्याति टीका

कथमिति चेत् -

यथा राजा व्यवहारादोषगुणोत्पादक इत्यालपितः ।
तथा जीवो व्यवहाराद् द्रव्यगुणोत्पादको भणितः ॥१०८॥

यथा लोकस्य व्याप्यव्यापकभावेन
स्वभावत एवोत्पद्यमानेषु **गुणदोषेषु**
व्याप्यव्यापकभावाभावेऽपि
तदुत्पादकको राजेत्युपचारः ।

तथा पुद्गलद्रव्यस्य व्याप्यव्यापकभावेन
स्वभावत एवोत्पद्यमानेषु **गुणदोषेषु**
व्याप्यव्यापकभावाभावेपि
तदु**त्पादको जीव इत्युपचारः** ॥१०८॥

આત્મખ્યાતિટીકાર્થ

જેમ લોકના વ્યાપ્ય વ્યાપકભાવથી
સ્વભાવથી જ ઉપજી રહેલા ગુણ દોષોમાં
વ્યાપ્ય વ્યાપક ભાવના અભાવે પણ
તેઓનો ઉત્પાદક રાજા એવો ઉપચાર છેઃ

તેમ પુદ્ગલના વ્યાપ્ય-વ્યાપક ભાવથી
સ્વભાવથી જ ઉપજી રહેલા ગુણ દોષોમાં
વ્યાપ્ય વ્યાપક ભાવના અભાવે પણ
તેઓનો ઉત્પાદક જીવ એવો ઉપચાર છે.

'अमृत ज्योति' महाभाष्य

आत्मभावना -

कथमिति चेत् - તે ઉપચાર કેવી રીતે હોય છે ? તો કે - यथा - જેમ राजा - રાજા व्यवहाराद् - व्यवहारथी दोषगुणोत्पादक इत्यालपितः - દોષ-ગુણનો ઉત્પાદક એમ આલપાયો - કહેવાયો છે, तथा - તેમ जीवो - જીવ व्यवहारात् - व्यवहारथी द्रव्य गुणोत्पादको भणितः - દ્રવ્ય ગુણનો ઉત્પાદક કહ્યો છે. ॥१०८॥ **गाथा** आत्मभावना ॥१०८॥

यथा लोकस्य - જેમ લોકના व्याप्यव्यापकभावेन - व्याप्य - व्याप्य भावथी स्वभावत एवोत्पद्यमानेषु गुणदोषेषु - स्वभावथी જ ઉપજી રહેલા ગુણદોષોમાં व्याप्यव्यापकभावाभावेपि - व्याप्य-व्यापक भावना अभावे પણ, तदुत्पादको राजेत्युपचारः - તેનો ઉત્પાદક - ઉપજાવનારો રાજા એવો ઉપચાર છે, तथा पुद्गलद्रव्यस्य - તેમ પુદ્ગલ દ્રવ્યના व्याप्यव्यापकभावेन - व्याप्य-व्यापक भावथी स्वभावत एवोत्पद्यमानेषु गुणदोषेषु - સ્વભાવથી જ ઉપજી રહેલા ગુણ દોષોમાં व्याप्यव्यापकभावाभावेपि - व्याप्य-व्यापक भावना अभावे પણ, तदुत्पादको जीव इत्युपचारः - તેનો ઉત્પાદક - ઉપજાવનારો જીવ એવો ઉપચાર છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१०८॥

''હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ ?
જડ સ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી ધર્મ.''

- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૭૪


''આરોપિત સુખ ભ્રમ ટળ્યો રે, ભાસ્યો અવ્યાબાધ. અજિત જિન.'' **- શ્રી દેવચંદ્રજી**

આત્મા પુદ્ગલ દ્રવ્યાત્મક કર્મ કરે છે એવો જે ઉપચાર કરાય છે તે કેવી રીતે કરાય છે ? તેનું અત્ર રાજા-પ્રજાના દૃષ્ટાંતથી સ્પષ્ટીકરણ કર્યું છે અને તે બિંબ-પ્રતિબિંબ ભાવથી વિવરી દેખાડી આત્મખ્યાતિ કર્ત્તાએ અત્યંત વિશદીકરણ કર્યું છે.

લોકના જે ગુણ-દોષ છે, તે તો લોકના પોતાના જ 'વ્યાપ્ય-વ્યાપક ભાવથી સ્વભાવથી જ' - 'व्याप्यव्यापकभावेन स्वभावत एव' - ઉપજી રહેલ છે, છતાં વ્યાપ્ય-વ્યાપક ભાવના અભાવે પણ - 'व्याप्य-व्यापकभावाभावेपि' - તે ગુણ-દોષનો 'ઉત્પાદક' - ઉપજાવનારો રાજા છે એવો ઉપચાર કરાય છે, તેમ પુદ્ગલ દ્રવ્યના 'વ્યાપ્ય વ્યાપક ભાવથી સ્વભાવથી' જ દ્રવ્ય-ગુણ ઉપજી રહેલ છે, છતાં વ્યાપ્ય-વ્યાપક ભાવના અભાવે પણ તેનો - 'તે દ્રવ્ય-ગુણનો ઉત્પાદક' - ઉપજાવનારો જીવ છે એવો ઉપચાર કરાય છે, આરોપિત ભાવ કરાય છે.

આકૃતિ

લોક - ગુણદોષ	પુદ્ગલ દ્રવ્ય - દ્રવ્ય ગુણ
ઉપચારથી	ઉપચારથી
રાજા	જીવ



બાકી તો પછી પુદ્‌ગલ કર્મનો કર્ત્તા કોણ છે ? તેનું પ્રતિપાદન કરતી નીચેની ગાથાઓની રજૂઆત કરતો આ ઉત્થાનિકા **સમયસાર કળશ (૧૮)** પ્રકાશે છે -

વસંતતિલકા -

जीवः करोति यदि पुद्‌गल कर्म नैव,
कस्तर्हि तत्कुरुत इत्यभिशंकयैव ।
एत र्हि तीव्ररयमोहनिबर्हणाय,
संकीर्त्यते श्रृणुत पुद्‌गलकर्म कर्तृ ॥६३॥

જો જીવ પૌદ્‌ગલિક કર્મ કરે નહિ આ, તો શંકા થાતી કરતું કુણ તે અહિ આ ?
આ તીવ્ર વેગી તુજ મોહ વિધ્વંસવાને, સંકીર્ત્તિએ સુણ જ પુદ્‌ગલકર્મ કર્તા. ૬૩

અમૃત પદ-૬૩

'ભૈયા ! વિષમ આ સંસાર' - એ રાગ

જીવ જો પુદ્‌ગલ કર્મ કરે ના, કોણ કરે છે તેહ ?
નિશ્ચય ને વ્યવહાર તણી તો વાત અટપટી એહ... જીવ જો પુદ્‌ગલ કર્મ. ૧
ગુરુદેવ ! આશંકા એ થાતી, વાત ન મુજ સમજાતી,
કર્તા-કર્મની વાત અતિશે, અટપટી આ દેખાતી... જીવ જો પુદ્‌ગલ કર્મ. ૨
તીવ્રવેગી હે શિષ્ય ! એ ત્હારો, મોહ હણવાને કાજે,
પુદ્‌ગલ કર્મનો કર્ત્તા કહિએ, સાંભળજે અહિ આ જે... જીવ. ૩
ભગવાન્ અમૃતચંદ્રની અમૃત, વાણી આ સાંભળજે,
મોહ વિષ ઉતારી અનાદિ, અમૃતપંથે પળજે... જીવ.

અર્થ - જીવ જો પુદ્‌ગલ કર્મ કરતો નથી જ, તો પછી તે કોણ કરે છે ? એવી અભિશંકાથી જ તીવ્ર વેગી મોહના નિબર્હણાર્થે (વિધ્વંસનાર્થે, વિનાશાર્થે) આ સ્ફુટપણે પુદ્‌ગલકર્મ કર્તૃ સંકીર્ત્તવામાં આવે છે, તે શ્રવણ કરો !

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''મિથ્યાત્વની નિવૃત્તિ એ જ સમ્યક્‌ત્વ.'' - **શ્રીમદ્‌ રાજચંદ્ર, વ્યાખ્યાનસાર**

નીચેની ગાથાઓમાં પુદ્‌ગલકર્મનો કર્ત્તા કોણ છે ? તેનો ખુલાસો કર્યો છે, તેની ઉત્થાનિકારૂપ આ કળશ **અમૃતચંદ્રજીએ** લલકાર્યો છે. जीवः करोति यदि पुद्‌गल कर्म नैव कस्तर्हि तत्कुरुत इत्यभिशंकयैव - અત્રે શિષ્ય શંકા કરે છે - હે સદ્‌ગુરુ ભગવાન્ ! જીવ પુદ્‌ગલકર્મ કરતો નથી એમ આપે કહ્યું, પણ તે હજુ મ્હારી સમજમાં ઉતરતું નથી. જીવ જો પુદ્‌ગલ કર્મ નથી જ કરતો તો પછી તે કોણ કરે છે ? જડ પુદ્‌ગલ આપોઆપ કર્મ બની મળે અને છૂટા પડે એ કેમ કરીને બને ? આ મ્હારા મનના સંશયનું આપ પ્રભુ નિવારણ કરો ! એટલે **પરમકૃપાળુ શ્રીમદ્‌ સદ્‌ગુરુ ભગવાન્** વદે છે - હે શિષ્ય ! પુદ્‌ગલ કર્મનો કર્ત્તા કોણ છે ? તે ત્હારા તીવ્રવેગી મોહના - 'નિબર્હણાર્થે' - વિધ્વંસનાર્થે - વિનાશનાર્થે - સર્વ નાશાર્થે - एतर्हि तीव्ररयमोहनिबर्हणार्थं संकीर्त्तन કરવામાં આવે છે, સમ્યક્‌ પ્રકારે વર્ણવવામાં આવે છે, તે શ્રવણ કરો ! संकीर्त्यते श्रृणुत पुद्‌गलकर्म कर्तृ । સમ્યક્‌ તત્ત્વ દૃષ્ટિના અભાવે જીવ પુદ્‌ગલ કર્મ કરે છે એવો જે મિથ્યા માન્યતારૂપ અનાદિ રૂઢ મૂઢ ભાવ જીવને વર્ત્તે છે, તે 'તીવ્ર' - આકરા - ઉગ્ર મોહાવેશને ઉતારવા માટે અમે જે સમ્યક્‌ નિશ્ચય - તત્ત્વદૃષ્ટિથી વિસ્તારીને કહીએ છીએ, તે સાવધાન થઈને સાંભળ ! આવા ભાવનો આ ઉત્થાનિકા કળશ પ્રકાશી પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજી** નીચેની ગાથા અવતારે છે -



सामण्णपच्चया खलु चउरो भण्णंति बंधकत्तारो ।
मिच्छत्तं अविरमणं कसायजोगा य बोद्धव्वा ॥१०९॥
तेसिं पुणो वि य इमो भणिदो भेदो दु तेरसवियप्पो ।
मिच्छादिट्ठीआदी जाव सजोगिस्स चरमंतं ॥११०॥
एदे अचेदणा खलु पुग्गलकम्मुदयसंभवा जह्मा ।
ते जदि करंति कम्मं णवि तेसिं वेदगो आदा ॥१११॥
गुणसण्णिदा दु एदे कम्मं कुव्वंति पच्चया जह्मा ।
तह्मा जीवोऽकत्ता गुणा य कुव्वंति कम्माणि ॥११२॥

સામાન્ય પ્રત્યયો ચાર તે, કહાય બંધકર્તાર રે;
મિથ્યાત્વ અવિરમણ અને કષાય યોગ અવધાર રે... અજ્ઞાનથી કર્ત્તા આતમા. ૧૦૯
ને તેનો વળી ભેદ આ, તેર વિકલ્પોવંત રે;
માંડીને મિથ્યાદૃષ્ટિથી, સયોગિ ચરમ પર્યંત રે... અજ્ઞાનથી. ૧૧૦
પુદ્ગલ કર્મોદય જન્ય આ, તેથી અચેતન આજ રે;
તે જો કરે છે કર્મને, આત્મા તસ વેદક ના જ રે... અજ્ઞાનથી. ૧૧૧
'ગુણ' સંજ્ઞિત આ પ્રત્યયો, એહ કરે છે કર્મ રે;
તેથી અકર્ત્તા જીવ છે, ગુણો જ કરે છે કર્મ રે... અજ્ઞાનથી. ૧૧૨

ગાથાર્થ - નિશ્ચયે કરીને સામાન્ય પ્રત્યયો ચાર બંધકર્ત્તાઓ કહેવાય છે અને તે મિથ્યાત્વ અવિરમણ કષાય અને યોગ જાણવા. ૧૦૯

અને તેઓનો વળી આ ભેદ તેર વિકલ્પવાળો કહ્યો છે - મિથ્યાદૃષ્ટિ આદિ યાવત્ સયોગીના ચરમ પર્યંત. ૧૧૦

આ (ગુણસ્થાનકો) નિશ્ચયે કરીને અચેતન છે, કારણકે તેઓનો સંભવ (ઉદ્ભવ, જન્મ) પુદ્ગલ કર્મોદય થકી છે, (એટલે) તેઓ જો કર્મ કરે છે, તો તેઓનો વેદક (વેદનારો) આત્મા નથી જ. ૧૧૧

પણ કારણકે 'ગુણ' સંજ્ઞિત આ પ્રત્યયો કર્મ કરે છે, તેથી જીવ અકર્ત્તા છે અને ગુણો કર્મો કરે છે. ૧૧૨

आत्मभावना

सामान्यप्रत्ययाः खलु चत्वारः - નિશ્ચયે કરીને સામાન્ય પ્રત્યયો ચાર બંધકર્ત્તારઃ भण्यंते - બંધકર્ત્તાઓ કહેવાય છે, मिथ्यात्वमविरमणं कषाययोगौ च बोद्धव्याः - મિથ્યાત્વ, અવિરમણ, કષાય અને યોગ જાણવા. ॥૧૦૯॥ तेषां पुनरपि **चायं** - અને તેઓનો પુનઃ આ त्रयोदशविकल्पः तु भेदः भणितः - ત્રયોદશ વિકલ્પ - તેર ભેદવાળો ભેદ કહ્યો છે. मिथ्यादृष्ट्यादि र्यावत् सयोगनिश्चरमांतः - મિથ્યાદૃષ્ટિ આદિ યાવત્ સયોગિના ચરમાંત. ॥૧૧૦॥ एते अचेतनाः खलु - આ (તેર ભેદ) ખરેખર ! અચેતન છે, यस्मात् पुद्गलकर्मोदयसंभवाः - કારણકે પુદ્ગલ કર્મોદય થકી એનો સંભવ - ઉદ્ભવ - જન્મ છે (માટે), ते यदि कर्म कुर्वंति - તેઓ જો કર્મ કરે છે, न तेषां वेदको आत्मा - તેઓનો વેદક આત્મા નથી. ॥૧૧૧॥ यस्मात् - કારણકે गुणसंज्ञितास्तु एते प्रत्ययाः - ગુણસંજ્ઞિત આ પ્રત્યયો જ कर्म कुर्वंति - કર્મ કરે છે, तस्मात् - તેથી जीवोऽकर्त्ता - જીવ અકર્ત્તા છે, गुणाश्च कर्माणि कुर्वंति - અને ગુણો - કર્મો કરે છે. ॥૧૧૨॥ इति **गाथा** आत्मभावना ॥૧૦૯-૧૧૨॥

सामान्यप्रत्ययाः खलु चत्वारः - નિશ્ચયે કરીને ચાર સામાન્ય પ્રત્યયો बंधकर्त्तारः भण्यंते - બંધકર્ત્તાઓ કહેવાય છે. पुद्गलकर्मणः - પુદ્ગલ કર્મનું किल - ખરેખર ! નિશ્ચયે કરીને पुद्गलद्रव्यमेवैकं कर्तृ - પુદ્ગલ દ્રવ્ય જ એક કર્તૃ છે,

आत्मख्यातिटीका -

सामान्यप्रत्ययाः खलु चत्वारो भण्यंते बंधकर्त्तारः ।
मिथ्यात्वमविरमणं कषाययोगौ च बोद्धव्याः ॥१०९॥
तेषां पुनरपि चायं भणितो भेदस्तु त्रयोदशविकल्पः ।
मिथ्यादृष्टवादिर्यावत्सयोगिनश्चरमांतः ॥११०॥
एते अचेतनाः खलु पुद्गलकर्मोदयसंभवा यस्मात् ।
ते यदि कुर्वंति कर्म नापि तेषां वेदक आत्मा ॥१११॥
गुण संज्ञितास्तु एते कर्म कुर्वंति प्रत्यया यस्मात् ।
तस्माज्जीवोऽकर्त्ता गुणाश्च कुर्वंति कर्माणि ॥११२॥

पुद्गलकर्मणः किल पुद्गलद्रव्यमेवैकं कर्तृ तद्विशेषाः **मिथ्यात्वविरतिकषाययोगा बंधस्य सामान्यहेतुतया चत्वारः कर्त्तारः त एव विकल्प्यमाना मिथ्यादृष्ट्यादिसयोगकेवल्यंतास्त्रयोदश कर्त्तारः । अथैते पुद्गलकर्मविपाकविकल्पत्वा**दत्यंत**मचेतना** संतस्त्रयोदशकर्त्तारः केवला एव **यदि** व्याप्यव्यापकभावेन किंचनापि पुद्गल**कर्म कुर्यु**स्तदा कुर्युरेव किं जीवस्यात्रापतितं । अथायं तर्कः पुद्गलमयमिथ्यात्वादीन् वेदयमानो जीवः स्वयमेव मिथ्यादृष्टि र्भूत्वा पुद्गलकर्म करोति स किलाविवेको ।

यतो **न** खल्वा**त्मा** भाव्यभावकभावाभावात् **पुद्गलद्रव्यमयमिथ्यात्वादिवेदकोपि** कथं पुनः पुद्गलकर्मणः कर्ता नाम । अथैतदायातं यतः पुद्गलद्रव्यमयानां चतुर्णां सामान्यप्रत्ययानां विकल्पास्त्रयोदश विशेष**प्रत्यया गुणशब्दवाच्याः** केवला एव **कुर्वंति कर्माणि । ततः** पुद्गलकर्मणाम**कर्ता जीवो गुणा एव तत्कर्तारस्तेतु** पुद्गलद्रव्यमेव । ततः स्थितं पुद्गलकर्मणः पुद्गलद्रव्यमेवैकं कर्तृ ॥१०९॥११०॥१११॥११२॥

तद्विशेषाः - तेना - पुद्गल द्रव्यना विशेषो मिथ्यात्वाविरतिकषाययोगाः - मिथ्यात्व - अविरति - कषाय - योग - बंधस्य सामान्यहेतुतया - बंधनी सामान्य हेतुताओ करीने, चत्वारः कर्तारः - चार कर्ताओ छे, त एव - तेओ ज - मिथ्यात्वादि ज विकल्प्यमानाः - विकल्पवामां आवतां, भेदरूप विकल्पथी भेदवामां आवतां, मिथ्यादृष्ट्यादिसयोग केवल्यंताः - मिथ्यादृष्टि आदि सयोग केवली पर्यंत त्रयोदश कर्त्तारः - तेर कर्ताओ छे.

अथ - हवे एते - आ पुद्गलकर्मविपाकविकल्पत्वादत्यंतमचेतना संतः - पुद्गल कर्म विपाकना विकल्पपणाने लीधे - भेदपणाने लीधे अत्यंत अचेतन सता त्रयोदश कर्त्तारः - तेर कर्ताओ, केवला एव - केवल ज, यदि व्याप्यव्यापकभावेन किंचनापि पुद्गलकर्म कुर्यु - जो व्याप्य-व्यापक भावथी कंई पण पुद्गल कर्म करे, तदा कुर्युरेव - तो भले करे ज, किं जीवस्यात्रापतितं - अत्रे जीवनुं शुं आवी पड्युं ? अथायं तर्कः - हवे आ तर्क -

पुद्गलमयमिथ्यात्वादीन् वेदयमानो जीवः - पुद्गलमय मिथ्यातत्वादि वेदी रहेलो जीव, स्वयमेव - स्वयं ज - पोते ज - आपोआप ज, मिथ्यादृष्टिर्भूत्वा - मिथ्यादृष्टि थईने, पुद्गलकर्म करोति - पुद्गल कर्म करे छे, स किलाविवेको - ते खरेखर ! स्थूटपणे अविवेक छे. शुं कारणथी ? यतो - कारणके - न खल्वात्मा भाव्यभावकभावाभावात् पुद्गलद्रव्यमयमिथ्यात्वादिवेदकोपि - आत्मा खरेखर ! निश्चये करीने - भाव्य भावक भावना अभावने लीधे - पुद्गलद्रव्यमय मिथ्यात्वादिनो वेदक - वेदनारो पण नथी, कथं पुनः पुद्गलकर्मणः कर्ता नाम - तो पछी पुद्गलकर्मनो कर्त्ता तो केम होय वारु ? अथै तदायातं - एटले आ आव्युं -

यतः - कारणके - पुद्गलद्रव्यमयानां चतुर्णां सामान्यप्रत्ययानां विकल्पाः - पुद्गलद्रव्यमय चार सामान्य प्रत्ययोना विकल्पो - भेदो - त्रयोदशविशेषप्रत्ययाः - तेर विशेष प्रत्ययो, गुणशब्दवाच्याः - के जे 'गुण' शब्दथी वाच्य - कहेवाय छे ते, केवला एव - केवल ज, अन्य कोई सहाय विना मात्र ज, कुर्वंति कर्माणि - कर्मो करे छे, ततः - तेथी करीने पुद्गलकर्मणामकर्ता जीवो - पुद्गलकर्मोनो जीव अकर्त्ता छे, गुणा एव तत्कर्त्तारः - गुणो ज तेना कर्त्ताओ छे, ते तु

આત્મખ્યાતિટીકાર્થ -

પુદ્‌ગલ કર્મનું નિશ્ચયથી પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તૃ છે, તેના વિશેષો - **મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગ બંધના સામાન્યહેતુતાએ કરીને ચાર કર્ત્તાઓ છે, તેઓ જ વિકલ્પવામાં આવતાં મિથ્યાદૃષ્ટિ આદિ સયોગકેવલીપર્યંત તેર કર્ત્તાઓ છે. જો વ્યાપ્ય વ્યાપકભાવથી કંઈ પણ પુદ્‌ગલકર્મ કરતા હોય તો ભલે કરે જ !** અત્રે જીવનું શું આવી પડ્યું ?

હવે આ તર્ક કે - પુદ્‌ગલમય મિથ્યાત્વાદિને વેદી રહેલો જીવ સ્વયમેવ મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્‌ગલ કર્મ કરે છે, તે ખરેખર ! અવિવેક છે, કારણકે **નિશ્ચયથી આત્મા ભાવ્યભાવક ભાવના અભાવને લીધે પુદ્‌ગલદ્રવ્યમય મિથ્યાત્વાદિનો વેદક પણ નથી,** તો પુનઃ પુદ્‌ગલકર્મનો કર્ત્તા કેમ હોય વારુ ? એટલે આ આવ્યું કે - કારણકે પુદ્‌ગલ દ્રવ્યમય ચાર સામાન્ય પ્રત્યયોના વિકલ્પો 'ગુણ' શબ્દથી વાચ્ય એવા તેર વિશેષ પ્રત્યયો કેવલ જ કર્મો કરે છે, **તેથી પુદ્‌ગલકર્મોનો જીવ અકર્ત્તા છે, ગુણો જ તેના કર્ત્તાઓ છે** અને તેઓ તો પુદ્‌ગલદ્રવ્ય જ છે, તેથી સ્થિત છે કે પુદ્‌ગલકર્મનું પુદ્‌ગલ દ્રવ્ય જ એક કર્તૃ છે. ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જન્મ, જરા, મરણ મુખ્યપણે દુઃખ છે. તેનું બીજ કર્મ છે. કર્મનું બીજ રાગ દ્વેષ છે, અથવા આ પ્રમાણે પાંચ કારણ છે - મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, રોગ. પહેલા કારણનો અભાવ થયે બીજાનો અભાવ, પછી ત્રીજાનો, પછી ચોથાનો, અને છેવટે પાંચમા કારણનો એમ અભાવ થવાનો ક્રમ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૫૫**

''मिथ्यात्वाविरतिप्रमादकषाययोगाः बंधहेतवः ।'' - **શ્રી તત્ત્વાર્થ સૂત્ર**

ઉપરમાં નિષ્ણુષ યુક્તિથી સિદ્ધ કરી બતાવ્યું તેમ જીવ દ્રવ્ય જો સ્વયં-આપોઆપ સ્વભાવે પરિણમે છે, ને પુદ્‌ગલકર્મનો કર્ત્તા નથી, તો પછી પુદ્‌ગલકર્મનો કર્ત્તા છે કોણ ? એવી સહજ આશંકા શિષ્યને ઊઠે છે. તેનું સમાધાન અત્ર શાસ્ત્રકર્ત્તા **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** કહ્યું છે અને તેનું તત્ત્વ સર્વ-સ્વસમર્પક અપૂર્વ વ્યાખ્યાન 'આત્મખ્યાતિ'કર્ત્તા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પ્રકાશ્યું છે. તેનો આશયાર્થ આ પ્રકારે -

સમ્યક્ એવી નિશ્ચય તત્ત્વદૃષ્ટિથી જોઈએ તો - पुद्‌गलकर्मणः किल पुद्‌गलद्रव्यमेवैकं कर्तृ - પુદ્‌ગલ કર્મનું કર્તૃ પુદ્‌ગલદ્રવ્ય જ એક છે, અથવા 'तद्‌विशेषो' - તે પુદ્‌ગલદ્રવ્યના જ વિશેષોરૂપ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ - બંધના સામાન્ય હેતુતાએ કરીને - ચાર 'સામાન્ય પ્રત્યયો' પુદ્‌ગલ કર્મના ચાર કર્ત્તાઓ છે, અથવા આ ચાર મૂલ સામાન્ય પ્રત્યયોના ઉત્તર ભેદરૂપ વિકલ્પો કરવામાં આવતાં મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી માંડી સયોગ કેવલી ગુણસ્થાન પર્યંત તેના તેર ઉત્તર પ્રત્યયો થાય છે, તે તેર પ્રત્યયો પુદ્‌ગલકર્મના તેર કર્તાઓ છે. હવે આમ આ તેર કર્ત્તા પણ 'पुद्‌गलकर्मविपाकविकल्पत्वाद्' - પુદ્‌ગલકર્મ વિપાકના વિકલ્પપણાને લીધે - પુદ્‌ગલકર્મ ઉદયના ભેદરૂપપણાને લીધે 'अत्यंत अचेतन' - સર્વથા અચેતન છે. એટલે અચેતન એવા આ તેર કર્ત્તાઓ 'કેવલ જ' - केवला एव - એ અન્ય કોઈ પણ સહાય વિના કેવલ માત્ર પોતે જ જો 'વ્યાપ્ય-વ્યાપક ભાવથી' વ્યાપ્યવ્યાપકભાવેન કંઈ પણ પુદ્‌ગલકર્મ કરતા હોય, તો ભલે કરે જ ! 'એમાં જીવનું શું આવી પડ્યું ?' એમાં જીવને શું લાગે વળગે ? એમાં જીવને શું લેવા દેવા ?

હવે જો એવો તર્ક કરવામાં આવે કે - **'પુદ્‌ગલમય'** મિથ્યાત્વાદિને વેદતો જીવ


पुद्‌गलद्रव्यमेव - તેઓ - ગુણો તો પુદ્‌ગલ દ્રવ્ય જ છે. આ ઉપરથી શું ફલિત થયું ? ततः स्थितं - તેથી સ્થિત છે કે - पुद्‌गलकर्मणः - પુદ્‌ગલ કર્મનું पुद्‌गलद्रव्यमेव - પુદ્‌ગલ દ્રવ્ય જ एकं कर्तृ - એક કર્તૃ છે. ।। इति **'आत्मख्याति'** आत्मभावना ।।१०९।।११०।।१११।।११२।।


સ્વયમેવ-આપોઆપ જ મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્‌ગલ કર્મ કરે છે, તો તેવો તર્ક પ્રગટ અવિવેક જ છે - 'स किलाविवेकः', કારણકે નિશ્ચયે કરીને તત્ત્વદૃષ્ટિથી દેખતાં આત્મા અને પુદ્‌ગલને ભાવ્ય-ભાવક સંબંધ જ છે નહિ, આત્મા ભાવ્ય ને પુદ્‌ગલ ભાવક એવા 'ભાવ્ય-ભાવક ભાવનો અભાવ જ' છે - भाव्यभावक भावाभावात् । એટલે જેમ કુતર્કથી કલ્પવામાં આવ્યું હતું તેમ નિશ્ચયે કરીને આત્મા પુદ્‌ગલમય મિથ્યાત્વાદિનો વેદક પણ - વેદનારો પણ નથી, 'न खल्वात्मा पुद्‌गलद्रव्यमयमिथ्यात्वादिवेदकोपि', તો પછી તે પુદ્‌ગલકર્મનો કર્ત્તા તો કેમ હોય વારુ ? 'कथं पुद्‌गलकर्मणः कर्त्ता नाम ?' અર્થાત્ 'પુદ્‌ગલમય મિથ્યાત્વાદિને વેદતો' જીવ એમ જે પ્રથમ તર્ક કરવામાં આવ્યો હતો, તે જ મૂળ તો ખોટો છે, તેનું ઉત્થાન થવું તે પણ મિથ્યા અસદ્ ઉદ્‌ભાવનરૂપ છે. કારણકે **આત્મભાવમય** મિથ્યાત્વાદિને કદાચિત્ વેદતો જીવ મિથ્યાદૃષ્ટિ એ કહેવું કોઈ અપેક્ષાએ ભલે બરાબર હોય, પણ **'પુદ્‌ગલભાવમય'** મિથ્યાત્વાદિને વેદતો જીવ મિથ્યાદૃષ્ટિ હોઈ પુદ્‌ગલકર્મ કરે છે એમ કહેવું તે બરાબર નથી જ, પણ તત્ત્વાતત્ત્વના વિવેક વગરનું માત્ર અવિવેકી કથન જ છે. એટલે આત્મા પુદ્‌ગલકર્મનો કર્ત્તા છે એમ કહેવું તે પણ પ્રગટ અવિવેક હોઈ સર્વથા અયુક્ત જ છે.

એટલે 'આ આવ્યું' અર્થાત્ આનો ફલિતાર્થ - તાત્પર્યાર્થ એ થયો કે - 'પુદ્‌ગલ દ્રવ્યમય' મિથ્યાત્વાદિ ચાર સામાન્યપ્રત્યયો, તેના જે 'ગુણ' શબ્દથી વાચ્ય - 'ગુણસ્થાન' નામે ઓળખાતા તેર વિકલ્પો - પ્રકારો વિશેષપ્રત્યયો છે, તેઓ 'કેવલ જ' - કેવલા एव - અન્ય કોઈ પણ સહાય વિના કેવલ માત્ર પોતે જ કર્મો કરે છે. તેથી પુદ્‌ગલકર્મોનો જીવ અકર્ત્તા છે અને 'ગુણો' જ - ગુણસ્થાનો જ તેના કર્ત્તાઓ છે; અને તે ગુણસ્થાનો તો 'પુદ્‌ગલ દ્રવ્ય જ' છે, તેથી આમ પુદ્‌ગલ કર્મનું પુદ્‌ગલ દ્રવ્ય જ એક કર્તૃ છે, એમ સ્થિત છે, એમ સિદ્ધ થયું.

''ચૌદ ગુણસ્થાનક છે તે આત્માના અંશે અંશે ગુણ બતાવ્યા છે અને છેવટે તે કેવા છે તે જણાવ્યું છે. જેમ એક હીરો છે તેને એક એક કરતાં ચૌદ પેહેલ પાડો તો અનુક્રમે વિશેષ વિશેષ કાન્તિ પ્રગટે અને ચૌદે પેહેલ પાડતાં છેવટે હીરાની સંપૂર્ણ કાન્તિ પ્રગટે. આજ રીતે સંપૂર્ણ ગુણ પ્રગટવાથી આત્મા સંપૂર્ણપણે પ્રગટે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, ૯૫૭ (ઉપદેશ છાયા)**

આકૃતિ





અને જીવ - પ્રત્યયનું એકત્વ નથી -

जह जीवस्स अणण्णुवओगो कोहो वि तह जदि अणण्णो ।
जीवस्साजीवस्स य एवमणण्णत्तमावण्णं ॥११३॥
एवमिह जो दु जीवो सो चेव दु णियमदो तहाजीवो ।
अयमेयत्ते दोसो पच्चयणोकम्मकम्माणं ॥११४॥
अह दे अण्णो कोहो अण्णुवओगप्पगो हवदि चेदा ।
जह कोहो तह पच्चय कम्मं णोकम्ममवि अण्णं ॥११५॥

ઉપયોગ અનન્ય જેમ જીવનો, તેમ ક્રોધ પણ જો અનન્નરે;
જીવનું અજીવનું એમ તો, અનન્યપણું આપન્ન રે... અજ્ઞાનથી. ૧૧૩
એમ અહીં જે જીવ તે, અજીવ નિયમથી હોય રે;
પ્રત્યય-નોકર્મ-કર્મના, એકત્વે દોષ આ જોય રે... અજ્ઞાનથી. ૧૧૪
હવે તુજ મતે ક્રોધ અન્ય જો, ઉપયોગાત્મ ચેતન અન્ય રે;
તો જ્યમ ક્રોધ ત્યમ પ્રત્યયો, કર્મ નોકર્મ પણ અન્ય રે... અજ્ઞાનથી. ૧૧૫

ગાથાર્થ - જેમ ઉપયોગ જીવથી અનન્ય છે, તેમ જો ક્રોધ પણ અનન્ય હોય તો જીવનું અને અજીવનું એમ અનન્યપણું આવી પડ્યું. ૧૧૩

એમ તો અહીં જે જ જીવ છે તે જ નિયમથી તથાપ્રકારે અજીવ હોય છે, પ્રત્યય-નોકર્મ-કર્મોના એકત્વમાં આ દોષ છે. ૧૧૪

હવે જો ત્હારા મતે ક્રોધ અને ઉપયોગાત્મા ચેતયિતા અન્ય હોય છે, તો જેમ ક્રોધ તેમ પ્રત્યય-કર્મ-નોકર્મ પણ અન્ય છે. ૧૧૫

आत्मख्यातिटीका

न च जीवप्रत्ययोरेकत्वं -

यथा जीवस्यानन्य उपयोगः क्रोधोपि तथा यद्यनन्यः ।
जीवस्याजीवस्य चैवमनन्यत्वमापन्नं ॥११३॥
एवमिह यस्तु जीवः स चैव तु नियमतस्तथाजीवः ।
अयमेकत्वे दोषः प्रत्ययनोकर्मकर्मणां ॥११४॥
अथ ते अन्यः क्रोधोऽन्यः उपयोगात्मको भवति चेतयिता ।
यथा क्रोधस्तथा प्रत्ययाः कर्म-नोकर्माप्यन्यत् ॥११५॥

आत्मभावना -

न च जीवप्रत्ययोरेकत्वं - અને જીવ-પ્રત્યયનું એકત્વ નથી - यथा - જેમ जीवस्यानन्यउपयोगः - જીવને ઉપયોગ અનન્ય - અભિન્ન છે, तथा - તેમ यदि - જો क्रोधोपि अनन्यः - ક્રોધ પણ અનન્ય હોય, (તો) एवम् - એમ जीवस्य अजीवस्य च - જીવનું અને અજીવનું अनन्यत्वं आपन्नं - અનન્યપણું આપન્ન થયું, આવી પડ્યું. ॥११३॥ एवम् - એમ इह यस्तु जीवः - અહીં જે જ જીવ स चैव तु - તે જ તો પ્રગટપણે नियमतस्तथा जीवः - નિયમથી તથાપ્રકારે અજીવ હોય, अयम् - આ प्रत्ययनोकर्मकर्मणां एकत्वे दोषः - પ્રત્યય-નોકર્મ-કર્મના એકત્વમાં દોષ છે. ॥११४॥ अथ - હવે તે - ત્હારા મતે अन्यो क्रोधः - ક્રોધ અન્ય उपयोगात्मा चेतयिता अन्यः भवति - ઉપયોગાત્મા ચેતયિતા અન્ય હોય છે,

यदि यथा जीवस्य तन्मयत्वा**ज्जीवादनन्य उपयोगस्तथा जडः क्रोधोप्यनन्य एवेति** प्रतिपत्तिः तदा **चिद्रूपजडयोरनन्यत्वा**ज्जीवस्योपयोगमयत्ववज्जडक्रोधमयत्वापत्तिः । तथा सति तु **य एव जीवः स एवा जीवः** इति द्रव्यांतर लुप्तिः । **एवं प्रत्ययनोकर्मकर्मणामपि जीवादनन्यत्वप्रतिपत्तावयमेव दोषः । अथैत**द्दोषभया**दन्य एवोपयोगात्मा जीवोऽन्य एव** जडस्वभावः**क्रोधः** इत्यभ्युपगमः **तर्हि यथो**पयोगात्मनो जीवादन्यो जडस्वभावः **क्रोधः तथा प्रत्ययनोकर्मकर्माण्यप्यन्यान्येव** जडस्वभावत्वाविशेषान्नास्ति जीवप्रत्ययोरेकत्वं ॥११३॥११४॥११५॥

आत्मख्यातिटीकार्थ

જો જેમ જીવના તન્મયપણાને લીધે ઉપયોગ જીવથી અનન્ય છે, તેમ જડ ક્રોધ પણ અનન્ય જ છે એવી પ્રતિપત્તિ (માન્યતા) હોય, તો **ચિદ્રૂપ અને જડના અનન્યપણાને લીધે** જીવને ઉપયોગમયપણાની જેમ જડ ક્રોધમયપણાની આપત્તિ થશે અને તેમ સતે તો **જે જ જીવ તે જ અજીવ** એમ દ્રવ્યાંતર લુપ્તિ થશે. એમ **પ્રત્યય-નોકર્મ-કર્મની પણ જીવથી અનન્યત્વ પ્રતિપત્તિમાં** આ જ દોષ આવશે. હવે જો આ દોષના ભયથી **અન્ય જ ઉપયોગાત્મા જીવઃ અન્ય જ** જડ સ્વભાવ **ક્રોધ** એવો અભ્યુપગમ (સ્વીકાર) કરો, તો **જેમ** ઉપયોગાત્મા જીવથી જડ સ્વભાવ ક્રોધ અન્ય છે, **તેમ** પ્રત્યય-નોકર્મ-કર્મ પણ **અન્ય જ છે** - જડ સ્વભાવપણાના અવિશેષને લીધે (માટે) જીવ અને પ્રત્યયનું એકપણું છે નહિ. ૧૧૩, ૧૧૪, ૧૧૫.

'अमृत ज्योति' महाभाष्य

''संसारमां परिभ्रमण करावनार - क्रोध, मान, माया, लोभनी चोकडीरूप कषाय छे. तेनुं स्वरूप पण समजवा योग्य छे. तेमां पण अनंतानुबंधि जे कषाय छे, ते अनंत संसार रखडावनार छे.'' - **श्रीमद् राजचंद्र, अं. ७५७, व्याख्यानसार**

''क्रोध वश धमधम्यो, शुद्ध गुण नव रम्यो;
भम्यो भवमांहि हुं विषय मातो.'' - **श्री देवचंद्रजी**

(तो) यथा क्रोधः - જેમ ક્રોધ તથા - તેમ પ્રત્યયाः કર્મ નોકર્માપ્યન્યત્ - પ્રત્યયો - કર્મ - નોકર્મ પણ અન્ય છે. ॥૧૧૫॥ इति **गाथा** आत्मभावना ॥११३-११५॥

यदि - જો यथा - જેમ जीवस्य तन्मयत्वाद् - જીવના તન્મયપણાને લીધે, जीवादनन्य उपयोगः - જીવથી ઉપયોગ अनन्य - अपृथक् - જૂદો નહિ એવો છે, तथा - તેમ जडः क्रोधोपि अनन्य एवेति प्रतिपत्तिः - જડ એવો ક્રોધ પણ अनन्य જ - अपृथक् જ - अभिन्न જ છે એવી પ્રતિપત્તિ - માન્યતા છે, तदा - તો चिद्रूपजडयोरनन्यत्वात् - ચિદ્રૂપ અને જડના અનન્યપણાને લીધે जीवस्य उपयोगमयत्ववत् जडक्रोधमयत्वापत्तिः - જીવને ઉપયોગમયપણાની જેમ જડ ક્રોધમયપણાની આપત્તિ થશે - પ્રસંગ આવી પડશે, तथा सति तु - અને તેમ સતે - હોતાં તો, य एव जीवः - જે જ જીવ, स एव अजीवः - તે જ અજીવ इति द्रव्यांतरलुप्तिः - એમ દ્રવ્યાંતર લુપ્તિ થશે, દ્રવ્યાંતરની - એકથી બીજા દ્રવ્યની લુપ્તિ - નષ્ટતા - વિલોપતા થશે, एवं - એમ, એ જ પ્રકારે, प्रत्ययनोकर्मकर्मणामपि जीवादनन्यत्वप्रतिपत्तौ - પ્રત્યય - નોકર્મ - કર્મોના પણ જીવથી અનન્યપણાની પ્રતિપત્તિમાં - માન્યતામાં अयमेव दोषः - આ જ - ઉક્ત જ દોષ આવશે. अथ - એટલે હવે જો एतद् दोषभयाद् - આ દોષના ભયથી अन्य एवोपयोगात्मा जीवः - अन्य જ - બીજો જ જૂદો જ છે उपयोगात्मा - ઉપયોગ સ્વરૂપ જીવ, अन्य एव जडस्वभावः क्रोधः - अन्य જ - બીજો જ - જૂદો જ છે જડસ્વભાવ ક્રોધ, इत्यभ्युपगमः - એવો અભ્યુપગમ - સ્વીકાર છે, तर्हि - તો यथा - જેમ उपयोगात्मनो जीवादन्यो जडस्वभावः क्रोधः - ઉપયોગાત્મા - ઉપયોગ સ્વરૂપ જીવથી જડસ્વભાવ ક્રોધ અન્ય છે - બીજો જ- જૂદો જ છે, तथा - તેમ प्रत्ययनोकर्म कर्माण्यपि अन्यान्येव - પ્રત્યય - કર્મ-નોકર્મ પણ અન્યો - બીજા જ - જૂદા જ છે. शાને લીધે ? जडस्वभावत्वाविशेषात् - જડ સ્વભાવપણાના અવિશેષને લીધે - અભેદને લીધે - બીન તફાવતને લીધે. આ ઉપરથી શું સિદ્ધ થયું ? नास्ति जीव प्रत्ययोरेकत्वं - જીવનું અને પ્રત્યયનું એકત્વ - એકપણું નથી. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥११३॥११४॥११५॥

ઉપરમાં જે ચાર સામાન્ય પ્રત્યયો અને તેના વિકલ્પરૂપ તેર વિશેષ પ્રત્યયો કહ્યા, તે પ્રત્યયોનું અને જીવનું એકપણું નથી એમ આ ગાથાઓમાં પ્રતિપાદન કર્યું છે અને **'આત્મખ્યાતિ'** કર્તાએ તેનું નિષ્ણુષ સુયુક્તિથી સમર્થન કરતું અનન્ય વ્યાખ્યાન કર્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -


જીવનું ઉપયોગમયપણું છે, એટલે जीवस्य तन्मयत्वाद् - જીવના 'તન્મયપણાને લીધે' - ઉપયોગમયપણાને લીધે ઉપયોગ જેમ જીવથી 'અનન્ય છે' - અભિન્ન છે - જૂદો નથી, 'जीवादनन्यः उपयोगः', તેમ 'જડ' - અચેતન ક્રોધ પણ જે જીવથી 'અનન્ય જ' - અભિન્ન જ છે, જૂદો નથી, એવી 'પ્રતિપત્તિ' - માન્યતા કરવામાં આવે, તો ચિદ્રૂપ અને જડના 'અનન્યપણાને લીધે' - અભિન્નપણાને લીધે જીવને ઉપયોગમયપણાની જેમ જડ ક્રોધમયપણાની આપત્તિ થાય - जडक्रोधमयत्वापत्तिः । - અર્થાત્ ચિદ્રૂપ ચેતનનું અને જડરૂપ અચેતનનું અનન્યપણું - અભિન્નપણું પ્રાપ્ત થતાં, જીવનું જેમ સચેતન રૂપ ઉપયોગમયપણું છે તેમ જડ-અચેતન એવું ક્રોધમયપણું પણ પ્રાપ્ત થવાનો પ્રસંગ આવશે અને તેમ થતાં તો 'જે જ જીવ તે જ તે જ અજીવ' એમ દ્રવ્યાંતર લુપ્તિ - દ્રવ્યાંતર લોપપણું થશે, અર્થાત્ જે ચેતન જીવ તે જ અચેતન અજીવ બનશે, એમ બેમાંથી કોઈ પણ એક દ્રવ્યનો લોપ થશે, કાં તો જીવ જ રહેશે અને કાં તો અજીવ જ રહેશે. આમ અનિષ્ટાપત્તિરૂપ મહા દોષ આવશે. 'એમ પ્રત્યય - નોકર્મ - કર્મની પણ જીવથી અનન્યત્વ - પ્રતિપત્તિમાં આ જ દોષ છે', એ જ પ્રકારે પ્રત્યયોનું, નોકર્મનું અને કર્મોનું પણ જીવથી અનન્યપણું - અભિન્નપણું માનવામાં આ જે કહ્યો તે જ અનિષ્ટ આપત્તિનો મહાદોષ પ્રાપ્ત થશે.

હવે આ દોષના ભયથી 'अन्य एव उपयोगात्मा जीवः' - ઉપયોગાત્મા જીવ અન્ય જ છે, જડ સ્વભાવી ક્રોધ અન્ય જ છે, 'अन्य एव जडस्वभावः क्रोधः', એવો જે અભ્યુપગમ - સ્વીકાર કરવામાં આવે, તો 'જેમ ઉપયોગાત્મા જીવથી જડસ્વભાવી ક્રોધ અન્ય છે, તેમ પ્રત્યય-નોકર્મ-કર્મો પણ અન્ય જ છે.' કારણકે 'જડ સ્વભાવપણાનો અવિશેષ છે' - जडस्वभावत्वाविशेषात् - ક્રોધના અને પ્રત્યયાદિના જડ સ્વભાવપણામાં તફાવત નથી. અર્થાત્ ક્રોધ જેમ જડ સ્વભાવી છે, તેમ પ્રત્યયાદિ પણ જડ સ્વભાવી જ છે. એટલે જડ ક્રોધ જેમ ઉપયોગમય આત્માથી અન્ય જ છે - જૂદો જ છે, તેમ જડ પ્રત્યયાદિ પણ ઉપયોગમય આત્માથી અન્ય જ છે - જૂદા જ છે, માટે જીવ - પ્રત્યયનું એકત્વ છે નહિ - 'नास्ति जीव प्रत्ययोरेकत्वं', ચેતન એવા જીવનું અને અચેતન જડ એવા પ્રત્યયનું એકપણું છે નહિ, इति सिद्धम् ।

આકૃતિ

જીવથી

અનન્ય	અન્ય
ઉપયોગ	ક્રોધ-પ્રત્યય-કર્મ-નોકર્મ



હવે પુદ્ગલ દ્રવ્યનું પરિણામ સ્વભાવપણું સાધે છે - સાંખ્યમતાનુયાયી શિષ્ય પ્રતિ -

जीवे ण सयं बद्धं ण सयं परिणमदि कम्मभावेण ।
जइ पुग्गलदव्वमिणं अप्परिणामी तदा होदि ॥११६॥
कम्मइयवग्गणासु य अपरिणमंतीसु कम्मभावेण ।
संसारस्स अभावो पसज्जदे संखसमओ वा ॥११७॥
जीवो परिणामयदे पुग्गलदव्वाणि कम्मभावेण ।
ते सयमपरिणमंते कहं णु परिणामयदि चेदा ॥११८॥
अह सयमेव हि परिणमदि कम्मभावेण पुग्गलं दव्वं ।
जीवो परिणामयदे कम्मं कम्मत्तमिदि मिच्छा ॥११९॥
णियमा कम्मपरिणदं कम्मं चि य होदि पुग्गलं दव्वं ।
तह तं णाणावरणाइपरिणदं मुणसु तच्चेव ॥१२०॥

પુદ્ગલ દ્રવ્ય આ જીવમાં, બદ્ધ સ્વયં જે નો'ય રે;
કર્મભાવે સ્વયં ન પરિણમે, અપરિણામી તો હોય રે... અજ્ઞાનથી. ૧૧૬

કર્મભાવે કાર્મણવર્ગણા, અપરિણમંતી જોય રે;
સંસાર અભાવ પ્રસંગ તો, વા સાંખ્ય સમય જ હોય રે... અજ્ઞાનથી. ૧૧૭

કર્મભાવે પરિણમાવતો, પુદ્ગલ દ્રવ્યોને જીવ રે;
સ્વયં અપરિણમતા તેહને, ક્યમ પરિણમાવે જીવ રે ?... અજ્ઞાનથી.૧૧૮

કર્મ ભાવે જે પરિણમે, પુદ્ગલ દ્રવ્ય સ્વયમેવ રે;
જીવ પરિણમાવે કર્મને, કર્મપણું - મિથ્યા એવ રે... અજ્ઞાનથી. ૧૧૯

કર્મપરિણત પુદ્ગલ દ્રવ્ય તો, કર્મ જ નિયમા હોય રે,
ત્યમ જ્ઞાનાવરણાદિ પરિણત, તે તો તેહજ જોય રે... અજ્ઞાનથી. ૧૨૦

ગાથાર્થ - જો આ પુદ્ગલ દ્રવ્ય જીવમાં સ્વયં બદ્ધ નથી, સ્વયં કર્મભાવે પરિણમતું નથી, તો તે અપરિણામી હોય છે. ૧૧૬

અને કાર્મણ વર્ગણાઓ કર્મભાવે અપરિણમતી સતે, સંસારનો અભાવ પ્રસંગ આવશે, અથવા સાંખ્યસમય પ્રાપ્ત થશે. ૧૧૭

જીવ પુદ્ગલ દ્રવ્યોને કર્મભાવે પરિણમાવે, તો તે સ્વયં અપરિણમતાને ચેતયિતા કેમ પરિણમાવે વારુ ? ૧૧૮

હવે પુદ્ગલ દ્રવ્ય સ્વયમેવ જ કર્મભાવે પરિણમે છે, તો જીવ કર્મને (કાર્મણ વર્ગણાને) કર્મપણું પરિણમાવે છે, એ મિથ્યા છે. ૧૧૯

નિયમથી કર્મપરિણત પુદ્ગલ દ્રવ્ય કર્મ જ હોય, તેમ જ્ઞાનાવરણાદિ પરિણત તેને (પુદ્ગલને) તે જ (જ્ઞાનાવરણાદિ) જાણ ! ૧૨૦

आत्मख्याति टीका

अथ पुद्गलद्रव्यस्य परिणामस्वभावत्वं साधयति सांख्यमतानुयायिशिष्यं प्रति -

जीवे न स्वयं बद्धं न स्वयं परिणमते कर्मभावेन ।
यदि पुद्गलद्रव्यमिदमपरिणामि तदा भवति ॥११६॥
कार्मणवर्गणासु चापरिणममाणासु कर्मभावेन ।
संसारस्याभावः प्रसजति सांख्यसमयो वा ॥११७॥
जीवः परिणामयति पुद्गलद्रव्याणि कर्मभावेन ।
तानि स्वयमपरिणममानानि कथं नु परिणामायति चेतयिता ॥११८॥
अथ स्वयमेव हि परिणमते कर्मभावेन पुद्गलद्रव्यं ।
जीवः परिणामयति कर्म कर्मत्वमिति मिथ्या ॥११९॥
नियमात्कर्मपरिणतं कर्म चैव भवति पुद्गलद्रव्यं ।
तथा तद्ज्ञानावरणादिपरिणतं जानीत तच्चैव ॥१२०॥

यदि **पुद्गलद्रव्यं जीवे स्वयमबद्धसत्कर्मभावेन स्वयमेव न परिणमेत** तदा **तदपरिणाम्येव स्यात् । तथा सति संसाराभावः ।** अथ **जीवः पुद्गलद्रव्यं कर्मभावेन परिणामयति** ततो न संसाराभावः इति तर्कः । किं स्वयमपरिणममानं परिणममानं वा जीवः पुद्गलद्रव्यं कर्मभावेन परिणामयेत् । न तावत्**तत्स्वयमपरिणममानं परेण परिणामयितुं पार्येत** । न हि स्वतोऽसती शक्तिः कर्तुमन्येन पार्येत । **स्वयं परिणममानं तु न परं परिणमयितारमपेक्षेत । न हि वस्तुशक्तयः परमपेक्षन्ते ।**

ततः पुद्गलद्रव्यं परिणामस्वभावं स्वयमेवास्तु ।

तथा सति कलशपरिणता मृत्तिका स्वयं कलश इव जडस्वभावज्ञानावरणादिकर्मपरिणतं तदेव स्वयं ज्ञानावरणादिकर्म स्यात् । इति सिद्धं पुद्गलद्रव्यस्य परिणामस्वभावत्वं ॥११६-१२०॥

આત્મખ્યાતિ ટીકાર્થ

જો પુદ્ગલદ્રવ્ય જીવમાં સ્વયં અબદ્ધ સતું કર્મભાવે સ્વયમેવ ન પરિણમે, તો તે અપરિણામી જ હોયઃ તેમ સતે સંસારનો અભાવ હોય. હવે જો - જીવ પુદ્ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે તેથી સંસાર અભાવ નથી એમ તર્ક છે. (તો) શું સ્વયં અપરિણમતા વા પરિણમતા પુદ્ગલદ્રવ્યને જીવ કર્મભાવે પરિણમાવે ? પ્રથમ તો **સ્વયં અપરિણમતું પરથી પરિણમાવી શકાય નહિ,** કારણકે સ્વતઃ અસતી શક્તિ અન્યથી કરી શકાય નહિ અને **સ્વયં પરિણમતું તો પર પરિણમાવનારને અપેક્ષે નહિ,** કારણકે વસ્તુશક્તિઓ પરને અપેક્ષતી નથી. તેથી પુદ્ગલદ્રવ્ય પરિણામ સ્વભાવી સ્વયમેવ ભલે હો ! તેમ સતે, કલશ પરિણતા મૃત્તિકા સ્વયં કલશની જેમ, જડસ્વભાવી **જ્ઞાનાવરણાદિ કર્મપરિણત તેજ સ્વયં જ્ઞાનાવરણાદિ કર્મ હોય.** એમ પુદ્ગલ દ્રવ્યનું પરિણામ સ્વભાવપણું સિદ્ધ થયું.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

આત્મભાવના -

અથ - હવે પુદ્ગલદ્રવ્યસ્ય પરિણામસ્વભાવત્વં સાધયતિ - પુદ્ગલ દ્રવ્યનું પરિણામ સ્વભાવપણું સાધે છે. કોના પ્રતિ ? કોને ઉદ્દેશીને ? સાંખ્યમતાનુયાયિ શિષ્યં પ્રતિ - સાંખ્યમતાનુયાયી શિષ્ય પ્રતિ - શિષ્યને ઉદ્દેશીને -

યદિ - જો જીવે ન સ્વઅબદ્ધં - જીવમાં સ્વયં - પોતે અબદ્ધ - બંધાયેલું ન સ્વયં કર્મભાવેન પરિણમતે - સ્વયં - પોતે

''પરમાણુ પરમાણુને શરીરમાં લડતાં કોઈએ જોયાં નથી, પણ તેનું પરિણામ વિશેષ જાણવામાં આવે છે. તાવની દવા તાવ અટકાવે છે એ જાણી શકીએ છીએ, પણ અંદર શું ક્રિયા થઈ તે જાણી શકતા નથી, એ દૃષ્ટાંતે કર્મબંધ થતો જોવામાં આવતો નથી, પણ વિપાક જોવામાં આવે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૬૪, વ્યાખ્યાનસાર**

અહીં સાંખ્ય મત જેવો અભિપ્રાય અનુસરનારા શિષ્યની ભ્રાંતિ દૂર કરવા માટે પુદ્ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સાધ્યું છે અને **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** નિષ્ણુષ યુક્તિથી તેનું અદ્ભુત મીમાંસન પ્રકાશ્યું છે.

નિશ્ચયનયથી આત્મા શુદ્ધ છે, એટલે પુદ્ગલદ્રવ્ય જીવમાં 'स्वयं अबद्ध सतुं' - जीवे स्वयं अबद्धं सत् - આપોઆપ નહિ બંધાયેલું હોઈ, કર્મભાવે स्वयं न परिणमे - कर्मभावेन न स्वयं परिणमेत - કર્મભાવે આપોઆપ પરિણમે નહિ, એમ જે કહો, તો તે પુદ્ગલદ્રવ્ય અપરિણામિ જ હોય - तदा

કર્મભાવે નથી પરિણમતું, तदा - તો पुद्गलद्रव्यमिदं - આ પુદ્ગલદ્રવ્ય अपरिणामि भवति - અપરિણામિ હોય છે. ॥૧૧૬॥ कार्मणवर्गणासु च कर्मभावेन अपरिणममाणासु - અને કાર્મણ વર્ગણાઓ કર્મભાવે અપરિણમમાન - નહિ પરિણમતી સતે संसारस्याभावः प्रसजति - संसारनो अभाव प्रसक्त थाय छे - प्रसंग आवे छे, सांख्यसमयो वा - અથવા સાંખ્ય સમય (प्रसक्त थाय छे), सांख्यमतनो प्रसंग आवे छे. ॥૧૧૭॥ (હવે જો એમ કહો કે) जीवः - જીવ पुद्गलद्रव्याणि - પુદ્ગલ દ્રવ્યોને कर्मभावेन परिणामयति - કર્મભાવે પરિણમાવે છે, (તો) तानि स्वयमपरिणममानानि - તે સ્વયં - પોતે અપરિણમમાનોને - નહિ પરિણમી રહેલાઓને चेतयिता - ચેતયિતા - ચેતનારો - ચેતક આત્મા कथं नु परिणामयति ? - વારુ, કેવી રીતે પરિણમાવે છે ? ॥૧૧૮॥ अथ - હવે - જો पुद्गलद्रव्यं - પુદ્ગલદ્રવ્ય स्वयमेव हि - સ્વયમેવ જ कर्मभावेन परिणमते - કર્મભાવે પરિણમે છે, (તો) जीवः - જીવ कर्म - કર્મને - કાર્મણવર્ગણાને कर्मत्वं परिणामयति - કર્મપણું પરિણમાવે છે, इति मिथ्या - એમ (કહ્યું) તે મિથ્યા છે. ॥૧૧૯॥ कर्मपरिणतं पुद्गलद्रव्यं - કર્મપરિણત પુદ્ગલદ્રવ્ય नियमात् - નિયમથી, નિશ્ચયથી कर्म चैव भवति - કર્મ જ હોય છે, તથા - તેમ तद् - તે પુદ્ગલ દ્રવ્ય ज्ञानावरणादिपरिणतं - જ્ઞાનાવરણાદિ પરિણત तद्येव जानीत - તે જ - જ્ઞાનાવરણાદિ કર્મ જ જાણો ! ॥૧૨૦॥ इति **गाथा** आत्मभावना ॥૧૧૬-૧૨૦॥

यदि - જો पुद्गलद्रव्यं - પુદ્ગલદ્રવ્ય जीवे स्वयमबद्धसत् - જીવમાં स्वयं - પોતે - આપોઆપ अबद्ध - નહિ બંધાયેલું सतुं - હોતું, कर्मभावेन स्वयमेव न परिणमेत - કર્મ ભાવે स्वयमेव - स्वयं જ - આપોઆપ જ न परिणमे, तदा - તો तद् अपरिणाम्येव स्यात् - તે પુદ્ગલદ્રવ્ય અપરિણામિજ હોય, तथा सति - તેમ સતે - હોતાં, संसाराभावः - સંસારનો અભાવ હોય.


अथ - હવે જો जीवः पुद्गलद्रव्यं कर्मभावेन परिणामयति - જીવ પુદ્ગલ દ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે, ततो न संसाराभावः - તેથી સંસારનો અભાવ નથી, इति तर्कः - એમ તર્ક છે, (તો) - किं स्वयमपरिणममानं परिणममानं वा जीवः पुद्गलद्रव्यं कर्मभावेन परिणामयेत् - જીવ શું स्वयं - પોતે - આપોઆપ अपरिणममान - અપરિણમતા વા परिणममान - પરિણમતા પુદ્ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે ? न तावत् तत् स्वयं अपरिणममानं परेण परिणमयितुं पार्येत - તેમાં પ્રથમ તો તે - પુદ્ગલદ્રવ્ય स्वयं - પોતે अपरिणममान - અપરિણમતું પરથી - બીજાથી પરિણમાવી શકાય નહિ. કારણ શું ? न हि स्वतोऽसती शक्ति कर्तुमन्येन पार्येत - કારણકે स्वतः - સ્વ થકી - પોતા થકી અસતી - નહિ હોતી શક્તિ અન્યથી - બીજાથી કરી શકાય નહિ, स्वयं परिणममानं तु न परं परिणमयितारमपेक्षेत - स्वयं - પોતે परिणममान - પરિણમતું તો પર - અન્ય પરિણમયિતાને - પરિણમાવનારને અપેક્ષે નહિ, કારણ શું ? न हि वस्तुशक्तयः परमपेक्षंते - કારણકે વસ્તુશક્તિઓ પરને - અન્યને અપેક્ષતી નથી. તેથી શું ફલિત થયું ? ततः - તેથી કરીને पुद्गलद्रव्यं परिणामस्वभावं स्वयमेवास्तु - પુદ્ગલદ્રવ્ય પરિણામ સ્વભાવી स्वयमेव - સ્વયં જ - પોતે જ ભલે હો ! तथा सति - તેમ સતે, कलशपरिणता मृत्तिका - કલશ પરિણતા - કલશરૂપે પરિણત થયેલી - પરિણામ પામેલી મૃત્તિકા - માટી स्वयं कलश इव - स्वयं - પોતે કલશ હોય તેની જેમ, जडस्वभावज्ञानावरणादिकर्मपरिणतं तदेव - જડ સ્વભાવ જ્ઞાનાવરણાદિ કર્મપરિણત - કર્મરૂપ પરિણત થયેલું - પરિણામ પામેલું તે જ - પુદ્ગલદ્રવ્ય જ स्वयं જ્ઞાનાવરણાદિ कर्म स्यात् - સ્વયં - પોતે - આપોઆપ જ જ્ઞાનાવરણાદિ કર્મ હોય. इति सिद्धं पुद्गलद्रव्यस्य परिणामस्वभावत्वं - એમ પુદ્ગલદ્રવ્યનું પરિણામ સ્વભાવપણું સિદ્ધ થયું. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥૧૧૬॥૧૧૭॥૧૧૮॥૧૧૯॥૧૨૦॥

तदपरिणाम्येव स्यात् અને તેમ હોતાં તો સંસારનો અભાવ હોય; કારણકે કર્મને લઈને જ ચતુર્ગતિભ્રમણરૂપ સંસારનું પ્રવર્ત્તન છે, એટલે જો કર્મનું પ્રવર્ત્તન ન હોય, તો પછી સંસારનું પ્રવર્ત્તન પણ ક્યાંથી હોય ? मूलं नास्ति कुतो शाखा - મૂળ જ ન હોય તો શાખા ક્યાંથી હોય ?

હવે 'જીવ પુદ્ગલ દ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે', કાર્મણવર્ગણાને કર્મભાવે પરિણમાવે છે, તેથી કરીને 'સંસારનો અભાવ નથી' એમ જો તર્ક કરો, તો સામો પ્રશ્ન થાય છે કે - શું 'સ્વયં' - આપોઆપ અપરિણમતા - ન પરિણમતા પુદ્ગલદ્રવ્યને જીવ કર્મભાવે પરિણમાવે ? કે પરિણમતાને ? પ્રથમ પક્ષ જો કહો, તો 'સ્વયં' - પોતે પોતાની મેળે અપરિણમતું - ન પરિણમતું પરથી - બીજાથી પરિણમાવી શકાય નહિ, કારણકે 'नहि स्वतोऽसती शक्तिः कर्तुमन्येत पार्येत' - स्वतः સ્વ થકી - પોતા થકી असती - નહિ હોતી શક્તિ બીજાથી કરી શકાય નહિ અને स्वयं - પોતે - આપોઆપ પરિણમતું હોય, તે પર-બીજા પરિણમાવનારને અપેક્ષે નહિ, અપેક્ષા રાખે નહિ. કારણકે 'न हि वस्तुशक्तयः परमपेक्षंते' - વસ્તુશક્તિઓ પરને અપેક્ષતી નથી. આમ બન્ને પ્રકારે - અપરિણમતા કે પરિણમતા પુદ્ગલદ્રવ્યને જીવ કર્મભાવે પરિણમાવે એ બનવું અસંભવિત છે.

તેથી गत्यंतर અભાવથી - બીજી કોઈ ગતિ નહિ હોવાથી પુદ્ગલદ્રવ્ય પરિણામસ્વભાવી સ્વયમેવ ભલે હો ! 'ततः पुद्गलद्रव्यं परिणामस्वभावं स्वयमेवास्तु' - તેમ હોતાં, 'કલશપરિણતા મૃત્તિકા જેમ સ્વયં કલશ' હોય, ઘડા પરિણામે પરિણમેલી માટી જેમ પોતે જ ઘડો હોય, તેમ 'જડ સ્વભાવી જ્ઞાનાવરણાદિ કર્મપરિણત' તે જ સ્વયં જ્ઞાનાવરણાદિ હોય - જડ સ્વભાવી જ્ઞાનાવરણાદિ કર્મપરિણામે પરિણમેલ તે જ પુદ્ગલદ્રવ્ય સ્વયં - પોતે જ જ્ઞાનાવરણાદિ તે જ પુદ્ગલદ્રવ્ય - સ્વયં પોતે જ જ્ઞાનાવરણાદિ હોય. એમ પુદ્ગલદ્રવ્યનું પરિણામ સ્વભાવપણું સિદ્ધ થયું. અર્થાત્ પરિણામીપણું એ પુદ્ગલ દ્રવ્યનો સ્વભાવ છે, એમ ત્રિકાલાબાધિત નિશ્ચય સિદ્ધાંત સિદ્ધ થયો.

આકૃતિ



એમ પુદ્‌ગલની સ્વભાવભૂત પરિણામ શક્તિ હોતાં તેનું આત્મભાવનું કર્તૃત્વ પ્રકાશતો **સમયસાર** કળશ (૧૯) પ્રકાશે છે -

उपजाति -

स्थितेत्यविघ्ना खलु पुद्‌गलस्य, स्वभावभूता परिणामशक्तिः ।
तस्यां स्थितायां स करोति भावं, यमात्मनस्तस्य स एव कर्त्ता ॥६४॥

એમ સ્થિતા પુદ્‌ગલની અવિઘ્ના, સ્વભાવભૂતા પરિણામશક્તિ;
તે સ્થિત્ સતે તેહ કરે જ ભાવ, જે આત્મનો તે તસ કર્તૃ સાવ. ૬૪

અમૃત પદ-૬૪

'સાહેબા ! વાસુપૂજ્ય જિણંદા' - એ રાગ

દ્રવ્ય પુદ્‌ગલ આ પરિણામી, નિજ ભાવનો કર્તા નામી;
એમ પુદ્‌ગલ પરિણામ શક્તિ, સ્વભાવભૂત સ્થિત એ વ્યક્તિ... દ્રવ્ય. ૧
તેહ સ્થિત સતે આ ખરે ! છે, જેહ ભાવ આત્માનો કરે છે;
તેનો તેહ જ કર્ત્તા ઠરે છે, ભગવાન અમૃતચંદ્ર વદે છે... દ્રવ્ય. ૨

અર્થ - એમ ખરેખર ! નિશ્ચયથી પુદ્‌ગલની સ્વભાવભૂતા પરિણામ શક્તિ અવિઘ્ના સ્થિત છે; તે સ્થિત સતે તે પુદ્‌ગલ જે ભાવ આત્માનો કરે છે, તેનો તે જ કર્ત્તા હોય છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જડ ભાવે જડ પરિણમે'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**
''પુદ્‌ગલ પરિનામી દરબ, સદા પરિનવૈ સોઈ;
યાતૈં પુદ્‌ગલ કરમકૌ, પુદ્‌ગલ કરતા હોઈ.'' - **બના. કૃત સ.સા. કર્ત્તા અ-૨૦**

આ જે ઉપરમાં **'આત્મખ્યાતિ'**ના ગદ્ય ભાગમાં કહ્યું, તેનો સારસમુચ્ચયરૂપ નિગમન કરતો આ તત્ત્વામૃત સંભૃત કળશ રજૂ કરતાં **પરમાર્થ મહાકવિ અમૃતચંદ્રજી** વદે છે કે - स्थितेत्यविघ्ना खलु पुद्‌गलस्य स्वभावभूता परिणामशक्तिः - એમ ઉક્ત પ્રકારે ત્રણે કાળમાં ન ચળે એવા નિશ્ચયથી પુદ્‌ગલની **'સ્વભાવભૂત'** એવી પરિણામશક્તિ **'અવિઘ્ન સ્થિત'** છે, જ્યાં કંઈ પણ અંતરાય-આડખીલી રૂપ વિઘ્ન નથી એવી અચલ અબાધિતપણે સ્વયં સ્થિત છે, કાંઈ નવીન સ્થાપિત કરવાની નથી અને तस्यां स्थितायां स करोति भावं यमात्मनः - તે સ્થિત (Ever-standing) સતે તે પુદ્‌ગલ જે ભાવ **'આત્માનો'** - પોતાનો કરે છે, તેનો તે જ પુદ્‌ગલ કર્ત્તા છે -तस्य स एव कर्त्ता ।



જીવનું પરિણામિપણું સાધે છે -

ण सयं बद्धो कम्मे ण सयं परिणमदि कोहमादीहिं ।
जइ एस तुज्झ जीवो अप्परिणामी तदा होदी ॥१२१॥
अपरिणमंतम्हि सयं जीवे कोहादिएहिं भावेहिं ।
संसारस्स अभावो पसज्जदे संखसमओ वा ॥१२२॥
पुग्गलकम्मं कोहो जीवं परिणामएदि कोहत्तं ।
तं सयमपरिणमंतं कहं णु परिणामयदि कोहो ॥१२३॥
अह सयमप्पा परिणमदि कोहभावेण एस दे बुद्धी ।
कोहो परिणामयदे जीवं कोहत्तमिदि मिच्छा ॥१२४॥
कोहुवजुत्तो कोहो माणुवजुत्तो य माणमेवादा ।
माउवजुत्तो माया लोहोवजुत्तो हवदि लोहो ॥१२५॥

જીવ આ અહો ! કર્મમાં, બદ્ધ સ્વયં જો નો'ય રે !
ક્રોધાદિથી સ્વયં ન પરિણમે, અપરિણામિ તો હોય રે... અજ્ઞાનથી. ૧૨૧

સ્વયં ક્રોધાદિ ભાવેથી, જીવ અપરિણમંતો જોય રે;
સંસાર અભાવ પ્રસંગ તો, વા સાંખ્ય સમય જ હોય રે... અ. ૧૨૨

ક્રોધપણું પરિણમાવે જીવને, પુદ્ગલ કર્મ (જો) ક્રોધ રે;
સ્વયં અપરિણમતા તેહને, ક્યમ પરિણમાવે ક્રોધ રે ?... અજ્ઞાનથી. ૧૨૩

જો બુદ્ધિ ક્રોધે ભાવે આતમા, પરિણમે આ સ્વયમેવ રે;
ક્રોધ પરિણમાને જીવને, ક્રોધપણું - મિથ્યા એવ રે... અ. ૧૨૪

ક્રોધ ઉપયુક્ત ક્રોધ આતમા, માન ઉપયુક્ત જે માન સોય રે;
માયા ઉપયુક્ત માય જો, લોભ ઉપયુક્ત લોભ હોય રે... અજ્ઞાનથી. ૧૨૫

ગાથાર્થ - જો ત્હારા અભિપ્રાયે સ્વયં કર્મમાં ન બદ્ધ આ જીવ સ્વયં ક્રોધાદિથી નથી પરિણમતો, તો તે અપરિણામી હોય. ૧૨૧

ક્રોધાદિક ભાવે જીવ સ્વયં અપરિણમતે સતે, સંસારનો અભાવ હોય, અથવા સાંખ્ય સમયનો પ્રસંગ આવે છે. ૧૨૨

પુદ્ગલકર્મ એવો ક્રોધ જો જીવને ક્રોધપણું પરિણમાવે, તો સ્વયં અપરિણમતાને ક્રોધ કેમ પરિણમાવે વારુ ? ૧૨૩

હવે આત્મા સ્વયં ક્રોધ ભાવે પરિણમે છે એવી જો ત્હારી બુદ્ધિ છે, તો ક્રોધ જીવને ક્રોધપણું પરિણામાવે છે એ મિથ્યા થશે. ૧૨૪

ક્રોધ ઉપયુક્ત આત્મા ક્રોધ અને માન ઉપયુક્ત જ માન, માયા ઉપયુક્ત માયા અને લોભ ઉપયુક્ત લોભ હોય છે. ૧૨૫

आत्मख्याति टीका

जीवस्य परिणामित्वं साधयति -

न स्वयं बद्धः कर्मणि न स्वयं परिणमते क्रोधादिभिः ।
यद्येषः तव जीवोऽपरिणामी तदा भवति ॥१२१॥
अपरिणममाने स्वयं जीवे क्रोधादिभिः भावैः ।
संसारस्याभावः प्रसजति सांख्यसमयो वा ॥१२२॥
पुद्गलकर्म क्रोधो जीवं परिणामयति क्रोधत्वं ।
तं स्वयमपरिणममानं कथं नु परिणामयति क्रोधः ॥१२३॥
अथ स्वयमात्मा परिणमते क्रोधभावेन एषा ते बुद्धिः ।
क्रोधः परिणामयति जीवं क्रोधत्वमिति मिथ्या ॥१२४॥
क्रोधोपयुक्तः क्रोधो मानोपयुक्तश्च मान एवात्मा ।
मायोपयुक्तो माया लोभोपयुक्तो भवति लोभः ॥१२५॥

यदि कर्मणि स्वयमबद्धः सन् जीवः क्रोधादिभावेन स्वयमेव न परिणमेत तदा स **किलापरिणाम्येव स्यात् । तथा सति संसाराभावः । अथ पुद्गलकर्मक्रोधादि जीवं क्रोधादिभावेन परिणामयति** ततो न संसाराभावः इति तर्कः । किं स्वयमपरिणममानं परिणममानं वा पुद्गलकर्म क्रोधादि जीवं क्रोधादिभावेन परिणामयेत् ? **न** तावत् **स्वयमपरिणममानः परेण परिणामयितुं पार्येत,** न हि स्वतोऽसती शक्तिं कर्तुमन्येन पार्यते । **स्वयं परिणममानस्तु न परं परिणममितारमपेक्षेत, न** हि वस्तुशक्तयः परमपेक्षंते । ततो जीवः परिणामस्वभावः स्वयमेवास्तु । तथा सति गरुडध्यानपरिणतः साधकः स्वयं गरुड इवाज्ञानस्वभाव**क्रोधादिपरिणतोपयोगः स एव स्वयं क्रोधादि स्या**दिति सिद्धं जीवस्य परिणामस्वभावत्वं ॥१२१-१२५॥

आत्मभावना -

जीवस्य परिणामित्वं साधयति - જીવનું પરિણામિપણું સાધે છે - यदि - જો न स्वयं बद्धः कर्मणि - न स्वयं પોતે કર્મમાં બદ્ધ - બંધાયેલો न स्वयं क्रोधादिभि परिणमते - स्वयं - પોતે ક્રોધાદિથી નથી પરિણમતો, तदा - તો तव - તારા મતે एषः जीवो - આ જીવ अपरिणामी भवति - અપરિણામી હોય છે. ॥१२१॥ जीवे क्रोधादिभिभावैः स्वयं अपरिणममाने - જીવ ક્રોધાદિ ભાવે स्वयं - પોતે અપરિણમમાન - નહિ પરિણમતે સતે, संसारस्याभावः प्रसजति - સંસારનો અભાવ પ્રસક્ત થાય છે, સંસારના અભાવનો પ્રસંગ આવે છે, सांख्यसमयो वा - વા સાંખ્ય સમય (પ્રસક્ત થાય છે), સાંખ્ય. મતનો પ્રસંગ આવે છે. ॥१२२॥ (હવે જો એમ કહો કે) पुद्गलकर्म क्रोधो - પુદ્ગલકર્મ ક્રોધ જીવં - જીવને क्रोधत्वं परिणामयति - ક્રોધપણું પરિણમાવે છે, (તો) तं स्वयमपरिणममानं - તે જીવને - स्वयं - પોતે अपरिणममानने - નહિ પરિણમતાને क्रोधः - ક્રોધ कथं नु परिणामयति - વારુ, કેમ પરિણમાવે છે ? ॥१२३॥ अथ - હવે જો આત્મા - આત્મા स्वयं - स्वयं - પોતે क्रोधभावेन परिणमते - ક્રોધભાવે પરિણમે છે, एषा ते बुद्धि - (એવી) આ તારી બુદ્ધિ છે, (તો) क्रोधः जीवं क्रोधत्वं परिणामयति - ક્રોધ જીવને ક્રોધપણું પરિણમાવે છે, इति मिथ्या - એમ (કહ્યું તે) મિથ્યા છે. ॥१२४॥ क्रोधोपयुक्तः क्रोधः - ક્રોધ ઉપયુક્ત - ક્રોધ ઉપયોગવંત - તે ક્રોધ, मानोपयुक्तश्च आत्मा मान एव - અને માન ઉપયુક્ત આત્મા તે માન જ, मायाउपयुक्तः माया, लोभोपयुक्तो लोभः भवति - લોભ ઉપયુક્ત - લોભ ઉપયોગવંત તે લોભ હોય છે. ॥१२५॥ इति **गाथा** आत्मभावना ॥१२१-१२५॥

यदि - જો कर्मणि स्वयमबद्धः सन् जीवः - કર્મમાં स्वयं - પોતે આપોઆપ અબદ્ધ - નહિ બંધાયેલો સતો - હોતો જીવ, क्रोधादिभावेन स्वयमेव न परिणमते - ક્રોધાદિભાવે स्वयमेव - स्वयं જ - આપોઆપ જ પરિણમે, तदा - તો स

આત્મખ્યાતિ ટીકાર્થ

જો કર્મમાં સ્વયં અબદ્ધ સતો જીવ ક્રોધાદિભાવે સ્વયમેવ ન પરિણમેતો તે ખરેખર ! અપરિણામી જ હોય, તેમ સતે સંસારનો અભાવ હોય. હવે જો પુદ્‌ગલકર્મ ક્રોધાદિ જીવનો ક્રોધાદિ ભાવે પરિણમાવે છે, તેથી સંસાર અભાવથી એમ તર્ક છે, તો પુદ્‌ગલકર્મ ક્રોધાદિ શું સ્વયં અપરિણમતા વા પરિણમતા જીવને ક્રોધાદિ ભાવે પરિણમાવે ? પ્રથમ તો સ્વયં અપરિણમતો પરથી પરિણમાવી શકાય નહિ, કારણકે સ્વતઃ અસતી શક્તિ અન્યથી કરી શકાય નહિ અને સ્વયં પરિણમતો તો પર પરિણમાવનારને અપેક્ષે નહિ, કારણકે વસ્તુશક્તિઓ પરને અપેક્ષતી નથી. તેથી કરીને જીવ પરિણામ સ્વભાવી સ્વયમેવ ભલે હો ! તેમ સતે, ગરુડ ધ્યાન પરિણત સાધક સ્વયં ગરુડ હોય તેની જેમ, અજ્ઞાન સ્વભાવ ક્રોધાદિ પરિણત ઉપયોગ તે જ સ્વયં ક્રોધાદિ હોય, એમ જીવનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''મુખ્ય કરીને બંધ પરિણામાનુસાર થાય છે.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં.૭૦૬

''પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમ ફલ ભાવી રે...'' - શ્રી આનંદઘનજી

અત્રે જીવનું પરિણામ સ્વભાવપણું સાધ્યું છે અને 'આત્મખ્યાતિ' કર્ત્તા પરમર્ષિએ તેનું સુયુક્તિથી સમર્થન કરી અનંત ગુણવિશિષ્ટ પરિપુષ્ટપણું પ્રસાધ્યું છે.

નિશ્ચયનયથી આત્મા શુદ્ધ છે એટલે આ પ્રત્યક્ષ અનુભવ સ્વરૂપ જીવ कर्मणि स्वयमबद्धः सत् - કર્મમાં સ્વયં અબદ્ધ સતો - સ્વયં આપોઆપ સ્વભાવથી નહિ બંધાયેલો હોઈ, 'ક્રોધાદિ ભાવે, સ્વયં જ ન પરિણમે', 'क्रोधादिभावेन स्वयमेव न परिणमते' - સ્વયમેવ આપોઆપ જ દ્રવ્યકર્મોદયથી નિરપેક્ષપણે જો ક્રોધાદિ ભાવે પરિણમે નહિ એમ જો કહો, તો તે ખરેખર ! અપરિણામી જ હોય, तदा स किलापरिणाम्येव स्यात्, - અને તેમ હોતાં તો સંસારનો અભાવ હોય, કારણકે કર્મ કર્તૃત્વને લઈને જ આત્માના ચતુર્ગતિ સંસરણરૂપ સંસારનું પ્રવર્ત્તન છે, એટલે જો આત્માનું કર્મ કર્તૃત્વરૂપ પરિણમન ન હોય, તો પછી સંસારચક્રનું પ્રવર્ત્તન પણ ક્યાંથી હોય ? મૂળ ન હોય તો શાખા ક્યાંથી હોય ?

હવે જો એવો તર્ક કરવામાં આવે કે 'પુદ્‌ગલ કર્મ ક્રોધાદિ જીવને ક્રોધાદિભાવે પરિણમાવે છે', અર્થાત્ પુદ્‌ગલ કર્મરૂપ દ્રવ્ય ક્રોધાદિ ઉદયમાં આવી જીવને ક્રોધાદિ ભાવે - ભાવ ક્રોધાદિપણે પરિણમાવે

किलापरिणाम्येव स्यात् - તે ખરેખર ! અપરિણામી જ હોય, तथा सति - તેમ સતે - હોતાં, संसाराभावः - સંસારનો અભાવ હોય.


अथ - હવે જો पुद्‌गलकर्म क्रोधादि जीवं क्रोधादिभावेन परिणामयति - પુદ્‌ગલકર્મ ક્રોધાદિ જીવને ક્રોધાદિ ભાવે પરિણમાવે છે, ततो न संसाराभावः - તેથી સંસારનો અભાવ નથી, इति तर्कः - એમ તર્ક છે, (तो) किं स्वयमपरिणममानं परिणममानं वा पुद्‌गलकर्म क्रोधादि जीवं क्रोधादिभावेन परिणामयेत् - પુદ્‌ગલકર્મ ક્રોધાદિ શું - સ્વયં - પોતે - આપોઆપ અપરિણમમાન - અપરિણમતા વા પરિણમમાન - પરિણમતા જીવને ક્રોધાદિ ભાવે પરિણમાવે ? न तावत् स्वयं अपरिणममानः परेण परिणामयितुं पार्येत - તેમાં પ્રથમ તો સ્વયં - પોતે અપરિણમાન - અપરિણમતો પરથી - બીજાથી પરિણમાવી શકાય નહિ. કારણ શું ? न हि स्वतोऽसती शक्तिः कर्तुमन्येत पार्यते - કારણકે સ્વતઃ - સ્વ થકી - પોતા થકી અસતી - નહિ હોતી શક્તિ અન્યથી - બીજાથી કરી શકાય નહિ, स्वयं परिणममानस्तु न परं परिणमयितारमपेक्षेत - અને સ્વયં પરિણમમાન - પરિણમતો તો પર પરિણમયિતાને - પરિણમાવનારને અપેક્ષે નહિ, કારણ શું ? न हि वस्तुशक्तयः परमपेक्षंते - કારણકે વસ્તુશક્તિઓ પરને - અન્યને અપેક્ષતી નથી. તેથી શું ફલિત થયું ? ततः - તેથી કરીને जीवः परिणामस्वभावः स्वयमेवास्तु - જીવ પરિણામસ્વભાવી સ્વયમેવ - સ્વયં જ - પોતે જ ભલે હો ! तथा सति - તેમ સતે, गरुडध्यानपरिणतः साधकः - ગરુડ ધ્યાન પરિણત - ગરુડના ધ્યાનમાં પરિણત થયેલો - પરિણામ પામેલો સાધક स्वयं गरुड इवपरिणतोपयोगः - અજ્ઞાન સ્વભાવ ક્રોધાદિ પરિણત - ક્રોધાદિ રૂપે પરિણત થયેલ - પરિણામ પામેલ ઉપયોગ, स एव - તે જ स्वयं क्रोधादि स्यात् - સ્વયં - પોતે ક્રોધાદિ હોય, इति सिद्धं जीवस्य परिणामस्वभावत्वं - એમ જીવનું પરિણામ સ્વભાવપણું સિદ્ધ થયું. ।। इति **'आत्मख्याति'** आत्मभावना ।।१२१।।१२२।।१२३।।१२४।।१२५।।

છે, 'તેથી સંસારનો અભાવ ન હોય', તો સામો પ્રતિપ્રશ્ન થાય છે કે શું સ્વયં - આપોઆપ અપરિણમતા - ન પરિણમતા જીવને પુદ્‌ગલ કર્મ ક્રોધાદિ ક્રોધાદિ ભાવે પરિણમાવે ? કે પરિણમતાને ? તેમાં પ્રથમ પક્ષ જો કહો તો સ્વયં - પોતે અપરિણમતો કારણકે સ્વતઃ - સ્વ થકી - પોતા થકી અસતી - નહિ હોતી શક્તિ બીજાથી કરી શકાય નહિ, 'नहि स्वतोऽसती शक्तिः कर्तुमन्येन पार्येत ।' અને સ્વયં - પોતે - આપોઆપ પરિણમતો હોય, તે પર - બીજા પરિણમાવનારને અપેક્ષે નહિ, અપેક્ષા રાખે નહિ, કારણકે 'વસ્તુ શક્તિઓ પરને અપેક્ષતી નથી, 'न हि वस्तुशक्तयः परमपेक्षंते' - અર્થાત્ જો વસ્તુમાં પોતામાં જ શક્તિ છે, તો તે શક્તિને બીજાની અપેક્ષા નથી - દરકાર નથી. આમ બન્ને પક્ષ ઘટતા નથી. એટલે પુદ્‌ગલકર્મરૂપ દ્રવ્ય ક્રોધાદિ સ્વયં નહિ પરિણમતા કે સ્વયં પરિણમતા જીવને ક્રોધાદિ ભાવે પરિણમાવવા સમર્થ નથી.

હવે આમ ઉક્ત પ્રકારે બન્ને પક્ષ દૂષિત હોવાથી, ગત્યંતર અભાવથી - બીજી કોઈ ગતિ નહિ હોવાથી, 'ततः जीवः परिणामस्वभावः स्वयमेवास्तु' - 'જીવ પરિણામ સ્વભાવી સ્વયમેવ ભલે હો !' અને તેમ હોતાં - गरुडध्यानपरिणतः साधकः स्वयं गरुड इव - ગરુડધ્યાન પરિણત સાધક સ્વયં ગરુડ હોય તેની જેમ, અજ્ઞાન સ્વભાવ ક્રોધાદિ પરિણત ઉપયોગ તે જ સ્વયં ક્રોધાદિ હોય, अज्ञानस्वभावक्रोधादिपरिणतेः उपयोगः स एव स्वयं क्रोधादि स्यात् - અર્થાત્ જેમ ગરુડના ધ્યાનમાં પરિણામથી પરિણત થયેલો સાધક જેમ પોતે જ ગરુડ હોય, તેમ **અજ્ઞાન સ્વભાવરૂપ ક્રોધાદિ પરિણામથી** પરિણત થયેલો ઉપયોગ તે જ સ્વયં - પોતે ક્રોધાદિ હોય અર્થાત્ અજ્ઞાન સ્વભાવી ક્રોધ પરિણામે પરિણત થયેલો ઉપયોગ તે જ પોતે ક્રોધ બની જાય, અજ્ઞાન સ્વભાવી માન પરિણામે પરિણત થયેલો ઉપયોગ તેજ પોતે માન બની જાય, અજ્ઞાન સ્વભાવી માયા પરિણામે પરિણત થયેલો ઉપયોગ તેજ પોતે માયા બની જાય, અજ્ઞાન સ્વભાવી લોભ પરિણામે પરિણત થયેલો ઉપયોગ તેજ પોતે લોભ બની જાય, યાવત્ જીવ પોતે - જીવનો ઉપયોગ પોતે જેવા જેવા ભાવે પરિણમે તેવો તેવો તે પોતે જ હોય છે. આમ 'જીવનું પરિણામ સ્વભાવીપણું સિદ્ધ થયું', અર્થાત્ પરિણામીપણું એ જીવદ્રવ્યનો સ્વભાવ છે, એમ ત્રિકાલાબાધિત અખંડ નિશ્ચય સિદ્ધાંત સિદ્ધ થયો.

આકૃતિ

ગરુડ ધ્યાન પરિણત	અજ્ઞાન સ્વભાવ ક્રોધાદિ પરિણત
સાધક	ઉપયોગ
સ્વયં ગરુડ	સ્વયં ક્રોધાદિ



એમ જીવની સ્વભાવભૂત પરિણામશક્તિ હોતાં આત્મભાવનું જ કર્તૃત્વ ઉદ્‌ઘોષતો **સમયસાર કળશ** (૨૦) સંગીત કરે છે -

उपजाति -

स्थितेति जीवस्य निरंतराया,
स्वभावभूता परिणामशक्तिः ।
तस्यां स्थितायां स करोति भावं,
यं स्वस्य तस्यैव भवेत्स कर्ता ॥६५॥

નિરંતરાયા જીવની સ્થિતા એ, સ્વભાવભૂતા પરિણામ શક્તિ;
તે સ્થિત્ સતે તેહ કરે જ ભાવ, જેહ સ્વનો તે તસ કર્તૃ સાવ. ૬૫

અમૃત પદ-૬૫

'સાહેબા ! વાસુપૂજ્ય જિણંદા' - એ રાગ

જીવ દ્રવ્ય છે આ પરિણામી, નિજ ભાવનો કર્ત્તા નામી (૨) ૧
એમ જીવની પરિણામ શક્તિ, સ્વભાવભૂત સ્થિત એ વ્યક્તિ;
અંતરાય જેમાં ના આવે, એવી નિરંતરાયા સ્વભાવે... જીવ. ૨
તેહ સ્થિત સતે આ ખરે ! છે, જેહ ભાવ સ્વનો કરે છે,
કર્ત્તા તેનો જ તેહ ઠરે છે, ભગવાન્ અમૃતચંદ્ર વદે છે... જીવ. ૩

અર્થ - એમ જીવની સ્વભાવભૂત પરિણામ શક્તિ નિરંતરાયા સ્થિત છે, તે સ્થિત સતે, તે (જીવ) જે ભાવ સ્વનો (પોતાનો - આત્માનો) કરે છે, તેનો જ તે કર્તા હોય.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ચેતન ચેતન ભાવ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

''પરિણામી ચેતન પરિણામો કર્મ જે જીવે કરિયે રે.'' - **શ્રી આનંદઘનજી**

''જીવ ચેતના સંજુગત, સદા પૂરણ સબ ઠૌર,
તાતૈં ચેતન ભાવકૌ, કરતા જીવ ન ઔર.'' - **બના. કૃત કર્તા કર્મ અ. ૨૧**

આ જે ઉપરમાં **'આત્મખ્યાતિ'**ના ગદ્યભાગમાં વિવરી દેખાડ્યું, તેના સારસમુચ્ચયરૂપ નિગમન કરતો આ કળશ કહ્યો છે - स्थितेति जीवस्य निरंतराया स्वभावभूता परिणामशक्तिः - ઉક્ત પ્રકારે ત્રણે કાલમાં ન ચળે એવા અખંડ નિશ્ચયથી જીવની 'સ્વભાવભૂત' એવી પરિણામશક્તિ 'નિરંતરાયા સ્થિત' છે, જ્યાં કંઈ પણ અંતરાય-વિઘ્ન-આડખીલી નથી એવી સ્વયં-આપોઆપ સ્થિત છે, કાંઈ નવીન સ્થાપિત કરવાની નથી અને तस्यां स्थितायां स करोति भावं यं स्वस्य - તે સ્થિત (Ever-standing) સતે તે - જીવ જે ભાવ સ્વનો - પોતાનો - આત્માનો કરે છે, તેનો જ તે કર્ત્તા હોય - तस्यैव भवेत्स कर्ता ।

તે આ પ્રકારે -

जं कुणदि भावमादा कत्ता सो होदि तस्स कम्मस्स ।
णाणिस्स स णाणमओ अण्णाणमओ अणाणिस्स ॥१२६॥

જે કરે છે ભાવ આતમા, કર્ત્તા તે કર્મનો તે હોય રે;
જ્ઞાનિનો તે જ્ઞાનમય નિશ્ચયે, અજ્ઞાનમય અજ્ઞાનિનોય રે... અજ્ઞાનથી. ૧૨૬

ગાથાર્થ - જે ભાવ આત્મા કરે છે, તે કર્મનો તે કર્ત્તા હોય છે. જ્ઞાનીનો તે (ભાવ) જ્ઞાનમય અને અજ્ઞાનીનો અજ્ઞાનમય હોય છે. ૧૨૬

आत्मख्यातिटीका

तथाहि -

यं करोति भावमात्मा कर्ता स भवति तस्य कर्मणः ।
ज्ञानिनः स ज्ञानमयोऽज्ञानमयोऽज्ञानिनः ॥१२६॥

एव**मयमात्मा** स्वयमेव परिणामस्वभावोपि **यमेव भावमात्मनः करोति तस्यैव कर्मतामापद्यमानस्य कर्तृत्वमापद्येत । स** तु -

ज्ञानिनः	**अज्ञानिन**स्तु
सम्यक् स्वपरविवेकेना-	सम्यक् स्वपरविवेकाभावेना -
त्यंतोदितविविक्तात्मख्यातित्वात्	त्यंतप्रत्यस्तमितविविक्तात्मख्यातित्वा-
ज्ञानमय एव स्यात् ।	**दज्ञानमय** एव स्यात् ॥१२६॥

આત्मख्यातिटीકार्थ

એમ આ આત્મા સ્વયમેવ પરિણામ સ્વભાવી છતાં, જે જ ભાવ આત્માનો કરે છે, તેના જ - કર્મતા આપદ્યમાન (કર્મપણું પામતા) એવાના કર્તૃત્વને (કર્તાપણાને) પ્રાપ્ત થાય.

અને તે તો -

જ્ઞાનીનો	**અજ્ઞાનીનો તો**
સમ્યક્ સ્વ-પર વિવેકથી	સમ્યક્ સ્વપર વિવેકના અભાવથી
અત્યંત ઉદિત	અત્યંત પ્રત્યસ્તમિત (આથમી ગયેલા)
વિવિક્ત આત્મખ્યાતિપણાને લીધે	વિવિક્ત આત્મખ્યાતિપણાને લીધે
જ્ઞાનમય જ હોય:	**અજ્ઞાનમય જ** હોય. ૧૨૬

आत्मभावना -

तथाहि - આ પ્રકારે अत्मा - આત્મા यं भावं करोति - જે ભાવ કરે છે, तस्य कर्मणः - તે કર્મનો स - તે, આત્મા कर्ता भवति - કર્તા હોય છે, ज्ञानिनः - જ્ઞાનીનો स - તે, ભાવ ज्ञानमयः - જ્ઞાનમય (હોય છે), अज्ञानिनः - અજ્ઞાનીનો अज्ञानमयः - અજ્ઞાનમય (ભાવ હોય છે). ॥ इति **गाथा** आत्मभावना ॥१२६॥

एवम् - એમ ઉક્ત પ્રકારે अयमात्मा - આ - પ્રત્યક્ષ અનુભવાતો આત્મા स्वयमेव परिणामस्वभावोपि - स्वयमेव - स्वयं જ - પોતે જ પરિણામ સ્વભાવી છતાં, यमेव भावमात्मनः करोति - જે જ ભાવ આત્માનો કરે છે, तस्यैव कर्मतामापद्यमानस्य - તે જ કર્મતા આપદ્યમાનનું - કર્મપણાને પામી રહેલનું कर्तृत्वमापद्येत - કર્તૃત્વ - કર્તાપણું આપન્ન થાય, પ્રાપ્ત થાય.

स तु - અને તે તો, તે ભાવ તો, ज्ञानिनः - જ્ઞાનિનો જ્ઞાનમય एव स्यात् - જ્ઞાનમય જ હોય. શાને લીધે ? अत्यंतोदितविविक्तात्मख्यातित्वात् - અત્યંત ઉદિત - ઉદય પામેલ વિવિક્ત - પૃથક્ - ભિન્ન આત્મખ્યાતિપણાને લીધે. તે પણ શાથી ? सम्यक् स्वपरविवेकेन - સમ્યક્ સ્વપર વિવેકથી. अज्ञानिनस्तु - પણ અજ્ઞાનિનો તો (તે ભાવ) अज्ञानमयं एव स्यात् - અજ્ઞાનમય જ હોય. શાને લીધે ? अत्यंतप्रत्यस्तमितविविक्तात्मख्यातित्वात् - અત્યંત પ્રત્યસ્તમિત - અસ્ત પામી ગયેલ વિવિક્ત - પૃથક્ આત્મખ્યાતિપણાને લીધે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१२६॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''લોક વ્યાપક એવા અંધકારને વિષે સ્વએ કરી પ્રકાશિત એવા જ્ઞાની પુરુષ તથાતથ્ય દેખે છે. લોકની શબ્દાદિ કામના પ્રત્યે દેખતાં છતાં ઉદાસીન રહી જે માત્ર સ્પષ્ટપણે પોતાને દેખે છે એવા જ્ઞાનીને નમસ્કાર કરીએ છૈયે અને જ્ઞાને સ્ફુરિત એવા આત્મભાવને અત્યારે આટલું લખી તટસ્થ કરીએ છૈયે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં.૪૧૩**

''ઘટ મંદિર દીપક કિયો, સહજ સુજ્યોતિ સ્વરૂપ;
આપ પરાઈ આપહી, ઠાનત વસ્તુ અનૂપ.'' - **શ્રી આનંદઘન પદ-૪**

આત્મા આત્મભાવનો કર્ત્તા

આત્માની પરિણામશક્તિ સ્વભાવભૂત સ્થિત છે, એટલે તે જે ભાવ આત્માનો કરે છે તેનો તે કર્ત્તા હોય છે એમ આ ગાથાના ભાવનું સૂચન કરતા ઉત્થાનિકા કલશમાં સૂચવ્યું, તે કેવા પ્રકારે ? તે આ ગાથામાં દર્શાવ્યું છે અને **પરમર્ષિ આત્મખ્યાતિકારે** તેનું અનન્ય લાક્ષણિક શૈલીથી પરમ પરમાર્થગંભીર સૂત્રાત્મક વ્યાખ્યાન કરતાં સંક્ષેપમાં સમસ્ત તત્ત્વવિજ્ઞાનનું બીજભૂત જ્ઞાન અત્ર પ્રકાશ્યું છે. એમ ઉક્ત પ્રકારે આ આત્મા સ્વયમેવ - પોતે જ - આપોઆપ જ પરિણામ સ્વભાવી છતાં, 'स्वयमेव परिणामस्वभावोपि' - જે જે ભાવ આત્માનો - પોતાનો કરે છે, તે જ કર્મતા આપદ્યમાન - કર્મપણું પામી રહેલા ભાવના કર્ત્તાપણાને પ્રાપ્ત થાય, અને તે ભાવ તો જ્ઞાનીનો જ્ઞાનમય જ હોય અને અજ્ઞાનીનો અજ્ઞાનમય જ હોય. જ્ઞાનીનો જ્ઞાનમય જ શાને લીધે હોય ? અત્યંત 'ઉદિત' - ઉદય પામેલ 'વિવિક્ત' - પૃથક્ કરેલ - ભિન્ન કરેલ અલગ પાડેલ - આત્મખ્યાતિપણાને લીધે - अत्यंतोदितविविक्तात्मख्यातित्वात् - તેમ શાથી કરીને ? સમ્યક્ સ્વ પર વિવેકથી - 'सम्यक् स्वपरविवेकेन' । - અજ્ઞાનીનો તે ભાવ અજ્ઞાનમય જ શાને લીધે હોય ? અત્યંત 'પ્રત્યસ્તમિત' - અસ્ત પામી ગયેલ - આથમી ગયેલ 'વિવિક્ત' - પૃથક્ - ભિન્ન - અલગ આત્મખ્યાતિપણાને લીધે. તેમ શાથી કરીને ?

આત્મા જે જ ભાવ આત્માનો કરે છે, તેનો તે કર્તા

એમ ઉપરમાં કહી બતાવ્યું તેમ આ - પ્રત્યક્ષ અનુભવાતો આત્મા 'स्वयमेव' - બીજા કોઈની પ્રેરણા વિના આપોઆપ જ 'परिणामस्वभावी' - પરિણામ સ્વભાવવાળો છે અને એમ "परिणाम स्वभावी होई ते यमेव भावमात्मनः करोति - જે જ ભાવ આત્માનો કરે છે, તે જ 'कर्मता पामता' - કર્મપણું પામતા ભાવનું કર્ત્તાપણું તે પામે, 'तस्यैव कर्मतामापद्यमानस्य कर्तृत्वमापद्येत' । - અર્થાત્ જે ભાવ - પરિણામ આત્મા આત્માનો કરે છે, તે જ ભાવનો તે કર્તા હોય છે અને તે ભાવ તેનું કર્મ હોય છે. કારણકે જે કરે છે તે કર્ત્તા છે અને જે કરાય છે - કરવામાં આવે છે તે કર્મ છે - ભાષાશાસ્ત્રના આ સામાન્ય નિયમ પ્રમાણે આત્મા જે ભાવ આત્માનો - પોતાનો કરે છે, તે ભાવનો કરનારો તે કર્તા છે અને જે ભાવ આત્માથી કરવામાં આવે છે, તે ભાવ તે આત્માનું કર્મ - ભાવકર્મ છે, અર્થાત્ આત્મા આ આત્મભાવ રૂપ ભાવકર્મનો કર્ત્તા છે અને આ **આત્મભાવ રૂપ ભાવકર્મ** આત્માનું કર્મ છે.

જ્ઞાનીનો જ્ઞાનમય જ ભાવ : પરસ્પર વિવેક, વિવિક્ત આત્મખ્યાતિ પણું

તેમાં જે જ્ઞાની છે, તેનો તે ભાવ તો - 'સમ્યક્ સ્વ-પર વિવેકથી અત્યંત ઉદિત વિવિક્ત આત્મખ્યાતિપણાને લીધે - જ્ઞાનમય જ હોય.' 'स तु ज्ञानिनः ज्ञानमय एव स्यात्' । - અર્થાત્ જે જ્ઞાની છે તેને સમ્યક્પણે - યથાર્થપણે - જેમ છે તેમ વસ્તુસ્થિતિ પ્રમાણે સ્વ - પરનો વિવેક ઉપજ્યો છે, આત્મા-અનાત્માનું ભેદ જ્ઞાન પ્રગટ્યું છે, એટલે આત્મા સિવાયના બીજા બધા ભાવથી - સમસ્ત પર ભાવથી પૃથક્ કરેલ - અલગ પાડેલ - વિવિક્ત આત્મખ્યાતિનું તેને અત્યંત ઉદિતપણું વર્તે છે, સર્વ પરભાવથી ભિન્ન એવા એક શુદ્ધ આત્માની અનુભૂતિના ભાનુનું તેને

* 'ऋजुसूत्रनयस्तत्र कर्तृतां तस्य मन्यते ।
स्वयं परिणमत्यात्मा यं यं भावं यदा यदा ॥'' - શ્રી યશોવિજયજી કૃત અ.સા. આ.નિ. અધિ. ૯૭

સદોદિતપણું વર્ત્તે છે, તે નિરંતર એક જ્ઞાયકભાવરૂપ શુદ્ધ આત્માનો આત્યંતિક અનુભવ કરે છે, એટલે આમ આ સદોદિત વિવિક્ત આત્મખ્યાતિપણાને લીધે જ્ઞાનીનો ભાવ જ્ઞાનમય જ હોય, જ્ઞાની સદા જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનમય જ ભાવે પરિણમે છે, એટલે કે તે જ્ઞાની જ્ઞાનમય ભાવનો જ કર્ત્તા છે.


''સહેજે પ્રગટ્યો નિજ પર ભાવ વિવેક જો,
અંતર આતમ ઠહર્યો સાધન સાધવે રે લો.
સાધ્યાલંબી થઈ જ્ઞાયકતા છેક જો,
નિજ પરિણતિ થિર નિજ ધર્મરસ ઠવે રે લો.
જગત દિવાકર શ્રી નમીશ્વર સ્વામ જો,
તુજ મુખ દીઠે નાઠી ભૂલ અનાદિની રે લો.
જાગ્યો સમ્યગ્ જ્ઞાન સુધારસ ધામ જો,
છાંડી મિથ્યા દુર્જય નિંદ પ્રમાદની રે લો.'' - **મહામુનીશ્વર શ્રી દેવચંદ્રજી**

''મેરે ઘટ જ્ઞાન ભાનુ ભયો ભોર,
ચેતન ચકવા ચેતના ચકવી,
ભગો વિરહ કો સોર... મેરે ઘટ.'' - **શ્રી આનંદઘન પદ-૧૫**

અજ્ઞાનીનો અજ્ઞાનમય ભાવ : સ્વપર અવિવેક, આત્મખ્યાતિ પ્રત્યસ્તમન

પણઆથીઉલટુંઅજ્ઞાનીનેતેભાવતો-'સમ્યક્ સ્વ-પરવિવેકનાઅભાવથીઅત્યંત પ્રત્યસ્તમિત વિવિક્ત આત્મખ્યાતિપણાને લીધે - અજ્ઞાનમય જ હોય.' 'અજ્ઞાનિનસ્તુ અજ્ઞાનમય એવ સ્યાત્' । - અર્થાત્ જે અજ્ઞાની છે, તેને સમ્યક્પણે - યથાર્થપણે - જેમ છે તેમ યથાવત્ વસ્તુસ્થિતિ પ્રમાણે સ્વપરનો વિવેક ઉપજ્યો નથી, આત્મા - અનાત્માનું ભેદજ્ઞાન પ્રગટ્યું નથી, એટલે આત્મા સિવાયના બીજા બધા ભાવથી - સમસ્ત પર ભાવથી પૃથક્ કરેલ - અલગ પાડેલ - વિવિક્ત આત્મખ્યાતિનું તેને અત્યંત પ્રત્યસ્તમિતપણું વર્ત્તે છે, સર્વ પરભાવથી ભિન્ન એવા એક શુદ્ધ આત્માની અનુભૂતિના ભાનુનું તેને અત્યંત અસ્ત પામી ગયાપણું - આથમી ગયાપણું વર્ત્તે છે, તે કદી પણ એક જ્ઞાયક ભાવરૂપ શુદ્ધ આત્માનો અનુભવ કરતો નથી, એટલે આમ આ અત્યંત પ્રત્યસ્તમિત વિવિક્ત આત્મખ્યાતિપણાને લીધે વિવિક્ત - પૃથક્ આત્માનુભવના અભાવે અજ્ઞાનીનો ભાવ અજ્ઞાનમય જ હોય. અજ્ઞાની સદા અજ્ઞાન અજ્ઞાન ને અજ્ઞાનમય જ ભાવે પરિણમે છે, એટલે કે અજ્ઞાની સદા અજ્ઞાનમય ભાવનો જ કર્ત્તા છે.

આકૃતિ



જ્ઞાનમય ભાવ થકી શું ? અજ્ઞાનમય થકી શું થાય છે ? એ કહે છે -

अण्णाणमओ भावो अणाणिणो कुणदि तेण कम्माणि ।
णाणमओ णाणिस्स दु ण कुणदि तह्मा दु कम्माणि ॥१२७॥

અજ્ઞાનમય ભાવ અજ્ઞાનિનો, તેથી કરે તે કર્મ રે;
જ્ઞાનમય તેહ જ જ્ઞાનિનો, તેથી કરે ન તે કર્મ રે... અજ્ઞાનથી. ૧૨૭

ગાથાર્થ - અજ્ઞાનીનો ભાવ અજ્ઞાનમય છે, તેથી તે કર્મો કરે છે અને જ્ઞાનીનો (ભાવ) જ્ઞાનમય છે, તેથી તો તે કર્મો નથી કરતો. ૧૨૭

आत्मख्यातिटीका

किं ज्ञानमयभावात्किमज्ञानमयाद्भवतीत्याह -

अज्ञानमयो भावोऽज्ञानिनः करोति तेन कर्माणि ।
ज्ञानमयो ज्ञानिनस्तु न करोति तस्मात्तु कर्मा

अज्ञानिनो हि
सम्यक्स्वपरविवेकाभावेना -
त्यंतप्रत्यस्तमितविविक्तात्मख्यातित्वा
द्यस्माद**ज्ञानमय एव भावः** स्यात्,
तस्मिंस्तु सति
स्वपरयोरेकत्वाध्यासेन
ज्ञानमात्रात्स्वस्माद्भ्रष्टः
पराभ्यां रागद्वेषाभ्यां सममेकीभूय
प्रवर्तिताहंकारः
स्वयं किलैषोहं रज्ये रुष्यामीति
रज्यते रुष्यति च
तस्मादज्ञानमयभावादज्ञानी
परौ रागद्वेषावात्मानं कुर्वन्
करोति कर्माणि ।

ज्ञानिनस्तु
सम्यक्स्वपरविवेकेना -
त्यंतोदितविविक्तात्मख्यातित्वा
द्यस्माद् **ज्ञानमय** एव भावः स्यात्,
तस्मिंस्तु सति
स्वपरयोर्नानात्वविज्ञानेन
ज्ञानमात्रे स्वस्मिन्सुनिविष्टः
पराभ्यां रागद्वेषाभ्यां पृथग्भूततया
स्वरसत एव निवृत्ताहंकारः
स्वयं किल केवलं जानात्येव
न रज्यते न च रुष्यति,
तस्माद् ज्ञानमयभावात् ज्ञानी
परौ रागद्वेषावात्मानमकुर्व
न करोति कर्माणि ॥१२७॥

आत्मभावना -

किं ज्ञानमयभावात् किम ज्ञानमयाद् भवतीत्याह - **જ્ઞાનમય ભાવ થકી શું ? અજ્ઞાનમય ભાવ થકી શું ?** अज्ञानिनो - **અજ્ઞાનીનો** अज्ञानमयो भावः - **અજ્ઞાનમય ભાવ** (હોય છે), तेन - **તેથી** करीने कर्माणि करोति - **તે કર્મો કરે છે,** ज्ञानिनस्तु - **પણ જ્ઞાનીનો તો** ज्ञानमयो - **જ્ઞાનમય** (ભાવ) હોય છે, तस्मात् तु - **તેથી તો** कर्माणि न करोति - **તે કર્મો નથી કરતો.** ॥ इति **गाथा** आत्मभावना ॥१२७॥

अज्ञानिनो हि - **અજ્ઞાનિનો ખરેખરે નિશ્ચયે કરીને** यस्माद् अज्ञानमय एव भावः स्यात् - **કારણકે અજ્ઞાનમય જ ભાવ હોય, શાને લીધે ?** सम्यक् स्वपरविवेकाभावेन - **સમ્યક્ સ્વપર** - विवेकना अभावथी अत्यंतप्रत्यंस्तमितविविक्तात्मख्यातित्वात् - **अत्यंत प्रत्यस्तमित - अस्त पामी गयेल विविक्त - पृथगभूत - आत्मख्यातिपणाने लीधे आम अज्ञानिनो अज्ञानमय જ ભાવ હોય.** तस्मिंस्तु सति - **અને તે સતે - હોતાં,** स्वपरयोरेकत्वाध्यासेन - **સ્વપરના એકત્વ અધ્યાસથી - એકપણું માની બેસવાથી,** ज्ञानमात्रात्स्वस्मात् प्रभ्रष्टः - **જ્ઞાન માત્ર - કેવલ જ્ઞાન એવા સ્વથી - પોતાથી**

આત્મખ્યાતિ ટીકાર્થ

અજ્ઞાનીને નિશ્ચયે કરીને
સમ્યક્‌સ્વપર વિવેકના અભાવથી
અત્યંત પ્રત્યસ્તમિત
વિવિક્ત આત્મખ્યાતિપણાને લીધે
કારણકે **અજ્ઞાનમય જ ભાવ હોય**
અને તે સતે
સ્વ-પરના એકત્વ અધ્યાસથી
જ્ઞાનમાત્ર સ્વથી પ્રભ્રષ્ટ એવો તે
પર એવા રાગદ્વેષ સાથે એકરૂપ થઈ,
અહંકાર પ્રવર્ત્તિત કરતો,
સ્વયં નિશ્ચયે આ હું રંજુ છું, રોષું છું
એમ (સમજી) રાગ કરે છે અને રોષ કરે છે
તેથી કરીને અજ્ઞાનમય ભાવ થકી
અજ્ઞાની
પર એવા રાગ-દ્વેષને આત્મા કરતો,
કર્મો કરે છે;

પણ જ્ઞાનીનો તો
સમ્યક્‌સ્વ-પર વિવેકથી
અત્યંત ઉદિત
વિવિક્ત આત્મખ્યાતિપણાને લીધે
કારણકે **જ્ઞાનમય જ ભાવ હોય**
અને તે સતે
સ્વ-પરના નાનાત્વ વિજ્ઞાનથી
જ્ઞાનમાત્ર સ્વમાં સુનિવિષ્ટ એવો તે
પર એવા રાગ દ્વેષથી પૃથગ્‌ભૂતતાએ કરીને
સ્વરસથી જ નિવૃત્ત અહંકાર સતો,
સ્વયં નિશ્ચયે કેવલ જાણે જ છે,
નથી રાગ કરતો ને નથી રોષ કરતો,
તેથી કરીને જ્ઞાનમય ભાવ થકી
જ્ઞાની
પર એવા રાગ-દ્વેષને આત્મા ન કરતો,
કર્મો નથી કરતો. ૧૨૭

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દર્શન મોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે, દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો,
તેથી પ્રક્ષીણ ચારિત્ર મોહ વિલોકિયે, વર્ત્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો,
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

પ્રભ્રષ્ટ - પ્રચ્યુત - પ્રમત્ત થયેલો (અજ્ઞાની) પરાભ્યાં રાગદ્વેષાભ્યાં સમમેકીભૂય - પર એવા રાગ - દ્વેષ સાથે એકરૂપ થઈ પ્રવર્તિતાહંકારઃ - અહંકાર પ્રવર્તિત કરતો, સ્વયં કિલૈષોહં રજ્યેરુષ્યામીતિ - સ્વયં ખરેખર ! આ હું રંજુ છું, રોષું છું એમ, રજ્યતે રુષ્યતિ ચ - રંજે છે અને રોષે છે. તસ્માદ્ - તેથી કરીને અજ્ઞાનમયભાવાદ્ - અજ્ઞાનમય ભાવને લીધે અજ્ઞાની - અજ્ઞાની પરો રાગદ્વેષાવાત્માનં કુર્વન્ - પર એવા રાગ-દ્વેષને આત્મા કરતો, કરોતિ કર્માણિ - કર્મો કરે છે.
પણ આથી ઉલટું, જ્ઞાનિનસ્તુ - જ્ઞાનીનો તો યસ્માદ્ જ્ઞાનમય એવ ભાવઃ સ્યાત્ - કારણકે જ્ઞાનમય જ ભાવ હોય. શાને લીધે ? સમ્યક્ સ્વપરવિવેકેન - સમ્યક્ સ્વ પર વિવેકથી અત્યંતોદિતવિવિક્તાત્મખ્યાતિત્વાત્ - અત્યંત ઉદિત - ઉદય પામેલ વિવિક્ત - પૃથગ્‌ભૂત આત્મખ્યાતિપણાને લીધે. આમ જ્ઞાનીનો જ્ઞાનમય જ ભાવ હોય. તસ્મિંસ્તુ સતિ - અને તે સતે - હોતાં, સ્વપરયોર્નાનાત્વવિજ્ઞાનેન - સ્વ-પરના નાનાત્વ વિજ્ઞાનથી, નાનાપણાના - જૂદા જૂદા પણાના વિશેષ જ્ઞાનથી. જ્ઞાનમાત્રે સ્વસ્મિન્સુનિવિષ્ટઃ - જ્ઞાનમાત્ર - કેવલ જ્ઞાન એવા સ્વમાં - પોતામાં સુનિવિષ્ટ - સારી પેઠે નિતાંતપણે બેસી ગયેલ (જ્ઞાની), પરાભ્યાં રાગદ્વેષાભ્યાં પૃથગ્‌ભૂતતયા સ્વરસત એવ નિવૃત્તાહંકારઃ - પર એવા રાગ-દ્વેષથી પૃથગ્‌ભૂતતાએ કરી - અલગ થઈ ગયાપણાએ કરી સ્વરસથી જ - આપોઆપ જ અહંકાર નિવૃત્ત થયો છે જેનો એવો, સ્વયં કિલ કેવલં જાનાત્યેવ - સ્વયં - પોતે ખરેખર ! નિશ્ચયે કરીને કેવલ માત્ર જાણે જ છે, ન રજ્યતે ન ચ રુષ્યતિ - નથી રંજતો અને નથી રોષતો. તસ્માદ્ - તેથી કરીને જ્ઞાનમયભાવાદ્ - જ્ઞાનમય ભાવને લીધે જ્ઞાની - જ્ઞાની પરો રાગદ્વેષાવાત્માનમકુર્વન્ - પર એવા રાગ-દ્વેષને આત્મા નહિ કરતો, ન કરોતિ કર્માણિ - કર્મો નથી કરતો. ॥ ઇતિ **'આત્મખ્યાતિ'** આત્મભાવના ॥૧૨૭॥

અજ્ઞાની-જ્ઞાનીના કર્મ કર્તા-અકર્તાપણાની અમૃતચંદ્રજીએ દાખવેલી અદ્‌ભુત વૈજ્ઞાનિક પ્રક્રિયા

જ્ઞાનમય ભાવ થકી શું થાય છે ? ને અજ્ઞાનમય ભાવ થકી શું થાય છે ? તેનું સ્પષ્ટીકરણ અત્ર કર્યું છે અને મહાનિર્ગ્રંથ મુનીશ્વર પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજીએ** અપૂર્વ તત્ત્વકલાથી અદ્‌ભુત સૂત્રાત્મક શૈલીથી ગ્રથિત કરેલ ભગવતી 'આત્મખ્યાતિ'માં તેનું સમગ્ર તત્ત્વવિજ્ઞાન પ્રદર્શિત કરી અલૌકિક જ્ઞાનચંદ્રિકા વિસ્તારી છે. અજ્ઞાનીનો નિશ્ચયે કરીને કારણકે અજ્ઞાનમય જ ભાવ હોય, તેથી કરીને અજ્ઞાનમય ભાવ થકી અજ્ઞાની કર્મો કરે છે, પણ જ્ઞાનીનો તો કારણકે જ્ઞાનમય જ ભાવ હોય, તેથી કરીને જ્ઞાની કર્મો નથી કરતો. અજ્ઞાનીનો અજ્ઞાનમય જ ભાવ શાને લીધે ? અત્યંત 'પ્રત્યસ્તમિત' - અસ્ત પમાડાઈ ગયેલ 'વિવિક્ત' - પૃથક્ - ભિન્ન - અલાયદી આત્મખ્યાતિપણાને લીધે. તેમ પણ શાથી કરીને ? સમ્યક્ સ્વપર વિવેકના અભાવથી. આમ અજ્ઞાનીનો અજ્ઞાનમય જ ભાવ હોય છે, તે સતે - તે હોતાં, અજ્ઞાનમય ભાવ થકી અજ્ઞાની કર્મો શી રીતે કરે છે ? પર એવા રાગ-દ્વેષને આત્મા કરતો - 'परौ रागद्वेषावात्मानं कुर्वन्' - તે રાગ-દ્વેષને આત્મા શાથી કરે છે ? સ્વયં - પોતે ખરેખર ! આ હું રંજુ છું - રોષું છું એમ સમજી રંજે છે - રાગ કરે છે, રોષે છે - રોષ કરે છે. આ હું રંજુ છું - રોષું છું એમ તે કેમ સમજે છે ? અહંકાર પ્રવર્ત્તિત કરતો - પ્રવર્ત્તાવતો - प्रवर्त्तिताहंकारः - તે પણ શી રીતે ? 'પર' એવા રાગ-દ્વેષ સાથે એકરૂપ થઈ - पराभ्यां रागद्वेषाभ्यां सममेकीभूय - તે પણ શી રીતે ? જ્ઞાનમાત્ર એવા 'સ્વથી' - પોતાથી - આત્માથી પ્રભ્રષ્ટ - પ્રચ્યુત થયેલો તે રીતે. તેમ શાથી થયેલો ? સ્વ-પરના એકત્વ અધ્યાસથી - 'स्वपरएकत्वाध्यासात्' - સ્વપરનું એકપણું માની બેસવાથી. તે એકત્વ અધ્યાસ પણ શાથી ? તે - અજ્ઞાનમય જ ભાવ સતે - અજ્ઞાનમય જ ભાવ હોતાં. આમ આ પ્રક્રિયા પ્રમાણે કર્મનું મૂળ અજ્ઞાનમય ભાવ જ છે. આથી ઉલટું - જ્ઞાનીનો જ્ઞાનમય જ ભાવ શાને લીધે હોય ? અત્યંત 'ઉદિત' - ઉદય પામેલ 'વિવિક્ત' - પૃથક્ - ભિન્ન અલાયદી આત્મખ્યાતિપણાને લીધે. તેમ પણ શાથી કરીને ? સમ્યક્ સ્વપર વિવેકથી. આમ જ્ઞાનીનો જ્ઞાનમય જ ભાવ હોય છે. તે સતે - તે હોતાં, જ્ઞાનમય ભાવ થકી જ્ઞાની કર્મો શી રીતે નથી કરતો ? પર એવા રાગ-દ્વેષને આત્મા ન કરતો - 'परौ रागद्वेषावात्मानकुर्वन्' - તે રાગ-દ્વેષને આત્મા શાથી નથી કરતો ? સ્વયં - પોતે તે ખરેખર ! કેવલ જાણે જ છે, નથી રંજતો - નથી રોષતો. એમ શાથી ? સ્વરસથી જ - આપોઆપ જ જેનો અહંકાર નિવૃત્ત થયો છે એવો છે તેથી, 'स्वरसत एव निवृत्ताहंकारः' । - તે પણ શી રીતે ? પર એવા રાગ દ્વેષ સાથે પૃથગ્‌ભૂતતાએ કરીને - પૃથક્ - ભિન્ન થઈ ગયાપણાએ કરીને, 'पराभ्यां रागद्वेषाभ्यां पृथग्भूततया' - તે પણ શી રીતે ? જ્ઞાનમાત્ર એવા 'સ્વમાં' - પોતામાં - આત્મામાં 'सुनिविष्ट' - સારી પેઠે નિતાંતપણે - અત્યંતપણે બેસી ગયેલો - સ્થિત થયેલો તે રીતે - ज्ञानमात्रे स्वस्मिन् सुनिविष्टः । - તેમ શાથી થયેલો ? સ્વ-પરના નાનાત્વ વિજ્ઞાનથી - स्वपरयो र्नानात्वविज्ञानेन । - સ્વ-પરના નાનાપણાના - ભિન્ન ભિન્નપણાના વિજ્ઞાનથી. તે નાનાત્વ વિજ્ઞાન પણ શાથી ? તે જ્ઞાનમય જ ભાવ સતે - જ્ઞાનમય જ ભાવ હોતાં. આમ આ પ્રક્રિયા પ્રમાણે કર્મ અભાવનું મૂળ જ્ઞાનમય ભાવ જ છે. **પરમ આત્મદૃષ્ટા અમૃતચંદ્રજીની** આ પરમ અદ્‌ભુત વ્યાખ્યાની હવે વિશેષ વિચારણા કરીએ.

આકૃતિ

અજ્ઞાની	જ્ઞાની
૧. સ્વ પર અવિવેક - પ્રત્યસ્તમિત વિવિક્ત આત્મખ્યાતિ	:: સ્વ પર વિવેક - ઉદિત વિવિક્ત આત્મખ્યાતિ
૨. સ્વ પર અંધકારરૂપ અજ્ઞાનમય ભાવ	:: સ્વ પર જ્ઞાન પ્રકાશમય જ્ઞાનભાવ
૩. સ્વ પર એકત્વ અધ્યાસ	:: સ્વ પર નાનાત્વ વિજ્ઞાન

૪. સ્વ ભ્રષ્ટતા, પર સ્થિતિ :: સ્વ સ્થિતિ, પર ભ્રષ્ટતા

૫. પર રાગદ્વેષ એકરૂપતા :: પર રાગદ્વેષ પૃથગ્‌ભૂતતા

૬. પર પ્રવૃત્ત અહંકાર (હું) :: પર નિવૃત્ત અહંકાર (ન 'હું')

૭. પર રાગ દ્વેષ પ્રવૃત્તિ :: પર રાગ દ્વેષ નિવૃત્તિ

૮. પર કર્મ કર્ત્તાપણું :: પર કર્મ અકર્ત્તાપણું

ઉપરમાં વિવરી દેખાડ્યું તેમ 'અજ્ઞાનીનો નિશ્ચયે કરીને સમ્યક્ સ્વપર વિવેકના અભાવથી અત્યંત પ્રત્યસ્તમિત વિવિક્ત આત્મખ્યાતિપણાને લીધે અજ્ઞાનમય જ ભાવ હોય.' અર્થાત્ અજ્ઞાની જીવને સમ્યક્‌પણે - યથાર્થપણે - જેમ છે તેમ યથાસ્થિત વસ્તુસ્થિતિ પ્રમાણે સ્વ-પર વિવેકનો અભાવ હોય છે, તેથી કરીને તેને સમસ્ત પરવસ્તુથી વિવિક્ત - પૃથગ્‌ભૂત (અલગ પાડેલ) એવા આત્માની ખ્યાતિનું - પ્રસિદ્ધિનું - પ્રતીતિનું સ્વાનુભૂતિનું અત્યંત પ્રત્યસ્તમિતપણું - સર્વથા આથમી ગયાપણું વર્ત્તે છે, તે કદી પણ શુદ્ધ એક જ્ઞાયક ભાવરૂપ શુદ્ધ આત્માનુભૂતિ કરતો નથી, એટલે આમ આ અત્યંત પ્રત્યસ્તમિત વિવિક્ત આત્મખ્યાતિપણાને લીધે વિવિક્ત - પૃથક્‌ભૂત આત્માનુભવના અભાવે અજ્ઞાનીનો ભાવ અજ્ઞાનમય જ હોય.

અજ્ઞાનીનો ભાવ અજ્ઞાનમય જ

અને 'તે સતે' - અજ્ઞાનીનો ભાવ એમ અજ્ઞાનમય જ હોય છે, એટલે તે અજ્ઞાની 'સ્વ પરનો એકત્વ અધ્યાસ' કરે છે, આત્મા-અનાત્માનું એકપણું માની બેસે છે અને આમ તે સ્વ પરનો એકત્વ અધ્યાસ કરે છે. એથી કરીને જ્ઞાનમાત્રાત્ સ્વસ્માત્ પ્રભ્રષ્ટઃ જ્ઞાનમાત્ર સ્વથી પ્રભ્રષ્ટ એવો તે પર એવા રાગ દ્વેષ સાથે એકરૂપ થાય છે, કેવલ જ્ઞાન સિવાય જ્યાં બીજું કાંઈ નથી એવા જ્ઞાનમાત્ર - કેવલજ્ઞાન સ્વરૂપ સ્વથી - આત્માથી પ્રચ્યુત - પ્રભ્રષ્ટ - પ્રમત્ત થયેલો તે આત્માથી અન્ય - અનાત્મા પર એવા રાગદ્વેષ સાથે એકરૂપ થાય છે.

એટલે તે રાગ-દ્વેષ હું છું એમ તે પર એવા રાગદ્વેષમાં આત્મબુદ્ધિ રૂપ 'અહંકાર પ્રવર્ત્તિત કરતો' સ્વયં નિશ્ચયે આ હું રાગ કરૂં છું, રોષ કરૂં છું, એમ સમજી રાગ કરે છે અને રોષ કરે છે. તેથી કરીને આવી આ અનુક્રમબદ્ધ કાર્યકારણ સંકલના પરથી પ્રતીત થાય છે કે, આત્મસ્વરૂપના અજ્ઞાનરૂપ અજ્ઞાનમય ભાવને લીધે જ અજ્ઞાની 'પર એવા રાગ-દ્વેષને આત્મા કરતો કર્મો કરે છે', આત્માથી અન્ય-પર એવા અનાત્મારૂપ રાગદ્વેષને આત્મારૂપ - આત્મભાવરૂપ કરતો સતો કર્મો કરે છે. અર્થાત્ કર્મોનું બીજ રાગદ્વેષ છે ને રાગદ્વેષનું બીજ અજ્ઞાન છે, એટલે અજ્ઞાન એ જ કર્મનું અંતર્ગત મૂલ કારણ છે. આમ અજ્ઞાનીને (૧) સમ્યક્ સ્વ પર વિવેકના અભાવથી વિવિક્ત આત્મખ્યાતિનું અત્યંત અસ્તંગતપણું હોય છે, (૨) તેથી તેનો અજ્ઞાનમય જ ભાવ હોય છે, (૩) તેથી તેને સ્વપરનો એકત્વ અધ્યાસ હોય છે, (૪) તેથી તેને સ્વથી - આત્માથી ભ્રષ્ટતા હોય છે, (૫) અને પર - રાગ દ્વેષ સાથે એકરૂપતા હોય છે, (૬) તેથી તેને અહંકાર પ્રવર્ત્તે છે, (૭) તેથી તેને રાગ-દ્વેષમાં પ્રવૃત્તિ હોય છે, (૮) અને તેથી તેને કર્મનું કર્ત્તાપણું હોય છે. આ ક્રમથી અજ્ઞાનમય ભાવને લીધે અજ્ઞાનીને આ બધું હોય છે.

અજ્ઞાનીના કર્મકર્તાપણાની તત્ત્વ વૈજ્ઞાનિક પ્રક્રિયા


આથી ઉલટું, 'જ્ઞાનીનો તો સમ્યક્ સ્વપર વિવેકથી અત્યંત ઉદિત વિવિક્ત આત્મખ્યાતિપણાને લીધે જ્ઞાનમય જ ભાવ હોય', જ્ઞાની જીવને તો નિશ્ચયે કરીને સમ્યક્‌પણે - યથાર્થપણે - જેમ છે તેમ વસ્તુસ્થિતિ પ્રમાણે સ્વપર વિવેકનો ભાવ હોય છે, તેથી કરીને તેને સમસ્ત પરવસ્તુથી વિવિક્ત - પૃથગ્‌ભૂત (અલગ પાડેલ) એવા આત્માની ખ્યાતિનું - પ્રસિદ્ધિનું - પ્રતીતિનું સ્વાનુભૂતિનું અત્યંત ઉદિતપણું - સર્વથા ઉદયંગતપણું

જ્ઞાનીનો જ્ઞાનમય જ ભાવ

વર્ત્તે છે, તે સદા શુદ્ધ એક જ્ઞાયકભાવ રૂપ શુદ્ધ આત્માનુભૂતિ કરે છે. એટલે આમ આ અત્યંત ઉદિત વિવિક્ત આત્મખ્યાતિપણાને લીધે વિવિક્ત - પૃથક્ આત્માનુભવના સદ્ભાવે જ્ઞાનીનો ભાવ જ્ઞાનમય જ હોય.

જ્ઞાનીના કર્મ-અકર્ત્તાપણાની તત્ત્વ વૈજ્ઞાનિક પ્રક્રિયા

અને 'તે સતે' - જ્ઞાનીનો ભાવ એમ જ્ઞાનમય જ હોય છે, એટલે તે જ્ઞાની 'સ્વપરનું નાનાત્વ વિજ્ઞાન કરે છે - स्वपरयो र्नानात्वविज्ञानेन स्वपरनुं - આત્મ અનાત્માનું નાનાપણું - ભિન્ન ભિન્નપણું જાણે છે, આત્મા-અનાત્માના ભેદજ્ઞાનથી સ્વપરનું પૃથક્પણું જાણે છે અને આમ તે સ્વપરનું નાનાત્વ વિજ્ઞાન કરે છે, એથી કરીને 'ज्ञानमात्रे स्वस्मिन् सुनिविष्टः' - 'જ્ઞાન માત્ર સ્વમાં સુનિવિષ્ટ એવો તે પર એવા રાગદ્વેષ સાથે પૃથગ્ભૂતતાએ કરીને' વર્ત્તે છે, અર્થાત્ કેવલ જ્ઞાન સિવાય જ્યાં બીજું કાંઈ નથી એવા જ્ઞાનમાત્ર-કેવલ જ્ઞાન સ્વરૂપ સ્વમાં - આત્મામાં સારી પેઠે સ્થિર થઈને બેસી ગયેલો - સુનિવિષ્ટ એવો તે આત્માથી અન્ય - અનાત્મા પર એવા રાગ-દ્વેષ સાથે પૃથગ્ભૂતપણાએ - અલગપણાએ કરીને વર્તે છે - પૃથક્ - અલગ થઈ ગયાપણાએ કરીને વર્ત્તે છે; અને એમ પર એવા રાગદ્વેષથી - પૃથક્ - અલગપણે તે વર્ત્તે છે, એટલે તે રાગ-દ્વેષ હું નથી એમ તે પર એવા રાગ દ્વેષમાંથી 'स्वरसथी ज निवृत्त अहंकार' હોય છે, આપોઆપ જ અહંકાર જેનો નિવૃત્ત થયો છે એવો હોય છે અને એમ નિવૃત્ત અહંકાર તે स्वयं निश्चये केवल जाणे ज छे - स्वयं किल केवलं जानात्येव, નથી રાગ કરતો ને નથી રોષ કરતો, તેથી કરીને આવી આ અનુક્રમબદ્ધ કાર્યકારણ સંકલના પરથી સુપ્રતીત થાય છે કે આત્મસ્વરૂપના જ્ઞાનરૂપ જ્ઞાનમય ભાવને લીધે જ જ્ઞાની 'પર એવા રાગદ્વેષને આત્મા ન કરતો કર્મો નથી કરતો', આત્માથી અન્ય-પર એવા અનાત્મારૂપ રાગદ્વેષને આત્મારૂપ - આત્મભાવ રૂપ નહિ કરતો સતો કર્મો નથી કરતો. અર્થાત્ અકર્મનું બીજ વીતરાગ-દ્વેષપણું છે ને વીતરાગ-દ્વેષપણાનું બીજ જ્ઞાન છે, એટલે જ્ઞાન એ જ અકર્મપણાનું અંતર્ગત મૂલ કારણ છે. આમ જ્ઞાનીને (૧) સમ્યક્ સ્વપર વિવેકથી વિવિક્ત આત્મખ્યાતિનું અત્યંત ઉદિતપણું હોય છે, (૨) તેથી તેનો જ્ઞાનમય જ ભાવ હોય છે, (૩) તેથી તેને સ્વપરનું નાનાત્વ વિજ્ઞાન હોય છે, (૪) તેથી તેને જ્ઞાનમાત્ર સ્વમાં સુનિવિષ્ટતા હોય છે, (૫) અને પર રાગદ્વેષથી પૃથગ્ભૂતતા હોય છે, (૬) તેથી તેને અહંકાર નિવર્ત્તે છે, (૭) તેથી તેને રાગદ્વેષથી નિવૃત્તિ હોય છે, (૮) અને તેથી તેને કર્મનું અકર્તાપણું હોય છે. આ ક્રમથી જ્ઞાનમય ભાવને લીધે જ્ઞાનીને આ બધું હોય છે.



જ્ઞાનીનો ભાવ જ્ઞાનમય જ ને અજ્ઞાનીનો અજ્ઞાનમય જ કેમ ? એમ નીચેની ગાથાનો ભાવ સૂચવતો ઉત્થાનિકા સમયસાર કળશ (૨૧) કહે છે -

આર્યા

ज्ञानमय एव भावः कुतो भवेत् ज्ञानिनो न पुनरन्यः।
अज्ञानमयः सर्व कुतोयमज्ञानिनो नान्यः ॥६६॥

જ્ઞાનમય જ ભાવ ક્યાંથી, હોય જ્ઞાનિનો ? ન પુનઃ બીજે;
અજ્ઞાનમય સૌ ક્યાંથી, અજ્ઞાનિનો આ ? નહિ જ બીજે. ૬૬

અમૃત પદ-૬૬

જ્ઞાનમય જ ભાવ ક્યાંથી જ્ઞાનીનો ? બીજો ખરે ! ના હોય રે,
અજ્ઞાનમય સૌ અજ્ઞાનીનો, ક્યાંથી ? બીજે ના હોય રે... જ્ઞાનમય જ.
સમાધાન કરતા આ ભગવાન, જ્ઞાની અમૃત ભાખે રે,
જ્ઞાની વિના બીજે કોણ એનું, રહસ્ય આવું દાખે રે ?... જ્ઞાનમય જ.

અર્થ - જ્ઞાનીનો જ્ઞાનમય જ ભાવ ક્યાંથી હોય ? નહિ કે બીજો, અજ્ઞાનીનો સર્વ આ (ભાવ) અજ્ઞાનમય ક્યાંથી હોય ? નહિ કે બીજો. ૬૬

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાનીની દશા બહુ જ અદ્‌ભુત છે,
નિરાશ્રય એવા જ્ઞાનીને બધું ય જ્ઞાન છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, ઉપદેશ છાયા, ૩૭૭**

જ્ઞાનીનો ભાવ જ્ઞાનમય જ કેમ ? ને અજ્ઞાનીનો અજ્ઞાનમય જ કેમ ? એનો ખુલાસો નીચેની ગાથાઓમાં આવે છે, તેનું સૂચન કરતો આ ઉત્થાનિકા કળશ કહ્યો છે - ज्ञानमय एव भावः कुतो भवेद् ज्ञानीनो न पुनरन्यः - જ્ઞાનીનો ભાવ જ્ઞાનમય જ ક્યાંથી - કયા કારણથી હોય ? પણ અન્ય - બીજો અજ્ઞાનમય ન હોય અને અજ્ઞાનીનો આ સર્વ જ ભાવ અજ્ઞાનમય જ ક્યાંથી - કયા કારણથી હોય ? પણ અન્ય - બીજો જ્ઞાનમય ન હોય.



णाणमया भावाओ णाणमओ चेव जायदे भावो ।
जह्मा तह्मा णाणिस्स सव्वे भावा हु णाणमया ॥१२८॥
अण्णाणमया भावा अण्णाणो चेव जायए भावो ।
जह्मा तह्मा भावा अण्णाणमया अणाणिस्स ॥१२९॥

જ્ઞાનમય ભાવથી ઉપજે, જ્ઞાનમય જ સહી ભાવ રે,
તેથી સર્વ ભાવ સર્વ જ્ઞાનીના, જ્ઞાનમય નિશ્ચય સાવ રે... અજ્ઞાનથી. ૧૨૮
અજ્ઞાનમય ભાવથી ઉપજે, અજ્ઞાન જ સહી ભાવ રે,
તેથી ભાવ અજ્ઞાનીના, અજ્ઞાનમયા સાવ રે... અજ્ઞાનથી. ૧૨૯

ગાથાર્થ - કારણકે જ્ઞાનમય ભાવથકી જ્ઞાનમય જ ભાવ જન્મે છે, તેથી જ્ઞાનીના સર્વે ભાવો જ્ઞાનમય જ હોય છે. ૧૨૮

કારણકે અજ્ઞાનમય ભાવ થકી અજ્ઞાન ભાવ જ જન્મે છે, તેથી અજ્ઞાનીના ભાવો અજ્ઞાનમય હોય છે. ૧૨૯

आत्मख्यातिटीका

ज्ञानमयाद् भावाद् ज्ञानमयश्चैव जायते भावः ।
यस्मात्तस्माज्ज्ञानिनः सर्वे भावाः खलु ज्ञानमयाः ॥१२८॥
अज्ञानमयाद्भावादज्ञानश्चैव जायते भावः ।
यस्मात्तस्माद् भावादज्ञानमया अज्ञानिनः ॥१२९॥

यतो ह्यज्ञानमयाद् भावाद्
यः कश्चनापि **भावो** भवति
स सर्वोप्यज्ञानमयत्वमनतिवर्तमानो
ऽज्ञानमय एव स्यात्,
ततः सर्व एवा**ज्ञानमया**
अज्ञानिनो भावाः ।

यतश्च ज्ञानमयाद् भावाद्
यः कश्चनापि **भावो** भवति
स सर्वोपि ज्ञानमयत्वमनतिवर्तमानो
ज्ञानमय एव स्यात्,
ततः सर्व एव ज्ञानमया
ज्ञानिनो भावाः ॥१२९॥

आत्मभावना -

यस्मात् - કારણકે ज्ञानमयाद् भावाद् - જ્ઞાનમય ભાવ થકી - ज्ञानम/श्चैव भावः जायते - જ્ઞાનમય જ ભાવ જન્મે છે, तस्मात् - તેથી ज्ञानिनः - જ્ઞાનીના सर्वे भावाः - સર્વે ભાવો खलु ज्ञानमयाः - ખરેખર ! નિશ્ચયે કરીને જ્ઞાનમય (હોય છે). ॥१२८॥ यस्मात् - કારણકે अज्ञानमयाद् भावाद् - અજ્ઞાનમય ભાવ થકી अज्ञानश्चैव भावः जायते - અજ્ઞાન જ ભાવ જન્મે છે, तस्मात् - તેથી अज्ञानिनः - અજ્ઞાનીના भावाः अज्ञानमयाः - ભાવો અજ્ઞાનમય (હોય છે). ॥ इति **गाथा** આત્મભાવના ॥१२९॥

यतो - કારણકે हि - નિશ્ચયે કરીને अज्ञानमयाद् भावाद् - અજ્ઞાનમય ભાવ થકી यः कश्चनापि भावो भवति - જે કોઈ પણ ભાવ હોય છે, स सर्वोपि - તે સર્વ પણ, अज्ञानमयत्वमनतिवर्तमानः - અજ્ઞાનમયપણાને અનતિવર્તતો - અનુલ્લંઘતો - નહિ ઉલ્લંઘતો - अज्ञानमय एव स्यात् - અજ્ઞાનમય જ હોય, ततः - તેથી કરીને सर्व एव - સર્વે જ अज्ञानमयाः - અજ્ઞાનમયા अज्ञानिनो भावाः - અજ્ઞાનીના ભાવો છે. આથી ઉલટું -

यतश्च - અને કારણકે ज्ञानमयाद् भावाद् - જ્ઞાનમય ભાવથકી - यः कश्चनापि भावो भवति - જે કોઈ પણ ભાવ હોય છે, स सर्वोपि - તે સર્વપણાને અનતિવર્તતો - અનુલ્લંઘતો - નહિ ઉલ્લંઘતો, જ્ઞાનમય एव स्यात् - જ્ઞાનમય જ હોય, ततः - તેથી કરીને सर्व एव - સર્વ જ ज्ञानमयाः - જ્ઞાનમયા જ્ઞાનીનો भावाः - જ્ઞાનીના ભાવો છે. ॥ इति **'आत्मख्याति'** આત્મભાવના ॥१२९॥

આત્મખ્યાતિટીકાર્થ

કારણકે નિશ્ચયે કરીને	**અને કારણકે**
અજ્ઞાનમય ભાવથકી	**જ્ઞાનમય ભાવ થકી**
જે કોઈ પણ ભાવ હોય છે,	જે કોઈ પણ ભાવ હોય છે,
તે સર્વ પણ અજ્ઞાનમયપણાને અનતિવર્તતો	તે સર્વ પણ જ્ઞાનમયપણાને અનતિવર્તતો
અજ્ઞાનમય જ હોય,	**જ્ઞાનમય જ હોય,**
તેથી કરીને અજ્ઞાનીના ભાવો	**તેથી કરીને જ્ઞાનીના ભાવો**
સર્વે જ **અજ્ઞાનમય** હોયઃ	સર્વે જ **જ્ઞાનમય** હોય. ૧૨૯

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્માને વિષે વર્ત્તે છે એવા જ્ઞાની પુરુષો સહજ પ્રાપ્ત પ્રારબ્ધ પ્રમાણે વર્ત્તે છે,

જ્ઞાની સહજ પરિણામી સહજ સ્વરૂપી છે, સહજપણે સ્થિત છે, સહજપણે પ્રાપ્ત ઉદય ભોગવે છે.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૦૭, ૩૭૭

જ્ઞાનીનો ભાવ જ્ઞાનમય જ કેમ ? અજ્ઞાનીનો અજ્ઞાનમય જ કેમ ?

જ્ઞાનીના ભાવ જ્ઞાનમય જ કયા કારણથી હોય ને અન્ય કેમ ન હોય ? અજ્ઞાનીનો આ સર્વ ભાવ અજ્ઞાનમય જ કયા કારણથી હોય ને અન્ય કેમ ન હોય ? એમ ઉત્થાનિકા કળશમાં કહ્યું એનો સાવ સીધો સાદો ઉત્તર અત્ર આપ્યો છે અને **પરમર્ષિ આત્મખ્યાતિકર્ત્તાએ** તેમાં રહેલો ઉંચામાં ઉંચો ભાવ સાવ સીધી સાદી સરલ સંક્ષિપ્ત સૂત્રાત્મક શબ્દ રચનાથી પ્રવ્યક્ત કર્યો છે. કારણકે નિશ્ચયે કરીને અજ્ઞાનમય ભાવથકી જે કોઈ પણ ભાવ હોય છે, તે સર્વ પણ અજ્ઞાનમયપણાને 'અનતિવર્તતો' - અનુલ્લંઘતો - નહિ ઉલ્લંઘતો - अज्ञानमयत्वमनतिवर्त्तमानः - અજ્ઞાનમય જ હોય, તેથી અજ્ઞાનિના ભાવો - સર્વે જ અજ્ઞાનમય હોય, અને આથી ઉલટું કારણકે જ્ઞાનમય ભાવ થકી જે કોઈ પણ ભાવ હોય છે, તે સર્વ પણ ज्ञानमयत्वमनतिवर्त्तमानः - જ્ઞાનમયપણાને 'અનતિવર્તતો' - અનુલ્લંઘતો જ્ઞાનમય જ હોય, તેથી જ્ઞાનિના ભાવો સર્વે જ જ્ઞાનમય હોય.

અજ્ઞાનીના સર્વ ભાવ અજ્ઞાનમય : જ્ઞાનીના સર્વ ભાવ જ્ઞાનમય

અર્થાત્ - અજ્ઞાનમય ભાવ થકી જે કોઈ પણ ભાવ જન્મે છે - ઉદ્ભવ પામે છે, તે સર્વ પણ અજ્ઞાનમયપણાને અતિવર્ત્તતો નથી - ઉલ્લંઘતો નથી, તે સર્વમાં અજ્ઞાનમયપણું અનુવર્ત્તે છે, કાયમ અન્વય - અનુબંધથી ચાલ્યું આવે છે, એટલે તે અજ્ઞાનમય ભાવથકી જન્મેલો સર્વ કોઈ ભાવ અજ્ઞાનમય જ હોય, તેથી કરીને અજ્ઞાનિના ભાવો સર્વે જ અજ્ઞાનમય હોય છે, सर्व एवाज्ञानमया अज्ञानिनो भावाः - આ નિશ્ચય છે.

આથી ઉલટું, જ્ઞાનમય ભાવ થકી જે કોઈ પણ ભાવ જન્મે છે - ઉદ્ભવ પામે છે, તે સર્વ પણ જ્ઞાનમયપણાને અતિવર્ત્તતો નથી - ઉલ્લંઘતો નથી, તે સર્વમાં જ્ઞાનમયપણું અનુવર્ત્તે છે, કાયમ અનુબંધથી - અન્વય સંબંધથી ચાલ્યું આવે છે, એટલે તે જ્ઞાનમય ભાવ થકી જન્મેલો સર્વ કોઈ પણ ભાવ જ્ઞાનમય જ હોય; તેથી કરીને જ્ઞાનીના ભાવો સર્વે જ જ્ઞાનમય હોય છે; 'सर्व एव ज्ञानमया ज्ञानीनो भावाः' - આ નિશ્ચય છે.


કારણકે 'હું દેહાદિથી ભિન્ન અવિનાશી ને ઉપયોગવંત આત્મા છું' એવું ભાન પણ અજ્ઞાનીને હોતું નથી, એટલે અજ્ઞાની અજ્ઞાનમયપણાને કદી અતિવર્તતો - ઉલ્લંઘતો નહિ હોઈ સદા અજ્ઞાન વર્તુલની મર્યાદામાં જ વર્તે છે, તેથી તેના સર્વ ભાવ અજ્ઞાનમય જ હોય છે. આથી ઉલટું, હું દેહાદિથી ભિન્ન અવિનાશી ને ઉપયોગવંત આત્મા છું એ નિરંતર પરમાર્થ લક્ષ જ્ઞાનીને સદોદિત હોય છે. આ પરમાર્થ


લક્ષને જ્ઞાની કદી ચૂકતો નથી. એટલે જ્ઞાની જ્ઞાનમયપણાને કદી અતિવર્તતો - ઉલ્લંઘતો નહિ હોઈ સદા જ્ઞાન વર્તુલની મર્યાદામાં જ (within the orbit of knowledge) વર્ત્તે છે, તેથી તેના સર્વ ભાવ જ્ઞાનમય જ હોય છે.

'कारणानुविधायिनि कार्याणिः' - કારણ અનુવિધાયિનિ કાર્ય

તાત્પર્ય કે - 'कारणानुविधायिनि कार्याणि - કાર્યો કારણાનુવિધાયિ - કારણને અનુસરતું વિધાન - કાર્ય કરનારા - કારણને અનુસરનારા હોય છે એ **શ્રી અમૃતચંદ્રાચાર્યજીના** સૂત્ર પ્રમાણે જેનું ઉપાદાન કારણ હોય તેવું જ કાર્ય હોય છે - 'उपादान कारणसदृशं कार्यं भवति' । આત્મારૂપ ઉપાદાનનો ભાવ જો અજ્ઞાનમય હોય તો તે અજ્ઞાનમય આત્મભાવ થકી ઉપજતો સર્વ કોઈ પણ ભાવ અજ્ઞાનમય જ હોય, જો જ્ઞાનમય હોય તો તે જ્ઞાનમય આત્મભાવ થકી ઉપજતો સર્વ કોઈ પણ ભાવ જ્ઞાનમય જ હોય. જવના બીજમાંથી શાલિ ઉપજે નહિ ને શાલિના બીજમાંથી જવ ઉપજે નહિ, જવના બીજમાંથી જવ જ ઉપજે ને શાલિના બીજમાંથી શાલિ જ ઉપજે. તેમ અજ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ ઉપજે નહિ ને જ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય ભાવ ઉપજે નહિ, અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય જ ભાવ ઉપજે ને જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય જ ભાવ ઉપજે. 'બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા' એ વ્યવહારિક લોકોક્તિ અત્રે પરમાર્થમાં પણ સાચી પડે છે. એટલે અજ્ઞાનીના ભાવ જ્ઞાનમય હોય નહિ ને જ્ઞાનીના ભાવ અજ્ઞાનમય હોય નહિ, અજ્ઞાનીના સર્વ ભાવ અજ્ઞાનમય હોય ને જ્ઞાનીના સર્વ ભાવ જ્ઞાનમય જ હોય - આ ત્રણે કાળમાં ન ફરે એવો અખંડ નિશ્ચય સિદ્ધાંત સ્થિત છે.

આકૃતિ





જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનમય ને અજ્ઞાનીના સર્વ ભાવો અજ્ઞાનમય જ હોય છે એમ નિગમન કરતો સમયસાર કળશ (૨૨) પ્રકાશે છે -

अनुष्टुप्

ज्ञानिनो ज्ञाननिर्वृत्ताः सर्वे भावा भवंति हि ।
सर्वेप्यज्ञाननिर्वृत्ताः भवंत्यज्ञानीनस्तु ते ॥६७॥

જ્ઞાનિના ભાવ તો સર્વે, જ્ઞાનથી ઘડિયા ખરે !
ભાવ અજ્ઞાનીના સર્વે, અજ્ઞાને ઘડિયા ખરે !

અર્થ - જ્ઞાનિના સર્વે ભાવો નિશ્ચયે કરીને જ્ઞાન નિર્વૃત્ત (જ્ઞાનથી સર્જિત) હોય છે; અને અજ્ઞાનીના તે સર્વે ય ભાવો અજ્ઞાન નિર્વૃત્ત (અજ્ઞાનથી સર્જિત) હોય છે. ૬૯

અમૃત પદ-૬૯

જ્ઞાનમયા જ્ઞાનીના ભાવો, અજ્ઞાનીના અજ્ઞાન રે... (૨) ધ્રુવ પદ. ૧
જ્ઞાનીના ભાવો તે સર્વે, જ્ઞાનથી ઘડિયા હોય રે,
અજ્ઞાનીના સર્વ તેહ તો, અજ્ઞાને ઘડ્યા જોય રે... જ્ઞાન મયા. ૨
સુવર્ણના ભાવો તે સર્વે, સુવર્ણ ઘડિયા જેમ રે,
જ્ઞાનીના ભાવો સર્વે તે, જ્ઞાને ઘડિયા તેમ રે... જ્ઞાન મયા. ૩
લોહ તણા ભાવો તે સર્વે, લોહે ઘડિયા જેમ રે,
અજ્ઞાનીના ભાવો સર્વે, ઘડ્યા અજ્ઞાને તેમ રે... જ્ઞાન મયા. ૪
ભગવાન **અમૃત** જ્યોતિ પ્રગટ્યે, ભાવ અજ્ઞાન વિલાય રે,
જ્ઞાન ભાવ વિલાસ વિલસતો, આત્મા સ્વરૂપ સમાય રે... જ્ઞાન મયા. ૫

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''તે જ્ઞાની પુરુષનું અગમ્ય અગોચર માહાત્મ્ય છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૪૩), ૯૫૭ (ઉપદેશ છાયા)

ઉપરમાં આત્મખ્યાતિના ગદ્યભાગમાં જે વિવરી દેખાડ્યું, તેનો સારસમુચ્ચય આ કળશમાં સંદોહ્ય કર્યો છે. જ્ઞાનીના બધાયે ભાવો નિશ્ચયે કરીને 'જ્ઞાન નિર્વૃત્ત' - 'ज्ञाननिर्वृत्ताः' - જ્ઞાન સર્જિત છે, જ્ઞાનથી નિર્માણ કરાયેલા, જ્ઞાનથી ઘડાયેલા હોય છે અને અજ્ઞાનીના બધાયે ભાવો નિશ્ચયે કરીને - अज्ञाननिर्वृत्ताः - 'અજ્ઞાન નિર્વૃત્ત' - છે અજ્ઞાન સર્જિત છે - અજ્ઞાનથી નિર્માણ કરાયેલા - અજ્ઞાનથી ઘડાયેલા હોય છે.



હવે એ જ દૃષ્ટાંતથી સમર્થે છે -

कणयमया भावादो जायंते कुंडलादयो भावा ।
अयममया भावादो जह जायंते तु कडयादी ॥१३०॥
अण्णाणमया भावा अणाणिणो बहुविहा वि जायंते ।
णाणिस्स दु णाणमया सव्वे भावा तहा होंति ॥१३१॥

સ્વર્ણમય ભાવથી ઉપજે, ભાવો કુંડલ આદિ રે;
લોહમય ભાવથી ઉપજે, ભાવો જ્યમ કટક આદિ રે... અ. ૧૩૦
અજ્ઞાનમય ભાવથી અજ્ઞાનિને, બહુવિધ પણ ઉપજાય રે;
જ્ઞાનિને તો જ્ઞાનમમા સહુ, ભાવો તેમજ થાય રે... અજ્ઞાનથી. ૧૩૧

અર્થ - કનકમય ભાવ થકી કુંડલાદિ ભાવો જન્મે છે અને લોહમય ભાવથકી જેમ કટકાદિ (કડાં આદિ) ભાવ જન્મે છે. ૧૩૦

તેમ અજ્ઞાનિને અજ્ઞાનમય ભાવ થકી બહુવિધ પણ અજ્ઞાનમય જન્મે છે અને જ્ઞાનીના સર્વે ભાવો જ્ઞાનમય હોય છે. ૧૩૧

आत्मख्याति टीका

अथैतदेव दृष्टांतेन समर्थयते -

कनकमयाद् भावाज्जायंते कुंडलादयो भावाः ।
अयोमयकद्भावाद्यथा जायंते तु कटकादयः ॥१३०॥
अज्ञानमयद्भावादज्ञानिनो बहुविधा अपि जायंते ।
ज्ञानिनस्तु ज्ञानमयाः सर्वे भावास्तथा भवंति ॥१३१॥

आत्मभावना -

कनकमयाद् भावाद् - કનકમય - સુવર્ણમય ભાવથકી કુંડલાદયો भावाः **जायंते** - કુંડલમય ભાવો ઉપજે છે, यथा तु - અને જેમ अयोमयकाद् भावाद् - લોહમય ભાવ થકી कटकादयः जायंते - કડા આદિ ઉપજે છે. ॥૧૩૦॥ તથા - તેમ अज्ञानमयाद् भावाद् - અજ્ઞાનમય ભાવથકી बहुविधा अपि जायंते - બહુવિધ પણ (અજ્ઞાનમય ભાવો) ઉપજે છે, ज्ञानिनस्तु - અને જ્ઞાનીના તો सर्वे भावा - સર્વે ભાવો ज्ञानमयं भवति - જ્ઞાનમય હોય છે. ॥ इति **गाथा** आत्मभावना ॥१३०-१३१॥

यथा - જેમ, આ દૃષ્ટાંત - खलु - ખરેખર ! નિશ્ચયે કરીને पुद्गलस्य स्वयं परिणामस्वभावत्वे सत्यपि - पुद्गलनुं स्वयं - પોતે - આપોઆપ પરિણામ સ્વભાવપણું સતે - પણ હોતાં પણ, कारणानुविधायित्वात् कार्याणां - કાર્યોના કારણાનુવિધાયિપણાને લીધે - કારણને અનુસરતું વિધાન કરવાપણાને લીધે, जांबूनदमय - सुवर्णमय भावथकी जांबूनदजातिमनतिवर्तमानाः - જાંબૂનદ જાતિને - સુવર્ણ જાતિને अनतिवर्तता - અનુલ્લંઘતા - નહિ ઉલ્લંઘતા એવા. जांबूनदकुंडलादयएव भावा भवेयुः - જાંબૂનદ - સુવર્ણ કુંડલાદિ જ ભાવો હોય, न पुनः कालायसवलपादयः - નહિ કે કાલાયસ - લોહ વલયાદિ, कालायसमयाद् भावाच्च - અને કાલાયસમય - લોહમય ભાવ થકી कालायसजातिमनतिवर्तमानाः - કાલાયસ જાતિને - લોહ જાતિને અનતિવર્તતા - અનુલ્લંઘતા - નહિ ઉલ્લંઘતા એવા कालायसवलयादय एव भवेषुः - કાલાયસ - લોહવલયાદિ જ હોય, न पुनः जांबूनदकुंडलादयः - નહિ કે જાંબૂનદ - સુવર્ણ કુંડલાદિ.

तथा - તેમ, આ દાર્ષ્ટાંતિક - जीवस्य स्वयं परिणामस्वभावत्वे सत्यपि - જીવનું સ્વયં - આપોઆપ પરિણામ સ્વભાવપણું સતે પણ - હોતાં પણ, कारणानुविधायित्वादेव कार्याणां - કાર્યોના કારણાનુવિધાયિપણાને લીધે જ, કારણને

यथा खलु पुद्गलस्य
स्वयं परिणामस्वभावत्वे सत्यपि
कारणानुविधायित्वात्कार्याणां
जांबूनदमयाद् भावाद्
जांबूनदजातिमनतिवर्तमाना-
जांबूनद**कुंडलादय एव भावा भवेयु**
र्न पुनः कालायसवलयादयः ।
कालायसमयाद्भावाच्च
कालायसजातिमनतिवर्तमानाः
कालायस**वलयादय एव भवेयु**
र्न पुनः जांबूनदकुंडलादयः ।

तथा जीवस्य
स्वयं परिणामस्वभावत्वे सत्यपि
कारणानुविधायित्वादेव कार्याणां
अज्ञानिनः स्वय**मज्ञानमयाद् भावा-**
दज्ञानजातिमनतिवर्तमाना
विविधा अप्यज्ञानमया एव भावा भवेयु
र्न पुन ज्ञानमयाः ।
ज्ञानिनश्च स्वयं ज्ञानमयाद्भावा
ज्ज्ञानजातिमनतिवर्तमानाः
सर्वे ज्ञानमया एव भावा **भवेयु**
र्न पुनरज्ञानमयाः ॥१३०॥१३१॥

आत्मख्याति टीकार्थ

જેમ નિશ્ચયે કરીને પુદ્ગલનું
સ્વયં પરિણામ સ્વભાવપણું સતે પણ
કાર્યોના કારણાનુવિધાયિપણાને લીધે

જાંબૂનદમય (સુવર્ણમય) ભાવ થકી
જાંબૂનદ (સુવર્ણ) જાતિને અનતિવર્તતા
જાંબૂનદ કુંડલાદિ જ ભાવો હોય,
નહિ કે પુનઃ લોહવલયાદિ;

અને લોહમય ભાવથકી
લોહ જાતિને અનતિવર્તતા
લોહ વલયાદિ જ હોય,
નહિ કે પુનઃ જાંબૂનદ કુંડલાદિઃ

તેમ જીવનું
સ્વયં પરિણામ સ્વભાવપણું સતે પણ
કાર્યોના કારણાનુવિધાયિપણાને લીધે
અજ્ઞાનીને
સ્વયં **અજ્ઞાનમય ભાવ થકી**
અજ્ઞાન જાતિને અનતિવર્તતા
વિવિધપણ અજ્ઞાનમય જ ભાવો હોય,
નહિ કે પુનઃ જ્ઞાનમય;
અને જ્ઞાનીને
સ્વયં જ્ઞાનમય ભાવથકી
જ્ઞાન જાતિને અનતિવર્ત્તતા
સર્વે જ્ઞાનમય જ ભાવો હોય,
નહિ કે પુનઃ અજ્ઞાનમય.

અનુસરતું વિધાન કરવાપણાને લીધે જ अज्ञानिनः स्वयमज्ञानमयाद् भावाद् - અજ્ઞાનિને સ્વયં - આપોઆપ અજ્ઞાનમય ભાવથકી अज्ञानजातिमनतिवर्तमानाः - અજ્ઞાન જાતિને અનતિવર્તતા - અનુલ્લંઘતા - નહિ ઉલ્લંઘતા એવા विविधा अपि अज्ञानमया एव भावा भवेयुः - વિવિધ પણ અજ્ઞાનમય જ ભાવો હોય, न पुनर्ज्ञानमयाः - નહિ કે જ્ઞાનમય. ज्ञानिनश्च - અને જ્ઞાનિના स्वयं ज्ञानमयाद् भावाद् - સ્વયં જ્ઞાનમય ભાવથકી
ज्ञानजातिमनतिवर्तमानाः - જ્ઞાનજાતિને અનતિવર્તતા - અનુલ્લંઘતા - નહિ ઉલ્લંઘતા એવા સર્વે - सर्वे ज्ञानमया एव भावा भवेयुः - જ્ઞાનમય જ ભાવો હોય, न पुनरज्ञानमया - નહિ કે અજ્ઞાનમય. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१३०॥१३१॥

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''માત્ર આત્મારૂપ મૌનપણું અને તે સંબંધી પ્રસંગ એને વિષે બુદ્ધિ રહે છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, (૩૦૯), ૩૭૯

આગલી ગાથામાં અજ્ઞાનીના સર્વ ભાવ અજ્ઞાનમય જ હોય ને જ્ઞાનીના સર્વ ભાવ જ્ઞાનમય જ હોય એમ જે કહ્યું, તેનું જ અત્રે લોક પ્રસિદ્ધ સુવર્ણ - લોહના દૃષ્ટાંતથી

સુવર્ણમય ભાવથી કુંડલાદિ : લોહમય ભાવથી કડા આદિ

શાસ્ત્રકાર પરમર્ષિએ સમર્થન કર્યું છે અને તેનો દૃષ્ટાંત - દાર્ષ્ટાંતિક ભાવ પરમર્ષિ 'આત્મખ્યાતિ'સૂત્રકારે પોતાની અનુપમ લાક્ષણિક શૈલીમાં સાંગોપાંગ બિંબ-પ્રતિબિંબ ભાવથી વિવરી દેખાડી અદ્‌ભુત તત્ત્વપ્રકાશ પાથર્યો છે - જેમ નિશ્ચયે કરીને પુદ્‌ગલનું સ્વયં - આપોઆપ જ પરિણામ સ્વભાવપણું સતે પણ - હોતાં છતાં, કાર્યોના કારણાનુવિધાયિપણાને લીધે - કારણાનુસારિપણાને લીધે સુવર્ણમય ભાવથકી સુવર્ણ જાતિને 'અનતિવર્તતા' - અનુલ્લંઘતા - નહિ ઉલ્લંઘતા એવા સુવર્ણ કુંડલાદિ ભાવો જ હોય, નહિ કે લોહવલયાદિ; અને લોહમય ભાવથકી લોહ જાતિને 'અનતિવર્તતા' - અનુલ્લંઘતા - નહિ ઉલ્લંઘતા લોહવલયાદિ જ હોય, નહિ કે સુવર્ણ કુંડલાદિઃ તેમ જીવનું સ્વયં - આપોઆપ જ પરિણામ સ્વભાવપણું સતે પણ હોતાં છતાં, કાર્યોના કારણાનુવિધાયિપણાને લીધે જ, અજ્ઞાનીના સ્વયં અજ્ઞાનમય ભાવથકી અજ્ઞાન જાતિને અનતિવર્તતા - નહિ ઉલ્લંઘતા એવા વિવિધ - નાના પ્રકારના અજ્ઞાનમય જ ભાવો હોય; નહિ કે જ્ઞાનમય; અને જ્ઞાનીના સ્વયં - પોતે જ્ઞાનમય ભાવથકી જ્ઞાન - જાતિને અનતિવર્તતા - નહિ ઉલ્લંઘતા સર્વે જ્ઞાનમય જ ભાવો હોય, નહિ કે અજ્ઞાનમય. **અમૃતચંદ્રજીની** આ પરમ અદ્‌ભુત વ્યાખ્યાનો વિશેષ પરમાર્થ હવે વિચારીએ.

જીવ તો એક જ્ઞાનમય દ્રવ્ય છે, તો પછી તેના જ્ઞાનમય-અજ્ઞાનમય એ દ્વિવિધ પરિણામ કેમ ઘટે ? તે અત્ર નિષ્ણુષ સુયુક્તિથી પ્રદર્શિત કરતાં **અમૃતચંદ્રજી** વદે છે કે,

કાર્યોનું કારણાનુવિધાયિપણું

પુદ્‌ગલસ્ય સ્વયં પરિણામસ્વભાવત્વેપિ - 'પુદ્‌ગલનું સ્વયં પરિણામસ્વભાવપણું સતે પણ, કાર્યોના કારણાનુવિધાયિપણાને લીધે - 'कारणानुविधायित्वात्कार्याणां ।' અર્થાત્ ઉપરમાં વિવરી દેખાડ્યું તેમ પુદ્‌ગલ દ્રવ્ય સ્વયં - આપોઆપ (by itself) પરિણામ સ્વભાવી હોઈ આપોઆપ પરિણમે છે, આમ નિશ્ચયે કરીને પુદ્‌ગલ દ્રવ્યનું સ્વયં પરિણામ સ્વભાવપણું છે, છતાં પણ કારણ અનુસાર કાર્ય હોય છે, જેવું જેવું કારણ તેવું તેવું કાર્ય હોય છે, કાર્યોનું કારણાનુવિધાયિપણું હોય છે. એટલા માટે 'સુવર્ણમય ભાવથકી સુવર્ણ જાતિને અનતિવર્તતા સુવર્ણ કુંડલાદિ જ ભાવો હોય - નહિ કે લોહવલયાદિ, અને લોહમય ભાવથકી લોહ જાતિને અનતિવર્તતા લોહવલયાદિ જ હોય, નહિ કે સુવર્ણ કુંડલાદિ.' અર્થાત્ સોનામય ભાવથકી સોનાની જાતિને નહિ અતિવર્તતા - નહિ ઉલ્લંઘતા એવા સોનાના કુંડલાદિ ભાવો હોય, પણ લોઢાના કડા આદિ ભાવો ન હોય અને લોઢામય ભાવથકી લોઢાની જાતિને નહિ અતિવર્ત્તતા - નહિ ઉલ્લંઘતા એવા લોઢાના કડા આદિ ભાવો હોય, પણ સોનાના કુંડલાદિ ભાવો ન હોય.

તેમ જીવદ્રવ્ય પણ સ્વયં - આપોઆપ (by itself) પરિણામ સ્વભાવી હોઈ આપોઆપ પરિણમે છે; આમ 'जीवस्य स्वयं परिणामस्वभावत्वेपि' - નિશ્ચયે કરીને 'જીવદ્રવ્યનું સ્વયં - (આપોઆપ) પરિણામ સ્વભાવપણું' છે, છતાં 'કાર્યોનું કારણાનુવિધાયિપણું' હોય છે, 'कारणानुविधायित्वात्कार्याणां', કારણ અનુસાર કાર્ય હોય છે, જેવું જેવું કારણ તેવું તેવું કાર્ય હોય છે, એટલે આ કાર્યોના કારણાનુવિધાયિપણાને લીધે અજ્ઞાનીનો સ્વયં અજ્ઞાનમય ભાવ થકી અજ્ઞાન જાતિને અનતિવર્તતા - 'अज्ञानजातिमनतिवर्तमानाः' - વિવિધ પણ અજ્ઞાનમય જ ભાવો હોય - નહિ કે પુનઃ જ્ઞાનમય, અને


'कारणानुविधायित्वात् कार्याणां:' જાતિ અનુલ્લંઘન

જ્ઞાનીના સ્વયં જ્ઞાનમય ભાવથકી જ્ઞાન જાતિને અનતિવર્તતા 'ज्ञानजातिमनतिवर्तमानाः' - સર્વે જ્ઞાનમય જ ભાવો હોય - નહિ કે પુનઃ અજ્ઞાનમય.' અર્થાત્ જેને આત્માનું જ્ઞાન નથી એવા અજ્ઞાનીના સ્વયં - આપોઆપ અજ્ઞાનમય ભાવથકી અજ્ઞાન જાતિને નહિ અતિવર્તતા - નહિ ઉલ્લંઘતા એવા વિવિધ - નાના પ્રકારના પણ અજ્ઞાનમય જ ભાવો હોય - પણ જ્ઞાનમય ભાવો ન જ હોય; અને જેને આત્માનું જ્ઞાન છે એવા જ્ઞાનીના સ્વયં - આપોઆપ જ્ઞાનમય ભાવ થકી જ્ઞાન જાતિને નહિ અતિવર્તતા - નહિ ઉલ્લંઘતા સર્વે જ્ઞાનમય ભાવો જ હોય, પણ અજ્ઞાનમય ભાવો ન જ હોય.

તાત્પર્ય કે - પુદ્ગલદ્રવ્ય આપોઆપ પરિણામસ્વભાવવાળું છે, એટલે તે આપોઆપ પરિણમતું સોનારૂપે પણ પરિણમે અને લોઢા રૂપે પણ પરિણમે, અર્થાત્ તેનું સોનામય પર્યાય પરિણામરૂપ સોના જાતિપણું પણ હોય ને લોઢામય પર્યાય પરિણામરૂપ લોઢા જાતિપણું પણ હોય. જો સોનામય પરિણામ (ભાવ) હોય તો તેમાંથી સોનામય કુંડલાદિ પર્યાય-પરિણામ જ હોય, કે જે સોનાની જાતિને કદી ઉલ્લંઘતા નથી, સોના સોના ને સોનાની જાતિના સીમા વર્તુલમાં જ સદા વર્ત્તે છે; જો લોઢામય પરિણામ (ભાવ) હોય તો તેમાંથી લોઢામય કડા આદિ પર્યાય-પરિણામ જ હોય, કે જે લોઢાની જાતિને કદી ઉલ્લંઘતા નથી, લોઢા લોઢા ને લોઢાની જાતિના સીમા વર્તુલમાં જ સદા વર્ત્તે છે. તે જ પ્રકારે જીવદ્રવ્ય પણ આપોઆપ પરિણામસ્વભાવવાળું છે, એટલે તે આપોઆપ પરિણમતું જ્ઞાનરૂપે પણ પરિણમે અને અજ્ઞાનરૂપે પણ પરિણમે, અર્થાત્ તેનું સમ્યક્ત્વ સંયુક્તપણાથી જ્ઞાનમય પર્યાય - પરિણામરૂપ જ્ઞાનજાતિપણું પણ હોય ને મિથ્યાત્વ સંયુક્તપણાથી અજ્ઞાનમય પર્યાય પરિણામરૂપ અજ્ઞાન જાતિપણું પણ હોય. જો જ્ઞાનમય પરિણામ (ભાવ) હોય તો તેમાંથી સર્વ જ્ઞાનમય પર્યાય-પરિણામ જ હોય, કે જે જ્ઞાન જાતિને કદી ઉલ્લંઘતા નથી, જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનની જાતિની સીમાને ધારી રાખતા 'ભાવ સીમંધર' હોઈ જ્ઞાન જાતિના સીમાવર્તુલમાં જ સદા વર્તે છે; જો અજ્ઞાનમય પરિણામ (ભાવ) હોય તો તેમાંથી વિવિધ નાનાપ્રકારના અજ્ઞાનમય પર્યાય-પરિણામ જ હોય, કે જે અજ્ઞાન જાતિને કદી ઉલ્લંઘતા નથી, અજ્ઞાન અજ્ઞાન ને અજ્ઞાનની જાતિના સીમા વર્તુલમાં જ સદા વર્ત્તે છે.

જ્ઞાની જ્ઞાનમંડલ ન ઉલ્લંઘે : અજ્ઞાની અજ્ઞાનમંડલ ન ઉલ્લંઘે

આમ સોનામાંથી સોનાના કુંડળ વગેરે જ હોય, પણ લોઢાના કડા વગેરે ન જ હોય; લોઢામાંથી લોઢાના કડા વગેરે જ હોય, પણ સોનાના કુંડળ વગેરે ન જ હોય. તેમ સોના જેવા જ્ઞાનીના સર્વભાવ જ્ઞાનમય જ હોય, પણ અજ્ઞાનમય ન જ હોય; અને લોઢા જેવા અજ્ઞાનીના સર્વ ભાવ અજ્ઞાનમય જ હોય, પણ જ્ઞાનમય ન જ હોય. જ્ઞાની જ્ઞાનના જ કુંડાલામાં રમે છે, ને અજ્ઞાની અજ્ઞાનના જ કુંડાલામાં રમે છે, જ્ઞાની મંડલને-જ્ઞાનના માંડલાને ઉલ્લંઘતો નથી ને અજ્ઞાની અજ્ઞાનના માંડલાને ઉલ્લંઘતો નથી; એટલે જ્ઞાની શુદ્ધ સુવર્ણ સમો છે અને અજ્ઞાની અશુદ્ધ કથિર સમો છે, એમ ધ્વનિ છે.



અજ્ઞાની દ્રવ્યકર્મ નિમિત્ત ભાવોની હેતુતા પામે છે એવા ભાવનો ઉત્થાનિકા **સમયસાર કળશ** (૨૩) પ્રકાશે છે -

અનુષ્ટુપ્

अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकां ।
द्रव्यकर्मनिमित्तानां, भावानामेति हेतुतां ॥६८॥

અજ્ઞાનમય ભાવોની, અજ્ઞાની વ્યાપી ભૂમિકા;
તે દ્રવ્ય કર્મ નિમિત્ત, ભાવોની હેતુતા લહે. ૬૮

અમૃત પદ-૬૮

અજ્ઞાનમય ભાવોની ભૂમિકા, વ્યાપી સદા અજ્ઞાની રે;
દ્રવ્યકર્મ નિમિત્ત ભાવોની, લહે હેતુતા આણી રે... અજ્ઞાનમય. ૧
મિથ્યાત્વ અવિરતિ કષાય યોગો, દ્રવ્યકર્મના હેતુ રે;
તેના હેતુ આત્મભાવનો, હોય અજ્ઞાની હેતુ રે... અજ્ઞાનમય. ૨
અજ્ઞાન ભાવ તે આત્મચંદ્રને, ગ્રસતો જાણે કેતુ રે;
ભગવાન અમૃત જ્યોતિ ઝગે ત્યાં, કિહાં રહે એ હેતુ રે... અજ્ઞાનમય. ૩

અર્થ - અજ્ઞાની અજ્ઞાનમય ભાવોની ભૂમિકાને વ્યાપીને દ્રવ્યકર્મના નિમિત્ત એવા ભાવોની હેતુતા પામે છે. ૬૮

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''પગલે પગલે ભયવાળી અજ્ઞાન ભૂમિકામાં જીવ વગર વિચાર્યે કોટ્યાવધિ યોજનો ચાલ્યા કરે છે, ત્યાં જોગ્યતાનો અવકાશ ક્યાંથી હોય ?'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૩૨**

હવે પછીની ગાથાના ભાવનું સૂચન કરતો આ ઉત્થાનિકા કળશ કહ્યો છે - अज्ञानमयभावानाम ज्ञानी व्याप्य भूमिकां - જેને આત્માનું જ્ઞાન નથી એવો જે અજ્ઞાની જીવ છે, તે 'અજ્ઞાનમય ભાવોની ભૂમિકાને વ્યાપીને' વર્ત્તે છે, અજ્ઞાન દશાના વર્તુલમાં જ વર્ત્તે છે, અજ્ઞાનના ખાબોચીઆમાંથી બ્હાર નીકળતો નથી, એટલે અજ્ઞાની અજ્ઞાનમય ભાવોની ભૂમિકાને વ્યાપીને, 'દ્રવ્યકર્મ નિમિત્તનાં ભાવોની હેતુતાને પામે છે', 'द्रव्यकर्मनिमित्तानां भावानां याति हेतुतां ।' અર્થાત્ અજ્ઞાનમય ભૂમિકાને વ્યાપીને વર્ત્તતો અજ્ઞાની જે જે અજ્ઞાનરૂપ આત્મભાવો કરે છે, જે જે અજ્ઞાનમય ભાવકર્મ કરે છે, તે તે દ્રવ્યકર્મના નિમિત્ત કારણરૂપ હોય છે અને તે જે જે અજ્ઞાનરૂપ આત્મભાવો કરે છે તે તે અજ્ઞાનમય ભૂમિકાને જ વ્યાપીને વર્ત્તે છે.

''માયાનો પ્રપંચ ક્ષણે ક્ષણે બાધ કર્ત્તા છે; તે પ્રપંચના તાપની નિવૃત્તિ કોઈ કલ્પદ્રુમની છાયા છે અને કાં કેવલ દશા છે, તથાપિ કલ્પદ્રુમની છાયા પ્રશસ્ત છે; તે સિવાય એ તાપની નિવૃત્તિ નથી અને એ કલ્પદ્રુમને વાસ્તવિક ઓળખવો જીવે જોગ્ય થવું પ્રશસ્ત છે. તે જોગ્ય થવામાં બાધકર્ત્તા એવો આ માયા પ્રપંચ છે. જેનો પરિચય જેમ ઓછો હોય તેમ વર્ત્યા વિના જોગ્યતાનું આવરણ ભંગ થતું નથી.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૩૨

अण्णाणस्स स उदओ जं जीवाणं अतच्चउवलद्धी ।
मिच्छत्तस्स दु उदओ जीवस्स असद्दहाणत्तं ॥१३२॥
उदओ असंजमस्स दु जं जीवाणं हवेइ अविरमणं ।
जो दु कलुसोवओगो जीवाणं सो कसाउदओ ॥१३३॥
तं जाणं जोगउदयं जो जीवाणं तु चिट्ठउच्छाहो ।
सोहणमसोहणं वा कायव्वो विरदिभावो वा ॥१३४॥
एदेसु हेदुभूदेसु कम्मइय वग्गणागवं जं तु ।
परिणमदे अट्ठविहं णाणावरणादिभावेहिं ॥१३५॥
तं खलु जीवणिबद्धं कम्मइयवग्गणागयं जइया ।
तइया दु होदि हेदू जीवो परिणामभावाणं ॥१३६॥

અતત્ત્વ ઉપલબ્ધિ જીવની, ઉદય અજ્ઞાનનો તેહ રે;
અશ્રદ્ધાનપણું જીવનું, ઉદય મિથ્યાત્વનો એહ રે... અજ્ઞાનથી. ૧૩૨

અવિરમણ જ જે જીવનું, ઉદય અસંયમનો તેહ રે;
કલુષ ઉપયોગ જે જીવનો, ઉદય કષાયનો એહ રે... અજ્ઞાનથી. ૧૩૩

ચેષ્ટા ઉત્સાહ જે જીવનો, તે જોગ ઉદય જાણ રે;
કરવો શોભન અશોભન વળી, વિરતિ ભાવ તે જાણ રે... અજ્ઞાનથી. ૧૩૪

ને હેતુભૂત સતે, કાર્મણ વર્ગણાગત જેહ રે;
જ્ઞાનાવરણાદિ ભાવથી, અષ્ટવિધ પરિણમે તેહ રે... અજ્ઞાનથી. ૧૩૫

કાર્મણવર્ગણાગત જ્યારે, તે જીવનિબદ્ધ હોય રે;
ત્યારે પરિણામભાવો તણો, હેતુ જીવ આ હોય રે... અજ્ઞાનથી. ૧૩૬

ગાથાર્થ - જીવોની જે અતત્ત્વ ઉપલબ્ધિ (તત્ત્વનું અજાણપણું) તે અજ્ઞાનનો ઉદય છે, જીવનું અશ્રદ્ધાનપણું તે મિથ્યાત્વનો ઉદય છે. ૧૩૨

જીવોનું જે અવિરમણ હોય છે, તે અસંયમનો ઉદય છે, જીવોનો જે કલુષ (મલિન) ઉપયોગ તે કષાયનો ઉદય છે. ૧૩૩

જીવોનો જે ચેષ્ટા ઉત્સાહ અથવા શોભન વા અશોભન વિરતિ ભાવ કર્તવ્ય છે તે યોગનો ઉદય જાણ ! ૧૩૪

અને એઓ હેતુભૂત સતે કાર્મણ વર્ગણાગત જે જ્ઞાનાવરણાદિ ભાવે અષ્ટવિધ (આઠ પ્રકારે) પરિણમે છે, તે કાર્મણ વર્ગણાગત જ્યારે જીવનિબદ્ધ હોય છે, ત્યારે જીવ પરિણામભાવોનો હેતુ હોય છે. ૧૩૫-૧૩૬

आत्मख्याति टीका

अज्ञानस्य स उदयो या जीवानामतत्त्वोपलब्धिः ।
मिथ्यात्वस्य तूदयो जीवस्या श्रधानत्वं ॥१३२॥
उदयोऽसंयमस्य तु यज्जीवानां भवेदविरमणं ।
यस्तु कलुषोपयोगो जीवानां स कषायोदयः ॥१३३॥
तं जानीहि योगोदयं यो जीवानां तु चेष्टोत्साहः ।
शोभनोऽशोभनो वा कर्तव्यो विरतिभावो वा ॥१३४॥
एतेषु हेतुभूतेषु कार्मणवर्गणागतं यत्तु ।
परिणमतेऽष्टविधं ज्ञानावरणादिभावैः ॥१३५॥
तत्खलु जीवनिबद्धं कार्मणवर्गणागतं यदा ।
तदा तु भवति हेतु र्जीवः परिणामभावानां ॥१३६॥

अतत्त्वौपलब्धिरूपेण ज्ञाने स्वदमानो **अज्ञानोदयः** । मिथ्यात्वासंयमकषाययोगोदयाः कर्महितवस्तन्मयाश्चत्वारो भावाः । तत्त्वा**श्रद्धान**रूपेण ज्ञाने स्वदमानो **मिथ्यात्वोदयः, अविरमण**रूपेण ज्ञाने स्वदमानो**ऽसंयमोदयः, कलुषोपयोग**रूपेण ज्ञाने स्वदमानः **कषायोदयः शुभाशुभ प्रवृत्तिनिवृत्तिव्यापार**रूपेण ज्ञाने स्वदमानो **योगोदयः** । अथै**तेषु** पौद्गलिकेषु मिथ्यात्वाद्युदयेष **हेतुभूतेषु यत्पु**द्गलद्रव्यं कर्मवर्गणागतं **ज्ञानावरणादिभावै**रष्टधा स्वयमेव परिणमते **तत्खलु कर्मवर्गणागतं जीवनिबद्धं यदा** स्यात् **तदा जीवः** स्वयमेवाज्ञानात्परात्मनोरेकत्वाध्यासेनाज्ञानमयानां तत्त्वाश्रद्धानादीनां स्वस्य परिणामभावानां **हेतु**र्भवति ॥१३२॥१३३॥१३४॥१३५॥१३६॥

आत्मभावना -

जीवानां - જીવોની या अतत्त्वोपलब्धिः - જે અતત્ત્વોપલબ્ધિ स अज्ञानस्य उदयो - તે અજ્ઞાનનો ઉદય છે; जीवस्या-श्रद्दधानत्वं - જીવનું અસદ્દહપણું - અશ્રદ્ધાનપણું તે, मिथ्यात्वस्य तूदयो - મિથ્યાત્વનો ઉદય છે. ॥૧૩૨॥ यज्जीवानां अविरमणं भवेद् - જીવોનું જે અવિરમણ હોય, उदयोऽसंयमस्य तु - તે તો અસંયમનો ઉદય છે, यो तु जीवानां चेष्टोत्साहः - અને જીવોનો જે ચેષ્ટાઉત્સાહ, शोभनोऽशोभनो वा विरतिभावो कर्तव्यो वा - વા - અથવા શોભન વા અશોભન વિરતિભાવ કર્તવ્ય, तं योगोदयं जानीहि - તેને યોગનો ઉદય જાણ ! ॥૧૩૪॥ एतेषु हेतुभूतेषु - આ (મિથ્યાત્વાદિ ચાર) હેતુભૂત સતે, यत्तु कार्मणवर्गणागतं - જે જ કાર્મણવર્ગણાગત જ્ઞાનાવરણાદિભાવૈः अष्टविधं परिणमते - જ્ઞાનાવરણાદિ ભાવે અષ્ટવિધ - અષ્ટપ્રકારે પરિણમે છે, तत्खलु कार्मणवर्गणागतं - તે જ ખરેખર ! કાર્મણ વર્ગણાગત यदा जीवनिबद्धं - જ્યારે જીવ નિબદ્ધ - જીવની સાથે નિબદ્ધ હોય છે, तदा तु - ત્યારે જ जीवः - જીવ परिणामभावानां हेतुर्भवति - પરિણામભાવોનો હેતુ હોય છે. ॥૧૩૫-૧૩૬॥ इति **गाथा** आत्मभावना ॥૧૩૨-૧૩૬॥

अतत्त्वोपलब्धिरूपेण ज्ञाने स्वदमानो - અતત્ત્વઉપલબ્ધિ રૂપે જ્ઞાનમાં સ્વદમાન - સ્વાદમાં આવતો, આવી રહેલો તે अज्ञानोदयः - અજ્ઞાનનો ઉદય છે. मिथ्यात्वासंयमकषाययोगोदयाः कर्महितवः - મિથ્યાત્વ-અસંયમ-કષાય-યોગના ઉદયો એવા કર્મહેતુઓ, તે तन्मयाश्चत्वारो भावाः - તન્મય - તે અજ્ઞાન ઉદયમય ચાર ભાવો છેઃ (૧) तत्त्वाश्रद्धानरूपेण ज्ञाने स्वादमानो मिथ्यात्वोदयः - તત્ત્વ અશ્રદ્ધાન રૂપે જ્ઞાનમાં સ્વદમાન - સ્વદાઈ રહેલો - સ્વેદાતો તે મિથ્યાત્વ ઉદય છે, (૨) अविरमणरूपेण ज्ञाने स्वदमानोऽसंयमोदयः - અવિરમણ રૂપે જ્ઞાનમાં સ્વદમાન-સ્વદાતો તે અસંયમ ઉદય છે, (૩) कलुषोपयोगरूपेण ज्ञाने स्वदमानः कषायोदयः - કલુષ-મલિન ઉપયોગ રૂપે જ્ઞાનમાં સ્વદમાન - સ્વદાતો તે કષાય ઉદય છે, (૪) शुभाशुभप्रवृत्तिनिवृत्तिव्यापाररूपेण ज्ञाने स्वदमानो योगोदयः - શુભાશુભ પ્રવૃત્તિ - નિવૃત્તિ વ્યાપાર રૂપે જ્ઞાનમાં સ્વમાન-સ્વદાતો તે યોગ ઉદય છે. अथ - હવે एतेषु पौद्गलिकेषु मिथ्यात्वाद्युदयेषु - આ પૌદ્ગલિક મિથ્યાત્વાદિ ઉદયો હોય ત્યારે, यत् पुद्गलद्रव्यं कर्मवर्गणागतं - જે પુદ્ગલદ્રવ્ય કર્મવર્ગણાગત ज्ञानावरणादिभावैरष्टधा स्वयमेव परिणमते -

આત્મખ્યાતિ ટીકાર્થ

અતત્ત્વોપલબ્ધિ રૂપે જ્ઞાનમાં સ્વદમાન તે **અજ્ઞાનોદય** છેઃ મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગના ઉદયો (એ) કર્મહેતુઓ તન્મય (અજ્ઞાનમય) ચાર ભાવો છે :

તત્ત્વ**અશ્રદ્ધાનરૂપે** જ્ઞાનમાં સ્વદમાન તે **મિથ્યાત્વોદય,**

અવિરમણ રૂપે જ્ઞાનમાં સ્વદમાન તે **અસંયમોદય,**

કલુષોપયોગ રૂપે જ્ઞાનમાં સ્વદમાન તે **કષાયોદય,**

શુભાશુભ પ્રવૃત્તિ નિવૃત્તિ વ્યાપાર રૂપે જ્ઞાનમાં સ્વદમાન તે **યોગોદય** છે.

હવે **આ** પૌદ્ગલિક મિથ્યાત્વાદિ ઉદયો **હેતુભૂત સતે, જે કર્મવર્ગણાગત પુદ્ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિ ભાવે અષ્ટપ્રકારે સ્વયમેવ પરિણમે છે, તે નિશ્ચયે કર્મવર્ગણાગત જ્યારે જીવનિબદ્ધ હોય, ત્યારે** જીવ-સ્વયમેવ અજ્ઞાનને લીધે - પર આત્માના એકત્વ અધ્યાસથી અજ્ઞાનમય એવા તત્ત્વ અશ્રદ્ધાન આદિ સ્વના પરિણામભાવોનો હેતુ હોય છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''મિથ્યાત્વ એટલે યથાર્થ સમજય ન તે. મિથ્યાત્વથી વિરતિપણું ન થાય. વિરતિને અભાવે કષાય થાય, કષાયથી યોગનું ચલાયમાનપણું થાય છે.'' યોગનું ચલાયમાનપણું 'આશ્રવ' અને તેથી ઉલટું તે 'સંવર.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૬૪, વ્યાખ્યાનસાર-૨**

''અનાદિની હો મિથ્યા ભ્રાંતિ કે સરવથા છંડીએ.'' - **શ્રી દેવચંદ્રજી**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યું તેમ અજ્ઞાની અજ્ઞાનમય ભાવોની ભૂમિકાને વ્યાપીને, દ્રવ્યકર્મના નિમિત્તરૂપ ભાવોના હેતુપણાને પામે છે, એમ આ ગાથાઓમાં નિરૂપણ કર્યું છે, અને પરમતત્ત્વદૃષ્ટા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** તેનું તત્ત્વસર્વસ્વસમર્પક તલસ્પર્શી વિશદ વિવરણ પ્રકાશ્યું છેઃ अतत्त्वोपलब्धिरूपेण ज्ञाने स्वदमानो अज्ञानोदयः - અતત્ત્વઉપલબ્ધિ રૂપે - અતત્ત્વ અનુભૂતિરૂપે જ્ઞાનમાં સ્વાદમાન - સ્વાદમાં આવતો - ચાખવામાં આવતો - અનુભવવામાં આવતો તે અજ્ઞાનનો ઉદય છે. મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગના ઉદયો તે કર્મહેતુઓ એવા તન્મય - તે અજ્ઞાન ઉદયમય ચાર ભાવો છે. તેમાં - તત્ત્વ અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં સ્વાદમાન - સ્વદાતો - ચખાતો - અનુભવાતો તે મિથ્યાત્વનો ઉદય છે, અવિરમણરૂપે - અવિરતિરૂપે જ્ઞાનમાં સ્વદમાન - સ્વદાતો - ચખાતો - અનુભવાતો તે અસંયમનો ઉદય છે, કલુષ ઉપયોગરૂપે - મલિન ઉપયોગરૂપે જ્ઞાનમાં સ્વદમાન - સ્વદાતો - ચખાતો - અનુભવાતો તે કષાયનો ઉદય છે. શુભાશુભ પ્રવૃત્તિ-નિવૃત્તિ વ્યાપાર રૂપે - શુભમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ વ્યાપારરૂપે - અશુભમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ વ્યાપારરૂપે જ્ઞાનમાં સ્વદમાન - સ્વદાતો - ચખાતો - અનુભવાતો તે યોગનો ઉદય છે. अथैतेषु पौद्गलिकेषु मिथ्यात्वाद्युदयेषु - હવે આ પૌદ્ગલિક - પુદ્ગલમય મિથ્યાત્વાદિ ઉદયો હેતુભૂત સતે - નિમિત્ત રૂપ હોતાં, જે કર્મવર્ગણાગત પુદ્ગલદ્રવ્ય

જ્ઞાનાવરણાદિ ભાવે અષ્ટ પ્રકારે સ્વયમેવ - આપોઆપ જ પરિણમે છે, तत् खलु कर्मवर्गणागतं - તે ખરેખર ! કર્મવર્ગણાગત એવું જીવનિબદ્ધં यदा स्यात् - જીવનિબદ્ધ - જીવની સાથે નિબદ્ધ જ્યારે હોય, तदा - ત્યારે जीवः स्वयमेव - જીવ સ્વયમેવ - આપોઆપ જ अज्ञानात् - અજ્ઞાનને લીધે, परात्मनोरेकत्वाध्यासेन - પર અને આત્માના એકત્વ અધ્યાસથી - એકપણાના માની બેસવાપણાથી, अज्ञानमयानां तत्त्वाश्रद्धादीनां - અજ્ઞાનમય તત્ત્વાશ્રદ્ધાનાદિ એવા સ્વના પરિણામભાવોનો હેતુ હોય છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥૧૩૨॥૧૩૩॥૧૩૪॥૧૩૫॥॥૧૩૬॥

જ્ઞાનાવરણાદિ ભાવે સ્વયમેવ પરિણમે છે - 'સ્વયમેવ પરિણમતે', તે નિશ્ચયે કરીને કર્મવર્ગણાગત જ્યારે જીવનિબદ્ધ હોય - 'જીવનિબદ્ધં યદા સ્યાત્', ત્યારે જીવ સ્વયમેવ - આપોઆપ જ અજ્ઞાનને લીધે પર - આત્માના એકત્વઅધ્યાસથી - એકપણું માની બેસવાથી અજ્ઞાનમય એવા તત્ત્વઅશ્રદ્ધાન આદિ **'સ્વના' પરિણામ ભાવોનો** - 'સ્વસ્ય પરિણામભાવાનાં હેતુ ર્ભવતિ' - નિમિત્તરૂપ ભાવોના હેતુપણાને પામે છે, એમ પરમ તત્ત્વદેષ્ટાએ અત્ર નિરૂપણ કર્યું છે અને **અમૃતચંદ્રજીએ** તેનું તત્ત્વસર્વસ્વસમર્પક તલસ્પર્શી વિશદ વિવરણ પ્રકાશ્યું છે. તેની સ્પષ્ટ સમજુતી આ પ્રકારે -

હવે વિશેષ વિચાર કરીએ.

અતત્ત્વોપલબ્ધિ રૂપે જ્ઞાનમાં સ્વાદમાન અજ્ઞાનોદય

અત્રે 'અતત્ત્વોપલબ્ધિ રૂપે જ્ઞાનમાં સ્વદમાન તે અજ્ઞાનોદય છે.' અર્થાત્ તત્પણું - વસ્તુપણું - વસ્તુસ્વરૂપ જેમ છે તેનું નામ 'તત્ત્વ' છે, તેનાથી વિપરીત તે અતત્ત્વ છે, એટલે વસ્તુસ્વરૂપ - વસ્તુપણું - તત્પણારૂપ તત્ત્વ જેમ છે તેનાથી વિપરીત એવા અતત્ત્વની ઉપલબ્ધિ - અનુભૂતિ - જાણપણું જ્યાં છે તે અતત્ત્વોપલબ્ધિ, અથવા તો વસ્તુસ્વરૂપ - વસ્તુપણું - તત્પણારૂપ તત્ત્વ જેમ છે તેમ તત્ત્વની ઉપલબ્ધિ - અનુભૂતિ - જાણપણું જ્યાં નથી તે અતત્ત્વોપલબ્ધિ. આ અતત્ત્વોપલબ્ધિરૂપે - તત્ત્વ અજાણપણારૂપે જ્ઞાનમાં જે સ્વદમાન છે સ્વાદાઈ - ચખાઈ - અનુભવાઈ રહ્યું છે, તે અજ્ઞાનનો ઉદય છે, ઉદયાગત અજ્ઞાનનો વિપાક છે.

અને 'મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગના ઉદયો એ તન્મય ચાર ભાવો કર્મ હેતુઓ છે.' અર્થાત્ મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગના ઉદયાગત વિપાકો એ તન્મય - અજ્ઞાન ઉદયમય ચાર ભાવો જે છે તે કર્મના હેતુઓ છે, તે અજ્ઞાન ઉદયમય ચાર આત્મભાવ રૂપ જે ભાવકર્મ છે તે પુદ્ગલમય દ્રવ્યકર્મના કારણો છે.

તેમાં 'તત્ત્વ અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં સ્વદમામ તે મિથ્યાત્વોદય' છે 'तत्त्वाश्रद्धानरूपेण ज्ञाने स्वदमानो मिथ्यात्वोदय'; - ઈત્યાદિ, અર્થાત્ જેમ છે તેમ તત્ત્વનું શ્રદ્ધાન નહિ ઉપજવારૂપે જ્ઞાનમાં જે સ્વદમાન છે - તે સ્વાદાઈ - ચખાઈ - અનુભવાઈ રહ્યો છે તે મિથ્યાત્વનો ઉદયાગત વિપાક છે. આત્માથી અન્ય - પરભાવથી વિરમવા - અટકવારૂપ વિરમણ જ્યાં થતું નથી એવા અવિરમણરૂપે જ્ઞાનમાં જે સ્વદમાન છે, સ્વદાઈ - ચખાઈ - અનુભવાઈ રહ્યો છે, તે અસંયમનો ઉદયાગત વિપાક છે. આત્માથી અન્ય - પરભાવને કાજે ઉપયોગનું કલુષપણું - મલિનપણું થાય છે એવા કલુષ - મલિન ઉપયોગરૂપે જ્ઞાનમાં જે સ્વદમાન છે, સ્વદાઈ-ચખાઈ-અનુભવાઈ રહ્યો છે, તે કષાયનો ઉદયાગત વિપાક છે. શુભ કાર્યમાં પ્રવર્ત્તવારૂપ - નિવર્ત્તવારૂપ અને અશુભ કાર્યથી પ્રવર્ત્તવા - નિવર્ત્તવારૂપ વ્યાપાર જ્યાં થાય છે એવા શુભાશુભ પ્રવૃત્તિ નિવૃત્તિ વ્યાપારરૂપે જ્ઞાનમાં જે સ્વદમાન છે, સ્વદાઈ - ચખાઈ - અનુભવાઈ રહ્યો છે, તે યોગનો ઉદયાગત વિપાક છે.

હવે આ પૌદ્ગલિક - પુદ્ગલમય મિથ્યાત્વાદિ ઉદયો હેતુભૂત હોય છે, એટલે જે કર્મવર્ગણાગત પુદ્ગલ દ્રવ્ય છે તે સ્વયમેવ - આપોઆપ જ્ઞાનાવરણાદિભાવે અષ્ટ પ્રકારે પરિણમે છે. તે કર્મવર્ગણાગત જ્યારે 'જીવનિબદ્ધ' હોય છે, જીવના પ્રદેશો સાથે એકક્ષેત્રાવગાહ સંબંધથી બંધાય છે, ત્યારે જીવ સ્વયમેવ - આપોઆપ જ 'અજ્ઞાનાત્' - 'અજ્ઞાનને લીધે' - 'परात्मनोरेकत्वाध्यासेन' - પર-આત્માના એકત્વઅધ્યાસથી - પર અને આત્માનું એકપણું માની બેસવાથી **'અજ્ઞાનમય'** એવા તત્ત્વ અશ્રદ્ધાનાદિ સ્વના - પોતાના આત્માના પરિણામભાવોનો હેતુ હોય છે, કારણરૂપ હોય છે. 'સ્વસ્ય પરિણામભાવાનાં હેતુર્ભવતિ' - આમ આત્મા અજ્ઞાનને લીધે જ અજ્ઞાનમય એવા અશ્રદ્ધાનાદિ આત્મપરિણામરૂપ **'સ્વ'** ભાવોનો જ કર્ત્તા હોય છે.

આકૃતિ

(૧) પુદ્‌ગલ દ્રવ્યપરિણમન હેતુ — આત્મભાવ

અજ્ઞાન ઉદય	**- અતત્ત્વોપલબ્ધિ**
મિથ્યાત્વ ઉદય	- અશ્રદ્ધાન
અવિરતિ ઉદય	- અવિરમણ
કષાય ઉદય	- કલુષ ઉપયોગ
યોગ ઉદય	- શોભન-અશોભન વિરતિભાવ (ચેષ્ટા) ઉત્સાહ

(૨) પુદ્‌ગલદ્રવ્ય — જીવ

પૌદ્‌ગલિક મિથ્યાત્વાદિ ઉદય
↓
કર્મવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય
↓
જ્ઞાનાવરણાદિ ભાવ (૮)
↓
સ્વયમેવ પરિણામભાવ

જીવ નિબદ્ધ કર્મ ત્યારે

અજ્ઞાનથી
↓
પરાત્મના એકત્વથી
↓
અજ્ઞાનમય તત્ત્વાશ્રદ્ધાન
'સ્વસ્ય' (સ્વના) પરિણામ ભાવ

આમ મિથ્યાત્વાદિ સર્વ ભાવોનું અને સર્વ કર્મનું મૂળ અંતર્ગત કારણ **અજ્ઞાન જ** - આત્મસ્વરૂપનું અજ્ઞાન જ છે, અવિદ્યારૂપ આત્મભ્રાંતિ જ છે. દેહાદિ પરવસ્તુમાં આત્મભ્રાંતિ એજ આ જીવની મોટામાં મોટી મૂલગત ભૂલ છે, અને આ આત્મભ્રાંતિથી જ ભવભ્રાંતિથી ઉપજી છે. કારણકે એમ પરભાવને વિષે આત્મભાવની કલ્પનાને (Imagination) લીધે તે પરભાવ નિમિત્તે રાગ-દ્વેષ-મોહાદિ વિભાવ ઉપજ્યા એટલે તે તે વિષયના યોગક્ષેમાર્થે - વિષયસંરક્ષણાર્થે કષાય ઉપજ્યા અને આ જ પ્રકારે સર્વ પાપસ્થાકનની ઉત્પત્તિ થઈ. આમ પરવસ્તુમાં મુંઝાવારૂપ મોહ-દર્શનમોહ ઉપજ્યો દર્શન મિથ્યા થયું, એટલે સર્વ જ્ઞાન અજ્ઞાનરૂપ બન્યું અને સર્વ ચારિત્ર પણ કુચારિત્ર થઈ પડ્યું. દર્શનમોહ ઉપજ્યો એટલે ચારિત્રમોહ ઉપજ્યો અને અનંતાનુબંધી આદિ તીવ્ર કષાય પ્રકારોની ઉત્પત્તિ થવા લાગી. આ દ્વિવિધ મોહરૂપ ઘાતિ પ્રકૃતિનો બંધ થયો, એટલે તેના અવષ્ટંભને ઈતર ઘાતી પ્રકૃતિ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય પણ બંધાવા લાગી, તેમજ વેદનીય, આયુ, નામ, ગોત્ર એ અઘાતિ પ્રકૃતિનો પણ બંધ થવા લાગ્યો; અને મૂળ શુદ્ધ સ્વભાવે મુક્ત આત્મા અષ્ટવિધ કર્મની બેડીના ગાઢા બંધને બંધાઈ સંસાર ચક્રમાં અનંત જન્મમરણ પરંપરા રૂપ પરિભ્રમણ કરી પામી રહ્યો.


અથવા પ્રકારાંતરે વિચારીએ તો જગત્‌ની મોહ-માયા જાલમાં લપટાવનાર નામચીન મોહનીય કર્મના બે ભેદ છે : **દર્શનમોહ** અને **ચારિત્રમોહ.** તેમાં (૧) દેહાદિ પરવસ્તુમાં આત્મભ્રાંતિ રૂપ દર્શનમોહને લીધે જીવને મિથ્યાદર્શન અથવા **મિથ્યાત્વ** હોય છે, અને તેથી ચારિત્રમોહ પણ ઉપજે છે. (૨) એટલે પરભાવમાં આત્મબુદ્ધિ હોવાથી જીવ પરભાવથી વિરામ પામતો નથી ને **વિરતિ** રહે છે. (૩) આમ પરભાવ પ્રત્યે ગમન-પરિણમન કરતો હોવાથી તે સ્વરૂપ ભ્રષ્ટતા રૂપ **પ્રમાદને પામે છે. (૪) અને તે પરભાવની પ્રાપ્તિ - અપ્રાપ્તિના નિમિત્તે તે ક્રોધાદિ કષાય** કરી રાગ દ્વેષાદિ વિભાવભાવને ભજે

છે. (૫) અને તેથી ક્ષોભ પામેલા તેના મન-વચન-કાયાના યોગની પ્રવૃત્તિ પણ તે પરભાવની પ્રાપ્તિ અર્થે તદનુકૂલપણે મુખ્યપણે પ્રવર્તે છે. આમ મૂળ અવિદ્યારૂપ આત્મભ્રાંતિને લીધે જ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ **પાંચ આશ્રવદ્વાર** - કર્મ આગમનના ગરનાળા ખુલ્લા રહે છે. એટલે તે બંધ હેતુઓથી આત્મા કર્મથી બંધાય છે અને કર્મની બેડીથી બંધાયેલો આ જીવ ભવભ્રમણ દુઃખ પણ પામે છે.' **યોગદૃષ્ટિસમુચ્ચય ઉપોદ્‌ઘાત** (ડૉ. ભગવાનદાસ કૃત)

આ બંધ હેતુઓ અંગે પરમ તાત્ત્વિક મીમાંસા પ્રકાશતા પરમ આત્મદ્રષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજી** વદે છે -

''જન્મ, જરા, મરણ મુખ્યપણે દુઃખ છે. તેનું બીજ કર્મ છે. કર્મનું બીજ રાગદ્વેષ છે, અથવા આ પ્રમાણે પાંચ કારણ છેઃ - મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ પહેલા કારણનો અભાવ થયે બીજાનો અભાવ, પછી ત્રીજાનો, પછી ચોથાનો અને છેવટે પાંચમા કારણનો એમ અભાવ થવાનો ક્રમ છે. મિથ્યાત્વ મુખ્ય મોહ છે. અતિરિક્ત ગૌણ મોહ છે. પ્રમાદ અને કષાય અવિરતિમાં અંતર્ભાવી શકે છે. યોગ સહચારીપણે ઉત્પન્ન થાય છે. ચારે વ્યતીત થયા પછી પણ પૂર્વ હેતુથી યોગ હોઈ શકે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ-૨



પુદ્ગલદ્રવ્યથી પૃથગ્‌ભૂત જ એવો જીવનો પરિણામ છે -

जीवस्स दु कम्मेण य सह परिणामा हु होंति रागादी ।
एवं जीवो कम्मं च दोवि रागादिभावभावण्णा ॥१३७॥
एकस्स दु परिणामो जायदि जीवस्स रागमादीहिं ।
ता कम्मोदयहेदूहिं विणा जीवस्स परिणामो ॥१३८॥

જીવના કર્મની સાથ જો, રાગાદિ પરિણમ્યો હોય રે;
એમ રાગાદિ ભાવ પામિયા, જીવ ને કર્મ એ દોય રે... અજ્ઞાનથી. ૧૩૭
જીવ એકનો જ રાગ આદિથી, ઉપજે છે પરિણામ રે;
તો કર્મોદય હેતુ વિના, છે જીવનો પરિણામ રે... અજ્ઞાનથી. ૧૩૮

ગાથાર્થ - જીવના કર્મની સાથે રાગાદિ પરિણામો હોય છે, એમ તો જીવ અને કર્મ બન્ને ય રાગાદિને પ્રાપ્ત થયા. ૧૩૭

પણ એક જ જીવનો રાગાદિથી પરિણામ ઉપજે છે, તો કર્મોદય હેતુઓ વિના જીવનો પરિણામ હોય છે. ૧૩૮

आत्मख्यातिटीका

पुद्गलद्रव्यात्पृथग्भूत एव जीवस्य परिणामः -

जीवस्य तु कर्मणा च सह परिणामा खलु भवंति रागादयः ।
एवं जीवः कर्म च द्वे अपि रागादित्वमापन्ने ॥१३७॥
एकस्य तु परिणामो जायते जीवस्य रागादिभिः ।
तत्कर्मोदयहेतुभि र्विना जीवस्य परिणामः ॥१३८॥

यदि **जीवस्य** तन्निमित्तभूतविपच्यमानपुद्गल**कर्मणा सहैव रागाद्यज्ञानपरिणामो भवतीति** वितर्कः तदा **जीवपुद्गलकर्मणोः** सहभूतसुधाहरिद्रयोरिव **द्वयोरपि रागाद्यज्ञानपरिणामापत्तिः** । अथ **चैकस्यैव जीवस्य भवति रागाद्यज्ञानपरिणामः ततः** पुद्गल**कर्मविपाकाद्धेतोः पृथग्भूतो जीवस्य परिणामः** ॥१३७॥१३८॥

આત્મભાવના -

पुद्गलद्रव्यात्पृथग्भूत एव जीवस्य परिणामः - પુદ્ગલદ્રવ્યથી પૃથગ્‌ભૂત જ એવો જીવનો પરિણામ છે - जीवस्य तु - જીવના તો कर्मणा सह च - કર્મની સાથે જ रागादयः परिणामा खलु भवंति - રાગાદિ પરિણામો ખરેખર ! હોય છે, एवं - એમ તો जीवः कर्म च द्वे अपि - જીવ અને કર્મ બન્ને ય रागादित्वमापन्ने - રાગાદિપણાને આપન્ન થયા - પ્રાપ્ત થયા ! ॥૧૩૭॥
एकस्य तु जीवस्य - એક જ જીવનો रागादिभि परिणामो जायते - રાગાદિથી પરિણામ ઉપજે છે, तत् - તો ક્રમોદય हेतुभिर्विना - કર્મોદય હેતુઓ વિના जीवस्य परिणामः - જીવનો પરિણામ છે. ॥ इति **गाथा** આત્મભાવના ॥૧૩૭-૧૩૮॥
यदि - જો जीवस्य - જીવનો - तन्निमित्तभूतविपच्यमानपुद्गलकर्मणा सहैव - તેના નિમિત્તભૂત વિપચ્યમાન - વિપાક પામી રહેલા પુદ્ગલ કર્મની સાથે જ - रागाद्यज्ञानपरिणामो भवति - રાગાદિ અજ્ઞાન પરિણામ હોય છે, इति वितर्कः - એવો વિતર્ક છે, तदा - તો जीवपुद्गलकर्मणोः - જીવ અને પુદ્ગલ કર્મને - सहभूत सुधाहरिद्रयोरिव - સહભૂત સુધા - હરિદ્રાની જેમ - द्वयोरपि - બન્નેયને रागाद्यज्ञानपरिणामापत्तिः - રાગાદિ અજ્ઞાન પરિણામની આપત્તિ થશે - પ્રસંગ આવી પડશે.
अथ च - અને જો एकस्यैव - એક જ जीवस्य - જીવનો भवति रागाद्यज्ञानपरिणामः - રાગાદિ અજ્ઞાન પરિણામ હોય છે, ततः - તો પછી પુદ્ગલકર્મવિપાકાદ્ધેતોः पृथग्भूतो - પુદ્ગલકર્મ - વિપાકરૂપ હેતુથી પૃથગ્‌ભૂત - અલગ - અલાયદો એવો जीवस्य परिणामः - જીવનો પરિણામ છે. ॥ इति **'आत्मख्याति'** આત્મભાવના ॥૧૩૭॥૧૩૮॥

આત્મખ્યાતિટીકાર્થ -


જો જીવનો તેના નિમિત્તભૂત વિપાક પામી રહેલા પુદ્ગલ કર્મની સાથે જ રાગાદિ અજ્ઞાન પરિણામ હોય છે એવો વિતર્ક છે, તો જીવ અને પુદ્ગલ કર્મને - સહભૂત સુધા-હરિદ્રાની જેમ - બન્નેયને રાગાદિ અજ્ઞાન પરિણામની આપત્તિ થશે; અને જો એક જ જીવનો રાગાદિ અજ્ઞાન પરિણામ હોય છે, તો પુદ્ગલ કર્મ વિપાકરૂપ હેતુથી પૃથગ્ભૂત એવો જીવનો પરિણામ છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''પરિણામ જડ હોય એવો સિદ્ધાંત નથી. ચેતનનો ચેતન પરિણામ હોય છે. અચેતનને અચેતન પરિણામ હોય એવો જિને અનુભવ કર્યો છે. કોઈ પણ પદાર્થ પરિણામ કે પર્યાય વિના હોય નહિ એમ શ્રી જિને કહ્યું છે; અને તે સત્ય છે.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૬૮), ૫૫૧

પુદ્ગલદ્રવ્યથી પૃથગ્ભૂત જ જીવનો પરિણામ

ઉક્ત પ્રકારે પરિણામ સ્વભાવી જીવનો જે પરિણામ હોય છે, તે પુદ્ગલ દ્રવ્યથી પૃથગ્ભૂત જ - અલગરૂપ જ હોય છે - 'पुद्गलद्रव्यात् पृथग्भूत एव जीवस्य परिणामः' - એમ અત્ર પ્રતિપાદન કર્યું છે અને પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ નિષ્ટુષ યુક્તિથી તેનું સમર્થન કર્યું છેઃ જો જીવનો - તેના - તે રાગાદિ અજ્ઞાન પરિણામના નિમિત્તભૂત 'વિપચ્યમાન' - વિપાક પામી રહેલા પુદ્ગલકર્મની સાથે જ - રાગાદિ અજ્ઞાન પરિણામ હોય છે એવો વિતર્ક છે, તો જીવને અને પુદ્ગલકર્મને બન્નેયને રાગાદિ અજ્ઞાન પરિણામની આપત્તિ થશે - પ્રસંગ આવી પડશે, द्वयोरपि रागाद्यज्ञानपरिणामापत्तिः । કોની જેમ ? સહભૂત સુધા - હરિદ્રાની જેમ, सहभूतसुधाहरिद्रयोरिव, ફટકડી અને હળદરની જેમ. હવે જો આ અનિષ્ટ આપત્તિના ભયથી એમ કહો કે એક જ જીવનો રાગાદિ અજ્ઞાનપરિણામ હોય છે, તો પુદ્ગલકર્મ વિપાકરૂપ હેતુથી પૃથગ્ભૂત જૂદો જ - અલાયદો જ જીવનો પરિણામ છે. અર્થાત્ વિપાક પામી રહેલ - 'વિપચ્યમાન' - ઉદયાગત પુદ્ગલકર્મ રાગાદિના અજ્ઞાનપરિણામ નિમિત્તભૂત - નિમિત્ત કારણરૂપ હોય છે. આ નિમિત્તભૂત 'વિપચ્યમાન' - વિપાક પામી રહેલ પુદ્ગલકર્મની સાથે જ - 'तन्निमित्तभूतविपच्यमानपुद्गलकर्मणा सहैव' - જીવનો જે રાગાદિ 'અજ્ઞાન' પરિણામ - 'रागाद्यज्ञानपरिणामः' - હોય છે, અર્થાત્ જીવનો પુદ્ગલકર્મની સાથે ભેગા મળીને જ રાગાદિ અજ્ઞાનપરિણામ હોય છે, એવો જો વિતર્ક કરવામાં આવે, તો સહભૂત 'સુધા હરિદ્રાની જેમ' - ફટકડી અને હળદરની જેમ જીવ અને પુદ્ગલકર્મ બન્નેને રાગાદિ અજ્ઞાન પરિણામની આપત્તિ થશે. ફટકડી અને હળદર બન્નને ભેગા મળીને જેમ એક રંગનો પરિણામ પ્રાપ્ત થાય છે, તેમ ચેતન જીવ અને અચેતન પુદ્ગલકર્મ બન્નેને રાગાદિ અજ્ઞાનપરિણામની પ્રાપ્તિ થવાનો અનિષ્ટ પ્રસંગ પ્રાપ્ત થશે. અને અચેતન પુદ્ગલને રાગાદિ અજ્ઞાન પરિણામની પ્રાપ્તિ તો કોઈએ ક્યારેય દીઠી નથી કે સાંભળી નથી, એટલે આ અનિષ્ટાપત્તિના ભયથી જો એમ સ્વીકારવામાં આવે કે એક જ જીવનો એટલે કે જીવનો એકલાનો જ રાગાદિ અજ્ઞાન પરિણામ હોય છે, તો આપોઆપ સિદ્ધ થાય છે કે જીવનો પરિણામ જે છે, તે પુદ્ગલકર્મ વિપાકરૂપ નિમિત્ત હેતુથી પૃથગ્ભૂત - અલગરૂપ જ છે, પુદ્ગલથી સ્વતંત્રપણે જ હોય છે.



જીવથી પૃથગ્‌ભૂત એવો પુદ્‌ગલ દ્રવ્યનો પરિણામ છે -

जइ जीवेण सहच्चिय पुग्गलदव्वस्स कम्मपरिणामो ।
एवं पुग्गलजीवा हु दोवि कम्मत्तमावण्णा ॥१३९॥
एकस्स दु परिणामो पुग्गलदव्वस्स कम्मभावेण ।
ता जीवभावहेदूहिं विणा कम्मस्स परिणामो ॥१४०॥

જીવ સાથે જ પુદ્‌ગલ દ્રવ્યનો, જો કર્મ પરિણામ હોય રે;
તો કર્મપણું પામી ગયા, પુદ્‌ગલ-જીવ એ દોય રે... અ. ૧૩૯
એક જ પુદ્‌ગલ દ્રવ્યનો, કર્મભાવે પરિણામ રે;
તો જીવ ભાવહેતુ વિના, છે કર્મનો પરિણામ રે... અ. ૧૪૦

ગાથાર્થ - જો જીવની સાથે જ પુદ્‌ગલ દ્રવ્યનો કર્મ પરિણામ હોય છે, તો એમ તો પુદ્‌ગલ અને જીવ બન્નેય કર્મપણાને આપન્ન (પ્રાપ્ત) થયા છે. ૧૩૯

પણ એક જ પુદ્‌ગલ દ્રવ્યનો કર્મભાવે પરિણામ હોય છે, તો જીવ ભાવહેતુઓ વિના કર્મનો પરિણામ હોય છે. ૧૪૦

आत्मख्यातिटीका

जीवात् पृथग्भूत एव पुद्गलद्रव्यस्य परिणामः -

यदि जीवेन सह चैव पुद्गलद्रव्यस्य कर्मपरिणामः ।
एवं पुद्गलजीवौ खलु द्वावपि कर्मत्वमापन्नौ ॥१३९॥
एकस्य तु परिणामः पुद्गलद्रव्यस्य कर्मभावेन ।
तज्जीवभावहेतुभि र्विना कर्मणः परिणामः ॥१४०॥

यदि पुद्गलद्रव्यस्य तन्निमित्तभूतरागाद्यज्ञानपरिणामपरिणत**जीवेन सहैव कर्मपरिणामो** भवतीति वितर्कः **तदा पुद्गल**द्रव्य**जीवयोः** सहभूतहरिद्रासुधयोरिव **द्वयोरपि कर्मपरिणामापत्तिः** ।

अथ **चैकस्यैव पुद्गलद्रव्यस्य** भवति **कर्मत्वपरिणामः ततो** रागादि**जीवाज्ञानपरिणामद्धेतोः पृथग्भूत** एव पुद्गल**कर्मणः परिणामः** ॥१३९॥१४०॥

आत्मभावना -

जीवात्पृथग्भूत एव - જીવથી પૃથગ્‌ભૂત જ - જૂદો - અલગ પડેલ જ એવો પુદ્‌ગલદ્રવ્યસ્ય પરિણામः - પુદ્‌ગલદ્રવ્યનો પરિણામ છે. यदि - જો જીવેन सह चैव - જીવની સાથે જ पुद्गलद्रव्यस्य कर्मपरिणामः - પુદ્‌ગલદ્રવ્યનો કર્મપરિણામ (હોય), (તો) एवं - એમ पुद्गलजीवौ खलु द्वावपि - પુદ્‌ગલ અને જીવ એ બન્નેય ખરેખર ! कर्मत्वमापन्नौ - કર્મપણાને આપન્ન - પ્રાપ્ત થયા ! ॥१३९॥ एकस्य तु पुद्गलद्रव्यस्य - એક જ પુદ્‌ગલ દ્રવ્યનો कर्मभावेन परिणामः - કર્મભાવે પરિણામ છે, तत् - તો जीवभावहेतुभिर्विना - જીવ ભાવ હેતુઓ વિના कर्मणः परिणामः - કર્મનો પરિણામ છે. ॥ इति **गाथा** આત્મભાવના ॥१३९॥१४०॥

यदि - જો પુદ્‌ગલદ્રવ્યસ્ય - પુદ્‌ગલદ્રવ્યનો तन्निमित्तभूतरागाद्यज्ञानपरिणामपरिणतजीवेन सहैव - તેના - કર્મ પરિણામના નિમિત્તભૂત રાગાદિ અજ્ઞાન પરિણામે પરિણત જીવની સાથે જ - कर्मपरिणामो भवति - કર્મપરિણામ હોય છે, इति वितर्कः - એવો વિતર્ક છે, तदा - તો पुद्गलद्रव्यजीवयोः - પુદ્‌ગલદ્રવ્ય અને જીવને - सहभूतहरिद्रासुधयोरिव - સહભૂત હરિદ્રા - સુધાની જેમ - द्वयोरपि - બન્નેયને कर्मपरिणामापत्तिः - કર્મ પરિણામની આપત્તિ થશે, પ્રસંગ આવશે.

अथ च - અને જો एकस्यैव - એક જ પુદ્‌ગલદ્રવ્યસ્ય - પુદ્‌ગલદ્રવ્યનો भवति कर्मत्वपरिणामः - કર્મત્વપરિણામ હોય છે, ततो - તો रागादिजीवाज्ञानपरिणामाद् हेतोः पृथग्भूत एव - રાગાદિ જીવના અજ્ઞાન - પરિણામ રૂપ હેતુથી પૃથગ્‌ભૂત જ - અલગ જ એવો પુદ્‌ગલકર્મણः परिणामः - પુદ્‌ગલકર્મનો પરિણામ છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१३९॥१४०॥

આત્મખ્યાતિટીકાર્થ

જો પુદ્‌ગલદ્રવ્યનો - તેના નિમિત્તભૂત રાગાદિ અજ્ઞાન પરિણામ પરિણત જીવની સાથે જ - કર્મ પરિણામ હોય છે એવો વિતર્ક છે, તો પુદ્‌ગલદ્રવ્ય અને જીવને - સહભૂત હરિદ્રા-સુધાની જેમ - બન્નેને પણ કર્મપરિણામની આપત્તિ થશે અને હવે જો એક જ પુદ્‌ગલદ્રવ્યનો કર્મત્વ પરિણામ હોય છે, તો રાગાદિ - જીવના અજ્ઞાનપરિણામરૂપ હેતુથી પૃથગ્‌ભૂત જ પુદ્‌ગલકર્મનો પરિણામ છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


''ચેતનને ચેતન પર્યાય હોય અને જડને જડ પર્યાય હોય, એ જ પદાર્થની સ્થિતિ છે. પ્રત્યેક સમયે જે જે પરિણામ થાય છે તે તે પર્યાય છે. વિચાર કરવાથી આ વાત યથાર્થ લાગશે.''

- શ્રીમદ્‌ રાજચંદ્ર, અં. ૪૮૦, ૫૮૧

જીવથી પૃથગ્‌ભૂત પુદ્‌ગલદ્રવ્યનો પરિણામ

પરિણામ સ્વભાવી પુદ્‌ગલદ્રવ્યનો જે પરિણામ હોય છે તે જીવથી પૃથગ્‌ભૂત જ - અલગરૂપ જ હોય છે - 'जीवात् पृथग्भूत एव पुद्‌गलद्रव्यस्य परिणामः', એમ અત્ર પ્રતિપાદન કર્યું છે અને આત્મખ્યાતિકર્ત્તાએ સુરેખ સ્પષ્ટ સુયુક્તિથી તેનું સમર્થન કર્યું છે. જો તન્નિમિત્તભૂત - તે કર્મપરિણામના નિમિત્તભૂત રાગાદિ અજ્ઞાન પરિણામે પરિણત - પરિણમેલા જીવની સાથે જ પુદ્‌ગલદ્રવ્યનો કર્મ પરિણામ હોય છે એવો વિતર્ક છે, તો પુદ્‌ગલદ્રવ્યને અને જીવને બન્નેયને કર્મપરિણામની આપત્તિ થશે - પ્રસંગ આવી પડશે. 'द्वयोरपि कर्मपरिणामापत्तिः' - કોની જેમ ? સહભૂત સુધા-હરિદ્રાની જેમ, હવે જો આ અનિષ્ટ આપત્તિના ભયથી એમ કહો કે એક જ પુદ્‌ગલદ્રવ્યનો કર્મત્વ પરિણામ - કર્મપણારૂપ પરિણામ હોય છે, તો રાગાદિ જીવના અજ્ઞાનપરિણામરૂપ હેતુથી પૃથગ્‌ભૂત જ - જૂદો જ - અલાયદો જ પુદ્‌ગલકર્મનો પરિણામ છે.

જીવ રાગાદિ અજ્ઞાન પરિણામે પરિણત હોય છે; તે જીવના રાગાદિ અજ્ઞાનપરિણામના નિમિત્તે પુદ્‌ગલદ્રવ્યનો કર્મ પરિણામ હોય છે. तन्निमित्तंभूत - આ નિમિત્તભૂત રાગાદિ અજ્ઞાનપરિણામે પરિણત જીવની 'સાથે જ પુદ્‌ગલદ્રવ્યનો કર્મ પરિણામ હોય' છે, અર્થાત્‌ પુદ્‌ગલદ્રવ્યનો જીવની સાથે ભેગા મળીને જ કર્મપરિણામ હોય છે, એવો જો વિતર્ક કરવામાં આવે, તો સહભૂત સુધા-હરિદ્રાની જેમ - ફટકડી અને હળદરની જેમ પુદ્‌ગલ અને જીવ બન્નેને પણ કર્મપરિણામની આપત્તિ થશે; ફટકડી અને હળદર બન્ને ભેગા મળીને જેમ એક રંગનો પરિણામ પ્રાપ્ત થાય છે, તેમ અચેતન પુદ્‌ગલ અને સચેતન જીવ બન્નેને અચેતન કર્મપરિણામની પ્રાપ્તિ થવાનો અનિષ્ટ પ્રસંગ પ્રાપ્ત થશે. અને સચેતન જીવને અચેતન કર્મપરિણામની પ્રાપ્તિ તો કોઈએ ક્યારેય દીઠી નથી કે સાંભળી નથી, એટલે આ અનિષ્ટાપત્તિના ભયથી જો એમ સ્વીકારવામાં આવે કે એક જ પુદ્‌ગલદ્રવ્યનો કર્મત્વપરિણામ હોય છે, તો આપોઆપ સિદ્ધ થાય છે કે પુદ્‌ગલદ્રવ્યનો જે કર્મપરિણામ છે, તે રાગાદિ જીવ અજ્ઞાન પરિણામરૂપ હેતુથી પૃથગ્‌ભૂત જ- અલગ રૂપ જ છે, સ્વતંત્રપણે જ છે.



તો પછી કર્મ આત્મામાં શું બદ્ધસ્પૃષ્ટ છે ? શું અબદ્ધસ્પૃષ્ટ છે ? એમ નયવિભાગથી કહે છે -

जीवे कम्मं बद्धं पुट्ठं चेदि ववहारणयभणिदं ।
सुद्धणयस्स दु जीवे अबद्धपुट्ठं हवइ कम्मं ॥१४१॥

બદ્ધ સ્પૃષ્ટ કર્મ જીવમાં, ભાખે નય વ્યવહાર રે;
અબદ્ધસ્પૃષ્ટ કર્મ જીવમાં, એ શુદ્ધનય વિચાર રે... અજ્ઞાનથી. ૧૪૧

ગાથાર્થ - જીવમાં કર્મ બદ્ધ અને સ્પૃષ્ટ છે એમ વ્યવહારનયનું કથન છે, પણ શુદ્ધનયના મતે તો જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ હોય છે. ૧૪૧

आत्मख्यातिटीका

किमात्मनि बद्धस्पृष्टं किमबद्धस्पृष्टं कर्मेति नयविभागेनाह -

जीवे कर्म बद्धं स्पृष्टं चेति व्यवहारनयभणितं ।
शुद्धनयस्य तु जीवे अबद्धस्पृष्टं भवति कर्म ॥१४१॥

जीवपुद्गलकर्मणोरेकबंधपर्यायत्वेन तदात्वे व्यतिरेकाभावात् **जीवे बद्धस्पृष्टं कर्मेति व्यवहारनयपक्षः**

जीवपुद्गलयोरनेकद्रव्यत्वेनात्यंतव्यतिरेका– **जीवेऽबद्धस्पृष्टं कर्मेति निश्चयनयपक्षः ॥१४१॥**

आत्मख्यातिटीकार्थ

જીવ અને પુદ્ગલકર્મના એકબંધપર્યાયપણાએ કરીને તદાત્વે (ત્યારે) વ્યતિરેકના અભાવને લીધે **જીવમાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે એમ વ્યવહારનય પક્ષ છેઃ**

જીવ અને પુદ્ગલ કર્મના અનેક દ્રવ્યપણાએ કરીને અત્યંત વ્યતિરેકને લીધે **જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે, એમ નિશ્ચયનયપક્ષ છે. ૧૪૧**

'अमृत ज्योति' महाभाष्य

आत्मभावना -

किमात्मनि बद्धस्पृष्टं किमबद्धस्पृष्टं कर्म - કર્મ શું આત્મામાં બદ્ધસ્પૃષ્ટ છે ? શું અબદ્ધસ્પૃષ્ટ છે ? इति नयविभागेनाह - તે નયવિભાગથી કહે છે -

जीवे - જીવમાં कर्म - કર્મ बद्धस्पृष्टं च - બદ્ધ અને સ્પૃષ્ટ છે, इति व्यवहारनयभणितं - એમ વ્યવહારનયનું ભણિત - બોલવું - કહેવું છે; शुद्धनयस्य तु - પણ શુદ્ધનયના મતે તો जीवे - જીવમાં कर्म - કર્મ अबद्धस्पृष्टं भवति - અબદ્ધસ્પૃષ્ટ હોય છે. ॥ इति **गाथा** आत्मभावना ॥१४२॥

जीवे बद्धस्पृष्टं कर्म - જીવમાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે, इति व्यवहारनयपक्षः - એમ વ્યવહારનય પક્ષ છે. એમ શાને લીધે ? जीवपुद्गलयोरेकबंधपर्यायत्वेन - જીવ - પુદ્ગલના એકબંધ પર્યાયપણાએ કરીને तदात्वे - ત્યારે, તે કાળે - તે વખતે व्यतिरेकाभावात् - વ્યતિરેકના - જૂદાપણાના અભાવને લીધે.

जीवेऽबद्धस्पृष्टं कर्म - જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે, इति निश्चयनयपक्षः - એમ નિશ્ચયનય પક્ષ છે. એમ શાને લીધે ? जीवपुद्गलकर्मणोरनेकद्रव्यत्वेन - જીવ અને પુદ્ગલકર્મના અનેક દ્રવ્યપણાએ કરીને - એક દ્રવ્યપણાના અભાવે કરીને અથવા અનેક - ભિન્ન ભિન્ન દ્રવ્યપણાએ કરીને अत्यंतव्यतिरेकात् - અત્યંત વ્યતિરેકને લીધે - જૂદાપણાને લીધે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१४२॥

''જે નય છે તે પ્રમાણનો અંશ છે. જે નયથી જે ધર્મ કહેવામાં આવ્યો છે ત્યાં તેટલું પ્રમાણ છે. નયથી જે ધર્મ કહેવામાં આવ્યો છે ત્યાં તે સિવાય વસ્તુને વિષે બીજા જે ધર્મ છે તેનો નિષેધ કરવામાં આવ્યો નથી. એકી વખતે વાણી દ્વારા એ બધા ધર્મ કહી શકાતા નથી. તેમજ જે જે પ્રસંગ હોય તે તે પ્રસંગે ત્યાં મુખ્યપણે ત્યાં તે જ ધર્મ કહેવામાં આવે છે. ત્યાં ત્યાં તે તે નયથી પ્રમાણ છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૫૩), વ્યાખ્યાનસાર (૯૫૮)


કર્મ શું અધિકરણભૂત એવા આત્મામાં બદ્ધસ્પૃષ્ટ છે ? શું અબદ્ધસ્પૃષ્ટ છે ? એ પ્રશ્નનો ઉત્તર અત્રે વ્યવહારનય અને નિશ્ચયનયનો સ્પષ્ટ વિભાગ કરીને - નયવિભાગેન આપ્યો છે; અને **મહામુનીશ્વર અમૃતચંદ્રજીએ** તે અત્યંત સ્પષ્ટપણે સમજાવ્યો છેઃ જીવમાં કર્મ 'બદ્ધસ્પૃષ્ટ' - બંધાયેલું અને સ્પર્શાએલું છે એમ વ્યવહારનય પક્ષ છે, 'जीवे बद्धस्पृष्टं कर्मेति व्यवहारनयपक्षः' । એમ શાને લીધે ? તેના - જીવ પુદ્ગલકર્મના 'तदात्वे' - ત્યારે તે કાળે - તે વખતે વ્યતિરેકના - જૂદાપણાના અભાવને લીધે - 'व्यतिरेकाभावात्', વ્યતિરેકના - જૂદાપણાના અભાવ - નહિ હોવાપણાને લીધે. એમ પણ શાથી ? જીવ અને પુદ્ગલકર્મના એકબંધપર્યાયપણાએ કરીને, 'जीवपुद्गलयोरेकबंधपर्यायत्वेन' - જીવમાં કર્મ 'અબદ્ધ સ્પૃષ્ટ' - નહિ બંધાયેલું - નહિ સ્પર્શાએલું છે એમ નિશ્ચયનય પક્ષ છે, - 'जीवेऽबद्धस्पृष्टं कर्मेति निश्चयनयपक्षः' - એમ શાને લીધે ? અત્યંત વ્યતિરેકને લીધે - 'अत्यंतव्यतिरेकात्', અત્યંત - સર્વથા વ્યતિરેક - જૂદાપણાને લીધે, વિશિષ્ટ ભિન્નપણાને લીધે.

વ્યવહારથી કર્મ બદ્ધસ્પૃષ્ટ : નિશ્ચયથી અબદ્ધસ્પૃષ્ટ

જીવ અને પુદ્ગલકર્મનું 'એકબંધપર્યાયપણું' છે, અર્થાત્ બંધ અપેક્ષાએ જીવ અને પુદ્ગલકર્મ સાથે જોડાયેલા હોઈ તેઓનો એક બંધ પર્યાય છે; એટલે તેના - જીવ અને પુદ્ગલકર્મના ત્યારે - તે કાળે વ્યતિરેકના અભાવને લીધે - ભિન્નપણાનો અભાવ - નહિ હોવાપણાનો છે તેને લીધે જીવમાં કર્મ 'બદ્ધસ્પૃષ્ટ' છે; અર્થાત્ 'બદ્ધ' એટલે સંશ્લેષરૂપે - પરસ્પર ગાઢ અવગાહરૂપે ક્ષીર નીરની જેમ - દૂધ ને પાણીના પેઠે પરસ્પર સંબદ્ધ છે અને 'સ્પૃષ્ટ' એટલે સ્પર્શાયેલ, સંયોગમાત્રથી લગ્ન, લાગીને - અડકીને રહેલ, સ્પર્શીને રહેલ છે - એમ વ્યવહાર નયનો પક્ષ છે, અભિપ્રાય છે.

પણ એથી ઉલટું, જીવ અને પુદ્ગલદ્રવ્યનું 'અનેક દ્રવ્યપણું' છે, અર્થાત્ જીવ ચેતન છે અને પુદ્ગલ કર્મ અચેતન છે, એટલે તે બન્નેનું ભિન્ન ભિન્ન દ્રવ્યપણું છે, એક દ્રવ્યપણું નથી, એથી કરીને તે બન્નેનો અત્યંત વ્યતિરેક - સર્વથા વ્યતિરેક - સર્વથા ભિન્નપણું છે, તેને લીધે જીવમાં કર્મ 'અબદ્ધસ્પૃષ્ટ' છે, અર્થાત્ દૂધ અને પાણીની પેઠે અન્યોન્ય અવગાહ સંબંધથી બદ્ધ અને સંનિકર્ષરૂપ - નિકટ ખેંચાવા રૂપ સંયોગ સંબંધથી સ્પૃષ્ટ - સ્પર્શાયેલ નથી, એમ નિશ્ચયનયનો પક્ષ - અભિપ્રાય છે.

''અચલ અબાધિત દેવકું હો, એમ શરીર લખંત;
વ્યવહાર ઘટવધ કથા હો, નિહંચે કરમ અનંત;
બંધ મોખન નિહસેં નહીં હો, વિવહારે લખ દોષ,
કુશલ એમ અનાદિહી હો, નિત્ય અબાધિત હોય.'' **- શ્રી આનંદઘન, પદ-૮૮**



तेथी शुं ? -

कम्मं बद्धमबद्धं जीवे एवं तु जाण णयपक्खं ।
पक्खातिक्कंतो पुण भण्णदि जो सो समयसारो ॥१४२॥

બદ્ધ અબદ્ધ કર્મ જીવમાં, એમ નયપક્ષ અવધાર રે;
પક્ષાતિકાંત ભણાય જે, તેહી જ સમયસાર રે... અજ્ઞાનથી. ૧૪૨

ગાથાર્થ - જીવમાં કર્મ બદ્ધ, અબદ્ધ એમ તો નયપક્ષ જાણ ! પુનઃ પક્ષાતિકાંત (પક્ષથી પર) જે કહેવાય છે, તે સમયસાર છે. ૧૪૨

आत्मख्यातिटीका

ततः किं -

कर्म बद्धमबद्धं जीवे एवं तु जानीहि नयपक्षं ।
पक्षातिक्रांतः पुनर्भण्यते यः स समयसारः ॥१४२॥

यः किल **जीवे बद्धं कर्मेति** यश्च जीवेऽ**बद्धं कर्मेति** विकल्पः स द्वितयोपि **हि नयपक्षः । य** एवैनमतिक्रामति **स** एव सकल**विकल्पातिक्रांतः** स्वयं निर्विकल्पैकविज्ञानघनस्वभावो भूत्वा साक्षा**त्समयसारः संभवति ।** तत्र यस्तावज्जीवे बद्धं कर्मेति विकल्पयति स जीवेऽबद्धं कर्मेति एकं पक्षमतिक्रामन्नपि विकल्पमतिक्रामति । यस्तु जीवेऽबद्धं कर्मेति विकल्पयति सोपि जीवे बद्धं कर्मेत्येकं पक्षमतिक्रामन्नपि न विकल्पमतिक्रामति । यः पुनर्जीवे बद्धमबद्धं च कर्मेति विकल्पयति स तु तं द्वितयमपि पक्षमनतिक्रामन्न विकल्पमतिक्रामति । ततो य एव समस्तनयपक्षमतिक्रामति स एव समस्तं विकल्पमतिक्रामति । य एव समस्तं विकल्पमतिक्रामति स एव समयसारं विंदति । यद्येवं तर्हि को नाम पक्षसंन्यासभावनां न नाटयति ? -

આત્મખ્યાતિટીકાર્થ

જે ખરેખર ! **જીવમાં કર્મ બદ્ધ છે અને જે જીવમાં કર્મ અબદ્ધ છે, એવો વિકલ્પ તે બન્ને ય સ્ફુટપણે નયપક્ષ છે.** જે જ એને (નય પક્ષને) અતિક્રામે છે, **તે જ સકલ વિકલ્પથી અતિક્રાંત** (પર) એવો સ્વયં નિર્વિકલ્પ એક વિજ્ઞાનઘનસ્વભાવ થઈને સાક્ષાત્ **સમયસાર** સંભવે છે. તેમાં -તેથી - જે જ સમસ્ત નયપક્ષને અતિક્રામે છે, તે જ સમસ્ત વિકલ્પને અતિક્રામે છે; જે જ સમસ્ત વિકલ્પને અતિક્રામે છે, તે જ સમયસારને અનુભવે છે. જો એમ છે તો વારુ, કોણ પક્ષસંન્યાસભાવના નથી નટાવતો ?

आत्मभावना -

ततः - તેથી - તે પરથી શું ? जीवे - જીવમાં कर्मबद्धमबद्धं - કર્મબદ્ધ - અબદ્ધ एवं तु - એમ તો नयपक्षं जानीहि - નય પક્ષ જાણ ! यः पुनः - જે પુનઃ पक्षातिक्रांतः भण्यते - પક્ષાતિકાંત - પક્ષથી પર કહેવાય છે, स समयसारः - તે સમયસાર છે. ॥ इति **गाथा** आत्मभावना ॥१४२॥

यः किल जीवे बद्धं कर्मेति - જે ખરેખર ! જીવમાં કર્મ બદ્ધ છે એવો, यश्च जीवेऽबद्धं कर्मेति विकल्पः - અને જે જીવમાં કર્મ અબદ્ધ છે એવો વિકલ્પ, स द्वितयोपि हि नयपक्षः - તે દ્વિતય પક્ષ - બન્ને ય સ્ફુટપણે નયપક્ષ य एवैनामति क्रामति - જે જ આને - વિકલ્પને અતિક્રામે છે - ઉલ્લંઘે છે, स एव - તે જ सकलविकल्पातिक्रांतः - સકલ વિકલ્પથી અતિક્રાંત - પર થયેલો, स्वयं निर्विकल्पैकविज्ञानघनस्वभावो भूत्वा - સ્વયં - પોતે - આપોઆપ - નિર્વિકલ્પ એક વિજ્ઞાનઘન સ્વભાવી થઈને, पक्षांक्रांतःसमयसारःसंभवति - સાક્ષાત્ - પ્રત્યક્ષ પ્રગટ સમયસાર સંભવે છે. तत्र - તેમાં - यस्तावत् - પ્રથમ તો જે - वे बद्धं कर्मेति विकल्पयति - જીવમાં કર્મ બદ્ધ છે એમ વિકલ્પે છે, स - તે, जीवेऽबद्धं

પ્રથમ તો જે	અને જે	પુનઃ જે
જીવમાં કર્મ બદ્ધ છે એમ વિકલ્પે છે,	જીવમાં કર્મ અબદ્ધ છે એમ વિકલ્પે છે,	જીવમાં કર્મ બદ્ધ અને અબદ્ધ છે એમ વિકલ્પે છે
તે જીવમાં કર્મ અબદ્ધ છે એવા એક પક્ષને અતિક્રામતો છતાં વિકલ્પને નથી અતિક્રામતો :	તે પણ જીવમાં કર્મ બદ્ધ છે એવા એક પક્ષને અતિક્રામતો છતાં વિકલ્પને નથી અતિક્રામતો :	તે તો તે બન્નેય પક્ષને અતિક્રમતો છતાં વિકલ્પને નથી અતિક્રમતો

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"સાત નય અથવા અનંતા નય છે, તે બધા એક આત્માર્થે જ છે અને આત્માર્થ તેજ એક ખરો નય. નયનો પરમાર્થ જીવથી નીકળે તો ફળ થાય; છેવટે ઉપશમ ભાવ આવે, તો ફળ થાય; નહીં તો જીવને નયનું જ્ઞાન જાળરૂપ થઈ પડે; અને તે વળી અહંકાર વધવાનું ઠેકાણું છે. સત્પુરુષના આશ્રયે જાળ ટળે." - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩

જીવમાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે એમ વ્યવહારનયનું કથન છે અને જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે એ શુદ્ધનયનું - નિશ્ચયનયનું કથન છે એમ નયવિભાગથી આગલી ગાથામાં કહ્યું. તેથી ફલિત થાય છે કે જીવમાં કર્મ બદ્ધ છે કે અબદ્ધ છે એ તો નયપક્ષ છે અને જે **'પક્ષાતિક્રાંત'** - સર્વ પક્ષથી અતીત કહેવાય છે તે **સમયસાર** છે, એમ અત્ર પ્રતિપાદન કર્યું છે; અને તેનું ભગવતી **'આત્મખ્યાતિ'**માં પરમ અમૃત આત્મતત્ત્વસ્પર્શી પરમામૃત પરમ અદ્‌ભુત વ્યાખ્યાન કરતાં **પરમર્ષિ ભગવાન્ અમૃતચંદ્રાચાર્યજી** વાઙ્મય વિશ્વમાં પરમ અક્ષર શબ્દ બ્રહ્મમય અમૃતવર્ષિણી અમૃત-ચંદ્રિકા વર્ષાવી યથાર્થનામા સુગૃહીતનામધેય **'અમૃતચંદ્ર'** નામને અને આત્મ તત્ત્વને અક્ષર દેહે અમૃત કરી ગયા છે. આ અમૃતવાણીનો યત્ કિંચિત્ રસાસ્વાદ આ પ્રકારે -

જીવમાં કર્મ બદ્ધ ? અબદ્ધ ? એ નયપક્ષ : પક્ષાતિક્રાંત સમયસાર

જીવમાં કર્મ બદ્ધ છે - બંધાયેલું છે એવો જે વિકલ્પ અને જીવમાં કર્મ અબદ્ધ છે - બંધાયેલું નથી એવો જે વિકલ્પ, તે બન્નેય સ્ફુટપણે નયપક્ષ છે, અપેક્ષા - વિશેષરૂપ નયને સ્પર્શનારા પક્ષ છે. ય એવ એનમતિક્રામતિ - જે જ આ નયપક્ષને 'અતિક્રામે' છે - ઉલ્લંઘે છે, ઓળંગી જાય છે, સ સકલવિકલ્પાતિક્રાંતઃ - તે જ 'સકલ વિકલ્પથી અતિક્રાંત એવો સ્વયં નિર્વિકલ્પ એક વિજ્ઞાનઘનસ્વભાવી થઈને **સાક્ષાત્ સમયસાર** સંભવે છે', स्वयं निर्विकल्पैकविज्ञानघनस्वभावो भूत्वा साक्षीत्समयसारः संभवति । અર્થાત્ જે આ વસ્તુ અંશગ્રાહી અપેક્ષાવિશેષરૂપ નયપક્ષને ઓળંગી જાય છે, ટપી જાય છે (crosses

---

कर्मेति एकं पक्षमतिक्रामन्नपि - જીવમાં કર્મ અબદ્ધ છે એવા એક પક્ષને અતિક્રામતો છતાં, न विकल्पमतिक्रामति - વિકલ્પને નથી અતિક્રામતો - નથી ઉલ્લંઘતો. (૨) यस्तु - અને જે, जीवेऽबद्धं कर्मेति विकल्पयति - જીવમાં કર્મ અબદ્ધ છે એમ વિકલ્પે છે, सोपि - તે પણ, जीवे बद्धं कर्मेति एकं पक्षमतिक्रामन्नपि - જીવમાં કર્મ બદ્ધ છે એવા એક પક્ષને અતિક્રામતો - ઉલ્લંઘતો છતાં, न विकल्पमतिक्रामति - વિકલ્પને નથી અતિક્રમતો - નથી ઉલ્લંઘતો (૩) यः पुनः - જે પુનઃ, जीवे बद्धमबद्धं च कर्मेति विकल्पयति - જીવમાં કર્મ બદ્ધ અને અબદ્ધ છે એમ વિકલ્પે છે, स तु - તે તો, तं द्वितयमपि पक्षमनतिक्रामन् - તે દ્વિતય પણ - બન્નેય પક્ષને અનતિક્રામતો - અનુલ્લંઘતો - નહિ ઉલ્લંઘતો, न विकल्पमतिक्रामति - વિકલ્પને નથી અતિક્રામતો - (નથી) ઉલ્લંઘતો.

ततो - તેથી કરીને य एव - જે જ समस्तनयपक्षमतिअतिक्रामति - સમસ્ત નયપક્ષને અતિક્રામે છે - ઉલ્લંઘે છે, स एवेन - समस्तं विकल्पमतिक्रामति - સમસ્ત વિકલ્પને અતિક્રામે છે - ઉલ્લંઘે છે. स एव - તે જ समयसारं विंदति - **સમયસારને જાણે છે - અનુભવે છે.** यद्येवं - જો એમ છે, तर्हि - તો को नाम - પણ વારુ, पक्षसंन्यास भावनां न नाटयति - પક્ષસંન્યાસભાવના નથી નટાવતો ? ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१४२॥

over), તે જ સમસ્ત વિકલ્પથી અતીવ - પર એવો પોતે નિર્વિકલ્પ - સર્વ વિકલ્પથી નિવૃત્ત એક અદ્વૈત વિજ્ઞાનઘનસ્વભાવી થઈને સાક્ષાત્ - પ્રત્યક્ષ પ્રગટ સમયસાર - શુદ્ધ આત્મા ઉપજે છે. આવા નિર્વિકલ્પ એક વિજ્ઞાનઘન સ્વભાવી **સાક્ષાત્ સમયસારને** પામેલા **વિજ્ઞાનઘન જ્ઞાનાવતાર શ્રીમદ્ રાજચંદ્રજીના** સહજ આત્માનુભવોદ્‌ગાર છે કે -

વિકલ્પ - નયપક્ષ અતિક્રામે તે નિર્વિકલ્પ સમયસાર થાય

''અવિકલ્પ સમાધિનું ધ્યાન ક્ષણવાર પણ મટતું નથી. **એક અવિકલ્પ સમાધિ સિવાય બીજું ખરી રીતે સ્મરણ રહેતું નથી, ચિંતન રહેતું નથી, રુચિ રહેતી નથી, અથવા કંઈ કામ કરાતું નથી.''

''છ માસ સંપૂર્ણ થયાં જેને પરમાર્થ પ્રત્યે એક પણ વિકલ્પ ઉત્પન્ન થયો નથી એવા શ્રી... ને નમસ્કાર છે.'' ઈ. - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૭૭), ૩૭૮**

તેમાં - પ્રથમ તો જે જીવમાં કર્મ બદ્ધ - બંધાયેલું છે એમ વિકલ્પે છે, તે જીવમાં કર્મ અબદ્ધ છે - બંધાયેલું નથી, એવા એક પક્ષને અપેક્ષાવિશેષને અતિક્રામતો - ઉલ્લંઘતો છતાં, एकं पक्षमतिक्रामन्नपि - વિકલ્પને નથી અતિક્રામતો - ઉલ્લંઘતો, વિકલ્પની કક્ષાને - હદને ઓળંગતો નથી. न विकल्पमतिक्रामति । જે જીવમાં કર્મ અબદ્ધ છે - બંધાયેલું નથી એમ વિકલ્પે છે, તે જીવમાં કર્મ બદ્ધ છે - બંધાયેલું છે એવા એક પક્ષને - અપેક્ષાવિશેષને અતિક્રામતો - ઉલ્લંઘતો છતાં, વિકલ્પને નથી અતિક્રામતો - ઉલ્લંઘતો, વિકલ્પની મર્યાદાને ઓળંગતો નથી. અને જે વળી જીવમાં કર્મ બદ્ધ - બંધાયેલું અને અબદ્ધ - નહિ બંધાયેલું છે એમ વિકલ્પે છે, તે તો द्वितयमतिपक्षमनतिक्रामत् - બન્ને ય પક્ષને - અપેક્ષાવિશેષને અનતિક્રામતો - નહિ અતિક્રામતો - નહિ ઉલ્લંઘતો છતાં, વિકલ્પને નથી અતિક્રામતો, નથી ઉલ્લંઘતો, વિકલ્પની કક્ષાને - મર્યાદાને ઓળંગતો નથી. 'न विकल्पमतिक्रामति' । - આમ બદ્ધ, અબદ્ધ કે બદ્ધાબદ્ધ કોઈ પણ નયપક્ષને ગ્રહનારો વિકલ્પના વર્તુળમાં જ વર્ત્તે છે, વિકલ્પના વર્તુળને ઓળંગતો નથી.

નય પક્ષ અતિક્રામે પણ તે વિકલ્પ અતિક્રામતો નથી

તેથી ફલિત થાય છે કે 'य एव समस्तनयपक्षमतिक्रामति' - જે જ સમસ્ત નયપક્ષને અતિક્રામે છે, ઉલ્લંઘે છે, સર્વ નયપક્ષની કક્ષાને ઓળંગી જાય છે, તે જ સમસ્ત વિકલ્પને અતિક્રામે છે - ઉલ્લંઘે છે, 'स एव समस्तं विकल्पमतिक्रामति' - સર્વ વિકલ્પના વર્તુલને ઓળંગી જાય છે; અને य एव समस्तं विकल्पमतिक्रामति - જે જ સમસ્ત વિકલ્પને અતિક્રામે છે - ઉલ્લંઘે છે, સર્વ વિકલ્પના વર્તુલને ઓળંગી જાય છે, 'स एव समयसारं विंदति', તે જ શુદ્ધ આત્મારૂપ સમયસારને અનુભવે છે, સંવેદે છે, જાણે છે.

જે નય પક્ષ અતિક્રામે તે વિકલ્પ અતિક્રામે : વિકલ્પ અતિક્રામે તે સમયસાર વિંદે

જો એમ છે તો વારુ, કોણ પક્ષસંન્યાસભાવના નથી નટાવતો ? 'को नाम पक्षसंन्यासभावना न नाट्यतिः' । - અર્થાત્ એમ વિવરી દેખાડ્યું તેમ જે જે નય છે તે તે વિકલ્પ છે અને જે જે વિકલ્પ છે તેથી સમયસાર પર છે, વિકલ્પાતીત - નિર્વિકલ્પ છે, એટલે જ્યાં લગી નયપક્ષરૂપ વિકલ્પનું 'ગ્રહણ' છે, ત્યાં લગી શુદ્ધ આત્મચંદ્ર રૂપ નિર્વિકલ્પ સમયસારની મુક્તિ નથી - પ્રાપ્તિ નથી અને જ્યારે નયપક્ષરૂપ વિકલ્પનું ગ્રહણ છૂટે છે, ત્યારે જ અમૃતવર્ષી શુદ્ધ આત્મચંદ્ર રૂપ નિર્વિકલ્પ સમયસારની મુક્તિ છે - પ્રાપ્તિ છે. એટલે જે શુદ્ધ આત્મચંદ્રરૂપ નિર્વિકલ્પ સમયસારની મુક્તિ - પ્રાપ્તિ ઈચ્છે છે, એવો કયો ઈચ્છાયોગી મુમુક્ષુ જોગીજન વિકલ્પરૂપ નયપક્ષ ગ્રહણના સંન્યાસની - ત્યાગની ભાવના અત્યંતપણે નટાવે નહિ ? નાટકના પાત્રની જેમ કયો અધ્યાત્મ પાત્ર ફરી ફરી આત્મભાવનાપણે ભજવી દેખાડે નહિ ? અર્થાત્ નાટકના પાત્રને જે જે ભાગ ભજવવાનો હોય છે તે તે સારી પેઠે ભાવવો પડે છે - અભ્યાસવો પડે છે, ત્યારે જ તે બરાબર ભજવી શકે છે; તેમ અત્રે મુમુક્ષુરૂપ અધ્યાત્મ પાત્રે પણ આ પક્ષસંન્યાસભાવનાની **આત્મભાવના** સારી પેઠે ભાવવી પડે - અભ્યાસવી પડે એમ છે, ત્યારે જ તે આ સમયસાર અધ્યાત્મનાટકમાં સમયસારનો યથાર્થ ભાગ ભજવી શકે છે.

''દુર્નય તે સુનય ચલાયા, એકત્વે અભેદે ધ્યાયા;
પરમાર્થે સર્વ સમાયા, તસુ વર્તન ભેદ ગમાયા.
સુજાત સ્વામી.'' - **શ્રી દેવચંદ્રજી**


તાત્પર્ય કે - 'જેટલા* વચનમાર્ગ છે તેટલા નયવાદ* છે ને જેટલા નયવાદ છે તેટલા પરસમયો છે', એ **મહા તાર્કિકશિરોમણિ સિદ્ધસેન દિવાકરજીના** સુપ્રસિદ્ધ મહાસૂત્રમાં ઘણું રહસ્ય છે. જે નયપક્ષને પકડે છે તે પરસમય છે, જે નયપક્ષને પકડતો નથી તે સ્વસમય છે. કારણકે જે નય છે તે વિકલ્પાત્મક છે, અનંત ગુણાત્મક - ધર્માત્મક વસ્તુના એક એક અંશને ક્રમે કરીને ગ્રહણ કરનારો અપેક્ષાવિશેષ છે, વસ્તુ છે તે તો સમગ્ર એક અખંડ અભેદરૂપ હોઈ નિર્વિકલ્પ છે, એકી સાથે અનંત ગુણ - ધર્મ જેમાં રહ્યા છે એવો તત્ત્વવિશેષ છે. એટલે જે વસ્તુ અંશગ્રાહી નયને - વિકલ્પને ગ્રહે છે, તે સર્વાંશગ્રાહી સર્વનયમય પ્રમાણરૂપ નિર્વિકલ્પ અભેદ અખંડ સમગ્ર વસ્તુરૂપ સમયસારને પામતો નથીઃ જે આ વિકલ્પાત્મક નયપક્ષને અતિક્રમે છે - ઉલ્લંઘી જાય છે, તે સર્વ વિકલ્પથી પર નિર્વિકલ્પ એક **'વિજ્ઞાનઘન'** સ્વભાવી થઈને સાક્ષાત્ સમયસારને પામે છે - અનુભવે છે.

''जावइया वयणपहा तावइया णयवाया''

આમ છે તો પછી જે નિર્વિકલ્પ અખંડ અભેદ 'વસ્તુસ્વરૂપ' સમયસારને - શુદ્ધ આત્મતત્ત્વને પામવા ઈચ્છે છે, એવો કયો મુમુક્ષુ વિકલ્પરૂપ સમસ્ત નયપક્ષ છોડી દેવાની ભાવના - **'નયપક્ષ સંન્યાસ ભાવના'** અત્યંત આત્મભાવનાત્મક પણે નટાવે નહિ ?

અને મુમુક્ષુ 'જોગીજનો'ને આ **'નયપક્ષ સંન્યાસ ભાવના'** કરાવી આત્મભાવનાની પરમ અનુકૂળતા કરી આપવા માટે, નયપક્ષ - રાહુના ગ્રહણમાંથી આત્મ-ચંદ્રને છોડાવવા માટે પરમ જ્ઞાનામૃતવર્ષી **'અમૃતચંદ્ર'** આત્મચંદ્રની સોળે કળાએ પ્રકાશતા સાક્ષાત્ **'વિજ્ઞાનઘન'** મહાગીતાર્થ મુનિચંદ્ર **'અમૃતચંદ્રજીએ'** પરમ તત્ત્વામૃત સંભૃત આ વિવિધ ગમાત્મક કળશ કાવ્યોનું દિવ્ય સંગીત લલકાર્યું છે - જે દિવ્ય સંગીતને ચિન્મય આત્માની સાથે એકતાર કરતા સત્ ચિત્ માત્ર મુમુક્ષુ પરમાનંદથી નાચી ઊઠી સાક્ષાત્ 'અમૃત' પાન કરે છે. તે **'નયપક્ષ સંન્યાસ ભાવના'** કરાવતા તત્ત્વામૃત સંભૃત કલશકાવ્યો આ રહ્યા -

અમૃતચંદ્રજીએ કરાવેલી 'અમૃત' નયપક્ષ સંન્યાસ ભાવના



* ''जावइया वयणपहा तावइया हुंति नयवाया ।
जावइया नयवाया तावइया हुंति परसमया ॥'' - **श्री सन्मति तर्क (श्री सिद्धसेनदिवाकर कृत)**

જે નય પક્ષપાત છોડી નિર્વિકલ્પ સ્વરૂપગુપ્ત રહે છે તે જ અમૃત પીએ છે, એવા ભાવનો અમૃત સમયસાર કળશ (૨૪) અમૃતચંદ્રજી લલકારે છે -

ઉપજાતિ

य एव मुक्त्वा नयपक्षपातं,
स्वरूपगुप्ता निवसंति नित्यं ।
विकल्पजालच्युतशांतचित्ता
स्त एव साक्षादमृतं पिबन्ति ॥६९॥

જેઓ જ મૂકી નય પક્ષપાત,
સ્વરૂપગુપ્ત નિત્ય નિવસે છે,
વિકલ્પ જાલ ચ્યુત શાંત ચિત્તા,
તેઓ જ સાક્ષાત્ **'અમૃત'** પીએ છે. ૬૯

અમૃત પદ-૬૯

અમૃત સાક્ષાત્ પીએ તે વિરલા, અમૃત સાક્ષાત્ પીએ તે હીરલા... અમૃત. ધ્રુવ પદ. ૧
નયપક્ષનું ગ્રહણ જે મૂકી, પક્ષપાતથી જાય છે ચૂકી,
સ્વરૂપ દુર્ગમાં ગુપ્ત ભરાઈ, સ્વરૂપ ગુપ્ત વસે છે સદાઈ... અમૃત. ૨
વિકલ્પજાલ જટિલથી છૂટી, શાંતચિત્ત થયેલા અખૂટી,
અમૃત સાક્ષાત તેઓ જ પીવે, ભગવાન **અમૃત** જ્યોતિ જીવે... અમૃત. ૩

અર્થ - જેઓ જ નયપક્ષપાત મૂકીને, સ્વરૂપગુપ્ત નિત્ય નિવસે છે, વિકલ્પ જાલથી ચ્યુત શાંત ચિત્તવાળા તેઓ જ સાક્ષાત્ અમૃત પીએ છે. ૬૯

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અવિકલ્પ સમાધિનું ધ્યાન ક્ષણવાર પણ મટતું નથી. **એક અવિકલ્પ સમાધિ સિવાય બીજું ખરી રીતે સ્મરણ રહેતું નથી, ચિંતન રહેતું નથી, રુચિ રહેતી નથી, અથવા કંઈ કામ કરાતું નથી.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૨૯

'સ્વરૂપ ગુપ્ત' **મહામુનિચંદ્ર અમૃતચંદ્રજી** આ પ્રસ્તુત નયપક્ષાતીત નિર્વિકલ્પ સમયસારની પ્રસ્તુતિ કરતો આ 'અમૃત' કળશ પ્રકાશતાં વદે છે કે - य एव मुक्त्वा नयपक्षपातं - જેઓ જ વિકલ્પરૂપ નયનો પક્ષપાત મૂકી દઈને, વિકલ્પાત્મક નયપક્ષનું ગ્રહણ છોડી દઈને, 'સ્વરૂપગુપ્ત' રહી નિત્ય નિવસે છે - स्वरूपगुप्ता निवसंति नित्यं - પોતાના - આત્માના સ્વ સ્વરૂપથી ગુપ્ત - સુરક્ષિત થઈને નિત્ય - સદાય નિવસે છે - નિતાંતપણે વસે છે - સ્થિતિ કરી રહે છે, સહજાત્મસ્વરૂપમાં ગુપ્ત થઈ - છુપાઈ - સંતાઈ જઈ - લપાઈ - શમાઈ જઈ નિરંતર સ્વરૂપસ્થિત રહે છે, તેઓ જ વિકલ્પજાલથી ચ્યુત શાંતચિત્તવાળાઓ સાક્ષાત્ અમૃત પીએ છે, विकल्पाजालच्युतशांतचित्ता, त एव साक्षादमृतं पिबन्ति । અર્થાત્ જીવ જ્યાં લગી નયપક્ષ ગ્રહે છે, ત્યાં લગી તે વિકલ્પ કક્ષમાં જ રહે છે અને વિકલ્પ એ તો જંગલની જટિલ જાલ જેવી જાલ છે, એટલે એ નયવિકલ્પ - જંગલની જાલમાં જે ફસાયેલો હોય તેને તે જાલના ફાંસલામાંથી છૂટવું બહુ મુશ્કેલ હોય છે અને જ્યાં સુધી તે જાલમાંથી તે છૂટતો નથી ત્યાં સુધી વિકલ્પ આકુલતાને લીધે ચિત્ત શાંત થતું નથી, પણ જેવો જ તે વિકલ્પ જાલથી છૂટે છે તે વિકલ્પ અનાકુલતાને લીધે 'શાંતચિત્ત' બને છે અને જેવો જ તે શાંતચિત્ત બને છે તેવો જ તે સાક્ષાત્ અમૃતનું પાન કરે છે, શાંત સુધારસમય અમૃતમય આત્માનો સાક્ષાત્ અનુભવ અમૃત રસ પી જન્મ-જરા-મરણ રહિત 'અમૃત' બને છે. આવી પરમ 'અમૃત' નિર્વિકલ્પ શાંત સમાધિ દશાને પામીને સાક્ષાત્ અમૃતસાગરનું અનુભવન કરનારા **'સ્વરૂપગુપ્ત' શ્રીમદ્ રાજચંદ્રજીના** તેમના પરમાર્થસખા સૌભાગ્ય પરના અમૃતપત્રોમાં સહજ

અનુભવોદ્‌ગારમાં આનું જીવતું જાગતું જ્વલંત ઉત્તમ ઉદાહરણ જોવા મળે છે. જેમકે -

''આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે, ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે. સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે. હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ પામવી બાકી છે. જે સુલભ છે અને તે પામવાનો હેતુ પણ એ જ છે કે કોઈ પણ પ્રકારે અમૃતસાગરનું અવલોકન કરતાં અલ્પ પણ માયાનું આવરણ બાધ કરે નહીં, અવલોકન સુખનું અલ્પ પણ વિસ્મરણ થાય નહીં; 'તુંહિ તુંહિ' વિના બીજી રટના રહે નહીં; માયિક એક પણ ભયનો, મોહનો, સંકલ્પનો કે વિકલ્પનો અંશ રહે નહિ.''

''અમને જે નિર્વિકલ્પ નામની સમાધિ છે, તે તો આત્માની સ્વરૂપપરિણતિ વર્ત્તતી હોવાને લીધે છે. આત્માનાં સ્વરૂપ સંબંધી તો પ્રાયે નિર્વિકલ્પપણું જ રહેવાનું અમને સંભવિત છે, કારણકે અન્ય ભાવને વિષે મુખ્યપણે અમારી પ્રવૃત્તિ નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૭૦, ૩૨૨**

નયપક્ષ સંન્યાસ ભાવના અંગે ગમિક સૂત્ર શૈલીથી વીશ સમયસાર કળશ (૨૫-૪૪) અદ્‌ભુત તત્ત્વ ચમત્કૃતિથી સંગીત કરે છે -

उपजाति

एकस्य बद्धो न तथा परस्य,
चिति द्वयो र्द्राविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात -
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७०॥

एकस्य मूढो न तथा परस्य, चिति द्वयो र्द्राविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७१॥
एकस्य रक्तो न तथा परस्य, चिति द्वयो र्द्राविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७२॥
एकस्य द्विष्टो न तथा परस्य, चिति द्वयो र्द्राविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७३॥
एकस्य कर्ता न तथा परस्य, चिति द्वयो र्द्राविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७४॥
एकस्य भोक्ता न तथा परस्य, चिति द्वयो र्द्राविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७५॥
एकस्य जीवो न तथा परस्य, चिति द्वयो र्द्राविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७६॥
एकस्य सूक्ष्मो न तथा परस्य, चिति द्वयो र्द्राविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७७॥
एकस्य हेतुर्न तथा परस्य, चिति द्वयो र्द्राविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७८॥
एकस्य कार्यं न तथा परस्य, चिति द्वयो र्द्राविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७९॥
एकस्य भावो न तथा परस्य, चिति द्वयो र्द्राविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८०॥
एकस्य चैको न तथा परस्य, चिति द्वयो र्द्राविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८१॥
एकस्य सांतो* न तथा परस्य, चिति द्वयो र्द्राविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८२॥

एकस्य नित्यो न तथा परस्य चिति द्वयो र्द्वावितिं पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८३॥
एकस्य वाच्यो न तथा परस्य, चिति न द्वयो र्द्वावितिं पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८४॥
एकस्य नाना न तथा परस्य, चिति द्वयो र्द्वावितिं पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८५॥
एकस्य चेत्यो न तथा परस्य, चिति द्वयो र्द्वावितिं पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८६॥
एकस्य दृश्यो न तथा परस्य, चिति द्वयो र्द्वावितिं पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्वस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८७॥
एकस्य वेद्यो न तथा परस्य, चिति द्वयो र्द्वावितिं पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्यस्ति नित्यं खलु चिच्चिदेव ॥८८॥
एकस्य भातो न तथा परस्य, चिति द्वयो र्द्वावितिं पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८९॥

કોને મતે બદ્ધ ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈતિ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત અભેદી. ૭૦
કોને મતે મૂઢ ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈમ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત્ અભેદી. ૭૧
કોને મતે રક્ત ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈમ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત્ અભેદી. ૭૨
કોને મતે દ્વિષ્ટ ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈમ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત્ અભેદી. ૭૩
કોને મતે કર્તૃ ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈમ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત્ અભેદી. ૭૪
કોને મતે ભોક્તૃ ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈમ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત્ અભેદી. ૭૫
કોને મને જીવ ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈમ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત્ અભેદી. ૭૬
કોને મતે સૂક્ષ્મ ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈમ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત્ અભેદી. ૭૭
કોને મતે કાર્ય ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈમ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત્ અભેદી. ૭૮

* પાઠાંતર - शांतो

કોને મતે ભાવ ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈમ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત્ અભેદી. ૮૦
કોને મતે એક ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈમ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત્ અભેદી. ૮૧
કોને મતે સાંત ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈમ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત્ અભેદી. ૮૨
કોને મતે નિત્ય ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈમ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત્ અભેદી. ૮૩
કોને મતે વાચ્ય ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈમ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત્ અભેદી. ૮૪
કોને મતે નાના ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈમ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત્ અભેદી. ૮૫
કોને મતે ચેત્ય ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈમ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત્ અભેદી. ૮૬
કોને મતે દૃશ્ય ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈમ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત્ અભેદી. ૮૭
કોને મતે વેદ્ય ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈમ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત્ અભેદી. ૮૮
કોને મતે ભાત ન ત્યું બીજાને, બે પક્ષપાતો ઈમ ચિત સ્થાને,
જે પક્ષપાતચ્યુત તત્ત્વવેદી, તેને જ છે ચિત્ નિત ચિત્ અભેદી. ૮૯

અમૃત પદ-૭૦-૮૯

'ધાર તરવારની, સોહલી દોહલી' - એ રાગ

પક્ષ નિત ભેદતો તત્ત્વ ચિત વેદતો, અમૃત અનુભવ કરે તત્ત્વવેદી... ધ્રુવ પદ.
એક કહે બદ્ધ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન રુક્યો, ચિત્ ખરે ! ચિતે જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૦
એક કહે મૂઢ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૧
એક કહે રક્ત છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૨
એક કહે દ્વિષ્ટ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૩
એક કહે કર્તૃ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૪

* પાઠાંતર : શાંત ?

એક કહે ભોક્તૃ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્ववેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૫
એક કહે જીવ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્ववેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૬
એક કહે સૂક્ષ્મ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્ववેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૭
એક કહે હેતુ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્ववેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૮
એક કહે કાર્ય છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્ववેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૯
એક કહે ભાવ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્ववેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૮૦
એક કહે એક છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્ववેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૮૧
એક કહે સાંત છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્ववેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૮૨
એક કહે નિત્ય છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્ववેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૮૩
એક કહે વાચ્ય છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્ववેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૮૪
એક કહે નાના છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્ववેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૮૫
એક કહે ચેત્ય છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્ववેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૮૬
એક કહે દૃશ્ય છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્ववેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૮૭
એક કહે વેદ્ય છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્ववેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૮૮
એક કહે ભાત છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને;
પક્ષપાતે ચૂક્યો, તત્ત્ववેદન રુક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૮૯

અર્થ -

એક નયના પક્ષમાં ચિત્ પર નયના પક્ષમાં એમ ચિત્ની બાબતમાં જેનો પક્ષપાત ચ્યુત છે એવો જે તત્ત્ववેદિ છે,

એક નયના પક્ષમાં બદ્ધ છે, તેમ નથી, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી ચિત્ નિત્ય ચિત્ જ છે.

એક નયના પક્ષમાં મૂઢ છે, તેમ નથી, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી ચિત્ નિત્ય ચિત્ જ છે.
એક નયના પક્ષમાં રક્ત છે, તેમ નથી, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી ચિત્ નિત્ય ચિત્ જ છે.
એક નયના પક્ષમાં દ્વિષ્ટ છે, તેમ નથી, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી નિત્ય ચિત્ જ છે.
એક નયના પક્ષમાં કર્ત્તા છે, તેમ નથી, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી નિત્ય ચિત્ જ છે.
એક નયના પક્ષમાં ભોક્તા છે, તેમ નથી, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી નિત્ય ચિત્ જ છે.
એક નયના પક્ષમાં જીવ છે, તેમ નથી, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી નિત્ય ચિત્ જ છે.
એક નયના પક્ષમાં સૂક્ષ્મ છે, તેમ નથી, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી નિત્ય ચિત્ જ છે.
એક નયના પક્ષમાં હેતુ છે, તેમ નથી, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી નિત્ય ચિત્ જ છે.
એક નયના પક્ષમાં કાર્ય છે, તેમ નથી, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી નિત્ય ચિત્ જ છે.
એક નયના પક્ષમાં ભાવ છે તેમ નથી બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી નિત્ય ચિત્ જ છે.
એક નયના પક્ષમાં ચિત્ પરનયના પક્ષમાં એમ ચિત્ની બાબતમાં જેનો પક્ષપાત ચ્યુત છે એવો જે તત્ત્ववેદી છે, બે નયના બે પક્ષપાત છે તેને તો નિશ્ચયથી ચિત્ નિત્ય ચિત્ જ છે.

એક નયના પક્ષમાં એક છે, તેમ નથી, એમ ચિત્ની બાબતમાં જેનો પક્ષપાત ચ્યુત છે એવો જે તત્ત્ववેદી છે, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી ચિત્ નિત્ય ચિત્ જ છે.

એક નયના પક્ષમાં શાંત છે તેમ નથી એમ ચિત્ની બાબતમાં જેનો પક્ષપાત ચ્યુત છે એવો જે તત્ત્ववેદી છે, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી ચિત્ નિત્ય ચિત્ જ છે.

એક નયના પક્ષમાં નિત્ય છે, તેમ નથી, એમ ચિત્ની બાબતમાં જેનો પક્ષપાત ચ્યુત છે એવો જે તત્ત્ववેદી છે, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી ચિત્ નિત્ય ચિત્ જ છે.

એક નયના પક્ષમાં વાચ્ય છે, તેમ નથી, એમ ચિત્ની બાબતમાં જેનો પક્ષપાત ચ્યુત છે એવો જે તત્ત્ववેદી છે, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી ચિત્ નિત્ય ચિત્ જ છે.

એક નયના પક્ષમાં નાના છે, તેમ નથી, એમ ચિત્ની બાબતમાં જેનો પક્ષપાત ચ્યુત છે એવો જે તત્ત્ववેદી છે, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી ચિત્ નિત્ય ચિત્ જ છે.

એક નયના પક્ષમાં ચૈત્ય છે, તેમ નથી, પણ ચિત્ની બાબતમાં જેનો પક્ષપાત ચ્યુત છે એવો જે તત્ત્ववેદી છે, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી ચિત્ નિત્ય ચિત્ જ છે.

એક નયના પક્ષમાં દૃશ્ય છે, તેમ નથી, પણ ચિત્ની બાબતમાં જેનો પક્ષપાત ચ્યુત છે એવો જે તત્ત્ववેદી છે, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી ચિત્ નિત્ય ચિત્ જ છે.

એક નયના પક્ષમાં વેદ્ય છે, તેમ નથી, પણ ચિત્ની બાબતમાં જેનો પક્ષપાત ચ્યુત છે એવો જે તત્ત્ववેદી છે, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી ચિત્ નિત્ય ચિત્ જ છે.

એક નયના પક્ષમાં ભાત છે, તેમ નથી, પણ ચિત્ની બાબતમાં જેનો પક્ષપાત ચ્યુત છે એવો જે તત્ત્ववેદી છે, બે નયના બે પક્ષપાત છે, તેને તો નિશ્ચયથી ચિત્ નિત્ય ચિત્ જ છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''નાના પ્રકારનાં નય, નાના પ્રકારનાં પ્રમાણ, નાના પ્રકારનાં ભંગજાળ, નાના પ્રકારના અનુયોગ એ સઘળાં લક્ષણારૂપ છે. લક્ષ એક સચ્ચિદાનંદ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૮૦**

અત્રે કળશ ૭૦ થી ૮૯ સુધી ૨૦ કળશ કાવ્યોમાં નયના અનંત પ્રકારના નમૂનારૂપ ૪૦ વિવિધ મુખ્ય પ્રકારો સૂચવી નયપક્ષ ગ્રહણને અવધૂત કરતી **નયપક્ષ સંન્યાસ ભાવના** દૃઢ કરાવતાં મહાઅવધૂત **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અનુપમ ગમાત્મક શૈલીથી એકાક્ષરી 'ચિત્' અક્ષરમાં આત્મતત્ત્વ સર્વસ્વ

સમાવી દેતી આત્મભાવનાની પરમ અદ્‌ભુત ધૂન લેવડાવી છે. જેમકે - एकस्य बद्धो न तथा परस्य - એક નયના (વ્યવહારનયના) પક્ષમાં ચિત્ - ચૈતન્ય 'બદ્ધ' - બંધાયેલ છે, બીજા નયના (નિશ્ચયનયના) પક્ષમાં 'ચિત્' - ચૈતન્ય તેમ નથી - 'અબદ્ધ' છે - એમ 'ચિત્' - ચૈતન્યની બાબતમાં બે નયના બે પક્ષપાત છે. 'चिति द्वयोर्द्वावितिं पक्षपातौ' જેનો પક્ષપાત ચ્યુત થયેલો છે - ભ્રષ્ટ થયેલો છે, જે કોઈ પણ પક્ષ ગ્રહણમાં પાત કરતો નથી - પડતો નથી, એવો यस्तत्त्ववेदी च्युतपक्षपातः જે 'તત્ત્વવેદી' છે, તત્ત્વને વેદનારો - સંવેદનારો - આત્માનુભવથી અનુભવનારો છે, તેને તો 'ચિત્' - ચૈતન્ય સદા નિશ્ચયે કરીને 'ચિત્' જ - ચૈતન્ય જ છે, 'तस्यास्ति नित्यं खलु चच्चिदेव' । અર્થાત્ સમસ્ત આત્મતત્ત્વ સર્વસ્વ સમર્પિત કરતો એકાક્ષરી અક્ષર 'ચિત્' છે, તે સમગ્ર સંપૂર્ણ અખંડ અભેદ વસ્તુસ્વરૂપ છે; તેમાં વસ્તુ અંશગ્રાહી બધા નયો - અપેક્ષાવિશેષો સમાઈ જાય છે. તેમાંથી કોઈ એક અપેક્ષાવિશેષ કોઈ તેને 'બદ્ધ' કહે છે, કોઈ તેને તેથી ઉલટું 'અબદ્ધ' કહે છે, એમ જૂદા જૂદા બે નયપક્ષને ગ્રહણ કરનારા બેના પરસ્પર વિરુદ્ધ બે પક્ષપાત છે. તે તો વસ્તુના એકાંશને ગ્રહણ કરનારા વિકલ્પરૂપ નયપ્રકારો છે, પણ જેનો સમસ્ત પક્ષપાત છૂટી ગયો છે - જે કોઈ પણ નય પ્રત્યે પક્ષપાત કરતો નથી એવો તત્ત્વવેદી તો સમગ્ર સંપૂર્ણ વસ્તુગ્રાહી 'ચિત્' તત્ત્વ પ્રત્યે જ દૃષ્ટિ ઠેરવે છે અને તેને 'ચિત્' સુનિશ્ચિતપણે સદા 'ચિત્ જ' આત્માનુભવ પ્રતીત થાય છે. કોઈ ભલે તેને બદ્ધ કહો કે ભલે અબદ્ધ કરો, પણ તેમાં 'ચિત્'ના ચિત્પણામાં - ચિત્ તત્ત્વપણામાં કાંઈ ફરક પડતો નથી, તે 'ચિત્' તત્ત્વ તો તત્ત્વવેદીને સદા ચિત્ ચિત્ ને ચિત્ જ અનુભવાય છે.

આમ જેમ આ બદ્ધ-અબદ્ધ એ બે પરસ્પર વિરુદ્ધ નયપક્ષની અપેક્ષાએ કહ્યું, તેમ તેને બદલે (૧) મૂઢ-અમૂઢ, (૨) રક્ત-અરક્ત, (૩) દ્વિષ્ટ-અદ્વિષ્ટ, (૪) કર્ત્તા-અકર્ત્તા, (૫) ભોક્તા-અભોક્તા, (૬) જીવ-અજીવ, (૭) સૂક્ષ્મ-અસૂક્ષ્મ (સ્થૂલ), (૮) હેતુ-અહેતુ, (૯) કાર્ય-અકાર્ય, (૧૦) ભાવ-અભાવ, (૧૧) એક-અનેક, (૧૨) શાંત-અશાંત (પાઠાંતર - સાંત-અનંત) (૧૩) નિત્ય-અનિત્ય, (૧૪) વાચ્ય-અવાચ્ય, (૧૫) નાના-અનાના, (૧૬) ચેત્ય-અચેત્ય, (૧૭) દૃશ્ય-અદૃશ્ય, (૧૮) વેદ્ય-અવેદ્ય, (૧૯) ભાત-અભાત, એમ ૩૮ અન્ય પરસ્પર બે બે વિરુદ્ધ નયપક્ષની અર્થઘટના પણ એ જ પ્રકારે બદ્ધ-અબદ્ધને સ્થાને અનુક્રમે મૂઢ-અમૂઢ આદિ શબ્દો મૂકીને સ્વમતિથી સમજી લેવી.



નયવિકલ્પ જાલની અટવી વટાવી જાય છે, તે જ સમરસી એક અનુભૂતિમાત્ર સ્વભાવને પામે છે એવો **સમયસાર કળશ (૪૫)** લલકારે છે -

વસંતતિલકા

स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला
मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षां ।
अंतर्बहिः समरसैकरसस्वभावं,
स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रं ॥९०॥

એવી યથેચ્છ જ અનલ્પ વિકલ્પજાલા, મોટી વટાવી અટવી નયપક્ષમાંથી અંતરૂ બહિરૂ સમરસૈકરસ સ્વભાવ, લે એક માત્ર અનુભૂતિમયો સ્વભાવ. ૯૦

અમૃત પદ-૯૦

'ધાર તરવારની' - એ રાગ

એમ ઈચ્છાનુસારે બહુ પ્રકાર જ્યાં, વિકલ્પ અનલ્પની જાલ જામે;
એવી નયપક્ષની, જટિલ નિજ કક્ષની, મોટી અટવી વટાવી વિરામે... પક્ષ. ૧
બ્હાર ત્યમ અંતરે, સમરસ જ રસ ધરે, એવો સ્વભાવ તે સ્વ ભાવ પામે,
માત્ર અનુભૂતિ જ્યાં, એક **અમૃતમયી,** આત્મ ભગવાન તે આત્મધામે... પક્ષ. ૨

અર્થ - એમ સ્વેચ્છાથી સમુચ્છલતી અનલ્પ વિકલ્પજાલવાળી મહતી નયપક્ષ કક્ષાને વ્યતીત કરી, અંતરમાં બ્હારમાં સમરસ એકરસ સ્વભાવી એવા એક અનુભૂતિમાત્ર સ્વ ભાવને પામે છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વ જીવ પ્રત્યે સર્વ ભાવ પ્રત્યે અખંડ એકરસ વીતરાગ દશા રાખવી એજ સર્વ જ્ઞાનનું ફળ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૧૧, ૭૮૧**

'નય અરૂ ભંગ નિક્ષેપ વિચારતાં, પૂર્વધર થાકે ગુણ હેરી,
વિકલ્પ કહેત થાગ નવી પાયે, નિર્વિકલ્પતે હોત ભયે રી,
અંતર અનુભવ વિન તુજ પદ મેં, યુક્તિ નહિ કોઉ ઘટત અનેરી,
ચિદાનંદ પ્રભુ કરી કૃપા, દીજે તે રસ રીઝ ભલે રી.'' - **ચિદાનંદ, પદ-૬૮**

નમુનારૂપે દિગ્દર્શનરૂપે કેટલાક (૪૦) નયપ્રકારો પ્રજ્ઞાનિધિ **પ્રજ્ઞાશ્રમણ અમૃતચંદ્રજીએ** વર્ણવી દેખાડ્યા, તેવા તો અનંત નયપ્રકારો થઈ શકે અને વર્ણવતાં તેનો પાર આવે નહિ, એટલે જ આ કળશ કાવ્યમાં ઉપસંહાર કરતાં પરમ પ્રજ્ઞાતિશયસંપન્ન **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** વદે છે કે - એમ ઉપરમાં વર્ણવી દેખાડ્યું તેમ 'સ્વેચ્છા' - પોતાની ઈચ્છા પ્રમાણે ફાવે તેટલા ગમે તેટલા 'ગમો' - વચનભંગી પ્રકારો - નયવિકલ્પો થઈ શકે છે, જેટલા વચનપથ તેટલા નયવાદો બની શકે છે. એટલે એમ સ્વેચ્છા પ્રમાણે જ્યાં અનલ્પ - પુષ્કળ વિકલ્પ જાલ અત્યંત ઉછળી - ઉલ્લસી રહેલી છે, એવી 'મહતી નયપક્ષ કક્ષાને વ્યતીત થઈ', મહા નયપક્ષ ભૂમિકાને ઉલ્લંઘી જઈ, મોટી નયપક્ષ અટવીને વટાવી જઈ, તે તત્ત્વવેદી પુરુષ 'અંતરમાં ને બ્હારમાં સમરસ એકરસ સ્વભાવવાળા એક અનુભૂતિમાત્ર સ્વભાવને પામે છે.' અર્થાત્ જ્યાં અનેક ઝાંખરા ડાખળાં ઊગી નીકળ્યા છે અને જ્યાં અનેક પ્રકારની ઝાડીઓની જાલ ફેલાઈ ગઈ છે, એવી મહાજાલ જેવી કક્ષા - મહા અટવી જેમ દુર્લંઘ્ય છે, મહા દ્રુમજાલ ભરેલું ગાઢ જંગલ જેમ ઓળંગવું દુષ્કર છે, તેમ જ્યાં અનંત વિકલ્પોની જાલ ફેલાયેલી છે, એવી મહાજાલ જેવી

નયપક્ષ કક્ષા - મહાઅટવી દુર્લંઘ્ય છે, મહા વિકલ્પ જાલ ભરેલું નયપક્ષનું ગાઢ જંગલ ઓળંગવું દુષ્કર છે. એવી જાલ જેવી જીવને ફસાવી દેનારી વિકલ્પજાલને જાલની જેમ એક સપાટે ફગાવી દઈ, જેના ચિત્તમાં ચિત્‌નિશ્ચયથી સદા ચિત્ જ છે. એવો તત્ત્વવેદી નયપક્ષની કક્ષાને - મહાઅટવીને વટાવી જાય છે, નયનું ગાઢ જંગલ ઓળંગી જાય છે અને તે નયપક્ષ કક્ષાથી વ્યતીત થાય છે, નયપક્ષની ભૂમિકાથી પર થાય છે અને એમ જે અનલ્પ વિકલ્પ જાલવાળી નયપક્ષ કક્ષાથી વ્યતીત - પર થાય છે, તે તત્ત્વવેદી જ્યાં અનુભૂતિ સિવાય બીજું કાંઈ નથી એવા એક 'સ્વભાવ'ને - આત્મભાવને પામે છે - કે જે 'સ્વભાવ' અંતરમાં અને બ્હારમાં સમરસ એકરસ સ્વભાવવાળો છે, અર્થાત્ અંતરમાં તે સમરસ - એક સરખા એકધારા રસવાળો એક અદ્વૈત 'ચિત્' રસ સ્વભાવી છે, તેમ બ્હારમાં પણ કોઈ પક્ષ પ્રત્યે રાગ દ્વેષ રહિત સમભાવ સંપન્ન સમરસ - એક સરખા એકધારા રસવાળો એક અદ્વૈત 'ચિત્' રસ સ્વભાવી છે. આમ વિકલ્પ જાલમય નયપક્ષ કક્ષાથી પર થયેલો તત્ત્વવેદી એક શુદ્ધ ચૈતન્યરસમય અનુભૂતિમાત્ર સ્વભાવને અનુભવે છે.*

આ સમરસી ભાવરૂપ પરમ વીતરાગદશાને જીવનમાં સાક્ષાત્ અનુભવસિદ્ધપણે આચરી દેખાડનારા **પરમાત્મ તત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીના** સહજ સ્વયંભૂ વચનોદ્‌ગાર છે કે -

''દેહ છતાં મનુષ્ય પૂર્ણ વીતરાગ થઈ શકે એવો અમારો નિશ્ચળ અનુભવ છે. કારણકે અમે પણ નિશ્ચય તે જ સ્થિતિ પામવાના છીએ, એમ અમારો આત્મા અખંડપણે કહે છે અને એમ જ છે, જરૂર એમ જ છે. પૂર્ણ વીતરાગની ચરણ રજ નિરંતર મસ્તકે હો, એમ રહ્યા કરે છે.''

''જેવી દૃષ્ટિ આ આત્મા પ્રત્યે છે, તેવી દૃષ્ટિ જગત્‌ના સર્વ આત્માને વિષે છે. જેવા સ્નેહ આ આત્મા પ્રત્યે છે તેવો સ્નેહ સર્વ આત્મા પ્રત્યે વર્ત્તે છે. જેવી આ આત્માની સહજાનંદ સ્થિતિ ઈચ્છીએ છૈયે, તેવી જ સર્વ આત્મા પ્રત્યે ઈચ્છીએ છૈયે. જે જે આ આત્મા માટે ઈચ્છીએ છૈયે, તે તે સર્વ આત્મા માટે ઈચ્છીએ છૈયે. જેવો આ દેહ પ્રત્યે ભાવ રાખીએ છૈયે, તેવો જ સર્વ દેહ પ્રત્યે ભાવ રાખીએ છૈયે. આ દેહમાં વિશેષ બુદ્ધિ અને બીજા દેહ પ્રત્યે વિષમ બુદ્ધિ ઘણું કરી ક્યારેય થઈ શકતી નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૩૪, ૪૬૯**



---

* આ કળશના ભાવ ઝીલી બનારસીદાસજી વદે છે - પ્રથમ નિયત નય - નિશ્ચય, બીજો વ્યવહારનય, એ બન્નેને ફલાવતાં અનંતભેદ ફલે છે, જેમ જેમ નય ફલે છે તેમ તેમ મનના કલ્લોલ - તરંગ (વિકલ્પ-તરંગ) ફૂલે છે, ''જ્યૌં જ્યૌં નય ફલૈં ત્યૌં ત્યૌં મનકે કલ્લોલ ફલૈં', એમ ચંચલ સ્વભાવ લોકાલોક પર્યંત ઉછળે છે - 'ચંચલ સુભાવ લોકાલોકલૌં ઉછલે હૈં.' એવી નયકક્ષા છે તેનો પક્ષ ત્યજી જ્ઞાની જીવ સમરસી થયા છે, એકતાથી ટળતા નથી - દૂર થતા નથી, ઐસી નયકક્ષતા કૌ પક્ષ ત્યજી જ્ઞાની જીવ મહામોહને નાથી, નાશ કરી, શુદ્ધ અનુભવ અભ્યાસી, નિજ બલ પ્રકાશી, સુખરાશિમાં રલે છે - મગ્ન થાય છે.

''પ્રથમ નિયત દુજ વિવહાર નય, દુહૂકૌં ફલાવત અનંત ભેદ ફલે હૈં,
જ્યૌં જ્યૌં નય ફલૈં ત્યૌં ત્યૌં મનકે કલ્લોલ ફલૈં, ચંચલ સુભાવ લોકાલોકલૌં ઉછલે હૈ,
ઐસી નયકક્ષ તાકૌ પક્ષ ત્યજી જ્યાની જીવ, સમરસી ભએ એકતાસૌં નહિ ચલે હૈ,
મહામોહ નાસિ સુદ્ધ અનુભૌ અભ્યાસિ નિજ, બલ પરગાસિ સુખરાસિ માંહિ રલે હૈ.''

- શ્રી બના.કૃત સ.સા. કર્તા કર્મ અ. ૨૭

જેનું વિસ્ફુરણ જ વિકલ્પ-ઈંદ્રજાલને ફગાવી દે છે, તે ચિન્ મહસ્ હું છું એવો ભાવ પ્રકાશતો અમૃત **સમયસાર કળશ (૪૬)** સંગીત કરે છે -

રથોદ્ધતા

इंद्रजालमिदमेवमुच्छल -
त्पुष्कलोच्चलविकल्पवीचिभिः ।
यस्य विस्फुरणमेव तत्क्षणं,
कृत्स्नमस्यति तदस्मि चिन्महः ॥९२॥

એમ ઉછળતી ઈંદ્રજાલ આ,
ઉત્તરંગ શી વિકલ્પમાલ આ,
જેનું વિસ્ફુરણ સૌ ફગાવતી,
તે છું ચિન્મય હું જ્યોતિ જાગતી. ૯૧

અમૃત પદ-૯૧

ચામર છંદ (નારાચવત્)

ચિન્મયો મહાન તેજ જેહ તે જ છું જ હું;
આ વિકલ્પ ઈંદ્રજાલ સર્વ તત્ક્ષણે દહું... ચિન્મયો. ૧
ઈંદ્રજાલ ઉછળંત આ અનંત રંગથી;
પુષ્કલા અતિચલા વિકલ્પના તરંગથી... ચિન્મયો. ૨
તે નિરસ્ત જેનું માત્ર વિસ્ફુરણ ક્ષણે કરે;
તેહ ચિન્મયં મહસ્ મહત્ છું તેજ હું ખરે !... ચિન્મયો. ૩
જ્યોતથી મહંત તે **અમૃત** સદા ઝરંત તે;
ભગવાન હું ભવંત તે **અમૃત** પદે ઠરંત તે... ચિન્મયો. ૪

અર્થ - એમ પુષ્કળ ઉચ્ચલ વીચિઓથી (તરંગોથી) ઉછળતી આ ઈંદ્રજાલને સમસ્તને જેનું વિસ્ફુરણ જ તત્ક્ષણ અસ્ત કરે છે (ફગાવી દે છે), તે હું ચિન્ મહસ્ (ચૈતન્ય મહાતેજ) છું.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''હું અસંગ શુદ્ધ ચેતન છું. વચનાતીત નિર્વિકલ્પ એકાંત શુદ્ધ અનુભવ સ્વરૂપ છું.''

- શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ

આ શુદ્ધ ચૈતન્યરસ સમુદ્રમાં સાક્ષાત્ નિમજ્જન અનુભવનારા પરમ તત્ત્વવેદી ચૈતન્યઘન **અમૃતચંદ્રજી** અત્રે 'ચિત્' તત્ત્વના પરમ અદ્‌ભુત અખંડ આત્મનિશ્ચયથી વીરગર્જના કરે છે કે - इंद्रजाल मिदमेवमुच्छलत्पुष्कलोच्चलविवेकल्पवीचिभिः - એમ ઉપરમાં દિગ્‌દર્શનરૂપે વિવરી દેખાડ્યું તેમ પુષ્કળ - વિપુલ ઉચ્ચલ - ઉત્કટપણે અત્યંત ચંચલ 'વિકલ્પ વીચિઓથી' - વિકલ્પ ઊર્મિઓથી - વિકલ્પ તરંગાવલીઓથી જે આ 'ઈંદ્રજાલ' ઉછળી રહી છે, ઉલ્લસી રહી છે, તેને સમસ્તને 'જેનું વિસ્ફુરણ જ તત્ક્ષણ નિરસ્ત કરે છે તે હું ચિન્મહસ્ છું' - यस्य विस्फुरणमेवतत्क्षणं कृत्स्नमस्यति तदस्मि चिन्महस् । અર્થાત્ સમુદ્રની વીચિઓ - તરંગો અનંત છે, એનો એમ ને એમ અંત આવે જ નહિ, તેમ ચિત્ત-સમુદ્રમાં ઉછળતી આ વિકલ્પ-વીચિઓ - વિકલ્પ તરંગો અનંત છે. એનો એમ ને એમ અંત આવે જ નહિ. પણ ખરૂં જોઈએ તો આ ચિત્ત સમુદ્રમાં ઉઠતી અનંત વિકલ્પ વીચિઓ ઈંદ્રજાલ જ છે,

જાદૂગરે પ્રતિભાસ રૂપે દેખાડેલ ભ્રમરૂપ ઈંદ્રજાલનું જેમ વાસ્તવિક અસ્તિત્વ છે નહિ, તેમ વિવિધ કલ્પના જાલ રૂપ આ વિકલ્પ ઈંદ્રજાલનું વાસ્તવિક અસ્તિત્વ છે નહિ; અને જેનું વાસ્તવિક અસ્તિત્વ છે, તે નિર્વિકલ્પ 'ચિત્' તત્ત્વ તો તત્ત્વવેદીને સ્વયં અનુભવગોચર છે, એટલે અનંત વિકલ્પમય અવાસ્તવિક ઈંદ્રજાલનો અંત આણવાને જે કોઈ પણ સમર્થ હોય તો આ એક વાસ્તવિક નિર્વિકલ્પ પરમ નિશ્ચયરૂપ 'ચિત્' અનુભવ જ છે, અને એટલા માટે જ પરમ તત્ત્વવેદી **'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રજી** અત્રે અદ્‌ભુત આત્મનિશ્ચયથી ગર્જ્યા છે કે - આવી આ અનંત વિકલ્પમય ઈંદ્રજાલને જેનું 'વિસ્ફુરણ જ' - જરાક ચમકવું જ તત્ક્ષણ - તે જ ક્ષણે સમસ્તને ફગાવી દે છે, તે 'ચિન્ મહસ્' - સર્વ અન્ય તેજથી મહત્ ચૈતન્ય તેજ 'ચિત્' હું છું - तदस्मि चिन्महः ।



પક્ષાતિક્રાંતનું શું સ્વરૂપ ? તો કે -

दोण्हवि णयाण भणियं जाणइ णवरं तु समयपडिबद्धो ।
ण दु णयपक्खं गिण्हदि किंचिवि णयपक्खपरिहीणो ॥१४३॥

બન્ને ય નયનું ભાખિયું, જાણે પણ સમય પ્રતિબદ્ધ રે;
કંઈ પણ નયપક્ષ ગ્રહે નહિ, નય પક્ષ પરિહીણ (શુદ્ધ) રે... અજ્ઞાનથી. ૧૪૩

ગાથાર્થ - બન્ને ય નયોનું કહેલું કેવલ જાણે છે, પરંતુ સમય પ્રતિબદ્ધ એવો નય પક્ષ પરિહીન કંઈ પણ નયપક્ષ નથી ગ્રહતો. ૧૪૩

आत्मख्यातिटीका

पक्षातिक्रांतस्य किं स्वरूपमिति चेत् -

द्वयोरपि नययोर्भणितं जानाति केवलं तु समयप्रतिबद्धः ।
न तु नयपक्षं गृह्णाति किंचिदपि नयपक्षपरिहीनः ।

यथा खलु भगवान् केवली
श्रुतज्ञानावयवभूतयो
व्यवहारनिश्चयनयपक्षयोः
विश्वसाक्षितया
केवलं स्वरूपमेव जानाति

न तु सततमुल्लसित-
सहजविमलसकलकेवलज्ञानतया
नित्यं स्वयमेव विज्ञानघनभूतत्वा
च्छ्रुतज्ञानभूमिकातिक्रांततया

समस्तनयपक्षपरिग्रहदूरीभूतत्वात्
कंचनापि नयपक्षं परिगृह्णाति ।

तथा किल यः
श्रुतज्ञानावयवभूतयो -
व्यवहारनिश्चय**नयपक्षयोः**
क्षयोपशमविज्जृंभितश्रुतज्ञानात्मकविकल्पप्रत्युद्गपि
परपरिग्रहप्रतिनिवृत्तौत्सुक्यतया
स्वरूपमेव केवलं जानाति
न तु खरतरदृष्टिगृहीतसुनिष्टुष
नित्योदितचिन्मयसमयप्रतिबद्धतया
तदात्वे स्वयमेव विज्ञानघनभूतत्वात्
श्रुतज्ञानात्मकसमस्तांतर्बहिर्जल्परूप
विकल्पभूमिकातिक्रांततया
समस्त**नयपक्षपरिग्रहदूरीभूतत्वात्**
कंचनापि नयपक्षं परिगृह्णाति,
स खलु निखिलविकल्पेभ्यः परतर-
परमात्मा ज्ञानात्मा प्रत्यग्ज्योति
रात्मख्यातिरूपोनुभूतिमात्रः समयसारः ॥१४३॥

आत्मभावना -

पक्षातिक्रांतस्य किं स्वरूपं - પક્ષાતિક્રાંતનું - પક્ષથી અતીતનું - પરનું શું સ્વરૂપ ? इति चेत् - એમ જો પૂછો તો - द्वयोरपि नययो र्भणितं जानाति केवलं तु - બન્નેય નયોનું ભણિત કહેવું કેવલ જાણે જ છે, समयप्रतिबद्धः तु - પણ સમય પ્રતિબદ્ધ એવો તે नयपक्षपरिहीनः - નયપક્ષથી પરિહીન - સર્વથા રહિત, किंचिदपि नयपक्षं न गृह्णाति - કિંચિદ્ પણ નયપક્ષ નથી ગ્રહતો. ॥ इति **गाथा** आत्मभावना ॥१४३॥

यथा - જેમ - એ દૃષ્ટાંત - खलु - ખરેખર ! નિશ્ચયે કરીને भगवान् केवली - ભગવાન્ કેવલી व्यवहारनिश्चयनयपक्षयोः

આત્મખ્યાતિટીકાર્થ

જેમ નિશ્ચયે કરીને ભગવાન્ કેવલી
શ્રુતજ્ઞાનના અવયવભૂત
વ્યવહાર-નિશ્ચય એ બન્ને નયપક્ષનું

વિશ્વસાક્ષિતાએ કરીને
કેવલ સ્વરૂપ જ જાણે છે,
પણ સતત ઉલ્લસિત
સહજ વિમલ સકલ કેવલજ્ઞાનતાએ કરીને
નિત્ય સ્વયમેવ વિજ્ઞાનઘનભૂતપણા થકી

શ્રુતજ્ઞાન ભૂમિકાની અતિક્રાંતતાથી
સમસ્ત નયપક્ષના પરિગ્રહથી દૂરીભૂતપણાને લીધે
કોઈ પણ પક્ષને પરિગ્રહતા નથીઃ

તેમ નિશ્ચયે કરીને જે
શ્રુતજ્ઞાનના અવયવભૂત
વ્યવહાર-નિશ્ચય એ **બન્ને નયપક્ષનું –**
ક્ષયોપશમથી વિજૃંભિત
શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પના પ્રત્યુદ્ગમને પણ
પરપરિગ્રહમાંથી પ્રતિનિવૃત્ત ઔત્સુક્યતાએ કરીને
કેવલ સ્વરૂપ જ જાણે છે,
પણ ખરતર દૃષ્ટિથી ગૃહીત સુનિષ્ઠુષ નિત્યોદિત
ચિન્મય સમય પ્રતિબદ્ધતાએ કરીને –
તદાત્વે (ત્યારે) સ્વયમેવ વિજ્ઞાનઘનભૂતપણા થકી
શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતરૂ - બાહિર્જલ્પરૂપ
વિકલ્પભૂમિકાની અતિક્રાંતતાથી
સમસ્ત નયપક્ષના પરિગ્રહથી દૂરીભૂતપણાને લીધે,
કોઈ પણ નયપક્ષને પરિગ્રહતો નથી,
તે નિશ્ચયે કરીને નિખિલ વિકલ્પોથી પરતર,
પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્ જ્યોતિ,
આત્મખ્યાતિરૂપઅનુભૂતિમાત્રએવોસમયસાર.૧૪૩

- વ્યવહારનય અને નિશ્ચયનય એ બે પક્ષનું કેવલં સ્વરૂપમેવ જાનાતિ - કેવલ - માત્ર સ્વરૂપ જ જાણે છે. કેવા છે વ્યવહાર - નિશ્ચયનય પક્ષ ? શ્રુતજ્ઞાનબયવભૂતયોઃ - શ્રુતજ્ઞાનના અવયવભૂત - અંગભૂત શાથી જાણે છે ? વિશ્વ સાક્ષિતયા - વિશ્વ સાક્ષિતાથી, વિશ્વના - સમસ્ત જગત્ના સાક્ષીપણાથી એમ કેવલી ભગવાન્ એવા ઉભયનયનું કેવલ સ્વરૂપ જ જાણે છે, ન તુ કંચનાપિ નયપક્ષં પરિગૃહ્ણાતિ - પણ કોઈ પણ નય પક્ષને પરિગ્રહતા નથી. શાને લીધે ? સમસ્તનયપક્ષપરિગ્રહદૂરીભૂતત્વાત્ - સમસ્ત નયપક્ષના પરિગ્રહથી દૂરીભતપણાને લીધે. એમ શાથી ? શ્રુતજ્ઞાનભૂમિકાતિક્રાંતતયા - શ્રુતજ્ઞાન ભૂમિકાની અતિક્રાંતતાએ કરીને - ઉલ્લંઘિતતાએ કરીને, શ્રુતજ્ઞાન ભૂમિકાના ઉલ્લંઘાઈ ગયાપણાએ કરીને, શ્રુતજ્ઞાન ભૂમિકાથી પર થઈ ગયાપણાએ કરીને, તેમ શાને લીધે ? નિત્યં સ્વયમેવ વિજ્ઞાનઘનભૂતત્વાત્ - નિત્યે - સદાય સ્વયમેવ - સ્વયં જ પોતે - વિજ્ઞાનઘનભૂતપણાને લીધે અને એમ વિજ્ઞાનઘનભૂતપણું પણ શાથી ? સહજવિમલસકલકેવલજ્ઞાનતયા - સહજ - સ્વભાવભૂત વિમલ - મલ રહિત સકલ - સંપૂર્ણ એવી કેવલજ્ઞાનતાએ કરીને, કેવલ-માત્ર-એક-અદ્વૈત-અસહાય-શુદ્ધ એવા કેવલજ્ઞાનપણાએ કરીને.
તથા - તેમ, આ દાષ્ટાંતિક - કિલ - ખરેખર ! નિશ્ચયે કરીને યઃ - જે શ્રુતજ્ઞાનાવયવભૂતયોઃ - શ્રુતજ્ઞાનના અવયવભૂત - અંગભૂત એવા વ્યવહારનિશ્ચયનયપક્ષયોઃ - વ્યવહારનય અને નિશ્ચયનય એ બે પક્ષનું સ્વરૂપમેવ કેવલં જાનાતિ - સ્વરૂપ જ કેવલ - માત્ર જાણે છે, એમ શાથી ક્ષયોપશમવિજૃંભિતશ્રુતજ્ઞાનાત્મકવિકલ્પપ્રત્યુદ્ગમનેપિ - ક્ષયોપશમથી વિજૃંભિત - વિશેષે ઉલ્લસિત આત્મામાં ઉઠતા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પોનું પ્રત્યુદ્ગમન - સમુદયપણું છતાં, પરપરિગ્રહ પ્રતિનિવૃત્તૌત્સુક્યતયા - પરપરિગ્રહમાંથી ઔત્સુક્યની - ઉત્સુકપણાની પ્રતિનિવૃત્તતાએ કરીને - પાછા વળી જવાપણાએ કરીને. એમ જે એવા ઉભય નયનું સ્વરૂપ જ કેવલ જાણે છે, ન તુ કંચનાપિ નયપક્ષં પરિગૃહ્ણાતિ - પરંતુ કોઈ પણ નયપક્ષને પરિગ્રહતો નથી, શાને લીધે ? સમસ્તનયપક્ષપરિગ્રહદૂરીભૂતત્વાત્ - સમસ્ત નયપક્ષના પરિગ્રહથી દૂરીભૂતપણાને લીધે - દૂર થઈ ગયાપણાને લીધે. એમ શાથી ? શ્રુતજ્ઞાનાત્મકસમસ્તાંતર્બહિર્જલ્પરૂપવિકલ્પભૂમિકાતિક્રાંતતયા - શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતરૂ - બહિરૂ જલ્પરૂપ વિકલ્પ ભૂમિકાની અતિક્રાંતતાએ કરીને - ઉલ્લંઘિતતાએ કરીને વિકલ્પ

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્માપણે કેવળ ઉજાગર અવસ્થા વર્ત્તે, અર્થાત્ આત્મા પોતાનાં સ્વરૂપને વિષે કેવળ જાગૃત હોય ત્યારે તેને કેવળ જ્ઞાન વર્ત્તે છે એમ કહેવું યોગ્ય છે, એવો શ્રી તીર્થંકરનો આશય છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૭૩

પક્ષાતિક્રાંતનું સ્વરૂપ

સર્વ પક્ષથી પર કહ્યો, તે પક્ષાતિક્રાંતનું સ્વરૂપ શું છે ? તેનું અત્ર સ્પષ્ટીકરણ છે અને તેનું શ્રીમદ્ ભગવદ્ **અમૃતચંદ્રજી**એ પોતાની અનન્ય લાક્ષણિક શૈલીમાં દૃષ્ટાંત - દાર્ષ્ટાંતિક ભાવ સાંગોપાંગ બિંબ-પ્રતિબિંબપણે દર્શાવતું તત્ત્વ સર્વસ્વ સમર્પક અલૌકિક અદ્‌ભુત પરમ અમૃત વ્યાખ્યાન કરતાં અપૂર્વ તત્ત્વપ્રકાશ રેલાવ્યો છે. તેનો યત્ કિંચિત્ આશયાર્થ આ પ્રકારે -

ભગવાન્ કેવલી જેમ આત્મજ્ઞાનીને નયપક્ષ અપરિગ્રહ

જેમ ભગવાન્ કેવલી છે, તે શ્રુતજ્ઞાનના અવયવરૂપ વ્યવહાર-નિશ્ચય નયપક્ષનું સ્વરૂપ જ કેવલ જાણે છે, પણ કેવલજ્ઞાનથી નિત્ય વિજ્ઞાનઘનપણાએ કરીને શ્રુતજ્ઞાન ભૂમિકાથી પર હોઈ, કોઈ પણ નયપક્ષને પરિગ્રહતા નથીઃ તેમ જે આત્મજ્ઞાની તે શ્રુતજ્ઞાનના અવયવરૂપ વ્યવહાર-નિશ્ચય નયપક્ષનું સ્વરૂપ જ કેવલ જાણે છે, પણ ચિન્મય સમયમાં પ્રતિબદ્ધપણાથી ત્યારે - તે કાળે વિજ્ઞાનઘનમયપણાએ કરીને શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પભૂમિકાથી પર હોઈ કોઈ પણ નયપક્ષને પરિગ્રહતા નથી, તે સર્વ વિકલ્પોથી પર તર પરમાત્મા સાક્ષાત્ સમયસાર આમ દૃષ્ટાંત - દાર્ષ્ટાંતિકનો સંક્ષેપાર્થ છે, તેનો વિસ્તરાર્થ આ પ્રકારે -

સાક્ષાત્ વિજ્ઞાનઘન કેવલી ભગવાન્

જેને કેવલ જ્ઞાન પ્રગટ્યું છે એ જે 'કેવલી' - કેવલ શુદ્ધ આત્મભાવમાં જ વર્તનારા પરમ જ્ઞાનૈશ્વર્યસંપન્ન જ્ઞાનાતિશયવંત 'ભગવાન્ કેવલી' છે - ભગવાન્ કેવલી - તે સમસ્ત વિશ્વના તટસ્થ સાક્ષીભાવે દેખનારા - જાણનારા દૃષ્ટા-જ્ઞાતા હોઈ સમસ્ત વિશ્વના સાક્ષી છે. વિશ્વસાક્ષિતયા વિશ્વસાક્ષિતાએ કરીને આ ભગવાન્ કેવલી સર્વજ્ઞ સર્વદર્શી હોઈ સર્વ જાણે છે ને સર્વ સાક્ષાત્ દેખે છે. એટલે વિશ્વના સર્વ અન્ય ભાવથી વિવિક્ત - પૃથગ્‌ભૂત કેવલ એક શુદ્ધ આત્મામાં જ રમણ કરનારા આ વિશ્વસાક્ષી ભગવાન્ કેવલી, વ્યવહાર અને નિશ્ચય જે 'શ્રુતજ્ઞાનના અવયવભૂત' - 'श्रुतज्ञानावयवभूतयोः व्यवहारनिश्चयनयपक्षयोः' અંગરૂપ છે, એ બન્ને નયપક્ષનું વિશ્વસાક્ષીપણાએ કરીને કેવલ સ્વરૂપ જ જાણે છે, પણ કોઈ પણ નયપક્ષને પરિગ્રહતા નથી. કારણકે - सततमुल्लसितसहजविमलसकलकेवलज्ञानतया - 'સતત ઉલ્લસિત સહજ વિમલ સકલ કેવલજ્ઞાનતાએ કરીને' તે ભગવાન્ કેવલીને 'નિત્ય સ્વયમેવ વિજ્ઞાનઘનભૂતપણું વર્ત્તે છે', नित्यस्वयमेवविज्ञानघनभूतत्वात् - આ વિજ્ઞાનઘનભૂતપણાને લીધે તેઓને 'શ્રુતજ્ઞાન ભૂમિકાનું અતિક્રાંતપણું' વર્ત્તે છે, આ શ્રુતજ્ઞાનભૂમિકાતિક્રાંતતયા - શ્રુતજ્ઞાન ભૂમિકાના

ભૂમિકાના ઉલ્લંઘાઈ ગયાપણાએ કરીને, વિકલ્પભૂમિકાથી પર થઈ ગયાપણાએ કરીને. તેમ શાને લીધે ? तदात्वे - તદાત્વે - તદાપણામાં - ત્યારે - તે વખતે - તે સમયે (વર્તતા દશામાં) स्वयमेव विज्ञानघनभूतत्वात् - સ્વયમેવ - સ્વયં જ - પોતે જ વિજ્ઞાનઘનભૂતપણાને લીધે અને એમ વિજ્ઞાનઘનભૂતપણું પણ શાથી ? खरतरदृष्टिगृहीतसुनिष्णुषनित्योदितचिन्मयसमयप्रतिबद्धतया - ખરતર - અતિ કઠોર - આકરી - ઉગ્ર - તીક્ષ્ણ દૃષ્ટિથી ગૃહીત સુનિષ્ણુષ - સારી પેઠે નિષ્ણુષ (ફોતરાં રહિત) એટલે કે ચોકખે ચોકખા - ખુલ્લે ખુલ્લી શુદ્ધ એવા નિત્યોદિત - સદોદિત - સદા ઉદયગત - ચિન્મય - ચૈતન્યમય સમય - આત્મપદાર્થ સાથે પ્રતિબદ્ધતાએ કરીને. આમ આવા સમય સાથે પ્રતિબદ્ધપણાએ કરીને ત્યારે વિજ્ઞાનઘનપણાને લીધે, જે ઉભયનયનું સ્વરૂપ જ કેવલ જાણે છે, પણ કોઈ પણ નયપક્ષ પરિગ્રહતા નથી, स खलु - તે ખરેખર ! નિશ્ચયે કરીને निखिलविकल्पेभ्यः परतरः - નિખિલ - સમસ્ત વિકલ્પોથી પરતર - અત્યંત પર - અતીત એવો પરમાત્મા - પરમાત્મા, જ્ઞાનાત્મા - જ્ઞાનાત્મા, प्रत्यग् ज्योति - પ્રત્યગ્ - અંતર્ગત - પૃથક્ જ્યોતિ, આત્મખ્યાતિરૂપો - આત્મખ્યાતિ રૂપ, અનુભૂતિમાત્ર - અનુભૂતિ માત્ર - કેવલ અનુભૂતિ જ समयसारः - સમયસાર છે. ।। इति **'आत्मख्याति'** आत्मभावना ।।૧૪૩।।

અતિક્રાંતપણાને લીધે તેઓને 'સમસ્ત નયપક્ષના પરિગ્રહથી દૂરીભૂતપણું' વર્ત્તે છે, અને આ સમસ્ત નયપક્ષના પરિગ્રહથી દૂરીભૂતપણાને લીધે જ તે ભગવાન્ કેવલી 'આ નયપક્ષ મ્હારો' એમ કોઈ પણ નયપક્ષનો મમત્વરૂપ 'પરિગ્રહ' કરતા નથી, 'न कंचनापि नयपक्षं परिगृह्णति' । -

અર્થાત્ - ભગવાન્ કેવલીને સતત ઉલ્લસિત સહજ વિમલ સકલ કેવલજ્ઞાન વર્ત્તે છે. આત્માની સાથે જ જન્મેલું - 'સહજ' આત્મસ્વભાવભૂત 'સહજાત્મસ્વરૂપ' હોવાથી જે સહજ છે, સમસ્ત કર્મમલ વિગત હોવાથી જે 'વિમલ' છે, સકલ આવરણના અપગમથી સકલ સંપૂર્ણ અવિકલ સહજાત્મસ્વરૂપ પ્રગટ્યાથી સકલ વિશ્વપ્રકાશી હોવાથી જે 'સકલ' છે, કેવલ માત્ર એક શુદ્ધ જ્ઞાનમય આત્મભાવ સિવાય બીજો કોઈ ભાવ નહિ હોવાથી જે 'કેવલ' છે, અથવા 'કેવલ નિજ સ્વભાવનું અખંડ વર્ત્તે જ્ઞાન' એવી કૈવલ્ય દશા હોવાથી જે કેવલ છે - એવું સતત - નિરંતર અખંડ - અવિચ્છિન્નપણે ઉલ્લસિત - પૂર્ણભાવે પ્રકાશિત સદોદિત કેવલજ્ઞાન ભગવાન્ કેવલીને પ્રાદુર્ભૂત થયું છે. એટલે આવા સતત ઉલ્લસિત નિત્યોદિત કેવલ જ્ઞાનપણાએ કરીને ભગવાન કેવલીનું નિત્ય - સદાય સ્વયમેવ - આપોઆપ જ 'વિજ્ઞાનઘનપણું' વર્ત્તે છે. જ્યાં પરભાવ - વિભાવનો પરમાણુ માત્ર પણ સમય માત્ર પણ પ્રવેશ પામી શકે એમ નથી એવું અનવકાશ ઘન-નક્કર વિજ્ઞાન વિજ્ઞાન ને વિજ્ઞાન જ જ્યાં સર્વ પ્રદેશે પ્રકાશે છે એવું 'વિજ્ઞાનઘનપણું' નિત્ય સ્વયમેવ વર્ત્તે છે.

(૨) અને આમ ભગવાન્ કેવલીનું નિત્યમેવ વિજ્ઞાનઘનપણું વર્ત્તે છે, તેથી જ તેઓશ્રીનું શ્રુત જ્ઞાનની ભૂમિકાથી અતિક્રાંતપણું - અતીતપણું છે. અર્થાત્ શ્રુત જ્ઞાનનું પ્રયોજન તો જ્ઞાનપ્રાપ્તિ માટેનું છે અને આ ભગવાન્ કેવલી તો ક્ષાયિક એવા કેવલ જ્ઞાનને લીધે ઘન - નક્કર વિજ્ઞાનમય - 'વિજ્ઞાનઘન' બની ગયા છે, તો પછી તેમને ક્ષયોપશમ ભાવરૂપ શ્રુતજ્ઞાનનું પ્રયોજન પણ શું રહ્યું ? એટલે જ તેઓ શ્રુતજ્ઞાનની ભૂમિકાથી અતિક્રાંત - પર વર્ત્તે છે.

(૩) અને આમ તેઓનું શ્રુતજ્ઞાનભૂમિકાથી અતિક્રાંતપણું - અતીતપણું વર્ત્તે છે, એટલે જ તેઓ શ્રુતજ્ઞાનના અવયવભૂત - અંગભૂત સમસ્ત નયપક્ષના પરિગ્રહથી દૂરીભૂત - દૂર થઈ ગયેલા હોય છે.

(૪) અને આમ તેઓનું સમસ્ત નયપક્ષના પરિગ્રહથી દૂરીભૂતપણું હોય છે, એટલે જ તેઓ શ્રુત જ્ઞાનના અવયવભૂત - અંગભૂત વ્યવહાર - નિશ્ચય નયપક્ષમાંથી કોઈ પણ નયના પક્ષને પરિગ્રહતા નથી, કોઈ પણ નયનો પક્ષપાત કરતા નથી.

આમ ભગવાન્ કેવલી શ્રુત જ્ઞાનના અવયવભૂત વ્યવહાર - નિશ્ચય બન્ને નયપક્ષનું કેવલ સ્વરૂપ જ જાણે છે, પણ કેવલ જ્ઞાને કરી નિત્યમેવ સ્વયં વિજ્ઞાનઘનભૂતપણાને લીધે શ્રુતજ્ઞાન ભૂમિકાથી પર હોઈ કોઈ પણ નયપક્ષનો પરિગ્રહ કરતા નથી.

''એકાંતિકપણું ગ્રહવાનો સ્વછંદ જીવને વિશેષપણે હોય છે અને એકાંતિકપણું ગ્રહવાથી નાસ્તિકપણું થાય છે. તે ન થવા માટે આ નયનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે, જે સમજવાથી જીવ એકાંતિક પણું ગ્રહતો અટકી મધ્યસ્થ રહે છે અને મધ્યસ્થ રહેવાથી નાસ્તિકતા અવકાશ પામી શકતી નથી.''

''નય જે કહેવામાં આવે છે, તે નય પોતે કાંઈ વસ્તુ નથી, પરંતુ વસ્તુનું સ્વરૂપ સમજવા તથા તેની સુપ્રતીત થવા પ્રમાણનો અંશ છે.''

''અમુક નયથી કહેવામાં આવ્યું ત્યારે બીજા નયથી પ્રતીત થતા ધર્મની અસ્તિ નથી એમ ઠરતું નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, વ્યાખ્યાનસાર**

આમ ભગવાન્ કેવલી શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહાર - નિશ્ચય બન્ને નયપક્ષનું કેવલ સ્વરૂપ જ જાણે છે, પણ કેવલ જ્ઞાને કરી નિત્યમેવ સ્વયં વિજ્ઞાનઘનભૂતપણાને લીધે શ્રુતજ્ઞાન ભૂમિકાથી પર હોઈ કોઈપણ નય પક્ષનો પરિગ્રહ કરતા નથી.

આ જેમ ભગવાન્ કેવલી માટે સાચું છે, તેમ ભગવાન્ આત્મજ્ઞાની - ભાવશ્રુતજ્ઞાની - શ્રુત

કેવલી માટે પણ તેવું જ સાચું છે. તે આ પ્રકારે - 'क्षयोपशमविजृंभितश्रुतज्ञानात्मकविकल्पप्रत्युद्गमनेपि' - 'ક્ષયોપશમથી વિજૃંભિત શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પના પ્રત્યુદ્ગમને પણ પરપરિગ્રહમાંથી પ્રતિનિવૃત્ત ઔત્સુક્યતાએ કરીને' - 'परपरिग्रहप्रतिनिवृत्तौत्सुक्यतया' - શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહાર-નિશ્ચય બન્ને નયપક્ષનું કેવલ સ્વરૂપ જ જાણે છે, પણ ચિન્મય સમયમાં પ્રતિબદ્ધતાએ કરીને તદાત્વે - 'તદા'પણામાં - ત્યારની - તે વખતની દશામાં - તે વખતે સ્વયં વિજ્ઞાનઘનભૂતપણા થકી तदात्वे स्वयमेव विज्ञानघनभूतत्वात्' - શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પ ભૂમિકાની અતિક્રાંતતાએ કરીને સમસ્ત નયપક્ષના પરિગ્રહથી દૂરીભૂતપણાને લીધે કોઈ પણ નયપક્ષ પરિગ્રહતા નથી, તે નિશ્ચયે કરીને સર્વ વિકલ્પથી પર એવો **સમયસાર** છે.

અર્થાત્ શ્રુતજ્ઞાન ક્ષયોપશમાત્મક છે, ક્ષયોપશમ જ્ઞાનરૂપ છે, એટલે ક્ષયોપશમથી વિજૃંભિત - ઉલ્લસિત થતા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પનું પ્રત્યુદ્ગમન - ચિત્તમાં ઉઠવું અનિવાર્ય હોઈ ભલે થતું હોય, તો પણ જે ભાવશ્રુતજ્ઞાનરૂપ આત્મજ્ઞાનને પામેલો શ્રુત 'જ્ઞાની' જ્ઞાની છે, તેને પર પરિગ્રહમાંથી - પરભાવના ગ્રહણમાંથી ઔત્સુક્ય પ્રતિનિવૃત્ત થયું છે - પાછું વળી ગયું છે, એટલે તે ભાવશ્રુત - આત્મજ્ઞ જ્ઞાની શ્રુતજ્ઞાનના અવયવભૂત - અંગભૂત વ્યવહાર - નિશ્ચય એ બન્ને નયપક્ષનું - અપેક્ષા વિશેષનું સ્વરૂપ જ કેવલ જાણે છે, પણ તેમાંથી કોઈ પણ નયપક્ષને પરિગ્રહતો નથી. કારણકે ચિન્મય સમયમાં પ્રતિબદ્ધપણાએ કરીને તે ભગવાન જ્ઞાનીને તદા - ત્યારે - તે સમયે - 'તદા'પણાની સ્થિતિમાં - સ્વયમેવ વિજ્ઞાનઘનભૂતપણું વર્તે છે, આ વિજ્ઞાનઘનપણાને લીધે તેઓનું શ્રુતજ્ઞાનાત્મક 'વિકલ્પ ભૂમિકાનું અતિક્રાંતપણું' વર્તે છે, આ શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પભૂમિકાના અતિક્રાંતપણાને લીધે તેઓને 'સમસ્ત નયપક્ષના પરિગ્રહથી દૂરીભૂતપણું' વર્તે છે અને આ સમસ્ત નયપક્ષના પરિગ્રહથી દૂરીભૂતપણાને લીધે જ તે ભગવાન્ કે આત્મજ્ઞાની જ્ઞાની 'આ નયપક્ષ મ્હારો' એમ કોઈ પણ નયપક્ષનો મમત્વ રૂપ 'પરિગ્રહ' કરતા નથી. આ પૂર્વાપર સંકલનાબદ્ધ કારણપરંપરાની (chain of reasoning) સ્પષ્ટ સમજુતી આ પ્રકારે -

તે આત્મજ્ઞ જ્ઞાની શ્રુતજ્ઞાનના અવયવભૂત અંગભૂત વ્યવહાર - નિશ્ચય એ બન્ને નયપક્ષનું - અપેક્ષાવિશેષનું સ્વરૂપ જ કેવલ જાણે છે, પણ તેમાંથી કોઈ પણ નયપક્ષનો પરિગ્રહ કરતા નથી. કારણકે -

(૧) (અ) 'પ્રખર' - પ્રકૃષ્ટ ખર - ખડતર - કઠોર - આકરી - ઉગ્ર - તીવ્ર દૃષ્ટિથી જે ગૃહીત - ગ્રહણ કરાયેલ છે, સર્વ પરભાવ - વિભાવનું તુષ - નિઃસાર ફોતરૂં નીકળી જવાથી જે 'નિષ્તુષ' છે. સદા ઉદયમાન હોવાથી જે નિત્યોદિત છે અને કેવલ 'ચિત્' ધાતુથી નિર્માણ થયેલ હોવાથી સર્વ પ્રદેશે માત્ર 'ચિત્' સિવાય જે બીજું કાંઈ નથી, એવા 'ચિન્મય' - ચૈતન્યમય 'સમયમાં' - સહજાત્મસ્વરૂપ આત્મવસ્તુ સમયમાં - મર્યાદામાં પ્રતિબદ્ધ હોવાથી આ જ્ઞાનીને 'ચિન્મય સમયમાં પ્રતિબદ્ધપણું' વર્તે છે. (બ) આવા ચિન્મય સમયમાં પ્રતિબદ્ધપણું વર્તે છે, તેથી કરીને જ 'तदात्वे' - તદાપણામાં - તદા - ત્યારે - તે સમયે વર્તતી સ્થિતિમાં - દશામાં - જ્ઞાનીનું સ્વયમેવ - આપોઆપ જ વિજ્ઞાનઘનપણું વર્તે છે. જેમ ભગવાન્ કેવલીને નિત્ય સ્વયમેવ વિજ્ઞાનઘનપણું વર્તે છે, તેમ આ ભગવાન્ આત્મજ્ઞાની જ્ઞાની શ્રુતકેવલીને ત્યારે - તત્કાલે સ્વયમેવ 'વિજ્ઞાનઘનપણું' વર્તે છે.

(૨) અને આમ ભગવાન્ આત્મજ્ઞાનીને તદાત્વે - તદાપણામાં ત્યારે - તે વખતની દશામાં - સ્વયમેવ વિજ્ઞાનઘનપણું વર્તે છે, તેથી જ તેઓનું શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્બહિર્ જલ્પરૂપ વિકલ્પભૂમિકાથી અતિક્રાંતપણું - અતીતપણું વર્તે છે, અર્થાત્ વિકલ્પરૂપ શ્રુત જ્ઞાનનું પ્રયોજન તો જ્ઞાનપ્રાપ્તિ માટેનું છે અને આ ભગવાન્ આત્મજ્ઞાની તો ચિન્મય સમય પ્રતિબદ્ધપણાએ કરીને સાક્ષાત્ 'વિજ્ઞાનઘન' - ઘન - નક્કર વિજ્ઞાનમય બની ગયા છે, તો પછી તેમને જ્ઞાનપ્રાપ્તિ માટે જે વિકલ્પવામાં આવે છે એવા અંદરમાં અને બ્હારમાં ઉઠતા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પનું પ્રયોજન પણ શું રહ્યું ?

એટલે જ તેઓ શ્રુતજ્ઞાનરૂપ વિકલ્પ ભૂમિકાથી અતિક્રાંત - અતીત - પર વર્ત્તે છે.


(૩) અને આમ તેઓનું શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પ ભૂમિકાથી અતિક્રાંતપણું - અતીતપણું - પરપણું વર્ત્તે છે, એટલે જ તેઓ શ્રુતજ્ઞાનના અવયવભૂત - અંગભૂત સમસ્ત નયપક્ષના પરિગ્રહથી દૂરીભૂત - દૂર થઈ ગયેલા હોય છે.

(૪) અને આમ તેઓનું સમસ્ત નયપક્ષના પરિગ્રહથી દૂરીભૂતપણું હોય છે, એટલે જ તેઓ શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહાર - નિશ્ચય નયપક્ષમાંથી કોઈ પણ નયના પક્ષને પરિગ્રહતા નથી, કોઈ પણ નયનો પક્ષપાત કરતા નથી.

આમ ભગવાન્ આત્મજ્ઞાની જ્ઞાની, ભગવાન્ કેવલીની જેમ, શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહાર - નિશ્ચય બન્ને નયપક્ષનું સ્વરૂપ જ કેવલ જાણે છે. પણ ચિન્મય સમય પ્રતિબદ્ધતાએ કરીને ત્યારે સ્વયં જ 'વિજ્ઞાનઘન'ભૂત હોઈ, શ્રુત જ્ઞાનવિકલ્પરૂપ કોઈપણ નયપક્ષનો પરિગ્રહ કરતા નથી.

અને આવો ભગવાન્ વિજ્ઞાનઘન કેવલી સમો જે ભગવાન્ વિજ્ઞાનઘન આત્મજ્ઞાની શ્રુતકેવલી વિકલ્પાતીત ભૂમિકાને પ્રાપ્ત થઈ નયપક્ષ પરિગ્રહથી પર થયો છે, તે જ આવો સમ્યગ્ ગુણનિષ્પન્ન વિશેષણસંપન્ન **સમયસાર** છે. (૧) નિખિલ વિકલ્પોથી 'પરતર' - સમસ્ત વિકલ્પથી અત્યંત પર, (૨) 'પરમાત્મા' - જેનાથી પર કોઈ નથી ને જે સર્વથી પર છે એવો પરમ ઉત્તમ ઉત્કૃષ્ટ આત્મા - પરાત્મા, (૩) 'જ્ઞાનાત્મા' - જ્ઞાન એજ જેનો આત્મા છે - સમસ્ત વસ્તુ સ્વરૂપ સર્વસ્વ છે એવો જ્ઞાનમય આત્મા, (૪) 'પ્રત્યગ્ જ્યોતિ' - સર્વ અન્ય ભાવથી પ્રત્યગ્ - અંતર્ગત - પૃથક્ - અલગ સાવ જૂદી પડતી ઝળહળ **સહજાત્મસ્વરૂપ** સ્વરૂપે પ્રકાશતી જ્યોતિ, (૫) 'આત્મખ્યાતિ રૂપ' - જ્યાં આત્માની ખ્યાતિ - સિદ્ધિ અથવા આત્માની ખ્યાતિ - પ્રખ્યાતિ - પ્રસિદ્ધિ છે એવો, (૬) 'અનુભૂતિમાત્ર' - જ્યાં માત્ર કેવલ આત્માનુભૂતિ - આત્માનુભવનતા સિવાય બીજું કાંઈ નથી, એવો **'સમયસાર'** છે.

** ''જ્ઞાની પુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી અને જે કોઈ અંતર માને છે, તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે. જ્ઞાની તો પરમાત્મા જ છે અને તેમાં ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી, માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્ય મૂર્ત્તિ જ્ઞાનીરૂપ પરમાત્માનીને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિનાં અંત સુધી એકલયે આરાધવી, એવો શાસ્ત્રલક્ષ છે. પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે એમજ જ્ઞાની પુરુષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઉગે છે અને તે ભક્તિ ક્રમે કરી પરાભક્તિરૂપ હોય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૯૩, ૨૨૫**



સમસ્ત બંધપદ્ધતિ ફગાવી હું સમયસાર અનુભવું છું એવા ભાવનો **સમયસાર કળશ (૪૭)** પ્રકાશે છે -

स्वागता -

चित्स्वभावभरभावितभावा -
ऽभावभावपरमार्थतयैकं ।
बंधपद्धतिमपास्य समस्तां,
चेतये समयसारमपारं ॥९२॥

ચિત્ સ્વભાવ ભર ભાવિત ભાવા - ભાવ ભાવ પરમાર્થથી એક;
ચેતું તે સમયસાર અપારો, ફેંકી દૈ સકલ બંધ પથારો. ૯૨

અમૃત પદ-૯૨

ચેતું સમયસાર અપારો, જેનો કદીય ન આવે પારો... ચેતું. ૧
ચિત્ સ્વભાવે સભર જે ભરિયો, ભાવ અમૃતનો છે દરિયો;
પરભાવનો છે જ્યાં અભાવ, સ્વભાવનો સદા છે ભાવ... ચેતું. ૨
એવો અનુભવતાં વિણ પાર, ચેતું સમયસાર અપાર;
બંધપદ્ધતિ સકલ ફગાવી, ભગવાન્ અમૃત જ્યોતિ જગાવી... ચેતું. ૩

અર્થ - ચિત્ સ્વભાવભરથી ભાવિત ભાવ-અભાવ ભાવની પરમાર્થતાથી એક એવા અપાર સમયસારને હું સમસ્ત બંધપદ્ધતિ ફગાવી દઈને ચેતું છું - અનુભવું છું. ૯૨

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''હું પરમ શુદ્ધ અખંડ ચિદ્ ધાતુ છું.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૯૯, હાથનોંધ**

''આપ અભ્યાસ લખે કોઈ વિરલા, નિરખે ધ્રૂકી તારી;
આનંદઘન ચેતનમય મૂરતિ, નાથ નિરંજન પાવે.'' - **આનંદઘન પદ-૭**

ઉપરમાં **'આત્મખ્યાતિ'**ના ગદ્યભાગમાં જે કહ્યું તેના પર આ કળશ ચઢાવતાં આત્મભાવનાથી પરમ ભાવિતાત્મા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** શુદ્ધ આત્મભાવની પરિપુષ્ટિ કરતાં વદે છે કે - चित्स्वभावभर भावितभावाभावभावपरमार्थतयैकम् - ચિત્ - સ્વભાવભરથી ભાવિત ભાવના અભાવ ભાવની પરમાર્થતાથી એક એવા અપાર સમયસારને હું સમસ્ત બંધપદ્ધતિ અપાસ્ત કરીને - દૂર ફગાવી દઈને ચેતું છું - 'बंधपद्धतिमपास्य समस्तां चेतये समयसारमपारं' । - અર્થાત્ 'ચિત્' સ્વભાવ એજ આત્માનો સ્વભાવ ભાવ છે, તેના ભરથી - પૂર્ણતાથી ભાવિત થયેલો જે ભાવ - આત્મભાવ છે, તે અભાવ-ભાવરૂપ છે, એટલે કે પરભાવનો ભાવ-હોવાપણું ત્યાં નહિ હોવાથી તે અભાવરૂપ છે અને આત્મભાવનો ભાવ - હોવાપણું હોવાથી તે ભાવરૂપ છે, આમ જ્યાં પરભાવનો અભાવ ને આત્મભાવનો ભાવ છે તે પરમાર્થતાથી એક છે. એવા અપાર - જેનો પાર નથી તે એક - અદ્વૈત સમયસારને - શુદ્ધ આત્માને સમસ્ત બંધ પદ્ધતિને - બંધ પરંપરાને - બંધ શ્રેણીને - બંધ જાલને એકી સપાટે અપાસ્ત કરી - દૂર ફગાવી દઈ હું ચેતું છું - શુદ્ધ જ્ઞાન ચેતનાથી ચેતું છું - અનુભવું છું, પ્રત્યક્ષ પ્રગટ જીવન્મુક્ત દશા અનુભવું છું.

અથવા ચિત્સ્વભાવના ભરથી - પૂર્ણભાવથી ભાવિત થયેલો જે ભાવ - આત્મભાવ છે, તે તેના અભાવ - ભાવની પરમાર્થતાથી એક છે. અર્થાત્ ચિત્સ્વભાવથી પૂર્ણ ભાવિત એવો જે શુદ્ધ ચેતનભાવ

છે, તે એક ચિત્ ભાવ - ચિત્ પર્યાયનો અભાવ થવાથી અભાવરૂપ અને એક ચિત્ભાવ - ચિત્ પર્યાયનો ભાવ થવાથી ભાવરૂપ, એમ અભાવ ભાવરૂપ છે. આમ એક પૂર્વ ચિત્ભાવનો અભાવ અને ઉત્તર ચિત્ ભાવનો ભાવ એમ નિરંતર થયા કરે છે, એવો આ ચિદ્ દ્રવ્યરૂપ ચિદ્ભાવ પરમાર્થતાથી - પરમાર્થપણાથી - શુદ્ધ તત્ત્વતાથી શુદ્ધ વસ્તુપણે એક એક ને એક ચિદ્ જ છે. સર્વ પર્યાય ભાવને વિષે એક શુદ્ધ ચિદ્ભાવ ચિદ્ભાવ ને ચિદ્ભાવ જ છે. આમ ચિત્સ્વભાવ ભરથી ભાવિત એવો જે આ ભાવ તે પરમાર્થતાથી એક શુદ્ધ ચિદ્ભાવ જ છે. આવા અપાર - જેનો પાર નથી તે એક - અદ્વૈત - શુદ્ધ ચિદ્ભાવરૂપ સમયસારને - શુદ્ધ આત્માને હું સમસ્ત બંધજાળને એકી સપાટે ફગાવી દઈ ચેતું છું - શુદ્ધ જ્ઞાનચેતનાથી ચેતું છું - અનુભવું છું, પ્રત્યક્ષ પ્રગટ જીવન્મુક્ત દશા અનુભવું છું.



પક્ષાતિક્રાંત જ સમયસાર એમ અવસ્થિત રહે છે -

सम्मद्दंसणणाणं एदं लहदित्ति णवरि ववदेसं ।
सव्वणयपक्खरहिदो भणिदो जो सो समयसारो ॥१४४॥

સમ્યગ્ દર્શન જ્ઞાન એ, લહે નામ માત્ર જ ધાર રે;
સર્વ નય પક્ષ રહિત જે, ભણીયો (ભાખ્યો) તે સમયસાર રે...
અજ્ઞાનથી કર્ત્તા આતમા, જ્ઞાને અકર્ત્તા જાણ રે. ૧૪૪

ગાથાર્થ - આ (એક આત્મા જ) સમ્યગ્દર્શન - જ્ઞાન એ કેવલ વ્યપદેશ (નામ નિર્દેશ) લહે છે. સર્વ નય પક્ષથી રહિત એવો જે કહેવામાં આવ્યો, તે સમયસાર છે. ૧૪૪

आत्मख्यातिटीका

पक्षातिक्रांत एव समयसार इत्यवतिष्ठते -

सम्यग्दर्शनज्ञानमेतल्लभत इति केवलं व्यपदेशं ।
सर्वनयपक्षरहितो भणितो यः स समयसारः ॥१४४॥

अयमेक एव **केवलं सम्यग्दर्शनज्ञानव्यपदेशं** किल **लभते** । **यः** खल्व**खिलनयपक्षाक्षुण्णतया** विश्रांतसमस्तविकल्पव्यापारः **स समयसारः** । यतः प्रथमतः **श्रुत**ज्ञानावष्टंभेन ज्ञानस्वभावमात्मानं निश्चित्य ततः खल्वात्मख्यातये परख्यातिहेतूखिला एवेंद्रियानिंद्रिबबुद्धीखधीर्य आत्माभिसुखीकृतमतिज्ञानतत्त्वः, तथा नानाविधपक्षालंबनेनानेकविकल्पैराकुलयंतीः श्रुतज्ञानबुद्धीरप्यबधीर्य श्रुतज्ञानतत्त्वमप्यात्माभिमुखीकुर्वन्नत्यंतमविकल्पो भूत्वा झगित्येव स्वरसत एव व्यक्तीभवंतमादिमध्यांतविमुक्तमनाकुलमेकं केवलमखिलस्यापि विश्वस्योपरि तरंतमिवाखंडप्रतिभासमयमनंतविज्ञानघनं परमात्मानं समयसारं विंदन्नेवात्मा सम्यग्दृश्यते ज्ञायते च ततः सम्यग्दर्शनं ज्ञानं च समयसार एव । ॥१४४॥

आत्मभावना -

पक्षातिक्रांत एव समयसार इत्यवतिष्ठते - પક્ષાતિક્રાંત જ સમયસાર એમ અવતિષ્ઠે છે - અવસ્થિત રહે છે. एतत् केवलं व्यपदेशं लभते - આ કેવલ - માત્ર વ્યપદેશ - નામનિર્દેશ લહે છે, सर्वनयपक्षरहितो - સર્વનય પક્ષથી રહિત એવો यः भणितः - જે કહેવામાં આવ્યો, स समयसारः - તે સમયસાર છે. ॥ इति **गाथा** आत्मभावना ॥१४४॥

सम्यग्दर्शनज्ञानम् - **सम्यग्दर्शन** - **ज्ञान** अयमेक एव - આ - પ્રત્યક્ષ અનુભવાતો **समयसार** - શુદ્ધ આત્મા એક જ केवलं सम्यग्दर्शनज्ञानव्यपदेशं किल लभते - ખરેખર ! નિશ્ચયે કરીને કેવલ - માત્ર **सम्यग्दर्शन** - **ज्ञान** - વ્યપદેશ - નામનિર્દેશ લહે છે, પામે છે. यः खलु - જે ખરેખર ! નિશ્ચયે કરીને अखिलनयपक्षाक्षुण्णतया - અખિલ નયપક્ષથી અક્ષુણ્ણતાએ કરીને - નહિ ખૂંદાઈ જવાપણાએ કરી - નહિ ખંડિત થવાપણાએ કરીને विश्रांतसमस्तविकल्पव्यापारः - સમસ્ત વિકલ્પ વ્યાપાર વિશ્રાંત - વિરામ પામી ગયેલ છે જેના એવો છે, स समयसारः - તે સમયસાર છે. કારણ શું ? यतः - કારણકે -

(૧) प्रथमतः श्रुतज्ञानावष्टंभेन ज्ञानस्वभावमात्मानं निश्चित्य - પ્રથમથી શ્રુતજ્ઞાનના અવષ્ટંભથી જ્ઞાનસ્વભાવ આત્માને નિશ્ચિત કરી, (૨) ततः खल्वात्मख्यातये - પછી નિશ્ચયે કરીને ખરેખર ! આત્મખ્યાતિને અર્થે परख्यातिहेतूनखिला एवेंद्रियानिंद्रियबुद्धीरवधीर्य - પરખ્યાતિ હેતુ એવી અખિલ જ - સમસ્ત જ ઈંદ્રિય - અનિંદ્રિય બુદ્ધિઓને અવધીરી, અવગણી आत्माभिमुखीकृतमतिज्ञानतत्त्वः - મતિજ્ઞાન તત્ત્વને જેણે આત્માભિમુખ - આત્મસન્મુખ કરી દીધું છે, એવો (૩) तथा नानाविधपक्षालंबनेनानेकविकल्पैराकुलयंतीः श्रुतज्ञानबुद्धीरप्यवधीर्य - તથા નાનાવિધ પક્ષોના આલંબનથી અનેક વિકલ્પો વડે આકુલ કરતી શ્રુતજ્ઞાન બુદ્ધિઓને પણ - અવધીરી - અવગણી, श्रुतज्ञानतत्त्वमपि आत्माभिमुखीकुर्वन् - શ્રુતજ્ઞાનતત્ત્વને પણ આત્માભિમુખ કરતો, अत्यंतमविकल्पो भूत्वा - અત્યંત અવિકલ્પ થઈને, (૪) झगित्येव - ઝટ લઈને જ स्वरसत एव व्यक्तीभवंतम् - સ્વરસથી જ - આપોઆપ જ વ્યક્ત થતા आदिमध्यांतविमुक्तम् -

આત્મખ્યાતિટીકાર્થ

આ એક જ નિશ્ચયથી કેવલ સમ્યગ્દર્શન - જ્ઞાન વ્યપદેશ પામે છે. જે નિશ્ચયે કરીને અખિલ નયપક્ષથી અક્ષુણ્ણતાએ કરીને સમસ્ત વિકલ્પ વ્યાપાર વિશ્રાંત પામેલો છે, તે સમયસાર છે. કારણકે - પ્રથમથી શ્રુતજ્ઞાન અવષ્ટંભથી જ્ઞાન સ્વભાવી આત્માને નિશ્ચિત કરી, પછી પ્રગટપણે આત્મખ્યાતિને અર્થે -

પરખ્યાતિ હેતુ એવી અખિલ જ ઈંદ્રિય - અનિંદ્રિય બુદ્ધિઓને અવધીરી મતિજ્ઞાનતત્ત્વને જેણે આત્માભિમુખ કર્યું છે એવો, તથા નાનાવિધ પક્ષાલંબનથી અનેક વિકલ્પોથી આકુલ કરતી શ્રુતજ્ઞાન બુદ્ધિઓને પણ અવધીરી, શ્રુત જ્ઞાનતત્ત્વને પણ આત્માભિમુખ કરતો, અત્યંત અવિકલ્પ થઈને -

ઝટ લઈને જ સ્વરસથી વ્યક્ત થતા, આદિ - મધ્ય - અંત વિમુક્ત, અનાકુલ, એક, કેવલ અખિલ પણ વિશ્વની ઉપર જાણે તરતા, અખંડ પ્રતિભાસમય, અનંત એવા વિજ્ઞાનઘન પરમાત્મા સમયસારને વિંદતો - (જાણતો) આત્મા સમ્યગ્ દેખાય છે અને જણાય છે, તેથી સમ્યગ્દર્શન અને જ્ઞાન સમયસાર જ છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (વિવેચન)

''આત્મા શુદ્ધ ચૈતન્ય, જન્મ જરા મરણ રહિત અસંગ સ્વરૂપ છે, એમાં સર્વ જ્ઞાન શમાય છે; તેની પ્રતીતિમાં સર્વ સમ્યક્ દર્શન શમાય છે, આત્માને અસંગ સ્વરૂપે સ્વભાવદશા રહે તે સમ્યક્ ચારિત્ર, ઉત્કૃષ્ટ સંયમ અને વીતરાગ દશા છે. જેના સંપૂર્ણપણાનું ફળ સર્વ દુઃખનો ક્ષય છે. એ કેવળ નિઃસંદેહ છે, કેવળ નિઃસંદેહ છે. એજ વિનંતી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૨૫), ૭૮૧**

ઉપરમાં સમયસાર પક્ષાતિક્રાંત છે તેનું સ્વરૂપ કહ્યું, તે ભલે સમ્યગ્દર્શનજ્ઞાન નામ લહે છે. પણ તે સમયસાર પક્ષાતિક્રાંત જ અવસ્થિત રહે છે - 'અવ' જેમ છે તેમ સ્વરૂપમર્યાદાથી સ્થિત રહે છે, એમ અત્રે ઉપસંહારરૂપ નિગમન (conclusion) કર્યું છે અને તેનું પરમ પરમાર્થ હાર્દ પ્રકટ કરતું તત્ત્વ સર્વસ્વ સમર્પક અલૌકિક પરમ અમૃત (most Important, nectar-like) વ્યાખ્યાન કરતાં આત્મખ્યાતિકર્ત્તા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** સમયસાર - આત્મખ્યાતિ પ્રાપ્તિની વિધિની અદ્ભુત રહસ્ય-ચાવી (master-key) દર્શાવી છે. તેનો આશયાર્થ આ પ્રકારે -

'આ' - પ્રત્યક્ષ અનુભવાતો આત્મા એ જ એક જ નિશ્ચયે કરીને 'કેવલ સમ્યગ્દર્શન - જ્ઞાન વ્યપદેશ પામે છે' - 'केवलं सम्यग्दर्शनज्ञानव्यपदेशं किल लभते' - અર્થાત્ એને કેવલ સમ્યગ્દર્શન - જ્ઞાન એવું કેવલ - માત્ર નામ આપવામાં આવે છે, પણ તેથી તેના તત્ત્વ સ્વરૂપમાં કાંઈ ફેર પડતો નથી અને 'अखिलनयपक्षाक्षुण्णतया' - જે નિશ્ચયથી અખિલ નયપક્ષની અક્ષુણ્ણતાએ કરીને સમસ્ત વિકલ્પ વ્યાપાર વિશ્રાંત થયેલો છે જેનો એવો છે, તે સમયસાર છે, विश्रांतसमस्तविकल्पव्यापारः स समयसारः । અર્થાત્ અખિલ - સકલ પક્ષથી આ આત્મા અક્ષુણ્ણ - નહિ ખૂંદાયેલો - અખંડિત છે, નહિ કચરાયેલો - નહિ દબાયેલો - નહિ આક્રાંત થયેલો, નહિ સ્પર્શાયેલો એવો છે. કોઈ પણ નયપક્ષ આત્માને ક્ષુણ્ણ કરી શકતો નથી, ખૂંદી શકતો નથી, બાધિત કરી શકતો - ચગદી - કચડી નાંખી શકતો નથી, અથવા સકલ નય મૂળ એમ તો આત્મતત્ત્વ પ્રત્યે લઈ જવા માટે - પરમાર્થ - આત્માર્થ પમાડવા માટે જ (नी - नय् lead) નિરૂપણ કરાયા છે, એટલે સર્વ નય એક પરમાર્થ તત્ત્વ - આત્મ અર્થ પ્રત્યે

આદિ-મધ્ય-અંતથી વિમુક્ત, अनाकुलम् एकं केवलं - અનાકુલ - આકુલ નહિ એવા, એક - અદ્વૈત, કેવલ - માત્ર - અસહાય, अखिलस्यापि विश्वस्योपरि तरंतमिव - અખિલ પણ વિશ્વની ઉપર જાણે તરતા, अखंडप्रतिभासमयं - અખંડ પ્રતિભાસમય, अनंतं - વિજ્ઞાનઘનં પરમાત્માનં સમયસારં - એવા વિજ્ઞાનઘન પરમાત્મા સમયસારને, विंदन्नेव आत्मा - વિંદતો જ - જાણતો જ - અનુભવતો જ આત્મા, सम्यग्दृश्यते ज्ञायते च - સમ્યગ્ દેખાય છે અને જણાય છે, આમ છે તે કારણથી શું ? ततः - તેથી सम्यग्दर्शनं ज्ञानं च समयसार एव - સમ્યગ્ દર્શન અને જ્ઞાન સમયસાર જ છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥૧૪૪॥

લઈ જાય છે, સર્વ નય આત્મામાં સમાય છે, એટલે એ રીતે પણ સર્વનયથી આત્માનું અક્ષુણ્ણપણું - અખંડિતપણું છે. આમ સર્વ નયથી અક્ષુણ્ણતાએ કરીને જેનો સકલ વિકલ્પ વ્યાપાર - સમસ્ત વિકલ્પ પ્રવૃત્તિ વિશ્રાંત થયેલ છે, વિરામ પામી ગયેલ છે, તે સમયસાર છે, જ્યાં વિકલ્પની ગતિ નથી એવો વિકલ્પથી પર-અતીત-અતિક્રાંત જે છે તે 'સમયસાર' છે. તેની - આત્માની પ્રાપ્તિની - આત્મખ્યાતિની **'આત્મખ્યાતિ' કર્ત્તાએ** દર્શાવેલી સકલ અવિકલ વિધિ આ રહી -

(૧) પ્રથમથી તો 'શ્રુતજ્ઞાન અવષ્ટંભથી જ્ઞાન સ્વભાવી આત્માને નિશ્ચિત કરે છે' - प्रथमतः श्रुतज्ञानावष्टंभेन ज्ञानस्वभावमात्मानं निश्चित्य, અર્થાત્ સૌથી પહેલાં તો શ્રુતજ્ઞાન, - જ્ઞાની સત્પુરુષ સદ્‌ગુરુ સમીપે શ્રવણ કરેલા શ્રુતજ્ઞાનના પરમ ઉપકારી સમર્થ અવષ્ટંભ-ઓથ-આધાર-અવલંબને કરીને અથવા આત્માદિ સત્ તત્ત્વનું પ્રતિપાદન કરતા શબ્દ બ્રહ્મમય દ્રવ્યશ્રુતરૂપ શ્રુતજ્ઞાનના પરમ ઉપકારી બળવાન્ અવલંબન-આધારે કરીને જ્ઞાન એ જ જેનો સ્વભાવ છે એવા આત્માનો આત્માર્થી મુમુક્ષુ નિશ્ચય કરે છે.

(૨) પછી જેનો જ્ઞાન સ્વભાવી આત્મા નિશ્ચિત કર્યો, તેવા આત્માની ખ્યાતિ-સિદ્ધિ-પ્રસિદ્ધિને ઈચ્છતો તે મુમુક્ષુ જોગી જન જેવા પ્રકારે આત્મખ્યાતિ થાય એવા સમ્યગ્ ઉપાયને સેવવા ઈચ્છે છે. એટલે પ્રગટપણે નિશ્ચયે કરીને પરમાર્થ સત્પણે આવી આત્મખ્યાતિને અર્થે - 'खल्वात्मख्यातये' - આ આત્માર્થી મુમુક્ષુ પરખ્યાતિહેતુ એવી 'અખિલ જ ઈંદ્રિય - અનિંદ્રિય બુદ્ધિઓને અવધીરી - અવગણી - ઉપેક્ષી મતિજ્ઞાન તત્ત્વને આત્માભિમુખ કરે છે - 'परख्यातिहेतूनखिला एवेंद्रियानिंद्रियबुद्धीरवधीर्य आत्माभिमुखीकृतमति ज्ञानतत्त्वः' । - અર્થાત્ પરપુદ્‌ગલ ભોગ પ્રત્યે ગમન કરતી પંચ ઈંદ્રિયજન્ય વિષયાકાર બુદ્ધિરૂપ જે મતિવિશેષો છે તેને અને પરપુદ્‌ગલ ભોગરૂપ પંચ ઈંદ્રિય વિષયનું મનન કરતી અનિંદ્રિયજન્ય - મનોજન્ય વિષયવિકારી બુદ્ધિરૂપ જે મતિવિશેષોનું તેનું - તે સર્વને પરભાવ ખ્યાતિના - સિદ્ધિના - પ્રસિદ્ધિના હેતુઓ - કારણો છે એમ અવધારે છે, નિશ્ચયરૂપ દૃઢ ધારણા કરે છે. એટલે પરખ્યાતિ હેતુરૂપ આ ઈંદ્રિય અનિંદ્રિય બુદ્ધિઓ ખરેખર ! પોતાની ઈષ્ટ આત્મખ્યાતિને બાધક - પ્રતિઘાતક છે એમ દૃઢપણે અવધારીને, જે આત્મખ્યાતિને અર્થે કટિબદ્ધ થઈ પ્રયત્નશીલ છે, એવો તે સાધક આત્માર્થી મુમુક્ષુ તેવી આત્માર્થ બાધક સમસ્ત ઈંદ્રિય - અનિંદ્રિય બુદ્ધિઓને 'અવધીરી' - અવગણી - ઉપેક્ષી - તિલાંજલિ આપી, ઈંદ્રિય-અનિંદ્રિય જન્ય મતિજ્ઞાન ક્ષયોપશમ પ્રમાણે જાણવામાં આવતું જે મતિજ્ઞાન તત્ત્વ છે, જેટલો પોતાનો મતિજ્ઞાન ક્ષયોપશમરૂપ આત્મભાવ સર્વસ્વ છે, તેટલો સમસ્ત જ આત્મસન્મુખ કરી દે છે.

''ક્ષાયોપશમિક ગુણ સર્વ થયા, તુજ ગુણ રસી રે,
સત્તા સાધન શક્તિ વ્યક્તતા ઉલ્લસી રે,
હવે સંપૂરણ સિદ્ધ તણી શી વાર રે ?
દેવચંદ્ર જિનરાજ પરમ આધાર છે...
દીઠો સુવિધિ જિણંદ સમાધિ રસે ભર્યો રે...'' - **તત્ત્વરંગી મહામુનીશ્વર શ્રી દેવચંદ્રજી**

(૩) તેમજ नानाविधपक्षालंबनेनानेकविकल्पैराकुलयंतीः - શ્રુતજ્ઞાનબુદ્ધિરપ્યવધીર્ય - 'નાનાવિધ પક્ષાવલંબનથી અનેક વિકલ્પો વડે આકુલ કરતી શ્રુતજ્ઞાન બુદ્ધિઓને પણ અવધીરી - અવગણી - ઉપેક્ષી શ્રુતજ્ઞાન તત્ત્વને પણ આત્માભિમુખ કરતો' - श्रुतज्ञानतत्त्वमप्यात्माभिमुखीकुर्वन् તે આત્માર્થી આત્મખ્યાતિ અર્થી પ્રવર્ત્તે છે. અર્થાત્ શ્રુતજ્ઞાનજન્ય વિકલ્પરૂપ જે શ્રુતજ્ઞાન બુદ્ધિઓ છે, નયાત્મક વચન વિકલ્પરૂપ જે શ્રુતજ્ઞાન બુદ્ધિઓ છે, તે નાના પ્રકારના પક્ષના - અપેક્ષાવિશેષોના અવલંબન - ગ્રહણથી આત્માને વિકલ્પો વડે આકુલ કરનારી છે એમ અવધારી - દૃઢ નિશ્ચયથી ધારી, તે શ્રુતજ્ઞાન બુદ્ધિઓને પણ 'અવધીરી' - અવગણી - ઉપેક્ષી આ આત્મખ્યાતિ અર્થી શ્રુતજ્ઞાનક્ષયોપશમરૂપે

આત્મજ્ઞાનરૂપ જાણવામાં આવતું જે આત્મભાવરૂપ ભાવશ્રુતજ્ઞાન તત્ત્વ છે તેને આત્માભિમુખ કરતો પ્રવર્ત્તે છે, પોતાનો જે કાંઈ શ્રુતજ્ઞાન ક્ષયોપશમવિશેષ છે તેનો સમસ્ત ઉપયોગ આત્મા પ્રત્યે દૃષ્ટિ ઠેરવી આત્મસન્મુખ કરે છે.

(૪) આમ મતિજ્ઞાન તત્ત્વને જેણે આત્માભિમુખ કર્યું છે એવો આ આત્માર્થી શ્રુતજ્ઞાનતત્ત્વને પણ આત્માભિમુખ કરતો 'અત્યંત અવિકલ્પ' થાય છે, સર્વથા વિકલ્પ રહિત થાય છે, નિર્વિકલ્પ દશાને પામે છે. કારણકે વિકલ્પના કારણરૂપ જે પંચ ઈંદ્રિયના ઉધામા હતા તે તેણે અવધીરીને - અવગણીને છોડી દીધા છે, અનિંદ્રિય મનના ઘોડાના દોડા તેણે છોડી દીધા છે, અને નયપક્ષના ગ્રહણથી આત્માને વિકલ્પોથી આકુલ કરતી શ્રુતજ્ઞાન બુદ્ધિઓરૂપ વિકલ્પ તરંગોના તુરંગો પણ તેણે છોડી દીધા છે, અને આત્મભાવરૂપ આત્મજ્ઞાનમય મતિજ્ઞાનતત્ત્વને તેમજ આત્મભાવરૂપ આત્મજ્ઞાનમય શ્રુતજ્ઞાનતત્ત્વને તેણે આત્માભિમુખ કરી આત્મામાં જ જોડી દીધું છે. એટલે જ તે અત્યંત અવિકલ્પ - સર્વથા નિર્વિકલ્પ થાય છે.


(૫) અને આમ તે સર્વથા અવિકલ્પ થાય છે, એટલે જ ઝગિત્યેવ સ્વરસત એવ વ્યક્તીભવંતં ઈ. - 'ઝટ જ સ્વરસથી જ વ્યક્ત થતા, આદિ-મધ્ય-અંત વિમુક્ત, અનાકુલ, એક, કેવલ, અખિલ પણ વિશ્વની ઉપર જાણે તરતા, અખંડ પ્રતિભાસમય, અનંત એવા વિજ્ઞાનઘન પરમાત્મા સમયસારને તે વેદતો જ હોય છે. અર્થાત્ જેવો તે અત્યંત અવિકલ્પ - નિર્વિકલ્પ દશાને પામે છે, તેવો જ ઝટ જ શીઘ્ર જ 'સ્વરસથી જ' - આપોઆપ જ વ્યક્ત - પ્રકટ - આવિર્ભૂત થતા સાક્ષાત્ સમયસારને - શુદ્ધ આત્માને વેદે છે, સ્વસંવેદનથી - સંવેદે છે, આત્માનુભૂતિથી અનુભવે છે. તે આત્માનુભૂતિથી અનુભવાતો સમયસાર તે કેવો અનુભવે છે ? (૧) આદિ-શરૂઆત મધ્ય-વચલી સ્થિતિ અને અંત-છેવટ નહિ હોવાથી જે **'આદિ-મધ્ય-અંતથી વિમુક્ત'** છે, (૨) કોઈ પણ વિકલ્પરૂપ પરભાવ-વિભાવની આકુલતા નહિ હોવાથી જે 'અનાકુલ' છે, (૩) એક આત્મા સિવાય બીજો કોઈ ભાવ - દ્વૈત નહિ હોવાથી જે અદ્વૈત **'એક'** છે, (૪) કેવલ - આત્મભાવ જ હોવાથી જે **'કેવલ'** છે, (૫) સમુદ્રની ઉપર ઉદાસીનપણાથી (પાણીની સપાટીથી ઉપર ઉચ્ચપણાથી) તરતા તારુની જેમ વિશ્વસમુદ્રની ઉપર કોઈ પણ અન્યભાવથી અસ્પર્શ્ય ઉદાસીનપણાથી તરવાનો પરમાનંદ માણી રહ્યો હોવાથી જે **'જાણે અખિલ વિશ્વની પણ ઉપર તરતો'** છે, (૬) કદી પણ દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી ને ભાવથી ખંડિત નહિ થતો હોવાથી જે **'અખંડ'** છે, (૭) જેવો વસ્તુસ્વભાવ છે તેવો તેનો 'પ્રતિ' - સામો પ્રતિબિંબરૂપ 'ભાસ' - જ્ઞાન પ્રકાશ કરતો હોવાથી જે **'પ્રતિભાસમય'** છે, (૮) દ્રવ્ય ક્ષેત્રથી કાળથી અને ભાવથી તેનો કદી પણ અંત ન આવતો હોવાથી જે **'અનંત'** છે, (૯) સર્વ પ્રદેશે ઘન-નક્કર લવણ લવણ ને લવણ આસ્વાદથી આસ્વદાતા લવણ ઘનની (મીઠાના ગાંગડા) જેમ, સર્વ આત્મપ્રદેશે ઘન - નક્કર વિજ્ઞાન વિજ્ઞાન ને વિજ્ઞાનમય આસ્વાદથી આસ્વદાતો હોવાથી જે **'વિજ્ઞાનઘન'** છે, (૧૦) અખિલ વિશ્વમાં તેનાથી પર કોઈ નહિ હોવાથી અને તે જ અખિલ વિશ્વથી પર હોવાથી જે **'પરમાત્મા'** છે, (૧૧) સર્વ સમયમાં - સર્વ પદાર્થમાં સાર - ઉત્તમ હોવાથી, અર્થાત્ સ્વસ્વરૂપની સમયમાં - સ્વરૂપ મર્યાદામાં રહેલા સર્વ સમયોમાં - વિશ્વ તત્ત્વભૂત પદાર્થોમાં સાર પ્રધાન - શ્રેષ્ઠ હોવાથી, અથવા વસ્તુતત્ત્વરૂપ સમયના પ્રતિપાદન પ્રધાન સર્વ સમયમાં - સર્વ શાસ્ત્ર સિદ્ધાંતમાં પ્રતિપાદન કરેલ સાર - ઉત્તમ - શ્રેષ્ઠ સમય - વસ્તુતત્ત્વ હોવાથી - દ્વાદશાંગીનો પરમ સારભૂત પરમાર્થ હોવાથી, અથવા સમયમાં - આત્મામાં સાર - શ્રેષ્ઠ - શુદ્ધ હોવાથી જે **'સમયસાર'** છે, એવા એકાદશ અંગભૂત ગુણનિષ્પન્ન વિશેષણસંપન્ન યથાર્થનામા 'સમયસાર'ને - શુદ્ધ આત્માને આત્મા સ્વ સંવેદનથી સંવેદે છે.

(૬) અને આવા દ્વાદશાંગીના સારભૂત ઉક્ત એકાદશ ગુણસંપન્ન સમયસારને વેદતો જ - અનુભવતો જ આત્મા 'સમ્યગ્ દેખાય છે અને જણાય છે', સમ્યગ્ - જેમ છે તેમ યથાર્થ સ્વરૂપે સાક્ષાત્ દેખવામાં આવે છે અને જાણવામાં આવે છે - 'વિજ્ઞાનઘનં પરમાત્માનં સમયસારં વિંદન્નેવાત્મા સમ્યગ્દૃશ્યતે જ્ઞાયતે ચ ।'

આમ **'આત્મખ્યાતિ'**નો સમયસાર - સાક્ષાત્કરણનો વિધિરૂપ સકલ અવિકલ ક્રમ છે, તેથી 'સમ્યગ્દર્શન અને જ્ઞાન એ સમયસાર જ છે.' ततः सम्यग्दर्शनं ज्ञानं च समयसार एव, અર્થાત્ સમયસાર - શુદ્ધ આત્મા સમ્યગ્ દેખાય છે - दृश्यते इति दर्शनं માટે તે **'સમ્યગ્ દર્શન'** કહેવાય છે અને સમ્યગ્ જણાય છે - ज्ञायते इति ज्ञानं માટે તે **'જ્ઞાન'** કહેવાય છે. પણ 'દર્શન' 'જ્ઞાન' એમ કેવલ વ્યપદેશ રૂપ નામ માત્ર ભેદ પામતાં છતાં આ આત્માના - સમયસારના તત્ત્વ સ્વરૂપમાં કાંઈ અર્થભેદ પડતો નથી. સમયસાર આત્માને દર્શન નામ આપો કે જ્ઞાન નામ આપો કે ગમે તે નામ આપો પણ ત્રણે કાળમાં ન ચળે એવા અખંડ નિશ્ચયથી 'કેવલ' જ્ઞાન - દર્શનમય આત્મા **'સમયસાર'** જ અવસ્થિત રહે છે - 'અવ' - તેમ છે તેમ સ્વરૂપ મર્યાદાથી સ્થિત રહે છે.

''કેવલ જ્ઞાન એટલે માત્ર જ્ઞાન જ, તે સિવાય બીજું કંઈ જ નહીં અને જ્યારે એમ છે ત્યારે તેને વિષે બીજું કશું સમાતું નથી. સર્વથા સર્વ પ્રકારે રાગ દ્વેષનો ક્ષય થાય ત્યારે જ કેવલજ્ઞાન કહેવાય.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૫૩



હવે આ કર્ત્તા-કર્મ અધિકારનો સર્વોપસંહાર કરતાં સપ્ત (૪૮-૫૪) અમૃત **સમયસાર કળશ** પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજી** ચિદ્-ગગનમાં સપ્તર્ષિ સમા ચમકાવે છે, તે મધ્યે આ પ્રથમ કળશમાં (૯૩), નયપક્ષ વિના નિર્વિકલ્પ ભાવથી અનુભવાતા આ સમયસાર પુરાણ પુરુષનું ઉત્કીર્ત્તન કરે છે -

शार्दूलविक्रीडित

आक्रामन्नविकल्पभावमचलं पक्षै र्नयानां विना,
सारो यः समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयं ।
विज्ञानैकरसः स एष भगवान्पुण्यः पुराणः पुमान्,
ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किंचनैकोप्ययं ॥९३॥

નૈ પક્ષો વિણ આક્રમંત અચલો ભાવો વિકલ્પો હીણો,
ભાસે સાર સ્વયં જ જે સમયનો ગુપચૂપ્ સ્વદાતો ઘનો;
વિજ્ઞાનૈકરસો જ તે પુનિત આ ભગવાન્ પુરાણો નરો,
આ છે દર્શન જ્ઞાન તેમ કંઈ જે તે એક છે આ ખરો ! ૯૩

અમૃત પદ-૯૩

રત્નમાલા

પુરાણ પુરુષ આ પરમ પ્રકાશે, ભગવાન્ આત્મા અમૃત પ્રભાસે... ધ્રુવ પદ.
વિણ નયપક્ષો અચલો જ સાવ, આક્રામંતો અવિકલ્પ ભાવ... પુરાણ. ૧
સાર સમયનો જેહ જણાતો, ગુપચુપથી સ્વયં સ્વાદ કરાતો... પુરાણ. ૨
વિજ્ઞાન એકરસ પુણ્ય આ ભરિયો, પુરુષ પુરાણો **અમૃત** દરિયો... પુરાણ. ૩
જ્ઞાન ભગવાન્ આ દર્શન આ છે, જે કંઈ પણ ને એક જ આ છે... પુરાણ. ૪

અર્થ - નયોના પક્ષો વિના અચલ અવિકલ્પ ભાવને આક્રામતો એવો જે સમયનો સાર નિભૃતોથી (ગુપચૂપ મૌનથી) સ્વયં આસ્વાદાઈ રહેલો ભાસે છે, તે વિજ્ઞાનૈકરસ આ ભગવાન્ પુણ્ય પુરાણ પુરુષ છે, જ્ઞાન દર્શન પણ આ છે, અથવા તો શું ? જે કંઈ છે તે એક જ આ છે. ૯૩

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''પુરાણ પુરુષને નમોનમઃ ***હે પુરુષ પુરાણ !

અમે તારામાં અને સત્પુરુષમાં કંઈ ભેદ હોય એમ સમજતાં નથી, તારા કરતાં અમને તો સત્પુરુષ જ વિશેષ લાગે છે, કારણકે તું પણ તેને જ આધીન રહ્યો છે અને અમે સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળખી શક્યાં નહીં; એ જ તારૂં દુર્ઘટપણું અમને સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઉપજાવે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૮૪, ૨૧૩**

આત્મખ્યાતિના ગદ્યભાગમાં જે આ કહ્યું તેની પરિપુષ્ટિરૂપ ઉપસંહાર કરતાં પુરુષશાર્દૂલ **અમૃતચંદ્રજી** આ શાર્દૂલવિક્રીડિત કળશનો સિંહનાદ કરે છે - आक्रमन्नविकल्पभावमचलं पक्षै र्नयानां विना - અનેક પ્રકારના નયો છે, તેમાંથી કોઈ પણ નયના પક્ષનું ગ્રહણ કરતો નથી, એટલે 'નયોના પક્ષો વિના' - નયપક્ષપાતના અભાવે, જે ચલાયમાન ન થાય એવા 'અચલ' અવિકલ્પ ભાવને આક્રામી રહ્યો છે, સર્વ આત્મભાવથી - સર્વ આત્મપ્રદેશથી - સર્વ આત્મસામર્થ્યથી આક્રમીને - દબાવીને સ્થિર રહ્યો છે, એવો - सारो यः समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयं - જે આ સમયનો સાર - ઉત્તમ

પદાર્થ - **'સમયસાર'** - શુદ્ધ આત્મા **'નિભૃતોથી'** - સહજાત્મસ્વરૂપમાં મૌનપણે ગૂપચૂપ છાનામાના બેસી ગયેલા મુનિઓથી - જ્ઞાનીઓથી સ્વયં - આપોઆપ આસ્વાદાઈ રહેલો ભાસે છે, તે **'વિજ્ઞાનૈકરસ ભગવાન્ પુણ્ય પુરાણ પુરુષ'** છે, विज्ञानैकरसः स एष भगवान् पुण्यः पुराणः पुमान् । અર્થાત્ જ્યાં વિજ્ઞાન વિજ્ઞાન ને વિજ્ઞાન એ જ એક અદ્વિતીય અદ્વૈત રસ છે, વિજ્ઞાન સિવાય બીજો કોઈ રસ જ્યાં નથી, એવો એ જ્ઞાનૈશ્વર્યરૂપ 'ભગ'સંપન્ન ભગવાન્ પુણ્ય - પાવન - પાવનકારી 'પુરાણ' - અનાદિનો પુરાણો - અનાદિનો જૂનો બૂઢ્ઢો ડોકરો પરમ વૃદ્ધ, શુદ્ધ ચૈતન્યરૂપ પુરૂમાં શયન કરનારો 'પુરુષ' છે. આ **ભગવાન્ પુણ્ય પુરાણ પુરુષ** એ જ **જ્ઞાન** છે, એ જ દર્શન છે, અથવા તો શું ? જે કંઈ છે તે એક જ આ **ભગવાન્ પુણ્ય પુરાણ પુરુષ** છે.

આ વિજ્ઞાનૈકરસ **ભગવાન્ સમયસાર પુરાણ પુરુષનો** જીવનમાં સાક્ષાત્ આત્યંતિક અનુભવ કરનારા પરમ આત્મદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીના** સહજ અનુભવોદ્‌ગાર છે કે -

* ''એક પુરાણ પુરુષ અને પુરાણ પુરુષની પ્રેમ સંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી, અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કંઈ પ્રાપ્ત કરવાની ઈચ્છા થતી નથી, વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી, જગત્ શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી, કોઈ શત્રુ મિત્રમાં ભેદભાવ રહ્યો નથી, કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી નથી, અમે દેહધારી છૈયે કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ. (ઈ.)''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૧૫), ૨૫૫



* જુઓ : 'અધ્યાત્મ રાજચંદ્ર' (સ્વરચિત) પ્રકરણ અઢાવનમું - પુરાણ પુરુષ અને સત્‌થી અભેદ સત્‌ગુરુષ શ્રીમદ્

નિર્વિકલ્પ આત્મામાં આગત આત્માની આત્મામાં જ ગતાનુગતતા પ્રકાશતો **સમયસાર કળશ** (૯૪) લલકારે છે -

શાર્દૂલવિક્રીડિત

दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजौघाच्च्युतो,
दूरादेव विवेकनिम्नगमनान्नीतो निजौघं बलात् ।
विज्ञानैकरसस्तदेकरसिनामात्मानमात्माहरन्,
आत्मन्येव सदा गतानुगततामायात्यं तोयवत् ॥९४॥

ભ્રામત્ દૂર વિકલ્પ જાલ ગહને ચૂકી સ્વ ઓઘો થકી,
દૂરેથી જ વિવેક - નિમ્નગમને દોર્યો નિજૌઘે નકી;
વિજ્ઞાનૈકરસી તદેકરસીને આત્મા સ્વને આણતો,
આત્મામાં જ સદા ગતાનુગતતા આ નીર શું પામતો. ૯૪

અમૃત પદ-૯૪

આત્મા ગતાનુગત કરે આત્મમાં... આત્મા. ધ્રુવ પદ. ૧
ચૂકી નિજ પ્રવાહથી દૂરે, ભમતો વિકલ્પ જાલના પૂરે,
વિવેક-નિમ્નગમનથી દૂરથી, દોરાયો નિજ પ્રવાહે જોરથી... આત્મા. ૨
આત્મા વિજ્ઞાનૈકરસે ઘનો, આત્મા તદૈકરસીને આણતો,
ગતાનુગતતા નિત આત્મમાં, પામે જલશું **અમૃત** ભગવાનમાં... આત્મા. ૩

અર્થ - નિજ ઓઘથી (સમૂહથી વા પ્રવાહથી) ચ્યુત થયેલો બહુ વિકલ્પ જાલ ગહનમાં દૂર ભમતો, દૂરથી જ વિવેકનિમ્નગમનથી (નિમ્ન ગમનથી) બળથી નિજ ઓઘમાં લઈ જવાયેલો એવો વિજ્ઞાનૈકરસ આ આત્મા, તદેકરસીઓને (તે એક આત્માના જ રસીઆઓને) આત્માને આહરતો, જલની જેમ આત્મામાં જ ગતાનુગતતા પામે છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''કોઈ બ્રહ્મરસના ભોગી, કોઈ બ્રહ્મરસના ભોગી''
રસદેવકો નિરંજનકો પીવહી, ગ્રહી જોગ જુગો જાગ સો જીવહી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૧૨**

અત્રે મહાકવીશ્વર આર્ષદૃષ્ટા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પરમ સુંદર હૃદયંગમ તત્ત્વબોધક ઉપમા રજૂ કરી આત્માનું સ્વરૂપમાં પ્રત્યાગમન અને અખંડ સ્વરૂપસ્થિતિ પરમ અદ્‌ભુત કવિત્વપૂર્ણ **સ્વભાવોક્તિથી** વર્ણવતું સુંદર શબ્દચિત્ર આલેખ્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - જેમ પાણીનો કોઈ એક વ્હેળો છે, તે પોતાના ઓઘથી - સમૂહથી - પ્રવાહથી ચ્યુત થયો છે, ભ્રષ્ટ થઈ જૂદો પડ્યો છે. પછી તે વ્હેળો જંગલમાં - ગાઢ ઝાડીની જાલ ચારેકોર ફેલાયેલી છે એવા ગહન ગાઢ જંગલમાં દૂર - લાંબે સુધી ભમ્યા કરે છે. હવે તે કોઈ નીચાણવાળા - 'નિમ્ન' સ્થળમાં ગમન કરે છે, એટલે તે ઢળતો ઢળતો પાછો નિજ ઓઘમાં - પોતાના સમૂહમાં - મૂળ પ્રવાહમાં ભળી જાય છે અને પછી તે તેમાં જ - અખંડ એકરસ જલપ્રવાહમાં જ પ્રવહ્યા કરી ગતાનુગતપણું - ગમનાનુગમન કર્યા કરે છે.

તેમ આ આત્મા 'નિજ ઓઘથી' - ઓઘથી - સામાન્યથી - સંગ્રહનયથી - સિદ્ધ સમાન શુદ્ધ સ્વરૂપવાળો છે, એટલે નિશ્ચયથી આ આત્મા સિદ્ધ ઓઘ-સમૂહનો હોઈ સિદ્ધ શુદ્ધ સ્વરૂપ એ જ આત્માનો 'નિજ ઓઘ' છે. હવે અનાદિ મોહસંયુક્તપણાને લીધે આ આત્મા આ નિજ ઓઘમાંથી -

સમૂહમાંથી - મૂળ પ્રવાહમાંથી ચ્યુત થયો, ભ્રષ્ટ થઈ જૂદો પડ્યો. दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजोघाच्युतो - પછી તે ઓઘ ભ્રષ્ટ - સ્વરૂપ ભ્રષ્ટ મોહમૂઢ આત્મા આત્માને કસાવી દેનારી ઘણા વિકલ્પોની જાલ જ્યાં ફેલાયેલી હતી એવા 'ભૂરિ વિકલ્પ જલ ગહન'માં - વિકલ્પના ગાઢ જંગલમાં પોતાના નિજ સ્વરૂપથી દૂર દૂર જઈ ભમતો હતો. दूरादेव विवेकनिम्नगमनान्नीतो निजौघं बलात् - હવે તેને દૂરથી જ 'વિવેક નિમ્ન ગમનથી બળથી નિજ ઓઘમાં લઈ જવામાં આવ્યો', અર્થાત્ વિવેકરૂપ 'નિમ્ન' - નીચાણવાળા ભાગમાં ગમનથી બળથી - જબરજસ્તીથી પાછો પોતાના ઓઘમાં - 'નિજ ઓઘમાં' લઈ જવામાં આવ્યો. विज्ञानैकरसस्तदेकरसिनामात्मानमात्माहरन् । - એટલે હવે પછી આવો વિજ્ઞાનૈકરસવાળો આત્મા વિજ્ઞાનૈકરસીઓને આત્માને આહરતો - લઈ આવતો, જલની જેમ આત્મામાં જ 'सदा गतानुगतता' પામે છે, પાણીનો વ્હેળો જેમ પોતાના ઓઘમાં - પ્રવાહમાં ભળી પછી તે જ પોતાના જલપ્રવાહમાં ગમનાનુગમન કર્યા કરે છે, તેમ આ આત્મા પણ પાછો પોતાના 'નિજ ઓઘમાં' - નિજ સિદ્ધ શુદ્ધ સ્વરૂપ પ્રવાહમાં ભળી ગયા પછી તેમાં જ સદાને માટે શાશ્વતપણે ગમન અને અનુગમન કર્યા કરે છે - आत्मन्येव सदा गतानुगतामायात्यं तोयवत् ।



સવિકલ્પનું કર્તૃ-કર્મત્વ નાશતું નથી એવું તત્ત્વ રહસ્ય દાખવતો **સમયસાર કળશ (૯૫)** પ્રકાશે છે -

અનુષ્ટુપ્

विकल्पकः परं कर्ता, विकल्पः कर्म केवलं ।
न जातु कर्तृ कर्मत्वं, सविकल्पस्य नश्यति ॥९५॥

વિકલ્પક જ છે કર્ત્તા, વિકલ્પ કર્મ કેવલ;
ન કદી કર્તૃકર્મત્વ, સવિકલ્પનું નાશતું. ૯૫

અમૃત પદ-૯૫

'જીવ્યું ધન્ય તેહનું' - એ રાગ

કર્ત્તાપણું બાળ તું !... ધ્રુવ પદ

વિકલ્પક કર્ત્તા કેવલ ખરે ! વિકલ્પ કેવલ કર્મ ભાસ !... કર્ત્તાપણું. ૧

કર્ત્તા-કર્મપણું સવિકલ્પનું, પામે નહિ કદી પણ નાશ... કર્ત્તાપણું. ૨

અર્થ - વિકલ્પક જ - વિકલ્પ કરનાર જ કર્ત્તા છે, વિકલ્પ જ કેવલ કર્મ છે, તેથી સવિકલ્પને કદી પણ કર્તૃ-કર્મત્વ નાશ પામતું નથી.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહીં વાર.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

''નિસિ દિન મિથ્યાભાવ બહુ, ધરૈ મિથ્યાતી જીવ;
તાતૈં ભાવિત કરમકૌ, કરતા કહ્યૌ સદીવ.'' - **શ્રી બના.કૃત સ.સા. કર્તા કર્મ અ. ૩૨**

આ અને પછીના કળશોમાં કર્તા-કર્મ અધિકાર અંગેનું સંપૂર્ણ તત્ત્વ વિજ્ઞાન મહાવૈજ્ઞાનિક (great spiritual scientists) **'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રજીએ** અનન્ય કુશળતાથી સંભૃત કર્યું છે, विकल्पकः परं कर्त्ता, विकल्पः कर्म केवलं - જે 'વિકલ્પક' - વિકલ્પ કરનાર છે તે જ કર્ત્તા અને જે 'વિકલ્પ' છે તે જ કેવલ - મૂર્ત્ત કર્મ છે, તેથી જે 'વિકલ્પ' કર્યા કરે છે, તે 'સવિકલ્પ'નું કર્ત્તાપણું નાશ પામતું નથી. એટલે તેનું સંસાર-સંસરણ પણ નાશ પામતું નથી. એટલે વિકલ્પ એજ કર્મનું મૂળ હોઈ સંસારનું મૂળ છે, માટે જે મુક્ત થવા ઈચ્છે એવા મુમુક્ષુએ વિકલ્પ કર્મ છોડવું જોઈએ.

આકૃતિ
વિકલ્પક
વિકલ્પ કર્મ
↓
સંસાર

''સદા અનંત વિકલપ જલ્પકૌં ધારતે,
કહા બંધત હો કર્મ નીકશી નિજ કર્મ કારતે;
વિકલ્પ વિનુ એક નિત્ય નિજ આ અનુભવો,
તો ન કરો પર બંધ ધરો ન ભવ નવો.'' - **શ્રી દેવચંદ્રજી કૃત દ્ર.પ્ર. ૩-૧૪**

કરે છે તે જાણતો નથી - જાણે છે તે કરતો નથી, એવી અદ્‌ભુત શબ્દ-અર્થ-તત્ત્વ ચમત્કૃતિથી અપૂર્વ તત્ત્વરહસ્ય પ્રકાશતો **સમયસાર - કળશ (૯૬)** સંગીત કરે છે -

રથોદ્ધતા

यः करोति स करोति केवलं,
यस्तु वेत्ति स तु वेत्ति केवलं ।
यः करोति न हि वेत्ति स क्वचित्,
यस्तु वेत्ति न करोति स क्वचित् ॥९६॥

જે કરે છ કરતો જ માત્ર તે, જેહ જાણત જ જાણતો જ તે;
જે કરે છ ન જ જાણ તે ક્વચિત્, જેહ જાણત કરે ન તે ક્વચિત્. ૯૬

અમૃત પદ-૯૬

'જીવ્યું ધન્ય તેહનું' - એ રાગ

કર્ત્તાપણું બાળ તું... ધ્રુવ પદ.

જે કરે તે કેવલ કરતો રહે, જાણે તે રહે કેવલ જાણ... કર્ત્તાપણું. ૧

જે કરે તે ક્વચિત ન જાણતો, જાણે તે ક્વચિત્ કરે ન જાણ... કર્ત્તાપણું. ૨

અર્થ - જે કરે છે તે કેવલ કરે છે અને જે જાણે છે તે જ કેવલ જાણે છે, જે કરે છે તે ક્વચિત્ જાણતો નથી અને જે જાણે છે તે ક્વચિત્ કરતો નથી.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જહાં કલપના જલપના, તહાં માનો દુઃખ છાંઈ;
મિટે કલપના જલપના, તબ વસ્તુ તિન પાઈ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

''કરૈ કરમ સોઈ કરતારા, જો જનૈ સો જાનનહારા;
જો કરતા નહિ જાને સોઈ, જનૈ સો કરતા નહિ હોઈ.''


- શ્રી બના. કૃત સ.સા. કર્તા કર્મ અ. ૩૩

અત્રે પરમ અદ્‌ભુત વચનભંગીની શબ્દ-અર્થ-તત્ત્વ ચમત્કૃતિથી પરમ પરમાર્થ-મહાકવિ-બ્રહ્મા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** થોડામાં થોડા સાદામાં સાદા શબ્દોમાં ઉંચામાં ઉંચા તત્ત્વજ્ઞાનનું ઉંચામાં ઉંચુ રહસ્ય દાખવતા આ પરમ તત્ત્વામૃતસંભૃત અપૂર્વ સુવર્ણ કળશનું સર્જન કર્યું છે - यः करोति स करोति केवलं, यस्तु वेत्ति स तु वेत्ति केवलं - જે કરે છે - કર્મ કરે છે, તે કેવલ-માત્ર કરે છે, જે જાણે છે, તે કેવલ-માત્ર કરે છે, જે જાણે છે, તે ક્વચિત્ - ક્યાંય પણ - ક્યારેય પણ - કાંઈ પણ જાણતો નથી, જે જાણે છે, તે ક્વચિત્ - ક્યાંય પણ - ક્યારેય પણ - કાંઈ પણ કરતો નથી, यः करोति न हि वेत्ति स कवचित्, यस्तु वेत्ति न करोति स क्वचित् ।

તાત્પર્ય કે - જે વિકલ્પરૂપ કર્મ કરે છે, તે કેવલ કર્મનો કર્ત્તા હોય છે, જ્ઞાતા હોતો નથી; જે જાણે છે તે કેવલ જ્ઞાતા હોય છે, વિકલ્પ કર્મનો કર્ત્તા હોતો નથી. જે વિકલ્પ - કર્મ કરે છે, તે જ કર્ત્તા-અજ્ઞાતા અજ્ઞાની છે; જે વિકલ્પ-કર્મ કરતો નથી, તે જ અકર્ત્તા-જ્ઞાતા જ્ઞાની છે. વિકલ્પ-કર્મ કરે છે તે અજ્ઞાની ને વિકલ્પ-કર્મ ન કરે તે જ જ્ઞાની.

''વિકલ્પ જાલ કલ્લોલ કરિ, ચપલ મનો જલ ફંદ;
ચિત દ્રહ ચેતનતા દૂરિ, જ્યું બાદર મેં ચંદ.'' - **શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૬૯**

આકૃતિ





કર્મમાં જ્ઞાન નથી ને જ્ઞાનમાં કર્મ નથી એવી અદ્‌ભુત શબ્દ-અર્થ ચમત્કૃતિથી અપૂર્વ તત્ત્વ ચમત્કૃતિ દાખવતો **સમયસાર - કળશ (૯૭)** પ્રકાશે છે -

ઇંદ્રવજ્રા

ज्ञप्तिः करोतौ न हि भासतेंतः,
ज्ञप्तौ करोतिः न हि भासतेंतः ।
ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने,
ज्ञाता न कर्तेतिः ततः स्थितं च ॥९७॥

જ્ઞપ્તિ કરોતિ મહીં ભાસતી ના, કરોતિ જ્ઞપ્તિ મહીં ભાસતી ના;
જ્ઞપ્તિ કરોતિ પ્રવિભિન્ન તેથી, જ્ઞાતા ન કર્ત્તા સ્થિત એમ તેથી. ૯૭

અમૃત પદ-૯૭


(રાગ ઉપરના પદ પ્રમાણે)

કરવાપણાની અંદર નિશ્ચયે, જાણવાપણું ભાસે ના જ... કર્ત્તાપણું બાળ તું ! ૧
જાણવાપણા અંદર નિશ્ચયે, કરવાપણું ભાસે ના જ... કર્ત્તાપણું. ૨
તેથી જાણવાપણું કરવાપણું, બન્ને ભિન્ન ભિન્ન તું જાણ... કર્ત્તાપણું. ૩
તેથી જ્ઞાતા ન કર્ત્તા સ્થિત એ, ભગવાન **અમૃતચંદ્ર**ની વાણ... કર્ત્તાપણું. ૪

અર્થ - જ્ઞપ્તિ (જાણપણું) કરોતિની (કરવાપણાની) અંદર ભાસતી નથી, કરોતિ (કરવાપણું) જ્ઞપ્તિની (જાણવાપણાની) અંદર ભાસતી નથી, તેથી જ્ઞપ્તિ (જાણવાપણું) અને કરોતિ (કરવાપણું) એ બન્ને વિભિન્ન છે અને તેથી કરીને જ્ઞાતા કર્ત્તા નથી - એમ સ્થિત છે.

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

આકૃતિ



જ્ઞપ્તિમાં 'કરોતિ' નથી : 'કરોતિ'માં જ્ઞપ્તિ નથી


''જ્ઞાન મિથ્યાત ન એક, નહિ રાગાદિક જ્ઞાન મહિ;
જ્ઞાન કર્મ અતિરેક, જ્ઞાતા સો કરતા નહિ.'' - **શ્રી બના. કૃત સ.સા. કર્તા કર્મ અ. ૩૪**

કરવાપણાની અંદર જાણવાપણું નથી ભાસતું અને જાણવાપણાની અંદર કરવાપણું નથી ભાસતું - એ અદ્‌ભુત તત્ત્વનું તત્ત્વ અપૂર્વ શબ્દ-અર્થ-તત્ત્વ ચમત્કૃતિથી દાખવતા આ અમૃત કળશમાં પણ શબ્દ બ્રહ્મના પરમ પારદૃશ્વા પરમર્ષિ **અમૃતચંદ્રજી**એ તેવો જ આર્ષ-દૃષ્ટા-સ્રષ્ટાનો અલૌકિક ચમત્કાર દાખવ્યો છે - ज्ञप्तिः करोतौ न हि भासतेंतः, ज्ञप्तौ करोतिश्च न भासतेंतः - જે 'કરોતિ' - કરવાપણું તેની અંદર 'જ્ઞપ્તિ' - જાણવાપણું ભાસતું નથી અને જે 'જ્ઞપ્તિ' - જાણવાપણું તેની અંદર 'કરોતિ' - કરવાપણું ભાસતું નથી. ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने - તેથી જ્ઞપ્તિ - જાણવાપણું અને કરોતિ - કરવાપણું એ બન્ને વિભિન્ન છે, અત્યંત ભિન્ન ભિન્ન - જૂદા જૂદા છે અને તેથી કરીને જ્ઞાતા - જાણનારો - જ્ઞાની હોય તે

કદી પણ કર્મનો કર્તા - કરનારો નથી, એમ સ્થિત છે - જ્ઞાની હોય તે કદી કર્મ કરે જ નહિ આ અખંડ નિશ્ચય છે - ज्ञाता न कर्तेति ततः स्थितं च, - આમ 'રાપ્' - ધાતુના ને 'કૃ' - ધાતુના સીધા સાદા વ્યાકરણના ક્રિયાપદના રૂપમાં જ ફલિત થતો કેવો અપૂર્વ તત્ત્વ ચમત્કાર દર્શાવ્યો છે !

''જ્ઞાન દૃષ્ટિ ચારિત્રમય, એક શુદ્ધ નિરદોષ;
સ્વસ્વરૂપ એકત્ર ભજિ, કરહિ કરમકો સોષ.'' - શ્રી દ્રવ્યપ્રકાશ, ૩-૭૭

આકૃતિ



કર્તા કર્મમાં નથી, કર્મ કર્તામાં નથી ઈ. છતાં મોહ શો ? એમ અપૂર્વ શબ્દ-અર્થ-તત્ત્વ ચમત્કૃતિથી અદ્‌ભુત તત્ત્વચમત્કૃતિ દર્શાવતો **સમયસાર - કળશ (૯૮)** લલકારે છે -

શાર્દૂલવિક્રીડિત

कर्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि नत्कर्तरि,
द्वंद्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्मस्थितिः ।
ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थितिः,
नेपथ्ये बत नानटीति रभसा मोहस्तथाप्येष किं ? ॥९८॥

કર્ત્તા કર્મ મહીં ન છે નકી જ ના છે કર્મ કર્ત્તા મહીં;
આ જો દ્વંદ્વ નિષેધ થાય અહિ તો શી કર્તૃ કર્મ સ્થિતિ ?
જ્ઞાતામાં નિત જ્ઞાતૃ કર્મ કરમે આ વ્યક્ત વસ્તુસ્થિતિ,
નેપથ્યે અહિ તોય રે ! રભસથી આ મોહ શેં નાટતો ? ૯૮

અમૃત પદ-૯૮

(રાગ ઉપરના પદ પ્રમાણે)

કર્તતા કર્મ મહિ ન છે નિશ્ચયે, કર્મ પણ કર્ત્તામાં છે ના જ... કર્ત્તાપણું. ૧
દ્વંદ્વ એહ નિષેધ જો થાય છે, કર્ત્તા કર્મ-સ્થિતિ તો ક્યાં જ ?... કર્ત્તાપણું. ૨
જ્ઞાતા જ્ઞાતામહિ કર્મ કર્મમાં, વસ્તુસ્થિતિ આ વ્યક્ત સદા જ... કર્ત્તાપણું. ૩
તોય રે ! નેપથ્યે મોહ શેં નાટતો ? પોકારે **અમૃત મુનિરાજ... કર્ત્તાપણું. ૪**
કર્ત્તા-કર્મનું તત્ત્વ વિજ્ઞાન આ, ભાખ્યું 'વિજ્ઞાનઘન' ભગવાન... કર્ત્તાપણું. ૫
અમૃતચંદ્ર મુનિચંદ્રે અહો ! પ્રકાશ્યો જગમાં જ્ઞાન ભાણ... કર્ત્તાપણું. ૫

અર્થ - કર્ત્તા કર્મમાં છે નહિ, તે કર્મ પણ નિયતપણે કર્ત્તામાં છે નહિ, એમ દ્વંદ્વ જો વિપ્રતિષેધાય છે, તો કર્તૃકર્મસ્થિતિ શી ? જ્ઞાતા જ્ઞાતામાં છે, કર્મ સદા કર્મમાં છે, એથી વ્યક્ત વસ્તુસ્થિતિ છે, તથાપિ આ મોહ અરે ! નેપથ્યમાં કેમ રભસથી (જોર શોરથી - આવેગથી) નાચી રહ્યો છે ?

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જે લોકમાં સાક્ષી કર્ત્તા પ્રથમ ચૈતન્ય જિન પ્રતિમા થા, ચૈતન્ય જિન પ્રતિમા થા.''

- શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ, ૨-૧૮૬

''સાધુ ભાઈ અપના રૂપ જબ દેખા... સાધુ.
કરતા કૌન કૌન કુની કરની, કૌન માગેગો લેખા ?'' - **આનંદઘન પદ-૬૬**

અત્રે આ અમૃત કળશમાં આચાર્યવર્ય **અમૃતચંદ્રજીએ** કર્તૃકર્મ વિજ્ઞાન અદ્‌ભુત વચન-વિન્યાસથી પ્રદ્યોતિત કર્યું છે, આત્મા કર્તા ચેતન છે અને પુદ્‌ગલકર્મ જડ છે. જડ-ચેતનનો વ્યાપ્ય-વ્યાપક ભાવ છે નહિ, એટલે કુંભનો કહેવાતો કર્ત્તા કુંભકાર જેમ કુંભમાં છે નહિ અને કુંભકારનું કહેવાતું કર્મ જેમ કુંભકારમાં છે નહિ, તેમ કર્મનો કહેવાતો કર્તા આત્મા કર્મમાં છે નહિ અને આત્માનું કહેવાતું કર્મ આત્મામાં છે નહિ. આમ વ્યાપ્ય-વ્યાપક ભાવના અભાવે - कर्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्तरि - કર્તા કર્મમાં છે નહિ અને કર્મ કર્તામાં છે નહિ, એમ આ દ્વંદ્વ - બન્ને વાત નિષેધવામાં આવે છે, તો પછી કર્તૃકર્મસ્થિતિ શી ? द्वंद्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्मस्थितिः । ચેતન આત્મા કર્ત્તા

અને જડ પુદ્‌ગલ તેનું કર્મ એ વસ્તુ ઉભવાનો અવકાશ જ ક્યાં છે ? જ્ઞાતા-જાણનાર એવો આત્મા જ્ઞાતામાં - આત્મામાં જ છે અને જાણનાર જ્ઞેય કર્મ સદા કર્મમાં જ છે, ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थितिः - એમ વ્યાપ્ય-વ્યાપક ભાવથી વ્યક્ત પ્રગટ વસ્તુસ્થિતિ છે. ત્રણે કાળમાં ન ફરે એવી અખંડ નિશ્ચયરૂપ વસ્તુ વ્યવસ્થા છે. नेपथ्ये बत नानटीति रमसा मोहस्तथाप्येष किं ? तथापि - તો પણ અરે ! નેપથ્યમાં - પડદામાં રહેલો આ મોહ હજુ રભસથી - વેગથી કેમ નાટક કરી રહ્યો છે ? ખરૂં જોઈએ તો આટલું આટલું સ્પષ્ટ તત્ત્વ વિવેચન કર્યા પછી મોહ ન જ રહેવો જોઈએ અને નાચાનાચ કરતા મોહનું નાટક બંધ થઈ જવું જ જોઈએ. છતાં તે મોહ-નટ પોતાનું નાટક કરતો હોય તો તે માટે અમારૂં સખેદ આશ્ચર્ય છે !

આકૃતિ



''કરમ કરમક રજસો ન્યારા, જે ધ્યાવહિ ચેતના કિ ધારા;
લહે નિત્ય પદ તેહ અનંત, સ્યાદ્‌વાદ સંત મહંત.''

- મહામુનિ શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૭૬



અથવા નાનટ્યતાં તથાપિ - અથવા મોહ ભલે નાટવે - નાટક કરે ! જ્ઞાન જ્ઞાન થાય ને પુદ્ગલ પુદ્ગલ થાય તેમ આ કેવલ જ્ઞાનજ્યોતિ ઝળહળે છે એવા ભાવનો આ અમૃત **સમયસાર - કળશ (૯૯) અમૃતચંદ્રજી** અપૂર્વ આત્મ ભાવોલ્લાસથી લલકારે છે -

मंदाक्रांता

कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव,
ज्ञानं ज्ञानं भवति च यथा पुद्गलः पुद्गलोपि ।
ज्ञानज्योति र्ज्वलितमचलं व्यक्तमंतस्तथोच्चै -
श्चिच्छक्तीनां निकरभरतोऽत्यंतगंभीरमेतत् ॥९९॥

કર્ત્તા કર્ત્તા જ્યમ ન બનતો કર્મ તે કર્મ ના જ,
જ્ઞાન જ્ઞાન જ્યમ જ બનતું પુદ્ગલો પુદ્ગલો જ;
જ્ઞાન જ્યોતિ જ્વલિત અચલા અંતરે વ્યક્ત તેમ;
ચિત્શક્તિના ભરથી અતિશે એહ ગંભીર એમ. ૯૯

અમૃત પદ-૯૯

અહો ! જ્ઞાન જ્યોતિ આ પ્રગટી ! કર્ત્તા કર્મપણું સહુ વિઘટી. ૧
કર્ત્તા કર્ત્તા જેમ ન થાયે, કર્મ પણ કર્મ ન જ થાયે,
જ્ઞાન જ્ઞાન જ જેમ જ હોયે, પુદ્ગલ પણ પુદ્ગલ હોયે... અહો ! જ્ઞાન. ૨
એમ જ્ઞાનજ્યોતિ જ્વલિત અચલ આ, વ્યક્ત અંતરમાં ઉદિત આ,
ચિત્શક્તિભરે ગંભીરા, ભાખે ભગવાન અમૃત ગિરા... અરો ! જ્ઞાન. ૩

અર્થ - અથવા ભલે નટવો - નાટક કરો - તથાપિ - જેમ કર્ત્તા કર્ત્તા ન થાય ને કર્મ પણ કર્મ ન થાય અને જેમ જ્ઞાન જ્ઞાન થાય, પુદ્ગલ પણ પુદ્ગલ થાય - તેમ ચિત્શક્તિઓના નિકર ભરથી અત્યંત ગંભીર એવી આ અચલ જ્વલિત જ્ઞાનજ્યોતિ અંતરમાં અત્યંતપણે વ્યક્ત થઈ. ૯૯

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,
બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર**
''શુદ્ધ બુદ્ધ ચિદાનંદ નિરદ્વંદ્વ ભી મુકુંદ,
અકંદ અમોદ કંદ અનાદિ અનંત હૈ;
નિરમલ પરબ્રહ્મ, પૂર ન પરમ જ્યોતિ,
પરમ અગમ અકીરિય મહાસંત રે.'' - **'દ્રવ્યપ્રકાશ'**, ૩-૭૪

અત્રે આ અધિકારના આ અંતિમ કળશ કાવ્યમાં મોહના સર્વનાશના પરમ ઉપાયરૂપ અનુપમ જ્ઞાન-જ્યોતિની મુક્ત કંઠે સ્તુતિ કરતાં પરમ જ્ઞાનજ્યોતિ સ્વરૂપ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** જ્ઞાનનું પરમ અદ્ભુત માહાત્મ્ય પ્રકાશે છે -- ज्ञानज्योतिर्ज्वलितमचलं व्यक्तमंतस्तथोच्चै - श्चिच्छक्तीनां निकरभरतोऽत्यंतगंभीरमेतत् । ચિત્શક્તિઓના નિકરભરથી - સમૂહભરથી જેનો તાગ ન મળી શકે એવી જે અત્યંત ગંભીર છે, એવી આ કદી પણ ચલાયમાન ન થાય એ 'અચલ', ઝળહળતી - ઉગ્ર સ્વરૂપ - તેજે જાજ્વલ્યમાન 'જ્વલિત' જ્ઞાનજ્યોતિ અંતરમાં એવી તો ઉગ્રપણે વ્યક્ત - પ્રગટ થઈ, કે જેથી

કર્ત્તા કર્ત્તા થાય નહિ ને કર્મ કર્મ થાય નહિ અને જ્ઞાન તે જ્ઞાન થાય ને પુદ્‌ગલ તે પુદ્‌ગલ જ થાય. कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव, ज्ञानं ज्ञानं भवति च यथा पुद्‌गलः पुद्‌गलोपि । અર્થાત્ આત્મા કેવલ જ્ઞાની બની કેવલ જ્ઞાતા જ રહે ને કર્ત્તા થાય નહિ અને કર્મ-કાર્મણવર્ગણા કર્મ થાય નહિ અને જ્ઞાનમય આત્મદ્રવ્ય અને પુદ્‌ગલમય પુદ્‌ગલદ્રવ્ય બન્ને જૂદા પડી પોતપોતાના નિજ નિજ સ્વરૂપે સ્થિત થાય. જ્ઞાન જ્યોતિના અનુપમ પ્રભાવે કર્તૃકર્મ ભાવથી મુક્ત થયેલો કેવલ જ્ઞાનસ્વરૂપ આત્મા કેવલ જ્ઞાનસ્વરૂપ જ રહે છે.*

''દૃશ્યને અદૃશ્ય કર્યું અને અદૃશ્યને દૃશ્ય કર્યું એવું જ્ઞાની પુરુષોનું આશ્ચર્યકારક અનંત ઐશ્વર્ય વીર્ય વાણીથી કહી શકાવું યોગ્ય નથી.''

''આત્માનું જેવું છે તેવું જ સ્વરૂપ તે જ યથાખ્યાત ચારિત્ર.''

''પરમ વીતરાગોએ આત્મસ્થ કરેલું, યથાખ્યાત ચારિત્રથી પ્રગટેલું એવું પરમ અસંગપણું નિરંતર વ્યક્તાવ્યક્તપણે સંભારૂં છું.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૯૫૭, ૮૯૬ (ઉપદેશ છાયા)



આમ કર્ત્તા-કર્મનો વેષથી વિમુક્ત થયેલા જીવ-પુદ્‌ગલ નિષ્કાંત થયા - આ અધ્યાત્મ નાટકની રંગભૂમિ પરથી રવાના થયા અને આમ જીવ-પુદ્‌ગલને કર્ત્તા-કર્મનો વેષ ઉતરાવી નાંખી - યથાજાતરૂપધર આત્મમગ્ન પરમ અધ્યાત્મ નાટ્યકાર અમૃતચંદ્રજીએ આ અધ્યાત્મ નાટકના દ્વિતીય અંકની પરમ અદ્‌ભુત નાટકીય રીતિએ ભવ્ય પૂર્ણાહુતિ કરી. ॐ नमः सिद्धं ।

॥ इति जीवाजीवौ कर्तृकर्मवेषविमुक्तौ निष्क्रांतौ ॥

॥ इति - श्रीमद् अमृतचन्द्रसूरिविरचितायां
समयसारव्याख्यायामात्मख्यातौ कर्तृ कर्मप्ररूपको द्वितीयोऽकः ॥२॥

॥ इति भगवती 'आत्मख्याति' उपरि स्वकृतौ डॉ. भगवानदासेन कृते 'अमृत पद' समेत 'अमृत ज्योति' महाभाष्ये कतृकर्म प्ररूपको द्वितीयः अधिकारः ॥२॥

અમૃત પદ

: કર્ત્તા :
ડો. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા
એમ.બી.બી.એસ.
૫, ચૌપાટી રોડ, (૫, કે.એમ. મુન્શી માર્ગ), મુંબઈ-૭

અમૃત પદ અનુક્રમણિકા

	પદ
૧.	નમન હો સમયસાર પ્રતિ !
૨.	નિત્ય પ્રકાશો ! નિત્ય પ્રકાશો !
૩.	મ્હારી હોજો પરમ વિશુદ્ધિ !
૪.	સમયસાર સ્વરૂપ તેહ ભાળે
૫.	ત્યાં લગી હોય ઉપયોગ વ્યવહારનો
૬.	શુદ્ધ નય તણા આદેશથી રે
૭.	અતઃ શુદ્ધ નય આધીનપણે રે
૮.	દેખો ! આત્મજ્યોતિ ઝળહળતી
૯.	જબ આત્મજ્યોતિ આ પ્રગટે
૧૦.	શુદ્ધ નય અભ્યુદય આ પામે
૧૧.	અનુભવો આત્મસ્વભાવ રે આત્મન્ !
૧૨.	દેવ સ્વયં શાશ્વત આ આત્મા રે !
૧૩.	આત્મ અનુભૂતિ જ્ઞાન અનુભૂતિ (શુદ્ધ નયાત્મિકા) બન્ને એક જ
૧૪.	જ્યોતિ પરમ તે હોજો અમને !
૧૫.	નિત્ય ઉપાસો ! નિત્ય ઉપાસો ! જ્ઞાનઘનો આ આત્મે
૧૬.-૧૯.	દર્શન-જ્ઞાન-ચારિત્રથી સાધિયે રે શુદ્ધાત્મા.
૨૦.	આત્મજ્યોતિ અનુભવીએ અમે.
૨૧.	શુદ્ધાતમ જે અનુભવ પાવે.
૨૨.	ત્યજો જગત હવે તો મોહ !
૨૩.	અલ્યા ! કર અનુભવ ! અનુભવ તું !
૨૪.	કાંતિથી જે ન્હવરાવે છે
૨૫.	અહો ! નગરની અનુપમ શોભા !
૨૬.	અહો ! જિનવર રૂપની શોભા !
૨૭.	આત્મા દેહથી ભિન્ન પરમાર્થથી
૨૮.	કોના બોધે બોધ ન ઉતરે ?
૨૯.	અનુભૂતિ આવિર્ભૂત થઈ આ
૩૦.	સર્વ પ્રદેશે સ્વરસથી ભરિયો, હું.
૩૧.	થયો ઉપયોગ આત્મારામ.
૩૨.	મજ્જન કરો રે મજ્જન કરો ! શાંતરસે.
૩૩.	જ્ઞાન મનોનંદન આ વિલસે
૩૪.	અલ્યા ! વિરમ વિરમ ! અલ્યા રે.
૩૫.	આત્મા અનુભવો આત્મા આત્મમાં રે
૩૬.	ચિત્ શક્તિ એ ચેતન કેરૂં છે સર્વસ્વ જ સાર
૩૭.	વર્ણાદિ આ નથી આત્માના, નથી રાગાદિ.
૩૮.	નિર્માણ જેનાથી જે કાંઈ
૩૯.	વર્ણાદિ સામગ્રી સમગ્ર પુદ્ગલનું નિર્માણ
૪૦.	જીવ વર્ણાદિમય કદી હોય ના
૪૧.	ચેતન ચકચકે આ અતિ, ચૈતન્ય લક્ષણ સાર.
૪૨.	ચેતન ચકચકે આ અતિ, ચૈતન્ય લક્ષણે.
૪૩.	ચેતન ચકચકે આ અતિ.
૪૪.	નાટક એહ અનાદિ દેખો ! પુદ્ગલ નટ.
૪૫.	જ્ઞાન-કરવતથી જીવ-અજીવનો ભેદ : કૌશલ. ॥ પ્રથમ અંક ॥
૪૬.	જુઓ ! જ્ઞાનજ્યોતિ આ સ્ફુરતી
૪૭.	ઉગ્યું જ્ઞાન ભેદનું, ઉગ્યું.
૪૮.	પુરાણ પુરુષ આ જ્ઞાની પ્રકાશે
૪૯.	મીંડું મૂકાવે કર્મનું, જ્ઞાની કર્તૃત્વ શૂન્ય રે
૫૦.	વિજ્ઞાન જ્વાલા જ્વલંત આ પ્રકાશતી
૫૧-૫૪.	જડ ક્રિયા-કર્મ તે જડ કરે
૫૫.	અહમ્ અનાદિ ત્હારૂં બાળ રે
૫૬.	આત્મભાવ જ કરે આત્મા, પર.
૫૭.	જ્ઞાન ભોજન અજ્ઞાનથી બગાડતો
૫૮.	અજ્ઞાને કર્ત્તા થઈ આત્મા
૫૯.	જ્ઞાની હંસ જાણતો, કર્તૃત્વ ન આણતો
૬૦.	જુઓ ! જ્ઞાનનો પ્રભાવ !
૬૧.	આત્મા આત્મને જ્ઞાન કરંતો
૬૨.	આત્મા જ્ઞાન સ્વયં જ ખરેખર !
૬૩.	જીવ જો પુદ્ગલ કર્મ કરે ના
૬૪.	દ્રવ્ય પુદ્ગલ આ પરિણામી
૬૫.	જીવ દ્રવ્ય છે આ પરિણામી
૬૬.	જ્ઞાનમય જ ભાવ ક્યાંથી જ્ઞાનિનો
૬૭.	જ્ઞાનમય જ્ઞાનિના ભાવો
૬૮.	અજ્ઞાનમય ભાવોની ભૂમિકા વ્યાપી

૬૯. અમૃત સાક્ષાત્ પીએ તે વિરલા
૭૦-૮૯. પક્ષ નિત ભેદતો, તત્ત્વ ચિત વેદતો
(૧) એક કહે બદ્ધ છે, અપર કહે તેમ ના
(૨) એક કહે મૂઢ છે, અપર કહે તેમ ના
(૩) એક કહે રક્ત છે, અપર કહે તેમ ના
(૪) એક કહે દ્વિષ્ટ છે, અપર કહે તેમ ના
(૫) એક કહે કર્તૃ છે, અપર કહે તેમ ના
(૬) એક કહે ભોક્તૃ છે, અપર કહે તેમ ના
(૭) એક કહે જીવ છે, અપર કહે તેમ ના
(૮) એક કહે સૂક્ષ્મ છે, અપર કહે તેમ ના
(૯) એક કહે હેતુ છે, અપર કહે તેમ ના
(૧૦)એક કહે કાર્ય છે, અપર કહે તેમ ના
(૧૧)એક કહે ભાવ છે, અપર કહે તેમ ના
(૧૨)એક કહે એક છે, અપર કહે તેમ ના
(૧૩)એક કહે સાંત છે, અપર કહે તેમ ના
(૧૪)એક કહે નિત્ય છે, અપર કહે તેમ ના
(૧૫)એક કહે વાચ્ય છે, અપર કહે તેમ ના
(૧૬)એક કહે વાચ્ય છે, અપર કહે તેમ ના
(૧૭)એક કહે ચેત્ય છે, અપર કહે તેમ ના
(૧૮)એક કહે દૃશ્ય છે, અપર કહે તેમ ના
(૧૯)એક કહે વેદ્ય છે, અપર કહે તેમ ના
(૨૦)એક કહે ભાત છે, અપર કહે તેમ ના
૯૦. એમ ઈચ્છાનુસારે બહુ પ્રકાર જ્યાં
૯૧. ચિન્મયો મહાન્ તેજ જેહ, તે જ છું જ હું
૯૨. ચેતું સમયસાર અપારો
૯૩. પુરાણ પુરુષ આ પરમ પ્રકાશે
૯૪. આત્મા ગતાનુગત કરે આત્મમાં
૯૫. વિકલ્પક કર્ત્તા કેવલ ખરે !
૯૬. જે કરે તે કેવલ કરતો રહે,
જાણે તે રહે કેવલ જાણ
૯૭. કરવાપણાની અંદર નિશ્ચયે,
જાણવાપણું ભાસે ના જ, ઈ.
૯૮. કર્ત્તા કર્મમાંહિ ન છે નિશ્ચયે,
કર્મ પણ કર્ત્તામાં છે ના જ
૯૯. અહો ! જ્ઞાન જ્યોતિ આ પ્રગટી !
॥ ઈતિ કર્ત્તા-કર્મ અધિકાર ॥

પુણ્ય-પાપ અધિકાર
૧૦૦. જ્ઞાન-અમૃતચંદ્ર ઉદય આ પામે
૧૦૧. શૂદ્રિકા ઉદરે જોડલે જન્મ્યા શૂદ્ર સાક્ષાત્
૧૦૨. કર્મ સર્વ નિશ્ચિતં, બંધ માર્ગાશ્રિતં
૧૦૩. કર્મ સર્વ જ બંધનો હેતુ,
જ્ઞાન જ મોક્ષ તણો હેતુ
૧૦૪. જ્ઞાન જ્ઞાનમાં ચરિયું (ફરિયું),
એ જ અમૃત મુનિનું શરણું
૧૦૫. જ્ઞાનાત્મ ભવન અનુભૂતિ
૧૦૬. જ્ઞાનભવન જ મોક્ષનો હેતુ
૧૦૭. કર્મ કરણ ન મોક્ષનો હેતુ
૧૦૮. કર્મકરણ ત્રિકારણે નિષેધ્યું
૧૦૯. મુમુક્ષુને સર્વ કર્મ સંન્યાસ
૧૧૦. કર્મ તો બંધનો હેતુ,
જ્ઞાન એક જ મોક્ષહેતુ
૧૧૧. જ્ઞાની હંસ તે તરે, વિશ્વ સર ઉપરે
૧૧.૨ જ્ઞાન જ્યોતિ પરમ આ ઉલ્લસી
॥ ઈતિ પુણ્ય-કર્મ અધિકાર ॥

આસ્રવ અધિકાર
૧૧૩. બોધ ધનુર્ધર જીતે
૧૧૪. જ્ઞાનીને આસ્રવ ભાવ અભાવ
૧૧૫. જ્ઞાની નિરાસ્રવ જ્ઞાયક એક જ
૧૧૬. નિત્ય નિરાસ્રવ આત્મા હોય
૧૧૭. દ્રવ્ય પ્રત્યય સંતતિ સર્વે
૧૧૮. પૂર્વબદ્ધ આ દ્રવ્ય પ્રત્યયો
૧૧૯. રાગ-દ્વેષ-મોહનો, નો'ય સંભવ કદી
૧૨૦. શુદ્ધનય અધ્યાસીને જે,
સદા ઐકાગ્ર્ય કળે છે.
૧૨૧. શુદ્ધનયથી થઈ પ્રચ્યુત જે,
બોધ દીએ છે મૂકી
૧૨૨. શુદ્ધનય ના ત્યજવો કદીયે
૧૨૩. શાંત મહસ્સ્ તે દેખે જગમાં
૧૨૪. ઉન્મગ્ન થયું એ જ્ઞાન અમૃત આ
॥ ઈતિ આસ્રવ અધિકાર ॥

સંવર અધિકાર
૧૨૫. ચિન્મય જ્યોતિ આ ઉલ્લસતી
૧૨૬. ભેદજ્ઞાન ચંદ્ર ઉદયંતો

૧૨૭. શુદ્ધ આત્માનુભવે જે રહે છે
૧૨૮. શુદ્ધ આત્માનુભવ જે ભાવે
૧૨૯. ભેદ વિજ્ઞાન આ ભાવવું
૧૩૦. ભાવવું ભેદવિજ્ઞાન આ, અખંડ ધારે.
૧૩૧. ભેદ વિજ્ઞાનથી સિદ્ધ, એના અભાવે બદ્ધ
૧૩૨. જ્ઞાન જ્ઞાનમાં નિયત ઉદિત આ

॥ ઈતિ સંવર અધિકાર ॥

નિર્જરા અધિકાર

૧૩૩. જ્ઞાનજ્યોતિ અપાવૃત તે તો
૧૩૪. જ્ઞાનતણું સામર્થ્ય તેહ છે,
વા વૈરાગ્ય તણું જ ખરે !
૧૩૫. સેવક તો ય અસેવક જ્ઞાની
૧૩૬. સમ્યગ્ દૃષ્ટિને નિયત હોય છે,
જ્ઞાન-વૈરાગ્યની શક્તિ
૧૩૭. હું તો સમ્યગ્ દૃષ્ટિ સ્વયં છું,
મને બંધ કરી ન હોયે
૧૩૮. આવો ! આવો ! અમૃત અમૃત આ
૧૩૯. પદ જ્ઞાન એક જ પદ ચાખો !
૧૪૦. એક જ્ઞાયક ભાવથી ભરિયો
૧૪૧. ચૈતન્ય રત્નાકર આ ઉછળે
૧૪૨. ક્લેશ કરો ભલે, ક્લેશ કરો કોઈ
૧૪૩. યત્ન કરો રે યત્ન કરો ! જગ,
પદ કળવા આ યત્ન કરો !
૧૪૪. જ્ઞાનીને પરપરિગ્રહનું શું કામ ?
૧૪૫. પરિગ્રહ એમ ફગાવી, સમસ્ત જ.
૧૪૬. પૂર્વબદ્ધ નિજ કર્મ વિપાકે
૧૪૭. વેદ્ય વેદક વિભાવ ચલત્વે
૧૪૮. જ્ઞાનીને કર્મ ન પરિગ્રહ ભાવ
૧૪૯. જ્ઞાની તો અબંધ હોય ભાવ
૧૫૦. ભલે ભોગ તું ! ભલે ભોગ તું !
૧૫૧. જ્ઞાની સતો વસ ! જ્ઞાની સતત તું !
૧૫૨. કર્મ ફલ પરિત્યાગ જ જેનું,
શીલ એક જ્ઞાની એવો
૧૫૩. ફલ ત્યાગ્યું તે કર્મ કરે ના
૧૫૪. સમ્યગ્દૃષ્ટિઓ જ સમર્થા,
સાહસ કરવા આવું
૧૫૫. નિઃશંક સતત સ્વયં સહજ તે
જ્ઞાન સદા વિંદંતો
૧૫૬. વેદના એક આ એક અચલ જે,
જ્ઞાન સ્વયં વેદાયે
૧૫૭. જે સત્ નાશ ન પામે,
જ્ઞાન સત્ સ્વયં તત્
૧૫૮. સ્વ રૂપ તે જ ખરે ! વસ્તુની ગુપ્તિ
૧૫૯. પ્રાણોચ્છેદને મરણ વદે છે,
જ્ઞાન પ્રાણ આત્માના
૧૬૦. એક જ જ્ઞાન અનાદિ અનંતું
૧૬૧. સમ્યગ્ દૃષ્ટિ તણા લક્ષણ આ
૧૬૨. સમ્યગ્ દૃષ્ટિ નટરાજ, નાટક કરતો

॥ ઈતિ નિર્જરા અધિકાર ॥

બંધ અધિકાર

૧૬૩. બંધનું નાટક ખતમ કરંતો,
જ્ઞાન નાયક આ ઊઠ્યો
૧૬૪. બંધનો હેતુ વિચારો રે સજ્જના !
૧૬૫. અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ
૧૬૬. તો પણ નિરર્ગલ ચરવું તે,
જ્ઞાનીને ન જ ઈષ્ટ
૧૬૭. જે જાણે છે તે ન કરે છે,
કરે તે જાણે ના જ
૧૬૮. પરનું કરે પર તે અજ્ઞાન છે રે
૧૬૯. પરનું કરે પર તે અજ્ઞાન છે રે
૧૭૦. અધ્યવસાન જ બંધ નિદાન છે રે
૧૭૧. અધ્યવસાનથી સર્વ કાંઈ આ,
આત્મ કરે છે આત્મ
૧૭૨. તેઓ જ યતિઓ જાણ
૧૭૩. શુદ્ધ જ્ઞાનઘન નિજ મહિમામાં,
સંતો ધૃતિ ન કાં બાંધે ?
૧૭૪. રાગાદિ આ કોની કૃતિ રે ?
૧૭૫. પરસંગ જ રાગાદિનું રે,
નિમિત્ત નિશ્ચય જાણ !
૧૭૬. વસ્તુ સ્વભાવ સ્વ જાણે જ જ્ઞાની
૧૭૭. વસ્તુ સ્વભાવ ન જાણે અજ્ઞાની
૧૭૮. બંધ ઉન્મૂલી ભગવાન આ રે,
આત્મા આત્મામાં સ્ફૂર્જંત

૧૭૯. જ્ઞાન જ્યોતિ અમૃત આ ઝળહળે
॥ ઈતિ બંધ અધિકાર ॥

મોક્ષ અધિકાર

૧૮૦. જયવંતું કૃતકૃત્ય જ્ઞાન આ !
૧૮૧. તીક્ષ્ણ પ્રજ્ઞા છીણી, સૂક્ષ્મ સંધિ પડી,
આત્મ ને કર્મનો ભિન્ન કરતી
૧૮૨. ભેદી બધું ય જે ભેદી શકાય ના,
એવો ચિદ્ જ છું હું શુદ્ધ
૧૮૩. અદ્વૈતા પણ ચેતના ના છોડે,
દર્શન જ્ઞાન દ્વિરૂપ
૧૮૪. ચિન્મય ભાવ જ ગ્રાહ્ય એક છે,
પર ભાવ હેય જ છેક
૧૮૫. સેવો સદા આ સિદ્ધાંત મુમુક્ષુ !
૧૮૬. અપરાધી જ બંધાય જગત્માં
૧૮૭. અપરાધી જ બંધાય જગત્માં
૧૮૮. સુખાસીનતાને પામેલા,
પ્રમાદમાં જે પડી રહ્યા
૧૮૯. નીચે નીચે કાં પડતા પ્રમાદી,
ઉંચે ઉંચે ન કાં ચડતા ?
૧૯૦. સ્વભાવ નિયમિત મુનિ શુદ્ધ હોતો
૧૯૧. ચૈતન્ય અમૃત પૂર મગ્ન તે રે,
શુદ્ધ ભવન્ જ મૂકાય
૧૯૨. પૂર્ણ જ્ઞાન જ્વલિત આ એવું,
મોક્ષ અક્ષયને કળતું
॥ ઈતિ મોક્ષ અધિકાર ॥

સર્વ વિશુદ્ધ જ્ઞાન અધિકાર

૧૯૩. જ્ઞાનપુંજ ઝગારા મારે
૧૯૪. કર્તૃત્વ સ્વભાવ ન ચિત્નો
૧૯૫. અકર્ત્તા સ્થિત જીવ સ્વભાવે
૧૯૬. ભોક્તૃત્વ ન ચિતનો
૧૯૭. ત્યજો અજ્ઞાનિતા-હે સજના !
૧૯૮. જ્ઞાની મુક્ત જ હોય ખરેખર !
૧૯૯. અજ્ઞાન તમસ્ પટ (તિમિર પછેડો) ઓઢી
૨૦૦. પરદ્રવ્ય ને આત્મ તત્ત્વનો,
સર્વ જ છે ન સંબંધ
૨૦૧. એક વસ્તુનો બીજા સાથે,
સંબંધ સર્વ નિષિદ્ધ
૨૦૨. ભાવકર્મનો કર્ત્તા જીવ
નિશ્ચય આ સિદ્ધાંત
૨૦૩. જીવ જ ભાવકર્મનો કર્ત્તા
૨૦૪. સ્યાદ્વાદ વિજયવંતો વર્ત્તે
૨૦૫. સાંખ્યો જેમ પુરુષ આર્હતો,
અકર્ત્તા જ મ સ્પર્શો !
૨૦૬. નિત્ય અમૃત ઓઘ સિંચિંતો
૨૦૭. ક્ષણિક એકાંતનો વાદ મ પ્રકાશજો !
૨૦૮. આત્માને શોધતાં આત્મા જ ખોયો !
૨૦૯. ચિત્ ચિંતામણિ માળ ચકાસે
૨૧૦. નિશ્ચય-વ્યવહાર દૃષ્ટિએ કરીએ
તત્ત્વ વિચાર
૨૧૧. કર્ત્તા તે જ નિશ્ચયે કર્મ જાણો
૨૧૨. સ્વભાવ ચળવવા આકુલ થઈ જીવડા !
૨૧૩. અપર કોણ અપરનું શું કરે છે અહીં ?
૨૧૪. અન્ય કરે અન્યનું તેહ વ્યવહારથી,
નિશ્ચયે તો બીજું કાંઈ ન માન્યું
૨૧૫. શુદ્ધ દ્રવ્યમાં મતિ અર્થીને,
તત્ત્વ શુદ્ધ અવધારો !
૨૧૬. ચંદ્ર ભૂમિને ન્હવરાવે છે,
ભૂમિ ચંદ્રની હોય નહિં
૨૧૭. જ્ઞાન જ્ઞાન ને જ્ઞેય જ્ઞેય જો
૨૧૮. સમ્યગ્દૃષ્ટિથી તત્ત્વદૃષ્ટિથી,
રાગ ને દ્વેષ ખપાવો !
૨૧૯. વસ્તુસ્થિતિ જીવ ! જોને રે ચેતન !
૨૨૦. રાગ-દ્વેષ દોષ અજ્ઞાન દોષે
૨૨૧. રાગ જન્મમાં અન્ય દ્રવ્યનો,
દોષ મૂઢ જે કાઢે
૨૨૨. સહજ સ્વરૂપ કાં ચૂકો રે ચેતન !
૨૨૩. જ્ઞાન સંચેતના ચેતો રે ચેતન !
૨૨૪. જ્ઞાન સંચેતના ચેતો રે ચેતન !
૨૨૫. વર્ત્તુ ચૈતન્યાત્મ આત્મમાં રે,
આત્માથી નિત્ય આત્મમાં રે,
૨૨૬. મોહથી જે મેં કર્યું હતું રે, પ્રતિકર્મી.
૨૨૭. મોહ વિલાસ આલોચી આ રે ! ઉદયતું.
૨૨૮. મોહ ફગાવી પચ્ચખી રે,
ભવિષ્યનું સહુ કર્મ.

૨૨૯. એમ સમસ્ત નિરસ્ત કરી, ત્રૈકાલિક
૨૩૦. કર્મ વિષ તરુ ફળો ગળો રે,
ભોગવ્યા વિણ મ્હારા જ
૨૩૧. નિઃશેષ કર્મફલો તણો રે,
એમ કર્યાથી સંન્યાસ
૨૩૨. નિષ્કર્મ શર્મ તે પામે દશાંતર
૨૩૩. પ્રશમરસ પીઓ સતા રે !
અહીંથી કાળ અનંત
૨૩૪. પદાર્થ પ્રગટ જ્ઞાન સ્વરૂપના
૨૩૫. શુદ્ધ જ્ઞાનઘન સંત, અન્યોથી અતિ ભિન્ન
૨૩૬. આત્મ સંધારણ પૂર્ણ આત્માનું,
એમ આત્મામાં કીધું
૨૩૭. આહારક અહીં કેમ જ હોયે,
આત્મા આ અણાહારી
૨૩૮. લિંગ ન મોક્ષનિદાન જ્ઞાનીને
૨૩૯. દર્શન-જ્ઞાન-ચારિત્રમય આત્મા,
મોક્ષમાર્ગ આ એક
૨૪૦. મોક્ષમાર્ગ આ એક જગત્માં
૨૪૧. દ્રવ્ય લિંગ મમકારી, દેખે ન સમયસાર.
૨૪૨. વ્યવહાર મૂઢને પરમાર્થભાન ના.
૨૪૩. દ્રવ્ય લિંગ મમકાર અંધ તે,
દેખે ન સમયસાર.
૨૪૪. સમયસારથી ઉત્તર કંઈ ના, નિશ્ચયથી.
૨૪૫. એક એહ જ જગચક્ષુ અક્ષય,
અત્ર પૂર્ણતા પામે
૨૪૬. જ્ઞાન માત્ર આ તત્ત્વ આત્મનું
॥ ઈતિ સર્વ વિજ્ઞાન શુદ્ધ અધિકાર ॥

સ્યાદ્વાદ અધિકાર

૨૪૭. સ્યાદ્વાદ શુદ્ધિ અર્થ
૨૪૮. બાહ્ય અર્થોથી પીવાયલું સર્વથા
૨૪૯. વિશ્વને જ્ઞાન માની, સ્વ તત્ત્વાશથી
૨૫૦. બાહ્ય અર્થો તણા, સ્વભાવે ઘણા
૨૫૧. જ્ઞેયાકાર કલંકથી વિચિત્ર આ ચિતિતણું.
૨૫૨. પ્રત્યક્ષ આલેખિયા, સ્ફુટ જ દેખિયા.
૨૫૩. સર્વ દ્રવ્યો મયો પુરુષને માનતો
૨૫૪. ભિન્ન ક્ષેત્રે સ્થિતા, બોધ નિયત થતા.
૨૫૫. સ્થિતિ કરવા સ્વ-ક્ષેત્રે પૃથગ્ વિધ,
પર ક્ષેત્ર સ્થિત.
૨૫૬. પૂર્વ આલંબિયા, જ્ઞેય નાશ સમયમાં.
૨૫૭. અર્થાલંબન તણા, કાળમાં જ જ્ઞાનનું.
૨૫૮. માની પરભાવથી, ભાવ પોતા તણો.
૨૫૯. અધ્યાસી આત્મમાં, ભવન સર્વ ભાવનું.
૨૬૦. નાશોત્પાદ મુદ્રિતા, વહતા જ્ઞાનાંશની.
૨૬૧. ટંકોત્કીર્ણ શુદ્ધ અતિ, બોધ વિસરાકૃતિ.
૨૬૨. અજ્ઞાનમૂઢો પ્રતિ, જ્ઞાનમાત્ર જ અતિ.
૨૬૩. તત્ત્વ અનેકાંતની, એમ વ્યવસ્થા થકી.
૨૬૪. એમ અનેકાંત તત્ત્વ, અનેક શક્તિસંપન્ન.
૨૬૫. દૃષ્ટિ અનેકાંત સંગતા,
સ્વયં જ વસ્તુ વર્ત્તત.
૨૬૬. મોહ કરી વિણ જંપ, કેમ કરી જે પાત્ર.
૨૬૭. સ્યાદ્વાદ કૌશલ યુક્ત,
સુનિશ્ચલ સંયમ યોગ.
૨૬૮. ચિત્ પિંડ ચંડિમ વિલસિ રહ્યું,
વિકાસ હાસ ઉદાત્ત
૨૬૯. સ્યાદ્વાદ દીપિત પ્રકાશ માંહિ,
લંસતું મહસ્ મહિત.
૨૭૦. ચિત્રાત્મ શક્તિ સમુદાયમયો,
આત્મા એહ પ્રકાશ.
૨૭૧. જ્ઞાનમાત્ર આ ભાવ જેહ હું.
૨૭૨. ક્વચિત્ લસંતું રંગબેરંગી.
૨૭૩. એહ તરફ અનેકતા પામ્યો.
૨૭૪. એક તરફ કષાય કલિ સ્ખલંતો.
૨૭૫. જય સહજાત્મ સ્વરૂપી પુંજ.
૨૭૬. ઝલહળજો આ અમૃત જ્યોતિ !
(સંવિદ્ આદિકથી અક્ષય જે.)
॥ ઈતિ સ્યાદ્વાદ અધિકાર ॥
૨૭૭. વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે હાવાં,
કિંચિત્ ખરે ! ન કિં ચિત્.
૨૭૮. 'સ્વરૂપ ગુપ્ત' અમૃતચંદ્ર સૂરિનું,
કિંચિત્ કર્ત્તવ્ય જ છે ના.
॥ ઈતિ અમૃત પદ ॥

ૐ

ૐ

(પૂર્વરંગ)

અમૃત પદ-૧*

નમન હો સમયસાર પ્રતિ ! નમન હો સમયસાર પ્રતિ !
પ્રગટ સ્વાનુભૂતિ દ્વારા એ, રહ્યો પ્રકાશી જેહ અતિ... નમન હો ! ૧
ચિત્ સ્વરૂપ છે સ્વભાવ જેનો, ભાવરૂપ જે વસ્તુ છતી,
અન્ય સર્વ ભાવાંતર કેરો, પરિચ્છેદ જે કરે અતિ... નમન હો ! ૨
આત્મખ્યાતિથી આત્મખ્યાત તે, અમૃતચંદ્રજી પરમ મતિ,
દાસ ભગવાન અમૃત પદ રચતો, નમન કરે છે નિત્ય પ્રતિ... નમન હો ! ૩



અમૃત પદ - ૨

નિત્ય પ્રકાશો ! નિત્ય પ્રકાશો ! મૂર્ત્તિ અનેકાન્તમયી પ્રકાશો !
પ્રત્યગ્ આત્માનું તત્ત્વ પ્રત્યગ્ આ, અંતઃ પેખતી નિત્ય પ્રકાશો !... નિત્ય. ૧
પરની સાથે એક ન અંતો, એમ નિષેધે જેહ એકાંતો,
એક વસ્તુના અનેક અંતો, એમ પ્રરૂપે જે અનેકાંતો... નિત્ય પ્રકાશો ! ૨
પરની સાથે એક ન એવું, અનંત ધર્મી આતમ કેરું,
તત્ત્વ નિરાળું જેહ નિહાળે, સર્વથી જૂદું સાવ અનેરું... નિત્ય પ્રકાશો ! ૩
મૂર્ત્તિ અનેકાંતમયી, તે પ્રકાશો ! સર્વ એકાંતનો કરતી પ્રણાશો,
ભગવાન અમૃત ચેતન મૂર્ત્તિ, મૂર્ત્તિ અનેકાંતમયી પ્રકાશો !... નિત્ય પ્રકાશો ! ૪



परमर्षि अमृतचंद्राचार्य कृत अद्भुत दिव्य समयसार कलश रचना

नमः समयसाराय, स्वानुभूत्या चकासते ।
चित्स्वभावाय भावाय सर्व भावांतरच्छिदे ॥१॥
अनंतधर्मणस्तत्त्वं, पश्यंती प्रत्यगात्मनः ।
अनेकान्तमयीमूर्त्तिं नित्यमेव प्रकाशताम् ॥२॥

મહાકવિ અમૃતચંદ્ર વિરચિત અમૃત સમયસાર કલશનો યથાર્થ ભાવ ઝીલી ગૂર્જરીમાં ઉતારેલ ભાવોદ્ઘાટન રૂપ અમૃત પદ - ભગવાનદાસ

અમૃત પદ - ૩

'અવધૂ વૈરાગ બેટા જાયા' - એ રાગ

મ્હારી હોજો પરમ વિશુદ્ધિ ! મ્હારી હોજો પરમ વિશુદ્ધિ !
સમયસાર વ્યાખ્યાએ મ્હારી, હોજો પરમ વિશુદ્ધિ !... મ્હારી. ૧
અભિધાન જે મોહ ધરાવે, પર પરિણતિ નિપજાવે,
રાગ આદિની તાસ પ્રભાવે, સતત મલિનતા આવે... મ્હારી. ૨
તો પણ હું શુદ્ધ ચેતના, મૂર્ત્તિ શુદ્ધ સ્વભાવે,
સમયસાર કીર્ત્તનથી ભગવાન, અમૃત અનુભવ પાવે... મ્હારી. ૩



(मालिनी)
परपरिणतिहेतो र्मोहनाम्नोऽनुभावा -
दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः ।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्त्ते -
र्भवतु समयसार व्यायैवानुभूतेः ॥३॥
પર પરિણતિ હેતુ મોહ કેરા પ્રભાવે,
સતત મલિન થાતી રાગ-દ્વેષાદિ ભાવે,
મમ શુદ્ધ ચિન્મૂર્ત્તિ શુદ્ધિ હોજો પરા જ ,
અનુભૂતિથી સમૈ આ સાર વ્યાખ્યાથી આ જ.

અમૃત પદ - ૪

'સાહેબા વાસુપૂજ્ય જિણંદા' - એ રાગ

સમયસાર સ્વરૂપ તેહ ભાળે, જ્યોતિ પરમ તેહ નિહાળે,
ઝળહળ જ્યોતિ અતિ ઝળહળતી, આતમ અનુભવ માંહિ ભળતી... સમયસાર. ૧
નય ઉભયનો ઝઘડો મિટાવે, 'સ્યાત્' મુદ્રા અંક ધરાવે,
એવા જિનવચને જે રમે છે, આપોઆપ જ મોહ વમે છે... સમયસાર. ૨
તેહ સમયસાર તતકાળે, પરં જ્યોતિ પ્રગટ નિહાળે,
નથી નવીન જે ઉપજેલી, પુરાણી જે છે જ રહેલી... સમયસાર. ૩
પક્ષ એકાંતિક જે ઝાલે, એવા દુર્નય પક્ષની જાલે,
ખુંદન (ખંડન) જેનું ન જ કોઈ કાળે, એવી ઝળહળ જ્યોતિ નિહાળે... સમયસાર. ૪
સમયસારનું દર્શન પામે, પ્રગટ આત્મ અનુભવ ધામે,
અમૃતચંદ્ર સ્વરૂપ તે જ્યોતિ, દાસ ભગવાન લીએ તે ગોતી... સમયસાર. ૫

અમૃત પદ - ૫

'ધાર તરવારની' - એ રાગ

ત્યાં લગી હોય ઉપયોગ વ્યવહારનો, જ્યાં લગી ભૂમિકા પૂર્વ વ્યાપે,
પૂરવ પદવીમહિં, પદ ધરે જે અહિં, તેહને હસ્ત અવલંબ આપે... ત્યાં લગી. ૧
યદ્યપિ એમ વ્યવહાર છે કામનો, પણ પછી તેહનો કંઈ ન કામો,
જેહ પરમાર્થથી પરવિરહિતો, અંતરે પેખતા, તેહને તે નકામો... ત્યાં લગી. ૨
આ પરમ અર્થ તો શુદ્ધ ચેતન તણો, ચિત્ ચમત્કાર માત્ર પ્રભાસે,
સકલ પરભાવવિરહિત ભગવાનની, મૂર્ત્તિ અમૃતમયી જે પ્રકાશે... ત્યાં લગી. ૩

(માલિની)

* उभयनयविरोधध्वंसिनि स्यात्पदांके,
जिनवचसि रमंते ये स्वयं वांतमोहाः ।
सपदि समयसारं ते परंज्योतिरुच्चै -
रनवमनयपक्षाक्षुण्णमीक्षंत एव ॥४॥

व्यवरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या -
मिह निहितपदानां हंत हस्तावलंबः ।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं,
परविरहितमंतः पश्यतां नैष किंचित् ॥

અમૃત પદ - ૬

'મૂળ માર્ગ સાંભળો જિનનો રે' - એ રાગ

એક આત્મા હો અમને આ અહો ! રે... ધ્રુવપદ
શુદ્ધ નય તણા આદેશથી રે, એકત્વમાં નિયત જે હોય... એક આત્મા.
નિજ ગુણ પર્યાયને વ્યાપતો રે, પૂર્ણ વિજ્ઞાનઘન જે સ્હોય... એક આત્મા. ૧
સર્વ અન્ય દ્રવ્યોથી સર્વથા રે, જેહ વર્ત્તે છે ભિન્ન સ્વરૂપ... એક આત્મા.
એવા આત્માનું દર્શન જે અહીં રે, તે જ સમ્યગ્ દર્શન રૂપ... એક આત્મા. ૨
અને સમ્યગ્ દર્શન તે જ આત્મા રે, આત્મા સમ્યગ્ દર્શન પ્રમાણ... એક આત્મા.
એમ નિયમથી અવધારવું રે, એવી નિશ્ચય નયની વાણ... એક આત્મા. ૩
તેથી નવ તત્ત્વો તણી સંતતિ રે, મૂકી દઈને તમામ... એક આત્મા.
અમને એક હો આતમા આ અહો રે, ભગવાન જે અમૃત ધામ... એક આત્મા. ૪

અમૃત પદ - ૭

'મૂળ માર્ગ સાંભળો જિનનો રે' - એ રાગ

(એક આત્મા હો અમને આ અહો રે - એ ધ્રુવપદ ચાલુ)

અતઃ શુદ્ધ નય આધીનપણે રે, પ્રત્યગ્ જ્યોતિ ભિન્ન પ્રકાશે એહ... એક આત્મા.
નવ તત્ત્વ ગતત્વમાં ખરે રે ! એકપણું ન મૂકે જેહ... એક આત્મા. ૧
જ્ઞાન રશ્મિ અમૃત આ પ્રસારતી રે, અનુભવ અમૃત રસ ઉદ્દામ... એક આત્મા.
ભગવાન અમૃત જ્યોતિ એ પ્રકાશતી, નવ તત્ત્વ મધ્યે પણ આમ... એક આત્મા. ૨

शार्दूलविक्रीडित

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः,
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यांतरेभ्यः पृथक् ।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं,
तन्मुक्त्वा नवतत्त्वसंततिमिमामात्मायमेकोस्तु नः ॥६॥

अनुष्टुप्

अतः शुद्धनयायत्तं, प्रत्यग्ज्योति श्चकासति तत् ।
नवतत्त्वगतत्वेपि, यदेकत्वं न मुंचति ॥७॥

અમૃત પદ - ૮

'અવધૂ ! વૈરાગ બેટા જાયા' - એ રાગ

દેખો ! આત્મજ્યોતિ ઝળહળતી ! દેખો ! આત્મજ્યોતિ ઝળહળતી... (ધ્રુવપદ)
ચિરકાળથી જે નવતત્ત્વોમાં, ગઈ હતી છુપાઈ,
વર્ણમાલમાં નિમગ્ન સુવર્ણ શું, આજે પ્રગટ કરાઈ... દેખો ! ૧
અન્ય સર્વ ભાવોથી તે તો, ભિન્ન સતત દેખાતી,
વિવિક્ત એવી પરમ જ્યોતિ તે, એકરૂપ પેખાતી... દેખો ! ૨
પ્રતિપદે ઉદ્યોતી રહેલી, એકરૂપ તે દેખો !
ભગવાન આતમ જ્યોતિ એવી, અમૃત મૂર્ત્તિ લેખો... દેખો ! ૩

અમૃત પદ - ૯

'અવધૂ ! કયા સોવે તન મઠમેં' - એ રાગ

જબ આત્મ જ્યોતિ આ પ્રગટે, તબ દ્વૈત ભાવ સબ વિઘટે... જબ. ૧ (ધ્રુવપદ)
નય લક્ષ્મીનો ઉદય ન જામે, પ્રમાણ અસ્ત જ પામે,
ક્યાંઈ જાય નિક્ષેપ - ન લહીએ, બીજું તો શું કહીએ ?... જબ. ૨
સર્વંકષ આ ધામ સ્વભાવે, ભગવાન અનુભવ આવે,
તબ તો દ્વૈત જ કાંઈ ન ભાસે, અમૃત જ્યોતિ પ્રકાશે... જબ. ૩

માલિની

चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं,
कनकमिव निमग्नं वर्णमालाकलापे ।
अथ सततविविक्तं दृश्यतामेकरूपं,
प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम् ॥८॥

उदयति न नयश्रीरस्तमेति प्रमाणं
क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रं ।
किमपरमभिदध्मो धाम्नि सर्वंकषेऽस्मि -
न्ननुभवमुपयाते भाति न द्वैतमेव ॥९॥

અમૃત પદ - ૧૦

'થાશું પ્રેમ બન્યો છે રાજ' - એ રાગ

શુદ્ધ નય અભ્યુદય આ પામે, નિશ્ચય દૃષ્ટિ ઠામે,
આત્મસ્વભાવ પ્રકાશ કરંતો, અનુભવ અમૃત ધામે... શુદ્ધનય. ૧
પરભાવોથી ભિન્ન અતિશે, પૂર્ણ સ્વરૂપ અવભાસે,
આદિઅંતથી (માં) મુક્ત એક તે, આત્મસ્વભાવ પ્રભાસે... શુદ્ધનય. ૨
જાલ સકલ સંકલ્પ વિકલ્પની, વિલીન જ્યાં થઈ જાવે,
આત્મસ્વભાવ **અમૃતમય** એવો, દાસ ભગવાન પ્રગટાવે... શુદ્ધનય. ૩

અમૃત પદ - ૧૧

'મનડું કિમહી ન બાઝે રે હો કુંથુ જિન' - એ રાગ

અનુભવો આત્મસ્વભાવ રે આત્મન્ ! અનુભવો આત્મ સ્વભાવ,
સર્વ દિશે ઉદ્યોત કરંતો, દેખો પ્રગટ આ સાવ રે... રે આત્મન્ ! અનુભવો. ૧
બદ્ધસ્પૃષ્ટાદિ ભાવો સ્ફુટ આ, ઉપર તરે છે જેની,
તો ય પ્રતિષ્ઠા ત્યાં ન જ પામે, સ્થિતિ કરે ત્યાં શેની... રે આત્મન્ ! ૨
કમલ દલ શું જલમાં આત્મા, અબદ્ધસ્પષ્ટ અલેપ,
મૃતિકા દ્રવ્ય શું એહ અનન્ય, ન અન્ય પર્યય ક્ષેપ... રે આત્મન્ ! ૩
સમુદ્ર જેમ સદાયે આ તો, નિયત વ્યવસ્થિત હોય,
પર્યાય દૃષ્ટિ છોડી કનક શું, અવિશેષ આ જોય... રે આત્મન્ ! ૪
અગ્નિ સંયોગે ઔષ્ણ્ય તોય, જલ શીતલ સ્વભાવે,
કર્મ સંયોગ છતાં યે ત્યમ આ, અસંયુક્ત સ્વભાવ... રે આત્મન્ ! ૫
એમ અબદ્ધસ્પૃષ્ટ અનન્ય, નિયત ને અવિશેષ,
અસંયુક્ત આ નિશ્ચય વર્તે, આત્મસ્વભાવ અશેષ... રે આત્મન્ ! ૬
એવો આત્મ સ્વભાવ **અમૃત** આ, ઝળહળતો ચોપાસે,
મોહ ત્યજી જગ ભગવાન ભાખે, કરો અનુભવ અભ્યાસે... રે આત્મન્ ! ૭

(उपजाति)

आत्मस्वभावं परभावभिन्न - मापूर्णमाद्यंतविमुक्तमेकं ।
विलीनसंकल्पविकल्पजालं प्रकाशयन् शुद्धनयोभ्युदेति ॥१०॥

(मालिनी)

न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी,
स्फुटमुपरि तरंतोप्येत्य यत्र प्रतिष्ठां ।
अनुभवतु तमेव द्योतमानं समंतात्,
जगदपगतमोहीभूय सम्यक्स्वभावं ॥११॥

અમૃત પદ - ૧૨

'મૂળ મારગ સાંભળો જિનનો રે' - એ રાગ

દેવ સ્વયં શાશ્વત આ આતમા રે, ઝળહળ જ્યોતિ નિહાળ ! દેવ.
પ્રગટ અનુભવે પ્રકાશતો રે, જો આમ અંતર નિભાળ !... દેવ. ૧
ભૂત ભાવિ અને વર્તમાનનો રે, બંધ નિર્ભેદીને તતકાળ... દેવ.
કોઈ હઠથી હઠાવી મોહને રે, સુધી કરે અંતરમાં ભાળ... દેવ. ૨
તો આત્મા ત્યાં વ્યક્ત બિરાજતો રે, કરતો ધ્રુવ પદ આરામ... દેવ.
એક આત્માનુભવે જ જેહનો રે, ગમ્ય હોય મહિમા ગુણધામ... દેવ. ૩
રહિત કર્મકલંકના પંકથી રે, જે રહ્યો સદા અકલંક... દેવ.
એવો દિવ્યપણાથી શોભતો રે, દેવ આત્મા જ પોતે અશંક... દેવ. ૪
આત્મદેવ એવો ભગવાન આ રે, શાશ્વત સદા સ્થિતિવાન... દેવ.
અહો ! જેહ આરાધતાં પામીએ રે, **પરમામૃત** પદવી ઠાણ... દેવ. ૫

અમૃત પદ - ૧૩

'થાશું પ્રેમ બન્યો છે રાજ' - એ રાગ

આત્મ અનુભૂતિ જ્ઞાનઅનુભૂતિ, બન્ને એક જ જાણો,
આત્મા એહ જ જ્ઞાન સ્વરૂપી, અનુભવમાં એ આણો... આત્મ અનુભૂતિ... ૧
શુદ્ધ નયાત્મક શુદ્ધ આત્મની, અનુભૂતિ જે અહીં જાણો,
તે જ અનુભૂતિ જ્ઞાન તણી છે, નિશ્ચય એમ પ્રમાણો... આત્મ અનુભૂતિ. ૨
જ્ઞાન અને આત્મા એક જ એ, નિશ્ચય ધી અવધારી,
આત્માને નિજ આત્મામાંહિજ, નિષ્પ્રકંપ અતિ ધારી... આત્મ અનુભૂતિ. ૩
જોતાં એક જ નિત્ય જ્ઞાનઘન, સર્વ દ્વિશેય પ્રકાશે,
ભગવાન અમૃત જ્યોતિ આ, આત્માનુભવ વિલાસે... આત્મ અનુભૂતિ. ૪

शार्दूलविक्रीडित

भूतं भांतमभूतमेव रभसान्निर्भिद्य बंधं सुधी -
र्यद्यंतः किल कोप्यहो कलयति व्याहत्य मोहं हठात् ।
आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोयमास्ते ध्रुवं,
नित्यं कर्मकलंकपंकविकलो देवः स्वयं शाश्वतः ॥१२॥

वसंततिलका

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या,
ज्ञानानुभूतिरियमेव किलेति बुद्ध्या ।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकंपा -
मेकोस्ति नित्यमवबोधघनः समांतात् ॥१३॥

અમૃત પદ - ૧૪

'શ્રી સીમંધર જિનવર સ્વામી, વિનતડી અવધારો' - એ રાગ

જ્યોતિ પરમ તે હોજો અમને ! જ્યોતિ પરમ તે હોજો !
અંતરમાં ને બ્હાર જ્વલંતી, નિત્ય પ્રકાશિત હોજો !... રે જ્યોતિ પરમ. ૧
અખંડિત જે વરતે સ્વભાવે, અનાકુલિત પરભાવે,
અનંત એવી ઝગમગ જ્યોતિ, અંત કદી જસ ના'વે... રે જ્યોતિ પરમ. ૨
સહજ સ્વભાવે વિના પ્રયાસે, અકૃત્રિમ જેહ ઉલ્લાસે,
સહજાત્મસ્વરૂપે વિલસંતી, ભલે સદા તે પ્રકાશે... રે જ્યોતિ પરમ. ૩
ચેતના ઉછાળે ભરિયા, એકરસે ઉલ્લસંતી,
એકરસ સભરસની લીલા, સકલ કાલ દરશંતી... રે જ્યોતિ પરમ. ૪
ચિદ્‌ઘન એવી સકલ પ્રદેશે, ચૈતન્યરસ તે ઝરંતી,
ભગવાન અમૃત જ્યોતિ તે, સહજ સ્વરૂપ વરંતી... રે જ્યોતિ પરમ. ૫

पृथ्वी वृत्त

अखंडितमनाकुलं ज्वलदनंतमंतर्बहि -
र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा ।
चिदुच्छलननिर्भरं सकलकालमालंबते,
यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितं ॥१४॥

અમૃત પદ - ૧૫

'જય જિનદેવા' - એ રાગ, રત્નમાલા

નિત્ય ઉપાસો ! નિત્ય ઉપાસો ! જ્ઞાનઘનો આ આત્મ,
આત્મસિદ્ધિને ઈચ્છનારા રે, અહો ! મુમુક્ષુ મહાત્મ... નિત્ય ઉપાસો. ૧
જ્ઞાન અમૃત ઘન વૃષ્ટિ કરતો, પરમાનંદ પ્રધાન,
સકળ પ્રદેશે એહ આતમા, જ્ઞાન જ્ઞાન ને જ્ઞાન... નિત્ય ઉપાસો. ૨
સાધ્ય નિશ્ચયે આત્મા એહ જ, સાધક પણ છે આ જ,
દ્વિધા સાધ્ય સાધક ભાવે છે, છતાં એક આત્મા જ... નિત્ય ઉપાસો. ૩
એવા સાધ્ય.આ સાધક ભાવે, સદા ઉપાસો આત્મ,
જ્ઞાનઘનો અમૃત જ્યોતિ આ, ભગવાન પરમાત્મ... નિત્ય ઉપાસે. ૪

અમૃત પદ - ૧૬-૧૯

'પંથડો નિહાળું રે, બીજા જિન તણો રે' - એ રાગ

દર્શન જ્ઞાન ચારિત્રથી સાધિયે રે, શુદ્ધાત્મા નિજ સાધ્ય,
રત્નત્રયીથી નિશ્ચય પામિયે રે, આત્મસ્વરૂપ અબાધ્ય... દર્શન. ૧
દર્શન-જ્ઞાન-ચારિત્રે ત્રણપણું રે, સ્વયં એક અતિ ચિત્ર,
તેથી પ્રમાણથી એકી સાથમાં રે, આત્મા ચિત્ર-અચિત્ર... દર્શન. ૨
દર્શન જ્ઞાન ચારિત્ર એ ત્રણપણે રે, પરિણતપણે વિચિત્ર,
એક છતાં ત્રિસ્વભાવપણે કરી રે, છે વ્યવહારે ચિત્ર... દર્શન. ૩
સર્વ અન્ય ભાવોને ધ્વંસતા રે, સ્વભાવપણાથી પવિત્ર,
એક પ્રગટ આ જ્ઞાયક જ્યોતિથી, પરમાર્થથી અચિત્ર... દર્શન. ૪
ચિત્રપણામાં અચિત્રપણા મહીં રે, ચિત્રાચિત્રપણામાં જ,
આત્માની ચિન્તાથી જ બસ થયું રે, બીજું જોઈએ ના જ... દર્શન. ૫
દર્શન જ્ઞાન ચારિત્રથી સાધ્યની રે, સિદ્ધિ - ન અન્ય પ્રકાર,
એમ જ પ્રગટે અમૃત જ્યોતિ આ રે, ભગવાન સમયસાર... દર્શન. ૬

(અનુષ્ટુપ્)

एष ज्ञानघनो नित्य-मात्मसिद्धिमभीप्सुभिः ।
साध्यसाधकभावेन, द्विधैकः समुपास्याताम् ॥१५॥

दर्शनज्ञानचारित्रै स्त्रित्वादेकत्वतः स्वयं ।
मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः ॥१६॥
दर्शनज्ञानचारित्रेस्त्रिभिः परिणतत्वतः ।
ऐकोऽपि त्रिस्वभावत्वाद् व्यवहारेण मेचकः ॥१७॥
परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्ज्योतिषैकक: ।
सर्वभावांतरध्वंसिस्वभावत्वाद मेचकः ॥१८॥
आत्मनश्चिंतयैवालं मेचकामेचकत्वयोः ।
दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न चान्यथा ॥१९॥

અમૃત પદ - ૨૦

આત્મજ્યોતિ અનુભવીએ, અમે આ આત્મજ્યોતિ અનુભવીએ... ધ્રુવપદ
કોઈ પ્રકારે ત્રિવિધપણાને, ગ્રહતી તેહ છતાં યે,
અપતિત જ જે એકપણાથી, એક સદાય જણાયે... અમે આ આત્મજ્યોતિ. ૧
ભાવમલ વિભાવ નહિ જ્યાં, એવી અચ્છ સદાયે,
આત્મજ્યોતિ શુદ્ધ નિર્મળી, સતત જ અનુભવાયે... અમે આ આત્મજ્યોતિ. ૨
અનંત ચૈતન્ય ચિહ્નવંતી જે, પ્રગટ લક્ષણ જણાયે,
એહ સતત અનુભવતાં નિશ્ચય, આત્મસિદ્ધિ પમાયે... અમે આ આત્મ. ૩
કારણ બીજા કોઈ પ્રકારે, સાધ્યસિદ્ધિ નવ થાય;
ભગવાન આ આતમ અનુભવતાં, પરમામૃત સુખદાય... અમે આ આત્મ. ૪

અમૃત પદ - ૨૧

'સુમતિ ચરણ કજ આતમ અરપણા' - એ રાગ

શુદ્ધાતમ જે અનુભવ પાવે, 'દર્પણ' જ્યમ અવિકાર'... સુજ્ઞાની.
શુદ્ધ સ્વભાવે તેહ રહે છે, પામે ન કદી ય વિકાર... સુજ્ઞાની. ૧
ભેદવિજ્ઞાન તો મૂલ છે જેનું, એવી અનુભૂતિ સાર... સુજ્ઞાની.
પોતાથી કે પરથી જે પામે, અચલિત કોઈ પ્રકાર... સુજ્ઞાની. ૨
તેહ અનંતા ભાવ સ્વભાવે, લહે ન વિકૃત ભાવ... સુજ્ઞાની.
દર્પણ જેમ સદાય સ્વભાવે, રહે અવિકાર જ સાવ... સુજ્ઞાની. ૩
દર્પણમાંહી અર્પણ થાતા, ભાવ અનેક નિમગ્ન... સુજ્ઞાની.
પણ પ્રતિબિંબિત તે ભાવોથી, મુકુરે વિકાર ન લગ્ન... સુજ્ઞાની. ૪
તેમ અનંતા ભાવ સ્વભાવો, થાયે આત્મ નિમગ્ન... સુજ્ઞાની.
એથી વિભાવ વિકાર લહે ના, ભેદજ્ઞાની આત્મમગ્ન... સુજ્ઞાની. ૫
એમ આદર્શ સમા આદર્શ, સ્વચ્છ નિર્મલ ને શુદ્ધ... સુજ્ઞાની.
જ્ઞાની અમૃત જ્યોતિ અનુભવતા, ભગવાન તે નિત્ય બુદ્ધ... સુજ્ઞાની. ૬

(मालिनी)

कथमपि समुपात्तत्रित्वमप्येकताया,
अपतितमिदमात्मज्योतिरुद्गच्छदच्छम् ।
सततमनुभवामोऽनंतचैतन्यचिह्नं,
न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः ॥२०॥

कथमपि हि लभंते भेदविज्ञानमूला -
मचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा ।
प्रतिफलनिमग्नानंतभावस्वभावै -
र्मुकुरवदविकाराः सततं स्युस्त एव ॥२१॥

અમૃત પદ - ૨૨

ત્યજો જગત હવે તો મોહ ! ત્યજો જગત હવે તો મોહ !
આસંસારથી માંડી જેનો, છે અનાદિ પ્રરોહ... ત્યજો જગત. ૧
રસજો રોચન રસિક જનોનું, જ્ઞાન ઉદય પામંતું,
કરજો સુધારસ પાન રુચિથી, ચેતન અનુભવવંતું... ત્યજો જગત. ૨
આત્મા અનાત્મા સાથે એક તો, હોય ન કોઈ પ્રકારે,
વૃત્તિ તાદાત્મ્ય તેહશું ન પાવે, કોઈ કાળે પણ ક્યારે... ત્યજો જગત. ૩
નિશ્ચય એમ પ્રગટ જાણીને, ત્યજો જગત હવે મોહ,
ભગવાન અમૃતરસ ચાખી આ, કરો નિજ પદ અધિરોહ... ત્યજો જગત. ૪

અમૃત પદ - ૨૩

અલ્યા ! કર અનુભવ ! અનુભવ તું ! અલ્યા ! કર અનુભવ ! અનુભવ તું !
કોઈ પ્રકારે મૃત્યુ પામી, તત્ત્વ કુતૂહલકામી... અલ્યા કર અનુભવ તું. ૧
મૂર્ત્ત દેહનો પાર્શ્વવર્ત્તી તું, મુહૂર્ત્ત જો અનુભૌસે,
તો આત્માને ભિન્ન સર્વથા, વિલંસતો તું જોશે... અલ્યા કર અનુભવ તું. ૨
મૂર્ત્તિ સાથે એકપણાનો, મોહ તતક્ષણ ખોશે,
ભગવાન અમૃતમય મૂર્ત્તિનું, દર્શન તુજને હોશે... અલ્યા કર અનુભવ તું. ૩

(मालिनी)
त्यजतु जगदिदानीं मोहमाजन्मलीनं (लीढं),
रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत् ।
इह कथमपि नात्मानात्मना साकमेकं,
किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिं ॥२२॥

अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली स -
न्ननुभव भवमूर्त्तेः पार्श्ववर्त्ती मुहूर्त्तं ।
पृथगथ विलसतं समालोक्य येन
त्यजसि झगिति मूर्त्त्या साकमेकत्वमोहं ॥२३॥

અમૃત પદ - ૨૪

રોળાવૃત્ત

કાંતિથી જે ન્હવરાવે છે દશે દિશાને યતિપતિ,
ઢાંકી દે જે મહાતેજના તેજોને નિજ તેજ વતી;
રૂપથી ચોરે જનમનને જે દિવ્ય ધ્વનિથી **'અમૃત'** ઝરે,
અષ્ટોત્તર સહસ્ર લક્ષણા તીર્થકરા તે વંદ્ય ખરે !



અમૃત પદ - ૨૫

'હું તો વારી પ્રભુ તુમ મુખની' - એ રાગ

અહો ! નગરની અનુપમ શોભા ! અહો ! નગરની અનુપમ શોભા !
દેખત નિત્ય રહે જન થોભા, દેખત નિત્ય રહે જન થોભા... અહો ! નગરની. ૧
ગઢથી ગગનને નગર ગળે આ, અવનિતલ ઉપવનથી,
પી જાતું પાતાલ જ જાણે, પરિખા વલય ગહનથી... અહો ! નગરની. ૨
જ્યમ નગરવર્ણન તે નૃપનું, વર્ણન કરવા નહિ ખપનું,
ભગવાન જિન તન ગુણ ત્યમ ભણતાં, અમૃત આતમ ગુણ ન ગણતા. અહો !... ૩



(शार्दूलविक्रीडित)

कांत्यैव स्नपयंति ये दशदिशो धाम्ना निरुन्धंति ये,
धामोद्दाममहस्विनां जनमनो मुष्णंति रुपेण ये ।
दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरंतोऽमृतं,
वंद्यास्तेऽष्टसहलक्षणधरा स्तीर्थेश्वराः सूरयः ॥२४॥



(आर्या)

प्राकारकवलितांबरमुपवनराजीनिर्गीणभूमितलं ।
पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालं ॥२५॥



અમૃત પદ - ૨૬

(રાગ ઉપર પ્રમાણે)

અહો ! જિનવર રૂપની શોભા ! અહો ! જિનવર રૂપની શોભા !
દેખત નિત્ય રહે જન થોભા, દેખત નિત્ય રહે જન થોભા... અહો ! જિનવર રૂપની. ૧
જે નિત્ય રહે અવિકારી, સુસ્થિત સર્વાંગ જ ધારી,
અહો ! લાવણ્ય સહજ ભારી, અપૂર્વ અનન્ય પ્રકારી... અહો ! જિનવર રૂપની. ૨
સાગરવર ગંભીર જેવું, કંઈ ક્ષોભ ન પામે એવું,
જિન તન અમૃતમય કરતું, દાસ ભગવાનનું મન હરતું... અહો ! જિનવર રૂપની. ૩

અમૃત પદ - ૨૭

'મૂળ મારગ સાંભળો જિનનો રે' - એ રાગ

આત્મા દેહથી ભિન્ન પરમાર્થથી રે, એમ થયો સિદ્ધાંત નિર્ધાર... આત્મા.
એકપણું છે દેહ ને આત્મનું રે, એમ ભલે ભાખે વ્યવહાર... આત્મા. ૧
તોય નિશ્ચયથી દેહ આત્મનું રે, એકપણું કદી ન જ હોય... આત્મા.
દેહ સ્તુતિથી સ્તોત્ર પુરુષનું રે, વ્યવહારે - ન તત્ત્વથી સોય... આત્મા. ૨
સ્તોત્ર નિશ્ચયથી ચૈતન્યનું રે, ચૈતન્ય સ્તુતિથી જ થાય... આત્મા.
ને તે ચૈતન્ય સ્તુતિ એમ છે રે, જિતેંદ્રિય છે જિનરાય... આત્મા. ૩
જિતમોહ વળી જિનરાજજી રે, ક્ષીણમોહ પણ જિન તેમ... આત્મા.
એવા શુદ્ધ ચેતન ગુણ વર્ણને રે, કહી સ્તુતિ નિશ્ચયથી એમ... આત્મા. ૪
તેથી તીર્થંકર સ્તવ પ્રશ્નના, ઉત્તર બલે કરીને આમ... આત્મા.
નો'ય એકપણું દેહ આત્મનું રે, ભાખે ભગવાન 'અમૃત' નામ... આત્મા. ૫

(भार्या)

नित्यमविकारसुस्थितसर्वांगमपूर्वसहजलावण्यं ।
अक्षोभमिव समुद्रं जिनेंद्ररूपं परं जयति ॥२६॥

(शार्दूलविक्रीडित)

एकत्वं व्यवहारतो न पुनः कायात्मनो र्निश्चया -
न्नुः स्तोत्रं व्यवहारतोस्ति वपुषः स्तुत्या न तत्तत्त्वतः ।
स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव सैवं भवे -
न्नातस्तीर्थकरस्तवोत्तरबलादेकत्वमात्मांगयोः ॥२७॥

અમૃત પદ - ૨૮

કોના બોધે બોધ ન ઉતરે ? કોના બોધે બોધ ન ઉતરે ? ૧ (ધ્રુવપદ)
એમ તત્ત્વ પરિચયવંતાએ, આત્મ કાય એકતા એ,
નય વિભજન યુક્તિ પસાયે, ખુલ્લી સાવ કરાયે... કોના બોધે. ૨
બોધ કોના ન ઉતરે આજે, બોધ એક સ્ફુટંતો આ જે,
જે સ્વરસ રભસથી કર્યો, ભગવાન અમૃતચંદ્રે વર્ષ્યો... કોના બોધે. ૩

અમૃત પદ - ૨૯

અનુભૂતિ આવિર્ભૂત થઈ આ, અનુભૂતિ આવિર્ભૂત... ધ્રુવપદ. ૧
અનવમ પરભાવ ત્યાગ તણી આ, દૃષ્ટાંત દૃષ્ટિ અદ્‌ભુત,
જ્યાં હજુ વૃત્તિમાં ના ઉતરે, વેગે અત્યંત જ દ્રુત... અનુભૂતિ. ૨
ત્યાં તો સકલ પરકીય ભાવોથી, ઝટ લઈને જ વિમુક્ત,
આવિર્ભૂત સ્વયં જ થઈ આ, ભગવાન અમૃત ઉક્ત... અનુભૂતિ. ૩

(मालिनी)
इति परिचिततत्त्वैरात्मकायैकतायां,
नयविभजनयुक्त्यात्यंतमुच्छादितायां ।
अवतरति न बोधो बोधमेवाद्य कस्य,
स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव ॥२८॥

अवतरति न यावद् वृत्तिमत्यंतवेगा -
दनवमपरभावत्यागदृष्टांतदृष्टिः ।
झटिति सकलभावैरन्यदीयै र्विमुक्ता,
स्वयमियमनुभूति स्तावदाविर्भूव ॥२९॥

અમૃત પદ - ૩૦

સર્વ પ્રદેશે સ્વરસથી ભરિયો, હું ચેતનરસ દરિયો... (૨) ધ્રુવપદ. ૧
સર્વ દિશાએ સર્વ પ્રદેશે, સ્વરસથી નિર્ભર ભરિયો,
ભાવ જેનો સ્વ સ્વયં તે ચેતું, હું અનુભવ રસ દરિયો... સર્વ પ્રદેશે. ૨
સ્વયં સ્વને હું એક અનુભવું, દ્વૈતભાવ જ્યાં નાંહિ,
એવો નિરંતર ચેતન ચેતું, ભાવ અદ્વૈત જ જ્યાંહિ... સર્વ પ્રદેશે. ૩
છે ન છે ન મુજ કોપણ મોહ, કોઈ પ્રકારનો ક્યાંહિ,
ભગવાન અમૃતમય ચિદ્‌ઘનનો, મહોનિધિ છું હું આંહિ... સર્વ પ્રદેશે. ૪

અમૃત પદ - ૩૧

થયો ઉપયોગ આત્મારામ, થયો ઉપયોગ આત્મારામ... ધ્રુવપદ. ૧
એમ અન્ય સર્વે ભાવો આ, જૂદા જ મુજથી છેક,
જાણી આત્માથી કરી અળગા, પ્રગટ્યે સ્ફુટ સુવિવેક... થયો ઉપયોગ આત્મારામ. ૨
સ્વયં જ આ ઉપયોગ ધરંતો, આત્માને અહીં એક,
પરમાર્થ પ્રકટ કરતા દર્શન, જ્ઞાન-ચારિત્રે છેક... થયો ઉપયોગ આત્મારામ. ૩
કરી પરિણતિ નિત્ય જ ધરતો, રત્નત્રયી પરિણામ,
ઉપયોગ શુદ્ધ પ્રવૃત્ત થયો આ, થઈને આત્મારામ... થયો ઉપયોગ આત્મારામ. ૪
આત્મારામ નંદન આરામે, કરતો નિત આરામ,
રમતો આત્મામાં **અમૃત** તે, **ભગવાન આત્મારામ**... થયો ઉપયોગ આત્મારામ. ૫

(स्वागता)
सर्वतः स्वरसनिर्भरभावं, चेतये स्वयमहं स्वमिहैकं ।
नास्ति नास्ति मम कश्चन मोहः, शुद्धचिद्‌घनमहोनिधिरस्मि ॥३०॥

(मालिनी)
इति सति सह सर्वैरन्यभावे विवेके,
स्वयमयमुपयोगो बिभ्रदात्मानमेकं ।
प्रकटितपरमार्थै र्दर्शनज्ञानवृत्तैः,
कृतपरिणतिरात्माराम एव प्रवृत्तः ॥३१॥

અમૃત પદ - ૩૨

મજ્જન કરો રે મજ્જન કરો, શાંતરસે સહુ મજ્જન કરો !
લોક સુધી આ ઉછળતા રસમાં, લોક સાથે સહુ મજ્જન કરો !... મજ્જન. ૧
વિભ્રમનો પડદો ડૂલાવી, અમૃતરસે આ ઝૂલવતો,
અમૃતચંદ્ર ઉલ્લાસાવ્યો ભગવાન, જ્ઞાનસિંધુ ઉન્મગ્ન થતો... મજ્જન. ૨

(वसंततिलका)
मज्जंतु निर्भरममी सममेव लोकाः,
आलोकमुच्छलति शांतरसे समस्ताः ।
आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण,
प्रोन्मग्न एष भगवानवबोधसिंधुः ॥३२॥

અમૃત પદ - ૩૩

'સિદ્ધચક્ર પદ વંદો રે ભવિકા' - એ રાગ

જ્ઞાન મનોનંદન આ વિલસે, જ્ઞાન મનોનંદન આ,
ધીર ઉદાત્ત અનાકુલ દીસે, મનોનંદન આ હીંસે રે... સજ્જના ! જ્ઞાન. ૧
જીવ અજીવ વિવેક કરંતી, દૃષ્ટિ વિશાલા આપે,
પાર્ષદ જનને પ્રતીત પમાડી, ભેદજ્ઞાનને થાપે રે... સજ્જના ! જ્ઞાન. ૨
આસંસારથી બદ્ધ બંધનના, વિધિ તણા વિધ્વંસે,
વિશુદ્ધ સ્ફુટંતું જ્ઞાન અહો ! આ, સ્ફુટપણે જ વિલંસે... રે સજ્જના ! જ્ઞાન. ૩
આત્મામાંહિ રમણ કરતું, આત્મારામ એ જ્ઞાન,
ધામ અનંતું જેનું પ્રકાશે, એવું તે ધામ મહાન... રે સજ્જના ! જ્ઞાન. ૪
પ્રત્યક્ષ અમૃતચંદ્ર જ્યોતિથી, નિત્ય ઉદિત ભગવાન,
એવું અહો ! આ અનાકુલ વિલસે, મનોનંદન (આહ્લાદતું) આ જ્ઞાન... રે સજ્જના ! જ્ઞાન. ૫

અમૃત પદ - ૩૪

અલ્યા ! વિરમ વિરમ ! અલ્યા રે, અલ્યા ! વિરમ વિરમ ! અલ્યા રે !
બીજા નકામા કોલાહલનું, કામ રે ! શું છે ત્હારે ?... અલ્યા. ૧
આપોઆપ ચૂપચાપ થઈ તું, લે ષટ્ માસ નિહાળી,
ને જો હૃદય સરોવરમાંહિ, પુદ્ગલથી નિરાળી... અલ્યા. ૨
જ્યોતિ રૂપ પુરુષની તુજને, ભાસે શું અનુપલબ્ધિ ?
કે ભગવાન અમૃત જ્યોતિની, ભાસે શું ઉપલબ્ધિ ?... અલ્યા. ૩

(शार्दूलविक्रीडित)

जीवाजीवविवेकपुष्कलदृशा प्रत्याययत्पार्षदा -
नासंसारनिबद्धबंधनविधिध्वंसाद्विशुद्धं स्फुटत् ।
आत्मारामममनंतधाम महसाध्यक्षेण नित्योदितं,
धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनो ह्लादयत् ॥३३॥

(मालिनी)

विरम किमपरेणाकार्यकोलाहलेन,
स्वयमपि निभृतः सन् पश्य षण्मासमेकं ।
हृदयसरसि पुंसः पुद्गलादिभिन्नधाम्नो,
ननु किमनुपलब्धि र्भाति किंचोपलब्धिः ॥३४॥

અમૃત પદ - ૩૫

'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે' - એ રાગ

આત્મા અનુભવો આત્મા આત્મમાં રે,
છોડી સમસ્ત અનાત્મ... (૨) ધ્રુવપદ. ૧
ચિત્ શક્તિથી ખાલીખમ બધું રે, છાંડી દઈ ઝટ સાવ,
ને સ્ફુટતર ચિત્ શક્તિ માત્ર આ રે, સ્વ અવગાહી ભાવ... આત્મા. ૨
વિશ્વની ઉપર ચારુ ચરંત આ રે, આત્મ સાક્ષાત્ અનંત,
પરમાત્મા આત્મામાં અનુભવો રે, ભગવાન અમૃત સંત... આત્મા. ૩

અમૃત પદ - ૩૬

'ભૈયા ! વિષમ આ સંસાર' - એ રાગ

ચિત્ શક્તિ એ ચેતન કેરું, છે સર્વસ્વ જ સાર... ધ્રુવપદ.
અનંત સ્વ સંપદ્ આત્માની, ચિત્ શક્તિ અવધાર... ચિત્ શક્તિ. ૧
ચિત્ શક્તિથી વ્યાપ્ત જેહનો, છે સર્વસ્વ જ સાર,
આટલો જ છે જીવ તેહ આ, નિશ્ચયથી નિરધાર... ચિત્ શક્તિ. ૨
ચિત્ શક્તિથી અતિરિક્ત આ, ભાવો જે સઘળા ય,
પૌદ્ગલિક જ તે ભગવાન ભાખે, અમૃતચંદ્ર મુનિરાય... ચિત્ શક્તિ. ૩

માલિની

सकलमपि विहायाह्राय चिच्छक्तिरिक्तं,
स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रं ।
इममुपरि चरंतं चारु विश्वस्य साक्षात्,
कलयतु परमात्मात्मानमात्मन्यनंतं ॥३५॥

अनुष्टुप्

चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयं ।
अतोतिरिक्ताः सर्वेपि भावाः पौद्गलिका अमी ॥३६॥

અમૃત પદ - ૩૭

'ઋષભ જિણંદશું પ્રીતડી' - એ રાગ

વર્ણાદિ આ નથી આત્મના, નથી રાગાદિ પણ કોઈ ય વિભાવ... (ધ્રુવપદ)
વર્ણાદિ રૂપી પુદ્ગલ ગુણો, તે તો પ્રગટપણે હોયે પરભાવ... વર્ણાદિ. ૧
રાગાદિ આત્મસ્વભાવ ના, ચિદ્ વિકાર તે વિકૃત ચેતન વિભાવ,
તેથી વર્ણાદિ રાગાદિ ભાવ આ, આત્માને સર્વે હોયે ભિન્ન ભાવ... વર્ણાદિ. ૨
તેથી અંતરે તત્ત્વથી દેખતાં, તે ભાવ તો કો પણ હોય ન દૃષ્ટ,
દૃષ્ટ એક જ હોય આત્મા, ભગવાન અમૃત જ્યોતિ સુસ્પષ્ટ... વર્ણાદિ. ૩

અમૃત પદ - ૩૮

રોળાવૃત્ત

નિર્માણ થાયે જેનાથી જે કાંઈ પણ આ વિશ્વમાંહિ,
તે તો તેહ જ નિશ્ચય હોયે, કોઈ પ્રકારે અન્ય નહિં;
ધ્યાન ઘડ્યું સોનાથી તે તો સોનું દેખે લોક અહિં,
પણ તલવાર ન કોઈ પ્રકારે - ભગવાન અમૃત વસ્તુ કહી.

शालिनी

वर्णाद्या वा रागमोहादयो वा,
भिन्ना भावाः सर्व एवास्य पुंसः ।
तेनैवांतस्तत्त्वतः पश्यतोऽमी,
नो दृष्टाः स्युर्दृष्टमेकं परं स्यात् ॥३७॥

उपजाति

निर्वर्त्यते येन यदत्र किंचित् -
तदेव तत्स्यान्न कथंचनान्यत् ।
रुक्मेण निर्वृत्तमिहासिकोशं,
पश्यंति रुक्मं न कथंचनासिं ॥३८॥

અમૃત પદ - ૩૯

વર્ણાદિ સામગ્રી સમગ્રા, પુદ્‌ગલનું નિર્માણ,
ખરે ! એક પુદ્‌ગલનું નિર્માણ,
તેથી પુદ્‌ગલ માત્ર જ હો આ ! પણ આત્મા તો ના જ,
(કારણ) તેથી અન્ય વિજ્ઞાનઘનો તે, ભગવાન અમૃત આ જ... વર્ણાદિ.

અમૃત પદ - ૪૦

જીવ વર્ણાદિમય કદી હોય ના,
ઘડો માટીનો ઘીમય હોય ના... (ધ્રુવપદ)... જીવ. ૧
ઘી ભર્યું માટીના ઘડા મહિં, તેથી 'ઘીનો ઘડો' જ કહ્યો અહીં,
પણ ઘડો ઘીમય કદી હોય ના, તેમ જીવ વર્ણાદિમય હોય ના... જીવ. ૨
જીવ રહ્યો વર્ણાદિમય પુદ્‌ગલે, તેથી વર્ણાદિમંત કહ્યો ભલે,
પણ જીવ વર્ણાદિમય હોય ના, ભગવાન અમૃત સમય લોપાય ના... જીવ. ૩

उपजाति

वर्णादिसामग्र्यमिदं विदंतु,
निर्माणमेकस्य हि पुद्‌गलस्य ।
ततोस्त्विदं पुद्‌गल एव नात्मा,
यतः स विज्ञानघनस्ततोन्यः ॥३९॥

अनुष्टुप्

घृतकुंभाभिधानेपि कुंभो घृतमयो न चेत् ।
जीवो वर्णादिमज्जीवजल्पनेपि न तन्मयः ॥४०॥

અમૃત પદ - ૪૧

'ભેખ રે ઉતારો રાજા ભરથરી' - એ રાગ

ચેતન ચકચકે આ અતિ, ચૈતન્ય લક્ષણે સાર રે... ચેતન. (ધ્રુવપદ)
અચલ અનાદિ અનંત જે, સ્વસંવેદ્ય સ્ફુટ ધાર રે... ચેતન ચકચકે. ૧
એવું ચૈતન્ય જીવ આ સ્વયં, ચકચકતું નિરધાર રે,
ભગવાન અમૃત જ્યોત તે, પ્રગટ સમયસાર રે... ચેતન ચકચકે. ૨

અમૃત પદ - ૪૨

'ભેખ રે ઉતારો રાજા ભરથરી' - એ રાગ

ચેતન ચકચકે આ અતિ, ચૈતન્ય લક્ષણે સાર... ચેતન. (ધ્રુવપદ)
વર્ણાદિ સહિત, આ વા વર્ણાદિ રહિત રે,
એમ અજીવ બે પ્રકારનો, તેથી જ અહીં એ રીત રે... ચેતન ચકચકે. ૧
ઉપાસી અમૂર્ત્તપણું જગત આ, જીવ તત્ત્વ દેખે ના જ રે,
એમ આલોચી વિવેચકો, આલંબો ચૈતન્ય આ જ રે... ચેતન ચકચકે. ૨
અતિવ્યાપિ જે ન વર્ત્તતું, જાતું લક્ષણ બ્હાર રે,
અવ્યાપિ પણ જે છે નહિ, એવું સમુચિત સાર રે... ચેતન ચકચકે. ૩
ચૈતન્ય એહ આલંબજો, જીવ તત્ત્વ જે સાર રે,
વ્યક્તપણે વ્યંજિત કરે, ભગવાન અમૃત ધાર રે... ચેતન ચકચકે. ૪

अनुष्टुप्

अनाद्यनंतमचलं स्वसंवेद्यमिदं स्फुटं ।
जीवः स्वयं तु चैतन्यमुद्यै श्चकचकायते ॥४१॥

शार्दूलविक्रीडित

वर्णाद्यैः सहितस्तथा विरहितो द्वेधास्त्यजीवो यतो,
नामूर्त्तत्वमुपास्य पश्यति जगज्जीवस्य तत्त्वं ततः ।
इत्यालोच्य विवेचकैः समुचितं नाव्याप्यतिव्यापि वा,
व्यक्तं व्यंजितजीवतत्त्वाचलं चैतन्यमालम्ब्यतां ॥४२॥

અમૃત પદ - ૪૩

'ભેખ રે ઉતારો રાજા ભરથરી' - એ રાગ (ચાલુ)

('ચેતન ચકચકે' ઈત્યાદિ ધ્રુવપદ)

એમ લક્ષણથી અજીવ તો, જીવથી ભિન્ન દીસંત રે,
જ્ઞાની જનો આ અનુભવે, જેહ સ્વયં ઉલ્લસંત રે... ચેતન ચકચકે. ૧
તો ય અજ્ઞાનિનો મોહ નિરવધિ, વૃદ્ધિગત આ અપાર રે,
ક્યમ રે ! નાચે ? ભગવાન કરે, અમૃતચંદ્ર પોકાર રે... ચેતન ચકચકે. ૨

અમૃત પદ - ૪૪

'સાહેબા વાસુપૂજ્ય જિણંદા' - એ રાગ

નાટક એક અનાદિ દેખો ! પુદ્‌ગલ નટડો તિહાં આ લેખો !... ધ્રુવપદ.
ચાલી રહ્યું અનાદિથી ખોટું, અવિવેક નાટક આ મોટું... નાટક. ૧
તેમાં પુદ્‌ગલ નટડો નાચે, વર્ણાદિમાન વેષે માચે,
પણ બીજો કોઈ ત્યાં ન જ નાચે, પુદ્‌ગલ એક જ ત્યાં તો રાચે... નાટક. ૨
એહ જીવ તો રાગાદિ અશુદ્ધ, પુદ્‌ગલ વિકારથી વિરુદ્ધ,
ચૈતન્ય ધાતુમય મૂર્ત્તિ શુદ્ધ, ભગવાન અમૃત ભાખે બુદ્ધ... નાટક. ૩

વસંતતિલકા

जीवादजीवमिति लक्षणतो विभिन्नं,
ज्ञानी जनोनुभवति स्वयमुल्लसंतं ।
अज्ञानिनो निरवधिप्रविज्रृंभितोयं,
मोहस्तु तत्कथमहो बत नानटीति ॥४३॥

વસંતતિલકા

अस्मिन्ननादिनि महत्यविवेकनाट्ये,
वर्णादिमान्नटति पुद्‌गल एव नान्यः ।
रागादिपुद्‌गलविकारविरुद्धशुद्ध -
चैतन्यधातुमयमूर्त्तिरयं च जीवः ॥४४॥

અમૃત પદ - ૪૫

'જ્ઞાનને ઉપાસીએ' - કૂચનો રાગ

જ્ઞાન કરવતથી જીવ અજીવનો, ભેદ કૌશલ અભ્યાસીએ... જ્ઞાન. (ધ્રુવપદ). ૧
જીવ અજીવ બે દ્રવ્યની જોડલી, અનાદિની આ જોડી,
જ્ઞાન-કરવતથી કાષ્ઠ શું સ્ફુટ બે, ફાડ પાડી તે ત્રોડી... જ્ઞાન. ૨
જીવ અજીવ આ સ્ફુટ વિઘટના, એમ હજુ ન જ્યાં પામિયા,
ત્યાં તો જગત્માં વ્યાપિ રહેલા, ચેતન રસ તો જામિયા... જ્ઞાન. ૩
એવી જગત્ વ્યાપિ વ્યક્ત વિકસતી, ચિન્માત્ર શક્તિથી પોતે,
જ્ઞાતૃદ્રવ્ય અતિરસથી પ્રકાશિયું, ભગવાન અમૃત જ્યોતે... જ્ઞાન. ૪

मंदाक्रांता

इत्थं ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा,
जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातौ ।
विश्वं व्याप्य प्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या,
ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चै श्चकासे ॥४५॥

કર્તૃકર્મ અધિકાર

અમૃત પદ - ૪૬

જુઓ ! જ્ઞાન જ્યોતિ આ સ્ફુરતી, (૨) કર્તૃ કર્મ પ્રવૃત્તિ ડૂલતી... જુઓ ! જ્ઞાનજ્યોતિ... (ધ્રુવપદ) ૧
હું ચિદ છું એક અહીં કર્ત્તા, કર્મ ક્રોધ આદિ આ મ્હારૂં,
કર્તૃકર્મ પ્રવૃત્તિ એવી, અજ્ઞાની શમવતી વારુ... જુઓ ! જ્ઞાનજ્યોતિ. ૨
પૃથક્ દ્રવ્ય નિરુપધિ ભાસે, એવું સાક્ષાત્ વિશ્વ પ્રકાશે,
પરમોદાત્ત ધીર તે અતિશે, ભગવાન અમૃત જ્યોતિ દીસે... જુઓ ! જ્ઞાનજ્યોતિ. ૩

અમૃત પદ - ૪૭

'જીવ્યું ધન્ય તેહનું' - એ રાગ

ઉગ્યું જ્ઞાન ભેદનું, ઉગ્યું જ્ઞાન ભેદનું... ધ્રુવપદ
પર પરિણતિ સઘળી છંડતું, ખંડતું ભેદવાદના પાશ... ઉગ્યું જ્ઞાન ભેદનું.
પામ્યું ઉદય જ્ઞાન અખંડ આ, ઝગમગ પ્રચંડ પ્રકાશ... ઉગ્યું જ્ઞાન. ૧
કર્ત્તા કર્મના કાર્યતણો કહો, કેમ હોય અહિ અવકાશ... ઉગ્યું જ્ઞાન.
પુદગલમય કર્મના બંધનો, કેમ હોય વળી અહીં પાશ ?... ઉગ્યું જ્ઞાન. ૨
કર્ત્તા મટ્યો કરમ પણ ફિટિયું, ફિટ્યું અજ્ઞાનનું અંધાર... ઉગ્યુ જ્ઞાન.
છૂટ્યું કર્મનું બંધન આકરૂં, જીવન્મુક્ત તણો અવતાર... ઉગ્યું જ્ઞાન. ૩
'આત્મખ્યાતિ'માં આત્મખ્યાતિ કરી, અમૃત ખ્યાતિ પામ્યા એ અપાર... ઉગ્યું જ્ઞાન.
ભગવાન અમૃતચંદ્ર મુનીંદ્ર તે, વર્ષાવી અમૃતરસધાર... ઉગ્યું જ્ઞાન. ૪

मंदाक्रांता

एकः कर्त्ता चिदहमिह मे कर्म कोपादयोऽमी,
इत्यज्ञानां शमयदभितः कर्तृकर्मप्रवृत्तिं ।
ज्ञानज्योतिः स्फुरति परमोदात्तमत्यंतधीरं,
साक्षात्कुर्वन्निरुपधिपृथग्द्रव्यनिर्भासि विश्वं ॥४६॥

मलिनी

परपरिणतिमुज्झत् खंडयद्भेदवादा -
निदमुदितमखंडं ज्ञानमुच्चंडमुच्चैः ।
ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते -
रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः ॥४७॥

અમૃત પદ - ૪૮

'જય જય આરતિ આદિ જિણંદા' - એ રાગ (રત્નમાલા)

પુરાણ પુરુષ આ જ્ઞાની પ્રકાશે, સાક્ષી જગત્નો સ્વરૂપે પ્રભાસે,
પુરાણ પુરુષ આ જ્ઞાની પ્રકાશે, સાક્ષી જગત્નો સ્વરૂપે પ્રભાસે... પુરાણ. ૧
એમ પરભાવ પ્રપંચ હરીને, પરદ્રવ્યથી પર નિવૃત્તિ કરીને,
વિજ્ઞાનઘન સ્વભાવ ધરંતો, સ્વને અભયથી આસ્થા કરંતો... પુરાણ. ૨
અજ્ઞાને કરી અત્ર પ્રવર્ત્યા, કર્ત્તા કર્મ ક્લેશથી નિવૃર્ત્યો,
પુરાણ પુરુષ આ જ્ઞાની પ્રકાશે, સાક્ષી જગત્નો સ્વરૂપે પ્રભાસે... પુરાણ. ૩
જ્ઞાની થયેલો અહીંથી પ્રકાશે, સાક્ષી જગત્નો સ્વરૂપે પ્રભાસે,
પુરુષ પુરાણો વિજ્ઞાનઘન આ, વરષે ભગવાન અમૃત ઘન આ... પુરાણ. ૪

અમૃત પદ - ૪૯

ધન્ય રે ! દિવસ આ અહો ! અથવા 'ભેખ રે ઉતારો રાજા ભરથરી !' - એ રાગ.

મીંડુ મૂકાવે કર્મનું, જ્ઞાની કર્તૃત્વ શૂન્ય રે,
ભગવાન અમૃતચંદ્રની, અમૃત વાણી એ સુણ્ય રે... મીંડુ મૂકાવે કર્મનું. ૧
વ્યાપ્ય - વ્યાપકતા નિશ્ચયે, તદાત્મામાં જ હોય રે,
અતદાત્મમાં તો કદી, વ્યાપ્ય - વ્યાપકતા નો'ય રે... મીંડું. ૨
વ્યાપ્ય-વ્યાપક એ ભાવના, વિના સંભવ એમ રે,
કર્ત્તા-કર્મના ભાવની, સ્થિતિ શી ? કહો કેમ રે... મીંડું. ૩
એમ ઉદ્દામ વિવેકથી, સર્વભક્ષી (ગ્રાસી) મહાતેજ રે,
તે મહસ્ના મહાભારથી, તમસ્ ભેદતો એ જ રે... મીંડું. ૪
જ્ઞાની થઈ ત્યારે લસી રહ્યો, પુરુષ આ કર્તૃત્વ શૂન્ય રે,
ભગવાન અમૃતચંદ્રની, 'આત્મખ્યાતિ' અનન્ય રે... મીંડું. ૫

शार्दूलविक्रीडित

इत्येवं विरचय्य संप्रति परद्रव्यान्निवृत्तिं परां,
स्वं विज्ञानघनस्वभावमभयास्तिघ्नुवानः परं ।
अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं,
ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान् ॥४८॥

शार्दूलविक्रीडित

व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि,
व्याप्यव्यापकभावसंभवमृते का कर्तृकर्मस्थितिः ।
इत्युद्दामविवेकघस्मरमहोभारेण भिंदंस्तमो,
ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान् ॥४९॥

અમૃત પદ - ૫૦

વિજ્ઞાન જ્વાલા જ્વલંત આ પ્રકાશતી, વિજ્ઞાન જ્વાલા જ્વલંત આ પ્રકાશતી... (ધ્રુવપદ). ૧
જ્ઞાની સ્વ-પરપરિણતિ જાણતો, પુદ્ગલ કંઈ પણ તે જ ન જાણતો,
અંતર વ્યામૃ વ્યાપ્યત્વ ન વેદતો, દ્વયનો નિત્ય અત્યંત છે ભેદ તો... વિજ્ઞાન. ૨
કર્ત્તા આત્મા પુદ્ગલ કર્મ એ અતિ, દ્વયની કર્તા કર્મ-ભ્રમની મતિ,
ત્યાં લગી અજ્ઞાનથી ભાસતી, વિજ્ઞાન જ્વાલ જ્યાં લગી ન પ્રકાશતી... વિજ્ઞાન. ૩
ભેદ અદય કરવત શું ઝટ ઉપજાવતી, ભગવાન અમૃત જ્યોતિ ઉલ્લાસતી... વિજ્ઞાન. ૪

અમૃત પદ - ૫૧, ૫૨, ૫૩, ૫૪

'ધન્ય રે દિવસ આ અહો !' - એ રાગ

જડ ક્રિયા-કર્મ તે જડ કરે, ચેતન ક્રિયા કર્મ ચેતંન રે... (ધ્રુવપદ)
ભગવાન અમૃત ભાખિયું રે, તત્ત્વ ચિંતામણિ રતંન રે... જડ ક્રિયા-કર્મ. ૧
પરિણમે જેહ કર્ત્તા હોય તે, પરિણામ તે કર્મ હોય રે,
પરિણતિ જે તે ક્રિયા-ત્રણે, ભિન્ન વસ્તુતાએ નો'ય રે... જડ ક્રિયા-કર્મ. ૨
એક જ પરિણમે છે સદા, પરિણામ એકનો સદાય રે,
એકની પરિણતિ હોય છે, અનેક પણ એક જ હોય રે... જડ ક્રિયા-કર્મ. ૩
બે પરિણમે ન નિશ્ચયે, (કારણ) પરિણામ બેનો ન હોય રે,
બેની પરિણતિ હોય ના, (કારણ) અનેક અનેક જ સદાય રે... જડ ક્રિયા-કર્મ. ૪
એકના કર્ત્તા બે હોય ના, એકના કર્મ બે નો'ય રે,
એકની ક્રિયા બે હોય ના, (કારણ) એક અનેક ન હોય રે... જડ ક્રિયા-કર્મ. ૫
તત્ત્વ વિજ્ઞાન એ ભાખિયું, અચિંત્ય ચિંતામણિ સમાન રે,
ભગવાન અમૃતચંદ્રજી, 'વિજ્ઞાનઘન' અભિધાન રે... જડ ક્રિયા-કર્મ. ૬

સ્રગ્ધરા

જ્ઞાની જાનન્નપીમાં સ્વપરપરિણતિં પુદ્ગલશ્ચાપ્યજાનન્, વ્યાપ્નોદ્ વ્યાપ્યત્વમંતઃ કલયિતુમસહો નિત્યમત્યંતભેદાત્ ।
અજ્ઞાનાત્કર્તૃકર્મભ્રમમતિરનયો ભાતિ તાવન્ન યાવત્, વિજ્ઞાનાર્ચિ શ્ચકાસતિ ક્રકચવદદયં ભેદમુત્પાદ્ય સદ્યઃ ॥૫૦॥

આર્યા

યઃ પરિણમતિ સ કર્ત્તા યઃ પરિણામો ભવેત્તુ તત્કર્મ ।
યા પરિણતિઃ ક્રિયા સા ત્રયમપિ ભિન્નં ન વસ્તુતયા ॥૫૧॥
એકઃ પરિણમતિઃ સદા પરિણામો જાયતે સદૈકસ્ય ।
એકસ્ય પરિણતિઃ સ્યાદનેકમપ્યેકમેવ યતઃ ॥૫૨॥
નોભૌ પરિણમતઃ ખલુ પરિણામો નોભયોઃ પ્રજાયેત ।
ઉભયોર્ન પરિણતિઃ સ્યાદ્યદનેકમનેકમેવ સદા ॥૫૩॥
નૈકસ્ય હિ કર્તારૌ દ્વૌ સ્તો દ્વે કર્મણી ન ચૈકસ્ય ।
નૈકસ્ય ચ ક્રિયે દ્વે એકમનેનઃ યતો ન સ્યાત્ ॥૫૪॥

અમૃત પદ - ૫૫

અહમ્ અનાદિ તહારૂં બાળ રે... ભાન તને કેમ ના'વે ?
જ્ઞાન અમૃત જ્યોતિ આ ભાળ રે... ભાન તને કેમ ના'વે ? ૧
૫૨ હું કરૂં હું કરૂં હું કરૂં... ભાન તને.
એવું અહમ્નું તમસ્ આકરૂં... ભાન તને. ૨
અનાદિથી આ વેગે દોડતું... ભાન તને.
મોહી જીવનો કેડો ન છોડતું... ભાન તને. ૩
વાયું વારી શકાય ન બાધતું... ભાન તને.
અહં બ્રહ્મરાક્ષસ શું વાધતું... ભાન તને. ૪
વિલય એક વાર થઈ જાય રે... ભાન તને.
ફરી બંધન તો શું થાય રે... ભાન તને. ૫
જ્ઞાનઘન આત્મ સુજાણને... ભાન તને.
સુણી ભગવાન અમૃત વાણને... ભાન તને. ૬

शार्दूलविक्रीडित

आसंसारत एव धावति परं कुर्वेहमित्युद्धकैः,
दुर्वारं ननु मोहिनामिह महाहंकाररूपं तमः ।
तद् भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत्,
तत्किं ज्ञानघनस्य बंधनमहो भूयो भवेदात्मनः ॥५५॥

અમૃત પદ - ૫૬

'ભેખ રે ઉતારો રાજ ભરથરી' - એ રાગ

આત્મભાવ જ કરે આત્મા, પર સદા પરભાવજી,
આત્મા જ ભાવ છે આત્મના, પરના તે પરભાવજી... આત્મભાવ જ કરે. આત્મા. ૧
આત્મભાવ તે ભલે શુદ્ધ હો, ભલે અશુદ્ધ વિભાવજી,
પણ તે સર્વનો કર્ત્તા ખરે ! આત્મા જ નિશ્ચય ભાવજી... આત્મભાવ. ૨
વર્ણ-રસ-ગંધાદિ ગુણમયા, પુદ્‌ગલ રૂપ અનેકજી,
કર્મ નોકર્મ એ સર્વનો, કર્ત્તા પુદ્‌ગલ એકજી... આત્મભાવ. ૩
ભેદ જ્ઞાનનો સમજાવશે, એ નિશ્ચય સિદ્ધાંતજી,
ભગવાન અમૃતચંદ્રજી, દઈ સમર્થ દૃષ્ટાંતજી... આત્મભાવ. ૪

અમૃત પદ - ૫૭

જ્ઞાન ભોજન અજ્ઞાનથી બગાડતો, જ્ઞાને રાગનો રંગ લગાડતો,
ગજ શું ખડ આ ખરેખર ! ખાય રે, મિષ્ટ ભોજન શું ખડ મિલાય રે... જ્ઞાનભોજન. ૧
ખટમીઠો શ્રીખંડ આ ખાઈને, ખટમીઠા રસથી ન ધરાઈને,
અતિગૃદ્ધિથી દોહે ગાયને, દૂધ રસાળું પીવા ધાયને... જ્ઞાનભોજન. ૨
ખડખાવાપણું આ છોડને, જ્ઞાનભોજનમાં મનને જોડને !
ભગવાન અમૃતચંદ્રની આ વાણને, અમૃતમયી સદાય પ્રમાણને !... જ્ઞાનભોજન. ૩

अनुष्टुप्

आत्मभावान्करोत्यात्मा, परभावान्सदा परः ।
आत्मैव ह्यात्मनो भावः, परस्य पर एव ते ॥५६॥

वसंततिलका

अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी,
ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः ।
पीत्वा दधीक्षु मधुराम्लरसातिगृद्ध्या,
गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालं ॥५७॥

અમૃત પદ - ૫૮

અજ્ઞાને કર્ત્તા થઈ આત્મા, આકુળ થઈ અકળાય... ધ્રુવપદ.
અજ્ઞાને મૃગ મૃગજલ પીવા, જલબુદ્ધિથી ધાય,
અજ્ઞાને અંધારે રજ્જુ, માની સાપ પલાય... અજ્ઞાને કર્ત્તા. ૧
અજ્ઞાને જ વિકલ્પ ચક્રના, કરણ ચાકડે ચડાય,
વાયે હેલે ચડતા સાયર શું, હાય હિલોળા ખાય... અજ્ઞાને કર્ત્તા. ૨
શુદ્ધ જ્ઞાનમય છતાંય પોતે, જન આ કર્ત્તા થાય,
ભગવાન અમૃત જ્યોતિ ભૂલી, આકુળ થઈ અકળાય... અજ્ઞાને કર્ત્તા. ૩

અમૃત પદ - ૫૯

'ધાર તરવારની સોહલી દોહલી' - એ રાગ

જ્ઞાની હંસ જાણતો, કર્તૃત્વ ન આણતો, જાણે પણ કાંઈ પણ ના કરે છે,
શુદ્ધ ચૈતન્ય ધાતુ પરે રૂઢ તે, શુદ્ધ અમૃત અનુભવ ધરે છે... જ્ઞાની હંસ. ૧
હંસ જ્યમ નીર ને ક્ષીર વિવેચતો, નીર ને ક્ષીર વિવેક આણે,
તેમ જે જ્ઞાને કરી વિવેચકતા ધરી, પર અને આત્મ વિશેષ જાણે... જ્ઞાની હંસ. ૨
તેહ અચલા ખરે ! ચૈતન્ય ધાતુ પરે, નિત્ય અધિરૂઢ થઈને રહે છે,
તેહ જાણે જ છે કંઈય ન કરે જ છે, એમ ભગવાન અમૃત કહે છે... જ્ઞાની હંસ. ૩

शार्दूलविक्रीडित

अज्ञानान्मृगतृष्णिकां जलधिया धावंति पातुं मृगा,
अज्ञानात्तमसि द्रवंति भुजगाध्यासेन रज्जौ जनाः ।
अज्ञानाच्च विकल्पचक्रकरणाद्धातोत्तरंगाब्धिवत्,
शुद्धज्ञानमया अपि स्वयममी कर्त्रीभवंत्याकुलाः ॥५८॥

वसंततिलका

ज्ञानाद्विवेचकतया तु परात्मनो र्यो,
जानाति हंस इव वाःपयसोर्विशेषं ।
चैतन्यधातुमचलं स सदाधिरूढो,
जानीत एव हि करोति न किंचनापि ॥५९॥

અમૃત પદ - ૬૦

'શ્રી સુપાર્શ્વ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ' - એ રાગ

જુઓ ! જ્ઞાનનો પ્રભાવ ! જુઓ જ્ઞાનનો પ્રભાવ,
કરે નાશ કર્તૃભાવ, જુઓ જ્ઞાનનો પ્રભાવ !... ૧
અગ્નિ ઉષ્ણતા જણાય, જલ શીતતા ગણાય,
એમ વ્યવસ્થા ઠરાય, જ્ઞાન પ્રભાવે કળાય... જુઓ જ્ઞાનનો પ્રભાવ ! ૨
મીઠું મરચું ભભરાય, લવણ સ્વાદ અવરાય,
સ્વાદભેદ દૂર થાય, જ્ઞાને લવણ કળાય... જુઓ જ્ઞાનનો પ્રભાવ ! ૩
સ્વરસે વિકસતી નિત, ચૈતન્ય ધાતુ તણી રીત,
અને ક્રોધાદિની રીત, જ્ઞાને જણાયે સુરીત... જુઓ જ્ઞાનનો પ્રભાવ ! ૪
ભેદજ્ઞાનને પ્રભાવ, ભેદતી જ કર્તૃભાવ,
ભગવાન્ અમૃત સ્વભાવ, જ્ઞાનજ્યોતિ એ જમાવ... જુઓ જ્ઞાનનો પ્રભાવ ! ૫

અમૃત પદ - ૬૧

આત્મા આત્મને જ્ઞાન કરંતો, કાં અજ્ઞાન કરંત,
એમ આત્મા આ આત્મભાવનો, કર્તા ખરે ! હવંત... આત્મા આત્મને જ્ઞાન કરંતો. ૧
પણ પરભાવનો કર્ત્તા તે તો, કોઈ કાળે પણ નો'ય,
ભગવાન અમૃતચંદ્રની એવી, અમૃત વાણી જોય... આત્મા આત્મને જ્ઞાન કરંતો. ૨

અમૃત પદ - ૬૨

આત્મા જ્ઞાન સ્વયં જ ખરેખર ! આત્મ સ્વયં છે જ્ઞાન,
જ્ઞાન સિવાય બીજું જ કહો શું, અત્ર કરે તે જ્ઞાન ?... આત્મા જ્ઞાન સ્વયં જ ખરેખર ! ૧
પરભાવનો કર્ત્તા આ આત્મા, તે તો આ અજ્ઞાન,
વ્યવહારીઓનો મોહ જ છે આ, કહે અમૃત ભગવાન... આત્મા જ્ઞાન સ્વયં જ ખરેખર ! ૨

मंदाक्रांता

ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था,
ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः ।
ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः,
क्रोधादेश्च प्रभवति भिदा भिंदती कर्तृभावं ॥६०॥

अनुष्टुप्

अज्ञानं ज्ञानमप्येवं, कुर्वन्नात्मानमंजसा ।
स्यात्कर्तात्मात्मभावस्य, परभावस्य न क्वचित् ॥६१॥

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत् करोति किं ।
परभावस्य कर्तात्मा मोहोयं व्यवहारिणां ॥६२॥

અમૃત પદ - ૬૩

'ભૈયા ! વિષમ આ સંસાર' - એ રાગ

જીવ જો પુદ્‌ગલ કર્મ કરે ના, કોણ કરે છે તેહ ?
નિશ્ચય ને વ્યવહાર તણી તો, વાત અટપટી એહ... જીવ જો પુદ્‌ગલ કર્મ કરે ના... ૧
ગુરુદેવ ! આશંકા એ થાતી, વાત ન મુજ સમજાતી,
કર્તા-કર્મની વાત અતિશે, અટપટી આ દેખાતી... જીવ જો પુદ્‌ગલ કર્મ કરે ના... ૨
તીવ્ર વેગી હે શિષ્ય ! એ ત્હારો, મોહ હણવાને કાજે,
પુદ્‌ગલ કર્મનો કર્ત્તા કહિએ, સાંભળજે અહિં આ જે... જીવ જો પુદ્‌ગલ કર્મ કરે ના... ૩
ભગવાન અમૃતચંદ્રની અમૃત, વાણી આ સાંભળજે,
મોહ વિષ ઉતારી અનાદિ, અમૃત પંથે પળજે... જીવ જો પુદ્‌ગલ કર્મ કરે ના... ૪

અમૃત પદ - ૬૪

'સાહેબા ! વાસુપૂજ્ય જિણંદા' - એ રાગ

દ્રવ્ય પુદ્‌ગલ આ પરિણામી, નિજ ભાવનો કર્ત્તા નામી,
એમ પુદ્‌ગલ પરિણામ શક્તિ, સ્વભાવભૂત સ્થિત એ વ્યક્તિ... દ્રવ્ય પુદ્‌ગલ. ૧
તેહ સ્થિત સતે આ ખરે ! છે, જેહ ભાવ આત્માનો કરે છે,
તેનો તેહ જ કર્ત્તા ઠરે છે, ભગવાન અમૃતચંદ્ર વદે છે... દ્રવ્ય પુદ્‌ગલ. ૨

વસંતતિલકા

जीवः करोति यदि पुद्‌गलकर्म नैव,
कस्तर्हि तत्कुरुत इत्यभिशंकयैव ।
एत हिं तीव्ररयमोहनिबर्हणाय,
संकीत्यते श्रणुत पुद्‌गलकर्मकर्तृ ॥६३॥

उपजाति

स्थितेत्यविघ्ना खलु पुद्‌गलस्य,
स्वभावभूता परिणामशक्तिः ।
तस्यां स्थितायां स करोति भावं,
यमात्मनस्तस्य स एव कर्त्ता ॥६४॥

અમૃત પદ - ૬૫

'સાહેબા ! વાસુપૂજ્ય જિણંદા' - એ રાગ

જીવ દ્રવ્ય છે આ પરિણામી, નિજ ભાવનો કર્ત્તા નામી... (૨) ૧
એમ જીવની પરિણામ શક્તિ, સ્વભાવભૂત સ્થિત એ વ્યક્તિ,
અંતરાય જેમાં ન આવે, એવી નિરંતરાયા સ્વભાવે... જીવ દ્રવ્ય છે આ પરિણામી. ૨
તેહ સ્થિત સતે આ ખરે ! છે, જેહ ભાવ સ્વનો કરે છે,
કર્ત્તા તેનો જ તેહ ઠરે છે, ભગવાન અમૃતચંદ્ર વદે છે... જીવદ્રવ્ય છે આ પરિણામી. ૩

અમૃત પદ - ૬૬

જ્ઞાનમય જ ભાવ ક્યાંથી જ્ઞાનિનો, બીજો ખરે ! ના હોય રે,
અજ્ઞાનમય સૌ અજ્ઞાનિનો, ક્યાંથી ? બીજો ના હોય રે... જ્ઞાનમય જ ભાવ. ૧
સમાધાન કરતા આ ભગવાન, જ્ઞાની અમૃત ભાખે રે,
જ્ઞાની વિના બીજો કોણ એનું, રહસ્ય આવું દાખે રે... જ્ઞાનમય જ ભાવ. ૨

उपजाति

स्थितेति जीवस्य निरंतराया,
स्वभावभूता परिणामशक्तिः ।
तस्यां स्थितायां स करोति भावं,
यं स्वस्य तस्यैव भवेत्स कर्त्ता ॥६५॥

आर्या

ज्ञानमय एव भावः कुतो भवेद् ज्ञानिनो न पुनरन्यः ।
अज्ञानमयः सर्वः कुतोयमज्ञानिनो नान्यः ॥६६॥

અમૃત પદ - ૬૭

જ્ઞાનમય જ્ઞાનિના ભાવો, અજ્ઞાનિના અજ્ઞાન રે. (૨) ધ્રુવપદ. ૧
જ્ઞાનીના ભાવો તે સર્વે, જ્ઞાનથી ઘડિયા હોય રે,
અજ્ઞાનીના સર્વ તેહ તો, અજ્ઞાને ઘડિયા જોય રે... જ્ઞાનમયા જ્ઞાનિના ભાવો. ૨
સુવર્ણના ભાવો તે સર્વે, સુવર્ણ ઘડિયા જેમ રે,
જ્ઞાનીના ભાવો સર્વે તે, જ્ઞાને ઘડિયા તેમ રે... જ્ઞાનમયા જ્ઞાનિના ભાવો. ૩
લોહ તણા ભાવો તે સર્વે, લોહે ઘડિયા જેમ રે,
અજ્ઞાનીના ભાવો સર્વે, ઘડ્યા અજ્ઞાને તેમ રે... જ્ઞાનમય જ્ઞાનિના ભાવો. ૪
ભગવાન અમૃત જ્યોતિ પ્રગટ્યે, ભાવ અજ્ઞાન વિલાય રે,
જ્ઞાન ભાવ વિલાસ વિલસતો, આત્મા સ્વરૂપ સમાય રે... જ્ઞાનમય જ્ઞાનિના ભાવો. ૫

અમૃત પદ - ૬૮

અજ્ઞાનમય ભાવોની ભૂમિકા, વ્યાપી સદા અજ્ઞાની રે,
દ્રવ્ય કર્મ નિમિત્ત ભાવોની, લહે હેતુતા આણી રે... અજ્ઞાનમય ભાવોની ભૂમિકા. ૧
મિથ્યાત્વ અવિરતિ કષાય યોગો, દ્રવ્ય કર્મના હેતુ રે,
તેના હેતુ આત્મભાવનો, હોય અજ્ઞાન હેતુ રે... અજ્ઞાનમય ભાવોની ભૂમિકા. ૨
અજ્ઞાન ભાવ તે આત્મચંદ્રને, ગ્રસતો જાણે કેતુ રે,
ભગવાન અમૃત જ્યોતિ ઝગે ત્યાં, કિહાં રહે એ હેતુ રે... અજ્ઞાનમય ભાવોની ભૂમિકા. ૩

अनुष्टुप्
ज्ञानिनो ज्ञाननिर्वृत्ताः, सर्वे भावा भवंति हि ।
सर्वेप्यज्ञाननिर्वृत्ताः, भवंत्यज्ञानिनस्तु ते ॥६७॥

अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकां ।
द्रव्यकर्मनिमित्तानां, भावानामेति हेतुतां ॥६८॥

અમૃત પદ - ૬૯

અમૃત સાક્ષાત્ પીએ તે વિરલા, અમૃત સાક્ષાત્ પીએ તે હીરલા. (૨). ધ્રુવપદ. ૧
નય પક્ષનું ગ્રહણ જે મૂકી, પક્ષપાતથી જાય છે ચૂકી,
સ્વરૂપ દુર્ગમાં ગુપ્ત ભરાઈ, સ્વરૂપ ગુપ્ત વસે છે સદાઈ... અમૃત સાક્ષાત્. ૨
વિકલ્પ જાલ જટિલથી છૂટી, શાંતચિત્ત થયેલા અખૂટી,
અમૃત સાક્ષાત્ તેઓ જ પીવે, ભગવાન અમૃત જ્યોતિ જીવે... અમૃત સાક્ષાત્. ૩

અમૃત પદ - ૭૦-૮૯

'ધાર તરવારની, સોહલી દોહલી' - એ રાગ.

પક્ષ નિત ભેદતો, તત્ત્વ ચિત વેદતો, અમૃત અનુભવ કરે તત્ત્વવેદી... ધ્રુવપદ.
એક કહે બદ્ધ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વ વેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૦
એક કહે મૂઢ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વ વેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૧
એક કહે રક્ત છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૨
એક કહે દ્વિષ્ટ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વ વેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૩

उपजाति

य एव मुक्त्वा नयपक्षपातं, स्वरूपगुप्ता निवसंति नित्यं ।
विकल्पजालच्युतशांतचित्ता, स्त एव साक्षादमृतं पिबन्ति ॥६९॥

एकस्य बद्धो न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७०॥
एकस्य मूढो न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्त त्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्याति नित्यं खलु चिच्चिदेव ॥७१॥
एकस्य रक्तो न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७२॥
एकस्य द्विष्टो न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्याति नित्यं खलु चिच्चिदेव ॥७३॥

એક કહે કર્તૃ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૪

એક કહે ભોક્તૃ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૫

એક કહે જીવ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૬

એક કહે સૂક્ષ્મ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૭

એક કહે હેતુ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૮

એક કહે હેતુ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૭૯

एकस्य कर्ता न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७४॥
एकस्य भोक्ता न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७५॥
एकस्य जीवो न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७६॥
एकस्य सूक्ष्मो न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७७॥
एकस्य हेतुर्न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७८॥
एकस्य कार्यं न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७९॥

એક કહે ભાવ છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ નિત્ય તેને... પક્ષ નિત. ૮૦

એક કહે એક છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ નિત્ય તેને... પક્ષ નિત. ૮૧

એક કહે સાંત છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ નિત્ય તેને... પક્ષ નિત. ૮૨

એક કહે નિત્ય છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ નિત્ય તેને... પક્ષ નિત. ૮૩

એક કહે વાચ્ય છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ નિત્ય તેને... પક્ષ નિત. ૮૪

એક કહે નાના છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત બે એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ નિત્ય તેને... પક્ષ નિત. ૮૫

एकस्य भावो न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८०॥
एकस्य चैको न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८१॥
एकस्य सांतो* न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्त स्याति नित्यं खलु चिच्चिदेव ॥८२॥
एकस्य नित्यो न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८३॥
एकस्य वाच्यो न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८४॥
एकस्य नाना न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिंच्चिदेव ॥८५॥

---

* પાઠાંતર : शांत

એક કહે ચેત્ય છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત ને એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૮૬

એક કહે દૃશ્ય છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત ને એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૮૭

એક કહે વેદ્ય છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત ને એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૮૮

એક કહે ભાત છે, અપર કહે તેમ ના, ચિતે પક્ષપાત ને એમ બેને,
પક્ષપાતે ચૂક્યો, તત્ત્વવેદન ઝૂક્યો, ચિત્ ખરે ! ચિત જ છે નિત્ય તેને... પક્ષ નિત. ૮૯

(૭૦-૮૯)

અમૃત પદ - ૯૦

'ધાર તરવારની' - એ રાગ (ચાલુ)

એમ ઈચ્છાનુસારે બહુ પ્રકાર જ્યાં, વિકલ્પ અનલ્પની જાલ જામે,
એવી નય પક્ષની, જટિલ નિજ કક્ષની, મોટી અટવી વટાવી વિરામે... પક્ષ નિત. ૧
બ્હાર ત્યમ અંતરે, સમરસ જ રસ ધરે, એવો સ્વભાવ તે સ્વભાવ પામે,
માત્ર અનુભૂતિ જ્યાં, એક **અમૃતમયી,** આત્મ ભગવાન તે આત્મધામે... પક્ષ નિત. ૨

एकस्य चेत्यो न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८६॥
एकस्य दृश्यो न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८७॥
एकस्य वेद्यो न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८८॥
एकस्य भावो न तथा परस्य, चिति द्वयो र्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८९॥

(७८-८९)

वसंततिलका
स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला -
मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षां ।
अंतर्बहिःसमरसैकरसस्वभावं,
स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रं ॥९०॥

અમૃત પદ - ૯૧

ચામર છંદ (નારાચ વત્)

ચિન્મયો મહાન્ તેજ જેહ તે જ છું જ હું,
આ વિકલ્પ ઈંદ્રજાલ સર્વ તત્ક્ષણે દહું... ચિન્મયો મહાન્ તેજ. ૧
ઈંદ્રજાલ ઉછળંત આ અનંત રંગથી,
પુષ્કલા અતિચલા વિકલ્પના તરંગથી... ચિન્મયો મહાન્ તેજ. ૨
તે નિરસ્ત જેનું માત્ર વિસ્ફુરણ ક્ષણે કરે,
તેહ ચિન્મયં મહસ્ મહત્ છું તેજ હું ખરે !... ચિન્મયો મહાન્ તેજ. ૩
જ્યોતથી મહંત તે **અમૃત** સદા ઝરંત તે,
ભગવાન હું ભવંત તે **અમૃત** પદે ઠરંત તે... ચિન્મયો મહાન્ તેજ. ૪

अमृत पद - ९२

चेतुं समयसार अपारो, जेनो कदीय न आवे पारो... चेतुं समयसार. १
चित् स्वभावे सभर जे भरियो, भाव अमृतनो छे दरियो,
परभावनो छे ज्यां अभाव, स्वभावनो सदा छे भाव... चेतुं समयसार. २
एवो अनुभवतां विण पार, चेतुं समयसार अपार,
बंध पद्धति सकल फगावी, भगवान अमृत ज्योति जगावी... चेतुं समयसार. ३

रथोद्धता

इंद्रजालमिंदमेवमुच्छल -
त्पुष्कलच्चलविकल्पवीचिभिः ।
यस्य विस्फुरणमेव तत्क्षणं,
कृत्स्नमस्यति तदस्मि चिन्महः ॥९२॥ (गाथा-१४२)

स्वागता

चित्स्वभावभरभावितभावा -
ऽभावभावपरमार्थतयैकं ।
बंधपद्धतिमपास्य समस्तां,
चेतये समयसारमपारं ॥९२॥ (गाथा-१४३)

અમૃત પદ - ૯૩

રત્નમાલા

પુરાણ પુરુષ આ પરમ પ્રકાશે, ભગવાન્ આત્મા અમૃત પ્રભાસે... ધ્રુવપદ.
વિણ નયપક્ષો અચલો જ સાવ, આક્રામંતો અવિકલ્પ ભાવ... પુરાણ પુરુષ આ. ૧
સાર સમયનો જેહ જણાતો, ગુપ્તયુપથી સ્વયં સ્વાદ કરાતો... પુરાણ પુરુષ આ. ૨
વિજ્ઞાન એકરસ પુણ્ય આ ભરિયો, પુરાણ પુરુષો અમૃત દરિયો... પુરાણ પુરુષ આ. ૩
જ્ઞાન ભગવાન્ આ દર્શન આ છે, જે કંઈપણ તે એક જ આ છે... પુરાણ પુરુષ આ. ૪

અમૃત પદ - ૯૪

આત્મા ગતાનુગત કરે આત્મમાં, આત્મા ગતાનુગત કરે આત્મમાં... ધ્રુવપદ. ૧
ચૂકે નિજ પ્રવાહથી દૂરે, ભમતો વિકલ્પ જાલના પૂરે,
વિવેક-નિમ્ન ગમનથી દૂરથી, દોરાયો નિજ પ્રવાહે જોરથી... આત્મા ગતાનુગત કરે. ૨
આત્મા વિજ્ઞાનૈકરસે ઘનો, આત્મા તદૈકરસીને આણતો,
ગતાનુગતતા નિજ આત્મમાં, પામે જલ શું અમૃત ભગવાનમાં... આત્મા ગતાનુગત. ૩

અમૃત પદ - ૯૫

'જીવ્યું ધન્ય તેહનું રે' - એ રાગ

કર્ત્તાપણું બાળ તું ! - ધ્રુવપદ

વિકલ્પક કર્ત્તા કેવલ ખરે ! વિકલ્પ કેવલ કર્મ ભાસ ! બાળ કર્ત્તાપણું બાળ તું !... ૧
કર્ત્તા-કર્મપણું સવિકલ્પનું, પામે નહિ કદી થવા નાશ... કર્ત્તાપણું બાળ તું !... ૨

शार्दूलविक्रीडित

आक्रमन्नविकल्पभावमचलं पक्षैर्नयानां विना,
सारो यः समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयं ।
विज्ञानैकरसः स एष भगवान्पुण्यः पुराणः पुमान्,
ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किंचनैकोऽप्येयं ॥९३॥

दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजौघाच्युतो,
दूरादेव विवेकनिम्नगमनान्नीतो निजौघं बलात् ।
विज्ञानैकरसस्तदेकरसितामात्मानमात्माहरन्,
आत्मन्येव सदा गतानुगततामायात्ययं तोयवत् ॥९४॥

अनुष्टुप्

विकल्पकः परं कर्ता, विकल्पः कर्म केवलं ।
न जातु कर्म कर्मत्वं, सविकल्पस्य नश्यति ॥९५॥

અમૃત પદ - ૯૬

'જીવ્યું ધન્ય તેહનું રે' - એ રાગ

કર્ત્તાપણું બાળ તું... ધ્રુવપદ

જે કરે તે કેવલ કરતો રહે, જાણે તે રહે કેવલ જાણ... કર્ત્તાપણું બાળ તું. ૧

જે કરે તે ક્વચિત્ ન જાણતો, જાણે તે ક્વચિત્ કરે ન જાણ... કર્ત્તાપણું બાળ તું. ૨

અમૃત પદ - ૯૭

(રાગ - ઉપરના પદ પ્રમાણે)

કરવાપણાની અંદર નિશ્ચયે, જાણવાપણું ભાસે ના જ... કર્ત્તાપણું બાળ તું !. ૧

જાણવાપણા અંદર નિશ્ચયે, કરવાપણું ભાસે ના જ... કર્ત્તાપણું બાળ તું !. ૨

તેથી જાણવાપણું કરવાપણું, બન્ને ભિન્ન ભિન્ન તું જાણ... કર્ત્તાપણું બાળ તું !. ૩

તેથી જ્ઞાતા ન કર્ત્તા સ્થિત એ, ભગવાન અમૃતચંદ્રની વાણ... કર્ત્તાપણું બાળ તું !. ૪

રથોદ્ધતા

यः करोति स करोति केवलं,
यस्तु वेत्ति स तु वेत्ति केवलं ।
य करोति न हि वेत्ति स क्वचित्,
यस्तु वेत्ति न करोति स क्वचित् ॥९६॥

इंद्रवज्रा

ज्ञप्तिः करोतौ न हि भासतेंतः,
ज्ञप्तौ करोति न हि भासतेंतः ।
ज्ञप्तिः करोति श्च ततो विभिन्ने,
ज्ञाता न कर्तेति ततः स्थितं च ॥९७॥

અમૃત પદ - ૯૮

(રાગ - ઉપરના પદ પ્રમાણે)

કર્ત્તા કર્મમહિં ન છે નિશ્ચયે, કર્મ પણ કર્ત્તામાં છે ના જ... કર્ત્તાપણું બાલ તું !. ૧
દ્વંદ્વ એહ નિષેધ જો થાય છે, કર્ત્તા કર્મસ્થિતિ તો ક્યાં જ... કર્ત્તાપણું બાલ તું !. ૨
જ્ઞાતા જ્ઞાતામહિં કર્મ કર્મમાં, વસ્તુસ્થિતિ આ વ્યક્ત સદા જ... કર્ત્તાપણું બાલ તું !. ૩
તો ય રે ! નેપથ્યે મોહ શેં નાટતો ? પોકારે **અમૃત મુનિરાજ**... કર્ત્તાપણું બાલ તું !. ૪
કર્ત્તા-કર્મનું તત્ત્વવિજ્ઞાન આ, ભાખ્યું **'વિજ્ઞાનઘન'** ભગવાન... કર્ત્તાપણું બાલ તું !. ૫
અમૃતચંદ્ર મુનિચંદ્રે અહો ! પ્રકાશ્યો જગમાં જ્ઞાનભાણ... કર્ત્તાપણું બાલ તું !. ૬



અમૃત પદ - ૯૯

અહો ! જ્ઞાનજ્યોતિ આ પ્રગટી ! કર્ત્તાપણું સહુ વિઘટી... અહો ! જ્ઞાનજ્યોતિ. ૧
કર્ત્તા કર્ત્તા જેમ ન થાયે, કર્મ પણ કર્મ ન જ થાયે,
જ્ઞાન જ્ઞાન જ જેમ જ હોયે, પુદ્ગલ પણ પુદ્ગલ હોયે... અહો ! જ્ઞાનજ્યોતિ. ૨
એમ જ્ઞાનજ્યોતિ જ્વલિત અચલ આ, વ્યક્ત અંતરમાં ઉદિત આ,
ચિત્ શક્તિભરે ગંભીરા, ભાખે ભગવાન અમૃત ગિરા... અહો ! જ્ઞાનજ્યોતિ. ૩



॥ ઈતિ કર્ત્તા-કર્મ અધિકાર ॥

शार्दूलविक्रीडित

कर्ता कर्मणि नास्ति नास्ति कर्मापि तत्कर्तरि,
द्वंद्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्मस्थितिः ।
ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति -
र्नेपथ्ये बत नानटीति रभसा मोहस्तथाप्येष किं ॥९८॥



मंदाक्रांता

कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव
ज्ञानं ज्ञानं भवति च यथा पुद्गलः पुद्गलोपि ।
ज्ञानज्योति र्ज्वलितमचलं व्यक्तमंतस्तथाद्यै -
श्चिच्छक्तीनां निकरभरतोऽत्यंतगंभीरमेतत् ॥९९॥१४४॥



॥ इति कर्ता-कर्म अधिकारः ॥

પુણ્ય-પાપ અધિકાર

અમૃત પદ - ૧૦૦

જ્ઞાન-અમૃતચંદ્ર ઉદય આ પામે, જ્ઞાન અમૃતચંદ્ર ઉદય આ પામે... (ધ્રુવપદ)
ઘન અમૃતરસનો જામે, ઘન અમૃતરસનો જામે,
મોહરજ નિર્ભર જે ગાળે, સુધારસવર્ષિ તરબોળે... જ્ઞાન અમૃતચંદ્ર. ૧
તે કર્મ શુભાશુભ ભેદે, દ્વય ભેદપણું જ નિવેદે,
તેને ઐક્ય જ જેહ પમાડે, ભેદ વિભ્રમ સર્વ ભગાડે... જ્ઞાન અમૃતચંદ્ર. ૨
એવો મોહરજો ગાળંતો, જ્ઞાન-**અમૃતચંદ્ર** ઉદંતો,
ભગવાન અમૃતરસ વરષંતો, કર્મ કલિ સકલ કરષંતો... જ્ઞાન અમૃતચંદ્ર. ૩

અમૃત પદ - ૧૦૧

'જ્ઞાનને ઉપાસીએ' - એ રાગ.

શૂદ્રિકા ઉદરે જોડલે જન્મ્યા, શૂદ્ર સાક્ષાત્ બે બાલ,
જાતિ ભેદ ભ્રમે ભમી રહ્યા તે, જુઓ ! જુઓ ! તસ હાલ... શૂદ્રિકા ઉદરે. ૧
એક તો ઉછર્યું ઘરે બ્રાહ્મણના, બીજું શૂદ્રના ઘેર,
તે તે જાતિરૂપ માને પોતાને, જુઓ સંગતનો ફેર !... શૂદ્રિકા ઉદરે. ૨
એક ત્યજે છે દૂરથી મદિરા, ધરી બ્રાહ્મણત્વ અભિમાન,
બીજો મદિરાથી ન્હાય છે નિત્યે, શૂદ્રપણું નિજ માન... શૂદ્રિકા ઉદરે. ૩
પણ આ બન્ને તો શૂદ્રિકા ઉદરે, જોડલે જન્મ્યા બે બાલ,
સાક્ષાત્ શૂદ્રો આ ભમી રહ્યા છે, જાતિ ભેદ ભ્રમે હાલ... શૂદ્રિકા ઉદરે. ૪
સ્વભાવોક્તિમય અન્યોક્તિથી કહ્યું, **ભગવાન અમૃતચંદ્ર,**
પુણ્ય-પાપ એક પુદ્ગલ જાતિ, મર્મ સમજી લ્યો આનંદ... શૂદ્રિકા ઉદરે. ૫

द्रुतविलंबित

तदथ कर्म शुभाशुभभेदतो, द्वितयतां गतमैक्यमुपानयन् ।
ग्लपितनिर्भरमोहरजा अयं, स्वयमुदेत्यवबोधसुधाप्लवः ॥१००॥

मंदाक्रांता

एको दूरात्त्यजति मदिरां ब्राह्मणत्वाभिमाना -
दन्यः शूद्रः स्वय महमिति स्नाति नित्यं तयैव ।
द्वावप्येतौ युगपदुदरान्निर्गतौ शूद्रिकायाः,
शूद्रौ साक्षातथच चरतो जातिभेदभ्रमेण ॥१०१॥

અમૃત પદ - ૧૦૨

'ધાર તરવારની' - એ રાગ

કર્મ સર્વ નિશ્ચિતં, બંધ માર્ગાશ્રિતં, તેથી અભેદ તે એક હોયે,
તેથી તે તો સ્વયં, કર્મ સમસ્ત એ, બંધનો હેતુ અભેદ જોયે... કર્મ સર્વ. ૧
શુભ વા અશુભ હો, પુણ્ય વા પાપ હો, બંધનો હેતુ તે સર્વ ઈષ્ટ,
કેવલ પુદ્ગલમયા, બંધના માર્ગને, આશ્રતું સર્વ તે તો અનિષ્ટ... કર્મ સર્વ. ૨
હેતુ સ્વભાવ અનુભવ આશ્રય તણો, હોય અત્રે સદાયે અભેદ,
તેહ કારણ થકી, અત્ર નિશ્ચય નકી, કર્મનો હોય ના કોઈ ભેદ... કર્મ સર્વ. ૩
શુભ વા અશુભ વા, જીવ પરિણામ તે, કેવલ અજ્ઞાન રૂપ એક છેક,
એકપણું તસ સતે, કારણ અભેદથી, શુભ અશુભ સર્વ તે કર્મ એક... કર્મ સર્વ. ૪
શુભ વા અશુભ વા, પુદ્ગલ પરિણામ તે, કેવલ પુદ્ગલમયા એક છેક,
એકપણું તસ સતે, સ્વભાવ અભેદથી, શુભ અશુભ સર્વ તે કર્મ એક... કર્મ સર્વ. ૫
શુભ વા અશુભ વા, સકલ ફલપાક એ, કેવલ પુદ્ગલમયો એક છેક,
એકપણું તસ સતે, અનુભવ અભેદથી, શુભ અશુભ સર્વ તે કર્મ એક... કર્મ સર્વ. ૬
શુભ વા અશુભ વા, કેવલ પુદ્ગલમયો, આશ્રતો બંધનો માર્ગ છેક,
એકપણું તસ સતે, આશ્રય અભેદથી, શુભ અશુભ સર્વ તે કર્મ એક... કર્મ સર્વ. ૭
હેતુ સ્વભાવ અનુભવ આશ્રયતણો, એમ હોતાં સદાયે અભેદ,
કર્મ એકપણું સતે, શુભ અશુભ કર્મનો, નિશ્ચયે હોય ના કોઈ ભેદ... કર્મ સર્વ. ૮
કર્મ સર્વ નિશ્ચિતં, બંધ માર્ગાશ્રિતં, તેથી અભેદ તે એક હોયે,
તેથી તે તો સ્વયં, કર્મ સમસ્ત એ, બંધનો હેતુ અભેદ જોયે... કર્મ સર્વ. ૯
બેડી હો લોહની, અથવા સુવર્ણની, તોય તે હોય બેડી જ બેડી,
પુણ્ય પાપ બંધ બે, છોડી અમૃત ભજો, આત્મ ભગવાન આ મોક્ષ કેડી... કર્મ સર્વ. ૧૦

उपजाति

हेतुस्वभावानुभवाश्रयाणां,
सदाप्यभेदान्न हि कर्मभेदः ।
तद्बंधमार्गाश्रितमेकमिष्टं,
स्वयं समस्तं खलु बंधहेतुः ॥

અમૃત પદ - ૧૦૩

કર્મ સર્વ જ બંધનો હેતુ, જ્ઞાન જ મોક્ષતણો હેતુ,
જ્ઞાન જ વિહિત શિવહેતુ, કહે સર્વજ્ઞો શિવસેતુ... કર્મ સર્વ જ બંધનો હેતુ. ૧
કર્મ સર્વ જ બંધનો હેતુ, અવિશેષથી જાણ જ એ તું,
એમ સર્વવિદોએ ભાખ્યું, શુદ્ધ પ્રગટ તત્ત્વ એ દાખ્યું... કર્મ સર્વ જ બંધનો હેતુ. ૨
લોહ સુવર્ણ બેડી શું એમાં, શુભ અશુભ ભેદ તું લે મા !
કર્મ સર્વ જ તેથી નિષેધ્યું, જ્ઞાન જ શિવહેતુ બોધ્યું... કર્મ સર્વ જ બંધનો હેતુ. ૩
ભગવાન સર્વજ્ઞ અમૃત વાણી, શિવસુખ અમૃતની ખાણી,
ભવ્યહિત સુવિહિત અમૃત એ, સુવિહિત શેખર 'અમૃત' એ... કર્મ સર્વ જ બંધનો હેતુ. ૪

અમૃત પદ - ૧૦૪

જ્ઞાન જ્ઞાનમાં ચરિયું (કરિયું), એ જ અમૃત મુનિનું શરણું,
ત્યાં નિરત સ્વયં તે વેદે, પરમ અમૃત જ્ઞાનનું ઝરણું... જ્ઞાન એ જ મુનિનું શરણું. ૧
સર્વ સુકૃત દુષ્કૃત નિષેધ્યે, નૈષ્કર્મ્ય પ્રવૃત્તિ વેદ્યે,
મુનિઓ ન હોય અશરણા, તે તો નિશ્ચય હોયે સશરણા... જ્ઞાન એ જ મુનિનું શરણું. ૨
જ્ઞાન જ્ઞાનમાં પાછું કરિયું, તે જ ત્યારે મુનિનું શરણું,
ત્યાં નિરત સ્વયં તે વેદે, પરમ અમૃત જ્ઞાનનું ઝરણું... જ્ઞાન એ જ મુનિનું શરણું. ૩
ભગવાન આતમ અમૃતચંદ્ર, વર્ષે કેવલ જ્ઞાન નિસ્યંદ,
અનુભવ અમૃતરસી મુનિચંદ્ર, ભગવાન તે અમૃતચંદ્ર... જ્ઞાન એ જ મુનિનું શરણું. ૪

स्वागता

कर्म सर्वमपि सर्वविदो यद्, बंधसाधनमुशन्त्यविशेषात् ।
तेन सर्वमपि तत्प्रतिषिद्धं, ज्ञानमेव विहितं शिवहेतुः ॥१०३॥

शिखरिणी

निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल,
प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः ।
तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं,
स्वयं विन्दन्त्येते परममृतं तत्र निरताः ॥१०४॥

અમૃત પદ - ૧૦૫

જ્ઞાનાત્મભવન અનુભૂતિ, જ્ઞાનાત્મભવન અનુભૂતિ,
એ જ શિવસુંદરીની દૂતિ, એ જ શિવસુંદરીની દૂતિ... જ્ઞાનાત્મભવન. ૧
જે આ જ્ઞાનાત્મભવન ભાસે, ધ્રુવ અચલ અત્યંત આભાસે,
શિવનો નિશ્ચય આ હેતુ, શિવ સ્વયં જ તેહ આ હેતુ... જ્ઞાનાત્મભવન. ૨
એથી અન્ય બંધનો હેતુ, બંધ સ્વયં જ તેહ આ હેતુ,
તેથી જ્ઞાનાત્મપણું ભવનં, તે નિશ્ચય છે અનુભવનં... જ્ઞાનાત્મભવન. ૩
જ્ઞાનાત્મભવન અનુભૂતિ, એ જ શિવસુંદરીની દૂતિ,
ભાખી જ્ઞાનભવનની ભૂતિ, ભગવાન અમૃતચંદ્ર વિભૂતિ... જ્ઞાનાત્મભવન. ૪

અમૃત પદ - ૧૦૬

જ્ઞાનભવન જ મોક્ષનો હેતુ, જ્ઞાનભવન જ મોક્ષનો હેતુ,
જ્ઞાનભવન જ મોક્ષ સંકેતુ, જ્ઞાનભવન જ મોક્ષ સંકેતુ... જ્ઞાનભવન જ મોક્ષનો હેતુ. ૧
જ્ઞાનભવન તે જ્ઞાન ભાવે, જ્ઞાનનું ભવન જે થાવે,
જ્ઞાનભવન જ એક જ્યાં હોયે, અન્ય ભવન ન કંઈ પણ જોયે... જ્ઞાનભવન જ મોક્ષનો હેતુ. ૨
જ્ઞાનભવન તે જ્ઞાન સ્વભાવે, વૃત્ત વૃત્તિ શું વર્ત્તે સદાયે,
જ્ઞાન સ્વભાવ કદી ના જાયે, કેવલ જ્ઞાન ભવનમાં ધાયે... જ્ઞાનભવન જ મોક્ષનો હેતુ. ૩
જ્ઞાનભવન મોક્ષહેતુ આથી, એક દ્રવ્ય સ્વભાવપણાથી,
જ્ઞાનભવન જ મોક્ષનો હેતુ, ભગવાન અમૃત જ્ઞાને રહે તું... જ્ઞાનભવન જ મોક્ષનો હેતુ. ૪

शिखरिणी

यदेतद् ज्ञानात्मा ध्रुवमचलमामाति भवनं,
शिवस्यायं हेतुः स्वयमपि यतस्तच्छिवं इति ।
अतोऽन्यद्बंधस्य स्वयमपि यतो बंध इति तत्,
ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितं ॥१०५॥

अनुष्टुप

वृत्तं ज्ञानस्वभावेन, ज्ञानस्य भवनं सदा ।
एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत् ॥१०६॥

અમૃત પદ - ૧૦૭

કર્મકરણ ન મોક્ષનો હેતુ, કર્મકરણ ન મોક્ષનો હેતુ,
જ્ઞાનભવન જ મોક્ષનો હેતુ, જ્ઞાનભવન જ મોક્ષસંહેતુ... કર્મકરણ ન મોક્ષનો હેતુ. ૧
જ્ઞાનભવન જ તે જ્ઞાન ભાવે, જ્ઞાનનું ભવન જે થાવે,
જ્ઞાનભવન જ એક જ્યાં હોયે, અન્ય ભવન ન કંઈ પણ જોયે... કર્મકરણ ન મોક્ષનો હેતુ. ૨
જ્ઞાનભવન તે કર્મસ્વભાવે, વૃત્ત વૃત્તિ શું ન કદાયે,
જ્ઞાનસ્વભાવ કદી ના જાયે, કર્મ કરણમાં કદી ન ધાયે... કર્મકરણ ન મોક્ષનો હેતુ. ૩
કર્મકરણ ન મોક્ષહેતુ આથી, અન્ય દ્રવ્ય સ્વભાવપણાથી,-
જ્ઞાનભવન જ મોક્ષનો હેતુ, ભગવાન્ અમૃત જ્ઞાને વહે તું... કર્મકરણ ન મોક્ષનો હેતુ. ૪

અમૃત પદ - ૧૦૮

કર્મકરણ ત્રિકારણે નિષેધ્યું, મોક્ષ લક્ષ્ય જ્ઞાનભવને વેધ્યું,
કર્મકરણ ત્રિકારણે નિષેધ્યું, મોક્ષ લક્ષ્ય જ્ઞાનભવને વેધ્યું... કર્મકરણ. ૧
મોક્ષહેતુ તિરોધાન કરતું, બંધ પણું સ્વયં તસ ઠરતું,
મોક્ષ હેતુ તિરોધાયિ ભાવ, કર્મ તેથી નિષેધ્યું સાવ... કર્મકરણ. ૨
દર્શન જ્ઞાન ચારિત્ર ભાવ, મોક્ષ હેતુ એ આત્મસ્વભાવ,
તેનું કર્મ કરે તિરોધાન, કર્મ તેથી નિષેધ્યું જાણ !... કર્મકરણ. ૩
કર્મ બેડી પુરુષને બાંધે, સંસાર કારાગૃહમાં ગોંધે,
સ્વયં બંધપણું છે આમ, તેથી કર્મ નિષેધ્યું તમામ... કર્મકરણ. ૪
સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર, કર્મ ઉદય કરે વિપરીત,
મોક્ષહેતુ તિરોધાયિ ભાવ, કર્મ તેથી નિષેધ્યું સાવ... કર્મકરણ. ૫
કર્મકરણ ત્રિકારણે એમ, નિષેધ્યું સર્વથા તેમ,
ભગવાન અમૃત અમૃતવાણી, જ્ઞાનભવને લ્યો એ માણી... કર્મકરણ. ૬

अनुष्टुप्
वृत्तं कर्मस्वभावेन, ज्ञानस्य भवनं न हि ।
द्रव्यांतरस्वभावत्वान्मोक्षहेतु र्न कर्म तत् ॥१०७॥

मोक्षहेतुतिरोधानाद्बंधत्वात्स्वयमेव च ।
मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषेध्यते ॥१०८॥

અમૃત પદ - ૧૦૯

'વીતરાગ જય ધામ' - એ રાગ

મુમુક્ષુને સર્વ કર્મ સંન્યાસ, મુમુક્ષુને સર્વ કર્મ સંન્યાસ,
સદા કાર્ય જેથી ઉદ્ધતરસ, પામે જ્ઞાન પ્રભાસ... મુમુક્ષુને સર્વ કર્મ સંન્યાસ. ૧
પુણ્ય-પાપની પછી કથા શી ? કર્યે સર્વ સંન્યાસ,
શુભાશુભ કર્મ ભેદ જ શ્યો ત્યાં, નિષ્કર્મ જ્યાં અભ્યાસ... મુમુક્ષુને સર્વ કર્મ સંન્યાસ. ૨
સમ્યક્ત્વાદિ નિજ સ્વભાવના, ભવન થકી ઉદ્દામ,
હેતુ હોતું મોક્ષતણું આ, જ્ઞાન જ અમૃત ધામ... મુમુક્ષુને સર્વ કર્મ સંન્યાસ. ૩
પ્રતિબદ્ધ નૈષ્કર્મ્ય સાથમાં, ઉદ્ધતરસ આ જ્ઞાન,
અનુભવ અમૃત પાન કરંતું, દોડે સ્વયં ભગવાન... મુમુક્ષુને સર્વ કર્મ સંન્યાસ. ૪
નિષ્કર્મ એવું ઉદ્ધતરસ આ, જ્ઞાન સંવેગે દોડે,
ભગવાન અમૃત ધામ મોક્ષમાં, મુમુક્ષુને નિત જોડે... મુમુક્ષુને સર્વ કર્મ સંન્યાસ. ૫

અમૃત પદ - ૧૧૦

'ધાર તરવારની' - એ રાગ

કર્મ તો બંધનો હેતુ નિશ્ચય ઠરે, જ્ઞાન એક જ ખરે ! મોક્ષ હેતુ,
એહ નિશ્ચય સદા હૃદયમાં જે ધરે, તે મુમુક્ષુ લહે મોક્ષ સેતુ... કર્મ તો બંધનો હેતુ. ૧
જ્યાં લગી જ્ઞાનની કર્મવિરતિ જ તે, પાક સમ્યકપણે ના જ પામે,
ત્યાં લગી કર્મ ને જ્ઞાનનો સમુચ્ચયો, પણ કર્યે કો ક્ષતિ ન એહ ઠામે... કર્મ તો બંધનો હેતુ. ૨
કિંતુ આ કર્મ ને જ્ઞાનના સમુચ્ચયે, કર્મ જે અવશથી ઉલ્લસે છે,
તે તો બંધાર્થ કેવલ અહીં હોય છે, એહ નિશ્ચય સદાયે લસે છે... કર્મ તો બંધનો હેતુ. ૩
અત્ર મોક્ષાર્થ તો સ્થિત એક જ પરમ, જ્ઞાન વિમુક્ત જે આપ આપે,
કેવલ જ્ઞાન વિણ અન્ય જ્યાં ભાવ ના, એવું આ જ્ઞાન ભવબંધ કાપે... કર્મ તો બંધનો હેતુ. ૪
એહ નિશ્ચય સદા હૃદયમાં જે ધરે, તે જનો અનુક્રમે કર્મ વામી,
કેવલ જ્ઞાન ભગવાન સ્થિત અનુભવે, પરમ અમૃત તે આત્મરામી... કર્મ તો બંધનો હેતુ. ૫

शार्दूलविक्रीडित

संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना,
संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा ।
सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भव -
न्नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति ॥१०९॥

यावत्पाकमुपैति कर्मविरतिं र्ज्ञानस्य सम्यक् न सा,
कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित् क्षतिः ।
किं त्वत्रापि समुल्लसत्यवशतो यत्कर्म बंधाय त -
न्मोक्षाय स्थितमेकमेव परमं विमुक्तं स्वतः ॥११०॥

અમૃત પદ - ૧૧૧

'ધાર તરવારની' - એ રાગ

જ્ઞાની હંસ તે તરે, વિશ્વ સર ઉપરે, જ્ઞાન સંતત સ્વયં તે ભવંતા,
કર્મ કદી ના કરે, વશ પ્રમાદને ખરે ! જે કદી થાય ના સત્ય સંતા... જ્ઞાની હંસ. ૧
મગ્ન કર્મ પંક એ, અજ્ઞ જન રંક તે, જાય ભવજલ ડૂબી આ અપારા,
કર્મનયના જ અવલંબને તત્પરા, જ્ઞાન જાણે ન જેઓ બિચારા... જ્ઞાની હંસ. ૨
મગ્ન તે પણ વળી ડૂબે ભવજલ પડી, જ્ઞાનનય ઈચ્છતા વચન અંગે,
જ્ઞાનવાર્ત્તા કરા મંદ ઉદ્યમ ધરા, જે જનો વર્ત્તતા અતિ સ્વચ્છંદે... જ્ઞાની હંસ. ૩
વિશ્વ સર ઉપરે જ્ઞાની હંસ તે તરે, જ્ઞાન સતત સ્વયં જે ભવંતા,
કર્મ કદી ન કરે, વશ પ્રમાદને ખરે ! જે કદી થાય ના સત્ય સંતા... જ્ઞાની હંસ. ૪
તરતાં એમ આવડે, તેહ ભવજલ તરે, તે ઉદાસીન રહી મોજ માણે,
તરતાં નહીં આવડે, તેહ ભવજલ બૂડે, કર્મપંક મગ્ન તે, દુઃખ ખાણે... જ્ઞાની હંસ. ૫
વિશ્વ માનસ સરે, મુનિ ઉદાસીન ખરે ! પરમ તે હંસ, આનંદ માણે,
ભગવાન અમૃત તણી વાણી અમૃત તણો, જાણતો હોય તે મર્મ જાણે... જ્ઞાની હંસ. ૬

અમૃત પદ - ૧૧૨

'સંરંભ આરંભ સમારંભ' - એ રાગ

જ્ઞાનજ્યોતિ પરમ આ ઉલસી, જ્ઞાન જ્યોતિ પરમ આ ઉલસી,
મોહતમઃ કવલ જે કરતી, આતમ અમૃતથી ભરતી... જ્ઞાન જ્યોતિ પરમ આ ઉલસી. ૧
ભેદોન્માદ ભ્રમરસભરથી, પીતમોહ નટવતું ધરથી,
એવું કર્મ સકલ પણ બલથી, કરી મૂલ ઉન્મૂલન મૂલથી... જ્ઞાન જ્યોતિ પરમ આ. ૨
હેલાથી ઝટ ઉન્મીલતી, નિજ સકલ કલાથી ખીલતી,
એવી પરમ કલા શું કેલિ, આરંભતી જેહ અકેલી... જ્ઞાન જ્યોતિ પરમ આ. ૩
જ્ઞાન જ્યોતિ પરમ એ ઉલસી, જ્ઞાન જ્યોતિ પરમ એ ઉલસી,
મોહતમઃ કવલ જે કરતી, આતમ અમૃતથી ભરતી... જ્ઞાન જ્યોતિ પરમ આ. ૪
સકલ કલા અવિકલ કળતી, કેવલ જ્ઞાન પ્રકાશે ઝળહળતી,
જ્ઞાન જ્યોતિ ઉલસી આનંદે, ભગવાન આત્મ અમૃતચંદ્રે... જ્ઞાન જ્યોતિ પરમ આ. ૫

॥ ઈતિ પુણ્ય-પાપ અધિકાર ॥

शार्दूलविक्रीडित

मग्ना कर्मनयावलम्बनपरा ज्ञानं न जानंति ये, मग्ना ज्ञाननयैषिणोऽपि यदतिस्वछंदमंदोद्यमाः ।
विश्वस्योपरि ते तरंति सततं ज्ञानं भवंतः स्वयं, ये कुर्वंति न कर्म जातु न वशं यांति प्रमादस्य च ॥१११॥

मंदाक्रांता

भेदोन्मादभ्रमररसभरान्नाट्यत्पीतमोहं, मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन ।
हेलोन्मीलत्परमकलया सार्धमारब्धकेलि ज्ञानज्योतिः कवलिततमः प्रोज्जृम्भते भरेण ॥११२॥

॥ इति पुण्यपापाधिकारः ॥

આસ્રવ અધિકાર

અમૃત પદ - ૧૧૩

બોધ ધનુર્ધર જીતે, દુર્જય બોધ ધનુર્ધર જીતે,
રણ રંગભૂમાં આસ્રવ યોદ્ધો, બોધ ધનુર્ધર જીતે... બોધ ધનુર્ધર જીતે. ૧
મદભર નિર્ભર મંથર પગલે, ગજેંદ્ર શું મદમાતો,
ડોલત ડોલત આસ્રવ આવે, રણરસથી છલકાતો... બોધ ધનુર્ધર જીતે. ૨
મૂછે તાલ દેતો સહુ જનને, ગર્વ થકી પડકારે,
માઈ પૂત હો આવો સામે, તૃણ શું જગ તુચ્છકારે... બોધ ધનુર્ધર જીતે. ૩
તસ પડકાર ઝીલીને સંવર, યોદ્ધો આવે સામો,
બોધ ધનુષ ટંકાર કરંતો, ગર્જાવે રણધામો... બોધ ધનુર્ધર જીતે. ૪
સાગર પેટ ન પાણી હાલે, નખશિખ આસ્રવ ભાળે,
મચ્છર શું ચપટીમાં ચોળે, રણરંગે રગદોળે... બોધ ધનુર્ધર જીતે. ૫
ભગવાન અમૃત આત્મજ્યોતિના, જ્ઞાન કિરણના બાણે,
આસ્રવ યોદ્ધાને રણ જીતી, અનુભવ અમૃત માણે... બોધ ધનુર્ધર જીતે. ૬

અમૃત પદ - ૧૧૪

'ભૈયા ! વિષમ આ સંસાર' - એ રાગ

જ્ઞાનીને આસ્રવ ભાવ અભાવ, જ્ઞાનીને આસ્રવ ભાવ અભાવ...(૨) જ્ઞાનીને આસ્રવ ભાવ અભાવ. ૧
રાગ દ્વેષ ને મોહ વિહોણો, ભાવ જીવનો સાવ,
જ્ઞાનમયો ને જ્ઞાનમયો જે ભાવ... જ્ઞાનીને આસ્રવ ભાવ અભાવ. ૨
દ્રવ્યકર્મ આસ્રવ ઓઘોને, સર્વ રુંધતો સાવ,
ભગવાન અમૃતચંદ્ર વદે આ, ભાવાસ્રવ અભાવ... જ્ઞાનીને આસ્રવ ભાવ અભાવ. ૩

द्रुतविलंबित

अथ महामदनिर्भरमंथरं, समररंगपरागतास्रवं ।
अयमुदारगभीरमहोदयो, जयति दुर्जयबोधधनुर्धरः ॥११३॥

शालिनी

भावो रागद्वेषमोहै र्विना यो, जीवस्य स्याद् ज्ञाननिर्वृत्त एव ।
रुंधन् सर्वान् द्रव्यकर्मास्रवौघान्, एषोऽभावः सर्वभावास्रवाणां ॥११४॥

અમૃત પદ - ૧૧૫

જ્ઞાની નિરાસ્રવ જ્ઞાયક એક જ, જ્ઞાનમયો એક ભાવ,
જ્ઞાની એક ભાવ સદા તે, નિત્ય નિરાસ્રવ સાવ... જ્ઞાની નિરાસ્રવ જ્ઞાયક. ૧
ભાવાસ્રવનો સાવ અભાવ જ, સ્વ પુરુષાર્થથી પ્રપન્ન,
દ્રવ્યાસ્રવથી વસ્તુસ્વભાવે, આપોઆપ જ ભિન્ન... જ્ઞાની નિરાસ્રવ જ્ઞાયક. ૨
નિત્ય નિરાસ્રવ જ્ઞાયક એવો, જ્ઞાની તે ભગવાન,
અનુભવ અમૃત નિત્ય નિમગ્નો, કરે જ્ઞાનામૃત પાન... જ્ઞાની નિરાસ્રવ જ્ઞાયક. ૩

અમૃત પદ - ૧૧૬

નિત્ય નિરાસ્રવ આત્મા હોયે, જ્યારે જ્ઞાની ભવંત,
આસ્રવ સર્વ સંવરતો અમૃત, જ્ઞાનભવન વિલસંત... નિત્ય નિરાસ્રવ. ૧
બુદ્ધિપૂર્વક રાગ સમગ્ર જ, સ્વયં સંન્યાસ કરંત,
અબુદ્ધિપૂર્વક તે જીતવા વારં વાર સ્વશક્તિ સ્પૃશતં... નિત્ય નિરાસ્રવ. ૨
ઉચ્છેદતો પરિવૃત્તિ જ્ઞાનની, આત્મા પૂર્ણ ભવંત,
નિત્ય નિરાસ્રવ હોયે ત્યારે, જ્યારે જ્ઞાની હવંત... નિત્ય નિરાસ્રવ. ૩
ટંકોત્કીર્ણ અમૃત એવી એ, અમૃત વાણી મહંત,
ભગવાન અમૃતચંદ્રે ભાખી, દાખી વિરલા સંત... નિત્ય નિરાસ્રવ. ૪

उपजाति

भावास्रवाभावमयं प्रपन्नो, द्रव्यास्रवेभ्यः स्वत एव भिन्नः ।
ज्ञानी सदा ज्ञानमयैकभावो, निरास्रवो ज्ञायक एक एव ॥११५॥

शार्दूलविक्रीडित

संन्यस्य निजबुद्धिपूर्वमनिशं रागं समग्रं स्वयं,
वारंवारमबुद्धिपूर्वमपि जेतुं स्वशक्तिं स्पृशन् ।
उच्छिंदत् परिवृत्तिमेव सकलां ज्ञानस्य पूर्णो भवन् -
आत्मा नित्यनिरास्रवः भवति ज्ञानी यदा स्यात्तदा ॥११६॥

અમૃત પદ - ૧૧૭

દ્રવ્ય પ્રત્યય સંતતિ સર્વે, હોય જીવંતી તોયે,
નિત્ય નિરાસ્રવ જ્ઞાની ક્યાંથી ? એમ મતિ જો હોયે... દ્રવ્ય પ્રત્યય સંતતિ. ૧
આતમ અનુભવ અમૃત સિંધુ, નિત્ય નિમજ્જન કરતા,
ભગવાન જ્ઞાની નિત્ય નિરાસ્રવ, જો ! આ રીતે ઠરતા... દ્રવ્ય પ્રત્યય સંતતિ. ૨



અમૃત પદ - ૧૧૮

પૂર્વબદ્ધ આ દ્રવ્ય પ્રત્યયો, ભલે ન સત્તા છોડે,
આત્મ સમયને અનુસરંતા, રહ્યા સંયોગે જોડે... પૂર્વબદ્ધ આ દ્રવ્ય પ્રત્યયો. ૧
તો પણ સર્વ જ રાગ દ્વેષ ને, મોહ ઉદાસીનતાથી,
જ્ઞાનીને કદી કર્મબંધ તો, અવતરતો નહિ આથી... પૂર્વબદ્ધ આ દ્રવ્ય પ્રત્યયો. ૨
આત્મ અનુભવ અમૃત રસમાં, નિત્ય નિમગ્ના જ્ઞાની,
ભગવાન બ્હાર ન નીકળે તેને, પ્રત્યય કરે શી હાનિ ?... પૂર્વબદ્ધ આ દ્રવ્ય પ્રત્યયો. ૩



અમૃત પદ - ૧૧૯

'ધાર તરવારની સોહલી' - એ રાગ

રાગ-દ્વેષ-મોહનો, નો'ય સંભવ કદી, જ્ઞાનીને એમ છે જ્ઞાની વાચો,
રાગ કદી ના કરે, દ્વેષ કદી ના ધરે, મોહ કદી ના જ તે જ્ઞાની સાચો... રાગ-દ્વેષ મોહનો. ૧
તેહ કારણ થકી, બંધ ન એને નકી, તે જ રાગાદિ છે બંધહેતુ,
અમૃત અનુભવ રસે, જ્ઞાની ભગવાન લસે, ભવજલે અનુભવામૃત જ સેતુ... રાગ-દ્વેષ મોહનો. ૨



अनुष्टुप्
सर्वस्यामेव जीवंत्यां, द्रव्यप्रत्ययसंततौ ।
कुतो निरास्रवः ज्ञानी, नित्यमेवेति चेन्मतिः ॥११७॥



मालिनी
विजहति न हि सत्तां प्रत्ययाः पूर्वबद्धाः,
समयमनुसरंतो यद्यपि द्रव्यरूपाः ।
तदपि सकलरागद्वेषमोहव्युदासा -
दवतरति न जातु ज्ञानिनः कर्मबंधः ॥११८॥



अनुष्टुप्
रागद्वेषविमोहानां, ज्ञानिनो यदसंभवः ।
तत एव न बंधोस्य, ते हि बंधस्य कारणं ॥११९॥



અમૃત પદ - ૧૨૦

શુદ્ધ નય અધ્યાસીને જે, સદા ઐકાગ્ર્ય કળે છે,
બંધ વિહૂણો સાર સમયનો, નિશ્ચય તે નિરખે છે... શુદ્ધનય અધ્યાસીને જે. ૧
ઉદ્ધત બોધ છે ચિહ્ન જ જેનું, તે નય શુદ્ધ અધ્યાસી,
ઐકાગ્ર્યને જ સદૈવ કળંતા, જે અનુભવ અભ્યાસી... શુદ્ધનય અધ્યાસીને જે. ૨
રાગાદિથી મુક્તમના તે, સતત ભવંતા સંતા,
ભગવાન અમૃત બંધ વિહૂણો, સમયસાર દેખંતા... શુદ્ધનય અધ્યાસીને જે. ૩

અમૃત પદ - ૧૨૧

શુદ્ધનયથી થઈ પ્રચ્યુત જે, બોધ એ મૂકી,
કર્મબંધને બાંધે છે તે, સ્વરૂપ પદથી ચૂકી... શુદ્ધનયથી થઈ પ્રચ્યુત જે. ૧
શુદ્ધ સ્વરૂપે લઈ જાતા તે, શુદ્ધનયથી જે ચૂકી,
રાગાદિનો યોગ લહે છે, બોધ બધોય મૂકી... શુદ્ધનયથી થઈ પ્રચ્યુત જે. ૨
ભગવાન અનુભવ અમૃત છાંડી, કર્મ બંધ તે બાંધે,
પૂર્વબદ્ધ દ્રવ્યાસ્રવથી જ્યાં, ચિત્ર વિકલ્પો સાંધે... શુદ્ધનયથી થઈ પ્રચ્યુત જે. ૩

અમૃત પદ - ૧૨૨

શુદ્ધનય ના ત્યજવો કદીયે, તાત્પર્ય અત્ર જાણો !
શુદ્ધનય આશ્રિત આત્માને, શુદ્ધ દશામાં આણો !... શુદ્ધનય ના ત્યજવો કદીયે. ૧
બંધ ન તેનો અત્યાગે છે, બંધ જ તેના ત્યાગે,
ભગવાન અનુભવ અમૃત સિંધુ, શુદ્ધનય ના ત્યાગે... શુદ્ધનય ના ત્યજવો કદીયે. ૨

વસંતતિલકા

અધ્યાસ્ય શુદ્ધનયમુદ્ધતબોધચિહ્ન-
મૈકાગ્ર્યમેવ કલયન્તિ યદૈવ યે તુ ।
રાગાદિમુક્તમનસઃ સતતં ભવંતઃ,
પશ્યંતિ બંધવિધુરં સમયસ્ય સારં ॥૧૨૦॥

પ્રચ્યુત્ય શુદ્ધનયતઃ પુનરેવ યે તુ,
રાગાદિયોગમુપયાન્તિ વિમુક્તબોધાઃ ।
તે કર્મબંધમિહ બિભ્રતિ પૂર્વબદ્ધ -
દ્રવ્યાસ્રવૈઃ કૃતવિચિત્રવિકલ્પજાલમ્ ॥૧૨૧॥

અનુષ્ટુપ્

ઇદમેવાત્ર તાત્પર્યં, હેયો શુદ્ધનયો ન હિ ।
નાસ્તિ બંધસ્તદત્યાગાત્, તત્ત્યાગાદ્બંધ એવ હિ ॥૧૨૨॥

અમૃત પદ - ૧૨૩

શાંત મહસ્ તે દેખે જગમાં, શાંત મહસ્ તે દેખે,
શુદ્ધનયે જે સ્થિતિ કરંતાં, શુદ્ધ જ્ઞાનઘન પેખે... જગમાં શાંત મહસ્ તે દેખે. ૧
ધીરોદાર મહિમાવંતો, જેહ અનાદિ અનંતો,
એવા બોધે ધૃતિ ધરંતો, શુદ્ધનયો આ સંતો... જગમાં શાંત મહસ્ તે દેખે. ૨
કૃતી જનોએ કદી ન ત્યજવો, નિશ્ચય દૃઢ આ ભજવો,
સર્વંકષ કર્મોનો આ તો, શુદ્ધનયો નિત સજવો... જગમાં શાંત મહસ્ તે દેખે. ૩
શુદ્ધનયે ત્યાં સ્થિતિ કરંતા, તે જ્ઞાની ભગવંતા,
સ્વ રશ્મિચક્ર બ્હાર નીકળતું, ઝટ સંહરી લઈ સંતા... જગમાં શાંત મહસ્ તે દેખે. ૪
પૂર્ણ જ્ઞાનઘન ઓઘ અચલ એક, શાંત મહસ્ દેખંતા,
ભગવાન અમૃતચંદ્ર જ્યોતિનું, પૂર્ણ સ્વરૂપ પેખંતા... જગમાં શાંત મહસ્ તે દેખે. ૫

અમૃત પદ - ૧૨૪

ઉન્મગ્ન થયું એ જ્ઞાન અમૃત આ, ઉન્મગ્ન થયું જ્ઞાન,
લોક પર્યંત અતુલ આ પ્રગટ્યું, ભગવાન કેવલજ્ઞાન... અમૃત આ ઉન્મગ્ન થયું જ્ઞાન. ૧
રાગાદિ આસ્રવનો સાવ જ, વિગમ શીઘ્ર થતાં જ,
નિત્યોદ્યોતી વસ્તુ પરમ કંઈ, અંતર દેખંતાં જ... અમૃત આ ઉન્મગ્ન થયું જ્ઞાન. ૨
ઉન્મગ્ન થયું આ જ્ઞાન અતુલ આ, ઉન્મગ્ન થયું જ્ઞાન,
અમલ અચલ અમૃત આ એવું, ઉન્મગ્ન થયું જ્ઞાન... અમૃત આ ઉન્મગ્ન થયું જ્ઞાન. ૩
સ્ફારસ્ફાર સ્વરસ વિસરથી, પ્લાવતું ભાવ તમામ,
લોક પર્યંત અમૃત આ પ્રગટ્યું, ભગવાન કેવલજ્ઞાન... અમૃત આ ઉન્મગ્ન થયું જ્ઞાન. ૪

॥ इति आस्रव अधिकारः ॥

शार्दूलविक्रीडित

धीरोदारमहिम्न्यनादिनिधने बोधे निबध्नन् धृतिं,
त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः सर्वंकषः कर्मणां ।
तत्रस्थाः स्वमरीचिचक्रमचिरात्संहृत्य निर्यद्बहिः
पूर्णं ज्ञानघनौघमेकमचलं पश्यंति शांतं महः ॥१२३॥

मंदाक्रांता

रागादीनां झटिति विगमात् सर्वतोप्यास्रवाणां,
नित्योद्योतं किमपि परमं वस्तु संपश्यतोऽन्तः ।
स्फारस्फारैः स्वरसविसरै प्लावयत्सर्वभावा -
नालोकांतादचलमतुलं ज्ञानमुन्मस्नेमेतत् ॥१२४॥

॥ इति आस्रव अधिकारः ॥

સંવર અધિકાર

અમૃત પદ - ૧૨૫

ચિન્મય જ્યોતિ આ ઉલ્લસતી, ચિન્મય જ્યોતિ આ ઉલ્લસતી,
નિજરસ પ્રાગ્‌ભારે લસબસતી, નિજ રસ પ્રાગ્‌ભારે લસલસતી... ચિન્મય જ્યોતિ. ૧
વિશ્વેાધિ આસંસારથી મંડી, તે સંવર યોદ્ધો ખંડી,
જયથી એકાંતે જ અખંડી, થઈ ગયો અતીવ ઘમંડી... ચિન્મય જ્યોતિ. ૨
એવો આસ્રવ પાડી હેઠો, નિત્ય વિજય લહી જે બેઠો,
તે સંવર સંપાદંતી, ચિન્મય જ્યોતિ ઉલ્લાસંતી... ચિન્મય જ્યોતિ. ૩
પરરૂપથી થઈ વ્યાવૃત્તા, સમ્યક્ સ્વરૂપે નિયત પ્રવૃત્તા;
નિજ રસ પ્રાગ્‌ભારે લસલસતી, ભગવાન અમૃત જ્યોતિ સ્ફુરતી... ચિન્મય જ્યોતિ. ૪



અમૃત પદ - ૧૨૬

ભેદજ્ઞાન ચંદ્ર ઉદયંતો, ભેદજ્ઞાન ચંદ્ર ઉદયંતો,
શુદ્ધ જ્ઞાન અમૃત વરષંતો, દ્વૈતચ્યુત આનંદો સંતો !... ભેદજ્ઞાન ચંદ્ર ઉદયંતો. ૧
ચિદ્ રૂપતા ધરતું જ્ઞાન, જડરૂપતા રાગ અજ્ઞાન,
એવા જ્ઞાન અને આ રાગ, એ બેનો કરી વિભાગ... ભેદજ્ઞાન ચંદ્ર ઉદયંતો. ૨
ભેદજ્ઞાન તીક્ષ્ણ કરવતથી, કરી કાષ્ઠ શું ફાડ સતતથી,
અંતર્ દારુણ દારણ કરતું, ભેદજ્ઞાન અમલ ઉદયંતુ... ભેદજ્ઞાન ચંદ્ર ઉદયંતો. ૩
સંતો દ્વૈતચ્યુત આનંદો-ને ફગાવી સૌ પરભાવ ફંદો,
શુદ્ધ જ્ઞાન ઘનૌઘ અધ્યાસી, એક અમૃત ધામે વાસી... ભેદજ્ઞાન ચંદ્ર ઉદયંતો. ૪
'આત્મખ્યાતિ' સૂત્ર સર્જંતાં, ભગવાન અમૃત ગર્જંતા,
એ દિવ્ય વાણી ઉચરંતા, નાટક સમયસારમાં સંતા... ભેદજ્ઞાન ચંદ્ર ઉદયંતો. ૫



शार्दूलविक्रीडित

आसंसारविरोधिसंवरजयैकांतावलिप्तास्रव -
न्यक्कारप्रतिलब्धनित्यविजयं संपादयत्संवरं ।
व्यावृत्तं पररूपतो नियमितं सम्यक् स्वरूपे स्फुर -
ज्ज्योतिश्चिन्मयमुज्ज्वलं निजरसप्राग्भारमुज्जृम्भते ॥१२५॥



चैद्रूप्यं जडरूपतां च दधदोः कृत्वा विभागं द्वयो -
रंतर्दारुणदारणेन परितो ज्ञानस्य रागस्य च ।
भेदज्ञानमुदेति निर्मलमिदं मोदध्वमध्यासिताः,
शुद्धज्ञानघनौघमेकमधुना संतो द्वितीयच्युताः ॥१२६॥



અમૃત પદ - ૧૨૭

'સાહેબા વાસુપૂજ્ય જિણંદા' - એ રાગ

શુદ્ધાત્માનુભવે જે રહે છે, શુદ્ધ આત્મા જ તેહ લહે છે,
શુદ્ધાત્માનુભવે છે જે રહે છે, શુદ્ધ આત્મા જ તેહ લહે છે... શુદ્ધ. ૧
શુદ્ધ અંતર આતમ શોધે, કેમે કરી ધારાવાહી બોધે,
ધ્રુવ બોધ પ્રવાહે વહે છે, શુદ્ધાત્મા અનુભવતો રહે છે... શુદ્ધાત્માનુભવે જે રહે છે. ૨
આત્મારામ ઉદય તો વહંતો, શુદ્ધ આત્મા જ આત્મ લહંતો,
પરપરિણતિ રોધે રહંતો, ભગવાન અમૃત એમ મહંતો... શુદ્ધાત્માનુભવે જે રહે છે. ૩

અમૃત પદ - ૧૨૮

'સાહેબા વાસુપૂજ્ય જિણંદા' - એ રાગ

શુદ્ધ આત્માનુભવ જે ભાવે, અક્ષય કર્મમોક્ષ તે પાવે,
શુદ્ધ આત્મલાભ જ જે લાવે, અક્ષય કર્મમોક્ષ તે પાવે... શુદ્ધ આત્માનુભવ. ૧
ભેદ વિજ્ઞાન શક્તિ પ્રભાવે, નિજ મહિમારત જે થાવે,
શુદ્ધ તત્ત્વાનુભવ તે પાવે, નિત્ય શુદ્ધાત્મ લાભ જ લાવે... શુદ્ધ આત્માનુભવ. ૨
મગ્ન શુદ્ધાત્મ અનુભવ પૂરે, પરદ્રવ્ય સમસ્તથી દૂરે,
સ્થિત અચલિત ભાવે શૂરે, કર્મચક્ર સકલ તે ચૂરે... શુદ્ધ આત્માનુભવ. ૩
પરદ્રવ્યથી દૂર રહંતાં, એમ શુદ્ધાત્મ અનુભવે સંતા,
કર્મક્ષયે અક્ષય પદ પામે, પ્હોંચે ભગવાન અમૃત ધામે... શુદ્ધ આત્માનુભવ. ૪

માલિની

यदि कथमपि धारावाहिना बोधनेन,
ध्रुवमुपलभमानः शुद्धमात्मानमास्ते ।
तदयमुदयदात्मारामतात्मानमात्मा,
परपरिणतिरोधाच्छुद्धमेवाभ्युपैति ॥१२७॥

निजमहिमरतानां भेदविज्ञानशक्त्या,
भवति नियतमेषां शुद्धतत्त्वोपलंभः ।
अचलितमखिलान्यद्रव्यदूरे स्थितानां,
भवति सति च तस्मिन्नक्षयः कर्ममोक्षः ॥१२८॥

અમૃત પદ - ૧૨૯

'ચંદ્ર પ્રભુ મુખ ચંદ રે સખી દેખણ દે' - એ રાગ

ભેદ વિજ્ઞાન આ ભાવવું સુણો સંતા રે ! ભાવવું આ અત્યંત... રે ગુણવંતા રે.
શુદ્ધ તત્ત્વ અનુભવવું... સુણો સંતો રે ! સંવર સંપાદંત... રે ગુણવંતા રે. ૧
શુદ્ધ તત્ત્વ ઉપલંભતાં... સુણો સંતો રે ! ભેદવિજ્ઞાને માત્ર... રે ગુણવંતા રે. ૨
ભેદવિજ્ઞાન તે કારણે... સુણો સંતા રે ! ભાવવું આ અત્યંત... રે ગુણવંતા રે.
ભગવાન અમૃત એમ ભણે... સુણો સંતા રે ! સ્વરૂપ સંવૃત સંત... રે ગુણવંતા રે. ૩

અમૃત પદ - ૧૩૦

(રાગ - ઉપરના પદ પ્રમાણે)

ભાવવું ભેદ વિજ્ઞાન આ... સુણો સંતા રે ! અખંડ ધારે સદાય... રે ગુણવંતા રે.
ત્યાં લગી જ્યાં લગી જ્ઞાન આ... સુણો સંતા રે ! જ્ઞાને પ્રતિષ્ઠિત થાય... રે ગુણવંતા રે. ૧
'આતમ-ભાવના ભાવતાં'... સુણો સંતા રે ! 'જીવ લહે કેવળજ્ઞાન'... રે ગુણવંતા રે.
ભેદવિજ્ઞાને પાવતાં... સુણો સંતા રે ! ભગવાન અમૃત જ્ઞાન... રે ગુણવંતા રે. ૨

અમૃત પદ - ૧૩૧

(રાગ - ઉપરના પદ પ્રમાણે)

ભેદ વિજ્ઞાનથી સિદ્ધ... રે સુણો સંતા રે. જે કોઈ થયા સિદ્ધ... રે ગુણવંતા રે.
એના અભાવે બદ્ધ રે... સુણો સંતા રે. જે કોઈ રહ્યા બદ્ધ... રે ગુણવંતા રે. ૧
નિશ્ચય આ સિદ્ધાંત... રે સુણો સંતા રે. એમાં કોઈ ન ભ્રાંત... રે ગુણવંતા રે;
ભગવાન અમૃત જ્ઞાનમાં...રે સુણો સંતા રે. હો જો સદા વિશ્રાંત... રે ગુણવંતા રે. ૨

उपजाति

संपद्यते संवर एव साक्षात्,
शुद्धात्मतत्त्वस्य किलोपलंभात् ।
स भेदविज्ञानत एव तस्मा -
त्तद्भेदविज्ञानमतीव भाव्यं ॥१२९॥

अनुष्टुप्

भावयेद् भेदविज्ञानमिदमच्छिन्नधारया ।
तावद्यावत्पराच्च्युत्वा, ज्ञानं ज्ञाने प्रतिष्ठितं ॥१३०॥

भेदविज्ञानतः सिद्धाः, सिद्धा ये किल केचन ।
अस्यैवाभावतो बद्धा, बद्धा ये किल केचन ॥१३१॥

અમૃત પદ - ૧૩૨

જ્ઞાન જ્ઞાનમાં નિયત ઉદિત આ, શાશ્વત ઉદ્યોતવંતુ,
સ્વરૂપ દુર્ગે સંવૃત સ્થિત આ, સહજાત્મસ્વરૂપ સંતુ... જ્ઞાન જ્ઞાનમાં નિયત ઉદિત આ. ૧
ભેદ જ્ઞાન ઉચ્છલના કલને, શુદ્ધ તત્ત્વ અનુભવને,
રાગ ગ્રામના પ્રલયન કરણે, કર્મ તણા સંવરણે... જ્ઞાન જ્ઞાનમાં નિયત ઉદિત આ. ૨
આત્મામાંહિ જ તોષ ધરંતું, અમલાલોક ભવંતુ,
પરમ એક અમ્લાન જ સંતુ, મ્લાન કદી ન હવંતુ... જ્ઞાન જ્ઞાનમાં નિયત ઉદિત આ. ૩
જ્ઞાન જ્ઞાનમાં નિયત ઉદિત આ, શાશ્વત ઉદ્યોતવંતુ,
ભગવાન 'અમૃત જ્યોતિ' પુનિત આ, કેવલ જ્ઞાન સ્ફુરંતુ... જ્ઞાન જ્ઞાનમાં નિયત ઉદિત આ. ૪

॥ इति संवर अधिकार ॥

मंदाक्रांता

भेदज्ञानोच्छलनकलनाच्छुद्धतत्त्वोपलंभात्,
रागग्रामप्रलयकरणात् कर्मणां संवरेण ।
विभ्रत्तोषं परममलालोकमम्लानमेकं,
ज्ञानं ज्ञाने नियतमुदितं शाश्वतोद्योतमेतत् ॥१३२॥

॥ इति संवर अधिकारः ॥

નિર્જરા અધિકાર

અમૃત પદ - ૧૩૩

જ્ઞાન જ્યોતિ અપાવૃત તે તો, રાગાદિથી મૂર્ચ્છા ન પામે,
જ્ઞાન જ્યોતિ અપાવૃત તે તો, અમૃત અનુભવ જામે... જ્ઞાનજ્યોતિ અપાવૃત. ૧
રાગાદિ આસ્રવરોધથી પર સંવર, નિજ ધુરા ધારંતો,
કર્મ આગામી સમસ્ત ભરથી, દૂરથી સ્થિતો રુંધંતો... જ્ઞાનજ્યોતિ અપાવૃત. ૨
પૂર્વબદ્ધ તો તે હવે દહવા, અત્યંત નિર્જરા વિકાસે,
ભગવાન અમૃતચંદ્રની વાણી, અનુભવ અમૃત પ્રકાશે... જ્ઞાનજ્યોતિ અપાવૃત. ૩

અમૃત પદ - ૧૩૪

જ્ઞાન તણું સામર્થ્ય તેહ છે, વા વૈરાગ્ય તણું જ ખરે !
કર્મોથી જે કર્મ ભોગ'તાં, કોઈ ન બંધન સ્પર્શ કરે... જ્ઞાન તણું સામર્થ્ય તેહ. ૧
ભોગી છતાં ય યોગી એ તો, જ્ઞાની સાચો જેહ ઠરે,
ભગવાન અનુભવ અમૃત સિંધુ, નિત્ય નિમજ્જન તેહ કરે... જ્ઞાન તણું સામર્થ્ય. ૨

शार्दूलविक्रीडित

रागाद्यास्रवरोधतो निजधुरां धृत्वा परः संवरः,
कर्मागामि समस्तमेव भरतो दूरान्निरुंधन् स्थितः ।
प्राग्बद्धं तु तदेव दग्धुमधुना व्याजृम्भते निर्जरा,
ज्ञानज्योतिरपावृतं न हि यतो रागादिभिः मूर्छति ॥१३३॥

अनुष्टुप्

तद् ज्ञानस्यैव सामर्थ्यं विरागस्य च वा किल ।
यत्कोऽपि कर्मभिः कर्म भुंजानो ऽपि न बध्यते ॥१३४॥

અમૃત પદ - ૧૩૫

સેવક તો ય અસેવક જ્ઞાની, ભોગી છતાંય અભોગી ખરે !
અચરિજકારી અદ્‌ભુત ઘટના, જોગી વિરલા સત્ય કરે... સેવક તોય અસેવક જ્ઞાની. ૧
વિષય સેવને પણ વિષયનું, સ્વફલ ભોગવે જે ન નરો,
જ્ઞાન વૈભવ વિરાગતા તણા, બલ થકી અદ્‌ભુત ખરો !... સેવક તોય અસેવક જ્ઞાની. ૨
સેવક તોય અસેવક તેથી, ભોગી છતાંય અભોગી ઠરે,
પૂર્વ કર્મથી પ્રેરિત જ્ઞાની, ચિઠ્ઠીનો ચાકર જ ખરે !... સેવક તોય અસેવક જ્ઞાની. ૩
લાભ હાનિનો સ્વામી શેઠ જ, વાણોતર ના કદીય ખરે !
ભગવાન જ્ઞાની અનુભવ અમૃત, સિંધુ નિત્ય નિમગ્ન કરે !... સેવક તોય અસેવક જ્ઞાની. ૪



અમૃત પદ - ૧૩૬

સમ્યગ્ દૃષ્ટિને નિયત હોય છે, જ્ઞાન વૈરાગ્યની શક્તિ,
સ્વ વસ્તુત્વ કળવા સુસમર્થા, જુઓ ! આમ તસ વ્યક્તિ... સમ્યગ્ દૃષ્ટિને નિયત હોય છે. ૧
સ્વરૂપ ગ્રહવા પરરૂપ ત્યાગથી, એ સ્વ વસ્તુત્વ પ્રવ્યક્તિ,
કળવા સમર્થા નિયત હોય છે, સમ્યગ્ દૃષ્ટિની શક્તિ... સમ્યગ્ દૃષ્ટિને નિયત હોય છે. ૨
આ સ્વ આ પર એમ તત્ત્વથી, જાણી પ્રગટ વિભક્તિ,
સ્વમાં વિરામે પરથી વિરમે, સર્વ રાગ યોગથી વિરક્તિ... સમ્યગ્ દૃષ્ટિને નિયત. ૩
જ્ઞાન-વૈરાગ્યની અદ્‌ભુત એવી, સમ્યગ્ દૃષ્ટિની શક્તિ,
ભગવાન જ્ઞાની અમૃતચંદ્રની, અનુભવ સિંધુ સક્તિ... સમ્યગ્ દૃષ્ટિને નિયત. ૪



રથોદ્ધતા

नाश्नुते विषयसेवनेऽपि यत्, स्वं फलं विषयसेवनस्य ना ।
ज्ञानवैभवविरागताबलात्, सेवकोऽपि तदसावसेवकः ॥१३५॥



मंदाक्रांता

सम्यग्दृष्टे र्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः,
स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्यरूपाप्तिमुक्त्या ।
यस्माद् ज्ञात्वा व्यतिकरमिदं तत्त्वतः स्वं परं च,
स्वस्मिन्नास्ते विरमति परात् सर्वतो रागयोगात् ॥१३६॥



અમૃત પદ - ૧૩૭

હું તો સમ્યગ્ દૃષ્ટિ સ્વયં છું, મને બંધ કદી ન હોયે,
એમ ઉંચું ફૂલેલું વદન, પુલકિત થઈ જે જોયે... હું તો સમ્યગ્ દૃષ્ટિ. ૧
તે રાગીઓ પણ આચરંતા, ફાંકી ભલે તે ધરંતા,
આલંબોને ભલે સમિતિ ધરતા, પાપા અધ્યાધિ હરંતા... હું તો સમ્યગ્ દૃષ્ટિ. ૨
આત્મા-અનાત્મા અવગમ વિરહે, તેનું સમ્યક્ત્વ ઘર છે ખાલી,
ભગવાન અમૃતચંદ્ર ગર્જે છે, તે તો વાત કરે છે ઠાલી... હું તો સમ્યગ્ દૃષ્ટિ. ૩

અમૃત પદ - ૧૩૮

'દીઠો દરિશન શ્રી પ્રભુજીનો' - એ રાગ

આવો ! આવો ! અમૃત અમૃત આ, પદ અમૃત આ અહિં દેખો !
આ અનાદિ સંસારથી માંડી, પ્રતિપદે રાગી પેખો !... આવો ! આવો ! અમૃત અમૃત આ. ૧
મત્ત સદા મોહમદિરા પાને, સુપ્ત રહ્યા જે સ્થાને,
અપદ અપદ તે અંધો દેખો ! આવો આવો અહિં પદ આ લેખો !... આવો ! આવો ! અમૃત આ. ૨
શુદ્ધ શુદ્ધ જ્યાં ચૈતન્ય ધાતુ, સ્વ રસભરે રસમાતું,
સ્થાયિ ભાવપણાને પામે, ભગવાન અમૃત પદ ધામે... આવો ! આવો ! અમૃત અમૃત આ. ૩

मंदाक्रांता

सम्यग्दृष्टिः स्वयमयमहं जातु बंधो न मे स्या -
दित्युत्तानोत्पुलकवदना रागिणोप्याचरंतु ।
आलंबंतां समितिपरतां ते यतोद्यापि पापा;
आत्मानात्मावगमविरहात्संति सम्यक्त्वरिक्ताः ॥१३७॥

आसंसाराद्भ्रतिपदममी रागिणो नित्यमत्ताः,
सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमंधाः ।
एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः,
शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति ॥१३८॥

અમૃત પદ - ૧૩૯

'રવામી સુજાત સુહાયા' - એ રાગ

પદ જ્ઞાન એક જ પદ ચાખો ! પદ અમૃત એક જ પદ ચાખો !
બીજું બધું ય ફગાવી નાંખો, જ્ઞાન અમૃત પદ સ્થિર રાખો... પદ જ્ઞાન એક જ. ૧
વિપદોનું અપદ પદ એવું, એક જ તે સ્વાદ લેવા જેવું,
પદો અન્ય જે પદની પાસે, અપદો જ ખરેખર ! ભાસે... પદ જ્ઞાન એક જ. ૨
ભગવાન અમૃતચંદ્રની વાણી, સુણી અનુભવ અમૃત ખાણી,
અનુભવ જાણે લેશે જે જાણી, જ્ઞાન પદ લેશે તે માણી... પદ જ્ઞાન એક જ. ૩

અમૃત પદ - ૧૪૦

એક જ્ઞાયક ભાવથી ભરિયો, મહાસ્વાદ લેતો જ્ઞાન દરિયો,
સ્વાદ દ્વન્દ્વમય ખમી ન શકતો, નિજ વસ્તુ વૃત્તિ જ વેદતો... પદ જ્ઞાન એક જ. ૧
આત્મા આત્માનુભવ અનુભાવે, વિવશ સ્થિત થયો સ્વ સ્વભાવે,
વિશેષોદય ભ્રષ્ટતાવંતા, સામાન્યને સ્ફુટ કળંતા... પદ જ્ઞાન એક જ. ૨
સકલ જ્ઞાન એકતા પમાડે, ભગવાન અમૃત આત્મ જગાડે,
અમૃતચંદ્રે મુનીંદ્રે ભાખ્યું, દાસ ભગવાને અનુવદી દાખ્યું... પદ જ્ઞાન એક જ. ૩

અનુષ્ટુપ્

एकमेव हि तत्स्वाद्यं विपदामपदं पदं ।
अपदान्येव भासंते पदान्यन्यानि यत्पुरः ॥१३९॥

शार्दूलविक्रीडित

एकं ज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्,
स्वादं द्वंद्वमयं विधातुमसहं स्वां वस्तुवृत्तिं विंदन् ।
आत्मात्मानुभवानुभावविवशो भ्रश्यद्विशेषोदयं,
सामान्यं कलयत्किलैष सकलं ज्ञानं नयत्येकतां ॥१४०॥

અમૃત પદ - ૧૪૧

ચૈતન્ય રત્નાકર આ ઉછળે, ચૈતન્ય રત્નાકર આ ઉછળે,
અખિલ ભાવ મંડલ રસ પીધો, તસ ભારે જાણે મદ્ય પીધો... ચૈતન્ય રત્નાકર. ૧
એવી અચ્છ અચ્છ ઉછળે જેની, સંવેદન વ્યક્તિઓ એની,
એવો તે આ અભિન્ન રસવાળો, એક છતાં અનેકરૂપ ભાળો !... ચૈતન્ય રત્નાકર. ૨
અદ્‌ભુત નિધિ આશ્ચર્ય ભરેલો, ઉત્કલિકાઓથી (મોળ-ઉછાળે) ઉછળી રહેલો,
ભગવાન ચૈતન્યરત્નાકર આ, 'અમૃતચંદ્ર' અમૃત પદધર આ... ચૈતન્ય રત્નાકર. ૩

शार्दूलविक्रीडित

अच्छाच्छाः स्वयमुच्छलंति यदिमाः संवेदनव्यक्तयो,
निष्पीताखिलभावमंडलरसप्राग्भारमत्ता इव ।
यस्याभिन्नरसः स एष भगवानेकोप्यनेकीभवन्,
वल्गत्युत्कलिकाभिरद्‌भुतनिधि श्चैतन्यरत्नाकरः ॥१४१॥

અમૃત પદ - ૧૪૨

'વીર સુતો કાં સુતા રહ્યા છો ?' - એ રાગ

ક્લેશ કરો ભલે ક્લેશ કરો કોઈ, કર્મો કરી ભલે ક્લેશ કરો !... ધ્રુવપદ. ૧
દુષ્કર અતિશય મોક્ષ પરાઙ્મુખ, કર્મો કરી ભલે ક્લેશ કરો !
મહાવ્રત-તપ ભારથી ભાંગી (ભગ્ન), કોઈ ભલે ચિર ક્લેશ કરો !... ક્લેશ કરો. ૨
એમ અનેક પ્રકારે ક્લેશે, ભલે અતિશય તે મથતા,
કિંતુ જ્ઞાનગુણ વિના જ્ઞાનપદ, પામવા ન જ સમર્થ થતા... ક્લેશ કરો. ૩
જેહ જ્ઞાનપદ નિરામય જ આ, સ્વયં જ સંવેદાઈ રહ્યું,
જેહ જ્ઞાનપદ મોક્ષ જ સાક્ષાત્, ભગવાન અમૃતચંદ્રે કહ્યું... ક્લેશ કરો. ૪



અમૃત પદ - ૧૪૩

યત્ન કરો રે યત્ન કરો ! જગ, પદ કળવા આ યત્ન કરો !
કર્મથી દુર્લભ જેહ સુલભ છે, સહજ સ્વ બોધ કલાથી ખરો !... યત્ન કરો. ૧
તેથી આ નિજ બોધ કલાના, બળથી કળવા યત્ન કરો !
સતત જગત આ પદ પામીને, ભગવાન પદ અમૃત વરો !... યત્ન કરો. ૨



शार्दूलविक्रीडित

क्लिश्यंतां स्वयमेव दुष्करतरै र्मोक्षोन्मुखैः कर्मभिः,
क्लिश्यंतां च परे महाव्रततपोभारेण भग्ना चिरं ।
साक्षान्मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं,
ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमंते न हि ॥१४२॥



द्रुतविलंबित

पदमिदं ननु कर्मदुरासदं,
सहजबोधकलासुलभं किल ।
तत इदं निजबोधकलाबलात्,
कलयितुं यततां सततं जगत् ॥१४३॥



અમૃત ૫૬ - ૧૪૪

'બેડો બાઈ બૂડતી તારો રે' - એ રાગ

જ્ઞાનીને પરપરિગ્રહનું શું કામ ? જ્ઞાનીને પરપરિગ્રહનું શું કામ ?
નિજ પર ભેદ જાણીને જેણે, ગ્રહ્યો નિજ આતમરામ... જ્ઞાનીને પરપરિગ્રહનું શું કામ ?. ૧
અચિંત્ય શક્તિનો સ્વામી છે, સ્વયમેવ જ જે દેવ,
ચિંતામણિ ચિન્માત્ર જ ચેતન, એહ અહો ! સ્વયમેવ... જ્ઞાનીને પરપરિગ્રહનું શું કામ ?. ૨
સર્વાર્થ સિદ્ધાત્મપણાથી જે, સર્વાર્થ સિદ્ધ જ દેવ,
ભગવાન અમૃતચંદ્ર કરે શું, અન્ય પરિગ્રહ લેવ ?... જ્ઞાનીને પરપરિગ્રહનું શું કામ ?. ૩



અમૃત ૫૬ - ૧૪૫

પરિગ્રહ એમ ફગાવી, સમસ્ત જ પરિગ્રહ એમ ફગાવી,
સામાન્યથી સ્વ પર અવિવેકનો, હેતુ નિશ્ચય ભાવી... સમસ્ત જ પરિગ્રહ એમ ફગાવી. ૧
અજ્ઞાન આ છોડી દઉં એવું, એવું મનમાં લાવી,
હવે વિશેષે તે જ છાંડવા, એહ પ્રવર્ત્યો સુભાવી... સમસ્ત જ પરિગ્રહ એમ ફગાવી. ૨
ભગવાન અમૃતચંદ્ર જ્ઞાની તે, નિત્ય શુદ્ધ સ્વભાવી,
અનુભવ અમૃતરસ સિંધુમાં, આત્મા દિયે મજ્જાવી... સમસ્ત જ પરિગ્રહ. ૩



उपजाति

अचिंत्यशक्तिः स्वयमेव देव -
श्चिन्मात्रचिंतामणिरेष यस्मात् ।
सर्वार्थसिद्धात्मतया विधत्ते,
ज्ञानी किमन्यस्य परिग्रहेण ॥१४४॥



वसंततिलका

इत्थं परिग्रहमपास्य समस्तमेव,
सामान्यतः स्वपरयोरविवेकहेतुं ।
अज्ञानमुज्झितुमना अधुना विशेषाद्
भूयस्तमेव परिहर्तुमयं प्रवृत्तः ॥१४५॥



અમૃત ૫૬ - ૧૪૬

રોળા વૃત્ત

પૂર્વબદ્ધ નિજ કર્મવિપાકે, જ્ઞાનિને યદિ હોય ઉપભોગ,
હો જ ભલે ! પણ રાગ વિયોગે, પામે ન પરિગ્રહ ભાવ પ્રયોગ. ૧
આતમ અનુભવ અમૃતસરમાં, પરમ હંસ જે નિત્ય રમંત,
ભગવાન જ્ઞાની અમૃતરસી તે, પરિગ્રહ વિષ સદા વમંત. ૨

અમૃત ૫૬ - ૧૪૭

વેદ્ય વેદક વિભાવ ચલત્વે, કાંક્ષિત જ ન વેદાય,
તેથી સર્વથી વિરક્તિ પામે, જ્ઞાની ન કાંક્ષે કાં ય... વેદ્ય વેદક. ૧
વેદક વેદ્ય કંઈ પણ કાંક્ષે, તે જ્યાં હાજર થાય,
વેદક ત્યાં તો ચાલી ગયો તે, વેદક અવરે જણાય... વેદ્ય વેદક: ૨
કાંક્ષિત વેદ્ય જ્યાં હોયે ત્યારે, કાંક્ષનારો ના હોય,
ને જ્યાં કાંક્ષનારો તે હોયે, વેદ્ય બીજું ત્યાં જોય... વેદ્ય વેદક. ૩
વેદ્ય વેદકનું ચક્ર આ એમ જ, ફરતું ફરતું જાય,
વેદક બીજો વેદ્ય જ બીજો, અનવસ્થા જ જણાય... વેદ્ય વેદક: ૪
વેદ્ય વેદકનું તત્ત્વ વિજ્ઞાન એ, જ્ઞાની વેદતો આપ,
વેદ્ય વેદકનો સંબંધ ન તેથી, ખાય નહિ ભૂલ થાપ... વેદ્ય વેદક. ૫
વેદ્ય વેદકનું તત્ત્વ વિજ્ઞાન એ, વિજ્ઞાનઘન ભગવાન,
અમૃતચંદ્રે મુનિચંદ્રે ભાખ્યું, કરવા અમૃત પાન... વેદ્ય વેદક. ૬

સ્વાગતા વૃત્ત

પૂર્વબદ્ધનિજકર્મવિપાકાદ્-જ્ઞાનિનો યદિ ભવત્યુપભોગઃ ।
તદ્ભવત્વથ ચ રાગવિયોગા - ન્નૂનમેતિ ન પરિગ્રહભાવઃ ॥૧૪૬॥

વેદ્યવેદકભાવચલત્વા-દ્વેદ્યતે ન ખલુ કાંક્ષિતમેવ ।
તેન કાંક્ષતિ ન કિંચન વિદ્વાન્, સર્વતોઽપ્યતિવિરક્તિમુપૈતિ ॥૧૪૭॥

અમૃત પદ - ૧૪૮

જ્ઞાનીને કર્મ ન પરિગ્રહ ભાવ, જ્ઞાનિને કર્મ ન પરિગ્રહ ભાવ,
કર્મ પરિગ્રહભાવ ન પામે, પામે નહિં અહિં સાવ... જ્ઞાનિને કર્મ ન પરિગ્રહ ભાવ. ૧
રાગરસથી ખાલીખમ તે, ખાલી ઘટ શું ભાવ !
રાગરસથી કોરા જ્ઞાની, કોરા ધોકાડ સાવ... જ્ઞાનિને કર્મ ન પરિગ્રહ ભાવ. ૨
રાગયુક્તિ અકષાયિત વસ્ત્રે, સ્વીકૃત જ લોટે બ્હાર,
પણ અંતઃમાં પેસે જ નહિં, રહે બ્હારની બ્હાર... જ્ઞાનિને કર્મ ન પરિગ્રહ ભાવ. ૩
કર્મ પરિગ્રહભાવથી નિશ્ચયે, જ્ઞાની ન જ લેપાય,
અસંગ જ્ઞાની ભગવાન અમૃત, સ્વરૂપમાં જ સમાય... જ્ઞાનિને કર્મ ન. ૪

અમૃત પદ - ૧૪૯

જ્ઞાની તો અબંધ હોય ભાવ, જ્ઞાની તો અબંધ હોય ભાવ,
રાગરસથી ખાલી તે તો, ખાલીખમ ઘટ જેમ સાવ... જ્ઞાની તો અબંધ. ૧
રાગરસ વર્જન શીલ જ્ઞાની, તેનો સહજ સ્વભાવ,
સ્વરસથી જ સર્વ રાગરસ, જ્ઞાની ત્યજે છે સાવ... જ્ઞાની તો અબંધ. ૨
સકલ કર્મથી ના લેપાયે, કર્મ મધ્યે પતિતો ય,
ભગવાન અમૃતચંદ્ર વદે છે, જ્ઞાની એવો હોય... જ્ઞાની તો અબંધ હોય ભાવ. ૩

જ્ઞાનિનો ન હિ પરિગ્રહભાવં, કર્મ રાગરસરિક્તતયૈતિ ।
રાગયુક્તિરકષાયિતવસ્ત્રે સ્વકૃતૈવ હિ બહિ र्लુઠતીહ ॥૧૪૮॥

જ્ઞાનવાન્ સ્વરસતોऽપિ યત સ્યાદ્,
સર્વરાગરસવર્જનશીલઃ ।
લિપ્યતે સકલકર્મભિરેષ,
કર્મમધ્યપતિતોऽપિ તતો ન ॥૧૪૯॥

અમૃત પદ - ૧૫૦

ભલે ભોગ તું ! ભલે ભોગ તું ! જ્ઞાનિ અહો ! અબંધ,
પરાપરાધ જનિતો તુજને, છે નહિ અહિં કો બંધ... ભલે ભોગ તું. ૧
જેવો તેવો જેનો જે છે, સ્વભાવ અહિં તસ વશથી,
અન્યાદશ કો રીતે કરવો, શક્ય નથી તે પરથી... ભલે ભોગ તું. ૨
અજ્ઞાન કો પણ રીત ન ભવતું, સંતત જ્ઞાન ભવંતું,
પરાપરાધજનિત અહિં તુજને, બંધન કો ન હવંતું... ભલે ભોગ તું. ૩
ત્હારા વાંકે બંધન તુજને, નહિં કો પરના વાંકે,
ભગવાન જ્ઞાન અમૃત પીતો તું, ભોગવ જે ઉદયાંકે... ભલે ભોગ તું. ૪



અમૃત પદ - ૧૫૧

જ્ઞાની સતો વસ ! જ્ઞાની સંતત તું, જ્ઞાની અહો ! અબંધ,
સ્વ અપરાધ થકી નહિં તો તું, ધ્રુવ પામીશ જ બંધ... જ્ઞાન સતો વસ. ૧
જ્ઞાની ! કર્મ કદી કરવું ઉચિત ના, કિંચિત્ કથાય તથાપિ,
યદિ કહે જો ભોગું છું હું, પર મ્હારૂં ન કદાપિ... જ્ઞાન સતો વસ. ૨
તો નિશ્ચય તું દુર્ભુક્ત જ છો, ભોગ લાલસા ભારી,
છોડી કદાપિ ન છૂટે એવી, ભોગ કુટેવ જ ત્હારી... જ્ઞાન સતો વસ. ૩
યદિ કહે જો બંધ ઉપભોગે, પરનો ભોગ ન મ્હારે,
તો કામચાર વિચાર અરે ! તે, શું અહિં છે નહિં ત્હારે... જ્ઞાન સતો વસ. ૪
જ્ઞાની સતો વસ નહિં તો પામીશ, બંધ સ્વના અપરાધે,
ભગવાન જ્ઞાન અમૃત પીતો તું, રહે સ્વરૂપે સમાધે... જ્ઞાન સતો વસ. ૫



शार्दूलविक्रीडित

यादृक् तादृगिहास्ति तस्य वशतो यस्य स्वभावो हि यः,
कर्तुं नैष कथंचनापि हि परैरन्यादृशः शक्यते ।
अज्ञानं न कथंचनापि हि भवेत् ज्ञानं भवत् संततं,
ज्ञानिन् भुंक्ष्व परापराधजनितो नास्तीह बंधस्तव ॥१५०॥



ज्ञानिन् कर्म न जातु कर्तुमुचितं किंचित्तथाप्युच्यते,
भुंक्ष्वे हंत न जातु मे यदि परं दुर्भुक्त एवास्ति भोः ।
बंधः स्यादुपभोगतो यदि न तत्किं कामचारोऽस्ति ते,
ज्ञानं सन् वस बंधमेष्यपरथा स्वस्यापराधात्ध्रुवं ॥१५१॥



અમૃત ૫૬ - ૧૫૨

કર્મ ફલ પરિત્યાગ જ જેનું, શીલ એક જ્ઞાની એવો,
કર્મ કરંતો પણ કર્મોથી, બંધાય ન સ્વયમેવો... કર્મફલ પરિત્યાગ જ જેનું. ૧
કર્ત્તાને કર્મ બળથી સ્વફલથી, યોજે ન જઈને સામે,
કર્મતણું ફલ લેવા ઈચ્છે, તે જ કર્મફલ પામે... કર્મફલ પરિત્યાગ જ જેનું. ૨
જ્ઞાન સતો રાગરચના ત્યજતો, તેથી મુનિજન એવો,
કર્મ કરંતો પણ કર્મોથી, બંધાય ન સ્વયમેવો... કર્મફલ પરિત્યાગ જ જેનું. ૩
કર્મફલ પરિત્યાગ જ જેનું, શીલ એક જ્ઞાની એવો,
ભગવાન અમૃતચંદ્ર મુનીંદ્રો, સહજાત્મસ્વરૂપ દેવો... કર્મફલ પરિત્યાગ જ જેનું. ૪

અમૃત ૫૬ - ૧૫૩

ફલ ત્યાગ્યું તે કર્મ કરે ના, પ્રતીતિએ અમે એવું,
એને ય ક્યાંયથી કર્મ કંઈ અવશે, આવી પડે તે લેવું... ફલ ત્યાગ્યું તે. ૩
આવી પડ્યે તે સ્થિત અકંપા, પરમ સ્વ જ્ઞાન સ્વભાવે,
જ્ઞાની કર્મ શું કરે ? કરે ન શું ? કોણ જાણે એ ભાવે ?... ફલ ત્યાગ્યું તે. ૪
કર્મફલ પરિત્યાગી એવા, કર્મ કરે ના જ્ઞાની,
ભગવાન અમૃતચંદ્ર મુનીંદ્રા, જ્ઞાન અમૃતના પાની... ફલ ત્યાગ્યું તે. ૪

शार्दूलविक्रीडित

कर्तारं स्वफलेन यत्किल बलात्कर्मैव नो योजयेत्,
कुर्वाणः फललिप्सुरेव हि फलं प्राप्नोति यत्कर्मणः ।
ज्ञानं संस्तपास्तरङ्गनो नो बध्यते कर्मणा,
कुर्वोणोऽपि हि कर्म तत्फलपरित्यागैकशीलो मुनिः ॥१५२॥

त्यक्तं येन फलं स्व कर्म कुरुते नेति प्रतीमो वयं,
किन्त्वस्यापि कुतोऽपि किंचिदपि तत्कर्मावज्ञेनापतेत् ।
तस्मिन्नापतिते त्वकंपपरमज्ञानस्वभावे स्थितो,
ज्ञानी किं कुरुतेऽथ किं न कुरुते कर्मेति जानाति कः ॥१५३॥

અમૃત પદ - ૧૫૪

''ભૈયા ! વિષમ આ સંસાર' - એ રાગ

સમ્યગ્ દૃષ્ટિઓ જ સમર્થા, સાહસ કરવા આવું,
નિઃશંક નિર્ભય અમૃત જ્ઞાને, આતમ અમૃત ભાવું... સમ્યગ્ દૃષ્ટિઓ જ સમર્થા. ૧
ત્રૈલોક્ય આખું ભયથી ચળતું, માર્ગ ત્યજે છે જેનો,
એવું વજ્ર પડંતું ત્યારે, એમ ન ફરકે વાળ એનો... સમ્યગ્ દૃષ્ટિઓ જ સમર્થા સાહસ. ૨
ત્યારે પણ ના લેશ ડરંતા, સમ્યગ્ દૃષ્ટિ બંકા,
નિસર્ગ નિર્ભયતાથી તે તો, સર્વ જ ત્યજીને શંકા... સમ્યગ્ દૃષ્ટિઓ જ સમર્થા. ૩
અવધ્ય બોધ વપુ સ્વ જાણંતા, બોધથી ચ્યુત ન થાતા,
નિઃશંક નિર્ભય અમૃત જ્ઞાને, ભગવાન અમૃત માતા... સમ્યગ્ દૃષ્ટિઓ જ સમર્થા. ૪
સમ્યગ્ દૃષ્ટિઓ જ સમર્થા, સાહસ કરવા આવું,
નિઃશંક નિર્ભય અમૃત જ્ઞાને, આતમ અમૃત ભાવું... સમ્યગ્ દૃષ્ટિઓ જ સમર્થા. ૫

અમૃત પદ - ૧૫૫

નિઃશંક સતત સ્વયં સહજ તે, જ્ઞાન સદા વિદંતો,
સહજાત્મસ્વરૂપી જ્ઞાની આ, સમ્યગ્ દૃષ્ટિ સંતો... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૧
લોક શાશ્વતો એક એહ છે, વિવિક્ત આત્મા કેરો,
સંપૂર્ણપણે સકલ વ્યક્ત આ, અન્ય સર્વથી અનેરો... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૨
ચિત્ લોક જ સ્વયમેવ કેવલો, એકલો જે આલોકે,
લોક અપર આ તેથી અપરો, ત્હારો ન કો આ લોકે... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૩
તો આ લોક તણો જ્ઞાનીને, ભય ક્યાંથી જ ભવંતો,
નિઃશંક સતત સ્વયં સહજ તે, જ્ઞાન સદા વિંદતો... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૪
ભગવાન અમૃત સહજ સ્વરૂપી, સમ્યગ્ દૃષ્ટિ સંતો,
નિઃશંક સતત સ્વયં સહજ તે, જ્ઞાન સદા વિંદતો... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૫

शार्दूलविक्रीडित

सम्यग्दृष्टय एव साहसमिदं कर्तुं क्षमंते परं,
यद्वज्रेऽपि पतत्यमी भयचलत्त्रैलोक्यमुक्ताध्वनि ।
सर्वामेव निसर्गनिर्भयतया शंकां विहाय स्वयं,
जानंतः स्वमवध्यबोधवपुषं बोधाच्च्यवंते न हि ॥१५४॥

लोकः शाश्वत एक एष सकलव्यक्तो विविक्तात्मनः,
चिल्लोकं स्वयमेव केवलमयं यल्लोकमत्येकलः ।
लोकोऽयं न तवापरस्तदपरस्तस्मास्ति तवूभीः कुतो,
निश्शंकः सततं स्वयं सहजं ज्ञानं सदा विंदति ॥१५५॥

અમૃત પદ - ૧૫૬

વેદના એક આ એક અચલ જે, જ્ઞાન સ્વયં વેદાયે,
નિર્ભેદ વેદ્ય-વેદકના બલથી, અનાકુલોથી સદાયે... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૧
અન્ય થકી આગત વેદનાનો, સંભવ ના જ હવંતો,
તેથી વેદના તણો જ્ઞાનિને, ભય ક્યાંથી જ ભવંતો ?... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૨
નિઃશંક સતત સ્વયં સહજ તે, જ્ઞાન સદા વિંદંતો,
ભગવાન અમૃત સહજ સ્વરૂપી, સમ્યગ્ દૃષ્ટિ સંતો... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૩

ઠ

અમૃત પદ - ૧૫૭

જે સત્ નાશ ન પામે, નિયત તે, વસ્તુ સ્થિતિ આ વ્યક્તા;
જ્ઞાન સત્ સ્વયં તત્, તેનું શું, ત્રાણ કરવા પર શકતા ?.. નિઃશંક સતત સ્વયં સહજ તે..૧
એથી આના અત્રાણ તણો, સંભવ કંઈ ન હવંતો;
તેથી અત્રાણ તણો જ્ઞાનીને, ભય ક્યાંથી જ ભવંતો.. નિઃશંક સતત સ્વયં સહજ તે...૨
નિઃશંક સતત સ્વયં સહજ તે, જ્ઞાન સદા વિંદંતો;
ભગવાન અમૃત સહજ સ્વરૂપી, સમ્યગ્દૃષ્ટિ..સંતો નિઃશંક સતત સ્વયં સહજ તે..૩

ઠ

અમૃત પદ - ૧૫૮

સ્વ રૂપ તે જ ખરે ! વસ્તુની, ગુપ્તિ પરમ આ હોયે,
સ્વરૂપમાં કારણ બીજો કો, શક્ત પેસવા નો'યે... નિઃશંક સતત સ્વયં. ૧
અકૃત જ્ઞાન તે સ્વરૂપ પુરુષનું, નિશ્ચય એમ જ હોયે,
એથી અગુપ્તિ એહ જ્ઞાનની, અહીં કોઈ પણ નો'યે... નિઃશંક સતત સ્વયં. ૨
તેથી અગુપ્તિ તણો જ્ઞાનિને, ભય ક્યાંથી જ ભવંતો,
નિઃશંક સતત સ્વયં સહજ તે, જ્ઞાન સદા વિંદંતો... નિઃશંક સતત સ્વયં. ૩
ભગવાન અમૃત સહજ સ્વરૂપી, સમ્યગ્ દૃષ્ટિ સંતો,
નિઃશંક સતત સ્વયં સહજ તે, જ્ઞાન સદા વિંદંતો... નિઃશંક સતત સ્વયં. ૪

ઠ

एवैकैव हि वेदना यदचलं ज्ञानं स्वयं वेद्यते,
निर्भेदोदितवेद्यवेदकबलादेकं सदानाकुलैः ।
नैवान्यागतवेदनैव हि भवेत्तद्भीः कुतो ज्ञानिनो,
निशंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति ॥१५६॥

ठ

यत्सन्नाशमुपैति तन्न नियतं व्यक्तेति वस्तुस्थितिः,
ज्ञानं सत्स्वयमेव तत्किल ततस्त्रातं किमस्यापरैः ।
अस्यात्राणमतो न किंचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो,
निशंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति ॥१५७॥

ठ

स्वं रूपं किल वस्तुनोऽस्ति गुप्तिस्वरूपे न य -
च्छक्तः कोऽपि परः प्रवेष्टुमकृतं ज्ञानं स्वरुपं च नुः ।
अस्यागुप्तिरतो न काचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो,
निशंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति ॥१५८॥

ठ

અમૃત પદ - ૧૫૯

પ્રાણોચ્છેદને મરણ વદે છે, જ્ઞાન પ્રાણ આત્માના,
સ્વયં જ તે તો શાશ્વતતાથી, છેદાતું જ કદા ના... નિઃશંક સતત. ૧
એથી એના મરણ તણો તો, સંભવે કંઈ ન હવંતો,
તેથી મરણ તણો જ્ઞાનિને, ભય ક્યાંયથી જ ભવંતો ?... નિઃશંક સતત. ૨
નિઃશંક સતત સ્વયં સહજ તે, જ્ઞાન સદા વિંદંતો,
ભગવાન અમૃત સહજ સ્વરૂપી, સમ્યગ્ દૃષ્ટિ સંતો... નિઃશંક સતત. ૨



અમૃત પદ - ૧૬૦

એક જ જ્ઞાન અનાદિ અનંતું, સિદ્ધ સ્વતઃ આ આંહિ;
જેટલું તેટલું આ અચલ સદાયે, દ્વિતીયોદય અહિં નાંહિ...નિઃશંક. ૧
તેથી આકસ્મિકનો અત્રે, સંભવ કંઈ ન હવંતો;
તેથી આકસ્મિકનો જ્ઞાનિને, ભય ક્યાંથી જ ભવંતો ?.. નિઃશંક. ૨
નિઃશંક સતત સ્વયં સહજ તે, જ્ઞાન સદા વિંદંતો;
ભગવાન અમૃત સહજ સ્વરૂપી, સમ્યગ્દૃષ્ટિ સંતો-નિઃશંક સતત.૩



प्राणोच्छेदमुदाहरंति मरणं प्राणः किलास्यात्मनो,
ज्ञानं तत्स्वयमेव शाश्वततया नो छिद्यते जातुचित् ।
तस्यातो मरणं न किंचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो,
निशंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति ॥१५९॥



एकं ज्ञानमनाद्यनंतमचलं सिद्धं किलैतत्स्वतो,
यावत्तावदिदं सदैव हि भवेन्नात्र द्वितीयोदयः ।
तन्नाकस्मिकमत्र किंचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो,
निशंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति ॥१६०॥



અમૃત પદ - ૧૬૧

સમ્યગ્‌દૃષ્ટિ તણા લક્ષણ આ, સકલ જ કર્મ હણંતા,
સમયે સમયે નિર્જરા તણો, મહાપ્રાસાદ ચણંતા... સમ્યગ્‌ દૃષ્ટિ તણા લક્ષણ. ૧
ટંકોત્કીર્ણ સ્વરસથી ભરિયો, જ્ઞાન અમૃતનો દરિયો,
તેના સર્વસ્વ તણો ભાગી આ, સમ્યગ્‌દૃષ્ટિ વરિયો... સમ્યગ્‌ દૃષ્ટિ તણા લક્ષણ. ૨
એને આમાં પુનઃ જરાયે, બંધ કર્મનો નો'યે,
પૂર્વોપાત્ત જ તે અનુભવતાં, નિયત નિર્જરા હોયે... સમ્યગ્‌ દૃષ્ટિ તણા લક્ષણ. ૩
જ્ઞાન અમૃતનું પાન કરંતા, સમ્યગ્‌ દૃષ્ટિ સંતા,
ભગવાન અમૃત જ્ઞાની પામે, નિર્જરા ગુણ અનંતા... સમ્યગ્‌ દૃષ્ટિ તણા લક્ષણ. ૪

અમૃત પદ - ૧૬૨

સમ્યગ્‌દૃષ્ટિ નટરાજ, નાટક કરતો રે,
વ્યાપી ગગનાભોગ, રંગ નાટક કરતો રે... સમ્યગ્‌ દૃષ્ટિ નટરાજ નાટક. ૧
અષ્ટ સ્વ અંગે સંગતો, આ માચે રે,
રુધંત એમ નવ બંધ, યોગી સાચે રે... સમ્યગ્‌ દૃષ્ટિ નટરાજ નાટક. ૨
પૂર્વબદ્ધ ક્ષય આણતો, આ વિલાસે છે,
નિર્જરા જોગણી જ્વાલને, ઉલ્લાસે છે... સમ્યગ્‌ દૃષ્ટિ નટરાજ નાટક. ૩
અતિરસથી છલકંત, સ્વયં આ માચે રે,
આદિમધ્યાંતથી મુક્ત, જ્ઞાન થઈ સાચે રે... સમ્યગ્‌ દૃષ્ટિ નટરાજ નાટક. ૪
વ્યાપી ગગનાભોગ, રંગ નાટક કરતો,
સમ્યગ્‌ દૃષ્ટિ શું અધ્યાત્મ નાટક કરતો... સમ્યગ્‌ દૃષ્ટિ નટરાજ નાટક. ૫
વિશ્વરંગ વ્યાપી શ્રીરંગ ઉલ્લાસે રે,
કેવલ જ્ઞાનશ્રી સંગ, રંગે રાચે રે... સમ્યગ્‌ દૃષ્ટિ નટરાજ નાટક. ૬
જ્ઞાન બ્રહ્મ બ્રહ્માંડ વ્યાપી સાચે રે,
પરબ્રહ્મ જિન સાક્ષાત્‌, શું આ માચે રે... સમ્યગ્‌ દૃષ્ટિ નટરાજ નાટક. ૭
સમ્યગ્‌ દૃષ્ટિ ભગવાન, સત્‌ આ સાચે રે,
સમ્યગ્‌ દૃષ્ટિ ભગવાન, અમૃતે વાચે રે... સમ્યગ્‌ દૃષ્ટિ નટરાજ નાટક. ૮

॥ इति निर्जरा अधिकार ॥

मंदाक्रांता

टंकोत्कीर्णस्वरसनिचितज्ञानसर्वस्वभाजः, सम्यग्दृष्टे र्यदिह सकलं ध्वंति लक्ष्माणि कर्म ।
तत्तस्यास्मिन्पुनरपि मनाक्कर्मणो नास्ति बंधः, पूर्वोपात्तं तदनुभवतो निश्चितं निर्जरैव ॥१६१॥

रुंधन् बंधं नवमिति निजैः संगतोऽष्टाभिरंगैः, प्राग्बद्धं तु क्षयमुपनयन् निर्जरोज्जृम्भणेन ।
सम्यग्दृष्टिः स्वयमतिरसादिमध्यांतमुक्तं, ज्ञानं भूत्वा नटति गगनाभोगरंगं विगाह्य ॥१६२॥

॥ इति निर्जरा अधिकारः ॥

બંધ અધિકાર

અમૃત પદ - ૧૬૩

બંધનું નાટક ખતમ કરંતો, જ્ઞાન નાયક આ ઊઠ્યો,
જ્ઞાન-અમૃતચંદ્ર વરષંતો, જ્ઞાન અમૃત રસ વૂઠ્યો... બંધનું નાટક. ૧
રાગ-ઓડકારો આવે તે, મોહ મહારસ પાતો,
જગત સકલને પ્રમત્ત કરંતો, બંધ મહામદ માતો... બંધનું નાટક. ૨
રસભારે નિર્ભર જ ભરેલું, ભવનાટક ભજવા'તો,
ક્રીડંતો જે જગ બંધંતો, બંધ આવો આ ફગા'તો... બંધનું નાટક. ૩
આનંદામૃત નિત ભોજંતી, સહજાવસ્થા નાટતો,
ધીરોદાર અનાકુલ એવો, જ્ઞાન નાયક પ્રગટાતો... બંધનું નાટક. ૪
સહજ સમાધિ સુખ પ્રગટાવી, અંતરમાં મલકાતો,
કર્મ ઉપાધિ સકલ ફગાવી, નિરુપાધિ ઉલસાતો... બંધનું નાટક. ૫
ઉંચી ઉંચી જ્ઞાનદશાને, ફરસી ઉન્મજ્જાતો,
ભગવાન જ્ઞાન અમૃતચંદ્ર એવો, જ્ઞાન અમૃતરસ પાતો... બંધનું નાટક. ૬

शार्दूलविक्रीडित

रागोद्गारमहारसेन सकलं कृत्वा प्रमत्तं जगत्,
क्रीडंतं रसभारनिर्भरमहानाट्येन बंधं धूनत् ।
आनंदामृतनित्यभोजि सहजावस्थां स्फुटं नाटयत्,
धीरोदारमनाकुलं निरुपधिज्ञानं समुन्मज्जति ॥१६३॥

અમૃત પદ - ૧૬૪

'શ્રી સીમંધર જિનવર સ્વામી, વિનતડી અવધારો' - એ રાગ

બંધનો હેતુ વિચારો રે સજના ! બંધનો હેતુ વિચારો... (૨) ધ્રુવપદ. ૧

કાર્મણ વર્ગણા વ્યાપ્ત જગત્ આ, બંધ કરનાર ન થાવે,
જો થાવે તો સિદ્ધ ભગવાનને, બંધનો પ્રસંગ આવે... રે સજના ! બંધનો. ૨

મન વચ કાયા કર્મ ચલનરૂપ, બંધ કરનાર ન થાવે,
જો થાવે તો યથાખ્યાત સંયત, જ્ઞાની પણ બંધ પાવે... રે સજના !. ૩

કરણો પણ અનેક પ્રકારના, બંધ કરનાર ન થાવે,
જો થાવે તો કેવલ જ્ઞાની, ભગવંતો ય બંધ પાવે... રે સજના !. ૪

સચિત્તાચિત્ત વસ્તુ ઉપઘાતો, બંધ કરનાર ન થાવે,
જો થાવે તો સમિતિ પરાયણ, સાધુને પણ બંધ આવે... રે સજના !. ૫

આ ઉપયોગભૂમિ આત્મા જે, રાગાદિથી ઐક્ય પાવે,
તેહજ કેવલ બંધનો હેતુ, સ્નેહાભ્યંગ જ્યમ થાવે... રે સજના !. ૬

સ્નેહાભ્યક્ત દેષ્ટાંતે બંધનું, તત્ત્વવિજ્ઞાન દિખાવે,
નિષ્ણુષ યુક્તિથી સમજાવી, ભગવાન અમૃત ગાવે... રે સજના !. ૭

પૃથ્વીવૃત્ત

न कर्मबहुलं जगन्न चलनात्मकं कर्म वा,
न नैककरणानि वा न चिदचिद्वधो बंधकृत् ।
यदैस्यमुपयोगभूः समुपयाति रागादिभिः,
स एव किल केवलं भवति बंधहेतु र्नृणाम् ॥१६४॥

અમૃત પદ - ૧૬૫

''ભૈયા ! વિષમ આ સંસાર' - એ રાગ

અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ, અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ,
જેને પરનો કંઈ ન સંબંધ, અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૧
કર્મ વર્ગણા વ્યાપ્ત થયેલો, ભલે જ હો તે લોક,
પરિસ્પન્દાત્મક કર્મ ભલે હો, મન વચ કાયા યોગ... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૨
કરણો હો તે ભલે અહીં તે, ભલે ચિદચિદ્ ધ્વંસ,
તોય અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ, ક્યાંયથી ન પામે બંધ... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૩
રાગાદિક ઉપયોગ ભૂમિએ, લઈ જાતો ન સુજાણ,
કેવલ જ્ઞાનપણે પરિણમતો, ભવન્ (થાતો) કેવલ જ્ઞાન... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૪
એવું અદ્‌ભુત સમ્યગ્ દૃષ્ટિ, આત્મનું ચિત્ર ચરિત્ર,
ભગવાન અમૃતચંદ્રે ગાયું, દોરી તત્ સત્ ચિત્ર... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૫



અમૃત પદ - ૧૬૬


(રાગ - ઉપરનો પદ પ્રમાણે)

તો પણ નિરર્ગલ ચરવું તે, જ્ઞાનીને ન જ ઈષ્ટ,
નિરર્ગલા સ્વચ્છંદ પ્રવૃત્તિ તે, બંધાયતન અનિષ્ટ... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૧
ઈચ્છા-કામરહિતપણે જે, કીધું કર્મ અકામ,
તે જ અકારણ મત જ્ઞાનિને, બીજું તો બંધ ધામ... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૨
સ્વચ્છંદનો ઈજારો દીધો, લીધો જ્ઞાની ના જ,
આખલા જેવી સ્વચ્છંદ પ્રવૃત્તિ, અખિલની કહી ના જ... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૩
(કારણ) કરે છે અને જાણે છે તે, બન્ને શું ન વિરુદ્ધ,
સીધો સાદો પ્રશ્ન પૂછે એ, **ભગવાન અમૃત બુદ્ધ**... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ. ૪



शार्दूलविक्रीडित

लोकः कर्मवतोऽस्तु च परिस्पन्दात्मकं कर्म तत्,
तान्यस्मिन् करणानि संतु चिदचिदव्यापादनं चास्तु तत् ।
रागादीनुपयोगभूमिमनयन् ज्ञानं भवन् केवलं,
बंधं नैव कुतोप्युपैत्यमहो सम्यग्दात्मा ध्रुवं ॥१६५॥



पृथ्वीवृत्त -

तथापि न निरर्गलं चरितुमिष्यते ज्ञानिनां,
तदायतनमेव सा किल निरर्गला व्यापृतिः ।
अकामकृत कर्म तन्मतमकारणं ज्ञानिनां,
द्वयं न हि विरुध्यते किमु करोति जानाति च ॥१६६॥



અમૃત પદ - ૧૬૭

(રાગ - ઉપરના અમૃત પદ પ્રમાણે)

જે જાણે છે તે ન કરે છે, કરે તે જાણે ના જ,
નિશ્ચયથી છે એમ ખરેખર ! કર્મ છે તે તો રાગ... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૧
રાગ તે તો છે જ્ઞાની ભાખે, અજ્ઞાનમય અધ્યવસાય,
મિથ્યાદૃષ્ટિને જ તે હોયે, તે જ બંધહેતુ સદાય... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૨
નિષ્ણાત યુક્તિથી એ ભાખ્યું, ભગવાન અમૃતચંદ્રે,
મર્મ તેનો સમજી જઈ જ્ઞાની, વર્તે ન કદી સ્વચ્છંદે... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૩

અમૃત પદ - ૧૬૮

'પંથડો નિહાળું રે બીજા જિન તણો રે' - એ રાગ

પરનું કરે પર તે અજ્ઞાન છે રે, કહે નિશ્ચય ભગવાન,
સર્વ સ્વકીય કર્મોદયથી થતું રે, જાણે ન જન અજ્ઞાન... પરનું કરે પર તેને. ૧
સર્વ સદૈવ સ્વકીય જ કર્મના રે, ઉદય થકી અહીં થાય,
મરણ જીવિત દુઃખ સુખ સર્વ એ રે, નિયત જ એમ સદાય... પરનું કરે પર તેને. ૨
જીવિત આયુ ઉદયે હોય છે રે, મરણ આયુક્ષય હોય,
દુઃખ અસાતા ઉદયે હોય છે રે, સુખ સાતોદય જોય... પરનું કરે તે અજ્ઞાન છે. ૩
પણ પુરુષ પર જે પરનું કરે રે, મરણ જીવિત દુઃખ સૌખ્ય,
તે તો ખરેખર ! છે અજ્ઞાન આ રે, જાણ નિશ્ચય એ મુખ્ય... પરનું કરે પર તે. ૪
ત્રણ કાળે પણ ન ચળે એહવી રે, નિશ્ચય વાર્ત્તા આમ,
ટંકોત્કીર્ણ અક્ષર આ વર્ણવી રે, ભગવાન અમૃત સ્વામ... પરનું કરે પર તે. ૫

વસંતતિલકા

जानाति यः स न करोति करोति यस्तु,
जानात्ययं न खलु तत्किल कर्म रागः ।
रागं त्वबोधमयमध्यवसायमाहु -
र्मिथ्यादृशः स नियतं स हि बंधहेतुः ॥१६७॥

सर्वं सदैव नियतं भवति स्वकीय -
कर्मोदयान्मरणजीवितदुःखसौख्यं ।
अज्ञानमेतदिह यत्तु परः परस्य,
कुर्यात् पुमान् मरणजीवितदुःखसौख्यं ॥१६८॥

અમૃત પદ - ૧૬૯

'પંથડો નિહાળું રે, બીજા જિન તણો રે' - એ રાગ

પરનું કરે પર તે અજ્ઞાન છે રે, કહે નિશ્ચય ભગવાન,
પણ અહંકાર રસે વહ્યા જતા રે, જાણે ન જન અજ્ઞાન... પરનું કરે પર તે. ૧
એવા આ પામી અજ્ઞાનને રે, પર થકી પરના જેહ,
મરણ જીવિત દુઃખ સુખ સર્વ એ રે, દેખે છે અહીં એહ... પરનું કરે પર તે અજ્ઞાન. ૨
હું કરૂં હું કરૂં તે અહંકૃતિ રસે રે, કરવા કર્મ ચહંત,
આત્મઘાતી તે મિથ્યાદૃષ્ટિઓ રે, નિયતપણે જ હવંત... પરનું કરે પર તે અજ્ઞાન. ૩
હુંકાર વિષ હોંસે પીતા રે, કરતા આત્મની ઘાત,
'પોતે પોતાના વૈરી બને રે, કેવી ખરી આ વાત'... પરનું કરે પર તે અજ્ઞાન. ૪
અજ્ઞાન વિષ વમાવી કરાવવા રે, પરમ જ્ઞાનામૃત પાન,
ભગવાન અમૃતચંદ્રે આ કહી રે, અમૃત અમૃત વાણ... પરનું કરે પર તે અજ્ઞાન. ૫

અમૃત પદ - ૧૭૦

'પંથડો નિહાળું રે બીજા જિન તણો રે' - એ રાગ

અધ્યવસાન જ બંધ નિદાન છે રે, કહે નિશ્ચય ભગવાન,
અજ્ઞાનમય આ અધ્યવસાન કરે રે, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાન... અધ્યવસાન જ બંધ નિદાન. ૧
મિથ્યાદૃષ્ટિને વિપર્યય થકી રે, બંધહેતુ તે હોય,
અધ્યવસાન જે એનું દેખાય છે રે, અજ્ઞાનાત્મક સોય... અધ્યવસાન જ બંધ નિદાન. ૨
પરનું કરે પર જે એમ દેખતો રે, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાન,
વસ્તુ સ્વરૂપ વિપર્યય દેખતો રે, તેથી કરે અધ્યવસાન... અધ્યવસાન જ બંધ નિદાન. ૩
ઉંધા ચશ્માથી અહીં દેખતાં રે, ઉંધુ બધું દેખાય,
કમળાથી અકળાતાં રોગીને રે, પીળું પીળું જ કળાય... અધ્યવસાન જ બંધ નિદાન. ૪
અધ્યવસાન આ મિથ્યાદૃષ્ટિને, વિપર્યય થકી આમ,
બંધહેતુ હોય નિશ્ચય એ વદે રે, ભગવાન અમૃત સ્વામ... અધ્યવસાન જ બંધ નિધાન. ૫

अज्ञानमेतदधिगम्य परात्परस्य,
पश्यंति ये मरणजीवितदुःखसौख्यं ।
कर्माण्यहंकृतिरसेन चिकीर्षवस्ते,
मिथ्यादृशो नियतमात्महनो भवंति ॥१६९॥

अनुष्टुप्

मिथ्यादृष्टेः स एवास्य बंधहेतुर्विपर्ययात् ।
य एवाध्यवसायो यमज्ञानात्मा दृश्यते ॥१७०॥

અમૃત પદ - ૧૭૧

'ભૈયા વિષમ આ સંસાર' - એ રાગ

અધ્યવસાનથી સર્વ કાંઈ આ, આત્મ કરે છે આત્મ,
તત્ત્વતણું એ સત્ત્વ વદે છે, અમૃતચંદ્ર મહાત્મ... અધ્યવસાનથી સર્વ કાંઈ આ. ૧
બંધાવું મૂકાવું પર કું, હોય ભલે અધ્યવસાન,
અર્થક્રિયા તે ના જ કરે છે, મિથ્યા જ તેથી જાણ... અધ્યવસાનથી. ૨
(કારણ કે) તસ સદ્‌ભાવે ય સ્વના અરાગ કે, વીતરાગ ભાવ અભાવ,
નથી બંધાતો નથી મૂકાતો, નિશ્ચય એ છે સાવ... અધ્યવસાનથી. ૩
તસ અભાવે ય સ્વના સરાગ કે, વીતરાગ ભાવ સદ્‌ભાવ,
બંધાય છે કે મૂકાય છે તે, નિશ્ચય એ છે સાવ... અધ્યવસાનથી. ૪
એમ નિષ્ફળ આ અધ્યવસાનથી, વિમોહિત મૂઢાત્મ,
એવું કંઈ પણ છે જ નહિં જે, આત્મ કરે ન આત્મ... અધ્યવસાનથી. ૫
અધ્યવસાનથી સર્વ કાંઈ આ, આત્મ કરે છે આત્મ,
તત્ત્વ તત્ત્વ ભાખે, આ ભગવાન અમૃતચંદ્ર મહાત્મ... અધ્યવસાનથી. ૬

अनुष्टुप्
अनेनाध्यवसायेन, निष्फलेन विमोहितः ।
तत्किंचनापि नैवास्ति, नात्मात्मानं करोति यत् ॥१७१॥

અમૃત પદ - ૧૭૨

'વીતરાગ જય પામ' - એ રાગ

તેઓ જ યતિઓ જાણ, જગત્માં તેઓ જ યતિઓ જાણ !
મોહકંદ અધ્યવસાય ન જેને, તેઓ જ યતિઓ જાણ !... જગત્માં તેઓ જ યતિઓ. ૧
જેહ અધ્યવસાય પ્રભાવે, મોહિત એહ મૂઢાત્મ,
વિશ્વથી વિભક્ત તો ય વિશ્વરૂપ, આત્મ કરે છે આત્મ... જગત્માં તેઓ જ યતિઓ. ૨
'હું ને મારું' જગના પગ બે, એ જેના ફરજંદ,
એવો અધ્યવસાય જ નિશ્ચય આ, મોહતણો એક કંદ... જગત્માં. ૩
મોહકંદ અધ્યવસાય ન જેને, તેઓ જ યતિઓ જાણ !
ભગવાન અમૃતચંદ્ર મુનીંદ્રે, ભાખી અમૃત વાણ... જગત્માં તેઓ જ યતિઓ. ૪



અમૃત પદ - ૧૭૨

'સેવક કિમ અવગણીએ હો મલ્લિજિન' - એ રાગ

શુદ્ધ જ્ઞાનઘન નિજ મહિમામાં, સંતો ધૃતિ ન કાં બાંધે ?
સમ્યગ્ નિશ્ચય આકર્મીને આ, સહજ સ્વરૂપ કાં ન સાંધે ?.. રે સંતો સ્વરૂપે ધૃતિ ન કાં બાંધે.
સર્વત્ર અવધ અધ્યવસાન સહુ ત્યાજ્ય, કહ્યું જિને જે સાર;
તે તો નિખિલ ત્યજાવ્યો માનું, અન્યાશ્રયી વ્યવહાર.. રે સંતો સ્વરૂપે. ૨
તો પછી સર્વ વ્યવહાર જ છાંડી, અન્યાશ્રયી વિણ જંપ;
સમ્યગ્નિશ્ચય એક જ આંહિ, આકર્મી આ નિષ્કંપ રે.. સંતો સ્વરૂપે. ૩
શુદ્ધ જ્ઞાનઘન નિજ મહિમામાં, સંતો ધૃતિ ન કાં બાંધે ?
ભગવાન અમૃતચંદ્ર પુકારે, સહજ સ્વરૂપ કાં ન સાંધે ?.. રે સંતો સ્વરૂપે. ૪



इन्द्रवज्रा

विश्वाद्विभक्तोऽपि हि यत्प्रभावा -
दात्मानमात्मा विदधाति विश्वं ।
मोहैककंदोध्यवसायः एष,
नास्तीह येषां यतयस्त एव ॥१७२॥



शार्दूलविक्रीडित

सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनैः,
तन्मन्ये व्यवहार एव निखिलोप्यन्याश्रयस्त्याजितः ।
सम्यङ् निश्चयमेकमेव तदमी निष्कंपमाक्रम्य किं,
शुद्धज्ञानघने महिम्नि न निजे बध्नंति धृतिं ॥१७३॥



અમૃત પદ - ૧૭૪

'દુઃખ દોહગ દૂરે ટળ્યા રે' - એ રાગ

રાગાદિ આ કોની કૃતિ રે, ભાખો અહો ગુરુદેવ !
શંકા સહજ મુજ અંતરે રે, ઊઠતી આ સ્વયમેવ... રાગાદિ આ કોની કૃતિ. ૧
રાગાદિ તે તો અહિં કહ્યા રે, નિશ્ચય બંધનિદાન,
તે શુદ્ધ ચિન્માત્ર જ્યોતિથી રે, ભિન્ન ભાખ્યા ભગવાન... રાગાદિ આ. ૨
આત્મા પર વા શું અહીં રે, તેનું હોય નિમિત્ત ?
સમાધાન આ શંકનું રે, સમજાવોજી સુરીત... રાગાદિ આ કોની કૃતિ. ૩
શિષ્યથી એમ પ્રેરિત થતાં રે, શ્રી સદ્‌ગુરુ ભગવાન,
ટંકોત્કીર્ણ અક્ષર વદે રે, અમૃત અમૃત વાણ... રાગાદિ આ કોની કૃતિ. ૪

અમૃત પદ - ૧૭૫

'દુ:ખ દોહગ દૂરે ટળ્યા રે' - એ રાગ

પરસંગ જ રાગાદિનું રે, નિમિત્ત નિશ્ચય જાણ !
વસ્તુ સ્વભાવ આ ઉદયતો રે, ઝળઝળતો જ્યું ભાણ... રે ચેતન ! પર સંગ નિમિત્ત જાણ ! ૧
આત્મા કદી સ્વ રાગાદિનો રે, પામે ન નિમિત્ત ભાવ,
સૂર્યકાંત જ્યમ ના લહે રે, સ્વયમેવ દ્રવ ભાવ... રે ચેતન ! પર સંગ નિમિત્ત. ૨
સૂર્યકાંત દ્રવે છે લહી રે, સૂર્યકિરણ નિમિત્ત,
પરસંગ નિમિત્ત લહી દ્રવે રે, આત્મ દ્રવ્ય તે રીત... રે ચેતન ! પર સંગ નિમિત્ત. ૩
પરભાવ નિમિત્તે ઉપજતા રે, આ રાગાદિ વિભાવ,
ઔપાધિક તે સર્વ છે રે, પણ ન જ આત્મસ્વભાવ... રે ચેતન ! પર સંગ નિમિત્ત. ૪
વસ્તુ સ્વભાવ આ ઉદયતો રે, ઝળઝળતો જ્યું ભાણ,
ટંકોત્કીર્ણ અમૃત કહી રે, ભગવાન અમૃત વાણ... રે ચેતન ! પર સંગ નિમિત્ત. ૫

उपजाति

रागादयो बंधनिदानमुक्ता-स्ते शुद्धचिन्मात्रमहोऽतिरिक्ताः ।
आत्मा परो वा किमु तन्निमित्त-मिति प्रणुन्नाः पुनरेवमाहुः ॥१७४॥

न जातु रागादिनिमित्तभाव-मात्मात्मनो याति यथार्ककांतः ।
तस्मिन्निमित्तं परसंग एव, वस्तुस्वभावोऽयमुदेति तावत् ॥१७५॥

અમૃત પદ - ૧૭૬

'સેવક કિમ અવગણીએ ? હો મલ્લિજિન !' - એ રાગ

વસ્તુ સ્વભાવ સ્વ જાણે જ જ્ઞાની, વસ્તુ સ્વભાવ સ્વ જાણે,
સહજાત્મસ્વરૂપે શુદ્ધ જ આત્મા, એહ તત્ત્વ ચિત્ત આણે... રે જ્ઞાની વસ્તુ સ્વભાવ સ્વ જાણે. ૧
સ્ફટિક જેમ કેવલ આ આત્મા, સ્વયં તો શુદ્ધ સ્વભાવ,
પર નિમિત્તથી પ્રચ્યવતો તે, પામે રાગાદિ વિભાવ... રે જ્ઞાની ! વસ્તુ સ્વભાવ સ્વ જાણે. ૨
એમ સહજાત્મસ્વરૂપે આત્માનો, જાણતો શુદ્ધ સ્વભાવ,
શુદ્ધ સ્વભાવથી પ્રચ્યવતો ના, જ્ઞાની શુદ્ધ સ્વભાવ... રે જ્ઞાની ! વસ્તુ સ્વભાવ સ્વ જાણે. ૩
એથી કરી રાગાદિ વિભાવો, તે આત્મા ના ન કરતો,
એથી કરી ન કારક કર્મોનો, નિશ્ચય તે અહિં ઠરતો... રે જ્ઞાની ! વસ્તુ સ્વભાવ. ૪
વસ્તુ સ્વભાવ સ્વ જાણે જ જ્ઞાની, વસ્તુ સ્વભાવ સ્વ જાણે,
ભગવાન અમૃત આ આત્માનું, સહજ સ્વરૂપ જ માણે... રે જ્ઞાની ! વસ્તુ સ્વભાવ. ૫

અમૃત પદ - ૧૭૭

'સેવક કિમ અવગણીએ હો મલ્લિ જિન !' - એ રાગ

વસ્તુ સ્વભાવ ન જાણે અજ્ઞાની, વસ્તુ સ્વભાવ ન જાણે,
સહજાત્મસ્વરૂપે શુદ્ધ જ આત્મા, તત્ત્વ એ ચિત્ત આણે... અજ્ઞાની વસ્તુ સ્વભાવ ન જાણે. ૧
સ્ફટિક જેમ કેવલ આ આત્મા, સ્વયં તો શુદ્ધ સ્વભાવ,
પર નિમિત્તથી પ્રચ્યવતો તે, પામે રાગાદિ વિભાવ... અજ્ઞાની વસ્તુ સ્વભાવ ન જાણે. ૨
એમ સહજાત્મસ્વરૂપે આત્માનો, જાણી ન શુદ્ધ સ્વભાવ,
શુદ્ધ સ્વભાવથી પ્રચ્યુવતો આ, અજ્ઞાની અશુદ્ધ સ્વભાવ... અજ્ઞાની. ૩
તેથી કરી રાગાદિ વિભાવો, તે આત્માના કરતો,
એથી કરી કારક કર્મોનો, નિશ્ચય તે અહિં ઠરતો... અજ્ઞાની. ૪
વસ્તુસ્વભાવ ન જાણે અજ્ઞાની, વસ્તુ સ્વભાવ ન જાણે,
ભગવાન અમૃત આ આત્માનું, સ્વરૂપ સ્વરૂપને માણે... અજ્ઞાની. ૫

अनुष्टुप्

इति वस्तुस्वभावं स्वं, ज्ञानी जानाति तेन स ।
रागादीन्नात्मनः कुर्यान्नातो भवति कारकः ॥१७६॥

इति वस्तुस्वभावं स्वं, नाज्ञानी वेत्ति तेन सः ।
रागादीनात्मनः कुर्यादतो भवति कारकः ॥१७७॥

અમૃત પદ - ૧૭૮

'દુઃખ દોહગ દૂરે ટળ્યા રે' - એ રાગ

બંધ ઉન્મૂલી ભગવાન આ રે, આત્મા આત્મામાં સ્ફૂર્જંત,
પૂર્ણ એક જ્ઞાન અનુભવતણું રે, અમૃત પાન કરંત... બંધ ઉન્મૂલી ભગવાન આ. ૧
આલોચી એમ દ્રવ્ય-ભાવનો રે, નિમિત્ત-નૈમિત્તિક ભાવ,
વિવેચી તે પરદ્રવ્ય ખરે ! રે, બળથી સમગ્ર જ સાવ... બંધ ઉન્મૂલી ભગવાન આ. ૨
તે પરદ્રવ્યમૂલ બહુ રે, ભાવ સંતતિ અનંત,
એકી સાથે જડમૂળથી રે, ઉન્મૂલવા ઈચ્છંત... બંધ ઉન્મૂલી ભગવાન આ. ૩
જાય છે આ આત્મા પ્રતિ રે, પૂર્ણ એક સંચિદ્ વાન,
નિર્ભર વહતી સંવિદનું રે, કરતો અનુભવ પાન... બંધ ઉન્મૂલી ભગવાન આ. ૪
જેથી ઉન્મૂલી બંધનો રે, આત્મામાં આત્મ ભગવાન,
અમૃત જ્યોતિ સ્ફૂર્જતો રે, ચિદ્ગગને જ્યમ ભાણ... બંધ ઉન્મૂલી ભગવાન આ. ૫

અમૃત પદ - ૧૭૯

'ધન ધન શાસન શ્રી જિનવરતણું' - એ રાગ.

જ્ઞાનજ્યોતિ અમૃત આ ઝળહળે, સાધુ આ એવી સન્નદ્ધ,
પ્રસર એનો જેમ અન્ય ન આવરે, કોઈ પણ નિત્ય અબદ્ધ... જ્ઞાનજ્યોતિ અમૃત આ. ૧
કારણો પ્રગટ રાગાદિક આ, બંધતણા જ નિદાન,
તેનો ઉદય જે અદય વિદારતી, તમસ્ વિદારે જ્યું ભાણ... જ્ઞાનજ્યોતિ અમૃત આ. ૨
કાર્ય વિવિધ બંધરૂપ આ, આત્માને બંધનકાર,
તેને હમણાં ધક્કા મારી સદ્ય રે, આત્મઘરથી કાઢી બ્હાર... જ્ઞાનજ્યોતિ અમૃત આ. ૩
જ્ઞાનજ્યોતિ અમૃત આ એહવી, તિમિર ખપાવી તમામ,
શુદ્ધ ચિદાકાશ મધ્યે ઝળહળે, શાશ્વત અમૃત ધામ... જ્ઞાનજ્યોતિ અમૃત આ. ૪
જ્ઞાનજ્યોતિ અમૃત આ ઝળહળે, સાધુ આ એવી સન્નદ્ધ,
પ્રસર એનો જેમ અન્ય ન આવરે, કોઈ પણ - નિત્ય અબદ્ધ... જ્ઞાનજ્યોતિ અમૃત આ. ૫
જ્ઞાનજ્યોતિ અમૃત આ ઝળહળે, વિજ્ઞાનઘન ભગવાન,
કર્મઘનોથી કદી અવરાય ના, વધે અમૃતઘન જ્ઞાન... જ્ઞાનજ્યોતિ અમૃત આ. ૬

॥ इति बंध अधिकार ॥

शार्दूलविक्रीडित

इत्यालोच्य विवेच्य तत्किल परद्रव्यं समग्रं बला - त्तन्मूलां बहुभावसंततिमिमामुद्धर्तुकामः समं ।
आत्मानं समुपैति निर्भरवहत्पूर्णैकसंविद्युतं, येनोन्मूलितबंध एष भगवानात्मात्मनि स्फूर्जति ॥१७८॥

मंदाक्रांता

रागादीनामुदयं दारयत्कारणानां, कार्यं बंधं विविधमधुना सद्य एव प्रणुद्य ।
ज्ञानज्योतिः क्षपिततिमिरं साधु सन्नद्धमेत - त्तद्वद्यद्व-प्रसरमपरः कोऽपि नास्यावृणोति ॥१७९॥

॥ इति बंध अधिकारः ॥

મોક્ષ અધિકાર

અમૃત પદ - ૧૮૦

'વીતરાગ જય પામ' એ રાગ (કલ્યાણ રાગ)

જયવંતું કૃતકૃત્ય જ્ઞાન આ ! જયવંતું કૃતકૃત્ય !
કૃતકૃત્ય જે અમૃત જ્ઞાને, કરી લીધું સહુ કૃત્ય... જયવંતું કૃત્ય કૃત્ય જ્ઞાન આ. ૧
પ્રજ્ઞા-કરવતે બંધ-પુરુષને, દ્વિધા કરી જે જ્ઞાન,
સાક્ષાત્ મોક્ષે લઈ જતું આ, પુરુષ અનુભવ ધામ... જયવંતું કૃતકૃત્ય જ્ઞાન આ. ૨
સરસ સહજ પરમાનંદે જે, હમણાં ઉન્મજ્જંત,
કૃત્ય સકલ કરી લીધું એવું, પરમ પૂર્ણ જયવંત... જયવંતું કૃતકૃત્ય જ્ઞાન આ. ૩
કૃતકૃત્ય એવું પરમ પૂર્ણ આ, સૂત્રધાર આ જ્ઞાન,
'આત્મખ્યાતિ' સૂત્રકારે ગાયું, અમૃતચંદ્ર ભગવાન... જયવંતું કૃતકૃત્ય જ્ઞાન આ. ૪
બંધ-પુરુષને ભિન્ન કરતું, સૂત્રધાર શું જ્ઞાન,
સાક્ષાત્ મોક્ષ સહજાત્મસ્વરૂપી, અનુભવ અમૃત પાન... જયવંતું કૃતકૃત્ય જ્ઞાન આ. ૫

અમૃત પદ - ૧૮૧

'ધાર તરવારની સોહલી દોહલી જિનતણી ચરણ સેવા' - એ રાગ

તીક્ષ્ણ પ્રજ્ઞા છીણી, સૂક્ષ્મ સંધિ પડી, આત્મ ને કર્મને ભિન્ન કરતી,
છીણી સૂતારની, જેમ સંધિ પડી, કાષ્ઠના સ્પષ્ટ બે ભાગ કરતી... તીક્ષ્ણ. ૧
પ્રજ્ઞા છીણી તીક્ષ્ણ આ, નિપુણ સાવધાનથી, આવી કેમે કરી પાડવામાં,
અંતઃસંધિ બંધમાં, આત્મ ને કર્મના, સૂક્ષ્મમાં પડતી સવેગ આમાં... તીક્ષ્ણ. ૨
આત્મને મગ્ન કરતી, અતિ ઉલ્લસતા, સ્થિર વિશદ ધામ ચૈતન્યપૂરે,
બંધને અજ્ઞાન ભાવમાં, નિયમિતો, કરતી તે સર્વથા ખૂબ દૂરે... તીક્ષ્ણ. ૩
આત્મ ને બંધને, કરતી ભિન્ન ભિન્ન આ, આમ પ્રજ્ઞા છીણી તીક્ષ્ણ ભારી,
પ્રજ્ઞા છીણી મહિમ આ, અમૃત ભગવાન આ, ગાયો મહા ચિત્ ચમત્કારકારી... તીક્ષ્ણ પ્રજ્ઞા છીણી. ૪

શિખરિણી

द्विधाकृत्य प्रज्ञाक्रकचदलनाद्बंधपुरुषौ,
नयन्साक्षात्मोक्षं पुरुषमुपलंभैकनियतं ।
इदानीमुन्मज्जत् सहजपरमानंदसरसं,
परं पूर्णं ज्ञानं कृतसकलकृत्यं विजयते ॥१८०॥

स्रग्धरा

प्रज्ञा छेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः,
सूक्ष्मेंतःसंधिबंधे निपतति रभसादात्मकर्मोभयस्य ।
आत्मानं मग्नमंतः स्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे,
बंधं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ ॥१८१॥

અમૃત પદ - ૧૮૨

'જ્ઞાનને ઉપાસીએ' - એ રાગ.

ભેદી બધું ય જે ભેદી શકાય ના, એવો ચિદ્ જ છું હું શુદ્ધ,
ચિન્મુદ્રાની જ્યાં મુદ્રા અંકિત છે, એવો ચિદ્ વિભુ હું વિશુદ્ધ... ભેદી બધુંય. ૧
સ્વલક્ષણ બલે ભેદી બધું યે, ભેદી ના જેહ શકાય,
ચિત જ કેવલ તે શુદ્ધ છું હું એહવો, નિશ્ચય એમ કળાય... ભેદી બધુંય જે. ૨
ટંકોત્કીર્ણ ચિન્મુદ્રાની જેમાં, મુદ્રા અંકિત છે એવો,
નિર્વિભાગ છે મહિમા મહા જસ, શુદ્ધ હું છું ચિદ્ દેવો... ભેદી બધુંય જે. ૩
ભેદાય કારકો ગુણો ભલે વા, ધર્મો ભલે જ ભેદાય,
પણ ભેદ કાંઈ પણ છે જ નહિ અહિં, વિભુ વિશુદ્ધ ચિત્ માંય... ભેદી બધુંય જે. ૪
રાજમુદ્રા શી ચિન્મુદ્રાનો આ, ટંકોત્કીર્ણ મહિમાન,
ટંકોત્કીર્ણ અમૃત વાણી ગાયો, અમૃતચંદ્ર ભગવાન... ભેદી બધુંય જે. ૫

અમૃત પદ - ૧૮૩

'ભૈયા ! વિષમ આ સંસાર' - એ રાગ.

અદ્વૈતા પણ ચેતના ના છોડે, દર્શન જ્ઞાન દ્વિરૂપ,
સામાન્ય-વિશેષ જાણે એવું, તેનું સહજ સ્વરૂપ... અદ્વૈતા પણ ચેતના. ૧
અદ્વૈતા પણ ચેતના જો છોડે, જગતમાં દૃગ્ જ્ઞપ્તિ દ્વિરૂપ,
સામાન્ય વિશેષના વિરહે તો તે, છોડે અસ્તિત્વ સ્વરૂપ... અદ્વૈતા પણ ચેતના. ૨
તે અસ્તિત્વનો ત્યાગ જ હોતાં, ચિત્ની ય જડતા હોય,
વ્યાપક વિના વ્યાપ્ય આત્મા તો, અંત જ પામે સોય... અદ્વૈતા પણ ચેતના. ૩
તેથી નિયત દૃગ્ જ્ઞપ્તિ રૂપ આ, ચિત્ નિયત જ હોય,
ભગવાન અમૃતચંદ્રે ભાખી, તત્ત્વ-સંકલના સોય... અદ્વૈતા પણ ચેતના. ૪

शार्दूलविक्रीडित

भित्त्वा सर्वमपि स्वलक्षणबलाद् भेतुं न यच्छक्यते, चिन्मुद्रांकितनिर्विभागमहिमा शुद्धश्चिदेवास्म्यहं ।
भिद्यंते यदि कारकाणि यदि वा धर्मा गुणा वा यदि, भिद्यंतां न भेदास्ति काचन विभौ भावे विशुद्धे चिति ॥१८२॥

अद्वैतापि हि चेतना जगति चेद् दृग्ज्ञप्तिरूपं त्यजे- त्तत्सामान्यविशेषरूपविरहात्सास्तित्वमेव त्यजेत् ।
तत्त्यागे जडता चितोऽपि भवति व्याप्यो विना व्यापकादात्मा चांतमुपैति तेन नियतं दृग्ज्ञप्तिरूपास्ति चित् ॥१८३॥

અમૃત પદ - ૧૮૪

ચિન્મય ભાવ જ ગ્રાહ્ય એક છે, પર ભાવ હેય જ છેક... (૨). ચિન્મય ભાવ જ. ૧
ચિન્મય એક જ ભાવ ચિત્નો, ચિન્મય એક જ ભાવ,
ભાવો પરા જે તેહ ખરેખર ! પરો તણા છે ભાવ... ચિન્મય એક જ ભાવ. ૨
ગ્રાહ્ય જ તેથી ચિન્મય ભાવ જ, પર ભાવો હેય છેક,
ભગવાન અમૃત કળશે ભાખ્યો, એવો પરમ વિવેક... ચિન્મય એક જ ભાવ. ૩

અમૃત પદ - ૧૮૫

'સેવક કિમ અવગણીએ ? હો મલ્લિ જિન !' - એ રાગ.

સેવો સદા આ સિદ્ધાંત મુમુક્ષુ ! સેવો સદા આ સિદ્ધાંત,
ચિન્મય જ્યોતિ હું પર હું ના, એ સિદ્ધાંત અભ્રાંત... રે મુમુક્ષુ ! સેવા સદા આ સિદ્ધાંત. ૧
ઉદાત્ત ચિત્ત ચરિત મોક્ષાર્થી, સેવો સિદ્ધાંત જ આજ,
શુદ્ધ ચિન્મય આ એક જ છું હું, જ્યોતિ પરમ સદા જ... રે મુમુક્ષુ ! સેવો સદા આ સિદ્ધાંત. ૨
પૃથગ્ લક્ષણ વિવિધ ઉલસે જે, ભાવો આ તે હું ના જ,
કારણ સમગ્ર જ ભાવો તો, મ્હારે તો પરદ્રવ્ય આ જ... રે મુમુક્ષુ ! સેવો સદા આ સિદ્ધાંત. ૩
ત્રણે કાળે ય ચળે નહિં એવો, સિદ્ધાંત એહ અખંડ,
અમૃત કળશે નિશ્ચય ગાયો, ભગવાન અમૃતચંદ્ર... રે મુમુક્ષુ ! સેવો આ સિદ્ધાંત. ૪

इंद्रवज्रा -

एकश्चिन्मय एव भावो, भावा परे ये किल ते परेषां,
ग्राह्यस्ततश्चिन्मय एव भावो, भावा परे सर्वत एव हेयाः ॥१८४॥

शार्दूलविक्रीडित

सिद्धांतोऽयमुदात्तचरित्रै र्मोक्षार्थिभिः सेव्यतां,
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहं ।
एते ये तु समुल्लसंति विविधा भावा पृथग्लक्षणा -
स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि ॥१८५॥

અમૃત પદ - ૧૮૬

'વીતરાગ જય પામ ! જગત ગુરુ ! વીતરાગ જય પામ' - એ રાગ.

અપરાધી જ બંધાય જગતમાં, અપરાધી જ બંધાય,
અનપરાધી અપરાધ ન કરતો, તે તો ન જ બંધાય... જગતમાં અપરાધી જ બંધાય. ૧
પરદ્રવ્યનું ગ્રહણ કરંતો, અપરાધી જ બંધાય,
સ્વદ્રવ્યમાં સંવૃત તે મુનિ તો, અનપરાધી ન બંધાય... જગત્‌માં અપરાધી જ બંધાય. ૨
પરદ્રવ્યનું ગ્રહણ કરંતો, તે અપરાધી ઘોર,
'બંધાઈશ હું રખે' શંકતો, ડરતો ફરતો ચોર... જગતમાં અપરાધી જ બંધાય. ૩
પરદ્રવ્ય ગ્રાહી અપરાધી, અનારાધકો સોય,
સ્વદ્રવ્ય સ્થાયિ અણ અપરાધી, આરાધક તે હોય... જગતમાં અપરાધી જ બંધાય. ૪
શુદ્ધોપયોગે રમણ કરંતા, શ્રમણ તે આતમરામ,
સ્વ દ્રવ્યમાં સંવૃત સાધુને, બંધશંકાનું ન નામ... જગતમાં અપરાધી જ બંધાય. ૫
સ્વ દ્રવ્યના દુર્ગે જઈ બેઠો, પરદ્રવ્ય ન સ્પર્શંત,
ભગવાન અમૃત અનુભવ કરતો, તે સાચો મુનિ સંત... જગતમાં અપરાધી જ બંધાય. ૬

अनुष्टुप्
परद्रव्यग्रहं कुर्वन्, बध्यतैवापराधवान् ।
बध्येतानपराधो न, स्वद्रव्ये संवृतो मुनिः ॥१८६॥

અમૃત પદ - ૧૮૭

'વીતરાગ જય પામ' - એ રાગ

અપરાધી જ બંધાય જગતમાં, અપરાધી જ બંધાય... જગતમાં. ૧
સાપરાધી તે અનંત બંધને, નિરંતર જ બંધાય,
નિરપરાધી તે તો બંધનને, સ્પર્શે ના જ કદાય... જગતમાં બંધાય. ૨
રાધ સાધ્ય સાધિત આરાધિત, એક અર્થ જ છે એહ,
અપગત જે ભાવનો રાધ થયો આ, જન અપરાધી તેહ જગતમાં... જગતમાં. ૩
તે અપરાધ જ અપગત જેનો, અહિં તે નિરપરાધ,
સતત સાધ્યલક્ષી તે સાધુ, સાધક સાચો સાધ... જગતમાં બંધાય. ૪
શુદ્ધ આત્મસિદ્ધિનો જેને, લક્ષ્ય નહિં એ સાર,
સાપરાધી તે અનારાધકો, નિશ્ચયથી અવધાર... જગતમાં બંધાય. ૫
શુદ્ધ આત્મસિદ્ધિનો જેને, લક્ષ્ય સતત એ સાર,
નિરપરાધી તેને આરાધક, નિશ્ચયથી અવધાર... જગતમાં બંધાય. ૬
પર દ્રવ્ય પરિગ્રહણ કરંતો, આત્મ અશુદ્ધ ભજંત,
સાપરાધી અનારાધક તે, બંધાય બંધને અનંત... જગતમાં બંધાય. ૭
પરદ્રવ્ય પરિહરણ કરતો, આત્મ શુદ્ધ સેવંત,
નિરપરાધી આરાધક તે તો, કદીય ન જ બંધંત... જગતમાં બંધાય. ૮
નિરાપરાધી એવો આરાધક, સાચો સાધુ તે સંત,
શુદ્ધોપયોગે રમણ કરંતો, સાચો શ્રમણ હવંત... જગતમાં બંધાય. ૯
શુદ્ધ આત્મસેવી વર્ત્તતો, આરાધનાથી આમ,
ભગવાન અમૃત્ત અનુભવ પામે, મુનિ તે આત્મરામ... જગતમાં બંધાય. ૧૦

मालिनी

अनवरतमनंतै र्बध्यते सापराधः,
स्पृशति निरपराधो बंधनं जातु नैव ।
नियतमयमशुद्धं स्वं भजन् सापराधो,
भवति निरपराधः साधुशुद्धात्मसेवी ॥१८७॥

અમૃત પદ - ૧૮૮

'વીર સુતો કાં સૂતા રહ્યા છો ?' - એ રાગ

સુખાસીનતાને પામેલા, પ્રમાદમાં જે પડી રહ્યા,
ક્રિયા પ્રતિક્રમણાદિ ત્યજી જે, આલસ ગર્તે સડી રહ્યા... સુખરસીનતાને. ૧
સુખાસીનતામાં બિરાજતા તે, આથી સર્વ હણાઈ ગયા,
ચાપલ તેનું થયું પ્રલીન તે, શુષ્કજ્ઞાની ડૂબાઈ ગયા... સુખાસીનતાને. ૨
વાચાજ્ઞાનીનું આલંબન, ખોટું ઉન્મૂલિત થયું,
સાચા જ્ઞાનીનું આલંબન, સાચું ઉન્મીલિત થયું... સુખાસીનતાને. ૩
આલાન સ્થંભ શું આત્મસ્થંભમાં, મન-ગજ આલાનિત થયો,
આ સંપૂર્ણ વિજ્ઞાનઘનાનો, અનુભવ જ્યાં લગ પ્રગટ થયો... સુખાસીનતાને. ૪
વિજ્ઞાનઘન આ અમૃતચંદ્રે, ટંકોત્કીર્ણ નિનાદ ધર્યો,
ભગવાન અમૃત સંભૃત કળશે, તત્ત્વતણો ટંકાર કર્યો... સુખાસીનતાને. ૫

अतो हता प्रमादिनो गताः सुखासीनतां,
प्रलीनं चापलमुन्मीलितमालंबनं ।
आत्मन्येवालानितं चित्त -
मासंपूर्णविज्ञानघनोपलब्धेः ॥१८८॥

અમૃત પદ - ૧૮૯

'સેવક કિમ અવગણીએ ? હો મલ્લિ જિન !' - એ રાગ

નીચે નીચે કાં પડતા પ્રમાદી, ઉંચે ઉંચે ન કાં ચડતા ? (૨)... પ્રમાદી. ૧

સ્વરૂપ-ભ્રષ્ટતા પ્રમાદ ભજતાં, નીચે નીચે કેમ પડતા ?

સ્વરૂપ સ્થિરતા અપ્રમાદ ભજતાં, ઉંચે ઉંચે ન કેમ ચડતા ?... પ્રમાદી. ૨

શુદ્ધ આત્માના ભાન વિના જ્યાં, પ્રતિક્રમણ જ વિષ ભાખ્યું,

ત્યાં અપ્રતિક્રમણ અજ્ઞાની જનનું, કેમ અમૃત જાય દાખ્યું ?... પ્રમાદી. ૩

તો જન નીચે નીચે પડંતાં, કેમ કરે છે પ્રમાદ ?

કેમ ન ઉંચે ઉંચે ચડતાં, થઈને જ નિષ્પ્રમાદ ?... પ્રમાદી. ૪

સ્વરૂપથી ભ્રષ્ટતા પામતા તે, નીચે નીચે કેમ પડતા ?

સ્વરૂપમાં સ્થિરતા ધરતા તે, ઉંચે ઉંચે ન કેમ ચડતા ?... પ્રમાદી. ૫

સ્વરૂપ ભ્રષ્ટતા પ્રમાદ છોડી, સ્વરૂપમાં સ્થિર થાવા,

ભગવાન અમૃત વાણી પોકારી, કરુણાથી અમૃત પાવા... પ્રમાદી. ૬

वसंततिलका

यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं,
तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात् ।
तत्किं प्रमाद्यति जनः प्रपतन्नधोऽधः,
किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः ॥१८९॥

અમૃત પદ - ૧૯૦

સ્વભાવ નિયમિત મુનિ શુદ્ધ હોતો, શીઘ્ર મોક્ષને પામે,
સ્વભાવ અનુભવ અમૃત પાને, પહોંચે અમૃત ધામે... સ્વભાવ નિયમિત મુનિ. ૧
પ્રમાદકલિત અલસ રે ! આંહી, કેમ હોયે શુદ્ધ ભાવ,
કારણ કષાય ભર ગૌરવથી, પ્રમાદ અલસતા સાવ... સ્વભાવ નિયમિત મુનિ. ૨
એથી સ્વરસ નિર્ભર સ્વભાવે, નિયમિત મુનિ હોતો,
પરમ શુદ્ધતાને પામે ને, અલ્પકાળે જ મુકાતો... સ્વભાવ નિયમિત મુનિ. ૩
ભગવાન અમૃત અમૃત કળશે, અનુભવ અમૃત પાને,
સ્વભાવ નિયમિત મુનિ શુદ્ધ જ હોતો, પહોંચે અમૃત ધામે... સ્વભાવ નિયમિત. ૪

અમૃત પદ - ૧૯૧

'દુઃખ દોહગ દૂરે ટળ્યા રે, સુખ સંપદશું ભેટ' - એ રાગ

ચૈતન્ય અમૃત પૂર મગ્ન તે રે, શુદ્ધ ભવન્ (હોતો) જ મૂકાય,
પરદ્રવ્ય ત્યજી રતિ ધારતો રે, સ્વ દ્રવ્યમાં જ સદાય...
રે ચેતન શુદ્ધ ભવન્ જ મૂકાય-ચૈતન્ય અમૃત પૂર મગ્ન તે રે... ૧
અશુદ્ધિકારી પરદ્રવ્યને રે, ત્યજી સ્વયં જ સમગ્ર,
સ્વદ્રવ્યે રતિ જે પામતો રે, ચેતતો તે એક અગ્ર... રે ચેતન ! શુદ્ધ ભવન્ જ મૂકાય. ૨
તે સર્વ જ અપરાધથી રે, નિયત થયેલો ચ્યુત,
બંધ ધ્વંસને પામીને રે, નિત્ય મુદિત અદ્‌ભુત... રે ચેતન ! શુદ્ધ ભવન્ જ મૂકાય. ૩
આત્મ અમૃત જ્યોતિ થકી રે, અચ્છ અતિ ઉચ્ચલંત,
ચૈતન્ય અમૃત પૂરથી રે, પૂર્ણ તે મહિમાવંત... રે ચેતન ! શુદ્ધ ભવન્ જ મૂકાય. ૪
એવો શુદ્ધોપયોગે સ્થિતો રે, શુદ્ધ ભવન્ જ મૂકાય,
ભગવાન અમૃત તે વદે રે, શુદ્ધોપયોગી મુનિરાય... રે ચેતન શુદ્ધ ભવન્ જ મૂકાય... ૫

पृथ्वीवृत्त

प्रमादकलितः कथं भवति शुद्धभावोऽलसः,
कषायभरगौरवादलसता प्रमादो यतः ।
अतः स्वरसनिर्भरे नियमितः स्वभावे भवन्मुनिः
परमशुद्धतां व्रजति मुच्यते चाचिरात् ॥१९०॥

शार्दूलविक्रीडित

त्यक्त्वाऽशुद्धिविधायि तत्किल परद्रव्यं समग्रं स्वयं,
स्वद्रव्ये रतिमेति यः स नियतं सर्वापराधच्युतः ।
बंधध्वंसमुपेत्य नित्यमुदितः स्वज्योतिरच्छोच्चल -
च्चैतन्यामृतपूरपूर्णमहिमा शुद्धो भवन्मुच्यते ॥१९१॥

અમૃત પદ - ૧૯૨

પૂર્ણ જ્ઞાન જ્વલિત આ એવું, મોક્ષ અક્ષયને કળતું,
મોક્ષ અક્ષયને કળતું એવું, પૂર્ણ જ્ઞાન ઝળહળતું... પૂર્ણ જ્ઞાન. ૧
અચળ મહિમામહિં આત્માના, લીન થયેલું ન ચળતું,
બંધ છેદથી મોક્ષ અક્ષયને, અતુલને જે કળતું... પૂર્ણ જ્ઞાન. ૨
નિત્ય ઉદ્યોત જે સ્ફુટિત થયેલી, સહજ અવસ્થા ધરતું,
પરમાણુ ય ન અશુદ્ધિ એવું, એકાંત શુદ્ધ જ ઠરતું... પૂર્ણ જ્ઞાન. ૩
એકાકાર સ્વરસભરથી જે, ગંભીર ધીર અતિ ઠરતું,
સ્વના અચલ મહિમામાં લીનું, પૂર્ણ જ્ઞાન ઝળહળતું... પૂર્ણ જ્ઞાન. ૪
પૂર્ણ જ્ઞાન જ્વલિત આ એવું, મોક્ષ અક્ષયને કળતું,
ભગવાન આ અમૃત આત્માના, સહજાત્મસ્વરૂપે ભળતું... પૂર્ણ જ્ઞાન. ૫

॥ इति मोक्ष अधिकार ॥ (समयसार शास्त्रे समयसार कलशे)

मंदाक्रांता -
बंधच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत -
न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकांतशुद्धं ।
एकाकारस्वरसभरतोऽत्यंतगंभीरधीरं,
पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि ॥१९२॥

॥ इति मोक्ष अधिकारः ॥ (समयसार शास्त्रे समयसार कलशे)

સર્વ વિશુદ્ધ જ્ઞાન અધિકાર

અમૃત પદ - ૧૯૩

જ્ઞાનપુંજ ઝગારા મારે, જ્ઞાન પુંજ ઝગારા મારે... (ધ્રુવપદ)
સમ્યક્ પ્રલય પમાડી સઘળા, કર્તા ભોક્તાદિ ભાવો પ્રબળા,
બંધ મોક્ષ કલ્પના ચૂરી, પ્રતિપદે થયેલો દૂરી... જ્ઞાનપુંજ ઝગારા મારે. ૧
શુદ્ધ બુદ્ધ આ સકલ પ્રદેશે, પ્રતિપદ બુદ્ધ અમૃત ગવેષે,
સ્વરસ વિસરે પૂરણ ભરિયો, પુણ્ય અચલ જ્યોતિ જે ઠરિયો... જ્ઞાનપુંજ. ૨
ટંકોત્કીર્ણ અમૃત જસ મહિમા, અહો ! પ્રકટ રહ્યો આ મહિમાં,
જ્ઞાનપુંજ સ્ફૂર્જતો એવો, કહે ભગવાન અમૃત દેવો... જ્ઞાનપુંજ. ૩

અમૃત પદ - ૧૯૪

રાગ - ઉપરના પદ પ્રમાણે.

કર્તૃત્વ સ્વભાવ ન ચિતનો, ભોક્તૃત્વ ન જ્યમ - એ રીતનો,
કર્ત્તા જીવ અજ્ઞાન પ્રભાવે, અકર્તા અજ્ઞાન અભાવે... કર્તૃત્વ સ્વભાવ ન. ૧
જ્ઞાની કર્ત્તા ન હોય સ્વભાવે, અજ્ઞાની કર્ત્તા હોય વિભાવે,
ભગવાન અમૃતની એ યુક્તિ, જે સમજે તે પામે મુક્તિ... કર્તૃત્વ સ્વભાવ ન. ૨

અમૃત પદ - ૧૯૫

'સાહેબા વાસુપૂજ્ય જિણંદા' - એ રાગ

અકર્ત્તા સ્થિત જીવ સ્વભાવે, અમૃત પદ આ ગાવે... (ધ્રુવપદ) ૧
એમ જીવ આ સ્વરસથી વિશુદ્ધો, 'અકર્ત્તા સ્થિત' ભાખે બુદ્ધો,
સ્ફુરંતા ચિત્ જ્યોતિ કરથી, ધોળે ભુવન-ભવન આ ભરથી... અકર્ત્તા સ્થિત. ૨
તો યે ખરે ! અહિં જે એનો યે, પ્રકૃતિઓથી બંધ તે હોયે,
તે તો સ્ફુરી રહ્યો આ મહીમાં, અજ્ઞાનનો ગહન કો મહિમા... અકર્ત્તા સ્થિત. ૩
એમ સખેદાશ્ચર્ય દર્શંતા, ભગવાન અમૃતચંદ્ર વદંતા,
અકર્ત્તા સ્થિત જીવ સ્વભાવે, અમૃત પદ આ ગાવે... અકર્ત્તા સ્થિત. ૪

मंदाक्रांता

नीत्वा सम्यक् प्रलयमखिलान् कर्तृभोक्तादिभावान्, दूरीभूतः प्रतिपदमयं बंधमोक्षप्रक्लृप्तैः ।
शुद्धः शुद्धः स्वरसविसरापूर्ण पुण्याचलार्चि - ष्टंकोत्कीर्णप्रकटमहिमा स्फूर्जति ज्ञानपुंजः ॥१९३॥

अनुष्टुप्

कर्तृत्वं न स्वभावोस्य, चितो वेदयितृत्ववत् । अज्ञानादेव कर्तायं, तदभावादकारकः ॥१९४॥

शिखरिणी

अकर्त्ता जीवोऽयं स्थित इति विशुद्धः स्वरसतः, स्फुरच्चिज्ज्योतिर्भि श्छुरितभुवनाभोगभवनः ।
तथाप्यस्यासौ स्याद्यदिह किल बंधः प्रकृतिभिः, स खल्वज्ञानस्य स्फुरति महिमा कोपि गहनः ॥१९५॥

અમૃત પદ - ૧૯૬

'જ્ઞાન પુંજ ઝગારા મારે' - એ રાગ

ભોક્તૃત્વ સ્વભાવ ન ચિતનો, કર્તૃત્વ ન જ્યમ - એ રીતનો,
ભોક્તા જીવ અજ્ઞાન પ્રભાવે, અભોક્તા અજ્ઞાન અભાવે... ભોક્તૃત્વ સ્વભાવ. ૧
જ્ઞાની ભોક્તા ન હોય સ્વભાવે, અજ્ઞાની ભોક્તા હોય વિભાવે,
ભગવાન અમૃતની એ યુક્તિ, જે સમજે તે પામે મુક્તિ... ભોક્તૃત્વ સ્વભાવ. ૨



અમૃત પદ - ૧૯૭

ત્યજો અજ્ઞાનિતા હે સજના ! ભજો જ્ઞાનિતા હે સજના !... ધ્રુવપદ.
અજ્ઞાની પ્રકૃતિ સ્વભાવે નિરતો, જ્ઞાની પ્રકૃતિ સ્વભાવે વિરતો... ત્યજો અજ્ઞાનિતા. ૧
અજ્ઞાની પ્રકૃતિ સ્વભાવે નિરતો, તેથી વેદક નિત્યે ઠરતો,
જ્ઞાની પ્રકૃતિ સ્વભાવે વિરતો, તેથી વેદક કદી ન ઠરતો... ત્યજો અજ્ઞાનિતા. ૨
એવો નિયમ નિરૂપી નિપુણા, ત્યજો અજ્ઞાનિતા સુજના !.
ભજો જ્ઞાનિતા નિજ અમલા, શુદ્ધૈકાત્મમય મહસ્‌માં અચલા... ત્યજો અજ્ઞાનિતા. ૩
વિજ્ઞાનઘન ઈતિ અમૃતવર્ષી, ભગવાન અમૃત ધારા વર્ષી,
ત્યજો અજ્ઞાનિતા હે સજના ! ભજો જ્ઞાનિતા હે સજના !... ત્યજો અજ્ઞાનિતા. ૪



અમૃત પદ - ૧૯૮

'જાગી અનુભવ પ્રીત - સુહાગણ' - એ રાગ.

જ્ઞાની મુક્ત જ હોય, ખરેખર ! જ્ઞાની મુક્ત જ હોય... (ધ્રુવપદ). ૧
જ્ઞાની કર્મ કરંતો નાંહિ, વળી વેદંતો ના જ,
તેહ કર્મનો સ્વભાવ કેવલ, જાણે નિશ્ચય આ જ... ખરેખર ! જ્ઞાની મુક્ત જ હોય. ૨
કેવલ જાણતાને કરવા, વેદવાનો ય અભાવ,
તેથી શુદ્ધ સ્વભાવે નિયતો, જ્ઞાની મુક્ત જ સાવ... ખરે ! જ્ઞાની મુક્ત જ હોય. ૩
કેવલ જ્ઞાને વિલસંતો તે, પામે કેવલજ્ઞાન,
જીવંતો પણ મુક્ત તેહ છે, કહે અમૃત ભગવાન... ખરેખર ! જ્ઞાની મુક્ત જ હોય. ૪




અનુષ્ટુપ્

भोक्तृत्वं न स्वभावोऽस्य, स्मृतः कर्तृत्ववच्चितः । अज्ञानादेव भोक्तायं, तदभावादवेदकः ॥१९६॥




शार्दूलविक्रीडित

अज्ञानी प्रकृतिस्वभावनिरतो नित्यं भवेद्वेदको, ज्ञानी तु प्रकृतिस्वभावविरतो नो जातुचिद्वेदकः ।
इत्येवं नियमं निरूप्य निपुणैरज्ञानिता त्यज्यतां, शुद्धैकात्ममये महस्यचलितैरासेव्यतां ज्ञानिता ॥१९७॥



वसंततिलका

ज्ञानी करोति न न वेदयते च कर्म, जानाति केवलमयं किल तत्स्वभावं ।
जानन्परं करणवेदनयोरभावात्, शुद्धस्वभावनियतः स हि मुक्त एव ॥१९८॥



અમૃત પદ - ૧૯૯

અજ્ઞાન તમસ્ પટ (તિમિર પછેડો) ઓઢી, ગયા અજ્ઞાન નિંદે પોઢી,
કર્ત્તા આત્માને જે દેખે, દ્રવ્યકર્મ કરનારો લેખે... અજ્ઞાન તિમિર પછેડો ઓઢી. ૧
મુમુક્ષુ ય તે મોક્ષ ન પામે, સામાન્ય જન શું ભવ ભામે,
દ્રવ્યલિંગી કરે ખૂબ કરણી, પણ પામે ન મોક્ષની ધરણી... અજ્ઞાન તિમિર. ૨
લોક લૌકિક ક્રિયા કરતો, અલૌકિકતા ન ઉતરતો,
મુનિ અલૌકિક ક્રિયા કરતો, લૌકિકતા ન જ ઉતરતો... અજ્ઞાન તિમિર. ૩
મન વચ કાયાની કરણી, દ્રવ્ય ક્રિયા કર્મની ધરણી,
દ્રવ્ય કર્મના પાકની લરણી, કયમ હોયે મોક્ષ વિતરણી ?... અજ્ઞાન તિમિર. ૪
મન વચ કાયા છે અનાત્મા, તસ કર્મે ન દેખાય આત્મા,
દ્રવ્ય કર્મ પરાશ્રિત કરતાં, મોક્ષ આત્માશ્રિત ન વરતા... અજ્ઞાન તિમિર. ૫
કર્મ કરતાં કર્મ ન છૂટે, બંધનથી બંધ ન ત્રૂટે,
કર્મ છોડ્યે કર્મો છૂટે, અબંધથી બંધન ત્રૂટે... અજ્ઞાન તિમિર પછેડો. ૬
તેથી કર્ત્તા જ આત્મા માને, તે પ્હોંચે ન મોક્ષસ્થાને,
એમ ભગવાન અમૃત બોલે, અજ્ઞાન તમસ્ પટ ખોલે... અજ્ઞાન તિમિર પછેડો. ૭



અમૃત પદ - ૨૦૦

પરદ્રવ્ય ને આત્મતત્ત્વનો, સર્વ ન છે સંબંધ,
કર્તા-કર્મપણાનો ત્યાં તો, ક્યાંથી હોય સંબંધ... પરદ્રવ્ય ને આત્મ તત્ત્વનો. ૧
કર્તા-કર્મપણાનો જ્યાં તો, હોય સંબંધ અભાવ,
ત્યાં તો તત્ કર્તૃતા કેરો, ક્યાંથી હોય જ ભાવ ?... પરદ્રવ્ય ને આત્મ તત્ત્વનો. ૨
આત્મદ્રવ્યને પરની સાથે, લેવા દેવા ના જ,
ભગવાન અમૃત ભાખે, તો યે મૂઢ માને કર્તૃતા જ !... પરદ્રવ્ય ને આત્મ તત્ત્વનો. ૩



अनुष्टुप्

ये तु कर्तारमात्मानं, पश्यंति तमसा ताताः ॥
सामान्यजनवत्तेषां, न मोक्षोऽपि मुमुक्षतां ॥१९९॥



नास्ति सर्वोऽपि संबंधः, परद्रव्यात्मतत्त्वयोः ।
कर्तृकर्मत्वसंबंधाभावे, तत्कर्तृता कुतः ॥२००॥



અમૃત પદ - ૨૦૧

એક વસ્તુનો બીજી સાથે, સંબંધ સર્વ નિષિદ્ધ,
ત્રણે કાળમાં નિશ્ચય એવો, સિદ્ધાંત સ્વયં સિદ્ધ... એક વસ્તુનો. ૧
તેથી આ કર્ત્તા છે આનો, આનું છે આ કર્મ,
કર્તૃ કર્મ ઘટના એ છે ના, વસ્તુભેદે - આ મર્મ... એક વસ્તુનો. ૨
તેથી મુનિઓ ને જન સર્વે, દેખો અકર્તૃ તત્ત્વ,
ભગવાન અમૃતચંદ્રે, તત્ત્વ તણું એ સત્ત્વ... એક વસ્તુનો. ૩



અમૃત પદ - ૨૦૨

'ભૈયા ! વિષમ આ સંસાર' - એ રાગ

ભાવકર્મનો કર્ત્તા જીવ જ, નિશ્ચય આ સિદ્ધાંત...(૨). ધ્રુવપદ. ૧
તત્ત્વ અકર્તૃ વસ્તુ સ્વભાવે, આ નિશ્ચય વાર્ત્તા જ,
વસ્તુ સ્વભાવ નિયમ આ એવો, જેઓ કળતા ના જ... ભાવકર્મનો કર્તા. ૨
અજ્ઞાને જસ મગ્ન મહસ્ છે, અબૂઝ એવા તેહ,
અરે ! બિચારા કર્મ કરે છે, તેથી જ નિશ્ચય એહ... ભાવકર્મનો કર્તા. ૩
ભાવકર્મનો કર્ત્તા ચેતન, થાયે આપોઆપ,
ભગવાન અમૃત નિશ્ચય ભાખે, બીજો કોઈ ન થાપ... ભાવકર્મનો. ૪



વસંતતિલકા

एकस्य वस्तुन इहान्यतरेण सार्द्धं,
संबंध एव सकलोऽपि यतो निषिद्धः ।
तत्कर्तृकर्मघटनास्ति न वस्तुभेदे,
पश्यंत्वकर्तृ मुनयश्च जनाश्च तत्त्वं ॥२०१॥



ये तु स्वभावनियमं कलयंति नेम -
मज्ञानमग्नमहसो बत ते वराकाः ।
कुर्वंति कर्म तत एव हि भावकर्म -
कर्त्ता स्वयं भवति चेतन एव नान्यः ॥२०२॥



અમૃત પદ - ૨૦૩

જીવ જ ભાવકર્મનો કર્ત્તા, તસ કર્મ તેનું જ અનુસર્ત્તા... ધ્રુવપદ. ૧
કર્મ કાર્ય જ નિશ્ચય હોયે, તેથી અણકીધું તે નો'યે... જીવ જ ભાવકર્મનો કર્તા. ૨
જીવ પ્રકૃતિ બે ય મળીને, તે કીધું ન હોય ભળીને,
કારણ અજ્ઞ પ્રકૃતિને અંગ, સ્વકાર્ય ફલ ભોગ પ્રસંગ... જીવ જ. ૩
એક પ્રકૃતિની કૃતિ, તે નો'યે, કારણ અચિત્પણું ત્યાં સ્હોયે,
તેથી જીવ જ કર્મનો કર્ત્તા, તસ કર્મ તે ચિત્ અનુસર્ત્તા... જીવ જ. ૪
કારણ પુદ્ગલ નો'યે જ્ઞાતા, કહે ભગવાન અમૃત ખ્યાતા,
આત્મખ્યાતિમાં વ્યાખ્યાતા, આત્મખ્યાતિથી વિખ્યાતા... જીવ જ. ૫

અમૃત પદ - ૨૦૪

સ્યાદ્વાદ વિજયવંતો વર્તે, સુણ સ્યાદ્વાદ સિદ્ધાંત... (ધ્રુવપદ)
સમ્યક્ તત્ત્વ વિચાર કરીને, ત્યજ મિથ્યાત્વ એકાંત... સ્યાદ્વાદ. ૧
કર્મને જ કર્ત્તા કલ્પીને, આત્મઘાતી જન ભ્રાંત,
આત્માનું કર્તૃત્વ ફગાવી, ભજતા કો એકાંત... સ્યાદ્વાદ. ૨
'કર્તા આત્મા જ કથંચિત્' આ, અચલિત અનેકાંત,
શ્રુતિ કરાઈ કોપિત તેથી, ભજતાં એ એકાંત... સ્યાદ્વાદ. ૩
ઉદ્ધત મોહથી મુદ્રિત જેની, બુદ્ધિ એવી ભ્રાંત,
તસ બોધની સંશુદ્ધિ અર્થે, કહિયે આ સિદ્ધાંત... સ્યાદ્વાદ. ૪
સ્યાદ્વાદ સાથે પ્રતિબંધેથી, લબ્ધ વિજય વિભ્રાંત,
ભગવાન અમૃત સ્તવતા એવી, વસ્તુ સ્થિતિ અનેકાંત... સ્યાદ્વાદ. ૫

शार्दूलविक्रीडित

कार्यत्वादकृतं न कर्म न च तज्जीवप्रकृत्यो र्द्वयो -
रज्ञायाः प्रकृते स्वकार्य फलभुक् भावानुषंगात्कृतिः ।
नैकस्याः प्रकृतेरचित्त्वलसनाज्जीवोऽस्य कर्ता ततो,
जीवस्यैव च कर्म तच्चिदनुगं ज्ञाता न यत्पुद्गलः ॥२०३॥

कर्मैव प्रवितर्क्यं कर्तृ हतकैः क्षिप्त्वात्मनः कर्तृतां,
कर्तात्मैव कथंचिदित्यचलिता कैश्चिच्छ्रुतिः कोपिता ।
तेषामुद्धतमोहमुद्रितीधया बोधस्य संशुद्धये,
स्याद्वादप्रतिबंधलब्धविजया वस्तुस्थितिः स्तूयते ॥२०४॥

અમૃત પદ - ૨૦૫

સાંખ્યો જેમ પુરુષ આર્હતો, અકર્ત્તા જ મ સ્પર્શો !
અનેકાંત સિદ્ધાંત આર્હતો, સમ્યક્ આમ વિમર્શો... અનેકાંત સિદ્ધાંત. ૧
ભેદજ્ઞાનથી અધઃ દશામાં, કર્ત્તા પુરુષ આ લેખો,
ભેદજ્ઞાનથી ઊર્ધ્વ દશામાં, પુરુષ અકર્ત્તા દેખો !... અનેકાંત સિદ્ધાંત. ૨
ભેદજ્ઞાનને પામી નિયતો, ઉદ્ધત બોધ સુધામે,
અકર્ત્તા જ પ્રત્યક્ષ પેખજો, આત્મા આતમરામે... અનેકાંત સિદ્ધાંત. ૩
કર્ત્તા ભાવ જ ચ્યુત જ્યાં અચલો, આત્મા એક જ જ્ઞાતા,
ભગવાન અમૃત સ્વયં દેખજો, અનુભવ અમૃત પાતા... અનેકાંત સિદ્ધાંત. ૪

અમૃત પદ - ૨૦૬

નિત્ય અમૃત ઓઘ સિંચિંતો, ચિત્ ચમત્કાર 'અમૃત' સંતો !
'નિત્ય અમૃત' પ્રતિપદ ગાવે, અનુભવ અમૃત સિંધુ વહાવે... નિત્ય અમૃત. ૧
અહિં ક્ષણિક આત્મા કો કલ્પે, કર્ત્તા-ભોક્તા વિભેદ જ જલ્પે !
વાદ ક્ષણિક એકાંત વહંતા, મોહ મૂર્ચ્છામહિં સીદંતા... નિત્ય અમૃત. ૨
તસ મોહમૂર્ચ્છા લ્યે ખેંચી, નિત્ય અમૃત ઓઘે સિંચી,
ચિત્ ચમત્કાર જ પોતે આ, પદ ભગવાન નિત્ય અમૃત આ... નિત્ય અમૃત. ૩

शार्दूलविक्रीडित

माऽकर्तारममी स्पृशतु पुरुषं सांख्या इवाप्यार्हताः,
कर्तारं कलयंतु तं किल सदा भेदावबोधरधः ।
ऊर्द्धर्वं तूद्धतबोधधामनियतं प्रत्यक्षमेनं स्वयं,
पश्यंतु च्युतकर्तृभावत्वचलं ज्ञातारमेकं परं ॥२०६॥

मालिनी

क्षणिकमिदमिहैकः कल्पयित्वात्मतत्त्वं,
निजमनसि विधत्त कर्तृभोक्त्रोर्विभेदं ।
अपहरति विमोहं तस्य नित्यामृतौघैः,
स्वयमयमभिश्चिच्चंद्रिमत्कार एव ॥२०६॥

અમૃત પદ - ૨૦૭

'ધાર તરવારની' એ રાગ (અથવા ગરિવણી)

ક્ષણિક એકાંતનો વાદ મ પ્રકાશજો ! વાદ સ્યાદ્વાદ અમૃત પ્રકાશો !... ધ્રુવપદ. ૧
વૃત્તિનો અંશ તે સમય વર્ત્તે અને વસ્તુની વૃત્તિ ત્રયકાળવર્ત્તી,
વૃત્તિનો અંશ તે વૃત્તિથી ભિન્ન નહિં, વૃત્તિ અંતર્ રહ્યો તેહ વર્ત્તી... ક્ષણિક એકાંત તો. ૨
અંશ તે પૂર્ણમાં પૂર્ણ તે અંશમાં, વંશ તે પર્વમાં પર્વ તે વંશમાં,
અંગ તે દેહમાં દેહ તે અંગમાં, અંશ વ્યતિરેક હંસ અન્વય વંશમાં... ક્ષણિક એકાંત તો. ૩
પ્રવાહ ક્રમવર્ત્તિ પરિણામો સદા, એક પ્રવાહ વૃત્તિ પરોવ્યા,
એક જ દ્રવ્ય મુક્તાવલીમાં, ભિન્ન પર્યાય મોતી પરોવ્યા... ક્ષણિક એકાંત તો. ૪
વૃત્તિ-અંશ નાશથી વસ્તિમાન નાશ નહિં, વૃત્તિમાન વૃત્તિમાં નિત્ય વર્તે રહી,
એમ વૃત્તિ અંશ ભિન્નતા છે ખરી, ભિન્નતા છે ન એક પ્રવાહે વહી... ક્ષણિક. ૫
તેથી એકાંતથી વૃત્તિ અભેદથી, નાશ એકાંત કલ્પી,
કરે અન્ય ભોગવે અન્ય એકાંત આ, મા પ્રકાશો જ ! મિથ્યાત્વ જલ્પી... ક્ષણિક. ૬
લીએ લાલો અને ભરે હરદાસ એ, ન્યાય અન્યાય એવો ન કીજે !
વદે અનુવદી આ દાસ ભગવાન એ, ન્યાય સ્યાદ્વાદ અમૃત પીજે. ક્ષણિક. ૭

अनुष्टुप्
वृत्यंशभेदतोऽत्यंतं, वृत्तिमन्नाशकल्पनात् ।
अन्यः करोति भुक्तेऽन्यः, इत्येकांतश्चकास्तु मा ॥२०७॥

અમૃત પદ - ૨૦૮

'જ્ઞાનીને ઉપાસીએ' - એ રાગ

આત્માને શોધતાં આત્મા જ ખોયો, અંધે માર્ગ ના જોયો... (ધ્રુવપદ). ૧
આત્મા પરિશુદ્ધ ઈચ્છવા રે જાતાં, આત્મા સમૂળગો ખોયો !
બેસવાની ડાળને કાપતાં, મૂરખનો જોટો જગતમાં ન જોયો !... આત્માને શોધતાં. ૨
પર્યાયને દ્રવ્ય માની લઈ મૂઢડે, પર્યાય દ્રવ્યને લેખિયું,
અતિવ્યાપ્તિ ગ્રહી અતિતાર્કિકડે ! તત્ત્વ સમ્યક્ ના દેખિયું... આત્માને શોધતાં. ૩
એક પર્યાય જો અન્ય પર્યાયથી, અન્વય સંબંધ બાંધશે,
રખે તો બલથી કાળ ઉપાધિના, અશુદ્ધિ અધિક ત્યાં સાધશે !... આત્માને. ૪
કાળ ભેદે એમ દ્રવ્ય અન્વયમાં, માની લઈ જ અશુદ્ધિ !
દ્રવ્યવંશ લોપતાં આત્માના વંશને, લોપતા કોઈ અબુદ્ધિ !... આત્માને. ૫
વર્ત્તમાન સમયવર્ત્તી પર્યાયને, માત્ર અમે તો માનીએ,
ક્ષણવર્ત્તી તેથી વસ્તુ ક્ષણિક છે, એ જ પરમાર્થ સત્ જાણીએ... આત્માને. ૬
શુદ્ધ ઋજુસૂત્ર નયથી ગ્રેરાઈને, એમ ક્ષણિક તે વાદીઓ,
ક્ષણિક એકાંતથી કલ્પી ચૈતન્યને, જલ્પે અબુદ્ધ દુર્વાદીઓ... આત્માને. ૭
ચૈતન્યને એમ ક્ષણિક પ્રકલ્પતાં, આત્મા જ કોઈએ છાંડિયો !
નિઃસૂત્ર મુક્તાફલને જ દેખતાં, હાર જ્યમ અબુદ્ધે છાંડિયો !... આત્માને. ૮
નાશ નિરન્વય માની નિરાત્મા, વાદી ન આત્મા જ માનતા !
મૂળને ઉચ્છેદી શાખાને શોધતા, આકાશ પુષ્પ તે પામતા !... આત્માને. ૯
સૂત્ર વિહોણા મોતી વિશ્રૃંખલા, છૂટા છૂટા જ જે દેખતા,
તેહ ઉચ્છૃંખલ મુક્તાફલોનો, હાર અખંડ કેમ લેખતા ?... આત્માને શોધતાં. ૧૦
ચૈતન્ય અન્વય-સૂત્ર વિહોણા, પર્યાય મોતી જ પેખતા,
નિરાત્મવાદી તે ચૈતન્ય-મોતીનો, હાર આત્મા ક્યમ દેખતા ?... આત્માને. ૧૧
આત્મા લેવા જતાં આત્મા ગુમાવિયો, અહો ! કોઈની આ બુદ્ધિ,
ક્ષણિક એકાંતની જાલ જટિલ એ, એમ વિદારજો સુબુદ્ધિ... આત્માને શોધતાં. ૧૨
તત્ત્વામૃત ભૃત અમૃત કળશમાં, મંથી તત્ત્વાબ્ધિ વસાવ્યો,
ભગવાન અમૃતચંદ્ર સુદર્શને, સ્યાદ્વાદ સિંધુ લસાવ્યો... આત્માને શોધતાં. ૧૩

शार्दूलविक्रीडित

आत्मानं परिशुद्धमीप्सुभिरतिव्याप्तिं प्रपद्यांधकैः,
कालोपाधिबलादशुद्धिमधिकां तत्रापि मत्वा परैः ।
चैतन्यं क्षणिकं प्रकृल्प्य पृथुकैः शुद्धर्जसूत्रेरितै -
रात्माव्युज्झित एव हारवरहो निस्सूत्रमुक्तेक्षिभिः ॥२०८॥

અમૃત પદ - ૨૦૯

'ભૈયા ! વિષમ આ સંસાર' - એ રાગ

ચિત્ ચિંતામણિ માળા ચકાસે, અમને બધે આ એક,
ભગવાન અમૃતચંદ્ર પ્રકાશે, અનુભવ અમૃત છેક... ચિત્ ચિંતામણિ માળા. ૧
કર્ત્તા ને ભોક્તાનો યુક્તિ, વશ હો ભેદ અભેદ !
હો કર્ત્તા તે ભોક્તા ન વા હો, વસ્તુ જ ચિંતવો અભેદ... ચિત્ ચિંતામણિ માળા. ૨
સૂત્ર શું આત્મામાંહિ પરોવી, ચિત્ ચિંતામણિ માલ,
અમને તો સર્વ જ પ્રકાશે, એક સદા ત્રણ કાળ... ચિત્ ચિંતામણિ માળા. ૩
નિપુણોથી પણ જેહ ભેદવી, શક્ય નહિં કો કાળ,
ચિત્ ચિંતામણિ માળા એવી, ભગવાન અમૃત ભાળ... ચિત્ ચિંતામણિ માળા. ૪
તત્ત્વ ચિંતામણિ પ્રતિપદ ગૂંથી, તત્ત્વ ચિંતામણિ માલ,
તત્ત્વચિંતામણિ અમૃતચંદ્રે, અમૃત પાયું રસાલ... ચિત્ ચિંતામણિ માલા. ૫

અમૃત પદ - ૨૧૦

'પિયા પર ઘર મત જાવો રે' - એ રાગ

નિશ્ચય-વ્યવહાર દૃષ્ટિએ રે, કરીએ તત્ત્વ વિચાર,
ભગવાન અમૃત સ્વામીએ રે, દર્શ્યો સ્પષ્ટ પ્રકાર... નિશ્ચય વ્યવહાર. ૧
કેવળ વ્યવહાર દૃષ્ટિએ રે, કર્ત્તા કર્મ વિભિન્ન,
નિશ્ચયે વસ્તુ જો ચિંતીએ રે, કર્ત્તા કર્મ અભિન્ન... નિશ્ચય વ્યવહાર. ૨
કર્ત્તા કર્મ સદા એક છે રે, ઈષ્ટ નિશ્ચયથી જ આમ,
દૃષ્ટિ સાપેક્ષ વિવેક કહ્યો રે, ભગવાન અમૃત સ્વામ... નિશ્ચય વ્યવહાર. ૩

शार्दूलविक्रीडित

कर्तुर्वेदयितुश्च युक्तिवशतो भेदोऽस्त्वभेदोपि वा,
कर्ता वेदयिता च मा भवतु वस्त्वेव संचिंत्यतां ।
प्रोता सूत्र इवात्मनीह निपुणैर्भर्तुं न शक्या क्वचि -
च्चिच्चिंतामणिमालिकेयमभितोप्येका चकास्त्येव नः ॥२०९॥

रथोद्धता

व्यावहारिकदृशैव केवलं, कर्तृ कर्म च विभिन्नमिष्यते ।
निश्चयेन यदि वस्तु चिंत्यते, कर्तृ कर्म च सदैकमिष्यते ॥२१०॥

અમૃત પદ - ૨૧૧

'ધાર તરવારની' એ રાગ

કર્ત્તા તે જ નિશ્ચયે કર્મ જાણો અહીં,
કર્ત્તા ને કર્મનો ભેદ જાણો નહિં... (ધ્રુવપદ). ૧
જે જ પરિણામ છે પ્રગટ અહિં વસ્તુનો,
તે જ તો નિશ્ચયે કર્મ હોયે,
તે પરિણામ તો, અપરનો હોય ના,
પરિણામીનો જ તે નિયત હોય... કર્ત્તા તે જ નિશ્ચયે કર્મ જાણે... અહીં. ૨
આમ પરિણામ તે કર્મ અહિં નિશ્ચયે,
ને પરિણામી તે હોય કર્ત્તા,
કર્ત્તાથી શૂન્ય તો કર્મ કદી હોય ના,
કર્મથી શૂન્ય તો નો'ય કર્ત્તા... કર્ત્તા તે જ નિશ્ચયે કર્મ જાણે. ૩
કર્મ-પરિણામ વિણ એકતાથી અહીં,
સ્થિતિ કદી વસ્તુની હોય નાંહિ,
તેથી ભગવાન અમૃત કહે યુક્તિથી,
કર્ત્તા તે જ નિશ્ચયે કર્મ આંહિ... કર્ત્તા તે જ નિશ્ચયે કર્મ જાણે. ૪

અમૃત પદ - ૨૧૨

સ્વભાવ ચળાવવા આકુલ થઈ જીવડા ! ક્લેશ કરે કાં મોહથી ?... (ધ્રુવપદ). ૧
સ્ફુટતી અનંતી શક્તિ ધરાવતી, વસ્તુ લોટે ભલે બ્હારમાં,
બ્હાર આળોટે પણ અંદર ના પેસતી, અન્ય વસ્તુ કો અન્યમાં... સ્વભાવ. ૨
સ્વભાવનિયત જ વસ્તુ સર્વ ઈષ્ટ છે, જાણી લે એમ અમોહથી,
સ્વભાવ ચળાવવા આકુલ થઈ જીવડા ! ક્લેશ કરે કાં મોહથી ?... સ્વભાવ. ૩
તત્ત્વ અમૃતસિંધુ મંથ્યો વિબુદ્ધથી, ભગવાન અમૃતચંદ્રથી,
અનુભવ અમૃત કળશે, કળશે આ, પીઓ પીઓ આનંદથી... સ્વભાવ. ૪

ननु परिणाम एव किल कर्म विनिश्चयतः,
स भवति नापरस्य परिणामिन एव भवेत् ।
न भवति कर्तृशून्यमिह कर्म न चैकतया,
स्थितिरिह वस्तुनो भवतु कर्तृ तदेव ततः ॥२११॥

बहि र्लुठति यद्यपि स्फुटदनंतशक्तिः स्वयं,
तथाप्यपरवस्तुनो विशति नान्यवस्त्वंतरं ।
स्वभावनियतं यतः सकलमेव वस्त्विष्यते,
स्वभावचलनाकुलः किमिह मोहितः क्लिश्यते ॥२१२॥

અમૃત પદ - ૨૧૩

'ધાર તરવારની' - એ રાગ

અપર કોણ અપરનું શું કરે છે અહીં ?
હોય ભલે લોટતો બ્હાર માંહી... (ધ્રુવપદ). ૧
વસ્તુ એક અન્ય વસ્તુ તણી છે નહિં,
વસ્તુ તે વસ્તુ તેથી જ આંહિ... અપર કોણ. ૨
અપર કોણ અપરનું શું કરે છે અહીં,
હોય ભલે લોટતો બ્હાર માંહી,
નિશ્ચયથી આમ છે વસ્તુસ્થિતિ જ ખરે !
ત્રણે કાળે તિહાં ફેર નાંહિ... અપર કોણ. ૩
ભગવાન અમૃત જ આ વસ્તુ નિજ છોડીને,
જાય પર વસ્તુ 'વિષે' શું દોડી ?
ફૂલ આકાશના સૂંઘવા ઈચ્છતો,
ઈચ્છે કદન્ન પરમાન્ન છોડી ?... અપર કોણ. ૪
ભગવાન અમૃત તણી, વાણી અમૃત સુણી,
જીવ ! પર વસ્તુમાં જા ન ક્યાંહી... અપર કોણ. ૫



અમૃત પદ - ૨૧૪

'ધાર તરવારની' - એ રાગ

અન્ય કરે અન્યનું તેહ વ્યવહારથી,
નિશ્ચયે તો બીજું કાંઈ ન માન્યું... (ધ્રુવપદ). ૧
અન્ય કરે અન્ય વસ્તુનું કંઈ પણ કરે,
તેહ વ્યવહાર દૃષ્ટે જ માન્યું,
સ્વયં પરિણામિની અન્ય વસ્તુતણું,
અન્યથી નો'ય પરિણામ આણ્યું... અન્ય કરે અન્યનું. ૨
એમ નિશ્ચય છતાં અન્ય તે અન્યનું,
કંઈ પણ જે કરે એમ માન્યું,
વ્યાવહારિક દૃષ્ટિએ જ એહ તો ઈષ્ટ છે,
એમ જ્ઞાની જનોએ પ્રમાણ્યું... અન્ય કરે અન્યનું. ૩
કિંતુ નિશ્ચય થકી અન્ય છે કાંઈ ના,
ભગવાન અમૃતે એમ જાણ્યું... અન્ય કરે અન્યનું. ૪



રથોદ્ધતા

વસ્તુ चैकमिह नान्यवस्तुनो, येन तेन खलु वस्तु वस्तु तत् ।
निश्चयोयमपरोऽपरस्य कः, किं करोति हि बहिर्लुठन्नपि ॥२१३॥



यत्तु वस्तु कुरुतेऽन्यवस्तुनः, किंचनापि परिणामिनं स्वयं ।
व्यावहारिकदृशैव तन्मतं, नान्यदस्ति किमपीह निश्चयात् ॥२१४॥



અમૃત પદ - ૨૧૫

શુદ્ધ દ્રવ્યમાં મતિ અર્પીને, તત્ત્વ શુદ્ધ અવધારો ।
દ્રવ્યાંતરને ચુંબન કરવા, આકુલ મતિ કાં ધારો ?.. શુદ્ધ દ્રવ્યમાં મતિ. ૧
શુદ્ધ દ્રવ્યના નિરૂપણમાંહી, મતિ અર્પિત છે જેની;
શુદ્ધાતમ અનુભવ અનુભવતાં, ભ્રાંતિ રહે તસ શેની ?.. શુદ્ધ દ્રવ્યમાં મતિ. ૨
તે સુમતિને અનુભવ નેત્રે, તત્ત્વ સમ્યક્ દેખંતા;
એક દ્રવ્યગત દ્રવ્યાંતર કંઈ, કદી ન ભાસે સંતા !... શુદ્ધ દ્રવ્યમાં મતિ. ૩
અને જ્ઞાન જે જ્ઞેય જાણે, તે તો નિશ્ચય એનો;
શુદ્ધ સ્વભાવ ઉદય છે સહજો, સંશય એમાં શેનો ?... શુદ્ધ દ્રવ્યમાં મતિ. ૪
દ્રવ્યાંતરને ચુંબન કરવા, આકુલ મતિને ધારી;
તત્ત્વથી જનો ચ્યવે છે શાને ? તત્ત્વને ન આ અવધારી.. શુદ્ધ દ્રવ્યમાં મતિ. ૫
ભગવાન અમૃતચંદ્રે ભાખ્યું, તત્ત્વનું તત્ત્વ પુકારી;
અમૃત કળશે વિશ્વપાવની, જ્ઞાન ગંગ અવતારી... શુદ્ધ દ્રવ્યમાં મતિ. ૬

અમૃત પદ - ૨૧૬

'વીર સુતો કાં સુતા રહ્યા છો' - એ રાગ

ચંદ્ર ભૂમિને ન્હવરાવે છે, ભૂમિ ચંદ્રની હોય નહિં,
આત્મ-ચંદ્ર આ વિશ્વ પ્રકાશે, વિશ્વ આત્માનું હોય નહિં... ચંદ્ર ભૂમિને ન્હવરાવે છે. ૧
શુદ્ધ દ્રવ્યના સ્વ રસ ભવનથી, સ્વભાવનું શું શેષ રહ્યું ?
અન્ય દ્રવ્ય જો થાય તેહનો, સ્વભાવ શું ? એ જાય કહ્યું... ચંદ્ર ભૂમિને ન્હવરાવે છે. ૨
ચંદ્ર ભૂમિને ન્હવરાવે પણ, ભૂમિ ચંદ્રની હોય નહિં,
જ્ઞાન જ્ઞેયને કળે સદાયે, જ્ઞેય જ્ઞાનનું હોય નહિં... ચંદ્ર ભૂમિને ન્હવરાવે છે. ૩
આત્મ ચંદ્ર આ વિશ્વ પ્રકાશે, જ્ઞાન ચંદ્રિકા વિશ્વ ભરી,
વિશ્વ આત્મનું નો'ય કદીયે, જ્ઞાન આત્મમાં રહ્યું કરી... ચંદ્ર ભૂમિને ન્હવરાવે છે. ૪
ભગવાન અમૃતચંદ્રે એવી, જ્ઞાન ચંદ્રિકા વિશ્વ ભરી,
અમૃત કળશે અમૃત પીવા, વિશ્વ સકલને ભેટ ધરી... ચંદ્ર ભૂમિને ન્હવરાવે છે. ૫

शार्दूलविक्रीडित

शुद्धद्रव्यनिरूपणार्पितमतेस्तत्त्वं समुत्पश्यतो,
नैकद्रव्यगतं चकास्ति किमपि द्रव्यांतरं जातुचित् ।
ज्ञानं ज्ञेयमवैति यत्तु तदयं शुद्धस्वभावोदयः,
किं द्रव्यांतरचुंबनाकुलधियस्तत्त्वाच्च्यवते जनाः ॥२१५॥

मंदाक्रांता

शुद्धद्रव्यस्वरसभवनात्किं स्वभावस्य शेष -
मन्यद्रव्यं भवति यदि वा तस्य किं स्यात्स्वभावः ।
ज्योत्स्नारूपं स्नपयति भुवं नैव तस्यास्ति भूमि -
र्ज्ञानं ज्ञेयं कलयति सदा ज्ञेयमस्यास्ति नैव ॥२१६॥

અમૃત પદ - ૨૧૭

જ્ઞાન જ્ઞાન ને જ્ઞેય જ્ઞેય જો, રાગ દ્વેષદ્વય ઉદય ટળે... ધ્રુવપદ. ૧
રાગદ્વેષદ્વય ઉદય ત્યાં લગી, જ્યાં લગી જ્ઞાન ન જ્ઞાન થતું,
અને જ્ઞેય પણ જ્ઞેયપણાને, પુનઃ નિશ્ચયે પામી જતું... જ્ઞાન જ્ઞાન ને જ્ઞેય જ્ઞેય જો. ૨
જ્ઞાન જ્ઞાન ભાવ જ હો તેથી, અજ્ઞાન ભાવ તિરસ્કરતો,
ભાવ અભાવ તિરોહિત કરતો, જેથી પૂર્ણ સ્વભાવ થતો... જ્ઞાન જ્ઞાન ને જ્ઞેય જ્ઞેય જો. ૩
આવી રહસ્ય ચાવી દર્શાવી, રાગદ્વેષ દ્વય દૂર કરવા,
ભગવાન અમૃતચંદ્રે અમૃત, કળશે અનુભવરસ પીવા... જ્ઞાન જ્ઞાન ને જ્ઞેય જ્ઞેય જો. ૪

અમૃત પદ - ૨૧૮

સમ્યગ્દૃષ્ટિ તત્ત્વદૃષ્ટિથી, રાગ ને દ્વેષ ખપાવો !
સહજ સ્વરૂપી આતમની આ, જ્ઞાનજ્યોતિ પ્રજલાવો...
રે ચેતન ! રાગ ને દ્વેષ ખપાવો !. ૧
રાગ દ્વેષ દ્વય નિશ્ચય થાયે, જ્ઞાન જ અજ્ઞાન ભાવે,
અજ્ઞાન પરિણામે પરિણમતો, આત્મા જ રાગ દ્વેષ થાવે... રે ચેતન ! ૨
વસ્તુત્વ પ્રત્યે દૃષ્ટિ ઠેરાવી, દેખવામાં જે તે આવે,
ન કિંચિત્ બન્ને તે હોવે, દીસે ન વસ્તુ સ્વભાવે... રે ચેતન ! ૩
(તેથી) તે બે સ્ફુટંતાં જ સમ્યગ્દૃષ્ટિ, તત્ત્વદૃષ્ટિથી ખપાવો !
જેથી પૂર્ણ અચલ અર્ચિ સહજ, જ્ઞાનજ્યોતિ પ્રજલાવો... રે ચેતન ! ૪
રાગ દ્વેષ દ્વયને ક્ષય કરવા, રહસ્ય ચાવી આ આવી,
ભગવાન અમૃતચંદ્રે અત્રે, અમૃત કળશે બતાવી... રે ચેતન ! રાગ ને દ્વેષ ખપાવો ! ૫

मंदाक्रांता

रागद्वेषद्वयमुदयते तावदेतन्न यावद्,
ज्ञानं ज्ञानं भवति न पुनर्बध्यतां याति बोध्यं ।
ज्ञानं ज्ञानं भवतु तदिदं न्यक्कृताज्ञानभावं,
भावाभावौ भवति तिरयन्येन पूर्णस्वभावः ॥२१७॥

रागद्वेषाविह हि भवति ज्ञानमज्ञानभावात्,
तौ वस्तुत्वप्रणिहितदृशा दृश्यमानौ न किंचित् ।
सम्यग्दृष्टिः क्षपयतु ततस्तत्त्वदृष्ट्या स्फुटंतौ,
ज्ञानज्योतिर्ज्वलति सहजं येन पूर्णाचलार्चिः ॥२१८॥

અમૃત પદ - ૨૧૯

વસ્તુ સ્થિતિ જીવ ! જોને, રે ચેતન ! વસ્તુ સ્થિતિ તું જોને !
અન્ય દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યમાં, ઉપજાવે અહિં કોને... રે ચેતન ! વસ્તુ સ્થિતિ. ૧
રાગદ્વેષ ઉપજાવણ કારૂં, દ્રવ્ય અન્ય ના દીસે,
અન્ય દ્રવ્ય પ્રત્યે તો તું શાને, જીવ ! જીવ એ રાગ રીસે ? રે ચેતન ! વસ્તુ સ્થિતિ તું જોને !. ૨
સર્વ દ્રવ્યની ઉત્પત્તિ તો, અંતરૂમાં જ પ્રકાશે,
સ્વ સ્વભાવથી જ વ્યક્ત સર્વથા, વસ્તુસ્થિતિ એ ભાસે... રે ચેતન !. ૩
અન્ય દ્રવ્ય પ્રતિ રાગ દ્વેષ તો, જીવ ! કરે તું શાને ?
ભગવાન અમૃત અમૃત કળશે, અનુભવ અમૃત પાને... રે ચેતન ! વસ્તુ સ્થિતિ તું જોને !. ૪



અમૃત પદ - ૨૨૦

રાગ-દ્વેષ દોષ અજ્ઞાન દોષે, રાગ દ્વેષ તુજ દોષે,
પરનો દોષ ન કાંઈ જ એમાં, પર પ્રતિ કાં રોષે ?... રે ચેતન ! રાગદ્વેષ તુજ દોષે. ૧
રાગદ્વેષ દોષની જે ચેતન ! થાયે પ્રસૂતિ આંહિ,
કંઈ પણ તેમાં દૂષણ પરોનું, નિશ્ચયથી છે નાંહિ... રે ચેતન ! રાગદ્વેષ તુજ દોષે. ૨
સર્પત ત્યાં સર્પ શું અપરાધી, સ્વયં અબોધ જ ત્હારો,
પર પર દોષ આરોપિત કરતાં, છૂટે ન ચોર બિચારો... રે ચેતન ! રાગદ્વેષ તુજ દોષે. ૩
વિદિત હો આ નિશ્ચય વાર્ત્તા ! પામો અસ્ત અબોધ !
'છું હું બોધ' એ **ભગવાન અમૃત**, બોધ્યો અમૃત સુબોધ... રે ચેતન ! રાગદ્વેષ તુજ દોષે. ૪



शालिनी

रागद्वेषोत्पादकं तत्त्वदृष्ट्या, नान्यद् द्रव्यं वीक्ष्यते किंचनापि ।
सर्वद्रव्योत्पत्तिरंतश्चकासति, व्यक्तात्यंतं स्वस्वभावेन यस्मात् ॥२१९॥



मालिनी

यदिह भवति रागद्वेषदोषप्रसूतिः,
कतरदपि परेषां दूषणं नास्ति तत्र ।
स्वयमयमपराधी तत्र सर्पत्यबोधो,
भवतु विदितमस्तं यात्वबोधोऽस्मि बोधः ॥२२०॥



અમૃત પદ - ૨૨૧

રાગ જન્મમાં અન્ય દ્રવ્યનો, દોષ મૂઢ જે કાઢે,
વસ્તુસ્થિતિ અજ્ઞાન કુશસ્ત્રે, જ્ઞાન શિર જ તે વાઢે... રે ચેતન ! રાગદ્વેષ તુજ દોષે. ૧
અન્ય દ્રવ્યને જ નિમિત્તતા જે, રાગ જન્મમાં માને,
શુદ્ધ બોધથી હીન તે સાવ, અંધ બુદ્ધિ જ અજ્ઞાને... રે ચેતન ! રાગદ્વેષ તુજ દોષે. ૨
મોહ વાહિની પ્રવાહમહિં રે, અરે ! વહ્યા તે જાતા,
મોહવાહિની પાર ઉતરવા, કદીય સમર્થ ન થાતા... રે ચેતન ! રાગદ્વેષ તુજ દોષે. ૩
ઉપાદાન વસ્તુથી જ જન્મે, વસ્તુમાં જ વસ્તુભવો,
હો તે સહજ સ્વભાવી ભાવો, વા વિકૃત વિભાવો... રે ચેતન ! રાગદ્વેષ તુજ દોષે. ૪
રાગ સ્વભાવ ન આતમ કેરો, તે તો વિભાવ અનેરો,
પણ વિકૃત પણ તેહ વિભાવો, ભાવ જ ચેતન કેરો... રે ચેતન ! રાગદ્વેષ તુજ દોષે. ૫
નિમિત્ત માત્ર જ તેમાં કદાપિ, અન્ય દ્રવ્ય ભલે થાવે,
તો ય ઉપાદાન આતમ પોતે, તેહ વિભાવ જનમાવે... રે ચેતન ! રાગદ્વેષ તુજ દોષે. ૬
જીવ ભાવ જ છે રાગ તે તેથી, પણ તે ઉપાધિક ભાવો,
પર નિમિત્તે ઉપજેલો પણ, હોય ન જીવ સ્વભાવો... રે ચેતન ! રાગદ્વેષ તુજ દોષે. ૭
અજ્ઞાની આ ભેદ ન જાણે, પર નિમિત્ત જ મુખ્ય માને,
ઉપાદાનને ગૌણ ગણીને, પરને પ્રધાન લેખીને... રે ચેતન ! રાગદ્વેષ તુજ દોષે. ૮
નય ભેદ સાપેક્ષ મૂઢ ન જાણે, પરને જ નિમિત્ત ઠઠાડી,
દોષ પોતાનો જ દુષ્ટ ઉડાડી, પરને જ દીએ ઓઢાડી... રે ચેતન ! રાગદ્વેષ તુજ દોષે. ૯
પરને જ જોખમદાર ગણે તે, રાગદ્વેષ કેમ મૂકે ?
પોતે ન જોખમદાર ગણે તે, વસ્તુસ્થિતિ તે ન કેમ ચૂકે ?... રે ચેતન ! રાગદ્વેષ તુજ દોષે. ૧૦
મોહ નદીમાં એમ તણાતાં, મોહમાં ગળકાં ખાતા,
મોહ નદીનો પાર બિચારા, કેમ અજ્ઞાની પાતા ?... રે ચેતન ! રાગદ્વેષ તુજ દોષે. ૧૧
દૂર કરી ઉપાદાન અશુદ્ધિ, રાગાદિ દુષ્ટ વિભાવો,
ભગવાન અમૃત પ્રગટાવો, શુદ્ધ ચિત્ સ્વસ્વભાવે... રે ચેતન ! રાગદ્વેષ તુજ દોષે. ૧૨

રથોદ્ધતા -

રાગજન્મનિ નિમિત્તતાં પરદ્રવ્યમેવ કલયંતિ યે તુ તે ।
ઉત્તરંતિ ન હિ મોહવાહિનીં, શુદ્ધબોધવિધુરાંધબુદ્ધયઃ ॥૨૨૧॥

અમૃત પદ - ૨૨૨

સહજ સ્વરૂપ કાં ચૂકો રે ચેતન ! ઉદાસીનતા કાં મૂકો ?
સહજ સ્વરૂપ કાં ચૂકો રે ચેતન ! ઉદાસીનતા કાં મૂકો ?... (ધ્રુવપદ). ૧
પૂર્ણ એક અચ્યુત શુદ્ધ જ જેનો, બોધ મહિમ આ જામે,
બોધ એવો આ બોધ્ય થકી તો, વિક્રિયા કાંઈ ન પામે... રે ચેતન ! ઉદાસીનતા કાં મૂકો ?. ૨
તહીંથી અહીંથી ઉભય દિશેથી, જુઓ ! દૃષ્ટાંત આ ઠામે,
જેમ પ્રકાશ્ય થકી અહીં દીવો, વિક્રિયા કાંઈ ન પામે... રે ચેતન ! ઉદાસીનતા કાં મૂકો ?. ૩
મગન છગનનું કાંડું પકડી, જેમ પ્રયોજે ખાસ,
તેમ પ્રકાશ્ય ન દીપ પ્રયોજે, અલ્યા ! મને તું પ્રકાશ... રે ચેતન ! ઉદાસીનતા કાં મૂકો ?. ૪
લોહસૂચિ લોહચુંબક ખેંચી, જાય જ્યમ ચુંબક પાસે,
તેમ સ્વસ્થાનથી ચ્યુત થઈ દીવો, જાય ન પ્રકાશ્ય પાસે... રે ચેતન ! ઉદાસીનતા કાં મૂકો ?. ૫
પ્રકાશ્ય હો વા ના હો પાસે, દીપ સ્વયં જ પ્રકાશે,
સહજ જ વસ્તુસ્વભાવે વસ્તુ, સર્વ સ્વયં અવભાસે... રે ચેતન ! ઉદાસીનતા કાં મૂકો ?. ૬
પરથી ઉપજાવવા ન કો શક્ય, પર ઉપજાવવા ન શક્ત,
વસ્તુ જ સહજ સ્વભાવે પરિણમે, નિજ પરિણતિ જ ફક્ત... રે ચેતન ! ઉદાસીનતા કાં મૂકો ?. ૭
જ્ઞાનને તેમ ન જ્ઞેય પ્રયોજે, 'અલ્યા ! મને તું પ્રકાશ !'
જ્ઞાન પણ સ્વસ્થાનથી ચ્યુત થઈને, જાય નહિં જ જ્ઞેય પાસે... રે ચેતન ! ઉદાસીનતા કાં મૂકો ?. ૮
જ્ઞેય પાસે હો વા ના પાસે, જ્ઞાન સ્વયં જ પ્રકાશે,
સહજ જ વસ્તુસ્વભાવ જ એવો, જ્ઞાન સ્વયં અવભાસે... રે ચેતન ! ઉદાસીનતા કાં મૂકો ?. ૯
એમ ન જ્ઞેયથી જ્ઞાન વિકારી, જ્ઞાન હોય ન જ્ઞેય,
પ્રકાશ્યથી નો'ય દીપ વિકારી, દીપથી નો'ય પ્રકાશ્ય... રે ચેતન ! ઉદાસીનતા કાં મૂકો ?. ૧૦
એમ વસ્તુસ્થિતિ બોધ વિહોણી, બુદ્ધિ છે અહીં જેની,
રાગદ્વેષમયા કેમ તે થાયે, જન એવા અજ્ઞાની... રે ચેતન ! ઉદાસીનતા કાં મૂકો ?. ૧૧
સહજ ઉદાસીનતા કાં મૂકે ? સહજ સ્વરૂપ કાં ચૂકે ?
સહજાત્મસ્વરૂપ અમૃત મૂકી, પરરૂપ 'વિષે' કાં ઝૂકે રે... રે ચેતન ! ઉદાસીનતા કાં મૂકો ?. ૧૨
નિષ્કારણ કરુણાથી આવી, અમૃત વાણી પુકારી,
ભગવાન અમૃત અમૃત કળશે, મુમુક્ષુ લિઓ વિચારી... રે ચેતન ! ઉદાસીનતા કાં મૂકો ?. ૧૩

शार्दूलविक्रीडित

पूर्णैकाच्युतशुद्धबोधमहिमा बोधो न बोध्यादयं,
यायात्कामपि विक्रियां तत इतो दीपः प्रकाश्यादिव ।
तद्वस्तुस्थितिबोधवंध्यधिषणा एते किमज्ञानिनो,
रागद्वेषमयीभवंति सहजां मुंचन्त्युदासीनतां ॥२२२॥

અમૃત પદ - ૨૨૩

'સેવક કેમ અવગણીએ ?' - એ રાગ

જ્ઞાન સંચેતના ચેતો રે ચેતન ! જ્ઞાન સંચેતના ચેતો !... (ધ્રુવપદ)
ચિત્ જ્યોતિ ચમકતી રે ચેતન ! જ્ઞાન સંચેતના ચેતો !... જ્ઞાન સંચેતના ચેતો રે ચેતન ! ૧
રાગ ને દ્વેષ વિભાવથી જેનું, મુક્ત થયું મહાતેજ,
સ્વભાવ નિત્ય સ્પર્શંત સુએ જે, સહજ સ્વરૂપની સેજ... રે ચેતન ! જ્ઞાન સંચેતના ચેતો. ૨
ભૂત-ભાવિના કર્મ સકલથી, થયા વિકલ જે સંતા,
વર્તમાન સમય કર્મ ઉદયથી, ભિન્ન સદા વર્ત્તતા... રે ચેતન ! જ્ઞાન સંચેતના ચેતો. ૩
એમ ત્રિકાળ સંબંધી સર્વે, કર્મતણા 'સંન્યાસી',
નૈષ્કર્મ્ય પામી જે ધર્મસ્વામી, સાચા થયા 'સંન્યાસી'... રે ચેતન ! જ્ઞાન સંચેતના ચેતો. ૪
એમ ચારિત્રગિરિના શૃંગે, થયેલા આરૂઢ દૂરે,
ચારિત્ર વૈભવના બલથી જે, ઝીલતા ચૈતન્ય પૂરે... રે ચેતન ! જ્ઞાન સંચેતના ચેતો. ૫
જ્ઞાનની સંચેતના તે ચેતે, ચિદ્ અર્ચિથી ચમકંતી,
ચેતનના સ્વરસથી આ ભુવનો, જે અભિષેક કરંતી... રે ચેતન ! જ્ઞાન સંચેતના ચેતો. ૬
શુદ્ધ ચૈતન્યમૂર્ત્તિ જે સાક્ષાત્, સહજાત્મસ્વરૂપ સ્વામી,
ભગવાન અમૃત ભાખી ગયા એ, વાણી અમૃત ધામી... રે ચેતન ! જ્ઞાન સંચેતના ચેતો. ૭

અમૃત પદ - ૨૨૪

જ્ઞાન સંચેતના ચેતો રે ચેતન ! જ્ઞાન સંચેતના ચેતો !... ધ્રુવપદ. ૧
જ્ઞાન ચેતના ચેતતાં નિત્યે, જ્ઞાન અતિ શુદ્ધ શોધ,
અજ્ઞાન ચેતનાથી દોડંતો, બંધ નિરુંધે બોધ... રે ચેતન ! જ્ઞાન સંચેતના ચેતો. ૨
જ્ઞાન ચેતન અમૃતરસ એવો, ભગવાન અમૃતચંદ્રે,
અમૃત કળશે પદ પદ ભરિયો, પી પી ભવ્ય આનંદે... રે ચેતન ! જ્ઞાન સંચેતના ચેતો. ૩

शार्दूलविक्रीडित

रागद्वेषविभावमुक्तमहसो नित्यं स्वभावस्पृशः, पूर्वागामिसमस्तकर्मविकला भिन्नास्तदात्वोदयात् ।
दूरारूढचरित्रवैभवबलाच्चंचच्चिदर्चिर्मयीं, विंदन्ति स्वरसाभिषिक्तभुवनां ज्ञानस्य संचेतना ॥२२३॥

उपजाति

ज्ञानस्य संचेतनयैव नित्यं, प्रकाशते ज्ञानमतीव शुद्धं ।
अज्ञानसंचेनतया तु धावन्, बोधस्य शुद्धिं निरुणद्धि बंधः ॥२२८॥

અમૃત પદ - ૨૨૫

'સિદ્ધચક્ર વંદો' - એ રાગ

વર્ત્તું ચૈતન્યાત્મ આત્મમાં રે, આત્માથી નિત્ય નિષ્કર્મ,
ત્રિયોગે ત્રિવિધે ત્રિકાળનું રે, પરિહરી સર્વ કર્મ... વર્ત્તું ચૈતન્યાત્મ આત્મમાં રે. ૧
મનથી વચનથી કાયથી રે, કર્યું કરાવ્યું જેહ,
કરતાં પણ વળી અન્યને રે, મેં અનુમોદ્યું જેહ... વર્ત્તું ચૈતન્યાત્મ આત્મમાં રે. ૨
ભૂત ભાવી વર્ત્તમાનનું રે, ત્રિકાળ વિષયી કર્મ,
સર્વ જ તેહ હું પરિહરી રે, આલંબું પરમ નિષ્કર્મ... વર્ત્તું ચૈતન્યાત્મ આત્મમાં રે. ૩



અમૃત પદ - ૨૨૬

(રાગ - ઉપર પ્રમાણે - 'સિદ્ધચક્ર પદ વંદો')

મોહથી જે મેં કર્યું હતું રે, પ્રતિક્રમી સહુ તે કર્મ,
વર્ત્તું ચૈતન્યાત્મ આત્મમાં રે, આત્માથી નિત્ય નિષ્કર્મ... વર્ત્તું ચૈતન્યાત્મ આત્મમાં રે.



॥ इति प्रतिक्रमण कल्प समाप्त ॥

आर्या

कृतकारितानुमननैस्त्रिकालविषयं मनोवचनकायैः ।
परिहृत्य कर्म सर्वं परमं नैष्कर्म्यमवलंबे ॥२२५॥



मोहाद्यदहमकार्षं समस्तमपि कर्म तत्प्रतिक्रम्य ।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्त्ते ॥२२६॥



इति प्रतिक्रमण कल्पः समाप्तः ॥

અમૃત પદ - ૨૨૭

(ઢાળ - પૂર્વોક્ત)

મોહ વિલાસ આલોચી આ રે, ઉદયતું સહુ કર્મ,
વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે, આત્માથી નિત્ય નિષ્કર્મ... વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે.

॥ इति आलोचना कल्प समाप्त ॥



અમૃત પદ - ૨૨૮

મોહ ફગાવી પચ્ચખી રે, ભવિષ્યનું સહુ કર્મ,
વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે, આત્માથી નિત્ય નિષ્કર્મ... વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે.

॥ इति प्रत्याख्यानकल्प समाप्तः ॥



मोहविलासविजृंभितमिदमुदयत्कर्म सकलमालोच्य ।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते ॥२२७॥



॥ इति आलोचनाकल्पः समाप्तः ॥

प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसंमोहः ।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते ॥२२८॥



॥ इति प्रत्याख्यान कल्पः समाप्तः ॥

અમૃત પદ - ૨૨૯

(ઢાળ - એ જ)

એમ સમસ્ત નિરસ્ત કરી રે, ત્રૈકાલિક આ કર્મ,
શુદ્ધનય અવલંબતો રે, એવો હું આ નિષ્કર્મ... વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે.
મોહ વિલીન જેનો થયો રે, થયો જે રહિત વિકાર,
એવો હું અવલંબું હવે રે, આત્મા ચિન્માત્ર જ સાર... વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે.



અમૃત પદ - ૨૩૦

(ઢાળ - એ જ)

કર્મ વિષતરુ ફળો ગળો રે, ભોગવ્યા વિણ મ્હારા જ,
સંચેતું છું હું અચલ આ રે, ચૈતન્યાત્મ આત્મા જ... વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે.



અમૃત પદ - ૨૩૧

(ઢાળ - પૂર્વોક્ત)

નિઃશેષ કર્મફલો તણો રે, એમ કર્યાથી સંન્યાસ,
સર્વ ક્રિયાંતર વિહારથી રે, વૃત્તિ નિવૃત્ત થઈ જાસ... વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે. ૧
એવા મુજને ચૈતન્ય લક્ષણું રે, આત્મતત્ત્વ ભજતાં જ,
અચલને અત્યંત અનંતપણે રે, વહજો કાલાવલી આ જ... વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે. ૨
ચૈતન્યાત્મ આત્મમાં વર્ત્તવા રે, આત્મભાવના આ આમ,
ભાવી અપૂર્વ જ ભાવથી રે, ભગવાન અમૃત સ્વામ... વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે નિત્ય ૩



उपजाति

समस्तमित्येवमपास्य कर्म, त्रैकालिकं शुद्धनयावबंली ।
विलीनमोहो रहितो विकारै - श्चिन्मात्रमात्मानमथावलंबे ॥२२९॥



आर्या

विलगंतु कर्मविषतरुफलानि मम भुक्तिमंतरेणैव । संचेतयेऽहमचलं चैतन्यात्मानमात्मानं ॥२३०॥



वसंततिलका

निरशेषकर्मफलसंन्यसनान्ममैवं, सर्वक्रियांतरविहारनिवृत्तवृत्तेः ।
चैतन्यलक्ष्म भजतो भृशमात्मतत्त्वं, कालावलीयमचलस्यवहत्वनंता ॥२३१॥



અમૃત પદ - ૨૩૨

'થાશું પ્રેમ બન્યો રે રાજ' - એ રાગ

નિષ્કર્મ શર્મ તે પામે દશાંતર, નિષ્કર્મ શર્મ તે પામે, (ધ્રુવપદ)
કર્મ વિષ તરુ ફલ ત્યજે તેને, અનુભવ અમૃત જામે... નિષ્કર્મ શર્મ. ૧
અજ્ઞાન ભાવમાં પૂર્વે વાવેલા, વિષમ જે વિષવેલા,
તેને ઉગેલા વિષફળ હાવાં, આવ્યા ઉદય આ વેળા... નિષ્કર્મ શર્મ. ૨
કર્મના બીજ પૂર્વે વાવ્યા તે, હાલ ઉદય ફળ લાવ્યા,
લેવા હોય તે લીએ ફળો તે, ખાય ભલે મન ભાવ્યા... નિષ્કર્મ શર્મ. ૩
ન લેવા હોય તે કેમ લીએ ને ? કેમ પરાણે પાયે ?
ખાવા હોય તે ખાય ભલે તે, ન ખાવા હોય ન ખાયે... નિષ્કર્મ શર્મ. ૪
આત્માને જ હું વેદું કેવલ, કર્મફલ ન જ વેદું,
જેહ તે કર્મફલ કેમ જ વેદે ? ભેદ જાણે જ્ઞાનભેદું... નિષ્કર્મ શર્મ. ૫
એમ સ્વત એવ સ્વ અમૃતફળથી, તૃપ્ત થયેલો જેહ,
તે પૂર્વકર્મ વિષદ્રુમોના, ફળ ન ભોગવતો તેહ... નિષ્કર્મ શર્મ. ૬
નિષ્કર્મ શર્મ તે પામે દશાંતર, અનુભવ અમૃત જામે,
એવી ઓર દશા પ્રાપ્ત ભગવાન આ, પ્હોંચે અમૃત ધામે.. નિષ્કર્મ શર્મ તે પામે... નિષ્કર્મ શર્મ. ૭

અમૃત પદ - ૨૩૩

('ધન્ય રે દિવસ આ અહો !' - એ રાગ, અથવા શાંતિજિન એક મુજ વિનંતિ)

પ્રશમ રસ પીઓ સંતા રે ! અહીંથી કાળ અનંત રે,
જ્ઞાન ચેતના સ્વ આત્મની, સાનંદ નટાવંત રે... પ્રશમ રસ પીઓ રે. ૧
વિરતિ કર્મથી કર્મફલની, અવિરત ભાવી, અત્યંત રે,
અખિલ અજ્ઞાન ચેતનાતણું, નટાવી પ્રલયન સંત રે... પ્રશમ રસ પીઓ રે. ૨
સ્વરસ પરિગત સ્વભાવને, પૂર્ણ કરી અત્યંત રે,
જ્ઞાન ચેતના સ્વ આત્મની, સાનંદ નટાવંત રે... પ્રશમ રસ પીઓ રે. ૩
પ્રશમ રસ પીઓ સંત રે, અહીંથી કાળ અનંત રે,
ભગવાન અમૃતચંદ્ર એ, પ્રશમામૃત વરષંત રે... પ્રશમ રસ પીઓ રે. ૪

વસંતતિલકા

यः पूर्वभावकृतकर्मविषद्रुमाणां, भुंक्ते फलानि न खलु स्वत एव तृप्तः ।
आपातकालरमणीयमुदर्करम्यं, निष्कर्मशर्ममयमेति दशांतरं सः ॥२३२॥

स्रग्धरा -

अत्यंतं भावयित्वा विरतिमविरतं कर्मणस्तत्फलाच्च, प्रस्पष्टं नाटयित्वा प्रलयनमखिलज्ञानसंचेतनायाः ।
पूर्णं कृत्वा स्वभावं स्वरसपरिगतं ज्ञानसंचेतनां स्वां, सानंदं नाट्यंतः प्रशमरसमितः सर्वकालं पिबंतु ॥२३३॥

અમૃત પદ - ૨૩૪

'પ્રશમ રસ પીઓ સંત રે' - ધ્રુવપદ.

પદાર્થ પ્રગટ જ્ઞાન સ્વરૂપના, પ્રથનતણું સંત રે,
અહીંથી પદાર્થ વિસ્તારના અવગુંઠને પ્રકાશંત રે... પ્રશમરસ પીઓ સંત રે. ૧
વિના કૃતિએ એક સર્વથા, અનાકુલ જે જ્વલંત રે,
સમસ્ત વસ્તુ વ્યતિરેકના, નિશ્ચયથી અત્યંત રે... પ્રશમરસ પીઓ સંત રે. ૨
વિવેચિત એવું જ્ઞાન આ, આંહી અવતિષ્ઠંત રે,
વિજ્ઞાનઘન ભગવાન આ, અમૃત વૃષ્ટિ વરષંત રે... પ્રશમરસ પીઓ સંત રે. ૩

અમૃત પદ - ૨૩૫

'ચંદ્ર પ્રભુ મુખચંદ્ર રે સખી દેખણ દે' - એ રાગ

શુદ્ધ જ્ઞાનઘન સંત... ચેતન ચિંતવ રે ! અન્યોથી અતિ ભિન્ન... ચેતન ચિંતવ રે,
આત્મનિયત અત્યંત... ચેતન ચિંતવ રે ! પૃથગ્ વસ્તુત્વ ધરંત... ચેતન ચિંતવ રે... ૧
ન ત્યાગ ન જ આદાન... ચેતન ચિંતવ રે ! લેવું મૂકવું ન યત્ર... ચેતન ચિંતવ રે,
એવું અમલ આ જ્ઞાન... ચેતન ચિંતવ રે ! તેવું અવસ્થિત અત્ર... ચેતન ચિંતવ રે... ૨
(કે) શુદ્ધ જ્ઞાનઘનો યથા... ચેતન ચિંતવ રે ! મહિમા એનો મહાન... ચેતન ચિંતવ રે,
નિત્ય ઉદયવંતો તથા... ચેતન ચિંતવ રે ! સ્થિતિ કરે સ્વસ્થાન... ચેતન ચિંતવ રે... ૩
આદિ મધ્ય ને અંત... ચેતન ચિંતવ રે ! વિભાગથી જે મુક્ત... ચેતન ચિંતવ રે,
સહજ સ્ફાર સ્ફુરંત... ચેતન ચિંતવ રે ! પ્રભા ભાસુરે યુક્ત... ચેતન ચિંતવ રે... ૪
શુદ્ધ જ્ઞાનઘન આમ... ચેતન ચિંતવ રે ! **સહજાત્મસ્વરૂપ** ધામ... ચેતન ચિંતવ રે,
'વિજ્ઞાનઘન' સુનામ-ચેતન ચિંતવ રે ! **ભગવાન અમૃત સ્વામ**... ચેતન ચિંતવ રે. ૫

વંશસ્થ વૃત્ત -

इतः पदार्थप्रथनावगुंठनाद्, विना कृतेरेकमनाकुलं ज्वलत् ।
समस्तवस्तुव्यतिरेकनिश्चयात्, विवेचितं ज्ञानमिहावतिष्ठते ॥२३४॥

शार्दूलविक्रीडित

अन्येभ्यो व्यतिरिक्तमात्मनियतं बिभ्रत्पृथग्वस्तुता - मादानोज्झनशून्यमेतदमलं ज्ञानं तथावस्थितं ।
मध्याद्यंतविभागमुक्तसहजस्फारप्रभाभासुरः, शुद्धज्ञानघनो यथास्य महिमा नित्योदितस्तिष्ठति ॥२३५॥

અમૃત પદ - ૨૩૬

'જ્ઞાનને ઉપાસીએ' - એ રાગ

આત્મસંધારણ પૂર્ણ આત્માનું, એમ આત્મામાં કીધું,
કૃતકૃત્ય ભગવાન આત્માએ, અનુભવ અમૃત પીધું... આત્મ સંધારણ પૂર્ણ આત્માનું. ૧
મૂકવા યોગ્ય તે મૂકી દીધું બધું, શેષ રહેવા ન કંઈ દીધું,
ગ્રહવા યોગ્ય તે ગ્રહી લીધું બધું, શેષ રહેવા ન કંઈ દીધું... આત્મ સંધારણ. ૨
આત્મશક્તિ દળ આત્મ બ્હારે જતું, સંહૃત તે સકલ કરી લીધું,
આત્માને પૂર્ણ જ આત્મામાં ધારી, આત્મ સંધારણ કીધું... આત્મ સંધારણ પૂર્ણ આત્માનું. ૩
જ્ઞાનતણો રત્નાકર ભરિયો, જ્ઞેય ઉલેચી જાતો !
આંધળો સીંદરી વણતો જાયે ને, પાડો તે જાયે ખાતો !... આત્મ સંધારણ પૂર્ણ આત્માનું. ૪
અનંત શક્તિનો સ્વામી આ આત્મા, શક્તિ ન અંગ સમાતી,
આત્માથી બ્હારમાં શક્તિ આત્માની, જાતી'તી જે વેડફાતી... આત્મ સંધારણ. ૫
તે સર્વ સંહૃત કરી આત્મામાં, સંભૃત સર્વ તે કીધી,
આત્માની શક્તિ પાછી ખેંચી તે, આત્મામાં સમાવી... આત્મ સંધારણ પૂર્ણ આત્માનું. ૬
પરભાવ નિમિત્તે ભજતો વિભાવને, આત્મ સ્વભાવ સ્વ છોડી,
તે પરભાવને દીધી તિલાંજલિ, દીધા સ્વભાવ જ જોડી... આત્મ સંધારણ. ૭
સ્વભાવમાં ધારણ કરી આત્મા, પૂર્ણ પ્રગટ તે કીધો,
આત્મા અમૃતચંદ્ર ભગવાન, અનુભવ અમૃત પીધો... આત્મ સંધારણ. ૮
આત્મ સંધારણ પૂર્ણ આત્માનું, એમ આત્મામાં કીધું,
કૃતકૃત્ય ભગવાન આત્માએ, અનુભવ અમૃત પીધું... આત્મ સંધારણ. ૯

उपजाति

उन्मुक्तमुन्मोच्यमशेषतस्तत् -
तथात्तमादेयमशेषतस्तत् ।
यदात्मनः संहृतसर्वशक्तेः,
पूर्णस्य संधारणमात्मनीह ॥२३६॥

અમૃત પદ - ૨૩૭

'ઝેર ગયા ને વેર ગયા' - (રોળા વૃત્ત)

આહારક અહીં કેમ જ હોયે, આત્મા આ અણાહારી ?
પરદ્રવ્ય ન આહરણ કરંતો, કેમ હોયે દેહધારી ?... આહારક. ૧
પરદ્રવ્યથી એમ સર્વથા, જ્ઞાન સર્વદા જૂદું,
જેમ હતું તેમ રહ્યું અવસ્થિત, સમય મર્યાદા જૂદું... આહારક. ૨
કેમ આહારક તે તો હોયે, પરદ્રવ્ય આહરતું ?
જેથી એના દેહની શંકા, ચિંતકનું મન કરતું... આહારક. ૩
પરનું પરમાણુ ય આહરે ના, આત્મા આ અણાહારી,
તો પછી ભગવાન અમૃત આત્મા, કેમ હોયે દેહધારી ?... આહારક. ૪




અમૃત પદ - ૨૩૮

લિંગ ન મોક્ષનિદાન જ્ઞાનીને, લિંગ ન મોક્ષ નિદાન,
જ્ઞાનમયો આ આત્મા જ્ઞાતા, લિંગ દેહમય જાણ !... જ્ઞાનીને લિંગ ન મોક્ષ નિદાન. ૧
શુદ્ધ જ્ઞાનનો દેહ જ છે ના, એમ નિશ્ચયથી જાણ !
તેથી દેહમય લિંગ જ્ઞાતાને, હોય ન મોક્ષ નિદાન... જ્ઞાનીને લિંગ ન. ૨
બાહ્ય વેષમય લિંગ તેહ તો, હોય દેહ આશ્રિત,
ને આત્માનો દેહ ન હોયે, તો તસ લિંગ શી રીત ?... જ્ઞાનીને લિંગ ન. ૩
મોક્ષમાર્ગ તો આત્માશ્રિત છે, હોય ન દેહાશ્રિત,
તો દેહાશ્રિત લિંગ આત્મને, મોક્ષહેતુ શી રીત ?... જ્ઞાનીને લિંગ ન મોક્ષ નિદાન. ૪
તેથી આગ્રહ સર્વ લિંગનો, કરે મુમુક્ષુ ત્યાગ,
જિન ભગવાન અમૃત આ ભાખ્યો, મોક્ષમાર્ગ વીતરાગ... જ્ઞાનીને લિંગ ન મોક્ષ નિદાન. ૫



अनुष्टुप्

व्यतिरिक्तं परद्रव्यादेवं, ज्ञानमवस्थितं ।
कथमाहारकं तत्स्याद्येन देहोऽस्य शंक्यते ॥२३७॥



एवं ज्ञानस्य शुद्धस्य, देह एव न विद्यते ।
ततो देहमयं ज्ञातुर्न लिंगं मोक्षकारणं ॥२३८॥



અમૃત પદ - ૨૩૯

દર્શન-જ્ઞાન-ચારિત્રમય આત્મા, મોક્ષમાર્ગ આ એક,
દર્શન-જ્ઞાન-ચારિત્રમય આત્મા, મોક્ષમાર્ગ આ એક... દર્શન જ્ઞાન ચારિત્રમય આત્મા. ૧
દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રય એ તો, આત્મા જેનો છેક,
એવું તત્ત્વ આત્માનું એ તો, મોક્ષમાર્ગ આ એક... દર્શન જ્ઞાન ચારિત્રમય આત્મા. ૨
દર્શન જ્ઞાન ચારિત્રમય આત્મા, એ જ મોક્ષનો માર્ગ,
સદા સેવ્ય સહજાત્મસ્વરૂપી, મુમુક્ષુએ એક માર્ગ... દર્શન જ્ઞાન ચારિત્રમય આત્મા. ૩
ભગવાન અમૃતચંદ્રે એવી, કરી ઉદ્‌ઘોષણા આ જ,
દ્રવ્યલિંગના આગ્રહ કેરું, મમત્વ ત્યજવા કાજ... દર્શન જ્ઞાન ચારિત્રમય આત્મા. ૪

અમૃત પદ - ૨૪૧

'વીતરાગ જય પામ' - (કલ્યાણ) એ રાગ

મોક્ષ માર્ગ આ એક જગતમાં, મોક્ષ માર્ગ આ એક;
દર્શન-ચારિત્રાત્મા જે, આત્મા નિયત આ છેક.. જગત્‌માં મોક્ષમાર્ગ આ એક. ૧
ત્યાં જ સ્થિતિને પામે છે જે, ધ્યાને અનિશ તે ધ્યાન;
તે જ નિત્ય ચેતે છે કરતો, અનુભવ અમૃત પાન...જગતમાં મોક્ષમાર્ગ આ એક. ૨
આત્માથી અન્ય જ દ્રવ્યાંતરને, લેશ નહિં સ્પર્શત.. જગતમાં મોક્ષમાર્ગ આ એક. ૩
તેહ અવશ્ય જ અલ્પ સમયમાં, વિંદે સમયનો સાર;
નિત્યો દયવંતો વર્ષતો, ભગવાન અમૃત ધાર...જગત્‌માં મોક્ષમાર્ગ આ એક. ૪

અનુષ્ટુપ્

दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः ।
एक एव सदा सेव्यो, मोक्षमार्गो मुमुक्षुणा ॥२३९॥

शार्दूलविक्रीडित

एषो मोक्षपथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्तात्मकः,
तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेच्च तं चेतति ।
तस्मिन्नेव निरंतरं विहरति द्रव्यांतराण्यस्पृशन्,
सोऽवश्यं समयस्य सारमचिराच्चित्योदयं विंदति ॥२४०॥

અમૃત પદ - ૨૪૧

'વીતરાગ જય પામ' - એ રાગ

દ્રવ્યલિંગ મમકારી વ્યવહારી, દેખે ન સમયસાર,
વ્યવહાર માર્ગ જ આશ્રંતા તે, મોક્ષમાર્ગથી બ્હાર... વ્યવહારી દેખે ન સમયસાર. ૧
રત્નત્રયીમય આત્મા એક જ, મોક્ષમાર્ગ ત્યજી આ જ,
આત્મરથને પ્રસ્થાપે છે, જે વ્યવહાર પથમાં જ... વ્યવહારી દેખે ન સમયસાર. ૨
તત્ત્વાવબોધથી ચ્યુત થયેલા, તે કરતાં વ્યવહાર,
અનાદિથી તો યે અદ્યાપિ, દેખે ન સમયસાર... વ્યવહારી દેખે ન સમયસાર. ૩
કદી ન ખંડિત થાતો અખંડો, એક અચલ અવધાર,
નિત્ય ઉદ્યોત ધરંતો નિશ્ચે, સમય તણો જે સાર... વ્યવહારી દેખે ન સમયસાર. ૪
અતુલ છે આલોક જ જેનો, એવો આ લોકે સાર,
સ્વભાવની ઝળહળ પ્રભાનો, જિહાં મહા પ્રાગ્‌ભાર... વ્યવહારી દેખે ન સમયસાર. ૫
સમયસાર ભગવાન અમૃતનું, દર્શન ન લહે સાર,
વ્યવહાર પથ આશ્રિત ધરે જે, દ્રવ્યલિંગ મમકાર... વ્યવહારી દેખે ન સમયસાર. ૬
ભગવાન અમૃતચંદ્રની એવી, ટંકોત્કીર્ણ આ વાણ,
વ્યવહારપથ આગ્રહ-તમભેદી, અમૃત પંથનો ભાણ... વ્યવહારી દેખે ન સમયસાર. ૭

शार्दूलविक्रीडित

ये त्वेनं परिहृत्य संवृतिपथप्रस्थापितेनात्मना,
लिंगे द्रव्यमये वहंति ममतां तत्त्वावबोधच्युताः ।
नित्योद्योतमखंडमेकमतुलालोकं स्वभावप्रभा -
प्राग्भारं समयस्य सारममलं नाद्यापि पश्यंति ॥२४१॥

અમૃત પદ - ૨૪૨

વ્યવહાર મૂઢને પરમાર્થ ભાન ના, જુઓ ! ઢંગ અજ્ઞાનના !
ધાન્ય છાંડી તે ખાંડે છે ફોતરાં, મંડાણ એ મહા મોહના... વ્યવહાર મૂઢને પરમાર્થ ભાન ના. ૧
વ્યવહારમાં વિમૂઢ દૃષ્ટિ છે જેહની, એવા વ્યવહારમૂઢ દૃષ્ટિ,
કળતા નહિં અહિં પ્રકટ પરમાર્થને, ભાનુને જેમ ઘૂડ દૃષ્ટિ... વ્યવહાર મૂઢને પરમાર્થ ભાન ના. ૨
તુષના બોધથી બુદ્ધિ વિમુગ્ધ છે, એવા જનો મુગ્ધ બુદ્ધિ,
તુષને કળે અહિં કળે ન તંદુલને, મુગ્ધ બાલ શું મુગ્ધ બુદ્ધિ !... વ્યવહાર મૂઢને પરમાર્થ ભાન ના. ૩
ફોતરાંને અહીં ધાન્ય માનીને, મુગ્ધ ધાન્યને છાંડતા,
ધાન્ય કદી પણ પામે નહીં તે, રહે તે ફોતરાં જ ખાંડતા !... વ્યવહાર મૂઢને પરમાર્થ ભાન ના. ૪
વ્યવહારને તેમ માની પરમાર્થ જે, પરમાર્થ ધાન્યને છાંડતા,
પરમાર્થને કદી પામે નહીં તે, વ્યવહાર ફોતરાં ખાંડતા... વ્યવહાર મૂઢને પરમાર્થ ભાન ના. ૫
બાળો ભોળો બાલ ભોળવાઈ રમકડે, રત્નને જેમ અહીં છાંડતો !
ભોળવાઈ તેમ આ વ્યવહાર રમકડે, પરમાર્થ રત્નને છાંડતો !... વ્યવહાર મૂઢને પરમાર્થ ભાન ના. ૬
લાકડાનો ઘોડો સાચો માનીને, મુગ્ધ બાલ આરોહતો,
ખોટો વ્યવહાર તેમ સાચો માનીને, મુગ્ધ બાલ આ રોહતો !... વ્યવહાર મૂઢને પરમાર્થ ભાન ના. ૭
અભૂતાર્થ વ્યવહારને ભૂતાર્થ માનતાં, પરમાર્થને જે છાંડતા,
વ્યવહાર મૂઢ તે કેમ ભૂતાર્થમાં, પરમાર્થમાં પદ માંડતા ?... વ્યવહાર મૂઢને પરમાર્થ ભાન ના. ૮
સાર સમયનો છોડી નિઃસારમાં, વ્યવહારમાં જે મોહે,
ભગવાન સમયનો સાર અમૃત તે, કેમ વિમૂઢ તે રોહે... વ્યવહાર મૂઢને પરમાર્થ ભાન ના. ૯



અમૃત પદ - ૨૪૩

દ્રવ્યલિંગ મમકાર અંધ તે, દેખે ન સમયસાર,
આંખ મીંચેલો જેમ ન દેખે, વસ્તુતણો વિસ્તાર... દ્રવ્યલિંગ મમકાર અંધ. ૧
દ્રવ્યલિંગ મમકારથી જેની, દૃષ્ટિ ગઈ જ મીંચાઈ,
તેઓથી સમયસાર દેખાય ના, છતી આંખે જ અંધાઈ... દ્રવ્યલિંગ મમકાર અંધ. ૨
(કારણ) દ્રવ્યલિંગ અહીં અન્ય થકી છે, સ્વ થકી એક જ (આ) જ્ઞાન,
દ્રવ્યલિંગ મમ(ત) મૂકો મુમુક્ષુ ! કહે અમૃત ભગવાન... દ્રવ્યલિંગ મમકાર અંધ. ૩



वैतालिक वृत्त

व्यवहारविमूढदृष्ट्यः, परमार्थं कलयंति नो जनाः ।
तुषबोधविमुग्धबुद्ध्यः कलयतीह तुषं न तंडुलं ॥२४२॥



रथोद्धता

द्रव्यलिंगममकारमीलितैः, दृश्यते समयसार एव न ।
द्रव्यलिंगमिह यत्किलान्यतो, ज्ञानमेकमिदमेव हि स्वतः ॥२४३॥



અમૃત પદ - ૨૪૪

સમયસારથી ઉત્તર કંઈ ના, નિશ્ચયથી આ જાણ !
સ્વરસ વિસરના કર પ્રસરંતો, જ્ઞાન તણો આ ભાણ... સમયસારથી ઉત્તર કંઈ ના. ૧
બસ બસ બહુ બહુ બડબડ કરતા, દુર્વિકલ્પથી તમામ !
અનલ્પ દુર્વિકલ્પો કેરી, જાલ જટિલનું ન કામ... સમયસારથી ઉત્તર કંઈ ના. ૨
નિત્ય અહીં ચેતાઓ નિશ્ચે, પરમાર્થ જ આ એક,
અનુભવ અમૃતરસનું નિત્યે, પાન કરાઓ છેક... સમયસારથી ઉત્તર કંઈ ના. ૩
સ્વરસ વિસરથી પૂર્ણ જ્ઞાનની, વિસ્ફૂર્તિ માત્ર સ્ફુરંત,
સમયસારથી ઉત્તર કંઈ ના, નિશ્ચય એમ દીસંત... સમયસારથી ઉત્તર કંઈ ના. ૪
સર્વથી ઉત્તર **સમયસાર છે, ભગવાન અમૃતધામ,**
સર્વ સમયમાં સાર સમય આ, **સહજાત્મસ્વરૂપ સ્વામ**... સમયસારથી ઉત્તર કંઈ ના. ૫

માલિની

अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै -
रयमिह परमार्थश्चिंत्यतां नित्यमेकः ।
स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा -
न्न खलु समयसारादुत्तरं किंचिदस्ति ॥२४४॥

અમૃત પદ - ૨૪૫

એક એહ જગચક્ષુ અક્ષય, અત્ર પૂર્ણતા પામે,
વિજ્ઞાનઘન આનંદમય, અધ્યક્ષ, દેખાડતું જે સામે... એક એહ જગચક્ષુ અક્ષય. ૧
'સમયસાર' જગચક્ષુ વિના તો, જગમાં બધે અંધારું,
જગમાં વસ્તુ કાંઈ ન દીસે, ગોથાં ખાય બિચારું... એક એહ જગચક્ષુ અક્ષય. ૨
'સમયસાર' જગચક્ષુ વિના, જગ અંધ માર્ગમાં ચાલે,
ઉત્પથ કુપથે કેઠા ખાતું, અંધ શું કાંઈ ન ભાળે... એક એહ જગચક્ષુ અક્ષય. ૩
'સમયસાર' જગચક્ષુ આ તો, જગત સકલ દેખાડે,
જ્ઞાનપ્રકાશ રેલાવી જગમાં, સર્વ પ્રકાશ પમાડે... એક એહ જગચક્ષુ અક્ષય. ૪
'સમયસાર' જગચક્ષુ જગમાં, સાચો માર્ગ બતાવે,
જગને સાક્ષાત્ દૃષ્ટા કરતું, સન્માર્ગે જ ચલાવે... એક એહ જગચક્ષુ અક્ષય. ૫
'સમયસાર' જગચક્ષુ આ તો, દિવ્ય ચક્ષુ જગ અર્પ્યું,
'કુંદકુંદ' દિવ્ય દૃષ્ટાએ, આત્મ સર્વસ્વ સમર્પ્યું... એક એહ જગચક્ષુ અક્ષય. ૬
આ જગચક્ષુના સર્જનમાં, આત્મવિભવ સહુ અર્પી,
'એકત્વવિભક્ત આત્મ દર્શાવું', પ્રતિજ્ઞા જેણે તર્પી... એક એહ જગચક્ષુ અક્ષય. ૭
'સમય પ્રાભૃત' આ જગચક્ષુનું, જગને પ્રાભૃત અર્પી,
મહાજ્ઞાન દાનેશ્વરીએ જે, ઋષિ ઋણ દીધું તર્પી... એક એહ જગચક્ષુ અક્ષય. ૮
આ પ્રાભૃતમાં **'આત્મખ્યાતિ'**નું, પ્રાભૃત મહા ઉમેરી,
જ્ઞાનદાનેશ્વરી **અમૃતચંદ્રે**, જગચક્ષુ કાંતિ ઉદેરી... એક એહ જગચક્ષુ અક્ષય. ૯
આત્મવૈભવ સર્વસ્વ સમર્પી, **મુનીંદ્રે અમૃતચંદ્રે**,
આ જગચક્ષુની દિવ્ય પ્રભાને, ઓર વધારી ઉમંગે... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૦
દિવ્ય દૃષ્ટા આ **અમૃતચંદ્રે**, દિવ્ય દૃષ્ટિ અહીં અર્પી'
'સમયસાર' જગચક્ષુ કેરી, ખ્યાતિ પ્રતિપદ તર્પી... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૧
દિવ્ય દૃષ્ટા આ જગગુરુ યુગલે, દિવ્ય ચક્ષુ આ દીધું,
'સમયસાર' આ **'આત્મખ્યાતિ'**થી, જગ ઉદ્યોતિત કીધું... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૨
એક અદ્વૈત આ શુદ્ધ આત્મનું, ખ્યાપન કરતું ચક્ષુ,
એક અદ્વૈત સકલ જગમાં આ, જગગુરુનું જગચક્ષુ... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૩
કેવળ જ્ઞાનમય શુદ્ધ આત્માનું, દર્શન કરતું સાક્ષાત્,
કેવળજ્ઞાનમય જગચક્ષુ આ, દેખે જગ સહુ સાક્ષાત્... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૪

अनुष्टुप्
इदमेकं जगच्चक्षुरक्षयं याति पूर्णतां ।
विज्ञानघनमानंदमयमध्यक्षतां नयत् ॥२४५॥

સર્વ પ્રદેશે જ્ઞાનમયો જે, વિજ્ઞાનઘન આ આત્મા,
પર પરમાણુ ન પેસે એવો, વિજ્ઞાનઘન ચિદાત્મા... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૫
પ્રત્યક્ષ કરતું જગને આપ્યું, દિવ્ય ચક્ષુ આ સાક્ષાત્,
કુંદકુંદ ને અમૃતચંદ્રે, વિજ્ઞાનઘને સાક્ષાત્... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૬
કદી પણ ક્ષય ન જ પામે, એવું અક્ષય આ જગચક્ષુ,
પ્રત્યક્ષ જગ સહુ દેખે એવું, દેખો સદા મુમુક્ષુ... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૭
અક્ષયનિધિ આ કાળ અનંતે, કદી ન ખૂટ્યો ખૂંટે,
ભલે અનંત અનંત મુમુક્ષુ, લૂટાય તેટલો લૂટે !... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૮
અક્ષયનિધિ આ જ્ઞાનરત્નથી, ભરિયો અમૃત દરિયો,
અક્ષયનિધિ આ કુંદકુંદ ને, અમૃતચંદ્રે ધરિયો... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૯
અક્ષયનિધિ જગચક્ષુ એવું, 'સમયસાર' આ શાસ્ત્ર,
જ્ઞાનપૂર્ણ થયું પૂર્ણ પૂર્ણ આ, 'આત્મખ્યાતિ'નું પાત્ર... એક એહ જગચક્ષુ અક્ષય. ૨૦
પૂર્ણ પ્રકાશતું પૂર્ણ થયું આ, તો ય રહ્યું આ પૂર્ણ !
પૂર્ણથી પૂર્ણ આ નીકળ્યું તોયે, પૂર્ણ શેષ આ પૂર્ણ... એક એહ જગચક્ષુ અક્ષય. ૨૧
કુંદકુંદને અમૃતચંદ્રે, મંથી સિંધુ સમય શાસ્ત્ર,
જ્ઞાનામૃતથી પૂર્ણ ભર્યું આ, પૂર્ણ કળશ આ પાત્ર... એક એહ જગચક્ષુ અક્ષય. ૨૨
પૂર્ણ આનંદથી પૂર્ણ આનંદમય, વિજ્ઞાનઘન આ આત્મા,
પ્રત્યક્ષ કરતું આ જગચક્ષુ, અર્પ્યું દિવ્ય આ મહાત્મા... એક એહ જગચક્ષુ અક્ષય. ૨૩
વિજ્ઞાનના ઘન વર્ષતો, આ આત્મા આ ઘન વિજ્ઞાન,
ગાયો સાક્ષાત્ 'વિજ્ઞાનઘન' આ, અમૃતચંદ્ર ભગવાન... એક એહ જગચક્ષુ અક્ષય. ૨૪

અમૃત પદ - ૨૪૬

જ્ઞાનમાત્ર આ તત્ત્વ આત્મનું, વ્યવસ્થિત છે એમ,
અખંડ એક અચલ અબાધિત, સ્વસંવેદ્ય જે તેમ... જ્ઞાનમાત્ર આ તત્ત્વ આત્મનું. ૧
જ્ઞાન સિવાય કોઈ અન્ય ભાવ તો, હોય નહીં જે ઠામ,
એવું કેવલ જ્ઞાનમાત્ર આ, તત્ત્વ આત્મનું આમ... જ્ઞાનમાત્ર આ તત્ત્વ આત્મનું. ૨
જ્ઞાન તે જ છે આત્મા એવું, તત્પણારૂપ આ તત્ત્વ,
જ્ઞાન તે જ એ આત્મા કેરા, સ્વરૂપતણું આ સત્ત્વ... જ્ઞાનમાત્ર આ તત્ત્વ આત્મનું. ૩
જ્ઞાનમાત્ર આ તત્ત્વ આત્મનું, વ્યવસ્થિત છે આમ,
વસ્તુ વ્યવસ્થાથી નિશ્ચયથી, જેમ છે તેમ તમામ... જ્ઞાનમાત્ર આ તત્ત્વ આત્મનું. ૪
ત્રણે કાળ ખંડિત ના એવું, હોયે જેહ અખંડ,
દ્વૈત ભાવ જ્યાં વિલયે એવું, એક અદ્વૈત પ્રચંડ... જ્ઞાનમાત્ર આ તત્ત્વ આત્મનું. ૫
પરભાવથી કદી ચળે ન એવું, અચલ અચલ શું ગાઢ,
સ્વભાવ કદી બાધિત ન એવું, અવ્યાબાધ અબાધ... જ્ઞાનમાત્ર આ તત્ત્વ આત્મનું. ૬
સ્વથી સંવેદિત થાયે એવું, સ્વસંવેદ્ય સુનામ,
સહજાત્મસ્વરૂપ આત્મતત્ત્વ તે, જ્ઞાન અમૃતરસ ધામ... જ્ઞાનમાત્ર આ તત્ત્વ આત્મનું. ૭

ભગવાન અમૃતચંદ્રે ભાખ્યું,
તત્ત્વતણું આ સત્ત્વ,
દાસ ભગવાને અનુવદી તે,
વિવેચિયું તત્ તત્ત્વ... જ્ઞાનમાત્ર આ તત્ત્વ આત્મનું. ૮

॥ **इति सर्वज्ञानविशुद्ध अधिकार** ॥

अनुष्टुप्
इतीदमात्मनस्तत्त्वं, ज्ञानमात्रमवस्थितं ।
अखंडमेकमचलं, स्वसंवेद्यमबाधितं ॥२४६॥

॥ **इति सर्वज्ञानविशुद्धाधिकारः** ॥

॥ સ્યાદ્વાદ અધિકાર ॥

અમૃત પદ - ૨૪૭

સ્યાદ્વાદ શુદ્ધિ અર્થ... ચેતન ચિંતન રે, વસ્તુતત્ત્વ વ્યવસ્થાય... ચેતન ચિંતવ રે.
ઉપાય-ઉપેય ભાવ... ચેતન ચિંતવ રે, પુનઃ જરાક ચિંતવાય... ચેતન ચિંતવ રે. ૧
ગંતવ્ય સ્થાન તે મોક્ષ... ચેતન, શુદ્ધાત્મા મોક્ષઉપાય... ચેતન.
સ્યાદ્વાદથી થાય સિદ્ધ... ચેતન, શુદ્ધાત્મા જ સિદ્ધ થાય... ચેતન. ૨
એમ સ્યાદ્વાદ સિદ્ધાંત... ચેતન, સિદ્ધિ અપૂર્વ કરંત... ચેતન.
'આત્મખ્યાતિ'માં ખ્યાત... ચેતન, ભગવાન અમૃતચંદ્ર... ચેતન. ૩



અમૃત પદ - ૨૪૮

'ધાર તરવારની સોહલી' - એ રાગ

બાહ્ય અર્થોથી પીવાયલું સર્વથા, ત્યક્ત નિજ વ્યક્તિથી રિક્ત થાતું,
વિશ્રાંત પરરૂપમાંહિ જ થયેલું અરે ! જ્ઞાન પશુનું બધેથી સીદાતું... બાહ્ય અર્થોથી પીવાયલું સર્વથા. ૧
'જેહ તત્ તે અહીં, સ્વરૂપી તત્ સહી, એમ સ્યાદ્વાદીનું જ્ઞાન થાતું,
દૂર ઉન્મગ્ન ઘન સ્વભાવના ભર થકી, પૂર્ણ સમુન્મજ્જતું ઘટ ભરાતું'... બાહ્ય અર્થોથી પીવાયલું સર્વથા. ૨



अनुष्टुप्
अत्र स्याद्वादशुद्ध्यर्थं, वस्तुतत्त्वव्यवस्थितिः ।
उपायोपेयभावश्च, मनाक् भूयोऽपि चिंत्यते ॥२४७॥



भवंति चात्र श्लोकाः
शार्दूलविक्रीडित
बाह्यार्थैः परिपीतमुज्झतनिजप्रव्यक्तिरिक्तीभव -
द्विश्रांतपररूप एव परितो ज्ञानं पशोः सीदति ।
यत्तत्तत्तदिह स्वरूपत इति स्याद्वादिनस्तत्पुन -
र्दूरोन्मग्नघनस्वभावभरतः पूर्णं समुन्मज्जति ॥२४८॥



અમૃત પદ - ૨૪૯

'ધાર તરવારની' - એ રાગ

વિશ્વને જ્ઞાન માની સ્વ તત્ત્વાશથી, વિશ્વને દેખતો જે ફરે છે,
વિશ્વમય થઈ જ અજ્ઞાની તે તો પશુ, પશુ શું સ્વચ્છંદ ચેષ્ટા કરે છે...
વિશ્વને જ્ઞાન માની સ્વતત્ત્વાશથી. ૧
'જેહ તત્ તેહ તત્ નાંહિ પરરૂપથી', એમ જે હોય સ્યાદ્વાદદર્શી,
વિશ્વથી ભિન્ન તે અવિશ્વ વિશ્વે ઘડ્યા, તેના સ્વ તત્ત્વનો હોય સ્પર્શી...
વિશ્વને જ્ઞાન માની સ્વ તત્ત્વાશથી. ૨૪૯

અમૃત પદ - ૨૫૦

('ધાર તરવારની' - એ રાગ ચાલુ)

બાહ્ય અર્થો તણા, ગ્રહણ સ્વભાવે ઘણા, વિચિત્ર ઉલ્લસિતા સર્વ ઠામે,
જ્ઞેયાકારો થકી, વિશીર્ણ શક્તિ પશુ, ત્રૂટતો સર્વતઃ નાશ પામે...
બાહ્ય અર્થો તણા ગ્રહણ સ્વભાવે. ૧
એક દ્રવ્યત્વથી, નિત્ય સમુદિતથી, ભેદભ્રમ ધ્વંસતો સ્યાદ્વાદી,
જ્ઞાન એક દેખતો, અનુભવન જસ છતો બાધતો અત્ર કોઈ ન વાદી...
બાહ્ય અર્થો તણા ગ્રહણ સ્વભાવે. ૨

અમૃત પદ - ૨૫૧

('ધાર તરવારની' - એ ચાલુ રાગ)

જ્ઞેયાકાર કલંકથી ચિત્ર આ ચિતિ તણું, પ્રક્ષાલન કલ્પના જેહ ઈચ્છે... જ્ઞેયાકાર કલંકથી ચિત્ર.
એક આકાર કરવાની ઈચ્છાથી તે, સ્ફુટ પણ જ્ઞાન પશુ ના જ ઈચ્છે... જ્ઞેયાકાર કલંકથી ચિત્ર. ૧
કિંતુ અનેકાંતવિત્ અનેકતા તેહની, પર્યાયોથી થતી અત્ર લેખે,
વૈચિત્ર્યમાંય અવિચિત્રતાગત સ્વતઃ, જ્ઞાન ક્ષાલિત થયેલું જ દેખે... જ્ઞેયાકાર કલંકથી ચિત્ર. ૨

विश्वं ज्ञानमिति प्रतर्क्य सकलं दृष्ट्वा स्वतत्त्वाशया, भूत्वा विश्वमयः पशुः पशुरिव स्वच्छंदमाचेष्टते ।
यत्तत्तत्पररूपतो न तदिति स्याद्वाददृर्शी पुन - र्विश्वादिभिन्नमविश्वविश्वघटितं तस्य स्वतत्त्वं स्पृशेत् ॥२४९॥

बाह्यार्थग्रहणस्वभावभरतो विश्वश्चित्रोल्लस - ज्ज्ञेयाकारविशीर्णं शक्तिरभितस्त्रुट्यन् पशुर्नश्यति ।
एकद्रव्यतया सदाप्युदितया भेदभ्रमं ध्वंसय - न्नेकं ज्ञानमबाधितानुभवनं पश्यत्यनेकांतवित् ॥२५०॥

ज्ञेयाकारकलंकमेचकचितिप्रक्षालनं कल्पय - न्नेकाकारचिकीर्षया स्फुटमपि ज्ञानं पशुर्नेच्छति ।
वैचित्र्येप्यविचित्रतामुपगतं ज्ञानं स्वतः क्षालितं, पर्यायैस्तदनेकतां परिमृशन् पश्यत्यनेकांतवित् ॥२५१॥

અમૃત પદ - ૨૫૨

પ્રત્યક્ષ આલેખિયા, સ્ફુટ જ સ્થિર દેખિયા, પરદ્રવ્યાસ્તિત્વથી અહીં ઠગાયો.
સ્વદ્રવ્ય ન જ દેખતો શૂન્ય સર્વથા થતો, પશુ જ તે નાશ નિશ્ચે જ પાયો... પ્રત્યક્ષ આલેખિયા... ૧
સ્વદ્રવ્ય અસ્તિત્વથી, નિરૂપી નિપુણત્વથી, જીવે સ્યાદ્વાદવાદી જ આ તો.
સદ્ય સમુન્મજ્જતા, વિશુદ્ધ અતિ પ્રગટતા, બોધ મહા મહસ્થી પૂર્ણ થતો... પ્રત્યક્ષ આલેખિયા... ૨

અમૃત પદ - ૨૫૩

('ધાર તરવારની' - એ રાગ ચાલુ)

સર્વ દ્રવ્યોમયા પુરુષને માનતો, વાસિતો દુષ્ટ દુર્વાસનાથી,
સ્વદ્રવ્ય ભ્રમથી પરદ્રવ્ય વિશ્રામતો, પશુ ખરે ! એમ અજ્ઞાનતાથી... સર્વ દ્રવ્યોમયા. ૧
સ્યાદ્વાદી તો સમસ્ત વસ્તુમાં, નાસ્તિતા જાણતો જ પરદ્રવ્યાત્મતાથી,
નિર્મલા શુદ્ધ નિજ બોધ મહિમાયુતો, સ્વદ્રવ્ય જ આશ્રતો આત્મતાથી... સર્વ દ્રવ્યોમયા. ૨-૨૫૩

અમૃત પદ - ૨૫૪

('ધાર તરવારની' - એ રાગ ચાલુ)

ભિન્ન ક્ષેત્રે સ્થિતા, બોધ નિયત થતા, વ્યાપારે નિષ્ઠ હોતો સદાયે,
પશુ એવો સર્વતઃ બ્હાર પડતો પુરુષ, પેખતો રહી સદાયે સીદાય... ભિન્ન ક્ષેત્રે સ્થિતા. ૧
સ્વક્ષેત્રાસ્તિત્વથી નિરુદ્ધ જસ રભસ તે, સ્યાદ્વાદી નિષ્ઠતો આત્મમાંહી,
ખીલા જેમ ખાત નિત, બોધમાં નિયત છે, જેની વ્યાપાર શક્તિ જ આંહી... ભિન્ન ક્ષેત્રે સ્થિતા. ૨

प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावंचितः, स्वद्रव्यानवलोकनेन परितः शून्यः पशुर्नश्यति ।
स्वद्रव्यास्तितया निरूप्य निपुणं सद्यः समुन्मज्जता, स्याद्वादी तु विशुद्धबोधमहसा पूर्णो भवन् जीवति ॥२५२॥

सर्वद्रव्यमयं प्रपद्य पुरुषं दुर्वासनावासितः, स्वद्रव्यभ्रमतः पशुः किल परद्रव्येषु विश्राम्यति ।
स्याद्वादी तु समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां, जानन्निर्मलशुद्धबोधमहिमा स्वद्रव्यमेवाश्रयेत् ॥२५३॥

भिन्नक्षेत्रनिषण्णबोध्यनियतव्यापारनिष्ठः सदा, सीदत्येव बहिर् पतंतमभितः पश्यन्पुमांसं पशुः ।
स्वक्षेत्रास्तितया निरुद्धरभसः स्याद्वादवेदी पुनः, स्तिष्ठत्यात्मनि खाधबोतव्यापारशुक्तिर्भवन् ॥२५४॥

અમૃત પદ - ૨૫૫

('ધાર તરવારની' - એ રાગ ચાલુ)

સ્થિતિ કરવા સ્વ-ક્ષેત્રે પૃથગ્વિધ પર - ક્ષેત્ર સ્થિત અર્થનો ત્યાગ કરતો,
તુચ્છ થઈને પશુ નાશને પામતો, ચિદાકારો સઅર્થો જ વામતો... પશુ નાશને પામતો. ૧
સ્યાદ્વાદી તો પર-ક્ષેત્રમાં નાસ્તિતા, જાણતો તે વસંતો સ્વધામે,
અર્થો ત્યાગ્યા છતાં, ન અનુભવે તુચ્છતા, પરથી આકાર કર્ષંત વિરામે...
સ્યાદ્વાદી તો પરક્ષેત્રમાં નાસ્તિતા જાણતો. ૨



અમૃત પદ - ૨૫૬

('ધાર તરવારની' - એ રાગ ચાલુ)

પૂર્વ આલંબિયા, જ્ઞેય નાશ સમયમાં, જ્ઞાનનો જાણતો નાશ આંહિ,
ખાલીખમ અબુઝ તે, અત્યંત તુચ્છો પશુ સીદતો કાંઈ કળતો જ નાંહિ...
પશુ સીદતો કાંઈ કળતો જ નહિ. ૧
આનું અસ્તિત્વ, કળતો જ નિજ કાળથી, તિષ્ઠંતો પૂર્ણ સ્યાદ્વાદવેદી,
બાહ્ય વસ્તુઓ ભલે, ફરી ફરી ઉપજી, વિનશતી હોય તો યે અભેદી...
સ્યાદ્વાદવેદી આનું અસ્તિત્વ કળતો જ નિજ કાળથી. ૨



અમૃત પદ - ૨૫૭

('ધાર તરવારની' - એ રાગ ચાલુ)


અર્થાલંબન તણા, કાળમાં જ જ્ઞાનનું, કળતો અસ્તિપણું બાહ્ય ઠામે,
જ્ઞેય આલંબને, લાલસુ મન થકી, ભમણ કરતો, પશુ નાશ પામે.
પશુ નાશ પામે, જ્ઞેય આલંબને લાલસુ મન થકી. ૧
આનું નાસ્તિત્વ, કળતો જ પરકાળથી, તિષ્ઠે સ્યાદ્વાદી તો આત્મમાંહિ,
ખોડેલ ખીલા સમો, ખાત નિત સહજ આ, જ્ઞાન એક પુંજ થાતો જ આંહિ...
સ્યાદ્વાદી તો આત્મામાંહિ તિષ્ઠે. ૨




स्वक्षेत्रस्थितये पृथग्विधपरक्षेत्रस्थितर्थोज्झनात्, तुच्छीभूय पशुः प्रणश्यति चिदाकारान्सहार्थैं र्वमन् ।
स्याद्वादी तु वसन् स्वधामनि परक्षेत्रे विदन्नास्तितां, त्यक्तार्थोऽपि न तुच्छतामनुभवत्याकारकर्षी परात् ॥२५५॥



पूर्वालंबितबोध्यनाशसमये ज्ञानस्य नाशं विदन्, सीदत्येव न किंचनापि कलयन्नत्यंततुच्छः पशुः ।
अस्तित्वं निजकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुनः, पूर्णस्तिष्ठति बाह्यवस्तुषु मुहुर्भूत्वा विनश्यत्स्वपि ॥२५६॥



अर्थालंबनकाल एव कलयन् ज्ञानस्य सत्त्वं बहि - र्ज्ञेयालंबनलालसेन मनसा भ्राम्यन् पशुर्नश्यति ।
नास्तित्वं परकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुन - स्तिष्ठत्यात्मनि खातनित्यसहजज्ञानैकपुंजीभवन् ॥२५७॥



અમૃત પદ - ૨૫૮

('ધાર તરવારની' - એ રાગ ચાલુ)

માની પરભાવથી, ભાવ પોતા તણો, નિત્ય બહિરૂ વસ્તુ વિશ્રાંત થાતો,
સ્વભાવ મહિમા મહીં એકાંત નિશ્ચેતનો, પશુ જ તે નાશને પામી જાતો.
પશુ જ સ્વભાવ મહિમામહીં એકાંત નિશ્ચેતનો. ૧
નિયત સ્વભાવના, ભવન રૂપ જ્ઞાનથી, સર્વથી જેહ વિભક્ત થાતો,
સ્યાદ્વાદી તે ન નાશે પ્રત્યય જેહને, સ્પષ્ટ સહજાત્મસ્વરૂપ જણાતો...
સ્યાદ્વાદી તે ન નાશે પ્રત્યય જેહને સ્પષ્ટ સહજાત્મસ્વરૂપ જણાતો. ૨

અમૃત પદ - ૨૫૯

('ધાર તરવારની' - એ રાગ ચાલુ)

અધ્યાસી આત્મમાં, ભવન સર્વ ભાવનું, શુદ્ધ સ્વભાવથી ચ્યુત થાતો,
સર્વત્ર અનિવારિતો, ગતભયા પશુ થતો, ક્રીડતો સ્વૈર વિહાર આ તો.
પશુ અધ્યાસી આત્મામાં ભવન સર્વ ભાવનું. ૧
સ્યાદ્વાદી તો સ્વ સ્વભાવ આરૂઢ થઈ, લસલસંતો વિશુદ્ધો જ આંહિ,
પરતણા ભાવથી, ભાવ નિજ હોય ના, એમ નિષ્કંપ અવલોક માંહિ...
સ્યાદ્વાદી તો સ્વસ્વભાવ આરૂઢ થઈ, વિશુદ્ધો જ આંહિ. ૨

અમૃત પદ - ૨૬૦

('ધાર તરવારની' - એ રાગ ચાલુ)

નાશોત્પાદ મુદ્રિતા, વહતા જ્ઞાનાંશની, નાનાત્મતા તણા, એહ ઠામે,
નિર્જ્ઞાનના રંગમાં, ક્ષણ ભંગ સંગમાં, પતિત પ્રાયે પશુ, નાશ પામે...
પશુ ક્ષણ ભંગ સંગમાં, પતિત પ્રાયે નાશ પામે. ૧
સ્યાદ્વાદી તો ચિદાત્માથી ચિદ્ વસ્તુ તે ચિંતતો નિત્ય ઉદિત આ તો,
ટંકોત્કીર્ણ જ ઘના, સ્વભાવ મહિમાયુતો, જ્ઞાની જીવે જ આ જ્ઞાની હોતો...
સ્યાદ્વાદી તો ચિદાત્માથી ચિદ્ વસ્તુ તે ચિંતતો. ૨

विश्रांतः परभावभावकलनान्नित्यं बहिर्वस्तुषु, नश्येत्येव पशुः स्वभावमहिमन्येकांतनिश्चेतनः ।
सर्वस्मान्नियतस्वभावभवनाज्ज्ञानाद्विभक्तो भवन्, स्याद्वादी तु न नाशमेति सहजस्पष्टीकृतप्रत्ययः ॥२५८॥

अध्यास्यात्मनि सर्वभावभवनं शुद्धस्वभावच्युतः, सर्वत्राप्यनिवारितो गतभयः स्वैरं पशुः क्रीडति ।
स्याद्वादी तु विशुद्ध एव लसति स्वस्य स्वभावं भरा - दारूढः परभावभावविरहव्यालोकनिष्कंपितः ॥२५९॥

प्रादुर्भावविराममुद्रितवहज्ज्ञानांशनानात्मना निर्ज्ञानात्क्षणभंगसंगपतितः प्रायः पशु र्नश्यति ।
स्याद्वादी तु चिदात्मना परिमृशंश्चिद्वस्तु नित्योदितं, टंकोत्कीर्णघनस्वभावमहिमज्ञानं भवन् जीवति ॥२६०॥

અમૃત ૫૬ - ૨૬૧

('ધાર તરવારની' - એ રાગ ચાલુ)

ટંકોત્કીર્ણ શુદ્ધ અતિ, બોધ વિસરાકૃતિ, આત્મના તત્ત્વની આશ ધારી,
ઉછળતી અચ્છ ચિત્ પરિણતિથી ભિન્ન કંઈ, વાંચ્છતો પશુ જ અબુઝ ભારી...
પશુ જ અચ્છ ચિત્ પરિણતિથી ભિન્ન કંઈ વાંચ્છતો. ૧
જ્ઞાન તો નિત્ય અનિત્યતા પરિગમે પણ તે ઉજ્જવલું અત્ર પામે,
સ્યાદ્વાદી વૃત્તિના, ક્રમથી તદ્ અનિત્યતા ચિંતતો માત્ર ચિત્ વસ્તુ પામે... ૨

અમૃત ૫૭ - ૨૬૨

('ધાર તરવારની' એ રાગ ચાલુ)

અજ્ઞાનમૂઢો પ્રતિ, જ્ઞાનમાત્ર જ અતિ, આત્મનું તત્ત્વ તો આ પ્રસાધે,
એવો અનેકાંત આ, અનુભવાયે સ્વયં, જેને એકાંત કો ના જ બાધે...
અજ્ઞાન મૂઢો પ્રતિ આત્મનું તત્ત્વ. ૧
તત્ અતત્ સત્ અસત્, નિત્ય અનિત્યવત્, એક અનેક અનેકાંત એવું,
વિશુદ્ધ બે શક્તિનું, જ્યાં પ્રકાશન ઘણું, વસ્તુનું તત્ત્વ તે જાણી લેવું...
અજ્ઞાન મૂઢો પ્રતિ, આત્મનું તત્ત્વ તો આ પ્રસાધે. ૨
જ્ઞેય ને જ્ઞાનનો, એક છે અંત ના, એમ એકાંત વિધ્વંસનારી,
નીતિ અનેકાંત આ, જ્ઞાનમાત્ર આત્મનો, શુદ્ધ અનુભૂતિની અર્પનારી...
અજ્ઞાન મૂઢો પ્રતિ, આત્મનું તત્ત્વ તો આ પ્રસાધે. ૩

टंकोत्कीर्णविशुद्धबोधविसराकारात्मतत्त्वाशया,
वांछत्युच्छलदच्छचित्परिणतेर्भिन्नं पशुः किंचन ।
ज्ञानं नित्यमनित्यता परिगमेऽप्यासादयत्युज्ज्वलं,
स्याद्वादी तदनित्यतां परिमृशंश्चिद्वस्तु वृत्तिक्रमात् ।।२६१।।

अनुष्टुप्
इत्यज्ञानविमूढानां, ज्ञानमात्रं प्रसाधयन् ।
आत्मतत्त्वमनेकांतः, स्वयमेवानुभूयते ।।२६२।।

અમૃત પદ - ૨૬૩

('ધાર તરવારની' એ રાગ ચાલુ)

તત્ત્વ અનેકાંતની, એમ વ્યવસ્થા થકી, સ્વને સ્વયં વ્યવસ્થાપનારો,
શાસન જૈન અલંધ્ય વ્યવસ્થિત છે, આ અનેકાંત સિદ્ધાંત સારો...
તત્ત્વ અનેકાંતની, એમ વ્યવસ્થા થકી. ૧

આ અનેકાંતની, જયપતાકા મહા, અત્ર ફરકાવી આ વિશ્વ રંગે,
જૈન શાસન તણો, ડંકો વગડાવિયો, એમ ભગવાન અમૃતચંદ્રે...
તત્ત્વ અનેકાંતની, એમ વ્યવસ્થા થકી. ૨

ચૌદ પૂર્વો તણો, સાર સંપૂર્ણ આ, ચૌદ આ અમૃત કળશે સમાવ્યો,
'તત્ત્વ ચિંતામણિ' 'વિજ્ઞાનઘન' 'અમૃત', નામનો સુજશ જગમાં જમાવ્યો...
તત્ત્વ અનેકાંતની, એમ વ્યવસ્થા થકી. ૩

અમૃત પદ - ૨૬૪

'ચંદ્રપ્રભ મુખચંદ્ર' - એ રાગ

એમ અનેકાંત તત્ત્વ... ચેતન ! ચિંતવ રે, અનેક શક્તિ સંપન્ન... ચેતન ! ચિંતવ રે. ધ્રુવપદ. ૧
એમ નિજ શક્તિ અનેક... ચેતન ! ચિંતવ રે, તેથી સુનિર્ભર સાવ... ચેતન ! ચિંતવ રે,
જ્ઞાનમાત્રમયતા એક... ચેતન ! ચિંતવ રે, છોડે ન જ જે ભાવ... ચેતન ! ચિંતવ રે. ૨
ક્રમ અક્રમથી વિવર્ત્તતા... ચેતન ! ચિંતવ રે, વિવર્તથી ચિત્ર એક... ચેતન ! ચિંતવ રે,
દ્રવ્ય પર્યયમય વર્ત્તતાં... ચેતન ! ચિંતવ રે, ચિદ્ વસ્તુ તે છેક... ચેતન ! ચિંતવ રે. ૩
જ્ઞાનમાત્ર એક હવંત... ચેતન ! ચિંતવ રે, શક્તિ અનેક ધરંત... ચેતન ! ચિંતવ રે,
ભગવાન અમૃત સંત... ચેતન ! ચિંતવ રે, અમૃત વાણી વદંત... ચેતન ! ચિંતવ રે. ૪

અનુષ્ટુપ્

एवं तत्त्वव्यवस्थित्या, स्वं व्यवस्थापयन् स्वयं ।
अलंध्यं शासनं जैनमनेकांतो व्यवस्थितः ॥२६३॥

वसंततिलका

इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरोऽपि,
यो ज्ञानमात्रमयतां न जहाति भावः ।
एकंक्रमाक्रमविवर्तिविवर्तचित्रं,
तद् द्रव्यपर्ययमयं चिदिहास्ति वस्तु ॥२६४॥

અમૃત પદ - ૨૬૫

'ચંદ્રપ્રભ મુખચંદ' એ રાગ

દૃષ્ટિ અનેકાંત સંગતા... ચેતન ! ચિંતવ રે, સ્વયં જ વસ્તુ વર્ત્તત... ચેતન ! ચિંતવ રે,
વ્યવસ્થિતિ અસ્તંગતા... ચેતન ! ચિંતવ રે, એમ જે અવલોકંત... ચેતન ! ચિંતવ રે. ૧
સ્યાદ્વાદ શુદ્ધિ અંગતા... ચેતન ! ચિંતવ રે, અધિક લહી તે સંત... ચેતન ! ચિંતવ રે,
જિન નીતિ ન જ લંઘતા... ચેતન ! ચિંતવ રે, નિશ્ચય જ્ઞાની હવંત... ચેતન ! ચિંતવ રે. ૨
વસ્તુ તત્ત્વ ન એકાંત... ચેતન ! ચિંતવ રે, છે નિશ્ચય અનેકાંત... ચેતન ! ચિંતવ રે,
તેમાં જે વિશ્રાંત... ચેતન ! ચિંતવ રે, ભગવાન અમૃત શાંત... ચેતન ! ચિંતવ રે. ૩

અમૃત પદ - ૨૬૬

('ચંદ્રપ્રભ મુખ ચંદ' એ રાગ ચાલુ)

મોહ હરી વિણ જંપ... ચેતન ચિંતવ રે, કેમ કરી જે પાત્ર... ચેતન ચિંતવ રે.
નિજ ભાવમયી અકંપ... ચેતન ચિંતવ રે, ભૂમિ આશ્રે જ્ઞાનમાત્ર... ચેતન ચિંતવ રે. ૧
સાધકપણું તે પામતા... ચેતન ચિંતવ રે, સિદ્ધો તેહ હવંત... ચેતન ચિંતવ રે.
મૂઢો તો આ ન જ પામતા... ચેતન ચિંતવ રે, ભવમાં પરિભ્રમંત... ચેતન ચિંતવ રે. ૨
સાધક સિદ્ધની આ વાત... ચેતન ચિંતવ રે, ભગવાન અમૃતચંદ્રે... ચેતન ચિંતવ રે.
અમૃત કળશે આખ્યાત... ચેતન ચિંતવ રે, સંભૃત અનુભવ કંદ... ચેતન ચિંતવ રે. ૩

वसंततिलका

नैकांतसंगतदृशा स्वयमेव वस्तु -
तत्त्वव्यवस्थितिरिति प्रविलोकयंतः ।
स्याद्वादशुद्धिमधिकामधिगम्य संतो,
ज्ञानीभवंति जिननीतिमलंघयन्तः ॥२६५॥

ये ज्ञानमात्रनिजभावमयीमकंपां
भूमिं श्रयंति कथमप्यपनीतमोहाः ।
ते साधकत्वमधिगम्य भवंति सिद्धाः,
मूढास्त्वमूमनुपलभ्य परिभ्रमंति ॥२६६॥

અમૃત પદ - ૨૬૭

('ચંદ્રપ્રભ મુખચંદ' એ રાગ ચાલુ)

સ્યાદ્વાદ કૌશલ યુક્ત... ચેતન ચિંતવ રે, સુનિશ્ચલ સંયમ યોગ... ચેતન ચિંતવ રે,
સ્વને નિત્ય ઉપયુક્ત... ચેતન ચિંતવ રે, ભાવે જે સઉપયોગ... ચેતન ચિંતવ રે. ૧
આ જ્ઞાન ભૂ આશ્રય કરે... ચેતન ચિંતવ રે, અહીં તે એક જ માત્ર... ચેતન ચિંતવ રે,
જ્ઞાન-ક્રિયાના પરસ્પરે... ચેતન ચિંતવ રે, તીવ્ર મૈત્રીના પાત્ર... ચેતન ચિંતવ રે. ૨
સ્યાદ્વાદ ને સંયમ તણી... ચેતન ચિંતવ રે, ભગવાન અમૃતચંદ્ર... ચેતન ચિંતવ રે,
અમૃત કળશે અતિ ભણી... ચેતન ચિંતવ રે, સંભૃત અનુભવ કંદ... ચેતન ચિંતવ રે. ૩



અમૃત પદ - ૨૬૮

('ચંદ્રપ્રભ મુખચંદ' - એ રાગ ચાલુ)

ચિત્ પિંડ ચંડિમ વિલસિ રહ્યું... ચેતન ચિંતવ રે, વિકાસ હાસ ઉદાત્ત... ચેતન ચિંતવ રે,
શુદ્ધ પ્રકાશ ભરે ભર્યું... ચેતન ચિંતવ રે, જેનું થયું સુપ્રભાત... ચેતન ચિંતવ રે. ૧
આત્મ આ થાય ઉદિત... ચેતન ચિંતવ રે, તેને જ અચલાર્ચિ રૂપ... ચેતન ચિંતવ રે,
સદા આનંદ સુસ્થિત... ચેતન ચિંતવ રે, અસ્ખલિત જ એક રૂપ... ચેતન ચિંતવ રે. ૨
આત્માનું આ દિવ્ય ગાન... ચેતન ચિંતવ રે, ભગવાન અમૃતચંદ્ર... ચેતન ચિંતવ રે,
અમૃત કળશે રસપાન... ચેતન ચિંતવ રે, સંભૃત અનુભવ કંદ... ચેતન ચિંતવ રે. ૩



स्याद्वादकौशलसुनिश्चलसंयमभ्यां,
यो भावयत्यहरहः स्वामिहोपयुक्तः ।
ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्री -
पात्रीकृतः श्रयति भूमिमिमां स एकः ॥२६७॥



चिच्चिंडचंडिमविलासिविकासहास :
शुद्धःप्रकाशभरनिर्भरसुप्रभातः ।
आनंदसुस्थितसदास्खलितैकरूप -
स्तस्येव चायमुदयत्यचलार्चिरात्मा ॥२६८॥



અમૃત પદ - ૨૭૧

'ભૈયા ! વિષમ આ સંસાર' - એ રાગ.

જ્ઞાનમાત્ર આ ભાવ જેહ હું, જ્ઞાનમાત્ર આ ભાવ,
જ્ઞેયતણો જ્ઞાનમાત્ર જ આ તો, જ્ઞેય નહિ જ આ સાવ... જ્ઞાનમાત્ર આ ભાવ જેહ હું. ૧
જ્ઞેય જ્ઞાનના કલ્લોલોથી, ફૂદી રહ્યું છે જેય,
જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતૃમદ્ એવું, વસ્તુમાત્ર તે જ્ઞેય... જ્ઞાનમાત્ર આ ભાવ જેહ હું. ૨
જ્ઞાન જ્ઞેયમાં અટપટ એવાં, અદ્ભુત અમૃત વાત,
ભગવાન અમૃતચંદ્રે અમૃત, કળશે કરી પ્રખ્યાત... જ્ઞાનમાત્ર આ ભાવ જેહ હું. ૩




અમૃત પદ - ૨૭૨

ક્વચિત્ લસંતું રંગબેરંગી, ક્વચિત્ લસંતું જેહ અરંગી,
ક્વચિત્ રંગબેરંગી અરંગી, સહજ તત્ત્વ મુજ વિપુલ તરંગી... ક્વચિત્ લસંતું. ૧
કાચ પાંદડી જેમ અરંગી, પ્રકાશ યોગે રંગબેરંગી,
રંગબેરંગી વળીય અરંગી, તેમ તત્ત્વ મમ ચિત્ર તરંગી... ક્વચિત્ લસંતું. ૨
તો ય અમલ મતિ જેહ અરંગી... તસ મન કરે ન મોહ કુરંગી,
સ્ફુરંત તે શક્તિચક્ર સુરંગી, પરસ્પર સુસંહત શક્તિ તરંગી... ક્વચિત્ લસંતું. ૩
શક્તિચક્ર તો એક સુભંગી, શક્તિ તિહાં ચમકે બહુરંગી,
પ્રકટ પરસ્પર ગાઢ પ્રસંગી, રહી સુસંહત એક રસરંગી... ક્વચિત્ લસંતું. ૪
ભગવાન અમૃત ભાખી અસંગી, સહજાત્મસ્વરૂપની બહુભંગી,
અમૃત કળશે અનુભવરંગી, પાન કરે જન તત્ત્વ તરંગ... ક્વચિત્ લસંતું. ૫




શાલિની

योऽयं भावो ज्ञानमात्रोऽस्मि,
ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव ।
ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गाज् -
ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ॥२७१॥



पृथ्वीवृत्त

क्वचिल्लसति मेचकं क्वचिन्मेचकामेचकं,
क्वचिन् पुनरमेचकं सहजमेव तत्त्वं मम ।
तथापि न विमोहयत्यमलमेधसां तन्मनः,
परस्परसुसंहृतप्रकटशक्तिचक्रं स्फुरत् ॥२७२॥



અમૃત પદ - ૨૭૧

'ભૈયા ! વિષમ આ સંસાર' - એ રાગ.

જ્ઞાનમાત્ર આ ભાવ જેહ હું, જ્ઞાનમાત્ર આ ભાવ,
જ્ઞેયતણો જ્ઞાનમાત્ર જ આ તો, જ્ઞેય નહિ જ આ સાવ... જ્ઞાનમાત્ર આ ભાવ જેહ હું. ૧
જ્ઞેય જ્ઞાનના કલ્લોલોથી, ફૂદી રહ્યું છે જેય,
જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતૃમદ્ એવું, વસ્તુમાત્ર તે જ્ઞેય... જ્ઞાનમાત્ર આ ભાવ જેહ હું. ૨
જ્ઞાન જ્ઞેયમાં અટપટ એવાં, અદ્ભુત અમૃત વાત,
ભગવાન અમૃતચંદ્રે અમૃત, કળશે કરી પ્રખ્યાત... જ્ઞાનમાત્ર આ ભાવ જેહ હું. ૩



અમૃત પદ - ૨૭૨

ક્વચિત્ લસંતું રંગબેરંગી, ક્વચિત્ લસંતું જેહ અરંગી,
ક્વચિત્ રંગબેરંગી અરંગી, સહજ તત્ત્વ મુજ વિપુલ તરંગી... ક્વચિત્ લસંતું. ૧
કાચ પાંદડી જેમ અરંગી, પ્રકાશ યોગે રંગબેરંગી,
રંગબેરંગી વળીય અરંગી, તેમ તત્ત્વ મમ ચિત્ર તરંગી... ક્વચિત્ લસંતું. ૨
તો ય અમલ મતિ જેહ અરંગી... તસ મન કરે ન મોહ કુરંગી,
સ્ફુરંત તે શક્તિચક્ર સુરંગી, પરસ્પર સુસંહત શક્તિ તરંગી... ક્વચિત્ લસંતું. ૩
શક્તિચક્ર તો એક સુભંગી, શક્તિ તિહાં ચમકે બહુરંગી,
પ્રકટ પરસ્પર ગાઢ પ્રસંગી, રહી સુસંહત એક રસરંગી... ક્વચિત્ લસંતું. ૪
ભગવાન અમૃત ભાખી અસંગી, સહજાત્મસ્વરૂપની બહુભંગી,
અમૃત કળશે અનુભવરંગી, પાન કરે જન તત્ત્વ તરંગ... ક્વચિત્ લસંતું. ૫



शालिनी

योऽयं भावो ज्ञानमात्रोऽस्मि,
ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव ।
ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गाज् -
ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ॥२७१॥



पृथ्वीवृत्त

क्वचिल्लसति मेचकं क्वचिन्मेचकामेचकं,
क्वचिन् पुनरमेचकं सहजमेव तत्त्वं मम ।
तथापि न विमोहयत्यमलमेधसां तन्मनः,
परस्परसुसंहृतप्रकटशक्तिचक्रं स्फुरत् ॥२७२॥



અમૃત પદ - ૨૭૩

'સાહેબા વાસુપૂજ્ય જિનંદ્રા' - એ રાગ.

એહ તરફ અનેકતા પામ્યો, એહ તરફ નિત એકતા જામ્યો,
એહ તરફ ક્ષણભંગ વિરામ્યો, એહ તરફ ધ્રુવ ઉદયથી રામ્યો... એહ તરફ.
આતમ કેરો વૈભવ અદ્‌ભુત સહજાત અનેરો. ૧

એહ તરફ પર વિસ્તર વિસ્તાર્યો, એહ તરફ નિજ પ્રદેશે ધાર્યો,
અહો ! અદ્‌ભુત વૈભવ આ ભારી, આત્માનો સહજ અચરિજકારી... એહ તરફ.
આતમ કેરો વૈભવ અદ્‌ભુત સહજ અનેરો. ૨

સહજાત્મસ્વરૂપી આતમ કેરો, વૈભવ અદ્‌ભુત સહજ અનેરો,
ભગવાન અમૃતચંદ્રે ગાયો, અમૃત કળશે અનુભવ પાયો... એહ તરફ.
આતમ કેરો વૈભવ અદ્‌ભુત સહજ અનેરો. ૩

અમૃત પદ - ૨૭૪

એક તરફ કષાય કલિ સ્ખલંતો, એક તરફ શાંતિદલ લસંતો,
એક તરફ ભવ ચાબુક (ફટ) વગંતો, એક તરફ મુક્તિ સ્પર્શ લગંતો...
આત્માનો સ્વભાવમહિમા જયંતો. ૧

એક તરફ ત્રય લોક સ્ફુરંતો, એક તરફ ચિત્ આ ચમકંતો,
અદ્‌ભુતથી અદ્‌ભુત એ સંતો ! આત્માનો સ્વભાવ મહિમા જયંતો.
આત્માનો સ્વભાવ મહિમા જયંતો. ૨

સ્વભાવ મહિમા એમ અનંતો, સહજાત્મ સ્વરૂપનો હોય સંતો,
અદ્‌ભુતથી યે અદ્‌ભુતવંતો, ભગવાન અમૃત કળશે વહંતો...
આત્માનો સ્વભાવ મહિમા જયંતો. ૩

પૃથ્વીવૃત્ત

इतो गतमनेकतां दधदितः सदाप्येकता -
मितः क्षणविभंगुरं ध्रुवमितः सदैवोदयात् ।
इतः परमविस्तृतं धृतमितः प्रदेशै र्निजै -
रहो सहजमात्मनस्तदिदमद्‌भुतं वैभवं ॥२७३॥

कषायकलिरेकतः स्खलति शांतिरस्त्येकतो,
भवोपहतिरेकतः स्पृशति मुक्तिरप्येकतः ।
जगत्त्रियमेकतः स्फुरति चिच्चकास्त्येकतः,
स्वभावमहिमात्मनो विजयतेऽद्‌भुताद्‌भुतः ॥२७४॥

અમૃત પદ - ૨૭૫

રત્નમાલા

જય સહજાત્મસ્વરૂપી પુંજ ! ચિત્ ચમત્કારે ચેતન પુંજ !
જય જ્ઞાનપુંજે મજ્જત્ ત્રિલોકી, સ્ખલત્ વિકલ્પો સકલ આલોકી... જય. સહજાત્મસ્વરૂપી પુંજ ! ૧
સ્વરસ વિસરથી પૂર્ણ અખંડ, તત્ત્વ તણો જ્યાં અનુભવ કંદ,
જય સહજાત્મસ્વરૂપી પુંજ ! ચિત્ ચમત્કારી ચેતન પુંજ... જય સહજાત્મસ્વરૂપી પુંજ. ૨
સ્વરૂપથી બ્હારે કદીય ન જાતી, સ્વરૂપમાંહિ સતત સમાતી,
નિયમિત એવી અર્ચિષ્ જેની, એક સ્વરૂપે નિત્ય જ લીની... જય સહજાત્મસ્વરૂપી પુંજ. ૩
ચમકંતો ચેતન ચમકારે, ચિત્ ચમકાવે ચિત્ ચમત્કારે,
ચિત્ ચમત્કારી આતમ એવો, જય સહજાત્મસ્વરૂપી દેવો... જય સહજાત્મસ્વરૂપી પુંજ. ૪
ચિત્ ચિંતામણિમય સંગીતા, 'આત્મખ્યાતિ' આ 'અમૃત ગીતા',
તત્ત્વ ચિંતામણિ અમૃતચંદ્રે, તત્ત્વ ચિંતામણિમય સુછંદે... જય સહજાત્મસ્વરૂપી પુંજ. ૫
તત્ત્વ ચિંતામણિ શિલા સંયોજી, 'આત્મખ્યાતિ' આ પ્રાસાદ યોજી,
તત્ત્વ કળાના અનુપમ શિલ્પી, અમૃત દાખી કળા અનલ્પી... જય સહજાત્મસ્વરૂપી. ૬
તત્ત્વ ચિંતામણિમય પ્રાસાદ, તત્ત્વ ચિંતામણિ અમૃત પ્રસાદ,
પ્રાસાદ શૃંગે કળશ ચઢાવ્યા, સર્વાંગે સુવર્ણ મઢાવ્યા... જય સહજાત્મસ્વરૂપી પુંજ. ૭
સહજસ્વરૂપી અમૃતચંદ્ર, ભગવાન જ્ઞાનામૃત રસકંદ,
તસ ચંદ્રિકા રેલી આનંદે, સહજસ્વરૂપી અમૃતચંદ્રે... જય સહજાત્મસ્વરૂપી પુંજ. ૮

માલિની

जयति सहजपुंजः पुंजमज्जत्त्रिलोकी -
स्खलदखिलविकल्पऽप्येक एव स्वरूपः ।
स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलंभः,
प्रसभनियमितार्चिश्चिच्चमत्कार एषः ॥२७५॥

અમૃત પદ - ૨૭૬

રત્નમાલા

ઝળહળજો આ **અમૃતજ્યોતિ** ! ઝળહળજો આ **અમૃતજ્યોતિ** !
કદી ન ચળંતા એહ ચિદાત્મા, આત્મમહિં આત્માથી આત્મા,
સતત નિમગ્નો જેહ ધરંતી, મોહ સમસ્તો ધ્વસ્ત કરંતી... ઝળહળજો આ અમૃતજ્યોતિ. ૧
અમૃત કૃતિ અમૃતરસ પૂર્ણા, 'આત્મખ્યાતિ' આ કરતી પ્રપૂર્ણા,
પુલકિત થાતી સાત્ત્વિક હર્ષા, ઉદિત થઈ જે અમૃતવર્ષા... ઝળહળજો આ અમૃત જ્યોતિ. ૨
ઝળહળતી જે સ્વરૂપ સુતેજે, સર્વ જ્યોતિથી અતિશયિ તેજે,
આત્મ-**અમૃતચંદ્ર**ની ખ્યાતિ, પદ પદ કરતી વિશ્વવિખ્યાતિ... ઝળહળજો આ અમૃતજ્યોતિ. ૩
અનાવચ્છિના જે સર્વ દેશકાળે, સર્વ દિશાથી સર્વ નિહાળે,
દૂર દૂરથી આકર્ષણ કરતી, ચિદ્ ગગને જે નિત ચમકંતી... ઝળહળજો આ અમૃતજ્યોતિ. ૪
અમૃતચંદ્રજ્યોતિ તેહ મુદામાં, ઝળહળજો આ સર્વ દિશામાં,
વિભાવ ટળ્યાથી વિમલ સદા જે, સ્વભાવ ભળ્યાથી પૂર્ણ વિરાજે... ઝળહળજો આ અમૃતજ્યોતિ. ૫
પ્રતિપંથિ જેનો નહિ જગમાં, શિવપથ દર્શિ જે પદપદમાં,
નિઃસપત્ન એવો જસ સ્વભાવ, પ્રગટ પ્રકાશ્યો પરમ પ્રભાવ... ઝળહળજો આ અમૃતજ્યોતિ. ૬
અમૃતચંદ્ર જ્યોતિ તેહ મુદામાં, ઝળહળજો આ સર્વ દિશામાં,
અનુભવ અમૃતરસ વરષંતી, ચકોર ચિતોને નિત હરષંતી... ઝળહળજો આ અમૃતજ્યોતિ. ૭
પરમ શ્રુત પ્રભાવન કરતો, અમૃત કળશે અમૃત ભરતો,
'આત્મખ્યાતિ' અમૃતપેંદ ધરતો, ભગવાન આ અમૃત પદ વરતો... ઝળહળજો આ અમૃતજ્યોતિ. ૮
'આત્મખ્યાતિ' અમૃત ગ્રંથ એવો, નિર્ગ્રંથ ગૂંથ્યો અમૃત દેવો,
તત્ત્વકળાથી પૂરણ ઝીલ્યો, સકલ કળાથી 'ચંદ્ર' શું ખીલ્યો !... ઝળહળજો આ અમૃતજ્યોતિ. ૯
જ્ઞાન ચંદ્રિકા દિવ્ય રેલાવી, આત્મ-અમૃતચંદ્ર પ્રભાવી,
પરંબ્રહ્મ અમૃતચંદ્રે આવી, શબ્દબ્રહ્મની આ સૃષ્ટિ સર્જાવી... ઝળહળજો આ અમૃતજ્યોતિ. ૧૦
'આત્મખ્યાતિ'નો ગાતા સુજશો, પદ પદ સ્થાપ્યા **અમૃત કળશો,**
ભવ્યજનોને અમૃત પીવા, અમૃત કીર્ત્તિના અમૃત દીવા... ઝળહળજો આ અમૃતજ્યોતિ ! ૧૧
અમૃતમંથન **અમૃતચંદ્રે**, તત્ત્વસિંધુનું કરી ઉછરંગે,
અમૃતકળશે અમૃતસિંધુ, સંભૃત કીધો અનુભવ ઈંદુ... ઝળહળજો આ અમૃતજ્યોતિ ! ૧૨

માલિની

अविचलितचिदात्मन्यात्मनात्मानमात्म -
न्यनवरतनिमग्नं धारयद् ध्वस्तमोहं ।
उदितममृतचंद्रज्योतिरेतत्समंता -
ज्ज्वलतु विमलपूर्णं निःसपत्नस्वभावं ॥२७६॥

ચૌદ પૂર્વ સારો સમયસારો, 'આત્મખ્યાતિ' મંથે લઈ તસ સારો,
અમૃતકળશે અમૃત જમાવ્યો, વિજ્ઞાનઘન તે અમૃત સમાવ્યો... ઝળહળજો આ અમૃતજ્યોતિ ! ૧૩
જ્ઞાન દાનેશ્વરી શ્રીકુંદકુંદે, શુદ્ધોપયોગી મહામુનિ ઈંદે,
સમયતણું આ પ્રાભૃત કીધું, જગગુરુ જગને પ્રાભૃત દીધું... ઝળહળજો આ અમૃતજ્યોતિ ! ૧૪
'આત્મખ્યાતિ'થી કરી તસ ખ્યાતિ, દિવ્ય સ્વાત્માની કરતી વિખ્યાતિ,
મહાપ્રાભૃત તે કીધું સુછંદે, અમૃતચંદ્રે મહામુનિચંદ્રે... ઝળહળજો આ અમૃતજ્યોતિ ! ૧૫
જ્ઞાન દાનેશ્વરી જગગુરુ જોડી, જગમાં જેની જડતી ન જોડી,
દાસ ભગવાન આ કહે જોડી, જુગ જુગ જીવો જગગુરુ જોડી... ઝળહળજો આ અમૃતજ્યોતિ ! ૧૬
'આત્મખ્યાતિ'ની અમૃત જ્યોતિ, ઉદિત થઈ અમૃતજ્યોતિ,
ટીકા ભગવાનની 'અમૃતજ્યોતિ', જ્વલો જગમાં આ અમૃતજ્યોતિ !. ઝળહળજો આ અમૃતજ્યોતિ ! ૧૭



સંવિદ્ આદિકથી અક્ષય જે, ક્ષય કદી ય ન પામે,
તેથી સહજાત્મસ્વરૂપી જે આ, ગવાય 'અક્ષય' નામે... સંવિદ્ આદિકથી અક્ષય જે. ૧
કર્મથી મુક્ત-અમુક્ત દશામાં, જે હોય સદા એકરૂપ,
તે સંવિદ્ આદિ ગુણ-ધર્મોથી, અક્ષય સહજ સ્વરૂપ... સંવિદ્ આદિકથી અક્ષય જે. ૨
એવા અક્ષય પરમાત્મા તે, જ્ઞાનમૂર્ત્તિ હું નમતો,
સહજાત્મસ્વરૂપ ભગવાન અમૃત, શુદ્ધ ચિન્મૂર્ત્તિ રમતો... સંવિદ્ આદિકથી અક્ષય જે. ૩



॥ **इति स्याद्वाद अधिकार** ॥

अनुष्टुप्
मुक्तामुक्तैकरूपो यः, कर्मभिः संविदादितः ।
अक्षयं परमात्मानं, ज्ञानमूर्त्तिं नमाम्यहं ॥१॥



અમૃત પદ - ૨૭૭

વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે હાવાં, કિંચિત્ ખરે ! ન કિંચિત્,
વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે હાવાં, કિંચિત્ ખરે ! ન કિં ચિત્ ?... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૧
જેમાંથી થયું દ્વૈત પૂર્વમાં, સ્વ-પર સમય સ્વરૂપ,
જેહ થકી સ્વ-પરનું અંતર, થયું અહીં દ્વયરૂપ... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૨
રાગ-દ્વેષનો પરિગ્રહ હોતાં, પરનું પામી નિમિત્ત,
જેહ થકી અહીં ક્રિયા-કારકો, ઉપજ્યા'તા આ રીત... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૩
વ્યવહારે થઈ પરનો કર્ત્તા, પરનું કર્મ કરંત,
પરનું કરણ ગ્રહંતો પરને, પર વડે પ્રકરંત... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૪
પરનું પરને દાન કરંતો, પરાર્થ સંપ્રદાન,
પરનું દૂરીકરણ કરી કરતો, પરમાંથી અપાદાન... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૫
પરનું અધિકરણ પણ પૂર્વે, પરમાંહિ જ કરંત,
પરનું ક્રિયાકરણ એમ કરતું, કારક ચક્ર અનંત... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૬
પર પર કરતો પરથી પરાર્થે, પરમાંથી પરમાં જ,
પર ક્રિયાકર ષટ્કારકની, વહી ઉલટી ગંગા જ !... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૭
આત્મબાધક એમ ષટ્કારકનું, ચાલ્યું મહા દુશ્ચક્ર,
સાધક ચક્રથી વિપરીત રીતે, વિષ ક્રિયા વિષચક્ર... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૮
એ વિષક્રિયાનું ફળ વસમું, વિષમય સકલ અનંત,
તે ભોગવતાં જેહ થકી આ, અનુભૂતિ ખિન્ન અત્યંત... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૯
વિજ્ઞાનઘન ઓઘ મગ્ન હવે તે, કિંચિત્ ખરે ! ન કિંચિત્,
વિજ્ઞાનઘન ઓઘ મગ્ન હવે તે, કિંચિત્ ખરે ! ન કિંચિત્ ?... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૧૦
આત્મા આત્માને જ કરંતો, આત્માથી જ આત્માર્થ,
આત્મામાંથી આત્મામાંહિ, પામ્યો હાવાં પરમાર્થ... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૧૧
આત્મસાધક એ ષટ્ કારકનું, ચાલ્યું સુલટું સુચક્ર,
ઉલટી ગંગા સુલટી થાતાં, અંત પામ્યું ભવચક્ર... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૧૨
ભૂતકાળની કથની તે તો, ગઈ ગૂજરી એ વાત !
ગઈ તિથિ બ્રાહ્મણ ના પૂછે, ભૂત અભૂતાર્થ જ ભૂત !... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૧૩

शार्दूलविक्रीडित

यस्माद्वैतमभूत्पुरा स्वपरयोर्भूतं यतोऽत्रांतरं,
रागद्वेषपरिग्रहे सति यतो जातं क्रियाकारकैः ।
भुंजाना च यतोऽनुभूतिरखिलं खिन्ना क्रियायाः फलं,
तद्विज्ञानघनोघमग्नमधुना किंचित्न किंचित्खलु ॥२७७॥

ગગનનગર ને મૃગજલ શી, તે ઇંદ્રજાલ વિસરાલ,
વિજ્ઞાનઘનમાં મગ્ન થતાં ચિત્, કિં ચિત્ ન કિંચિત્ ભાળ !... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૧૪
ચિદ્‌ઘન વિજ્ઞાનઘનના ઓઘે, વિજ્ઞાનઘન આ મગ્ન,
પરમાણુ ન પેસે એવો, ઘન વિજ્ઞાન અભગ્ન... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૧૫
વિજ્ઞાન ઘનના ઓઘ-સામાન્યે, વિજ્ઞાનઘન આ મગ્ન,
વિશેષ સામાન્યે લય થાતાં, 'અહં' થયો સહુ ભગ્ન... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૧૬
વિજ્ઞાનઘનના ઓઘ-પટલમાં, વિજ્ઞાનઘન આ મગ્ન,
વિજ્ઞાન-અમૃત ઘન વર્ષંતો, શુદ્ધ ચેતના અભગ્ન... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૧૭
વિજ્ઞાનઘનના ઓઘ-સમૂહે, 'વિજ્ઞાનઘન' આ મગ્ન,
શુદ્ધ ચૈતન્યના પૂર પ્રવાહે, કાળ અનંતો લગ્ન... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૧૮
વિજ્ઞાનઘનના ઓઘ-સમૂહે, 'વિજ્ઞાનઘન' આ મગ્ન,
જ્યોતિમાં 'અમૃત જ્યોતિ' ભળતાં, થઈ અક્ષય અભગ્ન... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૧૯
'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રે તે, અનુપમ તત્ત્વવિજ્ઞાન,
અમૃતકળશે સંભૃત કીધું, અહો ! જ્ઞાની ભગવાન !... વિજ્ઞાનઘન ઓઘ મગ્ન તે. ૨૦

અમૃત પદ - ૨૭૮

'શ્રી સીમંધર જિનવર સ્વામી' - એ રાગ

'સ્વરૂપ ગુપ્ત' અમૃતચંદ્રસૂરિનું, કિંચિત્ કર્ત્તવ્ય જ છે ના,
'સ્વરૂપગુપ્ત' અમૃતચંદ્ર સૂરિનું, કિં ચિત્ કર્ત્તવ્ય જ છે ના ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧
સ્વશક્તિથી જ સત્ વસ્તુ તત્ત્વની, સૂચના જેથી ધરાઈ,
એવા શબ્દોથી સમય તણી આ, વ્યાખ્યા એહ કરાઈ... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૨
સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું, કિંચિત્ કર્ત્તવ્ય જ છે ના,
સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું, કિં ચિત્ કર્ત્તવ્ય જ છે ના ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૩
'સ્વરૂપગુપ્ત' અમૃતચંદ્ર સૂરિ તે, સ્વરૂપ તેજે જ પ્રતપતા,
ગ્રહ મંડલમાં 'સૂરિ' સમા જે, સૂરિમંડલમાં તપતા... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૪
ભલે સ્વરૂપથી ગુપ્ત રહ્યા તે, 'આત્મખ્યાતિ' વ્યાખ્યાતા,
તો ય સ્વરૂપથી પ્રગટ જગતમાં, અમૃત કળશ સંગાતા... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૫
સ્વરૂપગુપ્ત તે અમૃતચંદ્રનું, સ્વરૂપ રહે ક્યમ છાનું ?
ઘનથી અમૃતવર્ષી ચંદ્રનું, તેજ છુપે અહીં શાનું ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૬
વિજ્ઞાનના ઘન વર્ષતા તે, 'વિજ્ઞાનઘન' સ્વરૂપી,
પર પરમાણુ પ્રવેશે ન એવા, 'ઘન વિજ્ઞાન' અનુપી... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૭
શબ્દો તે તો પુદ્ગલમયા છે, પરમાણુના છે ખેલા,
વાચક શક્તિથી તે વાચે, વાચ્ય અર્થના મેળા... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૮
તે શબ્દે આ વ્યાખ્યા કીધી, વાચ્ય-વાચક સંબંધે,
અમે એમાં કાંઈ પણ ન કર્યું છે, અમ ચિત ત્યાં કેમ બંધે ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૯
વ્યાપ્ય-વ્યાપક ભાવે તે શબ્દે, વ્યાખ્યા ભલે આ કીધી,
જડ શબ્દોને જોડાવાની, શક્તિ અહીં કોણ દીધી ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧૦
અમૃતચંદ્ર નિમિત્ત વિના શબ્દો, જોડાત જડ તે ક્યાંથી ?
પરબ્રહ્મવાચી શબ્દબ્રહ્મ આ, અહીં સર્જાત જ શ્યાથી ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧૧
પ્રજ્ઞા સમજણ કાંઈ ન જડમાં, તે તો અચેત બિચારો,
પ્રજ્ઞાશ્રમણ અમૃતચંદ્ર કળાનો, આ તો ચિત્ ચમત્કારો... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧૨
ન કિંચિત્ કર્ત્તવ્ય જ અમારૂં, નિર્મમ મુનિ ભલે ભાખે,
ન કિં ચિત્ કર્ત્તવ્ય જ તમારૂં, ચિત્ ચમત્કાર આ દાખે ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧૩

उपजाति

स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै -
व्याख्या कृतेयं समयस्य शब्दैः ।
स्वरूपगुप्तस्य न किंचिदस्ति,
कर्त्तव्यमेवामृतचंद्रसूरेः ॥२७८॥

શબ્દ પુદ્ગલ પરિગ્રહત્યાગીનો, ભલે 'ન કિંચિત્' કારો,
પદે પદે આત્મખ્યાતિમાં, તેનો 'ન કિં ચિત્' ચમત્કારો... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧૪
ગ્રંથ સકલની ગ્રંથિ વિચ્છેદી, એવા મહાનિર્ગ્રંથ,
શુદ્ધોપયોગી શ્રમણ કયે છેડે, બાંધે ગ્રંથનો ગ્રંથ... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧૫
અહો નિસ્પૃહતા ! અહો નિર્મમતા ! અહો પરિગ્રહ લોપ,
ભગવાન અમૃતચંદ્રે દાખ્યો, અહો અહંત્વ વિલોપ... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧૬
અમૃતચંદ્ર મુનીંદ્રે જેનું, છાંડ્યું મમત્વ તે શબ્દો,
આલંબી આ દાસ ભગવાને, ગોઠવિયા તે શબ્દો... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧૭
'દાસ ભગવાન' એ નામ ધારીએ, ધાડ એમાં શી મારી,
સાગર અંજલિ સાગર દીધી, બુધ લ્યો સ્વયં વિચારી... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર સૂરિનું. ૧૮





શ્રી 'સમયસાર' (ડૉ. ભગવાનદાસ લેખિત) છપાઈ દાનમાં આવેલ રકમ

રકમ રૂ.	નામ	ગ્રામ
૧,૦૯,૦૦૦-૦૦	એક મુમુક્ષુ ભાઈ તરફથી	અમદાવાદ
૧૧,૦૦૧-૦૦	ભાણજી પૂનશી ગાલા તથા બાઈયાબાઈ ભાણજી ગાલા ચેરિ. ટ્રસ્ટ	થાટકોપર
૧૦,૦૦૦-૦૦	શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, સાગર વિહાર, ચોપાટી	મુંબઈ
૫,૦૦૦-૦૦	અનસુયાબેન તથા ડૉ. વિનોદભાઈ દફતરી	મુંબઈ
૪,૦૦૦-૦૦	એક મુમુક્ષુ ભાઈ તરફથી વરોરા	(નાગપુર)
૨,૫૦૧-૦૦	ગુણવંતીબેન પોપટલાલ શાહ	મુંબઈ
૨,૦૦૧-૦૦	સાકરબેન તથા મૂળચંદભાઈ શાહ	આશ્રમ
૨,૦૦૦-૦૦	મોતીબેન શાંતિલાલ મહેતા	આશ્રમ
૧,૦૧૧-૦૦	શાહ ધરમચંદ સુમેરમલ એન્ડ કંપની	ગુડીવાડા
૧,૦૦૧-૦૦	મગનભાઈ જેસંગભાઈ તથા ચંચળબેન મગનભાઈ પટેલ	બોરીઆ
૧,૦૦૧-૦૦	જયંતિભાઈ અંબાલાલ તથા મનહરભાઈ અંબાલાલ પટેલ	બોરીઆ
૧,૦૦૧-૦૦	મણીભાઈ અંબાલાલ પટેલ	નાર
૧,૦૦૧-૦૦	સવિતાબેન મણીભાઈ પટેલ	નાર
૧,૦૦૧-૦૦	ભૂપેન્દ્રભાઈ મણીભાઈ પટેલ	નાર
૧,૦૦૧-૦૦	પુષ્પાબેન સુભાષચંદ્ર પટેલ	લંડન
૧,૦૦૧-૦૦	ઈન્દુબેન મદનચંદજી બહિરા	જોધપુર
૧,૦૦૧-૦૦	નરેન્દ્રભાઈ વી. પટેલ	કરમસદ
૧,૦૦૧-૦૦	સુભાષભાઈ ધનરાજજી મુથા	નાગપુર
૧,૦૦૧-૦૦	પૂર્ણિમાબેન કૌશિકભાઈ મહેતા	એન્ટવર્પ
૧,૦૦૧-૦૦	ડૉ. અલકાબેન દિપકભાઈ તુરખીયા	મુલુંડ
૧,૦૦૧-૦૦	નીનાબેન વી. ઝવેરી	નવસારી
૭૦૧-૦૦	સ્વ. જશરાજજી હુન્ડીયા	ઈન્દોર
૫૫૧-૦૦	શાન્તાબેન, સવિતાબેન, ભક્તિબેન	ભાદરણ
૫૧૧-૦૦	સ્વ. ધનીબેન રતીલાલ મોમાયા	આશ્રમ
૫૦૧-૦૦	[illegible] અંબાલાલ પટેલ	કાવીઠા
૫૦૧-૦૦	[illegible]તલાલ જૈન	હુબલી
૫૦૧-૦૦	નારણભાઈ [illegible]ભાઈ પટેલ	કાવીઠા
૫૦૧-૦૦	પુષ્પાદેવી [illegible]જી ચૌધરી	સેલમ
૫૦૧-૦૦	પરેશભાઈ શાંતીભાઈ પટેલ	ઓકલેન્ડ
૫૦૧-૦૦	સ્વ. મેઘજી ગોવિંદજી શાહ હા. ચેતનભાઈ વી. શાહ	આણંદ
૫૦૧-૦૦	સ્વ. ડૉ. ભાઉલાલ પૂનશી ભાટે હા. અંજુબેન ચેતનભાઈ વી. શાહ	આણંદ
૫૦૧-૦૦	સ્વ. કુંવરબેન ભાઉલાલ ભાટે હા. રીદ્ધીબેન ચેતનભાઈ શાહ	આણંદ
૫૦૧-૦૦	ઝવેરબેન ટોકરશી શાહ	આશ્રમ
૫૦૧-૦૦	દેવકાબેન જીવરાજભાઈ શાહ	મુંબઈ
૫૦૧-૦૦	નિર્મળાબેન તથા હરીશભાઈ શાહ પરિવાર	મુંબઈ
૫૦૧-૦૦	શંકરભાઈ વેટીભાઈ પટેલ	ઈન્દોર
૫૦૧-૦૦	સ્વ. ઉત્તમચંદ હરગોવિંદદાસ શાહ	ભાવનગર
૫૦૧-૦૦	ગં. સ્વ. શારદાબેન જયંતિલાલ દોશી	રાજકોટ
૫૦૧-૦૦	મણીભાઈ કૂલાભાઈ પટેલ	હુબલી
૫૦૧-૦૦	બાબુલાલ ભુદરજી કોઠારી	મુંબઈ
૫૦૧-૦૦	મહેન્દ્રકુમાર જોઈતાલાલ મહેતા	મુંબઈ
૫૦૧-૦૦	સુદર્શનાબેન મહેન્દ્રકુમાર મહેતા	મુંબઈ
૫૦૧-૦૦	અશોકભાઈ પરીખ	સૂરત
૫૦૧-૦૦	ડાહ્યાભાઈ નારણભાઈ વીન ગોકળભાઈ પટેલ કુટુંબીજનો	સીમરડા
૫૦૧-૦૦	ચંપાલાલજી સરેમલજી લુક્કડ	માધવનગર
૫૦૧-૦૦	ખમ્માદેવી ચંપાલાલજી લુક્કડ	માધવનગર
૫૦૧-૦૦	મીઠાલાલ ચંપાલાલજી લુક્કડ	માધવનગર
૫૦૧-૦૦	શાંતાદેવી મીઠાલાલજી લુક્કડ	માધવનગર
૫૦૧-૦૦	દિલીપકુમાર ચંપાલાલજી લુક્કડ	માધવનગર
૫૦૧-૦૦	મંજુદેવી દિલીપકુમાર લુક્કડ	માધનવગર
૫૦૧-૦૦	નિર્મલકુમાર ચંપાલાલજી લુક્કડ	માધવનગર
૫૦૧-૦૦	ભાગ્યવંતી નિર્મલકુમાર લુક્કડ	માધવનગર
૫૦૧-૦૦	નવીનકુમાર મીઠાલાલ લુક્કડ	માધવનગર
૫૦૧-૦૦	દર્શનકુમાર મીઠાલાલ લુક્કડ	માધવનગર
૫૦૧-૦૦	ચમેલીકુમારી મીઠાલાલ લુક્કડ	માધવનગર
૫૦૧-૦૦	નિકીતકુમારી મીઠાલાલ લુક્કડ	માધવનગર
૫૦૧-૦૦	સોનુ મીઠાલાલ લુક્કડ	માધવનગર
૫૦૦-૦૦	લીલાવતીબેન મહાસુખલાલ મણીયાર	માટુંગા